

ધર્મકથાનુયોગ

[ગુજરાતી અનુવાદ]

સંકલન કર્તા~

અનુયોગ પ્રવર્તક

મુનિશ્રી કન્હૈયાલાલજી 'કમલ'

પંડિત દલસુખભાઈ માલવણિયા

પ્રકાશક~

આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

8 Page missing in Original Book
Page No. 56 to 64 missing

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ अर्हं

શ્રી ફતેહ-પ્રતાપ-ગુરુદેવ સ્મૃતિપુષ્પ
આગમ અનુયોગ ગ્રંથ-૧

ધર્મકથાનુયોગ

ગુજરાતી ભાષાન્તર
[પ્રથમ-દ્વિતીય સ્કંધ]

: સંકલનકર્તા :

અનુયોગપ્રવર્તક મુનિશ્રી કન્હૈયાલાલ 'કમલ'
અને
પંડિત દલસુખભાઈ માલવણિયા

: અનુવાદક :

ડૉ. રમણીકલાલ મનસુખભાઈ શાહ
અધ્યક્ષ, પ્રાકૃત વિભાગ, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ

: પ્રકાશક :

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ
પ્રમુખ, આગમ અનુયોગ ટ્રસ્ટ
અમદાવાદ-૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☐ પ્રકાશક

બળદેવભાઈ ડોસાભાઈ પટેલ
પ્રમુખ, આગમ અનુયોગ ટ્રસ્ટ
૧૫, સ્થાનકવાસી સોસાયટી,
નારણપુરા ક્રોસિંગ,
અમદાવાદ-૩૮૦ ૦૧૩

☐ પ્રથમ આવૃત્તિ

વીર નિર્વાણ સંવત ૨૫૧૩
વિક્રમ સંવત ૨૦૪૩
ઈસ્વી સન ૧૯૮૭

☐ પ્રકાશન પર્વ

મહાવીર-જયંતી
૧૨ એપ્રિલ, ૧૯૮૭

☐ NEW PRICE : Rs. 400/-

☐ મુદ્રક

ઉમિયા પ્રિન્ટરી
નારણપુરા ગામ
અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન : ૪૬૧૬૨૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Published in memory of
Rev. Gurudeva Fateh-Pratap
Agama Anuyoga No. 1

DHARMAKATHĀNUYOGA

GUJARATI TRANSLATION

[Part 1 & 2]

Compilers

Anuyoga-Pravartaka Muni Sri Kanhaiyalal 'Kamal'
&
Pandit Dalsukhbhai Malvania

Translator

Dr. Ramaniklal Mansukhlal Shah
Head, Prakrit Department,
L. D. Institute of Indology, Ahmedabad

Publishers

Agama Anuyoga Trust
AHMEDABAD-13

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☐ **Agama Anuyoga Publication No. 1**

☐ *Compilers* :

Anuyoga-Pravartaka Muni Sri Kanhaiyalal 'Kamal'
Pandit Dalsukhbhai Malvania

☐ *Translator* :

Prof. Dr. Ramaniklal Mansukhbhai Shah
Head, Prakrit Department,
L. D. Institute of Indology, Ahmedabad-9

☐ *First Edition* :

Vir Nirvana Samvat 2513
Vikram Samvat 2043
A. D. 1987

☐ **NEW PRICE : Rs. 400/-**

☐ *Publishers* :

Baldevbhai Dosabhai Patel, President,
Agama Anuyoga Trust,
15, Sthanakvasi Society,
Naranpura Crossing,
Ahmedabad-380 013

☐ *Printers* :

Umiya Printery
Naranpura Village
Ahmedabad-380 013
Phone : 461627

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમર્પણ

ગુરુદેવ !

સર્વપ્રથમ અક્ષર-બોધની પછી આગમ-અધ્યયન અને આગમ-અનુયોગ સંકલનના આપ જ પ્રબળ પ્રેરક રહ્યા છો. એ અનંત ઉપકાર માટે આ અંતેવાસી સદૈવ આપશ્રીનો કૃતજ્ઞ રહેશે.

ગુરુદેવ !

પ્રસ્તુત ધર્મકથાનુયોગનું સંકલન આપની જ અસીમ કૃપાનો પ્રસાદ છે. જો આ સંકલન આપના જ કર-કમળોમાં સમર્પિત કરી શકયો હોત તો અસીમ આનંદ અનુભવત, પરંતુ હવે તો આપની સ્મૃતિમાં સમર્પિત કરીને જ સંતોષ પામું છું.

અન્નેવાસી
મુનિ કન્હૈયાલાલ 'કમલ'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશકના બે બોલ

ભગવાન મહાવીર સ્વામીએ અંત સમયે આપેલ હિતકારી ઉપદેશમાં કહ્યું છે કે "માનવ ભવ અત્યન્ત દુર્લભ અને અમૂલ્ય રત્નચિંતામણિ જેવો છે." માનવ દેહ તો ઘણા જીવો પામે છે. પરંતુ "માનવતા"–મોક્ષપ્રાપ્તિ માટેનું અતિ દુર્લભ અંગ જીવને સ્વપુરુષાર્થ વગર પ્રાપ્ત થતું નથી. તે માટે દીવાદાંડી સમાન આ "ધર્મકથાનુયોગ" પુસ્તક બની રહે તેવી શુભ ભાવના છે.

આપણા અધ્યાત્મતત્ત્વના અસ્તિત્વનું પ્રથમ તેમ જ અંતિમ ચરણ એકમાત્ર આગમ જ છે. સાધનાના આ સેતુ દ્વારા જ આપણે ભવસાગરને પાર કરી શકીશું. આ આગમોમાંથી વર્ગીકરણ કરીને આ પુસ્તક "ધર્મકથાનુયોગ" ભાગ–૧ની ગુજરાતી આવૃત્તિ વાંચકોની સેવામાં પ્રસ્તુત કરતાં અમો ખૂબ જ પ્રસન્નતા અને સંતોષ અનુભવીએ છીએ.

અનેક સૈદ્ધાંતોથી સ્વાધ્યાયશીલોને જિજ્ઞાસા હતી તેની પૂર્તિ કરવા આ મહાન ભગીરથ કાર્ય અનુયોગ પ્રવર્તક પ્રચંડ પુરુષાર્થી સૌમ્ય સ્વભાવી પંડિતરત્ન મુનિ શ્રી કનૈયાલાલજી "કમલ" મ. સા.એ હાથમાં લીધું. તેઓ છેલ્લાં પચાસ વર્ષોથી આ કાર્યમાં લીન છે. જૈન આગમોમાંથી વિષયાનુસાર સંકલનકાર્ય ઘણું જ કઠીન અને શ્રમસાધ્ય છે.

પૂ. "કમલ" મુનિ મ. સાહેબે પ્રથમ "ગણિતાનુયોગ"નું સંપાદન કાર્ય કરેલ. તે પુસ્તકની માંગણી દેશવિદેશમાં ઘણી જ રહી. પૂજ્યશ્રી પાસે આગમોનું આગવું જ્ઞાન અને સૂઝ અમને જોવા મળી. તેનાથી પ્રભાવિત થઈ અમોએ સૌના સહિયારા સાથ સહકારથી **આગમ અનુયોગ ટ્રસ્ટ** ની સ્થાપના કરી.

"ધર્મકથાનુયોગ" ભાગ ૧–૨ (હિન્દી આવૃત્તિ) અને "ગણિતાનુયોગ" (હિન્દી આવૃત્તિ) ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થઈ ગયેલ છે. વાંચકોના હાથમાં ઉપરોક્ત પુસ્તકોની એક પણ ગુજરાતી આવૃત્તિ અણધાર્યા સંજોગોને લીધે ધારેલ સમયે મૂકી શકયા નથી તે બદલ ઘણો જ ખેદ છે. અમો હૃદયથી સહુની ક્ષમા માંગીએ છીએ.

આજે "ધર્મકથાનુયોગ" ભાગ–૧ ની ગુજરાતી આવૃત્તિ પ્રકાશિત કરતાં અત્યંત આનંદ અને સંતોષ અનુભવીએ છીએ. તેનો બીજો ભાગ પણ નજીકના સમયમાં પ્રકાશિત કરવાની અમારી ભાવના છે.

હાલમાં "ચરણાનુયોગ" ની હિન્દી આવૃત્તિનું સંપાદન કાર્ય ચાલુ છે. અને છાપવાનું કામ અડધા સુધી થઈ ગયેલ છે. સાથે સાથે તેનું ગુજરાતી ભાષાંતર પણ પરમ વિદુષી બા. બ્ર. મહાસતીજી શ્રી મુક્તિપ્રભાજી કરી રહ્યાં છે.

આવા અમૂલ્ય ગ્રંથો પ્રાપ્ત થવા ઘણા જ મુશ્કેલ છે.

પૂજ્ય "કમલ" મુનિ મ. સા. ની તબિયત સારી રહેતી ન હોવા છતાંય તેમની શાસ્ત્રો પ્રત્યેની લગનથી "ચરણાનુયોગ" તથા "દ્રવ્યાનુયોગ" ના સંકલન અને સંશોધનકાર્યમાં અવિરતપણે પુરુષાર્થ કરી રહ્યા છે.

પૂજ્ય શ્રીની સાથે સેવાભાવી શિષ્ય શ્રી વિનયમુનિજી "વાગીશ" ની સેવા પણ ખરેખર પ્રશંસનીય છે. સાથે સાથે આ કાર્યમાં બા. બ્ર. પૂ. મુક્તિપ્રભાજી, બા. બ્ર. પૂ. દિવ્યપ્રભાજી જેઓએ પીએચ.ડી. ની ડિગ્રી પ્રાપ્ત કરી છે તેવાં વિદુષી સાધ્વીજી તેમ જ તેમની સાથેના મ. સ. અનુપમાજી, મ. સ. ભવ્યસાધનાજી, મ. સ. વિરતિસાધનાજીએ જે અથાગ મહેનત કરી છે તે ભૂલી શકાય તેમ નથી. તેઓના સાથસહકાર વગર આ કાર્ય શકય ન બનત.

આ કાર્યમાં વ્યાકરણવિશારદ પૂ. મુનિ શ્રી મહેન્દ્રઋષિજી મ. સા. (ખંભાતસંપ્રદાય) નો ઘણો જ સહયોગ મળ્યો છે તે બદલ તેમના ઋણી છીએ.

શ્રી હિંમતલાલ શામળદાસ શાહે તેમની વૃદ્ધાવસ્થા હોવા છતાં પણ જુવાનને શરમાવે તેવા અત્યંત ઉત્સાહભેર આ કાર્યને સરળ બનાવ્યું છે તે બદલ તેમનો ઘણો ઘણો જ આભાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાકૃત ભાષાના પ્રાધ્યાપક શ્રી રમણીકભાઈ એમ. શાહે તેમનો અમૂલ્ય સમય કાઢીને આ વિશાળ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરી આપ્યું તે બદલ તેમના ઘણાં જ આભારી છીએ.

આ ગ્રંથનું છાપકામ સ્વચ્છ અને સમયસર કરી આપવા બદલ ઉમિયા પ્રિન્ટરીના સંચાલક શ્રી દશરથભાઈ પટેલના આભારી છીએ.

આ ગ્રંથના પુઠ્ઠાબાઈન્ડિંગ, બ્લોક વ. બનાવવાની જહેમત બદલ મૂકસેવક શ્રી જાદવજીભાઈ મોહનલાલના આભારી છીએ.

આ અમૂલ્ય ગ્રંથનાં સર્વ કાર્યોમાં નામી–અનામી જે કોઈએ સહકાર આપ્યો છે તે સર્વના આભારી છીએ.

સઘળા દાતાઓના તેમ જ આગમ અનુયોગ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત અનુયોગ પુસ્તકો માટેના અગાઉથી ગ્રાહક થવા માટેના સર્વનો આ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ તરફથી અમો હાર્દિક આભાર માનીએ છીએ.

આપ સૌના સહકાર દ્વારા અનુયોગ પ્રકાશન કાર્યમાં અમને અત્યંત હૂંફ, બળ અને ઉત્સાહ વધે છે.

"ધર્મકથાનુયોગ" માં મહાપુરુષો દ્વારા પ્રસ્તુત યોગબળ આપણા સહુનું કલ્યાણ કરે એ જ શુભકામના.

આગમ અનુયોગ ટ્રસ્ટ

બળદેવભાઈ રાસાભાઈ પટેલ—પ્રમુખશ્રી

સંઘવી જયંતીલાલ ચંદુલાલ—માનદ મંત્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાક્કથન

અનુયોગ-પ્રાચીન અને અર્વાચીન વ્યાખ્યા પદ્ધતિ :

અતીતમાં આગમોના પ્રત્યેક ગદ્ય-પદ્ય સૂત્રની વ્યાખ્યા અનુયોગચતુષ્ટય અનુસાર ચાર પ્રકારે કરવામાં આવતી હતી. આ પ્રમાણે કરવામાં આવેલી ક્લિષ્ટ વ્યાખ્યાઓની વાચના વિશિષ્ટ પ્રજ્ઞાસમ્પન્ન શ્રુતધરો જ આપી શકતા હતા અને તેને વિચક્ષણ વિનયી જ ગ્રહણ કરી શકતા હતા, આથી આ પ્રાચીન પદ્ધતિ દુર્ગમ હતી.

અવસર્પિણી કાળના પ્રભાવથી ધારણા શક્તિનો ક્રમશઃ હ્રાસ થતો ગયો અને એનાથી ચતુર્વિધ અનુયોગ વ્યાખ્યાની નિપુણતા અને ક્ષમતા તથા વિનેયજનોની ગ્રહણશીલતા પણ ક્રમશઃ ક્ષીણ થતી ગઈ, બાકી રહી ગઈ કેવળ પ્રત્યેક સૂત્રગત પ્રમુખ અનુયોગાનુસાર વ્યાખ્યા કરવાની અર્વાચીન સુગમ પદ્ધતિ.

આગમોમાં અંતર્નિહિત પ્રમુખ અનુયોગ :

ઉપલબ્ધ આગમોમાં કયા કયા આગમમાં કેટલા કેટલા અનુયોગ અંતર્નિહિત છે અર્થાત્ કયા કયા આગમમાં એક, બે, ત્રણ કે ચાર અનુયોગ છે તે જાણવા માટે સામાન્ય રીતે નીચેનું વર્ગીકરણ પર્યાપ્ત અને ઉપયોગી થશે.

આગમ-અનુયોગ-વર્ગીકરણ

૧. ચરણાનુયોગ	૨. દ્રવ્યાનુયોગ	૩. ગણિતાનુયોગ	૪. ધર્મકથાનુયોગ
૧ વ્યવહાર સૂત્ર	૧ પ્રજ્ઞાપના	૧ ચન્દ્રપ્રજ્ઞપ્તિ	૧ જ્ઞાતાધર્મકથા
૨ બૃહત્કલ્પ સૂત્ર	૨ નંદીસૂત્ર	૨ સૂર્યપ્રજ્ઞપ્તિ	૨ ઉપાસકદશા
૩ દશાશ્રુતસ્કંધ	૩ જીવાભિગમ	૩ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ	૩ અંતકૃદ્દશા
૪ નિશીથસૂત્ર	૪ અનુયોગદ્વાર		૪ અનુત્તરોપપાતિકદશા
૫ પ્રશ્નવ્યાકરણ			૫ વિપાકદશા
૬ દશવૈકાલિક			૬-૧૦ નિરયાવલિકા આદિ પાંચ ઉપાંગ
૭ આવશ્યક સૂત્ર			૧૧ રાજપ્રશ્નીય

બાકીના સાત આગમોમાં કોઈમાં બે, કોઈમાં ત્રણ અને કોઈમાં ચારે અનુયોગો છે.

અનુયોગ વર્ગીકરણ : એક સમસ્યા

(૧) અગિયાર આગમોમાંના પ્રત્યેક આગમના પ્રત્યેક ગદ્ય-પદ્ય સૂત્રનું અનુયોગાનુસાર પૃથક્કરણ કરીને તેમનું વિષયાનુક્રમથી વર્ગીકરણ કરવું

(૨) વિભિન્ન પ્રકાશન સંસ્થાઓ દ્વારા પ્રકાશિત પ્રત્યેક આગમના સંસ્કરણમાં સૂત્રાંકોની ભિન્નતા

(૩) 'જાવ' આદિ સાંકેતિક શબ્દોના પ્રયોગથી સંક્ષિપ્ત કરેલ પાઠોની પ્રચુરતા
- સાંકેતિક શબ્દોના ઉપયોગવાળા પ્રયોગોની અસમાનતા અને અવ્યવસ્થા
- સાંકેતિક શબ્દોથી સૂચિત પાઠના સ્થળનિર્દેશનો અભાવ

(૪) વાચનાભેદના પાઠો અને પાઠાન્તરોની પ્રચુરતા

(૫) આગમોના સંપૂર્ણ શુદ્ધ સંસ્કરણોનો અભાવ

અનેક હાથ : અનેક અશુદ્ધિઓ

એક યુગ હતો કે જ્યારે હજારો લહિયાઓ લેખન-વ્યવસાયમાં લાગેલા હતા, ધાર્મિક દાર્શનિક અને વ્યાવસાયિક પુસ્તકો પત્રાકાર કે વિવિધ ગુટકાકારમાં લખાતા, આવશ્યકતા પ્રમાણે આગમો પણ લખાતા કે લખાવાતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે યુગના શ્રમણો પોતાના માટે અને અભ્યાસાર્થીઓ માટે આગમ આદિની પ્રતિઓ જાતે લખતા, પરંતુ જરૂરત ઊભી થતાં લહિયાઓ પાસે પણ લખાવવામાં આવતું.

કોઈ ગ્રંથની પ્રતિલિપિ કરવાનું જ લહિયાનું કામ હતું. જે પ્રતિ તેને પ્રતિલિપિ કરવા માટે આપવામાં આવતી તેને અનુસરીને નકલ કરવાનું જ તેનું કામ રહેતું; 'નકલને અક્કલ નહીં'—આ કહેવત આ યુગની જ દેન જણાય છે.

જે લહિયાના અક્ષર સુંદર અને સુવાચ્ય હોય તેનો જ લેખન-વ્યવસાય સમૃદ્ધ રહેતો, કારણ કે તે યુગમાં અક્ષર-સૌંદર્યની પ્રધાનતા હતી, શુદ્ધ લેખન ગૌણ બની ગયું હતું.

કોઈ એક આગમના લેખનમાં એક લહિયાના હાથે જેટલી અશુદ્ધિઓ થતી તે બધીની પુનરાવૃત્તિ તો તે આગમની પ્રતિલિપિ કરનારના હાથે થતી જ, તદુપરાંત પ્રતિલિપિકારના હાથે થતી કેટલીક નવી અશુદ્ધિઓ પણ તેમાં ઉમેરાતી. આ રીતે અશુદ્ધિઓનો પારાવાર થતાં સંશોધન અસાધ્ય બની જતું. જો કોઈ સંશોધનનો પ્રયત્ન કરે તો પણ અનેક લહિયાઓના હાથે લખાયેલી અનેક પ્રતોનું સંશોધન સર્વથા અસંભવિત હતું, આથી એકાદ બે પ્રતોનું જ સંશોધન થઈ શકતું.

અધિક પ્રતિઓ અશુદ્ધ જ મળતી, આથી સ્વાધ્યાય અને પઠનપાઠનમાં તેમનો જ અધિક ઉપયોગ થતો. પ્રાચીન જ્ઞાનભંડારોમાં પણ અસંશોધિત પ્રતિઓ અધિક અને સંશોધિત પ્રતિઓ અલ્પ મળી આવે છે.

મુદ્રણકળા અને અશુદ્ધિઓ

વિકસિત મુદ્રણકળાના આ યુગમાં પણ સર્વથા શુદ્ધ મુદ્રણ પ્રૂફરીડિંગ કરનારની કર્તવ્યનિષ્ઠા પર આધારિત છે.

લહિયાયુગ અને મુદ્રણયુગમાં અંતર માત્ર એટલું જ છે કે લહિયાયુગમાં અનેક હાથો વડે અનેક અશુદ્ધિઓ થતી હતી, મુદ્રણયુગમાં એક હાથે અનેક અશુદ્ધિઓ થાય છે.

લહિયાયુગમાં હજાર પ્રતો હજાર પ્રકારની થતી, મુદ્રણયુગમાં હજાર પ્રતો એકસરખી થાય છે.

સંશોધનકાર્ય પહેલાંની જેટલું જ દુષ્કર છે.

લહિયાયુગમાં પ્રત્યેક પ્રતિનું શુદ્ધિપત્રક ભિન્ન ભિન્ન રહેતું, મુદ્રણ યુગમાં હજાર પ્રતોનું શુદ્ધિપત્રક એક જ હોય છે. પરંતુ શુદ્ધિપત્રકનો ઉપયોગ કરી પ્રતિને શુદ્ધ કરી સ્વાધ્યાય કરનાર વિરલા જ હોય છે.

અશુદ્ધિઓનો અભિશાપ

મેઘકુમાર મુનિને સંયમમાં સ્થિર કરવા માટે તેના પૂર્વભવનું વર્ણન કરતાં ભગવાન મહાવીરે કહ્યું—

'હે મેઘ! તું તે હતાશ કરનારી યાવત્ અસહ્ય વેદના સાત દિવસરાત સુધી ભોગવીને, એકસો વીસ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું ત્યારે, અત્યધિક આર્તધ્યાનને વશ થયો તથા દુઃખથી પીડિત થયો અને મરણ સમયે મૃત્યુ પામી આ જ જંબૂદ્વીપના ભારત વર્ષના દક્ષિણાર્ધમાં ગંગા નામક મહાનદીના દક્ષિણ કિનારે, વિંધ્યગિરિની તળેટીમાં એક મદોન્મત્ત શ્રેષ્ઠ ગંધહસ્તી વડે શ્રેષ્ઠ હસ્તિનીની કુક્ષિમાં હાથીના બચ્ચાના રૂપે ગર્ભમાં આવ્યો.

"तए णं सा गयकलभिया नवण्हं मासाणं, वसंतमासम्मि तुमं पयाया।"

—ज्ञाताधर्मकथा, अ० १, मेघकुमार वर्णन

—'ત્યાર પછી તે હાથણીએ નવ મહિના પૂરા થયા એટલે વસંત માસમાં તને જન્મ આપ્યો.'

અહીં મૂળ પાઠમાં કહેવામાં આવ્યું કે મેઘકુમારનો જીવ હાથણીના ગર્ભમાં નવ માસ રહીને હાથીના બચ્ચા રૂપે ઉત્પન્ન થયો.

આ પ્રત્યક્ષ-વિરુદ્ધ કથન આગમમાં કેવી રીતે આવી ગયું? કેમ કે, જે કાળનું આ કથન છે તે કાળમાં રાજાઓની ચાર પ્રકારની સેનાઓ રહેતી, જેમાં હાથીઓની પણ એક સેના રહેતી. આથી તે યુગમાં હાથીઓના સામાન્ય જીવનનું જ્ઞાન પ્રાયઃ અનેક લોકોને રહેતું. આથી પ્રત્યક્ષ-વિરુદ્ધ કથનનો પાઠ લહિયાઓની બેદરકારીથી જ આવ્યો છે—આમ માનવું તદ્દન યોગ્ય છે.

ભગવાન મહાવીર રાજવંશમાં જન્મ્યા હતા, તેઓ હાથીઓના જીવનથી પરિચિત હતા અને જે વખતે મેઘકુમારને દીક્ષિત કર્યો હતો તે સમયે તો તેઓ સર્વજ્ઞ હતા. તેમના મુખેથી આવું પ્રત્યક્ષ-વિરુદ્ધ કથન તદ્દન અસંભવિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાનકાળે પ્રાપ્ત થતી બધી પ્રતોમાં નવ માસવાળો પાઠ જ મળે છે, કેમ કે બધા લહિયા 'મક્ષિકાસ્થાને મક્ષિકા' એ લોકોક્તિ અનુસાર જ લેખન કરે છે. એટલે કઈ પ્રતનો આધાર લઈ સંશોધન કરવું ? આ એક સમસ્યા છે. પણ આ સમસ્યાનું સમાધાન અશક્ય નથી—આધુનિક પ્રાણિવિજ્ઞાનના ગ્રંથો જોઈને નિર્ણય કરી શકાય.

મનુષ્ય સ્ત્રીના ગર્ભકાળમાં અને હાથણીના ગર્ભકાળમાં સમાનતા નથી. એ નિશ્ચિત છે કે અંતર પણ એટલું અધિક છે કે કોઈ રીતે બન્નેને સરખા સાબિત કરી શકાય નહીં. આશા છે સ્વાધ્યાયશીલ આગમપાઠી પ્રત્યક્ષ–વિરુદ્ધ કથનનું સંશોધન કરવા માટે પ્રયત્ન કરશે.

અવિવેકપૂર્ણ ઉત્તર

કેટલાક વિદ્વાનો તરત આમ કહી દે છે કે જેવી રીતે મનુષ્ય-સ્ત્રીનો સગર્ભાવસ્થાનો કાળ સામાન્ય રીતે નવ મહિના અને ઉપર થોડા દિવસનો હોય છે, પરંતુ અપવાદરૂપે સાત કે આઠ માહને પણ પ્રસવ થાય છે અને પૂર્ણ સશક્ત ન હોવા છતાં બાળક જીવિત રહે છે તે જ રીતે તે હાથીના બચ્ચાનો જન્મ નવ મહિને થઈ ગયો હશે.

આવો ઉત્તર સાચે જ પર્યાપ્ત જ્ઞાનના અભાવનો સૂચક છે, કારણ કે અપવાદરૂપે પણ એક બે માસ પૂર્વ પ્રસવ થવો સંભવિત છે પરંતુ પૂર્ણ ગર્ભસ્થિતિકાળથી અર્ધો કાળ વીત્યે કે તેની પણ પૂર્વે જો ગર્ભ બહાર આવી જાય તો શું તે પૂર્ણ વિકસિત હોઈ શકે ? સ્વસ્થ અને જીવિત રહી શકે ?

હાથણીનો ગર્ભાવસ્થાનો કાળ જેટલો હોય છે તેના અર્ધા ભાગથીય કમ નવ માસ હોય છે, આથી ઉપરોક્ત અવિવેકપૂર્ણ ઉત્તર સર્વથા અસંગત છે.

સામાન્ય વિજ્ઞાનના જ્ઞાન રહિત વર્તમાનકાળના પરંપરાવાદી શ્રુતધરો તો આવા પ્રત્યક્ષ–વિરોધી પાઠો સંબંધે ઊહાપોહ પણ કરવા ઇચ્છતા નથી.

આશ્ચર્ય તો એ વાતનું છે કે વર્તમાન સમયે પ્રકાશિત થઈ રહેલા જૈનાગમોનાં નવાં સંસ્કરણોમાં અને અદ્યાવધિ બનેલા આગમ–મંદિરોમાં પણ આ પ્રત્યક્ષ-વિરોધી પાઠ પ્રવેશી ગયેલ છે.

સંકલન પદ્ધતિ

બધા આગમોનાં શુદ્ધ સંસ્કરણો તૈયાર કરીને પછી ધર્મકથાનુયોગનું સંકલન કરવું અમારે માટે સંભવિત ન હતું, કારણ કે બધા આગમોનાં શુદ્ધ સંસ્કરણો તૈયાર કરવાનું કામ ચિરકાળસાધ્ય અને અત્યંત શ્રમસાધ્ય કામ છે.

શું બધા આગમોની પ્રતિઓ અશુદ્ધ છે ? આવો પ્રશ્ન કોઈ પણ વ્યક્તિ પૂછી શકે છે. તેનું સમાધાન નવાંગી ટીકાકાર આચાર્ય અભયદેવ સૂરિ સ્વયં પોતાના અનુભવથી પોતાના શબ્દોમાં જ આપી ગયા છે. જુઓ—

सत्सम्प्रदायहीनत्वात् सदूहस्य वियोगतः ।
सर्व-स्व-पर-शास्त्राणामदृष्टेरस्मृतेश्च मे ॥ १
वाचनानामनेकत्वात्, पुस्तकानामशुद्धितः ।
सूत्राणामतिगाम्भीर्याद्, मतभेदाश्च कुत्रचित् ॥ २

૧. સત્સંપ્રદાય પ્રાપ્ત ન થવાથી અર્થાત્ સૂત્રાર્થના સમ્યક્ જ્ઞાતા ગુરુજનોની પરંપરા ટકી ન રહેવાથી
૨. યથાર્થ તર્કસંગત અર્થ પ્રાપ્ત ન થવાથી
૩. અનેક વાચનાઓ મળવાથી
૪. પુસ્તકો અશુદ્ધ હોવાથી
૫. સૂત્રો અતિ ગંભીર હોવાથી
૬. અર્થવિષયક મતભેદ હોવાથી

આવા સંયોગોમાં પં. દલસુખભાઈ માલવણિયાની સલાહથી પ્રસ્તુત ધર્મકથાનુયોગના પાઠનું સંકલન 'સુત્તાગમે' અને 'અંગસુત્તાણિ'ની મુદ્રિત પ્રતિઓના કટિંગો પરથી કરવામાં આવ્યું છે.

આ પદ્ધતિ અપનાવવાનો મુખ્ય હેતુ એ હતો કે અલ્પ સમયમાં અધિક કાર્ય થઈ શકે. વાસ્તવમાં આનાથી વધુ સરળ અને સગવડવાળી બીજી કોઈ પદ્ધતિ હતી જ નહીં. પરંતુ આ પદ્ધતિએ સંકલિત કરેલ ધર્મકથાનુયોગના મૂળ પાઠોમાં કેટલીક ત્રુટિઓ પણ રહી ગઈ છે, એનો ખ્યાલ અમને અનુભવે આવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રુટિઓ રહી જવાનું મુખ્ય કારણ છે 'સુત્તાગમે' અને 'અંગસુત્તાણિ'ની મુદ્રિત પ્રતિઓ.

આગમોનું પરિશીલન કરનાર ઘણા વિદ્વાનોએ અનુભવ્યું હશે કે 'સુત્તાગમે'ના બે ભાગોમાં પૂરા બત્રીશ આગમોનો સંપૂર્ણ મૂળ પાઠ છે.

તેના સંપાદક શ્રી પુપ્ફભિક્ખુ પોતાની એક સ્વતંત્ર વિચારધારા ધરાવનાર વ્યક્તિ હતા. તેમણે પોતાની માન્યતાથી વિપરિત જેટલા પાઠ જૈનાગમોમાં જોયા તે બધા પર કાતર ચલાવી મૂળમાંથી અલગ કરી નાખ્યા.

અન્યાન્ય સંસ્થાઓ દ્વારા પ્રકાશિત આગમોના મૂળ પાઠ અને 'સુત્તાગમે'ના મૂળપાઠ આ કારણે અક્ષરશઃ મળતા નથી.

'અંગસુત્તાણિ'ની સંપાદનપદ્ધતિ પણ એક સ્વતંત્ર પદ્ધતિ છે. આથી ધર્મકથાનુયોગમાં સંકલિત મૂળપાઠ અન્ય સંસ્કરણોના મૂળ પાઠો સાથે અક્ષરશઃ મળતા નથી.

'સુત્તાગમે' અને 'અંગસુત્તાણિ'ના ઉપયોગનું મુખ્ય કારણ

હાલના સમયમાં 'સુત્તાગમે' એક જ એવું સંસ્કરણ છે કે જેમાં પૂરા બત્રીશ આગમોનો મૂળ પાઠ બે ભાગોમાં જ જ મળી રહે છે. આ લઘુકાય ગ્રંથરાજ આગમોનું અભૂતપૂર્વ સંસ્કરણ છે—એમ કોઈ કહે તો તેમાં કંઈ અતિશયોક્તિ નથી.

'અંગસુત્તાણિ'ના ત્રણ ભાગોમાં અગિયાર અંગો સમાવાયાં છે, એના સિવાય બીજું એક પણ સંસ્કરણ ઉપલબ્ધ નથી કે જેમાં બધા આગમો સાથે મળે.

અનુયોગોના સંકલન અને વર્ગીકરણ માટે આ બે સંસ્કરણો જ સુલભ હતાં. આથી એમનો જ અધિકાધિક ઉપયોગ કરવામાં આવ્યો છે.

અનુવાદનું પરિશીલન

સંપૂર્ણ ધર્મકથાનુયોગનો ગુજરાતી અનુવાદ ડો. રમણીકભાઈ એમ. શાહે કર્યો છે. તેઓ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદમાં પ્રાકૃત અને જૈનીઝમના સંશોધક-અધ્યાપક છે. પં. દલસુખભાઈ માલવણિયાની સલાહ અનુસાર તેમને ધર્મકથાનુયોગના અનુવાદક તરીકે નિયુક્ત કરવામાં આવેલા.

સ્વાસ્થ્ય પ્રતિકૂળ હોવાથી અનુવાદનું વાચન ન હું કરી શક્યો કે ન પં. દલસુખભાઈ માલવણિયા પણ કરી શક્યા.

મને આશા છે, અનુવાદકે પૂરી નિષ્ઠાથી કાર્ય કરેલ છે. છતાં પણ આગમોના સ્વાધ્યાયશીલ પાઠકો અનુવાદનું વાચન કરતી વેળા કયાંય કોઈ સંશોધનપાત્ર સ્થળ જુએ તો ટ્રસ્ટના સરનામે સૂચના લખી મોકલે જેથી દ્વિતીય સંસ્કરણમાં સંશોધન કરવાનો પ્રયત્ન કરી શકાય.

દૃષ્ટિવાદનો વિચ્છેદ : ધર્મકથાનુયોગનો હ્રાસ

બારમા અંગ દૃષ્ટિવાદના પાંચ વિભાગ છે, તેમાં ચોથા વિભાગનું નામ અનુયોગ છે. એના બે ભાગ છે—૧. મૂલ પ્રથમાનુયોગ અને ૨. ગંડિકાનુયોગ.

નંદીસૂત્રમાં મૂલ પ્રથમાનુયોગની વિષય-સૂચિ આપવામાં આવેલી છે. જે કાળે આ સૂચિ આપવામાં આવી તે કાળે મૂલ પ્રથમાનુયોગ કેટલો વિચ્છિન્ન થયેલ અને કેટલો શેષ રહેલ તે જાણવાનું આજે કોઈ સાધન નથી.

પ્રથમાનુયોગ ધર્મકથાનુયોગનો જ બીજો પર્યાય છે. ચારે અનુયોગોમાં પ્રથમ અનુયોગ ધર્મકથાનુયોગ છે. મૂલ વિશેષણ એ વાતનું સૂચક છે કે ધર્મકથાઓનું મૂળ અરિહંત ભગવંતોની કથાઓ છે.

મૂલ પ્રથમાનુયોગની વિષયસૂચિ

૧. અરિહંત ભગવંતોના પૂર્વ ભવો, ૨. દેવલોકમાં જવું, ૩. દેવભવમાં આયુ, ૪. દેવલોકમાંથી ચ્યવન, ૫. તીર્થંકરભવમાં જન્મ, ૬. અભિષેક, ૭. રાજ્યશ્રી, ૮. પ્રવ્રજ્યા, ૯. ઉગ્રતપ, ૧૦, કેવલજ્ઞાનોત્પત્તિ, ૧૧. તીર્થપ્રવર્તન, ૧૨. શિષ્યસંપદા, ૧૩. ગણ અને ગણધર, ૧૪. શ્રમણો, ૧૫. આર્યાઓ, ૧૬. પ્રવર્તિનીઓ, ૧૭. ચતુર્વિધ સંઘ પ્રમાણ, ૧૮. જિનકલ્પીઓ, ૧૯. મનઃપર્યવજ્ઞાનીઓ, ૨૦. અવધિજ્ઞાનીઓ, ૨૧. સમ્યક્ શ્રુતજ્ઞાનીઓ, ૨૨. વાદીઓ, ૨૩. અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થનારા, ૨૪. ઉત્તર વૈક્રિય કરનાર મુનિઓ, ૨૫. સિદ્ધ થનારા, ૨૬. સિદ્ધિપથના દેશક, ૨૭. પાદોપગમનકાળ, ૨૮. કેટલાક ભક્તનો છેદ કરીને અન્ત કરનારા, ૨૯. અજ્ઞાન અંધકારથી સર્વથા મુક્ત અનુત્તર મોક્ષ સુખ પ્રાપ્ત કરનારા. આવા અનેક ભાવો મૂલ પ્રથમાનુયોગમાં કહેવાયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વિષયસૂચિ પ્રમાણે એક પણ અરિહંત ભગવંતની જીવનકથા ઉપલબ્ધ આગમોમાં નથી.

ગંડિકાનુયોગની વિષયસૂચિ

૧. કુલકરગંડિકા, ૨. તીર્થંકરગંડિકા, ૩. ચક્રવર્તીગંડિકા, ૪. દશારગંડિકા, ૫. બલદેવગંડિકા, ૬. વાસુદેવગંડિકા, ૭. ગણધરગંડિકા, ૮. ભદ્રબાહુ ગંડિકા, ૯. તપઃકર્મ ગંડિકા, ૧૦. હરિવંશ ગંડિકા, ૧૧. ઉત્સર્પિણી ગંડિકા, ૧૨. અવસર્પિણી ગંડિકા, ૧૩. ચિત્રાન્તરગંડિકા, દેવ–મનુષ્ય–તિર્યંચ–નારક ગતિ. આ ચારે ગતિઓમાં પરિભ્રમણ તથા વિવિધ પ્રકારના સંસારમાં ભ્રમણ.

વિષયસૂચિમાં વ્યુત્ક્રમ

૧. ગણધરગંડિકાનું નામ તીર્થંકરગંડિકા પછી તરત આવવું જોઈએ.

૨. હરિવંશગંડિકાનું નામ દશારગંડિકા પૂર્વે આવવું જોઈએ.

૩. વાસુદેવગંડિકા પછી પ્રતિવાસુદેવગંડિકાનું નામ જોઈએ.

પ્રતિવાસુદેવગંડિકાનું નામ આ સૂચિમાંથી સર્વથા લુપ્ત કેવી રીતે થઈ ગયું ? આ પ્રશ્ન ઉપેક્ષણીય નથી.

મારું અનુમાન એવું છે કે આ વ્યુત્ક્રમ લહિયાઓએ કરેલા છે. આગમ હોવાથી સામાન્ય વાચકે આ વ્યુત્ક્રમો વિશે કંઈ વિચારવાનું આવતું નથી અને પ્રબુદ્ધ વાચકો તેમની ઉપેક્ષા કરે છે કેમ કે તેઓ જાણે છે કે એમનું યથાક્રમ હોવું હવે અસંભવિત છે.

ધર્મકથાનુયોગ કૃશ થઈ ગયો

સમવાયાંગ અને નંદીસૂત્રમાં આગમોનો સંક્ષિપ્ત પરિચય આવે છે. તેમાં છઠ્ઠા અંગ જ્ઞાતાધર્મકથાનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે–આ અંગના બે શ્રુતસ્કંધ છે, ઓગણીસ અધ્યયન છે, ઓગણીસ ઉદ્દેશક છે ઇત્યાદિ.

ધર્મકથાના દશ વર્ગ છે, પ્રત્યેક ધર્મકથામાં પાંચસો પાંચસો આખ્યાયિકાઓ છે, પ્રત્યેક આખ્યાયિકામાં પાંચસો પાંચસો ઉપાખ્યાયિકાઓ છે, પ્રત્યેક ઉપાખ્યાયિકામાં પાંચસો આખ્યાયિકા–ઉપાખ્યાયિકાઓ છે.

આ રીતે સાડા-ત્રણ કરોડ કથાઓ આ અંગમાં હતી. કાળબળે આ કથાકોશ આજે કેટલો કૃશ થઈ ગયો છે ! વાચક અનુમાન કરી શકે છે.

આ પરિચય પાઠમાં એક પણ વાક્ય એવું નથી જે પ્રત્યેક શ્રુતસ્કંધના પૃથક્ પૃથક્ અધ્યયનોનું સૂચક હોય. દ્વિતીય શ્રુતસ્કંધના દશ વર્ગોનો પરિચય આપીને પછી પ્રથમ શ્રુતસ્કંધના ઓગણીસ અધ્યયનોનું નિદર્શન છે, આ વ્યુત્ક્રમ જોઈને એવું અનુમાન થાય છે કે આ સંક્ષિપ્ત પરિચય પાઠનાં કેટલાંક વાક્યો આગળપાછળ થઈ ગયાં છે આથી આમ બન્યું છે.

સમવાયાંગમાં સંકલિત જ્ઞાતાધર્મકથાના પરિચય પાઠમાં દ્વિતીય શ્રુતસ્કંધ અંતર્ગત ધર્મકથાઓના દશ વર્ગોના પાઠ ક્રમાનુસાર છે, જ્યારે નંદીમાં આ જ પાઠમાં વ્યુત્ક્રમ થયેલ છે.

આ રીતે વ્યુત્ક્રમથી લખાયેલા અનેક પાઠો આગમોમાં છે. શ્રદ્ધાળુ સ્વાધ્યાયશીલ વાચકો માટે એમનું સંશોધન અત્યાવશ્યક છે.

જનાગમોનાં પદ અને વેદમંત્રોનું પરિમાણ

જ્ઞાતાધર્મકથાના આઠમા અધ્યયનમાં ભગવતી મલ્લીનું કથાનક છે.

એક દિવસ રાજમહેલમાં ચોખા પરિવ્રાજિકા આવી. તે ઋક્–યજુ આદિ ચારે વેદોની જ્ઞાતા હતી. અન્ય અનેક કથાનકોમાં પણ ચારે વેદોના નામોના ઉલ્લેખ છે, પરંતુ તે બધાં કથાનકો ભગવતી મલ્લીના કથાનક પછીનાં છે. ભગવતી મલ્લીનો સમય વર્તમાનકાળથી ૬૫૮૬૭૫૦ વર્ષ પૂર્વેનો છે. એટલે આ તો સ્વતઃસિદ્ધ છે કે એટલાં વર્ષ પૂર્વે પણ વેદો હતા. જો ભગવાન ઋષભદેવના સમયમાં જ અન્ય અનેક દર્શનોનો પ્રાદુર્ભાવ થઈ ગયો હતો, તો વેદોનો પણ પ્રાદુર્ભાવ થઈ ગયો હશે ? આમાંથી એ ફલિત થાય છે કે વેદ પણ જૈન આગમ જેટલા જ પ્રાચીન છે.

આ પરથી એવી જિજ્ઞાસા જાગ્રત થાય છે કે જેવી રીતે જૈનાગમોમાં દૃષ્ટિવાદ તથા અગિયાર અંગોનાં બહુસંખ્યક પદો કાળના પ્રભાવથી વિચ્છિન્ન થયાં છે, શું તેવી જ રીતે વેદમંત્રો પણ વિચ્છિન્ન થયા છે કે એક પણ વેદમંત્ર વિચ્છિન્ન નથી થયો ? પહેલાં હતાં એટલાં જ આજ પણ છે ? આ વિષયનું તુલનાત્મક અધ્યયન આવશ્યક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન ઋષભદેવના સમયમાં જ થયેલ તેમના જ પૌત્ર મરીચિના જીવનકાળમાં જ અનેક દર્શનોનો પ્રાદુર્ભાવ થઈ ગયો હતો; તેમાં ચારે વેદોનાં નામ છે કે નહીં ? આ અન્વેષણીય છે.

સૂર્યપ્રજ્ઞપ્તિમાં કૃતિકા નક્ષત્રથી પ્રારંભાતા નક્ષત્રમંડળનો ઉલ્લેખ છે. આ નક્ષત્રમંડળ કેટલા વર્ષ પૂર્વે હતું તે પણ અન્વેષણીય છે. સૂર્યપ્રજ્ઞપ્તિમાં પ્રરૂપિત કૃતિકા નક્ષત્રથી પ્રારંભાતું નક્ષત્રમંડળ જો શાશ્વત હોય તો સૂર્યપ્રજ્ઞપ્તિ આગમ પણ ગણિપિટકની જેમ શાશ્વત છે, જો અશાશ્વત હોય તો સૂર્યપ્રજ્ઞપ્તિની સંકલનાનો સમય તે કૃતિકાથી પ્રારંભાતા નક્ષત્રમંડળનો કાળ છે એમ માનવામાં કઈ બાધા છે ?

આગમ-મંદિર બન્યાં : આગમોનાં શુદ્ધ સંસ્કરણ ન બન્યાં

શાસન-પ્રભાવનાની અનેક યોજનાઓમાં પ્રતિવર્ષ ઉદારતાપૂર્વક ધનરાશિનો સદ્વ્યય જ્યાં થઈ રહ્યો છે ત્યાં આગમો માટે કોઈ તાણ નથી.

આગમ તો જૈનદર્શનના હાર્દ સમાન છે, તેમના સ્થાયિત્વ માટે આગમ-મંદિરોનું નિર્માણ એક મહત્વપૂર્ણ આયોજન છે. એ જ રીતે તામ્રપત્રો પર આગમોનું આલેખન પણ ઉપયોગી છે. અત્યાર સુધી કેટલાં આગમ મંદિર બન્યાં છે તેની પૂરી યાદી મારી પાસે નથી. પરંતુ આગમ-મંદિરનાં નિર્માણમાં જેટલી ધનરાશિનો ઉપયોગ કરવામાં આવે છે તેટલા જ ધનથી આગમોનાં શુદ્ધ સંસ્કરણો તૈયાર થઈ શકે છે—પ્રકાશન વ્યવસ્થાના વિશેષજ્ઞોનો આ મત છે.

જો શુદ્ધ કરાયેલ પ્રતોનો પાઠ જ આગમ-મંદિરોમાં અંકિત કરવામાં આવે તો તેમનું આયોજન સફળ બને. એ પાઠોના આધારે જ શુદ્ધ સંસ્કરણો પણ નીકળી શકે.

સ્વર્ગસ્થ મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે આગમોનાં શુદ્ધ સંસ્કરણો માટે ભગીરથ પ્રયત્ન કર્યો હતો અને કેટલાંક આગમોનાં શુદ્ધ સંસ્કરણો પ્રકાશિત પણ થયાં હતાં, પરંતુ શાસનદેવોની ઉદાસિનતાના કારણે તે કાર્ય અધૂરું રહી ગયું. હવે તે પૂરું કરવા માટે યોગ્ય શ્રુતધરનો પ્રયત્ન કયારે શરૂ થશે તે તો કોઈ દૈવજ્ઞ જ જાણી શકે.

આ માત્ર સંકલન છે

આ ધર્મકથાનુયોગમાં અંગ-ઉપાંગાદિ આગમોમાંથી માત્ર ધર્મકથાઓ, કથાંશો, રૂપકો, ઉદાહરણો, જીવનપ્રસંગો તથા ઘટનાઓનું જ સંકલન કરાયું છે.

ધર્મકથાઓના ગદ્ય-પદ્ય મૂળ પાઠો તથા અનુવાદના સંશોધનનો સંકલ્પ પહેલાંથી જ ન હતો, કારણ કે એ કાર્ય સમૂહગત શ્રમસાધ્ય હતું.

પ્રથમ સંસ્કરણ ઘણા ભાગે સર્વાંગ વ્યવસ્થિત થઈ શકતું નથી. સંકલન ગ્રંથો સંબંધે સર્વત્ર આવો જ અનુભવ થાય છે. વિદ્વજ્જનો જુએ છે, મૌલિક સંશોધન સૂચવે છે, તદનુસાર પરિષ્કૃત પરિમાર્જિત સંસ્કરણ તૈયાર થતાં જાય છે.

અનુવાદક વિદ્વાનને મૂલાનુસારી અનુવાદ કરવાનું કહેવામાં આવ્યું હતું—તેમાં તેઓ કેટલા સફળ થયા છે એ નિર્ણય તો સ્વાધ્યાયશીલ વાચકો જ કરશે.

પ્રસ્તાવના-લેખન

વર્તમાન યુવાન શ્રમણોમાં શ્રીદેવેન્દ્રમુનિજી શાસ્ત્રી અદ્વિતીય સાહિત્ય-સ્રષ્ટા છે. અનેક સમીક્ષાત્મક ગ્રંથોના લેખક છે, અનેક આગમો અને સંદર્ભગ્રંથોના ભૂમિકાલેખક છે, તેઓના કેટલાય શોધલેખો પ્રકાશિત થયા છે, છતાં તેઓ પદવીઓથી વિરત છે. તેમની લેખનશૈલી અપ્રતિમ છે. તેમણે જ પ્રસ્તુત ધર્મકથાનુયોગની સમીક્ષાત્મક ભૂમિકા લખીને આગમકથાઓનું અમૃતપાન કરાવ્યું છે. સ્વાધ્યાયશીલ સાધક તેઓની આ કૃપા માટે સદૈવ આભારી રહેશે. આ ભૂમિકાનો ગુજરાતી અનુવાદ ડો. કનુભાઈ વ્રજલાલ શેઠ (રિસર્ચ ઓફિસર, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ)એ કરેલ છે.

સંકલન સહયોગ

ધર્મકથાનુયોગનું છ સ્કંધોમાં વિભાજન તથા શ્રમણ-શ્રમણીઓ અને શ્રાવક-શ્રાવિકાઓનું તીર્થંકરોના શાસનકાળ મુજબ ક્રમાનુસાર વર્ગીકરણ કરવાનું શ્રેય સુવિખ્યાત વિદ્વાન પં. શ્રી દલસુખભાઈ માલવણિયાને છે. આ આત્મીય ભાવથી આપેલ સહયોગ બદલ હું તેમનો સદૈવ કૃતજ્ઞ છું.

શ્રી વિનય મુનિ 'વાગીશ' આ સંકલન કાર્યમાં પૂરો સંભવિત સહયોગ આપ્યો છે, આથી તે પણ ધન્યવાદને પાત્ર છે.

—અનુયોગ પ્રવર્તક
મુનિ કન્હૈયાલાલ 'કમલ'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમ અનુયોગ ટ્રસ્ટ : સહયોગીઓની શુભનામાવલી

શેઠશ્રી ચુનીલાલ નરભેરામ મેમોરિયલ ટ્રસ્ટ મુંબઈ
હસ્તે શ્રી મનુભાઈ બેકરીવાલા
ગાંધી પરિવાર હૈદ્રાબાદ
શ્રી બલદેવભાઈ ડોસાભાઈ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ,
અમદાવાદ. હસ્તે, બળદેવભાઈ ડોસાભાઈ પટેલ
શ્રી આત્મારામ માણેકલાલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
હસ્તે. બલવન્તલાલ શાંતિલાલ
શ્રી પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ
હ. નવનીતભાઈ ચુનીલાલ પટેલ
શ્રી રમણલાલ માણેકલાલ શાહ, અમદાવાદ
હ. સુભદ્રાબેન
શ્રી હિંમતલાલ શામળભાઈ શાહ, અમદાવાદ
શ્રી પંન્નાબ જૈન ભ્રાતૃ સભા, ખાર, મુંબઈ
શ્રી માણેકલાલ રતનશી બગડીયા, મુંબઈ
શ્રી રતનકુમારજી જૈન, મુંબઈ
"નિત્યાનંદ સ્ટીલ રોલર મિલ"
શ્રી તેજરાજજી રૂપરાજજી બંબ ઈચલકરનજી (મહારાષ્ટ્ર)
હ. માણેકચંદજી રૂપચંદ બંબ ભાદવાવાલે
શ્રીમતી સુગનીબાઈ મોતીલાલજી બંબ, હૈદરાબાદ
હ. શ્રી ભીવરાજ બંબ પીહવાલા
શ્રી રાજમલ રિખબચંદ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ
હ. સુશીલાબેન રમણીકલાલ મહેતા
શ્રી હરિચંદ જયચંદ દોશી વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટ, મુંબઈ
શ્રી પ્રેમગ્રુપ અમદાવાદ "પ્રેમરાજ ગણપતરાજ બોહરા"
હ. પુરણચંદજી બોહરા
શ્રી મોહનલાલજી મુકનચંદજી બાલિયા, અમદાવાદ
શ્રી જગજીવનદાસ રતનશી બગડિયા, દામનગર (ગુજરાત)
ધી કાલુપુર કોમર્શિયલ કો.ઓ. બેંક, અમદાવાદ
શ્રી માણેકલાલ સી. ગાંધી, અમદાવાદ
શ્રી જશવંતલાલ શાંતિલાલ શાહ, મુંબઈ
શ્રી સ્વસ્તિક કોર્પોરેશન, અમદાવાદ
હ. શ્રી હસમુખલાલ કસ્તુરચંદ
શ્રી વિજય કન્સ્ટ્રક્શન કંપની, અમદાવાદ
હ. રજનીકાંત કસ્તુરચંદ
શ્રી વાડીલાલ છોટલાલ ડેલીવાલા, મુંબઈ
હ. ચંદ્રકાંત બી. શાહ
શ્રી વિજયરાજજી જૈન સાબરમતી, અમદાવાદ
શ્રી અજયરાજજી મહેતા ઍલિસબ્રિજ, અમદાવાદ
શ્રીમતી ચંદ્રાદેવી ગંભીરમલજી બંબ "ટાંક" (રાજસ્થાન)
શ્રી કરશનભાઈ લઘુભાઈ નિસર, દાદર મુંબઈ
શ્રીમતી લીલાવતી જયંતિલાલ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ
હ. જયંતિલાલ અમૃતલાલ શાહ
શ્રી કાંતિલાલ જીવણલાલ, અમદાવાદ
શ્રી ગુલશન રાયજી જૈન ઍન્ડ સન્સ, દિલ્હી
શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, ધાનેરા
શ્રી વિક્રમ કો.ઓ. બેંક, અમદાવાદ
શ્રી શાંતિલાલ ટી. અજમેરા, અમદાવાદ
શ્રી પાર્વતીબેન શિવલાલ તલકશીભાઈ અજમેરા ટ્રસ્ટ,
અમદાવાદ. હ. નવનીતલાલ મણીલાલ અજમેરા
શ્રી શાંતિલાલ અમૃતલાલ વોરા, અમદાવાદ
શ્રી કાંતિલાલ મનસુખલાલ શાહ પાળીયાદવાળા, અમદાવાદ
શ્રી વાડીલાલ મોહનલાલ શાહ, મુંબઈ
શ્રી ગિરધરલાલ પુરુષોત્તમદાસ, અમદાવાદ
શ્રી જયંતીલાલ ભોગીલાલ ભાવસાર, અમદાવાદ
શ્રી દીનુભાઈ ભોગીલાલ ભાવસાર, અમદાવાદ
શ્રી ચીમનભાઈ ડોસાભાઈ, અમદાવાદ
શ્રી અમદાવાદ સ્ટીલ સ્ટોર્સ, અમદાવાદ
હ. જયંતિલાલ મનસુખલાલ લોખંડવાળા
શ્રી જાદવજીભાઈ મોહનલાલ શાહ, અમદાવાદ
શ્રી ડૉ. ધીરજલાલ એચ. ગોસલીયા નવરંગપુરા, અમદાવાદ
શ્રી કાંતિલાલ પ્રેમચંદ મગફળીવાળા, અમદાવાદ
શ્રી પ્લાજા ઇન્ડસ્ટ્રીઝ, અમદાવાદ
હ. ધનકુમાર ભોગીલાલ પરીખ
શ્રી સ્વ. મણીલાલ નેમચંદ અજમેરા તથા સ્વ. કસ્તુરીબેન
મણીલાલના સ્મરણાર્થે
હ. ચંપકભાઈ મણીલાલ અજમેરા
શ્રી વરધીચંદજી મેઘરાજજી સાકરીયા, સાંડેરાવ
શ્રી તારાચંદજી ભગવાનજી સાકરીયા, સાંડેરાવ
શ્રી ગેહરીલાલજી કોઠારી "કોઠારી જ્વેલર્સ, મુંબઈ"
શ્રી મુલચંદજી જવાહરલાલજી બરડીયા, અમદાવાદ
શ્રી હરીશ સી. જૈન, મુંબઈ
શ્રી ધીંગડમલ મુલતાનજી કાનુગા, અમદાવાદ
શ્રી હિમતલાલ નિહાલચંદ દોશી, વાલકેશ્વર મુંબઈ
શ્રીમતી સમરતબેન ચત્રભુજ કાંતિભાઈ, મુંબઈ
હ. કાંતિભાઈ વેકરીવાલા
શ્રી છગનલાલ શામજીભાઈ વીરાણી
શ્રી આર. ચૌધરી, મુંબઈ
શ્રીમતી તરુલતાબેન રમેશચંદ્ર દફ્તરી વાલકેશ્વર, મુંબઈ
શ્રી હીરજીભાઈ સોજપાલ કચ્છકપાયાવાલા વાલકેશ્વર, મુંબઈ
શ્રી અમૃતલાલ સૌભાગ્યચંદના સ્મરણાર્થે
હ. ગુણવંતલાલ તથા રાજેન્દ્રભાઈ મુંબઈ
શ્રી દલીચંદભાઈ અમૃતલાલ દેસાઈ, અમદાવાદ
શ્રીમતી એચ. કે. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ, ઘાટકોપર, મુંબઈ
હ. વજલાલ કપૂરચંદ ગાંધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી કસ્તુરચંદજી પ્રતાપજી સાકરીયા, સાંડેરાવ
શ્રી ભાઈલાલ જાદવજી શેઠ કોલ્હાપુર (મહારાષ્ટ્ર)
શ્રી રણજિતસિંહ ઓમપ્રકાશ જૈન કાલાવાલીમંડી (હરિયાણા)
શ્રી જુહારમલ દીપચંદ સરાફ, નાહટા કેકેડી (રાજ)
હ. ધનરાજ લાલચંદ નાહટા
શ્રી સજ્જનરાજજી ભવરલાલજી જૈન, અમદાવાદ
શ્રી અમરચંદજી માવ ચેરિટેબલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી
શ્રી ભવરલાલ મોહનલાલ ભંડારી, અમદાવાદ
શ્રી નવરતનલજી બાગરેચા, રાબડિયાદ
હ. નૌરતનમલ મુંબઈ
શ્રી જુહારમલજી લુંબાજી સાકરીયા, સાંડેરાવ (મુંબઈ)
શ્રીમતી કાંતાબેન ભાઈલાલના વર્ષીતપ નિમિત્તે
હ. સખીદાસ મહાસુખભાઈ ભાઈલાલ, અમદાવાદ
શ્રી નગીનદાસ શીવલાલ શાહ, અમદાવાદ
શ્રી તારાચંદ ચતુરભાઈ વોરા, મુંબઈ
હ. નંદલાલભાઈ ટી. વોરા
શ્રી નગીનભાઈ દોશી
હ. જયસુખલાલ સીંગાપુરવાલા, મુંબઈ
શ્રી નાગરાજ ચંદનમલ (સાદડીવાળા), મુંબઈ
શ્રી કુંવરલાલ ધરમચંદ બેતાલા, ગૌહતી (આસામ)
હ. ગ્યાનચંદ ધરમચંદ બેતાલા
શ્રી ભવરીલાલ જુગરાજ કુલકુગાર, ઘોડનદી
શ્રી દીનેશકુમાર ચંદ્રકાંત બેંકર, સીકન્દ્રાબાદ
શ્રી પ્રેમચંદજી પોમાજી સાકરીયાની સ્મૃતિમાં
સાકરીયા બ્રધર્સ, મુંબઈ
માતુશ્રીની સ્મૃતિમાં સાકરીયા બ્રધર્સ, મુંબઈ
શ્રી ગૌતમ ફાઈનાન્સ કોર્પોરેશન હૈદ્રાબાદ
હ. શ્રીમતી પારસદેવી મોહનલાલજી પારસ
શ્રી જાદવજી લાલજી વેલજી મુંબઈ
શ્રી મહાવીર દાલ મિલ જાલના (મહારાષ્ટ્ર)
હ. ગણુસી દેવરાજ
શ્રી કમલ ફાઈનાન્સ કોર્પોરેશન, હૈદ્રાબાદ
હ. નવરતનમલ કોટેચા
શ્રીમતી કેલીબેન ચૌધરી ટ્રસ્ટ
હ. શ્રી શાંતિલાલ ધરમચંદ ચૌધરી તિરુપતિ
શ્રી જયંતીલાલ કે. પટેલ સાણંદવાળા, અમદાવાદ
શ્રી ઘીસાલાલ કોઠારી, હૈદ્રાબાદ
શ્રી શિવજી માણેકચંદ ભેદાના સ્મરણાર્થે
હ. ઉમરબાઈ શિવજી ભેદા, મુંબઈ
શ્રી રતનજી કેશવજી ભેદા ના સ્મરણાર્થે
હ. શિવજી ભેદા, મુંબઈ
શ્રી વસંતલાલ કે. દોશી, મુંબઈ
ધી પ્રીસીસન ટેક્ષટાઈલ એન્જી. એન્ડ કોર્પોરેશન, મુંબઈ
હ. શ્રી એમ. વી. શાહ

સ્વ. ભાઈ અમૃતલાલના સ્મરણાર્થે
હ. મહેતા ઈંદરજીત પુરુષોત્તમ
શ્રી પારસમલજી કાવડીયા, સાદડી મરવાડ (આરકોટ)
ન્યૂ રાજમણી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન
હ. શ્રી પુખરાજજી પી. કાવડીયા
શ્રીમતી ભુરીબાઈ ભવરલાલ કોઠારી
હ. સાગરમલ મદનલાલ રમેશચંદ્ર કોઠારી, સેમા (મેવાડ)
શ્રી કોરશીભાઈ હીરજીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ
શ્રી જયસુખભાઈ રામજીભાઈ શેઠ કાંદાવાડી, મુંબઈ
શ્રી ચીમનલાલ ગિરધલાલ શાહ, મુંબઈ
શ્રી મેઘજીભાઈ થોભણ, મુંબઈ
હ. મણીલાલ વીરચંદ
શ્રી પ્રભુદાસ રામજીભાઈ, મુંબઈ
શ્રી તારાચંદ ગુમાનચંદ, મુંબઈ
હ. લીલાવતીબાઈ તારાચંદ
એક સદ્‌ગૃહસ્થ તરફથી, મુંબઈ
શ્રી પ્રેમરાજજી કલ્યાણમલ ચોરડીયા મદનગંજ (અજમેર)
શ્રી રમણીકલાલ મોહનલાલ શાહ, મુંબઈ
શ્રી નરોત્તમદાસ મોહનલાલ, મુંબઈ
શ્રી રતિલાલ વિઠ્ઠલદાસ ગોસલીયા, માધવનગર જિ. સાંગલી
શ્રી વાડીલાલ જેઠાલાલ શાહ, મુંબઈ
શ્રી લાંબુસીંગજી ગાંગડ, શાહપુર (ભીલવાડા–રાજ.)
શ્રી જૈન સંસ્કૃતિ કલા કેન્દ્ર, મુંબઈ
હ. યશોદેવ સુરિશ્વરજી મહારાજની પ્રેરણાથી પાલીતાણા
શ્રી હરખરાજ દોલતરાજ ધારીવાલા, હૈદ્રાબાદ
શ્રી મેઘજી ખીમજી તથા શ્રીમતી લક્ષ્મીબેન મેઘજી ખીમજી,
મુંબઈ
શ્રી શાંતિલાલજી સંચેતી મદનગજ (અજમેર–રાજ.)
શ્રી જબરસીંગજી સુમેરસીંગજી રૂપનગર (રાજ.)
શ્રી કાંતિલાલજી રતનચંદજી બાડીઆ (પનવેલ–મહારાષ્ટ્ર)
મે. કનૈયાલાલ માણેકચંદજી એન્ડ સન્સ બડગાંવ, પુના
હ. માણેકચંદજી બાફના
શ્રી ચુનીલાલ બાગરેચા, બાલાઘાટ
શ્રી એસ. એન. ભીખમચંદ, સીકંદરાબાદ
શ્રી ચંપાલાલજી પારસમલજી ચોરડીયા મદનગંજ (રાજ.)
શ્રી ચંપકલાલ એમ. લાખાણી, મુંબઈ
શ્રી રસીકલાલ હીરાલાલ ઝવેરી, મુંબઈ
શ્રી સુરજમલ કનકમલ મદનગંજ (અજમેર–રાજ)
શ્રી માંગીલાલજી સોલંકી, નાશિક
શ્રી પ્રવીણભાઈ મહેતા, મુંબઈ
શ્રી સજ્જનરાજ કટારીયા, સીકન્દ્રાબાદ
શ્રી બાબુલાલજી કાંકારીયા, હૈદ્રાબાદ
શ્રી ભરતભાઈ જે શાહ, અમદાવાદ
શ્રી લાલભાઈ દલપતભાઈ ચેરિટી ટ્રસ્ટ
હ. શ્રેણિકભાઈ કસ્તુરભાઈ, અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ શ્રેણી

શ્રી બળદેવભાઈ કેસાભાઈ પટેલ

અમદાવાદ



મૂળ સાણંદ (ગુજરાત)ના રહેવાસી. ઘણાં વર્ષોથી અમદાવાદમા વેપારવ્યવસાય કરી રહ્યા છે. વ્યાપારી સમાજમાં મહત્ત્વપૂર્ણ પ્રતિષ્ઠા છે. તેઓ ગુજરાત વ્યાપારી મહામંડળના પ્રમુખ પણ રહેલા છે. અ.ભા. શાસ્ત્રોદ્ધાર સમિતિના પ્રમુખ છે. તેમ જ અનેક સામાજિક સંસ્થાઓના સક્રિય કાર્યકર્તા છે. લોકકલ્યાણના કાર્યમાં સદા તત્પર રહે છે. મૂક પશુઓની સેવામાં તેમની વિશેષ લાગણી છે. ઘણાં વર્ષોથી બ્રહ્મચર્ય વ્રત તેમ જ ચૌવિહાર વગેરેનું પાલન કરે છે. નિયમિત સામાયિક, પ્રતિક્રમણ તથા ધાર્મિક ગ્રન્થોનો અભ્યાસ તેમની દિનચર્યાનું પ્રમુખ અંગ છે. તેઓ દૃઢધર્મી, ઉદારહૃદયી શ્રાવક છે. તેઓ સંકટ નિવારણ સોસાયટીના માનદ્‌મંત્રી છે. કાલુપુર કોમર્શિયલ કો-ઓ. બેંકના તેઓ ચેરમેન છે.

અનુયોગ-પ્રવર્તક પૂજ્ય ગુરુદેવ શ્રી કનૈયાલાલજી મ. "કમલ"ના સમ્પર્કમાં સન ૧૯૭૬માં આવ્યા. તેમના અનુયોગ લેખનકાર્યથી પ્રભાવિત થઈ આગમ અનુયોગ ટ્રસ્ટની સ્થાપના કરી. અત્યારે તેઓ ટ્રસ્ટના પ્રમુખ છે. તેમના ધર્મપત્ની શ્રીમતી રુક્ષ્મણીબેન બહુ જ ધાર્મિક ભાવનાવાળાં છે. તેમના સુપુત્ર બચુભાઈ, બકુલભાઈમાં આવા જ ધર્મના સુસંસ્કાર ઊતરી આવેલ છે.

□

શ્રી હિંમતલાલ શામળભાઈ શાહ

અમદાવાદ

તેઓ ઘણા જ ઉત્સાહી કાર્યકર્તા છે. શામળભાઈ અમરશીભાઈના સુપુત્ર છે. તેમના ઘેર જૈન ધર્મના મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું મોટું પુસ્તકાલય છે. અભ્યાસીઓ માટે આ સંગ્રહ ઘણો જ ઉપયોગી છે. તેઓ સાધુ સાધ્વીઓની જ્ઞાનવૃદ્ધિ માટે સતત પ્રયત્નશીલ રહે છે. દરિયાપુરી સમ્પ્રદાયના તારાભાઈ મ. સ.ની પ્રેરણાથી તેઓ સ્વાધ્યાય પ્રત્યે વિશેષ રુચિ ધરાવે છે. એક મોટી સિદ્ધાંતશાળાનું સંચાલન પણ કરે છે. આગમ અનુયોગ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. આગમ અનુયોગના પ્રકાશનોની પ્રગતિમાં તેમનું મહત્ત્વપૂર્ણ સક્રિય યોગદાન રહ્યું છે. વૃદ્ધાવસ્થામાં પણ તેમનો પુરુષાર્થ આદરણીય છે. અનુયોગ પ્રકાશન માટે તેઓ હંમેશાં પ્રયત્નશીલ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી શેઠશ્રી ચુનીલાલ નરભેરામ
(શ્રી મનુભાઇ ચુનીલાલ)–મુંબઇ

તેમણે જીવનમાં દૃઢ આત્મવિશ્વાસના બળથી આગળ વધી સાહસિક પ્રવૃત્તિઓમાં પ્રબળ પુરુષાર્થ કરી જીવનનું એક અનોખું અને અદ્‌ભુત સર્જન કરેલ છે. એમના જીવનવૃત્તાંતનો પરિચય ખરેખર પ્રેરણાદાયક છે. એમનાં ધર્મપત્ની સ્વ. પ્રભાકુંવરબેન એક સદ્‌ભાગી અને કુશળ ગૃહિણી હતાં, જેમના સાથ અને સહકારથી ધાર્મિક પ્રવૃત્તિઓમાં શુભ કાર્યોમાં સદાએ સંપત્તિ અને શક્તિનો ખુબ જ સદ્‌વ્યય કરેલ છે. ઘણાં ધર્મસ્થાનકોમાં એમનું શુભનામ જોડાયેલું છે. શૈક્ષણિક તેમ જ સામાજીક ક્ષેત્રે પણ તેમણે સુંદર ફાળો આપી પરમાર્થનાં પાવન કાર્યો કરેલાં છે. કુટુંબ પ્રત્યેની તેમની અનન્ય લાગણીથી સૌને આગળ વધારી દિલની વિશાળતા દર્શાવી છે. પુત્રપરિવારમાં ઉદ્યોગ ધંધાની વિકાસ યોજનાઓ ઉપરાંત ધાર્મિક સંસ્કારોનું સુંદર સિંચન કરી સન્માર્ગ બતાવેલ છે. ઉપકારી જીવિતનું સાચું કર્તવ્ય બજાવી આત્મ ઉન્નતિનો સાચો વારસો આપેલ છે. એમના સુપુત્ર શ્રી મનહરભાઈની ધર્મભાવના અને સમાજ ઉપયોગી સત્કાર્યોમાં એમની ઉદાર સખાવત એ જ એનો સચોટ અને પ્રત્યક્ષ પુરાવો છે. એમનાં સત્કાર્યોની સુવાસ આજે સમાજમાં ચારે દિશાએ ફેલાયેલી છે.

શ્રી રમણુલાલ માણેકલાલ શાહ
(આર. એમ. શાહ કલોલવાળા)

અમદાવાદ





તેઓ નવરંગપુરા, અમદાવાદના રહેવાસી છે. તેઓનાં માતુશ્રી લહરીબ્હેન તથા ધર્મપત્ની સુભદ્રાબ્હેન ઘણાં જ ધાર્મિક ભાવનાવાળાં શ્રાવિકા છે. તેઓએ સ્થાનકવાસી જૈન ઉપાશ્રયોમાં ઘણો મોટો ફાળો આપેલ છે. પૂજ્ય ગુરુદેવની દીક્ષા અર્ધ શતાબ્દીના પ્રસંગ પર શ્રી વર્ધમાન મહાવીર બાલનિકેતનના ઉદ્‌ઘાટન પર પણ તેઓએ ઘણું મોટું યોગદાન આપ્યું હતું. ઘણી વખત વ્યાપાર–વ્યવસાય માટે વિદેશ જવાઆવવાનું થાય છે, પરંતુ ત્યાં પણ ધર્મ પ્રત્યે એ જ દૃઢ શ્રદ્ધા રહે છે. માનવરાહતનાં કાર્યોમાં પોતાની સંપત્તિનો ઉપયોગ વિશેષ રૂપથી કરી રહ્યા છે. તેઓશ્રી આગમ અનુયોગ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. તેઓ સરળ અને મૂક દાતા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી બળવન્તલાલ શાંતિલાલ શાહ

અમદાવાદ

તેઓ ઘણા જ ધાર્મિક, ઉદાર અને ગુપ્તદાની શ્રાવક છે. તેઓની અમદાવાદમાં આત્મારામ માણેકલાલ નામની ૨ (કોટન)ની પ્રતિષ્ઠિત પેઢી છે. દરિયાપુરી સ્થાનકવાસી જૈન સંઘ, છીપાપોળ તથા અનેક સંસ્થાઓના સક્રિય કાર્યકર્તા છે. તેઓશ્રી આગમ અનુયોગ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. તેમનો કુટુંબપ્રેમ આદરણીય છે.



શ્રી નવનીતભાઇ ચુનીલાલ પટેલ

અમદાવાદ

પાર્શ્વનાથ કોર્પોરેશનના તેઓ મેનેજિંગ ડાયરેકટર છે. તેઓ હરિસિદ્ધ કો-ઓ. બેંકના ચેરમેન છે. તેઓએ અનેક ધર્મસ્થાનકોના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલ છે. તપસ્વીઓનું સન્માન કરવું એ તેમની વિશેષ રુચિ છે. બરવાળા સમ્પ્રદાયના આચાર્ય શ્રી ચમ્પક મુનિજી મ. ના અનન્ય ભક્ત છે. તેમની જન્મભૂમિ સુણાવમાં હોસ્પિટલ માટે મહત્ત્વપૂર્ણ દાન આપેલ છે. નવરંગપુરા, નારણપુરા, નવા વાડજ તેમ જ અનેક બીજા સ્થાનકવાસી જૈન સંઘોના અને સંસ્થાઓના ટ્રસ્ટી અને પ્રમુખ છે.

તેઓના પિતાશ્રી ચુનીલાલ ધોળાભાઇ પટેલ તથા માતુશ્રી સૂરજબેન ઘણા જ ધર્મપરાયણ છે. તેઓ સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ માટે અગ્રણી રહે છે.

તેઓશ્રી આગમ અનુયોગ ટ્રસ્ટના ટ્રસ્ટી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. શ્રી રાજમલ રિખવચંદ મહેતા
તથા
સ્વ. શ્રીમતી મણીબેન રાજમલ મહેતા
પાલનપુર

પૂજ્ય માતુશ્રી તથા પિતાશ્રી,

આપનો અમારા ઉપર ઘણો જ ઉપકાર છે. કારણ કે સંસ્કારસિંચન કરવાવાળા તથા જીવનમાં ધર્મનો પાયો નાખનાર માતા-પિતા જ હોય છે. અમે બન્ને આપના ઘણા જ ઋણી છીએ.

વિનીત–રમણિકલાલ રાજમલ
સૌ. સુશીલાબહેન રમણિકલાલ

(શ્રીમતી સુશીલાબહેન મહેતા પાલનપુર સ્થાનકવાસી સમાજના અગ્રણી મહિલા છે. વર્તમાનમાં વાલકેશ્વર સંઘના પ્રમુખ છે. તેઓ ઘણાં જ દાનવીર મહિલા છે. ઉપાશ્રય વગેરે માટે વિશેષ યોગદાન આપે છે.) તેઓ મૂક દાતા છે.

સ્વ. તેજરાજજી ઘેવરચંદજી બંબ, ઇચલકરંજી

તેઓશ્રી મૂળ ભાદવા, મારવાડના રહેવાસી છે. તેઓ આઠ ભાઈઓ હતા. શ્રી મૂલચંદજી, શ્રીતેજરાજજી, શ્રી મદનલાલજી, શ્રી માણેકચંદજી, શ્રી સોહનલાલજી, શ્રી મોતીલાલજી, શ્રી હીરાચંદજી અને શ્રી શ્રીચન્દજી.

શ્રી તેજરાજજીનું થોડા સમય પહેલા અવસાન થયેલ છે. તેઓ ઘણા જ ધર્મનિષ્ઠ ઉદારહૃદયી શ્રાવક હતા. તેઓ પૂજ્ય ગુરુદેવ શ્રી ફતેહચંદજી મ. ના સુશિષ્ય અનુયોગપ્રવર્તક મુનિ શ્રી કનૈયાલાલજી મ. "કમલ" ના અનન્ય ભક્ત હતા. તેઓના સુપુત્ર રૂપચંદજી પણ ધાર્મિક ભાવનાવાળા ઉદારહૃદયી યુવક છે તેઓનો ઇચલકરંજીમાં કાપડનો મોટો વ્યવસાય છે. તેઓનો ઇચલકરંજી આદિ અનેક ઉપાશ્રયોમાં બહુ મોટો ફાળો છે, અને તેઓ આગમ અનુયોગ ટ્રસ્ટના પ્રથમ શ્રેણીના સદસ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સ્વ. શ્રી હરિભાઈ જયચંદ દોશી
વિશ્વવાત્સલ્ય ટ્રસ્ટ–મુંબઈ

તેઓ મોટા સાદગીપ્રિય તત્ત્વજ્ઞાની શ્રાવક હતા. ધર્મ પ્રત્યે તેમને ગંભીર શ્રદ્ધા હતી. સાધુ–સાધ્વીઓ પ્રત્યે ભક્તિ તથા દાનની ભાવના વિશેષ હતી. જૈન શાસનમાં શ્રેષ્ઠ બા. બ્ર. ઉજ્જવલકુમારીજી મ. સ.ની અધ્યાત્મ પ્રેરણાને જીવનના અંતિમ સમય સુધી સ્વયંમાં જીવંત રાખી તેમનાં પગલાં પૂજતા હતા. સ્કૂલો, હોસ્પિટલો તેમજ ઉપાશ્રયોમાં સર્વત્ર ઉદારતા દર્શાવી તેમની સર્વોપરી વિશેષતા એ જ હતી કે તેમના સંપર્કમાં આવનાર કોઈ પણ અસંતુષ્ટ રહેતા નહીં. તેઓ આગમ અનુયોગ ટ્રસ્ટના પ્રથમ શ્રેણીના સહયોગી રહ્યા છે

□

ધર્મશીલા ઉદયકુંવરબાઈ મોહનલાલજી
બાલીયા [અમદાવાદ]

તેઓશ્રી મુકનચંદજી બાલીયાના સુપુત્ર શ્રી મોહનલાલજીનાં ધર્મપત્ની છે. તેઓ ઘણા જ ઉદાર, ધર્મશીલા શ્રાવિકા છે. બાલીયાજી સાહેબ મૂળ વતની પાલી મારવાડના પ્રતિષ્ઠિત કુળના છે. તેઓ અનેક સંસ્થાઓના પ્રાણ સમાન છે. વર્ધમાન મહાવીર કેન્દ્ર આબુ પર્વત પર પહેલી વાર આયંબીલ ઓળીનું ભવ્ય આયોજન કરાવ્યું હતું. પાલીમાં નિર્મિત આચાર્ય રઘુનાથ સ્મૃતિ ભવનનું ઉદ્‌ઘાટન તેઓના હસ્તે કરવામાં આવ્યું હતું. પૂજ્ય પ્રવર્તક સ્વ. મરૂધરકેશરીજી મહારાજ તથા અનુયોગ પ્રવર્તક શ્રી. કન્હૈયાલાલજી 'કમલ' મહારાજ પ્રત્યે વિશેષ શ્રદ્ધા રાખે છે. આગમ અનુયોગ ટ્રસ્ટના તેઓ વિશેષ સહયોગી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સ્વ. શ્રી મેઘરાજજી બંબ- હૈદરાબાદ

તેઓ મૂળ પીહી (મારવાડ)ના વતની હતા. હૈદરાબાદમાં રહી ઘણો મોટો વેપાર કર્યો હતો. અનેક સારાં કાર્યોમાં ઉદાર મનથી જીવન પર્યન્ત સહયોગ આપ્યો. શમશેરગંજમાં ધર્મ આરાધના હેતુ એક ભવનનું નિર્માણ કરાવ્યું છે.

તેઓ પૂજ્ય ગુરુદેવ શ્રી "કમલ"જી મહારાજના અનન્ય ભક્ત હતા. તેઓ અંત સુધી ગુરુદેવના ચાતુર્માસની પ્રબલ ભાવના કરતા રહ્યા. તેમાં પણ તેઓ સફળ થયા અને ગુરુદેવનું ચાતુર્માસ સં. ૨૦૨૮ માં થયું. તેમના ભાઈશ્રી ચાંદમલજી ભીમરાજજી શિવરાજજી ઘણાજ ધાર્મિક ઉદાર ગુરુભક્ત છે. તેઓ આગમ અનુયોગ ટ્રસ્ટના પ્રથમ શ્રેણીના સહયોગી બન્યા છે.

□

શ્રી માણેકલાલ એમ. બગડિયા

તેઓ મૂળ દામનગર (સૌરાષ્ટ્ર)ના વતની છે. ત્યાં બગડિયા પરિવાર ધર્મ પ્રત્યે ઉત્સાહશીલ તથા જ્ઞાન પ્રત્યે વિશેષ રુચિ રાખે છે. તેઓ ઘણા જ ઉદારમના સુશ્રાવક છે. આગમ અનુયોગ ટ્રસ્ટના પ્રથમ શ્રેણીના સક્રિય સદસ્ય છે. બોટાદ સમ્પ્રદાયના પૂજ્ય શ્રી અમીચંદજી મહારાજના ભક્ત અને ધર્મ-અનુરાગી શ્રાવક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી રતનકુમાર જૈન C/o શ્રી નિત્યાનંદ સ્ટીલ રોલિંગ મિલ્સ, મુંબઇ

તેમનો જન્મ આગ્રામાં તા. ૨૯–૨–૧૯૨૪ ના દિવસે થયો હતો. તેઓ અત્યારે મુંબઈમાં રહે છે. તેઓ છેલ્લા ૨૬ વર્ષથી દારૂખાના, ઈરોન સ્ટીલ અને સ્ક્રેપ મરચન્ટ એસોસિયેશન મુંબઈના પ્રેસિડન્ટ છે. તથા લાયન્સ ક્લબ ન્યુ પનવેલના પણ પ્રમુખ છે. તેઓ મુંબઈ આર્ટ એન્ડ સ્પોર્ટ, મુંબઈ આર્ટ સોસાયટીના વાઈસ ચેરમેન છે તેમ જ મહાવીર જૈન મેડિકલ રિસર્ચ સેન્ટર, રતનકુમાર જૈન ચેરિટેબલ ટ્રસ્ટ અને સારાભાઈ ફાઉન્ડેશનના ટ્રસ્ટી છે. આમ તેઓ અનેક ધંધાકીય અને સામાજિક પ્રવૃત્તિમાં જોડાયેલ છે. મુંબઈમાં વેપાર વ્યવસાયમાં તેમની ખૂબ જ નામના છે. આટલી નામના સાથે જીવનમાં ઊંચી ધર્મ-ભાવના રાખે છે અને ધાર્મિક કાર્યોમાં સતત સહયોગ આપે છે.

તેઓ આગમ અનુયોગ ટ્રસ્ટના પ્રથમ શ્રેણીના સહયોગી છે.



સ્વ. જગજીવનદાસ રતનસી બગડીયા –દામનગર

તેઓ દામનગરના પ્રતિષ્ઠિત સુશ્રાવક હતા. આગમોના ઘણા મોટા અભ્યાસી હતા. તેઓએ અનેક શાસ્ત્રોનું પ્રકાશન પણ કરાવ્યું છે. ઘણા જ નમ્ર સ્વભાવના હતા. તેઓને સાધુ–સાધ્વીઓ પ્રત્યે અસીમ શ્રદ્ધા હતી. બોટાદ સંપ્રદાયના શ્રી અમીચંદજી મહારાજની પ્રેરણાથી તેમના સુપુત્ર શ્રી ભોગીભાઈના મોટા વ્રતના પ્રત્યાખ્યાનના ઉપલક્ષ્યમાં આગમ અનુયોગ ટ્રસ્ટને ઘણું મોટું યોગદાન આપેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સ્વ. ગુલાબચંદ માંગીલાલ સુરાણા
સીકન્દ્રાબાદ

તેમનો જન્મ સીકન્દ્રાબાદમાં થયો હતો અને તેઓ મૂળથી સરળ સ્વભાવી હતા. તેઓ વ્યવસાયી હોવા છતા દિવસનો મોટા ભાગનો સમય સાધુ સાધ્વીઓની વૈયાવચ્ચ કરવામાં પસાર કરતા. તેમનામાં ઘણી મોટી ધાર્મિક ભાવના અને સુઝ-સમજ હતા. તેઓએ આગમ અનુયોગમાં પ્રથમ શ્રેણીમાં દાન કરી તેમનો અમૂલ્ય ફાળો નોંધાવેલ છે. તેમના સુપુત્ર શ્રી માંગીલાલ સુરાણા પણ પોતાના માતા-પિતાના સુસંસ્કાર લઈને આજે જીવન વિતાવે છે. તેઓ પણ એક ધાર્મિક ભાવનાવાળા અને સરળ અને મીલનસાર સ્વભાવના છે. હાલ તેઓ સીકન્દ્રાબાદમાં સુરાણા ઉદ્યોગ નામની સંસ્થા ચલાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી અજયરાજજી મહેતા–અમદાવાદ

તેઓ મૂળ બડલુ (ભોપાલગઢ)ના વતની છે. તેમની ધર્મપત્ની સરોજબેન પણ ઘણા જ ધાર્મિક ભાવનાવાળા છે. તેમને અમદાવાદમાં ફાઈનન્સનો વ્યવસાય છે. તેઓ ઘણા જ નમ્ર, સરળ તથા ઉદાર વ્યક્તિ છે. તેઓ આગમ અનુયોગ ટ્રસ્ટના ટ્રસ્ટી છે.

શ્રી વિજયરાજજી બોહરા–અમદાવાદ

તેઓ રાણીવાલ, મારવાડના વતની છે. તેઓ શ્રી બાલાબક્ષજીના સુપુત્ર છે. અમદાવાદ ન્યુ કલોથ માર્કેટમાં તેમનો ફાઈનન્સનો વ્યવસાય છે. અનુયોગના કાર્ય માટે પૂજ્ય ગુરુદેવ શ્રી અમદાવાદ પધાર્યા ત્યારથી વિશેષ રુચિ રાખે છે. તેઓ પૂજ્ય મરૂધર કેસરીજી મહારાજના અનન્ય ભક્ત છે. તેઓ આગમ અનુયોગ ટ્રસ્ટના ટ્રસ્ટી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી મણેકલાલ છોટાલાલ ગાંધી–અમદાવાદ

□

તેઓ એક શ્રદ્ધાળુ શ્રાવક છે. મુંબઈમાં ૪૫ વર્ષ રહ્યા. મૂળ વતન બોટાદ, સૌરાષ્ટ્ર અને અત્યારે ત્યાં છ વર્ષથી રહે છે. શ્રી બળદેવભાઈ ડોસાભાઈ સન્સ સાથે સાડા–ચાર વર્ષ શરૂઆતમાં હતા. તેમના પિતાશ્રીના પિતાશ્રી ગાંધી મણીલાલ રાયચંદભાઈ જે પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્રને મળેલા અને તેમના સંસ્કાર તેઓને મળેલા છે, જેથી સામાન્ય રીતે દિલની હળવાશ તથા ધર્મપ્રેમ રહ્યો છે. બાકી તેમાં આગળ વધવા, સત્સંગને પાત્ર થવા ખૂબ જ જિજ્ઞાસા છે.

શ્રી વાડીલાલ છોટાલાલ ડેલીવાળા

અમારા જીવનમાં આપે ધર્મરૂપી બીજ વાવ્યું અને સંસ્કારરૂપી જળનું સિંચન કર્યું. આપે પૂજ્યદાદાના પુનિત પગલે ચાલી અમને ધર્મસંસ્કારો આપી અમારા જીવનને ઉન્નત બનાવવામાં પ્રેરણા આપી રહ્યા છો તે બદલ અમે આપના ઋણી છીએ.

લિ. આપના સુપુત્ર ચંદ્રકાંત શાહ



શ્રી હસમુખલાલ કસ્તુરચંદ શાહ–અમદાવાદ

તેમની સરળતા, કુટુંબ પ્રત્યેની વાત્સલ્યભાવના અને સ્થા. જૈન સમાજ માટેની સેવા જાણીતી છે. તથા અનેક નાનીમોટી સંસ્થાઓમાં મુખ્યદાન કરી રહ્યા છે. સ્વસ્તિક કોર્પોરેશનને ખૂબ આગળ વધારી રહ્યા છે. તેમના ધર્મપત્ની અ. સૌ. ઉષાબેન પણ ધર્મકાર્યમાં રત છે. તેમણે આગમ અનુયોગ ટ્રસ્ટને સહયોગ આપી ઉત્તમ ધાર્મિક ભાવના વ્યક્ત કરી છે.

□

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International

શ્રી. સ્વ. રજનીકાંત કસ્તુચંદભાઇ શાહ

અમદાવાદ

તેમણે છીપાપોળ સંઘમાં ખૂબ જ માનદ સેવાઓ આપી છે. તેમની સંતો પ્રત્યેની અખૂટ શ્રદ્ધા અને કુટુંબ પ્રત્યેનો વાત્સલ્યભાવ સૌ કોઈ યાદ કરે છે.

શ્રી કરશનભાઇ લધુભાઇ નિશર–

ખોરાઇવાળા

તેઓ મૂળ કચ્છ–ખોરાઈના વતની, હાલ મુંબઈમાં વસવાટ છે. તેઓ એક જાણીતા વ્યવસાયી છે. તેમનામાં મોટી ધર્મભાવના હોઈ અને ધાર્મિક પ્રકાશનની ઊંડી સમજણ હોઈ તેઓએ આગમ અનુયોગ ટ્રસ્ટમાં દ્વિતીય શ્રેણીમાં અનુમોદના કરી ટ્રસ્ટની પ્રવૃત્તિને વેગ આપવાનું કામ કરે છે. તેઓ વ્યવસાયી હોવા છતાં મોટા ભાગનો સમય સંત–સતીજીની વૈયાવચ્ચમાં પસાર કરે છે.

અ. સૌ. લીલાવંતીબેન જયંતીલાલ શાહ

મુંબઈ

હૈયું સુકોમળ અને સ્નેહભીનું છે. દિલ દયાભીનું અને દિલાવર છે. તેઓએ પોતાના પુત્રો પુત્રીના જીવનમાં સંસ્કારોનું સિંચન કરી જીવનઘડતર કર્યું છે. હંમેશાં ધર્માનુષ્ઠાનો કરવા દાનપ્રવાહો વહેવડાવવા તથા સમાજોપયોગી કાર્યો કરવા પ્રેરણા આપી છે. આજે ટ્રસ્ટને દાનમાં રકમ આપી ટ્રસ્ટના કાર્યને સારો એવો સહકાર આપ્યો છે.

For Private & Personal Use Only

www.jainelibrary.org

સ્વ. શ્રી કાંતિભાઇ જીવણભાઇ શાહ

સ્વર્ગવાસ તા. ૮-૧૧-૧૯૭૧, જેઓ ઘણા લાગણીશીલ માયાળુ, જૈન સમાજના મૂકસેવક, સેવાભાવી અને ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધાવાળા હતા. શ્રી. સ્થા. જૈન સંઘ સોસાયટીના પાયાના પથ્થર સમા ધર્મપ્રેમી શ્રી કાંતિભાઈનું ઋણ ભવોભવ ચૂકવી શકાય તેમ નથી. તેમની ધર્મભાવના તીવ્ર હતી.

શ્રી શાંતિલાલ ટી. અજમેરા–અમદાવાદ

દાનવીર અને ધર્મપ્રેમી. પાંચકૂવા અમદાવાદમાં અગ્રગણ્ય સ્થાન તેમ જ સ્થા જૈન સમાજમાં અગ્રગણ્ય સ્થાન અને શ્રીમતી ચંદ્રાબેન શાંતીલાલ ટી. અજમેરા ના નામથી કાયમી માનવરાહત યોજનામાં ૧,૦૦,૦૦૧/-નું દાન આપેલ છે. શ્રી સ્થા. જૈન સંઘ (નારાયણપુરા) ના પ્રમુખ છે.

શ્રી શિવલાલ તલકશીભાઇ અજમેરા

આપની સરળતા, કુટુંબવાત્સલ્ય, સ્મરણીય છે. જેવી તમારી મમતા હતી, તેવી તમારી સમતા હતી. જેવી તમારી ધર્મભાવના હતી તેવી તમારી મંગલકામના હતી. તેમના સુપુત્ર મણીલાલ શિવલાલ અજમેરા તમારા નામના ટ્રસ્ટ દ્વારા પરમાર્થના કાર્ય ચલાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી કાંતિલાલ મનસુખલાલ શાહ

અમદાવાદ

તેઓ સામાજિક કાર્યકર તથા ગરીબોના બેલી છે. તેમ જ બોટાદ સંપ્રદાયના અગ્રગણ્ય છે. કેમિકલ્સના અગ્રગણ્ય વેપારી છે. સ્થા. સમાજમાં આગવું સ્થાન ધરાવે છે.



સ્વ. પૂ. માતુશ્રી સુરજબેન પરષોત્તમદાસ

શા. ગિરધરલાલ પરષોત્તમદાસના પૂ. માતુશ્રી સ્વ. સુરજબેન પરષોત્તમદાસ સરલ સ્વભાવના અને ખૂબ જ ધાર્મિકવૃત્તિવાળા હતા. તેમણે વર્ષીતપની આરાધના કરેલી હતી. તેમનો જન્મ સંવત ૧૯૫૮ અને સ્વર્ગવાસ સં. ૨૦૨૯ માં થયો હતો.



શ્રી ચીમનભાઇ રોસાભાઇ પટેલ

સાણંદ

મૂળ સાણંદના વતની, હાલ નિવાસ અમદાવાદ તેમનો જન્મ ૧૯૨૭માં થયો હતો. મેટ્રીકયુલેશન પરીક્ષા ૧૯૩૯માં પાસ કરી- પરીક્ષા પાસ કરી ધંધાઅર્થે અમદાવાદ આવ્યા અને નાના પાયા પર અનાજનો ધંધો શરૂ કર્યો. ધંધામાં પ્રગતિ થતા કાલુપુર ચોખાબજારમાં પટેલ ચીમનલાલ રોસાભાઇ ની જનરલ મરચન્ટ એન્ડ કમીશન એજન્સી પેઢી કરી. ધી અમદાવાદ ગ્રેઇન મરચન્ટ એસો. માં પાંચવર્ષ વાઇસ પ્રેસીડેન્ટના હોદ્દા પર રહ્યા. અને હાલ બોખરા મહેમદાવાદ અમદાવાદ ગ્રેઇનમરચન્ટ મ્યુરમુઅલ વેરહાઉસ ચાલે છે તેમાં વાઇસ પ્રેસીડેન્ટ તરીકે સેવા આપે છે.



સ્વ. શ્રી જયંતીલાલ મનસુખલાલ લોખંડવાળા

અમદાવાદ

આજે આપે સ્થૂળ સ્વરૂપે અમારી સમક્ષ નથી એ વાસ્તવિકતા હજુ અમારૂં મન સ્વીકારી શકતું નથી. પળે પળે આપની સ્મૃતિ અમારા હૃદયને શોક સભર કરી દે છે. આપની પુણ્ય સ્મૃતિ અમારા હૃદયમાં હમેશા તાજી રહેશે. આપે અમદાવાદના એક પ્રમુખ લોખંડના વેપારી તરીકે સ્થાન જમાવેલ છે. આપના સુપુત્ર નવીનભાઈ તેમજ આપનાં ધર્મપત્ની ખુબજ દયાળુ અને ધર્મભાવના વૃત્તિવાળા છે.



શ્રી જાદવજીભાઈ મોહનલાલ શાહ

અમદાવાદ

☆

તેઓ અમદાવાદના શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ (નગરશેઠનો વંડો) તથા શ્રી ઝાલાવાડ દશા-શ્રીમાળી સ્થા. જૈન જ્ઞાતિ બંધારણ અમદાવાદના પ્રમુખ છે. તેમ જ નારણપુરા સ્થા. જૈન સંઘની મેનેજિંગ કમિટીના સભ્ય છે. તેઓ વ્યવસાયી હોવા છતાં દિવસના મોટા ભાગનો સમય ઉપરની સંસ્થાઓમાં ફાળવી પ્રશંસનીય સેવા બજાવી રહ્યા છે અને સંતસતીજીઓની વૈયાવચ્ચ અને સંતસમાગમ એ તેમનો પ્રિય વિષય છે.

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

Jain Education International

શ્રી ડૉ. ધીરજલાલ એચ. ગોસલીયા

અમદાવાદ

એમ. બી. બી. એસ. (મુંબઈ) અને એફ. સી. જી. પી. (ઇન્ડિયા) ડિગ્રીઓ ધરાવે છે. તેમનું મૂળ વતન ચૂડા–સુરેન્દ્રનગર છે. તેમની ઉમર ૭૦ વર્ષની છે. તેઓ અત્યારે નવરંગપુરા, અમદાવાદમાં રહે છે. તેઓ સ્થા. જૈન સંઘ નવરંગપુરામાં એડવાઈઝર કમિટીના મેમ્બર છે તથા ચૂડામાં ચાલતી તેમના પિતાશ્રીના નામથી ચાલતી "શ્રી હરિલાલ ઓઘડદાસ ગોસલીયા બુક બેન્ક"ના મુખ્ય ટ્રસ્ટી છે.

શ્રી કાંતિભાઇ પ્રેમચંદભાઇ શાહ
(મગફળીવાળા)

અમદાવાદ

સ્થા. જૈન સમાજના અગ્રગણ્ય, સેવાભાવીવૃત્તિ ધરાવે છે તેમજ મગફળીના આગળ પડતા વેપારી છે.



શ્રી ધનકુમારભાઇ ભોગીલાલ પરીખ

અમદાવાદ

તેઓ ટેક્ષટાઇલ મશીનરીના અગ્રણી વેપારી છે. ધર્મ પ્રત્યેનો અનુરાગ અને ધાર્મિક ભાવનાથી સમાજસેવા એ તેમની વિશેષતા છે. પાલડી, અમદાવાદના સ્થાનકવાસી જૈન સંઘની કમિટીના સભ્ય છે.

For Private & Personal Use Only
www.jainelibrary.org

સ્વ. પૂ. મણીલાલ નાનચંદ-અજમેરા તથા
સ્વ. પૂ. કસ્તુરીબેન મણીલાલ અજમેરા

સરળ સ્વભાવ, નિખાલસતા, પ્રમાણિકતા સંતોષ ક્ષમા, દયા, નિસ્વાર્થ પરાયણતા, નિરભિમાનીપણું, સાદું અને સાત્વિક જીવન એ તેમના સદ્‌ગુણો હતા. જૈન ધર્મ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અને અભિરુચિ ધાર્મિક સંસ્કારોએ સમગ્ર કુંટુબ ઉપર સારી અસર કરી છે. સાધુ-સાધ્વીજીઓના દર્શન અને સત્સંગ માટેની ઉત્કંઠા અને પ્રેરણા એ સર્વે સદ્‌ગુણોને તેમનો પરિવાર યાદ કરે છે.

શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી
અમદાવાદ

મૂળવતન વાંકાનેરથી મોહમયી મુંબઈનગરીમાં આવી અર્થઉપાર્જનમાં કાર્યરત થયા. આપના લઘુબંધુશ્રી રસિકલાલ દોશી તથા અન્ય કુટુંબો જનોના યોગ્ય સહકારથી માદરે વતન વાંકાનેરમાં ગરીબ તથા જરૂરિયાતવાળા બંધુઓની પીડાને જાણી માનવતાના તેમ જ સમાજકલ્યાણનાં સદ્‌કાર્યો, સાર્વજનિક દવાખાનું, અન્ય આર્થિક સહાય, મૂંગાં પશુઓની સારસંભાળ, ઘાસચારા અને ઘરઆંગણે ઉચ્ચ કેળવણી આપી શકાય તે માટે આર્ટ્સ અને કૉમર્સ કૉલેજની સ્થાપના અને વિકાસ માટે ભારે જહેમત ઉઠાવી તે ખરેખર પ્રશંસનીય છે.

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

માતુશ્રી સમરથબેન ચત્રભુજ નરભેરામ વકરીવાળા

☆

સ્વભાવમાં સરળતા અને જીવનમાં સાદાઈ આ બે મહામૂલા ગુણોથી શોભતાં માતુ શ્રી સમરથબેન આત્માર્થી સ્વ. પૂ.મોહનઋષીજી મ. સા. તથા જૈન શાસન ચંદ્રિકા બા. બ્ર. ઉજ્જવલકુમારી મ સ.ના અત્યંત નજીક રહી આપે તેમની સાધનાના અંશોને સ્વ જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ રહ્યા. મુંબઈની સંઘની તમામ પ્રગતિ તે તેમની સક્રિયતાનું સફળ સ્વરૂપ છે. સુપુત્ર શ્રી ક્રાંતિભાઈ તથા નાના પુત્ર ચંપકભાઈ પણ આપનો અધ્યાત્મનો અમૂલ્ય વારસો જાળવી રહ્યા છે.

શ્રીમતી તરૂલતાબેન રમેશચંદ્ર દફ્તરી

મુંબઈ

"યથા નામ તથા ગુણ" એ સુક્તિ મુજબ આપનામાં ગુણો હતા. તેમણે આપે હંમેશાં ધર્મ-માર્ગની અનુમોદના કરી જીવદયામાં મળેલી લક્ષ્મીનો સદુપયોગ કર્યો છે. તન, મન, ધનથી ધર્મસેવા, સમાજ સેવાનાં કાર્યોમાં તેઓ સહાય કરી રહ્યા છે. તેમણે વાલકેશ્વર ચાતુર્માસાર્થ બિરાજતા મહાસતીજી માણેકકુવરજીની પ્રેરણાથી ટ્રસ્ટના ફાળામાં ફાળો આપી જે સહકાર આપ્યો છે તે બદલ આભાર.

સ્વ. શ્રી અમૃતલાલ સૌભાગ્યચંદ શાહ

પાલનપુર

જીવનમાં જે કોઈ પળ મળી છે તેનો યથાર્થ સદુ-પયોગ કરવાનો સુમાર્ગ, ગુરૂદેવો પાસેથી જાણી આપે આપનું જીવન સેવામાં સમર્પણ કર્યું. આપની હયાતિમાં આપે લક્ષ્મીનો સદુપયોગ કર્યો અને હયાતિ બાદ પણ સંપત્તિને સાચે માર્ગ વાળવા માટે આજે આગમ અનુયોગ ટ્રસ્ટને દાન કરી જે સહકાર આપ્યો છે તે બદલ આપનો આભાર માનીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. શ્રી દલીચંદ અમૃતલાલ દેસાઈ

અમદાવાદ

તેમનો માયાળુ, મળતાવડો સ્વભાવ નાની-મોટી સંસ્થાઓમાં મૂક સેવા વગેરે સદ્‌ગુણોની સુવાસ અમારા જીવનમાં નવી પ્રેરણા આપી રહ્યાં છે. તેમના ધર્મસંસ્કારોનું સુંદર માર્ગદર્શન તેમણે તેમના સુપુત્રોમાં કરેલ છે. તેમણે સ્થા. જૈન સંઘ (નારણપુરા) અમદાવાદના આપી સંઘને પાયા માંથી વિકસાવવા મદદ કરેલ છે. તેમણે ટ્રસ્ટના તૃતીયશ્રેણીના દાતા તરીકે નામ નોંધાવ્યું છે.

સ્વ. પૂ. સાંકળીબેન કપૂરચંદ ગાંધી

મુંબઈ

મેંદરડા નિવાસી વ્રજલાલ કપૂરચંદ ગાંધીનાં પૂ. માતુશ્રીનો સ્વર્ગવાસ સં ૨૦૩૬ના જેઠ સુદ–૮ તા. ૧૯–૬–૮૦ના રોજ થયો હતો. માયાળુ અને પ્રેમાળ સ્વભાવ, કુટુંબવાત્સલ્ય, સૌને સહકાર આપવાની ભાવના, ધર્મ પ્રત્યેની અતુટ શ્રદ્ધા, સાદાઈ, સંયમ અને સ્વાશ્રય આદિ અનેક સદ્‌ગુણો એ એમનું મુખ્ય અંગ હતું. અને આવા સુસંસ્કાર તેઓએ પોતાના સુપરિવારને વારસામાં આપ્યા છે.

શ્રી મહાસુખભાઈ ભાઈલાલ સખીદાસ

અમદાવાદ

જન્મ સંવત ૧૯૭૮ પોષ વદ–૨. "વહેતા જળ નિર્મળા ભલા અને ધનદૌલત દેતા ભલા" આ ઉક્તિ મુજબ આપ દેવ, ગુરૂ, ધર્મમા સંપૂર્ણ શ્રદ્ધા રાખી માનવ જન્મને સાર્થક કરી રહ્યા છો. આપને મળેલ લક્ષ્મીનો સદુપયોગ કરી રહ્યા છો. આપ ધંધાના ક્ષેત્રે પણ આગવું સ્થાન ધરાવો છો એ જૈન સમાજ માટે ગૌરવરૂપ છે.

Jain Education International www.jainelibrary.org For Private & Personal Use Only

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી દિનેશકુમાર ચંદ્રકાંત બેંકર

સીકન્દ્રાબાદ

મનુષ્યજન્મ મહામૂલ્યવાન છે. મનુષ્યત્વ પામીને તેને સાર્થક કરવું એ જ મનુષ્યજન્મ પામ્યાનો સાચો અને મૂળભૂત સિદ્ધાંત છે. સાથે અનેક નાનીમોટી સંસ્થાઓમાં મૂક સેવક બનીને સેવાઓ આપી છે. આપના ગુણો ભૂલી શકાય તેમ નથી. આપના અમે ઋણી છીએ. આપે આગમ અનુયોગ ટ્રસ્ટને તૃતીય શ્રેણીમાં દાન કરી ટ્રસ્ટના કાર્યને જે સહકાર આપેલ છે તે બદલ આપનો આભાર.

શ્રી ગણશી દેવરાજ

મુંબઈ

તેઓ ઘણા લાગણીશીલ, માયાળુ જૈન સમાજના મૂક સેવક, સેવાભાવી અને ધર્મ પ્રત્યેની અથાગ શ્રદ્ધાવાળા હતા. હાલ મુંબઈમાં વ્યવસાયી હોવા છતાં સાધુસાધ્વીજીની વૈયાવચ્ચ કરવી અને જૈન શાસનને પ્રગતિના પંથે લઈ જવો એ એમનો મોટો ગુણ છે. તેઓ ટ્રસ્ટને અનુમોદન કરી ટ્રસ્ટના કામને સારો એવો સહકાર આપેલ છે તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

શ્રી જયંતિલાલ કે. પટેલ–સાણંદ

તેઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. એન્જિનિયરિંગના ડબલ ગ્રેજ્યુએટ છે. B. E. (Mech), B.E. (Elect.), LL.B., M.I.E. હાલ તેઓ પેપરના વ્યવસાયમાં છે. જીવરાજપાર્ક સ્થાનકવાસી જૈન સંઘના તેઓ મંત્રી છે. તે ઉપરાંત સામાજિક સંસ્થાઓ સાથે સાંકળ્યે રીતે જોડાએલ છે. ધાર્મિક કાર્યોમાં આગળ પડતું કાર્ય કરે છે.

શ્રી છોટાલાલ ધનજીભાઈ દોમડીયા – મુંબઈ

તેઓ સ્વબળે સોના-ચાંદીના વ્યવસાયમાં જોડાઈ સફળ સુકાની બન્યા. શ્રી ગોંડલ દશા શ્રીમાળી વણિક બંધુ સમાજ અને કામદાર–દોમડીયા પરિવારને માતબર બનાવવાને. તેમનો ફાળો નોંધનીય હતો. આપના નાના ભાઈ સ્વ. ચીમનલાલ ધનજીભાઈ દોમડીયા જેમણે આપના પિતાશ્રીનો વારસો પુત્રીઓમાં આરોપી ત્રણ ત્રણ પુત્રીઓને આત્માર્થી મોહન-ઋષીજી મ.સ.ને અર્પણ કરી. બા. બ્ર. દર્શનપ્રભાજી, મ. ત. ડૉ. બા. બ્ર. સાધ્વીદિવ્યપ્રભાજી અને બા. બ્ર. અનુપમાજી H.H. M.A. જેવી સાધ્વીઓ થી શાસન આજ પણ ગૌરવાન્વિત થાય છે.

શ્રી નંદલાલ તારાચંદ વોરા–મુંબઈ

મૂળ વતન ચૂડા (સુરેન્દ્રનગર), હાલ મુંબઈ. સોળ વર્ષની નાની ઉમરે મુંબઈ આવી સામાન્ય નોકરીથી શરૂઆત કરી, ક્રમે ક્રમે આગળ વધતાં વધતાં સને ૧૯૪૩ (તા. ૧૧–૫–૪૩)ના રોજ મોડર્ન ટયુબ્સ એન્ડ સેનિટરી વેપારની સ્થાપના કરી. હાલમાં નિવૃત્તિ લઈ ધર્મ આરાધના, વ્રત સાધુ સાધ્વીજીઓની સેવા ભક્તિમાં વધુ સમય વ્યતિત કરી, પુસ્તક પ્રકાશન આદિ કાર્યોમાં ઉત્કૃષ્ટ રસ લઈ, યથાશક્તિ તપ આદિ કરી જીવન સાર્થક કરી રહ્યા છે.

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

ધર્મકથાનુયોગ

એક સમીક્ષાત્મક અધ્યયન

અધ્યાત્મ અને વિજ્ઞાન

પ્રાચીન કાળથી જ માનવજીવન સાથે અધ્યાત્મ અને વિજ્ઞાનને ગાઢ સંબંધ રહ્યો છે. તે બન્ને સત્યના અંતસ્તલને ઉચિત રીતે ઉદ્‌ઘાટિત કરનારી દિવ્ય અને ભવ્ય દૃષ્ટિઓ છે. અધ્યાત્મ એ આત્મા અંગેનું વિજ્ઞાન છે. તે આત્માના શુદ્ધ અને અશુદ્ધ સ્વરૂપનું, બંધન અને મોક્ષનું, શુભ અને અશુભ પરિણામોનું, હ્રાસ અને વિકાસનું ગંભીર તેમ જ મહાન વિશ્લેષણ છે, જ્યારે વિજ્ઞાન ભૌતિક પ્રકૃતિની અતિ ગંભીર સમસ્યાઓને ઉકેલવાનું મહત્વપૂર્ણ સાધન છે. એણે માનવનાં તન, મન અને ઇંદ્રિયોનાં સંરક્ષણ તેમજ સંપોષણને માટે વિવિધ નિયમો ઉપસ્થિત કર્યા છે. જીવનના અખંડિત અસ્તિત્વ સાથે એ બન્નેનો મધુર સંબંધ રહ્યો છે. અધ્યાત્મ જીવનના અંતરંગ પ્રવાહનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે વિજ્ઞાન બહિરંગ પ્રવાહનું નેતૃત્વ કરે છે.

અધ્યાત્મનો વિષય છે : લોકજીવનના અંતઃકરણ, અંતઃચૈતન્ય તેમજ આત્મતત્ત્વનું વિવેચન અને વિશ્લેષણ કરવું, આત્માને વિશુદ્ધ કરવાની કે ઊર્ધ્વીકરણ કરવાની પ્રક્રિયા પ્રસ્તુત કરવી, જીવન અને જગત, આત્મા અને પરમાત્મા, વ્યક્તિ અને સમાજ વગેરેના શાશ્વત તથ્યયુક્ત સત્યનું દિગ્દર્શન કરવું; જ્યારે વિજ્ઞાનનું ક્ષેત્ર છે : પ્રકૃતિના અણુથી આરંભી બ્રહ્માંડ સુધીનું પ્રયોગાત્મક સંશોધન કરવું. અધ્યાત્મ યોગ છે; જ્યારે વિજ્ઞાન પ્રયોગ છે. અધ્યાત્મ મન, વચન અને કાયાની ઉત્તમ શક્તિઓને કેન્દ્રિત કરી માનવચેતનાને વિકસિત કરનારી નિર્ભય અને નિર્દ્વન્દ્વ બનાવનારી દિવ્ય અને ભવ્ય દૃષ્ટિ પ્રદાન કરે છે. તે વિવેકરૂપી ત્રીજું નેત્ર ઉઘાડી કામ અને વિકારોને ભસ્મ કરી નાખે છે. જ્યારે વિજ્ઞાન નિત્યનવી ભૌતિક સુખસગવડો ઉપલબ્ધ કરવામાં અપૂર્વ સહયોગ અર્પે છે. વિજ્ઞાનના ફલસ્વરૂપે જ માનવ અનંત આકાશમાં પક્ષીઓની જેમ ઉડ્ડયન કરવા લાગ્યો છે, માછલીઓની માફક અનંત સાગરના ઊંડાણમાં વિહાર કરવા લાગ્યો છે અને પૃથ્વી પર ઝડપી ગતિવાળાં વાહનોમાં ઘૂમવા લાગ્યો છે. વીજળીના દિવ્ય ચમત્કારોથી કોણ ચકિત નથી ?

અધ્યાત્મ અન્તર્મુખી છે, જ્યારે વિજ્ઞાન બહિર્મુખી છે. અધ્યાત્મ અંતરંગ જીવનને સજ્જવે છે, શણગારે છે; તો વિજ્ઞાન બહિરંગ જીવનનો વિકાસ કરે છે. બહિરંગ જીવનમાં કોઈ પણ પ્રકારની વિશૃંખલતા ન આવે, કોઈ પણ પ્રકારનો દ્વન્દ્વ ઉત્પન્ન ન થાય, એ માટે અંતરંગ દૃષ્ટિની આવશ્યકતા છે. તેવી રીતે અંતરંગ જીવનને સમાધિયુક્ત બનાવવા માટે બહિરંગનો સહયોગ અપેક્ષિત છે. બહિરંગના સહકાર વગર અંતરંગ જીવનનો વિકાસ થઈ શકતો નથી. અધ્યાત્મ અને વિજ્ઞાન પરસ્પર વિરોધી નથી. એ બન્ને વચ્ચે કોઈ પ્રકારનો વિરોધ અથવા મતભેદ નથી. પરંતુ તે એકબીજાનાં પૂરક છે. જીવનની અખંડિતતા માટે બન્નેની અનિવાર્ય આવશ્યકતા છે.

અધ્યાત્મના પ્રતિનિધિ આગમ

જૈન આગમ આધ્યાત્મિક જીવનનું પ્રતિનિધિત્વ કરનારો ચિંતનનો અદ્‌ભુત અને અનોખો સંગ્રહ છે, સંકલન છે. આગમ શબ્દ ખૂબ પવિત્ર અને વ્યાપક અર્થગૌરવ પોતાનામાં સમાવિષ્ટ કરનાર છે. શબ્દકોશની દૃષ્ટિએ ભલે આગમ અને ગ્રંથ પર્યાયવાચી શબ્દ ગણાતો હોય, પણ આ બન્નેમાં ખૂબ અંતર છે. આગમ 'सत्यम् शिवम् सुंदरम्'ની, સાક્ષાત્ અનુભૂતિની અભિવ્યક્તિ છે. તે અનંત સત્યના દૃષ્ટા, સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગી તીર્થંકરોની વિમળ વાણીનું સંકલન-આકલન છે. જ્યારે ગ્રંથો અને પુસ્તકો માટે એવો કોઈ ચોક્કસ નિયમ નથી. તે રાગદ્વેષનાં પડોપડમાં ફસાયેલા, વિષય–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કષાયની આગમાં બળતા, વિકાર અને વાસનાથી ત્રસ્ત વ્યક્તિના વિચારોનો સંગ્રહ પણ હોઈ શકે. એમાં સુંદર કલ્પનાનું ઉચ્ચ ઉડ્ડયન હોઈ શકે; પણ તે કેવળ વાણીવિલાસ હોય છે. શબ્દનો માત્ર આડંબર હોય છે. એમાં અંતરંગની ઊંડાઈનો અભાવ હોય છે.

જૈન આગમમાં સત્યનું સાક્ષાત્ દર્શન છે; જે અખંડ છે, સંપૂર્ણ છે અને સમગ્ર માનવચેતનાને સ્પર્શ કરનારું છે. સત્યની સાથે શિવનો મધુર સમન્વય થયેલો હોઈ તે સુંદર જ નહીં, અતિ સુંદર છે. તે આર્ષવાણી છે. આર્ષનો અર્થ તીર્થંકર અથવા ઋષિઓની વાણી. યાસ્કે ઋષિની વ્યાખ્યા આપતાં લખ્યું છે કે, 'જે સત્યનો સાક્ષાત્ દ્રષ્ટા છે, તે ઋષિ છે.'[૧] પ્રત્યેક સાધક ઋષિ બની શકતો નથી. 'ઋષિ એ છે જેણે તીક્ષ્ણ પ્રજ્ઞા, તર્કશુદ્ધ જ્ઞાન વડે સત્યની સ્પષ્ટ અનુભૂતિ કરી હોય.'[૨] આ કારણે જ વેદોમાં ઋષિને મંત્રદ્રષ્ટા કહ્યો છે. મંત્રદ્રષ્ટાનો અર્થ છે: સાક્ષાત્ સત્યાનુભૂતિ પર આધારિત શિવત્વનું પ્રતિપાદન કરનારું સર્વથા મૌલિક જ્ઞાન. તે આત્મા પર આવેલ વિભાવ પરિણતિઓની મલિનતાને દૂર કરી કેવલજ્ઞાન અને કેવલદર્શનના સ્વ-સ્વરૂપને પ્રકાશિત કરે છે, જે યથાર્થ સત્યનું પૂર્ણપણે જ્ઞાન કરાવી શકે છે, આત્માનો પૂર્ણપણે બોધ કરાવી શકે છે, જેનાથી આત્મા પર અનુશાસન કરી શકાય છે, તે આગમ છે. એને બીજા શબ્દોમાં શાસ્ત્ર અને સૂત્ર પણ કહી શકાય.

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં લખ્યું છે: જે વડે યથાર્થ સત્યરૂપ જ્ઞેયનો, આત્માનો પરિબોધ થાય તથા આત્માનું અનુશાસન કરી શકાય તે શાસ્ત્ર છે.'[૩] 'શાસ્ત્ર શબ્દ शास् ધાતુ પરથી નિર્માણ થયેલો છે. એનો અર્થ છે: શાસન, શિક્ષણ અને ઉદ્બોધન. જે તત્ત્વજ્ઞાન વડે આત્મા પર અનુશાસન થઈ શકે, આત્માને જાગ્રત કરી શકાય તે શાસ્ત્ર. જેના વડે આત્મા જાગ્રત થઈ તપ, ક્ષમા તેમજ અહિંસાની સાધનામાં પ્રવૃત્ત થાય તે શાસ્ત્ર છે. અને જે માત્ર ગણધર, પ્રત્યેક બુદ્ધ, શ્રુતકેવળી અને અભિન્નદશપૂર્વી દ્વારા કહેવાયું છે તે સૂત્ર છે.'[૪] બીજા શબ્દમાં કહીએ તો જે ગ્રંથપ્રમાણથી અલ્પ અર્થની અપેક્ષાએ મહાન, બત્રીસ દોષ રહિત, લક્ષણ તથા આઠ ગુણથી સંપન્ન થઈને સારયુક્ત અનુયોગ સહિત, વ્યાકરણ વિહિત, નિપાતો રહિત, અનિંદ્ય અને સર્વજ્ઞ કથિત હોય છે તે સૂત્ર કહેવાય.[૫]

આ સંદર્ભમાં એ સમજવું જરૂરી છે કે આગમ કહો, શાસ્ત્ર કહો કે સૂત્ર કહો, તે બધાનું પ્રયોજન માત્ર એક જ છે કે તે પ્રાણીઓના આંતર-માનસને વિશુદ્ધ બનાવે છે. એટલે જ આચાર્ય હરિભદ્રે કહ્યું છે: 'જેવી રીતે પાણી વસ્ત્રના મેલને ધોઈ નાખી તેને ઊજળાં બનાવે છે, તેવી રીતે જ શાસ્ત્ર માનવના અંતઃકરણમાં રહેલા કામ, ક્રોધ વગેરે કાલુષ્ય-મેલને ધોઈને એને પવિત્ર અને નિર્મલ બનાવે છે'[૬]. જેનાથી આત્માનો સમ્યક્ બોધ થાય, આત્મા અહિંસા, સંયમ અને તપસાધના દ્વારા પવિત્રતા પ્રતિ પ્રયાણ કરે તે તત્ત્વજ્ઞાન શાસ્ત્ર છે, આગમ છે.

આગમ ભારતીય સાહિત્યનો મૂલ્યવાન ખજાનો છે. ડૉ. હર્મન જેકોબી, ડૉ. શુબ્રિંગ વગેરે અનેક પાશ્ચાત્ય મૂર્ધન્ય વિદ્વાનોએ જૈન આગમસાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરી એ સત્ય-તથ્યનો સ્વીકાર કર્યો છે કે વિશ્વને અહિંસા, અપરિગ્રહ, અનેકાન્તવાદ દ્વારા સર્વધર્મસમન્વયનો પવિત્ર બોધ કરાવનાર તે સર્વશ્રેષ્ઠ સાહિત્ય છે.

---

૧. ऋषिदर्शनात्- નિરુક્ત ૨/૧૧

૨. साक्षात्कृतधर्माणो ऋषियो बभूवुः । નિરુક્ત ૧/૨૦

૩. सासिज्जए तेण तहिं वा नेयमायावतो सकत्थं । ટીકા: शासु अनुशिष्टौ शास्यते ज्ञेयमात्मा वाऽनेनस्मादस्मिन्निति वा शास्त्रम् । વિશેષાવશ્યકભાષ્ય, ગાથા ૧૩૮૪

૪. सुत्तंगणधरकधिदं तहेव पत्तेयबुद्धिकधिदं च ।—सुदकेवलिया कधिदं अभिण्णदसपुव्विकधिदं च ।— મૂલાચાર, ૫/૮૦

૫. अप्पग्गंथ महत्थं बत्तीसा दोषविरहियं जं च ।
लक्खणजुत्तं सुत्तं अट्ठेहि च गुणेहि उववेयं ।
अप्पक्खरमसंदिद्ध च सारवं विस्सओ मुहं ।
अत्थोवमणवज्जं च सुत्तं सुव्वणुभासियं ॥ આવ. નિર્યુક્તિ ૮૮૦, ૮૮૬

૬. मलिनस्य यथात्यन्तं जलं वस्त्रस्य शोधनम् ।
अंतःकरणरत्नस्य तथा शास्त्र विदुर्बुधाः ॥ યોગબિંદુ, પ્રકરણ ૨, ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમસાહિત્ય ખૂબ વિરાટ અને વ્યાપક છે. જુદા જુદા સમયે એનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. પ્રથમ વર્ગીકરણ પૂર્વ અને અંગ તરીકે કરવામાં આવ્યું છે.[૧] બીજું વર્ગીકરણ અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યના રૂપમાં કરવામાં આવ્યું છે.[૨] ત્રીજું વર્ગીકરણ આર્યરક્ષિતે અનુયોગના આધારે કર્યું છે. એમણે સમગ્ર આગમસાહિત્યને ચાર અનુયોગમાં વિભક્ત કર્યું છે.[૩]

અનુયોગ શબ્દ પર વિચાર કરીને પ્રાચીન સાહિત્યમાં લખવામાં આવ્યું છે : 'अणु–ओयणमणुयोगा'–અનુયોજનને અનુયોગ કહ્યો છે. 'અનુયોજન' અહીં જોડવાના કે સંયુક્ત કરવાના અર્થમાં પ્રયોજાયેલો છે, જેનાથી પરસ્પર એકબીજાને સાંકળી શકાય.[૪] આ અર્થની સ્પષ્ટતા કરતાં ટીકાકાર લખે છે : જે ભગવતકથન સાથે સંયોજિત કરે છે તે 'અનુયોગ' છે. અભિધાન-રાજેન્દ્રકોશમાં લખવામાં આવ્યું છે કે, લઘુસૂત્રમાં મહાન અર્થનો યોગ કરે તેને 'અનુયોગ' કહેવામાં આવ્યો છે.[૫]

અનુયોગ : એક ચિંતન

અનુયોગ શબ્દ 'અનુ' અને 'યોગ'ના સંયોગથી નિર્માણ થયો છે. 'અનુ' ઉપસર્ગ છે જે અનુકૂલ અર્થવાચક છે. સૂત્રથી અનુકૂલ, અનુરૂપ કે સુસંગત સંયોગ તે અનુયોગ છે. બૃહત્કલ્પ[૬]માં લખ્યું છે કે 'અનુ'નો અર્થ પશ્ચાત્ ભાવ અથવા સ્તોક છે. આ દૃષ્ટિએ અર્થની પાછળ જનાર અથવા લઘુસૂત્ર સાથે જેનો યોગ છે તે અનુયોગ છે. આચાર્ય મલયગિરિ[૭] પ્રમાણે અર્થની સાથે સૂત્રની જે અનુકૂળ યોજના કરવામાં આવે છે, એનું નામ અનુયોગ છે. અથવા સૂત્રના પોતાના વાચ્યાર્થમાં જે યોગ થાય તે અનુયોગ છે. એ જ વાત આચાર્ય હરિભદ્ર[૮], આચાર્ય અભયદેવે[૯] અને આચાર્ય શાન્તિચંદ્રે[૧૦] લખી છે. આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો પણ આ જ અભિપ્રાય[૧૧] છે.

જૈન આગમ સાહિત્યમાં અનુયોગના વિવિધ ભેદ-પ્રભેદ છે. નંદીમાં આચાર્ય દેવવાચકે અનુયોગના બે વિભાગ કરેલા છે. એમાં દૃષ્ટિવાદના પરિકર્મ, સૂત્ર, પૂર્વગત, અનુયોગ અને ચુલ્લિકા એમ પાંચ ભેદ પાડવામાં આવ્યા છે,[૧૨] જેમાં અનુયોગનો ક્રમ ચોથો છે. અનુયોગના મૂલપ્રથમાનુયોગ અને ગણ્ડિકાનુયોગ એમ બે ભેદ પણ પાડવામાં આવ્યા છે.[૧૩]

મૂલ પ્રથમાનુયોગ શું છે ? આ પ્રશ્ન પર વિચાર કરતાં આચાર્યે કહ્યું કે, મૂલપ્રથમાનુયોગમાં ભગવાન અર્હન્તને સમ્યક્ત્વ પ્રાપ્તિ થઈ તે ભવના પૂર્વભવ, દેવલોકાગમન, આયુષ્ય, ચ્યવન, જન્મ, અભિષેક, રાજ્યશ્રી, પ્રવ્રજ્યા તપ, કેવલજ્ઞાનની ઉત્પત્તિ, તીર્થપ્રવર્તન, શિષ્ય સમુદાય, ગણ-ગણધર, આર્યિકાઓ, પ્રવર્તિની, ચતુર્વિધ સંઘનું પરિમાણ, સામાન્ય કેવલી, મનઃપર્યાયજ્ઞાની, અવધિજ્ઞાની, સમ્યક્ શ્રુતજ્ઞાની, વાદી, અનુત્તર વિમાનમાં ગયેલા મુનિ, ઉત્તર વૈક્રિયધારી મુનિ, સિદ્ધ–

---

૧. સમવાયાંગ–૧૪, ૧૩૬
૨. અહવા તં સમાસઓ દુવિહં પણ્ણત્તં તં જહા–અંગપવિટ્ઠં અંગબાહિરં ચ । નંદીસૂત્ર, ૪૩
૩. (ક) આવશ્યક નિર્યુક્તિ, ૩૬૩–૩૭૭
(ખ) વિશેષાવશ્યકભાષ્ય ૨૨૮૪–૨૨૯૫
(ગ) દશવૈકાલિકનિર્યુક્તિ ૩ ટી.
૪. 'युज्यते संबध्यते भगवदुक्तार्थेन सहेति योग'
૫. अणुसूत्र महानर्थस्ततो महतोर्थस्याणुनासूत्रेण योगो अनुयोग.'
૬. अणुण्णा जोगो अणुजोगो अणु पच्छाभावओ यथैव य ।
जम्हा पच्छअभिहियं सुत्तं थावं च तेताणू ।। —બૃહત્કલ્પ, ગા. ૧૯૦
૭. सूत्रस्यार्थेन सहानुकूलं योजनमनुयोगः । अथवा अभिधेये व्यापारः सूत्रस्य योगः, अनुकूलोऽनुरूपो वा योगोऽनुयोगः । यथा घट शब्देन घटस्य प्रतिपादनमिति । આવશ્યક નિર્યુક્તિ, મલય. વૃ. નિ. ૧૨૭
૮. આવશ્યકનિર્યુક્તિ, હરિભદ્રીય વૃત્તિ ૧૩૦
૯. (ક) સમવાયાંગ, અભયદેવવૃત્તિ ૧૪૭
(ખ) સ્થાનાંગ ૪, ૧, ૨૬૨. પૃ. ૨૦૦
૧૦. જંબૂદીપપ્રજ્ઞપ્તિ–પ્રમેયરત્ન મંજૂષાવૃત્તિ, પૃ. ૪–૫
૧૧. अणुजोयणमणुजोगो सुयस्स नियएण जमभिधेयणं वावारो वा जोगो अणुरु वोऽणुकूलो वा । વિશેષાવશ્યક ભાષ્ય, ગા: ૧૩૮૩
૧૨. પરિક્કમે, સુત્તાઈ, પુવ્વગએ, અનુયોગે, ચુલિયા—શ્રીમલયગિરિયા નંદીવૃત્તિ, પૃ. ૨૩૫
૧૩. પઢમાણુયોગે, ગંડિયાણુયોગે—શ્રી નંદીચૂર્ણિ મૂલ, પૃ. ૫૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થાપ્રાપ્ત મુનિ, પાદપોપગમન અનશનપ્રાપ્ત કરીને, જે જે સ્થાન પર જેટલા અન્તકૃત થયા, અજ્ઞાન રજથી વિપ્રમુક્ત થઈ જે મુનિવર અનુત્તર સિદ્ધિ માર્ગે ગયા એનું વર્ણન છે. એ સિવાય એ પ્રકારના અન્ય ભાવ જે અનુયોગમાં કહેવાયા છે તે પ્રથમાનુયોગ છે. બીજા શબ્દોમાં એમ કહી શકીએ કે સમ્યક્ત્વ પ્રાપ્તિથી આરંભી તીર્થપ્રવર્તન અને મોક્ષગમન સુધીનું જેમાં વર્ણન છે તે.[૧]

બીજો પ્રકાર તે ગંડિકાનુયોગ છે. ગંડિકાનો અર્થ એ છે કે સમાન વક્તવ્યથી અર્થાધિકારનું અનુસરણ કરનારી વાક્યપદ્ધતિ અને અનુયોગ એટલે અર્થ પ્રગટ કરવાનો વિધિ. આચાર્ય મલયગિરિએ લખ્યું છે : શેરડીના મધ્ય ભાગમાં આવેલી ગાંઠસદશ એકાર્થનો અધિકાર અથવા ગ્રંથ પદ્ધતિ. ગંડિકાનુયોગના અનેક પ્રકારો છે.[૨]

(૧) કુલકર ગંડિકાનુયોગ—વિમલવાહન વગેરે કુલકરોનું જીવનચરિત્ર
(૨) તીર્થંકર ગંડિકાનુયોગ—તીર્થંકર પ્રભુનું જીવન
(૩) ગણધર ગંડિકાનુયોગ—ગણધરોનાં જીવનચરિત્ર
(૪) ચક્રવર્તી ગંડિકાનુયોગ—ભરતાદિ ચક્રવર્તી રાજાઓનાં જીવનવૃત્તાંત
(૫) દશાર્હ ગંડિકાનુયોગ—સમુદ્રવિજય વગેરે દશાર્હોનાં જીવનચરિત્ર
(૬) બળદેવ ગંડિકાનુયોગ—રામ વગેરે બળદેવોની જીવનકથા
(૭) વાસુદેવ ગંડિકાનુયોગ—કૃષ્ણ વગેરે વાસુદેવની જીવનકથા
(૮) હરિવંશ ગંડિકાનુયોગ—હરિવંશમાં ઉત્પન્ન મહાપુરુષોનાં જીવનવૃત્તાન્ત
(૯) ભદ્રબાહુ ગંડિકાનુયોગ—ભદ્રબાહુ સ્વામીનું જીવનચરિત્ર
(૧૦) તપકર્મ ગંડિકાયોગ—તપસ્યાનાં વિવિધ રૂપોનું વર્ણન
(૧૧) ચિત્રાન્તર ગંડિકાનુયોગ—ભગવાન ઋષભ તથા અજિતની વચ્ચેના સમયમાં એના વંશના સિદ્ધ યા સર્વાર્થ-સિદ્ધિમાં જાય છે એનું વર્ણન
(૧૨) ઉત્સર્પિણી ગંડિકાનુયોગ—ઉત્સર્પિણીનું વિસ્તૃત વર્ણન
(૧૩) અવસર્પિણી ગંડિકાનુયોગ—અવસર્પિણીનું વિસ્તૃત વર્ણન

દેવ, માનવ, તિર્યંચ અને નરક ગતિમાં ગમન કરવું, વિવિધ ભ્રમણ કરવું વગેરેનો અનુયોગ 'ગંડિકાનુયોગ'માં હોય છે. જેમકે, વૈદિક પરંપરામાં વિશિષ્ટ વ્યક્તિઓનું વર્ણન પુરાણ સાહિત્યમાં થયું છે, તેવી રીતે જ જૈનપરંપરામાં મહાપુરુષોનું વર્ણન 'ગંડિકાનુયોગ'માં થયું છે. ગંડિકાનુયોગની રચના જુદા જુદા સમયે મૂર્ધન્ય મનીષીઓ અને આચાર્યોએ કરી છે. પંચકલ્પચૂર્ણિ[૩] પ્રમાણે કાલકાચાર્યે ગંડિકાઓની રચના કરી હતી; પણ એ ગંડિકાઓનો સંઘે સ્વીકાર ન કર્યો. આચાર્યે સંઘને પૃચ્છા કરતાં કહ્યું : 'મારી ગંડિકાઓને કેમ સ્વીકારવામાં આવી નથી? એ ગંડિકાઓમાં રહેલી ત્રુટીઓ બતાવવામાં આવે જેથી એને સુધારી શકાય.' સંઘના બહુશ્રુત આચાર્યોએ ગંડિકાઓનો ઊંડાણથી અભ્યાસ કર્યો અને એના પર પ્રમાણિકતાની મહોર મારી. આથી એ સ્પષ્ટ થાય છે કે, કાલકાચાર્ય જેવા પ્રકૃષ્ટ પ્રતિભાસંપન્ન આચાર્યની ગંડિકાઓ પણ સંઘ દ્વારા સ્વીકૃત થયા પછી જ માન્ય કરવામાં આવતી, જે ગંડિકાઓની પ્રમાણિતતા સિદ્ધ કરે છે.

અનુયોગનો અર્થ વ્યાખ્યા છે. વ્યાખ્યેય વસ્તુના આધારે અનુયોગના ચાર વિભાગ કરવામાં આવ્યા છે : ચરણ-કરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ.[૪] દિગંબર પરંપરાના દ્રવ્યસંગ્રહ[૫] નામના ગ્રંથની ટીકામાં

---

૧. ઇહ મૂલ ભાવસ્તુ તીર્થંકર : તસ્ય પ્રથમં પૂર્વભવાદિ અથવા મુલસ્સ પઢમા ભવાણુયોગે એત્થગરસ્સ અતીવ ભવપરિયાય પરિસત્તઈ ભાણિ યવ્વ । —શ્રી નંદીવૃત્તિ ચૂર્ણી પૃ. ૧૮

૨. સે કિં તં ગંડિયાણુયોગે ? ગંડિયાનુયોગે અણેગવિદે પણણતે । —શ્રી સમવાયાંગ વૃત્તિ, પૃ. ૧૨૦

૩. પંચકલ્પચૂર્ણી –કાલકાચાર્ય પ્રકરણ, પૃ. ૨૩–૨૪

૪. ચતારિઉ અણુઓગા, ચરણે ધમ્મગણિયાણુઓગે ય
દવિયાડણુયોગે ય તહા જહક્કમ તે મહડ્ઢીયા । —અભિધાન રાજેન્દ્રકોશ, પ્ર. ભાગ, પૃ. ૩૫૬

૫. પ્રથમાનુયોગો.. ચરણાનુયોગો...કરણાનુયોગો
દ્રવ્યાનુયોગો ઇત્યુકત લક્ષણાનુયોગચતુષ્ટય રૂપે
ચતુવિધં શ્રુતજ્ઞાનં જ્ઞાતવ્યમ્ । દ્રવ્યસંગ્રહ ટીકા ૪૨/૧૮૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચાસ્તિકાયમાં,[૧] તત્ત્વાર્થવૃત્તિમાં[૨] આ અનુયોગનાં નામ આ પ્રમાણે મળે છે: પ્રથમાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ. શ્વેતાંબર અને દિગંબર ગ્રંથોનાં નામોમાં અને ક્રમમાં થોડોક તફાવત જરૂર છે, પણ તત્ત્વતઃ બધાનો ભાવક અર્થ એક જેવો જ છે.

શ્વેતાંબરની દૃષ્ટિએ સર્વ પ્રથમ ચરણાનુયોગ[૩] છે. રત્નકરણ્ડશ્રાવકાચારમાં આચાર્ય સમન્તભદ્ર ચરણાનુયોગની વ્યાખ્યા કરતાં લખે છે: ગૃહસ્થ અને મુનિઓના ચરિત્રની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષાનું વિધાન કરનાર અનુયોગને ચરણાનુયોગ કહેવામાં આવે છે.[૪] દ્રવ્યસંગ્રહની ટીકામાં લખવામાં આવ્યું છે કે, ઉપાસકાધ્યયન વગેરેમાં શ્રાવકોનો ધર્મ અને મૂલાચાર, ભગવતી આરાધના વગેરેમાં યતિનો ધર્મ મુખ્યત્વે કહેવામાં આવ્યો છે, તે ચરણાનુયોગ છે.[૫] બૃહદ્-દ્રવ્યસંગ્રહ, અનગાર ધર્મામૃત ટીકા[૬] વગેરેમાં પણ ચરણાનુયોગની વ્યાખ્યા આ પ્રમાણે જ મળે છે. આચાર અંગેનું સાહિત્ય ચરણાનુયોગમાં આવે છે.

જીનદાસગણિ[૭] મહત્તર ધર્મકથાનુયોગની વ્યાખ્યા કરતાં લખે છે કે, સર્વજ્ઞોક્ત અહિંસા વગેર સ્વરૂપ ધર્મ અંગે જે કથન કરવામાં આવે છે અથવા અણુયોગના ઉપક્રમે ધર્મ અંગે જે કથા કહેવામાં આવે છે તે ધર્મકથા છે. આચાર્ય હરિભદ્ર[૮] પણ અનુયોગદ્વારની ટીકામાં અહિંસા લક્ષણયુક્ત ધર્મ અંગેનું જે આખ્યાન, તેને ધર્મકથા કહી છે. મહાકવિ પુષ્પદંત[૯] પણ કહે છે: જે અભ્યુદય, નિઃશ્રેયસની સંસિદ્ધિ કરે છે અને સદ્ધર્મથી નિબદ્ધ છે, તે સદ્ધર્મકથા કહેવાય. ધર્મકથાનુયોગને જ દિગંબર પરંપરામાં પ્રથમાનુયોગ કહેવામાં આવ્યો છે. રત્નકરણ્ડશ્રાવકાચાર્યમાં[૧૦] લખવામાં આવ્યું છે કે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું પરમાર્થજ્ઞાન તે સમ્યક્જ્ઞાન છે, જેમાં એક પુરુષ અથવા ત્રિષષ્ટિ શ્લાઘનીય પુરુષોનાં પવિત્ર ચરિત્રમાં રત્નત્રય અને ધ્યાનનું નિરૂપણ હોય તે પ્રથમાનુયોગ છે.

ગણિતાનુયોગ એટલે ગણિતના માધ્યમ વડે જ્યાં વિષયને સ્પષ્ટ કરવામાં આવ્યો હોય તે. દિગંબર પરંપરામાં આ સ્થાને કરણાનુયોગ નામ પ્રચલિત છે. કરણાનુયોગનો અર્થ એ છે કે, લોક-અલોકના વિભાગને, યુગોના પરિવર્તનને તથા ચારેય ગતિઓને દર્પણમાં પ્રગટ થયેલ હોય તે રીતે પ્રગટ કરનારા સમ્યગ્ જ્ઞાનને કરણાનુયોગ કહેવામાં આવે છે.[૧૧] કરણ શબ્દના બે અર્થ છે: (૧) પરિણામ અને (૨) ગણિતનાં સૂત્ર. દ્રવ્યાનુયોગ—જે શ્રુતજ્ઞાનના પ્રકાશમાં જીવ-અજીવ, પુણ્ય-પાપ, બંધ-મોક્ષ વગેરે તત્ત્વોને દીપકની માફક પ્રગટ કરે છે, તે દ્રવ્યાનુયોગ છે.[૧૨] જિનભદ્રગણિ ક્ષમાક્ષમણે વિશેષાવશ્યકમાં

---

૧. પંચાસ્તિકાય ૧૭૩

૨. તત્ત્વાર્થવૃત્તિ ૨૫૪/૧૫

૩. (ક) આવશ્યકનિર્યુક્તિ, ૩૬૩-૭૭૭ (ખ) વિશેષાવશ્યકભાષ્ય, ૨૨૮૪-૨૨૮૫

૪. ગૃહમેધ્ય નગારાણાં ચારિત્રોત્પત્તિ-વૃદ્ધિ-રક્ષાઙ્ગમ્ ।
ચરણાનુયોગસમયં સમ્યગ્જ્ઞાનં વિજાનાતિ । —રત્નકરણ્ડ૦ ૪૫

૫. દ્રવ્યસંગ્રહ ટીકા, ૪૨/૧૮૨/૯

૬. સકલેતર ચારિત્ર-જન્મ રક્ષા વિવૃદ્ધિકૃત ।
વિચારણીયશ્ચરણાનુયોગશ્ચરણાદૃતૈઃ ॥ —અનગાર ધર્મામૃત ૩/૧૧ પં. આશાધરજી

૭. ધમ્મકહા નામ જો અહિંસાદિલક્ખણ સવ્વણ્ણુપણીય ।
ધમ્મં અનુયોગંવા કહેઇ એસા ધમ્મકહા ॥ —દશવૈકાલિકચૂર્ણિ પૃ. ૨૯

૮. અહિંસા લક્ષણ ધર્માન્વાખ્યાનં ધર્મકથા । —અનુયોગદ્વાર ટીકા પૃ. ૧૦.

૯. યતોઽભ્યુદયનિઃશ્રેયસાર્થ – સંસિદ્ધિરંજસા ।
સદ્ધર્મસ્તન્નિબદ્ધા યા સા સદ્ધર્મકથા સ્મૃતા ॥ —મહાપુરાણુ, મહાકવિ પુષ્પદંત, ૧/૧૨૦

૧૦. પ્રથમાનુયોગમર્થાખ્યાનં ચરિત્ર પુરાણામપિ પુણ્યમ્ ।
બોધિ સમાધિનિધાનં બોધાતિબોધઃ સમીચીન ॥ —રત્નકરણ્ડ શ્રાવકાચાર, ૪૩

૧૧. લોકાલોક-વિભક્તેર્યુગપરિવૃત્તેશ્ચચતુર્ગતીનાં ચ ।
આદર્શમિવ તથા મતિરવૈતિ કરણાનુયોગં ચ ॥ —રત્નકરણ્ડ શ્રાવકાચાર, ૪૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખ્યું છે, કે દ્રવ્યનું દ્રવ્યમાં, દ્રવ્ય દ્વારા અથવા તો દ્રવ્યના હેતુથી જે અનુયોગ થાય છે, તેનું નામ દ્રવ્યાનુયોગ છે.[૧] એ સિવાય દ્રવ્યનો પર્યાય સાથે અથવા દ્રવ્યનો દ્રવ્યની સાથે જે યોગ (સંબંધ) થાય છે તે પણ દ્રવ્યાનુયોગ છે.[૨] એ પ્રમાણે બહુવચન–'દ્રવ્યો'નું પણ સમજવું જોઈએ.

આગમ-સાહિત્યમાં કોઈ જગ્યાએ સંક્ષિપ્ત અને કોઈ જગ્યાએ વિસ્તારથી આ અનુયોગનું વર્ણન છે. આર્યવજ્ર સુધી આગમોમાં અનુયોગાત્મક દૃષ્ટિથી કોઈ ભિન્નતા નહોતી. પ્રત્યેક સૂત્રની ચારે અનુયોગ વડે વ્યાખ્યા કરવામાં આવતી હતી. આચાર્ય ભદ્રબાહુએ[૩] આ અંગે લખ્યું છે : કાલિક શ્રુત અનુયોગાત્મક વ્યાખ્યાની દૃષ્ટિથી અપૃથક્ હતું. બીજા શબ્દોમાં કહીએ તો, એમાં ચરણકરણાનુયોગ વગેરેની અનુયોગચતુષ્ટયના રૂપે અવિભક્તતા હતી. આર્યવજ્ર પછી કાલિકશ્રુત અને દૃષ્ટિવાદની અનુયોગાત્મક પૃથક્તા (વિભક્તતા) કરવામાં આવી.

આચાર્ય મલયગિરિ[૪]એ પ્રસ્તુત વિષયનું સ્પષ્ટીકરણ કરતાં લખ્યું છે : આર્યવજ્રના સમય પર્યન્તના શ્રમણો તીક્ષ્ણ બુદ્ધિશાળી હતા તેથી અનુયોગની દૃષ્ટિથી અવિભક્ત રૂપે વ્યાખ્યા પ્રચલિત હતી. પ્રત્યેક સૂત્રમાં ચરણકરણાનુયોગ વગેરેનું અવિભાગપૂર્વક વર્ણન હતું. મુખ્યતાની દૃષ્ટિથી નિર્યુક્તિકારે અત્રે કાલિકશ્રુતનો સ્વીકાર કર્યો છે, અન્યથા અનુયોગોનો કાલિક–ઉત્કાલિક વગેરે બધામાં અવિભાગ હતો.[૫]

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે આ અંગે વિશ્લેષણ કરતાં લખ્યું છે : આર્યવજ્ર સુધી જ્યાં સુધી અનુયોગ અપૃથક્ હતા ત્યાં સુધી એક જ સૂત્રની ચારે અનુયોગના રૂપે વ્યાખ્યા કરવામાં આવતી હતી.

જો અનુયોગોના વિભાગ કરવામાં આવે, તેમની જુદા જુદા વિભાગમાં વહેંચણી કરી દેવામાં આવે તો, ત્યારે તે સૂત્રમાં ચારેય અનુયોગ વ્યવચ્છિન્ન થઈ જશે. આ પ્રશ્નનો ઉકેલ આપતાં ભાષ્યકાર લખે છે કે, જે સ્થાને કોઈ એક સૂત્રની વ્યાખ્યા ચારેય અનુયોગમાં થતી હતી, તે સ્થાને ચારમાંથી કોઈ એક અનુયોગના આધાર પર વ્યાખ્યા કરવાનો અહીં મત છે.

આર્યરક્ષિતની પૂર્વે અપૃથક્ત્વાનુયોગ પ્રચલિત હતા. એમાં પ્રત્યેક સૂત્રની વ્યાખ્યા ચરણ-કરણ, ધર્મ, ગણિત અને દ્રવ્યની દૃષ્ટિથી આપવામાં આવતી હતી. આ વ્યાખ્યાપદ્ધતિ ઘણી કિલષ્ટ અને સ્મૃતિની તીક્ષ્ણતા પર અવલંબિત હતી. આર્યરક્ષિતના ૧. દુર્બલિકા પુષ્યમિત્ર ૨. ફલ્ગુરક્ષિત ૩. વિન્ધ્ય અને ૪. ગોષ્ઠામાહિલ એ ચાર મુખ્ય શિષ્યો હતા. વિન્ધ્ય મુનિ મહાન પ્રતિભાસમ્પન્ન શીઘ્ર ગ્રહણ કરનારી મનીષાવાળા હતા. આર્યરક્ષિત શિષ્યમંડલીને આગમની વાચના આપતા, તે વખતે એને વિન્ધ્ય મુનિ એ ક્ષણે જ ગ્રહણ કરી લેતા હતા. એટલે એમની પાસે આગમનો અભ્યાસ કરવા માટે ઘણો બધો સમય બાકી રહેતો હતો. તેમણે આર્યરક્ષિતને વિનંતી કરી : મારા માટે અભ્યાસ અંગે કોઈ જુદી જ વ્યવસ્થા કરો. આચાર્યે પ્રસ્તુત કાર્ય માટે મહામેધાવી દુર્બલિકા પુષ્યમિત્રને નિયુક્ત કર્યા. અધ્યાપનરત દુર્બલિકા પુષ્યમિત્રે કેટલાક સમય પછી આર્યરક્ષિતને જણાવ્યું કે, આર્ય વિન્ધ્યને આગમવાચના દેવાના કારણે મારા પઠિત પાઠના

---

૧. જીવાજીવસુતત્ત્વે પુણ્યાપુણ્યે ચ બન્ધ–મોક્ષૌ ચ
દ્રવ્યાનુયોગ–દીપઃ શ્રુતવિદ્યા લોકમાતનુતે । —રત્નકરણ્ડ શ્રાવકાચાર ૪૬

૨. દવ્વસ્સ જેડણુઓગો દવ્વે દવ્વેણ દવ્વહેઊ વા
દવ્વસ્સ પજ્જવેણુ વ જોગો દવ્વેણુ વા જોગો ॥
બહુવયણુ ઓડવિ એવં નેઓ જો વા કહે આણુવઉતો
દવ્વાણુઓગ એસો ॥ —વિશેષાવશ્યક ભાષ્ય ૧૩૯૮–૯૯

૩. જાવંત અજ્જવઇરા અપુહુત્તં કાલિઆણુંઓગસ્સ ।
તેણારેણ પુહુત્તં કાલિઅસુઇ દિટ્ઠિવાએ અ ॥ —આવશ્યકનિર્યુક્તિ, મલયગિરિ વૃત્તિ, ગાથા ૧૬૩, પૃ. ૩૮૩

૪. યાવદાર્યવજ્રા–આર્યવજ્રસ્વામિનો મુખ્યો મહામતયસ્તાવત્કાલિકાનુયોગસ્ય કાલિકશ્રુતવ્યાખ્યાસ્યાપૃથક્ત્વં–પ્રતિસૂત્રં ચરણકરણાનુયોગાદિનામવિભાગેન વર્તનમાસીત તદા સાધુનાં તીક્ષ્ણપ્રજ્ઞત્વાત્ । કાલિક ગ્રહણં પ્રાધાન્યખ્યાપનાર્થમ્ અન્યથા સર્વાનુયોગસ્યાપૃથક્ત્વમાસીત્ । —આવશ્યકનિર્યુક્તિ પૃ. ૩૮૩ પ્રકા. આગમોદય સમિતિ.

૫. અપુહત્તે અણુઓગો ચત્તારિ દુવાર ભારીએ એગો પુહતાણુઓગ કરણે તે અત્થ તઓવિ વોચ્છિન્ના કિ વઇરેહિ પુહત્તં કયમહ તદણુંતરેહિ ભણિ પમ્મિ । તદણુંતરેહિ તદલિહિય ગહિય સુત્રત્થ સારેહિ ॥
—વિશેષાવશ્યકભાષ્ય, ગાથા ૨૨૮૬–૨૨૮૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુનરાવર્તનમાં વિઘ્ન ઉત્પન્ન થાય છે. આ પ્રકારની વ્યવસ્થાને કારણે મારી અધીત પૂર્વજ્ઞાનના રાશિની વિસ્મૃતિ થઈ જશે. એટલે આર્યરક્ષિતે વિચાર્યું : મહામેધાવીની પણ આ સ્થિતિ છે એવા સંજોગોમાં આગમજ્ઞાન સુરક્ષિત રહેવું ખૂબ મુશ્કેલ છે. દૂરદર્શી આર્યરક્ષિતે ગંભીરપણે ચિંતન કરી જટિલ વ્યવસ્થાને સરલ કરવાના હેતુ માટે આગમ અધ્યયન-ક્રમ ચાર અનુયોગમાં વિભક્ત કર્યો.[૧] આ ક્રમ આ પ્રમાણે છે :

૧. ચરણ-કરણાનુયોગ–કાલિકશ્રુત, મહાકલ્પ છેદશ્રુત વગેરે.

૨. ધર્મ-કથાનુયોગ–ઋષિભાષિત, ઉત્તરાધ્યયન વગેરે

૩. ગણિતાનુયોગ–સૂર્યપ્રજ્ઞપ્તિ વગેરે

૪. દ્રવ્યાનુયોગ–દૃષ્ટિવાદ વગેરે

આ મહત્ત્વપૂર્ણ કાર્ય દશપુરમાં વીરનિર્વાણ ૫૯૨, વિ. સં. ૧૨૨ની આસપાસ કરવામાં આવ્યું હતું. આ વર્ગીકરણ વિષયસાદૃશ્યની દૃષ્ટિએ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વર્ગીકરણ કર્યા પછી પણ એવી સ્પષ્ટ ભેદરેખા પાડી શકાતી નથી કે અમુક આગમમાં અમુક જ અનુયોગનું વર્ણન હોય છે અને અન્ય અનુયોગનું વર્ણન હોતું નથી. ઉદાહરણ તરીકે, ઉત્તરાધ્યયન સૂત્રમાં ધર્મકથા ઉપરાંત દાર્શનિક તથ્ય પણ પર્યાપ્ત માત્રામાં મળે છે. ભગવતીસૂત્ર તો અનેક વિષયોનો વિરાટ સાગર છે. આચારાંગ વગેરેમાં પણ અનેક વિષયો ચર્ચાયા છે. કેટલાક આગમો બાદ કરતાં અન્ય આગમોમાં ચારેય અનુયોગોનું સંમિશ્રણ છે. આ જે વર્ગીકરણ કરવામાં આવ્યું છે તે સ્થૂલ દૃષ્ટિએ કરવામાં આવ્યું છે. વ્યાખ્યાક્રમની દૃષ્ટિએ આ વર્ગીકરણ અપૃથક્ત્વાનુયોગ અને પૃથક્ત્વાનુયોગ એવા રૂપે બે પ્રકારનું છે.

અમે અત્રે ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ અંગે ચિંતન ન કરતાં ધર્મકથાનુયોગ પર ચિંતન કરીશું કેમકે, એ અમારું અત્રે અભિધેય છે. જૈન કથાસાહિત્ય વિવિધ પ્રકારે લખાયેલું છે. ઘણીખરી કથાઓ અત્યંત મનોરંજક છે. લોકકથાઓ, નીતિકથાઓ, દંતકથાઓ, પરીકથાઓ, પ્રાણીકથાઓ. કલ્પિત કથાઓ, દૃષ્ટાંત કથાઓ, આખ્યાન આદિ વિવિધ કથાઓ છે. એટલે વિશ્વના વિશ્રુત વિજ્ઞોએ એને વિશ્વસાહિત્યનો અક્ષયનિધિ માન્યો છે. ડૉ. વિન્ટરનિત્સના શબ્દોમાં કહીએ તો જૈનસાહિત્યમાં પ્રાચીન ભારતીય કથાસાહિત્યનાં અનેક ઉજ્જવલ રત્ન વિદ્યમાન છે. સુપ્રસિદ્ધ ડૉ. હર્ટલે જૈન કથાકારોની પ્રશંસા કરતાં લખ્યું છે કે, એ વિજ્ઞોએ આપણને કેટલીક એવી અનુપમ ભારતીય કથાઓનો પરિચય કરાવ્યો છે જે અમને અન્ય કોઈ સ્રોતમાંથી ઉપલબ્ધ થતી નથી.

જૈન ધર્મના મૂર્ધન્ય મનીષીઓએ લોકોના આંતરમાનસમાં ધર્મ, દર્શન અને અધ્યાત્મના સિદ્ધાંત પ્રસારિત કરવાની દૃષ્ટિથી કથાઓનો આશરો લીધો છે અને કથાઓના માધ્યમથી તેઓ દાર્શનિક ગૂઢ ગૂંચોને સહજરૂપે ઉકેલવામાં સફળ પણ થયા છે. જૈન કથાસાહિત્યની સૌથી મોટી વિશેષતા એ છે કે એમાં સત્ય, અહિંસા, પરોપકાર, દાન, શીલ વગેરે સદ્‌ગુણોની પ્રેરણાનો સમાવેશ છે. કથા એક એવું માધ્યમ છે જેથી વિષય સહજપણે હૃદયંગમ થઈ જાય છે. એટલે અન્ય અનુયોગોની અપેક્ષાએ અનુયોગ અધિક લોકપ્રિય થયો અને એ જ કારણે જ દિગંબર મનીષીઓએ એને પ્રથમાનુયોગની સંજ્ઞા પ્રદાન કરી છે. માનવના સંપૂર્ણ જીવનને ઉજ્જવલ કરનાર પરમ પુનીત ભાવનાઓ આ અનુયોગમાં મુખરિત થઈ છે.

સ્થાનાંગ સૂત્રમાં પ્રથમ વિકથાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તે છે : સ્ત્રીકથા, દેશકથા ભક્તકથા અને રાજકથા.[૨] એના ભેદપ્રભેદનું નિરૂપણ કરીને શાસ્ત્રકારે સાધકોને સંકેત કર્યો છે કે તેઓ એનાથી પોતાની જાતને બચાવે. તે કથાઓ જીવનમાં વિકૃતિ ઉત્પન્ન કરે છે એટલે જ એને વિકથા કહેવામાં આવી છે. આ પછી કથાઓના ચાર પ્રકાર જણાવવામાં આવ્યા છે.[૩] ૧. આક્ષેપણી—જે કથાઓ જ્ઞાન અને ચારિત્ર પ્રતિ આકર્ષણ પેદા કરે છે તે. ૨. વિક્ષેપણી—જે કથા

---

૧. (ક) દેવિંદ વંદિએહિ મહાણુભાવેહિ રક્ખયજ્જેહિં ।
જુગમાસજ્જ વિભત્તો, અણુયોગો તો કઓ ચઉહા ॥
ચત્તારિ અણુયોગ ચરણ ધમ્મગણિયણુયોગ ય ।
દવ્વિયણુયોગે તહા જહક્કમં મહિડ્ઢિઢચા ॥ —અભિધાન રાજેન્દ્રકોશ

(ખ) કાલિય સૂયં ચ ઇસિભાસિઆઇં તઇઓ અ સૂરપન્નત્તી ।
સવ્વોએ ટિટ્ઠિવાઓ ચઉત્થઓ હોઇ અનુઓગો ॥ —આવશ્યક નિર્યુક્તિ–૧૨૪

૨. સ્થાનાંગ ૪/૨૪૨–૨૪૫, પૃ. ૩૪૯

૩. ચઉવ્વિહા કહા પણ્ણત્તા–તં જહા–અક્ખેવણી, વિક્ખેવણી સંવેયણી, ણિવ્વેદણી । સ્થાનાંગ–૪/૨૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સન્માર્ગની સ્થાપના કરતી હોય. ૩. સંવેદની—જે કથા જીવનની નશ્વરતા, દુઃખ બહુલતા અને શરીરની અશુચિતા બતાવીને વૈરાગ્ય ઉત્પન્ન કરતી હોય. ૪. નિર્વેદની—જે કથા કૃત કર્મોનાં શુભાશુભ ફળને દેખાડી સંસાર પ્રતિ ઉદાસીન બનાવે છે.[૧] આક્ષેપણી કથાના ચાર પ્રકાર છે : ૧. આચાર આક્ષેપણી—જેમાં આચારનું નિરૂપણ હોય. ૨. વ્યવહાર આક્ષેપણી—જેમાં વ્યવહાર અર્થાત્ પ્રાયશ્ચિત્તનું નિરૂપણ હોય. ૩. પ્રજ્ઞપ્તિ આક્ષેપણી—જેમાં સંશયગ્રસ્ત શ્રોતાને સમજાવવા માટેનું નિરૂપણ હોય. ૪. દૃષ્ટિપાત આક્ષેપણી—જેમાં શ્રોતાની યોગ્યતા અનુસાર વિવિધ નય (તર્ક) દૃષ્ટિઓથી તત્ત્વનું નિરૂપણ હોય.

પ્રસ્તુત કથાચતુષ્ટયની પરિભાષા દશવૈકાલિક નિર્યુક્તિ[૨], મૂલારાધના,[૩] સ્થાનાંગવૃત્તિ,[૪] ધવલા[૫] વગેરે વિવિધ ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે.

દશવૈકાલિક નિર્યુક્તિ અને મૂલારાધનામાં પ્રસ્તુત કથાચતુષ્ટયની પરિભાષા એકસરખી છે. સ્થાનાંગવૃત્તિમાં આચાર્ય અભયદેવે આક્ષેપણીની જે વ્યાખ્યા કરી છે એનો મૂળ આધાર દશવૈકાલિકનિર્યુક્તિ છે. ધવલામાં એની વ્યાખ્યા કંઈક બીજા પ્રકારે મળે છે. એના મત પ્રમાણે વિવિધ પ્રકારની એકાન્ત દૃષ્ટિઓ અને બીજા સમયોની નિરાકરણપૂર્વક શુદ્ધિ કરી છ દ્રવ્યો અને નવ પદાર્થોનું પ્રરૂપણ કરનારી કથા આક્ષેપણી છે. આ કથામાં પ્રધાનપણે કેવળ તત્ત્વજ્ઞાનની સ્થાપના હોય છે.[૬] ધવલાકારે જે એક શ્લોક ઉદાહરણરૂપે આપ્યો છે[૭] એનાથી આ જ અર્થનું સમર્થન થાય છે.

દશવૈકાલિકનિર્યુક્તિમાં એક ગાથા આ પ્રમાણે છે :

આયાર વવહારે પન્નતી ચેવ દિટ્ઠિવાએ ય.
એસા ચઉવ્વિહા ખલુ કહા ઉ અકખેવણી હોઇ । (૧૯૪).

આચાર્ય હરિભદ્ર[૮] આચારનો અર્થ આચરણ, પ્રજ્ઞપ્તિનો અર્થ સમજાવવું અને દૃષ્ટિવાદનો અર્થ સૂક્ષ્મતત્ત્વ એમ અર્થો પ્રતિપાદન કર્યા છે. ચૂર્ણિકારે 'આયારે' 'વવહારે' પન્નત્તિ વગેરે શબ્દોને દ્વિઅર્થી માન્યા નથી. ટીકાકાર શ્રીહરિભદ્રે અન્ય મતનો ઉલ્લેખ કરતાં આચાર વગેરે શબ્દોને શાસ્ત્રવાચક જ માન્યા છે.[૯] સ્થાનાંગમાં આક્ષેપણી કથાના જે ચાર પ્રકાર કહેવામાં આવ્યા છે તેનો ઉલ્લેખ નિર્યુક્તિની પ્રસ્તુત ગાથામાં થયો છે.[૧૦] આચાર્ય અભયદેવે અન્ય મતનો ઉલ્લેખ કર્યો છે તે આચાર્ય હરિભદ્રના શબ્દમાં જ કર્યો છે.

વિક્ષેપણી કથા પણ ચાર પ્રકારની છે : ૧. સમ્યક્ દૃષ્ટિવાળી વ્યક્તિ પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યા પછી અન્યના સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. ૨. અન્યના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યા પછી પોતાના મતની સ્થાપના કરે છે. ૩. સમ્યક્ત્વવાદનું પ્રતિપાદન કર્યા પછી મિથ્યાવાદનું પ્રતિપાદન કરે છે. ૪. મિથ્યાવાદનું પ્રતિપાદન કરીને પુનઃ સમ્યગ્વાદની સ્થાપના કરે છે. વિક્ષેપણી કથાની વ્યાખ્યા અંગે ટીકાગ્રંથોમાં કોઈ ભેદ નથી.

---

૧. અક્ખવણી કહા ચઉવ્વિહા પણ્ણત્તા તંજહા—
આયાર અક્ખેવણી વવહાર અક્ખેવણી, પણ્ણત્તિ અક્ખેવણી, દિટ્ઠિવાત અક્ખેવણી । સ્થાનાંગ ૪/૨૪૭

૨. દશવૈકાલિકનિર્યુક્તિ, ગાથા ૧૯૫–૨૦૧

૩. મૂલારાધના, ૬૫૬–૬૫૭

૪. સ્થાનાંગવૃત્તિ, ૪/૨૦૪૭

૫. ષટ્ખણ્ડાગમ ધવલા, ખંડ ૧, પૃ. ૧૦૪–૧૦૫

૬. તત્થ અક્ખેવણી ણામ છદ્દવ્વ–ણવ–પયત્થાણં સરુવં દિગંતર–સમયાંતર ણિરાકરણં સુદ્ધિં કરેંતી પરૂવેદિ ।।
—ષટ્ખણ્ડાગમધવલા–ભાગ ૧, પૃ ૧૦૨

૭. આક્ષેપણી તત્ત્વવિધાન ભૂતાં, વિક્ષેપણી તત્ત્વ દિગન્તશુદ્ધિમ્ ।
સંવેગિની ધર્મફળપ્રપંચા નિર્વેગિની ચાહ કથા વિરાગામ્ ।। —ષડખણ્ડાગમધવલા ભાગ ૧, પૃ ૧૦૬

૮. આચારો–લોચાસ્નાનાદિઃ વ્યવહારઃ કથાચિદાપન્નદોષવ્યપોહાય પ્રાયશ્ચિત્ત લક્ષણઃ,
પ્રસપ્તિસ્યૈવઃ સંશયાપન્નસ્ય મધુર-વચનૈઃ પ્રજ્ઞાપના, દૃષ્ટિવાદસ્સ–શ્રોત્રપેક્ષયા સૂક્ષ્મજીવાદિ ભાવકથનમ્ ।
—દશવૈકાલિક નિર્યુક્તિ, હરિભદ્રીય વૃત્તિ, પૃ. ૧૧૦

૯. અન્યે ત્વભિદ્દધતિ–આચારાદયો ગ્રન્થા એવ પરિગૃહ્યન્તે આચારાદ્યભિધાનાદિતિ ।
—દશવૈકાલિક નિર્યુક્તિ, હરિભદ્રીય વૃત્તિ, પૃ. ૧૧૦

૧૦. આચાર અકખેવણી વવહારઅક્ખેવણી પન્નતિઅક્ખેવણી દિટ્ઠવાત અકખેવણી । –સ્થાગ ૪૨૪૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવેદની કથાના પણ ચાર પ્રકાર જણાવવામાં આવ્યા છે :—૧. ઈહલૌકિક સંવેદની—માનવજીવનની અસારતા પ્રદર્શિત કરનારી કથા. ૨. પરલૌકિક સંવેદની—દેવ, તિર્યંચ વગેરે જન્મોની મોહમયતા તથા દુઃખમયતા પ્રદર્શિત કરનારી કથા. ૩. આત્મશરીર સંવેદની—પોતાના શરીરની અશુચિતાનું પ્રતિપાદન કરનારી કથા. ૪. પર-શરીર સંવેદની કથા—અન્યના શરીરની અશુચિતાનું પ્રતિપાદન કરનારી કથા.

સ્થાનાંગવૃત્તિકારે સંવેદની કથાની જે વ્યાખ્યા આપી છે, તે વ્યાખ્યા દશવૈકાલિકનિર્યુક્તિ[૧] અને મૂલારાધનાની[૨] વ્યાખ્યાથી જુદી છે. એમના મત પ્રમાણે આ કથામાં વૈક્રિય શુદ્ધિ તથા જ્ઞાન, દર્શન-ચરિત્રની શુદ્ધિનું કથન હોય છે. અણિમા, મહિમા વગેરે નામની વિક્રિયા છે. આ વિક્રિયારૂપ પ્રયોજન સિદ્ધ કરનાર શરીર વૈક્રિય છે. એના નિર્માણમાં જે દોષ લાગે છે એનું શુદ્ધીકરણ કરવું તે વૈક્રિય શુદ્ધિ કહેવાય છે (જુઓ, સર્વાર્થસિદ્ધિ ૨/૩૬ તથા તત્ત્વાર્થશ્રુત આગરીયા વૃત્તિ ૨/૩૬). ધવલાની દૃષ્ટિએ આ કથામાં પુણ્યફળનું વર્ણન કરવામાં આવે છે.[૩]

નિર્વેદની કથા પણ ચાર પ્રકારની છે :

(૧) ઇહલોકમાં દુઃચીર્ણ કર્મ આ જ લોકમાં દુઃખમય ફળ આપનારાં બને છે. (૨) ઇહલોકમાં દુઃચીર્ણ કર્મ પરલોકમાં દુઃખમય ફળ આપનારાં બને છે. (૩) પરલોકમાં સુચીર્ણ કર્મ ઇહલોકમાં દુઃખમય ફળ આપનારાં બને છે. (૪) પરલોકમાં દુઃચીર્ણ કર્મ પરલોકમાં જ દુઃખમય ફળ આપનારાં બને છે.

પ્રકારાન્તરે નિર્વેદની કથાના બીજા પણ ચાર પ્રકાર જણાવવામાં આવ્યા છે :

(૧) ઇહલોકમાં કરેલ સુચીર્ણ કર્મ એ જ લોકમાં સુખમય ફળ આપનારાં બને છે. (૨) ઇહલોકમાં (કરેલ) સુચીર્ણ કર્મ પરલોકમાં સુખમય ફળ આપનારાં બને છે. (૩) પરલોકમાં (કરેલ) સુચીર્ણ કર્મ ઇહલોકમાં સુખમય ફળ આપનારાં બને છે. (૪) પરલોકમાં (કરેલ) સુચીર્ણ કર્મ પરલોકમાં સુખમય ફળ આપનારાં બને છે.

નિર્વેદની કથાના સ્થાનાંગમાં આઠ વિકલ્પ આપવામાં આવ્યા છે. આથી એ સ્પષ્ટ થઈ જાય છે કે પુણ્ય અને પાપ એ બન્નેનાં ફળનું કથન આ કથાનો વિષય છે. નિર્વેદની વ્યાખ્યામાં કોઈ ફરક નથી. ધવલાકાર[૪]ની દૃષ્ટિએ આ કથામાં પાપના ફલ અંગે કથન હોય છે.

ઉદ્યોતનસૂરિએ કુવલયમાલામાં કથાના પાંચ પ્રકાર જણાવ્યા છે.[૫] (૧) સકલ કથા (૨) ખંડ કથા (૩) ઉલ્લાપ કથા (૪) પરિહાસ કથા (૫) સંકીર્ણ કથા. જે કથાના અંતે બધા પ્રકારની અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય તે સકલ કથા કહેવાય.[૬] ખંડ કથામાં કથાવસ્તુ અત્યંત ટૂંકું હોય છે. ઉલ્લાપ કથામાં સમુદ્રયાત્રા અથવા સાહસપૂર્વક કરવામાં આવેલા પ્રેમનું નિરૂપણ હોય છે. પરિહાસ કથા હાસ્ય-વ્યંગ્યાત્મક કથા હોય છે. આમાં કથાનાં અન્ય તત્ત્વોનો પ્રાયઃ અભાવ હોય છે. સંકીર્ણ કથાને દશવૈકાલિકનિર્યુક્તિમાં મિશ્ર કથા પણ કહેવામાં આવી છે.[૭] જે કથામાં ધર્મ, અર્થ અને કામ—આ ત્રણ પુરુષાર્થોનું નિરૂપણ હોય તેને સંકીર્ણ અથવા મિશ્ર કથા કહેવાય. આચાર્ય હરિભદ્રે પ્રસ્તુત પરિભાષાનો સ્વીકાર કરતાં લખ્યું છે કે કથાસૂત્રોમાં પરસ્પર તારતમ્ય હોવું જોઈએ. ઉદ્યોતનસૂરિ[૮]નો અભિપ્રાય એવો છે કે

૧. વીરિય વિઉવ્વણિટ્ઠિી નાણુ—ચરણુ—દંસણાણુ તહ ઈટ્ઠી ઉવઇરસઇ ખલુ જહિયં, કહાઇ સંવેપંણીઇ રસો.
—દશવૈકાલિકનિર્યુક્તિ ગાથા ૨૦૦.

૨. સંવેયણી પુણ કહા, ણાણુ ચરિત્ર તવ વીરિય ઈટ્ઠિ ગદા । —મૂલારાધના, ૬૫૭

૩. સંવેવણી નામ પુણ્ય ફળ સંકહા, કાણિ પુણ્ણ ફલાનિ ? તિત્થયર—ગણુહર—રિસિ—ચક્કવટ્ટિ બલદેવ—વાસુદેવ સુર વિજ્જાહરિધ્ધઓ । —ષટ્ખણ્ડાગમ ભાગ ૧, પૃ. ૧૦૫.

૪. ણિવ્વેયવી ણામ પાવ—ફલ સંકહા, કાણિ પાવ—ફલાણિ ? ણિરય—તિરિય કુમાણુસ—જોરણીસુ જાઈ જરા—મરણ વાહિ—વેયણા—દાલિદ્દાદીણિ. સંસાર—સરીર—ભોગેસુ—વેરગ્ગુપ્પાઈણી ણિવ્વેયણી ણામ । —ષટ્ખણ્ડાગમ, ભાગ ૧, પૃ. ૧૦૫.

૫. તાઓ પુણ પંચ કહાઓ, તં જહા—સયલકહા, ખંડકહા, ઉલ્લાવ કહા, પરિહાસ કહા તહ સંકિણ્ણ કહા ત્તિ ણાયવ્વા
—કુવલયમાલા, ૪—૫

૬. સમસ્ત ફલાન્તેતિ વૃત્તવર્ણના સમરાદિત્યાદિવત્ સકલ કથા । —કાવ્યાનુશાસન, અધ્યાય ૫. સૂ. ૯—૧૦, પૃ. ૪૬૫

૭. ધમ્મો અત્થો કામો ઉવઇસ્સઇ જન્ત સુત્ત કવ્વેસુ, લોગે વેએ સમયે સા ઉ કહા મીસિયા ણામ ।
—દશવૈકાલિક નિર્યુક્તિ, ગા. ૨૦૬, પૃ. ૨૨૭

૮. સવ્વ—કહા—ગુણ જુત્તા સિંગાર—મણોહરા સુરઈયંગી સવ્વ—કલાગમ—સુહયા સંકિણ્ણ—કહત્તિ ણાયવ્વા ।
—કુવલયમાલા ૪, ૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંકીર્ણ કથામાં કથાના બધા ગુણો વિદ્યમાન હોય છે. આ કથા શૃંગાર કરેલી યુવતીની જેમ મનોહર હોય છે. આ કથામાં પ્રમુખપણે રાજા અથવા વિશિષ્ટ વ્યક્તિઓનાં શૌર્ય, પ્રેમ, ન્યાય, જ્ઞાન, શીલ, વૈરાગ્ય, સમુદ્રયાત્રાનાં સાહસ, આકાશગમન, પર્વતીય પ્રદેશોની વિકટ યાત્રા, સ્વર્ગ–નરકનું વર્ણન, ક્રોધ–માન–માયા–લોભ વગેરેનાં દુષ્પરિણામોનું મનોવૈજ્ઞાનિક ચિત્રણ હોય છે.

ઉદ્યોતનસૂરિએ સંકીર્ણ કથાના ધર્મકથા, અર્થકથા અને કામકથા એવા ત્રણ ભેદ ગણાવ્યા છે, જ્યારે દશવૈકાલિકમાં ચારેને કથાના જ ભેદ (પ્રકાર) માનવામાં આવ્યા છે. અર્થકથા એ છે કે જેમાં માનવની આર્થિક સમસ્યાનું યોગ્ય સમાધાન કરવામાં આવ્યું હોય અને વળી તે સમાધાન આખ્યાન, દૃષ્ટાન્ત દ્વારા અભિવ્યક્ત પણ થયેલું હોવું જોઈએ.[૧] રાજનૈતિક કથાઓનો સમાવેશ પણ આ કથાની અન્તર્ગત થાય છે. કામકથામાં કેવલ રૂપસૌન્દર્યનું જ વિશ્લેષણ નથી હોતું પણ જાતીય સમસ્યાઓનું પણ વિશ્લેષણ હોય છે. સમાજના પરિશોધનમાં આ કથાઓનો મહત્ત્વપૂર્ણ ફાળો છે.

ધર્મકથામાં જીવોના વખતોવખત ઉદ્‌ભુદ્ધ વિવિધ પરિણામ-ભાવોને ઉદ્‌ઘાટિત કરનારા જીવન-પ્રસંગ તથા ધર્મ, શીલ, સંયમ, તપ આદિ જીવનને ઉજ્જ્વળ કરનાર ઘટનાઓનું નિરૂપણ થયેલું હોય છે.[૨] ઉદ્યોતનસૂરિએ આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની, નિર્વેદની–એમ કથાના ચારેય પ્રકારોનો ધર્મકથા અન્તર્ગત સમાવેશ કર્યો છે.

કથાસાહિત્યમાં ધર્મકથા જીવનનું આમૂલ પરિવર્તન કરનારી શ્રેષ્ઠતમ કથા છે. એટલે જ આગમ સાહિત્યમાં પ્રાપ્ત થતી ધર્મકથાઓના વિવિધ પ્રસંગો પ્રસ્તુત ગ્રંથમાં પ્રથમ વાર સંકલિત–સંપાદિત કરવામાં આવ્યા છે. અમે હવે પછી આ અંગે તુલનાત્મક તેમ જ સમીક્ષાત્મક દૃષ્ટિએ વિચારણા પ્રસ્તુત કરીશું.

કુલકર : એક વિશ્લેષણ

સુદીર્ઘ ભૂતકાલમાં ભગવાન ઋષભદેવના પૂર્વકાલમાં યૌગલિક વ્યવસ્થા ચાલી રહી હતી. આ વ્યવસ્થામાં ન તો કુલ હતું, ન તો વર્ગ હતો કે ન તો જાતિ હતી. આ સમયમાં એક યુગલ જ સર્વ કાંઈ હતું. તે યુગલ સહજ શાંત અને નિર્દોષ જીવન જીવનારું હતું. કાલના પરિવર્તન સાથે આ વ્યવસ્થામાં પણ પરિવર્તન થવાથી જીવન અસ્તવ્યસ્ત થવા લાગ્યું ત્યારે કુલવ્યવસ્થાનો વિકાસ થયો. પ્રસ્તુત વ્યવસ્થામાં લોકો કુલના રૂપમાં સંગઠિત થઈને રહેવા લાગ્યા. પ્રત્યેક કુલનો એક મુખી હતો. તે કુલકર કહેવાતો. સમવાયાંગ[૩] સ્થાનાંગ[૪] ભગવતી[૫]માં સાત કુલકર જણાવવામાં આવ્યા છે. આવશ્યકનિર્યુક્તિ[૬] અને આવશ્યક ચૂર્ણિ[૭]માં પણ આ પ્રમાણે સાત કુલકરનાં નામ પ્રાપ્ત થાય છે. ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર[૮], વસુદેવહિણ્ડી[૯] અને ભરતેશ્વરબાહુબલીવૃત્તિ[૧૦] વગેરે તે પછીના સાહિત્યમાં પણ એનું અનુસરણ થયેલું છે. તે નામ આ પ્રમાણે છે—વિમલવાહન, ચક્ષુષ્માન, યશોમાન, અભિચન્દ્ર, પ્રસેનજિત, મરુદેવ અને નાભિ

આદિ માનવ

જૈન દૃષ્ટિએ કાલચક્રને બે ભાગમાં વિભક્ત કરવામાં આવ્યું છે : ૧. અવસર્પિણી અને ૨. ઉત્સર્પિણી. આ બે ભાગને પણ છ છ ભાગોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. એને જૈન પારિભાષિક શબ્દોમાં 'આરા' કહેવામાં આવ્યા છે. અવસર્પિણી કાલમાં પ્રત્યેક વસ્તુ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ–એ બધી દૃષ્ટિએ ક્ષીણ થતી જાય છે અને ઉત્સર્પિણી કાળમાં વસ્તુનો વર્ણ, ગંધ, રંગ અને સ્પર્શની દૃષ્ટિએ પ્રતિપલ–પ્રતિક્ષણ ઉત્કર્ષ થાય છે. અવસર્પિણી કાલના છ આરા આ પ્રમાણે છે : ૧. સુષમા–સુષમ ૨. સુષમ ૩. સુષમા–દુષમ ૪. દુષમા–સુષમ ૫. દુષમ ૬. દુષમા–દુષમ ઉત્સર્પિણીમાં આનો વ્યુત્ક્રમ થાય છે.

---

૧. સમરાઇચ્ચ કહા, યાકોબી. પૃ. ૨.
૨. સા ઉણ ધમ્મ કહા ણાણા–વિહ–જીવ–પરિણામ–ભાવ–વિભાવણત્થં —કુવલયમાલા ૪, ૨૧
૩. સમવાયાંગ, ૧૫૭
૪. સ્થાનાંગ, ૭૬૭
૫. ભગવતી, ૫,૬,૩
૬. આવશ્યકનિર્યુક્તિ, મલયગિરિવૃત્તિ, ૧૫૨/૧૫૪
૭. આવશ્યકચૂર્ણિ ૧૨૯.
૮. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ૧, ૨, ૧૪૨–૨૦૬
૯. વસુદેવહિણ્ડી, નીલયશાલંબક–સંઘદાસગણિ વિરચિત.
૧૦. ભરતેશ્વરબાહુબલિવૃત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસર્પિણી કાલના પ્રથમ આરામાં સુખનું સામ્રાજ્ય હોય છે. આ કાળમાં માનવનું શરીર વજ્રઋષભનારાચ સંહનન અને સમચતુરસ્ર સંસ્થાનયુક્ત હોય છે. તેઓ સામાજિક, રાજકીય અને આર્થિક બન્ધનોથી મુક્ત હોય છે. તેઓ સ્વયં પોતે જ પોતાના રાજા હોય છે અને તેઓને કોઈ પણ પ્રકારની ચિંતા થતી નથી. તેઓ દિવ્યરૂપ-સમ્પન્ન, સૌમ્ય, મૃદુભાષી, અલ્પ પરિગ્રહી, શાંત, સરળ, ક્રોધ–માન–મદ–મોહ–માત્સર્ય આદિ દુર્ગુણોની અલ્પતાવાળા હોય છે. આ સમયે ઘોડા–ગધેડા, બળદ વગેરે વિવિધ પ્રકારનાં પ્રાણીઓ હોવા છતાં તેઓ એનો ઉપયોગ કરતા ન હતા.

આ માનવના શરીરમાંથી કમલની સમાન અને કસ્તૂરી સમાન સુગંધ આવે છે. તેઓ ઉત્કૃષ્ટ સાહસ કરનારા અને સહજ રીતે શાંત સ્વભાવવાળા હોય છે. છ મહિના બાકી રહે ત્યારે યુગલિની પુત્ર અને પુત્રીના યુગલને જન્મ આપે છે. તેઓનું ઓગણપચાસ (૪૯) દિવસ પર્યન્ત પાલનપોષણ કર્યા પછી એને છીંક અને બગાસું આવે એટલે તે યુગલ-દંપતી સદા માટે પોતાની આંખ મીંચી લે છે.

બીજા આરામાં પ્રથમ આરાની અપેક્ષાએ વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં અનેકગણી હીનતા આવી જાય છે. માનવનું આયુષ્ય ત્રણ પલ્યોપમથી ઘટીને આ આરકમાં બે પલ્યોપમ જેટલું જ રહે છે. પુત્ર–પુત્રીનું પાલન (૬૪) ચોસઠ દિવસ કર્યા પછી યુગલદંપતીનું દેહાવસાન થઈ જાય છે.

ત્રીજા આરામાં બીજા આરાની અપેક્ષાએ અનંતગણી પૂર્વાપેક્ષા અપકર્ષતા થઈ જાય છે. પ્રથમ આરકમાં માનવની ઊંચાઈ ત્રણ કોસ હતી. તે બીજા આરામાં બે ગાઉ(કોસ)ની તથા ત્રીજા આરામાં બે હજાર ધનુષ્ય જેટલી ઊંચાઈ થઈ જાય છે. મૃત્યુ પહેલાં છ મહિના બાકી રહે ત્યારે એક યુગલને જન્મ આપે છે અને તે યુગલનું અગણોએંસી (૭૯) દિવસ પાલનપોષણ કરે છે. આ સમય ભોગભૂમિના રૂપમાં વિશ્રુત છે. ત્રીજા આરાના પ્રથમ અને મધ્ય વિભાગ સુધી આ સ્થિતિ ચાલુ રહી. આ બધામાં કોઈ પણ પ્રકારનું કષ્ટ થતું ન હતું.

ત્રીજા આરાનો એક પલ્યોપમનો આઠમા ભાગનો સમય જ્યારે બાકી રહ્યો તે સમયે ભરતક્ષેત્રમાં કુલકર પેદા થયા.

પઉમચરિય,[૧] મહાપુરાણ,[૨] હરિવંશપુરાણ,[૩] અને સિદ્ધાન્તસંગ્રહ[૪]માં ચૌદ કુલકરોનાં નામ પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે છે : પઉમચરિયમાં, ૧. સુમતિ ૨. પ્રતિશ્રુતિ ૩. સીમંકર ૪. સીમંધર ૫. ક્ષેમંકર ૬. ક્ષેમંધર ૭. વિમલવાહન ૮. ચક્ષુષ્માન ૯. યશસ્વી ૧૦. અભિચન્દ્ર ૧૧. ચન્દ્રાભ ૧૨. પ્રસેનજિત ૧૩. મરુદેવ ૧૪. નાભિ. આચાર્ય જિનસેન સંખ્યાની અપેક્ષાએ ચૌદ કુલકર માને છે, પરંતુ પહેલા પ્રતિશ્રુત, બીજા સન્મતિ, ત્રીજા ક્ષેમકૃત, ચોથા ક્ષેમંધર, પાંચમા સીમંકર, છઠ્ઠા સીમંધર—આ પ્રમાણે ક્રંઈ વ્યુત્ક્રમથી ક્રમ આપે છે. વિમલવાહનની આગળના બન્ને ગ્રંથોમાં (પઉમચરિય અને મહાપુરાણ) નામ સમાનપણે મળે છે. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં આ ચૌદ નામોની સાથે ઋષભનું નામ જોડીને પંદર કુલકર ગણાવવામાં આવ્યા છે. આ પ્રમાણે (સંખ્યાની) અપેક્ષાએ કુલકરોની સંખ્યામાં મતભેદ જણાય છે. ચૌદ કુલકરોમાં પહેલા છ અને અગિયારમા ચન્દ્રાભ સિવાય સાત કુલકરોનાં નામ સ્થાનાંગ આદિ પ્રમાણે જ છે. જે ગ્રંથોમાં છ કુલકરોનાં નામ આપવામાં આવ્યાં નથી, એની પાછળ અમારી દૃષ્ટિએ તેઓ કેવલ પથ-પ્રદર્શક રહ્યા હશે. એમણે દંડ–વ્યવસ્થાનું નિર્માણ કર્યું હતું નહિ, એટલે એમને ગૌણ માનીને ફક્ત સાત જ કુલકરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભગવાન ઋષભદેવ પ્રથમ સમ્રાટ થયા અને એમણે યૌગલિક સ્થિતિની સમાપ્તિ કરી કર્મ-ભૂમિનો પ્રારંભ કર્યો હતો, એટલે એમને કુલકર માન્યા નહીં હોય. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં એમને કુલકર કહ્યા છે. સંભવ છે કે માનવસમૂહના અર્થમાં કુલકર શબ્દનો પ્રયોગ થયો હોય. કેટલાય આચાર્ય આ સંખ્યાભેદને વાચનાભેદ જ માને છે.[૬]

---

૧. પઉમચરિય–૩/૫૦–૫૫

૨. આદ્યઃ પ્રતિશ્રુતિઃ પ્રોક્તઃ, દ્વિતીયઃ સન્મતિર્મત, તૃતીય ક્ષેમકૃન્નામ્ના, ચતુર્થઃ ક્ષેમધૃન્મનુઃ ।।
સીમકૃત્પંચમો જ્ઞેયઃ, ષષ્ઠઃ સીમધૃદિષ્યતે, તતો વિમલવાહાંકશ્ ચક્ષુષ્માનષ્ટમો મતઃ ।
યશસ્વાન્નવમસ્તસ્માન્, નાભિચન્દ્રોઽપ્યનન્તરઃ, ચન્દ્રામોઽસ્માત્પરંજ્ઞેયો, મરુદેવસ્તતઃ પરમ ।।
પ્રસેનજિત્પરં તસ્માન્નાભિ રાજસ્ચતુર્દશઃ ।। –મહાપુરાણ, જિનસેનાચાર્ય ૧, ૩, ૨૨૯–૨૩૨, પૃ. ૬૬

૩. હરિવંશપુરાણમાં મહાપુરાણની જેમ જ ચૌદ કુલકરોનાં નામ ઉપલબ્ધ થાય છે. – હરિવંશપુરાણ, સર્ગ ૭, શ્લોક ૧૨૦–૧૭૦

૪. સિદ્ધાંતસંગ્રહ : પૃષ્ઠ ૧૮

૫. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, વ. ૨, સૂત્ર ૨૯

૬. ઋષભદેવ : એક પરિશીલન, પૃ. ૧૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુલકરના સ્થાને વૈદિક પરંપરાના ગ્રંથોમાં મનુનો ઉલ્લેખ થયો છે. આદિપુરાણુ[૧] અને મહાપુરાણુ[૨]માં કુલકરના બદલે મનુ શબ્દનો પ્રયોગ છે. સ્થાનાંગ વગરેની જેમ મનુસ્મૃતિમાં[૩] પણ સાત મહાતેજસ્વી મનુઓનો ઉલ્લેખ છે. એમનાં નામ આ પ્રમાણે છે: ૧ સ્વયંભુ ૨. સ્વારોચિષ ૩. ઉત્તમ ૪. તામસ ૫. ^વત ૬. ચાક્ષુષ ૭. વૈવસ્વત.

અન્યત્ર ચૌદ મનુનાં નામ પણ પ્રાપ્ત થાય છે.[૪] તે આ પ્રમાણે છે: ૧. સ્વાયમ્ભુવ ૨. સ્વારોચિષ ૩. ઔત્તમિ ૪. તાપસ ૫. રૈવત ૬. ચાક્ષુષ ૭. વૈવસ્વત ૮. સાવર્ણિ ૯. દક્ષ સાવર્ણિ ૧૦. બ્રહ્મ સાવર્ણિ ૧૧. ધર્મ સાવર્ણિ ૧૨. રુદ્ર સાવર્ણિ ૧૩. રૌચ્યદેવ સાવર્ણિ ૧૪. ઇન્દ્ર સાવર્ણિ.

મત્સ્યપુરાણ,[૫] માર્કણ્ડેયપુરાણ, દેવીભાગવત અને વિષ્ણુપુરાણ વગેરે ગ્રંથોમાં પણ સ્વાયમ્ભુવ વગેરે ચૌદ મનુઓનાં નામ પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે છે:

૧. સ્વાયંભુવ ૨. સ્વારોચિષ ૩. ઔત્તમિ. ૪. તાપસ ૫. રૈવત ૬. ચાક્ષુષ ૭. વૈવસ્વત ૮. સાવર્ણિ ૯. રૌચ્ય ૧૦. ભૌત્ય ૧૧. મેરુ સાવર્ણિ ૧૨. ઋભૂ ૧૩. ઋતુધામા ૧૪. વિશ્વકૂસેન.

માર્કણ્ડેયપુરાણુ[૬]માં વૈવસ્વત પછી પાંચમા સાવર્ણિ, રૌચ્ય અને ભૌત્ય વગેરે સાત મનુ બીજા માનવામાં આવ્યા છે.

શ્રીમદ્ ભાગવત[૭]માં ઉપર્યુક્ત સાત જ નામ છે. આઠમા નામથી આગળ પરનાં નામ ભિન્ન છે. તે આ પ્રમાણે છે: ૮. સાવર્ણિ ૯. દક્ષ સાવર્ણિ ૧૦. બ્રહ્મ સાવર્ણિ ૧૧. ધર્મ સાવર્ણિ ૧૨. રુદ્ર સાવર્ણિ ૧૩. દેવ સાવર્ણિ ૧૪. ઇન્દ્ર સાવર્ણિ.

મનુને માનવજાતિના પિતા તથા પથપ્રદર્શક વ્યક્તિ માનવામાં આવ્યા છે. પુરાણો અનુસાર મનુને માનવજાતિના ગુરુ તથા પ્રત્યેક મન્વન્તરમાં **સ્થિત** કહેવામાં આવ્યા છે. તેઓ જાતિનાં કર્તવ્યના જ્ઞાતા હતા. તેઓ મનનશીલ અને મેધાવી વ્યક્તિ હતા. તે વ્યક્તિવિશેષનું નામ નહીં પણ ઉપાધિવાચક નામ હતું. એમ તો મનુ શબ્દનો પ્રયોગ ઋગ્વેદ[૮], અથર્વવેદ[૯], તૈત્તિરીય સંહિતા,[૧૦] શતપથબ્રાહ્મણ[૧૧], જૈમિનીય ઉપનિષદમાં[૧૨] પણ થયો છે ત્યાં મનુને ઐતિહાસિક વ્યક્તિ માનવામાં આવ્યા છે. ભગવદ્ગીતા[૧૩]માં પણ મનુઓનો ઉલ્લેખ છે. ચતુર્દશ મનુઓનો કાલપ્રમાણ સહસ્ર યુગનો માનવામાં આવ્યો છે.[૧૪]

આગમ-સાહિત્યમાં જે સ્થાને કુલકરોનાં નામનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે સ્થાને એના વ્યાખ્યાસાહિત્યમાં અને સ્વતંત્ર ગ્રંથોમાં એ સમયની પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. અમે અહીં કોઈ વધુ વિસ્તાર ન કરતાં

---

૧. આદિપુરાણુ ૩, ૧૫

૨. મહાપુરાણુ, ૩, ૨૨૯, પૃ. ૬૬

૩. સ્વાયમ્ભુવસ્યાસ્ય મનોઃ ષડ્વસ્યા મનવોઽપરે । સૃષ્ટવન્તઃ પ્રજા સ્વાઃ સ્વાઃ મહાત્મનો મહૌજસ ।।
સ્યારોચિષશ્ચોત્તમશ્ચ તામસો રૈવતસ્તથા । ચાક્ષુષશ્ચ મહાતેજા વિવિસ્વત્સુત એવ ચ ।।
સ્વાયમ્ભૂવાદ્યાઃ સપ્તૈતે, મનવો ભૂરિ તૈજસઃ । સ્વે સ્વે અન્તરે સર્વં મિદમુત્પાદ્યાપુસ્ચરાચરમ્ ।। —મનુસ્મૃતિ ૧/૬૧-૬૩

૪. (ક) મોન્યેર-મોન્યેર વિલિયમ : સંસ્કૃત-ઇંગ્લિશ ડિકશનરી, પૃ. ૭૮૪. (ખ) રઘુવંશ ૨/૧૧

૫. મત્સ્યપુરાણુ, અધ્યાય ૯થી ૨૧

૬. માર્કણ્ડેયપુરાણુ

૭. શ્રીમદ્ ભાગવત્ ૮/૫ અ.

૮. ઋગ્વેદ ૧. ૮૦, ૧૬; ૮, ૬૩, ૧ : ૧૦, ૧૦૦, ૫

૯. અથર્વવેદ, ૧૪, ૨, ૪૧

૧૦. તૈત્તિરીયસંહિતા, ૧, ૫, ૧, ૩; ૭, ૫, ૧૫, ૩; ૬, ૭, ૧; ૩, ૩, ૨, ૧; ૫, ૪, ૧૦, ૫; ૬, ૬, ૧; કા.સં. ૮૧૫

૧૧. શતપથબ્રાહ્મણ, ૧, ૧, ૪, ૧૪

૧૨. જૈમિનીય ઉપનિષદ, ૩, ૧૫, ૨

૧૩. ભગવતગીતા, ૧૦, ૬

૧૪. (ક) ભાગવત, સ્કન્ધ ૮. અધ્યાય ૧૪
(ખ) હિન્દી વિશ્વકોષ, ૧૬ મો ભાગ, પૃ. ૬૪૮ થી ૬૫૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંક્ષિપ્ત જ પતિવૃષભે તિલોયપણ્ણત્તિ[1] ગ્રંથના આધારે આ અંગેનું વર્ણન કર્યું છે તે અત્રે આપીએ છીએ, જેનાથી તે અંગે જાણકારી થાય.

સર્વપ્રથમ માનવોએ અનંત આકાશમાં ચંદ્ર અને સૂર્યને જોયા, તો બીકથી ધ્રૂજી ઊઠયા. તેઓ એમ વિચારવા લાગ્યા કે આપત્તિઓનાં ઘનઘોર વાદળો ઘેરાવા લાગ્યાં છે. આ ભયભીત માનવોને 'પ્રતિશ્રુત' નામના પ્રથમ કુલકરે શાંત કરતાં કહ્યું : 'આ ચંદ્ર અને સૂર્ય કંઈ નવા ઉદય પામ્યા નથી. તેઓ તો દરરોજ આ પ્રમાણે ઉદય અને અસ્ત પામે છે. પરંતુ તેજાંગ જાતિનાં અત્યંત પ્રકાશવાન કલ્પવૃક્ષોના કારણે આપણે તેને અત્યાર સુધી જોઈ શકતા ન હતા. પણ હવે તેજાંગ નામનાં કલ્પવૃક્ષોનો દિવ્ય આલોક મંદ પડવા માંડયો છે, એટલે આપણને ચંદ્ર-સૂર્ય દેખાવા લાગ્યા છે. એટલે ભયભીત થવાની જરૂર નથી. જન-માનસના ભયને નષ્ટ કર્યો તેથી તે કુલકર કહેવાયા.

પ્રતિશ્રુત કુલકરના અવસાન બાદ તેજાંગ નામનાં કલ્પવૃક્ષો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયાં જેથી ભયંકર અંધકાર ફેલાવા લાગ્યો અને અંધકાર થવાને કારણે આકાશમંડળમાં અસંખ્ય તારાઓ ઝગમગતા દેખાવા લાગ્યા. માનવોએ, જ્યારે સર્વપ્રથમ તારાઓ જોયા ત્યારે ભાવી આશંકાઓથી એમનાં હૃદયો કંપી ઊઠયાં. 'સન્મતિ' નામના કુલકરે તે માનવોને શાંત પાડતાં કહ્યું : 'આપ ભયભીત થાઓ નહીં, તેજાંગ નામનાં કલ્પવૃક્ષો નાશ પામ્યાં હોવાથી રાત્રિમાં અંધકારનું સામ્રાજ્ય થવાથી તારામંડળ દેખાવા લાગ્યાં છે. તેઓ આ પહેલાં પણ હતાં. પ્રકાશ હોવાને કારણે તે દેખાતાં ન હતાં.' સન્મતિના કહેવાથી લોકોમાં હિંમત આવી અને તેઓ કુલકરરૂપે ખ્યાત થયા.

સમય પ્રસાર થઈ રહ્યો હતો અને એના પ્રભાવથી પરિવર્તન થઈ રહ્યું હતું. પહેલાં પણ જંગલોમાં વાઘ વગેરે પશુઓ હતાં પરંતુ તેઓમાં ક્રૂરતા નહોતી, તેઓ સૌમ્ય સ્વભાવનાં હતાં. પણ સમય પસાર થતાંની સાથે એમનામાં ક્રૂરતા જન્મી અને તેઓ માનવોને હેરાન કરવા લાગ્યાં. ક્ષેમંકરે માનવોને જણાવ્યું :-'તે પશુઓનો વિશ્વાસ ન કરો. તથા તમે સમૂહ બનાવીને રહો, જેનાથી તેઓ તમારા લોકોને કષ્ટ આપી શકશે નહીં.' આમ કહેવાને કારણે તે ત્રીજા કુલકરના રૂપમાં પ્રસિદ્ધ થયા.

ચોથા કુલકર 'ક્ષમંધરે' જ્યારે પશુ વધુ ક્રૂર બનીને માનવ-સમૂહ પર હુમલા કરવા લાગ્યાં ત્યારે તેમણે તેઓને કહ્યું : 'પશુઓથી બચવા માટે દંડ વગેરે તમારી પાસે રાખો, જેથી તેઓ એકાએક આક્રમણ ન કરી શકે.' આમ કહેવાને કારણે તેઓ કુલકર કહેવાયા.

પાંચમા કુલકર 'સીમંકર'ના કાળમાં કલ્પવૃક્ષો અલ્પ પ્રમાણમાં ફળ આપવા લાગ્યાં. જેથી બધા માનવોનું પોષણ થઈ શકતું ન હતું. તેઓ એકબીજાના વૃક્ષ પર પોતાનું સ્વામીત્વ સ્થાપિત કરવાનો પ્રયાસ કરવા લાગ્યા. સીમંકરે કહ્યું : 'આ પ્રમાણે સંઘર્ષ કરવાથી કોઈ સમાધાન થશે નહીં. સમાધાન માટેનો સાચો ઉપાય એ છે કે સીમા નિર્ધારિત કરી લો.' સીમા નિર્ધારણ કરવાથી સંઘર્ષનો અંત આવ્યો અને તેઓ કુલકરરૂપે વિખ્યાત થયા.

આ પાંચ કુલકરોએ ભોગયુગ સમાપ્ત થયો ત્યાં સુધી અને કર્મયુગના આગમનની પૂર્વે સૂચના આપી પોતાના યુગના માનવોને તદનુકૂલ જીવન વિતાવવાની પ્રેરણા આપી. જે કોઈ વ્યક્તિ નીતિનું ઉલ્લંઘન કરતી તો તેઓ 'હા, તમે આ કામ કર્યું' એવી 'હાકાર' નીતિ અપનાવતા જેથી અપરાધી પાણીપાણી થઈ જતો. એને પોતાના ભૂલનો ખ્યાલ આવતો.

છઠ્ઠા કુલકર 'સીમંધરે' જ્યારે કલ્પવૃક્ષોના સ્વામીત્વ અંગે પરસ્પર સંઘર્ષ થવા લાગ્યો ત્યારે વૃક્ષો પર ચિહ્ન કરવાનું જણાવી તે સંઘર્ષનો અંત આણ્યો. એટલે તેઓ કુલકર કહેવાયા.

સાતમા કુલકરનું નામ 'વિમલવાહન' છે. 'આવશ્યકનિર્યુક્તિ'[2] અને 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'[3]માં વિમલવાહન અંગે એક પ્રસંગ આ પ્રમાણે છે : એક વાર એક યુગલ વનમાં આમતેમ પરિભ્રમણ કરતું હતું, એટલામાં એક વિરાટ-કાય શ્વેત હાથી એમની સામે આવીને ઊભો. આ યુગલે એને ખૂબ સ્નેહપૂર્વક નિહાળ્યો. આમ નિહાળવાથી તે હાથીને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું કે અમે બે પૂર્વભવમાં પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં ઘનિષ્ઠ મિત્ર હતા. તે સરલ પ્રકૃતિ-વાળો હતો, એટલે તે માનવ બન્યો અને હું અત્યંત માયાવી હોવાને કારણે પશુયોનિમાં ઉત્પન્ન થયો. એણે પોતાની

૧. તિલોયપણ્ણત્તિ મહાધિકાર, ગાથા ૪૨૧-૫૦૯
૨. આવશ્યકનિર્યુક્તિ, પૃ. ૧૫૩
૩. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ૧, ૨, ૧૪૨-૧૪૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂંઢથી તે દંપતીયુગલને આલિંગન કર્યું અને તેમને ઉઠાવીને પોતાની પીઠ પર બેસાડ્યું; અન્ય યુગલોએ જ્યારે તેઓને વાહનારૂઢ જોયું ત્યારે તેમને અત્યંત આશ્ચર્ય થયું, કેમકે એમના પૂર્વે કોઈ પણ વ્યક્તિ વાહન પર બેઠી ન હતી. તેઓએ વિચાર્યું : 'આ માનવ અમારા બધાથી અધિક શક્તિશાળી છે.' એટલે એને પોતાનો નાયક બનાવ્યો અને એટલે તે કુલકર રૂપમાં પ્રસિદ્ધ થયો. ઉજ્જ્વલ કાંતિયુક્ત હાથી પર આરૂઢ થવાથી તે વિમલવાહન નામથી ઓળખાવા લાગ્યો. એનું અનુસરણ કરી અન્ય વ્યક્તિઓએ પણ પશુઓને પાળવાનો પ્રારંભ કર્યો.

તિલોયપણત્તિ અનુસાર આઠમા 'ચક્ષુષ્માન' કુલકરના સમયમાં યુગલોએ પોતાનાં સંતાનોને જોયાં. તેઓ સંતાનોને જોઈને ભયભીત થયાં. ચક્ષુષ્માને તેઓને સમજાવ્યાં કે, ભયભીત થવાની કોઈ આવશ્યકતા નથી. આ તમારાં સંતાન છે. તેઓ પોતાનાં સંતાનનાં મુખ જોવા લાગ્યાં અને મુખ જોવા સાથે જ પરલોકવાસી થવા લાગ્યાં.

નવમા 'યશસ્વી' કુલકરે પોતાનાં સંતાનનો નામકરણ–મહોત્સવ કરવાનું શિક્ષણ આપ્યું, કેમકે હવે સંતાનને જોવાની સાથે જ માતાપિતા તે સમયે પરલોકવાસી નહતાં થતાં, એટલે આ નામસંસ્કરણનો પ્રારંભ થયો.

દશમા કુલકર 'અભિચન્દ્રે' કુલોની સુવ્યવસ્થા સાથે જ બાળકોનાં રુદન રોકવા માટે એમને ખવડાવવા–પિવડાવવાની વિધિ બતાવી. તદનુસાર યુગલ પોતાનાં બાળકોને ખવડાવવા–પિવડાવવા લાગ્યાં, એમનું પાલનપોષણ કરવા લાગ્યાં. કેટલાક દિવસો પાલણપોષણ કર્યા પછી તે યુગલદંપતિ સદા માટે આંખમીંચી લેતું હતું.

છઠ્ઠાથી દશમા કુલકર પર્યન્ત 'હાકાર' અને 'માકાર'એ બન્ને નીતિઓ પ્રચલિત રહી હતી. 'હા' ! તેં આ શું કર્યું ? '(આમ) ન કર'. આ બન્ને શબ્દો દંડપ્રહારની માફક માનવને આઘાત કરતા હોય એવા લાગતા હતા.

અગિયારમા 'ચન્દ્રાભ' કુલકરના સમયમાં ઋતુઓમાં પણ પરિવર્તન થવા લાગ્યું. પહેલાં ઋતુ ખૂબ સુંદર હતી. ન તો અતિ ઠંડી હતી કે ન તો અતિ ગરમી હતી અને ન તો અતિ વર્ષા થતી હતી. પરંતુ હવે પ્રકૃતિમાં પરિવર્તન આવી ગયું હતું, એટલે ઠંડી અને ગરમીમાં વધારો થઈ ગયો હતો. કુહરને કારણે સૂર્યનો ઝળઝળતો તાપ માનવને મળતો ન હતો, એટલે તે ઠુંઠવાઈ જવા લાગ્યા. ચન્દ્રાભે જણાવ્યું કે ઠંડી અને તુષાર સૂર્યનાં કિરણોથી નષ્ટ થશે. આ જાણી લોકોએ શાંતિનો અનુભવ કર્યો.

બારમા કુલકર 'મરુદેવ'ના સમયે આકાશમાં ગડગડાટ સાથે વાદળોની ઘટાઓ ઉભરાવા લાગી. વીજળીઓ ચમકવા લાગી અને હબરો ધારા દ્વારા પાણી વરસવા લાગ્યું. કલકલ–ખળખળ કરતી નદીઓ વહેવા લાગી. આ દૃશ્ય જોઈ માનવો ભયભીત થઈ ગયા. મરુદેવે કહ્યું : 'હવે જલદીથી કર્મયુગનો પ્રારંભ થશે. તમે ભયભીત ન થાઓ. નૌકાઓ બનાવીને નદીઓ પાર કરો. છત્રા બનાવી વર્ષાથી અને ગરમીથી તમે તમારી જાતને બચાવો. પગથિયાં બનાવીને પહાડ પર ચઢો.' આ પ્રમાણે ઉપાય બતાવાને કારણે મરુદેવ કુલકર કહેવાયા.

તેરમા કુલકર 'પ્રસેનજિત'ના સમયમાં જરાયુથી વેષ્ટિત યુગલ બાળકોને જોઈને તેઓ ખૂબ ભયભીત થયા. એમણે કહ્યું : 'જરાયુને દૂર કરો અને બાળકોનું યોગ્ય રૂપમાં પાલન કરો.' આ પ્રમાણે શિક્ષણ આપવાને કારણે પ્રસેનજિત કુલકર કહેવાયા.[૧]

ચૌદમા કુલકર 'નાભિ'ના સમયે બાળકોના નાભિ-નાલ ખૂબ મોટા થવા લાગ્યા. નાભિએ લોકોને કહ્યું : 'એને કાપી નાખો.' આ સમયપર્યન્ત પ્રાયઃ કલ્પવૃક્ષ નષ્ટ થઈ ગયાં હતાં. જુદાં જુદાં ધાન્ય અને મધુર ફળો જંગલોમાં ઉત્પન્ન થઈ રહ્યાં હતાં. નાભિએ ફળો અને તે ધન્યાદિને ખાવાની સલાહ આપી, જેથી યુગલિકોને શાંતિ પ્રાપ્ત થઈ. એટલે નાભિ કુલકરના રૂપમાં પ્રખ્યાત થયા.

જન–સાધારણમાં ક્રમશઃ ધૃષ્ટતા વધતી જતી હતી 'માકાર નીતિ' અસફલ થઈ ગઈ હતી, એટલે અગિયારમાથી ચૌદમા કુલકર પર્યન્ત 'ધિક્કાર' નીતિનું પ્રચલન થયું. આ નીતિ અનુસાર 'તને ધિક્કાર છે, આવું કાર્ય કર્યું ?' આ પ્રમાણે તિરસ્કારસૂચક શબ્દ સાંભળીને મૃત્યુદંડથી પણ વિશેષ તે પોતાની જાતને દંડિત થયેલો માનવા લાગ્યો હતો. આ યુગમાં જઘન્ય અપરાધને માટે ખેદ; મધ્યમ અપરાધને માટે નિષેધ અને ઉત્કૃષ્ટ અપરાધને માટે તિરસ્કાર મુખ્ય દંડ હતા.

મહાપુરાણમાં જિનસેને જણાવ્યું છે : આ ચૌદેય કુલકર પૂર્વભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉચ્ચ કુલીન મહાપુરુષ હતા. એમાંથી કેટલાક કુલકરો જાતિસ્મરણના ધારક હતા અને કેટલાક અવધિજ્ઞાનના ધારક હતા. એટલે એમણે પોતાના જ્ઞાનના બળે ઉપર્યુક્ત કાર્ય કરવાના આદેશ આપ્યા હતા.

૧. જુઓ : જૈન ધર્મનો મૌલિક ઈતિહાસ, પૃ. ૮૪૨. બીજી આવૃત્તિ, આચાર્ય હસ્તીમલ મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા બધા કુલકરો કરતાં નાભિ વધુ પ્રતિભાસંપન્ન હતા. શ્રીમદ્ ભાગવતકારે એમને મનુ સ્વાયમ્ભુવના પુત્ર પ્રિયવ્રત અને પ્રિયવ્રતના પુત્ર આગ્નીંધ્ર તથા આગ્નીંધ્રના નવ પુત્રોમાંના સૌથી મોટા પુત્ર માન્યા છે.[૧] નાભિરાયે પોતાના વિશિષ્ટ જ્ઞાનથી જે પણ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો તેનું નિરાકરણ કર્યું. તે જનસામાન્યના ત્રાણકર્તા હતા, એટલે એમને ક્ષત્રિય કહેવામાં આવ્યા છે. આગળ જતાં ક્ષત્રિય શબ્દ નાભિના અર્થમાં જ રૂઢ થઈ ગયો. અમરકોશકારે 'ક્ષત્રિયે નાભિઃ' એમ લખ્યું છે.[૨] 'અભિધાનચિંતામણિ'માં પણ આચાર્ય હેમચન્દ્ર 'નાભિશ્ચ ક્ષત્રિયે' એમ નોંધ્યું છે.[૩] 'મેદનીકોશ'માં નોંધવામાં આવ્યું છે કે ચક્રના મધ્ય ભાગમાં જેવી રીતે નાભિ મુખ્ય હોય છે તેવી જ રીતે ક્ષત્રિય રાજ્યમાં નાભિ મુખ્ય હતા.[૪]

આચાર્ય જિનસેને તો નાભિના ગુણોની પ્રશંસા કરતાં નોંધ્યું છે : 'તે ચંદ્રની જેમ અનેક કલાઓના આધાર હતા, સૂર્યની સમાન તેજસ્વી હતા, ઇન્દ્રસમાન વૈભવસંપન્ન હતા તથા કલ્પવૃક્ષની સમાન મનોવાંછિત ફલ પ્રદાન કરનારા હતા.'[૩] અરબીમાં એક શબ્દ 'નબી' છે જેનો અર્થ છે : 'ઈશ્વરનો દૂત,' 'પૈગમ્બર' અને 'રસૂલ'.[૫] આ શબ્દ સંસ્કૃતના નાભિ અને પ્રાકૃતના 'ણાભિ'નું રૂપાંતર છે. તેઓ પોતાના તેજસ્વી વ્યક્તિત્વને કારણે ઈશ્વરના દૂતના રૂપે જનતામાં આદરપાત્ર બન્યા હતા.

નાભિનું અપરનામ 'અજનાભ' પણ મળે છે. એમના નામના આધાર પર આર્યખંડને 'નાભિમંડલ' અથવા 'અજનાભવર્ષ' કહેવામાં આવે છે. સ્કન્દપુરાણમાં 'હિમાદ્રિર્જલધેરન્તર્નાભિખંડમિતિ સ્મૃતમ્' પદ આવે છે.[૬] ડૉ. અવધબિહારીલાલ અવસ્થી લખે છે : 'જંબૂદ્વીપના નવ વર્ષોમાંથી હિમાલય અને સમુદ્રની વચ્ચે આવેલ ભૂખંડને આગ્નીંધ્રના પુત્ર નાભિના નામ પરથી જ નાભિખંડ કહેવામાં આવ્યો છે.[૭] નાભિનું અપરનામ અજનાભિ હતું, જેથી આ ખંડનું નામ 'અજનાભવર્ષ' પડ્યું. આ અંગે ડૉ. વાસુદેવશરણ અગ્રવાલે નોંધ્યું છે : 'સ્વાયમ્ભુવ મનુના પુત્ર પ્રિયવ્રત; પ્રિયવ્રતના પુત્ર નાભિ; નાભિના પુત્ર ઋષભ અને ઋષભદેવને સો પુત્ર થયા. જેમાં ભરત સૌથી મોટા હતા. તે નાભિ અજનાભ પણ કહેવાતા હતા, જે અત્યંત પ્રતાપી હતા અને એમના નામથી જ આ દેશ 'અજનાભવર્ષ' કહેવાતો હતો.[૮] શ્રીમદ્ ભાગવતમાં પણ નોંધવામાં આવ્યું છે : અજનાભ વર્ષ જ આગળ જતાં[૯] 'ભારતવર્ષ' એવી સંજ્ઞાથી પ્રચાર પામ્યો છે.

જૈન આગમોમાં અતીત-ભૂતકાળની ઉત્સર્પિણી અને અતીત-ભૂતકાળની અવસર્પિણીના કુલકરોનો ઉલ્લેખ થયેલો છે. સ્થાનાંગમાં અતીત ઉત્સર્પિણીના દશ કુલકર જણાવામાં આવ્યા છે. તેઓનાં નામ : ૧. સ્વયંજલ ૨. શતાયુ ૩. અનંતસેન ૪. અમિતસેન ૫. તર્કસેન ૬. ભીમસેન ૭. મહાભીમસેન ૮. દૃઢરથ ૯. દશરથ ૧૦ શતરથ. જ્યારે સમવાયાંગમાં અતીત ઉત્સર્પિણીના ફક્ત સાત જ કુલકરની ગણના થઈ છે, જે આ પ્રમાણે છે : ૧. મિત્રદામા ૨. સુદામા ૩. સુપાર્શ્વ ૪. સ્વયંપ્રભ ૫. વિમલઘોષ ૬. સુઘોષ ૭. મહાઘોષ. બન્ને આગમોમાં કુલકરોનાં નામ તદ્દન જુદાં જ છે.

સમવાયાંગમાં અતીત અવસર્પિણીના દશ કુલકરોનાં નામ આ પ્રમાણે છે : ૧. સ્વયંજલ ૨. શતાયુ ૩. અજિતસેન અનંતસેન ૫. કાર્યસેન ૬. ભીમસેન ૭. મહાભીમસેન ૮. દૃઢરથ ૯. દશરથ અને ૧૦. શતરથ. આ નામોમાંથી જો આપણે

---

૧. પ્રિયવતો નામ સુતો મનોઃ સ્વાયમ્ભુવસ્ય વ ।
તસ્યાગ્નીંધ્રસ્તતો નાભિઃ ઋષભસ્તત્સુતઃ સ્મૃતઃ ॥
—ભાગવતપુરાણ, ૧૧, ૨, ૧૫

૨. અમરકોશ, ૩, ૫, ૨૦.

૩. અભિધાન ચિંતામણિ, ૧,૩૬ નાભિર્મુખ્ય નૃપે ચક્રમધ્યક્ષત્રિયેઽપિ । —મેદનીકોશ, ભ. વર્ગ ૫,

૪. શશીવ સ કલાધારઃ તેજસ્વીભાનુમાનિવ ।
પ્રભુ શક્ર ઇવામીષ્ટફલદઃ કલ્પશાખિવત્ ॥ —મહાપુરાણ, ૧૨, ૧૧.

૫. 'ઉર્દૂ-હિન્દીકોશ' સં.-રામચન્દ્ર વર્મા, પ્રકા. હિન્દી ગ્રંથરત્નાકર કાર્યાલય, મુંબઈ, ચોથી આવૃત્તિ, ઑગસ્ટ ૧૯૫૩. પૃ. ૨૨૪.

૬. સ્કન્દપુરાણ-૧,૨, ૩૭-૫૫.

૭. પ્રાચીન ભારતકા ભૌગોલિક સ્વરૂપ, પ્રકા. કૈલાશ, લખનઉ, સન ૧૯૬૪ પૃ. ૧૨૩ પરિશિષ્ટ-૨.

૮. માર્કંડેયપુરાણઃ સાંસ્કૃતિક અધ્યયન-ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ, પાદટિપ્પણ સં. ૧. પૃ. ૧૩૮.

૯. અજનાભં નામૈતદ્વર્ષં ભારતમિતિ યત્ આરભ્ય વ્યપદિશન્તિ । —શ્રીમદ્ ભાગવત્ ૫/૭/૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'અજિતસેન' અને કાર્યસેન' એ નામ પડતાં મૂકાએ તો અન્ય બધાં નામો એકસરખાં છે. અમારી દૃષ્ટિથી સ્થાનાંગમાં ઉત્સર્પિણીના સ્થાને અવસર્પિણી પાઠ હોત તો તે વધુ યોગ્ય ગણાત, કેમકે સ્થાનાંગમાં સાતમા સ્થાનમાં ઉત્સર્પિણીના સાત કુલકર નોંધવામાં આવ્યા છે, જેમનાં નામ આ પ્રમાણે છે : ૧. મિત્રવાહન ૨. સુભૂમ ૩. સુપ્રભ ૪. સ્વયંપ્રભ ૫. દત્ત ૬. સૂક્ષ્મ ૭. સુબંધુ. જે દશ કુલકરોનાં નામ પહેલાં જણાવવામાં આવ્યાં છે તેનાથી આ જુદાં છે. અને આ સાતેય નામો સમવાયાંગમાં પણ મળે છે. એટલે આ નામ અતીત અવસર્પિણીનાં જ ગણવાં જોઈએ. સમવયાંગની સાથે સરખાવતાં જે બે નામમાં ભેદ છે તે આમારી દૃષ્ટિએ વાચનાભેદ હોઈ શકે.

કલ્પવૃક્ષ : એક અનુચિંતન

પ્રસ્તુત વિભાગમાં સાત પ્રકારનાં વૃક્ષોનો પણ ઉલ્લેખ છે. માનવનો વૃક્ષો સાથે અત્યંત મધુર સંબંધ રહ્યો છે. એની સર્વ અપેક્ષાઓ વૃક્ષો દ્વારા પૂર્ણ થાય છે. એટલે તે ખાતર અને પાણી વડે એનું પોષણ કરતો રહ્યો છે. કવિ કુલગુરુ કાલિદાસે 'અભિજ્ઞાન શાકુન્તલ'માં શકુન્તલાનો વૃક્ષો પર સહોદર જેવો પ્રેમ હોવાનું દર્શાવ્યું છે.[૧]

યૌગલિક યુગમાં માનવની ઇચ્છાઓ અલ્પ હતી. એમની ભૂખતરસનું શમન; વસ્ત્ર, પાત્ર, મકાન વગેરેની પૂર્તિ વૃક્ષો વડે જ થતી હતી. આ વૃક્ષોને જૈન આગમ સાહિત્યમાં 'કલ્પવૃક્ષ' કહેવામાં આવ્યાં છે. આ કલ્પ શબ્દ અનેકાર્થક છે. સામર્થ્ય, વર્ણન કરવું, છેદ કરવું, ઔપમ્ય અને અધિવાસ વગેરે વિવિધ અર્થ કલ્પ શબ્દના છે, પણ અહીં સામર્થ્યના અર્થમાં પ્રયોગ થયો હોય તે ઉચિત જણાય છે. જે વૃક્ષ વિવિધ પ્રકારનાં ફળ આપવામાં સમર્થ હોય તે 'કલ્પવૃક્ષ' છે. નાલંદા હિન્દી શબ્દકોશમાં સ્વર્ણના વૃક્ષનું નામ 'કલ્પતરુ' નોંધ્યું છે. એ સંભવિત છે કે તે 'કલ્પવૃક્ષ' જ હોય. આ વૃક્ષને દેવલોકનું વૃક્ષ માનવામાં આવ્યું છે. કલ્પના અનુસાર ફલપ્રદાન કરવાને કારણે તે વૃક્ષ 'કલ્પવૃક્ષ' નામથી પ્રખ્યાત થયું છે.

કેટલાય લોકોમાં એવો ભ્રમ છે કે એક જ પ્રકારનું વૃક્ષ બધી આવશ્યકતાની પૂર્તિ કરતું હતું. જે વ્યક્તિને જે વસ્તુની આવશ્યકતા થતી તે તે વૃક્ષ નીચે પહોંચી જતો અને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરીને આનંદિત થતો. તો કેટલાય ચિંતકોનું એમ માનવું છે કે આ વૃક્ષોના અધિષ્ઠાતા દેવવિશેષ હતા. જે તેઓની ઇચ્છાની પૂર્તિ કરતા હતા. પણ આ કથન પણ તર્કસંગત નથી, કેમકે સ્થાનાંગસૂત્રના[૨] સાતમા સ્થાનમાં સાત પ્રકારનાં કલ્પવૃક્ષોનો ઉલ્લેખ છે. જ્યારે સ્થાનાંગના[૩] દશમા સ્થાનમાં દશ પ્રકારનાં કલ્પવૃક્ષોનું વર્ણન છે. સમવાયાંગ[૪] અને પ્રવચનસારોદ્ધાર[૫]માં પણ દશ પ્રકારનાં કલ્પવૃક્ષ દર્શાવવામાં આવ્યાં છે. આ બધાં વૃક્ષ પોતપોતાની અપેક્ષાઓની પૂર્તિ કરતાં હતાં. આ પરથી એ સ્પષ્ટ છે કે બધાં વૃક્ષોનું પોતપોતાનું સ્વતંત્ર સ્થાન હતું અને તે પોતપોતાની મર્યાદામાં રહીને કામ કરતાં હતાં.

સ્થાનાંગમાં જે સાત પ્રકારનાં વૃક્ષો દર્શાવવામાં આવ્યાં છે તે 'વિમલવાહન' કુલકરના સમયનાં છે. આ વૃક્ષોમાં દીપ, જ્યોતિષ્ક અને ત્રુટિતાંગ વૃક્ષોના નામનો ઉલ્લેખ નથી. સંભવ છે કે, આ સમયે અથવા આ ક્ષેત્રમાં વાદ્ય તથા પ્રકાશ આપનારાં વૃક્ષોનો અભાવ હશે. જીવાભિગમસૂત્રમાં[૬] આ કલ્પવૃક્ષ ઐકારુક દ્વીપમાં હોવાનું જણાવ્યું છે. તે દસ પ્રકારનાં કલ્પવૃક્ષોનાં નામ આ પ્રમાણે છે :

(૧) મત્તાંગક—સ્વાદિષ્ટ પીણાની પૂર્તિ કરનારાં
(૨) ભૃત્તાંગ—અનેક પ્રકારના ભોજનની પૂર્તિ કરનારાં
(૩) તૂર્યાંગ—વાદ્યોની પૂર્તિ કરનારાં
(૪) દીપાંગ—સૂર્યના અભાવમાં દીપક સમાન પ્રકાશ આપનારાં
(૫) જ્યોતિરંગ—સૂર્ય અને ચંદ્રની જેમ પ્રકાશ આપનારાં

---

૧. અભિજ્ઞાન શાકુન્તલ, અધ્યાય ૧. પૃ. ૧૩.
૨. વિમલવાહણે णं કુલગરે सत्तविधा रुक्खा भुवभोगत्ताते हव्वमागच्छित्सु तं जहा—मतंगताय भिगा त्तित्तंगा चेव चित्तरसा होंति मणियंगा या अणियणा सत्तमगा कप्परुक्खाय ॥ —ઠાણાંગ સ્થાન, ૭ સૂત્ર ૬૮૮.
૩. સ્થાનાંગ ઠા. ૧૦.
૪. સમવાયાંગ સમવાય ૧૦.
૫. પ્રવચનસારોધ્ધાર, દ્વાર ૧૨૧.
૬. જીવાભિગમ, પા. ૩૪૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) ચિત્રાંગ—વિચિત્ર પુષ્પ (માલા) આપનારાં
(૭) ચિત્રરસાંગ—વિવિધ પ્રકારનાં ભોજન આપનારાં
(૮) મણ્યંગ—મણિ, રત્ન વગેરે આભૂષણ આપનારાં
(૯) ગૃહાકાર—ઘર જેવાં સ્થાન—નિવાસ આપનારાં

આ કલ્પવૃક્ષ માનવની આવશ્યકતાઓની પૂર્તિ કરતાં હતાં. 'મત્તાંગક' વૃક્ષથી ચન્દ્રપ્રભા, મનઃશીલ, સિંધુવારુણી વગેરે વિશેષ પ્રકારના પૌષ્ટિક પદાર્થોયુક્ત એવું પીણું ઉત્પન્ન થતું હતું, કે જેને પીને યૌગલિકોમાં અભિનવ સ્ફૂર્તિનો સંચાર થતો હતો. થોડા થોડા સમયે એમનામાંથી સ્વતઃસ્રાવ થતો હતો, જેના ઉપયોગથી યૌગલિક પૂર્ણ સ્વસ્થ રહેતા હતા. આ વૃક્ષ તે સમયે સહજરૂપે ઉત્પન્ન થતાં હતાં. એનો નિર્માતા કોઈ ઈશ્વર વગેરે ન હતો. તે વૃક્ષ સ્વતઃ જ સમય થતાં પાકતાં હતાં અને સમય આવે એમાંથી સ્વતઃ સ્રાવ ઝરવા લાગતો. એનો ઉપયોગ કરી માનવ પૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરતા હતા.[૧]

'ભૃત્તાંગ' નામના વૃક્ષમાંથી સહજપણે એમને પાત્ર મળી જતાં હતાં. આજે જે પ્રકારનાં પાત્રોનું પ્રચલન છે, એ પ્રકારનાં પાત્ર યૌગલિક કાલમાં ન હતાં. ભૃત્તાંગ નામના વૃક્ષનાં પાંદડાં અને ડાળીઓ વર્તનાકાર હતી અથવા એના પાંદડાને સહજપણે આકાર આપી શકાતો હતો. જીવાભિગમ[૨] સૂત્રમાં ઉલ્લેખ છે કે તે વૃક્ષ ઘટ, કલશ, કરકરી (ભાજન પીત્તળનું), પાદ કાંચનિકા (પગનું પ્રક્ષાલન કરવા માટેનું સુવર્ણપાત્ર) ઉદક (પાણી લેવા માટેનું પાત્ર), ભૃંગાર (લોટા) સરક, (વાંસનાં પાત્ર) તથા મણિરત્નોની રેખાઓથી ખચિત તથા વિવિધ પ્રકારનાં પત્ર અને ફૂલોના રૂપે પાત્રપ્રદાન કરતાં હતાં.

જ્યારે માનવ કામ કરતાં કરતાં થાકી જાય છે ત્યારે તે મનોરંજનની સામગ્રીની શોધ કરે છે. નૃત્ય, વાદ્ય વગેરે મનોરંજનનાં પ્રમુખ સાધન છે. પ્રાગ્—ઐતિહાસિક કાળમાં મનોરંજનસાધનોમાં વાદ્યિંત્રનું અગ્ર સ્થાન હતું. તે વાદ્યિંત્ર કૃત્રિમ નહીં પરંતુ સ્વતઃ નિર્મિત હતું. આ વાદ્યિંત્રોમાં મૃદંગ, પણવ, દર્દરક, કરટી, ડિમડિમ, ઢક્કા, મૂરજ, શંખિકા, વિપંચી, મહતી, તલતાલ, કંસતાલ વગેરે વાદ્ય મુખ્ય હતાં. તૂર્યા નામના વૃક્ષસમૂહમાંથી સ્વતઃ તત્ત, વિતત, ઘન, સુખિર વગેરે વિવિધ પ્રકારના સ્વર પ્રસ્ફુરિત થતા હતા. યૌગલિક માનવ આ વૃક્ષોની સહાયથી મનોરંજન મેળવતા હતા.

પ્રાચીન યુગમાં જ્યારે વિદ્યુત્ શક્તિનો વિકાસ થયો ન હતો, ત્યારે માનવ મસાલોથી અથવા દીપકોથી અંધકારમાં જ્યોતિને પ્રાપ્ત કરતો હતો. યૌગલિક કાળમાં અગ્નિનો અભાવ હતો. એટલે આ સમયે વૃક્ષોમાંથી જ નિર્મલ પ્રકાશ પ્રાપ્ત થતો હતો.[૩] તે વૃક્ષ નિર્ધૂમ અગ્નિની જેમ ચમકતાં હતાં. આ વૃક્ષોનો પ્રકાશ સુવર્ણ, કિંસૂક, અશોક અને જપા વૃક્ષોનાં વિકસિત ફૂલોની માફક અને મણિરત્નોનાં કિરણની જેમ દેદીપ્યમાન હતો. અને જાત્ય હિંગુલના રંગની જેવા સુંદર રંગની જ્યોતિષ્ક નામના વૃક્ષોનો સમૂહ કહેવાતો હતો...અગ્નિની જેમ પ્રકાશમાન હોવાથી ત્યાં અંધકારનો અભાવ રહેતો હતો. શીતકાલમાં પણ તે વૃક્ષ યૌગલિક માનવોને શાંતિ પ્રદાન કરતાં હતાં. તે વૃક્ષ 'દીપાંગ' અને 'જ્યોતિરંગ' રૂપે પ્રખ્યાત હતાં.

યૌગલિક કાળમાં માનવ કૃત્રિમ કલાઓથી પરિચિત ન હતા. પણ તે સમયે કેટલાંક વૃક્ષો ચિત્રમય હતાં. તે ચિત્ર અત્યંત દર્શનીય, રમ્ય અને વિવિધ રંગયુક્ત હતાં. તે વૃક્ષને 'ચિત્રાંગ' નામથી ઓળખવામાં આવતાં હતાં.[૪]

સંસારનું કોઈ પણ પ્રાણી એવું નથી કે જે આહારના અભાવમાં દીર્ઘકાલપર્યંત જીવતું રહી શકે. આહાર જીવનની અનિવાર્ય આવશ્યકતા છે. યૌગલિક યુગમાં માનવ આજકાલની જેમ ભોજનનું નિર્માણ કરતા ન હતા. એ યુગમાં 'ચિત્ર–રસાંગ' નામનાં એવાં વૃક્ષ હતાં કે જેના પર વિવિધ પ્રકારનાં ફળ બેસતાં હતાં. જેવી રીતે-ચક્રવર્તી[૫] સમ્રાટ માટે સુગંધિત શ્રેષ્ઠતમ કલમા સાલિચોખામાંથી ખીર બનાવવામાં આવે છે, વિવિધ પદાર્થોમાંથી મોદક તૈયાર કરવામાં આવે છે, જેને ખાઈને પ્રત્યેક વ્યક્તિ તૃપ્તિનો અનુભવ કરે છે, એવી રીતે અઢાર પ્રકારના વિશિષ્ટ ભોજનગુણોવાળાં તે ફલ માનવને પૂર્ણ તૃપ્તિ પ્રદાન કરતાં હતાં.

---

૧. જુઓ : (ક) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, સૂત્ર ૨૦, પૃ. ૯૯ (ખ) પન્નવણા ૩૬૪
૨. ઘડ કલસ કડસ કક્કરી.. જીવાભિ. પા. ૩૪૭
૩. જ્યાંથી...અઈરુગ્ગય સરય સૂરમંડલ, જીવા. પા. ૩૪૮
૪. જહા સે ચેચ્છા ધરે વિચિત્ત...જીવા. પા. ૩૪૮
૫. જહા સે...સુગન્ધવર કલમ સાલિ તન્દુલ... । —જીવાભિગમ, પા. ૩૪૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસન્ધિત્સુઓનું એવું મંતવ્ય[૧] છે કે આધુનિક યુગમાં પણ અમેરિકામાં એવાં વૃક્ષો છે જેને 'મિલ્ક ટ્રી' અને 'લાઈટ ટ્રી' વગેરે નામોથી ઓળખવામાં આવે છે. આ વૃક્ષોનાં ફળ દૂધ, રોટલી અને પ્રકાશથી વ્યક્તિ લાભાન્વિત થાય છે.

યૌગલિક કાલમાં માનવોનું જીવન પ્રકૃતિ પર અવલંબિત હતું. આજના યુગમાં સોના, ચાંદી, હીરા-પન્ના વગેરે બહુ મૂલ્યવાન રત્નોમાંથી વિવિધ પ્રકારનાં આભૂષણો બને છે. પણ એ યુગમાં માનવો વૃક્ષનાં ફળ-પાંદડાં વડે અથવા ફૂલો વડે આભૂષણો તૈયાર કરતા હતા. અભિજ્ઞાન શાકુન્તલ[૨] નાટકમાં શકુન્તલાનાં આભૂષણોનો ઉલ્લેખ છે. ઋષિ કણ્વે આભૂષણ લાવવાનો આદેશ ગૌતમીને આપ્યો. ગૌતમી જ્યારે આભૂષણ લઈને ઉપસ્થિત થઈ તે વખતે કણ્વે એને પૂછ્યું : 'ક્યાંથી લાવી છે?' એણે ઉત્તર આપ્યો : 'મેં તે વિવિધ વૃક્ષો પાસેથી પ્રાપ્ત કર્યાં છે.' મણ્યંગ નામના વૃક્ષ પાસેથી વિવિધ પ્રકારના હાર, અર્ધહાર, મુગટ, કુંડલ, સૂત્ર, એકાવલી ચૂડામણી, તિલક, કનકાવતી, હસ્તમાલક કેયૂર, વલય, અંગૂઠી, મેખલા, ઘટિકા, નૂપુર વગેરે વિવિધ પ્રકારનાં આભૂષણ પ્રાપ્ત થતાં હતાં. અથવા આ વૃક્ષોનાં ફૂલ અને ફળોમાંથી સહજ-પણે આભૂષણ બની જતાં હશે. આ આભૂષણોની કાંતિ સ્વર્ણ, મણિ અને રત્નોથી પણ વિશેષ હતી.

યૌગલિક કાલમાં માનવ સમૂહરૂપે રહેતો ન હતો. એને ન તો પરિવારની ચિંતા હતી કે ન તો સમાજની. તે યુગલરૂપમાં પેદા થયા હતા અને યુગલરૂપમાં જીવનની સંધ્યાપર્યંત સાથે રહેતાં હતાં, પણ એમની પાસે મકાન બાંધ-વાની કલા ન હતી. તેઓ 'ગૃહકાર' વૃક્ષોને લીધે તડકા-છાંયા વગેરેથી સુરક્ષિત રહેતાં હતાં. તે વૃક્ષો ભવ્ય ભવનના નિર્માણનું કાર્ય કરતાં હતાં. તે અટ્ટાલિકા, ગોપુર, પ્રસાદ, એકસાલ, દ્વિશાલ, ચતુઃસાલ,[૩] ગર્ભગૃહ, મોહનગૃહ, વલ્લભી ગૃહ, આપણ, નિર્યૂહ, અથવરક ચન્દ્રશાલા[૪] વગેરે વિવિધ પ્રકારના મકાનની જેમ સ્વતઃ નિર્મિત થઈ જતાં હતાં. આ મકાનોમાં ઉપર ચઢવાને માટે પગથિયાં પણ બની જતાં હતાં અને દ્વાર પણ બની જતાં હતાં.[૫]

યૌગલિક કાલમાં માનવ પશુઓની માફક નગ્ન રહેતા ન હતા. તે પોતાની લજ્જાનું નિવારણ કરવા માટે વૃક્ષોની છાલ વગેરેનો ઉપયોગ કરતા હતા. જીવાભિગમ[૬]માં એવું વર્ણન છે કે 'અનગ્ન' નામના વૃક્ષ પાસેથી **क्षौम**, કામળા, દુકૂલ, કૌશેયક, ચીનાંકુર, શ્લક્ષ્ણ, કલ્યાણક વગેરે વિવિધ પ્રકારનાં વસ્ત્ર યુગલિકોને પ્રાપ્ત થતાં હતાં. જેના नग्नाः न भवन्तीति अनग्नकाः : (આ વ્યુત્પત્તિથી એ સ્પષ્ટ થઈ જાય છે કે વૃક્ષોનાં વસ્ત્રો (છાલ) પહેરવાના કામમાં આવતાં હતાં.) જીવાભિગમના ટીકાકારે નોંધ્યું છે કે, બીજાં પણ અનેક વસ્ત્રોનાં નામ ગણાવી શકાય. **જેમકે, शेषं संप्रदायादव सातव्यं, तदन्तरेण सम्यक् पाठ शुद्धरेपि कर्तुमशक्तत्वात्** । કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે યૌગલિક કાલમાં માનવ વસ્ત્ર નહોતો પહેરતો. ધીરેધીરે યુગ પરિવર્તન સાથે વસ્ત્ર પહેરવાનો પ્રારંભ થયો. વસ્ત્રો સભ્યતાની નિશાની છે. એ સંભવિત છે કે તે યુગમાં માનવીની ઇચ્છાઓ અપેક્ષાઓ એટલી અલ્પ પ્રમાણમાં હતી કે તે પોતાની આવશ્યકતાપૂર્તિ સહજપણે કરી લેતો હતો, જ્યાં તૃષ્ણાની આગ પ્રજ્વલિત થાય છે, ત્યાં નિત નવી ઇચ્છાઓ ઉદ્‌ભુદ્ધ થતી હોય છે અને તે એની પૂર્તિ કરવામાં લાગ્યો રહે છે. આ એના દુઃખનું કારણ છે, જ્યારે ત્યાં તો સુખનું સામ્રાજ્ય હતું.

કલ્પવૃક્ષને જ ઇસ્લામ ધર્મમાં 'તોબે' કહેવામાં આવ્યાં છે. અને ક્રિશ્ચિયન ધર્મમાં એને સ્વર્ગનું વૃક્ષ કહેવામાં આવ્યું છે.[૭] પેરુ દેશમાં આજે પણ એવાં વૃક્ષ છે કે હવામાંથી પાણી ખેંચે છે અને ગરમીના દિવસોમાં એ વૃક્ષોમાંથી સ્વયં પાણી ઝરવા લાગે છે. કેટલાંય વૃક્ષોનાં ફૂલ આજ પણ લોકો આભૂષણ તરીકે ધારણ કરે છે. કેટલાંય ફળ ભૂખ અને તરસ છીપાવવાનું કામ કરે છે, કેટલાંય વૃક્ષોની છાલ આજે પણ વસ્ત્ર તરીકે ઉપયોગમાં લેવાય છે. આ પ્રમાણે વૃક્ષો માનવ માટે સદાય ઉપયોગી રહ્યાં છે. કલ્પવૃક્ષ કોઈ કાલ્પનિક વૃક્ષ ન હતાં. જોકે આજે તેવાં વૃક્ષ નથી, પણ એની સાથે સરખાવી શકાય તેવાં કેટલાંક વૃક્ષ આજે પણ છે. આ પરથી એવું અનુમાન થઈ શકે કે કોઈ જમાનામાં આ પ્રકારનાં વૃક્ષો વિદ્યમાન હશે.

---

૧. ભરતમુક્તિ : એક અધ્યયન, પૃ. ૪
૨. અભિજ્ઞાન શાકુન્તલ, અંક ૪, પૃ. ૮૯-૯૦
૩. જેના એક જ આંગણમાં ચારેબાજુ ચાર ઓરડા અથવા ઓસરી હોય, જેને હિન્દીમાં 'ચાસવ્લા' કહે છે. ગુપ્ત કાળમાં એને 'સંજવન' કહેતા હતા. જુઓ : હર્ષચરિત: એક સાંસ્કૃતિક અધ્યયન, પૃ. ૯૨. લે. વાસુદેવશરણ અગ્રવાલ.
૪. जहा से अणेगाईग ओय तणुय...જીવાભિગમ, પા. ૩૫૦
૫. जहा से पागार हालय चरियदार गोपुर...જીવાભિગમ, પા. ૩૪૬
૬. જીવાભિગમ, પા. ૩૫૦
૭. ભરતમુક્તિ : એક અધ્યયન, લે. મહેન્દ્ર મુનિ, પૃ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન ઋષભદેવ

ભગવાન ઋષભદેવ ભારતીય સંસ્કૃતિનું જાજ્વલ્યમાન નક્ષત્ર છે. એમની ગૌરવગાથાઓનો ઉલ્લેખ જૈન, બૌદ્ધ અને વૈદિક એ ત્રણે પરંપરામાં પ્રાપ્ત થાય છે. તે વિશ્વવન્દ્ય મહાપુરુષ હતા. અહીં આ ગ્રંથમાં એમના જીવનના કેટલાક સ્રોતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

ભગવાન ઋષભને પણ કુલકર માનવામાં આવે છે. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં તેમનો પંદરમા કુલકર અને પ્રથમ તીર્થંકર તરીકે ઉલ્લેખ છે. તેઓ પ્રથમ રાજા, પ્રથમ કેવલી અને પ્રથમ ધર્મચક્રવર્તી છે. એટલે એમની જીવનગાથા અહીં સર્વ પ્રથમ આપવામાં આવી છે.[૧]

તીર્થંકરોનું પ્રત્યેક મહત્ત્વપૂર્ણ કાર્ય કલ્યાણક ગણાય છે. કલ્પસૂત્રમાં પાંચ કલ્યાણક માનવામાં આવ્યાં છે. એટલે સર્વપ્રથમ કલ્યાણકોનો ઉલ્લેખ છે. જન્મોત્સવ ઊજવવા માટે છપ્પન મહત્તરિકા દિશાકુમારિકાઓ અને ચોસઠ ઇન્દ્રો આવે છે. સૌથી પહેલા અધોલોકમાં રહેલી 'ભોગંકરા' નામની આઠ દિશાકુમારિકાઓ સપરિવાર આવીને મરુદેવીને નમન કરીને જણાવે છે : 'અમે જન્મોત્સવ ઊજવવા આવ્યાં છીએ. આપ ભયભીત થશો નહિ.' ધૂળ અને દુરભિગંધ વગેરે દૂર કરીને તે એક યોજન સુધી સમસ્ત વાતાવરણ પરમ સુગન્ધમય બનાવે છે તથા તે ગીત ગાતી ગાતી મરુદેવીની ચારેબાજુ ઊભી રહી જાય છે.

આ પછી ઊર્ધ્વલોકમાં રહેનારી 'મેઘંકરા' વગેરે દિક્કુમારિકાઓ સુગંધિત જળની વૃષ્ટિ કરે છે અને દિવ્ય ધૂપ વડે તે એક યોજનના પરિમંડલને દેવોના આગમનને અનુરૂપ બનાવી દે છે. તે મંગલ ગીત ગાતી ગાતી મરુદેવીની પાસે ઊભી રહી ગઈ. આ પછી રુચકકૂટ પર રહેનારી નન્દુત્તરા વગેરે દિક્કુમારિકાઓ હાથમાં દર્પણ લઈને આવે છે. દક્ષિણના રૂપક પર્વત પર રહેનારી 'સમાહરા' વગેરે દિક્કુમારિકાઓ હાથમાં ઝારીઓ લઈને; પશ્ચિમ દિશાના રૂપક પર્વત પર રહેનારી 'ઇલાદેવી' વગેરે દિક્કુમારિકાઓ પંખા લઈને; ઉત્તર રુચક પર્વત પર રહેનારી 'અલંબુષા' વગેરે દિક્કુમારિકાઓ ચામર લઈને મંગલ ગીત ગાતી ગાતી મરુદેવી સામે ઊભી રહી ગઈ. વિદિશાના રૂપક પર્વત પર રહેનારી ચિત્રા, ચિત્રકનકા, સતેરા અને સુદામિની નામની દિક્કુમારિકાઓ ચારે દિશામાં પ્રજ્વલિત દીપક લઈને ઊભી રહી જાય છે. એવી રીતે મધ્ય રુચક પર્વત પર રહેનારી રૂપા, રૂપાંશા, સુરૂપા અને રૂપકાવતી એ ચારેય મહત્તરિકા દિશાકુમારિકાઓ નાભિ-નાળને કાપે છે અને તેને ખાડામાં દાટી દે છે. રત્નોથી તે ખાડાને ભરીને તે પર પીઠિકાની રચના કરે છે. પૂર્વ, ઉત્તર તથા દક્ષિણ એ ત્રણ દિશાઓમાં ત્રણ કદલીગૃહ અને એમાં એક એક ચતુઃશાલા અને એના મધ્યભાગમાં સિંહાસન બનાવે છે. મધ્ય રુચક પર્વત પર રહેનારી 'રૂપ' વગેરે દિક્કુમારિકાઓ દક્ષિણ દિશામાં કદલીગૃહમાં માતા મરુદેવીને ઋષભની સાથે લાવીને સિંહાસન પર વિરાજમાન કરે છે. શતપાક, સહસ્રપાક તેલનું મર્દન કરે છે અને સુગંધિત દ્રવ્યોથી ઉપેયણ કરે છે. ત્યાંથી તેઓ એને પૂર્વ દિશાના કદલીગૃહમાં લઈ જાય છે. ત્યાં એમને ગંધોદક, (સુગંધિત જળ) પુષ્પોદક (પુષ્પમિશ્રિત જળ) અને શુદ્ધોદક (શુદ્ધ જળ)થી સ્નાન કરાવે છે. ત્યાંથી ઉત્તર દિશાના કદલીગૃહમાં લઈ જઈ સિંહાસન પર બેસાડી ગોશીર્ષચંદનથી હોમ અને ભૂતિકર્મ કરીને રક્ષાપોટલી બાંધે છે. અને મણીરત્નો કર્ણમૂલની સમીપ ખખડાવી ચિરાયુ થવાના આશીર્વાદ આપે છે. ત્યાંથી તેઓ માતા મરુદેવીની સાથે ભગવાન ઋષભને જન્મભવનમાં લાવે છે અને શય્યામાં બેસાડીને મંગલ ગીત ગાય છે.

ત્યારબાદ આભિયોગિક દેવોની સાથે સૌધર્મેન્દ્ર આવે છે અને માતા મરુદેવીને નમસ્કાર કરી એમને અવસ્વાપિની નિદ્રા આપે છે. ઋષભના પ્રતિરૂપ વિકુર્વીને માતાની પાસે રાખે છે. તથા સ્વયં વૈક્રિય શક્તિથી પોતાનાં પાંચ રૂપ વિકુર્વે છે. એક રૂપ વડે ભગવાન ઋષભને ઊંચકે છે. બીજા રૂપે એમના પર છત્ર ધરે છે અને બીજાં બે રૂપે બન્ને બાજુ ચામર ઢોળે છે. તથા પાંચમું શક્ર રૂપ હાથમાં વજ્ર લઈને આગળ ચાલે છે. ચારેય પ્રકારના દેવગણ વાદ્ય-ધ્વનિઓ વડે વાતાવરણને મુખરિત કરી દ્રુત ગતિથી મેરુ પર્વતના પંડક વનમાં આવે છે અને અભિષેક સિંહાસન પર ભગવાનને બેસાડે છે. ચોસઠ ઇન્દ્ર ભગવાનની પર્યુપાસના કરવા લાગે છે.

અચ્યુતેન્દ્રે આભિયોગિક દેવોને આદેશ આપ્યો : 'મહાર્ઘ મહાભિષેકને યોગ્ય એક હજાર આઠ સુવર્ણ કલશો, રૌપ્ય મણિમય, સુવર્ણરૂપ્યમય, સ્વર્ણ-મણિમય, સ્વર્ણ-રજત-મણિમય, મૃણ્મય (માટીના) ચંદન કલશો, લોટા, થાળો,

૧. ઉસહ-ચરિયં ધમ્મકહાનુઓગે, પઢમ ખંધે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુપ્રતિષ્ઠિકો, ચિત્રો, રત્નકરંડકો, પંખા, એક હજાર પ્રકારના ધૂપ, સર્વ પ્રકારનાં ફૂલો વગેરે વિવિધ પ્રકારની સામગ્રી લઈને ઉપસ્થિત થાઓ.' જ્યારે, તેઓ ઉપસ્થિત થયા તો તે કલશોમાં ક્ષીરોદક, પુષ્કરોદક, ભરત ઐરવત ક્ષેત્રના માગધાદિ તીર્થોનાં જળ, ગંગા વગેરે મહાનદીઓનાં જળ, સર્વ વર્ષધર ચક્રવર્તી વિજયો, વક્ષસ્કાર પર્વતોના દ્રહો, મહાનદીઓના જલમાંથી પૂર્ણ જળ લઈને તે ભરીને તે કલશો પર ક્ષીરસાગરના સહસ્રદલ કમલપત્રોના ઢાંકણ લગાવીને સુદર્શન ભદ્રશાલ નંદન વગેરે વનોનાં પુષ્પ, ગોશીર્ષચંદન અને શ્રેષ્ઠતમ ઔષધિઓ લઈને અભિષેક કરવા તૈયાર થયા.

અચ્યુતેન્દ્ર ચંદનચર્ચિત કલશોથી ઋષભદેવનો મહાભિષેક કરે છે. ચારેબાજુ પુષ્પવૃષ્ટિ થાય છે. અન્ય ત્રેસઠ ઇન્દ્ર પણ અભિષેક કરે છે. શક્રેન્દ્ર ચારેય દિશાઓમાં ચાર શ્વેત વૃષભોની વિકુર્વણા કરીને એનાં શિંગોમાંથી આઠ જલ-ધારાઓ વહાવી અભિષેક કરે છે. એ પછી શક્ર પ્રભુને ફરીથી માતાની પાસે લાવે છે અને માતાના ઓશિકા પાસે ક્ષોમયુગલ તથા કુંડલયુગલ મૂકીને પ્રભુની પ્રતિકૃતિને માતા પાસેથી દૂર કરીને માતાની નિદ્રાનું સંહરણ કરે છે. કુબેર વગેરેને આદેશ આપીને મોટો ભંડાર કુલકર નાભિના મહેલમાં પ્રસ્થાપિત કરાવે છે. પછી સર્વને આ પ્રમાણે આદેશ આપે છે : 'ભગવાન ઋષભને તથા એમની માતા વિશે જે કોઈ અશુભ મનોભાવ ધારશે એને કઠોર શિક્ષા કરવામાં આવશે.' ત્યાંથી બધા ઇન્દ્રો નંદીશ્વરદ્વીપ જઈને અષ્ટાહ્નિકા મહોત્સવ ઊજવે છે. નાભિ કુલકરે પણ ઋષભનો જન્મોત્સવ ઊજવ્યો.[૧]

ઋષભદેવ અને તથાગત બુદ્ધજન્મ : તુલનાત્મક અધ્યયન

આગમ સાહિત્યમાં જે પ્રમાણે તીર્થંકરના જન્મોત્સવનું વર્ણન છે, તેવી રીતે બૌદ્ધ પરંપરામાં પણ તથાગત બુદ્ધના જન્મોત્સવનું વર્ણન મળે છે.[૨] તથાગત બુદ્ધની માતા મહામાયા લુમ્બિની વનમાં જાય છે. શાલ વૃક્ષ નીચે પહોંચતાં જ એણે ડાળી પકડવાની ઇચ્છા કરી, એટલે તરત જ તે ક્ષણે શાલ વૃક્ષની ડાળી મહામાયાની સમીપ આવી ગઈ. એણે એ પકડી લીધી. શાખા હાથમાં પકડી રાખી છે તે વખતે જ ગર્ભનું ઉત્થાન થઈ ગયું. તે સમયે ચાર શુદ્ધ ચિત્તવાળા મહાબ્રહ્માઓ સોનાની જાળ લઈને આવી પહોંચ્યા. બોધિસત્વને તે જાળમાં મૂકીને માતાની સન્મુખ લાવીને મૂકયા અને બોલ્યા : 'તેં મહાપ્રતાપી પુત્રને જન્મ આપ્યો છે.' બોધિસત્વ અન્ય માનવોની જેમ માતાની કૂખમાંથી ગંદા તથા મલવિલિપ્ત નીકળ્યા ન હતા. તે ધર્માસન પરથી અવતરિત થતા પુરુષની જેમ બે હાથ અને બે પગ ફેલાવીને ઊભેલા માનવની જેમ મળથી સર્વથા અલિપ્ત, કાશી દેશના શુદ્ધ તેમ જ નિર્લિપ્ત વસ્ત્રમાં રાખ્યા હોય તેવા, મણિરત્ન જેમ ચમકતા, એવા માતાના ઉદરમાંથી નીકળ્યા હતા. બોધિસત્વ અને એની માતાના સત્કાર અર્થે આકાશમાંથી બે જલધારાઓ નીકળે છે અને તે બન્નેના શરીરને ઠંડુ કરે છે.

બ્રહ્માઓના હાથોમાંથી ચારેય મહારાજાઓએ એમને માંગલિક ગણાય એવા કોમળ મૃગચર્મમાં ગ્રહણ કર્યા. એમના હાથમાંથી માનવોએ વસ્ત્રની ખોળમાં ગ્રહણ કર્યા. બોધિસત્વ તે માનવોના હાથમાંથી છૂટીને પૃથ્વી પર ઊભા રહી ગયા. એમણે પૂર્વ દિશામાં નિહાળ્યું. અનેક સહસ્ર ચક્રવાલ એક આંગણામાં આવી મળ્યા. ત્યાં દેવ અને માનવ ગન્ધમાલ વગેરેથી તેમની અર્ચના કરતા બોલ્યા : 'હે મહાપુરુષ, આપ સમાન અહીં કોઈ નથી. આપનાથી વિશિષ્ટ વ્યક્તિ કયાંથી આવશે ?' બોધિસત્વ ચારેય દિશાઓ અને અનુદિશાઓમાં ઉપર નીચે ધ્યાનપૂર્વક જોયું. કોઈને પણ ત્યાં આગળ ન જોઈને બોધિસત્વ ઉત્તર દિશામાં સાત ડગલાં આગળ વધ્યા. મહાબ્રહ્માએ તે વખતે એમના પર શ્વેત છત્ર ધર્યું. સુયામીએ તાલ-વ્યજન અન્ય દેવતાઓએ રાજાઓના અન્ય કપૂપભાંડ અર્થાત ખડ્ગ, છત્ર, મુકુટ, પાદુકા અને પંખા લઈને એનું અનુસરણ કર્યું. બોધિસત્વે સાતમા પગલે ઊભા રહી જઈને 'હું જગતમાં સર્વશ્રેષ્ઠ છું' એવો સિંહનાદ કર્યો.

લુમ્બિનીવનમાં જે સમયે બોધિસત્વ ઉત્પન્ન થયા, તે સમયે રાહુલ માતા દેવી, અમાત્ય-છન્ન, અમાત્ય કસદ્દાઈ, હસ્તીરાજ, આજાનીય, અશ્વરાજ કન્થક, મહાબોધિ વૃક્ષ અને નિધિથી ભરપૂર ચાર કલશ પેદા થયા. તે કળશો ક્રમશઃ એક ગાઉ, અડધા યોજન, ત્રણ ગાઉ, એક યોજનના અંતરે હતા. આ સાતેય એક જ સમયે પેદા થયા. બન્ને નગરનાં નિવાસી બોધિસત્ત્વને કપિલવસ્તુ લઈને આવ્યાં.[૩]

કાલદેવલ તપસ્વી જે આઠ સમાધિસંપન્ન હતા તેઓ ભોજનાદિથી નિવૃત્ત થઈને મનોવિનોદાર્થે ત્રયસ્ત્રિંશ દેવલોકમાં ગયા. ત્યાં વિશ્રાન્તિ લઈ રહેલા દેવગણોને એમણે પૂછ્યું : 'આપ પ્રસન્ન થઈને ક્રીડા કેમ કરી રહ્યા છો ? અમને એનું

૧. ધમ્મકહાણુઓગે, પઢમ ખંધે, પૃ. ૬-૧૯.
૨. આગમ ઔર ત્રિપિટક : એક અનુશીલન, પૃ. ૧૫૪-૧૫૬.
૩. એજન પૃ. ૧૫૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહસ્ય કહો?' દેવોએ કહ્યું; 'રાજા શુદ્ધોદનના ત્યાં એક પુત્રનો જન્મ થયો છે, તે ધર્મચક્રનું પ્રવર્તન કરશે. એની અનન્ત લીલા જોવાનો અને સાંભળવાનો અમને લહાવો મળશે એ અમારી પ્રસન્નતાનું મુખ્ય કારણ છે.'

તપસ્વી દેવલોકમાંથી ઊતરી રાજમહેલમાં આવ્યા. રાજાની પાસે જઈને કહ્યું : 'હું તમારા પુત્રને જોવા ઇચ્છું છું'. રાજાએ તે ક્ષણે જ પુત્રને પોતાની પાસે બોલાવી મંગાવ્યો અને પુત્રને તપસ્વીને પગે લગાડવા માંડ્યો. પણ બોધિસત્ત્વના પગ એટલા લાંબા થઈ ગયા કે તે તપસ્વીની જટાને અડકી ગયા. કેમકે બોધિસત્ત્વ કોઈને પણ નમસ્કાર ન કરે. વળી, જો કદાચ તે પગ અજાણતાં અડકી ગયા હોત તો એના મસ્તકના સાત ટુકડા થઈ જાત. તથાગતના દિવ્ય તેજને જોઈને તપસ્વી એમને પગે પડી ગયા. બોધિસત્ત્વના ચરણસ્પર્શથી એમને અસ્સી કલ્પની સ્મૃતિ થઈ આવી. એમણે બાળકનાં શારીરિક લક્ષણોનું નિરીક્ષણ કર્યું અને એમને ખાતરી થઈ ગઈ : તે અવશ્ય બુદ્ધ થશે. અને જ્ઞાનમાં એમણે જોયું કે તે પોતે અહીં મૃત્યુ પામીને અરૂપ લોકમાં ઉત્પન્ન થશે. જેથી એમનાં દર્શન થઈ શકશે નહિ. આ પ્રમાણે બોધિસત્ત્વના જન્મની ઘટનાઓમાં પણ અલૌકિકતા છે. આ અલૌકિકતા એ પુરવાર કરે છે કે આ ઘટનાઓ શ્રદ્ધાના યુગમાં લખાયેલી છે. શ્રદ્ધાળુ લોકો ઘટનાવિશેષને તર્કની કસોટી પર કસતા ન હતા. વૈદિક પરંપરાના ગ્રંથોમાં પણ શ્રદ્ધાયુગની અનેક ઘટનાઓ પ્રાપ્ત થાય છે.

ઋષભકથાનો વિસ્તાર

ભગવાન ઋષભદેવનો જન્મ, વંશ, ઉત્પત્તિ, વિવાહ, રાજ્યાભિષેક તથા એમના એકસો બે પુત્રો વગેરેનો ઉલ્લેખ જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિમાં વિસ્તારથી નથી. આવશ્યકનિર્યુક્તિ,[૧] આવશ્યક ચૂર્ણિ,[૨] આવશ્યક હરિભદ્રિયાવૃત્તિ[૩], આવશ્યક મલયગિરીવૃત્તિ[૪], ચઉપન્ન મહાપુરિસ-ચરિય[૫] ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર[૬] વગેરેમાં આ ઘટનાઓ અંગે વિસ્તારથી ચિંતન કરવામાં આવ્યું છે. એનાથી એ સ્પષ્ટ થાય છે કે આ જીવન-પ્રસંગો ક્રમે ક્રમ વધુ વિકસિત થયા છે.

આવશ્યકનિર્યુક્તિ[૭] અને આવશ્યકચૂર્ણિ[૮] પ્રમાણે જ્યારે ઋષભદેવ ગર્ભમાં આવ્યા હતા ત્યારે માતાએ ઋષભને સ્વપ્નમાં જોયા હતા અને જન્મ બાદ શિશુના ઉરસ્થલ પર ઋષભનું લાંછન પણ હતું. એટલે એમનું ગુણનિષ્પન્ન નામ ઋષભ રાખવામાં આવ્યું. શ્રીમદ્ ભાગવત પ્રમાણે એમનું સુંદર શરીર વિપુલ, કીર્તિ, તેજબળ, ઐશ્વર્ય, યશ, પરાક્રમ વગેરે સદ્‌ગુણોને કારણે નાભિએ એમનું નામ ઋષભ રાખ્યું.[૯] આચાર્ય જિનસેને[૧૦] ઋષભદેવની જગ્યાએ 'વૃષભદેવ' નામ જણાવ્યું છે. શ્રેષ્ઠને વૃષ કહેવામાં આવે છે. ભગવાન શ્રેષ્ઠ ધર્મથી શોભાયમાન હતા. એટલે એમને 'વૃષભસ્વામી' નામથી સંબોધવામાં આવ્યા છે.

તે ધર્મ અને કર્મના આદ્ય નિર્માતા હતા. એટલે આદિનાથના નામથી પણ પ્રખ્યાત થયા છે. આચાર્ય જિનસેન[૧૧] અને આચાર્ય સમન્તભદ્રે[૧૨] એમનું એક ગુણનિષ્પન્ન નામ 'પ્રજાપતિ' પણ જણાવ્યું છે. જ્યારે તેઓ ગર્ભમાં આવ્યા

૧. આવશ્યકનિર્યુક્તિ, પૂર્વભાગ, પ્રકાશક : શ્રી આગમોદય સમિતિ, ઈ. સ. ૧૯૨૮

૨. આવશ્યકચૂર્ણિ, ઋષભદેવજી, કેશરીમલજી; શ્રી સંસ્થા, રતલામ, ઈ. સ. ૧૯૨૮

૩. આવશ્યક હરિભદ્રિયાવૃત્તિ, પ્રથમ વિભાગ, પ્રકાશક : આગમોદય સમિતિ

૪. આવશ્યક મલયગિરિવૃત્તિ, પૂર્વભાગ, પ્રકાશક : આગમોદય સમિતિ

૫. ચઉપ્પન મહાપુરિસ ચરિયં—આચાર્ય શીલાંકવિરચિત, વારાણસી

૬. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, હેમચંદ્રાચાર્ય, પ્રકા. આત્માનંદ સભા, ભાવનગર

૭. આવશ્યકનિર્યુક્તિ, ૧૯૨/૧

૮. ઉરુસુ ઉસભલંછણું ઉસભો સુમિણંમિતેણ કારણેણ ઉસભોત્તિ ણામં કયં. આવશ્યકચૂર્ણિ, પૃ. ૧૫૧

૯. શ્રીમદ્ ભાગવત, ૫, ૪, ૨. પ્ર. ખંડ, ગોરખપુર સંસ્કરણ, ૩ પૃ. ૫૫૬

૧૦. મહાપુરાણ, ૧૪, ૧૬૦-૧૬૧

૧૧. મહાપુરાણ ૧૬૦, ૧૬, ૩૬૩.

૧૨. પ્રજાપતિર્યઃ પ્રથમં જિજીવિષુઃ શશાસ કૃષ્યાદિષુ કર્મસુ પ્રજાઃ પ્રબુદ્ધતત્ત્વઃ પુનરદ્ભવોદયે મમત્વતો નિર્વિવિદે વિદામ્વર.—બૃહત્સ્વયંભૂસ્તોત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે હિરણ્યની વૃષ્ટિ થઈ. એટલે એમનું એક નામ 'હિરણ્યગર્ભ'[૧] પણ છે. ઇક્ષુરસનું પાન કરવાને કારણે 'કાશ્યપ' પણ કહેવાય છે.[૨] એ સિવાય તેઓને વિધાતા, વિશ્વકર્મા, સ્રષ્ટા વગેરે જુદા જુદા નામથી પણ સંબોધવામાં આવે છે.[૩]

આવશ્યકનિર્યુક્તિમાં જણાવ્યું છે કે જ્યારે ભગવાન એક વર્ષથી કંઈક નાના હતા ત્યારે પિતાના ખોળામાં બેઠેલા એવા એમણે શક્રેન્દ્રના હાથમાંથી ઇક્ષુ–શેરડી લઈને ખાવાની ઇચ્છા વ્યક્ત કરી. એટલે શક્રેન્દ્રે એમના વંશને 'ઇક્ષ્વાકુવંશ' નામ આપ્યું.[૪] સર્વ પ્રથમ એ વંશની સ્થાપના થઈ. આચાર્ય જિનસેને જણાવ્યું છે : ઋષભદેવના સમયમાં ઇક્ષુ–દંડ–શેરડીના સાંઠા પોતે પોતાની જાતે જ ઉત્પન્ન થતા હતા, પણ લોકો એનો ઉપયોગ કરવાનું જાણતા ન હતા. ઋષભદેવે એમાંથી રસ કાઢવાની પદ્ધતિ બતાવી, એટલે તે 'ઇક્ષ્વાકુ' કહેવાયા.[૫]

યૌગલિક કાળમાં ભાઈ અને બહેન જ પતિ–પત્નીના રૂપમાં પરિવર્તિત થઈ જતાં હતાં સુનન્દાનો ભાઈ અકાલ મૃત્યુ પામ્યો એટલે નાભિએ ઋષભદેવ સાથે જન્મેલ સુમંગલા અને સુનન્દાનું પાણિગ્રહણ ઋષભદેવ સાથે કરાવીને એક નવી વ્યવસ્થા સ્થાપિત કરી.[૬] આચાર્ય હેમચન્દ્રે જણાવ્યું છે કે, ઋષભદેવે લોકોમાં વિવાહ–પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે વિવાહ કર્યા.[૭] આચાર્ય જિનસેને[૮] સુમંગલાના સ્થાન પર 'નંદા' નામ આપ્યું છે. સુનંદાએ બાહુબલી અને સુંદરીને જન્મ આપ્યો અને સુમંગલાએ ભરત, બ્રાહ્મી વગેરે નવાણું પુત્રોને જન્મ આપ્યો. પદ્મપુરાણમાં ઋષભદેવની 'યશસ્વતી' રાણીથી ભરતનો જન્મ થયો એમ જણાવ્યું છે.[૯] શ્વેતાંબર પરંપરાએ ઋષભદેવને સો પુત્રો તથા બે પુત્રીઓ એમ એકસો બે સંતાન હોવાનું સ્વીકાર્યું છે. તો દિગંબર પરંપરાએ એકસો ત્રણ સંતાન હોવાનું માન્યું છે.[૧૦]

અમે એ વસ્તુ પૂર્વે જણાવી ગયા છીએ કે, યૌગલિક કાળમાં માનવ સ્વયંશાસિત હતા, એનામાં કોઈ પણ પ્રકારની ઉચ્છૃંખલતા નહોતી. અને જેમ જેમ ઉચ્છૃંખલતા વધતી ગઈ તેમ તેમ 'હાકાર' 'માકાર' અને 'ધિક્કાર' નીતિનો વિકાસ થયો અને તે ધિક્કાર નીતિ ઋષભદેવ સુધી ચાલુ રહી. જંબુદ્વીપપ્રજ્ઞપ્તિમાં ઋષભદેવને પંદરમા કુલકર માન્યા છે. સાથે સાથે એમનો પ્રથમ રાજાના રૂપમાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૧૧] નાભિ કુલકર હતા અને એમની ઉપસ્થિતિમાં જ તેઓ રાજા બને તે માટે ઋષભદેવે કુલકર પદ ગ્રહણ કર્યું નહીં હોય. કેમકે એ સ્પષ્ટ છે કે એક સમયે એક સ્થાને બે કુલકર હોઈ શકે નહીં. પરંતુ અહીં જે ઉલ્લેખ છે તે અમારી દૃષ્ટિએ કુલકરની જેમ કાર્ય કરવાને લીધે ઋષભદેવ કુલકર કહેવાયા હશે. આ સંક્રાન્તિ કાળ હતો. પ્રાચીન મર્યાદાઓ વિચ્છિન્ન થઈ રહી હતી. યૌગલિકોએ ગભરાઈને આ સ્થિતિ પર નિયંત્રણ લાવવાના હેતુ અર્થે ઋષભદેવને પ્રાર્થના કરી.[૧૨] ઋષભદેવે કહ્યું : આપ નાભિ કુલકરને આ અંગે નિવેદન કરો. તે આપને રાજા પ્રદાન કરશે. જે આ સમગ્ર પરિસ્થિતિને નિયંત્રિત કરી સુવ્યવસ્થા કરશે. યૌગલિકે પ્રાર્થના કરતાં નાભિ કુલકરે ઋષભદેવનો રાજ્યાભિષેક કરી એમને રાજા ઘોષિત કર્યા.[૧૩]

---

૧. મહાપુરાણ, પર્વ, ૧૨/૯૫.

૨. (ક) કાસં–ઉચ્છૂ, તસ્ય વિકારો કાસ્યઃ રસઃ સો જસ્સ પાંણુ સો કાસવો—ઉસભસ્વામી—દશવૈકાલિક અગસ્ત્યસિંહ ચૂર્ણિ (ખ) કાશ્યમિત્યુચ્યતે તેજઃ કાશ્યપતસ્ય પાલનાત—મહાપુરાણ, ૧૬/૨૬૬, પૃ. ૩૭૦

૩. વિધાતા વિશ્વકર્મા ચ સ્રષ્ટા ચેત્યાદિનામભિઃ, પ્રજાસ્તં વ્યાહરન્તિ સ્મ, જગતાં પતિમચ્યુતમ્ ॥
—મહાપુરાણ, ૧૬, ૨૬૭. ૩૭૦

૪. આવશ્યકનિર્યુક્તિ, ૧૫૧–૧૯૩

૫. આકાનાચ્ચ તદિક્ષુણાં રસસંગ્રહણે તૃણામ, ઇક્ષ્વાકુકુરિત્યભૂદ્ દેવો જગતામભિસમ્મતઃ—મહાપુરાણ, ૧૬/૨૬૪

૬. આવશ્યકનિર્યુક્તિ, ૧૫૧–૧૯૩

૭. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ૧, ૨, ૮૮૧.

૮. હરિવંશપુરાણ, ૯,૧૮

૯. પદ્મપુરાણ, રવિષેણાચાર્ય, ૨૦,૧૦૪

૧૦. મહાપુરાણ, ૧૬,૩૪૬

૧૧. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, વક્ષસ્કાર ૨, સૂ. ૨૯–૩૦

૧૨. નીતીણુ અઇક્કમણે નિવેયણું ઉસભસામિસ્સ. —આવશ્યકમલયગિરિ, ૧૯૩

૧૩. આવશ્યકચૂર્ણિ, પૃ. ૧૫૩–૧૫૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમણે રાજ્યની સુવ્યવસ્થા અર્થે આરક્ષક દલની સ્થાપના કરી. એનો અધિકારી 'ઉગ્ર' કહેવાયો. મંત્રીમંડલ બનાવવામાં આવ્યું. એનો અધિકારી 'ભોગ' નામથી પ્રસિદ્ધ થયો. સમ્રાટની પાસે રહેનારો અને પરામર્શ આપનારો 'રાજન્ય' કહેવાયો. તથા અન્ય કર્મચારી 'ક્ષત્રિય' નામથી ઓળખાયા.[૧] દુષ્ટોના દમન માટે તથા પ્રજા તથા રાજ્યના સંરક્ષણાર્થે ચાર પ્રકારની સેના તેમજ 'સેનાપતિઓ'ની વ્યવસ્થા કરવામાં આવી.[૨] ગજ, અશ્વ, રથ, પદાતિક એમ ચતુર્વિધ સેનાનું સંગઠન કર્યું. અપરાધોના નિરોધ માટે સામ, દામ, દંડ અને ભેદ નીતિનું પ્રચલન કર્યું. સાથે સાથે ચાર પ્રકારની દંડ વ્યવસ્થા પણ કરવામાં આવી. [૩]

૧. પરિભાસ : કેટલાક સમય માટે અપરાધીને આક્રોશપૂર્ણ શબ્દોમાં નજરબંધ રહેવાની શિક્ષા કરવી.

૨. મંડલબંધ : મર્યાદિત ક્ષેત્રમાં રહેવાની શિક્ષા કરવી.

૩. ચારક : બંદીગૃહમાં કેદ કરવાની શિક્ષા કરવી.

૪. છવિચ્છેદ : હાથ વગેરે અંગો કાપી નાખવાની શિક્ષા

આચાર્ય અભયદેવનો મત એવો છે કે પરિભાસ અને મંડલબંધ એ બે નીતિઓનો ઋષભદેવના સમયમાં આરંભ થયો અને ચારક અને છવિચ્છેદ એ બે નીતિઓનો ભરતના સમયમાં આરંભ થયો.[૪] આચાર્ય ભદ્રબાહુ[૫] અને આચાર્ય મલયગિરિ[૬]ની દૃષ્ટિએ બંધ (બેડીનો ઉપયોગ) અને ઘાત, એ બે શિક્ષાઓનો ઋષભદેવના સમયથી પ્રારંભ થયો. મૃત્યુ દંડનો પ્રારંભ ભરતના સમયથી થયો. જિનસેન[૭] આચાર્યે જણાવ્યું છે કે, વધ, બંધન, વગેરે શારીરિક શિક્ષા ભરતના સમયમાં પ્રચારમાં આવી.

ઋષભદેવના સમયમાં કલ્પવૃક્ષ પૂર્ણપણે નષ્ટ થઈ ગયાં હતાં. માનવ સ્વતઃ પેદા થનારાં કંદ, મૂલ, પત્ર, પુષ્પ, ફૂલ વગેરેનો ઉપયોગ કરતા હતા. આ સાથે તેઓ ચોખા, ઘઉં, મગ, ચણા વગેરેનો પણ ઉપયોગ કરતા હતા. રાંધવાના સાધનના અભાવમાં અપકવ અન્ન અપાચ્ય થઈ ગયાં. એટલે તેઓ ઋષભદેવ પાસે ગયા.

ઋષભદેવે સમસ્યાનો ઉકેલ સૂચવતાં કહ્યું : પહેલાં છોડાં કાઢી નાંખો અને પછી મસળીને ખાઓ કેટલાક સમય પછી તે પણ અપાચ્ય થઈ ગયાં તો પાણીમાં ભિંજાવી મુઠ્ઠી કે બગલમાં રાખીને ખાવાની સલાહ આપી, પરંતુ તે પણ કાયમી ઉકેલ ન હતો. ઋષભદેવ જાણતા હતા કે આ એકાંત સ્નિગ્ધ કાળ છે, આ સમયે અગ્નિ ઉત્પન્ન થઈ શકે નહીં. અગ્નિની ઉત્પત્તિ માટે એકાંત સ્નિગ્ધ અને એકાંત રુક્ષ એ બન્ને કાલ ઉપયુક્ત નથી. સમય દ્રુતગતિથી આગળ વધતો હતો. વૃક્ષો પરસ્પર અથડાવાથી અગ્નિ ઉત્પન્ન થયો. માનવોએ જ્યારે અગ્નિને જોયો ત્યારે તેને રત્નનો ઢગલો સમજી એને હાથમાં લેવા ઇચ્છા કરી પણ હાથ દાઝી ગયા. એમણે ઋષભદેવને નિવેદન કર્યું કે કોઈ ભૂત જંગલમાં પેદા થયું છે, જે અમને કષ્ટ આપે છે. ઋષભદેવે કહ્યું: સ્નિગ્ધ–રુક્ષ કાળ આવી પહોંચ્યો છે. એટલે હવે તમારી સમસ્યાનો ઉકેલ આવી જશે. એમણે માટીનાં પાત્ર બનાવવાની તથા અન્નાદિ રાંધીને ખાવાની સલાહ આપી. એ કારણે જ અથર્વવેદના ઋષભસૂક્તમાં ઋષભદેવના અન્ય વિશેષણોની સાથે 'જાતવેદસ' (અગ્નિ)ના રૂપમાં પણ સ્તુતિ કરવામાં આવી છે.[૮] આ સ્થાને લખવામાં આવ્યું છે : 'રક્ષા કરનારા, સર્વને પોતાની અંદર રાખનારા, સ્થિર સ્વભાવી અન્નવાન ઋષભ સંસારના ઉદરનું પરિપોષણ કરે છે. આ દાતા ઋષભને પરમ ઐશ્વર્યને માટે વિદ્વાનો જે માર્ગોએ જાય છે તેવા યોગ્ય માર્ગોથી ખૂબ જ્ઞાનવાળા, અગ્નિ કે સમાન તેજસ્વી પુરુષ પ્રાપ્ત કરે.'

૧. (ક) આવશ્યકનિર્યુક્તિ, મલયગિરિવૃત્તિ, ૧૯૮, ૧૯૫/૧ (ખ) ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ૧.૨, ૯૭૪–૯૭૬
૨. ત્રિષષ્ટિ. ૧,૨,,૯૨૫–૯૩૨
૩. આવશ્યકચૂર્ણિ, ૧૫૬
૪. સ્થાનાંગવૃત્તિ, ૭, ૩, ૫૫૭;
૫. નિગડાઈજ્ઝમો બન્ધોઘાતો દંડાદિતાલણુયા.
૬. આવશ્યકમલયગિરિ વૃત્તિ, ૧૯૯,૨૦૨
૭. શરીર દંડનગ્રૈવે વધબંધાદિલક્ષણુમમ્, તૃણાં પ્રબલદોષાણાં ભરતેન નિયોજિતમ્. —મહાપુરાણ, ૩, ૨૧૬, ૬૫
૮. પુમાનન્તર્વાન્તસ્થવિરઃ પયસ્વાન્ વસોઃ કબન્ધમૃષભોવિભર્તિ। તમિન્દ્રાય પથિભિર્દેવયાનૈર્હુતમગ્નિર્વહતુ જાતવેદાઃ॥
—અથર્વવેદ, ૯,૪.૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિલ્પોમાં સર્વ પ્રથમ કુંભારના શિલ્પનો પ્રચાર થયો. એના પછી ભવન નિર્માણ કરવાની કળા શિખવાડવામાં આવી. મનોરંજન માટે ચિત્રશિલ્પનો આવિષ્કાર થયો. વસ્ત્રનિર્માણનું શિક્ષણ આપવામાં આવ્યું. વાળ, નખ વગેરેની અભિવૃદ્ધિ થવાથી અભદ્ર પ્રતીત થવા લાગ્યું ત્યારે નાપિતશિલ્પનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. આ પાંચ મુખ્ય શિલ્પોના વીસ વીસ ભેદ થયા. એવી રીતે કુલ્લે સો શિલ્પ વિકસિત થયાં.

આચાર્ય જિનસેને ઋષભદેવના સમયમાં પ્રચલિત છ આજીવિકાઓનાં સાધનોનો ઉલ્લેખ કર્યો છે. એ નીચે પ્રમાણે છે :

(૧) અસિ–અર્થાત્ સૈનિક વૃત્તિ (૨) મષિલિપિવિદ્યા (૩) કૃષિ–ખેતીનું કાર્ય (૪) વિદ્યા–અધ્યાપન અથવા શાસ્ત્રોપદેશનું કાર્ય (૫) વાણિજ્ય–વ્યાપાર, વ્યવસાય (૬) શિલ્પ–કલા કૌશલ.[૧] આ સમયના માનવોને 'ષટ્કર્મ જીવી નામ' કહેવામાં આવ્યા.[૨]

ઋષભદેવે પોતાના મોટા પુત્ર ભરતને બોંતેર કલાઓનું[૩] અને નાના પુત્ર બાહુબલીને પ્રાણીલક્ષણોનું જ્ઞાન આપ્યું.[૪] આચાર્ય જિનસેને[૫] આદિપુરાણમાં જણાવ્યું છે કે, ઋષભદેવે પોતાના જ્યેષ્ઠ પુત્ર ભરતને અર્થશાસ્ત્ર, સંગ્રહપ્રકરણ અને નૃત્યશાસ્ત્રનું શિક્ષણ આપ્યું. વૃષભસેનને ગાંધર્વ વિદ્યાનું, અનંતવિજયને ચિત્રકલા વાસ્તુકલા અને આયુર્વેદનું શિક્ષણ આપ્યું. બાહુબલીને કામનીતિ, સ્ત્રી–પુરુષલક્ષણ, ધનુર્વેદ, અશ્વલક્ષણ, ગજલક્ષણ. રત્નપરીક્ષા તેમજ મંત્ર–તંત્રનું શિક્ષણ આપ્યું. એમણે પોતાની પુત્રી બ્રાહ્મીને દક્ષિણ હાથથી અઢાર લિપિઓનું અધ્યયન કરાવ્યું[૬] તથા સુંદરીને વામહસ્તથી ગણિતવિદ્યાનું પરિજ્ઞાન કરાવ્યું. વ્યવહાર–સાધન માટે માન. (માપ), ઉન્માન (તોલમાપ આદિ) અવમાન, (ગજ,ફૂટ, ઇંચ વગેરે) પ્રતિમાન (છટાંક, શેર, મણ વગેરે) શિખવાડયું.[૭] બ્રાહ્મીલિપિ જે આજે પ્રચલિત છે, એનો આવિષ્કાર ઋષભદેવની પુત્રી બ્રાહ્મી દ્વારા થયો હતો. વિશ્વમાં આ જ જેટલી લિપિઓ પ્રચલિત છે, એનો મૂલ આધાર બ્રાહ્મીલિપિ છે. આજે જે ગણિતશાસ્ત્ર (mathematics) પ્રાપ્ત થાય છે તે સુંદરીના ગણિતશાસ્ત્રનું વિકસિત રૂપ છે. આ પ્રમાણે ઋષભદેવે પ્રજાના હિત માટે, અભ્યુદય માટે પુરુષોને બોંતેર કલાઓ, સ્ત્રીઓને ચોસઠ કલાઓ અને સો પ્રકારનાં શિલ્પોનું જ્ઞાન કરાવ્યું.[૮] સંક્ષિપ્તમાં કહીએ તો અસિ, મષિ અને કૃષિની વ્યવસ્થા કરી.

ઋષભદેવે ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર આ ત્રણ વર્ણોની સ્થાપના કરી. આ સ્થાપના–વ્યવસ્થા ઊંચ અને નીચની દૃષ્ટિએ નહીં પણ આજીવિકાને વ્યવસ્થિત રૂપ આપવા માટે કરી.[૧૦] બ્રાહ્મણ વર્ણની સ્થાપના સમ્રાટ ભરતે કરી હતી, એવા સ્પષ્ટ ઉલ્લેખો આવશ્યકનિર્યુક્તિ, આવશ્યકચૂર્ણિ, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર વગેરે ગ્રંથોમાં છે.[૧૧] ઋગ્વેદ[૧૨] સંહિતામાં વર્ણોની ઉત્પત્તિ અંગે વિસ્તારથી ચર્ચા છે, જ્યાં બ્રાહ્મણને મુખ, ક્ષત્રિયને હાથ, વૈશ્યને પેટ અને શુદ્રને

૧. અસિર્મષિઃ કૃષિર્વિદ્યા વાણિજ્યં શિલ્પમેવ ચ ।
કર્માણીમાનિ ષોઢા સ્યુઃ પ્રજાજીવનહેતવઃ ॥ આદિપુરાણ, ૧૬, ૧૭૯,

૨. આદિપુરાણ, ૩૯, ૧૪૩

૩. સમવાયાંગસૂત્ર, સમવાય, ૭૮

૪. ભરહસ્સ રુવકમ્મં, નરાઈ લક્ખમહોઈયં બલિણો. -આવશ્યકનિર્યુક્તિ, ૧૧૩

૫. આદિપુરાણ, ૧૬, ૧૧૦–૧૨૫

૬. (ક) ઋષભદેવઃ એક પરિશીલન, પરિશિષ્ટ વિભાગ ચોથો, દેવેન્દ્ર મુનિ
(ખ) આવશ્યકનિર્યુક્તિ, ૨૧૨

૭. (ક) ઋષભદેવઃ એક પરિશીલન, દ્વિતીય સંસ્કરણ
(ખ) વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ, ૧૩૨, પૃ. ૧૪૯

૮. માણુમ્માણવમાણુપમાણુંગણિમાઈ વત્થૂણું'. –આવશ્યકનિર્યુક્તિ, ૨૧૩

૯. કલ્પસૂત્ર, ૧૯૫, ૫૭, પુણ્ય.સં.

૧૦. મહાપુરાણ, ૧૦૩, ૧૬, ૩૬૨

૧૧. (ક) આવશ્યકનિર્યુક્તિ, પૃ. ૨૩૫/૧ (ખ) આવશ્યકચૂર્ણિ, પૃ. ૨૧૪ (ગ) ત્રિષષ્ટિ. ૧,૬

૧૨. બ્રાહ્મણોઽસ્ય મુખમાસીદ્ બાહુ રાજન્યઃ કૃત, ઉરુ તદસ્ય યદ્વૈશ્યઃ પદ્ભ્યાં શૂદ્રો અજાયત ! –ઋગ્વેદ સંહિતા, ૧૦,૯૦ ૧૧–૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પગ તરીકે દર્શાવ્યા છે. આ લાક્ષણિક વર્ણન સમાજરૂપ વિરાટ શરીરને અનુલક્ષીને કરવામાં આવ્યું છે. શ્રીમદ્ ભાગવત[૧] વગેરેમાં પણ આ અંગે ચર્ચા છે. વૈદિક સાહિત્યમાં ઋષભદેવને અનેક સ્થાને બ્રહ્મા કહેવામાં આવ્યા છે

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં ઋષભદેવની દીક્ષાનો ઉલ્લેખ છે, પણ વૈરાગ્ય કયા કારણે ઉત્પન્ન થયો એની ચર્ચા નથી.[૨] જ્યારે આચાર્ય હેમચંદ્રે[૩] અને શીલાચાર્યે[૪] નોંધ્યું છે કે, વસંતઋતુમાં નાગરિકગણ વિવિધ પ્રકારની ક્રીડાઓ કરી રહ્યા હતા તે ક્રીડાઓ જોઈને તેઓ ચિંતન કરવા લાગ્યા : 'શું આનાથી પણ અધિક સુખ કોઈ સ્થાને છે?' ચિંતન કરતાં કરતાં અવધિજ્ઞાનમાં પૂર્વભવમાં અનુત્તર વિમાનમાં જે સુખોપભોગનો અનુભવ કર્યો હતો તેની સરખામણીમાં આ કંઈ જ નથી. તે લાંબા સમયનું સુખ આજ સ્વપ્નવત્ થઈ ગયું છે.' એમ જોઈ-વિચારીને અંતે તેઓ સંયમપંથ પર આગળ વધ્યા. દિગંબર પરંપરાના ગ્રંથ હરિવંશપુરાણ અને અન્ય ગ્રંથોમાં 'નીલાંજના' નર્તકી નૃત્ય કરતી કરતી મૃત્યુ પામી. એને જોઈને ઋષભદેવ પ્રતિબુદ્ધ થયા એવો ઉલ્લેખ છે.[૫]

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં અભિનિષ્ક્રમણની પૂર્વે ઋષભદેવે વાર્ષિક દાન આપ્યું એવો ઉલ્લેખ નથી, પણ આવશ્યક-નિર્યુક્તિ[૬] અને ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં[૭] એમણે વાર્ષિક દાન આપ્યું એવો ઉલ્લેખ છે.

ઋષભદેવે ચારમુષ્ટિલોચ કર્યો એવો ઉલ્લેખ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં છે. જ્યારે અન્ય તીર્થંકરોનાં વર્ણનમાં પંચમુષ્ટિ-લોચ કર્યાનો ઉલ્લેખ છે. ટીકાકારે આ વિષયને સ્પષ્ટ કરતાં નોંધ્યું છે: જે સમયે ભગવાન લોચ કરતા હતા તે સમયે એમની સુવર્ણસમાન કેશરાશિને જોઈને ઇન્દ્રે પ્રાર્થના કરી કે, એક મુષ્ટિ કેશ એમને એમ રહેવા દો. ભગવાને ઇન્દ્રની પ્રાર્થના સ્વીકારી અને કેશને એ પ્રમાણે રહેવા દીધા.[૮] કેશ રાખવાને કારણે તેઓ 'કેશી' અથવા 'કેશરિયાજી'ના નામથી પ્રખ્યાત થયા. પદ્મપુરાણ[૯], હરિવંશપુરાણમાં[૧૦] ઋષભદેવની જટાઓનો ઉલ્લેખ છે. ઋગ્વેદમાં[૧૧] ઋષભની સ્તુતિ 'કેશી'રૂપે કરવામાં આવી છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે, કેશી અગ્નિ, જલ, સ્વર્ગ તથા પૃથ્વીને ધારણ કરે છે, કેશી વિશ્વનાં સમસ્ત તત્ત્વોનું દર્શન કરાવે છે અને કેશી જ પ્રકાશમાન જ્ઞાનજ્યોતિ કહેવાય છે.

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિય વંશની ચાર હજાર વ્યક્તિઓની સાથે ઋષભદેવે દીક્ષા લીધી એવો ઉલ્લેખ છે.[૧૨] અહીં એ સ્પષ્ટ કરવું આવશ્યક છે કે, ભગવાન ઋષભે એમને દીક્ષા આપી ન હતી, પણ એમણે ભગવાનનું અનુસરણ કરી સ્વયંલોચ વગેરે ક્રિયા કરી હતી.[૧૩]

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં ભગવાન ઋષભદેવે દીક્ષા પછી પ્રથમ કયારે આહાર ગ્રહણ કર્યો એનો ઉલ્લેખ નથી. સમવાયાંગમાં[૧૪] સંવચ્છરેણ ભિક્ખા લદ્ધા ઉસહેણ લોગનાહેણ-આ પ્રકારે ઉલ્લેખ છે. એનાથી એ સ્પષ્ટ થાય છે કે, ભગવાન

---

૧. વિપ્રક્ષત્રિયવિટ્શુદ્રા, મુખબાહૂરુપાદજ્ઞઃ
વૈરાજાત્ પુરુષાજ્જાતાય આત્માચાર લક્ષણાઃ । —ભાગવત, ૧૧, ૧૭, ૧૩, બી. ભા. પૃ. ૮૦૯.
૨. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, વક્ષસ્કાર ૨, સૂત્ર ૩૦
૩. ત્રિષષ્ટિશલાકા૦, ૧, ૨, ૯૮૫-૧૦૩૩.
૪. ચઉપન્ન મહાપુરિસ ચરિયં.
૫. સોઽથ નીલાંજસા દૃષ્ટ્વા નૃત્યન્તીમિન્દ્રનર્તકીમ્ ।
બોધસ્યાભિનિબોધસ્ય નિર્વિવેદોપયોગતઃ ॥ —હરિવંશપુરાણ, ૯, ૫૭
૬. આવશ્યકનિર્યુક્તિ, ૨૩૯
૭. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ૧, ૩, ૨૩
૮. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, વક્ષસ્કાર ૨ સૂત્ર ૩૦
૯. વાતોદ્ધતા જટાસ્તસ્ય રેજૂરાકુલમૂર્તયઃ । પદ્મપુરાણ, ૩, ૨૮૮
૧૦. સ પ્રલમ્બજટાભારભ્રાજિષ્ણુઃ । હરિવંશપુરાણ ૯,૨૦૪
૧૧. કેશ્યગ્નિ વિષં કેશી વિભર્તિ રોદસી । કેસી વિશ્વ સ્વર્દૃશે કેશીદં જ્યોતિરુચ્યતે । ઋગ્વેદ, ૧૦, ૧૩૬, ૧
૧૨. જંબૂદ્વીપ પ્રજ્ઞાપ્તિ વક્ષસ્કાર ૨, સૂત્ર ૩૦
૧૩. ચઉરો સાહસ્સીઓ લોયં કાઊણ અપ્પણા ચેવ.
૧૪. સમવાયોગ સૂત્ર ૧૫૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભદેવને દીક્ષા અંગીકાર કર્યા પછી એક વર્ષ કરતાં પણ વધુ સમય પસાર થયા પછી ભિક્ષા મળી. કઈ તિથિએ એમને ભિક્ષા પ્રાપ્ત થઈ એનો ઉલ્લેખ વસુદેવહિન્ડી[૧] અને હરિવંશપુરાણમાં[૨] મળતો નથી. ત્યાં કેવલ સંવત્સરનો જ ઉલ્લેખ છે. ખરતરગચ્છ[૩] બૃહત્ગુર્વાવલી, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર[૪] તથા મહાકવિ પુષ્પદંતના મહાપુરાણમાં[૫] અક્ષયતૃતીયાના દિવસે ઋષભદેવનું પારણું થયું હતું એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. શ્વેતાંબર પરંપરા અનુસાર ઋષભદેવે 'બેલા'નું તપ ધારણ કર્યું હતું, દિગંબર પરંપરા અનુસાર એમણે ૭ માસનું તપ ધારણ કર્યું હતું. પણ લોકો આહારદાન દેવાની વિધિથી અજ્ઞાત હતા, એટલે સ્વતઃ આચીર્ણ તપ ઉત્તરોત્તર વધતું જ ગયું અને એક વર્ષથી વધુ સમય પસાર થઈ ગયો. છતાં એમનું પારણું થયું નહીં. શ્રેયાંસકુમારે એમને ઈક્ષુરસ પ્રદાન કર્યો એવું સૂચન વાચસ્પત્યાભિધાનના નીચેના શ્લોકથી થાય છે :

વૈશાખમાસિ રાજેન્દ્ર, શુક્લપક્ષે તૃતીયા
અક્ષયા સા તિથિ પ્રોક્તા કૃતિકારોહિણીયુતા
તસ્યાં દાનાદિકં સર્વમક્ષયં સમુદાહૃતમ્ ।

આ પ્રમાણોના પ્રકાશમાં એ સ્પષ્ટ છે કે, ભગવાન ઋષભદેવનું પારણું અખાત્રીજના દિવસે થયું. ભગવાન ઋષભદેવ એક વર્ષ સુધી ઇન્દ્ર દ્વારા પ્રદત્ત દેવદુષ્ય વસ્ત્રને ધારણ કરીને રહ્યા હતા. એ પછી તેઓ અચેલક બની[૬] ગયા. સાધના-કાલમાં દેવસંબંધી, મનુષ્યસંબંધી અને તિર્યંચસંબંધી જે કોઈ ઉપસર્ગ આવ્યા એ ઉપસર્ગોને એમણે બહુ જ શાંતિથી સહન કર્યા.[૭] તેઓ પોતાના સાધનાકાલમાં વ્યુત્સર્ગકાય અને ત્યક્ત દેહની જેમ રહ્યા. શ્રીમદ્ ભાગવતમાં[૮] શ્રમણ બન્યા પછી ઋષભદેવને અજ્ઞાની લોકોએ દારુણ દુઃખ આપ્યું એવો ઉલ્લેખ છે. પણ અમારી દૃષ્ટિએ એ યુગના માનવ એટલા ક્રૂર ન હતા કે જે ઋષભને આટલું કષ્ટ આપે.

ભગવાનનાં જીવન અને સાધનાનું શબ્દચિત્ર વિવિધ ઉપમાઓ દ્વારા શાસ્ત્રકારે પ્રસ્તુત કર્યું છે. એક સહસ્ર વર્ષ પછી ભગવાનને કેવલજ્ઞાન તથા કેવલદર્શન ઉત્પન્ન થયું, જેને જૈનાગમોમાં કેવલજ્ઞાન કહ્યું છે. તેને બૌદ્ધગ્રંથોમાં 'પ્રજ્ઞા', સાંખ્યયોગમાં 'વિવેકખ્યાતિ' કહેવામાં આવ્યાં છે.[૯] એમણે તીર્થની સ્થાપના કરી. એમના ચોરાશી ગણ અને ચોરાશી ગણધર થયા. વૈદિક પુરાણોમાં પણ ભગવાન ઋષભદેવને દસ પ્રકારના ધર્મના પ્રવર્તક માનવામાં આવ્યા છે. તૃતીય આરામાં ત્રણ વર્ષ સાડા આઠ માસ જેટલો સમય બાકી રહ્યો ત્યારે ભગવાન ઋષભદેવ દશ હજાર શ્રમણોની સાથે અષ્ટાપદ પર આરૂઢ થયા. એમણે ચતુર્દશ ભક્તથી આત્માને ભાવિત કરતા અભિજીત નક્ષત્રના યોગમાં પલ્યાંકસ્થિત શુકલ ધ્યાન દ્વારા અઘાતિયા કર્મોને નષ્ટ કરી સદાસર્વદા માટે અક્ષર-અજર-અમર પદને પ્રાપ્ત કર્યું.[૧૦] જેને જૈન પરિભાષામાં 'નિર્વાણ' અથવા 'પરિનિર્વાણ' કહેવામાં આવે છે. શિવપુરાણમાં અષ્ટાપદ પર્વતના બદલે કૈલાશપર્વતનો ઉલ્લેખ કર્યો છે.[૧૧]

---

૧. 'भयवं पियामहो निराहारो परमधिति-बल-सायरो संपूर्णसागरोइव थिमियो अणाउलो संवच्छरं विहरई, पत्तो य हत्थिणाउरं...ततो परमहेरिसियो पडिलाभई सामिं खोयरसेणं । વસુદેવહિન્ડી.

૨. હરિવંશપુરાણ, સર્ગ ૯, ૧૮૦-૧૯૧

૩. श्री युगादिदेव पारणकपवित्रितायां वैशाख शुक्लपक्ष तृतीयाया स्वपदे महाविस्तरेता स्थापिताः ।—ખરતરગચ્છ બૃહત્ ગુર્વાવલી (સીંઘી જૈનશાસ્ત્ર જ્ઞાનપીઠ, ભારતીય વિદ્યાભવન, મુંબઈ.)

૪. राधशुक्ल तृतीयायां दानमासीत्तदक्षयम् पर्वाक्षयतृतीयेत्ति, ततोऽद्यापि प्रवर्तते । ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ૧, ૩, ૩૦૧

૫. सेयंसहु घणुएणु णिउजिय उक्कहिं उडमाला ईव पंजिय, पुरियसंवच्छर उववासे अक्खयदाणु मणिउं परमेसे ॥ —મહાપુરાણ, સંધિ ૯, પૃ. ૧૪૮-૧૪૯

૬. उसभेणं अरहा कोसलिए संवच्छर-साहियं चीवरधारी होत्था तेणु परं अचेलए । —ધમ્મકહાણુઓગે, પઢમ ખંધે, પૃ. ૨૦

૭. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ,—વક્ષસ્કાર ૧ સૂત્ર ૩૧.

૮. विवेकख्यातिरविप्लवा हानोपायः ।—યોગસૂત્ર, ૨,૨૬

૯. ભાગવત, ૫, ૫, ૩૦, ૫૬૪

૧૦. चुलसीतीए जिणुवरो, समणु सहस्सेहिं परिवुडो भगवं, दसहिं सहस्सेहिं समं निव्वाणमणुत्तरं पत्तो । —આવયસ્સકચૂર્ણિ, ૨૨૧

૧૧. कैलाशे पर्वते रम्य वृषभोऽयं जिनेश्वरः
चकार स्वावतारं च, सर्वज्ञः सर्वगः शिवः । शिवपुराण, ५६.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ[૧], કલ્પસૂત્ર,[૨] ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર[૩] પ્રમાણે ઋષભદેવની નિર્વાણતિથિ માઘ વદ તેરશ છે અને તિલોયપણ્ણત્તિ[૪] તેમજ મહાપુરાણ[૫] પ્રમાણે માઘ વદ ચૌદશ છે. મૂર્ધન્ય મનીષિઓનું[૬] એવું માનવું છે કે, ભગવાનની યાદમાં એ દિવસે શ્રમણોએ ઉપવાસ કર્યો અને આખી રાત્રિ ધર્મ–જાગરણ કર્યું. એટલે તે રાત્રિ 'શિવરાત્રિ'–ના નામથી પ્રસિદ્ધ થઈ. ઈશાનસંહિતામાં[૭] એવો ઉલ્લેખ છે કે, મહા વદ ચૌદશની મહારાત્રિમાં કોટિ સૂર્ય પ્રભોપમ ભગવાન આદિ દેવ શિવગતિ પ્રાપ્ત થઈ જવાથી શિવ – એ લિંગમાંથી પ્રગટ થયા કે જેને નિર્વાણ પહેલાં આદિદેવ તરીકે ઓળખવામાં આવતા હતા તે હવે શિવપદને પામ્યા એટલે 'શિવ' કહેવાયા.

ઋષભદેવનું મહત્ત્વ કેવલ જૈન પરંપરામાં જ નથી, પરંતુ બ્રાહ્મણ પરંપરામાં પણ તે એક ઉપાસ્ય દેવ ગણાય છે. ડૉ. રાધાકૃષ્ણન્, ડૉ. જિમર, પ્રો. વિરુપાક્ષ, વેડિયર વગેરે અનેક વિદ્વાનોએ એ સત્ય–તથ્યનો સ્વીકાર કર્યો છે કે વેદોમાં પણ ભગવાન ઋષભદેવનો ઉલ્લેખ થયો છે. વૈદિક ઋષિ ભક્તિભાવનામાં તલ્લીન થઈને મહાપ્રભુ ઋષભની સ્તુતિ કરત કહે છે : એ આત્માદ્રષ્ટા પ્રભો, પરમસુખ પ્રાપ્ત કરવા માટે અમે આપને શરણ આવવા ઇચ્છીએ છીએ.[૭] ઋગ્વેદમાં અનેકસ્થાને ઋષભદેવનો ઉલ્લેખ થયો છે.[૮] યજુર્વેદમાં પણ કહેવામાં આવ્યું છે;—મેં એ મહાપુરુષને જાણ્યા છે, જે સૂર્ય જેમ તેજસ્વી તથા અજ્ઞાન વગેરે અંધકારથી ખૂબ દૂર છે. એનું પરિજ્ઞાન કરવાથી મૃત્યુની પાર થઈ જવાય છે. મુક્તિને માટે એના સિવાય અન્ય કોઈ માર્ગ નથી.[૯] અથર્વવેદના ઋષિઓએ માનવોને એ પ્રેરણા આપી કે તેઓ ઋષભદેવનું આહવાન કરે. : હે સહચર, બંધુઓ, તમે આત્મીય શ્રદ્ધા દ્વારા એમના આત્મબલ અને તેજને ધારણ કરો.[૧૦] કેમકે તેઓ પ્રેમના રાજા છે, એમણે એ સંઘની સ્થાપના કરી છે, જેમાં પશુને પણ માનવ જેવાં માનવામાં આવે છે. તથા એને કોઈ પણ મારી શકે નહીં.

વૈદિક ઋષિઓએ વિવિધ પ્રતીકો દ્વારા ઋષભદેવની સ્તુતિ પણ કરી છે. કોઈ સ્થાને તેઓ જાજ્વલ્યમાન અગ્નિના રૂપે,[૧૧] કોઈ સ્થાને પરમેશ્વરના રૂપે[૧૨], કોઈ સ્થાને રુદ્રના રૂપે[૧૩], કોઈ સ્થાને શિવના રૂપે[૧૪], કોઈ સ્થાને હિરણ્યગર્ભ[૧૫]ના

---

૧. જે સે હેમંતાણં તચ્ચે માસે પંચમે પક્ખે,
માહ બહુલે તસ્સ ણં માહબહુલસ્સ તેરસી પક્ખેણં —જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ૪૮, ૯૧.

૨. કલ્પસૂત્ર, ૧૯૯, ૫૯.

૩. ત્રિષષ્ટિ. ૧, ૬.

૪. માઘસ્સ કિણ્હ ચોદસિ પુવ્વણ્હે ણિય ય જમ્મણક્ખત્તે અટ્ઠાવયમ્મિ ઉસહો અજુહેણ સમં ગઓ જન્નેહિ— તિલોયપણ્ણત્તિ.

૫. મહાપુરાણ, ૩૭, ૩

૬. માઘે કૃષ્ણ ચતુર્દશ્યામાદિદેવો મહાનિશિ, શિવલિંગ તયોદ્ભૂત કોટિ સૂર્યસમપ્રભઃ, તત્કાલ વ્યાપિની ગ્રાહ્યા શિવ–રાત્રિ વ્રતે તિથિઃ । ઈશાનસંહિતા.

૭. મણુસ્ય તે તીવસ્ય પ્રજૂતિમિયર્મિ વાચમૃતાય ભૂષન્, ઇન્દ્ર ક્ષીતીમામાસ માનુષીણાં વિશા દેવી નામૂત પૂર્વયાયા । —ઋગ્વેદ, ૨,૩૪,૨.

૮. ઋગ્વેદ, ૧૦,૧૬૬,૧

૯. વેદાહમેતં પુરુષં મહાન્તમાદિત્યવર્ણં તમસઃ પુરસ્તાર તમેવ વિદ્વિત્વાતિ મૃત્યુમેતિ, નાન્યઃપન્થા વિદ્યતેઅયનાય.

૧૦ અહોમુચં વૃષભં યજ્ઞિયાનાં, વિરાજન્તં પ્રથમમધ્વરાણામ અપાં ન પાતિમશ્વિના, હુવે ધિય, ઇન્દ્રિયેણ ઇન્દ્રિય દત્તભોજઃ । —અથર્વવેદ, કારિકા; ૧૯,૪૨,૪

૧૧. અથર્વવેદ, ૯,૪,૩; ૯,૪,૭; ૯,૪,૧૮;

૧૨. અથર્વવેદ, ૯,૪,૭

૧૩. (ક) ઋગ્વેદ, ૧૦,૧૩૬,૨,૩૩,૧૫
(ખ) યજુર્વેદ, તૈત્તિરીય સંહિતા, ૧,૮,૬, વાજસનેયી, ૩,૫૭,૬૩

૧૪. પ્રભાસપુરાણ, ૪૯

૧૫. (ક) ઋગ્વેદ, ૧૦,૧૨૧,૧ (ખ) તૈત્તિરીયારણ્યકભાષ્ય, સાયણાચાર્ય, ૫,૫,૧,૨ (ગ) મહાભારત, શાન્તપર્વ, ૩૪૯ (ઘ) મહાપુરાણ, ૧૨,૬૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપે, કોઈ સ્થાને બ્રહ્માના રૂપે[૧], કોઈ સ્થાને વિષ્ણુના રૂપે[૨], કોઈ સ્થાને વાતરસના[૩] શ્રમણના રૂપે, કોઈ સ્થાને કેશી[૪]ના રૂપે ભગવાન ઋષભદેવની સ્તુતિ કરે છે.

શ્રીમદ્ ભાગવતમાં[૫] તો ઋષભદેવનું ખૂબ વિસ્તારથી નિરૂપણ છે. **જાણે** એમ લાગે છે કે **જાણે** આપણે કોઈ જૈન પરંપરાનો ગ્રંથ વાંચતા હોઈએ. એમાં એમનાં માતાપિતાનાં નામ, સુપુત્રોનો ઉલ્લેખ, એમની જ્ઞાનસાધના, ઉપદેશ, ધાર્મિક-સામાજિક નીતિઓનાં પ્રવર્તન અને ભરતના અનાસક્ત યોગનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રીમદ્ ભાગવતમાં જ નહીં પરંતુ, લિંગપુરાણ[૬], શિવપુરાણ[૭], આગ્નેયપુરાણ[૮], બ્રહ્માંડપુરાણ[૯], વિષ્ણુપુરાણ[૧૦], કર્મપુરાણ[૧૧], નારદપુરાણ[૧૨], વારાહપુરાણ[૧૩], સ્કન્દપુરાણ[૧૪] જેવાં ઘણાં પુરાણોમાં ઋષભદેવના કેવલ નામનો જ ઉલ્લેખ થયો નથી પણ એમના કોઈ ને કોઈ જીવનપ્રસંગને પણ ટાંકવામાં આવ્યા છે.

બૌદ્ધગ્રંથોમાં ઋષભદેવનો ઉલ્લેખ જેટલા વિસ્તાર સહિત થવો જોઈએ એટલો થયેલો મળતો નથી. 'ધમ્મપદ'માં ઋષભદેવ અને મહાવીરનાં નામો એક સાથે પ્રાપ્ત થાય છે. એમાં ઋષભને સર્વશ્રેષ્ઠ વીર તરીકે જણાવ્યા છે.[૧૫] ધર્મકીર્તિએ 'ન્યાયબિંદુ' ગ્રંથમાં સર્વજ્ઞનું દૃષ્ટાંત આપતાં ઋષભદેવ અને ભગવાન મહાવીરનો ઉલ્લેખ કર્યો છે[૧૬], જે સર્વજ્ઞ અથવા આપ્ત હોય છે તેઓ જ્યોતિર્જ્ઞાનાદિકના ઉપદેશક હોય છે.

પાશ્ચાત્ય અને પૌર્વાત્ય—બધાએ ઋષભદેવને આદિપુરુષ માન્યા છે અને વિવિધ રૂપમાં એમનું નિરૂપણ કર્યું છે. વિસ્તારભયથી અમે તે બધાનો અત્રે ઉલ્લેખ કરતા નથી. વિશેષ જિજ્ઞાસુજન પ્રસ્તુત લેખકના 'ઋષભદેવ : એક પરિશીલન' ગ્રંથનું અવલોકન કરે.

પ્રસ્તુતગ્રંથમાં જન્મોત્સવનું જેટલા વિસ્તારથી નિરૂપણ કરવામાં આવ્યું છે એટલા જ વિસ્તારથી એમના નિર્વાણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. નિર્વાણમહોત્સવ ઊજવવાને માટે ચોસઠ ઇન્દ્રો પોતાના વિશાલ પરિવાર સાથે ઉપસ્થિત થયા હતા. શક્ર ઋષભદેવના દેહને ક્ષીરોદકથી સ્નાન કરાવે છે. અન્ય દેવગણ, ગણધર તથા અન્ય અન્તેવાસી શિષ્યોના પાર્થિવ દેહોને પણ ક્ષીરોદકથી સ્નાન કરાવે છે. પછીથી ગોશીર્ષચંદનનું વિલેપન કરે છે. ત્રણ પ્રકારની શિવિકાઓ તૈયાર કરે છે. એકમાં ઋષભદેવને, બીજીમાં ગણધરોને તથા ત્રીજીમાં સામાન્ય સાધુઓને ગોઠવે છે. જય જય નંદા, જય જય ભદ્દા ના દિવ્ય આઘોષથી આકાશને ગુંજાયમાન કરતા કરતા ત્રણ ચિતાઓમાં તીર્થંકર, ગણધર અને સામાન્ય સાધુઓને ગોઠવે છે. શક્રની આજ્ઞાથી અગ્નિકુમારદેવે અગ્નિની વિકુર્વણા કરી અને વાયુકુમારદેવે અગ્નિને પ્રજ્વલિત કર્યો. ગોશીર્ષ-

---

૧. ઋષભદેવઃ એક પરિશીલન, દ્વિ. સંસ્કરણ, પૃ. ૪૯
૨. સહસ્રનામ બૃહચ્છતકમ્, શ્લોક ૧૦૦-૧૦૨
૩. (ક) ઋગ્વેદ, ૧૦, ૧૩૬,૨ (ખ) તૈત્તિરીયારણ્યક, ૨,૭,૧ પૃ.૧૩૭ (ગ) બૃહદારણ્યકોપનિષદ, ૪,૩,૨૨ (ઘ) એન્સીયેન્ટ ઇન્ડિયા એઝ ડિસ્ક્રાઈબ્ડ બાય મૈગસ્થનીજ એન્ડ એરિયન, કલકત્તા, ૧૯૧૬, પૃ. ૯૭,૯૮ (ઙ) ટ્રાન્સલેશન આવ ફ્રેગ્મેન્ટસ આવ ધ ઇંડિયા આવ મૈગસ્થનીઝ, વાન ૧૮૪૬, પૃ. ૧૭૫
૪. (ક) પદ્મપુરાણ ૩,૨૮૮ (ખ) હરિવંશપુરાણ ૯,૨૦૪ (ગ) ઋગ્વેદ, ૧૦.૧૩૬,૧
૫. શ્રીમદ્ ભાગવત, ૧,૩,૧૩; ૨૭,૧૦; ૫,૩,૨૦; ૫,૪,૨૦; ૫,૪,૫; ૫,૪,૮; ૫,૪,૯-૧૩; ૫,૫,૧૬; ૫,૫,૧૯; ૫,૫,૨૮; ૫,૧૪,૪૨-૪૪; ૫,૧૫,૧
૬. લિંગપુરાણ, ૪૮,૧૯-૨૩
૭. શિવપુરાણ, ૫૨,૮૫
૮. આગ્નેયપુરાણ, ૧૦,૧૦-૧૨
૯. બ્રહ્માંડપુરાણ, પૂર્વ ૧૪,૫૩
૧૦. વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ, અ.૧,૨૬-૨૭
૧૧. કૂર્મપુરાણ, ૪૧/૩૭,૩૮,
૧૨. નારદપુરાણ, પૂર્વખંડ અ. ૪૮
૧૩. વારાહપુરાણ, અ. ૭૪
૧૪ સ્કન્દપુરાણ, અ. ૩૭
૧૫. ઉસભં પવરં વીરં મહેસિં વિજિતાવિનં, અનેજં નહાતકં બુદ્ધં તમહં બ્રૂમિ બ્રાહ્મણં ॥ ધમ્મપદ, ૪૨૨
૧૬. યઃ સર્વજ્ઞ આપ્તો વા સ જ્યોતિર્જ્ઞાનાદિકમુપદિષ્ટવાન્ તદ્યથા ઋષભવર્ધમાનાદિરિતિ । ન્યાયબિન્દુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદનથી બનાવવામાં આવેલી ચિતા બળવા લાગી. જ્યારે બધાના પાર્થિવ દેહ બળી ગયા ત્યારે શક્રેન્દ્રની આજ્ઞાથી મેઘકુમારદેવે ક્ષીરોદકથી એ ચિતાઓને ઠારી. બધા ઇન્દ્રોએ પોતપોતાની મર્યાદા અનુસાર પ્રભુની દાઢો અને દાંતનો તથા બાકીના દેવોએ પ્રભુનાં અસ્થિઓનો સ્વીકાર કર્યો. ત્રણે ચિતાઓ પર સ્મૃતિચિન્હ બનાવી તે દેવેન્દ્ર પોતાના પરિવાર સાથે નંદીશ્વરદ્વીપ ગયા અને એમણે અષ્ટાહ્નિકા ઉત્સવ ઊજવ્યો. આ પ્રમાણે ભગવાન ઋષભદેવનું ઓજસ્વી, તેજસ્વી વ્યક્તિત્વ તેમજ કૃતિત્વ અત્યંત પ્રેરણાદાયી છે. પ્રસ્તુત ગ્રંથમાં એમના જીવનના કેટલાક મુદ્દાઓ પર ચિંતન કરવામાં આવ્યું છે અને આ જ મુદ્દાઓ આગમસાહિત્ય પછી નિર્માણ કરવામાં આવેલ સાહિત્યના ઉપજીવ્ય રહ્યા છે.

મલ્લીભગવતી :

ભગવાન ઋષભદેવની પછી પ્રસ્તુત ગ્રંથમાં મલ્લીભગવતીનું ચરિત્ર આપવામાં આવ્યું છે. મલ્લીભગવતીના ચરિત્રનો મૂળ આધાર જ્ઞાતાધર્મકથા છે. મલ્લીભગવતીનો જીવ પોતાના ત્રીજા ભવમાં 'મહાબલ' નામનો રાજા બન્યો હતો. તે છ સ્નેહીસાથીઓ સાથે શ્રમણ ધર્મમાં દિક્ષિત થયા અને તેઓએ એક સાથે જ તપ કરવાનો નિશ્ચય કર્યો. પણ મહાબલના મનમાં એ વિચાર ઊભો થયો કે, હું ગૃહસ્થાશ્રમમાં પણ એમનાથી ચઢિયાતો હતો એટલે જો આ વખતે એમના જેટલી જ સાધના કરીશ તો એમની સમાનસ્થિતિમાં જ ભવિષ્યમાં પણ રહેવું પડશે. એટલે મહાબલે વિશિષ્ટ તપની સાધનાનો પ્રારંભ કર્યો. જો છ સાથીઓ ષષ્ઠભક્ત તપ કરતા તો મહાબલ અષ્ટભક્ત તપ કરતા, અન્ય સાથીઓ અષ્ટભક્તનું તપ કરતા તો તેઓ દશમભક્ત તપ કરતા. સાથીમુનિઓ આ અંગે પૃચ્છા કરતા, ત્યારે તેઓ શારીરિક અને માનસિક કારણ દર્શાવીને પારણું ન કરતા. માયાના કારણે એમણે સ્ત્રીનામકર્મનું અનુબંધન કર્યું. સ્ત્રીવેદનું બંધન કરી લીધા પછી બધા પ્રકારનાં શલ્યોથી મુક્ત થઈને નિષ્કષાયભાવથી ઉગ્ર તપની સાથે તીર્થંકર ગોત્રનો બંધ કર્યો. સાતેય શ્રમણોએ ભિક્ષુઓની દ્વાદશ પ્રતિમાઓને ધારણ કરી વળી લઘુસિંહ નિષ્ક્રીડિત તથા મહાસિંહ નિષ્ક્રીડીત વગેરે વિવિધ પ્રકારની તપસ્યાઓ કર્યા પછી તેઓ અંતે પાદપોપગમન સંથારો કરી સ્વર્ગસ્થ બન્યા. મહાબલનો જીવ બત્રીસ સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ સહિત અનુત્તર વિમાનમાં પેદા થયો અને અન્ય છ મુનિઓ બત્રીસ સાગરથી કંઈક ઓછી સ્થિતિવાળા દેવ બન્યા.

ત્યાંથી ચ્યુત થઈને મહાબલનો જીવ મિથિલા નગરીમાં મહારાજા કુંભની મહારાણી પ્રભાવતીની કુક્ષિમાં મલ્લીભગવતીના રૂપમાં ઉત્પન્ન થયો. અને એમના પૂર્વભવના છ મિત્રમાંથી 'અચલ'નો જીવ કૌશલની રાજધાની અયોધ્યામાં 'પ્રતિબુદ્ધ' નામનો રાજકુમાર થયો. 'ધરણ'નો જીવ અંગની રાજધાની ચંપામાં 'ચન્દ્રછાય' નામનો રાજકુમાર થયો. 'અભિચંદ્ર'નો જીવ કાશીની રાજધાની વારાણસીમાં 'શંખ' રાજકુમાર બન્યો. 'પૂરણ'નો જીવ કુણાલાની રાજધાની કુણાલાનગરીમાં 'રુકમી' નામનો રાજકુમાર થયો. 'વસુ'નો જીવ કુરુની રાજધાની હસ્તિનાપુરમાં 'અદીનશત્રુ' નામના રાજકુમારના રૂપમાં પેદા થયો. તથા 'વૈશ્રમણ'નો જીવ પાંચાલની રાજધાની કાંપિલ્યપુરમાં 'જિતશત્રુ' રાજા બન્યો.

બીજના ચંદ્રની માફક મલ્લીકુમારી દિનપ્રતિદિન મોટી થવા લાગી. એનું રૂપ અદ્‌ભુત હતું. જે કોઈ એને જોતો તે મૂઢ જેવો બની જતો. રાજકુમારીએ પોતાના વિશિષ્ટ જ્ઞાન વડે જોયું કે મારા છયે મિત્ર મારા રૂપની ખ્યાતિ સાંભળીને મારી સાથે લગ્ન કરવા તત્પર થશે, એટલે એમને પ્રતિબોધ કરવાના પ્રયોજન અર્થે એણે વિશિષ્ટ કલાકારોને બોલાવ્યા અને અશોકવાટિકામાં મોહનગૃહનું નિર્માણ કરાવ્યું. છ ગર્ભગૃહોની મધ્યે એક જાલ-ગૃહનું નિર્માણ કરાવ્યું. આ જાલ-ગૃહ પર પોતાના જેવી જ સુવર્ણપૂતળી બનાવડાવી. એ પૂતળી જોનાર એમ જ સમજતો કે આ સાક્ષાત્ મલ્લીભગવતી જ ઊભી છે. આ પૂતળીના મસ્તક પર એક છિદ્ર બનાવડાવ્યું અને પદ્મપત્રની જેમ એનું ઢાંકણ બનાવરાવ્યું. ત્યારબાદ દરરોજ પોતે ભોજન કરે તે પછી એક કોળિયો અન્ન તે પૂતળીમાં નાખવા લાગી. તે અન્ન દરરોજ અંદર ને અંદર સડવા લાગ્યું જેથી અસહ્ય દુર્ગંધ પેદા થઈ. છયે મિત્રરાજાઓએ મલ્લીભગવતીના રૂપની પ્રશંસા સાંભળી એટલે તે બધાએ તેને પોતપોતાની પત્ની બનાવવા માટે કુંભરાજાની પાસે દૂત મોકલ્યા. છયે દૂતોને એકસાથે આવેલા જોઈને મહારાજા કુંભ એ નિર્ણય ન કરી શક્યા કે કોની સાથે રાજકુમારીનું પાણિગ્રહણ કરાવવામાં આવે. એટલે છયે દૂતોને ના પાડી દીધી. છયે રાજકુમારોના દૂતોએ પોતપોતાના રાજાઓને આનું નિવેદન કર્યું. એટલે તે છયે રાજાઓએ સેનાઓથી સજ્જ થઈ આક્રમણ કરવા માટે મિથિલા તરફ કૂચ કરી. એથી કુંભરાજા અત્યંત ચિંતામાં પડી ગયો. મલ્લીભગવતીના સંકેત અનુસાર તે છયે રાજાઓને જુદા જુદા ગર્ભગૃહમાં ઉતારવામાં આવ્યા છયે રાજાઓએ મલ્લીભગવતીની પ્રતિકૃતિ જોઈ. તેને જોતાં જ તેઓ મંત્રમુગ્ધ થઈ ગયા. તે વખતે મલ્લીભગવતી જાલ-ગૃહમાં પોતાની કનકમયી પ્રતિકૃતિની પાસે આવી અને એણે પદ્મકમલનું ઢાંકણ પૂતળીના મસ્તક પરથી દૂર કર્યું. ઢાંકણ દૂર થતાં જ અસહ્ય અને ભીષણ દુર્ગન્ધ નીકળી. જેનાથી સમગ્ર વાયુમંડલ દુસહ્ય દુર્ગન્ધથી વ્યાપ્ત થઈ ગયું. છયે રાજાઓએ પોતાનાં ઉત્તરીયવસ્ત્રો વડે નાકને ઢાંકી દીધાં અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખ ફેરવીને બેસી ગયા. રાજકુમારી મલ્લીભગવતીએ એ બધા રાજાને સંબોધન કરતાં કહ્યું; 'આપ બધા મુખ ફેરવી અને નાક વગેરે ઢાંકીને કેમ બેઠા છો ? આ સુવર્ણમૂર્તિમાં દરરોજ એક એક કોળિયો શ્રેષ્ઠ ભોજન નાખવામાં આવ્યું છે. જો એક એક કોળિયાથી જ આવો ભયંકર સડો પેદા થયો છે, તો આપણે આ શરીરમાં દરરોજ કેટલા કોળિયા નાખીએ છીએ ? આ શરીર મલ–મૂત્ર, શ્લેષ્મ, રજ વગેરે અશુચિઓનો ભંડાર છે. એના પ્રત્યે આપ કેમ આસક્ત થઈ રહ્યા છો ? યાદ કરો આપના પૂર્વભવને. આપણે પૂર્વભવમાં મિત્રો હતા. સાધના કરતા કરતાં મેં માયાનું સેવન કર્યું જેના કારણે મે સ્ત્રીનામકર્મનું બંધન કર્યું, આ સાંભળી છયે રાજાઓને જાતિસ્મરણજ્ઞાન થયું અને તેઓ પ્રતિબધ્ધ થયા. ત્રણસો પુરુષ અને ત્રણસો મહિલાઓની સાથે ભગવતીમલ્લીએ પ્રવજ્યા ગ્રહણ કરી અને એ દિવસે જ એમને કેવલજ્ઞાન અને કેવલદર્શન થઈ ગયું. એક પ્રહરથી કંઈ વધુ વખત સુધી તેઓ છદ્મસ્થ અવસ્થામાં રહ્યાં. કેવળજ્ઞાન થયા પછી છયે રાજાઓ પણ એમનો પ્રથમ ઉપદેશ સાંભળીને દિક્ષિત થયા.

પ્રસ્તુત કથામાં ભોગનાં પડેપડમાં ફસાનાર, રૂપ અને લાવણ્યની પાછળ પાગલ બનેલા છયે રાજાઓને વિશુધ્ધ સદાચારનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે. જે શરીર ઉપર ઉપરથી ચમકી રહ્યું છે, જેની ચમકથી એના પ્રત્યે આકર્ષણ પેદા થાય છે, એ શરીરમાં રહેલી અપાર ગંદકીને બતાવીને રાજાઓના હૃદયનું પરિવર્તન કરવામાં આવ્યું છે. બૌધ્ધ સાહિત્યમાં ભિક્ષુણી શુભાનો એક પ્રસંગ છે. તે આ પ્રમાણે છે : શુભાનું સૌન્દર્ય નિરાળું હતું. એક કામુક એના સૌન્દર્ય પર મુગ્ધ થઈ ગયો. એ કામુકે કહ્યું : તારાં નેત્ર કેટલાં સુંદર છે, આકર્ષક છે, કે એમણે પ્રાપ્ત કર્યા વિના મને ચેન નહીં પડે'. ભિક્ષુણીએ પોતાના શીલની રક્ષા માટે તીક્ષ્ણ નખો વડે પોતાનાં નેત્ર કાઢીને એના હાથમાં આપ્યાં અને એ કામુકને કહ્યું : 'જે નેત્રો પર તું મુગ્ધ છે, તે નેત્રો તને સમર્પિત કરી રહી છું.' પરતું આ કથામાં પણ મલ્લીભગવતીની કથા અધિક આકર્ષક અને પ્રભાવશાળી છે.

રૂપકની ભાષામાં કહેવામાં આવે તો, તે છ રાજાઓ કામ, ક્રોધ, મદ વગેરે ખટ્‌રિપુઓના રૂપે છે. બધા ધર્મ અને સંપ્રદાયોમાં ખટ્‌રિપુઓને જીતવા પર ભાર આપવામાં આવ્યો છે. આ રિપુઓને કલાથી પણ જીતી શકાય છે. મલ્લીભગવતીની જેમ સાધકો તે રિપુઓ પર વિજયપતાકા ફરકાવી શકે છે.

પ્રસ્તુત કથામાં ઉત્કૃષ્ટ ચિત્રકલાનું એક રૂપ પણ જોવા મળે છે. પ્રાચીન ભારતમાં ચિત્રકલાનો પર્યાપ્ત વિકાસ થયેલો હતો. ચિત્રો ચિતરવા માટે ચિત્રકાર પોતાની પીંછી અને વિવિધ પ્રકારના રંગોનો ઉપયોગ કરતો હતો. ચિત્રકાર સર્વ પ્રથમ ભૂમિકા (Back ground) તૈયાર કરતો અને પછી એને સજાવતો–શણગારતો. મલ્લીભગવતીના ભાઈ મલ્લદત્તકુમારે હાવભાવ, વિલાસ અને શૃંગારચેષ્ટાઓથી યુક્ત ચિત્રસભા બનાવરાવી હતી. ચિત્રકાર શ્રેષ્ઠતમ ચિત્ર બનાવવામાં મગ્ન થઈ ગયા. એમાં એક ચિત્રકાર અદ્‌ભુત પ્રતિભાનો ધારક હતો. તે દ્વિપદ, ચતુષ્પદ, અપદ (વૃક્ષ વગેરે)ના કોઈ એક અંશને નિહાળીને તેને સંપૂર્ણ રૂપે ચિત્રિત કરી શકતો હતો. રાજા–મહારાજા અને શ્રેષ્ઠ ગણોમાં ચિત્રકલા અત્યંત પ્રિય હતી. તેઓ વિવિધ પ્રકારની ચિત્રશાળાઓ બનાવરાવતા હતા.

બૃહત્કલ્પભાષ્યમાં આચાર્ય સંઘદાસગણિએ ચિત્રકર્મના નિર્દોષ અને સદોષ એમ બે પ્રકાર ગણાવ્યા છે. વૃક્ષ, પર્વત, નદી, સમુદ્રભવન, વલ્લી, લતા, વિતાન, પૂર્ણ કલશ, સ્વસ્તિક વગેરે માંગલિક પાદાર્થોનું આલેખન નિર્દોષ ચિત્ર–કર્મ માનવામાં આવે છે અને સ્ત્રીઓના શૃંગાર આદિના આલેખનને સદોષ ચિત્રકર્મ કહેવામાં આવે છે.[1] ચિત્ર મુખ્યત્વે ભીંતો પર અને પટ્ટફલક પર બનાવવામાં આવતાં હતાં. ચિત્ર–સભાઓ એ યુગમાં રાજાઓ માટે અત્યંત ગર્વની વસ્તુ હતી. ચિત્ર સભાઓમાં સેંકડો સ્થંભો બનાવવામાં આવતા.

પ્રસ્તુત કથામાં કેટલીક અવાન્તર કથાઓ પણ છે. ચોકખા પરિવ્રાજિકા રાજા જિતશત્રુના દરબારમાં આવી પહોંચે છે. જિતશત્રુને પોતાના અંતઃપુર અંગે ખૂબ ગર્વ હતો. તે એમ માનતો હતો કે, મારા અંતઃપુરના જેવી સુંદરીઓ અન્ય કોઈ જગ્યાએ છે નહીં. વિશ્વનું સંપૂર્ણ સૌન્દર્ય મારા અંતઃપુરમાં એકત્ર થયેલું છે. એટલે તેણે અભિમાન સાથે પરિ-વ્રાજિકાને કહ્યું : 'આપ તો દેશ–વિદેશમાં ઘૂમો છો. શું આપે મારા અંતઃપુર જેવું અન્ય અંતઃપુર કોઈ જગ્યાએ જોયું છે ?' પરિવ્રાજિકાએ હસીને કહ્યું; 'તું કૂપ-મંડૂક જેવો છે. અને તે કૂપમંડૂકની કથા સંભળાવે છે.

સમુદ્રયાત્રા : એક ચિંતન

પ્રસ્તુત કથાનકમાં અરણક શ્રાવકની સુદૃઢ ધર્મશ્રદ્ધાનો ઉલ્લેખ છે. વણિકલોકો મૂળ ધનની રક્ષા કરતા કરતા ધનોપાર્જન કરતા હતા[2]. કેટલાય વેપારીઓ એક જગ્યાએ દુકાન જમાવીને વ્યાપાર કરતા હતા અને કેટલાય વ્યાપારી

૧. બૃહત્કલ્પભાષ્ય, ૧,૨૪૨૯

૨. નિશીથચૂર્ણિ, ૧૧, ૩૫૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુકાન રાખ્યા વગર આમતેમ ફરીને વ્યાપાર કરતા હતા.[૧] નિશીથચૂર્ણિમાં[૨] 'સમુદ્દજાણી' શબ્દ પ્રાપ્ત થાય છે, જેનો અર્થ છે : સમુદ્રયાત્રી. જ્ઞાતધર્મકથામાં[૩] અનેક સ્થાને 'પોતપટ્ટન' અને 'જલપત્તન' શબ્દો મળે છે, જે સમુદ્ર પર આવેલા બંદરનું સૂચન કરે છે કે જે સ્થાન પર વિદેશથી આવતો માલ ઉતારવામાં આવતો અને દેશી માલ ત્યાંથી નિકાસ કરવામાં આવતો હતો. આચારાંગ[૪] અને ઉત્તરાધ્યયનમાં[૫] નાવ અને પોત શબ્દ જોવા મળે છે. પોતવહ[૬] શબ્દ વહાણસૂચક છે. આધુનિક યુગમાં 'વાણિય' શબ્દ સામાન્ય વ્યાપારીના અર્થમાં વપરાય છે, પણ જ્ઞાતાધર્મકથામાં 'વાણિય' શબ્દ સમુદ્રયાત્રીના અર્થમાં પ્રયોજનએલો છે.[૭]

આગમસાહિત્યમાં તેમજ ધર્મકથાનુયોગમાં અનેક સ્થાનો પર સમુદ્રપાત્રાનું નિરૂપણ છે. આવશ્યકચૂર્ણિ[૮]માંથી એ જાણવા મળે છે કે દક્ષિણ મદુરાથી સુરાષ્ટ્રમાં વહાણ ચાલતાં હતાં. સમુદ્રયાત્રા માટે પવનની અનુકૂળતા હોવી આવશ્યક માનવામાં આવી છે.[૯] ખલાસીઓ માટે સમુદ્રની હવા અંગે જાણકારીમાં કુશલ હોવાનું આવશ્યક ગણાયું છે. સમુદ્રમાં 'કાલિયાવાત' ન ફુંકાય અને ગર્ભજ વાયુ ફુંકાય તો વહાણ સકુશલ બંદર પર પહોંચી જાય છે. 'કાલિયાવાત' અથવા તોફાનોમાં વહાણો ડૂબી જવાનું ખૂબ જોખમ રહેતું હતું. તે યુગમાં સમુદ્રયાત્રા નિર્વિઘ્ન થતી નહીં[૧૦]. વહાણ આજની જેમ બે પ્રકારનાં હતાં : મુસાફર લઈ જનાર, તથા માલ લઈ જનાર.[૧૧] જે વહાણ વ્યાપાર માટે જતાં હતાં, એમાં જે માલ ભરવામાં આવતો તે ૧. ગણિમ : સુપારી નારિયલ વગેરે જેનાં નંગ ગણીને ભરવામાં આવતાં. ૨. ધરિમ ખાંડ વગેરે જેને તોલીને વજન પ્રમાણે ભારવામાં આવતાં ૩. ચોખા, ઘી વગેરે પાલી જેવા માપ વડે માપીને આપવામાં આવતાં. ૪. પરિચ્છેદ્ય જેને કેવળ આંખ વડે ઓળખીને આપવામાં આવતાં જેવાં કે કપડાં, હીરા–પન્ના, માણેકમોતી વગેરે ઝવેરાત[૧૨]. બંદર સુધી વ્યાપારીલોક હાથી, ઘોડા, ગાડાં તથા ગાડીઓ ઉપર બેસી જતા હતા. વિવિધ ભાષાની જાણકારી ન હોવાને કારણે લોકો ઇશારા–સંકેતથી કામ લેતા હતા. જ્યાં સુધી સોદો પૂરો નહતો થતો, ત્યાં સુધી લોકો માલ ઢાંકીને રાખતા હતા.[૧૩]

ઉત્તરાધ્યયનની ટીકા અનુસાર ગુપ્તકાલમાં ભારતમાં ઈરાનની સાથે અત્યંત મીઠો સંબંધ હતો. શંખ, ચંદન, અગર–તગર, રત્ન વગેરે ભારતથી ઇરાનમાં[૧૪] જતાં હતાં. અને ઈરાનથી મજીઠ, સુવર્ણ, ચાંદી, મૂર્ગે, મોતીઓ જેવી અનેક વસ્તુઓ ભારતમાં આવતી હતી. એ પણ જાણવા મળે છે કે ભારતમાં સોમાલી–લેન્ડ, વંક્ષુપ્રદેશ, યૂનાન, સિંહલ, અરબ, હબશના, ફારસ વગેરે દેશોમાંથી અનેક દાસ–દાસીઓ મહારાણીઓની સેવા માટે અંતઃપુરમાં આવતી હતી.[૧૫] એના લાલન–પાલન હેઠળ ઉછેરાતાં સંતાનો સહજ રીતે ત્યાંની ભાષાઓથી પરિચિત થઈ જતાં એમને ભાષાઓનું અધ્યયન કરાવવા માટે વિશેષ શ્રમ લેવાની આવશ્યકતા રહેતી નહીં. ધાઈમાતાઓના ધાવણના ઘૂંટડાઓની સાથે એમનીએમની ભાષાઓ પણ એમને સહજ થઈ જતી.

---

૧. નિશીથભાષ્ય, ૧૬, ૫૭૫૦ ની ચૂર્ણિ
૨. સમુદ્દજાણીએ ચેવ ણાવએ ।—નિશીથચૂર્ણિ
૩. णायाधम्मकहा, અધ્ય૦ ૮મો
૪. આચારાંગ ૩,૨
૫. ઉત્તરાધ્યયન, અધ્યા. ૨૩
૬. णायधम्मकहा, અધ્ય૦ ૮,૬,૧૭
૭. णायधम्मकहा, અધ્ય. ૮,૬,૧૭
૮. આવશ્યકચૂર્ણિ. પૃ. ૭૦૬
૯. આવશ્યકચૂર્ણિ. પૃ. ૬૬
૧૦. णायधम्मकहा, અધ્યયન ૯
૧૧. ઉપાસકદશાંક, સૂત્ર ૫.
૧૨. (ક) णायधम्मकहा. અધ્યયન ૮,૬,૧૭
(ખ) નિશીથચૂર્ણિ. ૫૬૩૨.
૧૩. આવશ્યકચૂર્ણિ, પૃ. ૪૨.
૧૪. ઉત્તરાધ્યયનટીકા, પૃષ્ઠ, ૬૪
૧૫. અન્તગડદસાઓ, બારનેટનો અનુવાદ, પૃ. ૨૬૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજના યુગથી માફક પ્રાચીનયુગમાં પણ વિદેશોથી બહુ કીંમતી માલ આવતો હતો. એ માલ પર (રાજ્યનો) કર ન આપવો પડે એટલે વ્યાપારીગણ રાજમાર્ગ છોડીને વેરાનપંથ પર પણ ચાલતા હતા અને જ્યારે તેઓ પકડાઈ જતા ત્યારે એમને કઠોર શિક્ષા કરતા હતા.[1] એનાથી એ સ્પષ્ટ થાય છે કે પ્રત્યેક યુગમાં બધી જ વ્યક્તિઓ ઈમાનદાર નહતી. લોભવૃત્તિથી માનવ અનૈતિકતા તરફ ઝૂકતો હતો.

જૈનશ્રમણની આચારસંહિતા ઘણી જ કઠોર હતી. એટલે તે સમુદ્રયાત્રા ન હતા કરતા. પણ જૈન સાર્થવાહ અને વ્યાપારીગણ વ્યાપારના ક્ષેત્રમાં અત્યધિક ઉન્નતિ કરવા માગતા હતા એટલે તેઓ સમુદ્રયાત્રા કરતા હતા. એકવાર નહીં પણ અનેકવાર તેઓ માલ અહીંથી ત્યાં આયાત-નિકાસ કરતા રહેતા હતા. આગમ તેમજ વ્યાખ્યાસાહિત્યમાં અને સ્વતંત્ર કથાસાહિત્યમાં સેંકડો વ્યક્તિઓના સમુદ્રયાત્રાના પ્રસંગો પ્રાપ્ત થાય છે. એમને સમુદ્રમાર્ગોની પણ વિશેષ જાણકારી હતી. એ સત્ય છે કે આજના યુગની જેમ તે યુગમાં વાહન આટલાં સબળ ન હતાં. પવનની પ્રતિકૂળતાથી વાહન ક્ષત-વિક્ષિત પણ થઈ જતાં હતાં. તોપણ વ્યાપારી હિંમત હારતા નહીં.

પ્રસ્તુત કથાનકમાં છ રાજાઓનો પરિચય આપવામાં આવ્યો છે. મલ્લીભગવતીના યુગમાં રાજ્યવ્યવસ્થા કેવી હતી એનો એમાંથી ખ્યાલ આવે છે. રાજાઓ પાસે ચતુરંગિણી સેનાઓ હતી. તેઓ સ્વાભિમાની હતા. એમના અહંકારને જરાપણ ધક્કો લાગતો, એટલે તેઓ યુદ્ધ માટે તૈયાર થઈ જતા. બધા રાજાઓની એ ઇચ્છા રહેતા કે વિશ્વમાં જે કંઈ સર્વશ્રેષ્ઠ વસ્તુ હોય, એનો અધિપતિ તે પોતે જ હોય. એ કારણે જ મલ્લીભગવતીના સૌન્દર્યરસનું પાન કરવા માટે છયે રાજારૂપી ભમરાઓ એક સાથે મંડાણા અને અધિકારની ભાષામાં બધાએ પોતપોતાનો અધિકાર વ્યક્ત કર્યો.

પ્રસ્તુત કથાનકના અધ્યયનથી એ જ્ઞાત થાય છે કે એ યુગમાં આજની જેમ પુત્રી માતાપિતાને માટે એક સમસ્યા જ હતી. જો પુત્રી અત્યંત સ્વરૂપવાન હોય તો રૂપ લુબ્ધક વ્યક્તિ એને પ્રાપ્ત કરવા પોતાનો જાન પણ કુરબાન કરવા તૈયાર થઈ જતી અને એકથી વધુ વ્યક્તિ એને પ્રાપ્ત કરવા આતુર થઈ જતી, તો માતા પિતાને માટે વધુ ગંભીર સમસ્યા ઉપસ્થિત થતી હતી. જો તે પુત્રી સુરૂપા ન હોય તોપણ વિવાહની સમસ્યા ઊભી થતી હતી. આ પ્રમાણે બન્ને પ્રકારની કન્યા માટે સમસ્યા ઊભી થતી હતી.

આ પ્રમાણે પ્રસ્તુત કથાનકમાં સાંસ્કૃતિક ધાર્મિક, સામગ્રી પ્રાપ્ત થાય છે.

ભગવાન અરિષ્ટનેમિ

ભગવાન ઋષભદેવ અને મલ્લીભગવતી એ બન્ને તીર્થંકરો પ્રાગ્-ઐતિહાસિક કાલમાં થયા છે. આધુનિક ઇતિહાસ કારો ભગવાન અરિષ્ટનેમિને ઐતિહાસિક પુરુષ માને છે, કેમકે કર્મયોગી શ્રીકૃષ્ણને ઇતિહાસકાર ઇતિહાસનો એક જાજ્વલ્યમાન નક્ષત્ર માને છે. એ યુગમાં અરિષ્ટનેમિનો પણ પ્રાદુર્ભાવ થયો હતો. એટલે એમને પણ ઐતિહાસિક પુરુષ માનવામાં કોઈ સંકોચ રાખવાની આવશ્યકતા નથી.

ઋગ્વેદમાં અરિષ્ટનેમિ શબ્દ ચાર વાર પ્રયુક્ત થયો છે.[2] 'स्वस्तिनस्तार्क्ष्यो अरिष्टनेमिः' (ઋગ્વેદ, ૧,૧૪.૮૯,૬). અહીં 'અરિષ્ટનેમિ' શબ્દ ભગવાન અરિષ્ટનેમિને માટે પ્રયુક્ત થયો છે. કેટલાય મૂર્ધન્ય મનીષીઓનું એ મંતવ્ય છે કે, 'છાન્દોગ્યોપનિષદ્'માં ભગવાન અરિષ્ટનેમિનું નામ 'ઘોર આંગિરસ' જોવા મળે છે. એમણે શ્રીકૃષ્ણને આત્મ—યજ્ઞ-ની શિક્ષા પ્રદાન કરી હતી. એમની દક્ષિણા, દાન, તપશ્ચર્યા, ઋજુભાવ, અહિંસા, સત્યવચનરૂપ હતી.[3] ધર્માનંદ કોસાંબીએ 'આંગિરસ' ઋષિ એ ભગવાન અરિષ્ટનેમિનું જ બીજું નામ હોવાનું માન્યું છે.[4]

ઋગ્વેદ[5], યજુર્વેદ[6] અને સામવેદમાં[7] ભગવાન અરિષ્ટનેમિને 'तार्क्ष्य अरिष्टनेमि' તરીકે નોંધ્યા છે. स्वस्ति नः इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषाः विश्ववेदाः, स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः स्वस्ति नो बृहस्पति दधातु[8] વેદોમાં જે

---

૧. ઉત્તરાધ્યયન બૃહદ્વૃત્તિ, પત્ર ૨૫૨

૨. (ક) ઋગ્વેદ, ૧,૧૪,૮૯,૬; (ખ) ઋગ્વેદ, ૧,૨૪,૧૮૦,૧૦; (ગ) ઋગ્વેદ, ૩,૪,૫૩,૧૭ (ઘ) ઋગ્વેદ, ૧૦,૧૨,૧૭૮,૧

૩. अतः यत् तपोदानमार्जवहिंसासत्यवचनमितता अस्य दक्षिणा,—छांदोग्य उपनिषद, ૩,૧૭,૪

૪. ભારતીય સંસ્કૃતિ ઔર અહિંસા, પૃ. ૫૭

૫. (ક) त्वम् यु वाजिनं देवजूतं सहावानतरुतारं रथानाम, अरिष्टनेमि पृतनाजमाशुं स्वस्तये तार्क्ष्यमिह हुवेम, ઋગ્વેદ ૧૦, ૧૨, ૧૭૫ (ખ) ઋગ્વેદ, ૧,૧,૧૬

૬. યજુર્વેદ, ૨૫,૧૯

૭. સામવેદ, ૩,૯

૮. ઋગ્વેદ, ૧,૧,૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરિષ્ટનેમિ શબ્દનો પ્રયોગ થયો છે તે ભગવાન અરિષ્ટનેમિ માટે થયો છે. મહાભારતમાં પણ 'તાર્ક્ષ્ય' શબ્દનો પ્રયોગ થયેલો છે, તે પણ ભગવાન અરિષ્ટનેમિનું બીજું નામ હોવું જોઈએ.[૧]

યજુર્વેદમાં નોંધ્યું છે : અધ્યાત્મયજ્ઞે પ્રગટ કરનારો, સંસારના ભવ્ય જીવોને યથાર્થ ઉપદેશ દેનારો અને જેના ઉપદેશથી આત્મા પવિત્ર બને છે એ સર્વજ્ઞ નેમિનાથને માટે આહૂતિ સમર્પિત કરું છું.[૨]

ડૉ. રાધાકૃષ્ણને નોંધ્યું છે : યજુર્વેદમાં ઋષભદેવ, અજિતનાથ અને અરિષ્ટનેમિ—આ ત્રણ તીર્થંકરોનાં નામ છે.[૩]

સ્કંદપુરાણમાં[૪] એક પ્રસંગ છે : વામને તપ કર્યું. તપના દિવ્ય પ્રભાવથી પ્રભાવિત થઈ શિવે વામનને દર્શન આપ્યાં. શિવ તે સમયે શ્યામવર્ણ, અચેલ અને પદ્માસનમાં બેઠેલા હતા. વામને એનું નામ નેમિનાથ રાખ્યું. આ નેમિનાથ કલિકાલનાં સર્વપાપનો નાશ કરનારા છે. એમનાં દર્શન અને ચરણસ્પર્શ કરવાથી કરોડો યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય છે. પ્રભાસપુરાણમાં[૫] પણ અરિષ્ટનેમિની સ્તુતિ કરવામાં આવી છે. મહાભારતમાં[૬] પણ એમની સ્તુતિ અર્થે સ્વર પ્રસ્ફુરિત થયા છે.

સુપ્રસિદ્ધ ઇતિહાસકાર ડૉ. રાયચૌધરીએ 'વૈષ્ણવ ધર્મ કે પ્રાચીન ઇતિહાસ'માં ભગવાન અરિષ્ટનેમિને શ્રીકૃષ્ણના કાકાના દીકરા ભાઈ તરીકે ઉલેખ્યા છે.[૭]

અરિષ્ટનેમિ અંગે કર્નલ ટોડે[૮] નોંધ્યું છે : મને એવું જ્ઞાત થાય છે કે પ્રાચીન કાળમાં ચાર બુદ્ધ અથવા મેધાવી મહાપુરુષ થયા છે. એમાં પ્રથમ આદિનાથ અને બીજા નેમિનાથ હતા. નેમિનાથ જ સ્કેન્ડીનેવિયા—નિવાસીઓના પ્રથમ ઓડિન તથા ચીનાઓના પ્રથમ 'ફો'—દેવતા હતા.

ડૉ. નગેન્દ્રનાથ વસુ, ડૉ. કુહર, પ્રોફેસર બૉરનેટ, મિ. કર્વા, ડૉ. હરિદત્ત, ડૉ. પ્રાણનાથ વિદ્યાલંકાર વગેરે અનેક આધુનિક વિદ્વાનોએ પણ ભગવાન અરિષ્ટનેમિને ઐતિહાસિક તેમજ પ્રભાવશાલી મહાપુરુષ માન્યા છે.

પ્રસ્તુત ગ્રંથમાં એમના કલ્યાણગર્ભમાં આવ્યા એટલે માતાએ જે ચૌદ મહાસ્વપ્ન જોયાં એનો ઉલ્લેખ છે. જન્મ, પ્રવજ્યા, કેવળજ્ઞાન, ગણધર, અન્તકૃતભૂમિ અને કુમારાવસ્થામાં નિર્વાણપ્રાપ્તિનો ઉલ્લેખ છે.

'વસુદેવહિન્ડી', ચઉપન્નમહાપુરિસચરિય, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, નેમિનાહચરિઉ ભવ—ભાવના, ઉપદેશમાલા પ્રકરણ, હરિવંશપુરાણ, ઉત્તરપુરાણ, નેમિનિર્વાણકાવ્ય, અરિષ્ટનેમિચરિત્ર, નેમિનાથચરિત્ર વગેરે લગભગ સોથી પણ વધુ રચનાઓ પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, ગુજરાતી, રાજસ્થાનીમાં ઉપલબ્ધ છે, જે રચાનાઓમાં ભગવાન અરિષ્ટનેમિના જીવનના પાવન—પ્રસંગ ટાંકવામાં આવ્યા છે. વિશેષ જિજ્ઞાસુઓ મારા દ્વારા લખાયેલ **'ભગવાન અરિષ્ટનેમિ ઔર કર્મયોગી શ્રીકૃષ્ણ: એક અનુશીલન'** ગ્રંથનું અવલોકન કરે.[૯]

ભગવાન અરિષ્ટનેમિ લોકોત્તર મહાપુરુષ હતા. જીવનના ઉષાકાલથી જ એમનામાં વિરક્તિની ભાવના અંગડાઈઓ લઈ રહી હતી. નારીશક્તિ એને પરાજીત કરવા માટે તૈયાર થઈ હતી. તે હાવભાવ અને વિલાસ દ્વારા એમના વૈરાગ્યને વિચલિત કરવા ચાહતી હતી. શ્રીકૃષ્ણની મહારાણીઓ વિવિધ પ્રકારની શૃંગારચેષ્ટાઓ કરીને એમને સંસાર પ્રતિ આકર્ષિત કરવા ચાહતી હતી. મોહમુગ્ધ રાણીઓની સ્થિતિ પર ચિંતન કરતા અરિષ્ટનેમિના મુખ પર આછી સ્મિતરેખા ઊપસી આવતી એટલે રાણીઓ પોતે સફળ થઈ છે એમ માની ખુશ થઈ જતી. તેઓ એમ માની લેતી હતી કે અમે એમના હૃદયને જીતી લીધું છે. પણ અરિષ્ટનેમિ તો હિમાલયની જેમ અડગ હતા.

---

૧. એવમુક્તસ્તદા તાર્ક્ષ્ય: સર્વશાસ્ત્ર વિદાંવર: વિષ્ણુધ્ય સંપદ ચાગ્રયા સદ્ભાવાક્યમિદમબ્રવીત્ ।—મહાભારત, શાન્તિપર્વ, ૨૮૮/૪

૨. વાજસનેયી—માધ્યંદિનશુક્લયજુર્વેદ, અધ્યાય, ૯, મંત્ર ૨૫, સાતવલેકર સંસ્કરણ (વિક્રમ ૧૯૮૪)

૩. The Yajurveda mentions the name of three Tirthankaras : Rishabha, Ajitnath and Arishtanemi. Indian Philosophy, Vol. I p 237.

૪. સ્કન્દપુરાણ, પ્રભાસખંડ

૫. પ્રભાસપુરાણ, ૪૯-૫૦

૬. મહાભારત, અનુસાનપર્વ, અધ્યાય ૧૪૯, શ્લોક ૫૦—૮૨.

૭. વૈષ્ણવધર્મનો પ્રાચીન ઇતિહાસ, ડૉ. રાયચૌધરી.

૮. જરનલ ઓફ દી ભંડારકર રિસર્ચ ઈન્સ્ટીટયૂટ, પત્રિકાપુસ્તક ૨૩, પૃ. ૧૨૨

૯. ભગવાન અરિષ્ટનેમિ ઔર કર્મયોગી શ્રીકૃષ્ણ એક અનુશીલન, લે દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી, પ્રકા. તારક ગુરુ જૈન ગ્રંથાલય ઉદયપુર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન અરિષ્ટનેમિના યુગનું આપણે અધ્યયન કરીએ તો સૂર્યપ્રકાશની જેમ એ સ્પષ્ટ થશે કે તે યુગમાં ક્ષત્રિયો માંસ અને મદિરા પાછળ પાગલ બની ગયા હતા. તેઓ એને પોતાનું ગૌરવ ગણતા હતા. અરિષ્ટનેમિના વિવાહના પવિત્ર પ્રસંગ પર પશુઓ એકત્રિક કરવામાં આવ્યાં હતાં. હિંસાની આ પૈશાચિક પ્રવૃત્તિની તરફ જનમાનસનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે તથા ક્ષત્રિયોને માંસભક્ષણમાંથી વિરત કરવા માટે તેઓ વિવાહ કર્યા વગર પાછા ફરી ગયા. એમનું આ પાછા ફરવું તે ક્ષત્રિયોનાં પાપોનું પ્રાયશ્ચિત્ત હતું. એનો અદ્‌ભુત પ્રભાવ વીજળી જેવો થયો. એનાથી સમગ્ર સમાજ વિચલિત થઈ ગયો. અરિષ્ટનેમિના ત્યાગે માનવસમાજને એક નવું માર્ગદર્શન આપ્યું. જે માનવ પોતાની ક્ષણિક તૃપ્તિ માટે બીજા જીવોના જીવન સાથે ખેલ કરતા હતા એમને આત્મલોચનાની પ્રેરણા પ્રાપ્ત થઈ. 'અમે કોઈપણ પ્રાણીને દુઃખ ન આપીએ'. ભગવાન અરિષ્ટનેમિનું આ અપૂર્વ ઉદ્‌બોધન બધા પ્રાણીઓ માટે વરદાનરૂપ હતું.

મદિરાએ જ દ્વારિકાનો વિનાશ કર્યો હતો. મદિરાના વિરોધમાં અરિષ્ટનેમિએ જોરદાર બુલંદ અવાજ ઉઠાવ્યો કે જેના ફલસ્વરૂપ દ્વારિકામાં મદિરાપાન બિલકુલ બંધ થઈ ગયું. અરિષ્ટનેમિ અધ્યાત્મજગતના તેજસ્વી સૂર્ય હતા. કર્મયોગી શ્રીકૃષ્ણે ગો–પાલન પર ભાર મૂકયો. પરંતુ અરિષ્ટનેમિ એ તો બધા પ્રાણીઓની રક્ષા પર ભાર મૂકયો. જેના કારણે ભારતમાં અહિંસાની સુરીલી સ્વરલહરીઓ ઝંકૃત થઈ અને તેઓ એટલાબધા લોકપ્રિય થયા કે વૈદિક અને બૌદ્ધ પરંપરાના ગ્રંથોમાં પણ અરિષ્ટનેમિનો ઉલ્લેખ ખૂબ ગૌરવની સાથે જોવા મળે છે.

ભગવાન પાર્શ્વનાથ

પાશ્ચાત્ય અને પૌર્વાત્ય બધા મૂર્ધન્ય વિદ્વાનો ભગવાન પાર્શ્વને ઐતિહાસિક મહાપુરુષ માને છે. સર્વપ્રથમ ડૉ. હરમન જેકોબીએ જૈનાગમોની સાથે બૌદ્ધ ત્રિપિટકોના આધાર પર પાર્શ્વનાથને ઐતિહાસિક પુરુષ સિદ્ધ કર્યા છે.[૧] ત્યારબાદ કોલબ્રુક, સ્ટીવેન્સન, એડવર્ડ ટામસ, ડૉ. ખેલવલકર, દાસગુપ્તા, ડૉ. રાધાકૃષ્ણન્,[૨] શાર્પેન્ટિયર, ગેરીનોટ, મજમુદાર, ઈલિયટ પુસિન વગેરે વિદ્વાનોએ એ સપ્રમાણ પ્રમાણિત કર્યું છે કે શ્રમણ ભગવાન મહાવીર પૂર્વે એક નિર્ગ્રન્થ સંપ્રદાય હતો કે જે ખૂબ પ્રભાવશાળી હતો. આ નિર્ગ્રન્થ સંપ્રદાયના મુખ્યનાયક પાર્શ્વનાથ હતા. ડૉ. ચાર્લ્સ શાર્પેન્ટિયરનો મત એવો છે કે આપણે બે બાબતો યાદ રાખવી પડશે : જૈન ધર્મ ચોક્કસપણે મહાવીરથી પ્રાચીન છે. એના પ્રખ્યાત પુરોગામી પાર્શ્વ ચોક્કસપણે એક વાસ્તવિક વ્યક્તિરૂપે વિદ્યમાન હતા. પરિણામસ્વરૂપ મૂલ સિદ્ધાંતોની મુખ્ય મુખ્ય બાબતોએ મહાવીરની પૂર્વે સૂત્રરૂપ ધારણ કરી લીધું હતું.[૩]

ભગવાન પાર્શ્વના જીવનવૃત્તાંત અંગે સર્વપ્રથમ ઉલ્લેખ શ્વેતાંબર આગમોમાં સમવાયાંગ અને કલ્પસૂત્રમાં પ્રાપ્ત થાય છે. સમવાયાંગમાં પાર્શ્વનાં માતાપિતા એમની દીક્ષાનગરી, શિવિકા, ચૈત્ય, વૃક્ષ અને એમનાં મુખ્ય શિષ્ય તેમજ શિષ્યાઓનાં નામનો નિર્દેશ થયેલો છે. જીવનવૃત્તાન્તની ક્રમાનુસારી એક પણ ઘટના એમાં પ્રાપ્ત થતી નથી. નામોના ઉલ્લેખો ઉપરાંત પાર્શ્વની સાથે દીક્ષા લેનારાઓની સંખ્યા, એમના પ્રથમ તપના દિવસોની સંખ્યા દર્શાવવામાં આવી છે તથા પાર્શ્વનું પૂર્વભવનું નામ 'સુદર્શન' હોવાનું જણાવ્યું છે. આ ભવમાં તેઓ માંડલિક રાજા હતા. મુનિ બન્યા પછી તેઓ અગિયાર અંગના જ્ઞાતા બન્યા.

કલ્પસૂત્રમાં પાર્શ્વનું જીવનવૃત્તાન્ત પ્રાપ્ત થાય છે. પણ એમાં પાર્શ્વના પૂર્વભવો અંગે કોઈ ઉલ્લેખ નથી. એમાં પાર્શ્વના કુશસ્થલ જવાના, રવિકીર્તિ અથવા પ્રસેનજિતના સહયોગથી કલિંગરાજ યવન સાથે યુદ્ધ કરવાના તથા રાજકુમારી પ્રભાવતી સાથે વિવાહ કરવાના વગેરે પ્રસંગોનું કોઈ વર્ણન નથી. એમાં કમઠ કે સર્પની ઘટનાનું, મેઘમાલીકૃત ઉપસર્ગોનું કોઈ વર્ણન પ્રાપ્ત થતું નથી. ભગવાન પાર્શ્વને કયા નિમિત્તે વૈરાગ્ય ઉત્પન્ન થયો એનો પણ એમાં ઉલ્લેખ નથી.

આગમ ગ્રંથો પછી રચાયેલ 'चउपन्नमहापुरिसचरियं', જેની રચના કરનાર શીલાંક છે અને 'सिरि पासनाह–चरियं' જેની રચના કરનાર આચાર્ય અભયદેવના શિષ્ય આચાર્ય દેવભદ્રસૂરિ છે, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર,' જેની રચના કરનાર આચાર્ય હેમચંદ્રાચાર્ય છે. આ બધા શ્વેતાંબર આચાર્યોએ પાર્શ્વનાથ ભગવાનના ચરિત્રનો વિકાસ કર્યો છે.

---

૧ The sacred books of the East, Vol. XLV, Introduction, page 21. "That Parsva was a historical person, is now admitted by all as very probable..

૨. Indian Philosophy, Vol. I, P. 287.

૩. The Uttaradhyayana Sutra Introduction, P. 21 : "We ought also to remember that the Jain religion is certainly older than Mahavira, his reputed predecessor Parsva having almost certainly existed as a real person and that consequently the main points of the original doctrine may have been codified long before Mahavira."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિગંબર પરંપરામાં સર્વપ્રથમ આચાર્ય ગુણભદ્રે ઉત્તરપુરાણમાં, મહાકવિ પુષ્પદંતે મહાપુરાણમાં, વાદિરાજસૂરિએ 'પાસનાહચરિઉ'માં ભગવાન પાર્શ્વનાથના મૌલિક પ્રસંગો અંકિત કર્યા છે. 'પાર્શ્વાભ્યુદયકાવ્ય', જેની રચના કરનાર આચાર્ય જિનસેન છે તે કાવ્ય ઉત્તરપુરાણથી પણ પહેલાંના સમયનું છે. પરંતુ આ કાવ્યગ્રંથ છે અને એની રચના કાલિદાસના 'મેઘદૂત'ની જેમ કરવામાં આવી છે. આ કાવ્યમાં ભગવાન પાર્શ્વ ધ્યાનાવસ્થામાં સ્થિર બેઠેલા છે અને શંબરદેવ એમને ઉપસર્ગ આપે છે એ પ્રસંગનું વર્ણન છે. જિનરત્નકોષમાંથી[૧] જાણવા મળે છે કે આચાર્ય મલ્લીસેણે પણ મહાપુરાણ અથવા ત્રિષષ્ટિશલાકાપુરાણની રચના કરી છે, પણ તે હજી સુધી પ્રકાશિત થયું નથી. એમાં પણ પાર્શ્વના જીવનના પ્રસંગો સાંપડે છે.

સમવાયાંગમાં તીર્થંકરોના પૂર્વભવોનાં નામોનો કંઈક ઉલ્લેખ જોવા મળે છે. એનું વિકસિત રૂપ આપણને વિમલસૂરિ રચિત 'પઉમચરિય'માં પ્રાપ્ત થાય છે. વિમલસૂરિએ અંતિમ બે ભવોથી પૂર્વેના ભવનું વિવરણ પ્રસ્તુત કર્યું છે. એમાં સર્વ તીર્થંકરોનાં આ ભવ સાથે સંકળાયેલ જન્મ, નગરીઓનાં નામ, સ્વયંનાં નામ, ગુરુઓનાં નામ તથા એના અગ્રિમ દેવભવોનાં નામ દર્શાવવામાં આવ્યાં છે.[૨] આ ત્રીજા ભવ સિવાય કોઈપણ પૂર્વભવ અંગે કોઈ વિવરણ 'પઉમચરિય'માં નથી. સમવાયાંગમાં ચોવીસ તીર્થંકરોનાં નામ પ્રાપ્ત થાય છે. એમાંથી કેટલાંક નામો એના સાથે સમાન છે, બાકીનાં જુદાં છે. જેમકે, 'સમવાયાંગ'માં પાર્શ્વનું નામ 'સુદર્શન' છે, જ્યારે 'પઉમચરિય'માં આનંદ છે. સમવાયાંગમાં 'સુદર્શન' નામનું વિવરણ અન્ય કોઈપણ પાર્શ્વચરિત્રમાં મળતું નથી.

વિમલસૂરિરચિત 'પઉમચરિય' જેવું જ આચાર્ય હરિષેણે પણ પદ્મપુરાણમાં પાર્શ્વનાથ અંગે વિવરણ આપ્યું છે.

પૂર્વભવોનો વ્યવસ્થિત ઉલ્લેખ સર્વ પ્રથમ શ્વેતાંબર પરંપરામાં 'ચઉપન્નમહાપુરિસચરિય'માં પ્રાપ્ત થાય છે. તથા દિગંબર પરંપરામાં ઉત્તરપુરાણમાં પ્રાપ્ત થાય છે. બાદમાં રચાયેલા ગ્રંથોમાં પ્રાયઃ એનું જ અનુસરણ છે.

સમવાયાંગ અને કલ્પસૂત્રમાં પાર્શ્વનું નામકરણ કયા કારણે થયું તે અંગે કોઈ માહિતી નથી. આવશ્યકનિર્યુક્તિમાં સર્વપ્રથમ એના નિમિત્ત અંગે ચર્ચા કરવામાં આવી છે. ત્યાં નોંધવામાં આવ્યું છે : સપ્પં સપણે જણણી તં પાસઈ તમસિ તેણ પાસ[૩] જિણો।"

આચાર્ય હરિભદ્રે[૪] પ્રસ્તુત વિષય પર વિસ્તારથી ચિંતન કરીને લખ્યું છે કે, પાર્શ્વની માતા વામા ભગવાન ગર્ભમાં આવ્યા પછી સ્વપ્નમાં નાગ જુએ છે તથા પાર્શ્વનાથના દિવ્ય પ્રભાવથી અંધકારમાં પણ સન્નિકટદરમાં નીકળતા સર્પને જુએ છે, એટલે ભગવાનનું નામ પાર્શ્વ રાખવામાં આવ્યું. આચાર્ય હેમચન્દ્ર[૫], ભાગદેવ[૬], વિનયવિજયજી[૭] વગેરેએ નામકરણ અંગે પાર્શ્વમાં જતા એવા સર્પને જોયો, એટલે એનું નામ પાર્શ્વ રાખવામાં આવ્યું એવો સ્પષ્ટ ઉલ્લેખ આપ્યો છે. ઉત્તરપુરાણ[૮], પાસનાહચરિઉ વગેરે ગ્રંથોમાં ઇન્દ્રે બાળકનું નામ 'પાર્શ્વ' રાખ્યું એવો ઉલ્લેખ છે. દિગંબર ગ્રંથોમાં સર્પને જોવા અંગેનો ઉલ્લેખ નથી અને ન તો એનો નામ સાથે કોઈ સંબંધ હોવાનું કહેવામાં આવ્યું છે.

પાર્શ્વનાથના ગૃહસ્થજીવનની બે મુખ્ય ઘટનાઓ છે : પ્રથમ ઘટના છે કુશસ્થલપુરનું યુદ્ધ અને પ્રભાવતી સાથે એમનો વિવાહ; અને બીજી ઘટના છે કમઠની સાથે વિવાહ અને નાગનો ઉદ્ધાર.

કુશસ્થલપુર યુદ્ધ માટે જવા અંગેનું વર્ણન ન તો આગમનગ્રંથોમાં છે કે ન તો ચઉપન્નમહાપુરિસચરિયંમાં છે. સર્વપ્રથમ પદ્મકીર્તિરચિત પાસનાહચરિઉમા[૯] તથા દેવભદ્રસૂરિરચિત પાસનાહચરિયંમાં આ પ્રસંગનું વર્ણન પ્રાપ્ત થાય છે. પણ બન્ને ગ્રંથો વચ્ચે શ્વેતાંબરદિગંબર પરંપરાનો ભેદ હોવાથી કથાનકમાં પણ મતભેદ હોય તે સ્વાભાવિક છે. આચાર્ય

---

૧. જિનરત્નકોષ, લેખક, હરિ દામોદર વેલણકર, પૃ. ૧૬૨

૨. પઉમચરિયં, ૨૦/૧–૨૫. ડૉ. હરમન જૅકોબી એની રચના ત્રીજી સદીમાં થઈ હોવાનું માને છે. ગ્રંથની પ્રશસ્તિમાં રચનાકાલ વીર નિ. સં. ૫૩૦ અર્થાત્ ઈ. સ. ૩ જણાવવામાં આવ્યો છે. પણ આ અંગે સર્વ વિદ્વાનો એકમત નથી.

૩. આવશ્યકનિર્યુક્તિ, ગાથા ૧૦૬૧

૪. આવશ્યકનિર્યુક્તિ, હરિભદ્રિયાવૃત્તિ, પૃ. ૫૦૬

૫. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ૯, ૩, ૪૩–૪૪

૬. પાર્શ્વનાથચરિત્ર, સર્ગ ૫

૭. કલ્પસૂત્ર, સુબોધિકા ટીકા, પૃ. ૨૦૩

૮. જન્માભિષેક કલ્યાણ પૂજા નિર્વર્ત્યનન્તરમ્ પાર્શ્વાભિધાનં કૃત્વાસ્ય પિતृભ્યાં તં સમર્પયન્ । –ઉત્તરપુરાણ, ૭૩/ ૯૨ પૃ. ૪૩૨

૯. પાસનાચરિઉ, પદ્મકીર્તિ ૮/૨૩/૭૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીલાંકે કુશસ્થલપુર જવાનું વર્ણન કર્યું નથી, પરંતુ એમણે પ્રભાવતી સાથે પાર્શ્વનો વિવાહ થયો તે પ્રસંગ જણાવ્યો છે.[૧] દિગંબર આચાર્ય પદ્મકીર્તિ અનુસાર પ્રભાવતીની સાથે પાર્શ્વનો વિવાહસંબંધ સ્વીકાર્ય[૨] બને છે પણ એ સમયે જ કમઠ અને નાગની ઘટના બને છે જેથી પાર્શ્વ પ્રભાવતી સાથે વિવાહ કર્યા વગર વિરક્ત થઈ જાય છે.[૩] જ્યારે દેવભદ્રસૂરિએ વિવાહ થયા એમ માન્યું છે. પાર્શ્વનાથનાં બીજાં જેટલાં પણ ચરિત્ર છે એ બધામાં કમઠ અને નાગનો પ્રસંગ વારાણસીમાં થયો હોવાનું માનવામાં આવ્યું છે. કેવળ પદ્મકીર્તિએ જ તે પ્રસંગ કુશસ્થલપુરમાં બન્યો હોવાનું જણાવ્યું છે.

કમઠ–વિવાહપ્રસંગ આપણને સર્વપ્રથમ ચઉપન્નમહાપુરિસચરિયં અને ઉત્તરપુરાણમાં પ્રાપ્ત થાય છે. બન્નેમાં ફેર એટલો છે કે આચાર્ય શીલાંકે અગ્નિના બળતા કાષ્ટમાં નાગને પીડાતો બતાવ્યો છે.[૪] જ્યારે ગુણભદ્રે કાષ્ટને ચીરતી વખતે નાગ-નાગણીને પીડા પામતાં બતાવ્યાં છે.[૫] આચાર્ય હેમચંદ્ર[૬] તથા ભાવદેવસૂરિ[૭] એ શીલાંકાચાર્યનું જ અનુસરણ કર્યું છે. પદ્મકીર્તિએ[૮] પાસનાહચરિઉમાં ફક્ત એક જ નાગને જ બળતો બતાવ્યો છે. જ્યારે વાદીરાજ[૯] સૂરિએ પાર્શ્વનાથચરિત્રમાં નાગયુગ્મનો ધરણેન્દ્રપદ્માવતીના રૂપે ઉલ્લેખ કર્યો છે. બન્ને પરંપરાઓમાં અર્વાચીન ગ્રંથોમાં નાગનાગણી અને ધરણેન્દ્ર–પદ્માવતીનો ઉલ્લેખ થયેલો છે. કેટલાક લેખકોએ એમ નોંધ્યું છે કે નાગણી મરીને ધરણેન્દ્રની સ્ત્રી પદ્માવતીદેવી બની[૧૦], પરંતુ સ્થાનાંગ,[૧૧] ભગવતી,[૧૨] જ્ઞાતાસૂત્ર[૧૩]માં ધરણેન્દ્ર નાગરાજની ૧. આલા ૨. શક્રા ૩. સતેરા ૪. સૌદામિની ૫. ઇન્દ્રા ૬. ઘનવિદ્યુત, નામની છ પટ્ટરાણીઓ જણાવવામાં આવી છે; એમાં પદ્માવતીનો નામોલ્લેખ નથી.

જે પ્રમાણે ઇન્દ્રોનાં નામ શાશ્વત છે, એમાં પરિવર્તન થતું નથી એવી રીતે અગ્રમહિષીઓનાં નામ પણ શાશ્વત છે. જ્ઞાતાસૂત્ર અનુસાર વર્તમાનમાં ધરણેન્દ્રની જે અગ્રમહિષીઓ છે તે ભગવાન પાર્શ્વનાથના શાસનમાં થએલી છે. અગ્રમહિષીઓની સ્થિતિ અર્ધપલ્યોપમથી પણ વધુ હોવાનું જણાવવામાં આવ્યું છે.[૧૪] એમાંથી એ સ્પષ્ટ થાય છે કે

---

૧. એત્થાવસરમ્મિ ય સયલગુણગણાલંકિયસવિસેસીયર વસોહગ્ગાઈસયસ્સ ભયવઓ પસેણઈણ્ણા અચ્ચન્તસોહગ્ગસાલિણ્ણો પહાવતી । —ચઉપન્નમહાપુરિસચરિયં, પૃ. ૨૬૧

૨. જોવસિયઈ બહુ–ગુણુ કહિઉ લગ્ગુ, ણુરણાહહો તં ણિય—ચિતિ લગ્ગુ, ગઉ વિપલિય–વયણુ ખણેણુ તિત્થુ, અચ્છઇ ધવલહરિ કુમાર જિત્થુ, કરિ લેયિ ણુરિંદે વુત્તુ–દેઉ, મહુ કણ્ણુ પરિણિ કરિ વયણુ એઉ, પડિવણ્ણુ કુમારે એઉ હોઉ. —પાસણાહચરિઉ. ૧૩/૯

૩. પાસણાહચરિઉ, ૧૩, ૯–૧૩

૪. ચઉપન્નમહાપુરિસચરિયં, પૃ. ૨૬૧

૫. ઉત્તરપુરાણ, ૭૩, ૧૦૧–૧૦૩

૬. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, અંગ્રેજી અનુવાદ, ખંડ ૫, પૃ. ૩૬૧–૩૬૨

૭. પાર્શ્વનાથચરિત્ર, સર્ગ છઠ્ઠો

૮. પાસનાહચરિઉ

૯. પરિણમદનલામપાકજાત–શ્રમ, ભરિતં ભુજંગ પ્રિયાસમેતમ્, જિનવરવિરુદયન સ્વાધામ્ના સકલમપાસ્ય તતાપ તાપસમ્ય ૮૪. પરિગતદહનં વ્યુદસ્ય દેહં ભુજગપતિ ભવેન બભુવ દેવઃ, સમજનિ ભુજગી ચ તસ્ય દેવી–વહલતકોમલ નલીનીરજાક્ષી ૮૬. પદ્માવતી વ ધરણશ્ચ કુતોપકારં તત્કાલ જાતમવધિંપ્રણિધાયબુદ્ધ વા। આનમ્ર મૌલિકચિરમ્ચ વિચર્ચિતાઘ્રિ–માનર્ચતુઃ સુરતરુ પ્રસવૈર્જિનેન્દ્રમ્ ॥ ૮૭

—શ્રી પાર્શ્વનાથચરિતં, સગ ૧૭૨, શ્લોક ૮૪, ૮૬, ૮૭

૧૦. ઉત્તરપુરાણ, ૭૩, ૧૧૧–૧૧૯, પૃ. ૪૩૬–૪૩૭

૧૧. ધરણસ્સ ણું નાગકુમારિં દસ્સ નાગકુમાર રન્નો ૭ અગ્ગમહિસીઓ પણ્ણત્તાઓ તંજહા, આલા, સક્કા, સતેરા, સોયામણા, ઇન્દા, ઘણવિજ્જુઆ,—સ્થાનાંગ સૂત્ર ૩૫, ધાસીલાલજી મ. દ્વારા સંમ્પાદિત, ભા ૪, પૃ. ૩૭૧

૧૨. ધરણસ્સ ણું ભંતે ! નાગકુમારિંદસ્સ નાગકુમારરન્નો કતિ અગ્ગમહિસીઓ પન્નતોઓ ? અજ્જો ! ૭ અગ્ગ-મહિસીઓ પન્નતોઓ તંજહા–૧ ઇલા. ૨ સુક્કા. ૩ સતારા. ૪ સૌદામિણી. ૫ ઇન્દા. ૬ ઘણવિજ્જુઅ. —ભગવતીશતક, ૧૦. ઉદ્દેશક ૫. ખંડ ૩. પૃ, ૧૦૧.

૧૩. જ્ઞાતાસૂત્ર, દ્વિતીય શ્રુતસ્કંધ, તૃતીય વર્ગ પૃ. ૬૦૬ પ્રકાશક–તિલોકરત્ન સ્થા. પરીક્ષા બોર્ડ. પાથર્ડી,

૧૪. ણવરં ધરણસ્સ અગ્ગમહિસિત્તાએ ઉવવાઓ સાતિરેગઅદ્ધપલિઓવમઠિઈં જ્ઞાતાધર્મ દ્વિ. શ્રુતસ્કંધ ૨, ૩, પૃ. ૬૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરણેન્દ્રની પૂર્વે જે અગ્રમહિષીઓ હતી તે સત્તરમા તીર્થંકર કુંથુનાથના સમયમાં થઈ હતી, એટલે તે ભગવાન પાર્શ્વનાથના ગૃહસ્થાશ્રમ સમય સુધી જીવિત હતી.[૧]

આચાર્ય હેમચન્દ્રે[૨] અને ભાવદેવે[૩] ભગવાન પાર્શ્વના શાસનદેવનું નામ 'પાર્શ્વ યક્ષ' જણાવ્યું છે. તથા શાસનદેવીનું નામ 'પદ્માવતી યક્ષિણી' આપ્યું છે. કોઈ કોઈ જગ્યાએ ધરણેન્દ્ર અને પાર્શ્વ એ બન્ને શબ્દો એકાર્થક રૂપમાં વ્યવહૃત થયાં છે.[૪] 'લાઈફ એન્ડ સ્ટોરીઝ ઓફ પાર્શ્વનાથ'[૫] તથા હાર્ટ ઓફ જૈનિઝમ[૬]માં પણ ધરણેન્દ્ર અને પદ્માવતીને શાસનદેવ અને શાસનદેવી માન્યાં છે. વાદિરાજસૂરિ વિરચિત પાર્શ્વનાથચરિત્ર[૭] તથા બૃહદ્ પદ્માવતીસ્તોત્રમાં[૮] પણ આવું જ વર્ણન છે. મારી દૃષ્ટિએ લેખકોએ ભૂલથી જ એવું કર્યું છે કેમકે પદ્માવતીને યક્ષિણી અને ધરણેન્દ્રને યક્ષ તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે. યક્ષ અને યક્ષિણી એ વાણવ્યન્તર દેવોનો જ એક પ્રકાર છે.[૯] જ્યારે ધરણેન્દ્ર ભવનપતિનો ઇન્દ્ર છે.[૧૦] એટલે પદ્માવતી યક્ષિણી એની દેવી કેવી રીતે થઈ શકે. વાણવ્યન્તરની દેવી ભવનપતિઓની દેવી બની શકે નહીં. એટલે પ્રસ્તુત કથન આગમસંમત નથી. આગમજ્ઞો માટે આ ચિંતનીય છે.

ચઉપન્નમહાપુરુષમાં[૧૧] નોંધ્યું છે કે એક વાર પાર્શ્વકુમાર બાવીસમા તીર્થંકરનાં ભીત્તિ-ચિત્રોનું અવલોકન કરી રહ્યા હતા તે વખતે અવલોકન કરતાં કરતાં એમના આંતરમાનસમાં વૈરાગ્યભાવના જાગ્રત થઈ. ઉત્તરપુરાણમાં[૧૨] એમ નોંધવામાં આવ્યું છે કે ભગવાન પાર્શ્વ જ્યારે ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે અયોધ્યાનો દૂત વારાણસી આવ્યો. એ દૂતે ભગવાન ઋષભદેવનું વર્ણન સંભળાવ્યું જેનાથી એમને વૈરાગ્ય ઉત્પન્ન થયો. આચાર્ય દેવભદ્રસૂરિએ પાસનાહ ચરિઉ[૧૩]માં શીલાંકનું જ અનુસરણ કર્યું છે. પદ્મકીર્તિ[૧૪]ના મત પ્રમાણે કમઠ અને નાગની ઘટના એમના વૈરાગ્યનું નિમિત્ત બની હતી. આચાર્ય હેમચંદ્ર[૧૫]અને વાદીરાજ[૧૬]સૂરિએ એમની વૈરાગ્યઉત્પત્તિ અંગે કોઈ કારણ જણાવ્યું નથી. આધુનિક શ્વેતાંબર સાહિત્યમાં શીલાંકનું જ વિશેષપણે અનુસરણ થયું છે.

સમવાયાંગ અને કલ્પસૂત્રમાં કમઠકૃત ઉપસર્ગોની બિલકુલ ચર્ચા પ્રાપ્ત થતી નથી. પણ ચઉપન્નમહાપુરિસચરિયં,[૧૭] શ્રી પાસનાહચરિત્ર[૧૮] અને ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર[૧૯] અન્તર્ગત આ ઘટના જોવા મળે છે.

કમઠ તાપસ મરીને મેઘમાલી દેવ બન્યો. વિભંગજ્ઞાનથી ભગવાન પાર્શ્વને ધ્યાનમુદ્રામાં બેઠેલા જોઈને એનો અહંકાર જાગ્રત થઈ ગયો. એણે મને પૂર્વભવમાં પરાજીત કર્યો હતો. હવે હું એને પરાજીત કરી મારી શક્તિ પ્રદર્શિત

---

૧. સમર્થ સમાધાન, ભાગ ૧ લો પૃ. ૬૫
૨. (ક) ત્રિષષ્ટિ-૯,૩ પૃ. ૪૮૬-૮૭. ગુજરાતી, (ખ) અભિધાનચિંતામણિ, ૪૩
૩. પાર્શ્વચરિત્ર, સર્ગ ૭, શ્લોક ૮૨૭
૪. શ્રી પાર્શ્વચરિત્ર, સર્ગ ૬ શ્લોક ૧૯૦-૧૯૪
૫. લાઈફ એન્ડ સ્ટોરીઝ ઓફ પાર્શ્વનાથ, ફુટનોટ, પૃ. ૧૧૮, ૧૬૭
૬. હાર્ટ ઓફ જૈનિઝમ, પૃ. ૩૧૩
૭. પદ્માવતી જિનમતસ્થિતિમુન્નયતી, કિં નૈવ તત્સદસિ શાસનદેવતાસીત્ । તસ્યાઃ પતિસ્તુ ગુણસંગ્રહદક્ષચેતા, યક્ષો બભૂવ જિનશાસનરક્ષણે. — શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ૧૨/૪૨ પૃ. ૧૯૩
૮. પાતાલાધિપતિ પ્રિયા પ્રણયિની ચિંતામણિ પ્રાણિનાં, શ્રીમત્પાર્શ્વજિનેશ શાસન-સૂરી પદ્માવતી દેવતા-બૃહદ્ પદ્માવતી સ્તોત્ર, ૨૨. (પ્રકાશક : માણિક્યચંદ દિગંબર જૈન ગ્રંથમાલા સમિતિ, હીરાબાગ મુંબઈ)
૯. સ્થાનાંગ-સમવાયાંગ પૃ. ૪૫૫.
૧૦. સ્થાનાંગ-સમવાયાંગ, પૃ. ૪૮૧.
૧૧. ચઉપન્નમહાપુરિસચરિયં, પૃ. ૨૬૩
૧૨. ઉત્તરપુરાણ, ૭૩,૧૨૦-૧૨૪
૧૩. પાસનાહચરિઉ, ૧૬૨
૧૪. પાસનાહચારઉ, ૧૩,૧૨
૧૫. ત્રિપષ્ટિ, ૯,૩,૨૩૧
૧૬. પાર્શ્વનાથ ચરિત્ર ૧૧મો સર્ગ, શ્લોક ૧-૫૫
૧૭. ચઉપન્નમહાપુરિસચરિયં ૨૬૬
૧૮. શ્રી પાસનાહ ચરિયં ૩,૧૯૧
૧૯. ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર ૯,૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરું. એણે સર્પ, વીંછી વગેરે વિવિધ રૂપ ધારણ કરીને ભગવાનને ભયંકર યાતનાઓ આપી. પરંતુ તેઓ તો મેરુની જેમ અડગ રહ્યા. ત્યારે એણે ક્રોધે ભરાઈને ભયંકર ગર્જના કરતાં કરતાં અપાર જલવૃષ્ટિ કરી.[૧] નાકની દાંડી સુધી પાણી એમની આસપાસ આવી ગયાં છતાં પાર્શ્વ ધ્યાનથી વિચલિત થયા નહીં.[૨] ધરણેન્દ્રે પોતાના અવધિજ્ઞાનમાં મેઘમાલીનો આ ઉપસર્ગ જોયો. એમણે સાત ફેણોનું છત્ર બનાવી મેઘમાલી દેવના ઉપસર્ગનું નિવારણ કર્યું.[૩]

ભક્તિભાવથી વિભોર થઈને ધરણેન્દ્રે ભગવાનની સ્તુતિ કરી. પણ સમતાયોગી ભગવાન પાર્શ્વ ન તો ધરણેન્દ્ર પર પ્રસન્ન થયા અને ન તો કમઠના જીવ પર ગુસ્સે થયા. આ કારણે જ આચાર્ય હેમચન્દ્રાચાર્યે જોયું છે કે[૪]

"કમઠે ધરણેન્દ્રે ચ સ્વોચિતે કર્મ કુર્વતિ ।
પ્રભોસ્તુલ્ય મનોવૃત્તિઃ પાર્શ્વનાથઃ શ્રિયઅસ્તુ વઃ ॥

ધરણેન્દ્રના ભયથી ભયભીત થયેલો મેઘમાલી પ્રભુના ચરણમાં પડી પોતાના અપરાધોની ક્ષમાયાચના કરવા લાગ્યો.

ચઉપન્નમહાપુરિષ ચરિયં,[૫] સિરિ પાસનાહચરિયં,[૬] ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર,[૭] પદ્મકીર્તિકૃત પાસનાહચરિઉ[૮] વગેરે શ્વેતાંબર ગ્રંથોમાં વિઘ્નકર્તાનું નામ મેઘમાલિન આપવામાં આવ્યું છે. ઉત્તરપુરાણ,[૯] પુષ્પદંતકૃત મહાપુરાણ અને રઈધૂના પાસચરિયમાં વિઘ્ન ઉપસ્થિત કરનારનું નામ 'શંબર' આપવામાં આવ્યું છે. વાદીરાજે[૧૦] એનું નામ 'ભૂતાનંદ' જોયું છે. આચાર્ય સિદ્ધસેન[૧૧] દિવાકરે જોયું છે કે,— 'હે સ્વામિન્, આ શઠ કમઠે જે ધૂળ આપના પર ફેંકી, તે ધૂળ આપની છાયાને પણ કોઈ આઘાત આપી શકી નહીં.'[૧૨]

પદ્મકીર્તિ[૧૩] અનુસાર ભગવાન પાર્શ્વને જ્યારે કમઠ ઉપસર્ગ આપી રહ્યો હતો. ત્યારે તેમને કેવલજ્ઞાન થયું. પરંતુ શ્વેતાંબર ગ્રંથો પ્રમાણે કમઠના ઉપસર્ગપ્રસંગ પછી કેટલાક દિવસો પછી ભગવાન પાર્શ્વને કેવલજ્ઞાન થયું હતું.

સમવાયાંગ અને કલ્પસૂત્ર પ્રમાણે પાર્શ્વના પ્રથમ શિષ્ય 'દિન્ન'[૧૪] (આર્યદત્ત) થયા તથા પ્રથમ શિષ્યા 'પુષ્પચૂલા' થઈ,[૧૫] પ્રથમ શ્રાવક સુનન્દ તથા પ્રથમ શ્રાવિકા સુનંદા બની. દિગંબર પરંપરા પ્રમાણે પ્રથમ શિષ્યનું નામ 'સ્વયંભૂ' છે અને શિષ્યાનું નામ 'સુલોકા' અથવા 'સુલોચના' છે.[૧૬] પદ્મકીર્તિ અનુસાર પ્રથમ શિષ્યાનું નામ પ્રભાવતી છે.[૧૭]

---

૧. સિરિ પાસનાહ ચરિયં, દેવ. ૩,૧૯૨
૨. સિરિ પાસનાહચરિયં, ૩,૧૯૩
૩. (ક) ચઉપન્નમહાપુરિસચરિયં, ૨૬૭
(ખ) સિરિ પાસનાહચરિયં, ૩,૧૯૩
૪. ત્રિષષ્ટિ. પર્વ,૯, સર્ગ ૧, શ્લોક ૨૫.
૫. ચઉપન્ન. ૨૬૬
૬. તાવ પુવ્વુત્તકઢો, મેહકુમારત્તણેણ વટ્ટંતો । —સિરિપાસ. ૩,૧૯૧
૭. ત્રિષષ્ટિ. ૯,૨
૮. તં પેકખેવિ ધવલુજ્જલુ થક્કઉ અવિચલુ મેહમલ્લિલહઉ કુદ્ધઉ । પાસનાહચરિઉ, ૧૪,૫,૧૧૯
૯. ઉત્તરપુરાણ, ૭૩, ૧૩૬–૧૩૭
૧૦. શ્રી પાર્શ્વનાથચરિત્ર, ૧૦,૮૮
૧૧. કલ્યાણમંદિર સ્તોત્ર, ૩૧
૧૨. કલ્યાણમંદિર સ્તોત્ર ૩૧
૧૩. પાસનાહચરિઉ, ૧૪, ૩૦, ૧૩૨
૧૪. ભગવાન પાર્શ્વ: એક સમીક્ષાત્મક અધ્યયન, પૃ. ૧૦૪–૧૦૫ લે. દેવેન્દ્રમુનિ
૧૫. (ક) સમવાયાંગ, ૧૫૭, ગા. ૨૯–૪૧
(ખ) પાસસ્સ ણં અરહઓ પુરિસાદાણીયસ્સ અજ્જદિણ્ણપામોક્ખાઓ । કલ્પસૂત્ર, ૧૫૭
(ગ) પાસસ્સ ણં અરહઓ પુરિસાદાણીયસ્સ પુક્કુચૂલાપામોક્ખાઓસુનંદાપામોક્ખાણં... સુનંદાપામોક્ખાણં... કલ્પસૂત્ર, ૧૫૭
(ઘ) સમવાયાંગ, ૧૫૭, ૪૨–૪૪.
૧૬. (ક) તિલોયપણ્ણત્તિ, ૪,૯૬૬ પૃ. ૨૭૧. પ્ર. ભાગ.
(ખ) પાસણાહચરિઉ, ૧૫,૧૨.૧૩૮
(ગ) તિલોયપણ્ણત્તિ, ૪,૧૧,૮૦
૧૭. તહો દુહિય પહાવઈ વર–કુમારિ, અવયરિય જુવાણુહં ણાઈમારી —સા અજ્જિય સંધહો વર–પહાણુ ।..
પાસણાહ ચરિઉ, ૧૫,૧૨,૧૩૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનાંગ[૧], સમવાયાંગ[૨] અને કલ્પસૂત્ર[૩] પ્રમાણે ભગવાન પાર્શ્વના આઠ ગણ અને ગણધર હતા. એમનાં નામ આ પ્રમાણે છે.: ૧. શુભ ૨. શુભઘોષ ૩. વસિષ્ટ ૪. બ્રહ્મચારી. ૫. સોમ ૬. શ્રીધર ૭. વીરભદ્ર અને ૮. યશ. આવશ્યકનિર્યુક્તિ[૪], આવશ્યક[૫] મલયગિરી વૃત્તિ, ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત્ર[૬], સિરિપાસનાહ ચરિઉ,[૭] તિલોયપણત્તિ[૮] નામના ગ્રંથોમાં ભગવાન પાર્શ્વના દશ ગણધર હોવાનું નોંધ્યું છે. એમનાં નામોમાં પણ ભેદ છે. ઉદાહરણ તરીકે બીજા ગણધરનું નામ કલ્પસૂત્રમાં 'આર્યઘોષ' છે. તો સમવાયાંગમાં 'શુભઘોષ' છે. કલ્પસૂત્રમાં પ્રથમ ગણધરનું નામ 'શુભ' છે, તો શ્રી પાસનાહચરિયંમાં 'શુભદત્ત' છે. ગણધરોની સંખ્યા અંગે ઉપાધ્યાય વિનયવિજયજીએ[૯] સમાધાન આપ્યું છે કે ભગવાન પાર્શ્વનાથના બે ગણધર અલ્પ આયુષ્યવાળા હતા. એટલે સમવાયાંગ અને કલ્પસૂત્રમાં આઠ ગણધરોનો જ ઉલ્લેખ થયેલો છે.

આવશ્યકનિર્યુક્તિ[૧૦] અનુસાર ભગવાન પાર્શ્વ મુખ્યત્વે અંગ, બંગ તથા મગધમાં વિહર્યા હતા. પણ ભારતના દક્ષિણ–પશ્ચિમના પ્રદેશમાં પણ એમણે વિહાર કર્યો હતો. ભગવાન પાર્શ્વે કર્નાટકથી સૌરાષ્ટ્ર સુધી, તેમજ અનાર્ય[૧૧] દેશોમાં પણ વિહાર કર્યો હતો. સકલકીર્તિની દૃષ્ટિએ ભગવાન પાર્શ્વનું વિહાર–ક્ષેત્ર આ પ્રમાણે હતું : કુરુ, કૌશલ, કાશી, સુહ્મ, અવંતી, પૂણ્ડ્ર, માલવ, અંગ, બંગ, કલિંગ, પાંચાલ, મગધ, વિદર્ભ, ભદ્ર, દશાર્ણ, સૌરાષ્ટ્ર, કર્ણાટક, કોંકણ, મેવાડ, લાટ, દ્રાવિડ, કાશ્મીર, કચ્છ, શાક, પલ્લવ, વત્સ, આભીર વગેરે દેશોમાં એમણે વિહાર કર્યો હતો. અન્ય આચાર્યોએ[૧૨] પણ આ પ્રમાણે ભગવાન પાર્શ્વનાથના વિહારનું વર્ણન કર્યું છે. ભગવાન પાર્શ્વ શાકય દ્વીપમાં પણ પધાર્યા હતા. શાકય ભૂમિ સમીપ હતી. ત્યાં પાર્શ્વનાથના ઘણા બધા અનુયાયી ગણો રહેતા હતા. તથાગત બુદ્ધના કાકા ભગવાન પાર્શ્વનાથના અનુયાયી શ્રાવક હતા.[૧૩] પ્રાચીનકાલમાં ભારત અને શાકય પ્રદેશ વચ્ચે અત્યન્ત મધુર સંબંધ રહ્યો હતો. શ્વેતાંબર અને દિગંબર પરંપરાના ગ્રંથોમાં ભગવાન પાર્શ્વનું પરિનિર્વાણસ્થાન સમ્મેતશિખર માનવામાં આવ્યું છે. જે પર્વત આજે પણ વિહાર રાજ્યમાં હજારીબાગ જિલ્લામાં આવેલ છે અને પાર્શ્વગિરી નામથી પ્રખ્યાત છે[૧૪] એની પાસેના રેલ્વે સ્ટેશનનું નામ પણ પારસનાથ છે.

ભગવાન મહાવીર

શ્રમણ ભગવાન મહાવીર ચોવીસમાં તીર્થંકર છે. એમનું વ્યક્તિત્વ અત્યંત ક્રાન્તિકારી હતું. તેમણે તત્કાલીન સામાજિક, આર્થિક, ધાર્મિક મૂલભૂત સમસ્યાઓનો ઉકેલ આણ્યો હતો. જે સમયે ઈરાનમાં જરથુષ્ટ્ર, ફિલિસ્તાનમાં જીરેમિયા તથા ઈર્જીકલ, ચીનમાં કન્ફ્યુસિયસ તેમજ લાઓત્સે, યુનાનમાં પાઈથાગોરસ, અફલાતુન અને સુકરાત વગેરે ચિંતકો પોતપોતાનું ચિંતન પ્રસ્તુત કરી રહ્યા હતા તે સમયે ભારતમાં પૂરણકશ્યપ, મંખલીગોશાલક, અજિત કેસકમ્બલી

---

૧. સ્થાનાંગ, ૬૧૭
૨. સમવાયાંગ, ૮,૮.
૩. કલ્પસૂત્ર, ૧૫૬, પૃ. ૨૨૩
૪. આવશ્યકનિર્યુક્તિ, ગા. ૨૬૦
૫. આવશ્યકમલયગિરીવૃત્તિ, પત્ર ૨૦૯
૬. ત્રિષષ્ટિ . ૯,૩
૭. (ક) સિરિ પાસણાહ ચરિયં, ૪,૨૦૨
(ખ) પાર્શ્વનાથચરિત્ર, ૫, ૪૩૭–૪૩૮
૮. તિલોયપણત્તિ.
૯. દ્વૌ અલ્પાયુષ્કત્વાદ્ધિકારણત્વેનોક્તૌ ઈતિ ટિપ્પણકે વ્યાખ્યાતમ્ — કલ્પસૂત્ર, સુબોધિકા ટીકા પૃ. ૩૦૧.
૧૦. આવશ્યકનિર્યુક્તિ ગા. ॥ ૨૫૬
૧૧. સકલકીર્તિ : પાર્શ્વનાથચરિત્ર, ૨૩, ૧૮–૧૯, ૧૫, ૭૬—૮૫
૧૨. (ક) પાર્શ્વનાથચરિત્ર, સર્ગ ૧૫, ૭૮–૮૫
(ખ) ત્રિષષ્ટિ–૯, ૪. પૃ. ૨૯૩–૩૦૮ (ગુજરાતી અનુવાદ)
(ગ) સિરિપાસણાહ ચરિય, સર્ગ ૯.
૧૩. અંગુત્તરનિકાયની અટ્ઠ કથા, ભાગ. ૨. પૃ. ૫૫૬
૧૪. ભગવાન પાર્શ્વ : એક સમીક્ષાત્મક અધ્યયન —લે. દેવેન્દ્રમુનિ 'શાસ્ત્રી'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રબુદ્ધ કાત્યાયન સંજય વિરટ્ટીપુત્ર, તથાગત બુદ્ધ વગેરે વિચારકો તત્કાલીન સમસ્યાઓ ઊકેલી રહ્યા હતા.

એ સમયે વૈદિક સંસ્કૃતિમાં ઉચ્છૃંખલતા, અમાનવીયતા તેમજ ઘનઘોર અંધકારના મદમાં ક્રૂરતા પ્રદીપ્ત હતી. યજ્ઞમાં મૂક પશુ-પક્ષી અને નિરપરાધી નર-નારી તથા શિશુસમુદાયને સમર્પિત કરવામાં આવતાં હતાં. 'યજ્ઞાર્થમ્ પશવઃ સૃષ્ટા સ્વયમેવ સ્વયંભુવા' અને 'વૈદિક હિંસા હિંસા ન ભવતિ' આ પ્રમાણેના અનુચિત નારા લગાવીને યજ્ઞ વગેરે અનુષ્ઠાનોનું ઔચિત્ય પ્રગટ કરવામાં આવતું હતું. જાતિવાદ તેમજ વર્ણવાદની સીમાઓ અત્યંત સંકીર્ણ થઈ ગઈ હતી. શૂદ્ર વર્ણને પતિત માનવામાં આવતો હતો. વેદાધ્યયનનો એને અધિકાર ન હતો. કદાચ વેદોનો શબ્દ એના કર્ણપટ્ટ પર પડી જતો તો એના કાનોમાં સીસું ભરવામાં આવતું તથા વેદના શબ્દોચ્ચાર માટે જીભ કાપી નાખવામાં આવતી હતી. આ પ્રમાણે જનસાધારણના જીવન સાથે આવો ખેલ કરવામાં આવતો હતો. યજ્ઞહિંસાની સાથે સાથે જાતિગત હિંસા પણ ઓછી ન હતી. ગરીબ-અમીર તથા દાસ અને સ્વામી, આભિજાત્ય અને નીચા વર્ગોની વચ્ચે ઊંડી ખાઈ ખોદાઈ ગઈ હતી સમગ્ર સમાજમાં મંદતા હતી. એ સમયે મહાવીર ભગવાનનો જન્મ થાય છે.

મહાવીરના જીવનમાં થયેલી ગર્ભાપહરણની ઘટના પ્રાચીનતમ આગમ ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે.[1] મથુરામાંથી પ્રાપ્ત એક પ્લેટ (ક્રમાંક ૧૮) પર પણ ડો બૂલરે 'ભગવાને મેસા' શબ્દ વાંચ્યો છે જે શબ્દો મહાવીરના ગર્ભ-પરિવર્તનના પ્રસંગનો સૂચક છે.[2] પ્રસ્તુત ગ્રથમાં આ ઘટના વિસ્તારથી નિરૂપિત છે. બ્યાસી રાત્રિ પસાર થઈ ગયા પછી ઈંદ્રના આદેશથી હરિણૈગમેષી દેવે દેવનન્દાની કુક્ષીમાંથી સંહરણ કરીને એને (ગર્ભને) ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષીમાં પ્રસ્થાપિત કર્યો. ચૈત્ર સુદ તેરસે ભગવાન મહાવીરનો જન્મ થયો. આચારાંગ, કલ્પસૂત્ર, આવશ્યકનિર્યુક્તિ, વિશેષાવશ્યકભાષ્ય વગેરે પ્રાચીન સાહિત્યમાં મહાવીર દ્વારા મેરુને કંપાયમાન કરવાનો પ્રસંગ નથી. આ પ્રસંગ સર્વપ્રથમ પઉમચરિયં વિમલસૂરિએ નોંધ્યો છે : મેરૂવર્તને પોતાના અંગૂઠાથી રમતમાત્રમાં ભગવાને હલાવી દીધો હતો એટલે સુરેન્દ્રોએ એમનું નામ 'મહાવીર' પાડ્યું.[3] આ પછી આચાર્ય શીલાંક[4], આચાર્ય નેમચન્દ્ર[5], આચાર્ય ગુણચંદ્ર[6], આચાર્ય હેમચંદ્ર[7] અને કલ્પ સૂત્રની વિવિધ ટીકાઓમાં વિસ્તારથી આ પ્રસંગ નિરૂપ્યો છે.

વિમલસૂરિ તથા દિગંબર આચાર્યે રવિષેણે-આ બન્નેએ પ્રસ્તુત પ્રસંગની સાથે ભગવાન મહાવીરના નામકરણના પ્રસંગને પણ સાંકળ્યો છે. પરંતુ અન્ય આચાર્યોએ તેમ કર્યું નથી. પં. સુખલાલજી સંઘવીએ ભાગવતમાં શ્રી કૃષ્ણના જીવનના એ પ્રસંગની સાથે આ પ્રસંગની તુલના કરી છે કે જેમાં શ્રી કૃષ્ણ ઇન્દ્ર દ્વારા કરવામાં આવેલા ઉપદ્રવોથી બચાવ કરવા માટે યોજન પ્રમાણના ગોવર્ધન પર્વતને સાત દિવસ સુધી ઉપર ઊંચકેલો રાખે છે.[8] પરંતુ અહીં તો જન્મીને તરત મહાવીરે અંગુઠાથી મેરુ પર્વતને કંપાવી દીધો હતો.[9]

બૌદ્ધ પરંપરામાં મજ્જિમનિકાય ગ્રંથમાં આ પ્રમાણે વર્ણન પ્રાપ્ત થાય છે : ભિક્ષુ મૌદ્ગલ્યાયને વૈજયન્ત પ્રાસાદને અંગુષ્ઠ-સ્પર્શથી પ્રકંપિત કરીને ઇંદ્રને પ્રભાવિત કર્યો હતો.[10] આ પ્રમાણે મેરૂ-કંપનની ઘટનાઓ એ યુગમાં પોતપોતાના આરાધ્યદેવના સામર્થ્ય, પરાક્રમ અને અશ્વર્યની પ્રતીક બની ગઈ હતી. રાજા સિદ્ધાર્થે પુત્રનો જન્મ-ઉત્સવ મનાવ્યો. ડો. હોર્નલ,[11] ડો. જેકોબીએ[12] પોતાના લેખોમાં સિદ્ધાર્થને રાજા માન્યા નથી પણ તેમને પ્રતિષ્ઠિત ઉમરાવ અથવા સરદાર હોવાનું જણાવ્યું છે. એમની આ માન્યતા આગમસંમત નથી. આચારાંગ તેમજ કલ્પસૂત્ર વગેરેમાં સિદ્ધાર્થે 'ખત્તિએ'નો શબ્દપ્રયોગ થયો છે. લાગે છે કે એના કારણે એમને આવો ભ્રમ થયો છે. ક્ષત્રિયનો અર્થ સામાન્ય ક્ષત્રિય નહીં પરંતુ રાજા પણ થાય છે. અભિધાનચિંતામણિકોશમાં કહેવામાં આવ્યું છે કે, ક્ષત્રિય, ક્ષત્ર

૧. (ક) સ્થાનાંગ ૭૭૦ (ખ) સમવાયાંગ ૮૩ (ગ) આચારાંગ ૨/૧૫ (ઘ) ભગવતી શતક ૫.૩.૪

2. The Jain stupa and Antiquities of mathura p. 25.

૩. આકમ્પિઓ ય જેણ અંગટ્ઠુએણ લીલાએ, તેણેહ મેરૂ મહાવીરો, નામ સિ કયં સુરિન્દેહિ, પઉમચરિયં, ૨,૨૬ પૃષ્ઠ

૪. ચઉપન્ન મહાપુરિ સચરિયં, પૃ. ૨૭૧

૫. મહાવીર ચરિયં ગા. ૧-૩૪. પૃ. ૩૦-૩૧.

૬. મહાવીર ચરિયં ગા. ૧-૩ તથા પૃ. ૧૨૦-૧૨૧.

૭. ત્રિષષ્ટ. ૧૦, ૨, ૫૮-૬૬

૮. ભાગવત, દશમસ્કંધ, અ. ૪૩. શ્લોક ૨૬-૨૭

૯. ચાર તીર્થંકર, પં. સુખલાલજી પૃ-૬૦

૧૦. મજ્જિમનિકાય, ચૂલતણ્હાસંખયસુત્ત.

૧૧. 'મહાવીર તીર્થંકરની જન્મભૂમિ' લેખ, જૈન સાહિત્ય સંશોધક, ખંડ ૧. અંક ૪. પૃ ૨૧૯.

૧૨. "જૈન સૂત્રોની પ્રસ્તાવના કા અનુવાદ', જૈન સાહિત્ય સંશોધક, ખંડ ૧. અંક ૪. પૃ. ૭૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે શબ્દનો પ્રયોગ રાજા માટે પણ થાય છે.[૧] પ્રવચનસારોદ્ધારમાં 'મહસેણે ય ખત્તિ એ' શબ્દ આવે છે. ત્યાં ટીકાકારે ક્ષત્રિયનો અર્થ રાજા જ કર્યો છે.[૨]

આવશ્યકનિર્યુક્તિ, વિશેષાવશ્યકભાષ્ય વગેરે ગ્રંથોમાં આ પ્રમાણે વર્ણન છે : ભગવાન મહાવીરનો જન્મ થયો તે વખતે દેવોએ સુવર્ણ, રત્ન વગેરે સિદ્ધાર્થ રાજાના ઘરમાં લાવીને રાખ્યાં તથા જૃમ્ભક દેવોએ પણ રત્ન વગેરેની વર્ષા કરી, એટલે ભગવાનનું નામ 'વર્ધમાન' રાખવામાં આવ્યું એવો ઉલ્લેખ નથી. પણ આચારાંગ[૩], મહાવીરચરિય[૪], ચઉપન્નમહાપુરિસચરિય[૫] ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર[૬] વગેરેમાંથી પ્રાપ્ત વર્ણન પ્રમાણે એ સ્પષ્ટ છે કે નિરંતર ધન-ધાન્યની અભિવૃદ્ધિ થઈ હોવાથી એમનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું. તેઓ કોઈપણ પ્રકારનો ભય ઉત્પન્ન થવા છતાં વિચલિત થયા નહીં, એટલે એમનું બીજું નામ મહાવીર પડયું. આચારાંગ[૭], કલ્પસૂત્ર[૮], આવશ્યક,નિર્યુક્તિ[૯], મહાવીર-ચરિય[૧૦], ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર[૧૧] વગેરેમાં પણ આ અંગે સમર્થન મળે છે.

વર્ધમાન, મહાવીર, સન્મતિ, કાશ્યપ, સમણ, જ્ઞાતપુત્ર, વિદેહ, વૈશાલિક વગેરે વિવિધ નામ અનેક ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. ભગવાનનાં માતાપિતા પાર્શ્વાપત્ય શ્રમણોપાસક હતાં. જીવનના સંધ્યાસમયે સંલેખના સહિત આયુષ્ય પૂર્ણ કરીને તેઓ દેવ બન્યાં. આચારાંગ તથા કલ્પસૂત્રમાં એમનાં ત્રણ ત્રણ નામ પ્રાપ્ત થાય છે. તથા પરિવારના સભ્યોનાં નામ પણ આપેલાં છે. મહાવીર વાર્ષિક દાન આપી ખૂબ ઉલ્લાસની ક્ષણોમાં એકાકી દીક્ષિત થાય છે[૧૨]. દીક્ષા લેતાંની સાથે એમનામાં મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થાય છે. એક સંવત્સરથી વધારે માસ સુધી ભગવાન વસ્ત્રધારી રહે છે. એ પછી તો અચેલક (વસ્ત્રવિહીન) બની ગયા. એમણે વિવિધ પ્રકારના અભિગ્રહ ગ્રહણ કર્યા હતા. મનુષ્ય દેવ તથા તિર્યંચ અંગેના જે કોઈ ઉપસર્ગ ઉપસ્થિત થયા, તેને શાંતભાવથી પ્રભુએ સહન કર્યા. આચારાંગ વગેરેમાં કેવલ ઉપસર્ગો અંગે ઉલ્લેખ છે. પણ કયા કયા ઉપસર્ગ એમના સાધનાકાલમાં ઉપસ્થિત થયા એનું કિંચિત્માત્ર વર્ણનપ્રાપ્ત થતું નથી.

સર્વપ્રથમ આવશ્યકનિર્યુક્તિમાં તેમજ આવશ્યકચૂર્ણિ વગેરેમાં એમના વિવિધ ઉપસર્ગોનું ક્રમબધ્ધ વર્ણન સાંપડે છે. સર્વપ્રથમ વાલો પોતાના બળદ ગુમ થઈ જવાને કારણે ભગવાનને ચોર સમજી, બળદ બાંધવાનું રાંઢવું લઈ એમને મારવા દોડે છે. ઇન્દ્રે પ્રભુ સમક્ષ પોતે એમની સાથે રહે એવી પ્રાર્થના કરી, પરંતુ મહાવીરે એની એ પ્રાર્થના એમ કહીને ટાળી દીધી કે આત્મસિદ્ધિ અથવા મુક્તિ બીજાનો સહાય વડે પ્રાપ્ત થતી નથી. શૂલપાણી યક્ષે પણ પ્રભુને રોમાંચકારી દુઃખ

---

૧. क्षत्रं तु क्षत्रियो राजा. राजन्यो बाहु संभवः —अभिधानचिंतामणि, कांड ३, श्लोक ५२७.

૨. (क) प्रवचनसारोद्धार, सटीक पत्र ८४.
(ख) चन्द्रप्रभस्य महासेनः क्षत्रियो राजा । प्रवचनसारोद्धार, सटीक, पत्र ८४

૩. चूलिका २, १५, १२–१३

૪. (क) महावीरचरियं, गुणचंद्र, प्र. ४ पृ. ११४–१२४
(ख) महावीरचरियं, ७७०, पृ. ३४, नेमचंद्र

૫. चउपन्न० पृ. २७१

૬. त्रिषष्टि. १०, २, ६८–९९

૭. भीम भयभेरवं उरालं अचेलयं परिसहं सहिई त्ति कट्टु देवेहि से णामं कयं 'समणे भगवं महावीरे ।
आयारो ० आयार, २, १५–१६.

૮. अयले भयभेरवाणं परीसहोवसग्गाणं खंतिखमे पडिमाणं पालए यावि अरतिरति सहे दविए वीरियसम्पन्ने देवेहि से णामं कयं समणे भगव महावीरे । —कल्पसूत्र, १०४
(क) घोर परीसहचमुं अधियासित्ता महावीरो । —आवश्यकनिर्युक्ति, ४२०.
(ख) विशेषावश्यकभाष्य, १८७२.
(ग) आ० हरिभद्रीय, ५३७.

૯. महावीरचरियं, ४, १२५

૧૦. महोपसर्गैरुपेष न कम्पंतीति वर्णिता ।
महावीर इत्यपर नाम चक्रे जगत्पतेः ॥ त्रिशष्टि० १०/२/१००

૧૧. ભગવાન મહાવીર એક અનુશીલન, લે. દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી, પૃ. ૨૩૯–૨૫૮

૧૨. આચારાંગ, ૨, ૧૫, ૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ્યું. પ્રથમ વાર એટલાં દુઃખો એક સાથે આવી પડ્યાં કે એમને કંઈક થાકનો અનુભવ થયો. અને ભગવાનને દશ સ્વપ્નો આવ્યાં. આ દશ સ્વપ્નોનો ઉલ્લેખ પ્રસ્તુત ગ્રંથમાં થયો છે. આ દશ સ્વપ્નો ભગવાનના જીવનને પ્રતિબિંબિત કરી રહ્યાં હતાં.

અંગુત્તરનિકાયમાં[૧] તથાગત બુદ્ધે પણ પોતાની સાધનાની અંતિમ રાત્રિએ પાંચ સ્વપ્નો જોયાં એવો ઉલ્લેખ છે. જેનો સંબંધ એમના ભાવી જીવન સાથે હતો. બુદ્ધે સ્વપ્નમાં જોયું : હું એક મહાપર્યંક (પલંગ) પર સૂતેલો છું. મેં હિમાલયને તકિયા તરીકે રાખ્યો છે. ડાબા હાથથી હું પૂર્વ સમુદ્રને સ્પર્શી રહ્યો છું અને જમણા હાથથી પશ્ચિમ સમુદ્રને સ્પર્શ કરી રહ્યો છું. મારા પગ દક્ષિણ સમુદ્રને અડકે છે. આ સ્વપ્નનો અર્થ છે : મને પૂર્ણ બોધિ પ્રાપ્ત થશે[૨]. બુદ્ધે બીજા સ્વપ્નમાં જોયું : 'તિર્યા' નામનું એક વૃક્ષ એમના હાથમાં પેદા થયું અને તે વૃક્ષ અનંત આકાશને સ્પર્શ કરવા લાગ્યું. આ સ્વપ્નનું ફલ એ થશે કે, હું અષ્ટાંગિક માર્ગનું નિરૂપણ કરીશ. ત્રીજા સ્વપ્નમાં એમણે જોયું કે સફેદ કીડો જેનું મસ્તક કાળું છે તે કીડો મારા ઘુંટણો સુધી ધીમેધીમે ચાલે છે. એનો અર્થ એકે, શ્વેત વસ્ત્રધારી ગૃહસ્થોનું શરણાગત બનવું. બુદ્ધે ચોથા સ્વપ્નમાં જોયું : રંગબેરંગી ચાર પક્ષી ચાર દિશાઓમાંથી આવી રહ્યાં છે અને તે પક્ષાઓ એમનાં ચરણે પડે છે. અને પડતાંની સાથે જ તેઓ સફેદ થઈ જાય છે. આ સ્વપ્નનું તાત્પર્ય એ છે કે ચારે વર્ણવાળા લોકો મારી પાસે દીક્ષિત થશે અને તેઓ નિર્વાણને પ્રાપ્ત કરશે. પાંચમા સ્વપ્નમાં એમણે જોયું કે, તે ગોબરના એક પર્વત પર ચાલી રહ્યા છે, આ પર્વત પર તેઓ ન તો સરકી જાય છે કે ન તો ગબડી પડે છે. આ સ્વપ્નનું ફળ એ કે હું ભૌતિક સુખ-સુવિધાઓ હોવા છતાં પણ હું અનાસક્ત રહીશ.

ભગવાન મહાવીરે સાધનાકાલમાં દશ સ્વપ્નાં જોયાં, જ્યારે બુદ્ધે પાંચ સ્વપ્નો જોયાં. ભગવતીસૂત્ર વગેરેમાં એ સ્પષ્ટ નથી કે આ સ્વપ્નો એમણે સાધનાકાલના કયા વર્ષમાં જોયાં ? કેટલાક લેખકોએ કેવલજ્ઞાન પહેલાં ભગવાન મહાવીરે દશ સ્વપ્ન જોયાં એવો ઉલ્લેખ કર્યો છે. આવશ્યકનિર્યુક્તિમાં ભગવાન મહાવીરે તે સ્વપ્ન પ્રથમ વર્ષાવાસના સોળમા દિવસે જોયાં એવો સ્પષ્ટ સંકેત છે.[૩] ચંડકૌશિકને પ્રતિબોધ આપવાનો પ્રસંગ પણ આચારાંગ તથા કલ્પસૂત્ર વગેરેમાં નથી. આવશ્યકચૂર્ણિ[૪], મહાવીરચરિયં-નેમીચંદ્ર[૫]ગુણચંદ્ર, ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર[૬] વગેરેમાં ચંડકૌશિકને મહાવીર દ્વારા પ્રતિબોધ કરવામાં આવ્યો એવું વર્ણન છે. વિનયપિટક મહાવગ્ગમાં બુદ્ધ દ્વારા ચંડનાગ પરના વિજયનો ઉલ્લેખ છે.[૭] બન્ને પ્રસંગોમાં ઘણીબધી સમાનતા છે. તથાગત બુદ્ધ એક વાર કાશ્યપ જટિલના આશ્રમમાં ગયા અને એમણે કહ્યું : કાશ્યપ, હું તારી અગ્નિશાળામાં નિવાસ કરવા ઇચ્છું છું. કાશ્યપ પુરુવેલે વિનમ્રપણે જણાવ્યું કે, ભગવાન આમાં મને કોઈ મુશ્કેલી નથી, પરંતુ ત્યાં આગળ અત્યંત ચંડ, દિવ્ય શક્તિવાળો આશીવિષ નાગરાજ રહે છે, જે કદાચ આપને દુઃખ આપે. તથાગત બુદ્ધે ઉત્તરમાં કહ્યું : એ નાગ મને કોઈપણ પ્રકારનું દુઃખ આપશે નહીં. ઘણીબધી વાર કહેવાને કારણે પુરુવેલે બુદ્ધને ત્યાં રહેવાની અનુમતિ આપી. બુદ્ધ પોતાનું આસન પાથરી ત્યાં બેસી ગયા. નાગરાજ બુદ્ધને જોઈને ખૂબ ગુસ્સે થયો. તે ઝેરી જ્વાળા ફેંકવા લાગ્યો. બુદ્ધે પોતાના વિશિષ્ટ યોગબળથી નાગરાજની ચામડી, માંસ, હાડકાં, મજ્જાને કંઈ પણ ક્ષતિ પહોંચાડ્યા વિના એનું સમગ્ર તેજ ખેંચી લીધું. પ્રાતઃકાલમાં એને પોતાના પાત્રમાં મૂકીને પુરુવેલ કાશ્યપને બતાવીને કહ્યું : હવે આ નાગરાજ પૂર્ણપણે નિર્વિષ થઈ ગયો છે. આ નાગરાજ હવે કોઈને પણ નુકશાન કરી શકશે નહીં. ભગવાન મહાવીરે ચંડકૌશિકનો ઉદ્ધાર કર્યો ત્યારે, તથાગત બુદ્ધે ચંડનાગ પર વિજય પ્રાપ્ત કર્યો. પ્રસંગ સમાન હોવા છતાં પણ બન્નેની પ્રક્રિયામાં અને શૈલીમાં ઘણુંબધું અંતર છે. મહાવીરનો પ્રસંગ અધિક પ્રભાવોત્પાદક છે. મહાપુરુષો સ્નેહ, સદ્‌ભાવના, પ્રેમ, કરુણા અને અહિંસાનું અમૃત વહેંચે છે. રાગ-દ્વેષ, ઈર્ષ્યા-રૂપી નાગોના ભયંકર વિષથી તેઓ પોતે તો મુક્ત થાય છે અને વિશ્વને પણ અભય બનાવે છે.

---

૧. (ક) અંગુત્તરનિકાય, ૩-૨૪૦ (ખ) મહાવસ્તુ, ૨, ૧૩૬

૨. પ્રસ્તુત સ્વપ્નનું ફળ 'ભગવતી'માં એ જન્મમાં મોક્ષ-પ્રાપ્તિ થશે એમ માનવામાં આવ્યું છે. —ભગવતી, ૧૬/૬ સૂત્ર ૫૮૦

૩. આવશ્યકનિર્યુક્તિ, પૃ. ૨૬૯

૪. આવશ્યકચૂર્ણિ, પૃ. ૨૭૮

૫. મહાવીરચરિયં, નેમીચંદ્ર, ૯૬૩-ગુણચંદ્ર, ૫, ૧૪૮

૬. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ૧૦/૩/૨૨૫-૨૨૮

૭. વિનયપિટક મહાવગ્ગ, મહાખંધક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંગમદેવે ભગવાન મહાવીરને એક રાત્રિમાં વીસ ભયંકર ઉપસર્ગ આપ્યા અને તે પછી પણ છ માસ સુધી પ્રભુની સાથે રહીને એમને ભયંકર કષ્ટ આપતો રહ્યો, પરંતુ ભગવાનને તે વિચલિત કરી શક્યો નહીં. આ પ્રસંગ પણ આચારાંગ અને કલ્પસૂત્ર વગેરેમાં નથી, પરંતુ આવશ્યકનિર્યુક્તિ,[૧] વિશેષાવશ્યકભાષ્ય[૨] વગેરે અનેક શ્વેતાંબર ગ્રંથોમાં એ પ્રાપ્ત થાય છે.

એક વાર ભગવાન મહાવીરે ઘોર અભિગ્રહ ગ્રહણ કર્યો. : 'દ્રવ્યમાં—અડદના બાકળા હોય, સૂપડાના ખૂણામાં પડેલા હોય, ક્ષેત્રની દૃષ્ટિએ દાતાનો એક પગ ડેલીની અંદર હોય અને એક પગ બહાર હોય, કાળની દૃષ્ટિએ ભિક્ષાચારીનો અતિક્રાન્તવેલા હોય, ભાવની દૃષ્ટિએ રાજકન્યા હોય, છતાં દાસત્વ પ્રાપ્ત કર્યું હોય તથા શૃંખલાબદ્ધ હોય, મસ્તક મૂંડાવેલ હોય, ત્રણ દિવસથી ઉપવાસી હોય, એવા સંજોગોમાં મને ભિક્ષા મળે તો મારે લેવી છે, અન્યથા છ માસ સુધી મારે ભિક્ષા લેવી નથી'[૩]

કઠોરતમ પ્રતિજ્ઞા ગ્રહણ કરીને ભગવાન મહાવીર કૌશાંબીની ઝૂંપડીઓથી આરંભી ઊંચા ઊંચા મહેલોમાં પધાર્યા પણ કાંઈ પણ લીધા વગર પાછા ફર્યા, પાંચ માસ અને પચ્ચીસ દિવસ વીતી જવા છતાં પણ એમની મુખમુદ્રા એવી ને એવી જ તેજસ્વી રહી હતી. અંતમાં ચંદનબાલાના હાથે ભગવાનનો અભિગ્રહ પૂર્ણ થયો.[૪]

ભગવાન મહાવીરને સાધનાકાળમાં પ્રવેશ કરવાની સાથે જ પ્રથમ ઉપસર્ગ ગોપાલે આપ્યો હતો. તેમજ અંતિમ ઉપસર્ગ પણ ગોપાલ દ્વારા જ આપવામાં આવ્યો. ગોપાલે ભગવાન મહાવીરના કાનોમાં ખીલીઓ (કાંસાની તિક્ષ્ણ શલાકાઓ) ઠોકી. આ શલાકાઓ કોઈ જોઈ ન જાય એટલા માટે એનો બહાર નીકળતો ભાગ કાપી નાંખવામાં આવ્યો. પ્રભુને અત્યધિક વેદના થવા છતાં તેઓ પૂર્ણપણે શાંત તેમજ પ્રસન્ન રહ્યા. ખરક વૈદ્યે જ્યારે ભગવાન ધ્યાનસ્થ હતા, ત્યારે એમના શરીર પર તેલનું મર્દન કર્યું અને સાણસીથી પકડીને શલાકાઓ બહાર કાઢી. કાનોમાંથી લોહીની ધારા નીકળી પડી. વૈદ્યે 'સંરોહણ' ઔષધિ'થી લોહી બંધ કરી દીધું.[૫] ભગવાન મહાવીરને જે શતાધિક ઉપસર્ગ પ્રાપ્ત થયા, એ બધા ઉપસર્ગોમાં આ ઉપસર્ગ સર્વથી મોટો હતો.[૬] ગોપાલને તીવ્ર અશુભ ભાવના થવાથી તે મરીને સાતમા નરકમાં ગયો અને વૈદ્ય ખરકની પ્રશસ્ત ભાવના હોવાથી તે દેવલોકનો અધિકારી બન્યો.[૭]

આવશ્યકનિર્યુક્તિ પ્રમાણે અન્ય તીર્થંકરોની અપેક્ષાએ મહાવીરનું તપઃકર્મ અધિક ઉત્કૃષ્ટ હતું.[૮] બાર વર્ષ અને તેર પક્ષના લાંબા સમય દરમ્યાન કેવલ ત્રણસો ઓગણપચાસ (૩૪૯) દિવસે ભગવાને આહાર ગ્રહણ કર્યો અને બાકીના દિવસોએ નિર્જલ અને નિરાહાર રહ્યા હતા.[૯]

---

૧. આવશ્યકનિર્યુક્તિ, ૩૮૦

૨. વિશેષાવશ્યકભાષ્ય, ૧૯૩૨

૩. આવશ્યકચૂર્ણિ, ૩૧૬–૩૧૭

૪. આવશ્યકચૂર્ણિ, ૩૧૯.

૫. આવશ્યકચૂર્ણિ, પૃ. ૩૨૨

૬. (ક) અહવા જહન્નગાણ ઉવરિ કઽપૂયણાસીત મજ્ઝિઝયાણ કાલ–ચક્કં ઉક્કોસગ્ગાણ ઉવરિધસલ્લુહરણં ।—આવશ્યકચૂર્ણિ, પૃ. ૩૨૨

(ખ) મહાવીરચરિયં, ૭, ૨૫૦

૭. એણું ગોવેણુ આરદ્ધા ઉવસગ્ગા ગોવેણુ ચેવ નિટ્ઠિતા, ગોવો સત્તમિઓ અરતો ય દિયલોગં તિવ્વમપિ ઉદીરતં તાવિ સદ્ધભાવા । આવશ્યકચૂર્ણિ, પૃ, ૩૨૨

૮. ઉગ્ગં ચ તવોકમ્મં વિસેસઓ વદ્ધ માણસ્સ । —આવશ્યકનિર્યુક્તિ

૯. (ક) તિણ્ણ સત્ત દિવસાણું અઉણપણે વ પારણાકાલો ઉકકુડુઅણિ સેજ્જાણુ ઠિતપડિમાણું સતે બહુએ ।
—આવશ્યકનિર્યુક્તિ, ૪૧૭

(ખ) વિશેષાવશ્યકભાષ્ય, ૧૯૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંક્ષેપમાં ભગવાન મહાવીરનું તપઃકર્મ આ પ્રમાણે થયું[1]:

એક છમાસી તપ	નવ ચાતુર્માસિક તપ
એક પાંચમાસી તપ	બે ત્રિમાસિક
બે સાર્ધદ્વિમાસિક	એક મહાભદ્ર પ્રતિમા (ચાર દિવસ)
છ દ્વિમાસિક	એક સર્વતોભદ્ર પ્રતિમા (દસ દિવસ)
બે સાર્ધમાસિક	બસો એગણત્રીસ છઠ્ઠ ભક્ત
બાર માસિક અર્થાત્	બાર અષ્ટ ભક્ત
એક એક માસનું તપ	
(૧૨ માસક્ષમણ કર્યા)	
બોતેર પાક્ષિક	ત્રણસો એગણપચાસ દિવસ પારણાના
એકભદ્ર પ્રતિમા (બે દિવસ)	એક દિવસ દીક્ષાનો

આચારાંગસૂત્ર અનુસાર ભગવાન મહાવીરે દશમભક્ત વગેરે તપસ્યા પણ કરી હતી.[2] બધું મળીને ભગવાન મહાવીરે પોતાના સાધકજીવનમાં ૪૫૧૨ દિવસોમાંથી કેવળ ૩૪૯ દિવસ આહાર ગ્રહણ કર્યો હતો તથા ૪૧૬૬ દિવસ નિર્જલ તપશ્ચર્યા કરી હતી.

આચારાંગસૂત્રમાં ભગવાન મહાવીરની વિહારચર્યાનું સજીવ નિરૂપણ છે. ભગવાન મહાવીરના તપ સાથે ધ્યાનની સાધના અચૂક સંકળાયેલી હતી. ભગવાન એક એક પ્રહર સુધી ત્રાંસી ભીંત પર આંખો લગાવીને ધ્યાન કરતા હતા. 'तिरिय भित्तिं चक्खुमासज्ज अंतसो झाति' અહીં જે 'तिरियभित्ति' શબ્દ આવેલો છે તે ચિંતનીય છે. આચાર્ય અભયદેવે ભગવતીમાં 'तिर्यग्भित्ति' નો અર્થ પ્રાકાર, વરંડા વગેરેની ભીંત અથવા પર્વતની ખીણ કર્યો છે.[3] બૌદ્ધ સાહિત્યમાં પણ વર્ણન પ્રાપ્ત થાય છે કે સાધક ભીંત પર દૃષ્ટિ સ્થિર કરીને ધ્યાન કરે. જ્યારે ભગવાન ત્રાંસી ભીંત પર દૃષ્ટિ સ્થિર કરીને ધ્યાન કરતા હતા. ત્યારે આંખોની કીકીઓ ઉપર ઉચકાઈ જતી હતી. જેને નીહાળીને બાળકોની મંડળી ભયભીત થઈ જતી હતી, અને તે બાળકો ટોળાઓમાં ભેગા મળીને એટલો બધો ઘોંઘાટ કરતાં હતાં કે સામાન્ય સાધક આવું ધ્યાન ન કરી શકે. પણ ભગવાન એવું વિઘ્ન ઉપસ્થિત થયા છતાં ધ્યાનમાં મગ્ન જ રહેતા.[4] ભગવાન મહાવીર એકાંત સ્થાન ન મળવાથી જ્યારે ગૃહસ્થ તથા અન્યતીર્થિકોના સંકુલ સ્થાન પર રહેતા હતા ત્યારે એમના અદ્‌ભુત રૂપયૌવનને જોઈને કામાતુર સ્ત્રીઓ એને પ્રાર્થના કરતી અને ધ્યાનમાં વિઘ્ન ઉપસ્થિત કરતી હતી.[5] મહાવીર અબ્રહ્મનું સેવન ન કરતાં ધ્યાનમાં જ લીન રહેતા હતા. કેટલીય વાર વિવિધ પ્રકારના પ્રશ્ન પૂછનાર લોકો એમના ધ્યાનમાં વિઘ્ન ઉપસ્થિત કરતા, પણ ભગવાન કોઈને કંઈ પણ ન કહેતા. જો એકાંત સ્થાન મળી જતું તો મહાવીર ત્યાં ચાલ્યા જતા અને એવું સ્થાન ન મળે તો ભીડમાં પણ પોતાનો જાતને એકાકી બનાવીને ધ્યાનસ્થ રહેતા હતા.[6] જેઓ ભગવાનનું અભિવાદન કરતા હતા તેને પણ મહાવીર આશીર્વાદ આપતા ન હતા. કે, કેટલાક ભાગ્યહીનોએ પ્રભુને ડંડાથી માર્યા, એમના પર પાછળ કૂતરા છોડયા, તોપણ એમણે એમને શાપ આપ્યો નહીં. સમૌન રહીને તેઓ

---

૧. (ક) આવશ્યકનિર્યુક્તિ, ૪૦૯–૪૧૬
(ખ) વિશેષાવશ્યકભાષ્ય, ૧૯૬૧ થી ૧૯૬૮
(ગ) આવ ० હરિભદ્રીયાવૃત્તિ, ૨૨૭–૨૨૮
(ઘ) આવશ્યક, મલ્લ ० વૃત્તિ ૨૯૮–૨૯૯
(ઙ) મહાવીરચરિયં, (ગુણચંદ્ર) ૭, ૨૫૦
(ચ) ત્રિષષ્ટિ. ૧૦, ૪, ૬૫૨–૬૫૬

૨. છટ્ઠેણં એગયા ભુંજે અદ્ધવા અટ્ઠમેણુદસમેણ, દુવાલસમેણ એગયા ભુંજે પેદમાણે સમાહિ અપડિન્ને।
— આચારાંગ. ૧, ૯, ૪, ૭

૩. ભગવતીસૂત્ર, વૃત્તિ, પત્ર ૬૪૩–૬૪૪

૪. આચારાંગ–શીલા ० ટીકા, પત્ર ૩૦૨

૫. આચારાંગ–શીલા ० ટીકા, પત્ર ૩૦૨

૬. આચારાંગ–શીલા ० ટીકા, પત્ર ૩૦૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાનમાં મગ્ન રહ્યા. આ સ્થિતિ સામાન્ય સાધક માટે બધુ જ કઠિન હતી. વીણાવાદકોએ ભગવાનને કહ્યું : જરા થોભો અમારું વીણાવાદન સાંભળીને આગળ વધો. કેટલાક નૃત્ય–સંગીત, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, વગેરે મનોરંજક કાર્યક્રમોમાં ભાગ લેવા માટે નિવેદન કરતા, પણ ભગવાન પ્રતિકૂળ અને અનુકૂળ પરિસ્થિતિઓને ધ્યાનમાં વિઘ્નરૂપ સમજીને એમાંથી વિરક્ત રહેતા તથા પોતાના ધ્યાનમાં સ્થિર રહેતા.[૧]

ભગવાન મહાવીરની સંયમસાધનાનાં મુખ્ય આઠ અંગ હતાં. : શરીરસંયમ, મનસંયમ, વાસ–સ્થાનસંયમ, ઇન્દ્રિયસંયમ. નિદ્રાસંયમ, ક્રિયા–સંયમ અને ઉપકરણસંયમ તેઓ વિવિધ પ્રકારના આસન, ત્રાંટક વગેરે સહજ યોગની ક્રિયાઓ વડે શરીરને સુસ્થિર, સંતુલિત, મોહ–મમતા રહિત, સ્ફૂર્તિવાન રાખવાનો પ્રયાસ કરતા હતા. ભગવાનની નિદ્રાસંયમવિધિ અદ્‌ભુત હતી તે ધ્યાન નિદ્રાસંયમ કરતા હતા. નિદ્રા પર વિજય પ્રાપ્ત કરવા માટે તેઓ કોઈ વખતે ઊભા રહેતા. તો કોઇ વખત ચક્કર ચક્કર ફરતા હતા. તો કોઈ વખતે તેઓ એવા ઉપાય કરતા કે જેનાથી નિદ્રા એમને પરેશાન ન કરે.[૨]

ભગવાન મહાવીરને વાસસ્થાનોમાં પ્રાયઃ આવા પ્રકારના ઉપસર્ગ સહન કરવા પડતા હતા. કોઈ વખતે સાપ–નોળિયા એમને કરડતા. કયારેક ગીધ વગેરે પક્ષીઓ એમના માંસને ખેંચતાં હતાં. કોઈવાર કીડીઓ, ડાંસ, મચ્છર, માખીઓ વગેરે એમને ત્રાસ આપતાં. કોઈવાર શય્યાગૃહમાં તસ્કર અગર તો લંપટ પુરુષ એમને સતાવતા. કોઈવાર સશસ્ત્ર રક્ષક એમના પર આક્રમણ કરતા. કોઈવાર કામાસક્ત લલનાઓ હાવ–ભાવ–કટાક્ષ દ્વારા તેમને પોતાના તરફ આકર્ષવાનો પ્રયાસ કરતી, કોઈવાર દેવ, માનવ અને તિર્યંચોના વિવિધ પ્રકારના ઉપસર્ગ ઉપસ્થિત થતા અને કોઈવાર કેટલાક એકાકી સમજીને ભગવાનને વિવિધ પ્રકારના ઉટપટાંગ પ્રશ્નો પૂછીને ધ્યાનમાં વિચલિત કરવાનો પ્રયાસ કરતા.[૩]

ભગવાનને રહેવા માટે કોઈવાર દુર્ગન્ધયુક્ત સ્થાન પ્રાપ્ત થતું તો કોઈવાર ખાડાખડિયાવાળું સ્થાન મળતું, કોઈવાર બંધિયાર સ્થાનના અભાવમાં ઠંડીનો પ્રકોપ પણ એમને પરેશાન કરતો. આ પ્રમાણે સાડા બાર વર્ષ સુધી યત્નશીલ અપ્રમત્ત થઈને ભગવાન ધ્યાનસ્થ રહ્યા.

આવશ્યકચૂર્ણિ અનુસાર ભગવાન મહાવીરે વિચાર કર્યો કે મારાં ઘણાંબધાં કર્મોની નિર્જરા કરવી છે, એટલે લાઢ દેશ તરફ જાઉં, જેથી અધિક પ્રમાણમાં કર્મ–નિર્જરા કરવાનું નિમિત્ત ઉપલબ્ધ થાય. એવું વિચારીને ભગવાન લાઢ પ્રદેશમાં પધાર્યા. ઐતિહાસિક અન્વેષણના આધારે એવું માલુમ પડે છે કે વર્તમાનમાં વીરભૂમ, સિંહભૂમ તથા માન–ભૂમ (ધનબાદ વગેરે જિલ્લાઓ) તેમજ પશ્ચિમ બંગાલના તમલૂક, મિદનાપુર, હુગલી તથા વર્ધમાન જિલ્લાનો વિભાગ લાઢ દેશ માનવામાં આવતો હતો. લાઢ દેશ પર્વતો ઝાડીઓ અને સઘન જંગલોને કારણે અત્યંત દુર્ગમ હતો. એ પ્રદેશમાં ખૂબ પ્રમાણમાં ઘાસ ઊગતું હતું. ચારે બાજુ પર્વતો વડે ઘેરાયેલો હોવાથી તે પ્રદેશમાં ઠંડી અને ગરમી વધુ પ્રમાણમાં પડતી હતી. વર્ષાઋતુમાં પાણી વધુ પ્રમાણમાં હોવાથી ભૂમિ એવી લથબથ થઈ જતી કે ડાંસ, મચ્છર વગેરે અનેક જીવજંતુઓ પેદા થઈ જતાં. અહીંઆં નગર ઓછાં હતાં. અને ગામડાઓમાં પણ વસતિ ઓછી હતી. અહીંના લોકો અસભ્ય હતા. સાધુઓને જોઈને એમના પર તૂટી પડતા હતા. ત્યાં તલ પણ હતા નહિ અને ગાયો પણ બહુ ઓછી હતી. એટલે ઘી, તેલ સુલભ ન હતાં. લોકો લૂખું–સૂકું ખાતાં હતાં. એટલે તેઓ સ્વભાવથી પણ રૂક્ષ હતાં.[૪] વાતવાતમાં ઉશ્કેરાઈ ને ગાળ દેતાં, ઝઘડા કરતાં. અહીં કૂતરાઓનો ઘણો ઉપદ્રવ હતો. વળી તે કૂતરાઓ પણ ઘણા ખૂંખાર હતા. અન્ય તીર્થિક ભિક્ષુઓ એનાથી બચવા માટે લાઠી અને દંડા રાખતા હતા, પણ ભગવાન તો પૂર્ણ અહિંસક હતા. એમની પાસે લાઠી વગેરે કાંઈ નહોતું, એટલે કૂતરા નિઃશંક થઈને ભગવાન પર હુમલો કરતા, કેટલાક અનાર્યો તો કૂતરાને 'છૂ, છૂ,' કરીને બોલાવતા તથા ભગવાનને કરડવા તેઓને ઉશ્કેરતા.[૫] આવા દુષ્કર અને દુર્ગમ પરિસહ તેમજ ઉપસર્ગો ભગવાન મહાવીર શાંતિથી સહન કરતા.

જે સાધકોની ચેતનાનું સ્તર નિમ્ન હોય છે, એને શારીરિક કષ્ટની અનુભૂતિ અધિક પ્રમાણમાં થાય છે. પરંતુ ભગવાન મહાવીરની ચેતનાનું સ્તર તો બહુ ઊંચુ હતું. તેઓ ચાહે કેટલું પણ કઠોર તપ કરતા હતા, પરંતુ સાથે

૧. આયારો (૦) મુનિ નથમલ, પૃ. ૩૪૩
૨. આચારાંગ–શીલા ૦ ટીકા, પત્ર ૩૦૭–૩૦૮
૩. આચારાંગ–શીલા. ટીકા. પત્ર ૩૦૭
૪. આવશ્યકચૂર્ણિ, પૃ, ૩૧૮
૫. આચારાંગ૦શીલાંકાચાર્ય ટીકા, પત્ર ૩૧૦–૩૧૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાધિનું સતત પ્રેક્ષણ કરતા રહેતા હતા. તેઓ જે કોઈ ક્રિયા કરતા તેમાં પૂર્ણપણે તન્મય બની જતા. ન તો ભૂતકાલની સ્મૃતિ કે ન તો ભવિષ્યની કલ્પના એમને પરેશાન કરતી. તેઓ કેવલ વર્તમાનમાં રહીને એ ક્રિયા સર્વાત્મારસમર્પિત થઈ કરતા. તેઓ જ્યારે ચાલતા ત્યારે આમતેમ જોતા ન હતા અને ન તો અન્ય બાબતો અંગે ચિંતન કરતા. તેઓ જ્યારે ખાતા હતા ત્યારે ખાતા જ, બાકી સ્વાદ તરફ ધ્યાન આપતા નહીં કે ન તો વાતચીત કરતા હતા. તેઓ એટલા બધા આત્મવિભોર હતા કે એમને ભૂખ તરસ, ટાઢ તડકો વગેરેની કોઇ અનુભૂતિ થતી નહીં. એમની ચેતનાની સમગ્ર ધારા આત્મ તરફ પ્રવાહિત હતી. આ પ્રમાણે ભગવાન મહાવીરની સાધનાનું રોમાંચકારી વર્ણન પ્રસ્તુત ગ્રંથમાં છે.

સાડા બાર વર્ષના સુદીર્ઘકાલની સાધના પછી ભગવાનને કેવલજ્ઞાન તેમજ કેવલધ્યાનનો દિવ્ય આલોક પ્રાપ્ત થયો. ભવનપતિ, વાણવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈજ્ઞાનિક દેવોએ આવીને કૈવલ્યમહોત્સવ ઉલ્લાસની ક્ષણોમાં સંપન્ન કર્યો.

ઔપપાતિક સૂત્રમાં આપવામાં આવેલું ભગવાન મહાવીરના શરીરનું શબ્દચિત્ર આ ગ્રથમાં નિર્દિષ્ટ છે અને સાથે સાથે ભગવાન મહાવીરના અંતેવાસી શ્રમણોનું પણ નિરૂપણ થયેલું છે. પ્રભુ મહાવીરે એક માસ અને વીસ રાત્રિ પસાર થઈ ગયા પછી વર્ષાવાસ પર્યુષણા કરી. ભગવાનનો જે જે ક્ષેત્રોમાં વર્ષાવાસ થયો એની સૂચના પણ પ્રસ્તુત ગ્રંથમાં આપવામાં આવી છે. એમનું પરિનિર્વાણ, અંતિમ ઉપદેશ, ગૌતમને કેવલજ્ઞાન, નવમલ્લવી, નવલિચ્છવી રાજાઓ દ્વારા કરવામાં આવેલ પૌષધ અને દ્રવ્ય–ઉદ્યોતનું નિરૂપણ થયું છે. નિર્વાણ બાદ ભસ્મગ્રહ અને એનો પ્રભાવ, મહાવીરનો શિષ્યસમુદાય, આઠ રાજાઓ મહાવીરના શિષ્ય બન્યા હતા, મહાવીરના સમયમાં તીર્થંકર નામ કર્મનો નવ વ્યક્તિઓએ અનુબંધન કર્યો હતો. એમના તીર્થમાં નવ પ્રવચન નિહ્નવ થયા હતા. આ પ્રમાણે આગમસાહિત્યમાં આવેલા મહાવીરચરિત્રને પ્રસ્તુત ગ્રંથમાં સંકલિત કરવામાં આવ્યું છે. મહાવીરના તેજસ્વી વ્યક્તિને સમજવા માટે ઉપર્યુક્ત પ્રસંગો અત્યંત ઉપયોગી છે.

મહા પદ્મચરિત્ર

સમ્રાટ શ્રેણિક મહાવીર પ્રભુના પરમભક્ત હતા. એમણે ભગવાન મહાવીરના તીર્થમાં તીર્થંકર નામ કર્મનું અનુબંધન કર્યું હતું. તેઓ નરકમાંથી નીકળીને આગામી ઉત્સર્પિણી કાલમાં તીર્થંકર પદને પ્રાપ્ત કરશે. એમનું રત્નોની વર્ષા થવાને કારણે પિતાએ 'મહાપદ્મ નામ પાડવામાં આવ્યું. બીજું નામ તે 'દેવસેન' અને ત્રીજું નામ 'વિમલવાહન' રાખવામાં આવ્યું. ત્રીસ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહીને તેઓ શ્રમણ બનશે. બાર વર્ષથી કંઈક વધુ ઉપસર્ગો સહન કરીને તેઓ કેવલ જ્ઞાન પ્રાપ્ત કરશે. તેઓ પચીસી ભાવના સહિત પાંચ મહાવ્રતોનો તથા ખટજીવ નિકાયનો ઉપદેશ આપશે. ભગવાન મહાવીરની જેમ તેમના પણ નવ ગણ અને અગિયાર ગણધર થશે. એમનું આયુષ્ય બોંતેર વર્ષનું થશે. મહાપદ્મ તીર્થંકરના સમયમાં આઠ રાજા દીક્ષિત થશે. આ પ્રમાણે મહાપદ્મનું ચરિત્રનું વિસ્તારપૂર્વક નિરૂપણ છે.

સ્થાનાંગ અને સમવાયાંગમાં આપવામાં આવેલી વિવિધ તીર્થંકરો અંગેની મહત્વપૂર્ણ ઐતિહાસિક સૂચનાઓ પણ એમાં આપવામાં આવી છે.

ભરત ચક્રવર્તી

ભગવાન ઋષભદેવના મોટા પુત્રનું નામ ભરત હતું કે જેના નામ પરથી 'ભારતવર્ષ' એવું નામકરણ થયું છે. જંબુદ્વીપપ્રજ્ઞપ્તિમાં ભરત ચક્રવર્તીનું વર્ણન કરતાં નોંધવામાં આવ્યું છે કે, ભરત ચક્રવર્તી અને દેવના નામથી 'ભારતવર્ષ' નામકરણ થયું. વસુદેવહિન્ડી[૧]માં પણ આનો સ્પષ્ટ ઉલ્લેખ છે. વાયુપુરાણ,[૨] બ્રહ્માંડપુરાણ[૩], આદિપુરાણ[૪], વારાહપુરાણ,[૫]

૧. વસુદેવહિન્ડી, પ્રથમ ખંડ, પૃ. ૧૮૬.

૨. વાયુપુરાણ, ૪૫/૭૫.

૩. બ્રહ્માંડપુરાણ પર્વ, ૨,૧૪.

૪. પ્રમોદભરતઃ પ્રેમનિર્ભરાળન્યુતા તદા, —તમાહ ભરત ભાવિ સમસ્ત ભરતાધિપમ્ । તન્નામ્ના ભારતવર્ષમિતિ હ્યાસેન્જનાસ્પદં, હિમાદ્રે રાસમુદ્રાચ્ચ ક્ષેત્રં. ચક્ર ભૃતામિદં. —આદિપુરાણ, પર્વ ૧૫, ૧૫૮–૫૯.

૫. નાભેર્મરુદેવ્યાં પુત્રમજનયનૃષભ નામાનં તસ્ય ભરતો પુત્રઞ્ચ તાવદ્બ્રજ તસ્ય : ભરતસ્ય પિતા ઋષભઃ । હેમાદ્રેર્દક્ષિણું વર્ષમહદ્ ભારતં નામ શશાસ । –વરાહપુરાણ, ૭૪,૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાયુપુરાણ,[૧] લિંગપુરાણ,[૨] સ્કન્દપુરાણ,[૩] માર્કણ્ડેયપુરાણ[૪], શ્રીમદ્ ભાગવતપુરાણ,[૫] આગ્નેયપુરાણ,[૬] વિષ્ણુપુરાણ,[૭] કર્મપુરાણ,[૮] શિવપુરાણ,[૯] નારદપુરાણ[૧૦] વગેરે ગ્રંથોમાં સ્પષ્ટરૂપમાં ઉલ્લેખ છે કે ઋષભપુત્ર ભરતના નામ પરથી જ પ્રસ્તુત દેશનું નામકરણ 'ભારતવર્ષ' થયું. પાશ્ચાત્ય વિદ્વાન શ્રી. જે. સ્ટીવેન્શનનો[૧૧] અભિપ્રાય પણ આવો જ છે અને પ્રસિદ્ધ ઇતિહાસજ્ઞ 'ગંગાપ્રસાદ એમ. એ.[૧૨] તથા 'રામધારીસિંહ દિનકર'નું[૧૩] પણ આવું જ મંતવ્ય છે.

ભરત મહાન પ્રતિભાસંપન્ન, પ્રતાપશાલી તેમજ પરમ યશસ્વી સમ્રાટ હતો. અન્ય સમ્રાટોનું જીવન જ્યારે ભૌતિક દૃષ્ટિએ મહાન હોય છે, ત્યારે ભરત ચક્રવર્તી ભૌતિક દૃષ્ટિએ જ નહીં, આધ્યાત્મિક દૃષ્ટિએ પણ મહાન હતા. જે દિવસે ભગવાન ઋષભને કેવલજ્ઞાન થયું, તે દિવસે ભરતની આયુધશાલામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. એ સમાચાર સાંભળી એમણે મુકુટ સિવાય અન્ય બધાં પહેરેલાં આભૂષણો આયુધશાલાના રક્ષકને પ્રદાન કર્યાં. પહેલાં એમણે ભગવાનને વંદન કરી કેવલજ્ઞાન-મહોત્સવ ઊજવ્યો. એની પછી સ્વયં આયુધશાલામાં ચક્ર-રત્નને પ્રણામ કર્યા તેમજ અષ્ટાન્હિકા મહોત્સવ કર્યો એક હજાર દેવો વડે સેવાતું ચક્ર-રત્ન આકાશમાર્ગે ચાલીને વિનીતા નગરીના મધ્ય ભાગમાં થઈને ગંગાના દક્ષિણ તટથી માગધ તીર્થની તરફ આગળ વધ્યું. ચક્ર-રત્ન દ્વારા પ્રદર્શિત માર્ગને અનુસરતા ભરત-ચક્રવર્તી પાછળ પાછળ ચાલ્યા. માગધ તીર્થ પર જઈને એમણે લવણ સમુદ્રમાં પ્રવેશ કર્યો અને બાણ છોડયું. નામાંકિત બાણ બાર યોજન દૂર માગધ તીર્થાધિપતિ દેવના ત્યાં પડયું. આ જોઈ પહેલાં તો તે ગુસ્સે થયો, પણ ભરત ચક્રવર્તીનું નામ વાંચીને તે ઉપહાર લઈને આવ્યો. આ પ્રમાણે ચક્ર-રત્નની પાછળ પાછળ ચાલીને વરદામ તીર્થ કુમાર દેવને પોતાને આધીન કર્યો. એ પછી પ્રભાસકુમાર દેવ, સિંધુ દેવી, વૈતાઢ્ય ગિરિકુમાર, કૃતમાલદેવ વગેરેને આધીન કરતા કરતા ભરત સમ્રાટે ષટ્‌ખંડ પર વિજય વાવટો ફરકાવ્યો.

---

૧. હિમાહવ દક્ષિણં વર્ષં ભરતાય ન્યવેદયત્ તસ્માદ્ ભારતવર્ષં તસ્ય નામ્ના વિદુર્બુધાઃ । — વાયુપુરાણ, ૩૩.૫૨.

૨. હિમાદ્રે દક્ષિણં વર્ષં ભરતાય ન્યવેદયત્ । તસ્માત્તુ ભારતવર્ષં તસ્ય નામ્ના વિદુર્બુધાઃ । — લિંગપુરાણ, ૪૬,૨૪

૩. નાભેઃ પુત્રશ્ચ ઋષભઃ ઋષભાદ્ ભરતોઽભવત, તસ્ય નામ્ના ત્વિદં વર્ષં ભારત ચેતિ કીર્ત્યતે ।
— સ્કન્દપુરાણ, કૌમારખંડ, ૩૭/૫૭

૪. હિમાહવં દક્ષિણં વર્ષં ભરતાય પિતા દદૌ, તસ્માત્તુ ભારતવર્ષં તસ્ય નામ્ના મહાત્મનઃ ।
— માર્કણ્ડેયપુરાણ, ૫૨૦/૪૧

૫. (ક) યેષાં ખલુ મહાયોગી ભરતો જ્યેષ્ઠઃ શ્રેષ્ઠગુણઃ, આસીદ્ યેનેદં વર્ષં ભારતમિતિ વ્યપદિશંતિ.
(ખ) અજનાભં નામૈતદ્વર્ષં ભારતમિતિ યત્ આરભ્ય વદંતિ ।
— શ્રીમદ્ ભાગવતપુરાણ, ૫/૪.

૬. ભરતાદ્ ભારતં વર્ષં. — આગ્નેયપુરાણ, ૧૦૭/૧૨.

૭. ઋષભાદ્ભરતો જજ્ઞે જ્યેષ્ઠઃ પુત્રશતાગ્રજઃ । તસ્ય રાજ્યં સ્વધર્મેણ તથેષ્ટ્વા વિવિધાન્ મખાન્ । અભિષિચ્ય સુતં વીરં ભરતં પૃથ્વીપતિઃ, તપસે સ મહાભાગઃ પુલહસ્યાશ્રમં યયૌ ॥ તતશ્ચ ભારતં વર્ષમેતલ્લોકેષુ ગીયતે.
— વિષ્ણુપુરાણ, અંશ ૨, અ૦ ૧,૨૮,૨૯, ૩૨

૮. ઋષભાદ્ભરતો જજ્ઞે વીરઃ પુત્રશતાગ્રજઃ, સોઽભિષિચ્યર્ષભઃ પુત્રં ભરતં પૃથ્વીપતિઃ । — કર્મપુરાણ, ૪૧,૩૮.

૯. ખણ્ડાતિ કલ્પયામાસ નવાન્યપિ હિતાય ચ, તત્રાઽપિ ભરતે જ્યેષ્ઠ ખણ્ડે અસ્મિન્ સ્પૃહણીયકે । તન્નામ્ના ચૈવ વિખ્યાતં ખંડ ચ ભારત તદા ! સર્વેષ્વવિચરખંડેષુ શ્રેષ્ઠ ભરતમુચ્યતે । —શિવપુરાણ, ૫૨/૫૫.

૧૦. આસીત પુરા મુનિશ્રેષ્ઠો 'ભરતો નામ ભૂપતિઃ । આર્ષભો યસ્ય નામ્નેદં ભારત ખંડમુચ્યતે । — નારદપુરાણ, ૪૮

૧૧. Brahamanical Puranas prove Rishabh to the father of the Bharat, from whom India too K to name 'Bharatvarsha.' — Kalpasutra Introd. P. XVI.

૧૨. ઋષિઓએ આપણા દેશનું નામ પ્રાચીન ચક્રવર્તી સમ્રાટ ભરતના નામ પરથી ભારતવર્ષ રાખ્યું.
— પ્રાચીન ભારત, પૃ. ૫.

૧૩. ભરત વૃષભદેવના જ પુત્ર હતા, જેના નામ પરથી આપણા દેશનું નામ ભારત પડયું.
—સંસ્કૃતિ કે ચાર અધ્યાય, પૃ. ૧૩૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્રવર્તી પાસે ચૌદ રત્ન અને નવ નિધિઓ હોય છે. ચૌદ રત્નનો આ પ્રમાણે છે :

૧. **ચક્રરત્ન** — આ આયુધશાલામાં ઉત્પન્ન થાય છે. સેનાની આગળ પ્રયાણ કરતું તે ચક્રવર્તીને ષટ્‌ખંડન સાધવાનો માર્ગ દર્શાવે છે. ચક્રવર્તી એની સહાયથી શત્રુના શિરનું છેદન પણ કરી શકે છે.

૨. **છત્રરત્ન** — આ રત્ન બાર યોજન લાંબું અને પહોળું હોય છે. છત્રાકારના રૂપમાં તે સેનાનું ઠંડી, વરસાદ તેમજ તાપથી રક્ષણ કરે છે. છત્રીની માફક એને સમેટી પણ શકાય છે.

૩. **દંડરત્ન** — આ વિષમ માર્ગને સમ બનાવે છે. વૈતાઢ્ય પર્વતની બન્ને ગુફાઓનાં દ્વાર ખોલી ઉત્તર ભારત તરફ ચક્રવર્તીને પહોંચાડી દે છે. દિગંબર પરંપરાની દૃષ્ટિથી વૃષભાચલ પર્વત પર નામ લખવાનું કાર્ય પણ આ રત્ન કરે છે.

૪. **અસિરત્ન** — આ રત્ન પચાસ આંગળ લાંબુ, સોળ આંગળ પહોળું, તેમજ અડધો આંગળ જાડું હોય છે. પોતાની તીક્ષ્ણ ધારથી આ રત્ન દૂર રહેલા શત્રુઓને પણ નષ્ટ કરી નાંખે છે.

૫. **મણિરત્ન** — સૂર્ય અને ચન્દ્રમાની માફક આ રત્ન અંધકારનો નાશ કરે છે. આ રત્નને મસ્તક પર ધારણ કરી લેવાથી દેવ તથા તિર્યંચકૃત ઉપસર્ગનો સ્પર્શ થતો નથી. હસ્તિરત્નના દક્ષિણ કુંભસ્થલ પર આ રત્ન રાખવાથી અવશ્યમેવ વિજય પ્રાપ્ત થાય છે.

૬. **કાકિણીરત્ન** — આ રત્ન ચાર આંગળના પ્રમાણમાં હોય છે. આ રત્નથી ચક્રવર્તી વૈતાઢ્ય પર્વતની ગુફામાં ઓગણપચાસ મંડલ બનાવે છે. એક એક મંડલનો પ્રકાશ એક એક યોજન સુધી ફેલાય છે અને આ રત્નથી ચક્રવર્તી ઋષભકૂટ પર્વત પર પોતાનું નામ અંકિત કરે છે.

૭. **ચર્મરત્ન** — દિગ્વિજયના સમયે નદીઓ પાર કરાવવામાં આ રત્ન નૌકાના રૂપમાં (બની) આવે છે અને મ્લેચ્છ (અનાર્ય) નરેશો જલવૃષ્ટિ કરાવે છે ત્યારે તે સેનાની સુરક્ષા કરે છે.

૮. **સેનાપતિરત્ન** — તે સેનાનું પ્રમુખ થાય છે. તે વાસુદેવની સમાન શક્તિસંપન્ન હોય છે. તે ચાર ખંડો પર વિજય કરે છે.

૯. **ગાથાપતિરત્ન** — આ રત્ન ચક્રવર્તી સેના માટે ઉત્તમ ભોજનની વ્યવસ્થા કરે છે. દિગંબર ગ્રંથોમાં ગાથાપતિ રત્નને ગૃહપતિ-રત્ન કહ્યું છે. એનું નામ છે કામવૃષ્ટિ ગૃહપતિ રત્ન.

૧૦. **વર્ધકીરત્ન** — એ ચક્રવર્તીની સેનાને માટે આવાસ-વ્યવસ્થા કરે છે. ઉન્મગ્નજલા, નિમગ્નજલા વગેરે નદીઓ પર પુલ બાંધવાનું કામ પણ આ રત્ન કરે છે.

૧૧. **પુરોહિતરત્ન**-આ જ્યોતિષશાસ્ત્ર સ્વપ્નશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર, લક્ષણ અને વ્યંજન વગેરેનું પૂર્ણ જ્ઞાતા હોય છે. દૈવી ઉપદ્રવોને તે શાંત કરે છે.

૧૨. **સ્ત્રીરત્ન** — તે સર્વાંગ સુંદરી હોય છે. સદા યુવતી જ રહે છે. એનાથી તીવ્ર ભોગાવલી કર્મનો ઉદય થાય છે. એના પ્રત્યે ચક્રવર્તીને અત્યધિક રાગ હોય છે.

૧૩. **અશ્વરત્ન** આ શ્રેષ્ઠ અશ્વ એક ક્ષણમાં સો યોજન દોડવાની શક્તિ ધરાવે છે. કીચડ, જલ, પહાડ, ગુફા વગેરે વિષમ સ્થલોને પણ તે સહજ રીતે ઓળંગી જાય છે. ભરત ચક્રવર્તીના અશ્વરત્નનું નામ 'કમલાપીડ'[1] હતું.

૧૪ **હસ્તિરત્ન** : તે ઐરાવત હાથીની જેમ સર્વગુણસંપન્ન હોય છે.

પ્રત્યેક રત્નના એક એક હજાર દેવ રક્ષક હોય છે. ચૌદ રત્નોના ચૌદ હજાર દેવતા રક્ષક હતા. વૈદિક સાહિત્યમાં પણ ચૌદ રત્નનોનાં નામ પ્રાપ્ત થાય છે.

વૈદિક સાહિત્યનાં ચોદ રત્ન

૧. હાથી ૨. ઘોડો ૩. રથ ૪. સ્ત્રી ૫. બાણ ૬. ભંડાર ૭. માલા ૮. વસ્ત્ર. ૯. વૃક્ષ. ૧૦. શક્તિ ૧૧. પાશ ૧૨. મણિ ૧૩. છત્ર અને ૧૪. વિમાન

૧. (ક) ત્રિષષ્ટિ. ૧/૪ (ખ) ઠાણાંગસૂત્ર, ઠાણાનું (ગ) સમવાયાંગ સૂત્ર, સમવાય ૧૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચક્રવર્તીની નવનિધિઓ[૧]

સમ્રાટ ભરતની પાસે નવનિધિઓ હતી, જેનાથી તેઓ મનવાંછિત વસ્તુઓ પ્રાપ્ત કરતા હતા. નિધનો અર્થ ખજાનો છે. આચાર્ય અભયદેવ પ્રમાણે ચક્રવર્તીને પોતાના રાજ્ય માટે ઉપયોગી બધી વસ્તુઓની પ્રાપ્તિ નવનિધિઓ દ્વારા થાય છે. એટલે એની નવનિધાનરૂપે ગણના થઈ છે. (સ્થાનાંગ. વૃત્તિ પત્ર ૪૨૬) તે નવનિધિઓ નીચે પ્રમાણે છે :

૧. **નૈસર્પનિધિ :** આ નિધિ ગ્રામ–નગર–દ્રોણમુખ–મંડપ વગેરે સ્થાનોનું નિર્માણ કરવામાં સહાયક થાય છે.
૨. **પાંડુકનિધિ :** માન–ઉન્માન અને પ્રમાણનું જ્ઞાન કરાવે છે. તથા ધાન્ય અને બીજને ઉત્પન્ન કરે છે.
૩. **પિંગલનિધિ :** આ નિધિ મનુષ્ય તેમજ તિર્યંચોનાં સર્વવિધ આભૂષણોના વિધિનું જ્ઞાન કરાવનારી છે તથા યોગ્ય આભરણ પ્રદાન કરનાર છે.
૪. **સર્વરત્ননિધિ :** આ નિધિથી વજ્ર, વૈડુર્ય, મરકત, માણિક્ય, પદ્મરાગ, પુખરાજ વગેરે બહુમૂલ્ય રત્ન પ્રાપ્ત થાય છે.
૫. **મહાપદ્મનિધિ :** આ નિધિ સર્વ પ્રકારનાં શુદ્ધ તેમજ રંગીન વસ્ત્રોની ઉત્પાદિકા છે. કોઈ કોઈ ગ્રંથમાં એનું નામ પદ્મનિધિ પણ છે.
૬. **કાલનિધિ :** વર્તમાન, ભૂત, ભવિષ્ય, કૃષિકર્મ, કલાશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર વગેરેનું જ્ઞાન આ નિધિ કરાવે છે.
૭. **મહાકાલનિધિ :** સોના, ચાંદી, મોતી, પ્રવાલ, લોખંડ વગેરેની ખાણો ઉત્પન્ન કરાવવામાં સહાયક બને છે.
૮. **માણવનિધિ :** કવચ, ઢાલ, તલવાર, વગેરે વિવિધ પ્રકારનાં દિવ્ય આયુધ, યુદ્ધનીતિ તથા દંડનીતિ વગેરેની જાણકારી કરાવનારી છે.
૯. **શંખનિધિ :** વિવિધ પ્રકારનાં વાદ્ય, કાવ્ય–નાટય–નાટક વગેરેના વિધિ અંગે જ્ઞાન કરાવનારી.

આ બધી નિધિઓ અવિનાશી હોય છે. દિગ્‌વિજયથી પાછા વળતી વખતે ગંગાના પશ્ચિમ તટ પર અષ્ટમતપ તદુપરાન્ત ચક્રવર્તી સમ્રાટને પ્રાપ્ત થાય છે. પ્રત્યેક નિધિ એક એક હજાર યક્ષો વડે અધિષ્ઠિત હોય છે. એની ઊંચાઈ આઠ યોજન, પહોળાઈ નવયોજન તથા લંબાઈ દશ યોજન હોય છે. આ બધી નિધિઓ સ્વર્ણ અને રત્નોથી પરિપૂર્ણ હોય છે, ચંદ્ર અને સૂર્યનાં ચિહ્નોથી તે ચિહ્નિત હોય છે તથા પલ્યોપમ આયુવાલા નાગકુમાર જાતિના દેવ તેના અધિષ્ઠાપક હોય છે.[૨]

આ નવ નિધિઓ કામવૃષ્ટિ નામક ગૃહપતિરત્નના આધીનમાં હતી. તેમજ ચક્રવર્તીના સમસ્ત મનોરથોને સદૈવ પૂર્ણ કરતી હતી.[૩]

હિન્દુ ધર્મશાસ્ત્રોમાં આ નવ–નિધિઓનાં નામ આ પ્રમાણે દર્શાવવામાં આવ્યાં છે. ૧. મહાપદ્મ ૨. પદ્મ ૩. શંખ ૪. મકર ૫. કચ્છપ ૬. મુકુંદ ૭. કુંદ ૮. નીલ અને ૯. ખર્વ. આ નિધિઓને કુબેરનો ખજાનો પણ કહેવામાં આવે છે.

ભરત મહારાજાએ સાઠ વર્ષના સમયગાળામાં ષટ્ ખંડ પર વિજયપતાકા લહેરાવી ચક્રરત્નનું અનુસરણ કરતા વિનીતાનગરી તરફ પ્રસ્થાન કર્યું. બત્રીસ હજાર મુકુટધારી મહારાજાઓ ભરતને આધીન હતા વિનીતા નગરી લાંબા સમય પછી પોતાના સ્વામીને પામીને ગર્વથી ફુલાતી હતી. ષટ્ ખંડ પર વિજય પ્રાપ્ત કરવાને કારણે એક વિશાલ અભિષેકમંડપ તૈયાર કરવામાં આવ્યો અને ભરત મહારાજાએ આભિયોગિક દેવોને કહ્યું : 'મારો મહાભિષેક કરો.'

આભિયોગિક દેવોએ ભરત મહારાજાનો અભિષેક કર્યો. બત્રીસ હજાર રાજાઓ તથા સેનાપતિરત્ન, સાર્થવાહરત્ન, વાર્ધકિરત્ન, પુરોહિતરત્ન વગેરેએ પણ ભરતનો મહાભિષેક કર્યો તથા પોતાના કર્તવ્યનું પાલન કર્યું.

ભરત મહારાજા એકવાર સ્નાનાદિથી પરવારીને શીશમહેલ ગયા. શીશમહેલમાં જઈને સિંહાસન પર બીરાજમાન થયા. ચારેબાજુ પોતાનાં રૂપ(નું પ્રતિબિંબ) જોઈને આંતરરૂપ પ્રત્યે આકૃષ્ટ થયા. શુદ્ધ પરિણામોની ધારા પ્રવાહિત થઈ.

૧. (ક) ત્રિષષ્ટિ. ૧, ૪ (ખ) ઠાણાંગસૂત્ર, ઠાણા ૯, સૂત્ર ૧૬
(ગ) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ચક્રવર્તીઅધિકાર
(ઘ) હરિવંશપુરાણ, સર્ગ, ૧૧
(ઙ) માધનંદીવિરચિત શાસ્ત્રસારસમુચ્ચયસૂત્ર ૧૮ પૃ. ૭૪
૨. ત્રિષષ્ટિ. ૧, ૪, ૫૭૪–૫૮૭.
૩. હરિવંશપુરાણ જિનસેન ૧૧, ૧૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વિપપ્રજ્ઞપ્તિ[૧] પ્રમાણે ભાવોની તીવ્રતાથી ભરત મહારાજાને કેવલજ્ઞાન થઈ ગયું. આવશ્યકનિર્યુક્તિ[૨] અનુસાર શીશ—મહેલમાં ભરત પોતાની દિવ્ય છટાને જોઈને વિસ્મય થયા હતા. એમની દૃષ્ટિ આંગળીઓ પર પડી. એક આંગળી શોભા વગરની હતી, કેમકે એમાં પહેરેલી વીંટી પડી ગઈ હતી. એમણે બીજી આંગળીઓની વીંટીઓ ધીમેધીમે કાઢવાનો પ્રારંભ કર્યો અને જોવા લાગ્યા કે આંગળીઓ કેવી લાગે છે? આ પ્રમાણે એમણે બધાં આભૂષણો ઉતારી નાખ્યાં. તેઓ વિચારવા લાગ્યા : 'શરીરનું સૌન્દર્ય એ મારું સૌન્દર્ય નથી. જે શરીર કેટલીક ક્ષણો પૂર્વે ચમકી રહ્યું હતું તે આભૂષણોના અભાવમાં કાંતિહીન પ્રતીત થઈ રહ્યું છે. ભૌતિક અલંકારોથી લદાયેલી સુંદરતા કૃત્રિમ અને ભ્રામક છે. એમાં ફસાઈને માનવ પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી જાય છે.' આ પ્રમાણે ચિંતન કરતાં કરતાં એમને કેવલજ્ઞાન થઈ ગયું. આવશ્યકનિર્યુક્તિ અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વચ્ચે એટલો ફેર છે કે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં પહેલાં કેવલજ્ઞાન થાય અને ત્યારબાદ ભરત પોતાનાં વસ્ત્રાલંકાર ઉતારે છે, જ્યારે આવશ્યકનિર્યુક્તિમાં વસ્ત્રાલંકાર ઉતાર્યા પછી કેવલજ્ઞાન પ્રાપ્ત થયાનો ઉલ્લેખ છે.

આવશ્યકનિર્યુક્તિ વગેરેમાં સમ્રાટ ભરતના જીવન અંગેના અનેક પ્રેરક પ્રસંગો છે. વિસ્તારભયથી અમે તે અત્રે આપતા નથી. પ્રસ્તુત ગ્રંથમાં ચક્રવર્તીના વિજય અને અન્ય જાણકારી સ્થાનાંગ અને સમવાયાંગ સૂત્રમાંથી ઉદ્ધૃત કરવામાં આવી છે.[૩]

બલદેવ-વાસુદેવ

બલદેવ, વાસુદેવ આ બન્ને ભાઈઓનાં રૂપ હોય છે. નવ બલદેવ અને નવ વાસુદેવ તથા નવ પ્રતિવાસુદેવ. આ પ્રમાણે સત્તાવીસ વિશિષ્ટ વ્યક્તિ હોય છે. વાસુદેવ અર્ધચક્રી હોય છે. તે ત્રણ ખંડના અધિપતિ હોય છે. તેઓને ઉત્તમ પુરુષ માનવામાં આવ્યા છે. તે ઓજસ્વી, તેજસ્વી, બળવાન અને સ્વરૂપવાન હોય છે. તેઓ ક્રાન્ત, સૌમ્ય, સુભગ, પ્રિયદર્શી હોય છે. તે મહાબલી, અપ્રતિહત અને અપરાજિત હોય છે. શત્રુઓનું સારી રીતે મર્દન કરનારા હોય છે તેઓ હજારો શત્રુઓના માનને એક ક્ષણમાં નષ્ટ કરી નાંખે છે. તેઓ દયાળુ, અમત્સર, અચપલ અને પ્રચંડ હોય છે. એમનો સ્વભાવ ખૂબ જ મધુર હોય છે. એમની વાણી ગંભીર, મૃદુ તથા સત્ય હોય છે. એમના શરીર પર અનેક શુભ લક્ષણો હોય છે. તેઓ ચંદ્રની જેમ સૌમ્ય, સૂર્યની જેમ પ્રચંડ, પ્રકાંડ દંડનીતિજ્ઞ, સમુદ્ર સમાન ગંભીર, યુદ્ધમાં દુર્ધર તથા ધનુર્ધર હોય છે. તે રાજવંશમાં તિલક સમાન હોય છે. બલદેવના હાથમાં હલ હોય છે અને વાસુદેવ ધનુષ્ય રાખે છે. વાસુદેવ શંખ, ચક્ર, ગદા, શક્તિ અને નન્દક ધારણ કરે છે. એમના મુકુટમાં શ્રેષ્ઠ, ઉજ્જ્વલ, શુકલ, વિમલ, કૌસ્તુભમણિ આવેલો હોય છે અને કાનમાં કુંડળ હોય છે. એમની આંખ કમલ સમાન હોય છે. એમની ઉરમાં એકાવલી હાર હોય છે. શ્રીવત્સનું લાંછન હોય છે. તથા પંચરંગી સુગંધિત ફૂલોની માળા હોય છે. એમના અંગઉપાંગમાં આઠસો પ્રશસ્ત ચિહ્નો હોય છે. એમનાં અંગઉપાંગ સર્વાંગ સુંદર હોય છે. બલદેવ નીલ અને વાસુદેવ પીળા રંગનાં વસ્ત્ર ધારણ કરે છે. બલદેવ નિદાનરહિત હોય છે, જ્યારે વાસુદેવ નિદાનકૃત હોય છે. બલદેવ ઊર્ધ્વગામી હોય છે જ્યારે વાસુદેવ અધોગામી હોય છે.[૪] પ્રતિવાસુદેવને વાસુદેવ પરાજીત કરે છે અને અંતમાં સ્વચક્રથી જ પ્રતિવાસુદેવનું મૃત્યુ થાય છે.[૫]

બલદેવ-વાસુદેવના પૂર્વભવ અંગે તથા બધાનાં નામ, માતા પિતાનાં નામ વગેરેનું નિરૂપણ પ્રસ્તુત ગ્રંથમાં થયું છે. અચલ બલદેવ એંસી ધનુષ્ય ઊંચા હતા, વિજય બલદેવ તોતેર લાખ વર્ષ આયુષ્ય ભોગવી સિદ્ધ થયા. સુપ્રભ બલદેવ એકાવન લાખ વર્ષ આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા. નંદન બલદેવ તેંત્રીસ ધનુષ્ય ઊંચા હતા તથા રામ બલદેવ દશ ધનુષ્ય ઊંચા હતા.

મહાબલ

બીજા સ્કન્ધમાં શ્રમણોની કથાઓ આપવામાં આવી છે. સર્વપ્રથમ મહાબલનું પવિત્ર ચરિત્ર આપવામાં આવ્યું છે. મહાબલ વિમલનાથ અરિહંતના સમયમાં થઈ ગયા. એમનો જન્મ હસ્તિનાપુરના બલરાજાને ત્યાં પ્રભાવતી રાણીની

૧. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, વક્ષસ્કાર ૩.
૨. આવશ્યકનિર્યુક્તિ, ગાથા ૪૩૬.
૩. સરખાવો : અંગુત્તર નિકાય (૫/૧૧૩માં દર્શાવવામાં આવ્યું છે કે ચક્રવર્તીનું ચક્ર પાછું ફરતું નથી. તેનાં પાંચ કારણ બતાવવામાં આવ્યાં છે તે અર્થરી હોય છે. તે ધર્મજ્ઞ હોય છે. તે મર્યાદાશીલ હોય છે, કાલજ્ઞ હોય છે અને પરિષદને જાણનારો હોય છે.
૪. આવશ્યકનિર્યુક્તિ, ગાથા ૪૧૫.
૫. આવશ્યકનિર્યુક્તિભાષ્ય; ગાથા ૪૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુક્ષિમાં થયો હતો. જ્યારે મહાબલનો જીવ ગર્ભમાં આવ્યો ત્યારે માતા પ્રભાવતીએ સિંહનું સ્વપ્ન જોયું અને વિવિધ દૌહદ ઉત્પન્ન થયા. જન્મ થયો તે સમયે રાજાએ પોતાના હૃદયનો આહ્લાદ બંદીવાનજનોને મુક્ત કરીને વ્યક્ત કર્યો. તથા વિવિધ પ્રકારના ઉત્સવો કર્યા. બલરાજાના પુત્ર હોવાને કારણે એનું નામ 'મહાબલ' રાખવામાં આવ્યું. ક્ષીરધાત્રી (ધાવમાતા) મંજનધાત્રી, મંડનધાત્રી, ક્રીડનધાત્રી તેમજ અંકધાત્રી એમ પાંચધાત્રીઓ વડે સંપોષણ પામતે મહાબલ મોટો થવા લાગ્યો. સૂર્ય-દર્શન, જાગરણ નામકરણ, ઘૂંટણિયે ચાલવું, પગ વડે ચાલવું, અન્નભોજન, પ્રારંભ કરવો, કોળિયા વધારવા, સંભાષણ કરવું, કાન વિંધાવવા વર્ષગાંઠ મનાવવી, ચોટલી રાખવી, ઉપનયન સંસ્કાર કરવા વગેરે ઘણા; તથા ગર્ભધારણ, જન્મ-મહોત્સવ વગેરે વિવિધ પ્રસંગો લઈને વિવિધ પ્રકારનાં કૌતક કર્યા.

સંસ્કારચિંતન

જૈન ધર્મનો આચારસંહિતામાં બાહ્ય વિધિવિધાનનું નિરૂપણ અલ્પ પ્રમાણમાં થયું છે; જ્યારે બ્રાહ્મણ પરંપરાના ગ્રંથોમાં સંસ્કારવિધિઓનું વિસ્તારથી વર્ણન થયું છે. ગૌતમધર્મસૂત્ર,[1] આપસ્તમ્બધર્મસૂત્ર[2] અને વશિષ્ઠધર્મસૂત્ર[3]માં આ અંગે વિસ્તારથી વર્ણન છે. સ્મૃતિઓમાં સંસ્કારસંખ્યા અંગે મતભેદ છે. ગૌતમે ચાલીસ સંસ્કારોનું વર્ણન કર્યું છે.[4] વ્યાસે સોલ સંસ્કારો દર્શાવ્યા છે.[5] મનુયાજ્ઞવલ્કય અને વિષ્ણુધર્મસૂત્રમાં સંખ્યાનો નિર્દેશ નથી. નિબંધોમાં મુખ્યત્વે સોલ સંસ્કાર દર્શાવવામાં આવ્યા છે. તે આ પ્રમાણે છે: ૧. ગર્ભાધાન ૨. પુંસવન ૩. સીમન્તોન્નયન ૪. વિષ્ણુ—બલિ ૫. જાતકર્મ ૬. નામકરણ ૭. નિષ્ક્રમણ ૮. અન્નપ્રાશન ૯. ચૌલ ૧૦. ઉપનયન ૧૧–૧૪ વેદવ્રત ચતુષ્ટય ૧૫. સમાવર્તન અને ૧૬. વિવાહ. સ્મૃતિચન્દ્રિકા વગેરેમાં પ્રકારાન્તરથી અન્ય નામો પણ મળે છે. ગૃહસૂત્રો, ધર્મસૂત્રો, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કયસ્મૃતિ તથા અન્ય સ્મૃતિઓમા, તેમજ રઘુનંદનકૃત સંસ્કારતત્ત્વ, નીલકંઠકૃત સંસ્કારમયૂખ, મિત્ર—મિશ્રકૃત સંસ્કારપ્રકાશ, અનંતદેવકૃત સંસ્કારકૌસ્તુભ અને ગોપીનાથકૃત સંસ્કારરત્નમાલા વગેરે ગ્રંથોમાં વિરાટ સામગ્રી પડેલી છે, એટલે વિશેષ જિજ્ઞાસુ આ ગ્રંથોનું અવલોકન કરે.

સંસ્કારોમાં ઉપનયન સંસ્કારને વિશેષ મહત્ત્વપૂર્ણ સંસ્કાર માનવામાં આવ્યો છે. મહાબલકથામાં 'ઉવનયણ' શબ્દનો પ્રયોગ થયો છે. જૈનપરંપરામાં 'ઉપનયન સંસ્કાર' કેવી રીતે થતો હતો? એનું વર્ણન આગમ ગ્રંથોમાં નથી. બ્રાહ્મણ પરંપરાના ગ્રંથોમાં કલાચાર્યની પાસે લઈ જવાના પ્રસંગને ઉપનયન સંસ્કાર માનવામાં આવ્યો છે. આ સંસ્કાર વિદ્યાર્થીને ગાયત્રીમંત્ર શિખવાડીને કરવામાં આવતો હતો. ગુરુની સમીપ રહેવાને લીધે શતપથબ્રાહ્મણ,[6] અને તૈતિરીયોપનિષદ[7]માં એને અંતેવાસી કહેવામાં આવ્યો છે. ઉપનયનસંસ્કાર કયારે કરવામાં આવે, તે અંગે ચર્ચા કરતાં આશ્વલાયન ગૃહસૂત્રમાં નોંધવામાં આવ્યું છે[8] કે બ્રાહ્મણ આઠ વર્ષમાં, ક્ષત્રિય અગિયાર વર્ષમાં, વૈશ્ય બાર વર્ષમાં ઉપનયન સંસ્કાર કરે અથવા સોલ, બાવીસ અને ચોવીસ વર્ષમાં ઉપનયન સંસ્કાર કરે. આપસ્તંબ,[9] શાંખાયન,[10] બૌદ્ધાયન[11], ભારદ્વાજ,[12] ગોભિલ,[13] ગૃહસૂત્ર તથા યાજ્ઞવલ્કય[14]માં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે, વર્ષોની ગણના ગર્ભધારણથી કરવી જોઈએ. શાંખાયન ગૃહસૂત્ર વગેરેમાં વર્ષો અંગે વિભિન્ન મતો જણાય છે. ધર્મશાસ્ત્રોમાં ઉપનયનને માટે મુહૂર્ત વગેરેની પણ ચર્ચા

૧. ગૌતમધર્મસૂત્ર, ૮, ૮.
૨. આપસ્તમ્બધર્મસૂત્ર ૧, ૧, ૧, ૯.
૩. વસિષ્ટધર્મસૂત્ર. ૪, ૧.
૪. ગૌતમ, ૮, ૧૪–૨૪.
૫. વ્યાસ, ૧. ૧૪–૧૫.
૬. શતપથબ્રાહ્મણ, ૫, ૧, ૫. ૧૭.
૭. તૈત્તિરીયોપનિષદ ૧, ૧૧.
૮. આશ્વલાયન ગૃહસૂત્ર, ૧, ૧૯, ૧–૬.
૯. આપસ્તંબ. ૧૦, ૨.
૧૦. શાંખાયન. ૨, ૧.
૧૧. બૌધાયન. ૨, ૫, ૨.
૧૨. ભારદ્વાજ. ૧, ૧.
૧૩. ગોભિલ. ૨, ૧૦.
૧૪. યાજ્ઞવલ્કય. ૧, ૧૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવી છે. ઉપનયન સમયે વસ્ત્ર દંડ, મેખલા, યજ્ઞોપવીત, ગાયત્રીઉપદેશ વગેરે આપવાની વિધિ દર્શાવવામાં આવી છે.

મહાબલની કથામાં જણાવવામાં આવ્યું છે કે, જ્યારે મહાબલ આઠ વર્ષથી કંઈ વધુ ઉમરનો થયો ત્યારે તેને કલાચાર્યની પાસે અધ્યયન માટે મોકલવામાં આવ્યો અને પૂર્ણ યુવાન થયો ત્યારે એનું આઠ કન્યાઓ સાથે પાણિગ્રહણ થયું. આ સ્થાને બે બાબત વિચારવા જેવી છે કે, પ્રાચીનકાલમાં શિક્ષણનો પ્રારંભ આઠ વર્ષની અથવા એનાથી કંઈક વધુ ઉંમરે થતો હતો. કેમકે ત્યાં સુધી બાળકનું મસ્તક શિક્ષણ ગ્રહણ કરવા માટે યોગ્ય બની જાય છે. આ કારણે જ આગમસાહિત્ય અને તે પછીના સમયના સાહિત્યમાં આનું વર્ણન અનેક સ્થાનો પર જોવા મળે છે.[૧] આઠ વર્ષની ઉંમરમાં ઉપનયનસંસ્કાર પણ થઈ જતા હતા. એટલે ઉપનયનસંસ્કારને કલાગ્રહણ ઉત્સવ પણ કહેવામાં આવ્યો છે.[૨] સ્મૃતિઓમાં પાંચ વર્ષની વયે શિક્ષણનો પ્રારંભ કરવાનું વિધાન મળે છે. તે અપવાદરૂપે છે આ સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે, આજની જેમ શિક્ષણ ભારરૂપ ન હતું. ગુરુકુલપ્રણાલી શિક્ષણનો આદર્શ હતો. વિદ્યાર્થી માટે તે આવશ્યક હતું કે તે મન લગાવીને અધ્યયન કરે, વિનયપૂર્વક ગુરુચરણોમાં રહે તથા નિયમસંપન્ન હોય. પુરુષો માટે બોતેર કલાઓ અને સ્ત્રીઓ માટે ચોસઠ કલાઓનું અધ્યયન આવશ્યક માનવામાં આવતું.

પ્રાચીનતમ યુગમાં બાલવિવાહ થતા નહીં. આગમસાહિત્યમાં જુદીજુદી જગ્યાએ "ઉમુક્કબાલભાવં જાવ અલં ભોગસમત્થ" શબ્દોનો પ્રયોગ થયેલો છે બાલવિવાહ એ મધ્યયુગની દેણ માલમ પડે છે. એટલે અલબરુનીએ નોંધ્યું છે કે, હિન્દુલોકો પોતાના પુત્રના વિવાહનું આયોજન કરતા હતા, કેમકે વિવાહ ખૂબ નાની ઉંમરમાં થતા હતા.[૩] એક સ્થાને એમ પણ નોંધવામાં આવ્યું છે કે, બ્રાહ્મણોમાં અરજસ્વલા કન્યાને જ ગૃહણ કરવામાં આવતી[૪] ગુપ્તકાલમાં બાલ-વિવાહનું પ્રચલન હતું.[૫]

જૈનસાહિત્યમાં વિવાહના ત્રણ પ્રકારોનું વર્ણન મળે છે: ૧. વર અને કન્યા બન્નેનાં માતાપિતાઓ દ્વારા આયોજિત વિવાહ. ૨. સ્વયંવર ૩. ગાન્ધર્વવિવાહ. મુખ્યત્વે પોતાની જાતિમાં જ વિવાહ કરવાની પ્રથા હતી. બૌદ્ધ જાતકોમાં પણ સમાનસ્થિતિ અને સમાનવ્યવસાયવાળા લોકો સાથે વિવાહસંબંધ કરવામાં આવતો એવો ઉલ્લેખ મળે છે. જેનાથી નિમ્ન જાતિગત તત્ત્વો સાથે સંમિશ્રણ થવામાંથી કુલની પ્રતિષ્ઠાને સુરક્ષિત રાખી શકાય.[૬] એમતો આગમસાહિત્યમાં અન્ય જાતિઓ સાથે વિવાહ કરવાના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જેમકે—રાજમંત્રી તેતલીપુત્રએ એક સોનીની કન્યા સાથે[૭], ક્ષત્રિય ગજસુકુમાલે સોમિલ બ્રાહ્મણનાં કન્યા સાથે,[૮] રાજા જિનશત્રુએ ચિત્રકારની કન્યા સાથે, રાજકુમાર બ્રહ્મદત્તે બ્રાહ્મણ કન્યા તથા વણિકોની કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું હતું.[૯]

વૈદિક પરંપરાના ગ્રંથોમાં એ સ્પષ્ટ છે કે વિવાહનો ઉદ્દેશ સન્તાનોત્પત્તિ હતો. સંતાનોત્પત્તિ માટે એકથી વધુ વિવાહ કરવાની અનુમતિ સ્મૃતિકારોએ પ્રદાન કરી છે. બહુપત્નીત્વવિવાહનો આ જ મુખ્ય ઉદ્દેશ રહ્યો હતો. આગળ જતાં

---

૧. (ક) 'ધ જૈન સિસ્ટમ ઑફ એજ્યુકેશન' જર્નલ ઑફ ધ યુનિવર્સિટી ઑફ બોમ્બે, જાન્યુઆરી ૧૯૪૦, પૃ. ૨૦૬ વગેરે (જગદીશચંદ્ર; લાઈફ ઈન એન્શિએન્ટ ઈન્ડિયા એઝ ડિપિક્ટેડ ઈન જૈન કેનન્સ, જ. જે. કે. પૃ. ૧૬૯ પર ઉદ્ધૃત. એચ. આર. કાપડિયા) ડી. સી. દાસગુપ્તા.

(ખ) (i) 'જૈન સિસ્ટમ ઑફ એજ્યુકેશન.' પૃ. ૭૪.
(ii) ભગવતી (અભયદેવવૃત્તિ) ૧૧, ૧૧, ૪૨૯, પૃ. ૬૬૬.
(iii) નાયાધમ્મકહાઓ, ૧, ૨૦. પૃ. ૩૧.
(iv) કથાકોષપ્રકરણ, પૃ. ૮.
(v) જ્ઞાનપંચમી કથા ૬–૬૨. આદિ.

૨. 'પ્રાચીન ભારતમાં જૈન શિક્ષણપદ્ધતિ' ડૉ. હરીન્દ્રભૂષણ, સંસદપત્રિકા–૧૯૬૫.

૩. ઐપીગ્રાફિકા ઈંડિયા, ૨. પૃ. ૧૫૪.

૪. ઐપીગ્રાફિકા ઈંડિયા, પૃ. ૧૨૧.

૫. 'લાઇફ ઈન ધી ગુપ્તા એજ, પૃ. ૨૮૦–૨૯૦ રિચાર્ડ આર. એન. સાલેટોરકર.

૬. 'ધ સોશલ આર્ગનાઈજેશન ઈન નાર્થ–ઈસ્ટ ઈંડિયા ઈન બુદ્ધાઝ ટાઈમ, કલકત્તા ૧૯૨૦ ફિક. રિચાર્ડ.

૭. જ્ઞાતધર્મકથા, ૧૪, પૃ. ૧૪૮.

૮. અન્તકૃદ્દશા, ૩. પૃ. ૧૬.

૯. ઉત્તરાધ્યયન, ટીકા ૯. પૃ. ૧૪૧.

૧૦. ઉત્તરાધ્યયન ટીકા પૃ. ૧૮૮–૧૯૨ સુધી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુવિવાહ વિશિષ્ટ વ્યક્તિઓના ગૌરવની વસ્તુ બની ગઈ. રાજા અને રાજકુમાર પોતાના અંતઃપુરોમાં વધુમાં વધુ પત્નીઓ રાખવામાં ગૌરવ અનુભવતા હતા. અનેક રાજાઓ સાથે સ્નેહપૂર્ણ સંબંધ સ્થાપિત થવાને કારણે બહુવિવાહ રાજનૈતિક સત્તાને શક્તિશાળી બનાવવામાં સહાયક બનતા હતા. એટલે મહાબલ રાજકુમારનો પણ આઠ કન્યાઓ સાથે વિવાહ થયાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

જૈન કથાઓમાં એ મહત્ત્વપૂર્ણ વિશેષતા છે કે, જે વ્યક્તિ ભોગના પડેપડમાં ફસાયેલો હોય છે, તે પણ વીતરાગની વાણી સાંભળીને ભોગને રોગ સમજી એનાથી મુક્ત થઈ જાય છે. વૈરાગ્યભાવના પ્રબુદ્ધ થયા પછી કોઈપણ શક્તિ એને સંસારમાં રોકવા માટે સમર્થ નીવડતી નથી. પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી સાધક પહેલાં અધ્યયન કરે છે, આગમસાહિત્યનું દોહન કરે છે અને એ પછી ઉગ્ર જપ-તપની સાધના કરી કર્મોને નષ્ટ કરવાનો પ્રયાસ કરે છે. અહીંથી આયુષ્ય પૂર્ણ કરી દેવ બને છે.

ઉત્તરાધ્યયન સૂત્રના અઢારમા અધ્યયનમાં પચ્ચીસમી ગાથામાં પણ મહાબલનો ઉલ્લેખ છે. ટીકાકાર નેમિચંદ્રે એની કથાને વિસ્તારથી આપી છે અને અંતમાં વ્યાખ્યાનપ્રજ્ઞપ્તિનો નિર્દેશ કર્યો છે. પણ ચોક્કસપણે કહી શકાય નહીં કે તે મહાબલ ભગવતીમાં જેનું વર્ણન કરવામાં આવ્યું તે છે કે અન્ય? સંભવિત છે કે તે વિપાકસૂત્ર, દ્વિતીય શ્રુતસ્કન્ધ, અધ્યાય ૭માં વર્ણિત મહાપુરનગરમાં રાજા બલનો પુત્ર મહાબલ હોય. ભગવતીનો મહાબલ આ મહાબલથી જુદો હોવો જોઈએ.

કાર્તિક શ્રેષ્ઠી

પ્રસ્તુત વિભાગમાં કાર્તિક શ્રેષ્ઠીની કથા આવેલી છે. જે ભગવાન મુનિ સુવ્રતના તીર્થમાં થયા હતા. આ કાર્તિક શ્રેષ્ઠી પ્રથમ દેવલોકમાં ઇન્દ્ર થયા. ભારતીય સાહિત્યમાં ઇન્દ્રનાં હજાર નામ પ્રસિદ્ધ છે.[૧] જૈન, બૌદ્ધ અને વૈદિક એ ત્રણેય પરંપરાઓમાં ઇન્દ્ર અંગે ચર્ચા થયેલી છે. અમે અત્રે ઇન્દ્રના અનેક નામોમાંથી કેટલાકનો ઉલ્લેખ કરી રહ્યા છીએ. જે પ્રસ્તુત ગ્રંથમાં જોવા મળે છે. 'શક્ર' નામના સિંહાસન પર બેસવાને લીધે તથા સામર્થ્યવાન હોવાથી તે 'શક્ર' કહેવાયો. દેવતાઓની વચ્ચે તે પરમ ઐશ્વર્યયુક્ત હોવાથી તે 'ઇન્દ્ર'ના નામથી વિશ્રુત થયો. ઇન્દ્ર નામ બધાથી અધિક પ્રચલિત છે. ઋગ્વેદમાં પ્રાયઃ બસોપચાસ સુક્તોમાં ઇન્દ્રનું વર્ણન છે: અને પચાસ સુક્ત એવાં પણ છે, જેમાં બીજા સુક્તોની સાથે ઇન્દ્રનું વર્ણન છે. આ પ્રમાણે ઋગ્વેદનો લગભગ ચતુર્થાંશ ઇંદ્રની સ્તુતિઓથી ભરેલો છે. ઋગ્વેદમાં ઇંદ્રને અગ્નિનો જોડિયો-ભાઈ કહેવામાં આવ્યો છે. પૌરાણિક યુગમાં માનવ તપથી ઇંદ્રપદ પ્રાપ્ત કરવા માટે લાલચુ રહ્યો હતો. ઇંદ્ર પોતાના સિંહાસનની રક્ષા માટે અપ્સરાઓને પ્રેરિત કરે છે. જે તપસ્વીઓને મોહ પમાડી પદ-ભ્રષ્ટ કરે છે. પૌરાણિક ઇંદ્ર શક્તિમાન, સમૃદ્ધ અને વિલાસી છે.

જૈન દૃષ્ટિએ અન્ય દેવોમાં પ્રાપ્ત ન થતી અસાધારણ અણિમા, મહિમા વગેરે ઋદ્ધિઓના ધારક એવા દેવાધિપતિને ઇંદ્ર નામથી ઓળખવામાં આવ્યો છે.[૨] દેવતાઓનો રાજા હોવાથી તે દેવરાજ પણ કહેવાય છે. હાથમાં વજ્ર નામનું શસ્ત્ર ધારણ કરવાથી તે 'વજ્રપાણિ' કહેવાય છે. શત્રુઓનાં નગરોને નષ્ટ કરવાને કારણે તે 'પુરન્દર' છે. કાર્તિક શ્રેષ્ઠીના ભવમાં સો વાર શ્રાવકોની પાંચમી પ્રતિમા અર્થાત અભિગ્રહવિશેષને ધારણ કરવાને કારણે તે 'શતક્રતુ' કહેવાય પણ છે. તો પણ ભગવતીસૂત્રમાં જે કાર્તિક શ્રેષ્ઠીની કથા છે, એમાં કાર્તિક શ્રેષ્ઠી દ્વારા સોવાર પ્રતિમા ધારણ કરવામાં આવી હતી એવો ઉલ્લેખ થયો નથી. પરંતુ આચાર્યશ્રી જયમલ્લજી મ૦ બડી સાધુ વંદનામાં લખ્યું છે :

બલિ કાર્તિક શેઠે, પડિમા વહી સૂર વીર,
ઇમી મોરાં ઊપર, તાપસ બલતી ખીર
પછી ચારિત્ર લીધું, મિત્ર એક સહસ આઠ વીર
૩૩
મરી દુઓ શક્રેન્દ્ર, ચવિ લેસે ભવ તીર
૩૪

વૈદિક પરંપરા અનુસાર શતક્રતુનો અર્થ છે : સો યજ્ઞ કરનારો. કહેવાય છે કે ઇંદ્ર પૂર્વભવમાં કાર્તિક શ્રેષ્ઠી હતો. વીતરાગ ધર્મ પર એની અનન્ય આસ્થા હતી એણે સો વાર શ્રાવકની પાંચમી પ્રતિમા સુધી તપસ્યા કરી હતી. નગરમાં

૧. ઋગ્વેદ, ૬, ૫૯, ૨

૨. (ક) અન્ય દેવાસાધારણાણિમાદિ યોગાદિન્દન્તીતિ ઇંદ્રાઃ । સર્વાર્થસિદ્ધિ ૪,૪
(ખ) તત્ત્વાર્થશ્લોકવાર્તિક, ૪,૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકવાર ગૈરિક નામનો ઉગ્ર તપસ્વી આવ્યો. એના કઠોર તપથી બધા પ્રભાવિત થયા. જનસમૂહ દર્શનાર્થે ઊમટી પડ્યા. વિરાટ જનસમૂહને જોઈને તપસ્વીના મનમાં અહંકારરૂપી નાગ ફેણ ફેલાવીને ઊભો થઈ ગયો. એણે લોકોને પૂછ્યું : 'શું બધા લોકો મારાં દર્શનાર્થે આવી ગયા છે ?'

એક ભક્તે જણાવ્યું કે, કાર્તિક શેઠ સિવાય બીજા બધા લોકો આવી ગયા છે. તપસ્વીએ ક્રોધ અને અહંકારને વશ થઈ એવો અભિગ્રહ કર્યો : 'હું કાર્તિક શ્રેષ્ઠીની પીઠ પર થાળી રાખીને પારણું કરીશ અન્યથા જીવનભર કંઈ પણ ગ્રહણ કરીશ નહિ !' રાજાએ જ્યારે તપસ્વીને પારણું કરવ ની પ્રાર્થના કરી એટલે તપસ્વીએ અભિગ્રહની વાત દોહેરાવી. રાજાએ શ્રેષ્ઠીને બોલાવ્યા તથા ગરમગરમ ખીર તૈયાર કરવામાં આવી. રાજાના આદેશથી શેઠે મસ્તક નમાવ્યું અને તપસ્વીએ ક્રૂરતાપૂર્વક શેઠની પીઠ ઉપર ખીરથી ભરેલી થાળી રાખી. શ્રેષ્ઠીની ચામડી બળવા લાગી. તપસ્વીએ નાક પર આંગળી રાખીને કહ્યું : 'તું મને વંદન કરવા ન આવ્યો એનું ફળ ચાખ; મેં તારું નાક કાપી નાખ્યું છે.' શેઠ મનમાં વિચારવા લાગ્યા : 'જો હું પહેલો સાધુ બની ગયો હોત તો આજે મારી જે દયાજનક સ્થિતિ થઈ તેવી થાત નહીં.' તે સમભાવપૂર્વક કષ્ટ સહન કરતો રહ્યો. એક હજાર આઠ પુરુષો સાથે શ્રેષ્ઠીએ મુનિ સુવ્રત સ્વામીની પાસે દીક્ષા ગ્રહણ કરી અને શક્રેન્દ્રનો ઐરાવત હાથી બન્યો. ઈંદ્રને પોતાની ઉપર બેઠેલો જોઈને ઐરાવત હાથી ગભરાયો. ઇંદ્રે પણ અવધજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોયો અને ઐરાવતનો પણ પૂર્વભવ જોયો. એણે એને ધમકાવ્યો, ફટકાર્યો. ઐરાવત શાંત થઈ ગયો. પ્રસ્તુત ગ્રંથમાં કાર્તિક શેઠની દીક્ષા વગેરનું વિસ્તારપૂર્વક વર્ણન થયું છે.

ગંગદત્ત

મુનિ સુવ્રત સ્વામીના તીર્થમાં થઈ ગયેલા ગંગદત્તની કથા અહીં આપવામાં આવી છે. ગંગદત્તદેવ શ્રમણ ભગવાન મહાવીરની સભામાં ઉપસ્થિત થયો. ગણધર ગૌતમે તેના અંગે જિજ્ઞાસા કરતાં ભગવાન મહાવીરે એનો પૂર્વભવ સંભારતાં કહ્યું : 'હસ્તિનાપુરમાં ગંગદત્ત નામક ગાથાપતિ હતો. અરિહંત મુનિસુવ્રતનું પાવનપ્રવચન સાંભળી તથા જ્યેષ્ઠ પુત્રની અનુમતિ પ્રાપ્ત કરી. ગંગદત્તે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ઉત્કૃષ્ટ તપ-જપની આરાધના કરી તે દેવ બન્યો અને ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે. પ્રસ્તુત કથાનો સંબંધ મુનિ સુવ્રત સ્વામીની સાથે છે. એ આ કથાની વિશેષતા હશે. પણ ઐતિહાસિકનો આ પ્રસંગ બહુ જ પ્રેરણાદાયી છે.

ચિત્ત-સંભૂતિ

આની પછી ચિત્ત-સંભૂતિની કથા આપવામાં આવી છે. આ કથાવસ્તુનું બૌદ્ધ પરંપરાના 'ચિત્ત-સંભૂતિ જાતક'માં પણ વર્ણન મળે છે. બન્ને પરંપરાના કથાગ્રંથોમાં કથાવસ્તુ ઘણીખરી સમાન છે. બન્નેય કથાકારોએ કથાવસ્તુ ગદ્ય અને પદ્યમાં ગૂંથ્યો છે. કથાવસ્તુ ગદ્યમાં છે, તો સંવાદ પદ્યમા છે. કથાનો બ્રહ્મદત્તની ઉત્પત્તિથી પ્રારંભ થાય છે. એમાં પાંત્રીસ શ્લોક છે. ટીકાકાર નેમિચંદ્રે સુખબોધાવૃત્તિમાં સંપૂર્ણ કથા આપી છે. ઉત્તરાધ્યયનમૂલમાં કથાનો પ્રારંભ છે. બન્ને ભાઈ ચિત્ત અને સંભૂત પરસ્પર મળે છે, તથા સુખદુઃખના ફલવિપાક અંગે ચર્ચા કરવા લાગે છે. ચિત્તનો જીવ શ્રવણ અવસ્થામાં બ્રહ્મદત્તને સંસારની નિઃસારતાનું પરિજ્ઞાન કરાવતાં કહે છે : ઐશ્વર્ય વિદ્યુતની જેમ ચંચલ છે અને ભોગ પણ નશ્વર છે. એટલે તમે શ્રમણધર્મનો, સ્વીકાર કરીને પોતાના જીવનને પાવન કરો. જ્યારે ચિત્ત મુનિએ જોયું. : બ્રહ્મદત્ત શ્રમણ બનવાની સ્થિતિમાં ન હતા, તો ગૃહસ્થાશ્રમમાં રહીને મુનિની ધર્મસાધના કરવાની પ્રેરણા આપી. પણ બ્રહ્મદત્તનું મન ધર્મમાં ન હતું. ચિત્ત મુનિ ધર્મારાધન કરીને સિદ્ધ થયા તથા બ્રહ્મદત્ત ભોગોમાં આસક્ત થઈ નરકના અધિકારી બન્યા. પાંચમી-છટ્ટી અને સાતમી ગાથામાં પૂર્વ જન્મોનાં નામોનો ઉલ્લેખ થયો છે. પણ અહીં વિસ્તારથી ચર્ચા નથી. ટીકાકાર નેમિચંદ્રે પૂર્વના ભવોનું સવિસ્તૃત વર્ણન કર્યું છે. સંક્ષેપમાં ૭ ભવ આ પ્રમાણે છે : (૧) દશપુર-નગરમાં શાંડિલ્ય બ્રાહ્મણની દાસી યશોમતીના ગર્ભમાં પુત્રરૂપે પેદા થયું. (૨) કાલિંજર પર્વત પર મૃગીની કુક્ષિમાં યુગલ રૂપમાં ઉત્પન્ન થયું. (૩) મૃતગંગાના તીર પર હંસીના ગર્ભમાં ઉત્પન્ન થયું. (૪) બારાણસીમાં શ્વપાકના પુત્રરૂપમાં ઉત્પન્ન થયું. (૫) દેવલોકમાં ઉત્પન્ન થયું. (૬) ચિત્તનો જીવ પુરિમતાલનગરમાં ઇભ્ય શ્રેષ્ઠીને ત્યાં પુત્રરૂપમાં અને સંભૂતનો જીવ કાંપિલ્યપુરમાં બ્રહ્મરાજાની રાણી ચૂલનીના ગર્ભમાં બ્રહ્મદત્તના રૂપમાં ઉત્પન્ન થયો.

બૌદ્ધ સાહિત્યમાં

બૌદ્ધ સાહિત્યમાં આ કથાનું રૂપ સંક્ષેપમાં આ પ્રમાણે છે :

૧. નિરંજરા નદીના કિનારે મૃગી પક્ષીની કુક્ષિમાં ઉત્પન્ન થયું.
૨. નર્મદા નદીના કિનારે બાજ પક્ષીના રૂપમાં ઉત્પન્ન થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. ચિત્તનો જીવ કૌશામ્બીમાં પુરોહિતનો પુત્ર થયો તથા સંભૂતનો જીવ પાંચાલ રાજાના રૂપે ઉત્પન્ન થયો.[૧] જ્યારે બન્ને ભાઈઓ પરસ્પર મળે છે ત્યારે ચિત્ત સંભૂતને ઉપદેશ આપે છે. પણ સંભૂતનું મન ભોગોમાંથી વિરત થતું નથી. જે કારણે ચિત્ત સંભૂતના મસ્તક પર ધૂળ નાંખે છે અને સ્વયં હિમાલય તરફ પ્રસ્થાન કરી જાય છે. જ્યારે રાજા સંભૂતે આ જોયું તો એના આન્તરમાનસમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તે પણ હિમાલય તરફ ચાલી નીકળ્યો. ચિત્તે એને યોગવિદ્યા શિખવાડી જેનાથી સંભૂતને ધ્યાનલાભ થયો. આ પ્રમાણે ચિત્ત અને સંભૂત બન્ને બ્રહ્મલોકવાસી બન્યા.

જૈન અને બૌધ્ધ બન્ને વસ્તુઓનો અભ્યાસ કરવાથી એ સ્પષ્ટ થાય છે કે, જૈન કથા–વસ્તુ વિસ્તૃત છે. કુમાર બ્રહ્મદત્ત પોતાના મંત્રીપુત્ર વરધનુ સાથે ઘરમાંથી નીકળી દૂર ચાલ્યો ગયો અને ફરી પાછો નગરમાં આવ્યો નહીં ત્યાં સુધીની કથા, નાનીમોટી અનેક ઘટના કારણે જટિલ બની ગઈ છે. સઘળી અવાંતર ઘટનાઓ બ્રહ્મદત્ત સાથે સંકળાયેલી છે તથા તે અવાંતર ઘટનાઓનો અંત થાય કોઈ કન્યા સાથે વિવાહ કે પાણિગ્રહણ કરવાના પ્રસંગથી. કુમાર બ્રહ્મદત્ત વરધનુની સાથે પોતાની નગરીમાં પાછો ફરે છે. રાજ્યાભિષેક થઈ ગયા બાદ એને પોતાના ભાઈની મધુર સ્મૃતિ થઈ આવે છે. બન્ને ભાઈ મળે છે. મુનિ ચિત્તનો જીવ ધર્મારાધન કરીને મુક્ત થાય છે. કુમાર બ્રહ્મદત્ત ભોગોમાં આસક્ત થઈને નરકમાં જાય છે. જૈન દૃષ્ટિએ સંભૂતનો જીવ કુમાર બ્રહ્મદત્ત નરકનો અધિકારી બને છે, તો બૌધ્ધ દૃષ્ટિએ સંભૂત બ્રહ્મલોકમાં જાય છે. સરપેન્ટિયરે નોંધ્યું છે; આ બન્ને કથાનકોમાં સમાનતા છે એમ નહીં, પણ બન્નેની ગાથાઓમાં પણ પૂર્ણપણે સમાનતા છે[૧]. ઉદાહરણ તરીકે જુઓ :

સમાન ગાથાઓ

જૈન પરંપરા	બૌદ્ધ પરંપરા
ઉત્તરાધ્યયન, અધ્યયન ૧૩	ચિત્ત–સંભૂત જાતક (સં. ૪૯૮)
શ્લોક	ગાથા
દાસા દસણ્ણે આસી	ચંડાલાહુમ્હ અવન્તીસુ
મિયા કાલિંજરે નગે ।	મિગા નેરઞ્જરે પતિ
હંસા મયંગતીરે	ઉકકુસા નમ્મદા તીરે
સોવાગા કાસિ ભૂમિએ. ૬	ત્યજ્જ બ્રાહ્મણ ખત્તિયા ૧૬
સવ્વ સુચિણ્ણં સફલં નરાણું	સબ્બં નરાનં સફલે સુચિણ્ણં
કડાણ કમ્માણ ન મોક્ષ અત્થિ,	ન કમ્મના કિંચન મોધમત્થિ
અત્થેહિ કામેહિ ય ઉત્તમેહિ	પસ્સામિ સમ્મૂત મહાનુભાવં :
આયા મમં પુણ્ણંફલોવવેએ ૧૦	સકમ્મના પુજ્જફલૂપપન્નં ૧
જાણાસિ સંભૂય । મહાણુભાગં	સબ્બં નરાનં સફલં સુચિણ્ણં
મહિડ્ઢિયં પુણ્ણંફલોવવેયં	ન કમ્મના કિંચન મોઘમત્થિ
ચિત્તં પિ જાણાહિ તહેવ રાયં	ચિત્તં વિજાનાહિ તથ એવ દેવ
ઈડ્ઢિ જુઈ તસ્સ વિયપ્પભૂયા ૧	ઇદ્ધો મન તસ્સ યથાપિ તુયહં ૩
મહત્થરૂવા વયણપ્પભૂયા	સુલદ્ધ લાભા વત મે અહોસિ
ગાદાણુગીયા નરસંઘમજ્ઝે	ગાથા સુગીતા પરિસાય મજ્ઝે
જં ભિકખુણો સીલગુણોવવેયા	સો હં અસિ સીલ વતૂપપન્ન
ઈહ અજ્જયન્તે સમણોમ્હિ જાઓ. ૧૨	દિસ્વા પતીતો સુમનો હમસ્મિ ૮
ઉચ્ચોયએ મહુ કક્કે ય બમ્ભે	
પવેઈયા આવસહા યા રમ્મા	
ઇમં ગિહં ચિત્તધણપ્પભૂયં	
પસાહિ પંચાલગુણોવવેયં ૧૩	રમ્મં ચ તે આવસથં કરોન્તુ
નટ્ટેહિ ગી એહિ ય વાઇએહિં	નારીગણેહિ પરિચારયસ્સુ
નારીજણાઈ પરિવારયન્તો	કરોહિ ઓકાસં અનુગ્ગહાય
ભૂંજાઈ ભોગાહિ ઇમાઈ ભિકખું	ઉભો પિ ધમ્મ ધસ્સરિયં કરોત ૧૦

૧. The Uttaradhyayana sutra, p. 4–5

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મમ રોયઇ, પવ્વજ્જા હુ દુક્કમં ૧૪
ઉવણિજ્જઇ જીવિયમપ્પમાયં
વણું જરા હરઇ નરસ્સ રાયં
પંચાલરાયા ! વયણં સુણાહિ
મા કાસિ કમ્માઈં મહાલયાઈં ૨૬
અહં પિ જાણામિ જહેહ સાહૂ
જં મે તમં સાહસિ વક્કમેયં
ભોગા ઇમે સંગકરા હવન્તિ
જે દુજ્જયા અજ્જએ અમ્હારિસેહિં ૨૭
નાગો જહા પંક જલાવસન્નો
દટ્ઠું થલં નાભિસમેઇ તીરં
એણું વયં કામગુણેસુ ગિધ્ધા
ન ભિક્ખુણો મગ્ગમણુવ્વયામો ૩૦
જઇ તો સિ ભોગે ચઇઉં અસત્તો
અજ્જાઇં કમ્માઈં કરેહ રાયં
ધમ્મે ઠિઓ સવ્વપયાણુકમ્પી
તો હોહિસિ દેવો ઇઓ વિઉવ્વી ૩૨

ઉપનીયતી જીવિતં અપ્પમાયુ
વણું જરા હન્તિ નરસ્સ જીવિતો
કરોહિ પંચાલ મમ એત વાક્ય
મા કાસિ કમ્મં નિરયૂપપત્તિયા ૨૦
અધ્ધાહિ સચ્ચં વચન તવ રોતં
યથા ઇસિ ભાસસિ એવં
કામા ચ મે સન્તિ અનપ્પરૂપા
તે દુચ્ચજા મા દિસકેન ભિક્ખુ ૨૧
નાગો યથા પંકમજ્ઝે વ્યસન્નો
પસ્સં થલં નાભિસમ્ભોતિ ગન્તું
અવં પહં કામપંકે વ્યસન્નો
ન ભિક્ખુનો મગ્ગં અનુબ્બજામિ ૨૨
ન ચે તુવં ઉસ્સહસેનનિન્દ
કામે ઇમે માનુ સકે પહાતું
ધમ્મં બલિં પહયયસ્સુ રાજ
અધમ્મકારો ચ તે માહુ રટ્ઠે ૨૪

ડૉ. ઘાટગેનો અભિપ્રાય એવો છે કે ગદ્યવિભાગથી પદ્યવિભાગ વધુ પ્રાચીન છે. ગદ્યવિભાગ બહુ પાછળથી લખવામાં આવ્યો છે. અને આ તથ્ય ભાષા અને તર્ક વડે પણ સિદ્ધ થયેલ છે. એ તથ્ય એ માનવાની પ્રેરણા કરે છે કે ઉત્તરાધ્યયનમાં સંગ્રહિત કથાવસ્તુ બન્નેથી પણ પ્રાચીન છે.[૧] એમનું એવું પણ મંતવ્ય છે કે ઉત્તરાધ્યયનનાં પદ્યોમાં એનો કોઈ ઉલ્લેખ નથી. કેવલ બન્નેના સંવાદમાં એનો સંકેત છે. જાતકમાં એના પૂર્વભવોનું વિસ્તારથી નિરૂપણ થયું છે.

સરપેન્ટિયરે પ્રસ્તુત કથાનકની ત્રણ ગાથાને અર્વાચીન માની છે.[૨] પરન્તુ એના માટે કોઈ પ્રબલ તર્ક આપ્યો નથી. ચૂર્ણિ, ટીકા વગેરે વ્યાખ્યાગ્રંથોમાં આ અંગે મનીષી આચાર્યોએ કોઈપણ સ્થાને કોઈપણ પ્રકારનો ઊહાપોહ કર્યો નથી. આ ત્રણ ગાથાઓ પ્રકરણની દૃષ્ટિએ પણ અનુપયુક્ત નથી. આ ત્રણે ગાથામાં એમનાં જન્મસ્થલ, જન્મનું કારણ અને પરસ્પર મળવાના પ્રસંગનું વર્ણન પ્રાપ્ત થાય છે. આ ગાથાઓ એની આગલી ગાથાઓ સાથે સંકળાયેલી છે. આ ત્રણે ગાથાઓ આર્યા છંદમાં રચાયેલી છે; જ્યારે આગળની કથા અનુષ્ટુપ, ઉપજાતિ વગેરે વિભિન્ન છંદોમાં નિર્મિત થયેલી છે, તોપણ છંદોની ભિન્નતાને લીધે એને પ્રક્ષિપ્ત કે અર્વાચીન માની શકાય નહીં. આ કથા ભગવાન અરિષ્ટનેમિના યુગની છે.

નિષધકુમાર

પ્રસ્તુત કથાનો પ્રસંગ પણ ભગવાન અરિષ્ટનેમિ સાથે સંકળાયેલો છે. ભગવાન અરિષ્ટનેમિ એકવાર દ્વારિકા નગરીમાં પધારે છે. એમના આગમનના સમાચાર સાંભળીને દ્વારિકા નગરીના નિવાસીઓ તથા શ્રીકૃષ્ણ આનંદથી ઝૂમી ઊઠ્યા. રાજકીય ઠાઠ સાથે તે પ્રભુનાં દર્શન માટે આવ્યા. નિષધકુમાર પણ ભગવાનને વંદણા કરવા ગયા. ભગવાનની વિમલ વાણી સાંભળી એણે શ્રાવકનાં બાર વ્રત ગ્રહણ કર્યાં. નિષધકુમારના દિવ્ય રૂપને જોઈને અરિષ્ટનેમિના પ્રધાનશિષ્ય વરદત્ત અણગારે પૂછ્યું : 'પ્રભો ! આ ઋદ્ધિ, સમૃદ્ધિ અને સદ્રૂપ એને કેવી રીતે પ્રાપ્ત થયાં ? ભગવાને કહ્યું : 'ભરતક્ષેત્રમાં રોહિત નામનું નગર હતું. ત્યાં મહાબલ રાજા અને પદ્માવતી રાણી હતી. વિરંગતકુમારનું બત્રીસ કન્યાઓ સાથે પાણિગ્રહણ થયું. આચાર્ય સિદ્ધાર્થના ઉપદેશને સાંભળી તે શ્રમણ બન્યો અને ઉત્કૃષ્ટ તપની સાધના કરી પાંચમા બ્રહ્મદેવ લોકમાં દેવ બન્યો. આ વિરાટ સંપત્તિ અને ઋદ્ધિ પૂર્વકૃત પુણ્યનું ફળ છે.

વરદત્ત ગણધરે પૂછ્યું: 'ભન્તે, શું તે આપની પાસે દીક્ષા ગ્રહણ કરશે ?' ભગવાને આ વાતનો સ્વીકાર કરતો સંકેત કર્યો. કેટલાક સમય બાદ ભગવાનનું દ્વારિકામાં પુનઃ આગમન થયું. તે સમયે નિષધકુમારે સંયમ ગ્રહણ કર્યો. અને

૧. Annals of the Bhandarkar Oriental Research Institute vol. 17 (1935-1936) : A few paralles in Jain and Buddhist work p. 342 by A. M. Ghatage M. A.

૨. The Uttaradhyayanasutra, p; 326.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાયિક લઈને અગિયાર અંગોનું અધ્યયન કર્યું. નવ વર્ષ સુધી શ્રામણ્ય–પર્યાયમાં ઉત્કૃષ્ટ તપની આરાધના કરી અને બેંતાલીસ ભક્તનું અનશન કરી, સંલેખના–સંથારા દ્વારા સમાધિપૂર્વક કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવરૂપ ઉત્પન્ન થયો.

ભગવાન અરિષ્ટનેમિના તીર્થમાં જ ગૌતમ અણગારે પણ પોતાના જીવનને પાવન બનાવ્યું હતું. ભગવાન અરિષ્ટ–નેમિના પાવન ઉપદેશથી પ્રભાવિત થઈ તે આઠ પત્નીઓનો ત્યાગ કરી ભગવાન અરિષ્ટનેમિની પાસે સંયમ સ્વીકારે છે. તથા ઉત્કૃષ્ટ તપની આરાધના કરે છે. પછી તે ભિક્ષુ–પ્રતિમાની સાધના કરે છે અને અઠ્ઠાવીસ માસ તથા તેવીસ દિવસમાં પ્રતિમાની સાધના પૂર્ણ કરીને ગુણરત્ન–સંવત્સરની આરાધના કરે છે. અંતમાં જ્યારે ગૌતમ અણગારનું શરીર ક્ષીણ થઈ ગયું, પછી જ્યારે 'જીવં જીવેણ ચિટ્ઠઈ'–જીવ પોતાની જીવની–શક્તિની સહાયથી ટકી રહ્યો હતો' ત્યારે એમણે ઇચ્છામૃત્યુ ન કરતાં અને ન તો જીવવાની કામના કરતાં એક માસનો સંથારો કર્યો તથા સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા. ગૌતમ અણગાર તપની જીવતીજાગતી મૂર્તિ હતા. એમનું જીવન અત્યંત પ્રેરણાદાયી છે.

અણીયસેન વગેરે છ ભાઈઓ

ભદ્દિલપુર નગરમાં નાગ ગાથાપતિની ધર્મપત્ની સુલસા અત્યંત રૂપવતી હતી. એને અણીયસેન, અનંતસેન, અજિતસેન, અનહિતરિપુ, દેવસેન તથા શત્રુસેન એમ છ પુત્રો હતા. આ છયેએ ભગવાન અરિષ્ટનેમિનો ઉપદેશ શ્રવણ કરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. અહીં એ યાદ રાખવું જોઈએ કે આ છ ભાઈઓને દેવકીના ગર્ભમાંથી સંહરણ કરીને સુલસાની કુક્ષિમાં સ્થાપવામાં આવ્યા હતા. આ છયે ભાઈઓ ઉત્કૃષ્ટ તપસાધના કરીને મુક્તિને વર્યા હતા. આ છયે શ્રીકૃષ્ણ વાસુદેવના ભાઈઓ હતા એ રહસ્ય અરિષ્ટનેમિએ જાહેર કર્યું હતું. વૈદિક પરંપરાના ગ્રંથોમાં આ ઘટના ઉપલબ્ધ નથી.

ગજસુકુમાલ

જૈન સંસ્કૃતિના ઇતિહાસમાં ગજસુકુમાલ એક અદ્‌ભુત સાધક થઈ ગયો. તે ક્ષમાનો વિરાટ દેવ અને વિરાટ શક્તિનો ધારક હતો. જેને પ્રાપ્ત કરવા માટે શ્રી કૃષ્ણે તપની સાધના કરી હતી. એનો બાલ્યકાલ સ્વર્ણમહેલમાં વ્યતીત થયો. એનું શરીર માખણ જેવું સુકોમલ હતું, જેણે પોતાના જીવનમાં દુઃખના મધ્યાહ્નનું દારુણ દશ્ય જોયું ન હતું. જે ત્રણ ખંડના અધિપતિ શ્રી કૃષ્ણનો તે લઘુભ્રાતા–નાનો ભાઈ હતો. એક વખતે ભગવાન અરિષ્ટનેમિ દ્વારિકા નગરીના ઉદ્યાનમાં પધાર્યા. શ્રી કૃષ્ણની સાથે ગજસુકુમાલ પણ ભગવાનને વંદન કરવા ગયો. શ્રી કૃષ્ણે માર્ગમાં સોમાના સુંદર સુરૂપને જોઈને એને રાજમહેલમાં રવાના કરાવી. અરિષ્ટનેમિનો પાવન ઉપદેશ શ્રવણ કરી ગજસુકુમાલનું અન્તર્માનસ વૈરાગ્યથી ભાવિત થઈ ગયું. એના જીવનનો નકશો જ બદલાઈ ગયો. તે આવ્યો હતો ઉપદેશ સાંભળવા માટે, પરંતુ શ્રમણ બનવાને તત્પર બની ગયો. અગ્નિની નાનકડી ચિણગારી સૂકા ઘાસ–પાનને અડકી જાય તો આગ ભભૂકી ઊઠે છે. હવાની ઝપટ એને બુઝાવી શકવાને શક્તિમાન બનતી નથી, પરંતુ વધુ સતેજ કરે છે. એવી જ સ્થિતિ ગજસુકુમાલના વૈરાગ્યની હતી. વૈરાગ્યની જ્વાળાને બુઝાવવા માટે માતા–પિતાએ હજારો આંસુ વહાવ્યાં કે જેથી પુત્રનો વૈરાગ્ય એ આંસુમાં વહી જાય. પણ તે મહાશક્તિ વિચલિત થયા નહીં. શ્રી કૃષ્ણે એક દિવસનું રાજ્ય પ્રદાન કર્યું. વિચાર્યું : સિંહાસનનું પ્રલોભન એના વૈરાગ્યને ધૂંધળો બનાવી દેશે. પણ એ તો મહાદાવાનલ હતો. જેને સુખ અને સાધનોનું ઐશ્વર્ય તથા જય-જયઘોષનો ઝંઝાવાત બુઝાવી શકયો નહિ. તે જ્વાલા તો નિરંતર બળતી જ રહી. તે મહાન સાધક અનુમતિ પ્રાપ્ત કરીને દીક્ષિત થઈ ગયો. તે નવદીક્ષિત મુનિને આત્મકલ્યાણ માટે ભિક્ષુની બારમી પ્રતિમા દર્શાવવામાં આવી. તે અભિનવ સાધક નિર્જન સ્મશાનભૂમિમાં મનને એકાગ્ર કરીને ધ્યાનસ્થ થઈ ગયો.

મુનિના મસ્તક પર ભીની માટીની પાળી બનાવીને તેમાં સળગતા અંગારા રાખવામાં આવ્યા. માંસ સળગી રહ્યું હતું, લોહી ઊકળી રહ્યું હતું, સમગ્ર શરીરમાં ભયંકર વેદના થઈ રહી હતી, તોપણ તે શાંતભાવથી ઊભા રહ્યા હતા. જલતી આગની જ્વાળા નીચે પણ તે હસતા હતા. મસ્તક પર આગ સળગી રહી હતી, તથા અન્તર્મનમાં ચિંતન–મનન ચાલી રહ્યું હતું. શરીર જ્વાળાથી બળી રહ્યું હતું, પરંતુ તે ક્ષમા તેમજ સહિષ્ણુતાનો દેવતા તો તે સમયે મુસ્કરાઈ રહ્યો હતો. આ આલંકારિક ભાષા નથી. જીવનનું વાસ્તવિક તથ્ય છે. જેણે ધ્યાન–સાધનાને સિદ્ધ કરી લીધી છે તે સાધક દેહમાં રહીને પણ દેહાતીત સ્થિતિને પામી જાય છે. એવો સાધક ધ્યાનાગ્નિ વડે કર્મોનો નાશ કરી નાંખે છે. ગજસુકુમાલ જેવો વરિષ્ઠ સાધક બૌદ્ધ અને વૈદિક પરંપરામાં ખોળવા છતાં મળી શકતો નથી. ખૂબ અદ્‌ભુત અને અનોખું કૃતિત્વ છે એમનું. શ્રી કૃષ્ણનો લઘુભ્રાતા હોવા છતાં પણ વૈદિક પરંપરાના ગ્રંથોમાં એમનો કોઈ ઉલ્લેખ નથી. ગજસુકુમાલની કથા એટલી બધી લોકપ્રિય થઈ કે અન્તકૃદ્દશાંગ ઉપરાંત સંસ્કૃત અને અપભ્રંશ તથા રાજસ્થાની તેમજ ગુજરાતી કથા-સાહિત્યમાં અનેક લેખકોએ એના ઉપર અનેક મૌલિક રચનાઓ કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુમુખ વગેરે કુમાર

સુમુખકુમાર બલદેવના પુત્ર હતા તથા દુર્મુખ, કૂપદારક અને દારક તે અનુક્રમે બલદેવ તથા વસુદેવના પુત્રો હતા. જાલિ, મયાલિ, ઉવયાલી પુરુષસેણ, વારિષેણ, પ્રદ્યુમનકુમાર, શાંબકુમાર, અનિરુદ્ધકુમાર, સત્યનેમિકુમાર, દઢનેમિકુમાર—આ દસ રાજકુમારોમાં પૂર્વના પાંચ રાજકુમાર વસુદેવના પુત્ર હતા તથા પ્રદ્યુમ્નકુમાર અને શાંબકુમારના પિતા શ્રી કૃષ્ણ હતા. અનિરુદ્ધકુમારના પિતા પ્રદ્યુમ્ન હતા. સત્યનેમિ અને દઢનેમિના પિતા સમુદ્રવિજય હતા. આ બધા રાજકુમારો ભગવાન અરિષ્ટનેમિનો ઉપદેશ સાંભળી, રાજવૈભવનો ત્યાગ કરી, સાધનાના મહા રાજમાર્ગને સ્વીકારે છે અને વીર સેનાપતિની માફક આગળ વધીને અંતિમ લક્ષ્ય—મોક્ષને પ્રાપ્ત કરે છે. આ રાજકુમારોનો ઉલ્લેખ ઇતર સાહિત્યમાં અનુપલબ્ધ છે. આ કથાઓ જૈન સાહિત્યની પોતાની જ દેણ છે.

થાવચ્ચાપુત્ર

જ્ઞાતાસૂત્રમાં થાવાચ્ચાપુત્રની દીક્ષાનું વર્ણન છે. મુનિશ્રી જીવરાજજીએ 'થાવચ્ચાપુત્રરાસ' નામના ગ્રંથમાં એના જીવનનો એક પ્રસંગ આપ્યો છે. આ પ્રસંગનો મૂલ સ્રોત ક્યાં છે તે અન્વેષણીય છે. થાવચ્ચાપુત્ર એ નામ એની માતાના નામ પરથી પડયું છે. એનું અસલી નામ શું હતું, એનો કોઈ સ્થાને નિર્દેશ મળતો નથી. તે સાર્થવાહનો પુત્ર હતો. તે બાલ્યકાલથી જ ચિંતનશીલ હતો. તે જે કાંઈ જોતો, સાંભળતો, એના અંગે ગંભીરતાથી ચિંતન કરતો હતો. જ્યાં સુધી સાચા તથ્યનું જ્ઞાન થતું નહિ ત્યાં સુધી તેને ચેન પડતું નહિ.

એક સમયે પ્રાતઃકાલની સોનેરી સવાર મનને લલચાવી રહી હતી, મંગલગીતોનો મધુર ધ્વનિ પડોસીના ઘરમાંથી આવી રહ્યો હતો, તે વખતે એકાગ્ર બનીને તે આ ગીતો સાંભળી રહ્યો હતો. એને ગીતોની સ્વરલહરીઓ ખૂબ પ્રિય લાગી. એણે માને પ્રશ્ન કર્યો : 'મા આટલું સુંદર અને મધુર ગીત પડોશમાં કેમ ગાવામાં આવે છે?' માએ જણાવ્યું : 'વત્સ! પડોસીના ત્યાં પુત્રનો જન્મ થયો છે. એની પ્રશન્નતામાં આ ગીતો ગાવામાં આવે છે.' 'મા ! શું મારા જન્મમયે પણ આવાં ગીતો ગાવામાં આવ્યાં હતાં?' માએ પોતાના પુત્રને ચુંબન કરતાં કહ્યું : 'વત્સ! કેવલ ગીતો જ ગાવામાં આવ્યાં ન હતાં પણ વાજાંઓ પણ વગાડવામાં આવ્યાં હતાં અને ખૂબ મોટો ઉત્સવ કરવામાં આવ્યો હતો.' 'મા! આ ગીતો મને ખૂબ સારાં લાગે છે, તું પણ ઉપર છત પર ચાલ અને ગીતોનો આનંદ માણ'. મા એ કહ્યું : 'મને સમય નથી. તું જ જઈને સાંભળ'. થાવચ્ચાપુત્ર છત પર આવ્યો, પરંતુ એને સુમધુર સ્વર લહરીઓને બદલે કર્ણ–કર્કશ આક્રંદ સાંભળવા મળ્યું અને સાથેસાથે ભયંકર કોલાહલ પણ એના કાને પડયો. એનું મન રોવા જેવું થઈ ગયું. તે ઊલટે પગે દોડીને માતાની પાસે આવ્યો. 'મા ! જે ગીત પહેલાં સુંદર લાગતાં હતાં તે હવે ભયંકર કેમ લાગે છે?' મા પડોશીની આકસ્મિક આપત્તિ સમજી ગઈ અને એની આંખોમાં આંસુ છલકાઈ પડયાં. માએ પોતાના અબૂધ બાળકને ગળે લગાડી કહ્યું : 'વત્સ, જે પુત્ર આગે ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો તે પુત્ર મરી ગયો. એટલે ગાયન રુદનમાં પલટાઈ ગયું. પ્રસન્નતાના સ્થાન પર શોકનાં કાળાં વાદળો છવાઈ ગયાં.'

'મા ! શું હું પણ એક દિવસ આ રીતે મરી જઈશ.' માએ એના મુખને ચુંબતાં કહ્યું : 'તું મારી આંખોનો તારો છે. નયનોનો સિતારો છે. તું શેનો મરે? મરે નહિ તારા દુશ્મન'. થાવચ્ચા પુત્રના ભોળા ચહેરા પર એ જ પ્રશ્ન અંગે જિજ્ઞાસા ચમકી રહી હતી. અંતે માને કહેવું પડયું : 'પુત્ર એક દિવસ બધાને મરવાનું છે. પણ સંસ્કારી પુત્ર આવી વાત કરતો નથી.' તેના મનમાં જ તે પ્રશ્ન ડહોળાતો રહ્યો અને એક દિવસ અર્હંત અરિષ્ટનેમિની વાણી સાંભળીને તે સાધનાના મહામાર્ગ પર ચાલવા માટે તત્પર થઈ ગયો. શ્રીકૃષ્ણે એનો અભિનિષ્ક્રમણ મહોત્સવ ઊજવ્યો. આમાં વાસુદેવ શ્રીકૃષ્ણની ઉત્કટ ધાર્મિક ભાવના પ્રગટ થઈ રહી છે. શ્રીકૃષ્ણ વાસુદેવ જેવા વરિષ્ટ પદના ધારક હોવા છતાં પણ સાધના પ્રતિ એમના મનમાં કેટલી શ્રદ્ધા હતી, એ આનાથી સ્પષ્ટ થાય છે.

થાવચ્ચાપુત્રના અન્તરમાનસમાં વૈરાગ્યની ઉત્પત્તિનું મૂલ કારણ મૃત્યુદર્શન છે. તેવી રીતે તથાગત બુદ્ધના જીવનમાં પણ વૈરાગ્યની ઉત્પત્તિનું કારણ મૃત્યુદર્શન જ છે. મૃત્યુ જીવનનું અંતિમ સત્ય છે. જો વ્યક્તિ એને સમજી લે, તો તે ભોગના પડેપડમાં ફસાઈ શકે નહીં. આ કથા અત્યંત પ્રેરણાદાયી છે.

રથનેમિ તેમજ રાજીમતી

રથનેમિ ભગવાન અરિષ્ટનેમિના નાના ભાઈ હતા. રથનેમિનું આકર્ષણ રાજીમતી પ્રતિ પ્રારંભથી જ રહ્યું હતું. જ્યારે ભગવાન અરિષ્ટનેમિએ રાજીમતીનો વિવાહ કર્યા વિના ત્યાગ કર્યો ત્યારે રથનેમિ એની સાથે વિવાહ કરવાને લલચાયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પોતાની આ ઇચ્છા રાજીમતી સામે પ્રગટ કરવા લાગ્યો. રાજીમતીએ એના જવાબમાં એને ઊલટી કરી તેને ફરી પી જવાનું જણાવ્યું. રથનેમિએ ગુસ્સે થઈને કહ્યું : 'શું તું મારું અપમાન કરે છે?' રાજીમતિએ કહ્યું : 'ભાઈ દ્વારા ઊલટી કરી દેવામાં આવી હોય તેને તમારા વડે ગ્રહણ કરવી યોગ્ય છે?' રથનેમિનો વિવેક જાગૃત થઈ ગયો. અહીં એક પ્રશ્ન ચિંતનીય છે. તે એ છે કે અર્હંત અરિષ્ટનેમિએ દીક્ષા લીધા પછી રથનેમિએ દીક્ષા ગ્રહણ કરી. આવશ્યકનિર્યુક્તિ[1] વૃત્તિ અને આચાર્ય હેમચન્દ્રે ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર[2]માં નોંધ્યું છે : 'રથનેમિ ચારસો વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. એક વર્ષ છદ્મસ્થઅવસ્થામાં રહ્યા. અને પાંચસો વર્ષ કેવલી પર્યાયમાં રહ્યા. આમ એમનું નવસો વર્ષનું આયુષ્ય થયું.[3] એવી રીતે કુમારાવસ્થા, છદ્મસ્થઅવસ્થા અને કેવલીઅવસ્થાના વિભાગ કરીને રાજીમતીએ પણ એટલા જ આયુષ્યનો ઉપભોગ કર્યો.

અરિષ્ટનેમિ ત્રણસો વર્ષ કુમારાવસ્થામાં રહ્યા, સાતસો વર્ષ છદ્મસ્થ તથા કેવલી અવસ્થામાં રહ્યા. આ પ્રમાણે એમણે એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવ્યું.[4]

પ્રશ્ન એ છે કે રથનેમિ ભગવાન અરિષ્ટનેમિના નાનાભાઈ હતા, ભગવાન ત્રણસો વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા તથા રથનેમિ અને રાજીમતી ચારસો વર્ષ. રાજીમતી અને અરિષ્ટનેમિના નિર્વાણમાં માત્ર ચોપન દિવસનું અંતર છે. ચોપન દિવસના અંતરનો ઉલ્લેખ કવિરચનામાં મળે છે.[5] જો આ ઉલ્લેખને પ્રમાણિક માનવામાં આવે તો એ સ્પષ્ટ છે કે રાજીમતીનું બસો વર્ષ સુધી દીક્ષિત ન થવાનું અને ગૃહસ્થાશ્રમમાં રહેવાનું ચિંતનીય બની જાય છે. વિજ્ઞોએ આ અંગે પોતાનું મૌલિક ચિંતન પ્રસ્તુત કરવું જોઈએ.[6]

ઉત્તરાધ્યયન સૂત્રની સુખબોધાવૃત્તિ તથા વાદી વૈતાલ શાન્તિસૂરિ રચિત બૃહદ્ વૃત્તિ[7] મલધારી આચાર્ય હેમચંદ્રના ભવભાવના[8] ગ્રંથની દૃષ્ટિએ ભગવાન અરિષ્ટનેમિના પ્રથમ પ્રવચનને સાંભળીને રાજીમતી દીક્ષા ગ્રહણ કરે છે. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર[9] અનુસાર ગજસુકુમાલમુનિના મોક્ષ ગયા પછી રાજીમતી, નંદની કન્યા એકવાસા તથા યાદવોની અનેક મહિલાઓ સાથે દીક્ષા ગ્રહણ કરે છે. રાજીમતી એમ વિચારવા લાગી કે ભગવાન અરિષ્ટનેમિ ધન્ય છે કે જેમણે મોહને જીતી લીધો. મને ધિક્કાર છે કે હું મોહમાં બરાબર ફસાઈ ગઈ છું. એટલે મારા માટે એ શ્રેયસ્કર છે કે હું દીક્ષા ગ્રહણ કરું. આ પ્રમાણે રાજીમતીએ દૃઢ સંકલ્પ કરી કાંસકાથી ઓળેલા વાળ ઉખાડી નાખ્યા. શ્રીકૃષ્ણે આશીર્વાદ આપ્યા :

---

૧. (ક) નિર્યુક્તિ : રહનેમિસ્સ ભગવઓ, ગિહત્થએ ચઉર હુંતિ વાસસયા, સંવચ્છરચ્છઉમત્થો પંચસએ કેવલી હુંતિ, નવવાસસએ વાસા–હિએ ઉ સવ્વાઉગસ્સ નાયવ્વં I એસો ઉ ચેવ કાલો, રાવ (ય) મઈએ ઉ નાયવ્વો I
અભિધાન. રાજેન્દ્ર કોશ, ભા. ૬. પૃ. ૪૯૯

(ખ) તત્ર ચત્વારિ વર્ષશતાનિ ગૃહસ્થપર્યાયઃ, વર્ષ છદ્મસ્થપર્યાય, વર્ષ શતકપંચક કેવલિપર્યાય ઈતિ, મિલિતાનિ નવ વર્ષશતાનિ વર્ષાધિકાનિ સર્વાઅ અયુરભિહિતમ્ I અભિધાન૦ ભા. ૬. પૃ. ૪૯૯.

૨. ચતુરબ્દશતો ગેહે છદ્મસ્થો વત્સર પુનઃ I કેવલી પંચાબ્દશતીયુમિત્યાયુરથનેમિનઃ I
ત્રિષષ્ટિ. ૮,૧૨,૧૧૨.

૩. ઇદગાયુ : સ્થિતો રાજીમત્યપ્યાસીત્તપોધના, કૌમાર–છદ્મવાસિત્વ, કેવલિત્વ વિભાગતઃ I ત્રિષષ્ટિ૦ ૮,૧૨,૧૧૩.

૪. (ક) તિન્નેવ ય વાસસયા કુમારવાસો અરિટ્ઠનેમિસ્સ I સત્ત ય વાસસયાઇ સામણ્ણે હોઇ પરિયાઓ I
આવશ્યકનિર્યુક્તિ, ૩૨૦

(ખ) કલ્પસૂત્ર, સૂત્ર ૧૬૮, પૃ. ૨૩૮, શ્રી દેવેન્દ્રમુનિ સંપાદિત.

(ગ) અરિષ્ટનેમેસ્ત્રીણિ વર્ષશતાનિ કુમારવાસઃ, રાજ્યાનભ્યુપગમાત્ રાજ્યપર્યાયાભાવઃ સપ્ત વર્ષશતાનિ ભવતિ શ્રામણ્ય પર્યાયઃ I આવશ્યક. મલયગિરિવૃત્તિ પૃ. ૨૧૩

૫. (ક) નેમવાણી, પૃ. ૨૨૩, સં. પુષ્કરમુનિજી મહારાજ

(ખ) શ્રી જૈન સિદ્ધાંતબોલ સંગ્રહ ભાગ, ૫, પૃ. ૨૭૪

૬. પરિતુટ્ઠમણા ય રાયમઈ વિ પત્તા સમોસરણું I ઉત્તરાધ્યયન સુખબોધા, પૃ. ૨૮૧

૭. ઇત્થં ચાસૌ તાંવદવસ્થિતા યાદવન્યત્ર પ્રવિહ્રય તત્રૈવ ભગવાનાજગામ તત ઉત્પન્ન કેવલસ્ય ભગવતો નિશમ્ય દેશનાં વિશેષત ઉત્પન્ન વૈરાગ્યા કિ કૃતવતી ત્યાહ 'અહે' ત્યાદિ I બૃહવૃત્તિ, પત્ર ૪૯૩

૮. ભવભાવના, ૩૭૧૬, ૧૭ પૃ. ૧૫૬

૯. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ૮,૧૦,૧૪૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે કન્યા, આ ભયંકર સંસારરૂપી સાગર તું જલ્દીથી પાર કર.'[૧] રથનેમિએ પણ એ વખતે ભગવાન પાસે સંયમ ગ્રહણ કર્યો.[૨]

એક દિવસની વાત છે : વાદળોના ગડગડાટથી દિશાઓ કાંપી રહી હતી, વીજળીઓ પડી રહી હતી, રૈવતકનો વનપ્રાન્તર સુસવાટા મારી રહ્યો હતો. સાધ્વી સમુદાય સાથે રાજીમતી રેવતક ગિરિ પર ચઢી રહી હતી. એકાએક ઝરમર ઝરમર વરસાદ વરસવા લાગ્યો. સાધ્વી સમુદાય આશ્રયની શોધમાં આમતેમ છૂટો પડી ગયો. વિખૂટી પડેલી રાજહંસીની જેમ રાજીમતીએ એક અંધારી ગુફામાં આશરો લીધો. રાજીમતીએ એકાંત સ્થાન જોઈને ભીનાં વસ્ત્રો સંપૂર્ણપણે ઉતારી નાખ્યાં અને એને સુકવવા માટે ત્યાં પાથરી દીધાં.

રાજીમતીના ફિટકારથી પ્રબુદ્ધ બનેલો રથનેમિ શ્રમણ બનીને એ જ ગુફામાં પહેલેથી ધ્યાનમુદ્રામાં બેઠેલો હતો. વીજળીના ચમકારમાં નિર્વસ્ત્ર રાજીમતીને જોઈને રથનેમિ વિચલિત થઈ ગયો. રાજીમતીની દૃષ્ટિ પણ રથનેમિ પર જઈ પડી. તે પોતાનાં અંગોને છુપાવીને બેસી ગઈ. કામવિહ્વલ રથનેમિએ મધુર સ્વરમાં કહ્યું : 'હે સુરૂપે, હું તને શરૂઆતથી જ ચાહતો આવ્યો છું. તું મારો સ્વીકાર કર. હું તારા વિના જીવન ધારણ કરી શકતો નથી. તું મારી મનોકામના પૂર્ણ કર. વળી સમય આવે આપણે બન્ને સંયમ ગ્રહણ કરી લેશું.'

રાજીમતીએ જોયું કે રથનેમિનું મનોબળ તૂટી ગયું છે. તે વાસનાથી વિહ્વલ થઈ સંયમથી ચ્યુત થવા ઇચ્છે છે. એણે કહ્યું : 'તું ચાહે ગમે તેટલો પણ સુંદર હોય તોપણ હું તારી ઇચ્છા કરતી નથી. અંધન કુલમાં ઉત્પન્ન થયેલો સાપ મરી જવાનું પસંદ કરે છે, પણ વમન કર્યું હોય એવા વિષનું પાન કરતો નથી. તો પછી તું આ પ્રકારની ઇચ્છા કેમ કરે છે?' આ સાંભળી જેવી રીતે અંકુશથી હાથી વશ થઈ જાય છે તેવી જ રીતે રથનેમિનું મન સંયમમાં સ્થિર થઈ ગયું.

આ કથા-પ્રસંગ નારીની મહત્તાને પ્રગટ કરે છે. નારી સદા માનવની પથ-પ્રદર્શિકા રહી છે. જ્યારે માનવ પથ પરથી વિચલિત થયો છે, ત્યારે નારીએ જ એને સાચો રસ્તો બતાવ્યો છે. જેમકે, બ્રાહ્મી અને સુંદરીએ બાહુબલીને અહંકારના હાથી પરથી ઊતરવાની પ્રેરણા આપી હતી.

આ પ્રમાણે અરિષ્ટનેમિના યુગના અનેક શ્રમણોનું નિરૂપણ આ અધ્યાયમાં થયું છે. એની પછી પુરુષાદાનીય ભગવાન પાર્શ્વનાથના તીર્થમાં અંગતિ, સુપ્રતિષ્ઠિત, પૂર્ણભદ્ર વગેરેની બહુ જ સંક્ષિપ્તમાં કથાઓ છે. જિતશત્રુ અને સુબુદ્ધિ પ્રધાનની કથા અત્રે આપવામાં આવી છે. એક કથામાં દુર્ગન્ધયુક્ત જલને શુદ્ધ કરવાની પદ્ધતિ પર ચિંતન કરવામાં આવ્યું છે. આધુનિક યુગની ફિલ્ટરપદ્ધતિ એ યુગમાં પ્રચલિત હતી. વિશ્વમાં કોઈ પણ પદાર્થ એકાંતરૂપમાં ન તો પૂર્ણ શુભ છે અને ન તો પૂર્ણ અશુભ છે. પ્રત્યેક પદાર્થ શુભથી અશુભમાં પરિવર્તિત થઈ જાય છે તથા પ્રત્યેક પદાર્થ અશુભમાંથી શુભમાં પરિવર્તિત થઈ શકે છે. એટલે અંતર્માનસમાં કોઈપણ પ્રતિ ઘૃણા કરવી અનુચિત છે. આ વાત પ્રસ્તુત કથાનકમાં સ્પષ્ટ કરવામાં આવી છે.

અહીં એક વાત યાદ રાખવા જેવી છે : ભગવાન ઋષભદેવ અને ભગવાન મહાવીર આ બન્ને તીર્થંકરો સિવાયના બાવીસ તીર્થંકરોના શ્રમણો ચાતુર્યામ મહાવ્રતપાલક હતા. પણ બાવીસ તીર્થંકરોના શ્રમણોપાસક દ્વાદસ વ્રતો જ ધારણ કરતા હતા. એમને માટે પાંચ જ અણુવ્રત હતાં, ચાર નહીં.[૩]

નમિ રાજર્ષિ:

શ્રમણ એ બને છે, જેને બોધિ પ્રાપ્ત હોય. તે બોધિ ત્રણ પ્રકારની છે, જેને સ્વયં પ્રાપ્ત થાય છે તે 'સ્વયં બુદ્ધ' છે. જે કોઈને ઘટનાના નિમિત્તોથી બોધિ પ્રાપ્ત થાય છે તે 'પ્રત્યેકબુદ્ધ' છે. અને જે બોધિપ્રાપ્ત વ્યક્તિઓના ઉપદેશથી બોધિલાભ કરે છે તે 'બુદ્ધબોધિત'[૪] છે. નમિ રાજર્ષિ: પ્રત્યેકબુદ્ધ છે.

૧. (ક) વાસુદેવો ય ણું ભણઈ લુત્તકેસં જિઇન્દિયં, સંસારસાગર ઘોરં, તર કન્ને લહુ લહુ I ઉત્તરાધ્યયન, ૨૨/૩૧
(ખ) ઉત્તરાધ્યયન, ૨૨,૩૦

૨. (ક) ઉત્તરાધ્યયન, ૨૨,૩૨
(ખ) ઉત્તરાધ્યયન, સુખબોધા, ૨૯૧

૩. તએ ણું સબુદ્ધી જિયસત્તુસ્સ વિચિત્તં કેવલિપણ્ણત્તં ચાઉજ્જામં ધમ્મં 'પરિકહેઇ...તં ઇચ્છામિ ણું તવ અંતિએ પંચાણુવ્વઇયં સત્તસિક્ખાવ્વઇયં ઉપસંપજ્જિત્તાણું વિહરિતએ I ધર્મકથાનુયોગ, પૃ. ૫૪/૨૨૪

૪. નંદીસૂત્ર, સૂત્ર ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદેહ રાજ્યમાં બે નમિ થયા અને તે બન્ને પોતાના રાજ્યનો પરિત્યાગ કરી શ્રમણ બન્યા. એક તીર્થંકર બન્યા અને એક પ્રત્યેકબુદ્ધ થયા.[૧] સુદર્શનપુરમાં મણિરથનું રાજ્ય હતું. યુગબાહુ એનો નાનો ભાઈ હતો. મદનરેખા યુગબાહુની પત્ની હતી. મણિરથે માયાથી યુગબાહુને મારી નાખ્યો. એ સમયે મદનરેખા ગર્ભવતી હતી. શીલરક્ષા માટે તે વનમાં ચાલી ગઈ. એણે વનનાં એક પુત્રને જન્મ આપ્યો. એ પુત્રને રાજા પદ્મરથ મિથિલા લઈ ગયો અને એનું નામ 'નમિ' રાખવામાં આવ્યું. તે મિથિલાનો રાજા બન્યો. એક વાર તે દાહજ્વરની બિમારીનો ભોગ બન્યો. છ માસ સુધી દાહજ્વરની ઉપશાંતિ માટે વિવિધ પ્રકારના ઉપચાર કરવામાં આવ્યા. સ્વયં રાણીઓ ચંદન ઘસતી અને નમિના શરીર પર લેપ કરતી. એમણે હાથમાં પહેરેલાં કંગનોના ધ્વનિથી નમિનું માથું ચડ્યું એટલે રાણીઓએ સૌભાગ્યચિહ્નસ્વરૂપ એકએક કંગન હાથ પર રાખીને બાકીનાં બધાં કંગન ઉતારી નાખ્યાં.

નમિ વિચારવા લાગ્યો : જ્યાં બે છે ત્યાં દ્વન્દ્વ છે, દુઃખ છે. એકલાપણામાં સુખ છે. વિરક્તભાવ આગળ વધ્યો. તેઓ પ્રવ્રજિત બન્યા.[૨] નમિને અકસ્માત પ્રવ્રજિત થયેલા જોઈને ઇન્દ્ર બ્રાહ્મણનો વેશ લઈને નમિને લોભાવવા માટે પ્રબલ પ્રયાસ કરે છે. એને કર્તવ્યબોધનો પાઠ શિખવાડવા ઇચ્છે છે. નમિ રાજર્ષિ બ્રાહ્મણને અધ્યાત્મની ગંભીર વાતો જણાવે છે.

બૌદ્ધ સાહિત્યમાં પણ ચાર પ્રત્યેકબુદ્ધોનું વર્ણન છે. પણ એમના જીવનચરિત્ર અને બોધિપ્રાપ્તિનાં નિમિત્તોના ઉલ્લેખમાં પૃથકતા છે.[૩] ડિક્સનેરી ઑફ પાલી પ્રોપર નેમ્સ' નામના ગ્રંથમાં[૪] બે પ્રકારના બુદ્ધ બતાવવામાં આવ્યા છે. પ્રત્યેકબુદ્ધ અને સંભાસબુદ્ધ જે પોતે જ પોતાની મેળે બોધિને પ્રાપ્ત કરે છે પણ સંસારને ઉપદેશ આપતા નથી તે 'પ્રત્યેકબુદ્ધ' છે. એને ઉચ્ચ આત્મદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. તે જીવનપર્યંત પોતાની ઉપલબ્ધિનું વર્ણન કરતા નથી, એટલે 'મૌનબુદ્ધ' પણ કહેવાય છે. તે બે હજાર અસંખ્યેય કલ્પ સુધી 'પારામી'ની સાધના કરે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને ગાથાપતિના કુલમાં એને સમસ્ત ઋધ્ધિ, સંપત્તિ અને પ્રતિસંપદા ઉપલબ્ધ થાય છે. એનો તથાગત બુદ્ધ સાથે કદી સાક્ષાત્કાર થતો નથી. તે એકસાથે અનેક થઈ શકે છે, બૌદ્ધગ્રંથોમાં નમિની જેમ જ પ્રત્યેકબુદ્ધનો પ્રસંગ છે.[૫] તે આ પ્રમાણે છે :

વિદેહ રાષ્ટ્રમાં મિથિલા નગરીમાં નમિ નામનો રાજા હતો.[૬] ગવાક્ષમાં બેઠેલો રાજા રાજમાર્ગને જોઈ રહ્યો હતો. એક ચીલ માંસનો ટુકડો લઈ અનંત આકાશમાં ઊડતું જઈ રહ્યું હતું. ગીધપક્ષીઓએ તેને જોયું. તેઓ માંસનો ટુકડો ઝુંટવવા લાગ્યાં. ચીલના મોંમાંથી ટુકડો છૂટી ગયો. બીજાં પક્ષીઓએ એ ગ્રહણ કર્યો. અન્ય પક્ષીઓ એની પાછળ પડ્યાં. નમિરાજાએ વિચાર્યું : 'જે કામભોગોને ગ્રહણ કરે છે તે દુઃખ પામે છે. મારે સોલહજાર સ્ત્રીઓ છે, મારે કામભોગોનો પરિત્યાગ કરીને સુખપૂર્વક રહેવું જોઈએ.'

નમિ પ્રવજ્યાની આંશિક તુલના આપણે 'મહાજનક જાતક' સાથે કરી શકીએ. તેમાં પ્રસંગ આ પ્રમાણે છે : મિથિલાનગરીમાં મહાજનક રાજા હતા. એને અરિટ્ઠજનક અને પોલજનક નામના બે પુત્રો હતા. રાજાના મૃત્યુ પછી અરિટ્ઠજનક રાજા બન્યો. કેટલાક સમય પછી બન્ને ભાઈઓમાં ઝઘડો થઈ ગયો. પોલજનકે પ્રત્યન્ત ગામમાં જઈને સેના એકઠી કરી અને ભાઈને યુદ્ધ માટે આહ્વાન આપ્યું. યુદ્ધમાં અરિટ્ઠજનક માર્યો ગયો. પતિના મૃત્યુથી પત્નીને આઘાત લાગ્યો. તે રાજમહેલ છોડીને ચાલી નીકળી. તે ગર્ભવતી હતી. એણે પુત્રને જન્મ આપ્યો. પિતામહના નામ પરથી એનું નામ મહાજનક રાખવામાં આવ્યું. મોટો થયા પછી તે પિતાનું રાજ્ય લેવા આવી પહોંચ્યો. પોલજનકનું મૃત્યુ થઈ ગયું હતું. એને કોઈ સંતાન ન હતું, એટલે મહાજનક રાજા બની ગયો. સીવલીકુમારી જોડે તેનું પાણિગ્રહણ થયું. અને તેને દીર્ઘાયુ નામનો પુત્ર થયો. એક દિવસ મહાજનક ઉદ્યાનમાં ગયો. ત્યાં કેરીનાં બે વૃક્ષ હતાં. એક કેરીથી લદાઈ ગયેલું અને બીજું ઠૂંઠાની જેમ ઊભેલું હતું. રાજાએ એક ખૂબ પાકેલું ફળ તોડ્યું. રાજાની પાછળ ચાલનાર બધા સૈનિકોએ પાકેલાં ફળ તોડ્યાં. એટલે તે કેરીનું વૃક્ષ પણ ઠૂંઠું થઈ ગયું. વનપરિભ્રમણ કરીને રાજા પાછો ફર્યો ત્યારે એણે જોયું :

૧. દુન્નિવિ નમી વિદેહા,: રજ્જાઇં પયહિઊણ પવ્વઇયા, એગો નમિતિત્થયરો, એગો પત્તેયબુદ્ધો અ, ઉત્તરાધ્યયન નિર્યુક્તિ ગા. ૨૮૭

૨. ઉત્તરાધ્યયન, સુખબોધાવૃત્તિ, પત્ર ૧૩૬–૧૪૩

૩. કુંભજાતક, સં ૪૦૮, જાતક ખંડ ૪, પૃ. ૩૯

૪. ડિક્સનરી ઑફ પાલી પ્રોપર નેમ્સ, ભાગ ૨, પૃ. ૨૯૪

૫. કુંભજાતક સં ૪૦૮ જાતકખંડ જ. પૃ. ૨૯

૬. જુઓ : ઉત્તરાધ્યન : એક સમીક્ષાત્મક અધ્યયન–મુનિ નથમલજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે વૃક્ષ પહેલાં લીલુંછમ અને ફળોથી લદાયેલું હતું તે હવે ફળ તેમજ પાંદડાં વગરનું ઊભું હતું. રાજાએ માળીને પૂછ્યું : 'આ વૃક્ષ ફલ–રહિત કેવી રીતે બની ગયું ?' માળીએ બધી વાત કહી બતાવી. રાજા વિચારવા લાગ્યો : જે ફળ વાળાં હોય છે તેને તોડી લેવામાં આવે છે. આ રાજ્ય પણ ફળવાળા વૃક્ષની જેવું જ છે. એક દિવસ એને પણ તોડી લેવામાં આવશે. તે પ્રતિબુદ્ધ થયો. રાજપ્રસાદમાં રહેવા છતાંપણ વિરક્ત થઈ ગયો. એને રાજપ્રસાદ નરક જેવો લાગવા માંડ્યો. તે ચિંતન કરવા લાગ્યો : 'હું મિથિલા છોડીને ક્યારે પ્રવ્રજિત થઈશ ? રાણીઓએ એને રોકવાનો પ્રયાસ કર્યો. સીવલીદેવીએ એક ઉપાય શોધ્યો. એણે મહાસેનારક્ષકને બોલાવીને આદેશયુક્ત સ્વરે કહ્યું : 'તાત, રાજાના જવાના માર્ગ પર જે પુરાણાં ઘર છે, જીર્ણ શાળાઓ છે, એમાં આગ લગાવી દો. જ્યાં–ત્યાં ઘાસપાંદડાં એકઠાં કરી બાળીને ધૂમાડો પેદા કરો'. એમ કરવામાં આવ્યું. સીવલીદેવીએ રાજાને નમ્ર નિવેદન કર્યું : "ઘરોમાં આગ લાગી રહી છે. જ્વાળાઓ નીકળી રહી છે. અન્નનો બળી રહ્યો છે, સોનું, ચાંદી, મણિ, મોતી–બધું બળીને નષ્ટ થઈ રહ્યું છે. હે, રાજન ! આપ આવીને એને રોકવાનો પ્રયાસ કરો". રાજા મહાજનકે પ્રત્યુત્તરમાં કહ્યું :

સુસુખં વત જીવામ યેસં નો નત્થિ કિંચનં ।
મિથિલાય ડય્હમાનાય ન મે કિંચિ અડય્હથ ॥

મારી પાસે કાંઈ નથી. હું સુખપૂર્વક જીવું છું. મિથિલાનગરી બળી જવાથી મારું કાંઈ પણ બળતું નથી.

સુસુખં વત જીવામ યેસં નો નત્થિ કિંચનં
રટ્ઠે વિલુપ્પમાનમ્હિ ન મે કિંચિ અજીરથ, ।
સુસુખં વત જીવામ યેસં નો નત્થિ કિંચનં
પીતિભક્ખા ભવિસ્સામ દેવા આભાસ્સરા યથા ॥

મારી પાસે કંઈ પણ નથી. હું સુખપૂર્વક જીવું છું. રાષ્ટ્ર નષ્ટ થઈ જવાથી મારું કોઈ નુકશાન નથી. મારી પાસે કાંઈ પણ નથી. હું સુખપૂર્વક જીવું છું. જેમકે, અભાસ્વર દેવ છે. એવા જ અમે પ્રીતિભક્ષક થઈને રહીશું.

સર્વનો પરિત્યાગ કરી રાજા આગળ વધી ગયો. દેવી પણ સાથે જ હતી. તેઓ નગરદ્વાર પર પહોંચ્યાં. એક છોકરી રેતી થબથબાવી રહી હતી. એના હાથમાં કંગન હતાં, તે રણકાર કરી રહ્યાં હતાં. રાજાએ પૂછ્યું : એક હાથમાં કંગનો કેમ રણકાર કરી રહ્યાં છે એણે કહ્યું : એક હાથમાં બે કંગન છે. પરસ્પર ઘસાવાને કારણે શબ્દ–અવાજ થાય છે. જે એકલો હોય છે તે શબ્દ–અવાજ કરતો નથી. વિવાદનું મૂલ બે છે.[૧]

રાજા આગળ વધ્યો. એક વાંસફોડો એક આંખ બંધ કરીને વાંસ જોઈ રહ્યો હતો. રાજાએ પ્રશ્ન કર્યો : તું આવી રીતે કેમ જોઈ રહ્યો છે ? એણે કહ્યું : બન્ને આંખો વડે જોવાથી રોશની ફેલાઈ જાય છે, એટલે ટેઢી જવાનો ખ્યાલ આવતો નથી. એક આંખ બંધ કરવાથી ટેઢાપણું સ્પષ્ટ દેખાઈ આવે છે. અને વાંસ સીધો કરી શકાય છે.[૨]

રાણી સીવલી પાછળ પાછળ ચાલી રહી હતી. રાજાએ મુંજના ઘાસમાંથી એક ટુકડો ખેંચી કાઢ્યો અને રાણીને કહ્યું : હવે આંને આની સાથે મેળવી શકાતો નથી એવી રીતે મારો અને તારો સાથ થઈ શકે નહીં'. રાણી પાછો ફરી ગઈ. મહાજનક એકલો આગળ ચાલ્યો. આ કથા જાતકમાં બહુ વિસ્તારથી આપવામાં આવી છે. અત્રે અમે સંક્ષેપમાં સાર આપ્યો છે. પૂર્ણપણે કથાસમાન ન હોવા છતાં પણ બન્નેનું પ્રતિપાદ્ય સમાન છે. બન્નેમાં એ વિચાર પ્રતિપાદિત કરવામાં આવ્યા છે : અન્યાન્ય આશ્રમોમાં સન્યાસાશ્રમ શ્રેષ્ઠ છે.[૩] સંતોષ ત્યાગમાં છે, ભોગમાં નહીં.[૪] સુખનું મૂળ એકાકીપણું છે, અને દુઃખનું મૂળ દ્વન્દ્વ છે.[૫] સુખ અકિંચનતામાં છે.[૬] સાધનામાં વિઘ્ન છે–કામભોગ.[૭]

૧. જાતક, ૫૩૯, શ્લોક ૧૫૮–૧૬૧
૨. જાતક, ૫૩૯, શ્લોક ૧૬૬–૧૬૭
૩. (ક) ઉત્તરાધ્યયન, ૯,૪૪ (ખ) જાતક, ૨૫–૧૧૫
૪. (ક) ઉત્તરાધ્યયન, ૯,૪૮,૪૯ (ખ) જાતક, ૧૨૨
૫. (ક) ઉત્તરાધ્યયન, ૯,૧૬ (ખ) જાતક, ૧૬૧–૧૬૮
૬. (ક) ઉત્તરાધ્યયન, ૯,૧૪ (ખ) જાતક, ૧૨૫
૭. (ક) ઉત્તરાધ્યયન, ૯,૨૩ (ખ) જાતક, ૧૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્નેની કથા વસ્તુમાં અનેક પ્રસંગો એક જેવા છે. જેમકે, 'સમ્પતિથી યુક્ત મિથિલાનો પરિત્યાગ કરી પ્રવ્રજિત થવું', મિથિલાને પ્રજ્વલિત બતાવીને પ્રવ્રજ્યામાંથી વિચલિત કરવાનો પ્રયાસ, 'મિથિલા' ખાખ થઈ જવા છતાં 'મારું કંઈપણ બળી રહ્યું નથી'. એવી રીતે મમત્વરહિત ભાવ વ્યક્ત કરવાનું બન્નેય કથાવસ્તુમાં છે. જૈન કથાવસ્તુની દૃષ્ટિએ ઇન્દ્ર નમિ રાજર્ષિની પરીક્ષા કરવા આવે છે, તો જાતકની દૃષ્ટિએ સીવલીદેવી મહાજનકની પરીક્ષા કરે છે. જૈન કથાની દૃષ્ટિમાં મિથિલાનરેશ કંકણના શબ્દો સાંભળી પ્રતિબુદ્ધ થાય છે. જ્યારે બૌદ્ધ દૃષ્ટિમાં મિથિલાનરેશ આમ્રવૃક્ષને જોઈ પ્રતિબોધિત થાય છે.

સોનક જાતકમાં પણ કેટલાક પ્રસંગો આની સાથે સમાન-સરખા છે.[1]

મહાભારતમાં માંડવ્ય મુનિ અને જનકનો મધુર સંવાદ છે. ભીષ્મપિતામહ પાસે યુધિષ્ઠિરે પ્રશ્ન પ્રસ્તુત કર્યો : તૃષ્ણા-ક્ષયનો ઉપાય બતાવો. ભીષ્મપિતામહે જણાવ્યું : રાજન, માંડવ્ય મુનિએ આ જ પ્રશ્ન પ્રસ્તુત કર્યો હતો. વિદેહરાજ જનક-ની પાસે એમણે સમાધાન કરતાં કહ્યું[2] :

સુસુખં બત જીવામિ યસ્ય મે નાસ્તિ કિંચન ।
મિથિલાયાં પ્રદીપ્તાયાં નમે દહ્યતિ કિંચન ॥

હું ઘણા સુખમાં જીવન પ્રસાર કરી રહ્યો છું. આ વિશ્વમાં કોઈ પણ વસ્તુ મારી નથી. મિથિલાનગરી બળીને ખાખ થઈ જવા છતાં મારું કંઈપણ ખાખ થતું નથી.

જે વિવેકી વ્યક્તિ છે, એને સમૃદ્ધિયુક્ત વિષય પણ દુઃખરૂપ જ્ઞાત થાય છે.
અજ્ઞાની વ્યક્તિ વિષયમાં લિપ્ત રહે છે. જે કામજનિત સુખ છે તે તૃષ્ણાક્ષય થવાથી જે સુખ પ્રાપ્ત થાય છે એની સોળમી કલા સાથે પણે એની તુલના કરી શકાય નહિ. એમણે વધુમાં કહ્યું : 'ધનની અભિવૃદ્ધિની સાથે તૃષ્ણાની પણ અભિ-વૃદ્ધિ થાય છે. મમકારપણ જ દુઃખનું કારણ છે. ભોગ અને આસક્તિથી દુઃખમાં અભિવૃદ્ધિ થાય છે. તૃષ્ણાને છોડવી અત્યંત કઠીન છે. જે તૃષ્ણાનો ત્યાગ કરે છે, તે સુખના સાગર પર તરે છે. આ પ્રમાણે ઉત્તરાધ્યયનના પ્રસ્તુત કથાપ્રસંગની સાથે મહાભારતમાં વર્ણિત આ સંવાદની આંશિક તુલના કરી શકાય.

બીજો પ્રસંગ આ છે : એક વાર ભીષ્મે કહ્યું : ધનની તૃષ્ણાથી દુઃખ અને એની કામનાના ત્યાગથી પરમ સુખ પ્રાપ્ત થાય છે. આ વાત જનકે પણ કહી છે :[3]

અનન્તમિવ મે વિત્તં યસ્ય મે નાસ્તિ કિંચન ।
મિથિલાયાં પ્રદીપ્તાયાં ન મે દહ્યતિ કિંચન ॥

" મારી પાસે અસીમ ધનસંપદા છે તથાપિ મારું કિંચિત પણ નથી. મિથિલાનગરી બળીને ખાખ થઈ જાય તોપણ મારું કંઈ પણ ખાખ થતું નથી."

અત્રે અમે તુલનાત્મક દૃષ્ટિએ જોયું કે એક જ કથાવસ્તુ વિવિધ ધર્મગ્રંથોમાં પોતાની માન્યતા અને સિદ્ધાંત અનુસાર આકારબદ્ધ કરવામાં આવી છે. જાતકકથાનો ગદ્યભાગ અર્વાચીન છે. રાઈસ ડેવિડ્સે' જાતક અંગે ચિંતન કરતાં નોંધ્યું છે : બૌદ્ધ સાહિત્યના નવ વિભાગમાંથી જાતક એક વિભાગ છે. પણ તે વિભાગ કે જે આજે જાતક તરીકે પ્રચલિત છે એનાથી તદ્દન ભિન્ન છે. પ્રાચીન જાતકના અધ્યયન પરથી તે એવા નિષ્કર્ષ પર આવ્યા છે કે પ્રાચીન જાતકનો અધિકાંશ ભાગ એક ઢાંચામાં ઢળાયેલો ન હતો. એમાં પદ્ય વિભાગ ન હતો. તે કેવલ કાલ્પનિક કથાઓ (Fables), ઉદાહરણ (Parables), અને આખ્યાયિકાઓ (Legends) માત્ર હતો બીજી વાત એ છે કે જે વર્તમાનમાં જાતક ઉપલબ્ધ છે તે પ્રાચીન જાતક-નો અંશમાત્ર છે.[4]

અપન્નક (સં. ૧) મખાદેવ (સં. ૯), સુખવિહારી (સં. ૧૦) તિત્તિર (સં. ૩૭), લિત્ર (સં. ૯૧), મહાસુદસ્સન (સં. ૯૫), ખંડવટ્ટ (સં. ૨૦૩), મણિકંઠ (સં. ૨૫૦), બક-બ્રહ્મ (સં. ૪૦૫) વગેરે જાતકોનું સૂક્ષ્મ અધ્યયન કરી રાઈસ ડેવિડ્સ એ

૧. સોનક જાતક, સંખ્યા ૫૨૯, જાતક, ભાગ ૫ પૃ. ૩૩૧-૩૪૬
૨. મહાભારત, શાંતિપર્વ, અધ્યાય ૨૭૬, શ્લોક ૪
૩. મહાભારત, શાંતિપર્વ, અધ્યાય ૧૭૮, શ્લોક ૨
૪. Buddhist India, p p. 196-197

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિષ્કર્ષ પર આવ્યા છે કે બુદ્ધથી પૂર્વેની જન-કથાઓ પણ આ જાતકમાં હતી. જે બુદ્ધથી પણ પ્રાચીન છે. એ જાતક કેવલ બૌદ્ધમતની જ કથાઓ નથી, પણ એ ભારતીય લોકકથાઓનો સંગ્રહ છે. બૌદ્ધ વિદ્વાનોએ પોતપોતાના આચારવિચાર અનુસાર એમાં કેટલાક ફેરફાર-પરિવર્તન કરીને એને અપનાવી છે.[૧] એનાથી એ સ્પષ્ટ છે કે ઇસ્વીસન પૂર્વે છઠ્ઠી શતાબ્દીથી પણ પૂર્વે કેટલીક કથાઓ પ્રચલિત હતી. જે કથાઓને ભારતની જૈન, બૌદ્ધ અને વૈદિક-એ ત્રણેય ધારાઓએ અપનાવી.

આ બધી કથાઓનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરવાથી એ સ્પષ્ટ થાય છે કે એક પરંપરાએ બીજી પરંપરાનું અનુકરણ કર્યું છે. પણ કઈ પરંપરાએ કોનું અનુકરણ કર્યું છે તે વસ્તુ અન્વેષણીય છે.

ઋષભદત્ત અને દેવાનંદા

એક વાર ભગવાન મહાવીર ધર્મની દિવ્ય જ્યોતિ જગાવતા બ્રાહ્મણકુંડ ગામમાં આવી પહોંચ્યા અને બહુસાલ ચૈત્યમાં બીરાજ્યા. બહુસાલચૈત્ય બ્રાહ્મણકુંડ તેમજ ક્ષત્રિયકુંડની વચમાં આવેલું હતું. બન્ને કુંડ-પુરોની જનતા ભગવાનનું પ્રવચન સાંભળવા ઉપસ્થિત થઈ. બ્રાહ્મણકુંડમાં ઋષભદત્ત બ્રાહ્મણ રહેતો હતો. આચારાંગ[૨], કલ્પસૂત્ર,[૩] આવશ્યકચૂર્ણિમાં[૪] એને ફક્ત બ્રાહ્મણ કહેવામાં આવ્યો છે. ભગવતીમાં[૫] એને ચાર વેદોના જ્ઞાતા તરીકે, તેમજ આ સાથે તેને શ્રમણોપાસક પણ હોવાનું નોંધ્યું છે, તે પોતાની પત્ની દેવાનંદા સાથે ભગવાનને વંદન કરવા આવ્યો. ભગવાન મહાવીરને જોઈ દેવાનંદાને અપાર પ્રસન્નતા થઈ. એના સ્તનમાંથી દૂધની ધારા છૂટવા લાગી. આંખોમાંથી આનંદનાં આંસુ વહેવા લાગ્યાં. ગૌતમ ભગવાને જિજ્ઞાસાથી પૂછ્યું : ભગવાન, એના સ્તનમાંથી દૂધની ધારા કેમ છૂટવા લાગી છે ? આંખોમાંથી આંસુ કેમ વહી રહ્યાં છે ? ભગવાને સ્પષ્ટીકરણ કરતાં કહ્યું : દેવાનંદા બ્રાહ્મણી મારા માતા છે. હું તેનો પુત્ર છું'[૬] ભગવાને ગર્ભપરિવર્તનની સમગ્ર ઘટના કહી સંભળાવી આ પૂર્વે ભગવાન મહાવીરના ગર્ભ-પરિવર્તનની વાત કોઈને જ્ઞાત ન હતી. દેવાનંદા તથા ઋષભદત્ત સહિત આખી પરિષદ આશ્ચર્યચકિત થઈ ગઈ. એ પછી ભગવાનનો ધર્મોપદેશ સાંભળીને ઋષભદત્તે દીક્ષા ગ્રહણ કરી તથા વિવિધ તપનું અનુષ્ઠાન કરી એક માસની સંલેખના દ્વારા આત્મને ભાવિત કરીને એણે મોક્ષ પ્રાપ્ત કર્યો. એવી રીતે દેવાનંદા પણ દીક્ષિત થઈ મુક્ત થઈ.

બાલ તપસ્વી મૌર્યપુત્ર તથા તામલી અણગાર

પ્રસ્તુત કથાનો મૂલસ્રોત 'ભગવતીસૂત્ર' છે. ભગવાન મહાવીરનું સમવસરણ મોકા નગરમાં ભરાયેલું હતું. ઈશાનેન્દ્ર ભગવાનના દર્શનાર્થે આવ્યા. એમણે બત્રીસ પ્રકારનાં નાટક કર્યાં. ગણધર ગૌતમે જિજ્ઞાસા પ્રસ્તુત કરતાં પ્રશ્ન કર્યો : આ અપૂર્વ સિદ્ધિ એમને કેવી રીતે પ્રાપ્ત થઈ ?'

ભગવાને જિજ્ઞાસાનું સમાધાન કરતાં જણાવ્યું : તામ્રલિપ્તિ નગરમાં તામલી નામનો મૌર્ય પુત્ર હતો. એની પાસે વિરાટ સંપત્તિ હતી. એક દિવસ તે વિરાટ વૈભવનો પરિત્યાગ કરીને, તેણે 'પ્રાણામા' પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને એવો અભિગ્રહ લીધો કે હું છઠ્ઠ છઠ્ઠ તપ કરીશ તથા સૂર્યની સંમુખ બન્ને હાથ ઊંચા કરીને આતાપના લઈશ'. પારણાના દિવસે આતાપનાભૂમિ પરથી નીચે ઊતરીને લાકડાનું પાત્ર હાથમાં લઈ શુદ્ધ ભાત ગ્રહણ કરીશ અને પછીથી એને એકવીસ વાર ધોઈશ અને આહારના રૂપમાં ઉપયોગમાં લઈશ. પ્રાણામા પ્રવજ્યાનો ધારક હોવાથી તે ઇન્દ્ર, સ્કન્દ, રુદ્ર, શિવ, વૈશ્રમણ, આર્યા ચંડિકા રાજા, મંત્રી પુરોહિત, સાર્થવાહ કાગડા, કૂતરા, ચાંડાલ વગેરેને જ્યાં પણ જોતો, ત્યાં તેને પ્રણામ કરતો. ઊંચે આકાશમાં જોઈને ઊંચે અને નીચે ખાડા વગેરેમાં જોઈને નીચે પ્રણામ કરતો.

---

૧. Buddhist India, P. 197

૨. આચારાંગ. ૨. પૃ. ૨૪૩ બાબુ ધનપતસિંહ

૩. કલ્પસૂત્ર, સૂત્ર ૭. પૃ. ૪૩ દેવેન્દ્રમુનિ સંપાદિત

૪. આવશ્યકચૂર્ણિ, પૂર્વાર્ધ પત્ર ૨૩૬

૫. ભગવતી, ૯,૬,૩૮૦ પત્ર ૮૩૭

૬. ધમ્મકહાણુઓગે બિતિયો ખંધો પૃ. ૫૮,૨૫૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાણામા પ્રવજ્યાવાળાને સૂત્રકૃતાંગ[૧]માં વિનયવાદી કહ્યા છે. ઔપપાતિક,[૨] જ્ઞાતાધર્મકથા[૩] તથા અંગુત્તરનિકાયમાં[૪] વિનયવાદીઓને અવિરુદ્ધ પણ કહ્યા છે. તે મોક્ષપ્રાપ્તિ માટે વિનયને આવશ્યક માને છે.[૫] ઉત્તરાધ્યયનની ટીકામાં[૬] પણ એવું સ્પષ્ટ લખ્યું છે કે આ તાપસો બધાને પ્રણામ કરે છે. સૂત્રકૃતાંગ[૭]ની ટીકામાં એમના બત્રીસ ભેદ જણાવ્યા છે.

તામલી તાપસે જ્યારે જોયું કે એનું શરીર ખૂબ કૃશ થઈ ગયું છે, ત્યારે એણે પોતાની પાસે રહેલાં પાકડાં વગેરેનાં ઉપકરણોને એકાંતસ્થાનમાં મૂકીને પાદપોપગમન સંથારો કર્યો. એ વખતે અસુરેન્દ્ર ચમરની સાવધાની ઇંદ્ર રહિત હતી. અસુરકુમાર દેવોએ અવધિજ્ઞાનમાં જોઈને તામલી તપસ્વીને પ્રાર્થના કરી : 'તમે અમારા ઇન્દ્ર બનો.' પરંતુ એણે એનો સ્વીકાર કર્યો નહીં અને ઈશાન કલ્પમાં ઈશાનેન્દ્ર બન્યો. તામલી તપસ્વીએ સાઠ હજાર વર્ષ સુધી ઉત્કૃષ્ટ તપની આરાધના કરી હતી. તેના વડે તે ઈશાનેન્દ્ર બન્યો. પ્રાચીન આચાર્યોનો એવો મત છે કે જો સજ્ઞાની (જિનમતાનુયાયી) આટલું ઉત્કૃષ્ટ કરે તો આટલી તપસ્યાથી સાત જીવ મોક્ષમાં ચાલ્યા જાય. આ સજ્ઞાન (જિનમતના) તપનું મહત્ત્વ છે.

આદ્રકીય મુનિનો અન્ય તીર્થીઓ સાથે વાદ

આર્દ્રકકુમાર આર્દ્રકપુરનો રાજકુમાર હતો.[૮] નિરુક્તિકાર અનુસાર એના પિતાએ રાજા શ્રેણિક માટે બહુ મૂલ્યવાન ભેટ મોકલી. આર્દ્રકકુમારે પણ અભયકુમાર માટે ભેટ મોકલી. આર્દ્રકકુમારને ભવ્ય અને શીઘ્ર મોક્ષગામી સમજીને અભયકુમારે એને માટે આત્મસાધનાને ઉપયોગી ઉપકરણો ભેટમાં મોકલ્યાં. એને નિહાળતાં જ આર્દ્રકકુમારને પૂર્વજન્મનું સ્મરણ થઈ આવ્યું. આર્દ્રકકુમારનું મન કામભોગોમાંથી વિરક્ત થઈ ગયું. તે પોતાના દેશમાંથી નીકળીને ભારત આવ્યો. દિવ્યવાણીએ સંકેત કર્યો કે, હાલ તે પ્રવ્રજ્યા ગ્રહણ ન કરે. પણ એ દિવ્યવાણી તરફ ધ્યાન આપ્યા વગર અર્હત્ ધર્મમાં પ્રવ્રજિત થઈ ગયો. ભોગાવલી કર્મોના ઉદયને વશ તેને દીક્ષાનો ત્યાગ કરીને ફરીથી ગૃહસ્થધર્મમાં પ્રવેશ કરવો પડ્યો. આ અવધિ પૂર્ણ થતાં તેણે ફરીથી શ્રમણવેશ અંગીકાર કર્યો અને જ્યાં ભગવાન મહાવીર બીરાજમાન હતા, ત્યાં આવવા માટે ચાલી નીકળ્યો. પૂર્વજન્મનું સ્મરણ હોવાથી ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત ધર્મનો બોધ હતો. સૂત્રકૃતાંગનિર્યુક્તિ અનુસાર આર્દ્રકમુનિએ પાંચ મતવાદીઓ સાથે વિવાદ કર્યો હતો.[૯] તેઓ આ પ્રમાણે હતા.

(૧) ગોશાલક (૨) બૌદ્ધ ભિક્ષુ (૩) વેદવાદી બ્રાહ્મણ (૪) સાંખ્યમતવાદી એકદંડી (૫) હસ્તિતાપસ-આર્દ્રક મુનિએ નિર્ગ્રન્થ સિદ્ધાંત અનુસાર ઘણા જ રોચક તેમજ ચિત્તાકર્ષક સપ્રમાણ ઉત્તરો આપ્યા. જેને સાંભળી બધા સ્તંભિત થઈ ગયા. આર્દ્રકમુનિએ એમને દીક્ષિત કર્યા. એ પણ ચિંતનીય છે કે ગોશાલક વગેરે વિરોધી પક્ષોએ શ્રમણ ભગવાન મહાવીરના જીવન અને સિદ્ધાંત પર જે આક્ષેપ કર્યો, તે પરથી એ સ્પષ્ટ થાય છે કે ભગવાન મહાવીરની વિદ્યમાનતામાં પણ

---

૧. સૂત્રકૃતાંગ, ૧,૧૨,૧

૨. ઔપપાતિક સૂત્ર, ૩૮, પૃ. ૧૬૯

૩. જ્ઞાતાધર્મકથા ટીકા, ૧૫, પૃ. ૧૯૪

૪. અંગુત્તરનિકાય, ૩, પૃ. ૨૭૬

૫. સૂત્રકૃતાંગ, ૧, ૧૨.૨ વગેરેની ટીકા.

૬. ઉત્તરાધ્યયન ટીકા, ૧૮, પૃ. ૨૩૦.

૭. સૂત્રકૃતાંગ ટીકા, ૧, ૧૨ પૃ. ૨૦૯ અ.

૮. (ક) સૂત્રકૃતાંગનિર્યુક્તિ, ટીકા સહિત, શ્રુ. ૨ અ.૬ પ.૧૩૬.
(ખ) ત્રિષષ્ઠિ. ૧૦,૭,૧૭૭–૧૭૯.
(ગ) પર્યુષણાઅષ્ટાહ્નિકા, વ્યાખ્યાન, શ્લોક ૫. પ.૬.
(ઘ) ડૉ. જ્યોતિપ્રસાદ જૈને આર્દ્રકકુમારને ઈરાનના ઐતિહાસિક સમ્રાટ કુરુષ (ઈ.પૂ. ૫૫૯–૫૩૦)નો પુત્ર માન્યો છે.
ભારતીય ઇતિહાસ : એક દૃષ્ટિ, પૃ. ૬૭–૬૮

૯. (ક) સૂત્રકૃતાંગ શીલાંક વૃત્તિ, પત્રાંક, ૩૮૫થી ૩૮૮
(ખ) સૂત્રકૃતાંગનિર્યુક્તિ ગા. ૧૮૭, ૧૯૦, ૧૯૮, ૧૯૯. ૩. ટીકાકાર આચાર્ય શીલાંકે (૨, ૬, ૪૯માં) એને એકદંડી કહ્યો છે. ડૉ. હરમન જેકોબીએ પોતાના અંગ્રેજી અનુવાદ (S. B. E. Vol. XIV P. 417)માં એને વેદાંતી કહ્યો છે. પ્રસ્તુત માન્યતાના લક્ષ્યમાં ડૉ. જેકોબીનો અર્થ સંગત પ્રતીત થાય છે. ટીકાકારે પણ આગલી ગાથામાં એ જ અર્થનો સ્વીકાર કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમના અંગે કેટલી ભ્રાંતિઓ ફેલાઈ હતી. વિરોધીઓ એમના પર કેવી રીતે આક્ષેપ કરતા હતા ? આર્દ્રક મુનિએ તર્કપુરસ્સર સમાધાન કરી એમના વિરોધોનું શમન કર્યું.

અતિમુક્તક કુમાર

એકવાર ભગવાન મહાવીર પોલાસપુરમાં પધાર્યા. ઉપાસકદશાંગમાં પોલાસપુરના રાજાનું નામ જિતશત્રુ આપવામાં આવ્યું છે.[૧] તથા ઉપવનનું નામ સહસ્રામન જણાવ્યું છે. અન્તકૃદ્દશાંગમાં રાજાનું નામ વિજય, રાણીનું નામ શ્રીદેવી તથા ઉદ્યાનનું નામ શ્રીવન જણાવવામાં આવ્યું છે.[૨] અમારી દૃષ્ટિએ જિતશત્રુ એ રાજાનું નામ નથી પણ વિશેષણ હોવું જોઈએ. અનેક સ્થાનો પર 'જિતશત્રુ' નામનો ઉલ્લેખ છે. અનેક રાજાઓનું નામ એક સરખું હોય તે ઓછું સંભવિત છે. શત્રુ પર વિજય કરવાને કારણે એને જિતશત્રુના નામથી સંબોધિત કરવામાં આવતો હશે.

ભગવાનના મુખ્ય શિષ્ય ગણધર ગૌતમ ભિક્ષા માટે પરિભ્રમણ કરી રહ્યા હતા. અતિમુક્તક કુમાર બાલસાથીઓ સાથે રમી રહ્યો હતો. શાંત મંજુલમૂર્તિ ગૌતમને જોઈને અતિમુક્તકે પૂછ્યું : 'આપ કેમ ઘૂમો છો' ? ગૌતમે મંદસ્મિત સાથે કહ્યું : 'અમે ભિક્ષા માટે પરિભ્રમણ કરી રહ્યા છીએ.' એ સંસ્કારી બાળકે ગૌતમની આંગળી પકડી લીધી અને પોતાના ઘેર આવવાનો આગ્રહ કરવા લાગ્યો. મહારાણીએ આ જોયું તો તે પ્રસન્નતાથી નાચી ઊઠી. અતિમુક્તકે માતાને કહ્યું : 'એમને એટલું ભોજન આપજો કે જેથી એમને બીજા કોઈ ગૃહે જવું ન પડે.' ભિક્ષા લઈને ગૌતમ મહાવીર પાસે આવ્યા. બાલક અતિમુક્તક પણ સાથે જ હતો. ભગવાન મહાવીરની અમૃત વાણી સાંભળી એણે દીક્ષા ગ્રહણ કરી. આચાર્ય અભયદેવે નોંધ્યું છે : 'આ સમયે અતિમુક્તક કુમારની ઉંમર છ વર્ષની હતી.'[૩]

એકવાર વરસાદ પડી રહ્યો હતો તે સમયે સ્થવિરોની સાથે અતિમુક્તકમુનિ વિહારભૂમિ પર નીકળ્યા. તે વખતે ભૂમિ પર વહેતા પાણીને જોઈને બચપણના સંસ્કાર જાગૃત થયા. માટીથી પાળ બાંધી એણે પોતાનું પાત્ર એમાં મૂકયું અને આનંદવિભોર થઈને 'તર, મારી નાવ, તર'. એ બોલી ઊઠ્યા. શીતળ મંદ પવન વાઈ રહ્યો હતો. એની નૌકા થડકી રહી હતી. પ્રકૃતિરૂપ નટી હસી રહી હતી. સ્થવિરોએ અતિમુક્તક મુનિને શ્રમણ-મર્યાદાથી વિપરીત કાર્ય કરતા જોયા અને એમના અંતરનો રોષ મુખ પર દેખાવા લાગ્યો. અતિમુક્તક સન્માર્ગ થઈ ગયા. તેઓને પોતાના કૃત્ય પર દુઃખ થયું. અંતરના પશ્ચાત્તાપથી એમણે પોતાને પાવન બનાવી દીધા. સ્થવિરોએ ભગવાનને પૂછ્યું : 'આ કેટલા ભવમાં મુક્ત થશે?' ભગવાને જણાવ્યું : 'એ આ જ ભવમાં મુક્ત થશે. તમે એની નિંદા-ટીકા કરો નહિ. ભલે તે દેહમાં નાનો હોય, પણ એનો અંતરાત્મા ઘણો વિરાટ છે.' અતિમુક્તક કુમાર ઉત્કૃષ્ટ તપની આરાધના કરીને મુક્તિને વર્યા.

શ્રમણ ભગવાન મહાવીરે અતિમુક્તક કુમારની આંતરિક તેજસ્વિતા જોઈને એમને દીક્ષા આપી હતી. જૈન ધર્મમાં કોઈપણ જગ્યાએ બાલ-દીક્ષા માટે મના કરી નથી, એમાં અયોગ્ય દીક્ષાની મના છે. બાલક પણ ઉત્કૃષ્ટ પ્રતિમાના ધારક હોઈ શકે અને યુવક તથા વૃદ્ધ અયોગ્ય હોઈ શકે. જે કોઈ યોગ્ય હોય તે શ્રમણધર્મનો સ્વીકાર કરી પોતાના જીવનને સાધના-આરાધના વડે ચમકાવી શકે છે.[૪] નિશીથભાષ્યમાં બાળકને દીક્ષા દેવા અંગે જે મના કરવામાં આવી છે તે અયોગ્ય બાળક માટે છે.[૫] કેમકે દીક્ષા બુભુક્ષુ વ્યક્તિ નહીં પણ મુમુક્ષુ વ્યક્તિ ગ્રહણ કરે છે.

અલક્ષ રાજા

અલક્ષ નરેશ વારાણસીના અધિપતિ હતા. ભગવાન મહાવીરનું પાવન પ્રવચન સાંભળીને પોતાના રાજ્યના સિંહાસન પર પોતાના પુત્રને બેસાડી એમણે દીક્ષા ગ્રહણ કરી તથા ઉત્કૃષ્ટ તપની આરાધના કરી મોક્ષ પ્રાપ્ત કર્યો.

---

૧. ઉપાસકદશાંગ, અધ્યયન ૭, સૂત્ર ૧

૨. અન્તકૃદ્દશાંગ, વર્ગ ૬, અધ્યયન ૧૫

૩. (ક) કુમાર સમણે ત્તિ ષડવર્ષ જાતસ્ય તસ્ય પ્રવ્રજિતવાત્ આહ ચ 'છવ્વરિસો પવ્વઈઓ નિગ્ગંથ રોઇઊણ પાવયણું' તિ એતદેવ ચાશ્ચર્યમિહ અન્યથા વર્ષાષ્ટકાદારાત્ન પ્રવ્રજ્યા સ્યાદિતિ। ભગવતી, સટીક ભાગ ૧, શ.૫ ઉ.૪.સૂ. ૧૮૮ પત્ર ૨૧૯-૨૨૦.

૪. જૈન આચાર : સિદ્ધાંત ઔર સ્વરૂપ, પૃ. ૪૪૪ થી ૪૪૬.

૫. (ક) નિશીથભાષ્ય, ૧૧. ૩૫૩૧/૩૨
(ખ) તુલના કરો-મહાવગ્ગ ૧-૪૧-૬૯, પૃ. ૮૦-૮૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેઘકુમાર શ્રમણ

મેઘકુમાર રાજા શ્રેણિકના પુત્ર હતા. ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળી તે દીક્ષિત થયા. બધાથી નાના હોવાને કારણે એમને દ્વારની પાસે સ્થાન મળ્યું. શ્રમણોના આવવા-જવાનો માર્ગ હોવાથી જનારાઓના પગ મેઘમુનિના શરીર સાથે અથડાતા હતા. પગની ધૂળથી એમનાં વસ્ત્ર ધૂળવાળાં થઈ ગયાં. એમને શાંતિથી ઊંઘ પણ આવી નહીં. એટલે એમની આંખ લાલ થઈ ગઈ અને શરીર શિથિલ થઈ ગયું. ભગવાન મહાવીરે એમને એમનો પૂર્વભવ સંભળાવીને સાધનામાં સ્થિર કર્યા.

તુલના-નંદની સાથે

બૌદ્ધ સાહિત્યમાં પણ મેઘકુમારની માફક સદ્યદિક્ષિત નંદનો ઉલ્લેખ છે.[૧] તે પોતાની નવવિવાહિત પત્ની નંદાનું સ્મરણ કરી વિચલિત થઈ જાય છે. બુદ્ધે એને એક વાંદરી બતાવીને પૂછ્યું : 'શું તારી પત્ની આનાથી પણ સુંદર છે?' એણે કહ્યું : 'તે તો ઘણી જ સુંદર છે.' તે પછી બુદ્ધે તેને ત્રયસ્ત્રિંશ સ્વર્ગની અપ્સરાઓ બતાવે છે અને પૂછે છે : 'શું તારી જનપદકલ્યાણી નંદા આનાથી વધુ સુંદર છે?' ત્યારે નંદ નિવેદન કરે છે : 'ભગવાન, આ અપ્સરાઓની સમક્ષ તો તે કાંઈપણ નથી.' બુદ્ધ એને પ્રતિબોધ આપતાં કહે છે : 'તો પછી તું કેમ એની પાછળ પાગલ બની ગયો છે? તું ધર્મની સાધના કર. તને આનાથી પણ સુંદર અપ્સરાઓ પ્રાપ્ત થશે.' નંદ પુનઃ શ્રમણ-ધર્મની આરાધના કરવા લાગ્યો. પણ તેનું વિષય તરફનું લક્ષ દૂર થયું નહીં. સારિપુત્ર વગેરે અસી મહાશ્રાવકો(ભિક્ષુઓ)એ એનો ઉપહાસ કરતાં કહ્યું : 'આ તો અપ્સરાઓ માટે સાધના કરી રહ્યો છે.' એ સાંભળી એને ખૂબ દુઃખ થયું અને તે સાધનામાં લાગી ગયો.

મેઘકુમાર અને નંદ બન્ને સાધનાથી વિચલિત થયા. પણ ઘટનાક્રમમાં થોડો ફેર છે. શ્રમણ ભગવાન મહાવીરે મેઘકુમારને પૂર્વભવમાં ભોગવેલ દારુણ વેદનાનું સ્મરણ કરાવ્યું અને માનવજીવનની મહત્તા બતાવીને એને શ્રમણધર્મમાં સ્થિર કર્યો. ત્યારે તથાગત બુદ્ધે નંદને આગામી ભવોનાં કમનીય સુખો દર્શાવી એને સંયમમાં સ્થિર કર્યો. 'સંગામાવચર જાતક'માં એ પણ સ્પષ્ટ જોવા મળે છે કે નંદ મેઘકુમારની જેમ પૂર્વભવોમાં હાથી હતો.[૨]

મકાઈ અને કિંકમ

મકાઈ અને કિંકમ બન્ને રાજગૃહ નગરના ગાથાપતિ હતા, એમણે ભગવાન મહાવીરનું ત્યાગ-વૈરાગ્યયુક્ત પ્રવચન શ્રવણ કરી દીક્ષા ગ્રહણ કરી હતી. ઉત્કૃષ્ટ સંયમ અને તપની આરાધના કરીને તેઓ વિપુલગિરિ પર્વત પર મુક્ત થયા.

અર્જુન માલાકાર

રાજગૃહમાં અર્જુન નામનો માળી હતો. બંધુમતી એમની પત્ની હતી. પુષ્પારામ એનો બગીચો હતો. આ ઉદ્યાનની સમીપમાં મુદ્ગરપાણિ યક્ષનું યક્ષાયતન હતું. અર્જુનમાલીના પૂર્વજો આ યક્ષના ઉપાસક હતા, અર્જુનમાલી પણ બચપણથી જ એનો ઉપાસક હતો. રાજગૃહમાં 'લલિત' નામનું એક મિત્રમંડલ હતું, જે ઉચ્છૃંખલ અને સ્વચ્છંદ હતું. એમણે બંધુમતી સાથે અમાનવીય વ્યવહાર કર્યો. જેનાથી અર્જુન માલાકારને ખૂબ જ રોષ ચઢ્યો. પણ એને પહેલેથી જ બાંધીને ત્યાં એક બાજુ ગબડાવી રાખવામાં આવ્યો હતો. પોતાની પત્ની સાથે આવો બિભત્સ વ્યવહાર થતો જોઈને એનું લોહી ઊકળી આવ્યું. નસો ફૂલવા લાગી. એણે મનમાં ને મનમાં રાજાને પણ ધિક્કાર આપ્યો અને પોતાના કુલદેવ મુદ્ગરપાણિયક્ષ પર પણ ગુસ્સો આવ્યો કે 'એની મૂર્તિ સમક્ષ પોતાની પત્નીના શીલનો ભંગ કરવામાં આવી રહ્યો છે. તું દેવતા થઈને પણ ટગરટગર જોઈ રહ્યો છે?' દેવે પોતાના ભક્તના સંતપ્ત આત્માને જોયો. તત્કાલ યક્ષ અર્જુનમાલીના શરીરમાં પ્રવિષ્ટ થયો. એનું અદ્ભુત પૌરુષ જાગી ઊઠ્યું. તડાતડ અવાજની સાથે એનાં બધાં બંધન તૂટી ગયાં. યક્ષનું મુદ્ગર ઊઠાવીને એક જ પ્રહારમાં અર્જુન માલાકારે છયે મિત્રો અને પોતાની પત્નીને મારી નાંખ્યાં, તોપણ એનો ક્રોધ શાંત થયો નહીં. ક્રોધથી કાળઝાળ થયેલો તે દરરોજ મુદ્ગર લઈને બગીચા બહાર ફરતો અને રસ્તા પરથી પ્રસાર થતા વટેમાર્ગુમાંથી દરરોજ છ પુરુષ અને એક સ્ત્રીને મારી નાંખ્યા પછી જ તે મોંમાં અન્નજળ મૂકતો. નગરમાં ભયંકર આતંક છવાઈ ગયો. રાજાએ નગરનાં દ્વાર

---

૧. (ક) સુત્તનિપાત-અટ્ઠકથા પૃ. ૨૭૨
(ખ) ધમ્મપદ-અટ્ઠકથા ખંડ, ૧, પૃ. ૯૬-૧૦૫

૨. (ક) સંગામાવચર જાતક, સંખ્યા ૧૮૨ (હિંદી અનુ.) ખંડ ૨, પૃ. ૨૪૮-૨૫૪
(ખ) ભગવાન મહાવીર : એક અનુશીલન (દેવેન્દ્રમુનિ) પૃ. ૪૨૦ થી ૪૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધ કરાવ્યાં અને એવો ઢંઢેરો પીટાવ્યો કે કોઈપણ નગરની બહાર જાય નહીં. સમગ્ર રાજગૃહનગરી એક કેદખાનામાં ફેરવાઈ ગઈ. એમાં બેઠાબેઠા બધા અકળાતા હતા. પણ એમાંથી કોઈમાં સાહસ ન હતું.

ભગવાન મહાવીરનું રાજગૃહમાં શુભ આગમન થયું. જે મહાનગરીમાં ભગવાને ચૌદ વર્ષ વર્ષાવાસ કર્યો હતો, જ્યાં પ્રભુના ભક્તોની કાંઈ કમી ન હતી, તેમછતાં કોઈની પણ એવી હિંમત ન હતી કે અર્જુનમાલી સામે ઝઝૂમે. જ્યારે સુદર્શને ભગવાન મહાવીરના આગમનના સમાચાર સાંભળ્યા ત્યારે એનું શૌર્ય જાગૃત થઈ ગયું. તે પોતાના પરિવારના માણસો તથા અન્ય વ્યક્તિઓનો ઇન્કાર હોવા છતાં ભગવાનનાં દર્શન માટે ચાલી નીકળ્યો. નગરનાં દ્વાર ખોલવામાં આવ્યાં અને પછી તરત જ બંધ કરી દેવામાં આવ્યાં. થોડેક દૂર ગયા પછી અર્જુનમાલી હાથમાં મદ્‌ગર ઘુમાવતો ગાંડાની માફક દોડતો દોડતો સુદર્શનની સામે આવી પહોંચ્યો. એની રૌદ્ર આકૃતિ જોઈને સામાન્ય વ્યક્તિ ધ્રૂજી ઊઠે, પણ સુદર્શન તો ત્યાં ધ્યાનમુદ્રામાં ઊભો રહી ગયો. એણે સુદર્શન પર પ્રહાર કરવા માટે મુદ્‌ગર ઉઠાવ્યું. પણ એનો ઉઠાવેલો હાથ એમનો એમ સ્થિર રહી ગયો. પાછળ હટીને તે પ્રહાર કરવા આગળ વધ્યો, પણ જાણે કે શરીરમાં લકવા પડી ગયો! હતપ્રભ જેવો તે વિચારવા લાગ્યો : 'આ શું થઈ ગયું?' સુદર્શનનાં ધૈર્ય અને તેજની સામે યક્ષનું તેજ નિસ્તેજ થઈ ગયું. તે સત્ત્વહીન થઈને ધડાક દઈને પડી ગયો અને પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યો. અર્જુનને લઈને સુદર્શન ભગવાનના ચરણોમાં પહોંચી ગયો. ભગવાનનો ઉપદેશ સાંભળીને અર્જુન માલાકાર એમના ચરણે પડી કહેવા લાગ્યો : 'મારો ઉદ્ધાર કરો. મેં જીવનભર પાપ કર્યાં છે, નિરપરાધ સ્ત્રી-પુરુષોનાં ખૂન કર્યાં છે, હું મોટો પાપી છું. હું મારાં પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા માગું છું.' ભગવાને એને દીક્ષા આપી. તે બેલા-બેલાની તપસ્યા કરતો અને પારણા માટે તે જ્યારે નગરમાં આવતો ત્યારે લોકો તેના પર આક્રોશપૂર્વક ઢેફાં ફેંકતા અને મારતાઝૂડતા. પરંતુ તે પોતાના આત્માને કસતો અને સુવર્ણની જેમ ઉજ્જવલ બનાવતો. અંતે તે પોતાનાં કર્મો નષ્ટ કરી મુક્ત બન્યો. ખૂબ અદ્‌ભુત અને અનોખું છે આ કથાનક. એક ક્રૂર હત્યારો મહાપુરુષનુ સાંનિધ્ય પામીને પાવન બની ગયો. પારસપુરુષનો સ્પર્શ લોહરૂપી જીવનને એક ક્ષણમાં સુવર્ણ બનાવી દે છે.

બૌદ્ધ સાહિત્યમાં પણ અંગુલિમાલ ડાકુનું વર્ણન આવે છે. એ માણસોની આંગળીઓની માળા બનાવીને ધારણ કરતો હતો. એની આંખોમાંથી લોહી ટપકતુ હતું. તથાગત બુદ્ધને મારવા માટે તે આવ્યો, પણ ભગવાન બુદ્ધના તેજસ્વી વ્યક્તિત્વથી તે હતપ્રત થઈ ગયો તથા અહિંસાનો પૂજારી બની ગયો. જે કાર્ય મોટામોટા તાંત્રિક અને માંત્રિક ન કરી શકે તે કાર્ય એક સંત કરી શકે છે.

કાશ્યપ આદિ શ્રમણ

કાશ્યપ, ક્ષેમક, ધૃતિકાર, કૈલાશ, હરિનંદન, વાસ્તક, સુદર્શન, પૂર્ણભદ્ર, સુમનભદ્ર, સુપ્રતિષ્ઠિત, મેઘકુમાર-એ બધા દીક્ષાપર્યાયનું પાલન કરી વિપુલ પર્વત પર મુક્ત થયા. એમના જીવન અંગે વિશેષ સામગ્રીનો અભાવ છે. માત્ર કેવલનગર, ઉદ્યાન અને દીક્ષાપર્યાયનો સંકેત જ પ્રાપ્ત થાય છે.

જાલિ મયાલિ વગેરે કુમાર

જાલિ, મયાલિ, પુરુષસેણ, ઉપજાતિ, વારિષેણ, દીર્ઘદન્તકુમાર, લષ્ટદંત, વેહલ્લ, બેહાયસ, અભય એ બધા કુમારો સમ્રાટ શ્રેણિકના પુત્રો હતા. તેઓ ભગવાન મહાવીરનો ઉપદેશ શ્રવણ કરી દીક્ષા લે છે તથા શ્રમણ બની ગુણરત્ન સંવત્સર વગેરે તપની આરાધના કરી અનુત્તર વિમાનમાં દેવ બને છે. એ પ્રમાણે દીર્ઘસેન, મહાસેન, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત, હલ્લ, દ્રુમ, દ્રુમસેન, મહાદ્રુમસેન, સિંહ, સિંહસેન, પુણ્યસેન એ રાજકુમારો પણ શ્રેણિક સમ્રાટના પુત્રો હતા. એમણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી વિવિધ તપોની આરાધના કરીને અનુત્તર વિમાનમાં સ્થાન પ્રાપ્ત કર્યું. આ આખ્યાન જે અત્રે આપવામાં આવ્યું છે તે કેવલ સંકેત માત્ર છે. પણ આ બધાં પાત્રો ઐતિહાસિક છે. ઐતિહાસિક હોવાથી તે ઘણાબધા ઇતિહાસથી અસ્પર્શાયેલાં પાસાંઓ પર પ્રકાશ પાડવા સમર્થ છે. જૈન, બૌદ્ધ અને વૈદિક-એ ત્રણે પરંપરાઓએ શ્રેણિક અંગે વિસ્તારથી નિરૂપણ કર્યું છે. અમે યથાપ્રસંગે એના પર વિચાર કરીશું. પણ એ સ્પષ્ટ છે કે શ્રેણિકની છવીસ મહારાણીઓ અને અનેક પુત્ર તથા પૌત્રે ભગવાન મહાવીર પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી, સાધના વડે જીવનને પાવન કર્યું હતું. એનાથી એ સિદ્ધ થાય છે કે શ્રેણિક જૈન હતા, તેમજ ભગવાન મહાવીરના અનન્ય ભક્ત હતા.

ધન્ય અણગાર

ધન્યકુમાર કાકન્દીમાં રહેનાર ભદ્રા સાર્થવાહીનો પુત્ર હતો. એની પાસે અપાર વૈભવ હતો. ભગવાનનો ઉપદેશ શ્રવણ કરી વીર સૈનિકની જેમ તે સાધનાના પવિત્ર માર્ગ પર આગળ વધે છે. એમના તપોમય જીવનનું જે શબ્દચિત્ર અહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત કરવામાં આવ્યું છે, એને વાંચીને ભૌતિકવાદી તાર્કિક યુગમાં પણ વ્યક્તિનું મસ્તક શ્રદ્ધાથી નમી જાય છે. મજ્જિમ નિકાયનાં મહાસિંહનાદસુત્તમાં વર્ણન છે[1] : બુધ્ધે આવી ઉત્કૃષ્ટ તપની આરાધના કરી હતી. એમણે એમના સાધના-કાલમાં છ વર્ષ સુધી ઉત્કૃષ્ટ તપની આરાધના કરી તે પણ આની સાથે સમાનતા ધરાવે છે. કવિ કાલિદાસે કુમારસંભવ મહાકાવ્યમાં[2] પાવતીના તપનું રોમાંચકારી વર્ણન કર્યું છે. પણ ધન્યકુમારના તપની જેમ એમાં એનું સજીવ વર્ણન પ્રાપ્ત થતું નથી. ધન્યકુમારના તપનું વર્ણન વાંચીને વાચક મુગ્ધ થયા વિના રહેતો નથી. જૈન તપસાધનાની એ વિશિષ્ટતા છે કે એમાં બાહ્ય તપની સાથે સાથે આભ્યંતર તપને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. એમાં દેહ-દમનની સાથે ચિત્તવૃત્તિઓની શુદ્ધિ મુખ્યત્વે જોવા મળે છે. ધન્ય અણગાર જેવા દીર્ઘ તપસ્વી હતા તેવા જ સ્થિર ધ્યાનયોગી પણ હતા. ધ્યાનની નિર્મલ સાધનાથી તપ એમને માટે તાપસ્વરૂપ ન હતું. શ્રમણ સાહિત્યમાં જ નહીં, સમગ્ર ભારતીય સાહિત્યમાં આ પ્રકારનું વર્ણન દુર્લભ છે.

સૂનક્ષત્ર અણગાર

સૂનક્ષત્ર અણગારનો જન્મ કાકન્દી નગરીમાં થયો હતો. તે ભદ્રા સાર્થવાહીનો પુત્ર હતો. સ્નેહના વાતાવરણમાં એમનું પાલનપોષણ થયું હતું. ભગવાન મહાવીરનો ઉપદેશ શ્રવણ કરીને તેઓ શ્રમણ બન્યા અને ઉત્કૃષ્ણ તપની આરાધના કરી અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થયા.

સુબાહુકુમાર આદિ અન્ય મુનિ

હસ્તશીર્ષનગરનો સ્વામી અદીનશત્રુ હતો. સુબાહુકુમાર એનો પુત્ર હતો. પાંચસો કન્યાઓ સાથે એનું પાણિગ્રહણ થયું. એમની સાથે તે પોતાનું જીવન પસાર કરતો હતો. એકવાર ત્યાં ભગવાન મહાવીરનું શુભ આગમન થયું. સુબાહુકુમારે શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો. એમના દિવ્ય રૂપને નિહાળીને ગૌતમપ્રભુએ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો : 'આ દિવ્ય, કાન્ત અને પ્રિય રૂપ એને કેવી રીતે પ્રાપ્ત થયાં ? એણે પૂર્વજન્મમાં કેવું દાન કર્યું હતું ?' ભગવાને સુબાહુને પૂર્વભવ સંભળાવતાં કહ્યું : 'હસ્તિનાપુર નગરમાં સુમુખ નામનો ગાથાપતિ રહેતો હતો. સુદત્ત અણગાર કે જે એક માસથી ઉપવાસી હતા. એને અત્યંત ઉદાર ભાવનાથી સુમુખ ગાથાપતિએ આહારદાન આપ્યું. આ દિવ્ય દાનના ફલસ્વરૂપ એને આ મહાન ઋદ્ધિ તથા અદ્‌ભુત સૌન્દર્ય પ્રાપ્ત થયું છે. પ્રસ્તુત કથાનકમાં સુખપ્રાપ્તિનું પ્રધાનકારણ સુપાત્ર દાન દર્શાવવામાં આવ્યું છે. દાનની અદ્‌ભુત શક્તિથી દિવ્ય ઋદ્ધિ અને સમૃદ્ધિ સહેજપણે ઉપલબ્ધ થાય છે. માનવ સમૃદ્ધિ તો ઇચ્છે છે. પણ દાનાદિ આપવામાં ખંચકાય છે. જેથી એને વિરાટ વૈભવની સંપ્રાપ્તિ થતી નથી. આ પ્રમાણે ભદ્રનંદી, સુજાતકુમાર, સુવાસવકુમાર, જિનદાસ, ધનપતિ, મહાબલ, ભદ્રનંદીકુમાર, મહાચંદ્રકુમાર અને વરદત્તકુમાર એ બધા રાજકુમાર હતા. તે બધાએ ભગવાન મહાવીરના ઉપદેશામૃતનું શ્રવણ કરી દીક્ષા લીધી હતી. સુબાહુકુમાર વગેરે સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી દેવ બન્યા અને ત્યાંથી પોતાનું આયુષ્ય પૂર્ણ કરી કેટલાક એક ભવમાં અને કેટલાક રાજકુમારો પંદર ભવમાં મોક્ષ પ્રાપ્ત કરશે.

પદ્મકુમાર શ્રમણ આદિ

ચંપાનગરીમાં રાજા કૂણિકનું રાજ્ય હતું. એની રાણીનું નામ પદ્માવતી હતું. રાજા શ્રેણિકની એક રાણીનું નામ કાલી હતું. એને કાલ નામનો પુત્ર હતો. કાલની રાણીનું નામ પદ્માવતી હતું. એને પદ્મકુમાર નામનો પુત્ર થયો. એણે શ્રમણ ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી, સાધના દ્વારા જીવનને તપાવ્યું અને સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષમાં જશે. એ પ્રમાણે મહાપદ્મ ભદ્ર, સુભદ્ર, પદ્મભદ્ર, પદ્મસેન, પદ્મગુલ્મ, નલિનગુલ્મ, આનંદ અને નંદન એ બધા શ્રેણિકના પૌત્રો હતા, એમણે પ્રભુ મહાવીર પાસે શ્રમણધર્મ ગ્રહણ કરી જીવનને પાવન બનાવ્યું. આ બધાના પિતા કાલ, સુકાલ, મહાકાલ, કૃષ્ણ, સુકૃષ્ણ, વીરકૃષ્ણ, પિઉસેનકૃષ્ણ, મહાસેનકૃષ્ણ હતા. જે કષાયને વશીભૂત થઈને નરકમાં ગયા અને એમના પુત્રો સત્કર્મનું આચરણ કરી દેવલોક પ્રાપ્ત કરે છે. ઉત્થાન અને પતનનું દાયિત્વ માનવનાં સ્વયં કર્મો પર જ આધારિત છે. માનવ સાધનાથી ભગવાન પણ બની શકે છે અને વિરાધનાથી ભીખારી પણ બની શકે છે.

---

૧. બોધિરાજકુમાર સૂત્ત, દીર્ઘનિકાય કસ્સપ સિંહનાદ સુત્ત।

૨. કુમારસંભવ, પાર્વતી પ્રકરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિકેશી મુનિ

પૂર્વજન્મમાં જાતિ અંગે અહંકાર કરવાને કારણે હરિકેશબલ ચાંડાલકુલમાં ઉત્પન્ન થયા. તેઓ સ્વભાવથી જ નહીં, પણ શરીરથી પણ કુરૂપ હતા. ઘૃણા અને ઉપેક્ષાથી તે વધુ કઠોર બની ગયાં હતા. એકવાર તેઓ ઉત્સવમાં ગયા હતા. સાથીના અભાવમાં તેઓ આ ભીડમાં પણ એકલા જ હતા. કોઈ પણ બાળક એમની સાથે બોલવા તૈયાર ન હતો. એટલામાં એક સાપ નીકળ્યો. લોકોએ તે સાપને મારી નાંખ્યો. કેટલીક ક્ષણો પછી અળશિયું નીકળ્યું, પણ એને કોઈએ માર્યું નહીં. આ ઘટનાથી હરિકેશબલ વિચારવા લાગ્યો : 'જે ક્રૂર હોય છે, તેને મારી નાંખવામાં આવે છે, પરંતુ નિર્વિષ પ્રાણીઓને કોઈ મારતું નથી. ચિંતન કરતાં એમને જાતિસ્મરણ થયું અને તેઓ મુનિ બની ગયા. તપથી એમનું શરીર દુબળું પડી ગયું. તિંદુક વૃક્ષનિવાસી યક્ષ, મુનિના દિવ્ય તપથી પ્રભાવિત થઈ એમની સેવા કરવા રહ્યો. એકવાર હરિકેશ મુનિ યક્ષમંદિરમાં ધ્યાનસ્થ હતા. એટલામાં રાજપુત્રી ભદ્રા તે યક્ષની પૂજા અર્થે ત્યાં આવી. મુનિની કુરૂપતા જોઈ એનું મન ઘૃણાથી ભરાઈ ગયું અને તે મુનિ પર થૂંકી. યક્ષ મુનિનું આ અપમાન સહન ન કરી શકયો. તે રાજકુમારીના શરીરમાં પ્રવેશ ગયો. અનેક ઉપચાર કરવા છતાં પણ તે સાજી થઈ નહીં. યક્ષે પ્રગટ થઈ કહ્યું : 'એણે મુનિનું અપમાન કર્યું છે. એણે એનું પ્રાયશ્ચિત્ત કરવું પડશે.' રાજાએ અપરાધની ક્ષમા માગી અને પોતાની કન્યા સાથે વિવાહ કરવા મુનિને પ્રાર્થના કરી. મુનિએ કહ્યું : 'મારું કોઈ પણ પ્રકારે અપમાન થયું નથી. હું કોઈ પણ રીતે વિવાહ કરી શકું નહીં.' રાજા નિરાશ થઈ ગયો. એણે બ્રાહ્મણ રુદ્રદેવને ઋષિ સમજી રાજકન્યાનો વિવાહ એની સાથે કર્યો. યજ્ઞશાલામાં રાજકુમારીના વિવાહ નિમિત્તે ભોજન બની રહ્યું હતું. હરિકેશમુનિએ ત્યાં આવી ભોજનની યાચના કરી. બ્રાહ્મણોએ એમને અપમાનિત કરીને કાઢી મૂકવાનો પ્રયાસ કર્યો. મુનિની સેવામાં રહેલો યક્ષ બ્રાહ્મણના આ વ્યવહારથી ગુસ્સે થયો. એણે એમને માર માર્યો. રાજકુમારીએ બ્રાહ્મણોને સમજાવ્યા : 'તે જિતેન્દ્રિય છે. એમનું અપમાન કરો નહીં'. મુનિએ દાનના અધિકારો અંગે જાતિવાદ, યજ્ઞનું સ્વરૂપ, જલસ્નાન વગેરે વિવિધ પાસાંઓ પર પ્રકાશ પાડયો. મુનિનો આ સંવાદ અત્યંત શિક્ષાપ્રદ છે.

આવો જ પ્રસંગ બૌદ્ધ સાહિત્યમાં માતંગ જાતકમાં[1] જોવા મળે છે. વારાણસીમાં માંડવ્યકુમાર દરરોજ સોલ હજાર બ્રાહ્મણોને ભોજન આપવું, હિમાલયના આશ્રમમાંથી માતંગ પંડિતનું ભિક્ષા લેવા આવવું, એનાં ફાટેલાં-તૂટેલાં વસ્ત્રો જોઈને તેને ત્યાંથી કાઢી મૂકવો, માતંગ પંડિત દ્વારા ઉપદેશ દઈને દાન-ક્ષેત્રની યથાર્થતાને પ્રતિપાદન કરવી, માંડવ્યના સાથીઓ માતંગને મારે છે, નગર-દેવતાઓ દ્વારા બ્રાહ્મણોની દુર્દશા કરવી, એ સમયે શ્રેષ્ઠીની કન્યા દીટ્ઠમંગલિકાનું ત્યાં આવવું અને ત્યાંની સ્થિતિ જોઈ સમગ્ર વાત જાણી લેવી, સવર્ણ કલશ અને પ્યાલો લઈને માતંગ મુનિ સમીપ આવવું અને ક્ષમાયાચના કરવી, માતંગ પંડિત બ્રાહ્મણો સાજા થાય એવો ઉપાય કર્યો તથા દીટ્ઠમંગલિકાએ બધા બ્રાહ્મણોને દાન-ક્ષેત્રની યથાર્થતા સમજાવી. આ પ્રમાણે આ બન્ને કથાઓમાં સમાનતા છે.

ડૉ, ઘાટગેની દૃષ્ટિએ બૌદ્ધ પરંપરાની કથા વિસ્તૃત હોવાની સાથે એમાં અનેક વિચારોનું મિશ્રણ થયું છે. પરંતુ જૈન પરંપરાની કથા સરલ અને સંક્ષિપ્ત છે અને તે બૌદ્ધ કથાવસ્તુ કરતાં પ્રાચીન છે. માતંગ જાતકમાં બ્રાહ્મણો પ્રત્યે વધુ પડતી કડવાશ વ્યક્ત કરવામાં આવી છે. પણ જૈન કથાવસ્તુમાં એવું નથી. એ યુગમાં બ્રાહ્મણવર્ગ જન્મની જાતિના આધારે પોતાને સર્વશ્રેષ્ઠ માનતો હતો. એને નિરાધાર દર્શાવવા માટે આ કથાઓ સર્ચલાઈટ જેવી ઉપયોગી છે.[2] જૈન અને બૌદ્ધકથાઓમાં જ સમાનતા છે એમ નહીં પણ ગાથાઓમાં પણ ઘણીબધી સમાનતા છે.

---

૧. માતંગ જાતક-ચતુર્થ ખંડ, ૪૯૭ પૃ. ૫૮૩-૫૯૭

2. This must have also led the writer to include the other story in the same Jataka, and such an attitude must have arisen in later times as effect of sectarian bias.

Annals of Bhandarkar Oriental Research Institute, vol. 17 (1935-1936) 'A few parrallels in Jain and Buddhist Works', P. 345 by A. M. Ghatage, M. A.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદાહરણ માટે જુઓ

સમાન ગાથાઓ

ઉત્તરાધ્યયન, અધ્યયન ૧૨ શ્લોક		માતંગ જાતક (સંખ્યા ૪૯૭) ગાથા	
કયરે આગચ્છઈ દિત્તરુવે,			
કાલે વિકરાલે ફોક્કનાસે;			
ઓમચેલએ પંસુપિસાયભૂએ,			
સંકરદૂસં પરિહરિય કંઠે.	૬		
કયરે તુમં ઈય અદંસણિજ્જે,		કતોનું આગચ્છસિ સમ્ભવાસિ,	
કાએ વ આસા ઈહમાગઓસિ;		ઓતલ્લકો પંસુપિસાચકો વ;	
ઓમચેલગા પંસુપિસાયભૂયા,		સંકાર ચોલ પટિમુચ્ચ કંઠે,	
ગચ્છ ક્ખંલાહિ કિમિહં ઠિઓસિ.	૭	કો રે તુવં હોહિસિ અદક્ખિણેય્યો.	૧
સમણો અહં સંજઓ બમ્ભયારી,			
વિરઓ ધણપયણપરિગ્ગહાઓ			
પરપ્પવિત્તસ્સ ઉ ભિક્ખકાલે,			
અન્નસ્સ અટ્ઠા ઇહમાગઓમિ	૮		
વિયરિજ્જઇ ખજ્જઈ ભુજ્જઇ ય,		અન્નં તવ ઇદં પકતં યસસ્સિ,	
અન્નં પભૂયં ભવયાણુમેયં;		તં ખંજરે મુંજરે પિપ્પરે ચ,	
જાણાહિ મે જાયણજીવિણુ ત્તિ.		જનાસિ ત્વં પરદત્તૂપજીવિં	
સેસાવસેસં લભઉ તવસ્સી.	૧૦	ઉત્તિટ્ઠ પિંડ લભતં સપાકો.	૨
ઉવક્ખડં ભોયણ માહણાણું,		અન્નં મમ ઇદં પકતં બ્રાહ્મણાનં,	
અત્તટ્ઠિયં સિદ્ધ મિહેગપક્ખં;		અત્તત્થાય સદ્દહતો મમ ઇદં;	
ન ઊ વયં એરિસમન્નપાણું,		અપેહિ એત્થ કિં દુધટ્ઠિતોસિ,	
દાહામુ તુજ્ઝં કિમિહં ઠિઓસિ.	૧૧	ન મા દિસા તુય્હં દદન્તિજઝ્ઝમ.	૩
થલેસુ બીયાઇ વવન્તિ કાસગા,		થલે ચ નિન્ને ચ વપન્તિ બીજં,	
તહેવ નિન્નેસુ ય આસસાએ;		અનૂપખેત્તે ફલં આસનાના,	
એયાએ સદ્ધાએ દલાહ મજ્ઝં,		એતાય સદ્ધાય દદાહિ દાનં,	
આરાહએ પુણ્ણમિણું ખુ ખેત્તં.	૧૨	અપ્પેવ આરાધયે દક્ખિણેય્યે.	૪
ખેત્તાણિ અમ્હં વિઇયાણિ લોએ,		ખેત્તાનિ મય્હં વિદિતાનિ લોકે,	
જહિં પકિણ્ણા વિરુહન્તિ પુણ્ણા;		યેસાહં બીજાનિ પતિટ્ઠપેમિ,	
જે માહણા જાઇવિજ્જોવવેયા,		યે બ્રાહ્મણા જાતિ મન્તૂપપન્ના,	
તાઇં તુ ખેત્તાઇં સુપેસલાઇં.	૧૩	તાનીધ ખેત્તાનિ સુપેસલાનિ.	૫
કોહો ય માણો ય વહો ય જેસિં,		જાતિ મદો ચ અતિમાનિતા ચ,	
મોસં અદત્તં ચ પરિગ્ગહં ચ;		લોભો ચ દોસો ચ મદો ચ મોહો,	
તે માહણા જાઇવિજ્જા વિહૂણા,		એતે અગુણા યેસુ સંતિ સબ્બે,	
તાઇં તુ ખેત્તાઇં સુપાવયાઇં.	૧૪	તાનિધ ખેત્તાનિ અપેસલાનિ.	૬
તુબ્ભેત્થ ભો ભારધરા ગિરાણું,		જાતિ મદો ચ અતિમાનિતા ચ,	
અટ્ઠં ન જાણાહ અહિજ્જ વેએ,		લોભો ચ દોસો ચ મદો ચ મોહો,	
ઉચ્ચાવયાઇં મુણિણો ચરન્તિ,		એતે અગુણા યેસુ ન સન્તિ સબ્બે,	
તાઇં તુ ખેત્તાઇ સુપેસલાઇં.	૧૫	તાનીધ ખેત્તાનિ સુપેસલાનિ.	૭
કે એત્થ ખત્તા ઉવજોઇયા વા,			
અજ્ઝાવયા વા સહ ખંડિએહિ,			
એયં દંડેણ ફલેણ હન્તા,			
કંઠમ્મિ ઘેત્તૂણ ખલેજ્જ જે ણં.	૧૮		

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજ્જાવયાણુ વયણું સુણેત્તા,
ઉદ્ધાઈયા તત્થ બહૂ કુમારા,
દંડેહિ વિત્તેહિ કસેહિ ચેવ,
સમાગયા તં ઈસિ તાલયન્તિ. ૧૯

ગિરિં નહેહિં ખણહ,
અયં દન્તેહિં ખાયહ,
જયતેયં પાએહિ હણહ,
જે ભિક્ખું અવમન્નહ. ૨૬

અવહેડિય પિટ્ઠિસઉત્તમંગે,
પસારિયાબાહુ અકમ્મચેટ્ઠે,
નિબ્ભેરિયચ્છે રુહિરં વમન્તે,
ઉટ્ઠંમુહે નિગ્ગયજીહનેત્તે. ૨૯

પુવ્વિં ચ ઈણ્હિં ચ અણાગયં ચ,
મણુપ્પદોસો ન મે અત્થિ કોઈ,
જક્ખા હુ વેયાવડિયં કરન્તિ,
તુમ્હા હુ એએ નિહયા કુમારા. ૩૨

અત્થં ચ ધમ્મં ચ વિયાણમાણા,
તુબ્ભે ન વિ કુપ્પહ ભૂઈપન્ના,
તુબ્ભં તુ પાએ સરણં ઉવેમો,
સમાગયા સવ્વજણેણ અમ્હે. ૩૩

કત્થેવ ભટ્ઠા ઉપન્નેતિયો ચ,
ઉપજ્જાયો અથવા ભંડકુચ્છિ,
ઈમસ્સ દંડં ચ વધં ચ દત્વા,
ગલે ગહેત્વા અલ્લયાથ જમ્મં. ૮

ગિરિ નખેન ખણસિ,
અયો દંતેન ખાદસિ,
જાતવેદં પદહસિ,
યો ઈસિં પરિભાસતિ. ૯

આવેઠિતં પિટ્ઠિતો ઉત્તમાંગ,
બાહું પસારેતિ અકમ્મનેય્યં,
ખેત્તાતિ અક્ખીનિ કથા મતસ્સ,
કો મે ઇમં પુતં અકાસિ એવં. ૧૧

તદેવ હિ એતરહિ ચ મય્હં,
મનોપદોસો મમ નત્થિ કોચિ,
પુત્તો ચ તે વેદ મદેન મત્તો,
અત્થં ન જાનાતિ અધિચ્ચ વેદે. ૧૮

અદ્ધા હવે ભિક્ખુ મુહુત્તકેન,
મુમ્મુચ્ચતે વ પુરિસસ્સ સંજા,
એકાપરાધં ખમ ભૂરિપંજ,
ન પંડિતા કોધ બલા ભવન્તિ. ૧૯

અનાથી મહાનિર્ગ્રંથ

સમ્રાટ શ્રેણિક એકવાર મંડિતકુક્ષી ઉદ્યાનમાં જઈ ચડ્યો. ત્યાં ઉદ્યાનની શોભા જોતાંજોતાં એની આંખો એક ધ્યાનસ્થ મુનિ પર જઈ પડી. આ મુનિનું અદ્‌ભુત રૂપલાવણ્ય જોઈને તે વિસ્મિત થઈ ગયો. એણે પૂછ્યું : 'આપ તરુણ છો, ભોગવવા યોગ્ય છો, તો પછી આપે આ ઉંમરમાં સંન્યાસ કેમ ગ્રહણ કર્યો?' ઉત્તરમાં મુનિએ કહ્યું : 'હું અનાથ હતો. મારે કોઈ પણ નાથ ન હતો. એટલે હું મુનિ બન્યો'. રાજાએ હસીને કહ્યું : 'શરીરની સુખાકારી પરથી વૈભવશાળી જણાઓ છો, તો પછી આપ અનાથ કેવી રીતે?' હું આપનો નાથ બનું છું. મારી સાથે ચાલો અને સુખપૂર્વક ભોગ ભોગવો.'

મુનિએ કહ્યું : 'તું પોતે જ અનાથ છે; તો મારો નાથ કેવી રીતે બની શકશે?' રાજાને આ વાકય તીક્ષ્ણ અણીની માફક ખૂંચી ગયું. એણે કહ્યું : 'આપ ખોટું બોલો છો ? મારી પાસે વિરાટ સંપદા છે, આરા આશ્રયે હજારો વ્યક્તિ છે. એવી અવસ્થામાં હું અનાથ કેવી રીતે?' મુનિએ આની સમજણ આપતાં જણાવ્યું : 'તું અનાથનો અર્થ જાણતો નથી. હું તને એનું રહસ્ય બતાવું છું. હું ગૃહસ્થાશ્રમમાં કૌશાંબીનગરીમાં રહેતો હતો. મારા પિતા પાસે વિરાટ વૈભવ હતો. મારો વિવાહ ઉચ્ચ કુલમાં થયો હતો. મને એકવાર અસહ્ય ચક્ષુરોગ થયો. પરિવારના બધા સભ્યોએ એ રોગ દૂર કરવાના ઘણા પ્રયત્નો કર્યા. બધાએ મારી વેદના પર અશ્રુપાત કર્યો. પણ કોઈ મારી વેદનામાં ભાગ પડાવી શકયું નહીં. એ હતી મારી અનાથતા. મેં દૃઢ સંકલ્પ કર્યો : 'જો હું આ વેદનાથી મુક્ત થઈ જઈશ, તો હું મુનિ બની જઈશ.' આ સંકલ્પ સાથે હું સૂઈ ગયો. જેમજેમ રાત વીતતી ગઈ તેમતેમ મારો રોગ શાંત થતો ગયો. સવાર થતાં સુધીમાં મેં મારી જાતને સંપૂર્ણ સ્વસ્થરૂપમાં જોઈ. હું શ્રમણ બની બધાં ત્રસ અને સ્થાવર પ્રાણીઓનો નાથ બની ગયો. મેં આત્મા પર શાસન કર્યું. હું વિધિપૂર્વક શ્રમણ-ધર્મનું પરિપાલન કરું છું. આ મારી સનાથતા છે.' સમ્રાટ શ્રેણિક પહેલીવાર જ સનાથ, અનાથનું વિવેચન સાંભળ્યું. એનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં. સમ્રાટ શ્રેણિકે કહ્યું : 'વસ્તુતઃ આપ જ સનાથ છો અને બધાના સાચા બાન્ધવ છો. હું આપના તરફથી ધર્મનું અનુશાસન ઇચ્છું છું'. મુનિએ એને ધર્મનો મર્મ બતાવ્યો. ધર્મમાં અનુરક્ત થઈ ગયો. આ કથાનકમાં અનેક મહત્વપૂર્ણ વિષય ચર્ચાયેલા છે. એમાં આવેલી અનેક ગાથાઓની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તુલના અન્ય સાહિત્યમાં પ્રાપ્ત ગાથાઓ સાથે કરી શકાય તેમ છે. ઉદાહરણ તરીકે અમે અહીં કેટલીક ગાથાઓ પ્રસ્તુત કરીએ છીએ.

ઉત્તરાધ્યન, અ. ૨૦	ધમ્મપદ	ગીતા
અપ્પા નઈ વેયરણી,	અત્તા હિ અત્તનો નાથો.	ઉદ્ધરેદાત્મનાત્માનં,
અપ્પા મે કૂડસામલી,	કો હિ નાથો પરો સિયા,	નાત્માનમવસાદયેત્,
અપ્પા કામદુહા ધેણૂ,	અત્તના વ સુદન્તેન,	આત્મૈવ હ્યાત્મનો બન્ધુ,
અપ્પા મે નન્દણં વણં. ૩૬	નાથં લભતિ દુલ્લભં. ૪	રાત્મૈવ રિપુરાત્મનઃ ૫
અપ્પા કત્તા વિકત્તા ય,	અત્તના વ કતં પાપં,	બન્ધુરાત્માત્મનસ્તસ્ય,
દુહાણ ય સુહાણ ય.	અત્તજં અત્તસંભવં,	યેનાત્મૈવાત્મના જિતઃ
અપ્પા મિત્તમમિત્તં ચ.	અભિમન્થતિ દુમ્મેધં,	અનાત્મનસ્તુ શત્રુત્વે
દુપ્પટ્ઠિય સુપટ્ઠિઓ. ૩૭	વજિરં વસ્સમયં મણિ. ૫	વર્તેતાત્મૈવ શત્રુ વત્. ૬
	અત્તના વ કતં પાપં,	
	અત્તના સંકિલિસ્સતિ,	
	અત્તના અકતં પાપં,	
	અત્તના વ વિસુજ્ઝતિ,	
	સુદ્ધિ અસુદ્ધિ પચ્ચતં,	
	નાઞ્ઞો અઞ્ઞં વિસોધયે. ૬	
ન તં અરી કંઠછેત્તા કરેઈ,	દિસો દિસં યન્તં કયિરા,	
જં સે કરે અપ્પણિયા દુરપ્પા,	વેરી વા પન વેરિનં,	
સે નાહિઈ મચ્ચુમુહં તુ પત્તો,	મિચ્છાપણિહિતં ચિત્તં,	
પચ્છાણુતાવેણ દયાવિહૂણો. ૪૮	પાપિયો નં તતો કરે. ૧૦	
	મુંડકોપનિષદ	
દુવિહં ખવેઊણ ય પુણ્ણ પાવં,	યદા પશ્યઃ પશ્યતે રુકમવર્ણં,	
નિરંગણે સવ્વઓ વિપ્પમુક્કે,	કર્તારમીશં પુરુષં બ્રહ્મયોનિમ્,	
તરિત્તા સમુદ્દં વ મહાભવોઘં,	તદા વિદ્વાન્ પુણ્યપાપે વિધૂય,	
સમુદ્દપાલે અપુણાગમં ગએ. ૨૪	નિરંજનં પરમં સામ્યમુપૈતિ. ૧૩	

ઉપર્યુક્ત ગાથાઓના ભાવોમાં એકરૂપતા તો છે, પણ સાથેસાથે વિષયની દૃષ્ટિએ પણ ઘણી સમાનતા છે.

સમુદ્રપાલીય

ચંપાનગરીમાં પાલિત નામનો એક શ્રમણોપાસક રહેતો હતો. એનો વ્યાપાર દૂરદૂર સુધી ફેલાયેલો હતો. એકવાર તે સોપારી, સોનું વગેરે વસ્તુઓ લઈ સમુદ્રની યાત્રા માટે યાનપાત્ર પર આરૂઢ થઈને ચાલી નીકળ્યો. તે સમુદ્ર કિનારે પિહુંડ-નગરમાં રોકાયો. એક શેઠે પોતાની પુત્રીનો વિવાહ એની સાથે કર્યો. નવોઢા પત્ની ગર્ભવતી થઈ. સમુદ્રયાત્રાની મધ્યમાં જ એણે પુત્રને જન્મ આપ્યો. એનું નામ સમુદ્રપાલ રાખવામાં આવ્યું. તે એકવાર પોતાના ભવ્ય પ્રાસાદના ગવાક્ષમાં બેસીને નગરશ્રીનું અવલોકન કરી રહ્યો હતો ત્યારે એણે જોયું : રાજપુરુષો એક વ્યક્તિને વધભૂમિ તરફ લઈ જઈ રહ્યા હતા. એનાં વસ્ત્ર લાલ હતાં અને ગળામાં કનેરના માળા હતી. એનું મન સંવેગથી ભરાઈ આવ્યું. માતા-પિતાની આજ્ઞા લઈને તે દીક્ષિત થઈ ગયો. કર્મોનો નાશ કરી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયો.

પ્રસ્તુત કથાનકમાં સમુદ્રયાત્રાનો ઉલ્લેખ છે. એ યુગમાં ભારતના વ્યાપારીઓ દૂરદૂર સુધી વ્યાપાર માટે જતા હતા. સામુદ્રિક વ્યાપાર 'ઉન્નત અવસ્થા'માં હતો. વ્યાપારીઓ પાસે પોતાનાં યાનપાત્ર પણ હતાં. તે એક સ્થાનથી બીજા સ્થાન પર માલ લઈને જતા હતા. નદીઓ દ્વારા પણ માલ આવતોજતો હતો. નદીતટ પર ઊતરવા માટે સ્થાન બનાવવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યાં હતા. નિશીથભાષ્યમાં ચાર પ્રકારની નાવનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.[૧] ૧. અનુલોમગામિની ૨. પ્રતિલોમગામિની ૩. તિરિચ્છસંતારણી (એક તટથી બીજા તટ પર સહેલાઈથી જનારી) અને ૪. સમુદ્રગામિની. એ ઉપરાંત ઊર્ધ્વગામિની, અધોગામિની, યોજનવેલાગામિની તેમજ અર્ધયોજનવેલાગામિની વગેરે ચાર પ્રકારની નાવોનો પણ ઉલ્લેખ છે.[૨] સમુદ્રયાત્રા ખતરાથી પર ન હતી. કોઈ વાર એટલો ભયંકર ઉપદ્રવ આવતો કે જહાજ છ-છ મહિના સુધી ચક્કર ચક્કર ફરતાં રહેતાં હતાં.[૩] દેવદેવતાઓના ઉપદ્રવથી રક્ષા પ્રાપ્ત કરવા માટે એમની 'માનતા' પણ રાખવામાં આવતી. જહાજ ફાટી જતાં મુસાફરોને ખૂબ તકલીફ થતી હતી. જહાજ ડૂબવાનાં વર્ણન પણ આગમસાહિત્યમાં અહીંતહીં જોવા મળે છે. જ્યારે પ્રતિકુલ પવન વાતો ત્યારે આકાશ વાદળોથી છવાઈ જતું. આ વખતે જહાજમાં બેઠેલાંઓના પ્રાણ સંકટમાં આવી પડતા. એમને દિશા-ભ્રમ થઈ જતો. તેઓ આવી વિકટવેળાએ એ નિર્ણય કરી શકતા નહીં કે શું કરવું જોઈએ. તેઓ તો એ સમયે જીવવાની આશા છોડી દીનભાવે એક બાજુ બેસી જતા, સમુદ્રની ઉપાસના કરવા લાગતા.[૪] અથવા વીતરાગ પ્રભુની ઉપાસનામાં મગ્ન થઈ જતાં. અહીં પ્રસ્તુત કથાનકમાં એક 'વવહાર' શબ્દ વપરાયો છે. એનું સંસ્કૃત રૂપ 'વ્યવહાર' છે. આગમ યુગમાં આ શબ્દ ખરીદ-વેચાણ, આયાત-નિકાસના અર્થમાં વપરાયો છે. અને 'વધ્ય મંડન શોભાક' શબ્દ દંડવિધાનના અર્થમાં પ્રયુક્ત થયો છે. ચોરોને કડક શિક્ષા કરવામાં આવતી અને કનેરની માલા અને લાલ વસ્ત્રો પહેરાવવામાં આવતાં. એનાં કુકૃત્યોની જાહેરાત એને નગરના મુખ્ય મુખ્ય માર્ગ પર ફેરવી વધભૂમિ તરફ લઈ જતાં કરવામાં આવતી હતી.

મૃગાપુત્ર અને બલશ્રી શ્રમણ

સુગ્રીવનગરમાં બલભદ્ર અને મૃગાવતીનો પુત્ર બલશ્રી રહેતો હતો. પણ તે 'મૃગાપુત્ર' નામથી જાણીતો હતો. યુવાન થતાં એનું લગ્ન કરવામાં આવ્યું. તે પત્નીઓ સાથે રાજપ્રસાદના ગવાક્ષમાં બેસીને નગરચર્યાનું અવલોકન કરી રહ્યો હતો, તે વખતે એની દૃષ્ટિ એક નિર્ગ્રંથ મુનિરાજ પર જઈ પડી. મુનિનું તેજસ્વી કપાલ, ચમકતાં નેત્રો અને તપથી અત્યંત કૃશ થઈ ગયેલા શરીર તરફ તે એકીટસે જોઈ રહ્યો. ચિંતન તીવ્ર થયું. એને 'મેં આવું રૂપ પૂર્વે પણ જોયું છે.' એમ જાતિ-સ્મરણ ઉત્પન્ન થયું. 'હું પૂર્વભવનમાં શ્રમણ હતો.' આ અનુભૂતિથી એનું મન વૈરાગ્યથી ભરાઈ ગયું. માતાપિતાને એણે કહ્યું : 'હું દીક્ષા લેવા માગું છું. આ શરીર અનિત્ય છે, અશુચિમય છે અને સંક્લેશોનું ભાજન છે. એને આજ નહીં તો કાલે પણ જરૂર છોડવું પડશે?' માતાપિતાએ દુશ્ચરતા તથા કઠોરતાનું ભાન કરાવતાં કહ્યું : 'તું સુકોમલ છે, તારે માટે શ્રમણજીવનનું પાલન કરવું અત્યંત કઠિન છે. રેતીના કોળિયાની માફક તે નિસ્વાદ અને તલવારની ધાર જેવું દુશ્ચર છે. શ્રમણ-ધર્મ સ્વીકાર્યા પછી રોગ થશે ત્યારે ચિકિત્સા કોણ કરશે?' ઉત્તરમાં મૃગાપુત્રે કહ્યું : 'વનમાં વસનારાં હરણ વગેરે પશુ-પક્ષીઓની ચિકિત્સા કોણ કરે છે? અને એને કોણ ભક્તપાન આપે છે? એમ તો હું મૃગચારિકાથી મારું જીવન વીતાવીશ?' 'અંતે મુનિ-ધર્મને સ્વીકારી મૃગાપુત્ર શ્રમણ-ધર્મનું પાલન કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયો. મૃગાપુત્ર અને માતાપિતા વચ્ચેનો સંવાદ ખૂબ મહત્વપૂર્ણ છે, સાથે સાથે પ્રેરણાદાયી પણ છે.

ગર્દભાલી અને સંજયરાજા

કાંપિલ્યનગરનો અધિપતિ રાજા સંજય શિકાર કરવા માટે કેશર ઉદ્યાનમાં ગયો. એણે હરણોને માર્યાં. એટલામાં એની દૃષ્ટિ એકાએક ધ્યાનમુદ્રામાં બેઠેલા ગર્દભાલી મુનિ પર ગઈ. તે બીકથી ધ્રૂજી ઊઠ્યો. મેં મુનિરાજનાં હરણોને મારીને અશાતના કરી છે. તે ઘોડા પરથી ઊતરી મુનિની ક્ષમા માગવા લાગ્યો, પણ મુનિ તો ધ્યાનસ્થ હતા. એટલે રાજા ભયથી વધુ વ્યથિત થઈ ગયો. જો મુનિ ગુસ્સે થઈ જશે તો પોતાના દિવ્ય તેજથી મારા સમગ્ર રાજ્યનો નાશ કરી નાખશે. એટલે એણે ફરીવાર મુનિ સમક્ષ નિવેદન કર્યું. મુનિએ ધ્યાનમાંથી નિવૃત્ત થઈ એને કહ્યું : 'હું તને અભય આપું છું. તું પણ બધાં પ્રાણીઓને અભય આપ.' મુનિના ત્યાગથી ઊભરાતો ઉપદેશ શ્રવણ કરી રાજા સંજય શ્રમણ બની ગયો.

એક દિવસ એક ક્ષત્રિય મુનિ સંજયની પાસે આવ્યો અને એમને પૂછ્યું : 'તમારું નામ અને ગોત્ર કયાં? તમે કેમ મુનિ થઈ ગયા? તમે કયા આચાર્યોની સેવા કરી રહ્યા છો?' સંજય મુનિએ કહ્યું : 'મારું નામ સંજય છે. ગોત્ર છે ગૌતમ. મારા આચાર્યનું નામ ગર્દભાલી છે. હું મુક્તિ માટે શ્રમણ બન્યો છું. આચાર્યની આજ્ઞાનુસાર કાર્ય કરું છું, એટલે વિનીત છું.'

---

૧. નિશીથભાષ્ય, પીઠિકા, ૧૮૩

૨. (ક) નિશીથ, સૂત્ર ૧૮, ૧૨-૧૩ (ખ) મહાનિશીથ, ૪૧, ૩૫ (ગ) ગચ્છાચાર વૃત્તિ, પૃ. ૫૦

૩. ઉત્તરાધ્યયન, ટીકા ૧૮, પૃ. ૨૫૨-અ

૪. (ક) જ્ઞાતાધર્મકથા, ૧૭ પૃ. ૨૦૧ (ખ) કથાસરિત્સાગર, પેન્જર આવૃત્તિ ૭, અ. ૧૦૧, પૃ. ૧૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કથાનકમાં ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાંતિ, અર, કુંથુ, મહાપદ્મ, હરિષેણ, જય વગેરે ચક્રવર્તી રાજાઓનાં નામ છે. દશાર્ણભદ્ર, નમિ, કરકંડુ, દ્વિમુખ, નગ્ગતિ, ઉદાયક, કાશિરાજ વિજય, મહાબલ વગેરે રાજાઓનાં નામ છે. દશાર્ણ, કલિંગ, પાંચાલ, વિદેહ, ગાંધાર, સૌવીર, કાશી વગેરે દેશોનાં નામ છે. ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદનો પણ ઉલ્લેખ છે. આ પ્રમાણે આ કથાનક પ્રાગ-ઐતિહાસિક સામગ્રીનું સુંદર સંકલન છે.

ઈષુકાર રાજા

પ્રસ્તુત કથાનકમાં મુખ્ય છ પાત્રો છે : (૧) ઈષુકાર મહારાજા (૨) મહારાણી કમલાવતી (૩)ભૃગુ પુરોહિત (૪) પુરોહિતની પત્ની યશા અને (૫) (૬) પુરોહિતના બે પુત્રો.

ઉત્તરાધ્યયનનિર્યુક્તિમાં આ બધાં પાત્રોના પૂર્વભવ, વર્તમાનભવ તથા એમનો ઉત્પત્તિ તથા નિર્વાણપ્રાપ્તિનું સંક્ષિપ્ત ઇતિવૃત્ત પ્રસ્તુત કરવામાં આવ્યું છે. અમે વિસ્તારથી નહિ પણ એ સંક્ષેપમાં જણાવીશું કે પુરોહિતના બે પુત્રો દીક્ષા માટે તૈયાર થાય છે. એમનાં માતાપિતા એમને ગૃહસ્થાશ્રમમાં રહીને બ્રાહ્મણકાર્ય-યજમાનવૃત્તિ કરવા માટે ત્રેરે છે. પણ જ્યાં વૈરાગ્યનો સાગર ઊછળતો હોય ત્યાં તે વ્યક્તિ સંસારમાં કેવી રીતે રહી શકે ? તે બન્ને માતાપિતાને વિવિધ રૂપકો તેમજ અકાટય તર્કોથી સંસારની અસારતા દર્શાવે છે. પિતા બ્રાહ્મણસંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતાં પોતાના તર્ક પ્રસ્તુત કરે છે. જ્યારે બન્ને પુત્રો શ્રમણસંસ્કૃતિનું નેતૃત્વ કરતાં પોતાની દલીલ પ્રસ્તુત કરે છે. અને ભૃગુપુરોહિતને સંસારની અસારતા અને ક્ષણભંગુરતા પર વિશ્વાસ ઉત્પન્ન થઈ જાય છે. તે પોતાની પત્નીને સમજાવે છે. એની પત્ની પણ દીક્ષા લેવા માટે તૈયાર થઈ ગઈ. પુરોહિતને કોઈ વારસદાર ન હતું, એટલે રાજાનું મન એની વિરાટ સંપત્તિ લેવા લલચાયેલું હતું. રાણી કમલાવતી ઈષુકાર રાજાને કહે છે : 'રાજન્, ઊલટી કરી એને ચાટનાર પુરુષની પ્રશંસા નથી થતી. આપ બ્રાહ્મણ દ્વારા પરિત્યક્ત ધન ગ્રહણ કરવા ઇચ્છો તે ઊલટી કરીને ચાટવા સમાન છે.' રાણીએ ભોગોની અસારતા પર પ્રકાશ પાડયો. રાજાનું મન વિરક્તિથી ભરાઈ ગયું. છેવટે રાજા અને રાણી બન્ને દીક્ષિત થઈ જાય છે.

બૌદ્ધ સાહિત્યમાં

પ્રસ્તુત કથાનકની જેમ બૌદ્ધ સાહિત્યમાં પણ આ કથા કંઈક રૂપાંતર સાથે પ્રાપ્ત થાય છે. ત્યાં પણ આ કથા ઘણા વિસ્તારથી આપવામાં આવી છે. બૌદ્ધ કથાવસ્તુમાં આઠ પાત્રો છે. તે આ પ્રમાણે છે :

(૧) રાજા એસુકારી (૨) પટરાણી (૩) પુરોહિત (૪) પુરોહિતની પત્ની (૫) પહેલો પુત્ર હસ્તિપાલ (૬) બીજો પુત્ર અશ્વશાલ (૭) ત્રીજા પુત્ર ગોપાલ (૮) ચોથો પુત્ર અજપાલ

ન્યગ્રોધ વૃક્ષના અધિષ્ઠાયક દેવના વરદાનથી પુરોહિતને ચાર પુત્રો થયા. તે ચારે દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છે છે. પિતા આ ચારેયની પરીક્ષા કરે છે. પિતા અને પુત્રો વચ્ચે પરસ્પર સંવાદ થાય છે. ચારેય પુત્રો ક્રમશઃ પોતાના પિતા સમક્ષ જીવનની નશ્વરતા, સંસારની અસારતા અને કામભોગોની ક્ષણિકતાનું પ્રતિપાદન કરે છે. ચારેય દીક્ષા ગ્રહણ કરે છે. પુરોહિત પણ દીક્ષા ગ્રહણ કરે છે. બીજા દિવસે બ્રાહ્મણી પણ દીક્ષિત થઈ જાય છે. રાજા-રાણી પણ પ્રવ્રજ્યા લઈ લે છે. સરપેંટિયરે નોંધ્યું છે : 'ઈષુકારના કથાનક સાથે બૌદ્ધ કથા-વસ્તુની અત્યધિક સમાનતા છે. ઈષુકારની કથા બૌદ્ધ કથાવસ્તુથી પ્રાચીન હોવી જોઈએ.[૨]'

ડૉ. ઘાટગેનો અભિપ્રાય એવો છે કે, જૈન કથાવસ્તુ વ્યવસ્થિત, સ્વાભાવિક યથાર્થ અને જાતકથા પ્રાચીન છે. એમણે તે પણ દર્શાવ્યું છે કે, 'જાતકની કથા કથાવસ્તુની અપેક્ષાએ પૂર્ણ છે, એમાં પુરોહિતના ચાર પુત્રોનું વિસ્તારથી વર્ણન છે, જ્યારે જૈન કથામાં એનો અભાવ છે. બીજો ફેરફાર એ છે કે, જાતકમાં પુરોહિતના ચાર પુત્રોનો ઉલ્લેખ છે, જ્યારે ઉત્તરાધ્યયનમાં બે પુત્રોનું જ વર્ણન છે. જૈન કથામાં રાજા અને પુરોહિતની વચ્ચે સંબંધ હોવાનું દર્શાવ્યું નથી, જ્યારે જાતકમાં પુરોહિત અને રાજા વચ્ચે સંબંધ છે. પુરોહિત પુત્રોની પરીક્ષા લેવા રાજા સાથે પરામર્શ કરે છે અને બંને મળીને પુત્રોની પરીક્ષા કરે છે. જૈન પરંપરામાં જ્યારે પુરોહિત દીક્ષિત થઈ જાય છે, ત્યારે રાજા એ સંપત્તિ પર પોતાનો અધિકાર સમજીને એના પર પોતાનું સ્વામીત્વ સ્થાપિત કરે છે. એનાથી એની રાણીનું મન વૈરાગ્યથી ભરાઈ

૧. ઉત્તરાધ્યયનનિર્યુક્તિ, ગાથા ૩૬૩-૩૭૩.

૨. This legend certainly presents rather striking resemblance to the prose introduction of the Jataka 509, and must consequently be old.'

—The Uttarradhyayana Sutra, p. 332. Foot note No. 2.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય છે. તે સ્વયં દીક્ષિત થવા માટે તૈયાર થઈ જાય છે, અને રાજાને પણ આની પ્રેરણા આપે છે. આ બહુ જ સ્વાભાવિક અને યથાર્થ પણ છે. પણ જાતક કથામાં એવી સ્વાભાવિકતા દેખાતી નથી. જાતક કથાવસ્તુમાં ન્યગ્રોધ વૃક્ષના દેવતા દ્વારા ચાર પુત્રોનું વરદાન પુરોહિતને પ્રાપ્ત થાય છે, જ્યારે રાજાને પુત્રની ખૂબ જ આવશ્યકતા હોવા છતાં એને એક પણ પુત્ર પ્રાપ્ત થયો નહીં. આનાથી એ સ્પષ્ટ થાય છે કે આ કથા જૈનકથાવસ્તુ પછી લખાયેલી છે.[૧]

મહાભારતમાં

પ્રસ્તુત કથાની જેમ મહાભારતના શાંતિપર્વ, અધ્યાય ૧૭૫માં અને અધ્યાય ૨૭૭માં પિતાપુત્રનો સંવાદ છે. તે સંવાદ સાથે આની તુલના સહજપણે કરી શકાય. જોકે બંને અધ્યાયોનો પ્રતિપાદ્ય વિષય એક છે, નામોમાં પણ કોઈ ફેરફાર નથી, બન્નેમાં સમ્રાટ યુધિષ્ઠિર ભીષ્મપિતામહ પાસે કલ્યાણમાર્ગ જાણવા માગે છે, એની સમજણ આપતાં ભીષ્મ પિતામહ એક બ્રાહ્મણ અને એના એક મેધાવી પુત્રનો સંવાદ જે પ્રાચીન ઇતિહાસમાં આવેલો છે, તે ઉદાહરણરૂપે પ્રસ્તુત કરે છે. 'ઉત્તરાધ્યયન'માં ત્રેપન ગાથાઓ છે, તો મહાભારતમાં ઓગણચાલીસ શ્લોક છે. અર્થ અને શબ્દસામ્ય બંને વાચકને વિસ્મયમાં મૂકી દે છે. જૈન અને બૌદ્ધકથાવસ્તુમાં પિતા અને પુત્રની સાથે રાજા તેમજ રાણીનો પૂર્ણ સંબંધ છે, તથા એ બતાવવામાં આવ્યું છે કે તેઓ અંતે દીક્ષિત થાય છે. જ્યારે મહાભારતમાં મુખ્યત્વે પિતાપુત્રનો સંવાદ છે. અંતમાં પુત્રના ઉપદેશથી તે સત્યધર્મ ગ્રહણ કરે છે. મહાભારતના અધ્યયનથી એ વાત સ્પષ્ટ થાય છે કે પિતા પોતાના પુત્રને બ્રાહ્મણધર્મની વાત સમજાવે છે અને તે એને કહે છે : 'વત્સ, વેદોનું ગહન અધ્યયન કરો, ગૃહસ્થાશ્રમ ધારણ કરો, પુત્ર પેદા કર્યા વિના પિતૃઓની સદ્ગતિ થતી નથી, યજ્ઞ-યાગ કરો. તે પછી જ વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરો.' પિતાના તર્કનું સમાધાન કરતાં પુત્ર કહે છે : 'આપનું કથન સત્ય છે. પણ આપ જરા વિચાર કરો. સન્યાસ માટે કોઈ કાળમર્યાદા આવશ્યક નથી. ધર્માચરણ કરવા માટે મધ્યમ વય અધિક ઉપયુક્ત છે. જે કોઈ કર્મ હોય છે, એનું ફલ અવશ્ય મળે છે. આપે યજ્ઞ અંગે કહ્યું, પરંતુ જે યજ્ઞ હિંસાયુક્ત છે, તે તામસ-યજ્ઞ છે. અને તે યજ્ઞ સાધક માટે કરવાયોગ્ય નથી. ત્યાગ તપ અને સત્ય જ શાંતિનો સાચો રાજપથ છે. આ વિશ્વમાં ત્યાગ સમાન કોઈ સુખ નથી. સંતતિ સંસારથી પાર ઉતારી શકતી નથી. વિરાટ વૈભવ અને પરિજન ત્રાણ-પ્રદાતા નથી. એટલે આત્માની અન્વેષણા કરવી જોઈએ. પુત્રો પોતાની ચર્ચામાં જે તથ્ય આપે છે તે તથ્ય શ્રમણ પરંપરાને વધુ અનુકૂલ છે. મહાભારત અને હસ્તિપાલજાતકમાં જે શ્લોક છે, તે શ્લોક તથા ઉત્તરાધ્યયનના પ્રસ્તુત કથામાં જે ગાથાઓ છે, એમાં ઘણી-બધી સમાનતા છે. અમે અત્રે સંશોધક માટે તુલનાત્મક દૃષ્ટિએ અધ્યયન કરવાના હેતુ માટે ગાથાઓ અને શ્લોક પ્રસ્તુત કરીએ છીએ.

ઉત્તરાધ્યયન (અધ્યાય ૧૪)

જાઈ જરામચ્ચુભયાભિભૂયા,
બહિં વિહારાભિનિવિટ્ઠચિત્તા,
સંસારચક્કસ્સ વિમોક્ખણટ્ઠા,
દટ્ઠૂણ તે કામગુણે વિરત્તા. ૪
અણિજ્જ વેએ પરિવિસ્સ વિપ્પે,
પુત્તે પડિટ્ઠપ્પ ગિહંસિ જાયા,
ભોચ્ચાણ ભોએ સહ ઇત્થિયાહિં,
આરણ્ણગા હોહ મુણી પસત્થા. ૬

મહાભારત (શાંતિ અ ૧૭૫)

મૃત્યુર્જરા ચ વ્યાધિશ્ચ,
દુઃખં ચાનેકકારણમ્;
અનુષક્તં યદા દેહે,
કિં સ્વસ્થ ઇવ તિષ્ઠસિ ? ૨૩
વેદાનધીત્ય બ્રહ્મચર્યેણ પુત્ર,
પુત્રાનિચ્છેત્ પાવનાર્થં પિતૃણામ્,
અગ્નીનાધાય વિધિવચ્ચેષ્ટયજ્ઞો,
વનં પ્રવિશ્યાથ મુનિર્બુભૂષેત્. ૬

હસ્તિપાલ જાતક (સં ૫૦૯)

અધિચ્ચ વેદે પારયેસ વિત્તં,
પુત્તે ગેહે તાત પતિટ્ઠપેત્વા,
અન્ધે રસે પચ્ચનુભુત્વ સબ્બં,
અરઞ્ઞં સાધુ, મુનિ સો પસત્થો. ૪

૧. Annals of the Bhandarkar Oriental Research Institute, Vol. 17, (1935–36) A few parallels in Jain and Buddhist Works, pp. 343–344.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરાધ્યયન

વેયા અહીયા ન ભવન્તિ તાણું,
ભૂત્તા દિયા નિન્તિ તમં તમેણું,
જાયા ય પુત્તા ન હવન્તિ તાણું,
કો ણામ તે અણુમન્નેજ્જ એયં. ૧૨

ખણમેત્તસોક્ખા બહુકાલદુક્ખા,
પગામદુક્ખા અણિગામસોક્ખા,
સંસારમોક્ખસ્સ વિપક્ખભૂયા,
ખાણી અણત્થાણ ઉ કામભોગા. ૧૩

ઇમં ચ મે અત્થિ ઇમં ચ નત્થિ,
ઇમં ચ મે કિચ્ચં ઇમં અકિચ્ચં,
તં એવમેવં લાલપ્પમાણું,
હરા હરંતિ ત્તિ કહં પમાએ? ૧૫

મહાભારત

મોહેન હિ સમાવિષ્ટઃ
પુત્રદારાર્થમુદ્યતઃ ।
કૃત્વા કાર્યમકાર્યં વા,
પુષ્ટિમેષાં પ્રયચ્છતિ. ૧૭

તં પુત્રપશુસમ્પન્નં,
વ્યાસક્તમનસં નરમ્,
સુપ્તં વ્યાઘ્રો મૃગમિવ,
મૃત્યુરાદાય ગચ્છતિ. ૧૮

મૃત્યોર્વા મુખમેતદ્ વૈ,
યા ગ્રામે વસતો રતિઃ,
દેવાનામેષ વૈ ગોષ્ઠો,
યદરણ્યમિતિ શ્રુતિઃ. ૨૫

નિર્બન્ધની રજ્જુરેષા,
યા ગ્રામે વસતો રતિઃ
છિન્દન્તિ એતાં સુકૃતો યાન્તિ,
નૈનાં છિન્દન્તિ દુષ્કૃતઃ ૨૬

આત્મન્યેવાત્મના જાત,
આત્મનિષ્ઠોઽપ્રમોઽપિ વા,
આત્મન્યેવ ભવિષ્યામિ,
ન માં તારયતિ પ્રજ્ઞા. ૩૬

હસ્તિપાલ જાતક

વેદા ન સચ્ચા ન ચ વિત્તલાભો,
ન પુત્તલાભેન જરં વિહન્તિ,
ગન્ધે રસે મુચ્ચનં આહુસન્તો,
સકમ્મુના હોતિ ફલૂપપત્તિ. ૫

ગવં ન નટ્ઠં પુરિસો યથા વને,
પરિયેસતિ રાજ અપસ્સમાનો,
એવં નટ્ઠો એસુકારી મં અત્થો,
સો હં કથં ન ગવેસ્સેય્ય રાજ. ૧૧

મહાભારત

ઇદં કૃતમિદં કાર્યં,
મિદમન્યત્ કૃતાકૃતમ્,
એવમીહાસુખાસક્તં
કૃતાન્ત કુરુતે વશે. ૨૦

કૃતાનાં ફલમપ્રાપ્તં,
કર્મણાં કર્મસંજ્ઞિતમ્,
ક્ષેત્રાપણગૃહાસક્તં
મૃત્યુરાદાય ગચ્છતિ. ૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરાધ્યયન

ધણું પ્રભૂયં સહ ઇત્થિયાહિં,
સયણા તહા કામગુણા પગામા,
તવં કએ તપ્પઇ જસ્સ લોગો,
તં સવ્વ સાહીણમિહેવ તુભ્ભં. ૧૬
ધણેણ કિં ધમ્મધુરાહિગારે,
સયણેણ વા કામગુણેહિ ચેવ,
સમણા ભવિસ્સામુ ગુણોહધારી,
બહિંવિહારા અભિગમ્મ ભિક્ખં. ૧૭

જહા વયં ધમ્મમજાણમાણા,
પાવં પુરા કમ્મમકાસિ મોહા,
ઓરુજ્જમાણા પરિરક્ખિયન્તા,
તં નેવ ભુજ્જો વિ સમાયરામો. ૨૦

અબ્ભાહયંમિ લોગંમિ,
સવ્વઓ પરિવારિએ,
અમોહાહિં પડન્તીહિં,
ગિહંસિ ન રઇં લભે ૨૧
કેણ અબ્ભાહઓ લોગો ?
કેણ વા પરિવારિઓ ?
કા વા અમોહા વુત્તા ?
જયા ચિંતાવરો હુમિ ૨૨
મચ્ચુણાઽબ્ભાહઓ લોગો,
જરાએ પરિવારિઓ,
અમોહા રયણી વુત્તા,
એવં તાય વિયાણહ. ૨૩

મહાભારત

દુર્બલં બલવન્તં ચ,
શૂર-ભીરું જડં કવિમ્,
અપ્રાપ્ત સર્વકામાર્થાન્,
મૃત્યુરાદાય ગચ્છતિ. ૨૨

હસ્તિપાલ જાતક

હિય્યો તિ હિય્યો તિ,
પોસો પરેતિ (પરિહાયતિ),
અનાગતં નેતં અત્થીતિજત્વા,
ઉપ્પન્નછંન્દં ક્રો નુપદેય્ય ધીરો. ૧૨

મહાભારત

નૈતાદંશ બ્રાહ્મસ્યાસ્તિ વિત્તં,
યથૈકતા સમતા સત્યતા ચ,
શીલં સ્થિતિર્દણ્ડનિધાનમાર્જવં,
તતસ્તતશ્ચોપરમઃ ક્રિયાભ્યઃ ૩૭
કિં તે ધનૈર્બાન્ધવૈરપિ કિં તે,
કિં તે દારૈર્બ્રાહ્મણ યો મરિષ્યસિ,
આત્માનમન્વિચ્છ ગુહાં પ્રવિષ્ટં,
પિતામહાસ્તે ક્વ ગતાઃ પિતા ચ. ૩૮

હસ્તિપાલ જાતક

અયં પુરે લુદ્દં અકાસિ કમ્મં,
સ્વાર્થંગહીતો નહિ મોક્ખ ઈતોમે,
ઓરું ધિયા નં પરિરક્ખિસ્સામિ,
માયં પુન લુદ્દં અકાસિ કમ્મં. ૧૭

મહાભારત

એવમભ્યાહતે લોકે,
સમન્તાત્ પરિવારિતે,
અમોઘાસ્તુ પતન્તીષુ,
કિં ઘોર ઇવ ભાષસે. ૭
કથમભ્યાહતો લોકઃ
કેન વા પરિવારિતઃ
અમોઘાઃ કાઃ પતન્તીહ,
કિ નુ ભીષયસીવ મામ્. ૮
મૃત્યુનાભ્યાહતો લોકો,
જરયા પરિવારિતઃ,
અહોરાત્રા પતન્ત્યેતે,
નનુ કસ્માન્ન બુધ્યસે. ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરાધ્યયન

જા જા વચ્ચઈ રયણી,
ન સા પડિનિયત્તઈ,
અહમ્મં કુણમાણસ્સ,
અફલા જન્તિ રાઈઓ. ૨૪
જા જા વચ્ચઈ રયણી,
ન સા પડિનિયત્તઈ,
ધમ્મં ચ કુણમાણસ્સ,
અફલા જન્તિ રાઈઓ, ૨૫

જસ્સત્થિ મચ્ચુણા સક્ખં,
જસ્સ વડત્થિ પલાયણં,
જો જાણે ન મરિસ્સામિ,
સો હુ કંખે સુએ સિયા. ૨૭

અજ્જેવ ધમ્મં પડિવજ્જયામો
જહિં પવન્ના પુણબ્ભવામો
અણાગયં નેય ય અત્થિ કિંચિ
સદ્ધાખમં ણે વિણઇત્તુ રાગં. ૨૮

પુરોહિયં તં સસુયં સદારં,
સોચ્ચાઅભિનિક્ખમ્મ પહાયભોએ,
કુટુમ્બ સારં વિઉલુત્તમં તં.
રાયં અભિક્ખં સમુવાય દેવી. ૩૭

વેન્તાસી પુરિસો રાય,
ન સો હોઇ પસંસિઓ,
માહણેણ પરિચ્ચત્તં,
ઘણું આદાઉમિચ્છસિ. ૩૮

મહાભારત

અમોઘા રાત્રયશ્ચાપિ,
નિત્ય–માયાન્તિ યાન્તિ ચ,
યદાહમેતજ્જનામિ,
ન મૃત્યુસ્તિષ્ઠતીતિ હ,
સોઽહં કથં પ્રતીક્ષિષ્યે,
જાલેનાપિહિતશ્ચરન્. ૧૦
રાત્ર્યાં રાત્ર્યાં વ્યતીતાયા—,
માયુરલ્પતરં યદા,
ગાધોદકે મત્સ્ય ઇવ,
સુખં વિન્દેત કસ્તદા. ૧૧
તદૈવ વન્ધ્યં દિવસમિતિ.
વિદ્વાદ્ વિચક્ષણઃ
અનવાપ્તેષુ કામેષુ,
મૃત્યુરભ્યેતિ માનવમ્. ૧૨

હસ્તિપાલજાતક

યસ્સ અસ્સ સક્ખી મરણેન રાજ,
જરાય મેત્તી નરવિરિયસેટ્ઠ,
યો ચાપિ જઞ્ઞા સ મરિસ્સં કદાચિ,
પસ્સેય્યુતં તં વસ્સસતં અરોગં. ૭

મહાભારત

શ્વ કાર્યમદ્ય કુર્વીત,
પૂર્વાહ્ણે ચાપરાહ્ણિકમ્,
ન હિ પ્રતીક્ષતે મૃત્યુઃ,
કૃતમસ્ય ન વા કૃતમ્. ૧૫
કો હિ જાનાતિ કસ્યાદ્ય,
મૃત્યુકાલો ભવિષ્યતિ,
અહ્નો ઽવાઽમતે,
મીનાન્ મીનગ્રહો યથા, ૧૫
પુત્રસ્યૈતદ્ વચઃ શ્રુત્વા,
યથા કાર્ષીત્ પિતા નૃપઃ,
તથા સ્વમપિ વર્તસ્વ.
સત્યધર્મ પરાયણઃ ।। ૩૯

હસ્તિપાલજાતક

અવમી બ્રાહ્મણો કામે,
તે ત્વં પચ્ચાવમિસ્સસિ,
વન્તાદો પુરિસો રાજ,
ન સો હોતિ પસંસિયો. ૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરાધ્યયન	હસ્તિપાલ જાતક
નાગો વ્વ બન્ધણં છિત્તા,	ઈદં વત્વા મહારાજ,
અપ્પણો વસહિં વએ,	એસુકારી દિસમ્પતિ,
એયં પત્થં મહારાય,	રટ્ઠં હિત્વાન પબ્બજિ,
ઉસુયારિ ત્તિ મે સુયં. ૪૮	નાગો છેત્વા વ બંધનં. ૨૦

સરપેંટિયરે ઉત્તરાધ્યયનની ૪૪–૪૫મી ગાથા પ્રત્યે ધ્યાન દોરતાં લખ્યું છે કે, 'આ ગાથાઓનું પ્રતિપાદ્ય જાતકના અઢારમા શ્લોકમાં પ્રતિપાદિત કથામાંથી જાણી શકાય છે.

કથાસાર આ પ્રમાણે છે :

પુરોહિતનો સમગ્ર પરિવાર દીક્ષિત થઈ ગયો. રાજાએ એની વિપુલ સંપત્તિ પોતાની પાસે મંગાવી લીધી. રાણીને આની જાણ થઈ, એટલે તે રાજાને સમજાવવાનો ઉપક્રમ કરવા લાગી. રાણીએ કસાઈના ત્યાંથી માંસ મંગાવ્યું અને રાજમહેલમાં તેને વિખરાવ્યું. સીધા રસ્તાઓ સિવાય ચારેબાજુ જાળ બંધાવી દીધી. માંસને જોઈ ગીધ પક્ષીઓ આવ્યાં. તેઓએ ખૂબ માંસ ખાધું. જે ગીધ બુદ્ધિમાન હતાં એમણે જાળ જોઈને વિચાર્યું : 'અમે માંસ ખાઈ ખૂબ વજનદાર બની ગયાં છીએ જોયો અમે આકાશમાં સીધાં ઊડી શકીશું નહીં? એમણે ખાધેલ માંસની ઊલટી કરી નાંખી અને એ રીતે હલકાં થઈને આકાશમાં ઊડી ગયાં. જે ગીધ બુદ્ધિહીન હતાં એમણે ઊલટી કરેલું માંસ પણ ખાધું અને ખૂબ જ વજનદાર બની ગયાં. તેથી તેઓ સીધાં ઊડી શકયાં નહીં. વાંકાંત્રાંસાં ઊડવા લાગ્યાં અને જાળમાં ફસાઈ ગયાં. એક ગીધ લાવીને અનુચરોએ રાણીને દેખાડયું. તે રાજાની સમીપ ગઈ અને એણે ઝરુખો ખોલીને રાજાને કહ્યું : 'આપ પણ જરા તમાશો જુઓ. આર્યપુત્ર, જે ગીધ માંસ ખાઈને પછી ઊલટી કરી નાંખે છે તે ગીધ આકાશમાં ઊડીને ચાલ્યાં જાય છે અને જે ગીધ માંસ ખાઈને ઊલટી કરી રહ્યાં નથી, તે મારા દ્વારા બિછાવવામાં આવેલી જાળમાં ફસાઈ રહ્યાં છે?'[૧]

સરપેન્ટિયરે પ્રસ્તુત કથાનકમાં આવેલી ૪૯ થી ૫૩ સુધીની ગાથાઓને મૂળ માની નથી. એમનો અભિપ્રાય એવો છે કે, આ પાંચ ગાથા મૂલ–કથા સાથે સંકળાયેલી નથી. એ શકય છે કે જૈન કથાકારે પાછળથી એની રચના કરી અહીં મૂકી હોય.[૨] પણ ઉત્તરાધ્યયનના વ્યાખ્યાસાહિત્યમાં આ અંગે કોઈ પણ ઉલ્લેખ નથી. એટલે સરપેન્ટિયરનું કથન માત્ર તર્ક પર જ આધારિત છે, તથ્ય પર નહીં.

પુરાણ સાહિત્યમાં

માર્કંડેયપુરાણમાં પ્રસ્તુત પ્રસંગ અંગે મધુર સંવાદ છે. એક વાર પક્ષીઓ સમક્ષ જૈમિનીએ પ્રાણીઓના જન્મ વગેરે અંગે જિજ્ઞાસાથી પ્રશ્ન ઉપસ્થિત કર્યો. આનું સમાધાન કરતાં એમણે પિતાપુત્રનો એક સંવાદ પ્રસ્તુત કર્યો. ભાર્ગવ નામના બ્રાહ્મણને સુમતિ નામનો એક પુત્ર હતો. તેણે ધર્મતત્ત્વનો ઊંડાણથી અભ્યાસ કર્યો હતો. એક દિવસ ભાર્ગવે પુત્રને કહ્યું : 'વત્સ પ્રથમ વેદોનું અધ્યયન કર તથા ગુરુજનોની સેવા શુશ્રૂષા કર, ગૃહસ્થ જીવન અપનાવ. યજ્ઞ–યાગ વગેરે કૃત્યોથી પરવાર, પુત્રોને જન્મ આપ, પછી સંન્યાસ ગ્રહણ કરજે, તે પહેલાં નહીં.'[૩]

સુમતિએ જણાવ્યું : 'જે બાબત અંગે આપ મને સંકેત કરો છો, એનો મેં આ પૂર્વે અનેકવાર અભ્યાસ કર્યો છે. એ ઉપરાંત વિવિધ પ્રકારનાં શાસ્ત્ર અને શિલ્પોનું પણ અનેકવાર અધ્યયન કર્યું છે. એટલે મને જ્ઞાન થઈ ગયું છે કે મારે વેદો સાથે શું લેવાદેવા છે.'

'પૂજ્યવર! હું આ વિશાલ સંસારમાં ખૂબ પરિભ્રમણ કરી ચૂકયો છું. મેં અનેકવાર માતાપિતાના સંયોગ અને વિયોગનો અનુભવ કર્યો છે. સુખ અને દુઃખ સહન કર્યાં છે. જન્મ અને મૃત્યુના ચક્કરમાં ચકરાવો લઈને મને વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થયું છે. હું મારા લાખો પૂર્વજન્મો નિહાળી રહ્યો છું. મને મોક્ષ પ્રાપ્ત કરાવનારું જ્ઞાન લાધી ગયું છે.

૧. જાતક સંખ્યા ૫૦૯, પાંચમો ખંડ, પૃ. ૭૫.

૨. The verses from 49 to the end of the chapter certainly do not belong to original legend but must have been composed by the Jain author. —The Uttaradhyayan Sutra, p. 335.

૩. વેદાનધીત્ય સુમતે, યથાનુક્રમ માદિતઃ ગુરુ શુશ્રુષયેત્યર્થો લૈક્ષાનકૃતભોજનમ્ ॥
તતો ગાર્હસ્થ્યમાસ્થાય ચેષ્ટ્વા યજ્ઞાનનુત્તમાન્ ઈષ્ટમુત્પાદયાપત્યમાશ્રયેથા વનં ગતઃ॥ —માર્કંડેયપુરાણ, ૧૦, ૧૧, ૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વિશિષ્ટ જ્ઞાનને કારણે ઋક્, યજુ, સામ વગેરે વેદોના ક્રિયાકાંડ મને ઉચિત લાગતા નથી. મને ઉત્કૃષ્ટ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે. હું **નિરીહ** છું. વેદો સાથે મારે શી લેવા દેવા છે? આ ઉત્કૃષ્ટ જ્ઞાનની આરાધના અને સાધના વડે મને બ્રહ્મની પ્રાપ્તિ થઈ જશે'.[૧]

પિતાએ કહ્યું : 'વત્સ, તું આવી વાત કેમ કરી રહ્યો છે? એવું પ્રતીત થાય છે કે કોઈ ઋષિ યા દેવનો શાપ તને લાગ્યો છે.'[૨] સુમતિએ કહ્યું : 'તાત, પૂર્વ જન્મમાં હું એક બ્રાહ્મણ હતો. સદા પરમાત્માના ધ્યાનમાં તલ્લીન રહેતો હતો. આત્મવિદ્યાના વિચારો મારામાં પૂર્ણપણે વિકસિત થઈ ગયા હતા. હું હંમેશાં સાધનામાં લાગેલો જ રહેતો હતો. મને લાખો જન્મની સ્મૃતિ થઈ ગઈ છે. જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ ધર્મત્રયીમાં રહેલા માનવને થાય છે. મને આ જ્ઞાન પહેલેથી જ પ્રાપ્ત છે. હવે હું આત્મમુક્તિ માટે પ્રયાસ કરીશ'.[૩]

પિતાપુત્રનો સંવાદ આગળ વધ્યો. પુત્ર પિતા સમક્ષ મૃત્યુદર્શન ઉપસ્થિત કરે છે. આ સંવાદ પ્રસ્તુત કથાનકમાં આવેલા જૈન કથાનક સાથે ઘણીબધી સમાનતા ધરાવે છે. આ સંવાદમાં આત્મજ્ઞાન અને વેદજ્ઞાનના તારતમ્યને અત્યંત સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

વિન્ટરનીટ્ઝનો મત એવો છે કે, માર્કંડેયપુરાણમાં આવેલો આ સંવાદ સંભવ છે કે મૂળ બૌદ્ધ યા જૈન પરંપરાનો હોય. તે પછી મહાકાવ્ય કે પૌરાણિક સાહિત્યમાં એનો સમાવેશ કરવામાં આવ્યો હોય. મને એવું પ્રતીત થાય છે કે, ઘણા પ્રાચીન કાલમાં પ્રચલિત શ્રમણ-સાહિત્યનો આ અંશ હશે અને ત્યાંથી જૈન, બૌદ્ધ, મહાકાવ્યકારો તથા પુરાણકારોએ ગ્રહણ કરી લીધો હશે.[૪]

આર્ય સ્કન્દક પરિવ્રાજક :

વૈદિક પરંપરામાં 'પરિવ્રાજક' શબ્દનો વિશિષ્ટ અર્થ છે. નિરુક્તમાં ભિક્ષા માગીને આજીવિકા કરનાર સાધુને પરિવ્રાજક' કહ્યો છે.[૫] ડૉ. રાજબલીએ પાંડેયે નોંધ્યું છે કે, 'પરિવ્રાજક ચારે તરફ પરિભ્રમણ કરવાવાળો સંન્યાસી હોય છે. તે સંસારથી વિરક્ત તથા સામાજિક નિયમોથી અલગ રહીને પોતાનો સમગ્ર સમય ધ્યાન, શિક્ષણ, ચિંતન વગેરેમાં વ્યતીત કરતો હોય છે.'[૬]

જૈન આગમસાહિત્યમાં તથા તે પછીના કાલના સાહિત્યમાં તાપસ, પરિવ્રાજક, સંન્યાસી વગેરે વિવિધ પ્રકારના સાધકોનું સવિસ્તૃત વર્ણન છે. ઔપપાતિક,[૭] સૂત્રકૃતાંગનિર્યુક્તિ,[૮] પિંડનિર્યુક્તિ,[૯] બૃહત્કલ્પભાષ્ય,[૧૦] નિશીથસૂત્ર સભાષ્ય ચૂર્ણિ,[૧૧] ભગવતી,[૧૨] આવશ્યકચૂર્ણિ,[૧૩] ધમ્મપદ અટ્ઠકથા,[૧૪] લલિત વિસ્તર[૧૫] વગેરે ગ્રંથો આ માટે જોઈ શકાય. પરિવ્રાજક

૧. એવં સંસાર ચક્રેસ્મિન્ ભ્રમતા તાત, સંકટે । જ્ઞાનમેતન્મયાપ્રાપ્તં મોક્ષસમ્પ્રાપ્તિ કારકમ્ ॥
વિજ્ઞાતે યત્ર સર્વોઽયમૃગ્યજુઃ સામસંહિતઃ । ક્રિયાકલાપો વિગુણો, ન સમ્યક્ પ્રતિભાતિ મે ॥
તસ્માદુત્પન્નબોધસ્ય વેદૈઃ કિં મે પ્રયોજનમ્ । ગુરુવિજ્ઞાનતૃપ્તસ્ય નિરીહસ્ય સદાત્મનઃ ॥
—માર્કંડેયપુરાણ, ૧૦/૨૭, ૨૮, ૨૯.

૨. માર્કંડેયપુરાણ, ૧૦/૩૪, ૩૫
૩. માર્કંડેયપુરાણ, ૧૦/૩૭, ૪૪
૪. The Jainas in the history of Indian Literature, p. 7.
૫. નિરુક્ત. ૧/૧૪ વૈદિક કોશ.
૬. હિન્દુ ધર્મકોશ, પૃ. ૩૬૦-૩૬૧
૭. ઔપપાતિક સૂત્ર ૩૮, પૃ ૧૭૨ થી ૧૭૬
૮. સૂત્રકૃતાંગનિર્યુક્તિ ૩/૪/૨, ૩/૪ પૃ. ૬૪,૬૫
૯. પિંડનિર્યુક્તિ ગા. ૩૧૪
૧૦. બૃહત્કલ્પભાષ્ય ગા. ૪, પૃ. ૧૧૭૦
૧૧. નિશીથસૂત્ર, સભાષ્ય ચૂર્ણિ, ભાગ ૨
૧૨. ભગવતી સૂત્ર, ૧૧/૯
૧૩. આવશ્યકચૂર્ણિ, પૃ. ૨૭૮
૧૪. ધમ્મપદ અટ્ઠકથા-૨પૃ. ૨૦૯
૧૫. લલિત વિસ્તર, પૃ. ૨૪૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણો બ્રાહ્મણ ધર્મના પ્રતિષ્ઠિત પંડિતો હતા. વશિષ્ટધર્મસૂત્રના ઉલ્લેખ અનુસાર પરિવ્રાજકે પોતાનું મસ્તક મુંડાવેલું રાખવું જોઈએ. એક વસ્ત્ર કે ચર્મખંડ ધારણ કરવો જોઈએ. ગાયો માટે લાવેલ ઘાસ વડે પોતાના શરીરને ઢાંકવું જોઈએ. તથા એણે જમીન પર સૂવું જોઈએ.[1] મલાલસેકરે 'ડિક્ષનરી ઑફ પાલી પ્રોપર નેમ્સ'[2] આદિમાં પરિવ્રાજકની વ્યાખ્યા આપી છે.

એકવાર શ્રમણ ભગવાન મહાવીર કૃતંગલા નામની નગરીમાં પધાર્યા અને છત્રપલાશ ચૈત્યમાં બિરાજ્યા. ભગવાનનું પ્રવચન સાંભળવા લોકસમૂહ ઊમટી પડ્યો. કૃતંગલા નગરીની સમીપમાં જ શ્રાવસ્તી નામે નગર હતું. ત્યાં 'કાત્યાયન' પરિવ્રાજકનો શિષ્ય 'સ્કન્દક' પરિવ્રાજક રહેતો હતો. તે ચાર વેદ, ઇતિહાસ, નિઘંટુ અને ષષ્ટિતંત્ર (કાપિલીય શાસ્ત્ર)માં નિપુણ હતો. તે સાથે તે ગણિતશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર, આચારશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, છંદશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, બ્રાહ્મણ, નીતિશાસ્ત્ર તથા અન્ય દર્શનોમાં પારંગત હતો. ત્યાં 'પિંગલ' નામનો નિર્ગ્રંથ શ્રાવક રહેતો હતો. તેણે સ્કન્દક પરિવ્રાજકને આક્ષેપાત્મક ભાષામાં પૂછ્યું :

'માગધ, આ લોક સાન્ત છે કે અનંત છે?
જીવ સાન્ત છે કે અનંત છે?
સિદ્ધિ સાન્ત છે કે અનંત છે?
સિદ્ધિ સાન્ત છે કે અનંત છે?'

'કયા પ્રકારનું મરણ પામીને જીવ સંસારને ઘટાડે છે અને વધારે છે? શું તું મારા પ્રશ્નોના ઉકેલ આપી શકશે?'

સ્કન્દક પરિવ્રાજક પ્રશ્નો સાંભળીને શંકાશીલ થઈ ગયો. એની સમજમાં એ ન આવ્યું કે શો ઉત્તર આપવો. પિંગલે વારંવાર આ પ્રશ્નોનું પુનરાવર્તન કર્યું. પરંતુ ઉત્તર ન મળ્યો એટલે સ્કન્દક વિચારવા લાગ્યો : 'એનું સાચું સમાધાન શું હોઈ શકે?' એ સમયે એને જાણ થઈ કે, છત્રપલાશ ઉદ્યાનમાં ભગવાન મહાવીરનું આગમન થયું છે, એટલે સ્કન્દક પરિવ્રાજકે ત્રિદંડ, કુંડી, રુદ્રાક્ષમાલા, મૃત્પાત્ર, આસન, પાત્રપ્રમાર્જનનો વસ્ત્રખંડ, ત્રિકાષ્ટિકા, અંકુશ તથા કુશની મુદ્રિકા ધારણ કરીને કૃતંગલા તરફ પ્રસ્થાન કર્યું.

આ વખતે ભગવાન મહાવીરે ગૌતમને કહ્યું : 'તું તારા પૂર્વપરિચિતને જોઈશ.' ગૌતમે જિજ્ઞાસા કરતાં ભગવાનને કહ્યું : 'પિંગલ નિર્ગ્રંથે સ્કન્દકને પ્રશ્નો પૂછ્યા છે પણ તે એના ઉત્તરો આપી શકયો નથી. એટલે તાપસી ઉપકરણોને ધારણ કરીને તે અહીં આવવા માટે પ્રસ્થાન કરી ચૂકયો છે.'

ગૌતમે ફરી પૂછ્યું : 'ભગવન, શું તે આપનો શિષ્ય બનશે?' ભગવાને હકારમાં ડોકું હલાવ્યું. ભગવાન અને ગૌતમનો વાર્તાલાપ ચાલી રહ્યો હતો, એટલામાં ગૌતમને દૂરથી આવતો સ્કન્દક દેખાયો. ગૌતમ પોતાના સ્થાન પરથી ઊઠ્યા અને સ્કન્દકની સામે ગયા અને મધુર વાણીમાં બોલ્યા : 'સ્કન્દક, તારું સ્વાગત છે, સુસ્વાગત છે. હે માગધ, તે સાચું છે કે પિંગલ નામના નિર્ગ્રંથ શ્રાવકે આપને કેટલાક પ્રશ્નો પૂછ્યા છે, જેના ઉત્તરો આપ આપી શકયા નથી? એના ઉત્તરો લેવા આપનું અહીં આગમન થયું છે?'

ગણધર ગૌતમ દ્વારા પોતાના મનની વાત સાંભળીને સ્કન્દક પરિવ્રાજકને ખૂબ આશ્ચર્ય થયું. ગૌતમે કહ્યું : 'મારા ધર્મગુરુ, ધર્મોપદેશક મહાવીર સર્વજ્ઞ છે. આપના માનસિક વિચારોથી તે સમગ્ર રીતે પરિચિત છે. એમણે જ મને જણાવ્યું છે કે આપ કયા ઉદ્દેશથી અહીં આવ્યા છો. ચાલો, એમને શ્રદ્ધાસ્નિગ્ધ હૃદયથી વંદન-નમસ્કાર કરો.' સ્કન્દકે ભગવાનને વંદન કર્યાં. પ્રભુએ કહ્યું : 'માગધ, શ્રાવસ્તીમાં રહેનાર પિંગલ નિર્ગ્રંથે તને 'લોક, જીવ, મોક્ષ, સિદ્ધ વગેરે સાન્ત છે કે અનન્ત છે?, એવા પ્રકારના પ્રશ્નો પૂછ્યા હતા ને?'

સ્કન્દકે કહ્યું : 'હા ભગવાન, પૂછ્યા હતા.'

મહાવીર : 'દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી લોક ચાર પ્રકારના છે. દ્રવ્ય દૃષ્ટિથી એક અને સાંત છે, ક્ષેત્ર દૃષ્ટિથી તે અસંખ્ય કોટાનકોટિ યોજન આયામ વિષ્કમ્ભકવાળો છે. એની પરિધિ અસંખ્ય કોટાનકોટિ યોજન છે, કાલની દૃષ્ટિએ

---

૧. (ક) વશિષ્ઠ ધર્મસૂત્ર, ૧૦૩-૧૧

૨. (ક) ડિક્ષનરી ઑફ પાલી પ્રોપર નેમ્સ, આવૃત્તિ ૨, પૃ. ૧૫૯ વગેરે. મલાલસેકર
(ખ) મહાભારત, ૧૨/૧૬૦/૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ દિવસ તે નથી હોતો એમ નહીં, કોઈ દિવસ ન હતો એમ નહીં, કોઈ દિવસ નહીં રહે એમ પણ નથી. તે ત્રણે કાળમાં રહેશે. તે ધ્રુવ, શાશ્વત, નિયત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. ભાવદૃષ્ટિથી તે અનન્ત વર્ણ, ગંધ, રસ, સ્પર્શપર્યવરૂપ છે.'

'સ્કન્દક! દ્રવ્ય અને ક્ષેત્રની અપેક્ષાએ આ લોક સાંત છે. કાલ અને ભાવની અપેક્ષાએ અનંત છે. એટલે લોક સાંત પણ છે અને અનંત પણ છે.

'જીવ અંગે પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ જ સમજવું જોઈએ. દ્રવ્યની અપેક્ષાએ જીવ એક અને સાંત છે. ક્ષેત્રની અપેક્ષાએ તે અસંખ્યાત પ્રદેશી છે અને સાન્ત છે. કાલની અપેક્ષાએ તે ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે, એટલે નિત્ય છે, એનો કદી પણ અંત નથી. ભાવની અપેક્ષાએ અનંત જ્ઞાનપર્યવરૂપ છે, અનંત દર્શનપર્યવરૂપ છે, અને અનંત ગુરુલઘુ પર્યવરૂપ છે. એનો અંત નથી. આ પ્રમાણે, સ્કન્દક! દ્રવ્ય ક્ષેત્રની અપેક્ષાએ જીવ અંતયુકત છે તેમજ કાલ અને ભાવની અપેક્ષાએ અંતરહિત છે.'

'આ પ્રકારે મોક્ષ પણ સાન્ત અને અનંત છે, દ્રવ્યની દૃષ્ટિએ મોક્ષ એક અને સાન્ત છે. ક્ષેત્રની દૃષ્ટિએ તે પિસ્તાલીસ લાખ યોજન આયામ વિષ્કંભવાળો છે. કાલની દૃષ્ટિએ એમ કહી શકાય નહીં કે કોઈ દિવસ મોક્ષ હતો નહીં, નથી અને રહેશે નહીં. ભાવની દૃષ્ટિએ તે અંતરહિત છે. એવી રીતે દ્રવ્ય અને ક્ષેત્રના દૃષ્ટિએ મોક્ષ અંતયુક્ત તથા કાલ અને ભાવ દૃષ્ટિએ અંતરહિત છે.'

'સ્કન્દક! આ રીતે સિદ્ધ અંગે પણ તારે સમજવું જોઈએ. દ્રવ્યની દૃષ્ટિએ સિદ્ધ એક છે, અંતયુક્ત છે. ક્ષેત્રની દૃષ્ટિએ સિદ્ધ અસંખ્ય પ્રદેશ અવગાઢ હોવા છતાં પણ અંતયુક્ત છે. કાલની દૃષ્ટિથી સિદ્ધને આદિ તો છે, પણ અંત નથી. ભાવની દૃષ્ટિએ જ્ઞાનદર્શન પર્યવરૂપ છે અને એનો અંત નથી.'

'મરણ અંગે પણ તારા આંતરમાનસમાં વિકલ્પ છે કે, કયા મરણથી સંસાર વધે છે તથા કયા મરણથી સંસાર ઘટે છે. મરણના બે પ્રકાર છે: બાલ-મરણ અને પંડિત-મરણ. બાલ-મરણના બાર પ્રકાર છે. તથા પંડિત-મરણના પાદપોપગમન અને ભકત પ્રત્યાખ્યાન એમ બે પ્રકાર છે. તેમજ અવાંતર ભેદ પણ અનેક છે. પંડિત-મરણથી સંસાર ઘટે છે તથા બાલમરણથી સંસાર વધે છે.'

આ પ્રમાણે બધા પ્રશ્નોના ઉત્તરો સાંભળી સ્કન્દક પરિવ્રાજક આલ્હાદિત થયો. એણે દીક્ષિત થવાની ભાવના વ્યકત કરી. પ્રભુએ એને જૈનેશ્વરી દીક્ષા આપી. અને જ્ઞાનધ્યાનની સાધના વડે સ્કન્દક પરિવ્રાજક કર્મોનો નાશ કરી મુકત થયો.

પ્રસ્તુત કથાનકથી એ જાણવા મળે છે કે ભગવાન મહાવીરના સમયમાં આ પ્રકારના પ્રશ્નો પ્રત્યેક વ્યકિતના મસ્તકમાં ઘૂમી રહ્યા હતા. અનેક પરિવ્રાજક, સંન્યાસી અને શ્રમણો આ પ્રશ્નો પર ચિંતનમનન કરતા, પણ સાચા સમાધાનના અભાવમાં આમતેમ મૂર્ધન્ય મનીષીઓ કે ધર્મપ્રવર્તકો પાસેથી સમાધાન પામવા માટે ફરતા રહેતા હતા. તથાગત બુદ્ધની પાસે આ પ્રમાણે પ્રશ્નો લઈને કેટલાક લોકો આવતા તો તેઓ તેને અવ્યાકૃત કહીને ટાળી દેવાનો પ્રયાસ કરતા હતા.[૧] પરંતુ ભગવાન મહાવીર એવા પ્રશ્નો પર કદી પણ મૌન રહેતા નહીં. તે એના સટીક ઉત્તર આપતા. જેથી સાધક યથાર્થ સત્ય-તથ્યને જાણી સાધનામાર્ગમાં આગળ વધતો.

---

૧. તથાગત બુદ્ધે જે પ્રશ્નોને અવ્યાકૃત કહ્યા હતા તે આ પ્રમાણે છે:

(૧) શું લોક શાશ્વત છે?
(૨) શું લોક અનંત છે?
(૩) શું લોક અશાશ્વત છે?
(૪) શું જીવ અને શરીર એક છે?
(૫) શું લોક અંતવાળો છે?
(૬) શું જીવ અને શરીર ભિન્ન છે?
(૭) શું મર્યા પછી તથાગત થતા નથી?
(૮) શું મર્યા પછી તથાગત થાય છે પણ ખરા અને નથી પણ થતા?
(૯) શું મર્યા પછી તથાગત નથી થતા કે થાય છે?

મજ્ઝિમનિકાય ચૂલમાલુંકય સુત્ત ૬૩, દીઘનિકાય પોટ્ઠપાદ સુત્ત ૧/૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં એક પ્રશ્ન ચિંતનીય છે : સ્કન્દક પરિવ્રાજક, વૈદિક પરંપરાનો અનુયાયી હતો, તો પછી એણે ધર્મપરિવર્તન કેમ કર્યું ? ઉત્તરમાં જણાવવાનું કે, આ જાતિપરિવર્તન નહીં પણ વિચારપરિવર્તન છે. ભારતીય જાતિમાં વિચારપરિવર્તનની સંપૂર્ણ સ્વતંત્રતા હતી. સ્કન્દક, અંબડ વગેરે અનેક પરિવ્રાજક જેઓ પ્રભુ મહાવીરની પાસે દીક્ષિત થયા હતા, તેમનું પરિવર્તન સ્વયં વિચાર અને રુચિ અનુસાર થયું હતું. સંભવ છે કે જૈન, બુદ્ધ અને આજીવક પણ વૈદિક ધર્મમાં દીક્ષિત થયા હોય. એ ન તો જાતિપરિવર્તન હતું અને ન તો રાષ્ટ્રીય ચેતનામાં પરિવર્તન હતું. આ કાર્ય વિચારપરિવર્તન પૂરતું જ મર્યાદિત હતું. એટલે બધા ધર્મવાળા આ પરિવર્તનને વિના રોકટોક સ્વીકારતા હતા. આજે જે ધર્મપરિવર્તનનો દોર ઝડપથી આગળ વધી રહ્યો છે તે વિચારપરિવર્તન નહીં, પરંતુ જાતિપરિવર્તન છે અને અર્થતંત્ર પર આધારિત છે, જેથી પરસ્પર સંઘર્ષની સ્થિતિ ઉત્પન્ન થાય છે.

પુદ્ગલ પરિવ્રાજક

એકવાર ભગવાન મહાવીર આલભિકા નગરીના શંખવન ઉદ્યાનમાં પધાર્યા. શંખવન ઉદ્યાનની પાસે 'પુદ્ગલ પરિવ્રાજક' રહેતો હતો. એને વિભંગજ્ઞાન થયું, એટલે તે પાંચમા દેવલોકમાં રહેતા દેવોની સ્થિતિ અંગે જાણવા લાગ્યો. 'મને અતિશય જ્ઞાન ઉત્પન્ન થયું છે ! દેવોની જઘન્ય સ્થિતિ દશહજાર વર્ષ તથા ઉત્કૃષ્ટ સ્થિતિ, દશ સાગરોપમની છે. એની આગળ દેવ અને દેવલોક નથી'. સમગ્ર નગરમાં આ ચર્ચા પ્રસરી ગઈ. ભગવાને કહ્યું : 'પુદ્ગલ પરિવ્રાજકનું કથન અસત્ય છે. હું કહું છું કે દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે. તેમજ ઉત્કૃષ્ટતમ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.' પુદ્ગલ પરિવ્રાજકે આલભિકા નગરીના નિવાસીઓ પાસેથી આ વાત સાંભળી, એને પોતાના જ્ઞાન પર સંશય થયો. એનાથી એનું વિભંગજ્ઞાન નષ્ટ થઈ ગયું. તે પોતાનાં ધર્મોપકરણ લઈને ભગવાન મહાવીર પાસે આવ્યો. મહાવીર પાસે શંકાનું નિવારણ કર્યું અને સામાધાન થઈ ગયા પછી તે ભગવાન મહાવીરના શાસનમાં દીક્ષિત થયો, તથા કર્મોનો અંત આણી સિદ્ધિ પ્રાપ્ત કરી.

ધર્મકથાનુયોગમાં 'મોગ્ગલ પરિવ્વાયગે' શબ્દ આપવામાં આવ્યો છે. પં. બેચરદાસ દોશીએ પણ 'મોગ્ગલ' શબ્દનો પ્રયોગ કર્યો છે અને 'પોગ્ગલ' શબ્દ એમણે પાઠાન્તરમાં આપ્યો છે. જ્યારે સૈલાના સંસ્કરણમાં અને જૈન વિશ્વભારતી લાડનૂં સંસ્કરણ બંનેમાં 'પોગ્ગલ પરિવ્વાયગ' શબ્દને જ મુખ્ય ગણવામાં આવ્યો છે.

શિવ રાજર્ષિ

હસ્તિનાપુર નગરમાં 'શિવ' નામનો રાજા હતો અને એને 'ધારિણી' નામે પટરાણી હતી. રાત્રિના ત્રીજા પ્રહરમાં એને એવો અધ્યવસાય ઉત્પન્ન થયો કે, 'મારો પુત્ર મોટો થઈ ગયો છે, હું એને રાજ્યનો કાર્યભાર સોંપીને 'દિશાપ્રોક્ષક' પ્રવ્રજ્યા ગ્રહણ કરું.' તે પ્રમાણે તેણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને એવો અભિગ્રહ કર્યો કે 'જીવનપર્યન્ત નિરંતર બેલાની તપસ્યા દ્વારા દિક્‌ચક્રવાલ તપકર્મથી બન્ને હાથ ઊંચા રાખીને મારે રહેવાનું કલ્પ છે.' આ પ્રમાણે અભિગ્રહ કરીને પ્રથમ બેલાં તપસ્યાનાં પારણાંના દિવસે શિવ રાજર્ષિ આતાપના ભૂમિ પરથી નીચે ઊતરે છે અને વલ્કલનાં વસ્ત્ર ધારણ કરી વાંસની છાબડી અને કાવડ લઈને પહેલાં પૂર્વ દિશાના સોમ મહારાજા પાસેથી આજ્ઞા લે છે અને પૂર્વ દિશામાં રહેલાં કંદ, મૂલ, ફળ, છાલ, પુષ્પ વગેરે વનસ્પતિ ગ્રહણ કરે છે. પછી કાવડને નીચે મૂકીને એણે વેદિકાની સાફસૂફી કરી. અને પછીથી લીંપીને એને શુદ્ધ કરી. પછી ડાભ અને કળશ હાથમાં લઈ ગંગાનદી પર આવ્યો. એમાં ડૂબકી લગાવી, પછી ઝૂંપડીમાં આવી ડાભ-કુશ અને રેતી વડે વેદિકાનું નિર્માણ કર્યું. અરણીનાં લાકડાં ઘસીને અગ્નિ સળગાવ્યો. અગ્નિની ડાબી બાજુ સાત વસ્તુ રાખી: સકથા, (ઉપકરણવિશેષ) વલ્કલ, દીપ, શય્યાનાં ઉપકરણ, કમંડલ, દંડ અને પોતાનું શરીર. પછી મધ, ઘી, ચોખાનો અગ્નિમાં હોમ કરી વૈશ્વ દેવની પૂજા કરી. અતિથિની પૂજા કરીને આહાર ગ્રહણ કર્યો. બીજીવાર આ પ્રમાણે દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર એમ બધા લોકપાલોની આજ્ઞા લઈને તે પારણાં કરતો. દિક્‌ચક્રવાલ તપ, આતાપના, પ્રકૃતિની ભદ્રતા વગેરેને લીધે શિવ રાજર્ષિને વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું. એના કારણે તેઓ સાત દ્વીપ અને સાત સમુદ્રને જોવા લાગ્યા. એમણે એવી ઉદ્‌ઘોષણા કરી : 'લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્ર જ છે.'

ભગવાન મહાવીર હસ્તિનાપુર નગરીના ઉદ્યાનમાં પધાર્યા. ઇંદ્રભૂતિ ગૌતમે શિવરાજર્ષિના અતિશય જ્ઞાનની ચર્ચા સાંભળી, એટલે એમણે ભગવાન મહાવીરને નિવેદન કર્યું : 'ભગવાન, સત્ય શું છે ?' પ્રભુએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું : 'શિવ રાજર્ષિનું કથન મિથ્યા છે. જંબૂદ્વીપ વગેરે બધા વૃત્તાકાર છે. વિસ્તારમાં એકબીજાથી બેગણા છે. તથા અસંખ્યાત દ્વીપ અને અસંખ્યાત સમુદ્ર છે.' શિવરાજર્ષિએ ભગવાન મહાવીરની આ વાત સાંભળી. તો એને પોતાના જ્ઞાન અંગે સંશય ઉત્પન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયો. તેઓ ભગવાનની પાસે આવી સાચું સમાધાન પ્રાપ્ત કરી પ્રબુદ્ધ થયા. એમણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી અંગોનું અધ્યયન કર્યું. કર્મો નષ્ટ કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

સ્કન્દક પરિવ્રાજક, પુદ્ગલ પરિવ્રાજક અને શિવરાજર્ષિ એ ત્રણે વૈદિકપરંપરાના પરિવ્રાજકો શ્રમણપરંપરાને ગ્રહણ કરે છે અને સાથેસાથે તે યુગના જ્વલન્ત પ્રશ્નો—જે લોકમાનસમાં ઘૂમી રહ્યા હતા અને જેનું સાચું સમાધાન ન થવાને કારણે લોકમાનસ વિક્ષુબ્ધ બનેલું હતું—એ બધા પ્રશ્નોનું સર્વદર્શી ભગવાન મહાવીર સ્પષ્ટ રૂપમાં સમાધાન કરે છે. આમ એ, કથાના માધ્યમ વડે દાર્શનિક ચિંતન પ્રસ્તુત કરવામાં આવ્યું છે એ આ ત્રણે કથાઓની વિશિષ્ટતા છે.

ઉદાયન રાજા

સિંધુ સૌવીર દેશમાં વીતભય' નામનું નગર હતું, ઉદાયન ત્યાંનો રાજા હતો. એક રાત્રિએ પૌષધ કરતી વખતે એના આંતરમાનસમાં એવો વિચાર ઉદ્ભવ્યો કે, 'જો ભગવાન મહાવીર અહીં પધારે, તો હું મારા પુત્રને રાજ્ય આપી શ્રમણ બની જાઉં.' ભગવાન મહાવીર એ વિહાર કરતા વીતભય નગરીમાં પધાર્યા. ઉદાયન ખૂબ ખુશ થયો. એણે ભગવાનને જણાવ્યું : 'ભગવાન, દીક્ષા ગ્રહણ કરવાની મારી ભાવના છે. પુત્રને રાજ્ય સોંપી દિક્ષિત થવા હું આપના ચરણમાં ઉપસ્થિત ન થાઉં ત્યાં સુધી આપ વિહાર કરતા નહીં.'

મહાવીરે કહ્યું : 'ધર્મ-કાર્યમાં પ્રમાદ ન કરવો.' તે વિચારવા લાગ્યો : 'જો પુત્રને રાજ્ય આપીશ, તો તે રાજ્યમાં આસક્ત થઈ જશે અને દીર્ઘકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરશે. હું એના સંસારપરિભ્રમણનું નિમિત્ત બનીશ. એટલે એને રાજ્ય ન આપતાં મારા ભાણેજ કેશીને રાજ્ય આપું જેથી પુત્ર સુરક્ષિત રહેશે'

રાજાએ પોતાનો વિચાર આચરણમાં મૂકયો. ઉદાયન મોટા ઉત્સવ સાથે અભિનિષ્ક્રમિત થયો. એણે પ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા પછી દુષ્કર તપની આરાધના કરતાં તે ઘણો દુબળો પડી ગયો. શારીરિક શક્તિ ક્ષીણ થઈ ગઈ હોવાથી તે રુગ્ણ રહેવા લાગ્યો. જ્યારે રોગે ઉગ્ર રૂપ ધારણ કર્યું ત્યારે ધ્યાન, સ્વાધ્યાય વગેરેમાં વિઘ્ન ઉપસ્થિત થવા લાગ્યું. વૈદ્યના પરામર્શ અનુસાર ઉદાયન રાજર્ષિએ ગોકુલમાં રહીને દહીં વગેરેનો ઉપયોગ કર્યો. જેનાથી તે પૂર્ણ સ્વસ્થ થઈ ગયો.

ભગવતીમાં આટલું જ વર્ણન પ્રાપ્ત થાય છે. પરંતુ આવશ્યકચૂર્ણિ તથા અન્ય વ્યાખ્યાસાહિત્યમાં ઉલ્લેખ છે કે, એક સમય રાજર્ષિ ઉદાયન વિહાર કરતાં કરતાં વીતભય નગરમાં પધાર્યા. રાજા કેશીને મંત્રીઓએ કહ્યું : 'આપનું રાજ્ય છીનવી લેવા રાજર્ષિ ફરીથી નગરમાં આવ્યા છે, એટલે આપે સચેત થઈ જવું જોઈએ. ગુસ્સે થઈને રાજા કેશીએ એવી ઘોષણા કરાવી કે 'મુનિને રહેવા માટે સ્થાન જ ન આપશો.' રાજર્ષિને નગરમાં કોઈ પણ જગ્યાએ રહેવા માટે સ્થાન ન મળ્યું. છેવટે એક કુંભારને ત્યાં એમણે વિશ્રામ કર્યો. રાજા કેશીએ રાજર્ષિને મારવા માટે આહારમાં ઝેર ભેળવ્યું, પણ મહારાણી પ્રભાવતી, જે દેવી બની હતી એણે એમને ઉગારી લીધા. દેવીની ગેરહાજરીમાં વિષ-મિશ્રિત આહાર રાજર્ષિના પાત્રમાં આવી ગયો હતો અને તેઓએ અનાસક્ત ભાવથી તે આહાર ગ્રહણ કર્યો હતો. એથી શરીરમાં વિષ પ્રસરી ગયું. રાજર્ષિએ અનશન કર્યું, કેવલ જ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો.

રાજર્ષિના મોક્ષગમનથી દેવી નાગરિકો અને રાજા પર ખૂબ ગુસ્સે થઈ. એણે નગર પર ધૂળનો વરસાદ વરસાવ્યો અને સમગ્ર નગરને ધૂળથી ઢાંકી દીધું. કેવળ કુંભાર બચ્યો, કેમકે તે રાજર્ષિનો આશ્રયદાતા હતો. દેવી કુંભકારને સિનપલ્લી લઈ ગઈ અને એ સ્થાનનું નામ 'કુંભકારપક્ખેવ' રાખવામાં આવ્યું.[૧]

---

૧. (ક) સિણવલ્લીએ કુંભકારપક્ખેવં નામ પટ્ટણં તસ્સ નામેણં જાતં । —આવશ્યકચૂર્ણિ

(ખ) સો ય અવહરિતો અણુવરાહિ ત્તિ કાઉં સિણુવલ્લીએ । કુંભકારવેક્ખો નામ પટ્ટણં તસ્સ નામેણં કયં ।

—ઉત્તરા. અ. ૧૮

(ગ) શય્યાતરં મુનેસ્તસ્ય કુંભકાર નિરાગસમ્ । સા સુરી પિનપલ્યાં પ્રાગ્ નિન્યે હૃત્વા તતઃ પુરમ્ ।।
તસ્ય નામ્ના કુંભકાર કૃતમિત્યાહ્વયં પુરમ્ । તત્ર સા વિદ્વષે કિં વા દિવ્ય શક્તેનં ગોચરઃ ।।

—ઉત્તરા. ભાવવિજયની ટીકા, પત્ર ૩૮૭-૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૌદ્ધ સાહિત્યમાં ઉદાયન

બૌદ્ધ સાહિત્યમાં 'અવદાન કલ્પલતા'[૧] તથા 'દિવ્યાવદાન'[૨]માં પણ રાજા ઉદાયનનું વર્ણન મળે છે. ચૂર્ણિ સાહિત્યમાં ઉદાયનનું નામ 'ઉદ્રાયણ' પ્રાપ્ત થાય છે.[૩] એમ તો અવદાનકલ્પલતામાં 'ઉદ્રાયણ' અને દિવ્યાવદાનમાં 'રુદ્રાયણ' નામ પ્રાપ્ત થાય છે. બંને પરંપરા એને સિંધુ-સૌવીર દેશનો રાજા માને છે. પણ રાજધાનીના નામમાં થોડોક ફેર છે. જૈન સાહિત્યમાં રાજધાનીનું નામ 'વીતભય' છે. જ્યારે બૌદ્ધ સાહિત્યમાં એનું નામ 'રોરુક' આપવામાં આવ્યું છે. બન્નેય પરંપરા અનુસાર એની મહારાણી સ્વર્ગમાંથી આવીને એને પ્રતિબુદ્ધ કરે છે.

રાજા ઉદાયનનું ભગવાન મહાવીર તથા બુદ્ધના સંપર્કમાં આવવાનું વર્ણન જુદાજુદા રૂપમાં મળે છે. ભગવાન મહાવીર સ્વયં સિંધુ સૌવીર દેશમાં પધારે છે અને રાજાને દીક્ષા આપે છે. જ્યારે તથાગત બુદ્ધ તે મગધમાં જાય છે ત્યારે એને દીક્ષા આપે છે. બન્ને પરંપરા અનુસાર મુનિ ઉદાયન જ્યારે પોતાની રાજધાનીમાં જાય છે, ત્યારે દુષ્ટ અમાત્ય રાજાને ભ્રમિત કરી નાંખે છે. અને રાજર્ષિનો વધ કરાવી દે છે. રાજા દીક્ષા લેતાં પૂર્વે પોતાનું રાજ્ય જૈન દૃષ્ટિ અનુસાર પોતાના ભાણેજ કેશીને આપે છે, તો બૌદ્ધ પરંપરા પોતાના પુત્ર શિખંડીને આપે છે. બન્ને પરંપરામાં રાજા ઉદાયન અર્હત્ બની નિર્વાણ પ્રાપ્ત કરે છે અને દૈવીપ્રકોપથી ધૂળ વડે નગર નષ્ટ થઈ જાય છે.[૪]

ઉદાયનની કથા ભગવતીમાં વિસ્તારથી જોવા મળે છે.[૫] ઉત્તરાધ્યયનમાં પણ એનો સંક્ષેપમાં ઉલ્લેખ થયો છે.[૬] ચૂર્ણિ તથા અન્ય ટીકા સાહિત્યમાં આ કથા પ્રાપ્ત થાય છે.[૭] ભગવતી અનુસાર ઉદાયનનો પુત્ર અભીચિકુમાર નિર્ગ્રન્થ ધર્મનો ઉપાસક છે. પિતા દ્વારા રાજ્ય ન મળવાને કારણે એના મનમાં વિદ્રોહની ભાવના ઉત્પન્ન થઈ અને તે અસુરયોનિમાં ઉત્પન્ન થયો.[૮]

બૌદ્ધ સાહિત્યમાં પ્રસ્તુત કથાનક જૈન કથાનક પછી આવ્યું છે. કેમકે રુદ્રાયણાવદાન પ્રકરણ પાલી સાહિત્યમાં નથી અને નથી હીનયાન પરંપરાના અન્ય સાહિત્યમાં પણ. અવદાન કલ્પલતા અને દિવ્યાવદાન એ બન્નેય મહાયાન પરંપરાના ગ્રંથો છે. તે સંસ્કૃતમાં છે અને ઉત્તરકાલીન છે.[૯] એક વ્યક્તિ બન્નેય પરંપરામાં દીક્ષા લઈને મોક્ષ પ્રાપ્ત કરે તે સંભવિત નથી. સંભવ એ છે કે, જૈન પરંપરમાં આવેલી પ્રસ્તુત કથાને બૌદ્ધ સાહિત્યકારોએ અપનાવી હોય, કેમકે બિંબિસાર અને ઉદાયનનો મૈત્રીસંબંધ પણ આવી રીતે કરાવવામાં આવ્યો છે જેવી રીતે જૈન પરંપરામાં અભયકુમાર અને આર્દ્રકકુમારનો.[૧૦] અમારી દૃષ્ટિએ ઉદાયન જૈન પરંપરાનો જ પરમ ઉપાસક હતો. સંભવતઃ એના તેજસ્વી વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને પછીથી બૌદ્ધ સાહિત્યકારોએ એને પોતાની કથામાં સ્થાન આપ્યું હોય !

જિનપાલિત અને જિનરક્ષિત

જિનપાલિત અને જિનરક્ષિત માકંદી સાર્થવાહના પુત્રો હતા અને ચંપાના નિવાસી હતા. તેઓએ અનેકવાર સમુદ્રયાત્રા કરી હતી. જ્યારે પણ એમના મનમાં યાત્રા કરવાનો વિચાર આવતો કે તે ચાલી નીકળતા એમની યાત્રાનો ઉદ્દેશ વેપાર હતો. નિરંતર સફળતા પ્રાપ્ત થવાથી એમની હિંમત વધી ગઈ. જ્યારે તેઓ બારમીવાર સમુદ્રયાત્રા કરવા તૈયાર થયા ત્યારે માતાપિતાએ એનો ઇન્કાર કરતાં કહ્યું: 'આપણી પાસે એટલોબધો વૈભવ છે કે સાત પેઢી સુધી પણ તે ખૂટે તેમ નથી, તો બારમી યાત્રા સ્થગિત કરી દો.' જવાનીના જોશમાં પુત્રોએ એ માન્યું નહીં અને યાત્રા માટે ચાલી નીકળ્યા. નૌકાઓ સમુદ્રમાં આગળ વધી રહી હતી એટલામાં મેઘની ભંયકર ગર્જના થવા લાગી. વીજળી ચમકવા લાગી

---

૧. અવદાન, ૪૦
૨. દિવ્યાવદાન, ૩૭
૩. ઉદ્રાયણ રાયા, તાવસો ભત્તો. —આવશ્યકચૂર્ણિ, પૂર્વાર્ધ પત્ર ૩૯૯
૪. બૌદ્ધ સાહિત્ય, દિવ્યાવદાન, રુદ્રાપણાવદાન, ૩૭
૫. ભગવતી શતક ૧૩, ઉદ્દે. ૬
૬. સોવીરરાયવસભો ચઇત્તાણં મુણી ચરે। ઉદાયણો પવ્વઇઓ પત્તો ગઇમણુત્તરં।। —ઉત્તરા૦ ૧૮–૪૮
૭. આવશ્યક ચૂર્ણિપૂર્વાર્ધ
૮. ભગવતી શતક ૧૩, ઉદ્દે. ૬
૯. દિવ્યાવદાન, સંપાદક પી. એલ. વૈદ્ય, પ્રસ્તાવના
૧૦. જુઓ : આર્દ્રકુમારનો પ્રસંગ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ભયંકર આંધીએ રૌદ્ર રૂપ ધારણ કર્યું. એ બંનેનાં યાન તે આંધીમાં ફસાઈ છિન્નભિન્ન થઈ ગયાં. માતાપિતાની વાત ન માનીને પોતાની હઠ ચાલુ રાખવાનું દુઃષ્પરિણામ તેઓ ભોગવી ચૂકયા. એક તૂટેલા પાટિયાની સહાયથી તેઓ સમુદ્રમાં તરી રહ્યા હતા. તેઓ જે પ્રદેશમાં પહોંચ્યા તે પ્રદેશ રત્નદ્વીપ હતો. રત્નદેવી એમની પાસે આવી અને એમની પાસે ભોગની યાચના કરી. કોઈ બીજો વિકલ્પ ન હોવાથી તેઓ તેની ઇચ્છા પૂર્ણ કરવા લાગ્યા. એકવાર રત્નદેવીએ જવાને સમયે જિનપાલ અને જિનરક્ષિતને ત્રણ દિશાઓના વનખંડમાં જવાની અનુમતિ આપી. પરંતુ દક્ષિણ દીશાના વનખંડમાં જવાનો નિષેધ કર્યો. દેવીએ મના કર્યા છતાં તેઓ ત્યાં જ ગયા. તેઓએ ત્યાં એક વ્યક્તિને શૂળી પર તરફડતી જોઈ. પૃચ્છા કરતાં તેણે પોતાની કરુણ કથા કહી. : 'દેવીના કારણે જ મારી આ સ્થિતિ થઈ છે.' માકન્દી પુત્રોનાં હૃદય કંપી ઊઠયાં. એ વ્યક્તિએ શૈલક યક્ષ પાસે જવાનો સંકેત કર્યો. તે બંને શૈલક યક્ષ પાસે પહોંચ્યા. પણ એણે એક શરત કરીઃ 'રત્નદેવીના પ્રલોભનમાં તમે આવી જશો તો હું તમને સમુદ્રમાં ગબડાવી દઈશ. જે પ્રલોભનમાં નહીં આવે એમને સકુશલ પહોંચાડી દઈશ.' રત્નદેવી પોતાના જ્ઞાનથી આ જાણીને ત્યાં આવી. જિનપાલિત અવિચલ રહ્યો, પરંતુ જિનરક્ષિત એના અનુરાગમાં અનુરક્ત થઈ ગયો. યક્ષે એને પોતાની પીઠ પરથી ગબડાવી દીધો અને રત્નદેવીએ એના ટુકડેટુકડા કરી નાખ્યા. જિનપાલિત પોતાના લક્ષ્યસ્થાન પર પહોંચી ગયો. આ પ્રમાણે જે સાધક પોતાની સાધનાથી વિચલિત થતો નથી, તે મોક્ષને પ્રાપ્ત કરે છે.

પ્રસ્તુત કથાનકને મળતું કથાનક બૌદ્ધ સાહિત્યમાં 'બલાહસ જાતક' તથા 'દિવ્યાવદાન'માં પણ છે. તુલનાત્મક અધ્યયન કરવાથી એ સ્પષ્ટ થાય છે કે, બંને કથાનકોમાં પરંપરાના ભેદથી ફેરફાર જરૂર છે, પણ કથાનકનાં મૂળતત્ત્વો પ્રાયઃ મળતાં છે. શ્રમણ ભગવાન મહાવીરના પાવન ઉપદેશોનું શ્રવણ કરી જિનપાલિત શ્રમણધર્મનો સ્વીકાર કરે છે અને ઉત્કૃષ્ટ તપ-જપની આરાધના દ્વારા પોતાના આત્માને ભાવિત કરતો સૌધર્મ દેવલોકમાં દેવ બનીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને છે.

કાલાસ્યવેષિ અણગાર

કાલાસ્યવેષિ અણગાર ભગવાન પાર્શ્વનાથની પરંપરાના હતા. ભગવાન મહાવીરના સમયમાં હજારો પાર્શ્વાપત્ય શ્રમણો વિચરતા હતા. એમાં કાલાસ્યવેષિ અણગાર પણ એક હતા. એમના આંતરમાનસમાં એ પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે અમારામાં અને ભગવાન મહાવીરના સ્થવિરોમાં શું અંતર છે? એમણે સામયિક વગેરે અંગે સ્થવિરોને પૃચ્છા કરી. ઉત્તર પ્રાપ્ત કરી તેઓ અત્યંત સંતુષ્ટ થયા અને પાર્શ્વાપત્યનો ચાતુર્યામ ધર્મ મૂકીને ભગવાન મહાવીરના શાસનનો સ્વીકાર કર્યો.

ઉદક પેઢાલ

રાજગૃહીનું ઉપનગર નાલન્દા હતું. ત્યાં 'લેવ' નામનો શ્રમણોપાસક રહેતો હતો. એની 'શેષદ્રવિકા' ઉદકશાળા હતી. પ્રો. ડૉ. હર્મન જેકોબીએ[1] તથા ગોપાલદાસ પટેલે[2] ઉદકશાળાનો અર્થ 'સ્નાનગૃહ' કર્યો છે. આચાર્ય હેમચન્દ્ર 'પ્રપા' (પરબ) અર્થ કર્યો છે.[3] શતાવધાની રત્નચન્દ્રજી મહારાજે પણ એ જ અર્થ કર્યો છે.[4]

ગૌતમ ગણધર એકવાર ઉદકશાળામાં રોકાયા હતા. પાર્શ્વાપત્યીય મેતાર્ય ગોત્રીય પેઢાલપુત્ર ઉદક નામના નિર્ગ્રન્થ પણ એની સમીપ થોભ્યા હતા. તેઓ ગણધર ગૌતમને વિવિધ પ્રશ્નોત્તર કરે છે. એમના પ્રશ્નોના મુખ્ય બે ઉદ્દેશો હતા : પહેલો શ્રમણોપાસક દ્વારા ગ્રહણ કરવા આવનાર ત્રસવધ પ્રત્યાખ્યાન દુષ્પ્રત્યાખ્યાન છે કેમકે, એનું પાલન સંભવ નથી. ત્રસજીવ મરીને સ્થાવર થઈ જાય છે. અને સ્થાવર જીવ મરીને ત્રસ થઈ જાય છે. એવી સ્થિતિમાં ત્રસ-સ્થાવરનો નિર્ણય કરવો મુશ્કેલ થઈ જાય છે. એટલે ત્રસના સ્થાને 'ત્રસભૂત' શબ્દનો પ્રયોગ હોવો જોઈએ, ત્રસભૂતનો અર્થ છે : 'વર્તમાનમાં જે જીવત્રસ-પર્યાયમાં છે, એમની હિંસાનું પ્રત્યાખ્યાન કરવું.' એમનો બીજો ઉદ્દેશ હતો : બધા ત્રસ જો કદાચિત્ સ્થાવર થઈ જાય તો શ્રમણોપાસકનું ત્રસવધ પ્રત્યાખ્યાન નિરર્થક તેમજ નિર્વિષય થઈ જશે. ગણધર ગૌતમે અનેક યુક્તિઓ અને દૃષ્ટાંતો દ્વારા એમના પ્રશ્નોનું સમાધાન કર્યું. અંતમાં ઉદક નિર્ગ્રન્થ ભગવાન મહાવીરના ચરણોમાં સ્વસમર્પણ કરીને પંચમહાવ્રતરૂપ ધર્મનો સ્વીકાર કરે છે, એનું ખૂબ રોચક વર્ણન આ કથાનકમાં છે. પ્રસ્તુત કથાનકમાંથી એ પણ જાણવા મળે છે કે ગણધર ગૌતમ પોતાની પ્રકૃષ્ણ પ્રતિભા વડે ગહનતમ સમસ્યાઓનું સરલતમ સમાધાન કરવા પૂર્ણ દક્ષ હતા.

---

૧. સેક્રેડ બુક્સ ઑફ ઈસ્ટ, વો. ૪૫. —ડૉ. પ્રો. હર્મન જેકોબી

૨. 'મહાવીરનો સંયમધર્મ,' (ગુજરાતી) પૃ. ૧૨૭ —ગોપાલદાસ પટેલ

૩. અભિધાનચિંતામણીકોષ, ભૂમિકાકાંડ, શ્લોક ૬૭ —આચાર્ય હેમચંદ્ર

૪. અર્ધમાગધીકોષ, ભાગ ૨, પૃ. ૨૧૮ —શતાવધાની રત્નચંદ્રજી મહા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નન્દીફલ

ધન્ય સાર્થવાહ ચંપાનો ખૂબ મોટો વેપારી હતો. તે માલ લઈને અહિચ્છત્રા નગરીમાં જવાનો વિચાર કરવા લાગ્યો. વ્યાપાર સમાજસેવાનું એક માધ્યમ છે. પ્રત્યેક દેશમાં પ્રત્યેક વસ્તુ ઉત્પન્ન થતી નથી, ન તો પ્રત્યેક દેશમાં કલાઓનો વિકાસ થાય છે. એટલે વ્યાપાર દ્વારા આયાત અને નિકાસ કરવામાં આવે છે. કેટલીય વસ્તુઓ કેટલાય પ્રદેશોમાં એટલા બધા પ્રમાણમાં થાય છે કે જનસમૂહ એનો સમગ્રપણે ઉપભોગ કરી શકતો નથી અને આ ઉત્પાદનનું ત્યાં ઉચિત મૂલ્ય પણ મળતું નથી. તે ક્ષેત્રમાં તે વસ્તુ નિરર્થક બની જાય છે. આ વસ્તુઓનો અભાવ બીજા દેશનિવાસીઓને ખટકે છે. આયાત અને નિકાસ થવાથી આ સમસ્યાનો સાચો ઉકેલ આવી જાય છે. ઉત્પાદકોને યોગ્ય પારિશ્રમિક મૂલ્ય મળે છે અને આવશ્યકતાની પૂર્તિ થઈ જવાથી સર્વનું જીવન શાંતિના સાગર પર તરવા લાગે છે. આયાતનિકાસની જવાબદારી વણિકવર્ગ પર હતી. વણિકવર્ગમાં જ એક વર્ગ 'સાર્થવાહ' કહેવાતો હતો. તે વર્ગ કુશલ વ્યાપારી હતો. તેઓ અનેક લોકોને સાથે લઈને એક સ્થાનથી બીજા સ્થાન પર જતા હતા. અસહાય વ્યક્તિઓને તે સહાયભૂત થતા હતા. ધન્યશ્રેષ્ઠી એવો જ સાર્થવાહ હતો. તે પોતાની સાથે ઘણાબધા વેપારીઓને લઈને જઈ રહ્યો હતો. એક વિકટ અટવીમાં સાર્થવાહ આવી પહોંચ્યો, જ્યાં એવાં વિષવૃક્ષ હતાં કે જેનાં ફલ, પાંદડાં, છાલને અડકવાથી કે ચાખવાથી અને સુંઘવાથી ખૂબ મીઠાં લાગતાં હતાં, પણ એની છાયા પ્રાણને હરનારી હતી. એટલે ધન્યસાર્થવાહ જે આ વૃક્ષથી પરિચિત હતો. તેણે સાથીઓને ચેતવણી આપી કે કોઈપણ તે વૃક્ષની સમીપ જાય નહીં. જે વ્યક્તિઓએ એના કથન પ્રમાણે આચરણ કર્યું તે સકુશલ રહ્યા અને જેઓ આ વૃક્ષોનાં વર્ણ, ગંધ, રસાદિ વગેરેથી આસક્ત થઈ ગયા, તેઓ મૃત્યના શિકાર થઈ ગયા. સંસાર ભયાનક અટવી છે. જે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત થાય છે, તેઓ દીર્ઘકાલપર્યંત સંસારની વિવિધ વ્યથાઓ ભોગવે છે. એટલે સાધકને એનાથી બચવાઅંગે અહીં સંકેત છે.

જ્ઞાતાસૂત્રમાં આ ઝેરીલાં ફળોનું નામ 'નન્દીફલ' આપ્યું છે.[1] ઉત્તરાધ્યયન તથા અન્ય સ્થાનો પર 'કિંપાક ફલ' નામ આપવામાં આવ્યું છે.[2] કિંપાકફલ અત્યંત સ્વાદિષ્ટ હોય છે. ઉત્તરાધ્યયન બૃહદ્વૃત્તિમાં પણ આવો ઉલ્લેખ છે.[3] વિષવૃક્ષોનો ઉલ્લેખ આગમસાહિત્યમાં જ નહીં, પરંતુ આધુનિક અનુસન્ધિત્સુઓમાં પણ એવો ઉલ્લેખ છે. ઓસ્ટ્રેલિયામાં એક વિચિત્ર વનસ્પતિ છે, જેની ડાળોમાં વાઘના પંજાની માફક મોટા મોટા કાંટા હોય છે. જો કોઈ ભૂલથી પણ ઘોડા પર બેસીને ત્યાંથી નીકળે છે, તો તે વૃક્ષો પોતાની ડાળીઓ વડે ઘોડા પર બેઠેલી વ્યક્તિને એવી રીતે ઉઠાવી લે છે, જેમ બાજ પક્ષી નાની ચકલીને ઉઠાવી લે તેમ. તે વૃક્ષો માનવનો આહાર કરે છે. અમેરિકાના ઉત્તરના કૈરોલીના રાજ્યમાં 'વીનસ પ્લાઈટ્રેપ' છોડ મળે છે. આ છોડ પર કોઈપણ કીડો કે પતંગિયું બેસે છે તો પાંદડાં તરત બંધ થઈ જાય છે. જ્યારે છોડ એનું લોહીમાંસ શોષી લે ત્યારે પાંદડાં ખૂલી જાય છે અને કીડાનું શુષ્ક શરીર નીચે પડી જાય છે. એવી રીતે 'પીચર પ્લાન્ટ', રેન હેટટ્રમ્પટ, વટર-વાર્ટ, સનડયુ, ઉપસ, ટચ મી નોટ વગેરે માંસાહારી વૃક્ષો છે, જે જીવતાં કીટકોને પકડવા અને તેમનું ભક્ષણ કરવાની કલામાં પાવરધાં હોય છે.[4]

એનાથી એ સિદ્ધ થાય છે કે આગમયુગમાં આ પ્રકારનાં વૃક્ષો થતાં હતાં. એમાં કોઈ પ્રકારનો સંદેહ નથી, કેમકે આધુનિક યુગમાં પણ આ પ્રકારનાં વૃક્ષો મળે છે.

ધન્ય સાર્થવાહ

ધન્ય સાર્થવાહને સુષમા નામની પુત્રી હતી. એની દેખભાળ રાખવા માટે ચિલાત નામના દાસીપુત્રને નિયુક્ત કરવામાં આવ્યો. તે અત્યંત ઉચ્છૃંખલ હતો. શ્રેષ્ઠીએ એને કાઢી મૂકયો. તે વ્યસનોનો દાસ બની ગયો અને તસ્કરોનો સરદાર બની બેઠો. બાળપણથી તે સુષમાને પ્રેમ કરતો હતો, એટલે એણે સુષમાનું અપહરણ કર્યું. શ્રેષ્ઠી અને એના પુત્રોએ એનો પીછો કર્યો. અટવીમાં ચિલાતે મારી નાખેલી સુષમાનો મૃતદેહ એમને પ્રાપ્ત થયો. તેઓ કેટલાક દિવસોથી ભૂખ્યા અને તરસ્યા હતા. અન્ય કોઈપણ ખાદ્ય પદાર્થ ઉપલબ્ધ ન હતો. એટલે એમણે મૃતદેહનું ભક્ષણ કરીને પોતાનો જીવ બચાવ્યો. એમને આ આહાર પ્રત્યે સહેજ પણ આસક્તિ ન હતી. એની રીતે જ શ્રમણ અને શ્રમણીઓ સંયમ

---

૧. જ્ઞાતાસૂત્ર, શ્રુતસ્કન્ધ ૧. અધ્યય ૧૫.

૨. ઉત્તરાધ્યયન, અધ્ય ૧૯. ગા. ૧૭

૩. કિમ્પાકો વૃક્ષવિશેષસ્તસ્ય ફલાન્યતીવ સુસ્વાદૂનિ । ઉત્તરાધ્યયન બૃહદ્વૃત્તિ, પત્ર ૪૪૫

૪. મુનિ શ્રી હજારીમલ સ્મૃતિગ્રંથ : જૈનદર્શન અને વિજ્ઞાન, લે. કન્હૈયાલાલ લોઢા, પૃ. ૩૩૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્વાહ કરવા માટે આહારગ્રહણ કરે છે. આહારનું લક્ષ્ય સંયમસાધના છે. બૌદ્ધ ત્રિપિટક સાહિત્યમાં આવી રીતે મૃત કન્યાનું માંસભક્ષણ કરીને જીવતા રહ્યાનો ઉલ્લેખ છે.[૧]

વિસુદ્ધિમગ્ગ અને શિક્ષાસમુચ્ચયમાં પણ બૌદ્ધ શ્રમણોએ આ પ્રમાણે આહાર લેવો જોઈએ તેમ જણાવવામાં આવ્યું છે. મનુસ્મૃતિ, આપસ્તમ્બધર્મસૂત્ર[૨], વાસિષ્ઠ,[૩] બોધાયન ધર્મસૂત્ર[૪] વગેરેમાં સંન્યાસીઓના આહાર અંગેની ચર્ચા આની સાથે સમાનતા ધરાવે છે.

પ્રસ્તુત કથાનકમાંથી એ જાણવા મળે છે કે મહાવીરયુગમાં ચોર દ્વારા એવી મંત્રશક્તિનો પ્રયોગ કરવામાં આવતો કે જેનાથી સંગીન તાળાં પણ મંત્રશક્તિથી ખૂલી જતાં હતાં.[૫] એનાથી એ સ્પષ્ટ છે કે એ યુગમાં તાળાં વગેરેનો ઉપયોગ ધન વગેરેની રક્ષા માટે કરવામાં આવતો હતો. વિદેશીયાત્રી મેગસ્થનિઝ, હ્યુએનત્સાંગ અથવા યુવાન ચ્વાંગ (૬૦૦–૬૪ ઈ.સ.), ફાહિયાન, વગેરે યાત્રીઓએ પોતાનાં યાત્રાવિવરણોમાં એ નોંધ્યું છે કે, 'ભારતમાં કોઈપણ વ્યક્તિ તાળાં વગેરેનો ઉપયોગ કરતી ન હતી.' પણ આગમસાહિત્યમાં તાળાં વગેરેનું વર્ણન જોવા મળે છે, જે અન્વેષકો માટે અન્વેષણીય છે.

કાલોદાયી અણગાર

રાજગૃહીના ગુણશીલક ઉદ્યાનની સમીપ અન્યતીર્થીઓ રહેતા હતા. કાલોદાયી, શૈલોદાયી, શૈવાલોદાયી, ઉદય, નામોદય, નરમોદય, અન્યપાલક, શૈલપાલક, શંખપાલક, અને સુહસ્તિ વગેરે રહેતા હતા. તેઓ પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા. ભગવાન મહાવીર ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય–આ પાંચ દ્રવ્યોને અસ્તિકાય કહે છે અને આ અસ્તિકાયમાંથી પુદ્ગલાસ્તિકાય સિવાય બાકીનાં ચારને અરૂપી કહે છે. એમનું કથન કેવી રીતે માની શકાય ? એટલે એમણે ગણધર ગૌતમને સમીપમાંથી પ્રસાર થતા જોયા અને એમણે ગૌતમ સમક્ષ પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી. ગૌતમે કહ્યું : 'અમે અસ્તિભાવને અસ્તિભાવ કહીએ છીએ અને નાસ્તિભાવને નાસ્તિ-ભાવ કહીએ છીએ.' ગૌતમે આ વાત ભગવાન મહાવીરને કહી. આ બાજુ કાલોદાયી પ્રભુના સમવસરણમાં આવી પહોંચ્યો. ભગવાને કહ્યું : 'તને અસ્તિકાય અંગે શંકા છે. હું ધર્માસ્તિકાય આદિની પ્રરુપણા કરું છું.'

કાલોદાયીએ પ્રશ્ન કર્યો: "ધર્માસ્તિકાય, અધર્માસ્તિ, આકાશાસ્તિકાય આ અરૂપી અજીવકાય પર શું કોઈ બેસવા, સૂવા કે ઊભા રહેવાની ક્રિયા કરી શકે ?"

ભગવાને સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું : 'કેવલ પુદ્ગલાસ્તિકાય જ રૂપી અજીવ છે. એના પર બેસવાની, સૂવાની વગેરે ક્રિયાઓ કરી શકાય છે, બાકીના પર નહીં. ફરીથી કાલોદાયીએ પ્રશ્ન કર્યો : 'રૂપી અજીવ પુદ્ગાસ્તિકાયમાં જીવોને અશુભ ફળ આપનાર પાપકર્મ લાગે છે ?' ભગવાને કહ્યું: 'જીવ જ પાપકર્મવાળા હોય છે.' સમાધાન પામીને કાલોદાયીએ સ્કંદકની જેમ પ્રભુની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

પ્રસ્તુત કથામાં જૈનદર્શન અંગે મહત્વપૂર્ણ ચર્ચા છે. જીવદ્રવ્ય અરૂપી છે. તે ચેતનામય છે અને જેનામાં ચેતના ગુણનો અભાવ છે, તે અજીવ છે. અજીવ દ્રવ્ય રૂપી અને અરૂપી એમ બે પ્રકારનાં છે. પુદ્ગલ રૂપી છે, બાકીનાં ચાર દ્રવ્ય અરૂપી છે. રૂપી માટે મૂર્ત અને અરૂપી માટે અમૂર્ત શબ્દનો પ્રયોગ પણ થયો છે.

જૈનદર્શને છ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલને ગતિશીલ અને સ્થિતિશીલ એમ બંને માન્યાં છે. ધર્માસ્તિકાય ગતિમાં સહાયક છે, જ્યારે અધર્માસ્તિકાય સ્થિતિમાં સહાયક છે. જૈનદર્શન સિવાય ભારતના અન્ય કોઈ પણ દર્શનમાં આ શબ્દોનો પ્રયોગ કે એ અંગે ચિંતન જોવા મળતું નથી. આધુનિક વૈજ્ઞાનિકોમાં સર્વપ્રથમ ન્યૂટને ગતિતત્વ (Medium of Motion)નો સ્વીકાર કર્યો. સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટીને ગતિતત્વની સ્થાપના કરતાં જણાવ્યું છે: 'લોક પરિમિત છે. તો અલોક પણ પરિમિત છે. લોક પરિમિત હોવાનું મૂળ કારણ એ છે કે શક્તિ લોકની બહાર જઈ શકતી

૧. સંયુક્તનિકાય, ૨ પૃ. ૯૭

૨. આપસ્તમ્બ ધર્મસૂત્ર, ૨, ૪ ૯, ૧૩

૩. વાસિષ્ઠ ૬ : ૨૦, ૨૧

૪. બોધાયન ધર્મસૂત્ર ૨, ૭, ૩૧; ૩૨

૫. તાલુગ્ઘાડણિવિજ્જં—જ્ઞાતાસૂત્ર, પ્રથમ શ્રુત૦, અધ્ય. ૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. લોકની બહાર આ શક્તિનો–દ્રવ્યનો અભાવ છે, જે ગતિમાં સહાયક છે. વૈજ્ઞાનિકોએ જેને 'ઈથર'–ગતિતત્ત્વ કહ્યું છે, એને જૈન સાહિત્યમાં ધર્મદ્રવ્ય કહ્યું છે.[૧]

અહીં ગતિ એટલે એક સ્થાનથી બીજા સ્થાને જવાની ક્રિયા. ધર્મદ્રવ્ય આ પ્રકારની ક્રિયામાં સહાયક બને છે. જેમકે, માછલી પોતે તરે છે તોપણ એની આ ક્રિયા પાણી વગર થઈ શકતી નથી. પાણીની એને તરવામાં સહાયક લેવી પડે છે. જો તે તરવા ઇચ્છતી ન હોય તો પાણી એને ફરજ પાડતું નથી. એવી રીતે જીવ અને પુદ્ગલ જ્યારે ગતિ કરે છે, ત્યારે ધર્મદ્રવ્ય સહાયક બને છે. 'ઈથર' આધુનિક ભૌતિકવિજ્ઞાનની એક મહત્ત્વપૂર્ણ શોધ છે.[૨] ઈથર અંગે ભૌતિકવિજ્ઞાનવેત્તા, ડૉ. એ. એસ. એડિંગ્ટને[૩] નોંધ્યું છે કે, 'આજે એ સ્વીકારી લેવામાં આવ્યું છે કે ઈથર ભૌતિક દ્રવ્ય નથી, ભૌતિકની અપેક્ષા એ એની પ્રકૃતિ ભિન્ન છે. ભૂતમાં પ્રાપ્ત પિંડત્વ અને ઘનત્વ ગુણોનો ઈથરમાં અભાવ હશે, પરંતુ પોતાના નવા અને નિશ્ચિયાત્મક ગુણો હશે.... ઈથરનો અભૌતિક સાગર.

---

૧. (ક) ઉત્તરાધ્યયન, ૩૬/૪ (ખ) સમવાયાંગ ૧૪૯

૨. I am quite sure that you have heard of Ether before now, but please do not confuse it with the liquid Ether used by surgeons to render a patient unconscious for an operation. If you should ask me just what the Ether is, that is, the Ether that conveys electromagnetic-waves, I would answer that I cannot accurately describe it. Neither can anyone else. The best that anyone could do would be to say that Ether is invisible body and that through it electromagnetic-waves can be propagated.

But let us see from a practical standpoint the nature of the thing called "Ether". We are all quite familiar with the existence of solids, liquids and gases. Now suppose that inside a glass-vessel there are no solids, no liquids or gases : that all of these things have been removed including the air as well.

If I were to ask you to describe the condition that now exist within the glass-vessel, you would promptly reply that nothing exists within it, that a vacuum has been created. But I shall have to correct you, and explain that within this vessel there does exist 'Ether', nothing else.

So we may say that 'Ether' is a 'something' that is not a solid nor liqid, nor gaseous, nor any thing else which can be observed by us physically. Therefore, we may say that an absolute 'vacuum' or a void does not exist anywhere, for we know that an absolute vacuum can not be created for Ether can not be removed.

We get our khowledge of Ether from experiments : by observing results and deducing facts. For example, if within the glass-vessel, mentioned above, we place a bell and cause it to ring, no sound of any kind reaches our ears. Therefore, we deduce that in the absence of air, sound does not exist, and thus, that sound must be due to vibration in the air.

Now let us place a radio transmitter inside the enclosure that is void of air. We find that radio signals are sent out exactly the same as when the transmitter was exposed to the air. So we are right in deducing that electro-magnetic waves or Radio waves do not depend on air for their propagation that they are propagated through or by means of "something" which remained inside the glass enclosure after the air had been exhausted. This some-thing has been named "Ether."

We believe that Ether exists throughout all space of the universe, in the most remote region of the stars, and at the same time within the earth, and in the seemingly impossible small space which exists between the atoms of all matter. That is to say, Ether is everywhere; and that electromagnetic wave been can be propagated everywhere.

—Hollywood, R. and T. : Instruction Lesson No 2. 'What is Ether ?'

૩. This does not mean that the Ether is abolished. We need an Ether.....in the last century it was widely believed that Ether was a kind of matter having properties such as mass, rigidity, motion like ordinary matter. It would be difficult to say when this view died out.....Now-a-days it is agreed that Ether is not a kind of matter, being non–material its properties (quite unique) characters such as mass and rigidity which we meet within matter will naturally be absent in Ether but the Ether will have new and definite characters of its own.....non-material ocean of Ether.

—The Nature of the Physical World, P. 31.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અલ્બર્ટ આઈન્સ્ટીનના અપેક્ષાવાદના સિદ્ધાન્તાનુસાર 'ઈથર અભૌતિક, અપરિમાણિવક, આકાશની જેમ વ્યાપક, અરૂપ, ગતિનું અનિવાર્ય માધ્યમ અને પોતે પોતાનામાં જ સ્થિર છે.[1]

અધર્માસ્તિકાય અવસ્થિતિમાં સહાયક છે. કેટલાય આધુનિક ચિંતક અધર્મદ્રવ્યની તુલના યા સમાનતા ગુરુત્વાકર્ષણ અને ફીલ્ડ સાથે કરે છે. પરંતુ ડો. મોહનલાલ મહેતાનું મંતવ્ય છે કે, ગુરુત્વાકર્ષણ (Gravitation) અને ફીલ્ડ (Field)-થી અધર્મ જુદું અને એક સ્વતંત્ર તત્ત્વ છે.

એકવાર કાલોદાયી અણગારે ભગવાન મહાવીર સમક્ષ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો : 'ભગવાન, જીવ અશુભ ફળવાળાં કર્મો સ્વયં કેવી રીતે કરે છે ?'

મહાવીરે એનું સમાધાન કરતાં કહ્યું : 'જેવી રીતે કોઈ માનવ સ્નિગ્ધ, સુગન્ધિત, વિષ મિશ્રિત માદક પદાર્થનું ભોજન કરે. તેને તે ભોજન અત્યંત પ્રિય લાગે છે. તે વખતે થનાર નુકસાનનું વિસ્મરણ થઈ જાય છે. પરંતુ એ ભોજન ખાનાર પર એની માઠી અસર તો પડે જ છે. એવી રીતે હિંસા, અસત્ય, ચોરી, કુશીલ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ વગેરે પાપોનું સેવન કરતી વખતે તે બધાં અત્યંત મધુર લાગે છે. પણ એનાથી જે પાપકર્મ બંધાય છે, તે ઘણાં અનિષ્ટકારક થાય છે તથા તે ફળ પાપો કરનારને જ ભોગવવાં પડે છે.'

'ભગવન્, જીવ શુભ કર્મો કેવી રીતે કરે છે ?' કાલોદાયીએ પૂછ્યું.

મહાવીર : 'જેવી રીતે માનવ ઔષધમિશ્રિત ભોજન કરે છે. તે ભોજન તીખું, કે કડવું હોવા છતાં પણ તે બળ અને વીર્યવર્ધક હોય છે, એટલે જ લોકો તે ખાય છે. એવી રીતે અહિંસા સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, ક્ષમા, અલોભ વગેરે શુભ કર્મોની પ્રવૃત્તિઓ મધુર લાગતી નથી. પણ એનું પરિણામ અત્યંત સુખકર હોય છે.'

કાલોદાયીએ પુન જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો : 'ભગવન્, બે વ્યક્તિઓ છે. બન્ને પાસે સમાન ઉપકરણ છે. એક અગ્નિને પ્રજ્વલિત કરે છે, અને બીજો એને બુઝાવી નાંખે છે. કૃપા કરીને એ જણાવો : પ્રજ્વલિત કરનારો વધુ પાપને ભાગીદાર થાય છે કે અગ્નિને બુઝાવનારો ?'

ભગવાને કહ્યું : 'જે અગ્નિને પ્રજ્વલિત કરે છે, તે અધિક આરંભ અને કર્મબંધન કરે છે. કેમકે પૃથ્વી, જલ, વાયુ, વનસ્પતિ અને ત્રસની હિંસા તે વધુ કરે છે. અને અગ્નિની હિંસા થોડીક કરે છે, જે અગ્નિ બુઝાવે છે તે અગ્નિનો આરંભ અધિક કરે છે અને પૃથ્વી, પાણી, વાયુ, વનસ્પતિ અને ત્રસની હિંસા થોડી કરે છે. અગ્નિથી થનારી હિંસા તે ઘટાડે છે, એટલે આગ સળગાવનાર આરંભ અધિક કરે છે, અને જ્યારે આગ બુઝાવનાર ઓછી.'

કાલોદયી : 'ભગવાન્, શું અચિત્ત પુગદ્ગ પ્રકાશ યા ઉદ્યોત કરે છે ? તે કેવી રીતે પ્રકાશિત થાય છે ?'

મહાવીર : 'અચિત્ત પુદ્ગલ પ્રકાશ કરે છે. જ્યારે કોઈ તેજોલેશ્યાધારી મુનિ તેજોલેશ્યા છોડે છે, ત્યારે તે પુદ્ગલો દૂર દૂર સુધી જઈને પડે છે. તે દૂર અને સમીપમાં પ્રકાશ ફેલાવે છે. પુદ્ગલો અચિત્ત હોવા છતાં તેનો પ્રયોક્તા હિંસા કરનારો અને પ્રયોગ હિંસાજનક બને છે.'

ભગવાનના ઉત્તરોથી કાલોદાયી અણગારના મનનું સમાધાન થઈ ગયું. એણે વિવિધ તપની આરાધના કરી જીવનની સંધ્યાએ સમાધિપૂર્વક મોક્ષ પ્રાપ્ત કર્યો.

પ્રસ્તુત કથાનકમાં અનેક તલસ્પર્શી પ્રશ્નોનો ઉકેલ છે આ ઉકેલ ભગવાન મહાવીરના અગાધ જ્ઞાનનો દ્યોતક છે. સામાન્ય માનવી આ પ્રકારના ઉત્તર આપી શકે નહીં.

પુંડરીક અને કંડરીક

પુષ્કલાવતી વિજયમાં મહાપદ્મ સમ્રાટ હતો. તે શ્રમણ બન્યો. એમનો જ્યેષ્ઠ પુત્ર પુંડરીક રાજ્યનું સંચાલન કરવા લાગ્યો અને કંડરીક યુવરાજ બન્યો, મહાપદ્મ સિદ્ધ, બુદ્ધ, મુક્ત બન્યા. કેટલાક સમય પછી એક બીજા સ્થવિરનું ત્યાં આગમન થયું. કંડરીકને વૈરાગ્ય થયો. રાજા પુંડરીકે એને ખૂબ સમજાવ્યો પણ એણે દીક્ષા ગ્રહણ કરી લીધી. કેટલાક સમય પછી કંડરીક મુનિને દેહ-જ્વર લાગુ પડ્યો. મહારાજ પુંડરીકે એમનો ઔષધિઉપચાર કરાવ્યો. સ્વસ્થ થયા પછી પણ કંડરીક મુનિ ત્યાં જ થોભી ગયા. રાજાએ નમ્રપણે જણાવ્યું : 'શ્રમણ મર્યાદા પ્રમાણે આપને વિહાર કરવો યોગ્ય છે.'

1. Thus it is proved that Science and Jain Physics agree absolutely so far as they call Dharma [Ether] non-material, non-atomic, non-discrete, continuous, co-extensive with space, indivisible and as a necessary medium for motion and one which does not itself move.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિએ વિહાર કર્યો, પણ ભોગ તરફ આસક્ત મુનિ કેટલાક સમય બાદ ફરીથી પાછા ત્યાં જ આવી ગયા. પુંડરીક સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ જ્યારે તેઓ ન સમજ્યા ત્યારે એમને રાજ્ય આપી પોતે જ શ્રમણવેશ ધારણ કરી લીધો. ત્રણ દિવસની સાધના તેમજ આરાધના કરવાને લીધે પુંડરીકમુનિ તેત્રીસ સાગરની સ્થિતિનો ઉપભોગ કરનારા દેવ બન્યા અને કંડરીક ભોગોમાં આસક્ત થઈને ત્રણ દિવસનું આયુષ્ય ભોગવીને તેત્રીસ સાગરની સ્થિતિવાળા સાતમા નરકનો મહેમાન બન્યો. જે સાધક વર્ષો સુધી ઉત્કૃષ્ટ સાધના કર્યા પછી સાધનામાંથી ચલિત થઈ જાય છે તેની દુર્ગતિ થાય છે અને જે જીવનની સંધ્યાએ પણ ઉત્કૃષ્ટ સાધના કરે છે, તે સદ્‌ગતિને પ્રાપ્ત કરે છે.

પ્રસ્તુત કથાનકમાં ઉત્થાન અને પતન તથા પતન અને ઉત્થાનનું સજીવ ચિત્ર પ્રાપ્ત થાય છે.

સ્થવિરાવલી

શ્રમણ ભગવાન મહાવીર પછી અનેક સ્થવિર ભગવંતોએ શાસનની સેવા કરી છે. એ સ્થવિરોનો ઉલ્લેખ કલ્પસૂત્ર અને નંદીસૂત્ર વગેરેમાં છે. ભગવાન મહાવીર પછી ગણધર ગૌતમ, આર્ય સુધર્મા અને જંબૂ—એ ત્રણ કેવલજ્ઞાની થયા. પ્રભવ, શય્યંભવ, યશોભદ્ર, સંભૂતિવિજય, ભદ્રબાહુ અને સ્થૂલિભદ્ર વગેરે શ્રુતકેવલી થયા. મહાગિરિ, સુહસ્તિ, ગુણસુંદર, કાલકાચાર્ય, સ્કન્દિલાચાર્ય, રેવતીમિત્ર, મંગૂ, ધર્મ, ચંદ્રગુપ્ત, આર્યવજ્ર એ દશ આચાર્યો દશ પૂર્વધર હતા. એના પછી ધીમે ધીમે પૂર્વોનું જ્ઞાન ન્યૂન થવા લાગ્યું. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ એક પૂર્વધર આચાર્ય હતા. જૈનધર્મમાં અનેક પ્રતિભાસંપન્ન જ્યોતિર્ધર આચાર્ય થયા. એની સંક્ષિપ્ત સૂચનાઓ અહીં આપવામાં આવી છે. આ જ્યોતિર્ધર આચાર્યો અંગે વિવિધ ગ્રંથોમાં વિવિધ પ્રકારની જાણકારી પ્રાપ્ત થાય છે. પણ વિસ્તાર થવાના ભયથી અમે તે અંગે કંઈ ન લખતાં, તે અંગે મૂલ ગ્રંથો જોવા માટે અમે પ્રબુદ્ધ પાઠકોને નિવેદન કરીએ છીએ.

આ પ્રમાણે ધર્મકથાનુયોગ અંગે તીર્થંકરોના શાસનના શ્રમણોની કથા પૂર્ણ થાય છે, તૃતીય સ્કન્ધમાં તીર્થંકરોના શાસન દરમિયાન થયેલી શ્રમણીઓની કથાઓ આપવામાં આવી છે.

દ્રૌપદી

ભગવાન અરિષ્ટનેમિના શાસનમાં દ્રૌપદી શ્રમણીનો ઉલ્લેખ છે. દ્રૌપદીના પૂર્વભવોનું એમાં વર્ણન છે. દ્રૌપદી કેટલાક ભવ પૂર્વે નાગશ્રી બ્રાહ્મણી હતી. એણે તુંબડાનું શાક બનાવ્યું, પરંતુ જ્યારે તેણે એ શાક ચાખ્યું તો તે કડવું અને વિષાસક્ત માલુમ પડ્યું. ઉપાલંભના ભયથી તેણે તે છુપાવી રાખી મૂકયું. પરિવારના લોક જમી પરવારી ચાલી નીકળ્યા. એટલામાં ધર્મરુચિ અણગાર ભિક્ષા લેવા આવ્યા. નાગશ્રી માનવીના રૂપમાં નાગણ હતી. એણે મુનિના પાત્રમાં પેલું તુંબડાનું વિષાસક્ત શાક પધરાવી દીધું. માનવ સાધારણ લાભ માટે ભયંકર કુત્સિત ક્રૂર કર્મ કરી બેસે છે. જેનું ફલ અત્યંત દારુણ આવે છે. ધર્મરુચિ મુનિ આહાર લઈને ગુરુનાં ચરણોમાં આવી પહોંચ્યા. ગુરુજીએ તે ચાખ્યું અને એમણે એને જમીનમાં પરઠી દેવાનો આદેશ આપ્યો. ધર્મરુચિ તે પરઠવા જાય છે તે વખતે એક ટીપું શાક જમીન પર નાંખ્યા તેની શી પ્રતિક્રિયા થાય છે તે જોવા બેઠા. કીડીઓ આવી અને એને સ્પર્શ કરતાં મરી ગઈ. મુનિનું હૃદય હલી ઊઠ્યું. એમણે જીવોની રક્ષા માટે તે વિષાક્ત શાક જાતે ખાઈ સમાધિપૂર્વક પોતાના જીવનનો અંત આણ્યો. નાગશ્રીનું પાપ છુપું ન રહી શકયું. એને સર્વ તરફથી તિરસ્કાર—ફિટકાર મળ્યો. વળી એના શરીરમાં સોલ મહારોગ પેદા થયા. તે હાય—હાય કરતી મરી ગઈ. તે છઠ્ઠી નારકીમાં ઉત્પન્ન થઈ. અને ઘણા લાંબા સમય સુધી તે ફરી ફરી નરક તેમજ તિર્યંચ યોનિમાં જન્મ લેતી રહી. લાંબા સમય પછી તે સુકુમાલિકા નામે એક શ્રેષ્ઠીની પુત્રી બને છે. પણ તે વખતે પણ પાપનાં ફલનો અંત આવ્યો ન હતો. એના શરીરનો સ્પર્શ તલવારની ધાર જેવો તીક્ષ્ણ અને અગ્નિની માફક ઉષ્ણ હતો. એટલે કોઈપણ એની સાથે વિવાહ કરવા તૈયાર ન હતું. ત્યાં સુધી કે ભિખારી પણ રાત્રિમાં તેને છોડીને ભાગી જાય છે. તે એનો સ્પર્શ સહન ન કરી શકયો. પિતાએ દાનશાલા શરૂ કરી, ત્યાં જૈન આર્યિકાઓનું આગમન થયું. એણે એની પાસે યંત્ર-તંત્ર આપવાની માગણી કરી. આર્યિકાઓએ પોતાના ધર્મ અંગે સમજણ આપી અને સુકુમાલિકાએ સાધ્વીધર્મનો સ્વીકાર કર્યો. પણ એના આંતરમાનસની મલિનતા સાફ થઈ ન હતી, એટલે તે પુનઃ શિથિલાચારિણી બની ગઈ અને એકલી રહેવા લાગી. એકવાર એકાન્તમાં તે આતાપના લઈ રહી હતી ત્યારે તેણે એક વેશ્યાને પાંચ પુરુષોથી વીંટાયેલી જોઈ. કોઈ એનો પગ દબાવતો હતો તો કોઈ ચામર ઢોળતો હતો. સુકુમાલિકામાં ભોગની લાલસા જાગૃત થઈ. એણે એવો સંકલ્પ કર્યો કે જો મારા તપનું ફલ મળવાનું હોય તો હું આવી રીતે સુખ ભોગવું. તે મરીને દેવગણિકાના રૂપમાં ઉત્પન્ન થઈ અને ત્યાંથી રાજા દ્રુપદની કન્યા દ્રૌપદી બની. દ્રૌપદીના સ્વયંવરનું આયોજન થયું. શ્રીકૃષ્ણ પાંડવ વગેરે એ સ્વયંવરમાં હાજર થયા. નિદાનકૃત હોવાને કારણે એણે પાંચ પાંડવોને પસંદ કર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વાર નારદ હસ્તિનાપુર આવ્યા. દ્રૌપદીએ એમનું સન્માન ન કર્યું. નારદ ગુસ્સે થઈ ગયા. તે ધાતકીખંડની અમરકંકા નગરીના અધિપતિ પરદારાલંપટ પદ્મનાભની સમીપ ગયા. એમણે એની સમક્ષ દ્રૌપદીના રૂપલાવણ્યની અતિશય પ્રશંસા કરી. તેણે દેવની સહાયતાથી દ્રૌપદીનું હરણ કરાવ્યું. દ્રૌપદી પાસે એણે ભોગની યાચના કરી પણ તે તો પૂર્ણ-પણે પવિત્ર નારી હતી. પાંડવોને લઈને કૃષ્ણ અમરકંકા આવી પહોંચ્યા. એમણે પદ્મનાભને યુદ્ધમાં પરાજિત કર્યો અને એની રાજધાની ખેદાનમેદાન કરી નાંખી દ્રૌપદીનો ઉદ્ધાર કર્યો. જીવનની સંધ્યાવેળાએ દ્રૌપદીના પુત્ર પાંડુસેનને રાજ્ય આપી પાંડવોએ તથા દ્રૌપદીએ શ્રમણધર્મનો સ્વીકાર કર્યો.

પ્રસ્તુત કથાનકમાં જે દ્રૌપદીનું નિરૂપણ થયું છે, તે જૈન દૃષ્ટિથી થયું છે. વૈદિક મહાભારતમાં પણ દ્રૌપદીનું નિરૂપણ થયું છે. વૈદિક પરંપરામાં પાંચ ભરથારવાળી થવાનું એક કારણ એ આપવામાં આવ્યું છે કે એણે પૂર્વભવમાં પતિની કામનાની તપસ્યા કરી હતી. શંકરે સર્વ ગુણસંપન્ન પતિની પ્રાપ્તિ થાય એવું વરદાન પાંચવાર આપ્યું હતું, એટલે એને પાંચ પતિવાળી બનવું પડ્યું. વૈદિક મહાભારત અનુસાર દ્રુપદ રાજા દ્રૌપદીની ઉત્પત્તિ યજ્ઞાગ્નિમાંથી કરે છે અને એની ઉત્પત્તિનું કારણ કુરુવંશનો વિનાશ બતાવવામાં આવ્યું છે. જૈન દૃષ્ટિએ કુરુવંશના વિનાશનું કારણ પાંડવો પ્રત્યે દુર્યોધનની ઈર્ષ્યા, હઠ અને અભિમાન છે. દુર્યોધન કપટ-દ્યૂતમાં જીત્યા પછી દ્રૌપદીને નિર્વસ્ત્ર કરવા ઇચ્છે છે, પણ શ્રીકૃષ્ણ પોતાની અલૌકિક શક્તિથી એનાં ચીર વધારે છે, જ્યારે જૈન પરંપરામાં ચીર વધવાનું કારણ સતી દ્રૌપદીના સ્વયં શીલનો પ્રભાવ હોવાનું જણાવ્યું છે. દ્રૌપદીના શીલથી પ્રભાવિત થઈને જ શાસનદેવ મદદ કરે છે. જૈન પરંપરા અનુસાર દ્રૌપદી કુરુવંશની મર્યાદા રાખનારી, વ્યવહારકુશલ, કુશાગ્ર બુદ્ધિશાળી, પતિપરાયણા, સ્વાભિમાનિની નારી હતી.

પ્રસ્તુત કથાનકમાં શ્રી કૃષ્ણના નરસિંહરૂપનું વર્ણન મળે છે. નરસિંહાવતારની ચર્ચા શ્રીમદ્ ભાગવતમાં છે. એ વિષ્ણુનો અવતાર હતા. પરંતુ કૃષ્ણે કોઈ વખતે નરસિંહનું રૂપ ધારણ કર્યું હોય એવો પ્રસંગ વૈદિક પરંપરાના ગ્રંથોમાં જોવા મળતો નથી. પણ પ્રસ્તુત કથાનકમાં તે પ્રસંગનું સજીવ ચિત્રણ છે.

પદ્માવતી વગેરે શ્રમણીઓ

એકવાર ભગવાન અરિષ્ટનેમિ દ્વારિકામાં પધાર્યા. કૃષ્ણ મહારાજ ભગવાનને વંદન-નમસ્કાર કરવા ગયા. ઉપદેશ સાંભળીને પરિષદ ચાલી ગઈ. કૃષ્ણ મહારાજે જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો : 'દેવલોક સમાન આ દ્વારિકાનગરીનો વિનાશ કેવી રીતે થશે?' ભગવાને કહ્યું : 'મદિરા, અગ્નિ અને દ્વૈપાયન ઋષિના કોપને કારણે દ્વારિકાનગરીનો વિનાશ થશે.'

કૃષ્ણ વિચારવા લાગ્યા : 'જાલિ, મયાલિ, ઉવયાલિ, પુરુષસેન, વીરસેન, પ્રદ્યુમ્ન, શાંબ, અનિરુદ્ધ, દૃઢનેમિ, સત્યનેમિ વગેરે રાજકુમાર ધન્ય છે, જેમણે શ્રમણ ધર્મ ગ્રહણ કર્યો છે. પણ હું સંસારનો પરિત્યાગ કરી શકતો નથી.'

ભગવાને કહ્યું : 'તમે વાસુદેવ નિદાનકૃત હોવાથી પ્રવ્રજ્યા ગ્રહણ કરી શકતા નથી. તમે ચિંતા ન કરો. તમે આગામી ઉત્સર્પિણી કાલમાં 'અમમ' નામના બારમા તીર્થંકર બનશો.' શ્રી કૃષ્ણે નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે, 'જે કોઈ અર્હન્ત અરિષ્ટનેમિ પાસે દીક્ષા લેવા ઇચ્છતા હોય તેઓ સહર્ષ દીક્ષિત થઈ શકે છે. દીક્ષાર્થીના જે કોઈ આશ્રિત કુટુંબીજનો હશે એની વ્યવસ્થા સ્વયં કૃષ્ણ કરશે અને દીક્ષામહોત્સવ પણ કૃષ્ણ કરશે.'

શ્રીકૃષ્ણની પ્રેરણાથી એમની પટરાણી-પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુસીમા, જાંબવતી, સત્યભામા અને રુકિમણી-એ આઠેયે પ્રવ્રજ્યા ગ્રહણ કરી તથા શાંબકુમારની ભાર્યા મૂલશ્રી અર્થાત્ મૂલદત્તાએ પણ યક્ષિણી આર્યા પાસે પ્રવ્રજ્યા લઈને પોતાનું જીવન પાવન કર્યું.

પ્રસ્તુત કથાનકમાં દ્વારિકાનગરીના વિનાશની તથા શ્રીકૃષ્ણના આગામી કાલમાં તીર્થંકર થવાની મહત્ત્વપૂર્ણ સૂચના છે, જેનું ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ મૂલ્ય છે.

પોટ્ટિલ કથાનક

તેતલિપુર નગરના રાજા કનકરથનો આમાત્ય 'તેતલિપુત્ર' નામે હતો. ત્યાં 'મૂષિકાદારક'ની પુત્રી 'પોટ્ટિલા' પણ રહેતી હતી. પોટ્ટિલાનું અદ્ભુત રૂપ જોઈને તેતલિપુત્ર મુગ્ધ થઈ ગયો. બન્નેનો વિવાહ થઈ ગયો. એ બન્નેમાં પરસ્પર અત્યંત અનુરાગ હતો. પણ બન્ને વચ્ચે એવી પરિસ્થિતિ પેદા થઈ ગઈ કે તેતલિપુત્ર એના નામની પણ ઘૃણા કરવા લાગ્યો. એક દિવસ જેનાથી પોટ્ટિલા વગર રહેવાતું ન હતું તે આજે એના નામને પણ પસંદ કરતો ન હતો. એણે પોટ્ટિલાને ભોજન બનાવવાનો તથા અતિથિઓની સેવાનો ભાર સોંપ્યો. એક દિવસ 'સુવ્રતા' નામની આર્યા શિષ્યો સહિત તેતલિપુર પધારી. તેઓ ભિક્ષાઅર્થે પોટ્ટિલાને ત્યાં આવી. એણે સાધ્વીઓને આહાર-દાન આપ્યા પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવ્યું કે, 'મને એવો વશીકરણ મંત્ર આપો, જેનાથી મારો પતિ મારા વશમાં આવી જાય'. સાધ્વીઓએ કહ્યું : 'અમે બ્રહ્મચારિણી સાધ્વીઓ આવી વાત સાંભળવાનું પણ પસંદ કરતી નથી.' પોટ્ટિલાએ શ્રાવિકાનાં વ્રતો ગ્રહણ કર્યાં. એનો અંતરાત્મા જાગૃત થઈ ગયો. સંયમ ગ્રહણ કરવા માટે તેણે તેતલિપુત્રની આજ્ઞા માગી. તેતલિપુત્રે કહ્યું : 'તું સંયમ સ્વીકાર કરીશ તો આગામી ભવમાં દેવ બનીશ. ત્યાંથી આવીને મને પ્રતિબોધ કરવાનું સ્વીકારે તો હું તને દીક્ષા લેવાની અનુમતિ દેવા માગું છું'. તે દીક્ષિત થઈ અને દેવ બની.

વચનબદ્ધ હોવાથી પોટ્ટિલદેવે તેતલિપુત્રને પ્રતિબુદ્ધ કરવા માટે અનેક ઉપાય કર્યા. પણ તેતલિપુત્ર રાજા દ્વારા અત્યંત સંમાનિત હોવાથી પ્રતિબુદ્ધ ન થયો. અંતમાં દેવે રાજાને એનો વિરોધી બનાવ્યો. જ્યારે તે રાજસભામાં ગયો ત્યારે રાજાએ મુખ ફેરવી લીધું અને વાત પણ ન કરી. રાજાના અભિનવ વ્યવહારથી તે ભયભીત થઈ ગયો. તે ત્યાંથી ઘેર આવ્યો. પણ પરિજનોએ પણ એનો આદર કર્યો નહીં. એટલે આત્મઘાત કરવા માટે તૈયાર થયો આ માટે એણે અનેક ઉપાયો કર્યા પણ કોઈ પણ ઉપાય કારગત નીવડ્યો નહીં. અંતે પોટ્ટિલદેવે પ્રગટ થઈને સારપૂર્ણ શબ્દોમાં બોધ આપ્યો. એટલે એને જાતિસ્મરણ થયું કે હું પૂર્વજન્મમાં મહાવિદેહ ક્ષેત્રમાં મહાપદ્મ નામનો રાજા હતો અને ત્યાંથી મહાશુક્ર નામનો દેવ બન્યો હતો. ત્યાંથી હું અહીં જન્મ્યો છું.' તેતલિપુત્રને સંસાર નિઃસાર લાગ્યો. તેણે સ્વયં દિક્ષિત થઈને ઉત્કૃષ્ટ તપની આરાધના કરી તથા અવ્યાબાધ સુખ પ્રાપ્ત કર્યું.

જ્યારે માનવ સુખના સાગરમાં તરતો હોય છે ત્યારે અને તે સમયે ધર્મક્રિયા પ્રતિ રુચિ થતી નથી. જ્યારે દુઃખના દાવાગ્નિમાં તે પડે છે ત્યારે તે ધર્મ–અભિમુખ થાય છે. જ્યારે તેતલિપુત્રનું જીવન સુખી હતું, તે સમયે તે ધર્મથી વિમુખ હતો, પણ દુઃખ આવી પડતાં તે ધર્મ પ્રતિ વળ્યો

આ કથામાં રાજા કનકરથની નિષ્ઠુરતાનું નિરૂપણ છે. તે રાજ્યલોભી હતો. કદાચ પુત્ર એની પાસેથી રાજ્ય છીનવી લે એટલે તે તેને વિકલાંગ બનાવી દેતો હતો. રાજ્યના લોભથી માનવ દાનવ બની જાય છે. તે ઉચિત અને અનુચિતનો વિવેક ખોઈ બેસે છે.

પાર્શ્વનાથના તીર્થનાં આર્યા કાલી

મહાવ્રતનું વિધિપૂર્વક પાલન કરનારો સાધક સમસ્ત કર્મો નષ્ટ કરીને નિર્વાણ પ્રાપ્ત કરે છે. જો કર્મ બાકી રહી જાય છે તો તે વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય છે. પણ મહાવ્રતોનું જે વિધિપૂર્વક પાલન કરતો નથી તે, કુશીલ, કાયકલેશ વગેરે બાહ્ય તપની આરાધના કરીને દેવગતિ પ્રાપ્ત કરે છે. પણ વૈમાનિક જેવું ઉચ્ચ દેવત્વ પ્રાપ્ત કરતો નથી, પણ ભુવનવાસી, વ્યન્તર અને જ્યોતિષ્કનો પર્યાય પ્રાપ્ત કરે છે. અત્રે ચમરેન્દ્રની અગ્ર મહિષીઓનું વર્ણન છે. આ વર્ણન મનુષ્ય પર્યાયમાં જ્યારે તેઓ સાધ્વીઓ બની અને કેટલોક સમય સુધી ચારિત્ર્યની આરાધના કરી અને ત્યારબાદ શરીર બકુશા બનીને ચારિત્ર્યનાં વિરાધિકા થઈ તે સમયનું છે. આ સાધ્વીઓને એમની ગુરુણીએ ઘણું સમજાવી હતી, પણ તેઓ સમજી નહીં, એટલે અંતે એમને ગચ્છમાંથી છૂટી કરવામાં આવી. દોષની આલોચન કર્યા વગર એમણે દેહનો ત્યાગ કર્યો અને ચમરેન્દ્ર અસુરરાજની અગ્રમહિષીઓ બની.

ભગવાન મહાવીર એકવાર રાજગૃહમાં બીરાજમાન હતા. તે સમયે કાલી દેવી એક હજાર યોજન વિસ્તૃત દિવ્યયાનમાં બેસીને ભગવાનનાં દર્શન કરવા આવી. તે બત્રીસ પ્રકારની નાટચકલાઓ બતાવીને પાછી ચાલી ગઈ. ગૌતમ ગણધરે જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો કે, 'આ દિવ્ય ઋદ્ધિ એને કેવી રીતે પ્રાપ્ત થઈ છે?' ભગવાને એના પૂર્વભવ અંગે જણાવતાં કહ્યું : 'આમલકપ્પા નગરીમાં કાલ નામના ગાથાપતિને કાલી નામે પુત્રી હતી. એના સ્તન અત્યંત લાંબા હતા, જે નિતમ્બને સ્પર્શ કરતા હતા. એથી એનો વિવાહ થયો નહીં. ભગવાન પાર્શ્વનો ઉપદેશ સાંભળીને તેણે આર્યા પુષ્પચૂલાની પાસે દીક્ષા ગ્રહણ કરી, તેણે અંગ સાહિત્યનું અધ્યયન કર્યું ને સંયમની આરાધના પણ કરવા લાગી. પણ થોડા સમય પછી તેને શરીર પર આસક્તિ પેદા થઈ. તે વારંવાર પોતાનાં અંગોનું પ્રક્ષાલન કરવા લાગી. જ્યાં સ્વાધ્યાય કરતી તે સ્થાને જળ છાંટવા લાગી. સાધ્વીના આચારવિરોધી એની આવી પ્રવૃત્તિ જોઈને આર્યા પુષ્પચૂલાએ એનો ગચ્છ સાથેનો સંબંધ તોડી નાખ્યો. તે સ્વચ્છંદ થઈ ગઈ, સંયમની વિરાધિકા થઈ ગઈ. અંતિમ સમયે તેણે પંદર દિવસનો સંથારો કર્યો પણ શિથિલ આચારની આલોચના ન કરી. તે જ કાલી આર્યાનો જીવ કાલીદેવી બન્યો'. ગૌતમે જિજ્ઞાસાથી પ્રશ્ન કરતાં ભગવાન મહાવીરે કહ્યું : 'તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે અને ત્યાંથી તે મુક્ત થશે.' આ પ્રમાણે રજની, વિદ્યુત, મેઘા, શુમ્ભા નિશુમ્ભા, રમ્ભા, નિરંમ્ભા, મદના આદિએ પણ ભગવાન પાર્શ્વનાથ પધાર્યા ત્યારે પ્રવ્રજ્યા ગ્રહણ કરી, પરંતુ તે બધી વિરાધક બનીને દેવીઓ બને છે. એના જીવન અંગે વિશેષ સૂચના પ્રાપ્ત થતી નથી. કેવલ તેઓ જ્યાં જન્મી હતી તે જન્મસ્થલનો સંકેત કરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીર શાસનમાં નંદા વગેરે શ્રમણીઓ.

નંદા, નંદવતી, નંદોત્તરા, નંદશ્રેણિકા, મરુતા, સુમરુતા, મહામરુતા, મરુદેવા, ભદ્રા, સુભદ્રા, સુજાતા, સુમનાયિકા અને ભૂતદત્તા એ બધી શ્રેણિકરાજાની રાણીઓ હતી. આ બધીએ ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળી દીક્ષા ગ્રહણ કરી હતી. ઉત્કૃષ્ટ જપતપની આરાધના કરી તેઓએ મુક્તિ પ્રાપ્ત કરી હતી.

કાલી વગેરે શ્રમણીઓ

કાલી, સુકાલી, મહાકાલી, કૃષ્ણા, સુકૃષ્ણા, મહાકૃષ્ણા, વીરકૃષ્ણા, રામકૃષ્ણા, પિત્રસેનકૃષ્ણા અને મહાસેનકૃષ્ણા એ દશેય મહારાજા શ્રેણિકની રાણીઓ હતી. તીર્થંકર મહાવીરનો ઉપદેશ ગ્રહણ કરી તે બધી દીક્ષા લે છે. અને રત્નાવલી, કનકાવલી, લઘુસિંહ નિષ્ક્રીડિત, મહાસિંહ નિષ્ક્રીડિત, સપ્ત સપ્તમિકા ભિક્ષુ પ્રતિમા, અષ્ટ અષ્ટમિકા ભિક્ષુ પ્રતિમા, નવ નવમિકા ભિક્ષુ પ્રતિમા, દશ દશમિકા, ભિક્ષુ પ્રતિમા, લઘુસર્વતોભદ્ર પ્રતિમા, મહત્ સર્વતોભદ્ર પ્રતિમા, ભદ્રોતર પ્રતિમા, મુક્તાવલી, આયંબિલ વર્ધમાન તપ વગેરે ઉત્કૃષ્ટતમ તપોની આરાધના કરી તે બધી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બને છે. આ પ્રમાણે સમાટ શ્રેણિકની તેવીસ મહારાણીઓએ ભગવાન મહાવીરના શાસન દરમિયાન માત્ર સંયમ ગ્રહણ કર્યો એટલું જ નહીં, પણ એટલા ઉત્કૃષ્ટ તપની આરાધના કરી કે જેને વાંચીને વાચક વિસ્મય પામ્યા વગર રહે નહીં.

જયંતી શ્રમણોપાસિકા

વત્સદેશની રાજધાની કૌશાંબી હતી. ત્યાં 'ચંદ્રાવતરણ' નામનું ચૈત્ય હતું. ત્યાં જયંતી નામની શ્રાવિકા રહેતી હતી. જયંતી શ્રાવિકા શ્રમણો માટે શય્યાતરના રૂપે વિખ્યાત હતી. જે કોઈ નવા સંત–સાધુ ત્યાં આવતા તેઓ જયંતીની પાસે વસતિની માગણી કરતા. ભગવાન મહાવીરનું પાવન પ્રવચન સાંભળી તે ખૂબ પ્રસન્ન થઈ. એણે ભગવાનને પ્રશ્ન કર્યો : 'હે ભદ્ર, જીવ એકદમ ગુરુત્વ કેવી રીતે પ્રાપ્ત કરે છે ?'

મહાવીર : 'જયંતી, પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, રતિ–અરતિ, માયામૃષાવાદ અને મિથ્યાદર્શનશલ્ય આ આઢાર પાપોનું સેવન કરવાથી જીવને ગુરુત્વ પ્રાપ્ત થાય છે.'

જયંતી : 'ભગવન્, આત્મા લઘુત્વ કેવી રીતે પ્રાપ્ત કરે છે ?'

મહાવીર : 'પ્રાણાતિપાત વગેરે અઢાર પ્રકારનાં પાપોનું સેવન ન કરવાથી આત્મા લઘુત્વ પ્રાપ્ત કરે છે. પ્રાણાતિપાત વગેરેની પ્રવૃત્તિથી જે પ્રમાણે આત્મા સંસારની વૃદ્ધિ કરે છે, પ્રલંબ કરે છે. અને સંસારમાં ભ્રમણ કરે છે, એવી રીતે એની નિવૃત્તિથી સંસારને ઘટાડે છે, હ્રસ્વ કરે છે અને એને ઉલ્લંઘી પણ જાય છે.'

જયંતી : 'ભગવાન ! મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા જીવને સ્વભાવથી પ્રાપ્ત, થાય છે કે પરિણામથી ?

મહાવીર : 'મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતા જીવમાં સ્વભાવથી હોય છે, પરિણામથી નહીં'.

જયંતી : 'ભન્તે, જીવો માટે સૂવાનું સારું છે કે જાગવાનું સારું છે ?'

મહાવીર : 'કેટલાક જીવો માટે સૂવું તે સારું છે અને કેટલાક જીવો માટે જાગવું તે સારું હોય છે.'

જયંતી : 'ભગવાન, એમ કેવી રીતે ?'

મહાવીર : 'જયંતી, જે જીવ અધાર્મિક છે, અધર્મનું અનુસરણ કરે છે, અધર્મમાં આસક્ત છે અને અધર્મ દ્વારા પોતાનું જીવિકોપાર્જન કરે છે, એ જીવો સૂવે તે જ સારું છે. પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ સમુદાયના શોક તેમજ પરિતાપનું કારણ બને નહીં એટલા માટે અધાર્મિક જીવ માટે સૂવાનું ઉત્તમ છે.'

'હે જયંતી ! જે જીવ ધાર્મિક, ધર્માનુરાગી, ધર્મપ્રિય અને ધર્મજીવી છે, એને માટે જાગૃત રહેવું તે સારું છે. ધાર્મિક પુરુષ જ્યાં સુધી જાગૃત રહે છે ત્યાં સુધી પ્રાણીઓનાં અદુઃખ તથા અપરિતાપ માટે કાર્ય કરતો રહે છે. એટલે આવા પુરુષો જાગૃત હોય તો પોતાના માટે તથા અન્ય માટે ધાર્મિક કાર્યોનું નિમિત્ત બને છે. એટલે એ જાગૃત રહે તે શ્રેયસ્કર છે'.

જયંતી : 'ભંતે, શું બધા ભવસિદ્ધિક આત્માઓ મોક્ષગામી હોય છે ?'

મહાવીર : 'હા, જે ભવસિદ્ધિક છે, તે બધા આત્માઓ મોક્ષગામી હોય છે.'

જયંતી : 'ભગવાન, એ બધા ભવસિદ્ધિક જીવ મુક્ત થઈ જશે તો, શું સંસાર એનાથી ખાલી નહિ થઈ જાય ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીર : 'એવું નથી. સાદિ તથા અનંત કે બન્ને બાજુથી પરિમિત તેમજ બીજી શ્રેણીઓથી પરિવૃત્ત સર્વાકાશની શ્રેણીમાં એક એક પરમાણુ પુદ્‌ગલ પ્રતિસમય બહાર કાઢવા માટે અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી વ્યતીત થઈ જાય તોપણ તે શ્રેણી ખાલી થતી નથી. તેવી રીતે ભવસિદ્ધિક જીવો મુક્ત થવા છતાં આ સંસાર એનાથી ખાલી થઈ જતો નથી.'

જયંતી : 'જીવોની દુર્બલતા સારી કે સબલતા સારી ?'

મહાવીર : 'કેટલાક જીવો માટે સબલતા સારી છે અને કેટલાક જીવો માટે દુર્બલતા.'

જયંતી : 'એ કેવી રીતે ?'

મહાવીર : 'જે જીવ અધાર્મિક છે અને અધર્મથી જીવિકાઉપાર્જન કરે છે તેની દુર્બલતા સારી છે, કેમકે એની એ દુર્બલતા અન્ય પ્રાણીઓ માટે દુઃખનું નિમિત્ત બને નહીં. જે લોકો ધાર્મિક છે એની સરળતા સારી છે'.

જયંતી : 'જીવો દક્ષ બને તે સારું કે આળસુ બને તે ?'

મહાવીર : 'જે જીવ અધાર્મિક છે, અધર્માનુસાર વિચરણ કરે છે, એ આળસુ હોય તે સારું છે. જે જીવ ધર્માચરણ કરે છે, એ દક્ષ (ઉદ્યમી) હોય તે સારું છે, કેમકે તે જીવો આચાર્ય, ઉપાધ્યાય વગેરેની સેવા કરે છે'.

જયંતી : 'ઇન્દ્રિયોને વશીભૂત થઈને જીવ કયાં કર્મો બાંધે છે ?'

ભગવાન : 'ઇન્દ્રિયોને વશીભૂત થઈને જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.'

શ્રમણોપાસિકા જયંતી પ્રભુ મહાવીર પાસેથી પોતાના પ્રશ્નોનું સમાધાન પ્રાપ્ત કરી અત્યંત હર્ષ પામી અને તેણે જીવાજીવવિભક્તિને જાણીને મહાવીર પ્રભુનાં ચરણોમાં દીક્ષા ગ્રહણ કરી.

પ્રસ્તુત કથાનક જીવનની ગૂઢ, ગંભીર ગ્રંથીઓ જયંતીએ ભગવાન સમક્ષ પ્રસ્તુત કરી અને ભગવાન મહાવીરે જે રીતે સરળતાથી એનું સમાધાન કર્યું તે એમના અતિશય જ્ઞાનનું દ્યોતક છે.

પાર્શ્વનાથ તીર્થ : સોમિલ બ્રાહ્મણ

શ્રમણ અને શ્રમણીઓનાં કથાનક પછી શ્રમણ ઉપાસકોની કથાઓ આપવામાં આવી છે. ભગવાન પાર્શ્વનાથના યુગમાં વારાણસીમાં સોમિલ બ્રાહ્મણ રહેતો હતો. તે વેદોમાં પારંગત પંડિત હતો. ભગવાન પાર્શ્વ 'અંબસાલ' ઉદ્યાનમાં પધાર્યા. ભગવાનનો ઉપદેશ સાંભળીને તે શ્રાવક બની ગયો.

કાલાન્તરે સોમિલ બ્રાહ્મણના વિચારોમાં પરિવર્તન આવ્યું અને તે મિથ્યાત્વને માનવા લાગ્યો. એના અંતરમાનસમાં એ વિચાર ઉદ્‌ભવ્યો : 'મેં વેદોનું અધ્યયન કર્યું, પત્ની સાથે અનેક પ્રકારના ભોગ ભોગવ્યા, પુત્ર પણ ઉત્પન્ન થયો, વિરાટ ઋદ્ધિનો હું અધિપતિ પણ બન્યો, મેં યજ્ઞો કર્યા, પશુઓનો વધ કર્યો અને અતિથિની આગતા-સ્વાગતા કરી. એટલે મારું એ કર્તવ્ય છે કે હું વિવિધ પ્રકારનાં વૃક્ષોવાળો બગીચો બનાવું'. એણે બગીચો બનાવ્યો. એ પછી એણે વિચાર્યું : 'હું મારા મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપી, મિત્ર અને પારજનોની અનુમતિ પ્રાપ્ત કરી તાપસોને યોગ્ય એવી કુહાડી, કડછી અને તાંબાનાં પાત્ર લઈને ગંગાતટે નિવાસ કરનારા વાનપ્રસ્થ તપસ્વીઓની માફક વિચરણ કરું'. એ પછી તે દિક્ષાપ્રોક્ષિત તાપસો પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી છઠ્ઠ-છઠ્ઠ તપ સ્વીકાર કરી, હાથ અદ્ધર રાખી વિચરણ કરવા લાગ્યો. પહેલા છઠ્ઠના પારણાના દિવસે તે આતાપના ભૂમિથી ચાલીને વલ્કલનાં વસ્ત્ર ધારણ કરી તથા ટોપલી લઈને પૂર્વ દીશા તરફ ચાલી નીકળ્યો. એણે સોમદેવની પૂજા કરી. પછી તે કંદ-મૂલ વગેરે વડે ટોપલી ભરી પોતાની ઝૂંપડી પર આવ્યો. ત્યાં તેણે વેદિકાને લીંપીકરી શુદ્ધ કરી. પછી દર્ભ અને કલશ લઈને ગંગામાં સ્નાન કરવા રવાના થયો. પાણીનું આચમન કરી દેવતા તથા પિતૃઓને શ્રદ્ધાંજલી આપી. પછી તે ફરી પોતાની ઝૂંપડીમાં આવ્યો. તેણે દર્ભ, કુશ અને રેતી વગેરેની વેદિકા બનાવી અને અરણી વડે અગ્નિ પેદા કર્યો અને એની ડાબી બાજુ સક્થ (ઉપકરણવિશેષ), વલ્કલ, અગ્નિપાત્ર, શય્યા, કમંડળ, દંડ અને સ્વયં પોતાને સ્થાપિત કર્યાં. તે પછી મધ, ઘી, ચોખા વડે અગ્નિમાં હોમ કર્યો. 'બલિ' પકાવીને અગ્નિ દેવતાની પૂજા કરી. પછીથી અતિથિઓને ભોજન કરાવ્યાં. પછી તેણે પોતે ભોજન કર્યું. આ પ્રમાણે દક્ષિણમાં યમ, પશ્ચિમમાં વરુણ અને ઉત્તરમાં વૈશ્રમણની પૂજા કરી.

એક દિવસ ફરીથી એના મનમાં વિચાર ઉદ્‌ભવ્યો કે, 'હું વલ્કલ ધારણ કરી પાત્ર તથા ટોપલી લઈને કાષ્ટમુદ્રામાં મુખને બાંધી ઉત્તર દિશા તરફ મહાપ્રસ્થાન કરીને અભિગ્રહ ધારણ કરીશ. જલ, થલ, દુર્ગમ, વિષમ પર્વત, ખાડા તથા ગુફામાંથી ગબડી અથવા સ્થિર થઈને ફરી ઊઠીશ નહીં'. એમ વિચાર કરી તે અશોક વૃક્ષની નીચે ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં પાત્ર, ટોપલી, એક તરફ મૂકીને તેણે વેદિકા બનાવી અને તે પછી સ્નાન કર્યું. દર્ભ વગેરે ક્રિયાઓનું અનુષ્ઠાન કર્યું. એક દેવે અન્તરીક્ષમાં ઉપસ્થિત થઈ સોમિલને કહ્યું : 'તારું કાર્ય ઉચિત નથી.' એણે દેવના કથનની ઉપેક્ષા કરી. પરંતુ દેવના વારંવારના ઉદ્બોધનથી એણે શ્રાવકનાં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત ગ્રહણ કર્યાં. તે પછી વિવિધ પ્રકારનાં તપ કરતો રહ્યો. અંતમાં અર્ધમાસિક સંલેખના કરી આત્માને ભાવિત કરતો એવો પૂર્વકૃત પાપકર્મોની આલોચના કર્યા વગર ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી શુક્ર નામના મહાગ્રહમાં ઉત્પન્ન થયો. ત્યાંથી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ થશે.

અહીં એ યાદ રાખવું જોઈએ કે સોમિલ નામના બે શ્રમણ ઉપાસકોનું વર્ણન આગમ સાહિત્યમાં મળે છે. એકનું વર્ણન પુષ્ફિયા આગમમાં છે, તો બીજાનું વર્ણન ભગવતીના શતક અઢારના ઉદ્દેશક દશમામાં જોવા મળે છે. બન્ને વખતે તો બ્રાહ્મણ હતા. એકે ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યા હતા, તો બીજાએ ભગવાન પાર્શ્વને. ભગવાન પાર્શ્વને પ્રશ્ન કરનારો સોમિલ વારાણસીનો રહેનારો હતો અને મહાવીર પ્રભુને પ્રશ્ન કરનારો સોમિલ બ્રાહ્મણ વાણિજ્યગ્રામનો રહેવાસી હતો. બન્નેનો સમય જુદોજુદો છે. નામમાં સામ્ય હોવાને કારણે આ અંગે કોઈ ભ્રમ ઊભો ન થાય તેનું વાચકો ધ્યાન રાખે.

રાજા પ્રદેશી

આમલકપ્પા નગરીના અમ્બસાલ ચૈત્યમાં ભગવાન મહાવીર પધાર્યા. એ સમયે સૂર્યાભદેવ ભગવાનનાં દર્શન કરવા આવ્યો. એણે બત્રીસ પ્રકારનાં નાટક કર્યાં. બત્રીસમા નાટકમાં એણે ભગવવાન મહાવીરના ચ્યવનથી શરૂ કરીને પરિનિર્વાણ સુધીના પ્રસંગો અંગે અભિનય કર્યો. અભિનય કર્યા પછી સૂર્યાભદેવ ચાલ્યો ગયો. ગૌતમે એના અંગે જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો : 'આ વિશિષ્ટ દેવઋદ્ધિ એને કેવા રીતે પ્રાપ્ત થઈ ?'

ભગવાને કહ્યું : 'શ્વેતાંબિકા નગરીમાં પ્રદેશી નામનો રાજા હતો. એની રાણીનું નામ સૂર્યકાન્તા અને પુત્રનું નામ સૂર્યકાન્ત હતું. એમના સારથીનું નામ ચિત્ત હતું. એ બહુ બુદ્ધિમાન હતો. એક દિવસ પ્રદેશી રાજાએ ચિત્તસારથીને ઉપહાર આપીને શ્રાવસ્તીના રાજા જિતશત્રુ સમીપ મોકલ્યો. ત્યાં એણે પાર્શ્વાપત્ય કેશી શ્રમણનાં દર્શન કર્યાં. એમનું પ્રવચન સાંભળી એણે શ્રાવકવ્રત ગ્રહણ કર્યું.

રાજા જિતશત્રુ તરફથી ઉપહાર લઈને ચિત્તસારથી ફરીથી શ્વેતાંબિકા તરફ પ્રસ્થાન કરવા તૈયાર થયો. તે વખતે તેણે કેશી શ્રમણને જણાવ્યું કે, 'આપ શ્વેતાંબિકા નગરીમાં પધારો.' કેશીશ્રમણે ઉત્તર આપ્યો : 'રાજા પ્રદેશી અધાર્મિક છે, એટલે અમે ત્યાં કેવી રીતે આવી શકીએ ?' ચિત્તસારથીએ કહ્યું : 'આપ ત્યાં પધારો અને એને ઉપદેશ આપીને કલ્યાણમાર્ગે વાળો.' એની પ્રાર્થનાનો સ્વીકાર કરી કેશીશ્રમણ શ્વેતાંબિકા નગરીના ઉદ્યાનમાં પધાર્યા. ચિત્તસારથી ઘોડાઓની પરીક્ષા કરવાની છે એમ બહાનું બતાવીને રાજા પ્રદેશીને મૃગવન ઉદ્યાનમાં લાવ્યો. રાજા પ્રદેશી કેશીશ્રમણનું દિવ્ય અને ભવ્ય રૂપ જોઈને અત્યંત પ્રભાવિત થયો. તે એમની સમીપમાં આવ્યો અને એણે પૂછ્યું : 'શું આપ જીવ અને શરીરને પૃથક્ માનો છો ?'

કેશી : 'હા, અમે જીવ અને શરીરને પૃથક્ માનીએ છીએ.'

પ્રદેશીએ તર્ક કરીને કહ્યું : 'મારા દાદા અધાર્મિક હતા. પ્રજાનું સારી રીતે પાલન કરતા ન હતા. આપની દૃષ્ટિએ તેઓ મરીને નરકમાં ગયા હશે. એમની અને મારી વચ્ચે ખૂબ પ્રેમ હતો. તેઓ મને આવીને શા માટે એમ કહેતા નથી કે હું નરકમાં ઉત્પન્ન થયો છું, અને ત્યાં અપાર કષ્ટનો અનુભવ કરી રહ્યો છું.'

કેશી : 'તારી રાણીની સાથે કોઈ કામુક વ્યક્તિ વિષય-સેવનની ઇચ્છા પ્રગટ કરે તો તું એને શિક્ષા કરે ?'

પ્રદેશી : 'હું એનો પ્રાણ લઈ લઉં.'

કેશી : 'તે વ્યક્તિ તને એમ જણાવે કે હું મારા સંબંધીઓને સૂચના આપી દઉં કે મને શિક્ષા થઈ રહી છે, એટલે તમે પણ આ કૃત્યથી તમારી જાતને બચાવો. તો શું તું તે પુરુષને આવી સૂચના આપવા મુક્ત કરીશ ?'

પ્રદેશી : 'ના, તે તો મારો અપરાધી છે.'

કેશી : 'તારા દાદાનો તારા પર સ્નેહ હોવા છતાં તેઓ નરકથી અહીં આવી શકે નહીં. અર્થાત્ જીવ અને શરીર ભિન્ન છે.'

પ્રદેશી : 'મારાં દાદી ધર્માત્મા હતાં. આપની દૃષ્ટિએ તે સ્વર્ગમાં ગયાં હશે. એમણે તો મને આવીને કહેવું જોઈએ ને ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેશી : 'સ્નાન કરી તેમજ સુગંધિત દ્રવ્યોનું લેપન કરી તું પસાર થઈ રહ્યો હોય, ને તે વખતે કોઈ વ્યક્તિ શૌચગૃહમાં બેઠાં બેઠાં તને ત્યાં આવીને બેસવાનું કહે, તો શું તું ત્યાં જઈને બેસીશ અને તેની વાત સાંભળીશ?'

પ્રદેશી : 'હું શૌચગૃહમાં ન જાઉં,'

કેશી : 'સ્વર્ગમાં ઉત્પન્ન થયેલા દેવ માનવલોકમાં આવવાનું પ્રસંદ કરતા નથી. એમને અહીંની ગંધ અપ્રિય હોય છે.'

પ્રદેશી : 'એક ચોરને મેં પીપમાં મૂકીને ઉપરથી ઢાંકણું બંધ કરી દીધું. કોઈ પણ જગ્યાએ કોઈ પણ પ્રકારનું છિદ્ર ન રહે તે માટે એને લોખંડ અને સીસા વડે પેક કરી દીધું. પછી તેની ચોકી કરવા વિશ્વાસુ પહેરેગીરો રાખ્યા. કેટલાક સમય પછી પીપને ઉઘાડીને જોયું તો તે મરી ગયેલો હતો. આ પરથી એ સ્પષ્ટ થાય છે કે, જીવ અને શરીર એક છે.'

કેશી : 'એક વ્યક્તિ કૂટાગારશાલાનાં દ્વાર બંધ કરીને ભેરી વગાડે તો બહાર બેઠેલી વ્યક્તિ તે સાંભળે છે કે નહીં? તેવી જ રીતે જીવ પૃથ્વી, શીલા પર્વત વગેરે ભેદીને પણ બહાર આવે છે. એટલે જીવ અને શરીર એક નથી.'

પ્રદેશી : 'મેં એક ચોરને પીપમાં કેદ કર્યો હતો. તેના મૃત દેહમાં કીડા ખદબદી રહ્યા હતા; જોકે પીપમાં કોઈ પણ જગ્યાએ છિદ્ર ન હતું. આ પરથી એ સ્પષ્ટ થાય છે કે જીવ અને શરીર ભિન્ન નથી પણ એક છે.'

કેશી : 'તેં લુહારને લોઢાને ફૂંક મારતો જોયો છે ને? તે લોઢું અગ્નિમય બની જાય છે. લોઢામાં આ અગ્નિ કેવી રીતે પ્રવેશ્યો? એમાં તો કોઈ પણ જગ્યાએ છિદ્ર ન હતું. તેવી જ રીતે જીવ અનિરુદ્ધ ગતિ કરનારો છે. આનાથી જીવ અને શરીરની પૃથકતા સિદ્ધ થાય છે.'

પ્રદેશી : 'એક વ્યક્તિ (હાલ) ધનુર્વિદ્યામાં નિપુણ છે. પણ બાળપણમાં તો તે એક પણ બાણ છોડી શકતો ન હતો. બાળપણ અને યુવાવસ્થામાં જો જીવ એકનો એક હોય તો હું સમજું કે જીવ અને શરીર ભિન્ન છે.'

કેશી : 'ધનુર્વિદ્યામાં નિષ્ણાત વ્યક્તિ શક્તિશાળી છે પણ ઉપકરણોના અભાવમાં તે પોતાની શક્તિ બતાવી શકતો નથી. આમેય બાળપણમાં ઉપકરણ બળવાન ન હોવાને લીધે તે પોતાની શક્તિ પ્રદર્શિત કરી શકતો ન હતો. પણ યુવાવસ્થામાં ઉપકરણ શક્તિશાળી થવાથી તે પોતાની શક્તિ બતાવી શકે છે.'

પ્રદેશી : 'જ્યારે તે જીવતો હતો ત્યારે કોઈ ચોરનું અમે પહેલાં વજન કર્યું અને પછી તેને મારી નાંખીને ફરી વજન કર્યું, તો એમાં કોઈ ફેર ન જણાયો. એટલે એમ કહી શકાય કે જીવ અને શરીર વચ્ચે અભિન્નતા છે.'

કેશી : 'જેવી રીતે બાલી અને હવાથી ભરેલી મશકના વજનમાં કોઈ (ખાસ) ફેર પડતો નથી. એવી જ રીતે જીવતા અને મરેલા માણસના વજનમાં કોઈ ફરક પડતો નથી. જીવ અમૂર્ત છે. એને પોતાનું કોઈ વજન હોતું નથી.'

પ્રદેશી : 'મેં ચોરનાં દરેક અંગ-ઉપાંગ કાપીને જોયાં. પણ એ કોઈમાં જીવ દેખાયો નહીં, એટલા માટે કે જીવનો અભાવ છે.'

કેશી : 'મને લાગે છે કે તું મૂઢ છે. તારી પ્રવૃત્તિ પણ પેલા કઠિયારા જેવી છે : કેટલાક લોકો લાકડાં લેવા જંગલમાં ગયા. એમની પાસે અગ્નિ પણ હતો. એમણે એમના એક સાથીને કહ્યું : 'અમે જંગલમાં ઘણે દૂર જઈએ છીએ. તું અમારે માટે ભોજન તૈયાર કરી રાખજે. કદાચ જો અગ્નિ બુઝાઈ જાય તો અરણિનાં લાકડાં વડે આગ પ્રગટાવી લેજે.' એમ કહી એના સાથીઓ જંગલમાં ચાલ્યા ગયા. પછી આગ બુઝાઈ ગઈ. એણે લાકડાં આમતેમ ઊલટાવી-પલટાવીને જોયાં પણ એમાં અગ્નિ દેખાયો નહીં. એણે લાકડાંને ચીરીને નાના ટુકડા કરી નાંખ્યા, તોપણ તેને અગ્નિ મળ્યો નહીં. તે હતાશ અને નિરાશ થઈ વિચારવા લાગ્યો : 'મારા સાથીઓએ મારી મશ્કરી કરી લાગે છે. જો તેમણે લાકડામાં અગ્નિ હોવાની વાત કરી ન હોત તો હું અગ્નિને સંભાળીને રાખત.' પછીથી ભૂખ્યા-તરસ્યા એવા સાથીઓ લાકડાં લઈને પાછા ફર્યા. પણ ભોજન તો તૈયાર ન હતું. એક સાથીએ અરણિનાં લાકડાંને ઘસીને અગ્નિ પ્રગટાવ્યો અને પછીથી બધાંએ ભોજન કર્યું. પેલો કઠિયારો લાકડાં ચીરીને અગ્નિ મેળવવા ઇચ્છતો હતો, તેવી રીતે તું પણ શરીરને ચીરીને જીવ મેળવવા ઇચ્છે છે. તું પણ પેલા મૂર્ખ કઠિયારા જેવો નથી શું?'

પ્રદેશી : હથેલીમાં રાખવામાં આવેલું આમળું સ્પષ્ટપણે જોઈ શકાય છે. શું તમે તેવી રીતે જીવને બતાવી શકો છો?

કેશી : 'ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અશરીરી જીવ, પરમાણુ પુદ્ગલ; શબ્દ, ગંધ અને વાયુ-આ આઠ પદાર્થોને વિશેષ જ્ઞાની જ જોઈ શકે છે.'

પ્રદેશી : 'શું હાથી અને કીડીમાં એક સરખો જીવ હોય છે?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેશી : ' એક સરખો જીવ હોય છે. જેમકે, કોઈ વ્યક્તિ ઓરડામાં દીવો પ્રગટાવે છે તો આખો ઓરડો પ્રકાશિત થઈ જાય છે. હવે જો એને કોઈ વાસણ વડે ઢાંકી દેવામાં આવે તો તે દીવો વાસણના ભાગને જ પ્રકાશિત કરશે. દીવો બન્ને વખતે એક જ હોય છે. સ્થાનની વિશેષતાને કારણે એના પ્રકાશમાં સંકોચ કે વિસ્તાર થાય છે. એવી રીતે હાથી અને કીડીના જીવની બાબતમાં છે. સંકોચ અને વિસ્તાર બન્ને અવસ્થામાં જીવની પ્રદેશસંખ્યા સરખી રહે છે. એ ઓછી-વધતી થતી નથી.'

કેશીકુમારના શ્રમણના અકાટય તર્કોને સાંભળી પ્રદેશી રાજાની સર્વ શંકાઓનું સમાધાન થઈ ગયું. એણે ફરીથી કહ્યું : 'આ મારો જ મત છે એમ નથી. મારા પિતા પણ જીવ અને શરીરને એક માનતા હતા. હું એમની માન્યતાઓ કેવી રીતે ઠુકરાવી શકું ?'

કેશી : 'તું પણ પેલા લોંખડના વજનને ઊંચકનાર વ્યક્તિની જેમ મૂર્ખ છે. જેમકે, કેટલીક વ્યક્તિઓ ધનની ઇચ્છાએ ચાલી નીકળી. થોડે દૂર ગયા એટલે એમને લોખંડની ખાણ મળી. તેઓ લોખંડને લઈને આગળ ચાલ્યા. આગળ એમને તાંબાની ખાણ મળી. લોખંડ મૂકીને તેઓએ તાંબુ લીધું. પછી આગળ જતાં એમને ચાંદીની ખાણ મળી. ચાંદી લીધી. આગળ જતાં સોનાની ખાણ મળી. તેઓએ ચાંદી છોડીને સોનું લીધું. પછી આગળ રત્નોની ખાણ મળી. તેઓએ સોનું મૂકીને રત્નો લીધાં. આગળ જતાં વજ્રરત્નોની ખાણ મળી. એમણે રત્નો મૂકીને વજ્રરત્નો લીધાં. એમનો એક સાથી લોખંડ ઊંચકીને ચાલતો હતો. તેઓ એના અસ્થિર મગજ અંગે ઉપહાસ કરવા લાગ્યા. સાથીઓએ એને સમજાવ્યો : 'લોખંડ છોડીને તું બહુમૂલ્ય રત્નો લઈ લે. તારી દરિદ્રતા સદા માટે દૂર થઈ જશે.' પણ તે માન્યો નહીં. એણે કહ્યું : 'જે લોખંડને હું આટલા દૂરના અંતરથી ઊંચકી લાવ્યો છું એને કેવી રીતે છોડી દઉં ? તે લોખંડને છોડવા તૈયાર થયો નહીં. રત્ન લઈને ગયા તે શ્રીમંત થઈ ગયા. જ્યારે પેલો ભીખારી અને દરિદ્રી જ રહ્યો. તે પોતાના સાથીઓને પૈસાદાર જોઈને મનમાં પસ્તાવો કરવા લાગ્યો. એવી રીતે જો તું પણ કેવલિપ્રરૂપિત ધર્મનો સ્વીકાર કરીશ નહીં, તો તને પણ પ્રસ્તાવો થશે.'

પ્રદેશીએ કેસીશ્રમણ પાસેથી શ્રાવક વ્રત ગ્રહણ કર્યું. જેના હાથ લોહીથી ખરડાયેલા હતા તેના જીવનનું પરિવર્તન થઈ ગયું. તે આત્મસાધનામાં તલ્લીન રહેવા લાગ્યો. મહારાણી સૂર્યકાન્તા રાજાની ઉદાસીનવૃત્તિથી દુઃખી થઈ ગઈ. તે રાજાને વિષપ્રયોગથી મારીને પોતાના પુત્રને રાજગાદી પર બેસાડવાનો ઉપાય વિચારવા લાગી. તેણે એક દિવસ રાજાનાં ભોજન અને વસ્ત્રોમાં ઝેર ભેળવ્યું. ભોજન કરતાં અને વસ્ત્ર ધારણ કરતાંની સાથે જ એમને અપાર વેદના થઈ. પ્રદેશીને રાણીનાં કાળાં કારતૂતોનો ખ્યાલ આવ્યો. છતાં એના અંતરમાં રોષ ઉત્પન્ન થયો નહીં. પૌષધશાળામાં જઈને એણે સમસ્ત પાપકૃત્યોની આલોચના કરી. ત્યાંથી તે સૌધર્મ સ્વર્ગમાં જઈને સૂર્યાભદેવ બન્યો.

બૌદ્ધ-ગ્રંથ દીઘનિકાયમાં 'પાયાસિસુત્ત' નામનું એક પ્રકરણ છે. એમાં રાજા પાયાસિના પ્રશ્નોત્તર છે. જે રાજ પ્રશ્નીયના પ્રદેશી રાજા અને કેશીના પ્રશ્નોત્તર સાથે મળતા છે. દીઘનિકાયમાં પાયાસિને કૌશલ રાજા પસેનદિ રાજાનો વંશજ કહેવામાં આવ્યો છે. તથા ચિત્તસારથીના સ્થાને 'ખત્ત' શબ્દનો પ્રયોગ થયો છે. 'ખત્તે'નો સંસ્કૃતમાં પર્યાયવાચી શબ્દ 'ક્ષત' અને 'ક્ષતા' થાય છે, જેનો અર્થ સારથી થાય છે. નગરીનું નામ 'સેયવિયા' ને બદલે 'સેત્તવ્યા' પ્રયુકત થયું છે.[1] આધુનિક સંશોધનકારોએ શ્રાવસ્તી (સહેટ-મહેટ) નગરીને કોળલરામપુરથી સાત માઈલ દૂર આવેલી માની છે.

પ્રસ્તુત કથાનકમાં કે જેનાં વિમાન, પ્રેક્ષાગૃહ પ્રેક્ષકોને બેસવાનું સ્થાન, પીઠિકા, પ્રેક્ષામંડપ, વાદ્ય, નાટચ-વિધિ, બત્રીસ પ્રકારનાં નાટકો વગેરેનું વર્ણન મળે છે તે સાંસ્કૃતિક દષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે. એની તુલના ભરતમુનિના નાટચશાસ્ત્ર તથા મહાભારત અને રામાયણ વગેરે સાથે કરી શકાય.

તુંગિયાનગરીના શ્રમણોપાસકો

એકવાર ભગવાન મહાવીર તુંગિયાનગરીના પુષ્પવતી ચૈત્યમાં બીરાજ્યા હતા. તુંગિયાનગરીના શ્રાવકો અતિ ધનવાન હતા. એમનાં ભવનો ભવ્ય હતાં. એમને ત્યાં અસંખ્ય દાસદાસીઓ હતાં. આ સાથે તેઓ નવ તત્ત્વોના જાણકાર હતાં. એ તત્ત્વોમાં કયાં હેય છે, કયાં જ્ઞેય છે અને કયાં ઉપાદેય છે એ અંગે એમને સમ્યક્ જ્ઞાન હતું. નિર્ગ્રન્થનાં પ્રવચન પરત્વે તેમને દઢ શ્રદ્ધા હતી. દેવ, દાનવ, માનવ કોઈ એમને એમાંથી વિચલિત કરી શકતાં નહીં. એમના જીવનના કણેકણમાં, મનના અણુએ અણુમાં નિર્ગ્રન્થપ્રવચન વ્યાપેલું હતું. તેઓ નિર્ગ્રન્થપ્રવચનને જ અર્થયુક્ત ગણતા હતા, બાકી બધાને

---

૧ રાયપસેણિયસુત્ત કા સાર, પૃ ૯૯, પં : બેચરદાસ દોશી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનર્થકારી માનતા. તેઓ એટલા બધા ઉદાર હતા. કે એમનાં બારણાં સર્વ માટે સદાય ખુલ્લાં રહેતાં. એમનું ચારિત્ર્ય એટલું નિર્મળ હતું કે તેઓ કોઈપણ જાતની રોકટોક વગર રાજાના અંતઃપુરમાં જઈ શકતા હતા, તોપણ કોઈને કંઈ અનુચિત લાગતું ન હતું. તેઓ આઠમ, ચૌદશ, અમાસ અને પૂનમના દિવસે પૂર્ણપણે પૌષધ ઉપવાસ કરતા હતા. નિર્ગ્રન્થોને નિર્દોષ આહાર, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કમ્બલ, રજોહરણ, પીઠફલક શય્યા, સંસ્તારક, ઔષધ અને ભેષજ-એ બધાંનું દાન આપતા હતા.

એકવાર ભગવાન પાર્શ્વનાથની પરંપરાના સ્થવિર ભગવાન ત્યાં પધાર્યા. એ સાંભળી તુંગિયાનગરીના શ્રાવકો ખુશ થયા. તેઓ સ્થવિર ભગવાન પાસે ગયા. એમને પાંચ અભિગમ કર્યા : (૧) સચિત્ત દ્રવ્ય–ફૂલ, પાન વગેરેનો ત્યાગ (૨) અચિત્ત દ્રવ્ય–વસ્ત્રાદિમાં મર્યાદા (૩) એક વસ્ત્રના (સિલાઈ વગરના) દુપટાનો ઉત્તરાસંગ કરવો (૪) સાધુ–મુનિરાજ દૃષ્ટિ ગોચર થતાં જ બન્ને હાથ જોડીને મસ્તક પર લગાવવા (૫) મનને એકાગ્ર કરવું.

આ પાંચ અભિગમ કરી તેઓ સ્થવિર ભગવંતોની સમીપ જઈને ત્રણ વાર પ્રદક્ષિણા કરી પર્યુપાસના કરવા માંડ્યા. એ પછી સ્થવિર ભગવંતોએ એમને ચાતુર્યામ ધર્મનો ઉપદેશ આપ્યો. શ્રમણોપાસકોએ સ્થવિર ભગવંતોને પૂછ્યું : 'સંયમ તપનું શું ફળ છે? એમણે કહ્યું : 'આસ્રવથી મુકત થવું'. ફરીથી પ્રશ્ન કર્યો : 'જો સંયમ અને તપનું ફળ અનાસ્રવ છે તો પછી સંયમસાધક દેવલોકમાં કેમ ઉત્પન્ન થાય છે?' સ્થવિરોએ સમાધાન કર્યું : 'સંયમની સાથે રાગદ્વેષ વગેરે કષાય વિદ્યમાન છે એના કારણે તેઓ દેવ બને છે. અર્થાત્ સરાગસંયમ, બાલતપોકર્મ અને અકામનિર્જરા વગેરે કારણોને લીધે તેઓ દેવ બને છે.' સ્થવિરોના ઉત્તરથી શ્રમણોપાસકને સંતોષ થયો. આનાથી એ સ્પષ્ટ થાય છે કે તુંગિયાનગરીના શ્રાવકોનું જીવન એક આદર્શ શ્રાવકનું જીવન હતું. એમના જીવનમાં સર્વ ગુણો વિકસિત હતા કે જે એક શ્રાવકના જીવનમાં અપેક્ષિત હતા.

ગણધર ગૌતમ રાજગૃહમાં ભિક્ષા માટે ભ્રમણ કરતા કરતા તુંગિયાનગરીના શ્રાવકોએ પાર્શ્વાપત્ય સ્થવિરોને જે પ્રશ્નો પૂછ્યા અને એમણે જે ઉત્તરો આપ્યા તે બધું સાંભળ્યું. એટલે એમણે ભગવાન મહાવીરને પૂછ્યું : 'શું (તે) સ્થવિરોના ઉત્તરો યથાર્થ હતા?' ભગવાને કહ્યું : 'પૂર્ણ અને યથાર્થ હતા.' આનાથી એ સિદ્ધ થાય છે કે ભગવાન મહાવીર અને ભગવાન પાર્શ્વનાથની આચારસંહિતામાં કોઈ ભેદ હતો, પરંતુ સૈધાન્તિક દૃષ્ટિએ બન્ને પરંપરામાં મતભેદ ન હતો. ત્યાં સુધી કે સૈધાન્તિક દૃષ્ટિથી કોઈ પણ તીર્થંકરના શાસનમાં મતભેદ થતો નહીં.

નંદ મણિયાર

ભગવાન મહાવીરનું રાજગૃહમાં આગમન થયું તે વખતે દર્દુરાવતંસ વિમાનનો રહેવાસી 'દર્દુર' નામનો દેવ ત્યાં આવ્યો. એણે બત્રીસ પ્રકારનાં નાટક કર્યાં. ગણધર ગૌતમે આ અંગે પ્રશ્ન કર્યો. પ્રભુએ કહ્યું : 'રાજગૃહ નગરમાં નંદ નામે મણિયાર હતો. તે મારો ઉપદેશ સાંભળીને શ્રમણોપાસક બન્યો. પરંતુ લાંબા સમય પર્યન્ત સાધુસમાગમ ન થવાને કારણે અને મિથ્યાત્વીઓના નિકટના સંપર્કમાં રહેવાને કારણે તે મિથ્યાત્વી બની ગયો. તથાપિ તપ વગેરે ક્રિયા પૂર્વવત્ ચાલી રહી હતી. એક વખત તે સખત ઉનાળાની ઋતુમાં અષ્ટમ ભક્ત તપની આરાધના કરી રહ્યો હતો, એ વખતે એને તીવ્ર ભૂખતરસ સતાવવા લાગી. એના મનમાં એવો ભાવ થયો : 'હું વાવ અને બગીચા વગેરેનું નિર્માણ કરીશ.' બીજે દિવસે પૌષધ વગેરેથી પરવારી તે રાજાની પાસે ગયો. અનુમતિ મેળવીને એણે સુંદર વાવ બંધાવી, બગીચા બનાવરાવ્યા, ચિત્રશાળા, ભોજનશાળા, ચિકિત્સાલય, અલંકારશાળા વગેરે બંધાવ્યાં. લોકો એનો ઉપયોગ કરવા લાગ્યા અને નંદ મણિયારની મુક્તકંઠે પ્રસંશા કરવા લાગ્યા. આ પ્રસંશા સાંભળી તે ખુશ થયો. એને એ પ્રત્યે ખૂબ આસક્તિ થઈ ગઈ. નંદ મણિયારના શરીરમાં સોળ મહારોગ ઉત્પન્ન થયા. એનાં નામ આ પ્રમાણે છે : (૧) શ્વાસ (૨) (કાસ) ખાંસી (૩) તાવ (૪) દાહ (૫) પેટનું શૂળ–દુખાવો (૬)ભગંદર (૭) અર્શ–મસા (૮) અજીર્ણ (૯) આંખની પીડા (૧૦) માથાનો દુઃખાવો (૧૧) ખાવાની અરુચિ (૧૨) આંખનો દુખાવો (૧૩) કાનનો દુખાવો (૧૪) કંડુ–ખજવાળ (૧૫) દકોદર–જલોદર (૧૬) કોઢ.

આચારાંગમાં[૧] સોળ મહારોગનાં નામ બીજા પ્રકારે મળે છે. વિપાક[૨], નિશીથભાષ્ય[૩] વગેરેમાં સોળ પ્રકારના રોગોના ઉલ્લેખો છે. પણ નામમાં ફેરફાર છે. ચરકસંહિતામાં[૪] આઠ મહારોગોનું વર્ણન મળે છે.

---

૧. આચારાંગ, ૬-૧-૧૭૩

૨. વિપાક. ૧, પૃ. ૭

૩. નિશીથભાષ્ય, ૧૧/૩૬૪૬

૪. વાતવ્યાધિરપસ્મારી કુષ્ઠી શોફી તથોદરી । ગુલ્મી ચ મધુમેહી ચ, રાજલક્ષ્મી ચ યો નરઃ ॥

—ચરકસંહિતા, ઇન્દ્રિય સ્થાન ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસક્તિ અને આર્તધ્યાનમાં નંદ મણિયાર મૃત્યુ પામે છે અને તે જ વાપીમાં 'દર્દુર' બને છે. કેટલાક સમય બાદ શ્રમણ ભગવાન મહાવીરના આગમનની વાત સાંભળી એને જાતિસ્મરણજ્ઞાન થઈ આવે છે અને તે (દર્દુર) ભગવાનને વંદન કરવા જાય છે. ઘોડાની હડફેટમાં તે ઘાયલ થઈ ગયો. સંથારો કરી તે ત્યાંથી સ્વર્ગનો અધિકારી બન્યો.

પ્રસ્તુત કથાનકમાં એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે કે સદ્‌ગુરુના સમાગમથી આત્મિક ગુણોની વૃદ્ધિ થાય છે અને આસક્તિથી પતન થાય છે. આસક્તિ આબાદ જીવનને બરબાદ કરી નાંખે છે.

આનંદ ગાથાપતિ

શ્રમણ ભગવાન મહાવીરના શ્રમણોપાસકોમાં આનંદ શ્રમણોપાસકનું સ્થાન મૂર્ધન્ય છે. તે લિચ્છવિઓની રાજધાની "વૈશાલી" ની સમીપમાં આવેલા વાણિજ્યગ્રામમાં રહેતો હતો. એની પાસે અઢળક વૈભવ હતો. આજની ભાષામાં કહીએ તો તે અબજોપતિ હતો. ખેતી એનો મુખ્ય ધંધો હતો. એને ત્યાં દશ દશ હજાર ગાયોવાળાં ચાર ગોકુલ હતાં. આનંદ ગાથાપતિની સમાજમાં ખૂબ પ્રતિષ્ઠા હતી. બધા વર્ગના લોકોમાં એનું સંમાનનીય સ્થાન હતું. વિલક્ષણ પ્રતિભાશાળી હોવાથી જનમાનસમાં એના પ્રત્યે અત્યધિક વિશ્વાસ હતો. જેથી તેઓ પોતાની છુપાવવા જેવી વાત પણ એની સમક્ષ પ્રગટ કરી દેતા હતા. એની ધર્મપત્નીનું નામ શિવાનંદા હતું. તે પતિપરાયણ હતી. ભગવાન મહાવીરના ઉપદેશથી પ્રભાવિત થઈ એણે શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં હતાં. એણે શિવાનંદાને પણ પ્રેરણા આપી. અને શિવાનંદાએ પણ શ્રાવકવ્રત સ્વીકાર્યાં. આમ ધર્મારાધના કરતાં ચૌદ વર્ષ પસાર થઈ ગયાં. એકવાર રાત્રિના છેલ્લા પ્રહરમાં તે ધર્મચિંતન કરતો વિચાર કરવા લાગ્યો : 'હું જે સમાજમાં રહું છું એમાં મેં અનેક વિશિષ્ટ પ્રકારની જવાબદારી રાખી છે. જેથી હું મારા જીવનનો વધુ સમય ધર્મારાધનામાં વીતાવી શકતો નથી.' એણે પોતાના મોટા પુત્રને સામાજિક જવાબદારી સોંપી અને પોતે કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓથી અલગ થઈ ગયો. તે કોલ્લાકસન્નિવેશમાં આવેલ પૌષધશાળામાં ધર્મની ઉપાસના કરવા લાગ્યો. તેણે ક્રમશ : શ્રાવકની અગિયાર પ્રતિમાની આરાધના કરી. ઉગ્ર તપોમય જીવન વિતાવવાને લીધે એનું શરીર ખૂબ દુબળું પડી ગયું. એક દિવસ ફરી ધર્મચિંતન કરતાં એના મનમાં એ વિચાર આવ્યો : 'હવે મારું શરીર ખૂબ દુબળું થઈ ગયું છે. મારા માટે એ વધારે સારું છે કે, જીવનભર અન્નનો ત્યાગ કરી શાંતચિત્તે મારો અંતિમ સમય પસાર કરું.' આ પ્રમાણે તે ચિંતનમાં લીન થઈ ગયો. અવધિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થવાથી એનામાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

ભગવાન મહાવીર વાણિજ્ય ગામમાં પધાર્યા. ગણધર ગૌતમે ભીક્ષા અર્થે ભ્રમણ કરતાં સાંભળ્યું કે, આનંદ શ્રાવકને સંથારામાં અવધિજ્ઞાન પ્રાપ્ત થયું છે. તેઓ આનંદની પાસે ગયા. આનંદ શ્રાવકનું શરીર એટલું દુબળું પડી ગયું હતું કે, આમથી તેમ ફરવાનું પણ શક્ય ન હતું. તેણે ગૌતમને પાસે પધારવાની વિનંતિ કરી. જેથી તે સવિધિ વંદન કરી શકે. આનંદે ભક્તિપૂર્વક વંદન કરીને પૂછ્યું. : 'શું ગૃહસ્થને અવધિજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે ?'

'હા, થઈ શકે છે.' ગૌતમે જવાબ આપ્યો.

'ભગવાન, મને પણ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે. હું તે વડે પૂર્વની બાજુ લવણસમુદ્રમાં ૫૦૦ યોજન સુધી તથા અધોલોકમાં લોલુયાચ્યુત નરક સુધી, ઉત્તર દિશામાં ચૂલહેમવંત વર્ષધર પર્વત સુધી, ઊર્ધ્વદિશામાં સૌધર્મકલ્પ–પ્રથમ દેવલોક સુધી, પશ્ચિમ તથા દક્ષિણ દિશામાં પાંચસો પાંચસો યોજન સુધીના લવણસમુદ્રના ક્ષેત્રને જાણવા લાગ્યો છું'.

ગૌતમે કહ્યું : 'આનંદ અવધિજ્ઞાન તો થઈ શકે છે, પણ આટલું વિશાલ નહીં. એટલે તું આલોચના કરીને પ્રાયશ્ચિત્ત કરી લે.'

આનંદ : 'જિનશાસનમાં શું સત્યની પણ આલોચના કરવામાં આવે છે ?'

ગૌતમ : 'ના.'

આનંદ : 'તો ભગવન્, મેં અસત્ય કહ્યું નથી.' ગૌતમ ભગવાનના ચરણોમાં આવી પહોંચ્યા. અને સર્વ વૃત્તાન્ત કહ્યો.

ભગવાને કહ્યું : 'ગૌતમ, આનંદનું કથન બરાબર છે. તું આલોચન કર અને આનંદ પાસે ક્ષમાયાચના પણ કર.'

ગૌતમ સરલ ચિત્તવાળા સાધક હતા. એમણે પોતાના દોષની આલોચના કરી અને આનંદ પાસે જઈને ક્ષમા–યાચના પણ કરી. જૈન ધર્મનો એ મહાન આદર્શ છે કે વ્યક્તિ મોટી નથી, સત્ય મોટું છે. સત્ય પાસે દરેક જણે નમ્ર થવું જોઈએ. આનંદ ઉજ્જવલ પરિણામોમાં ઉત્તરોત્તર દૃઢ–દૃઢતર થતા ગયા અને દેવલોકમાં દેવ બન્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત કથાનકમાં આનંદના ઉપાસનામય જીવનનું શબ્દચિત્ર છે. એ સમયે ભારતની આર્થિક સ્થિતિ ખૂબ સારી હતી, આનંદની પાસે વિશાળ ભૂમિ અને મોટું પશુધન હતું અને સુવર્ણ મુદ્રાઓના તો ઢગલેઢગલા હતા. તે આધુનિક ધનવાનો જેવો ન હતો કે જે પૂંજીને સુરક્ષિત રાખ્યા વિના આડેધડ વ્યાપાર કરે રાખે. તેઓ પૂંજીનો એકતૃતીયાંશ ભાગ સુરક્ષિતરૂપે રાખતા, જેનાથી પોતાની કોઈ પ્રકારની તંગદીલીભરી સ્થિતિ ઊભી ન થાય. જીવનના સંધ્યા સમયે તેઓ પોતાની જવાબદારીઓ પુત્રને સોંપીને પૂર્ણપણે સાધનામાં જોડાઈ જતા હતા. એમની સાધના માટે સ્વતંત્ર પોષધશાળાની વ્યવસ્થા થતી હતી. જ્યાં જાગૃત રહી તેઓ સાધનામય જીવન જીવતાં સહર્ષ મૃત્યુનો સ્વીકાર કરતા હતા. આજના શ્રાવકો જો એમના જીવનમાંથી કોઈ પાઠ શીખે તો જીવનમાં સુખ અને શાંતિનો સમૃદ્ધ બાગ ખીલી ઊઠે.

કામદેવ ગાથાપતિ

કામદેવ ચંપાનગરીનો રહેવાસી હતો, એની પત્નીનું નામ ભદ્રા હતું. એની પાસે છ કરોડ સુવર્ણમુદ્રાઓ કાયમી મૂડીરૂપે હતી. છ કરોડ સુવર્ણ મુદ્રાઓ વ્યાપારમાં રોકાયેલી હતી. અને છ કરોડ સુવર્ણમુદ્રાઓ ઘર વગેરેનાં કાર્યમાં રોકાયેલી હતી. એનો પાસે છ છ હજાર ગાયોનાં છ ગોકુલ હતાં. એનું કૌટુંબિક જીવન સુખી હતું. રાજકીય જીવનમાં પણ એની મોટી પ્રતિષ્ઠા હતી. ભગવાન મહાવીરનો ઉપદેશ શ્રવણ કરી કામદેવે શ્રાવકવ્રત ગ્રહણ કર્યાં અને છેવટે ગૃહભાર પુત્રને સોંપી પોતે પૌષધશાલામાં તન્મયતાથી સાધના કરવા લાગ્યો.

એની સાધનામાં વિઘ્ન કરવા માટે એક મિથ્યાત્વી દેવ ત્યાં આવ્યો. તેણે પહેલાં તો વિકરાલ રૂપ બનાવી કામદેવને ભયભીત કરવા પ્રયાસ કર્યો અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું : 'તું (આ) ઉપાસનાને છોડી દે.' પણ કામદેવ તો અવિચલ રહ્યો. (એણે) એના શરીરના ટુકડેટુકડા કરવાનો પ્રયાસ કર્યો. ગાંડો હાથી બનીને એણે કામદેવને આકાશમાં ઉછાળ્યો, દાંતો વડે વીંધ્યો અને પગેથી કચડ્યો તોપણ કામદેવ પોતાની સાધનામાં અડગ રહ્યો. પછીથી એણે સાપનું રૂપ ધારણ કરી એને તીવ્ર ડંખ માર્યો, તોપણ કામદેવ ચલિત ન થયો. આખરે તે કામદેવ શ્રાવકના પગે પડ્યો અને બોલ્યોઃ 'તું ધન્ય છે, ઈન્દ્રે તારો જેવો ગુણાનુવાદ કર્યો હતો તેનાથી પણ તું તો ચઢિયાતો નીકળ્યો. કામદેવે ઉપસર્ગો સમાપ્ત થયા છે એમ જાણી ધ્યાન વગેરેમાંથી તે નિવૃત્ત થયો. એણે સાંભળ્યું. 'ભગવાન મહાવીરનું શુભ આગમન થયું છે.' એટલે તે દર્શન કરવા ગયો. સર્વજ્ઞ, સર્વદર્શી પ્રભુ મહાવીરે કહ્યું : 'કામદેવ, શું દેવે આ પ્રમાણે રાત્રે ઉપસર્ગ કર્યા હતા?' 'હા ભગવાન, આપનું કહેવું યથાર્થ છે.'

ભગવાને સાધુસાધ્વીઓને સંબોધન કરતાં કહ્યું : 'કામદેવ ગૃહસ્થ હોવા છતાં આટલો દૃઢ રહ્યો. એટલે તમારે એની પાસેથી શિખામણ લેવી જોઈએ'. આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. કામદેવ ઉત્તરોત્તર સાધનાપથ પર આગળ વધતો રહ્યો. વીસ વર્ષ સુધી શ્રમણોપાસકનાં વ્રતોનું પાલન કરી, આખરી સમયમાં સંલેખના તથા અનશન કરી તે સૌધર્મ દેવલોકમાં દેવ બન્યો.

પ્રસ્તુત કથાનકનો સાર એ છે કે ઉપસર્ગ ઉપસ્થિત થાય તોપણ હિમાલયના શિખરની જેમ વ્રતોના પાલનમાં સુદૃઢ રહેવું જોઈએ. વિઘ્ન તો સાધનાની કસોટી છે. 'શ્રેયાંસિબહુ વિઘ્નાનિ'—સારા કામમાં સો વિઘ્ન આવે છે. પણ જે વિઘ્નો પાર કરી જાય છે તે મહાન બને છે.

ચુલનીપિતા

ચુલનીપિતા વારાણસીનો ગાથાપતિ હતો. એની પત્નીનું નામ શ્યામા હતું. એની પાસે ચોવીસ કરોડ સુવર્ણમુદ્રા હતી. તથા દશદશ હજાર ગાયોવાળાં આઠ ગોકુલ હતાં. જ્યારે ભગવાન મહાવીર વારાણસી પધાર્યા, ત્યારે એમનો ઉપદેશ શ્રવણ કરીને ચુલનીપિતાએ શ્રાવકનાં બાર વ્રત ધારણ કર્યાં. એકવાર તે પૌષધશાલામાં ઉપાસનામાં મગ્ન હતો તે વખતે એક દેવ હાથમાં ચમકતી તલવાર લઈ ત્યાં પ્રગટ થયો અને બોલ્યોઃ 'તું વ્રતોનો ત્યાગ કર, નહીં તો તારા મોટા પુત્રને અહીં લાવીને તારી સામે જ તેના ટુકડેટુકડા કરી નાંખીશ. ઊકળતા પાણીમાં એનું માંસ રાંધીને તારા શરીર પર છાંટીશ.' પુત્ર પ્રત્યે પિતાની સહજપણે મમતા હોય છે. તોપણ તે તો અવિચલ રહ્યો. દેવનો ક્રોધ ઊકળી ઊઠ્યો. એણે દેવમાયા વડે તેવું જ કરી દેખાડ્યું. આવું બીભત્સ દૃશ્ય જોઈને પથ્થર હૃદયનો પણ દ્રવિત થઈ જાય. પણ ચુલનીપિતા તો અડગ જ રહ્યો. બીજી વખતે વચલા પુત્રની પણ એવી જ સ્થિતિ કરી, તોપણ તે સાધનામાંથી ચલિત થયો નહીં. ત્રીજીવારે તે દેવે ત્રીજા પુત્રને પણ પૂરો કરી નાંખ્યો તોપણ ચુલનીપિતા મેરુ પર્વતની જેમ અડગ રહ્યો. ચોથીવારે દેવે એની મમતામયી માતાની હત્યા કરવા ઈચ્છા કરી, ત્યારે તેના ધૈર્યનું બંધન તૂટી પડ્યું. તે ગુસ્સે થઈ દેવને પકડવા ઊભો થયો. એટલામાં દેવ અન્તર્ધાન થઈ ગયો. તેના હાથમાં (માત્ર) થાંભલો આવ્યો અને તે જોરજોરથી ખૂમો પાડવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્રા સાર્થવાહી એનો અવાજ સાંભળી એકદમ ત્યાં આવી પહોંચી અને બોલી : 'પુત્ર, તે દેવમાયા હતી. તેં ક્રોધ કરીને વ્રતનો ભંગ કર્યો છે. એટલે પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થા' માની આજ્ઞા શિરોધાર્ય કરીને ચુલનીપિતાએ પ્રાયશ્ચિત્ત કર્યું.

સાધકે પ્રત્યેક પળે સાવધ રહેવું જોઈએ. કદાચ ભૂલ થઈ જાય તો એનો પરિષ્કાર કરવો જોઈએ. ચુલનીપિતાએ ઉપાસનાના ક્ષેત્રમાં ઉત્તરોત્તર વિકાસ કર્યો અને અંતિમ સમયે સંલેખના–સમાધિપૂર્વક અનશન કરી સૌધર્મ દેવ–લોકમાં દેવ બન્યો.

પ્રસ્તુત કથાનકમાં એ બતાવવામાં આવ્યું છે કે અધ્યાત્મસાધના માતાની મમતાથી પણ ચઢિયાતી છે. સાધના એવી કોટિએ પહોંચે છે કે જ્યાં (બધા) સાંસારિક સંબંધો ખતમ થઈ જાય છે.

સુરાદેવ

સુરાદેવ પણ વારાણસીનો ગાથાપતિ હતો. એની પાસે અઢાર કરોડ સુવર્ણમુદ્રા હતી. એની પત્નીનું નામ ધન્યા હતું. ભગવાન મહાવીરનું પાવન પ્રવચન સાંભળીને એણે વ્રત ગ્રહણ કર્યાં. દેવે પાંચ વાર એના પુત્રોને કાપી ઊકળતા પાણીની કઢાઈમાં નાંખ્યા અને સુરાદેવ ઉપર માંસ છાંટવામાં આવ્યું, છતાંપણ સુરાદેવ વિચલિત થયા નહીં. ત્યારે દેવે એના શરીરમાં સોળ મહા રોગ ઉત્પન્ન કરવાની ધમકી આપી. એનાથી સુરાદેવ વિચલિત થઈ ગયો. એટલે એણે દેવને પકડવા હાથ ફેલાવ્યો, પણ દેવ આકાશમાં લુપ્ત થઈ ગયો. સુરાદેવની ચીસાચીસ સાંભળીને એની પત્ની ત્યાં આવી અને બોલી: 'પતિદેવ, આ દેવનો ઉપસર્ગ હતો આપ. આપનું વ્રત ખંડિત ન કરો'. એણે ભૂલનું પ્રાયશ્ચિત્ત કર્યું. વીસ વર્ષ સુધી શ્રાવકવ્રતોનું નિરતિચાર પાલન કરીને તે સૌધર્મ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયો.

ચુલ્લશતક

અલભિકા નગરીમાં ચુલ્લશતક ગાથાપતિ હતા. એની પાસે અઢાર કરોડ સુવર્ણમુદ્રા હતી. એની પાસે દશ દશ હજાર ગાયોવાળાં છ ગોકુળ હતાં. એકવાર ભગવાન મહાવીર આલભિકા નગરીમાં પધાર્યા. (તે વખતે) ચુલ્લશતકે વ્રત ગ્રહણ કર્યાં. એક દિવસ તે પોષધશાળામાં પોષધ વ્રત ધારણ કરી રહ્યો હતો તે વખતે મધરાતે એક દેવ પ્રગટ થયો. દેવે ચુલ્લશતકના ત્રણ પુત્રોના સાત સાત ટુકડા કરી નાંખ્યા, પણ તે વ્રતમાં વિચલિત થયો નહીં. આખરે દેવે વિચાર્યું, ધન એ અગિયારમો પ્રાણ છે. એટલે એણે કહ્યું : 'જો તું વ્રત ભંગ નહીં કરે, તો હું તારું સર્વધન અપહરણ કરી લઈશ. તું દરિદ્ર બનીને આમતેમ ભટકયા કરીશ.' ત્રણ વાર (આ પ્રમાણે) કહેવામાં આવતાં ચુલ્લશતકને જાણે કે વીજળીનો આંચકો લાગ્યો. તે ગભરાઈ ગયો. તેણે તે પુરુષને પકડવા હાથ આગળ કર્યો, પણ થાંભલા સિવાય એના હાથમાં કાંઈ આવ્યું નહીં. વ્યાકુળ થઈ તે જોરથી ચીસ પાડી ઊઠયો. એની પત્નીએ આવીને કહ્યું : 'તમારે તમારા વ્રતમાં દૃઢ રહેવું જોઈએ. આલોચન કરી આત્મ–શુદ્ધિ કરો.' એને એની ભૂલ સમજાઈ. એણે શુદ્ધીકરણ કર્યું, વીસ વર્ષ સુધી શ્રાવકવ્રતોનું પાલન કર્યું, તથા એકવીશ પ્રતિમાઓની આરાધના કરી. તે એક મહિનાની સંલેખના–સંથારો કરી સૌધર્મ દેવલોકમાં દેવ બન્યો.

કુંડકૌલિક

કાંપિલ્યપુર નગરમાં કુંડકૌલિક ગાથાપતિ રહેતો હતો. એની પત્નીનું નામ પૂષા હતું. તે અઢાર કરોડ સુવર્ણમુદ્રા-ઓનો માલિક હતો, એની પાસે દશ દશ હજાર ગાયોવાળાં છ ગોકુલ હતાં. ભગવાનનો ઉપદેશ સાંભળીને કુંડકૌલિકે વ્રત ગ્રહણ કર્યાં. તે એક દિવસ મધ્યાહ્ન સમયે (એક) અશોકવાટિકામાં આવી પહોંચ્યો. એણે પોતાની વીંટી અને ઉત્તરીયવસ્ત્ર ઉતારીને પૃથ્વીશીલાપટ પર મૂકયાં અને તે ધર્મધ્યાનમાં બેસી ગયો. તે સમયે એક દેવ પ્રગટ થયો. તે વીંટી અને ઉત્તરીય લઈને આકાશમાં ઊભો રહ્યો અને બોલ્યો: 'મંખલિપુત્ર ગોશાલકનો સિદ્ધાંત સુંદર છે. ત્યાં પુરુષાર્થને સ્થાન નથી. તે નિયતિવાદી છે. જે પણ કાંઈ બનશે તે નિયતિ પ્રમાણે થશે. એટલે તું એમના સિદ્ધાંતનો સ્વીકાર કર.'

કુંડકૌલિકે કહ્યું : 'તેં જે આ ભવ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે પુરુષાર્થથી પ્રાપ્ત કરી છે કે એમ જ કરી છે?'

દેવ : 'મેં એમ જ પ્રાપ્ત કરી છે.'

કુંડકૌલિક: 'તો પછી પ્રત્યેક પ્રાણી જે પુરુષાર્થ કરતાં નથી, તેઓ કેમ દેવ બન્યાં નથી. ?'

દેવ કુંડકૌલિકની આ દલીલનો ઉત્તર આપી શકયો નહીં. તે વીંટી અને ઉત્તરીયવસ્ત્ર શીલાપટ્ટ પર મૂકીને ચાલ્યો ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજે દિવસે ભગવાન મહાવીર કાંપિલ્યપુરમાં પધાર્યા. કુંડકૌલિક તેમનાં વંદન માટે ગયો. મહાવીરે તે વખતે દેવપરીક્ષા અંગે વાતચીત કરી અને સાધુઓને પ્રેરણા આપતાં કહ્યું : 'કુંડકૌલિક કેટલો ગહન તત્ત્વવેત્તા છે ? એણે પોતાની દલીલથી દેવને નિરુત્તર કરી દીધો. કુંડકૌલિકની ઘટનાને મહત્ત્વ આપવાનું એ કારણ હતું કે સાધકોને પોતાના સિદ્ધાંતનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ.

કુંડકૌલિકે પંદરમા વર્ષે એકવીશ પ્રતિમાઓની આરાધના ગ્રહણ કરી. તે પહેલાં ચૌદ વર્ષ સુધી તે (શ્રાવક) વ્રતોનું પાલન કરતો રહ્યો હતો. છેવટે એક માસની સંલેખના–સંથારા દ્વારા આયુષ્ય પૂર્ણ કરી તે સૌધર્મ દેવલોકમાં દેવરૂપમાં ઉત્પન્ન થયો.

શકડાલપુત્ર

પોલાસપુર નગરમાં શકડાલપુત્ર નામનો કુંભાર રહેતો હતો. એની પાસે ત્રણ કરોડ સુવર્ણ-મુદ્રાઓ હતી અને દશ હજાર ગાયોવાળું એક ગોકુલ હતું. એનો મુખ્ય ધંધો હતો માટીમાંથી વાસણ ઘડવાનો અને તેને વેચવાનો. પોલાસપુર નગરની બહાર એની પાંચસો કર્મશાલાઓ–ભઠ્ઠીઓ હતી. એમાં વેતન લેનાર અનેક કર્મચારીઓ કામ કરતા હતા. તે વાસણ ઘડતા અને સાર્વજનિક સ્થળોએ એને વેચતા હતા. શકડાલપુત્રની પત્નીનું નામ અગ્નિમિત્રા હતું. તે ગૌશાલકનો અગ્રગણ્ય અનુયાયી હતો. એકવાર શકડાલપુત્ર અશોકવાટિકામાં ધર્મની આરાધના કરી રહ્યો હતો તે વખતે એક દેવ પ્રગટ થઈને બોલ્યો : 'કાલે સવારે મહામહિમ અપ્રતિહત જ્ઞાનદર્શનના ધારક ત્રૈલોકયપૂજિત અર્હત્ જિનકેવલી સર્વજ્ઞસર્વદર્શી આવશે. તું એમની સેવા કરજે.'

બીજા દિવસે ભગવાન મહાવીર સહસ્રામ્ર ઉદ્યાનમાં પધાર્યા. શકડાલપુત્ર દર્શન કરવા માટે ગયો. તે તો મનમાં વિચારી રહ્યો હતો કે ભગવાન ગોશાલક પધારશે અને એ દૃષ્ટિએ તે ત્યાં ગયો. ભગવાન મહાવીરે એને સુલભબોધિ જાણીને કહ્યું : 'કાલે દેવ આવ્યો હતો ને ? અને એણે મારા આગમનની સૂચના આપી હતીને ?' શકડાલપુત્ર ભગવાન મહાવીરના દિવ્ય જ્ઞાનથી પ્રભાવિત થયો. એણે ભગવાનને નિવેદન કર્યું કે, 'મારી કર્મશાલામાં પધારો અને આવશ્યક સામગ્રી ગ્રહણ કરો.'

ભગવાન મહાવીર ત્યાં પધાર્યા. એક દિવસ શકડાલપુત્ર વાસણોને ગરમી આપી રહ્યો તે વખતે ભગવાનને પૂછ્યું : 'આ વાસણો કેવી રીતે બન્યાં ?' શકડાલપુત્રે જણાવ્યું : 'પહેલાં માટી એકઠી કરી, પછી એને પલાળી, અને એમાં રાખ અને છાણ મેળવ્યાં. પછી એને ગૂંદી, પછી માટીના લોંદાને એક પછી એક ચાક પર ચઢાવી એમાંથી જુદાજુદા પ્રકારનાં વાસણો બનાવ્યાં.'

ભગવાન : 'આ વાસણો પુરુષાર્થથી બન્યાં છે કે અપુરુષાર્થથી ?'

શકડાલપુત્ર : 'એમાં પુરુષાર્થની જરૂર નથી. એમાં જે કાંઈ બને છે તે નિશ્ચિત હોય છે.'

ભગવાન : 'કલ્પના કર, કોઈ વ્યક્તિ તારાં વાસણો તોડી નાંખે, ફોડી નાંખે અથવા તારી પત્ની અગ્નિમિત્રાની સાથે બલાત્કાર કરે, તો તું શું કરે ?'

શકડાલપુત્ર : 'હું તેને ફટકારીશ, શિક્ષા કરીશ અને વધુ કાંઈ (ગરબડ) કરશે તો હું એનો જાન લઈશ.'

ભગવાન : 'તું એવું કેમ કરે છે ? કેમકે તારી દૃષ્ટિએ તો જે કાંઈ થવાનું છે તે તો નિશ્ચિત છે. તો પછી એને દોષિત કેમ માને છે ? જો તું એમ માનતો હોય કે તે પુરુષાર્થ કરે છે, તો નિયતિવાદનો સિદ્ધાંત ખંડિત થઈ જાય છે.'

શકડાલપુત્ર ભગવાન મહાવીરની સામે નમી પડ્યો. એણે શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કર્યાં અને એની પત્ની અગ્નિમિત્રાએ પણ વ્રતો ગ્રહણ કર્યાં.

મંખલિપુત્ર ગોશાલકે જ્યારે આ સાંભળ્યું ત્યારે એને દુઃખ થયું. કેમકે તે એનો મુખ્ય શ્રાવક હતો. તે આજીવકોના ઉપાશ્રયમાં આવ્યો અને ત્યાંથી આવીને પછી શકડાલપુત્રની પાસે આવ્યો. પણ શકડાલપુત્રે એના પ્રત્યે આદરભાવ પ્રગટ કર્યો નહીં. ગોશાલકે ભગવાન મહાવીરની ખૂબ સ્તવના કરી. શકડાલપુત્રે પોતાના ગુરુની સ્તવનાથી પ્રભાવિત થઈને કહ્યું : 'આપ મારી કર્મશાલામાં રોકાઓ.' ગોશાલક પણ એમ ઇચ્છતો હતો. એણે વિવિધ દલીલો કરી એને સમજાવવાનો પ્રયાસ કર્યો, પણ શકડાલપુત્રની ધર્મશ્રદ્ધા વિચલિત થઈ નહીં. નિરાશ થઈને ગોશાલક ત્યાંથી રવાના થઈ ગયો.

શ્રાવકવ્રતોની આરાધના કરતાં એનાં ચૌદ વર્ષ પૂરાં થઈ ગયાં. પંદરમું વર્ષ ચાલતું હતું. (એક વખત) શકડાલપુત્ર રાત્રે ધર્મઆરાધના કરી રહ્યો હતો, તે વખતે એક દેવ ત્યાં આવ્યો. દેવે એના ત્રણેય પુત્રને મારી નાખ્યા એના નવ નવ ટુકડા કર્યા. પછી એને ઊકળતા પાણીમાં ઉકાળીને શકડાલપુત્ર પર ફેંક્યા, તોપણ તે વિચલિત ન થયો.

દેવે વિચાર્યું : 'એને અગ્નિમિત્રા પત્ની પર અત્યધિક અનુરાગ છે. એટલે એવી રીતે એને પણ દેવે મારી નાંખવાની ધમકી આપી. આથી તે ક્ષુબ્ધ થઈ ગયો. દેવને પકડવા એણે જેવો હાથ આગળ કર્યો કે તે થાંભલા સાથે ટકરાયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એની ચીસ સાંભળી અગ્નિમિત્રા ત્યાં આવી અને બોલી : 'આપે વ્રતનો ભંગ કરી નાંખ્યો, એટલે પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધીકરણ કરો. શકડાલપુત્રે એમ જ કર્યું. જીવનની અંતિમ ક્ષણો સુધી જાગરુકતાથી એની સાધના ચાલુ રહી. આયુષ્ય પૂર્ણ કરી તે અરુણભૂત વિમાનમાં દેવ બન્યો.

મહાશતક

રાજગૃહમાં મહશતક નામનો ગાથાપતિ રહેતો હતો. એની પાસે ચોવીસ કરોડ સુવર્ણમુદ્રાઓ હતી. વળી એની પાસે દશ દશ હજાર ગાયોવાળાં આઠ ગોકુલ હતાં. એને તેર પત્નીઓ હતી. એમાં રેવતી મુખ્ય હતી. રેવતી પોતાના પિયરથી આઠ કરોડ સુવર્ણમુદ્રાઓ અને દશ દશ હજાર ગાયોવાળાં આઠ ગોકુલ કરિયાવરરૂપે લાવી હતી. અન્ય બાર પત્નીઓ પણ એક એક કરોડ સુવર્ણમુદ્રા અને દશ દશ હજાર ગાયોવાળાં ગોકુલ કરિયાવરમાં લાવી હતી. એ યુગમાં પુત્રીઓને પિયરમાંથી ભવ્ય સમૃદ્ધિ પ્રાપ્ત થતી હતી અને એના પર એ પત્નીઓનો અધિકાર રહેતો હતો. ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળીને મહાશતકે શ્રાવકનાં વ્રત ગ્રહણ કર્યાં.

મહાશતકની પત્નીના આંતરમાનસમાં દ્રવ્ય અને ભોગ પ્રત્યે તીવ્ર અભિલાષા હતી. એકવાર એના મનમાં વિચાર આવ્યો કે, 'હું (જો) બારેય શોકચને મારી નાંખું તો એમની સઘળી સંપત્તિ પર મારો અધિકાર થઈ જશે અને હું એકલી જ વિષયભોગનું સેવન કરીશ.' એણે પોતાની શોકચોને મારી નંખાવી. રેવતી માંસ અને મદિરાનો પણ ઉપભોગ કરતી હતી. એકવાર રાજગૃહમાં અમારિ (પ્રાણીવધનિષેધ) જાહેર કરવામાં આવી. રેવતીએ પોતા માટે પોતાના ગોકુલમાંથી દરરોજ બે બે વાછરડાં મારીને છૂપી રીતે લાવવાની વ્યવસ્થા ગોઠવી. મહાશતકના જીવનમાં નવો વળાંક આવી ગયો. શ્રાવકોનાં બાર વ્રતોનું પાલન કરતાં કરતાં ચૌદ વર્ષ પસાર થઈ ગયાં હતાં. પોતાના સૌથી મોટા પુત્રને ઘરનો ભાર સોંપીને તે પોતે પૌષધશાળામાં રહીને ધર્મની ઉપાસવા કરવા લાગ્યો. રેવતી મદિરાના નશામાં ઉન્મત્ત બનેલી કામોદ્દીપક હાવભાવ કરવા લાગી તથા ભોગ માટે (એની પાસે) માગણી કરવા લાગી. પરંતુ મહાશતક વિચલિત થયો નહીં. રેવતી ઊતરેલા મુખે પાછી ફરી. મહાશતક સાધનામાં ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહ્યો. એને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. રેવતી વાસનાની જ્વાલામાં બળતી રહી. તે ફરીફરી મહાશતક પાસે આવી કુચેષ્ટા કરવા લાગી. જેનાથી તે વિક્ષુબ્ધ થઈ ગયો. એણે અવધિજ્ઞાન વડે જોઈને કહ્યું : 'રેવતી, તું અત્યંત ભયાનક રોગથી પિડાઈ રત્નપ્રભા નામની પહેલી નારકીમાં ઉત્પન્ન થઈશ. જ્યાં તું ચોરાસી હજાર વર્ષ સુધી ભયંકર કષ્ટો ભોગવીશ.' તે ભયથી કંપી ઊઠી. એની સામે મોતની કાળી છાયા નાચવા લાગી. જેવું મહાશતકે કહ્યું તેવું જ બન્યું.

ભગવાન મહાવીરનું રાજગૃહમાં આગમન થયું. એમણે ગણધર ગૌતમને કહ્યું : 'અંતિમ સંલેખનાનો સ્વીકાર કર્યા પછી મહાશતકે અપ્રિય અને અમનોજ્ઞ કથન કરીને ભૂલ કરી છે. તું જઈને મહાશતકને એની આલોચના કરી તે પ્રાયશ્ચિત્ત કરે એવું સૂચન કર.'

ગૌતમ મહાશતકની પાસે આવ્યા અને ભગવાનનો સંદેશો કહ્યો : મહાશતકે ભગવાનનાં વચનો શિરોધાર્ય કરી શુદ્ધિ કરી. પછી તે સમાધિપૂર્વક દેહનો ત્યાગ કરી સૌધર્મકલ્પમાં દેવ બન્યો.

નંદિનીપિતા

શ્રાવસ્તીનગરીમાં નંદિનીપિતા ગાથાપતિ રહેતો હતો. એની પાસે બાર કરોડ સુવર્ણમુદ્રાઓ હતી. વળી દશ દશ હજાર ગાયોવાળાં ચાર ગોકુલ હતાં. એની પત્નીનું નામ અશ્વિની હતું. ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળીને એણે શ્રાવકનાં બાર વ્રત ગ્રહણ કર્યાં. વ્રતોનું પાલન કરતાં જ્યારે ચૌદ વર્ષ થઈ ગયાં ત્યારે પોતાનું ઉત્તરદાયિત્વ મોટાપુત્રને સોંપી તે સાધનામાં જોડાઈ ગયો. એની સાધનામાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન ઉપસ્થિત થયું નહીં. વીસ વર્ષ સુધી શ્રાવક-ધર્મની આરાધના કરીને તે સૌધર્મ દેવલોકમાં દેવ બન્યો.

સાલિહીપિતા

શ્રાવસ્તીમાં સાલિહીપિતા ગાથાપતિ રહેતો હતો. એની પાસે બાર કરોડ સુવર્ણમુદ્રાઓ હતી. એની પત્નીનું નામ ફાલ્ગુની હતું. એની પાસે દશ દશ હજાર ગાયોવાળાં ચાર ગોકુલ હતાં. ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળી એણે વ્રતો ગ્રહણ કર્યાં : ચૌદ વર્ષ સુધી શ્રાવક વ્રતોનું પાલન કર્યા પછી પોતાનું ઉત્તરદાયિત્વ મોટાપુત્રને સોંપી, તે પોતે સાધનામાં તલ્લીન બની ગયો. અગિયાર પ્રતિમાઓની આરાધના કરી તે સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી તે સૌધર્મ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનંદ ગાથાપતિથી આરંભી સાલિહીપિતા સુધીના આ દશ શ્રમણોપાસકોની ગણના ભગવાન મહાવીરના પ્રમુખતમ શ્રાવકોમાં કરવામાં આવી છે. ઉપાસકદશાંગ સૂત્રમાં એમની જીવનગાથાઓ છે. દશ ઉપાસકોમાંથી છના જીવનમાં ઉપસર્ગ ઉત્પન્ન થયા હતા. એમાં ચાર વિચલિત થઈ ગયા હતા, પરંતુ ફરીથી સાધનામાં જોડાઈ ગયા. તેઓએ પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરી લીધું. બે ઉપાસકો પૂર્ણપણે અવિચલ રહ્યા અને બાકીના ચાર ઉપાસકોની સાધનામાં કોઈ પણ પ્રકારનો ઉપસર્ગ ઉપસ્થિત થયો નહીં. ઉપસર્ગ સાધકની કસોટી છે. જે સાધક ઉપસર્ગોની કસોટીમાં સાચો સાબિત થાય છે, એનું જીવન સુવર્ણની માફક ચમકી ઊઠે છે.

ઋષિભદ્રપુત્ર

આલભિકા નગરીમાં ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસક રહેતો હતો. એ નગરમાં બીજા ઘણા શ્રમણોપાસક રહેતા હતા. જે જીવાદિ તત્ત્વોના જાણકાર હતા. અન્ય શ્રમણોપાસકોએ ઋષિભદ્રપુત્રને પૂછ્યું : 'દેવોની કેટલી સ્થિતિ છે?' એણે કહ્યું : 'જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ ક્રમશઃ વધતી જઈને તેત્રીસ સાગરોપમની.' અન્ય શ્રમણોપાસકોને શંકા થઈ કે એનું કથન યથાર્થ છે કે નહીં? ભગવાન મહાવીર આલભિકા નગરીમાં પધાર્યા. એમનો ઉપદેશ સાંભળ્યા પછી એ પરિષદે ભગવાનને પૂછ્યું : 'ઋષિભદ્રપુત્રનું કથન યથાર્થ છે કે નહીં?' પ્રભુએ કહ્યું : 'એનું કથન યથાર્થ છે? હું પણ એમ જ કહું છું'. આ સાંભળી પરિષદ પ્રભાવિત થઈ અને (એણે) ઋષિભદ્રપુત્રની ક્ષમાયાચના કરી.

ગણધર ગૌતમે જિજ્ઞાસા પ્રસ્તુત કરી; 'શું ઋષિભદ્રપુત્ર શ્રમણ બનશે?' ભગવાને કહ્યું : 'ના, તે શ્રમણોપાસક જીવન વ્યતીત કરી આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ દેવલોકમાં દેવ બનશે અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ બુદ્ધ અને મુક્ત થશે.'

પ્રસ્તુત કથાનકથી એ સ્પષ્ટ થાય છે કે ભગવાન મહાવીરના શ્રમણોપાસક તત્ત્વદર્શનના સારા જાણકાર હતા. અને ભગવાન આ સત્યતથ્યનો સ્વીકાર કરીને એના પર પોતાની મહોર લગાવી દેતા જેનાથી અન્ય શ્રાવક પણ તત્ત્વદર્શનમાં આગળ વધી શકે.

શંખ–પુષ્કલી

શ્રાવસ્તીનગરીમાં શંખ શ્રાવક રહેતો હતો. એની પત્નીનું નામ ઉત્પલા હતું. પુષ્કલી નામક એક અન્ય શ્રમણોપાસક પણ ત્યાં રહેતો હતો. આ બન્ને જૈનદર્શનના પૂર્ણ જ્ઞાતા હતા. ભગવાન મહાવીરનું ત્યાં આગમન થયું. ભગવાનનો ઉપદેશ શ્રવણ કરી એણે અનેક જિજ્ઞાસાઓ પ્રસ્તુત કરી. એ પછી શંખ શ્રમણોપાસકે શ્રાવસ્તિના અન્ય શ્રમણોપાસકોને કહ્યું : 'પુષ્કલ, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, તૈયાર કરાવો અને એનો આસ્વાદ કરતાં કરતાં પરસ્પર ખાતાં અને ખવડાવતાં પાક્ષિક પૌષધનું અનુપાલન કરતાં રહીશું.' બધા શ્રમણોપાસકોએ શંખની વાત ધ્યાનપૂર્વક સાંભળી.

આ પછી શંખ શ્રમણોપાસકને એ વિચાર આવ્યો કે ખાતાં ખાતાં પૌષધ ન કરતાં બ્રહ્મચર્યપૂર્વક મણિ આદિનો ત્યાગ કરી કોઈના પણ સહયોગ વિના મારે એકલાએ પૌષધ કરવો શ્રેયસ્કર છે.' તેમ વિચારીને તે પોતાના ઘેર આવ્યો. પોતાની પત્ની ઉત્પલાને પૂછીને પૌષધશાલામાં પાષધ કરીને બેઠો. આ બાજુ શ્રાવસ્તીના શ્રમણોપાસકોએ વિપુલ પ્રમાણમાં અશન, પાન આદિ તૈયાર કરાવ્યાં પરંતુ શંખ શ્રમણોપાસક આવ્યો નહીં, એટલે એને બોલાવવાનો વિચાર કર્યો.

પુષ્કલી શ્રાવક આ બધાની વતી એને બોલાવવા ગયો. તેણે ઉત્પલાને પૂછ્યું : 'શંખ શ્રાવક ક્યાં છે?' એણે કહ્યું: પૌષધશાલામાં પૌષધ કરીને બેઠા છે.' પુષ્કલીએ શંખને નમસ્કાર કર્યા અને કહ્યું : 'આપે વિપુલ પ્રમાણમાં અશન, પાન ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવ્યાં છે, એટલે આહાર વગેરે ખાતાંપીતાં પૌષધ કરો. શંખે કહ્યું : 'મેં પૌશધ કરી લીધો છે. તમે તમારી ઇચ્છાનુસાર ખાતાં-પિતાં પૌષધ કરો.' એ શ્રાવકોએ એ પ્રમાણે જ કર્યું.

રાત્રિમાં ધર્મ જાગરણ કરતા એવા શંખે વિચાર્યું : 'ભગવાન મહાવીરનાં દર્શન કર્યા પછી મારે પૌષધ પાળવો શ્રેયસ્કર છે.' સવાર પડતાં શંખ ભગવાનની સેવામાં પહોંચી ગયો. આ બાજુ પુષ્કલી વગેરે શ્રાવકો પણ ભગવાનને વંદન કરવા ત્યાં આવી પહોંચ્યા. ઉપદેશ સાંભળ્યા પછી એમણે શંખને ઠપકો આપ્યો.

પ્રભુએ કહ્યું : 'તમે શંખ શ્રાવકનો તિરસ્કાર ન કરો, તે પ્રિયધર્મા તેમજ દૃઢધર્મા છે. એણે પ્રમાદ અને નિદ્રાનો પરિત્યાગ કરીને સુદર્શન જાગરિકા જાગૃત કરી છે.'

ગૌતમે જિજ્ઞાસા પ્રસ્તુત કરી : 'જાગરિકા કેટલા પ્રકારની હોય છે?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાને ઉત્તર આપ્યો : 'જાગરિકા ત્રણ પ્રકારની છે : (૧) બુદ્ધ જાગરિકા (૨) અબુદ્ધ જાગરિકા (૩) સુદર્શન જાગરિકા. સર્વજ્ઞોની જાગરિકા બુદ્ધ જાગરિકા હોય છે. અણગારની જાગરિકા અબુદ્ધ જાગરિકા હોય છે અને શ્રાવકોની જાગરિકા સુદર્શન જાગરિકા હોય છે.

શંખે ભગવાન મહાવીરને પૂછ્યું : 'ક્રોધ વગેરે કષાયને વશ એવો જીવ કયાં કર્મ બાંધે છે ? અથવા ચય-ઉપચય કરે છે ?'

ભગવાને કહ્યું : 'તે સાત કે આઠ કર્મો બાંધે છે. શિથિલ કર્મ પ્રકૃતિઓને દૃઢ કરે છે.' પુષ્કલી વગેરે બધા શ્રાવકોએ શંખ સમક્ષ ક્ષમાયાચના કરી. ગૌતમે પૂછ્યું : 'શું શંખ દીક્ષા ગ્રહણ કરશે ?' ભગવાને કહ્યું : 'નહીં. તે શ્રાવકધર્મનું જ પાલન કરશે.'

પ્રસ્તુત કથાનકમાં પૌષધનો ઉલ્લેખ છે. પૌષધ ૧. આહાર-પૌષધ ૨. શરીર-પૌષધ ૩. બ્રહ્મચર્ય-પૌષધ અને ૪. અવ્યાપાર પૌષધ એમ ચાર પ્રકારનાં છે. શંખ શ્રાવકે પ્રતિપૂર્ણ પૌષધ કર્યો હતો. આવશ્યકવૃત્તિમાં પૌષધોપવાસનું લક્ષણ આ પ્રમાણે કહેવામાં આવ્યું છે. ધર્મ અને અધ્યાત્મને પુષ્ટ કરનારે વિશેષ નિયમ ધારણ કરીને ઉપવાસ સહિત પૌષધમાં રહેવું જોઈએ'[1] પૌષધ શબ્દ સંસ્કૃત 'ઉપવસથઃ' શબ્દમાંથી બન્યો છે. જેનો અર્થ છે : 'ધર્માચાર્યની સમીપ યા ધર્મ-સ્થાનમાં રહેવું'. ધર્મસ્થાનમાં નિવાસ કરીને ઉપવાસ કરવો તે પૌષધોપવાસ છે. બીજા શબ્દોમાં કહીએ તો પૌષધ વ્રતનો અર્થ પોષવું, તૃપ્ત કરવું છે. શરીરને જેમ ભોજનથી તૃપ્ત કરવામાં આવે છે તેવી જ રીતે આત્માને વ્રતથી તૃપ્ત કરવો. પૌષધમાં આત્મચિંતન આત્મશોધન, આત્મવિકાસનો પુરુષાર્થ કરવામાં આવે છે. જ્યારે સાધક આત્મચિંતન કરે છે ત્યારે એને પોતાના અંતરમાં રહેલી કમજોરીઓનું જ્ઞાન થાય છે અને જે શક્તિઓની ખામી હોય એની પૂર્તિ માટે એ પ્રયાસ કરે છે. વ્યક્તિ બીજાને સુધારી શકતી નથી, પણ તે પોતાને સુધારી શકે છે. પૌષધમાં સાધક સાંસારિક પ્રવૃત્તિઓથી મુક્ત થઈને ધર્મજાગરણ અને આત્મજાગરણ કરે છે.

વરુણનાગનપ્તૃક શ્રમણોપાસક

વૈશાલીમાં વરુણનાગનપ્તૃક શ્રમણોપાસક રહેતો હતો. તે જીવાદિ તત્ત્વોનો જ્ઞાતા હતો તથા વ્રતપાલક હતો. છઠ્ઠ છઠ્ઠની તપસ્યા કરીને તે પોતાના આત્માને ભાવિત કરતો રહેતો હતો. (એક વખતે) રાજાના આદેશ અનુસાર એને રથમૂસલ સંગ્રામમાં જવું પડ્યું. એ યુદ્ધમાં પ્રવૃત્ત હતો ત્યારે એણે એવો નિયમ લીધો કે, 'જે કોઈ પહેલાં મારા પર પ્રહાર કરશે, એને જ મારે મારવો, બીજાને નહીં.' આવો નિયમ લઈને તે સંગ્રામ કરવા લાગ્યો. વરુણનાગનપ્તૃક સમાન વય અને આકૃતિવાળી એક વ્યક્તિ ત્યાં આવી અને કહ્યું : 'મારા પર પ્રહાર કરો.' એણે કહ્યું : 'જ્યાં સુધી કોઈ મારા પર પ્રહાર કરે નહીં, ત્યાં સુધી હું એના પર પ્રહાર કરતો નથી.' એણે વરુણનાગનપ્તૃક પર બાણનો પ્રહાર કર્યો, જેનાથી તે ઘાયલ થઈ ગયો. એ પછી જ વરુણનાગનપ્તૃકે એ વ્યક્તિ પર પ્રહાર કર્યો. તેથી તે જમીન પર ઢળી પડ્યો. પેલાએ ફરીથી એના પર પ્રહાર કર્યો એટલે વરુણનાગનપ્તૃકનો પ્રાણ ભયમાં આવી પડ્યો. જીવનની સંધ્યાવેળા આવેલી જાણી એણે પોતાના રથને એકાંત સ્થાનમાં લઈ જવાનો આદેશ આપ્યો. રથમાંથી ઊતરીને દર્ભનું આસન બિછાવી, તે પર બેસી, વરુણનાગનપ્તૃકે અરિહંતને નમસ્કાર કર્યા. અને જીવનપર્યંત વ્રતો ગ્રહણ કર્યાં. પછી એણે કવચ ખોલી પોતાના શરીરમાંથી બાણ બહાર ખેંચી કાઢ્યું અને પછી તે સમાધિપૂર્વક મરણ પામ્યો.

વરુણનાગનપ્તૃકનો બાલમિત્ર પણ યુદ્ધ કરી રહ્યો હતો. તે પણ ઘાયલ થયો. એટલે તે વરુણનાગનપ્તૃકની પાછળ-પાછળ આવ્યો અને સંથારો કરી મરણ પામ્યો. સમીપમાં રહેલા દેવોએ સુગંધિત જલ અને પુષ્પોની વૃષ્ટિ કરી અને ગીત તેમજ ગાંધર્વનાદ પણ કર્યો. (આ પરથી) લોકો એમ સમજ્યા કે, જે યુદ્ધ કરતાં મૃત્યુ પામે છે, તે દેવલોક પ્રાપ્ત કરે છે. પણ એમને ખબર નહોતી કે કેવા લોકો સ્વર્ગમાં જાય છે.

આ પ્રસંગે જિજ્ઞાસા પ્રસ્તુત કરી : 'ભગવન્, વરુણનાગનપ્તૃક ક્યાં ગયો ?' ભગવાને કહ્યું : 'તે સૌધર્મ દેવલોકમાં ગયો છે અને એનો મિત્ર માનવ બન્યો છે. તે ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે અને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બનશે.'

પ્રસ્તુત કથાનકમાં, વૈદિક પરંપરા તથા લોકમાં એ ધારણા પ્રચલિત થયેલી હતી કે રણક્ષેત્રમાં મરનાર વ્યક્તિ સ્વર્ગને પામે છે, તથા તે દૃષ્ટિથી લોકો યુદ્ધમાં મરવું શ્રેયસ્કર છે એમ માનતા હતા, એ બાબતનો ઉલ્લેખ છે.[2] આ મિથ્યા ધારણાનું એમાં નિરસન પણ કરવામાં આવ્યું છે. રણક્ષેત્રમાં મરણ પામનાર વ્યક્તિ સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે, પણ શરત

---

૧. પોષધે ઉપવસનં પોષધોપવાસઃ નિયમવિશેષાભિધાનં ચેદં પૌષધોપવાસ : I – આવશ્યકવૃત્તિ.

૨. હિન્દી સાહિત્યકા ઇતિહાસ–વીરગાથાકાલ કા વર્ણન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ છે કે તે પાપોની આલોચના કરી, કષાયથી મુક્ત થઈ સમભાવથી આયુષ્ય પૂર્ણ કરે. જો કષાયની આગમાં સૈનિક સેકાઈ રહ્યો હોય તો એની ગતિ નરક તેમજ તિર્યંચની થશે. બોરડીનું વૃક્ષ વાવીને કેરીની આશા રાખવી તે મિથ્યા છે. એવી રીતે કષાય ભાવમાં સદ્‌ગતિ સુલભ નથી.

સોમિલ બ્રાહ્મણ

વાણિજ્યગ્રામમાં સોમિલ બ્રાહ્મણ રહેતો હતો. તે વેદોમાં પારંગત હતો. એને પાંચસો શિષ્ય હતા. એને ત્યાં ભગવાન મહાવીરનું આગમન થયું. સોમિલ બ્રાહ્મણે વિચાર્યું : 'હું મારા શિષ્યો સાથે ભગવાન પાસે જઉં. જો તેઓ મારા પ્રશ્નોના ઉત્તર નહીં આપી શકે, તો, હું એમને નિરુત્તર બનાવી દઈશ.' આ પ્રમાણે વિચાર કરી તે મહાવીરની પાસે આવ્યો અને પૂછ્યું : 'ભગવાન, આપની યાત્રા, યાપનીય અવ્યાબાધ અને પ્રાસુક વિહાર વગેરે શું છે?' ભગવાને કહ્યું : 'હા, તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન અને આવશ્યક વગેરે યોગોમાં મારી જે વતના (પ્રવૃત્તિ) છે, તે મારી યાત્રા છે. યાપનીય બે પ્રકારનાં છે. ઇન્દ્રિય યાપનીય અને નોઇન્દ્રિય યાપનીય. પાંચે ઇન્દ્રિયો ઉપઘાત રહિત મારી અધીન રહીને પ્રવૃત્તિ કરે છે તે મારું ઇન્દ્રિય યાપનીય છે. ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાય પૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે, તે ઉદયમાં નથી. એ મારું નોઈન્દ્રિય યાપનીય છે. મારા વાત, પિત્ત, કફ અને સન્નિપાતજન્ય અનેક પ્રકારના શરીર સંબંધી દોષ અને રોગાન્તક ઉપશાંત થઈ ગયા છે, તે ઉદયમાં આવતા નથી, તે મારું અવ્યાબાધ છે. આરામ, ઉદ્યાન, દેવકુલસભા, પ્રપા વિવિધ સ્થાનોમાં, સ્ત્રી, પશુ પંડક રહિત વસતીઓમાં પ્રાસુક એષણીય પીઠ, ફલક, શય્યા, સંસ્તારક આદિ પ્રાપ્ત કરીને વિહાર કરું છું, એ મારે માટે પ્રાસુક વિહાર છે.'

સોમિલે ફરીથી પ્રશ્ન કર્યો : 'સરસવ ભક્ષ્ય છે કે અભક્ષ્ય?'

ભગવાન : 'સોમિલ, બ્રાહ્મણ ગ્રંથોમાં સરસવ બે પ્રકારના બતાવવામાં આવ્યા છે : ૧. સનાન વયવાળા સરસવ—(સદશવય) મિત્ર, ૨. ધાન્ય સરસવ. જે મિત્ર સરસવ છે તે સહજાત, સહવર્ધિત અને સહપાંસુક્રીડિત એ ત્રણે પ્રકારના સરસવ શ્રમણો માટે અભક્ષ્ય છે.'

ધાન્ય સરસવ બે પ્રકારના છે : (૧) શસ્ત્ર પરિણત—અગ્નિ વગેરેથી નિર્જીવ બનેલા અને (૨) અશસ્ત્ર પરિણત—નિર્જીવ નહીં બનેલાં. જે અશસ્ત્ર પરિણત છે તે અભક્ષ્ય છે. શસ્ત્રપરિણત પણ બે પ્રકારના છે : એષણીય અને અનેષણીય. એષણીય સરસવ પણ બે પ્રકારના છે : યાચિત અને અયાચિત. અયાચિત શ્રમણો માટે ત્યાજ્ય છે. યાચિત પણ બે પ્રકારના છે : લબ્ધ અને અલબ્ધ. અલબ્ધ શ્રમણોને માટે અભક્ષ્ય છે અને લબ્ધ શ્રમણો માટે ભક્ષ્ય છે. એટલે સરસવ મારા માટે ભક્ષ્યપણ છે અને અભક્ષ્ય પણ છે.'

સોમિલે ફરીથી જિજ્ઞાસા પ્રગટ કરી : 'માસ ભક્ષ્ય છે કે અભક્ષ્ય?'

મહાવીરે કહ્યું : 'બ્રાહ્મણ ગ્રંથોમાં માસ બે પ્રકારના કહેવામાં આવ્યા છે : દ્રવ્યમાસ અને કાલમાસ. શ્રાવણ, ભાદરવો આદિ જે કાલમાસ છે તે શ્રમણો—નિર્ગ્રંથોને માટે અભક્ષ્ય છે. દ્રવ્યમાસ બે પ્રકારના છે : અર્થમાષ અને ધાન્યમાષ. અર્થમાષ બે પ્રકારના છે : સ્વર્ણમાષ અને રૌપ્યમાષ, જે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે. ધાન્યમાષ બે પ્રકારના છે : શસ્ત્રપરિણત માષ અને અશસ્ત્રપરિણત માષ. એ બધા માસ જે શસ્ત્ર પરિણત છે તે સરસવની માફક ભક્ષ્ય-પણ છે અને અભક્ષ્ય પણ છે.'

'ભગવન્, કુલત્થા ભક્ષ્ય છે કે અભક્ષ્ય?' ભગવાને કહ્યું : 'કુલત્થા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે. તે બે પ્રકારની છે : 'સ્ત્રી કુલત્થા અને ધાન્ય કુલત્થા'. સ્ત્રી કુલત્થા ત્રણ પ્રકારની છે : કુલકન્યા, કુલવધૂ કુલમાતા, જે શ્રમણો માટે અભક્ષ્ય છે. ધાન્ય કુલત્થા અંગે ધાન્ય સરસવની જેમ સમજવું. કુલત્થા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.'

સોમિલે ફરી પૂછ્યું : 'ભગવન્, આપ એક છો કે અનેક છો? અક્ષય, અવ્યય, અવસ્થિત યા ભૂતભાવભવિક છો?'

ભગવાન : ''હું એક પણ છું અને અનેક પણ. હું દ્રવ્ય રૂપથી એક છું, જ્ઞાન અને દર્શનના ભેદથી બે છું, આત્મ-પ્રદેશથી હું અક્ષય છું, અવ્યય છું અને અવસ્થિત પણ. ઉપયોગની અપેક્ષાએ અનેક ભૂત, વર્તમાન અને ભાવિ પરિણામોને યોગ્ય છું. અર્થાત્ વિવિધ રૂપધારી પણ છું.'

સોમિલના અદ્વૈત, દ્વૈત નિત્યવાદ અને ક્ષણિકવાદ જેવા ગંભીર પ્રશ્નો કે જે લાંબા સમયની ચર્ચાને અંતે પણ ઉકેલાઈ શકાયા ન હતા, એ બધા પ્રશ્નોનું ભગવાન મહાવીરે અનેકાન્તદૃષ્ટિથી ક્ષણવારમાં સમાધાન કરી આપ્યું. સોમિલ મહાવીરને શબ્દજાળમાં ફસાવવા માગતો હતો. એટલે એણે શ્લિષ્ટ શબ્દનો પ્રયોગ કર્યો હતો. પરંતુ ભગવાન તો કેવલ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાની હતા. એટલે એમની સામે એનું વાક્‌-કપટ શા રીતે છુપાઈ શકે? 'સરસવ' પ્રાકૃત ભાષાનો શ્લિષ્ટ શબ્દ છે; જેની સંસ્કૃત છાયા છે : 'સર્ષપ' અને 'સદશવયા'. 'સર્ષપ'નો અર્થ સરસવ છે, જ્યારે 'સદશવયા'નો અર્થ છે સમાન ઉંમર. 'માસ' પણ પ્રાકૃતનો શ્લિષ્ટ શબ્દ છે. જેની સંસ્કૃત છાયા છે : 'માષ' અને 'માસ'. 'માષ', શબ્દનો અર્થ અડદ છે અને 'માસ'નો અર્થ મહિનો છે. 'કુલત્થા' પણ પ્રાકૃતનો શ્લિષ્ટ શબ્દ છે. જેની સંસ્કૃત છાયા છે : 'કુલસ્થા' અને 'કુલત્થા'. કુલસ્થાનો અર્થ કુલીન સ્ત્રી અને કુલત્થાનો અર્થ છે કળથી–એક વિશિષ્ટ ધાન્ય.

ભગવાન મહાવીરના તાર્કિક ઉત્તરોથી સોમિલ અત્યંત પ્રસન્ન થયો. એણે શ્રદ્ધાપૂર્વક ભગવાનનો ઉપદેશ સાંભળ્યો અને કહ્યું : 'હું શ્રમણધર્મનો સ્વીકાર કરી શકતો નથી, એટલે શ્રાવક ધર્મ ગ્રહણ કરવા ઇચ્છું છું.'' સોમિલે ભગવાન મહાવીર પાસે શ્રાવકધર્મ ગ્રહણ કર્યો અને સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગનો અધિકારી બન્યો.

કૂણિકનું ભગવાન મહાવીરના સમવસરણમાં ધર્મશ્રવણ

પ્રસ્તુત કથાનકનો પ્રારંભ ચંપાનગરીમાં થયો હતો. ચંપાનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. જે બધા આગમોનાં નગરવર્ણનનો મુખ્ય આધાર રહ્યો છે. વાસ્તુકલાની દૃષ્ટિથી એ વર્ણન ઘણું મહત્ત્વપૂર્ણ છે. પ્રાચીન યુગમાં નગરોની રચના કેવી રીતે થતી, એ આ વર્ણનથી સ્પષ્ટ થાય છે. નગરની શોભા ગગનચુંબી નવી–ભવ્ય ઊંચી અટ્ટાલિકાઓથી નહીં પણ સઘન વૃક્ષોની હરિયાળીથી થાય છે. હરિયાળી લહેરાય છે પાણીની બહુલતાથી. એટલે ચંપાનગરીની સાથે પૂર્ણભદ્ર ચૈત્યનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વન–ખંડમાં વિવિધ પ્રકારનાં વૃક્ષો હતાં, લતાઓ હતી અને અનેક પ્રકારનાં રંગબેરંગી પક્ષીઓ મધુર કલરવથી દર્શકોને લલચાવતાં હતાં. આ બધાં વૃક્ષોમાં અશોકવૃક્ષનું સ્થાન અનોખું હતું. ભારતીય સાહિત્યમાં અશોકવૃક્ષનો ઉલ્લેખ હજારો ઠેકાણે થયો છે. જૈન, બૌદ્ધ અને વૈદિક–ત્રણે પરંપરાઓમાં એ અંગે ચિંતન કરવામાં આવ્યું છે. તીર્થંકર પણ અશોકવૃક્ષ નીચે વિરાજિત થાય છે.'[૧]

ચંપાનો અધિપતિ કૂણિક સમ્રાટ હતો. તે ભગવાન મહાવીરનો પરમ ઉપાસક હતો. એની ભક્તિનું જીવતું–જાગતું ચિત્ર અહીં ઉપસ્થિત કરવામાં આવ્યું છે.[૨] ભગવાન મહાવીરનું શુભ આગમન ચંપાનગરીમાં થાય છે. એમનું વિરાટ સમવસરણ રચાય છે. સમ્રાટ કૂણિક ભગવાનને વંદન કરવા આવે છે અને એની સુભદ્રા વગેરે દેવીઓ પણ. ભગવાન ધર્મોપદેશ આપે છે. 'સમ્રાટ કૂણિક જૈન હતો કે બૌદ્ધ?' એ પ્રશ્ન પર અમે અન્યત્ર ચિંતન કર્યું છે. એટલે વિશેષ જાણકારી માટે જિજ્ઞાસુ ત્યાં જુએ.[૩]

અંબડ પરિવ્રાજક

ભગવતીસૂત્રમાં અંબડ પરિવ્રાજક અંગે સંક્ષેપમાં ઉલ્લેખ છે.[૪] ઔપપાતિકમાં એનું વિસ્તારથી નિરૂપણ છે. અંબડ પરિવ્રાજક નામની એક બીજી વ્યક્તિનો પણ ઉલ્લેખ થયો છે,[૫] જે આગામી ચોવીસીમા તીર્થંકર બનશે. ઔપપાતિકમાં આવેલો અંબડ મહાવિદેહમાં મુક્ત થશે.[૬] એટલે બન્ને જુદીજુદી વ્યક્તિ હોવી જોઈએ. અંબડ પરિવ્રાજકને સાતસો શિષ્યો હતા. તેઓ કંપિલપુરથી નીકળી પુરિમતાલ નગરે જવા નીકળ્યા. ભયંકર જંગલમાં સાથે રાખેલું પાણી ખૂટી પડ્યું અને ત્યાં કોઈ વ્યક્તિ એમને પાણી આપનાર ન હોવાથી તેમણે શાંતચિત્તે ભગવાન મહાવીરને અને પોતાના ધર્માચાર્ય અંબડ પરિવ્રાજકને નમસ્કાર કર્યા, અને મહાવ્રતો ગ્રહણ કરી સંલેખના સહિત આયુષ્ય પૂર્ણ કર્યું. અંબડ પરિવ્રાજકને વીર્યલબ્ધિ એટલે કે વૈક્રિયલબ્ધિની સાથે સાથે અવધિ–જ્ઞાનલબ્ધિ પણ પ્રાપ્ત હતી. તે કંપિલપુરનાં સો

---

૧. જુઓ : ઔપપાતિક સૂત્ર, પ્રસ્તાવનાં, લે દેવેન્દ્રમુનિ, પૃ. ૨૦.

૨. જુઓ : ઔપપાતિક સૂત્ર, પ્રસ્તાવના લે, દેવેન્દ્રમુનિ, પૃ. ૨૦, ૨૪

૩. જુઓ : ઔપપાતિક સૂત્ર, પ્રસ્તાવના, લે. દેવેન્દ્રમુનિ, પૃ. ૨૦–૨૪ સમ્રાટ કૂણિક : એક અનુચિંતન

૪. ભગવતીસૂત્ર, શતક ૧૪, ઉદ્દશક ૯.

૫. એસ ણં અજ્જો ! કણ્હે વાસુદેવે, રામે બલદેવે, ઉદયે પેઢાલપુત્તે, પુટ્ટિલે, સતએ ગાહાવઈ, દારુએ નિયંઠે, સચ્ચઈ નિયંઠીપુત્તેઃ સાવિય ણં બુદ્ધે અંબડે પરિવ્વાયએ, અજ્જ વિ ણં સુપાસા વચ્ચિજ્જા I, આગામેસ્સાએ ઉસ્સપ્પિણીએ ચાઉજ્જામં ધમ્મં પણ્ણવેત્તા સિજ્ઝિહિંતિ જાવ-અંતં કાહિંતિ !

—સ્થાનાંગ, સૂત્ર ૯ સ્થા. સૂ. ૬૯૨, મુનિ કમલ સંપાદિત.

૬. પઞ્ચૌપપાતિકોપાંગે મહાવિદેહે સેત્સ્યતીત્યભિધીયતે સોઽન્ય ઈતિ સંભાવ્યતે ! —સ્થાનાંગવૃત્તિ, પત્ર ૪૩૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘરોમાં આહાર કરતો હતો. એની આચારસંહિતા શ્રમણાચાર સાથે મળતી હતી. તોપણ કાચા પાણી વગેરેનો ઉપયોગ એ એવી વાત છે, જે શ્રમણના આચાર સાથે મેળ ખાતી નથી. એટલે અંબડ પરિવ્રાજકને શ્રમણોપાસક માનવામાં આવ્યો છે. એણે શ્રાવક વ્રત ગ્રહણ કર્યાં હતાં. અંબડને ભગવાન મહાવીર પ્રત્યે અનન્ય શ્રદ્ધા હતી. અંતમાં માસિક સંલેખના સહિત આયુષ્ય પૂર્ણ કરી તે બ્રહ્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. અને ત્યાંથી તે ચ્યુત થઈને મહાવિદેહમાં દૃઢપ્રતિજ્ઞ કુમાર થશે, જ્યાંથી તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

સ્થાનાંગમાં જે અંબડ પરિવ્રાજકનો ઉલ્લેખ છે, એણે ભગવાન મહાવીરનો ચંપાનગરીમાં ધર્મોપદેશ શ્રવણ કર્યો હતો. ત્યાંથી તે રાજગૃહી તરફ પ્રસ્થાન કરવા લાગ્યો ત્યારે ભગવાને અંબડને કહ્યું : 'શ્રાવિકા સુલસાને કુશલ સમાચાર કહેજો.' અંબડે વિચાર્યું : 'તે મહાન પુણ્યવતી છે, જેને ભગવાન સ્વયં કુશલસમાચાર મોકલાવે છે. સુલસામાં એવો કયો ગુણ છે ? હું એના સમ્યક્ત્વની પરીક્ષા કરીશ.'

પરિવ્રાજકના વેશમાં જ અંબડ સુલસાને ઘેર ગયો અને બોલ્યો : 'આયુષ્યમતી, મને આહારદાન આપો. તમને ધર્મ થશે.' સુલસાએ કહ્યું : 'કોને દેવાથી ધર્મ થાય છે, તે હું સારી રીતે જાણું છું.' અંબડ આકાશમાં પદ્માસનની મુદ્રામાં સ્થિર થઈને લોકોના માનસને વિસ્મિત કરવા લાગ્યો. લોકોએ ભોજન અર્થે એને નિમંત્રણ આપ્યું. એણે કોઈ પણના નિમંત્રણનો સ્વીકાર ન કર્યો અને કહ્યું : હું સુલસાને ત્યાં જ ભોજન ગ્રહણ કરીશ.' લોકો હર્ષથી વિભોર થઈને વધાઈ આપવા માટે સુલસાને ત્યાં ગયા. સુલસાએ કહ્યું : 'મારે પાખંડીઓ સાથે કોઈ લેવા-દેવા નથી.' લોકોએ સુલસાની વાત અંબડને કહી. અંબડે કહ્યું : 'તે વિશુદ્ધ સમ્યક્‌દર્શનની ધારિકા છે. એના આંતરમાનસમાં કિંચિત્‌માત્ર પણ વ્યામોહ નથી.' તે સ્વયં સુલસાને ત્યાં ગયો. સુલસાએ એનું સ્વાગત કર્યું. તે એનાથી પ્રતિબુદ્ધ થયો.

દીઘનિકાયમાં અંબડસુત્તમાં અંબડ નામના એક પંડિત બ્રાહ્મણનું વર્ણન છે. નિશીથચૂર્ણિની પીઠિકામાં પ્રસંગ છે : ભગવાન મહાવીર અંબડને ધર્મમાં સ્થિર કરવા માટે રાજગૃહ પધાર્યા હતા.'[૧]

મદ્રુક શ્રમણોપાસક

રાજગૃહમાં ગુણશીલક ઉદ્યાનની સમીપમાં કાલોદાયી, શૈલોદાયી વગેરે અન્યતીર્થિકો રહેતા હતા. રાજગૃહમાં મદ્રુક શ્રમણોપાસક રહેતો હતો, જે જીવાદિ તત્ત્વોનો જાણકાર હતો. ભગવાન મહાવીરના આગમનની વાત સાંભળી તે એમને વંદન કરવા જઈ રહ્યો હતો ત્યારે માર્ગમાં અન્ય તીર્થિકોએ પૂછ્યું : 'તારા ધર્માચાર્ય ભગવાન મહાવીર પંચાસ્તિકાયની પ્રરુપણા કરે છે, પણ એને કેમ માની શકાય ?'

મદ્રુક : 'વસ્તુના કાર્યથી એનું અસ્તિત્વ જાણી અને માની શકાય છે. કાર્ય વગર કારણ દેખાતું નથી.'

અન્ય તીર્થિક : 'તું કેવો શ્રમણોપાસક છે, જે પંચાસ્તિકાયને જાણતો, જોતો, નથી તોપણ માને છે ?'

મદ્રુક : 'પવન વહે છે તે સત્ય છે ને ?'

અન્ય તીર્થિક : 'હા, વહે છે.'

મદ્રુક : 'વહેતી હવાને તમે જોઈ શકો છો ?'

અન્ય તીર્થિક : 'તે દેખાતી નથી.'

મદ્રુક : 'પવનમાં સુગંધ અને દુર્ગંધ બન્નેના અનુભવ થાય છે ને ? આ સુગંધ અને દુર્ગંધવાળાં પુદ્‌ગલોને શું તમે જોઈ શકો છો ?'

અન્ય તીર્થિક : 'નથી દેખાતાં.'

મદ્રુક : 'સમુદ્રની પાસે ગામ, નગર, જંગલ વગેરે ઘણા પદાર્થો છે. શું તમે એને જુઓ છો ?'

અન્ય તીર્થિક : 'ના.'

મદ્રુક : 'દેવલોકમાં વિવિધ પ્રકારના પદાર્થ છે. શું તેમને તમે જુઓ છો?'

અન્ય તીર્થિક : 'ના'

પ્રસ્તુત કથાનકમાં મદ્રુક શ્રમણોપાસકનું ગંભીર જ્ઞાન પ્રગટ થયું છે.

૧. નિશીથચૂર્ણિ, પીઠિકા પૃ. ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદ્રુકે વિષયને સ્પષ્ટ કરતાં કહ્યું : જે પદાર્થોને તું જોઈ શકતો નથી એનું અસ્તિત્વ ન માનવામાં આવે તો તારી દૃષ્ટિએ ઘણાબધા પદાર્થોનો અભાવ થઈ જાય. એટલે તારું કથન યુક્તિયુક્ત નથી. અન્ય તીર્થી મદ્રુકના તર્કના ઉત્તર ન આપી શકયા. વીલેમોંઢે ત્યાંથી ચાલ્યા ગયા.

મદ્રુક ભગવાનના સમવસરણમાં ગયો. ભગવાને મદ્રુકને સંબોધન કરતાં કહ્યું : 'તેં અન્ય તીર્થીઓને ઉચિત ઉત્તર આપ્યો છે.' આ સાંભળી શ્રમણોપાસક મદ્રુક અત્યંત પ્રસન્ન થયો.

ગણધર ગૌતમની જિજ્ઞાસાનો ઉત્તર આપતાં ભગવાને કહ્યું: 'તે શ્રમણોપાસક રહીને જ જીવનના અંત સમયે સંથારો કરીને અરુણાભ વિમાનમાં દેવ બનશે.' શ્રમણોપાસક બનવું જ પૂરતું નથી, શ્રમણોપાસકોને તત્ત્વોનું પરિજ્ઞાન હોવું પણ આવશ્યક છે. જેથી તે અન્ય દાર્શનિકોના આક્ષેપોનો પરિહાર કરી શકે. અન્ય શ્રમણોપાસક પણ આ દૃષ્ટિથી જ આગળ વધે, એને પણ પ્રેરણા મળે એટલા માટે ભગવાન મહાવીરે પોતાની ભરીસભામાં મદ્રુકની પ્રશંસા કરી અન્યને પ્રેરણા આપી. આધુનિક યુગમાં પણ શ્રમણોપાસક મદ્રુકના જીવનમાંથી પ્રેરણા લે અને તેઓ તત્ત્વદર્શનનો ગહન અભ્યાસ કરી જૈન ધર્મની પ્રબલ પ્રભાવના કરે.

પ્રવચન નિહ્નવ

ચતુર્થ સ્કન્ધમાં ભગવાન પાર્શ્વ અને મહાવીરના તીર્થમાં થયેલ શ્રમણોપાસકોની કથાઓ આપવામાં આવી છે. તે બધી કથાઓ સ્વયં એક આગવી પ્રેરણા અર્થે રચાઈ છે. એ પછી પ્રવચન નિહ્નવોનો ઉલ્લેખ છે. સ્થાનાંગસૂત્રમાં પ્રવચન નિહ્નવ સાત જણાવવામાં આવ્યાં છે. ૧. જમાલિ ૨. તિષ્યગુપ્ત ૩. આષાઢ ૪. અશ્વમિત્ર ૫. ગંગ ૬. રોહગુપ્ત અને ૭ ગોષ્ઠામાહિલ. આ સાતેયે ક્રમશ : બહુરત, જીવપ્રાદેશિક, અવ્યક્તિક, સમુચ્છેદિક, દ્વૈક્રિય, ત્રૈરાશિક અને અબદ્ધિક મતની સ્થાપના કરી હતી.

સુદીર્ઘકાલીન પરંપરામાં વિચારભેદ થવો અસ્વાભાવિક નથી. જૈન પરંપરામાં પણ વિચારભેદનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જે શ્રમણોએ જૈન ધર્મનો પરિત્યાગ કરી અન્ય ધર્મનો સ્વીકાર કરી લીધો, તેઓને નિહ્નવ નથી કહેવામાં આવ્યા. નિહ્નવ એ છે કે જેમનો વર્તમાન પરંપરાની સાથે મતભેદ થયો, પણ એમણે કોઈ અન્ય મતનો સ્વીકાર કર્યો નથી. જૈન શાસનમાં રહીને જ એક વિષયનો અપલાપ કરનારને નિહ્નવની અભિધાથી અભિહિત કરવામાં આવ્યા છે. સાત નિહ્નવોમાંથી બે નિહ્નવો ભગવાન મહાવીરની કૈવલ્યપ્રાપ્તિ પછી થયા છે. અને બાકીના પાંચ ભગવાન મહાવીરના નિર્વાણ પછી થયા છે.[૧] નિહ્નવનો અસ્તિત્વકાલ શ્રમણ ભગવાન મહાવીરની કૈવલ્ય પ્રાપ્તિના ચૌદમા વર્ષથી નિર્વાણ પછીનાં પાંચસો ચોરાશી વર્ષ સુધીનો છે.[૧]

જમાલિ નિહ્નવ

ભગવાન મહાવીરની કૈવલ્યપ્રાપ્તિનાં ચૌદ વર્ષ બાદ શ્રાવસ્તીમાં બહુરતવાદની ઉત્પત્તિ થઈ.[૨] આ મતના સંસ્થાપક જમાલિ હતા. તેઓ કુંડપુરના રહેવાસી હતા. ભગવાન મહાવીરની મોટી બહેન સુદર્શના એમની મા હતી. અને ભગવાન મહાવીરની પુત્રી પ્રિયદર્શનાની સાથે જમાલિનું પાણિગ્રહણ થયું હતું. જમાલિએ પાંચસો પુરુષો સાથે ભગવાનની પાસે દીક્ષા ગ્રહણ કરી અને એની પત્ની પ્રિયદર્શના પણ એક હજાર મહિલાઓ સાથે દીક્ષિત થઈ. જમાલિએ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. તેઓ વિવિધ પ્રકારની તપસ્યા કરવા લાગ્યા. એકવાર તેમણે જુદો વિહાર કરવાની ભગવાન પાસે અનુમતિ માગી, પરંતુ પ્રભુ મૌન રહ્યા. તેઓ પોતાના પાંચસો નિગ્રંન્થોની સાથમાં જુદો વિચાર કરવા લાગ્યા. વિહાર કરતાં તેઓ શ્રાવસ્તી પહોંચ્યા. તિન્દુક ઉદ્યાનમાં કોષ્ઠક ચૈત્યમાં ઊતરાજ્યા. તપથી એમનું શરીર અત્યંત કૃશ થઈ ગયું, તથા પિત્તના તાવથી શરીર બળવા લાગ્યું. તેઓ બેસી શકવા પણ સમર્થ રહ્યા નહીં. એક દિવસ તીવ્રતમ વેદનાથી પીડાઈને એમણે શ્રમણોને આદેશ આપ્યો : 'પથારી કરો.' પિત્તના તાવની વેદનાથી એકએક પલ એમને ખૂબ કષ્ટદાયી લાગતી હતી. એમણે

---

૧. ણાણુપ્પત્તીય દુવે, ઉપ્પણ્ણા ણિવ્વુએ સેસા –આવશ્યકનિર્યુક્તિ, ગાથા ૭૮૪

૨. ચોદ્દસ સોલસવાસા ચોદ્દસ વીસુત્તરા ય દોણિસયા I અટ્ઠાવીસા ય દુવે, પંચેવ સયા ઉ ચોયાલા ॥ પંચસયા ચુલસીયા...આવયકનિર્યુક્તિ, ગા. ૭૮૩, ૭૮૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂછ્યું : 'પથારી કરી લેવામાં આવી છે અથવા કરવામાં આવી રહી છે ?'[૧] શ્રમણોએ કહ્યું, 'પથારી કરી નથી. કરવામાં આવી રહી છે. આ સાંભળી જમાલિના મનમાં વિચિકિત્સા થઈ. ભગવાન મહાવીર ક્રિયમાણને કૃત કહે છે. સિદ્ધાંત મિથ્યા છે. હું પ્રત્યક્ષ નિહાળી રહ્યો છું : 'પથારી કરવામાં આવી રહી છે. એને કૃત કેવી રીતે માની શકાય ?' તાત્કાલિક ઘટનાને આધારે એમણે નિશ્ચય કર્યો : ક્રિયમાણને કૃત કહી શકાય નહીં. જે કાર્ય થઈ ગયું હોય તેને જ કૃત કહી શકાય. કાર્યની નિષ્પત્તિ અંતિમ ક્ષણોમાં જ થાય છે. પહેલી, બીજી વગેરે ક્ષણોમાં નહીં. એમણે પોતાના શિષ્યસમુદાયને બોલાવીને કહ્યું : 'ભગવાન મહાવીર જે ચલાયમાન છે એને ચલિત; જે ઉદયમાન છે તેને ઉદીરિત અને જે નિર્જર્યમાન છે એને નિર્જીર્ણ કહે છે, પણ હું પોતાના અનુભવના આધારે કહું છું કે, આ ધારણા મિથ્યા છે. પથારી ક્રિયમાણ છે પરંતુ કૃત નથી, સંસ્તીર્યમાણ છે પરંતુ સંસ્તૃત નથી'.

કેટલાક નિર્ગ્રન્થ શ્રમણ જમાલિના કથન સાથે સહમત થયા, તો કેટલાય નિર્ગ્રંથ શ્રમણોને એનું વચન ઉચિત લાગ્યું નહીં. સ્થવિર નિર્ગ્રન્થોએ જમાલિને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ જ્યારે જોયું કે કોઈપણ સંજોગોમાં તે પોતાની ધારણા બદલવા તૈયાર નથી, એટલે તેઓ જમાલિનો ત્યાગ કરી ભગવાન મહાવીરના શરણમાં આવ્યા.

મહાસતી પ્રિયદર્શના શ્રાવસ્તીમાં જ ઢંક કુંભકારના ત્યાં થોભી હતી. તે જ્યારે જમાલિનાં દર્શન માટે આવી ત્યારે જમાલિએ પોતાની સઘળી વાત એને કહી. અનુરાગને કારણે પ્રિયદર્શનાને પણ જમાલિની વાત સાચી લાગી. એણે બીજી સાધ્વીઓને પણ જમાલિનો સિદ્ધાંત સમજાવ્યો. પ્રિયદર્શનાએ ઢંક કુંભકારને પોતાના સિદ્ધાંતનો પરિચય કરાવ્યો. ઢંક કહ્યું, 'જમાલિવાળો સિદ્ધાંત મને યથાર્થ લાગતો નથી. સર્વજ્ઞ સર્વદર્શી પ્રભુ મહાવીરની વાણી સત્ય છે.'

એકવાર પ્રિયદર્શના સ્વાધ્યાયમાં રત હતી તે વખતે ઢંકે એક અંગારો એના પર ફેંક્યો. એની સંઘાટી (સાડી)નો એક છેડો બળી ગયો. સાધ્વીએ કહ્યું : 'ઢંક, તેં મારી સંઘાટી કેમ બાળી ?' એણે કહ્યું: 'સંઘાટી ક્યાં બળી છે ? તે બળી રહી છે.' ઢંકે 'ક્રિયમાણ' અને 'કૃત' નું રહસ્ય સમજાવ્યું. પ્રિયદર્શનાને પોતાની ભૂલનું જ્ઞાન થયું. એણે જમાલિને સમજાવવાનો પ્રયાસ કર્યો. જ્યારે જમાલિ ન સમજ્યો એટલે તે હજાર સાધ્વીઓ સાથે ભગવાન મહાવીરના સંઘમાં ચાલી ગઈ.

જમાલિ એકવાર ચંપાનગરીમાં ગયા. ત્યાં ભગવાન મહાવીર બિરાજમાન હતા. તે ભગવાન મહાવીરની સમીપમાં પહોંચ્યા અને કહ્યું: 'આપના અન્ય શિષ્ય અસર્વજ્ઞ દશામાં આપનાથી જુદા થયા હતા. પણ હું સર્વજ્ઞ થયા પછી આપનાથી જુદો થયો છું.' પ્રશ્નોત્તર થયા. પરંતુ જમાલિ પોતાની ધારણામાં અડગ રહ્યા. "ક્રિયમાણ કૃત નથી." એ સિદ્ધાંતનો પ્રચાર-પ્રસાર કરતા રહ્યા. તેઓ મહાવીરના સંઘમાં જોડાયા નહીં.

બહુરતવાદી દ્રવ્યની નિષ્પતિમાં દીર્ઘકાલની અપેક્ષાનો સ્વીકાર કરે છે. પરંતુ ક્રિયામાણને કૃત માનતા નથી. કાર્ય નિષ્પન્ન થયા પછી જ એના અસ્તિત્વનો સ્વીકાર કરે છે.

જીવપ્રાદેશિકવાદના સંસ્થાપક : તિષ્યગુપ્ત

ભગવાન મહાવીરની કૈવલ્ય-પ્રાપ્તિનાં સોલ વર્ષ બાદ ઋષભપુરમાં જીવપ્રાદેશિકવાદની ઉત્પત્તિ થઈ.[૨] રાજગૃહનું પ્રાચીન નામ ઋષભપુર હતું.[૩] એકવાર આચાર્ય વસુ રાજગૃહ આવ્યા. તેઓ ચૌદ પૂર્વના ધારક હતા. તેઓ પોતાના શિષ્ય તિષ્યગુપ્તને આત્મપ્રવાદપૂર્વનું અધ્યયન કરાવી રહ્યા હતા. એમાં ભગવાન મહાવીર અને ગૌતમનો સંવાદ હતો. ગૌતમે કહ્યું : 'ભગવન્, શું જીવના એક પ્રદેશને જીવ કહી શકાય ?'

ભગવાને કહ્યું: 'નહીં. બે, ત્રણ યાવત સંખ્યાત પ્રદેશને પણ જીવ કહી શકાય નહીં. દ્રવ્યમાં એક પ્રદેશ ન્યૂન હોય તોપણ એને જીવ કહી શકાય નહીં. જીવ અખંડચેતન દ્રવ્ય છે.' તિષ્યગુપ્તનું મન આશંકિત થઈ ગયું. એણે કહ્યું: 'અંતિમ પ્રદેશ સિવાય બાકીનો શેષ ભાગ જીવ નથી. અંતિમ પ્રદેશ જ જીવ છે.' આચાર્ય વસુએ વિવિધ દૃષ્ટાંતો

---

૧. આચાર્ય મલયગિરિએ ઘટનાક્રમ અને સિદ્ધાંત પક્ષનું જે નિરૂપણ કર્યું છે તે ભગવતીના નિરૂપણથી સહેજ જુદું છે. એમની દૃષ્ટિએ જમાલિએ શ્રમણોને પૂછ્યું : 'પથારી કરી કે નહીં ?' શ્રમણોએ કહ્યું : 'કરી લીધી.' જમાલિએ ઊઠીને જોયું કે પથારી હજી પૂરી પાથરી દેવામાં આવી ન હતી. તે ગુસ્સે થઈ ગયા. એમણે ચિંતન કર્યું : 'ક્રિયમાણને કૃત કહેવું મિથ્યા છે. અર્ધ સંસ્તૃત સંસ્તારક અસંસ્તૃત જ છે. એને સંસ્તૃત ન માની શકાય'.
જુઓ : આવશ્યક મલયગિરિવૃત્તિ, પત્ર ૪૦૨

૨. સોલસવાસાણિ તયા જિણેણ ઉપાડ્ઢયસ્સ નાણુસ્સ,
જીવપએસિઅ દિટ્ઠો ઉસભપુરમ્મી સમુપન્ના ॥ આવશ્યકભાષ્ય, ગાથા ૧૨૭.

૩. આવશ્યકનિર્યુક્તિ દીપિકા પત્ર ૧૪૩; ઋષભપુરં રાજગૃહસ્યાદ્યાહ્વા ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપીને તિષ્યગુપ્તને સમજાવવાનો પ્રયાસ કર્યો પણ તે સમજ્યો નહીં, એટલે એને સંઘમાંથી જુદો કરી દેવામાં આવ્યો. તિષ્યગુપ્ત પોતાના મતનો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યો. તે એકવાર આલમકપ્પા નગરીના અંબસાલ ચૈત્યમાં થોભેલો હતો. તે નગરમાં 'મિત્રશ્રી' નામનો શ્રમણોપાસક હતો. તે એનો ઉપદેશ સાંભળવા આવ્યો. મિત્રશ્રીને લાગ્યું કે આનો ઉપદેશ મિથ્યા છે. એને સમજાવવાની દૃષ્ટિથી તે એક દિવસ એને ભિક્ષા અર્થે પોતાના ગૃહે લઈ ગયો અને વિવિધ પ્રકારની ખાદ્યસામગ્રી એની સામે પ્રસ્તુત કરી. તે પછી તે એને પ્રત્યેક પદાર્થનો એક જ કણ આપવા લાગ્યો. તિષ્યગુપ્ત વિચારતો હતો: 'અન્ય સામગ્રી તે મને પછીથી આપશે.' મિત્રશ્રીએ તિષ્યગુપ્તના ચરણોમાં નમસ્કાર કરીને કહ્યું : 'હું મહાન ભાગ્યશાળી છું કે આપ જેવા ગુરુજનને પામ્યો. ધન્ય છે મારું ભાગ્ય કે, જેથી આપે (મારાપર) અસીમ અનુકંપા કરી છે.' આ સાંભળીને તિષ્યગુપ્તને ક્રોધ ચઢયો. એણે કહ્યું : 'તેં મારું અપમાન કર્યું છે.' મિત્રશ્રીએ જણાવ્યું: 'હું આપશ્રીનું અપમાન કેવી રીતે કરી શકું ? મેં તો આપના સિદ્ધાંત અનુસાર જ આપશ્રીને ભિક્ષા પ્રદાન કરી છે. આપશ્રી અંતિમ પ્રદેશને જ વાસ્તવિક માનો છો, બીજા પ્રદેશને નહીં. એટલે મેં પ્રત્યેક પદાર્થનો અંતિમ પ્રદેશ આપને આપ્યો છે.'

તિષ્યગુપ્તને પોતાની ભૂલનું જ્ઞાન થયું, મિત્રશ્રીએ સારી રીતે એમને ભિક્ષા વહોરાવી. તિષ્યગુપ્ત ફરીથી ભગવાન મહાવીરના શાસનમાં શામેલ થઈ ગયો[૧].

જીવના અસંખ્ય પ્રદેશ હોય છે. પરંતુ જીવપ્રાદેશિકવાદના મત પ્રમાણે જીવના ચરમ પ્રદેશને જ જીવ માનવામાં આવતો હતો, બાકીના પ્રદેશને નહીં.

અવ્યક્તિકવાદના પ્રરૂપક આચાર્ય આષાઢ

ભગવાન મહાવીરના પરિનિર્વાણનાં બસો ચૌદ વર્ષ પછી શ્વેતાંબિકા નગરીમાં 'અવ્યક્તવાદ'ની ઉત્પત્તિ થઈ.[૨] આ વાદના પ્રવર્તક આચાર્ય આષાઢના શિષ્ય હતા. એકવાર શ્વેતાંબિકા નગરીમાં પોલાશ ઉદ્યાનમાં તે પોતાના શિષ્યોને યોગાભ્યાસ કરાવી રહ્યા હતાં. એકાએક આચાર્ય આષાઢને હૃદયશૂલ થયું અને તે ક્ષણે જ મૃત્યુ પામ્યા ને સૌધર્મ કલ્પમાં દેવ બન્યા. અવધિજ્ઞાનમાં એમણે પોતાના મૃત શરીરને અને યોગસાધનામાં લીન પોતાના શિષ્યોને જોયા. યોગસાધનામાં શિષ્યો એટલા બધા તલ્લીન હતા કે ગુરુના મૃત્યુ અંગે પણ એમને ભાન ન હતું. દેવરૂપ આચાર્ય વિચારવા લાગ્યા : 'મારા વિના શિષ્યોને કોણ વાચના આપશે?' એટલે એમણે ફરીથી પોતાના શરીરમાં પ્રવેશ કર્યો. જ્યારે શિષ્યોની યોગસાધનાનો ક્રમ પૂરો થઈ ગયો ત્યારે આચાર્ય આષાઢે દેવરૂપમાં પ્રગટ થઈ કહ્યું : 'શ્રમણો, મને ક્ષમા કરો. હું અસંયતી હતો, તથાપિ સંયતીઓને નમસ્કાર કરાવ્યા'. મૃત્યુ અંગેની આખીય ઘટના તેમણે શિષ્ય સમક્ષ રજૂ કરી દીધી. શ્રમણોને એવો સંદેહ થઈ ગયો કે કોણ શ્રમણ અને કોણ દેવ ? આ નિશ્ચયપૂર્વક કહી શકતા નથી માટે બધા અવ્યક્ત છે. સ્થવિરોએ સમજાવવાનો પ્રયાસ કર્યો પણ તેઓ સમજ્યા નહીં.

એકવાર તેઓ વિહાર કરતા કરતા રાજગૃહ નગરીમાં આવ્યા. ત્યાં મૌર્યવંશીય રાજા બલભદ્ર શ્રમણોપાસક રહેતો હતો. એણે આ શિષ્યો અંગે સાંભળ્યું હતું. એમને પ્રતિબોધ પમાડવા માટે પોતાની ચાર વ્યક્તિઓને કહ્યું : 'તે શ્રમણોને અહીં બોલાવી લાવો.' જ્યારે શ્રમણો આવી પહોંચ્યા ત્યારે રાજાએ કહ્યું : 'એમને કોરડા લગાવો.' રાજાના આદેશ પ્રમાણે કોરડા મારવામાં આવ્યા. તે શ્રમણોએ કહ્યું : 'અમે તો તને શ્રાવક સમજી અહીં આવ્યા હતા. પરંતુ તું અમને પટાવે છે?' રાજાએ કડક થઈને કહ્યું : 'તમે તસ્કર હો, ગુપ્તચર હો, કે અન્ય કંઈક હો એ કોણ જાણે છે?' એ શ્રમણોએ કહ્યું : 'અમે તો સાધુ છીએ.' રાજાએ કહ્યું : તમે સાધુ છો કે ચારક છો, એ નિશ્ચયપૂર્વક કોણ કહી શકે? હું શ્રાવક છું કે નથી તે પણ નિશ્ચયપૂર્વક કોણ કહી શકે છે?' શ્રમણોને પોતાની ભૂલનું ભાન થયું. એમણે પોતાના અજ્ઞાન પર ખેદ વ્યક્ત કર્યો. રાજાએ કહ્યું : 'આપને પ્રતિબોધ પમાડવા માટે મેં આ ઉપક્રમ કર્યો હતો, એટલે આપ મને ક્ષમા કરો.' અવ્યક્તવાદનો એવો મત હતો કે બધું જ અનિશ્ચિત છે, અવ્યક્તવ્ય છે.' નિશ્ચિતપણે કંઈ પણ કહી શકતા નથી. એ પૂર્ણ સ્પષ્ટ છે કે, અવ્યક્તવાદના પ્રવર્તક આચાર્ય આષાઢ ન હતા. આચાર્ય આષાઢનું દેવરૂપ આ વાદનું નિમિત્ત બન્યું હતું, એટલે તે આ વાદના પ્રવર્તક તરીકે ખ્યાત થયા. બીજું એ પણ કારણ હોઈ શકે કે આચાર્ય આષાઢના શિષ્યોએ અવ્યક્તવાદનું પ્રચલન કર્યું છે. જે સમયે પ્રસ્તુત ઘટના યા પ્રસ્તુત પ્રસંગનો ઉલ્લેખ

૧. આવશ્યક, મલયગિરિવૃત્તિ, પત્ર ૪૦૫, ૪૦૬

૨. चउद्दस दो वाससया तईया सिद्धिं गयस्स वीरस्स ।
अव्वत्तगाणु दिट्ठी सेअविआओ समुप्पन्ना ॥ આવશ્યકભાષ્ય, ગાથા ૧૨૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવ્યો છે તે સમયે આ શિષ્યોનાં નામ યાદ ન હોવાને કારણે સાંકેતિકરૂપમાં અભેદોપચારની દૃષ્ટિથી આચાર્ય આષાઢનું નામ આપી દેવામાં આવ્યું છે. આચાર્ય અભયદેવનો એવો મત છે કે, આચાર્ય આષાઠ અવ્યક્તમતની સંસ્થાપના કરનારા શ્રમણોના આચાર્ય હતા, એટલે તેઓ અવ્યક્તિવાદના આચાર્ય તરીકે જાણીતા થયા.[૧]

સમુચ્છેદવાદના પ્રરૂપક : આચાર્ય અશ્વમિત્ર

ભગવાન મહાવીરના પરિનિર્વાણનાં બસો વીસ વર્ષ પછી મિથિલાપુરીમાં 'સમુચ્છેદવાદ'ની ઉત્પતિ થઈ.[૨] એના પ્રવર્તક આચાર્ય અશ્વમિત્ર હતા. એકવાર મિથિલા નગરીમાં લક્ષ્મીગૃહ ચૈત્યમાં આચાર્ય મહાગિરિ અવસ્થિત હતા. એમના શિષ્યનું નામ કૌડિન્ય અને પ્રશિષ્યનું નામ અશ્વમિત્ર હતું. દશમા અનુપ્રવાદ (વિદ્યાનુપ્રવાદ) પૂર્વના નૈપુણિક વસ્તુનું અધ્યયન ચાલી રહ્યું હતું. એમાં છિન્નછેદ નયની દૃષ્ટિએ તે આલાપક હતો કે પ્રથમ સમયમાં સમુત્પન્ન નારક વિચ્છિન્ન થઈ જશે. દ્વિતીય-તૃતીય આદિ સમયમાં ઉત્પન્ન નૈરયિક વિચ્છિન્ન થઈ જશે. એવી રીતે બધા જીવ વિચ્છિન્ન થઈ જશે. આ પ્રમાણે પર્યાયવાદના પ્રકરણને સાંભળીને અશ્વમિત્રનું મન શંકિત થઈ ગયું. તે વિચારવા લાગ્યો : 'વર્તમાન સમયમાં સમુત્પન્ન બધાં જીવ વિચ્છિન્ન થઈ જશે તો સુકૃત અને દુષ્કૃત કર્મોનું વેદન કોણ કરશે ? ઉત્પન્ન થયા પછી બધાનું જ મૃત્યુ જ થઈ જશે.'

મહાગિરિએ કહ્યું : 'વત્સ, એમ નથી. આ જે કથન કરવામાં આવ્યું છે, તે એક નયની અપેક્ષાએ છે, સર્વ નયોની અપેક્ષાએ નહીં નિર્ગ્રન્થ પ્રવચન સર્વનય સાપેક્ષ છે, એટલે શંકા કરવી ઉચિત નથી. વસ્તુમાં અનેક ધર્મ હોય છે, પણ એક પર્યાય નષ્ટ થઈ જવાથી વસ્તુ નષ્ટ થતી નથી.' આચાર્યના સમજાવવા છતાં સમજ્યા નહીં એટલે એમને સંઘની બહાર કાઢી મૂકવામાં આવ્યા.

એકવાર અશ્વમિત્ર કંપિલપુર ગયા. ત્યાં 'ખંડરક્ષા' નામનો શ્રાવક ચુંગી અધિકારી હતો. એને અશ્વમિત્રની વિચાર-ધારાનું જ્ઞાન હતું એટલે એણે એમને પકડયા અને માર્યા. અશ્વમિત્રે કહ્યું : 'મેં સાંભળ્યું હતું કે, તું શ્રાવક છે. શ્રાવક થઈને સાધુઓને મારે છે ? શું તે ઉચિત છે ?'

શ્રાવક : 'આપના મત અનુસાર એ શ્રાવક પણ વિચ્છિન્ન થઈ ગયા અને જે પ્રવ્રજિત શ્રમણ છે તેઓ પણ વિચ્છિન્ન થઈ ગયા. અમે ન શ્રાવક રહ્યા અને ન આપ સાધુ રહ્યા. લાગે છે કે આપ ચોર છો.' અશ્વમિત્ર સમજી ગયા. એને એની ભૂલ સમજાઈ ગઈ, તે પ્રતિબુદ્ધ થઈને ફરીથી ભગવાન મહાવીરના સંઘમાં જોડાઈ ગયા.

સમુચ્છેદવાદી પ્રત્યેક પદાર્થના સંપૂર્ણ વિનાશને માને છે. તે એકાંત સમુચ્છેદનું નિરૂપણ કરવાને કારણે નિહ્નવ કહેવાયા.[૩]

દ્વિક્રિયાવાદના પ્રવર્તક : આચાર્ય ગંગ

ભગવાન મહાવીરના નિર્વાણનાં બસો અઠ્ઠાવીસ વર્ષ પછી ઉલ્લૂકાતીર નગરમાં 'દ્વિક્રિયાવાદ'નો ઉત્પત્તિ થઈ.[૪] એના પ્રવર્તક આચાર્ય ગંગ હતા. ઉલ્લૂકા નદીના એક પટ પર ખેડા વસેલું હતું. તો બીજા પટ પર ઉલ્લૂકાતીર નામનું નગર આવેલું હતું. ત્યાં આર્ય મહાગિરિના શિષ્ય આર્ય ધનગુપ્ત રહેતા હતા. એમના શિષ્યનું નામ ગંગ હતું. જે ખેડામાં નિવાસ કરતો હતો. તે આચાર્યને વંદન કરવા ચાલી નીકળ્યો. માર્ગમાં ઉલ્લૂકા નદી હતી. પગમાં પાણીની ઠંડકનો અનુભવ થઈ રહ્યો હતો, તો મસ્તક ઉગ્ર તાપથી ગરમ થઈ રહ્યું હતું. એણે વિચાર્યું : 'આગમોમાં વર્ણન છે : એક સમયમાં એક જ ક્રિયાનું સંવેદન થાય છે, બે ક્રિયાઓનું નહીં. પણ મને બન્ને ક્રિયાઓનું સાથે જ સંવેદન થઈ રહ્યું છે.' તે આચાર્ય-દેવની પાસે આવ્યો અને પોતાની વાત કહી. આચાર્યે કહ્યું : 'વત્સ, એક સમયમાં એક જ ક્રિયાનું વેદન થાય છે. મનનો ક્રમ એટલો સૂક્ષ્મ હોય છે, એટલે આપણને એની પૃથક્તાનો અનુભવ થતો નથી.' વિવિધ રીતે સમજાવવા છતાં ગંગ માન્યો નહીં, એટલે આચાર્યે એને સંઘમાંથી કાઢી મૂક્યો. આચાર્ય ગંગ વિચરણ કરતા કરતા રાજગૃહમાં આવી પહોંચ્યા. રાજ-

૧. સોઽપવ્યક્તમતધર્મોચાર્યો, ન ચાયં તન્મતપ્રરૂપકત્વેન કિન્તુ પ્રાગવસ્થાયામિતિ ॥ —સ્થાનાંગવૃત્તિ પત્ર, ૩૬૧

૨. વીસા દો વાસસયા તઈયા સિદ્ધિં ગયસ્સ વીરસ્સ
સામુચ્છેઇઅદિટ્ઠી મિહિલપુરીએ સમુપ્પન્ના ॥ —આવશ્યકભાષ્ય, ગાથા ૧૩૧

૩. આવશ્યક, મલયગિરિવૃત્તિ, પત્ર ૪૦૮, ૪૦૯.

૪. અઠ્ઠાવીસા દો વાસસયા તઈયા સિદ્ધિં ગયસ્સ વીરસ્સા ॥
દો કિરિયાણં દિટ્ઠી ઉલ્લુગતીરે સમુપ્પન્નારે ॥ —આવશ્યક ભાષ્ય, ગાથા ૧૩૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૃહમાં 'મહાતપતીરપ્રભ' નામનું એક ઝરણું હતું. ત્યાં 'મણીનાગ નામના એક નાગનું ચૈત્ય હતું. આચાર્ય ગંગ ત્યાં થોભ્યા. ધર્મનું શ્રવણ કરવા માટે પરિષદ ઉપસ્થિત થઈ. આચાર્યે પોતાના પ્રવચનમાં દ્વિક્રિયાવાદનું સમર્થન કર્યું. મણિનાગે ગંગને સમજાવવા માટે કોઈ તર્ક કર્યો નહીં. એટલે તે પૂર્વકથિત, અવ્યક્તવાદ, સમુચ્છેદવાદ આદિની જેમ દ્વિક્રિયાવાદને કોઈ પ્રબલ તર્ક દ્વારા પરાસ્ત કરી ન શક્યો. ત્યારે મણિનાગે પરિષદને સંબોધીને કહ્યું : 'આ કુશિષ્ય છે. કેમકે અહીં એકવાર ભગવાન મહાવીરે સ્પષ્ટ શબ્દમાં કહ્યું હતું કે એક સમયમાં એક જ ક્રિયાનું વેદન થાય છે. તો શું આ પ્રભુ મહાવીરથી અધિક જ્ઞાની છે? તું તારી વિપરિત પ્રરૂપણાનો પરિત્યાગ કરીશ ત્યારે જ તારું કલ્યાણ થશે.' મણીનાગની વાત સાંભળી ગંગ ગભરાઈ ગયો. પોતાના ગુરુની પાસે આવીને પ્રાયશ્ચિત્ત કર્યું અને તે ભગવાન મહાવીરના સંઘમાં જોડાઈ ગયો.[1]

દ્વિક્રિયાવાદી એક જ સમયમાં બે ક્રિયાનું અનુવેદન થવાનું માનતા હતા.

ત્રૈરાશિકવાદના પ્રવર્તક: આચાર્ય રોહગુપ્ત

શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણનાં પાંચસો ચુંમાલીસ વર્ષ બાદ અંતરંજિકા નગરીમાં 'ત્રૈરાશિક' મતનું પ્રચલન થયું.[2] એના પ્રવર્તક આચાર્ય રોહગુપ્ત હતા. જેનું અપર નામ 'ષડૂલુક' પણ હતું. અંતરંજિકા નગરીનો રાજા 'બલશ્રી' હતો. ત્યાં ભૂતગૃહ નામનું ચૈત્ય હતું. આચાર્ય શ્રીગુપ્ત ત્યાં રહ્યા હતા. રોહગુપ્ત એમનો સંસારપક્ષે ભાણેજ થતો હતો. તે એકવાર આચાર્યને વંદન કરવા માટે આવ્યો. એને એક પરિવ્રાજક મળ્યો, જેનું નામ 'પોટ્ટશાલ' હતું. તેણે પોતાનું પેટ બાંધી રાખ્યું હતું અને હાથમાં જંબુવૃક્ષની એક ડાળી (ટહની) હતી. એણે કહ્યું : 'કદાચ જ્ઞાનથી પેટ ફૂટી ન જાય, એટલે મેં એને બાંધી રાખ્યું છે. જંબુદ્વીપમાં મારો કોઈ પ્રતિવાદ કરનારો ન હોવાથી જંબુવૃક્ષની શાખા હાથમાં ઘુમાવી રહ્યો છું. બધા ધાર્મિકોને મારો પડકાર છે કે તેઓ મને પરાજિત કરે. પણ આજ સુધી કોઈએ મારો પડકાર ઝીલ્યો નથી.' રોહગુપ્તે એના પડકારનો સહર્ષ સ્વીકાર કર્યો અને આચાર્યની પાસે ગયો. આચાર્ય સમક્ષ નિવેદન કર્યું : 'મેં પોટ્ટશાલનો પડકાર ઝીલ્યો છે.' આચાર્યે કહ્યું : 'વત્સ, તેં સમજ્યા વગર જ તે પડકારનો સ્વીકાર કર્યો છે, કેમકે પોટ્ટશાલ પરિવ્રાજક વૃશ્ચિકવિદ્યા, સર્પવિદ્યા, મૂષકવિદ્યા, મૃગીવિદ્યા, વરાહીવિદ્યા, કાગવિદ્યા, પોતાકીવિદ્યા—એમ સાત વિદ્યાઓમાં પારંગત છે. એટલે તે તારાથી વધુ બળવાન છે.'

રોહગુપ્ત ભયથી ધ્રૂજી ઊઠ્યો : 'ભગવન્, હવે હું શું કરું? શું અહીંથી બીજે ભાગી જાઉં?' આચાર્યે કહ્યું : 'હવે ગભરાવાની જરૂર નથી. હું તને તે સાત વિદ્યાઓની પ્રતિપક્ષી વિદ્યાઓ શિખવાડી દઉં છું. રોહગુપ્તને માયુરી, નાકુલી, બિડાલી, વ્યાઘ્રી, સિંહી, અલૂકી અને ઉલાવકી એમ સાત વિદ્યાઓ શિખવાડી. વધુમાં રજોહરણને અભિમંત્રિત કરી આપી કહ્યું : 'તું આ સાત વિદ્યાઓ વડે એને પરાજિત કરી શકશે. જો આ વિદ્યાઓ સિવાયની અન્ય કોઈ વિદ્યાની આવશ્યતા હોય તો રજોહરણને ઘુમાવજે. જેથી કોઈ પણ શક્તિ તને હરાવી શકશે નહીં.'

ગુરુદેવના આશીર્વાદ પ્રાપ્ત કરી રોહગુપ્ત રાજસભામાં આવ્યો. પોટ્ટશાલે પોતાના પક્ષની સંસ્થાપના કરતાં કહ્યું : 'રાશિ બે છે : જીવરાશિ અને અજીવરાશિ. રોહગુપ્તે કહ્યું : 'રાશિ ત્રણ છે. જીવ, અજીવ અને નોજીવ. ઘટ–પટ વગેરે અજીવ છે. મનુષ્ય તિર્યંચ વગેરે જીવ છે, ગરોળીની કપાઈ ગયેલી પૂંછડી નોજીવ છે.' પોટ્ટશાલને વિવિધ યુક્તિઓ વડે પરાજિત કરી દીધો. રોહગુપ્તથી પરાજિત થઈ પોટ્ટશાલ ખૂબ ગુસ્સે થઈ ગયો. એણે પોતાની વિદ્યાઓનો પ્રયોગ કર્યો. પ્રતિપક્ષી વિદ્યાઓ વડે એની બધી વિદ્યાઓ વિફલ થઈ ગઈ. અંતે પરિવ્રાજકે ગર્દભી વિદ્યાનો પ્રયોગ કર્યો. રોહગુપ્તે આચાર્ય દ્વારા આપવામાં આવેલ અભિમંત્રિત રજોહરણથી એ વિદ્યાને નિષ્ફળ બનાવી દીધી. બધા સભાસદોએ પોટ્ટશાલ પરિવ્રાજકને પરાજિત ઘોષિત કર્યો.

વિજય પ્રાપ્ત કરીને રોહગુપ્ત આચાર્ય પાસે આવ્યો અને એમને સંપૂર્ણ હેવાલથી માહિતગાર કર્યા. આચાર્યે ઉપાલંભ આપતાં કહ્યું : 'તેં અસત્ય પ્રરૂપણા કરી. રાશિ ત્રણ નહીં બે જ છે. હજી પણ સમય છે. રાજસભામાં જઈને પોતાની ભૂલનો સ્વીકાર કર.' પણ રોહગુપ્ત પોતાની ભૂલનો સ્વીકાર કરવા તૈયાર ન થયો. એને તો પોતાની બુદ્ધિ પર અહંકાર હતો. આચાર્યે વિવિધ રૂપકો દ્વારા એને સમજાવ્યો, પણ જ્યારે તે પોતાની મિથ્યા વાતનો સ્વીકાર કરવા

---

૧. (ક) આવશ્યક, મલયગિરિ વૃત્તિ, પત્ર ૪૦૯, ૪૧૦.

(ખ) મણિનાગેણારદ્ધો ભયોવવત્તિ પડિવોહિતો વોત્તું, ધરછામો ગુરુમૂલં ગંતૂણ તતો પડિક્કંતો ॥ —વિશેષ આવશ્યકભાષ્ય, ગાથા ૨૪૫૦

૨. પંચ સયા ચોયાલા તઈયા સિદ્ધિં ગયસ્સ વીરસ્સ ॥ પુરિમંતરંજિયાએ તેરાસિયદિટ્ઠિ ઉપ્પન્ના ॥ —આવશ્યકભાષ્ય, ગાથા ૧૩૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિલકુલ પ્રસ્તુત ન થયો એટલે આચાર્યને લાગ્યું : 'તે સ્વયં તો ભ્રષ્ટ થયો છે, પણ તે બીજાને પણ ભ્રષ્ટ કરશે. એટલે રાજસભામાં જઈને એનો નિગ્રહ કરું.' આચાર્ય રાજસભામાં આવ્યા અને રાજા બલશ્રીને કહ્યું : 'મારા શિષ્ય રોહગુપ્તે વિપરીત તથ્યની સ્થાપના કરી છે. અમે જૈનો બે રાશિમાં માનીએ છીએ, પણ તે અહંકારમાં ડૂબેલો આ સત્યનો સ્વીકાર કરી રહ્યો નથી. આપ એને તમારી રાજસભામાં બોલવો. હું એની સાથે ચર્ચા કરીશ'. રાજાએ રોહગુપ્તને રાજસભામાં બોલાવ્યો. છ મહિના સુધી ચર્ચા ચાલુ રહી. રાજા બલશ્રી પરેશાન થઈ ગયા. એણે આચાર્યને નિવેદન કર્યું : 'ભગવન, આ ચર્ચાને કારણે રાજસભામાં ડખલ થાય છે.' આચાર્યે કહ્યું : 'હું આજે જ એનો નિગ્રહ કરીશ.' વાદનો પ્રારંભ થયો. આચાર્યે કહ્યું : 'જો ત્રણ રાશિવાળી વાત સાચી છે તો આપણે કુત્રિકાપણ જઈએ.' રાજા વગેરે બધાને લઈ આચાર્ય કુત્રિકાપણ ગયા. એમણે ત્યાંના અધિકારી દેવને કહ્યું : 'અમને જીવ, અજીવ અને નોજીવ પદાર્થ આપો, એ દેવે જીવ, અજીવના પદાર્થ લાવીને આપ્યા અને કહ્યું, નોજીવ પદાર્થ આ વિશ્વમાં નથી.' રાજાને આચાર્યના કથનની સત્યતા પ્રતીત થઈ. આચાર્ય દેવે એકસો ચુમાલીશ પ્રશ્નો દ્વારા રોહગુપ્તનો નિગ્રહ કરી એને પરાજિત કર્યો.[૧]

રાજા બલશ્રીએ આચાર્યનું અધિક સંમાન કર્યું. રોહગુપ્તનો તિરસ્કાર થયો. રાજાએ આદેશ આપ્યો : 'મારા રાજ્યમાંથી ચાલ્યો જા.' આચાર્ય એને સંઘમાંથી છૂટો કરી દીધો. રોહગુપ્ત પોતાના મતનો પ્રચાર કરતો રહ્યો. એના અનેક શિષ્યોએ એના તત્ત્વનો પ્રચાર કર્યો, જેનાથી 'ત્રૈરાશિક' મત પ્રચલિત થયો.

અબદ્ધિકવાદના પ્રવર્તક : આચાર્ય ગોષ્ઠામાહિલ.

શ્રમણ ભગવાન મહાવીરના પરિનિર્વાણનાં પાંચસો ચોરાશી વર્ષ પછી દશપુરનગરમાં ગોષ્ઠામાહિલે 'અબદ્ધિકમત' ની સંસ્થાપના કરી.[૨]

દશપુરનગરમાં બ્રાહ્મણપુત્ર આર્યરક્ષિત રહેતા હતા. તે અનેક વિદ્યાઓમાં પારંગત થઈને ઘેર પાછા આવ્યા. માતા દ્વારા પ્રેરણા પ્રાપ્ત કરી તેઓ આચાર્ય તોસલીપુત્રની પાસે દિક્ષાગ્રહણ કરી દૃષ્ટિવાદનો અભ્યાસ કરે છે. ત્યારબાદ આર્ય વજ્ર પાસેથી નવ પૂર્વોનું અધ્યયન કરી દશમા પૂર્વના ચોવીસ યવિક ગ્રહણ કર્યા. દુર્બલિકા પુષ્પમિત્ર, ફલ્ગુરક્ષિત અને ગોષ્ઠામાહિલ—આ ત્રણ આર્યરક્ષિતના મુખ્ય શિષ્યો હતા. દુર્બલિકા પુષ્પમિત્ર એકવાર અર્થની વાચના આપી રહ્યા હતા ત્યારે વિંધ્ય એમની વાચના પછી એના પર ચિંતન અને તેની પુનરાવૃત્તિ કરી રહ્યો હતો. આનો વિષય હતો : જીવનની સાથે કર્મોનો બંધ ત્રણ પ્રકારે થાય છે : ૧. સ્પૃષ્ટ—કેટલાય કર્મો જીવનપ્રદેશોને સ્પર્શ કરે છે અને સ્થિતિનો પરિપાક થાય ત્યારે તે એનાથી અલગ થઈ જાય છે. ઉદાહરણ રૂપે કહી શકાય કે, દિવાલ પર ફેંકવામાં આવેલી ધૂળ દિવાલનો સ્પર્શ કરી નીચે પડી જાય છે : ૨. સ્પૃષ્ટબદ્ધ. કેટલાય કર્મો જીવપ્રદેશોનો સ્પર્શ કરી તેની સાથે ચોંટી જાય છે અને થોડા સમય પછી તેનાથી અલગ થઈ જાય છે. દિવાલ પર ભીની માટી ફેંકવાથી તેમાંથી કેટલીક માટી ચોંટી જાય છે અને કેટલીક નીચે પડી જાય છે : ૩. સ્પૃષ્ટબદ્ધ નિકાચિત્. કેટલાંક કર્મો જીવપ્રદેશોની સાથે ગાઢપણે બંધાઈ જાય છે. તે કાલાન્તરમાં છૂટાં પડી જાય છે.[૩]

આ વિવેચન સાંભળી ગોષ્ઠામાહિલના મનમાં એ વિચાર આવ્યો કે જો કર્મને જીવની સાથે બંધાયેલ માનવામાં આવે તો મોક્ષનો અભાવ થઈ જશે. કર્મ જીવન સાથે સ્પૃષ્ટ થઈ જાય છે, બદ્ધ થતા નથી. તે કાલાન્તરે છૂટા પડી જાય છે.

---

૧. આવશ્યક નિર્યુક્તિદીપિકામાં ૧૪૪ પ્રશ્નોનું વિવરણ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે. વૈશેષિક ષટ્પદાર્થનું નિરૂપણ કરે છે. ૧. દ્રવ્ય. ૨. ગુણ. ૩ કર્મ ૪. સામાન્ય ૫. વિશેષ ૬. સમવાય.
દ્રવ્યના નવ ભેદ છે : પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, કાળ, દિક્, મન અને આત્મા.
ગુણના સત્તર ભેદ છે : રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ અને પ્રયત્ન.
કર્મના પાંચ ભેદ છે : ઉત્ક્ષેપણ અવક્ષેપણ, પ્રસારણ, આકુંચન અને ગમન.
સત્તાના પાંચ ભેદ છે : સત્તા, સામાન્ય, સામાન્યવિશેષ, વિશેષ અને સમવાય.
આ ભેદોનો યોગ [૬+૧૭+૫+૫]=૩૬ થાય છે. એને પૃથ્વી, અપૃથ્વી, નોપૃથ્વી, નો અપૃથ્વી—એ ચાર વિકલ્પોથી ગુણવાથી ૩૬×૪=૧૪૪ ભેદ પ્રાપ્ત થાય છે.
આચાર્યે આ પ્રમાણે ૧૪૪ પ્રશ્નો દ્વારા રોહગુપ્તને નિરુત્તર કરીને એનો પરાજય કર્યો.
આવશ્યકનિર્યુક્તિ દીપિકા, પત્ર, ૧૪૫–૧૪૬.

૨. પંચસયાચુલસીઆ તઈઆ સિદ્ધિં ગયસ્સ વીરસ્સ, અબદ્ધિગાણુ દિટ્ઠિ દસપુરનયરે સમુપ્પન્ના ॥
—આવશ્યકભાષ્ય, ગાથા ૧૪૧

૩. આવશ્યક, મલયગિરિવૃત્તિ, પત્ર ૪૧૬માં આ સ્થાને બદ્ધ, બદ્ધસ્પૃષ્ટ અને બદ્ધસ્પૃષ્ટ નિકાચિત—એ શબ્દો આપેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે છૂટા પડી જાય છે. તે એકાંતમકરૂપે બદ્ધ થઈ શકતા નથી. વિંધ્યે ગોષ્ઠામાહિલને કહ્યું : 'જેવી રીતે આચાર્ય દુર્બલિકા પુષ્પમિત્રે મને સમજાવ્યું હતું તે પ્રમાણે જ હું કહું છું.' પણ એને તે સમજાયું નહીં.

નવમા પૂર્વમાં પ્રત્યાખ્યાન અંગે વાચના ચાલી રહી હતી. ગોષ્ઠામાહિલે વિચાર્યું : 'અપરિમાણ પ્રત્યાખ્યાન બરાબર છે, પરિમાણ પ્રત્યાખ્યાનમાં વાંછા દોષ ઉત્પન્ન થાય છે. એક વ્યક્તિ પરિમાણ પ્રત્યાખ્યાનની દૃષ્ટિએ પૌરુષી, ઉપવાસ વગેરે વિવિધ પ્રકારનાં તપ કરે છે. પરંતુ જેવો તે કાલમાન પૂરો થાય છે કે એની આહાર અંગેની ઇચ્છા તીવ્ર થાય છે. એટલે તે દોષયુક્ત છે. ગોષ્ઠામાહિલે પોતાના વિચારો વિંધ્યને કહ્યા. પણ વિંધ્યે જ્યારે તે તરફ ધ્યાન આપ્યું નહિ ત્યારે તેણે દુર્બલિકા પુષ્પમિત્રને કહ્યું. દુર્બલિકા પુષ્પમિત્રે સમાધાન કરતાં કહ્યું : 'અપરિમિત પ્રત્યાખ્યાનનો સિદ્ધાંત અનુચિત છે. અપરિમાણનો અર્થ યાવત્શક્તિ યા ભવિષ્યકાલ છે? જો તું યાવત્શક્તિ એ અર્થ ગ્રહણ કરતો હોય તો અમારા મતનો સ્વીકાર કરવા બરાબર છે. જો બીજો અર્થ સ્વીકારતો હોય તો વ્યક્તિ મરીને દેવરૂપમાં ઉત્પન્ન થાય છે. એમાં બધાં વ્રતોના ભંગનો પ્રસંગ ઉપસ્થિત થઈ જશે. એટલે અપરિમિત પ્રત્યાખ્યાનનો સિદ્ધાંત ઠીક નથી.' આચાર્યે ગોષ્ઠામાહિલને વિવિધ પ્રકારે સમજાવ્યો પણ તે પોતાના આગ્રહમાં દૃઢ રહ્યો. એણે અનેક જુદાજુદા સ્થવિરોને આ અંગે પૃચ્છા કરી. સ્થવિરોએ પણ ગોષ્ઠામાહિલને જિનેશ્વર દેવની આશાતના ન કરવાનો સંકેત કર્યો. પણ ગોષ્ઠામાહિલ પોતાના મતમાંથી સહેજ પણ વિચલિત થયો નહીં. સ્થવિરોએ સંઘને એકત્રિત કર્યો અને શાસનદેવને કહ્યું : 'સીમંધર સ્વામી પાસે જઈને પૂછો : ગોષ્ઠામાહિલનું કથન સત્ય છે કે, દુર્બલિકા પુષ્પમિત્રનું કથન સત્ય છે?'

દેવે તીર્થંકરને પૂછ્યું : 'કોનું કથન સત્ય છે?'

ભગવાને કહ્યું : 'દુર્બલિકા પુષ્પમિત્રનું'.

ગોષ્ઠામાહિલે દેવના કથનની પણ ઉપેક્ષા કરી. આચાર્ય દુર્બલિકા પુષ્પમિત્રે ફરીથી વિચાર કરવાનું કહ્યું. પણ તે એ માટે તૈયાર ન થયો. ત્યારે એને સંઘમાંથી કાઢી મૂકવામાં આવ્યો.[1]

અબદ્ધિક મતવાદીઓનું મંતવ્ય એ છે કે, 'કર્મ આત્માને સ્પર્શ કરે છે, પણ તે આત્માની સાથે એકરૂપ થતું નથી'.

સપ્ત નિહ્નવોમાંથી જમાલિ, રોહગુપ્ત, ગોષ્ઠામાહિલ—એ ત્રણ છેવટ સુધી અલગ રહ્યા, જ્યારે બાકીના ચાર નિહ્નવો ફરીથી જૈનશાસનમાં સામેલ થઈ ગયા. સ્થાનાંગસૂત્રમાં સપ્ત નિહ્નવોનાં નામ વગેરેનો નિર્દેશ છે, પણ ત્યાં અન્ય કોઈ વિગત અંગે સૂચન નથી. જમાલિ નિહ્નવનું નિરૂપણ ભગવતીસૂત્ર, શતક–૯ અને ઉદ્દશક ૩૩માં વિસ્તારથી આપવામાં આવ્યું છે. પણ અન્ય નિહ્નવો અંગે મૂલ આગમસાહિત્યમાં વર્ણન નથી. આવશ્યકનિર્યુક્તિ, મલયગિરિવૃત્તિમાં અન્ય નિહ્નવોનું નિરૂપણ છે. અમે પ્રબુદ્ધ પાઠકની જાણકારી માટે અત્રે એની ચર્ચા કરી છે.

આજીવક તીર્થંકર : ગૌશાલક

શ્રમણ ભગવાન મહાવીરના જીવનમાં ગૌશાલક એક મુખ્ય ચર્ચાસ્પદ વ્યક્તિ રહી છે. ભગવતીસૂત્રના પંદરમા શતકમાં એના જીવન અંગેની ગાથાઓ આપવામાં આવી છે. આવશ્યકનિર્યુક્તિ, આવશ્યકચૂર્ણિ, આવશ્યક, હરિભદ્રીયાવૃત્તિ આ અને મલયગિરિવૃત્તિ, મહાવીરચરિયંમાં એના જીવનના પ્રસંગો આપેલા છે. તે પ્રારંભમાં ભગવાન મહાવીરનો શિષ્ય બન્યો અને પછીથી પ્રતિસ્પર્ધી અને વિદ્રોહી બન્યો. તે આજીવક મતનો આચાર્ય બન્યો અને પોતાને તીર્થંકર તરીકે પણ જાહેર કર્યો.

ગૌશાલકના નામ અને વ્યવસાય અંગે વિભિન્ન વિગતો સાંપડે છે. ભગવતી, ઉપાસકદશાંગ વગેરે આગમસાહિત્યમાં 'ગોસાલે મંખલિપુત્ત' આવા શબ્દનો પ્રયોગ થયો છે. ગૌશાલક 'મંખ' કર્મ કરનાર 'મંખલિ' નામની વ્યક્તિનો પુત્ર હતો. 'મંખ' શબ્દનો અર્થ કોઈક જગ્યાએ 'ચિત્રકાર' અને કોઈક જગ્યાએ 'ચિત્રવિક્રેતા' કરવામાં આવ્યો છે. નવાંગી ટીકાકાર આચાર્ય અભયદેવે લખ્યું છે : 'ચિત્રફલકં હસ્તેગતં યસ્ય સઃ તથા' જે ચિત્રપટક હાથમાં રાખીને પોતાની આજીવિકા ચલાવે છે. અમારી દૃષ્ટિએ આ અર્થ વિશેષ યોગ્ય છે. 'મંખ' એક જાતિવિશેષ હતી. આ જાતિના લોકો શિવ, બ્રહ્મા યા અન્ય કોઈ દેવનું ચિત્રપટ્ટ હાથમાં રાખીને પોતાની આજીવિકા ચલાવે છે. જે પ્રમાણે આજની દાકોત જાતિના લોકો શનિદેવની મૂર્તિ યા ચિત્ર રાખીને પોતાની આજીવિકા ચલાવે છે.

---

૧. આવશ્યક, મલયગિરિવૃત્તિ, પત્ર, ૪૧૫–૪૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૌદ્ધ સાહિત્યમાં પણ 'મક્ખલી ગૌશાલ'ને આજીવક નેતા કહેવામાં આવ્યો છે. આ અંગે એક કથા છે: ગૌશાલક એક દાસ હતો. તે પોતાના સ્વામીની આગળ તેલનો ઘડો લઈને ચાલતો હતો. થોડેક આગળ ગયા પછી લસરી પડાય એવી ચીકણી જમીન આવી. મક્ખલીના સ્વામીએ કહ્યું : 'તાત, મા ખલિ, મા ખલિ'—અરે પડતો નહીં, અરે પડતો નહીં,' પરંતુ ગૌશાલકનો પગ ખસી ગયો અને તેલ જમીન પર ઢોળાઈ ગયું. મક્ખલી સ્વામીના ભયને કારણે નાસવા લાગ્યો. પણ સ્વામીએ ભાગતા એવા એનું વસ્ત્ર પકડી લીધું. તે વસ્ત્રને પડતું મૂકી નાગો જ ભાગી ગયો. આ પ્રમાણે તે નાગો થઈ ગયો અને લોકો એને 'મંખલી' કહેવા લાગ્યા.[૧]

પ્રસ્તુત કથા બૌદ્ધ પરંપરામાં ઉત્તરકાલીન સાહિત્યમાં જોવા મળે છે એટલે વિદ્વાનોએ એનું અધિક મહત્ત્વ માન્યું નથી.[૨]

પાણિનીએ એને 'મસ્કરી' શબ્દ માન્યો છે. 'મસ્કરી' શબ્દનો સામાન્ય અર્થ પરિવ્રાજક કર્યો છે.[૩] ભાષ્યકાર પતંજલિએ નોંધ્યું છે કે, 'મસ્કરી' તે સાધુ નથી કે જે હાથમાં મસ્કર યા વાંસની લાકડી લઈને ચાલે. તો પછી તે શું છે? મસ્કરી એ છે જે ઉપદેશ આપે છે કે, કર્મ કરો નહીં, શાંતિનો માર્ગ જ શ્રેયસ્કર છે.'[૪] પાણિની અને પતંજલિએ ગૌશાલના નામનો નિર્દેશ કર્યો નથી, પણ પરંતુ એનું લક્ષ્ય એ જ છે. 'કર્મ ન કરો' એ વ્યાખ્યા એ સમયે પ્રચલિત થઈ, જ્યારે ગૌશાલક એક ધર્માચાર્ય તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકયો હતો. જૈન આગમ તેમજ આગમેતર સાહિત્યમાં ગૌશાલકને મંખલિનો પુત્ર તો માન્યો જ છે પણ સાથે સાથે ગૌશાલામાં જન્મ્યો હોવાનું પણ માન્યું છે. જેનું સમર્થન પાણિની 'ગૌશાલાયાં જાતઃ ગૌશાલઃ' [૪,૩,૩૫)ની વ્યુત્પત્તિ આ વ્યુત્પત્તિના નિયમ પ્રમાણે કરે છે. આચાર્ય બુદ્ધઘોષે સામંજફલસુત્તની ટીકામાં ગૌશાલકનો જન્મ ગૌશાલામાં થયો હતો એમ માન્યું છે.[૫]

આધુનિક શોધકર્તાઓએ ગૌશાલક અને આજીવક મત અંગે નવીન સ્થાપના કરવાનો પ્રયાસ કર્યો છે. પણ દુઃખ એ છે કે નવીન સ્થાપના કરતી વખતે ઇતિહાસ અને પરંપરા તરફ એમણે ધ્યાન આપ્યું નથી. એમની આ સ્થાપના સાચી ન બનતાં મિથ્યા બની ગઈ છે. શ્વેતાંબર ગ્રંથો પ્રમાણે ગૌશાલકના ગુરુ શ્રમણ ભગવાન મહાવીર હતા.[૬] દિગંબર પરંપરાની દૃષ્ટિએ ગૌશાલક ભગવાન પાર્શ્વનાથની પરંપરાનો એક શ્રમણ હતો. તે ભગવાન મહાવીરની પરંપરામાં આવીને ગણધર બનવા ઇચ્છતો હતો. પરંતુ જ્યારે એને ગણધર પદ ન મળ્યું ત્યારે તે જુદો થઈને શ્રાવસ્તીમાં આવ્યો અને પોતાને 'તીર્થંકર' કહેવા લાગ્યો.[૭]

ડૉ. વેણીમાધવ બરુવાએ નોંધ્યું છે કે, 'એમ તો કહી શકાય કે જૈન અને બૌદ્ધ પરંપરામાંથી પ્રાપ્ત માહિતીથી તે પ્રમાણિત થઈ શકતું નથી કે જૈન ગૌશાલક મહાવીરના બે ઢોંગી શિષ્યોમાંથી એક હોવાનું જણાય છે. એનાથી ઊલટું આ જાણકારીથી વિપરીત એ પ્રમાણિત થાય છે કે આ બન્નેમાં જો કોઈ એકબીજાને ઋણી હોય તો તે વસ્તુતઃ ગુરુ જ ઋણી છે, નહીં કે જૈનો દ્વારા માનવામાં આવે છે એ એમનો ઢોંગી શિષ્ય.[૮] ડૉ. બરુઆ આગળ નોંધે છે કે, ભગવાન મહાવીર પહેલાં પાર્શ્વનાથી પરંપરામાં હતા. પરંતુ એક વર્ષ પછી જ્યારે તેઓ અચેલક થયા ત્યારે તેઓ આજીવક પંથમાં ચાલ્યા ગયા હતા.[૯] ગૌશાલક ભગવાન મહાવીરથી બે વર્ષ પૂર્વે જિનપદ પ્રાપ્ત કરી ચૂકયા હતા.[૧૦] ડૉ. બરુઆ

---

૧. (ક) ધમ્મપદ, અટ્ઠકથા, આચાર્ય બુદ્ધઘોષ, ૧,૧૪૩
(ખ) મજ્જિમ નિકાય–અટ્ઠકથા ૧,૪૨૨

૨. આગમ ઔર ત્રિપિટક : એક અનુશીલન, પૃ. ૪૧

૩. મસ્કરમસ્કરિણૌ વેણુપરિવ્રાજકયોઃ I

૪. ન વૈ મસ્કરોઽસ્યસાતિ મસ્કરી પરિવ્રાજકઃ કિં તર્હિ ? માકૃત કર્માણિ માકૃત કર્માણિ શાન્તિર્વઃ શ્રેયસીત્યાહાતો મસ્કરી I, —પાતંજલ મહાભાષ્ય, ૬, ૧, ૧૫૪

૫. સુમંગલ વિલાસિની (દીધનિકાય, અટ્ઠકથા) પૃ. ૧૪૩–૪૪

૬. ભગવતી, ૧૫મું શતક

૭. મસયરિ પૂરણારિસિણો ઉપ્પન્નો પાસણાહતિત્થમ્મિ, સિરિવીર સમવસરણે અગહિયઝુણિયા નિયત્તોણુ ॥
બહિણિગ્ગએણ ઉત્તં મજ્જં એયાર સાગંધારિરસ, ણિગ્ગઈ ઝુણીણુ અરુહો ણિગ્ગય વિસ્સાસ સીસસ્સ I ણમણુષ્ઠ જિણુકહિય સુયં સંપઈદિક્ખાય ગહિય ગોયમઓ, વિરપો વેયબ્ભાસી તબ્ભા મોકખં ણુ ણુઓ ॥ —ભાવસંગ્રહ ગા. ૧૭૬–૧૭૯.

૮. The Ajivikas, J. D. L. Vol II, 1920, PP. 17-18

૯. The Ajivikas, J. D. L. Vol. II 1920. PP. 18

૧૦. The Ajivikas, J. D. L. Vol. II 1920 p. 21.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સ્વીકારે છે કે આ બધાને કલ્પનાનો મહાન પ્રયોગ કહી શકાય. પણ તેમ છતાં આ કલ્પનાઓએ ગોપાલદાસ જીવાભાઈ પટેલ,[૧] ધર્માનંદ કોશામ્બી વગેરેને પણ પ્રભાવિત કર્યા છે. આ કલ્પનાના મૂળ સર્જક ડો. હરમન જેકોબી છે.[૨] એને અનુસરીને ડો. વાશમે પોતાના મહાનિબંધ 'આજીવિકો કા ઇતિહાસ અને સિદ્ધાંત'માં વિસ્તારપૂર્વક પ્રકાશ પાડ્યો છે. આ મૂળ મનોવૃત્તિનો આધાર 'કોઈપણ પાશ્ચાત્ય વિચારકે જે કાંઈ પણ લખ્યું હોય તે સાચું જ હોય', તે ભ્રામક ધારણા છે. જે કોઈ મૂર્ધન્ય મનીષી ગૌશાલક અંગે લખે છે એનો મૂળ આધાર જૈન અને બૌદ્ધ ગ્રંથ છે. એમના કેટલાકની વાત સાચી અને કેટલાકની વાત ખોટી માનવી એ ઐતિહાસિક દૃષ્ટિ નથી. જે તથ્ય જૈન સાહિત્યમાં આપવામાં આવ્યું છે એ તથ્યોને બૌદ્ધ પરંપરાના ગ્રંથોએ માન્ય કર્યાં છે. જ્યાં એમણે આજીવિક મતની આલોચના કરી છે ત્યાં એની પ્રશંસા અંતર્ગત એને બારમા દેવલોક અને મોક્ષગામી કહ્યો છે. જે એમ માને છે કે ગૌશાલક મહાવીરનો ગુરુ હતો, તે બિલકુલ જ નિરાધાર અને કપોલકલ્પિત વાત છે. ગૌશાલકે પોતે જ આનો સ્વીકાર કર્યો છે. 'ગૌશાલક તમારો શિષ્ય હતો, પરંતુ તે હું નથી. મેં ગૌશાલકના શરીરમાં પ્રવેશ કર્યો છે, એ શરીર ગૌશાલકનું છે, પણ આત્મા ભિન્ન છે.' આ પ્રકારનાં વિરોધી પ્રમાણોના અભાવમાં વિદ્વાનો એ જે અર્થશૂન્ય કલ્પનાઓ કરી છે, તે ભ્રમમાં પાડનારી છે. આધુનિક વિદ્વાનો આ અંગે જાગૃત થયા છે, તે પ્રસન્નતાની વાત છે.

એકવાર ગણધર ગૌતમ ભિક્ષા લેવા શ્રાવસ્તીમાં ગયા. એમણે નગરીમાં એવી જનવાણી સાંભળી કે, શ્રાવસ્તીમાં બે તીર્થંકર વિચરે છે: એક શ્રમણ ભગવાન મહાવીર અને બીજા ગૌશાલક. તેઓ ભગવાન મહાવીરના ચરણે પહોંચ્યા અને એમની પાસે એમણે આ અંગે સત્યતથ્ય જાણવા ઇચ્છા કરી. ભગવાને ગૌશાલકનો પૂર્વ પરિચય આપ્યો. એના પિતાનું નામ 'મંખલિ' હતું. માતાનું નામ ભદ્રા હતું. તે ચિત્રપટ્ટ બનાવીને આજીવિકા ચલાવતો હતો. તે 'ગૌબહુલ' બ્રાહ્મણની ગૌશાલામાં રોકાયો હતો ત્યાં એનો જન્મ થયો. ગૌશાલામાં જન્મ્યો હોવાથી તેનું નામ 'ગૌશાલક' રાખવામાં આવ્યું. મારો બીજો વર્ષાવાસ તન્તુવાયશાલામાં હતો. ત્યાં ગૌશાલક પણ અન્ય સ્થાન ન મળવાને કારણે આવીને રહ્યો. હું માસખમણના પારણા માટે રાજગૃહના 'વિજય ગાથાપતિ'ને ત્યાં ગયો. તેણે ઉત્કૃષ્ટ ભાવનાથી દાન કર્યું. જેના કારણે પાંચ દિવ્ય પ્રગટ થયાં: વસુધારાની વૃષ્ટિ, પાંચ રંગનાં પુષ્પોની વૃષ્ટિ, ધ્વજા અને વસ્ત્રની વૃષ્ટિ, દેવ દુન્દુભિ અને આકાશમાં 'અહોદાનં અહોદાનં'નો દિવ્ય ધ્વનિ. જન-માનસમાં ફેલાયેલી આ વાત સાંભળી ગૌશાલક ત્યાં આવી પહોંચ્યો અને વસુધારા વગેરે જોઈને પ્રભાવિત થયો. મને નમસ્કાર કરીને 'હું ધર્મશિષ્ય છું અને આપ મારા ધર્માચાર્ય છો.' એ પ્રમાણે બોલ્યો. મેં બીજા માસખમણનું પારણું આનંદ ગાથાપતિના ત્યાં કર્યું અને ત્રીજા માસખમણનું પારણું 'સુનંદ ગાથાપતિ'ને ત્યાં કર્યું. ચોથા માસ ખમણનું પારણું કોલ્લાક સન્નિવેશમાં 'બહુલ' બ્રાહ્મણના ત્યાં થયું. ગૌશાલકે મને તન્તુવાયશાલામાં જોયો નહીં એટલે તે મારી ખોજ કરતો કરતો તે કોલ્લાક સન્નિવેશમાં આવ્યો. હું તે સમયે મનોજ્ઞભૂમિમાં ધ્યાનસ્થ હતો. ગૌશાલકે મારી ત્રણ વાર પ્રદક્ષિણા કરી અને 'હું આપનો શિષ્ય છું' આ પ્રમાણે બોલ્યો. ટીકાકાર આચાર્ય અભયદેવે 'અભ્યુપગચ્છામિ' નો અર્થ 'મેં ગૌશાલકનો શિષ્યરૂપમાં સ્વીકાર કર્યો' એવો કર્યો છે.[૩] હવે તે મારી સાથે જ રહેવા લાગ્યો. હું એક વાર સિદ્ધાર્થગ્રામથી કૂર્મગ્રામ જઈ રહ્યો હતો. રસ્તામાં એક તલનો છોડ આવતો હતો. એણે મને પૂછ્યું: 'તલનો છોડ નિષ્પન્ન થશે કે નહીં?' મેં કહ્યું: 'થશે.' આ સાત તલ-પુષ્પના જીવ એ છોડના એક ફળમાં સાત તલરૂપે ઉત્પન્ન થશે.' મારી વાત પર વિશ્વાસ ન આવવાથી તેણે પાછળ રહીને એ છોડને માટી સહિત ઉખાડી એક બાજુ ફેંકી દીધો. એ વખતે જ વરસાદ પડ્યો અને તે છોડ જમીનમાં ચોંટી ગયો. મારા કથન અનુસાર તે છોડ ફરીથી સાત તલના રૂપમા ઉત્પન્ન થયો.

એકવાર ગૌશાલક મારી સાથે કૂર્મગામ નગર આવ્યો. કૂર્મગામની બહાર 'વૈશ્યાયન નામનો બાલતપસ્વી'છઠ્ઠ છઠ્ઠ તપના ઉપવાસ કરી રહ્યો હતો. તે બન્ને હાથ ઊંચા કરીને સૂર્ય સામે ઊભો રહીને આતાપના લઈ રહ્યો હતો. એના માથામાંથી ગરમીને કારણે જૂ નીચે પડી રહી હતી. અને એને ઉઠાવીને ફરી તે પોતાના માથા પર મૂકતો હતો. ગૌશાલકે પાછળ રહીને એને કહ્યું: 'તું તત્ત્વજ્ઞ મુનિ છે કે જૂનો શય્યાતર છે?' ત્રણ વાર આમ કહેવામાં આવતાં વૈશ્યાયન ગુસ્સે થયો અને તેજોસમુદ્‌ઘાત કરીને એણે તેજોલેશ્યા બહાર કાઢી તથા ગૌશાલક પર ફેંકી. ગૌશાલક પર દયા લાવી મેં તેજોલેશ્યાની પ્રતિસંહરણા કરવા માટે મેં શીતલ લેશ્યા કાઢી. વૈશ્યાયને કહ્યું: 'ભગવાન્, મને ખબર ન હતી કે તે આપનો શિષ્ય છે. જો મને ખબર હોત કે તે આપનો શિષ્ય છે તો હું આ પ્રમાણે ન કરત!' ગૌશાલક તેજોલેશ્યા જોઈને પ્રભાવિત થયો.

૧. મહાવીર સ્વામીનો સંયમધર્મ (સૂત્રકૃતાંગનો ગુજરાતી અનુવાદ, પૃ. ૩૪)

૨. S. B. E. Vol. XLV Introduction PP. XXIX to XXXIL

૩. ભગવતી સૂત્ર-પં. શ્રી ઘેવરચન્દ્રજી બાંઠિયા 'વીરપુત્ર' અ.ભા.આ. જૈન સંસ્કૃતિરક્ષક, —સંઘ સૈલાના શતક ૧૫ મું. પૃ. ૨૩૮૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોશાલકે મને પૂછ્યું : 'સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યા કેવી રીતે પ્રાપ્ત થાય છે?' મેં કહ્યું : 'નખ સહિત બંધ કરવામાં આવેલી મુઠ્ઠીમાં જેટલા અડદના બાકળા આવે અને એટલી માત્રામાં પાણી વડે છઠ્ઠ-છઠ્ઠની તપસ્યા કરી, તે સાથે બન્ને હાથ ઊંચા કરી આતપના લેનાર પુરુષને છ મહિના બાદ તેજોલેશ્યા પ્રાપ્ત થાય છે.

એકવાર ફરીથી તે મારી સાથે કૂર્મગ્રામથી સિદ્ધાર્થ ગામે જઈ રહ્યો હતો, ત્યારે એણે કહ્યું : "આપે તલ-પુષ્પનો જીવ સાતે તલ તરીકે ઉત્પન્ન થશે' એ વાત કહી હતી તે વાત મિથ્યા થઈ ગઈ છે.' મેં છોડ તરફ સંકેત કર્યો. એને મારી વાત પર વિશ્વાસ ન હતો. એટલે તલના છોડને તોડીને સાત તલ બહાર કાઢ્યા. આથી એને એવો વિશ્વાસ બેઠો કે 'બધા જીવો મરીને ફરીથી એ જ યોનિમાં ઉત્પન્ન થાય છે.' ગોશાલક મારાથી અલગ થયો અને એણે તેજોલેશ્યાની સાધના કરી. એટલે ગોશાલક જિન નથી પરંતુ જિન-પ્રલાપી છે એ વાત શ્રાવસ્તીમાં પ્રસારિત થઈ ગઈ છે. મંખલિપુત્ર ગોશાલકે આ વાત સાંભળી એટલે એને ખૂબ ગુસ્સો આવ્યો. તે આતાપના ભૂમિ છોડી કુમ્ભકારાપણમાં આવ્યો અને આજીવક સંઘ સાથે ખૂબ અમર્શથી બેઠો.

ભગવાન મહાવીરના શિષ્ય આનંદ ભિક્ષા અર્થે શ્રાવસ્તીમાં આવ્યા. તેઓ ભિક્ષા લઈને પાછા ફરી રહ્યા હતા તે વખતે ગોશાલકે આનંદને પોતાની પાસે બોલાવીને કહ્યું : 'તું જરા મારી વાત સાંભળીને જા. કેટલાક વેપારી ભયંકર અટવીમાં જઈ પહોંચ્યા. તેઓ પોતાની પાસે જે પાણી લઈ ગયા હતા તે ખૂટી ગયું. જંગલમાં આગળ જતાં એમને એક વિશાલ વલ્મિક-રાફડો જોવા મળ્યો. એનાં ચાર શિખરો હતાં. એમણે એક શિખર તોડ્યું. એમાં ખૂબ મધુરું પાણી મળ્યું. બધા તૃપ્ત થઈ ગયા. એમણે બીજું શિખર તોડ્યું. એમાંથી સુવર્ણનો ઢગલો મળ્યો. આ જોઈ એમની લોભવૃત્તિ પ્રબળ થઈ. એમણે ત્રીજું શિખર તોડ્યું. એમાંથી મણિનો ઢગલો મળી આવ્યો. એ વેપારીઓએ વિચાર્યું : 'ચોથું શિખર તોડવાથી વજ્રરત્ન નીકળશે.' એક ચતુર વેપારીએ શિખર તોડવાની મના કરી, પરંતુ બીજા (બધા) વેપારીઓએ એના કથનની ઉપેક્ષા કરી. એમણે જેવું (ચોથું) શિખર તોડ્યું કે એમાંથી ભયંકર દૃષ્ટિવિષ સર્પ નીકળ્યો. બધા વેપારી બળીને ભસ્મ થઈ ગયા. સાપે માત્ર કેવલ પેલા એક વેપારીને જ બચાવ્યો અને તેને સન્માન સહિત ઘરે પહોંચાડ્યો. એવી રીતે હે આનંદ, મારા અંગે મહાવીર કાંઈ પણ કહેશે તો હું એને મારા તપઃતેજ વડે ભસ્મ કરી નાંખીશ. પેલી હિતેચ્છુ વ્યક્તિ (વેપારી)ની જેમ હું તને બચાવી લઈશ.' આનંદ ખૂબ ગભરાઈ ગયો. તે ભગવાન મહાવીર પાસે આવ્યા અને સઘળો વૃત્તાન્ત સંભળાવ્યો. 'શું ભગવાન તે (આપને) ભસ્મ કરી શકે છે?' ભગવાને કહ્યું : 'તે ભસ્મ કરી શકે છે, પરંતુ અરિહન્ત પ્રભુને નહીં. તે બાળી નાંખી શકતો નથી પણ પરિતાપ અવશ્ય આપી શકે છે. એટલે તું જા અને ગૌતમ વગેરે નિર્ગ્રંથોને જણાવી દે કે ગોશાલક અહીં આવી રહ્યો છે. એનામાં ઘણી જ દુર્ભાવના છે. એટલે એની વાતનો કોઈ પણ જવાબ ન દે.' આનંદે આ પ્રમાણે બધા મુનિવરોને સૂચના આપી દીધી.

ગોશાલક ત્યાં આવી પહોંચ્યો. એણે કહ્યું : 'આપનો શિષ્ય ગોશાલક મરી ગયો છે. હું બીજો છું.' ભગવાને કહ્યું : 'બીજો ન હોવા છતાં તું પોતાને બીજો કહી રહ્યો છે તે યોગ્ય નથી. ગોશાલકે ગુસ્સે થઈને કહ્યું : 'તું આજે જ નષ્ટ થઈ જઈશ. તારું જીવન રહેશે નહીં'. ભગવાનના બધા શિષ્યો ચૂપ રહ્યા. સર્વાનુભૂતિ અણગાર, જેનો ભગવાન પ્રત્યે અત્યંત અનુરાગ હતો એમણે એને કહ્યું : 'ભગવાન મહાવીરે તને શિક્ષણ અને દીક્ષા આપી છે. તું એવા ધર્માચાર્ય પ્રત્યે આવાં વચન ઉચ્ચારે છે?' એ સાંભળીને ગોશાલકનો ચહેરો લાલચોળ થઈ ગયો. એણે સર્વાનુભૂતિ અણગારને તેજોલેશ્યાના એક જ પ્રહારથી બાળીને ભસ્મ કરી નાંખ્યો. તે ફરીથી પ્રલાપ કરવા લાગ્યો. સુનક્ષત્ર અણગારથી પણ ચૂપ ન રહેવાયું એમણે પણ ગોશાલક ને સમજાવવાનો પ્રયત્ન કર્યો. ગોશાલકે સુનક્ષત્ર અણગારને પણ બાળીને ભસ્મ કરી નાંખ્યા.

ભગવાન મહાવીરે ગોશાલકને સમજાવવાનો પ્રયાસ કર્યો. ગોશાલક સ્વાભાવિક રીતે ગુસ્સે થઈ ગયો. તે સાત-આઠ ડગલાં પાછો હઠી ગયો અને તેણે ભગવાન મહાવીરને ભસ્મ કરવા માટે તેજોલેશ્યાનો પ્રહાર કર્યો. પણ પ્રભુના અમિત તેજથી તેજોલેશ્યા એમને બાળી ન શકી. તે પ્રદક્ષિણા કરી ફરીથી ગોશાલકના શરીરને બાળતી એના શરીરમાં પ્રવેશી ગઈ. ગોશાલકે ભગવાનને કહ્યું : 'કાશ્યપ, મારી તેજોલેશ્યાથી પરાભૂત થઈ અને પીડાઈ તું છ મહિનાની મુદ્દતમાં મૃત્યુ પામીશ'. મહાવીરે કહ્યું : 'હું તો સોલ વર્ષ સુધી તિર્થંકરપર્યાયમાં વિચરણ કરીશ. અને તું પોતે પોતાની તેજોલેશ્યાથી પીડાઈને સાત રાત્રિમાં જ છદ્મસ્થ અવસ્થામાં કાલધર્મ પ્રાપ્ત કરીશ.'

હવે ગોશાલકનું તેજ નષ્ટ થઈ ગયું. ભગવાન મહાવીરના આદેશથી સ્થવિરોએ વિવિધ પ્રકારના પ્રશ્નો કર્યા. ગોશાલક એના ઉત્તરો આપી શક્યો નહીં અન્ય અનેક આજીવક સ્થવિર ભગવાન મહાવીરના સંઘમાં સામેલ થઈ ગયા. આખા નગરમાં ચર્ચા ફેલાઈ ગઈ કે કોનું કથન સત્ય છે અને કોનું અસત્ય? લબ્ધપ્રતિષ્ઠ લોકોએ કહ્યું : 'ભગવાન મહાવીરનું કથન સત્ય છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌશાલકના શરીરમાં ભયંકર વેદના થઈ. વિક્ષિપ્ત થયેલો તે અહીંતહીં નિસાસા નાંખતો નાંખતો ગમેતેમ કરીને કુમ્ભનારાપણમાં આવી પહોંચ્યો. તે પોતાના દોષ છૂપાવવા માટે ચાર પાનકપેય અને ચાર અપાનક અપેય પ્રરૂપિત કરી રહ્યો હતો. ચાર પાનક આ પ્રમાણે છે :

૧. ગાયના પૃષ્ઠ ભાગમાંથી પડેલ,
૨. હાથથી ઉલેચ્યું હોય એવું,
૩. સૂર્યના તાપથી તપેલું,
૪. શિલાઓમાંથી પડેલું.

ચાર અપાનક આ પ્રમાણે છે : જે પીવા માટે યોગ્ય નથી પણ દાહ વગેરેના ઉપશમ માટે વ્યવહારયોગ્ય છે. જેમ કે
૧. સ્થાલ પાણીથી ભિનાં થયેલાં ઠંડાં નાનાં–મોટાં વાસણ. જેનો હાથથી સ્પર્શ કરવામાં આવે પણ તે પાણી પીવામાં ન આવે.
૨. ત્વચાપાણી. કેરી, ગોટલી તથા બોર વગેરેનાં કાચાં ફળ મોંમાં ચાવવાનાં પણ એનો રસ પીવાનો નહીં.
૩. ફોતું પાણી. અડદ, મગ, મકાઈના કાચા દાણા ચાવવા પરંતુ એનો રસ પીવો નહીં.
૪. શુદ્ધ પાણી.

શ્રાવસ્તીમાં 'અયંપુલ' નામનો આજીવીકોપાસક રહેતો હતો. એને 'હલ્લા' વનસ્પતિના આકાર અંગે શંકા થઈ. તે રાત્રિસમયે જ ગૌશાલક પાસે આવ્યો. તે સમયે ગૌશાલક મદ્યપાન કરેલો એવો હસતો હતો અને નાચતો હતો. તે શરમ અનુભવી પાછો ફરવા લાગ્યો. ગૌશાલકે સ્થવિરોને મોકલી એને પાછો બોલાવ્યો અને કહ્યું : "તું મારી પાસે આવ્યો છે પણ મારી આ સ્થિતિ જોઈને તું પાછો ફરવા માગે છે, પરંતુ મારા હાથમાં કાચી કેરી નથી, કેરીની છાલ છે. નિર્વાણ સમયે તે પીવું આવશ્યક છે. નિર્વાણના સમયે નૃત્ય, ગીત વગેરે પણ આવશ્યક છે, એટલે તું પણ વીણા બજાવ."

ગૌશાલકને લાગ્યું કે તે હવે લાંબો સમય જીવી શકશે નહીં, એટલે એણે પોતાના સ્થવિરોને બોલાવીને કહ્યું : 'જો મારું મૃત્યુ થઈ જાય તો મારા શરીરને સુગંધિત પાણીથી નવડાવશો, ગોશીર્ષચંદનનો લેપ કરજો, બહુમૂલ્ય શ્વેત વસ્ત્ર પહેરાવજો અને બધા પ્રકારના અલંકારથી એને શોભાવજો. એક હજાર માણસ ઉઠાવી શકે એવી પાલખીમાં બેસાડીને એવી ઘોષણા કરજો કે, 'ચોવીસમા તીર્થંકર મંખલિપુત્ર ગૌશાલક સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ ગયા'

સાતમી રાત્રિ પસાર થઈ રહી હતી. એનું મિથ્યાત્વ નાશ પામ્યું અને સમ્યક્ત્વની ઉપલબ્ધિ થઈ. ગૌશાલકને પોતાને પોતાના દુષ્કૃત્ય પર પશ્ચાત્તાપ થયો. હું જિન નથી પણ મેં જિન હોવાનો દાવો કર્યો હતો. પોતાના ધર્માચાર્ય પ્રત્યે દ્વેષ કર્યો અને શ્રમણોની હત્યા કરી. આ મેં ભયંકર ભૂલ કરી છે. એ સમયે ગૌશાલકે સ્થવિરોને બોલાવીને કહ્યું : 'મારાથી ભયંકર ભૂલ થઈ છે. એટલે મારા મૃત્યુ બાદ મારા ડાબા પગમાં દોરડું બાંધજો અને મારા મોંમાં ત્રણ વાર થૂંકજો. શ્રાવસ્તીના રાજમાર્ગ પર મને લઈને નીકળો ત્યારે આ પ્રમાણે ઘોષણા કરાવજો : 'ગૌશાલક જિન નથી, ભગવાન મહાવીર જ જિન છે. મરી ગયેલા કૂતરાની માફક મને ઘસડીને લઈ જજો.' એણે સ્થવિરો પાસે આ અંગે સોગંદ લેવડાવ્યા અને તે રાત્રે જ તે મૃત્યુ પામ્યો.

સ્થવિરોએ વિચાર્યું : જો અમે ગૌશાલકના કથનાનુસાર કરીશું તો અમારી અને અમારા ગુરુની પ્રતિષ્ઠા ધૂળમાં મળી જશે. જો એમના કથનની ઉપેક્ષા કરીશું તો ગુરુઆજ્ઞાનો ભંગ થશે.' એમ વિચારીને એમણે કુમ્ભકારાપણને બંધ કરી આંગણામાં શ્રાવાસ્તીનું ચિત્ર બનાવ્યું તથા ગૌશાલકના કથનાનુસાર બધું કાર્ય કર્યું. એ પછી ગૌશાલકના પ્રથમ આદેશ અનુસાર એની અર્ચા–પૂજા કરી અને ધૂમધામથી એની શબયાત્રા કાઢી તથા અંતિમ સંસ્કાર કર્યા.

આ પ્રમાણે હે ગૌતમ, મારો કુશિષ્ય ગૌશાલક જીવનની અંતિમ ક્ષણોમાં પ્રશસ્ત ભાવનાને કારણે બારમા દેવલોકમાં અચ્યુત કલ્પમાં દેવ બન્યો. ત્યાંથી ચ્યુત થઈ અને તે અનેક ભવમાં પરિભ્રમણ કરતા એવા એને સામ્યક્ત્વની ઉપલબ્ધિ થશે અને દૃઢપ્રતિજ્ઞ કેવલી બનીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

આ પ્રમાણે પ્રસ્તુત કથાનકમાં ગૌશાલકનું વ્યવસ્થિત રીતે જીવનચરિત્ર આપવામાં આવ્યું છે.

સંશોધન કરનારને એમાંથી વિપુલ સામગ્રી પ્રાપ્ત થાય છે.

ગૌશાલક નિહ્નવ ન હતો, મિથ્યાત્વી હતો. ભગવતી સિવાયના આગમનાં વ્યાખ્યાસાહિત્યમાં એના અમાનવીય કૃત્યોના લાંબી યાદી આપવામાં આવી છે. ગૌશાલકે પોતાના લૌકિક પ્રભાવથી જનમાનસને આકર્ષિત કર્યું હતું. ઘણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાનુભાવોએ એવી શંકા વ્યક્ત કરી છે કે, ભગવાન મહાવીરે છદ્મસ્થ અવસ્થામાં ગૌશાલકની રક્ષા કરી જ્યારે સમવસરણમાં ગૌશાલકે તેજોલેશ્યાથી સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર મુનિ પર પ્રહાર કર્યો, ત્યારે મહાવીરે એમને કેમ ન બચાવ્યા? ટીકાકારે સ્પષ્ટ કર્યું છે કે, ભગવાન એ સમયે વીતરાગી હતા. તેઓ જાણતા હતા કે એનાં નિમિત્તથી મુનિઓનાં મરણ છે. કેવલી અવસ્થામાં લબ્ધિનો પ્રયોગ કરવામાં આવતો નથી. છદ્મસ્થ અવસ્થામાં અનુકંપાથી એમણે ગૌશાલકને બચાવ્યો હતો. કેટલાક એમ પણ માને છે કે ગૌશાલક પર દયા બતાવીને મહાવીરે ભૂલ કરી હતી. જો ભગવાન તેમ ન કરત તો કુમતનો પ્રચાર ન થાત અને ન તો મુનિ હત્યા થાત. પણ એમણે એ વિચારવું જોઈએ કે મહાપુરુષ ભેદભાવ વિના બધા પર ઉપકાર કરે છે. પ્રતિફલની કામનાથી તેઓ કદી સોદાબાજી કરતા નથી. ભગવાને છદ્મસ્થ અવસ્થામાં એવું કોઈ કાર્ય નથી કર્યું કે જેમાં પ્રમાદ અને પાપ કર્મ હોય.[૧] ભગવાન મહાવીર દ્વારા શીતલલેશ્યાનો પ્રયોગ એક પરમ કારુણિક ભાવનાનું નિદર્શન છે. જ્યારે સામે જ પંચેન્દ્રિય પ્રાણી બળી રહ્યું હોય અને બીજી વ્યક્તિ નિરપેક્ષ ભાવથી એને નિહાળતા રહે, (તે વખતે) એના આંતરમાનસમાં અનુકંપાની લહેર ન ઊઠે એ કેમ સંભવે? આચાર્ય ભીખણજીએ આ અનુકંપા-પ્રસંગને ભગવાન મહાવીરની ભૂલ બતાવી છે. એમણે કહ્યું છે કે, 'છદ્મસ્થ ચૂકચા તિણ સમે'—અર્થાત્ મહાવીરે ગૌશાલકને બચાવીને ભૂલ કરી હતી. અમારી દૃષ્ટિએ અહિંસાનો એકાન્તિક આગ્રહ અથવા એકાંગી ચિંતન છે. ભગવાન મહાવીરની અહિંસા નકારાત્મક જ નહીં, ક્રિયાત્મક પણ હતી. ગૌશાલકના પ્રાણની રક્ષા કરી ભગવાને એક આદર્શ ઉદાહરણ ઉપસ્થિત કર્યું છે.'

આ પ્રમાણે પાંચમો ખંડ નિહ્નવો તથા ગૌશાલકની ચર્ચાની સાથે સમાપ્ત થયો. છઠ્ઠા સ્કન્ધમાં પ્રકીર્ણક કથાઓ છે.

શ્રમણ–શ્રમણીઓનું નિદાન

પૂર્વેના પૃષ્ઠોમાં આપણે મુનિ દ્વારા સમ્રાટ શ્રેણિક પ્રતિબોધ પામ્યો એવો ઉલ્લેખ કર્યો છે, ત્યાં એના મહાવીર સાથેના સાક્ષાત્ સંપર્ક અને એમના પ્રત્યેની એની અસાધારણ શ્રદ્ધાનું પ્રતિપાદન કર્યું છે.

મહારાજા શ્રેણિકે કૌટુંબિક (રાજકર્મચારી) પુરુષોને બોલાવી એવો આદેશ આપ્યો કે, રાજગૃહ નગરની બહાર જેટલા બગીચાઓ, ઉદ્યાનો, શિલ્પ–શાળાઓ, આયતનો, દેવકુલો, સભાઓ, પરબો, ઉદકશાળાઓ, પાંથશાલાઓ, ભોજનશાળાઓ, ચુનાના ભઠ્ઠાઓ, વ્યાપારનાં બજારો, લાકડાની લાટીઓ, મૂંજ વગેરેનાં કારખાનાં વગેરેના જે અધ્યક્ષ હોય એને જઈને કહો કે, 'જ્યારે, શ્રમણ ભગવાન મહાવીર આ નગરમાં પધારે ત્યારે તમે લોકો સ્થાન, શયનાસન વગેરે ગ્રહણ કરવાની આજ્ઞા કરો અને એમના પધારવાની ખબર મને પહોંચાડજો.' કુંટુબીજનોએ એ પ્રમાણે જ કર્યું.

જ્યારે ભગવાન મહાવીરનું રાજગૃહમાં પદાર્પણ થયું ત્યારે તે અંગે રાજા શ્રેણિકને ખબર આપવામાં આવી. રાજા શ્રેણિક ખૂબ હર્ષ પામ્યો અને એણે એ ખબર આપનારાને ઈનામ આપ્યું. મહારાણી ચેલના સાથે સ્નાનાદિથી પરવારી બહુમૂલ્ય વસ્ત્રાભૂષણ ધારણ કરી રાજા શ્રેણિક ભગવાનની ધર્મસભામાં ગયો. ભગવાન મહાવીરે ધર્મોપદેશ આપ્યો. પરિષદ વિસર્જિત થઈ. શ્રેણિકની દિવ્ય ઋદ્ધિ જોઈને કેટલાય શ્રમણોના મનમાં વિચાર આવ્યો : ધન્ય છે આ શ્રેણિક બિંબસાર! જે ચેલના જેવી રાણી અને મગધ જેવા રાજ્યનો ઉપભોગ કરી રહ્યો છે. અમારી તપસાધનાનું (જો કોઈ) ફલ હોય તો અમે પણ આ પ્રકારના મનોરમ કામભોગોને પ્રાપ્ત કરીએ. ચેલનાની દિવ્ય ઋદ્ધિ જોઈને કેટલીયે શ્રમણીઓના મનમાં એ વિચાર આવ્યો કે ચેલનાની માફક અમે પણ કામભોગોનો ઉપભોગ કરીએ.

ભગવાન મહાવીરથી આ રહસ્ય કેટલો સમય છૂપું રહી શકે? એમણે પોતાના દિવ્ય જ્ઞાનબળથી શ્રમણશ્રમણી-ઓના નિદાનની વાત જાણી અને તેમને નિદાનના કુપરિણામનો પરિચય કરાવ્યો. શ્રમણ–શ્રમણીઓએ પોતાના દુઃસંકલ્પની આલોચના કરી. પ્રસ્તુત કથાનકથી એ સ્પષ્ટ થાય છે કે શ્રેણિકની ભગવાન મહાવીર પ્રત્યે અપૂર્વ ભક્તિ હતી. સાથેસાથે એ બાબત અંગે પણ સંકેત પ્રાપ્ત થાય છે કે અહીં (જે પ્રસંગનો ઉલ્લેખ છે તેમાં) તે પ્રથમ વાર જ ભગવાન મહાવીર પાસે ગયો હતો. જૈન પરંપરાની દૃષ્ટિએ શ્રેણિક પહેલાં અન્ય ધર્માવલંબી હતો. ચેલના તો પિતૃપક્ષમાં પણ નિગ્રંથ ધર્મને માનનારી હતી. એના પ્રયત્નથી સમ્રાટ શ્રેણિક નિગ્રંથ ધર્મનો ઉપાસક તેમજ જૈન બન્યો હતો. એટલે સંભવ છે કે ચેલનાને આગળ કરવામાં આવી હોય.

શ્રમણ અને શ્રમણીઓએ જે નિદાન કરવાનો વિચાર કર્યો તે પ્રથમ સંપર્કમાં જ સંભવિત છે. વારંવાર મળ્યા પછી તેવી ભાવના થઈ શકે નહીં.

---

૧. છઉમત્થોવિ પરક્કમમાણો ણ પમાયં સઈંપિ કુવ્વિત્થા ॥આચા. શ્રુત–૧, અધ્ય. ૯, ઉદ્દેશા ૪, ગા–૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રથમૂસલ સંગ્રામ

ગણધર ગૌતમે ભગવાન મહાવીર પાસે જિજ્ઞાસા પ્રગટ કરી : 'રથમૂસલ સંગ્રામ શું છે ? એમાં કોણ જીત્યું અને કોણ હાર્યું ?'

ભગવાન મહાવીરે સમાધાન કરતા કહ્યું : 'આ યુદ્ધમાં ઇન્દ્ર, અસુરેન્દ્ર, અસુરકુમાર ચરમેન્દ્ર—એ ત્રણ જીતી ગયા હતા અને નવ મલ્લવીઓ, નવ લિચ્છવીઓએ રાજગણ હારી ગયો હતો. કોણિક ભૂતાનંદ નામના મુખ્ય હાથી પર બેસીને રથમૂસલ સંગ્રામમાં આવ્યો હતો એની આગળ દેવરાજ શક્ર હતો અને એની પાછળ અસુરકુમારરાજ ચમર હતો. લોખંડમાંથી બનાવવામાં આવ્યું હોય એવા એક વિશિષ્ટ પ્રકારના કવચની વિકુર્વણા કરવામાં આવી. એ યુદ્ધમાં દેવેન્દ્ર, મનુજેન્દ્ર અને અસુરેન્દ્ર—આ ત્રણ ઇન્દ્રો એકીસાથે યુદ્ધ કરી રહ્યા હતા. ગૌતમે ફરી જિજ્ઞાસા પ્રગટ કરી કે, 'ભગવન્, એ સંગ્રામને રથમૂસલ સંગ્રામ કેમ કહ્યો છે ?' ભગવાને જવાબ આપ્યો : 'જે સમયે આ સંગ્રામ થઈ રહ્યો હતો તે સમયે અશ્વરહિત, સારથીરહિત યોધ્ધારહિત અને મૂસલ સહિત રથ અત્યંત જનસંહાર, જનવધ, જનમર્દન અને રક્તથી ભૂમિને રંજિત કરતો કરતો ચારેય બાજુ દોડી રહ્યો હતો, તેથી એને 'રથમૂસલ સંગ્રામ' કહેવામાં આવે છે. એ સંગ્રામમાં છન્નુ લાખ યોદ્ધાઓ માર્યા ગયા. એમાંથી દશહજાર યોદ્ધાઓના જીવ એક માછલીના પેટમાં પેદા થયા. એમાંથી એક વરુણનાગનપ્તૃક દેવલોકમાં ઉત્પન્ન થયો. એનો બાલમિત્ર મનુષ્ય બન્યો અને બાકીના માનવોના જીવ નરક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયા.

ગણધર ગૌતમે ફરી જિજ્ઞાસાથી પૂછ્યું : 'દેવેન્દ્ર શક્રે અને અસુરકુમાર ચરમેન્દ્રે કોણિક રાજાને કયા કારણે મદદ કરી ?' ભગવાને કહ્યું : 'દેવેન્દ્ર શક્ર તો કોણિક રાજાના 'કાર્તિક' શેઠના ભવનો મિત્ર હતો અને અસુરકુમારરાજ ચમર કોણિક રાજાના 'પૂરણ' નામના તાપસની અવસ્થાનો સાથી હતો. એટલે આ બન્ને ઇન્દ્રોએ કોણિક રાજાને સહાયતા કરી હતી.'

રથમૂસલ સંગ્રામમાં કાલ આદિ કુમારોનાં મૃત્યુ

રાજગૃહમાં રાજા શ્રેણિકનું રાજ્ય હતું. એની રાણી ચેલનાથી 'કૂણિક'નો જન્મ થયો. શ્રેણિકની બીજી રાણી-કાલીથી 'કાલ' નામના રાજકુમારનો જન્મ થયો. એકવાર કાલ કૂણિકની સાથે રથમૂસલ સંગ્રામમાં ગયો. એ સમયે ભગવાન મહાવીર ચંપાનગરીમાં પધાર્યા. કાલી મહારાણીએ ભગવાનને પ્રશ્ન કર્યો : 'ભગવાન્, મારા પુત્ર કાલનો યુદ્ધમાં વિજય થશે કે પરાજય ?' ભગવાને કહ્યું : 'તારો પુત્ર રથમૂસલ સંગ્રામમાં વૈશાલી નગરના રાજા ચેટક દ્વારા મૃત્યુ પામશે. તું એને જોઈ શકીશ નહીં'.

રાજગૃહ નગરમાં રાજા શ્રેણિકનું રાજ્ય હતું. એની નંદા નામની રાણીથી 'અભયકુમાર'નો જન્મ થયો. શ્રેણિકની રાણી ચેલનાને પોતાના પતિના ઉદરનું માંસ ખાવાનો દોહદ થયો. દોહદ પૂર્ણ ન થવાને કારણે તે ઉદાસ રહેવા લાગી. એની પરિચારિકાઓ દ્વારા રાજા શ્રેણિકને એની જાણ થઈ. અભયકુમારને પૂછવાથી રાજાએ આ સઘળો વૃત્તાન્ત એને કહી સંભળાવ્યો. અભયકુમારે વિશ્વાસુ અનુચર મોકલી માંસ અને રુધિર મંગાવી રાજા શ્રેણિકના ઉદર પર રખાવ્યું અને વસ્ત્રથી એવી રીતે ઢાંકી દેવામાં આવ્યું કે કાંઈ ખબર ન પડે. દૂર પ્રાસાદમાં બેઠેલી મહારાણીએ બધું જોતી રહી. અભયકુમારે માંસ કાપવાનો અભિનય કર્યો અને રાજાને મૂર્છિત દશામાં બતાવીને ચેલનાનો દોહદ પૂર્ણ કરવામાં આવ્યો. બૌદ્ધ પરંપરા અનુસાર વૈદ્યે રાજાના હાથનું લોહી કાઢીને દોહદ પૂર્ણ કર્યો હતો. રાણીને જ્યોતિષીઓએ જણાવ્યું કે, આ પુત્ર પિતાને મારનારો થશે. એટલે રાણી એને નષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. ચેલનાના મનમાં સંતોષ ન હતો. તે મનમાં ને મનમાં દુઃખી થઈ રહી હતી કે ગર્ભમાં આ બાળકના આગમન સાથે જ પતિનું માંસ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો. એટલે આ દુષ્ટ ગર્ભને પડાવી નાંખવો જ શ્રેયકર છે. રાણીએ ગર્ભ પડાવવાના અનેક પ્રયોગ કર્યા પણ કોઈ પણ ઉપાય કારગત નીવડ્યો નહીં. જન્મ થયા બાદ નવજાતને મહારાણી ચેલનાએ કુંડીમાં ફેંકાવ્યો. પણ જ્યારે રાજા શ્રેણિકને આની જાણકારી થઈ ત્યારે એણે શિશુને પાછો મંગાવ્યો. કુંડી પર પડેલ શિશુની આંગળીમાં કુકડાની ચાંચની ચોંટ લાગી ગઈ હતી એટલે એની આંગળી ટૂંકી રહી ગઈ. એટલે એનું નામ 'કૂણિક' રાખવામાં આવ્યું.

કૂણિકનું નામ જૈન અને બૌદ્ધ બન્ને પરંપરામાં મળે છે. જૈન પરંપરામાં એને 'કોણિક' યા 'કૂણિક' કહેવામાં આવ્યો છે. ત્યારે બૌદ્ધ પરંપરામાં એને 'અજાતશત્રુ' કહેવામાં આવ્યો છે. કૂણિક નામ 'કૂણિ' શબ્દથી બન્યું છે. જેનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ છે : આંગળીનો ઘા.[૧] 'કૂણિક' નો અર્થ થયો આંગળી પર ઘાવાળી વ્યક્તિ. આચાર્ય હેમચન્દ્રે પણ આ વાતનો સ્વીકાર કર્યો છે.[૨]

ઉપનિષદ્[૩] અને પુરાણો[૪]માં 'અજાતશત્રુ' નામ વપરાયું છે. એ વધારે સંભવિત છે કે 'કૂણિક' એનું મૂળ નામ હશે અને 'અજાતશત્રુ' એનું ઉપાધિવિશેષણ હશે. મૂલ નામથી કોઈકોઈ વાર ઉપાધિ વિશેષ પ્રચલિત થઈ જાય છે. આ કારણે જ ભારતીય સાહિત્યમાં એનું 'અજાતશત્રુ' નામ વિશેષરૂપમાં વ્યવહૃત થયું છે. મથુરાના સંગ્રહાલયમાં એક શિલાલેખમાં એનું નામ 'અજાતશત્રુ કૂણિક' ટંકાયેલું મળી આવે છે.[૫] અજાતશત્રુના બે અર્થ કરી શકાય : (૧) 'ન જાતઃ શત્રુર્યસ્ય' જેનો કોઈ શત્રુ નથી.[૬] (૨) 'અજાતો અપિ શત્રુઃ' અર્થાત્ જન્મથી પહેલાં (પિતાનો શત્રુ) શત્રુ.[૭] બીજો અર્થ આચાર્ય બુદ્ધઘોષે કર્યો છે. અને આ અર્થ સંપૂર્ણપણે યોગ્ય પણ છે. અજાતશત્રુ પ્રતાપી રાજા હતો. એના નામથી મોટામોટા વીર પણ ધ્રૂજતા હતા એટલે આ નામ 'ગર્હા'નું પ્રતીક નથી પણ એની વીરતાનું પ્રતીક છે. જિનદાસ ગણી મહત્તરે કૂણિકને 'અશોકચન્દ્ર' પણ કહ્યો છે. કહેવાય છે કે જ્યારે કૂણિકને અસોગવણિયા' નામના ઉદ્યાનમાં ફેંકી દેવામાં આવ્યો હતો ત્યારે ઉદ્યાન ચમકી ઊઠ્યો હતો. એટલે કૂણિકનું નામ 'અશોકચન્દ્ર' રાખવામાં આવ્યું હતું.

કૂણિકની આંગળી પાકી જવાથી એમાંથી પરુ નીકળતું હતું અને તે ખૂબો પાડતો હતો. પોતાના પુત્રની વેદના શાંત કરવાં માટે રાજા શ્રેણિક આંગળીને મોંમાં રાખીને ચૂસતો એટલે બાળક ચૂપ થઈ જતો. બૌદ્ધ પરંપરા અનુસાર જન્મની સાથે જ બાળકને રાજાના કર્મચારીઓ ત્યાંથી દૂર કરી દે છે કે જેથી મહારાણી એને મારી ન નાંખે. થોડા સમય પછી આ બાળક મહારાણીને સોંપવામાં આવ્યો. પુત્રપ્રેમથી મહારાણી એમાં અનુરક્ત થઈ જાય છે. એકવાર અજાતશત્રુની આંગળીમાં ફોલ્લો થઈ જાય છે. બાળક રોવા લાગે છે. એટલે નોકર એને રાજસભામાં લઈ જાય છે. રાજા એની આંગળી મોમાં રાખી દે છે. ફોલ્લો ફૂટી જાય છે. પુત્રપ્રેમથી પાગલ બનેલો રાજા એ લોહી અને પરુ થૂંકી નાંખતો નથી, પણ ગળી જાય છે.

કૂણિકના આંતરમાનસમાં એવો વિચાર આવ્યો કે શ્રેણિક જીવતો હશે ત્યાં સુધી હું રાજા બની શકીશ નહીં, એટલે તે પોતાના બીજા ભાઈઓ સાથે મળીને પોતે જ રાજ્યસિંહાસન પર આરૂઢ થઈ જાય છે અને રાજા શ્રેણિકની ધડપકડ કરી એને જેલમાં કેદ કરી લે છે. બૌદ્ધ પરંપરા અનુસાર અજાતશત્રુ જીવનના ઉષઃકાલથી જ મહત્ત્વાકાંક્ષી હતો. એની મહત્ત્વાકાંક્ષાને ઉત્તેજિત કરનાર દેવદત્ત હતો. એ કારણે એણે પિતાને લુહારના ઘરમાં કેદ કરી લીધો.

જૈન પરંપરા અનુસાર એક દિવસ કૂણિક પોતાની માને નમસ્કાર કરવા ગયો. માને ચિંતામાં ડૂબેલી જોઈને કૂણિક કહ્યું : 'મા તું કેમ ચિંતા કરે છે? તારો પુત્ર હું રાજા બની ગયો છું, તોપણ તું ચિંતિત છે? મને આનું કારણ કહેવું પડશે?' માએ શ્રેણિકના (એના ઉપરના) પ્રેમની ઘટના સંભળાવી અને કહ્યું : 'તને ધિક્કાર છે કે તેં પોતાના મહાન ઉપકારી પિતાને કષ્ટ આપ્યું છે.' એને એની પોતાની ભૂલ અંગે પસ્તાવો થયો અને હાથમાં પરશુ લઈને પિતાની મુક્તિ અર્થે નીકળી પડ્યો. શ્રેણિકે દૂરથી જોયું કે કૂણિક હાથમાં પરશુ લઈને મને મારવા આવી રહ્યો છે, તે મને ખૂબ ખરાબ રીતે મારશે, તો એ શ્રેયકર છે કે હું સ્વયં પોતાના પ્રાણનો અંત લાવી દઉ. શ્રેણિકે એ સમયે તાલપુટ વિષ ખાઈને પોતાના જીવનનો અંત આણ્યો.[૮]

બૌદ્ધ ગ્રંથોમાં જણાવવામાં આવ્યું છે કે ધૂમગૃહમાં કોશલદેવી સિવાય કોઈ પણ જઈ શકતું નહીં. અજાતશત્રુ પોતાના પિતાને ભૂખ્યા અને તરસ્યા રાખીને મારી નાંખવા ઇચ્છતો હતો. કેમકે દેવદત્તે અજાતશત્રુને કહ્યું હતું : 'પિતાને શસ્ત્રથી ન મારવામાં આવે પણ ભૂખ્યા અને તરસ્યા રાખીને મારવામાં આવે.' જ્યારે કોશલદેવી રાજાને મળવા જતી

૧. Apte's Sanskrit—English Dictionary, Vol. I, p. 580.
૨. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ ૬, શ્લોક ૩૦૯
૩. Dialogues of Buddha, Vol. II, p. 78
૪. વાયુપુરાણ, અ૦ ૯૯, શ્લોક ૩૧૯; મત્સ્યપુરાણ, અ૦ ૨૭૧, શ્લોક ૯
૫. Journal of Bihar and Orissa Research Society, Vol. V, part IV, p.p. 550–51.
૬. Dialogues of Buddha. Vol. II, p. 78.
૭. દીઘનિકાય, અટ્ઠકથા ૧, ૧૩૩
૮. [ક] જેણંતરેણ તાલા સંપુડિજ્જંતિ તેણંતરેણ મારયતીતિ તાલપુડં ॥ —દશવૈકાલિક ચૂર્ણિ ૮, ૨૯૨
[ખ] ૭ પ્રકારનાં વિષપરિણામ જણાવવામાં આવ્યાં છે : દૃષ્ટ, ભુક્ત, નિપતિત, માંસાનુસારી, શોણિતાનુસારી, સહસ્રાનુપાતી. —સ્થાનાંગસૂત્ર, પૃ. ૩૫૫ અ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી ત્યારે ખોળામાં ભોજન છુપાવીને લઈ જતી અને રાજાને આપી દેતી. અજાતશત્રુને આની જાણકારી થતાં એણે કર્મચારીને કહ્યું : 'મારી માતાને બંધ ખોળા સાથે ન જવા દો.' ત્યારે રાણી જૂડેમાં ભોજન છુપાવીને લઈ જવા લાગી. એનો પણ નિષેધ થયો. ત્યારે તે સુવર્ણ પાદુકામાં છુપાવીને લઈ જવા લાગી. જ્યારે એની પણ મના કરવામાં આવી તો રાણી ગંધોદકથી સ્નાન કરી શરીર પર મધનો લેપ કરી રાજા પાસે જવા લાગી. એના શરીરને ચાટીને રાજા કેટલાક દિવસ સુધી જીવતો રહ્યો. અંતે અજાતશત્રુએ માતાને ધૂમગૃહમાં જવાનો નિષેધ કર્યો.

રાજા શ્રેણિક હવે શ્રોતાપત્તિના સુખ પર જીવવા લાગ્યો. અજાતશત્રુએ જોયું : 'રાજા મરી નથી જતો, એટલે હજામને બોલાવી કહ્યું : તું પહેલાં મારા પિતાના પગને શસ્ત્રથી છોલી નાંખ, એના પર મીઠાવાળા તેલનો લેપ કર અને પછી ખેરના અંગારથી એના પર શેક કર.' હજામે એવું જ કર્યું, જેથી રાજા મરી ગયો.

જૈન પરંપરા અનુસાર માતા પાસેથી પિતાના પ્રેમની વાત સાંભળી કૂણિકના મનમાં પિતાના મૃત્યુ પૂર્વે પશ્ચાત્તાપ થયો હતો. જ્યારે કૂણિકે જોયું કે, પિતાએ આત્મહત્યા કરી લીધી છે, ત્યારે તે મૂર્છા ખાઈ જમીન પર પડી ગયો. કેટલાક સમય પછી એ ભાનમાં આવ્યો એટલે તે મોટેમોટેથી રોવા લાગ્યો : "હું કેટલો પુણ્યહીન છું. મેં પિતાને બંધનોમાં બાંધ્યા અને મારા નિમિત્તથી જ પિતાનું મૃત્યુ થયું." ને પિતાના શોકથી વ્યાકુળ થઈ રાજગૃહ છોડીને ચંપા-નગરી ચાલ્યો ગયો અને એને મગધની રાજધાની બનાવી.

બૌદ્ધ પરંપરા અનુસાર જે દિવસે બિંબિસારનું મૃત્યુ થયું, તે દિવસે અજાતશત્રુના ત્યાં પુત્ર જન્મ્યો. ખબર-પત્રીઓએ લિખિતરૂપમાં ખબર આપી. પુત્રપ્રેમથી રાજા હર્ષથી નાચી ઊઠ્યો. એનાં રોમરોમ પ્રસન્ન થઈ ગયાં. એના મનમાં ખ્યાલ આવ્યો : 'જ્યારે હું જન્મ્યો હતો, ત્યારે મારા પિતાને આવો જ આલ્હાદ થયો હશે.' એણે સેવકોને કહ્યું : "પિતાને મુક્ત કરી દો." ખબરપત્રીઓએ રાજાના હાથમાં બિંબિસારના મૃત્યુનો પત્ર પકડાવી દીધો. પિતાના મૃત્યુના ખબર વાંચીને તે આંસુ સારવા લાગ્યો. અને દોડીને માની પાસે ગયો અને માને પૂછવા લાગ્યો. 'મા,શું મારા પિતાને મારા તરફ પ્રેમ હતો?' માએ આંગળી ચૂસવાની ઘટના કહી સંભળાવી. પિતાના પ્રેમની વાત સાંભળી તે વધુ શોકાકુળ થઈ ગયો અને મનમાં દુઃખી થયો.

કૂણિકનો દોહદ, આંગળીનો ઘા, કારાગૃહ વગેરે પ્રસંગોનું વર્ણન બૌદ્ધ અને જૈન બન્ને પરંપરામાં પ્રાપ્ત થાય છે. પરંપરાના ભેદને કારણે કેટલીક વિગત ભિન્ન છે. જૈન પરંપરાની ઘટના 'નિરયાવલિકા'ની છે, જેનો રચનાકાલ પં. દલસુખભાઈ માલવણિયાએ વિ. સં.ની પૂર્વેનો માન્યો છે.[૧] બૌદ્ધ પરંપરામાં આ ઘટના 'અટ્ઠકથાઓમાં'માં આવી છે અને રચનાકાલ વિક્રમની પાંચમી શતાબ્દી છે.[૨] જે પરંપરાને જે કથાનો સ્રોત મળ્યો એના આધાર પર તે ગ્રંથોમાં આવી છે.

જૈન પરંપરામાં કૂણિકની ક્રૂરતાનું વર્ણન થયું છે. પણ તે બૌદ્ધ પરંપરાની જેમ સ્પષ્ટ નથી. બૌદ્ધ પરંપરામાં 'અજાતશત્રુ' પોતાના પિતાના પગ છોલાવડાવે છે અને એમાં મીઠું ભરીને અગ્નિથી શેક કરાવે છે, એ એનું અમાનવીયરૂપ બહુ સ્પષ્ટતાથી ઊપસ્યું છે. જૈન પરંપરામાં એને (શ્રેણિકને) કારાગૃહમાં પૂરવાની વાત તો કહેવામાં આવી છે, પણ પિતાને ક્રૂરતાથી ભૂખે મારી નાંખવાની વાત કહેવામાં આવી નથી. જૈન પરંપરા અનુસાર શ્રેણિકનું મૃત્યુ એણે પોતે જ કર્યું, તો બુદ્ધ પરંપરામાં 'અજાતશત્રુ'એ કર્યું છે.

જૈન અને બૌદ્ધ બન્ને પરંપરામાં કૂણિકની માતાનું નામ જુદું જુદું મળે છે. જાતક અનુસાર કોશલદેવી કોશલના અધિપતિ 'મહાકોશલ'ની પુત્રી હતી અને પ્રસેનજિત'ની બહેન હતી.[૩] વિવાહના સોનરી અવસર પર કાશીનું એક ગામ એને દહેજના રૂપમાં આપવામાં આવ્યું હતું. પણ જ્યારે બિંબિસારનો વધ કુણિક દ્વારા કરવામાં આવ્યો ત્યારે પ્રસેનજિતે તે ગામ પાછું લઈ લીધું. અજાતશત્રુ પ્રસેનજિતનો ભાણેજ હતો એટલે યુદ્ધના મેદાનમાં એમણે એને માર્યો નહીં અને પોતાની પુત્રી 'વજિરા'નું પાણિગ્રહણ અજાતશત્રુ જોડે કરી દીધું અને ગામ ફરી કન્યાદાનના રૂપમાં અજાતશત્રુને આપી દીધું. સંયુક્તનિકાયમાં અજાતશત્રુને પ્રસેનજિતનો ભાણેજ અને 'વિદેહીપુત્ર' એ બન્ને તરીકે ઓળખવામાં આવ્યો છે.[૫] પરંતુ ગંભીરપણે વિચારતાં આ બંને નામોમાં સંગતિનો અભાવ છે.

---

૧. આગમ-યુગ કા જૈન દર્શન, સન્મતિ જ્ઞાનપીઠ આગરા, ૧૯૬૬, પૃ. ૨૯. પં. દલસુખભા માલવણિયાઈ

૨. આચાર્ય બુદ્ધઘોષ, મહાબોધિ સભા, સારનાથ, વારાણસી-૧૯૫૬

૩. Jataka, ed by Fausboll, Vol. III, P 121

૪. જાતક અટ્ઠકથા, સં. ૨૪૯, ૨૯૩

૫. સંયુક્તનિકાય, ૩-૨-૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય બુદ્ધઘોષે વિદેહીનો અર્થ વિદેહ દેશની રાજકન્યા ન કરતાં 'પંડિતા' કર્યો છે.[૧] જૈન પરંપરા અનુસાર ચેલના વૈશાલી ગણતન્ત્રના અધ્યક્ષ ચેટકની કન્યા હતી. એટલે તે 'વિદેહી' હતી[૨] સંભવ છે કે પ્રસેનજિતની બહેન કોશલદેવી અજાતશત્રુની કોઈ વિમાતા હોય. તિબેટી પરંપરા[૩] તથા અભિતાયુર્ધ્યાન સૂત્રમાં[૪] 'વૈદેહી વાસવી' એ એની માનું નામ છે અને એના કારણમાં તે વિદેહની રાજકન્યા હોવાનું જણાવ્યું છે.[૫]

જૈન આગમ સાહિત્યમાં કૂણિક માટે 'વિદેહપુત્ર' શબ્દ વપરાયેલો છે[૬] રાઈસ ડેવિડ્સના મત પ્રમાણે બિંબિસાર રાજાને બે રાણી હતી. : એક પ્રસેનજિનની બહેન કોશલદેવી અને બીજી વિદેહકન્યા. વિદેહકન્યાનો પુત્ર અજાતશત્રુ હતો.[૭]

અમે આગળ જણાવી ગયા છીએ કે રાજા બિંબિસાર જ્યારે ધૂમગૃહમાં હતા, એ સમયે 'અકથા' અનુસાર એની સેવામાં રાણી 'કોશલા' હતી. 'એન્સાઈકલોપીડિયા ઑફ બુદ્ધિજમ'માં રાણીનુ નામ 'ખેમા' આપવામાં આવ્યું છે અને એને કોશલદેશની રાજકન્યા કહેવામાં આવી છે.[૮] 'થેરીગાથા' પ્રમાણે તે 'મદ્ર' દેશની હતી.[૯] 'અભિતાયુર્ધ્યાનસૂત્ર' અનુસાર રાણીનું નામ વૈદેહી વાસવી' હતું. ડૉ. રાધાકુમુદ મુખર્જીનો અભિપ્રાય છે કે, વૈદેહી વાસવી એ જ કદાચ ચેલના હોય.[૧૦]

કૂણિક રાજગૃહ છોડીને ચંપાનગર આવીને વસ્યો. કૂણિકને બે નાના ભાઈઓ હતા : 'હલ્લ અને વિહલ્લ'. નિરયાવલિકાની ટીકા,, ભગવતીની ટીકા અને ભરતેશ્વરબાહુબલીવૃત્તિમાં હલ્લ અને વિહલ્લ એ બે નામ જોવા મળે છે. અનુત્તરૌપપાતિકમાં 'વિહલ્લ.' અને 'વેહાયસ' એ બેને ચેલનાના પુત્ર ગણાવવામાં આવ્યા છે અને હલ્લને ધારિણીનો પુત્ર દર્શાવવામાં આવ્યો છે. નિરયાવલિકાવૃત્તિ અને ભગવતીવૃત્તિમાં 'હલ્લ' અને 'વિહલ્લ' બન્નેને ચેલનાપુત્ર જણાવવામાં આવ્યા છે. સંશોધન કરનાર માટે આ વિષય અન્વેષણીય છે.

રાજા શ્રેણિકે પ્રસન્નતાથી 'સેચનક હસ્તી' અને દેવ દ્વારા આપવામાં આવેલ 'અઢારહસરા હાર' હલ્લ અને વિહલ્લને આપી દીધા. ઉત્તરાધ્યયનચૂર્ણિ,[૧૧] આવશ્યકચૂર્ણિ,[૧૨] વગેરેમાં એની ઉત્પત્તિની રોચક ઘટના પ્રાપ્ત થાય છે. આવશ્યક ચૂર્ણિ અનુસાર આ બન્ને વસ્તુઓનું મૂલ્ય શ્રેણિક રાજાના સમગ્ર રાજ્ય બરાબર હતું.

વિહલ્લકુમાર 'સેચનક' હસ્તિ પર આરૂઢ થઈને પોતાના અંતઃપુર સાથે ગંગા તટ પર જતો હતો અને હાથી કોઈ વખત પોતાની સૂંઢ વડે રાણીને ઉછાળતો અથવા કોઈ વખત વિહલ્લને દાંત વડે ઉપર લઈ સૂંઢ વડે જલને છંટકાવ કરતો હતો. આ પ્રમાણે એની વિવિધ ક્રીડાઓને જોઈને નગરમાં એ ચર્ચા થવા લાગી કે રાજશ્રીનો સાચો ઉપભોગ તો વિહલ્લકુમાર કરે છે. કૂણિકની પત્ની પદ્માવતીએ આ સાંભળ્યું. એણે કૂણિકને કહ્યું : મારી પાસે (તે) બન્ને અમૂલ્ય વસ્તુઓ નથી.' કૂણિકે કહ્યું : 'પિતાશ્રીએ પહેલેથી જ એમને એ સોંપી દીધી છે.' પણ રાણીના અતિ આગ્રહથી કૂણિકે હલ્લ અને વિહલ્લકુમારને બોલાવીને કહ્યું : 'હાર અને હાથી મને સોંપી દો.' ઉત્તરમાં એમણે જણાવ્યું 'પૂજ્ય પિતાશ્રીએ અમને બેને બેઉ વસ્તુઓ આપી છે. અમે તે આપને કેવી રીતે આપી શકીએ ?' આ ઉત્તર સાંભળીને રાજા કૂણિક ગુસ્સે થઈ ગયો. સમય જોઈને તે બન્ને પોતાના અંતઃપુરની સાથે વૈશાલીમાં રાજા ચેટકની પાસે પહોંચી ગયા.

કૂણિકને આની જાણ થતાં ચેટકની પાસે દૂત મોકલીને હાર અને હાથી, હલ્લ તથા વિહલ્લને ચંપા મોકલવાનું કહેવડાવ્યું. ચેટકે સૂચવ્યું : અડધુ રાજ હલ્લ તથા વિહલ્લને આપી દો, તો હાર અને હાથી મોકલાવી દઈશ.' કૂણિકે

---

૧. વેદેહિપુત્તો તિ વેદેહીત પંડિતાધિવચનં એતં, પંડિતિત્થિયાપુત્તો વિ અત્થો ॥ —સંયુક્તનિકાય, અકથા–૧, ૧૨૦
૨. આવશ્યકચૂર્ણિ. ભાગ ૨, પત્ર ૧૬૪
૩. Rockhill : Life of Buddha, p. 63
૪. S. B, E. Vol. XLIX, p. 166.
૫. Rockhill : Life of Buddha, p. 63.
૬. ભગવતીસુત્ર, શતક ૭, ઉદ્દેશક ૯, પૃ. ૫૭૯.
૭. Buddhist India, p. 3.
૮. Encyclopaedia of Buddhism, p. 316.
૯. થેરીગાથા, અકથા, ૧૩૯–૧૪૩.
૧૦. હિન્દુ સભ્યતા, પૃ. ૧૮૩.
૧૧. ઉત્તરાધ્યયનચૂર્ણિ.
૧૨. આવશ્યકચૂર્ણિ, ઉત્તરાર્ધ, પત્ર ૧૬૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરીથી કહેવડાવ્યું : 'હલ્લ અને વિહલ્લ મારી આજ્ઞા વિના હાર અને હાથી લઈ ગયા છે. તે મગધની સંપત્તિ છે. એટલે આપ પાછી મોકલી આપો અથવા યુદ્ધ માટે તૈયાર રહો.'

દૂતના અભદ્ર વ્યવહાર અને પત્રને વાંચી ચેટક ગુસ્સે થઈ ગયો. એણે એને ગળચીમાંથી પકડીને બહાર કાઢી મૂકયો અને કહ્યું : 'હું અન્યાય સહન કરી શકતો નથી. શરણાગતની રક્ષા કરવાનું મારું કર્તવ્ય છે. જો તે યુદ્ધ માટે તૈયાર છે, તો હું પણ પીછેહઠ કરનાર નથી.'

કૂણિકે પોતાના કાલ વગેરે ભાઈઓને બોલાવીને યુદ્ધ માટે તૈયાર રહેવાનો આદેશ આપ્યો અને તે બધા વૈશાલી ગયા. આ બાજુ રાજા ચેટકે પણ કાશીના નવ મલ્લવી અને નવ લિચ્છવી—એમ અઢાર ગણરાજાઓને બોલાવીને મંત્રણા કરી. બધાએ એમ કહ્યું : 'હાર અને હાથી પાછા આપવા ઉચિત નથી. શરણાગતની રક્ષા કરવાનું આપણું કર્તવ્ય છે.'

બન્ને સેનાઓ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. કૂણિકે 'ગરુડવ્યૂહ'ની રચના કરી તો ચેટકે 'શકટવ્યૂહ'ની રચના કરી. રાજા ચેટક ભગવાન મહાવીરનો પરમ ઉપાસક હતો. એનો એ અભિગ્રહ હતો : 'હું એક દિવસમાં એકથી વધુ બાણનો પ્રયોગ કરીશ નહીં.' એનું બાણ અમોઘ હતું. પહેલે દિવસે કૂણિક તરફથી કાલકુમાર સેનાપતિ બનીને યુદ્ધમાં આવ્યો. તે ચેટકના બાણથી ધરાશાયી થઈ ગયો. બીજા દિવસે સુકાલકુમાર, ત્રીજા દિવસે મહાકાલ, ચોથે દિવસે કૃષ્ણ, પાંચમા દિવસે સુકૃષ્ણ, છઠ્ઠા દિવસે મહાકૃષ્ણ, સાતમા દિવસે વીરકૃષ્ણ, આઠમે દિવસે રામકૃષ્ણ, નવમા દિવસે પિઉસેણકૃષ્ણ અને દસમા દિવસે મહાસેણકૃષ્ણ ક્રમશ રાજા ચેટકના હાથે મૃત્યુ પામ્યા. આ સમયે ભગવાન મહાવીર ચંપાનગરીમાં બીરાજમાન હતા. દશેય રાજકુમારોની માતાઓએ ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો : 'કાલકુમાર વગેરે જીવિત રહેશે યા મૃત્યુ પામશે ?' ભગવાને ઉત્તર આપ્યો : 'તેઓ બધા મૃત્યુ પામી ગયા છે.' દશેય રાણીઓએ દીક્ષાગ્રહણ કરી.

મહાશિલાકંટક સંગ્રામ

મહાશિલાકંટક સંગ્રામનું નિરૂપણ ભગવતીમાં થયું છે. આને બુદ્ધગ્રંથ 'દીઘનિકાય'ના મહાપરિનિબ્બાણસુત્ત તથા એની 'અટ્ઠકથા'માં 'વજ્જીવિજય' કહેવામાં આવ્યો છે. યુદ્ધનું કારણ, એની પ્રક્રિયા અને એની નિષ્પત્તિ પરંપરાના ભેદને કારણે ભિન્ન ભિન્ન સ્વરૂપમાં જોવા મળે છે. પણ એ સ્પષ્ટ છે કે મગધનો વૈશાલી ગણતંત્ર પર વિજય હતો. આ યુદ્ધના સમયે ભગવાન મહાવીર અને તથાગત બુદ્ધ બન્ને વિદ્યમાન હતા. બન્નેને યુદ્ધ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો. બન્નેએ એનો ઉત્તર આપ્યો. આ યુદ્ધના વર્ણન પરથી તે સમયની રાજનૈતિક સ્થિતિ અંગે જાણકારી મળે છે.

એ અમે પૂર્વે જણાવી ગયા છીએ કે રાજા કૂણિકના સેનાપતિ ચેટકના અમોઘ બાણથી મરી રહ્યા હતા. રાજા કૂણિકને લાગ્યું : હવે મારો પરાજય નિશ્ચિત છે. એણે ત્રણ દિવસના ઉપવાસ કરીને શક્રેન્દ્ર અને ચમરેન્દ્રની આરાધના કરી. તે બન્ને ઇન્દ્રો પ્રગટ થયા. એમના સહયોગથી મહાશિલાકંટક સંગ્રામની પહેલા દિવસની યોજના કરવામાં આવી. પરસ્પર ભયંકર યુદ્ધ થયું. કૂણિકની સેના દ્વારા રાજા ચેટકની સેના પર કંકડ, તૃણ અને પત્ર વગેરે જે કાંઈ ફેંકવામાં આવતું હતું તે બધું મહાશિલાની માફક પ્રહાર કરતું હતું.[૧] તે પ્રથમ દિવસના યુદ્ધમાં જ ચોરાશી લાખ માનવ માર્યા ગયા. બીજે દિવસે રથમૂસલ સંગ્રામના વિકુર્વણા થઈ. દેવનિર્મિત રથ પર સ્વયં ચરમેન્દ્ર આરૂઢ થયો તથા મૂસલ વડે ચારે તરફ પ્રહાર કરવા લાગ્યો.[૨] બીજે દિવસે છન્નુ લાખ માનવોનો સંહાર થયો. આ પ્રમાણે બે દિવસના સંગ્રામમાં 'એક કરોડ એંશી લાખ' માનવોનો વિનાશ થયો. ચેટક તથા નવ મલ્લવી અને લિચ્છવી—એ અઢાર કાશી—કૌશલના ગણરાજાઓનો પણ પરાજય થયો અને કૂણિકનો વિજય થયો.[૩]

રાજા ચેટક પરાજિત થઈને વૈશાલી ચાલ્યો ગયો. નગરનાં દ્વાર બંધ કરી દેવામાં આવ્યાં. કૂણિકે કિલ્લો તોડવાનો ઘણો પ્રયાસ કર્યો. પણ સફળ ન થયો. એણે વૈશાલીની બહાર ઘેરો ઘાલ્યો.

એક દિવસે આકાશવાણી થઈ. શ્રમણ 'કૂલબાલક'[૪] જ્યારે માગધિકા વેશ્યામાં અનુરક્ત થશે ત્યારે કૂણિક (અશોક

---

૧. ભગવતીસૂત્ર, સટીક, સૂત્ર ૨૯૯, પત્ર-૫૭૮.

૨. ભગવતીસૂત્ર, સટીક, શતક ૭. ઉદ્દે. ૯, સૂત્ર ૩૦૦, પૃ. ૫૮૪.

૩. ભગવતી, શતક ૭, ઉદ્દેશક ૯, સૂત્ર ૩૦૧.

૪. 'કૂલબાલુક' તપસ્વી નદીના કિનારાની સમીપમાં આતાપના લેતો હતો. એના તપઃપ્રભાવથી નદીનો પ્રવાહ થોડો પલટાઈ ગયો એટલે એનું નામ 'કૂલબાલુક' પડી ગયું.
—ઉત્તરાધ્યયનસૂત્ર, લક્ષ્મીવલ્લભ કૃત વૃત્તિ (ગુજરાતી અનુવાદ સહિત), અમદાવાદ, ૧૯૩૫, પ્રથમ ખંડ, પત્ર ૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચન્દ્ર) વૈશાલીનગરીને ગ્રહણ કરશે.[૧] કૂણિકે કૂલબાલકની શોધ કરી. માગધિકા વેશ્યાને બોલાવવામાં આવી. માગધિકા કપટપણે શ્રાવિકનો વેશ ધારણ કરી કૂલબાલકને પોતામાં અનુરક્ત કર્યો. કૂલબાલક નૈમિત્તકનો વેશ ધારણ કરી કોઈ પણ રીતે વૈશાલી પહોંચી ગયો. એને એ વસ્તુની ખબર હતી કે મુનિસુવ્રતસ્વામીના સ્તૂપના કારણે જ આ નગરી બચી જવા પામી છે. નાગરિકોએ નૈમિત્તિક સમજીને એને ઉપાય પૂછ્યો. નૈમિત્તિક વેશધારી કૂલબાલકે નાગરિકોને જણાવ્યું : 'સ્તૂપના કારણે જ શત્રુ તમને હેરાન કરી રહ્યા છે. જો સ્તૂપ તૂટી જશે એટલે શત્રુ અહીંથી ભાગી જશે.' લોકોએ સ્તૂપ તોડવાનો આરંભ કર્યો. કૂલબાલકના સંકેત અનુસાર કૂણિકની સેના પાછળ હટવા લાગી અને જ્યારે સ્તૂપ પૂર્ણપણે તૂટી ગયો, એટલામાં કૂણિકે એકાએક આક્રમણ કરી વૈશાલીના કિલ્લાનો નાશ કરી નાખ્યો.[૨]

શત્રુથી બચવા માટે હલ્લ અને વિહલ્લકુમાર હાર અને હાથી લઈને ચાલી નીકળ્યા. પણ ખાઈમાં પ્રચ્છન્નરૂપમાં આગ હતી. સેચનક હાથીને વિભંગજ્ઞાન વડે આગની જાણકારી થઈ ગઈ હતી, એટલે તે આગળ વધતો ન હતો. એને પરાણે આગળ વધવા માટે ઉત્તેજિત કરવામાં આવ્યો. એટલે તેણે પોતાની સૂંઢ વડે હલ્લ અને વિહલ્લને નીચે ઉતારી મૂક્યા અને પોતે અગ્નિમાં પ્રવેશ્યો. હાથી શુભ અધ્યવસાયમાં આયુષ્ય પૂર્ણ કરી દેવ બન્યો. દેવપ્રદત્ત હારને દેવ ઉઠાવીને ચાલ્યા ગયા. શાસનદેવ હલ્લ અને વિહલ્લને મહાવીર પાસે લઈ ગયા અને ત્યાં તે બન્ને દીક્ષિત થઈ ગયા.[૩]

રાજા ચેટકે આમરણ અનશન કરીને સદ્‌ગતિ પ્રાપ્ત કરી.[૪]

બૌદ્ધ પરંપરામાં મગધ વિજયનો પ્રસંગ આ પ્રમાણે છે : ગંગાના એક પટ્ટન પાસેના એક પર્વતમાં રત્નોની ખાણ હતી[૫] 'અજાતશત્રુ' અને લિચ્છવીઓ વચ્ચે એવી સમજૂતી થઈ હતી કે બન્ને અડધાં અડધાં રત્નો લેશે. અજાતશત્રુ ઢીલો હતો. આજકાલ કરતાં તે સમયસર પહોંચી શક્યો નહીં. લિચ્છવીઓ બધાં રત્નો લઈને ચાલ્યા ગયા. અનેકવાર આવું બનતાં એને ઘણો ગુસ્સો આવ્યો. પણ ગણતંત્રની સાથે યુદ્ધ કેવી રીતે કરી શકાય ? એનાં બાણ નિષ્ફળ જતાં નહીં.[૬] એ વિચારીને દરેક વખત યુદ્ધનો વિચાર સ્થગિત કરતો રહ્યો. પણ જ્યારે અત્યધિક હેરાન થયો ત્યારે મનમાં ને મનમાં નિશ્ચય કર્યો કે 'હું વજ્જીઓનો અવશ્ય વિનાશ કરીશ.' એણે પોતાના મહામંત્રી 'વસ્સકાર'ને બોલાવીને તથાગત બુદ્ધ પાસે મોકલ્યો.[૭]

તથાગત બુદ્ધે કહ્યું : વજ્જિયોમાં સાત વાત આ પ્રમાણે છે.

૧. સન્નિપાત–બહુલ છે. અર્થાત્ તેઓ બધાં અધિવેશનમાં ઉપસ્થિત રહે છે.
૨. એમનામાં એકમત છે. જ્યારે સન્નિપાત ભેરી વાગે છે ત્યારે તેઓ ગમે તે સ્થિતિમાં હોય, બધા એક થઈ જાય છે.
૩. વજ્જી અપ્રજ્ઞપ્ત (અવૈધાનિક) વાતનો સ્વીકાર નથી કરતા અને વૈધાનિક વાતનો ઉચ્છેદ કરતા નથી.
૪. વજ્જી વૃદ્ધ અને ગુરુજનોનો સત્કાર (સંમાન) કરે છે.
૫. વજ્જી કુલસ્ત્રીઓ અને કુલકુમારિકાઓ પર ન તો બલાત્કાર કરે છે કે ન તો બલપૂર્વક વિવાહ કરે છે.
૬. વજ્જી પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતા નથી.
૭. વજ્જી અર્હતોના નિયમોનું પાલન કરે છે. એટલે અર્હત્ એમને ત્યાં આવે છે.

આ સાત નિયમ જ્યાં સુધી વજ્જીઓમાં છે અને રહેશે ત્યાં સુધી કોઈ પણ શક્તિ એને પરાજિત કરી શકે નહીં.[૮]

પ્રધાન અમાત્ય 'વસ્સકારે' પાછા આવીને અજાતશત્રુને કહ્યું : 'બીજો કોઈ ઉપાય નથી. જ્યાં સુધી એમનામાં કોઈ ભેદ ન પડે ત્યાં સુધી કોઈ પણ શક્તિ એમનું નુકશાન કરી શકે એમ નથી. વસ્સકારના સંકેત અનુસાર અજાતશત્રુએ રાજસભામાંથી વસ્સકારને એ આરોપસર કાઢી મૂક્યો કે તે વજ્જીઓનો પક્ષ લે છે. વસ્સકારને કાઢી મૂક્યો તે ખબર

૧. સમણે જહ કૂલવાલએ, માગહિઅં ગણિઅં રમિસ્સએ, રાયા અ અસોગચંદએ, વેસાલિં નગરીં ગહિસ્સએ ।।
એજન પૃ. ૧૦.

૨. ઉત્તરાધ્યયનસૂત્ર, લક્ષ્મીવલ્લભ કૃત વૃત્તિ, પત્ર ૧૧
૩. ભરતેશ્વરબાહુબલીવૃત્તિ, પત્ર ૧૦૦–૧૦૧
૪. આચાર્ય ભિક્ષુ, ભિક્ષુ–ગ્રંથ રત્નકર, ખંડ–૨, પૃ. ૮૮
૫. બુદ્ધચર્યા (પૃષ્ઠ ૪૮૪) અનુસાર 'પર્વતની પાસે બહુમૂલ્ય સુગન્ધવાળો માલ ઊતરતો હતો.'
૬. દીઘનિકાય અટ્ઠકથા (સુમંગલ વિલાસિની) ખંડ ૨, પૃ. ૫૨૬ Dr. B.C. Law : Buddhagosha, P III, હિન્દુ સભ્યતા, પૃ. ૧૯૯.
૭. દીઘનિકાય, મહાપરિનિવ્વાણસુત્ત, ૨/૩ (૧૬).
૮. દીઘનિકાય, મહાપરિનિવ્વાણસુત્ત, ૨/૩ (૧૬).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વજ્જીઓને પ્રાપ્ત થઈ. કેટલાક અનુભવીઓએ કહ્યું : 'એને આપણે ત્યાં કોઈ સ્થાન ન આપવામાં આવે.' કેટલાક લોકોએ કહ્યું : 'નહીં, તે મગધનો શત્રુ છે, એટલે તે અમારે માટે ખૂબ ઉપયોગી છે.' એમણે વસ્સકારને પોતાની પાસે બોલાવ્યો અને એને 'અમાત્યપદ' આપ્યું. વસ્સકારે પોતાનાં બુદ્ધિ-બળથી વજ્જીઓ પર પોતાનો પ્રભાવ જમાવ્યો. જ્યારે વજ્જી-ગણ એકત્રિત થયો, ત્યારે કોઈ એકને વસ્સકાર પોતાની પાસે બોલાવતો અને એને ધીમેથી કાનમાં પૂછતો : 'શું તમે ભેતર બેઠા છો?' એ ઉત્તર આપતો : 'હા, હું બેઠું છું.' મહામાત્ય બીજો પ્રશ્ન એ પૂછતો કે, 'બે બળદથી બેઠા છો કે એક બળદથી?'

બીજો લિચ્છવી એ વ્યક્તિને પૂછતો : 'કહો, મહામાત્યે તમને એકાન્તમાં લઈ જઈને શું વાત કહી?' તે બધી વાત કરી દેતો. પણ તેઓ કહેતા : 'તું સત્ય છુપાવે છે?' તે કહેતો : 'જો તેમને મારા પર વિશ્વાસ ન હોય તો હું શું કહી શકું?' આ પ્રમાણે એક બીજામાં અવિશ્વાસની ભાવના ઉત્પન્ન કરવામાં આવી. અને એક દિવસે એ બધાનાં મનમાં એટલી બધી મલિનતા વ્યાપી ગઈ કે એક લિચ્છવી બીજા લિચ્છવી સાથે બોલવા પણ ઇચ્છતો ન હતો. સન્નિપાતની ભેરી વાગી, પણ કોઈ પણ આવ્યું નહીં. વસ્સકારે અજાતશત્રુને છૂપી રીતે સૂચના મોકલાવી. એણે સૈન્ય સાથે આક્રમણ કર્યું. ભેરી વગાડવામાં આવી, પણ યુદ્ધ માટે કોઈ તૈયાર થયું નહીં. અજાતશત્રુએ નગરમાં પ્રવેશ કર્યો અને વૈશાલીનો સર્વનાશ કરી નાખ્યો.[૧]

આ પ્રમાણે જૈન અને બૌદ્ધ બન્ને પરંપરાઓમાં મગધવિજય અને વૈશાલીના નાશનું વિસ્તૃત વર્ણન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. જૈન અનુસાર ચેટક અઢાર ગણદેશોનો નાયક હતો. બૌદ્ધ પરંપરા એને કેવળ પ્રતિપક્ષી જ માને છે. જૈન અનુસાર કૂણિકની પાસે ત્રેત્રીસ કરોડની સેના હતી. તો ચેટકની પાસે સત્તાવન કરોડની સેના હતી અને બન્ને યુદ્ધમાં એક કરોડ એંસી લાખ માનવોનો સંહાર થયો. બૌદ્ધ અનુસાર યુદ્ધનું નિમિત્ત છે : રત્નરાશિ. જૈન પરંપરામાં જેમ ચેટકનો પ્રહાર અમોઘ બતાવવામાં આવ્યો છે, એવી રીતે બૌદ્ધ ગ્રંથો અનુસાર વજ્જીલોકોના પ્રહાર અચૂક હતા. નગરની રક્ષાનો મૂળ આધાર જૈન અનુસાર સ્તૂપને માનવામાં આવ્યો છે, તો બૌદ્ધ અનુસાર પારસ્પરિક એકતા, ગુરુજનનું સન્માન વગેરેને ગણાવવામાં આવ્યાં છે. જેટલું વ્યવસ્થિત વર્ણન જૈન પરંપરામાં છે તેટલું બૌદ્ધ પરંપરામાં પ્રાપ્ત થતું નથી. વૈશાલીના પરાજયમાં બન્ને પરંપરામાં છદ્મભાવનો ઉપયોગ થયો છે. વૈશાલીનું યુદ્ધ કેટલો સમય ચાલ્યું? આ અંગે જૈન પરંપરામાં એક પખવાડિયું પ્રત્યક્ષ યુદ્ધ ચાલ્યું અને કેટલોક સમય કિલ્લાનો ભંગ કરવામા લાગ્યો. બૌદ્ધ પરંપરા અનુસાર 'વસ્સકાર' ત્રણ વર્ષ સુધી વૈશાલીમાં રહ્યો અને લિચ્છવીઓમાં ભેદ ઊભા કરતો રહ્યો. ડૉ. રાધાકુમુદ મુખર્જીના અભિપ્રાય પ્રમાણે યુદ્ધની અવધિ ઓછામાં ઓછાં સોલ વર્ષ સુધીની હતી.[૨]

વિજય તસ્કર

સાધનાની પ્રગતિમાં સૌથી મોટી અડચણ છે : પર—પદાર્થો પ્રતિ આસક્તિ. અને જ્યાં સુધી આસક્ત છે, ત્યાં સુધી આત્માનંદનો અનુભવ થતો નથી. જ્યારે ઇન્દ્રિયોના વિષયોમાં રાગદ્વેષનું વિષ ભળી જાય છે ત્યારે સમાધિભાવ નષ્ટ થઈ જાય છે. શ્રમણ પોતાના શરીર પર પણ મમત્વ ન રાખે. તે આહાર અને પાણી દ્વારા શરીરનું પોષણ કેવી રીતે કરે છે? આ દૃષ્ટાન્તના માધ્યમ દ્વારા આ પ્રમાણે બતાવવામાં આવે છે :

રાજગૃહમાં ધન્ના સાર્થવાહ રહેતો હતો. એની પત્નીનું નામ ભદ્રા હતું. અનેક માનતાઓ પછી એને એક પુત્ર થયો. એનું નામ દેવદત્ત રાખવામાં આવ્યું. એક વાર પંથક દેવદત્તને બહુમૂલ્ય વસ્ત્રાભૂષણોમાં સુસજ્જ કરી રમવા માટે લઈ જઈ રહ્યો હતો. દેવદત્ત બાળકો સાથે રમવા લાગ્યો. એક બાજુથી વિજય નામનો તસ્કર—ચોર આવ્યો અને દેવદત્તને ઉઠાવીને ચાલ્યો ગયો. તેણે એનાં આભૂષણો ઉતારી લીધાં અને દેવદત્તને કૂવામાં ફેંકી દીધો જેથી એનું પ્રાણપંખી ઊડી ગયું. પંથક અનુચરને તો આનું કોઈ ધ્યાન ન રહ્યું. જ્યારે એને આનો ખ્યાલ આવ્યો ત્યારે તો બાલક ગૂમ હતો. તેણે ખૂબખૂબ શોધ્યો. પણ જ્યારે તે ન મળ્યો ત્યારે તે રડતો રડતો ઘેર પાછો આવ્યો. ધન્ના સાર્થવાહે આની ખબર નગરરક્ષકને કરી. શોધ કરતાં અંધકૂપમાંથી બાલકનું શબ મળી આવ્યું. પગનાં ચિહ્નોનું નિરીક્ષણ કરતાં કરતાં તેઓ સઘન ઝાડીઓમાં છુપાઈ રહેલા વિજય પાસે પહોંચી ગયા અને તેને પકડી લઈને ખૂબ માર્યો તથા જેલમાં પૂરી દીધો.

---

૧. દીઘનિકાય અટ્ઠકથા, ખંડ ૧, પૃ. ૫૧૩.

૨. હિન્દુ સભ્યતા, પૃ. ૧૮૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધારણ એવા અપરાધ માટે ધન્ના સાર્થવાહને પણ એક દિવસે જેલમાં પૂરી દેવામાં આવ્યો. વિજય તસ્કર અને ધન્ના સાર્થવાહ બન્ને એક જ બેડીમાં બંદીવાન હતા. ધન્ના સાર્થવાહની પત્ની ભદ્રાએ જેલમાં ઉત્તમ ભોજન મોકલ્યું. ધન્ના સાર્થવાહ જ્યારે ભોજન કરવા બેઠો ત્યારે વિજય તસ્કરે તે ભોજનમાંથી થોડીક સામગ્રી ખાવા માટે માગી. ધન્ના સાર્થવાહ પોતાના પુત્રના ઘાતકને એમાંથી ભોજન કઈ રીતે આપી શકે? એણે ઇન્કાર કર્યો. જ્યારે ધન્ના સાર્થવાહને મલમૂત્ર ત્યાગ કરવાની ઇચ્છા થઈ ત્યારે એણે વિજય તસ્કરને કહ્યું, કેમ કે તે બન્ને એક જ બેડીમાં બંદીવાન હતા. તેઓ એકબીજા વગર ત્યાંથી ખસી શકતા ન હતા. એટલે વિજય ચોરે કહ્યું : 'હું તો ભૂખ્યોતરસ્યો છું. તારે જવું હોય તો જા. કેટલાક સમય સુધી તે મલમૂત્ર રોકવાનો પ્રયાસ કરતો રહ્યો. પણ કયાં સુધી રોકી રાખે? અંતમાં વિવશ થઈને ધન્ના સાર્થવાહે આહારપાણી આપવાનું વચન આપ્યું, ત્યારે તે એની સાથે જવા લાગ્યો. આહારપાણી લાવવાનું કાર્ય પંથક અનુચર કરતો હતો. એણે વિજય શેઠને આહાર આપતા જોઈને વિચાર કર્યો : 'આ કેવો શેઠ છે? જે પોતાના પુત્રના હત્યારાને આહાર આપે છે?' એણે આ વાત શેઠાણીને કહી. શેઠાણીને ખૂબ જ ગુસ્સો આવ્યો કે, શેઠ પુત્રના હત્યારાનું પોષણ કરી રહ્યા છે! કેટલાક વખત પછી શેઠને જેલમાંથી મુક્તિ મળી. તે ઘેર ગયો પણ શેઠાણીની મુખમુદ્રા જોઈને શેઠે કહ્યું : 'શું તને જેલમાંથી થયેલી મારી મુક્તિ સારી લાગી નથી?' ભદ્રા સાર્થવાહીએ કહ્યું : 'આપે મારા લાડકા પુત્રના હત્યારા વિજય ચોરને આહાર વગેરે આપ્યાં એ જ મારા ગુસ્સાનું કારણ છે.' શ્રેષ્ઠીએ કહ્યું : 'કર્તવ્ય, ધર્મ યા પ્રત્યુપકારની દૃષ્ટિથી નહીં, પરંતુ મલમૂત્ર વિસર્જનમાં સહાયક થવાની દૃષ્ટિએ આહારપાણી આપ્યાં હતાં.' આ સાંભળી ભદ્રાને સંતોષ થયો.

પ્રસ્તુત કથાપ્રસંગ આપીને શાસ્ત્રકારે કહ્યું : 'શેઠને વિવશતાથી પુત્રઘાતકને ભોજન આપવું પડ્યું, એવી રીતે સાધકે સંયમનિર્વાહ માટે જ આહાર આદિ શરીરને આપવું પડે છે. શ્રેષ્ઠીએ તસ્કરને પોતાનો પરમ હિતેષી સમજીને ભોજન નહોતું આપ્યું, પણ કાર્યસિદ્ધિ માટે આપ્યું હતું. એવી રીતે જ શ્રમણે પણ જ્ઞાન-દર્શનની સિદ્ધિને માટે આહાર ગ્રહણ કરવો જોઈએ. આગમ સાહિત્યમાં શ્રમણના આહારગ્રહણ અંગે વિસ્તારથી નિરૂપણ છે. આ ગુરુતમ રહસ્ય અહીં કથાના માધ્યમથી વ્યક્ત કરવામાં આવ્યું હતું.

મયૂરીનાં ઈંડાં

આધ્યાત્મિક સમુત્કર્ષ માટે શ્રદ્ધાની આવશ્યકતા છે. ગીતામાં 'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં' એમ કહ્યું છે. આ વિશ્વમાં જ્ઞાન બધાથી મહાન છે. તે જ્ઞાન શ્રદ્ધાથી પ્રાપ્ત થાય છે. ભગવાન મહાવીરે શ્રદ્ધાને દુર્લભ જ નહીં પણ પરમ દુર્લભ ગણાવી છે. એટલે કે તે સાધકને એવી પ્રેરણા આપે છે : 'તમેવ સચ્ચં નીસંકં જં જિણેહિ પવેઇયં' જેનું મન ચંચલ છે, મન ડામાડોળ છે તે સિદ્ધિ પામી શકતો નથી. સફલતાને માટે શ્રદ્ધા અનિવાર્ય છે.

ચંપાનગરીમાં જિનદત્ત-પુત્ર અને સાગરદત્ત-પુત્ર એ બન્ને સાર્થવાહ-પુત્રો હતા. બન્ને પરમ મિત્રો હતા. તેઓ ધૂપ-છાયાની માફક સાથે રહેતા હતા. પણ બન્નેની વૃત્તિ એક બીજાથી જુદી જ હતી. એકવાર તેઓ ગણિકા દેવદત્તા સાથે સુરભિ ઉદ્યાનમાં ગયા. સ્નાન, ભોજન, સંગીત, નૃત્યનો આનંદ લેતા એવા તેઓ સઘન ઝાડીમાં બનેલા 'માલુકાકચ્છ'માં ગયા. એમને એકાએક નિહાળીને એક મયૂરી ગભરાટથી કેકારવ કરતી વૃક્ષની ડાળી ઉપર જઈને બેઠી. સાર્થવાહપુત્રોને ત્યાં આગળ બે ઈંડાં જોવા મળ્યાં. બન્નેએ એક એક ઈંડું ઉઠાવી લીધું. સાગરદત્ત-પુત્રનું મન શંકાશીલ હતું. તે વારંવાર ઈંડાને ઊલટાવી-પલટાવીને જોતા કે કયારે ઈંડામાંથી બચ્ચું નીકળશે. વારંવાર હલાવવાને કારણે ઈંડું નિર્જીવ થઈ ગયું. પુત્રે તે ઈંડું મયૂર-પાલકોને સોંપી દીધું. એમાંથી બચ્ચું નીકળ્યું. એને વિવિધ પ્રકારની નૃત્યકલા શીખવવામાં આવી. આ કારણે આખા નગરમાં એની પ્રસિદ્ધિ થઈ ગઈ.

પ્રસ્તુત રૂપકના માધ્યમથી એ દર્શાવવામાં આવ્યું છે કે 'संशयात्मा विनश्यति. અને જે શ્રદ્ધાશીલ હોય છે તે સિદ્ધિ પામે છે. આ પ્રમાણે ભલે શ્રમણ હોય, ભલે શ્રમણી હોય, એણે શ્રદ્ધાનિષ્ઠ થઈને સાધના કરવી જોઈએ. જે શ્રદ્ધા સાથે સાધના કરે છે તે સફળતા પ્રાપ્ત કરે છે.

આ કથાના વર્ણનથી એ પણ જાણવા મળે છે કે એ યુગમાં માનવ આજની માફક પશુપક્ષીઓને કેળવતા હતા. કેળવણી આપવાથી પશુપક્ષીગણ એવી કલા પ્રદર્શિત કરતા હતા કે જેનાથી દર્શક મન્ત્રમુગ્ધ થઈ જાય. પશુપક્ષી કે જેમનું જીવન વિકલ છે તે પણ કેળવણીથી કલાવંત બની શકે છે. જો માનવ શિક્ષણક્ષેત્રમાં આગળ વધે તો સ્વ અને પર બન્નેના જીવનનું કલ્યાણ કરી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૂર્મ કથાનક

વારાણસીની બહાર મૃતગંગાતીર નામક એક દ્રહ (તલાવ) હતું. એમાં રંગબેરંગી કમલ ખીલી રહ્યાં હતાં. અનેક પ્રકારનાં મચ્છ, કચ્છપ, મગર, ગ્રાહ વગેરે જલચર પ્રાણીઓ આ તલાવમાં રહેતાં હતાં. એક સમયે બે કાચબા તળાવની બહાર નીકળ્યા અને આસપાસ આહારની શોધ કરતા ફરવા લાગ્યા. એ સમયે બે શિયાળ ત્યાં આવી પહોંચ્યાં. શિયાળને જોઈ કાચબાઓ ભયભીત થઈ ગયા. એમણે પોતાનાં પગ, ડોક અને શરીરને છુપાવી દીધાં. શિયાળની નજર આ કાચબાઓ પર પડી. તે બંને એના પર તૂટી પડ્યાં. તેમણે એમને કાપવા-તોડવાનો ઘણો પ્રયાસ કર્યો પણ તેઓ સફલ ન થઈ શકયાં. શિયાળ બહુ ચાલાક જનવર હોય છે. શિયાળે વિચાર્યું : 'જ્યાં સુધી તે પોતાના અંગોને છુપાવીને રહેશે ત્યાં સુધી આપણે એનો વાળ પણ વાંકો નહીં કરી શકીએ. એટલે આપણે ચાલાકીથી કામ કરવું પડશે.' તે બંને શિયાળ કાચબાઓ પાસેથી હઠી ગયાં અને ઝાડીમાં છુપાઈ ગયાં. બેમાંથી એક કાચબો ચંચળ પ્રકૃતિનો હતો. તેણે ધીમેધીમે પોતાના અવયવ બહાર કાઢયા. શિયાળ એના પર તૂટી પડ્યાં અને એને મારીને ખાઈ ગયાં. બીજા કાચબાએ લાંબા સમય સુધી પોતાનાં અંગો છુપાવીને રાખ્યાં. જ્યારે શિયાળ ચાલ્યાં ગયાં ત્યારે ઝડપથી તલાવમાં પહોંચી ગયો. શિયાળ આ કાચબાનો વાળ પણ વાંકો કરી શકયાં નહીં. આવી રીતે જે સાધક પોતાની ઇન્દ્રિયો પૂર્ણપણે વશમાં રાખે એનું કોઈ પણ નુકશાન થતું નથી. સૂત્રકૃતાંગમાં[૧] પણ અત્યંત સંક્ષેપમાં કાચબાના રૂપકને સાધકના જીવન સાથે નિરૂપિત કરવામાં આવ્યું છે. શ્રીમદ્ ભગવતગીતામાં પણ શ્રીકૃષ્ણે સ્થિરપ્રજ્ઞનું સ્વરૂપ પ્રતિપાદિત કરતાં કેટલાંક દૃષ્ટાંત આપ્યાં છે[૨] તથાગત બુદ્ધે પણ સાધકના જીવન માટે કાચબાનું રૂપક પ્રસ્તુત કર્યું છે. આ પ્રમાણે કાચબાનું રૂપક જૈન, બુદ્ધ અને વૈદિક-ત્રણેય પરંપરામાં ઇન્દ્રિયનિગ્રહ માટે આપવામાં આવ્યું છે. કથાના માધ્યમમાં આપવામાં આવેલ આ રૂપક અત્યંત પ્રભાવશાળી બની ગયું છે.

રોહિણીજ્ઞાત

રાજગૃહનગરમાં ધન્ય સાર્થવાહને ધનપાલ, ધનદેવ, ધનગોપ અને ધનરક્ષિત-એ ચાર પુત્રો હતા. એમની ઉજ્જિઝકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી—એ ચાર પત્નીઓ હતી. ધન્ય સાર્થવાહ અત્યંત દૂરદર્શી હતો. જ્યારે તે વૃદ્ધાવસ્થાથી ઘેરાઈ ગયો ત્યારે એને પોતાના કુટુંબની સુવ્યવસ્થા માટે ચિંતા થઈ. ચારેય પુત્રવધૂઓની પરીક્ષા માટે એણે એક સમારોહમાં પાંચ પાંચ ચોખાના દાણા એમને આપ્યા અને કહ્યું : 'જ્યારે હું માગું ત્યારે મને પાછા આપજો'. પહેલી વહુએ વિચાર્યું : 'સસરાજીની બુદ્ધિ બહેર મારી ગઈ છે. એટલે જ આટલો મોટો સમારોહ કરીને કેવળ પાંચ દાણા આપ્યા અને વળી એને પાછા આપવાની વાત કરી. અત્રે દાણાની કયાં ખોટ છે ? તેઓ જ્યારે પણ તે માગશે ત્યારે હું તે આપી દઈશ.' એમ વિચારીને એણે દાણા ફેંકી દીધા. બીજી વહુએ વિચાર્યું. 'જોકે દાણાનું મૂલ્ય નથી તથાપિ પૂજ્ય સસરાજીનો આ દિવ્ય પ્રસાદ છે' એમ વિચારી તે તે દાણા ખાઈ ગઈ. ત્રીજી વહુએ વિચાર્યું : 'કોઈ ખાસ કારણને લીધે આ દાણા આપવામાં આવ્યા છે. માટે એને સંભાળપૂર્વક રાખવા યોગ્ય છે.' ચોથી વહુ બુદ્ધિશાળી હતી. એણે વિચાર્યું : 'કોઈ ને કોઈ ગૂઢ રહસ્ય આમાં છુપાયેલું છે.' એણે પાંચ દાણા પિયર મોકલાવી દીધા. એની સૂચના પ્રમાણે તે દાણા ખેતરમાં વાવવામાં આવ્યા. પાંચ વર્ષમાં તો દાણાનો મોટો ઢગલો થઈ ગયો. પાંચ વર્ષ પછી શ્રેષ્ઠીએ દાણા પાછા માગ્યા. બધીએ સત્ય કહી દીધું. પહેલી પુત્રવધૂને ઘરની સફાઈનું કાર્ય સોંપ્યું. બીજી પુત્રવધુને ભોજનશાળાનું કાર્ય આપવામાં આવ્યું કેમકે તે ખાવામાં દક્ષ હતી. ત્રીજી પુત્રવધૂને કોષાધ્યક્ષપદે નિયુક્ત કરવામાં આવી. ચોથી વહુએ પાંચ દાણા માગવામાં આવતાં તેણે અનાજનો ઢગલો રજૂ કર્યો. એટલે એને ગૃહસ્વામિનીપદ પર બેસાડવામાં આવી અને કહ્યું : 'તું ખરેખર યશસ્વી પુત્રવધૂ છે. તારા કારણે જ આ ઘર ફળશે-ફૂલશે.'

પ્રસ્તુત રૂપકના માધ્યમ વડે શાસ્ત્રકારે કહ્યું : 'જે સાધક પહેલી પુત્રવધૂની જેમ મહાવ્રતો ગ્રહણ કરીને એને ફેંકી (છોડી) દે છે, તેઓ આ ભવમાં અને પરભવમાં સર્વત્ર તિરસ્કારને પાત્ર બને છે. જેઓ મહાવ્રતોને ગ્રહણ કરી સાંસારિક ઉપભોગમાં પડ્યા રહે છે, તે પણ નિંદાપાત્ર છે. જે સાધક રક્ષિતાની માફક મહાવ્રતોની સુરક્ષા કરે છે તે પ્રશંસાને પાત્ર બને છે અને જે સાધકો રોહિણીની માફક સદ્‌ગુણોની અભિવૃદ્ધિ કરે છે, તે પરમાનંદના ભાગીદાર બને છે.

પ્રોફેસર ટાઈમને પોતાના જર્મન ગ્રંથ 'બુદ્ધ અને મહાવીર'માં 'મૈથ્યૂ અને લૂક'ની કથાની સાથે આ કથાની તુલના કરી છે. ત્યાં શાલિ-ચોખાના દાણાના સ્થાને ટેલેન્ટ[૩] શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ટેલેન્ટ એ યુગનો એક સિક્કો

૧. જહા કુમ્મેસઅંગાઈ, સએ દેહે સમાહરે, એવં પાવાઈ મેહાવી, અજ્ઝપ્પેણ સમાહરે ॥ સૂત્રકૃતાંગ, પ્ર. શ્રુત. અ. ૮, ગાથા ૪૨૬

૨ યદા સંહરતે ચાયં કૂર્મોંગાનીવ સર્વશઃ, ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા । શ્રીમદ્ ભગવદ્ ગીતા, ૨૫૮

૩. ટેલેન્ટ (Talent) શબ્દનો વાસ્તવિક અર્થ બુદ્ધિ તથા માનસિક વિશિષ્ટ શક્તિ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો. એક વ્યક્તિએ વિદેશ જવાના સમયે પોતાના ત્રણ પુત્રોને દશદશ ટેલેન્ટના સિક્કા આપ્યા હતા. એકે વ્યાપાર દ્વારા એની અત્યધિક વૃદ્ધિ કરી. બીજા પુત્રે એને જમીનમાં દાટી દીધા અને ત્રીજાએ ખર્ચી નાંખ્યા. પાછો ફરેલો પિતા પહેલા પુત્ર પર ખૂબ પ્રસન્ન થયો.

આકર્ણ : ઉત્તમ જાતિનો અશ્વ

જે સાધક ઇન્દ્રિયોને વશવર્તી થઈને અનુકુળ ભોગોની ઉપલબ્ધિ થતાં એમાં લુબ્ધ થઈ જાય છે તેઓ રાગવૃત્તિને કારણે ભવ-ભ્રમણ કરે છે. એને અનેક પ્રકારની વ્યથાઓ પણ સહન કરવી પડે છે. અને જેઓ એમાં આસક્ત થતા નથી, તેઓ સાંસારિક યાતનાઓથી બચી જાય છે. જેમકે, હસ્તિશીર્ષ નગરના કેટલાક વેપારી નૌકામાં બેસીને જઈ રહ્યા હતા. એકાએક તોફાનને કારણે નૌકા ડગમગવા લાગી. સુકાનીને પણ એ ભાન ન રહ્યું કે નાવ કયાં જઈ રહી છે? કેટલાક સમય પછી તોફાન શાંત થઈ ગયું. સુકાનીએ જોયું : 'નૌકા કાલિકદ્વીપના કિનારે જઈ પહોંચી છે. ત્યાં તેઓએ હીરા પન્ના, સુવર્ણ અને ચાંદીની ખાણો જોઈ. એમણે ત્યાં ઉત્તમ ઘોડાઓ પણ જોયા. એમને ઘોડાનો કોઈ ઉપયોગ ન હતો. એટલે પર્યાપ્ત ધન લઈને તેઓ પોતાના નગરમાં પાછા ફર્યા. જ્યારે વેપારીગણ રાજા કનકકેતુની પાસે બહુ મૂલ્યવાન ઉપહાર લઈને ગયા, ત્યારે રાજાએ પૃચ્છા કરી : 'તમે (ત્યાં) કોઈ અદ્‌ભુત વસ્તુ જોઈ છે?' એમણે કાલિકદ્વીપના ઘોડાઓની વાત કહી. રાજાના આદેશથી વેપારીઓ ફરીથી કાલિકદ્વીપ ગયા. એમણે સુગંધિત અને સ્વાદિષ્ટ પદાર્થ ચારે તરફ ખીલાવી દીધા. ઇન્દ્રિયોને વશીભૂત કેટલાક ઘોડાઓ આ પદાર્થનો ઉપભોગ કરવા આવ્યા અને તેઓ એમની જાળમાં ફસાઈ ગયા. જે ઘોડાઓ તે પદાર્થ તરફ આકર્ષિત થયા નહીં, તેઓ પોતે પોતાની જાતને મુક્ત રાખી શકયા. એવી રીતે જે સાધક ઇન્દ્રિયોને આધીન થઈ જાય છે, તે પથભ્રષ્ટ થઈ જાય છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે વેપારી અશ્વોને પકડવા ગયા ત્યારે વલ્લકી, ભ્રામરી, કચ્છભી, બંબા, પટભ્રમરી વગેરે વિવિધ પ્રકારની વીણાઓ, વિવિધ પ્રકારનાં ચિત્ર, સુગન્ધિત પદાર્થ, ગુઢિયા-મતસ્યંડિકા સાકર, મત્યસંડિકા પુષ્પોત્તર અને પદ્મોત્તર પ્રકારની સાકર અને વિવિધ પ્રકારનાં વસ્ત્રો લઈને ગયા હતા. આ ઉલ્લેખ પરથી એ વસ્તુ સ્પષ્ટ થાય છે કે ભારતમાં તે વખતે વિવિધ પ્રકારની કલાઓ તથા સાધનસામગ્રી ઉપલબ્ધ હતી, જે ત્યાંની સંસ્કૃતિની ઉન્નતિના સહજ પ્રતીકરૂપ છે.

મૃગાપુત્ર

જૈન સાહિત્યમાં કર્મ-સિદ્ધાંતનુ ખૂબ વિસ્તારપૂર્વક-સાંગોપાંગ વર્ણન આપવામાં આવ્યું છે. તે વર્ણન જિજ્ઞાસુઓને માટે રસપ્રદ હોવા છતાં પણ તે સહેજસુગમ નથી. પ્રસ્તુત કથાનકમાં કથા દ્વારા આ વિષયને ખૂબ સુગમ અને સુબોધ શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. તથા કર્મ-વિપાકની પ્રરૂપણા કરવામાં આવી છે. મૃગાપુત્ર પ્રકૃષ્ટ પાપકર્મના ઉદયથી જ્યારે રાણીના ઉદરમાં આવ્યો તો રાણી રાજાને અપ્રિય થઈ ગઈ. રાજા એને જોવાનું પણ પસંદ કરતો ન હતો. રાણી વિચારવા લાગી : 'હું રાજાને કેટલી બધી પ્રિયપાત્ર હતી કે મને જોયા વગર રાજાને ચેન પણ પડતું ન હતું. એકાએક આવું પરિવર્તન કેમ થઈ ગયું? સંભવ છે કે ગર્ભે પોતાનો પ્રભાવ ફેલાવ્યો હોય.' બાળકનો જન્મ થયો. તે આંધળો, બહેરો, લૂલો, લંગડો અને હુંડક આકારનો હતો. એના શરીરમાં હાથ, પગ, કાન, નાક વગેરે અવયવોનો અભાવ હતો. કેવલ એનાં ચિહ્નો જ હતાં. મૃગાદેવી એને ઊકરડામાં ફેંકી દેવા ઇચ્છતી હતી, પણ રાજાએ એને સમજાવી એટલે એણે એ બાળકને ગુપ્તપણે ભોંયરામાં રાખ્યો. એ નગરીમાં એક જન્માંધ ભિખારી રહેતો હતો. એને નિહાળીને ગૌતમ ગણધરે ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો : 'ભગવાન, શું કોઈ સ્ત્રીનો બાળક જન્મથી અંધ હોઈ શકે?' ભગવાને મૃગાપુત્રની વાત કરતાં કહ્યું : 'તે લૂલો, લંગડો, આંધળો અને બહેરો છે.' પ્રભુની આજ્ઞાથી ગૌતમ એને જોવા ગયા. એના શરીરમાંથી મરેલા સાપની જેમ ભયંકર દુર્ગન્ધ આવી રહી હતી. તે જે કાંઈ ખાતો તે લોહી અને મવાદ બનાવીને બહાર કાઢતો અને તે એને ફરીથી ખાઈ જતો. એને જોતાં જ ગણધર ગૌતમને નરકના દૃશ્યનું સ્મરણ થયું. ભગવાને એના પૂર્વભવનું વર્ણન કરતાં કહ્યું : 'આ જીવે પૂર્વભવમાં અનેક પાપકર્મ કર્યાં હતાં. જેના ફલસ્વરૂપ આ જન્મમાં એને સોલ મહારોગ થયા. ત્યાંથી મરીને તે નરકમાં ગયો. નરકમાંથી નીકળીને તે 'મૃગાપુત્ર થયો. અહીં પણ તે પાપફલ ભોગવી રહ્યો છે. આ પછી પણ અનેક જન્મો સુધી તે પાપનું ફળ ભોગવશે.'

પ્રસ્તુત કથામાં એ દર્શાવવામાં આવ્યું છે કે શાસન અથવા સત્તા પ્રાપ્ત થાય ત્યારે જે એનો દુરુપયોગ કરે છે, પ્રજા પર અનુચિત કર નાખે છે, લાંચ લે છે, એને આ પાપનું ફલ આ પ્રમાણે ભોગવું પડે છે. આધુનિક વાતાવરણમાં ઊછરેલા સત્તાલોભી શાસકોને માટે આ કથાનક સર્ચલાઈટની જેમ ઉપયોગી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉજ્ઝિતક કથાનક

ગૌ-માંસભક્ષણ, મદ્યપાન અને વિષયાસક્તિનાં દુઃખદ ફળો બતાવવા માટે 'ઉજ્ઝિતક' કુમારની કથા આપવામાં આવી છે. 'ઉજ્ઝિતક' વાણિજ્યગ્રામના વિજયમિત્ર સાર્થવાહનો પુત્ર હતો. ગૌતમ ગણધર વાણિજ્યગ્રામમાં ભિક્ષા લેવા પધાર્યા. એમણે ઘણોબધો કોલાહલ સાંભળ્યો. એમને જાણવા મળ્યું કે રાજ્યના અધિકારીઓ કોઈ વ્યક્તિને બાંધીને મારતા-પીટતા લઈ જઈ રહ્યા છે. ગૌતમે ભગવાનને પ્રશ્ન કર્યો : 'એને આટલું બધું કષ્ટ કેમ આપવામાં આવે છે?' ભગવાને ઉત્તરમાં કહ્યું : 'હસ્તિનાપુરમાં 'ભીમ' નામનો એક કૂટગ્રાહ અર્થાત્ પશુઓનો તસ્કર રહેતો હતો. એની પત્નીનું નામ 'ઉત્પલા' હતું. જ્યારે તે ગર્ભવતી થઈ ત્યારે એને ગાય, બળદ વગેરેનું માંસ ખાવાની ઇચ્છા થઈ, જે પૂરી કરવામાં આવી. ગાયોને ત્રાસ આપવાને કારણે એનું (પુત્રનું) નામ 'ગૌત્રાસ' રાખવામાં આવ્યું. તે જીવનભર ગોમાંસનો ઉપયોગ કરતો રહ્યો. ત્યાંથી મરીને તે વાણિજ્યગ્રામમાં 'વિજયમિત્ર'ને ત્યાં તે 'ઉજ્ઝિતક' નામના પુત્રરૂપે ઉત્પન્ન થયો. જ્યારે તે મોટો થયો ત્યારે એનાં માતાપિતાનો દેહાન્ત થઈ ગયો. નગરરક્ષકે એને ઘરમાંથી કાઢી મૂક્યો. કુસંગતિને લીધે તે દ્યૂતગૃહ, વેશ્યાગૃહ, મદ્યગૃહ વગેરેમાં ઘૂમવા લાગ્યો. વાણિજ્યગ્રામમાં 'કામધ્વજા' નામની વેશ્યા હતી. તે અત્યંત રૂપવતી અને કલાઓમાં દક્ષ હતી. એના અનુપમ સૌન્દર્ય પર ઉજ્ઝિતક આસક્ત થઈ ગયો. કામધ્વજા વેશ્યા રાજાની પ્રિય હતી. એટલે રાજાએ પોતાના અનુચરો દ્વારા એને પકડાવ્યો અને એની ખૂબ મરામત કરી. એને શૂલી પર ચડાવી દેવામાં આવ્યો. પાપકર્મને કારણે તે નરક વગેરે ગતિઓમાં પરિભ્રમણ કરશે. આ વિષયાસક્તિનું કટુ પરિણામ છે.

પ્રસ્તુત કથાનકમાં એ વાત પ્રતિપાદિત કરવામાં આવી છે કે હસતાં હસતાં વ્યક્તિ પાપકૃત્ય કરે છે, પણ જ્યારે એનું ફલ પ્રાપ્ત થાય છે ત્યારે રડીરડીને ભોગવવા છતાં તે એમાંથી છૂટતો નથી.

અભગ્નસેન

પાપની દારુણ કથાનું એમાં ચિત્રણ થયું છે. પુરિમતાલશાલાટવી ચોરપલ્લીમાં 'વિજય' નામનો એક તસ્કર અધિપતિ રહેતો હતો. એની પત્નીનું નામ 'ખંદસિરી' હતું. એને એક પુત્ર થયો જેનું નામ 'અભગ્નસેન' રાખવામાં આવ્યું. ગૌતમે જિજ્ઞાસા પ્રગટ કરતાં ભગવાન મહાવીરે એનો પૂર્વભવ સંભળાવતાં કહ્યું : 'અભગ્નસેન પૂર્વભવમાં 'નિન્નઅ' નામનો ઈંડાંનો વેપારી હતો. તે કબૂતરી, મરઘી, ઢેલ વગેરેનાં ઈંડાં જાતે એકત્ર કરતો, બીજા પાસે એકત્ર કરાવતો, પછી એ ઈંડાંને અગ્નિ પર તળતો, શેકતો અને એને વેચીને પોતાની આજીવિકા ઉપાર્જન કરતો, તથા પોતે પણ ઈંડાંનું ભક્ષણ પણ કરતો હતો. જેના ફલસ્વરૂપ તે ત્રીજા નરકમાં ઉત્પન્ન થયો અને ત્યાં આયુષ્ય પૂર્ણ કરીને પછીથી તે 'અભગ્નસેન' તસ્કર થયો. એણે પ્રજ્ઞાનાં તનધનજનનું અપહરણ કરી એમને વિવિધ યાતનાઓ આપી, જેના કારણે રાજાએ ગુસ્સે થઈને એને પકડવાના અનેક પ્રયાસ કર્યા. પણ તે તેમાં સફળ ન થઈ શક્યો. એક વાર વિશાલ ઉત્સવનું આયોજન કરી એને આમંત્રિત કરવામાં આવ્યો. અનેક પ્રકારની યાતનાઓ આપીને એને શૂળીએ ચઢાવવામાં આવ્યો. આમ, પાપનું ફલ અવશ્ય ભોગવવું પડે છે.

શકટ

'શકટ' સાહંજની નામના ગામમાં 'સુભદ્ર' નામના સાર્થવાહનો પુત્ર હતો. ગણધર ગૌતમે જોયું : રાજપથ પર અનેક વ્યક્તિઓ વડે ઘેરાયેલી એક વ્યક્તિ ઊભેલી છે અને એની પાછળ એક સ્ત્રી પણ છે. એ બન્નેનાં નાક કપાયેલાં હતાં અને તેઓ ગાઢ બંધન વડે બંધાયેલાં હતાં. ઊંચા અવાજે તે પોકાર કરી રહ્યાં હતાં. : 'અમે અમારા પાપનું ફલ ભોગવી રહ્યાં છીએ.' ગૌતમે ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો : 'આ કોણ છે? અને એમણે એવું કયું પાપકૃત્ય કર્યું છે કે જેનું ફલ તેઓ ભોગવી રહ્યાં છે?' ભગવાને સમાધાન કરતાં કહ્યું : 'છગલપુર' નગરમાં એક 'છન્નિક' નામનો કસાઈ રહેતો હતો. તે વિવિધ પ્રકારનાં પશુઓનું માંસ વેચતો હતો. એના પાપના ફળસ્વરૂપે તે મરીને ચોથા નરકમાં ગયો અને ત્યાંથી નીકળીને વૈશ્ય સુભદ્રની પત્ની 'ભદ્રા'ની કુક્ષીમાં પેદા થયો તથા સાત કુવ્યસનોનું સેવન કરવા લાગ્યો. 'સુદર્શના' નામની વેશ્યાને તે પ્રેમ કરતો હતો. પ્રધાન-અમાત્ય 'સુષેણ' પણ એ વેશ્યા પર અનુરક્ત હતો. સુષેણે એને એક વાર વેશ્યાની સાથે જોયો અને એના પર ગુસ્સે થઈ ગયો. સુષેણની આજ્ઞાથી તેમજ પૂર્વકૃત કર્મોને કારણે એ બન્નેની આ સ્થિતિ થઈ. આ પ્રકારે હિંસકવૃત્તિ તેમજ દુરાચારને કારણે તે અનેક જન્મોમાં દુઃખ પામશે.'

એ સત્ય છે કે કરેલાં કર્મોને ભોગવવાં પડે છે. જોકે નાસ્તિક કે ભૌતિકવાદી વ્યક્તિઓને શ્રદ્ધા ઉત્પન્ન થતી નથી. 'કૃતસ્ય કર્મણો નૂનં પરિણામો ભવિષ્યતિ'. વ્યક્તિ કર્મ કરવા માટે સ્વતંત્ર છે. પરંતુ ફલ ભોગવવા પરતંત્ર છે. જો એને એ ભાન થઈ જાય કે મારે કર્મોનું ફળ ભોગવવું જ પડશે તો તે કર્મ બાંધવામાંથી પોતાને બચાવવા પ્રયાસ કરશે.

પ્રસ્તુત કથાનકમાં આ રહસ્ય વ્યક્ત કરવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૃહસ્પતિદત્ત

બૃહસ્પતિદત્ત કૌશાંબીના 'સોમદત્ત' પુરોહિતનો પુત્ર હતો. તે પૂર્વભવમાં 'મહેશ્વરદત્ત' નામનો રાજપુરોહિત હતો. તે તે રાજાની બલવૃદ્ધિ અર્થે તથા સ્વાસ્થ્ય લાભને માટે બ્રાહ્મણ, ક્ષત્રિય વૈસ્ય અને શૂદ્રનાં બાળકોને મારીને નરમેધ યજ્ઞ કરતો હતો. આ પાપના ફલસ્વરૂપ તે ત્યાંથી મરીને પાંચમા નરકમાં ગયો અને ત્યાંથી નીકળીને તે 'બૃહસ્પતિદત્ત થયો. રાજકુમારને બૃહસ્પતિદત્ત પર અત્યધિક સ્નેહ હતો. એટલે રાજાના મૃત્યુ પછી તે રાજપુરોહિત થયો. મહારાણી પર અનુરક્ત થઈ જવાને કારણે રાજાએ એને મૃત્યુદંડ આપ્યો. આ પ્રમાણે પૂર્વકૃત કર્મોને કારણે તે વિવિધ યોનિઓમાં પરિભ્રમણ કરતો રહેશે.

નંદીવર્દ્ધનકુમાર

નંદીવર્દ્ધન 'શ્રીદામ' નામના રાજાનો પુત્ર હતો. તે પૂર્વભવમાં કોઈ રાજાને ત્યાં કોટવાલ હતો. અપરાધીઓને અત્યંત ક્રૂર દંડ આપીને તે આનંદની અનુભૂતિ કરતો હતો. આ પાપના ફલસ્વરૂપ તે મરીને છઠ્ઠા નરકમાં ગયો. આ નરકમાંથી નીકળીને રાજાનો પુત્ર 'નંદીવર્દ્ધન' થયો. એણે પોતાના પિતાને મારીને સ્વયં રાજ્ય લેવા ઇચ્છા કરી અને આ ષડયંત્રમાં એને એક બ્રાહ્મણનો સહકાર લીધો. સમય પૂર્વે રહસ્ય ઉઘાડું પડી જતાં રાજાએ પોતાના હત્યારા પુત્ર નંદીવર્દ્ધનને પ્રાણદંડ આપ્યો. પૂર્વકૃત કર્મોને કારણે એને અનેક જન્મો પર્યન્ત ભયંકર દુઃખ ભોગવવાં પડ્યાં. કથાનો સાર એ છે કે અપરાધી વ્યક્તિઓને પણ નિર્દયતાથી દંડ આપવો જોઈએ. અને દંડ આપીને આનંદિત થવું જોઈએ નહીં.

ઉમ્બરદત્ત

ઉમ્બરદત્ત 'સાગરદત્ત' નામના સાર્થવાહનો પુત્ર હતો. પૂર્વભવમાં તે એક કુશલ વૈદ્ય હતો તથા આયુર્વેદ ચિકિત્સામાં નિષ્ણાત હતો. તે દરદીવ્યક્તિઓને મદ્ય, માંસ, માછલી ખાવાનું સૂચન કરતો અને કહેતો : 'એનાથી તમને જલદીથી સ્વાસ્થ્ય પ્રાપ્ત થશે.' આ પાપના ફલસ્વરૂપ તે છઠ્ઠી નારકીમાં ઉત્પન્ન થયો અને ત્યાંથી મરીને 'ઉમ્બરદત્ત' થયો. દુરાચારસેવનથી અને પૂર્વકૃત પાપકર્મોને કારણે એના શરીરમાં સોળ મહારોગ ઉત્પન્ન થયા. અહીંથી મર્યા પછી તે અનેક જન્મોમાં દુઃખ પ્રાપ્ત કરશે. આ પ્રમાણે પૂર્વકૃત પાપકર્મોનું ફલ પ્રત્યેક જીવે ભોગવવું પડે છે.

શૌરિકદત્ત

શૌરિકદત્ત સમુદ્રગુપ્ત નામના માછીમારનો પુત્ર હતો. શૌરિકદત્ત પૂર્વભવમાં કોઈ રાજાને ત્યાં ભોજન બનાવવાનું કાર્ય કરતો હતો. ભોજનમાં તે વિવિધ પ્રકારનાં પશુપક્ષી તેમજ માછલીનું માંસ તૈયાર કરીને સ્વયં પણ ખાતો અને રાજાને પણ ખવડાવી આનંદિત થતો હતો. એના ફલરૂપે તે છઠ્ઠી નારકીમાં જન્મ્યો અને ત્યાંથી નીકળીને તે 'શૌરિકદત્ત' થયો. તે એક દિવસ માછલી રાંધીને ખાઈ રહ્યો હતો એટલામાં માછલીનો કાંટો એના ગળામાં પેસી ગયો. અનેક પ્રયત્ન કરવા છતાં તે કાંટો નીકળ્યો નહીં. ભયંકર વેદનાથી દુઃખ પામીને તે મરણ પામ્યો અને મર્યા પછી તે નરક વગેરે ગતિઓમાં પરિભ્રમણ કરશે. પ્રસ્તુત કથાનકમાં પાપના ફળનું ચિત્રણ કરવામાં આવ્યું છે અને એને એ ઉપદેશ આપવામાં આવ્યો છે કે પાપકાર્ય કરવાથી દૂર રહેવું જોઈએ.

દેવદત્તા

દેવદત્તા 'દત્ત' નામના ગૃહપતિની કન્યા હતી. 'વૈશ્રમણદત્ત' રાજાના પુત્ર 'કુશનંદી' સાથે એનું પાણિગ્રહણ થયું હતું. કુશનંદી પોતાની માતાનો પરમ ભક્ત હતો. તે માતાને તેલ વગેરે માલીશ કરતો હતો. તે એની દરેક પ્રકારની સુખ-સગવડનું ધ્યાન રાખતો હતો. પણ દેવદત્તાને આ વાત પસંદ ન હતી. એટલે રાત્રિ દરમિયાન ઊંઘી ગયેલી માતાને દેવદત્તાએ મારી નાંખી. રાજાને આની જાણ થતાં એણે દેવદત્તાનો વધ કરવાનો આજ્ઞા આપી. આ પ્રમાણે પૂર્વકૃત પાપકર્મોને કારણે તે અનેક જન્મો સુધી દારુણ વેદનાનો અનુભવ કરતી રહેશે.

અંજુ કથાનક

'અંજુ' 'ધનદેવ' સાર્થવાહની પુત્રી હતી. 'વિજય' નામના રાજા સાથે એનું પાણિગ્રહણ થયું હતું. ગુહ્ય સ્થાન પર ભયંકર શૂલ રોગ પેદા થવાથી અંજુને અપાર વેદના થઈ. અનેક પ્રકારના ઉપચાર કરાવ્યા, પરંતુ રોગ શાંત થયો નહીં. પરિણામે એના શરીરની કાંતિ નષ્ટ થઈ ગઈ. એકવાર ગણધર ગૌતમે એની હાડપિંજર જેવી કાયા જોઈને આ અંગે ભગવાન સમક્ષ જિજ્ઞાસા પ્રગટ કરી. ભગવાન મહાવીરે એના પૂર્વભવનું વર્ણન કરતાં કહ્યું : 'તે પૂર્વભવમાં વેશ્યા હતી. એ પાપના કારણે જ આ જન્મમાં એને કષ્ટ ભોગવવું પડે છે. એને આ પછી પણ અનેક જન્મો સુધી કષ્ટ ભોગવવું પડશે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે 'મૃગાપુત્ર'થી આરંભી 'અંજુ' સુધી દશ કથાઓ આપવામાં આવી છે. એનો મૂળ આધાર વિપાક સૂત્રનો પ્રથમ શ્રુતસ્કન્ધ છે. આ દશેય કથાનાં પાત્રો ઐતિહાસિક હોય એવું નથી, પરંતુ પૌરાણિક અને પ્રાગ્-ઐતિહાસિક કાલનાં પાત્રો છે. આ બધી કથાઓમાં હિંસા, ચોરી અને અબ્રહ્મનું કડવું પરિણામ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. પણ અસત્ય અને મહાપરિગ્રહનાં પરિણામની ચર્ચા થઈ નથી. શાસ્ત્રકારનો મૂળ ઉપદેશ એ છે કે સાધક પાપથી દૂર રહે અને શુભ ભાવોમાં પરિણતિ કરે તથા શુદ્ધતા તરફ ગતિ કરે.

આ દૃષ્ટિએ ગણધર ગૌતમની જિજ્ઞાસા પર ભગવાન મહાવીરે વિવિધ પ્રસંગો આપીને જીવનના મહાન તથ્યને પ્રકાશિત કર્યું છે.

પૂરણ બાલતપસ્વી

ગણધર ગૌતમે ભગવાન મહાવીરને જિજ્ઞાસાથી પૂછ્યું કે, 'ભગવાન, અસુરેન્દ્ર અસુરરાજ ચમરને દિવ્ય દેવઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થઈ?' ભગવાને કહ્યું : 'બેભેલ સન્નિવેશમાં પૂરણ ગૃહપતિ રહેતો હતો. એણે તામલી તાપસની માફક પોતાના મોટા પુત્રને ગૃહભાર સોંપીને 'દાનામા' પ્રવજ્યા ગ્રહણ કરી. 'બેલા' ઉપવાસના પારણા માટે તે ચાર ખાનાવાળું લાકડાનું પાત્ર લઈને ભિક્ષા માગવા નીકળતો. પહેલા ખાનામાં પ્રાપ્ત થતી ભિક્ષા તે પથિકોને આપતો, બીજા ખાનાની ભિક્ષા કાગડા અને કૂતરાને ખવડાવતો, ત્રીજા ખાનાની ભિક્ષા માછલી અને કાચબાને ખવડાવતો અને ચોથા ખાનાની ભિક્ષા તે સ્વયં ગ્રહણ કરતો હતો. આ પ્રવજ્યામાં દાનની પ્રધાનતા હોવાને કારણે તે પ્રવજ્યા 'દાનામા' તરીકે ઓળખાતી. કેમકે તે ત્રણ ખાનાંઓમાંથી દાન આપી દેતો અને કેવલ એક ખાનામાંથી આહાર કરતો અને તે પણ બે દિવસ પછી. જ્યારે 'પૂરણ' બાલતપસ્વીનું શરીર ખૂબ પાતળું થઈ ગયું ત્યારે એને એવો અનુભવ થયો કે હવે હું સાધના કરવા શક્તિમાન નથી, એટલે એણે પાદપોપગમન સંથારા દ્વારા પોતાના આત્માને ભાવિત કર્યો. ભગવાન મહાવીરે ગૌતમને કહ્યું : 'હે ગૌતમ, હું તે સમયે છદ્મસ્થ અવસ્થામાં હતો. મને દીક્ષા ગ્રહણ કર્યાને અગિયાર વર્ષ પસાર થઈ ગયાં હતાં. ગ્રામાનુગ્રામ વિચરતો હું 'સુષમાપુર' નગરમાં આવી અશોક વનખંડમાં અશોક વૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટક પર અઠ્ઠમ તપ કરીને એક પુદ્ગલ પર દૃષ્ટિ સ્થિર કરીને તથા એક રાત્રિ માટે મહાપ્રતિમાને ધારણ કરી ધ્યાનસ્થ હતો. તે સમયે 'પૂરણ' બાલ તપસ્વી સાઠ ભક્તનું અનશન પૂર્ણ કરી 'ચમરચંચા' રાજધાનીમાં ઇન્દ્રના રૂપમાં ઉત્પન્ન થયો. એણે સૌધર્મ કલ્પમાં શક્રેન્દ્રને દિવ્ય ભોગ ભોગવતો અવધિજ્ઞાન વડે જોયો. ચમરેન્દ્રના મનમાં આક્રોશ ઉત્પન્ન થયો કે આ કોણ છે? સામાનિક દેવોએ કહ્યું : 'તેઓ શક્રેન્દ્ર છે'. ચમરેન્દ્રે કહ્યું : 'તે દુરાત્મા મારા માથા પર બેઠેલો છે?' સામાનિક દેવોએ નિવેદન કર્યું : 'શક્રેન્દ્રે પૂર્વ ઉપાર્જિત કરેલાં પુણ્યોના પ્રભાવે આ વિપુલ ઋદ્ધિ અને અતુલ પરાક્રમ પ્રાપ્ત કરેલાં છે. એટલું સાંભળીને જ ચમરેન્દ્રનો ક્રોધ એકદમ પ્રબળ થઈ ગયો. એ યુદ્ધ કરવાને માટે તૈયાર થઈ ગયો. બધા દેવોએ એવું ન કરવા માટે આગ્રહ કર્યો, પણ એણે પોતાની હઠ છોડી નહીં.

ચમરેન્દ્રે વિચાર્યું : 'શક્રેન્દ્ર મહાન પરાક્રમી છે, તો હું પરાજિત થઈને કોનું શરણ લઈશ?' તે મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો. : 'હું આપનું શરણ લઈ શક્રેન્દ્રને જીતી લઈશ.' આથી એણે એક લાખ યોજનનું વૈક્રિયરૂપ બનાવ્યું અને શસ્ત્રને ઘુમાવતો તથા ગંભીર ગર્જના કરતો તે દેવોને ભયભીત કરતો સૌધર્મેન્દ્ર પર તૂટી પડ્યો. તેણે એક પગ સૌધર્માવતંસક વિમાનની વેદિકા પર રાખ્યો અને બીજો પગ સુધર્મા સભા પર રાખ્યો. એણે શસ્ત્ર વડે ઇન્દ્રકીલ પર ત્રણવાર પ્રહાર કર્યો અને સૌધર્મેન્દ્રને ગાળો દીધી.

સૌધર્મેન્દ્રે અવધિજ્ઞાન વડે બધું જાણી લીધું. એણે ચમરેન્દ્ર પર પ્રહાર કરવા માટે વજ્ર ફેંક્યું. ચમરેન્દ્ર ભયથી ભયભીત થયેલો પોતાના શરીરને સંકોચી લે છે અને 'આપનું શરણ છે, આપનું શરણ છે' એ પ્રમાણે ચીસો પાડતો પોતાનું સૂક્ષ્મ રૂપ બનાવી મારા પગોમાં છૂપાઈ ગયો. શક્રેન્દ્રએ જોયું : 'અરિહન્તની શરણાગત વગર કોઈ અસુર અહીં આવી શકતો નથી. તે ભગવાન મહાવીરનું શરણ લઈને અત્રે આવ્યો અને ફરી પાછો તે એમના શરણમાં પહોંચી ગયો છે.' વજ્ર ભગવાનની અત્યંત નિકટ જઈ પહોંચ્યું છે. કેવલ ચાર આંગળ દૂર રહ્યું ત્યારે શક્રેન્દ્રએ એનું સંહરણ કર્યું. શક્રેન્દ્રે ભગવાનને વંદન કરીને ચમરેન્દ્રને કહ્યું : 'તું ભગવાન મહાવીરની અસીમ કૃપાથી બચી ગયો છે. હવે તું ભયભીત ન થા.' એમ કહીને શક્રેન્દ્ર પોતાના સ્થાને પાછો ફર્યો.

ગણધર ગૌતમે ભગવાનને પ્રશ્ન કર્યો. : 'ભગવન્, જે દિવ્ય શક્તિનો ધારણહાર છે, તે કોઈ પુદ્ગલને પહેલાં ફેંકી દઈ પછીથી એ પુદ્ગલને પાછળથી જઈને પકડવાને સમર્થ છે કે નહીં?' ભગવાને કહ્યું : 'તે સમર્થ છે, કેમકે જે પુદ્ગલ ફેંકવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે છે એની ગતિ પહેલાં ઝડપી હોય છે તથા બાદમાં મંદ થઈ જાય છે. પરંતુ દિવ્ય ઋદ્ધિવાળા દેવની ગતિ પહેલાં પણ ઝડપી હોય છે અને પછીથી પણ ઝડપી હોય છે.'

ગૌતમે બીજી જિજ્ઞાસા પ્રગટ કરી: 'ભગવાન્, જો દેવ પુદ્ગલને પાછળથી પકડવાને સમર્થ છે, તો શક્ર અસુરેન્દ્રને કેમ પકડી શકતો નથી?' ભગવાને કહ્યું: 'અસુરેન્દ્રની નીચે જવાની ગતિ તીવ્ર હોય છે અને ઉપર જવાની ગતિ મંદ હોય છે અને મંદ થતી જાય છે. વૈમાનિક દેવોની ઊર્ધ્વ ગતિ ઝડપી હોય છે અને અધોગતિ મંદ હોય છે. અસુરેન્દ્ર એક સમયમાં જેટલા ક્ષેત્ર નીચે જઈ શકે છે, એટલા ક્ષેત્ર નીચે જવામાં શક્રેન્દ્રને બે સમય લાગે છે અને વજ્રને ત્રણ સમય લાગે છે. આ કારણથી શક્રેન્દ્ર અસુરેન્દ્રને પકડવાને સમર્થ નથી.'

અસુરેન્દ્ર પોતાના સ્થાન પર પહોંચી ગયો. એણે વિચાર્યું: 'મેં બરોબર ન કર્યું. શક્રેન્દ્રે મારું ઘોર અપમાન કર્યું છે.' સામાજિક દેવોએ કહ્યું: 'આપ ચિંતામુક્ત થઈ જાઓ.' અસુરેન્દ્રે કહ્યું: 'જિન મહાપ્રભુ ભગવાન મહાવીરનું શરણ લઈને હું બચી શક્યો છું. એમનો મારા પર મહાન ઉપકાર છે. એટલે આપણે બધા ત્યાં જઈએ.' તે પોતાની દિવ્ય ઋદ્ધિ સહિત ભગવાન મહાવીર પાસે આવ્યો અને બત્રીસ પ્રકારનાં નાટક બતાવીને સ્વ-સ્થાન પાછો ફર્યો. ગૌતમે પૂછ્યું: 'ભગવન્ આ અસુરેન્દ્ર મુક્ત થશે?' ભગવાને ઉત્તર આપ્યો.: 'હા, આ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને તે મુક્ત થશે.'

સ્થાનાંગમાં દશ આશ્ચર્યોનું વર્ણન છે. આશ્ચર્યનો અર્થ છે: કોઈ કોઈ વખતે અનનારી વિશેષ ઘટના. સામાન્ય રૂપમાં આ ઘટના બનતી નથી, પરંતુ અનંતકાલ પછી સ્થિતિવિશેષથી જે ઘટના બને છે તેને આશ્ચર્યની સંજ્ઞા આપવામાં આવી છે. ચમર કોઈ દિવસ સૌધર્મ સભામાં જતા નથી અને તેઓ ગયા તે આશ્ચર્ય છે.

મહાશુક્ર દેવોનું આગમન

એકવાર મહાશુક્ર દેવલોકમાંથી બે દેવો આવ્યા અને ભગવાન મહાવીરને વંદના કરીને બોલ્યા: "ભગવન્, આપના કેટલા શિષ્યો સિદ્ધ ગતિ પ્રાપ્ત કરશે?" મહાપ્રભુ મહાવીરે ઉત્તર આપ્યો: 'મારા સાતસો શિષ્ય સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે. યાવત્ બધા દુઃખોનો અંત કરશે.'

ગણધર ગૌતમે પ્રથમ ધ્યાન સમાપ્ત કરી દ્વિતીય, ધ્યાનમાં પ્રવેશ કરતાં પૂર્વે એ વિચાર્યું: 'આ બે મહાઋદ્ધિ અને મહા પ્રભાવશાળી દેવો કોણ આવ્યા છે? હું એમને જાણતો નથી. એ કયા વિમાનમાંથી અને કયા કારણે આવ્યા છે?' ભગવાન મહાવીરે ગૌતમના આંતરમાનસની વાત જણાવતાં કહ્યું: 'તારા મનમાં આવા પ્રકારના વિચાર ઉદ્ભવ્યા હતા, તો તું જ એ દેવોને પૂછ'. ગૌતમ જેવા દેવોની સામે જવા લાગ્યા કે દેવોએ ઊઠીને ગૌતમને વંદન કર્યાં અને કહ્યું: 'અમે મહાશુક્ર નામક સાતમા સ્વર્ગથી આવ્યા છીએ.' અમે ભગવાનને પ્રશ્ન કર્યો: 'આપના કેટલા શિષ્ય સર્વ દુઃખોનો અંત આણી મુક્ત થશે?' ભગવાને મનથી જ ઉત્તર આપ્યો: 'મારા સાતસો શિષ્ય સિદ્ધિને વરશે.' ગણધર ગૌતમ તથા અન્ય શિષ્યોને ભગવાન મહાવીરના દિવ્ય જ્ઞાન પર આશ્ચર્ય થયું. આ લોકમાં એવો કોઈ પદાર્થ નથી જે સર્વજ્ઞ, સર્વદર્શી સમક્ષ છુપાયેલો રહે. તેઓ હસ્તામલકવત્ બધા પદાર્થોને સ્પષ્ટ રૂપમાં જાણે છે, જુએ છે.

પ્રસ્તુત ગ્રંથ

શ્વેતાંબર જૈન આગમસાહિત્યમાંથી એકસો ચૌદ કથાઓનું પ્રસ્તુત ગ્રંથમાં સંકલન કરવામાં આવ્યું છે. ચક્રવર્તી છ ખંડો પર વિજયપતાકા ફરકાવે છે, તેવી જ રીતે આ ગ્રંથમાં પણ છ ખંડ છે, જે સાધકના આંતરિક જીવન પર વિજયવૈજયંતી ફરકાવવા માટે છે. આ ખંડોમાં નીચે જણાવેલાં આગમોમાંથી કથાઓ ટાંકવામાં આવી છે: 'આચારાંગ, સૂત્રકૃતાંગ,, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અન્તકૃદ્દશાંગ, અનુત્તરૌપપાતિક, વિપાક, ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ, જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ, નિરયાવલિકા, કલ્પાવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિયા, વૃષ્ણિદશા, ઉત્તરાધ્યન, નંદીસૂત્ર, દશાશ્રુતસ્કંધ, કલ્પસૂત્ર. આગમસાહિત્યમાં જ્યાં પણ કથા પ્રાપ્ત થાય છે થા આ અંગે સ્રોત ઉપલબ્ધ થાય છે એ બધાનું આ શ્રેષ્ઠ આકલન-સંકલન છે. પ્રાચીન આગમની સૂચિઓની અનુસાર આગમોમાં કથાઓનો અક્ષયકોશ હતો. જ્ઞાતાસૂત્રમાં જ હજારો આખ્યાયિકાઓ હતી.

જ્ઞાતાધર્મકથામાં બે શ્રુતસ્કન્ધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ઓગણીસ કથાઓ છે.

(૧) ઉત્ક્ષિપ્ત જ્ઞાત-મેઘકુમાર (૨) સંઘાટ (૩) અંડક (૪) કૂર્મ (૫) શૈલક (૬) રોહિણી (૭) મલ્લી (૮) માકંદી (૯) ચંદ્ર (૧૦) દાવદ્રવવૃક્ષ (૧૧) તુંબ (૧૨) ઉદક (૧૩) મંડૂક (૧૪) તેતલીપુત્ર (૧૫) નંદીફલ (૧૬) અમરકંકા (દ્રૌપદી) (૧૭) આકીર્ણ (૧૮) સુષમા (૧૯) પુંડરીક-કંડરીક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા શ્રુતસ્કન્ધમાં અનેક કથાઓ છે, તે આ પ્રમાણે છે :

(૧) કાલી (૨) રાજી (૩) રજની (૪) વિદ્યુતા (૫) મેઘા (૬) શુંભ (૭) નિસુંભા (૮) રંભા (૯) નિરંભા (૧૦) મદણા (૧૧) ઈલા (૧૨) સતેરા (૧૩) સૌદામિની (૧૪) ઇન્દ્રા (૧૫) ઘના (૧૬) વિદ્યુતા (૧૭) રુચા (૧૮) સુરુચા (૧૯) રુચાંશા (૨૦) રુચકાવતી (૨૧) રુચકાંતા (૨૨) રુચપ્રભા (૨૩) કમલા (૨૪) કમલપ્રભા (૨૫) ઉત્પલા (૨૬) સુદર્શન (૨૭) રૂપવતી (૨૮) બહુરૂપા (૨૯) સુરૂપા (૩૦) સુભગા (૩૧) પૂર્ણા (૩૨) બહુપુત્રિકા (૩૩) ઉત્તમા (૩૪) ભારિકા (૩૫) પદ્મા (૩૬) વસુમતી (૩૭) કનક (૩૮) કનકપ્રભા (૩૯) અવતંસા (૪૦) કેતુમતી (૪૧) વજ્રસેના (૪૨) રતિપ્રિયા (૪૩) રોહિણી (૪૪) નવમિકા (૪૫) હ્રી (૪૬) પુષ્પવતી (૪૭) ભુજગા (૪૮) ભુજંગવતી (૪૯) મહાકચ્છા (૫૦) અપરાજિતા (૫૧) સુઘોષા (૫૨) વિમલા (૫૩) સુસ્વરા (૫૪) સરસ્વતી (૫૫) સૂર્યપ્રભા (૫૬) આતપા (૫૭) અર્ચિમાલી (૫૮) પ્રભંકરા (૫૯) ચંદ્રપ્રભા (૬૦) દોષીનાભા (૬૧) અર્ચિમાલી (૬૨) પ્રભંકરા (૬૩) પદ્મા (૬૪) શિવા (૬૫) સતી (૬૬) અંજૂ (૬૭) રોહિણી (૬૮) નવમિકા (૬૯) અચલા (૭૦) અપ્સરા (૭૧) કૃષ્ણા (૭૨) કૃષ્ણરાણી (૭૩) રામા (૭૪) રામરક્ષિતા (૭૫) વસુ (૭૬) વસુગુપ્તા (૭૭) વસુમિત્રા (૭૮) વસુંધરા.

આ પ્રમાણે બધી મળીને ૯૭ કથાઓ છે. એમાંની કેટલીય કથાઓ કેવલ નામમાત્રની જ છે. આ કથાઓમાં સૂચનાઓ સિવાય ઘટનાઓનો અભાવ છે.

ભાષાની દૃષ્ટિએ આ કથાઓમાંથી કેટલીય કથાઓની ભાષા એટલી લાલિત્યપૂર્ણ છે કે વાચકને તરત જ સંસ્કૃતના કાદંબરી ગ્રંથનું સ્મરણ થાય છે. આ કથાઓની ભાષા મહારાષ્ટ્રી પ્રાકૃત છે. આ કથાઓનો મૂળ ઉદ્દેશ્ય અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શ્રદ્ધા, ઇન્દ્રિયવિજય વગેરે આધ્યાત્મિક તત્ત્વોનું સરલ શૈલીમાં નિરૂપણ કરવાનો છે. આ કથાઓમાં ધર્મ અને વૈરાગ્યનો જ વિશેષરૂપે ઉપદેશ આપવામાં આવ્યો છે.

આ બધી કથાઓનું અવલોકન કરવાથી સ્પષ્ટપણે એ જણાશે કે કથાઓમાં વિભિન્નતા હોવા છતાં કેટલાંક એવાં સામાન્ય લક્ષણો છે કે જેથી ભિન્નતામાં પણ સમાનતા જણાય છે. આપણે સ્થૂલ રીતે આ લક્ષણોને નીચે પ્રમાણે વિભક્ત કરી શકીએ એમ છીએ :

૧. શીલ, સદાચાર અને સંયમનું વિશ્લેષણ.
૨. આત્મા પ્રત્યે નિષ્ઠા અને એની શુદ્ધિના વિવિધ ઉપાય.
૩. માનવતાની પુણ્યપ્રતિષ્ઠા માટે જાતિભેદ અને વર્ગભેદની નિસ્સારતાનું નિરૂપણ કરવું.
૪. ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરવા માટે આહાર–વિહારની વિશુદ્ધિ અને પોતાનાં પાપોની આલોચના.
૫. આત્મ સંશુદ્ધિને માટે આલોચના–પ્રતિક્રમણની સાથે જ પ્રાયશ્ચિત્ત અને જુદા જુદા તપોનું નિરૂપણ.
૬. સાધનામાર્ગના સ્વરૂપને સમજાવવા માટે સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્રનું વિશ્લેષણ.
૭. આચારની વિશુદ્ધિ અહિંસા વડે અને વિચારની વિશુદ્ધિ અનેકાંત–સ્યાદ્વાદથી જ સંભવિત છે. આથી આ સિદ્ધાંતોની પ્રરૂપણા.
૮. ભૌતિકવાદની માયાજાળ અધ્યાત્મવાદની વાસ્તવિકતાથી જ દૂર થઈ શકે છે એ વાતનું અનેક દૃષ્ટિથી નિરૂપણ કરવામાં આવ્યું છે. દયા, મમતા, કરુણા વગેરે સદ્‌ગુણોના વિકાસથી માનવતાની પ્રતિષ્ઠા થઈ શકે છે. રાગ, દ્વેષ વગેરે સંસ્કારો તે અનાત્મભાવના પ્રતીક છે. માનવ પોતે જ પોતાના ભાગ્યનો વિધાતા છે. તે પરોક્ષ શક્તિનો આધાર છોડીને પોતાના પુરુષાર્થમાં શ્રદ્ધા રાખે છે.
૯. હિંસામૂલક વૈદિક ક્રિયાકાંડોનો વૈચારિક વિરોધ.
૧૦. યાત્રા અંગેની વિશિષ્ટ જાણકારી.
૧૧. કર્મવાદની મુખ્ય વાતને કથાઓ દ્વારા સુગમ રીતે વ્યક્ત કરવામાં આવી છે. પુણ્ય અને પાપનું સફલ ચિત્રણ એમાં ચર્ચાયેલ છે.
૧૨. શોષિત અને શોષક વચ્ચે સમતા લાવવા માટે અપરિગ્રહ તેમજ સંયમનું નિરૂપણ.

આ પ્રમાણે એ સ્પષ્ટ છે કે ભારતના સંસ્કૃતિક ઇતિહાસના વિકાસમાં આ આગમિક કથાસાહિત્યનું ગૌરવપૂર્ણ સ્થાન છે. એ યુગની ઉદાત્ત સંસ્કૃતિનું આ કથાઓમાં જહીં–તહીં નિરૂપણ થયું છે. આ કથાઓમાંનાં કેટલાંય પાત્ર પ્રાગ્‌-ઐતિહાસિક કાલનાં છે, તો કેટલાંય પાત્રો ઐતિહાસિક કાળનાં છે અને કેટલાંય પાત્ર પૌરાણિક અને કાલ્પનિક પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કથાઓમાં તત્કાલીન સામાજિક અને સાંસ્કૃતિક લોકજીવનનો ખ્યાલ આવે છે. આર્ય અને અનાર્ય રૂપે બે મુખ્ય જાતિ હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ હતા. જૈન દૃષ્ટિએ જે વ્યક્તિ સદાચારી છે, તે આર્ય છે. જો બ્રાહ્મણ પણ સદાચાર રહિત હોય તો તે પણ અનાર્ય છે. જાતિમદમાં છકી ગયેલા બ્રાહ્મણોનો વિરોધ કરતાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, 'કર્મથી વ્યક્તિ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર બને છે. કેવળ માથું મુંડાવવાથી કોઈ શ્રમણ નથી બની જતો. ઓમકારનો જપ કરવાથી કોઈ બ્રાહ્મણ નથી બનતો, જંગલમાં રહેવામાત્રથી કોઈ મુનિ બની જતો નથી. કુશ અને ચીવર ધારણ કરવાથી તપસ્વી નથી બની જતો. પરંતુ સમતાથી શ્રમણ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ જ્ઞાનથી મુનિ અને તપથી તપસ્વી બને છે.' આ રીતે જાતિવાદ અને વર્ણવાદનું ખંડન કરી કર્મને મહત્ત્વ આપવામાં આવ્યું છે. બ્રાહ્મણ અને ક્ષત્રિયને માટે 'ઉચ્ચ કુલોત્પન્ન' શબ્દ વપરાયો છે. વૈશ્યનું મુખ્ય કાર્ય વેપાર કરવાનું હતું એટલે એને માટે વણિક શબ્દનો પણ પ્રયોગ થયો છે. શૂદ્રોની સ્થિતિ શોચનીય હતી. પરંતુ ભગવાન મહાવીરે શૂદ્રોને સાધનાક્ષેત્રમાં આગળ વધવાનો અધિકાર આપ્યો. 'હરિકેશબલ' ચાંડાલ કુલમાં જન્મ્યો હતો પણ એણે ઉચ્ચ પદ પ્રાપ્ત કર્યું. કૌટુંબિક જીવનમાં મુખ્યપણે પુરુષ જ શાસક હતો. અપવાદરૂપ સ્ત્રીઓ પણ શાસન કરતી હતી. જેમ કે, થાવચ્ચા પુત્રની માતા. ગ્રંથમાં નારીનાં સઘળાં રૂપ પ્રગટ થયાં છે : માતા, પત્ની, બહેન, વહુ, પુત્રી, પુત્રવધૂ, વેશ્યા વગેરે નારીનાં પતિત અને આદર્શ એ બન્ને રૂપ દર્શાવવામાં આવ્યાં છે. નારી જ્યારે વાસનાનાં દળમાં ફસાય છે, ત્યારે તે તો પતિત થાય છે પણ સાથે બીજાઓને પણ પતિત કરે છે. અને જ્યારે નારી પોતાના સ્વરૂપને ઓળખે છે ત્યારે તે પુરુષોને સન્માર્ગ પર લાવે છે. જેમકે,—રથનેમિને રાજમતીએ, ઈષુકાર રાજાને રાણી કમલાવતીએ પ્રતિબુદ્ધ કર્યો હતો. એ યુગમાં પશુધન પર્યાપ્ત માત્રામાં હતું. પશુ વિવિધ કાર્યમાં ઉપયોગી હતાં. હાથી અને ઘોડાનો ઉપયોગ યુદ્ધમાં થતો હતો. હાથીઓમાં 'ગંધહસ્તી' સર્વશ્રેષ્ઠ ગણાતો હતો અને ઘોડાઓમાં કંબોજ દેશમાં ઉત્પન્ન થયેલા ઘોડાઓ સુશિક્ષિત, યુદ્ધોપયોગી, અને શ્રેષ્ઠ માનવામાં આવતા હતા. કાલિકદ્વીપમાંના અશ્વ પણ ઉત્તમ જાતિના ગણાતા હતા. આનંદ વગેરે શ્રાવકોની પાસે હજારો ગાયોનાં ગોકુલ હતાં. પશુઓને પણ શિક્ષણ આપવામાં આવતું. શિક્ષિત પશુપક્ષી લોકનું મનોરંજન કરતાં હતાં. વ્યાપાર સુદૂર દેશોમાં પણ ચાલતો હતો. સમુદ્રયાત્રાઓ પણ કરવામાં આવતી હતી. પણ આજની માફક એ યુગમાં સમુદ્રયાત્રા સરલ ન હતી. કેટલીયવાર સંચાલક માર્ગ ભૂલીને દિશા ભૂલી જતા હતા. તોફાન આવે ત્યારે રક્ષા માટે યોગ્ય સાધનો હતાં નહીં. મુખ્યત્વે એ સમયમાં સોળ મહારોગ પ્રચલિત હતા. ઘણા ચિકિત્સકો એવા પણ હતા કે જે વમન, વિરેચન, ઔષધિસેવન, ધૂમ્રપ્રદાન, નેત્રસ્નાન, સર્વૌષધિસ્નાન, મંત્રવિદ્યા વગેરે દ્વારા ચિકિત્સા કરતા હતા. આ યુગમાં મંત્ર-તંત્ર શક્તિ તથા શુભાશુભ ફળ પ્રદાન કરનારાં તન્ત્રોમાં પણ વિશ્વાસ રાખવામાં આવતો. સમાજમાં સુખશાંતિ રાખવા માટે શાસનવ્યવસ્થા હતી. શાસન કરનારા રાજા કહેવાતા હતા. તેઓ પ્રાયઃ દેશના સ્વામી હતા. તેઓ પોતાના દેશની ઉન્નતિ માટે પ્રયત્ન કરતા હતા. બધા દેશો પર એકછત્ર રાજ્ય કરનાર 'ચક્રવર્તી' કહેવાતો હતો. બધા રાજાગણ 'ચક્રવર્તી'ને નમસ્કાર કરતા હતા. અનિવારસ સંપત્તિનો અધિકારી રાજા થતો હતો. રાજાગણ પોતાની તિજોરીમાં વૃદ્ધિ થાય તે માટે સજાગ રહેતો હતો. ચોર વગેરેને શિક્ષા કરવામાં આવતી. ભયંકર અપરાધ માટે મૃત્યુદંડની જોગવાઈ હતી. વધસ્થાન પર લઈ જવાનાર અપરાધી માટે ખાસ-ચોક્કસ પહેરવેશ હતો. એને શહેરમાં ફેરવવામાં આવતો કે જેથી બીજા લોકો એવું કાર્ય ન કરે. શરણાગત માટે પ્રાણ પણ આપવાની તૈયારી રાખવામાં આવતી. નાટ્યકલા, સ્થાપત્યકલા, સંગીતકલા, ચિત્રકલા વગેરે કલાઓના વિકાસમાં રાજા અને શ્રેષ્ઠીઓ ફાળો આપતા. લોકમાનસની પ્રવૃત્તિ ભોગવિલાસ તરફ વધારે હતી. આ પ્રવૃત્તિ પર નિયંત્રણ કરવા માટે સાધુગણ કઠિન કષ્ટ ઉઠાવી ગામેગામ ફરતો અને પોતાના સંપર્કમાં આવતી વ્યક્તિઓને ત્યાગમાર્ગનો પાવન ઉપદેશ આપતો હતો. આ પ્રમાણે પ્રસ્તુત ધર્મકથાનુયોગમાં એ યુગનાં સમાજ અને સંસ્કૃતિનો પરિચય મળે છે. કોઈ એક સમયની રચના ન હોવાને લીધે એમાં ચિત્રિત સમાજ અને સંસ્કૃતિ તે એક ચોક્કસ કાલનું પૂર્ણ ચિત્ર રજૂ કરે છે એમ ન કહી શકાય, તથાપિ તત્કાલીન સમાજ અને સંસ્કૃતિની ઝલક વિભિન્ન પ્રસંગોમાં અવશ્ય મળે છે.

પં. મુનિશ્રી કન્હૈયાલાલજી 'કમલ' સ્થાનકવાસી સમાજના પ્રકૃષ્ટ પ્રતિભાસંપન્ન, આગમસાહિત્યના મર્મજ્ઞ અને પ્રખર સંત છે. એમણે કઠિન શ્રમ કરી બત્રીસ આગમમાં આવેલા અનુયોગોનું પૃથક્કરણ કર્યું છે. આ કાર્ય અત્યંત શ્રમસાધ્ય છે. મને યાદ છે કે ઈ. સ. ૧૯૫૩થી પણ પૂર્વના સમયથી તેઓ આ કાર્યમાં જોડાયેલા છે. એમણે અનેકવાર પ્રેસકોપીઓ તૈયાર કરી, પરંતુ લાગ્યું કે આ ક્રમ બરાબર નથી, એમાં આ પ્રમાણે પરિવર્તન હોવું જોઈએ, જેથી કોઈ મૂર્ધન્ય મનીષીએ એમને સૂચના કે સમજ આપી તે સૂચના કે સમજનો સ્વીકાર કરી પૂર્વયોજનાને સ્થગિત કરી નવા રૂપે વર્ગીકરણ કરવાના કાર્યમાં લાગતા રહ્યા છે. આ પ્રમાણે ભગીરથ પ્રયત્ન પછી ગણિતાનુયોગની પછી તેઓ ધર્મકથાનુયોગ પ્રસ્તુત કરી રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મકથાનુયોગ ગ્રંથમાં સ્વયં મુનિશ્રી કન્હૈયાલાલજી 'કમલ'ના પોતાના તરફથી કાંઈ પણ આપવામાં આવ્યું નથી. પણ એમાં એમનો અથાક શ્રમ છે. વર્ષો સુધી આગમસાહિત્યનું મંથન કર્યા પછી જે અમૃત નીકળ્યું તે પ્રબુદ્ધ વાચકો સમક્ષ પ્રસ્તુત કર્યું છે. મંથનની અંદર જે શ્રમ હોય છે, તે તો એનો અનુભવી હોય તેને જ ખ્યાલ આવે, એ જ એનું મૂલ્યાંકન કરી શકે છે. વસ્તુતઃ મુનિશ્રીનું આ મંથન સમુદ્રમંથનની જેમ કઠિન રહ્યું છે, પણ આનંદની વાત એ છે કે એમણે અમૃત સર્વજનો માટે સુલભ કરી આપ્યું. એ વાત સાચી છે કે આ મંથનમાં એમણે એમના સ્વાસ્થ્યનો ભોગ આપ્યો છે. કઠિન પરિશ્રમની સ્વાસ્થ્ય પર ઘેરી અસર પડે છે, પરંતુ એની ઉપેક્ષા કરી તેઓ રાતદિવસ આ કાર્યમાં મચ્યા રહ્યા, જેનું સુફલ ધર્મકથાનુયોગ છે.

પં. મુનિશ્રીના પ્રેમભર્યા આગ્રહને માન આપી મેં આ પ્રસ્તાવના લખવાનો સ્વીકાર કર્યો છે. મારી પરમ આદરણીય સાધ્વીરત્ન માતેશ્વરી, મહાસતી શ્રી પ્રભાવતીજીનો સંથારા સાથે ભૈરોદા ગામમાં અકસ્માત સ્વર્ગવાસ થઈ ગયો. મારું પોતાનું સ્વાસ્થ્ય તાવ આદિ કારણે અસ્વસ્થ રહ્યું. એટલે જે રૂપમાં અને જે વિસ્તારથી પ્રસ્તાવના લખવાની ઇચ્છા હતી, તે સ્વાસ્થ્યની પ્રતિકૂળતાને કારણે લખી શકયો નથી. તથાપિ જે કાંઈ લખી શકયો છું તે વાચકોને ધર્માનુકથાનુયોગ સમજવામાં પૂર્ણ સહાયક થશે એવો મારો સ્પષ્ટ મત છે.

મારી દૃષ્ટિએ જૈન કથાસાહિત્યનું વૈદિક અને બૌદ્ધ સાહિત્યની સાથે તુલનાત્મક તેમજ સમીક્ષાત્મક અધ્યયન થવું જોઈએ. આ અધ્યયનથી ઘણાં બધાં નવાં તથ્ય પ્રગટ થઈ શકે. આજની આવશ્યકતા છે, શોધાર્થીઓની વ્યાપક દૃષ્ટિથી સંશોધન કરવાની. મે મારી પ્રસ્તાવનામાં કેટલીક કથાઓનું આ દૃષ્ટિથી તુલનાત્મક અધ્યયન પણ પ્રસ્તુત કર્યું છે. આ કાર્યને વધુ વ્યાપક રૂપ આપવાની આવશ્યકતા છે.

ધર્માનુકથાનુયોગના પ્રસ્તુત સંસ્કરણમાં કેવલ મૂલ આગમાનુસારી કથાઓ આપવામાં આવી છે. એટલે દરેક વાચક કથાના હાર્દને સમજી શકે તે દૃષ્ટિથી મેં પ્રત્યેક કથાનો સારાંશ-ફલિતાર્થ પ્રસ્તાવનામાં આપવાનો પ્રયાસ કર્યો છે અને જ્યાં પણ મને લાગ્યું ત્યાં વિષયને સ્પષ્ટ કર્યો છે. પ્રસ્તાવનાનાં પૃષ્ઠોને પણ એક મર્યાદા છે, આ દૃષ્ટિએ ઇચ્છા હોવા છતાં પણ અનેક વિષયોની ચર્ચા કરી નથી. જેમકે, ભૌગોલિક દૃષ્ટિથી નગરીઓનો પરિચય, વર્તમાનમાં એની સ્થિતિ વગેરે. જિજ્ઞાસુ વાચકો મારા અન્ય ગ્રંથોમાંથી એ અંગે જાણકારી પ્રાપ્ત કરી શકે છે. પરમ શ્રધ્ધેય સદ્‌ગુરુવર્ય સંજ્યસ્થાનકેસરી અધ્યાત્મયોગી ઉપાધ્યાય શ્રી પુષ્કરમુનિજી મ૦ જે 'કમલ' મુનીજીના અનન્ય સહયોગી અને સ્નેહીસાથી છે, એમના માર્ગદર્શન અનુસાર મેં આ લખ્યું છે. આશા નહીં પણ શ્રદ્ધા છે કે આ શાનદાર કૃતિ ભારતના ભંડારની શોભામાં અભિવૃદ્ધિ કરશે.

સુજ્ઞેષુ વધારે શું કહેવું ?

વિજયાદશમી
૨૭, ઓકટોબર, ૧૯૮૨
સિંધોલ, જૈનસ્થાનક, જોધપુર (રાજ.)

દેવેન્દ્રમુનિ 'શાસ્ત્રી'

[ગુજરાતીમાં અનુવાદક : **ડૉ. કનુભાઈ વ્ર. શેઠ**, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.]

□ □

धम्मकहाएं णं भंते, जीवे किं जणयइ ?
धम्मकहाएं णं निंजरं जणयइ, धम्मकहाएं णं पवयणं पभावेइ,
पवयणपभावे णं जीवे आगमिसस्स भद्दत्ताएं कम्मं निबन्धइ.
उत्तरा० २९/२४

—ભન્તે, ધર્મકથાથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

ધર્મકથાથી નિર્જરા થાય છે. જિન પ્રવચનની પ્રભાવના કરે છે. પ્રવચનની પ્રભાવના કરનારો જીવ ભવિષ્યમાં કલ્યાણકારી ફળ આપનારાં કર્મોનું અર્જન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષય-સૂચી

ધર્મકથાનુયોગ : પ્રથમ સ્કંધ

	સૂત્રાંક	પૃષ્ઠાંક
પ્રથમ સ્કંધ [ઉત્તમ પુરુષ કથાનકો]	૧-૬૩૯	૪-૪૬
મંગળ સૂત્રો	૧-૪	૪
૧. ફુલકરો	૫-૧૭	૪-૫
૨. ઋષભ-ચરિત્ર	૧૮-૧૪૧	૫-૨૭
કલ્યાણક-નક્ષત્રો	૧૮	૫
ગર્ભાવતરણ	૧૯	૫
જન્મકલ્યાણક	૨૦	૫
અધોલોકની દિશાકુમારીઓએ કરેલો જન્મ-મહોત્સવ	૨૧-૨૫	૫-૭
ઊર્ધ્વલોકવાસી દિશાકુમારીઓએ કરેલ જન્મ-મહોત્સવ	૨૬-૨૭	૭
રુચકવાસી દિશાકુમારીઓએ કરેલ જન્મ-મહોત્સવ	૨૮-૩૨	૭-૮
મધ્યવર્તી રુચકવાસી દિશાકુમારી મહત્તરિકાઓ દ્વારા કરાયેલ નાભિનાળ-કર્તન	૩૩	૮
દિશાકુમારીઓ દ્વારા કરાયેલ માતા-પુત્રની સ્નાનાદિવિધિ	૩૪-૩૫	૮-૯
દેવેન્દ્ર શક્રનું તીર્થંકરના જન્મ-નગરમાં ગમન	૩૩-૬૬	૯-૧૪
ઈશાનેન્દ્ર આદિ ઇન્દ્રો દ્વારા કરાયેલ જન્મ-મહોત્સવ	૬૭-૭૩	૧૪-૧૫
અસુરેન્દ્ર ચમરકૃત જન્મ-મહોત્સવ	૭૪	૧૫
અસુરેન્દ્ર બલી આદિકૃત જન્મ-મહોત્સવ	૭૫-૭૯	૧૫-૧૬
અચ્યુત-દેવેન્દ્રકૃત તીર્થંકરાભિષેક	૮૦-૯૯	૧૬-૧૯
દેવેન્દ્ર શક્રકૃત તીર્થંકરાભિષેક	૧૦૦-૧૦૭	૧૯-૨૦
ઋષભ દ્વારા લેખનકળાદિ ઉપદેશ	૧૦૮	૨૦
ઋષભની પ્રવ્રજ્યા	૧૦૯-૧૧૧	૨૦-૨૧
ઋષભનું અચેલકપણું અને ઉપસર્ગ-સહન	૧૧૨-૧૧૩	૨૧
ઋષભનું અનગાર-સ્વરૂપ	૧૧૪-	૨૧-૨૨
ઋષભની પ્રતિબંધ-રહિતતા	૧૧૫	૨૨
ઋષભનો વિહાર	૧૧૬	૨૨-૨૩
ઋષભને કેવળજ્ઞાન	૧૧૭-૧૧૮	૨૩
ઋષભ દ્વારા તીર્થપ્રવર્તન	૧૧૯	૨૩
ઋષભની ગણધરાદિ સંપદા	૧૨૦-૧૨૧	૨૩-૨૪
ઋષભના સમયમાં સિદ્ધો	૧૨૨	૨૪
ઋષભના અનગારોનું વર્ણન	૧૨૩	૨૪
અન્તકર ભૂમિ	૧૨૪	૨૪
ઋષભનું સંહનનાદિ, કુમારવાસાદિ અને નિર્વાણ	૧૨૫-૧૨૬	૨૪
શક્રાદિ દેવેન્દ્ર કૃત નિર્વાણ-મહિમા	૧૨૭-૧૪૧	૨૪-૨૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
૩. મલ્લિ-જિન-ચરિત્ર	૧૪૨-૨૪૧	૨૭-૫૬
મહાબલ રાજા અને તેના છ બાલમિત્રો	૧૪૨-૪૫	૨૭-૨૮
મહાબલાદિની પ્રવ્રજ્યા	૧૪૬	૨૮
તપ વિષયમાં મહાબલની માયા	૧૪૭	૨૮
તીર્થંકર-નામકર્મ-ઉપાર્જન	૧૪૮	૨૯
મહાબલ આદિની વિવિધ તપશ્ચર્યા	૧૪૯	૨૯
મહાબલ આદિનું પ્રત્યાગમન	૧૫૦	૨૯
મલ્લીનું ગર્ભાવતરણ	૧૫૧-૧૫૩	૨૯-૩૦
મલ્લી-તીર્થંકર-જન્મ	૧૫૪-૧૫૭	૩૦-૩૧
મલ્લી દ્વારા મોહન-ગૃહનું નિર્માણ	૧૫૮-૧૬૦	૩૧
પ્રતિબુદ્ધ રાજાની રાણી પદ્માવતી દેવીનો નાગ-મહોત્સવ	૧૬૧-૧૬૫	૩૧-૩૩
મલ્લીના શ્રીદામગંડની પ્રશંસા	૧૬૬	૩૩
મલ્લીના રૂપની પ્રશંસા	૧૬૭	૩૩
પ્રતિબુદ્ધ રાજાના દૂતનું મિથિલા-ગમન	૧૬૮	૩૩
અર્હન્નક વણિકની સમુદ્રયાત્રા	૧૬૯-૧૭૧	૩૩-૩૫
તાલપિશાચાદિના ઉત્પાતોનો પ્રાદુર્ભાવ	૧૭૨-૧૭૩	૩૫-૩૬
અર્હન્નકને પિશાચ-બાધા	૧૭૪	૩૬
અર્હન્નકની ધર્મમાં દૃઢતા	૧૭૫-૧૭૬	૩૬-૩૭
દેવનું પિશાચરૂપ-સંહરણ અને સ્વવૃત્તાંત કથન	૧૭૭	૩૭-૩૮
અર્હન્નકનું મિથિલા-આગમન	૧૭૮	૩૮
અર્હન્નકનું ચંપામાં આગમન	૧૭૯-૧૮૦	૩૮-૩૯
મલ્લીના રૂપની પ્રશંસા	૧૮૧	૩૯
ચંદ્રચ્છાય રાજાના દૂતનું મિથિલાગમન	૧૮૨	૩૯
રુકિમ રાજા	૧૮૩	૩૯
સુબાહુની સ્નાનક્રીડા	૧૮૪-૧૮૫	૩૯-૪૦
મલ્લીના સ્નાન-મહોત્સવની પ્રશંસા	૧૮૬	૪૦
રુકિમ રાજાના દૂતનું મિથિલાગમન	૧૮૭	૪૦
શંખ રાજા	૧૮૮	૪૦
મલ્લીના કુંડલ-યુગલના સાંધા તૂટી જવા	૧૮૯	૪૦-૪૧
સુવર્ણકારોના મહાજનને દેશનિકાલ	૧૯૦	૪૧
સુવર્ણકાર-મહાજનનું વારાણસીમાં આગમન	૧૯૧	૪૧
મલ્લીના રૂપની પ્રશંસા, શંખના દૂતનું મિથિલાગમન	૧૯૨-૧૯૩	૪૧-૪૨
અદીનશત્રુ રાજા	૧૯૪	૪૨
મલ્લદિન્ન દ્વારા ચિત્રસભા-નિર્માણ	૧૯૫-૧૯૬	૪૨
એક ચિત્રકાર દ્વારા મલ્લીની પ્રતિકૃતિનું ચિત્રણ	૧૯૭-૧૯૯	૪૨-૪૩
ચિત્રકારનો દેશનિકાલ	૨૦૦	૪૩
ચિત્રકારનું હસ્તિનાપુરમાં આગમન	૨૦૧	૪૩-૪૪
અદીનશત્રુ દ્વારા મલ્લીના ચિત્રનું દર્શન	૨૦૨	૪૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
અદીનશત્રુના દૂતનું મિથિલાગમન	૨૦૩-૨૦૪	૪૪
જિતશત્રુ રાજા	૨૦૫	૪૪
ચોકખા પરિવ્રાજિકા	૨૦૬	૪૪
મલ્લી દ્વારા ચોકખાના મતનું નિરસન	૨૦૭-૨૦૮	૪૪-૪૫
ચોકખાનું કંપિલપુરમાં આગમન	૨૦૯-૨૧૦	૪૫
ચોકખાએ કહેલ કૂપમંડૂક-દૃષ્ટાંત	૨૧૧	૪૫-૪૬
મલ્લીના રૂપની પ્રશંસા	૨૧૨	૪૬
જિતશત્રુના દૂતનું મિથિલાગમન	૨૧૩	૪૬
દૂતોનું સંદેશ-નિવેદન	૨૧૪	૪૬-૪૭
કુંભ દ્વારા દૂતોનો અસત્કાર	૨૧૫	૪૭
જિતશત્રુ આદિનું કુંભ સાથે યુદ્ધ	૨૧૬-૨૧૮	૪૭-૪૮
મલ્લી દ્વારા ચિંતાકારણ-પૃચ્છા	૨૧૯	૪૮
કુંભનું ચિંતાકારણ-કથન	૨૨૦	૪૮
મલ્લી દ્વારા ઉપાય-નિરૂપણ	૨૨૧	૪૮-૪૯
મલ્લીનો જિતશત્રુ આદિને બોધ	૨૨૨-૨૨૫	૪૯-૫૦
જિતશત્રુ-પ્રમુખ બધાને જાતિસ્મરણ	૨૨૬-૨૨૭	૫૦
મલ્લી તથા જિતશત્રુ આદિ રાજાઓનો પ્રવ્રજ્યા-સંકલ્પ	૨૨૮-	૫૦-૫૧
મલ્લીનો નિષ્ક્રમણ-મહોત્સવ	૨૨૯-૨૩૭	૫૧-૫૪
મલ્લીને કેવળજ્ઞાન	૨૩૮	૫૪-૫૫
જિતશત્રુ આદિની પ્રવ્રજ્યા	૨૩૯	૫૫
મલ્લી-જિનની શિષ્ય-સંપદા	૨૪૦	૫૫
મલ્લી જિનનું નિર્વાણ	૨૪૧	૫૫-૫૬
૪. અરિષ્ટનેમિ ચરિત્ર	**૨૪૨-૨૫૨**	**૫૬-૫૮**
કલ્યાણક	૨૪૨	૫૬
ગર્ભાવતરણ અને સ્વપ્નદર્શનાદિ	૨૪૩	૫૬
જન્મ વગેરે	૨૪૪	૫૬
પ્રવ્રજ્યા	૨૪૫	૫૬
કેવળજ્ઞાન	૨૪૬	૫૭
ગણધરાદિ સંપદા	૨૪૭-૨૫૦	૫૭
અન્તકૃત ભૂમિ	૨૫૧	૫૭
કુમારવાસાદિ અને નિર્વાણ	૨૫૨	૫૭-૫૮
૫. પાર્શ્વ-ચરિત્ર	**૨૫૩-૨૬૬**	**૫૮-૬૦**
કલ્યાણક	૨૫૩	૫૮
ગર્ભાવતરણ	૨૫૪-૨૫૫	૫૮
જન્માદિ	૨૫૬	૫૮
પ્રવ્રજ્યા	૨૫૭-૨૫૯	૫૮-૫૯
કેવળજ્ઞાન	૨૬૦	૫૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
ગણધરાદિ શિષ્ય-સંપદા	૨૬૧-૨૬૪	૫૯-૬૦
અન્તકૃત ભૂમિ	૨૬૫	૬૦
આગારવાસાદિ અને નિર્વાણ	૨૬૬	૬૦
૬. મહાવીર-ચરિત્ર	**૨૬૭-૩૭૩**	**૬૦-૮૮**
પૂર્વભવમાં પોટ્ટિલ	૨૬૭	૬૦
કલ્યાણકો	૨૬૮	૬૦-૬૧
દેવાનંદાના ગર્ભમાં અવતરણ	૨૬૯	૬૧
ગર્ભસ્થ ભગવંતને ત્રણ જ્ઞાન	૨૭૦	૬૧
ગર્ભ-સ્થાનાન્તરણ	૨૭૧-૨૭૨	૬૧
જન્મકલ્યાણક કાલ	૨૭૩	૬૧-૬૨
જન્મસમયે દેવકૃત ઉદ્યોત	૨૭૪	૬૨
દેવકૃત અમૃત-વૃષ્ટિ	૨૭૫	૬૨
દેવકૃત તીર્થંકર-જન્માભિષેક	૨૭૬	૬૨
સિદ્ધાર્થકૃત જન્મોત્સવ	૨૭૭-૨૭૯	૬૨-૬૪
વર્ધમાન નામકરણ	૨૮૦	૬૪
બાલપણ	૨૮૧	૬૪
યૌવન	૨૮૨	૬૪
નામત્રયી	૨૮૩	૬૪
માતાપિતાનું દેવલોક-ગમન	૨૮૪	૬૪-૬૫
વર્ધમાનના સ્વજનો	૨૮૫	૬૫
અભિનિષ્ક્રમણ-સંકલ્પ અને સંવત્સરદાન	૨૮૬	૬૫
દેવેન્દ્ર શક્રકૃત દેવચ્છન્દકમાં સ્નાન અને શિબિકા-વિકુર્વણા	૨૮૭-૨૯૧	૬૫-૬૬
અભિનિષ્ક્રમણ	૨૯૨	૬૬-૬૭
પંચમુષ્ટિ લોચ	૨૯૩-૨૯૪	૬૭
સામાયિક ચારિત્ર-પરિગ્રહણ	૨૯૫	૬૭
મનઃપર્યવજ્ઞાનોત્પત્તિ	૨૯૬	૬૭
તેર માસ પછી અચેલકત્વ	૨૯૭	૬૭
અનગારરૂપ પ્રશંસા	૨૯૮	૬૭
પ્રતિબંધાભાવ	૨૯૯	૬૭
મહાવીરનો અભિગ્રહ	૩૦૦	૬૭-૬૮
મહાવીરનો વિહાર	૩૦૧	૬૮
પરિષહજય	૩૦૨	૬૮
દશ સ્વપ્નોનું ફળ	૩૦૩-૩૦૪	૬૮-૬૯
સ્વપ્નફળ	૩૦૫	૬૯-૭૦
ભગવાનનું દીર્ઘ તપ	**૩૦૬-૩૨૩**	**૭૦-૮૮**
ભગવાનની ચર્યા	૩૦૬-૩૧૩	૭૦-૭૨
ભગવાનની શૈયા	૩૧૪-૩૧૮	૭૨-૭૪
ભગવાને સહેલા પરીષહ-ઉપસર્ગ	૩૧૯-૩૨૧	૭૪-૭૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાનનો ચિકિત્સા–ત્યાગ	૩૨૨	૭૫
ભગવાનની આહાર–ચર્યા	૩૨૩–૩૨૬	૭૫–૭૬
કેવળજ્ઞાન–દર્શન–ઉત્પત્તિ	૩૨૭	૭૬
દેવાગમન	૩૨૮	૭૬
ભવનવાસી દેવોનું આગમન	૩૨૯–૩૩૦	૭૬–૭૭
વાનવ્યંતર દેવોનું આગમન	૩૩૧	૭૭
જ્યોતિષ્ક દેવોનું આગમન	૩૩૨	૭૭–૭૮
વૈમાનિક દેવોનું આગમન	૩૩૩	૭૮
અપ્સરા–સમૂહોનું આગમન	૩૩૪	૭૮–૭૯
ભગવાન મહાવીરનું વર્ણન	૩૩૫–૩૩૮	૭૯–૮૧
મહાવીરના અંતેવાસી અનેક શ્રમણ ભગવંતો	૩૩૯–૩૫૦	૮૧–૮૪
મહાવીર દ્વારા એક નિષદ્યામાં ચોપન વ્યાકરણ (વ્યાખ્યા)	૩૫૧	૮૪
મહાવીરકૃત પર્યુંવાસના	૩૫૨	૮૫
વર્ષાવાસ ગણના	૩૫૩	૮૫
નિર્વાણ અને દેવો દ્વારા ઉદ્યોતકરણ	૩૫૪–૩૫૭	૮૫
મહાવીરની આયુ–ગણના અને અંતિમ ઉપદેશ	૩૫૮	૮૫–૮૬
ગૌતમને કેવળજ્ઞાન	૩૫૯	૮૬
ગણરાજાઓ દ્વારા ઉદ્યોત	૩૬૦	૮૬
નિર્વાણ પછી ભસ્મરાશિ–ગ્રહનું દર્શન તથા તેનો પ્રભાવ	૩૬૧–૩૬૩	૮૬
નિર્વાણ પછી સંયમની દુરારાધના	૩૬૪	૮૬–૮૭
મહાવીરની શ્રમણ–સંપદા	૩૬૫–૩૬૮	૮૭
મહાવીરના અનુત્તરદેવલોકગામી શિષ્યો	૩૬૯	૮૭
ભગવાન મહાવીરની અન્તકૃત ભૂમિઓ	૩૭૦	૮૭
ભગવાન મહાવીર દ્વારા દીક્ષિત રાજાઓ	૩૭૧	૮૭
ભગવાન મહાવીરના તીર્થમાં તીર્થંકરકર્મ બાંધનારા	૩૭૨	૮૮
મહાવીર–તીર્થમાં પ્રવચન–નિહ્નવો	૩૭૩	૮૮
૭. મહાપદ્મ ચરિત્ર	**૩૭૪–૪૦૩**	**૮૮–૯૨**
શ્રેણિકનું નરક ગમન	૩૭૪	૮૮
આગામી ઉત્સર્પિણીમાં નરકથી ચ્યવીને શ્રેણિકનો		
કુલકરગૃહે જન્મ	૩૭૫–૩૭૬	૮૮
મહાપદ્મ નામકરણ	૩૭૭	૮૮
રાજ્યાભિષેક	૩૭૮–૩૭૯	૮૮
'દેવસેન' એવું બીજું નામ	૩૮૦–૩૮૧	૮૯
'વિમલવાહન' નામ	૩૮૨	૮૯
મહાપદ્મની પ્રવ્રજ્યા	૩૮૩	૮૯
ઉપસર્ગ–સહન	૩૮૪	૮૯
પ્રતિબંધ—અભાવ	૩૮૫	૯૦
કેવળજ્ઞાન અને દર્શન	૩૮૬–૩૮૭	૯૦
મહાવીર અને મહાપદ્મની દેશનામાં સામ્ય	૩૮૮–૪૦૦	૯૦–૯૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
સંપત્તિ–સામ્ય	૪૦૧	૯૧
આયુષ્ય–સામ્ય	૪૦૨	૯૧
અર્હન્ મહાપદ્મ પાસે આઠ રાજાઓ દીક્ષા લેશે	૪૦૩	૯૧–૯૨
૮. તીર્થંકર—સામાન્ય	૪૦૪–૪૯૨	૯૨–૧૦૭
અઢી દ્વીપમાં અરહંતાદિ-વંશ સમુત્પત્તિ	૪૦૪–૪૦૮	૯૨
અઢી દ્વીપમાં અરહંતાદિની ઉત્પત્તિ	૪૦૪–૪૧૪	૯૨
જંબૂદ્વીપના ભરત–ઐરાવતમાં ઉત્તમ પુરુષો	૪૧૫	૯૨
ધાતકીખંડમાં ઉત્તમ પુરુષો	૪૧૬–૪૧૭	૯૨
પુષ્પકર દ્વીપાર્ધમાં ઉત્તમ પુરુષો	૪૧૮–૪૧૯	૯૨
જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં અરહંતાદિની ઉત્પત્તિ	૪૨૦–૪૨૧	૯૨
જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં તીર્થંકરો	૪૨૨	૯૨
જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં ભાવિ તીર્થંકરો	૪૨૩	૯૩
જંબૂદ્વીપમાં તીર્થંકરો	૪૨૪	૯૩
જંબૂદ્વીપમાં તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા	૪૨૫	૯૩
જંબૂદ્વીપના ભારતવર્ષમાંના તીર્થંકરોનાં નામ	૪૨૬	૯૩
પિતા	૪૨૭	૯૩
માતાઓ	૪૨૮	૯૩
પૂર્વભવ	૪૨૯	૯૪
પૂર્વભવમાં શ્રુતજ્ઞાન	૪૩૦	૯૪
પૂર્વભવો	૪૩૧	૯૪
તીર્થંકરોનો વર્ણ	૪૩૨	૯૪
ઊંચાઈ	૪૩૩	૯૪
આગારવાસ	૪૩૪	૯૪–૯૫
કુમારકાળ	૪૩૫	૯૫
આગારવાસ કાળ	૪૩૬	૯૫
સર્વાયુ	૪૩૭	૯૫
ચન્દ્રપ્રભનો છદ્મસ્થકાળ	૪૩૮	૯૫
કલ્યાણકો	૪૩૯	૯૫–૯૬
શિબિકા અને શિબિકાવાહકો	૪૪૦	૯૬
દીક્ષા–નગરો	૪૪૧	૯૬
દીક્ષાકાળે એક દૂષ્ય	૪૪૨	૯૬
સહદીક્ષિતોની સંખ્યા	૪૪૩	૯૬–૯૭
દીક્ષાપૂર્વતપ	૪૪૪	૯૭
પ્રથમ ભિક્ષાદાતા	૪૪૫	૯૭
પ્રથમ ભિક્ષાકાળ	૪૪૬	૯૭
ચૈત્યવૃક્ષ	૪૪૭	૯૭
પ્રથમ શિષ્યો	૪૪૮	૯૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
પ્રથમ શિષ્યાઓ	૪૪૯	૯૭–૯૮
કેવળજ્ઞાન-દર્શન-ઉત્પત્તિકાળ	૪૫૦	૯૮
તીર્થંકરોના અતિશયો	૪૫૧–૪૫૨	૯૮–૯૯
ચાતુર્યામ–ધર્મ–ઉપદેશક તીર્થંકરો	૪૫૩	૯૯
ચાતુર્યામ–ધર્મોપદેશક કૃષ્ણ આદિ ભાવી તીર્થંકરો	૪૫૪	૯૯
આગામી ઉત્સર્પિણીના તીર્થંકરોનાં નામ	૪૫૫	૯૯
પૂર્વભવનાં નામો	૪૫૬	૯૯
તીર્થંકરોનાં માતા–પિતા	૪૫૭	૯૯
તીર્થંકરોના ઉપદેશની દુર્ગમતા–સુગમતા	૪૫૮	૯૯–૧૦૦
શ્રમણ–સંપદા	૪૫૯	૧૦૦
શ્રમણી–સંપદા	૪૬૦	૧૦૦
શ્રાવિકા–સંપદા	૪૬૧	૧૦૦
વાદિ–સંપદા	૪૬૨	૧૦૦
વૈક્રિયલબ્ધિ–સંપદા	૪૬૩	૧૦૦
ચતુર્દશપૂર્વી–સંપદા	૪૬૪	૧૦૦
અવધિજ્ઞાની–સંપદા	૪૬૫	૧૦૧
મનઃપર્યાયજ્ઞાની–સંપદા	૪૬૬	૧૦૧
તીર્થંકરોની જિન–સંપદા	૪૬૭	૧૦૧
અનુત્તરોપપાતિક–સંપદા	૪૬૮	૧૦૧
તીર્થંકરોનો અંતરકાળ	૪૬૯	૧૦૧
ઋષભાદિ અરહંતોનો પર્યુષણકલ્પ–નિર્વહણ સમય	૪૭૦	૧૦૧–૧૦૩
ગણ અને ગણધરો	૪૭૧	૧૦૩–૧૦૪
મહાવીરના ગણો અને ગણધરો	૪૭૨	૧૦૪–૧૦૫
મહાવીરના ગણધરોનો ગૃહવાસકાળ	૪૭૩	૧૦૫
મંડિતપુત્રનો શ્રમણપર્યાય	૪૭૪	૧૦૫
મહાવીરના ગણધરોની આયુગણના	૪૭૫	૧૦૫
ભગવાન મહાવીરના ગૌતમ ગણધર–રાજગૃહમાં મહાવીરનું આગમન	૪૭૬–૪૭૮	૧૦૫
ઈન્દ્રભૂતિ ગૌતમ	૪૭૯–૪૯૧	૧૦૫–૧૦૭
અચ્છેરક (આશ્ચર્યમય ઘટનાઓ)	૪૯૨	૧૦૭
૯. ભરત ચક્રવર્તી–ચરિત્ર	**૪૯૩-૫૮૪**	**૧૦૭–૧૪૨**
ભરત ચક્રવર્તીનું વર્ણન	૪૯૩	૧૦૭
બીજા પ્રકારે તે રાજાનું વર્ણન	૪૯૪	૧૦૭–૧૦૮
ચક્રરત્નની ઉત્પત્તિ	૪૯૫–૪૯૬	૧૦૮
ચક્રરત્નનો અષ્ટાહ્નિક મહિમા–ઉત્સવ	૪૯૭–૫૦૦	૧૦૮–૧૧૧
ચક્રરત્નનું માગધતીર્થ પ્રતિ પ્રયાણ	૫૦૧	૧૧૧
અભિષેક–હસ્તી પર બેસી ભરતનું ચક્રરત્ન પાછળ જવું	૫૦૨–૫૦૩	૧૧૧–૧૧૨
માગધતીર્થમાં ભરતે કરેલ અષ્ટમભક્ત અને પૌષધ	૫૦૪	૧૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
અશ્વરથારૂઢ ભરતનુ લવણ સમુદ્રમાં અવગાહન	૫૦૫–૫૦૬	૧૧૨
ભરતે છોડેલા તીરનું માગધતીર્થાધિપતિના ભવનમાં પડવું	૫૦૭	૧૧૨–૧૧૩
નામાંકિત બાણ જોઈને માગધતીર્થાધિપતિનું ભરત સન્મુખ આગમન	૫૦૮–૫૧૦	૧૧૩–૧૧૪
ભરતે કરેલ અષ્ટમભક્તનું પારણું અને માગધતીર્થાધિપતિદેવના માનમાં અષ્ટાહ્નિક ઉત્સવનો આદેશ	૫૧૧	૧૧૪
ચક્રરત્નનું વરદામતીર્થ તરફ પ્રયાણ	૫૧૨	૧૧૪–૧૧૫
ભરતનું વરદામતીર્થ પ્રતિ અનુગમન	૫૧૩–૫૧૫	૧૧૫–૧૧૭
ભરતનો પ્રભાસતીર્થ–વિજય	૫૧૬	૧૧૭
ભરતનું સિંધુદેવી દ્વારા સન્માન	૫૧૭–૫૧૮	૧૧૭–૧૧૮
વૈતાઢ્યગિરિકુમાર–કૃત ભરતનું સન્માન	૫૧૯	૧૧૮
તિમિસ્રગુફા અધિપતિ કૃતમાલદેવ દ્વારા ભરતનું બહુમાન	૫૨૦	૧૧૮–૧૧૯
ભરતના સુસેન સેનાપતિ દ્વારા સસૈન્ય નૌકારૂપ ચર્મરત્ન દ્વારા સિંધુ નદી પાર કરવી	૫૨૧–૫૨૨	૧૧૯–૧૨૦
સુસેન સેનાપતિ દ્વારા સિંહલાદિ–વિજય	૫૨૩	૧૨૦
પાછા ફરેલ સેનાપતિ સુસેન દ્વારા ભરત સમક્ષ ભેટોનું સમર્પણ	૫૨૪	૧૨૦
સુસેન સેનાપતિ કૃત તિમિસ્રગુફા–દ્વારોદ્ઘાટન	૫૨૫–૫૨૬	૧૨૦–૧૨૧
મણિરત્ન સહિત ભરતનું તિમિસ્રગુફા–દ્વાર પ્રતિ પ્રયાણ	૫૨૭–૫૨૮	૧૨૨
કાકણીરત્ન સાથે ભરતનો તિમિસ્ર ગુફામાં પ્રવેશ	૫૨૯	૧૨૨–૧૨૩
તિમિસ્ર ગુફાની મધ્ય ભાગમાં ઉન્મગ્ન-નિમગ્નજલા મહાનદીઓ	૫૩૦	૧૨૩
ઉન્મગ્ન–નિમગ્નજલા મહાનદીઓ પર વર્ધકીરત્ન દ્વારા સેતુ–નિર્માણ અને ભરતનું સૈન્યસહ ઉતરાણ	૫૩૧	૧૨૩
તિમિસ્ર ગુફાના ઉત્તર દિશાના દ્વાર દ્વારા આપમેળે માર્ગ આપવો	૫૩૨	૧૨૩
ઉત્તરાર્ધ ભરતમાં સુસેન સેનાપતિએ કરેલ આવાડ ચિલાતનો પરાજય	૫૩૩–૫૩૬	૧૨૩–૧૨૬
આવાડ કિરાતોની પ્રાર્થનાથી ભરતના સૈન્ય પર નાગકુમાર દેવોએ કરેલ મહામેઘવર્ષા	૫૩૭–૫૪૦	૧૨૬–૧૨૭
ભરત દ્વારા છત્રરત્નનું વિસ્તરણ	૫૪૧	૧૨૭–૧૨૮
ગૃહપતિરત્ન દ્વારા ભરતની સેનાનો સાત દિન નિર્વાહ	૫૪૨	૧૨૮
હજારો દેવો દ્વારા નાગકુમારોને ભરતના શરણે જવા ઉપદેશ	૫૪૩	૧૨૮
નાગકુમારોના ઉપદેશથી કિરાતોનું ભરતના શરણે જવું	૫૪૪–૫૪૭	૧૨૮–૧૨૯
ક્ષુલ્લહેમવંતગિરિકુમાર–વિજય	૫૪૮–૫૪૯	૧૨૯–૧૩૦
ભરત દ્વારા કાકિણીરત્ન દ્વારા ચક્રવર્તી નામોત્કીર્ણન	૫૫૦	૧૩૦
ચક્રાનુગામી ભરતનું વૈતાઢ્યના ઉત્તર ઢોળાવમાં ગમન	૫૫૧–૫૫૨	૧૩૦
વિદ્યાધર રાજાઓ નમિ–વિનમિ દ્વારા ભરતને રત્નો તથા સ્ત્રીરત્નની ભેટ	૫૫૩	૧૩૦–૧૩૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
ખંડપ્રપાત ગુફાના નટ્ટમાલકદેવ તરફથી ભરતને પ્રીતિદાન	૫૫૫	૧૩૧–૧૩૨
ભરત દ્વારા સુસેન સેનાપતિનો સત્કાર	૫૫૬	૧૩૨
હવે પછી આગમનક્રમથી ભરતનું પ્રતિગમન	૫૫૭	૧૩૨
નવનિધિ–ઉત્પત્તિ	૫૫૮–૫૫૯	૧૩૨–૧૩૩
વિનીતા રાજધાનીનો પ્રવિ પ્રતિગમન	૫૬૦–૫૬૭	૧૩૪–૧૩૬
ભરત દ્વારા દેવોનું સન્માન અને વિદાય	૫૬૮	૧૩૬
ભરતનો રાજ્યાભિષેક સંકલ્પ	૫૬૯–૫૭૦	૧૩૬–૧૩૭
દેવો દ્વારા અભિષેક મંડપની રચના	૫૭૧–૫૭૨	૧૩૭
સિંહાસન	૫૭૩	૧૩૭–૧૩૮
ભરતનો અભિષેકમંડપમાં પ્રવેશ	૫૭૪–૫૭૫	૧૩૮
ભરતનો મહારાજ્યાભિષેક	૫૭૬	૧૩૮–૧૩૯
નગરમાં બાર વર્ષના ઉત્સવની ઘોષણા	૫૭૭	૧૩૯
પ્રાસાદમાં પાછા ફરવું	૫૭૮–૫૭૯	૧૩૯–૧૪૦
રત્નો અને મહાનિધિઓનું ઉત્પત્તિસ્થાન	૫૮૦	૧૪૦
ભરતનું શાસન	૫૮૧	૧૪૦–૧૪૧
ભરતને આદર્શ(દર્પણ)ગૃહમાં કેવળજ્ઞાન	૫૮૨	૧૪૧
ભરતનું અષ્ટાપદગમન અને નિર્વાણ	૫૮૩–૫૮૪	૧૪૧–૧૪૨
૧૦. ચક્રવર્તી સામાન્ય	**૫૮૫–૬૧૩**	**૧૪૨-૧૪૫**
અઢી દ્વીપમાં ચક્રવર્તી–વિજયો	૫૮૫–૫૯૦	૧૪૨
જંબૂદ્વીપના ભારતવર્ષના બાર ચક્રવર્તીઓ અને તેમનાં માતા–પિતા તથા સ્ત્રીરત્નોનાં નામ	૫૯૧–૫૯૩	૧૪૨–૧૪૩
જંબૂદ્વીપના ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીના ચક્રવર્તીઓનાં નામાદિ	૫૯૪–૫૯૫	૧૪૩
જંબૂદ્વીપના ઐરાવત વર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં થનાર ચક્રવર્તીઓ આદિની સંખ્યા	૫૯૬	૧૪૩
જંબૂદ્વીપમાં ચક્રવર્તી આદિ	૫૯૭	૧૪૩
ત્રણ તીર્થંકરોનું ચક્રવર્તીપણું	૫૯૮	૧૪૩
સુભૂમ અને બ્રહ્મદત્તનું નરકગમન	૫૯૯–૬૦૧	૧૪૩
સગર ચક્રવર્તી	૬૦૨	૧૪૩–૧૪૪
હરિષેણ ચક્રવર્તી	૬૦૩	૧૪૪
ભરતાદિના શરીરની ઊંચાઈ	૬૦૪	૧૪૪
ચક્રવર્તીઓનો હાર	૬૦૫	૧૪૪
ચક્રવર્તીનાં ગામ–પુર–પાટણની સંખ્યા	૬૦૬	૧૪૪
નિધિરત્ન	૬૦૭–૬૦૮	૧૪૪
ચક્રવર્તીનાં ચૌદ રત્ન	૬૦૯–૬૧૦	૧૪૪
કાકિણી રત્નાકૃતિ	૬૧૧	૧૪૪
જંબૂદ્વીપમાં એકેન્દ્રિય રત્નોની સંખ્યા અને પરિભોગ	૬૧૨	૧૪૪
જંબૂદ્વીપમાં પંચેન્દ્રિય રત્નોની સંખ્યા–પરિભોગ	૬૧૩	૧૪૪–૧૪૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
૧૧. બલદેવ-વાસુદેવ સામાન્ય	૬૧૪-૬૩૯	૧૪૫-૧૪૭
બલદેવ-વાસુદેવનાં માતા-પિતા	૬૧૪-૬૨૧	૧૪૫-૧૪૬
જંબુદ્વીપમાં આગામી ઉત્સર્પિણીમાં બલદેવ વાસુદેવ વિશે વિવિધ પ્રરૂપણા	૬૨૨-૬૨૪	૧૪૬-૧૪૭
બલદેવોની ઊંચાઈ અને આયુ	૬૨૫-૬૩૧	૧૪૭
વાસુદેવ-પ્રતીર્ણક	૬૩૨-૬૩૯	૧૪૭
દ્વિતીય સ્કંધ [શ્રમણકથાનકો]	૧-૬૬૫	૫-૨૫૧
૧. વિમલ તીર્થમાં મહાબલ	૧-૪૯	૫-૧૬
વાણિજય ગ્રામમાં ભગવાન મહાવીરનું આગમન	૧-૨	૫
સુદર્શન શેઠ દ્વારા ધર્મ શ્રવણ	૩-૪	૫
સુદર્શન શેઠ દ્વારા કાળવિષયક પૃચ્છા	૫-૧૬	૫-૬
સુદર્શન શેઠ દ્વારા પલ્યોપમાદિના ક્ષયાપચય વિષયમાં પૃચ્છા	૧૭-૧૮	૬-૭
ભગવાન મહાવીર દ્વારા સુદર્શન શેઠના પૂર્વભવના વર્ણનમાં મહાબલકથા-કથન	૧૯	૭
પ્રભાવતી દેવીને સ્વપ્નમાં સિંહદર્શન	૨૦-૨૧	૭-૮
બલ રાજા દ્વારા સ્વપ્નફળ-કથન	૨૨-૨૪	૮-૯
સ્વપ્ન-પાઠકો દ્વારા સ્વપ્નફળ-કથન	૨૫-૨૭	૯-૧૦
બલ રાજા દ્વારા પુનઃ પ્રભાવતીને સ્વપ્નફળ-કથન	૨૮-	૧૦-૧૧
બલને મહાબલના જન્મની વધામણી	૨૯-૩૨	૧૧
જન્મ-મહોત્સવ	૩૩-૩૪	૧૨
મહાબલ નામકરણ અને અન્ય સંસ્કાર	૩૫-૩૬	૧૨
શિક્ષા-ગ્રહણ અને પાણિગ્રહણ	૩૭-૪૦	૧૩-૧૫
ધર્મઘોષ અનગારનું આગમન	૪૧-	૧૫
મહાબલકુમાર દ્વારા ધર્મશ્રવણ	૪૨	૧૫
મહાબલ દ્વારા પ્રવજ્યાભિલાષ કથન	૪૩-૪૪	૧૫
મહાબલની પ્રવજ્યા, દેવભવ અને સુદર્શનરૂપે જન્મ	૪૫-૪૭	૧૬
સુદર્શનને જાતિસ્મરણજ્ઞાન અને પ્રવજ્યાદિ	૪૮-૪૯	૧૬
૨. મુનિસુવ્રત-તીર્થમાં કાર્તિક શ્રેષ્ઠિ આદિનાં કથાનકો	૫૦-૬૦	૧૬-૧૯
શક્ર દ્વારા મહાવીર-સમવરણમાં નાટ્ય વિધિ	૫૦	૧૬-૧૭
શક્રના પૂર્વભવની પૃચ્છા	૫૧	૧૭
શક્રનો પૂર્વભવ કાર્તિક શ્રેષ્ઠિ	૫૨	૧૭
હસ્તિનાપુરમાં મુનિસુવ્રત-આગમન	૫૩	૧૭
કાર્તિકનો પ્રવ્રજ્યા સંકલ્પ	૫૪-૫૭	૧૭-૧૮
અષ્ટાધિક સહસ્ર વણિકો સાથે કાર્તિકની પ્રવ્રજ્યા	૫૮	૧૮-૧૯
કાર્તિકનું શક્રત્વ અને ભાવી કાળમાં સિદ્ધિ	૫૯-૬૦	૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
૩. મુનિસુવ્રત-તીર્થમાં ગંગદત્ત	૬૧-૬૭	૧૯-૨૦
ગંગદત્તના પૂર્વભવની પૃચ્છા	૬૧-૬૨	૧૯
હસ્તિનાપુરમાં મુનિસુવ્રતનું આગમન અને ગંગદત્ત દ્વારા ધર્મ શ્રવણ	૬૩-૬૪	૧૯-૨૦
ગંગદત્તની પ્રવ્રજ્યા અને દેવત્વ	૬૫-૬૬	૨૦
ગંગદત્તની સિદ્ધિ	૬૭	૨૦
૪. અરિષ્ટનેમિ-તીર્થમાં ચિત્રસંભૂતીય કથાનક	૬૮-૭૬	૨૦-૨૨
બ્રહ્મદત્ત-ચિત્ર-સમ્ભૂતનું જન્મકથન	૬૮	૨૦-૨૧
કાંપિલ્યનગરમાં-ચિત્ર-સંભૂતનું આગમન અને પૂર્વભવ-કથન	૬૯	૨૧
કર્મફળ ચિન્તા	૭૦	૨૧
બ્રહ્મદત્તનું ચિત્રને ભોગો ભોગવવા આમંત્રણ	૭૧-૭૨	૨૧-૨૨
બ્રહ્મદત્તે કરેલું પોતાના નિદાનનું વર્ણન	૭૩	૨૨
ચિત્રમુનિએ કરેલ આર્યકર્મનો ઉપદેશ	૭૪	૨૨
બ્રહ્મદત્તનો નરકવાસ	૭૫	૨૨
ચિત્રની સિદ્ધિ	૭૬	૨૨
૫. અરિષ્ટનેમિ-તીર્થમાં નિષધ	૭૭-૯૭	૨૩-૨૭
નિષધાદિ બાર શ્રમણો	૭૭	૨૩
દ્વારાવતીમાં કૃષ્ણ વાસુદેવ	૭૮	૨૩
દ્વારાવતીમાં બલદેવ રાજા	૭૯	૨૩
બલદેવની રાણી રેવતીનો પુત્ર નિષધકુમાર	૮૦	૨૩
અરિષ્ટનેમિ તીર્થંકરનું આગમન અને કૃષ્ણ દ્વારા પર્યુપાસના	૮૧-૮૨	૨૩-૨૪
નિષધ દ્વારા શ્રાવકધર્મ-ગ્રહણ	૮૩	૨૪
વરદત્ત દ્વારા નિષધના પૂર્વભવની પૃચ્છા અને અરિષ્ટનેમિ દ્વારા કથન	૮૪	૨૪
નિષધનો પૂર્વભવ-વીરાંગદ કુમાર	૮૫	૨૪-૨૫
સિદ્ધાર્થ આચાર્યના ઉપદેશથી વીરાંગદની પ્રવ્રજ્યા અને બ્રહ્મલોકમાં ઉત્પત્તિ	૮૬-૮૭	૨૫
બ્રહ્મલોકમાંથી ચ્યવીને નિષધકુમારરૂપે જન્મ	૮૮-૯૧	૨૫
નિષધની અરિષ્ટનેમિના દર્શનની ઇચ્છા	૯૨	૨૫-૨૬
નિષધનો ઇચ્છા જાણી અરિષ્ટનેમિનું આગમન	૯૩	૨૬
નિષધની પ્રવ્રજ્યા અને સમાધિમરણ	૯૪-૯૫	૨૬
વરદત્તના પૂછવાથી અરિષ્ટનેમિ દ્વારા નિષધના સર્વાર્થસિદ્ધ વિમાનમાં જવાનું કથન	૯૬	૨૬
નિષધને મહાવિદેહમાં સિદ્ધિ મળશે : અરિષ્ટનેમિ કથન	૯૭	૨૬-૨૭
૬. અરિષ્ટનેમિ-તીર્થમાં ગૌતમાદિ અણગારો	૯૮-૧૦૬	૨૭-૨૯
સંગ્રહણી-ગાથાર્થ	૯૮	૨૭
દ્વારાવતીમાં કૃષ્ણ વાસુદેવ	૯૯-૧૦૦	૨૭
અંધકવૃષ્ણિ રાજાનો ગૌતમ નામે કુમાર	૧૦૧	૨૭-૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
અરિષ્ટનેમિનો ધર્મોપદેશ અને ગૌતમની પ્રવ્રજ્યા	૧૦૨	૨૮
ગૌતમની શત્રુંજય પર્વત પર સિદ્ધિ	૧૦૩	૨૮
સમુદ્ર આદિ	૧૦૪	૨૮
અક્ષોભાદિ કુમાર અનગાર	૧૦૫–૧૦૬	૨૮–૨૯
૭. અરિષ્ટનેમિ-તીર્થમાં અણીયસકુમાર અને બીજા	**૧૦૭–૧૧૨**	**૨૯–૩૦**
ભદ્રિલપુરમાં નાગ ગૃહપતિ અને તેનો પુત્ર અણીયસ	૧૦૮–૧૦૯	૨૯
અરિષ્ટનેમિ સમક્ષ અણીયસની પ્રવ્રજ્યા અને શત્રુંજય પર સિદ્ધિ	૧૧૦	૨૯
અનંતસેનાદિ કુમારો	૧૧૧	૨૯–૩૦
સારણ કુમાર શ્રવણ	૧૧૨	૩૦
૮. અરિષ્ટનેમિ-તીર્થમાં ગજસુકુમાલ આદિ શ્રમણો	**૧૧૩–૧૫૯**	**૩૦–૪૪**
છ અણગારોના તપ–સંકલ્પને અરિષ્ટનેમિની અનુમતિ	૧૧૪	૩૦
છએનો ક્રમસર દેવકીના ગૃહમાં પ્રવેશ	૧૧૫–૧૧૮	૩૦–૩૧
એક જ સ્થળે પુનરાગમ થતાં દેવકીને શંકા	૧૧૯	૩૧
દેવકીની શંકાનું સમાધાન	૧૨૦	૩૧–૩૨
દેવકીના મનમાં અતિમુક્તક કુમારના વચનમાં શંકા	૧૨૧	૩૨
અરિષ્ટનેમિ દ્વારા સુલસાચરિત્ર-કથન વડે શંકા–સમાધાન	૧૨૨–૧૨૪	૩૨–૩૩
છએ સહોદર અણગારો પોતાના પુત્રો છે એ જાણી દેવકીનો હર્ષ	૧૨૫	૩૩
દેવકીના મનમાં પુત્રના લાલન–પાલનનો અભિલાષ અને ચિંતા	૧૨૬	૩૩–૩૪
કૃષ્ણ દ્વારા ચિંતાકારણ પૃચ્છા	૧૨૭	૩૪
દેવકી દ્વારા ચિંતાકારણ–નિવેદન	૧૨૮	૩૪
કૃષ્ણનું દેવારાધન અને દેવ દ્વારા લઘુબંધુ જન્મનું કથન	૧૨૯–૧૩૧	૩૪–૩૫
કૃષ્ણ દ્વારા દેવકીને આશ્વાસન	૧૩૨	૩૫
ગજસુકુમાલનો જન્મ	૧૩૩	૩૫
ગજસુકુમાલની ભાર્યા થાય એ માટે સોમિલ બ્રાહ્મણની પુત્રીનો કન્યા–અંતઃપુરમાં પ્રવેશ	૧૩૪–૧૩૬	૩૫–૩૬
અરિષ્ટનેમિ દ્વારા ધર્મદેશના	૧૩૭	૩૬
ગજસુકુમાલનો પ્રવ્રજ્યા-સંકલ્પ	૧૩૮	૩૬
ગજસુકુમાલનું માતા–પિતા પાસે નિવેદન	૧૩૯–૧૪૦	૩૬–૩૭
દેવકીની શોકાતુર દશા	૧૪૧	૩૭
દેવકી અને ગજસુકુમાલનો પરિસંવાદ	૧૪૨–૧૪૬	૩૭–૩૯
કૃષ્ણનો ગજસુકુમાલ પાસે રાજ્યગ્રહણનો પ્રસ્તાવ	૧૪૭	૩૯–૪૦
ગજસુકુમાલનું એક દિવસ રાજ્ય	૧૪૮	૪૦
ગજસુકુમાલની પ્રવ્રજ્યા	૧૪૯	૪૦–૪૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
ગજસુકુમાલ દ્વારા મહાપ્રતિમા-ઉપસંપદા	૧૫૦	૪૧
સોમિલકૃત ઉપસર્ગ	૧૫૧	૪૧
ગજસુકુમાલની સિદ્ધિ	૧૫૨	૪૧-૪૨
કૃષ્ણ દ્વારા વૃદ્ધને સહાય	૧૫૩	૪૨
કૃષ્ણની ગજસુકુમાલના દર્શનની અભિલાષા	૧૫૪	૪૨
અરિષ્ટનેમિ દ્વારા ગજસુકુમાલની સિદ્ધિનું કથન	૧૫૫	૪૨-૪૩
ઉપસર્ગની વાત સાંભળી કૃષ્ણનો ક્રોધ	૧૫૬	૪૩
ઉપસર્ગ કરીને સહાય જ કરી છે-એમ ક્રોધશમન	૧૫૭	૪૩
કૃષ્ણ દ્વારા ઉપસર્ગકર્તાની જાણ	૧૫૮	૪૩-૪૪
સોમિલનું અકાળ મૃત્યુ	૧૫૯	૪૪
૯. અરિષ્ટનેમિ-તીર્થમાં સુમુખાદિ કુમારો	**૧૬૦-૧૬૧**	**૪૪-૪૫**
૧૦. જાલિ આદિ શ્રમણો	**૧૬૨**	**૪૫**
૧૧. અરિષ્ટનેમિ-તીર્થમાં થાવચ્ચાપુત્ર અને બીજા	**૧૬૩-૨૧૦**	**૪૫-૬૨**
દ્વારાવતીમાં કૃષ્ણ વાસુદેવ	૧૬૩	૪૫-૪૬
ગાથાપત્ની થાવચ્ચા અને તેનો પુત્ર થાવચ્ચાપુત્ર	૧૬૪	૪૬
અરિષ્ટનેમિ-સમવસરણ	૧૬૫	૪૬
કૃષ્ણની પર્યુપાસના	૧૬૬	૪૬-૪૭
થાવચ્ચાપુત્રનો પ્રવ્રજ્યા-સંકલ્પ	૧૬૭	૪૭-૪૮
કૃષ્ણ અને થાવચ્ચાપુત્રનો પરિસંવાદ	૧૬૮	૪૮
કૃષ્ણની યોગક્ષેમ-ઘોષણા	૧૬૯	૪૮-૪૯
થાવચ્ચાપુત્રનું અભિનિષ્ક્રમણ	૧૭૦	૪૯
શિષ્ય-ભિક્ષાદાન	૧૭૧	૪૯-૫૦
થાવચ્ચાપુત્રનું પ્રવ્રજ્યાગ્રહણ	૧૭૨	૫૦
થાવચ્ચાપુત્રની અનગારચર્યા	૧૭૩	૫૦
થાવચ્ચાપુત્રનો જનપદવિહાર અને શૈલકપુરમાં સમવસરણ	૧૭૪	૫૦
શૈલકરાજ-આગમન	૧૭૫	૫૦
શૈલકનો ગૃહસ્થધર્મ-સ્વીકાર	૧૭૬	૫૦-૫૧
શૈલકની શ્રમણોપાસક ચર્યા	૧૭૭	૫૧
સૌગંધિકા નગરીનો સુદર્શન શ્રેષ્ઠી	૧૭૮	૫૧
સૌગંધિકામાં શુક પરિવ્રાજકનું આગમન	૧૭૯	૫૧
શુક પરિવ્રાજક દ્વારા શૌચમૂલક ધર્મનો ઉપદેશ	૧૮૦	૫૧-૫૨
સુદર્શન દ્વારા શૌચમૂલક ધર્મનો સ્વીકાર	૧૮૧	૫૨
શૌચમૂલક ધર્મ વિષયે થાવચ્ચાપુત્ર અને સુદર્શન વચ્ચે વાર્તાલાપ તથા ચાતુર્યામ ધર્મનો ઉપદેશ	૧૮૨-૧૮૩	૫૨
સુદર્શન દ્વારા વિનયમૂલક ધર્મનો સ્વીકાર	૧૮૪	૫૩
શુક દ્વારા સુદર્શનને વળતો બોધ	૧૮૫-૧૮૬	૫૩-૫૪
શુકનો થાવચ્ચાપુત્ર સાથે વાર્તાલાપ	૧૮૭	૫૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
સરિસવય ના ભક્ષ્યાભક્ષ્યત્વની વિચારણા	૧૮૮	૫૪–૫૫
કુલત્થા ની ભક્ષ્યાભક્ષ્ય વિચારણા	૧૮૯	૫૫
માસ ની ભક્ષ્યાભક્ષ્ય વિચારણા	૧૯૦	૫૫–૫૬
એક અક્ષયાદિ પદ વિચારણા	૧૯૧	૫૬
શુક પરિવ્રાજકનું સહસ્ર પરિવ્રાજકો સાથે પ્રવ્રજ્યાગ્રહણ	૧૯૨	૫૬
થાવચ્ચાપુત્રનો તથા શુકનો જનપદવિહાર	૧૯૩	૫૬
થાવચ્ચાપુત્રનું પરિનિર્વાણ	૧૯૪	૫૭
શુકનું શૈલકપુર–આગમન અને શૈલકની અભિનિષ્ક્રમણાભિલાષા	૧૯૫–૧૯૬	૫૭–૫૮
શૈલકપુત્ર મંડુકનો રાજ્યાભિષેક	૧૯૭	૫૮
શૈલકની પ્રવ્રજ્યા	૧૯૮	૫૮
શુકનું પુંડરીક પર્વત પર પરિનિર્વાણ	૧૯૯	૫૮–૫૯
શૈલકને રોગાંતક	૨૦૦	૫૯
મંડુકે કરેલી શૈલકની ચિકિત્સા	૨૦૧	૫૯
શૈલકનો પ્રમત્તવિહાર	૨૦૨	૫૯–૬૦
પંથક અનગારને વૈયાવૃત્યકારી બનાવીને શૈલક-શિષ્યોનો વિહાર	૨૦૩	૬૦
મહાપ્રમત્ત શૈલકની પંથક દ્વારા ચાતુર્માસિક ક્ષમાપના	૨૦૪	૬૦
શૈલકનો કોપ અને પંથકની ક્ષમાપના	૨૦૫	૬૦–૬૧
શૈલકનો પુનઃ અભ્યુદ્યત વિહાર	૨૦૬	૬૧
શૈલકકથોપસંહાર દ્વારા ઉપદેશ	૨૦૭	૬૧
શૈલક સમીપે શિષ્યોનું પુનરાગમન	૨૦૮	૬૧
પુંડરીક પર્વત પર શૈલક આદિ સર્વેનું નિર્વાણ	૨૦૯	૬૧–૬૨
વૃત્તિકાર દ્વારા ઉદ્ઘૃત નિગમન–ગાથા	૨૧૦	૬૨
૧૨. રથનેમિ–શ્રમણનો રાજીમતી દ્વારા સમુદ્ધાર	**૨૧૧–૨૧૪**	**૬૨–૬૫**
૧૩. પાર્શ્વતીર્થમાં અંગતિ, સુપ્રતિષ્ઠ અને પૂર્ણભદ્ર આદિ	**૨૧૫–૨૨૬**	**૬૫–૬૮**
ગાથાર્થ	૨૧૫	૬૫
જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર દ્વારા વર્ધમાન–સમવસરણમાં નાટ્યવિધિ	૨૧૬	૬૫
જ્યોતિષ્કેન્દ્ર ચન્દ્રના પૂર્વભવવર્ણનમાં અંગતિકથા	૨૧૭	૬૫–૬૬
ચન્દ્રની સ્થિતિ તથા મહાવિદેહમાં સિદ્ધિ	૨૧૮	૬૬
(પાર્શ્વતીર્થમાં સુપ્રતિષ્ઠિત અનગાર)		
વર્ધમાન–સમવરણમાં સૂર્ય દ્વારા નાટ્યવિધિ	૨૧૯	૬૬
સૂર્યનો પૂર્વભવ	૨૨૦	૬૬
પૂર્ણભદ્ર અનગાર		
પૂર્ણભદ્ર દેવ દ્વારા વર્ધમાન-પરિષદમાં નાટ્યવિધિ	૨૨૧	૬૬–૬૭
પૂર્ણભદ્ર દેવનો પૂર્વભવ	૨૨૨–૨૨૩	૬૭
મણિભદ્ર શ્રમણ		

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
મણિભદ્ર દ્વારા વર્ધમાન-સમવસરણમાં નાટ્યવિધિ	૨૨૪	૬૭
મણિભદ્ર દેવનો પૂર્વભવ	૨૨૫	૬૭-૬૮
દત્ત આદિ અન્ય અનગારો	**૨૨૬**	**૬૮**
૧૪. જિતશત્રુ- સુબુદ્ધિ કથાનક	**૨૨૭-૨૪૬**	**૬૮-૭૪**
ચંપાનગરીમાં જિતશત્રુ રાજા અને સુબુદ્ધિ અમાત્ય	૨૨૭	૬૮
પરિખોદક (ખાઇના પાણીનું) વર્ણન	૨૨૮	૬૮
જિતશત્રુ દ્વારા પાન-ભોજન પ્રશંસા	૨૨૯	૬૮-૬૯
સુબુદ્ધિ દ્વારા પુદ્ગલના શુભાશુભ પરિણમન અંગે કથન	૨૩૦	૬૯
જિતશત્રુ દ્વારા ખાઇના પાણીની નિંદા	૨૩૧	૬૯-૭૦
સુબુદ્ધિ દ્વારા પુનઃ પુદ્ગલ-સ્વભાવ વર્ણન	૨૩૨	૭૦
જિતશત્રુ દ્વારા વિરોધ	૨૩૩	૭૦
સુબુદ્ધિ દ્વારા જળશોધન	૨૩૪	૭૦-૭૧
સુબુદ્ધિ દ્વારા જલપ્રેષણ	૨૩૫	૭૧
જિતશત્રુ દ્વારા ઉદકરત્ન-પ્રશંસા	૨૩૬	૭૧
જિતશત્રુ દ્વારા ઉદક-આનયન વિશે પૃચ્છા	૨૩૭	૭૧
સુબુદ્ધિનો ઉત્તર	૨૩૮	૭૧-૭૨
જિતશત્રુ દ્વારા જલશોધન	૨૩૯	૭૨
જિતશત્રુની પૃચ્છા	૨૪૦	૭૨
સુબુદ્ધિનો ઉત્તર	૨૪૧	૭૨
જિતશત્રુનું શ્રમણોપાસક થવું	૨૪૨	૭૨
જિતશત્રુ-સુબુદ્ધિની પ્રવ્રજ્યા	૨૪૩-૨૪૫	૭૩-૭૪
વૃત્તિકાર દ્વારા ઉદ્ધૃત નિગમન-ગાથા	૨૪૬	૭૪
૧૫. નમિ રાજર્ષિ	**૨૪૭-૨૪૯**	**૭૪-૭૭**
મિથિલાનો રાજા નમિ અને તેનું અભિનિષ્ક્રમણ	૨૪૭	૭૪
શક્ર અને નમિ રાજર્ષિનો સંવાદ	૨૪૮-૨૪૯	૭૪-૭૭
૧૬. મહાવીર-તીર્થમાં ઋષભદત્ત-દેવાનંદાનું ચરિત્ર	**૨૫૦-૨૫૯**	**૭૭-૮૦**
બ્રાહ્મણકુંડ ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણ	૨૫૦	૭૭
ઋષભદત્તની ભાર્યા દેવાનંદા		૭૭
ઋષભદત્ત-દેવાનન્દાને મહાવીર-દર્શનની અભિલાષા		૭૭
ઋષભદત્ત-દેવાનન્દાનું દર્શનાર્થ આગમન	૨૫૨	૭૮
મહાવીર-દર્શન અને પૂર્વપુત્ર-સ્નેહરાગથી દેવાનન્દાને સ્તનધારા ઉત્પન્ન થવી	૨૫૩	૭૮-૭૯
દેવાનન્દાના આ રૂપને જોઈને ગૌતમનો પ્રશ્ન અને ભગવાન મહાવીર દ્વારા સમાધાન	૨૫૪	૭૯
ભગવાન મહાવીર દ્વારા ધર્મકથન	૨૫૫	૭૯
ઋષભદત્તની પ્રવ્રજ્યાભિલાષા	૨૫૬	૭૯
ભગવાન મહાવીર દ્વારા ઋષભદત્તને પ્રવાચના	૨૫૭	૭૯-૮૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
ઋષભદત્તની સિદ્ધિ	૨૫૮	૮૦
દેવાનન્દાની પણ પ્રવ્રજ્યા અને સિદ્ધિ	૨૫૯	૮૦
૧૭. બાલતપસ્વી મૌર્યપુત્ર તામલી અનગાર	**૨૬૦–૭૫**	**૮૦–૮૭**
ભગવાન મહાવીરના સમવસરણમાં ઈશાન દેવેન્દ્ર દ્વારા નાટ્ય–વિધિ	૨૬૦	૮૦
દેવદ્યુતિ અનુપ્રવેશન–વિષયક પ્રશ્ન અને સમાધાન	૨૬૧	૮૧
ઈશાન દેવેન્દ્રનો પૂર્વભવ	૨૬૨	૮૧
મૌર્યપુત્ર તામલી ગૃહપતિ અને તેની પ્રાણામા પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની અભિલાષા	૨૬૩	૮૧–૮૨
તામલી દ્વારા પ્રાણામા પ્રવ્રજ્યા–ગ્રહણ	૨૬૪	૮૨
પ્રાણામા પ્રવ્રજ્યા વિવરણ	૨૬૫	૮૩
તામલી દ્વારા પાદોપગમન સંલેખના ગ્રહણ	૨૬૬	૮૩
બલિચંચા રાજધાનીવાસી અસુરકુમાર દેવો દ્વારા ઈન્દ્રાર્થ પ્રાર્થના અને તામલી દ્વારા અનિદાનકરણ	૨૬૭–૨૬૮	૮૩–૮૫
તામલીનો ઈશાનેન્દ્રના રૂપમાં ઉપપાત	૨૬૯–૨૭૦	૮૫
ઈશાનેન્દ્રત્વને જાણીને અસુરકુમાર દેવોનો રોષ અને તામલીના શરીરની હીલના	૨૭૧	૮૫
તામલીના શરીરની હીલનાને જાણીને ઈશાનેન્દ્ર દ્વારા બલિચંચા રાજધાનીનું દહન	૨૭૨	૮૫–૮૬
અસુરકુમાર દેવો દ્વારા ઈશાનેન્દ્રને પ્રાર્થના અને ક્ષમાપન	૨૭૩	૮૬
તદનન્તર અસુરકુમારો ઈશાનેન્દ્રની આજ્ઞામાં સ્થિર થાય છે	૨૭૪	૮૬–૮૭
ઈશાનેન્દ્રની સ્થિતિ અને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ	૨૭૫	૮૭
૧૮. આર્દ્રકનો અન્ય તીર્થિકો સાથે વાદ	**૨૭૬–૨૮૩**	**૮૭–૯૧**
મહાવીર–ચર્યાને અનુલક્ષીને ગોશાલકનો આક્ષેપ	૨૭૬	૮૭
આર્દ્રકનો ઉત્તર		૮૭
શીતોદકાદિ સેવન કર્તાને પાપ નથી–ગોશાલકનો મત	૨૭૭	૮૭
આર્દ્રકનો ઉત્તર		૮૭–૮૮
પ્રાવાદુકોનો પરસ્પર નિંદાનો ગોશાલકનો આક્ષેપ	૨૭૮	૮૮
આર્દ્રકનો ઉત્તર		૮૮
મેધાવી પુરુષોના પ્રશ્નોના ભયથી મહાવીર આરામગૃહમાં નથી ઊતરતા–એવો ગોશાલકનો આક્ષેપ	૨૭૯	૮૮
આર્દ્રકનો ઉત્તર		
મહાવીર વણિક સમાન છે એવો ગોશાલકનો આક્ષેપ		૮૮
આર્દ્રકનો ઉત્તર		૮૮–૮૯
બુદ્ધ ભિક્ષુઓના હિંસા–અહિંસા વિષયક મતનું નિવેદન	૨૮૦	૮૯
આર્દ્રકનો ઉત્તર		૮૯–૯૦
સ્નાન–ભોજન દ્વારા પુણ્યાર્જનનો વેદવાદીઓનો મત	૨૮૧	૯૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
આર્દ્રકનો ઉત્તર		૯૦
સાંખ્ય પરિવ્રાજકોનો અવ્યક્તરૂપ પુરુષવિષયક મત	૨૮૨	૯૦
આર્દ્રકનો ઉત્તર		૯૦–૯૧
હસ્તિતાપસો દ્વારા સ્વમત-કથન	૨૮૩	૯૧
આર્દ્રકનું ઉત્તર વચન		૯૧
૧૯. મહાવીર તીર્થમાં અતિમુક્તકકુમાર શ્રમણ	**૨૮૪–૨૮૯**	**૯૧–૯૪**
પોલાસપુરના રાજાનો કુમાર અતિમુક્તક	૨૮૪	૯૧
ગૌતમની ભિક્ષાચર્યા	૨૮૫	૯૧
ગૌતમ–અતિમુક્તકકુમાર–સંવાદ	૨૮૬	૯૧–૯૨
અતિમુક્તકકુમારની પ્રવ્રજ્યા	૨૮૭	૯૨–૯૩
શ્રમણ અતિમુક્તકકુમારનું ક્રીડન	૨૮૮–૨૮૯	૯૩–૯૪
૨૦. મહાવીર તીર્થમાં અલક્ષ્ય રાજા	**૨૯૦**	**૯૪**
અલક્ષ્યરાજની પ્રવ્રજ્યા	૨૯૦	૯૪
૨૧. મહાવીર–તીર્થમાં મેઘકુમાર શ્રમણ	**૨૯૧–૩૭૬**	**૯૪–૧૩૧**
રાજગૃહમાં શ્રેણિક રાજા	૨૯૧	૯૪–૯૫
શ્રેણિકની ધારિણી રાણી	૨૯૨	૯૫
ધારિણીનું સ્વપ્ન-દર્શન	૨૯૩	૯૫
શ્રેણિકને સ્વપ્ન–નિવેદન	૨૯૪	૯૫
શ્રેણિક દ્વારા સ્વપ્ન-મહિમા-નિદર્શન	૨૯૫	૯૫–૯૬
ધારિણીની સ્વપ્ન–જાગરિકા (જાગરણ)	૨૯૬	૯૬
સ્વપ્નપાઠકને નિમંત્રણ	૨૯૭	૯૬–૯૭
શ્રેણિક દ્વારા સ્વપ્નફળ-પૃચ્છા	૨૯૮	૯૭
સ્વપ્નફળ કથન	૨૯૯	૯૭–૯૮
સ્વપ્નપાઠકોને વિદાય	૩૦૦	૯૮
શ્રેણિક દ્વારા સ્વપ્ન-પ્રશંસા	૩૦૧	૯૮
ધારિણીનો દોહદ	૩૦૨	૯૮–૧૦૦
ધારિણીની ચિંતા	૩૦૩	૧૦૦
પરિચારિકાઓ દ્વારા ચિંતાકારણ-પૃચ્છા	૩૦૪	૧૦૦
પરિચારિકાઓ દ્વારા શ્રેણિકને નિવેદન	૩૦૫	૧૦૦–૧૦૧
શ્રેણિક દ્વારા ચિંતાકારણ–પૃચ્છા	૩૦૬	૧૦૧
ધારિણીનું ચિંતાકારણ અંગે નિવેદન	૩૦૭	૧૦૧
શ્રેણિકનું આશ્વાસન	૩૦૮	૧૦૧
અભયકુમાર દ્વારા શ્રેણિકને ચિંતાકરણ પૃચ્છા	૩૦૯	૧૦૧–૧૦૨
શ્રેણિક રાજાનું ચિંતાકરણ–નિવેદન	૩૧૦	૧૦૨
અભય દ્વારા આશ્વાસન	૩૧૧	૧૦૨
અભય દ્વારા દેવારાધન	૩૧૨	૧૦૨–૧૦૩
દેવાગમન	૩૧૩	૧૦૩–૧૦૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
દેવ વડે અકાળમેઘ-વિકુર્વણા	૩૧૪	૧૦૪
ધારીણીના દોહદ પૂર્ણ થવા	૩૧૫-૩૧૬	૧૦૪-૧૦૬
અભય દ્વારા દેવનું પ્રતિવિસર્જન	૩૧૭	૧૦૬
ધારિણીની ગર્ભચર્યા	૩૧૮	૧૦૬
મેઘના જન્મની વધાઈ	૩૧૯-૩૨૦	૧૦૬
મેઘનો જન્મોત્સવ	૩૨૧	૧૦૬-૧૦૭
મેઘના નામાદિ સંસ્કારો	૩૨૨	૧૦૭-૧૦૮
મેઘનું લાલન પાલન	૩૨૩-૩૨૪	૧૦૮
મેઘનું કળાગ્રહણ	૩૨૫-૩૨૬	૧૦૮-૧૦૯
મેઘનું પાણિગ્રહણ	૩૨૭	૧૦૯-૧૧૦
પ્રીતિદાન	૩૨૮	૧૧૦
મહાવીર સમવસરણ	૩૨૯	૧૧૦
મેઘની પૃચ્છા	૩૩૦	૧૧૧
કંચુકિ પુરુષ દ્વારા નિવેદન	૩૩૧	૧૧૧
મેઘનું ભગવાન પાસે જવું	૩૩૨	૧૧૧
ધર્મદેશના	૩૩૩	૧૧૧
મેઘનો પ્રવ્રજ્યા સંકલ્પ	૩૩૪	૧૧૧-૧૧૨
માતા-પિતા પાસે મેઘનું નિવેદન	૩૩૫	૧૧૨
ધારિણીની શોકાકુળ દશા	૩૩૬	૧૧૨
ધારિણી અને મેઘનો પરિસંવાદ	૩૩૭-૩૩૮	૧૧૨-૧૧૫
મેઘનું એક દિવસનું રાજ્ય	૩૩૯	૧૧૫-૧૧૬
મેઘના નિષ્ક્રમણ-યોગ્ય ઉપકરણો	૩૪૦	૧૧૬
કાશ્યપ દ્વારા મેઘના અગ્રકેશનું કર્તન	૩૪૧-૩૪૨	૧૧૬-૧૧૭
મેઘના અલંકારો	૩૪૩	૧૧૭
મેઘનો અભિનિષ્ક્રમણ-મહોત્સવ	૩૪૪-૩૪૬	૧૧૭-૧૧૯
શિષ્યભિક્ષાદાન	૩૪૭-૩૪૮	૧૧૯-૧૨૦
મેઘનું પ્રવ્રજ્યા-ગ્રહણ	૩૪૯-૩૫૦	૧૨૦
મેઘનો મનઃસંક્લેશ	૩૫૧	૧૨૦-૧૨૧
મેઘનો સંબોધ	૩૫૨	૧૨૧
ભગવાન દ્વારા મેઘના પૂર્વભવ-સુમેરુપ્રભભવનું નિરૂપણ	૩૫૩-૩૫૫	૧૨૧-૧૨૩
ભગવાન દ્વારા મેરુપ્રભ-ભવનિરૂપણ	૩૫૬-૩૫૭	૧૨૩-૧૨૪
મેરુપ્રભ દ્વારા મંડળ-નિર્માણ	૩૫૮	૧૨૪-૧૨૫
દવાગ્નિ-ભીત પ્રાણીઓ અને મેરુપ્રભનો મંડળ-પ્રવેશ	૩૫૯	૧૨૫-૧૨૬
મેરુપ્રભનો પાદોત્ક્ષેપ	૩૬૦-૩૬૧	૧૨૬
મેઘભવ અને તેમાં તિતિક્ષાનો ઉપદેશ	૩૬૨	૧૨૬-૧૨૭
મેઘને જાતિસ્મરણજ્ઞાન થવું	૩૬૩	૧૨૭
મેઘની પુનઃ પ્રવ્રજ્યા	૩૬૪	૧૨૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
મેઘની નિર્ગ્રંથચર્યા	૩૬૫	૧૨૭
મહાવીરનો રાજગૃહથી બાહ્ય જનપદોમાં વિહાર	૩૬૬	૧૨૭
મેઘની ભિક્ષુપ્રતિમા	૩૬૭	૧૨૮
મેઘનું ગુણરત્નસંવત્સર તપ	૩૬૮	૧૨૮
મેઘની શરીરદશા	૩૬૯	૧૨૮–૧૨૯
વિપુલ પર્વત પર મેઘનું અનશન	૩૭૦–૩૭૨	૧૨૯–૧૩૦
મેઘનું સમાધિમરણ	૩૭૩	૧૩૦
સ્થવિરો દ્વારા મેઘના ઉપકરણોનું સમર્પણ	૩૭૪	૧૩૦–૧૩૧
ગૌતમની પૃચ્છા–ભગવાનનો ઉત્તર	૩૭૫	૧૩૧
વૃત્તિકાર દ્વારા ઉદ્ધૃત નિગમનગાથા	૩૭૬	૧૩૧
૨૨. મહાવીર-તીર્થમાં મકાઇ આદિ શ્રમણો	**૩૭૭–૩૭૯**	**૧૩૧–૧૩૨**
સંગ્રહણી ગાથા	૩૭૭	૧૩૧
મકાઈ શ્રમણ અને કિંકિચ	૩૭૮–૩૭૯	૧૩૧–૧૩૨
૨૩. મહાવીર-તીર્થમાં અર્જુન માલાકાર	**૩૮૦–૩૯૬**	**૧૩૨–૧૩૭**
રાજગૃહમાં મુદ્ગરપાણિ–યક્ષાયતન	૩૮૦	૧૩૨
અર્જુનની યક્ષ-પર્યુપાસના	૩૮૧	૧૩૨
ગોષ્ઠિકો દ્વારા અર્જુન માલાકારનું બંધન અને બંધુમતી પર અત્યાચાર	૩૮૨	૧૩૨–૧૩૩
અર્જુનની ચિંતા અને તેના શરીરમાં મુદ્ગરપાણિનો પ્રવેશ	૩૮૩	૧૩૩
રાજગૃહમાં આતંક	૩૮૪	૧૩૩–૧૩૪
ભગવાનનું પદાર્પણ	૩૮૫	૧૩૪
સુદર્શનનું વંદનાર્થે ગમન	૩૮૬	૧૩૪–૧૩૫
સુદર્શનને અર્જુને કરેલ ઉપસર્ગ	૩૮૭	૧૩૫
ઉપસર્ગ નિવારણ	૩૮૮	૧૩૫
સુદર્શન અને અર્જુન દ્વારા ભગવાનની પર્યુપાસના	૩૮૯	૧૩૫–૧૩૬
અર્જુનની પ્રવ્રજ્યા	૩૯૦	૧૩૬
અર્જુન અનગારની તિતિક્ષા	૩૯૧–૩૯૨	૧૩૬–૧૩૭
અર્જુન અનગારની સિદ્ધિ	૩૯૩	૧૩૭
૨૪. મહાવીર તીર્થમાં કાશ્યપ આદિ શ્રમણો	**૩૯૪**	**૧૩૭–૧૩૮**
૨૫. મહાવીર-તીર્થમાં શ્રેણિકપુત્ર જાલિ આદિ શ્રમણો	**૩૯૫–૪૦૦**	**૧૩૮–૧૩૯**
સંગ્રહણી ગાથા	૩૯૫	૧૩૮
જાલિ અનગાર	૩૯૬–૩૯૭	૧૩૮–૧૩૯
મયાલિ આદિ શ્રમણો	૩૯૮	૧૩૯
દીર્ઘસેનાદિ શ્રમણ (સંગ્રહણી ગાથા)	૩૯૯–૪૦૦	૧૩૯
૨૬. મહાવીર-તીર્થમાં સાર્થવાહપુત્ર ધન્ય અનગાર	**૪૦૧–૪૧૬**	**૧૩૯–૧૪૬**
સંગ્રહણી ગાથાઓ	૪૦૧	૧૩૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
ધન્યનો ગૃહવાસ	૪૦૨	૧૩૯–૧૪૦
ધન્યની પ્રવ્રજ્યા	૪૦૩–૪૦૪	૧૪૦–૧૪૧
ધન્યની તપશ્ચર્યા	૪૦૫–૪૦૮	૧૪૧–૧૪૨
ધન્યનું તપજનિત શરીરલાવણ્ય	૪૦૯–૪૧૨	૧૪૧–૧૪૫
શ્રેણિક દ્વારા મહાદુષ્કરકારક–પૃચ્છા અને ભગવાનનું સમાધાન	૪૧૩	૧૪૫
ભગવાનનો ઉત્તર	૪૧૪	૧૪૫
શ્રેણિક દ્વારા ધન્યની સ્તુતિ	૪૨૫	૧૪૬
ધન્યનું સર્વાર્થસિદ્ધ ગમન અને મહાવિદેહમાં સિદ્ધિ	૪૧૬	૧૪૬
૨૭. મહાવીરતીર્થમાં સુનક્ષત્રાદિ શ્રમણ	૪૧૭–૪૨૦	૧૪૭
સુનક્ષત્ર શ્રમણ	૪૧૭–૪૧૯	૧૪૭
ઋષિદાસાદિ કથાનક નિર્દેશ	૪૨૦	૧૪૭
૨૮. મહાવીરતીર્થમાં સુબાહુકુમાર શ્રમણ	૪૨૧–૪૩૨	૧૪૮–૧૫૨
સંગ્રહણી ગાથાર્થ	૪૨૧	૧૪૮
સુબાહુકુમારનો જન્મ–પરિણયાદિ	૪૨૨–૪૨૩	૧૪૮
સુબાહુકુમાર દ્વારા ગૃહિધર્મ (શ્રાવકધર્મ) અંગીકરણ	૪૨૪	૧૪૮–૧૪૯
સુબાહુના પૂર્વભવ અંગે પૃચ્છા	૪૨૫	૧૪૯
સુબાહુના સુમુખભવની કથા	૪૨૬	૧૪૯
અનગાર–ભિક્ષાવેળાએ પંચદિવ્ય–પ્રાદુર્ભાવ	૪૨૭	૧૪૯–૧૫૦
સુમુખનો સુબાહુભવ	૪૨૮	૧૫૦
સુબાહુકુમારની પ્રવ્રજ્યા	૪૨૯–૪૩૦	૧૫૦–૧૫૧
સુબાહુકુમારના આગામી ભવ અને મહાવિદેહમાં સિદ્ધિ	૪૩૧–૪૩૨	૧૫૧–૧૫૨
૨૯. મહાવીરતીર્થમાં ભદ્રનન્દી આદિ શ્રમણ–કથાનક	૪૩૩–૪૪૧	૧૫૨–૧૫૩
ભદ્રનન્દી	૪૩૩	૧૫૨
સુજાત	૪૩૪	૧૫૨
સુવાસવ	૪૩૫	૧૫૨
જિનદાસ	૪૩૬	૧૫૨
ધનપતિ	૪૩૭	૧૫૨
મહાબલ	૪૩૮	૧૫૨–૧૫૩
ભદ્રનન્દી	૪૩૯	૧૫૩
મહાચંદ્ર	૪૪૦	૧૫૩
વરદત્ત	૪૪૧	૧૫૩
૩૦. મહાવીરતીર્થમાં શ્રેણિકપૌત્ર પદ્મ આદિ શ્રમણો	૪૪૨–૪૪૫	૧૫૩–૧૫૫
ગાથા	૪૪૨	૧૫૩
પદ્મ–જન્મ	૪૪૩	૧૫૩–૧૫૪
પદ્મની પ્રવ્રજ્યા		૧૫૪
મહાવીર તીર્થમાં શ્રેણિક-પૌત્ર મહાપદ્મ આદિ શ્રમણ	૪૪૪–૪૪૫	૧૫૪–૧૫૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
૩૧. મહાવીર-તીર્થમાં હરિકેશબલ શ્રમણ	૪૪૬-૪૫૫	૧૫૫-૧૫૮
યજ્ઞવાડમાં ભિક્ષાર્થે ગમન	૪૪૬	૧૫૫
હરિકેશને જોઈ બ્રાહ્મણોનો રોષ	૪૪૭	૧૫૫
યક્ષ દ્વારા હરિકેશની પ્રશંસા	૪૪૮	૧૫૫
યક્ષનો બ્રાહ્મણો સાથે સંવાદ	૪૪૮-૪૫૦	૧૫૫-૧૫૬
ભદ્રા દ્વારા નિવારણ અને પ્રશંસા	૪૫૧	૧૫૬
યક્ષ દ્વારા નિવારણ અને કુમારોનું તાડન	૪૫૨	૧૫૬
ભદ્રા દ્વારા પુનઃ પ્રશંસા	૪૫૩	૧૫૫
બ્રાહ્મણો દ્વારા ક્ષમા-યાચના	૪૫૪-૪૫૫	૧૫૬-૧૫૮
૩૨. મહાવીરતીર્થમાં મુનિ જયઘોષ-વિજયઘોષ	૪૫૬-૪૬૩	૧૫૮-૧૬૦
વારાણસીના ઉદ્યાનમાં જયઘોષ મુનિનું આગમન	૪૫૬	૧૫૮
ભિક્ષાદાનનો નિષેધ	૪૫૭	૧૫૮
વેદ તથા યજ્ઞમુખ આદિ વિષયમાં જયઘોષ મુનિનું વક્તવ્ય	૪૫૮-૪૫૯	૧૫૮-૧૬૦
શ્રમણ-બ્રાહ્મણ-તપસ્વીના સ્વરૂપ વિષે ચર્ચા		૧૫૯-૧૬૦
કર્મ-પ્રધાનતાનું નિરૂપણ	૪૬૦	૧૬૦
જયઘોષ મુનિની સ્તુતિ	૪૬૧	૧૬૦
ભોગ-નિવૃત્તિ માટે ઉપદેશ	૪૬૨	૧૬૦
ઉપસંહાર	૪૬૩	૧૬૦
૩૩. મહાવીર તીર્થમાં અનાથી મહાનિર્ગ્રન્થ	૪૬૪-૪૬૯	૧૬૦-૧૬૪
શ્રેણિક દ્વારા મુનિદર્શન	૪૬૪	૧૬૦-૧૬૧
મુનિ દ્વારા પોતાની અનાથતાનું નિરૂપણ	૪૬૫	૧૬૧-૧૬૨
અનાથ જાણીને પ્રવ્રજ્યા-સંકલ્પ અને તેનાથી વેદનાક્ષય	૪૬૬	૧૬૨
પ્રવ્રજ્યા-ગ્રહણથી સનાથત્વ	૪૬૭	૧૬૨
દુરાચરણના નિરૂપણથી સંયમ પાલનનો ઉપદેશ	૪૬૮	૧૬૨-૧૬૪
શ્રેણિકની તુષ્ટિ અને ક્ષમાયાચના	૪૬૯	૧૬૪
૩૪. મહાવીર-તીર્થમાં સમુદ્રપાલીય કથાનક	૪૭૦-૪૭૩	૧૬૪-૧૬૬
સમુદ્રમાં જન્મ અને પરિણય વગેરે	૪૭૧	૧૬૪-૧૬૫
વધ્યના દર્શનથી વૈરાગ્ય અને પ્રવ્રજ્યા	૪૭૨	૧૬૫
પરીષહ-સહન અને સિદ્ધિ	૪૭૩	૧૬૫-૧૬૬
૩૫. મહાવીરતીર્થમાં મૃગાપુત્ર બલશ્રી શ્રમણ	૪૭૪-૪૮૧	૧૬૬-૧૭૧
શ્રમણને જોઈને જાતિ-સ્મરણ	૪૭૫	૧૬૬
મૃગાપુત્રનો પ્રવ્રજ્યા-સંકલ્પ અને માતાપિતા સમક્ષ નિવેદન	૪૭૬	૧૬૬-૧૬૭
'શ્રામણ્ય દુષ્કર છે'-માતાપિતા દ્વારા પ્રવ્રજ્યાવારણ	૪૭૭	૧૬૭-૧૬૮
મૃગાપુત્ર દ્વારા નરક-દુઃખનું વર્ણન અને શ્રામણ્ય-દુષ્કરત્વ નિવારણ	૪૭૮	૧૬૮-૧૭૦
માતા-પિતા દ્વારા 'શ્રામણ્યમાં નિષ્પ્રતિકર્મણ' કથન	૪૭૯	૧૭૦
મૃગાપુત્રનો ઉત્તર	૪૮૦	૧૭૦
મૃગાપુત્રની પ્રવ્રજ્યા	૪૮૧	૧૭૦-૧૭૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
૩૬. મહાવીર-તીર્થમાં ગર્દભાલિ અને સંજય રાજા	૪૮૨-૪૮૯	૧૭૧-૧૭૪
સંજય રાજાનો મુનિની સમીપમાં મૃગવધ	૪૮૨	૧૭૧-૧૭૨
સંજય દ્વારા ક્ષમાયાચના	૪૮૨	૧૭૨
ગર્દભાલિ મુનિ દ્વારા ઉપદેશ	૪૮૪	૧૭૨
મુનિની પાસે રાજાની પ્રવ્રજ્યા	૪૮૫	૧૭૨
ક્ષત્રિય મુનિના પ્રશ્નો	૪૮૬	૧૭૨
સંજય મુનિ દ્વારા આત્મકથા નિવેદન	૪૮૭	૧૭૨-૧૭૩
ક્ષત્રિય મુનિ દ્વારા પોતાના પૂર્વભવનું કથન	૪૮૮	૧૭૩
ક્ષત્રિય મુનિ દ્વારા પૂર્વ પ્રવ્રજિત ભરતાદિનું નિરૂપણ	૪૮૯	૧૭૩-૧૭૪
૩૭. મહાવીર-તીર્થમાં ઇષુકાર રાજા આદિ છ શ્રમણો	૪૯૦-૪૯૫	૧૭૪
ઇષુકાર નગરમાં પુરોહિત-પુત્રાદિ	૪૯૦	૧૭૪
જાતિસ્મરણ થવાથી પુરોહિત-પુત્રોને થયેલ વિરક્તિ તથા પ્રવ્રજ્યાનો સંકલ્પ	૪૯૧	૧૭૪-૧૭૫
પુરોહિત દ્વારા વારણ	૪૯૨	૧૭૫
યશા ભાર્યાને પુરોહિતનું સંબોધન	૪૯૩	૧૭૬
કમલાવતીનો રાજાને ઉપદેશ	૪૯૪	૧૭૬-૧૭૭
રાજા આદિની પ્રવ્રજ્યા	૪૯૫	૧૭૭
૩૮. મહાવીર-તીર્થમાં સ્કન્દક પરિવ્રાજક	૪૯૬-૫૧૯	૧૭૭-૧૮૮
કૃતંગલામાં મહાવીર સમવરણ	૪૯૬	૧૭૭-૧૭૮
શ્રાવસ્તીમાં સ્કન્દક પરિવ્રાજક	૪૯૭	૧૭૮
પિંગલ દ્વારા લોકાદિના વિષયમાં પ્રશ્ન	૪૯૮	૧૭૮
સ્કન્દકની ઉત્તર દેવામાં અસમર્થતા	૪૯૯	૧૭૮
જનસમૂહનું કૃતંગલા તરફ ગમન	૫૦૦	૧૭૮
સ્કન્દકનું મહાવીર-દર્શનાર્થ કૃતંગલા-ગમન	૫૦૧	૧૭૯
મહાવીર દ્વારા ગૌતમને સ્કન્દક-આગમન-નિર્દેશ	૫૦૨	૧૭૯
ગૌતમે કરેલું સ્કન્દકનું સુસ્વાગત અને આગમન-કારણ-કથન	૫૦૩	૧૭૯-૧૮૦
મહાવીરના જ્ઞાન વિષયમાં સ્કન્દકને આશ્ચર્ય	૫૦૪	૧૮૦
સ્કન્દકની મહાવીર પર્યુપાસના	૫૦૫	૧૮૦
મહાવીર દ્વારા સ્કન્દકના મનોગતનું કથન	૫૦૬	૧૮૦-૧૮૧
મહાવીર દ્વારા ચાર પ્રકારના લોકનું પ્રરૂપણ	૫૦૭	૧૮૧
ચતુર્વિધ જીવપ્રરૂપણા	૫૦૮	૧૮૧
ચાર પ્રકારની સિદ્ધિની પ્રરૂપણા	૫૦૯	૧૮૧-૧૮૨
મરણ-પ્રરૂપણ	૫૧૦	૧૮૨-૧૮૩
સ્કન્દકનું ધર્મશ્રવણ	૫૧૧	૧૮૩
સ્કન્દકની પ્રવ્રજ્યા	૫૧૨	૧૮૩-૧૮૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
મહાવીરનો જનપદ વિહાર	૫૧૩	૧૮૪
સ્કન્દક દ્વારા ભિક્ષુ-પ્રતિમા ગ્રહણ	૫૧૪	૧૮૪-૧૮૫
સ્કન્દક દ્વારા ગુણરત્ન સંવત્સર તપોપસંપદ્યન (ધારણ)	૫૧૫	૧૮૫-૧૮૬
રાજગૃહમાં મહાવીર-સમવસરણ અને સ્કન્દકનો સમાધિમરણ-સંકલ્પ	૫૧૬	૧૮૬-૧૮૭
સ્કન્દકની સંલેખના	૫૧૭	૧૮૭
સ્કન્દકનાં વસ્ત્ર-પાત્રોનું સમાનયન	૫૧૮	૧૮૭-૧૮૮
સ્કન્દકનો અચ્યુતકલ્પમાં ઉપપાદ અને મહાવિદેહમાં સિદ્ધિ	૫૧૯	૧૮૮
૩૯. મહાવીર-તીર્થમાં મુદ્ગલ પરિવ્રાજક	**૫૨૦-૫૨૬**	**૧૮૮-૧૯૧**
આલભિકામાં મુદ્ગલ પરિવ્રાજક	૫૨૦	૧૮૮
મુદ્ગલને વિભંગજ્ઞાન	૫૨૧	૧૮૮
દેવસ્થિતિના વિષયમાં મુદ્ગલનું વિભંગજ્ઞાન	૫૨૨	૧૮૯
મહાવીર-સમવસરણ અને દેવસ્થિતિવિષયક યથાર્થકથન	૫૨૩	૧૮૯-૧૯૦
મુદ્ગલનું વિભંગજ્ઞાન પતન અને મહાવીરની પાસે ગમન	૫૨૪	૧૯૦
મુદ્ગલની પ્રવ્રજ્યા	૫૨૫	૧૯૦-૧૯૧
ગૌતમનો સિદ્ધ્યમાનના સંહનન આદિ વિશે પ્રશ્ન	૫૨૬	૧૯૧
૪૦. મહાવીરતીર્થમાં શિવ રાજર્ષિ	**૫૨૭-૫૩૮**	**૧૯૧-૧૯૮**
હસ્તિનાપુરમાં શિવ રાજા	૫૨૭	૧૯૧
શિવનો દિશાપ્રોક્ષક-તપાસ પ્રવ્રજ્યા સંકલ્પ	૫૨૮	૧૯૧-૧૯૨
શિવભદ્રકુમારનો રાજ્યાભિષેક	૫૨૯	૧૯૨-૧૯૩
શિવની દિશાપ્રોક્ષક તાપસ પ્રવ્રજ્યા	૫૩૦-૫૩૧	૧૯૩-૧૯૪
શિવને સપ્તદ્વીપવિષયક વિભંગજ્ઞાન	૫૩૨-૫૩૩	૧૯૪-૧૯૫
મહાવીર-સમવરણમાં શિવના વિભંગજ્ઞાનવિષયક પ્રશ્નોત્તરમાં અસંખ્ય દ્વીપ સમુદ્રોની પ્રરૂપણા	૫૩૪-૫૩૬	૧૯૫-૧૯૭
શિવને પોતાના જ્ઞાનમાં શંકા અને મહાવીર પર્યુપાસના	૫૩૭	૧૯૭
શિવની પ્રવ્રજ્યા અને નિર્વાણગમન	૫૩૮	૧૯૮
૪૧. મહાવીર-તીર્થમાં ઉદાયનરાજ કથાનક	**૫૩૯-૫૪૮**	**૧૯૮-૨૦૨**
ચંપામાં મહાવીર સમવસરણ	૫૩૯	૧૯૮
વીતિભયમાં ઉદાયન રાજા	૫૪૦	૧૯૮-૧૯૯
ઉદાયનની મહાવીરને વંદનાદિની અભિલાષા	૫૪૧	૧૯૯
મહાવીર દ્વારા અભિલાષા જાણવી	૫૪૨	૧૯૯
વીતિભયમાં સમવસરણ	૫૪૩	૧૯૯
ઉદાયનનો પ્રવ્રજ્યા સંકલ્પ	૫૪૪	૧૯૯-૨૦૦
નિજપુત્ર અભિચિકુમારને બદલે કેશીકુમારનો		

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
રાજ્યાભિષેક	૫૪૫	૨૦૦
ઉદાયનની પ્રવ્રજ્યા	૫૪૬	૨૦૧–૨૦૨
અભિચિકુમારની ઉદાયન પ્રતિ વેરભાવના અને કૂણિક પાસે ગમન	૫૪૭	૨૦૨
અભિચિકુમારની અસુરદેવોમાં ઉત્પત્તિ	૫૪૮	૨૦૨
૪૨. મહાવીર–તીર્થમાં જિનપાલિત–જિનરક્ષિત જ્ઞાત	**૫૪૯–૫૬૭**	**૨૦૨–૨૧૨**
ચંપામાં માકંદી સાર્થવાહના પુત્રો	૫૪૯	૨૦૨
જિનપાલિત–જિનરક્ષિતની સમુદ્રયાત્રા	૫૫૦	૨૦૨–૨૦૩
નૌકાભંગ	૫૫૧	૨૦૩–૨૦૪
માકંદીપુત્રોનું પાટિયાના આધારે રત્નદ્વીપમાં પહોંચવું	૫૫૨	૨૦૪–૨૦૫
રત્નદ્વીપદેવતા સાથે ભોગો ભોગવવા	૫૫૩	૨૦૫
રત્નદ્વીપદેવીનું લવણસમુદ્ર-સ્વચ્છીકરણાર્થે ગમન અને વનખંડમાં રમણ માટે આદેશ	૫૫૪	૨૦૫–૨૦૬
રત્નદ્વીપદેવતા વડે માકંદીપુત્રોને દૃષ્ટિવિષ સર્પ સમીપે જવાની મનાઈ	૫૫૫	૨૦૭
માકંદીપુત્રોનું વનખંડ ગમન	૫૫૬	૨૦૭
દેવી દ્વારા નિષિદ્ધસ્થાનમાં માકંદીપુત્રોનું ગમન	૫૫૭	૨૦૭
વનખંડમાં દેવીએ શૂળી પર ચઢાવેલા પુરુષનાં દર્શન	૫૫૮	૨૦૮
માકંદીપુત્રો વડે નિસ્તાર (બચવાનો ઉપાય) પૃચ્છા	૫૫૯	૨૦૮
માકંદીપુત્રોએ કરેલી શૈલક યક્ષની પર્યુપાસના	૫૬૦	૨૦૮–૨૦૯
શૈલક યક્ષ દ્વારા રક્ષણોપાય–કથન	૫૬૧	૨૦૯
માકંદીપુત્રોનું શૈલકપૃષ્ઠારોહણ	૫૬૨	૨૦૯
રત્નદ્વીપ–દેવતાકૃત પ્રતિકૂળ ઉપસર્ગ	૫૬૩	૨૦૯–૨૧૦
રત્નદ્વીપ–દેવતા કૃત અનુકૂળ ઉપસર્ગ	૫૬૪	૨૧૦–૨૧૧
જિનરક્ષિતનો વિનાશ	૫૬૫	૨૧૧
ગાથાર્થ		૨૧૧
જિનપાલિતનું ચંપાગમન	૫૬૬	૨૧૧–૨૧૨
જિનપાલિતની પ્રવ્રજ્યા	૫૬૭	૨૧૨
૪૩. મહાવીર–તીર્થમાં કાલાસ્યવેષિ–પુત્ર	**૫૬૮–૫૭૦**	**૨૧૨–૨૧૪**
કાલાસ્યવેષિનું ચાતુર્યામ–ધર્મમાંથી પંચમહાવ્રત–ધર્મમાં આવવું		
૪૪. મહાવીર–તીર્થમાં ઉદક પેઢાલપુત્ર	**૫૭૧–૫૯૫**	**૨૧૪–૨૨૬**
નાલંદામાં લેપ શ્રમણોપાસક	૫૭૧	૨૧૪–૨૧૫
લેપની ઉદકશાળા સમીપે ગૌતમનો વિહાર	૫૭૨	૨૧૫
ઉદક પેઢાલપુત્રનું પ્રશ્નાર્થે ગૌતમ સમીપે આગમન	૫૭૩	૨૧૫
ઉદક પેઢાલપુત્રનો શ્રમણોપસક–પ્રત્યાખ્યાન વિષયક પ્રશ્ન	૫૭૪	૨૧૫–૨૧૬
ભગવાન ગૌતમનો ઉત્તર	૫૭૫	૨૧૬
ઉદક પેઢાલપુત્રનો પ્રતિપ્રશ્ન	૫૭૬	૨૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
'ત્રસભૂત પ્રાણી ત્રસ, ત્રસપ્રાણી ત્રસ એકાર્થક છે':		
ગૌતમનું કથન	૫૭૭	૨૧૬–૨૧૭
ઉદક પેઢાલપુત્રની સ્વપક્ષ-સ્થાપના	૫૭૮	૨૧૭
ભગવાન ગૌતમનો પ્રત્યુત્તર	૫૭૯	૨૧૭
શ્રમણ દૃષ્ટાન્ત	૫૮૦–૫૮૨	૨૧૭–૨૧૯
પ્રત્યાખ્યાનનું વિષય-ઉપદર્શન	૫૮૩–૫૯૧	૨૧૯–૨૨૨
નવ ભંગો વડે પ્રત્યાખ્યાનનું વિષય-ઉપદર્શન	૫૯૨	૨૨૩–૨૨૫
ત્રસ–સ્થાવર પ્રાણીઓની અવ્યુચ્છિત્તિ	૫૯૩	૨૨૫
ઉપસંહાર	૫૯૪–૫૯૫	૨૨૬
ઉદકનું ચાતુર્યામ ધર્મમાંથી નીકળી પાંચ મહાવ્રત ગ્રહણ	૫૯૬	૨૨૬
૪૫. મહાવીર-તીર્થમાં નંદીફલજ્ઞાત (દૃષ્ટાંત)	**૫૯૭–૬૦૪**	**૨૨૬–૨૨૯**
ચંપામાં ધન્ય સાર્થવાહ	૫૯૭	૨૨૬
ધન્યની અહિચ્છત્રા–ગમન ઘોષણા	૫૯૮	૨૨૬–૨૨૭
ધન્યે કરેલ નંદીફળના ઉપભોગનો નિષેધ	૫૯૯	૨૨૭–૨૨૮
નિષેધપાલનનું ફળ	૬૦૦	૨૨૮–૨૨૯
નિષેધ ન પાળવાથી વિપત્તિ	૬૦૧–૬૦૨	૨૨૯
ધન્યનું અહિચ્છત્રા–ગમન	૬૦૩	૨૨૯
ધન્યની પ્રવ્રજ્યા	૬૦૪	૨૨૯
૪૬. મહાવીર-તીર્થમાં ધન્ય સાર્થવાહ કથાનક	**૬૦૫–૬૩૧**	**૨૨૯–૨૩૭**
રાજગૃહમાં ધન્ય સાર્થવાહની પુત્રી સુંસુમા	૬૦૫	૨૨૯–૨૩૦
ચિલાત દાસચેટ વડે કુમાર-કુમારિકાઓની ક્રીડા વખતે પજવણી	૬૦૬–૬૦૭	૨૩૦
ચિલાતનું ઘરમાંથી નિષ્કાસન	૬૦૮	૨૩૦–૨૩૧
ચિલાતની દુર્વ્યસન-પ્રવૃત્તિ	૬૦૯	૨૩૧
રાજગૃહ સમીપે ચોરપલ્લી અને તેમાં રહેતો વિજય ચોર સેનાપતિ	૬૧૦–૬૧૨	૨૩૧
ચિલાતનું ચોરપલ્લી–ગમન અને ચોર સેનાપતિ વિજય દ્વારા ચૌર્યવિદ્યા–શિક્ષણ	૬૧૩	૨૩૧–૨૩૨
ચોર–સેનાપતિ વિજયનું મૃત્યુ	૬૧૪	૨૩૨
ચિલાતને ચોર–સેનાપતિ બનાવવો	૬૧૫	૨૩૨
ચિલાતે કરેલ ધન્ય સાર્થવાહના ઘરની લૂંટ અને સુંસુમાનું અપહરણ	૬૧૬–૬૧૮	૨૩૨–૨૩૪
નગરરક્ષકો વડે ચોરનિગ્રહ	૬૧૯	૨૩૪
ચિલાતનું સુંસુમા સાથે ચોરપલ્લીથી ભાગવું અને સુંસુમાની હત્યા	૬૨૦–૬૨૨	૨૩૪
નિગમન પદ	૬૨૩	૨૩૪–૨૩૫
ધન્યનું સુંસુમા માટે આક્રન્દ	૬૨૪	૨૩૫
અટવીમાં ક્ષુધાભિભૂત ધન્યાદિ દ્વારા સુંસુમાના માંસ-શોણિતનો આહાર	૬૨૫–૬૨૯	૨૩૫–૨૩૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

	સૂત્રાંક	પૃષ્ઠાંક
ધન્યની પ્રવ્રજ્યા	૬૩૦	૨૩૬–૨૩૭
અંગવંશના સત્તોનેર રાજાઓ મુંડિત–યાવત્–પ્રવ્રજિત થયા	૬૩૧	૨૩૭
૪૭. મહાવીર–તીર્થમાં કાલોદાયી કથાનક	**૬૩૨–૬૪૬**	**૨૩૭–૨૪૦**
રાજગૃહસ્થિત કાલોદાયી આદિનો અસ્તિકાય-વિષયક સંદેહ	૬૩૨–૬૩૩	૨૩૭
કાલોદાયી આદિનું ગૌતમ પાસે અસ્તિકાય શંકા-નિરૂપણ	૬૩૪	૨૩૭
ગૌતમકૃત કાલોદાયી આદિની શંકાનું સમાધાન	૬૩૫	૨૩૭–૨૩૮
કાલોદાયી–કૃત પંચાસ્તિકાય સમ્બન્ધી વિવિધ પ્રશ્નોનું જ્ઞાતપુત્ર કૃત સમાધાન	૬૩૬–૬૩૮	૨૩૮
કાલોદાયી દ્વારા નિર્ગ્રંથ–પ્રવ્રજ્યા-ગ્રહણ અને વિહરણ	૬૩૯	૨૩૮
ભગવાન મહાવીરનો જનપદ-વિહાર	૬૪૦	૨૩૮
કાલોદાયીકૃત પાપકર્મ–કલ્યાણકર્મ–ફળ–વિપાકના પ્રશ્નોનું ભગવાન દ્વારા સમાધાન	૬૪૧–૬૪૨	૨૩૮–૨૩૯
કલ્યાણકર્મ વિષયમાં પ્રશ્નોત્તર	૬૪૩	૨૩૯
કાલોદાયીકૃત અગ્નિકાય સમારંભ–નિર્વાપન સંબંધી કર્મબંધના પ્રશ્નનું ભગવાન દ્વારા સમાધાન	૬૪૪	૨૩૯–૨૪૦
કાલોદાયીકૃત અચિત્ત પુદ્ગલાવભાસન–ઉદ્યોત સંબંધી પ્રશ્નનું ભગવાન દ્વારા સમાધાન	૬૪૫	૨૪૦
કાલોદાયીનું નિર્વાણગમન	૬૪૬	૨૪૦
૪૮. પુંડરીક–કંડરીક કથાનક	**૬૪૭–૬૫૯**	**૨૪૦–૨૪૫**
મહાવિદેહમાં પુંડરીકિણી નગરીના રાજપુત્રો પુંડરીક-કંડરીક	૬૪૭	૨૪૦
મહાપદ્મરાજાની પ્રવ્રજ્યા અને પુંડરીકનો અભિષેક	૬૪૮	૨૪૦–૨૪૧
કંડરીકની પ્રવ્રજ્યા	૬૪૯	૨૪૧
કંડરીકને વેદના	૬૫૦	૨૪૧
કંડરીકની ચિકિત્સા	૬૫૧	૨૪૧–૨૪૨
કંડરીકનો પ્રમત્ત-વિહાર	૬૫૨	૨૪૨
પુંડરીક દ્વારા પ્રતિબોધ	૬૫૩	૨૪૨
કંડરીકનો પ્રવ્રજ્યા–ત્યાગ	૬૫૪	૨૪૨–૨૪૩
પુંડરીકની પ્રવ્રજ્યા	૬૫૫	૨૪૩
કંડરીકનું મૃત્યુ	૬૫૬	૨૪૩–૨૪૪
નિગમન	૬૫૭	૨૪૪
પુંડરીકની આરાધના	૬૫૮	૨૪૪–૨૪૫
નિગમન	૬૫૯	૨૪૫
૪૯. મહાવીર–તીર્થમાં સ્થવિરાવલી	**૬૬૦–૬૬૫**	**૨૪૫–૨૫૧**
શ્રમણ નિર્ગ્રંથોની સુધર્માની અપત્યપરંપરા	૬૬૧	૨૪૫
આર્ય સુધર્માથી આરંભ કરી આર્ય યશોભદ્ર પર્યન્ત સ્થવિરાવલી	૬૬૨	૨૪૫
આર્ય યશોભદ્રથી લઈને સંક્ષિપ્ત સ્થવિરાવલી	૬૬૩	૨૪૫–૨૪૬
આર્ય યશોભદ્રથી પ્રારમ્ભ કરી વિસ્તૃત સ્થવિરાવલી	૬૬૪	૨૪૬–૨૪૯
નંદીસૂત્રગત સ્થવિરાવલી	૬૬૫	૨૪૯–૨૫૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મકથાનુયોગ

[ગુજરાતી અનુવાદ]

પ્રથમ સ્કંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મકથાનુયોગ

(અનુવાદ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાથમિક

- પ્રસ્તુત ધર્મકથાનુયોગમાં જૈન આગમોમાં વર્ણિત ચરિત્ર-કથાઓનું સંકલન કરવામાં આવ્યું છે.
- પ્રથમ સ્કંધમાં ઉત્તમ પુરુષોનાં જીવન-ચરિત્રો સંબંધી વર્ણન સંકલિત છે.
- જગતમાં જે પૂજ્ય, શ્રેષ્ઠ અથવા સમ્માનનીય ગણાય છે તેમને 'ઉત્તમ-પુરુષ' કહેવામાં આવે છે. જૈન પરિભાષામાં તેઓને શલાકાપુરુષ પણ કહેવાય છે. 'શલાકાપુરુષ'નો અર્થ પણ એ જ છે—તે વિશિષ્ટ પ્રશંસનીય પુરુષ, જેની ગણતરી આંગળીના વેઢે થાય છે.
- ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ તથા ૯ પ્રતિવાસુદેવ—આ રીતે ત્રેસઠ શલાકાપુરુષો કે ઉત્તમ પુરુષો ગણાય છે.
- કેટલાક આચાર્યોએ ૯ પ્રતિવાસુદેવોને ઉત્તમ પુરુષ નથી માન્યા. તેમની ગણનામાં 'ચોપન મહાપુરુષ' નો જ ઉલ્લેખ છે.
- પ્રથમ તીર્થંકર ઋષભદેવની પૂર્વે કુલકર પદ્ધતિ હતી. આમ તો ત્રીજા આરાના અંતિમ(ત્રીજા) ભાગમાં કુલકર પદ્ધતિનો પ્રારંભ થાય છે. કુલકરનો અર્થ છે—માનવસમૂહ—માનવકુળની વ્યવસ્થા આદિ કરવામાં સમર્થ અને વિશિષ્ટ બુદ્ધિસંપન્ન પુરુષ. તેને માનવકુળનો નેતા પણ કહી શકાય. વૃક્ષો મનુષ્યોની આવશ્યકતાપૂર્તિ કરે છે, આથી યુગલ-કાળમાં વૃક્ષોનું સર્વાધિક મહત્ત્વ છે. એટલે દશ પ્રકારનાં વૃક્ષોનું વર્ણન પણ કુલકરોનાં ચરિત્ર-વર્ણનમાં સમાવિષ્ટ છે.
- આ પ્રમાણે પ્રથમ સ્કંધમાં કુલકરો તથા તેમની પછી તીર્થંકર ભગવાન ઋષભદેવ, ભગવતી મલ્લી, અર્હત્ અરિષ્ટનેમિ, પુરુષાદાનીય પાર્શ્વનાથ, શ્રમણ ભગવાન મહાવીર, મહાપદ્મ તીર્થંકર (આગામી ઉત્સર્પિણી કાળમાં તીર્થંકર થનાર શ્રેણિક-જીવ) વગેરેનું વર્ણન છે. તીર્થંકર-સામાન્યમાં તીર્થંકરોની સંખ્યા, અવગાહના, આગારવાસ, શ્રમણ-શ્રમણી આદિનું વર્ણન સંકલિત છે. એ પછી ચક્રવર્તી ભરત તથા અન્ય ચક્રવર્તી બલદેવ, વાસુદેવ વ. ઉત્તમ પુરુષોનું વર્ણન સંગ્રહીત છે.
- આ વર્ણન કોઈ એક જ આગમ(સૂત્ર)માં વર્ણિત નથી, આગમોમાં પ્રસંગાનુસાર અત્ર-તત્ર વિકીર્ણ છે. એટલે તેમાં પ્રવાહબદ્ધતા નહીં મળે. છતાં પણ અહીં સમગ્રતા અને સર્વાંગતા લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને આ સમગ્રતામાં પ્રવાહબદ્ધતા પણ માળામાં દોરીની જેમ અનુસ્યૂત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ સ્કંધ

ઉત્તમ પુરુષ-કથાનકો

અધ્યયનો

મંગળ સૂત્રો

૧. કુલકરો

૨. ઋષભ-ચરિત્ર

૩. મલ્લિ-ચરિત્ર

૪. અરિષ્ટનેમિ-ચરિત્ર

૫. પાર્શ્વ-ચરિત્ર

૬. મહાવીર-ચરિત્ર

૭. પદ્મ-ચરિત્ર

૮. તીર્થંકર-સામાન્ય

૯. ભરત ચક્રવર્તી-ચરિત્ર

૧૦. ચક્રવર્તી-સામાન્ય

૧૧. બલદેવ-વાસુદેવ-સામાન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંગળ-સૂત્રો

૧. અરિહંતોને નમસ્કાર.
સિદ્ધોને નમસ્કાર.
આચાર્યોને નમસ્કાર.
ઉપાધ્યાયોને નમસ્કાર.
લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર.

આ પાંચને કરેલ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.

૨. (૧) અરિહંતો મંગળરૂપ છે, (૨) સિદ્ધો મંગળરૂપ છે, (૩) સાધુઓ મંગળરૂપ છે અને (૪) કેવળી-પ્રણીત ધર્મ મંગળરૂપ છે.

૩. (૧) અરિહંતો લોકોત્તમ છે, (૨) સિદ્ધો લોકોત્તમ છે, (૩) સાધુઓ લોકોત્તમ છે, (૪) કેવળી-પ્રણીત ધર્મ લોકોત્તમ છે.

૪. (૧) હું અરિહંતનું શરણ સ્વીકારું છું, (૨) હું સિદ્ધનું શરણ સ્વીકારું છું, (૩) હું સાધુઓનું શરણ સ્વીકારું છું, (૪) હું કેવળી-પ્રણીત ધર્મનું શરણ સ્વીકારું છું.

૧. કુલકરો

૫. જંબૂદ્વીપના ભારતવર્ષમાં ગત ઉત્સર્પિણીમાં સાત કુલકરો[૧] થઈ ગયા. તે આ પ્રમાણે--
ગાથાર્થ–૧. મિત્રદામ, ૨. સુદામ, ૩. સુપાર્શ્વ, ૪. સ્વયંપ્રભ, ૫. વિમલઘોષ, ૬. સુઘોષ અને ૭. મહાઘોષ.

૬. જંબૂદ્વીપ દ્વીપના ભારતવર્ષમાં ગત ઉત્સર્પિણીમાં દશ કુલકરો થઈ ગયા. તે આ પ્રમાણે—
ગાથાર્થ–૧. શતંજલ, ૨. શતાયુ, ૩. અનંતસેન, ૪. અમિતસેન, ૫. તર્કસેન, ૬. ભીમસેન, ૭. મહાભીમસેન, ૮. દઢરથ, ૯. દશરથ અને ૧૦. શતરથ.

૭. જંબૂદ્વીપના ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં સાત કુલકરો થશે. તે આ પ્રમાણે—
ગાથાર્થ–૧. મિત્રવાહન, ૨. સુભૂમ, ૩. સુપ્રભ, ૪. સ્વયંપ્રભ, ૫. દત્ત, ૬. સૂક્ષ્મ અને ૭. સુબંધુ.

૮. જંબૂદ્વીપ દ્વીપના ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં દશ કુલકરો થશે. તે આ પ્રમાણે—
૧. સીમંકર, ૨. સીમંધર, ૩. ક્ષેમંકર, ૪. ક્ષેમંધર, ૫. વિમલવાહન, ૬. સંભૂતિ, ૭. પ્રતિશ્રુત, ૮. દઢધનુ, ૯. દશધનુ અને ૧૦. શતધનુ.

૯. જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં દશ કુલકરો થશે. તે આ પ્રમાણે—
૧. વિમલવાહન, ૨. સીમંકર, ૩. સીમંધર, ૪. ક્ષેમંકર, ૫. ક્ષેમંધર ૬. દઢધનુ, ૭. દશધનુ, ૮. શતધનુ, ૯. પ્રતિશ્રુતિ અને ૧૦. સુમતિ.

૧૦. વિમલવાહન કુલકર નવ સો ધનુષ ઊંચા હતા.

૧૧. વિમલવાહન કુલકરના સમયમાં ઉપભોગ માટેનાં સાત પ્રકારનાં વૃક્ષો ઉત્પન્ન થયાં. તે આ પ્રમાણે—
૧. મત્તાંગ, ૨. ભૃંગ, ૩. ચિત્રાંગ, ૪. ચિત્રરસ, ૫. મણ્યંગ, ૬. અનગ્ન અને ૭. કલ્પવૃક્ષ.

૧૨. અભિચન્દ્ર કુલકર છસો ધનુષ ઊંચા હતા.

૧૩. જંબૂદ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં સાત કુલકરો થઈ ગયા. તે આ પ્રમાણે—
૧. વિમલવાહન, ૨. ચક્ષુષ્માન, ૩. યશસ્વી ૪. અભિચન્દ્ર, ૫. પ્રસેનજિત્, ૬. મરુદેવ અને ૭. નાભિ.

૧૪. આ સાત કુલકરોની સાત ભાર્યાઓ હતી. તે આ પ્રમાણે—
૧. ચન્દ્રયશા, ૨. ચન્દ્રકાન્તા, ૩. સુરૂપા,

---

૧. માનવ-સમાજ(કુળ)ની વ્યવસ્થા કરવામાં સમર્થ વિશિષ્ટ બુદ્ધિસંપન્ન પુરુષ, સમાજ–અગ્રણી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. પ્રતિરૂપા, ૫. ચક્ષુકાન્તા, ૬. શ્રીકાંતા અને ૭. મરુદેવી.

૧૫. તે કાળે આરાના પાછળના ત્રીજા ભાગમાં પલ્યોપમનો આઠમો ભાગ બાકી હતો ત્યારે આ પંદર કુલકરો ઉત્પન્ન થયા હતા. તે આ પ્રમાણે—

૧. સુમતિ, ૨. પ્રતિશ્રુતિ, ૩. સીમંકર, ૪. સીમંધર ૫. ક્ષેમંકર, ૬. ક્ષેમંધર, ૭. વિમલવાહન, ૮. ચક્ષુષ્માન, ૯. યશસ્વી, ૧૦. અભિચન્દ્ર, ૧૧. ચન્દ્રાભ, ૧૨. પ્રસેનજિત્, ૧૩. મરુદેવ, ૧૪. નાભિ અને ૧૫. ઋષભ.

૧૬. સાત પ્રકારની દંડનીતિ કહેવાય છે. તે આ પ્રમાણે—

૧. હકાર, ૨. મકાર, ૩. ધિક્કાર ૪. પરિભાષણ ૫. મંડલબંધ, ૬. ચારક અને ૭. છવિચ્છેદ.

૧૭. તેમાં સુમતિ, પ્રતિશ્રુતિ, સીમંકર, સીમંધર અને ક્ષેમંકર એ પાંચ કુલકરોની 'હકાર' ની દંડનીતિ હતી. તે 'હકાર'ના દંડથી દંડવામાં આવેલા મનુષ્યો લજ્જિત થઈ, વિશેષ લજ્જિત થઈ ને, અતિલજ્જિત થઈને, ભયભીત બની, ચૂપ બની, વિનયી અને નમ્ર બની રહેતા.

તેમાં ક્ષેમંધર, વિમલવાહન, ચક્ષુષ્માન, યશસ્વી અને અભિચન્દ્ર એ પાંચ કુલકરોની 'મકાર'ની દંડનીતિ હતી—જેમાં 'મકાર'ના દંડથી દંડાયેલા મનુષ્યો લજ્જા પામીને યાવત્ નમ્ર બની રહેતા.

તેમાં ચન્દ્રાભ, પ્રસેનજિત્, મરુદેવ, નાભિ અને ઋષભ એ પાંચ કુલકરોની 'ધિક્કાર'ની દંડનીતિ હતી—જેમાં 'ધિક્કાર'ના દંડથી દંડાયેલા મનુષ્યો લજ્જા પામીને યાવત્ નમ્ર બની રહેતા.

૨. ઋષભ-ચરિત્ર

કલ્યાણક-નક્ષત્રો—

૧૮. તે કાળે તે સમયે કૌશલિક ભગવંત ઋષભનાં ચાર [કલ્યાણકો] ઉત્તરાષાઢા નક્ષત્રમાં અને પાંચમું [કલ્યાણક] અભિજિત નક્ષત્રમાં થયેલ. તે આ પ્રમાણે—

૧. ઉત્તરાષાઢા નક્ષત્રમાં (દેવલોકમાંથી) ચ્યવન કરી ગર્ભમાં આવ્યા,

૨. ઉત્તરાષાઢા નક્ષત્રમાં જન્મ લીધો,

૩. ઉત્તરાષાઢા નક્ષત્રમાં મુંડિત થઈ ગૃહસ્થવાસ છોડી, અનગાર પ્રવજ્યા લીધી.

૪. ઉત્તરાષાઢા નક્ષત્રમાં અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, અખંડ, સંપૂર્ણ, ઉત્તમ કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત થયું,

૫. અભિજિત નક્ષત્રમાં પરિનિર્વાણ પ્રાપ્ત કર્યું.

ગર્ભાવતરણ—

૧૯. નાભિ કુલકરની ભાર્યા મરુદેવીની કુક્ષિમાં પ્રથમ રાજા, પ્રથમ કેવલી, પ્રથમ તીર્થંકર ને પ્રથમ ઉત્તમ ધર્મ-ચક્રવર્તી એવા ઋષભ નામે કૌશલિક અરિહંત અવતર્યા.

જન્મ-કલ્યાણક—

૨૦. તે કાળે તે સમયે ગ્રીષ્મ ઋતુના પ્રથમ માસના પ્રથમ પક્ષમાં એટલે કે ચૈત્ર માસના કૃષ્ણ પક્ષમાં, ચૈત્ર વદિ આઠમના દિવસે, નવ મહિના અને સાડા સાત દિવસ પૂરા થતાં-યાવત્-ઉત્તરાષાઢા નક્ષત્રમાં નીરોગી માતાએ આરોગ્યપૂર્વક નિરામય એવા કૌશલિક ભગવંત ઋષભને જન્મ આપ્યો.

અધોલોકની દિશાકુમારીઓએ કરેલ જન્મ-મહોત્સવ—

૨૧. તે કાળે તે સમયે અધોલોકમાં વાસ કરનારી આઠ મુખ્ય દિશાકુમારીઓ પોતપોતાના કૂટો પર, પોતપોતાનાં ભવનોમાં, પોતપોતાના શ્રેષ્ઠ પ્રાસાદોમાં, પોતપોતાના દરેકના ચાર હજાર સામાનિક દેવો, ચાર સપરિવાર મહત્તરિકાઓ, સાત સેનાઓ, સાત સેનાપતિઓ, સોળહજાર અંગરક્ષક દેવો તથા બીજાં અનેક ભવનપતિ-વાનવ્યંતર દેવ-દેવીઓથી ઘેરાઈને સુમધુર નાટ્ય, ગીત, વાદ્ય-યાવત્-ભોગોપભોગો ભોગવતી રહેતી હતી. એમનાં નામ આ પ્રમાણે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ગાથાર્થ)—૧. ભોગંકરા, ૨. ભોગવતી, ૩. સુભોગા, ૪. ભોગમાલિની, ૫. તોયધારા, ૬. વિચિત્રા, ૭. પુષ્પમાલા અને ૮. અનિન્દિતા.

૨૨. તે સમયે તે અધોલોકવાસી આઠે મુખ્ય દિશાકુમારીઓનાં આસનો કંપવા લાગ્યાં.

તે સમયે તે અધોલોકવાસી આઠે મુખ્ય દિશાકુમારીઓએ પોતપોતાનાં આસનો કંપાયમાન થતાં જોયાં, આસનોને કંપાયમાન થતાં જોઈ તેઓએ અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો, અવધિજ્ઞાનના પ્રયોગ દ્વારા તીર્થંકર ભગવંતને નીરખ્યા, નીરખીને અન્યોન્ય એકબીજી દિશાકુમારીને બોલાવી, અને બોલાવીને આ પ્રમાણે કહેવા લાગી—

'હે દિશાકુમારીઓ ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં તીર્થંકર ભગવાને જન્મ લીધો છે, તો ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની અધોલોકવાસી આઠે મુખ્ય દિશાકુમારીઓનો આ પરંપરાગત આચાર (જીતકલ્પ) છે કે તેઓ તીર્થંકર ભગવાનનો જન્મ-મહોત્સવ કરે. તો, ચાલો આપણે પણ તીર્થંકર ભગવાનનો જન્મ-મહોત્સવ ઊજવીએ.'

આમ કહીને દરેકે પોતપોતાના આભિયોગિક (સેવક) દેવોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહેવા લાગી—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ જેમાં સેંકડો સ્તંભો હોય અને તે પર અનેક ક્રીડા કરતી પૂતળીઓ હોય-એ પ્રમાણે વિમાનનું વર્ણન-યાવત્-જે એક યોજન વિસ્તારવાળું દિવ્ય વિમાન વિકુર્વિત કરો, વિકુર્વિત કરીને આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો.'

૨૩. તે પછી તે આભિયોગિક દેવો સેંકડો સ્તંભોવાળું-યાવત્-જાણ કરે છે.

ત્યારે તે અધોલોકવાસી આઠે મુખ્ય દિશાકુમારીઓ હૃષ્ટ, તુષ્ટ અને આનંદિત ચિત્તે-યાવત્-વિમાનની સીડીઓ પર ચડે છે, ચડીને દરેક પોતપોતાના ચાર હજાર સામાનિક દેવો, ચાર મહત્તરિકાઓ-યાવત્-બીજાં અનેક દેવદેવીઓથી વીંટળાઈને તે દિવ્ય-વિમાનમાં બેસે છે.

બેસીને સર્વ ઋદ્ધિ, સર્વ દ્યુતિ સહિત તેમ જ ઢોલ, મૃદંગ, કાંસી-તાલ વગેરે વાદ્યો વગાડતી, ગાતી, પોતાની ઉત્કૃષ્ટ ગતિ-યાવત્-દેવગતિથી, જ્યાં તીર્થંકર ભગવાનનું જન્મ-નગર છે, જ્યાં તીર્થંકરનું જન્મ-ભવન છે ત્યાં આવે છે.

ત્યાં આવીને તીર્થંકર ભગવંતના જન્મ-ભવનની ચોપાસ તે દિવ્ય યાન-વિમાનો સાથે ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે, પ્રદક્ષિણા કરીને ઉત્તર-પૂર્વ દિશા(ઈશાન ખૂણા)માં, ધરતી-તલથી ચાર આંગળ ઊંચે અદ્ધર દિવ્ય વિમાનને ઊભું રાખે છે.

ઊભું રાખીને દરેક પોતપોતાના ચાર હજાર સામાનિક દેવો-યાવત્-વીંટળાઈને દિવ્ય વિમાનમાંથી ઊતરે છે, ઊતરીને સર્વ ઋદ્ધિ-યાવત્-દુંદુભિના ઘોષથી દિશાઓને ગજવતી જ્યાં તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતા છે ત્યાં આવે છે, ત્યાં આવીને તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતાની ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે, પ્રદક્ષિણા કરીને દરેક પોતપોતાના હાથ મસ્તક પર લઈ જઈ અંજલિ કરીને, વંદન કરીને આ પ્રમાણે કહેવા લાગી—

૨૪. 'હે કુક્ષિમાં રત્ન ધારણ કરનારી ! જગતને પ્રદીપનું પ્રદાન કરનારી ! તમને નમસ્કાર. સકળ જગતના મંગળરૂપ, મુક્તિ-માર્ગીઓનાં ચક્ષુ સમાન, સમસ્ત જગતના જીવોના વત્સલ, હિતકારી, ધર્મમાર્ગદર્શક, વાગ્ઋદ્ધિવાળા, વિભુ, પ્રભુ, જિન, જ્ઞાની, નાયક, બુદ્ધ, બોધ કરનાર, સકળ લોકના નાથ, સમસ્ત જગત માટે મંગળરૂપ, મમત્વરહિત, ઉત્તમ-કુળમાં ઉત્પન્ન થયેલ, ઉચ્ચ ક્ષત્રિય જાતિના અને લોકોત્તમ એવા પુત્રની માતા ! તમે ધન્ય છો, તમે પુણ્યશાળી છો, તમે કૃતાર્થ છો.

'હે દેવાનુપ્રિયે ! અમે અધોલોકવાસી આઠ મુખ્ય દિશાકુમારીઓ છીએ. અમે તીર્થંકર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવંતનો જન્મ-મહોત્સવ ઊજવીશું.' તો તમે ભય ન ધરશો.'

એમ કહી તેઓ ઉત્તર-પૂર્વ દિશા(ઈશાન કોણ)માં ગઈ.

૨૫. ત્યાં જઈને તેઓએ વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો, સમુદ્‌ઘાત કરીને સંખ્યાત્ યોજન લાંબો દંડ કાઢ્યો. તે રત્નમય દંડ-યાવત્-સંવર્તક વાયુની વિકુર્વણા કરી. તે કલ્યાણકારી, મૃદુ, અનુદ્ધત, ભૂમિતળને સ્વચ્છ કરનાર, મનોહર, બધી ઋતુઓનાં ફૂલોની સુગંધથી ભરેલો, ઘનીભૂત સુગંધથી સર્વત્ર સુવાસ ફેલાવનાર અને ત્રાંસો વહેતો વાયુ તીર્થંકર ભગવંતના જન્મ-ભવનની ચોપાસ યોજનપર્યંત સીમામાં વહેવા લાગ્યો.

જેવી રીતે એક ચાકર-બાળક હોય-યાવત્-એવી રીતે તે વાયુએ ત્યાં જે તણખલાં અથવા પાંદડાં અથવા લાકડાં અથવા કચરો અથવા ગંદકી-અપવિત્ર દુર્ગંધી પદાર્થો હતા તે બધા ઉડાડી ઉડાડીને એકાંત સ્થાનમાં ફેંકી દીધા. તે પ્રમાણે કરીને તે દિશાકુમારીઓ જ્યાં તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતા હતાં ત્યાં આવી, ત્યાં આવીને તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતાથી અતિ દૂર નહીં તેમ જ અતિ નજીક નહીં તેવી રીતે રહી ગીતો ગાવા લાગી.

ઊર્ધ્વલોકવાસી દિશાકુમારીઓએ કરેલ જન્મ-મહોત્સવ—

૨૬. તે કાળે તે સમયે ઊર્ધ્વલોકમાં વાસ કરનારી આઠ મુખ્ય દિશાકુમારીઓ પોતપોતાના કૂટો પર, પોતપોતાનાં ભવનોમાં, પોતપોતાના શ્રેષ્ઠ પ્રાસાદોમાં, પોતપોતાના દરેકના ચાર હજાર સામાનિક દેવો સાથે—ઇત્યાદિ પૂર્વે કરાયેલ વર્ણન મુજબ જ-રહે છે. તે આ પ્રમાણે-

(ગાથાર્થ)-૧. મેઘંકરા, ૨ મેઘવતી, ૩. સુમેઘા, ૪. મેઘમાલિની, ૫. સુવત્સા, ૬. વત્સમિત્રા, ૭. વારિષેણા, ૮. બલાહકા.

૨૭. તે સમયે તે ઊર્ધ્વલોકવાસી આઠે મુખ્ય દિશાકુમારીઓના દરેકનાં આસન કંપાયમાન થયાં તે પૂર્વ-વર્ણન પ્રમાણે જ કહેવું-યાવત્-'હે દેવાનુપ્રિયે'! અમે ઊર્ધ્વલોકવાસી આઠ મુખ્ય દિશાકુમારીઓ છીએ. અમે તીર્થંકર ભગવંતનો જન્મમહોત્સવ ઊજવીશું, તો તમે ભય ન પામશો.' એમ કહી તેઓ ઉત્તર-પૂર્વ દિશા (ઈશાન કોણ)માં ગઈ. ત્યાં જઈ-યાવત્-તેઓએ આકાશી વાદળોની વિકુર્વણા કરી, વિકુર્વણા કરીને-યાવત્-ધૂળની રજને હટાવી દીધી, દૂર કરી દીધી, ખસેડી દીધી, શાંત કરી દીધી, ઉપશાંત કરી દીધી. એમ કરીને તેમણે રજને શીઘ્ર શાંત કરી દીધી.

એ રીતે પુષ્પવર્ષા કરનાર વાદળો દ્વારા પુષ્પ-વર્ષા કરી. પુષ્પવર્ષા કરીને-યાવત્-ઉત્તમ કૃષ્ણાગરુથી સુવાસિત કરીને-યાવત્-ઉત્તમ દેવોના આગમનને માટે અનુકૂળ બનાવે છે. એ પ્રમાણે કરીને પછી જ્યાં તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતા છે ત્યાં આવે છે. ત્યાં આવીને-યાવત્-મધુર અવાજે ગાતી ગાતી ઊભી રહી.

રુચકવાસી દિશાકુમારીઓએ કરેલ જન્મ-મહોત્સવ—

૨૮. તે કાળે તે સમયે પૂર્વમાં આવેલ રુચક પર્વત પર રહેનારી આઠ મુખ્ય દિશાકુમારીઓ પોતપોતાના કૂટો પર પૂર્વવર્ણન પ્રમાણે -યાવત્-રહે છે. તે આ પ્રમાણે—

(ગાથાર્થ)-૧. નંદોત્તરા, ૨. નંદા, ૩. આનંદા, ૪. નંદિવર્ધના, ૫. વિજયા, ૬. વૈજયંતી, ૭. જયંતી, ૮. અપરાજિતા. શેષ પૂર્વ પ્રમાણે-યાવત્-'તમે ભય ન પામશો' એમ કહી તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતાની સામે, હાથમાં દર્પણ ધરીને, મધુર અવાજે મંગળ ગીતો ગાતી ગાતી ઊભી રહી.

૨૯. તે કાળે તે સમયે દક્ષિણ રુચકવાસી આઠ મુખ્ય દિશાકુમારીઓ પૂર્વવર્ણન પ્રમાણે જ-યાવત્ રહે છે. તે આ પ્રમાણે—

(ગાથાર્થ)-૧.સમાહારા, ૨. સુપ્રતિજ્ઞા, ૩. સુપ્રબુદ્ધા, ૪. યશોધરા, ૫. લક્ષ્મીમતી, ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેષવતી, ૭. ચિત્રગુપ્તા, ૮. વસુંધરા. શેષ વર્ણન પૂર્વવત્-યાવત્-'તમે ભય ન પામશો.' એમ કહી તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતાની જમણી બાજુએ, હાથમાં ઝારી ધરીને, મંગળ ગીતો ગાતી ઊભી રહી.

૨૦. તે કાળે તે સમયે પશ્ચિમ-રુચક પર્વતની આઠ મુખ્ય દિશાકુમારીઓ પોતપોતાના કૂટો પર -યાવત્-રહે છે. તે આ પ્રમાણે-

(ગાથાર્થ)-૧. ઈલાદેવી, ૨. સુરાદેવી, ૩. પૃથ્વી, ૪. પદ્માવતી, ૫. એકનાસા, ૬. નવમિકા, ૭. ભદ્રા અને ૮. સીતા. શેષ વર્ણન પૂર્વવત્ -યાવત્-'તમે ભય ન પામશો.' એમ કહી તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતાની પાછળ, હાથમાં પંખા લઈને, ગીતો ગાતી ઊભી રહી.

૩૧. તે કાળે તે સમયે ઉત્તર દિશાના રુચક પર્વતની નિવાસી આઠ મુખ્ય દિશાકુમારીઓ-યાવત્ -રહે છે. તે આ પ્રમાણે-

(ગાથાર્થ)-૧. અલંબુષા, ૨.મિશ્રકેશી, ૩. પુંડરીકા, ૪. વારુણી, ૫. હાસા, ૬. સર્વપ્રભા, ૭. શ્રી અને વળી ૮. હ્રી. પૂર્વ વર્ણન મુજબ -યાવત્—તીર્થંકર ભગવંત અને તીર્થંકર -માતાની ડાબી બાજુએ, હાથમાં ચામર ધારણ કરીને, મંગળ ગીતો ગાતી ઊભી રહી.

૩૨. તે કાળે તે સમયે વિદિશાઓ (ચારે દિશા-કોણો) માંના રુચક પર્વત પર રહેનારી ચાર મુખ્ય દિશાકુમારીઓ-યાવત્-રહે છે. તે આ પ્રમાણે-

(ગાથાર્થ)-૧. ચિત્રા, ૨. ચિત્રકનકા, ૩. શતેરા અને ૪. સૌદામિની. પૂર્વ-વર્ણન મુજબ-યાવત્ -'ભય ન પામશો.' એમ કહી તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતા સમક્ષ ચારે કોણમાં, હાથમાં દીપક ધરીને, સુમધુર સ્વરે ગાતી ઊભી રહી.

મધ્યવર્તી રુચકવાસી દિશાકુમારી-મહત્તરિકાઓ દ્વારા કરાયેલ નાભિનાળ-કર્તન—

૩૩. તે કાળે તે સમયે મધ્યવર્તી રુચક પર્વત પર રહેનારી ચાર મુખ્ય દિશાકુમારીઓ પોતાના કૂટ પર પૂર્વ-વર્ણન મુજબ-યાવત્-રહે છે તે આ પ્રમાણે-

ગાથાર્થ)-૧. રૂપા, ૨. રૂપાશ્રિતા, ૩. સુરૂપા અને ૪. રૂપકાવતી.

શેષ વર્ણન પૂર્વવત્-યાવત્-'તમે ડરશો નહીં.' એમ કહી તેઓ તીર્થંકર ભગવંતની નાભિનાળને ચાર આંગળ છોડીને કાપે છે કાપીને એક ખાડો ખોદે છે. ખાડો ખોદી તેમાં નાભિનાળ દાટે છે. દાટીને ખાડો રત્નો અને હીરાઓ વડે પૂરે છે. પૂરીને તે પર હરિયાળી દૂર્વાની પીઠિકા બનાવે છે. પીઠિકા બનાવીને તેની ત્રણે બાજુ એક એક કદલીગૃહ વિકુર્વે છે. ત્યારબાદ તે દરેક કદલીગૃહની બરાબર વચ્ચે તેઓ એક એક ચતુઃશાળા વિકુર્વે છે.

ત્યારબાદ તે ચતુઃશાળાઓની વચ્ચોવચ્ચ એક એક સિંહાસન વિકુર્વે છે.

તે સિંહાસનો આ આ રૂપ-વર્ણ-ગંધ-વાળા છે—તે સર્વ વર્ણન અહીં કહેવું.

દિશાકુમારીઓ દ્વારા કરાયેલ માતા-પુત્રની સ્નાનાદિ વિધિ—

૩૪. તે પછી તે મધ્ય રુચકવાસી ચારે મુખ્ય દિશાકુમારીઓ જ્યાં તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતા હતાં ત્યાં આવી, આવીને તીર્થંકર ભગવંતને પોતાની હથેળીમાં લે છે અને તીર્થંકર-માતાને હાથનો ટેકો આપી ઊભાં કરે છે. ઊભાં કરીને જ્યાં જમણી બાજુનું કદલીગૃહ છે, જ્યાં ચતુઃશાળા છે અને જ્યાં સિંહાસન છે ત્યાં આવે છે, આવીને તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતાને સિંહાસન પર બેસાડે છે, બેસાડીને શતપાક-સહસ્રપાક તેલ વડે તેમને અભ્યંગ (માલિશ) કરે છે. અભ્યંગ કરીને સુગંધિત દ્રવ્યોથી ઉપટણ કરે છે. ઉપટણ કરીને તીર્થંકર ભગવંતને હથેળીમાં લે છે અને તીર્થંકર-માતાને હાથનો ટેકો આપી ઊભાં કરે છે. એમ કરીને જ્યાં પૂર્વ દિશાનું કદલીગૃહ છે, જ્યાં તેમાં રહેલ ચતુઃશાળા છે અને જ્યાં સિંહાસન છે ત્યાં આવે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવીને તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતાને સિંહાસને બેસાડે છે.

બેસાડીને ત્રણ પ્રકારનાં જળથી સ્નાન કરાવે છે, તે આ પ્રમાણે–૧. ગંધોદક (સુગંધિત જળ), ૨. પુષ્પોદક (પુષ્પમિશ્રિત જળ), ૩. શુદ્ધોદક (શુદ્ધ જળ).

સ્નાન કરાવીને સઘળા પ્રકારનાં અલંકાર અને વસ્ત્રોથી શણગારે છે. શણગારીને તીર્થંકર ભગવંતને હથેળીમાં લે છે અને તીર્થંકર-માતાને હાથનો ટેકો આપે છે. ટેકો આપીને જ્યાં ઉત્તર દિશાનું કદલીગૃહ છે, જેમાં ચતુઃ-શાળા છે અને તેમાંય જ્યાં સિંહાસન છે ત્યાં આવે છે. આવીને તીર્થંકર ભગવંત તથા તીર્થંકર-માતાને સિંહાસન પર બેસાડે છે. બેસાડીને આભિયોગિક (સેવક)દેવોને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે—

'હે દેવાનુપ્રિયો! તમે તરત જ ક્ષુદ્ર હિમવંત નામક વર્ષધર પર્વત પરથી ગોશીર્ષ ચંદનનાં કાષ્ઠ લઈ આવો.'

ત્યાર પછી તે આભિયોગિક દેવો તે મધ્યવર્તી રુચકપર્વતવાસી ચાર મુખ્ય દિશાકુમારી-ઓની આજ્ઞા સાંભળી હૃષ્ટ–તુષ્ટ–યાવત્–વિનય-પૂર્વક આજ્ઞા સ્વીકારે છે, સ્વીકારીને તરત જ ક્ષુદ્ર હિમવંત નામક વર્ષધર પર્વત પરથી સરસ ગોશીર્ષ ચંદન કાષ્ઠ લઈ આવે છે.

તદનન્તર તે ચારે મધ્ય–રુચકવાસી દિશા-કુમારીઓ શરક(ચકમક–અગ્નિ ઉત્પન્ન કરવાનું સાધન) બનાવે છે, બનાવીને તેને અરણિ સાથે લગાડે છે અને ઘસીને તણખો પેદા કરે છે, તણખો પેદા કરીને અગ્નિ પેટાવે છે, અગ્નિ પેટાવીને તેમાં ગોશીર્ષ-ચંદન નાખે છે, નાખીને અગ્નિને પ્રજ્વલિત કરે છે, પ્રજ્વલિત કરીને તેમાં સમિધકાષ્ઠ નાખે છે, નાખીને હોમ કરે છે, હોમ કરીને તે ઠારીને રક્ષા(રાખ) બનાવે છે, રાખની પોટલી બનાવી (તીર્થંકર ભગવંતની રક્ષા અર્થે નાનીજ-રૂપે) બાંધે છે. તે બાંધીને પછી અનેકવિધ મણિ-રત્નોથી ચિત્ર–વિચિત્ર બે પથ્થરના વાટકા લઈ તીર્થંકર ભગવંતના કાન પાસે લઈ જઈ ખખડાવીને બોલે છે–'હે ભગવંત! આપ પર્વત સમાન આયુષ્યવાળા થાઓ, પર્વત સમાન આયુષ્યવાળા થાઓ.'

૩૫. ત્યાર પછી તે મધ્ય–રુચકવાસી ચારે મુખ્ય દિશાકુમારીઓ તીર્થંકર ભગવંતને હથેળીમાં લઈને અને તીર્થંકર માતાને હાથનો ટેકો આપીને જ્યાં તીર્થંકર ભગવંતનું જન્મ-ભવન છે ત્યાં આવે છે. આવીને તીર્થંકર-માતાને શય્યામાં બેસાડે છે. બેસાડીને તીર્થંકર ભગવંતને માતા પાસે સુવડાવે છે, સુવડાવીને મંગળ ગીતો ગાતી ગાતી ઊભી રહે છે.

દેવેન્દ્ર શક્રનું તીર્થંકરના જન્મ-નગરમાં ગમન–

૩૬. તે કાળે તે સમયે વજ્રપાણિ, પુરંદર, શતક્રતુ, સહસ્રાક્ષ, મઘવા, પાકશાસન–એ નામોથી પ્રસિદ્ધ દેવોનો રાજા દેવેન્દ્ર શક્ર દક્ષિણ અર્ધ-લોકનો અધિપતિ, જે બત્રીસ લાખ વિમાનો-નો સ્વામી છે, ઐરાવત હાથી જેનું વાહન છે, સુરેન્દ્ર, નિર્મળ આકાશ સમાન સ્વચ્છ વસ્ત્ર ધારણ કરનાર, સુશોભિત મુકુટધારી તથા નવ-સુવર્ણનાં સુંદર સુશોભિત ચંચળ અને ગાલને સ્પર્શતાં કુંડળો ધારણ કરીને શોભી રહ્યો છે, જેનું શરીર કાંતિમાન છે, જેના કંઠમાં માળાઓ લટકી રહી છે, જે અતિશય ઋદ્ધિવાન, તેજસ્વી, બલવાન, યશસ્વી, ભાગ્યવંત, સુખી છે, અને જે સૌધર્મ-કલ્પમાં સૌધર્માવતંસક વિમાનમાં સુધર્મ નામક સભામાં શક્ર–સિંહાસન પર બેઠેલ છે–

એવો તે શક્ર બત્રીસ લાખ વિમાનવાસી-ઓ, ચોર્યાસી હજાર સામાનિક દેવો, તેત્રીસ ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર લોકપાલો, આઠ પટરાણીઓ, ત્રણ પરિષદાઓ, સાત સેનાઓ, સાત સેનાધિપતિઓ, ચોર્યાસી હજારથી ચાર ગણા (૮૪૦૦૦ × ૪ = ૩,૩૬૦૦૦) આત્મરક્ષક દેવો તથા અન્ય પણ અનેક સૌધર્મકલ્પવાસી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવ-દેવીઓનો અધિપતિ, અગ્રણી, સ્વામી, ભર્તા, મહત્તર, આજ્ઞાકર્તા, ઈશ્વર અને સેનાનાયક છે; એમનો પાલક અને શાસનકર્તા છે; એવો તે સપરિવાર સુમધુર નૃત્ય, ગીત, વાદ્ય, વીણા-તલ-તાલ-ત્રુટિત-મૃદંગ-ઢોલ-નગારાના સુરોથી દિવ્ય ભોગોપભોગો ભોગવતો વિહરી રહ્યો છે.

૩૭. તે સમયે તે દેવરાજ દેવેન્દ્ર શક્રનું આસન કંપે છે.

ત્યારે તે શક્ર-યાવત્-આસન ચલાયમાન થતું જુએ છે, જોઈને અવધિજ્ઞાન પ્રયોજે છે; પ્રયોજીને અવધિજ્ઞાન દ્વારા તીર્થંકર ભગવંતને જુએ છે, જોઈને હૃષ્ટ-તુષ્ટ ચિત્તવાળો અને આનંદિત, પ્રસન્ન મનવાળો બને છે, અત્યંત હર્ષથી વિકસિત હૃદયવાળો બને છે, વર્ષાની ધારાથી જેમ કદંબનું પુષ્પ કંટકિત બને છે તેમ તેની રોમરાજિ ખીલી ઊઠે છે, ઉત્તમ કમળ જેવાં તેનાં નયન અને વદન વિકાસ પામે છે, તેનાં ઉત્તમ કડાં, બાજુબંધ, કંકણો અને મુકુટ હલવા લાગે છે, કાનોમાં કુંડળ અને વક્ષસ્થળ પર હારથી અને લાંબાં લટકતાં આભૂષણોથી શોભતો તે સુરેન્દ્ર સંભ્રમપૂર્વક, ત્વરાથી ચપળતાપૂર્વક પોતાના સિંહાસન પરથી ઊભો થાય છે, ઊભો થઈને પાદપીઠથી નીચે ઊતરે છે, નીચે ઊતરીને ઉત્તમોત્તમ વૈદૂર્ય-રિષ્ટ-અંજન આદિ મણિ-રત્નોથી જડિત ચમકતી પાદુકાઓ કાઢે છે, કાઢીને ઉત્તરીય વસ્ત્રથી ઉત્તરાસંગ કરે છે, કરીને બે હાથ જોડી અંજલિ રચી તીર્થંકર ભગવંતની દિશામાં સાત-આઠ ડગલાં ચાલે છે, ચાલીને ડાબો ઘૂંટણ વાળીને ઊંચો કરે છે, જમણો ઘૂંટણ ધરતી પર ટેકાવીને મસ્તક ત્રણ વાર નમાવીને ધરતી પર રાખે છે, રાખીને સહેજ ઊંચો થાય છે, ઊંચો થઈને કડાં અને બાજુબંધથી સ્તંભિત ભુજાઓ એકઠી કરે છે, એકઠી કરીને બે હથેળીઓથી અંજલિ બનાવી મસ્તક પર રાખીને આ પ્રમાણે બોલે છે—

૩૮. "નમન અરિહંત ભગવંતને, આદિ નાયકને, તીર્થંકરને, સ્વયંસંબુદ્ધને, પુરુષોત્તમને, પુરુષસિંહને, પુરુષોમાં ઉત્તમ કમળરૂપને, પુરુષોમાં ઉત્તમ ગંધહસ્તિરૂપને, લોકોત્તમને, લોકનાથને, લોકહિતકર્તાને, લોકદીપકને, લોકપ્રકાશકને, અભયદાતાને, ચક્ષુદાતાને, માર્ગદર્શકને, શરણદાતાને, જીવનદાતાને, બોધિ-જ્ઞાનદાતાને, ધર્મદાતાને, ધર્મોપદેશકને, ધર્મનાયકને, ધર્મસારથીને, ઉત્તમ ધર્મના સાર્વભૌમ ચક્રવર્તીને.

જે દીપક સમાન છે, રક્ષક છે, શરણ, ગતિ અને પ્રતિષ્ઠારૂપ છે, અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન અને દર્શન ધારણ કરનાર છે, ઘાતિ કર્મનો નાશ કરનાર છે, જે જિન છે અને બીજાઓને જીત અપાવનાર છે, જે તરી ગયા છે અને બીજાઓના તારક છે, જે પોતે બુદ્ધ છે અને બીજાઓને બોધ આપનાર છે, જે મુક્ત છે અને બીજાઓને મુક્તિ અપાવનાર છે, જે સર્વજ્ઞ છે, સર્વદર્શી છે—

તથા જે શિવ, અચલ, અરુજ, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાગમનવાળા સિદ્ધિગતિ નામક સ્થાનમાં પહોંચ્યા છે એવા જીતભય જિનવરોને નમસ્કાર.

તીર્થંકર ભગવંત, આદિ ધર્મસંસ્થાપક-યાવત્-[મુક્તિ] સંપાદન કરવાની અભિલાષાવાળા ભગવંતને નમસ્કાર.

ત્યાં રહેલા ભગવંતને અહીં રહેલો હું વંદું છું. ત્યાં રહેલા ભગવંત અહીં રહેલા મને જુએ."

એમ કહી તે વંદન-નમન કરે છે. વંદન-નમસ્કાર કરી પછી ઉત્તમ સિંહાસન પર, પૂર્વાભિમુખ થઈને, બેસે છે.

૩૯. ત્યારબાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્રને આ પ્રમાણે આવો-યાવત્ સંકલ્પ થાય છે—

અહો! ખરેખર જંબુદ્વીપમાં તીર્થંકર ભગવંતનો જન્મ થયો છે, તો ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના દેવેન્દ્ર દેવરાજ શક્રનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો પરંપરાગત આચાર છે કે તીર્થંકરોનો જન્મ-મહિમા કરવો.

આથી હું પણ જઈને તીર્થંકર ભગવાનનો જન્મ મહિમા કરું. એમ તે વિચારે છે, વિચારીને પાયદળના અધિપતિ હરિણૈગમેષી નામક દેવને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યો—

'હે દેવાનુપ્રિય! શીઘ્ર સુધર્મા સભામાં રહેલી, મેઘસમૂહની ગર્જના જેવા ગંભીર અને મધુરતર અવાજવાળી તથા યોજન-પરિઘવાળી, સુંદર સ્વરવાળી સુઘોષા નામક ઘંટાને ત્રણ વાર અફળાવી અફળાવી મોટા મોટા અવાજે આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરી કરીને બોલો—

"અરે ઓ [દેવો]! દેવેન્દ્ર દેવરાજ આજ્ઞા કરે છે, દેવેન્દ્ર દેવરાજ શક્ર જંબુદ્વીપમાં તીર્થંકર ભગવંતનો જન્મ-મહિમા કરવા જઈ રહેલ છે. તો હે દેવાનુપ્રિયો! તમે પણ પોતપોતાનાં સઘળાં ઋદ્ધિ, કાંતિ, બલ, સમુદય, આદર, વિભૂષણ, ઠાઠમાઠ સાથે તથા સઘળાં નર્તકો-નાટકો સાથે, સર્વ પ્રકારનાં પુષ્પ-ગંધ-માળા-અલંકાર-આભૂષણો સાથે, સર્વ પ્રકારનાં દિવ્ય વાદ્યોના ધ્વનિ-નાદો સાથે, મહાન વૈભવ સાથે યાવત્ પોતાના પરિવારથી વીંટળાઈને, પોતપોતાનાં યાન-વિમાન-વાહનો પર સવાર થઈને, તરત જ શક્રની સમીપે ઉપસ્થિત થાઓ."

૪૦. એ પછી દેવેન્દ્ર દેવરાજ શક્ર દ્વારા આ પ્રમાણે કહેવાતાં તે પાયદળાધિપતિ હરિણૈગમેષી દેવ હૃષ્ટ-તુષ્ટ થઈને યાવત્-જેવી દેવની આજ્ઞા એમ કહી વિનયપૂર્વક આજ્ઞાવચન સ્વીકારે છે, સ્વીકારીને દેવેન્દ્ર દેવરાજ શક્ર પાસેથી નીકળે છે, નીકળીને જ્યાં સુધર્મા સભા છે તથા મેઘ-સમૂહની ગર્જના જેવા ગંભીર અને મધુરતર અવાજવાળી, એક યોજન પરિઘવાળી સુઘોષા ઘંટા છે ત્યાં આવે છે, આવીને તે મેઘ-સમૂહની ગર્જના જેવા ગંભીર અને મધુરતર અવાજવાળી, એક યોજન પરિઘવાળી સુઘોષા ઘંટાને ત્રણ વાર વગાડે છે.

ત્યારે તે મેઘસમૂહની ગર્જના સમાન ગંભીર અને મધુરતર અવાજવાળી, યોજન-પરિઘવાળી સુઘોષા ઘંટાને ત્રણ વાર વગાડતાં વેંત સૌધર્મકલ્પના બત્રીસ લાખમાં એક ઓછા એટલા વિમાનાવાસોમાં બત્રીસ લાખમાં એક ઓછી એટલી ઘંટડીઓ એક સાથે રણકવા લાગી.

આ રીતે પ્રાસાદ-વિમાનોના નિષ્કૂટ પ્રદેશોમાં વાગતી ઘંટડીઓના લાખો પડઘાઓથી તે સૌધર્મકલ્પ ભરાઈ ગયો.

૪૧. ત્યારે તે સૌધર્મકલ્પ-નિવાસી અનેક વૈમાનિક દેવ-દેવીઓ જે માત્ર વિષયાસક્ત અને વિષય-સુખ મૂર્ચ્છિત અને મત્ત હતાં તેમને આ સુસ્વર ઘંટાનાદના વિપુલ બોલ દ્વારા એકા-એક જગાડવામાં આવ્યાં. ત્યારે ઘોષણાના કુતૂહલથી કાન દઈને એકાગ્રચિત્ત બનેલાં તેઓને ઘંટડીઓના ધ્વનિ શાંત થઈ ગયા પછી તે તે પ્રદેશોમાં મોટા મોટા અવાજથી પાયદળાધિપતિ દેવે આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરી કહ્યું—

'હે સૌધર્મકલ્પવાસી અનેક વૈમાનિક દેવ-દેવીઓ! સૌધર્મકલ્પાધિપતિ આ હિતકર અને સુખકર વચનથી આજ્ઞા કરે છે તે સાંભળો, હે [દેવો]! આપ સહુ શક્ર-સમીપે યાવત્ ઉપસ્થિત થાઓ.'

૪૨. ત્યાર પછી આ પ્રકારે ઘોષણા સાંભળીને તે દેવ-દેવીઓ હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયમાં પ્રસન્ન થઈ ગયાં, એમાંનાં ઘણાં વંદન કાજે, ઘણાં નમન માટે, ઘણાં પૂજા-સત્કાર માટે, ઘણાં સન્માન માટે, દર્શન માટે, જિન-ભક્તિના અનુરાગથી, ઘણાં શક્રની આજ્ઞા પાળવા માટે, ઘણાં અન્યોન્યની દેખાદેખીથી, ઘણાં આ પરંપરાગત આચાર છે તેમ માનીને—યાવત્—શક્ર સમક્ષ ઉપસ્થિત થઈ ગયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૩. ત્યારબાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તે વૈમાનિક દેવ-દેવીઓને શીઘ્ર પોતાની પાસે હાજર થયેલાં જુએ છે, જોઈને હર્ષિત થઈને પાલક નામના આભિયોગિક દેવને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે—

'હે દેવાનુપ્રિય! તરત જ એક સેંકડો થાંભલાવાળું, લીલા કરતી પૂતળીઓ (શાલભંજિકા) કોતરેલું, ઈહામૃગ, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગર, પક્ષી, વ્યાળ, કિન્નર, રુરુ (એક પ્રકારના મૃગ), શરભ (અષ્ટાપદ), ચમર, હાથી, વનલતા, પદ્મલતા વગેરેનાં આલેખન જેમાં કર્યાં હોય તેવું, પ્રત્યેક સ્તંભની વેદિકા વજ્રની હોય તેવું, જેના પર વિદ્યાધર યુગલોની યંત્રમય પૂતળીઓ હોય એવું, જે સહસ્રરશ્મિ-સૂર્યની જેવું ચમકતું હોય, હજારો આકૃતિઓ વાળું, પ્રકાશિત, દેદીપ્યમાન, આંખોને આકર્ષતું, સુસ્પર્શ, શ્રીયુક્ત, ઘંટાવલિના હલવાથી થતા મધુર મનહર અવાજવાળું, શુભ, કાન્ત, દર્શનીય, કુશળતાપૂર્વક કંડારેલું, ચમકતાં મણિ-રત્નોથી જડેલ ઘંટડીઓની હારયુક્ત, હજાર યોજન વિસ્તારવાળું અને પાંચસો યોજન ઊંચું એવું, શીઘ્ર-ત્વરિત ગતિવાળું દિવ્ય યાન-વિમાન વિકુર્વિત કરો અને વિકુર્વિત કરીને આજ્ઞાપૂર્તિ થયાની જાણ કરો.'

૪૪. ત્યારે દેવેન્દ્ર દેવરાજ શક્રે આ પ્રમાણે કહેતાં તે પાલક દેવ હૃષ્ટ, તુષ્ટ આદિ થઈને વૈક્રિય સમુદ્‌ઘાત કરીને તે પ્રમાણે [વિમાનનું નિર્માણ] કરે છે.

૪૫. તે દિવ્ય યાન-વિમાનની ત્રણ દિશાઓમાં ત્રણ સુંદર એકસરખાં સોપાન હતાં-પૂર્વ વર્ણન પ્રમાણે વર્ણન.

૪૬. તે ત્રણે સોપાન પ્રતિરૂપકોમાંના પ્રત્યેકની સામે તોરણદ્વારો-યાવત્-'પ્રતિરૂપ' શબ્દ સુધી વર્ણન.

૪૭. તે યાન-વિમાનમાં રમણીય અને સમતળ ભોંયતળિયું હતું. તે મૃદંગ કે ઢોલકના મુખભાગ જેવું યાવત્ ચિત્તાની ખાલ જેવું, અનેક સહસ્ર ખીલી-ખીલા જડેલું, એમાં સુઘડતાપૂર્વક જડેલાં રંગબેરંગી વિવિધ પ્રકારનાં મણિ-માણેકમાંથી કેટલાંક આવર્ત-પ્રત્યાવર્ત-વાળાં (ચઢાવ-ઉતારવાળાં), શ્રેણી-પ્રશ્રેણીવાળાં, સુરેખ, સ્વસ્તિક, વર્ધમાનક, મંગલપાઠક, મત્સ્ય અંડ અને મકર અંડ જેવા આકારનાં, જાર-માર (?), પુષ્પાવલિ, પદ્મપત્ર, સાગર-તરંગ, વસંતલતા અને પદ્મલતા આદિનાં રંગરંગી ચિત્રોથી તથા સુંદર છાયા પ્રકાશવાળા, કિરણોવાળા, જ્યોતિવાળા વિવિધ પ્રકારના પચરંગી મણિઓથી શોભતું હતું.

૪૮. તે મણિઓનાં વર્ણ, ગંધ અને સ્પર્શનું રાજપ્રશ્નીયસૂત્ર પ્રમાણે વર્ણન કરવું.

૪૯. તે ભોંયતળિયાની બરોબર વચ્ચેના ભાગમાં સેંકડો સ્તંભોવાળો સભામંડપ હતો-યાવત્-સુંદર (પ્રતિરૂપ) હતો ત્યાં સુધીનું વર્ણન કરવું.

૫૦. તે (સભાગૃહ-મંડપમાં બાંધેલો) ચંદરવો પદ્મલતા-રંગોળીઓ-યાવત્-ચમકદાર સોનેરી તારોથી ગૂંથેલ-યાવત્-સુંદર હતો.

૫૧. તે મંડપના અતિ સમતળ અને રમણીય ભૂ ભાગની બરાબર વચ્ચે એક આઠ યોજન લાંબી-પહોળી અને ચાર યોજન ઊંચી, સંપૂર્ણ મણિમય મણિપીઠિકા હતી. પૂર્વવત્ વર્ણન.

૫૨. તેના પર એક મોટું સિંહાસન હતું. પૂર્વવત્ વર્ણન.

૫૩. તેની ઉપર એક સંપૂર્ણ રત્નમય વિજયદૂષ્ય હતું. પૂર્વવત્ વર્ણન.

૫૪. તેની વચ્ચે એક વજ્રમય અંકુશ હતો. તે પર કુંભ જેવડાં મોતીની બનેલી એક માળા હતી. તે માળા તેની ચોપાસ તેનાથી અર્ધા કદની અર્ધકુંભ માપનાં મોતીની બનેલી ચાર માળાઓથી વીંટળાયેલ હતી.

તે માળાઓ સુવર્ણ-લંબૂષકો(ગોળાકાર આભૂષણો)વાળી અને સુવર્ણનાં પતરાં મઢેલી હતી. અનેકવિધ મણિ-રત્નોની હારો અને અર્ધ હારોથી સુશોભિત અને સમુદયવાળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સુઘટિત) તથા અન્યોન્યથી સહેજ દૂર રહેલી, પૂર્વના પવનથી મંદ મંદ હલી રહી હતી-યાવત્-એમના પરસ્પર અથડાવાથી થનાર સુખકર ધ્વનિથી તે પ્રદેશને ભરી દેતી હતી-યાવત્-અત્યંત શોભી રહી હતી.

૫૫. તે સિંહાસનની વાયવ્યકોણ(પશ્ચિમોત્તર દિશા)-માં, ઉત્તર દિશામાં અને ઈશાનકોણ(ઉત્તરપૂર્વ દિશા)માં દેવેન્દ્ર દેવરાજ શક્રના ચોરાસી હજાર સામાનિક દેવોનાં ચોરાસી હજાર ભદ્રાસન તથા પૂર્વ દિશામાં આઠ પટરાણીઓનાં ભદ્રાસન હતાં.

આ પ્રમાણે દક્ષિણપૂર્વ દિશામાં આભ્યંતર પરિષદાના બાર હજાર દેવોનાં, દક્ષિણ દિશામાં મધ્યમ પરિષદાના ચૌદ હજાર દેવોનાં, દક્ષિણ-પશ્ચિમ દિશામાં બાહ્ય પરિષદાના સોળ હજાર દેવોનાં અને પશ્ચિમ દિશામાં સાત સેના-પતિઓનાં ભદ્રાસન હતાં.

તદુપરાંત તે સિંહાસનની ચારે દિશામાં ચોરાસી ચોરાસી હજાર આત્મરક્ષક દેવોનાં ભદ્રાસન હતાં.

એ પ્રમાણે સઘળું સૂર્યાભદેવના આગમન સમયના વર્ણન મુજબ, 'પ્રત્યર્પયન્તિ' (આજ્ઞા પૂરી કરે છે) શબ્દ સુધી વર્ણન કરવું.

૫૬. ત્યાર પછી તે શક્ર-યાવત્-હૃષ્ટ-તુષ્ટ થઈને જિનેન્દ્ર ભગવંત પાસે જવા માટે યોગ્ય સઘળા અલંકારોથી વિભૂષિત થઈને દિવ્ય ઉત્તર વૈક્રિયરૂપની વિકુર્વણા કરે છે, વિકુર્વણા કરીને પોતાની આઠ પટરાણીઓ અને તેમના પરિવાર સાથે તથા નર્તકવૃંદ અને ગંધર્વ-વૃંદની સાથે તે વિમાનની પ્રદક્ષિણા કરતાં કરતાં પૂર્વ દિશામાંનાં ત્રણ સોપાન ચડે છે-ચડીને-યાવત્-પૂર્વદિશાની સામે મુખ રાખીને સિંહાસન પર બેસે છે.

૫૭. એ જ પ્રમાણે સામાનિક દેવો પણ ઉત્તર દિશાનાં ત્રણ સોપાન પર થઈને ચડે છે-ચડીને દરેક પહેલાં મૂકવામાં આવેલ પોતપોતાનાં ભદ્રાસન પર બેસે છે.

બાકીનાં દેવ-દેવીઓ પણ દક્ષિણ દિશાનાં ત્રણ સોપાનોથી ચડે છે-ચડીને તે જ પ્રમાણે-યાવત્-બેસે છે.

૫૮. તે પછી શક્ર તે વિમાન પર સવાર થયો એટલે આઠ આઠ મંગળો ક્રમાનુસાર આગળ ચાલવા લાગ્યા.

૫૯. ત્યાર પછી પૂર્ણ કળશ, ભૃંગાર (જળઝારી), ચામર સાથેની દિવ્ય છત્રપતાકા અને દર્શન દ્વારા રચિત આલોકથી દર્શનીય તથા વાયુથી-લહેરાતી, ઊંચાઈથી આકાશને અડતી વિજય-વૈજયંતી ધ્વજા યથાક્રમ આગળ ચાલવા લાગી.

૬૦. ત્યાર પછી છત્ર અને ઝારી ચાલવા લાગ્યાં.

૬૧. ત્યાર પછી ક્રમે વજ્રમય, ગોળ, સુંદર, સુસ્થિત, સુશ્લિષ્ટ, સુઘટિત, સુંદર સુપ્રતિષ્ઠિત, વિશિષ્ટ હજારો પંચરંગી ધ્વજાઓથી સજાવેલ હોવાથી અતિરમ્ય, હવાથી લહેરાતી વિજયવૈજયંતી પતાકાયુક્ત, છત્રાતિછત્ર-યુક્ત, ઊંચો, ગગન-તલને સ્પર્શ કરતા શિખરવાળો, હજાર યોજન ઊંચો, અતિ મહાન મહેન્દ્રધ્વજ આગળ ચાલ્યો.

૬૨. ત્યાર બાદ અનુક્રમે પોતપોતાને અનુરૂપ વેશભૂષાથી સજ્જ અને સર્વ અલંકારોથી વિભૂષિત પાંચ સેનાઓ અને પાંચ સેના-પતિઓ ચાલ્યાં.

૬૩. ત્યાર પછી અનેક આભિયોગિક દેવો અને દેવીઓ પોતપોતાનાં રૂપ-યાવત્-નિયોગાનુસાર દેવેન્દ્ર દેવરાજ શક્રની આગળ, પાછળ અને આજુબાજુ યથાક્રમ ચાલવા લાગ્યાં.

તે પછી અનેક સૌધર્મકલ્પવાસી દેવો અને દેવીઓ સમસ્ત વૈભવ સાથે-યાવત્ વિમાનારૂઢ થઈને પાછળ ચાલ્યાં.

૬૪. ત્યાર પછી તે શક્ર પાંચ પ્રકારની સેનાઓથી ઘેરાયેલો-યાવત્-જેની આગળ ઈન્દ્રધ્વજ ચાલી રહ્યો છે અને જે ચોરાસી હજાર સામાનિક દેવોથી વીંટળાયેલો છે તેવો સર્વ ઋદ્ધિ-વૈભવ સહિત-યાવત્-નાદ સાથે સૌધર્મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પની વચ્ચોવચ્ચ થઈને, પોતાની દિવ્ય દેવઋદ્ધિ–યાવત્ પ્રદર્શિત કરતો કરતો જ્યાં સૌધર્મકલ્પનો ઉત્તર દિશાનો નિર્ગમન માર્ગ હતો ત્યાં આવે છે, ત્યાં આવીને એક લાખ યોજનપ્રમાણ ડગ ભરતાં ભરતાં, તેવી ઉત્કૃષ્ટ દેવગતિથી ગમન કરતાં કરતાં તિર્યક્‌લોકના અસંખ્યાત દ્વીપ-સમુદ્રોની વચ્ચે થઈને જ્યાં નંદીશ્વર દ્વીપ હતો અને જ્યાં દક્ષિણ-પશ્ચિમ દિશામાં રહેલો રતિકર પર્વત હતો ત્યાં આવે છે. ત્યાં આવ્યા બાદનું વર્ણન સૂર્યાભદેવના તે પ્રસંગના વર્ણન અનુસાર કરવું, વિશેષમાં શક્રનો અધિકાર કહેવો–યાવત્–તે દિવ્ય દેવ-ઋદ્ધિ-યાવત્ દિવ્ય યાન-વિમાનનું પ્રતિસંહરણ (સંકોચ કરવાની ક્રિયા) કરીને–યાવત્–જ્યાં તીર્થંકર ભગવંતનું જન્મ-નગર છે, જ્યાં તીર્થંકર ભગવંતનું જન્મ-ભવન છે ત્યાં આવે છે. ત્યાં આવીને તે વિમાન દ્વારા તીર્થંકર ભગવંતના જન્મ-ભવનની ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે. પ્રદક્ષિણા કરીને તીર્થંકર ભગવંતના જન્મ-ભવનની ઉત્તર–પૂર્વ દિશામાં જમીનથી ચાર આંગળ ઊંચે તે દિવ્ય યાન-વિમાનને ઊભું રાખે છે. ઊભું રાખીને આઠ પટરાણીઓ, બે સેનાઓ, નર્તકસમૂહ તથા ગાંધર્વસમૂહની સાથે તે દિવ્ય યાન–વિમાનમાંથી પૂર્વદિશાનાં ત્રણ સોપાન દ્વારા નીચે ઊતરે છે.

ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રના ચોરાસી હજાર સામાનિક દેવો તે દિવ્ય યાન–વિમાનનાં ઉત્તર દિશાનાં ત્રણ સોપાનો દ્વારા નીચે ઊતરે છે.

બાકી રહેલાં દેવો અને દેવીઓ તે દિવ્ય યાન-વિમાનમાંથી દક્ષિણનાં ત્રણ સોપાન દ્વારા નીચે ઊતરે છે.

૬૫. ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્ર ચોરાસી હજાર સામાનિક દેવો આદિથી વીંટળાઈને તથા સમગ્ર વૈભવપૂર્વક–યાવત્–દુંદુભિઘોષના નાદ સાથે જ્યાં તીર્થંકર ભગવંત અને તીર્થંકર-માતા હતાં ત્યાં આવે છે, આવીને ભગવંતને નીરખીને પ્રણામ કરે છે, પ્રણામ કરીને તીર્થંકર ભગવંત તથા તીર્થંકર-માતાની ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે, પ્રદક્ષિણા કરીને, હાથ જોડીને આ પ્રમાણે કહે છે—

'હે કુક્ષિમાં રત્ન ધારણ કરનારી! તમને નમસ્કાર' એ પ્રમાણે જેમ દિશાકુમારીઓના વર્ણનમાં તે પ્રમાણે–યાવત્–'તમે ધન્ય છો, પુન્યશાલિની છો, કૃતાર્થ છો'.

'હે દેવાનુપ્રિય! હું શક્ર નામે દેવેન્દ્ર દેવરાજ તીર્થંકર ભગવંતનો જન્મ-મહોત્સવ કરીશ, તો તમે ડરશો નહીં.'

એમ કહીને તે અવસ્વાપિની વિદ્યાનો પ્રયોગ કરે છે, કરીને તીર્થંકર ભગવંતનું પ્રતિરૂપ વિકુર્વે છે, વિકુર્વીને તીર્થંકર-માતાની પાસે રાખે છે, રાખીને પાંચ શક્રરૂપોની વિકુર્વણા કરે છે.

તે વિકુર્વિત શક્રોમાંથી એક શક્ર તીર્થંકર ભગવંતને હથેળીમાં ધારણ કરે છે, એક શક્ર પાછળ રહી છત્ર ધરે છે, બે શક્રો બન્ને બાજુએ ચામર ઢોળે છે, એક શક્ર વજ્ર હાથમાં રાખી આગળ ચાલે છે.

૬૬. તે પછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર અન્ય અનેક ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિક દેવ–દેવીઓથી વીંટળાઈને સકળ ઋદ્ધિ-પૂર્વક–યાવત્–દુંદુભિઘોષપૂર્વક પોતાની ઉત્કૃષ્ટ દેવ-ગતિથી ગમન કરતો કરતો, જ્યાં મંદર પર્વત છે, જ્યાં પંડક વન છે, જ્યાં અભિષેક-શિલા છે અને જ્યાં અભિષેક-સિંહાસન રહેલ છે ત્યાં આવે છે, આવીને પૂર્વાભિમુખ થઈને સિંહાસન પર બેસે છે.

ઈશાનેન્દ્ર આદિ ઇન્દ્રો દ્વારા કરાયેલ જન્મ-મહોત્સવ—

૬૭. તે કાળે તે સમયે શૂલપાણિ વૃષભવાહન દેવેન્દ્ર દેવરાજ ઈશાન નામે સુરેન્દ્ર, જે ઉત્તર લોકાર્ધનો અધિપતિ અને અઠ્ઠાવીસ લાખ વિમાનોનો સ્વામી છે, જે આકાશ સમાન નિર્મળ વસ્ત્ર ધારણ કરનાર છે વગેરે શક્ર સમાન વર્ણનવાળો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષમાં જેની મહાઘોષા નામે ઘંટા છે, લઘુપરાક્રમ નામે જેનો પાયદળ-સેનાપતિ છે, પુષ્પક વિમાન છે, બહાર નીકળવાનો જેનો માર્ગ દક્ષિણ દિશાનો છે તેવો તે ઉત્તરપૂર્વ દિશામાં રતિકર પર્વતે મંદરાચળે આવ્યો-યાવત્-પર્યુપાસના કરવા લાગ્યો.

૬૮. આ પ્રમાણે બીજા પણ અચ્યુતેન્દ્ર સુધીના ઈન્દ્રોનું કથન કરવું. એમાં વિશેષતા છે—
(ગાથાર્થ)- ક્રમથી દરેકના સામાનિક દેવોની સંખ્યા ચોરાશી, એંશી, બોંતેર, સિત્તેર, સાઠ, પચાસ, ચાલીસ, ત્રીસ, વીસ, દશ હજાર છે.

૬૯. સામાનિક દેવોની સંખ્યામાં વિશેષતા આ પ્રમાણે છે—
(ગાથાર્થ)-ક્રમશઃ બત્રીસ, અઠ્ઠાવીસ, બાર, આઠ, ચાર લાખ તથા પચાસ, ચાલીસ, છ હજાર (૧)

૭૦. આનત-પ્રાણત કલ્પોમાં ચારસો અને આરણ-અચ્યુત કલ્પોમાં ત્રણસો વિમાન છે.

૭૧. યાન-વિમાનના નિર્માણકર્તા દેવો ક્રમશઃ આ પ્રમાણે છે-
(ગાથાર્થ)- ૧. પાલક ૨. પુષ્પક ૩. સૌમનસ ૪. શ્રીવત્સ ૫. નંદાવર્ત ૬. કામગમ ૭. પ્રીતિગમ ૮. મનોરમ ૯. વિમલ ૧૦.સર્વતોભદ્ર

૭૨. સૌધર્મ, સનત્કુમાર, બ્રહ્મલોક, મહાશક્ર અને પ્રાણતના ઈન્દ્રોની ઘંટાનું નામ સુઘોષા, પાયદળ-સેનાપતિનું નામ હરિણૈગમેષી, બહાર નીકળવાનો માર્ગ ઉત્તર દિશામાં અને રતિકર પર્વત દક્ષિણપૂર્વ દિશામાં છે.

૭૩. ઈશાન, માહેન્દ્ર, લાન્તક, સહસ્રાર અને અચ્યુત ઈન્દ્રોની ઘંટાનું નામ મહાઘોષા, પાયદળ-સેનાપતિનું નામ લઘુપરાક્રમ, બહાર નીકળવાનો માર્ગ દક્ષિણ દિશામાં અને રતિકર પર્વત ઉત્તરપૂર્વ દિશામાં છે.

બાકી પરિષદાઓનું વર્ણન જીવાભિગમ સૂત્ર અનુસારે છે, જેમાં આત્મરક્ષક દેવોની સંખ્યા સામાનિક દેવોની સંખ્યા કરતાં ચાર ગણી સમજવી, સર્વનાં યાન-વિમાનોનો વિસ્તાર એક એક લાખ યોજન અને ઊંચાઈ પોતપોતાના વિમાન પ્રમાણ, સર્વના ઈન્દ્રધ્વજો એક હજાર યોજન ઊંચા અને શક્રેન્દ્ર સિવાય ઈન્દ્રો મંદરાચળ પર ઊતરે છે તથા પર્યુપાસના કરે છે.

અસુરેન્દ્ર ચમરકૃત જન્મ-મહોત્સવ—

૭૪. તે કાળે તે સમયે અસુરેન્દ્ર અસુરરાજ ચમર પોતાની ચમરચંચા નામની રાજધાનીમાં, સુધર્મા નામની સભામાં, ચમર નામે સિંહાસન પર, ચોસઠ હજાર સામાનિક દેવો, ચાર લોકપાલો, પાંચ સપરિવાર પટરાણીઓ, ત્રણ પરિષદાઓ, સાત સેનાઓ, સાત સેનાપતિઓ, ચાર વાર ચોસઠ હજાર (૪ × ૬૪૦૦૦ = ૨,૫૬,૦૦૦) આત્મરક્ષક દેવોથી વીંટળાઈને અન્ય શક્રોની જેમ રહેલ છે.

એમાં વિશેષતા આ પ્રમાણે છે—પાયદળ-સેનાપતિનું નામ દ્રુમ, ઘંટાનું નામ ઓઘસ્વરા, વિમાનનો વિસ્તાર પચાસ યોજન, ઈન્દ્રધ્વજની ઊંચાઈ પાંચસો યોજન, વિમાનનું નિર્માણ કરનાર આભિયોગિક દેવ અને બાકીનું વર્ણન શક્ર-અધિકાર અનુસાર-યાવત્-મંદરાચળ પર ઊતરે છે અને પર્યુપાસના કરે છે.

અસુરેન્દ્ર બલીઆદિકૃત જન્મ-મહોત્સવ—

૭૫. તે સમયે તે કાળે બલી નામક અસુરેન્દ્ર અસુરરાજે પણ આ જ રીતે જન્મોત્સવ કર્યો. તેને વળી સાઠ હજાર સામાનિક દેવો, તેના કરતાં ચાર ગણા આત્મરક્ષક દેવો અને તેના પાયદળ-સેનાપતિનું નામ મહાદ્રુમ, ઘંટાનું નામ મહાઓઘસ્વરા છે. શેષ પરિષદનું વર્ણન જીવાભિગમ સૂત્ર અનુસાર સમજવું.

૭૬. તે કાળે તે સમયે ધરણ અસુરેન્દ્રનું પણ પૂર્વવત્ વર્ણન.

૭૭. વિશેષતા એ છે કે એના છ હજાર સામાનિક દેવો, છ પટરાણીઓ, સામાનિકના ચાર ગણા આત્મરક્ષક દેવો, મેઘસ્વરા નામે ઘંટા, પાય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દળ-અધિપતિનું નામ ભદ્રસેન, વિમાન-વિસ્તાર પચીસ હજાર યોજન, અને ઇન્દ્ર-ધ્વજની ઊંચાઈ અઢીસો યોજન છે. આ જ પ્રમાણે અસુરેન્દ્ર સિવાયના બીજા બધા ભવનવાસી ઇન્દ્રોનું વર્ણન છે. વિશેષના માત્ર અસુરકુમારોની ઘંટાનું નામ ઓઘસ્વરા, નાગકુમારોની ઘંટા મેઘસ્વરા, સુવર્ણ-કુમારોની ઘંટા હંસસ્વરા, વિદ્યુ-કુમારોની ઘંટાનું નામ ક્રૌંચસ્વરા, અગ્નિકુમારોની ઘંટાનું મંજુસ્વરા, દિશાકુમારોની મંજુઘોષા, ઉદધિકુમારોની સુસ્વરા, દ્વીપકુમારોની મધુર-સ્વરા, વાયુકુમારોની નંદિસ્વરા અને સ્તનિત-કુમારોની ઘંટાનું નામ નંદિઘોષા છે.

(ગાથાર્થ)-અસુરકુમારો સિવાયના બાકીના ભવનવાસી ઇન્દ્રોના સામાનિક દેવોની સંખ્યા ક્રમશઃ ચોસઠ, સાઠ અને છ હજાર છે અને આત્મરક્ષક દેવોની સંખ્યા એનાથી ચાર-ચાર ગણી છે.

૭૮. એ પ્રમાણે દક્ષિણ દિશાવર્તી ઇન્દ્રના પાય દળાધિપતિનું નામ ભદ્રસેન ઉત્તર દિશાવર્તી ઇન્દ્રોના સેનાપતિનું દક્ષ નામ છે.

૭૯. પૂર્વ પ્રમાણે જ વાણવ્યંતર અને જ્યોતિષ્ક દેવોનું વર્ણન સમજવું, વિશેષ એ કે એમનાં ચાર હજાર સામાનિક દેવો, ચાર પટરાણીઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો, હજાર વિમાન હોય છે. દરેકના ઇન્દ્રધ્વજ સવાસો યોજન ઊંચા, દક્ષિણ દિશાવર્તીઓની ઘંટાનું નામ મંજુસ્વરા અને ઉત્તરવર્તીઓની ઘંટાનું નામ મંજુઘોષા છે. એમના પાયદળ-સેનાપતિ અને વિમાન-નિર્માતા આભિયોગિક હોય છે. જ્યોતિષ્ક દેવોમાં ક્રમશઃ ચન્દ્રની ઘંટાનું સુસ્વરા અને સૂર્યની ઘંટાનું સુસ્વરનિર્ઘોષા નામ છે. બધાં મંદરાચળ પર ઊતરે છે-યાવત્-પર્યુપાસના કરે છે.

અચ્યુત-દેવેન્દ્રકૃત તીર્થંકરાભિષેક—

૮૦. ત્યાર બાદ તે અચ્યુત નામક દેવેન્દ્ર દેવરાજ મહાન દેવાધિદેવ આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે—

'હે દેવાનુપ્રિયો! તમે તરત જ મહાર્થ, મહર્ઘ, મહાર્હ એવા વિપુલ તીર્થંકર-અભિષેક મહો-ત્સવની તૈયારી કરો.'

૮૧. પછી તે આભિયોગિક દેવો હૃષ્ટ-તુષ્ટ થઈ-યાવત્-આજ્ઞા સ્વીકારી ઉત્તરપૂર્વ દિશા(ઈશાન કોણ)માં જાય છે, જઈને વૈક્રિય સમુદ્ઘાત-યાવત્-કરીને એક હજાર આઠ સુવર્ણ કળશો,

એમ જ રૌપ્ય, મણિમય, સુવર્ણ-રૌપ્ય, સુવર્ણમણિમય, રૌપ્ય-મણિમય, સુવર્ણ-રૌપ્ય-મણિમય કળશો, એક હજાર આઠ મૃણ્મય (માટીના) કળશો, એક હજાર આઠ ચંદન-કળશો,

એ રીતે ઝારીઓ, દર્પણો, થાળો, પાત્રીઓ, સુપ્રતિષ્ઠકો, ચિત્રો, રત્નકરંડકો, જળપાત્રો, પુષ્પપાત્રો, એ પ્રમાણે સૂર્યાભદેવના અધિકાર માં જે પ્રમાણે છે તે સર્વ પુષ્પપાત્રો, પુષ્પ-પટલો વ.ની વિકુર્વણા કરે છે.

એ જ રીતે સિંહાસન, છત્ર, ચામર, તેલ-સમુદ્ગકો(કૂપીઓ),—યાવત્-સરસવ-સમુદ્ગકો, પંખા-યાવત્-એક હજાર આઠ ધૂપદાનીઓ વિકુર્વે છે, વિકુર્વીને સ્વાભાવિક તથા વિકુર્વિત કળશો-યાવત્-ધૂપદાનીઓ વગેરે લઈને જ્યાં ક્ષીરોદક સમુદ્ર છે ત્યાં આવે છે, ત્યાં આવી ક્ષીરોદક ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને ત્યાં રહેલાં પદ્મ-કમળો યાવત્ સહસ્ર-પત્ર પુષ્પો લે છે.

એ જ રીતે પુષ્કરોદક-યાવત્-ભરત ઐરા-વતના મગધાદિ તીર્થોનાં જળ અને માટી ગ્રહણ કરે છે.

એ જ રીતે ગંગા આદિ મહાનદીઓ-યાવત્-ક્ષુદ્ર હિમવંત પર્વતથી સઘળા તૂરા પદાર્થો, સર્વ પ્રકારનાં પુષ્પો, સર્વ સુગંધી દ્રવ્યો, સર્વ માલ્ય-યાવત્-સર્વ ઔષધીઓ અને શ્વેત સરસવ લે છે, લઈને પદ્મદ્રહમાંથી જળ અને કમળો લે છે.

૮૨. એ પ્રમાણે સર્વ કુલ-પર્વતો, વૃત્ત-વૈતાઢ્યો, સર્વ મહા દ્રહો, સર્વ વર્ષો, સર્વ ચક્રવર્તી-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજયો, વક્ષસ્કાર પર્વતો, આન્તર નદીઓ વ.માંથી જલ આદિ લઈને-યાવત્-ઉત્તરકુરુ આદિ ક્ષેત્રો-યાવત્-ભદ્રશાલ વનમાંથી સઘળા તૂરા પદાર્થો-યાવત્-શ્વેત સરસવ લે છે,

૮૩. એ પ્રમાણે નંદનવનમાંથી સર્વ તૂરા રસવાળા પદાર્થો-યાવત્-શ્વેત સરસવ તથા સરસ ગોશીર્ષ ચંદન અને દિવ્ય પુષ્પમાળાઓ લે છે.

એ રીતે સૌમનસ-પંડકવનમાંથી સઘળા તૂરા પદાર્થો યાવત્-પુષ્પમાળાઓ અને સઘન મલય.સુંગધ દ્રવ્યો છે, લઈને એકઠા મળે છે, મળીને જ્યાં તેમના સ્વામી છે ત્યાં આવે છે, આવીને મહાર્થ-યાવત્-તીર્થંકર-અભિષેકની તૈયારી કરે છે.

૮૪. ત્યાર બાદ (અભિષેક-સામગ્રી તૈયાર થઈ જતાં) તે દેવેન્દ્ર અચ્યુત દસ હજાર સામાનિક દેવો, તેત્રીસ ત્રાયસ્ત્રિંશ દેવો, ચાર લોકપાલો, ત્રણ પરિષદાઓ, સાત સેનાઓ, સાત સેનાપતિઓ, ચાલીસ હજાર આત્મરક્ષક દેવોથી વીંટળાઈને, તે તે સ્વાભાવિક અને વિકુર્વિત, ઉત્તમ કમળો પર સ્થાપિત, ઉત્તમ સુગંધી જળથી ભરેલ, ચંદનથી ચર્ચિત, કાંઠલે પંચરંગી સૂતર વીંટાળેલ, કમળપત્રોથી ઢાંકેલ અને સુકોમળ હથેળીઓમાં ધારણ કરેલ એવા આઠ હજાર સુવર્ણ-કળશો-યાવત્-દરેક પ્રકારના જળ દ્વારા, દરેક સ્થળની માટી દ્વારા, સર્વ પ્રદેશના કષાય પદાર્થો દ્વારા-યાવત્-સર્વ પ્રકારની વનસ્પતિ તથા શ્વેત સરસવ દ્વારા, પોતાની સમસ્ત ઋદ્ધિ-યાવત્-વાજિંત્રોના નાદ સાથે તીર્થંકર ભગવંતનો મહાન અભિષેક કરે છે.

૮૫. અચ્યુતેન્દ્ર દ્વારા જ્યારે ભગવંતનો મહા અભિષેક થઈ રહ્યો હતો ત્યારે બીજા ઇન્દ્રાદિક દેવો છત્ર-ચામર-ધૂપદાન-પુષ્પ-સુગંધિ દ્રવ્ય-યાવત્-કળશ હાથોમાં ધારણ કરી, હૃષ્ટ-તુષ્ટ થઈ અંજલિપૂર્વક સામે ઊભા રહ્યા હતા.

આ પ્રમાણે વિજયદેવે કરેલ અભિષેક અનુસાર વર્ણન કરવું જોઈએ-યાવત્-કેટલાક દેવોએ અભિષેક સ્થળના રાજમાર્ગો, ગલીઓ, પગદંડીઓને વાળી સાફ કરી, પાણી છાંટી, છાણથી લીંપી શુદ્ધ કરી-યાવત્-ધૂપસળીઓથી સુગંધિત કરી.

કેટલાક દેવોએ રજત-વૃષ્ટિ કરી.

એ રીતે કેટલાક દેવો સુવર્ણ, રત્ન, વજ્ર-મણિ, આભૂષણ, પત્ર, પુષ્પ, ફળ, બીજ, માળા, સુગંધી દ્રવ્ય-વર્ણક-યાવત્-સુગંધી ચૂર્ણની વૃષ્ટિ કરે છે.

કેટલાક દેવ સોના ચાંદીથી માર્ગોને સજાવે છે.

એ પ્રમાણે-યાવત્-સુગંધી ચૂર્ણ આદિથી માર્ગોને સજાવે છે.

૮૬. કેટલાક દેવો ચાર પ્રકારનાં વાજિંત્રો વગાડે છે, તે આ પ્રમાણે—

૧. તત ૨. વિતત ૩. ઘન ૪. શુષિર.

૮૭. કેટલાક દેવો ચાર પ્રકારનાં ગીતો ગાય છે, તે આ પ્રમાણે—

૧. ઉત્ક્ષિપ્ત ૨. પાદાન્ત ૩. મંદાયિત ૪. રોચિનાવસાન

૮૮. કેટલાક દેવો ચાર પ્રકારના નૃત્ય કરે છે, તે આ પ્રમાણે—

૧. અંચિત ૨. દ્રુત ૩. આરભટ ૪. ભસોલ.

કેટલાક દેવો ચાર પ્રકારનો અભિનય કરે છે, જેમ કે—

૧. દાષ્ટાન્તિક ૨. પ્રતિશ્રુતિક ૩. સામાન્યતો વિનિપાતિક ૪. લોકમધ્યાવસાનિક.

કેટલાક દેવો બત્રીસ પ્રકારની દિવ્ય નાટ્ય-વિધિઓ દર્શાવે છે.

કેટલાક દેવો ઉત્પતન-નિપતન, નિપતન-ઉત્પતન, સંકુચિત-પ્રસારિત-યાવત્-ભ્રાન્ત-સંભ્રાન્ત નામક નાટ્ય-વિધિઓ પ્રદર્શિત કરે છે.

૮૯. કેટલાક દેવો તાંડવ અને કેટલાક લાસ્ય નૃત્ય કરે છે, કેટલાક હર્ષોલ્લાસ સૂચક અભિનય કરે છે, કેટલાક ગર્જના કરે છે, કેટલાક તાલીઓ વગાડે છે, કેટલાક અન્યોન્ય વળગે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક સિંહનાદ કરે છે, તો કેટલાક આ બધું કરે છે.

૯૦. કેટલાક દેવો ઘોડાની માફક હણહણાટ કરે છે, એ રીતે કેટલાક હાથીની માફક ગર્જના કરે છે, કેટલાક રથની માફક ઘણઘણાટી કરે છે, તો કેટલાક ત્રણે વસ્તુ કરે છે, કેટલાક ઊછળે છે, કેટલાક ઊછળ-કૂદ કરે છે, કેટલાક ત્રણ ત્રણ પગલાં ચાલે છે, પદાઘાત કરે છે, જમીન પર લાતો મારે છે, કેટલાક જોર જોરથી અવાજ કરે છે. એ પ્રમાણે પ્રસંગાનુસાર અન્ય વસ્તુઓ સમજવી.

કેટલાક દેવો હા–હા અવાજ કરે છે, કેટલાક કૂ–કૂ, કેટલાક થા–થા. કેટલાક નીચે પડે છે, કેટલાક ઊંચે ઊછળે છે, ધૂમે છે, તાપે છે, ગર્જે છે, વીજળીની જેમ ગર્જે છે, વૃષ્ટિ કરે છે. કેટલાક દેવોની ટોળકી બનાવે છે. એ રીતે કેટલાક ખડખડાટ કરે છે, કેટલાક ડુહડુહાટ–ડુહડુહ અવાજ કરે છે.

૯૧. કેટલાક દેવો જાતજાતનાં રૂપો વિકુર્વીને નાચે છે.

૯૨. એ પ્રમાણે વિજયદેવના વર્ણન અનુસાર–યાવત્–ચોપાસ દોડાદોડી કરે છે.

૯૩. તે સમયે સપરિવાર અચ્યુતેન્દ્ર તીર્થંકર સ્વામિનો મહા અભિષેક કરે છે, અભિષેક કરી બે હાથ જોડી (અંજલિ રચી)–યાવત્–મસ્તક પાસે અંજલિ લઈ જઈને, 'જય હો, વિજય હો' એવા શબ્દોથી વધાવે છે. વધાવીને ઇષ્ટ વાણી–યાવત્–'જય જય' શબ્દ પ્રયોજે છે, જય-જયકાર કરીને–યાવત્–અતિ સુકોમળ સુગંધી ગંધકાષાય વસ્ત્રથી ભગવંતનાં અંગો લૂછે છે, લૂછીને—

૯૪. પછી કલ્પવૃક્ષની જેમ અલંકૃત–વિભૂષિત કરે છે, વિભૂષિત કરીને નાટ્યવિધિ દર્શાવે છે, નાટ્યવિધિ દર્શાવીને પછી તીર્થંકર સ્વામિની સમ્મુખ સુંદર, સ્વચ્છ, શ્લણ, રજતમય અક્ષત દ્વારા અષ્ટ–મંગલ આલેખે છે, જેમ કે (ગાથાર્થ)–૧. દર્પણ ૨. ભદ્રાસન ૩. વર્ધમાનક ૪. કળશ ૫. મત્સ્યયુગલ ૬. શ્રીવત્સ ૭. સ્વસ્તિક ૮. નન્દ્યાવર્ત એ આઠ મંગળ આલેખે છે.

૯૫. મંગલ–આલેખન કરી પછી પૂજા કરે છે. કેવી રીતે? પાટલ, મલ્લિકા, ચંપક, અશોક, પુન્નાગ, આમ્રમંજરી, નવમલ્લિકા, બકુલ, તિલક, કણેર, કુન્દ, કુબ્જક, કોરંટક, દમનક સુગંધિત પુષ્પોને હાથમાં લઈ, તેમાંથી નીચે પડી જતાં પુષ્પોને છોડી બાકીનાં પાંચ રંગનાં પુષ્પોમાંથી ઢીંચણ સુધીની ઊંચાઈનો સુંદર ઢગ બનાવે છે, બનાવીને ચંદ્રકાંત–વજ્ર મણિ–રત્ન–વૈદૂર્ય વડે નિર્મિત નિર્મળ હાથાવાળી સુવર્ણ–મણિ-રત્ન વડે રચિત વિવિધ આકૃતિઓવાળી કૃષ્ણાગરુ–કુન્દુરુ–તુરુષ્કાદિ ઉત્તમ ગંધ દ્રવ્યોની ધૂપસળીઓ દ્વારા સુગંધ પ્રસરાવતી વૈદૂર્યમય ધૂપદાની લઈને યત્નપૂર્વક ધૂપ કરીને જિનેન્દ્ર ભગવંતથી સાત–આઠ ડગલાં દૂર જઈને બન્ને હાથની દશે આંગળીઓ જોડી–અંજલિ રચી–મસ્તક પાસે લઈ જઈને એક સો આઠ વિશુદ્ધ પદ–યુક્ત, ઉત્તમ છંદોમાં ગૂંથેલ, પુનરાવૃત્તિ ન થાય એવા અર્થસભર સ્તોત્ર દ્વારા સ્તુતિ કરે છે.

૯૬. સ્તુતિ કરીને ડાબો ઢીંચણ ઊંચો કરે છે, ઊંચો કરીને–યાવત્–બંને હથેળી જોડી મસ્તક પર અંજલિ રચી આ પ્રમાણે બોલે છે–

"હે સિદ્ધ–બુદ્ધ, હે નીરજ, શ્રમણ, સમાહિત (સમાધિયુક્ત), સુઆત્મ, સમ્યોગી, શલ્યોના સમાવનાર, નિર્ભય, રાગદ્વેષરહિત, મમત્વ-રહિત, અસંગ, નિઃશલ્ય, માનમર્દક, ગુણરત્ન, શીલસાગર, અનંત, અપ્રમેય, ભવ્ય શ્રેષ્ઠ ધર્મરાજ્યના સાર્વભૌમ ચક્રવર્તી! આપને નમસ્કાર."

'તમને અરિહંતને નમસ્કાર' એ પ્રમાણે વંદન કરે છે, નમન કરે છે, વંદન–નમન કરીને અતિ દૂર નહીં તેમ અતિ નજીક નહીં એવી રીતે રહી સેવા–યાવત્–પર્યુપાસના કરે છે.

ઈશાનાદિ કૃત તીર્થંકરાભિષેક—

૯૭. એવી રીતે જેમ અચ્યુત ઇન્દ્ર તે જ પ્રમાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈશાન ઈન્દ્ર દ્વારા કરાયેલ અભિષેકનું વર્ણન કરવું.

૯૮. એવી રીતે ભવનપતિ, વાનવ્યંતર અને સૂર્ય સુધીના જ્યોતિષ્ક દેવો પોતપોતાના પરિવાર સહિત અલગ અલગ અભિષેક કરે છે.

૯૯. ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્ર પાંચ ઈશાનેન્દ્ર વિકુર્વે છે, વિકુર્વીને—

એક ઈશાનેન્દ્ર તીર્થંકર ભગવંતને હથેળીમાં લે છે, લઈને પૂર્વ દિશામાં મુખ રાખી ઉત્તમ સિંહાસન પર બેસે છે.

એક ઈશાનેન્દ્ર પાછળ ઊભો રહી છત્ર ધરે છે.

બે ઈશાનેન્દ્રો બે બાજુ પર રહી ચામર ઢોળે છે.

એક ઈશાનેન્દ્ર હાથમાં શૂળ ધારણ કરી સામે ઊભો રહે છે.

દેવેન્દ્ર શક્રકૃત તીર્થંકરાભિષેક—

૧૦૦. ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્ર આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવી તે પણ તે જ પ્રમાણે (પૂર્વવર્ણન પ્રમાણે) અભિષેક-સામગ્રી આદિ માટે આજ્ઞા કરે છે, તેઓ પણ તે જ પ્રમાણે લઈ આવે છે.

૧૦૧. ત્યાર પછી દેવેન્દ્ર દેવરાજ શક્ર તીર્થંકર ભગવંતની ચારે દિશામાં ચાર ધવલ વૃષભો વિકુર્વે છે-તે વૃષભો શંખસમૂહ જેવા વિમલ, નિર્મળ દહીં, ગૌ-દુગ્ધ, ફીણ, ચાંદીના ઢગલા જેવા શ્વેત, પ્રકાશમાન, પ્રસન્નકર, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતા.

તે ચારે શ્વેત વૃષભોનાં આઠે સીંગોમાંથી આઠ જલધારાઓ નીકળે છે.

તે આઠે જલધારાઓ ઉપર આકાશમાં ઊછળે છે, ઊછળીને એક થાય છે, એક થઈને તીર્થંકર ભગવંતના મસ્તક પર પડે છે.

૧૦૨. ત્યાર પછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ચોરાસી હજાર સામાનિક દેવો સાથે તે જ પ્રમાણે (પૂર્વવત્) અભિષેક કરે છે-યાવત્-'તમને અરિહંતને નમસ્કાર' એમ વંદન-નમન કરે છે-યાવત્-પર્યુપાસના કરે છે.

૧૦૩. ત્યાર પછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર પાંચ શક્રો વિકુર્વે છે, વિકુર્વીને-એક શક્ર તીર્થંકર ભગવંતને હસ્તસંપુટમાં ધારણ કરે છે.

એક શક્ર પાછળ ઊભો રહી છત્ર ધરે છે.
બે શક્રો બે બાજુ ઊભા રહી ચામર ઢોળે છે.
એક શક્ર વજ્ર હાથમાં લઈ સામે ઊભો રહે છે.

૧૦૪. ત્યાર બાદ તે શક્ર ચોરાસી હજાર સામાનિક દેવો-યાવત્-બીજા ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો તથા દેવીઓથી ઘેરાઈને સર્વ ઋદ્ધિપૂર્વક-યાવત્-વાજિંત્રોના નિનાદ સાથે પોતાની ઉત્કૃષ્ટ દિવ્ય દેવગતિથી ચાલતો ચાલતો જ્યાં તીર્થંકર ભગવંતનું જન્મનગર છે, જ્યાં જન્મભવન છે, જ્યાં તીર્થંકર-માતા રહેલ છે ત્યાં આવી પહોંચે છે. આવીને તીર્થંકર ભગવંતને તીર્થંકર-માતા પાસે રાખે છે, રાખીને તીર્થંકરની પ્રતિકૃતિનું વિસર્જન કરે છે, તેમ કરીને અવસ્વાપિની (નિદ્રા પમાડનારી) વિદ્યા પાછી ખેંચી લે છે, પાછી ખેંચીને એક મહામૂલ્યવાન ક્ષોમયુગલ (એક પ્રકારનું રેશમી વસ્ત્રનું જોડું) અને કુંડલ-યુગલ તીર્થંકર ભગવંતના ઓશીકા પાસે રાખે છે, રાખીને એક સોનાના ઝૂમખાવાળું, સોનાના પતરાથી મઢેલ વિવિધ મણિ-રત્નો અને હાર-અર્ધહારથી શોભતું ઝુમ્મર તીર્થંકર ભગવંતના ચંદરવામાં લટકાવે છે, ત્યાર પછી તીર્થંકર ભગવંતને અનિમિષ દૃષ્ટિએ જોતો જોતો સુખપૂર્વક હર્ષ વ્યક્ત કરતો ઊભો રહે છે.

૧૦૫. ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર વૈશ્રમણ દેવને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે-'હે દેવાનુપ્રિય ! બત્રીસ કરોડ હિરણ્ય, બત્રીસ કરોડ સુવર્ણ, સુંદર લાવણ્યયુક્ત અને સૌભાગ્યદાયી એવાં બત્રીસ નંદાસનો ને બત્રીસ ભદ્રાસનો તીર્થંકર ભગવંતના જન્મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવનમાં લાવો, લાવીને આજ્ઞાપૂર્તિની જાણ કરો.'

ત્યારે તે વૈશ્રમણ દેવ શક્રની આજ્ઞા-યાવત્-વિનયપૂર્વક સ્વીકારે છે, સ્વીકારીને જૃંભક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે—

'હે દેવાનુપ્રિયો ! તરત જ બત્રીસ કરોડ હિરણ્ય-યાવત્-તીર્થંકર ભગવંતના જન્મ-ભવનમાં લાવો, લાવીને આ આજ્ઞાપાલનની જાણ કરો.'

ત્યાર બાદ વૈશ્રમણ દેવ દ્વારા આ રીતે કહેવાતાં જૃંભક દેવો હૃષ્ટ-તુષ્ટ-યાવત્-બત્રીસ કરોડ હિરણ્ય-યાવત્-તીર્થંકર ભગવંતના જન્મભવનમાં લાવે છે, લાવીને જ્યાં વૈશ્રમણ દેવ રહેલ છે ત્યાં આવે છે-યાવત્ આજ્ઞા પૂરી કર્યાની જાણ કરે છે.

તે પછી તે વૈશ્રમણ દેવ જ્યાં દેવેન્દ્ર દેવરાજ શક્ર રહેલ છે ત્યાં આવે છે-યાવત્-આજ્ઞા પૂરી કર્યાની જાણ કરે છે.

૧૦૬ ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ તીર્થંકર ભગવંતના જન્મનગરના શૃંગાટક આદિ સામાન્ય માર્ગ તે રાજમાર્ગોમાં મોટા મોટા અવાજે આ પ્રમાણે ઘોષણા કરાવો—

"અરે ઓ અનેક ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવ-દેવીઓ ! સાંભળો. હે દેવાનુપ્રિયો ! જે કોઈ તીર્થંકર અથવા તીર્થંકર-માતા વિશે અશુભ મનોભાવ ધારશે તેનું મસ્તક અર્જક વૃક્ષની મંજરીની જેમ સો ટુકડા થઈને તૂટી પડશે." આમ ઘોષણા કરો, ઘોષણા કરીને આ આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો.'

ત્યાર બાદ તે આભિયોગિક દેવો-યાવત્-'જેવી દેવની આજ્ઞા' એમ વિનયપૂર્વક આજ્ઞા સ્વીકારે છે, સ્વીકારીને દેવરાજ દેવેન્દ્ર શક્ર પાસેથી નીકળે છે, નીકળીને તરત જ તીર્થંકર ભગવંતના જન્મ-નગરમાં શૃંગાટક-યાવત્-આ પ્રમાણે બોલે છે—

'અરે ઓ અનેક ભવનપતિ આદિ સાંભળો. હે દેવાનુપ્રિયો ! જે કોઈ તીર્થંકર વિશે-યાવત્-ટુકડા થઈને તૂટી પડશે' એ રીતે ઘોષણા કરે છે, ઘોષણા કરીને આજ્ઞા પૂરી કર્યાની જાણ કરે છે.

૧૦૭. ત્યાર પછી અનેક ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવો તીર્થંકર ભગવંતનો જન્મ-મહિમા કરે છે. કરીને જ્યાં નન્દીશ્વર દ્વીપ છે ત્યાં આવે છે, ત્યાં આવીને અષ્ટાહ્નિક મહામહોત્સવ કરે છે, કરીને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ગયા.

ઋષભ દ્વારા લેખનકળાદિ ઉપદેશ—

૧૦૮. ત્યાર પછી કૌશલિક અરિહંત ઋષભ વીસ લાખ પૂર્વ સુધી કુમાર અવસ્થામાં રહ્યા, કુમારાવસ્થા પૂરી કરી પછી ત્રેંસઠ લાખ પૂર્વ સુધી મહારાજાપદે રહ્યા.

ત્રેંસઠ લાખ પૂર્વ સુધી મહારાજાપદે રહીને તેમણે ગણિતથી માંડીને શકુનરુત (પક્ષીવાણી) સુધીની લેખનાદિ બોંતેર કળાઓ, ચોસઠ સ્ત્રી-કળાઓ અને સો શિલ્પ(હુન્નર)કળાઓ એ ત્રણે પ્રજાહિત માટે ઉપદેશ્યાં (લોકોને શીખવ્યાં).

ઋષભની પ્રવ્રજ્યા—

૧૦૯. એ ઉપદેશ આપીને ત્યાર બાદ પોતાના સો પુત્રોને સો રાજ્યો આપી રાજ્યાભિષેક કરે છે, રાજ્યાભિષેક કરી તેઓ ત્યાસી લાખ પૂર્વ મહારાજાપદે રહે છે, પછી ગ્રીષ્મ ઋતુના પ્રથમ માસ, પ્રથમ પક્ષની એટલે ચૈત્રના કૃષ્ણ પક્ષની નવમી તિથિના દિવસના પાછલા ભાગે હિરણ્ય (ચાંદી) ત્યાગીને, સુવર્ણ ત્યાગીને, કોષ ત્યાગીને, અન્નભંડાર ત્યાગીને, સેના ત્યાગીને, વાહન ત્યાગીને, નગર ત્યાગીને, અંતઃપુર ત્યાગીને, જનપદ ત્યાગીને, વિપુલ ધન, સુવર્ણ, રત્ન, મણિ, મોતી, શંખ, વિદ્રુમ, માણેક, ઉત્તમ સારરૂપ દ્રવ્ય ત્યાગીને, એ સઘળાંની ધૂણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને, એ સઘળું સ્વજનોમાં વહેંચીને, સુદર્શના નામે શિબિકામાં બેસીને, દેવો, મનુષ્યો અને અસુરો વડે અનુસરાતા રસ્તે, શંખવાદકો, ચક્રધારીઓ, હળધારીઓ, મંગળ-પાઠકો, માગધો (ભાટો), કથાકારો, નટો, ચિત્રપટ દેખાડનારા મંખો, ઘંટાધારકો, પોતાની ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનહર, ઉદાર, કલ્યાણકર, શિવંકર, ધન્ય, મંગળ, સશ્રીક, હૃદયંગમ, ગંભીર, કાન અને મનને સુખદ, અર્થપૂર્ણ, અપુનરુક્ત (પુનરુક્તિ દોષ રહિત), સુંદર વાણીથી અનવરત અભિનંદન અને અભિસ્તુતિ કરતાં આ પ્રમાણે બોલતા હતા—

"જય જય નંદા! જય જય ભદ્રા! (હે આનંદદાયક! હે કલ્યાણદાયક! તમારો જય હો!). ધર્મારાધનામાં પરિષહો અને ઉપસર્ગોથી ન ડરનાર! ભીષણ વિઘ્નો કરનારાને ક્ષમાપૂર્વક સહન કરનાર! આપની ધર્મારાધના નિર્વિઘ્ન બની રહો." આ રીતે અભિનંદન અને સ્તુતિ તેઓ કરતા હતા.

૧૧૦. તે સમયે કૌશલિક તીર્થંકર ઋષભ હજારો ચક્ષુઓની હારો વડે જોવાતા જોવાતા-યાવત્-નીકળે છે, ઔપપાતિક સૂત્ર પ્રમાણે સમગ્ર વર્ણન-યાવત્-જ્યાં લોકકોલાહલથી ગગનતળ ભરાઈ ગયું હતું એવી રાજધાની વિનીતાની વચ્ચે થઈને નીકળે છે.

૧૧૧. તે સમયે સિદ્ધાર્થવન નામક ઉદ્યાન તરફ જતો રાજમાર્ગ પાણી છાંટી, સ્વચ્છ કરી, ફરી સુગંધી પાણી છાંટી, પુષ્પોથી શણગારવામાં આવ્યો હતો તેના પર થઈ હાથી, ઘોડા, રથો અને પદાતિઓ ચાલવાથી મંદ મંદ રજ ઊડી રહી હતી એવી રીતે ભગવંત જ્યાં સિદ્ધાર્થવન ઉદ્યાન છે, જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ છે ત્યાં આવે છે, આવીને અશોક વૃક્ષ નીચે શિબિકા ઊભી રખાવે છે. શિબિકા ઊભી રખાવીને તેમાંથી નીચે ઊતરે છે, નીચે ઊતરીને પોતાની જાતે જ આભરણ-અલંકારો છોડી દે છે, છોડીને પોતાની જાતે જ ચાર મુષ્ટિથી લોચ કરે છે, લોચ કરીને નિર્જળ છઠ્ઠ ઉપવાસ-પૂર્વક, આષાઢા નક્ષત્રમાં ચન્દ્ર હોય છે ત્યારે, ચાર હજાર ઉગ્ર, ભોગ અને રાજન્ય ક્ષત્રિયો સાથે, કેવળ એક દેવદૂષ્ય રાખીને, મુંડિત થઈને ગૃહાવાસ ત્યજી અનગાર-પ્રવ્રજ્યા લે છે.

ઋષભનું અચેલકપણું અને ઉપસર્ગ-સહન—

૧૧૨. કૌશલિક અર્હત્ ઋષભ એક વર્ષથી કંઈક વધુ સમય સુધી વસ્ત્રધારી રહીને પછી અચેલક બન્યા.

૧૧૩. જ્યારથી કૌશલિક અરિહંત ઋષભ મુંડિત થઈ ગૃહસ્થમાંથી અનગાર બન્યા ત્યારથી કૌશલિક અરિહંત ઋષભે શરીર-શુશ્રૂષા અને દેહ-મમત્વ ત્યજી દીધાં હતાં. જે કોઈ ઉપસર્ગ આવી પડે, જેમ કે દિવ્ય આદિ-યાવત્-પ્રતિકૂળ કે અનુકૂળ, તેમાં પ્રતિકૂળ જેવા કે નેતરથી કે ચાબુકથી શરીર પર પ્રહાર અને અનુકૂળ જેવા કે વંદન, પૂજા-તે સર્વે ઉપસર્ગ આવે ત્યારે તેમણે સમભાવપૂર્વક, કલેશ-રહિતપણે, અદીનપણે, મન-વચન-કાયા ત્રણેના સંયમપૂર્વક સારી રીતે સહન કર્યા-યાવત્-અવિચળ રહ્યા.

ઋષભનું અનગાર-સ્વરૂપ—

૧૧૪. જ્યારથી ભગવાન શ્રમણ બન્યા ત્યારથી તેઓ ઈર્યાસમિતિ-યાવત્-પરિષ્ઠાપનાસમિતિ, મનઃ-સમિતિ, વચનસમિતિ, કાયસમિતિથી સમિત અને મનોગુપ્તિ-યાવત્-કાયગુપ્તિથી ગુપ્ત, બ્રહ્મચારી, અક્રોધ-યાવત્-લોભરહિત હતા, શાંત, પ્રશાંત, ઉપશાંત, પરિનિવૃત્ત, શોકરહિત અને નિઃસ્પૃહ હતા.

૧. અતિ નિર્મળ કાંસાના વાસણને પાણી અડતું નથી તેમ તેઓ આસક્તિરૂપી પાણીથી અસ્પૃશ્ય હતા,

૨. શંખની જેમ રાગાદિ અંજનની કાલિમાથી રહિત—રાગ, દ્વેષ અને મોહથી મુક્ત હતા,

૩. કાચબાની જેમ ઇન્દ્રિયોનું ગોપન કરનાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. શુદ્ધ સુવર્ણની જેમ શુદ્ધ આત્મસ્વરૂપથી શોભિત,
૫. કમળપત્રની જેમ નિર્લેપ,
૬. ચન્દ્રની જેમ સૌમ્ય સ્વભાવવાળા,
૭. સૂર્યની જેમ દેદીપ્યમાન,
૮. મેરુ પર્વતની જેમ નિશ્ચળ,
૯. અક્ષુબ્ધ સાગરની જેમ સ્થિર,
૧૦. પૃથ્વીની જેમ સર્વ પ્રકારના સ્પર્શને સહન કરનાર,
૧૧. તપના કારણે ભસ્મરાશિથી ઢાંકેલા અગ્નિ સમાન,
૧૨. પ્રજ્વલિત અગ્નિની સમાન તેજથી પ્રકાશિત,
૧૩. ગોશીર્ષ ચંદનની જેમ શીતળ અને સુગંધી,
૧૪. શાંત ધરાની માફક શાંત ભાવવાળા,
૧૫. ઘસીને ખૂબ ચમકતા કરેલા નિર્મળ દર્પણતળની જેમ પ્રાકૃતિક શુદ્ધ નિર્મળ ભાવવાળા,
૧૬. હાથીની સમાન શૌર્યવાળા,
૧૭. વૃષભની સમાન બળવાળા,
૧૮. મૃગાધિપતિ સિંહની સમાન દુર્ધર્ષ—અપરાજેય,
૧૯. શરદઋતુના જળની માફક શુદ્ધ હૃદયવાળા,
૨૦. ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત,
૨૧. ગેંડાના સીંગડાની જેમ એકાકી,
૨૨. વૃક્ષની જેમ ઊર્ધ્વ-કાય,
૨૩. શૂન્યગૃહની જેમ શણગાર-રહિત,
૨૪. શૂન્યગૃહમાં પવનરહિત સ્થાનમાં રાખેલ દીપકની જ્યોતિ જેવા નિષ્પ્રકંપ,
૨૫. એકસરખી ધારવાળા છરાની જેમ ધ્યાનરૂપી એકાગ્ર ધારવાળા,
૨૬. સર્પની જેમ સ્થિર દૃષ્ટિવાળા,
૨૭. આકાશની જેમ નિરાલંબન,
૨૮. સર્વત્ર જવા મુક્ત પક્ષીની જેમ સર્વ બંધનોથી મુક્ત,
૨૯. સર્પની જેમ બીજાએ બનાવેલ નિવાસ-સ્થાનમાં રહેનારા,
૩૦. વાયુની જેમ બંધન-રહિત,
૩૧. જીવની જેમ અપ્રતિહત ગતિવાળા.

ઋષભની પ્રતિબંધ-રહિતતા—

૧૧૫. તે ભગવંતને કોઈ જાતનો પ્રતિબંધ ન હતો. તે પ્રતિબંધ ચાર પ્રકારનો હોય છે—

૧. દ્રવ્ય-નિમિત્ત ૨. ક્ષેત્ર-નિમિત્ત ૩. કાળ-નિમિત્ત ૪. ભાવ-નિમિત્ત. દ્રવ્ય-નિમિત્ત :—આ મારી માતા છે, આ પિતા છે, આ મારો ભાઈ છે, આ મારી બહેન છે—યાવત્—આ મારાં સગાં-સંબંધી, આ મારું રૂપું, આ મારું સોનું—યાવત્—આ મારી સાધનસામગ્રી; અથવા સંક્ષેપમાં આ સચિત્ત, અચિત્ત કે મિશ્ર દ્રવ્ય મારાં છે એવો ભાવ એમને ન થતો.

ક્ષેત્ર નિમિત્ત પ્રતિબંધ : આ સ્થળ ગામ છે, કે નગર છે, કે ખેતર છે કે ખળું છે, અથવા ઘર છે કે આંગણું છે એવો ભેદભાવ તેમને ન હતો.

કાળ-પ્રતિબંધ : સમય, આવલી, શ્વાસોચ્છ્વાસ, સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્રિ, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર કે તેથી ય વધુ લાંબો સમય તેમને માટે કોઈ પ્રતિબંધ-તફાવત કરનાર ન હતો.

ભાવ-પ્રતિબંધ : ક્રોધ-યાવત્-લોભ, ભય, હાસ્ય આદિ કોઈપણ મનોભાવ તેમના માટે પ્રતિબંધકારક ન હતો.

ઋષભનો વિહાર—

૧૧૬. તે ભગવંત વર્ષાવાસ છોડીને હેમંત અને ગ્રીષ્મ ઋતુમાં નાના ગામમાં એક રાત, નગરમાં પાંચ રાત રહેતા. તેઓ હાસ્ય, શોક, અરતિ, ભય, ત્રાસ રહિતપણે તથા મમત્વ છોડીને, નિરહંકાર, લઘુભૂત (હળવા-ભાર વિનાના), પરિગ્રહરહિત, રંધાથી છોલનાર તરફ દ્વેષ વિનાના અને ચંદનનો લેપ કરનાર પ્રતિ રાગ વિનાના, માટીના ઢેફા અને સોનું બન્નેમાં સરખો ભાવ ધરનાર, આ લોક અને પરલોકના બંધન વિનાના, જીવન-મરણ પ્રતિ ઉદાસીન, સંસારના પારગામી થઈને અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મબંધનો નાશ કરવા અભ્યુદ્યત થઈને વિહરતા.

ઋષભને કેવળજ્ઞાન—

૧૧૭. એ રીતે વિહાર કરતાં કરતાં એક હજાર વર્ષ વીત્યાં ત્યારે પુરિમતાલ નગરની બહાર શકટ મુખ ઉદ્યાનમાં શ્રેષ્ઠ વટવૃક્ષની નીચે ધ્યાનમાં લીન ભગવંતને, ફાગણ કૃષ્ણ એકાદશીના દિવસે, પૂર્વાહ્ન કાળે, જ્યારે તેમણે નિર્જળ અઠ્ઠમ ઉપવાસ કરેલ ત્યારે, ઉત્તરાષાઢામાં ચન્દ્રનો યોગ થયો હતો ત્યારે, સર્વોત્કૃષ્ટ જ્ઞાન—યાવત્ સર્વોત્કૃષ્ટ ચારિત્રની સાધના કરતા, ઉત્કૃષ્ટ તપ, બળ, વીર્યપૂર્વક, નિર્દોષ નિવાસ-સ્થાનમાં વસતા વિહાર કરતા, સર્વોત્કૃષ્ટ ભાવના, ક્ષમા, ગુપ્તિ, મુક્તિ, તુષ્ટિ વડે, સર્વોત્કૃષ્ટ આર્જવ, માર્દવ અને લાઘવથી, સુચરિત અને સુપુષ્ટ ફળવાળા નિર્વાણમાર્ગની સાધના કરતા, આત્મધ્યાનમાં લીન હતા ત્યારે અનંત, અનુત્તર, નિર્વ્યાબાધ, અખંડ પરિપૂર્ણ, ઉત્તમ કેવળજ્ઞાન-કેવળદર્શન થયું.

૧૧૮. તેઓ જિન, કેવળી, સર્વજ્ઞ, સર્વદર્શી થયા. તેઓ નારકલોક, તિર્યંચલોક, મનુષ્યલોક અને દેવલોકના સમસ્ત પદાર્થોના પર્યાયોને જાણવા-જોવા લાગ્યા. જેમ કે,

કોઈનું આગમન, ગમન, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, ભોજન, ક્રિયા, સેવા, પ્રગટ કર્મ, ગુપ્તકર્મ તે તે કાળના મન-વચન-કાયાના વ્યાપારો આદિ.

જીવોના સઘળા ભાવો, અજીવોના સઘળા ભાવો, તથા 'આ મોક્ષમાર્ગ મારે માટે તથા અન્ય જીવો માટે હિતકર, સુખકર, શ્રેયસ્કર, સર્વ દુઃખોમાંથી મુક્તિ અપાવનાર અને પરમ સુખદાતા થશે.' એમ મોક્ષમાર્ગના વિશુદ્ધતર ભાવોને જાણવા-જોવા લાગ્યા.

ઋષભદ્વારા તીર્થપ્રવર્તન—

૧૧૯. ત્યાર પછી તે ભગવંત શ્રમણ સાધુઓ અને સાધ્વીઓને ભાવનાસહિત પાંચ મહાવ્રતો તથા છ જીવનિકાયની રક્ષાનો ધર્મ ઉપદેશતા વિહરવા લાગ્યા. જેમ કે,

અહીં પૃથ્વીકાયાદિ છ જીવનિકાયો અને પાંચ મહાવ્રતોનું ભાવના સાથે વર્ણન આપવું.

કૌશલિક ભગવંત ઋષભે આ અવસર્પિણીમાં નવ સાગરોપમ કોટાકોટિ વર્ષ વીત્યા પછી તીર્થ—પ્રવર્તન કર્યું.

ઋષભની ગણધરાદિ સંપદા—

૧૨૦. કૌશલિક અરિહંત ઋષભના ચોરાસી ગણ અને ચોરાસી ગણધર હતા.

કૌશલિક અરિહંત ઋષભની ઋષભસેન પ્રમુખ ચોરાસી હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણ-સંપદા હતી.

કૌશલિક અરિહંત ઋષભની બ્રાહ્મી-સુંદરી પ્રમુખ ત્રણ લાખ શ્રમણીઓની ઉત્કૃષ્ટ શ્રમણી-સંપદા હતી.

કૌશલિક અરિહંતની શ્રેયાંસ પ્રમુખ ત્રણ લાખ પાંચ હજાર શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક-સંપદા હતી.

કૌશલિક અરિહંત ઋષભની સુભદ્રા પ્રમુખ પાંચ લાખ ચોપન હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રમણોપાસિકા-સંપદા હતી.

૧૨૧. કૌશલિક અરિહંત ઋષભના સંઘમાં ચાર હજાર સાતસો પચાસ જિન નહીં પરંતુ જિન સમાન એવા સર્વાક્ષર સંયોગવેદી અને જિન ભગવંતની જેમ જ યથાર્થ પ્રતિપાદન કરનાર ચૌદ પૂર્વના જ્ઞાતાઓની ઉત્કૃષ્ટ ચૌદપૂર્વી-સંપદા હતી.

કૌશલિક અરિહંત ઋષભની નવહજાર અવધિજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ મુનિ-સંપદા હતી.

કૌશલિક અરિહંત ઋષભની વીશ હજાર જિન અને વીશ હજાર છસો વૈક્રિયલબ્ધિધારક જિનોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

બાર હજાર છસો પચાસ વિપુલમતિ મનઃ-પર્યાય જ્ઞાનીઓ અને બાર હજાર છસો પચાસ વાદનિપુણ શિષ્યો હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૌશલિક અરિહંત ઋષભના કલ્યાણકારી ગતિ અને સ્થિતિવાળા તથા ભદ્ર ભવિષ્યવાળા અને આગામી ભવમાં અનુત્તર દેવવિમાનમાં ઉત્પન્ન થનાર એવા શિષ્યોની ઉત્કૃષ્ટ સંપદા બાવીસ હજાર નવસો હતી.

ઋષભના સમયમાં સિદ્ધો—

૧૨૨. કૌશલિક અરિહંત ઋષભના વીશ હજાર શ્રમણ શિષ્યો સિદ્ધ થયા હતા. ચાલીસ હજાર શ્રમણીઓ સિદ્ધ થઈ હતી. સાઠ હજાર અંતેવાસી શિષ્યો સિદ્ધ થયા હતા.

ઋષભના અનગારોનું વર્ણન—

૧૨૩. ઋષભ અરિહંતના અનેક અંતેવાસી શિષ્યોમાં કેટલાક તો એક માસના દીક્ષા-પર્યાયવાળા હતા—ઔપપાતિક સૂત્રમાંના અણગારવર્ણન મુજબ વર્ણન-યાવત્-ઊર્ધ્વ-જાનુ, અધોમસ્તક ધ્યાનરૂપી કોટડીમાં રહેલા તેઓ સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિહરતા હતા.

અન્તકર ભૂમિ—

૧૨૪. ઋષભ અરિહંતની બે પ્રકારની અંતકર ભૂમિ હતી, તે આ પ્રમાણે.

૧. યુગાન્તકર ભૂમિ અને ૨. પર્યાયાન્તકર ભૂમિ. યુગાન્તકર ભૂમિ અસંખ્ય પુરુષયુગ સુધી ચાલી. પર્યાયાન્તકર ભૂમિનો અન્તર્મુહૂર્તમાં અંત આવ્યો.

ઋષભનું સંહનનાદિ, કુમારવાસાદિ અને નિર્વાણ—

૧૨૫. કૌશલિક અરિહંત ઋષભનું વજ્ર ઋષભનારાચ સંહનન હતું, સમચતુરસ્રસંસ્થાન હતું અને પાંચસો ધનુષ્ય ઊંચાઈ હતી.

૧૨૬. ઋષભ અરિહંત વીશ લાખ પૂર્વ સુધી કુમારપણે રહ્યા, ત્રેસઠ લાખ પૂર્વ મહારાજપદે રહ્યા, એ રીતે ત્યાસી લાખ પૂર્વ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં રહી પછી મુંડિત બની ગૃહવાસ છોડી આનગારિક પ્રવ્રજ્યા ધારણ કરી.

ઋષભ અરિહંત એક હજાર વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થામાં રહ્યા, એક લાખ પૂર્વમાં એક હજાર વર્ષ ઓછા એટલાં વર્ષ પર્યંત કેવળીપણે રહ્યા, આ પ્રમાણે સમગ્રપણે ચોરાસી લાખ પૂર્વનું પૂર્ણ આયુષ્ય ભોગવીને—

જ્યારે હેમંત ઋતુના ત્રીજા મહિનામાં, પાંચમા પક્ષે એટલે કે માઘ મહિનાના કૃષ્ણ પક્ષમાં ત્રયોદશીના દિવસે પૂર્વાહ્નમાં દશ હજાર શ્રમણો સાથે, અષ્ટાપદ પર્વતના શિખર પર, ચૌદ નિર્જળ ઉપવાસના તપ સાથે, પર્યંકાસન સ્થિતિમાં, અભિજિત નક્ષત્રમાં ચંદ્ર હતો ત્યારે, સુષમા-દૂષમા કાળના નેવ્યાસી પક્ષ બાકી હતા ત્યારે કાળધર્મ પામ્યા—યાવત્-સર્વ દુઃખોથી મુક્ત બન્યા.

શકાદિ દેવેન્દ્ર કૃત નિર્વાણ-મહિમા—

૧૨૭. જે સમયે કૌશલિક ભગવંત ઋષભ કાળધર્મ પામ્યા, તેમના જન્મ, જરા, મરણનાં બંધન છૂટી ગયાં, તેઓ સિદ્ધ, બુદ્ધ થયા—યાવત્-સર્વ દુઃખોથી મુક્ત થયા, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્રનું આસન કંપાયમાન થયું.

ત્યારે દેવેન્દ્ર દેવરાજ શક્ર પોતાનું આસન કંપિત થતું જોઈને અવધિજ્ઞાન પ્રયુક્ત કરે છે, પ્રયુક્ત કરીને અવધિજ્ઞાન દ્વારા તીર્થંકર ભગવંતનાં દર્શન કરે છે, દર્શન કરીને આ પ્રમાણે કહે છે—

"જંબૂદ્વીપમાં ભારતવર્ષમાં કૌશલિક અરિહંત ઋષભ પરિનિર્વાણ પામ્યા છે-તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળના દેવેન્દ્ર દેવરાજ શક્રોનો એવો પરંપરાગત આચાર છે કે તીર્થંકર ભગવંતનો નિર્વાણ-મહોત્સવ કરવો.

તેથી હું પણ તીર્થંકર ભગવંતનો નિર્વાણ-મહોત્સવ કરીશ." એમ કરીને વંદન કરે છે, નમન કરે છે, વંદન-નમન કરીને ચોરાશી હજાર સામાનિક દેવો, તેત્રીસ ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર લોકપાલો-યાવત્-ચતુર્ગુણ ચોરાશી હજાર (૮૪૦૦૦×૪=૩,૩૬૦૦૦) આત્મરક્ષક દેવો તથા બીજા અનેકાનેક સૌધર્મકલ્પવાસી વૈમાનિક દેવ-દેવીઓ સાથે ઉત્કૃષ્ટ ગતિથી—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાવત્–તિર્યક્લોકના અસંખ્ય દ્વીપ સમુદ્રોની બરાબર વચ્ચે થઈને જ્યાં અષ્ટાપદ પર્વત છે, જ્યાં તીર્થંકર ભગવંતનો દેહ છે, ત્યાં આવે છે; આવીને વિષાદભર્યા દુઃખી મનથી તથા અશ્રુપૂર્ણ નેત્રોપૂર્વક તીર્થંકર ભગવંતના દેહની ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે, પ્રદક્ષિણા કરીને ન અતિ દૂર કે ન અતિ સમીપ એમ બેસીને શુશ્રૂષા–યાવત્–પર્યુપાસના કરવા લાગ્યા.

તે કાળે તે સમયે દેવેન્દ્ર દેવરાજ ઈશાન જે ઉત્તરાર્ધલોકનો અધપતિ, અઠ્ઠાવીશ લાખ હજાર વિમાનોનો સ્વામી, શૂલપાણિ, વૃષભ-વાહનવાળો, રજ વિનાના આકાશ જેવાં સ્વચ્છ વસ્ત્રધારી–યાવત્–તે સુરેન્દ્ર વિપુલ ભોગો ભોગવતો હતો.

૧૨૮. તે સમયે તે દેવેન્દ્ર દેવરાજ ઈશાનનું આસન કંપાયમાન થયું. ત્યારે તે ઈશાન–યાવત્–દેવરાજ પોતાનું આસન કંપાયમાન થતું જુએ છે, જોઈને અવધિજ્ઞાનનો પ્રયોગ કરે છે, પ્રયોગ કરીને અવધિજ્ઞાનથી તીર્થંકર ભગવંતને જુએ છે, જોઈને શક્રની જેમ પોતાના પરિવાર સાથે આવે છે તેનું વર્ણન તે પ્રમાણે–યાવત્–પર્યુપાસના કરવા લાગે છે.

૧૨૯. એ જ પ્રમાણે બધા ઇન્દ્રો–યાવત્–અચ્યુતેન્દ્ર સુધીના બધા પોતપોતાના પરિવાર સાથે આવે છે, એ જ પ્રમાણે ભવનવાસી દેવોના વીશ ઇન્દ્રો, વાનવ્યંતર દેવોના સોળ ઇન્દ્રો, જ્યોતિષ્ક દેવોના બે ઇન્દ્રો, પોતપોતાના પરિવાર સાથે આવે છે–એ પ્રમાણે જાણવું.

૧૩૦. તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર ને અનેક ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિક દેવોને આ પ્રમાણે કહે છે–

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ નંદનવનના શ્રેષ્ઠ સરસ ગોશીર્ષ ચંદનનાં કાષ્ઠ લઈ આવો, લાવીને ચિતાઓ રચો–૧. એક તીર્થંકર ભગવંતની, ૨. એક ગણધરોની અને ૩. એક બાકીના મુનિવરોની.

૧૩૧. ત્યારબાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર આભિયોગિક દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે–

'હે દેવાનુપ્રિયો ! તરત જ તમે ક્ષીરસમુદ્ર-માંથી ક્ષીરોદક લાવો.'

ત્યારે તે આભિયોગિક દેવો ક્ષીરસમુદ્રમાંથી ક્ષીરોદક લઈ આવે છે.

ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તીર્થંકર ભગવંતના શરીરને ક્ષીરોદકથી સ્નાન કરાવે છે, સ્નાન કરાવીને શ્રેષ્ઠ ગોશીર્ષ ચંદનથી લેપ કરે છે, લેપ કરીને હંસ જેવાં શ્વેત વસ્ત્રો પહેરાવે છે, વસ્ત્રો પહેરાવીને સર્વ અલંકારોથી વિભૂષિત કરે છે.

ત્યાર બાદ ભવનપતિ–યાવત્–વૈમાનિક દેવો ગણધરોનાં શરીરોને તથા મુનિવરોનાં શરીરોને ક્ષીરોદકથી સ્નાન કરાવે છે, સ્નાન કરાવીને શ્રેષ્ઠ સરસ ગોશીર્ષ ચંદનથી લેપ કરે છે, લેપ કરીને અખંડ દિવ્ય દેવદૂષ્ય–યુગલ વસ્ત્રો પહેરાવે છે. વસ્ત્રો પહેરાવીને સર્વ અલંકારોથી વિભૂષિત કરે છે.

૧૩૨. ત્યારબાદ તે દેવરાજ દેવેન્દ્ર શક્ર તે અનેક ભવનપતિ–યાવત્–વૈમાનિક દેવોને આ પ્રમાણે કહે છે–

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ ઈહામૃગ, વૃષભ, અશ્વ–યાવત્–વનલતા આદિનાં સુંદર ચિત્રોવાળી ત્રણ શિબિકાઓ(પાલખીઓ)ની વિકુર્વણા કરો–૧. એક તીર્થંકર ભગવંતની, ૨. એક ગણધરોની અને ૩. એક બાકીના મુનિવરોની.

ત્યારે તે અનેક ભવનપતિ–યાવત્–વૈમાનિક દેવો શિબિકાઓ વિકુર્વે છે–૧. એક તીર્થંકર ભગવંતની, ૨. એક ગણધરોની અને ૩. એક બાકીના મુનિવરોની.

૧૩૩. ત્યાર પછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ઉદાસ, આનંદરહિત અને અશ્રુપૂર્ણ નયનોથી જેમનાં જન્મ, જરા અને મરણ નષ્ટ થયાં છે તેવા તીર્થંકર ભગવંતના શરીરને શિબિકામાં મૂકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, મૂકીને ચિતામાં રાખે છે. તે પ્રમાણે તે અનેક ભવનપતિ-યાવત્-વૈમાનિક દેવો જેમનાં જન્મ, જરા અને મરણ નષ્ટ થયાં છે તેવા ગણધરો અને મુનિવરોનાં શરીરોને શિબિકાઓમાં મૂકે છે અને મૂકીને ચિતામાં ગોઠવે છે.

૧૩૪. ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર અગ્નિકુમાર દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે—

'હે દેવાનુપ્રિયો! તમે તરત જ તીર્થંકર ભગવંતની-યાવત્-મુનિવરોની ચિતાઓમાં અગ્નિકાયની વિકુર્વણા કરો, અને વિકુર્વણા કરીને પછી મને આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો.'

ત્યારે તે અગ્નિકુમાર દેવો શોકમગ્ન, આનંદરહિત અને અશ્રુપૂર્ણ આંખોવાળા થઈને તીર્થંકર ભગવંતની-યાવત્-મુનિવરોની ચિતાઓમાં અગ્નિકાયની વિકુર્વણા કરે છે.

૧૩૫. ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર વાયુકુમાર દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે—

'હે દેવાનુપ્રિયો! તમે તરત જ તીર્થંકર ભગવંતની-યાવત્-મુનિવરોની ચિતાઓમાં વાયુકાયની વિકુર્વણા કરો, વિકુર્વણા કરીને અગ્નિ પેટાવો અને તીર્થંકર ભગવંત, ગણધરો તથા મુનિવરોનાં શરીરોનું દહન કરો.'

ત્યારે તે વાયુકુમારદેવો વિમનસ્ક, આનંદરહિત અને અશ્રુપૂર્ણ આંખોવાળા બનીને તીર્થંકર ભગવંતની ચિતામાં-યાવત્-વિકુર્વણા કરીને અગ્નિ પ્રગટ કરીને તીર્થંકર ભગવંતના શરીરનું-યાવત્-મુનિવરોનાં શરીરોનું દહન કરે છે.

૧૩૬. ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તે અનેક ભવનપતિ-યાવત્-વૈમાનિક દેવોને આ પ્રમાણે કહે છે—

'હે દેવાનુપ્રિયો! તમે તરત જ તીર્થંકર ભગવંતની ચિતામાં-યાવત્-મુનિવરોની ચિતાઓમાં અનેક ભાર-પ્રમાણ અગરુ, તુરુષ્ક, તથા અનેક કુંભપ્રમાણ ઘી અને મધ નાખો.'

ત્યારે તે ભવનપતિ-યાવત્-તીર્થંકર ભગવંતની ચિતામાં-યાવત્-ભારપ્રમાણ નાખે છે.

૧૩૭. ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર મેઘકુમાર દેવોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે—

'હે દેવાનુપ્રિયો! તમે તરત જ તીર્થંકર ભગવંતની ચિતા-યાવત્-મુનિવરોની ચિતા ક્ષીરોદકથી બુઝાવી દો.'

ત્યારે તે મેઘકુમાર દેવો તીર્થંકર ભગવંતની ચિતા-યાવત્-બુઝાવે છે.

૧૩૮. ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્રે તીર્થંકર ભગવંતની ઉપરની જમણી દાઢ લીધી, દેવેન્દ્ર દેવરાજ ઈશાને ઉપરની ડાબી દાઢ લીધી, અસુરરાજ અસુરેન્દ્ર ચમરે નીચેની જમણી દાઢ લીધી, વૈરોચનેન્દ્ર વૈરોચન રાજ બલિએ નીચેની ડાબી દાઢ લીધી, બાકીના ભવનપતિ-યાવત્-વૈમાનિક દેવોમાંથી કોઈએ જિનભક્તિને લીધે, કોઈએ આચારપરંપરાની દૃષ્ટિએ, કોઈએ ધર્મ સમજીને યથાયોગ્ય અંગોપાંગનાં અસ્થિ લીધાં.

૧૩૯. ત્યાર બાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્રે અનેક ભવનપતિ-યાવત્-વૈમાનિક દેવોને યોગ્યના પ્રમાણે આમ કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે તરત જ સર્વરત્નમય અતિમહાન ચૈત્યસ્તૂપો બનાવો-એક તીર્થંકર ભગવંતની ચિતા પર, એક ગણધરોની ચિતા પર અને એક બાકીના મુનિવરોની ચિતા પર.'

ત્યારે તે અનેક-યાવત્-સ્તૂપો બનાવે છે.

૧૪૦. ત્યાર પછી તે અનેકાનેક ભવનપતિ-યાવત્-વૈમાનિક દેવો તીર્થંકર ભગવંતનો પરિનિર્વાણ-મહોત્સવ કરે છે, મહોત્સવ કરીને જ્યાં નંદીશ્વર દ્વીપ છે ત્યાં આવે છે.

૧૪૧. ત્યાર પછી તે દેવેન્દ્ર દેવરાજ શક્ર પૂર્વ દિશાના અંજનક પર્વત પર અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પછી દેવેન્દ્ર દેવરાજ શક્રના ચાર લોકપાલો ચાર દધિમુખ પર્વતો પર અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે, દેવરાજ દેવેન્દ્ર ઈશાન ઉત્તર દિશાના અંજનક પર્વત પર અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે, તેના ચાર લોકપાલો ચાર દધિમુખ પર્વતો પર અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે, ચમર દક્ષિણ દિશાના અંજનક પર્વત પર અને તેના લોકપાલો તેમના ચાર દધિમુખ પર્વતો પર તથા બલિ પશ્ચિમ દિશાના અંજનક પર્વત પર અને તેના લોકપાલો દધિમુખ પર્વતો પર અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે.

ત્યાર બાદ તે અનેકાનેક ભવનપતિ, વાનવ્યંતર આદિ દેવો આઠ આઠ દિવસ મહોત્સવ કરે છે, મહોત્સવ કરીને જ્યાં પોતપોતાનાં વિમાન છે, જ્યાં પોતપોતાનાં ભવન છે, જ્યાં પોતપોતાની સુધર્માસભા છે, જ્યાં પોતપોતાના માણવક સ્તંભ છે ત્યાં આવે છે, આવીને વજ્રમય ગોળ દાબડાઓમાં જિન ભગવંતનાં અસ્થિ રાખે છે, રાખીને ઉત્તમ, ઉત્કૃષ્ટ સુગંધી પદાર્થો અને માળાઓથી પૂજા કરે છે, પૂજા કરીને વિપુલ ભોગો ભોગવતા વિહરવા લાગે છે.

॥ ઋષભ-જિન-ચરિત્ર સમાપ્ત ॥

૩. મલ્લી-જિન-ચરિત્ર

મહાબલ રાજા અને તેના છ બાલમિત્રો—

૧૪૨. તે કાળે તે સમયે આ જ જંબુદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં મંદર પર્વતની પશ્ચિમ દિશામાં, નિષધ વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં, શીતોદા મહાનદીની દક્ષિણ દિશામાં, સુખાવહ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમ દિશામાં, પશ્ચિમ લવણ સમુદ્રનો પૂર્વ દિશામાં સલિલાવતી નામે વિજય (પ્રાન્ત) હતો.

તે સલિલાવતી વિજયમાં નવ યોજન વિસ્તારવાળી-યાવત્-પ્રત્યક્ષ દેવલોક જેવી વીતશોકા નામક રાજધાની હતી. તે વીતશોકા રાજધાનીની ઉત્તર-પૂર્વ દિશા(ઈશાનકોણ)માં ઈન્દ્રકુંભ નામે ઉદ્યાન હતો. તે વીતશોકા રાજધાનીમાં બલ નામે રાજા હતો. ધારિણી પ્રમુખ એક હજાર રાણીઓનું બનેલ તેનું અંતઃપુર હતું.

હવે એક વખત તે ધારિણી રાણી સ્વપ્નમાં સિંહ જોઈને જાગી-યાવત્-તેણે મહાબલ નામે પુત્રને જન્મ આપ્યો અને તે બાળપણ વટાવી-યાવત્-ભોગ ભોગવવા શક્તિમાન બન્યો.

ત્યાર બાદ માતા-પિતાએ તે મહાબલને એક જ દિવસે સમાન વય અને કુળની એવી કમલશ્રી પ્રમુખ પાંચસો ઉત્તમ રાજકન્યાઓ સાથે પરણાવ્યો. તે પાંચસો પ્રાસાદો સાથે પાંચસો પ્રમાણ દાયજો મેળવીને-યાવત્-માનુષી કામભોગો ભોગવતો રહેવા લાગ્યો.

૧૪૩. તે કાળે તે સમય ઈન્દ્રકુંભ ઉદ્યાનમાં સ્થવિરો સમોસર્યા (આવી ઊતર્યા). પરિષદા નીકળી (લોકસમુદાય ધર્મશ્રવણ માટે ચાલ્યો). બલ રાજા પણ ચાલ્યો. ધર્મ(ઉપદેશ) સાંભળી, ગ્રહણ કરી તેણે હૃષ્ટ-તુષ્ટ થઈ સ્થવિરોની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમન કર્યા, વંદન-નમન કરીને આ પ્રમાણે કહ્યું—

'હે ભદંત! હું નિર્ગ્રંથ પ્રવચન પ્રતિ શ્રદ્ધા રાખું છું-યાવત્-મહાબલ કુમારને રાજ્યાસને સ્થાપી ત્યાર બાદ આપ દેવાનુપ્રિયોની પાસે મુંડિત થઈને ગૃહસ્થી છોડીને અણગારપણું સ્વીકારીશ.'

'હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ' [એમ સ્થવિરોએ કહ્યું]-યાવત્-અગિયાર અંગોનું જ્ઞાન મેળવી, ઘણાં વર્ષો શ્રમણ-પર્યાય પાળી, જ્યાં ચારુ પર્વત હતો ત્યાં આવ્યા, આવીને માસભક્ત કરીને સિદ્ધ થયા.

૧૪૪. ત્યાર બાદ કોઈ એક વાર તે કમલશ્રી સ્વપ્નમાં સિંહને જોઈને જાગી-યાવત્-તેણે બલભદ્ર નામક કુમારને જન્મ આપ્યો-યાવત્-તે યુવરાજ બન્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪૫. તે મહાબલ રાજાના છ પ્રિય, બાળપણથી મિત્ર એવા મિત્રરાજાઓ હતા, તે આ પ્રમાણે–

૧. અચલ ૨. ધરણ ૩. પૂરણ ૪. વસુ ૫. વૈશ્રમણ અને ૬. અભિચંદ્ર. તે બધા સાથે જન્મેલા, સાથે ઊછરેલા, સાથે ધૂળમાં રમેલા, સાથે પરણેલા અને ગૃહસ્થ બનેલા, પરસ્પર અનુરક્ત, એકબીજાને અનુવર્તી, અન્યોન્યની ઇચ્છાનુસાર વર્તનારા, અન્યોન્ય હિત કરનારા હતા અને એકબીજાના રાજ્યમાં કરવા યોગ્ય કૃત્યો કરતા રહેતા હતા.

ત્યારે એક વખત તે રાજાઓ એક સ્થળે એકઠા થઈ બેઠા બેઠા પરસ્પર વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યારે આ પ્રકારે વિચાર ઉત્પન્ન થયો–'હે દેવાનુપ્રિય ! જ્યારે આપણે સુખનો પ્રસંગ, દુઃખનો પ્રસંગ, પ્રવ્રજ્યા લેવાનો પ્રસંગ આવે કે વિદેશ-ગમનનો પ્રસંગ પેદા થાય ત્યારે આપણે બધા એકસાથે મળીને તેમાંથી પાર ઊતરવું" એમ[નિશ્ચય] કરીને પરસ્પર કોલ આપ્યા.

મહાબલાદિની પ્રવ્રજ્યા—

૧૪૬. તે કાળે તે સમયે ઇન્દ્રકુંભ ઉદ્યાનમાં સ્થવિરો સમોસર્યા. પરિષદા ચાલી. મહાબલ પણ ધર્મશ્રવણ કરી, ગ્રહણ કરી હૃષ્ટ-તુષ્ટ થયો. વિશેષમાં છ પ્રિય બાલમિત્રોને પૂછી અને બલભદ્રકુમારને રાજ્યાસને સ્થાપીશ–યાવત્-તે છ બાલમિત્રોને પૂછે છે.

ત્યારે તે છ પ્રિય બાલમિત્રોએ મહાબલ રાજાને આમ કહ્યું–'હે દેવાનુપ્રિય ! જો તમે પ્રવ્રજ્યા લો તો પછી અમારો આધાર કે આશ્રય બીજો કોણ છે ? અમે પણ પ્રવ્રજ્યા લઈશું.'

ત્યારે તે મહાબલ રાજા તે છ પ્રિય બાલમિત્રોને આમ કહે છે—

'જો તમે પણ મારી સાથે પ્રવ્રજ્યા લેવા ઇચ્છો છો તો જાઓ, પોતપોતાના રાજ્યમાં જ્યેષ્ઠ પુત્રને રાજ્યાસને સ્થાપો અને પછી હજાર પુરુષો વડે વહન કરાતી શિબિકાઓમાં સવાર થઈ મારી પાસે આવી જાઓ.'

તેઓ પણ તે પ્રમાણે જ કરી પાછા આવી પહોંચ્યા.

ત્યારે તે મહાબલ રાજા છ પ્રિય બાલમિત્રોને આવી પહોંચેલા જુએ છે, જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈ કૌટુંબીજનોને બોલાવે છે–યાવત્-બલભદ્રનો અભિષેક કરે છે–યાવત્-બલભદ્ર રાજાને પૂછે છે.

ત્યાર પછી તે મહાબલ છ બાલમિત્રો સાથે મહાઋદ્ધિપૂર્વક પ્રવ્રજ્યા અંગીકાર કરી, અગિયાર અંગોનું જ્ઞાન મેળવ્યું, અનેક ચાર ઉપવાસ છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દ્વાદશ, અર્ધમાસ, માસક્ષમણ આદિ તપસ્યાઓ વડે આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

તપ વિષયમાં મહાબલની માયા–

૧૪૭. ત્યાર બાદ એક વખત એક સ્થળે એકઠા થયેલા તે મહાબલ પ્રમુખ સાતે અણગારોને વાર્તાલાપ દરમિયાન આવો વિચાર આવ્યો–

'હે દેવાનુપ્રિયો ! આપણામાંથી કોઈ જે એક તપ અંગીકાર કરે તે આપણે બધાએ અંગીકાર કરીને વિહરવું" આમ [નિશ્ચય] કરીને પરસ્પર એ પ્રમાણે વચન આપ્યું, વચન આપીને અનેકવિધ ચતુર્થ, છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દ્વાદશ, અર્ધમાસ, માસ આદિ તપોપવાસ દ્વારા આત્માને ભાવિત કરતા તેઓ વિહરવા લાગ્યા.

ત્યાર બાદ તે મહાબલ અણગારે સ્ત્રી-નામ-ગોત્ર કર્મ બાંધ્યું, કારણ કે જ્યારે મહાબલ સિવાયના બાકીના છ અણગારો ચતુર્થ-ભક્ત તપ કરતા ત્યારે મહાબલ અણગાર ષષ્ઠ-ભક્ત તપ કરતા; જ્યારે તે મહાબલ સિવાયના બાકીના છ અણગારો ષષ્ઠ-ભક્ત તપ કરી વિહરતા ત્યારે તે મહાબલ અણગાર અષ્ટમ ભક્ત તપ કરતા. આ રીતે જ્યારે [બીજા] અષ્ટમ તો [મહાબલ] દશમ અને [બીજા] દશમ તપ કરતા તો તે [મહાબલ] દ્વાદશ તપ કરતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થંકર-નામકર્મ-ઉપાર્જન—

૧૪૮. [સ્ત્રીનામગોત્ર કર્મ બાંધવા છતાં] તેમણે આ વીશ સ્થાનોની વારંવાર સાધના-આસેવના કરવાથી તીર્થંકર-નામકર્મનું ઉપાર્જન કર્યું—

તે આ પ્રમાણે [સંગ્રહણી-ગાથાર્થ—]—

અરિહંત, સિદ્ધ, પ્રવચન-ગુરુ, સ્થવિર, બહુશ્રુત અને તપસ્વીઓ પ્રતિ વાત્સલ્યભાવ તથા નિરંતર જ્ઞાનોપયોગ રાખવો, દર્શનશુદ્ધિ, વિનય, આવશ્યક ક્રિયાઓ અને નિરતિચાર શીલવ્રતનું પાલન, તપશ્ચર્યામાં ક્ષણમાત્ર પણ વિરત ન થવું, વૈયાવૃત્ય, સમાધિ, જ્ઞાનોપાર્જનમાં અપૂર્વ ઉત્સાહ, શ્રુતભક્તિ અને પ્રવચન-પ્રભાવના-આ આ વસ્તુઓની આસેવનાથી જીવ તીર્થંકર પદ મેળવે છે.(૧-૩)

મહાબલ આદિની વિવિધ તપશ્ચર્યા—

૧૪૯. ત્યાર બાદ તે મહાબલ આદિ સાતે અણગારો એકમાસિક ભિક્ષુપ્રતિમા-યાવત્-એકરાત્રિક ભિક્ષુપ્રતિમા ધારણ કરતા વિહરે છે.

ત્યાર પછી તે મહાબલ-પ્રમુખ સાતે અણગારો લઘુ સિંહનિષ્ક્રીડિત તપકર્મ સ્વીકારીને વિહરે છે.

ત્યાર પછી તે મહાબલ-પ્રમુખ સાતે અણગારો સૂત્ર પ્રમાણે બે વર્ષ અને અઠ્ઠાવીશ દિવસનું લઘુ સિંહનિષ્ક્રીડિત તપ-યાવત્-આજ્ઞાનુસાર આરાધીને જ્યાં સ્થવિર ભગવંત હતા ત્યાં આવે છે, આવીને સ્થવિર ભગવંતને વંદન-નમન કરે છે, વંદન-નમન કરીને આ પ્રમાણે બોલે છે-'હે ભદંત! અમે મહાસિંહનિષ્ક્રીડિત તપની આરાધના કરવા ઇચ્છીએ છીએ.'

ત્યારબાદ તે મહાબલ-પ્રમુખ સાતે અણગારો સૂત્રાનુસાર મહાસિંહનિષ્ક્રીડિત તપ-યાવત્-આરાધના કરીને જ્યાં સ્થવિર ભગવંત હતા ત્યાં આવે છે, આવીને સ્થવિર ભગવંતને વંદન-નમન કરે છે, વંદન-નમન કરીને અનેકવિધ ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ ભક્ત તથા અર્ધમાસ અને માસક્ષમણની તપશ્ચર્યા દ્વારા આત્માને ભાવિત કરતા વિહરે છે.

ત્યારે તેવા ઉગ્ર તપોકર્મથી તે મહાબલ-પ્રમુખ સાતે અણગારોનાં શરીર શુષ્ક, દુર્બળ, માંસરહિત, કડકડ અવાજ કરતાં, હાડચામ રૂપી, કૃશ અને લુહારની ધમણ જેવાં થઈ ગયાં -સ્કંદક અણગારની જેમ જ-ચધારામાં તે બધા સ્થવિરની આજ્ઞા લઈને ધીરે ધીરે ચારુ-પર્વત પર ચડયા-યાવત્-એ માસની સંલેખના દ્વારા આત્માને તપાવીને, એક સો વીશ ભક્ત (ભોજન)નો અનશનપૂર્વક ત્યાગ કરીને, ચોરાસી લાખ વર્ષ શ્રમણ-પર્યાયનું પાલન કરીને અને ચોરાસી લાખ પૂર્વનું સમગ્ર આયુષ્ય ભોગવીને જયંત વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

ત્યાં (તે વિમાનમાં) કેટલાક દેવોની બત્રીસ સાગરોપમ પ્રમાણ સ્થિતિ કહેવાઈ છે. ત્યાં મહાબલ સિવાયના છ દેવોની બત્રીસ સાગરોપમથી કંઈક ઓછી સ્થિતિ થઈ, અને મહાબલ દેવની પૂર્ણ બત્રીસ સાગરોપમ સ્થિતિ થઈ.

મહાબલ આદિનું પ્રત્યાગમન—

૧૫૦. ત્યાર બાદ મહાબલ સિવાયના તે છએ દેવો આયુષ્યક્ષય, સ્થિતિક્ષય થવાથી જયંત દેવલોકમાંથી ચ્યવિત થઈને, આ જ જંબુદ્વીપમાં ભારતવર્ષમાં વિશુદ્ધ માતૃવંશ અને પિતૃવંશવાળાં રાજકુળોમાં પ્રત્યેક કુમારરૂપે જન્મ્યા, તે આ પ્રમાણે—

૧. ઇક્ષ્વાકુ-રાજ પ્રતિબુદ્ધ	૨. અંગ-રાજ ચંદ્રછાય
૩. કાશી-રાજ શંખ	૪. કુણાલ-અધિપતિ રુક્મિ
૫. કુરુ-રાજ અદીનશત્રુ	૬. પંચાલ-અધિપતિ જિતશત્રુ

મલ્લીનું ગર્ભાવતરણ—

૧૫૧. ત્યાર પછી જ્યારે ગ્રહો ઉચ્ચ સ્થાને હતા, દિશાઓ અંધકારરહિત સૌમ્ય અને શુદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી, શકુન જયસૂચક હતા, વાયુ પૃથ્વીને સ્પર્શ કરતો અનુકૂળ વહી રહ્યો હતો, ધરતી પર ધાન્ય ઊગી નીકળ્યું હતું તેવા સમયે, જનપદો આનંદમગ્ન થઈ ખેલી રહ્યા હતા ત્યારે, ચંદ્ર અશ્વિની નક્ષત્રમાં હતો ત્યારે, હેમંત ઋતુના ચોથા માસે આઠમા પક્ષે અર્થાત્ ફાગણ શુકલા ચતુર્થીના દિને, અર્ધ રાત્રી સમયે, બત્રીસ સાગરોપમનું દેવ આયુષ્ય પૂર્ણ કરીને પછી જયંત વિમાનમાંથી ચ્યવીને આહાર-ભવ-શરીરસ્થિતિનો અંત થતાં, આ જ જંબુદ્વીપના ભારતવર્ષમાં મિથિલા રાજધાનીમાં, કુંભક રાજાની રાણી પ્રભાવતી દેવીની કુક્ષિએ, તે મહાબલ દેવ, ત્રણ જ્ઞાન સાથે, ગર્ભરૂપે આવ્યા.

૧૫૨. જે રાત્રીએ તે મહાબલ દેવ પ્રભાવતી દેવીની કુક્ષિમાં ગર્ભરૂપે આવે છે તે રાત્રીએ તે પ્રભાવતી દેવી ચૌદ મહાસ્વપ્ન જોઈને જાગી અને પોતાના સ્વામીને તે સ્વપ્નની વાત કરી. ત્યાર બાદ સ્વપ્નપાઠકોને પૃચ્છા [વર્ણન]-યાવત્-વિપુલ ભોગો ભોગવતી સમય નિર્ગમન કરે છે.

૧૫૩. ત્યાર બાદ તે પ્રભાવતી દેવીને [ગર્ભ-ધારણના] ત્રણ માસ પરિપૂર્ણ થયા ત્યારે આ પ્રકારનો દોહદ ઉત્પન્ન થયો—

'તે માતાઓ ધન્ય છે જે જળ-સ્થળમાં ઉત્પન્ન થનાર પંચરંગી અનેકવિધ પુષ્પોની માળાઓ આચ્છાદિત-શણગારેલ શૈયા પર બેસે છે, સુખપૂર્વક સૂવે છે, અને પરમ સુખ-દાયક સ્પર્શવાળા, પાટલ, મલ્લિકા, ચંપક, અશોક, પુન્નાગ, નાગ, મરવક, દમનક અને અનવદ્ય નિર્મળ કુબ્જક પુષ્પોના બનેલા તથા મહાસુગંધિત રજ પ્રસરાવનાર એવા એક અનુપમ, દર્શનીય શ્રીદામ ગંડને સૂંઘતી પોતાના દોહદ પૂરા કરે છે.'

ત્યાર બાદ તે પ્રભાવતી દેવીને આવા પ્રકારનો દોહદ ઉત્પન્ન થયો છે તેમ જાણીને નજીકમાં રહેલા વાનવ્યંતર દેવોએ તરત જ જળ અને સ્થળમાં ઉત્પન્ન થયેલાં પંચરંગી પુષ્પો કુંભપ્રમાણ અને ભારપ્રમાણ (અર્થાત્ અતિ ઘણા પ્રમાણમાં) લાવીને કુંભ રાજાના ભવનમાં રાખ્યાં, અને વળી એક મોટો શ્રીદામગંડ-યાવત્-સુરભિગંધયુક્ત લાવીને રાખ્યો.

ત્યાર બાદ તે પ્રભાવતી દેવીએ જળ-સ્થળોત્પન્ન તેજસ્વી અને પંચરંગી એવાં અનેક ઘણાં પુષ્પો વડે પોતાનો દોહદ પૂરો કર્યો. ત્યાર પછી તે પ્રભાવતી દેવી પ્રશસ્ત દોહદવાળી, સમ્માનનીય દોહદવાળી, પૂર્ણ દોહદવાળી, સંપૂર્ણ દોહદવાળી અને સંપ્રાપ્ત દોહદવાળી બનીને વિપુલ માનવીય ભોગો ભોગવતી રહેવા લાગી.

મલ્લી-તીર્થંકર-જન્મ—

૧૫૪. ત્યાર બાદ સુખપૂર્વક નવ માસ અને સાડા સાત દિવસ પૂરા થતાં, હેમંત ઋતુના પ્રથમ માસ, દ્વિતીય પક્ષ અર્થાત્ માગશર શુકલ પક્ષે, માગશર સુદિ અગિયારસે, મધ્ય રાત્રીએ, અશ્વિની નક્ષત્રમાં ચંદ્ર આવ્યો ત્યારે, ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હતા ત્યારે-યાવત્-જનપદો આનંદમગ્ન હતા ત્યારે આરોગ્યમયી પ્રભાવતીદેવીએ આરોગ્યમય ઓગણીસમા તીર્થંકરને જન્મ આપ્યો.

૧૫૫. તે કાળે તે સમયે અધોલોકનિવાસિની આઠ પ્રધાન દિશાકુમારીઓએ 'જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ'માં વર્ણન કર્યા પ્રમાણે જેવી રીતે ઋષભ ભગવંતનો જન્મમહોત્સવ ઊજવ્યો હતો તેવી રીતે, માત્ર અહીં મિથિલાનગરી, કુંભ રાજા અને પ્રભાવતી રાણીના પ્રસંગમાં, ઉત્સવ કર્યો-યાવત્-નંદીશ્વર દ્વીપમાં જિનમહિમા કર્યો.

૧૫૬. ત્યારે અનેક ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોએ તીર્થંકર-જન્માભિષેક ઉત્સવ કર્યા પછી કુંભક રાજાએ પ્રાતઃકાળે નગરરક્ષકોને બોલાવ્યા, જાતકર્મ-યાવત્-નામ-કરણવિધિ કર્યો,-આપણી આ પુત્રીની માતાને પુષ્પમાળાની પથારીનો દોહદ થયો હતો, તેથી આપણી આ પુત્રીનું નામ મલ્લી રહો.' [એમ મલ્લી નામ પડ્યું.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫૭. ત્યાર બાદ તે મલ્લી પાંચ ધાવ માતાઓ દ્વારા ઉછેરાતી–યાવત્–સુખપૂર્વક વધવા લાગી. મહાબલના વર્ણન મુજબ એની વૃદ્ધિ જાણવી, [ગાથાર્થ–].

દેવલોકમાંથી આવેલી, અનુપમ રૂપવતી તે ભગવતી દાસ–દાસીઓથી ઘેરાયેલી અને પીઠમર્દક–સેવકોથી વીંટળાયેલી વધવા લાગી(૧)

તેના વાળ કાળા, આંખો સુંદર, હોઠ બિંબફળ જેવા અને દાંતની હાર શ્વેત હતી. ઉત્તમ કમળ જેવી તે કોમળ અંગવાળી હતી અને તેના શ્વાસોચ્છ્વાસમાં ખીલેલા કમળની સુગંધ હતી.

ત્યાર બાદ વિદેહની ઉત્તમ રાજકન્યા તે મલ્લી બાલભાવ મૂકીને યોગ્ય કળાઓ સંપાદન કરતી યૌવનકાળમાં આવી, અને રૂપ, યૌવન તથા લાવણ્યમાં અતિ અતિ ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ શરીરસંપત્તિવાળી બની ગઈ.

મલ્લી દ્વારા મોહન-ગૃહનું નિર્માણ—

૧૫૮. ત્યાર બાદ સો વર્ષથી થોડી ઓછી વયની થતાં તે મલ્લીએ વિપુલ અવધિજ્ઞાન દ્વારા રાજાઓ રૂપે ઉત્પન્ન થયેલા પોતાના છ પ્રિય મિત્રો જોયા–ઈક્ષ્વાકુરાજ પ્રતિબુદ્ધ, અંગરાજ ચન્દ્રછાય, કાશીરાજ શંખ, કુણાલાધિપતિ રુક્મિ, કુરુરાજ અદીનશત્રુ અને પંચાલાધિપતિ જિતશત્રુ.

૧૫૯. ત્યાર બાદ તે મલ્લીએ કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! અશોકવાટિકામાં સેંકડો સ્તંભયુક્ત એક ભવ્ય મોહનગૃહનું નિર્માણ કરો. તે મોહનગૃહના બરાબર વચ્ચેના ભાગમાં છ ગર્ભગૃહ (ભોંયરાં) બનાવો. તે ગર્ભગૃહોના બરાબર વચ્ચેના ભાગમાં જાલગૃહો (જાળીવાળા ઓરડા) બનાવો. તે જાલગૃહની બરાબર વચ્ચેના ભાગમાં મણિ–પીઠિકા બનાવો. આ પ્રમાણે સઘળું કરીને મને જાણ કરો.'

તેઓએ પણ તે પ્રમાણે કરીને–યાવત્–જાણ કરી.

૧૬૦. ત્યાર બાદ તે મણિપીઠિકા પર મલ્લીએ પોતાના જેવી જ, સરખી ત્વચાની, સરખી ઉમરની જણાય તેવી, સરખાં રૂપ–લાવણ્ય–યૌવન ગુણોવાળી, સુવર્ણમય પ્રતિમા મુકાવી, તે પ્રતિમાના મસ્તકમાં છિદ્ર કરાવીને તેના પર પદ્મપત્ર ઢંકાવ્યું. આ રીતે કરીને પછી પોતે જે વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્યનો આહાર લેતી તે સરસ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય આહારમાંથી પ્રતિદિન એક એક કોળિયો લઈને તે પદ્મપત્રથી ઢાંકેલ સછિદ્ર મસ્તકવાળી સુવર્ણમયી પ્રતિમાના મસ્તકભાગમાં નાખતી.

એ રીતે મસ્તકમાં છિદ્રવાળી પદ્મપત્રથી ઢંકાયેલી તે કનકમયી પ્રતિમામાં એક એક કોળિયો નાંખવાથી તેમાં દુર્ગંધ પેદા થવા લાગી.

તે દુર્ગંધ એવી હતી–જાણે મરેલા સાપની ગંધ જેવી, અથવા મૃત ગાયની ગંધ જેવી, અથવા મૃત કૂતરાની, યા મરેલ બિલાડીની, યા મૃત મનુષ્યની, યા મૃત પાડાની, યા મૃત ઉંદરની, યા મૃત અશ્વની, યા મૃત હાથીની, યા મૃત સિંહની, યા મૃત વાઘની, યા મૃત વરુની, યા મૃત દીપડાની ગંધ જેવી હતી. મરેલ, કહોવાઈ ગયેલ, ગળી ગયેલ, જનાવરોએ ખાધેલી અને કીડાઓના સમૂહથી છવાયેલી કોઈ અશુચિ, ગળી ગયેલ, વિકૃત, બીભત્સ દેખાવની લાશની ગંધ કદાચ આવી હોય ? એમ કહેવું પૂરતું નથી. આ ગંધ તો એનાથી ય અધિક અનિષ્ટ, અધિક અરમણીય, અધિક અપ્રિય અને અધિક અમનોજ્ઞ તથા અમનહર હતી.

પ્રતિબુદ્ધ રાજાની રાણી પદ્માવતીદેવીનો નાગ-મહોત્સવ—

૧૬૧. તે કાળે તે સમયે કોશલ નામક જનપદ હતું. તેમાં સાકેત નામે નગર હતું. તેની ઉત્તર-પૂર્વ દિશા–ઈશાનકોણ–માં એક વિશાળ નાગગૃહ હતું, જે દિવ્ય અને શરણાગતની સાચેસાચ રક્ષા કરનાર હતું. તે સાકેત નગરમાં પ્રતિબુદ્ધ નામે ઈક્ષ્વાકુ કુળનો રાજા હતો. તેની પદ્માવતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામે રાણી હતી. સામ, દામ, ભેદ અને દંડયુક્ત નીતિઓમાં કુશળ સુબુદ્ધિ નામે તેનો અમાત્ય હતો.

૧૬૨. ત્યારે એક વખત તે પદ્માવતી દેવીએ નાગયજ્ઞ (નાગપૂજા કે નાગમહોત્સવ) કર્યો હતો.

ત્યારે તે નાગયજ્ઞનો સમય થતાં તે પદ્માવતી દેવી જ્યાં પ્રતિબુદ્ધ રાજા હતો ત્યાં આવી, ત્યાં આવીને બન્ને હથેળીની દશે આંગળીઓ મસ્તક સમીપે લઈ જઈ હાથ જોડીને નમન કર્યું, જયજયકારથી રાજાને વધાવ્યો, વધાવીને આ પ્રમાણે બોલી—

'હે સ્વામિ ! કાલે મારો નાગયજ્ઞ થશે. તો તમારી આજ્ઞા હોય તો હું તે માટે જવા ઇચ્છું છું. હે સ્વામિ ! તમે પણ મારા નાગયજ્ઞમાં પધારો.'

ત્યારે પ્રતિબુદ્ધ રાજાએ પદ્માવતીની આ વાત સ્વીકારી.

ત્યારે પ્રતિબુદ્ધ રાજાએ અનુજ્ઞા આપતાં પદ્માવતીએ હૃષ્ટ-તુષ્ટ થઈને કૌટુંબિક-પુરુષો (સેવકો)ને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! કાલે મારો નાગયજ્ઞ છે તો તમે માળીઓને બોલાવો અને બોલાવીને આમ કહો—કાલે પદ્માવતી દેવીનો નાગયજ્ઞ છે, તેથી હે દેવાનુપ્રિયો ! જળ-સ્થળમાં ઉત્પન્ન થતાં પંચરંગી પુષ્પો અને પુષ્પમાળાઓ નાગગૃહમાં પહોંચાડો અને એક સરસ શ્રીદામગંડ લાવો.

ત્યાર પછી જળ-સ્થળમાં ખીલેલાં પંચરંગી પુષ્પોથી રચેલ હંસ, મૃગ, મયૂર, ક્રૌંચ, સારસ, ચક્રવાક, સારિકા, કોકિલ, આદિ પક્ષીઓ અને ઈહામૃગ, વૃષભ, તુરગ, નર, મકર, વિહગ, વ્યાલ, કિન્નર, રુરુ, શરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતા આદિનાં સુંદર ચિત્રોથી સુશોભિત, મહાર્ઘ, વિશાળ એવો પુષ્પમંડપ રચો.

તેની બરાબર વચ્ચે એક મહાન શ્રીદામગંડ -યાવત્-સુગંધ ફેલાવતા તેને ચંદરવા વચ્ચે લટકાવો, લટકાવીને પછી પદ્માવતી દેવીની રાહ જોઈને ત્યાં બેસો.'

ત્યારે તે કૌટુંબિકો-યાવત્-પદ્માવતી દેવીની રાહ જોતા ત્યાં બેઠા.

૧૬૩. ત્યાર બાદ બીજે દિવસે રાત વીતીને પ્રભાત થતાં-યાવત્-સહસ્સરશ્મિ દિનકર સૂર્ય તેજથી પ્રકાશવા લાગ્યો ત્યારે તે પદ્માવતી દેવીએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ સાકેત નગરને અંદર-બહારથી વાળી સ્વચ્છ કરી સુગંધી જળ છાંટી-યાવત્-ધૂપસળી જેવું બનાવો, બનાવરાવો અને બનાવી-બનાવરાવી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

તેઓએ પણ તે પ્રમાણે કરી-યાવત્-જાણ કરી.

ત્યાર બાદ તે પદ્માવતી દેવીએ બીજી વાર કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ ઝડપી ગતિવાળો-યાવત્-પ્રોગ્ય, શ્રેષ્ઠ રથ લઈ આવો.'

તેઓ પણ તે પ્રમાણે લઈ આવ્યા.

૧૬૪. ત્યાર બાદ તે પદ્માવતી દેવી અંતઃપુરની અંદર સ્નાન કરી—યાવત્-ધર્મરથ પર સવાર થઈ.

ત્યાર બાદ પોતાના પરિવાર સાથે તે પદ્માવતી દેવી સાકેત નગરની વચ્ચોવચ્ચથી નીકળી, નીકળીને જ્યાં વાવ હતી ત્યાં આવી, આવીને વાવમાં પ્રવેશી, પ્રવેશીને પાણીમાં ડુબકી મારી-યાવત્-અતિ પવિત્ર બની, ભીની સાડીવાળી તે જ્યાં કમળો હતાં-યાવત્-કમળો લીધાં અને જ્યાં નાગગૃહ હતું તે તરફ ચાલી.

ત્યાર બાદ તે પદ્માવતી દેવી સમગ્ર વૈભવપૂર્વક જ્યાં નાગગૃહ હતું ત્યાં આવી, આવીને નાગગૃહમાં પ્રવેશી, પ્રવેશીને પીછાંની સાવરણી ફેરવી-યાવત્-ધૂપ સળગાવ્યો. ધૂપ કરીને પ્રતિબુદ્ધ રાજાની રાહ જોતી બેઠી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬૫. ત્યારબાદ સ્નાન કરી પ્રતિબુદ્ધ રાજા ઉત્તમ હાથીની પીઠ પર સવાર થયો, કોરંટ પુષ્પોની માળાઓવાળું છત્ર તેના પર ધરવામાં આવ્યું અને શ્વેત ઉત્તમ ચામરો વીંઝાવા લાગ્યા. એવી રીતે હાથી, ઘોડા, રથ અને પ્રવર જોદ્ધાઓ સાથેની ચતુરંગિણી સેનાથી વીંટળાયેલો તથા અનેક સુભટો, ચારણો, રથો, પદાતિઓના સમૂહથી ઘેરાયેલો તે સાકેત નગરની વચ્ચોવચ્ચ થઈને પસાર થયો, પસાર થઈને જ્યાં નાગગૃહ હતું ત્યાં આવ્યો, આવીને હાથીની પીઠ પરથી નીચે ઊતર્યો, ઊતરીને દિશાઓમાં પ્રણામ કર્યા, પ્રણામ કરીને પુષ્પમંડપમાં પ્રવેશ્યો, પ્રવેશીને પેલા ભવ્ય શ્રીદામગંડને જોયો.

મલ્લીના શ્રીદામગંડની પ્રશંસા—

૧૬૬. ત્યારબાદ પ્રતિબુદ્ધ રાજાએ તે શ્રીદામગંડનું લાંબા સમય સુધી નિરીક્ષણ કર્યું, નિરીક્ષણ કરીને તે શ્રીદામગંડથી આશ્ચર્યચકિત થયેલો તે સુબુદ્ધિ અમાત્યને કહેવા લાગ્યો-'હે દેવાનુપ્રિય ! મારા દૂત તરીકે તું અનેક ગામ—યાવત્-સન્નિવેશોમાં ઘૂમે છે, અનેક રાજેશ્વરો-યાવત્-સાર્થવાહોના ગૃહોમાં પ્રવેશે છે, તો તેં પૂર્વે જોયો આ પદ્માવતી દેવીનો શ્રીદામગંડ છે તેવો કયાંય જોયો છે ખરો ?'

ત્યારે તે સુબુદ્ધિએ પ્રતિબુદ્ધ રાજાને આમ કહ્યું—

'હે સ્વામિ ! જોયો છે. એક વખત આપના દૂત તરીકે હું મિથિલા રાજધાનીમાં ગયો હતો, ત્યાં કુંભક રાજાની પુત્રી, પ્રભાવતી દેવીની જાયા, મલ્લીની વર્ષગાંઠ પ્રસંગે મેં દિવ્ય શ્રીદામગંડ જોયેલ. તે શ્રીદામગંડની તુલનામાં આ પદ્માવતી દેવીનો શ્રીદામગંડ લાખમા ભાગની કિંમતનો પણ નથી.'

મલ્લીના રૂપની પ્રશંસા—

૧૬૭ ત્યારે તે પ્રતિબુદ્ધે સુબુદ્ધિ અમાત્યને કહ્યું—'હે દેવાનુપ્રિય ! જેની વર્ષગાંઠના શ્રીદામગંડ પાસે પદ્માવતી દેવીના શ્રીદામગંડની કિંમત લાખમા ભાગનીય નથી તે વિદેહરાજ-કન્યા મલ્લી વળી કેવી છે ?'

ત્યારે સુબુદ્ધિએ ઇક્ષ્વાકુરાજ પ્રતિબુદ્ધને આમ કહ્યું—

'હે સ્વામિ ! વિદેહરાજ-કન્યા મલ્લી સુપ્રતિષ્ઠિત કુર્મોન્નત ચારુ ચરણવાળી-યાવત્-પ્રતિરૂપ છે.' સઘળું વર્ણન કરે છે.

સુબુદ્ધિ અમાત્ય પાસેથી આ વાત સાંભળી શ્રીદામગંડથી હર્ષિત થયેલા પ્રતિબુદ્ધ રાજાએ દૂતને બોલાવ્યો, બોલાવીને આમ કહ્યું—

'હે દેવાનુપ્રિય ! મિથિલા રાજધાની જા. ત્યાં જઈને કુંભકરાજાની પુત્રી, પ્રભાવતી દેવીની જાયા, વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા મલ્લીનું મારી ભાર્યા તરીકે માગું કર, ભલે તેના બદલામાં સઘળું રાજ્ય આપવું પડે.'

પ્રતિબુદ્ધ રાજાના દૂતનું મિથિલા-ગમન—

૧૬૮. ત્યાર પછી પ્રતિબુદ્ધ રાજાએ આ પ્રમાણે કહ્યું તે તે દૂતે આનંદપૂર્વક સ્વીકાર્યું, સ્વીકારીને જ્યાં પોતાનું ઘર હતું, જ્યાં ચાર ઘંટાઓથી સજ્જ અશ્વરથ હતો ત્યાં તે આવ્યો, આવીને ચાર ઘંટાથી સજ્જ અશ્વરથને તૈયાર કર્યો. તૈયાર કરીને તે પર સવાર થયો અને હાથી, ઘોડા, રથ, જોદ્ધાઓ સાથેની ચતુરંગિણી સેનાથી વીંટળાઈને ખૂબ આડંબરપૂર્વક સાકેતથી નીકળ્યો, નીકળીને જ્યાં વિદેહ જનપદ અને જ્યાં મિથિલા રાજધાની હતી ત્યાં જવા પ્રયાણ કર્યું.

અર્હન્નક વણિકની સમુદ્રયાત્રા—

૧૬૯. તે કાળે તે સમયે અંગ નામે દેશ હતો. તેમાં ચંપા નામે નગરી હતી. તે ચંપાનગરીમાં અંગદેશનો રાજા ચંદ્રચ્છાય નામે હતો. તે ચંપાનગરીમાં અર્હન્નક-પ્રમુખ ઘણા સમુદ્ર ખેડનારા વણિકશ્રેષ્ઠીઓ હતા, સઘળા ધનવાન-યાવત્-કોઈથી ગાંજ્યા ન જાય તેવા હતા. તેમાં તે અર્હન્નક શ્રમણોપાસક(શ્રાવક) હતો, જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ-અજીવ આદિ તત્ત્વોનો જ્ઞાતા હતો—સમગ્ર વર્ણન.

૧૭૦. ત્યારે કોઈ એક વાર અર્હન્નક-પ્રમુખ તે સમુદ્ર-વણિકો એકત્ર થયેલા ત્યારે તેમની વચ્ચે વાર્તાલાપમાં આવો વિચાર થયો—

'આપણે ગણિમ (ગણી શકાય તેવી વસ્તુ), ધરિમ (ધારણ કરી શકાય તેવી વસ્તુ), મેય (માપી શકાય તેવી વસ્તુ), પરિચ્છેદ્ય (કાપી શકાય તેવી વસ્તુ) વસ્તુઓ લઈને વહાણો દ્વારા લવણસમુદ્રને પાર કરીએ તો ખરેખર લાભ થશે.' આવો વિચાર અન્યોન્ય પાસે જાણ્યો, જાણીને તેઓએ ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય વસ્તુઓ લીધી, લઈને ગાડી-ગાડાં તૈયાર કર્યાં, તૈયાર કરીને ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય સામગ્રીથી ગાડી-ગાડાં ભર્યાં, ભરીને શુભ તિથિ, કરણ, નક્ષત્ર, મુહૂર્ત સમયે વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય પદાર્થો તૈયાર કરાવ્યા, કરાવીને મિત્રો, જ્ઞાતિજનો, પોતાનાં સ્વજન, સંબંધી, પરિજનોને ભોજન-સમારંભ કરી ભોજન કરાવ્યું, ભોજન કરાવીને મિત્રો, જ્ઞાતિજનો પોતાનાં સ્વજન-સંબંધી—પરિજનોની રજા લીધી, રજા લઈને ગાડી—ગાડાં જોડ્યાં, જોડીને ચંપાનગરીની વચ્ચોવચ્ચથી પસાર થયા, પસાર થઈને જ્યાં ગંભીરક નામે મોટું બંદર હતું ત્યાં આવ્યા, આવીને ગાડી-ગાડાં છોડ્યાં, વહાણો સજ્જ કર્યાં, સજ્જ કરીને તેમાં ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય સામગ્રી ભરી, વળી ચોખા, ઘઉં, તેલ, ઘી, ગોળ, ગોરસ, પાણી, વાસણો, ઔષધીઓ, દવાઓ, તૃણ, કાષ્ઠ, વસ્ત્રો, શસ્ત્રો વગેરે બીજી પણ અનેક વહાણોમાં લઈ જઈ શકાય એવી સામગ્રીથી વહાણો ભર્યાં.

શુભ તિથિ, કરણ, નક્ષત્ર અને મુહૂર્ત જોઈને વિપુલ અશન પાન, ખાદ્ય, સ્વાદ્ય બનાવરાવ્યાં, બનાવરાવી મિત્રો, જ્ઞાતિજનો પોતાનાં સ્વજનો, સંબંધીવર્ગને ભોજન સમયે આમંત્રી, ભોજન કરાવી મિત્રો, જ્ઞાતિજનો, સ્વજન-સંબંધીઓની રજા લીધી, રજા લઈને જ્યાં વહાણો હતાં ત્યાં આવ્યા.

૧૭૧. ત્યાર બાદ તે અર્હન્નક-પ્રમુખ બધા સમુદ્ર-વણિકોનાં મિત્રો જ્ઞાતિજનો, સ્વજન, સંબંધીઓ આવા ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનહર, મનોરમ, ઉદાર શબ્દોથી તેમનું અભિવાદન કરવા લાગ્યાં—

'હે આર્ય! તાત! ભાઈ! મામા! કે ભાણેજ! ભગવાન સમુદ્રદેવ દ્વારા સુરક્ષિત તમે ચિરંજીવ હો, તમારું કલ્યાણ હો, ફરી પાછા અર્થલાભ મેળવીને, કાર્ય સિદ્ધ કરીને, સમગ્ર કુશળતાપૂર્વક તમને ઘરે પાછા ફરેલા જોઈશું એવી શુભકામના' એમ કહેતાં તેઓ સૌમ્ય, સ્નિગ્ધ, ઉત્સુક, અશ્રુપૂરિત દૃષ્ટિથી જોતાં મુહૂર્ત સુધી ત્યાં રહે છે.

ત્યાર બાદ ફૂલો અને નૈવેદ્ય ચડાવીને, સરસ રક્ત ચંદનના થાપા દઈને, ધૂપ કરીને, સમુદ્ર-વાયુની પૂજા કરીને, લહેસાં આદિ તૈયાર કરીને, ધ્વજાઓ ફરકતા સઢ ઊંચા કરીને, વાજિંત્રોના વાગવા સાથે, જયસૂચક શકુનો સાથે રાજાની આજ્ઞા લઈને, ઉત્કૃષ્ટ સિંહનાદ જેવા મહાન કોલાહલ સાથે, પ્રક્ષુબ્ધ મહા-સમુદ્રના રવથી જાણે પૃથ્વીને ગજાવતા અર્હન્નક આદિ સમુદ્રવણિકો એક દિશામાં એકલક્ષ્યા-ભિમુખ થઈને વહાણોમાં બેઠા.

ત્યારે ભાટ—ચારણોએ આશીર્વચન કહ્યાં, 'હે સમુદ્ર-વણિકો! તમને સહુને કાર્યસિદ્ધિ હો, તમારું કલ્યાણ હો, પાપો દૂર થયાં છે અને પુષ્ય નક્ષત્રનો યોગ છે, વિજય મુહૂર્ત છે—પ્રસ્થાન માટે યોગ્ય દેશકાળ છે.'

ભાટ-ચારણોએ આવાં આશીર્વચન ઉચ્ચાર્યાં એટલે હૃષ્ટતુષ્ટ થઈને કર્ણધાર, કુક્ષિધાર, ગર્ભગૃહ(ભોંયતળિયા)માં રહેલા આદિ સમુદ્ર-વણિકો પોતાના કામમાં લાગ્યા, અને પૂર્ણ ભરેલ પૂર્ણમુખ એવી તે નૌકાઓ-ને લંગરમાંથી છોડી. ત્યારે લંગરમાંથી છૂટેલ, વાયુના વેગથી પ્રેરાઈને ફૂલેલા સઢવાળી તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૌકા ખોલેલ પાંખોવાળી ગરુડ યુવતીની જેમ ગંગાના પાણીના ધસમસના પ્રવાહના વેગથી ઊછળતી ઊછળતી, હજારો મોજાંની માળાઓ વટાવતી વટાવતી, કેટલાક દિવસે લવણસમુદ્રમાં અનેક યોજન દૂર નીકળી ગઈ.

તાલપિશાચાદિના ઉત્પાતોનો પ્રાદુર્ભાવ–

૧૭૨. ત્યાર પછી તે અર્હન્નક વગેરે સમુદ્રયાત્રિકો લવણસમુદ્રમાં સેંકડો યોજન દૂર સુધી ગયા ત્યારે સેંકડો પ્રકારના ઉપદ્રવો પેદા થયા, જેવા કે–

અકાળ ગર્જના, અકાળ વીજળી, અકાળ કડકડાટી, વારંવાર આકાશમાં દેવતાઓનો નાચ.[૧]

ત્યારે તે અર્હન્નક સિવાયના બીજા બધા સમુદ્રવણિકોએ એક મોટા તાલપિશાચને જોયો—તે તાડ જેવી જંઘાઓવાળો, આકાશ સુધી પહોંચેલી બે ભુજાઓ વચ્ચેથી ફૂટતા માથાવાળો, ભ્રમરસમૂહ, મેશના ઢગલા કે પાડા જેવા કાળા રંગનો, પાણી ભરેલાં વાદળાંના રંગનો, સૂપડા જેવા નખવાળો, પાટિયા જેવી જીભવાળો, લાંબા હોઠવાળો, ધોળી, આડી-અવળી, તીક્ષ્ણ, મજબૂત, જાડી, વાંકી દાઢોવાળા મુખવાળો, મ્યાનમાંથી નીકળેલી ધારદાર તરવાર-યુગલ જેવી પાતળી, ચંચળ, લાળ ટપકતી અને લપકતી, બહાર લટકતી જીભવાળો હતો.

મોં ફાડવાથી દેખાતું તેનું તાળવું વિકૃત, બીભત્સ, લાળ ટપકતું અને રક્તવર્ણવાળું હતું, લિંગળો ભરેલી ગુફાઓવાળી કંદરાઓવાળા અંજન-ગિરિ જેવું તેનું મોં જાણે કે આગ ઓકતું હતું.

તેના બન્ને ગાલ સૂકી મશકના ચામડાની જેમ અંદર બેસી ગયેલા હતા, તેનું નાક નાનું અપટું વાંકું અને બેસી ગયેલું હતું, તેની નાસિકાનાં છિદ્રો ક્રોધને કારણે નીકળતા ધસમસના પવનથી કઠોર કડક અને પહોળાં થયેલાં હતાં, હવા નીકળવાને કારણે ઊંચું થયેલું તેનું મોં ભયાનક લાગતું હતું, ઊંચા કરેલા મોંથી કાનનાં છિદ્ર સુધી ઊગેલાં સઘન રુવાંટીવાળા તેના કાન લટકતા શંખ જેવા લાગતા હતા, તેની પિંગળી આંખો તેજથી ચમકતી હતી, તેની ભ્રમરો કપાળ સુધી ખેંચાયેલી હતી, પોતાના ચિહ્નરૂપે મનુષ્ય-મસ્તકોની માળા તેણે પહેરી હતી, કવચરૂપે અનેકવિધ સર્પોને તેણે શરીર ફરતા વીંટ્યા હતા, ખભા પર તેણે સળવળતાં, ફુંફાડા મારતાં સર્પ, વીંછી, ઘો, નોળિયા, કરચલાઓની બનેલી વિચિત્ર માળાઓ જનોઈની જેમ લટકાવી હતી, ભયંકર ધમધમતા ફણિધર કૃષ્ણ નાગો કાનમાં કુંડળની જેમ તેણે લટકાવ્યા હતા.

તેણે ખભા પર બિલાડા અને શિયાળ ધારણ કર્યાં હતાં, ધૂધવતા ચિત્કારતા ઘુવડને મસ્તક પર મુકુટરૂપે ધારણ કર્યા હતા, તે ભયંકર ઘંટનાદ કરતો હતો, કાયર માણસોના હૃદયને ફોડી નાંખતું અટ્ટહાસ્ય તે વારંવાર કરતો હતો, તેનું શરીર ચરબી, લોહી, પસ, માંસ અને મળથી પચપચતું હતું, તેનાથી તે ત્રાસકર્તા હતો.

તેની છાતી વિશાળ હતી, તેનું અધોવસ્ત્ર શ્રેષ્ઠ વાઘના છૂટા કરેલા નખ, મોં, આંખો

---

૧. અહીં બે વાચનાઓનો પાઠ ભળી ગયેલ લાગે છે. પાઠાન્તર આ પ્રમાણે છે—એક મોટા પિશાચને તેઓ જુએ છે—તે પિશાચ તાડ જેવી જંઘાવાળો, આકાશને અડતી ભુજાઓવાળો, મેશ ઉંદર અને પાડા જેવો કાળો, ભરેલા વાદળા જેવા વર્ણનો, લાંબા હોઠવાળો, બહાર નીકળેલા દાંતવાળો, લપકતી બેવડી જીભવાળો, બહાર નીકળેલાં જડબાંવાળો, દબાયેલ ચપટા નાકવાળો, ભયાનક અને વક્ર ભ્રૂકુટિવાળો, આગિયા જેવી ચમકતી આંખોવાળો, ત્રાસ પેદા કરે તેવો, પહોળી છાતી અને લાંબા–પહોળા પેટવાળો, હસે ત્યારે જેનાં અંગો હલતાં અને પ્રગટ થતાં તેવો; નાચતો, કૂદતો, ગર્જના કરતો, ચાલતો અને વારંવાર અટ્ટહાસ્ય કરતો તથા નીલકમળ, મહિષસીંગ કે અળસીના ફૂલ જેવા કાળા રંગની, અસ્તરા જેવી ધારવાળી તલવાર લઈને સામે ધસમસતો આવતો જુએ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કાન નજરે પડે તેવા ચામડાનું બનેલું હતું, તેના ઊંચા ઉઠાવેલા બન્ને હાથમાં લોહી નીતરતું વિશાળ ગજચર્મ હતું, તેવા ક્રૂર, કઠોર, કર્કશ, ગર્વિષ્ઠ, અનિષ્ટ, અશુભ, અપ્રિય અણગમતા અને વાણીથી ત્રાસ ઉપજાવતા તાલપિશાચને તેઓએ નજીક આવતો જોયો, જોઈને તેઓ ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન થઈને અતિ ભયથી એકબીજાના શરીરને વળગી પડ્યા.

તેમાંનાં ઘણાએ ઇન્દ્રની, ઘણાએ સ્કંદની, ઘણાએ રુદ્રની, ઘણાએ શિવની, ઘણાએ વૈશ્રમણની, ઘણાએ નાગની, ઘણાએ ભૂતની, ઘણાએ યક્ષની અને ઘણાએ વળી કોટ્ટકિરિયા વ. દેવીઓની સેંકડો માનતાઓ રાખી.

૧૭૩. ત્યારે તે અર્હન્નક શ્રમણોપાસકે તે દૈવી પિશાચરૂપને પાસે આવતું જોયું, જોઈને તેથી ભય પામ્યા વિના, ત્રસ્ત થયા વિના, ચલિત થયા વિના, સંભ્રાંત થયા વિના, આકુળ થયા વિના, ઉદ્વિગ્ન થયા વિના, મુખ કે આંખનો રંગ બદલ્યા વિના, મનમાં દીનતા કે ઉદાસીનતા લાવ્યા વિના, તેણે વહાણના એક ભાગમાં વસ્ત્રના છેડાથી ભૂમિ સ્વચ્છ કરી પછી તેના પર બેસીને બે હથેળી મસ્તક પાસે લઈ જઈ જોડીને આ પ્રમાણે બોલ્યો—

'અરહંત ભગવંતોને નમસ્કાર—યાવત્—સિદ્ધિગતિ નામ સ્થળે પહોંચી ગયેલાઓને નમસ્કાર.

જો હું આ ઉપસર્ગમાંથી બચી જઈશ તો ત્યાં સુધીનું પ્રત્યાખ્યાન કરીને પછી પારીશ અને જો આ ઉપસર્ગમાંથી ન બચું તો જીવનાન્ત સુધી મારે પ્રત્યાખ્યાન કરવું' એમ નિશ્ચય કરી તેણે સાગાર ભક્ત—પ્રત્યાખ્યાન કર્યું.

અર્હન્નકને પિશાચ-ધમકાવ્યા—

૧૭૪. ત્યાર બાદ તે પિશાચરૂપી દેવ જ્યાં અર્હન્નક શ્રમણોપાસક હતો ત્યાંજ આવ્યો અને આવીને અર્હન્નકને આ પ્રમાણે કહેવા લાગ્યો—

'અરે ઓ અર્હન્નક! અનિચ્છનીયની ઇચ્છા કરનારા! અંતકાળ નજીક આવવાનાં લક્ષણવાળા! અભાગિયા! ચઉદશિયા! શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિદ્વારા છોડાયેલા! તું તારાં આ શીલ વ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન અને પોષધ-વ્રત ઉપવાસાદિ અટકાવીશ નહીં? ભાંગીશ નહીં? ખંડિત કરીશ નહીં? તોડીશ નહીં? કે છોડશે નહીં એમ?

તો જો તું શીલવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન, પોષધ-ઉપવાસાદિથી ચલિત નહીં થાય, અટકાવીશ નહીં, ખંડિત નહીં કરે, ભાંગીશ નહીં, તોડીશ નહીં કે છોડશે નહીં તો હું આ તારું વહાણ બે આંગળીઓથી ઊંચકીશ અને ઊંચકીને સાત આઠ તાલ(તાડવૃક્ષ) જેટલું ઊંચે આકાશમાં અદ્ધર કરીશ, અદ્ધર કરીને પાણીમાં ઊંડે ડુબાડી દઈશ, જેથી કરીને તું આર્ત-રૌદ્ર ધ્યાન કરીને અસમાધિપૂર્વક અકાળે જ જીવન વિનાનો બની જઈશ.'

અર્હન્નકની ધર્મમાં દૃઢતા—

૧૭૫. ત્યારે તે અર્હન્નક શ્રમણોપાસકે તે દેવને મનોમન જ આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! જીવ-અજીવ આદિ તત્ત્વોનો જાણકાર હું અર્હન્નક નામે શ્રમણોપાસક છું. કોઈ પણ દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ, કે ગાંધર્વ મને નિર્ગ્રન્થ-પ્રવચન(જિનોપદેશિત ધર્મ)માંથી ચળાવવા, થોભાવવા કે વિપરીત ધર્મી બનાવવા સમર્થ નથી. તારી જે ઇચ્છા હોય તે કર'. એમ કહીને નિર્ભય—યાવત્—મુખનો રંગ કે આંખનો વર્ણ બદલાવ્યા વિના, મનથી પણ અડગ અચળ રહીને, નિશ્ચલ, નિષ્કંપ, શાંત રહીને તે ધર્મધ્યાન કરવા લાગ્યો.

ત્યાર પછી તે દિવ્ય પિશાચરૂપે અર્હન્નક શ્રમણોપાસકને બીજી વાર, ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું—

'અરે ઓ અર્હન્નક!....'—યાવત્—તે ધર્મધ્યાન કરવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭૬. ત્યાર પછી તે દિવ્ય પિશાચરૂપધારીએ અર્હન્નકને ધર્મધ્યાન કરતો જોયો, જોઈને અત્યંત કોપાયમાન થઈને તે વહાણને બે આંગળીઓ-વડે ઉપાડ્યું, ઉપાડીને સાતઆઠ તાડ જેટલું ઊંચું આકાશમાં ઉઠાવ્યું, ઉઠાવીને અર્હન્નકને આ પ્રમાણે કહ્યું–

'અરે ઓ અર્હન્નક! અનિચ્છિતની ઇચ્છા કરનારા! એ ઠીક નથી કે મને તારાં તપ, શીલવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન, પોષધ-ઉપવાસ આદિ ચળાવવા, થોભાવવા, ખંડિત કરવા, ભાંગવા, છોડાવવા કે ત્યાગ કરાવવા ફરજ પડે.

તેથી જો તું શીલવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન, પોષધ ઉપવાસ આદિથી ચલિત નહીં થાય, અટકીશ નહીં, તેનું ખંડન નહીં કરે, છોડશે કે ત્યજશે નહીં તો હું આ તારું વહાણ પાણીના તળિયે ડુબાડીશ, જેથી કરીને તું આર્તધ્યાન, રૌદ્રધ્યાન કરીને, અસમાધિપૂર્વક અકાળે જ જીવન-રહિત બની જઈશ.'

ત્યારે તે અર્નન્નક શ્રમણોપાસકે તે દેવને મનોમન આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિય! હું જીવ-અજીવનો જ્ઞાતા અર્હન્નક નામે શ્રમણોપાસક છું. મને દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ કે ગાંધર્વ કોઈ પણ નિર્ગ્રન્થ-પ્રવચનમાંથી ચલિત કરવા, ક્ષુબ્ધ કરવા કે ઉન્મુખ કરવા સમર્થ નથી. તું તું તારી ઇચ્છા હોય તેમ કર.' એમ કહીને નિર્ભયપણે-યાવત્-મુખ કે આંખનો રંગ બદલ્યા વિના, દીન કે શૂન્ય મનવાળો થયા વિના, નિશ્ચળ, નિષ્કંપ અને શાંત રહીને તે ધર્મધ્યાન કરવા લાગ્યો.

દેવનું પિશાચરૂપ-સંહરણ અને સ્વવૃત્તાંત-કથન—

૧૭૭. ત્યાર પછી જ્યારે તે પિશાચરૂપધારી દેવ અર્હન્નકને નિર્ગ્રન્થ-પ્રવચનમાંથી ચલિત કરવા, ક્ષુબ્ધ કરવા કે ઉન્મુખ કરવા સમર્થ ન થયો ત્યારે તે ઉપશાંત, ખિન્ન અને શરમિંદો થયો, તે વહાણને ધીરે ધીરે પાણી ઉપર મૂક્યું, મૂકીને પોતાનું દિવ્ય પિશાચરૂપ સંકેલી લીધું, સંકેલીને દિવ્ય દેવરૂપની વિકુર્વણા કરી, વિકુર્વણા કરીને આકાશમાં ઊંચે રહી, ઘુઘરીઓ-વાળા, શુદ્ધ, રંગીન અને શ્રેષ્ઠ વસ્ત્રો પહેરેલા એવા તેણે અર્હન્નક શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું—

'હે અર્હન્નક! દેવાનુપ્રિય! તું ધન્ય છે, હે દેવાનુપ્રિય! તું પુણ્યશાળી છે, હે દેવાનુપ્રિય! તું કૃતાર્થ છે, કૃતલક્ષણ છે. હે દેવાનુપ્રિય! તેં મનુષ્ય-જન્મનું અને જીવનનું ફળ સારી રીતે મેળવી લીધું છે, કારણકે નિર્ગ્રન્થ-પ્રવચનમાં તેં આટલી ભક્તિભાવના-દૃઢ શ્રદ્ધા મેળવી છે, કેળવી છે, સિદ્ધ કરી છે.

હે દેવાનુપ્રિય! એમ બન્યું કે દેવરાજ દેવેન્દ્ર શક્રે સૌધર્મ કલ્પમાં, સૌધર્માવતંસક વિમાનમાં, સુધર્મા સભામાં, ઘણા દેવોની વચ્ચે, મોટા અવાજે આમ કહ્યું, દર્શાવ્યું, પ્રરૂપણ કર્યું—

"હે દેવાનુપ્રિયો! જંબૂદ્વીપમાં, ભારતવર્ષમાં, ચંપાનગરીમાં જીવાજીવનો જ્ઞાતા અર્હન્નક શ્રમણોપાસક છે. તેને નિર્ગ્રન્થ-પ્રવચનમાંથી ચલિત કરવા, ક્ષુબ્ધ કરવા કે ઉન્મુખ કરવા કોઈ પણ દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ કે ગંધર્વ સમર્થ નથી."

ત્યારે હે દેવાનુપ્રિય! દેવરાજ દેવેન્દ્ર શક્રની એ વાતમાં મને શ્રદ્ધા ન બેઠી, વિશ્વાસ ન બેઠો, રુચિ ન થઈ. ત્યારે મારા મનમાં આવી જાતનો વિચાર, વિકલ્પ, અને સંકલ્પ થયો—

'હું અર્હન્નક પાસે પ્રત્યક્ષ જ જઈ પહોંચું અને જાણું કે અર્હન્નક ધર્મપ્રિય છે કે ધર્મપ્રિય નથી? ધર્મમાં દૃઢ છે કે નથી? શીલવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધ અને ઉપવાસ આદિમાંથી ચલિત થાય છે કે નહીં? ક્ષુબ્ધ થાય છે કે નહીં? વ્રતોનું ખંડન કરે છે કે નહીં? વ્રત ભંગ કરે છે કે નહીં? વ્રત ત્યાગ કરે છે નહીં?' આમ વિચાર કર્યો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારીને અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો, પ્રયોગ કરી આપ દેવાનુપ્રિયને જોયા-જાણ્યા, જોઈ-જાણીને ઉત્તર-પૂર્વ દિશા(ઈશાન કોણ)માં જઈને ઉત્તરવૈક્રિય શરીરની વિકુર્વણા કરી, વિકુર્વણા કરીને ઉત્કૃષ્ટ દેવગતિથી જ્યાં લવણ-સમુદ્ર હતો, જ્યાં આપ દેવાનુપ્રિય હતા ત્યાં આવ્યો, આવીને આપ દેવાનુપ્રિયને ઉપસર્ગો કર્યા, છતાં પણ આપ દેવાનુપ્રિય તે ઉપસર્ગથી ભયભીત, ત્રસ્ત, ચલિત, સંભ્રાન્ત, આકુળ, વ્યાકુળ, કે મુખરાગમાં ફેરફારવાળા કે આંખના વર્ણમાં ફેરફારવાળા કે દીન, શૂન્યમનસ્ક બન્યા નહીં.

આથી દેવેન્દ્ર દેવરાજ શક્રે જે કહ્યું હતું તે સત્ય હતું એ સિદ્ધ થયું. મેં જોયું કે આપ દેવાનુપ્રિયને ઋદ્ધિ, દ્યુતિ, યશ, વીર્ય, પુરુષાર્થ અને પરાક્રમ મળ્યાં છે, પ્રાપ્ત થયાં છે, સિદ્ધ થયાં છે, તો હે દેવાનુપ્રિય ! હું ક્ષમા માગું છું મને ક્ષમા કરો, આપ ક્ષમાશીલ છો. હું ફરી કયારેય આમ નહીં કરું.' એમ કહી અંજલિ-પૂર્વક ચરણોમાં પ્રણામ કરી ફરીફરી આ પ્રમાણે ક્ષમા માગી, ક્ષમા માગીને અર્હન્નકને બે કુંડળોની જોડી ભેટમાં આપી, ભેટ આપીને જે દિશામાંથી પ્રગટ થયેલ તે જ દિશામાં તે પાછો ફર્યો.

ત્યારે ઉપસર્ગ દૂર થયો છે એમ જાણી અર્હન્નકે પોતાની પ્રતિમા પારી.

અર્હન્નકનું મિથિલા-આગમન—

૧૭૮. ત્યારબાદ તે અર્હન્નક આદિ સહયાત્રી વહાણવટી વણિકો દક્ષિણ દિશાના અનુકૂળ પવનની મદદથી ગંભીર નામક બંદરે આવી પહોંચ્યા, આવીને વહાણોનાં લંગર બાંધ્યાં, લંગર બાંધીને ગાડી-ગાડાં સજજ કર્યાં, સજજ કરીને ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય એવી વસ્તુઓ ગાડીઓમાં ભરી, ભરીને ગાડી-ગાડાં જોડયાં, જોડીને જ્યાં મિથિલા-નગરી હતી ત્યાં આવ્યા, આવીને મિથિલા રાજધાનીની બહાર મુખ્ય ઉદ્યાનમાં ગાડી-ગાડાં છોડાવ્યાં, છોડીને મહા મૂલ્યવાન, મહાર્થ, અતિ યોગ્ય અને રાજાને આપવા લાયક વિપુલ ભેટસામગ્રી તથા દિવ્ય કુંડલયુગલ લીધાં, લઈને મિથિલા રાજધાનીમાં પ્રવેશ્યા, પ્રવેશીને જ્યાં કુંભક રાજા હતા ત્યાં આવ્યા, આવીને મસ્તક પર લઈ જઈ હાથ જોડીને નમસ્કાર કરીને મહાર્થ, મહામૂલ્ય, અતિ યોગ્ય, રાજાને યોગ્ય વિપુલ ભેટ સામગ્રી તથા દિવ્ય કુંડલ-યુગલની ભેટ ધરી.

ત્યાર પછી કુંભક રાજાએ તે સાંયાત્રિક વહાણવટી વણિકો પાસેથી તે મહાર્થ, મૂલ્યવાન, અતિ યોગ્ય, રાજાને યોગ્ય વિપુલ ભેટ સામગ્રી તથા દિવ્ય કુંડલયુગલ સ્વીકાર્યાં, સ્વીકારીને વિદેહશ્રેષ્ઠ રાજકન્યા મલ્લીને બોલાવી, બોલા-વીને તે દિવ્ય કુંડલયુગલ વિદેહશ્રેષ્ઠ કન્યાને પહેરાવ્યું, પહેરાવીને પાછી મોકલી.

ત્યાર પછી તે કુંભક રાજાએ અર્હન્નક પ્રમુખ સાંયાત્રિક વહાણવટી વણિકોને વિપુલ વસ્ત્ર, સુગંધિ પદાર્થો, વસ્ત્રાલંકારો આદિથી સત્કાર્યા, સન્માન્યા, સત્કાર-સન્માન કરી પછી એમની જકાત માફ કરી, જકાત માફ કરી અને પછી રાજમાર્ગ પર તેમને આવાસ આપ્યો, આવાસ આપીને રવાના કર્યા.

અર્હન્નકનું ચંપામાં આગમન—

૧૭૯. ત્યાર પછી તે અર્હન્નક પ્રમુખ સાંયાત્રિક વહાણવટી વણિકો જ્યાં રાજમાર્ગ પરનો આવાસ હતો ત્યાં આવ્યા, આવીને વસ્તુઓનો વ્યાપાર વિનિમય કર્યો અને બીજી વસ્તુઓ લીધી, બીજી વસ્તુઓ લઈ ગાડી-ગાડાં ભર્યાં, ભરીને જ્યાં ગંભીરપટ્ટણ બંદર હતું ત્યાં આવ્યા, આવીને વહાણો સજજ કર્યાં, સજજ કરીને તેમાં બધી સામગ્રી ચડાવી, ચડાવીને દક્ષિણ દિશાના અનુકૂળ પવનની મદદથી જ્યાં ચંપા બંદર હતું ત્યાં આવી પહોંચ્યા, આવીને વહાણો લાંગર્યાં, લાંગરીને ગાડી-ગાડાં તૈયાર કર્યાં, તૈયાર કરીને તેમાં ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય પદાર્થો ભર્યા, ભરીને ગાડી-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાડાં જોડ્યાં, જોડીને જ્યાં ચંપાનગરી હતી ત્યાં આવ્યા, આવીને ચંપાનગરીની બહાર મુખ્ય ઉદ્યાનમાં ગાડી-ગાડાં છોડ્યાં, છોડીને મહાર્થ, મૂલ્યવાન, મોંઘી, રાજાને યોગ્ય એવી ભેટો તથા દિવ્ય કુંડલ-યુગલ લીધાં, લઈને જ્યાં અંગરાજ ચંદ્રચ્છાય હતો ત્યાં આવ્યા, આવીને તે મોંઘી, મૂલ્યવાન, રાજયોગ્ય, વિપુલ ભેટો તથા દિવ્ય કુંડલ-યુગલ રાજાને ધર્યાં.

૧૮૦. ત્યારે અંગરાજ ચંદ્રચ્છાયે તે બહુમૂલ્ય ભેટો તથા દિવ્ય કુંડલ-યુગલનો સ્વીકાર કર્યો, સ્વીકારીને તેણે અર્હન્નક-પ્રમુખ તે બધાને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે અનેક ગામ, આકર-યાવત્ સંનિવેશોમાં ફરો છો, અને વારંવાર વહાણો દ્વારા સમુદ્ર ખેડો છો તો તમે કયાંય કંઈ આશ્ચર્ય જોયું છે ખરું ?'

મલ્લીના રૂપની પ્રશંસા—

૧૮૧. ત્યારે તે અર્હન્નક-પ્રમુખ વણિકોએ અંગરાજ ચંદ્રચ્છાયને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ ! અહીં ચંપાનગરીમાં જ અમે અર્હન્નક આદિ અનેક વહાણવટી વ્યાપારીઓ વસીએ છીએ. એક વખત અમે ગણિમ, ધરિમ, મેય, પરિચ્છેદ્ય આદિ [પૂર્વવત્ નહીં વધુ, નહીં ઓછું એમ]-યાવત્-કુંભ રાજાની પાસે ગયા હતા. ત્યારે તે કુંભરાજાએ વિદેહવર રાજકન્યાને તે દિવ્ય કુંડલ-યુગલ પહેરાવ્યું, પહેરાવીને પાછી મોકલી. તો હે સ્વામિ ! કુંભ-રાજાના ભવનમાં અમે આશ્ચર્યરૂપ વિદેહવર-રાજકન્યા મલ્લીને જોઈ. એના જેવી બીજી કાંઈ દેવકન્યા, અસુરકન્યા, નાગકન્યા, યક્ષ-કન્યા, ગાંધર્વકન્યા કે રાજકન્યા નથી કે જેવી વિદેહવર રાજકન્યાને અમે જોઈ.

ત્યાર બાદ ચંદ્રચ્છાયે અર્હન્નક-આદિનો સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર-સન્માન કરી, કરની મુક્તિ આપી, કરમુક્તિ આપીને વિદાય આપી.

ચંદ્રચ્છાય રાજાના દૂતનું મિથિલાગમન—

૧૮૨. ત્યાર બાદ વણિકોની વાતથી હર્ષ પામેલ ચંદ્રચ્છાયે દૂતને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું જા-યાવત્-વિદેહવર-રાજકન્યા મલ્લીની મારા માટે માગણી મૂક, ભલે બદલામાં આખું રાજ્ય આપવું પડે.'

ત્યારે તે દૂત ચંદ્રચ્છાયની આજ્ઞા સાંભળી હૃષ્ટ-તુષ્ટ થઈને-યાવત્-જવા માટે નીકળ્યો.

રુક્મિ રાજા—

૧૮૩. તે કાળે તે સમયે કુણાલ નામે જનપદ હતું. તેમાં શ્રાવસ્તી નામે નગરી હતી. તે નગરીમાં કુણાલાધિપતિ રુક્મિ નામે રાજા હતો. તે રુક્મિને ધારિણી રાણીથી થયેલી સુબાહુ નામે પુત્રી હતી. તેનાં હાથ-પગ આદિ સર્વાંગ સુકોમળ હતાં અને તે ઉત્કૃષ્ટ લાવણ્યવતી અને શ્રેષ્ઠ શરીરવાળી હતી.

સુબાહુની સ્નાનક્રીડા—

૧૮૪. તે સુબાહુ બાલિકાનો એક વખત ચાતુર્માસિક સ્નાન(જળક્રીડા)-મહોત્સવ હતો. ત્યારે તે કુણાલાધિપતિ રુક્મિએ સુબાહુ બાલાનો સ્નાનમહોત્સવ આવ્યાનું જાણ્યું, જાણીને કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! કાલે સુબાહુબાલાનો ચાતુર્માસિક સ્નાનમહોત્સવ ઊજવવાનો છે, તેથી તમે કાલે રાજમાર્ગના મુખ્ય ચોકમાં જળ અને સ્થળમાં ઉત્પન્ન થયેલાં પંચરંગી પુષ્પો લાવો-યાવત્-એક મહા સુગંધિત શ્રીદામગંડ લટકાવો.'

તેઓએ તે પ્રમાણે શ્રીદામગંડ લટકાવ્યો.

ત્યાર પછી તે કુણાલાધિપતિ રુક્મિએ સુવર્ણકારોના મહાજનને બોલાવ્યું, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ રાજમાર્ગના ચોકમાંના પુષ્પમંડપમાં અનેક પ્રકારના પંચ-રંગી અક્ષત દ્વારા નગરનું આલેખન કરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેની બરાબર વચ્ચે પાટ બનાવો, બનાવીને આદેશ પૂરો કર્યાની મને જાણ કરો.'

તેઓએ પણ તે પ્રમાણે કરી જાણ કરી.

૧૮૫. ત્યાર બાદ તે કુણાલાધિપતિ રુકિમ શ્રેષ્ઠ હાથીની ખાંધે ચડીને, ચતુરંગિણી સેનાના મહારથીઓ અને રથોના સમૂહથી ઘેરાઈને તથા અંતઃપુર અને પરિજનોની સાથે, સુબાહુબાલાને આગળ રાખીને, જ્યાં રાજમાર્ગ હતો, જ્યાં પુષ્પમંડપ હતો ત્યાં આવ્યો, આવીને હાથી પરથી નીચે ઊતર્યો, ઊતરીને પુષ્પમંડપમાં પ્રવેશ્યો, પ્રવેશીને પૂર્વ દિશામાં મુખ રાખીને ઉત્તમ સિંહાસન પર બેઠો.

ત્યાર પછી અંતઃપુરની સ્ત્રીઓએ સુબાહુ-બાલાને પાટ પર બેસાડી, બેસાડીને શ્વેત (ચાંદીના) અને પીળા(સોનાના) કળશો દ્વારા સ્નાન કરાવ્યું, સ્નાન કરાવીને સર્વ પ્રકારના અલંકારોથી શણગારી, શણગારીને પિતાના પાદવંદન માટે લાવી. ત્યારે તે સુબાહુબાલા જ્યાં રુકિમ રાજા હતો ત્યાં આવી, આવીને પાદવંદન કર્યું.

મલ્લીના સ્નાનમહોત્સવની પ્રશંસા—

૧૮૬. ત્યાર બાદ તે રુકિમ રાજાએ સુબાહુ બાલાને પોતાના ખોળામાં બેસાડી, બેસાડીને સુબાહુ-બાલાનાં રૂપ, યૌવન અને લાવણ્યથી વિસ્મિત થઈ વર્ષધર(અંતઃપુર-રક્ષક)ને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું મારા સંદેશવાહક તરીકે અનેક ગામો, કસ્બાઓ અને નગરો—યાવત્—સન્નિવેશોમાં ઘૂમે છે અને ઘણા રાજરાજેશ્વરો—યાવત્—સાર્થવાહ વગેરેનાં ગૃહોમાં પ્રવેશે છે, તો તેં કયાંય કોઈ રાજા કે રઈસને ત્યાં આવો સ્નાનમહોત્સવ પહેલાં જોયો છે, જેવો આ સુબાહુબાલાનો મહોત્સવ છે તેવો ?'

ત્યારે તે વર્ષધરે બે હાથ જોડી, માથું નમાવી રુકિમ રાજાને આ પ્રમાણે કહ્યું : હે સ્વામી ! હું એક વખત આપના દૂત તરીકે મિથિલા ગયો હતો. ત્યાં મેં કુંભરાજાની પુત્રી, પ્રભાવતી રાણીની કન્યા વિદેહવર રાજકન્યા મલ્લિનો સ્નાનમહોત્સવ જોયો હતો. તે સ્નાનમહોત્સવ પાસે સુબાહુબાલાનો આ સ્નાનમહોત્સવ લાખમા ભાગની કિંમતનો પણ નથી.'

રુકિમ રાજાના દૂતનું મિથિલાગમન—

૧૮૭. ત્યાર બાદ વર્ષધરની આવી વાત સાંભળી અને જાણીને તથા સ્નાનમહોત્સવના વૃત્તાંતથી આશ્ચર્ય પામી રુકિમ રાજાએ દૂતને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું જા-યાવત્ વિદેહવર રાજકન્યાનું મારા માટે માગું મૂક, બદલામાં મારું રાજ્ય આપવું પડે તો પણ વાંધો નહીં.'

ત્યારે રુકિમએ આમ કહ્યું એટલે હર્ષ-સંતોષ-પૂર્વક—યાવત્-જ્યાં મિથિલા નગરીહતી ત્યાં જવા તે નીકળ્યો.

શંખ રાજા—

૧૮૮. તે કાળે તે સમયે કાશી નામે જનપદ હતું. ત્યાં વારાણસી નામે નગરી હતી. ત્યાં કાશીરાજ શંખ નામે રાજા હતો.

મલ્લીના કુંડલ-યુગલના સાંધા તૂટી જવા—

૧૮૯. ત્યારે કોઈ એક વાર તે વિદેહવર રાજકન્યા મલ્લીનાં તે દિવ્ય કુંડલયુગલના સાંધા તૂટી ગયા. એટલે કુંભરાજાએ સુવર્ણકારોના મહાજનને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! આ દિવ્ય કુંડલયુગલને સાંધી દો.'

ત્યારે તે સુવર્ણકારોના મહાજને 'જેવી આજ્ઞા' એમ કહી તે વાત સ્વીકારી, સ્વીકારીને તે કુંડલયુગલ લીધું, લઈને જ્યાં સુવર્ણકારોનાં સ્થાન હતાં ત્યાં આવ્યા, ત્યાં આવી સ્થાન પર બેઠા, બેસીને અનેક સાધનો દ્વારા, ઉપાયો દ્વારા અને ઔત્પાતિકી, વૈનયિકી, કર્મજા અને પરિણામિકા એ ચારે બુદ્ધિઓથી દિવ્યકુંડલને સાંધવાનો પ્રયત્ન કર્યો, પરંતુ યોગ્ય રીતે સાંધી શક્યા નહીં.

ત્યારે તે સુવર્ણકારોનું મહાજન જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુંભરાજા હતો ત્યાં આવ્યું, આવીને બે હાથ જોડી માથું નમાવી, 'જય હો, વિજય હો' એવા શબ્દોથી રાજાને વધાવ્યા, વધાવીને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ! આજે આપે અમને બોલાવ્યા હતા–યાવત્–આજ્ઞા કરી હતી કે કુંડલ-યુગલ સાંધીને મને જાણ કરો. ત્યારે અમે તે દિવ્ય કુંડલ-યુગલ લઈ ગયા હતા, લઈ જઈને જ્યાં સુવર્ણકારોનું બેસવાનું સ્થાન છે ત્યાં ગયા હતા–યાવત્–અમે તે કુંડલ-યુગલ સાંધવામાં સફળ નથી થયા. તો હે સ્વામિ! જો આજ્ઞા કરો તો એ દિવ્ય કુંડલ-યુગલ જેવું જ બીજું કુંડલ-યુગલ ઘડી દઈએ.'

સુવર્ણકારોના મહાજનને દેશનિકાલ—

૧૯૦. ત્યાર બાદ સુવર્ણકાર-મહાજનની આવી વાત સાંભળીને, જાણીને તરત જ કોપાયમાન થઈને, ગુસ્સે થઈને, પ્રચંડ ક્રોધથી ધૂંવાપૂંવાં થઈને કુંભ રાજાએ ભ્રૂકુટિ ચડાવીને આ પ્રમાણે કહ્યું—

'તમે કેવા સુવર્ણકાર છો કે આ દિવ્ય કુંડલ-યુગલ સાંધવા સમર્થ નથી?' આમ કહી તેણે સુવર્ણકારોને દેશનિકાલની આજ્ઞા કરી.

સુવર્ણકાર-મહાજનનું વારાણસીમાં આગમન—

૧૯૧. ત્યાર બાદ કુંભરાજાએ કરેલી દેશનિકાલની આજ્ઞા સાંભળી તે સુવર્ણકારો જ્યાં પોત-પોતાનાં ઘર હતાં ત્યાં આવ્યા, આવીને પોતાની ઘરવખરી લઈને મિથિલા રાજધાનીની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યા, નીકળીને વિદેહ જનપદ વચ્ચે થઈને પસાર થયા, પસાર થઈને જ્યાં કાશી જનપદ હતું અને જ્યાં વારાણસી નગરી હતી. ત્યાં આવ્યા, આવીને ત્યાંના આગળના ઉદ્યાનમાં ગાડી-ગાડાં છોડ્યાં, છોડીને મોંઘી–યાવત્–ભેટો લીધી, લઈને વારાણસી નગરીની વચ્ચે થઈને જ્યાં કાશીરાજ શંખ હતો ત્યાં આવ્યા, આવીને હાથ જોડી મસ્તક સમીપે અંજલિ કરી જય વિજય શબ્દોથી તેને વધાવ્યો, વધાવીને ભેટ ધરી, ભેટો ધરીને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ! કુંભરાજાએ મિથિલામાંથી દેશનિકાલ કરવાથી અમે તરત અહીં આવ્યા છીએ. તો હે સ્વામિ! તમારી ભુજાઓની છાયામાં આશ્રય લઈને અમે અહીં નિર્ભય, નિરુદ્વિગ્ન થઈને સુખપૂર્વક નિવાસ કરવા ઇચ્છીએ છીએ.'

ત્યારે કાશીરાજ શંખે તે સુવર્ણકારોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! કુંભ રાજાએ શા કારણે તમને દેશનિકાલની આજ્ઞા કરી?'

ત્યારે તે સુવર્ણકારોએ કાશીરાજ શંખને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ! કુંભરાજાની પ્રભાવતી રાણીના ખોળે જન્મેલી પુત્રી વિદેહવર રાજકન્યા મલ્લીના કુંડલ-યુગલના સાંધા તૂટી ગયા હતા. એટલે તે કુંભરાજાએ સુવર્ણકારોના મહાજનને બોલાવ્યું–યાવત્–દેશનિકાલની આજ્ઞા કરી. તો આ કારણસર કે સ્વામિ! અમને કુંભરાજાએ દેશનિકાલ કર્યા'.

ત્યારે તે કાશીરાજ શંખે સુવર્ણકારોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! કુંભરાજાની પુત્રી પ્રભાવતી રાણીની કુખે જન્મેલી વિદેહવર–રાજકન્યા મલ્લી કેવી છે?'

મલ્લીના રૂપની પ્રશંસા, શંખના દૂતનું મિથિલાગમન—

૧૯૨. ત્યારે તે સુવર્ણકારોએ કાશીરાજ શંખને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ! જેવી વિદેહવર રાજકન્યા મલ્લી છે તેવી બીજી કોઈ દેવકન્યા, અસુરકન્યા, નાગકન્યા, યક્ષકન્યા, ગાંધર્વકન્યા કે રાજ-કન્યા નથી.'

ત્યારે કુંડલયુગલની વાતથી હર્ષિત પ્રભાવિત થયેલ કાશીરાજ શંખે દૂતને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું—'હે! દેવાનુ-પ્રિય! તું જા–યાવત્–વિદેહવર રાજકન્યા મને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરણે તે માટે માગું કર. તેના બદલામાં આખું રાજ્ય આપવું પડે તો પણ મને મંજૂર છે.'

૧૯૩. ત્યારબાદ શંખ રાજાની આ વાત સાંભળી તે દૂત હૃષ્ટ-તુષ્ટ-થતો યાવત્-જ્યાં મિથિલાનગરી હતી ત્યાં જવા ચાલ્યો.

અદીનશત્રુ રાજા—

૧૯૪. તે કાળે તે સમયે કુરુ નામક જનપદ હતું, ત્યાં હસ્તિનાપુર નામે નગર હતું. તેમાં અદીન-શત્રુ નામે રાજા હતો-યાવત્-રાજ્ય સંભાળતો હતો.

મલ્લદિન્ન દ્વારા ચિત્રસભા-નિર્માણ—

૧૯૫. તે મિથિલામાં કુંભરાજાનો પુત્ર, પ્રભાવતી રાણીનો આત્મજ, મલ્લીનો નાનો ભાઈ મલ્લદિન્ન નામે રાજકુમાર સુકોમળ હાથ-પગ-યાવત્-યુવરાજ હતો.

૧૯૬. ત્યારે એક વખત મલ્લદિન્ન કુમારે સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'તમે જાઓ અને મારા પ્રમદવનમાં અનેક સ્તંભોથી યુક્ત એવી એક વિશાળ ચિત્રસભાની રચના કરો-અને પછી મને જાણ કરો.'

તેઓએ પણ તે પ્રમાણે કરી જાણ કરી.

ત્યાર પછી તે મલ્લદિન્નકુમારે ચિત્રકાર મંડળને બોલાવ્યું, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે ચિત્રસભામાં હાવ, ભાવ, વિલાસ અને બિબ્બોક (શૃંગારિક ચેષ્ટા) યુક્ત આકૃતિઓનાં ચિત્રો કરો અને ચિત્રો કરીને મને જાણ કરો.'

ત્યાર બાદ તે તે ચિત્રકારમંડળે આ વાત સાંભળી, 'જેવી આજ્ઞા' એમ કહી આજ્ઞા સ્વીકારીને સહુ પોતપોતાના ઘેર ગયા, ઘેર જઈને પીંછીઓ અને રંગો લીધા, લઈને જ્યાં ચિત્રસભા હતી ત્યાં આવ્યા, આવીને ચિત્ર-સભામાં પ્રવેશ્યા, પ્રવેશીને ચિત્રરચના માટે ભૂમિભાગો તૈયાર કર્યા, ભૂમિભાગો તૈયાર કરી પૃષ્ઠભૂમિકાઓની સજાવટ કરી, સજાવટ કરીને હાવ, ભાવ, વિલાસ અને બિબ્બોકયુક્ત આકૃતિઓ દોરવા લાગ્યા.

એક ચિત્રકાર દ્વારા મલ્લીની પ્રતિકૃતિનું ચિત્રણ—

૧૯૭. તેઓમાંના એક ચિત્રકારને એવા પ્રકારની ચિત્રકારલબ્ધિ હતી, મળેલી હતી, સારી રીતે પ્રાપ્ત થયેલી હતી કે 'જે કોઈ પણ દ્વિપાદ કે ચતુષ્પાદ કે પાદરહિતનો એક ભાગ પણ જુએ તો તે ભાગના આધારે પૂરું ચિત્ર બનાવી શકે.'

તે ચિત્રકારે પડદા પાછળ બેઠેલી મલ્લીના પગનો અંગૂઠો પડદાના છિદ્રમાંથી જોયો ત્યારે તે ચિત્રકારને આવો વિચાર આવ્યો-યાવત્-મનમાં ઉત્પન્ન થયો કે 'મારા માટે એ શ્રેયસ્કર છે કે વિદેહવર રાજકન્યા મલ્લીના પગના અંગૂઠાના આધારે તેની જેવું સરખું, સરખી વય, લાવણ્ય, રૂપ, ગુણ અને યૌવન દર્શાવતી આકૃતિવાળું તેનું ચિત્ર દોરું" આમ વિચાર્યું, વિચારીને ભૂમિભાગ સજ્જ કર્યો, સજ્જ કરીને રાજકન્યા મલ્લીના પગના અંગૂઠાના આધારે તેના જેવું-યાવત્-ચિત્ર દોર્યું.

૧૯૮. ત્યાર પછી તે ચિત્રકારમંડળે ચિત્રસભામાં હાવ, ભાવ, વિલાસ અને બિબ્બોકયુક્ત આકૃતિઓવાળાં ચિત્રો દોર્યાં, ચિત્રો દોરીને જ્યાં મલ્લદિન્નકુમાર હતો ત્યાં આવ્યા, આવીને આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યારે તે મલ્લદિન્નકુમારે ચિત્રકારમંડળનો સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર-સન્માન કરીને જીવનભર ચાલે એટલું પ્રીતિદાન કર્યું અને પ્રીતિદાન કરી વિદાય આપી.

ત્યાર પછી મલ્લદિન્નકુમારે સ્નાન કર્યું અને અંત:પુર તથા પરિવારથી ઘેરાઈને તથા ધાવમાતાને સાથે લઈને જ્યાં ચિત્રસભા હતી ત્યાં આવ્યો, આવીને ચિત્રસભામાં પ્રવેશ કર્યો, પ્રવેશ કરીને હાવ, ભાવ, વિલાસ અને શૃંગારિક ચેષ્ટાઓવાળાં ચિત્રોને જોતો જોતો જ્યાં વિદેહવર રાજકન્યા મલ્લિનું આબેહૂબ ચિત્ર હતું ત્યાં જવા નીકળ્યો.

૧૯૯. ત્યાર બાદ તે મલ્લદિન્નકુમારે વિદેહવર રાજકન્યા મલ્લિનું આબેહૂબ ચિત્ર જોયું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈને તેને આવો વિચાર આવ્યો-યાવત્-મનમાં ઉત્પન્ન થયો કે, 'આ તો વિદેહવર રાજકન્યા મલ્લી છે.' આમ વિચારી તે શરમાયો, લજ્જિત બન્યો, દુઃખી થયો અને ધીરે ધીરે ત્યાંથી ચાલી નીકળ્યો.

ત્યારે મલ્લદિન્નકુમારને ધીરે ધીરે પાછો જતો જોઈને ધાવમાતા આ પ્રમાણે બોલી-'હે પુત્ર! કેમ તું શરમાયો, લજ્જિત બન્યો અને દુઃખી થઈ ધીરે ધીરે પાછો વળ્યો?'

ત્યારે તે મલ્લદિન્નકુમારે ધાવમાતાને આ પ્રમાણે કહ્યું-

'હે માતા! જ્યાં મારી ગુરુ અને દેવતા સમાન જ્યેષ્ઠ ભગિની લજ્જિત બને તેવી ચિત્રસભામાં પ્રવેશ કરવો મારા માટે યોગ્ય છે?'

ત્યારે ધાવમાતાએ મલ્લદિન્નકુમારને આ પ્રમાણે કહ્યું—

'હે પુત્ર! આ ખરેખર વિદેહવર રાજકન્યા મલ્લી નથી. આ તો ચિત્રકાર દ્વારા દોરાયેલ વિદેહવર રાજકન્યા મલ્લીનું આબેહૂબ ચિત્ર છે.'

ચિત્રકારનો દેશનિકાલ—

૨૦૦. ત્યારે ધાવમાતાની આવી વાત સાંભળીને અને જાણીને મલ્લદિન્નકુમાર ગુસ્સે થઈને બોલ્યો—

'કોણ એ ન માગવા જેવું માગી લેનાર (મૃત્યુની ઇચ્છા કરનાર), લક્ષણહીન, પુણ્યહીન, ચઉદશે જન્મેલો, શ્રી, હ્રી, ધૃતિ, અને કીર્તિ-વિહીન ચિત્રકાર છે કે જેણે મારી દેવ-ગુરુ-સમાન જ્યેષ્ઠ ભગિનીને માટે લજ્જાસ્પદ એવું આબેહૂબ ચિત્ર મારી ચિત્રસભામાં દોર્યું છે?' એમ કહી તે ચિત્રકારના વધની તેણે આજ્ઞા કરી.

ત્યાર પછી આ વૃત્તાંત જાણતાં વેંત ચિત્રકારમંડળ જ્યાં મલ્લદિન્નકુમાર હતો ત્યાં આવ્યું, આવીને બે હાથ મસ્તક પાસે લઈ જઈ અંજલિ કરીને જય-વિજય શબ્દોથી તેને વધાવ્યો, વધાવીને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ! તે ચિત્રકારને આવા પ્રકારની ચિત્રકારલબ્ધિ મળી છે, પ્રાપ્ત થઈ છે, સારી રીતે સિદ્ધ થઈ છે કે, 'જે કોઈ પણ દ્વિપદ, ચતુષ્પદ કે અપદનો એક ભાગ પણ તે જોઈ લે તો તે એક ભાગના આધારે તે આબેહૂબ આકૃતિ દોરી શકે છે.' તેથી હે સ્વામિ! તમે તે ચિત્રકારને વધની આજ્ઞા ન કરો પણ તે ચિત્રકારનો બીજો કોઈ તેવી રીતનો દંડ કરો.'

ત્યારે તે મલ્લદિન્નકુમારે તે ચિત્રકારનો સંડાસક (જમણા હાથનો અંગૂઠો અને તર્જની આંગળીથી બનતો સાણસી જેવો ભાગ) કાપી નખાવ્યો, કાપી નખાવીને તેને દેશનિકાલ કરવાની આજ્ઞા કરી.

ચિત્રકારનું હસ્તિનાપુરમાં આગમન—

૨૦૧. ત્યાર પછી મલ્લદિન્નકુમાર દ્વારા દેશનિકાલની આજ્ઞા થતાં તે ચિત્રકાર તરત પોતાની ઘરવખરી લઈ મિથિલાનગરી છોડી નીકળ્યો, નીકળીને વિદેહ જનપદની વચ્ચે થઈને જ્યાં કુરુ જનપદ હતું, જ્યાં હસ્તિનાપુર નગર હતું ત્યાં આવ્યો, આવીને ઘરવખરી ઉતારી, ઉતારીને ચિત્રફલક તૈયાર કર્યું, કરીને પગના અંગૂઠા અનુસાર વિદેહવર રાજકન્યા મલ્લીનું ચિત્ર બનાવ્યું, બનાવી બગલમાં દબાવ્યું, દબાવીને મહામૂલ્ય-યાવત્-ભેટ લીધી, ભેટ લઈને હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં અદીનશત્રુ રાજા હતો ત્યાં આવ્યો, આવીને બે હાથ મસ્તક પાસે લઈ જઈ અંજલિ કરીને જય-વિજય શબ્દોથી રાજાને વધાવ્યો, વધાવીને ભેટ ધરી, ભેટ ધરીને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ! કુંભરાજાના પુત્ર, પ્રભાવતી-દેવીના આત્મજ મલ્લદિન્નકુમારે દેશનિકાલ કરેલ હું તરત અહીં આવ્યો છું. તો હે સ્વામિ! આપના બાહુની છાયામાં નિર્ભયપણે, ઉદ્વેગ-રહિતપણે સુખપૂર્વક હું રહેવા ઇચ્છું છું.'

ત્યારે તે અદીનશત્રુ રાજાએ ચિત્રકારને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! મલ્લદિન્નકુમારે તને શા કારણે દેશનિકાલ કર્યો?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે ચિત્રકારે અદીનશત્રુ રાજાને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ ! કોઈ એક વખતે મલ્લદિન્ન-કુમારે ચિત્રકારમંડળને બોલાવ્યું, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! તમે મારી ચિત્રકારસભામાં હાવ, ભાવ, વિલાસ અને શૃંગારયુક્ત ચિત્રો દોરો.' તે સઘળું પૂર્વવત્ કથન-યાવત્—'મારો સંડાસક કપાવ્યો, કપાવીને દેશનિકાલની આજ્ઞા કરી. એ રીતે હે સ્વામિ ! મલ્લદિન્નકુમારે મને દેશનિકાલની આજ્ઞા કરેલી.'

અદીનશત્રુ દ્વારા મલ્લીના ચિત્રનું દર્શન—

૨૦૨. ત્યાર બાદ અદીનશત્રુ રાજાએ ચિત્રકારને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તેં વિદેહવર રાજકન્યા મલ્લીનું એવું કેવું આબેહૂબ ચિત્ર બનાવ્યું હતું ?'

ત્યારે ચિત્રકારે પોતાની બગલમાંથી ચિત્ર-ફલક કાઢ્યું, કાઢીને અદીનશત્રુ સામે ધર્યું, ધરીને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ ! મેં તો વિદેહવર રાજકન્યા મલ્લીના ચિત્રમાં તેની આકૃતિ, ભાવનું કિંચિત્માત્ર ચિત્રણ કર્યું છે. વિદેહવર રાજકન્યા મલ્લીના પૂરા રૂપનું ચિત્રણ તો કોઈ દેવ, યા દાનવ, યા યક્ષ અથવા રાક્ષસ અથવા કિન્નર અથવા કિંપુરુષ અથવા મહાનાગ અથવા ગંધર્વ પણ કરવા સમર્થ નથી.'

અદીનશત્રુના દૂતનું મિથિલાગમન—

૨૦૩. ત્યાર બાદ તે ચિત્રથી ઉત્પન્ન થયેલા આશ્ચર્ય-અહોભાવને કારણે અદીનશત્રુ રાજાએ દૂતને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું જા—યાવત્—વિદેહવર રાજકન્યા મલ્લીનું મારી ભાર્યા તરીકે માગું કર અને એના બદલામાં આખું રાજ્ય પણ આપવું પડે તો તે સ્વીકાર્ય છે.'

૨૦૪. ત્યાર બાદ અદીનશત્રુએ આ પ્રમાણે કહેતાં-વેંત હૃષ્ટ-તુષ્ટ થયેલ દૂત—યાવત્—જ્યાં મિથિલા નગરી હતી ત્યાં જવા નીકળ્યો.

જિતશત્રુ રાજા—

૨૦૫. એ કાળે એ સમયે પંચાલ જનપદ હતું. તેનું કંપિલપુર નગર હતું. ત્યાં પંચાલાધિપતિ જિતશત્રુ નામે રાજા હતો. તે જિતશત્રુના અંતઃપુરમાં ધારિણી આદિ એક હજાર રાણીઓ હતી.

ચોકખા પરિવ્રાજિકા—

૨૦૬. તે મિથિલાનગરીમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામ-વેદ, અથર્વવેદ, ઇતિહાસ, નિઘંટુ આદિ વેદ-વેદાંગનાં રહસ્યોની જાણનારી—યાવત્—બ્રાહ્મણધર્મના શાસ્ત્રગ્રંથોની પારગામી એવી ચોકખા નામે પરિવ્રાજિકા રહેતી હતી. તે ચોકખા પરિવ્રાજિકા મિથિલાનગરીમાં અનેક રાજેશ્વરો—યાવત્—સાર્થવાહો વગેરેને દાનધર્મ, શૌચધર્મ તથા તીર્થાભિષેકની સમજણ આપતી, પ્રરૂપણા કરતી, ઉપદેશ કરતી હતી.

કોઈ એક વખત તે ચોકખા પરિવ્રાજિકા ત્રિદંડ અને કમંડલુ—યાવત્—ગેરુઆં વસ્ત્રો લઈને પરિવ્રાજિકાઓ સાથે નીકળી, નીકળીને કેટલીક પરિવ્રાજિકાઓ સાથે મિથિલાનગરીની વચ્ચે થઈને જ્યાં કુંભરાજાનો મહેલ હતો, જ્યાં કન્યાઅંતઃપુર હતું, જ્યાં વિદેહવર રાજકન્યા મલ્લી હતી, ત્યાં આવી, ત્યાં આવીને ભૂમિનું જળથી સિંચન કર્યું, દર્ભાસન બિછાવ્યું અને તે પર બેઠી, બેસીને વિદેહવર રાજકન્યા મલ્લીને દાનધર્મ, શૌચધર્મ તથા તીર્થાભિષેક વિશે સમજાવવા લાગી, ઉપદેશ કરવા લાગી, પ્રરૂપણા કરવા લાગી.

મલ્લી દ્વારા ચોકખાના મતનું નિરસન—

૨૦૭. ત્યાર બાદ વિદેહવર રાજકન્યા મલ્લીએ ચોકખા પરિવ્રાજિકાને આ પ્રમાણે કહ્યું—

'હે ચોકખા ! તમારાં શાસ્ત્રોમાં મૂળ ધર્મ કયો દર્શાવ્યો છે ?' ત્યારે તે ચોકખા પરિ-વ્રાજિકાએ વિદેહવર રાજકન્યા મલ્લીને આ પ્રમાણે કહ્યું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે દેવાનુપ્રિયા! ધર્મનું મૂળ શૌચ કહેવાયું છે. એટલે જ્યારે અમારી કોઈ પણ વસ્તુ અશુદ્ધ બને છે ત્યારે પાણીથી અને માટીથી તેને શુદ્ધ કરવામાં આવે છે. એ રીતે જલાભિષેકથી પવિત્ર થઈને અમે નિર્વિઘ્ન સ્વર્ગે જઈએ છીએ.'

ત્યારે વિદેહવર રાજકન્યા મલ્લીએ ચોકખા પરિવ્રાજિકાને આ પ્રમાણે કહ્યું—

'હે ચોકખા! જો કોઈ માણસ રુધિરથી લિપ્ત વસ્ત્ર રુધિરથી જ ધુએ તો હે ચોકખા! શું તે રુધિરલિપ્ત વસ્ત્ર રુધિરથી ધોવાવાથી કંઈ શુદ્ધ થશે?'

'એમ બનવું શકય નથી.'

'એ જ પ્રમાણે હે ચોકખા! જેમ રુધિરલિપ્ત વસ્ત્ર રુધિરથી ધોવાથી શુદ્ધ ન થઈ શકે તે જ રીતે પ્રાણાતિપાત(જીવવધ)-યાવત્-મિથ્યાદર્શન શલ્યથી તમારી કંઈ શુદ્ધિ થાય નહીં.'

૨૦૮. વિદેહવર રાજકન્યા મલ્લીએ આ પ્રમાણે કહેતાં જ ચોકખા પરિવ્રાજિકાને પોતાના મતમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા થઈ અને મતભેદ થવાનો ભય લાગ્યો. તે વિદેહવર રાજકન્યાના પ્રશ્નનો કોઈ ઉત્તર ન આપી શકી, એટલે મૌન બની ગઈ.

ત્યાર બાદ વિદેહવર રાજકન્યા મલ્લીની અનેક દાસીઓ ચોકખાની ટીકા કરવા લાગી, નિંદા કરવા લાગી, કટાક્ષ કરવા લાગી, કેટલીક દાસીઓ તેને ચીડવવા લાગી, કેટલીક મોં મરડવા લાગી, કેટલીક મશ્કરી કરવા લાગી, કેટલીક તિરસ્કાર કરવા લાગી અને કેટલીક તેને ધક્કા મારીને બહાર કાઢવા લાગી.

ચોકખાનું કંપિલપુરમાં આગમન—

૨૦૯. ત્યાર બાદ વિદેહવર રાજકન્યા મલ્લીની દાસીઓ દ્વારા તિરસ્કૃત, નિંદિત, અપમાનિત થતી તે ચોકખા ક્રુદ્ધ-યાવત્-ક્રોધથી ધમધમતી, વિદેહવર રાજકન્યા મલ્લી પર ગુસ્સે થઈ, આસન ઉપાડ્યું અને આસન લઈ કન્યા-અંતઃપુરમાંથી બહાર નીકળી, નીકળીને મિથિલા છોડી નીકળી, મિથિલાથી નીકળીને પરિવ્રાજિકાઓ સાથે જ્યાં પાંચાલ જનપદ હતું, જ્યાં કંપિલનગર હતું, ત્યાં આવી, આવીને ત્યાં અનેક રાજેશ્વરો-યાવત્-સાર્થવાહોને દાનધર્મ, શૌચધર્મ અને તીર્થાભિષેક ધર્મનો ઉપદેશ આપતી, નિરૂપણ કરતી, પ્રરૂપણા કરતી, રહેવા લાગી.

૨૧૦. ત્યાર બાદ એક વખત જિતશત્રુ પોતાના અંતઃપુરમાં પરિવારથી વીંટળાઈને ઉત્તમ સિંહાસન પર બેઠો હતો ત્યારે પરિવ્રાજિકાઓ સાથે તે ચોકખા જ્યાં જિતશત્રુ રાજાનો મહેલ હતો, જ્યાં જિતશત્રુ રાજા હતો ત્યાં આવી, ત્યાં આવીને અંદર પ્રવેશી, પ્રવેશીને જિતશત્રુને જય-વિજય શબ્દોથી વધાવ્યો.

ત્યારે જિતશત્રુએ ચોકખા પરિવ્રાજિકાને આવતી જોઈ, જોઈને તે સિંહાસન પરથી ઊઠ્યો, ઊઠીને ચોકખાનો સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર-સન્માન કરીને આસન પર બેસવા કહ્યું.

ત્યાર બાદ એ ચોકખાએ જળથી ભૂમિનું સિંચન કર્યું, દર્ભાસન પાથર્યું, આસન પર બેઠી, બેસીને જિતશત્રુ રાજાને રાજ્ય, રાષ્ટ્ર, કોશ, કોષ્ઠાગાર, સેના, વાહન, નગર અને અંતઃપુરના કુશળસમાચાર પૂછ્યા.

ત્યાર બાદ તે ચોકખાએ જિતશત્રુ રાજાને દાનધર્મ, શૌચધર્મ તથા તીર્થાભિષેક ધર્મ વિશે આખ્યાન કર્યું, પ્રરૂપણા કરી, ઉપદેશ આપ્યો.

ચોકખાએ કહેલ કૂપમંડૂક-દૃષ્ટાંત—

૨૧૧. ત્યાર બાદ પોતાના અંતઃપુર માટે અહોભાવ ધરાવતા જિતશત્રુએ ચોકખાને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે! તમે ઘણાં ગામો, કસબા-યાવત્-સન્નિવેશોમાં પરિભ્રમણ કરો છો, અનેક રાજાઓ, ધનવંતો, સાર્થવાહો આદિનાં ઘરોમાં તમારો પ્રવેશ છે, તો કોઈ રાજા, ધનવંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે કોઈ અન્યનું આવું મારા અંતઃપુર જેવું અંતઃપુર તમે જોયું છે ખરું ?'

ત્યારે તે ચોકખા પરિવ્રાજિકા જિતશત્રુની આ વાત સાંભળી સહેજ હસી, હસીને આ પ્રમાણે બોલી—

'હે દેવાનુપ્રિય ! તમે કૂપમંડૂક જેવા લાગો છો.'

'હે દેવાનુપ્રિયે ! તે કૂપમંડૂક વળી શું છે ?'

'હે જિતશત્રુ ! તે એમ કે જેમ કોઈ કૂવામાં એક દેડકો હતો, તે ત્યાં જ જન્મ્યો હતો, ત્યાં જ ઊછર્યો હતો, પોતાના કૂવા સિવાય તેણે બીજો કોઈ કૂવો, તળાવ, સરોવર, દ્રહ કે સમુદ્ર જોયો નહીં હોવાથી તે એમ જ માનતો કે "આ કૂવો જ કૂવો કે તળાવ કે દ્રહ કે સરોવર કે સાગર છે."

ત્યાર બાદ તે કૂવામાં એક સમુદ્રવાસી દેડકો આવી ચઢ્યો.

ત્યારે તે કૂપમંડૂકે પેલા સમુદ્રમંડૂકને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું કોણ છે ? અહીં ક્યાંથી આવી ચઢ્યો છે ?'

ત્યારે તે સમુદ્રમંડૂકે તે કૂપમંડૂકને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! હું સમુદ્રનો દેડકો છું.'

ત્યારે તે કૂવાના દેડકાએ સમુદ્રના દેડકાને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! તે સમુદ્ર કેટલો મોટો છે ?'

ત્યારે તે સમુદ્રના દેડકાએ કૂવાના દેડકાને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! તે સમુદ્ર તો ઘણો મોટો છે.'

ત્યારે તે કૂવાના દેડકાએ પગથી લીટી દોરીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! તે સમુદ્ર આટલો મોટો છે ?'

'આટલાથી બતાવવું શક્ય નથી. તે સમુદ્ર તો ઘણો મોટો છે.'

ત્યારે તે કૂવાનો દેડકો કૂવાના પૂર્વ કિનારેથી કૂદકો મારી પશ્ચિમકિનારે જઈ પહોંચ્યો, પહોંચીને બોલ્યો—'હે દેવાનુપ્રિય ! તે સમુદ્ર આટલો મોટો છે ?'

'આટલું પણ પૂરતું નથી.'

આમ હે જિતશત્રુ ! તમે પણ બીજા અનેક રાજેશ્વર,-યાવત્-સાર્થવાહ વગેરેની ભાર્યા અથવા ભગિની અથવા પુત્રી કે પુત્રવધૂને જોઈ નથી તેથી એમ માનો છો કે જેવું મારું અંતઃપુર છે તેવું બીજા કોઈને નથી.

મલ્લીના રૂપની પ્રશંસા—

૨૧૨. એટલે હે જિતશત્રુ ! ખરેખર તો મિથિલા-નગરીમાં કુંભરાજાની પુત્રી, પ્રભાવતી રાણીની કૂખે જન્મેલી વિદેહવર રાજકન્યા મલ્લી રૂપમાં કે યૌવનમાં અથવા લાવણ્યમાં જેવી શ્રેષ્ઠ છે, શ્રેષ્ઠ શરીરવાળી છે, એવી કોઈ બીજી દેવકન્યા કે અસુરકન્યા કે નાગકન્યા કે યક્ષકન્યા કે ગંધર્વકન્યા કે રાજકન્યા નથી. તે વિદેહવર રાજકન્યાના પગના અંગૂઠાનાય લાખમા ભાગનું મૂલ્ય તારા અંતઃપુરનું નથી.' આમ કહી જ્યાંથી આવી હતી ત્યાં તે પાછી ચાલી ગઈ.

જિતશત્રુના દૂતનું મિથિલાગમન—

૨૧૩. ત્યાર બાદ પરિવ્રાજિકા વડે ઉત્પન્ન થયેલ કુતૂહલને કારણે જિતશત્રુએ દૂતને બોલાવ્યો. બોલાવીને આ પ્રમાણે કહ્યું—

—યાવત્ 'મારા રાજ્યનું મૂલ્ય ચૂકવીને પણ વિદેહવર રાજકન્યા મલ્લીનું મારી ભાર્યા તરીકે માગું મૂકે.'

ત્યારે જિતશત્રુની આવી આજ્ઞા સાંભળીને દૂત હૃષ્ટ-તુષ્ટ થઈને-યાવત્-જ્યાં મિથિલાનગરી હતી ત્યાં જવા નીકળ્યો.

દૂતોનું સંદેશ-નિવેદન—

૨૧૪. એ રીતે તે જિતશત્રુ-પ્રમુખ છએ રાજાઓના દૂતો જ્યાં મિથિલાનગરી હતી ત્યાં જવા નીકળ્યા.

ત્યાર બાદ તે છએ દૂતો જ્યાં મિથિલા-નગરી હતી, ત્યાં આવ્યા, ત્યાં આવીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથિલાનગરીના મુખ્ય ઉદ્યાનમાં પોતપોતાની છાવણી બનાવી, છાવણી કરીને રાજધાનીમાં પ્રવેશ્યા, પ્રવેશીને જ્યાં કુંભ રાજા હતો ત્યાં આવ્યા, આવીને દરેકે બે હાથ મસ્તક પાસે જોડીને અંજલિ રચીને પોતપોતાના રાજાનો સંદેશો સંભળાવ્યો.

કુંભ દ્વારા દૂતોનો અસત્કાર—

૨૧૫. ત્યાર બાદ તે દૂતોના સંદેશા સાંભળી કુંભ ગુસ્સે થયો, કોપાયમાન થયો, પ્રચંડ કોપથી ધમધમી ઊઠ્યો અને કપાળમાં ભ્રૂકુટિ ચડાવી આ પ્રમાણે બોલ્યો—

'હું તમને કોઈને વિદેહવર રાજકન્યા નહીં આપું'. આમ કહી તેણે છએ દૂતોનું અપમાન કરી, અસન્માન કરી, પાછળના બારણેથી બહાર કાઢ્યા, ત્યારે તે જિતશત્રુ-પ્રમુખ છએ રાજાઓના દૂતો કુંભરાજા દ્વારા અસત્કારિત, અપમાનિત અને પાછલા દ્વારેથી બહાર કઢાયેલા એવા તરત જ્યાં જ્યાં પોતાનાં જનપદ હતાં, જ્યાં પોતપોતાનાં નગર હતાં, જ્યાં પોતપોતાના રાજા હતા ત્યાં આવ્યા, આવીને માથા પાસે હાથ જોડી અંજલિ કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે સ્વામિ ! અમે જિતશત્રુ-પ્રમુખ છએ રાજાઓના દૂતો એકસાથે એક-સમયે જ જ્યાં મિથિલાનગરી હતી, ત્યાં ગયા હતા—યાવત્—પાછલા બારણેથી બહાર કાઢ્યા. તો હે સ્વામિ ! કુંભ રાજા વિદેહવર રાજકન્યા મલ્લી આપતો નથી.' આમ પોતપોતાના સ્વામિને નિવેદન કર્યું.

જિતશત્રુ આદિનું કુંભ સાથે યુદ્ધ—

૨૧૬. ત્યાર બાદ તે જિતશત્રુ આદિ છએ રાજાઓ તે દૂતો પાસેથી આવી હકીકત સાંભળીને, જાણીને કોપાયમાન થયા, ગુસ્સે થયા, ક્રોધથી લાલપીળા થઈને અન્યોન્ય દૂતો મોકલ્યા, મોકલીને આ પ્રમાણે કહેવરાવ્યું—

'હે દેવાનુપ્રિયો ! આપણા છએ રાજાઓના દૂતો એકસાથે જ્યાં મિથિલાનગરી હતી ત્યાં ગયા હતા—યાવત્—પાછલા બારણેથી કાઢવામાં આવ્યા. તો હે દેવાનુપ્રિય ! આપણે હવે કુંભ સાથે યુદ્ધ કરવું જોઈએ.' આમ કરી એકબીજાના વિચાર જાણીને સ્વીકાર્યા, સ્વીકારીને સ્નાન કર્યું, સ્નાન કરીને કવચબદ્ધ થઈ ઉત્તમ હાથીના સ્કંધ પર બેઠા, કોરંટપુષ્પોની માળાવાળાં છત્ર ધારણ કર્યાં, શ્વેત ચામરોથી જેમને પવન નાખવામાં આવતો હતો એવા તે બધા હાથીઓ, ઘોડા, રથો અને યોદ્ધાઓથી યુક્ત મહાન ચતુરંગિણી સેનાઓથી ઘેરાઈને સર્વ સમૃદ્ધિપૂર્વક—યાવત્—દુંદુભિના નાદ સાથે પોતપોતાના નગરોમાંથી નીકળ્યા, નીકળીને એકત્ર થયા, અને જ્યાં મિથિલાનગરી હતી ત્યાં જવા ચાલી નીકળ્યા.

ત્યાર પછી કુંભરાજાએ આ સમાચાર જાણ્યા એટલે તરત જ પોતાના સેનાપતિને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તરત જ ઘોડા, હાથી, રથ અને ઉત્તમ યોદ્ધાઓ યુક્ત ચતુરંગિણી સેના સજ્જ કરો, સજ્જ કરીને મને આજ્ઞાપાલનની જાણ કરો.' તેણે પણ તે પ્રમાણે કર્યું—યાવત્—આજ્ઞાપાલનની જાણ કરી. ત્યાર પછી તે કુંભ રાજા સ્નાન કરી, સજ્જ થઈ ઉત્તમ હાથી પર બેઠો. કોરંટપુષ્પની માળાવાળું છત્ર તેને ધરવામાં આવ્યું, ઉત્તમ શ્વેત ચામરોથી પવન ઢોળવામાં આવ્યો, ઘોડા, હાથી, રથો અને ઉત્તમ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાથી ઘેરાઈને, સર્વ ઋદ્ધિપૂર્વક—યાવત્—દુંદુભિનાદ સાથે તે મિથિલાની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યો, નીકળીને વિદેહ જનપદની મધ્યમાં થઈ જ્યાં દેશની સીમા હતી ત્યાં આવ્યો, આવીને છાવણી નાખી, છાવણી નાખીને જિતશત્રુ વગેરે છએ રાજાઓની પ્રતીક્ષા કરતો, યુદ્ધ માટે સજ્જ થઈને રહેવા લાગ્યો.

૨૧૭. ત્યાર પછી તે જિતશત્રુ આદિ છએ રાજાઓ જ્યાં કુંભ રાજા હતો ત્યાં આવ્યા, આવીને કુંભ રાજા સાથે યુદ્ધ કરવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ તે જિતશત્રુ-પ્રમુખ છએ રાજાઓએ કુંભરાજાના કેટલાય વીરોને મારી નાખ્યા, કેટલાયને ઘાયલ કર્યા, કેટલાયને પાડી દીધા, તેના રાજચિહ્નરૂપ ધ્વજાઓને તોડી ફોડી નાખ્યાં, પ્રાણનો ભય ઊભો થતાં તેની સેના ચારે દિશામાં ભાગવા લાગી.

ત્યાર બાદ જિતશત્રુ આદિ છએ રાજાઓ દ્વારા પોતાના શ્રેષ્ઠ યોદ્ધાઓ માર્યા ગયેલા, ઘાયલ થયેલા અને માનભંગ થયેલા તથા પોતાની ધ્વજાઓ છિન્નભિન્ન થયેલી અને સેનાને ચારે દિશામાં જીવ બચાવવા ભાગતી જોઈને કુંભ રાજા સામર્થ્યહીન, બલહીન, નિર્વીર્ય અને પરાક્રમરહિત બન્યો અને શત્રુને રોકવા શક્ય નથી એમ સમજી તરત જ, શીઘ્રતાપૂર્વક, વેગપૂર્વક, તીવ્ર ગતિએ જ્યાં મિથિલાનગરી હતી, ત્યાં આવ્યો, આવીને મિથિલામાં પ્રવેશ્યો, પ્રવેશીને મિથિલાનાં દ્વાર બંધ કર્યાં, દ્વાર બંધ કરીને નગરીને ઘેરી લેવામાં આવે તો તે માટેની તૈયારી કરવા લાગ્યો.

૨૧૮. ત્યાર પછી જિતશત્રુ આદિ છયે રાજાઓ જ્યાં મિથિલાનગરી છે ત્યાં આવ્યા, આવીને મિથિલા રાજધાનીમાં કોઈ જઈ-આવી શકે નહીં એવી રીતે ચોપાસ ઘેરી લીધી. ત્યારે તે કુંભ રાજા મિથિલા રાજધાની ઘેરાઈ ગઈ છે તેમ જાણીને નગરની અંદર આવેલ સભા-મંડપમાં ઉત્તમ સિંહાસન પર બેસીને તે જિતશત્રુ આદિ છએ રાજાઓની ખામીઓ, છિદ્રો, વિવરો અને મર્મસ્થાનો ન મળતાં, અનેક યુક્તિઓ, ઉપાયો, ઔત્પત્તિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી એ ચાર બુદ્ધિઓ દ્વારા વિચારતાં વિચારતાં જ્યારે કંઈ યુક્તિ કે ઉપાય હાથ ન લાગ્યો ત્યારે માનસિક રીતે થાકી જઈ, બે હથેળીઓમાં મોં રાખી આર્તધ્યાન કરવા લાગ્યો.

મલ્લી દ્વારા ચિંતા કારણ-પૃચ્છા

૨૧૯. આ બાજુ વિદેહવર રાજકન્યા મલ્લી સ્નાન કરી, પૂજા-નૈવેદ્ય કરી, કૌતુક—મંગળ કરી, સર્વ અલંકારોથી વિભૂષિત થઈ, અનેક કુબ્જા દાસીઓથી ઘેરાઈ, જ્યાં કુંભ રાજા હતો ત્યાં આવી, આવીને કુંભને ચરણસ્પર્શ કર્યો.

ત્યારે કુંભે વિદેહવર રાજકન્યા મલ્લીનો આદર ન કર્યો, ન તેની નોંધ લીધી. તે ચુપ રહ્યો.

ત્યારે વિદેહવર રાજકન્યા મલ્લીએ કુંભને આ પ્રમાણે કહ્યું,

'હે તાત ! પહેલાં મને આવતી જોઈ તમે આવકારતા, આદર કરતા અને ખોળામાં બેસાડતા, અત્યારે હે તાત ! તમે મને આવકારતા નથી, નથી ધ્યાન આપતા કે નથી ખોળે બેસાડતા. પરંતુ તમે તો આજ હતાશ મનવાળા થઈને હથેળીઓમાં મોં રાખી આર્તધ્યાન કરી રહ્યા છો, એમ કેમ ?'

કુંભનું ચિંતાકારણ-કથન

૨૨૦ ત્યારે કુંભે મલ્લી વિદેહવર રાજકન્યાને આ પ્રમાણે કહ્યું—

'હે પુત્રી ! એમ છે કે તારા કાજે જિતશત્રુ-પ્રમુખ છએ રાજાઓએ દૂતો મોકલ્યા હતા, તેમને મેં અસત્કાર કરી, અપમાનિત કરી, પાછલા બારણેથી બહાર કાઢ્યા હતા.

ત્યારે તે જિતશત્રુ-પ્રમુખ છએ રાજાઓ પોતપોતાના દૂતોની પાસેથી એ વાત સાંભળી કોપિત થયા અને મિથિલા નગરીને અવર-જવર ન થઈ શકે તેમ ચોપાસ ઘેરો ઘાલી રહ્યા છે.

તેથી હે પુત્રી ! હું તે જિતશત્રુ-પ્રમુખ છએ રાજાઓની ખામીઓ, છિદ્રો, વિવરો અને મર્મસ્થાનો ન મળતાં—યાવત્—આર્તધ્યાન કરી રહ્યો છું.'

મલ્લી દ્વારા ઉપાય-નિરૂપણ-

૨૨૧. ત્યારે વિદેહવર રાજકન્યા મલ્લીએ કુંભ રાજાને આ પ્રમાણે કહ્યું—

'હે તાત ! તમે હતાશ મનવાળા થઈને હથેળીઓમાં મુખ રાખીને આર્તધ્યાન ન કરો. હે તાત ! તમે તે જિતશત્રુ-પ્રમુખ છએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજાઓમાંના પ્રત્યેકની પાસે ગુપ્તપણે દૂત મોકલો, પ્રત્યેકને આ કહેવરાવો કે 'વિદેહવર રાજકન્યા મલ્લી તને આપીશ.' આમ કરી સંધ્યાકાળ સમયે જ્યારે મનુષ્યોની અવરજવર ઓછી થાય ત્યારે, શાંતિ થાય ત્યારે દરેકને મિથિલા રાજધાનીમાં પ્રવેશ કરાવો, પ્રવેશ કરાવી ગર્ભગૃહમાં પ્રવેશ કરાવરાવો, ગર્ભ-ગૃહમાં લઈ જઈ મિથિલા રાજધાનીનાં દ્વાર બંધ કરાવો, દ્વાર બંધ કરાવી ઘેરાની તૈયારી કરવા લાગો.'

ત્યારે કુંભે તે જિતશત્રુ-પ્રમુખ છએ રાજાઓમાંના દરેકને એકાંત સમયે દૂત મોકલ્યા-યાવત્-ઘેરા માટે તૈયારી કરવા લાગ્યો.

મલ્લીનો જિતશત્રુ આદિને બોધ-

૨૨૨. ત્યાર બાદ જિતશત્રુ વગેરે છએ રાજાઓએ બીજા દિવસે સવાર પડતાં-યાવત્-સહસ્સરશ્મિ દિનકર સૂર્ય પોતાના તેજથી ઝળહળવા લાગ્યો ત્યારે, જાળીમાંથી એક સુવર્ણમયી, મસ્તક પર છિદ્રવાળી અને જે છિદ્ર પદ્મપત્રોથી ઢાંકેલ હતું એવી પ્રતિમા જોઈ. 'આ જ વિદેહવર રાજકન્યા મલ્લી' એમ માની વિદેહવર રાજ-કન્યા મલ્લીનાં રૂપ, યૌવન અને લાવણ્યથી અંજાઈને, મોહિત થઈને, લુબ્ધ થઈને અનિમિષ દૃષ્ટિએ તે પ્રતિમાને વારંવાર નીરખવા માંડ્યા.

ત્યારે તે વિદેહવર રાજકન્યા મલ્લી સ્નાન કરી, નૈવેદ્ય-પૂજા કરી, મંગળ-કૌતુક વિધિ કરી, સર્વ અલંકારથી વિભૂષિત થઈ, અનેક કુબ્જા દાસીઓથી વીંટળાઈ જ્યાં જાલગૃહ હતું, જ્યાં મસ્તક પર છિદ્રવાળી અને તે છિદ્ર પર પદ્મપત્ર ઢાંકેલ તેવી સુવર્ણમયી પ્રતિમા હતી, ત્યાં આવી, આવીને તેણે તે મસ્તક પર છિદ્રવાળી, પદ્મપત્ર ઢાંકેલ સુવર્ણમયી પ્રતિમાના મસ્તક પરથી પદ્મપત્રનું ઢાંકણ ખસેડી લીધું. ત્યારે તેમાંથી દુર્ગંધ નીકળી, તે એવી કે જેવી મરેલા સર્પની ગંધ હોય-યાવત્-એથીય અશુભતર.

૨૨૩. ત્યારે તે જિતશત્રુ આદિ છએ રાજાઓએ તે અશુભ ગંધથી અભિભૂત થઈ પોતપોતાનાં ઉત્તરીય વસ્ત્રથી મોં-નાક ઢાંકી દીધાં, ઢાંકીને અવળા ફરી બેસી ગયા.

ત્યારે વિદેહવર રાજકન્યા મલ્લીએ જિતશત્રુ-પ્રમુખ તેઓને આ પ્રમાણે કહ્યું-

'હે દેવાનુપ્રિયો ! તમે કેમ પોતપોતાનાં ઉત્તરીય વસ્ત્ર વડે મોં-નાક ઢાંકીને અવળા ફરી બેઠા છો ?'

ત્યારે તે જિતશત્રુ આદિએ વિદેહવર રાજ-કન્યા મલ્લીને આ પ્રમાણે કહ્યું— 'હે દેવાનુપ્રિયે ! આ અશુભ ગંધથી અભિભૂત-પરાજિત થઈને અમે પોતપોતાનાં ઉત્તરીયથી મોં-નાક ઢાંકીને રહ્યા છીએ.'

૨૨૪. તેમની તે વાત સાંભળીને પછી વિદેહવર રાજકન્યા મલ્લીએ જિતશત્રુ-પ્રમુખ તેઓને આ પ્રમાણે કહ્યું-

'જો એમ છે તો હે દેવાનુપ્રિયો ! જ્યારે છિદ્રવાળી અને પદ્મપત્રોથી ઢાંકેલી એવી સુવર્ણમય પ્રતિમામાં પ્રતિદિન મનહર અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહારમાંથી એક એક કોળિયો નાખતાં નાખતાં આ આવા પ્રકારનું અશુભ પુદ્ગલ-પરિણામ આવ્યું તો પછી આ ઔદારિક શરીર કે જે કફ, વમન કરાતા પદાર્થો, પિત્ત, શુક્ર, શોણિત અને પૂયનું આશ્રયસ્થાન છે, જેનાં શ્વાસોચ્છ્વાસ દુર્ગંધી છે, જે દુર્ગંધી મૂત્ર, પૂય અને વિષ્ઠાથી ભરેલ છે, જે સડવાનો, ગળવાનો, નાશ પામવાનો સ્વભાવ ધરાવે છે એવા શરીરનું કેવું પરિણામ હોય ? તો હે દેવાનુપ્રિયો ! તમે આ મનુષ્ય-જીવન સંબંધી કામભોગોમાં ન ફસો, ન રાચો, ન ગૃદ્ધ બનો, ન મોહ પામો, અને એનો વિચાર પણ છોડો. વળી હે દેવાનુપ્રિયો ! તમે અને હું આજથી ત્રીજા જન્મ પૂર્વે પશ્ચિમ વિદેહ ક્ષેત્રમાં, સલિલાવતી વિજયમાં વીતશોકા રાજધાનીમાં મહાબલ-પ્રમુખ સાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલમિત્રો અને રાજાઓ હતા, સાથે જન્મેલા –યાવત્–સાથે જ આપણે દીક્ષા લીધેલી.

૨૨૫. ત્યાર બાદ હે દેવાનુપ્રિયો ! તે ભવમાં મેં એ કારણે સ્ત્રી-નામ-ગોત્ર-કર્મ ઉપાર્જિત કર્યું કે જ્યારે તમે બધા ચતુર્થ ભકત તપ કરતા ત્યારે હું ષષ્ઠ ભકત તપની આરાધના કરતો વિહરતો [– શેષ વૃત્તાન્ત પૂર્વવત્] ત્યાર બાદ હે દેવાનુપ્રિયો ! આપણે સહુ યથાસમય કાળ કરી જયંતવિમાનમાં ઉત્પન્ન થયા, ત્યાં તમારી બત્રીસ સાગરોપમથી કંઈક ઓછી એટલી સ્થિતિ થઈ. ત્યાર બાદ તમે તે દેવલોકમાંથી ચ્યવન કરીને આ જંબૂદ્વીપ નામે દ્વીપમાં–યાવત્–પોતપોતાનાં રાજ્ય ચલાવતા રહો છો. હે દેવાનુપ્રિયો ! ત્યાર બાદ હું પણ તે દેવલોકમાંથી આયુષ્ય ક્ષીણ થતાં –યાવત્–કન્યારૂપે ઉત્પન્ન થયો.

[ગાથાર્થ] –શું તમે તે પૂર્વભવને ભૂલી ગયા કે જ્યારે આપણે જયંત નામે વિમાનમાં વસતા હતા ? આપણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે સમય આવ્યે એકબીજાને પ્રતિબોધિત કરીશું. તો તે દેવભવને યાદ કરો.

જિતશત્રુ–પ્રમુખ બધાને જાતિસ્મરણ—

૨૨૬. ત્યાર પછી વિદેહવર રાજકન્યા મલ્લી પાસેથી આવી વાત સાંભળીને તે જિતશત્રુ-પ્રમુખ છએ રાજાઓને શુભ કર્મ પરિણામથી, પ્રશસ્ત અધ્યવસાયોથી, વિશુદ્ધ બનેલ લેશ્યાઓથી તથા તે તે આવરણીય કર્મોના ક્ષયોપશમથી ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરવાથી સંજ્ઞી જીવોને થનાર જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, જેથી તેમણે તે વાત સારી રીતે સમજી લીધી.

૨૨૭. ત્યારે અર્હંત્ મલ્લીએ જાણ્યું કે જિતશત્રુ આદિ છએ રાજાઓને જાતિ-સ્મરણ જ્ઞાન થયું છે ત્યારે ગર્ભગૃહનાં દ્વાર ઉઘડાવ્યાં.

ત્યારે તે જિતશત્રુ આદિ છએ રાજાઓ જ્યાં અર્હંત્ મલ્લી હતાં ત્યાં આવ્યા. તે રીતે મહાબલ આદિ સાતે બાલમિત્રો એક સ્થાનમાં એકત્રિત થઈ ગયા.

મલ્લી તથા જિતશત્રુ આદિ રાજાઓના પ્રવ્રજ્યા-સંકલ્પ—

૨૨૮. ત્યાર બાદ અર્હંત્ મલ્લીએ તે જિતશત્રુ આદિ છએ રાજાઓને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! ખરેખર સંસારથી ઉદ્વિગ્ન એવી હું તો–યાવત્–પ્રવ્રજ્યા લેવા માગું છું. તો તમે બધા શું કરવા માગો છો ? કઈ રીતે રહેવા માગો છો ? અથવા તમે સ્વહિત માટે સમર્થ છો ?'

ત્યારે જિતશત્રુ આદિ છએ રાજાઓએ અર્હંત્ મલ્લીને આ પ્રમાણે કહ્યું– 'હે દેવાનુપ્રિયે ! જો સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈને –યાવત્–તમે પ્રવ્રજ્યા સ્વીકારતા હો તો હે દેવાનુપ્રિય ! અમારે માટે બીજું કોણ આધાર છે ? અવલંબન છે ? પ્રતિબંધ છે ? હે દેવાનુપ્રિય ! જેવી રીતે આજથી ત્રીજા ભવમાં અનેક કાર્યોમાં તમે મુખ્ય, પ્રમાણભૂત –યાવત્–ધર્મધુરા ધરનાર હતા, તે જ રીતે હે દેવાનુપ્રિય ! આ ભવમાં પણ–યાવત્–ધર્મધુરા ધરનાર બનો. હે દેવાનુપ્રિય ! સંસારથી ઉદ્વિગ્ન અને જન્મમરણથી ભયભીત અમે પણ દેવાનુપ્રિયની સાથે મુંડિત થઈને, ગૃહવાસ છોડીને, અણગારિક પ્રવ્રજ્યા લઈશું.'

ત્યાર બાદ અર્હંત્ મલ્લીએ જિતશત્રુ આદિ છએ રાજાઓને આ પ્રમાણે કહ્યું–

'જો તમે પણ સંસારભયથી ઉદ્વિગ્ન છો –યાવત્–મારી સાથે પ્રવ્રજ્યા લેવા ઇચ્છો છો તો હે દેવાનુપ્રિયો ! તમે તમારા પોતપોતાના રાજ્યમાં જઈને જયેષ્ઠ પુત્રને રાજ્યાસન પર સ્થાપો,સ્થાપીને સહસ્રપુરુષવાહિની શિબિકામાં બેસી મારી પાસે પાછા આવો.'

ત્યારે તે જિતછત્રુ આદિ છએ રાજાઓએ અર્હંત્ મલ્લીની તે વાત સ્વીકારી.

ત્યાર બાદ અર્હંત્ મલ્લી તે જિતશત્રુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમુખ છએ રાજાઓને લઈને જ્યાં કુંભ રાજા હતો ત્યાં આવ્યા, આવીને કુંભને પગે પાડ્યા.

ત્યારે કુંભે તે જિતશત્રુ આદિનો વિપુલ અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમ ભોજનથી તથા પુષ્પ, વસ્ત્ર, ગંધમાલાઓ અને અલંકારોથી સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર-સન્માન કરી વિદાય આપી.

ત્યાર બાદ કુંભરાજાએ વિદાય કરેલા તે જિતશત્રુ આદિ છએ રાજાઓ જ્યાં પોતપોતાના રાજ્ય હતાં, જ્યાં પોતપોતાનાં નગર હતાં, ત્યાં આવ્યા, ત્યાં આવીને પોતપોતાના રાજ્યનું શાસન કરતા રહેવા લાગ્યા.

મલ્લીનો નિષ્ક્રમણ-મહોત્સવ—

૨૨૯. ત્યાર પછી એક વર્ષ પછી, હું નિષ્ક્રમણ કરીશ-પ્રવ્રજ્યા લઈશ—એમ અર્હત્ મલ્લીએ મનમાં નિશ્ચય કર્યો.

તે કાળે તે સમયે શક્રનું આસન ચલાયમાન થયું. ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રે પોતાના આસનને ચલાયમાન થતું જોયું, જોઈને અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો, પ્રયોગ કરીને અવધિજ્ઞાન દ્વારા અર્હત્ મલ્લીને જોયા, જોઈને તેના મનમાં આવા પ્રકારનો પ્રશસ્ત સંકલ્પ. વિચાર, મનોભાવ પેદા થયો—

જંબૂદ્વીપ નામક દ્વીપમાં, ભારત વર્ષમાં, મિથિલાનગરીમાં, કુંભરાજાની પુત્રી, પ્રભાવતી રાણીની આત્મજા મલ્લી અર્હન્ત આ પ્રકારે મનમાં વિચાર કરે છે કે હું પ્રવ્રજ્યા લઈશ. તો અતીત, વર્તમાન અને ભાવિ શક્રો દેવરાજા દેવેન્દ્રોનો એ પરંપરાગત આચાર છે કે દીક્ષા માટે સમુદ્યત અર્હંત ભગવંતોના ઘેર એટલી અર્થસંપત્તિ મોકલવી, જેમ કે [સંગ્રહણી ગાથાનો અર્થ—] અર્હન્તોને ઇંદ્રો ત્રણ સો અઠ્યાસી કરોડ એંશી લાખ સુવર્ણમુદ્રા પ્રદાન કરે છે.

એમ વિચાર કર્યો, વિચાર કરી વૈશ્રમણ (કુબેર)ને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું :

'હે દેવાનુપ્રિય! જંબૂદ્વીપ નામે દ્વીપમાં, ભારતવર્ષમાં, મિથિલાનગરીમાં, કુંભરાજાની પુત્રી, પ્રભાવતી રાણીની આત્મજા, મલ્લી અર્હંને 'હું દીક્ષા લઈશ' એવો મનમાં નિશ્ચય કર્યો છે—યાવત્—ઇંદ્રો અર્હંતોને આપે છે. તો હે દેવાનુપ્રિય! તું જા અને જંબૂદ્વીપમાં, ભારતવર્ષમાં, મિથિલા રાજધાનીમાં કુંભરાજાના ભવનમાં આ પ્રમાણની અર્થસંપત્તિ પહોંચાડ, પહોંચાડીને તરત જ મારી આજ્ઞા પાળ્યાની મને જાણ કર.'

ત્યાર બાદ તે વૈશ્રમણદેવે દેવરાજ દેવેન્દ્ર શક્રની આ વાત સાંભળી હૃષ્ટ-તુષ્ટ થઈ, બન્ને હાથ જોડી દશે આંગળીઓ મસ્તક પાસે અંજલિ રૂપે ગોઠવી 'દેવ! એ પ્રમાણે કરું છું' એમ કહી વિનયપૂર્વક આજ્ઞા સ્વીકારી, સ્વીકારીને જૃંભક દેવોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે જંબૂદ્વીપમાં, ભારતવર્ષમાં, મિથિલા રાજધાનીમાં, કુંભ રાજાના ભવનમાં ત્રણસો અઠ્યાસી કરોડ એંશી લાખ પ્રમાણ સુવર્ણમુદ્રાઓ જેટલું ધન પહોંચાડો, પહોંચાડીને મારી આજ્ઞા પાળ્યાની જાણ કરો.'

૨૩૦. ત્યાર બાદ તે જૃંભક દેવો વૈશ્રમણદેવની આવી આજ્ઞા સાંભળતાં વેંત-યાવત્-સ્વીકારીને ઉત્તરપૂર્વ દિશામાં ગયા, જઈને વૈક્રિય સમુદ્ઘાત કર્યો, સમુદ્ઘાત કરીને સંખ્યાત યોજન પ્રમાણનો દંડ બહાર કાઢ્યો—યાવત્—ઉત્તર વૈક્રિયરૂપોની વિકુર્વણા કરી, વિકુર્વણા કરીને પછી તે ઉત્કૃષ્ટ—યાવત્—દેવગતિથી ચાલતા ચાલતા જ્યાં જંબૂદ્વીપ હતો, જ્યાં ભારતવર્ષ હતો, જ્યાં મિથિલા રાજધાની હતી, જ્યાં કુંભક રાજાનું ભવન હતું, ત્યાં આવ્યા, આવીને કુંભક રાજાના ભવનમાં ત્રણસો કરોડ—યાવત્—પહોંચાડ્યા, પહોંચાડીને જ્યાં વૈશ્રમણ દેવ હતો, ત્યાં આવ્યા, આવીને બે હાથ જોડી મસ્તક પાસે અંજલિ રચીને આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે વૈશ્રમણદેવ દેવેન્દ્ર દેવરાજ શક્ર હતો ત્યાં આવ્યો અને બન્ને હથેળી ભેગી કરી-યાવત્-તે આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

૨૩૧. ત્યાર બાદ મલ્લી અર્હન્ત પ્રતિદિન-યાવત્-મગધદેશના સમય મુજબ પ્રભાતકાળના ભોજન સુધી ઘણા સનાથ, અનાથ, મુસાફરો, વટેમાર્ગુઓ, ભિખારીઓ અને કંથાધારીઓને રોજ એક કરોડ આઠ લાખ મુદ્રાઓનું દાન કરે છે. ત્યાર બાદ કુંભ રાજાએ મિથિલા રાજધાનીમાં અનેક સ્થળે, જગ્યાએ જગ્યાએ ભોજનશાળાઓ કરાવી. ત્યાં ઘણા માણસો ભોજન અને વેતન લઈને પ્રતિદિન વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન બનાવતા હતા, ભોજન બનાવીને જે જે ત્યાં આવે, જેમ કે માર્ગે જનારા, પથિકો, ભિખારીઓ, સાધુઓ કે ગૃહસ્થો-તેમને આશ્વાસન આપી, વિશ્રામ કરાવી, ઉત્તમ સુખાસન પર બેસાડી, વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન આપતા, વહેંચતા રહેતા.

ત્યાર પછી મિથિલાનગરીમાં શૃંગાટક (શીંગોડા આકારના માર્ગ), ત્રીક (ત્રીભેટા), ચતુષ્ક (ચોક), ચત્વર (ચોરા), ચતુર્મુખ (ચૌટા), રાજમાર્ગ, માર્ગ આદિ સ્થાનોમાં ઘણા લોકો મળે ત્યારે એકબીજાને કહેવા લાગ્યા-'હે દેવાનુપ્રિય! કુંભ રાજાના ભવનમાં સર્વ ઇચ્છા પૂરે તેવાં, મનભાવે તેવાં, વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન ઘણા શ્રમણોને, બ્રાહ્મણોને, સનાથોને, અનાથોને, પથિકોને, વટેમાર્ગુઓને, કાપાલિકોને, ભિખારીઓને ખવડાવવામાં આવે છે, આપવામાં આવે છે.

[સંગ્રહણી ગાથાર્થ]-

સુર, અસુર, દેવ, દાનવ અને નરેન્દ્રો દ્વારા પૂજિત એવા તીર્થંકરોના અભિનિષ્ક્રમણના અવસર પર દાનઘોષણા કરાય છે કે 'માગો, જેની જે ઇચ્છા હોય તે માગો, બહુ પ્રકારે કિમિચ્છક (ઇચ્છાનુસાર) દાન આપવામાં આવી રહ્યું છે.' (૧)

૨૩૨. ત્યાર બાદ મલ્લી અર્હન્તે વર્ષીદાન રૂપે ત્રણસો અઠ્યાશી કરોડ એંશી લાખ મુદ્રા જેટલું ધન દાનમાં આપી હું દીક્ષા લઈશ એવો નિશ્ચય મનમાં કર્યો. તે કાળે તે સમયે બ્રહ્મલોક કલ્પમાં, અરિષ્ટ વિમાન પ્રસ્તર(માળ) પર રહેનાર લોકાન્તિક દેવો પોતપોતાના ઉત્તમ પ્રાસાદોમાં, પ્રત્યેક પોતપોતાના ચાર હજાર સામાનિક દેવો, ત્રણ પરિષદો, સાત સેનાઓ, સાત સેનાપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો અને બીજા પણ અનેક લોકાન્તિક દેવો તથા દેવીઓથી વીંટળાઈને જોર જોરથી વગાડાતાં વાદ્યો અને નૃત્ય, ગીત, વાદ્ય, તંત્રી, તલ, તાલ, ત્રુટિત, ઘન, મૃદંગ, પડહ, નગારાના અવાજ સાથે વિપુલ ભોગો ભોગવતા વિહરી રહ્યા હતા, તે આ પ્રમાણે—

[સંગ્રહણી ગાથાર્થ]-

૧. સારસ્વત, ૨. આદિત્ય, ૩, અગ્નિ, ૪. વરુણ, ૫. ગર્દતોય, ૬. તુષિત, ૭. અવ્યાબાધ અને ૮. આગ્નેય-એ આઠ લોકાન્તિક અરિષ્ટ પ્રસ્તરમાં રહે છે.

૨૩૩. ત્યાર બાદ તે લોકાન્તિક દેવોમાંના દરેકનું આસન ચલાયમાન થયું ઇત્યાદિ પૂર્વવત્-યાવત્ અભિનિષ્ક્રમણની ઇચ્છાવાળા અર્હંત ભગવંતોને સંબોધ કરવાનો લોકાંતિક દેવોનો પરંપરાગત આચાર છે. 'તો આપણે જઈએ અને મલ્લી અર્હંતને સંબોધ કરીએ' એમ વિચાર કર્યો, વિચારીને ઉત્તરપૂર્વ દિશામાં ગયા, જઈને વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો, સમુદ્‌ઘાત કરીને સંખ્યાત યોજન પ્રમાણનો દંડ કાઢ્યો, જૃંભક દેવોની જેમ જ-યાવત્-જ્યાં મિથિલા રાજધાની હતી, જ્યાં કુંભક રાજાનું ભવન હતું, જ્યાં મલ્લી અર્હંત હતા, ત્યાં ગયા, જઈને અંતરિક્ષમાં રહીને, ઘુઘરીઓવાળાં પચરંગી ઉત્તમ વસ્ત્રો પહેરીને, દશે આંગળીઓ જોડી મસ્તક સમીપે અંજલિ રચી ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોહર સુરો વડે આ પ્રમાણે બોલ્યા—

'હે ભગવંત લોકનાથ! બોધ પામો, ધર્મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થનું પ્રવર્તન કરો, જે જીવોને માટે હિતકર, સુખકર અને નિઃશ્રેયસ્કર થાય.' એમ કરી, બીજી વાર અને ત્રીજી વાર પણ એ પ્રમાણે બોલ્યા, બોલીને મલ્લી અર્હન્તને વંદન કર્યા, નમન કર્યું, વંદન-નમન કરી જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ફર્યા.

૨૩૪. ત્યાર બાદ લોકાન્તિક દેવોએ સંબોધ કર્યો કે તરત જ મલ્લી અર્હંત જ્યાં પોતાના માતા-પિતા હતા, ત્યાં આવ્યા, આવીને બે હાથ જોડી મસ્તક સમીપે અંજલિ રચીને વંદન કરી આ પ્રમાણે કહ્યું—

'હે માતાપિતા ! આપની આજ્ઞા મળે કે તરત મુંડિત થઈને ગૃહવાસ ત્યજીને અણગારપણું અંગીકાર કરવા ઇચ્છું છું.'

[માતાપિતાએ કહ્યું]-'જે પ્રમાણે સુખ થાય તે પ્રમાણે કર. હે દેવાનુપ્રિય ! વિલંબ ન કર.'

ત્યાર બાદ કુંભરાજાએ સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ એક હજાર આઠ સુવર્ણ કળશો-યાવત્ એક હજાર આઠ માટીના કળશો તથા બીજી તીર્થંકરના અભિષેકને યોગ્ય, મહાર્થ, મહામૂલ્ય, મહર્ધ અને વિપુલ સામગ્રી ઉપસ્થિત કરો.' તેઓએ પણ-યાવત્-ઉપસ્થિત કરી.

તે કાળે તે સમયે અસુરેન્દ્ર-ચમર-યાવત્-અચ્યુત કલ્પ પર્યંતના ઇન્દ્રો અભિષેક-મહોત્સવ માટે આવ્યા.

ત્યાર બાદ તે દેવરાજ દેવેન્દ્ર શક્રે આભિયોગિક દેવોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ એક હજાર આઠ સુવર્ણ કળશો-યાવત્-એક હજાર આઠ માટીના કળશો તથા બીજી પણ તીર્થંકરના અભિષેકને યોગ્ય મહાર્થ, મહામૂલ્ય, મહર્ધ અને વિપુલ સામગ્રી ઉપસ્થિત કરો.' તેઓએ પણ-યાવત્-ઉપસ્થિત કરી. તે કળશો પણ કુંભરાજાના કળશો સાથે એક સાથે મૂકવામાં આવ્યા.

ત્યાર પછી દેવેન્દ્ર દેવરાજ શક્ર અને કુંભરાજાએ મળી અર્હંત મલ્લીને સિંહાસન પર પૂર્વાભિમુખ બેસાડ્યા, બેસાડીને એક હજાર આઠ સુવર્ણ કળશો-યાવત્-તીર્થંકરનો અભિષેક કર્યો.

એ રીતે જ્યારે મલ્લી અર્હંતનો અભિષેક થઈ રહ્યો હતો ત્યારે કેટલાક દેવો મિથિલાની અંદર-બહાર-યાવત્-ચોપાસ આમ તેમ આનંદથી દોડવા લાગ્યા.

૨૩૫. ત્યાર બાદ કુંભરાજાએ બીજી વાર ઉત્તરાભિમુખ સિંહાસન રખાવ્યું-યાવત્-સર્વ અલંકારોથી વિભૂષિત કર્યા, કરીને સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! તરત જ મનોરમ્ય શિબિકા લાવો.' તેઓ પણ લાવ્યા.

ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે આભિયોગિક દેવોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ અનેક સેંકડો સ્તંભવાળી-યાવત્-મનહર શિબિકા લાવો.' તેઓએ પણ-યાવત્-ઉપસ્થિત કરી. તે શિબિકા પણ પેલી શિબિકા સાથે રાખવામાં આવી.

ત્યાર બાદ મલ્લી અર્હંત સિંહાસનેથી ઊઠ્યા, ઊઠીને જ્યાં મનોહર શિબિકા હતી ત્યાં આવ્યા, આવીને મનોરમા શિબિકાની પ્રદક્ષિણા કરીને તેના પર સવાર થયા, સવાર થઈને પૂર્વદિશા તરફ મુખ રાખી શ્રેષ્ઠ સિંહાસન પર બિરાજમાન થયા.

ત્યારે કુંભરાજાએ અઢાર શ્રેણી-પ્રશ્રેણીઓને બોલાવી, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે સ્નાન કરીને-યાવત્-સર્વ અલંકારોથી વિભૂષિત થઈને મલ્લીની શિબિકા ઊંચકો.' તેઓએ તે પ્રમાણે શિબિકા ઊંચકી.

ત્યાર બાદ દેવેન્દ્ર દેવરાજ શક્રે મનોરમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિબિકાની દક્ષિણ તરફની બાજુ ગ્રહણ કરી, ઈશાનેન્દ્રે ઉત્તર તરફની ઉપરની બાજુ ગ્રહણ કરી, ચમરેન્દ્રે દક્ષિણ તરફની નીચલી અને બલિએ ઉત્તર તરફની નીચલી બાજુ ગ્રહણ કરી, બાકીના દેવોએ યથાયોગ્ય બાજુએ જોડાઈ મનોરમ શિબિકા ઊંચકી.

[સંગ્રહણી ગાથાનો અર્થ–] હર્ષને કારણે જેના રોમકૂપ વિકાસ પામ્યા છે એવા મનુષ્યોએ સર્વ પ્રથમ શિબિકા ઉપાડી, તે પછી અસુરેન્દ્ર, સુરેન્દ્ર અને નાગેંદ્રો શિબિકા ઊંચકે છે.(૧)

ચલાયમાન ચપળ કુંડળોને ધારણ કરનાર, સ્વેચ્છાનુસાર વિકુર્વિત આભૂષણોને ધારણ કરનાર દેવેન્દ્રો અને દાનવેન્દ્રો જિનેન્દ્રની શિબિકાને વહન કરે છે. (૨)

ત્યાર બાદ મલ્લી અર્હંત જ્યારે મનોરમા શિબિકામાં બેસી ગયા ત્યારે તેમની આગળ અનુક્રમથી આઠ મંગળો ચાલવા લાગ્યા. [એનું વર્ણન જમાલિના નિર્ગમન પ્રસંગની જેમ કરવું.]

ત્યાર પછી મલ્લી અર્હંતના નિષ્ક્રમણ સમયે કેટલાક દેવો મિથિલા રાજધાનીની અંદર–બહાર જળસિંચન કરી, ભૂમિશુદ્ધિ કરી, શેરીઓમાં અને બજારોમાં સફાઈ કરવા લાગ્યા–યાવત્–દોડવા લાગ્યા.

૨૩૬. ત્યાર બાદ મલ્લી અર્હંત જ્યાં સહસ્સામ્રવન ઉદ્યાન હતું, જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ હતું, ત્યાં આવ્યા, ત્યાં આવીને શિબિકામાંથી ઊતર્યા, ઊતરીને આભરણ–અલંકારોનો ત્યાગ કર્યો.

ત્યારે પ્રભાવતીએ હંસલક્ષણ પટશાટક (હંસ જેવાં શ્વેત વસ્ત્ર)માં તે આભરણ–અલંકારો લઈ લીધાં.

ત્યાર બાદ મલ્લી અર્હંતે પોતાની જાતે જ પંચમુષ્ટિક લોચ કર્યો.

ત્યારે દેવેન્દ્ર દેવરાજ શક્રે મલ્લીના કેશ લઈને ક્ષીરોદક સમુદ્રમાં પધરાવ્યા.

ત્યાર બાદ મલ્લી અર્હંતે 'સિદ્ધોને નમસ્કાર હો' એમ કહી સામાયિક ચારિત્ર ગ્રહણ કર્યું. જે સમયે મલ્લી અર્હંતે સામાયિક ચારિત્ર ગ્રહણ કર્યું તે સમયે શક્રના આદેશથી દેવો અને મનુષ્યોનો કોલાહલ, વાદ્યોનો અવાજ, ગીત–વાજિંત્રનો ઘોષ બધું એકદમ બંધ થઈ ગયું.

જે સમયે મલ્લી અર્હંતે સામયિક ચારિત્ર અંગીકાર કર્યું તે જ સમયે મલ્લી અર્હંતને મનુષ્યોને જ થનાર ઉત્તમ મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું.

૨૩૭. મલ્લી અર્હંતે હેમન્ત ઋતુના બીજા મહિનામાં ચોથા પક્ષમાં અર્થાત્ પોષ શુકલ પક્ષની એકાદશીના દિવસે, પૂર્વાહ્ન કાળે, નિર્જળ અષ્ટમ ભક્ત તપપૂર્વક, અશ્વિની નક્ષત્ર સાથે ચન્દ્રનો યોગ થતાં, ત્રણસો આભ્યંતર પરિષદની સ્ત્રીઓ તથા ત્રણસો બાહ્ય પરિષદના પુરુષો સાથે મુંડિત થઈને દીક્ષા ગ્રહણ કરી હતી. મલ્લી અર્હંતનું અનુસરણ કરીને આ આઠ રાજકુમારોએ દીક્ષા લીધી હતી, જેમનાં નામ છે—

[ગાથાર્થ] ૧–નંદ ૨. નંદમિત્ર ૩. સુમિત્ર ૪. બલમિત્ર ૫. ભાનુમિત્ર ૬. અમરપતિ ૭. અમરસેન અને ૮. આઠમા મહાસેન (૧)

ત્યાર પછી તે ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોએ મલ્લી અર્હંતનો અભિનિષ્ક્રમણ મહોત્સવ ઊજવ્યો ઊજવીને જ્યાં નંદીશ્વર દ્વીપ હતો ત્યાં ગયા, ત્યાં જઈને અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો, મહોત્સવ કરીને જે દિશામાંથી તે આવ્યા હતા તે દિશામાં પાછા ફર્યા.

મલ્લીને કેવળજ્ઞાન

૨૩૮ ત્યાર બાદ જે દિવસે મલ્લી અર્હંતે દીક્ષા લીધી તે જ દિવસે બપોરે ઉત્તમ અશોક વૃક્ષ નીચે ધરતી પરના એક શિલાપટ્ટ પર બેસી શુભ પરિણામો, પ્રશસ્ત અધ્યવસાયો અને પ્રશસ્ત લેશ્યા–પરિણામોના કારણે આત્મવિશુદ્ધિ થતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદાવરણીય કર્મરજ દૂર કરનાર અપૂર્વકરણ ગુણસ્થાનની પ્રાપ્તિ કરી. એમને અનંત, આનુત્તર, નિરાબાધ, નિરાવરણ, પૂર્ણ, પરિપૂર્ણ, સર્વોત્તમ કેવળજ્ઞાન-કેવળ દર્શન થયાં.

તે કાળે તે સમયે સઘળા દેવોનાં આસન ચલાયમાન થયાં, ધર્મશ્રવણ માટે ભગવંતના સમોવસરણની રચના થઈ, દેવોએ ધર્મશ્રવણ કર્યું, શ્રવણ કરીને જ્યાં નંદીશ્વર દ્વીપ હતો ત્યાં ગયા, ત્યાં જઈને અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો, મહોત્સવ કરીને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ફર્યા, કુંભ પણ નીકળ્યા.

જિતશત્રુ આદિની પ્રવ્રજ્યા—

૨૩૯. ત્યાર બાદ જિતશત્રુ આદિ છએ રાજાઓ પોતપોતાના જ્યેષ્ઠ પુત્રોને રાજ્ય પર સ્થાપીને સહસ્રપુરુષવાહિની શિબિકાઓમાં આરૂઢ થઈને સર્વ સમૃદ્ધિ સાથે જ્યાં અર્હંત મલ્લી હતા ત્યાં આવ્યા, યાવત્-પર્યુપાસના કરવા લાગ્યા.

ત્યાર પછી મલ્લી અર્હંતે અતિમહા પરિષદને તથા કુંભરાજા અને જિતશત્રુ આદિ છએ રાજાઓને ધર્મોપદેશ આપ્યો. પરિષદ જે દિશામાંથી આવી મળી હતી તે જ દિશામાં પાછી ફરી. કુંભ શ્રમણોપાસક બન્યો-યાવત્-પાછો ફર્યો, પ્રભાવતી પણ શ્રમણોપાસિકા બની, પાછી ફરી. ત્યાર બાદ જિતશત્રુ આદિ છએ રાજાઓએ ધર્મશ્રવણ કરીને અને સમજીને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવંત! આ લોક આલિપ્ત છે, પ્રલિપ્ત છે. આલિપ્ત-પ્રલિપ્ત છે, જરા-મરણથી વ્યાપ્ત છે'-યાવત્-પ્રવ્રજ્યા લીધી અને ચૌદ પૂર્વોના જ્ઞાતા બન્યા. ઉત્તમ અનંત કેવળજ્ઞાન-દર્શન પ્રાપ્ત કરી પછી તેઓ સિદ્ધ થયા.

મલ્લી-જિનની શિષ્ય-સંપદા

૨૪૦. ત્યાર બાદ મલ્લી અર્હંત સહસ્રામ્રવન ઉદ્યાનમાંથી નીકળ્યા, નીકળીને બહારનાં જનપદમાં વિહરવા લાગ્યા.

મલ્લી અર્હન્તના ભિષક્ પ્રમુખ અઠ્ઠાવીશ ગણ અને અઠ્ઠાવીશ ગણધરો હતા.

મલ્લી અર્હંતની ચુમ્માલીસ હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણ-સંપદા હતી. બંધુમતી આદિ પંચાવન હજાર શ્રમણીઓની તેમની ઉત્કૃષ્ટ શ્રમણી-સંપદા હતી.

એક લાખ ચોરાસી હજાર શ્રાવકો, ત્રણ લાખ પાંસઠ હજાર શ્રાવિકાઓ, છસો ચૌદ પૂર્વધારીઓ, બે હજાર અવધિજ્ઞાનીઓ, બત્રીસ સો કેવળજ્ઞાનીઓ, પાંત્રીસ સો વૈક્રિયલબ્ધિધારીઓ, આઠસો મનઃપર્યયજ્ઞાનીઓ, ચૌદસો વાદિઓ અને વીશ સો (બે હજાર) અનુત્તરોપપાતિકોની ભગવંતની ઉત્કૃષ્ટ શિષ્યસંપદા હતી.

મલ્લી અર્હંતની બે પ્રકારની અન્તકર ભૂમિ હતી-જેમકે, યુગાન્તકર ભૂમિ અને પર્યાયાન્તકર ભૂમિ-યાવત્-યુગાન્તકર ભૂમિ વીશ પુરુષ-યુગ-પ્રમાણ હતી અર્થાત્ વીશ પાટ સુધી સાધુઓએ મુક્તિ પ્રાપ્ત કરી અને પર્યાયાન્તકર ભૂમિનો બે વર્ષ પછી અંત થયો અર્થાત્ મલ્લી અર્હંતને કેવળજ્ઞાન પ્રાપ્ત થયે બે વર્ષ પૂરાં થયાં ત્યારે ભવપર્યાયનો અંત કરનાર, મોક્ષ પ્રાપ્તિ કરનાર સાધુ થયા અથવા બે વર્ષ બાદ મોક્ષ જવાનો ક્રમ શરૂ થયો.

મલ્લી જિનનું નિર્વાણ—

૨૪૧. મલ્લી અર્હંત પચ્ચીસ ધનુષ ઊંચા હતા, એમના શરીરનો વર્ણ પ્રિયંગુ જેવો શ્યામ હતો, તેઓ સમચતુરસ્ર સંસ્થાન અને વજ્રઋષભનારાચ સંહનન ધરાવતા હતા, મધ્યદેશમાં સુખકર વિહાર કરી જ્યાં સમ્મેતશિખર પર્વત હતો ત્યાં આવ્યા, ત્યાં આવી સમ્મેત શૈલના શિખર પર પ્રાયોપગમન દ્વારા દેહત્યાગ કર્યો.

મલ્લી અર્હંત એક સો વર્ષ ગૃહવાસમાં રહ્યા, પંચાવન હજાર વર્ષમાં એક સો વર્ષ ઓછો સમય કેવળીપર્યાય પાળી, એ પ્રમાણે કુલ પંચાવન હજાર વર્ષનું આયુષ્ય ભોગવી, ગ્રીષ્મ ઋતુના પ્રથમ માસના દ્વિતીય પક્ષમાં અર્થાત્ ચૈત્ર શુકલ પક્ષમાં ચતુર્થી તિથિમાં ભરણી નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં, અર્ધરાત્રિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયે પાંચસો શ્રમણીઓની આભ્યન્તર પરિષદ અને પાંચસો શ્રમણોની બાહ્ય પરિષદની સાથે, એક માસના નિર્જળ અનશનના તપપૂર્વક, વેદનીય, આયુ, નામ અને ગોત્ર કર્મો ક્ષીણ થતાં સિદ્ધ થયા. આ રીતે અહીં પરિનિર્વાણ-મહોત્સવનું વર્ણન એવી રીતે કરવું જેવી રીતે જંબુદ્વીપપ્રજ્ઞપ્તિમાં ઋષભ તીર્થંકરના પ્રકરણમાં કરવામાં આવ્યું છે-યાવત્-નંદીશ્વર દ્વીપમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરી દેવો પોતપોતાના સ્થાને પાછા ફર્યા.

મલ્લી-જિન-ચરિત્ર સમાપ્ત

૪. અરિષ્ટનેમિ ચરિત્ર

કલ્યાણક—

૨૪૨. તે કાલે તે સમયે અરહત અરિષ્ટનેમિ પાંચ ચિત્રાવાળા હતા (એટલે એમના જીવનમાં પાંચ વાર ચિત્રા નક્ષત્ર આવેલું હતું). તે જેમ કે—

અરહત અરિષ્ટનેમિ ચિત્રા નક્ષત્રમાં ચવ્યા, ચવીને ગર્ભમાં આવ્યા, ઇત્યાદિ બધું વક્તવ્ય, ચિત્રા નક્ષત્ર પાઠ સાથે પૂર્વ પ્રમાણે સમજવું-યાવત્-તેઓ ચિત્રા નક્ષત્રમાં પરિનિર્વાણને પામ્યા.

ગર્ભાવતરણ અને સ્વપ્નદર્શનાદિ—

૨૪૩. તે કાલે તે સમયે અરહત અરિષ્ટનેમિ, જે તે વર્ષાઋતુનો ચોથો માસ, સાતમો પક્ષ અને કાર્તિકમહિનાનો કૃષ્ણ પક્ષનો સમય આવ્યો ત્યારે તે કાર્તિક વદી દિન બારશના દિવસે બત્રીશ સાગરોપમની આયુષ્યમર્યાદાવાળા અપરાજિત નામના મહાવિમાનમાંથી તરત જ ચવીને અહીં જ જંબૂદ્વીપમાં, ભારતવર્ષમાં, સોરિયપુર નામના નગરમાં સમુદ્રવિજય રાજાની ભાર્યા શિવાદેવીની કુક્ષિમાં, રાત્રિનો પૂર્વભાગ અને પાછલો ભાગ ભેગો થતો હતો એ સમયે-મધરાતે-ચિત્રા નક્ષત્રનો યોગ થતાં ગર્ભપણે ઉત્પન્ન થયા. ઇત્યાદિ બધું આગળ શ્રીભગવાન મહાવીરના પ્રકરણમાં આવેલા સ્વપ્નદર્શન અને ધનની વૃષ્ટિ વગેરેને લગતા પાઠ સાથે તે જ રીતે અહીં કહેવું.

જન્મ વગેરે—

૨૪૪. તે કાલે તે સમયે જે તે વર્ષાઋતુનો પ્રથમ માસ, બીજો પક્ષ અને શ્રાવણમહિનાનો શુદ્ધ પક્ષ આવ્યો તે સમયે તે શ્રાવણશુદ્ધ પાંચમના દિવસે નવ માસ બરાબર પૂરા થયા-યાવત્-મધરાતે ચિત્રા નક્ષત્રનો યોગ થતાં, આરોગ્યવાળી માતાએ આરોગ્યપૂર્વક અરહત અરિષ્ટનેમિને જન્મ આપ્યો. જન્મની હકીકતમાં પિતા તરીકે 'સમુદ્રવિજય'ના પાઠ સાથે-યાવત્-આ કુમારનું નામ 'અરિષ્ટનેમિ' કુમાર થાઓ ઇત્યાદિ બધું સમજવું.

પ્રવ્રજ્યા—

૨૪૫. અરહત અરિષ્ટનેમિ દક્ષ હતા-યાવત્-તેઓ ત્રણસો વર્ષ સુધી કુમાર અવસ્થામાં ગૃહવાસમાં વસ્યા, ત્યાર પછી વળી જેમનો કહેવાનો આચાર છે એવા લોકાંતિક દેવોએ આવીને તેમને કહ્યું, ઇત્યાદિ બધું જેમ આગળ આવી ગયું તેમ કહેવું-યાવત્-અભિનિષ્ક્રમણ પહેલાં એક વર્ષ સુધી દાન દીધું.

જે તે વર્ષાઋતુનો પ્રથમ માસ, બીજો પક્ષ એટલે શ્રાવણનો શુદ્ધ પક્ષ આવ્યો અને તે શ્રાવણ સુદી છઠ્ઠના દિવસે ચડતે પહોરે જેમની પાછળ પાછળ દેવો માનવો અને અસુરોની મંડળી ચાલી રહી છે એવા અરિષ્ટનેમિ ઉત્તરકુરા નામની શિબિકામાં બેસીને-યાવત્-દ્વારિકાનગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે, નીકળીને જે તરફ રૈવતક નામનું ઉદ્યાન છે ત્યાં આવે છે, ત્યાં આવીને અશોકના ઉત્તમ વૃક્ષની નીચે શિબિકાને ઊભી રખાવે છે, ઊભી રખાવીને તેઓ શિબિકામાંથી ઊતરે છે, ઊતરીને પોતાની જ મેળે આભરણ, માળાઓ અને અલંકારોને નીચે મૂકે છે, નીચે મૂકીને પોતાની જ મેળે પંચમુષ્ટિ લોચ કરે છે, લોચ કરીને પાણી વગરનો છઠ્ઠભક્ત કરવા સાથે તેમણે ચિત્રા નક્ષત્રનો યોગ આવતાં એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવદૂષ્ય લઈને બે હજાર પુરુષોની સાથે મુંડિત થઈને ગૃહવાસમાંથી નીકળીને અણગારદશાને સ્વીકારી.

કેવલજ્ઞાન—

૨૪૬. અરહંત અરિષ્ટનેમિએ ચોપન રાતદિવસ ધ્યાનમાં રહી ગાળ્યાં, તેમણે હંમેશા શરીર તરફના લક્ષ્યને તજી દીધેલ હતું અને શારીરિક વાસનાઓને છોડી દીધેલ હતી, ઇત્યાદિ બધું જેમ આગળ આવ્યું છે તેમ અહીં સમજવાનું છે–યાવત્–અરહંત અરિષ્ટનેમિને એ રીતે ધ્યાનમાં રહેતાં પંચાવનમો રાતદિવસ આવી પહોંચ્યો. જ્યારે તેઓ એ રીતે પંચાવનમા રાતદિવસની મધ્યમાં વર્તતા હતા ત્યારે જે તે વર્ષાઋતુનો ત્રીજો માસ, પાંચમો પક્ષ એટલે આસો માસનો વદી પક્ષ અને તે આસો વદ અમાવાસ્યાના દિવસે, દિવસના પાછલા ભાગમાં ઉર્જયંત શૈલશિખર ઉપર નેતરના ઝાડની નીચે પાણી વગરના અઠ્ઠમભક્તનું તેમણે તપ તપેલું હતું, બરાબર એ સમયે ચિત્રા નક્ષત્રનો યોગ આવતાં ધ્યાનમાં વર્તતા તેમને અનંત–યાવત્–ઉત્તમ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું. હવે તેઓ સમસ્ત દ્રવ્યો અને તેમના તમામ પર્યાયોને જાણતા–દેખતા વિહરે છે.

ગણધરાદિ સંપદા—

૨૪૭. અરહંત અરિષ્ટનેમિને અઢાર ગણો અને અઢાર ગણધરો હતા.

અરહંત અરિષ્ટનેમિના સમુદાયમાં વરદત્ત આદિ અઢાર હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

અરહંત અરિષ્ટનેમિના સમુદાયમાં આર્યા યક્ષિણી વગેરે ચાલીશ હજાર શ્રમણીઓની ઉત્કૃષ્ટ શ્રમણી–સંપદા હતી.

અરહંત અરિષ્ટનેમિના સમુદાયમાં નંદ વગેરે એક લાખ અને ઓગણસિત્તેર હજાર શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસકસંપદા હતી.

અરહંત અરિષ્ટનેમિના સમુદાયમાં મહાસુવ્રતા વગેરે ત્રણ લાખ અને છત્રીશ હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રમણોપાસિકાસંપદા હતી.

૨૪૮. અરહંત અરિષ્ટનેમિના સમુદાયમાં જિન નહીં પણ જિનની સમાન તથા સર્વ અક્ષરના સંયોગોને બરાબર જાણનારા એવા–યાવત્–ચાર સો ચૌદ–પૂર્વીઓની સંપદા હતી.

એ જ રીતે પંદરસો અવધિજ્ઞાનવાળાઓની, પંદર સો કેવળજ્ઞાનવાળાઓની.

૨૪૯. પંદર સો વૈક્રિયલબ્ધિવાળાઓની, એક હજાર વિપુલમતિજ્ઞાનવાળાઓની, આઠ સો વાદીઓની.

૨૫૦. સોળ સો અનુત્તરૌપપાતિકોની સંપદા હતી. તેમના શ્રમણ સમુદાયમાં પંદર સો શ્રમણો સિદ્ધ થયા અને ત્રણ હજાર શ્રમણીઓ સિદ્ધ થઈ–અર્થાત્ સિદ્ધોની તેમની એટલી સંપદા હતી.

અન્તકૃત ભૂમિ—

૨૫૧. અરહંત અરિષ્ટનેમિની અન્તકૃત ભૂમિકા બે પ્રકારની હતી. યથા—

(૧) યુગઅંતકૃતભૂમિ (૨) પર્યાયઅંતકૃતભૂમિ.–યાવત્–અરહત અરિષ્ટનેમિ પછી આઠમા યુગ–પુરુષ સુધી નિર્વાણનો માર્ગ ચાલુ હતો એ તેમની યુગઅંતકૃતભૂમિ હતી-અર્થાત્ તેમને કેવળી થયે બે વર્ષ પછી નિર્વાણનો માર્ગ ચાલુ થયો.

કુમારવાસાદિ અને નિર્વાણ—

૨૫૨. તે કાલે તે સમયે અરહંત અરિષ્ટનેમિ ત્રણસો વર્ષ સુધી કુમારવાસમાં રહ્યા, ચોપન રાતદિવસ છદ્મસ્થ પર્યાયમાં રહ્યા, તદ્દન પૂરાં નહીં–થોડાં ઓછાં સાત સો વર્ષ સુધી કેવળીની દશામાં રહ્યા–એમ એકંદર તેઓ પૂરેપૂરાં સાતસો વરસ સુધી શ્રામણ્યપર્યાયને પાળીને કુલ તેઓ પોતાનું એક હજાર વર્ષ સુધીનું સર્વ આયુષ્ય ભોગવીને વેદનીયકર્મ, આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ એ ચારે કર્મો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદ્દન ક્ષીણ થઈ ગયાં પછી અને આ દુઃષમાસુષમા નામની અવસર્પિણી ઘણી વીતી ગયા પછી, જ્યારે જે તે ગ્રીષ્મઋતુનો ચોથો માસ, આઠમો પક્ષ એટલે અષાડનો શુક્લ પક્ષ આવ્યો ત્યારે તે અષાડ સુદી આઠમના દિવસે ઉર્જિજંત શૈલશિખર ઉપર તેમણે બીજા પાંચસો ને છત્રીશ અનગારો સાથે પાણી વગરનું માસિકભક્ત તપ તપ્યું, તે સમયે ચિત્રા-નક્ષત્રનો યોગ થતાં રાતનો પૂર્વ ભાગ અને પાછલો ભાગ જોડાતો હતો તે સમયે-મધરાતે, નિષદ્યામાં રહેલા અર્થાત્ બેઠાબેઠા અરહંત અરિષ્ટનેમિ કાલગત થયા—યાવત્ સર્વ દુઃખોથી તદ્દન છૂટા થયા.

અરિષ્ટનેમિ ચરિત્ર સમાપ્ત

૫. પાર્શ્વ-ચરિત્ર

કલ્યાણક—

૨૫૩. તે કાલે તે સમયે પુરુષાદાનીય પાર્શ્વ અરહંત પંચ વિશાખાવાળા હતા. આ પ્રમાણે—

૧. (પાર્શ્વ અરહંત) વિશાખા નક્ષત્રમાં ચવ્યા, ચવીને ગર્ભમાં આવ્યા.

૨. વિશાખા નક્ષત્રમાં જન્મ પામ્યા.

૩. વિશાખા નક્ષત્રમાં મુંડિત થઈને ઘરથી બહાર નીકળી તેમણે અનગારની દશાને સ્વીકારી.

૪. વિશાખા નક્ષત્રમાં તેમને અનંત, ઉત્તમોત્તમ, વ્યાઘાત વગરનું, આવરણ વગરનું, સકલ, પ્રતિપૂર્ણ એવું ઉત્તમ કેવળજ્ઞાન-દર્શન પેદા થયું.

૫. ભગવાન પાર્શ્વ વિશાખા નક્ષત્રમાં નિર્વાણ પામ્યા.

ગર્ભાવતરણ—

૨૫૪. તે કાલે તે સમયે પુરુષાદાનીય પાર્શ્વ અરહંત, જે તે ગ્રીષ્મઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અર્થાત્ ચૈત્ર મહિનાનો કૃષ્ણ પક્ષનો સમય આવ્યો ત્યારે તે ચૈત્ર વદિ ચોથના દિવસે વીશ સાગરોપમની આયુષ્ય-મર્યાદાવાળા પ્રાણત નામના કલ્પ-સ્વર્ગમાંથી આયુષ્ય-મર્યાદા પૂરી થતાં દિવ્ય આહાર, દિવ્ય જન્મ અને દિવ્ય શરીર છૂટી જતાં તરત જ ચવીને અહીં જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં વારાણસી નગરીમાં અશ્વસેન રાજાની રાણી વામાદેવીની કુક્ષિમાં, રાતનો પૂર્વ ભાગ અને પાછલો ભાગ જોડાતો હતો એ સમયે-મધરાતે વિશાખા નક્ષત્રનો યોગ થતાં ગર્ભપણે ઉત્પન્ન થયા.

૨૫૫. પુરુષાદાનીય અરિહંત પાર્શ્વ ત્રણ જ્ઞાનથી યુક્ત પણ હતા, તે જેમકે : 'હું ચવીશ' એમ તે જાણે છે. ઇત્યાદિ બધું આગળ ભગવાન મહાવીરના પ્રકરણમાં આવેલા સ્વપ્નદર્શનના વર્ણનને લગતા તે જ પાઠ વડે કહેવું—યાવત્—'માતાએ પોતાના ઘરમાં પ્રવેશ કર્યો' યાવત્ 'માના સુખપૂર્વક તે ગર્ભ ધારણ કરે છે.'

જન્માદિ—

૨૫૬. તે કાળે તે સમયે જે હેમંત ઋતુનો બીજો માસ, ત્રીજો પક્ષ અને પોષ મહિનાનો કૃષ્ણ પક્ષનો સમય આવ્યો ત્યારે તે પોષ વદ દશમના દિવસે નવ માસ બરાબર પૂરા થયા પછી અને તેની ઉપર સાડાસાત રાતદિવસ વીતી ગયા પછી રાતનો પૂર્વભાગ તથા પાછલો ભાગ જોડાતો હતો તે સમયે-મધરાતે-વિશાખા નક્ષત્રનો યોગ થતાં, આરોગ્યવાળી માતાએ આરોગ્યપૂર્વક પુરુષાદાનીય અરિહંત પાર્શ્વ નામના પુત્રને જન્મ આપ્યો.

બાકી બધું વર્ણન ભગવાન મહાવીરના પ્રકરણમાં આવ્યા પ્રમાણે જ કહેવું. વિશેષમાં આ સ્થળે બધે 'પાર્શ્વ' ભગવાનનું નામ લઈને તે પાઠ વડે બધી હકીકત કહેવી—યાવત્—'તેથી કરીને કુમારનું નામ 'પાર્શ્વ' હો.'

પ્રવ્રજ્યા—

૨૫૭. પુરુષાદાનીય અરહંત પાર્શ્વ દક્ષ હતા, દક્ષ પ્રતિજ્ઞાવાળા, ઉત્તમ રૂપવાળા, સર્વ ગુણોથી યુક્ત, ભદ્ર અને વિનયવાળા હતા. તેઓ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીને ત્રીશ વરસ સુધી ઘરવાસ વચ્ચે વસ્યા, ત્યાર પછી વળી જેમનો કહેવાનો આચાર છે એવા લોકાંતિક દેવોએ આવીને તે પ્રકારની ઇષ્ટ વાણી દ્વારા—યાવત્ તેમણે આ પ્રમાણે કહ્યું—

'હે નંદ! તારો જય થાઓ, જય થાઓ. હે ભદ્ર! તારો જય થાઓ જય થાઓ' યાવત્ તે દેવો એ રીતે 'જયજય' શબ્દનો પ્રયોગ કરે છે.

૨૫૮. પુરુષાદાનીય અરહંત પાર્શ્વને માનવીના ગૃહસ્થધર્મથી પહેલાં પણ એટલે ભગવાન પાર્શ્વે માનવદેહે ગૃહસ્થધર્મ સ્વીકાર્યો તે પહેલાં પણ ઉત્તમ આભોગિક (અવધિજ્ઞાન) જ્ઞાન હતું, ઇત્યાદિ તે બધું ભગવાન મહાવીરની હકીકત પ્રમાણે કહેવું—યાવત્ દાયિકોમાં (ભાગના હકદારોમાં) દાનને બરાબર વહેંચીને જે તે હેમંત ઋતુનો બીજો માસ, ત્રીજો પક્ષ એટલે પોષ માસનો વદી દિવસ (કૃષ્ણ પક્ષ) પક્ષ આવ્યો અને તે પોષ માસના વદી દિવસ પક્ષની અગ્યારશનો દિવસ આવ્યો ત્યારે દિવસના પૂર્વ ભાગને સમયે એટલે દિવસને ચડતે પહોરે, વિશાલા શિબિકામાં બેસીને, દેવો, માનવો, અને અસુરોની મોટી સભામંડળી સાથે ઇત્યાદિ બધું—યાવત્—ભગવાન મહાવીરની હકીકત પ્રમાણે જ કહેવું. અહીં વિશેષતા એ કે 'પાર્શ્વનાથ ભગવાન વારાણસી નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે, નીકળીને જે તરફ આશ્રમપદ નામનું ઉદ્યાન છે તે તરફ અને તે ઉદ્યાનમાં જે તરફ અશોકનું ઉત્તમ વૃક્ષ છે તે તરફ તેની સમીપે જાય છે, સમીપે જઈને અશોકના ઉત્તમ વૃક્ષની નીચે શિબિકાને ઊભી રખાવે છે, ઊભી રખાવીને શિબિકામાંથી નીચે ઊતરે છે, નીચે ઊતરીને પોતાની જ મેળે આભરણો, માળાઓ અને બીજા અલંકારોને નીચે મૂકે છે, નીચે મૂકીને પોતાની જ મેળે પંચમુષ્ટિક લોચ કર્યો, લોચ કરીને પાણી વગરનો અટ્ઠમભક્ત કરવા સાથે તેમણે વિશાખા નક્ષત્રનો યોગ આવતાં એક દેવદૂષ્યને લઈને બીજા ત્રણસો પુરુષો સાથે મુંડિત થઈને ઘરવાસથી નીકળીને અનગારદશાને સ્વીકારી.

૨૫૯. પુરુષાદાનીય અરહંત પાર્શ્વે હંમેશાં શરીર તરફના લક્ષ્યને વોસરાવેલ હતું, શારીરિક વાસનાઓને તજી દીધેલ હતી, એથી અનગાર દશામાં એમને જે કોઈ ઉપસર્ગો ઊપજે છે પછી ભલે તે ઉપસર્ગો દૈવી હોય, માનવીએ કરેલા હોય કે પશુપક્ષીઓ તરફથી થતા હોય, તે ત્રણે પ્રકારના ઉત્પન થયેલા ઉપસર્ગોને એઓ નિર્ભયપણે સારી રીતે સહે છે, ક્રોધ આણ્યા વિના ખમે છે, ઉપસર્ગો તરફ તેમની સામર્થ્ય સાથેની તિતિક્ષાવૃત્તિ છે અને એઓ શરીરને બરાબર અચલ દઢ રાખીને એ ઉપસર્ગોને પોતા ઉપર આવવા દે છે.

કેવલજ્ઞાન—

૨૬૦. ત્યાર પછી તે પાર્શ્વ ભગવાન અનગાર થયા—યાવત્ ઇર્યાસમિતિવાળા થયા અને તે રીતે આત્માને ભાવિત કરતાં કરતાં તેમને ત્યાશી રાતદિવસ વીતી ગયાં અને જ્યારે તેઓ એ રીતે આત્માને ભાવિત કરતાં કરતાં ચોરાશીમા દિવસની વચ્ચે વર્તતા હતા ત્યારે જે તે ગ્રીષ્મ-ઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ અને ચૈત્ર માસનો વદી પક્ષ આવ્યો. તે ચૈત્ર માસની વદી દિવસ ચોથના દિવસને ચડતે પહોરે ધાતકિના વૃક્ષની નીચે તે પાર્શ્વ અનગાર પાણી વગરનો છટ્ઠભક્ત રાખીને રહ્યા હતા, એ સમયે ધ્યાનમાં વર્તતા તેઓ રહેતા હતા ત્યારે વિશાખા નક્ષત્રનો યોગ આવતાં તેમને અનંત, ઉત્તમોત્તમ એવું—યાવત્—ઉત્તમ કેવળજ્ઞાન તથા દર્શન ઉત્પન્ન થયું—યાવત્—તેઓ સંપૂર્ણ લોકાલોકને જાણતા અને જોતા વિહરે છે.

ગણધરાદિ શિષ્ય-સંપદા—

૨૬૧. પુરુષાદાનીય અરહંત પાર્શ્વને આઠ ગણો તથા આઠ ગણધરો હતા, તે જેમ કે—[ગાથાર્થ] ૧ શુભ ૨ આર્યઘોષ, ૩ વસિષ્ઠ, ૪ બ્રહ્મચારી, ૫ સોમ, ૬ શ્રીધર, ૭ વીરભદ્ર, અને ૮ યશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષાદાનીય અરહંત પાર્શ્વના સમુદાયમાં અજ્જદિણ્ણ (આર્યદત્ત) વગેરે સોળ હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણસંપદા હતી.

પુરુષાદાનીય અરહત પાર્શ્વના સમુદાયમાં પુષ્પચૂલા વગેરે આડત્રીસ હજાર શ્રમણીઓની શ્રમણીસંપદા હતી.

પુરુષાદાનીય અરહત પાર્શ્વના સમુદાયમાં સુનંદ વગેરે એક લાખ ચોસઠ હજાર શ્રમણો પાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસકસંપદા હતી.

પુરુષાદાનીય અરહત પાર્શ્વના સમુદાયમાં સુનંદા વગેરે ત્રણ લાખ અને સત્યાવીશ હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રમણોપાસિકાસંપદા હતી.

૨૬૨. પુરુષાદાનીય અરહત પાર્શ્વના સમુદાયમાં સાડાત્રણ સો જિન નહીં પણ જિનની જેવા તથા સર્વાક્ષરના સંયોગોને જાણનારા યાવત્ ચૌદપૂર્વીઓની સંપદા હતી.

પુરુષાદાનીય અરહત પાર્શ્વના સમુદાયમાં ચૌદસો અવધિજ્ઞાનીઓની સંપદા હતી.

પુરુષાદાનીય અરહત પાર્શ્વના સમુદાયમાં એક હજાર કેવલજ્ઞાનીઓની સંપદા હતી,

૨૬૩. પુરુષાદાનીય અરહત પાર્શ્વના સમુદાયમાં અગિયાર સો વૈક્રિયલબ્ધિવાળાઓની તથા છ સો ઋજુમતિજ્ઞાનવાળાઓની સંપદા હતી, સાડાસાત સો વિપુલમતિધારીઓ (વિપુલમતિ મનઃપર્યાય જ્ઞાનવાળાઓ)ની સંપદા હતી.

૨૬૪. છ સો વાદીઓની અને બારસો અનુત્તરૌપપાતિકોની એટલે અનુત્તરવિમાનમાં જનારાઓની સંપદા હતી.

અન્તકૃત ભૂમિ—

૨૬૫ પુરુષાદાનીય અરહત પાર્શ્વના સમયમાં અંતકૃતોની ભૂમિ એટલે સર્વદુઃખોનો અંત કરનારાઓનું સ્થળ બે પ્રકારે હતું. જેમ કે,

(૧) યુગઅંતકૃતભૂમિ (૨) પર્યાયઅંતકૃતભૂમિ. યાવત્ અરહત પાર્શ્વથી ચોથા યુગપુરુષ સુધી યુગઅંતકૃતભૂમિ હતી, એટલે ચોથા પુરુષ સુધી મુક્તિમાર્ગ વહેતો-ચાલુ હતો.

અરહત પાર્શ્વનો કેવળી-પર્યાય ત્રણ વરસનો થયો એટલે તેમને કેવળજ્ઞાન થયું. ત્રણ વરસ વીત્યાં પછી ગમે તે કોઈએ દુઃખોનો અંત કર્યો અર્થાત્ મુક્તિમાર્ગ વહેતો થયો, એ તેમના સમયની પર્યાયાંતકૃતભૂમિ હતી.

આગારવાસાદિ અને નિર્વાણ—

૨૬૬. તે કાળે તે સમયે ત્રીશ વરસ સુધી ગૃહવાસમાં રહીને, ત્યાશી રાતદિવસ છદ્મસ્થ પર્યાયને પાળીને, પૂરેપૂરાં સિત્તેર વર્ષ સુધી શ્રામણ્યપર્યાયને પાળીને, એમ એકંદર સો વરસનું પોતાનું બધું આયુષ્ય પાળીને વેદનીયકર્મ, આયુષ્યકર્મ અને ગોત્રકર્મનો ક્ષય થયે આ દુષમ-સુષમા નામની અવસર્પિણી ઘણી વીતી ગયા પછી જે તે વર્ષાઋતુનો પ્રથમ માસ, બીજો પક્ષ એટલે શ્રાવણ માસનો શુકલપક્ષ આવ્યો ત્યારે તે શ્રાવણ સુદી આઠમના દિને સંમેતશૈલના શિખર ઉપર પોતાના સહિત ચોત્રીશમા એવા અર્થાત્ બીજા તેત્રીશ પુરુષો અને પોતે ચોત્રીશમા એવા પુરુષાદાનીય અરહત પાર્શ્વ પાણી વગરના માસિક ભક્તનું તપ તપ્યા. એ સમયે દિવસને ચડતે પહોરે વિશાખા નક્ષત્રનો યોગ થતાં બન્ને હાથ લાંબા રહે એ રીતે ધ્યાનમાં વર્તતા તેઓ કાલગત થયા, એટલે કાળધર્મને પામ્યા, વ્યતિક્રાંત થઈ ગયા-યાવત્ સર્વદુઃખોથી તદ્દન મુક્ત થઈ ગયા.

પાર્શ્વ-ચરિત્ર સમાપ્ત

૬. મહાવીર-ચરિત્ર

પૂર્વભવમાં પોટ્ટિલ—

૨૬૭. શ્રમણ ભગવાન મહાવીર તીર્થંકર-ભવ પૂર્વેના છઠ્ઠા પોટ્ટિલના ભવમાં એક કરોડ વર્ષનો શ્રમણ-પર્યાય પાળીને સહસ્રાર કલ્પમાં સર્વાર્થ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

કલ્યાણકો—

૨૬૮. તે કાળે તે સમયે ભગવાન મહાવીરના પાંચ (કલ્યાણકો) હસ્તોત્તર (ઉત્તરા ફાલ્ગુની) નક્ષત્રમાં થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાન દેવલોકમાંથી ચ્યવીને ગર્ભમાં આવ્યા.

૨. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાનનું એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં સ્થાનાન્તર થયું.

૩. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાન જન્મ્યા.

૪. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાન ગૃહવાસ ત્યાગી મુંડિત થઈ અનગાર બન્યા.

૫. હસ્તોત્તર નક્ષત્રમાં ભગવાનને અનંત, અનુત્તર, અવ્યાબાધ, આવરણ રહિત, સકળ અને પરિપૂર્ણ શ્રેષ્ઠ કેવળજ્ઞાન—કેવળદર્શન પ્રાપ્ત થયાં.
સ્વાતિ નક્ષત્રમાં ભગવાન પરિનિર્વાણ પામ્યા.

દેવાનંદાના ગર્ભમાં અવતરણ—

૨૬૯. જ્યારે આ અવસર્પિણી કાળમાં સુષમા-સુષમા કાળ વ્યતીત થઈ ચૂક્યો હતો, સુષમા કાળ વ્યતીત થઈ ચૂક્યો હતો, સુષમા-દુષમા કાળ વ્યતીત થઈ ચૂક્યો હતો અને દુષમા-સુષમા નામક કાળ પણ પ્રાયઃ પૂરો થવા આવ્યો હતો, માત્ર પંચોતેર વર્ષ સાડા આઠ માસ બાકી રહ્યા હતાં ત્યારે શ્રમણ ભગવાન મહાવીર ગ્રીષ્મ ઋતુના ચોથા માસ, આઠમા પક્ષમાં અર્થાત્ અષાઢ શુકલ છઠને દિવસે હસ્તોત્તરા (ઉત્તર ફાલ્ગુની) નક્ષત્રના યોગમાં મહાવિજય-સિદ્ધાર્થ, પુષ્પોત્તર પ્રવર, પુંડરીક, દિશા સૌવસ્તિક વર્ધમાન મહાવિમાનમાંથી વીશ સાગરોપમનું આયુષ્ય ભોગવીને પછી આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થતાં, ચ્યુત થઈને, આ જંબૂદ્વીપમાં, ભારતવર્ષમાં, દક્ષિણાર્ધ ભરતના દક્ષિણ બ્રાહ્મણકુંડ-નગર-સન્નિવેશમાં કોડાલગોત્રીય ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની જાલંધરગોત્રીય દેવાનન્દા બ્રાહ્મણીની શ્રેષ્ઠ ઉત્પત્તિસ્થાનરૂપ કુક્ષિમાં ગર્ભરૂપે અવતર્યા.

ગર્ભસ્થ ભગવંતને ત્રણ જ્ઞાન —

૨૭૦. શ્રમણ ભગવંત મહાવીર ત્રણ જ્ઞાનથી યુક્ત હતા. તેઓ એ જાણતા હતા કે હું ચ્યવન કરીશ. એ જાણતા હતા કે ચ્યુત થઈ હું ગર્ભમાં આવ્યો છું. પરંતુ અવન—સમય જાણતા ન હતા કારણ કે તે કાળ અત્યંત સૂક્ષ્મ કહેવાય છે.

ગર્ભ—સ્થાનાન્તરણ—

૨૭૧. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીર પ્રત્યે અનુકંપા ધરાવતા દેવે 'આ પ્રમાણે આચાર છે' એમ વિચારી, વર્ષાકાળના ત્રીજા માસમાં, પાંચમા પક્ષમાં અર્થાત્ આશ્વિન કૃષ્ણ પક્ષમાં અને આશ્વિન કૃષ્ણપક્ષની તેરશના દિવસે, હસ્તોત્તરા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ થયો ત્યારે, બ્યાસી રાતદિન વીત્યાં હતાં ત્યારે અને ત્યાશીમા દિવસની રાત્રિના સમયે, દક્ષિણ બ્રાહ્મણકુંડપુર-સન્નિવેશમાંથી ઉત્તર ક્ષત્રિયકુંડ-સન્નિવેશમાં, જ્ઞાતૃવંશીય કાશ્યપ-ગોત્રીય સિદ્ધાર્થ ક્ષત્રિયની વાસિષ્ઠ-ગોત્રીય ભાર્યા ત્રિશલા ક્ષત્રિયાણીના અશુભ પુદ્ગલો દૂર કરીને અર્થાત્ તેના સ્થાને શુભ પુદ્ગલોની પ્રક્ષેપણા કરીને, તેની કુક્ષિમાં ગર્ભને સ્થાનાંતરિત કર્યો.

અને વળી ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં જે ગર્ભ હતો તેને દક્ષિણ બ્રાહ્મણકુંડ-સન્નિવેશમાં લઈ જઈ કોડાલગોત્રીય ઋષભદત્ત બ્રાહ્મણની ભાર્યા જાલંધરગોત્રીય દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં સ્થાપિત કર્યો.

૨૭૨. હે આયુષ્મન્ શ્રમણો! શ્રમણ ભગવાન મહાવીર ત્રણ જ્ઞાનયુક્ત હતા. 'મારું સ્થાનાન્તર થશે' એ જાણતા હતા, 'મારું સ્થાનાંતર થઈ રહ્યું છે' એ જાણતા હતા, અને 'મારું સ્થાનાંતર થઈ ચૂક્યું છે' એ પણ જાણતા હતા.

જન્મકલ્યાણક કાલ—

૨૭૩. તે કાળે તે સમયે ત્રિશલા ક્ષત્રિયાણીએ હવે જ્યારે નવ માસ સાડા સાત દિન-રાત વ્યતીત કર્યાં ત્યારે ગ્રીષ્મ ઋતુના પ્રથમ માસ, બીજા પક્ષમાં અર્થાત્ ચૈત્ર શુકલ પક્ષમાં, ચૈત્ર શુકલા ત્રયોદશીના દિને હસ્તોત્તરા નક્ષત્ર સાથે ચન્દ્રનો યોગ થયો ત્યારે, આરોગ્યવાળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતાએ આરોગ્યવાન ભગવાન મહાવીરને સુખપૂર્વક જન્મ આપ્યો.

જન્મસમયે દેવકૃત ઉદ્યોત—

૨૭૪. જે રાત્રિએ નીરોગી ત્રિશલા ક્ષત્રિયાણીએ આરોગ્યવાન શ્રમણ ભગવાન મહાવીરને જન્મ આપ્યો, તે રાત્રિ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ-દેવીઓનાં આગમન-ગમનના કારણે એક મહાન દિવ્ય પ્રકાશયુક્ત બની અને દેવોના એકત્ર થવાને કારણે કોલાહલ, ખળભળાટ અને દિવ્યોદ્યોત-યુક્ત બની.

દેવકૃત અમૃત-વૃષ્ટિ—

૨૭૫. જે રાત્રિએ ત્રિશલા ક્ષત્રિયાણીએ શ્રમણ ભગવાન મહાવીરને સુખપૂર્વક જન્મ આપ્યો તે રાત્રિએ ઘણા દેવોએ અને દેવીઓએ અમૃત, સુગંધિત દ્રવ્યો, સુગંધિત ચૂર્ણો, ફૂલો અને સુવર્ણ, રૂપું તથા રત્નોની ભારે વૃષ્ટિ કરી.

દેવકૃત તીર્થંકર-જન્માભિષેક—

૨૭૬. જે રાત્રિએ નીરોગી ત્રિશલા ક્ષત્રિયાણીએ સ્વસ્થ શ્રમણ ભગવંત મહાવીરને જન્મ આપ્યો, તે રાત્રિએ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ-દેવીઓએ કૌતુક કર્મ અને રક્ષાવિધિ તથા તીર્થંકરાભિષેક કર્યાં.

સિદ્ધાર્થકૃત જન્મોત્સવ—

૨૭૭. ત્યાર પછી તે સિદ્ધાર્થ ક્ષત્રિયે, ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોએ તીર્થંકરનો જન્માભિષેક-મહિમા કર્યા પછી, સવારના પહોરમાં નગરરક્ષકોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

'તરત જ હે દેવાનુપ્રિયો! કુંડપુરનગરના કારાગૃહને સારું બનાવી દો (એટલે કે બંદીવાનોને મુક્ત કરી દો), કારાગૃહ સારું કરીને પછી તોલમાપને વધારી દો (એટલે કે પૂર્વનું મૂલ્યમાં વધુ વસ્તુઓ મળે તેવી વ્યવસ્થા કરો), તોલમાપમાં વૃદ્ધિ કરી પછી કુંડપુરનગરની અંદર અને બહાર પાણી છંટાવો, લીંપાવો-ગૂંપાવો, શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો, રાજમાર્ગો, સામાન્ય માર્ગો આદિ સઘળાં સ્થાનોમાં પાણી છંટાવો, સફાઈ કરાવો અને જ્યાં ત્યાં તમામ શેરીઓમાં તથા તમામ બજારોમાં પાણી છંટાવો, સાફસૂફી કરાવો, તે તમામ સ્થળે દર્શકો માટે ઉપરાઉપરિ મંચ બંધાવો, વિવિધ રંગી સુશોભિત ધ્વજા-પતાકાઓ ફરકાવો, આખા નગરને લીંપાવો, ધોળાવો અને સુશોભિત બનાવો, નગરનાં ઘરોની દીવાલો પર ગોશીર્ષ ચંદનના, સરસ રક્તચંદનના તથા દર્દર (મલય) ચંદનના પાંચ આંગળી ઊપસે તેવા થાપા લગાડાવો, ઘરની અંદર ચોકમાં ચંદનના કળશ મુકાવો, બારણે બારણે ચંદનના ઘડા લટકાવેલાં સરસ તોરણો બંધાવો, જ્યાં ત્યાં શોભે એ રીતે જમીનને અડે તેવી લાંબી લાંબી ગોળ માળાઓ લટકાવો, પાંચે રંગનાં સુંદર સુગંધી પુષ્પોના ઢગલા કરાવો, પુષ્પો વેરાવો, પુષ્પગુચ્છો મુકાવો, ઠેકઠેકાણે ઉત્તમ કૃષ્ણાગર, કુંદરુ અને તુરુષ્ક ધૂપ કરી સુગંધિત વાસથી સમગ્ર નગરને મઘમઘતું કરો, ઊંચે ચડતી ધૂપની વાસથી નગર મહેકી ઊઠે એવું કરો, સુગંધના કારણે ઉત્તમ ગંધગુટિકા જેવું નગરને મહેકતું કરો, ઠેકઠેકાણે નગરમાં નટો રમતા હોય, નાચનારા નાચતા હોય, દોરડા પર ખેલ કરનારા દોરડા પર ખેલ બતાવતા હોય, મલ્લો કુસ્તી કરતા હોય, મુષ્ટિમલ્લો મુષ્ટિયુદ્ધ કરતા હોય, વિદૂષકો લોકોને હસાવતા હોય, કૂદનારા પોતાના કૂદવાના પ્રયોગો બતાવતા હોય, કથાકારો કથાઓ કરી જનમનરંજન કરતા હોય, સુભાષિતપાઠકો સુભાષિત બોલતા હોય, રાસ રમનારાઓ રાસ રમતા હોય, જોષીઓ ભવિષ્યકથન કરતા હોય, મોટા વાંસ ઉપર ખેલનારા વાંસના ખેલો કરતા હોય, મંખલોકો હાથમાં ચિત્રફલક રાખી લોકોને દેખાડતા હોય, તૂણીલોકો તૂણ નામનું વાદ્યિંત્ર વગાડતા હોય, વીણાવાદકો વીણા વગાડતા હોય, તાલ દઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાટક કરનારાઓ નાટક કરતા હોય, એ રીતે જનમનરંજન માટે નગરમાં ઠેકઠેકાણે ગોઠવણ કરો અને કરાવો. ઉપર કહી એવી તમામ વ્યવસ્થા કરીને અર્થાત્ નગરને સુશોભિત કરવાથી માંડીને લોકરંજન કરવા સુધીની સઘળી ગોઠવણ કરો અને કરાવો, એવી ગોઠવણ કરીને તથા કરાવીને, હજારો યૂપો અને હજારો સાંબેલાને ઊંચાં મુકાવો એટલે કે યૂપો અને સાંબેલાથી થતી હિંસાને અટકાવો અને એ હિંસાને અટકાવીને મારી આ આજ્ઞાનું પાલન થયું છે તેની મને જાણ કરો.'

ત્યાર પછી સિદ્ધાર્થ રાજાએ જેમને આજ્ઞા કરી હતી તે નગરરક્ષકોએ હૃષ્ટ-તુષ્ટ થઈને-યાવત્-હૃદયથી આનંદિત થઈને-યાવત્-હથેળીઓથી અંજલિ રચી-યાવત્-આજ્ઞા સ્વીકારી અને તરત જ કુંડપુરનગરનાં કારાગૃહો ખાલી કરી, કેદીઓને મુક્ત કર્યા-યાવત્-ઉત્સવની સઘળી વ્યવસ્થા કરીને પછી જ્યાં સિદ્ધાર્થ રાજા છે ત્યાં આવ્યા, આવીને બે હાથ જોડી મસ્તક પર અંજલિ રચી સિદ્ધાર્થ રાજાને તેની આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

૨૭૮. ત્યાર પછી તે સિદ્ધાર્થ રાજા જ્યાં વ્યાયામશાળા હતી ત્યાં આવ્યો, આવીને-યાવત્-પોતાના અંતઃપુર સાથે તમામ પ્રકારનાં પુષ્પો, ગંધો, વસ્ત્રો, માળાઓ અને અલંકારોથી વિભૂષિત થઈને, તમામ પ્રકારનાં વાજિંત્રો વગડાવીને, મોટા વૈભવ સાથે, મોટી દ્યુતિ સાથે, મોટી સેના સાથે, ઘણાં વાહનો સાથે, મોટા સમુદાય સાથે અને એકસાથે વાગતાં અનેક વાજિંત્રોના અવાજ સાથે એટલે કે શંખ, પણવ (માટીનો ઢોલ), ભેરી, ઝાલર, ખરમુખી, હુડૂક, ઢોલક, મૃદંગ અને દુંદુભિ આદિ વાદ્યોના નિનાદ સાથે દસ દિવસ સુધી પોતાની કુળમર્યાદા પ્રમાણે ઉત્સવ કર્યો. એ ઉત્સવ દરમિયાન નગરમાં દાણ લેવાનું બંધ કરવામાં આવ્યું, કર ઉઘરાવવાનું છોડી દેવામાં આવ્યું, જેને જે જોઈએ તે કિંમત આપ્યા વિના ગમે તે દુકાનેથી લઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી, ખરીદ-વેચાણ બંધ કરવામાં આવ્યું, જપ્તી કરનારા રાજપુરુષોને કોઈ પણ જગ્યાએ જપ્તી કરવાની મનાઈ કરવામાં આવી, રાજાએ બધા લોકોનું દેવું ચૂકવી આપ્યું જેથી કોઈને દેવું કરવાની જરૂર ન રહે એવી ગોઠવણ કરવામાં આવી, એ ઉત્સવમાં અનેક અપરિચિત પદાર્થો એકઠા કરવામાં આવ્યા, એવી રીતે એ ઉત્કૃષ્ટ ઉત્સવ ઊજવવામાં આવ્યો, તથા એ ઉત્સવ દરમિયાન કોઈનો થોડો યા વધુ દંડ કરવામાં આવ્યો નહીં, તથા ઠેકઠેકાણે ઉત્તમ ગણિકાઓ અને નૃત્યકારોનો નાચ ચાલુ કરવામાં આવ્યો, ઠેકઠેકાણે અનેક તમાશા ગોઠવવામાં આવ્યા, મૃદંગો નિરંતર વગાડવામાં આવ્યાં, એ ઉત્સવ દરમિયાન માળાઓને કરમાયા વિનાની-તાજી રાખવામાં આવી, નગરના તેમજ દેશના તમામ માણસોને પ્રમુદિત કરવામાં આવ્યા, તેઓ દશે દિવસ આનંદિત રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી.

ત્યારે દશ દિવસનો એ ઉત્સવ ચાલતો હતો ને દરમિયાન સિદ્ધાર્થ રાજાએ સેંકડો, હજારો અને લાખો યાગો (દેવપૂજાઓ), દાયો (દાનો) અને ભાગો આપ્યા અને અપાવ્યા તથા સેંકડો, હજારો અને લાખો પ્રકારની ભેટો સ્વીકારી અને સ્વીકારાવી.

૨૭૯. ત્યારે શ્રમણ ભગવાન મહાવીરનાં માતા-પિતાએ—

પ્રથમ દિવસે કુળ-પરંપરા પ્રમાણે અનુષ્ઠાન કર્યું.

ત્રીજા દિવસે ચંદ્ર-દર્શન અને સૂર્ય-દર્શનનો ઉત્સવ કર્યો.

છટ્ઠા દિવસે રાત્રિ-જાગરણનો ઉત્સવ કર્યો.

અગિયારમો દિવસ વીત્યો અને જાતકર્મનાં બધાં કાર્યો પૂરાં થયા બાદ બારમા દિવસે વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પદાર્થો તૈયાર કરાવ્યા, અર્થાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવિધ પ્રકારનાં ભોજન તૈયાર કરાવ્યાં, કરાવીને પોતાના મિત્રો, જ્ઞાતિબંધુઓ, સ્વજનો અને સંબંધીઓ, પરિવારજનો તથા જ્ઞાતૃવંશના ક્ષત્રિયોને આમંત્રણ આપ્યાં, ત્યાર બાદ સ્નાન અને બલિકર્મ કર્યાં, કૌતુકમંગળ વિધિ કરી, શુદ્ધ અને અવસરને યોગ્ય મંગળ વસ્ત્રો પહેરી ભોજન સમયે ભોજન-મંડપમાં ઉત્તમ સુખાસન પર બેસી મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ, પરિચિત જનો અને જ્ઞાતૃવંશીય ક્ષત્રિયોની સાથે વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય પદાર્થોનો આસ્વાદ કર્યો. પોતે ભોજન કર્યું અને બીજાઓને કરાવ્યું.

વર્ધમાન નામકરણ—

૨૮૦. ભોજન કર્યા પછી વિશુદ્ધ પાણીથી કોગળા કરી મુખ-દાંત સાફ કરીને પછી આવેલા મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, પરિજનો અને જ્ઞાતૃવંશના ક્ષત્રિયોને ખૂબ પુષ્પો, વસ્ત્રો, સુગંધિત માળાઓ અને આભૂષણો આપી તેમનો સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર-સન્માન કરી તે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો પરિજનો અને જ્ઞાતૃવંશીય ક્ષત્રિયો સમક્ષ ભગવાનનાં માતા-પિતા આ પ્રમાણે બોલ્યાં—

'હે દેવાનુપ્રિયો ! જ્યારે આ પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારે અમારા મનમાં એવો જાતનો વિચાર, ભાવ-યાવત્-સંકલ્પ પેદા થયો કે જ્યારથી માંડીને આ પુત્ર ગર્ભમાં આવ્યો છે ત્યારથી રૂપું, સોનું, ધન અને ધાન્યની દૃષ્ટિથી, વળી પ્રીતિ અને સત્કારની દૃષ્ટિથી અમારી અભિવૃદ્ધિ થવા લાગી છે, સામંત રાજાઓ પણ અમારા વશવર્તી બન્યા છે, આ કારણે જ્યારે અમારે પુત્ર જન્મશે ત્યારે અમે તે પુત્રનું ગુણનિષ્પન્ન, સાર્થક એવું 'વર્ધમાન' એ નામ રાખીશું. તો હવે આ કુમારનું નામ 'વર્ધમાન' હો, આ કુમાર 'વર્ધમાન' નામે પ્રસિદ્ધ બનો.'

બાલપણ—

૨૮૧. જન્મ પછી શ્રમણ ભગવાન મહાવીર પાંચ ધાવમાતાઓ વડે ઉછેરાવા લાગ્યા. જેમ કે,

૧. ક્ષીરધાત્રી (દૂધ પીવડાવનાર ધાવમાતા), ૨. મજ્જનધાત્રી (સ્નાન કરાવનાર ધાવમાતા), ૩. મંડનધાત્રી (વસ્ત્રાલંકાર પહેરાવનાર ધાવમાતા), ૪. ક્રીડાધાત્રી (રમાડનાર ધાવમાતા) અને ૫. અંકધાત્રી (ખોળામાં સાચવનારી ધાવમાતા.) આ રીતે એક ધાવમાતા પાસેથી બીજી ધાવમાતા પાસે જતા અને રમ્યમણિજડિત આંગણામાં રમતા તેઓ પર્વતની ગુફામાં રહેલી ચંપકલતાની જેમ ક્રમે ક્રમે વધવા લાગ્યા.

યૌવન—

૨૮૨. ત્યાર બાદ જ્ઞાન-વિજ્ઞાન મેળવી ભગવાન મહાવીર બાલ્યકાળ પાર કરી યુવાવસ્થામાં પ્રવેશ્યા અને મનુષ્યજીવનના પાંચ પ્રકારના, ઉત્તમ રસ, રૂપ, ગંધ, શબ્દ અને સ્પર્શ ઇન્દ્રિયોના ભોગો ભોગવવા લાગ્યા.

નામત્રયી—

૨૮૩. શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપ-ગોત્રીય હતા. એમનાં આ પ્રકારનાં ત્રણ નામો પ્રસિદ્ધ થયેલાં—

૧. માતા-પિતાએ આપેલ નામ-'વર્ધમાન'
૨. સ્વભાવથી સમભાવવાળા હોવાથી-'શ્રમણ'
૩. અત્યંત ભયાવહ મહાન પરિષહો સહન કરવામાં અચલ રહેવાને લીધે દેવો દ્વારા પ્રતિષ્ઠિત નામ-'શ્રમણ ભગવાન મહાવીર.'

માતાપિતાનું દેવલોક-ગમન—

૨૮૪. શ્રમણ ભગવાન મહાવીરનાં માત-પિતા ભગવાન પાર્શ્વનાથનાં શ્રમણોપાસક (શ્રાવક) હતાં.

તેમણે ઘણા વર્ષ સુધી શ્રમણોપાસક ધર્મનું પાલન કરી છ જીવનિકાયના જીવોના રક્ષણ નિમિત્તે આલોચના કરી, આત્મનિંદા કરી, ગર્હા કરીને, પ્રતિક્રમણ કરીને, ઉત્તમ ગુણોની શુદ્ધિ માટે યોગ્ય પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને, દર્ભના આસન પર બેસી 'ભક્ત પ્રત્યાખ્યાન'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામે અનશન સ્વીકાર્યું, ભક્ત-પ્રત્યાખ્યાન કરી અંતિમ મારણાન્તિક સંલેખના દ્વારા શરીરને સૂકવીને કાળ-સમય આવતાં અર્થાત્ આયુષ્ય પૂર્ણ થતાં કાળધર્મ પામીને લૌકિક શરીરનો ત્યાગ કરીને અચ્યુત નામક કલ્પમાં બારમા દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

ત્યાંથી દેવ-આયુષ્યનો ક્ષય થશે, ભવનો ક્ષય થશે ત્યારે ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં અંતિમ શ્વાસ લઈ સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો અંત આણશે.

વર્ધમાનનાં સ્વજનો—

૨૮૫. શ્રમણ ભગવાન મહાવીરના પિતા કાશ્યપ ગોત્રના હતા. તેમનાં ત્રણ નામો આ પ્રમાણે હતાં, જેમ કે—

૧. સિદ્ધાર્થ ૨. શ્રેયાંસ અને ૩. યશસ્વી.

શ્રમણ ભગવાન મહાવીરની માતા વાસિષ્ઠ-ગોત્રીયા હતી. તેનાં ત્રણ નામ આ પ્રમાણે હતાં, જેમ કે—

૧. ત્રિશલા ૨. વિદેહદિન્ના અને ૩. પ્રિયકારિણી.

શ્રમણ ભગવાનના કાકાનું નામ સુપાર્શ્વ હતું. શ્રમણ ભગવાન મહાવીરના મોટાભાઈનું નામ નંદિવર્ધન હતું. શ્રમણ ભગવાન મહાવીરની જ્યેષ્ઠ ભગિનીનું નામ સુદર્શના હતું-ગોત્ર કાશ્યપ હતું. શ્રમણ ભગવાન મહાવીરની ભાર્યાનું નામ યશોદા હતું-ગોત્ર કૌડિન્ય હતું.

શ્રમણ ભગવાન મહાવીરની પુત્રી, જે કાશ્યપ-ગોત્રીયા હતી તેનાં બે નામ પ્રચલિત હતાં, તે આ પ્રમાણે--

૧. અનવદ્યા ૨. પ્રિયદર્શના

શ્રમણ ભગવાન મહાવીરની દૌહિત્રી, જે કૌશિક-ગોત્રીયા હતી, તેનાં બે નામ હતાં, આ પ્રમાણે—

૧. શેષવતી ૨. યશવતી

અભિનિષ્ક્રમણ-સંકલ્પ અને સંવત્સરદાન—

૨૮૬. તે કાળે તે સમયે પ્રસિદ્ધ જ્ઞાતપુત્ર, જ્ઞાતકુળના વિશિષ્ટ આહ્લાદદાયક, વિશિષ્ટ દેહવાળા, વિદેહદિન્ન, વિદેહજાત, વિશિષ્ટ સુકુમાર દેહ-વાળા, શ્રમણ ભગવાન મહાવીરે ત્રીસ વર્ષ સુધી વૈરાગીની જેમ ગૃહવાસમાં રહીને, માતાપિતા કાળ પામતાં, દેવલોક જતાં, પછી લીધેલી પ્રતિજ્ઞા પૂરી થવાથી રૂપું, સોનું, સેના અને વાહન, ધન, ધાન્ય, કનક, રત્ન આદિ સારભૂત પદાર્થો ત્યજીને, દાન દઈને, સંબંધી-ઓને આપીને, યાચકોને આપીને, જ્ઞાતિ-જનોને આપીને, સંવત્સર પર્યંત દાન કરીને, જે તે હેમંત ઋતુના પ્રથમ માસ, પ્રથમ પક્ષ એટલે કે માગશર કૃષ્ણપક્ષમાં અને માગશર કૃષ્ણ દશમીના દિને હસ્તોત્તરા નક્ષત્ર સાથે ચન્દ્રનો યોગ થયો ત્યારે અભિનિષ્ક્રમણનો એટલે કે દીક્ષા લેવાનો વિચાર-સંકલ્પ કર્યો.

દેવેન્દ્ર શક્ર કૃત દેવચ્છન્દકમાં સ્નાન અને શિબિકા-વિકુર્વણા—

૨૮૭. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરનો અભિનિષ્ક્રમણનો સંકલ્પ જાણીને ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષિક, વૈમાનિક દેવો અને દેવીઓ પોતપોતાનાં રૂપો,વેષો, ધ્વજચિહ્નોથી યુક્ત થઈને, પોતપોતાની સમગ્ર ઋદ્ધિ, દ્યુતિ, સેના-સમુદાય સહિત પોતપોતાના વિમાનમાં ચડ્યાં, વિમાનોમાં ચડીને યથાબાદર-સ્થૂળ નિસ્સાર પુદ્ગલો છોડીને યથાસૂક્ષ્મ-સારભૂત સૂક્ષ્મ પુદ્ગલો ગ્રહણ કર્યાં,યથાસૂક્ષ્મ પુદ્ગલો ગ્રહણ કરીને ઊંચે ઊડ્યાં, ઊંચે ઊડીને ઉત્કૃષ્ટ, શીઘ્ર, ચપળ, ત્વરિત, દિવ્ય ગતિપૂર્વક નીચે ઊતરતાં ઊતરતાં તિર્યક્‌લોકમાં રહેલા અસં-ખ્યાત દ્વીપ-સમુદ્રો પાર કરતાં કરતાં, જ્યાં જંબૂદ્વીપ દ્વીપ હતો ત્યાં આવ્યા, ત્યાં આવીને જે બાજુ ઉત્તર ક્ષત્રિયકુંડનગર-સન્નિવેશનો ઉત્તરપૂર્વ દિશાભાગ હતો ત્યાં ઝડપથી ઊતર્યાં.

૨૮૮. ત્યાર પછી દેવેન્દ્ર દેવરાજ શક્રે ધીમે ધીમે યાન-વિમાનને થોભાવ્યું, થોભાવીને ધીમે ધીમે વિમાનથી નીચે ઊતર્યો, નીચે ઊતરી ધીમે ધીમે એકાંતમાં ગયો, એકાંતમાં જઈ મહાન વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાન વૈક્રિય સમુદ્‌ઘાત કરીને વિવિધ મણિ-કનક-રત્નોથી જડિત, શોભિત, શુભ, ચારુ, મનહર આકૃતિવાળા એક મહાન દેવચ્છન્દકની વિકુર્વણા કરી.

૨૮૯. તે દેવચ્છન્દકની બરાબર વચ્ચોવચ્ચ પાદપીઠ-યુક્ત વિવિધ મણિ-કનક-રત્ન-જડિત સુંદર, શુભ, ચારુ, મનહર આકારવાળા એક મહાન સિંહાસનની વિકુર્વણા કરી, વિકુર્વણા કરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યો.

ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, ત્રણ પ્રદક્ષિણા કરીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યાં.

૨૯૦. વંદન-નમસ્કાર કરીને શ્રમણ ભગવાન મહાવીરને લઈને જ્યાં દેવચ્છન્દક હતું ત્યાં આવ્યો, ત્યાં આવી ધીમે ધીમે પૂર્વ દિશા તરફ મુખ રાખી સિંહાસન પર બેસાડ્યા, સિંહાસન પર બેસાડી ધીમે ધીમે શતપાક, સહસ્રપાક તેલ વડે માલિશ કરી, માલિશ કરીને સુગંધિત દ્રવ્યોથી ઉબટણ કર્યું, ઉબટણ કરી શુદ્ધ જળથી સ્નાન કરાવ્યું, સ્નાન કરાવી જેનું એક લાખ સુવર્ણ-મુદ્રાથી અધિક મૂલ્ય છે તેવા બહુમૂલ્ય અત્યંત શીતળ ગોશીર્ષ ચંદન અને રક્તચંદનનો લેપ કર્યો, લેપ કરીને ધીમા શ્વાસ-પ્રશ્વાસથી ય કંપિત થાય એવા, પ્રસિદ્ધ શ્રેષ્ઠ નગરમાં બનેલ, પ્રતિષ્ઠિત પુરુષો દ્વારા પ્રશંસિત, અશ્વની લાળ જેવા સૂક્ષ્મ તંતુઓવાળું, નિષ્ણાત કારીગરોએ સુવર્ણ તારથી જેમાં ઝરીકામ કર્યું છે એવું, હંસચિહ્નવાળું શ્વેત વસ્ત્રયુગલ પહેરાવ્યું.

વસ્ત્ર પહેરાવી પછી કંઠમાં હાર, અર્ધહાર, ઓકાવલી, લટકતી માળા (કંઠી), ઝૂમખાવાળી માળા, રત્નમાળા વ. માળાઓ પહેરાવી, માળાઓ પહેરાવીને પછી ગ્રંથિમ, વેષ્ટિમ, પુરિમ અને સંઘાતિમ—એ ચાર પ્રકારની પુષ્પમાળાઓ વડે કલ્પવૃક્ષની જેમ અલંકૃત કર્યાં.

૨૯૧. એ રીતે સમલંકૃત કરીને પછી મહાન વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો, સમુદ્‌ઘાત કરીને એક વિરાટ સહસ્રવાહિની ચંદ્રપ્રભા નામક શિબિકાની વિકુર્વણા કરી, તે શિબિકા આવી હતી—

જેમાં ઈહામૃગ, વૃષભ, અશ્વ, મગર, પક્ષી, વાનર, કુંજર, રુરુ, શરભ, ચમર, શાર્દૂલ, વનલતા, વિચિત્ર વિદ્યાધર મિથુન, યુગલયંત્ર આદિ યુક્ત તથા જે સહસ્રરશ્મિ સૂર્યના પ્રકાશ જેવી ઝળહળતી હતી, ઝગમગતી હતી, આંખોને આંજી દેતી હતી, મોતીઓની માળાઓ અને મોતી ભરેલા પડદાઓ જેમાં ઝૂલી રહ્યા છે તેવી હતી, ઉત્તમ સુવર્ણના ચંદ્રકો જેમાં લટકતા હતા તેવી મોતીની માળાઓ વાળી, હાર, અર્ધહાર આદિ અલંકારોથી સુશોભિત, અધિક દર્શનીય, પદ્મલતા અશોકલતા કુન્દલતા આદિ નાનાવિધ લતાઓનાં ચિત્રોવાળી, શુભ, ચારુ, મનોહર આકૃતિવાળી વિવિધ પ્રકારના મણિઓ, ઘંટાઓ અને પચરંગી પતાકાઓથી જેનો શિખરનો ભાગ શણગારેલ છે તેવી, આકર્ષક દર્શનીય અને સુરૂપ હતી.

અભિનિષ્ક્રમણ—

૨૯૨. તે કાળે તે સમયે જ્યારે હેમંત ઋતુનો પ્રથમ માસ, પ્રથમ પક્ષ એટલે કે માર્ગશીર્ષ કૃષ્ણ પક્ષ અને કૃષ્ણ પક્ષની દશમીનો સુવ્રત દિવસ તથા વિજય મુહૂર્ત હતું ત્યારે, હસ્તોત્તરા નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ થતાં, પૂર્વગામિની છાયા અને બીજો પહોર વીતી જતાં, નિર્જળ છટ્ઠ-ભક્ત સાથે, એક માત્ર વસ્ત્ર લઈને, ચંદ્રપ્રભા નામક સહસ્રવાહિની શિબિકામાં બેસીને, દેવ-મનુષ્યોની પરિષદ સાથે, ઉત્તર ક્ષત્રિયકુંડપુર સન્નિવેશમાંથી વચ્ચોવચ્ચ થઈ ભગવાન મહાવીર નીકળ્યા, નીકળીને જ્યાં જ્ઞાતખંડ નામક ઉદ્યાન હતું ત્યાં આવ્યા, ત્યાં આવીને થોડા ઊંચા ભૂમિભાગ પર સહસ્રવાહિની ચંદ્રપ્રભા શિબિકાને ધીરે ધીરે ઉતરાવી.

શિબિકા ઉતરાવીને ધીરે ધીરે તેમાંથી નીચે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊતર્યા, ઊતરીને ધીરે ધીરે પૂર્વાભિમુખ થઈને સિંહાસન પર બેઠા અને અલંકારો ઉતાર્યા. ત્યારે વૈશ્રમણ દેવે ભક્તિપૂર્વક ચરણ કમળમાં બેસી, હંસધવલ વસ્ત્રમાં ભગવાન મહાવીરના અલંકારો ગ્રહણ કર્યા.

પંચમુષ્ટિ લોચ—

૨૯૩. ત્યારબાદ શ્રમણ ભગવાન મહાવીરે જમણા હાથથી જમણી બાજુ અને ડાબા હાથથી ડાબી બાજુના કેશનો પંચમુષ્ટિ લોચ કર્યો.

૨૯૪. ત્યારે શ્રમણ ભગવાન મહાવીરના પાદમૂળમાં બેઠેલ દેવેન્દ્ર દેવરાજ શક્રે વજ્રમય થાળમાં તે કેશ ગ્રહણ કર્યા, ગ્રહણ કરીને 'હે ભગવંત! આપની આજ્ઞા' એમ કહી ક્ષીરસમુદ્રમાં પધરાવ્યા.

સામાયિક ચારિત્ર-પરિગ્રહણ—

૨૯૫. ત્યાર બાદ જમણા હાથે જમણી બાજુના અને ડાબા હાથે ડાબી બાજુના કેશનો પંચમુષ્ટિ લોચ કરીને શ્રમણ ભગવાન મહાવીરે સિદ્ધ ભગવંતોને નમસ્કાર કર્યા, નમસ્કાર કરીને 'મારા માટે સર્વ પ્રકારનાં પાપ અકરણીય છે' એમ કહી સામાયિક ચારિત્ર સ્વીકાર્યું", સામાયિક ચારિત્ર સ્વીકારની વેળાએ દેવસભા અને મનુષ્યસભા ભીંત પર ચીતરેલા ચિત્રની માફક સ્તબ્ધ બની ગઈ—દિગ્મૂઢ બની ગઈ.

મનઃપર્યવજ્ઞાનોત્પત્તિ—

૨૯૬. ત્યારબાદ ક્ષાયોપશમિક સામાયિક ચારિત્ર ગ્રહણ કરતાં જ શ્રમણ ભગવાન મહાવીરને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. જેનાથી તેઓ અઢી દ્વીપ અને બે સમુદ્ર મધ્યે રહેલ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત વ્યક્ત મનવાળા જીવોના મનોગત ભાગો જાણવા લાગ્યા.

તેર માસ પછી અચેલકત્વ—

૨૯૭. શ્રમણ ભગવાન મહાવીર એક વર્ષ અને એક માસ સુધી-યાવત્ ચીવરધારી (એટલે કે વસ્ત્રધારી) હતા. ત્યાર પછી અચેલક (વસ્ત્રરહિત) અને પાણિપાત્ર (હાથમાં જ ભોજન આદિ ગ્રહણ કરનાર) બન્યા.

અનગારરૂપ પ્રશંસા—

૨૯૮. ત્યારબાદ શ્રમણ ભગવાન મહાવીર અનગાર બન્યા. ૧-ઈર્યા સમિતિ ૨-ભાષાસમિતિ ૩-એષણા સમિતિ ૪. આદાનભાંડમાત્ર-નિક્ષેપણા સમિતિ ૫-ઉચ્ચાર-પાસવણ-ખેલ-સિંઘાણ-જલ્લ-પરિસ્થાપનિકા સમિતિ ૬-મનઃસમિતિ ૭-વચન સમિતિ ૮. કાયસમિતિ, ૧. મનગુપ્તિ, ૨. વચનગુપ્તિ, ૩. કાયગુપ્તિ-આ બધાંથી સમિત અને ગુપ્ત તથા ગુપ્તેન્દ્રિય, ગુપ્તબ્રહ્મચારી, ક્રોધ, માન, માયા, અને લોભરહિત, શાંત, પ્રશાંત, ઉપશાંત અને સંતાપથી મુક્ત બન્યા, આશ્રવરહિત, મમતારહિત, પરિગ્રહરહિત, અકિંચન નિર્ગ્રન્થ થયા, નિર્લેપ થયા, ૧. જળથી પણ ન લેપાનાર શ્રેષ્ઠ નિર્મળ કાંસાના પાત્ર જેવા-યાવત્-૨૧-જીવની જેમ અપ્રતિહત ગતિવાળા બન્યા.

પ્રતિબંધાભાવ—

૨૯૯. તે ભગવંતનો કયાંય પણ પ્રતિબંધ ન હતો. તેઓ અપ્રતિબંધવિહારી હતા. પ્રતિબંધ આ પ્રમાણે ચાર પ્રકારનો કહેવાય છે-

૧. દ્રવ્ય ૨.ક્ષેત્ર ૩. કાળ ૪. ભાવ.

૧. દ્રવ્યથી-સચિત્ત, અચિત્ત અને મિશ્ર

૨. ક્ષેત્રથી-ગામમાં યાવત્ - આકાશમાં.

૩. કાળથી-સમય - યાવત્ - અન્ય દીર્ઘકાળ-સંયોગ.

૪. ભાવથી - ક્રોધમાં - યાવત્ - મિથ્યાદર્શન શલ્ય.

તેઓ ભગવંતને આ કોઈ પ્રકારનો પ્રતિબંધ હોતો નથી.

મહાવીરનો અભિગ્રહ-

૩૦૦. શ્રમણ ભગવાન મહાવીરે પ્રવ્રજિત થયા પછી મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, અને સંબંધીવર્ગનું વિસર્જન કર્યું", વિસર્જન કર્યા પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા પ્રકારનો અભિગ્રહ (સંકલ્પ) ધારણ કર્યો—

હું બાર વર્ષ સુધી શરીરનો વ્યુત્સર્ગ કરીને, શરીરની સારસંભાળ છોડીને જે કોઈ ઉપસર્ગ ઉત્પન્ન થશે, જેવા કે દિવ્ય અથવા માનુષી અથવા તિર્યંચ-સંબંધી-તે બધા ઉપસર્ગો ક્લેશરહિતપણે, નિશ્ચલપણે, અદીન મનથી, મન-વચન-કાય એ ત્રણે ગુપ્તિપૂર્વક, સમ્યક્ પ્રકારે સહન કરીશ, ક્ષમાપૂર્વક સહન કરીશ, ખેદરહિતપણે સહન કરીશ.

મહાવીરનો વિહાર—

૩૦૧ આ રીતનો અભિગ્રહ ધારણ કરી પછી શરીરનું મમત્વ છોડી તથા સારસંભાળ છોડી શ્રમણ ભગવાન મહાવીર મુહૂર્ત માત્ર દિન બાકી રહ્યે કર્મારગામ પહોંચ્યા.

ત્યારથી શ્રમણ ભગવાન મહાવીર શરીરનું મમત્વ તથા સારસંભાળ છોડી અનુત્તર (સર્વશ્રેષ્ઠ) જ્ઞાન-યાવત્-અનુત્તર ચારિત્ર, અનુત્તર આલય (નિર્જન સ્થળનિવાસ), અનુત્તર વિહાર, અનુત્તર સંયમ, અનુત્તર ઉપધિ, અનુત્તર સંવર, અનુત્તર તપ, અનુત્તર બ્રહ્મચર્ય, અનુત્તર ક્ષમા, અનુત્તર નિર્લોભિતા, અનુત્તર મુક્તિ, અનુત્તર તુષ્ટિ, અનુત્તર સમિતિ, અનુત્તર ગુપ્તિ, અનુત્તર સ્થાન, અનુત્તર કર્મ, અનુત્તર સુચરિત પુરુષો દ્વારા સેવિત અને સર્વદુઃખોથી નિવૃત્તિ-રૂપ નિશ્ચિત ફળ આપનાર મુક્તિમાર્ગથી યુક્ત થઈ, આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

પરિષહજય

૩૦૨. આ રીતે વિહાર કરતાં કરતાં જે કોઈ ઉપસર્ગ ઉત્પન્ન થયા-દેવકૃત, મનુષ્યકૃત કે તિર્યંચ-કૃત-તે સર્વે ઉપસર્ગ ક્લેશરહિતપણે, નિશ્ચળપણે, અદીન મનથી તથા મન, વચન, કાયાની ગુપ્તિપૂર્વક, સમભાવપૂર્વક, ક્ષમા-પૂર્વક, સમત્વપૂર્વક સહ્યા, અને ખમ્યા.

દશ સ્વપ્નોનું ફળ—

૩૦૩. છદ્મસ્થાવસ્થા દરમિયાન એક વખત રાત્રિના અંતિમ પ્રહરમાં શ્રમણ ભગવાન મહાવીરે આવા પ્રકારનાં દશ મહાસ્વપ્ન જોયાં અને જાગી ગયા-જેમ કે,

૧. એક મહાઘોર આકૃતિવાળા અને તેજસ્વી તાલપિશાચને પરાજિત કર્યો, એવું સ્વપ્ન જોયું અને જાગ્યા.

૨. એક શ્વેત પાંખોવાળા મોટા નરકોકિલ-પક્ષીને સ્વપ્નમાં જોઈને જાગ્યા,

૩. એક ચિત્રવિચિત્ર પાંખોવાળા મોટા નર-કોકિલ પક્ષીને સ્વપ્નમાં જોઈને જાગ્યા.

૪. એક સર્વરત્નમય મહાન માળાયુગલ સ્વપ્નમાં જોઈને જાગ્યા.

૫. એક મોટા અને શ્વેત ગોધણને સ્વપ્નમાં જોઈને જાગ્યા.

૬. એક ચોપાસ કુસુમાચ્છાદિત મોટા પદ્મ-સરોવરને સ્વપ્નમાં જોઈને જાગ્યા.

૭. હજારો તરંગો-કલ્લોલોથી યુક્ત એક મહાસાગરને પોતાની ભુજાઓથી તરી ગયા એવું સ્વપ્ન જોઈને જાગ્યા.

૮. તેજથી ઝળહળતા એક મહાન સૂર્યને સ્વપ્નમાં જોઈને જાગી ગયા.

૯. એક વિશાળ માનુષોત્તર પર્વતને લીલા વૈદૂર્ય મણિ જેવા રંગની પોતાની આંતરડીઓથી ચોપાસથી વીંટ્યો એવું સ્વપ્ન જોઈને જાગ્યા.

૧૦. એક મહાન મેરુ પર્વતની મંદરચૂલિકા પર સિંહાસન પર પોતાને બેઠેલા સ્વ-પ્નમાં જોઈને જાગ્યા.

૩૦૪. (૧) શ્રમણ ભગવાન મહાવીર જે એક મોટા ભયંકર તેજસ્વી રૂપવાળા તાલપિશાચને પરાજિત કર્યાનું સ્વપ્ન જોઈને જાગ્યા તેનો અર્થ એમ કે શ્રમણ ભગવાન મહાવીરે મોહનીય કર્મને મૂળથી નષ્ટ કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) શ્રમણ ભગવાન મહાવીર જે એક શ્વેત-પાંખોવાળા મોટા નરકોકિલ પક્ષીને જોયો તેનો અર્થ શ્રમણ ભગવાન મહાવીર શુકલ-ધ્યાનમાં લીન થઈને વિહરે છે.

(૩) શ્રમણ ભગવાન મહાવીરે સ્વપ્નમાં જે એક ચિત્રવિચિત્ર પાંખોવાળા મોટા નર-કોકિલને જોયો તેનો અર્થ છે શ્રમણ ભગવાન મહાવીર વિચિત્ર સ્વસમય (સ્વમત)-પરસમય (પરમત)-યુક્ત દ્વાદશાંગ ગણિપિટકનું સામાન્ય કથન, વિશેષ કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન કરે છે, જેમ કે-આચારાંગ, સૂત્ર-કૃતાંગ-યાવત્-દૃષ્ટિવાદ.

(૪) શ્રમણ ભગવાન મહાવીરે જે એક મહાન સર્વરત્નમય માલાયુગલ સ્વપ્નમાં જોયું તેનો અર્થ છે શ્રમણ ભગવાન મહાવીરે બે પ્રકારના ધર્મની પ્રરૂપણા કરી, જેમ કે આગાર ધર્મ અને અનગાર ધર્મ.

(૫) શ્રમણ ભગવાન મહાવીરે જે એક શ્વેત ગાયોનો સમૂહ સ્વપ્નમાં જોયો તેનો અર્થ એ કે શ્રમણ ભગવાન મહાવીરનો ચાર પ્રકારનો સંઘ થશે, જેમ કે ૧. શ્રમણ ૨. શ્રમણી ૩. શ્રાવક ૪. શ્રાવિકા.

(૬) શ્રમણ ભગવાન મહાવીરે જે ચારે બાજુ કુસુમિત એવું વિશાળ પદ્મસરોવર સ્વપ્નમાં જોયું તેનો અર્થ શ્રમણ ભગવાન મહાવીરે ૧. ભવનવાસી ૨. વાનવ્યંતર ૩. જ્યોતિષ્ક અને ૪. વૈમાનિક-એ ચાર પ્રકારના દેવોને પ્રતિબોધિત કર્યા.

(૭) શ્રમણ ભગવાન મહાવીરે સ્વપ્નમાં જે હજારો તરંગો-કલ્લોલો યુક્ત એક વિશાળ મહાસાગર પોતાની ભુજાઓથી પાર કર્યો એનો અર્થ શ્રમણ ભગવાન મહાવીરે અનાદિ, અનંત, લાંબા માર્ગવાળી ચતુ-ર્ગતિરૂપ ભવાટવી પાર કરી.

(૮) શ્રમણ ભગવાન મહાવીરે જે ઝળહળતા તેજવાળો મહાન સૂર્ય સ્વપ્નમાં જોયો એનો અર્થ એ કે શ્રમણ ભગવાન મહા-વીરને અનંત, અનુત્તર, નિરાબાધ, નિરાવરણ, પૂર્ણ, પરિપૂર્ણ એવાં ઉત્તમ કેવળજ્ઞાન-દર્શન થયાં.

(૯) શ્રમણ ભગવાન મહાવીરે એક વિશાળ માનુષોત્તર પર્વતને નીલ વૈદૂર્યમણિ જેવા રંગનાં પોતાનાં આંતરડાંથી ચારે બાજુ વીંટ્યો એવું સ્વપ્ન જોયું તેનો અર્થ છે શ્રમણ ભગવાન મહાવીરનાં ઉદાર કીર્તિ, સ્તુતિ, સન્માન અને યશ દેવ, મનુષ્ય અને અસુરલોકમાં પ્રસર્યાં કે 'આ શ્રમણ ભગવાન મહાવીર છે.'

(૧૦) શ્રમણ ભગવાન મહાવીરે પોતાને મંદર-પર્વતની ટોચ પર સિંહાસન પર બેઠેલા સ્વપ્નમાં જોયા એનો અર્થ એ કે શ્રમણ ભગવાન મહાવીર દેવો, મનુષ્યો અને અસુરોની પરિષદમાં કેવલી પ્રરૂપિત ધર્મનું સામાન્ય કથન, વિશેષ કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન કરી રહ્યા છે.

સ્વપ્નફળ—

૩૦૫. કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નના અંતમાં એક મોટી અશ્વપંક્તિ, ગજપંક્તિ, મનુષ્યપંક્તિ, કિન્નરપંક્તિ, કિંપુરુષપંક્તિ, મહોરગપંક્તિ, ગંધર્વપંક્તિ, અથવા વૃષભપંક્તિ જુએ, અને એના પર ચડે, અને પોતે ચડેલ છે એમ માને, તથા તે જ ક્ષણે તે જાગી જાય તો તે તે જ ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે.

કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નના અંતભાગમાં સમુદ્રના બે છેડાને અડેલ તથા પૂર્વથી પશ્ચિમ તરફ ફેલાયેલા લાંબા દોરડાને જુએ અને એને વીંટે, પોતાને તે વીંટતા જાણે અને તે પછી તરત જાગી જાય તો તે તે જ ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે.

કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નના અંતમાં લોકના બે છેડાને અડતા અને પૂર્વ-પશ્ચિમ પથરા-યેલા લાંબા દોરડાને જુએ અને એને કાપી નાખે તથા પોતે તે કાપી નાખ્યું છે તેમ માને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પછી તરત જ જાગી જાય તો તે તે જ ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે.

કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નના અંતમાં એક મોટા લાંબા કાળા સૂતરના કે લીલા સૂતરના કે લાલ સૂતરના કે પીળા સૂતરના કે સફેદ સૂતરના તાંતણાને જુએ, અને એને ઉકેલે તથા સ્વયં તે પોતે ઉકેલ્યો છે તેમ માને અને એવું જોઈને તરત જાગી જાય તો તે તે જ ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે,

કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટો લોખંડનો ઢગલો જુએ, તાંબાનો ઢગલો જુએ, કલાઈનો ઢગલો જુએ, કે સીસાનો ઢગલો જુએ, જોઈને પોતે તેના પર ચડે, ચડીને પોતે તેના પર ચડેલ છે તેમ માને અને પછી તરત જાગી જાય તો તે બીજા ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે.

કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નના અંતે એક મોટો ઘાસનો ઢગલો જુએ, કે લાકડાનો ઢગલો જુએ કે પાંદડાનો, વૃક્ષછાલનો, ફોતરાનો, ભૂસાનો, ઘઉંનો અથવા કૂડાકચરાનો ઢગલો જુએ અને તેને વિખેરી નાખે, તથા પોતે તેને વિખેરી નાંખ્યો છે તેમ માને અને તરત જાગી જાય તો તે તે જ ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત આણે.

કોઈ સ્ત્રી યા પુરુષ સ્વપ્નાંતે એક મોટા શરના થડને જુએ, વીરણના થડને જુએ, વાંસના થડને જુએ કે વેલીના થડને જુએ અને પછી તેને ઉખાડે, ઉખાડીને પોતે તેને ઉખાડેલ છે તેમ માને અને પછી જાગી જાય તો તે તે જ ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે.

કોઈ સ્ત્રી યા પુરુષ સ્વપ્નના અંતમાં એક મોટો દૂધનો ઘડો જુએ, કે દહીંનો ઘડો જુએ, કે ઘીનો ઘડો જુએ અથવા મધનો ઘડો જુએ અને તેને ઉપાડે તથા પોતે ઉપાડ્યો છે તેમ માને અને તરત જાગે તો તે જ ભવમાં તે સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે.

કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નના અંતમાં એક મોટો મદ્યનો ઘડો જુએ અને સૌવીર મદિરાનો ઘડો જુએ, કે તેલનો ઘડો જુએ કે વસાનો ઘડો જુએ અને જોઈને તેને ફોડી નાખે, ફોડીને પોતે ફોડ્યો છે એમ માને અને પછી તરત જાગી જાય તો તે બીજા ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે.

કોઈ સ્ત્રી યા પુરુષ સ્વપ્નના અંતમાં એક વિશાળ પ્રફુલ્લિત પદ્મસરોવર જુએ, જોઈને તેમાં ઊતરે, અને પોતે તેમાં ઊતરેલ છે તેમ માને અને તરત જાગી જાય તો તે તે જ ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે.

કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નના અંતમાં હજારો તરંગો અને કલ્લોલો યુક્ત એક મહાસાગરને જુએ, જોઈને તેને તરી જાય, અને પોતે તે તરી ગયેલ છે એમ માને, અને તરત જાગી જાય તો તે તે જ ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે.

કોઈ સ્ત્રી યા પુરુષ સ્વપ્નના અંતમાં એક વિશાળ રત્નમય ભવન જુએ, જોઈને એમાં પ્રવેશ કરે અને પોતે તેમાં પ્રવેશ કર્યો છે એમ માને અને પછી તરત જાગી જાય તો તે તે જ ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે.

કોઈ સ્ત્રી યા પુરુષ સ્વપ્નાંતે એક વિશાળ સર્વરત્નમય વિમાન જુએ, જોઈને તેના પર ચડે, ચડીને પોતે તેના પર ચડેલ છે તેમ માને અને પછી તરત જાગે તો તે તે જ ભવમાં સિદ્ધ થાય-યાવત્-સર્વ દુઃખોનો અંત કરે.

ભગવાનનું દીર્ઘ તપ

ભગવાનની ચર્યા—

૩૦૬. ૧. [આર્ય સુધર્મા સ્વામી આર્ય જંબૂને સંબોધી કહે છે—]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણ ભગવાન મહાવીરની ચર્યા જેવી મેં સાંભળી છે તેવી કહીશ—જેવી રીતે, તેઓએ કર્મક્ષય માટે ઉદ્યત થઈને અને તત્ત્વને જાણીને તે હેમંત ઋતુમાં દીક્ષા લીધા પછી તરત જ વિહાર કર્યા હતો.

૨. 'હું આ વસ્ત્રથી હેમંતકાળમાં શરીર ઢાંકીશ' એવી ઇચ્છાથી નહીં,—કારણ કે તેઓ તો સંસારના પારગામી હતા અને આજીવન તે જ વૃત્તિ ધારણ કરનાર હતા—પરંતુ પૂર્વ તીર્થંકરોના આચાર પ્રમાણે તેમણે વસ્ત્રગ્રહણ કર્યું હતું.

૩. તેમના શરીરમાંથી નીકળતી સુવાસથી આકર્ષાઈ અનેક પ્રકારના જીવજંતુઓ તેમના શરીર પર ચડતા અને રહેવા લાગ્યા, ચાર માસથી યા વધુ સમય સુધી તેમનું રુધિર-માંસ ખાવા તેમને કરડતા રહ્યા.

૪. એક વર્ષ અને એક માસ સુધી તે અનગાર ભગવંતે એક વસ્ત્ર ધારણ કર્યું, તત્પશ્ચાત્ તે વસ્ત્ર પણ ત્યજીને અચેલક બન્યા.

૫. તેઓ પુરુષ-પ્રમાણ આગળનો માર્ગ એટલે કે રથની ધૂંસરી જેટલા માર્ગની જમીન તરફ જોઈને ઈર્યાસમિતિપૂર્વક ચાલતા. તેમને આ પ્રમાણે ચાલતા જોઈને ડરતા બાળકો ધૂળ વગેરે ફેંકીને તેમની પાછળ હોહા કરતા.

૬. જો ગૃહસ્થો કે બીજા ધર્મવાળાઓની મિશ્ર વસતીમાં તેમને રહેવાનું થતું તો ત્યાંની સ્ત્રીઓ કામેચ્છા દર્શાવે છતાં કામનાં પરિણામ જાણીને તેઓ કામસેવન ન કરતાં આત્મામાં જ નિમગ્ન રહી શુકલ ધ્યાનમાં સંલગ્ન થતા.

૭. તે ઋજુ-પરિણામી ભગવંત એવી રીતે વિચરતા હતા કે જો કદી ગૃહસ્થોયુક્ત સ્થાનમાં રહેવાનું બને તો તે તરફ લક્ષ્ય ન રાખતાં ધ્યાનમાં જ લીન રહેતા, પૂછવામાં આવે તો પણ બોલતા નહીં અને માત્ર પોતાના ઇચ્છિત લક્ષ્ય તરફ જ ગતિ કરતા.

૮. વિહાર પ્રસંગે કોઈ પુણ્યહીન માણસ તેમને દંડાથી મારે, વાળ કે શરીરના હાથ-પગ આદિ અંગ પકડીને ખેંચે કે બીજી રીતે કષ્ટ આપે અથવા કોઈ નમસ્કાર કરે—તેઓ બન્ને પ્રકારની વૃત્તિવાળા સાથે મૌન રહેતા, સમભાવપૂર્વક માન-અપમાન સહી લેતા.

૯. દુષ્ટ અનાર્યજનો અત્યંત તીક્ષ્ણ કઠોર અસહ્ય વચનો સંભળાવે તો પણ તે મહામુનિ તે તરફ ધ્યાન ન દેતા; ન નૃત્ય કે ગીતો સાંભળીને યા દંડયુદ્ધ મુષ્ટિયુદ્ધ જોઈને હર્ષિત થતા.

૧૦. જ્યારે કર્યાંય લોકોને વિષય-લોલુપતા જગાડે એવી કથાઓ કરતા-સાંભળતા જોતા ત્યારે પણ તે જ્ઞાતપુત્રના મનમાં કોઈ હર્ષ કે શોક ન થતો, પરંતુ એ અનુકૂળ કે પ્રતિકૂળ મહાન પરીષહો પણ દુઃખથી કોઈના શરણમાં ન જતાં પોતાની સંયમ-સાધનામાં લીન થઈને પસાર કરતા.

૧૧. દીક્ષિત થઈને બે વર્ષથી વધુ સમય સુધી સચિત્ત જળ પીધું ન હતું તથા જેમણે એકત્વ-ભાવનાથી પોતાના અંતઃકરણને ભાવિત કર્યું હતું, જેમણે ક્રોધ પર વિજય પ્રાપ્ત કર્યો હતો એવા તેઓ જ્ઞાન-દર્શન-સંપન્ન ભગવાન ઇન્દ્રિયો તથા અંતઃકરણને ઉપશાંત કરતા વિચરતા હતા.

૧૨. તે શ્રમણ ભગવાન મહાવીર પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને સેવાળ વગેરે તથા બીજ અને લીલી વનસ્પતિના જીવો તથા ત્રસકાયના જીવો એ બધાને જાણીને યતનાપૂર્વક વિચરતા હતા.

૧૩. આ પૃથ્વીકાય આદિ સજીવ છે, એમાં ચૈતન્ય છે એમ ચિંતન કરીને તથા તેમના સ્વરૂપને બરાબર જાણીને ભગવાન તેમના આરંભ-સમારંભ ત્યજીને વિચરતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૪. સ્થાવર જીવો ત્રસકાયમાં અને ત્રસકાય જીવો સ્થાવરપણે ઉત્પન્ન થાય છે, અથવા સંસારી જીવો બધી યોનિઓમાં આવાગમન કરે છે તથા અજ્ઞાન જીવો પોતપોતાના કર્મ અનુસાર ભિન્ન ભિન્ન રૂપે સંસારમાં ફરતા રહે છે.

૧૫. ભગવાને એ જાણી લીધું હતું કે મમત્વયુક્ત અજ્ઞાન જીવ કર્મથી પીડા પામે છે, અને બધા પ્રકારનાં કર્મોના સ્વરૂપને સમજીને ભગવાને તે પાપરૂપ કર્મનો પરિત્યાગ કર્યો હતો.

૧૬. તે મેધાવી, સર્વ ભાવના જ્ઞાતા ભગવાને બે પ્રકારની ક્રિયાઓ (સાંપરાયિક અને ઈર્યાપથિકી)ને સમ્યગ્ રૂપે જાણીને તેમાંની બીજીને અનુપમ કહી છે તથા પહેલીને કર્મના આગમનનો સ્રોત કહી છે. આથી તેને (સાંપરાયિક કર્મને) અને અતિપાત-હિંસા અને યોગ(શારીરિક ક્રિયા)ને બધા પ્રકારના કર્મ-બંધનનું કારણ જાણીને તેનાથી નિવૃત્ત થઈ સંયમ—અનુષ્ઠાન કરવા કહ્યું છે.

૧૭. પાપથી દૂર થઈને નિર્દોષ અહિંસાનું તેમણે પોતે આચારણ કર્યું હતું અને બીજાઓને હિંસા ન કરવાનો ઉપદેશ આપ્યો હતો, સ્ત્રીઓના યથાર્થ સ્વરૂપને તથા તેમની સાથેના ભોગનાં પરિણામોને તેમણે યથાર્થ સ્વરૂપે જાણ્યાં હતાં અને કામભોગો સર્વ પાપકર્મોના મૂળ રૂપ છે તેમ જાણી ભગવાને સ્ત્રી-સંસર્ગનો ત્યાગ કર્યો હતો.

૧૮. બધી રીતે કર્મબંધનું કારણ જાણીને ભગવંતે આધાકર્મ આહારનું સેવન ત્યજી દીધું હતું તથા ભવિષ્યમાં જે આહાર અલ્પતમ પાપનું પણ કારણ હોય તે કદી ન કરતાં નિર્દોષ પ્રાસુક આહાર જ ગ્રહણ કરતા હતા.

૧૯. તેઓ બીજા કોઈના વસ્ત્રનું પણ સેવન કરતા નહીં—પહેરતા નહીં; ન કોઈના પાત્રમાં ભોજન લેતા. તેઓ માન-અપમાન ત્યજીને કોઈનીય સહાય વિના ગૃહસ્થની ભોજનશાળામાં જતા.

૨૦. તે મુનિ અન્ન-પાનનું પરિમાણ જાણનાર હતા, રસમાં લોલુપ ન થતાં જેવો પણ નીરસ આહાર મળતો તે ગ્રહણ કરતા. આંખમાં રજકણ વગેરે પડવા છતાં તેઓ આંખો લૂછતા નહીં, ન અંગોને ખજવાળ આવે તો ખજવાળતા.

૨૧. ચાલતી વેળા તેઓ ત્રાંસું ન જોતા, ઊભા રહીને ન જોતા, પાછળ ફરીને ન જોતા, ન કોઈએ બોલાવવા છતાં બોલતા, પરંતુ યતનાપૂર્વક માર્ગને જોતા આગળ વધતા.

૨૨. તે અનગાર શીતકાળે માર્ગમાં જતાં તે વસ્ત્ર (ઇન્દ્રે આપેલ દેવદૂષ્ય) છોડીને હાથ ખુલ્લા રાખી ચાલતા અર્થાત્ ઠંડીથી ગભરાઈ હાથ ભીડી દેતા નહીં કે ન ખભા પર હાથ ટેકવી ઊભા રહેતા.

૨૩. મતિમાન મહર્ષિ માહણ મહાવીરે સર્વથા નિદાનકર્મથી રહિત થઈને આ પ્રકારની વિહારચર્યાનું પાલન—આચરણ કર્યું હતું. એમ હું કહું છું.

ભગવાનની શૈયા—

૩૦૭. ૧. કોઈ એક વખત ભગવાન મહાવીરે વિહાર સમયે જે જે પ્રકારની શૈયા અને આસનોનો ઉપયોગ કર્યો હતો તે સંબંધે [જંબૂસ્વામીએ] પૂછવાથી [આર્ય સુધર્મા-સ્વામીએ] તે તે શૈયા અને આસનો વિષયમાં આ પ્રમાણે કહ્યું—

૨. ભગવાન મહાવીરે કોઈ વાર શૂન્ય ઘરમાં, કોઈ વાર ખાલી સભાભવનમાં, કયારેક પાણી વગેરેની પરબમાં, તો કયારેક દુકાનમાં વાસ કરેલો, કયારેક વળી લુહારની કોઢમાં કે ઘાસના ઢગલા વચ્ચે પણ વાસ કર્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. કયારેક ધર્મશાળા—મુસાફરખાનામાં, કયારેક ઉદ્યાનગૃહમાં તો કયારેક ગામમાં કે નગરમાં વાસ કર્યો હતો. કયારેક સ્મશાનમાં અથવા ખંડેર મકાનમાં અને કયારેક વૃક્ષ નીચે પણ વાસ કરેલો.

૪. શ્રમણ ભગવાન મહાવીર ઉપરોક્ત સ્થાનોમાં તપ-સાધનામાં નિમગ્ન રહેતા રહેતા બાર વર્ષ, છ માસ અને પંદર દિવસ સુધી રાત-દિન યતનાપૂર્વક, પ્રમાદરહિતપણે અને સમાધિયુક્ત થઈને ધ્યાનસ્થ રહ્યા હતા.

૫. ભગવાન નિદ્રાસેવન ન કરતા, જો કયારેક પણ ઊંઘનું ઝોકું આવી જાય તો ઊઠીને આત્માને જાગૃત કરતા. નિદ્રાની સહેજ અમસ્તી અસર થતાં જ તેઓ સાવધ થઈ ચાલવા માંડતા, તેઓએ નિદ્રાની ઇચ્છા પણ ત્યજી દીધી હતી.

૬. છતાં પણ નિદ્રાના સ્વભાવને જાણનાર ભગવાન સંયમના અનુષ્ઠાનમાં અપ્રમત્ત થઈને વિચરતા. જો કયારેક રાત્રિમાં પણ ઝોકું આવી જાય તો તેઓ બહાર નીકળી મુહૂર્ત સુધી પરિભ્રમણ કરી પુનઃ આત્મચિંતનમાં મગ્ન બની જતા.

૭. તે શૂન્ય—એકાંત સ્થાનોમાં સર્પ આદિ ઝેરી જીવજંતુઓ કે ગીધ જેવાં માંસાહારી પક્ષીઓ દ્વારા તેમના પર અનેક પ્રકારના ભયંકર ઉપસર્ગો થયા.

૮. તે ઉપરાંત એકાકી વિચરતા ભગવાન મહાવીરને ચોરો, સશસ્ત્ર ગ્રામરક્ષકો, વિષયવાસનામાં રત ગ્રામસ્ત્રીઓ કે દુષ્ટ માણસો તરફથી પણ ઉપસર્ગ થતા.

૯. ભગવાન આ લોકના મનુષ્યો અને તિર્યંચો તથા પરલોકના દેવો વગેરે દ્વારા થતા અનેક પ્રકારના ઉપસર્ગો પણ સમભાવપૂર્વક સહન કરતા, વળી સુગંધિત-દુર્ગંધિત પદાર્થોમાંથી આવતી સુગંધ કે દુર્ગંધ માટે કે અનેક પ્રકારના કડવા-મીઠા શબ્દો માટે પણ તેઓ હર્ષ-વિષાદ ન કરતા.

૧૦. તેઓ પાંચ સમિતિઓથી યુક્ત રહીને વિવિધ પ્રકારનાં દુઃખરૂપ સ્પર્શો, ઉપસર્ગો, પરીષહો સહન કરતા હતા. ભગવાન અતિ અલ્પ પ્રમાણમાં બોલતા અને રતિ-અરતિ પર વિજય મેળવી સંયમમાં સ્થિર રહેતા.

૧૧. લોકો પૂછે કે તમે કોણ છો ? અહીં કેમ ઊભા છો ? અથવા કયારેક રાત્રિમાં એકાંત સ્થાનની શોધમાં આવી ચડતા માણસો આવા પ્રશ્નો પૂછતા ત્યારે ભગવાન કોઈ જવાબ ન આપતા, આથી ગુસ્સે થઈને તે લોકો મારવા લાગતા છતાં પણ ભગવાન શાંત અને સમાધિમગ્ન જ રહેતા.

૩૧૭. ૧૨. 'અહીં' આ કોણ છે ?' એમ પૂછવામાં આવતાં 'હું ભિક્ષું છું' એટલું ભગવાન બોલતા. એ સાંભળી સામી વ્યક્તિ ચાલ્યા જવાનું કહે તો ભગવાન ત્યાંથી ચાલ્યા જતા અને સામી વ્યક્તિ ગુસ્સે થઈ કંઈ કરે તો સહિષ્ણુતા એ ઉત્તમ ધર્મ છે એમ સમજી મૌન રહી આત્મધ્યાનમાં લીન બની જતા.

૧૩. શિશિર ઋતુમાં ઠંડો પવન ફૂંકાવા લાગે છે ત્યારે કેટલાય મુનિઓ ઠંડીથી ધ્રૂજવા લાગે છે અને હિમવર્ષા થતાં કેટલાક અનગારો પવન-રહિત સ્થાન શોધવા લાગે છે.

૧૪. અત્યંત દુઃખદ એવા હિમજન્ય શીત સ્પર્શને લીધે કેટલાય વિચારતા કે ઠંડીથી બચવા કપડાં પહેરીએ, અને અગ્નિ પેટાવવા તેઓ ઇંધણ શોધતા તથા શરીરને ઢાંકવા કામળા ઓઢતા.

૧૫. તેવા સમયે પણ ભગવાન મહાવીર વાયુરહિત સ્થાનની ઇચ્છા રાખ્યા વિના, ચારે તરફની દીવાલ વિનાના માત્ર ઉપર ઢાંકેલા નિર્જન વિકટ સ્થાનમાં રહીને અને કદીક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાત્રિમાં બહાર નીકળીને કેટલોક સમય શીત-પરીષહ સમભાવપૂર્વક સહન કરતા.

૩૧૮. ૧૬. મતિમાન માહણ મહાવીરે સર્વથા નિદાન રહિત થઈને અનેક વાર આ વિધિનું પરિપાલન કર્યું હતું, એમ હું કહું છું.

ભગવાને સહેલા પરીષહ-ઉપસર્ગ

૩૧૯, ૧. સમિતિ-ગુપ્તિ-યુક્ત શ્રમણ ભગવાન મહાવીર તૃણસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ અને દંશમશકસ્પર્શ તથા તે સિવાયના બીજા પણ વિવિધ પ્રકારના સ્પર્શો સદા સમભાવપૂર્વક સહન કરતા હતા.

૨. જ્યારે ભગવાન મહાવીર દુર્ગમ લાઢ-દેશનાં વજ્રભૂમિ અને શુભ્રભૂમિ નામે બન્ને વિભાગોમાં વિહાર કર્યો હતો ત્યારે અતિ નિકૃષ્ઠ શૈયા અને નિકૃષ્ઠ આસનનું સેવન કરેલું.

૩. તે લાઢદેશમાં તેમને ઘણા ઉપસર્ગો થયા, ઘણા લોકો તેમને મારતા, તેમણે ત્યાં અત્યંત લૂખાસૂકા અન્નપાનનું સેવન કર્યું હતું, ત્યાંના લોકો તેમની પાછળ કૂતરા દોડાવતા અને જે તેમને કરડતા.

૪. કોક જ એવા પીડા દેનારા અને કરડનાર કૂતરાઓને રોકતા, બાકી મોટા ભાગના લોકો તો છુછકારીને કરડવા માટે પ્રેરતા.

૫. તામસિક આહાર લેતા હોવાના કારણે તે વજ્રભૂમિના લોકો એવા કઠોર સ્વભાવના હતા કે ભિક્ષુઓની પાછળ પણ કૂતરા દોડાવતા. આથી ભિક્ષુઓ પણ ત્યાં લાઠી કે નળી લઈને વિચરતા, [એવા અનાર્ય-ક્ષેત્રમાં પણ શ્રમણ ભગવાન મહાવીર એકલા વારંવાર વિચર્યા હતા.]

૬. એ રીતે લાકડી લઈને વિહાર કરવા છતાં કૂતરા સાધુઓની પાછળ પડતા અને તેમને ફાડી ખાતા. એવા લાઢ પ્રદેશમાં વિહાર કરવો આર્ય સાધુ માટે ખૂબ વિકટ હતો.

૭. અનગાર ભગવાન મહાવીર મન, વચન અને કાયરૂપી દંડ લઈને અને શરીરનું મમત્વ છોડી દઈને વિચરતા હતા, આથી ગ્રામજનોના કંટકરૂપ વાકયો પણ નિર્જરાનું કારણ માનીને સમભાવપૂર્વક સહન કરતા.

૮. અથવા જેમ હાથી સંગ્રામ જીતીને પારગામી બની જાય છે તેમ ભગવાન મહાવીર પણ લાઢ પ્રદેશમાં પરીષહરૂપી શત્રુસેનાને જીતીને પારગામી બન્યા. એક વખત તે લાઢદેશમાં કોઈ ગામ ન મળતાં તેઓ વનમાં જ ધ્યાનસ્થ બન્યા.

૩૨૦. ૯. અપ્રતિબદ્ધ-વિહારી ભગવાન ભિક્ષા અથવા આશ્રય માટે કોઈ ગામની નજીક પહોંચતા અથવા ન પહોંચતા કે ગામની બહાર નીકળતા તો ગામલોકો પહેલાં તેમને મારતા અને પછી કહેતા કે અહીંથી દૂર ચાલ્યા જાઓ.

૧૦. તે લાઢ દેશમાં પહેલાં તો ઘણા લોકો તેમને દંડાથી, મુક્કાઓથી, ભાલાથી, ફલકોથી, પથ્થરોથી અને માટુથી મારતા અને વળી શોર મચાવતા.

૧૧. એક વખત ત્યાંના લોકોએ ધ્યાનમુદ્રામાં ઊભેલા ભગવાનને પકડીને તેમના શરીરનું માંસ કાપ્યું, અનેક પ્રકારની પીડા કરી અને તેમના પર ધૂળ ઊડાડી.

૧૨. કયારેક તે લોકો ભગવાનને ઉપાડી જમીન પર પટકતા અથવા આસન પર બેઠેલા ભગવાનને ધક્કો મારી નીચે હડસેલી દેતા, પરંતુ ભગવાન પોતાના શરીરનું મમત્વ છોડીને પરીષહો સહન કરવા તત્પર હતા.

૧૩. જેવી રીતે યુદ્ધના મોરચા પર રહેનાર કવચબદ્ધ વીરસુભટ શસ્ત્રોથી ઘાયલ નથી થતો તેવી રીતે ધૈર્યથી સુરક્ષિત ભગવાન પણ પરીષહો ઝીલવા છતાં સહેજ પણ વિચલિત ન થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૨૧. ૧૪. કાશ્યપ-ગોત્રીય મતિમાન માહણ ભગવાન મહાવીર નિદાન કર્મથી રહિત થઈને આ રીતે વિચર્યા. એમ હું કહું છું.

ભગવાનનો ચિકિત્સા-ત્યાગ—

૩૨૨. ૧. રોગોનો સ્પર્શ નહીં થયેલ હોવા છતાં ભગવાન ઊણોદરી વ્રત કરતા. રોગ હોય યા ન હોય પણ ભગવાન ઔષધિ આદિથી ચિકિત્સા કરવાની ઇચ્છા ન કરતા,

૨. શરીરને અશુચિમય જાણી ભગવાન રોગના શમન માટે કે શરીર-શુદ્ધિ માટે વિરેચન, વમન, તેલમર્દન, સ્નાન, પગ-ચંપી, દંતમંજન ઇત્યાદિ કાર્યો ન કરતા.

૩. તે ભગવાન ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત રહેતા અને અલ્પભાષી થઈ વિચરતા. કયારેક કયારેક શીતકાળમાં પણ છાયામાં ધ્યાનસ્થ થતા.

ભગવાનની આહાર-ચર્યા

૩૨૩. ૪. તેઓ ગ્રીષ્મ ઋતુમાં ઉત્કુટુક આસનપૂર્વક સૂર્યની સામે મુખ રાખી આતાપના લેતા અને ધર્મ-સાધનાના સાધનરૂપ શરીરને ટકાવી રાખવા માટે ચોખા, બોરનો લોટ, અડદ વગેરે નીરસ આહાર લઈ શરીર-નિર્વાહ કરતા.

૫. ભગવાને માત્ર ત્રણ જ વસ્તુઓનું સેવન કરી આઠ મહિના સુધી દેહ ટકાવી રાખ્યો હતો. કોઈ વાર ભગવાન અર્ધો મહિનો કે એક મહિનો નિરાહાર અને નિર્જળ રહેતા એટલે કે આહાર-પાણી કંઈ ન લેતા.

૬. કયારેક કયારેક બે મહિનાથી ય અધિક સમય સુધી અને કયારેક છ છ મહિના સુધી આહાર-પાણીનો સર્વથા ત્યાગ કરી ભગવાન મહાવીર રાત-દિન ધ્યાનસ્થ રહેતા.

૭. તે ભગવાન કયારેક બે બે દિવસના અંતરે, કયારેક ત્રણ ત્રણ દિવસના અંતરે, કદી ચાર ચાર દિવસના અંતરે, કદી પાંચ પાંચ દિવસના અંતરે, તો કદીક છ છ દિવસના અંતરે આહાર લેતા હતા. ઉપવાસના પારણામાં તેઓ વાસી આહાર લેતા. આ રીતે આત્માની આલોચના કરતા તેઓ નિદાન-રહિતપણે સમાધિમગ્ન રહેતા.

૩૨૪. ૮. તે ભગવાન મહાવીર હેય-જ્ઞેય અને ઉપાદેય પદાર્થોને જાણીને ન તો પોતે પાપકર્મ કરતા, ન બીજાઓ પાસે કરાવતા કે ન કરનારાઓને અનુમોદન આપતા.

૯. તે ભગવાન મહાવીર ગામ કે નગરમાં જઈને બીજાઓએ બનાવેલ શુદ્ધ આહારની શોધ કરતા અને એવો શુદ્ધ આહાર ગવેષણાપૂર્વક વિવેકપૂર્વક લેતા.

૧૦-૧૨ જ્યારે ભગવાન મહાવીર ભિક્ષા માટે જતા ત્યારે રસ્તામાં ભૂખ્યાં-તરસ્યાં થયેલાં પક્ષીઓ-પ્રાણીઓને એકત્ર થયેલાં જોઈ તેમને આહારમાં વિઘ્ન ન નડે તેમ વિવેકપૂર્વક ચાલતા.

અથવા બ્રાહ્મણ કે શ્રમણ કે ગામના ભિક્ષુકો કે અતિથિઓ, બિલાડાં, કૂતરાં કે બીજાં પ્રાણીઓને જો આગળ ઊભેલાં જોતા તો તેમને ભોજન-પ્રાપ્તિમાં વિઘ્ન ન થાય તેવી રીતે, તેમની અપ્રીતિ ન વહોરવી પડે તે રીતે અને કોઈપણ જીવની હિંસા કે વિરાધના ન થાય તે રીતે આહાર-પાણીની ગવેષણા કરતા.

૧૩. દહીં આદિથી મિશ્રિત આહાર, શુષ્ક આહાર, અડદ કે જૂના ધાન્યનો આહાર, જવ આદિનો આહાર કે સ્વાદિષ્ટ ભોજન મળે કે ના મળે તેઓ હર્ષ-વિષાદ ન અનુભવતાં સાધનામાં મગ્ન રહેતા.

૩૨૫. ૧૪. તે ભગવાન મહાવીર સ્થિર આસને બેસીને અને મનથી નિશ્ચલ થઈને ધર્મ-ધ્યાન-શુકલ ધ્યાન કરતા. તેઓ ધ્યાનમાં ઊર્ધ્વલોક, અધો લોક અને તિર્યક્‌લોકના સ્વરૂપનું ચિંતન કરતા. સદા નિદાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મ ત્યજીને આત્મસ્વરૂપનું ધ્યાન કરતા સમાધિસ્થ રહેતા.

૧૫. ભગવાન કષાયરહિત થઈને, રસગૃદ્ધિ ત્યજીને, શબ્દ-રૂપ વગેરે ઇન્દ્રિયવિષયોમાં મૂર્ચ્છા રાખ્યા વિના ધ્યાન કરતા. છદ્મસ્થ હોવા છતાં સદનુષ્ઠાનમાં પુરુષાર્થ કરતા તેઓએ એકાદ વાર પણ પ્રમાદ ન કર્યો.

૧૬. ભગવાન મહાવીર સ્વયં તત્ત્વોના સ્વરૂપને સમજીને આત્મશુદ્ધિપૂર્વક મન, વચન, કાયા આદિ ત્રણે યોગને સંયત કરીને આજીવન કષાયથી નિવૃત્ત થયા હતા અને માયારહિત થઈ સમિતિ-ગુપ્તિનું પરિપાલન કરતા હતા.

૩૨૬. ૧૭. કાશ્યપગોત્રીય અપ્રતિબદ્ધવિહારી મતિમાન માહણ મહાવીર ભગવંતે આત્મશુદ્ધિ માટે આવા વિધિનું આચરણ કર્યું હતું.—એમ હું કહું છું.

કેવળજ્ઞાન-દર્શન-ઉત્પત્તિ—

૩૨૭. આ રીતે વિચરણ કરતાં કરતાં શ્રમણ ભગવાન મહાવીરને બાર વર્ષ પૂરાં થયાં, તેરમા વર્ષના મધ્ય ભાગમાં ગ્રીષ્મ ઋતુના બીજા માસમાં, ચોથા પક્ષમાં એટલે કે વૈશાખ માસના શુકલ પક્ષમાં દશમના સુવ્રત દિવસમાં, વિજય મુહૂર્તમાં, હસ્તોત્તરા નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો ત્યારે, દિવસના પાછલા પ્રહરમાં પાછલી પૌરુષી વેળાએ, જૃંભક ગ્રામ નગરની બહાર ઋજુવાલિકા નદીના ઉત્તર તટ પર, શ્યામાક નામના ગૃહસ્થના ખેતરમાં, વેદાવર્ત ચૈત્યથી ઉત્તર-પૂર્વ દિશામાં શાલ વૃક્ષથી અતિ દૂર નહીં તેમ જ અતિ નજીક નહીં તેવા સ્થળે, ઘૂંટણ ઊંચા રાખી અને મસ્તક નીચું નમાવ્યું હોય તેવા ગોદોહિકા આસનમાં રહી ભગવાન જ્યારે નિર્જળ છઠ્ઠ ભક્તના તપ સાથે આતાપના લેતા લેતા ધર્મધ્યાનમાં લીન હતા અને ધ્યાનકોષ્ઠમાં શુકલ ધ્યાનમાં જ્યારે આરૂઢ થયા હતા ત્યારે તેમને નિર્દોષ, પૂર્ણ, પરિપૂર્ણ, અવ્યાબાધ, નિરાવરણ, અનંત, અનુત્તર-સર્વશ્રેષ્ઠ કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત થયાં.

તે ભગવાન અર્હત્ જિન, જ્ઞાતા, કેવલી, સર્વજ્ઞ, સર્વભાવદર્શી, દેવ-મનુષ્ય-અસુર તથા લોકના સમસ્ત પર્યાયોને જાણનાર બની ગયા, જેમ કે,

જીવોની આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન, ઉપપાત, ભુક્ત, પીત, કૃત, પ્રતિસેવિત, પ્રકટ કર્મ, ગુપ્ત કર્મ, કથિત, માનસિક ભાવ, એમ સર્વ લોકના સર્વ જીવોના સર્વ ભાવોને જાણતા અને જોતા વિચરવા લાગ્યા.

દેવાગમન—

૩૨૮. જે દિવસે શ્રમણ ભગવાન મહાવીરને નિર્દોષ, પૂર્ણ, પ્રતિપૂર્ણ, વ્યાઘાતરહિત, નિરાવરણ, અનંત, અનુત્તર, સર્વશ્રેષ્ઠ કેવળ જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું તે દિવસે ભવનવાસી, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ-દેવીઓના આવાગમનથી તે સ્થળ મહાન દિવ્ય પ્રકાશથી, દેવસમૂહથી અને દેવોના કલરવ-કોલાહલથી ભરાઈ ગયું.

ભવનવાસી દેવોનું આગમન—

૩૨૯. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરની સેવામાં ઘણા અસુરકુમાર દેવો આવ્યા, જેવા કે-કાળા, મહાનીલ, નીલ, ગુલિક, ભેંસના સીંગડા જેવા, અળસીના ફૂલ જેવા કાળા રંગના, વિકસિત શતપત્ર જેવા નિર્મળ વર્ણવાળા, સહેજ રાતી તાંબાવરણી આંખોવાળા, ગરુડ જેવી ઊંચી સીધી નાસિકાવાળા, સંસ્કારિત શિલાપ્રવાળ અને બિંબફળ સમાન રક્ત અધરોષ્ઠવાળા, શ્વેત સંપૂર્ણ ચંદ્ર સમાન વિમળ તથા નિર્મળ શંખ, ગોક્ષીર, સમુદ્રફીણ, જળકણ, મૃણાલ જેવી શ્વેત દંતપંક્તિવાળા, અગ્નિમાં તપ્ત શુદ્ધ સુવર્ણ સમાન આભાવાળા રક્ત તાલુ અને જીભવાળા, અંજન તથા કાળા વાદળ સમાન કાળા અને રુચકમણિ સમાન સ્નિગ્ધ કેશવાળા, ડાબા કાનમાં કુંડળ ધારણ કરનારા, ભીના ચંદનથી લીંપેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરવાળા, સિલીન્ધ્ર પુષ્પ જેવા કંઈક લાલ આભાવાળા બારીક ઉત્તમ વસ્ત્રો પહેરેલા, બાળવય વીતાવી ગયેલા અને પૂર્ણ યૌવન-વયમાં હજી નહીં પહોંચેલા એવા અભિનવ યૌવનવાળા, તલભંગક (હાથનું આભૂષણ), ત્રુટિત આદિ નિર્મળ મણિરત્નોથી જડિત આભૂષણોથી શોભિત ભુજાઓવાળા, હાથની દશે આંગળીઓમાં મુદ્રા(વીંટીઓ) ધારણ કરેલા, ચૂડામણિ ચિહ્ન ધારણ કરનારા, સુરૂપ, મહાન ઋદ્ધિવાળા, મહાન ઘુતિવાળા, મહા-બળવાન, મહાયશસ્વી, મહાસુખવાળા, મહા-ભાગ્યશાળી, હારથી સુશોભિત વક્ષસ્થળવાળા, કડાં, ત્રુટિત આદિથી ભરચક ભુજાઓવાળા, અંગદ કુંડળથી જેમના ગાલને ઘર્ષણ થઈ રહ્યું છે એવા તથા અન્ય કર્ણાભૂષણો ધારણ કરનારા, વિચિત્ર વસ્ત્રાભરણો પહેરેલા, વિચિત્ર માળા અને મસ્તકમુગુટ પહેરેલા, ઉત્તમ કલ્યાણકારી વસ્ત્રો પહેરેલા, ઉત્તમ કલ્યાણકારી માળાઓ અને વિલેપનોથી ચમકતા શરીર-વાળા, લાંબી વનમાલાઓ ધારણ કરેલા, દિવ્ય વર્ણથી, દિવ્ય ગંધથી, દિવ્ય રૂપથી, દિવ્ય સ્પર્શથી, દિવ્ય શરીરાકૃતિથી, દિવ્ય શરીર-બંધારણથી, દિવ્ય ઋદ્ધિથી, દિવ્ય ઘુતિથી, દિવ્ય પ્રભાથી, દિવ્ય છાયાથી, દિવ્ય કાંતિથી, દિવ્ય તેજથી અને દિવ્ય લેશ્યાથી દશે દિશાને પ્રકાશિત કરતા, તેજથી ભરી દેતા,

[આવા તે દેવો] શ્રમણ ભગવાન મહાવીર સમક્ષ ઉપસ્થિત થયા. આવી આવીને તેમણે શ્રમણ ભગવાન મહાવીરની ભક્તિપૂર્વક ત્રણ વખત પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને પોતપોતાનાં નામ-ગોત્રનું ઉચ્ચારણ કર્યું અને પછી અતિ નજીક નહીં તેમ જ અતિ દૂર નહીં તેવી રીતે સન્મુખ નમનપૂર્વક, વિનયથી હાથ જોડીને પર્યુપાસના કરવા લાગ્યા.

૩૩૦. તે કાળે તે સમયે અસુરેન્દ્ર સિવાયના અનેક ભવનવાસી દેવો શ્રમણ ભગવાન મહાવીરની સમીપે હાજર થયા, જેવા કે નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, દ્વીપકુમાર, ઉદધિ-કુમાર, દિશાકુમાર, પવનકુમાર, સ્તનિતકુમાર આદિ ભવનવાસી દેવો કે જેમના નાગફણા, ગરુડ, વજ્ર, પૂર્ણકળશ, સિંહ, ઉત્તમ અશ્વ, હાથી વગેરે ચિહ્નો તેમના ઉત્તમ મુકુટોમાં શોભતાં હતાં. તેવા સ્વરૂપવાન અને મહર્ધિક દેવો પૂર્વવર્ણનાનુસાર શ્રમણ ભગવાન મહાવીર સમીપે આવી-યાવત્-પર્યુપાસના કરવા લાગ્યા.

વાનવ્યંતર દેવોનું આગમન—

૩૩૧. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પાસે અનેક વાનવ્યંતર દેવો આવી લાગ્યા, અતિ ચંચળ, ચપળ ચિત્તવાળા, ક્રીડાપ્રિય, હાસપરિહાસ-વચન-પ્રિય, નૃત્ય-ગીતપ્રિય, વનમાલા, મુકુટ, કુંડલ તથા સ્વેચ્છા મુજબ વિકુર્વિત કરેલ સુંદર આભરણ-વિભૂષણ ધારણ કરેલા, સર્વ ઋતુનાં સુગંધી પુષ્પોમાંથી સુવિરચિત, સુંદર, ચિત્તને પ્રસન્ન કરનાર, વનમાલાઓથી આચ્છાદિત વક્ષસ્થળવાળા, ઇચ્છા મુજબ ગમન કરનારા, ઇચ્છા મુજબ રૂપ ધારણ કરી શકનારા, અનેક પ્રકારના વર્ણ અને રંગનાં ચિત્રવિચિત્ર વસ્ત્રો પહેરેલા, વિવિધ દેશના પહેરવેશ ધારણ કરેલા, આનંદ-પૂર્વક કામકેલિથી કોલાહલ ઉપજાવતા, હાસ્ય વેરતા, અનેક મણિ-રત્નોની ગૂંથણીથી વિચિત્ર ચિહ્ન ધારણ કરનારા, સુરૂપ અને મહાઋદ્ધિ-ધારી એવા પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર કિંપુરુષ, તથા મહાકાય મહોરગ અને ગંધર્વ-કળામાં નિપુણ ગંધર્વ જાતિના સમૂહો તથા અપ્રજ્ઞપ્તિક, પંચપ્રજ્ઞપ્તિક, ઋષિવાદિક, ભૂત-વાદિક, ક્રન્દિત, મહાક્રન્દિત તથા કુષ્માન્ડક અને પતગ આદિ વ્યંતર દેવો આવ્યા-યાવત્-પર્યુપાસના કરવા લાગ્યા.

જ્યોતિષ્ક દેવોનું આગમન—

૩૩૨. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પાસે જ્યોતિષ્ક દેવો આવી પહોંચ્યા, બૃહસ્પતિ ચન્દ્ર, સૂર્ય, શુક્ર, શનિ, રાહુ, ધૂમકેતુ, બુધ અને તમ સુવર્ણ સમાન રક્ત વર્ણના મંગળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ જે ગ્રહો જ્યોતિષ ચક્રમાં ઘૂમી રહ્યા છે તથા ગતિ-કેતુ તથા અટ્ઠાવીસ પ્રકારના નક્ષત્ર-દેવો તથા વિવિધ આકાર-પ્રકારના સંસ્થાનવાળા, પંચવર્ણવાળા, સ્થિર લેશ્યાવાળા અવિશ્રામ ઘૂમતા તારક દેવો—બધા પોતપોતાના નામથી અંકિત મુકુટો પહેરીને, મહાઋદ્ધિ સાથે-યાવત્—પર્યુપાસના કરવા લાગ્યા.

વૈમાનિક દેવોનું આગમન—

૩૩૩. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સમીપે વૈમાનિક દેવો આવી પહોંચ્યા—સૌધર્મ ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત આદિ કલ્પોના અધિપતિઓ સામાનિક, ત્રાયસ્ત્રિંશક દેવો સાથે તથા લોકપાલ, અગ્રમહિષિમો, સભાસદો અને આત્મરક્ષકોથી વીંટળાએલા તેઓ સંપૂર્ણ શ્રીને ધારણ કરતા, વૈભવથી શોભતા, સૌમ્ય સુંદર રૂપવાળા હતા. દેવસમૂહના નાયકો એવા તે દેવસમૂહ દ્વારા જય જય શબ્દથી અભિનંદન પામતા અને મૃગ, મહિષ, વરાહ, છાગલ (બકરા), દર્દુર, અશ્વ, ગજ, સર્પ, ખડ્ગ તથા વૃષભનાં ચિહ્નોથી અંકિત મુકુટો મસ્તક પર ધારણ કરતા, પાલક, પુષ્પક, સોમનસ, શ્રીવત્સ નંદ્યાવર્ત, કામગમ, પ્રીતિગમ, મનોગમ, વિમલ, સર્વતોભદ્ર નામનાં વિમાનોમાં [બેસીને આવ્યા]. તે વિમાનો મધ્યાહ્નના સૂર્યનાં કિરણોથી અધિક તેજવાળા તથા ચોપાસ મણિ-રત્ન-સુવર્ણ જડેલ ઉજ્જવળ ઝરુખાઓથી શોભિત, ઉત્તમ મોતીઓની લટકતી માળાઓથી વિભૂષિત, ચાલતી ઘંટડીઓની હાર તથા બંસી, તંત્રી, તલ, તાલ આદિના મધુર ગીત-વાદિત રવથી આકાશને ભરી દેતા અને દિશાઓને શોભાવતા હતા. તેમાં બેસીને તે સ્થિરયશ દેવો આવી પહોંચ્યા. એ જ રીતે હૃષ્ટ-તુષ્ટ મનવાળા, મસ્તક પર સ્વનામાંકિત વિચિત્ર મુકુટો ધારણ કરેલા અને શુભ દેખાવવાળા બીજા પણ શ્રેષ્ઠ કલ્પવિમાનાધિપતિ દેવો આવી પહોંચ્યા. એ રીતે લોકાન્તક વિમાનવાસી દેવ-સમૂહો પણ આવ્યા, તેમાનાં દરેક દેવના કાનોમાં મણિરત્ન જડિત દેદીપ્યમાન કુંડળો શોભતાં હતાં, દરેકે પોતપોતાનાં નામચિહ્નોથી અંકિત સુંદર મુકુટો ધારણ કર્યા હતા. પોતપોતાના વૈભવનું પ્રદર્શન કરતા અને બીજા દેવોની સમૃદ્ધિનું દર્શન કરતા તેઓ જિનેન્દ્ર ભગવાનની વંદન-ભક્તિ માટે પ્રેરાયેલ બુદ્ધિવાળા, જિનદર્શન માટે ઉત્સુકતાપૂર્વક આવવાને કારણે હર્ષિત, વિપુલ સૈન્યથી ઘેરાયેલા, વિસ્તૃત વિમળ ગગનતલમાં ચપળ અને મન તથા પવન જેવી તીવ્ર ગતિવાળા, વિવિધ યાન-વિમાન દ્વારા [આવ્યા], જેના પર વિમળ શ્વેત છત્ર લાગેલાં છે એવા વિકુર્વિત કરેલા યાન-વિમાન તથા પોતાના દેહપરનાં રત્નોના પ્રકાશથી આકાશને પ્રકાશમાન અને અંધકારરહિત કરતાં સર્વ ઋદ્ધિપૂર્વક શીઘ્ર આવી પહોંચ્યા. ઢીલા કેશપાશ પર ઉત્તમ મુકુટો ધારણ કરતા, કુંડલથી પ્રકાશિત વદનવાળા, મુકુટથી દેદીપ્યમાન મસ્તકભાગવાળા, રક્ત આભાવાળા, પદ્મરાગ સમાન ગૌરવર્ણ તથા શુભ વર્ણ, ગંધ અને સ્પર્શવાળા, ઉત્તમ વૈક્રિયશક્તિવાળા, વિવિધ પ્રકારનાં ગંધ, માળાઓ અને વસ્ત્રો ધારણ કરેલા, મહા ઋદ્ધિવાળા તથા મહાદ્યુતિવાળા તે દેવો હૃષ્ટ-તુષ્ટ-યાવત્-અંજલિપૂર્વક પર્યુપાસના કરવા લાગ્યા.

અપ્સરા-સમૂહોનું આગમન

૩૩૪. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સમીપે અનેક અપ્સરા-સમૂહો આવી પહોંચ્યા.

તે અપ્સરાઓ અગ્નિમાં તપાવીને શુદ્ધ કરેલા સુવર્ણ જેવી સુંદર પ્રભાવાળી હતી, બાલભાવ વટાવીને યૌવનમાં આવેલી અને અનુપમ સૌમ્ય ચારુ રૂપવંતીઓ તથા આરોગ્યમય રસિક યૌવન અને ઉદ્દામ તારુણ્યભાવવાળી હતી, તેઓ નિત્ય યૌવનવાળી સર્વાંગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદરીઓ હતી તથા ઇચ્છિત વસ્ત્રાભૂષણોથી રચિત રમણીય વેશભૂષાવાળી હતી.

કેવા વસ્ત્રાભૂષણોવાળી તેઓ હતી?

હાર, અર્ધહાર, રત્નજડિત કુંડળ, લટકતા હેમજાલ, મણિજાલ અને કનકજાલ, ત્રિસૂત્રક માળા, કડાં, ક્ષુદ્રક (મુદ્રિકાવિશેષ ?), એકાવલિ, કંઠી, મગધક, ઉત્તમ અક્ષમાળા, કંદોરા, તિલક, ફુલ્લક, સિદ્ધાર્થિકા, કર્ણવાલિકા (કાનની વાળી ?) શશી-સૂર્ય-વૃષભ ચક્ર, તલભંગક, ત્રુટિક (તોડા ?), હસ્તમાલક, હર્ષ, કેયૂર, વલય, લટકણિયાં, અંગૂઠી, લક્ષદીનારમાળા, ચંદ્રમાળા, સૂર્યમાળા, કાંચીમેખલાકલાપ, પ્રતરક, પરિહેરક, પાદજાલઘંટિકા, કિંકિણી, રત્નઉરુજાલ, ક્ષુદ્રિકા, ઉત્તમ નૂપુર, ચરણમાલિકા, નિકરજાલ, મકરમુખ-શોભિત નૂપુર જેવા જેમાંથી અવાજ આવતો હતો એવાં આભૂષણો તેમણે ધર્યાં હતાં.

એમાંની કોઈએ પંચરંગી મનહર અને ઘોડાની લાળથી ય બારીક તારવાળાં વસ્ત્રો પહેર્યાં હતાં, તો કોઈએ સુવર્ણના ઝરીકામની કિનારવાળાં શ્વેત વસ્ત્રો પહેર્યાં હતાં, કોઈએ આકાશના ઉઘાડ જેવી પ્રભાવાળાં વસ્ત્રો પહેર્યાં હતાં, તો કોઈએ ઘેરાં લાલ વસ્ત્રો પહેર્યાં હતાં, વળી ઉપર હિમકણ, ગોક્ષીર, હાર, જલકણ જેવા શ્વેત સુકોમળ રમણીય ઉત્તરીય વસ્ત્રો ઓઢ્યાં હતાં, ઉત્તમ ચંદનનો શરીરે લેપ કર્યો હતો અને ઉત્તમ આભરણોથી શોભા કરી હતી, સર્વ ઋતુઓનાં સુગંધી પુષ્પોની રચેલી સુંદર માળાઓ ધારણ કરી હતી, સુગંધી ચૂર્ણ અને અંગરાગ તથા સુવાસિત પુષ્પોના શણગારથી અધિક સુંદર લાગતી હતી, ઉત્તમ ધૂપની સુગંધ ધારણ કરેલી, લક્ષ્મી સમાન સુવેશધારિણીઓ, દિવ્ય કુસુમમાળાઓ અને શ્રીદામ હાથમાં ધારણ કરતી, ચંદ્રમુખી, ચંદ્રવિલાસિનીઓ, અર્ધચન્દ્ર સમ લલાટવાળી, ચંદ્રથી ય અધિક સૌમ્ય દર્શનવાળી, ઉલ્કાઓ જેમ ચમકતી, વિદ્યુત્સમૂહનાં કિરણો જેવી અને સૂર્યના તેજથી ય અધિક તેજવાળી, શૃંગારનિધિ જેમ ચારુ વેશભૂષાવાળી, સંગીત, ગીત, ચાટુક્તિઓ, ચેષ્ટાઓ, લલિત હાવભાવ, વાર્તાલાપ વ. માં નિપુણ તથા ઉપચારકળામાં કુશળ, સુંદર સ્તન, જઘન, વદન, કર, ચરણ, અને નયનવાળી, લાવણ્ય, રૂપ, યૌવન અને વિલાસથી યુક્ત, શિરીષકુસુમ અને નવનીત જેવા મૃદુ સુકોમળ સ્પર્શવાળી, કલહ-કલેશ આદિ રહિત, રજ-મળ આદિ નષ્ટ થયેલ હોવાથી શુદ્ધ, સૌમ્ય, કાન્ત અને પ્રિય દર્શનવાળી, સુરૂપ એવી દેવાંગનાઓ જિનભક્તિ અને જિનદર્શનના અનુરાગથી હર્ષિત થતી જિન ભગવંત સમીપે ઉપસ્થિત થઈ. શેષ વર્ણન દેવોના આગમન પ્રમાણે, આકાશમાં સ્થિર થઈ ત્યાં સુધી, જાણવું.

ભગવાન મહાવીરનું વર્ણન—

૩૩૫. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષોમાં ઉત્તમ પુંડરીક, પુરુષોમાં ઉત્તમ ગંધહસ્તી સમાન, અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદર્શક, શરણદાયક, જીવદયાધારક, દીપક, ત્રાતા, શરણરૂપ, આશ્રયરૂપ, પ્રતિષ્ઠારૂપ, ઉત્તમ ધર્મના દિગંત-ચક્રવર્તી, અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન-દર્શનધારક, છદ્મ ઘાતી કર્મોના નાશકર્તા, જિન અને જિત અપાવનાર, તીર્ણ-પોતે ભવપાર તરી ગયેલા અને તારક, મુક્ત અને મુક્તિદાતા, બુદ્ધ અને બોધદાતા, સર્વજ્ઞ, સર્વદર્શી તથા શિવ-કલ્યાણરૂપ, અચલ, અરુજ-રોગરહિત, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાવર્તનરૂપ એવા સિદ્ધિગતિ નામે સ્થાનને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા હતા.

૩૩૬. અર્હત્ જિન કેવલી મહાવીર ભગવંત સાત હાથ ઊંચા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંહનનવાળા, અનુલોમ વાયુવેગવાળા, કંકપક્ષી સમાન ગ્રહણીવાળા, કપોતની સમાન જઠરાગ્નિવાળા, શકુન પક્ષીના ગુદાશયની જેમ પુરીષ(મલ)સંસર્ગ રહિત ગુદાશયવાળા, સુંદર પૃષ્ઠ ભાગ અને જાંઘવાળા, પદ્મોત્પલની ગંધ સમાન સુગંધિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્વાસોચ્છ્વાસયુક્ત વદનવાળા, કાંતિયુક્ત, રોગરહિત, ઉત્તમ, પ્રશસ્ત, શ્વેત અને નિરુપમ માંસવાળા, પ્રસ્વેદ, મેલ, તલ-મસાદિ કલંક, રજ વ. દોષો રહિત નિર્મળ શરીરવાળા તથા કાંતિથી પ્રકાશિત અંગોપાંગવાળા હતા.

જે અતિ પુષ્ટ, સુપ્રકટ પ્રશસ્ત લક્ષણાંકિત, ઉન્નત શિખર સમાન સુરચિત મસ્તકવાળા અને શાલ્મલિ-તૃણ કે રૂ સમાન મૃદુ, અતિ સઘન, વિશદ, પ્રશસ્ત, સૂક્ષ્મ, સુલક્ષણ, સુગંધી, સુંદર તથા નીલરત્ન, કોલસા, કાજળ પ્રલૃષ્ટ ભ્રમરગણ જેવા શ્યામ, વાંકડિયા ચમકદાર, અતિઘણા કેશવાળા મસ્તકવાળા છે.

દાડમીના પુષ્પ જેવી પ્રભાવાળી અને તપ્ત સુવર્ણ સમાન નિર્મળ તથા સ્નિગ્ધ એવી મસ્તકની ત્વચાવાળા અને છત્ર સમાન ગોળાકાર એવા ઘન મસ્તકવાળા,

વ્રણરહિત, સમતળ, સ્નિગ્ધ અને અર્ધચન્દ્રકાર લલાટવાળા, શરદઋતુના પરિપૂર્ણ ચંદ્ર સમાન વદનવાળા,

સંગત, પ્રમાણયુક્ત સુંદર કર્ણોવાળા,
પુષ્ટ, માંસલ ગાલોવાળા,
નમાવેલા ધનુષ સમાન અને કાળી મેઘપંક્તિ સમાન સ્નિગ્ધ, પાતળી ભ્રમરોવાળા,

વિકસિત શ્વેત કમળ સમાન નયનવાળા, વિકસિત સ્વચ્છ પાતળી પાંપણોવાળા,

ગરુડની ચાંચ જેવી ઊંચી, સીધી, દીર્ઘ નાસિકાવાળા,

સંસ્કારિત શિલપ્રવાલ અને બિંબફળ સમાન લાલ ઓષ્ઠવાળા,

શ્વેત, સંપૂર્ણ ચન્દ્ર સમાન નિર્મળ, શંખ, ગોક્ષીર, ફીણ, કુન્દ-પુષ્પ, જલકણ, મૃણાલ આદિ સમાન ધવલ દંતપંક્તિવાળા, અખંડ દંતપંક્તિવાળા, સંલગ્ન દંતપંક્તિવાળા, સ્નિગ્ધ, એકસમાન અને પંક્તિબદ્ધ દાંતવાળા,

અગ્નિમાં તપાવેલ અને ધોયેલ એવા તપ્ત સુવર્ણ સમાન રક્તવર્ણ તાલુપ્રદેશ અને જીભવાળા,

બે ભાગમાં બરાબર વહેંચાયેલ સુંદર અવર્ધનશીલ મૂછોવાળા,

પુષ્ટ, સુંદર આકારયુક્ત, સિંહની દાઢી જેવી વિપુલ દાઢીવાળા,

પોતાના ચાર આંગળના પ્રમાણની સપ્રમાણ અને ઉત્તમ શંખના આકારની ગ્રીવા (ગરદન) વાળા,

શ્રેષ્ઠ મહિષ, વરાહ, સિંહ, શાર્દૂલ, વૃષભ, હસ્તિના સ્કંધ જેવા વિપુલ સ્કંધોવાળા,

ગાડાની ધૂંસરી જેવા પુષ્ટ, માંસલ કાંડાવાળા સુગઠિન, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, સઘન, સ્થિર સ્નાયુબદ્ધ અને નગરના પ્રવેશદ્વારના આગળા જેવા બાહુઓવાળા,

વાંછિત વસ્તુની પ્રાપ્તિ માટે નાગરાજ દ્વારા પ્રસારિત કરેલા પોતાના વિશાળ દેહ સમાન દીર્ઘ બાહુઓવાળા,

તળભાગે લાલ, પાછળના ભાગે ઊંચા, મૃદુ, માંસલ, શુભ લક્ષણોવાળા, છિદ્રરહિત અને પ્રશસ્ત હાથવાળા,

પુષ્ટ, કોમળ, ઉત્તમ આંગળિયોવાળા,

સહેજ લાલ, પાતળા, નિર્મળ, રુચિર અને સ્નિગ્ધ નખોવાળા,

હાથોમાં ચંદ્રરેખા, સૂર્યરેખા, શંખરેખા, ચક્રરેખા, દક્ષિણાવર્ત સ્વસ્તિક રેખા આદિ રેખાઓ છે. આમ ચંદ્ર, સૂર્ય, શંખ, ચક્ર, દિશાસ્વસ્તિકથી શોભિત હથેળીઓવાળા,

સુવર્ણ-શિલા સમાન ઉજ્જવળ, પ્રશસ્ત લક્ષણયુક્ત, સમતળ, વિસ્તીર્ણ, અતિ વિશાળ અને શ્રીવત્સ ચિહ્નથી અંકિત વક્ષઃસ્થળવાળા,

પીઠનાં હાડકાં જેમાં દેખાય નહીં તેવા સુવર્ણસમાન, નિર્મળ, નીરોગી, પ્રમાણસર દેહવાળા,

પરિપૂર્ણ પુરુષનાં એક હજાર આઠ ઉત્તમ લક્ષણો ધારણ કરનાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરનો પાર્શ્વ ભાગ ક્રમિક અવનત, ઉચિત પ્રમાણયુક્ત, સુંદર, દર્શનીય, પરિમિત પુષ્ટ અને રમ્ય છે એવા,

સરળ, સમ, શ્લિષ્ટ, ઉત્તમ, કૃષ્ણવર્ણ, સ્નિગ્ધ, આદેય, લલિત અને રમણીય રોમ-રાજિવાળા,

મત્સ્ય અને પક્ષીની સમાન સુંદર પુષ્ટ કુક્ષિવાળા, મત્સ્ય સમાન ઉદરપ્રદેશવાળા, પવિત્ર ઇન્દ્રિયોવાળા, પદ્મકોશ સમાન ગંભીર નાભિવાળા, ગંગાનાં વમળો જેમ ઊંડી થતી અને મધ્યાહ્નના સૂર્યનાં તરુણ કિરણો દ્વારા વિકસિત કમળકોશ સમાન ગંભીર અને વિકટ નાભિવાળા, નાની ત્રિકાષ્ઠિકા (ત્રિપાઈ)ના મધ્ય ભાગ સમાન, મુશલના મધ્યભાગ સમાન, દર્પણના હાથાના મધ્ય ભાગ સમાન, શ્રેષ્ઠ સુવર્ણ ખડ્ગના હાથાના મધ્ય ભાગ સમાન કે વજ્રના મધ્ય ભાગ સમાન તથા પ્રસન્ન અશ્વ કે સિંહની કટિ સમાન ઉત્તમ પાતળા કટિપ્રદેશવાળા,

ઉત્તમ જાતિના અશ્વની માફક સુંદર અને આકીર્ણ જાતિના અશ્વની માફક રોગાદિરહિત ગુહ્યપ્રદેશવાળા,

ઉત્તમ હાથી સમાન પરાક્રમ અને ગતિ-વિલાસવાળા,

હાથીની સૂંઢની જેવી સુંદર જાંઘોવાળા,

દાભડા જેવા ચપોચપ ભીડાયેલ ઘૂંટણોવાળા,

હરિણીની જંઘા સમાન કે કુરુવિંદ મણિ સમાન ઉપરથી નીચે ક્રમશઃ નાની થતી જતી ગોળ જંઘાઓવાળા,

સુંદર આકારયુક્ત, સુશ્લિષ્ટ અને ગૂઢ ઘૂંટીઓવાળા,

ડોક અંદર ખેંચી લીધેલા કાચબા જેવા ચારુ ચરણોવાળા,

અનુક્રમે નાની, વ્યવસ્થિત સંમિલિત પગની આંગળીઓવાળા,

ઊંચા, રાતા અને સ્નિગ્ધ પગના નખો તથા રાતા કમળના પત્ર સમાન સુકોમળ પગનાં તળિયાંવાળા,

ઉત્તમ પુરુષનાં એક હજાર આઠ લક્ષણો ધારણ કરનાર, પર્વત, નગર, મગર, સાગર તથા ચક્રનાં ઉત્તમ મંગળ લક્ષણોવાળા ચરણો-વાળા, વિશિષ્ટ રૂપવાળા, નિર્ધૂમ અગ્નિ, ચમકતી વીજળી અને તરુણ સૂર્યનાં કિરણ સમાન તેજવાળા છે.

૩૩૭. તેઓ આશ્રવરહિત છે, મમત્વરહિત છે, અકિંચન(પરિગ્રહરહિત) છે, ભવપરંપરાનો છેદ કરનાર છે, ઉપલેપ—દ્રવ્ય-ભાવરૂપ મલિનતા—રહિત છે, પ્રેમ, રાગ, દ્વેષ, મોહ—રહિત છે, નિર્ગ્રંથ પ્રવચનના ઉપદેશક છે, સાર્થ—ભવ્ય-જનોના સમૂહ—ના નાયક છે. ધર્મસંસ્થાપક છે, શ્રમણોના પ્રેરક છે, શ્રમણવૃંદના પરિવર્તક છે, તીર્થંકરોના ચોત્રીશ અતિશયોથી યુક્ત છે, પાંત્રીશ વચન—અતિશયોથી યુક્ત છે.

૩૩૮. આકાશ-ચક્ર વડે, આકાશગત છત્ર વડે, આકાશસ્થિત ચામરો વડે, આકાશગત સ્ફટિ-કમય પાદપીઠ સાથેના સિંહાસન વડે, આગળ ચાલતા ધર્મધ્વજ વડે તથા ચૌદ હજાર શ્રમણો અને છત્રીશ હજાર શ્રમણીઓ વડે તેઓ ઘેરાયેલા છે.

મહાવીરના અંતેવાસી અનેક શ્રમણ ભગવંતો—

૩૩૯. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી અનેક શ્રમણ ભગવંતો હતા. તેમાં કેટલાય ઉગ્રવંશીઓ, ભોગવંશીઓ, રાજન્ય-વંશીઓ, જ્ઞાતવંશીઓ, કૌરવવંશીઓ, વ. ક્ષત્રિયકુળના તથા અનેક યોદ્ધાઓ, સેનાપ-તિઓ, શાસનાધિકારીઓ, શેઠો, ધનવંતો પ્રવ્રજિત થયા હતા. તે બધા ઉત્તમ જાતિ, કુળ, રૂપ, વિનય, વિજ્ઞાન, વર્ણ, લાવણ્ય, પરાક્રમ, સૌભાગ્ય, કાંતિ વ. શ્રેષ્ઠ ગુણોયુક્ત હતા.

તે બધા ધન-ધાન્યથી અતિ સમૃદ્ધ અને રાજાઓના વૈભવથી ય અધિક મન-ઇચ્છિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગો ભોગવતા તથા સુખપૂર્વક ઊછરેલા હોવા છતાં વિષય-સુખને કિંપાકફળ સમાન સમજીને તથા જીવનને પાણીના પરપોટા જેવું અને દર્ભની અણી પર રહેલા જળબિંદુ સમાન ચંચળ, અસ્થિર જાણીને, કપડા પર લાગેલાં રજકણની જેમ ખંખેરીને, ચાંદી છોડીને સોનું છોડીને, ધન-ધાન્ય, સેના, વાહન, કોશ, કોષ્ઠાગારો, રાજ્ય, રાષ્ટ્ર, પુર, અંતઃપુર છોડીને, વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, પ્રવાળ, પદ્મરાગ આદિ રત્નો તથા સારરૂપ સુરક્ષિત સંપત્તિ છોડીને, તે બધાનો તિરસ્કાર કરીને, દાન દઈને તથા ભાવપૂર્વક મુંડિત થઈને, ગૃહવાસ છોડી અનગારરૂપે પ્રવ્રજિત બન્યા હતા.

એમાં કેટલાક અર્ધા માસના દીક્ષા-પર્યાયવાળા, કેટલાક એક માસના દીક્ષા-પર્યાયવાળા, એવી જ રીતે બે માસ, ત્રણ માસ-યાવત્-અગિયાર માસના પર્યાયવાળા, કેટલાક એક વર્ષના દીક્ષા-પર્યાયવાળા,બે વર્ષના, ત્રણ વર્ષના-યાવત્-કેટલાક અનેક વર્ષના પર્યાયવાળા હતા અને તપ-સંયમથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા હતા.

૩૪૦. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના તે અનેક અંતેવાસી નિર્ગ્રંથ ભગવંતોમાં કેટલાક આભિનિબોધિક જ્ઞાની-યાવત્-કેવળજ્ઞાની હતા,

કેટલાક મનોબળધારી, વચનબળધારી, કાયબળધારી, જ્ઞાનબળવાળા, દર્શનબળવાળા અને ચારિત્રબળવાળા હતા,

કેટલાય મનથી શાપ કે અનુગ્રહ કરવા સમર્થ હતા, કેટલાય વચન કે કાયાથી શાપાનુગ્રહ કરવા સમર્થ હતા,

કેટલાક ખેલૌષધિ નામક લબ્ધિધારી હતા, એમ જ જલ્લૌષધિ, વિપ્રૌષધિ, આમૌષધિ અને સર્વૌષધિ લબ્ધિધારી હતા.

કેટલાક કોષ્ઠબુદ્ધિધારી, તેમ જ બીજબુદ્ધિ, પટબુદ્ધિ અને કેટલાક પદાનુસારી વિદ્યાથી સંપન્ન હતા.

કેટલાક સંભિન્નશ્રોતા હતા, કેટલાક ક્ષીરાસ્રવલબ્ધિવાળા હતા, કેટલાક મધુરાસ્રવલબ્ધિવાળા, કેટલાક સર્પિરાસ્રવ અને કેટલાક અક્ષીણમહાનસલબ્ધિથી સંપન્ન હતા.

કેટલાક ઋજુમતિ મનઃપર્યાય જ્ઞાનધારી ને કેટલાક વિપુલમતિ મનઃપર્યાય જ્ઞાનધારી હતા. કેટલાક વિકુર્વણાશક્તિવાળા, કેટલાક ચારણલબ્ધિધારી ચારણશ્રમણો, વિદ્યાધર સમાન આકાશગામિની વિદ્યાધારી હતા.

૩૪૧. કેટલાક કનકાવલિ તપ કરતા હતા, એ જ રીતે કેટલાક એકાવલિ, કેટલાક ક્ષુલ્લકસિંહનિષ્ક્રીડિત તપ તપતા હતા, કેટલાક મહાસિંહનિષ્ક્રીડિત તપ કરતા હતા તો કેટલાક એ જ રીતે ભદ્રપ્રતિમા, મહાભદ્રપ્રતિમા, સર્વતોભદ્રપ્રતિમા, વર્ધમાન આયંબિલ વ. તપ કરતા હતા.

૩૪૨. કેટલાક નિર્ગ્રંથ શ્રમણ ભગવંતો એવા હતા જે માસિક ભિક્ષુપ્રતિમાધારી હતા, કેટલાક દ્વિમાસિક ભિક્ષુપ્રતિમાધારી, કેટલાક ત્રિમાસિક પ્રતિમાધારી-યાવત્-સપ્તમાસિક ભિક્ષુપ્રતિમાધારી હતા. કેટલાક પ્રથમ સાત દિનરાત ભિક્ષુપ્રતિમાધારી હતા-યાવત્-તૃતીય સાત દિનરાતની ભિક્ષુપ્રતિમાધારી હતા, અહોરાત્રિક ભિક્ષુપ્રતિમાધારી હતા, એક રાત્રિક ભિક્ષુપ્રતિમાધારી હતા, સપ્ત-સપ્તમિકા (એગણપચાસ દિવસ-સાત સપ્તાહ) ભિક્ષુપ્રતિમાધારી હતા, અષ્ટાષ્ટમિકા (ચોસઠ દિવસ) ભિક્ષુપ્રતિમાધારી હતા, નવનવમિકા (એકયાશી દિન) ભિક્ષુપ્રતિમાધારી, દશદશમિકા (એક સો દિવસ) ભિક્ષુપ્રતિમાધારી હતા. કેટલાક શ્રમણો ક્ષુલ્લક મોકપ્રતિમાધારી હતા, કેટલાક મહામોકપ્રતિમાધારી હતા, કેટલાક યવમધ્ય ચંદ્રપ્રતિમાધારી, કેટલાક વજ્રમધ્ય ચન્દ્રપ્રતિમાધારી તો કેટલાક વિવેકપ્રતિમા, વ્યુત્સર્ગપ્રતિમા, ઉપધાનપ્રતિમા, પ્રતિસંલીનપ્રતિમાધારી હતા. આ રીતે તે શ્રમણ ભગવંતો તપ-સંયમથી આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૪૩. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના અનેક અંતેવાસી સ્થવિર ભગવંતો જાતિસંપન્ન, કુળસંપન્ન, બળસંપન્ન, રૂપસંપન્ન, વિનયસંપન્ન, જ્ઞાનસંપન્ન, દર્શનસંપન્ન ચારિત્રસંપન્ન, લજ્જાસંપન્ન, લઘુતાસંપન્ન તથા ઓજસ્વી, તેજસ્વી, વચનસંપન્ન, યશસ્વી, જિતક્રોધ, માનવિજયી, માયાવિજયી, જિતેન્દ્રિય, નિદ્રાવિજયી, પરીષહવિજયી, જીવનની આકાંક્ષા અને મૃત્યુના ભય વિનાના વ્રતધારી, ગુણપ્રધાન, આરાધનાપ્રધાન, ચારિત્રપ્રધાન, ઇન્દ્રિયનિગ્રહપ્રધાન, આર્જવપ્રધાન, માર્દવપ્રધાન, લાઘવપ્રધાન, ક્ષમાપ્રધાન, મુક્તિપ્રધાન વિદ્યાપ્રધાન, મંત્રપ્રધાન, વેદપ્રધાન, બ્રહ્મચર્યપ્રધાન, નયપ્રધાન, નિયમપ્રધાન, સત્યપ્રધાન, શૌચપ્રધાન, સુંદર વર્ણવાળા, લજ્જાવાન, તપસ્વી, જિતેન્દ્રિય, શુદ્ધ ભાવવાળા, નિદાનરહિત, ઉત્સુકતારહિત, અબહિર્લેશ્ય (બાહ્ય પદાર્થો તરફ ભાવરહિત), સુશ્રામણ્યમાં રત, દાન્ત એવા હતા અને નિર્ગ્રન્થ પ્રવચનને સન્મુખ રાખીને વિચરતા હતા.

૩૪૪. તે ભગવંતો આત્મવાદ—સ્વસિદ્ધાંતના જાણકાર હતા તેમ જ પરવાદ—પરસિદ્ધાંતના પણ જાણકાર હતા. જેવી રીતે મત્ત હાથીઓ સરોવરમાં ક્રીડા કરવા પુનઃ પુનઃ પ્રવેશ કરવાને કારણે કમળવનના પૂરા જાણકાર થઈ જાય તેમ જ્ઞાનસરોવરમાં ક્રીડા કરવા માટે પુનઃ પુનઃ પ્રવેશ કરવાથી તેઓ સ્વ-પર-સિદ્ધાંતરૂપી કમળવનથી પૂર્ણ પરિચિત હતા. નિરંતર પુછાતા પ્રશ્નોના ઉત્તર આપવામાં તેઓ નિપુણ હતા, રત્નના કરંડક જેવા હતા, કુત્રિકાપણ(જ્યાં બધી વસ્તુઓ મળે તેવી દુકાન) જેવા હતા, પ્રતિવાદીનું માનમર્દન કરનારા હતા, ચૌદ પૂર્વના જાણકાર હતા, દ્વાદશ અંગધારી હતા, સમસ્ત ગણિપિટકધારી હતા, સર્વાક્ષરસંયોગવેદી, સર્વભાષાવિજ્ઞ, જિન ન હોવા છતાં જિન જેવા અવિતથ (યથાતથ)—વાદી, તપ ને સંયમ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

૩૪૫. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના ઘણા અંતેવાસી અનગાર ભગવંતો ઈર્યાસમિતિ-યાવત્—પરિષ્ઠાપનિકા સમિતિથી યુક્ત હતા, ૧. મનગુપ્ત, ૨. વચનગુપ્ત, ૩. કાયગુપ્ત હોઈ અશુભયોગ—નિગ્રહરૂપ ગુપ્તિથી યુક્ત હતા, ગુપ્તેન્દ્રિય, ગુપ્તબ્રહ્મચારી, મમત્વરહિત, અકિંચન (અપરિગ્રહી), ક્રોધરહિત, માનરહિત, માયારહિત, લોભરહિત, શાંત, પ્રશાંત, ઉપશાંત, કર્મવિકારરહિત, ગ્રંથિરહિત, ગ્રંથિ કાપી નાખેલા, કર્મસ્રોતને કાપી નાખેલા, રાગાદિ લેપરહિત, નિર્મળ શ્રેષ્ઠ કાંસાના વાસણને જેમ પાણી ચોંટે નહીં તેમ જેને કર્મરૂપ જળ ચોંટતું નથી તેવા—યાવત્—જીવ (પ્રાણ)ની જેમ અવ્યાહત, અબાધિત ગતિવાળા, તેજથી ચમકતા હતા.

૩૪૬. તે ભગવંતોને ક્યાંય પણ પ્રતિબંધ ન હતો. તે પ્રતિબંધ ચાર પ્રકારનો કહેવામા છે, જેમ કે,

૧. દ્રવ્યથી ૨. ક્ષેત્રથી ૩. કાળથી ૪. ભાવથી.
દ્રવ્યથી—સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યમાં.
ક્ષેત્રથી—ગામમાં અથવા—યાવત્—આકાશમાં.

કાળથી—સમયમાં અથવા—યાવત્—અન્ય પ્રકારના દીર્ઘ કાળના સંયોગમાં.

ભાવથી—ક્રોધમાં, માનમાં, માયામાં, લોભમાં, ભયમા હાસ્યમાં.

આ પ્રકારે તેમને પ્રતિબંધ ન હતો.

૩૪૭. તે ભગવંતો વર્ષાવાસ છોડીને બાકીના ગ્રીષ્મ અને શીત ઋતુના આઠ મહિના ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ સુધી, વાસિ-ચંદનકલ્પ બનીને (વાંસલાથી કાપનાર કે ચંદનથી અર્ચિત કરનાર બન્ને પ્રતિ સમભાવ ધારણ કરનાર બનીને), સોનું ને માટી બન્ને તરફ સમભાવ રાખનાર, સુખ-દુઃખમાં સમત્વ રાખનાર, આ લોક અને પરલોક સંબંધી આકાંક્ષારહિત, સંસાર-પારગામી, કર્મની નિર્જરા કરવા ઉદ્યમી થઈને વિચરતા હતા.

તે ભગવંતો ભાર વિનાના બનીને, નિર્મળ થઈને, ગ્રંથ (સંકલ્પ-વિકલ્પ) રહિત થઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં જ્યાં ઇચ્છા થતી તે દિશામાં વિચરણ કરતા હતા.

૩૪૮. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના અનેક અનગાર ભગવંતોમાં કેટલાક આચારાંગસૂત્રના ધારક હતા—યાવત્—વિપાકશ્રુતના ધારક હતા, તેઓ તે તે પ્રદેશમાં ભિન્ન ભિન્ન સ્થાનોમાં જુદાં જુદાં જૂથોમાં વહેંચાઈ જતા અને એમાંના કેટલાક સૂત્રોની વાચના આપતા, કેટલાક સૂત્રાર્થ પૂછતા, કેટલાક સૂત્ર અને અર્થની આવૃત્તિ કરતા, કેટલાક અનુપ્રેક્ષા-ચિંતન કરતા, કેટલાક આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની અને નિર્વેદની એવી ચાર પ્રકારની કથાઓ કહેતા, કેટલાક બન્ને ઘૂંટણ ઊંચા કરી મસ્તક નીચું નમાવી ધ્યાનરૂપી કોષ્ઠકમાં બેસી જતા, આ રીતે તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા તેઓ વિચરતા.

૩૪૯. તે સઘળા સંસાર ભયથી ભીત અને ઉદ્વિગ્ન હતા—

જન્મ, જરા, મરણરૂપી નિમિત્તવાળા, ગાઢ દુઃખરૂપી છલકતા પ્રચુર જળવાળા, સંયોગ-વિયોગરૂપ મોજાંવાળા, ચિંતારૂપી વિસ્તારવાળા, વધ-બંધનરૂપી વિસ્તૃત તરંગોવાળા, કરુણ વિલાપ અને લોભજન્ય કકળાટના કોલાહલવાળા, અપમાનરૂપી ફેણવાળા, તીવ્ર નિંદા, વારંવાર પેદા થતા રોગ, વેદના, પરાભવ, વિનિપાત, નિષ્ઠુર વચન, સંચિત કઠિન કર્મ આદિ પથ્થરવાળા, અને એ પથ્થરો સાથે અથડાવાથી ઉત્પન્ન થતા આધિ—વ્યાધિરૂપ તરંગોવાળા, નિત્ય મૃત્યુભયરૂપી ઉપરિતલવાળા, કષાયરૂપી પાતાળવાળા, લાખો જન્મોના કલુષરૂપી પાણી જેમાં એકઠાં થયાં છે એવા, મહાભયંકર, અમાપ ઇચ્છાઓવાળા મનુષ્યોની કલુષિત મતિરૂપી વાયુના વેગથી ઊઠતા જલકણો દ્વારા થતા ધુમ્મસ અને પ્રચુર આશા—પિપાસાઓરૂપી ફીણથી ધવલ, મહામોહરૂપી ધૂમરીઓમાં ઘૂમતા ભોગરૂપ પાણીમાં અટવાતા અને ઊછળતા, પ્રમાદરૂપી ક્રોધી અને દુષ્ટ હિંસક જીવોથી વ્યાપ્ત, તેવા જીવોના પરસ્પરના યુદ્ધથી થતા ઘોર ક્રંદનના ભયજનક રવથી ભીષણ, અજ્ઞાનરૂપી ભમતાં મત્સ્યો અને પરિહસ્ત પ્રાણીઓવાળા, અનુપશાંત ઇન્દ્રિયોરૂપી મગરોના ત્વરિત ભ્રમણથી ક્ષુબ્ધ થઈને ઘૂમતા નાચતા, ચાલતા ચંચળ જળસમૂહવાળા, અરતિ, ભય, વિષાદ, શોક અને મિથ્યાત્વરૂપ પ્રચ્છન્ન પર્વતોથી વિકટ, અનાદિકાળથી બંધાયેલા કર્મકલેશરૂપી કાદવને કારણે પાર ઊતરવો મુશ્કેલ, દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકગતિરૂપ વિસ્તૃત અને કુટિલ ચારે દિશાની વેળાવાળા, વિશાળ, અપાર, રુદ્ર, ભયાનક દેખાવવાળા સંસારરૂપી સાગરને તેઓ તરી રહ્યા હતા.

૩૫૦ ધૃતિરૂપી નિષ્પ્રકંપ રજ્જુવાળા, સંવર-વૈરાગ્યરૂપી ઊંચા કૂવાસ્થંભવાળા, જ્ઞાનરૂપી સઢથી સુશોભિત, સમ્યક્ત્વરૂપી વિશુદ્ધ કર્ણધારવાળા સંયમરૂપી વહાણ વડે શીલયુક્ત ધીર પુરુષો પ્રશસ્ત ધ્યાન—તપરૂપી વાયુથી ધકેલીને તથા નિર્જરા, યતના, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વિશુદ્ધ વ્રતરૂપી સામગ્રી તેમાં ભરીને, જિનવરોએ ઉપદેશેલા સરળ માર્ગ પર તે વહાણને ચલાવીને, સિદ્ધિરૂપી મહાનગર તરફ હંકારીને શ્રમણરૂપી પવિત્ર, સત્યભાષી, મોક્ષાભિલાષી સાર્થવાહો તે સંસારસાગરને પાર કરી જાય છે.

તે શ્રમણ ભગવંતો ગામોમાં એક રાત્રિ અને નગરોમાં પાંચ રાત્રિ નિવાસ કરતા હતા, જિતેન્દ્રિય, નિર્ભય, ભયરહિત, સચિત્ત, અચિત્ત અને સચિત્તાચિત્ત (મિશ્ર)દ્રવ્યોમાં વૈરાગ્યવાળા, સંયમી, વિરત, મુક્ત, લોભરહિત, લાઘવગુણસંપન્ન, આકાંક્ષારહિત અને નમ્રપણે ધર્માચરણ કરતા વિચરતા હતા.

મહાવીર દ્વારા એક નિષદ્યામાં ચોપન વ્યાકરણ (વ્યાખ્યા)

૩૫૧. શ્રમણ ભગવાન મહાવીરે એક દિવસમાં એક નિષદ્યા(આસન)માં ચોપન પ્રશ્નોનું વ્યાકરણ કર્યું હતું—ચોપન પ્રશ્નો સમજાવ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીર-કૃત પર્યુષાસના

૩૫૨. શ્રમણ ભગવાન મહાવીર વર્ષાઋતુનો એક માસ અને વીશ રાત્રિ વીત્યા સુધી અને સત્તર દિન-રાત બાકી રહ્યા સુધી વર્ષાવાસમાં રહ્યા.

વર્ષાવાસ ગણના—

૩૫૩. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરે—

અસ્થિક ગામની નિશ્રામાં પ્રથમ વર્ષાવાસ કર્યો હતો.

ચંપા અને પૃષ્ઠચંપા—નગરીમાં ત્રણ વર્ષાવાસ કર્યા હતા.

વૈશાલીનગરી અને વાણિજયગ્રામની નિશ્રામાં બાર વખત વર્ષાવાસ કરેલ.

રાજગૃહનગર અને તેની બહારના પરા નાલંદામાં ભગવાન ચૌદ વખત વર્ષાવાસ માટે આવેલા.

મિથિલાનગરીમાં છ,
ભદ્દિયાનગરીમાં બે,
આલભિકામાં એક,
શ્રાવસ્તીનગરીમાં એક,
પ્રણીતભૂમિ (વજ્જ નામક અનાર્ય દેશમાં) એક,

અને એક ચાતુર્માસ કરવા મધ્યમ પાવાનગરીના હસ્તીપાલ રાજાની મોજણી કામદારોની કચેરીવાળી જગ્યામાં કરવા આવેલા, જે અંતિમ વર્ષાવાસ હતો.

નિર્વાણ અને દેવો દ્વારા ઉદ્યોતકરણ—

૩૫૪. આ અવસર્પિણીના ચોવીસ તીર્થંકરોમાંના અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અન્તકૃત થઈ સર્વ દુઃખોનો ક્ષય કરી પરિનિર્વાણ પામ્યા.

૩૫૫. મધ્યમ પાવાનગરીના રાજા હસ્તીપાલના મોજણી કામદારોની કચેરીમાં અંતિમ ચાતુર્માસ માટે ભગવાન રહેલા હતા, ત્યારે તે વર્ષાવાસનો ચોથો મહિનો અને સાતમો પક્ષ ચાલતો હતો, સાતમો પક્ષ એટલે કાર્તિક માસનો વ. દિ. પક્ષ, તે કાર્તિક માસના વ.દિ. પક્ષની પંદરમી તિથિ એટલે અમારા આવી, તે ભગવાનની છેલ્લી રાત હતી. તે રાતે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મને પામ્યા, સંસાર છોડીને ચાલ્યા ગયા, તેમનાં જન્મ, જરા, મરણનાં સઘળાં બંધનો છેદાઈ ગયાં અર્થાત્ ભગવાન સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા, અંતકૃત-દુઃખોનો નાશ કરનાર-થયા, પરિનિર્વાણ પામ્યા અને સઘળાં દુઃખોનો નાશ કર્યો.

૩૫૬. જે સમયે ભગવાન કાળધર્મ પામ્યા ત્યારે ચંદ્ર નામનો બીજો સંવત્સર ચાલતો હતો, પ્રીતિવર્ધન નામે માસ હતો, નંદિવર્ધન નામે પક્ષ હતો, અગ્નિવેશ્મ નામે દિવસ હતો જેનું બીજું નામ 'ઉવસમ' કહેવાય છે, અને દેવાનંદા નામે તે રાત્રિ હતી જેનું બીજું નામ 'નિરઈ' કહેવાય છે, એ રાત્રે અર્ય નામનો લવ હતો, મુહૂર્ત નામનો પ્રાણ હતો, સિદ્ધ નામનો સ્તોક હતો, નાગ નામે કરણ હતું, સર્વાર્થસિદ્ધ નામે મુહૂર્ત હતું અને બરાબર સ્વાતિ નક્ષત્રનો યોગ આવેલો હતો. એવે સમયે ભગવાન કાળધર્મ પામ્યા, સંસાર છોડીને ચાલ્યા ગયા અને—યાવત્—તેમણે સઘળાં દુઃખોનો અંત કર્યો.

૩૫૭. જે રાત્રિએ શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મ પામ્યા—યાવત્—તેમણે સઘળાં દુઃખોનો અંત કર્યો તે રાત્રિએ ઘણા દેવો અને દેવીઓ નીચે આવતાં હોવાથી અને ઉપર જતાં હોવાથી ખૂબ પ્રકાશ થઈ રહ્યો હતો.

જે રાત્રિએ શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મ પામ્યા—યાવત્—તેમણે સઘળાં દુઃખોનો અંત કર્યો તે રાત્રિએ ઘણા દેવો અને દેવીઓ નીચે આવતાં હોવાથી અને ઉપર જતાં હોવાથી ભારે કોલાહલ અને ધોંધાટ થયો હતો.

મહાવીરની આયુ-ગણના અને અંતિમ ઉપદેશ—

૩૫૮. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર—

ત્રીસ વર્ષ સુધી ગૃહવાસમાં રહીને,

બાર કરતાં વધારે વર્ષ સુધી છદ્મસ્થ એવા મુનિપર્યાયને પામીને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ ત્રીસ વર્ષ કરતાં કંઈક ઓછા સમય સુધી કેવળીપર્યાય પ્રાપ્ત કરીને,

એ રીતે કુલ બેંતાલીસ વર્ષનો શ્રમણપર્યાય પામીને

કુલ બોંતેર વર્ષનું આયુષ્ય પૂરું કરીને અને તેમનાં વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રકર્મ ક્ષીણ થયાં પછી આ અવસર્પિણી કાળનો દુઃષમસુષમ નામનો ચોથો આરો ઘણો વીત્યા પછી તથા તે આરાનાં ત્રણ વરસ અને સાડા આઠ મહિના બાકી રહ્યાં પછી, મધ્યમ પાવા-નગરીમાં હસ્તીપાલ રાજાની મોજણી કામદારોની કચેરીમાં, એકાકી નિર્જળ છટ્ઠ તપ સાથે, સ્વાતિ નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં, પરોઢના સમયે, પદ્માસનમાં સ્થિત—

કલ્યાણફળવિપાકનાં પંચાવન અધ્યયનો અને પાપફળવિપાકના પંચાવન અધ્યયનો,

અપૃષ્ઠ વ્યાકરણ(કોઈએ પૂછ્યા ન હોય એવા પ્રશ્નોનું સમાધાન)ના છત્રીસ અધ્યયનોનું વિવેચન કરીને, પ્રધાન નામે અધ્યયન કહેતાં કહેતાં કાળધર્મ પામ્યા, સંસાર છોડી ચાલ્યા, જન્મ-જરા-મરણના બંધનને છિન્ન-ભિન્ન કરીને, સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરનાર બન્યા, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીને પરિનિર્વાણ પામ્યા.

ગૌતમને કેવળજ્ઞાન—

૩૫૯. જે રાત્રિએ ભગવાન મહાવીર કાળધર્મ પામ્યા-યાવત્-સર્વ દુઃખો નષ્ટ કરી ચૂકચા, તે રાત્રિએ જ્યેષ્ઠ અંતેવાસી ઇન્દ્રભૂતિ ગૌતમ અણગારનું ભગવાન મહાવીર સાથે જે પ્રેમબંધન હતું તે વિચ્છિન્ન થઈ ગયું અને તેઓ અનંત, અનુત્તર-યાવત્-ઉત્તમ કેવળજ્ઞાન કેવળદર્શન પામ્યા.

ગણરાજાઓ દ્વારા ઉદ્યોત—

૩૬૦. જે રાત્રિએ શ્રમણ ભગવાન મહાવીર-યાવત્-સર્વ દુઃખોનો પાર પામ્યા, તે રાત્રિએ કાશી દેશના નવ મલ્લકી રાજાઓ અને કૌશલ દેશના નવ લિચ્છવી મળી અઢાર ગણરાજાઓએ અમાસના દિવસે આઠ પ્રહરનો પૌષધોપવાસ કર્યો અને તેમણે મળી વિચાર કર્યો કે તે ભાવોદ્યોત અર્થાત્ તીર્થંકરરૂપી જ્ઞાનોદ્યોત-પ્રકાશ ચાલ્યો ગયો છે તો આપણે દ્રવ્યોદ્યોત-બહારનો પ્રકાશ કરીએ.

નિર્વાણ પછી ભસ્મગ્રાશિ-ગ્રહનું દર્શન તથા તેનો પ્રભાવ—

૩૬૧. જે રાતે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મ પામ્યા-યાવત્-સર્વ દુઃખોથી મુક્ત થયા, તે રાતે શ્રમણ ભગવાન મહાવીરના જન્મનક્ષત્ર પર ક્ષુદ્ર ક્રૂર સ્વભાવનો ભસ્મરાશિ નામક ગ્રહ દેખાયો હતો જેનો પ્રભાવ બે હજાર વર્ષ સુધી ટકવાનો હતો.

૩૬૨. બે હજાર વર્ષ સુધી ટકનાર તે ક્રૂર સ્વભાવનો ભસ્મરાશિ નામક મહાગ્રહ જ્યારથી શ્રમણ ભગવાન મહાવીરના જન્મનક્ષત્ર પર આવ્યો ત્યારથી શ્રમણ નિર્ગ્રંથો અને નિર્ગ્રંથિનીઓના પૂજા-સત્કારમાં ઉત્તરોત્તર થતી વૃદ્ધિ અટકી ગઈ.

૩૬૩. જ્યારે તે ક્ષુદ્ર ક્રૂર સ્વભાવવાળો ભસ્મરાશિ ગ્રહ ભગવાનના જન્મનક્ષત્ર પરથી દૂર થશે ત્યારે શ્રમણ નિર્ગ્રંથ-નિર્ગ્રંથિનીઓના પૂજા-સત્કારમાં ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થવા માંડશે.

નિર્વાણ પછી સંયમની દુરારાધના—

૩૬૪. જે રાતે શ્રમણ ભગવાન મહાવીર કાળધર્મ પામ્યા-યાવત્-સર્વ દુઃખોથી મુક્ત બન્યા, તે રાતે જેનું રક્ષણ કરવું મુશ્કેલ હતું તેવી કુંથૂ નામના સૂક્ષ્મ જીવોની રાશિ ઉત્પન્ન થઈ, જ્યારે તે જીવો સ્થિર રહેતા-હલનચલન કરતા નહીં-ત્યારે છદ્મસ્થ શ્રમણ-શ્રમણીઓને નજરે પડતા નહીં,

જ્યારે તે જીવો હલનચલન કરતા ત્યારે છદ્મસ્થ શ્રમણ-શ્રમણીઓને એકાએક નજરે પડતા. આવા પ્રકારના જીવોને જોઈને (તેમને બચાવવા મુશ્કેલ હોવાથી; સંયમ-આરાધના ન કરી શકાતાં) ઘણાં શ્રમણ-શ્રમણીઓએ અનશન કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે ભદંત ! તે શું સૂચિત કરે છે ?

તે અનશન સૂચિત કરે છે કે આજથી સંયમની આરાધના અતિ કઠિન બનશે.

મહાવીરની શ્રમણ-સંપદા—

૩૬૫. તે કાળે તે સમયે–

શ્રમણ ભગવાન મહાવીરની, ઇન્દ્રભૂતિ આદિ ચૌદ હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણ-સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની, આર્યા ચંદના-પ્રમુખ છત્રીશ હજાર શ્રમણીઓની ઉત્કૃષ્ટ-શ્રમણી સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની શંખ, શતક, વગેરે એક લાખ ઓગણસાઠ હજાર શ્રમણોપાસકોની ઉત્કૃષ્ટ શ્રમણોપાસક-સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની સુલસા, રેવતી આદિ ત્રણ લાખ અઢાર હજાર શ્રમણોપાસિકાઓની ઉત્કૃષ્ટ શ્રમણોપાસિકા-સંપદા હતી.

૩૬૬. શ્રમણ ભગવાન મહાવીરની, જિન ન હોવા છતાં જિન સમાન, સર્વાક્ષર-સન્નિપાતી, જિન સમાન યથાતથ નિરૂપણ કરનાર, ચૌદપૂર્વના જ્ઞાતાઓની ત્રણસો ચૌદપૂર્વધરોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની વિશેષ પ્રકારની લબ્ધિ ધારણ કરનારા તેરસો અવધિજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની-સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની સંપૂર્ણ ઉત્તમ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરનારા એવા સાતસો કેવળજ્ઞાનીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

૩૬૭. શ્રમણ ભગવાન મહાવીરની દેવ ન હોવા છતાં દેવોની સમાન ઋદ્ધિ ધરાવનાર એવા સાતસો વૈક્રિયલબ્ધિધારીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની અઢી દ્વીપમાં અને બે સમુદ્રોમાં રહેનાર, મનવાળા, પર્યાપ્ત પંચેન્દ્રિય પ્રાણીઓના મનોભાવને જાણનાર પાંચસો વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાની શ્રમણોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની દેવ, મનુષ્ય અને અસુરોની પરિષદાઓમાં વાદ કરવામાં અપરાજિત એવા ચારસો વાદિઓની ઉત્કૃષ્ટ વાદિ-સંપદા હતી.

૩૬૮. શ્રમણ ભગવાન મહાવીરના સાતસો અંતેવાસીઓ સિદ્ધ થયા–યાવત્–તેમનાં સંપૂર્ણ દુઃખ નષ્ટ થયાં, ચૌદ સો શ્રમણીઓ સિદ્ધ થઈ.

શ્રમણ ભગવાન મહાવીરની અતીતમાં કલ્યાણ પ્રાપ્ત કરનાર, વર્તમાનમાં કલ્યાણનો અનુભવ કરનાર અને આગામી કાળમાં કલ્યાણ પ્રાપ્ત કરનાર એવા આઠ સો અનુત્તરોપપાતિક મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

મહાવીરના અનુત્તર-દેવલોકગામી શિષ્યો—

૩૬૯. શ્રમણ ભગવાન મહાવીરના ત્રેપન અનગાર શિષ્યો એક વર્ષનો દીક્ષાપર્યાય પાળી મહામહિમાશાળી પાંચ અનુત્તર દેવવિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

ભગવાન મહાવીરની અન્તકૃત ભૂમિઓ—

૩૭૦. શ્રમણ ભગવાન મહાવીરના સમયમાં બે પ્રકારની અન્તકૃત ભૂમિ હતી–જેમ કે,

૧. યુગાન્તકૃત ભૂમિ ૨. પર્યાયાન્તકૃત ભૂમિ –યાવત્–તેમનાથી ત્રીજા યુગપુરુષ સુધી યુગાંતકૃત ભૂમિ ચાલતી રહી અને ચાર વર્ષ બાદ પર્યાયાન્તકૃત ભૂમિનો અંત થયો. અર્થાત્ ભગવાનને કેવળજ્ઞાન થયા પછી ચાર વર્ષ પછી તેમના શિષ્યોનું મુક્તિગમન પ્રારંભ થયું.

ભગવાન મહાવીર દ્વારા દીક્ષિત રાજાઓ—

૩૭૧, શ્રમણ ભગવાન મહાવીરના ગૃહવાસ છોડી, મુંડિત બની અનગારિક પ્રવ્રજ્યા લેનાર રાજાઓ આઠ હતા, તે આ પ્રમાણે—

[સંગ્રહણી ગાથાનો અર્થ–]

૧. વીરાંગદ ૨. વીરયશ ૩. સંજય ૪. રાજર્ષિ એણેયક ૫. શ્વેત ૬. શિવ ૭. ઉદાયન તથા ૮. કાશિવર્ધન શંખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીરના તીર્થમાં તીર્થંકરકર્મ બાંધનારા—

૩૭૨. શ્રમણ ભગવાન મહાવીરના તીર્થમાં નવ જીવોએ તીર્થંકર નામ-ગોત્ર-કર્મનું ઉપાર્જન કર્યું, જેમ કે—

૧. શ્રેણિક ૨. સુપાર્શ્વ ૩. ઉદાયન ૪. પોટિલ અણગાર ૫. દઢાયુ ૬. શંખ ૭. શતક ૮. સુલસા શ્રાવિકા અને ૯. રેવતી.

મહાવીર-તીર્થમાં પ્રવચન-નિહ્નવો—

૩૭૩. શ્રમણ ભગવાન મહાવીરના તીર્થમાં સાત પ્રવચન-નિહ્નવો થયા, તે આ પ્રમાણે—

૧. બહુરત ૨. જીવપ્રદેશિક ૩. અવ્યક્તિક ૪. સામુચ્છેદિક ૫. દ્વિક્રિય ૬. ત્રૈરાશિક ૭. અબદ્ધિક.

આ સાત નિહ્નવોના સાત ધર્માચાર્યો હતા, તે આ પ્રમાણે—

૧, જમાલી ૨. તિષ્યગુપ્ત ૩. આષાઢ ૪. અશ્વમિત્ર ૫. ગંગ ૬. ષડુલુક (રોહગુપ્ત) ૭. ગોષ્ઠામાહિલ.

આ સાત પ્રવચન-નિહ્નવોની ઉત્પત્તિ સાત નગરોમાં થઈ હતી, તે આ પ્રમાણે— [સંગ્રહણી ગાથાર્થ-]

૧. શ્રાવસ્તી ૨. ઋષભપુર ૩. શ્વેતામ્બી ૪. મિથિલા ૫, ઉલ્લુકાતીર ૬. અંતરંજિકા ૭. દશપુર—આ નિહ્નવોની ઉત્પત્તિનાં નગર હતાં.

—મહાવીર-ચરિત્ર સમાપ્ત—

૭. મહાપદ્મ ચરિત્ર

શ્રેણિકનું નરક-ગમન—

૩૭૪. હે આર્ય ! આ રાજા શ્રેણિક બિંબિસાર મરીને આ રત્નપ્રભા પૃથ્વીના સીમંતક નરકમાં ચોરાશી હજાર વર્ષની નારકીય સ્થિતિવાળા નારકી તરીકે ઉત્પન્ન થશે.

નરકમાં તે અત્યંત કાળા વર્ણવાળો થશે અને ત્યાં અત્યંત તીવ્ર-યાવત્-અસહ્ય વેદના ભોગવશે.

આગામી ઉત્સર્પિણીમાં નરકથી ચ્યવીને શ્રેણિકનો કુલકરગૃહે જન્મ—

૩૭૫. તે નરકમાંથી નીકળીને આગામી ઉત્સર્પિણીમાં આ જ જંબૂદ્વીપના ભારતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની સમીપના પુંડ્ર જનપદના શતદ્વાર-નગરમાં સંમુતિ કુલકરની ભાર્યા ભદ્રાની કુક્ષિએ પુત્રરૂપે ગર્ભમાં આવશે.

ત્યાર બાદ નવ મહિના અને સાડા સાત અહોરાત્ર વીતતાં તે ભદ્રા ભાર્યા સુકોમળ હાથ-પગવાળા, સંપૂર્ણ પંચેન્દ્રિય શરીરવાળા અને ઉત્તમ લક્ષણો-ચિહ્નોવાળા-યાવત્-સુરૂપવાન પુત્રને જન્મ આપશે.

૩૭૬. જે રાતે તે બાળક જન્મશે તે રાતે શતદ્વાર-નગરની અંદર અને બહાર ભાર-પ્રમાણ અને કુંભ-પ્રમાણ કમળો તથા રત્નોની વર્ષા થશે.

મહાપદ્મ નામકરણ—

૩૭૭. ત્યાર બાદ તે બાળકનાં માતા-પિતા અગિયાર દિવસ વીત્યે-યાવત્-બારમા દિવસે તે બાળકનું આવી રીતે ગુણ-નિષ્પન્ન નામ પાડશે કે, 'અમારા આ પુત્રના જન્મ સાથે શતદ્વાર નગરની અંદર અને બહાર ભારપ્રમાણ અને કુંભપ્રમાણ પદ્મવર્ષા અને રત્નવર્ષા થઈ હતી તો આનું નામ 'મહાપદ્મ' હો.'

આ રીતે તે બાળકનાં માતા-પિતા તેનું 'મહાપદ્મ' એવું નામ રાખશે.

રાજ્યાભિષેક—

૩૭૮. તત્પશ્ચાત્ મહાપદ્મનાં માતા-પિતા મહાપદ્મને આઠ વર્ષથી જરા મોટો થયેલો જાણીને રાજ્યા-ભિષેક-મહોત્સવ કરશે.

ત્યાર બાદ તે મહાન હિમવંત-મલય-મંદર રાજા સમાન[વર્ણન]-યાવત્-રાજ્યશાસન કરશે.

૩૭૯. તેના રાજ્યકાળમાં પૂર્ણભદ્ર અને મણિભદ્ર નામક બે દેવો મહાઋદ્ધિ-યાવત્-મહાન ઐશ્વર્યવાળા તે તેની સેનાનું સંચાલન કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'દેવસેન' એવું બીજું નામ—

૩૮૦. તે સમયે શતદ્વાર નગરના અનેક રાજ્યાધિકારીઓ-યાવત્-તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠિ, સેનાપતિ આદિ અન્યોન્ય આમ બોલશે—

'હે દેવાનુપ્રિયો ! અમારા મહાપદ્મ રાજાની સેનાનું સંચાલન મહર્ધિક-યાવત્-મહાન ઐશ્વર્યવાળા બે દેવો પૂર્ણભદ્ર અને મણિભદ્ર કરે છે, એટલે હે દેવાનુપ્રિયો ! મહાપદ્મ રાજાનું બીજું નામ 'દેવસેન' હો,'

તે સમયથી મહાપદ્મનું બીજું નામ દેવસેન પણ પડશે.

૩૮૧. કેટલાક સમય પછી તે દેવસેન રાજાને શ્વેત શંખ જેવો શ્રેષ્ઠ નિર્મળ ચાર દાંતવાળો હસ્તિરત્ન પ્રાપ્ત થશે.

ત્યારે તે દેવસેન રાજા તે શ્વેત શંખ સમાન નિર્મળ ચાર દાંતવાળા હસ્તિરત્ન પર આરૂઢ થઈને શતદ્વાર નગરની વચ્ચે થઈને વારંવાર આવજા કરશે.

'વિમલવાહન' નામ—

૩૮૨. ત્યારે શતદ્વાર નગરના અનેક રાજ્યાધિકારીઓ તલવર-યાવત્-અન્યોન્ય બોલાવીને આ પ્રમાણે કહેશે, 'હે દેવાનુપ્રિયો ! આપણા રાજા દેવસેનને શંખ જેવો નિર્મળ ચાર દંતુશળવાળો ઉત્તમ હસ્તિ પ્રાપ્ત થયો છે એટલે હે દેવાનુપ્રિયો ! આપણા રાજાનું ત્રીજું નામ 'વિમલવાહન' હો.

ત્યારથી તે દેવસેન રાજાનું ત્રીજું નામ 'વિમલવાહન' પણ થશે.

મહાપદ્મની પ્રવ્રજ્યા—

૩૮૩, ત્યાર બાદ તે વિમલવાહન રાજા ત્રીસ વર્ષ ગૃહસ્થાવાસમાં રહેશે અને માતા-પિતાના સ્વર્ગવાસ પછી ગુરુજનોની આજ્ઞા લઈને શરદ ઋતુમાં સ્વયંસંબુદ્ધ બનીને અનુત્તર મોક્ષમાર્ગે પ્રસ્થાન કરશે. તે સમયે લોકાન્તિક દેવો ઈષ્ટ-યાવત્-કલ્યાણકારી વાણીથી એમનું અભિવાદન સ્તવન કરશે. નગર બહાર રહેલા સુભૂમિભાગ ઉદ્યાનમાં એક દેવદૂષ્ય ગ્રહણ કરી, મુંડિત બની તેઓ ગૃહસ્થવાસમાંથી નીકળી અનગાર-પ્રવ્રજ્યા લેશે.

ઉપસર્ગ-સહન—

૩૮૪. શરીરનો વ્યુત્સર્ગ કરીને, શરીરનું મમત્વ ત્યજીને તે ભગવંત બાર વર્ષથી વધુ દેવ-મનુષ્ય-તિર્યંચ આદિ તરફથી જે કંઈ ઉપસર્ગો થશે તે તે સમભાવપૂર્વક સહન કરશે, ક્ષમાપૂર્વક સહન કરશે, તિતિક્ષાપૂર્વક સહન કરશે અને અકંપિત રહેશે.

ત્યાર પછી તે ભગવાન ઈર્યાસમિતિ, ભાષાસમિતિ-યાવત્-બ્રહ્મચર્યનું પાલન કરશે, મમત્વરહિત, અકિંચન, ગ્રંથરહિત થઈને જેમ કાંસાનું પાત્ર જળથી લેપાય નહીં તેમ નિષ્પરિગ્રહી બનીને-યાવત્-ભાવના અધ્યયનમાં મહાવીર વિશે જે વર્ણન છે તે પ્રમાણે-યાવત્-ઘીની આહુતિથી પ્રજ્વલિત અગ્નિ સમાન તેજસ્વી થશે.

[તે વિમલવાહન ભગવંત—]

[ગાથાઓ] ૧. કાંસાના પાત્ર જેવા અલિપ્ત, ૨. શંખ સમાન નિર્મળ, ૩. જીવ સમાન અપ્રતિહતગતિ, ૪. ગગન સમાન આલંબનરહિત, ૫. વાયુ સમાન અપ્રતિબદ્ધવિહારી, ૬. શરદ ઋતુના જળ જેવા સ્વચ્છ હૃદયવાળા, ૭. પદ્મપત્ર સમાન અલિપ્ત, ૮. કાચબા સમાન ગુપ્તેન્દ્રિય, ૯. પક્ષી સમાન એકાકી, ૧૦. ગેંડાના સીંગ જેવા એકાકી, ૧૧. ભારંડ પક્ષી સમાન અપ્રમત્ત, ૧૨. હાથી સમાન ધૈર્યવાન, ૧૩. વૃષભ સમાન બળવાન, ૧૪. સિંહ સમાન દુર્ધર્ષ, ૧૫. મેરુપર્વત સમાન અડગ, ૧૬. સમુદ્ર સમાન ગંભીર, ૧૭. ચંદ્ર સમાન શીતળ, ૧૮. સૂર્ય સમાન ઉજ્જવળ, ૧૯. શુદ્ધ સુવર્ણ સમાન સુંદર, ૨૦. પૃથ્વી સમાન સહિષ્ણુ, ૨૧. સારી રીતે આહુતિ અપાયેલ અગ્નિ સમાન તેજસ્વી હશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિબંધ-અભાવ—

૩૮૫. તે વિમલવાહન ભગવાનનો કોઈ વસ્તુમાં પ્રતિબંધ (મમત્વ) નહીં હોય. પ્રતિબંધ ચાર પ્રકારનો હોય છે—

૧. અંડજ, ૨. પોતજ, ૩. અવગ્રહિક, ૪. પ્રગ્રહિક.

તે વિમલવાહન ભગવાન જે જે દિશામાં વિચરવા ઇચ્છશે તે તે દિશામાં સ્વેચ્છાપૂર્વક, શુદ્ધ ભાવથી, ગર્વરહિતપણે અને મમત્વ વિના સંયમથી આત્માને ભાવિત કરતા વિચરશે. તે વિમલવાહન ભગવાનને જ્ઞાન-દર્શન-ચારિત્ર, વસતિ અને વિહારની ઉત્કૃષ્ટ આરાધના કરવાથી, સરળતા, મૃદુતા, લઘુતા, ક્ષમા, નિર્લોભતા, મન-વચન-કાયાની ગુપ્તિ, સત્ય, સંયમ, તપ, શૌચ અને નિર્વાણમાર્ગની વિવેકપૂર્વક આરાધના કરવાથી, શુકલ ધ્યાન ધરતાં અનંત, સર્વશ્રેષ્ઠ, અવ્યાબાધ-યાવત્-કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થશે.

કેવળજ્ઞાન અને દર્શન—

૩૮૬. ત્યારે તે ભગવંત અર્હત્ અને જિન બનશે. કેવળજ્ઞાની એવા તેઓ, સર્વજ્ઞ, સર્વદર્શી, દેવ-મનુષ્ય-અસુરલોકના સમસ્ત પર્યાયોને જાણનાર, જોનાર થશે, સર્વ લોકના સર્વ જીવોની આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન (મરણ), ઉપપાત (જન્મ), તર્ક, મનોભાવ, ભોગ, કાર્ય, સેવન, પ્રકટ કર્મ અને ગુપ્ત કર્મને જાણશે.

અરિહંત એવા તે પૂજ્ય ભગવંત સંપૂર્ણ લોકમાં તે તે સમયના મન-વચન-કાયાના યોગમાં વર્તતા સઘળા જીવોના સમસ્ત ભાવોને જાણતા અને જોતા વિચરશે.

તે પછી તે અનુત્તર કેવળજ્ઞાન-દર્શનથી સમસ્ત દેવ-મનુષ્ય-અસુરલોકને જાણીને તે ભગવંત શ્રમણ નિર્ગ્રંથોને પચ્ચીસ ભાવના સહિત પાંચ મહાવ્રતો તથા છ-જીવનિકાય ધર્મનો ઉપદેશ આપશે. [વાચનાન્તર પાઠ ૩૮૪ સૂત્ર થી ૩૮૭ સૂત્ર-]-

તે ભગવાન જે દિવસે મુંડિત થઈને-યાવત્-પ્રવ્રજ્યા લેશે તે જ દિવસે પોતાની મેળે આ પ્રકારનો અભિગ્રહ ધારણ કરશે કે-જે કોઈ ઉપસર્ગો પેદા થશે-દૈવી, માનુષી કે તિર્યંચ-જનિત-તે બધા તેઓ સમ્યક્રૂપણે સમભાવ-પૂર્વક, સહિષ્ણુતાપૂર્વક સહન કરશે.

ત્યાર બાદ તે ભગવંત અનગાર થઈ ઇર્યાસમિતિ, ભાષાસમિતિનું પાલન કરી-યાવત્-જે રીતે વર્ધમાન મહાવીરસ્વામી તે રીતે સમગ્રપણે-યાવત્-વિચરણ કરશે.

૩૮૭. તે ભગવંતને આવી રીતે વિચરણ કરતાં બાર વર્ષ અને તેર પક્ષ (સાડા છ માસ) વ્યતીત થતાં, તેરમા વર્ષના મધ્ય ભાગે સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થશે. તેઓ જિન, કેવળી, સર્વજ્ઞ, સર્વદર્શી બની નારક-સહિતના સમસ્ત જીવાજીવને જાણનારા થશે-ભાવના અધ્યયન પ્રમાણે સઘળું વર્ણન અહીં સમજવું.

મહાવીર અને મહાપદ્મની દેશનામાં સામ્ય—

૩૮૮. હે આર્યો ! જે રીતે મેં શ્રમણ નિર્ગ્રંથોનું એક આરંભસ્થાન કહ્યું છે,

તે જ રીતે અર્હત્ મહાપદ્મ પણ શ્રમણ નિર્ગ્રંથોનું એક આરંભસ્થાન પ્રરૂપશે,

૩૮૯. હે આર્યો ! જે રીતે મેં શ્રમણ નિર્ગ્રંથોનાં બે બંધન કહ્યાં છે,

એ જ રીતે અર્હત્ મહાપદ્મ પણ શ્રમણ નિર્ગ્રંથોનાં બે બંધન પ્રરૂપશે, જેવાં કે-રાગ-બંધન અને દ્વેષબંધન.

૩૯૦. હે આર્યો ! જે રીતે મેં શ્રમણ નિર્ગ્રંથોને માટે ત્રણ દંડની પ્રરૂપણા કરી છે,

તે જ રીતે અર્હત્ મહાપદ્મ પણ શ્રમણ નિર્ગ્રંથો માટે ત્રણ દંડ પ્રરૂપશે-૧. મનદંડ, ૨. વચનદંડ, ૩. કાયદંડ.

૩૯૧. જે રીતે મેં ચાર કષાયોનાં નામ આપી પ્રરૂપણા કરી છે, જેવા કે,

ક્રોધ કષાય-યાવત્-લોભ કષાય.

[તે જ રીતે અર્હત્ મહાપદ્મ પ્રરૂપશે.].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૯૨. પાંચ કામગુણ કહ્યા છે. જેમ કે-શબ્દ-યાવત્-સ્પર્શ.

૩૯૩. છ જીવનિકાય નિરૂપ્યા છે, જેમ કે-પૃથ્વીકાય-યાવત્-ત્રસકાય.

તે જ રીતે તે અર્હત્ છ પૃથ્વીકાય નિરૂપશે જેમ કે,-પૃથ્વીકાય-યાવત્-ત્રસકાય.

૩૯૪. જે રીતે મેં નામોલ્લેખપૂર્વક સાત ભયસ્થાન કહ્યાં છે, જેમ કે-ઇહલોક-યાવત્-પરલોકભય.

તે પ્રકારે અર્હત મહાપદ્મ પણ શ્રમણોને સાત ભયસ્થાનો કહેશે.

૩૯૫. એ જ રીતે આઠ મદસ્થાન, નવ બ્રહ્મચર્ય-ગુપ્તિ, દશ શ્રમણધર્મ-યાવત્-તેત્રીસ આશાતના પર્યંત સમજવું.

૩૯૬. હે આર્યો ! જે રીતે મેં શ્રમણ નિર્ગ્રંથોને માટે નગ્નભાવ, મુંડપણું, અસ્નાન, અદંતધાવન, છત્રરહિત રહેવું, જોડા ન પહેરવા, વાહનનો ઉપયોગ ન કરવો, ભૂમિ-શય્યા, ફલકશય્યા, કાઠશય્યા, કેશલોચ, બ્રહ્મચર્યપાલન, ગૃહસ્થના ઘેરથી આહાર આદિ લાવવાનું, માન-અપમાન પ્રતિ સમભાવપૂર્વક રહેવું વ. નિરૂપણ કરેલું છે,

તે જ પ્રકારે અર્હત્ મહાપદ્મ પણ શ્રમણ નિર્ગ્રંથો માટે નગ્નભાવ-યાવત્-માનાપમાન પ્રતિ સમભાવપૂર્વક રહેવાની નિરૂપણા કરશે.

૩૯૭. હે આર્યો ! મેં શ્રમણ નિર્ગ્રંથો માટે આધાકર્મ ઔદ્દેશિક, મિશ્રજાત, અધ્યવપૂરક, પૂતિક, ક્રીત, અપમિત્યક, આચ્છેદ્ય, અનિસૃષ્ટ, અભ્યાહૃત, કાન્તારભક્ત, દુર્ભિક્ષભક્ત, ગ્લાનભક્ત, વદ્દલિકા ભક્ત, પ્રાધૂર્ણક, મૂલ ભોજન, કન્દ-ભોજન, ફલભોજન હરિત ભોજન લેવાનો નિષેધ કર્યો છે,

તે જ રીતે અર્હત્ મહાપદ્મ પણ શ્રમણ નિર્ગ્રંથો માટે આધાકર્મ-યાવત્-હરિત ભોજન લેવાનો નિષેધ કરશે.

૩૯૮. હે આર્યો ! જેવી રીતે મેં શ્રમણનિર્ગ્રંથો માટે પ્રતિક્રમણ સહિત પાંચ મહાવ્રતનો અચેલક ધર્મ કહ્યો છે,

તે જ રીતે અર્હત્ મહાપદ્મ પણ શ્રમણ નિર્ગ્રંથો માટે પ્રતિક્રમણ સહિત-યાવત્-અચેલક ધર્મ કહેશે.

૩૯૯. હે આર્યો ! જે રીતે મેં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતનો બાર વ્રતનો શ્રાવક ધર્મ કહ્યો છે,

તે જ રીતે અર્હત્ મહાપદ્મ પણ પાંચ અણુવ્રત-યાવત્-શ્રાવક ધર્મ કહેશે.

૪૦૦. હે આર્યો ! જેવી રીતે મેં શ્રમણ નિર્ગ્રંથો માટે શય્યાતર-પિંડ અને રાજપિંડ લેવાનો નિષેધ કર્યો છે,

તે જ રીતે અર્હત્ મહાપદ્મ પણ શ્રમણ નિર્ગ્રંથો માટે શય્યાતર-પિંડ અને રાજપિંડ લેવાનો નિષેધ કરશે.

સંપત્તિ-સામ્ય—

૪૦૧. હે આર્યો ! જે પ્રકારે મારા નવ ગણો અને અગિયાર ગણધરો છે, તે પ્રકારે અર્હત્ મહાપદ્મના પણ નવ ગણ અને અગિયાર ગણધરો થશે.

આયુષ્ય-સામ્ય—

૪૦૨. હે આર્યો ! જે રીતે હું ત્રીસ વર્ષ ગૃહસ્થાવાસમાં રહીને મુંડિત-યાવત્-પ્રવ્રજિત થયો, બાર વર્ષ અને તેર પક્ષ છદ્મસ્થપણાના અને ત્રીસ વર્ષમાં તેર પક્ષ ઓછા કેવલીપર્યાયના, કુલ બેંતાલીસ વર્ષનો શ્રમણપર્યાય પાળીને અને બોંતેર વર્ષનું પૂર્ણાયુ ભોગવીને સિદ્ધ થઈશ-યાવત્ સર્વદુઃખોનો અંત કરીશ, તે રીતે અર્હત્ મહાપદ્મ પણ ત્રીસ વર્ષ ગૃહસ્થાવાસમાં રહી યાવત્-સર્વ દુઃખોનો અંત કરશે.

[ગાથાર્થ] જે શીલ સમાચાર (ચારિત્રવિહાર) અર્હત્ તીર્થંકર મહાવીરનો હતો તે જ શીલ-સમાચાર અર્થાત્ મહાપદ્મનો હશે.

અર્હત્ મહાપદ્મ પાસે આઠ રાજાઓ દીક્ષા લેશે—

૪૦૩. અર્હત્ મહાપદ્મ આઠ રાજાઓને મુંડિત કરીને તથા ગૃહસ્થવાસનો ત્યાગ કરાવીને અનગાર-પ્રવ્રજ્યા આપશે, તેમનાં નામ —

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. પદ્મ, ૨. પદ્મગુલ્મ, ૩. નલિન, ૪. નલિનગુલ્મ, ૫. પદ્મધ્વજ, ૬. ધનુર્ધ્વજ, ૭. કનકરથ, ૮. ભરત.

"મહાપદ્મ જિન-ચરિત્ર સમાપ્ત"

૮. તીર્થંકર-સામાન્ય

અઢી દ્વીપમાં અરહંતાદિ-વંશ-સમુત્પત્તિ—

૪૦૪. જંબૂદ્વીપમાં ભરત અને ઐરાવત ક્ષેત્રમાં એક સમયે એક યુગમાં બે અર્હંત્ વંશ ઉત્પન્ન થયા છે, થાય છે અને થશે.

૪૦૫. જંબૂદ્વીપમાં ભરત અને ઐરાવત ક્ષેત્રમાં એક સમયમાં એક યુગમાં બે ચક્રવર્તી-વંશ ઉત્પન્ન થયા છે, થાય છે અને ઉત્પન્ન થશે.

૪૦૬. જંબૂદ્વીપમાં ભરત અને ઐરાવત ક્ષેત્રમાં એક સમયે એક યુગમાં બે દશારવંશ ઉત્પન્ન થતા, થાય છે અને ઉત્પન્ન થશે.

૪૦૭. જંબૂદ્વીપમાં ભરત અને ઐરાવત ક્ષેત્રમાં પ્રત્યેકમાં અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં આ ત્રણ વંશ ઉત્પન્ન થયા હતા, થાય છે અને ઉત્પન્ન થશે, તે આ પ્રમાણે—અર્હંતવંશ, ચક્રવર્તીવંશ અને દશારવંશ.

૪૦૮. એ જ રીતે પુષ્કરવર દ્વીપાર્ધ, પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ માટે પણ સમજવું.

અઢી દ્વીપમાં અરહંતાદિની ઉત્પત્તિ—

૪૦૯. જંબૂદ્વીપના ભરત-ઐરાવત વર્ષમાં એક સમયે એક યુગમાં બે અરહંતો ઉત્પન્ન થયા છે, થાય છે અને થશે.

૪૧૦. જંબૂદ્વીપના ભરત-ઐરાવતવર્ષમાં એક સમયે એક યુગમાં બે ચક્રવર્તીઓ ઉત્પન્ન થાય છે, થાય છે અને થશે.

૪૧૧. જંબૂદ્વીપના ભરત-ઐરાવત વર્ષમાં એક સમયે એક યુગમાં બે બલદેવ ઉત્પન્ન થયા હતા, થાય છે અને થશે.

૪૧૨. જંબૂદ્વીપના ભરત-ઐરાવત વર્ષમાં એક સમયે એક યુગમાં બે વાસુદેવ ઉત્પન્ન થયેલા, થાય છે અને ઉત્પન્ન થશે.

૪૧૩. જંબૂદ્વીપમાં ભરત અને ઐરાવત ક્ષેત્રમાં પ્રત્યેકમાં પ્રત્યેક અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં ત્રણ ઉત્તમ પુરુષો ઉત્પન્ન થયા હતા, થાય છે અને ઉત્પન્ન થશે, તે આ પ્રમાણે—
અરહંત, ચક્રવર્તી, બલદેવ-વાસુદેવ.

૪૧૪. તે જ રીતે પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધ-પશ્ચિમાર્ધમાં પણ સમજવું.

જંબૂદ્વીપના ભરત-ઐરાવતમાં ઉત્તમ-પુરુષો—

૪૧૫. જંબૂદ્વીપના ભરત અને ઐરાવત ક્ષેત્રમાં પ્રત્યેક ઉત્સર્પિણી-અવસર્પિણીમાં ચોપન ચોપન ઉત્તમ પુરુષો ઉત્પન્ન થયા હતા, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે, તે આ રીતે—
ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ બલદેવ અને નવ વાસુદેવ.

ધાતકીખંડમાં ઉત્તમ પુરુષો—

૪૧૫. ધાતકીખંડ દ્વીપમાં ઉત્કૃષ્ટપણે અડસઠ અરહંતો ઉત્પન્ન થયા છે, થાય છે અને થશે.

૪૧૭. એ જ પ્રમાણે ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ સમજવા.

પુષ્કરવર દ્વીપાર્ધમાં ઉત્તમ પુરુષો—

૪૧૮. પુષ્કરવર દ્વીપાર્ધમાં ઉત્કૃષ્ટપણે અડસઠ અરહંતો ઉત્પન્ન થયા છે, થાય છે અને થશે.

૪૧૯. એ જ રીતે ચક્રવર્તી, બલદેવ અને વાસુદેવ સમજવા.

જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં અરહંતાદિની ઉત્પત્તિ—

૪૨૦. જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં જઘન્યપણે ચાર અરહંત, ચાર ચક્રવર્તી, ચાર બલદેવ અને ચાર વાસુદેવ ઉત્પન્ન થયા હતા, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે.

૪૨૧. જંબૂદ્વીપવર્તી સુમેરુપર્વતની પૂર્વમાં સીતા મહાનદીની ઉત્તરમાં ઉત્કૃષ્ટપણે આઠ અર્હંત્, આઠ ચક્રવર્તી, આઠ બલદેવ અને આઠ વાસુદેવ ઉત્પન્ન થયા હતા, થાય છે અને થશે.

જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં તીર્થંકરો—

૪૨૨. જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં આ(વર્તમાન) અવસર્પિણીમાં ચોવીસ તીર્થંકરો થઈ ગયા, તેમનાં નામ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ચન્દ્રાનન, ૨. સુચન્દ્ર, ૩. અગ્નિસેન, ૪. નંદિસેન, ૫. ઋષિદત્ત, ૬. વ્રતધારી, ૭. સોમચન્દ્ર, ૮. યુક્તિસેન, ૯. અજિતસેન, ૧૦. શિવસેન, ૧૧. દેવશર્મ, ૧૨. નિક્ષિપ્તશસ્ત્ર ૧૩. અસંજ્વલ, ૧૪. અનંતક, ૧૫. ઉપશાંત, ૧૬. ગુપ્તિસેન, ૧૭. અતિપાર્શ્વ ૧૮. સુપાર્શ્વ, ૧૯. મરુદેવ, ૨૦. ધર, ૨૧. શ્યામકોષ્ઠ, ૨૨. અગ્નિસેન, ૨૩, અગ્નિપુત્ર, ૨૪. વારિષેણ.

જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રના ભાવિ તીર્થંકરો—

૪૨૩. જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં ચોવીશ તીર્થંકરો થશે, જેમ કે–

૧. સુમંગલ, ૨. સિદ્ધાર્થ, ૩. નિર્વાણ, ૪. મહાયશ, ૫. ધર્મધ્વજ, ૬. શ્રીચન્દ્ર, ૭. પુષ્પકેતુ, ૮. મહાચંદ્ર, ૯. શ્રુતસાગર, ૧૦. પુણ્યઘોષ ૧૧. મહાઘોષ, ૧૨. સત્યસેન, ૧૩. શૂરસેન, ૧૪. મહાસેન, ૧૫. સર્વાનન્દ, ૧૬. દેવપુત્ર, ૧૭. સુપાર્શ્વ, ૧૮. સુવ્રત, ૧૯. સુકોશલ, ૨૦. અનંતવિજય, ૨૧. વિમલ, ૨૨. ઉત્તર, ૨૩. મહાબલ, ૨૪. દેવાનંદ.

જંબૂદ્વીપમાં તીર્થંકરો—

૪૨૪. હે ભગવંત ! જંબૂદ્વીપમાં જઘન્યપણે અને ઉત્કૃષ્ટપણે કુલ મળીને કેટલા તીર્થંકરો થાય છે ?

હે ગૌતમ ! બધા મળીને જઘન્યપણે ચાર અને ઉત્કૃષ્ટપણે ચોત્રીસ તીર્થંકરો થાય છે.

જંબૂદ્વીપના તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા—

૪૨૫. જંબૂદ્વીપમાં ઉત્કૃષ્ટપણે ચોત્રીસ તીર્થંકરો થાય છે.

જંબૂદ્વીપના ભારતવર્ષમાંના તીર્થંકરોનાં નામ—

૪૨૬. હે ભગવંત ! જંબૂદ્વીપના ભારતવર્ષમાં વર્તમાન અવસર્પિણીમાં કેટલા તીર્થંકર કહ્યા છે ?

હે ગૌતમ ! ચોવીસ તીર્થંકર કહ્યા છે, જેમ કે—

૧. ઋષભ, ૨. અજિત, ૩. સંભવ, ૪. અભિનંદન, ૫. સુમતિ, ૬. પદ્મપ્રભ, ૭. સુપાર્શ્વ, ૮. ચંદ્રપ્રભ, ૯. સુવિધિ, ૧૦. શીતલ, ૧૧. શ્રેયાંસ, ૧૨. વાસુપૂજ્ય, ૧૩. વિમલ, ૧૪. અનંત, ૧૫. ધર્મ, ૧૬. શાંતિ, ૧૭. કુંથુ, ૧૮. અર, ૧૯. મલ્લિ, ૨૦. મુનિસુવ્રત, ૨૧. નમિ, ૨૨. નેમિ, ૨૩. પાર્શ્વ ૨૪. વર્ધમાન.

પિતા—

૪૨૭. જંબૂદ્વીપના ભારતવર્ષમાં વર્તમાન અવસર્પિણીના ચોવીશ તીર્થંકરોના પિતાનાં નામો આ પ્રમાણે છે—,જેમ કે—

૧. નાભિ, ૨. જિતશત્રુ, ૩. જિતારિ. ૪. ૪. સંવર, ૫. મેઘ, ૬. ધર, ૭. પ્રતિષ્ઠ, ૮. મહાસેન, ૯. સુગ્રીવ, ૧૦. દઢરથ, ૧૧. વિષ્ણુ, ૧૨. વસુપૂજ્ય, ૧૩. કૃતવર્મા, ૧૪. સિંહસેન, ૧૫. ભાનુ, ૧૬. વિશ્વસેન. ૧૭. સૂર, ૧૮. સુદર્શન, ૧૯. કુંભ ૨૦. સુમિત્ર, ૨૧. વિજય, ૨૨. સમુદ્રવિજય, ૨૩. અશ્વસેન, ૨૪. સિદ્ધાર્થ

તીર્થ-પ્રવર્તક જિનવરોના આ પિતાઓ બધા ઉચ્ચ, તેજસ્વી કુળના અને ગુણવાન વિશુદ્ધ વંશના હતા.

માતાઓ—

૪૨૮. જંબૂદ્વીપ દ્વીપના ભારતવર્ષના વર્તમાન અવસર્પિણીના તીર્થંકરોની માતાઓનાં નામ આ પ્રમાણે છે—

[સંગ્રહણી ગાથાનો અર્થ]–

૧. મરુદેવી, ૨. વિજયા, ૩. સેણા, ૪. સિદ્ધાર્થા, ૫. મંગલા, ૬. સુસીમા, ૭. પૃથ્વી, ૮. લક્ષ્મણા, ૯. રામા, ૧૦. નંદા, ૧૧. વિષ્ણુ, ૧૨. જયા, ૧૩. શ્યામા, ૧૪. સુયશા, ૧૫. સુવ્રતા, ૧૬. અચિરા, ૧૭. શ્રી, ૧૮. દેવી, ૧૯. પ્રભાવતી, ૨૦. પદ્મા, ૨૧. વપ્રા, ૨૨. શિવા, ૨૩. વામા, ૨૪. ત્રિશલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વભવ—

૪૨૯. આ ચોવીશ તીર્થંકરોના પૂર્વભવમાં નીચે પ્રમાણે નામો હતાં—

૧. વજ્રનાભ, ૨. વિમલ, ૩. વિમલવાહન, ૪. ધર્મસિંહ, ૫. સુમિત્ર, ૬. ધર્મમિત્ર, ૭. સુંદરબાહુ, ૮. દીર્ઘબાહુ, ૯. યુગબાહુ, ૧૦. લષ્ટબાહુ, ૧૧. દિન્ન, ૧૨, ઇન્દ્રદત્ત, ૧૩. સુંદર, ૧૪. માહેન્દ્ર, ૧૫. સિંહરથ, ૧૬. મેઘરથ, ૧૭. રુકિમ, ૧૯. સુદર્શન, ૧૯. નંદન, ૨૦. સિંહગિરિ, ૨૧. અદીનશત્રુ, ૨૨. શંખ ૨૩. સુદર્શન, ૨૪. નંદન.

પૂર્વભવમાં શ્રુતજ્ઞાન—

૪૩૦. જંબૂદ્વીપમાં આ અવસર્પિણીના ત્રેવીશ તીર્થંકરો પૂર્વભવમાં અગિયાર અંગોના જ્ઞાતા હતા, તેમનાં નામો—

– અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચન્દ્રપ્રભ, સુવિધિ, શીતલ શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથૂ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, અરિષ્ટનેમિ, પાર્શ્વ અને વર્ધમાન.

કૌશલિક અર્હત્ ઋષભદેવ ચૌદ પૂર્વના જ્ઞાતા હતા.

પૂર્વભવો—

૪૩૧. જંબૂદ્વીપમાં આ અવસર્પિણીના ત્રેવીશ તીર્થંકરો પૂર્વભવમાં માંડલિક રાજાઓ હતા, જેમ કે-

અજિત, સંભવ–યાવત્–વર્ધમાન.

જ્યારે અરહંત ઋષભદેવ કૌશલિક પૂર્વભવમાં ચક્રવર્તી હતા.

તીર્થંકરોના વર્ણ—

૪૩૨. બે તીર્થંકરો નીલકમળ સમાન (શ્યામ) વર્ણવાળા હતા, જેમ કે—

મુનિસુવ્રત અને અરિષ્ટનેમિ.

બે તીર્થંકરો પ્રિયંગુ વૃક્ષના વર્ણ જેવા (નીલ) વર્ણવાળા હતા, જેમ કે—

મલ્લિનાથ અને પાર્શ્વનાથ.

બે તીર્થંકરો પદ્મ સમાન ગૌર (રાતા) વર્ણવાળા હતા, જેમ કે—

પદ્મપ્રભ અને વાસુપૂજ્ય.

બે તીર્થંકરો ચંદ્ર સમાન ગૌર (શ્વેત) વર્ણવાળા હતા, જેમ કે—

ચન્દ્રપ્રભ અને પુષ્પદંત.

ઊંચાઈ—

૪૩૩. અરહંત અજિત સાડા ચારસો ધનુષ ઊંચા હતા.
અરહંત સંભવનાથ ચારસો ધનુષ ઊંચા હતા.
અરહંત અભિનંદન સાડા ચારસો ધનુષ ઊંચા હતા.
અરહંત સુમતિનાથ ત્રણસો ધનુષ ઊંચા હતા.
અરહંત પદ્મપ્રભ અઢીસો ધનુષ ઊંચા હતા.
અરહંત સુપાર્શ્વનાથ બસો ધનુષ ઊંચા હતા.
અરહંત ચન્દ્રપ્રભ દોઢસો ધનુષ ઊંચા હતા.
અરહંત પુષ્પદંત સુવિધિ એકસો ધનુષ ઊંચા હતા.
અરહંત શીતલ નેવુ ધનુષ ઊંચા હતા.
અરહંત શ્રેયાંસ એંસી ધનુષ ઊંચા હતા.
અરહંત વાસુપૂજ્ય સિત્તેર ધનુષ ઊંચા હતા.
અરહંત વિમલ સાઠ ધનુષ ઊંચા હતા.
અરહંત અનંત પચાસ ધનુષ ઊંચા હતા.
અરહંત ધર્મ પિસ્તાલીસ ધનુષ ઊંચા હતા.
અરહંત શાંતિ ચાલીસ ધનુષ ઊંચા હતા.
અરહંત કુંથૂ પાંત્રીસ ધનુષ ઊંચા હતા.
અરહંત અર ત્રીસ ધનુષ ઊંચા હતા.
અરહંત મલ્લિ પચ્ચીસ ધનુષ ઊંચા હતા.
અરહંત મુનિસુવ્રત વીશ ધનુષ ઊંચા હતા.
અરહંત નમિનાથ પંદર ધનુષ ઊંચા હતા.
અરહંત અરિષ્ટનેમિ દશ ધનુષ ઊંચા હતા.
અરહંત પુરુષાદાનીય પાર્શ્વ નવ હાથ ઊંચા હતા.
શ્રમણ ભગવાન મહાવીર સાત હાથ ઊંચા હતા.

આગારવાસ—

૪૩૪. અરહંત કૌશલિક ઋષભદેવ ત્ર્યાશી લાખ પૂર્વ ગૃહસ્થવાસમાં રહીને મુંડિત–યાવત્–પ્રવ્રજિત થયા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરહંત સંભવનાથ ઓગણસાઠ હજાર પૂર્વ ગૃહસ્થાવાસમાં રહીને મુંડિત થયા–યાવત્–પ્રવ્રજિત થયા હતા.

અરહંત શીતલનાથ પંચોતેર હજાર પૂર્વ ગૃહસ્થાવાસમાં રહ્યા પછી મુંડિત–યાવત્–પ્રવ્રજિત થયા હતા.

અરહંત શાંતિનાથ પંચોતેર હજાર વર્ષ ગૃહવાસમાં રહી પછી મુંડિત–યાવત્–પ્રવ્રજિત થયા હતા.

અરહંત અરિષ્ટનેમિ ત્રણસો વર્ષ કુમારાવસ્થામાં રહી પછી મુંડિત–યાવત્–પ્રવ્રજિત થયા હતા.

અરહંત પાર્શ્વનાથ ત્રીશ વર્ષ ગૃહસ્થાવાસમાં રહી પછી મુંડિત થઈ પ્રવ્રજિત થયા હતા.

શ્રમણ ભગવાન મહાવીર ત્રીશ વર્ષ ગૃહસ્થાવાસમાં રહી પછી મુંડિત થઈ પ્રવ્રજિત થયા હતા.

કુમારકાળ—

૪૩૫. પાંચ તીર્થંકરો કુમારાવસ્થામાં મુંડિત થઈ–યાવત્–પ્રવ્રજિત થયા હતા, જેમ કે—
૧. વાસુપૂજ્ય, ૨. મલ્લિ, ૩. અરિષ્ટનેમિ, ૪. પાર્શ્વનાથ, ૫. મહાવીર.

આગારવાસ કાળ—

૪૩૬. ઓગણીસ તીર્થંકરો ગૃહસ્થાવાસ છોડીને મુંડિત થયા હતા, અર્થાત્ તેઓ રાજ્યાદિ ભોગ ભોગવીને પછી પ્રવ્રજિત થયા હતા.

સર્વાયુ—

૪૩૭. અરહંત કૌશલિક ઋષભદેવ ચોરાશી લાખ પૂર્વનું આયુ પૂર્ણ કરીને સિદ્ધ–યાવત્–સર્વ દુઃખોનો ક્ષય કરી મુક્ત થયા હતા.

અરહંત ચન્દ્રપ્રભ દશ લાખ પૂર્વનું પૂર્ણ આયુ ભોગવીને સિદ્ધ–યાવત્–મુક્ત થયા હતા.

અરહંત શ્રેયાંસનાથ ચોરાશી લાખ વર્ષનું આયુ પૂર્ણ કરીને સિદ્ધ–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયા હતા.

અરહંત ધર્મનાથ દશ લાખ વર્ષનું પૂર્ણાયુ ભોગવીને સિદ્ધ–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયા હતા.

અરહંત કુંથુનાથ પંચાણુ હજાર વર્ષનું પૂર્ણાયુ ભોગવીને સિદ્ધ–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયા હતા.

અરહંત મલ્લિનાથ પંચાવન હજાર વર્ષનું પૂર્ણાયુ ભોગવીને સિદ્ધ–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયા હતા.

અરહંત નમિનાથ દશ હજાર વર્ષનું પૂર્ણાયુ ભોગવીને પછી સિદ્ધ–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયા હતા.

અરહંત નેમિનાથ એક હજાર વર્ષનું પૂર્ણાયુ ભોગવીને પછી સિદ્ધ–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયા.

પુરુષાદાનીય અરહંત પાર્શ્વનાથ એક સો વર્ષનું પૂર્ણાયુ ભોગવીને સિદ્ધ–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયા.

શ્રમણ ભગવાન મહાવીર બોંતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને સિદ્ધ–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયા.

ચન્દ્રપ્રભનો છદ્મસ્થકાળ—

૪૩૮. ચન્દ્રપ્રભ અરહંત છ માસ પર્યંત છદ્મસ્થ રહ્યા હતા.

કલ્યાણકો—

૪૩૯. અરહંત પદ્મપ્રભના પાંચ કલ્યાણકો ચિત્રા નક્ષત્રમાં થયેલા, તે આ પ્રમાણે—

૧. ચિત્રા નક્ષત્રમાં દેવલોકમાંથી ચ્યવીને ગર્ભમાં આવ્યા. ૨. ચિત્રા નક્ષત્રમાં જન્મ્યા. ૩. ચિત્રા નક્ષત્રમાં પ્રવ્રજિત થયા. ૪. ચિત્રા નક્ષત્રમાં અનંત, અનુત્તર, અવ્યાબાધ, પૂર્ણ, પરિપૂર્ણ કેવળ-જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું. ૫. ચિત્રા નક્ષત્રમાં નિર્વાણ પામ્યા.

પુષ્પદંત સુવિધિનાથ અરહંતના પાંચ કલ્યાણકો મૂલ નક્ષત્રમાં થયા, જેમ કે–૧. મૂલ નક્ષત્રમાં દેવલોકમાંથી ચ્યવીને ગર્ભમાં આવ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨–૫. મૂલ નક્ષત્રમાં જન્મ–યાવત્–નિર્વાણ પામ્યા.

શીતલનાથ અરહંતના પાંચ કલ્યાણકો પૂર્વાષાઢા નક્ષત્રમાં થયા.

અરહંત વિમલનાથના પાંચે કલ્યાણકો ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં થયા.

અરહંત અનંતનાથના પાંચે કલ્યાણકો રેવતી નક્ષત્રમાં થયા.

અરહંત ધર્મનાથના પાંચે કલ્યાણકો પુષ્ય નક્ષત્રમાં થયા.

અરહંત શાંતિનાથના પાંચે કલ્યાણકો ભરણી નક્ષત્રમાં થયા.

અરહંત કુંથુનાથના પાંચ કલ્યાણકો કૃતિકા નક્ષત્રમાં થયા.

અરહંત અરનાથના પાંચ કલ્યાણકો રેવતી નક્ષત્રમાં થયા.

અરહંત મુનિસુવ્રતના પાંચ કલ્યાણકો શ્રવણ નક્ષત્રમાં થયા.

અરહંત નમિનાથના પાંચ કલ્યાણકો અશ્વિની નક્ષત્રમાં થયા.

અરહંત નેમિનાથના પાંચ કલ્યાણકો ચિત્રા નક્ષત્રમાં થયા.

અરહંત પાર્શ્વનાથના પાંચ કલ્યાણકો વિશાખા નક્ષત્રમાં થયા.

શ્રમણ ભગવાન મહાવીરના પાંચ કલ્યાણકો હસ્તોત્તરા નક્ષત્રમાં થયા, જેમ કે—

૧. ભગવાન મહાવીર હસ્તોત્તરા નક્ષત્રમાં દેવલોકમાંથી ચ્યવીને ગર્ભમાં આવ્યા ૨. ભગવાન હસ્તોત્તર નક્ષત્રમાં દેવાનંદાના ગર્ભમાંથી ત્રિશલાના ગર્ભમાં સંક્રાંત થયા. ૩. ભ. મહાવીર હસ્તોત્તરા નક્ષત્રમાં જન્મ્યા. ૪. ભ. મહાવીર હસ્તોત્તરા નક્ષત્રમાં દીક્ષિત થયા. ૫. ભ. મહાવીરને હસ્તોત્તરા નક્ષત્રમાં અનંત, અનુત્તર, અવ્યાબાધ, નિરાવરણ, પૂર્ણ, પરિપૂર્ણ કેવળજ્ઞાન–કેવળદર્શન પ્રાપ્ત થયાં.

શિબિકા અને શિબિકાવાહકો—

૪૪૦. આ ચોવીસ તીર્થંકરોની ચોવીસ શિબિકાઓ (પાલખીઓ) હતી, તેમનાં નામ નીચે પ્રમાણે હતાં—

૧. સુદર્શના, ૨. સુપ્રભા, ૩. સિદ્ધાર્થા, ૪. સુપ્રસિદ્ધા, ૫. વિજયા, ૬. વૈજયંતી ૭. જયંતી, ૮. અપરાજિતા, ૯. અરુણપ્રભા, ૧૦. ચન્દ્રપ્રભા, ૧૧. સૂર્યપ્રભા, ૧૨. અગ્નિપ્રભા, ૧૩. સુપ્રભા, ૧૪. પંચવર્ણા, ૧૫. સાગરદત્તા, ૧૬. નાગદત્તા, ૧૭. અભયકરા, ૧૮. નિર્વૃત્તિકરા, ૧૯. મનોરમા, ૨૦. મનોહરા, ૨૧ દેવકુરા, ૨૨. ઉત્તરકુરા, ૨૩. વિશાલા, ૨૪. ચંદ્રપ્રભા.

સર્વ–જગવત્સલ આ સઘળા જિનવરેંદ્રોની શિબિકાઓ બધી ઋતુઓમાં અનુકૂળ છાયાવાળી હતી.

આ શિબિકાઓને આગળના ભાગમાં હર્ષથી પુલકિત થયેલા મનુષ્યો અને પાછળના ભાગે પોતાની ઇચ્છા મુજબ વિકુર્વિત કરેલા ચંચલ કુંડળો અને આભૂષણો ધારણ કરનારા અસુરેન્દ્ર, સુરેન્દ્ર અને નાગેન્દ્ર ઊંચકતા હતા.

પૂર્વ દિશામાં દેવો, દક્ષિણમાં નાગો, પશ્ચિમમાં અસુરો અને ઉત્તરમાં ગરુડો રહી આ શિબિકાઓનું વહન કરતા હતા.

દીક્ષા–નગરો—

૪૪૧. તીર્થંકર ઋષભ અરહંત વિનીતાનગરીમાંથી, અરિષ્ટનેમિ અરહંત દ્વારિકાનગરીમાંથી અને બાકીના તીર્થંકરો પોતપોતાની જન્મભૂમિના નગરોમાંથી અનગારિક પ્રવ્રજ્યા માટે નીકળ્યા હતા.

દીક્ષાકાળે એક દૂષ્ય—

૪૪૨. સઘળા ચોવીશે તીર્થંકરોએ એક દૂષ્ય (વસ્ત્ર) ધારણ કરી દીક્ષા લીધી હતી, કોઈએ પણ અન્યલિંગ, ગૃહસ્થલિંગ અથવા કુલિંગ અવસ્થામાં દીક્ષા લીધી ન હતી.

સહદીક્ષિતોની સંખ્યા—

૪૪૩. ભગવાન મહાવીરે એકલા, મલ્લિનાથ અને પાર્શ્વનાથે ત્રણસો ત્રણસો પુરુષો સાથે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન વાસુપૂજ્યે છ સો પુરુષો સાથે દીક્ષા લીધી હતી.

ભગવાન ઋષભદેવે ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિયકુળના ચાર હજાર પુરુષો સાથે તથા બાકીના તીર્થંકરોએ એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી.

દીક્ષાપૂર્વ તપ—

૪૪૪. તીર્થંકર સુમતિનાથ ભગવાને નિત્ય ભોજનપૂર્વક, ભ. વાસુપૂજ્યે ચતુર્થભક્ત(એક ઉપવાસ) પૂર્વક, પાર્શ્વનાથ અને મલ્લિનાથે અષ્ટભક્ત (ત્રણ ઉપવાસ) પૂર્વક તથા બાકીના તીર્થંકરોએ ષષ્ઠભક્ત (બે ઉપવાસ)પૂર્વક દીક્ષા લીધી હતી.

પ્રથમ ભિક્ષાદાતા—

૪૪૫. આ ચોવીશ તીર્થંકરોના ચોવીશ પ્રથમ ભિક્ષાદાતાઓ હતા, તેમનાં નામ છે—

શ્રેયાંસ, બ્રહ્મદત્ત, સુરેન્દ્રદત્ત, ઇન્દ્રદત્ત, ધર્મસિંહ, સુમિત્ર, ધર્મમિત્ર

પુષ્ય, પુનર્વસુ, પૂર્ણનંદ, સુનંદ, જય, વિજય, પદ્મ, સોમદેવ, મહેન્દ્રદત્ત, સોમદત્ત.

અપરાજિત, વિશ્વસેન, ઋષભસેન, દિન્ન, વરદત્ત, ધન્ય, બહુલ–ક્રમશઃ આ પ્રમાણે તેઓનાં નામ જાણવાં.

આ બધા પ્રથમ ભિક્ષાદાતાઓએ વિશુદ્ધ અધ્યવસાયવાળા થઈ ભક્તિપૂર્વક હાથ જોડી જિનેન્દ્ર ભગવંતોને તે કાળે તે સમયે પ્રથમ ભિક્ષા વહોરાવી હતી.

પ્રથમ ભિક્ષાકાળ—

૪૪૬. લોકનાથ ઋષભદેવ ભગવાનને દીક્ષા લીધા પછી એક વર્ષે અને બાકીના તીર્થંકરોને બે દિવસ પછી પ્રથમ ભિક્ષા મળી હતી.

લોકનાથ ઋષભદેવને પ્રથમ ભિક્ષામાં ઇક્ષુરસ મળ્યો હતો અને બાકીના તીર્થંકરોને અમૃત સમાન ખીર મળી હતી.

બધા તીર્થંકરોને જ્યારે પ્રથમ ભિક્ષા મળી ત્યારે માથાભર વરસાદ થયો હતો.

ચૈત્યવૃક્ષ—

[સંગ્રહણી ગાથાઓ]—

૪૪૭. આ ચોવીસે તીર્થંકરોનાં ચોવીસ ચૈત્યવૃક્ષ હતાં, તે આ પ્રમાણે—

ન્યગ્રોધ, શક્તિપર્ણ, શાલ, પ્રિયક, પ્રિયંગુ, છત્રાભ, શિરીષ, નાગવૃક્ષ, માલિ, પલાશ,

તિંદુક, પાટલ, જંબૂ, અશ્વત્થ, દધિવર્ણ, નંદીવૃક્ષ, તિલક, આમ્રવૃક્ષ,

અશોક, ચંપક, બકુલ, વેતસ, ધાતકી અને શાલ. વર્ધમાન ભગવાન મહાવીરનું ચૈત્યવૃક્ષ શાલ દર્શનીય, શોકહારક, શોભાદાયક, અને બત્રીસ ધનુષ ઊંચું હતું.

ઋષભ જિનેન્દ્રનું ચૈત્યવૃક્ષ ત્રણ ગાઉ ઊંચું હતું અને બાકીના તીર્થંકરોનાં ચૈત્ય વૃક્ષો દરેકના શરીર પ્રમાણથી બાર ગણાં ઊંચાં સમજવા.

પ્રથમ શિષ્યો—

૪૪૮. આ ચોવીસે તીર્થંકરોના ચોવીસ પ્રથમ શિષ્યોનાં નામ આ પ્રમાણે છે—

ઋષભસેન, સિંહસેન, ચારુ, વજ્રનાભ, ચમર, સુવ્રત, વિદર્ભ,

દિન્ન, વરાહ, આનંદ, ગોસ્તુભ, સુધર્મ, મંદર, યશ, અરિષ્ટ, ચક્રાહ, સ્વયં, કુંભ અને

ઇન્દ્ર, કુંભ, શુભ, વરદત્ત, દિન્ન તથા ઇન્દ્રભૂતિ.

તીર્થપ્રવર્તક જિનેશ્વરોના આ બધા પ્રથમ શિષ્યો ઉચ્ચ કુળ, ઉચ્ચ વંશ, વિશુદ્ધ વંશવાળા તથા ગુણસંપન્ન હતા.

પ્રથમ શિષ્યાઓ—

૪૪૯. આ ચોવીસે તીર્થંકરોની ચોવીસ પ્રથમ શિષ્યાઓનાં નામ આ પ્રમાણે છે—

બ્રાહ્મી, ફલ્ગુ, શ્યામા, અજિતા, કાશ્યપી, રતિ, સોમા, સુમના, વારુણી, સુલસા, ધારિણી, ધરણી, ધરણીધરા,

પ્રથમા, શિવા, શુચિ, અંજુકા, ભાવિતાત્મા, રક્ષિકા, બંધુમતી, પુષ્પવતી અને ધનિલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યક્ષિણી, પુષ્પચૂલા અને ચંદના.

તીર્થપ્રવર્તક જિનેશ્વરોની આ બધી પ્રથમ શિષ્યાઓ ઉચ્ચ કુળ, ઉચ્ચ વંશ, વિશુદ્ધ વંશની તથા ગુણવતી હતી.

કેવળજ્ઞાન-દર્શન-ઉત્પત્તિકાળ—

૪૫૦. જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ત્રેવીશ જિન ભગવંતોને સૂર્યોદય સમયે કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થયું હતું.

તીર્થંકરોના અતિશયો—

૪૫૧. બુદ્ધાતિશય (તીર્થંકરોના અતિશય) ચોત્રીશ છે, જેમ કે—

૧. મસ્તકના કેશ, દાઢી, મૂછ, રોમ અને નખો મર્યાદાથી અધિક ન વધવા.

૨. શરીર સ્વસ્થ અને નિર્મળ રહેવું.

૩. રક્ત અને માંસ ગાયના દૂધ સમાન શ્વેત હોય.

૪. પદ્મની ગંધની જેમ શ્વાસોચ્છ્વાસ સુગંધિત હોય.

૫. આહાર અને શૌચક્રિયા પ્રચ્છન્ન હોય.

૬. તીર્થંકર દેવની આગળ આકાશમાં ધર્મ-ચક્ર રહે.

૭. મસ્તક પર ત્રણ છત્ર હોય.

૮. બન્ને બાજુ શ્રેષ્ઠ શ્વેત ચામરો હોય.

૯. આકાશ સમાન સ્વચ્છ સ્ફટિક મણિની બનેલી પાદપીઠવાળું સિંહાસન હોય.

૧૦. તીર્થંકર દેવની આગળ આકાશમાં ઇન્દ્ર-ધ્વજ ચાલે.

૧૧. જ્યાં જ્યાં અરિહંત ભગવાન ઊભા રહે કે બેસે ત્યાં ત્યાં તે જ ક્ષણે પત્ર, પુષ્પ અને પલ્લવથી સુશોભિત છત્ર, ધ્વજ, ઘંટા તેમ જ પતાકા સહિત અશોક વૃક્ષ પેદા થાય.

૧૨. મસ્તકની પાછળ મુકુટના સ્થાને તેજો-વલય હોય અને અંધકાર સમયે દશે દિશાઓમાં પ્રકાશ રેલાવે.

૧૩. જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં ભૂમિભાગ સમતળ બને.

૧૪. જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં કાંટા નીચા નમી જાય.

૧૫. જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં ઋતુઓ અનુકૂળ બને.

૧૬. જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં સંવર્તક વાયુ દ્વારા એક એક યોજન પર્યંત ક્ષેત્ર શુદ્ધ બની જાય.

૧૭. મેઘદ્વારા યોગ્ય સ્પર્શ થતાં રજકણો બેસી જાય.

૧૮. દેવો દ્વારા ઘૂંટણપૂર પુષ્પવૃષ્ટિ થાય અને પુષ્પોનાં ડીંટ નીચે રહે.

૧૯. અમનોજ્ઞ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શનો અભાવ.

૨૦. મનોજ્ઞ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પ્રકટ થાય.

૨૧. યોજન સુધી સંભળાય તેવો હૃદયહારી સ્વર હોય.

૨૨. ભગવંત અર્ધમાગધી ભાષામાં ધર્મ-દેશના આપે.

૨૩. તે અર્ધમાગધી ભાષા ઉપસ્થિત આર્ય, અનાર્ય, દ્વિપદ, ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી અને સરિસૃપોની દરેકની ભાષામાં દરેકને સમજાય તથા હિતકારી, સુખકારી અને કલ્યાણકારી લાગે.

૨૪. પૂર્વભવમાં એક બીજા વેરી હોય તેવા દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ અને મહોરગો અરહંત સમીપે પ્રસન્નચિત્ત બની ધર્મોપદેશ સાંભળે.

૨૫. અન્યતીર્થિકો નતમસ્તકે વંદન કરે.

૨૬. અરહંત સમીપે આવતા અન્યતીર્થિકો નિરુત્તર બને.

૨૭. જ્યાં જ્યાં અરહંત ભગવંત પધારે ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં પચ્ચીસ યોજનની સીમામાં જીવ-જંતુઓનો ઉપદ્રવ ન થાય.

૨૮. મહામારીનો ઉપદ્રવ ન થાય.

૨૯. સ્વસેના વિપ્લવ ન કરે.

૩૦. અન્ય રાજ્યની સેનાનો ઉપદ્રવ ન થાય.

૩૧. અધિક વર્ષા ન થાય.

૩૨. વર્ષાનો અભાવ ન થાય.

૩૩. દુષ્કાળ ન થાય.

૩૪. પહેલાં ઉત્પન્ન થયેલ ઉત્પાત તથા વ્યાધિઓનું શમન થાય.

૪૫૨. પાંત્રીશમો સત્યવચનનો અતિશય છે.

ચાતુર્યામ-ધર્મ-ઉપદેશક તીર્થંકરો—

૪૫૩. ભરત અને ઐરાવત ક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ તીર્થંકર સિવાયના વચ્ચેના બાવીશ તીર્થંકર ભગવંતો ચાતુર્યામ (ચાર મહાવ્રત રૂપી) ધર્મની પ્રરૂપણા કરે છે, જેમ કે—

૧. સર્વ પ્રકારની હિંસાથી નિવૃત્ત થવું, ૨. સર્વ પ્રકારના અસત્યથી નિવૃત્ત થવું, ૩. સર્વ પ્રકારના અદત્તાદાનથી નિવૃત્ત થવું, ૪. સર્વ પ્રકારના બાહ્ય પદાર્થોના આદાનથી નિવૃત્ત થવું.

બધા મહાવિદેહોમાં તીર્થંકર ભગવંતો ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા કરે છે, જેમ કે—

સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવૃત્ત થવું—યાવત્—સર્વ પ્રકારના બાહ્ય પદાર્થોના આદાનથી નિવૃત્ત થવું.

ચાતુર્યામ-ધર્મોપદેશક કૃષ્ણ આદિ ભાવી તીર્થંકરો—

૪૫૪. હે આર્ય ! કૃષ્ણ વાસુદેવ, રામ બલદેવ, ઉદક પેઢાલપુત્ર, પોટ્ટિલ મુનિ, શતક ગાથાપતિ, દારુક નિર્ગ્રંથ, સત્યકી નિર્ગ્રંથીપુત્ર, સુલસા શ્રાવિકા દ્વારા પ્રતિબોધિત અંબડ પરિવ્રાજક, ભગવાન પાર્શ્વનાથની પ્રશિષ્યા સુપાર્શ્વા આર્યા-આ બધા આગામી ઉત્સર્પિણીમાં ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા કરશે અને સિદ્ધ થશે-યાવત્-સર્વ દુઃખોનો અંત કરશે.

આગામી ઉત્સર્પિણીના તીર્થંકરો—

(તીર્થંકરોનાં નામો)—

૪૫૫. જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં ચોવીશ તીર્થંકરો થશે, તેમનાં નામ આ પ્રમાણે છે—

[સંગ્રહણી ગાથાઓ]—

૧. મહાપદ્મ, ૨. સૂરદેવ, ૩. સુપાર્શ્વ, ૪. સ્વયંપ્રભ, ૫. સર્વાનુભૂતિ, ૬. દેવશ્રુત, ૭. ઉદય, ૮. પેઢાલપુત્ર, ૯. પોટ્ટિલ, ૧૦. શતકીર્તિ, ૧૧. મુનિસુવ્રત, ૧૨. સર્વભાવવિદ્ ૧૩. અમમ, ૧૪. નિષ્કષાય, ૧૫. નિષ્પુલાક, ૧૬. નિર્મમ, ૧૭. ચિત્રગુપ્ત, ૧૮. સમાધિ, ૧૯. સંવર, ૨૦. અનિવૃત્તિ, ૨૧. વિજય, ૨૨. વિમલ, ૨૩. દેવોપપાત, ૨૪. અનંતવિજય

ભરતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં ધર્મતીર્થના ઉપદેશક એવા આ ચોવીશ તીર્થંકરો થશે.

પૂર્વભવનાં નામો—

૪૫૬. ઉક્ત ચોવીશ તીર્થંકરોના પૂર્વભવનાં નામો આ પ્રમાણે હશે, જેમ કે—

૧. શ્રેણિક, ૨. સુપાર્શ્વ, ૩. ઉદય, ૪. પોટ્ટિલ, ૫. દઢાયુ, ૬. કાર્તિક, ૭. શંખ ૮. નંદ, ૯. સુનંદ, ૧૦. શતક, ૧૧. દેવકી, ૧૨. સત્યકી, ૧૩. વાસુદેવ, ૧૪. બલદેવ, ૧૫. રોહિણી, ૧૬. સુલસા, ૧૭. રેવતી, ૧૮. મિયાલી, ૧૯. ભયાલી, ૨૦. દ્વિપાયન, ૨૧. કૃષ્ણ, ૨૨. નારદ, ૨૩. અંબડ, ૨૪. સ્વાતિબુદ્ધ.

—ભાવી તીર્થંકરોના પૂર્વભવનાં આ નામો જાણવાં.

તીર્થંકરોનાં માતા-પિતા—

૪૫૭. આ ચોવીશ તીર્થંકરોના ચોવીશ પિતા હશે, ચોવીશ માતા હશે, ચોવીશ પ્રથમ શિષ્યો હશે, ચોવીશ પ્રથમ ભિક્ષાદાતાઓ હશે અને ચોવીશ ચૈત્યવૃક્ષો હશે.

તીર્થંકરોના ઉપદેશની દુર્ગમતા-સુગમતા—

૪૫૮. પાંચ કારણોથી પ્રથમ અને અંતિમ જિનનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપદેશ એમના શિષ્યોને સમજવો કઠિન લાગે છે, જેમ કે—

૧. દુરાખ્યેય–મુશ્કેલીથી જેની વ્યાખ્યા થઈ શકે તેવો, ૨. દુર્વિભજય–જેનું વિભાગીકરણ કઠિન છે તેવો, ૩. દુર્દર્શ–સમજવો અઘરો છે તેવો, ૪. દુઃસહ–પરીષહ સહન કરવામાં કઠિન છે તેવો, ૫. દુરનુચર–આચારમાં ઉતારવો મુશ્કેલ છે તેવો.

પાંચ કારણોસર વચ્ચેના બાવીશ જિનોનો ઉપદેશ તેમના શિષ્યોને સરળ લાગે છે, જેમ કે—

૧. સુઆખ્યેય–સફળતાપૂર્વક વ્યાખ્યા થઈ શકે તેવો છે, ૨. સુવિભાજય–સારી રીતે વિભાગીકરણ કરી શકાય છે, ૩. સુદર્શ–સરળતાપૂર્વક સમજાય છે, ૪. સુસહ–શાંતિપૂર્વક પરીષહ સહન કરાય તેવો છે અને ૫. સુચર–સારી રીતે આચરી શકાય તેવો છે.

શ્રમણ-સંપદા—

૪૫૯. અરહંત કૌશલિક ઋષભદેવના ઋષભસેન પ્રમુખ ચોરાશી હજાર શ્રમણો હતા.

અરહંત વિમલનાથની અડસઠ હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણ-સંપદા હતી.

પુરુષાદાનીય અરહંત પાર્શ્વનાથની સોળ-હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણ-સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની ચૌદ હજાર શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણ-સંપદા હતી.

શ્રમણી-સંપદા—

૪૬૦ અરહંત શાંતિનાથની શ્રમણી સંપદા ઉત્કૃષ્ટ નેવ્યાશી હજારની હતી.

અરહંત મુનિસુવ્રતની પચાસ હજાર શ્રમણીઓ હતી.

અરહંત નમિનાથની ચાલીસ હજાર શ્રમણીઓ હતી.

પુરુષાદાનીય અરહંત પાર્શ્વનાથની આડ-ત્રીસ હજાર શ્રમણીઓની ઉત્કૃષ્ટ શ્રમણી-સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની છત્રીશ હજાર શ્રમણીઓ હતી.

શ્રાવિકા-સંપદા—

૪૬૧. અરહંત પાર્શ્વનાથના સંઘમાં ઉત્કૃષ્ટ શ્રાવિકા-સંપદા ત્રણ લાખ સત્તાવીશ હજાર શ્રાવિકાઓની હતી.

વાદી-સંપદા—

૪૬૨. અરહંત સુપાર્શ્વનાથના શિષ્યગણમાં છયાસી સો વાદી હતા.

અરહંત અરિષ્ટનેમિની દેવ, મનુષ્ય, અસુર લોકોથી પણ વાદમાં પરાજિત ન થનારા આઠ સો વાદી મુનિયોની ઉત્કૃષ્ટ સંપદા હતી.

અરહંત પાર્શ્વનાથની દેવ, મનુષ્ય, અસુરો દ્વારા પરાજિત ન થનારા છ સો વાદીઓની ઉત્કૃષ્ટ મુનિ-સંપદા હતી.

શ્રમણ ભગવાન મહાવીરની દેવ, મનુષ્ય, અસુરો દ્વારા વાદમાં પરાજિત ન થનારા ચારસો વાદી મુનિયોની ઉત્કૃષ્ટ વાદી-સંપદા હતી.

વૈક્રિયલબ્ધિ-સંપદા—

૪૬૩. અરહંત પાર્શ્વનાથના અગિયારસો શિષ્યો વૈક્રિયલબ્ધિધારી હતા.

શ્રમણ ભગવાન મહાવીરના સાતસો શિષ્યો વૈક્રિયલબ્ધિધારી હતા.

ચતુર્દશપૂર્વી-સંપદા—

૪૬૪. અરહંત શાંતિનાથના ત્રણ સો ચતુર્દશપૂર્વી મુનિઓ હતા.

અરહંત અરિષ્ટનેમિના ચાર સો ચતુર્દશ-પૂર્વી શ્રમણો હતા, જે જિન ન હોવા છતાં જિન સમાન યથાતથવાદી તથા સર્વાક્ષરસંયોગ-વાદી હતા.

પુરુષાદાનીય અરહંત પાર્શ્વનાથના સાડા ત્રણસો મુનિઓ ચૌદપૂર્વી હતા.

શ્રમણ ભગવાન મહાવીરના ત્રણસો મુનિઓ ચૌદપૂર્વી હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવધિજ્ઞાની-સંપદા—

૪૬૫. અરહંત અજિતનાથના ચોરાણું સો મુનિઓ અવધિજ્ઞાની હતા.

અરહંત કુંથુનાથના એકાણું સો મુનિઓ અવધિજ્ઞાની હતા.

અરહંત મલ્લિનાથના ઓગણસાઠ સો મુનિઓ અવધિજ્ઞાની હતા.

અરહંત નમિનાથના ઓગણચાલીસ સો મુનિઓ અવધિજ્ઞાની હતા.

મનઃપર્યાયજ્ઞાની-સંપદા—

૪૬૬. અરહંત કુંથુનાથના એકાશી સો મુનિઓ મનઃપર્યાયજ્ઞાની હતા.

અરહંત મલ્લિનાથના સત્તાવન સો મુનિઓ મનઃપર્યાયજ્ઞાની હતા.

તીર્થંકરોની જિન-સંપદા—

૪૬૭. અરહંત સુવિધિનાથ પુષ્પદંતના પંચોતેરસો સામાન્ય કેવળી હતા.

અરહંત કુંથુનાથના બત્રીસ સો સામાન્ય કેવળી હતા.

અરહંત પાર્શ્વનાથના એક હજાર સામાન્ય કેવળી મુનિઓ હતા.

શ્રમણ ભગવાન મહાવીરના સાત સો શિષ્યો કેવળજ્ઞાની હતા.

અનુત્તરોપપાતિક-સંપદા—

૪૬૮. શ્રમણ ભગવાન મહાવીરના ઉત્કૃષ્ટ આઠ સો શિષ્યો એવા હતા જેમની કલ્યાણકારી અનુત્તરોપપાતિક દેવગતિ-યાવત્-ભવિષ્યમાં મોક્ષગતિ નિશ્ચિત હતી.

તીર્થંકરોનો અંતરકાળ—

૪૬૯. ભગવાન ઋષભદેવ અને અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર વર્ધમાન વચ્ચેનો અંતરકાળ એક કોટાકોટિ સાગરોપમ છે.

સંભવનાથ અરહંતની મુક્તિ પછી દશ લાખ કરોડ સાગરોપમ વ્યતીત થયા બાદ અભિનંદન અરહંત થયા હતા.

અભિનંદન અરહંત પછી સુમતિનાથ અરહંત નવ લાખ કરોડ સાગરોપમ વીત્યે થયા હતા.

ધર્મનાથ તીર્થંકર પછી ત્રણચતુર્થાંશ (પોણો) પલ્યોપમ ઓછા એટલા ત્રણ સાગરોપમ (અર્થાત્ સવા બે સાગરોપમ) પછી શાંતિનાથ અરહંત થયા હતા.

ઋષભાદિ અરહંતોના પર્યુષણકલ્પ-નિર્વહણ સમય—

૪૭૦. કૌશલિક અરહંત ઋષભદેવને નિર્વાણ પામ્યાને -યાવત્-સર્વ દુઃખોથી મુક્ત થયાને જ્યારે ત્રણ વર્ષ સાડા આઠ માસ વીત્યા અને ત્યાર પછી બેંતાલીસ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ઓછા એવો એક કોટાકોટિ સાગરોપમ સમય ગયો ત્યારે શ્રમણ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા. ત્યાર બાદ પણ નવ સો વર્ષ વીતી ગયાં છે અને અત્યારે દશમી શતાબ્દીનું એંશીમું વર્ષ ચાલી રહ્યું છે.

અરહંત અજિતને-યાવત્-સર્વદુઃખોથી મુક્ત થયાને પચાસ લાખ કરોડ સાગરોપમ જેટલો સમય વીતી ગયો, બાકી બધું જેમ શીતળનાથ વિશે કહ્યું છે તેમ જાણવું, તે આ પ્રમાણે : અર્થાત્ એ પચાસ લાખ કરોડ સાગરોપમ જેટલા સમયમાંથી બેંતાલીશ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાદ કરતાં જે સમય આવે તે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા ઇત્યાદિ.

અરહંત સંભવનાથને-યાવત્-સર્વ દુઃખોથી મુક્ત થયાને વીશ લાખ કરોડ સાગરોપમ જેટલો સમય વીતી ગયો, બાકી બધું જેમ શીતળનાથ વિશે કહ્યું તેમ જાણવું, એ આ પ્રમાણે, અર્થાત્ એ વીશ લાખ કરોડ સાગરોપમ જેટલા સમયમાંથી બેંતાલીશ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાદ કરતાં જે સમય આવે તે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા ઇત્યાદિ.

અરહંત અભિનંદનને-યાવત્-સર્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખોથી મુક્ત થયાને દશ લાખ કરોડ સાગરોપમ જેટલો સમય વીતી ગયો, બાકી બધું જેમ શીતળનાથ વિશે કહ્યું છે તેમ જાણવું. તે આ પ્રમાણે : અર્થાત્ તે દશ લાખ કરોડ સાગરોપમ જેટલા સમયમાંથી બેંતાલીશ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાદ કરતાં જે સમય આવે તે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા. ઇત્યાદિ.

અરહંત સુમતિનાથને–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને એક લાખ કરોડ સાગરોપમ જેટલો સમય વીતી ગયો, બાકી બધું જેમ શીતળનાથ વિશે કહ્યું છે તેમ જાણવું, એ આ પ્રમાણે : અર્થાત્ તે એક લાખ કરોડ સાગરોપમ જેટલા સમયમાંથી બેંતાલીશ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાદ કરતાં જે સમય આવે તે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા, ઇત્યાદિ.

અરહંત પદ્મપ્રભને–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને દશ હજાર કરોડ સાગરોપમ જેટલો સમય વીતી ગયો, બાકી બધું જેમ શીતળનાથ વિશે કહ્યું છે તેમ જાણવું, તે આ પ્રમાણે : અર્થાત્ એ દશ હજાર કરોડ સાગરોપમમાંથી બેતાલીશ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાદ કરતાં જે સમય આવે તે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા ઇત્યાદિ.

અરહંત સુપાર્શ્વને–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને એક હજાર કરોડ સાગરોપમ જેટલો સમય વીતી ગયો, બાકી બધું જેમ શીતળનાથ વિશે કહ્યું છે તેમ જાણવું, તે આ પ્રમાણે : અર્થાત્ એ એક હજાર કરોડ સાગરોપમમાંથી બેંતાલીશ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાદ કરતાં જે સમય આવે તે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા ઇત્યાદિ.

અરહંત ચન્દ્રપ્રભને–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને એક સો કરોડ સાગરોપમ જેટલો સમય વીતી ગયો, બાકી બધું જેમ શીતળનાથ વિશે કહ્યું તેમ જાણવું, તે આ પ્રમાણે : અર્થાત્ એ સો કરોડ સાગરોપમમાંથી બેંતાલીશ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાદ કરતાં જે સમય આવે તે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા ઇત્યાદિ.

અરહંત સુવિધિનાથ પુષ્પદંતને–યાવત્–સર્વ દુઃખોથી પૂર્ણ મુક્ત થયાને દશ કરોડ સાગરોપમ જેટલો સમય વીતી ગયો અને બાકી બધું જેમ અરહંત શીતળ વિશે કહ્યું છે તેમ જાણવું, તે આ પ્રમાણે : અર્થાત્ એ દશ કરોડ સાગરોપમમાંથી બેંતાલીશ હજાર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાદ કરતાં જે સમય આવે તે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા ઇત્યાદિ.

અરહંત શીતળનાથને–યાવત્–સર્વ દુઃખોથી પૂર્ણ મુક્ત થયાને બેંતાલીશ હજાર અને સાડા આઠ માસ એટલા સમયથી ઊણા એક કરોડ સાગરોપમ વીતી ગયા પછી એ સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા અને ત્યાર પછી આગળ નવસો વર્ષ વીતી ગયાં અને પછી આ દશમી શતાબ્દીનું એંશીમું વર્ષ ચાલે છે.

અરહંત શ્રેયાંસનાથને–યાવત્–સર્વ દુઃખોથી સંપૂર્ણ મુક્ત થયાને એક સો સાગરોપમ સમય વીતી ગયો છે, તે પછી પાંસઠ લાખ વર્ષ વીત્યા પછી ઇત્યાદિ બધું વર્ણન ભગવાન મલ્લિનાથના પ્રસંગાનુસાર જાણવું.

અરહંત વાસુપૂજ્યને–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને છેંતાલીશ સાગરોપમ જેટલો સમય વીતી ગયો છે અને ત્યાર પછી પાંસઠ લાખ વર્ષ વીત્યે ઇત્યાદિ બધું જેમ મલ્લિનાથના પ્રસંગે કહ્યું છે તેમ જાણવું.

અરહંત વિમળનાથને–યાવત્–સર્વ દુઃખોથી પૂર્ણ મુક્ત થયાને સોળ સાગરોપમ જેટલો સમય વ્યતીત થયો છે અને ત્યાર પછી પાંસઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ વર્ષ વીતી ગયાં છે ઇત્યાદિ બાકીનું બધું વર્ણન મલ્લિનાથના પ્રસંગ અનુસાર જાણવું.

અરહંત અનંતનાથને–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને સાત સાગરોપમ જેટલો સમય વીતી ગયો છે અને ત્યાર પછી પાંસઠ લાખ વર્ષ વીત્યાં ઇત્યાદિ બાકીનું વર્ણન મલ્લિનાથના પ્રસંગાનુસાર જાણવું.

અરહંત ધર્મનાથને–યાવત્–સર્વ દુઃખોથી સંપૂર્ણ મુક્ત થયાને ત્રણ સાગરોપમ જેટલો સમય વીતી ગયો, ત્યાર બાદ પાંસઠ લાખ વર્ષ વીત્યાં ત્યારે ઇત્યાદિ બધું મલ્લિનાથના પ્રસંગાનુસાર જાણવું.

અરહંત શાંતિનાથને–યાવત્–સર્વ દુઃખોથી પૂર્ણ મુક્ત થયે ચાર ભાગ ઊણા એક પલ્યોપમ એટલે કે અર્ધા પલ્યોપમ જેટલો સમય વીત્યો, ત્યાર બાદ પાંસઠ લાખ વર્ષ વીત્યાં ત્યારે ઇત્યાદિ બધું વર્ણન મલ્લિનાથના પ્રસંગાનુસાર જાણવું.

અરહંત કુંથુનાથને–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને એક પલ્યોપમના ચોથા ભાગ જેટલો સમય વીતી ગયો, ત્યાર બાદ પાંસઠ લાખ વર્ષ વીત્યાં ઇત્યાદિ બાકીનું બધું મલ્લિનાથના પ્રસંગાનુસાર સમજવું.

અરહંત અરનાથને–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને એક હજાર કરોડ વર્ષ વીતી ગયાં, અહીં બાકીનું વર્ણન ભગવાન મલ્લિનાથના પ્રસંગાનુસાર જાણવું. તે આ પ્રમાણે : અરહંત અરના નિર્વાણ પછી એક હજાર કરોડ વર્ષે અરહંત મલ્લિનાથનું નિર્વાણ અને અરહંત મલ્લિનાથના નિર્વાણ પછી પાંસઠ લાખ અને ચોરાશી હજાર વર્ષ વીતી ગયા પછી તે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા અને ત્યાર પછી નવસો વર્ષ વીતી ગયાં છે અને હવે તે પર દશમા શતકનું એંશીમું વર્ષ ચાલે છે,

અરહંત મલ્લિનાથને-યાવત્–સર્વ દુઃખોથી પૂર્ણ મુક્ત થયાને પાંસઠ લાખ ચોરાશી હજાર નવસો વર્ષ વીતી ગયાં, તે પર અત્યારે દશમી શતાબ્દીનું એંશીમું વર્ષ ચાલે છે.

અરહંત મુનિસુવ્રતને–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને અગિયાર લાખ ચોરાશી હજાર નવસો વર્ષ વીતી ગયાં અને તે પછી દશમી શતાબ્દીનું એંશીમું વર્ષ ચાલુ રહ્યું છે.

અરહંત નમિને નિર્વાણ પામ્યે–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને પાંચ લાખ ચોરાશી હજાર નવસો વર્ષ વીતી ગયાં અને તે પર દશમા શતકનું આ એંશીમું વર્ષ ચાલી રહ્યું છે.

અરહંત અરિષ્ટનેમિને નિર્વાણ પામ્યાને–યાવત્–સર્વ દુઃખોથી પૂર્ણપણે મુક્ત થયાને ચોરાશી હજાર વર્ષ વીતી ગયાં અને તે પર પંચાશીમા હજારનાં પણ નવસો વર્ષ વીતી ગયાં છે અને દશમા શતકનું આ એશીમું વર્ષ ચાલી રહ્યું છે, અર્થાત્ અરહંત અરિષ્ટનેમિને નિર્વાણ પામ્યાને ચોરાશી હજાર નવસો એંશી વર્ષ થયાં છે.

પુરુષાદાનીય અરહંત પાર્શ્વને નિર્વાણ પામ્યાને–યાવત્–સર્વ દુઃખોથી પૂર્ણ મુક્ત થયાને બારસો વર્ષ વીતી ગયાં અને હવે આ તેરસોમું વર્ષ ચાલી રહ્યું છે.

શ્રમણ ભગવાન મહાવીરને–યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થયાને નવસો વર્ષ વીતી ગયાં છે. ત્યાર પછી આ હજારમા વર્ષનું એશીમું વર્ષ ચાલી રહ્યું છે, અન્ય વાચના મુજબ ત્રાણુમું વર્ષ ચાલી રહ્યું છે.

ગણ અને ગણધરો—

૪૭૧. કૌશલિક અરહંત ઋષભના ચોરાશી ગણ અને ચોરાશી ગણધર હતા.

અરહંત અજિતનાથના નેવુ ગણ અને નેવુ ગણધર હતા.

અરહંત સુપાર્શ્વનાથના પંચાણુ ગણ અને પંચાણુ ગણધર હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરહંત ચન્દ્રપ્રભના ત્રાણુ ગણ અને ત્રાણુ ગણધર હતા.

અરહંત સુવિધિનાથ પુષ્પદંતના છયાસી ગણ અને છયાસી ગણધર હતા.

અરહંત શીતળનાથના ત્યાશી ગણ અને ત્યાંસી ગણધર હતા.

અરહંત શ્રેયાંસનાથના છાસઠ ગણ અને છાસઠ ગણધર હતા.

અરહંત વાસુપૂજ્યના બાસઠ ગણ અને બાસઠ ગણધર હતા.

અરહંત વિમલનાથના છપ્પન ગણ અને છપ્પન ગણધર હતા.

અરહંત અનંતનાથના ચોપન ગણ અને ચોપન ગણધર હતા.

અરહંત ધર્મનાથના અડતાલીસ ગણ અને અડતાલીસ ગણધર હતા.

અરહંત શાંતિનાથના નેવુ ગણ અને નેવુ ગણધર હતા.

અરહંત કુંથુનાથના સાડત્રીસ ગણ અને સાડત્રીસ ગણધર હતા.

પુરુષાદાનીય અરહંત પાર્શ્વનાથના આઠ ગણ અને આઠ ગણધર હતા, જેમનાં નામ છે-

૧. શુભ, ૨. શુભઘોષ, ૩. વશિષ્ટ, ૩. બ્રહ્મચારી, ૫. સોમ, ૬. શ્રીધર, ૭. વીરભદ્ર, ૮. યશ.

શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણ હતા, તે આ પ્રમાણે-ગોદાસ ગણ, ઉત્તર બલિસ્સહ ગણ, ઉદ્દેહ ગણ, ચારણ ગણ, ઊર્ધ્વવાનિક ગણ, વિશ્વવાદી ગણ, કામર્દ્ધિક ગણ, માનવ ગણ અને કોટિક ગણ.

શ્રમણ ભગવાન મહાવીરના અગિયાર ગણધર હતા, તેમનાં નામ આ પ્રમાણે છે—

ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિતપુત્ર, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ.

મહાવીરના ગણો અને ગણધરો—

૪૭૨. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણ અને અગિયાર ગણધરો હતા.

હે ભગવંત! શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણ અને અગિયાર ગણધરો હતા તેમ કહેવાય છે તે કઈ રીતે?

શ્રમણ ભગવાન મહાવીરના—

૧. જ્યેષ્ઠ શિષ્ય ઇન્દ્રભૂતિ નામે ગૌતમ ગોત્રીય અનગાર પાંચસો શ્રમણોને વાચના આપતા હતા.

૨. દ્વિતીય શિષ્ય ગૌતમગોત્રીય અગ્નિભૂતિ અનગાર પાંચસો શ્રમણોને વાચના આપતા હતા,

૩. તૃતીય શિષ્ય ગૌતમગોત્રીય લઘુ અનગાર વાયુભૂતિ પાંચસો શ્રમણોને વાચના આપતા હતા.

૪. ચતુર્થ શિષ્ય ભારદ્વાજગોત્રીય આર્ય વ્યક્ત સ્થવિરે પાંચસો શ્રમણોને વાચના આપેલી.

૫. પંચમ શિષ્ય અગ્નિવૈશ્યાયન-ગોત્રીય આર્ય સુધર્મા સ્થવિરે પાંચસો શ્રમણોને વાચના આપી હતી.

૬. છટ્ઠા શિષ્ય વાસિષ્ઠ-ગોત્રીય મંડિતપુત્ર સ્થવિરે ત્રણસો પચાસ શ્રમણોને વાચના આપી હતી.

૭. સાતમા શિષ્ય કાશ્યય-ગોત્રીય મૌર્યપુત્ર સ્થવિરે ત્રણસો પચાસ શ્રમણોને વાચના આપી હતી.

૮. આઠમા શિષ્ય ગૌતમગોત્રીય અકંપિત સ્થવિરે ત્રણસો શ્રમણોને વાચના આપી હતી.

૯. નવમા શિષ્ય હરિતાયન-ગોત્રીય અચલ-ભ્રાતા સ્થવિરે ત્રણસો શ્રમણોને વાચના આપી હતી.

૧૦. દશમા શિષ્ય કૌડિન્ય-ગોત્રીય મેતાર્ય સ્થવિરે ત્રણસો શ્રમણોને વાચના આપી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧. અગિયારમા શિષ્ય કૌડિન્ય-ગોત્રીય પ્રભાસ સ્થવિરે ત્રણસો શ્રમણોને વાચના આપી હતી.

આ રીતે હે આર્યો ! એમ કહેવામાં આવે છે કે શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણ અને અગિયાર ગણધરો હતા.

મહાવીરના ગણધરોનો ગૃહવાસકાળ—

૪૭૩. સ્થવિર અગ્નિભૂતિ સુડતાલીસ વર્ષ ગૃહવાસમાં રહી પછી મુંડિત થઈને પ્રવ્રજિત થયેલા.

સ્થવિર મૌર્યપુત્ર પાંસઠ વર્ષ ગૃહવાસમાં રહી પછી મુંડિત થઈને પ્રવ્રજિત થયેલા.

મંડિતપુત્રનો શ્રમણપર્યાય—

૪૭૪. મંડિતપુત્ર ગણધર ત્રીસ વર્ષ સુધી શ્રમણપર્યાય પાળી સિદ્ધ-યાવત્-સર્વ દુઃખોથી મુક્ત થયા.

મહાવીરના ગણધરોની આયુગણના—

૪૭૫. સ્થવિર ઇન્દ્રભૂતિ બાણુ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને સિદ્ધ-યાવત્-સર્વ દુઃખોથી મુક્ત થયા.

સ્થવિર અગ્નિભૂતિ ગણધર ચુમ્મોતેર વર્ષનું આયુષ્ય પૂરું કરીને સિદ્ધ-યાવત્-સર્વ દુઃખોથી મુક્ત થયા.

સ્થવિર મંડિતપુત્ર ત્યાસી વર્ષનું આયુષ્ય પૂરું કરીને સિદ્ધ-યાવત્-સર્વ દુઃખોથી મુક્ત થયા.

સ્થવિર મૌર્યપુત્ર પંચાણુ વર્ષનું આયુષ્ય પૂરું કરીને સિદ્ધ-યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયા

સ્થવિર અકંપિત અઠ્ઠોતેર વર્ષનું આયુષ્ય પૂરું કરીને સિદ્ધ-યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયા.

સ્થવિર અચલભ્રાતા બોંતેર વર્ષનું આયુષ્ય પૂરું કરીને સિદ્ધ-યાવત્-સર્વ દુઃખોથી મુક્ત થયા.

ભગવાન મહાવીરના ગૌતમ ગણધર—
રાજગૃહમાં મહાવીરનું આગમન—

૪૭૬. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું-વર્ણન [અહીં નગરવર્ણનના પાઠનું કથન કરવું]. તે રાજગૃહ નગરની બહાર ઉત્તરપૂર્વ દિશામાં (ઈશાન કોણમાં) ગુણશીલ નામે ઉદ્યાન હતું.

૪૭૭. તે કાળે તે સમયે આદિકર, તીર્થંકર, સ્વયંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષોમાં ઉત્તમ પુંડરીક સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ સમાન, લોકોત્તમ, લોકનાથ, લોકપ્રદીપ, લોકપ્રકાશક, અભયદાતા. ચક્ષુ(જ્ઞાનરૂપ દૃષ્ટિ)દાતા, માર્ગ (ધર્મરૂપી માર્ગ)દાતા, શરણદાતા, ધર્મદાતા, ધર્મઉપદેશક, ધર્મરૂપી રથના સારથી, ધર્મના સાર્વભૌમ ચક્રવર્તી, અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન-દર્શનના ધારક, વિગતછદ્મ (ચાર ઘાતી કર્મોના છેદક), જિન, જ્ઞાતા, બુદ્ધ, બોધદાતા, મુક્ત, મુક્તિદર્શક, સર્વજ્ઞ, સર્વદર્શી તથા શિવ (કલ્યાણકર્તા), અચલ, અરુજ (રોગ રહિત), અનંત, અક્ષય, બાધારહિત, પુનરાવૃત્તિ (પુનર્જન્મ)રહિત એવા સિદ્ધિગતિ નામક સ્થાનની પ્રાપ્તિ માટેની આકાંક્ષાવાળા શ્રમણ ભગવાન મહાવીર વિચરતા હતા-યાવત્-સમવશરણ[સુધીનું વર્ણન અહીં કહેવું].

૪૭૮. પરિષદા (ઉપદેશ સાંભળવા આતુર નગરજનોની સભા) મળી, ભગવાને ધર્મોપદેશ કર્યો પરિષદ્-જનો પુનઃ પાછા ગયા.

ઇન્દ્રભૂતિ ગૌતમ—

૪૭૯. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના મહાવીરના જ્યેષ્ઠ (વડા) શિષ્ય ગૌતમ-ગોત્રીય ઇન્દ્રભૂતિ નામે અનગાર હતા, તેઓ સમચતુરસ્ર, સંસ્થાનવાળા, સાત હાથ ઊંચા, વજ્ર-ઋષભ સંહનનવાળા, વિશુદ્ધ સુવર્ણ જેવી કાંતિવાળા, કમળકેશર સમાન ગૌરવર્ણના, ઉગ્ર તપસ્વી, દીપ્ત તપસ્વી, તપ્ત તપસ્વી, મહા તપસ્વી, ઉદાર, અતિમહા તપસ્વી, અતિ મહા બ્રહ્મચારી, શરીર પ્રતિ નિસ્પૃહ, સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યાધારી, ચૌદપૂર્વના જ્ઞાતા, ચાર જ્ઞાનધારી, સર્વાક્ષરસન્નિવેશસંયોગવેદી હતા, તેઓ શ્રમણ ભગવાન મહાવીર સમીપે, અતિ દૂર નહીં તેમ અતિ પાસે નહીં તેવી રીતે રહી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધૂંટણ વાળી, મસ્તક નમાવી, ધ્યાનરૂપી કોષ્ઠમાં વિરાજી (ધ્યાનસ્થ બની), તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

૪૮૦. ત્યારબાદ જેમને શ્રદ્ધા ઉત્પન્ન થઈ હતી, તત્ત્વનિર્ણયમાં સંદેહ થયો હતો, કુતૂહલ થયું હતું, એવા જાતશ્રદ્ધ, જાતસંશય અને જાત-કુતૂહલ, સંજાતશ્રદ્ધ, સંજાતસંશય અને સંજાતકુતૂહલ, સમુત્પન્નશ્રદ્ધ, સમુત્પન્ન-સંશય અને સમુત્પન્નકુતૂહલ ભગવાન ગૌતમ પોતાના સ્થાન પરથી ઊઠ્યા, ઊઠીને જ્યાં ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને ભગવાન મહાવીરની ત્રણ વાર પ્રદ-ક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, નમસ્કાર કરીને, ન અતિ નિકટ ન અતિ દૂર એવા યોગ્ય સ્થાને વિનયપૂર્વક, મસ્તક નમાવીને, હાથ જોડીને,ભગવાનની સન્મુખ બેસી આ પ્રમાણે બોલ્યા.

૪૮૧. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણ અને અગિયાર ગણધરો હતા.

૪૮૨. હે ભદંત! એમ કઈ રીતે કહેવાય છે કે શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણ અને અગિયાર ગણધરો હતા ?

૪૮૩. શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમગોત્રીય ઇન્દ્રભૂતિ અનગારે પાંચસો શ્રમણોને વાચના આપી હતી, બીજા ગૌતમ-ગોત્રીય અગ્નિભૂતિ અનગારે પાંચસો શ્રમ-ણોને વાચના આપેલી, ત્રીજા ગૌતમગોત્રીય અનગારે પાંચસો શ્રમણોને વાચના આપેલી, ચોથા ભારદ્વાજ-ગોત્રીય આર્ય વ્યક્ત સ્થવિરે પાંચસો શ્રમણોને વાચના આપી હતી, પાંચમા અગ્નિવૈશ્યાયન-ગોત્રીય આર્ય સુધર્મા સ્થવિરે પાંચસો શ્રમણોને વાચના આપી હતી, છઠ્ઠા વાસિષ્ઠગોત્રીય મંડિતપુત્ર સ્થવિરે ત્રણસો પચાસ શ્રમણોને વાચના આપી હતી, સાતમા કાશ્યપ-ગોત્રીય મૌર્યપુત્ર સ્થવિરે સાડાત્રણસો શ્રમણોને વાચના આપી હતી, આઠમા અને નવમા ગૌતમગોત્રીય અકંપિત સ્થવિરે તથા હરિતાયનગોત્રીય અચલભ્રાતા સ્થવિરે ત્રણસો ત્રણસો શ્રમણોને વાચના આપી હતી, દશમા-અગિયારમા કૌડિન્યગોત્રીય આર્ય મેતાર્ય તથા આર્ય પ્રભાસ સ્થવિરે ત્રણસો ત્રણસો શ્રમણોને વાચના આપી હતી.

૪૮૪. આ કારણે હે આર્યો! એમ કહેવામાં આવે છે કે શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણ અને અગિયાર ગણધરો હતા.

૪૮૫. શ્રમણ ભગવાન મહાવીરના આ અગિયારે ગણધરો દ્વાદશાંગીના જ્ઞાતા, ચૌદપૂર્વના જ્ઞાતા તથા સમગ્ર ગણિપિટકના ધારક હતા. તેઓ બધા રાજગૃહનગરમાં એક માસ સુધી નિર્જળ ઉપવાસ-અનશન કરી કાળધર્મ પામ્યા હતા-યાવત્-સર્વ દુઃખોથી હીન બન્યા હતા.

૪૮૬. સ્થવિર ઇન્દ્રભૂતિ અને સ્થવિર આર્ય સુધર્મા ભગવાન મહાવીરના પરિનિર્વાણ પછી નિર્વાણ પામ્યા.

આજ જે શ્રમણ નિર્ગ્રંથો વિચરે છે, વિદ્યમાન છે તે બધા આર્ય સુધર્મા અન-ગારના સંતાનીય છે. બાકીના બધા ગણધરોની શિષ્ય-પરંપરા વિચ્છિન્ન બની ગઈ.

૪૮૭. શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપગોત્રીય હતા. કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી શિષ્ય સ્થવિર આર્ય સુધર્મા અગ્નિવૈશ્યાયન ગોત્રના હતા.

૪૮૮. અગ્નિવૈશ્યાયન-ગોત્રીય આર્ય સુધર્મા સ્થવિરના અંતેવાસી શિષ્ય આર્ય જંબૂ કાશ્યપ-ગોત્રીય હતા.

૪૮૯. કાશ્યપ-ગોત્રીય સ્થવિર આર્ય જંબૂના અંતે-વાસી સ્થવિર આર્ય પ્રભવ કાત્યાયન-ગોત્રીય હતા.

૪૯૦. કાત્યાયન-ગોત્રીય સ્થવિર આર્ય પ્રભવના અંતેવાસી શિષ્ય સ્થવિર આર્ય શય્યંભવ વાત્સ્ય ગોત્રના હતા.

૪૯૧. મનક-પિતા આર્ય શય્યંભવ સ્થવિરના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતેવાસી સ્થવિર આર્ય યશોભદ્ર તુંગિયાયન-ગોત્રીય હતા.

આ રીતે ગણધરાદિ સ્થવિરાવલી સમાપ્ત થઈ.

અચ્છેરક (આશ્ચર્યમય ઘટનાઓ)—

૪૯૨. દશ અચ્છેરક (વર્તમાન અવસર્પિણીમાં થયેલ દશ આશ્ચર્યકારી ઘટનાઓ) આ પ્રમાણે છે—

૧. ઉપસર્ગ—ભગવાન મહાવીરને કેવલી અવસ્થામાં પણ ગોશાલક દ્વારા ઉપસર્ગ થયેલ તે.

૨. ગર્ભહરણ—ગર્ભસ્થ-ભગવાન મહાવીરની દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલા માતાની કુક્ષિમાં હરિણગમેષી દ્વારા થયેલ સંક્રાંતિ.

૩. સ્ત્રીતીર્થંકર—ભગવાન મલ્લિનાથ સ્ત્રીલિંગમાં તીર્થંકર થયા.

૪. અભાવિત પરિષદા—ભગવાન મહાવીરની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ.

૫. અપરકંકામાં કૃષ્ણગમન—દ્રૌપદીને લાવવા કૃષ્ણવાસુદેવ અપરકંકા નગરીમાં ગયા.

૬. ચંદ્ર-સૂર્ય-અવતરણ—ભગવાન મહાવીરની વંદના માટે કૌશામ્બી નગરીમાં શાશ્વત વિમાન સહિત ચંદ્ર-સૂર્ય ઊતર્યા.

૭. હરિવંશ કુલોત્પત્તિ—હરિવર્ષ ક્ષેત્રના યુગલિકોનું ભરત ક્ષેત્રમાં આગમન અને એમના દ્વારા હરિવંશની ઉત્પત્તિ.

૮. ચમરોત્પાત—ચમરેન્દ્રનું સૌધર્મ દેવલોકમાં જવું.

૯. એકસો આઠ સિદ્ધો—એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસો આઠ સિદ્ધ થયા.

૧૦. અસંયત પૂજા—આરંભ અને પરિગ્રહ કરનારા અસંયત જનોની પૂજા. આ દશ આશ્ચર્ય અનંતકાળ પછી આ અવસર્પિણી કાળમાં થયાં.

શ્રી તીર્થંકર સામાન્ય સમાપ્ત

૯. ભરત ચક્રવર્તી-ચરિત્ર

ભરત ચક્રવર્તીનું વર્ણન—

૪૯૩. તે વિનીતાનગરીમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી સમ્રાટ થયો, તે મહાહિમવંત મહામલય મેરુ સમાન અચલ—યાવત્—રાજ્ય શાસન ચલાવતો હતો.

બીજા પ્રકારે તે રાજાનું વર્ણન—

૪૯૪. ત્યાં [વિનીતામાં] અસંખ્યાત વર્ષો બાદ યશસ્વી, શ્રેષ્ઠ, અભિજાત કુળવાન, સત્ય, વીર્ય અને પરાક્રમ ગુણયુક્ત, પ્રશસ્ત વર્ણ, સ્વર, શરીરબંધારણ, શક્તિ, બુદ્ધિ, ધારણશક્તિ, મેધા, સંસ્થાન અને શીલ તથા પ્રકૃતિવાળો, ગૌરવાન્વિત કાન્તિ અને ગતિવાળો, અનેક પ્રભાવશાળી વચન બોલનાર, તેજ, આયુષ્ય, બળ અને વીર્યયુક્ત, ઘન સુશ્લિષ્ટ લોહશૃંખલા સમાન સુદઢ વજ્રઋષભ નારાચ સંહનનવાળા દેહયુક્ત,

૧. મીન યુગલ, ૨. યુગ, ૩. ભૃંગાર(ઝારી), ૪. વર્ધમાનક, ૫. ભદ્રાસન, ૬. શંખ, ૭. છત્ર, ૮. ચામર, ૯. પતાકા, ૧૦. ચક્ર, ૧૧. હળ, ૧૨. મૂશળ, ૧૩. રથ, ૧૪. સ્વસ્તિક, ૧૫. અંકુશ, ૧૬. ચંદ્ર, ૧૭. સૂર્ય, ૧૮. અગ્નિ ૧૯. યૂપ (યજ્ઞસ્તંભ), ૨૦. સમુદ્ર, ૨૧. ઇન્દ્રધ્વજ, ૨૨. પૃથ્વી, ૨૩. પદ્મ, ૨૪. હાથી, ૨૫. સિંહ, ૨૬. દંડ, ૨૭. કાચબો, ૨૮. ગિરિવર, ૨૯. શ્રેષ્ઠ અશ્વ, ૩૦. મુકુટ, ૩૧. કુંડલ, ૩૨. નંદ્યાવર્ત, ૩૩. ધનુષ્ય, ૩૪. ભાલો, ૩૫. મત્સ્ય ૩૬. ભવનવિમાન આદિ અનેક પ્રશસ્ત, સ્પષ્ટ વિવિધ ભાગ પર આવેલાં ચિહ્નોથી યુક્ત સુંદર હાથ અને પગનાં તળિયાવાળો, જેની રોમરાજિ ઊર્ધ્વમુખ છે (ઢંચાડા ઉપર મોંવાળા છે) તેવો, સુકોમળ સ્નિગ્ધ, મૃદુ અને પ્રશસ્ત રોમગુચ્છ જેના વિશાળ વક્ષસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન રચે છે તેવો,

સપ્રમાણ અંગોપાંગયુક્ત દેહધારી, બાલ સૂર્યનાં કિરણો દ્વારા વિકાસિત શ્રેષ્ઠ કમળના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગર્ભભાગ જેવા વર્ણવાળો, અશ્વના પૃષ્ઠપ્રદેશ જેવા નિરૂપલેપ પૃષ્ઠભાગધારી, પદ્મ, ઉત્પલ, કુંદ, જાઈ, જૂહી, ચંપક, નાગકેશર, કસ્તૂરી જેવી ગંધવાળો, રાજાને યોગ્ય છત્રીશ ગુણયુક્ત એકછત્ર શાસનવાળો, માતૃ-પિતૃ ઉભયપક્ષ પ્રશસ્ત છે તેવો, પોતાના વિશુદ્ધ કુળરૂપી ગગનના પૂર્ણ ચન્દ્ર સમાન, ચંદ્રની જેમ સૌમ્યપણાથી નયન-મનને સુખ આપનાર, અક્ષુબ્ધ સાગર સમાન સ્થિરચિત્ત, કુબેર સમાન સર્વ ભોગસામગ્રીનો ભોક્તા, યુદ્ધમાં અપરાજિત, પરાક્રમી, અમરપતિ ઈન્દ્ર સમાન રૂપવંત, નરપતિ ભરત ચક્રવર્તી શત્રુઓનો ઉચ્છેદ કરી ભરત ક્ષેત્રનું રાજ્ય ભોગવતો હતો.

ચક્રરત્નની ઉત્પત્તિ—

૪૯૫. ત્યાર બાદ એક વખત રાજા ભરતની આયુધ-શાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું.

ત્યારે ભરત રાજાના આયુધશાળા-રક્ષકે ચક્રરત્ન ઉત્પન્ન થયેલ જોયું, જોઈને હૃષ્ટ-તુષ્ટ, આનંદિત મનવાળો, પ્રસન્ન ચિત્તવાળો, હર્ષથી રોમાંચિત થઈને, હર્ષથી ફુલાઈને તે જ્યાં ચક્રરત્ન ઉત્પન્ન થયું હતું તે સ્થાન પર આવ્યો, આવીને ચક્રરત્નની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને હાથ જોડી નમ્રપણે ચક્રરત્નને પ્રણામ કર્યા, પ્રણામ કરીને આયુધશાળાની બહાર આવ્યો, બહાર આવીને જ્યાં બહારની ઉપસ્થાનશાળા (રાજાનો બાહ્ય સભામંડપ) હતી, જ્યાં ભરત રાજા બેઠો હતો ત્યાં ગયો, ત્યાં જઈ બે હાથ જોડી-યાવત્-જય-જયઘોષથી વધાવી આ પ્રમાણે બોલ્યો—

હે દેવાનુપ્રિય! આપની આયુધશાળામાં દિવ્ય ચક્રરત્ન ઉત્પન્ન થયું છે, તે પ્રીતિદાયક, આનંદદાયક સમાચાર આપની પ્રીતિ અર્થે નિવેદન કરું છું.

૪૯૬. ત્યારે રાજા ભરત આયુધશાળા-રક્ષકની આ વાત સાંભળી, જાણી અત્યંત હૃષ્ટ-યાવત્-વિશેષ પ્રસન્ન થયો, તેનાં નયન અને વદન કમળની માફક ખીલ્યાં, તેના હાથમાં પહેરેલાં કડાં, ત્રુટિત, બાજુબંધ, મસ્તક પરનો મુકુટ, કાનનાં કુંડળ, વક્ષસ્થળ પરનો હાર આદિ ચંચળ બની ગયાં, ગળામાં લટકતી લાંબી ડોલતી માળાઓવાળો તે ઉત્કંઠિત થઈ તરત જ સિંહાસન પરથી ઊભો થયો, ઊભો થઈ પાદપીઠ પર પગ રાખી નીચે ઊતર્યો, નીચે ઊતરી પાદુકાઓ ઉતારી, પાદુકાઓ ઉતારી ઉત્તરીય વસ્ત્રનો ઉત્તરાસંગ (જનોઈ માફક ખભે વીંટાળવાની ક્રિયા) કરી, ઉત્તરાસંગ કરી પોતાના બન્ને હાથ જોડી ચક્રરત્ન તરફની દિશામાં સાત આઠ પગલાં ચાલ્યો, ચાલી ડાબો ઘૂંટણ ઊંચો અને જમણો જમીન પર અડાડી હાથ જોડીને-યાવત્-ચક્રરત્નને પ્રણામ કર્યા, પ્રણામ કરીને મુકુટ સિવાયનાં બધાં પહેરેલાં આભૂષણો ઉતાર્યાં, ઉતારીને આયુધશાળા-રક્ષકને આપી દીધાં, તદુપરાંત જીવનભર ચાલે તેટલું પ્રીતિદાન આપ્યું, પ્રીતિદાન આપી તેનો સત્કાર કર્યો, સન્માન કર્યું, સન્માન કરી જવાની રજા આપી, તેના ગયા બાદ પોતે પૂર્વ દિશામાં મુખ રાખી સિંહાસનારૂઢ થયો.

ચક્રરત્નનો અષ્ટાહ્નિક મહિમા-ઉત્સવ—

૪૯૭. ત્યાર બાદ તે ભરત રાજાએ પોતાના કૌટુંબિક પુરુષો(સેવકો)ને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે વિનીતાનગરીને તરત અંદર અને બહાર સ્વચ્છ કરો, સુગંધી જળનો શેરી-મહોલ્લા-માર્ગોમાં છંટકાવ કરો, માર્ગની બન્ને બાજુએ મંચ ઉપર મંચ ગોઠવાવો, વિવિધરંગી કાપડની ધ્વજા-પતાકાઓથી શણગાર કરો, સ્થાન સ્થાન પર બંદરવા બાંધો, ગોશીર્ષ અને રક્ત ચંદનના કળશો મૂકો, ચંદનના ઘડાઓથી સારી રીતે-યાવત્-સુગંધથી મનોહર બનાવો, નગરીને સુગંધવર્તી સમાન સુગંધિત કરો, કરાવો, અને કરી-કરાવી તે પ્રમાણે કર્યાની મને જાણ કરો.'

ત્યારે તે કૌટુંબિક પુરુષો ભરત રાજાની આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ્ઞા સાંભળી હૃષ્ટ-તુષ્ટ થયા-યાવત્-'જેવી સ્વામીની આજ્ઞા' એ પ્રમાણે વિનયપૂર્વક આજ્ઞા સ્વીકારી, સ્વીકારીને ભરત રાજા પાસેથી બહાર નીકળ્યા, બહાર નીકળીને આજ્ઞાનુસાર વિનીતાનગરીને સુશોભિત કરી-યાવત્-કરી કરાવીને તે પ્રમાણે કર્યાની જાણ રાજાને કરી.

૪૯૮. ત્યાર બાદ રાજા ભરત સ્નાનગૃહ તરફ ગયો, જઈને સ્નાનગૃહમાં પ્રવેશ્યો, પ્રવેશીને મૌક્તિક જાલયુક્ત ગવાક્ષોથી રમણીય અને મણિરત્ન-મય સુંદર ભોંયતળિયાવાળા સ્નાનમંડપમાં મણિરત્નજડિત સુંદર ચિત્રમય સ્નાનપીઠ પર સુખપૂર્વક બેઠો, પછી પવિત્ર જળથી, સુગંધી જળથી, પુષ્પજળથી અને શુદ્ધ જળથી વિવિધ પ્રકારે કલ્યાણકારી વિધિપૂર્વક સ્નાન કર્યું, સ્નાન પછી તેને સેંકડો કૌતુકમંગળવિધાનો કરવામાં આવ્યાં, પછી મૃદુ, સુકોમળ ગંધકષાય વસ્ત્રથી તેનાં અંગો લૂછીને સરસ સુગંધિત ગોશીર્ષ ચંદનથી લેપ કરવામાં આવ્યો, પછી અતિ મહર્ઘ વસ્ત્રરત્ન ધારણ કરી, પવિત્ર માળા અને વર્ણક વિલેપનો દ્વારા સજ્જ થઈ, મણિસુવર્ણના હાર, અર્ધહાર, ત્રિસરિક હાર, ઝૂમખાવાળા લાંબા હાર, કટિસૂત્ર (કંદોરો) આદિથી શોભાયમાન બનો, ગળામાં કંઠી પહેરી, આંગળિયોમાં વીંટીઓ પહેરી, લલિત આભૂષણો ધારણ કર્યાં, વિવિધ મણિજડિત કટક, ત્રુટિત વગેરે હાથમાં પહેર્યાં, વદનને પ્રકાશિત કરતાં કુંડળ ધારણ કર્યાં, મસ્તકને દેદીપ્યમાન કરતો મુકુટ ધારણ કર્યો, હારોથી આચ્છાદિત કરી વક્ષસ્થળને સજાવ્યું, લાંબા, ઘૂંટણ સુધી લટકતા સુંદર ઉત્તરીય વસ્ત્રને ખભા પર ધારણ કરી, સુવર્ણની મુદ્રિકાઓથી જેની આંગળીઓ પીળી દેખાતી હતી તેવા તેણે અનેક મણિમોથી જડિત, મહામૂલ્યવાન, કુશળ કારીગરો દ્વારા બનાવેલ, અત્યંત સુંદર આકારનું મજબૂત વીર-વલય હાથમાં પહેર્યું.

વધુ શું કહેવું ? કલ્પવૃક્ષની જેમ અલંકારોથી વિભૂષિત તેવા તે નરેન્દ્રના શિરે કોરંટ પુષ્પની માળાઓ લટકાવેલ છત્ર-યાવત્-ચારે બાજુ ચાર ચામર ઢોળવામાં આવતાં હતાં, મંગળ અને જય ના શબ્દઘોષો થઈ રહ્યા હતા, અનેક ગણનાયકો, દંડનાયકો-યાવત્-દૂત, સંધિપાલ વગેરેથી વીંટળાયેલો તે શ્વેત મહામેઘો વચ્ચે ઘેરાયેલા ચંદ્ર જેવો દર્શનીય લાગતો હતો, એવો નરપતિ હાથમાં ધૂપ-પુષ્પ-માળા આદિ લઈને સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, નીકળીને જે તરફ આયુધશાળા હતી અને જ્યાં ચક્રરત્ન હતું ત્યાં જવા તૈયાર થયો.

૪૯૯. જ્યારે તે રાજા ભરત ચાલ્યો ત્યારે રાજાના અનેક અધિકારીઓ, કોઈ હાથમાં કમળ લઈને તો કોઈ ઉત્પલ લઈને-યાવત્-કેટલાક શતપત્ર કમળ, કેટલાક સહસ્રપત્ર કમળ લઈને રાજાની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

ત્યારે ભરત રાજાની અનેક દાસીઓ—

[ગાથાઓ-]કોઈ કુબ્જા, કોઈ ચિલાતદેશીય, કોઈ ઠીંગણી, કોઈ મોટા પેટવાળી, કોઈ બર્બરિકા, કોઈ બકુશદેશની, કોઈ યવની, કોઈ પલ્હવદેશની, કોઈ ઈસિનિકા, કોઈ થારુકિનિક દેશની, કોઈ લાશિકા, કોઈ લકુશદેશની, કોઈ દ્રવિડ, કોઈ સિંહલી, કોઈ આરબી, કોઈ પુલિંદ દેશની, કોઈ પક્કણ દેશની, કોઈ બહલિક દેશની, કોઈ મુરુંડી, વળી કોઈ શબરી અને પારસ દેશની-[બધી પાછળ ચાલી.]

આ દાસીઓમાં કોઈના હાથમાં મંગળ-કળશ હતો, તો કોઈએ ઝારી હાથમાં લીધી હતી, કોઈએ દર્પણ, કોઈએ થાળ, કોઈએ પાત્રી, કોઈએ સુપ્રતિષ્ઠક (પાત્રવિશેષ), કોઈએ વાતકટક (વાટકા જેવું પાત્ર), કોઈએ રત્ન-કરંડક, કોઈએ પુષ્પની છાબડી, કોઈએ માળા, કોઈએ વર્ણ, ચૂર્ણ, ગંધ, વસ્ત્ર, આભરણ, મોરપીંછની છાબડી, પુષ્પગુચ્છ-યાવત્-કોઈએ મોરપીંછ હાથમાં લીધાં હતાં, કેટલીકે સિંહાસન ઊંચકયાં હતાં, કેટલીકે છત્ર હાથમાં લીધાં હતાં, કેટલીકના હાથમાં ચામર હતાં, કેટલીકે વળી તેલપાત્ર હાથમાં લીધા હતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[ગાથા—] વળી કેટલીક તેલપાત્ર, કેટલીક ચોય(સુગંધી દ્રવ્યવિશેષ)પાત્ર, કેટલીક તગર-પાત્ર, કેટલીક હરિતાલ-પાત્ર, કોઈ હિંગુલ-પાત્ર, કોઈ મનશીલ-પાત્ર, કોઈ સરસવ-પાત્ર લઈને ચાલતી હતી.

કેટલીક દાસીઓ હાથમાં પંખા લઈને તો કેટલીક ધૂપદાનીઓ લઈને ભરત રાજાની પાછળ પાછળ ચાલતી હતી.

૫૦૦. ત્યાર પછી આ રીતે તે ભરત રાજા પોતાની સમસ્ત ઋદ્ધિ, સમસ્ત દ્યુતિ, સમસ્ત સેના, સમસ્ત સમુદાય, સમસ્ત શોભા, સમસ્ત સાજસજાવટ, સમસ્ત વૈભવ, સર્વ વસ્ત્ર, પુષ્પ, ગંધ, માળા, અલંકાર, વિભૂષણો સહિત, સર્વ પ્રકારનાં વાદ્યોના નિનાદ સાથે, મહાન સમૃદ્ધિ સાથે—યાવત્—એકસાથે વાગતાં શંખ, ઢોલ, નગારાં, ભેરી, ઝાલર, ખરમુખી, મુરજ, મૃદંગ, દુંદુભિ વગેરેના અવાજ સાથે ચાલતો ચાલતો જ્યાં આયુધશાળા હતી ત્યાં આવ્યો, આવીને ચક્રરત્નને જોતાં જ દૂરથી પ્રણામ કર્યા, પ્રણામ કરી ચક્રરત્નની નજીક આવ્યો, આવીને મયૂરપીંછ હાથમાં લીધી, હાથમાં લઈ ચક્રરત્નને લૂછ્યું, લૂછીને દિવ્ય જળધારાથી સિંચ્યું, સિંચીને શ્રેષ્ઠ ગોશીર્ષ ચંદનથી તેનો લેપ કર્યો, લેપ કરીને શ્રેષ્ઠ નૂતન પુષ્પમાળાઓ ચડાવી, પુષ્પો ચડાવ્યાં, સુગંધી દ્રવ્યો, વર્ણકો, ચૂર્ણ, વસ્ત્ર, આભરણ આદિ ચઢાવ્યાં, તે બધું ચડાવી પછી ચક્રરત્નની સામે સ્વચ્છ, સ્નિગ્ધ, શ્વેત, રત્નમય, અક્ષત ચોખાથી અષ્ટમંગળ પદાર્થોનું આલેખન કર્યું, જેમ કે—

૧. સ્વસ્તિક, ૨. શ્રીવત્સ, ૩. નન્દ્યાવર્ત, ૪. વર્ધમાનક, ૫. ભદ્રાસન, ૬. મત્સ્ય, ૭. કળશ, ૮. દર્પણ.

આ આઠ મંગળ દ્રવ્યોનું આલેખન કરી પછી વિધિપૂર્વક ઉપચારક્રિયા કરી, જેમ કે—

ગુલાબ, મોગરો, ચંપક, અશોક, પુન્નાગ, આમ્રમંજરી, નવમાલિકા, બકુલ, તિલક, કણેર, કુંદ, કુબ્જક, કોરંટપત્ર, દમનક (ડમરો), આદિ સુગંધિત અને ઉત્તમ એટલાં બધાં પચરંગી પુષ્પો હાથમાં લઈ ચડાવ્યાં કે ચક્ર-રત્નની સામે ઘૂંટણ સુધીનો રમણીય ઢગલો થયો, ત્યાર બાદ ચંદ્રકાન્ત, વજ્રરત્ન, વૈદૂર્ય-રત્ન વ.ના બનાવેલા હાથાવાળા, સુવર્ણ-મણિ-રત્નની કારીગરીવાળા, વૈદૂર્યના બનેલા ધૂપ-દાનમાં ઉત્તમ કાલાગરુ, કુન્દુરુષ્ક, તુરુષ્ક આદિની ઉત્તમ ગંધ મેળવેલી ધૂપસળી મૂકી તેનાથી ધૂપ કર્યો, ધૂપ કરીને સાત-આઠ ડગ પાછો ચાલ્યો, પાછા ચાલીને ડાબો ઘૂંટણ વાળી-ને ઊંચો કર્યો—યાવત્—પ્રણામ કર્યા, પ્રણામ કરીને આયુધશાળામાંથી બહાર નીકળ્યો, જ્યાં બહારની ઉપસ્થાનશાળા (સભામંડપ) હતી ત્યાં, અને તેમાં જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો, આવીને પૂર્વ દિશા તરફ મુખ રાખી શ્રેષ્ઠ સિંહાસન પર બેઠો, બેસીને અઢાર શ્રેણીઓ (જનજાતિઓ) તથા પ્રશ્રેણીઓ (ઉપજનજાતિ-ઓ) ને બોલાવી, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે બધા નગરજનો આયુધશાળામાં વિજય-વૈજયંત ચક્રરત્ન ઉત્પન્ન થવાના અવસરે અષ્ટાહ્નિક મહો-ત્સવ ઊજવો. આઠ દિવસ સુધી રાજ્યમાં જકાત લેવામાં નહીં આવે, કર લેવામાં નહીં આવે, ખેતી બંધ રહેશે, લેણ-દેણનો વ્યાપાર બંધ રહેશે, ક્રયવિક્રય બંધ રહેશે, રાજ્યકર્મચારી કોઈના ઘરમાં જપ્તી નહીં કરે, દંડ વસૂલાત માફ કરાશે, ઋણ માફ કરાશે, ઉત્તમ ગણિકાઓ નૃત્ય-નાટક કરશે, લોકો આનંદભેર ક્રીડા કરશે. આ રીતે ચક્રરત્નના જન્મની ઉજવણીની આવી તૈયારી કરો અને મને તેની જાણ કરો.'

આ પ્રમાણે ભરત રાજાની આજ્ઞા સાંભ-ળીને તે અઢારે શ્રેણી-પ્રશ્રેણીના પ્રજાજનો હૃષ્ટ-તુષ્ટ થયા—યાવત્—વિનયપૂર્વક તે આજ્ઞાવચનો-નો સ્વીકાર કર્યો, સ્વીકારીને ભરત રાજા પાસેથી નીકળ્યા, નીકળીને નગરમાં જકાત લેવાનું બંધ કર્યું, કર લેવાનું બંધ કર્યું—યાવત્—આજ્ઞા પ્રમાણે બધું કરી, કરાવીને ભરત રાજા જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતો ત્યાં આવ્યા, આવીને આદેશ અનુસાર મહોત્સવ કરવા-કરાવવાની જાણ કરી.

* ચક્રરત્નનું માગધતીર્થ પ્રતિ પ્રયાણ—

૫૦૧. ત્યાર બાદ જ્યારે ચક્રરત્નનો અષ્ટ–દિવસીય મહોત્સવ પૂરો થયો ત્યારે તે ચક્રરત્ન આયુધ-શાળામાંથી બહાર નીકળ્યું, નીકળીને આકા-શમાં અદ્ધર સ્થિર થયું, એક હજાર યક્ષ દેવો તેને વીંટળાઈને ઉઠાવી રહ્યા હતા, તે સમયે દિવ્ય વાદ્યોના નાદ–પ્રતિનાદથી ગગન-મંડળ ગુંજી ઊઠ્યું. આ રીતે આકાશમાં પ્રતિષ્ઠિત તે ચક્રરત્ન વિનીતા નગરીની વચ્ચો-વચ્ચ થઈને પસાર થયું, નીકળીને તે ગંગા મહાનદીના દક્ષિણ દિશાના તટ પર થઈને પૂર્વ દિશામાં રહેલા માગધતીર્થ તરફ ચાલવા લાગ્યું.

અભિષેક–હસ્તી પર બેસી ભરતનું ચક્રરત્ન પાછળ જવું—

૫૦૨. ભરત રાજાએ જ્યારે તે દિવ્ય ચક્રરત્નને ગંગા મહાનદીના દક્ષિણ દિશાના તટ પર થઈને પૂર્વ દિશામાં આવેલા માગધતીર્થ તરફ જતું જોયું તો તે જોઈને હૃષ્ટ–તુષ્ટ–યાવત્–હૃદયમાં આનંદિત થઈને તેણે પોતાના કૌટુંબિકજનોને (સેવકોને) બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ અભિષેક માટેના હાથીને સુસજ્જ કરો. સુસજ્જ કરીને અશ્વદળ, ગજદળ, રથદળ અને પાયદળ યુક્ત ચતુરંગિણી સેનાને તૈયાર કરો, તૈયાર કરીને પછી મને આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો.'

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ—યાવત્–આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યાર બાદ તે ભરત રાજા જ્યાં–સ્નાનગૃહ હતું ત્યાં ગયો, જઈને સ્નાનગૃહમાં પ્રવેશ કર્યો, પ્રવેશીને મોતી ભરેલ તોરણોવાળા મનોહર તથા પૂર્વવર્ણિત–યાવત્–ધવલ મહા-મેઘમાંથી નીકળેલ ચન્દ્ર સમાન–યાવત્–પ્રિય-દર્શન નરપતિ સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, નીકળીને અશ્વદળ, ગજદળ, રથદળ અને શ્રેષ્ઠ વાહનો, સુભટો આદિના સમૂહથી સુસજ્જ સેના વડે વીંટળાઈ યશસ્વી એવો તે બહારની ઉપસ્થાનશાળા (સભાગૃહ) જ્યાં હતી, જ્યાં અભિષેક–હસ્તીરત્ન હતો ત્યાં આવ્યો, આવીને અંજનગિરિના શિખર જેવા શ્યામ હસ્તીરત્ન પર સવાર થયો.

૫૦૩. હસ્તીરત્ન પર આરૂઢ તે ભરતાધિપતિ નરેન્દ્રનું વક્ષસ્થળ શ્રેષ્ઠ રીતે સુઘડ કારીગરો દ્વારા બના-વાયેલા હારોથી આચ્છાદિત હતું, કુંડળોથી તેનું મુખ દેદીપ્યમાન લાગતું હતું, મુકુટથી તેનું મસ્તક પ્રકાશિત થઈ રહ્યું હતું, તે નરસિંહ સમાન, નરપતિ, નરેન્દ્ર, નરવૃષભ સમાન અને રાજાઓમાં ય વૃષભ સમાન, અધિકાધિક રાજતેજલક્ષ્મીથી દીપતો હતો, સેંકડો મંગળપાઠકો વડે તેની સ્તુતિ કરાઈ રહી હતી, જનસમૂહ વડે તેનો જયજયકાર થઈ રહ્યો હતો, એવો તે રાજા હાથીના સ્કંધ પર બેઠો. તેના મસ્તક પર કોરંટ પુષ્પની માળાઓ લટકાવેલું છત્ર ધરવામાં આવી રહ્યું હતું, ઉત્તમ શ્વેત ચામરો તેના ચામર-ધારીઓ તેની ચોપાસ ઢોળતા હતા. તે જાણે કે હજારો યક્ષો વડે ઘેરાયેલો ધનપતિ કુબેર હોય તેવો, દેવાધિપતિ ઇન્દ્રના જેવી સમૃદ્ધિથી જેની કીર્તિ દિગંતવ્યાપી બની હતી તેવો, ગંગા મહાનદીના દક્ષિણ કિનારે આવેલાં હજારો ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મંડલ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંવાહ આદિથી શોભાયમાન પૃથ્વીમંડળને જીતતો જીતતો અને તે તે સ્થાનોના અધિપતિ પાસેથી ભેટસોગાદરૂપે ઉત્તમ રત્નોનો સ્વીકાર કરતો કરતો, દિવ્ય ચક્રરત્નની પાછળ પાછળ ચાલતો ચાલતો, યોજન-યોજનના અંતરે પડાવ નાખતો અને વિશ્રામ કરતો કરતો જ્યાં માગધતીર્થ હતું ત્યાં આવ્યો, આવીને માગધ-તીર્થની નજીક નહીં તેમ જ દૂર નહીં તેવા પ્રદેશમાં બાર યોજન લાંબી અને નવ યોજન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહોળી, ઉત્તમ નગરી જેવી છાવણી રચી, રચીને વર્ધકિરત્ન (સૂત્રધારોના અગ્રણી)ને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય !...તરત જ મારા માટે એક આવાસગૃહ અને એક પૌષધશાળાનું નિર્માણ કર, અને નિર્માણ કરીને આજ્ઞા પૂરી કર્યાની જાણ કર.'

ભરત રાજાની આવી આજ્ઞા સાંભળીને તે વર્ધકિરત્ને હૃષ્ટ, તુષ્ટ અને મનમાં આનંદિત થઈને—યાવત્—અંજલિ રચીને 'હે સ્વામિ ! જેવી આપની આજ્ઞા' એ પ્રમાણે વિનયપૂર્વક આજ્ઞા સ્વીકારી, સ્વીકારીને ભરત રાજા માટે આવાસગૃહ અને પૌષધશાળાનું નિર્માણ કર્યું, કરીને તરત આજ્ઞા પોને પૂર્ણ કરી છે તેની જાણ રાજાને કરી.

માગધતીર્થમાં ભરતે કરેલ અષ્ટમભક્ત અને પૌષધ—

૫૦૪. ત્યાર બાદ તે ભરત રાજા અભિષેક માટેના હસ્તીરત્ન પરથી નીચે ઊતર્યો, ઊતરીને જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, આવીને પૌષધશાળામાં પ્રવેશ્યો, પ્રવેશીને પૌષધશાળાનું પ્રમાર્જન (સફાઈ) કર્યું, પ્રમાર્જન કરીને દર્ભનું સંસ્તરણ (આસન) પાથર્યું, પાથરીને તે દર્ભાસન પર બેઠો, બેસીને માગધતીર્થ કુમારદેવની સાધના માટે અષ્ટમભક્ત (ત્રણ ઉપવાસ)ના તપનું પ્રત્યાખ્યાન (નિશ્ચય, પ્રતિજ્ઞા) ધારણ કર્યું, પ્રત્યાખ્યાન કરીને પૌષધશાળામાં પૌષધધારીની જેમ બ્રહ્મચર્ય પાળીને, મણિ—સુવર્ણ છોડી દઈને, માળા, અંગરાગ, વિલેપન આદિ છોડી દઈને, મુશળ આદિ શસ્ત્ર ત્યજી દઈને, દર્ભના આસન પર એકલો, બીજા કોઈને સાથે રાખ્યા વિના, સતત જાગૃતપણે અષ્ટમ ભક્ત તપ કરવા લાગ્યો.

અશ્વરથારૂઢ ભરતનું લવણસમુદ્રમાં અવગાહન—

૫૦૫. અષ્ટમભક્ત તપની આરાધના પૂરી કરીને પછી તે ભરત રાજા પૌષધશાળામાંથી બહાર નીકળ્યો, બહાર નીકળીને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા (બેઠક ખંડ) હતી ત્યાં આવ્યો, આવીને કૌટુંબિક પુરુષો(સેવકો)ને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ અશ્વદળ, ગજદળ, રથદળ અને પાયદળ સાથેની ચતુરંગિણી સેના સજ્જ કરો અને ચાર ઘંટવાળો એક અશ્વરથ તૈયાર કરો.' આમ કહી તે સ્નાનગૃહમાં પ્રવેશ્યો, પ્રવેશીને મોતીભરેલા તોરણોવાળા ગવાક્ષ આદિ પૂર્વવર્ણન—યાવત્—ધવલ મહામેઘોમાંથી નીકળેલ ચન્દ્ર સમાન—યાવત્—સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, બહાર નીકળીને અશ્વ, ગજ, રથ આદિ શ્રેષ્ઠ વાહન—યાવત્—જેની કીર્તિ પ્રસરી રહી છે તેવો તે જ્યાં બહારનો સભાખંડ હતો ત્યાં આવ્યો, આવીને જ્યાં ચાર ઘંટવાળો અશ્વરથ હતો ત્યાં આવ્યો, આવીને ચાર ઘંટવાળા અશ્વરથ પર સવાર થયો.

૫૦૬. ત્યાર બાદ ચાર ઘંટવાળા અશ્વરથ પર બેસી, ઉત્તમ અશ્વો, ગજો, રથો અને પાયદળથી ઘેરાયેલો તે ચતુરંગિણી સેના સાથે ઉત્કૃષ્ટ સિંહનાદ જેવી ગર્જનાઓના કલરવથી પ્રક્ષુબ્ધ મહાસમુદ્રના રવની જેમ આકાશમંડળને ભરી દેતો, પાછળ ચાલતા હજારો શ્રેષ્ઠ રાજાઓ સાથે, ભટ—સુભટોના સમૂહ સાથે, દબદબાપૂર્વક, ચક્રરત્ન દ્વારા પ્રદર્શિત માર્ગે માગધતીર્થથી પૂર્વ દિશાના માર્ગે થઈને તે લવણ સમુદ્રમાં પ્રવેશ્યો—યાવત્—તેના શ્રેષ્ઠ રથના પૈડાં ધરી સુધી પાણીમાં ભીંજાઈ ગયાં, ત્યારે તે ભરત રાજાએ ઘોડાઓને અટકાવ્યા, અટકાવીને રથને ઊભો રાખ્યો, ઊભો રાખીને તેણે હાથમાં ધનુષ્ય લીધું.

ભરતે છોડેલા તીરનું માગધતીર્થાધિપતિના ભવનમાં પડવું—

૫૦૭. તે ધનુષ્યનો આકાર તરત ઉગેલા બીજના ચંદ્ર જેવો હતો, ઇંદ્રધનુષ જેવો હતો, ઉત્તમ મદમસ્ત પાડાના સુદઢ સઘન શીંગડાંમાંથી તે બનાવવામાં આવ્યું હતું, શ્રેષ્ઠ નાગ, શ્રેષ્ઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહિષ, શ્રેષ્ઠ કોકિલ, ભ્રમરસમૂહ, નીલના જેવું અત્યંત શ્યામ હતું, તે ધનુષનો પાછળનો ભાગ ચમકદાર, સ્વચ્છ અને સ્નિગ્ધ હતો, નિપુણ કારીગરોએ બનાવેલ તે ઝગમગાટ કરતું હતું અને તેની ચારે તરફ મણિ-રત્નોની ઘુઘરીઓની હાર જડી હતી, તે ધનુષ્ય પર વીજળીની જેવાં ચમકતાં સોનેરી નિશાન લગાવ્યાં હતાં, તેની પ્રત્યંચા (દોરી) કાળા, લીલા, લાલ, પીળા અને શ્વેત રંગોવાળા અનેક સ્નાયુઓની બનેલી હતી, શત્રુઓના જીવનનો અંત કરનાર અને ચાલતી જીવા-(દોરી)વાળા એવા તે ધનુષને લઈને રાજાએ જેના બન્ને છેડા શ્રેષ્ઠ વજ્રના બનેલા હતા, મધ્ય ભાગ વજ્રસારનો બનેલા હતો અને જેના પર સુવર્ણ, મણિ, રત્નની કોતરણીથી પોતાના નામનું અંકન કરવામાં આવ્યું હતું એવું બાણ ચઢાવ્યું અને પછી વૈશાખ-સ્થાનમાં (ઊભા રહેવાની એક વિશેષ રીતે) ઊભા રહી, ધનુષની પ્રત્યંચા કાન સુધી ખેંચીને રાજા ભરત આ પ્રકારે વચનો બોલ્યો—

[ગાથાઓ-] 'હે દેવગણ! આપ સહુ ધ્યાનપૂર્વક સાંભળો. જે દેવો મારા બાણની બહાર રહેલા છે અર્થાત્ બહારના ભાગના રક્ષકો છે તે નાગ, અસુર અને સુવર્ણકુમાર દેવોને હું પ્રણિપાત કરું છું. (૧)

હે દેવગણ! આપ સહુ ધ્યાનપૂર્વક સાંભળો. જે દેવો મારા બાણના આભ્યંતર ભાગમાં વસેલા છે તે નાગકુમાર, અસુરકુમાર અને સુવર્ણકુમાર સર્વે મારા દેશમાં વાસ કરનારા દેવોને હું પ્રણામ કરું છું.' (૨)

આમ કહી તેણે બાણ છોડ્યું.

જેણે યોદ્ધાની જેમ કટિભાગને મજબૂત બાંધ્યો હતો અને વાયુથી ઊડતું જેનું કૌશેય વસ્ત્ર શોભી રહ્યું હતું તેવો તે દર્શનીય ધનુષ્ય ધારણ કરવાથી જાણે કે પ્રત્યક્ષ ઇન્દ્ર હોય તેવો દેખાતો હતો. (૩)

તે વિજય પ્રસંગે નરપતિ ભરતના ડાબા હાથમાંનું તે ચપળ ધનુષ્ય પાંચમના ચંદ્ર જેવું શોભતું હતું. (૪)

જેવું રાજા ભરતે તે બાણ છોડ્યું કે છૂટતાં વેંત તે બાર યોજન દૂર આવેલા માગધતીર્થના અધિપતિદેવના ભવનમાં જઈને પડ્યું.

નામાંકિત બાણ જોઈને માગધતીર્થાધિપતિનું ભરત સન્મુખ આગમન—

૫૦૮. ત્યાર બાદ તે માગધતીર્થાધિપતિ દેવે પોતાના ભવનમાં પડેલું તીર જોયું, જોઈને અત્યંત ક્રોધિત થયો, પ્રચંડ કોપાયમાન થયો અને ક્રોધથી લાલપીળો થઈ ગયો, તેના ભાલમાં ગુસ્સાથી ત્રણે રેખાઓ ખેંચાઈ ગઈ, ભ્રમર ખેંચીને તે આ પ્રમાણે બોલ્યો—

'અરે! આ કોનું કામ છે? કોણ અનિચ્છિત (મૃત્યુ)ની ઇચ્છા કરનારો નીકળ્યો? કોણ છે એ દુષ્ટ લક્ષણહીન? એ કોણ ચતુર્દશીએ જન્મેલ, પુણ્ય વિનાનો, રિદ્ધિ-સિદ્ધિએ ત્યજી દીધેલો છે કે જે મારી આ પ્રકારની દિવ્ય સમૃદ્ધિ, દ્યુતિ, દેવભાવથી પ્રાપ્ત, ઉપાર્જિત અધિકૃત સંપત્તિ અને સમૃદ્ધિ જોઈને ઈર્ષ્યાથી મારા ભવનમાં બાણ ફેંકે છે?'

આમ બોલી સિંહાસન પરથી ઊભો થાય છે, ઊભો થઈને જ્યાં પેલું ભરતનું નામ અંકિત કરેલું બાણ હતું ત્યાં આવ્યો, આવીને તે નામાંકિત તીરને ઉઠાવ્યું, ઉઠાવીને નામાંકન જોયું, નામાંકન જોઈને તે માગધતીર્થાધિપતિના મનમાં આવા પ્રકારનું ચિંતન, મનન, વિચાર કે સંકલ્પ ઉત્પન્ન થયો—

૫૦૯. 'અરે! જંબૂદ્વીપ દ્વીપમાં ભારત વર્ષમાં ભરત નામ સાર્વભૌમ ચક્રવર્તી ઉત્પન્ન થયો છે, તો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના દરેક માગધતીર્થાધિપતિ દેવનો એ પરંપરાગત આચાર છે કે ચક્રવર્તી રાજાનું બહુમાન કરે. તો હું પણ જઈને ભરત રાજાનું બહુમાન કરું.'

તેણે આવો નિર્ણય કર્યો. નિર્ણય કરીને હાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુકુટ, કડાં, બાજુબંધ, વસ્ત્ર અને આભરણો લીધાં તથા ભરતનું નામાંકિત બાણ અને માગધતીર્થનું જળ લીધું, લઈને ઉત્કૃષ્ટ ગતિથી, ત્વરિત ગતિથી, ચપળ ગતિથી, વેગવાળી ગતિથી, સિંહ જેવી ગતિથી, શીઘ્ર ગતિથી, વિશેષ વેગવાળી ગતિથી, દિવ્ય દેવગતિથી ચાલતો ચાલતો તે જ્યાં રાજા ભરત હતો ત્યાં આવી પહોંચ્યો.

૫૧૦. ત્યાં આવીને ધૂઘરીવાળાં પંચરંગી ઉત્તમ વસ્ત્રો ધારણ કરીને અંતરિક્ષમાં (આકાશમાં) ઊભા રહી દશે આંગળીઓ જોડી મસ્તક પર લઈ જઈ-યાવત્-હાથ જોડીને ભરત રાજાને તેણે જય જય શબ્દથી વધાવ્યો, વધાવીને આ પ્રમાણે બોલ્યો—

'હે દેવાનુપ્રિય ! આપે સમગ્ર ભારતવર્ષના માગધતીર્થ સુધીના પૂર્વ દિશાવર્તી ક્ષેત્ર ઉપર વિજય મેળવ્યો છે, તેથી હું પણ આપ દેવાનુપ્રિયના દેશનો નિવાસી બન્યો છું, હું પણ આપ દેવાનુપ્રિયનો આજ્ઞાધારી દાસ બન્યો છું, આપ દેવાનુપ્રિયના પૂર્વ દિશાના ક્ષેત્રનો હવે હું અંતપાલ (રક્ષક) બન્યો છું.

તો હે દેવાનુપ્રિય ! મારું આટલું પ્રીતિદાન સ્વીકારો.' આમ કહી તેણે હાર, મુકુટ, કુંડળો, કડાં-યાવત્-માગધતીર્થનું પવિત્ર જળ તેને ભેટ ધર્યું.

ત્યારે તે રાજા ભરતે માગધતીર્થના દેવકુમારે આપેલું તે પ્રીતિદાન સ્વીકાર્યું, સ્વીકારીને માગધતીર્થાધિપતિ દેવકુમારનો તેણે સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર-સન્માન કરીને તેને વિદાય આપી.

ભરતે કરેલ અષ્ટભક્તનું પારણું અને માગધતીર્થાધિપતિ દેવના માનમાં અષ્ટાહ્નિક ઉત્સવનો આદેશ—

૫૧૧. ત્યાર પછી તે ભરત રાજાએ રથ પાછો વાળ્યો, પાછો વાળીને માગધતીર્થથી લવણસમુદ્ર થઈ ભરત ક્ષેત્રમાં પાછો ફરે છે, પાછો ફરી જ્યાં વિજયછાવણી હતી અને જ્યાં બહારની ઉપસ્થાનશાળા (સભા) હતી ત્યાં આવ્યો, આવીને અશ્વોને રોકયા, રોકીને રથ ઊભો રાખ્યો, રથ ઊભો રાખી રથમાંથી નીચે ઊતર્યો, ઊતરીને જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં ગયો, જઈને સ્નાનગૃહમાં પ્રવેશ્યો, પ્રવેશીને-યાવત્-ચંદ્ર સમાન પ્રિયદર્શન એવો તે નરપતિ ભરત સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં ભોજનશાળા હતી ત્યાં આવ્યો, આવીને ભોજનમંડપમાં ઉત્તમ સુખાસન પર બેસી અષ્ટમ તપનું પારણું કર્યું, પારણું કરીને ભોજનમંડપમાંથી બહાર નીકળ્યો, બહાર નીકળીને જ્યાં બેઠક-ખંડ હતો ત્યાં આવ્યો, આવીને સિંહાસન પર પૂર્વ દિશા તરફ મુખ રાખીને સુખપૂર્વક બેઠો, બેસીને અઢારે શ્રેણી-પ્રશ્રેણીના લોકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે લોકો તરત જ નગરને જકાતમુક્ત અને કરમુક્ત જાહેર કરો-યાવત્-માગધતીર્થ-દેવના માનમાં મહામહિમાવાળો આઠ દિવસનો મહોત્સવ ઊજવો, ઉજવણીની આજ્ઞા પૂરી કરીને મને જાણ કરો.'

ત્યારબાદ તે અઢારે શ્રેણી-પ્રશ્રેણીના લોકોએ ભરત રાજાની આજ્ઞા સાંભળી હૃષ્ટ-તુષ્ટ થઈ સ્વીકારી-યાવત્-મહોત્સવની ઉજવણી કરી, ઉજવણી કરીને આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ચક્રરત્નનું વરદામતીર્થ તરફ પ્રયાણ—

૫૧૨. ત્યાર બાદ તે દિવ્ય ચક્રરત્ન જેનું નિવેશ (આવરણ) વજ્રમય હતું, જેના આરા લોહિતાક્ષ મણિના બનેલા હતા, જેના થાળામાં વિવિધ મણિમય છરા જડેલા હતા, જે મણિ-મૌક્તિકોથી સુશોભિત હતું, જે નંદિઘોષયુક્ત અને ઘૂઘરીઓવાળું હતું, દિવ્ય હતું, તરુણ સૂર્ય જેવું પ્રકાશિત હતું, વિવિધ પ્રકારના મણિ-રત્નોની ઘંટડીઓ જડેલું હતું, બધી ઋતુનાં સુગંધી પુષ્પો અને માળાઓથી આકર્ષક લાગતું, અંતરિક્ષમાં રહેલા હજારો યક્ષો દ્વારા વીંટળાયેલું, દિવ્ય વાજિંત્રોના શબ્દોથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગગનતલને ગજાવતું, સુદર્શન નામક તે રાજાનું પ્રથમ ચક્રરત્ન માગધતીર્થાધિપતિ દેવના માનમાં ઊજવાનો અષ્ટાહ્નિક મહોત્સવ પૂરો થતાં તરત જ આયુધશાળામાંથી બહાર નીકળ્યું, નીકળીને દક્ષિણ-પશ્ચિમ દિશા એટલે કે નૈઋત્ય ખૂણામાં આવેલા વરદામ નામક તીર્થ પ્રતિ ચાલવા લાગ્યું.

ભરતનું વરદામતીર્થ પ્રતિ અનુગમન—

૫૧૩. ત્યારે તે ભરત રાજાએ તે દિવ્ય ચક્રરત્નને દક્ષિણ-પશ્ચિમ-દિશામાં આવેલા વરદામતીર્થ પ્રતિ પ્રયાણ કરતું જોયું, જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈને-યાવત્-કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે તરત જ અશ્વદળ, ગજદળ, રથદળ અને પાયદળયુક્ત ચતુરંગિણી સેનાને સજ્જ કરો, સેના સજ્જ કરી પછી અભિષેક યોગ્ય હસ્તીરત્નને તૈયાર કરો' આમ કહી તે સ્નાનગૃહમાં પ્રવેશ્યો, પ્રવેશીને પૂર્વોક્ત ક્રમે-યાવત્-ધવલ મહામેઘમાંથી નીકળેલ-યાવત્-શ્વેત ઉત્તમ ચામરો વીંઝની વીંઝતી અનેક દાસીઓ આદિથી ઘેરાઈને, ઉત્તમ ઢાલ તથા તરવાર અને ઉત્તમ ચર્મકવચધારી હજારો યોદ્ધાઓ સાથે, ઉત્તમ મુકુટ તથા કિરીટ તથા પતાકાઓ, ધ્વજાઓ, ચાલતા ચામરો અને અંધકાર કરી દેવા છત્રો સાથે, તરવાર, ક્ષેપણી (ગોફણ), ધનુષ-બાણ, ખડ્ગ, લાઠી, ભિંડિમાલ, કનક, ધનુષ, બાણનાં ભાથાં, તીર આદિ આયુધો સાથે, કાળા, નીલા, રાતા, પીળા, સફેદ અનેક પ્રકારનાં સેંકડો ચિહ્નો સાથે, સેંકડો યોદ્ધાઓની થાપટો, સિંહનાદ, ઘોડાઓની હણહણાટી, હાથીઓનો ગુલગુલ અવાજ, હજારો રથોની ઘણઘણાટી આદિના અવાજ સાથે, એકસાથે વાગતાં ભંભા, હોરંભ, ખરમુખી, મુકુંદ, શંખ, પરિલી, વચ્ચક, પરિવાદિની, વાંસળી, વિપંચી વીણા, મહતી કચ્છપી વીણા, રિંગિસિંગિયા, કરતાલ, કંસતાલ, કરઘ આદિ વાજિંત્રોના મહારવથી જાણે સમગ્ર જીવલોકને ભરી દેતાં, સેના અને વાહનોના સમૂહ સાથે, હજારો યક્ષોથી ઘેરાયેલા ધનપતિ કુબેરની જેમ, અમરપતિ ઇન્દ્રની જેવી રિદ્ધિપૂર્વક, પ્રખ્યાતકીર્તિ એવા તે રાજા ભરતે ગામ, નગર, ખેટક, કર્બટ વગેરે પૂર્વવત્ વર્ણન પ્રમાણે-યાવત્-વિજય-છાવણીની રચના કરી, કરીને વર્ધકીરત્ન (શ્રેષ્ઠ સૂત્રધાર)ને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! તમે તરત જ મારા માટે આવાસસ્થાન અને પૌષધશાળાનું નિર્માણ કરો, નિર્માણ કરીને આજ્ઞા પૂરી થયાની મને જાણ કરો.'

૫૧૪. તે વર્ધકી (સૂત્રધાર) આશ્રમ, દ્રોણમુખ, ગ્રામ, પાટણ, નગર, સ્કન્ધાવાર, ઘર, દુકાન વગેરેની રચનામાં કુશળ હતો, વાસ્તુશાસ્ત્રનાં એકાશી પદોનો જાણકાર હતો, અનેક વસ્તુઓના ગુણોનો જાણકાર હતો, પિસ્તાલીશ પ્રકારનાં દેવમંદિરોનો જાણકાર હતો, નેમિ, પાર્શ્વ, ભોજનશાળા, શયનગૃહ આદિ ગૃહવિભાગની રચનામાં કુશળ હતો, છેદક્રિયા, વેધક્રિયા, દાનકર્મ આદિ સૂત્રધારનાં કાર્યોમાં નિષ્ણાત હતો, જલયાન, ભૂમિયાન આદિ વાહનો બનાવવામાં કુશળ હતો, જળ, સ્થળ, ગુફા, યંત્રો, ખાઈ વગેરેના વિષયમાં તથા કાળજ્ઞાન, શબ્દ આદિના વિષયમાં નિપુણ હતો, વાસ્તુપ્રદેશનો જાણકાર હતો, ગર્ભિણી અને કન્યારૂપ વેલી અને વૃક્ષના ગુણદોષનો જાણકાર હતો, ગુણાઢ્ય હતો, સોળ પ્રકારના પ્રાસાદોની રચનામાં કુશળ હતો, વાસ્તુશાસ્ત્રમાં પ્રસિદ્ધ બોંતેર પ્રકારનાં ગૃહોની રચનામાં નિપુણમતિ હતો, નંદ્યાવર્ત, વર્ધમાનક, સ્વસ્તિક, રુચક આદિ પ્રકારના મહેલો તથા સર્વતોભદ્ર નામક સન્નિવેશ આદિની રચનામાં કુશળ હતો, વિશિષ્ટ ધ્વજ, દેવગૃહ, કોટ, કાષ્ઠ, ગિરિ, ખાત, વાહન વગેરેમાં અતિ કુશળ હતો.

[ગાથાઓ] આવો બહુગુણવાન સ્થપતિ-રત્ન તપ-સંયમમાં રત નરેન્દ્ર સમક્ષ 'મારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શું કરવાનું છે!' એમ પૂછતો રાજા ભરત પાસે ઉપસ્થિત થયો.(૧)

રાજાની આજ્ઞાથી તેણે દેવપૂજનવિધિ કરીને પછી પળવારમાં જ આવાસભવન સહિત સ્કન્ધાવારની રચના કરી દીધી. (૨)

સ્કન્ધાવારની રચના કરીને પછી પૌષધશાળાની રચના કરી, કરીને જ્યાં ભરત રાજા હતો ત્યાં આવ્યો—યાવત્—આજ્ઞાનું શીઘ્ર પાલન કર્યાની જાણ કરી, બાકી વર્ણન પૂર્વવત્ યાવત્—રાજા સ્નાન ગૃહમાંથી નીકળ્યો, નીકળીને જ્યાં બહારનો સભામંડપ હતો અને જ્યાં ચાર ઘંટવાળો અશ્વરથ હતો ત્યાં આવ્યો.

૫૧૫. તે રથ ધરતી પર ચાલવામાં અત્યંત નીવ્ર ગતિવાળો હતો, અનેક શુભ લક્ષણવાળો હતો, હિમવંત પર્વતની કંદરાઓમાં, ગુફાઓમાં પવનરહિત સ્થળમાં ઉત્પન્ન થયેલ અને ઉછરેલ સુંદર નિનિશવૃક્ષના લાકડામાંથી બનાવવામાં આવેલ હતો, જંબૂનદ જાતના સુવર્ણમાંથી તેની ધૂંસરી બનાવેલ હતી, તેના આરાના દંડ સુવર્ણના બનાવેલા હતા અને પુલક, ઇંદ્રનીલ, રારયક, પ્રવાળ, સ્ફટિક, રત્ન, લેષ્ટુક મણિ, વિદ્રુમ આદિથી શણગારેલ હતો, એના અડતાલીશ આરા હતા જેના પર તપનીય સુવર્ણનો પટ્ટો હતો, તે આરા ઘસી ઘસીને ચીકણા બનાવેલ પટ્ટા પર બરાબર લગાવેલા હતા, તે રથ ખાસ પ્રકારની સુંદર અને લોખંડની ખીલીઓથી જોડાયેલ હતો, તેનાં રત્નમય ચક્રો શ્રીકૃષ્ણના શસ્ત્ર (સુદર્શન ચક્ર) જેવાં હતાં, તેનાં જાળીઝરૂખા કર્કેતન, ઇન્દ્રનીલ, સસ્યક આદિ રત્નો જડેલાં હતાં, તેની ધૂંસરી પ્રશસ્ત, વિસ્તીર્ણ, સમ અને શ્રેષ્ઠ નગરની જેમ સુરક્ષિત હતી, સુંદર કિરણોવાળા તપનીય સુવર્ણની ઘોડાની લગામો હતી, જે બખ્તરોથી ઢંકાયેલ હતો, જેમાં પ્રહાર કરવા માટે અસ્ત્ર-શસ્ત્ર રાખવામાં આવ્યા હતા—જેવાં કે તરવાર, કનક, ધનુષ, મંડલાકાર તરવાર, શક્તિ, ભાલો, તોમર, સેંકડો બાણો અને બત્રીશ પ્રકારનાં ભાથાં, સુવર્ણ અને મણિમય ચિત્રાકૃતિઓવાળો, હલીમુખ, બગલા, હાથીદાંત, ચંદ્ર, મોતી, ઝાકળ, મોગરાનાં ફૂલ, કુટજપુષ્પ, સિંદુવારપુષ્પ, નિર્ગુંડી, કંદલ (વૃક્ષવિશેષ), ફીણસમૂહ, હાર, કાસપુષ્પ વગેરેના જેવા ધવલ તથા દેવ, મન અને પવનના વેગથી વધુ વેગવાળા, ચપળ, શીઘ્રગામી, તથા ચામરો અને સુવર્ણ-આભૂષણોથી શણગારેલ અશ્વો જોડેલ, જેના પર છત્ર હતું તેવો, ધ્વજાવાળો, ઘંટવાળો, પતાકાઓવાળો, સારી રીતે જેનું જોડાણ કરવામાં આવ્યું છે તેવો, યુદ્ધને માટે ખૂબ જ યોગ્ય સમરકંકાક (નામે વાદ્ય)ના ઘોષ જેવા ગંભીર ઘોષવાળો હતો.

તે રથના બન્ને કૂબર (અંગવિશેષ) ઉત્તમ હતા, આરાઓ ઉત્તમ હતા, ધૂંસરીના બન્ને છેડા ઉત્તમ હતા, ધૂંસરીનો આગળનો ભાગ ઉત્તમ વજ્રરત્નનો બનેલો હતો, ઉત્તમ સુવર્ણથી તે રથ સુશોભિત હતો, ઉત્તમ શિલ્પીએ બનાવેલો હતો, ઉત્તમ અશ્વો જોડેલ હતો, ઉત્તમ સારથી દ્વારા હંકારાતો હતો, ઉત્તમ ને મહાન પુરુષ માટે બેસવાલાયક હતો, તે રથ ઉત્તમ રત્નોથી સુશોભિત હતો, સુવર્ણની ઘૂઘરીઓથી શોભિત હતો, તેની યુદ્ધમાં બરોબરી કરી ન શકાય તેવો હતો, વિદ્યુત્, તપ્ત કનક, પંકજ, જાસુદ, અગ્નિજ્વાળા અને પોપટની ચાંચ જેવો તેનો રાતો રંગ હતો, ચણોઠીનો અર્ધભાગ, બંધુજીવ પુષ્પ, રાતા હિંગળાનો ઢગ, સિંદૂર, રુચિર કુંકુમ, પારેવાના પગ, કોયલની આંખ, રંગેલા અધરોષ્ઠ, રક્તવર્ણ અશોક, કનક, કેશુડા, હાથીનું તાળવું, ઇન્દ્રગોપ (જંતુવિશેષ)—આ બધાં જેવા રાતા રંગનો તથા બિંબફળ, શિલાપ્રવાળ અને ઊગતા સૂર્ય જેવી રાતી આભાવાળો તે રથ હતો. તે રથ પર બધી ઋતુઓનાં સુગંધી પુષ્પોની માળાઓ લટકાવવામાં આવી હતી તથા ઊંચો શ્વેત ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. મહામેઘની ગર્જના જેવો તેનો સ્નિગ્ધ ગંભીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવાજ હતો. તે શત્રુના હૃદયને કંપાવનાર હતો, શ્રીયુક્ત અને પ્રભાયુક્ત તે પૃથ્વીવિજય-લાભ નામે પ્રસિદ્ધિ હતો. તેની કીર્તિ ચારે લોકમાં પ્રસરેલી હતી, તેવા તે ચાર ઘંટવાળા અશ્વરથ પર પૌષધિક રાજા ભરત આરૂઢ થયો.

ત્યાર પછી ચાર ઘંટવાળા તે અશ્વરથ પર રાજા ભરત આરૂઢ થયો અને પૂર્વવર્ણન મુજબ વરદામતીર્થથી દક્ષિણ દિશામાં જઈ લવણ સમુદ્રમાં ઊતર્યો—યાવત્—તે ઉત્તમ રથનો મધ્ય-ભાગ ધૂંસરી સુધી ભીંજાયો—યાવત્—પ્રીતિદાન ગ્રહણ કર્યું.

એ વર્ણનમાં આટલું વિશેષ કથન કે ચૂડા-મણિ તથા દિવ્ય ગ્રૈવેયક(આભૂષણ-વિશેષ), કટિસૂત્ર(કંદોરો), કડાં અને ત્રુટિત આપ્યાં —યાવત્—દક્ષિણ દિશાનો અંતપાલ—યાવત્—આઠ દિવસનો મહોત્સવ કર્યો, મહોત્સવ કરીને આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ભરતનો પ્રભાસતીર્થ-વિજય—

૫૧૬ વરદામતીર્થાધિપતિ દેવના માનમાં અષ્ટાહ્નિક મહોત્સવ ઊજવાઈ ગયા પછી તે દિવ્ય ચક્ર-રત્ન આયુધશાળામાંથી બહાર નીકળ્યું, નીક-ળીને આકાશમાં અદ્ધર થયું—યાવત્—આકાશ-મંડળને ગજાવતું તે ઉત્તરપશ્ચિમ દિશા (વાયવ્ય કોણ)માં આવેલ પ્રભાસતીર્થ તરફ ચાલવા લાગ્યું.

ત્યાર પછી તે ભરત રાજા તે દિવ્ય ચક્રરત્નને અનુસરતો—યાવત્—ઉત્તરપશ્ચિમ દિશામાં પૂર્વ વર્ણિત રીતે ચાલ્યો—યાવત્—પશ્ચિમ દિશા સન્મુખ થઈ પ્રભાસતીર્થ થઈ લવણસમુદ્રમાં ઊતર્યો, ઊતરીને—યાવત્—તેના રથના કૂપર ભીંજાઈ ગયા—યાવત્—તેને પ્રીતિદાન મળ્યું. વિશેષ વિગત એટલી કે માળા, મુકુટ, મુક્તા-માળા, હેમરાશિ, કડાં, ત્રુટિત વગેરે આભરણો તથા સ્વનામાંકિત તીર અને પ્રભાસતીર્થનું જળ એ બધું ગ્રહણ કર્યું, ગ્રહણ કરીને—યાવત્—પ્રભાસતીર્થની સીમા સુધી તમે વિજય મેળવ્યો છે તેથી હું આપ દેવાનુપ્રિયના દેશનો નિવાસી—યાવત્—પશ્ચિમ દિશાનો રક્ષક બન્યો છું [એવા પ્રભાસતીર્થાધિપતિના કથન સુધી]. પૂર્વવર્ણન પ્રમાણે બાકીનું વર્ણન—યાવત્—આઠ દિવસનો મહોત્સવ કર્યો.

ભરતનું સિંધુદેવી દ્વારા સન્માન—

૫૧૭. પ્રભાસતીર્થાધિપતિ દેવના માનમાં અષ્ટાહ્નિક મહોત્સવ ઊજવાઈ ગયા બાદ તે દિવ્ય ચક્રરત્ન આયુધશાળામાંથી બહાર નીકળ્યું, નીકળીને —યાવત્—ગગનતળને ગજાવતું ગજાવતું તે સિંધુ મહા નદીના દક્ષિણ તટેથી પૂર્વ દિશા તરફ સિંધુ દેવીના ભવન તરફ ચાલવા લાગ્યું.

ત્યારે તે રાજા ભરતે તે દિવ્ય ચક્રરત્નને સિંધુ નદીના દક્ષિણ તટેથી પૂર્વ દિશામાં રહેલા સિંધુદેવીના ભવન તરફ પ્રયાણ કરતું જોયું, જોઈને તે હૃષ્ટ-તુષ્ટ આનંદિત મનવાળો—યાવત્ પૂર્વ વર્ણન મુજબ જ્યાં સિંધુ દેવીનું ભવન હતું ત્યાં આવ્યો, આવીને સિંધુદેવીના ભવનની અતિ નજીક કે દૂર નહીં તેવી જગ્યાએ બાર યોજન લાંબી, નવ યોજન પહોળી એવી શ્રેષ્ઠ નગર જેવી છાવણી સ્થાપી—યાવત્—સિંધુદેવીની સાધના માટે અષ્ટમ ભક્ત (અઠ્ઠમ તપ) સ્વીકાર્યું, સ્વીકારીને પૌષધ-શાળામાં પૌષધવ્રતધારીની જેમ બ્રહ્મચારી રૂપે રહ્યો—યાવત્—દર્ભના સંથારા પર બેસી અષ્ટમ ભક્ત સાથે મનમાં સિંધુદેવીનું સ્મરણ કરવા લાગ્યો.

ત્યારે તે ભરત રાજાનું અષ્ટમ ભક્ત તપ પરિપૂર્ણ થતાં સિંધુદેવીનું આસન ચલાય-માન થયું, ત્યારે તે સિંધુદેવીએ પોતાનું આસન ચલિત થતું જોયું, જોઈને તેણે અવ-ધિજ્ઞાનનો પ્રયોગ કર્યો, પ્રયોગ કરી અવધિજ્ઞાન દ્વારા ભરત રાજાને જોયો, જોઈને તેને આ પ્રકારે વિચાર, વિકલ્પ થયો—

'જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં ભરત નામે ચાતુરંત ચક્રવર્તી રાજા પેદા થયો છે, તો ભૂત, વર્તમાન અને ભાવિ સિંધુદેવીઓનો એ કુલક્રમાગત આચાર છે કે ભરત રાજાઓનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્કાર કરવો, સન્માન કરવું. તેથી હું પણ જાઉં અને ભરત રાજાનો આદર-સત્કાર કરું.'

આવો વિચાર કરી રત્નોના બનેલા એક હજાર આઠ કળશ તથા જેના પર અનેક પ્રકારના મણિ-સુવર્ણ—રત્નો જડીને કોતરણી કરી હતી તેવા બે ભદ્રાસન તથા કડાં, તોડાં—યાવત્—આભૂષણો તેણે લીધા, લઈને પોતાની ઉત્કૃષ્ટ ગતિથી જઈ—યાવત્—આ પ્રમાણે કહેવા લાગી—

'આપ દેવાનુપ્રિયે કેવલકલ્પ ભારતવર્ષ જીતી લીધો છે, તેથી હું દેવાનુપ્રિયના દેશની નિવાસી બની છું (અર્થાત્ આપની પ્રજાજન બની છું), તેથી હું હવે આપની આજ્ઞાધારી સેવિકા છું તો હે દેવાનુપ્રિય! મારી આ ભેટ સ્વીકારો.' આમ કહી એક હજાર આઠ કળશ, રત્નખચિત મણિકનકમય કડાં યાવત્ પૂર્વોક્ત વર્ણન મુજબ—યાવત્—વિદાય આપી.

૫૧૮. ત્યાર બાદ તે રાજા ભરત પૌષધશાળામાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવ્યો, આવીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, શુદ્ધ, પવિત્ર, કલ્યાણકારી પોશાક પહેર્યો, અત્યંત મૂલ્યવાન આભરણોથી શરીરને શણગારી સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, બહાર નીકળીને જ્યાં ભોજનમંડપ હતો ત્યાં આવ્યો, આવીને ભોજનમંડપમાં સુખાસન પર બેસી અષ્ટમ ભક્તનું પારણું કર્યું—યાવત્—સભામંડપમાં ઉત્તમ સિંહાસન પર પૂર્વાભિમુખ બેઠો, બેસીને અઢાર શ્રેણી—પ્રશ્રેણીઓને બોલાવી, બોલાવીને-યાવત્—અષ્ટદિવસીય મહોત્સવ ઊજવીને આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

વૈતાઢ્યગિરિકુમાર-કૃત ભરતનું સન્માન—

૫૧૯. સિંધુદેવીના માનમાં કરેલ અષ્ટદિવસીય મહોત્સવ સમાપ્ત થતાં તે દિવ્ય ચક્રરત્ને આયુધશાળામાંથી પૂર્વવત્—યાવત્—ઉત્તરપૂર્વ દિશા (ઈશાન કોણ)માં વૈતાઢ્યપર્વત તરફ પ્રયાણ કર્યું,

તદનંતર તે ભરત રાજા—યાવત્—જ્યાં વૈતાઢ્યપર્વત હતો, જ્યાં વૈતાઢ્યપર્વતનો જમણો ઢાળ હતો ત્યાં આવ્યો, આવીને વૈતાઢ્યપર્વતના જમણા ઢાળ પર બાર યોજન લાંબી, નવ યોજન પહોળી, ઉત્તમ નગર જેવી છાવણીની સ્થાપના કરી, કરીને—યાવત્—વૈતાઢ્યગિરિકુમાર દેવના નિમિત્તે અષ્ટમ તપ લીધું, લઈને પૌષધશાળામાં—યાવત્—અષ્ટમ તપપૂર્વક વૈતાઢ્યગિરિકુમાર દેવનું મનમાં સ્મરણ કરવા લાગ્યો.

ત્યાર બાદ તે ભરત રાજાનું અષ્ટમ તપ પરિપૂર્ણ થતાં વૈતાઢ્યગિરિકુમાર દેવનું આસન ચલિત થયું. સિંધુદેવીના પ્રસંગ મુજબ જ બાકી વર્ણન સમજવું. પ્રીતિદાનમાં અભિષેકયોગ્ય રત્નાલંકાર, કડાં, ત્રુટિત તથા વસ્ત્રાભરણો ગ્રહણ કર્યાં, કરીને દેવનું ઉત્કૃષ્ટ ગતિએ આવવું—યાવત્—અષ્ટદિવસીય મહોત્સવ—યાવત્— આજ્ઞા પૂર્ણ કરવી.

તિમિસ્રગુફાધિપતિ કૃતમાલદેવ દ્વારા ભરતનું બહુમાન—

૫૨૦. ત્યાર બાદ અષ્ટદિવસીય મહોત્સવ સમાપ્ત થતાં તે દિવ્ય ચક્રરત્ને—યાવત્—પશ્ચિમ દિશામાં આવેલ તિમિસ્રગુફા તરફ પ્રયાણ કર્યું. ત્યારે હે ભરત રાજાએ તે દિવ્ય ચક્રરત્નને—યાવત્—પશ્ચિમ દિશામાં તિમિસ્રગુફા તરફ જતું જોયું, જોઈને હૃષ્ટ-તુષ્ટ આનંદિત બન્યો—યાવત્—તિમિસ્ર ગુફાથી અતિ દૂર કે નજીક નહીં એવા સ્થળે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી છાવણી સ્થાપી—યાવત્—કૃતમાલદેવની આરાધના અર્થે અષ્ટમ તપ ધારણ કર્યું, કરીને પૌષધશાળામાં પૌષધધારી બ્રહ્મચારી બની—યાવત્—મનમાં કૃતમાલદેવનું સ્મરણ કરવા લાગ્યો.

ત્યાર પછી જ્યારે તે ભરત રાજાનું અષ્ટમ ભક્ત તપ પરિપૂર્ણ થયું ત્યારે કૃતમાલદેવનું આસન ચલાયમાન થયું, પૂર્વવત્—યાવત્—વૈતાઢ્યગિરિકુમાર દેવના પ્રસંગ મુજબ વર્ણન. વિશેષમાં પ્રીતિદાનમાં હસ્તીરત્નનું તિલક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાત્રો, અલંકારો, કડાં–યાવત્–આભૂષણો લે છે, લઈને પોતાની ઉત્કૃષ્ટ ગતિથી આગમન–યાવત્–સન્માન, સત્કાર કરીને વિદાય–યાવત્––ભોજનમંડપમાં ભોજન તથા પૂર્વવત્ અષ્ટાહ્નિકા મહોત્સવ.

ભરતના સુસેન સેનાપતિ દ્વારા સસૈન્ય નૌકા-રૂપ ચર્મરત્ન દ્વારા સિંધુ નદી પાર કરવી—

૫૨૧. ત્યાર પછી કૃતમાલદેવના માનમાં કરાવેલ અષ્ટાહ્નિકા ઉત્સવ પૂર્ણ થતાં તે ભરત રાજાએ સેનાપતિ સુસેનને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિય ! તું જા અને સિંધુ મહા-નદીના પશ્ચિમ દિશાવર્તી નિષ્કુટ પ્રદેશને, સાગરથી ગિરિ સુધીની સીમામાં આવેલ સમ-વિષમ પ્રદેશોને જીતી લે, જીતીને ઉચ્ચ અને ઉત્તમ રત્નો લઈ આવ, ઉચ્ચ ઉત્તમ રત્નો લાવી મારી આજ્ઞા પૂરી કર્યાની જાણ કર.'

૫૨૨. ત્યાર પછી તે સેનાપતિ, સેનાનાયક, ભારત-વર્ષમાં વિશ્રુત યશવાળો, મહાન બળ અને પરાક્રમવાળો, મહાત્મા, ઓજસ્વી, તેજસ્વી, મ્લેચ્છ ભાષા-વિશારદ, મનહર-ભાષી, ભારત વર્ષના ઉચ્ચ પ્રદેશો, નીચા પ્રદેશો, દુર્ગમ અને દુષ્પ્રવેશ પ્રદેશોનો જાણકાર, અસ્ત્રશસ્ત્રનો કુશળ જ્ઞાતા, સેનાપતિઓમાં રત્ન સમાન સુસેન સેનાપતિ ભરત રાજાની આવી આજ્ઞા સાંભળી હૃષ્ટ–તુષ્ટ આનંદિત બન્યો–યાવત્ બે હાથ જોડી અંજલિ રચીને મસ્તક સમીપે લઈ જઈ બોલ્યો–'હે સ્વામિ ! જેવી આજ્ઞા.' એવી રીતે વિનયપૂર્વક આજ્ઞા સ્વીકારી, સ્વી-કારીને ભરત રાજા પાસેથી તે નીકળ્યો, નીકળીને જ્યાં પોતાનો આવાસ હતો ત્યાં આવ્યો, આવીને સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું.

'હે દેવાનુપ્રિયો ! તરત જ અભિષેક-હસ્તીને સજ્જ કરો, તથા અશ્વદળ, ગજદળ, રથદળ અને પાયદળની ચતુરંગિણી સેના તૈયાર કરો.' એમ કહી જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવ્યો, આવીને સ્નાનગૃહમાં પ્રવેશ્યો, પ્રવેશીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુકમંગલાદિ ક્રિયા કરી, કવચ, બખ્તર આદિ પહેરી યુદ્ધસજ્જ થયો, ગળાનો રક્ષાપટ્ટો બાંધ્યો, ધનુષબાણ બાંધ્યું, પદસૂચક ચિહ્નો આદિની પટ્ટી પહેરી, શસ્ત્રાસ્ત્ર ધારણ કર્યા અને પછી અનેક ગણનાયકો, દંડનાયકો—યાવત્—વીંટળાઈને કોરંટપુષ્પોની માળાઓ લટકાવેલ છત્ર ધારણ કરી, જયસૂચક અને મંગળસૂચક શબ્દોના ઘોષ સાથે સ્નાન-ગૃહમાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં બહારનો સભામંડપ હતો, જ્યાં અભિષેક-હસ્તી હતો ત્યાં આવ્યો, આવીને અભિષેક-હસ્તી પર આરૂઢ થયો.

પછી તે સુસેન સેનાપતિ ઉત્તમ હસ્તી પર ચડીને, કોરંટપુષ્પની માળાઓવાળું છત્ર ધારણ કરીને, અશ્વદળ, ગજદળ, રથદળ અને પ્રવર પાયદળ સાથેની ચતુરંગિણી સેનાથી વીંટળાઈ, ઠાઠમાઠ આડંબર સાથે, ગગનભેદી મહા સિંહનાદ જેવા અવાજથી પૃથ્વીને સમુદ્ર જેવી કોલાહલમય બનાવતા બનાવતા, સર્વ સમૃદ્ધિ સહિત, સર્વ દ્યુતિ સહિત, સમગ્ર સૈન્ય સાથે યાવત્ ઘોષ–નિર્ઘોષ સાથે જ્યાં સિંધુ મહાનદી હતી ત્યાં આવ્યો, આવીને ચર્મ-રત્નને સ્પર્શ કર્યો.

તે શ્રીવત્સ આકારનું અને જેમાં મોતી તથા અર્ધતારક અને ચંદ્ર ચિત્રિત છે તેવું દિવ્ય ચર્મરત્ન અચલ, અકંપ, અભેદ્ય કવચ જેવું હતું, નદીઓ અને સાગરને પાર કરવા સમર્થ હતું, વાવ્યા પછી એક જ દિવસમાં જેના પર સત્તર પ્રકારનાં ધાન્યો ઊગી જાય તેવું તે દિવ્ય ચર્મરત્ન વર્ષા જાણીને ચક્રવર્તીએ સ્પર્શ કરવાથી બાર યોજનથી ય અધિક ત્રાંસું વિસ્તરીને ફેલાઈ જતું.

ત્યાર પછી સુસેન સેનાપતિ સ્પર્શ કર્યો એટલે તે દિવ્ય ચર્મરત્ન તરત જ નૌકારૂપ બની ગયું.

એટલે તે સુસેન સેનાપતિ નૌકા સમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનેલા તે દિવ્ય ચર્મરત્ન પર પોતાના સ્કન્ધાવાર, સૈન્ય અને વાહનો સાથે ચડી ગયો, ચડીને નિર્મળ પાણીના તરંગોવાળી સિંધુ મહાનદીને નૌકારૂપ બનેલ ચર્મરત્ન વડે સસૈન્ય-સવાહન પાર કરી ગયો.

સુસેન સેનાપતિ દ્વારા સિંહલાદ્રિ-વિજય—

૫૨૩. મહાનદી પાર કરીને સિંધુ પ્રદેશ પર અપ્રતિહત શાસન સ્થાપીને પછી અનેક ગ્રામો, આકરો, નગરો, પર્વતો, ખેડો, કર્બટો, મડંબો અને પાટણો પર તથા સમગ્ર સિંહલ દેશ, બર્બરદેશ, અંગલોક, બલાકાલોક જીતીને ઉત્તમ મણિ-રત્ન-સુવર્ણના ભંડારોથી ભરપૂર યવનદ્વીપ તથા આરબદેશ, રોમક અને અલસંડના નિવાસીઓ, પિક્ખુર, કાળમુખ યવન લોકો, ઉત્તર વૈતાઢ્ય સ્થિત મ્લેચ્છ જાતિ તથા દક્ષિણ-પશ્ચિમમાંની બધી જાતિઓ—યાવત્—સિંધુ સાગર અન્તર્ગત સકળ પ્રજાઓને અધીન કરીને સુસેન સેનાપતિ પાછો ફર્યો અને અત્યંત રમણીય સમતળ કચ્છપ્રદેશમાં સુખપૂર્વક વિશ્રામ લેવા રહ્યો.

તે સમયે તે તે દેશો, નગરો અને પાટણોના સ્વામીઓ તથા અનેક આકરપતિઓ, મંડળાધિપતિઓ તથા પાટણપતિઓ બધા અનેક પ્રકારની ભેટો, આભરણો, વસ્ત્રો, રત્નો તથા બીજી મહામૂલ્ય વસ્તુઓ જે કંઈ રાજાને યોગ્ય હોય તે લઈને આવ્યા અને સેનાપતિ સમક્ષ ધરી તથા મસ્તક પાસે બે હાથ લઈ જઈ અંજલિ રચી આ પ્રમાણે કહેવા લાગ્યા—

'તમે અમારા હવે સ્વામી છો, અમે આપ દેવના શરણે આવ્યા છીએ, અમે તમારા પ્રજાજનો છીએ.' આમ કહી સેનાપતિને જય જય શબ્દથી વધાવ્યો ત્યારે સેનાપતિએ તે બધાનો યોગ્યતા મુજબ સત્કાર કરી, તેમની ગાદીએ પાછા સ્થાપી વિદાય કર્યા. એટલે તે બધા પોતપોતાનાં નગરો-પાટણોમાં પાછા ફર્યા.

પાછા ફરેલ સેનાપતિ સુસેન દ્વારા ભરત સમક્ષ ભેટોનું સમર્પણ—

૫૨૪. ત્યાર પછી અપ્રતિહત શાસન અને બળવાળા સુસેન સેનાપતિએ વિનયપૂર્વક પ્રાપ્ત ઉપહારો, આભરણો, આભૂષણો, રત્નો વગેરે લીધાં અને ફરી તેણે સિંધુનામક સ્થાનને પાર કરી પૂર્વવર્ણનાનુસાર પાછા ફરી, રાજા ભરતને બધા વૃત્તાન્તનું નિવેદન કર્યું, નિવેદન કરી સઘળા ઉપહારો અર્પણ કર્યા. પછી રાજા દ્વારા સત્કારિત સંમાનિત સહર્ષ વિસર્જિત તે પોતાના પટમંડપમાં આવ્યો.

ત્યાર પછી સુસેન સેનાપતિએ સ્નાન કરી, કૌતુક-મંગલવિધિ કરી, ભોજન કરી પછી—યાવત્—શરીર પર સરસ ગોશીર્ષ ચંદનનો લેપ કરેલ તે સુસેન સેનાપતિ ઉત્તમ મહેલમાં ગયો અને ત્યાં મૃદંગના અવાજ સાથે ઉત્તમ યુવતીઓ દ્વારા કરાઈ રહેલાં બત્રીશ પ્રકારનાં નાટકો તથા નૃત્યો જોતો જોતો અને સંગીત સાંભળતો સાંભળતો, વિવિધ પ્રકારનાં નાટ્ય, ગીત, વાદન, તંત્રી, તલ, તાલ, તૂર્ય, ઘન, મૃદંગ આદિના અવાજ સાથે ઈષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ એ પંચવિધ માનુષી કામભોગો ભોગવતો રહેવા લાગ્યો.

સુસેન સેનાપતિ કૃત તિમિસ્રગુફા-દ્વારોદ્ઘાટન—

૫૨૫. ત્યાર પછી કોઈ એક દિવસ ભરત રાજાએ સેનાપતિ સુસેનને બોલાવ્યો અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું જા અને તરત જ જઈને તિમિસ્રગુફાની દક્ષિણ બાજુના પ્રવેશદ્વારનાં બારણાં ખોલી નાખ, ખોલીને મારી આજ્ઞા પૂરી કર્યાની જાણ કર.'

ત્યારે ભરત રાજાની આ આજ્ઞા સાંભળી હૃષ્ટ-તુષ્ટ અને આનંદિત ચિત્તવાળા—યાવત્—બન્ને હાથ જોડી મસ્તક પાસે અંજલિ રચી—યાવત્—સુસેને આજ્ઞા સ્વીકારી, સ્વીકારીને રાજા પાસેથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં પોતાનો આવાસ હતો, જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, આવીને દર્ભાસન બિછાવ્યું—યાવત્—કૃતમાલ-દેવની આરાધના નિમિત્તે અષ્ટમભક્ત તપ ધારણ કર્યું અને બ્રહ્મચારી પૌષધ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્રતી બની પૌષધશાળામાં રહ્યો–યાવત્–અષ્ટમ-ભક્ત તપ પૂર્ણ થતાં પૌષધશાળામાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવ્યો, આવીને સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુકમંગલ કર્યું, કરીને શુદ્ધ સ્વચ્છ મંગળ વસ્ત્રો પહેર્યાં, અલ્પ પરંતુ મહામૂલ્ય આભૂષણોથી શરીરને શણગાર્યું, પછી હાથમાં ધૂપ, પુષ્પો, સુગંધી માળાઓ લઈ સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, બહાર નીકળી જે તરફ તિમિસ્ર-ગુફાના દક્ષિણ પ્રવેશદ્વારનાં બારણાં હતાં તે તરફ જવા માટે પ્રયાણ કર્યું.

ત્યાર પછી તે સુસેન સેનાપતિના અનેક ખંડિયા રાજાઓ, કોટવાળો, માંડલિકો–યાવત્–સાર્થવાહ વગેરે હાથોમાં કમળ લઈને–યાવત્–સુસેન સેનાપતિની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

ત્યાર બાદ તે સુસેન સેનાપતિની અનેક કુબ્જા, ચિલાતી આદિ દાસીઓ–યાવત્–સંકેત, ચિંતન, ઇચ્છા સમજી લેવામાં કુશળ અને વિનીત એવી હાથોમાં કળશ લઈને–યાવત્–પાછળ પાછળ ચાલવા લાગી.

૫૨૬. ત્યાર બાદ સમસ્ત ઋદ્ધિ, સમસ્ત ધ્વનિ–યાવત્–વાજિંત્રોના નાદ સાથે તે સુસેન સેનાપતિ જ્યાં તિમિસ્ર ગુફાનું દક્ષિણ ભાગનું દ્વાર હતું ત્યાં આવ્યો, આવીને બારણાંને જોતાં જ પ્રણામ કર્યા, પ્રણામ કરીને પીંછી હાથમાં ધારણ કરી, પીંછી લઈને તિમિસ્ર ગુફાના દક્ષિણ ભાગના દ્વારનાં બારણાંને લૂછ્યાં, લૂછીને દિવ્ય જળધારા વડે તેનો અભિષેક કર્યો, અભિષેક કરીને સરસ ગોશીર્ષ ચંદનથી પાંચે આંગળીઓ વડે તેના પર થાપા કર્યા, થાપા કરીને ઉત્તમ શ્રેષ્ઠ સુગંધી દ્રવ્યો અને માળાઓ દ્વારા પૂજાઅર્ચના કરી, પૂજા કરી પુષ્પો ચઢાવ્યાં–યાવત્ વસ્ત્રો ચઢાવ્યાં, વસ્ત્રાદિ અર્પણ કરીને આસિંચન, ઉત્સિચન, વિપુલ-વર્ત આદિ વિધિ–યાવત્–કરી, કરીને સ્વચ્છ, સ્નિગ્ધ, રજત સમાન અક્ષત તાંદુલ દ્વારા તિમિસ્ર ગુફાના દક્ષિણ ભાગના દ્વારનાં બારણાંની સામે સ્વાઠ આઠ મંગળોનું આલેખન કર્યું.

તે જેમ કે-સ્વસ્તિક, શ્રીવત્સ–યાવત્–હાથમાં પકડેલા હથેળીમાં પડેલા ચન્દ્ર જેવા પ્રભાશાળી તથા વજ્ર અને વૈદૂર્ય મણિના હાથાવાળા ધૂપદાનથી–યાવત્–ધૂપ કર્યો, ધૂપ કરીને ડાબો ઘૂંટણ ઊંચો અને જમણો ઘૂંટણ નીચે કરી બન્ને હાથ જોડી–યાવત્–મસ્તક પાસે અંજલિ રચી બારણાંને પ્રણામ કર્યા, પ્રણામ કરીને દંડ-રત્ન હાથમાં લીધો, ત્યારે તે દંડ–રત્ન જે પાંચ લતાઓવાળો, વજ્રના સારભાગમાંથી બનાવેલ હોવાથી વિશેષ મજબૂત, સર્વ શત્રુસેનાઓનો વિનાશક, રાજાના સ્કંધાવારના નિર્માણ માટે ખાડા, ગુફાઓ, વિષમભૂમિ, મોટા પર્વતો, પ્રપાતો આદિને સમતળ કરનાર, શાંતિકારક, શુભકારક, હિતકારક, રાજાના હૃદય-ઇચ્છિત મનોરથ પૂરનાર, દિવ્ય અને અપ્રતિહત હતો–એવો દંડરત્ન હાથમાં લઈ સાત આઠ ડગલાં પાછળ ખસ્યો, પાછળ ખસી તિમિસ્ર ગુફાના દક્ષિણ ભાગના દ્વારનાં બારણાં પર તે દંડરત્ન દ્વારા જોરપૂર્વક ત્રણ વાર આઘાત કર્યો.

ત્યારે તિમિસ્ર ગુફાના દક્ષિણ ભાગના દ્વારનાં બારણાં સુસેન સેનાપતિ દ્વારા દંડરત્ન વડે જોરપૂર્વક ત્રણ વાર ફટકારાનાં ક્રૌંચ પક્ષી જેવો અવાજ કરતાં મોટા અવાજ સાથે સરસર કરતાં પોતાના સ્થાનેથી ખસી ગયાં અર્થાત્ ખૂલી ગયાં.

ત્યાર બાદ તે સુસેન સેનાપતિએ તિમિસ્ર ગુફાના દક્ષિણ ભાગના દ્વારનાં બારણાં ઉઘાડ્યાં, ઉઘાડીને જ્યાં ભરત રાજા હતો ત્યાં તે આવ્યો, આવીને–યાવત્–બે હાથ જોડી જય જય શબ્દોથી ભરત રાજાને વધાવ્યો, વધાવીને આ પ્રમાણે બોલ્યો—

'હે દેવાનુપ્રિય! તિમિસ્ર ગુફાના દક્ષિણ ભાગનાં દ્વાર ખોલી નાખ્યાં છે, એ પ્રિય સમાચાર દેવાનુપ્રિયને વિદિત થાય, આપને પ્રિય થાય.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મણિરત્ન સહિત ભરતનું તિમિસ્રગુફા-દ્વાર પ્રતિ પ્રયાણ—

૫૨૭. ત્યાર બાદ સુસેન સેનાપતિ પાસેથી આ સમાચાર સાંભળીને, જાણીને ભરત રાજા હૃષ્ટ-તુષ્ટ આનંદિત બન્યો-યાવત્-હર્ષિત હૃદયથી તેણે સુસેન સેનાપતિનું સન્માન કર્યું, સન્માન સત્કાર કરીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ અભિષેક-હસ્તીરત્નને સજ્જ કરો, અશ્વ, હાથી, રથ અને પ્રવર યોદ્ધાઓની ચતુરંગિણી સેનાને સજ્જ કરો-યાવત્-પૂર્વવત્ વર્ણન પ્રમાણે, અંજન-ગિરિશિખર સમાન શ્રેષ્ઠ હસ્તી પર નરપતિ ભરત આરૂઢ થયો.

૫૨૮. ત્યાર પછી ભરત રાજાએ મણિરત્ન હાથમાં લીધું. તે મણિરત્ન તોત્ર-અંકુશ સમાન, ચાર આંગળ લાંબું, અનર્ઘ-અમૂલ્ય, ત્રાંસા ખૂણાવાળું, અનુપમ પ્રકાશવાળું, દિવ્ય, મણિ-રત્નોમાં સર્વપ્રધાન, વૈદૂર્યનું બનેલ, સર્વ પ્રાણીઓને પ્રિય, મસ્તક પર ધારણ કરવાથી કોઈ પણ પ્રકારના દુઃખને હરનાર-યાવત્-સદા આરોગ્ય-દાયક, ધારણ કરનારના તિર્યંચકૃત, મનુષ્યકૃત કે દેવકૃત કોઈ પણ પ્રકારના ઉપ-સર્ગોનું દુઃખ દૂર કરનાર, સંગ્રામમાં પણ આ મણિશ્રેષ્ઠને ધારણ કરનાર શસ્ત્રથી અવધ્ય બની જાય તેવું હતું અને આ મણિરત્નને ધારણ કરનારનું યૌવન સ્થિર રહે, કેશ-નખ વૃદ્ધિ ન પામે તથા તે સમસ્ત ભયથી મુક્ત રહે તેવું હતું.

તે મણિરત્ન લઈ તે નરપતિએ હસ્તીરત્નના કુંભસ્થળ પર જમણી બાજુએ મૂક્યું.

ત્યાર બાદ તે ભરતાધિપતિ નરેન્દ્ર હારાદિથી સુશોભિત વક્ષઃસ્થળ-યાવત્-અમરપતિ ઈન્દ્ર સમાન ઋદ્ધિથી પ્રથિતયશ અને જેનો માર્ગ મણિરત્નો દ્વારા પ્રકાશિત થઈ રહ્યો હતો અને જેને અનેક સહસ્ર રાજાઓ અનુસરી રહ્યા હતા એવો તે મહા ઉત્કૃષ્ટ સિંહનાદ જેવા શોરથી ગગનમંડળને સમુદ્ર સમાન કરતો કરતો જ્યાં તિમિસ્ર ગુફાનું દક્ષિણ દ્વાર હતું ત્યાં આવ્યો, આવીને જેવી રીતે મેઘ-સમૂહથી અંધકારમય બનેલ આકાશમાં ચન્દ્ર પ્રવેશે તેવી રીતે તે દક્ષિણ દ્વારેથી તિમિસ્ર ગુફામાં પ્રવેશ્યો.

કાકણીરત્ન સાથે ભરતનો તિમિસ્ર ગુફામાં પ્રવેશ—

૫૨૯. ત્યાર પછી તે ભરત રાજાએ છ બાજુઓ-વાળા, બાર ખૂણાવાળા, આઠ કર્ણિકાવાળા, એરણના આકારવાળા, આઠ સુવર્ણભારવાળા કાકણીરત્નને હાથમાં લીધું. તે કાકણીરત્ન ચાર આંગળના પ્રમાણનું, આઠ સુવર્ણભારનું, વિષ હરનારું, અતુલનીય સમચતુરસ્ર સંસ્થાન-વાળું, સમતળ, માન-ઉન્માનોપેત એટલે કે આ રત્નને ધ્યાનમાં રાખી મકાનો વ.નાં માપ લેવાનો વ્યવહાર લોકોમાં પ્રચલિત હતો એવું હોવાથી સર્વ જનોને જ્ઞાન આપનારું, જાણે કે ચન્દ્ર ન હોય તેવું, જાણે કે સૂર્ય ન હોય એવું, જાણે કે અગ્નિ જેવું, એવું આ રત્ન અંધ-કારનો નાશ કરનારું હતું. આ કાકણીરત્ન દિવ્ય ભાવવાળું હોવાથી એની લેશ્યાઓ-કિરણો-બાર યોજન સુધી ફેલાઈ જનાર તથા ઘન અંધકારનો નાશ કરનાર હતી. તે રાત્રીએ સમગ્ર સ્કંધાવારને પ્રકાશમય કરી રાત્રિને દિવસમાં પલટાવનારું હતું. એના પ્રભાવે ચક્રવર્તીએ અર્ધ ભરતક્ષેત્ર પર વિજય પ્રાપ્ત કરવા માટે પોતાની સેના સાથે તિમિસ્ર ગુફામાં પ્રવેશ કર્યો. તે ઉત્તમ રાજાએ કાકણીરત્ન લઈને તિમિસ્ર ગુફાના પૂર્વ અને પશ્ચિમના ભાગોમાં આવેલ કટકોમાં એક એક યોજનના અંતરે પાંચસો ધનુષ લાંબા અને એક યોજન સુધી પ્રકાશ ફેલાવનાર ચક્રના આરાના આકારના તથા ચન્દ્રમંડળ જેવો પ્રકાશ ફેલાવનાર ઓગણપચાસ મંડળોનું આલેખન કરતાં કરતાં પ્રવેશ કર્યો.

ત્યાર બાદ ભરત રાજાએ એક એક યોજ-નના અંતરે પ્રકાશની વ્યવસ્થા કરવા માટે ઓગણપચાસ મંડળોનું આલેખન કર્યા પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે તિમિસ્ર ગુફા તરત જ એકદમ પ્રકાશમય, ઉદ્યોતમય અને જાણે કે દિવસના પ્રકાશવાળી બની ગઈ.

તિમિસ્ર ગુફાની મધ્ય ભાગમાં ઉન્મગ્ન-નિમગ્ન-જલા મહાનદીઓ—

તે તિમિસ્ર ગુફાની વચ્ચેના ભાગમાં ઉન્મગ્ન-જલા અને નિમગ્નજલા નામે બે મહા નદીઓ છે, જે તિમિસ્ર ગુફાની પૂર્વની દીવાલોમાંથી નીકળીને પશ્ચિમમાં સિંધુ મહાનદીને જઈને મળે છે.

હે ભગવંત! એમ કહેવાય છે કે ઉન્મગ્ન-જલા અને નિમગ્નજલા મહાનદીઓ—તે કયા અર્થમાં?

હે ગૌતમ! ઉન્મગ્નજલા મહાનદીમાં જે કંઈ તૃણ અથવા પત્ર, અથવા કાષ્ઠ, કંકર કે અશ્વ, હાથી, રથ અથવા યોદ્ધા, કે મનુષ્ય જે કંઈ નાખવામાં આવે કે પડી જાય તો ઉન્મગ્નજલા મહાનદી ત્રણવાર ફંગોળી ફંગોળી તેને બહાર ફેંકી દે છે.

જો નિમગ્નજલા મહાનદીમાં પત્ર, તૃણ, કાષ્ઠ કે કંકર, અથવા અશ્વ, રથ, યોદ્ધો કે મનુષ્ય પડી જાય તો નિમગ્નજલા મહાનદી તેને ત્રણ વાર ઘુમાવીને પછી પોતાના મધ્યવહેણમાં ડુબાડી દે છે. એટલે હે ગૌતમ! તેમને ઉન્મગ્નજલા અને નિમગ્નજલા મહાનદીઓ એમ કહેવામાં આવે છે.

ઉન્મગ્ન-નિમગ્નજલા મહાનદીઓ પર વર્ધકી-રત્ન દ્વારા સેતુ-નિર્માણ અને ભરતનું સૈન્યસહ ઉતરાણ—

૫૩૧. ત્યાર પછી ચક્રરત્ન દ્વારા પ્રદર્શિત માર્ગવાળો તે ભરત રાજા અનેક રાજાઓ વગેરેથી વીંટળાઈને મહાન સિંહનાદ કરતો—યાવત્—સિંધુ મહા-નદીના પૂર્વ કિનારે થઈને જ્યાં ઉન્મગ્નજલા મહાનદી હતી ત્યાં આવ્યો, આવીને પોતાના વર્ધકીરત્નને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! ઉન્મગ્નજલા નિમગ્નજલા મહાનદીઓ પર સેંકડો સ્થંભોવાળો, અચલ, નિષ્કંપ, અભેદ્ય આવરણવાળો, બન્ને બાજુ-ઓએ આધારવાળો, સર્વરત્નમય, સુખપૂર્વક પસાર કરી શકાય તેવો સેતુ બનાવો, બનાવીને મારી આજ્ઞા પૂર્ણ કર્યાની જાણ કરો.'

ત્યાર બાદ તે વર્ધકીરત્ને ભરત રાજાનો આદેશ સાંભળી હૃષ્ટ-તુષ્ટ આનંદિત થઈ—યાવત્—વિનયપૂર્વક આદેશ સ્વીકાર્યો, સ્વી-કારીને તરત જ ઉન્મગ્ન-નિમગ્નજલા મહા-નદીઓ પર સેંકડો સ્તંભોવાળો—યાવત્—સુખપૂર્વક પસાર કરી શકાય તેવો સેતુ બના-વ્યો, બનાવીને જ્યાં ભરત રાજા હતો ત્યાં આવ્યો, આવીને—યાવત્—આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યાર બાદ ભરત રાજા સ્કન્ધાવાર તથા સેના સહિત સેંકડો સ્તંભોવાળા—યાવત્—સુખપૂર્વક પસાર કરી શકાય તેવા સેતુ દ્વારા ઉન્મગ્ન અને નિમગ્નજલા મહાનદીઓ પાર કરી ગયો.

તિમિસ્ર ગુફાના ઉત્તર દિશાના દ્વાર દ્વારા આપમેળે માર્ગ આપવો—

૫૩૨. ત્યાર બાદ તિમિસ્ર ગુફાના ઉત્તર બાજુના દર-વાજાનાં બારણાં પોતાની મેળે જ ક્રૌંચ પક્ષીના અવાજ જેવો અવાજ કરવા સાથે પોતાનું સ્થાન છોડી ખસી ગયાં એટલે કે ઊઘડી ગયાં.

ઉત્તરાર્ધ ભરતમાં સુસેન સેનાપતિએ કરેલ આવાડ ચિલાતનો પરાજય—

૫૩૩. તે કાળે તે સમયે ઉત્તરાર્ધ ભરત વર્ષમાં ઘણા આવાડ ચિલાતો (એક પ્રકારના રખડતા ભીલ જેવી જાતિના લોકો) વસતા હતા. તે લોકો ધનાઢ્ય, અભિમાની, બળવાન, વિપુલ ભવન-શયનાસન-યાનવાહનવાળા, બહુ ધનવાળા, બહુ સોનું-રૂપું ધરાવતા, આદાન-પ્રદાનથી ધનને વધારનારા, પ્રચુર ખાન-પાન વહેંચ-નારા, બહુ દાસી-દાસવાળા, અનેક ગાય-ભેંસ-બળદ આદિ પ્રાણીઓના માલિક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક લોકો દ્વારા પણ પરાજિત ન થનારા, શૂરવીર, પરાક્રમી, વિસ્તીર્ણ વિપુલ સેના અને વાહનોવાળા, યુદ્ધોમાં પોતાનું લક્ષ્ય ન ચૂકનારા અર્થાત્ વિજય મેળવનારા એવા હતા.

૫૩૪. ત્યાર પછી તે આવાડ ચિલાતોના દેશમાં કોઈ એક વખત સેંકડો ઉત્પાત ઉત્પન્ન થયા, જેવા કે—અકાળ મેઘગર્જના, અકાળ વીજળીના ચમકારા, અકાળે વૃક્ષોને ફૂલો આવવા, વારંવાર આકાશમાં દેવોનો નાચ વગેરે.

ત્યારે તે આવાડ ચિલાતોએ પોતાના દેશમાં સેંકડો ઉત્પાતો ઉત્પન્ન થતા જોયા, જોઈને એકબીજાને બોલાવ્યા, બોલાવીને અન્યોન્ય આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિયો ! આપણા દેશમાં સેંકડો ઉત્પાતો ઉત્પન્ન થયેલા જણાય છે, જેમ કે અકાળ મેઘગર્જના થવી, અકાળે વીજળી ચમકવી, અકાળે વૃક્ષો પર ફૂલો આવવાં, વારંવાર દેવતાઓ આકાશમાં નાચતા દેખાવા. તો ન જાણે આપણા દેશમાં શું અનિષ્ટ થવાનું છે.'

આમ કહી જેમની માનસિક શક્તિ ક્ષીણ થઈ ગઈ છે એવા તે ચિલાતો ચિંતા અને શોકના સાગરમાં ડૂબી ગયા અને શોકાતુર થઈ હથેળી પર મોં રાખી આર્તધ્યાન કરવા લાગ્યા અને જમીનમાં નજર ખૂંચાવી ચિંતામગ્ન થઈ ગયા.

૫૩૫. ત્યાર બાદ ચક્રરત્ન દ્વારા પ્રદર્શિત માર્ગે તે ભરત રાજા—યાવત્—સમુદ્ર ગર્જના જેવો અવાજ કરતા સૈન્ય સહ તિમિસ્ર ગુફાની ઉત્તર બાજુના દ્વારથી જેવી રીતે ઘોર અંધકારના સમૂહમાં ચંદ્ર નીકળે તેવી રીતે તિમિસ્રગુફાથી બહાર નીકળ્યો.

ત્યારે તે આવાડ ચિલાતોએ ભરત રાજાની આગળ વધતી સેનાને જોઈ, જોઈને ક્રોધાભિભૂત, રુષ્ટ, કોપાયમાન થઈને હોઠ ભીડતા અન્યોન્યને બોલાવ્યા, બોલાવીને પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિયો ! આ કોણ અનિષ્ટની ઇચ્છા કરનાર, દુર્લક્ષણ, પુણ્યહીન, ચતુર્દશીએ જન્મનારો, હ્રી અને શ્રી વિનાનો છે જે આપણા દેશ પર આક્રમણ કરવા વેગપૂર્વક ચડી આવ્યો છે ? હે દેવાનુપ્રિયો ! આપણે તેને એવી રીતે પાછો હટાવી દઈએ કે જેથી તે આપણા દેશ પર આક્રમણ કરતો અટકે.' આવો વિચાર કરીને તે ભીલોએ એકબીજાની વાત સ્વીકારી, સ્વીકારીને યુદ્ધ માટે સજ્જ થયા-શરીરે કવચ આદિ પહેર્યાં, બાણ અને ભાથા બાંધ્યાં, ગળે ગળાબંધ પહેર્યા, પોતપોતાના ધ્વજાદિ ચિહ્નોના પટ્ટા બાંધ્યા, આયુધ-શસ્ત્રાસ્ત્રો લીધાં અને જ્યાં ભરત રાજાનું અગ્રસૈન્ય હતું ત્યાં આવ્યા, આવીને ભરત રાજાના અગ્ર સૈન્ય સાથે લડાઈ કરવા લાગ્યા.

ત્યાર બાદ તે આવાડ ચિલાતોએ ભરત રાજાના આગળના સૈન્યને હેરાન-પરેશાન કર્યું, ઉત્તમ યોદ્ધાઓને ઘાયલ કર્યા, તેમની ધ્વજા-પતાકાઓ ક્ષત-વિક્ષત કરી નાખી, અને જેના ગળે પ્રાણ આવી ગયા છે તેવા તે સૈન્યને દશે દિશાઓમાં ભગાડી દીધું.

૫૩૬. ત્યાર બાદ તે સેનાના નાયકે—અહીં વેઢ દ્વારા પૂર્વવર્ણન-યાવત્—ભરત રાજાના અગ્ર સૈન્યને આવાડ ચિલાતો દ્વારા ખેદાન-મેદાન, ઘાયલ અને દિશેદિશામાં ભાગતું જોયું, જોઈને ક્રોધાવિષ્ટ, રુષ્ટ, પ્રચંડ કોપાયમાન થઈ દાંત કચકચાવી તે કમલામેલ નામક અશ્વરત્ન પર સવાર થયો. તે અશ્વરત્ન એંશી આંગળ ઊંચો હતો, નવ્વાણુ આંગળ શરીરવિસ્તારવાળો હતો, એકસો આઠ આંગળ લાંબો હતો, તેનું માથું બત્રીસ આંગળ ઊંચું હતું, ચાર આંગળના એના કાન હતા, મસ્તકની નીચે ઘૂંટણથી ઉપર સુધી તે વીશ આંગળ પ્રમાણ હતો, તેનાં ઘૂંટણ ચાર આંગળનાં હતાં, તેની જાંઘ સોળ આંગળની અને ખરીઓ ચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંગળની હતી. તેના પેટની નીચે-ઉપરનો ભાગ સાંકડો, મધ્ય ભાગ થોડો પહોળો કોઠી જેવો હતો, પલાણ રાખવાનો ભાગ કેટલાક આંગળ નમેલો હતો, જેના કારણે સવાર સુખપૂર્વક તેના પર બેસી શકે તેવો હતો, તેની પીઠ સંનત, સુજાત અને પ્રશસ્ત હતી, વિશિષ્ટ પ્રકારની હતી, હરિણીના ઘૂંટણ જેવી વિશાળ અને ઉન્નત પીઠ હતી, તેના અંગ-પ્રત્યંગ પ્રહારવર્જિત એટલે કે ચલાવવા માટે તેને ચાબુક વગેરે મારવાની જરૂર ન પડે તેવાં અંગપ્રત્યંગ હતાં, તેનું શરીર સોનાનાં આભૂષણોથી શણગારેલું હતું, એની લગામ વિવિધ વિચિત્ર રત્નો અને સોનાનાં ફૂલોથી મઢેલી હતી, એને અનેકવિધ ઘંટડીઓ અને મોતીનાં તોરણોથી શણગારેલ હતો, એના મુખ પર કર્કેતન, ઇન્દ્રનીલ, મરકત અને મસારગલ્લ રત્નોથી જડિત મુખબંધ બાંધ્યું હતું, માણેક જડિત દોરીથી વિભૂષિત, કનકમય પદ્મનું તિલક એને લલાટે કર્યું હતું, જેને દેવોની મતિ દ્વારા બનાવવામાં આવ્યો હતો, જે ઇન્દ્રના અશ્વ સમાન ગતિવાળો અને સુરૂપ હતો, પાંચ સુંદર ચામરોના સમૂહને જે ધારણ કરતો હતો, જે જમીન પર ચાલનારો હતો, શુદ્ધ આંખોવાળો હતો, વિકસિત અનેક પલકોવાળી આંખોવાળો હતો, સદા ઢાંકેલા નવા તપ્ત સુવર્ણવર્ણનાં તાલુ અને જીભવાળો હતો, લક્ષ્મીના અભિષેકરૂપ ચિહ્નવાળી નાસિકાવાળો હતો, કમળપત્ર પરનાં જળબિંદુ જેવાં જેના શરીર પર ટપકાં હતાં, અચંચળ હોવા છતાં ચપળ શરીરવાળો હતો, ચરક પરિવ્રાજકની જેમ સ્વચ્છ શરીરવાળો હતો, ચાલતી વેળાએ તેની ખરીઓ ભૂમિતળને અથડાવાથી ઠપ ઠપ રવાજ થતો હતો, તથા તેના બન્ને પગ મોં પાસે એકલાથે આવી જવાથી જાણે બન્ને પગ તેના મોંમાંથી નીકળતા હોય તેમ લાગતું હતું, તેની તેજ ગતિથી જાણે પાણી પર કમળતંતુ સરકે તેમ તે જમીન પર દોડતો હતો, જાતિ, રૂપ અને કુળ ની અપેક્ષાએ તે પ્રશસ્ત હતો, બાર આવર્તનું ઉત્તમ લક્ષણ ધરાવતો હતો, સારા કુળમાં ઉત્પન્ન થયેલ, મેધાવી, ભદ્ર અને વિનયી હતો, તેની રોમરાજિ અતિશય બારીક અને કોમળ હતી, સ્નિગ્ધ શરીરકાંતિવાળો હતો, અતિગતિવાળા દેવ, મન, પવન, ગરુડના વેગ જેવા વેગવાળો, ચપળ અને શીઘ્રગામી હતો, ઋષિ જેવો સહનશીલ સ્વભાવવાળો હતો, સુશિષ્ય જેવો પ્રત્યક્ષ વિનયી હતો, જળ, અગ્નિ, પાષાણ, ધૂળ, કીચડ, કાંકરા, રેતીવાળા નદીકાંઠા, વિષમ પર્વત, ગુફા, કંદરા આદિ દુર્ગમ સ્થાનોને સહેલાઈથી પાર કરનારો, પાર ઉતારવા સમર્થ હતો, મોટા યોદ્ધાઓ પણ તેને પાડવા સમર્થ ન હતા, પ્રતિપક્ષી પર તૂટી પડનારો હતો, આંસુ ન પાડનારો હતો, એનું તાળવું કાળું ન હતું, યોગ્ય સમયે હણહણનારો હતો, નિદ્રાવિજયી હતો, ગવેષક હતો, પરીષહવિજયી હતો, જાતવંત હતો, તેની નાસિકા બેલાના ફૂલ જેવી નિર્મળ હતી, સુવર્ણવર્ણનો મનોભિરામ એવો કમલામેલ નામે તે અશ્વ હતો. તેવા અશ્વરત્ન પર સેનાપતિ આરૂઢ થયો.

પછી તેણે નીલકમળના પત્ર જેવું શ્યામ રજનિકર ચંદ્રના બિંબ સમાન ચમકતું, શત્રુજનોનો વિનાશ કરનાર, સુવર્ણ અને રત્નથી જડિત મૂઠવાળું, નવમલ્લિકાના પુષ્પની સુગંધથી રસિત, વિવિધ લતાઓ ચિત્રિત તીક્ષ્ણ ધારથી ઝગમગતું, દિવ્ય ખડ્ગરત્ન ગ્રહણ કર્યું. તે દિવ્ય ખડ્ગરત્ન લોકમાં અનુપમ હતું, તે વાંસ, વૃક્ષ, સિંગ, અસ્થિ, હાથીદાંત અને ઉત્તમ પોલાદને તથા મોટા લોહખંડના દંડને કે ઉત્તમ વજ્રને પણ ભેદનારું હતું, સર્વત્ર અપ્રતિહત ગતિવાળું (કોઈ વસ્તુને કાપતાં રોકાય નહીં તેવું) હતું પછી જંગમ પ્રાણીઓના દેહની તો શી વાત ?

ગાથાર્થ—તે પચાસ આંગળ લાંબું, સોળ આંગળ પહોળું, અડધો આંગળ જાડું હતું. મોટામાં મોટા માપનું તે ખડ્ગ હતું.

આવું ખડ્ગરત્ન નરપતિના હાથેથી ગ્રહણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી તે જ્યાં આવાડ કિરાતો (ભીલો) હતા ત્યાં આવ્યો, આવીને આવાડ કિરાતો સાથે તેણે લડાઈ આદરી.

ત્યાર પછી સુસેન સેનાપતિએ તે આવાડ કિરાતોને ઘાયલ કરી, આહત કરી, મોટા મોટા સુભટોને પરાજિત કરી—યાવત્—ચારે દિશામાં ભગાડી મૂક્યા.

આવાડ કિરાતોની પ્રાર્થનાથી ભરતના સૈન્ય પર નાગકુમારદેવોએ કરેલ મહામેઘવર્ષા

૫૩૭. ત્યાર પછી સુસેન સેનાપતિ દ્વારા પરાજિત—યાવત્—ભગાડાયેલા આવાડ કિરાતો ભયગ્રસ્ત, ત્રસ્ત, વ્યથિત અને ઉદ્વિગ્ન થયા તથા ઉદ્વિગ્ન બની આત્મવિશ્વાસહીન બન્યા, બળહીન બન્યા, વીર્યહીન બન્યા, પુરુષાર્થ અને પરાક્રમરહિત બની ગયા તથા હવે પ્રતિકાર કરવો શક્ય નથી એમ સમજી અનેક યોજન દૂર ચાલ્યા ગયા, દૂર જઈને એકઠા થયા, એકઠા થઈને જ્યાં સિંધુ મહાનદી હતી ત્યાં આવ્યા, આવીને રેતીની પથારી કરી, રેતીની પથારી કરી તે પર બેઠા, બેસીને અષ્ટમભક્ત તપ ગ્રહણ કર્યું, તપ ગ્રહણ કરીને રેતીના આસન પર જ ઊર્ધ્વમુખ બની, નિર્વ્યસન અષ્ટમભક્ત તપધારી તેઓ પોતાના કુળદેવતા મેઘમુખ નામક દેવકુમારોનું માનસિક સ્મરણ (જાપ) કરવા લાગ્યા.

૫૩૮. ત્યાર પછી જ્યારે તે આવાડ કિરાતોનું અષ્ટમ ભક્ત તપ પૂરું થયું ત્યારે મેઘમુખ નાગકુમાર દેવોનાં આસનો ચલિત થયાં, ત્યારે તે મેઘમુખ નાગકુમાર દેવોએ પોતાનાં આસનો—ચલિત થતાં જોયાં, જોઈને અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો, અવધિજ્ઞાનનો પ્રયોગ કરી આવાડ કિરાતોને જોયા, જોઈને એકબીજાને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિયો ! જંબૂદ્વીપના ઉત્તરાર્ધ ભારતવર્ષમાં સિંધુ મહાનદીને કિનારે રેતીના સંથારા પર ઊર્ધ્વ મુખ કરીને નિર્વ્યસન અષ્ટમ ભક્ત તપધારી આવાડ કિરાતોએ પોતાના કુળદેવતા તરીકે આપણને મેઘમુખ નાગકુમાર દેવોને યાદ કર્યા છે, તેઓ આપણું સ્મરણ કરી રહ્યા છે, તો હે દેવાનુપ્રિયો ! આપણા માટે એ યોગ્ય છે કે આપણે તે આવાડ કિરાતોની પાસે જઈએ.' એમ કરીને તેમણે એકબીજાની આ વાત સ્વીકારી, સ્વીકારીને ઉત્કૃષ્ટ દેવગતિથી ત્વરિત જ—યાવત્—ગમન કરીને જંબૂદ્વીપ નામક દ્વીપના ઉત્તરાર્ધ ભરત નામક ક્ષેત્રમાં જ્યાં સિંધુ મહાનદી હતી અને જ્યાં આવાડ કિરાતો હતા ત્યાં આવી પહોંચ્યા, આવીને અંતરિક્ષમાં ઊંચે ઊભા રહી ઘુઘરીવાળાં પચરંગી વસ્ત્રો પરિધાન કરેલા તે દેવો આવાડ કિરાતોને આ પ્રમાણે કહેવા લાગ્યા—

'અરે આવાડ કિરાતો ! તમે રેતીના સંથારા પર ઊર્ધ્વ મુખ રાખી નિર્વ્યસનપણે અષ્ટમભક્ત તપ કરી અમને મેઘમુખ દેવોને મનમાં યાદ કરતા બેઠા છો તેથી હે દેવાનુપ્રિયો ! તમારા કુળદેવતા એવા અમે મેઘમુખ નાગકુમાર દેવો તમારી સમક્ષ ઉપસ્થિત થયા છીએ. તો હે દેવાનુપ્રિયો ! કહો અમે શું તમારું કામ કરીએ ? અથવા તમારા મનની શું ઇચ્છા છે?'

૫૩૯. તત્પશ્ચાત્ તે આવાડ કિરાતો તે મેઘમુખ નાગકુમાર દેવોની આ વાત સાંભળી હૃષ્ટ—તુષ્ટ અને આનંદિત બન્યા—યાવત્—પ્રસન્નહૃદયે પોતાના સ્થાનેથી ઊભા થયા, ઊભા થઈને જ્યાં મેઘમુખ નાગકુમાર હતા ત્યાં આવ્યા, આવીને બન્ને હાથ જોડી—યાવત્—મસ્તક પાસે અંજલિ રચી મેઘમુખ દેવોને તેઓએ જયવિજય શબ્દોથી વધાવ્યા, વધાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! આ કોઈ પોતાના અનિષ્ટની ઇચ્છાવાળો, હીનલક્ષણ, હ્રી—શ્રી રહિત બનેલો અમારા દેશ પર આક્રમણ કરવા એકાએક ચડી આવ્યો છે. તો હે દેવાનુપ્રિયો! તમે એવું કરો કે તે અમારા પ્રદેશ પર પોતાની તાકાતથી આક્રમણ ન કરી શકે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૪૦. ત્યારબાદ તે મેઘમુખ નાગકુમાર દેવોએ આવાડ કિરાતોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! આ તો ભરત નામે રાજા છે જે ચારે દિશાનો ચક્રવર્તી સમ્રાટ અને મહાઋદ્ધિવાન, મહાદ્યુતિવાન–યાવત્–મહા–સુખસંપન્ન છે. કોઈ દેવ વડે, દાનવ વડે, કિં પુરુષ વડે, મહોરગ વડે કે ગંધર્વ વડે, શસ્ત્ર-પ્રયોગથી, અગ્નિપ્રયોગથી, કે મંત્રપ્રયોગથી હેરાન કરી શકાય કે પાછો હટાવી શકાય તેવો નથી. તો પણ તમને રાજી કરવા અમે તે ભરત રાજાને ઉપસર્ગ કરીશું.'

એમ કરી તેઓ આવાડ કિરાતો પાસેથી નીકળ્યા, નીકળીને દૂર જઈ વૈક્રિયસમુદ્‌ઘાત કર્યો, વૈક્રિય સમુદ્‌ઘાત કરી મેઘસેનાની વિકુર્વણા કરી, મેઘસેના વિકુર્વીને જ્યાં ભરત રાજાની વિજયછાવણી હતી ત્યાં આવ્યા, આવીને વિજયછાવણી પર તત્કાળ તડતડ અવાજ કરતા વીજળી ચમકાવવા લાગ્યા, વીજળી ચમકાવીને તરત જ ગાડાની ધૂંસરી અને મુશળ જેવી ધારાઓથી વરસાદ વરસાવવા લાગ્યા, સાત રાત સુધી આવી મેઘધારા વરસાવવા લાગ્યા.

ભરત દ્વારા છત્રરત્નનું વિસ્તરણ—

૫૪૧, ત્યાર બાદ તે ભરત રાજાએ વિજયછાવણી પર સાતરાત સુધી મુશળધાર વરસાદ વરસાવતા મેઘમંડળને જોયું, જોઈને તેણે ચર્મરત્નને સ્પર્શ કર્યો. ત્યારે તે ચર્મરત્ને શ્રીવત્સ ચિહ્ન જેવો આકાર ધારણ કર્યો—અહીં વેઢ છંદ મુજબનું વર્ણન યાવત્–તે બાર યોજનથી અધિક વિસ્તાર સુધી તિરછું ફેલાઈ ગયું.

ત્યાર પછી ભરત રાજા સસૈન્ય, છાવણી સાથે ચર્મરત્ન પર ચડી ગયો, ચડીને દિવ્ય છત્રરત્નને સ્પર્શ કર્યો.

તે છત્રરત્ન નવાણું હજાર સોનાના સળિયાથી સુશોભિત હતું, મહામૂલ્યવાન હતું, અયોધ્ય અર્થાત્ તેનું રક્ષણ જેને હોય તેની સાથે યુદ્ધ ન કરી શકાય તેવું હતું, સાંધા કે ગાંઠ વિનાના સુપ્રશસ્ત વિશિષ્ટ મજબૂત સુવર્ણ દંડવાળું હતું, તે છત્ર મૃદુ સુંવાળા કમળપત્ર જેવા રૂપવાળું, મધ્યભાગે સળિયાઓના પીંજરાથી શોભતું, દીવાલો પર વિવિધ ચિત્રોવાળું, મણિ, મુક્તા, પ્રવાળ, તપ્ત સુવર્ણ અને પાંચ વર્ણના શુદ્ધ સુવર્ણની કારીગરીથી શોભતું હતું, રત્નોનાં કિરણોના પ્રકાશથી વિવિધરંગી દીસતું હતું, તે છત્ર રાજ્યલક્ષ્મીના ચિહ્નરૂપ હતું, તેના પાછળનો ભાગ અર્જુન નામક સુવર્ણના પીત પતરાંથી મઢેલ અને તેની પરીધની ચોપાસ ફરતાં તપ્ત-સુવર્ણનો પટ્ટો જડેલ હતો, અધિક શોભાસંપન્ન એવું તે શરદઋતુના ચંદ્ર જેવા વિમળ પરિપૂર્ણ બિંબ સમાન રૂપવાળું હતું, રાજાને ઇષ્ટ એવા વિસ્તારવાળું તે કુમુદવન જેવું ધવલ હતું, રાજાને ઇચ્છિત સ્થાન પર લઈ જનાર વિમાન જેવું તથા સૂર્યતાપ અને વરસાદથી રક્ષા કરે તેવું તે તપોગુણથી પ્રાપ્ત થયેલું હતું.

(ગાથા —) અખંડ (ક્યાંયથી તૂટ્યું ન હોય તેવું), બહુ ગુણવાળું, ઋતુઓના સ્વભાવથી વિપરીત છાપવાળું અર્થાત્ શીતકાળમાં ઉષ્ણતા આપનાર, ઉષ્ણકાળમાં ઠંડી આપનાર અને વર્ષાઋતુમાં વર્ષાથી રક્ષણ આપનાર તે છત્રોમાં પ્રધાન એવું પુણ્યહીનોને અતિ દુર્લભ એવું છત્રરત્ન હતું.

પ્રમાણભૂત રાજાઓના તપોગુણના ફળના ભાગરૂપ અર્થાત્ છ ખંડના સ્વામી તરીકે માન્ય થનાર ચક્રવર્તીના તપના ફળરૂપે તે પ્રાપ્ત થનાર હતું, તેના પર પુષ્પમાળાઓનો સમૂહ શોભી રહ્યો હતો તથા શરદઋતુના વાદળ જેવું, રૂપાના ઢગલા જેવું તે દિવ્ય છત્રરત્ન ધારણ કરનાર રાજા ધરણીતળ પર ઇન્દ્ર સમાન જણાતો હતો.

ત્યાર બાદ ભરત રાજાએ સ્પર્શ કરતાં વેંત તે દિવ્ય છત્રરત્ન તરત જ બાર યોજનથી ય અધિક ત્રાંસું ફેલાઈ ગયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે ભરત રાજાએ છત્રરત્નને છાવણી પર સ્થાપિત કર્યું, સ્થાપિત કરીને મણિરત્નને સ્પર્શ કર્યો—વર્ણન યાવત્—છત્રરત્નની અંદરના ભાગમાં મણિરત્ન સ્થાપિત કર્યું.

તે રાજા ભરતના સર્વોત્તમ સુંદર રૂપવાળા શિલારૂપ અર્થાત્ અત્યંત સ્થિર ચર્મરત્ન પર સૂર્યાસ્ત પૂર્વે જ ઉત્પન્ન થતાં શાલિ, જવ, ઘઉં, મગ, અડદ, તલ, કળથી, સાઠી ચોખા, વાલ, ચણા, કોદરા, કોથમીર, કાંગ, બાવટો, રાળ આદિ અનેક ધાન્ય તથા વિશેષ પ્રકારની શાક માટેની વનસ્પતિ, ભાજી, આદુ, મૂળા, હળદર, લોકી, કાકડી, તુંબડી, તરબૂચ, કોઠાં, કેરી, આંબલી વ. પેદા કરવામાં કુશળ અને સર્વ જનસમૂહમાં પ્રિય એવો ગૃહપતિ (કોઠારપતિ) હતો.

ગૃહપતિરત્ન દ્વારા ભરતની સેનાનો સાત દિન નિર્વાહ—

૫૪૨. ત્યાર પછી ભરત રાજાના તે ગૃહપતિરત્ને જે દિવસે વાવ્યાં હોય તે જ દિવસે ઊગેલાં સર્વ પ્રકારનાં ધાન્યોના અનેક હજાર ઘડાઓ ભરીને ભરત રાજા સમક્ષ હાજર કર્યા.

ત્યાર પછી ચર્મરત્ન પર આરૂઢ અને છત્રરત્ન દ્વારા સારી રીતે ઢંકાયેલ તથા મણિરત્ન દ્વારા પ્રકાશિત તે પેટી જેવા બની ગયેલા સ્થાનમાં ભરત રાજા સુખપૂર્વક સાત દિવસ સુધી રહ્યો.

(ગાથા—) તે ભરતાધિપતિ રાજાને તથા તેની સૈન્ય છાવણીને ન ભૂખનું કે ન લાચારીનું, ન ભયનું કે ન અન્ય કોઈ દુઃખ સહન કરવું પડ્યું.

હજારો દેવો દ્વારા નાગકુમારોને ભરતના શરણે જવા ઉપદેશ—

૫૪૩. ત્યાર પછી જ્યારે સાત દિન પૂરા થઈ ગયા ત્યારે તે ભરત રાજાને આવો વિચાર આવ્યો, આ પ્રકારે વિકલ્પ થયો, મનમાં આ પ્રમાણે તેણે ચિંતવ્યું—

'કોણ છે આ અનિષ્ટની અભિલાષાવાળો, દુર્લક્ષણ—યાવત્—હ્રી-શ્રી-વર્જિત કે જે આવા પ્રકારની વિઘ્નકારી પ્રવૃત્તિથી મારી આ વિજયછાવણી ઉપર આગળા જેવી ધારે, મુશળ જેવી ધારે અને ખોબા જેવી ધારે વર્ષા વરસાવે છે?'

ત્યાર પછી તે ભરત રાજાનો આવો વિચાર, વિકલ્પ, મનોગત ભાવ જાણીને સોળ હજાર દેવો સહાય આપવા તૈયાર થઈ ગયા.

ત્યાર બાદ તે દેવો શરીર પર કવચાદિ બાંધીને—યાવત્—શસ્ત્રાસ્ત્ર ગ્રહણ કરીને જ્યાં મેઘમુખ નાગકુમાર દેવો હતા ત્યાં આવ્યા, આવીને તેઓએ મેઘમુખ નાગકુમાર દેવોને આ પ્રમાણે કહ્યું,

'અરે ઓ મેઘમુખ નાગકુમાર દેવો! પોતાના અનિષ્ટની ઇચ્છાવાળા—યાવત્—હ્રી-શ્રી—પરિવર્જિત એવા તમે શું નથી જાણતા કે ચારે દિશાના ચક્રવર્તી એવા મહાઋદ્ધિમંત ભરત રાજાને તમે ઉપદ્રવ કરવા, પાછો હટાવવા તૈયાર થયા છો? અને તમે ભરત રાજાની વિજયછાવણી પર આગળા જેવી ધારે, મુશળ જેવી ધારે અને ખોબા જેવો ધારે સાત દિવસથી વરસાદ વરસાવી રહ્યા છો? તો થઈ ગયું તે થઈ ગયું, હવે તમે જ અટકી જાવ, નહીં તો આજ તમે બીજા નવીન જીવલોકને જોશો અર્થાત્ તમારો નાશ થશે.'

નાગકુમારોના ઉપદેશથી કિરાતોનું ભરતના શરણે જવું—

૫૪૪. ત્યારે તે દેવોનાં આવાં વચનો સાંભળી મેઘમુખ નાગકુમારો ભયભીત, ત્રસ્ત, વ્યથિત અને ઉદ્વિગ્ન થઈ ગયા અને તેમણે ભયથી મેઘસેનાને પાછી ખેંચી લીધી, પાછી ખેંચીને જ્યાં આવાડ કિરાતો હતા ત્યાં ગયા, જઈને આવાડ કિરાતોને આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિયો! આ ભરત રાજા મહાન ઋદ્ધિવાળો છે—યાવત્ કોઈ દેવ અથવા—યાવત્ અગ્નિપ્રયોગથી યા—યાવત્ તેને ઉપદ્રવ કરવા કે રોકવા સમર્થ નથી. તો પણ હે દેવાનુપ્રિયો!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમારું પ્રિય કરવા અમે ભરત રાજાને ઉપસર્ગ કર્યો. તો હે દેવાનુપ્રિયો! તમે હવે જાવ, સ્નાન, બલિકર્મ, કૌતુક મંગળવિધિ કરી, ભીનાં કપડાં સાથે અધોવસ્ત્ર સાથે ઉત્તમ રત્નો લઈને, હાથ વડે અંજલિ રચીને ભરત રાજાને પગે પડીને શરણ માગો, ઉત્તમ પુરુષો શરણાગત-વત્સલ હોય છે અને ભરત રાજા તરફથી કોઈ ભય નથી એમ સમજીને તેને શરણે જાઓ.' આમ બોલી તેઓ જે દિશામાંથી આવ્યા હતા તે તરફ પાછા ફર્યા.

૫૪૫. ત્યાર પછી મેઘમુખ નાગકુમારોની આ વાત સાંભળતાં જ આવાડ કિરાતો પોતાના સ્થાનેથી ઊભા થયા, ઊભા થઈને સ્નાન, બલિકર્મ, કૌતુક મંગળવિધિ કરી ભીનાં વસ્ત્રો પહેરીને, હાથમાં ઉત્તમ રત્નો લઈને જ્યાં ભરત રાજા હતો ત્યાં ગયા, જઈને હાથ જોડી-યાવત્-મસ્તક સમીપે અંજલિ રચીને ભરતને જયવિજય શબ્દોથી વધાવ્યો, વધાવીને તેની સમક્ષ ઉત્તમ પ્રધાન રત્નો તેને ભેટ ધર્યાં, ધરીને આ પ્રમાણે બોલ્યા—

(ગાથાઓ—) હે વસુધર! હે ગુણધર! હે જયધર (કે જગત્ધર)! હે હ્રી-શ્રી-કીર્તિધર અને સહસ્ર ઉત્તમ લક્ષણધારક નરેન્દ્ર! આ રાજ્ય ચિરકાળ સુધી ધારણ કરો. (૧)

હે અશ્વપતિ! ગજપતિ! નરપતિ! નવનિધિપતિ! ભરતવર્ષના પ્રથમ અધિપતિ! બત્રીસ હજાર જનપદોના રાજાઓના સ્વામિ! તમે ચિરંજીવી હો. (૨)

'હે પ્રથમ નરેશ્વર, ઈશ્વર, હજારો સ્ત્રીઓના હૃદયેશ્વર, લાખો દેવોના ઈશ્વર, ચૌદ રત્નોના સ્વામિ, યશસ્વી! (૩)

સાગરથી ગિરિ પર્યંતના ઉત્તર અને પશ્ચિમના પ્રદેશો તમે જીતી લીધા છે. તેથી અમે તો આપ દેવાનુપ્રિયના દેશમાં હવે વસીએ છીએ. (૪)

અહો આપ દેવાનુપ્રિયનો વૈભવ, સમૃદ્ધિ, દ્યુતિ, બળ, વીર્ય, પુરુષાર્થ પરાક્રમ! દિવ્ય દેવપ્રકાશ, દિવ્ય દેવભાવ આપને પ્રાપ્ત થયો છે, મળ્યો છે, આવી મળ્યો છે. તો આપ દેવાનુપ્રિયની ઋદ્ધિ-યાવત્-આવી મળેલ છે તે અમે જોયું. હે દેવાનુપ્રિય! અમે આપની ક્ષમા યાચીએ છીએ, હે દેવાનુપ્રિય! આપ અમને ક્ષમા કરો. દેવાનુપ્રિય! આપ ક્ષમા કરવા સમર્થ છો, અમે ફરી કદી આવું નહીં કરીએ.' એમ કહી હાથ જોડી, પગે પડી તેઓ ભરત રાજાના શરણે ગયા.

૫૪૬. ત્યાર બાદ તે ભરત રાજાએ આવાડ કિરાતોની ઉત્તમ મુખ્ય રત્નોની ભેટ સ્વીકારી, ભેટ સ્વીકારીને આવાડ કિરાતોને તેણે આ પ્રમાણે કહ્યું—

'હે કિરાતો! હવે તમે મારા બાહુઓની છાયા સ્વીકારી છે તેથી નિર્ભયપણે, ઉદ્વેગ વિના સુખપૂર્વક રહો. તમને કોઈના પ તરફથી ભય નથી' એમ કહી તેણે કિરાતોનું સન્માન કર્યું, સન્માન કરી વિદાય કર્યા,

૫૪૭. ત્યાર બાદ ભરત રાજાએ સુસેન સેનાપતિને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! તું જા અને ફરી સિંધુ મહાનદીના પશ્ચિમ ભાગના નિષ્કૂટના સાગરથી ગિરિ સુધીના સીમા પ્રદેશને તથા સમ-વિષમ બીજા નિષ્કૂટોને કબજે કર, કબજે કરીને ઉત્તમ રત્નો મેળવ, મેળવીને શીઘ્ર મારી આજ્ઞા પૂરી કર્યાની જાણ કર.'

અહીં દક્ષિણ ભાગના પ્રદેશના અધિકાર-ની જેમ જ સઘળું કહેવું-યાવત્-કામભોગો અનુભવતો રહેવા લાગ્યો.

ક્ષુલ્લ હિમવંતગિરિકુમાર-વિજય—

૫૪૮. ત્યાર બાદ અન્યદા એક વખત તે દિવ્ય ચક્ર-રત્ન આયુધ-શાળામાંથી બહાર નીકળ્યું, નીકળીને અંતરિક્ષમાં અદ્ધર ચડી-યાવત્-ઉત્તર પૂર્વદિશા (વાયવ્ય કોણ)માં રહેલા ક્ષુલ્લ હિમવંત પર્વત તરફ પ્રયાણ કરવા લાગ્યું.

ત્યારે ભરત રાજા તે દિવ્ય ચક્રરત્નની પાછળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો–યાવત્ ચુલ્લ હિમવંત વર્ષધર પર્વતથી ન અતિ દૂર કે ન અતિ સમીપ એમ રહી બાર યોજન લાંબા–યાવત્–ચુલ્લહિમવંત ગિરિકુમાર દેવના નિમિત્તે અષ્ટમ ભક્ત ગ્રહણ કર્યું, તે જેવી રીતે માગધતીર્થના વિષે તેવી જ રીતે યાવત્ ગગનમંડળને સમુદ્રના નિનાદ જેવા નિનાદથી ભરી દેતો તે ઉત્તર દિશામાં જ્યાં ચુલ્લ હિમવંત વર્ષધર પર્વત હતો ત્યાં આવ્યો, ત્યાં આવીને ચુલ્લ હિમવંત પર્વતને રથના અગ્ર ભાગ વડે સ્પર્શ કર્યો, સ્પર્શ કરી રથના ઘોડાને ઊભા કર્યા, ઊભા કરીને પૂર્વવર્ણન પ્રમાણે–યાવત્–કાન સુધી પણછ ખેંચી એક વિશાળ બાણને–પૂર્વ પ્રમાણે અહીં પણ બધું કથન કરવું–યાવત્–તે નરપતિ યાવત્–તેઓ સર્વે મારી પ્રજા છે એમ કહી આકાશમાં ઉપર એક બાણ છોડ્યું, પરિકરની મધ્યે–યાવત્–તે પછી જેવું ભરત રાજાએ આકાશમાં ઊંચે બાણ છોડ્યું કે તે બાણ તરત જ બોંતેર યોજન જઈ ચુલ્લ હિમવંત ગિરિકુમાર દેવની સીમામાં જઈને પડ્યું.

૫૪૯. ત્યાર બાદ ચુલ્લ હિમવંત ગિરિકુમારે પોતાની સીમામાં પડેલું બાણ જોયું, જોઈને તે ક્રોધાભિભૂત થઈ ગુસ્સે થયો–યાવત્–પ્રીતિદાન, સર્વોષધિ માળા, ગોશીર્ષ ચંદન અને કડાં–યાવત્ દ્રહજળ ગ્રહણ કર્યું, એ બધું લઈને ઉત્કૃષ્ટ ગતિથી–યાવત્–ઉત્તરમાં ચુલ્લ હિમવંત ગિરિની સીમામાં હું આપ દેવાનુપ્રિયનો પ્રજાજન છું–યાવત્–હું આપ દેવાનુપ્રિયનો ઉત્તર દિશાનો દિક્પાલ-સીમારક્ષક છું–યાવત્ વિદાય આપી.

ભરત દ્વારા કાકિણીરત્ન દ્વારા ચક્રવર્તી નામોત્કીર્ણન—

૫૫૦. ત્યાર પછી તે ભરત રાજાએ પોતાના ઘોડા ઊભા રાખ્યા, ઊભા રાખી રથને વાળ્યો, રથને પાછો વાળી જ્યાં ઋષભકૂટ પર્વત હતો આવ્યો, ત્યાં આવીને રથના અગ્રભાગ વડે ત્રણ વાર ઋષભકૂટ પર્વતને સ્પર્શ કર્યો, સ્પર્શ કરી ઘોડાને ઊભા રાખ્યા, ઊભા રાખીને છ તલવાળા, બાર કોણવાળા અને સોનીની એરણ જેવા આકારના કાકિણીરત્નને હાથમાં લીધું, લઈને તે દ્વારા ઋષભકૂટ પર્વતના પૂર્વ તરફના કટક પર પોતાનું નામ કોતર્યું—

(ગાથાઓ—) આ ત્રીજી અવસર્પિણીના અંતિમ કાળમાં હું ભરત નામે ચક્રવર્તી થયો છું. (૧)

હું પ્રથમ રાજા છું, સમસ્ત ભરતનો અધિપતિ છું, મનુષ્યોમાં શ્રેષ્ઠ છું, નરેન્દ્ર છું, મારો કોઈ પ્રતિસ્પર્ધી નથી, મેં સમગ્રભારત વર્ષ જીતી લીધેલ છે. (૨) આમ લખી પોતાનું નામ (સહી) કોતર્યું.

ચક્રાનુગામી ભરતનું વૈતાઢ્યના ઉત્તર ઢોળાવમાં ગમન—

૫૫૧. નામ લખીને તેણે રથને પાછો વાળ્યો, પાછો વાળી જ્યાં વિજયછાવણી હતી અને જ્યાં બહારનો સભાખંડ હતો ત્યાં આવ્યો, ત્યાં આવીને–યાવત્–ચુલ્લ હિમવંત ગિરિકુમારના દેવનો અષ્ટાહ્નિકા મહામહોત્સવ પૂર્ણ થયા પછી તે દિવ્ય ચક્રરત્ન આયુધશાળામાંથી બહાર નીકળ્યું, બહાર નીકળીને–યાવત્–દક્ષિણ દિશામાં વૈતાઢ્ય પર્વત તરફ ચાલવા લાગ્યું.

૫૫૨. ત્યાર બાદ તે ભરત રાજા તે દિવ્ય ચક્રરત્નની પાછળ–યાવત્–વૈતાઢ્ય પર્વતના ઉત્તર ભાગમાં ગયો, જઈને વૈતાઢ્ય પર્વતના ઉત્તરી ઢોળાવ પર બાર યોજન લાંબી–યાવત્–પૌષધશાળામાં પ્રવેશ્યો–યાવત્–નમિ અને વિનમિ નામક વિદ્યાધર રાજાઓની આરાધના માટે અષ્ટમ ભક્ત તપ ગ્રહણ કરીને રહ્યો–યાવત્–નમિ અને વિનમિ વિદ્યાધર રાજાઓનું મનમાં સ્મરણ કરતો કરતો રહેવા લાગ્યો.

વિદ્યાધર રાજાઓ નમિ-વિનમિ દ્વારા ભરતને રત્નો તથા સ્ત્રીરત્નની ભેટ—

૫૫૩. ત્યાર બાદ તે ભરત રાજાનું અષ્ટમ ભક્ત તપ પૂર્ણ થતાં નમિ-વિનમિ વિદ્યાધરરાજાઓ દિવ્ય પ્રેરણા દ્વારા પ્રેરિત થઈને એકબીજાને મળ્યા, મળીને આ પ્રમાણે કહેવા લાગ્યા—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે દેવાનુપ્રિય ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભારતવર્ષમાં ચારે દિશાનો ચક્રવર્તી ભરત નામે સમ્રાટ ઉત્પન્ન થયો છે, તો અતીત, અનાગત અને વર્તમાનકાળના વિદ્યાધર રાજાઓનો એ પરંપરાગત આચાર છે કે ચક્રવર્તીનું સન્માન કરવું. માટે હે દેવાનુપ્રિય ! આપણે પણ ભરત રાજાનું સન્માન કરીએ.' આમ કરી દિવ્ય મતિ દ્વારા જેની બુદ્ધિ પ્રેરિત થઈ છે તેવા વિનમિ વિદ્યાધરે ચક્રવર્તીની ઋદ્ધિ જાણીને માનોન્માન-પ્રમાણ શરીર-ધારિણી અર્થાત્ સામુદ્રિકશાસ્ત્ર અનુસાર જેનું પ્રત્યેક અંગ માપસરનું હતું તેવી, તેજસ્વી, રૂપગુણયુક્તા, જેનાં નખ, કેશ અને યૌવન સ્થિર હતાં તેવી, સમસ્ત રોગોનો નાશ કરનારી અર્થાત્ જેના સહવાસથી રોગો નાશ પામે તેવી, બલદાયિકા, ઇચ્છિત ઉષ્ણ અને શીત સ્પર્શવાળી અર્થાત્ ગરમીમાં જેનો સ્પર્શ શીતળ અને શીતકાલમાં જેનો સ્પર્શ ઉષ્ણ છે તેવી,

(ગાથા-) જેનાં ત્રણ અંગો પાતળાં છે, ત્રણ અંગો તામ્રવર્ણ-લાલ છે, મધ્યભાગ ત્રિવલી (ત્રણ રેખાઓ) યુક્ત છે, ત્રણ અંગો ગંભીર છે, ત્રણ અંગો શ્યામવર્ણ છે, ત્રણ શ્વેત, ત્રણ લાંબાં અને ત્રણ અંગો વિસ્તારવાળાં છે (૧)

જેનું શરીર સમચતુરસ્ર સંસ્થાનવાળું છે, ભરત ક્ષેત્રની બધી સ્ત્રીઓમાં જે શ્રેષ્ઠ હતી, જેના સ્તન, જઘન સુંદર હતા, જેના હાથ, પગ ઉત્તમ હતા, આંખો કમળ જેવી હતી, દાંત જનમનહરણ હતા, શૃંગાર અને ચેષ્ટા-યાવત્-જે સર્વોપચારમાં કુશળ હતી, દેવાંગનાઓના રૂપને પોતાના રૂપથી હરાવનારી હતી, ભદ્ર એવા યૌવનમાં પ્રવર્તતી સુભદ્રા નામે સ્ત્રી-રત્નને (ભરતને ભેટ આપવા માટે) તથા નમિએ રત્નો, કડાં અને તોડા સાથે લીધાં, લઈને પોતાની ઉત્કૃષ્ટ ગતિથી-યાવત્-વિદ્યાધરોની વેગવાળી ગતિથી જ્યાં ભરત રાજા હતો, ત્યાં આવ્યા, આવીને અંતરિક્ષમાં અદ્ધર સ્થિર રહી, ઘુઘરીવાળાં વસ્ત્રો પહેરેલા-યાવત્-જયવિજય શબ્દો વડે ભરતને વધાવ્યો, વધાવીને આ પ્રમાણે બોલ્યા—

'હે દેવાનુપ્રિય ! આપે સમસ્ત ભરત ક્ષેત્ર જીતી લીધું છે એટલે અમે હવે આપ દેવાનુપ્રિયના આજ્ઞાધારક સેવકો છીએ.' એમ કહી 'હે દેવાનુપ્રિય ! આપ અમારા ઉપહારોનો સ્વીકાર કરો' એમ કહ્યું,-યાવત્-વિનમિએ સ્ત્રીરત્નની અને નમિએ રત્નો આદિની ભેટ આપી.

ત્યાર બાદ ભરત રાજાએ-યાવત્-વિદાય આપી, વિદાય આપી પૌષધશાળાની બહાર નીકળ્યો, બહાર નીકળી સ્નાનગૃહમાં ગયો, ત્યાં જઈ...ભોજન-મંડપમાં-યાવત્-નમિ-વિનમિ વિદ્યાધરોના નિમિત્તે આઠ દિવસનો મહિમોત્સવ કર્યો.

ખંડપ્રપાત ગુફાના નટ્ટમાલકદેવ તરફથી ભરતને પ્રીતિદાન—

૫૫૫. ત્યાર બાદ ગંગાદેવીના અષ્ટાહ્નિક મહોત્સવની સમાપ્તિ થતાં તરત તે દિવ્ય ચક્રરત્ન આયુધશાળાગૃહમાંથી બહાર નીકળ્યું, બહાર નીકળી યાવત્-ગંગા મહાનદીના પશ્ચિમ કિનારે થઈને દક્ષિણ દિશામાં ખંડપ્રપાત નામક ગુફા તરફ પ્રયાણ કર્યું.

ત્યારે તે ભરત રાજા-યાવત્-જ્યાં ખંડપ્રપાત ગુફા હતી ત્યાં ગયો, જઈને-પૂર્વવર્ણિત કૃતમાલકદેવના પ્રસંગમાં કહેવાયેલ સઘળું કથન જાણવું-વિશેષમાં દેવનું નામ નટ્ટમાલક દેવ, પ્રીતિદાનમાં અલંકારપાત્ર અને કટકો, બાકીનું બધું પૂર્વવત્-યાવત્-અષ્ટાહ્નિકા મહિમા.

ત્યાર બાદ નટ્ટમાલકદેવનો આઠ દિવસનો મહોત્સવ પૂરો થતાં તે ભરત રાજાએ સુસેન સેનાપતિને બોલાવ્યો, બોલાવીને-યાવત્-સિંધુનદીગમન પ્રમાણેનું પૂર્વકથન અહીં પણ કહેવું-યાવત્-ગંગા મહાનદીના પૂર્વ ભાગના નિષ્કૂટ પ્રદેશ, ગંગાસાગરથી પર્વત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધીની સીમાના સમ-વિષમ નિષ્કૂટો પર અધિકાર કરે છે, અધિકાર કરી ઉત્તમ મુખ્ય રત્નો સ્વીકાર્યા, સ્વીકારીને જ્યાં ગંગા મહાનદી હતી ત્યાં આવ્યો, ત્યાં આવી પુનઃ પોતાનાં સૈન્ય અને છાવણી સાથે નૌકારૂપ બનેલ ચર્મરત્ન દ્વારા વિમળ જળના ઊંચા ઊંચા તરંગોવાળી ગંગા મહાનદી પાર કરી, પાર કરીને જ્યાં ભરત રાજાની વિજયછાવણી હતી, જ્યાં બહારની સભા હતી ત્યાં આવ્યો, આવીને અભિષેક-હસ્તી રત્ન પરથી નીચે ઊતર્યો, ઊતરીને ઉત્તમ મુખ્ય રત્નો લઈને જ્યાં ભરત રાજા હતો ત્યાં આવ્યો, આવીને બે હાથ જોડી-યાવત્-અંજલિ રચીને ભરત રાજાને જયવિજય શબ્દોથી વધાવ્યો, વધાવીને ઉત્તમ પ્રધાન રત્નો તેને ધર્યાં.

ભરત દ્વારા સુસેન સેનાપતિનો સત્કાર—

૫૫૬. ત્યાર બાદ તે ભરત રાજાએ સુસેન સેનાપતિ પાસેથી ઉત્તમ અગ્ર રત્નો સ્વીકાર્યા, સ્વીકારીને સુસેન સેનાપતિનો આદર-સત્કાર કર્યો, આદર-સત્કાર કરીને વિદાય આપી.

ત્યારે તે સુસેન સેનાપતિ ભરત રાજા પાસેથી નીકળી પૂર્વવત્-યાવત્ આનંદોપભોગ કરતો રહેવા લાગ્યો.

હવે પછી આગમનક્રમથી ભરતનું પ્રતિગમન—

૫૫૭. ત્યાર પછી કયારેક એક વાર ભરત રાજાએ સુસેન સેનાપતિને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું જા અને જઈને ખંડપ્રપાત ગુફાના ઉત્તરના દ્વારનાં બારણાં ખોલી નાખ, ખોલીને પૂર્વવત્ તિમિસ્ર ગુફાના વર્ણન પ્રમાણે બધું વર્ણન કરી-યાવત્-તમારું પ્રિય થાઓ. શેષ વર્ણન પૂર્વવત્-યાવત્-ભરત ઉત્તરના દ્વારમાંથી પ્રવેશ્યો, જેવી રીતે મેઘ-ઘટાઓમાં પ્રવેશી ચંદ્ર અંધકારને હટાવી દે તેવી રીતે ભરતે ગુફામાં પ્રવેશ કરી મંડળોનું આલેખન કર્યું.

તે ખંડપ્રપાત ગુફાની બરોબર વચ્ચે-યાવત્-ઉન્મગ્નજલા અને નિમગ્નજલા નામે બે મહાનદીઓ વહે છે-પૂર્વ વર્ણન મુજબ તેમનું વર્ણન છે, અંતર માત્ર એટલું છે કે આ બે મહાનદીઓ પશ્ચિમમાં આવેલ કટક પ્રદેશથી નીકળી પૂર્વમાં ગંગા મહાનદીને મળે છે. બાકી વર્ણન પૂર્વવત્, વિશેષમાં પશ્ચિમ કિનારેથી ગંગા મહાનદી પર સંક્રમણ સેતુનું વર્ણન પૂર્વવર્ણન મુજબ.

ત્યાર પછી ખંડપ્રપાત ગુફાની દક્ષિણમાં આવેલા દ્વારનાં બારણાં પોતાની મેળે જ ક્રૌંચ પક્ષીના અવાજ જેવો મોટો અવાજ કરતાં કરતાં સરસરસર કરતાં પોતાના સ્થાનેથી સરકીને ખૂલી ગયાં.

ત્યાર બાદ ચક્રરત્ન દ્વારા જેને માર્ગદર્શન થતું હતું એવો તે ભરત રાજા-યાવત્ મેઘના અંધકારમાં જેમ ચંદ્ર પ્રવેશે તેમ ખંડપ્રપાત ગુફાના દક્ષિણ દ્વારેથી બહાર નીકળ્યો.

નવનિધિ-ઉત્પત્તિ—

૫૫૮. ત્યાર બાદ તે ભરત રાજાએ ગંગા મહાનદીના પશ્ચિમ કિનારે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી-યાવત્-વિજય છાવણીની રચના કરાવી, શેષ વર્ણન પૂર્વવત્-યાવત્-નવનિધિ-રત્નની આરાધના નિમિત્તે અષ્ટમ ભક્ત તપ ગ્રહણ કર્યું.

ત્યાર બાદ તે ભરત રાજા પૌષધશાળામાં-યાવત્-નિધિરત્નનું મનમાં સ્મરણ કરતો કરતો રહ્યો. [અષ્ટમભક્ત તપ પૂર્ણ થતાં] તેને અપરિમિત અર્થાત્ જેની ગણના ન થઈ શકે તેટલાં રક્તવર્ણ રત્નોવાળી, ધ્રુવ અર્થાત્ સ્થિર, અક્ષય અર્થાત્ ક્ષય ન પામે તેવી, અવ્યય અર્થાત્ કયારેય ખૂટે નહીં તેવી, દેવો જેની સેવા કરે છે તેવી, લોકમાં સુખશાંતિની વૃદ્ધિ કરનારી અને લોકોમાં જેની કીર્તિ છે તેવી નવ નિધિઓ પ્રાપ્ત થઈ. તે આ પ્રમાણે—
(ગાથાઓ)—

૧. નૈસર્પ ૨. પાંડુક ૩. પિંગલક ૪. સર્વ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રત્ન ૫. મહાપદ્મ ૬. કાલ ૭. મહાકાલ ૮. માણવક અને ૯. શંખ મહાનિધિયો છે.

ગ્રામ, આકાર, નગર, પાટણ, દ્રોણમુખ, મડંબ, સ્કંધાવાર અને વ્યાપાર ગૃહો (બજારો)-ના નિર્માણ માટે નૈસર્પ મહાનિધિનો ઉપયોગ થાય છે. (૧)

ગણિતની ઉત્પત્તિ, માન-ઉન્માનનું પ્રમાણ, ધાન્ય અને બીજની ઉત્પત્તિ પાંડુક મહાનિધિમાં કહેવાઈ છે. (૨)

પુરુષો અને સ્ત્રીઓની બધી આભરણવિધિ તથા અશ્વો અને હસ્તીઓની ઉત્પત્તિ પિંગલક મહાનિધિની શક્તિ છે. (૩)

સઘળાં રત્નોમાં શ્રેષ્ઠ એવા ચક્રવર્તી સમ્રાટનાં ચૌદ રત્નો ચોથી નિધિમાં છે, એમાં કેટલાંક એકેન્દ્રિય તો કેટલાંક પંચેન્દ્રિય છે.(૪)

પાંચમી મહાપદ્મનિધિમાં સર્વ પ્રકારનાં વસ્ત્રોની તથા સર્વ પ્રકારની ભાતોની, રંગોની અને ધોવાની પદ્ધતિની ઉત્પત્તિ આવી જાય છે. (૫)

કાલ નામક છઠ્ઠી નિધિમાં કાળજ્ઞાન, સર્વ પુરાણો, ત્રણે વંશોની ઉત્પત્તિ, સેંકડો પ્રજા-હિતકારી શિલ્પો અને હુન્નરોનો સમાવેશ થાય છે. (૬)

મહાકાલ નામક સાતમી મહાનિધિમાં લોહની ખાણોની ઉત્પત્તિ, સોના-ચાંદીની ખાણોની ઉત્પત્તિ તથા મણિ-મોતી-પ્રવાળ આદિના સ્રોતોનો સમાવેશ થાય છે. (૭)

આઠમી માણવક નિધિમાં યોદ્ધાઓ, યોદ્ધા-ઓનાં કવચાદિ અને પ્રહરણો-શસ્ત્રાસ્ત્રો તથા સર્વ પ્રકારની યુદ્ધનીતિ અને દંડનીતિનો સમાવેશ થાય છે. (૮)

શંખ નામક નવમી નિધિમાં નાટ્યવિધિ, નાટકવિધિ, ચાર પ્રકારનાં કાવ્ય તથા સર્વ પ્રકારનાં વાદ્યોનો સમાવેશ થાય છે. (૯)

આ પ્રત્યેક મહાનિધિ આઠ આઠ ચક્રો પર રહેલી છે, આઠ આઠ યોજન ઊંચી છે, નવ નવ યોજન પહોળી છે, બાર બાર યોજન લાંબી છે, મંજૂષા અર્થાત્ પેટીના આકારની છે અને જહ્નવી-ગંગાનદીના મુખ પાસે રહેલી છે. (૧૦)

પ્રત્યેક નિધિનાં કમાડ(બારણા) વિવિધ રત્નજડિત સુવર્ણનાં છે અને જે પર ચંદ્ર, સૂર્ય, ચક્ર આદિ ચિહ્નો અંકિત કરાયેલાં છે તથા તેમના દરવાજા સમયોરસ છે. (૧૧)

આ નિધિઓની સ્થિતિ પલ્યોપમની છે પ્રત્યેક નિધિના રક્ષક દેવનું નામ નિધિના નામ જેવું જ છે, અને તે તે નિધિ તે તે દેવના આવાસરૂપ છે, તેમના આધિપત્ય નીચે છે અને તેને કોઈ ખરીદી ન શકે તેવી છે. (૧૨)

આ નવે નિધિઓ નિધિઓમાં રત્ન સમાન છે, તેમાં અતિ ઘણું ધન,રત્નો આદિ સંગૃહીત છે અને જે ભરત ક્ષેત્રનો ચક્રવર્તી બને તેને તે અધીન બને છે. (૧૩)

ત્યાર પછી તે ભરત રાજા અષ્ટમ ભક્ત તપ પૂર્ણ કરી પૌષધશાળામાંથી બહાર નીકળ્યો.

એ રીતે સ્નાનગૃહમાં પ્રવેશ-યાવત્-શ્રેણી-પ્રશ્રેણીઓને બોલાવી-યાવત્-નિધિરત્નોની પ્રાપ્તિ નિમિત્તે આઠ દિવસનો મહામહો-ત્સવ કર્યો.

૫૫૯. ત્યાર પછી નિધિરત્નોના માનમાં ઉજવાયેલ અષ્ટાહ્નિક ઉત્સવ સમાપ્ત થયો કે તરત ભરત રાજાએ સુસેન સેનાપતિ-રત્નને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું જા અને ગંગા મહા-નદીના પૂર્વ તરફના નિષ્કૂટ પ્રદેશમાં ફરી સાગરથી પર્વત સુધીના સીમાક્ષેત્રનાં બધાં સમ-વિષમ નિષ્કૂટોને અધીન કરી લે, અધીન કરીને આ આજ્ઞા પૂરી કર્યાની જાણ કર,'

ત્યારે તે સુસેન સેનાપતિએ તે જ પૂર્વ-વર્ણિત રીતે-યાવત્-અધીન કરીને તે આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી...તેને ભરતે વિદાય કર્યો...યાવત્ ભોગો ભોગવતો રહેવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનીતા રાજધાની પ્રતિ પ્રતિગમન—

૫૬૦. ત્યાર બાદ અન્યદા એક દિવસ તે દિવ્ય ચક્રરત્ન આયુધશાળામાંથી બહાર નીકળ્યું, નીકળીને આકાશમાં અદ્ધર રહીને હજાર યક્ષો વડે વીંટળાઈને તથા દિવ્ય વાજિંત્રોના—યાવત્—આકાશને ભરતું વિજય છાવણીની વચોવચ્ચ થઈને બહાર નીકળ્યું, નીકળીને દક્ષિણ—પશ્ચિમ દિશામાં રહેલી વિનીતા રાજધાની તરફ જવા લાગ્યું.

ત્યારે તે ભરત રાજાએ—યાવત્—જોયું, જોઈને હૃષ્ટ—તુષ્ટ યાવત્ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો તમે તરત જ અભિષેક-હસ્તીને તૈયાર કરો' યાવત્—તે આજ્ઞા પૂરી કરી જાણ કરી.

ત્યાર બાદ જેણે રાજ્ય મેળવ્યું છે, જેણે શત્રુઓ પર વિજય મેળવ્યો છે, સમસ્ત રત્નોમાં પ્રધાન ચક્રરત્ન જેને ત્યાં ઉત્પન્ન થયું છે, જે નવ નિધિઓનો સ્વામી બન્યો છે, જેનો કોશ સમૃદ્ધ બન્યો છે, જે બત્રીસ હજાર રાજાઓથી અનુસરણ કરાય છે, સાઠ હજાર વર્ષમાં જેણે ભરતવર્ષ પોતાને અધીન કરી લીધું છે તેવા ભરત રાજાએ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તરત જ અભિષેક—હસ્તી-રત્ન સજજ કરો,' હાથી, ઘોડા, રથ આદિ પૂર્વાનુસાર—યાવત્ અંજનગિરિના શિખર સમાન ગજપતિ પર નરપતિ આરૂઢ થયો.

ત્યાર પછી ભરત રાજા અભિષેક—હસ્તી પર આરૂઢ થયો કે તરત જ તેની આગળ આઠ મંગળો યથાક્રમ ચાલવા લાગ્યાં, જેમ કે—

સ્વસ્તિક, શ્રીવત્સ યાવત્ દર્પણ.

ત્યાર બાદ પૂર્ણ કળશ, ઝારી, દિવ્ય છત્ર અને ધ્વજા આદિ ચાલવા લાગ્યાં.

ત્યાર બાદ વૈદૂર્યરત્નથી ઝગમગતો વિમલ દંડ—યાવત્—યથાક્રમ ચાલવા લાગ્યા.

ત્યાર બાદ એકેન્દ્રિય એવાં સાત રત્નો અનુક્રમે ચાલવા લાગ્યાં, જેમ કે—

૧. ચક્રરત્ન ૨. છત્રરત્ન ૩. ચામરરત્ન ૪. દંડરત્ન ૫. અસિરત્ન ૬. મણિરત્ન ૭. કાકિણીરત્ન.

૫૬૧. ત્યાર બાદ અનુક્રમે નવ મહાનિધિઓ ચાલવા લાગી, જેમ કે— નૈસર્પ, પાંડુક યાવત્ શંખ.

ત્યાર બાદ યથાનુક્રમ સોળ હજાર દેવો ચાલવા લાગ્યા.

ત્યાર બાદ બત્રીસ હજાર રાજાઓ ક્રમાનુસાર ચાલવા લાગ્યા.

ત્યાર બાદ સેનાપતિ રત્ન, પછી ગૃહપતિ રત્ન, વર્ધકિરત્ન, પુરોહિત રત્ન, ક્રમે ચાલવા લાગ્યા.

ત્યાર બાદ સ્ત્રી-રત્ન ચાલવા લાગી.

ત્યાર બાદ યથાનુક્રમ બત્રીસ હજાર ઋતુ-કલ્યાણીઓ ચાલવા લાગી, ત્યાર બાદ અનુક્રમે બત્રીસહજાર જનપદ કલ્યાણીઓ ચાલવા લાગી, ત્યાર બાદ બત્રીસ બત્રીસના યૂથમાં ગોઠવાયેલા બત્રીસહજાર નાટકમંડળીઓવાળા ચાલવા લાગ્યા, ત્યાર બાદ ત્રણસો સાઠ સ્વસ્તિપાઠકો ચાલવા લાગ્યા, ત્યાર બાદ અનુક્રમે અઢાર શ્રેણી—પ્રશ્રેણીના લોકો ચાલવા લાગ્યા, ત્યાર બાદ ચોરાશી લાખ અશ્વો ક્રમબદ્ધ ચાલવા લાગ્યા, ત્યાર બાદ ચોરાશી લાખ હાથીઓ ક્રમસર ચાલવા લાગ્યા, ત્યાર બાદ ચોરાશી લાખ રથો ચાલવા લાગ્યા, ત્યાર બાદ છન્નુ કરોડ મનુષ્યો અનુક્રમે ચાલવા લાગ્યા, ત્યાર બાદ અનેક રાજાઓ, ઈશ્વરો, તલવરો—યાવત્—સાર્થવાહ વગેરે પોતપોતાના સ્થાન પ્રમાણે ચાલવા લાગ્યા.

૫૬૨. ત્યાર બાદ અનેક તરવારધારીઓ,લાઠીધારીઓ, ભાલાધારીઓ, ધનુર્ધારીઓ, ચામરધારીઓ, પાશધારીઓ, ફલકધારીઓ, પરશુધારીઓ, પુસ્તકધારીઓ, વીણાધારીઓ, કૂપીધારીઓ, પાનદાનધારીઓ, મશાલધારીઓ પોતપોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપમાં, પોતપોતાના વેશમાં, પોતપોતાના ચિહ્નોને સાથે, પોતપોતાના કાર્યમાં લાગીને, પોતપોતાને અનુરૂપ પહેરવેશમાં સજ્જ થઈને યથાક્રમ ચાલવા લાગ્યા.

૫૬૩. ત્યાર બાદ અનેક દંડીઓ (દંડધારી સાધુઓ), મુંડીઓ (મુંડિત સાધુઓ), શિખંડીઓ (શિખાધારી સાધુઓ), જટાધારીઓ, પિચ્છધારીઓ તથા હાસ્યકારકો (મશ્કરાઓ), ખેલ કરનારાઓ, ટીખળ કરનારાઓ, ચાટુકારકો (મધુર ઉક્તિઓ બોલનારાઓ), ભાંડો, કૌકુચિકો (કામચેષ્ટા કરનારાઓ), મૌખરિકો—(બકવાસ કરનારાઓ) વગેરે ગાતા, કૂદતા, બોલતા, નાચતા, હસતા, રમતા, ખેલતા, ભાષણ કરતા, સંભળાવતા, કોલાહલ કરતા, શોભતા, શોભાવતા, દીપતા—શોભા વધારતા અને જયજયકાર કરતા યથાક્રમે ચાલવા લાગ્યા. એ પ્રમાણે ઔપપાતિક સૂત્રમાં વર્ણવ્યા પ્રમાણે—યાવત્—તે રાજાની આગળ આગળ મોટા અશ્વો તથા અશ્વપાલકો, આજુબાજુ મોટા મોટા હાથીઓ અને મહાવતો તથા પાછળ રથો સમૂહમાં ચાલવા લાગ્યા.

૫૬૪. ત્યાર બાદ હારાચ્છાદિત સુશોભિત વક્ષઃસ્થળવાળો-યાવત્—દેવાધિદેવ ઇન્દ્ર સમાન પ્રથિતયશ તે ભરતાધિપતિ નરેન્દ્ર ચક્રરત્ન દ્વારા દર્શાવાતા માર્ગે અને અનેક હજારો રાજાઓ દ્વારા અનુસરાતો-યાવત્—ગગનમંડળને અવાજથી સમુદ્ર સમાન કરતો કરતો, સકળ સમૃદ્ધિ—વૈભવ, સર્વ દ્યુતિ સાથે-યાવત્—વાજિંત્રોના નિનાદ સાથે ગામ, આકર, ખેટ, કર્બટ, મડંબ—યાવત્—યોજન યોજનના અંતરે પડાવ નાખતો નાખતો જ્યાં વિનીતા રાજધાની હતી ત્યાં પહોંચ્યો, પહોંચીને વિનીતા રાજધાનીથી અતિ દૂર નહીં તેમ અતિ સમીપ નહીં તેવા સ્થળે તેણે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી—યાવત્—છાવણી કરાવી, કરાવીને વર્ધકિરત્નને બોલાવ્યો, બોલાવીને—યાવત્—પૌષધશાળામાં પ્રવેશ્યો, પ્રવેશીને વિનીતા રાજધાની નિમિત્તે અષ્ટમ ભક્ત તપ ગ્રહણ કર્યું, તપ ધારણ કરી જાગૃતિપૂર્વક ત્યાં રહેવા લાગ્યો.

૫૬૫. અષ્ટમ ભક્ત તપની આરાધના પૂરી થતાં તે રાજા ભરત પૌષધશાળામાંથી બહાર નીકળ્યો, બહાર નીકળીને તેણે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને પૂર્વ વર્ણન—યાવત્—અંજનગિરિના શિખર સમાન ગજપતિ પર નરપતિ સવાર થયો—સઘળું વર્ણન આગળ મુજબ જ.

માત્ર એટલી વિશેષતા કે નવ નિધિઓ અને ચાર સેનાઓ નગરમાં પ્રવેશતી નથી, બાકી સર્વ પૂર્વવર્ણન મુજબ—યાવત્—વાજિંત્રોના નાદ સાથે વિનીતા રાજધાની વચ્ચોવચ્ચ થઈને જ્યાં પોતાનું નિવાસસ્થાન હતું જ્યાં ઉત્તમ વિશાળ પ્રાસાદનું પ્રવેશદ્વાર હતું ત્યાં જવા નીકળ્યો.

૫૬૬. જ્યારે તે ભરત રાજા વિનીતા રાજધાનીની વચ્ચોવચ્ચ થઈ પ્રવેશી રહ્યો હતો ત્યારે કેટલાય દેવો વિનીતા રાજધાનીની અંદર સાફસફાઈ કરી, પાણી છાંટીને ચૂના વગેરેથી ધોળી રહ્યા હતા, કેટલાય દેવો ઊંચા-નીચા મંચ બાંધી રહ્યા હતા, એવી જ રીતે પૂર્વવત્ બીજા પણ કેટલાય દેવો વિવિધ રંગનાં કપડાંની ધ્વજાઓથી નગરની શોભા વધારી રહ્યા હતા, કેટલાય દેવો ચંદરવા બાંધી રહ્યા હતા, કેટલાય નગરીને અગરબત્તી જેવી સુવાસિત કરી રહ્યા હતા, કેટલાય સોના-ચાંદીની વૃષ્ટિ કરી રહ્યા હતા, રત્ન-વજ્ર—આભૂષણાદિની વર્ષા કરી રહ્યા હતા.

૫૬૭. ત્યાર પછી જ્યારે ભરત રાજા વિનીતા રાજધાનીની વચ્ચેથી પ્રવેશી રહ્યો હતો ત્યાં શૃંગાટક—યાવત્—રાજમાર્ગોમાં અનેક ધનાર્થી (ધનની ઇચ્છાવાળા—માગણો), કામાર્થી ભોગાર્થી, લાભાર્થી, ઋદ્ધિ ઇચ્છનારા કિલ્વિષકો (મશ્કરા), કારોટિકો (કાપાલિકો), કારવાહિકો (કરમાફી ઇચ્છનારાઓ), શંખિકો (શંખવાદકો), ચક્રધારીઓ, હળધારીઓ, મંગળપાઠકો, પૂંસમાણવો (સ્તુતિ કરનારાઓ), વર્ધમાનકો (એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારના નટો), લંખ (વાંસ ઉપર ખેલ કરનારા), મંખ (ચિત્રફલકધારીઓ), વગેરે ઉદાર, ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનોહર, કલ્યાણકારી, ધન્યતાસૂચક, મંગળસૂચક, શોભાદાયી, હૃદયંગમ, હૃદયાનંદકારી વાણી દ્વારા અનવરત અભિનંદન, સ્તુતિ કરતા કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા.

'હે નંદ ! તમારો જય હો, હે ભદ્ર ! તમારો જય હો, તમારું કલ્યાણ હો, હજી સુધી જિતાયેલ નથી તેને તમે જીતી લો, જીતી લીધું છે તેનું પાલન કરો, જીત મધ્યે તમારે વાસ હો, દેવોમાં જેમ ઈંદ્ર, તારાઓમાં જેમ ચંદ્ર, અસુરોમાં જેમ ચમરેન્દ્ર, નાગોમાં જેમ ધરણેન્દ્ર, તેમ તમે અનેક પૂર્વ લાખ વર્ષો સુધી, અનેક કોટિ પૂર્વ વર્ષો સુધી, અનેક કોટાકોટિ પૂર્વ વર્ષો સુધી વિનીતા રાજધાનીનું, ક્ષુદ્ર હિમવંત પર્વતથી આસમુદ્ર ભારતવર્ષનું તથા ભરત ક્ષેત્રના ગ્રામ, આકર, નગર, ખેટક, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સન્નિવેશ (દરેક જાતના જનવસવાટના સ્થળો)નું સારી રીતે પાલન કરો અને પ્રજાપાલનથી યશ પ્રાપ્ત કરી મહાન સંગીત આદિ ભોગો—યાવત્—આધિપત્ય, સ્વામિત્વ ભોગવતા—યાવત્—વિહરો' એમ કરી જય જય શબ્દો ઉચ્ચારવા લાગ્યા.

ભરત દ્વારા દેવોનું સન્માન અને વિદાય—

૫૬૬. ત્યાર બાદ તે ભરત રાજા હજારો ચક્ષુમાળાઓ દ્વારા જોવાતો જોવાતો, હજારો વદનમાળાઓ વડે પ્રશંસાતો પ્રશંસાતો, હજારો હૃદયમાળાઓ વડે વધાવાતો વધાવાતો, હજારો મનોરથમાળાઓ વડે સ્પર્શાતો સ્પર્શાતો, કાંતિ, રૂપ અને સૌભાગ્ય ગુણો દ્વારા ઓળખાતો ઓળખાતો, હજારો અંગુલિમાળાઓ વડે દર્શાવાતો દર્શાવાતો, હજારો નર—નારીઓની હજારો અંજલિઓને જમણા હાથથી સ્વીકારતો સ્વીકારતો, હજારો ભવનોની હારમાળાઓને વટાવતો વટાવતો—

તંતુવાદ્ય, તલ, તૂર્ય, ગીત, વાજિંત્રના રવપૂર્વક, મંજુલ મનહર ઘોષ દ્વારા આદર પામતો પામતો, જ્યાં પોતાનું નિવાસભવન હતું, નિવાસભવનનું મુખ્ય દ્વાર હતું ત્યાં આવી પહોંચ્યો, પહોંચીને તેણે અભિષેક-હસ્તીને ઊભો રાખ્યો, ઊભો રાખીને હસ્તીરત્ન પરથી ને નીચે ઊતર્યો, ઊતરીને સોળહજાર દેવોનું સન્માન-બહુમાન કર્યું, સન્માન-સત્કાર કરીને એ જ રીતે ગૃહપતિરત્નનું, વર્ધકિરત્નનું, પુરોહિતરત્નનું સન્માન-બહુમાન કર્યું, એ રીતે ત્રણ સો સાઠ સૂત-મંગળપાઠકોનું સન્માન બહુમાન કર્યું. ત્યાર બાદ અઢાર શ્રેણી-પ્રશ્રેણીઓનું સન્માન કર્યું, ત્યાર બાદ અનેક રાજાઓ યાવત્—સાર્થવાહકો વગેરેનું સન્માન-બહુમાન કર્યું, અને પછી બધાને વિદાય આપી.

ત્યાર બાદ સ્ત્રીરત્ન સહિત, બત્રીસ હજાર ઋતુકલ્યાણીઓ સહિત, બત્રીસ હજાર જનપદ-કલ્યાણીઓ સહિત, બત્રીસ બત્રીસના સમૂહવાળા બત્રીસહજાર નાટક મંડળીવાળા સહિત, જેવી રીતે દેવરાજ કુબેર કૈલાશભવનમાં પ્રવેશે તેમ કૈલાશ જેવા ઉત્તુંગ મહેલમાં ભરત રાજા પ્રવેશ્યો.

ત્યાર બાદ તે ભરત રાજા પોતાના મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ, પરિજનો બધાને ભાવપૂર્વક મળ્યો, મળીને જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવ્યો, આવીને—યાવત્—સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં ભોજનશાળા હતી ત્યાં આવ્યો, આવીને ભોજનમંડપમાં શ્રેષ્ઠ સુખાસન પર બેસી અષ્ટમ ભક્ત તપનું પારણું કર્યું, પારણું કરીને પ્રાસાદના ઉપરિ ભાગે જઈને મૃદંગના તાલ સાથે કરાતાં બત્રીસ પ્રકારનાં નાટકોને જોતો જોતો, સાંભળતો સાંભળતો, માણતો માણતો મહાન ભોગો-યાવત્-ભોગવતો રહેવા લાગ્યો.

ભરતનો રાજ્યાભિષેક સંકલ્પ-

૫૬૯. ત્યાર પછી એક દિવસ રાજ્યનો કાર્યભાર સંભાળતા તે ભરત રાજાને આવા પ્રકારનો-યાવત્-વિચાર મનમાં આવ્યો—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'મેં પોતાનાં બળ, વીર્ય, પુરુષાર્થ અને પરાક્રમથી ચુલ્લહિમવંત પર્વતથી સમુદ્ર સુધીની સીમામાં આવેલા સંપૂર્ણ ભરત ક્ષેત્ર પર વિજય મેળવ્યો છે તો હવે મારા માટે એ શ્રેયસ્કર છે કે મહાન રાજ્યાભિષેક ઉત્સવથી મારો રાજ્યાભિષેક થાય.' આમ વિચારીને બીજા દિવસે પ્રભાત થતાં-યાવત્-સૂર્યપ્રકાશ થતાં જ્યાં સ્નાનગૃહ હતું-યાવત્-બહાર નીકળ્યો, નીકળીને જ્યાં બાહ્ય સભા હતી, જ્યાં સિંહાસન હતું ત્યાં આવ્યો. આવીને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેઠો. બેસીને સોળહજાર દેવોને, બત્રીસ હજાર રાજાઓને, સેનાપતિ-રત્નને-યાવત્-પુરોહિતરત્નને, ત્રણસો સાઠ મંગળ-પાઠકોને, અઢાર શ્રેણી-પ્રશ્રેણીઓને તથા અન્ય અનેક રાજાઓ, માંડલિકો યાવત્ સાર્થવાહો આદિને તેણે બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! મેં મારા બળ, વીર્ય-યાવત્-ભરતક્ષેત્ર જીતી લીધું છે તો તમે દેવાનુપ્રિયો ! મારો મહાન રાજ્યાભિષેક કરો.'

૫૭૦. ત્યાર પછી ભરત રાજાની આવી આજ્ઞા સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થયેલા તે સોળ હજાર દેવો આદિ બધાએ હાથ જોડી, મસ્તક સમીપે અંજલિ રચી ભરત રાજાની આજ્ઞા વિનય-પૂર્વક સ્વીકારી.

ત્યાર બાદ તે ભરતરાજા જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, આવીને યાવત્ અષ્ટમભક્ત તપપૂર્વક જાગૃત રહી રહેવા લાગ્યો.

દેવો દ્વારા અભિષેકમંડપની રચના—

૫૭૧. અષ્ટમભક્ત તપ પૂર્ણ થતાં ભરત રાજાએ આભિયોગિક દેવોને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે વિનીતા રાજધાનીની ઉત્તર-પૂર્વ દિશામાં (અર્થાત્ ઈશાન કોણમાં) તરત જ એક વિશાળ અભિષેક-મંડપની વિકુર્વણા કરો (એટલે કે રચના કરો) અને અભિષેક-મંડપ રચીને મારી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

ત્યારે તે આભિયોગિક દેવોએ ભરત રાજાની આવી આજ્ઞા સાંભળીને હૃષ્ટ તુષ્ટ થઈ-યાવત્-'જેવી સ્વામીની આજ્ઞા' એમ વિનયપૂર્વક આજ્ઞા સ્વીકારી, સ્વીકારીને વિનીતા રાજ-ધાનીની ઉત્તરપૂર્વ દિશા (ઈશાનકોણ)માં તેઓ ચાલ્યા, જઈને વૈક્રિયસમુદ્‌ઘાત કર્યો, સમુદ્‌-ઘાત કરીને સંખ્યાત યોજન લાંબા દંડની વિકુર્વણા કરી. તે દંડની રચના આ પ્રમાણે કરી—

રત્નોના-યાવત્-રિષ્ટરત્નોના યથાબાદર (સ્થૂળ) પુદ્‌ગલોને તેઓએ દૂર કર્યા, દૂર કરીને યથાસૂક્ષ્મ પુદ્‌ગલો ગ્રહણ કર્યા, ગ્રહણ કરી બીજી વાર પણ વૈક્રિય સમુદ્‌ઘાત-યાવત્ સમુદ્‌-ઘાત કરીને અત્યંત સમતળ રમણીય ભૂમિ-ભાગની રચના કરી.

તે જેમ કે મૃદંગના ઉપરના ભાગ સમાન અથવા છલોછલ ભરેલા સરોવરની સમાન.

તે સમતળ અને રમણીય ભૂભાગની બરા-બર વચ્ચે એક વિશાળ અભિષેકમંડપની વિકુર્વણા કરી, તે અભિષેકમંડપ સેંકડો સ્તંભોવાળો-યાવત્-સુગંધવર્તિકા જેવો બની ગયો. અહીં પ્રેક્ષકગૃહમંડપનું વર્ણન કરવું.

૫૭૨. તે અભિષેક-મંડપની બરાબર વચ્ચે એક મોટી અભિષેકપીઠ બનાવવામાં આવી જે અત્યંત સ્વચ્છ અને સુંવાળી હતી.

તે અભિષેક-પીઠની ત્રણ દિશામાં સુંદર સોપાનપંક્તિઓની વિકુર્વણા કરી.

તે સોપાનપંક્તિઓનું વર્ણન આ પ્રમાણે સમજવું-યાવત્-તે પર તોરણોની રચના કરી.

તે અભિષેકપીઠની ભોંયતળનો ભૂભાગ અત્યંત સમ અને રમણીય હતો.

સિંહાસન—

૫૭૩. તે અત્યંત સમતળ અને રમણીય ભૂમિ-ભાગની બરાબર વચ્ચે તેઓએ એક વિશાળ સિંહાસનની વિકુર્વણા કરી.

તે સિંહાસનનું વર્ણન આ પ્રમાણે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાવત્–માળાઓનું વર્ણન સમાપ્ત થયું ત્યાં સુધી.

ત્યાર બાદ તે દેવોએ અભિષેકમંડપની વિકુર્વણા કરી, વિકુર્વણા કરીને જ્યાં ભરત રાજા હતો–યાવત્–આજ્ઞાપૂર્તિની જાણ કરી.

ભરતનો અભિષેકમંડપમાં પ્રવેશ–

૫૭૪. ત્યાર પછી આભિયોગિક દેવો પાસેથી એ પ્રમાણે સાંભળીને તથા જાણીને તે ભરત રાજા હૃષ્ટ–તુષ્ટ થયો–યાવત્–પૌષધશાળામાંથી બહાર નીકળ્યો, બહાર નીકળીને તેણે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ અભિષેક–હસ્તીને સજ્જ કરો, હસ્તીરત્નને સજ્જ કરી અશ્વ, હાથી–યાવત્–કવચબદ્ધ સેના સજ્જ કરી મારી આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો'–યાવત્–તેઓએ આજ્ઞા પૂર્તિની જાણ કરી. ત્યારે તે ભરત રાજા સ્નાનગૃહમાં પ્રવેશ્યો–યાવત્ – અંજનગિરિશિખર સમાન ગજપતિ પર નરપતિ સવાર થયો.

૫૭૫. ત્યાર પછી તે ભરત રાજા જેવો અભિષેક–હસ્તી પર આરૂઢ થયો કે તરત તેની આગળ આગળ આઠ મંગળો ચાલવા લાગ્યાં, અહીં વિનીતા રાજધાની પ્રવેશપ્રસંગના વર્ણન મુજબ વર્ણન–યાવત્–લોકો–દ્વારા પ્રશંસા મેળવતો મેળવતો વિનીતા રાજધાની વચ્ચોવચ્ચ થઈને બહાર નીકળ્યો,બહાર નીકળીને જ્યાં વિનીતા રાજધાનીનો ઉત્તરપૂર્વ દિશાભાગ હતો, જ્યાં અભિષેક-મંડપ હતો ત્યાં આવ્યો, આવીને અભિષેક-મંડપના દ્વારે અભિષેક-હસ્તીને તેણે ઊભો રાખ્યો, ઊભો રાખીને અભિષેક–હસ્તી–રત્ન પરથી નીચે ઊતર્યો, ઊતરીને બત્રીસ હજાર ઋતુકલ્યાણીઓ વડે, બત્રીસ હજાર જનપદ-કલ્યાણીઓ વડે, બત્રીસ બત્રીસના સમૂહમાં બદ્ધ બત્રીસહજાર નાટકો વડે વીંટળાઈને અભિષેક–મંડપમાં પ્રવેશ્યો, પ્રવેશીને જ્યાં અભિષેકપીઠ હતી ત્યાં ગયો, જઈને અભિષેક-પીઠની પ્રદક્ષિણા કરતા કરતા પૂર્વદિશાના ત્રિ–સોપાન પર ચડ્યો, ચડીને જ્યાં સિંહાસન હતું ત્યાં પહોંચ્યો, ત્યાં પહોંચીને પૂર્વદિશા તરફ મુખ રાખીને સિંહાસન પર બેઠો.

પછી તે ભરત રાજાના બત્રીસ હજાર માંડલિક રાજાઓ જ્યાં અભિષેક-મંડપ હતો ત્યાં આવ્યા, આવી અભિષેક-મંડપમાં પ્રવેશ્યા, પ્રવેશીને અભિષેક પીઠની પ્રદક્ષિણા કરતા કરતા ઉત્તર તરફથી ત્રિસોપાનશ્રેણી ચડી જ્યાં ભરત રાજા હતો ત્યાં ગયા, ત્યાં જઈ હાથ જોડી–યાવત્–અંજલિ રચી ભરત રાજાને જય–વિજય શબ્દોથી વધાવ્યો, વધાવીને ભરત રાજાથી અતિ દૂર નહીં તેમ અતિ નિકટ નહીં તેવી રીતે તેની સેવામાં બેઠા.

ભરતનો મહારાજ્યાભિષેક–

૫૭૬. ત્યાર બાદ તે ભરત રાજાના સેનાપતિ-રત્ન–યાવત્–સાર્થવાહ સુધીના બધા તે જ રીતે આવ્યા, તે બધા દક્ષિણ દિશાની ત્રિસોપાન–પંક્તિઓથી ચડીને આવ્યા–યાવત્–સેવામાં લાગ્યા.

ત્યાર પછી તે ભરત રાજાએ આભિયોગિક દેવોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિયો ! હવે શીઘ્ર મારો મહાર્થ મહર્ઘ મહાર્હ એવા મહારાજા–પદ પર અભિષેક કરો.'

ત્યારે તે આભિયોગિક દેવો ભરત રાજાની આ આજ્ઞા સાંભળી હૃષ્ટ–તુષ્ટ અને આનંદિત–યાવત્–ઉત્તરપૂર્વ દિશામાં ગયા, જઈને વૈક્રિય-સમુદ્ઘાત કર્યો.

વિજયદેવના પ્રસંગ પ્રમાણે અહીં સમગ્ર વર્ણન સમજવું–યાવત્–તેઓ પંડકવનમાં એક સ્થાન પર એકત્ર થયા, એકત્ર થઈને જ્યાં વિનીતા રાજધાની હતી ત્યાં આવ્યા, આવીને વિનીતા રાજધાનીની પ્રદક્ષિણા કરતાં કરતાં જ્યાં અભિષેક-મંડપ હતો અને જ્યાં ભરત રાજા હતો ત્યાં આવ્યા, ત્યાં આવીને મહાર્થ અર્થાત્ મહાન મહિમાવાળા, મહર્ઘ અર્થાત્ મહા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂલ્યવાન, મહાર્હ અર્થાત્ અતિ યોગ્ય એવા અભિષેકની તેમણે તૈયારી કરી. ત્યાર પછી શુભ તિથિ, કરણ, દિવસ, નક્ષત્ર અને ઉત્તર પ્રોષ્ઠપાદ નામે વિજય મુહૂર્તમાં બત્રીસ હજાર રાજાઓએ ઉત્તમ કમળ પર રાખેલા ઉત્તમ સુગંધી જળ ભરેલા સ્વાભાવિક અને વૈકુર્વિક કળશો દ્વારા—યાવત્—મહાન અભિષેક કર્યો વિજય દેવના અભિષેક પ્રસંગ જેવું જ વર્ણન અહીં સમજવું. અભિષેક કરીને દરેક—યાવત્—અંજલિ રચીને ઇષ્ટવાણી દ્વારા નગરમાં પ્રવેશ કરતા રાજાની શોભાયાત્રાનું વર્ણન પૂર્વવત્—યાવત્—'ભોગો ભોગવો' એમ કહી જય જય શબ્દોચ્ચાર.

નગરમાં બારવર્ષના ઉત્સવની ઘોષણા—

૫૭૭. ત્યાર બાદ તે ભરત રાજાના સેનાપતિ—રત્ન—યાવત્—પુરોહિત રત્ન, ત્રણ સો સાઠ મંગળપાઠકો, અઢાર શ્રેણી—પ્રશ્રેણીઓ, બીજા પણ અનેક —યાવત્—સાર્થવાહ સુધીના બધાએ અભિષેક કર્યો, તે ઉત્તમ કમળપત્ર પર રાખેલા કળશોથી અભિસિંચન કરી—યાવત્—અભિનંદન આપ્યા, એ જ પ્રમાણે સોળ હજાર દેવોએ પણ, તેમાં વિશેષતા એટલી કે પાંપણ જેવા નાજુક—યાવત્—મુકુટ પહેરાવ્યો ત્યાર પછી દર્દર ચંદન આદિ સુગંધી પદાર્થો તેનાં અંગો પર છાંટવામાં આવ્યા અને દિવ્ય કુસુમમાળા પહેરાવી. વધુ શું કહેવું ? ગૂંથેલી, વીંટેલી એવી વિવિધ પ્રકારની માળાઓ દ્વારા—યાવત્—વિભૂષિત કર્યો.

આ રીતે મહામહિમા સાથે રાજ્યાભિષેક પૂરો થતાં તે ભરત રાજાએ પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ ઉત્તમ હાથી પર બેસીને વિનીતા રાજધાનીના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર—યાવત્—રાજમાર્ગોમાં મોટા અવાજે ઘોષણા કરો કે આજથી બાર વર્ષ સુધી આનંદોત્સવ શરૂ થાય છે, આજથી જકાત, કર, કુષિકર, દેવું માફ છે, આજથી જપ્તિ કે દંડ બંધ છે —યાવત્—નગરથી માંડી જનપદ સુધી સર્વત્ર આનંદપ્રમોદ ઊજવવાનો છે. આવી ઘોષણા કરી મારી આજ્ઞા પૂર્ણ કર્યાની મને જાણ કરો,'

ત્યારે ભરત રાજાની આવી આજ્ઞા સાંભળી હૃષ્ટ—તુષ્ટ અને આનંદિત ચિત્તવાળા તે કૌટુંબિક સેવકોએ હર્ષપૂર્વક તે આજ્ઞાવચનો વિનયથી સાંભળીને સ્વીકાર્યાં, સ્વીકારીને તરત જ હાથી પર બેસીને—યાવત્—ઘોષણા કરી, ઘોષણા કરીને આજ્ઞા પૂરી કર્યાની ભરત રાજાને જાણ કરી.

પ્રાસાદમાં પાછા ફરવું—

૫૭૮. ત્યાર પછી મહામહિમાપૂર્વક રાજ્યાભિષેક વિધિ પૂર્ણ થતાં ભરત રાજા સિંહાસન પરથી ઊઠયો, ઊઠીને સ્ત્રી—રત્ન—યાવત્—નાટકસહસ્ર સહિત ઘેરાઈને અભિષેકપીઠ પરથી પૂર્વ દિશાવર્તી ત્રિસોપાનશ્રેણીએથી નીચે ઊતર્યો, ઊતરીને અભિષેક—મંડપની બહાર નીકળ્યો, નીકળીને જ્યાં અભિષેક—હસ્તી હતો ત્યાં આવ્યો, આવીને અંજનગિરિના શિખર જેવા તે હસ્તીરત્ન પર આરૂઢ થયો. ત્યાર પછી તે ભરત રાજાના બત્રીસહજાર મંડલિક રાજાઓ અભિષેકપીઠ પરથી ઉત્તરદિશાવર્તી ત્રિસોપાન-પંક્તિઓથી નીચે ઊતર્યા.

ત્યાર પછી તે ભરત રાજાના સેનાપતિરત્ન —યાવત્—સાર્થવાહ સુધીના અધિકારીઓ વ૦ અભિષેકપીઠની દક્ષિણવર્તી ત્રિસોપાનપંક્તિ-એથી નીચે ઊતર્યા,

ત્યાર બાદ તે ભરત રાજા અભિષેક હસ્તી-રત્ન પર આરૂઢ થયો અને ત્યારે તરત આઠ મંગળો તેની આગળ આગળ ચાલવા લાગ્યાં. વિનીતા રાજધાનીમાં પ્રવેશ વખતના વર્ણન પ્રમાણે એ જ ક્રમે યાવત્ કુબેર દેવરાજની જેમ કૈલાશ શિખર સમાન પ્રાસાદમાં પ્રવેશી તે સુખ ભોગવવા લાગ્યો ત્યાં સુધીનું વર્ણન સમજવું.

૫૭૯. ત્યાર પછી તે ભરત રાજા સ્નાનગૃહમાં ગયો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જઈને—યાવત્—ભોજનમંડપમાં સુખાસન પર બેસીને અષ્ટમભક્ત તપનું પારણું કર્યું, કરીને ભોજનમંડપમાંથી બહાર નીકળ્યો, નીકળીને શ્રેષ્ઠ પ્રાસાદના ઉપરના ભાગે જઈ મૃદંગના તાલ સાથે નૃત્યગીત—યાવત્—ભોગો ભોગવતો રહેવા લાગ્યો.

ત્યાર બાદ જ્યારે બાર વર્ષનો આનંદોત્સવ પૂરો થયો ત્યારે તે ભરત રાજા જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં ગયો, જઈને—યાવત્—સ્નાનગૃહમાંથી નીકળીને જ્યાં બાહ્ય સભામંડપ હતો—યાવત્—ઉત્તમ સિંહાસન પર એ પૂર્વાભિમુખ બેઠો, બેસીને સોળ હજાર દેવોનો સત્કાર કર્યો, બહુમાન કર્યું, સત્કાર—સન્માન કરી તેણે તેમને વિદાય આપી, તેમને વિદાય કરી બત્રીસ હજાર માંડલિક રાજાઓનો સત્કાર કર્યો, સન્માન કર્યું, સત્કાર સન્માન કરી વિદાય આપી, તેમને વિદાય આપી પછી—યાવત્—પુરોહિતરત્નનું સન્માન બહુમાન કર્યું, સન્માન—બહુમાન કરી વિદાય આપી, ત્યાર પછી ત્રણસો સાઠ ગંગળપાઠકો અને અઢાર શ્રેણી—પ્રશ્રેણીઓનું સન્માન કર્યું, સન્માન કરી ત્યાર પછી અન્ય અનેક સામંતો, તલવરો—યાવત્—સાર્થવાહ સુધીના અધિકારીઓ વગેરેનું સન્માન કરી, સત્કાર કરી વિદાય આપી, બધાને વિદાય કર્યા પછી ઉપરના ઉત્તમ પ્રાસાદમાં જઈ ભોગ ભોગવતો રહેવા લાગ્યો.

રત્નો અને મહાનિધિઓનું ઉત્પત્તિસ્થાન—

૫૮૦. ભરત રાજાના ૧. ચક્રરત્ન, ૨. દંડરત્ન, ૩. અસિરત્ન, અને ૪. છત્રરત્ન—એ ચાર એકેન્દ્રિય રત્નો આયુધશાળામાં ઉત્પન્ન થયાં હતાં.

૧. ચર્મરત્ન, ૨. મણિરત્ન, ૩. કાકિણીરત્ન અને નવ મહાનિધિઓ શ્રીગૃહમાં ઉત્પન્ન થયાં હતાં.

૧. સેનાપતિરત્ન, ૨. ગૃહપતિરત્ન, ૩. વર્ધકિરત્ન અને ૪. પુરોહિતરત્ન-એ ચાર મનુષ્યરત્નો વિનીતા રાજધાનીમાં ઉત્પન્ન થયાં હતાં.

૧. અશ્વરત્ન, ૨. હસ્તિરત્ન-એ બે પંચેન્દ્રિયરત્નો વૈતાઢ્ય પર્વતની તળેટીમાં ઉત્પન્ન થયાં હતાં.

સુભદ્રા નામક સ્ત્રી—રત્ન ઉત્તર દિશાવર્તી વિદ્યાધરશ્રેણીમાં ઉત્પન્ન થયેલ.

ભરતનું શાસન—

૫૮૧. ત્યાર પછી ચૌદ રત્નો, નવ મહાનિધિઓ, સોળ હજાર દેવનાઓ, બત્રીસ હજાર રાજાઓ, બત્રીસ હજાર ઋતુકલ્યાણીઓ બત્રીસ હજાર, જનપદકલ્યાણીઓ, બત્રીસ બત્રીસના સમૂહવાળાં બત્રીસ હજાર નાટકો, ત્રણસો સાઠ મંગળપાઠકો, અઢાર શ્રેણી—પ્રશ્રેણીઓ, ચોરાસી લાખ અશ્વો, ચોરાસી લાખ હાથીઓ, ચોરાસી લાખ રથો, છન્નુ કરોડ મનુષ્યો, બોંતેર હજાર ઉત્તમ નગરો, બત્રીસ હજાર જનપદો, છન્નુ કરોડ ગામો, નેવ્યાસી હજાર દ્રોણમુખો, અડતાલીસ હજાર પાટણો, ચોવીસ હજાર કર્બટો, ચોવીસ હજાર મડંબો, વીશ હજાર આકરો, સોળ હજાર ખેટકો, ચૌદ હજાર સંવાહો, છપ્પન હજાર જલાન્તર્વર્તી સ્થાનો, ઓગણપચાસ કુરાજ્યો (ભીલ જેવી પ્રજાઓનાં બનેલાં રાજ્યો), વિનીતા રાજધાની તથા ચુલ્લ હિમવંતથી લઈ સમુદ્ર સુધીની સીમા સુધીનું ભરતક્ષેત્ર અને બીજા પણ અનેક માંડલિક રાજાઓ, જાગીરદારો, તલવરો—યાવત્—સાર્થવાહો—આ બધાનું આધિપત્ય, પુરપતિપણું, સ્વામિત્વ, માલિકી, મુખીપણું અને આજ્ઞા કરવાની સત્તા ભોગવતા અને સેનાપતિપણું કરતા કરતા, એ સર્વનું પાલન કરતા કરતા અને સમસ્ત શત્રુઓરૂપી કંટકોને ઉખેડી નાખ્યા બાદ, નષ્ટ કર્યા બાદ,જીતી લીધા બાદ ભરત-ક્ષેત્રનો સ્વામી, જેનું સર્વાંગ શરીર ચંદનલેપથી ચર્ચિત કરાયું છે તેવો, ઉત્તમ હારાદિક આભૂષણોથી જેનું વક્ષસ્થળ શોભી રહ્યું છે તેવો, જેના મસ્તક પર ઉત્તમ મુકુટ શોભે છે તેવો, શરીર પર જેણે ઉત્તમ વસ્ત્રાભૂષણો ધારણ કર્યાં છે તેવો, જેના ગળામાં બધી ઋતુનાં ઉત્તમ પુષ્પોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માળાઓ શોભી રહી છે તેવો, ઉત્તમ નર્તકો અને નર્તિકાઓ તથા ઉત્તમ સ્ત્રીઓના સમૂહથી ઘેરાયેલ, સર્વ પ્રકારની વનસ્પતિ, સર્વ પ્રકારનાં રત્નો તથા સર્વ સભાઓથી સંપન્ન, જેના સર્વ મનોરથ સંપૂર્ણ થયા છે તેવો, જેણે પોતાના શત્રુઓના માનનું મર્દન કર્યું છે તેવો, પૂર્વજન્મમાં કરેલ તપના પ્રભાવે વિશિષ્ટ પુણ્યોપાર્જનના લીધે મેળવેલા માનુષી સુખભોગો ભોગવતો ભરત નામે તે રાજા રહેવા લાગ્યો.

ભરતને આદર્શ(દર્પણ)ગૃહમાં કેવળજ્ઞાન—

૫૮૨. ત્યાર પછી કોઈ એક વાર ભરત રાજા જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં ગયો, જઈને-યાવત્-ચન્દ્ર સમાન પ્રિયદર્શન નરપતિ સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, બહાર નીકળી જ્યાં આદર્શ-ગૃહ(દર્પણગૃહ અર્થાત્ અરીસાઓની વિવિધ રચનાઓ જ્યાં કરવામાં આવેલ તેવું ગૃહ) હતું ત્યાં ગયો, ત્યાં જઈને ઉત્તમ સિંહાસન પર પૂર્વાભિમુખ થઈને બેઠો, બેસીને દર્પણોમાં પોતાની શરીરશોભા જોવા લાગ્યો.

ત્યાર પછી પોતાની જાતને જોતા જોતા શુભ માનસિક પરિણામો, પ્રશસ્ત અધ્યવસાયો (ભાવો) દ્વારા વિશુદ્ધ થતી જતી લેશ્યાઓના ફળસ્વરૂપે આત્મનિરીક્ષણ કરતાં કરતાં આત્મગુણોનાં આચ્છાદક કર્મોનો ક્ષય થવાથી કર્મરૂપી રજને દૂર કરનાર અપૂર્વકરણ નામક ભૂમિકામાં પ્રવેશેલા તે ભરત રાજાને અનંત અનુત્તર, સર્વોત્કૃષ્ટ, નિરાબાધ, નિરાવરણ, સકળ, પ્રતિપૂર્ણ એવા ઉત્તમ કેવળજ્ઞાન-કેવળ દર્શનની પ્રાપ્તિ થઈ.

ભરતનું અષ્ટાપદગમન અને નિર્વાણ—

૫૮૩. કેવળજ્ઞાન—દર્શન ઉત્પન્ન થયા બાદ તે ભરત કેવળીએ શરીર પર ધારણ કરેલાં સઘળાં આભરણ-અલંકારો ઉતારી દીધાં, આભૂષણો ઉતારીને પોતાની મેળે જ પંચમુષ્ટિક કેશલોચ કર્યો, લોચ કરીને તે આદર્શગૃહમાંથી બહાર નીકળ્યા, બહાર નીકળીને અંતઃપુરની વચ્ચોવચ્ચ થઈને પસાર થયા, પસાર થઈને દશ હજાર રાજાઓથી વીંટળાયેલા તે વિનીતા રાજધાનીની વચ્ચોવચ્ચ થઈને બહાર નીકળ્યા, નીકળીને મધ્યદેશમાં (કોશલદેશમાં) સુખપૂર્વક વિહરવા લાગ્યા, વિહાર કરતા કરતા જ્યાં અષ્ટાપદ પર્વત હતો ત્યાં આવ્યા, આવીને ધીરે ધીરે અષ્ટાપદ પર્વત પર ચડ્યા, ચડીને મેઘસમૂહ જેવા શ્યામ અને દેવોના વાસસ્થાન જેવા એક શિલાપટ્ટની પ્રતિલેખના કરી (તેમાં કોઈ જીવજંતુ તો નથીને તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું), પ્રતિલેખના કરી સંલેખના વ્રત ધારણ કરી, આહાર-પાણીનો સર્વથા ત્યાગ કરી, પાદપોપગમન (અનશન-વિશેષ) કરી સર્વ પ્રકારની શંકા-આકાંક્ષાઓનો ત્યાગ કરી રહેવા લાગ્યા.

૫૮૪. ત્યાર બાદ સત્યોતેર લાખ પૂર્વ વર્ષ કુમારાવસ્થામાં રહી, બાદ એક હજાર વર્ષ માંડલિક રાજારૂપે રહી, છ લાખ પૂર્વ વર્ષમાં એક હજાર ઓછાં એટલાં વર્ષ ચક્રવર્તીપદ ભોગવી, એ પ્રમાણે કુલ ત્યાસી લાખ પૂર્વ વર્ષ ગૃહસ્થાવાસમાં રહી અને એક લાખ પૂર્વ વર્ષમાં કંઈક ઓછાં એટલાં વર્ષ સુધી કેવળીપર્યાય પાળી અને એટલા જ સમય સુધી શ્રમણ પર્યાય પાળી, એ રીતે કુલ ચોરાશી લાખ પૂર્વ વર્ષનું સર્વાયુ ભોગવી એક માસના નિર્જળ અનશન તપપૂર્વક શ્રવણ નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં જ વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર કર્મો ક્ષીણ થતાં ભરત કેવળી કાળધર્મ પામ્યા, આ સંસારનો પાર પામ્યા, સર્વ પ્રકારે જન્મ, જરા, મરણનાં બંધનો તોડીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત્ત (પરિનિર્વાણને પ્રાપ્ત) તથા અંતકૃત (સંસારનો અંત કરનાર) અને સર્વ દુઃખોથી રહિત થયા.

આ રીતે ભરત ચક્રવર્તીનું ચરિત્ર સમાપ્ત થયું.

સાર્વભૌમ ચક્રવર્તી ભરત રાજાની પછી આઠ યુગપ્રધાન પુરુષ અનુક્રમે વ્યવધાનરહિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધ—યાવત્—સર્વ દુઃખોથી રહિત થયા. તે આ પ્રમાણે—

૧. આદિત્યયશ, ૨. મહાયશ, ૩. અતિબલ, ૪. મહાબલ, ૫. તેજોવીર્ય, ૬. કાર્તવીર્ય, ૭. દંડવીર્ય અને ૮. જલવીર્ય.

॥ ભરત-ચક્રવર્તી ચરિત્ર સમાપ્ત ॥

૧૦. ચક્રવર્તી સામાન્ય

અઢી દ્વીપમાં ચક્રવર્તી-વિજયો—

૫૮૫. જંબૂદ્વીપમાં ચોત્રીશ ચક્રવર્તી-વિજયો છે, જેમ કે મહાવિદેહમાં બત્રીશ, ભરતમાં એક, ઐરાવતમાં એક.

૫૮૬. જંબૂદ્વીપવર્તી મેરુપર્વતની પૂર્વમાં સીતા મહાનદીના ઉત્તર તટ પર આઠ ચક્રવર્તી-વિજયો છે, જેમ કે—

૧. કચ્છ, ૨. સુકચ્છ, ૩. મહાકચ્છ ૪. કચ્છગાવત, ૫. આવર્ત, ૬. મંગલાવર્ત ૭. પુષ્કલ, ૮. પુષ્કલાવતી.

જંબૂદ્વીપવર્તી મેરુપર્વતની પૂર્વમાં સીતા મહાનદીના દક્ષિણ તટ પર આઠ ચક્રવર્તી-વિજય છે, જેમ કે—

૧. વત્સ, ૨. સુવત્સ, ૩. મહાવત્સ, ૪. વત્સકાવતી, ૫. રમ્ય, ૬. રમ્યક, ૭. રમણીક ૮. મંગલાવતી.

જંબૂદ્વીપવર્તી મેરુપર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીના દક્ષિણ ભાગમાં આઠ ચક્રવર્તી-વિજય છે, જેમકે—

૧. પદ્મ, ૨. સુપદ્મ, ૩. મહાપદ્મ, ૪. પદ્મકાવતી, ૫. શંખ, ૬. નલિન, ૭. કુમુદ, ૮. સલિલાવતી.

જંબૂદ્વીપવર્તી મેરુપર્વતની પશ્ચિમે સીતોદા મહાનદીના ઉત્તર ભાગમાં આઠ ચક્રવર્તી—વિજય છે, જેમ કે—

૧. વપ્ર, ૨. સુવપ્ર, ૩. મહાવપ્ર, ૪. વપ્રકાવતી, ૫. વલ્ગુ ૬. સુવલ્ગુ, ૭. ગંધિલ, ૮. ગંધિલાવતી.

૫૮૭. જંબૂદ્વીપવર્તી મેરુપર્વતની પૂર્વમાં સીતા મહાનદીના ઉત્તર તટ પર આઠ રાજધાનીઓ છે, જેવી કે—

૧. ક્ષેપા, ૨. ક્ષેમપુરી, ૩. રિષ્ટા, ૪. રિષ્ટપુરી, ૫. ખડ્ગી, ૬. મંજૂષા, ૭. ઔષધી, ૮. પુંડરીકિણી.

જંબૂદ્વીપવર્તી મેરુપર્વતની પૂર્વમાં સીતા મહાનદીના દક્ષિણ તટ પર આઠ રાજધાની છે, જેવી કે—

૧. સુસીમા, ૨. કુંડલા, ૩. અપરાજિતા, ૪. પ્રભંકરા, ૫. અંકાવતી, ૬. પદ્માવતી, ૭. શુભા, ૮. રત્નસંચયા.

જંબૂદ્વીપવર્તી મેરુપર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીની દક્ષિણમાં આઠ રાજધાનીઓ છે, જેવી કે—

૧. અશ્વપુરા, ૨. સિંહપુરા, ૩. મહાપુરા, ૪. વિજયપુરા, ૫. અપરાજિતા, ૬. અરજા. ૭. અશોકા, ૮. વીતશોકા.

જંબૂદ્વીપવર્તી મેરુપર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીની ઉત્તરમાં આઠ રાજધાનીઓ છે, જેવી કે—

૧. વિજયા, ૨. વૈજયન્તી, ૩. જયંતી, ૪. અપરાજિતા, ૫. ચક્રપુરા, ૬. ખડ્ગપુરા, ૭. અવધ્યા, ૮. અયોધ્યા.

૫૮૮. એ જ પ્રમાણે ધાતકીખંડ દ્વીપમાં સમજવું.

૫૮૯. એ જ પ્રમાણે પુષ્કરવર દ્વીપાર્ધમાં સમજવું.

૫૯૦. ધાનકીખંડ નામે દ્વીપમાં અડસઠ ચક્રવર્તી—વિજયો અને અડસઠ રાજધાનીઓ છે.

પુષ્કરવર દ્વીપાર્ધમાં અડસઠ ચક્રવર્તી-વિજયો અને અડસઠ રાજધાનીઓ છે.

જંબૂદ્વીપના ભારતવર્ષના બાર ચક્રવર્તીઓ અને તેમનાં માતા-પિતા તથા સ્ત્રીરત્નોનાં નામ—

૫૯૧. જંબૂદ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં થયેલા બાર ચક્રવર્તીઓના પિતાઓનાં નામ આ પ્રમાણે છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઋષભ, ૨. સુમિત્રવિજય ૩. સમુદ્રવિજય ૪. અશ્વસેન, ૫. વિશ્વસેન, ૬. સૂર, ૭. સુદર્શન, ૮. કૃતવીર્ય, ૯. પદ્મોત્તર, ૧૦. મહાહરિ, ૧૧. વિજય, ૧૨. બ્રહ્મ.

જંબૂદ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીના બાર ચક્રવર્તીઓની માતાઓના નામ આ પ્રમાણે છે—

૧. સુમંગલા, ૨. યશોવતી, ૩. ભદ્રા, ૪. સહદેવી, ૫. અચિરા, ૬. શ્રી, ૭. દેવી, ૮. તારા, ૯. જ્વાલા, ૧૦. મેરા, ૧૧. વપ્રા, ૧૨. ચુલ્લણી.

૫૯૨. જંબૂદ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં બાર ચક્રવર્તીઓ થયા, તેમનાં નામ નીચે પ્રમાણે છે—

૧. ભરત, ૨. સગર, ૩. મઘવા, ૪. સનત્કુમાર, ૫. શાન્તિ, ૬. કુંથુ, ૭. અર, ૮. સુભૂમ, ૯. મહાપદ્મ, ૧૦. હરિષેણ, ૧૧. જય, ૧૨. બ્રહ્મદત્ત.

૫૯૩. આ ચક્રવર્તીઓનાં બાર સ્ત્રી-રત્નો હતાં, જેમ કે—

૧. સુભદ્રા ૨. ભદ્રા, ૩. સુનંદા, ૪. જયા, ૫. વિજયા, ૬. કૃષ્ણશ્રી, ૭. સૂરશ્રી, ૮. પદ્મશ્રી, ૯. વસુંધરા, ૧૦. દેવી, ૧૧. લક્ષ્મીમતી ૧૨. કુરુમતી.

જંબૂદ્વીપના ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીના ચક્રવર્તીઓનાં નામાદિ—

૫૯૪. જંબૂદ્વીપના ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં બાર ચક્રવર્તી થશે, તેમના નામ છે—

૧. ભરત, ૨. દીર્ઘદંત, ૩. ગૂઢદંત, ૪. શુદ્ધદંત, ૫. શ્રીપુત્ર, ૬. શ્રીભૂતિ, ૭. શ્રીસોમ, ૮. પદ્મ, ૯. મહાપદ્મ, ૧૦. વિમલવાહન, ૧૧. વિપુલવાહન, ૧૨. વરિષ્ઠ.

૫૯૫. આ બાર ચક્રવર્તીઓનાં બાર પિતા હશે, બાર માતાઓ હશે અને બાર સ્ત્રી-રત્નો હશે.

જંબૂદ્વીપના ઐરાવત વર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં થનાર ચક્રવર્તીઓ આદિની સંખ્યા—

૫૯૬. જંબૂદ્વીપના ઐરાવત વર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં બાર ચક્રવર્તી થશે, બાર ચક્રવર્તી-પિતા થશે, બાર ચક્રવર્તી-માતા થશે, બાર સ્ત્રી-રત્નો થશે.

જંબૂદ્વીપમાં ચક્રવર્તી આદિ—

૫૯૭. હે ભગવાન! જંબૂદ્વીપમાં જઘન્યપણે અને ઉત્કૃષ્ટપણે કુલ મળીને કેટલા ચક્રવર્તીઓ થશે?

હે ગૌતમ! કુલ મળીને જઘન્ય ચાર અને ઉત્કૃષ્ટપણે ત્રીશ ચક્રવર્તી થશે. જેટલા ચક્રવર્તી તેટલા બલદેવ અને તેટલા જ વાસુદેવ થશે.

ત્રણ તીર્થંકરોનું ચક્રવર્તીપણું—

૫૯૮. ત્રણ તીર્થંકરો ચક્રવર્તી હતા, તે આ પ્રમાણે—

શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ.

સુભૂમ અને બ્રહ્મદત્તનું નરકગમન—

૫૯૯. કામભોગોનો ત્યાગ નહીં કરનારા બે ચક્રવર્તી મૃત્યુકાળે મરણ પામી નીચેની સાતમી નરકભૂમિમાં અપ્રતિષ્ઠાન નામક નરકાવાસમાં ઉત્પન્ન થયા, તે આ પ્રમાણે—

સુભૂમ અને બ્રહ્મદત્ત.

૬૦૦. જંબૂદ્વીપના ભારતવર્ષની દશ રાજધાનીઓ કહી છે, તે આ પ્રમાણે—

૧. ચંપા, ૨. મથુરા, ૩. વારાણસી, ૪. શ્રાવસ્તી, ૫. સાકેત. ૬. હસ્તિનાપુર, ૭. કાંપિલ્યપુર, ૮. મિથિલા, ૯. કૌશામ્બી. ૧૦. રાજગૃહી.

૬૦૧. આ દશ રાજધાનીઓમાં દશ રાજાઓ મુંડિત થઈને—યાવત્—પ્રવ્રજિત થયા હતા, તેમનાં નામ છે—

૧. ભરત, ૨. સગર, ૩. મઘવા, ૪. સનત્કુમાર, ૫. શાંતિનાથ, ૬. કુંથુનાથ. ૭. અરનાથ, ૮. મહાપદ્મ. ૯. હરિષેણ, ૧૦. જયનાથ.

સગર ચક્રવર્તી—

૬૦૨. આ રીતે એકોતેર લાખ પૂર્વ વર્ષ પહેલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાર્વભૌમ ચક્રવર્તી રાજા સગર થયો—યાવત્—પ્રવ્રજિત થયો.

હરીષેણ ચક્રવર્તી—

૬૦૩. સાર્વભૌમ ચક્રવર્તી રાજા હરિષેણ નેવ્યાશી સો વર્ષ મહારાજપદે રહ્યા.

સાર્વભૌમ ચક્રવર્તી રાજા હરિષેણ સત્તાણું સોથી કંઈ ઓછાં એટલાં વર્ષ ગૃહવાસમાં રહી, પછી મુંડિત થઈ—યાવત્—પ્રવ્રજિત થયા.

ભરતાદિના શરીરની ઊંચાઈ—

૬૦૪. ચાતુરંત (સાર્વભૌમ) ચક્રવર્તી રાજા ભરત પાંચ સો ધનુષ ઊંચા હતા, બાહુબલી ગ્રમનગાર પણ એટલા જ ઊંચા હતા, એ જ પ્રમાણે આર્યા બ્રાહ્મી અને સુંદરી પણ એટલાં જ ઊંચાં હતાં.

ચાતુરંત ચક્રવર્તી રાજા સગર સાડા ચાર સો ધનુષ ઊંચા હતા.

ચક્રવર્તીઓના હાર—

૬૦૫. બધા ચક્રવર્તીઓને મહામૂલ્યવાન ચોસઠ સેરનો મણિ-મુક્તાનો હાર હોય છે,

ચક્રવર્તીનાં ગામ-પુર-પાટણની સંસ્થા—

૬૦૬. દરેક ચક્રવર્તીનાં છન્નુ છન્નુ કરોડ ગામ હોય છે. દરેક ચક્રવર્તીનાં બોંતેર હજાર નગર હોય છે. દરેક ચક્રવર્તીનાં અડતાલીશ હજાર પાટણ હોય છે.

નિધિરત્ન—

૬૦૭. જંબૂદ્વીપમાં કુલ કેટલાં નિધિરત્નો છે ?

ગૌતમ ! કુલ ત્રણ સો છ નિધિરત્નો છે.

જંબૂદ્વીપમાં કેટલા સો નિધિરત્નો પરિભોગમાં આવે છે ?

ગૌતમ ! જઘન્યપણે છત્રીશ અને ઉત્કૃષ્ટપણે બસો સિત્તેર નિધિરત્નો પરિભોગમાં આવે છે.

૬૦૮. પ્રત્યેક નિધિરત્ન આઠ ચક્ર પર પ્રતિષ્ઠિત છે અને ઊંચાઈમાં આઠ યોજન પ્રમાણ છે.

પ્રત્યેક મહાનિધિ નવ નવ યોજન પહોળાઈવાળા કહ્યા છે.

પ્રત્યેક સાર્વભૌમ ચક્રવર્તીને નવ મહાનિધિ હોય છે.

ચક્રવર્તીનાં ચૌદ રત્ન—

૬૦૯. પ્રત્યેક સાર્વભૌમ ચક્રવર્તીનાં સાત એકેન્દ્રિય રત્નો હોય છે, જેમ કે—

૧. ચક્રરત્ન, ૨. છત્રરત્ન, ૩. ચામરરત્ન, ૪. દંડરત્ન, ૫. અસિરત્ન, ૬. મણિરત્ન, ૭. કાકિણીરત્ન.

૬૧૦. પ્રત્યેક સાર્વભૌમ ચક્રવર્તી રાજાનાં સાત પંચેન્દ્રિય રત્નો હોય છે, જેમ કે—

૧. સેનાપતિરત્ન, ૨. ગાથાપતિ રત્ન, ૩. વર્ધકિરત્ન, ૪. પુરોહિતરત્ન, ૫. સ્ત્રીરત્ન ૬. અશ્વરત્ન, ૭. હસ્તીરત્ન.

કાકિણી રત્નાકૃતિ—

૬૧૧. પ્રત્યેક ચાતુરંગ ચક્રવર્તી રાજાનું કાકિણીરત્ન આઠ સુવર્ણ પ્રમાણ, છ તળ, બાર ખૂણા અને આઠ કર્ણિકાવાળું હોય છે. કાકિણીરત્નનું સંસ્થાન એરણ સમાન હોય છે.

જંબૂદ્વીપમાં એકેન્દ્રિય રત્નોની સંખ્યા અને પરિભોગ—

૬૧૨. હે ભગવંત ! જંબૂદ્વીપમાં બધાં મળી કેટલા સો એકેન્દ્રિય રત્નો છે ?

ગૌતમ ! બધાં મળી બસો દશ એકેન્દ્રિય રત્નો છે.

હે ભગવંત ! જંબૂદ્વીપમાં કેટલા સો એકેન્દ્રિય રત્નો પરિભોગમાં આવે છે ?

ગૌતમ ! જઘન્યપણે અઠ્ઠાવીશ અને ઉત્કૃષ્ટપણે બસો દશ એકેન્દ્રિય રત્નો ઉપભોગમાં આવે છે.

જંબૂદ્વીપમાં પંચેન્દ્રિય રત્નોની સંખ્યા-પરિભોગ—

૬૧૩. જંબૂદ્વીપમાં કેટલા સો પંચેન્દ્રિય રત્નો છે ?

ગૌતમ ! બધા મળી બસો દસ પંચેન્દ્રિય રત્નો છે.

જંબૂદ્વીપમાં જઘન્યપણે અને ઉત્કૃષ્ટપણે કેટલા સો પંચેન્દ્રિય રત્નોનો ઉપભોગ થાય છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ! જઘન્યપણે અઠ્યાવીશ અને ઉત્કૃષ્ટપણે બસો દશ પંચેન્દ્રિય રત્નોનો ઉપભોગ થાય છે.

"ચક્રવર્તી સામાન્ય સમાપ્ત"

૧૧. બલદેવ-વાસુદેવ સામાન્ય

બલદેવ-વાસુદેવનાં માતા-પિતા—

૬૧૪. જંબૂદ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં નવ બલદેવ-વાસુદેવના પિતા થયા, જેમ કે—

૧. પ્રજાપતિ, ૨. બ્રહ્મ, ૩. રુદ્ર, ૪. સોમ, ૫. શિવ, ૬. મહાશિવ, ૭. અગ્નિશિખ, ૮. દશરથ, ૯. વસુદેવ.

૬૧૫. જંબૂદ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં નવ વાસુદેવ-માતા થઈ, જેમ કે—

૧. મૃગાવતી, ૨. ઉમા, ૩. પૃથ્વી, ૪. સીતા, ૫. અમૃતા, ૬. લક્ષ્મીમતી, ૭. શેષમતી ૮. કેકયી, ૯. દેવકી.

૬૧૬. જંબૂદ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં નવ બલદેવ-માતા થઈ, જેમ કે—

૧. ભદ્રા, ૨. સુભદ્રા, ૩. સુપ્રભા, ૪. સુદર્શના, ૫. વિજયા, ૬. વૈજયંતી ૭. જયંતી, ૮. અપરાજિતા, ૯. રોહિણી

૬૧૭. જંબૂદ્વીપ નામક દ્વીપમાં ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં નવ દશાર-મંડળો થયાં, જેમ કે—

જે ઉત્તમ પુરુષ છે, મધ્યમ પુરુષ છે, પ્રધાન પુરુષ છે, ઓજસ્વી, તેજસ્વી, બળવાન, યશસ્વી, સુંદર શરીરવાળા, કાંતિમાન, સૌમ્ય, સુભગ, પ્રિયદર્શન, સુરૂપ, સુખશીલ, સુખાભિગમ અર્થાત્ જેની પાસે લોકો સુખેથી પહોંચી શકે તેવા, સર્વ લોકોના નયનને આનંદ આપનાર, અધિક બળવાન, અતિ બળવાન, મહાબળવાન, અપ્રતિહત, અપરાજિત, શત્રુમર્દન, હજારો શત્રુઓના માનનું મર્દન કરનાર, દયાળુ, અમત્સર, અચપલ, અચંડ, મૃદુ, મંજુલ અને મધુર વાત કરનાર, ગંભીર, મધુર, પરિપૂર્ણ સત્યવચન બોલનાર, અભ્યાગત વત્સલ, શરણદાતા, સુલક્ષણ, સુચિહ્ન, સદ્ગુણી, યોગ્ય માપ પ્રમાણે પરિપૂર્ણ અને સર્વાંગસુંદર શરીરધારી, ચંદ્ર જેવા સૌમ્ય, કાંત અને પ્રિયદર્શન, મત્સરરહિત, દંડનીતિનિપુણ, ગંભીર દેખાવવાળા, તાલધ્વજ અને ગરુડધ્વજ ચિહ્નવાળા, મહાધનુષ ધારણ કરનારા, સત્ત્વના મહાસાગર સમા, દુર્ધર્ષ ધનુર્ધર, ધીર પુરુષ, યુદ્ધમાં કીર્તિપ્રાપ્ત પુરુષો, વિશાળ કુળમાં ઉત્પન્ન થયેલા, મહાન રત્નને પણ ભાંગી નાખનારા, અર્ધ ભારતવર્ષના સ્વામી, સૌમ્ય, રાજકુળના તિલક સમા, અજિત, અજિતરથ, હળ-મુશળ અને ધનુષ્ય હાથમાં ધારણ કરનારા, (બલદેવ) અને શંખ-ચક્ર-ગદા-શક્તિ તથા નંદક ધારણ કરનારા (કૃષ્ણ), મસ્તક પર શ્રેષ્ઠ, ઉજ્જ્વળ, શુકલ, વિમલ, કૌસ્તુભમણિયુક્ત મુકુટ ધારણ કરનાર, કાનમાં પહેરેલાં કુંડળોથી શોભાયમાન મુખવાળા, કમળનયન, વક્ષસ્થળ પર એકાવલી હાર ધારણ કરનાર તેમજ શ્રીવત્સ લંછન ધારણ કરનાર, ઉત્તમ યશવાળા, સર્વ ઋતુનાં સુગંધી પુષ્પોની રચેલી લાંબી શોભાયમાન, મનહર, વિચિત્ર વરમાળા વક્ષસ્થળ પર ધારણ કરનાર, એકસો આઠ પ્રશસ્ત લક્ષણો જેમનાં અંગોપાંગો પર શોભી રહ્યાં છે તેવા, મદમત્ત શ્રેષ્ઠ ગજેન્દ્ર જેવી લલિત ગતિથી ચાલનારા, શરદ ઋતુમાં મધુર ગંભીર સ્વરે બોલતા ક્રૌંચપક્ષીના જેવા અને દુંદુભિ જેવા સ્વરવાળા, નીલવર્ણ અને પીતવર્ણ કટિવસ્ત્ર (ધોતી) પહેરેલા, ઉત્તમ દીપ્ત તેજવાળા, નરસિંહો, નરેન્દ્રો, નરવૃષભો સમા, દેવોમાં શ્રેષ્ઠ ઇન્દ્ર જેવા, અધિક રાજ્ય અને તેજ લક્ષ્મીથી પ્રકાશિત, નીલ અને પીત વર્ણના વસ્ત્રધારી એવા બે બે રામ અને કેશવ ભાઈઓની જોડી હોય છે, તે આ પ્રમાણે—

[સંગ્રહણી ગાથાઓ]—

ત્રિપૃષ્ઠ-દ્વિપૃષ્ઠ, સ્વયંભૂ-પુરુષોત્તમ, પુરુષસિંહ-દત્ત, નારાયણ-કૃષ્ણ તથા અચલ-વિજય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્ર, સુપ્રભ-સુદર્શન આનંદ-નંદન, પદ્મ અને રામ એ રીતે દશારમંડળમાં ક્રમશઃ નવ વાસુદેવ અને નવ બલદેવ થયા.

૬૧૮. આ નવ વાસુદેવ અને નવ બલદેવનાં પૂર્વ ભવમાં નવ નવ નામ હતાં, તે આ પ્રમાણે—

વિશ્વભૂતિ, પર્વતક, ધનદત્ત, સમુદ્રદત્ત, ઋષિપાલ, પ્રિયમિત્ર, લલિતમિત્ર, પુનર્વસુ અને ગંગદત્ત-આ નવ વાસુદેવોનાં પૂર્વ-ભવનાં નામ હતાં.

આ પછી ક્રમથી બલદેવોના પૂર્વભવનાં નામ કહેવામાં આવ્યાં છે-વિશ્વનંદી, સુબંધુ, સાગરદત્ત, અશોકલલિત, વરાહ, ધર્મસેન, અપરાજિત અને રાજલલિત.

૬૧૯. આ નવ વાસુદેવોના પૂર્વભવના નવ ધર્મા-ચાર્યો હતા, જેમ કે—

[ગાથાર્થ-] સંભૂત, સુભદ્ર, સુદર્શન, શ્રેયાંસ, કૃષ્ણ, ગંગદત્ત, સાગર, સમુદ્ર અને દ્રુમસેન. કીર્તિપુરુષ વાસુદેવોના આ પૂર્વભવના ધર્મા-ચાર્યો હતા. હવે જ્યાં વાસુદેવોએ નિદાન કર્યું હતું તે નિદાનસ્થળ કહેવાય છે.

૬૨૦. આ નવ વાસુદેવોની પૂર્વભવની નવ નિદાન-ભૂમિ હતી, જેવી કે—

મથુરા, કનકવસ્તુ, શ્રાવસ્તી, પોતનપુર, રાજગૃહ, કાકંદી, કૌશાંબી, મિથિલા અને હસ્તિનાપુર.

આ નવ વાસુદેવોનાં નવ નિદાન કારણો હતાં, જેમ કે—ગાય, ઘન, સંગ્રામ, સ્ત્રી, રંગ પરાજય, ભાર્યાનુરાગ, ગોષ્ઠી, પરઋદ્ધિ અને માતા.

૬૨૧. આ નવ વાસુદેવોના નવ શત્રુ (પ્રતિવાસુદેવ) હતા, જેમ કે—

અશ્વગ્રીવ, તારક, મેરક, મધુકૈટભ, નિશુંભ, બલિ, પ્રહ્લાદ, રાવણ અને જરાસંધ.

કીર્તિપુરુષ વાસુદેવોની સાથે આ તેમના પ્રતિસ્પર્ધી શત્રુઓ ચક્રયુદ્ધ કરી અંતમાં પોતાના જ ચક્રથી માર્યા જાય છે.

આ નવ વાસુદેવોમાંથી એક સાતમા નરકમાં, પાંચ છઠ્ઠા નરકમાં, એક પાંચમા નરકમાં, એક ચોથા નરકમાં અને એક, કૃષ્ણ ત્રીજા નરકમાં ગયા.

બલદેવ નિદાન કરતા નથી, પણ સર્વ વાસુદેવો નિદાન કરે છે. રામ (બલદેવ) ઊર્ધ્વ-ગામી અને કેશવ(વાસુદેવ) બધા અધોગામી હોય છે.

આઠ બલદેવ અન્તકૃત્ અર્થાત્ મુક્તિગામી બન્યા છે, એક બ્રહ્મલોકમાં ઉત્પન્ન થયા છે અને એકને હજી ગર્ભવાસ (સંસાર) ભોગ-વવાનો છે, તે આગામી કાળમાં સિદ્ધ થશે.

જંબૂદ્વીપમાં આગામી ઉત્સર્પિણીમાં બલદેવ-વાસુદેવ વિશે વિવિધ પ્રરૂપણા—

૬૨૨. જંબૂદ્વીપમાં ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં--

નવ બલદેવ-વાસુદેવોના નવ પિતા થશે. નવ વાસુદેવોની નવ માતાઓ થશે. નવ બલ-દેવોની નવ માતાઓ થશે. નવ દશાર મંડળ થશે. જેમ કે—

તે ઉત્તમ પુરુષ, મધ્યમ પુરુષ, પ્રધાન પુરુષ, ઓજસ્વી, તેજસ્વી થશે-એ પ્રકારે પૂર્વવત્ વર્ણન-યાવત્-નીલ અને પીતવર્ણના વસ્ત્ર પહેરનારા બે બે રામ-કેશવ ભાઈઓ થશે, તે આ પ્રમાણે—

નંદ, નંદમિત્ર, દીર્ઘબાહુ, મહાબાહુ, અતિબલ, મહાબલ, બલભદ્ર, દ્વિપૃષ્ઠ અને ત્રિપૃષ્ઠ-આ આગામી ઉત્સર્પિણીના નવ વાસુદેવો થશે. આગામી બલદેવોનાં નામ આ પ્રમાણે છે-જયંત, વિજય, ભદ્ર, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, પદ્મ અને સંકર્ષણ.

૬૨૩. આ નવ બલદેવ અને નવ વાસુદેવોનાં પૂર્વ-ભવનાં નવ નામો હશે,

નવ ધર્માચાર્યો થશે. નવ નિદાનભૂમિ થશે. નવ નિદાનકારણ હશે. નવ પ્રતિવાસુદેવ હશે-તેમનાં નામ આ પ્રમાણે છે—

[ગાથાઓ-]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિલક, લોહજંઘ, વજ્રજંઘ, કેશરી, પથરાજ, અપરાજિત, ભીમ, મહાભીમ અને સુગ્રીવ.

કીર્તિપુરુષ વાસુદેવોના આ પ્રતિસ્પર્ધી શત્રુઓ તેમની સાથે ચક્રયુદ્ધ કરશે અને અંતમાં પોતાના ચક્રથી મરણ પામશે.

૬૨૪. જંબૂદ્વીપ નામક દ્વીપના ઐરાવત વર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં નવ બલદેવ-વાસુદેવોના પિતા હશે, નવ માતાઓ વાસુદેવની અને નવ બલદેવની માતાઓ થશે, નવ દશારમંડળ થશે, જેમ કે—

ઉત્તમ પુરુષ, મધ્યમપુરુષ પ્રધાન પુરુષ-યાવત્ રામ અને કેશવ ભ્રાતૃયુગલો થશે. નવ પ્રતિવાસુદેવો હશે, નવ પૂર્વભવનાં નામ હશે, નવ ધર્માચાર્ય હશે, નવ નિદાનકારણ હશે.

આ પ્રમાણે ઐરાવત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણી કાળમાં કથન કરવું. આ જ રીતે બન્ને દ્વીપો માટે આગામી ઉત્સર્પિણી કાળ માટે કથન કરવું.

બલદેવોની ઊંચાઈ અને આયુ—

૬૨૫. અચલ બલદેવ એંશી ધનુષ ઊંચા હતા.

૬૨૬. વિજય બલદેવ તોંતેર લાખ વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અન્તકૃત્. સર્વ દુઃખોનો ક્ષય કરી નિર્વાણ પ્રાપ્ત થયા.

૬૨૭. સુપ્રભ બલદેવ એકાવન લાખ વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત્ થઈ સર્વ દુઃખોનો ક્ષય કરી પરિનિર્વાણ પામ્યા.

૬૨૮. નંદન બલદેવ પાંત્રીસ ધનુષ ઊંચા હતા.

૬૨૯. રામ બલદેવ દશ ધનુષ ઊંચા હતા.

૬૩૦. રામ બલદેવ બારસો વર્ષનું આયુષ્ય ભોગવી દેવપણાને પામ્યા.

૬૩૧. ત્રિપૃષ્ઠ વાસુદેવે એંશી લાખ વર્ષ રાજ્ય કર્યું હતું.

વાસુદેવ-પ્રકીર્ણક—

૬૩૨. ત્રિપૃષ્ઠ વાસુદેવની ઊંચાઈ એંશી ધનુષની હતી.

૬૩૩. ત્રિપૃષ્ઠ વાસુદેવ ચોરાશી લાખ વર્ષનું આયુષ્ય ભોગવી પછી અપ્રતિષ્ઠાન નામે નરકમાં નારકરૂપે ઉત્પન્ન થયા.

૬૩૪. સ્વયંભૂ વાસુદેવનો વિજયકાળ નેવું વર્ષનો હતો.

૬૩૫. પુરુષોત્તમ વાસુદેવ પચાસ ધનુષ ઊંચા હતા.

૬૩૬. પુરુષસિંહ વાસુદેવ દશ લાખ વર્ષનું સર્વાયુ ભોગવીને પાંચમી નરકભૂમિમાં નારકરૂપે ઉત્પન્ન થયા.

૬૩૭. પુરુષસિંહ વાસુદેવ દશ લાખ વર્ષનું સર્વાયુ ભોગવીને છઠ્ઠી તમા પૃથ્વીમાં નારકરૂપે ઉત્પન્ન થયા.

૬૩૮. દત્ત વાસુદેવ પાંત્રીશ ધનુષ ઊંચા હતા.

૬૩૯. કૃષ્ણ વાસુદેવ દશ ધનુષ ઊંચા હતા અને દશ સો (હજાર) વર્ષનું સર્વાયુ ભોગવી ત્રીજી વાલુકાપ્રભા નામે નરકભૂમિમાં નારકરૂપે ઉત્પન્ન થયા.

પ્રથમ સ્કંધ સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મકથાનુયોગ

[ગુજરાતી અનુવાદ]

દ્વિતીય સ્કંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મકથાનુયોગ

(અનુવાદ)

દ્વિતીય સ્કંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાથમિક

☐ જૈન આગમોમાં વર્ણિત ચરિત્રકથાઓનું સમગ્ર સંકલન ધર્મકથાનુયોગમાં કરવામાં આવ્યું છે.

☐ આના પ્રથમ સ્કંધમાં શલાકા પુરુષોનું વર્ણન કરવામાં આવ્યું તથા હવે દ્વિતીય સ્કંધમાં 'શ્રમણ' (મુનિ) ચરિત્રોનું સંકલન છે.

☐ ભગવાન ઋષભદેવના યુગના શ્રમણોનું વર્ણન વિસ્તૃત રૂપમાં વર્તમાનમાં કોઈ આગમમાં ઉપલબ્ધ નથી. જે સૌથી પ્રાચીન શ્રમણ-ચરિત્ર ઉપલબ્ધ છે, તે છે વિમલનાથ (૧૩મા) તીર્થંકરના સમયના મહાબલ રાજકુમાર-શ્રમણનું. આથી અમે કાળક્રમપૂર્વક અહીં શ્રમણોનાં ચરિત્ર-કથાનકો સંકલિત કર્યાં છે.

☐ આ દ્વિતીય સ્કંધમાં વિમલનાથ, મુનિસુવ્રત, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ, અને મહાવીર -એમ પાંચ તીર્થંકરોના યુગમાં થયેલા શ્રમણોનાં ચરિત્રો લેવામાં આવ્યાં છે.

☐ આ દ્વિતીય સ્કંધમાં વિમલ-તીર્થનાં ૨, મુનિસુવ્રત-તીર્થનાં ૨, અરિષ્ટનેમિ-તીર્થનાં ૯, પાર્શ્વ-તીર્થનાં ૨ તથા મહાવીર-તીર્થનાં ૩૪-એમ સર્વ મળી ૪૮ મુખ્ય ચરિત્રો (અધ્યયનો) તથા એમના સંબંધિત સમ-સામયિક અન્ય ચરિત્રો સંકલિત કરાયેલ છે; જે બધાંનાં વર્ણનો આગમમાં આવેલ છે.

☐ સ્થવિરાવલીમાં કલ્પસૂત્ર અને નન્દીસૂત્રગત વર્ણન છે, જે ચરિત્રો નથી, પરંતુ માત્ર નામસૂચી જ છે.

☐ આ વર્ણનો અનેક આગમોમાં અનેક સ્થળે પ્રાપ્ત થાય છે. અહીં બધાં આગમોમાંથી મૂળ રૂપે સંકલિત કરવામાં આવ્યાં છે. ચરિત્રમાં પ્રાયઃ સમગ્રતા લાવવા માટે અનેક સ્થળોના સંદર્ભો લીધા છે. કથાચરિત્રોમાં વર્ણનમાં વિવિધતા હોવા છતાં પણ કથાનકનો રસ અક્ષુણ્ણ રહે છે. કથાસૂત્રોને પ્રાયઃ સમ્બદ્ધ રાખવાનો જ પ્રયત્ન કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીય સ્કંધ

શ્રમણ-કથાનકો

અધ્યન		અધ્યન	
૧. વિમલતીર્થમાં	મહાબલ	૧૪. પાર્શ્વતીર્થમાં	જિતશત્રુ-સુબુદ્ધિ કથાનક
૨. મુનિસુવ્રતતીર્થમાં	કાર્તિક શ્રેષ્ઠિ આદિનાં કથાનકો	૧૫. મહાવીર તીર્થમાં	નમિ રાજર્ષિ
૩. મુનિસુવ્રત તીર્થમાં	ગંગદત્ત	૧૬. મહાવીર તીર્થમાં	ઋષભદત્ત-દેવાનન્દા ચરિત્ર
૪. અરિષ્ટનેમિ તીર્થમાં	ચિત્ર સંભૂતીય કથાનક	૧૭. મહાવીર તીર્થમાં	બાલતપસ્વી મૌર્યપુત્ર તામલી અણગાર
૫. અરિષ્ટનેમિ તીર્થમાં	નિષધ		
૬. અરિષ્ટનેમિ તીર્થમાં	ગૌતમ અને અન્ય (ચરિત્રો)	૧૮. મહાવીર તીર્થમાં	આર્દ્રકનો અન્યતીર્થિકો સાથે વાદ
૭. અરિષ્ટનેમિ તીર્થમાં	અણીયસકુમાર અને અન્ય શ્રમણો	૧૯. મહાવીર તીર્થમાં	અતિમુકતક કુમાર શ્રમણ
		૨૦. મહાવીર તીર્થમાં	અલક્ષ્ય રાજા
૮. અરિષ્ટનેમિ તીર્થમાં	ગજસુકુમાલાદિ	૨૧. મહાવીર તીર્થમાં	મેઘકુમાર શ્રમણ
૯. અરિષ્ટનેમિ તીર્થમાં	સુમુખાદિ કુમાર	૨૨. મહાવીર તીર્થમાં	મકાઈ આદિ શ્રમણો
૧૦. અરિષ્ટનેમિ તીર્થમાં	જાલિ આદિ શ્રમણો	૨૩. મહાવીર તીર્થમાં	અર્જુન માલાકાર
૧૧. અરિષ્ટનેમિ તીર્થમાં	થાવચ્ચાપુત્ર અને અન્ય શ્રમણો	૨૪. મહાવીર તીર્થમાં	કાશ્યપાદિ શ્રમણો
		૨૫. મહાવીર તીર્થમાં	શ્રેણિકપુત્ર જાલિ આદિ શ્રમણો
૧૨. અરિષ્ટનેમિ તીર્થમાં	રથનેમિ શ્રમણનો રાજીમતી દ્વારા સમુદ્ધાર	૨૬. મહાવીર તીર્થમાં	સાર્થવાહપુત્ર ધન્ય અનગાર
૧૩. પાર્શ્વતીર્થમાં	અંગતિ, સુપ્રતિષ્ઠિત અને પૂર્ણભદ્રાદિ શ્રમણો	૨૭. મહાવીર તીર્થમાં	સુનક્ષત્રાદિ શ્રમણો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધ્યન		અધ્યન	
૨૮. મહાવીર તીર્થમાં	સુબાહુકુમાર શ્રમણ	૩૮. મહાવીર તીર્થમાં	સ્કન્દક પરિવ્રાજક
૨૯. મહાવીર તીર્થમાં	ભદ્રનંદિ આદિ શ્રમણોનાં કથાનકો	૩૯. મહાવીર તીર્થમાં	મુદ્ગલ પરિવ્રાજક
		૪૦. મહાવીર તીર્થમાં	શિવ રાજર્ષિ
૩૦. મહાવીર તીર્થમાં	શ્રેણિકનપ્તૃ (પૌત્ર) પદ્મ શ્રમણ અને અન્ય ચરિત્રો	૪૧. મહાવીર તીર્થમાં	ઉદાયન રાજ કથાનક
		૪૨-૪૩. મહાવીર તીર્થમાં	જિનપાલિત-જિનરક્ષિત જ્ઞાત
૩૧. મહાવીર તીર્થમાં	હરિકેશબલ		
૩૨. મહાવીર તીર્થમાં	જયઘોષ મુનિ	૪૪. મહાવીર તીર્થમાં	કાલાસ્યવેષિપુત્ર
૩૩. મહાવીર તીર્થમાં	અનાથી મહાનિર્ગ્રંથ	૪૫. મહાવીર તીર્થમાં	ઉદક પેઢાલપુત્ર
૩૪. મહાવીર તીર્થમાં	સમુદ્રપાલીય કથાનક	૪૬. મહાવીર તીર્થમાં	નન્દીફલ જ્ઞાત
૩૫. મહાવીર તીર્થમાં	મૃગાપુત્ર બલશ્રી શ્રમણ	૪૭. મહાવીર તીર્થમાં	ધન્ય સાર્થવાહ કથાનક
૩૬. મહાવીર તીર્થમાં	ગર્દભાલિ અને સંજય રાજા	૪૮. મહાવીર તીર્થમાં	કાલોદાયી કથાનક
		૪૯. મહાવીર તીર્થમાં	પુંડરીક-કંડરીક કથાનક
૩૭. મહાવીર તીર્થમાં	ઈષુકાર રાજા આદિ ૬ શ્રમણો	૫૦. મહાવીર તીર્થમાં	સ્થવિરાવલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. વિમલ તીર્થમાં મહાબલ

વાણિજ્યગ્રામમાં ભગવાન મહાવીરનું આગમન–

૧. તે કાળે તે સમયે વાણિજ્યગ્રામ નામે નગર હતું વર્ણન. દૂતિપલાશક ચૈત્ય હતું. વર્ણન. યાવત્ પૃથિવીશિલાપટ્ટ હતો.

તે વાણિજ્યગ્રામ નગરમાં સુદર્શન નામે શેઠ રહેતો હતો, તે આઢ્ય–ધનિક, યાવત્ અપરિભૂત–કોઈથી પરાભવ ન પામે તેવો, જીવાજીવ તત્ત્વનો જાણનાર શ્રમણોપાસક હતો. યાવત્–વિધિપૂર્વક ગ્રહણ કરેલ તપોકર્મથી આત્માને ભાવિત કરતો રહેતો હતો.

૨. ત્યાં મહાવીર સ્વામી સમવસર્યા. યાવત્ પર્ષદ્–જન-સમુદાય પર્યુપાસના કરે છે.

સુદર્શન શેઠ દ્વારા ધર્મશ્રવણ–

૩. ત્યાર બાદ મહાવીર સ્વામી આવ્યાની આ વાત સાંભળી સુદર્શન શેઠ હર્ષિત અને સંતુષ્ટ થયો, અને સ્નાન કરી, બલિકર્મ યાવત્ મંગલરૂપ પ્રાયશ્ચિત્ત કરી, સર્વ અલંકારથી વિભૂષિત થઈ, પોતાના ઘેરથી બહાર નીકળ્યો, બહાર નીકળીને માથે ધારણ કરાતા કોરંટકપુષ્પની માળાવાળા છત્ર સહિત, પગે ચાલીને, ઘણા મનુષ્યોના સમુદાયરૂપ બન્ધનથી ઘેરાયેલો તે સુદર્શન શેઠ વાણિજ્યગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યો, નીકળીને જ્યાં દૂતિપલાશ ચૈત્ય છે, અને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ પ્રકારના અભિગમ વડે ગયો, તે અભિગમો આ પ્રમાણે છે–'૧ સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરવો'–ઇત્યાદિ જેમ ઋષભદત્તના પ્રકરણમાં કહ્યું છે તેમ અહીં જાણવું–યાવત્ તે સુદર્શન શેઠ ત્રણ પ્રકારની પર્યુપાસના વડે પર્યુપાસના કરવા લાગ્યો.

૪. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરે તે સુદર્શન શેઠને અને વિશાળ મહાસભાને ધર્મકથા કહી–યાવત્ તે શેઠ આરાધક બન્યો.

સુદર્શન શેઠ દ્વારા કાળવિષયક પૃચ્છા—

૫. ત્યાર પછી સુદર્શન શેઠે શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મ સાંભળી અને અવધારી હર્ષિત અને સંતુષ્ટ થઈ ઊભા થઈને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, યાવત્ નમસ્કાર કરી તેણે આ પ્રમાણે પૂછ્યું–

૬. હે ભગવાન! કાળ કેટલા પ્રકારનો કહ્યો છે? હે સુદર્શન! કાળ ચાર પ્રકારનો કહ્યો છે; તે આ પ્રમાણે—૧ પ્રમાણકાળ, ૨ યથાયુનિર્વૃત્તિ-કાળ, ૩ મરણકાળ અને ૪ અદ્ધાકાળ.

૭. હે ભગવન્! પ્રમાણકાળ કેટલા પ્રકારે છે? પ્રમાણકાળ બે પ્રકારનો કહ્યો છે, તે આ પ્રમાણે-૧. દિવસ પ્રમાણકાળ અને ૨. રાત્રીપ્રમાણકાલ, અર્થાત્ ચાર પૌરુષીનો–પ્રહરનો દિવસ થાય છે, અને ચાર પૌરુષીની રાત્રી થાય છે.

અને ઉત્કૃષ્ટ–મોટામાં મોટી સાડા ચાર મુહૂર્તની પૌરુષી દિવસની, અને રાત્રીની થાય છે. તથા–

જઘન્ય–નાનામાં નાની પૌરુષી દિવસ અને રાત્રીની ત્રણ મુહૂર્તની થાય છે.

૮. હે ભગવન્! જ્યારે દિવસે કે રાત્રીએ સાડા ચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પૌરુષી હોય છે ત્યારે તે મુહૂર્તના કેટલા ભાગ ઘટતી ઘટતી દિવસે અને રાત્રીએ ત્રણ મુહૂર્તની જઘન્ય પૌરુષી થાય?

અને જ્યારે દિવસે કે રાત્રીએ ત્રણ મુહૂર્તની નાનામાં નાની પૌરુષી હોય છે ત્યારે તે મુહૂર્તના કેટલા ભાગ વધતી વધતી દિવસ અને રાત્રીની સાડાચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પૌરુષી થાય?

હે સુદર્શન! જ્યારે દિવસે અને રાત્રીએ સાડાચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પૌરુષી હોય છે ત્યારે તે મુહૂર્તના એકસો બાવીશમા ભાગ જેટલી ઘટતી ઘટતી દિવસ અને રાત્રીની જઘન્ય ત્રણ મુહૂર્તની પૌરુષી થાય છે.

અને જ્યારે દિવસે અને રાત્રીએ ત્રણ મુહૂર્તની જઘન્ય પૌરુષી હોય છે ત્યારે મુહૂર્તના એકસો બાવીશમા ભાગ જેટલી વધતી વધતી દિવસે અને રાત્રીએ સાડાચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પૌરુષી થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯. હે ભગવન્ ! કયારે દિવસે અને રાત્રીએ સાડાચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પૌરુષી હોય અને કયારે દિવસે અને રાત્રીએ ત્રણ મુહૂર્તની જઘન્ય પૌરુષી હોય ?

હે સુદર્શન ! જયારે અઢાર મુહુર્તનો મોટો દિવસ હોય અને બાર મુહૂર્તની નાની રાત્રી હોય ત્યારે સાડાચાર મુહૂર્તની દિવસની ઉત્કૃષ્ટ પૌરુષી હોય છે. અને રાત્રીની ત્રણ મુહૂર્તની જઘન્ય પૌરુષી હોય છે.

તથા જયારે અઢાર મુહૂર્તની મોટી રાત્રી હોય અને બાર મુહૂર્તનો નાનો દિવસ હોય ત્યારે સાડા ચાર મુહૂર્તની રાત્રીની ઉત્કૃષ્ટ પૌરુષી હોય છે, અને ત્રણ મુહૂર્તની દિવસની જઘન્ય પૌરુષી હોય છે.

૧૦. હે ભગવન્ ! અઢાર મુહૂર્તનો મોટો દિવસ, અને બાર મુહૂર્તની નાની રાત્રી કયારે હોય ? તથા અઢાર મુહૂર્તની મોટી રાત્રી અને બાર મુહૂર્તનો નાનો દિવસ કયારે હોય ?

હે સુદર્શન ! અષાઢ પૂર્ણિમાને વિષે અઢાર મુહૂર્તનો મોટો દિવસ હોય છે અને બાર મુહૂર્તની નાની રાત્રી હોય છે.

તથા પોષ માસની પૂર્ણિમાને સમયે અઢાર મુહૂર્તની મોટી રાત્રી અને બાર મુહૂર્તનો નાનો દિવસ હોય છે.

૧૧. હે ભગવન્ ! દિવસ અને રાત્રી એ બન્ને સરખાં હોય ?

હા, હોય.

હે ભગવન્ ! કયારે (દિવસ અને રાત્રી) સરખાં હોય ?

હે સુદર્શન ! જયારે ચૈત્રી પૂનમ અને આસો માસની પૂનમ હોય ત્યારે દિવસ અને રાત્રી એ બન્ને સરખાં હોય છે. ત્યારે પંદર મુહૂર્તનો દિવસ અને પંદર મુહૂર્તની રાત્રી હોય છે. અને તે દિવસ અને રાત્રીના મુહૂર્તના ચોથા ભાગે ન્યૂન ચાર મુહૂર્તની પૌરુષી હોય છે.

એ પ્રમાણે પ્રમાણકાળ કહ્યો.

૧૨. હે ભગવાન ! યથાયુનિર્વૃત્તિકાળ કેવા પ્રકારે કહેલો છે ?

જે કોઈ નૈરયિક, તિર્યંચ યોનિક, મનુષ્ય કે દેવે પોતે જેવું આયુષ્ય બાંધ્યું છે તે પ્રકારે તેનું પાલન કરે છે તે યથાયુનિર્વૃત્તિકાળ કહેવાય છે.

૧૩. હે ભગવન્ ! મરણકાળ એ શું છે ?

(જયારે) શરીરથી જીવનો અથવા જીવથી શરીરનો વિયોગ થાય (ત્યારે) મરણકાળ કહેવાય છે.

૧૪. હે ભગવાન ! અદ્ધાકાળ એ કેટલા પ્રકારે છે ?

અદ્ધાકાળ અનેક પ્રકારનો કહ્યો છે, સમયરૂપે આવલિકારૂપે અને યાવત્ ઉત્સર્પિણીરૂપે. હે સુદર્શન ! કાળના બે ભાગ કરવા છતાં જયારે તેના બે ભાગ ન જ થઈ શકે તે કાળ સમયરૂપે સમય કહેવાય છે.

અસંખ્યેય સમયોનો સમુદાય મળવાથી આવલિકા થાય છે.

સંખ્યાત આવલિકાનો [એક ઉચ્છ્વાસ] થાય છે–ઇત્યાદિ બધું શાલિ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્ સાગરોપમના પ્રમાણ સુધી જાણવું.

૧૫. હે ભગવન્ ! એ પલ્યોપમ અને સાગરોપમ રૂપનું શું પ્રયોજન છે ?

હે સુદર્શન ! એ પલ્યોપમ અને સાગરોપમ વડે નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય તથા દેવોનાં આયુષોનું માપ કરવામાં આવે છે.

૧૬. હે ભગવન્ ! નૈરયિકોની સ્થિતિ (આયુષ) કેટલા કાળ સુધીની કહી છે ?

અહીં સંપૂર્ણ સ્થિતિપદ (પ્રજ્ઞાપના સૂત્રનું) કહેવું યાવત્ [પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ દેવોની] ઉત્કૃષ્ટ નહિ અને જઘન્ય નહિ એવી તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે ત્યાં સુધી જાણવું.

સુદર્શન શેઠ દ્વારા પલ્યોપમાદિના ક્ષયાપચય વિષયમાં પૃચ્છા–

૧૭. હે ભગવન્ ! એ પલ્યોપમ અને સાગરોપમનો ક્ષય કે અપચય થાય છે ?

હા થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮. હે ભગવાન ! એમ શા હેતુથી કહો છો કે પલ્યોપમ અને સાગરોપમનો યાવત્ અપચય થાય છે ?

ભગવાન ! મહાવીર દ્વારા સુદર્શન શેઠના પૂર્વભવના વર્ણનમાં મહાબલકથા—કથન—

૧૯. હે સુદર્શન ! એ પ્રમાણે ખરેખર તે કાળે, તે સમયે હસ્તિનાગપુર નામે નગર હતું. વર્ણન.

તે હસ્તિનાગપુર નગરમાં બલ નામે રાજા હતો. વર્ણન. તે બલ રાજાને પ્રભાવતી નામે રાણી હતી. તેના હાથપગ સુકુમાલ હતા—ઇત્યાદિ વર્ણન જાણવું—યાવત્ તે વિહરતી હતી.

પ્રભાવતીદેવીને સ્વપ્નમાં સિંહદર્શન—

૨૦. ત્યાર બાદ અન્ય કોઈ પણ દિવસે તેવા પ્રકારના, અંદર ચિત્રવાળા, બહારથી ધોળેલા, ઘસેલા અને સુંવાળા કરેલા, જેનો ઉપરનો ભાગ વિવિધ ચિત્રયુક્ત અને નીચેનો ભાગ સુશોભિત છે એવા, મણિ અને રત્નના પ્રકાશથી અંધકાર રહિત, બહુ સમાન અને સુવિભક્ત ભાગવાળા, પાંચ વર્ણના સરસ અને સુગંધી પુષ્પપુંજના ઉપચાર વડે યુક્ત, ઉત્તમ કાલાગુરુ, કુન્દુરુક અને તુરુષ્ક(શિલારસ)ના ધૂપથી ચોતરફ ફેલાયેલા સુગંધના ઉદ્ભવથી સુંદર, સુગંધિત પદાર્થોથી સુવાસિત થયેલા, સુગંધિત દ્રવ્યની ગુટિકા જેવા તે વાસઘરમાં તકિયાસહિત માથે અને પગે ઓશીકાવાળી, બંને બાજુએ ઊંચી, વચમાં નમેલી અને વિશાલ, ગંગાના કિનારાની રેતીના અવદાલ સરખી (અત્યંત કોમળ), ભરેલા ક્ષૌમિક—રેશમી દુકૂલના પટ્ટથી આચ્છાદિત, રજસ્ત્રાણથી(ઊડતી ધૂળને અટકાવનાર વસ્ત્રથી) ઢંકાયેલી, રક્તાંશુક (મચ્છરદાની) સહિત, સુરમ્ય, આજિનક (એક જાતનું ચામડાનું કોમળ વસ્ત્ર), રૂ, બરુ, માખણ અને આકડાના રૂના સમાન સ્પર્શવાળી, સુગંધિત ઉત્તમ પુષ્પો, ચૂર્ણ, અને બીજા શયનોપચારથી યુક્ત એવી શય્યામાં કંઈક સૂતી અને જાગતી નિદ્રા લેતી લેતી પ્રભાવતી દેવી અર્ધરાત્રીના સમયે આ એવા પ્રકારનું ઉદાર, કલ્યાણ, શિવ, ધન્ય, મંગલકારક અને શોભાયુક્ત મહાસ્વપ્ન જોઈને જાગી.

મોતીના હાર, રજત, ક્ષીરસમુદ્ર, ચંદ્રના કિરણ, પાણીના બિંદુ અને રૂપાના મોટા પર્વત જેવા ધોળા, વિશાલ, રમણીય અને દર્શનીય, સ્થિર અને સુંદર પ્રકોષ્ટવાળા, ગોળ, પુષ્ટ, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, અને તીક્ષ્ણ દાઢો વડે ફાડેલા મુખવાળા, સંસ્કારિત ઉત્તમ કમળના જેવા કોમળ, પ્રમાણયુક્ત અને અત્યન્ત સુશોભિત ઓષ્ઠવાળા, રાતા કમળના પત્રની જેમ અત્યંત કોમળ તાળુ અને જીભવાળા, મુખમાં રહેલા અગ્નિથી તપાવેલ અને આવર્ત કરતા ઉત્તમ સુવર્ણના સમાન વર્ણવાળી ગોળ અને વીજળીના જેવી નિર્મળ આંખવાળા, વિશાળ અને પુષ્ટ જંઘાવાળા, સંપૂર્ણ અને વિપુલ સ્કંધવાળા, કોમળ, વિશદ(સ્પષ્ટ), સૂક્ષ્મ અને પ્રશસ્ત લક્ષણવાળી વિસ્તીર્ણ કેશવાળીની છટાથી સુશોભિત, ઊંચા કરેલા, સારી રીતે નીચે નમાવેલા, સુંદર અને પૃથ્વી ઉપર પછાડેલ પૂછડાથી યુક્ત, સૌમ્ય આકારવાળા, લીલા કરતા, બગાસાં ખાતા અને આકાશ થકી ઊતરી પોતાના મુખમાં પ્રવેશ કરતા સિંહને સ્વપ્નમાં જોઈ તે પ્રભાવતી દેવી જાગી.

૨૧. ત્યાર બાદ તે પ્રભાવતી દેવી આ આવા પ્રકારના ઉદાર—યાવત્—શોભાવાળા મહાસ્વપ્નને જોઈને જાગી અને હર્ષિત તથા સંતુષ્ટ હૃદયવાળી થઈ—યાવત્—મેઘની ધારથી વિકસિત થયેલા કદંબના પુષ્પની પેઠે રોમાંચિત થયેલી [પ્રભાવતી દેવી] તે સ્વપ્નનું સ્મરણ કરે છે, અને સ્મરણ કરીને પોતાના શયનથી ઊઠી ત્વરાવિનાની, ચપલતા રહિત, સંભ્રમવિના, વિલંબરહિતપણે, રાજહંસમાન ગતિવડે જ્યાં બલરાજાનું શયનગૃહ છે ત્યાં આવી, આવીને ઇષ્ટ, કાંત, પ્રિય, મનગમતી, ઉદાર, કલ્યાણકારી, શિવ, ધન્ય, મંગલ, સૌન્દર્યયુક્ત, મિત, મધુર અને મંજુલ—કોમળ વાણીવડે બોલતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેણે બલ રાજાને જગાડ્યો. ત્યાર બાદ તે બલ રાજાની અનુમતિથી વિચિત્ર મણિ અને રત્નોની રચના વડે શોભતા ભદ્રાસનમાં બેઠી. સુખાસનમાં બેઠેલી સ્વસ્થ અને શાન્ત થયેલી તે પ્રભાવતી દેવીએ ઇષ્ટ, પ્રિય, મધુર વાણીથી બોલતાં બોલતાં આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! એ પ્રમાણે ખરેખર મેં આજે તે તેવા પ્રકારની અને તકિયાવાળી શય્યામાં [સૂતાં જાગતાં] ઇત્યાદિ પૂર્વોક્ત જાણવું—યાવત્—મારા પોતાના મુખમાં પ્રવેશ કરતા સિંહને સ્વપ્નમાં જોઈને જાગી. તો હે દેવાનુપ્રિય! એ ઉદાર—યાવત્—મહાસ્વપ્નનું બીજું શું કલ્યાણકારક ફળ અથવા વૃત્તિવિશેષ થશે?

બલ રાજા દ્વારા સ્વપ્નફળ-કથન—

૨૨. ત્યાર પછી તે બલ રાજા પ્રભાવતી દેવી પાસેથી આ વાત સાંભળી, અવધારી, હર્ષિત, તુષ્ટ યાવત્ આહ્લાદયુક્ત હૃદયવાળો થયો, મેઘની ધારાથી વિકસિત થયેલા સુગંધિત કદંબ પુષ્પની પેઠે જેનું શરીર રોમાંચિત થયેલું છે અને જેની રોમરાજી ઊભી થયેલી છે, એવા બલરાજાએ તે સ્વપ્નનો અવગ્રહ (સામાન્ય વિચાર) કર્યો, પછી તે સ્વપ્ન સંબંધી ઈહા (વિશેષ વિચાર) કર્યો. તેમ કરીને પોતાના સ્વાભાવિક, મતિપૂર્વક બુદ્ધિવિજ્ઞાનથી તે સ્વપ્નના ફળનો નિશ્ચય કર્યો. પછી ઇષ્ટ, કાંત—યાવત્ મંગલયુક્ત, તથા મિત, મધુર અને શોભાયુક્ત વાણીથી સંલાપ કરતા કરતા તે બલ રાજાએ આ પ્રમાણે કહ્યું—

'દેવી! તમે ઉદાર સ્વપ્ન જોયું છે, હે દેવી! તમે કલ્યાણકારક સ્વપ્ન જોયું છે—યાવત્—હે દેવી! તમે શોભાયુક્ત સ્વપ્ન જોયું છે, તથા હે દેવી! તમે આરોગ્ય, તુષ્ટિ, દીર્ઘાયુષ, કલ્યાણ અને મંગલકારક સ્વપ્ન જોયું છે. હે દેવાનુપ્રિયે! તેથી અર્થનો લાભ થશે. હે દેવાનુપ્રિયે! ભોગનો લાભ થશે. હે દેવાનુપ્રિયે! પુત્રનો લાભ થશે. હે દેવાનુપ્રિયે! રાજ્યનો લાભ થશે. હે દેવાનુપ્રિયે! ખરેખર તમે નવ માસ સંપૂર્ણ થયા બાદ સાડા સાત દિવસ વીત્યા પછી આપણા કુળમાં ધ્વજ સમાન, કુળમાં દીવા સમાન, કુળમાં પર્વત સમાન, કુળમાં શેખર સમાન, કુળમાં તિલક સમાન, કુળની કીર્તિ કરનાર, કુળને આનંદ આપનાર, કુળનો જશ કરનાર, કુળના આધારભૂત, કુળમાં વૃક્ષ સમાન, કુળની વૃદ્ધિ કરનાર, સુકુમાલ હાથ-પગવાળા, ખોડરહિત અને સંપૂર્ણ પંચેન્દ્રિય-યુક્ત શરીરવાળા યાવત્ ચંદ્રસમાન સૌમ્ય આકારવાળા, પ્રિય, જેનું દર્શન પ્રિય છે એવા, સુંદર રૂપવાળા, અને દેવકુમાર જેવી કાંતિવાળા પુત્રને જન્મ આપશો.

૨૩. અને તે બાળક પોતાનો બાલ્યકાળ વટાવી, વિજ્ઞ અને પરિણત—મોટો થઈને યુવાવસ્થાને પામી શૂર, વીર, પરાક્રમી, વિસ્તીર્ણ અને વિપુલ બળ તથા વાહનવાળો, રાજ્યનો સ્વામી રાજા થશે. હે દેવી! તમે ઉદાર સ્વપ્ન જોયું છે, હે દેવી! તમે આરોગ્ય, તુષ્ટિ અને યાવત્ મંગલકારક સ્વપ્ન જોયું છે'—એમ કહી તે બલ રાજાએ ઇષ્ટ—યાવત્ મધુર વાણીથી પ્રભાવતી દેવીની બીજી વાર અને ત્રીજી વાર એ પ્રમાણે પ્રશંસા કરી,

૨૪. ત્યાર બાદ તે પ્રભાવતી દેવી બલ રાજાની પાસેથી એ પૂર્વોક્ત વાત સાંભળીને, અવધારીને, હર્ષવાળી અને સંતુષ્ટ થઈ હાથ જોડી આ પ્રમાણે બોલી—'હે દેવાનુપ્રિય! તમે જે કહો છો તે એ જ પ્રમાણે છે. હે દેવાનુપ્રિય! તે જ પ્રમાણે છે. હે દેવાનુપ્રિય! એ સત્ય છે. હે દેવાનુપ્રિય! એ સંદેહરહિત છે. હે દેવાનુપ્રિય મને ઇચ્છિત છે. હે દેવાનુપ્રિય! એ મેં સ્વીકારેલું છે, હે દેવાનુપ્રિય! એ મને ઇચ્છિત અને સ્વીકૃત છે' એમ કહી સ્વપ્નનો સારી રીતે સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને બલ રાજાની અનુમતિથી અનેક જાતના મણિ અને રત્નની રચના વડે વિચિત્ર એવા ભદ્રાસનથી ઊઠી, ઊઠીને ત્વરા વિના ચપલતારહિત—યાવત્ ગતિ વડે [તે પ્રભાવતી દેવી] જ્યાં પોતાની શય્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, ત્યાં આવી, શય્યા ઉપર બેઠી, બેસીને તેણે આ પ્રમાણે કહ્યું—'આ મારું ઉત્તમ, પ્રધાન અને મંગલરૂપ સ્વપ્ન બીજાં પાપ-સ્વપ્નોથી ન હણાએ, એમ કહીને તે પ્રભાવતી દેવી દેવ અને ગુરુ સંબંધી, પ્રશસ્ત, મંગળરૂપ અને ધાર્મિક કથાઓ વડે સ્વપ્ન-જાગરણ કરતી કરતી રહી.

સ્વપ્ન-પાઠકો દ્વારા સ્વપ્નફળ-કથન—

૨૫. ત્યાર બાદ તે બલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! આજે તમે તરત જ બહારની ઉપસ્થાનશાલાને સવિશેષપણે ગંધોદક વડે છાંટી, વાળી અને છાણથી લીંપીને સાફ કરો તથા સુગંધી અને ઉત્તમ પાંચ વર્ણનાં પુષ્પોથી શણગારો, વળી ઉત્તમ કાલાગુરુ અને કુંદરુના ધૂપથી—યાવત્—ગંધવર્તિભૂત-સુગંધી ગુટિકા સમાન કરો, કરાવો અને ત્યાર પછી ત્યાં સિંહાસન મુકાવો અને પછી મારી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

ત્યાર બાદ તે કૌટુંબિક પુરુષોએ—યાવત્ આજ્ઞાનો સ્વીકાર કરી તુરત જ સવિશેષપણે બહારની ઉપસ્થાન-શાળાને સાફ કરીને યાવત્ આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

૨૬. ત્યાર બાદ તે બલ રાજા પ્રાતઃકાળ સમયે પોતાની શય્યામાંથી ઊઠીને પાદપીઠથી ઊતરી જ્યાં વ્યાયામ-શાળા છે ત્યાં આવ્યો, આવીને વ્યાયામ-શાળામાં પ્રવેશ કર્યો ત્યાર પછી તે સ્નાનગૃહમાં ગયો-વ્યાયામશાળા અને સ્નાન-ગૃહનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવું-યાવત્ ચંદ્રની પેઠે જેનું દર્શન પ્રિય છે એવો તે બલ નરપતિ સ્નાનગૃહથી બહાર નીકળ્યો, બહાર નીકળીને જ્યાં બહારની ઉપસ્થાનશાળા છે ત્યાં આવ્યો ત્યાં આવીને પૂર્વદિશાભિમુખ થઈને ઉત્તમ સિંહાસન પર બેઠો. ત્યાર બાદ પોતાનાથી ઉત્તર પૂર્વ દિશામાં ઈશાન કોણમાં ધોળા વસ્ત્રથી આચ્છાદિત અને સરસવ વડે જેનો મંગલોપચાર કરેલો છે એવાં આઠ ભદ્રાસનો મુકાવ્યાં. ત્યાર બાદ પોતાનાથી થોડે દૂર અનેક પ્રકારના મણિ અને રત્નથી સુશોભિત અધિક દર્શનીય, કીમતી, મોટા શહેરમાં બનેલી સૂક્ષ્મ સૂતરના સેંકડો કારીગરીવાળા વિચિત્ર તાણાવાણી તથા ઈહામૃગ અને બળદ વગેરેની કારીગરીથી વિચિત્ર એવી અંદરની જવનિકાને (પડદાને) ખસેડી, ખસેડીને (જવનિકાની અંદર) અનેક પ્રકારના મણિ અને રત્નોની રચના વડે વિચિત્ર ગાદી અને કોમળ તકિયાઓથી ઢંકાયેલું, શ્વેત વસ્ત્ર વડે આચ્છાદિત, શરીરને સુખકર સ્પર્શવાળું તથા સુકોમળ એવું એક ભદ્રાસન પ્રભાવતીદેવી માટે મૂકાવ્યું. ત્યાર પછી તે બલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે શીઘ્ર જાઓ અને અષ્ટાંગ મહાનિમિત્તના સૂત્ર અને અર્થને ધારણ કરનારા અને વિવિધ શાસ્ત્રમાં કુશળ એવા સ્વપ્નના લક્ષણ-પાઠકોને બોલાવો.' ત્યાર બાદ તે કૌટુંબિક પુરુષો—યાવત્ આજ્ઞાનો સ્વીકાર કરીને બલ રાજાની પાસેથી નીકળ્યા, નીકળીને સત્વર, ચપળપણે, ઝપાટાબંધ અને વેગ સહિત હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચ જ્યાં સ્વપ્નલક્ષણપાઠકોનાં ઘરો છે, ત્યાં જઈને સ્વપ્નલક્ષણપાઠકોને બોલાવ્યા, જ્યારે તે બલ રાજાના કૌટુંબિક પુરુષોએ તે સ્વપ્નપાઠકોને બોલાવ્યા ત્યારે તેઓ પ્રસન્ન થયા, તુષ્ટ થયા અને સ્નાન કરી બલિકર્મ કરી યાવત્ શરીરને અલંકૃત કરી, મસ્તકે સર્ષપ અને લીલી ઘરોનું મંગલ કરી પોતપોતાના ઘેરથી નીકળ્યા, નીકળીને હસ્તીનાગપુર નગરની વચ્ચે થઈ જ્યાં બલ રાજાનું ઉત્તમ મહાલય હતું ત્યાં આવ્યા, ત્યાં આવીને શ્રેષ્ઠ મહાલયના દ્વાર પાસે તે સ્વપ્નપાઠકો એકઠા થયા, એકઠા થઈને જ્યાં બહારની ઉપસ્થાનશાલા છે ત્યાં આવ્યા, ત્યાં આવી હાથ જોડી બલરાજાને જય અને વિજયથી વધાવ્યો.

૨૭. ત્યાર બાદ તે બલ રાજા દ્વારા વંદિત, પૂજિત, સત્કારિત અને સમ્માનિત તે સ્વપ્નલક્ષણ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠકો પૂર્વે ગોઠવેલાં ભદ્રાસનો પર બેઠા. ત્યાર પછી તે બલ રાજાએ પ્રભાવતી દેવીને જવનિકાની અંદર બેસાડી ત્યાર બાદ પુષ્પ અને ફળથી પરિપૂર્ણ હસ્તવાળા તે બલ રાજાએ અતિશય વિનયપૂર્વક તે સ્વપ્નલક્ષણપાઠકોને આ પ્રમાણે કહ્યું– 'હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર આજે પ્રભાવતી દેવી તે તેવા પ્રકારના વાસગૃહમાં–યાવત્–સ્વપ્નમાં સિંહને જોઈને જાગેલી છે, તો હે દેવાનુપ્રિયો ! આ ઉદાર એવા સ્વપ્નનું–યાવત્–બીજું કયું કલ્યાણરૂપ ફળ અને વૃત્તવિશેષ થશે ? ત્યાર પછી તે સ્વપ્નલક્ષણપાઠકો બલ રાજાની પાસેથી એ વાત સાંભળી તથા અવધારી, હૃષ્ટ અને સંતુષ્ટ થઈ તે સ્વપ્ન સંબન્ધે સામાન્ય વિચાર કર્યો, સામાન્ય વિચાર કરી તેનો વિશેષ વિચાર કર્યો, અને પછી તે સ્વપ્નના અર્થનો નિશ્ચય કર્યો, અને ત્યાર બાદ તેઓએ પરસ્પર વિચારણા કરી. ત્યાર પછી તે સ્વપ્નના અર્થને સ્વયં જાણી, બીજા પાસેથી ગ્રહણ કરી તે સંબંધી શંકાને પૂછી, અર્થનો નિશ્ચય કરી અને સ્વપ્નના અર્થને અવગત કરી બલ રાજાની આગળ સ્વપ્નશાસ્ત્રોનો ઉચ્ચાર કરતાં તેઓએ આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે ખરેખર અમારા સ્વપ્નશાસ્ત્રમાં બેંતાલીશ સામાન્ય સ્વપ્નો, અને ત્રીશ મહાસ્વપ્નો મળીને કુલ બોંતેર જાતનાં સ્વપ્નો કહેલાં છે. તેમાં હે દેવાનુપ્રિય ! તીર્થંકરની માતાઓ કે ચક્રવર્તીની માતાઓ જ્યારે તીર્થંકર કે ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે એ ત્રીશ મહા મહાસ્વપ્નોમાંથી આ ચૌદ સ્વપ્નોને જોઈને જાગે છે, તે ચૌદ સ્વપ્નો આ પ્રમાણે–"૧. હાથી ૨. બળદ ૩. સિંહ ૪. લક્ષ્મીનો અભિષેક ૫. પુષ્પમાળા ૬. ચંદ્ર ૭. સૂર્ય ૮. ધ્વજા ૯. કુંભ ૧૦. પદ્મસરોવર ૧૧. સમુદ્ર ૧૨. વિમાન અથવા ભવન ૧૩. રત્નનો ઢગલો અને ૧૪. અગ્નિ" વળી વાસુદેવની માતાઓ જ્યારે વાસુદેવ ગર્ભમાં આવે ત્યારે એ ચૌદ મહાસ્વપ્નોમાંનાં કોઈ પણ સાત મહાસ્વપ્નો જોઈને જાગે છે. તથા બલદેવની માતાઓ જ્યારે બલદેવ ગર્ભમાં પ્રવેશ કરે ત્યારે એ ચૌદ મહાસ્વપ્નોમાંના કોઈ પણ ચાર મહાસ્વપ્નો જોઈને જાગે છે. માંડલિક રાજાની માતાઓ જ્યારે માંડલિક રાજા ગર્ભમાં પ્રવેશ કરે ત્યારે એ ચૌદ મહાસ્વપ્નોમાંના કોઈ એક મહાસ્વપ્નને જોઈને જાગે છે. તો હે દેવાનુપ્રિય ! આ પ્રભાવતી દેવીએ એક મહાસ્વપ્ન જોયું છે. હે દેવાનુપ્રિય ! પ્રભાવતી દેવીએ ઉદાર સ્વપ્ન જોયું છે,–યાવત્–આરોગ્ય, તુષ્ટિ, યાવત્ મંગલ કરનાર સ્વપ્ન જોયું છે. તેથી હે દેવાનુપ્રિય ! તમને અર્થલાભ થશે, ભોગલાભ થશે, પુત્રલાભ થશે અને રાજ્યલાભ થશે, તથા હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે ખરેખર પ્રભાવતી દેવી નવ માસ સંપૂર્ણ થયા પછી અને સાડા સાત દિવસ વીત્યા પછી તમારા કુલમાં ધ્વજ સમાન એવા યાવત્ પુત્રને જન્મ આપશે, અને તે પુત્ર પણ બાલ્યાવસ્થા મૂકી મોટો થશે ત્યારે તે યાવત્ રાજ્યનો પતિ રાજા થશે, અથવા ભાવિતાત્મા સાધુ થશે.

તેથી હે દેવાનુપ્રિય ! પ્રભાવતી દેવીએ ઉદાર સ્વપ્ન જોયું છે–યાવત્–આરોગ્ય, તુષ્ટિ, દીર્ઘાયુષ તથા કલ્યાણ કરનાર સ્વપ્ન જોયું છે.

બલ રાજા દ્વારા પુનઃ પ્રભાવતીને સ્વપ્નફળ-કથન–

૨૮. ત્યાર બાદ તે બલરાજા સ્વપ્નલક્ષણપાઠકો પાસેથી એ વાતને સાંભળી અને અવધારી હર્ષિત અને સંતુષ્ટ થયો, અને હાથ જોડી યાવત્ તેણે સ્વપ્નલક્ષણપાઠકોને આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિયો ! આ એ પ્રમાણે છે કે યાવત્ જે તમે કહો છો'. એમ કહી તે સ્વપ્નોનો સારી રીતે સ્વીકાર કર્યો. ત્યાર બાદ સ્વપ્નલક્ષણપાઠકોનો પુષ્કળ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલા અને અલંકારો વડે સત્કાર કર્યો, સન્માન કર્યું, તેમ કરીને જીવિકાને ઉચિત ઘણું પ્રીતિદાન આપ્યું; અને પ્રીતિદાન આપીને તે સ્વપ્નલક્ષણપાઠકોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદાય આપી. ત્યાર પછી પોતાના સિંહાસનથી ઊઠયો, ઊઠીને જ્યાં પ્રભાવતી દેવી છે ત્યાં આવી પ્રભાવતી દેવીને તેણે તે પ્રકારના ઇષ્ટ, મનોહર –યાવત્–મધુર વાણી વડે સંલાપ કરતાં કરતાં આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિયે ! એ પ્રમાણે ખરેખર સ્વપ્નશાસ્ત્રમાં બેંતાલીશ સાધારણ સ્વપ્નો અને ત્રીશ મહાસ્વપ્નો તથા બધાં મળીને બોંતેર સ્વપ્નો દર્શાવ્યાં છે. તેમાં હે દેવાનુપ્રિયે ! તીર્થંકરની માતાઓ કે ચક્રવર્તીની માતાઓ ઇત્યાદિ પૂર્વવત્ કહેવું યાવત્ કોઈ એક –યાવત્ તે રાજ્યનો પતિ રાજા થશે કે ભાવિતાત્મા અનગાર થશે. હે દેવિ ! તમે ઉદાર સ્વપ્ન જોયું છે યાવત્ મંગલકર સ્વપ્ન જોયું છે.' એમ કહી પ્રભાવતી દેવીની તે પ્રકારની ઇષ્ટ, કાંત, પ્રિય એવી યાવત્ મધુર વાણી વડે બે વાર અને ત્રણ વાર પણ પ્રશંસા કરી.

બલને મહાબલના જન્મની વધામણી—

૨૯. ત્યાર બાદ તે પ્રભાવતી દેવી બલ રાજાની પાસેથી એ વાતને સાંભળીને, અવધારીને હર્ષવાળી અને સંતુષ્ટ થઈ યાવત્ હાથ જોડી આ પ્રમાણે બોલી–

'હે દેવાનુપ્રિય ! એ એ પ્રમાણે જ છે' યાવત્ એમ કહી–યાવત્ તે સ્વપ્નને સારી રીતે ગ્રહણ કર્યાં. ત્યાર પછી બલ રાજાની અનુમતિથી અનેક પ્રકારના મણિ અને રત્નની કારીગરીથી યુક્ત તથા વિચિત્ર એવા તે ભદ્રાસનથી ઊઠી ત્વરારહિત, અચપલપણે યાવત્ હંસ સમાન-ગતિ વડે જ્યાં પોતાનું ભવન છે ત્યાં આવી તેણે પોતાના ભવનમાં પ્રવેશ કર્યો.

૩૦. ત્યાર બાદ તે પ્રભાવતી દેવી સ્નાન કરી બલિકર્મ–દેવપૂજા કરી–યાવત્ સર્વ અલંકારથી વિભૂષિત થઈ તે ગર્ભને અતિ શીત નહિ, અતિ ઉષ્ણ નહિ, અતિ તિક્ત નહિ, અતિ કટુ નહિ, અતિ તુરા નહિ, અતિ મધુર નહિ એવાં તથા દરેક ઋતુમાં ભોગવવામાં સુખકારક એવા ભોજન, આચ્છાદન, ગંધ અને માલા વડે તે ગર્ભને હિતકર, મિત, પથ્ય અને પોષણરૂપ તેવા આહારને યોગ્ય દેશ અને યોગ્ય કાળે ગ્રહણ કરતી, તથા પવિત્ર અને કોમળ શયન અને આસન વડે એકાન્તમાં સુખરૂપ અને મનને અનુકૂળ એવી વિહાર ભૂમિ વડે પ્રશસ્ત દોહદવાળી, સંપૂર્ણ દોહદવાળી, સન્માનિત દોહદવાળી, જેનો દોહદ તિરસ્કાર પામ્યો નથી એવી, દોહદરહિત–પૂર્ણ થયેલા દોહદવાળી, તથા રોગ, મોહ, ભય અને પરિત્રાસ રહિત તે ગર્ભને સુખપૂર્વક ધારણ કરે છે. ત્યાર બાદ તે પ્રભાવતી દેવીએ નવ માસ પૂર્ણ થયા પછી અને સાડા સાત દિવસ વીત્યા પછી સુકુમાલ હાથ–પગવાળા અને દોષરહિત, પ્રતિપૂર્ણ પંચેન્દ્રિય યુક્ત શરીરવાળા તથા લક્ષણ, વ્યંજન અને ગુણથી યુક્ત, યાવત્ ચંદ્રસમાન સૌમ્ય આકારવાળા, કાંત, પ્રિયદર્શન અને સુંદર રૂપવાળા પુત્રને જન્મ આપ્યો.

૩૧. ત્યાર બાદ તે પ્રભાવતી દેવીની સેવા કરનાર દાસીઓએ તેને પ્રસવ થયેલો જાણી જ્યાં બલ રાજા છે ત્યાં આવી હાથ જોડી યાવત્ બલ રાજાને જય અને વિજયથી વધાવીને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે ખરેખર પ્રભાવતી દેવીની પ્રીતિ માટે આ (પુત્ર જન્મ રૂપ) પ્રિય નિવેદન કરીએ છીએ, અને તે આપને પ્રિય થાઓ.'

૩૨. ત્યાર બાદ તે બલ રાજા શરીરની શુશ્રૂષા કરનાર દાસીઓ પાસેથી એ વાત સાંભળી, અવધારીને હર્ષિત અને સંતુષ્ટ થઈ યાવત્ મેઘની ધારાથી સિંચાયેલા કદંબકના પુષ્પની પેઠે યાવત્ રોમાંચિત થઈ તે અંગરક્ષિકા દાસીઓને મુકુટ સિવાય પહેરેલ સર્વ અલંકાર આપે છે. આપીને તે રાજા શ્વેત, રજતમય અને નિર્મલ પાણીથી ભરેલા કલશને લઈ તે દાસીઓનાં મસ્તક ધુએ છે, મસ્તકને ધોઈને જીવિકાને ઉચિત ઘણું પ્રીતિદાન આપી સત્કાર અને સન્માન કરી વિસર્જિત કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મ-મહોત્સવ—

૩૩. ત્યાર બાદ તે બલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! તમે શીઘ્ર હસ્તિનાપુર નગરમાં કેદીઓને મુક્ત કરો, મુક્ત કરીને માન (માપ) અને ઉન્માનને (તોલને) વધારો; ત્યાર બાદ હસ્તિનાગપુર નગરની બહાર અને અંદરના બાગમાં છંટકાવ કરો, સાફ કરો, સંમાર્જિત કરો અને લીંપો; તેમ કરી અને કરાવીને સહસ્ર યૂપોની અને સહસ્ર ચક્રોની પૂજા, મહામહિમા અને સત્કાર કરો, એ પ્રમાણે કરી, મારી આ આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો.'

ત્યાર બાદ તે બલ રાજાના કહેવા પ્રમાણે કરી તે કૌટુંબિક પુરુષોએ આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યાર પછી તે બલ રાજા જ્યાં વ્યાયામશાળા છે ત્યાં આવ્યો, ત્યાં આવીને—ઇત્યાદિ પૂર્વવત્ કહેવું—યાવત્ સ્નાનગૃહથી બહાર નીકળી જકાત રહિત, કર રહિત, પ્રધાન (વિક્રયનો નિષેધ કરેલો હોવાથી) આપવા યોગ્ય વસ્તુ રહિત, માપવા યોગ્ય વસ્તુ રહિત, મેય રહિત, સુભટના પ્રવેશ રહિત, દંડ તથા કુદંડ રહિત, (ઋણમુક્ત કરેલું હોવાથી) અધરિમયુક્ત—દેવા રહિત, ઉત્તમ ગણિકાઓ અને નાટકકારોથી યુક્ત, અનેક તાલાનુચરો વડે યુક્ત, નિરંતર વાગતાં મૃદંગો સહિત, તાજાં પુષ્પોનાં માલા યુક્ત, પ્રમોદ સહિત અને ક્રીડા યુક્ત એવી સ્થિતિપતિતા—પુત્રજન્મ—મહોત્સવ પુર અને દેશના લોકો સાથે મળીને દસ દિવસ સુધી કરે છે.

૩૪. ત્યાર બાદ દસ દિવસ સુધી સ્થિતિપતિત—ઉત્સવ ચાલતો હતો ત્યારે તે બલ રાજા સો રૂપિયાના, હજાર રૂપિયાના અને લાખ રૂપિયાના ખર્ચવાળા ભાગો, દાનો અને દ્રવ્યના અમુક ભાગોને દેતો અને દેવરાવતો તથા સો રૂપિયાના, હજાર રૂપિયાના તથા લાખ રૂપિયાના લાભને મેળવતો, મેળવાવતો એ પ્રમાણે રહ્યો.

મહાબલ નામકરણ અને અન્ય સંસ્કાર—

૩૫. ત્યાર બાદ તે છોકરાનાં માતાપિતાએ સ્થિતિપતિતા—કુલની મર્યાદા પ્રમાણે વિધિ કરી, ત્રીજે દિવસે ચંદ્ર અને સૂર્યનું દર્શન કરાવ્યું, છઠ્ઠે દિવસે ધર્મજાગરણ કર્યું અને અગિયારમો દિવસ વીત્યા બાદ અશુચિ જાતકર્મ કરવાનું પુરું થયા પછી બારમા દિવસે પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પદાર્થો તૈયાર કરાવ્યા, અને જેમ શિવ રાજા સંબન્ધે કહ્યું તેમ ક્ષત્રિયોને આમંત્ર્યા, ત્યાર પછી સ્નાન તથા બલિકર્મ કરી ઇત્યાદિ પૂર્વોક્ત યાવત્ સત્કાર અને સન્માન કરી તે જ મિત્ર, જ્ઞાતિ રાજન્ય અને ક્ષત્રિયો સમક્ષ પિતા, પિતામહ અને પિતાના પણ પિતામહથી ઘણા પુરુષોની પરંપરાથી વધેલું, કુલને યોગ્ય, કુલને ઉચિત કુલરૂપ સંતાનતંતુને વધારનાર આ આવા પ્રકારનું, ગુણયુક્ત અને ગુણનિષ્પન્ન નામ પાડે છે "જેથી અમારો આ છોકરો બલ રાજાનો પુત્ર અને પ્રભાવતી દેવીનો આત્મજ છે, માટે તે અમારા આ પુત્રનું નામ 'મહાબલ' હો." ત્યાર બાદ તે છોકરાનાં માતા—પિતાએ તેનું 'મહાબલ' એવું નામ પાડ્યું.

૩૬. ત્યાર પછી તે મહાબલ નામે પુત્રનું પાંચ ધાવો વડે પાલન કરાયું. તે પાંચ ધાવો આ પ્રમાણે છે—ક્ષીરધાત્રી, એ પ્રમાણે બધું દૃઢ-પ્રતિજ્ઞની પેઠે જાણવું—યાવત્ તે કુમાર વાયુ રહિત અને નિર્વ્યાઘાત-અડચણરહિત સ્થાનમાં અત્યંત સુખપૂર્વક વૃદ્ધિ પામે છે.

પછી તે મહાબલનાં માતાપિતાએ જન્મના દિવસથી માંડી અનુક્રમે સ્થિતિપતિતા, સૂર્ય-ચંદ્રનું દર્શન, ધર્મજાગરણ, નામકરણ, ભાંખોડિયાભર ચાલવું, પગે ચાલવું, જમાડવું, કોળિયા વધારવા, બોલાવવું, કાન વીંધાવવા, વર્ષગાંઠ કરવી, ચૂડા-શિખા રખાવવી, ઉપનયન (યજ્ઞોપવીત)—એ બધાં અને એ સિવાય બીજાં ઘણાં ગર્ભાધાન, જન્મ વગેરે કૌતુકો કર્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિક્ષા-ગ્રહણ અને પાણિ-ગ્રહણ—

૩૭. ત્યાર પછી તે મહાબલ કુમારને તેનાં માતા-પિતાએ આઠ વરસથી અધિક ઉમરનો જાણી પ્રશસ્ત તિથિ, કરણ, નક્ષત્ર, મુહૂર્તમાં [કલાચાર્ય પાસે ભણવા મોકલ્યો]-ઇત્યાદિ એ પ્રમાણે બધું દઢપ્રતિજ્ઞની પેઠે કહેવું-યાવત્-તે મહાબલ કુમાર વિષયોપભોગને સમર્થ થયો.

૩૮. ત્યાર બાદ તે મહાબલ કુમારનો બાલભાવ વ્યતીત થયો જાણી, યાવત્ તેને વિષયોપભોગને યોગ્ય જાણી તેનાં માતાપિતાએ તેને માટે આઠ શ્રેષ્ઠ પ્રાસાદો તૈયાર કરાવ્યા, તે પ્રાસાદો અતિશય ઊંચા અને (શ્વેત વર્ણના હોવાથી) જાણે હસતા હોય-ઇત્યાદિ વર્ણન રાજપ્રશ્નીય-સૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવું-યાવત્ તે પ્રાસાદો અત્યંત સુંદર હતા. તે પ્રાસાદોના બરાબર મધ્યભાગમાં એક મોટું ભવન તૈયાર કરાવ્યું, તે ભવન સેંકડો થાંભલા ઉપર રહેલું હતું-ઇત્યાદિ વર્ણન રાજપ્રશ્નીય સૂત્રમાં કહ્યા પ્રમાણે પ્રેક્ષાગૃહ અને મંડપના વર્ણનની પેઠે જાણવું-યાવત્ તે સુન્દર હતું.

ત્યાર પછી બીજા કોઈ એક દિવસે શુભ તિથિ, કરણ, દિવસ, નક્ષત્ર અને મુહૂર્તમાં જેણે સ્નાન, બલિકર્મ-પૂજા, રક્ષા આદિ કૌતુક અને મંગલરૂપ પ્રાયશ્ચિત્ત કર્યું છે એવા મહાબલ કુમારને સર્વ અલંકારથી વિભૂષિત કરી અને સધવા સ્ત્રીઓએ કરેલા અભ્યંજન-વિલેપન, સ્નાન, ગીત, વાદિત્ર, મંડન, આઠ અંગમાં તિલક અને કંકણ પહેરાવી, મંગલ અને આશીર્વાદપૂર્વક ઉત્તમ રક્ષા વગેરે કૌતુકરૂપ અને સરસવ વગેરે મંગલરૂપ ઉપચાર વડે શાંતિકર્મ કરી, યોગ્ય સમાન ત્વચા વાળી, સમાન લાવણ્ય, રૂપ, યૌવન અને ગુણોથી યુક્ત, વિનીત, જેણે કૌતુક અને મંગલરૂપ પ્રાયશ્ચિત્ત કરેલું છે એવી, સમાન રાજકુલમાંથી આણેલી એવી ઉત્તમ આઠ રાજકન્યાઓનું એક દિવસે પાણિગ્રહણ કરાવ્યું.

૩૯. ત્યાર પછી તે મહાબલ કુમારનાં માતા પિતા એવા પ્રકારનું આ પ્રીતિદાન આપે છે, તે આ પ્રમાણે—

આઠ કોટિ હિરણ્ય, આઠ કરોડ સોનામહોર—

મુકુટોમાં ઉત્તમ એવા આઠ મુકુટ, કુંડલ-યુગલમાં ઉત્તમ એવી આઠ કુંડલની જોડી, હારોમાં ઉત્તમ એવા આઠ હાર, અર્ધહારમાં શ્રેષ્ઠ એવા આઠ અર્ધહાર, એકસરા હારમાં ઉત્તમ એવા આઠ એકસરા હાર, એ જ પ્રમાણે મુક્તાવલીઓ, કનકાવલીઓ અને રત્નાવલીઓ જાણવી.

કડા યુગલમાં ઉત્તમ એવા આઠ કડાની જોડી, એ પ્રમાણે ત્રુટિત-બાજુબંધની જોડી, રેશમી વસ્ત્રની જોડી,

એ પ્રમાણે સૂતરાઉ વસ્ત્રની જોડીઓમાં ઉત્તમ એવી આઠ સૂતરાઉ વસ્ત્રની જોડીઓ, એ પ્રમાણે ટસરની જોડીઓ, પટ્ટયુગલો, દુકૂલયુગલો વગેરેનું સમજવું.

આઠ શ્રી, આઠ હ્રી, એ જ પ્રમાણે ધી, કીર્તિ, બુદ્ધિ, અને લક્ષ્મીદેવીઓની પ્રતિમા જાણવી.

આઠ નંદ, આઠ ભદ્ર, તાડમાં ઉત્તમ એવાં આઠ તાલવૃક્ષ એ સર્વ રત્નમય જાણવાં, પોતાના ભવનના કેતુ-ચિહ્નરૂપ ધ્વજમાં ઉત્તમ એવા આઠ ધ્વજો, દસ હજાર ગાયોનું એક વ્રજ-ગોકુલ થાય છે, તેવા ગોકુલમાં ઉત્તમ એવાં આઠ ગોકુલો.

નાટકોમાં ઉત્તમ અને બત્રીશ પાત્રોથી ભજવી શકાય એવાં આઠ નાટકો, ઘોડાઓમાં ઉત્તમ એવાં આઠ ઘોડા, આ બધું રત્નમય જાણવું.

ભાંડાગાર સમાન હાથીઓમાં ઉત્તમ એવા આઠ રત્નમય હાથીઓ, ભાંડાગાર સમાન સર્વરત્નમય યાનોમાં શ્રેષ્ઠ એવાં આઠ યાનો, યુગ્મમાં ઉત્તમ આઠ યુગ્મો(અમુક જાતનાં વાહનો) એ પ્રમાણે શિબિકા, સ્યંદમાનિકા, એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે ગિલ્લી(હાથીની અંબાડી), થિલ્લિઓ (ઘોડાના પલાણો).

વિકટ યાનોમાં (ઉઘાડા વાહનોમાં) પ્રધાન એવાં આઠ વિકટ યાનો, આઠ પારિયાનિક (ક્રીડાના) રથો, સંગ્રામને યોગ્ય એવાં આઠ રથો, અશ્વોમાં ઉત્તમ એવા આઠ અશ્વ, હાથીઓમાં ઉત્તમ એવા આઠ હાથીઓ,

જેમાં દસ હજાર કુલો રહે તે એક ગામ કહેવાય છે તેવાં ગામોમાં ઉત્તમ આઠ ગામો, દાસોમાં ઉત્તમ એવા આઠ દાસો, એ પ્રમાણે દાસીઓ, એ પ્રમાણે કિંકરો, એ પ્રમાણે કંચુકિઓ, એ પ્રમાણે વર્ષધરો(અંતઃપુરના રક્ષકો), એ પ્રમાણે મહત્તરકો(વડાઓ),

આઠ સોનાના, આઠ રૂપાના તથા આઠ સોના-રૂપાના અવલંબન-દીપો(હાંડીઓ) આઠ સોનાના, આઠ રૂપાના અને આઠ સોના-રૂપાના ઉત્કંચનદીપો(દંડયુક્ત દીવાઓ) એપ્રમાણે ત્રણે જાતનાં પંજરદીપો—ફાનસો.

આઠ સોનાના, આઠ રૂપાના અને આઠ સોના-રૂપાના થાળો,

આઠ સોનાની, આઠ રૂપાની અને આઠ સોના-રૂપાની પાત્રીઓ(નાના પાત્રો), એ પ્રમાણે ત્રણે જાતના આઠ તાસકો, આઠ મલ્લકો-કોડિયાં, આઠ તલિકાઓ(રકાબીઓ),

આઠ કલાચિકા(ચમચા), આઠ તાવેથાઓ, આઠ તવીઓ, આઠ પાદપીઠ—(પગ મૂકવાના બાજોઠ).

આઠ ભિસિકા—(અમુક પ્રકારનાં આસનો), આઠ કરોટિકા(અમુક જાતનાં પાત્રો, લોટા અથવા કચોળા), આઠ પલંગ, આઠ પ્રતિશય્યા (નાની શય્યાઓ),

આઠ હંસાસનો, આઠ ક્રૌંચાસનો, એ પ્રમાણે ગરુડાસનો, ઊંચાં આસનો, નીચાં આસનો, દીર્ઘાસનો, ભદ્રાસનો, પક્ષાસનો, મકરાસનો, આઠ પદ્માસનો, આઠ દિક્સ્વસ્તિકાસનો.

આઠ તેલના દાબડા—ઇત્યાદિ બધું રાજપ્રશ્નીયસૂત્રમાં કહ્યા પ્રમાણે કહેવું—યાવત્ આઠ સરસવના ડાબડા,

આઠ કુબ્જા દાસીઓ—ઇત્યાદિ બધું ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે કહેવું—યાવત્ આઠ પારસિક દેશની દાસીઓ,

આઠ છત્રો, આઠ છત્ર ધરનારી દાસીઓ, આઠ ચામરો, આઠ ચામર ધરનારી દાસીઓ,

આઠ પંખા, આઠ પંખા વીંજનારી દાસીઓ, આઠ કરોટિકા—તાંબુલના કરંડિયા—ને ધારણ કરનારી દાસીઓ,

આઠ ક્ષીરધાત્રીઓ (દૂધ પાનારી ધાવો), યાવત્ આઠ અંકધાત્રીઓ (ખોળામાં રમાડનારી ધાવો) આઠ અંગમર્દિકાઓ—શરીરનું મર્દન કરનારી દાસીઓ, આઠ ઉન્મર્દિકાઓ, (અધિક મર્દન કરનારી દાસીઓ), આઠ સ્નાન કરાવનારી દાસીઓ, આઠ અલંકાર પહેરાવનારીઓ,

આઠ ચંદન ઘસનારીઓ, આઠ તાંબુલ ચૂર્ણ પીસનારીઓ, આઠ કોષ્ઠાગારનું રક્ષણ કરનારી, આઠ પરિહાસ કરનારી,

આઠ સભામાં પાસે રહેનારી, આઠ નાટક કરનારીઓ, આઠ કૌટુંબિકીઓ (સાથે જનારી દાસીઓ), આઠ રસોઈ કરનારી,

આઠ ભાંડાગારનું રક્ષણ કરનારી, આઠ માળણો, આઠ પુષ્પ ધારણ કરનારીઓ, આઠ પાણી લાવનારી, આઠ આઠ બલિ લાવનારી, આઠ પથારી તૈયાર કરનારી, આઠ અંદરની અને આઠ બહારની પ્રતિહારીઓ,

આઠ માળા બનાવનારીઓ, આઠ પ્રેષણ કરનારી, અને એ સિવાય બીજું ઘણું હિરણ્ય સુવર્ણ, કાંસુ, વસ્ત્ર તથા વિપુલ ધન, કનક, યાવત્ વિદ્યમાન સારભૂત ધન આપ્યું, જે સાત પેઢી સુધી ઇચ્છાપૂર્વક આપવા અને ભોગવવાને પરિપૂર્ણ હતું.

૪૦. ત્યાર બાદ તે મહાબલ કુમાર દરેક સ્ત્રીને એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક હિરણ્યકોટિ, એક એક સુવર્ણકોટિ અને મુકુટોમાં ઉત્તમ એક એક મુકુટ આપે છે એ પ્રમાણે પૂર્વોકત સર્વ વસ્તુઓ એક એક આપે છે, યાવત્ એક એક પ્રેષણ કરનારી દાસી તથા બીજું પણ ઘણું હિરણ્ય યાવત્ વહેંચી આપે છે.

ત્યાર પછી તે મહાબલ કુમાર ઉત્તમ પ્રાસાદમાં ઉપર બેસી જમાલિની પેઠે મનુષ્ય-સંબંધી પાંચ પ્રકારના ભોગો ભોગવતો રહેવા લાગ્યો.

ધર્મઘોષ અનગારનું આગમન—

૪૧. તે કાળે–તે સમયે વિમલનાથ તીર્થંકરના પ્રપૌત્ર-પ્રશિષ્ય ધર્મઘોષ નામે અનગાર હતા, તે જાતિસંપન્ન હતા–ઇત્યાદિ વર્ણન કેશી સ્વામીની પેઠે જાણવું, યાવત્ તેઓ પાંચસો સાધુના પરિવારની સાથે અનુક્રમે એક ગામથી બીજે ગામ વિહાર કરતા, જ્યાં હસ્તિનાગપુર નામે નગર હતું અને જ્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું ત્યાં આવે છે, આવીને યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી, સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા યાવત્ વિહરતા હતા. તે સમયે હસ્તિનાગપુર નગરમાં શૃંગાટક, ત્રિક–(વગેરે માર્ગોમાં ઘણા માણસો પરસ્પર એમ કહે છે ઇત્યાદિ) યાવત્ પરિષદ્ ઉપાસના કરે છે.

મહાબલકુમાર દ્વારા ધર્મશ્રવણ—

૪૨. ત્યાર બાદ તે મહાબલ કુમાર ઘણા માણસોના શબ્દને, જન–કોલાહલને સાંભળી એ પ્રમાણે યાવત્ જમાલિની પેઠે જાણવું, યાવત્ તે મહાબલ કુમાર કંચુકિ–પુરુષને બોલાવે છે, અને બોલાવીને આ પ્રમાણે કહે છે—

'હે દેવાનુપ્રિય ! આજ શું હસ્તિનાગપુરમાં ઇન્દ્ર મહોત્સવ છે કે અન્ય કોઈ ઉત્સવ છે ?'

ત્યારે તે કંચુકિએ મહાબલ કુમારની આ વાત સાંભળી હૃષ્ટ–તુષ્ટ થઈ બે હાથ જોડીને મહાબલકુમારને જય–વિજય શબ્દોથી વધાવ્યો અને વધાવીને પછી આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! આજ હસ્તિનાગપુરમાં ઇન્દ્રમહ અથવા બીજો કોઈ ઉત્સવ નથી–યાવત્ વિમલનાથ અરહિંતના પ્રશિષ્ય ધર્મઘોષ નામે અનગાર હસ્તિનાગપુરની બહારના સહસ્રામ્રવન ઉદ્યાનમાં યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરી, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા આવી ઊતર્યા છે. એટલે આ અનેક ઉગ્ર, ભોગ–વગેરે–યાવત્–નીકળ્યા છે.'

મહાબલ દ્વારા પ્રવજ્યાભિલાષ કથન—

૪૩. ત્યાર બાદ તે મહાબલકુમાર કેશીસ્વામીની જેમ જ ઉત્તમ રથમાં બેસી વંદનાર્થે નીકળ્યો-તેનું વર્ણન રાજપ્રશ્નીયસૂત્રમાંના કેશીસ્વામીના વર્ણન મુજબ.

મહાબલ કુમાર પણ તે પ્રમાણે માતાપિતાની રજા માગે છે, પરંતુ વિશેષમાં 'ધર્મઘોષ અનગારની પાસે દીક્ષા લઈ અગારથી–ગૃહ વાસથકી અનગારિકપણું લેવાને ઇચ્છું છું' એમ કહે છે–ઇત્યાદિ ઉક્તિ અને પ્રત્યુક્તિ તે પ્રમાણે [જમાલિના ચરિતમાં વર્ણવ્યા પ્રમાણે] જાણવી. પરન્તુ 'હે પુત્ર ! [આ તારી સ્ત્રીઓ] વિપુલ એવા રાજકુલમાં ઉત્પન્ન થયેલી બાલાઓ છે, વળી તે કલાઓમાં કુશળ છે' ઇત્યાદિ બધું પૂર્વ પ્રમાણે જાણવું. યાવત્ માતાપિતાએ ઇચ્છા વિના તે મહાબલ કુમારને આ પ્રમાણે કહ્યું–

'હે પુત્ર ! અમે એક દિવસ પણ તારી રાજ્યલક્ષ્મીને જોવા ઇચ્છીએ છીએ.'

ત્યારે તે મહાબલકુમાર માતાપિતાના વચનને અનુસરીને ચૂપ રહ્યો.

૪૪. પછી તે બલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા–ઇત્યાદિ શિવભદ્રની પેઠે રાજ્યાભિષેક જાણવો–યાવત્ રાજ્યાભિષેક કર્યો અને હાથ જોડીને મહાબલકુમારને જય અને વિજય વડે વધાવી યાવત્ આ પ્રમાણે કહ્યું—

'હે પુત્ર ! કહે કે તને શું દઈએ ? તને શું આપીએ ?' ઇત્યાદિ બાકીનું બધું જમાલિની પેઠે જાણવું, યાવત્—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાબલની પ્રવ્રજ્યા, દેવભવ અને સુદર્શન-રૂપે જન્મ—

૪૫. ત્યાર પછી તે મહાબલ અનગારે ધર્મઘોષ અનગારની પાસે સામાયિકાદિ ચઉદ પૂર્વોનો અભ્યાસ કર્યો, અભ્યાસ કરીને ઘણા ચતુર્થ-ભક્ત યાવત્ વિચિત્ર તપકર્મ વડે આત્માને ભાવિત કરીને સંપૂર્ણ બાર વર્ષ શ્રમણ પર્યાય પાળ્યો, પાળીને માસિક સંલેખના વડે નિરાહારપણે સાઠ ભક્તોને વિતાવી આલોચના અને પ્રતિક્રમણ કરી સમાધિને પ્રાપ્ત થઈ કાળ કરી ઊર્ધ્વ લોકમાં ચંદ્ર અને સૂર્યની ઉપર બહુ દૂર અંબડની પેઠે યાવત્ બ્રહ્મલોક કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા.

ત્યાં કેટલાક દેવોની સ્થિતિ દસ સાગરોપમની કહેલી છે.

તેમાં મહાબલ દેવની પણ દસ સાગરોપમની સ્થિતિ કહેલી છે.

૪૬. હે સુદર્શન! તું તે બ્રહ્મલોક કલ્પમાં દસ સાગરોપમ સુધી દિવ્ય અને ભોગ્ય ભોગોને ભોગવી તે દેવલોકથી આયુષ્યનો, ભવનો અને સ્થિતિનો ક્ષય થયા પછી તુરત જ ચ્યવી અહીં જ વાણિજ્યગ્રામ નામના નગરમાં શ્રેષ્ઠીના કુલમાં પુત્રપણે ઉત્પન્ન થયો છે.

ત્યાર બાદ હે સુદર્શન! બાલપણાને વિતાવી વિજ્ઞ અને મોટો થઈ, યૌવનને પ્રાપ્ત થઈ તે તેવા પ્રકારના સ્થવિરોની પાસે કેવલિએ કહેલો ધર્મ સાંભળ્યો, અને તે ધર્મ પણ તને ઇચ્છિત અને સ્વીકૃત થયો, તથા તેના ઉપર તને અભિરુચિ થઈ.

હે સુદર્શન! હાલ તું જે કરે છે તે સારું કરે છે.

૪૭. તે માટે હે સુદર્શન! એમ કહેવાય છે કે એ પલ્યોપમ અને સાગરોપમનો ક્ષય અને અપચય થાય છે.

સુદર્શનને જાતિસ્મરણજ્ઞાન અને પ્રવ્રજ્યાદિ—

૪૮. ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મને સાંભળી, અવધારી તે સુદર્શન શેઠને શુભ અધ્યવસાય વડે, શુભ પરિણામ વડે અને વિશુદ્ધ લેશ્યાઓથી તદાવરણીય કર્મોનો ક્ષયોપશમ થવાથી ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરતાં સંજ્ઞીરૂપ પૂર્વ-જન્મનું સ્મરણ ઉત્પન્ન થયું, અને તેથી ભગવંતે કહેલા આ અર્થને સારી રીતે જાણે છે.

૪૯. ત્યાર બાદ તે સુદર્શન શેઠને શ્રમણ ભગવંત મહાવીરે પૂર્વભવ સંભારેલો હોવાથી બેવડી શ્રદ્ધા અને સંવેગ ઉત્પન્ન થયો, તેનાં લોચન આનંદાશ્રુથી પરિપૂર્ણ થયાં, અને તેણે શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, વાંદી અને નમીને આ પ્રમાણે કહ્યું-'હે ભગવંત! તમે જે કહો છો તે એ જ પ્રમાણે છે'-યાવત્ એમ કહી તે સુદર્શન શેઠ ઉત્તરપૂર્વ (ઈશાન) દિશા તરફ ગયા. બાકી બધું ઋષભદત્તની પેઠે જાણવું, યાવત્ તે સુદર્શન શેઠ સર્વ દુઃખથી રહિત થયા. પરન્તુ વિશેષ એ છે કે તે પૂરાં ચૌદ પૂર્વો ભણે છે, અને સંપૂર્ણ બાર વરસ સુધી શ્રમણપર્યાયને પાળે છે. બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું.

હે ભગવન્! તે એ પ્રમાણે છે, હે ભગવન્! તે એ પ્રમાણે છે.

૨. મુનિસુવ્રત-તીર્થમાં કાર્તિક શ્રેષ્ઠિ આદિનાં કથાનકો

શક્ર દ્વારા મહાવીર-સમવસરણમાં નાટ્ય-વિધિ—

૫૦. તે કાળે તે સમયે વિશાખા નામે નગરી હતી-વર્ણન. અને ત્યાં બહુપુત્રિક નામે ચૈત્ય હતું-વર્ણન. મહાવીર સ્વામી સમવસર્યા-યાવત્-પરિષદ્ પર્યુપાસના કરે છે.

તે કાળે, તે સમયે શક્ર, દેવેન્દ્ર, દેવરાજ, વજ્રપાણિ, પુરંદર-ઇત્યાદિ સોળમા શતકના બીજા ઉદ્દેશકમાં શક્રની વક્તવ્યતા કહી છે તે પ્રમાણે યાવત્-તે દિવ્ય વિમાનમાં બેસીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો. વિશેષ એ કે, આ સ્થળે આભિયોગિક દેવો પણ હોય છે. યાવત્–તેણે આવી બત્રીશ પ્રકારનો નાટચવિધિ દેખાડયો; અને તે જ્યાંથી આવ્યો હતો ત્યાં પાછો ચાલ્યો ગયો.

શક્રના પૂર્વભવની પૃચ્છા—

૫૧. હે ભગવન્! એમ કહી ભગવાન ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કરી યાવત્–આ પ્રમાણે કહ્યું કે—'જેમ તૃતીય-શતકમાં ઈશાનેંદ્ર સંબંધે કૂટાગારશાલાનું દૃષ્ટાંત અને પૂર્વભવનો પ્રશ્ન કર્યો છે તેમ આ સ્થળે યાવત્–તેને 'ઋદ્ધિ અભિમુખ થઈ' ત્યાં સુધી બધું સમજવું જોઈએ.

શક્રનો પૂર્વભવ કાર્તિક શ્રેષ્ઠિ—

૫૨. હે ગૌતમ! એમ કહી શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમને આ પ્રમાણે કહ્યું કે—

હે ગૌતમ! તે કાળે તે સમયે આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં હસ્તિનાપુર નામે નગર હતું–વર્ણન. સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું–વર્ણન.

તે હસ્તિનાપુર નગરમાં ધનિક યાવત્–કોઈથી પરાભવ ન પામે એવો, વણિકોમાં પહેલું આસન પ્રાપ્ત કરનાર, એક હજાર અને આઠ વણિકોનાં ઘણાં કાર્યોમાં, કારણોમાં અને કુટુંબોમાં યાવત્–ચક્ષુરૂપ એવો કાર્તિક નામે શેઠ રહેતો હતો. જેમ રાજપ્રશ્નીયસૂત્રમાં ચિત્ર સારથિનું વર્ણન કર્યું છે તેમ અહીં બધું વર્ણન કરવું–વળી તે કાર્તિક શેઠ એક હજાર આઠ વણિકોનું અને પોતાના કુટુંબનું અધિપતિપણું કરતો યાવત્–પાલન કરતો રહેતો હતો. તે શ્રમણોપાસક તથા જીવાજીવ તત્ત્વોનો જાણકાર હતો-યાવત્–વિધિપૂર્વક તપ-કર્મથી આત્માને ભાવિત કરતો રહેતો હતો.

હસ્તિનાપુરમાં મુનિસુવ્રત–આગમન—

૫૩. તે કાળે તે સમયે ધર્મના આદિકર–ઈત્યાદિ વર્ણન જેમ સોળમા શતકમાં આવ્યું છે તેવા મુનિસુવ્રત તીર્થંકર સમોસર્યા અને યાવત્–ધર્મદાએ પર્યુપાસના કરી.

ત્યારબાદ કાર્તિક શેઠ ભગવંત આવ્યાની વાત સાંભળી હર્ષવાળો અને સંતુષ્ટ થયો–ઈત્યાદિ જેમ અગિયારમા શતકમાં કહેવામાં આવ્યું છે એવા સુદર્શન શેઠની પેઠે વાંદવા નીકળ્યો અને યાવત્–તેણે ભગવંતની પર્યુપાસના કરી–વગેરે બધુ કહેવું.

તે પછી મુનિસુવ્રત અર્હંતે કાર્તિક શેઠને અને તે વિશાળ પર્ષદાને ધર્મોપદેશ દીધો–યાવત્ પરિષદ પાછી ગઈ.

કાર્તિકનો પ્રવ્રજ્યા સંકલ્પ—

૫૪. ત્યારબાદ કાર્તિકશેઠ, મુનિસુવ્રત અર્હંત પાસેથી યાવત્–ધર્મને સાંભળી, અવધારી, પ્રસન્ન અને સંતુષ્ટ થઈ ઊભો થયો, ઊઠીને મુનિસુવ્રત અર્હંતને વંદન નમસ્કાર કરે છે, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! તે આ પ્રમાણે છે યાવત્–આપ જે પ્રમાણે કહો છો. પરન્તુ હે દેવાનુપ્રિય! એક હજાર આઠ વણિકોને પૂછી, મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપી દેવાનુપ્રિય એવા આપની પાસે પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

'હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કરો. યાવત્ પ્રતિબંધ–વિલંબ ન કરો.'

ત્યારબાદ કાર્તિક શેઠ યાવત્–ત્યાંથી નીકળી જ્યાં હસ્તિનાગપુર નગર છે અને જ્યાં પોતાનું ઘર છે ત્યાં આવ્યો, પછી તેણે એક હજાર આઠ વણિકોને બોલાવી આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! મેં મુનિસુવ્રત અર્હંત પાસેથી ધર્મ સાંભળ્યો છે, અને તે ધર્મ મને ઈષ્ટ, વિશેષ ઈષ્ટ અને પ્રિય છે. તથા હે દેવાનુપ્રિયો! તે ધર્મ સાંભળી હું સંસારભયથી ઉદ્વિગ્ન થયો છું યાવત્–પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું. માટે હે દેવાનુપ્રિયો! તમે શું કરવા ઇચ્છો છો? શી પ્રવૃત્તિ કરવા ધારો છો? તમારા હૃદયને શું ઈષ્ટ છે અને તમારું સામર્થ્ય શું છે?'

૫૫. ત્યારબાદ તે એક હજાર આઠ વણિકોએ તે કાર્તિક શેઠને આ પ્રમાણે કહ્યું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે દેવાનુપ્રિય! જો તમે સંસારભયથી ઉદ્વિગ્ન થઈ યાવત્–પ્રવ્રજ્યા ગ્રહણ કરશો તો અમને બીજું શું આલંબન છે? બીજો શો આધાર છે? અને બીજો શો પ્રતિબંધ છે?

હે દેવાનુપ્રિય! અમે પણ સંસારભયથી ઉદ્વિગ્ન થયા છીએ, જન્મ અને મરણથી ભય પામ્યા છીએ, તો આપની સાથે મુનિસુવ્રત અર્હંતની પાસે મુંડિત થઈને ગૃહત્યાગ કરી અનગારપણું યાવત્–ગ્રહણ કરીશું.'

ત્યારબાદ તે કાર્તિક શેઠે તે એક હજાર આઠ વણિકોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! જો તમે પણ સંસાર-ભયથી ઉદ્વિગ્ન થયા હો, જન્મ અને મરણથી ભય પામ્યા હો, તથા મારી સાથે જ મુનિસુવ્રત અર્હંત પાસે યાવત્–પ્રવ્રજ્યા લેવા ઇચ્છતા હો તો તમે તમારે ઘેર જાઓ, અને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવો, તૈયાર કરાવીને મિત્રો, જ્ઞાતિજનો, પારિવારિક જનો, સંબંધીઓ અને પરિજનોને આમંત્રિત કરીને તે મિત્રો, જ્ઞાતિજનો, કુટુંબીઓ, સંબંધીઓ અને પરિજનોનું વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, ગંધ, માલા, અલંકારો દ્વારા સત્કાર–સન્માન કરો અને તે મિત્રો, જ્ઞાતિજનો, કુટુંબીઓ, સંબંધીઓ અને પરિજનોની સમક્ષ જ્યેષ્ઠ પુત્રને કુટુંબના વડા તરીકે સ્થાપિત કરો. સ્થાપિત કરીને તે મિત્રો જ્ઞાતિજનો કુટુંબીજનો, સબંધિયો, પરિજનો અને જ્યેષ્ઠ પુત્રને પૂછો, પૂછીને હજાર પુરુષો વડે ઊંચકી શકાય તેવી શિબિકામાં બેસી, અને માર્ગમાં તમારી પાછળ ચાલતા મિત્ર, જ્ઞાતિ યાવત્–પરિવાર વડે અને જ્યેષ્ઠ પુત્ર વડે અનુસરાયેલા, સર્વ ઋદ્ધિથી યુક્ત યાવત્–વાદ્યોના ઘોષપૂર્વક વિલંબ કર્યા સિવાય મારી પાસે આવો.'

૫૬. ત્યાર પછી કાર્તિક શેઠના એ કથનને વિનયપૂર્વક સ્વીકારી તે બધા વણિકો પોત-પોતાને ઘેર ગયા અને તેઓએ પુષ્કળ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન તૈયાર કરાવ્યું બનાવીને મિત્રો, જ્ઞાતિજનો, સંબંધીઓ, પરિજનોને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન દ્વારા અને વસ્ત્ર, ગંધ, માલા, અલંકારોથી સત્કાર–સન્માન કર્યું અને તેઓની સમક્ષ મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપી તે મિત્ર, જ્ઞાતિ વગેરે અને પુત્રને પૂછી હજાર પુરુષોથી ઉપાડી શકાય એવી શિબિકામાં બેસી, માર્ગમાં મિત્ર જ્ઞાતિ યાવત્–પરિજન વડે તથા જ્યેષ્ઠ પુત્ર વડે અનુસરાતા, યાવત્–સર્વઋદ્ધિ-યુક્ત યાવત્ વાદ્યના ઘોષપૂર્વક તેઓ તુરત કાર્તિક શેઠની પાસે હાજર થયા.

૫૭. ત્યારબાદ તે કાર્તિક શેઠે ગંગદત્તની પેઠે વિપુલ અશન–યાવત્–તૈયાર કરાવ્યાં. યાવત્–મિત્ર, જ્ઞાતિ, યાવત્–પરિવાર, જ્યેષ્ઠ પુત્ર અને એક હજાર આઠ વણિકો વડે અનુસરાતો સર્વ ઋદ્ધિથી યુક્ત એવો કાર્તિક શેઠ યાવત્–વાદ્યના ઘોષપૂર્વક હસ્તિનાપુર નગરની મધ્યમાં થઈ ગંગદત્તની પેઠે નીકળ્યો અને શ્રી મુનિસુવ્રત અર્હંત પાસે જઈ આ પ્રમાણે બોલ્યો—'હે ભગવન્! આ સંસાર ચોતરફ સળગી રહેલો છે, હે ભગવન્! આ સંસાર અત્યન્ત પ્રજ્વલિત થઈ રહેલો છે, માટે આપની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી એ મને શ્રેયરૂપ થશે. તેથી હે ભગવન્! આ એક હજાર આઠ વણિકો સાથે હું આપની પાસે સ્વયમેવ પ્રવ્રજ્યા લેવાને અને આપે કહેલ ધર્મ સાંભળવાને ઇચ્છું છું.'

અષ્ટાધિક સહસ્ર વણિકો સાથે કાર્તિકની પ્રવ્રજ્યા–

૫૮ ત્યારબાદ તે કાર્તિક શેઠે એક હજાર આઠ વણિકો સાથે મુનિસુવ્રત અર્હંત પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી યાવત્ અર્હંત અરિષ્ટ-નેમિએ ઉપદેશ આપ્યો—હે દેવાનુપ્રિયો! આ રીતે ચાલવું, આ રીતે બેસવું—યાવત્ આ પ્રકારે સંયમનું પાલન કરવું.

ત્યારબાદ તે કાર્તિક શેઠે એક હજાર આઠ વણિકો સાથે મુનિસુવ્રત અર્હંતે કહેલા આવા પ્રકારના ધાર્મિક ઉપદેશનો સારી રીતે સ્વીકાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યો, અને તેણે તેમની આજ્ઞા પ્રમાણે તેવીજ રીતે આચરણ કર્યું, યાવત્–સંયમનું પાલન કર્યું.

ત્યારબાદ તે કાર્તિક શેઠ એક હજાર આઠ વણિકો સાથે અનગાર થયા, ઈર્યાસમિતિયુક્ત અને યાવત્–ગુપ્ત બ્રહ્મચારી–બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા થયા.

કાર્તિકનું શક્રત્વ અને ભાવી કાળમાં સિદ્ધિ—

૬૯ પછી તે કાર્તિક અનગારે મુનિસુવ્રત અર્હંતના તેવા પ્રકારના સ્થવિરોની પાસે સામાયિકથી આરંભી ચૌદ પૂર્વ પર્યંત અધ્યયન કર્યું, અને ઘણા ઉપવાસ, છઠ્ઠ તથા અઠ્ઠમોથી યાવત્–આત્માને ભાવિત કરતા સમ્પૂર્ણ બાર વરસ શ્રમણપર્યાય પાળ્યો. ત્યારબાદ તે કાર્તિક શેઠ એક માસના સંલેખના તપ વડે શરીરને શોષવી સાઠ ભક્ત (ત્રીશ દિવસ) અનશનપણે વિતાવી, આલોચના કરી યાવત્–કાળ કરી સૌધર્મ કલ્પમાં સૌધર્માવતંસક નામના વિમાનમાં આવેલી ઉપપાતસભામાં દેવશયનીય વિષે યાવત્–શક્ર–દેવેન્દ્રપણે ઉત્પન્ન થયા.

૬૭. ત્યાર પછી 'હમણાં ઉત્પન્ન થયેલ શક્ર દેવેન્દ્ર દેવરાજ'–ઇત્યાદિ બધી વક્તવ્યતા ગંગદત્તની જેમ કહેવી, યાવત્–'તે સર્વ દુઃખોનો અંત કરશે.' પણ વિશેષ એ કે [શક્રની] સ્થિતિ બે સાગરોપમની છે. બાકી બધું તે જ પ્રમાણે જાણવું.

હે ભગવન્! તે એમ જ છે, હે ભગવન્! તે એમ જ છે.'

* * *

૩. મુનિસુવ્રત–તીર્થમાં ગંગદત્ત

ગંગદત્તના પૂર્વભવની પૃચ્છા—

૬૧. હે ભગવાન! આ ગંગદત્ત દેવ મહાન ઋદ્ધિ, મહાન દ્યુતિ, મહાન બલ, મહાન યશ અને મહાન સુખવાળા છે.

હે ભગવન્! ગંગદત્ત દેવે તે દિવ્ય દેવર્ધિ અને દિવ્ય દેવદ્યુતિ શાથી મેળવી, યાવત્–દિવ્ય દેવર્ધિ તેને શાથી અભિસમન્વાગત–પ્રાપ્ત થઈ?

૬૨. હે ગૌતમ! એમ કહી શ્રમણ ભગવંત મહાવીરે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું—

હે ગૌતમ! તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપમાં, ભારત વર્ષમાં હસ્તિનાપુર નામનું નગર હતું–વર્ણન. ત્યાં સહસ્રામ્રવન નામનું ઉદ્યાન હતું–વર્ણન.

તે હસ્તિનાપુર નગરમાં આઢ્ય, યાવત્–અપરિભૂત એવો ગંગદત્ત નામનો ગૃહપતિ રહેતો હતો.

હસ્તિનાપુરમાં મુનિસુવ્રતનું આગમન અને ગંગદત્ત દ્વારા ધર્મશ્રવણ—

૬૩. તે કાળે, તે સમયે આદિકર, યાવત્–સર્વજ્ઞ, સર્વદર્શી, આકાશગત ચક્ર સહિત, યાવત્–દેવોવડે ખેંચાતા ધર્મધ્વજયુક્ત, શિષ્યગણથી સંપરિવૃત થઈ પૂર્વાનુપૂર્વી વિચરતા અને ગ્રામાનુગ્રામ વિહરતા યાવત્–શ્રી મુનિસુવ્રત નામે અરહંત યાવત્–જે તરફ સહસ્રામ્રવન નામનું ઉદ્યાન હતું ત્યાં આવ્યા અને યાવત્ વિહરવા લાગ્યા. સભા વાંદવા નીકળી અને યાવત્–પર્યુપાસના કરવા લાગી.

૬૪. ત્યારબાદ તે ગંગદત્ત નામે ગૃહપતિ આવી રીતે શ્રીમુનિસુવ્રત સ્વામી આવ્યાની વાત સાંભળી હર્ષવાળો અને સંતોષવાળો થયો, સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ માત્રામાં અલ્પ પરંતુ મહા મૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કરી પોતાના ઘરથી નીકળ્યો, નીકળીને પગે ચાલીને હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચ થઈ જે તરફ સહસ્રામ્રવન નામનું ઉદ્યાન હતું અને જ્યાં શ્રીમુનિસુવ્રત અરહંત હતા ત્યાં આવી મુનિસુવ્રત અરહંતને ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવત્ ત્રણ પ્રકારની પર્યુપાસના વડે પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યાર પછી તે મુનિસુવ્રત સ્વામીએ તે ગંગદત્ત નામે ગૃહપતિને તથા તે મોટી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાસભાને ધર્મકથા કહી; યાવત્-સભા પાછી ગઈ.

ત્યારબાદ તે ગંગદત્ત નામે ગૃહપતિ શ્રી મુનિસુવ્રત અરહંત પાસેથી ધર્મને સાંભળી, અવધારી, હર્ષ તથા સંતોષયુક્ત થઈ ઊભો થયો, ઊભો થઈને મુનિસુવ્રત અર્હંતને વંદન નમન કરી આ પ્રમાણે બોલ્યો—

'હે ભગવન્! હું નિર્ગ્રંથના પ્રવચનમાં શ્રદ્ધા કરું છું. યાવત્-આપ જે પ્રમાણે કહો છો તે તેમ જ માનું છું.' વિશેષ એ કે 'હે દેવાનુપ્રિય! મારા મોટા પુત્રને કુટુંબનો મુખ્યભૂત સ્થાપીને આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરી પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

'હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કર, વિલંબ ન કર.'

ગંગદત્તની પ્રવજ્યા અને દેવત્વ—

૬૫ ત્યારબાદ મુનિસુવ્રત અર્હંતનું કથન સાંભળી તે ગંગદત્ત નામે ગૃહપતિ હર્ષિત અને સંતુષ્ટ થઈને મુનિસુવ્રત અર્હંતને વંદન-નમસ્કાર કરે છે. વંદન નમન કરી મુનિસુવ્રત સ્વામી પાસેથી સહસ્રામ્રવન નામના ઉદ્યાનથી નીકળી જે તરફ હસ્તિનાપુર નગર છે અને જ્યાં પોતાનું ઘર છે ત્યાં આવ્યો. આવીને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન સામગ્રી તૈયાર કરાવે છે, તૈયાર કરાવીને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો સબંધીઓ, પરિજનોને આમંત્રિત કરે છે આમંત્રિત કરીને, સ્નાન કરીને પૂરણ શેઠની જેમ યાવત્-મોટા પુત્રને કુટુંબના વડા તરીકે સ્થાપી પોતાના મિત્ર, જ્ઞાતિ, સ્વજન વગેરેને તથા મોટા પુત્રને પૂછી, હજાર પુરુષ વડે ઉપાડી શકાય તેવી શિબિકામાં બેસી, પોતાના મિત્ર, જ્ઞાતિ, સ્વજન યાવત્ પરિવાર વડે તથા મોટા પુત્ર વડે અનુસરાતો સર્વ ઋદ્ધિસહિત યાવત્—દુંદુભિવાદ્યોના ઘોષપૂર્વક હસ્તિનાગપુરની વચ્ચોવચ્ચ નીકળી જે તરફ સહસ્રામ્રવન નામે ઉદ્યાન છે, તે તરફ આવી તીર્થંકરના છત્રાદિ અતિશય જોઈ યાવત્ ઉદાયન રાજાની પેઠે—યાવત્—પોતાની મેળે જ પોતાનાં ઘરેણાં ઉતાર્યા અને પોતાની જાતે જ પંચમુષ્ટિક લોચ કર્યો. લોચ કરીને જ્યાં મુનિસુવ્રત સ્વામિ છે આદિ ઉદાયન રાજાની પેઠે દીક્ષા લીધી. યાવત્—તે જ પ્રમાણે તે ગંગદત્ત અણગાર અગિયાર અંગોનું અધ્યયન કરે છે—યાવત્—માસિક સંલેખના દ્વારા આત્મામાં રમણ કરે છે આત્માની સેવા કરે છે, કરીને સાઠ ભક્ત—ત્રીસ દિવસ અનશનપણે વિતાવી આલોચન—પ્રતિક્રમણ કરી મરણ સમયે સમાધિપૂર્વક મૃત્યુ પ્રાપ્ત કરી તે મહાશુક્ર કલ્પમાં મહાસામાન્ય નામના વિમાનમાં ઉપપાત સભાના દેવશયનીયમાં યાવત્—ગંગદત્ત દેવપણે ઉત્પન્ન થયો.

પછી તે તુરત જ ઉત્પન્ન થયેલો ગંગદત્ત-દેવ પાંચ પ્રકારની પર્યાપ્તિ વડે પર્યાપ્તપણાને પામ્યો, યથા—આહારપર્યાપ્તિ—યાવત્ ભાષા-મનઃપર્યાપ્તિ.

૬૬ હે ભગવન્! તે ગંગદત્ત દેવની સ્થિતિ કેટલા કાળની કહી છે?

હે ગૌતમ! તેની સ્થિતિ સત્તર સાગરોપમની કહી છે.

ગંગદત્તની સિદ્ધિ—

૬૭ હે ભગવન્! તે ગંગદત્ત દેવ આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી તે દેવલોકમાંથી આવીને ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?

હે ગૌતમ! તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, યાવત્ સર્વ દુઃખોનો નાશ કરશે.

હે ભગવન! તે એમ જ છે, હે ભગવન્! તે એમ જ છે.

* * *

૪. અરિષ્ટનેમિ-તીર્થમાં ચિત્રસંભૂતીય-કથાનક

બ્રહ્મદત્ત-ચિત્ર-સંભૂતનું જન્મકથન-

૬૮ પોતાની જાતિને કારણે અપમાન પામેલા સંભૂતે હસ્તિનાપુરમાં નિયાણું કર્યું; અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી પદ્મગુલ્મ વિમાનમાંથી ચ્યવીને તે કાંપિલ્યપુરમાં ચુલણી રાણીની કૂખે બ્રહ્મદત્ત રૂપે અવતર્યો. (૧)

ચિત્ર પણ પુરિમતાલપુરમાં મોટા શ્રેષ્ઠીકુળમાં ઉત્પન્ન થયો, અને ધર્મ સાંભળીને તેણે દીક્ષા લીધી (૨)

કાંપિલ્યનગરમાં ચિત્ર-સંભૂતનું આગમન અને પૂર્વભવ કથન—

૬૯ ચિત્ર અને સંભૂત બન્ને કાંપિલ્યનગરમાં મળ્યા, અને તેઓ સારાં અને નરસાં કર્મોનો ફળવિપાક પરસ્પરને કહેવા લાગ્યા.(૩)

મહર્ધિક અને મહાયશ બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પોતાના ભાઈને બહુ માનપૂર્વક આ વચન કહ્યું-

આપણે બન્ને પરસ્પરને વશ વર્તનારા, પરસ્પરમાં અનુરક્ત અને પરસ્પરના હિતૈષી ભાઈઓ હતા.(૪—૫)

આપણે બન્ને દશાર્ણ દેશમાં દાસ હતા, કાલિંજર પર્વતમાં મૃગ હતા, મૃતગંગાના કિનારે હંસ હતા, કાશીભૂમિમાં ચાંડાલ હતા. (૬)

આપણે બન્ને દેવલોકમાં મહર્ધિક દેવો હતા. જેમાં આપણે પરસ્પરથી છૂટા પડચા એવો આ છઠ્ઠો જન્મ છે. (૭)

કર્મફળ ચિન્તા-

૭૦ હે રાજન્ ! તમે કર્મોનું નિદાન રૂપમાં ચિન્તન કર્યું હતું. તેના ફળવિપાકથી આપણે વિયોગ પામ્યા હતા. (૮)

સત્ય અને શૌચથી પ્રકટ થતાં કર્મો મેં પૂર્વે કર્યા હતાં તે હું અત્યારે ભોગવું છું. ચિત્રની બાબતમાં પણ શું એમ જ છે ? (૯)

મનુષ્યોનું સર્વ શુભ કર્મ સફળ થાય છે, કરેલાં કર્મોમાંથી ભોગવ્યા વિના મુક્તિ થતી નથી. આ અર્થ અને કામ દ્વારા મારા આત્માને પુણ્યનું ફળ પ્રાપ્ત થયું છે. (૧૦)

હે સંભૂત ! તારી જાતને જેમ તું મહાભાગ્યવાન, મહર્ધિક અને પુણ્યફળથી યુક્ત માને છે તે જ પ્રમાણે હે રાજન ! ચિત્રને પણ જાણ. તેની પાસે પણ પુષ્કળ ઋદ્ધિ અને દ્યુતિ રહેલાં છે. (૧૧)

મહાન અર્થવાળી અને અલ્પ શબ્દોવાળી એક ગાથા જનસમૂહોમાં ગવાય છે, ને શીલ અને ગુણયુક્ત ભિક્ષુઓ આમાં પ્રયત્નશીલ બને છે. તે સાંભળીને હું શ્રમણ થયો. (૧૨)

બ્રહ્મદત્તનું ચિત્રને ભોગો ભોગવવા આમંત્રણ—

૭૧ ઉચ્ચ, ઉદય, મધુ, કર્ક અને બ્રહ્મ એ મારા પાંચ રમ્ય મહેલો સુપ્રસિદ્ધ છે. હે ચિત્ર ! પાંચાલ દેશની ઉત્તમ વસ્તુઓથી યુક્ત અને ધનથી ભરેલું આ ઘર તું ભોગવ (૧૩)

હે ભિક્ષુ ! નૃત્ય કરતી, ગીત ગાતી અને વાજિંત્રો વગાડતી સ્ત્રીઓથી વીંટાઈને આ ભોગો ભોગવ. એ જ મને ગમે છે. દીક્ષા તો દુઃખરૂપ જ છે. (૧૪)

ચિત્ર મુનિ દ્વારા કામ-ભોગની નિન્દા—

૭૨ પૂર્વસ્નેહથી જેના પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થયો હતો એવા તથા કામના ગુણમાં લુબ્ધ થયેલા તે રાજાને તેના હિતચિંતક તથા ધર્માશ્રિત એવા ચિત્ર મુનિએ નીચે પ્રમાણે વચન કહ્યું. (૧૫)

સર્વ ગીત એ વિલપિત છે, સર્વ નૃત્ય એ વિડંબના છે, સર્વ આભરણો એ ભાર છે, અને સર્વ કામનાઓ દુઃખદાયક છે (૧૬)

હે રાજન્ ! કામભોગોથી વિરક્ત થયેલા, તપોધન અને શીલગુણોમાં રત એવા ભિક્ષુઓને જે સુખ છે તે સુખ અજ્ઞાનીઓને જ મનોહર લાગે એવા દુઃખદાયક કામભોગોમાં નથી. (૧૭)

હે નરેન્દ્ર ! મનુષ્યોમાં ચાંડાલ જાતિ અધમ છે, તેમાં આપણે બન્ને જન્મ્યા હતા. બધા જેમનો દ્વેષ કરતા હતા એવા આપણે ચાંડાલોના નિવાસોમાં રહેતા હતા. (૧૮)

એ પાપજાતિમાં આપણે જન્મ લીધો હતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેની વસ્તીમાં આપણે નિવાસ કરતા હતા ત્યારે સર્વ લોકો આપણી જુગુપ્સા કરતા હતા. આ લોકમાં પૂર્વકૃત કર્મો [કારણભૂત] છે. (૧૯)

હે રાજન ! અત્યારે તું મહાભાગ્યવાન અને મહર્ધિક છે તે પુણ્યનું ફળ છે. માટે આ અશાશ્વત ભોગોનો ત્યાગ કરીને [ચારિત્ર્ય]-પ્રાપ્તિને અર્થે અભિનિષ્ક્રમણ કર. (૨૦)

હે રાજન ! આ અશાશ્વત જીવનમાં જેણે પુષ્કળ પુણ્યકર્મો અને ધર્માચરણ કર્યાં નથી તે મનુષ્ય મૃત્યુના મુખમાં ગયા પછી પરલોકમાં શોક કરે છે. (૨૧)

જેમ સિંહ મૃગને લઈ જાય તેમ મૃત્યુ મનુષ્યને અંતકાળે લઈ જાય છે. માતા અથવા પિતા અથવા ભાઈ તેના એક અંશનું પણ રક્ષણ કરી શકતાં નથી. (૨૨)

સગાંસંબંધી, મિત્રવર્ગ, પુત્રો અને બાંધવો એના દુઃખમાં ભાગ પડાવતાં નથી; તે પોતે એકલો જ દુઃખનો અનુભવ કરે છે. કર્તાની પાછળ જ કર્મ જાય છે. (૨૩)

દ્વિપદ અને ચતુષ્પદ, ક્ષેત્ર અને ગૃહ તથા સર્વ ધનધાન્યનો ત્યાગ કરીને માત્ર પોતાના કર્મ સહિત તે સુન્દર-અસુન્દર પરભવમાં જાય છે. (૨૪)

[મૃત્યુ થયા બાદ] એ તુચ્છ શરીરને ચિતામાં અગ્નિથી બાળીને ભાર્યા, પુત્રો અને સંબંધીઓ બીજા પાલકની પાસે જાય છે. (૨૫)

જીવિત અવિરામપણે ક્ષય પામતું જાય છે. હે રાજનૂ ! જરા મનુષ્યની કાન્તિને હરી લે છે. હે પાંચાલરાજ ! મારું વચન સાંભળ; મહા આરંભવાળાં કાર્યો તું કરીશ નહિ. (૨૬)

બ્રહ્મદત્તે કરેલું પોતાના નિદ્રાનનું વર્ણન—

૭૩ હે સાધુ ! આ જે વાક્ય બોલો છો તે હું પણ જાણું છું. આ ભોગો આસક્તિ કરાવનાર હોય છે. પરંતુ હે આર્ય ! તે અમારા જેવા મનુષ્યો માટે દુર્જય છે. (૨૭)

હે ચિત્ર ! હસ્તિનાપુરમાં મહર્ધિક રાજાને જોઈને કામભોગમાં આસક્ત એવા મેં અશુભ નિયાણું કર્યું હતું. (૨૮)

એ નિયાણાનો મેં ત્યાગ કર્યો નહિ તેનું આ ફળ છે કે ધર્મને જાણવા છતાં હું કામ-ભોગોમાં આસક્ત થયેલો છું. (૨૯)

કળણમાં ખૂંચી ગયેલો હાથી કિનારો જોવા છતાં ત્યાં પહોંચતો નથી તેમ કામભોગમાં આસક્ત થયેલા અમે ભિક્ષુના માર્ગને અનુસરતા નથી. (૩૦)

ચિત્રમુનિએ કરેલ આર્યકર્મનો ઉપદેશ—

૭૪ હે રાજનૂ ! કાળ વીતે છે અને રાત્રિઓ ત્વરા-પૂર્વક ચાલી જાય છે. મનુષ્યોના કામભોગો પણ નિત્ય નથી. ક્ષીણ થયેલા ફળવાળા વૃક્ષને પક્ષીઓ ત્યજીને જાય તેમ ભોગો પણ આવીને પછી પુરુષનો ત્યાગ કરે છે. (૩૧)

હે રાજનૂ ! જો તું ભોગનો ત્યાગ કરવા અશક્ત હોય તો આર્યકર્મો કર. ધર્મમાં રહીને સર્વ પ્રાણીઓ પ્રત્યે અનુકંપાવાળો થઈશ, તો અહીંથી [ચ્યવીને] વૈક્રિય શરીરવાળો દેવ થઈશ. (૩૨)

ભોગોનો ત્યાગ કરવાની તારી ઇચ્છા નથી. આરંભ અને પરિગ્રહોમાં તું આસક્ત થયેલો છે. આટલો પ્રલાપ મેં વૃથા મોહવશ કર્યો. હે રાજનૂ ! તારી વિદાય લઈને હું જાઉં છું. (૩૩)

બ્રહ્મદત્તનો નરકવાસ—

૭૫ પાંચાલરાજ બ્રહ્મદત્તે પણ તે સાધુનું વચન માન્યું નહિ અને અનુત્તર કામભોગો ભોગવીને તે અનુત્તર (સપ્તમ) નરકમાં ગયો. (૩૪)

ચિત્રની સિદ્ધિ—

૭૬ અને કામભોગોથી વિરક્ત થયેલા, ઉગ્ર તપ અને ચારિત્ર્યવાળા મહર્ષિ ચિત્ર પણ અનુત્તર સંયમ પાળીને સિદ્ધગતિમાં ગયા. (૩૫)

એ પ્રમાણે હું કહું છું.

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. અરિષ્ટનેમિ-તીર્થમાં નિષધ

નિષધાદિ બાર શ્રમણો—

૭૭ ૧. નિષધ, ૨. માયનિ, ૩. વહ, ૪. વેહ, ૫. પગતા, ૬. જ્યોતિ, ૭. દશરથ, ૮. દઢરથ, ૯. મહાધનુ, ૧૦. સપ્તધનુ, ૧૧. દશધનુ, અને ૧૨. શતધનુ—આ બાર નામના બાર શ્રમણો થઈ ગયા.

દ્વારાવતીમાં કૃષ્ણ વાસુદેવ—

૭૮ તે કાળે તે સમયે દ્વારાવતી નામે નગરી હતી, જે બાર યોજન લાંબી—યાવત્—સાક્ષાત્ દેવલોક સમાન અને મનને પ્રસન્ન કરનાર યાવત્ સુંદર હતી.

તે દ્વારાવતી નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશા(ઈશાનકોણ)માં ગગનને સ્પર્શ કરતો, અનેક શિખરોવાળો, અનેકવિધ વૃક્ષ, વેલીઓ, ગુચ્છો, વાડીઓથી શોભતો, ઊંચો એવો રૈવતક નામે પર્વત હતો. જેના પર અનેક હંસ, મયૂર, ક્રૌંચ, સારસ, કાક, મેના, કોયલ પક્ષીઓનાં વૃંદો વિહરતાં હતાં, વળી જે તટ, કટક, ગુફા, ઝરણાં, પ્રપાત, શિખર આદિની અધિકતાથી શોભતો હતો, જ્યાં પ્રતિક્ષણ ઉત્સવ સમારોહ ચાલતા હતા, તથા ત્રણે લોકમાં શ્રેષ્ઠ એવા બળવાન શૂરવીર દશારોને આહ્લાદ ઉત્પન્ન કરનાર, શુભ, પ્રિયદર્શન, સુરૂપ એવો તે પર્વત આનંદ આપનાર યાવત્ પ્રતિરૂપ હતો.

તે રૈવતક પર્વતની બાજુમાં નંદનવન નામે ઉદ્યાન હતો, જે બધી ઋતુઓના પુષ્પોથી યુક્ત —યાવત્—દર્શનીય હતો. તે નંદનવન ઉદ્યાનમાં સુરપ્રિય યક્ષનું યક્ષાયતન હતું, જે અતિ પ્રાચીન હતું—યાવત્ અનેક લોક આવીને તે સુરપ્રિય યક્ષની પૂજા—અર્ચના કરતા હતા.

તે સુરપ્રિય યક્ષાયતન બધી દિશાઓ—ચારે બાજુઓથી એક મોટા વનખંડથી ઘેરાયેલ હતું, જેવી રીતે પૂર્ણભદ્ર યક્ષાયતન—યાવત્ એક શિલાપટ્ટ હતો.

તે દ્વારાવતી નગરીમાં કૃષ્ણ વાસુદેવ નામે રાજા હતો—યાવત્ ઉત્તમ શાસન કરતો હતો.

તે ત્યાં સમુદ્રવિજય પ્રમુખ દશ દશારોનું,
બલદેવ પ્રમુખ પાંચ મહાવીરોનું,
ઉગ્રસેન પ્રધાન સોળ હજાર રાજાઓનું,
પ્રદ્યુમ્ન પ્રધાન સાડા ત્રણ કરોડ કુમારોનું,
શાંબ પ્રમુખ સાઠ હજાર દુર્દાન્ત શૂરવીરોનું,
વીરસેન પ્રમુખ એકવીશ હજાર વીરોનું,
મહાસેન પ્રમુખ છપ્પન હજાર બળવંતોનું,
રુકિમણી આદિ સોળ હજાર રાણીઓનું,
અનંગસેના આદિ અનેક હજાર ગણિકાઓનું,

તથા બીજા પણ અનેક રાજાઓ, સામંતો—યાવત્ સાર્થવાહો સુધીનાઓનું અને વૈતાઢ્ય-ગિરિ તથા સમુદ્રની મર્યાદામાં આવતા દક્ષિણ અર્ધ ભરતનું અધિપતિપણું કરતો વિચરતો હતો.

દ્વારાવતીમાં બલદેવ રાજા—

૭૯ તે દ્વારાવતી નગરીમાં બલદેવ નામે રાજા હતો, જે મહાન—યાવત્ રાજ્યનું શાસન કરતો વિચરતો હતો.

બલદેવની રાણી રેવતીના પુત્ર નિષધકુમાર—

૮૦. તે બલદેવ રાજાની રેવતી નામે દેવી (રાણી) હતી, જે સુકોમળ યાવત્ વિચરતી હતી. તે રેવતી દેવી કોઈ એક વખત યથાયોગ્ય શય્યા પર—યાવત્ સ્વપ્નમાં સિંહને જોઈને જાગી—યાવત્ પોતાના સ્વપ્નનું રાજાને નિવેદન, મહાબલની જેમ જ કુમારનું કળાગ્રહણ, એક જ દિવસે પચાસ રાજકન્યાઓનું પાણિગ્રહણ, પ્રીતિદાન આદિ પૂર્વવર્ણિત કથન—વિશેષમાં એટલું જ કે અહીં કુમારનું નામ નિષધ—યાવત્ ઉપરના પ્રાસાદમાં રહી ભોગો ભોગવવા લાગ્યો.

અરિષ્ટનેમિ તીર્થંકરનું આગમન અને કૃષ્ણ દ્વારા પર્યુપાસના—

૮૧. તે કાળે તે સમયે ધર્મ પ્રારંભ કરનારા અર્હત્ અરિષ્ટનેમિ, દશ ધનુષ ઊંચા...વર્ણન યાવત્ સમવસર્યા, પરિષદ થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૨. ત્યારે કૃષ્ણ વાસુદેવે આ ઇષ્ટ સમાચાર સાંભળી, હૃષ્ટ તુષ્ટ થઈ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ જઈ સુધર્મ સભાની સામુદાનિક ભેરી વગાડો.'

ત્યાર બાદ તે કૌટુંબિક સેવકો—યાવત્—આજ્ઞા સ્વીકારી જ્યાં સુધર્મા સભા હતી ત્યાં આવ્યા, આવીને જોર જોરથી સામુદાનિક ભેરી વગાડવા લાગ્યા.

ત્યારબાદ તે સામુદાનિક ભેરીને મોટે મોટેથી વગાડાતાં વેંત સમુદ્રવિજય આદિ દશારો, રાણીઓ યાવત્ અનંગસેના પ્રમુખ અનેક સહસ્ર ગણિકાઓ અને બીજા ઘણા રાજાઓ, સામંતો યાવત્ સાર્થવાહ વગેરેએ સ્નાન—યાવત્ કૌતુક મંગળ કર્યું, સર્વ અલંકારોથી શરીર શણગાર્યું અને પોતપોતાના વૈભવ—ઋદ્ધિપૂર્વક ઠાઠમાઠથી, અનુરૂપ વાહનો, હાથી, ઘોડા વ૦ પર બેસીને જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં તેઓ આવ્યા, આવીને હાથ જોડી જય—વિજય શબ્દોથી કૃષ્ણનું અભિવાદન કર્યું.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક સેવકોને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! તરત જ અભિષેક—હસ્તી તથા અન્ય હાથી, ઘોડા, રથોને સજાવો'—યાવત્—આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યાર બાદ તે કૃષ્ણ વાસુદેવ સ્નાનગૃહમાં પ્રવેશ્યા—યાવત્ અભિષેક-હસ્તી પર સવાર થયા, આઠ મંગળો આગળ ચાલવા લાગ્યાં—તેવી રીતે કોણિકના વર્ણન મુજબ સઘળું—શ્વેત ચામરો વીંઝાવા લાગ્યાં આદિ યાવત્ સમુદ્રવિજય પ્રમુખ દશ દશારો યાવત્ સાર્થવાહો વડે ઘેરાઈને, સર્વ ઋદ્ધિપૂર્વક યાવત્ નાદપૂર્વક, દ્વારાવતી નગરીની વચ્ચોવચ્ચ થઈને...બાકીનું કથન કોણિકના વર્ણન પ્રમાણે જાણવું યાવત્ પર્યુપાસના કરવા લાગ્યા.

નિષધ દ્વારા શ્રાવકધર્મ-ગ્રહણ—

૮૩. ત્યાર પછી ઉત્તમ પ્રાસાદના ઉપરી ભાગમાં રહી ભોગ ભોગવતા તે નિષધકુમારે તે મોટો જન-કોલાહલ સાંભળ્યો અને...જમાલીની જેમ—યાવત્—ધર્મોપદેશ સાંભળી, સમજી વંદન નમસ્કાર કર્યા, વંદન નમન કરી આ પ્રમાણે કહ્યું—'હે ભગવંત ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું.' જેવી રીતે—યાવત્—તેણે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને પાછા ફર્યા.

વરદત્ત દ્વારા નિષધના પૂર્વભવની પૃચ્છા અને અરિષ્ટનેમિ દ્વારા કથન—

૮૪. તે કાળે તે સમયે અર્હત્ અરિષ્ટનેમિના અંતેવાસી વરદત્ત નામક અણગાર ઉદાર—યાવત્ વિહાર કરતા હતા.

ત્યારે તે વરદત્ત અણગારે નિષધને જોયો, જોઈને જિજ્ઞાસા ઉત્પન્ન થઈ—યાવત્ [અરિષ્ટનેમિ અર્હત્ને] પર્યુપાસનાપૂર્વક આ પ્રમાણે પૂછ્યું—'હે ભગવંત ! આ નિષધકુમાર ઇષ્ટ, ઇષ્ટરૂપ, કાંત, કાંતરૂપ છે. આવા પ્રકારે પ્રિય, મનોજ્ઞ, મનહર, સોમ, સોમરૂપ, પિયદર્શન અને સુરૂપ છે.

હે ભદન્ત ! આ નિષધકુમારને આ આવા પ્રકારની મનુષ્યોચિત ઋદ્ધિ કેવી રીતે મળી ? કેવી રીતે પ્રાપ્ત થઈ ?' જેવી રીતે ગૌતમે સૂર્યાભદેવની ઋદ્ધિ વિશે [શ્રમણ ભગવાન મહાવીરને પૂછ્યું હતું] તેવી રીતે [વરદત્ત અનગારે અર્હત્ અરિષ્ટનેમિને] નિષધની ઋદ્ધિ વિશે પૂછ્યું.

નિષધનો પૂર્વભવ-વીરાંગદ કુમાર-

૮૫. [અર્હત્ અરિષ્ટનેમિએ કહ્યું—]

'હે વરદત્ત ! એ આ પ્રમાણે છે—

તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપ નામે દ્વીપના ભરત ક્ષેત્રમાં રોહીતક નામે નગર હતું, જે ધન-ધાન્ય આદિથી સમૃદ્ધ હતું... [વર્ણન] ત્યાં મેઘવર્ણ નામે ઉદ્યાન હતો. તેમાં મણિદત્ત યક્ષનું યક્ષાયતન હતું. તે રોહીતક નગરમાં મહાબલ નામે રાજા હતો અને તેની પદ્માવતી નામે રાણી હતી. કોઈ એક વખત સુખશૈયા પર સૂતેલી તે રાણીએ સ્વપ્નમાં સિંહને જોયો. ઇત્યાદિ બાળકજન્મનું વર્ણન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાબલની જેમજ, વિશેષ માત્ર નામ વીરાંગદ, બત્રીશ બત્રીશ વસ્તુઓનો દાયજો, બત્રીશ ઉત્તમ રાજકન્યાઓનું પાણિગ્રહણ યાવત્—પાવૃષ, વર્ષા, શરદ, હેમંત, ગ્રીષ્મ અને વસંત એ છએ ઋતુઓ પ્રમાણે શબ્દાદિ ઇષ્ટ ભોગો ભોગવતો રહેવા લાગ્યો.

સિદ્ધાર્થ આચાર્યના ઉપદેશથી વીરાંગદની પ્રવ્રજ્યા અને બ્રહ્મલોકમાં ઉત્પત્તિ—

૮૬ તે કાળે તે સમયે કેશી શ્રમણ જેવા જાતિસંપન્ન સિદ્ધાર્થ નામે આચાર્ય હતા. બહુશ્રુત એવા તે વિશાળ શિષ્ય—સમુદાય સાથે જ્યાં રોહીતક નગર હતું, જ્યાં મેઘવર્ણ ઉદ્યાન હતો, જ્યાં મણિદત્ત યક્ષનું આયતન હતું, ત્યાં પધાર્યા યાવત્ યથાપ્રતિરૂપ વિહરવા લાગ્યા, પરિષદ [ધર્મશ્રમણ માટે] એકઠી થઈ.

ત્યાર બાદ ઉત્તમ પ્રાસાદના ઉપરના ભાગે રહેતા તે વીરાંગદકુમારે મનુષ્યોનો મહાન કોલાહલ સાંભળ્યો...અને જમાલીની જેમ તે ધર્મશ્રવણ માટે નીકળ્યો, ધર્મોપદેશ સાંભળી, સમજી...પૂર્વવર્ણન પ્રમાણે, વિશેષતા આટલી કે 'હે દેવાનુપ્રિય! માતાપિતાને પૂછીને હું દીક્ષિત બનીશ.' કહી આમ જમાલીની જેમ જ ગૃહવાસ છોડી નીકળ્યો—યાવત્—અણગાર બન્યો —યાવત્ ગુપ્ત અને બ્રહ્મચારી બન્યો.

૮૭. ત્યારબાદ તે વીરાંગદ અણગારે તે સિદ્ધાર્થ આચાર્ય પાસે સામાયિક આદિથી શરૂ કરી—યાવત્—અગિયાર અંગોનું અધ્યયન કર્યું. અધ્યયન કરી બાદમાં અનેક—યાવત્—ચતુર્થ-યાવત્ આત્માને ભાવિત કરતાં કરતાં પૂરાં પિસ્તાલીસ વર્ષ સુધી શ્રામણ્ય—પર્યાય પાળી, બે મહિનાની સંલેખના કરી, આત્મારાધના કરી, એકસો વીશ ભક્તોનો અનશન દ્વારા ત્યાગ કરી, આલોચના-પ્રતિક્રમણપૂર્વક સમાધિ પ્રાપ્ત કરી, કાળમાસે કાળ કરી તેઓ બ્રહ્મલોક કલ્પમાં મનોહર દેવવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાં દેવોની સ્થિતિ દશ સાગરોપમની દર્શાવાઈ છે. ત્યાં વીરાંગદ દેવની પણ દશ સાગરોપમ સ્થિતિ થઈ.

બ્રહ્મલોકમાંથી ચ્યવીને નિષધકુમારરૂપે જન્મ—

૮૮. તે વીરાંગદદેવ તે દેવલોકમાંથી આયુક્ષય થતાં યાવત્ અનંતર શરીરમાંથી ચ્યવીને આ જ દ્વારાવતી નગરીમાં બલદેવ રાજાની રાણી રેવતી દેવીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયા. ત્યાર પછી તે રેવતી દેવીએ તે તેવા પ્રકારની શૈયામાં સૂતી હતી ત્યારે સ્વપ્ન જોયું—યાવત્ તે કુમાર શ્રેષ્ઠ પ્રાસાદના ઉપરના ભાગે રહી ભોગો ભોગવવા લાગ્યો.

૮૯. હે વરદત્ત! આ રીતે તે નિષધકુમારે આવા પ્રકારની શ્રેષ્ઠ વિપુલ મનુષ્ય-ઋદ્ધિ મેળવી છે, પ્રાપ્ત કરી છે, ઉપલબ્ધ કરી છે.

૯૦. 'હે ભદંત! આ નિષધકુમાર આપ દેવાનુપ્રિયની પાસે—યાવત્—પ્રવ્રજ્યા લેવા સમર્થ છે?' [વરદત્ત અણગારે પૂછ્યું.]

'હા, સમર્થ છે.' [અર્હત્ અરિષ્ટનેમિએ જવાબ આપ્યો.]

'હે ભદંત! એ એમ જ છે.' (અર્થાત્ સાચું જ છે.) એમ કહીને વરદત્ત અણગાર—યાવત્ આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

૯૧. ત્યાર પછી અર્હત્ અરિષ્ટનેમિ અન્ય કોઈ સમયે દ્વારાવતી નગરીથી નીકળી—યાવત્ બાહ્ય જનપદોમાં વિહાર કરવા લાગ્યા. નિષધકુમાર શ્રમણોપાસક બની—યાવત્ જીવાજીવ તત્ત્વોનો જ્ઞાતા બની—યાવત્ રહેવા લાગ્યો.

નિષધની અરિષ્ટનેમિના દર્શનની ઇચ્છા—

૯૨. ત્યારબાદ તે નિષધકુમાર અન્ય કોઈ વેળાએ જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, આવીને યાવત્—દર્ભના આસન પર બેસી ધર્મ ધ્યાન કરવા લાગ્યો.

ત્યારે ધર્મજાગરણ કરતા કરતા તે નિષધકુમારને મધ્ય રાત્રિના સમયે આ પ્રકારનો વિચાર—યાવત્—ઉત્પન્ન થયો—

'તે ગામો, આકરો યાવત્ સન્નિવેશો ધન્ય છે કે જ્યાં અર્હંત અરિષ્ટનેમિ વિચરણ કરે છે. તે રાજાઓ, સામંતો—યાવત્ સાર્થવાહો આદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન્ય છે કે જે અર્હંત અરિષ્ટનેમિને વંદે છે, નમે છે યાવત્ પર્યુપાસના કરે છે. જો અર્હંત અરિષ્ટનેમિ વિહરતા વિહરતા કાળક્રમે...નંદન વનમાં વિહરે તો હું પણ અર્હંત અરિષ્ટનેમિને વંદન કરું યાવત્ સેવા કરું.'

નિષધની ઇચ્છા જાણી અરિષ્ટનેમિનું આગમન-

૯૩. ત્યારબાદ અર્હંત અરિષ્ટનેમિ નિષધકુમારના આ આવા પ્રકારના માનસિક સંકલ્પને યાવત્ જાણી અઢાર હજાર શ્રમણો સાથે યાવત્ નંદન-વનમાં પધાર્યા. પરિષદ ધર્મ સાંભળવા એકત્ર થઈ.

નિષધની પ્રવ્રજ્યા અને સમાધિમરણ–

૯૪. ત્યાર પછી આ સમાચાર જાણતાં જ નિષધ-કુમાર હૃષ્ટ-તુષ્ટ થઈ, ચાર ઘંટવાળા અશ્વરથમાં બેસી નીકળ્યો અને જેવી રીતે જમાલી તેવી જ રીતે યાવત્ માતા-પિતાને પૂછીને પ્રવ્રજિત બન્યો, અણગાર બન્યો, ઈર્યાસમિતિ યાવત્ ગુપ્તિઓથી ગુપ્ત અને બ્રહ્મચારી બન્યો.

૯૫. ત્યારબાદ તે નિષધકુમારે અર્હંત અરિષ્ટનેમિના તથારૂપ-બહુશ્રુત સ્થવિરો પાસે સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અધ્યયન કરીને અનેક ચતુર્થ, ષષ્ઠ યાવત્ વિવિધ પ્રકારનાં તપોકર્મથી આત્માને ભાવિત કરતાં કરતાં પૂરાં નવ વર્ષ શ્રમણ-પર્યાય પાળ્યો, પાળીને બેંતાલીસ ભક્તના ત્યાગપૂર્વક અનશન કરી, આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત કરી આનુપૂર્વીથી કાળ પામ્યા.

વરદત્તના પૂછવાથી અરિષ્ટનેમિ દ્વારા નિષધના સર્વાર્થસિદ્ધ વિમાનમાં જવાનું કથન–

૯૬. ત્યારબાદ વરદત્ત અણગાર નિષધ અણગારને કાળ પામેલા જાણીને જ્યાં અર્હંત અરિષ્ટનેમિ વિરાજતા હતા ત્યાં આવ્યા, આવીને તેમણે આ પ્રમાણે કહ્યું–

'હે ભગવંત! આપ દેવાનુપ્રિયના અંતેવાસી નિષધ અણગાર પ્રકૃતિથી ભદ્ર યાવત્ વિનીત હતા. હે ભગવંત! તે નિષધ અણગાર કાળ કરીને ક્યાં ગયા છે? ક્યાં ઉત્પન્ન થયા છે?'

'હે વરદત્ત!' એમ વરદત્ત અણગારને સંબોધીને અર્હંત અરિષ્ટનેમિએ આ પ્રમાણે કહ્યું–'એ મારા અંતેવાસી પ્રકૃતિભદ્ર અને યાવત્ વિનીત હતા. હે વરદત્ત! મારા યથાયોગ્ય સ્થવિરો પાસે સામાયિક આદિ અગિયાર અંગો અધ્યયન કરી પૂરા નવ વર્ષ સુધી શ્રમણપર્યાય પાળીને, બેંતાલીસ ભક્તનું અનશન પૂર્ણ કરી, આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત કરી કાળમાસે (મૃત્યુકાળ આવતાં) કાળ કરી ઊર્ધ્વ દિશામાં ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારામંડળની પણ ઉપર સૌધર્મ, ઈશાન આદિ કલ્પો અને ત્રણ સો અઢાર ગ્રૈવેયક વિમાનોને પણ વટાવીને સર્વાર્થસિદ્ધ નામે વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે. ત્યાં દેવોની સ્થિતિ (આયુ) તેત્રીસ સાગરોપમ છે.

ત્યાં આ નિષધ દેવની સ્થિતિ પણ તેત્રીસ સાગરોપમની થઈ છે.

નિષધને મહાવિદેહમાં સિદ્ધિ મળશે : અરિષ્ટ-નેમિ–કથન–

૯૭. 'હે ભગવંત! તે નિષધદેવ આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી તે દેવલોકમાંથી ચ્યુત થઈને ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?'

'હે વરદત્ત! આ જ જંબૂદ્વીપ નામક દ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ઉન્નત નામક નગરમાં વિશુદ્ધ પિતૃવંશવાળા રાજકુળમાં તે પુત્રરૂપે જન્મ લેશે. ત્યાર પછી બાલપણ છોડી, જ્ઞાન-વિજ્ઞાન મેળવી યુવાવસ્થામાં આવતાં તે તથા-રૂપ સ્થવિરો પાસે કેવલબોધિ–શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ગૃહત્યાગ કરીને અણગારપણામાં પ્રવ્રજિત થશે.

તેમાં તે અણગાર ઈર્યાસમિતિ આદિથી યુક્ત યાવત્ ગુપ્તિઓથી ગુપ્ત બ્રહ્મચારી થશે. વળી તે બહુ ઘણા ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ, અર્ધમાસ, માસક્ષમણરૂપી વિવિધ તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરતા અનેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષોનું શ્રામણ્ય પાળશે, શ્રામણ્ય પાળીને માસિક સંલેખના દ્વારા આત્માની આરાધના કરશે, આત્મારાધના કરીને અનશન દ્વારા સાઠ ભક્તોનો ત્યાગ કરશે, જે અર્થ—મોક્ષપ્રાપ્તિ માટે નગ્નભાવ, મુંડભાવ, સ્નાનત્યાગ, દંતશુદ્ધિત્યાગ, છત્રત્યાગ, ઉપાનહ(જોડા) ત્યાગ, ફલકશૈયા(પાટ પર સૂવું), કાષ્ઠશૈયા, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, ભિક્ષાચર્યા માટે ઘર ઘર ફરવું, ઊંચ નીચ અને ગ્રામકંટકો આદિનું સેવન કરવું પડે તે સઘળું ને અર્થે અર્થાત્ મોક્ષપ્રાપ્તિ અર્થે કરશે. આ રીતે આરાધના કરીને ચરમ(અંતિમ) શ્વાસ લઈ સિદ્ધિ પ્રાપ્ત કરશે યાવત્ સર્વ દુઃખોનો ક્ષય કરશે.

* * *

૬. અરિષ્ટનેમિ-તીર્થમાં ગૌતમાદિ અણુગારો

સંગ્રહણી—ગાથાર્થ—

૯૮. ૧. ગૌતમ ૨. સમુદ્ર ૩. સાગર ૪. ગંભીર ૫. સ્તિમિત ૬. અચલ ૭. કાંપિલ્ય ૮. અક્ષોભ ૯. પ્રસેનજિત અને ૧૦. વિષ્ણુ.

દ્વારાવતીમાં કૃષ્ણ વાસુદેવ—

૯૯. તે કાળે તે સમયે દ્વારાવતી(દ્વારકા) નામે પ્રસિદ્ધ નગરી હતી. તે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી હતી, જેનું નિર્માણ કુબેરે પોતે અત્યંત બુદ્ધિ કૌશલ્યથી કર્યું હતું, જે સુવર્ણના પરકોટાથી તથા ઈન્દ્રનીલ—વૈદૂર્ય પદ્મરાગાદિ—મણિજડિત કાંગરાથી સુસજ્જિત શોભનીય, દર્શનીય હતી, જે કુબેરની નગરી અલકા જેવી જણાતી હતી, જે ક્રીડા પ્રમોદ આદિ સમસ્ત સામગ્રીઓથી પરિપૂર્ણ હોવાથી સાક્ષાત્ દેવલોક જેવી હતી, તે દ્વારાવતી નગરીનું નિર્માણ એવી રીતે કરવામાં આવ્યું હતું કે જોનારનાં મન સહજ જ આનંદિત અને આકર્ષિત થઈ જાય.

તે દ્વારકા નગરીની બહાર ઈશાનકોણમાં રૈવતક નામે પર્વત હતો. તે પર્વત ઉપર નન્દનવન નામે ઉદ્યાન હતું—વર્ણન.

તે ઉદ્યાનની બરાબર વચ્ચે સુરપ્રિય નામે જીર્ણ અને પૌરાણિક પુરુષો દ્વારા પ્રસિદ્ધ કરાયેલું યક્ષાયતન હતું, તે એક વનખંડથી ચોતરફથી ઘેરાયેલું હતું. તે નંદનવનની બરાબર વચમાં એક શ્રેષ્ઠ અશોકવૃક્ષ હતું.

૧૦૦. આ દ્વારકાનગરીમાં મહાન રાજા કૃષ્ણ વાસુદેવ રાજ્ય કરતા હતા—રાજ્ય વર્ણન

દ્વારકાનગરીમાં સમુદ્રવિજય આદિ દશ દશાર તથા બલદેવ આદિ પાંચ મહાવીર, પ્રદ્યુમ્ન આદિ સાડાત્રણ કરોડ કુમાર, શત્રુઓથી કદી પરાજિત ન થાય એવા શાંબ આદિ સાઠ હજાર દુર્દાન્ત શૂર, મહાસેન આદિ છપ્પન હજાર બળવાન યોદ્ધાઓ, વીરસેન આદિ એકવીશ હજાર વીર, ઉગ્રસેન આદિ આધીનતામાં રહેવાવાળા સોળહજાર રાજાઓ, રુકિમણી આદિ સોળહજાર રાણીઓ, અનંગસેના આદિ અનેક સહસ્ર ગણિકાઓ તથા સર્વદા આજ્ઞામાં રહેનારાં બીજાં ઘણાં ઐશ્વર્યશાલી નાગરિકો, નગરરક્ષકો, સીમાન્ત રાજાઓ, સેવકો, ધનવાનો, શ્રેષ્ઠિઓ અને સાર્થવાહો હતા. આવી દ્વારાવતી નગરી અને અર્ધ ભરતખંડનું સ્વામિત્વ, આધિપત્ય, માલિકીપણું, પ્રધાનપણું આજ્ઞાધારીપણું અને સેનાપતિપણું કરતા કરતા તે દશ દશારો રહેતા હતા.

૧૦૧. તે દ્વારકા નગરમાં મહા હિમવાન, મંદર આદિ પર્વતોના જેવો અચળ અને બળવાન અંધકવૃષ્ણિ નામે રાજા હતો—વર્ણન.

અંધકવૃષ્ણિ રાજાનો ગૌતમ નામે કુમાર—

તે અંધકવૃષ્ણિ રાજાને સ્ત્રીઓનાં સર્વ લક્ષણોથી યુક્ત ધારિણી નામે રાણી હતી. તે ધારિણી રાણી એક વખત જ્યારે પુણ્યશાળીઓને યોગ્ય શય્યામાં શયન કરી રહી હતી ત્યારે તેણે પોતાના મુખમાં સિંહે પ્રવેશ કર્યો એવું સ્વપ્ન જોયું, અને જાગી ગઈ. જેમ મહાબળના વર્ણનમાં તેમ અહીં પણ સ્વપ્નદર્શન, ફળકથન, જન્મ, બાલ્યકાળ, કળાશિક્ષણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યૌવન અને પાણિગ્રહણ તથા ઈષ્ટ, પ્રિય ભોગો ભોગવવા ઇત્યાદિ વર્ણન; વિશેષ માત્ર એટલું છે કે તેનું નામ ગૌતમ હતું, માતાપિતાએ એક દિવસમાં જ રાજાઓની આઠ સુંદર કન્યાઓની સાથે તેનાં લગ્ન કરાવ્યાં. વિવાહમાં તેને પણ આઠ પ્રકારનો દાયજો મળ્યો.

અરિષ્ટનેમિનો ધર્મોપદેશ અને ગૌતમની પ્રવ્રજ્યા—

૧૦૨. તે કાળે તે સમયે ધર્મના આદ્ય ઉપદેશક (પોતાના શાસનની અપેક્ષાએ) ભગવાન અર્હંત અરિષ્ટનેમિ—યાવત્—તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા દ્વારિકાના નંદનવન ઉદ્યાનમાં રહેવા લાગ્યા. ત્યાં ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક—ચારે પ્રકારના દેવો ધર્મકથા સાંભળવા આવ્યા. વાસુદેવકૃષ્ણ પણ પોતાના મહેલમાંથી નીકળી ભગવાનની પાસે ધર્મશ્રવણ કરવા આવ્યા.

ત્યાર પછી જનકોલાહલ સાંભળીને તથા જોઈને તથાવિધ અધ્યવસાય, સંકલ્પ, મનોરથ થવાથી ગૌતમકુમાર પણ મેઘકુમારની પેઠે ધર્મકથા સાંભળવા માટે ઘેરથી નીકળ્યો. ધર્મ સાંભળીને તથા તેને હૃદયથી અવધારણ કરી ભગવાનની પાસે તેણે પ્રાર્થના કરી—'હે ભગવન્! હું માતાપિતાને પૂછીને પછી ગૃહવાસ છોડી આપની પાસે અનગારિક દીક્ષા લેવા ચાહું છું.'

ત્યાર પછી ગૌતમકુમાર મેઘકુમારની જેમ અનગાર—બન્યા—યાવત્—ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓ ધારણ કરી—યાવત્—નિર્ગ્રંથ પ્રવચનને સતત દૃષ્ટિ સમક્ષ રાખી વિહરવા લાગ્યા.

ત્યાર પછી ગૌતમ અનગારે અર્હંત અરિષ્ટનેમિના ગીતાર્થ સ્થવિરોની પાસે સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અને અધ્યયન કર્યા પછી ઘણાં ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ, અર્ધમાસ અને માસક્ષમણ આદિ વિવિધ તપ કરીને આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ગૌતમની શત્રુંજય પર્વત પર સિદ્ધિ—

૧૦૩ ત્યારબાદ કોઈ સમયે અર્હંત્ અરિષ્ટનેમિ દ્વારકાનગરીના નન્દનવન ઉદ્યાનથી વિહાર કરીને ધર્મોપદેશ કરતા કરતા બાહ્ય જનપદોમાં વિચરવા લાગ્યા.

ત્યાર પછી એક દિવસ અનગાર ગૌતમ, જ્યાં અર્હંત્ અરિષ્ટનેમિ હતા ત્યાં આવ્યા અને અર્હંત્ અરિષ્ટનેમિને ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા— 'હે ભદન્ત! આપની આજ્ઞા મેળવી માસિક ભિક્ષુપ્રતિમાનો સ્વીકાર કરી હું વિચરણ કરવા ઇચ્છા રાખું છું.' (ભગવાનની આજ્ઞા મેળવી) સ્કન્દકની પેઠે તેમણે બાર ભિક્ષુપ્રતિમાઓની સમારાધના કરી, ત્યાર પછી ગુણરત્ન નામની તપસ્યાનું પણ પૂર્ણપણે આરાધન કર્યું. જેવી રીતે સ્કન્દકે વિચાર કર્યો અને જેમ તેમણે ભગવાનને પૂછ્યું તે રીતે ગૌતમે પણ વિચાર કર્યો અને પૂછ્યું તથા એવી જ રીતે સ્થવિરોની સાથે શત્રુંજય પર્વતપર આરોહણ કર્યું.

ત્યારબાદ તે ગૌતમ અણગાર બાર વર્ષ સુધી શ્રમણપર્યાય પાળી, માસિક સંલેખના દ્વારા આત્માને નિર્મળ કરી, સાઠ ભક્તપાનનો અનશન દ્વારા ત્યાગ કરી,—યાવત્ સર્વોત્તમ કેવળજ્ઞાન—દર્શન પામી પછી સિદ્ધ થયા.

સમુદ્ર આદિ—

૧૦૪ જેવી રીતે ગૌતમ અધ્યયનનું પ્રતિપાદન કર્યું છે તેવી રીતે શેષ સમુદ્રાદિ અધ્યયનોનું વર્ણન સમજી લેવું જોઈએ.

એ સહુના પિતાનું નામ અન્ધકવૃષ્ણિ, માતાનું નામ ધારિણી, અને કુમારોનાં નામ સમુદ્ર, સાગર, ગંભીર, સ્તિમિત, અચલ, કાંપિલ્ય, અક્ષોભ, પ્રસેનજિત્ અને વિષ્ણુકુમાર છે. આ બધાનું વર્ણન એક સમાન છે.

અક્ષોભાદિ કુમાર અનગાર—

૧૦૫ (સંગ્રહણી ગાથા) — ૧. અક્ષોભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. સાગર ૩. સમુદ્ર ૪. હિમવન્ત ૫. અચલ ૬, ધરણ ૭. પૂરણ અને ૮. અભિચન્દ્ર–એ આઠ રાજકુમારો હતા.

૧૦૬ તે કાળે તે સમયે દ્વારાવતી નગરી હતી પિતાનું નામ વૃષ્ણિ હતું. માતાનું નામ ધારિણી. (ગૌતમાદિ દશ કુમારોની પેઠે ગુણરત્ન નામે તપસ્યા. સોળ વર્ષ સુધી દીક્ષાપર્યાય. શત્રુંજય પર્વત પર આરોહણ તથા માસિક સંલેખના દ્વારા સિદ્ધગતિ.

૭. અરિષ્ટનેમિ–તીર્થમાં અણીયસકુમાર અને બીજા

૧૦૭. અણીયસ, ૨. અનન્તસેન, ૩. અજિનસેન, ૪. અનિહતરિપુ, ૫. દેવસેન, ૬. શત્રુસેન, ૭. સારણ, ૮. ગજ, ૯. સમુદ્ર, ૧૦. દુર્મુખ, ૧૧. કૂપક, ૧૨. દારૂક, તથા ૧૩. અનાદૃષ્ટિ.

ભદ્દિલપુરમાં નાગ ગૃહપતિ અને તેનો પુત્ર અણીયસ—

૧૦૮. તે કાળે તે સમયે ભદ્દિલપુર નામે નગર હતું. વર્ણન. તે ભદ્દિલપુર નગરની બહાર ઈશાન-કોણમાં શ્રીવન નામક ઉદ્યાન હતું—વર્ણન. યાવત્ જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો.

તે ભદ્દિલપુરમાં નાગ નામે એક ધનિક ગૃહપતિ રહેતો હતો. તે ધનાઢ્ય યાવત્ કોઈથી પરાભવ ન પમાડી શકાય તેવો હતો. તેની પત્નીનું નામ સુલસા હતું, જે બહુ સુકોમળ યાવત્ રૂપવતી હતી.

૧૦૯. તે નાગ ગૃહપતિને સુલસાથી અણીયસ નામે પુત્ર ઉત્પન્ન થયો, જે સુકોમળ યાવત્ અત્યંત સુંદર હતો. તથા તે ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મણ્ડનધાત્રી, અને અંકધાત્રી–એ પાંચ પ્રકારની ધાઈમાતાઓથી દૃઢપ્રતિજ્ઞ-કુમારની જેમ જ ઉછેરાતો, પર્વતની ગુફામાં લીન મનોહર ચંપકલતાની જેમ સુખથી વધવા લાગ્યો.

ત્યારબાદ આઠ વર્ષથી કંઈક અધિક ઉમર થયા પછી તે અણીયસકુમારને માતાપિતાએ કલા-ચાર્યની પાસે કળાઓનું અધ્યયન કરવા માટે મોકલ્યો–યાવત્–તે યુવાવસ્થા પ્રાપ્ત કરી ભોગો ભોગવવા સમર્થ બન્યો. ત્યારે તે અણીયસ-કુમારને બાળપણ વિતાવી ગયેલો જોઈને માતાપિતાએ સમાન વય, સમાન ત્વચા, સમાન લાવણ્ય, રૂપ, યૌવન, અને ગુણોથી યુક્ત, સમાન કુળમાંથી લાવેલી, શ્રેષ્ઠિઓની વિવાહયોગ્ય બત્રીસ કન્યાઓની સાથે એક જ દિવસમાં તેનાં લગ્ન કરી દીધાં.

ત્યાર પછી તે નાગ ગૃહપતિએ અણીયસકુમારને આ આવા પ્રકારનું પ્રીતિદાન આપ્યું, તે આ પ્રમાણે છે, યથા–

બત્રીસ કરોડ સુવર્ણમહોરો–જેમ મહાબળને તેવી જ રીતે યાવત્–શ્રેષ્ઠ પ્રાસાદના ઉપરના માળે રહી તે નિરંતર વાગતા મૃદંગોના ધ્વનિ સાથે વિવિધ ભોગો ભોગવતો રહેવા લાગ્યો.

અરિષ્ટનેમિ સમક્ષ અણીયસની પ્રવ્રજ્યા અને શત્રુંજય પર સિદ્ધિ—

૧૧૦. તે કાળે તે સમયે અર્હંત અરિષ્ટનેમિ જ્યાં ભદ્દિલપુર નગર હતું, જ્યાં શ્રીવન ઉદ્યાન હતું ત્યાં પધાર્યા, પધારીને યથાવિધિ અવગ્રહ ધારણ કરીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહેવા લાગ્યા. પરિષદ ધર્મ સાંભળવા મળી.

ત્યારબાદ અણીયસકુમારે પણ મનુષ્યોનો કોલાહલ સાંભળીને અને જોઈને ગૌતમ-કુમારની પેઠે ઉત્તમ અધ્યવસાય, સંકલ્પ, મનોરથ થતાં ઘેરથી નીકળી ભગવાનની પાસે જઈ ધર્મ સાંભળ્યો અને પછી અનગાર થઈ ગયા. વિશેષ માત્ર એટલું છે કે–ગૌતમ અનગાર સામાયિકથી લઈ ચૌદ પૂર્વ સુધીનું અધ્યયન કર્યું. શેષ વર્ણન પૂર્વવત્–યાવત્ વીસ વર્ષ સુધી દીક્ષા પર્યાય પાળ્યો. ત્યાર પછી શત્રુંજય પર્વતનું આરોહણ કર્યું, માસિક સંલેખના દ્વારા આત્માને નિર્મળ કરી અન-શન દ્વારા સાઠ ભક્તોનો ત્યાગ કરી ઉત્તમ કેવળજ્ઞાન–દર્શન પામી સિદ્ધ થયા.

અનંતસેનાદિ કુમારો—

૧૧૧. જેવું અણીયસસેન કુમારનું વર્ણન છે તેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ પ્રકારે અનન્તસેન, અજિતસેન, અનિહતરિપુ, દેવસેન, શત્રુસેન સુધીનું વર્ણન સમાન છે. બત્રીસ બત્રીસ પ્રીતિદાન. વીસ વર્ષનો શ્રમણ પર્યાય. ચૌદ પૂર્વનું અધ્યયન. શત્રુંજય પર સિદ્ધિ.

સારણ કુમાર શ્રમણ—

૧૧૨. તે કાળે તે સમયે દ્વારકાનગરીમાં વાસુદેવ નામે રાજા, ધારિણી નામે રાણી. સ્વપ્નમાં સિંહને જોયો. સારણ કુમાર પુત્ર ઉત્પન્ન થયો. પચાસ પચાસ પ્રકારના પ્રીતિદાન (દાયજો). ચૌદ પૂર્વનું અધ્યયન. વીસ વરસ દીક્ષાપર્યાય. શેષ ગૌતમની પેઠે યાવત્ શત્રુંજય પર્વત ઉપર સિદ્ધિ.

* * *

૮. અરિષ્ટનેમિ–તીર્થમાં ગજસુકુમાલ આદિ શ્રમણો.

૧૧૩. તે કાળે તે સમયે દ્વારાવતી નામે એક નગરી હતી. ત્યાં અર્હંત અરિષ્ટનેમિ ધર્મોપદેશ માટે પધાર્યા.

છ અણગારોના તપ – સંકલ્પને અરિષ્ટનેમિની અનુમતિ—

૧૧૪. તે કાળે તે સમયે છ સહોદર ભાઈઓ અર્હંત અરિષ્ટનેમિના અન્તેવાસી બન્યા. તેઓ બધા જ્ઞાન, ઔદાર્ય, તથા વયમાં સમાન હતા. તેમની શરીરકાન્તિ, નીલકમલ તથા ભેંસનાં શીંગડાંનાં આન્તરિક ભાગ અથવા અળસીના ફૂલના જેવી હતી, તથા તેમનું વક્ષઃસ્થલ શ્રીવત્સ નામના ચિહ્ન–વિશેષથી અંકિત હતું. તેઓના શિરે ફૂલોનાં જેવા કોમળ અને કુંડળના જેવા ગોળ ગૂંચળા વળેલા વાળ બહુ સુંદર દેખાતા હતા, સૌંદર્યાદિ ગુણોથી તે નળકૂબરના જેવા હતા.

ત્યારે તે છ એ અનગારોએ જે દિવસે દીક્ષા લીધી અને ગૃહત્યાગ કરી અનગાર બન્યા, અર્હંત અરિષ્ટનેમિને તે જ દિવસે વંદન નમસ્કાર કરીને આ પ્રકારે કહ્યું–

'હે ભદન્ત ! અમે લોકો આપની આજ્ઞા મળતાં જીવન પર્યન્ત નિરન્તર ષષ્ઠ–ષષ્ઠરૂપ (છઠ છઠ) તપસ્યા દ્વારા અમારા આત્માને ભાવિત કરતાં કરતાં વિચરવાની ઇચ્છા કરીએ છીએ. [એવું સાંભળીને ભગવાને તે અનગારોને કહ્યું] 'હે દેવાનુપ્રિયો ! તમારા બળ પરાક્રમ અનુસાર જેમ સુખ થાય તેમ કરો, તેમાં પ્રમાદ ન કરો.'

ત્યાર પછી તે છએ અનગારો અર્હંત્ અરિષ્ટનેમિની આજ્ઞા લઈ નિરંતર ષષ્ઠ–ષષ્ઠ તપ દ્વારા પોતાના આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

છએનો ક્રમસર દેવકીના ગૃહમાં પ્રવેશ—

૧૧૫. ત્યાર પછી એક વાર છઠ્ઠના પારણા સમયે તે છએ અનગારોએ પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કર્યો, બીજા પહરમાં ધ્યાન કર્યું, ત્રીજા પ્રહરમાં શીઘ્રતારહિતપણે, ધીરે ધીરે મુહપત્તિની પડિલેહણા કરી, પડિલેહણા કરી પછી વસ્ત્રોની અને ઉપકરણોની પડિલેહણા કરી, પછી પાત્રો લૂછ્યાં, પાત્રો લૂછી પછી પાત્રો લઈને જ્યાં ભગવાન અરિષ્ટનેમિ હતા ત્યાં આવ્યા, આવીને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યા–

'હે ભગવંત ! આપની આજ્ઞા લઈ અમે ષષ્ઠ તપના પારણા નિમિત્તે ત્રણ સંઘાટોમાં વિભક્ત થઈ મુનિઓના કલ્પાનુસાર સામુદાનિક ભિક્ષા માટે દ્વારકા નગરીના ઉચ્ચ, નીચ, મધ્યમ કુળોના ગૃહોમાં જવાની ઇચ્છા કરીએ છીએ.'

[તે છએ અનગારોની એવી પ્રાર્થના સાંભળી ભગવાને કહ્યું–] 'હે દેવાનુપ્રિયો ! જેમ સુખ થાય તેમ કરો.'

ત્યાર પછી ભગવાન અરિષ્ટનેમિ પાસેથી આવી રીતે આજ્ઞા મેળવીને તે અનગારોએ વન્દન નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરી સહસ્રામ્રવનથી બહાર નીકળ્યા, અને ત્રણ સંઘાટ (સંઘાડા) બનાવીને અત્વરિતગતિથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પારણું જલદી થાય એવી ઉતાવળ ન કરતાં), ચપલતારહિત, અને લાભાલાભની ચિંતા રહિત થઈને યુગ પ્રમાણે ભૂમિને જોતાં જોતાં જ્યાં દ્વારવતી નગરી હતી અને જ્યાં ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોનાં ગૃહોનો સમૂહ હતો ત્યાં સામુદાનિક ભિક્ષા માટે ઘૂમવા લાગ્યા.

૧૧૬. તેમાંના બે મુનિઓનો એક સંઘાડો દ્વારકા-નગરીના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહ-સામુદાનિક ભિક્ષા માટે ફરતો ફરતો રાજા વસુદેવ તથા રાણી દેવકીને ઘેર પહોંચ્યો.

તે બે મુનિઓને પોતાને ત્યાં આવતા જોઈ દેવકી દેવી હૃષ્ટ-તુષ્ટ આનંદિત બની, પ્રીતિ-પૂર્વક હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળી તે આસન ઉપરથી ઊઠી, ઊઠીને સાત-આઠ ડગલાં તેમની સામે ગઈ. જઈને ત્રણ વાર તે મુનિ-ઓની પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી જ્યાં ભોજનશાળા હતી ત્યાં ગઈ. ત્યાં જઈ સિંહ-કેશર લાડુઓનો થાળ ભર્યો, તે અણગારોને લાડુ વહોરાવ્યા, પછી વંદન નમસ્કાર કરી બન્ને મુનિઓને વિસર્જિત કર્યા અર્થાત્ વિદાય આપી.

૧૧૭. ત્યાર પછી બીજો સંઘાડો પણ ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષા માટે ફરતો ફરતો વસુદેવ રાજાની રાણી દેવકીને ઘેર આવ્યો.

ત્યારે દેવકી રાણીએ અનગારોને આવતા જોઈ હૃષ્ટ તુષ્ટ આનંદિત બની, સાત-આઠ ડગલાં સામે જઈ પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કર્યા, પછી જ્યાં ભોજનશાળા હતી ત્યાં જઈ સિંહકેશર લાડુઓના થાળ ભર્યા અને તે અનગારોને પ્રતિલાભિત કર્યા, પછી વંદન નમસ્કાર કરી વિનયપૂર્વક વિસર્જિત કર્યા.

૧૧૮. ત્યાર બાદ ત્રીજો સંઘાડો પણ દ્વારાવતી નગરીના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહ-સામુદાનિક ભિક્ષાચર્યા માટે ઘૂમતો ઘૂમતો વસુદેવ રાજાની રાણી દેવકીના આવાસે આવ્યો.

એક જ સ્થળે પુનરાગમન થતાં દેવકીને શંકા—

૧૧૯. ત્યારબાદ તે દેવકી રાણીએ તે અણગારોને આવતાં જોયાં, જોઈને હૃષ્ટ તુષ્ટ થઈ આસન પરથી ઊઠી, ઊઠીને સાત-આઠ ડગલાં સામે ગઈ, ત્રણ વાર મુનિઓની પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરી જ્યાં ભોજનશાળા હતી ત્યાં ગઈ. ત્યાં જઈ સિંહ-કેશર લાડુઓના થાળ ભર્યા અને પછી તે અણગારોને પ્રતિલાભિત કર્યા, પ્રતિલાભિત કરી આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! કૃષ્ણ વાસુદેવની આ નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી યાવત્ સ્વર્ગલોક જેવી આ દ્વારકાનગરીના ઉચ્ચ, નીચ ને મધ્યમ કુળોમાં સામુદાનિક ભિક્ષા માટે ફરતા શ્રમણ નિર્ગ્રંથોને શું આહાર-પાણી મળતાં નથી કે જેથી એક જ કુળમાં વારંવાર આહાર પાણી માટે આવવું પડે છે?'

દેવકીની શંકાનું સમાધાન—

૧૨૦. ત્યારે દેવકીનો આવો પ્રશ્ન સાંભળીને તે અનગારો આમ કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિયે ! કૃષ્ણ વાસુદેવની સ્વર્ગ જેવી આ દ્વારકાનગરીમાં ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષાચર્યા માટે ફરતા શ્રમણ નિર્ગ્રંથોને આહાર-પાણી મળતાં નથી તથા તેઓ એક જ ઘરમાં વારંવાર ભિક્ષા માટે આવે છે એવી વાત નથી.

પરંતુ હે દેવાનુપ્રિયે ! (તો પણ તમારી શંકાનું કારણ એ છે કે) અમે ભદ્દિલપુર-નિવાસી નાગ ગૃહપતિના પુત્રો છીએ અને તેની ભાર્યા સુલસાના પેટે જન્મેલા એક સરખી આકૃતિવાળા, રૂપ લાવણ્ય આદિથી સરખા તથા સમાન વયના છીએ. વળી નીલ-કમલ, ભેંસનાં શીંગડાંના અંદરના ભાગ અથવા અળસીના પુષ્પ જેવા રંગવાળા તથા શ્રીવત્સ ચિહ્નથી અંકિત વક્ષઃસ્થળવાળા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફૂલો જેવા કોમળ અને કુંડળ જેવા ઘૂંઘરાળા વાળ વાળા, રૂપગુણમાં નલકૂબરના જેવા અમે છ એ ભાઈઓએ ભગવાન અરિષ્ટનેમિની પાસે ધર્મ સાંભળી સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ, જન્મમરણથી છૂટવા માટે ગૃહત્યાગ કરી આનગારિક પ્રવજ્યા ગ્રહણ કરી છે.

ત્યાર પછી અમે જે દિવસે દીક્ષા લીધી તેજ દિવસે અર્હંત અરિષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી આ આવા પ્રકારનો અભિગ્રહ (સંકલ્પ) કર્યો કે 'હે ભગવાન ! આપની આજ્ઞા હોય તો અમે આજીવન નિરંતર છઠ્ઠું છઠ્ઠું તપ સાથે સંયમપૂર્વક આત્માને ભાવિત કરતાં કરતાં વિચરવા ઈચ્છીએ છીએ.' [ત્યારે ભગવંતે કહેલું કે—]

'હે દેવાનુપ્રિયો ! તમને સુખ થાય તેમ કરો.'

ત્યારથી અમે અર્હંત અરિષ્ટનેમિની આજ્ઞા પ્રાપ્ત કરીને આજીવન છઠ્ઠું છઠ્ઠુંના તપપૂર્વક વિચારીએ છીએ. આજે છઠ્ઠું ભક્તનું પારણું હોવાથી અમે પ્રથમ પ્રહરમાં ધ્યાન કર્યું અને ત્રીજા પ્રહરમાં અરિષ્ટનેમિ ભગવાનની આજ્ઞા લઈ ત્રણ સંઘાડામાં દ્વારિકાનગરીના ઉચ્ચ, નીચ, મધ્યમ કુળોમાં સામુદાનિક ભિક્ષા માટે ફરતાં ફરતાં તમારે ઘેર આવ્યાં છીએ.

આથી હે દેવાનુપ્રિયે ! જે અનગારો પહેલાં આવ્યા તે અમે ન હતા. અમે જુદા જ છીએ.' આ પ્રકારે કહી [દેવકીના મનની શંકા દૂર કરીને] તે અનગારો જ્યાંથી આવ્યા હતા તે દિશામાં જ પાછા ફર્યા.

દેવકીના મનમાં અતિમુક્તક કુમારના વચનમાં શંકા —

૧૨૧. તે અનગારો ગયા પછી તે દેવકી દેવીના મનમાં એવો માનસિક વિકલ્પ ઉત્પન્ન થયો કે 'જ્યારે હું નાની હતી તે સમયે પોલાસપુર નગરમાં અતિમુક્તક અનગારે મને કહ્યું હતું કે— "હે દેવાનુપ્રિયે ! તું આઠ પુત્રોને જન્મ આપશે, તારા એ બધા પુત્રો આકાર, વય, તથા કાન્તિ આદિમાં સમાન થશે તથા તે નલકૂબરના જેવા સુંદર થશે. આ ભારતવર્ષમાં બીજી કોઈ માતા એવા સુંદર પુત્રોને જન્મ આપી શકશે નહિ." પરંતુ અતિમુક્તક અનગારનું તે કથન અસત્ય સાબિત થયું, કેમ કે આ પ્રત્યક્ષ જોવામાં આવે છે કે આ ભરતક્ષેત્રમાં બીજી માતાએ પણ આવા પ્રકારના પુત્રોને જન્મ આપ્યો છે. માટે મને ઉચિત છે કે ભગવાન અર્હંત અરિષ્ટનેમિની પાસે જાઉં અને તેમને વંદન નમસ્કાર કરું તથા તેમને આ અંગે પ્રશ્ન પૂછું." તે દેવકીએ એવો વિચાર મનમાં કર્યો અને પછી પોતાના કૌટુંબિક સેવકોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું —

'હે દેવાનુપ્રિયો ! ઉત્તમ ધાર્મિક રથ તૈયાર કરો તથા જોડીને મારી પાસે લઈ આવો' દેવકીની એવી આજ્ઞા સાંભળીને તેઓ પણ તેવા પ્રકારનો રથ લઈ આવ્યા. દેવાનંદાની જેમ યાવત્ પર્યુપાસના કરવા લાગી.

અરિષ્ટનેમિ દ્વારા સુલસાચરિત્ર–કથન વડે શંકા–સમાધાન —

૧૨૨. ત્યાર બાદ ભગવાન અર્હંત અરિષ્ટનેમિએ દેવકી દેવીને આ પ્રકારે કહ્યું –

'હે દેવકી ! આજે એ છ અનગારોને જોઈને તારા હૃદયમાં આ પ્રકારનો વિકલ્પ પેદા થયો કે મને પોલાસપુર નગરમાં અતિમુક્ત અનગારે આ પ્રકારે કહ્યું હતું...ઇત્યાદિ તેમ વિચારી યાવત્ ઘેરથી શીઘ્ર નીકળી મારી પાસે તું આવી છે. હે દેવકી ! મારી આ વાત સાચી છે ?'

'હા, ભગવાન ! આપે જે કહ્યું છે તે બધું સત્ય છે.' (ભગવાને કહ્યું) 'હે દેવાનુપ્રિયે ! એનું સમાધાન એમ કે તે કાળે તે સમયે ભદ્દિલપુર નામે નગર હતું. તે નગરમાં ધન–ધાન્ય આદિથી સમ્પન્ન યાવત્ અપરિભૂત એવો ગૃહપતિ રહેતો હતો તે નાગ ગૃહપતિની પત્નીનું નામ સુલસા હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨૩. તે સુલસા ગૃહિણી જ્યારે બાલ્ય અવસ્થામાં હતી તે સમયે ભવિષ્યવેત્તા નૈમિત્તિકે તેના પિતાને એમ કહ્યું હતું કે–

'આ બાલિકા મૃતવન્ધ્યા (મૃત બાળકોને જન્મ આપનારી) થશે.'

ત્યાર પછી તે સુલસા પોતાના બાલ્યકાળથી જ હરિણૈગમેષી દેવની ભક્ત બની ગઈ. તેણે હરિણૈગમેષીદેવની પ્રતિમા બનાવી, પછી રોજ પ્રાતઃકાલમાં સ્નાન કરી, બલિકર્મ કરી તથા કૌતુક-મંગલ કૃત્ય કરી પછી ભીની સાડી પહેરીને તે પ્રતિમાને દેવોચિત પુષ્પાર્ચન કરી વંદન કરતી અને ત્યાર પછી આહારાદિ ક્રિયા કરતી હતી.

ત્યાર પછી તે સુલસા ગાથાપત્નીની ભક્તિ બહુમાન, અને શુશ્રૂષાથી તે હરિણૈગમેષી દેવ પ્રસન્ન થયો, સિદ્ધ થયો.

ત્યાર બાદ તે હરિણૈગમેષી તે સુલસા ગૃહિણીની અનુકંપાને લીધે સુલસા ગૃહિણીને તેમજ તને એક જ વખતે ઋતુમતી કરતો હતો. આથી તમે બન્ને સાથે જ ગર્ભ ધારણ કરતી તથા સાથે જ તેનું પાલન કરતી અને તમે બન્ને સાથે જ બાળકોને જન્મ આપતી હતી.

પરંતુ તે સુલસા ગૃહિણીને બાળકો મરેલાં જન્મતાં હતાં.

૧૨૪. પછી તે હરિણૈગમેષીદેવ સુલસાની અનુકંપાને લીધે મરેલાં બાળકોને પોતાના હાથમાં ઉપાડી તારી પાસે લાવી મૂકતો હતો. તે સમયે તું પણ નવ મહિના વીત્યા પછી સુકુમાર પુત્રોને જન્મ આપતી હતી. હે દેવાનુપ્રિયે ! જે જે તારા પુત્રો હતા તેને હરિણૈગમેષી દેવ પોતાની હથેળીઓમાં લઈ લેતો, લઈને સુલસા ગાથાપત્નીની પાસે મૂકી દેતો.

માટે હે દેવકી ! એ બધા તારા જ પુત્રો છે, નહિ કે સુલસા ગાથાપત્નીના.

છ એ સહોદર અણગારો પોતાના પુત્રો છે એ જાણી દેવકીનો હર્ષ—

૧૨૫. ત્યાર પછી તે દેવકી દેવીએ અર્હંત્ અરિષ્ટનેમિના મુખેથી આ વૃત્તાન્ત સાંભળીને અને પોતાના હૃદયમાં અવધારિત કરી પછી હૃષ્ટ-તુષ્ટ હૃદયથી અર્હંત્ અરિષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી જ્યાં તે છ અનગારો હતા ત્યાં ગઈ, જઈને છએ અણગારોને વંદન નમસ્કાર કર્યા, ત્યારે [તે અનગારોને જોઈ પુત્રપ્રેમને કારણે] તેના સ્તનોમાંથી દૂધ ઝરવા લાગ્યું, હર્ષના કારણે તેની આંખોમાં હર્ષાશ્રુ ભરાઈ આવ્યા, હર્ષથી ફૂલવાના કારણે કંચુકીની કસો તૂટી ગઈ અને ભુજાઓ ઉપરનાં વલયો તૂટીને પડી ગયાં. વરસાદની ધારાઓ પડવાથી જેમ કદંબપુષ્પ વિકસિત થઈ જાય છે તે પ્રકારે તેના શરીરનાં બધાં રુંવાડાં પુલકિત થઈ ગયાં. તે છએ અનગારોને અનિમેષદૃષ્ટિથી તે બહુકાળ સુધી નીરખવા લાગી. પછી તેમને વંદન–નમસ્કાર કરી ભગવાન અર્હંત્ અરિષ્ટનેમિની પાસે આવી અને ભગવાનને વિધિપૂર્વક વંદન નમસ્કાર કર્યા પછી પોતાના ધાર્મિક રથ ઉપર ચઢીને દ્વારકાની વચ્ચોવચ્ચ થઈને ચાલી અને ક્રમથી પોતાની બહારની ઉપસ્થાનશાલામાં પહોંચી. ત્યાં પોતાના શ્રેષ્ઠ ધાર્મિક રથ ઉપરથી ઊતરીને પોતાના ભવનમાં જઈને પોતાની સુકોમલ શય્યા પર બેઠી.

દેવકીના મનમાં પુત્રના લાલન–પાલનનો અભિલાષ અને ચિંતા—

૧૨૬. ત્યાર પછી તે દેવકી પોતાના મનમાં આ પ્રમાણે વિચાર વિકલ્પ કરવા લાગી કે—'મેં આકાર, વય તથા કાન્તિમાં સરખા નલકૂબર જેવા સાત પુત્રોને જન્મ આપ્યો, પરંતુ તે પુત્રોમાંથી એક પણ પુત્રના બાલપણના આનંદનો અનુભવ હું કરી શકી નહિ. આ કૃષ્ણ પણ મારી પાસે ચરણવંદન માટે છ–છ મહિના પછી આવે છે. આથી હું માનું છું કે તે માતાઓ ભાગ્યશાલિની છે, પુણ્યશાલિની છે, કૃતકૃત્ય છે કે જેઓની કૂખથી ઉત્પન્ન થતાં બાળકો દૂધને માટે પોતાની મનોહર કાલીઘેલી બોલીથી તેમને આકર્ષિત કરે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને મધુર અવ્યક્ત ધ્વનિથી ગણગણતા સ્તન મૂળથી કાંખ સુધીના ભાગમાં અભિસરણ કરતાં રહે છે. પછી તે મુગ્ધ બાળકોને પોતાની માતાઓ જ્યારે કમળ જેવા કોમળ હાથ વડે ઉપાડી પોતાના ખોળામાં બેસાડે ત્યારે તે ધાવતાં ધાવતાં પોતપોતાની મા સાથે કાલી-ઘેલી વાણીથી મધુર વાતો કરે છે તથા મીઠી મીઠી બોલી બોલે છે. હું અધન્ય છું, અપુણ્ય છું. મેં પુણ્ય કર્યું નથી, તેથી હું એક વાર પણ આવો આનંદ અનુભવી શકી નથી.' આ પ્રકારે મનોરથ ભંગથી ખિન્ન તે દેવકી બે હથેળીમાં માથું ટેકવી આર્ત-ધ્યાન કરવા લાગી.

કૃષ્ણ દ્વારા ચિંતાકારણ-પૃચ્છા—

૧૨૭. એ જ વખતે તે કૃષ્ણ વાસુદેવ સ્નાન બલિ-કર્મ કૌતુક મંગળ કરીને તથા તમામ અલંકારોથી વિભૂષિત થઈ દેવકીદેવીના ચરણવંદન માટે આવ્યા.

ત્યારે દેવકી દેવીને તેમણે જોયા, જોઈને આવીને તેનાં ચરણે વંદન કર્યા તથા આ પ્રકારે કહ્યું—

'હે માતા ! જ્યારે હું પહેલાં તમને ચરણ-વંદન કરવા માટે આવતો હતો ત્યારે મને જોઈને તમારું હૃદય આનંદિત થઈ જતું હતું, પરંતુ આજ તમે કેમ ખિન્ન હૃદયવાળા દેખાવ છો ?

દેવકી દ્વારા ચિંતાકારણ-નિવેદન—

૧૨૮. ત્યાર પછી તે દેવકીએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું—

'હે પુત્ર ! આકાર, વય અને કાન્તિમાં એક સરખા યાવત્ નલકૂબર જેવા સુંદર સાત-પુત્રોને મેં જન્મ આપ્યો. પરંતુ મેં એકે-યની બાલક્રીડાનો અનુભવ કર્યો નથી. હે પુત્ર, તું પણ મારી પાસે ચરણવંદન માટે છ—છ મહિને આવે છે. આથી હું સમજું છું કે તે માતાઓ ધન્ય છે. યાવત્ આ વાતનો વિચાર કરતી ખિન્ન થઈ આર્તધ્યાન કરું છું.'

કૃષ્ણનું દેવારાધન અને દેવ દ્વારા લઘુબંધુજન્મનું કથન —

૧૨૯. ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવે દેવકી દેવીને આ પ્રમાણે કહ્યું—

'હે માતા ! તમે તમારા મનોરથો ફળીભૂત ન થવાને કારણે આ પ્રકારે આર્તધ્યાન ન કરો. હું એવો પ્રયત્ન કરીશ કે જેથી મારે એક નાનો ભાઈ થશે.' એમ કહી અભિલષિત પ્રિય મનોનુકૂળ વચનોથી દેવકી દેવીને કૃષ્ણવાસુદેવે આશ્વાસન આપ્યું. પછી તેની પાસેથી નીકળી જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયા, ત્યાં જઈને પૌષધશાળાની સફાઈ કરી, ઉચ્ચાર-પ્રસવણ-ભૂમિની પડિલેહણા કરી, દર્ભાસન પાથર્યું, દર્ભાસન પાથરી તેના પર બેઠા, બેસીને અષ્ટમ-ભક્તનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરી પૌષધશાળામાં પૌષધવ્રતીની જેમ બ્રહ્મચર્ય-પૂર્વક હરિણૈગમેષી દેવની આરાધના કરવા લાગ્યા.

૧૩૦. ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવનું અષ્ટમ ભક્ત તપ પૂર્ણ થયું ત્યારે હરિણૈગમેષી દેવનું આસન ચલાયમાન થયું—યાવત્ (દિવ્યરૂપ-ધારી તે દેવે તેની સમીપ આવી આકાશમાં ઊભા રહી કૃષ્ણ વાસુદેવને આ પ્રકારે કહ્યું)

'હે દેવાનુપ્રિય ! (તમે મારું સ્મરણ કર્યું છે તેથી) હું તરત જ અહીં ઉપસ્થિત થયો છું. બોલો, હું શું કરું ? શું આપું ? તમારો શો મનોરથ છે ?'

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે આકાશમાં ઊભેલા તે હરિણૈગમેષી દેવને જોઈને બહુ જ હર્ષિત થઈ પૌષધ પાર્યું અને હાથ જોડીને મસ્તકે અંજલિ રચીને આ પ્રકારે કહ્યું —

'હે દેવાનુપ્રિય ! (આપની કૃપાથી) મારે એક સહોદર લઘુભ્રાતાનો જન્મ થાય એવી મારી ઈચ્છા છે.'

૧૩૧. ત્યાર પછી તે હરિણૈગમેષી દેવે કૃષ્ણવાસુદેવને આ પ્રકારે કહ્યું—

'હે દેવાનુદેવ ! દેવલોકથી એક દેવ આયુષ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્ણ કરી તમારા નાનાભાઈ રૂપે જન્મ લેશે. અને તે બાલ્યાવસ્થા વીતી જતાં અર્થાત્ યુવાવસ્થા પ્રાપ્ત થતાં જ અર્હત્ અરિષ્ટનેમિની પાસે મુંડિત થઈ ગૃહવાસ ત્યાગી આનગારિક દીક્ષા લેશે.'

તે હરિણૈગમેષી દેવે કૃષ્ણવાસુદેવને બીજીવાર અને ત્રીજી વાર ઉપર પ્રમાણે કહ્યું અને પછી જે દિશામાંથી તે આવ્યા હતા તે જ દિશામાં પાછા ચાલ્યા ગયા.

કૃષ્ણ દ્વારા દેવકીને આશ્વાસન—

૧૩૨. ત્યાર પછી તે કૃષ્ણવાસુદેવ પૌષધશાળામાંથી બહાર નીકળ્યા, નીકળીને દેવકી દેવીની પાસે આવ્યા અને આવીને તેઓનાં ચરણમાં વંદન કર્યું. ચરણમાં વંદન કરીને દેવકી દેવીને તેમણે આ પ્રકારે કહ્યું—

'હે માતા ! મારે એક નાનો ભાઈ થશે. તમે ચિંતા ન કરો. [તમારો મનોરથ પૂર્ણ થશે.]' આ પ્રકારનાં ઈષ્ટ, મનોહર વચનોથી કૃષ્ણવાસુદેવે દેવકી દેવીને સંતુષ્ટ કર્યા, એ પ્રમાણે તેમને સંતોષ આપીને તેમની પાસેથી પાછા ફર્યા.

ગજસુકુમાલનો જન્મ—

૧૩૩. ત્યાર પછી પુણ્યશાળીઓ જ માત્ર જેનો ઉપભોગ કરી શકે છે તેવી સુકોમલ શય્યામાં સૂતેલી તે દેવકીએ—યાવત્ સ્વપ્નમાં સિંહને જોયો—યાવત્ ગર્ભ ધારણ કર્યો.

ત્યાર પછી નવ મહિના વીત્યા પછી દેવકી દેવીએ, જાસૂદ, બન્ધૂકપુષ્પ, લાક્ષારસ, સરસ પારિજાતક અને ઊગતા સૂર્યના જેવી પ્રભાવાળા અને સર્વ જનોનાં નયનોને સુખ આપવાવાળા, અત્યંત સુકોમળ હાથપગવાળા યાવત્ સુરૂપ અને હાથીના તાળવા જેવા સુકોમળ બાળકને જન્મ આપ્યો. જે પ્રકારે મેઘકુમારનો જન્મ થતાં તેનાં માતાપિતાએ મહોત્સવ કર્યો હતો તેવી જ રીતે દેવકી અને વસુદેવે જન્મમહોત્સવ કર્યો. તેમણે વિચાર્યું કે આ અમારો બાળક હાથીના તાળવા (ગજતાલુ) જેવો સુકોમળ છે, માટે એનું નામ ગજસુકુમાલ રહે. એમ વિચારી તેનાં માતાપિતાએ તે બાળકનું નામ ગજસુકુમાલ પાડ્યું.

ગજસુકુમાલકુમારના બાલ્યકાળથી માંડીને યૌવનકાળ સુધીનો વૃત્તાન્ત મેઘકુમારના જેવો જાણવો. યાવત્—ને ભોગ ભોગવવા સમર્થ બન્યો.

ગજસુકુમાલની ભાર્યા થાય એ માટે સોમિલ બ્રાહ્મણની પુત્રીનો કન્યાઅંતઃપુરમાં પ્રવેશ—

૧૩૪. તે દ્વારાવતી નગરીમાં ઋગ્વેદ આદિ ચારેય વેદોમાં અને વેદાંગોમાં પરિનિષ્ઠિત તથા ધનધાન્યથી સમૃદ્ધ સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો.

તે સોમિલ બ્રાહ્મણની અત્યંત સુકુમાર અંગોવાળી—યાવત્—સુંદર સોમશ્રી નામની પત્ની હતી. તે સોમિલ બ્રાહ્મણની પુત્રી અને સોમશ્રીની આત્મજા સોમા નામની એક કન્યા હતી. જે સુકુમાર—યાવત્—સુરૂપા હતી. રૂપ, યૌવન અને લાવણ્યમાં ઉત્કૃષ્ટ હતી. તથા તે ઉત્કૃષ્ટ શરીરશોભાવાળી હતી.

ત્યાર પછી કોઈ એક વાર તે સોમા બાલિકા સ્નાન કરી યાવત્ અનેક જાતના અલંકારોથી વિભૂષિત થઈ ઘણી કુબ્જા દાસીઓ યાવત્ નોકરવૃંદથી ઘેરાઈને પોતાના ઘેરથી નીકળી, નીકળીને રાજમાર્ગ ઉપર આવી, આવીને સોનાના દડાથી રમવા લાગી.

૧૩૫. તે કાળે તે સમયે અર્હત્ અરિષ્ટનેમિ ભગવાન તે દ્વારકાનગરીમાં પધાર્યા. તેથી ધર્મકથા સાંભળવા માટે પરિષદ નીકળી.

ત્યાર પછી કૃષ્ણવાસુદેવ ભગવાનના આવવાનો વૃત્તાન્ત સાંભળી સ્નાન કરી યાવત્ આભૂષણોથી વિભૂષિત થઈ પોતાના નાના ભાઈ ગજસુકુમાલ કુમારની સાથે શ્રેષ્ઠ હાથી ઉપર બેઠા, કોરંટ ફૂલોની માલાથી યુક્ત છત્રથી તથા વીંઝાતા શ્વેત ચામરોથી સુશોભિત તે કૃષ્ણવાસુદેવ દ્વારાવતી નગરીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધ્યમાંથી અર્હત્ અરિષ્ટનેમિની પાસે ચરણ-વંદન કરવા માટે નીકળ્યા. તે સમયે [દ્વારિકા-નગરીના રાજમાર્ગમાં રમતી] બાલિકા સોમાને કૃષ્ણવાસુદેવે જોઈ. તે બાલિકાનું રૂપ, લાવણ્ય અને યૌવન જોઈને કૃષ્ણવાસુદેવને ઘણું જ આશ્ચર્ય થયું. તેને જોઈને કૃષ્ણ-વાસુદેવે પોતાનાં કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે લોકો સોમિલ બ્રાહ્મણની પાસે જાઓ અને તેનાં પાસેથી તેની આ કન્યાની માગણી કરો. તે પછી તે કન્યાને અંત:પુરમાં પહોંચાડો. આ સોમા બાલિકા ગજસુકુમાલ કુમારની ભાર્યા થશે.'

પછી આજ્ઞા પ્રમાણે તે સેવકો [સોમિલ-બ્રાહ્મણની પાસે ગયા અને તેની પાસે કન્યાની યાચના કરી. અને તેમણે તે કન્યાને કૃષ્ણવાસુદેવના કન્યાઓના અંત:પુરમાં] રાખી.

૧૩૬. ત્યાર પછી તે કૃષ્ણ વાસુદેવ દ્વારાવતી નગરીની વચ્ચોવચ્ચ થઈને જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું, જ્યાં ભગવાન અર્હત્ અરિષ્ટનેમિ બિરાજતા હતા ત્યાં આવ્યા, આવીને અર્હત્ અરિષ્ટનેમિની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન—નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી અર્હત્ અરિષ્ટનેમિથી ન અતિ દૂર કે ન તદ્દન નજીક એવી રીતે રહી પર્યુ-પાસના કરવા લાગ્યા.

અરિષ્ટનેમિ દ્વારા ધર્મદેશના—

૧૩૭. ત્યાર પછી અર્હત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવ, ગજસુકુમાલ તથા તે વિશાળ પરિ-ષદને ઉદ્દેશીને ચાતુર્યામ ધર્મનો ઉપદેશ આપ્યો, જેમ કે—

સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી વિરમવું, સર્વ પ્રકારના મૃષાવાદથી વિરમવું;

સર્વ પ્રકારના અદત્તાદાનથી વિરમવું, સર્વ પ્રકારના પરિગ્રહથી વિરમવું.

ઉપદેશ સાંભળી કૃષ્ણ વાસુદેવ પાછા ફર્યા.

ગજસુકુમાલનો પ્રવ્રજ્યા-સંકલ્પ—

૧૩૮. ત્યારે તે ગજસુકુમાલે અર્હત્ અરિષ્ટનેમિ પાસે ધર્મશ્રવણ કરી અને અવધારણ કરી અર્હત્ અરિષ્ટનેમિની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવંત ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું...તે તેમ જ છે જેમ આપ નિરૂપણ કરો છો.'

વિશેષમાં કહ્યું-'હે દેવાનુપ્રિય ! હું મારા માતા-પિતાની આજ્ઞા લઈશ, ત્યાર પછી મુંડિત થઈને ગૃહવાસ છોડી આનગારિક પ્રવ્રજ્યા સ્વીકારીશ.'

[ભગવંતે કહ્યું-] 'હે દેવાનુપ્રિય ! તને સુખ થાય તે પ્રમાણે કર. કોઈ પણ પ્રકારે પ્રમાદ કરીશ નહીં.'

ગજસુકુમાલનું માતા-પિતા પાસે નિવેદન—

૧૩૯. ત્યાર બાદ ગજસુકુમાલે અર્હત્ અરિષ્ટનેમિને વંદન—નમસ્કાર કર્યા, વંદન—નમસ્કાર કરીને જ્યાં હસ્તિરત્ન હતો ત્યાં આવ્યો, આવીને શ્રેષ્ઠ હસ્તિના સ્કંધ પર બેસી સુભટોના સમૂહ-ની સાથે દ્વારાવતી નગરીની વચ્ચે થઈને જ્યાં પોતાનું ભવન હતું ત્યાં આવ્યો, આવીને હાથી પરથી નીચે ઊતર્યો, ઊતરીને જ્યાં માતા-પિતા હતા ત્યાં આવ્યો, આવીને માતા-પિતાનાં ચરણોમાં વંદન કર્યાં, ચરણવંદના કરી આ પ્રમાણે કહ્યું—

'હે માતા-પિતા ! મેં અર્હત્ અરિષ્ટનેમિ પાસે ધર્મ શ્રવણ કર્યો છે, અને તે ધર્મનો હું ચાહક બન્યો છું, વિશેષ ચાહક બન્યો છું, મને તે જ ધર્મમાં રુચિ થઈ છે.'

૧૪૦. ત્યારે ગજસુકુમાલનાં માતા-પિતાએ તેને કહ્યું—

'હે પુત્ર ! તું ધન્ય છે, પુણ્યશાળી છે, તું કૃતાર્થ છે, કૃતલક્ષણ છે, કે તેં અરિષ્ટનેમિ અર્હત્ પાસેથી ધર્મનું શ્રવણ કર્યું અને તે ધર્મ તને ઈષ્ટ, વિશેષ ઈષ્ટ તથા રુચિકર લાગ્યો.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે ગજસુકુમાલે માતા-પિતાને બીજી વાર પણ આમ કહ્યું–

'હે માતા-પિતા ! મેં અર્હત્ અરિષ્ટનેમિ પાસે ધર્મશ્રવણ કર્યો છે, અને તે ધર્મ મને ઇષ્ટ, વિશેષ ઇષ્ટ તથા રુચિકર જણાયો છે. આથી હે માતા-પિતા ! આપની અનુમતિ મેળવીને હું અર્હત્ અરિષ્ટનેમિ પાસે મુંડિત બની, ગૃહ-ત્યાગ કરી, આનગારિક દીક્ષા અંગીકારે કરવા ઇચ્છું છું.'

દેવકીની શોકાતુર દશા –

૧૪૧. ત્યાર પછી તે દેવકી દેવી તેવા અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમનહર, અશ્રુતપૂર્વ કઠોર વચનને સાંભળી તથા સમજીને આ આવા પ્રકારના પુત્રવિયોગના મહાન માનસિક દુઃખથી અભિભૂત થઈ તરત જ ધડામ દઈને ધરતી પર ઢળી પડી.

દેવકી અને ગજસુકુમાલના પરિસંવાદ –

૧૪૨. ત્યાર પછી તે દેવકી દેવી..... વિલાપ કરતાં કરતાં ગજસુકુમાલને આ પ્રમાણે કહેવા લાગી–

'હે પુત્ર ! તું અમારો એક માત્ર ઇષ્ટ પુત્ર છે..... હે પુત્ર ! અમે ક્ષણમાત્ર પણ તારો વિયોગ સહન કરી શકીએ તેમ નથી. તો હે લાલ ! અમે જ્યાં સુધી જીવિત છીએ ત્યાં સુધી તું વિપુલ માનુષી ભોગો ભોગવ. ત્યાર પછી, જ્યારે અમે મૃત્યુ પામ્યા હોઈએ અને તું પણ પ્રૌઢ થયો હોય, વંશવેલાની વૃદ્ધિ થઈ હોય, લૌકિક કાર્યો પૂરાં થયાં હોય ત્યારે અર્હત્ અરિષ્ટનેમિની પાસે મુંડિત થઈને, ગૃહ-ત્યાગ કરીને આનગારિક પ્રવ્રજ્યા લેજે.'

૧૪૩. ત્યારે માતા-પિતાની આવી વાત સાંભળીને ગજસુકુમાલે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું—

'હે માતા ! તમે મને જે કહ્યું તે તેમ જ છે કે—"હે પુત્ર ! તું અમારો એક માત્ર પુત્ર અને તેથી ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનહર, સ્થૈર્યરૂપ, વિશ્વાસરૂપ, સંમત, બહુમત, અનુમત, આભૂષણોનાં પેટી સમાન, રત્ન, રત્ન સમાન છો, જીવિતની આશા છો, હૃદયનંદન છો, ઉંબરાના ફૂલની જેમ જેનું નામ-શ્રવણ પણ દુર્લભ છે તેવો છો. પછી દર્શનની તો શું વાત કરવી ? હે પુત્ર ! ખરેખર અમે ક્ષણ-માત્ર પણ તારો વિયોગ સહન કરવા ઇચ્છતા નથી. તો હે લાલ ! અમે જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી તું વિપુલ માનુષી કામભોગો ભોગવ. ત્યાર પછી જ્યારે અમે મૃત્યુ પામ્યાં હોઈએ અને જ્યારે તું પ્રૌઢ વયનો થયો હોય, જ્યારે તારો વંશવેલો વિસ્તાર પામ્યો હોય અને લૌકિક કાર્યો પૂરાં થયાં હોય ત્યારે અર્હત્ અરિષ્ટનેમિની પાસે મુંડિત થઈને, ગૃહવાસ ત્યાગીને આનગારિક પ્રવ્રજ્યા લેજે."

'પરંતુ હે માતાજી ! મનુષ્ય ભવ અધ્રુવ છે, અનિત્ય છે, અશાશ્વત છે, સેંકડો આપત્તિ-ઓથી ભરપુર છે, વિદ્યુત સમાન ચંચળ છે, પાણીના પરપોટા સમાન અનિત્ય છે, દર્ભની અણી પર રહેલાં જળબિંદુ જેવો છે, સંધ્યાની લાલિમા જેવો છે, સ્વપ્નદર્શન સમાન છે, સડવા-પડવા-નાશ પામવાના ધર્મવાળો છે, પછી કે પહેલાં અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે. હે માતા ! તે કોણ જાણે છે કે પહેલાં કોણ અને પછી કોણ જશે ? તો હે માતાજી ! આપની અનુમતિ મળતાં જ હું અરહન્ત અરિષ્ટનેમિ પાસે મુંડિત થઈને ગૃહવાસ ત્યાગીને અનગાર-દીક્ષા લેવા ઇચ્છું છું.'

૧૪૪. ગજસુકુમાલનું આવું કથન સાંભળી માતા-પિતાએ તેને કહ્યું—

'હે પુત્ર ! પિતાનહ, પિતાના પિતામહ અને પિતાના પ્રપિતામહનાં પેઢીથી ચાલી આવેલી આ બહુ હિરણ્ય, સુવર્ણ, કાંસું, વસ્ત્રો, મણિ, મોતી, શંખ, શિલા, પ્રવાલ, માણિક આદિની સારભૂત સંપત્તિ એટલી અધિક છે કે સાત પેઢી સુધી ઇચ્છાનુસાર દાન દેવાય, ભોગવાય કે વહેંચાય તો પણ ખૂટે તેમ નથી. એટલે હે પુત્ર ! આ મનુષ્ય-સંબંધી સમૃદ્ધિ-સમુદાયનો ભોગ કર. ત્યાર પછી સર્વ સુખ-કલ્યાણ અનુભવીને પછી અર્હત્ અરિષ્ટ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેમિની પાસે મુંડિત થઈને ગૃહવાસ ત્યાગી આનગારિક પ્રવ્રજ્યા લેજે.

ત્યારે માતા-પિતાને ગજસુકુમાલે વળી આ પ્રમાણે કહ્યું—

'હે માતા-પિતા! આપ જે મને આમ કહો છો કે–"હે પુત્ર! પિતામહ, પિતાના પિતામહ અને પિતાના પ્રપિતામહની પરંપરાથી ચાલી આવેલી આ બહુવિધ હિરણ્ય, સુવર્ણ, કાંસું, વસ્ત્ર, મણિ, મોતી, શંખ, પ્રવાળ રત્ન આદિની સારભૂત સંપત્તિ ઇચ્છાનુસાર આપતાં, ભોગવતાં કે વહેંચતાં છતાં ય સાત પેઢી સુધી ખૂટે તેમ નથી. એટલા માટે હે પુત્ર! આ મનુષ્ય-સંબંધી વિપુલ સમૃદ્ધિ-સમુદયનો ભોગ કર, ત્યાર બાદ સર્વ પ્રકારના સુખ ભોગનો અનુભવ કરીને પછી અર્હત્ અરિષ્ટનેમિની પાસે મુંડિત થઈને ગૃહવાસ છોડીને આનગારિક પ્રવ્રજ્યા લેજે" તે ઠીક છે.

પરંતુ હે માતા-પિતા! આ હિરણ્ય આદિ સારભૂત સંપત્તિ અગ્નિસાધ્ય (અગ્નિથી બાળી શકાય તેવી), ચોરસાધ્ય (ચોર ચોરી શકે તેવી), રાજસાધ્ય (રાજા હરી લે તેવી), દાયસાધ્ય (દેવામાં ચાલી જાય તેવી), મૃત્યુસાધ્ય (મૃત્યુને લીધે છોડી દેવી પડે તેવી) છે, એટલે અગ્નિ સામાન્ય, ચોર-સામાન્ય, રાજસામાન્ય, દાયસામાન્ય અને મૃત્યુસામાન્ય છે તથા સડવા, પડવા તથા નાશ થવાના સ્વભાવવાળી છે. પહેલાં કે પછી અવશ્ય નાશ પામવાની છે. વળી કોણ તે જાણે છે કે પહેલાં કોણ જશે અને કોણ પછી જશે? માટે હે માત-પિતા! હું ઇચ્છું છું કે આપ આજ્ઞા આપો કે જેથી અર્હત્ અરિષ્ટનેમિ પાસે મુંડિત બની ગૃહત્યાગ કરી આનગારિક પ્રવ્રજ્યા લઉં.'

૧૪૫. ત્યારબાદ માતા-પિતા જ્યારે આખ્યાપના (સામાન્ય વાણી), પ્રજ્ઞાપના (વિશેષવાણી), સંજ્ઞાપના (સંબોધિત કરતી વાણી) અને વિજ્ઞાપના (વિનંતીભરી વાણી) દ્વારા સમજાવવામાં, બોધ કરાવવામાં, સંબોધ કરાવવામાં, વિનંતી દ્વારા અટકાવવામાં સફળ ન થયા ત્યારે વિષયોથી પ્રતિકૂળ અને સંયમ પ્રતિ ભય અને ઉદ્વેગ કરાવનારી પ્રજ્ઞાપના વાણીથી આ પ્રમાણે સમજાવવા લાગ્યા—

'હે પુત્ર! નિર્ગ્રંથ–પ્રવચન સત્ય, સર્વોત્કૃષ્ટ અદ્વિતીય, પરિપૂર્ણ, નિશ્ચિત રૂપે મોક્ષ પ્રાપ્ત કરાવનાર, અત્યંત શુદ્ધ, શલ્યનાશક, સિદ્ધિના માર્ગરૂપ, મુક્તિના માર્ગરૂપ, નિર્યાણ-માર્ગરૂપ, નિર્વાણમાર્ગરૂપ, સર્વદુઃખનાશના માર્ગરૂપ છે, તથા સર્પની જેમ લક્ષ્ય પ્રતિ નિશ્ચલ એકાંત દૃષ્ટિવાળું છે, છરીની જેમ એકાગ્ર ધારવાળું છે, લોઢાના ચણા ચાવવા જેવું છે, રેતીના કોળિયા જેવું ગળે ઉતારવું મુશ્કેલ છે, ગંગા મહાનદીને સામા પ્રવાહે તરવા જેવું છે, ભુજાથી મહાસમુદ્ર તરવા જેવું છે, તીક્ષ્ણ ધાર પર આક્રમણ કરવા જેવું છે, ગળામાં વજન લટકાવવા જેવું છે, તરવારની ધાર પર ચાલવા જેવું કઠિન છે.

હે પુત્ર! શ્રમણ નિર્ગ્રંથોને આધાકર્મી, ઔદ્દેશિક, ક્રીતકૃત, સ્થાપિત (સાધુ માટે રાખી મૂકેલ), રચિત (સાધુ માટે પહેલાં રાખેલા ભોજનને ફરી તૈયાર કરી રાખવું), દુર્ભિક્ષ-ભક્ત, કાન્તાર ભક્ત, વર્દલિકા ભક્ત, ગ્લાન ભક્ત (રોગી નિરોગી બને તેવી કામનાથી સાધુને આપવામાં આવતું ભોજન), મૂળ,કંદ ફળ, બીજ, અને લીલી વનસ્પતિનું ભોજન લેવાનું કે ખાવાનું વર્જ્ય છે.

હે પુત્ર! તું સુખમાં ઊછર્યો હોઈ સુખ ભોગવવા યોગ્ય છે, દુઃખ સહન કરવા તું સમર્થ નથી. તું ઠંડી, ગરમી, ભૂખ, તરસ સહન કરવા સમર્થ નથી. ન તું વાત, પિત્ત, કફ જનિત રોગો અને સન્નિપાત આદિ વિવિધ રોગાંતકો સહન કરવા સમર્થ છે, ન ખાડા-ટેકરા, ગ્રામ્યકંટકો, બાવીશ પ્રકારના પરીષહ–ઉપસર્ગો સારી રીતે સહન કરવા શક્તિમાન છે. આથી હે પુત્ર! મનુષ્ય સંબંધી કામભોગો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગવ અને ભોગો ભોગવી લીધા પછી અર્હંત્ અરિષ્ટનેમિ પાસે જઈ, મુંડિત બની, ગૃહવાસ છોડી, અનગારદીક્ષા લેજે.'

૧૪૬. ત્યાર પછી ગજસુકુમાલ કુમારે માતા-પિતાની આવી વાત સાંભળી માતા-પિતાને આ પ્રમાણે કહ્યું—

'હે માતા-પિતા ! આપે મને જે કંઈ કહ્યું તે સારું છે કે "હે પુત્ર ! નિર્ગ્રંથ પ્રવચન સત્ય, અનુત્તર, અદ્વિતીય, પરિપૂર્ણ, નિશ્ચિતપણે મોક્ષદાયક, સમ્યક્પણે શુદ્ધ, શલ્યનાશક, સિદ્ધિમાર્ગરૂપ, નિર્જરામાર્ગરૂપ, નિર્વાણમાર્ગરૂપ અને સર્વ દુઃખોના નાશના માર્ગ સમાન છે તથા સર્પની જેમ લક્ષ્ય પ્રતિ એકાગ્ર દૃષ્ટિવાળું, છરીની જેવું એકધારવાળું લોઢાના ચણા ચાવવા જેવું, રેતીના કોળિયા જેવું નીરસ, ગંગા મહાનદીના સામા પ્રવાહમાં તરવા જેવું, હાથ વડે મહાસમુદ્રને પાર કરવા જેવું, તીક્ષ્ણ ધાર પર આક્રમણ કરવા જેવું, ગળામાં ભાર લટકાવવા જેવું તથા તલવારની ધાર પર ચાલવા જેવું છે." એ સાથે એ પણ કહ્યું કે "હે પુત્ર ! શ્રમણ નિર્ગ્રંથોને આધાકર્મી, ઔદ્દેશિક, ક્રીત-કૃત, સ્થાપિત, રચિત, દુર્ભિક્ષભકત, કાંતારભક્ત, વર્દલિકાભક્ત, ગ્લાનભક્ત, મૂળ, કંદ, ફળ, બીજ, લીલી વનસ્પતિ ખાવાની કે લેવાની છૂટ નથી.

હે પુત્ર ! તું સુખ ભોગવવા લાયક છે, દુઃખ ભોગવવા પાત્ર નથી. અને ઠંડી, ગરમી, ભૂખ, તરસ, વાત, પિત્ત તથા કફજન્ય રોગો તથા સન્નિપાત વગેરે જેવા રોગાંતકો, ઉચ્ચ-નીચ ઇન્દ્રિય-વિષયો અને વચનો, બાવીશ પરીષહો, ઉપસર્ગો અદીનપણે સારી રીતે સહન કરવા તું સમર્થ નથી. આથી હે પુત્ર ! પહેલાં મનુષ્યસંબંધી ભોગો ભોગવ અને ભોગો ભોગવી લીધા પછી અર્હંત્ અરિષ્ટનેમિ ભગવંત પાસે મુંડિત બની, ગૃહવાસ છોડી અનગાર-દીક્ષા લે"

પરંતુ હે માતા-પિતા ! આ નિર્ગ્રંથ પ્રવચન નપુંસકો, કાયરો, કાપુરુષો, આ લોકના વિષય-સુખોની અભિલાષા રાખનારા, પરલોકમાં સુખની આકાંક્ષા રાખનારા સામાન્ય માણસો માટે દુષ્કર છે, પણ ધીર વીર પુરુષો માટે દુષ્કર નથી. દૃઢ સંકલ્પવાળા પુરુષાર્થી માટે એમાં શું દુષ્કર છે ? એટલે હે માતા-પિતા ! આપ આજ્ઞા આપો જેથી હું અર્હંત્ અરિષ્ટનેમિ પાસે મુંડિત બની, ગૃહત્યાગ કરી, અનગાર-પ્રવ્રજ્યા લઉં.'

કૃષ્ણનો ગજસુકુમાલ પાસે રાજ્યગ્રહણનો પ્રસ્તાવ—

૧૪૭. ત્યાર બાદ આ સમાચાર (ગજસુકુમાલ દીક્ષા લેવાના છે તે સમાચાર) જાણી કૃષ્ણ વાસુદેવ જ્યાં ગજસુકુમાલ હતા ત્યાં આવ્યા, આવીને ગજસુકુમાલને આલિંગન આપ્યું, આલિંગન આપી ખોળામાં બેસાડ્યા, બેસાડીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! તું મારો નાનો સહોદર બંધુ છે, માટે [મારી વાત માન અને] હાલ અર્હંત્ અરિષ્ટનેમિ પાસે મુંડિત બની, ગૃહત્યાગ કરી, દીક્ષા ન લે. હું આજે જ મહાન ઉત્સવપૂર્વક તારો રાજ્યાભિષેક કરાવીશ'.

કૃષ્ણ વાસુદેવની આવી વાત સાંભળી ગજસુકુમાલ કુમાર મૌન થઈ ગયા. ત્યાર પછી ગજસુકુમાલ કુમારે કૃષ્ણ વાસુદેવ તથા પોતાનાં માત-પિતાને બીજી અને ત્રીજી વાર આ પ્રકારે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! માનુષી કામભોગના આધારભૂત આ શરીર અશુચિનું સ્થાન છે, પિત્તનું સ્થાન છે, કફનું સ્થાન છે, મૂત્રનું સ્થાન છે, શોણિતનું સ્થાન છે, તથા દુર્ગંધયુક્ત શ્વાસોચ્છ્વાસ, મળ, મૂત્ર, પરુ આદિથી ભરપૂર છે, મળ, મૂત્ર, કફ, વમન, પિત્ત, શુક્ર અને શોણિતનો ભંડાર છે, તથા અધ્રુવ છે, અનિત્ય છે, અશાશ્વત છે. સડવું, પડવું અને નષ્ટ થવું એવા ધર્મથી યુક્ત હોવાને કારણે આગળ-પાછળ કયારેક ને કયારેક તે અવશ્ય નષ્ટ થવાનું છે.

'હે દેવાનુપ્રિયો ! કોણ જાણે છે કે પહેલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોણ જશે અને કોણ પછી જશે ? એટલા માટે હે દેવાનુપ્રિયો ! આપની આજ્ઞા લઈને હું અર્હત્ અરિષ્ટનેમિ ભગવંત પાસે મુંડિત બની, ગૃહત્યાગ કરી પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

ગજસુકુમાલનું એક દિવસ રાજ્ય—

૧૪૮. ત્યાર પછી જ્યારે કૃષ્ણ વાસુદેવ અને વસુદેવ તથા દેવકી દેવી ગજસુકુમાલને વિષયોને અનુકૂળ અને વિષયોથી પ્રતિકૂળ અનેક પ્રકારની આખ્યાપના, પ્રજ્ઞાપના, સંજ્ઞાપના અને વિજ્ઞાપના વાણી દ્વારા સમજાવવા, સંબોધવા, શીખવવા, વીનવવામાં સફળ ન થયા ત્યારે આ પ્રમાણે બોલ્યા—

'હે પુત્ર ! અમે લોકો તને એક દિવસ તો એક દિવસ માટે પણ રાજ્ય સિંહાસન પર બેસાડીને તારી રાજ્યશ્રી જોવા ઇચ્છીએ છીએ. માટે તું એક દિવસ માટે પણ આ રાજ્યલક્ષ્મીનો સ્વીકાર કર.'

માતા-પિતા અને કૃષ્ણ વાસુદેવના આ આગ્રહને કારણે ગજસુકુમાલ મૌન થઈ ગયા.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ જાઓ અને ગજસુકુમાલના રાજ્યાભિષેક માટે મહાર્થ મહર્ઘ, મહામૂલ્યવાન વિપુલ સામગ્રી લઈ આવો.'

ત્યારે તે કૌટુંબિક સેવકો ગજસુકુમાલના રાજ્યાભિષેક માટેની મહર્ઘ, મહામૂલ્યવાન વિપુલ સામગ્રી લઈ આવ્યા.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે મહાન રાજ્યાભિષેક ઉત્સવ સાથે ગજસુકુમાલનો રાજ્યાભિષેક કર્યો, અભિષેક કરી બન્ને હાથ જોડી અંજલિ મસ્તકે અડાડી આ પ્રમાણે કહ્યું—

'હે નંદન ! તારો જય હો. હે ભદ્ર ! તારો જય હો. હે નંદન ! તારું કલ્યાણ હો. તું ન જીતેલાને જીતી લે અને જીતેલાનું પાલન કર. વિજયની વચ્ચે તારો નિવાસ હો. દેવોમાં ઇન્દ્ર, અસુરોમાં ચમર, નાગોમાં ધરણ, તારાઓમાં ચંદ્ર અને મનુષ્યોમાં ભરત ચક્રવર્તી સમાન થઈને તું દ્વારાવતી નગરી તથા બીજાં અનેક ગ્રામ, આકર, નગર, ખેડ, કર્બટ, દ્રોણમુખ, મડંબ, પાટણ, આશ્રમ, નિગમ, સંવાહ, સંનિવેશ આદિનું આધિપત્ય, સ્વામિત્વ, ભર્તૃત્વ, આજ્ઞાધારકત્વ, ઈશ્વરત્વ અને સેનાપતિત્વ કરતાં કરતાં તથા પાલન કરતાં કરતાં જોરશોરથી વાગતાં વાજિત્રો-તંત્રી, તલ, તાલ, ત્રુટિત, ઘન, મૃદંગ, ઢોલ અને નગારાં સાથેના રવ સાથેના નૃત્ય-ગીત સાથે વિપુલ ભોગો ભોગવતો વિલાસ કર' એમ કહી 'જય જય' શબ્દનો ઘોષ કર્યો.

ત્યારે તે ગજસુકુમાલ રાજા બન્યા યાવત્ રાજ્યશાસન કરતા વિહરવા લાગ્યા.

ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવ તથા માતા-પિતાએ તે ગજસુકુમાલ રાજાને આ પ્રમાણે કહ્યું—

'હે લાલ ! કહે તને શું આપીએ ? શું ભેટ કરીએ ? અથવા તારી હાર્દિક ઇચ્છા શું છે ?

ગજસુકુમાલની પ્રવ્રજ્યા—

૧૪૯. ત્યાર બાદ તે ગજસુકુમાલ રાજાએ કૃષ્ણ વાસુદેવ તથા માતાપિતાને આમ કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! હું કુત્રિકાપણ(જ્યાં સર્વ વસ્તુઓ મળે તેવી હાટ)માંથી રજોહરણ અને ભિક્ષાપાત્ર મંગાવવા અને હજામને બોલાવવા ઇચ્છું છું.' [મહાબલની જેમ અભિનિષ્ક્રમણ (વર્ણન).

ત્યાર પછી ગજસુકુમાલ કુમારે અર્હત્ અરિષ્ટનેમિ ભગવંતની પાસે આવો આ પ્રકારનો ધર્મોપદેશ સારી રીતે ગ્રહણ કર્યો-તેમની આજ્ઞા મુજબ જ તે ચાલતા, ઊભા થતા, બેસતા, આહાર લેતા, બોલતા અને અપ્રમત્ત બની સાવધાનીપૂર્વક અન્ય પ્રાણો જીવો ભૂતો, સત્ત્વોની યતનાપૂર્વક સંયમપાલન કરવા લાગ્યા.

ત્યાર બાદ તે ગજસુકુમાલ અનગાર બન્યા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈર્યાસમિતિ આદિથી યુક્ત યાવત્ ગુપ્તિઓથી ગુપ્ત અને બ્રહ્મચારી.

ત્યાર બાદ તે ગજસુકુમાલ જે દિવસે પ્રવ્રજિત થયા તે જ દિવસે ચોથા પ્રહરમાં જ્યાં અર્હંત્ અરિષ્ટનેમિ વિરાજમાન હતા ત્યાં આવ્યા, આવીને અર્હંત્ અરિષ્ટનેમિની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા –

'હે ભગવંત ! આપની આજ્ઞા લઈને હું મહાકાળ સ્મશાનમાં એક રાત્રિની મહાપ્રતિમા ધારણ કરી રહેવા માગું છું.'

[ભગવંતે કહ્યું –] ' હે દેવાનુપ્રિય ! જેમ જેમ સુખ થાય તેમ કર. તેમાં વિલંબ કરીશ નહીં.'

ગજસુકુમાલ દ્વારા મહાપ્રતિમા-ઉપસંપદા—

૧૫૦ ત્યાર પછી તે ગજસુકુમાલ અનગારે અર્હંત અરિષ્ટનેમિની આજ્ઞા લઈને પછી અર્હંત્ અરિષ્ટનેમિને વંદન-નમન કર્યાં., વંદન-નમન કરીને અર્હંત્ અરિષ્ટનેમિ પાસેથી અને સહસ્રામ્રવનમાંથી નીકળ્યા, નીકળીને જ્યાં મહાકાલ સ્મશાન હતું ત્યાં આવ્યા, આવીને પ્રાસુકભૂમિની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને પછી ઉચ્ચાર-પ્રસ્રવણ-ભૂમિની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને પછી શરીરને સહેજ નમાવીને, હાથ લાંબા કરીને અને બન્ને પગને સંકોરીને અપલક નેત્રો દ્વારા શુષ્ક પુદ્ગલો પર દૃષ્ટિ કેન્દ્રિત કરી એક રાત્રિની મહાપ્રતિમા ધારણ કરીને ધ્યાનમગ્ન થયા.

સોમિલકૃત ઉપસર્ગ —

૧૫૧. આ બાજુ સોમિલ બ્રાહ્મણ સમિધ માટે દ્વારાવતી નગરીની બહાર ગયો હતો. તેણે સમિધ, દર્ભ, કુશ અને પત્ર લીધાં, લઈને ત્યાંથી પાછો ફરતો હતો ત્યારે નિર્જન મહાકાલ સ્મશાનની નજીકથી પસાર થતાં સંધ્યાકાળ સમયે તેણે ગજસુકુમાલને જોયો, જોઈને તેના હૃદયમાં વેરનું સ્મરણ થયું, વેરથી ક્રોધાયમાન, રુષ્ટ, પ્રચંડ કોપાયમાન થઈ તે આ પ્રમાણે બોલ્યો –

'અરે ! આ તો તે અપ્રાર્થિતપ્રાર્થિત (ન ઇચ્છવા યોગ્ય-મૃત્યુ-ની ઇચ્છા કરનારો) દુરંતપ્રાંત લક્ષણ (દુર્લક્ષણ), અભાગિયો, ચૌદશીયો, શ્રી-હ્રી-ધૃતિ અને કીર્તિહીન, ગજસુકુમાલ કુમાર છે, જેણે મારી પુત્રી અને સોમશ્રીની જાયા સોમા જેવી નિર્દોષ અને નવયૌવનાને ત્યજીને મુંડિત બનીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે. તો મારા માટે આ તક છે કે ગજસુકુમાલ સાથે વેર વાળી લઉં.'

તેણે આમ વિચાર કર્યો, વિચાર કરીને ચારે દિશાઓનું અવલોકન કર્યું (કે કોઈ જોતું તો નથી ને), અવલોકન કરી ભીની માટી લીધી, લઈને જ્યાં ગજસુકુમાલ અનગાર હતા ત્યાં આવ્યો, આવીને ગજસુકુમાલ અનગારના મસ્તક પર માટીની પાળ બાંધી, પાળ બાંધીને સળગતી ચિતામાંથી ખીલેલા પલાશપુષ્પ જેવા લાલ લાલ ખેરના લાકડાના અંગારા કોઈ ફૂટેલા માટીના વાસણના ટુકડામાં લીધા, લઈને તેને ગજસુકુમાલ અણગારના મસ્તક પર મૂક્યા, મૂકીને પોતાને કોઈએ જોયો તો નહીં હોય ને એવી બીકથી ભયભીત, ત્રસ્ત અને ઉદ્વિગ્ન થઈને તરત જ ત્યાંથી ભાગ્યો, ભાગીને જ્યાંથી આવ્યો હતો તે દિશામાં ચાલ્યો ગયો.

ગજસુકુમાલની સિદ્ધિ —

૧૫૨. ત્યાર પછી તે ગજસુકુમાલ અનગારના શરીરમાં અત્યંત દારુણ વેદના પેદા થઈ યાવત્ મહાદુઃખદાયક અસહ્ય પીડા થઈ.

ત્યારે તે ગજસુકુમાલ અનગારે સોમિલ બ્રાહ્મણ પ્રતિ મનમાં લેશ પણ દ્વેષભાવ રાખ્યા વિના તે દારુણ યાવત્ અસહ્ય વેદના સહન કરી.

ત્યાર પછી તે ગજસુકુમાલ અનગારે તે દારુણ યાવત્ અસહ્ય વેદનાને વીતરાગભાવથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહન કરતાં શુભ પરિણામ અને પ્રશસ્ત અધ્યવસાયને કારણે તદાવરણીય કર્મોનો ક્ષય કરતાં કર્મરજના વિનાશક નિવારક એવા અપૂર્વકરણ સ્થાનમાં પ્રવેશ કર્યો, જેનાથી તેમને અનંત, અનુત્તર યાવત્ સર્વોત્તમ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયાં. ત્યાર બાદ તેઓ સિદ્ધ યાવત્ સર્વ દુઃખોથી મુક્ત બન્યા.

તે સમયે સાન્નિધ્યકારી દેવોએ 'સમ્યગ્ આરાધના કરી' એમ વિચારી દિવ્ય સુગંધી જળની વર્ષા કરી, સર્વત્ર પચરંગી ફૂલો વરસાવ્યાં, દિવ્ય વસ્ત્રોની વર્ષા કરી તથા દિવ્ય ગીતો અને વાજિંત્રોના નાદથી આકાશ ભરી દીધું.

કૃષ્ણ દ્વારા વૃદ્ધને સહાય —

૧૫૩. ત્યાર બાદ રાત્રિ પૂરી થતાં બીજે દિવસે પ્રભાતે યાવત્ સહસ્રારશ્મિ દિનકર સૂર્યનો ઉજ્જવળ પ્રકાશ પ્રસર્યો ત્યારે કૃષ્ણ વાસુદેવ સ્નાન–યાવત્–આભૂષણોથી અલંકૃત બની, શ્રેષ્ઠ હાથી પર બેસી, કોરંટ પુષ્પોની માળા યુક્ત છત્ર મસ્તક પર ધારણ કરી, ઉત્તમ શ્વેત ચામરોના વીંઝણા સાથે મહાન સુભટોના સમૂહ સાથે, દ્વારાવતી નગરીની વચ્ચે થઈને જ્યાં અર્હત્ અરિષ્ટનેમિ હતા ત્યાં જવા નીકળ્યા.

ત્યારે દ્વારાવતી નગરીની વચ્ચોવચ્ચ થઈને જતા તે કૃષ્ણ વાસુદેવે બહાર માર્ગ પર ઈંટોના મોટા ઢગલામાંથી એક એક ઈંટ ઉપાડી પોતાના મકાન તરફ લઈ જતા એક જર્જરિત દેહવાળા, દુઃખી, દુર્બળ, સૂકલકડી, થાકેલા વૃદ્ધ પુરુષને જોયો.

ત્યારે તે વૃદ્ધ પુરુષ પર દયા કરીને કૃષ્ણ વાસુદેવે હાથી પર બેઠા બેઠા જ એક ઈંટ લીધી અને બહારના માર્ગ પરથી ઉપાડી તેના ઘરની અંદર લઈ જઈ મૂકી.

ત્યારે કૃષ્ણ વાસુદેવ દ્વારા એક ઈંટ લઈને ઘરમાં મુકાતી જોઈને સાથમાં રહેલા અનેક પુરુષોએ પણ એક એક ઈંટ ઉપાડીને તે વિશાળ ઈંટના ઢગલાને બહારના માર્ગ પરથી તે પુરુષના ઘરમાં પહોંચાડી દીધો.

કૃષ્ણની ગજસુકુમાલના દર્શનની અભિલાષા–

૧૫૪. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ દ્વારાવતી નગરી વચ્ચોવચ્ચ થઈને નીકળ્યા, નીકળીને જ્યાં અર્હત્ અરિષ્ટનેમિ વિરાજ્યા હતા ત્યાં આવ્યા, આવીને અર્હત્ અરિષ્ટનેમિની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન–નમન કર્યા, વંદન–નમન કરીને ગજસુકુમાલ અણગારને ન જોતાં પુનઃ તેમણે અર્હત્ અરિષ્ટનેમિને વંદન–નમસ્કાર કર્યા પછી આ પ્રમાણે કહ્યું –

'હે ભદંત ! મારા સહોદર કનિષ્ટ ભ્રાતા ગજસુકુમાલ અનગાર ક્યાં છે ? હું તેમને વંદન–નમસ્કાર કરવા ઇચ્છું છું.'

અરિષ્ટનેમિ દ્વારા ગજસુકુમાલની સિદ્ધિનું કથન —

૧૫૫. ત્યાર પછી અર્હત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું–

'હે કૃષ્ણ ! ગજસુકુમાલે પોતાનો અર્થ સાધી લીધો છે.'

ત્યારે કૃષ્ણ વાસુદેવે અર્હત્ અરિષ્ટનેમિને આ પ્રમાણે પૂછ્યું–

'હે ભદંત ! ગજસુકુમાલ અણગારે પોતાનો અર્થ કેવી રીતે સાધી લીધો છે ?'

ત્યારે અર્હત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું –

'હે કૃષ્ણ ! કાલે દીક્ષા લીધા પછી દિવસના ચોથા પ્રહરમાં ગજસુકુમાલ અણગારે મને વંદન–નમન કરી આ પ્રમાણે કહ્યું, હે ભગવંત ! હું આપની આજ્ઞા લઈને મહાકાલ સ્મશાનમાં એક રાત્રિની મહાપ્રતિમા અંગીકાર કરવા ઇચ્છું છું. – યાવત્ તે એક રાત્રિની મહાપ્રતિમા ધારણ કરી વિચરવા લાગ્યા અર્થાત્ મહાપ્રતિમા ધારણ કરી ધ્યાનલીન થઈ ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારબાદ તે ગજસુકુમાલ અનગારને એક પુરુષે ધ્યાનમગ્ન જોયા, જોઈને ક્રોધાયમાન બની ગજસુકુમાલ અનગારના મસ્તક પર માટીની પાળ બાંધી, પાળ બાંધી સળગતી ચિતામાંથી ખેરના લાકડાના પલાશપુષ્પો જેવા રાતા ચોળ સળગતા અંગારા માટીના કોઈ ફૂટેલા વાસણમાં લઈને ગજસુકુમાલ અણગારના મસ્તક ઉપર નાખ્યા, નાખીને પછી ભયભીત, ત્રસ્ત અને ઉદ્વિગ્ન બનીને, ભયનો માર્યો તે ત્યાંથી તરત જ ભાગી નીકળ્યો, ભાગીને જ્યાંથી આવ્યો હતો તે જ રસ્તે ચાલ્યો ગયો.

મસ્તક પર અંગારા મૂકવાથી ગજસુકુમાલ અણગારના શરીરમાં અત્યંત તીવ્ર, વિપુલ, કર્કશ, પ્રગાઢ, પ્રચંડ, અસહ્ય, દુઃખભરી વેદના પેદા થઈ.

તો પણ ગજસુકુમાલ અણગારના મનમાં તે પુરુષ તરફ સહેજ પણ દ્વેષભાવ પેદા ન થયો અને તે અસહ્ય યાવત્ દારુણ વેદના તેમણે સહન કરી લીધી.

ત્યારબાદ તે ગજસુકુમાલ અણગાર તે પ્રચંડ યાવત્ અસહ્ય વેદનાને સહન કરવાથી શુભ પરિણામ, પ્રશસ્ત અધ્યવસાયો અને તદાવરણીય કર્મોના ક્ષયથી કર્મરજને વિનષ્ટ કરનાર અપૂર્વકરણ સ્થાનમાં પ્રવેશ્યા અને તેમને અનંત, અનુત્તર, નિરાબાધ, નિરાવરણ સંપૂર્ણ, પરિપૂર્ણ, શ્રેષ્ઠ કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત થયું. ત્યારબાદ સિદ્ધિ મેળવી. આ રીતે હે કૃષ્ણ ! ગજસુકુમાલ અણગારે પોતાનો અભિલષિત–ઇચ્છિત આત્માર્થ સાધી લીધો છે—એમ મેં કહ્યું હતું.'

ઉપસર્ગની વાત સાંભળી કૃષ્ણનો ક્રોધ–

૧૫૬. ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે અર્હત્ અરિષ્ટનેમિને આ પ્રમાણે પૂછ્યું–

'હે ભગવંત ! તે કોણ અપ્રાર્થિતને ઇચ્છનારો, દુર્દાન્ત લક્ષણવાળો, હીનપુણ્ય, ચતુર્દશીએ જન્મેલ, શ્રી,હ્રી, ધૃતિ અને કીર્તિથી ત્યજાયેલો છે કે જેણે મારા સહોદર લઘુબંધુ ગજસુકુમાલ અણગારના અકાળે પ્રાણ હરી લીધા ?'

ઉપસર્ગ કરીને સહાય જ કરી છે–એમ ક્રોધશમન–

૧૫૭. ત્યારબાદ અર્હત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું–

'હે કૃષ્ણ ! તમે તે પુરુષ પર ક્રોધ ન કરો. કેમ કે તે પુરુષે ગજસુકુમાલ અણગારને સહાયતા કરી છે.'

'હે ભગવન્ ! તે પુરુષે ગજસુકુમાલને સહાય કરી છે ? એવું આપ કઈ રીતે કહો છો ?' [કૃષ્ણ વાસુદેવે પૂછ્યું.]

ત્યારે અર્હત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું–

'હે કૃષ્ણ ! તે આ રીતે કે જેવી રીતે તમે મારી પાસે વંદન કરવા આવતી વેળા દ્વારાવતી નગરીમાં એક જરાજર્જરિત દેહવાળા, રોગી, ભૂખ્યા–તરસ્યા, દુર્બળ, થાકેલા વૃદ્ધ પુરુષને ઈંટોના વિશાળ ઢગલામાંથી એક એક ઈંટ ઉપાડીને બહારના માર્ગ પરથી ઘરની અંદર લઈ જતો જોયો હતો—

ત્યારે તમે તે પુરુષ પર દયા આણી હાથી પર બેઠા બેઠા જ એક ઇંટ ઉપાડી હતી અને ઉપાડીને બહારના માર્ગ પરથી તેના ઘરમાં મૂકી હતી. જેથી તમને એક ઈંટ લઈને ઘરમાં મૂકતા જોયા તો તમારી સાથે રહેલા અનેક મનુષ્યોએ તે ઈંટોના ઢગલાને બહારના માર્ગ પરથી ઘરની અંદર પહોંચાડી દીધો હતો.

એ રીતે હે કૃષ્ણ ! જેમ તમે તે પુરુષને સહાય આપી તે જ રીતે હે કૃષ્ણ ! તે પુરુષે ગજસુકુમાલ અનગારને પણ એના લાખો ભવમાં સંચિત કરેલાં કર્મોની ઉદીરણા કરાવીને સમસ્ત કર્મોની નિર્જરા કરવામાં સહાય કરી છે.'

કૃષ્ણ દ્વારા ઉપસર્ગકર્તાની જાણ–

ત્યારબાદ કૃષ્ણ વાસુદેવે અર્હત્ અરિષ્ટનેમિને આ પ્રમાણે કહ્યું–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે ભદંત ! હું તે પુરુષને કેવી રીતે ઓળખી શકું ?'

૧૫૮. ત્યારે અર્હંત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું—

'હે કૃષ્ણ ! દ્વારાવતી નગરીમાં પ્રવેશ કરતા તમને જોઈને ઊભા ઊભા જ આયુ તથા સ્થિતિક્ષય થતાં જે ત્યાં જ મરણને શરણ થાય તે પુરુષને જોઈને તમારે જાણવું કે 'આ તે જ પુરુષ છે જેણે ગજસુકુમાલના પ્રાણ લીધા છે.'

ત્યારબાદ કૃષ્ણ વાસુદેવે અર્હંત્ અરિષ્ટનેમિને વંદન-નમન કર્યાં, વંદન-નમન કરી જ્યાં અભિષેક-હસ્તિરત્ન હતો ત્યાં આવ્યા, આવીને તે હાથી પર બેઠા, બેસીને જ્યાં દ્વારાવતી નગરી હતી, જ્યાં પોતાનો મહેલ હતો ત્યાં જવા નીકળ્યા.

સોમિલનું અકાળ મૃત્યુ-

૧૫૯. ત્યાર પછી સહસ્રરશ્મિ દિનકર સૂર્યનો પોતાના જાજ્વલ્યમાન તેજ સાથે ઉદય થતાં, રાત્રિ વીતી પ્રભાત થતાં, તે સોમિલ બ્રાહ્મણના મનમાં આ આવા પ્રકારનો અધ્યવસાય-યાવત્-વિચાર ઉત્પન્ન થયો કે-'કૃષ્ણ વાસુદેવ અર્હંત્ અરિષ્ટનેમિના પાયવંદન માટે ગયા છે. મારું કૃત્ય અર્હંતે જાણેલું છે, વિશેષ જાણેલું છે, સાંભળેલું છે અને તેઓ કૃષ્ણ વાસુદેવને કહેશે. કૃષ્ણ વાસુદેવ તે જાણીને, ન જાણે કેવા પ્રકારના કુમૃત્યુથી મને મારશે.'

આવો વિચાર કરી ભયભીત, ત્રસ્ત અને ઉદ્વિગ્ન થઈ પોતાના ઘરેથી નીકળી પડ્યો.

આ બાજુ કૃષ્ણ વાસુદેવ ભ્રાતૃશોકના કારણે રાજમાર્ગ છોડીને નાના માર્ગથી દ્વારાવતી નગરીમાં પ્રવેશ્યા, ત્યારે સહસા તે તેમની નજરે પડ્યો.

ત્યારે તે સોમિલ બ્રાહ્મણ એકાએક કૃષ્ણ વાસુદેવને જોઈને ભયભીત-યાવત્-ભયાક્રાન્ત થઈને ઊભો ઊભો જ સ્થિતિક્ષય થવાથી મરણને શરણ થયો, અને ધડામ દઈને જમીન પર ઢળી પડ્યો.

ત્યારબાદ કૃષ્ણ વાસુદેવે તે સોમિલ બ્રાહ્મણને જોયો, જોઈને આ પ્રમાણે કહ્યું—

'અરે ઓ દેવાનુપ્રિયો ! જુઓ આ જ તે અપ્રાર્થિતપ્રાર્થિત યાવત્ શ્રી, હ્રી, ધી, કીર્તિ-વર્જિત સોમિલ બ્રાહ્મણ છે જેણે મારા લઘુ સહોદર ભ્રાતા ગજસુકુમાલ અણગારના અકાળે પ્રાણ હર્યા હતા.' આમ કહી સોમિલ બ્રાહ્મણના શબને ચાંડાળો પાસે ઘસડાવ્યું, ઘસડાવીને તે જમીન પાણીથી ધોવરાવી, ધોવરાવીને પછી જ્યાં પોતાનો મહેલ હતો ત્યાં પહોંચ્યા અને તેમાં પ્રવેશ્યા.

* * *

૯. અરિષ્ટનેમિ-તીર્થમાં સુમુખાદિ કુમારો

૧૬૦. તે કાળે તે સમયે દ્વારાવતી નગરીમાં કૃષ્ણ વાસુદેવ નામે રાજા યાવત્ વિચરતા હતા.

તે દ્વારાવતી નગરીમાં બલદેવ નામે રાજા હતા—વર્ણન.

તે બલદેવ રાજાની ધારિણી નામે રાણી હતી વર્ણન.

ત્યારબાદ તે ધારિણી રાણી કોઈ એક વાર પોતાને યોગ્ય શય્યામાં સુઈ રહી હતી—યાવત્ પોતાના મુખમાં પ્રવેશ કરતા સિંહને સ્વપ્નમાં જોઈને જાગી ઊઠી. શેષ વર્ણન ગૌતમ કુમાર સમાન, પણ અહીં એટલું વિશેષ કે કુમારનું નામ સુમુખકુમાર. તેને પચાસ કન્યાઓ સાથે પરણાવ્યો. પચાસની સંખ્યામાં દાયજો. [બાદ દીક્ષા પછી] ચૌદ પૂર્વનો અભ્યાસ. વીસ વર્ષનો શ્રમણપર્યાય. શેષ પૂર્વવત્ યાવત્ શત્રુંજય પર સિદ્ધિ.

૧૬૧. એવી જ રીતે દુર્મુખ અને કૂપદારક એ બેનું વર્ણન પણ સમજવું. ત્રણે બળદેવ અને ધારિણીના પુત્રો.

દારુકનું વર્ણન પણ તે જ પ્રમાણે-વિશેષ તે વસુદેવ અને ધારિણીનો પુત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ પ્રમાણે અનાધૃષ્ટિ કુમારનું વર્ણન-તે પણ વસુદેવ અને ધારિણી નામક માતા–પિતાનો પુત્ર.

* * *

૧૦. જાલિ આદિ શ્રમણો

ગાથાર્થ :– ૧. જાલિ, ૨. મયાલિ, ૩. ઉવયાલિ, ૪. પુરુષસેન, ૫. વારિષેણ, ૬. પ્રદ્યુમ્ન, ૭. શાંબ, ૮. અનિરુદ્ધ, ૯. સત્યનેમિ અને ૧૦. દઢનેમિ.

૧૬૨. તે કાળે તે સમયે દ્વારાવતી નામે નગરી હતી. તે દ્વારાવતી નગરીમાં યાવત્–કૃષ્ણ વાસુદેવ આધિપત્ય યાવત્ કરતા, પાલન કરતા વિહરતા હતા. તે દ્વારાવતી નગરીમાં વસુદેવ નામે રાજા હતા. તેમની ધારિણી નામે રાણી હતી–કુમાર જન્મનું વર્ણન ગૌતમકુમાર સમાન, વિશેષ માત્ર તેનું જાલિકુમાર નામ. તેને પચાસની સંખ્યામાં દાયજો. [દીક્ષા લીધા પછી] બાર અંગોનું અધ્યયન. સોળ વર્ષનો શ્રામણ્ય–પર્યાય. શેષ વર્ણન ગૌતમકુમારની જેમ જ યાવત્ શત્રુંજય પર્વત પર સિદ્ધિ.

એ જ રીતે–મયાલિ, ઉવયાલિ, પુરુષસેન અને વારિષેણ સંબંધી.

એ જ રીતે–પ્રદ્યુમ્નનું ચરિત્ર, વિશેષ માત્ર તેના પિતાનું નામ કૃષ્ણ અને માતા રુક્મિણી.

એ જ રીતે શાંબ કુમારનું ચરિત્ર–વિશેષ માત્ર માતા જાંબવતી.

એ જ રીતે અનિરુદ્ધનું વર્ણન–વિશેષ માત્ર પિતા પ્રદ્યુમ્ન અને માતા વૈદર્ભી.

એ જ રીતે સત્યનેમિનું જીવન–પરંતુ પિતા સમુદ્રવિજય અને માતા શિવાદેવી.

એ જ રીતે દઢનેમિનું વર્ણન, બધા ગમનું વર્ણન એક સમાન.

* * *

૧૧. અરિષ્ટનેમિ–તીર્થમાં થાવચ્ચાપુત્ર અને બીજા

દ્વારાવતીમાં કૃષ્ણ વાસુદેવ

૧૬૩. તે કાળે તે સમયે દ્વારાવતી (દ્વારિકા) નામે નગરી હતી – જે પૂર્વ–પશ્ચિમ બાર યોજન લાંબી અને ઉત્તર-દક્ષિણ નવ યોજન પહોળી હતી, ધનપતિ કુબેરે પોતાની બુદ્ધિથી તેનું નિર્માણ કર્યું હતું, તે સુવર્ણના શ્રેષ્ઠ પ્રાકારથી અને અનેક પ્રકારના પંચરંગી રત્નોના બનેલા કાંગરાથી અલકાપુરી જેવી શોભતી હતી તેના નિવાસીઓ આનંદપ્રમોદમાં મગ્ન હતા, તે જાણે સાક્ષાત્ દેવલોક જેવી હતી.

તે દ્વારાવતી નગરીની બહાર ઉત્તરપૂર્વ (ઈશાન) દિશામાં રૈવતક નામે પર્વત હતો — તે ખૂબ ઊંચો હતો, તેનાં શિખરો આકાશને અડતાં હતાં, તે અનેક પ્રકારના ગુચ્છ, ગુલ્મ, લતાઓ અને વેલીઓથી વ્યાપ્ત હતો. હંસ, મૃગ, મયૂર, ક્રૌંચ, સારસ, ચક્રવાક, મેના, સારિકા, કોયલ આદિ પક્ષીઓનાં ઝુંડોથી તે વ્યાપ્ત હતો. તેમાં અનેક તટ, કટક, વિવર, ઝરણાં, પ્રપાત, પ્રાગ્ભાર(સહેજ નમેલાં શિખર) અને શિખરો હતાં. વળી તેમાં અપ્સરાઓના સમૂહો, દેવોના સંઘો, ચારણ મુનિઓ અને વિદ્યાધરયુગલો હતાં. તેના પર ત્રણે લોકમાં બળવાન એવા દશાર વંશના શ્રેષ્ઠ વીર પુરુષો દ્વારા નિત્ય નવા ઉત્સવો થતા હતા. તે પર્વત સૌમ્ય, સુભગ, પ્રિયદર્શન, સુરૂપ, પ્રસન્નકર તથા દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ (સુંદર) હતો.

તે રૈવતક પર્વતથી અતિ દૂર નહીં કે અતિ નિકટ નહીં તેવી રીતે આવેલું નંદનવન નામે એક ઉદ્યાન હતું — જે સઘળી ઋતુઓનાં પુષ્પો અને ફળોથી સમૃદ્ધ, રમ્ય, દેવઉદ્યાન નંદનવન જેવું આનંદદાયક, દર્શનીય, અભિરૂપ તથા પ્રતિરૂપ હતું.

તે ઉદ્યાનની બરાબર વચ્ચોવચ્ચ સુરપ્રિય નામે યક્ષાયતન હતું – દિવ્ય વગેરે વર્ણન.

તે દ્વારાવતી નગરીમાં કૃષ્ણ નામે વાસુદેવ રાજા નિવાસ કરતા હતા. તે વાસુદેવ સમુદ્રવિજય આદિ દશ દશારો – યાવત્– અનેક બીજા પણ સામંતો, તલવરો, માડંબિકો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૌટુંબિકો, ઈભ્યો, શ્રેષ્ઠીઓ, સાર્થવાહો, આદિનું તથા ઉત્તરમાં વૈતાઢ્ય પર્વત સુધી તથા અન્ય દિશાઓમાં સમુદ્ર સુધીના દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રનું તથા દ્વારિકા નગરીનું આધિપત્ય કરતા યાવત્ પાલન કરતા વિહરતા હતા.

ગાથાપત્ની થાવચ્ચા અને તેનો પુત્ર થાવચ્ચાપુત્ર –

૧૬૪. તે દ્વારાવતી નગરીમાં થાવચ્ચા નામની એક ગાથાપત્ની (ગૃહિણી) રહેતી હતી – જે સમૃદ્ધિશાલિની યાવત્ કોઈથી પરાભવ ન પામે તેવી હતી.

તે થાવચ્ચા ગાથાપત્નીને થાવચ્ચાપુત્ર નામે સાર્થવાહબાળક પુત્ર હતો. તેનાં હાથપગ અત્યંત સુકોમળ હતા યાવત્ તે સુંદર હતો.

ત્યાર બાદ તે થાવચ્ચા ગાથાપત્નીએ તે બાળકને આઠ વર્ષથી થોડોક મોટો થયેલો જાણીને શુભ તિથિ, કરણ, નક્ષત્ર અને મુહૂર્તમાં તેને કલાચાર્ય પાસે મોકલ્યો યાવત્ ભોગ ભોગવવા માટે સમર્થ થયેલો જાણી અર્થાત્ યુવાન બનેલો જાણી તેને ઈભ્યકુળોની બત્રીસ કુમારિકાઓ સાથે એક જ દિવસે પરણાવી દીધો.

તેને બત્રીસ દહેજ મળ્યાં—યાવત્—ઈભ્યકુળની તે બત્રીસ કન્યાઓ સાથે વિપુલ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ એમ પાંચ પ્રકારના મનુષ્યસંબંધી કામભોગો ભોગવતો તે રહેવા લાગ્યો.

અરિષ્ટનેમિ–સમવસરણ —

૧૬૫. તે કાળે તે સમયે અરહિંત અરિષ્ટનેમિ સમવસર્યા–પૂર્વવત્ વર્ણન. તેઓ દશ ધનુષ ઊંચા હતા, નીલકમળ, ભેંસના સીંગડા, અળસીપુષ્પ સમાન શ્યામ વર્ણના હતા, તેઓ અઢાર હજાર શ્રમણો અને ચાલીસ હજાર શ્રમણીઓથી ઘેરાઈને અનુક્રમે ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા, ત્વરાથી સુખપૂર્વક વિચરતા જ્યાં દ્વારાવતી નગરી હતી જ્યાં રૈવતક પર્વત હતો, જ્યાં નંદનવન ઉદ્યાન હતું, જ્યાં સુરપ્રિય યક્ષાયતન હતું, જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ હતું, ત્યાં પધાર્યા, આવીને યથાયોગ્ય અવગ્રહ ધારણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

કૃષ્ણની પર્યુપાસના –

૧૬૬. ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવે આ સમાચાર સાંભળી કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ સુધર્માસભામાં જઈને મેઘસમૂહની ગર્જના જેવા અવાજવાળી ગંભીર તથા મધુર શબ્દવાળી કૌમુદી નામક ભેરી વગાડો.'

ત્યારે તે કૌટુંબિક સેવકો કૃષ્ણ વાસુદેવના આવા આદેશથી હૃષ્ટ–તુષ્ટ આનંદિત ચિત્તવાળા–યાવત્–મસ્તક પર અંજલિ રચી, 'હે સ્વામિ ! જેવી આજ્ઞા' એ પ્રમાણે વિનયપૂર્વક આજ્ઞા સ્વીકારી કૃષ્ણ વાસુદેવ પાસેથી નીકળ્યા, નીકળીને જ્યાં સુધર્મા સભા હતી, જ્યાં કૌમુદી નામે ભેરી હતી, ત્યાં આવ્યા, ત્યાં આવીને મેઘસમૂહના જેવા ગંભીર મધુર અવાજવાળી કૌમુદી ભેરી વગાડી. ત્યારે સ્નિગ્ધ, મધુર અને ગંભીર પ્રતિધ્વનિ પાડતા શરદ ઋતુના મેઘોની માફક ભેરીએ ગંભીર અવાજ કર્યો.

ત્યાર બાદ તે કૌમુદી ભેરી વગાડાતાં વેંત તેનો અવાજ નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી દ્વારિકા નગરીના શૃંગાટક, ત્રિક, ચતુષ્પથ, ચોક તથા કંદરા, ગુફા, વિવર, ખાણો, ગિરિશિખર વીંધીને નગરના ગોપુર, પ્રાસાદ, ભવન, દેવકુળો આદિ સમસ્ત સ્થાનોમાં લાખો પ્રતિધ્વનિ પેદા કરતો કરતો, અંદર અને બહાર ચારે તરફ પ્રસરી ગયો.

ત્યાર બાદ નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી તે દ્વારિકા નગરીમાં સમુદ્રવિજય આદિ દશ દશારો–યાવત્–હજારો ગણિકાઓ આદિ તે કૌમુદી ભેરીનો નાદ સાંભળીને તથા અવધારીને હૃષ્ટ-તુષ્ટ, આનંદિત મનવાળા—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાવત્–હર્ષાતિરેકથી વિકાસમાન હૃદયવાળા થયા અને બધાએ સ્નાન કર્યું. લાંબી લટકતી પુષ્પમાળાઓ ધારણ કરી, નવાં વસ્ત્ર પહેર્યાં, શરીર પર ચંદનનો લેપ કર્યો, ત્યાર બાદ કોઈ અશ્વ પર આરૂઢ થયું, કોઈ હાથી પર, કોઈ રથ તથા કોઈ પાલખી પર આરૂઢ થયા, જ્યારે કેટલાક પાદવિહાર કરતા કરતા પુરુષ–સમૂહ સાથે બધા કૃષ્ણ વાસુદેવ પાસે આવી પહોંચ્યા.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે સમુદ્રવિજય આદિ દશ દશારોને–યાવત્ પોતાની સમીપે આવેલા જોયા, જોઈને હૃષ્ટ-તુષ્ટ આનંદિત ચિત્તથી યાવત્ હર્ષવશાત્ વિકસિત હૃદયવાળા તેણે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ ચતુરંગિણી સેના સજ્જ કરો અને વિજય ગંધહસ્તીને તૈયાર કરી લઈ આવો' તેઓએ 'જેવી આજ્ઞા' કહી તે પ્રમાણે કર્યું.

ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવ સ્નાન કરીને યાવત્ સર્વ અલંકારોથી વિભૂષિત થઈને વિજય ગંધહસ્તી પર સવાર થઈને કોરંટ પુષ્પની માળાઓવાળું છત્ર ધારણ કરીને, ભટ–સુભટોના સમૂહ સાથે દ્વારાવતી નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યા, નીકળીને જ્યાં રૈવતક પર્વત હતો, જ્યાં નંદનવન ઉદ્યાન હતું, જ્યાં સુરપ્રિય યક્ષનું યક્ષાયતન હતું, જ્યાં ઉત્તમ અશોક વૃક્ષ હતું ત્યાં પહોંચ્યા, જઈને અર્હત્ અરિષ્ટનેમિના છત્રાતિછત્ર, પતાકાઓ, વિદ્યાધરો, ચારણ મુનિઓ તથા જૃંભક દેવોના ઉપરનીચે આવાગમનને જોયું, જોઈને વિજય ગંધહસ્તી પરથી નીચે ઊતરીને પાંચ પ્રકારના અભિગ્રહપૂર્વક અરિહંત અરિષ્ટનેમિની સામે ગયા...જ્યાં અર્હત અરિષ્ટનેમિ હતા ત્યાં ગયા, જઈને અર્હત અરિષ્ટનેમિની ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરી અર્હત અરિષ્ટનેમિથી થોડે દૂર રહી વિનયપૂર્વક પર્યુપાસના કરવા લાગ્યા.

થાવચ્ચાપુત્રનો પ્રવ્રજ્યા–સંકલ્પ —

૧૬૭. થાવચ્ચાપુત્ર પણ ભગવાનને વંદના કરવા નીકળ્યો. મેઘકુમારની જેમ જ તેણે પણ ધર્મ સાંભળ્યો, અવધારણ કર્યો, પછી જ્યાં થાવચ્ચા ગાથાપત્ની હતી ત્યાં આવ્યો, આવીને ચરણસ્પર્શ કર્યો અને મેઘકુમારની જેમ [પ્રવજ્યા લેવાનો ઇચ્છાનું] નિવેદન કર્યું.

ત્યાર પછી જ્યારે થાવચ્ચા ગાથાપત્નીએ વિષયોને અનુકૂળ અને વિષયોને પ્રતિકૂળ અનેક પ્રકારની આજ્ઞાપના – સામાન્ય કથન દ્વારા, પ્રજ્ઞાપના એટલે કે વિશેષ કથન દ્વારા, સંજ્ઞાપના અર્થાત્ ધન–વૈભવ આદિની લાલચ દ્વારા તથા વિજ્ઞાપના—આજ્ઞાજી વિનંતિ વગેરે દ્વારા થાવચ્ચાપુત્રને સમજાવ્યો, ઉપદેશ આપ્યો, લલચાવ્યો અને મનાવ્યો પરંતુ તેમાં નિષ્ફળ ગઈ, ત્યારે અનિચ્છાપૂર્વક તેણે બાળક થાવચ્ચાપુત્રના નિષ્ક્રમણનો સ્વીકાર કર્યો.

અહીં વિશેષતા એ છે 'હું નિષ્ક્રમણાભિષેક જોવા ઇચ્છું છું' એમ માતાએ ઇચ્છા દર્શાવી. ત્યારે થાવચ્ચાપુત્ર મૌન રહ્યો.

ત્યાર પછી તે થાવચ્ચા ગૃહિણી આસન પરથી ઊઠી, ઊઠીને મહાર્થ, મહાર્હ, મહામૂલ્યવાન, મહાપુરુષને યોગ્ય, રાજાને યોગ્ય એવી ભેટ લીધી, લઈને મિત્રો, જ્ઞાતિજનો, કુટુંબીજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનો દ્વારા ઘેરાઈને જ્યાં કૃષ્ણ વાસુદેવના શ્રેષ્ઠ પ્રાસાદનું મુખ્ય પ્રવેશદ્વાર હતું ત્યાં આવી, આવીને પ્રતિહાર દ્વારા દર્શાવાયેલ માર્ગે જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં આવી, આવીને બે હાથ જોડી મસ્તક પર અંજલિ રચી જય-વિજય શબ્દોથી તેમને વધાવ્યા, વધાવીને તે મહાર્થ મહર્ધ, મહામૂલ્યવાન, મહાપુરુષ યોગ્ય, રાજાને યોગ્ય ભેટ સામે રાખી, સામે રાખીને, આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિય ! મારે એક જ પુત્ર થાવચ્ચાપુત્ર નામનો છે, જે બાળક છે, મને ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનહર, ધૈર્ય અને વિશ્વા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સનું સ્થાન, કાર્ય કરવામાં સંમત, બહુજનો દ્વારા માન્ય, આભૂષણોની પેટી સમાન, રત્ન, રત્નસમાન, જીવન સમાન, શ્વાસ સમાન, હૃદયનંદન, ઉંબરાના પુષ્પ જેવો જેનું નામ સાંભળવામાં ય દુર્લભ છે તેવો છે, તો પછી તેના દર્શનની તો શું વાત કરવી—એવો છે.

જેમ ઉત્પલ, પદ્મ અથવા કુમુદ કાદવમાં ઉત્પન્ન થાય છે, જળમાં વૃદ્ધિ પામે છે છતાં કાદવથી લેપાતું નથી, જળકણોથી લેપાતું નથી તેવી જ રીતે આ થાવચ્ચાપુત્ર ભોગોમાં ઉત્પન્ન થયો છે, ભોગોમાં ઉછરીને વૃદ્ધિ પામ્યો છે પરંતુ તે કામરજથી લિપ્ત થયો નથી, ભોગરજથી લિપ્ત થયો નથી—કામ-ભોગોથી વિરકત રહ્યો છે.

હે દેવાનુપ્રિય! તે હવે સંસાર-ભયથી ઉદ્વિગ્ન અને જન્મ-જરા-મરણથી ભયભીત બનીને અર્હત્ અરિષ્ટનેમિ પાસે મુંડિત બનીને ગૃહવાસ ત્યજી અનગાર-પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઇચ્છે છે. હું એનો નિષ્ક્રમણ-ઉત્સવ કરવા ઇચ્છું છું. તો દેવાનુપ્રિય! મારી અભિલાષા છે કે થાવચ્ચાપુત્રના માટે છત્ર, મુકુટ અને ચામર આપવામાં આવે.'

ત્યારે કૃષ્ણ વાસુદેવે થાવચ્ચા ગૃહિણીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે! તું નિશ્ચિંત, સ્વસ્થ રહે. હું પોતે જ બાળક થાવચ્ચાપુત્રનો નિષ્ક્રમણ-ઉત્સવ કરીશ.'

કૃષ્ણ અને થાવચ્ચાપુત્રનો પરિસંવાદ—

૧૬૮. ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવ ચતુરંગિણી સેના સાથે, વિજય ગંધહસ્તી પર સવાર થઈને, જ્યાં થાવચ્ચા ગાથાપત્નીનું નિવાસભવન હતું ત્યાં આવ્યા, આવીને થાવચ્ચાપુત્રને સંબોધી આમ કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિય! તું મુંડિત બની પ્રવ્રજ્યા ન લઈશ, મારી ભુજાઓની છત્રછાયામાં રહીને હે દેવાનુપ્રિય! તું વિપુલ માનુષી ભોગો ભોગવ. હું માત્ર દેવાનુપ્રિયના અર્થાત્ તારા ઉપરથી પસાર થનાર વાયુકાયને જ રોકવામાં સમર્થ નથી, એના સિવાય તને થનારી કોઈ પણ પીડા, બાધા કે મુશ્કેલીનું હું નિવારણ કરીશ.'

ત્યારે કૃષ્ણ વાસુદેવનું આવું કથન સાંભળીને થાવચ્ચાપુત્રે કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! જો તમે મારા જીવનનો અંત કરનાર મૃત્યુને આવતું રોકી શકો અને વળી શરીર તથા રૂપનો વિનાશ કરનાર જરા-વૃદ્ધાવસ્થાને રોકી શકો તો હું તમારી ભુજા-ઓની છત્રછાયામાં રહી વિપુલ માનુષી કામભોગો ભોગવતો વિચરું.'

ત્યાર બાદ થાવચ્ચાપુત્રનાં આવાં વચનો સાંભળી કૃષ્ણ વાસુદેવે થાવચ્ચાપુત્રને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! મૃત્યુ અને જરા એ બે અનતિક્રમણીય અર્થાત્ કોઈનાથીય અટકાવી ન શકાય તેવાં છે, અતિ બળવાન એવા દેવ કે દાનવો પણ એમને રોકી શકવા સમર્થ નથી, માત્ર પોતાના કર્મના ક્ષયથી જ એમને અટકાવી શકાય છે.'

ત્યારે થાવચ્ચાપુત્રે કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું—'જો એ બે અનતિક્રમણીય છે અને કોઈ પણ બળવાન દેવ કે દાનવ પણ એને અટકાવી શકતા નથી, પરંતુ પોતાના કર્મના ક્ષયથી જ એમને અટકાવી શકાય તેમ છે, તો હે દેવાનુપ્રિય! હું એ માટે જ મિથ્યાત્વ, અવિરતિ અને કષાય દ્વારા સંચિત મારાં કર્મોનો ક્ષય કરવા ઇચ્છું છું.'

કૃષ્ણની યોગક્ષેમ-ઘોષણા—

૧૬૯. ત્યાર બાદ થાવચ્ચાપુત્રનાં આવાં વચનો સાંભળી કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને દ્વારિકા નગરીના શૃંગાટક, ત્રિક, ચૌટાં, રાજમાર્ગોમાં શ્રેષ્ઠ હાથીના સ્કંધ પર ચડીને જઈને ઊંચા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્રાજે ઉદ્‌ઘોષણા કરો કે "હે દેવાનુપ્રિયો ! સંસારના ભયથી ઉદ્વિગ્ન અને જન્મ-જરા-મરણથી ભયભીત થાવચ્ચાપુત્ર અર્હંત્ અરિષ્ટનેમિ પાસે મુંડિત બની પ્રવ્રજિત થવા ઇચ્છે છે, તો હે દેવાનુપ્રિયો ! જે રાજા, રાણી, યુવરાજ, રાજકુમાર, સામંત, સુભટ, કૌટુંબિક, માડંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ કે સાર્થવાહ પ્રવ્રજ્યા લેવા તત્પર થાવચ્ચાપુત્રની સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરશે તેને કૃષ્ણ વાસુદેવ તેમ કરવાની અનુજ્ઞા આપે છે અને પાછળ રહેનારા તેના મિત્ર, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ, પરિજનોના યોગક્ષેમના નિર્વાહનો પ્રબંધ કરશે." આવા પ્રકારની ઘોષણા કરો.' યાવત્ કૌટુંબિક સેવકોએ આવી ઘોષણા કરી.

થાવચ્ચાપુત્રનું અભિનિષ્ક્રમણ—

૧૭૦. ત્યાર પછી થાવચ્ચાપુત્ર પરના અનુરાગને લીધે નિષ્ક્રમણ માટે તૈયાર થયેલા હજાર પુરુષો સ્નાન કરી, સર્વ અલંકારોથી વિભૂષિત બની, પોતપોતાની હજાર હજાર પુરુષ દ્વારા ઊંચકાની પાલખીમાં બેસી, મિત્રો અને સ્વજનોથી ઘેરાઈને થાવચ્ચાપુત્રની સમીપે આવી પહોંચ્યા.

ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવે એક હજાર પુરુષોને આવી પહોંચેલા જોયા, જોઈને કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું-(જેવી રીતે મેઘકુમારના નિષ્ક્રમણ-અભિષેકનું વર્ણન હતું તેવી જ રીતે શ્વેત પીઠિકા પર બેસવું, સ્નાન કરવું યાવત્ અરિષ્ટનેમિ અર્હંતના છત્રાતિછત્ર યાવત્ સમવસરણમાં જવું વગેરે વર્ણન અહીં કરવું)-હે દેવાનુપ્રિયો ! સેંકડો સ્તંભોવાળી યાવત્ શિબિકા લાવો.'

ત્યાર બાદ તે થાવચ્ચાપુત્ર દ્વારાવતી નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યો, નીકળીને જ્યાં રૈવતક પર્વત હતો, જ્યાં નંદનવન ઉદ્યાન હતું, જ્યાં સુરપ્રિય યક્ષનું યક્ષાયતન હતું, જ્યાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ હતું ત્યાં આવ્યો, ત્યાં આવીને અર્હંત્ અરિષ્ટનેમિના છત્રાતિછત્ર, પતાકાતિપતાકા તથા વિદ્યાધર અને ચારણ મુનિયો, તથા જૃંભક દેવોનું આકાશમાંથી આવાગમન-આ બધું જોયું. જોઈને શિબિકાથી નીચે ઊતર્યો.

શિષ્ય-ભિક્ષાદાન—

૧૭૧. ત્યાર બાદ કૃષ્ણ વાસુદેવ થાવચ્ચાપુત્રને આગળ કરીને જ્યાં અર્હંત્ અરિષ્ટનેમિ હતા ત્યાં આવ્યા, આવીને અર્હંત્ અરિષ્ટનેમિની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદનનમન કરી આ પ્રમાણે કહ્યું-

'હે દેવાનુપ્રિય ! આ થાવચ્ચાપુત્ર થાવચ્ચા ગાથાપત્નીનો એકનો એક પુત્ર છે, તે એને ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનહર, ધૈર્ય અને વિશ્વાસનું સ્થાન, સંમત, બહુમત અને અનુમત છે, આભૂષણોની પેટી સમાન છે, રત્નરૂપ, રત્નસમાન છે, એનો હૃદયનંદન છે, અને ઉંબરાના પુષ્પની જેમ એનું નામશ્રવણ પણ અન્ય માટે દુર્લભ છે તો પછી દર્શનની તો વાત જ શું ?

જેવી રીતે ઉત્પલ, પદ્મ અથવા કુમુદ કાદવમાં ઉત્પન્ન થાય છે અને વૃદ્ધિ પામે છે, પરંતુ કાદવથી કે જળરજથી લેપાતું નથી, તેવી જ રીતે આ થાવચ્ચાપુત્ર કામભોગોની વચ્ચે ઉત્પન્ન થયો છે અને કામભોગોની વચ્ચે જ વૃદ્ધિ પામ્યો છે છતાં પણ કામરજથી લિપ્ત થયો નથી, ભોગરજથી લિપ્ત થયો નથી. હે દેવાનુપ્રિય! તે સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છે, જન્મ-જરા-મરણના ભયથી ભયભીત બન્યો છે, તેથી આપ દેવાનુપ્રિય સમીપે મુંડિત બની, ગૃહત્યાગ કરી અનગાર-પ્રવ્રજ્યા લેવા ઇચ્છે છે. અમે આપ દેવાનુપ્રિયને તેનું શિષ્યરૂપે ભિક્ષાદાન કરીએ છીએ. હે દેવાનુપ્રિય ! આપ આ શિષ્યભિક્ષાનો સ્વીકાર કરો.'

ત્યાર બાદ અર્હંત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવની આ વાત સાંભળી, સારી રીતે સ્વીકારી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ તે થાવચ્ચાપુત્ર અર્હંત્ અરિષ્ટનેમિ પાસે ઉત્તર-પૂર્વ (ઈશાન) દિશામાં ગયો, પોતે જ આભરણ, માળા, અલંકારો ઉતાર્યા.

તે પછી થાવચ્ચા ગાથાપત્નીએ હંસલક્ષણ અર્થાત્ શ્વેત અને મૃદુ એવા વસ્ત્રમાં તે આભરણો, માળા, અલંકારો ગ્રહણ કર્યા, લઈને મોતીઓના હાર, જળની ધારા, નિર્ગુંડીનાં ફૂલો કે મોતીની તૂટેલી માળા જેવાં આંસુઓ વેરતી તે રુદન કરતી, આક્રંદ કરતી, વિલાપ કરતી આ પ્રમાણે કહેવા લાગી—

'હે લાલ ! ચારિત્રયોગમાં યત્ન કરજે, તત્પર રહેજે. હે પુત્ર ! સંયમમાં પરાક્રમી થજે. એ માટે અપ્રમત્ત બનજે. અમારો પણ એ જ માર્ગ હો.'

એમ કહી થાવચ્ચા સાર્થવાહીએ અર્હંત્ અરિષ્ટનેમિને વંદન કર્યા, નમન કર્યું, વંદન-નમન કરી જ્યાંથી આવી હતી તે દિશામાં પાછી ફરી.

થાવચ્ચાપુત્રનું પ્રવ્રજ્યાગ્રહણ—

૧૭૨. ત્યારબાદ એક હજાર પુરુષો સાથે થાવચ્ચાપુત્રે પંચમુષ્ટિ દ્વારા પોતાનો કેશલોચ કર્યો, લોચ કરી જ્યાં અર્હંત્ અરિષ્ટનેમિ હતા ત્યાં આવ્યા, આવીને અર્હંત્ અરિષ્ટનેમિની ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમન કર્યા, યાવત્-પ્રવ્રજ્યા અંગીકાર કરી.

થાવચ્ચાપુત્રની અનગારચર્યા—

૧૭૩. ત્યારબાદ થાવચ્ચાપુત્ર અનગાર બન્યા—ઈર્યાસમિતિ યુક્ત યાવત્ ગુપ્તિયુક્ત બ્રહ્મચારી અને ક્રોધરહિત યાવત્ જેમ કાંસાનું પાત્ર જળથી લેપાય નહીં તેમ નિરુપલિપ્ત (કષાય રહિત) યાવત્ કર્મના ઉચ્છેદ માટે તત્પર બની વિચરવા લાગ્યા.

ત્યારે તે થાવચ્ચાપુત્રે અર્હંત અરિષ્ટનેમિના તથારૂપ (ગીતાર્થ) સ્થવિરો પાસે સામાયિકથી લઈને ચૌદ પૂર્વો સુધી અધ્યયન કર્યું, અધ્યયન કરી અનેકવિધ ચતુર્થ ભક્ત, ષષ્ઠભક્ત, અષ્ટમ, દશમ તથા દ્વાદશ ભક્ત, અર્ધમાસ અને માસક્ષમણ આદિ તપસ્યાઓ દ્વારા આત્માને ભાવિત કરતા તે વિચરવા લાગ્યા.

થાવચ્ચાપુત્રનો જનપદવિહાર અને શૈલકપુરમા સમવસરણ—

૧૭૪. ત્યારબાદ અરિહંત અરિષ્ટનેમિએ થાવચ્ચાપુત્ર અનગારને એક હજાર ઈભ્ય આદિમાંથી દીક્ષિત થયેલા અનગારો શિષ્યરૂપે પ્રદાન કર્યા.

ત્યારબાદ કોઈ એક દિવસ થાવચ્ચાપુત્રે અર્હંત અરિષ્ટનેમિને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભદંત ! આપની આજ્ઞા હોય તો હું મારા એક હજાર શિષ્યો સાથે બાહ્ય જનપદોમાં વિહાર કરવા ઇચ્છું છું.'

'હે દેવાનુપ્રિય ! તને સુખ થાય તેમ કર.' [કહી ભગવંતે આજ્ઞા આપી.]

ત્યારબાદ થાવચ્ચાપુત્ર એક હજાર અનગારો સાથે પોતાના ઉગ્ર પ્રયત્નપૂર્વક સાધ્ય એવા તપોકર્મની આરાધના કરતા કરતા બહારનાં જનપદોમાં વિહરવા લાગ્યા.

શૈલકરાજ—આગમન—

૧૭૫. તે કાળે તે સમયે શૈલકપુર નામે નગર હતું. ત્યાં સુભૂમિભાગ નામે ઉદ્યાન હતું. શૈલક નામે રાજા હતો. તેની પદ્માવતી નામે રાણી હતી. મંડુક નામે કુમાર તેનો યુવરાજ હતો.

તે શૈલક રાજાને પંથક આદિ પાંચસો મંત્રીઓ હતા—તેઓ ઔત્પતિકી યાવત્ પારિણામિકી એવી ચાર પ્રકારની બુદ્ધિથી સંપન્ન હતા અને રાજ્યધુરા વહન કરતા હતા.

થાવચ્ચાપુત્ર તે શૈલકપુરમાં પધાર્યા. રાજા વંદના માટે નીકળ્યો.

શૈલકનો ગૃહસ્થધર્મ-સ્વીકાર—

૧૭૬. ત્યાર બાદ થાવચ્ચાપુત્ર અનગાર પાસેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મોપદેશ સાંભળીને તે શૈલક રાજાએ આ પ્રમાણે કહ્યું—

'જેવી રીતે આપ દેવાનુપ્રિયની સમીપેઅનેક ઉગ્રવંશી ઉગ્રકુળના પુરુષો મુંડિત બનીને, ગૃહત્યાગ કરીને અનગાર બન્યા છે તેવી રીતે હું અનગાર બનવા સમર્થ નથી. છતાં હું આપ દેવાનુપ્રિય પાસેથી પાંચ અણુવ્રતવાળો યાવત્ ગૃહસ્થધર્મ સ્વીકારીશ.'

'હે દેવાનુપ્રિય! યથાસુખ કર. પરંતુ વિલંબ ન કરીશ.' [થાવચ્ચાપુત્રે કહ્યું]

ત્યારે તે શૈલક રાજાએ થાવચ્ચાપુત્ર પાસેથી પાંચ અણુવ્રતવાળો—યાવત્ ગૃહસ્થધર્મ (શ્રાવક ધર્મ) સ્વીકાર્યો.

શૈલકની શ્રમણોપાસક ચર્યા—

૧૭૭. ત્યાર બાદ શૈલક રાજા શ્રમણોપાસક (શ્રાવક) બન્યો—જીવ-અજીવ પદાર્થનો જ્ઞાતા બની આત્માને ભાવિત કરતો રહેવા લાગ્યો.

પંથક-પ્રમુખ પાંચસો મંત્રીઓ પણ શ્રમણોપાસકો બન્યા.

થાવચ્ચાપુત્ર અનગાર ત્યાંથી નીકળી પુનઃ બાહ્ય જનપદમાં વિહરવા લાગ્યા.

સૌગંધિકા નગરીનો સુદર્શન શ્રેષ્ઠી—

૧૭૮. તે કાળે તે સમયે સૌગંધિકા નામે નગરી હતી—વર્ણન. ત્યાં નીલાશોક નામે ઉદ્યાન હતું—વર્ણન.

તે સૌગંધિકા નગરીમાં સુદર્શન નામે નગરશેઠ રહેતો હતો—સમૃદ્ધ યાવત્ કોઈથી પરાભૂત ન થાય તેવો.

સૌગંધિકામાં શુક પરિવ્રાજકનું આગમન—

૧૭૯. તે કાળે તે સમયે શુક નામે પરિવ્રાજક હતો—જે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ અને ષષ્ઠિતંત્ર(સાંખ્યમત)માં નિપુણ હતો, સાંખ્યસિદ્ધાંતમાં કુશળ હતો, પાંચ યમ અને પાંચ નિયમથી યુક્ત દશ પ્રકારના શૌચમૂલક પરિવ્રાજક ધર્મનો તથા દાન ધર્મનો, શૌચ-ધર્મનો અને તીર્થસ્થાનનો, ઉપદેશ આપતો, પ્રરૂપણા કરતો, ગેરુઆ રંગનાં ઉત્તમ વસ્ત્રો ધારણ કરતો, ત્રિદંડ, કમંડળ, છત્ર, છન્નાલય (એક પ્રકારનું કાષ્ઠપાત્ર), અંકુશ (વૃક્ષના પત્ર તોડવા માટેનું ઉપકરણ), પવિત્રી (ત્રાંબાની વીંટી) અને કેસરી (સફાઈ માટેનું વસ્ત્રવિશેષ)—એ સાત ઉપકરણો હાથમાં ધારણ કરતો તે એક હજાર પરિવ્રાજકોથી વીંટળાઈને જ્યાં સૌગંધિકા નગરી હતી અને તેમાં જ્યાં પરિવ્રાજકોનું નિવાસસ્થાન (મઠ) હતું, ત્યાં આવ્યો, આવીને મઠમાં પોતાનાં સાધનો રાખ્યાં, રાખીને સાંખ્યમત અનુસાર પોતાના આત્માને ભાવિત કરતો રહેવા લાગ્યો.

ત્યાર પછી સૌગંધિકા નગરીના શૃંગાટક (ત્રિભેટા) ત્રિક, ચોક, ચાચર, ચૌટાં, સામાન્ય માર્ગ અને રાજમાર્ગો આદિ સ્થાનોમાં અનેક મનુષ્યો એકઠા મળી અન્યોન્ય આ પ્રમાણે કહેવા લાગ્યા—'સાચે જ અહીં શુક પરિવ્રાજક આવ્યા છે, પધાર્યા છે, એમની અહીં સભા થાય છે, અહીં જ પરિવ્રાજકોના મઠમાં સાંખ્યમત અનુસાર આત્માને ભાવિત કરતા તેઓ રહે છે.'

પરિષદ એકત્ર થઈ. સુદર્શન પણ [તેમના દર્શન માટે] નીકળ્યો.

શુક પરિવ્રાજક દ્વારા શૌચમૂલક ધર્મનો ઉપદેશ—

૧૮૦. ત્યારબાદ શુક પરિવ્રાજકે તે પરિષદને, સુદર્શનને અને બીજા ઘણાને સાંખ્યમતનો ઉપદેશ આપ્યો, આમ કહ્યું—'હે સુદર્શન! અમે શૌચમૂલક ધર્મની પ્રરૂપણા કરીએ છીએ. તે શૌચ પણ બે પ્રકારનો છે, એક છે દ્રવ્યશૌચ અને બીજો ભાવશૌચ.

દ્રવ્યશૌચ પાણી અને માટી દ્વારા થાય છે, ભાવશૌચ દર્ભ અને મંત્રો દ્વારા.

હે દેવાનુપ્રિય! અમારામાં જે કોઈ વસ્તુ અશુચિ (અશુદ્ધ) બને તે બધી તરત જ માટીથી લીંપી દેવામાં આવે છે—માંજવામાં આવે છે, ત્યાર પછી શુદ્ધ પાણીથી તેને ધોવામાં આવે છે. એટલે તે અશુદ્ધ વસ્તુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ બની જાય છે. આ રીતે જીવ પણ જળ-સ્નાનથી પોતાની જાતને પવિત્ર કરીને નિર્વિઘ્નપણે સ્વર્ગમાં જાય છે, સ્વર્ગ મેળવે છે.

સુદર્શન દ્વારા શૌચમૂલક ધર્મના સ્વીકાર–

૧૮૧. ત્યાર પછી શુક પરિવ્રાજક પાસે ધર્મશ્રવણ કરીને હૃષ્ટ-તુષ્ટ થઈને સુદર્શને શુક પાસેથી શૌચમૂલક ધર્મ સ્વીકાર્યો, સ્વીકારીને પરિવ્રાજકોને વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પદાર્થોથી પ્રતિલાભિત કરતો તે સાંખ્યમત અનુસાર આત્માને ભાવિત કરતો વિચરવા લાગ્યો.

ત્યાર બાદ તે શુક પરિવ્રાજક સૌગંધિકા નગરીમાંથી નીકળ્યો, નીકળીને બાહ્ય જનપદોમાં વિહાર કરવા લાગ્યો.

શૌચમૂલક ધર્મ વિષયે થાવચ્ચાપુત્ર અને સુદર્શન વચ્ચે વાર્તાલાપ તથા ચાતુર્યામ ધર્મના ઉપદેશ—

૧૮૨. તે કાળે તે સમયે થાવચ્ચાપુત્ર પધાર્યા, તેમને વંદન કરવા, સાંભળવા પરિષદ મળી. સુદર્શન પણ ગયો, થાવચ્ચાપુત્રને વંદન-નમન કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે બોલ્યો—

'તમે ધર્મનું મૂળ શું માનો છો ?'

ત્યારે સુદર્શને આમ પૂછતાં થાવચ્ચાપુત્ર અણગારે સુદર્શનને આ રીતે કહ્યું—

'સુદર્શન ! ધર્મ વિનયમૂલક કહ્યો છે (ધર્મનું મૂળ વિનય અર્થાત્ આચાર છે) તે વિનય પણ બે પ્રકારનો છે—જેમ કે, અગારવિનય અર્થાત્ શ્રાવકાચાર અને અનગારવિનય અર્થાત્ શ્રમણાચાર.

તેમાં જે અગારવિનય છે તે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત અને અગિયાર ઉપાસક પ્રતિમાનો બનેલ છે. જે અનગારવિનય છે તે ચાર યામરૂપ છે, જેમ કે—સંપૂર્ણ પ્રાણાતિપાત-વિરમણ, સંપૂર્ણ મૃષાવાદ-વિરમણ, સંપૂર્ણ અદત્તાદાન-વિરમણ, સંપૂર્ણ બહિદ્ધાદાન-વિરમણ.

આવા પ્રકારના દ્વિવિધ વિનયમૂલક ધર્મ વડે ક્રમથી આઠ કર્મપ્રકૃતિઓનો ક્ષય કરીને જીવ લોકના અગ્રભાગે પ્રતિષ્ઠિત બને છે (સિદ્ધિ મેળવે છે).

૧૮૩. ત્યાર પછી થાવચ્ચાપુત્રે સુદર્શનને આ પ્રમાણે કહ્યું—

'હે સુદર્શન ! તારા ધર્મમાં મૂળ કઈ વસ્તુને કહેવાય છે ?'

'હે દેવાનુપ્રિય ! અમારો ધર્મ શૌચમૂલક છે—યાવત્ ખરેખર જીવ જલાભિષેક દ્વારા પવિત્ર થઈ નિર્વિઘ્ન સ્વર્ગમાં જાય છે.' [સુદર્શને કહ્યું.]

ત્યારે થાવચ્ચાપુત્રે સુદર્શનને કહ્યું—

'હે સુદર્શન ! જેમ કોઈપણ માણસ એક રુધિરલિપ્ત મોટા વસ્ત્રને રુધિરથી જ ધુએ તો હે સુદર્શન ! શું રુધિરથી ધોવામેલ તે રુધિરલિપ્ત વસ્ત્ર શુદ્ધ થશે ?'

[સુદર્શને જવાબ આપ્યો—] 'એ વાત તો શક્ય નથી.'

[થાવચ્ચાપુત્રે કહ્યું–] 'એ જ રીતે હે સુદર્શન ! તમારા મત અનુસાર પણ પ્રાણાતિપાત યાવત્ બહિદ્ધાદાનની શુદ્ધિ નથી થઈ શકતી, જેમ રુધિરલિપ્ત વસ્ત્રની રુધિરથી ધોવાથી શુદ્ધ નથી થતી.

હે સુદર્શન ! પણ કોઈ માણસ કોઈ રુધિરલિપ્ત મોટા વસ્ત્રને સાજીખારવાળા પાણીમાં ભીંજવે, ભીંજવીને ભઠ્ઠી પર ચડાવે, ચડાવીને પાણીને ઉકાળે, ઉકાળીને પછી શુદ્ધ પાણીથી ધુએ તો શુદ્ધિ થાય છે કે નહીં ?'

[સુદર્શને જવાબ આપ્યો–]'હા થાય છે.'

'એ જ રીતે હે સુદર્શન ! અમારા ધર્મ પ્રમાણે પ્રાણાતિપાત-વિરમણ યાવત્ બહિદ્ધાદાન-વિરમણથી શુદ્ધિ થાય છે, જેમ કોઈ બીજા રુધિરલિપ્ત વસ્ત્રને સાજીખારના પાણીમાં ભીંજવીને, ભઠ્ઠી પર ચડાવીને ઉકાળીને શુદ્ધ પાણીથી ધોવાથી તે વસ્ત્રની શુદ્ધિ થાય છે તેમ.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુદર્શન દ્વારા વિનયમૂલક ધર્મનો સ્વીકાર–

૧૮૪. ત્યારબાદ પ્રતિબોધ પામેલ સુદર્શને થાવચ્ચાપુત્રને વંદન-નમન કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું–

'હે ભગવન્! આપની પાસે હું ધર્મ સાંભળવા અને સમજવા માગું છું.'

ત્યાર પછી થાવચ્ચાપુત્રે સુદર્શન અને ત્યાં એકત્ર થયેલ વિશાળ પરિષદને ચાતુર્યામ ધર્મનો ઉપદેશ આપ્યો, યથા–

'સંપૂર્ણ પ્રાણાતિપાત-વિરમણ, સંપૂર્ણ મૃષાવાદ-વિરમણ, સંપૂર્ણ અદત્તાદાન-વિરમણ અને સમસ્ત બહિદ્ધાદાન–વિરમણ–યાવત્ ત્યારે તે સુદર્શન શ્રમણોપાસક બની ગયો, જીવાજીવ તત્ત્વનો જ્ઞાતા બન્યો–યાવત્–નિર્ગ્રંથ શ્રમણોને પ્રાસુક એષણીય (નિર્દોષ અને ગ્રહણ કરવા યોગ્ય) અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વસ્ત્ર, ઉપકરણ, કંબળ, પાદપ્રોંછન, ઔષધિ, ભૈષજ આદિ આપવા યોગ્ય વસ્તુઓ અને પ્રાતિહારિક (વાપર્યા પછી પાછી લઈ શકાય તેવી વસ્તુઓ) પાટલા, પાટ, શૈયા, સંસ્તારક આદિનું દાન દેતો રહેવા લાગ્યો.

શુક દ્વારા સુદર્શનને વળતો બોધ–

૧૮૫. ત્યાર પછી તે શુક પરિવ્રાજકને આ વાત સાંભળવામાં આવી એટલે તરત તેના મનમાં આવો અધ્યવસાય–યાવત્–વિચાર આવ્યો– 'આવી રીતે સુદર્શને શૌચધર્મનો ત્યાગ કરીને વિનયમૂલક ધર્મ સ્વીકાર્યો છે, એટલે મારા માટે એ હિતકર છે કે સુદર્શનની દૃષ્ટિ બદલાવી નાખી ફરીથી તેને શૌચમૂલક ધર્મમાં વાળું.' તેણે આવો વિચાર કર્યો, વિચાર કરીને એક હજાર પરિવ્રાજકોની સાથે જ્યાં પરિવ્રાજકોનો મઠ હતો ત્યાં આવ્યો, આવીને પરિવ્રાજક મઠમાં ઉતારો કર્યો, ઉતારો કરીને પછી ગેરુઆ રંગનાં વસ્ત્રો ધારણ કરી થોડાક પરિવ્રાજકોથી વીંટળાઈને મઠમાંથી નીકળ્યો, નીકળીને સૌગંધિકા નગરીની વચ્ચે થઈને જ્યાં સુદર્શનનું ઘર હતું, જ્યાં સુદર્શન હતો ત્યાં આવ્યો,

ત્યારે તે સુદર્શને શુકને આવતો જોયો, જોઈને ન તો તે આદર આપવા ઊભો થયો, ન સામે ગયો, ન આદર કર્યો, ન સત્કાર કર્યો, વંદન પણ ન કરતાં ચૂપ જ રહ્યો.

ત્યારે શુક પરિવ્રાજકે સુદર્શનને આદર ન કરતો, સત્કાર ન કરતો, વંદન ન કરતો, [અજાણ્યાની જેમ] મૌન રહેલો જોયો, જોઈને આમ કહ્યું–

'હે સુદર્શન! પહેલાં મને આવતો જોઈને તું ઊભો થતો, સામે આવતો, આદર-સત્કાર કરતો, વંદન કરતો. હે સુદર્શન! અત્યારે તું મને આવતો જોઈને પણ ન ઊભો થયો, ન સામે આવ્યો, ન મારો આદર સત્કાર કર્યો, ન વંદન. તો હે સુદર્શન! કોની પાસેથી તેં આવો વિનયધર્મ સ્વીકાર્યો છે?'

૧૮૬. ત્યારબાદ શુક પરિવ્રાજકનાં આવાં વચનો સાંભળી સુદર્શન આસનેથી ઊઠ્યો, ઊઠીને બે હાથ જોડી, મસ્તક સમીપે અંજલિ રચી શુક પરિવ્રાજકને આ પ્રમાણે કહેવા લાગ્યો—

'હે દેવાનુપ્રિય! અર્હંત અરિષ્ટનેમિના અંતેવાસી થાવચ્ચાપુત્ર નામે અનગાર ક્રમે વિહરતા વિહરતા, ગામોગામ ફરતા ફરતા અહીં આવ્યા છે, અને અહીં નીલાશોક ઉદ્યાનમાં વિચરી રહ્યા છે. તેમની પાસેથી મેં વિનયમૂલક ધર્મ અંગીકાર કર્યો છે.'

ત્યારે તે શુક પરિવ્રાજકે સુદર્શનને આ પ્રમાણે કહ્યું—

'હે સુદર્શન! ચાલ, આપણે તારા ધર્માચાર્ય થાવચ્ચાપુત્ર પાસે જઈએ, અને આ આવા પ્રકારના અર્થો, હેતુઓ, પ્રશ્નો, કારણો અને વ્યાકરણો પૂછીએ. જો તેઓ મારા આ પ્રકારના અર્થો, હેતુઓ, પ્રશ્નો, કારણો અને વ્યાકરણોનું સમાધાન કરી આપશે તો હું તેમને વંદન કરીશ, નમન કરીશ. જો તેઓ મારા આ અર્થો, હેતુઓ, પ્રશ્નો, કારણો અને વ્યાકરણોનું નિરાકરણ નહીં કરી શકે તો હું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારા આ જ અર્થો, હેતુઓ વ૦ દ્વારા તેમને નિરુત્તર કરીશ.'

શુકનો થાવચ્ચાપુત્ર સાથે વાર્તાલાપ—

૧૮૭. ત્યારબાદ તે શુક પરિવ્રાજક એક હજાર પરિવ્રાજકો અને સુદર્શન શેઠ સાથે જ્યાં નીલાશોક ઉદ્યાન હતું, જ્યાં થાવચ્ચાપુત્ર અણગાર હતા ત્યાં આવ્યા, આવીને થાવચ્ચાપુત્રને આમ કહેવા લાગ્યો—

'હે ભદંત! શું તમારા ધર્મમાં યાત્રા છે? યાપનીય છે? અવ્યાબાધ છે? પ્રાસુક વિહાર છે?'

ત્યારે શુક પરિવ્રાજકે આમ કહેતાં થાવચ્ચાપુત્ર અનગારે તેને કહ્યું— 'હે શુક! અમારા ધર્મમાં યાત્રા પણ છે, યાપનીય પણ છે. અવ્યાબાધ છે અને પ્રાસુક વિહાર પણ છે.'

ત્યારબાદ શુકે થાવચ્ચાપુત્ર અનગારને આ પ્રમાણે કહ્યું—

'ભદંત! તમારી યાત્રા શું છે?'

[થાવચ્ચાપુત્ર બોલ્યા—]—'હે શુક! જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સંયમ, આદિ યોગો વડે જીવોની યતના કરવી તે અમારી યાત્રા છે.'

શુક—'હે ભગવંત! યાપનીય શું છે?'

થાવચ્ચાપુત્ર–'શુક! યાપનીય બે પ્રકારનું છે, જેમ કે ઇન્દ્રિય-યાપનીય અને નોઇન્દ્રિય યાપનીય.'

શુક – 'ઇન્દ્રિય યાપનીય કોને કહે છે?'

થાવચ્ચાપુત્ર– 'શુક! અમારી શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય કોઈ પણ પ્રકારના ઉપદ્રવ વિના વશીભૂત રહે છે, તે જ અમારું ઇન્દ્રિય યાપનીય છે.'

શુક – 'નો-ઇન્દ્રિય યાપનીય કોને કહે છે?'

થાવચ્ચાપુત્ર–'હે શુક! ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયો ક્ષીણ, ઉપશાંત થઈ જાય છે, ઉદયમાં આવતા નથી — એ જ અમારું નો-ઇન્દ્રિય યાપનીય છે.'

શુક – 'ભગવન્! અવ્યાબાધ તમે કોને કહો છો?'

થાવચ્ચાપુત્ર– 'હે શુક! જે વાત-પિત્ત-કફ અને સન્નિપાત વગેરે વિવિધ રોગ (ઉપચાર-સાધ્ય વ્યાધિ) અને આતંક (પ્રાણઘાતક વ્યાધિ) ઉદયમાં નથી આવ્યા તે જ અમારું અવ્યાબાધ છે.'

શુક — 'ભગવન્! આપનો પ્રાસુક વિહાર શું છે?'

થાવચ્ચાપુત્ર– 'શુક! અમે જે આરામો, ઉદ્યાનો, દેવળોમાં, સભાઓમાં, પરબોમાં તથા સ્ત્રી, પશુ, નપુંસક રહિત આશ્રયસ્થાનોમાં પ્રાતિહારિક (પાછાં આપવા યોગ્ય ઉપકરણો) પીઠિકાઓ, ફલકો, શૈયા, સંસ્તારક આદિ ગ્રહણ કરીને વિચરણ કરીએ છીએ તે જ અમારો પ્રાસુક વિહાર છે.'

સરિસવય*ના ભક્ષ્યાભક્ષ્યત્વની વિચારણા—

૧૮૮. શુક– 'હે ભગવન્! આપના ધર્મમાં સરિસવય ભક્ષ્ય છે કે અભક્ષ્ય?

થાવચ્ચાપુત્ર – 'શુક! સરિસવય અમારે માટે ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.'

શુક— 'હે ભગવન્! કઈ રીતે એમ કહો છો સરિસવય ભક્ષ્ય છે અને અભક્ષ્ય પણ છે?'

થાવચ્ચાપુત્ર– શુક! સરિસવય દ્વિવિધ છે એક છે મિત્ર સરિસવય (સમાન વયના મિત્ર) અને બીજા છે ધાન્ય સરિસવય (સરસવ). આમાં જે મિત્ર સરિસવય છે તે ત્રણ પ્રકારના છે–જેમકે, સાથે જન્મેલા, સાથે ઊછરેલા અને સાથે રમેલા. આ ત્રણે પ્રકારના મિત્ર સરિસવય શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

અને એમાં જે ધાન્ય સરિસવય (સરસવ) છે તે બે પ્રકારના છે–શસ્ત્ર-પરિણત અને અશસ્ત્ર-પરિણત. એમાં જે અશસ્ત્ર-પરિણત છે તે શ્રમણ નિર્ગ્રંથોને અભક્ષ્ય છે. અને જે શસ્ત્ર-પરિણત છે તે બે પ્રકારના છે—પ્રાસુક અને અપ્રાસુક.

---

*પ્રાકૃત શબ્દ સરિસવય ના અહીં બે અર્થ થાય છે– સરિસ = સમાન, વય = વય, ઉંમર અર્થાત સમવયસ્ક, મિત્ર અને ૨. સરિસવય – (સંસ્કૃત સર્ષપ) = સરસવ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે શુક ! અપ્રાસુક શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે. એમાં વળી જે પ્રાસુક છે તે બે પ્રકારના કહેવાય છે, તે આ પ્રમાણે–એષણીય અને અનેષણીય. એમાં જે અનેષણીય છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

તેમાં જે એષણીય છે તે બે પ્રકારના છે–યાચિત અને અયાચિત. એમાં જે અયાચિત છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

વળી તેમાં જે યાચિત (યાચના કરીને લાવેલ) છે તે બે પ્રકારે હોય છે–યથાલબ્ધ (પ્રાપ્ત) અને અલબ્ધ. જે અલબ્ધ છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે અને લબ્ધ છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે ભક્ષ્ય છે.

હે શુક ! આ રીતે એમ કહેવાય કે સરિસવય ભક્ષ્ય છે અને અભક્ષ્ય પણ છે.

કુલત્થા* ભક્ષ્યાભક્ષ્ય વિચારણા

૧૮૯. શુક– 'હે ભગવંત ! કુલત્થા તમારે ભક્ષ્ય છે કે અભક્ષ્ય ?'

થાવચ્ચાપુત્ર– 'હે શુક ! કુલત્થા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે. '

શુક – 'હે ભગવંત ! કેવી રીતે એમ કહો છો કે કુલત્થા ભક્ષ્ય છે અને અભક્ષ્ય પણ છે?'

થાવચ્ચાપુત્ર –'શુક ! કુલત્થાના બે ભેદ છે–એક સ્ત્રી–કુલત્થા (કુળવની સ્ત્રી) અને બીજી ધાન્ય-કુલત્થા (ધાન્ય વિશેષ).

એમાં જે સ્ત્રી કુલત્થા છે તે ત્રણ પ્રકારની છે, જેવી કે કુલવધૂ, કુલમાતા અને કુલપુત્રી. આ ત્રણે નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

એમાં જે ધાન્ય કુલત્થા છે તે બે પ્રકારે છે–શસ્ત્ર-પરિણત અને અશસ્ત્ર-પરિણત. તેમાં જે અશસ્ત્રપરિણત છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

જે શસ્ત્રપરિણત છે તેના બે પ્રકાર છે-પ્રાસુક અને અપ્રાસુક. તેમાં હે શુક ! જે અપ્રાસુક છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

જે પ્રાસુક છે તેના બે ભેદ છે, જેમ કે એષણીય અને અનેષણીય. એમાં જે અનેષણીય છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે. અને જે એષણીય છે તે બે પ્રકારે છે, યથા–યાચિત અને અયાચિત. એમાં જે અયાચિત છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

તેમાં જે યાચિત છે તેના બે ભેદ છે, યથા લબ્ધ અને અલબ્ધ. તેમાંથી જે અલબ્ધ છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે અને જે લબ્ધ છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે ભક્ષ્ય છે.

હે શુક ! આવી રીતે આ અર્થમાં એમ કહેવાય કે કુલત્થા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.'

માસ* ની ભક્ષ્યાભક્ષ્ય વિચારણા –

૧૯૦. 'શુક–ભગવન્ ! શુ માસ ભક્ષ્ય છે કે અભક્ષ્ય ?'

થાવચ્ચાપુત્ર– 'શુક ! માસ ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.'

શુક –'હે ભગવન્ ! કયા અર્થમાં કહો છો કે માસ ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે ?'

થાવચ્ચાપુત્ર–'શુક ! માસ ત્રણ પ્રકારે કહેવાય. તે આ રીતે કાલમાસ (કાળમાસ–મહિના) અર્થમાસ (અર્થ એટલે કે નાણા રૂપી માશા) અને ધાન્યમાસ (એટલે ધાન્યરૂપી માષ અર્થાત્ અડદ).

એમાં કાલમાસના બાર પ્રકાર છે, યથા–શ્રાવણ, ભાદ્રપદ, આસોજ, કાર્તિક, માર્ગશીર્ષ, પોષ, માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ અને અષાઢ. તે શ્રમણો માટે અભક્ષ્ય છે.

જે અર્થમાસ છે તેના બે ભેદ છે, યથા – હિરણ્ય માશા અને સુવર્ણ માશા. તે પણ શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

ધાન્યમાસના બે પ્રકાર છે–શસ્ત્ર-પરિણત અને અશસ્ત્ર-પરિણત. એમાં જે અશસ્ત્ર-પરિણત છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

*કુલત્થા – ૧. ધાન્યવિશેષ, કળથી ૨. સંસ્કૃત કુલસ્થા અર્થાત્ કુલ–સ્ત્રી, કુળવતી સ્ત્રી.

*માસ–૧. મહિના ૨. માશા અને ૩. માષ એટલે કે અડદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શસ્ત્ર-પરિણત બે પ્રકારના કહેવાય–પ્રાસુક અને અપ્રાસુક. હે શુક ! તેમાં અપ્રાસુક છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

એમાં જે પ્રાસુક છે તેના બે પ્રકાર કહેવાય છે, તે આ પ્રમાણે–એષણીય અને અનેષણીય. એમાં જે અનેષણીય છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે.

જે એષણીય છે તેના બે પ્રકાર છે, યથા–યાચિત અને અયાચિત. એમાં જે અયાચિત છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે. અને જે યાચિત છે તેના બે પ્રકાર છે, જેવા કે–લબ્ધ અને અલબ્ધ. તેમાં જે અલબ્ધ છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે અને જે લબ્ધ છે તે શ્રમણ નિર્ગ્રંથો માટે ભક્ષ્ય છે.

હે શુક ! આ અર્થમાં આમ કહેવાય છે કે માસ ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.'

એક અક્ષયાદિપદ વિચારણા–

૧૯૧. શુક 'શું આપ એક છો ? આપ બે છો ? આપ અક્ષય છો ? આપ અવ્યય છો ? આપ અવસ્થિત છો ? આપ અનેકભૂત, અનેકભાવ કે અનેક ભાવિવાળા છો ?'

થાવચ્ચાપુત્ર– 'હે શુક! હું એક પણ છું, બે પણ છું, અક્ષય પણ છું, અવ્યય પણ છું, હું અવસ્થિત પણ છું અને હું અનેક ભૂત-ભાવ-ભાવી પણ છું.'

શુક– 'ભગવન્! કઈ રીતે આપ એમ કહો છો કે હું એક છું, બે પણ છું, હું અક્ષય પણ છું, હું અવ્યય પણ છું, હું અવસ્થિત પણ છું અને અનેક ભૂત, ભાવ અને ભાવી પણ છું ?'

થાવચ્ચાપુત્ર– 'હે શુક ! દ્રવ્યની અપેક્ષાએ હું એક છું, જ્ઞાન અને દર્શનની અપેક્ષાએ હું અક્ષય પણ છું, અવ્યય પણ છું અને અવસ્થિત પણ છું તથા ઉપયોગની અપેક્ષાથી હું અનેકભૂત (ભૂતકાલીન) ભાવ (વર્તમાનકાલીન) અને ભાવિ (ભવિષ્યકાલીન) પણ છું – અર્થાત્ ઉપયોગ બદલાવાથી હું અનિત્ય પણ છું.

શુક પરિવ્રાજકનું સહસ્ર પરિવ્રાજકો સાથે પ્રવ્રજ્યાગ્રહણ–

૧૯૨. આ રીતે થાવચ્ચાપુત્રના ઉત્તરો સાંભળી પ્રતિબોધ પામેલ શુક પરિવ્રાજકે થાવચ્ચાપુત્રને વંદન કર્યા, નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને આ પ્રમાણે કહ્યું–

'હે ભગવન્ ! આપની પાસેથી હું કેવલિ-પ્રરૂપિત ધર્મ સાંભળવા ઇચ્છું છું.'

ત્યાર બાદ થાવચ્ચાપુત્રે શુકને ચાતુર્યામ રૂપ ધર્મનો ઉપદેશ આપ્યો. ત્યારે તે શુક પરિવ્રાજકે થાવચ્ચાપુત્ર પાસેથી ધર્મ શ્રવણ કરીને, હૃદયમાં અવધારણ કરીને આમ કહ્યું–'હે ભંતે ! હું એક હજાર પરિવ્રાજકો સાથે આપ દેવાનુપ્રિય પાસે મુંડિત બની પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

[થાવચ્ચાપુત્રે કહ્યું]–'હે દેવાનુપ્રિય ! તને સુખ ઊપજે તેમ કર.'

ત્યાર પછી તે શુક પરિવ્રાજક ઉત્તરપૂર્વ દિશા (ઈશાનકોણ)માં ગયો, ત્યાં જઈને કુંડી, છત્ર, છન્નાલય, અંકુશ, પવિત્રી, કેસરી અને ગેરુઆ રંગનાં વસ્ત્રો એકાંતમાં છોડી દીધાં, પછી પોતાના હાથે જ શિખા (ચોટલી) ઉખાડી કાઢી, શિખાલોચ કરીને જ્યાં થાવચ્ચાપુત્ર અનગાર હતા ત્યાં આવ્યો, આવીને થાવચ્ચાપુત્ર અનગારને વંદન-નમન કર્યા, વંદન-નમસ્કાર કરી થાવચ્ચાપુત્ર પાસે મુંડિત બની પ્રવ્રજ્યા સ્વીકારી, પછી સામાયિક આદિ ચૌદપૂર્વનું અધ્યયન કર્યું.

થાવચ્ચાપુત્રનો તથા શુકનો જનપદવિહાર—

૧૯૩. ત્યાર બાદ થાવચ્ચાપુત્રે શુકને એક હજાર અણગારો શિષ્યરૂપે આપ્યા.

ત્યાર બાદ થાવચ્ચાપુત્ર અનગાર સૌગંધિકા નગરી અને નીલાશોક ઉદ્યાનમાંથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદમાં વિહાર કરવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાવચ્ચાપુત્રનું પરિનિર્વાણ—

૧૯૪. ત્યાર બાદ તે થાવચ્ચાપુત્ર એક હજાર સાધુઓ સાથે જ્યાં પુંડરીક પર્વત (શત્રુંજય) હતો ત્યાં આવ્યા, આવીને ધીરે ધીરે પુંડરીક પર્વત પર ચડ્યા, ચડીને મેઘસમૂહ જેવી શ્યામ અને જ્યાં દેવોનું આગમન થતું હતું તેવી પૃથ્વી-શિલા રૂપી પાટની પ્રતિલેખના કરી, પ્રતિ-લેખના કરી યાવત્ સંલેખના દ્વારા કર્મક્ષય કરીને આત્મભાવમાં રમમાણ થઈને અનશન દ્વારા ભક્તપાનનો ત્યાગ કરીને પાદોપગમન કર્યું.

ત્યારે અનેક વર્ષોનો શ્રામણ્યપર્યાય પાળી, એક માસની સંલેખના દ્વારા આત્મધ્યાનમાં મગ્ન થાવચ્ચાપુત્ર સાઠ ભક્તનો અનશન દ્વારા ત્યાગ કરીને—યાવત્ સર્વોત્કૃષ્ટ કેવળ-જ્ઞાન-દર્શન પ્રાપ્ત કરીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અન્તકૃત, પરિનિવૃત્ત થયા અને સર્વ દુઃખોથી મુક્ત થયા.

શુકનું શૈલકપુર-આગમન અને શૈલકની અભિનિષ્ક્રમણાભિલાષા—

૧૯૫. ત્યાર બાદ તે શુક અનગાર કોઈ એક વાર જ્યાં શૈલકપુર નગર હતું, જ્યાં સુભૂમિભાગ ઉદ્યાન હતું ત્યાં આવ્યા, આવીને યથાયોગ્ય અવગ્રહ ધારણ કરી, સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. તેમને વંદન કરવા પરિષદ એકત્ર થઈ. શૈલક રાજા પણ નીકળ્યો.

ત્યાર બાદ તે શૈલક રાજાએ શુક અનગાર પાસે ધર્મ શ્રવણ કરી, અવધારણ કરી હૃષ્ટ-તુષ્ટ આનંદિત બની શુકની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમન કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—'હે ભગવન્! હું નિર્ગ્રંથ-પ્રવ-ચનમાં શ્રદ્ધા કરું છું'—યાવત્ વિશેષ આટલું કે—'હે દેવાનુપ્રિય! હું પંથક આદિ પાંચસો મંત્રીઓને પૂછી લઉં અને મંડુકકુમારને રાજ્યગાદી પર સ્થાપિત કરી દઉં ત્યાર પછી આપ દેવાનુપ્રિય પાસે મુંડિત બની, ગૃહસ્થ-જીવન છોડી અનગાર પ્રવ્રજ્યા સ્વીકાર કરીશ.'

[શુક અનગારે કહ્યું—] 'હે દેવાનુપ્રિય! જેમ તને સુખ થાય તેમ કર.'

ત્યાર બાદ તે શૈલક રાજાએ શૈલકપુર નગરમાં પ્રવેશ કર્યો, પ્રવેશ કરી જ્યાં પોતાનું ભવન હતું, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા (રાજસભા) હતી ત્યાં આવ્યો, આવીને સિંહાસન પર બેઠો.

૧૯૬. ત્યાર બાદ તે શૈલક રાજાએ પંથક આદિ પાંચસો મંત્રીઓને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! મેં શુક અનગાર પાસે ધર્મોપદેશ સાંભળ્યો છે, તે ધર્મની મને ઇચ્છા થઈ છે, વિશેષ ઇચ્છા થઈ છે, તેમાં મને અભિરુચિ થઈ છે. એટલે હે દેવાનુપ્રિયો! સંસારના ભયથી ઉદ્વિગ્ન અને જન્મ-જરા – મરણથી ભયભીત બનેલો હું શુક અનગાર પાસે મુંડિત બની, ગૃહત્યાગ કરી અનગાર-પ્રવ્રજ્યા સ્વીકારીશ. આથી હે દેવાનુપ્રિયો! તમે બધા હવે શું કરવા ઇચ્છો છો? ક્યાં રહેવા ઇચ્છો છો? તમારી હાર્દિક ઇચ્છા શું છે?'

ત્યારે તે પંથક આદિ પાંચસો મંત્રીઓએ શૈલક રાજાને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! જો આપ સંસાર-ભયથી ઉદ્વિગ્ન થઈને યાવત્ પ્રવ્રજ્યા લેવા ઇચ્છો તો હે દેવાનુપ્રિય! અમારો બીજો કયો આધાર કે આશ્રય છે? હે દેવાનુપ્રિય! સંસારભયથી ઉદ્વિગ્ન અમે—યાવત્—પ્રવ્રજ્યા સ્વીકારીશું.'

હે દેવાનુપ્રિય! જેમ અત્યારે અમારાં અનેક કાર્યોમાં, પ્રસંગોમાં, કુટુંબનાં કામોમાં, મંત્રણાઓમાં, ગુપ્ત વાતોમાં, રહસ્યોમાં અને નિર્ણયોમાં આપ પૂછવા લાયક, સલાહ લેવા યોગ્ય, સ્તંભરૂપ, આધારરૂપ, આલંબનરૂપ, ચક્ષુરૂપ છો, સ્તંભભૂત, આધારભૂત, પ્રમાણ-ભૂત, ચક્ષુભૂત છો તેવી જ રીતે પ્રવ્રજ્યા લઈ શ્રમણ બનીએ ત્યારે પણ અમારાં બધાં કાર્યોમાં યાવત્ ચક્ષુભૂત અર્થાત્ માર્ગદર્શક બનશો.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી શૈલક રાજાએ પંથક આદિ પાંચસો મંત્રીઓને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયો ! જો તમે સંસાર-ભયથી ઉદ્વિગ્ન બન્યા હો યાવત્ પ્રવ્રજ્યા લેવા ઇચ્છો છો તો હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને પોતપોતાના કુટુંબમાં જઈને કુટુંબનો ભાર મોટા પુત્રને સોંપીને સહસ્ર-પુરુષ-વાહિની શિબિકા પર બેસીને મારી પાસે પાછા આવો.' તેઓએ પણ તે પ્રમાણે કર્યું.

શૈલકપુત્ર મંડુકનો રાજ્યાભિષેક—

૧૯૭. ત્યારબાદ પછી શૈલક રાજાએ પાંચસો મંત્રીઓને પોતાની પાસે આવેલા જોયા, જોઈને હૃષ્ટ-તુષ્ટ બની કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ મંડુક કુમારના રાજ્યાભિષેક માટે મહાર્થ, મહર્ઘ, મહામૂલ્ય, મહાપુરુષને યોગ્ય વિપુલ સામગ્રી એકત્ર કરો.'

ત્યારે તે કૌટુંબિક સેવકોએ મંડુક કુમારના રાજ્યાભિષેક માટે મહાર્થ, મહર્ઘ, મહામૂલ્યવાન સામગ્રી તૈયાર કરી હાજર કરી.

ત્યાર પછી તે શૈલક રાજાએ અનેક ગણ-નાયકો–યાવત્–સંધિપાલકોથી વીંટળાઈને મંડુક કુમારને અભિસિંચન કરી રાજ્યાભિષેક કર્યો.

ત્યાર બાદ તે મંડુક રાજા બન્યો–મહાન હિમવંત પર્વત સમાન, મહા મલય અને મંદર પર્વત સમાન, મહાન ઇન્દ્ર જેવો રાજા બની યાવત્ રાજ્યશાસન કરતો વિચરવા લાગ્યો.

શૈલકની પ્રવ્રજ્યા—

૧૯૮. ત્યાર બાદ તે શૈલકે મંડુક રાજાને [પ્રવ્રજ્યા માટે] પૂછ્યું.

ત્યારે મંડુક રાજાએ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ શૈલકપુર નગરને જળસિંચન કરી, સ્વચ્છ કરી, મકાનો લીંપી-ધોળી યાવત્–સુગંધિત દ્રવ્યો દ્વારા સુગંધિત બનાવી ગંધવર્તિકા (ધૂપસળી) જેવું સુગંધિત કરો, કરાવો, કરી-કરાવીને મારી આ આજ્ઞા પૂરી થયાની જાણ કરો.'

ત્યાર બાદ મંડુક રાજાએ ફરી બીજી વાર પણ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ શૈલકરાજાના અભિનિષ્ક્રમણ-અભિષેક (દીક્ષા-અભિષેક) માટે મહાર્થ, મહર્ઘ, મહામૂલ્યવાન વિપુલ સામગ્રી એકઠી કરો.' જેમ મેઘકુમારના પ્રકરણમાં તેમ જ અહીં પણ વર્ણન, વિશેષમાં–પદ્માવતી દેવીએ શૈલક રાજાના અગ્રકેશ ગ્રહણ કર્યા. બાકી સઘળું સમાન યાવત્ અને સર્વ પ્રતિગ્રહ-પાત્રાદિક લઈને પોતે શિબિકા પર આરૂઢ થયા.

શેષ વર્ણન પૂર્વવત્ સમજવું, યાવત્–

ત્યાર પછી તે શૈલકે પાંચસો મંત્રીઓ સાથે પોતાની જાતે પંચમુષ્ટિ લોચ કર્યો, લોચ કરીને જ્યાં શુક અનગાર હતા ત્યાં આવ્યા, આવીને શુક અનગારની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી યાવત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

ત્યાર બાદ તે શૈલક અનગાર બની ગયા–યાવત્ કર્મોના વિનાશ માટે ઉદ્યમી થઈ વિહરવા લાગ્યા.

ત્યાર બાદ તે શૈલકે શુક અનગારના તથા-રૂપ-ગીતાર્થ સ્થવિરો પાસે સામાયિકથી લઈને અગિયાર અંગો સુધીનાં શાસ્ત્રોનું અધ્યયન કર્યું, અધ્યયન કરી અનેક ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ, અર્ધ માસ, માસક્ષમણ આદિ તપસ્યા દ્વારા આત્માને ભાવિત કરતા તે વિચરવા લાગ્યા.

શુકનું પુંડરીક પર્વત પર પરિનિર્વાણ—

૧૯૯. ત્યાર પછી શુક અનગારે શૈલક અનગારને પંથક-પ્રમુખ પાંચસો અનગારો શિષ્યરૂપે પ્રદાન કર્યા.

ત્યાર બાદ તે શુક અનગાર કોઈ સમયે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શૈલકપુર નગર અને સુભૂમિભાગ ઉદ્યાનમાંથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદમાં વિહાર કરવા લાગ્યા.

ત્યાર બાદ તે શુક અનગાર કોઈ એક સમયે પોતાના તે એક હજાર અનગારો સાથે ક્રમેક્રમે વિહરતા, ગામોગામ વિહાર કરતા, સુખપૂર્વક વિહરતા જ્યાં પુંડરીક પર્વત હતો ત્યાં આવ્યા-યાવત્-સર્વ દુઃખો ક્ષીણ કરી મુક્ત થયા.

શૈલકને રોગાંતક—

૨૦૦. ત્યાર પછી પ્રતિદિન અંત-પ્રાંત (કોઈનો વધેલો ઘટેલો), તુચ્છ(અલ્પ), રૂક્ષ(સૂકો), રસહીન, ઠંડો, ગરમ, સમય બહારનો, પ્રમાણથી વધતો-ઓછો એવો આહાર રોજ લેવાથી પ્રકૃતિથી સુકોમળ અને સુખભોગી શૈલક રાજર્ષિના શરીરમાં રોગપીડા પેદા થઈ-યાવત્ અસહ્ય બની. ખંજવાળ, દાહ અને પિત્તજ્વરથી ઘેરાયેલા શરીરે તેઓ વિહરતા હતા.

ત્યારે તે રોગપીડાથી તે શૈલક રાજર્ષિ દુર્બળ, સુકલકડી બની ગયા.

ત્યાર પછી કોઈ એકવાર ક્રમાનુક્રમે વિહરતા વિહરતા તે શૈલક રાજર્ષિ-યાવત્ જ્યાં સુભૂમિભાગ ઉદ્યાન હતું-યાવત્ વિચરવા લાગ્યા. વંદન માટે પરિષદ એકત્ર થઈ. મંડુક પણ નીકળ્યો, આવીને શૈલક અનગારને વંદન-નમસ્કાર કર્યા, પર્યુપાસના કરી.

મંડુકે કરેલી શૈલકની ચિકિત્સા—

૨૦૧. ત્યારે મંડુક રાજાએ શૈલક અનગારનું સુકાયેલું, નિસ્તેજ, બધી જાતના વ્યાધિ, પીડા અને રોગવાળું શરીર જોયું, જોઈને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! હું આપની ચિકિત્સા કરવા લાયક ચિકિત્સકો પાસે મુનિઓને ગ્રાહ્ય એવાં ઔષધ, ભોજન, પાન દ્વારા ચિકિત્સા કરાવીશ. તો હે ભગવન્! આપ મારી યાનશાળામાં આવી ઊતરો અને આપને પ્રાસુક તથા એષણીય પીઠ, ફલક, શૈયા, સંસ્તારક ગ્રહણ કરો.'

ત્યાર પછી શૈલક અનગારે મંડુક રાજાની આવા આશયની વાત સાંભળીને 'ભલે' કહી સ્વીકાર કર્યો.

ત્યાર બાદ મંડુકે શૈલક રાજર્ષિને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને જ્યાંથી આવ્યો હતો તે દિશામાં તે પાછો ગયો.

ત્યાર પછી તે શૈલક રાજર્ષિ તે રાત વીતી પ્રભાત થયું યાવત્ સહસ્રરશ્મિ દિનકર સૂર્ય ઝળહળતા પ્રકાશ સાથે ઉદય પામ્યો ત્યારે પોતાનાં પાત્ર-ઉપકરણ લઈને પંથક આદિ પાંચસો અનગારો સાથે શૈલકપુરમાં પ્રવેશ્યા, પ્રવેશીને જ્યાં મંડુક રાજાની યાનશાળા હતી ત્યાં આવ્યા, આવીને પ્રાસુક અને એષણીય એવાં પીઠ, ફલક, શૈયા, સંસ્તારક ગ્રહણ કરીને વિચરવા લાગ્યા.

ત્યાર બાદ મંડુક રાજાએ ચિકિત્સકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! આપ શૈલક રાજર્ષિની પ્રાસુક તથા એષણીય ઔષધ, ભૈષજ્ય, આહાર અને પાન દ્વારા ચિકિત્સા કરો.'

ત્યાર બાદ તે ચિકિત્સકો મંડુક રાજાની આ વાત સાંભળીને હૃષ્ટ-તુષ્ટ બની મુનિને યોગ્ય ઔષધ, ભૈષજ્ય, ભોજન-પાન દ્વારા શૈલક રાજર્ષિની ચિકિત્સા કરવા લાગ્યા, અને તેમને મદ્યપાન કરવાની સલાહ આપવા લાગ્યા.

ત્યાર બાદ યથાયોગ્ય ઔષધ, ભૈષજ્ય, ભોજન, પાન અને મદ્યપાન લેવાથી તે શૈલક રાજાનો રોગાંતક શાંત થઈ ગયો, યાવત્ તેઓ હૃષ્ટ-તુષ્ટ અને મલ્લ જેવા બળવાન શરીરવાળા બની ગયા તથા તેમના રોગો નાશ પામ્યા.

શૈલકનો પ્રમત્તવિહાર—

૨૦૨. ત્યારે તે શૈલક રાજર્ષિનો રોગાંતક શમી ગયો પણ તે વિપુલ અશન, પાન, ખાદિમ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાદિમ અને મદ્યપાન લઈને તે મૂર્ચ્છિત, મત્ત, ગૃદ્ધ, આસક્ત, પ્રમાદી, અવસન્ન-વિહારી, પાર્શ્વસ્થ (સંયમ સાધનાને વિસારી દેનાર સાધુ), પાર્શ્વસ્થ-વિહારી, કુશીલ (શિથિલાચારી), કુશીલવિહારી, પ્રમત્ત, પ્રમત્ત-વિહારી, સંસક્ત, સંસક્તવિહારી બની ગયા, શેષ કાળમાં (ચાતુર્માસ સિવાયના સમયમાં) પણ શૈયા-સંસ્તારક-પીઠ-ફલક ગ્રહણ કરનાર બની ગયા, પ્રાસુક અને એષણીય પીઠ-ફલક-શૈયા-સંસ્તારક પાછાં આપીને અને મંડુક રાજાની અનુમતિ માગીને બાહ્ય જનપદમાં વિહાર કરી જવા માટે અસમર્થ બની ગયા.

પંથક અનગારને વૈયાવૃત્યકારી બનાવીને શૈલક-શિષ્યનો વિહાર—

૨૦૩. ત્યારે તે પંથકને છોડીને પાંચસો અનગારોમાંના બાકીના બધાને કોઈ એક વખત એકત્રિત થઈ ધર્મ-જાગરણ કરતા મધ્યરાત્રિ સમયે આ આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ વિચાર થયો કે-'ખરે શૈલક રાજર્ષિ રાજ્યનો ત્યાગ કરીને યાવત્ પ્રવ્રજિત થયા હતા પરંતુ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ અને મદ્યપાનથી મોહિત-મૂઢ બની જવાથી પ્રાસુક તથા એષણીય પીઠ, ફલક, શૈયા, સંસ્તારક પાછાં આપી, મંડુક રાજાની અનુમતિ લઈને બાહ્ય જનપદમાં વિહાર કરવા સમર્થ નથી-ઇચ્છતા નથી. આથી હવે હે દેવાનુપ્રિયો! શ્રમણ નિર્ગ્રંથોએ અવસન્ન, પાર્શ્વસ્થ, કુશીલ, પ્રમત્ત, સંસક્ત અને શેષકાળમાં પણ પીઠ-ફલક-શૈયા-સંસ્તારક રાખનાર પ્રમાદી સાધુ સાથે રહેવું કલ્પતું નથી-મુનિઆચાર નથી. આથી હે દેવાનુપ્રિયો! આપણા માટે એ શ્રેયસ્કર છે કે આપણે શૈલક રાજર્ષિની આજ્ઞા લઈને અને પાછાં આપવા યોગ્ય પીઠ-ફલક-શૈયા-સંસ્તારક પાછાં સોંપીને તથા પંથક અનગારને શૈલક રાજર્ષિની વૈયાવૃત્ય (સેવાચાકરી) માટે રાખીને બાહ્ય જનપદમાં ઉદ્યમપૂર્વક વિહાર કરીએ.' આવા પ્રકારનો વિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસે પ્રભાતે જ્યાં શૈલક રાજર્ષિ હતા ત્યાં આવ્યા, આવીને શૈલક રાજર્ષિની આજ્ઞા લઈને પાછાં આપવા યોગ્ય પીઠ-ફલક-શૈયા-સંસ્તારક પાછા સોંપીને, પંથક અનગારને વૈયાવૃત્યકારી તરીકે નિયુક્ત કરીને, બાહ્ય જનપદમાં વિહાર કરવા લાગ્યા.

મહાપ્રમત્ત શૈલકની પંથક દ્વારા ચાતુર્માસિક ક્ષમાપના—

૨૦૪. ત્યાર પછી પંથક અનગાર શૈલકની શૈયા, સંસ્તારક, ઉચ્ચાર, પ્રસ્રવણ (પેશાબ), ખેલ (શ્લેષ્મ), સંઘાણ (નાકનો મેલ), ઔષધ, ભૈષજ્ય, આહાર, પાન વગેરે દરેક બાબતમાં ગ્લાનિ વિના વિનયપૂર્વક વૈયાવૃત્ય કરવા લાગ્યા.

ત્યાર પછી તે શૈલક કોઈ એક વાર કાર્તિક ચોમાસીના દિવસે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન લઈને અને અત્યધિક મદ્યપાન કરીને સાયંકાળે સુખપૂર્વક સૂતા હતા.

ત્યારે પંથક મુનિએ કાર્તિક ચોમાસીનો દિન હોઈ કાયોત્સર્ગ કરી, દૈવસિક પ્રતિક્રમણ કરી, ચાતુર્માસિક પ્રતિક્રમણ કરવાની ઇચ્છાથી શૈલક રાજર્ષિને ખમાવવા માટે પોતાના મસ્તકથી તેમનાં ચરણનો સ્પર્શ કર્યો.

શૈલકનો કોપ અને પંથકની ક્ષમાપના—

૨૦૫. ત્યાર બાદ શિષ્ય પંથક દ્વારા મસ્તક વડે ચરણસ્પર્શ થતાં જ શૈલક રાજર્ષિ કોપાયમાન, ક્રોધાવિષ્ટ, રુષ્ટ, ચંડ બની દાંત કચકચાવતા ઊઠ્યા અને ઊઠીને આ પ્રમાણે બોલ્યા-'અરે! એ કોણ અપ્રાર્થિત(મૃત્યુ)ની ઇચ્છાવાળો, દુર્લક્ષણ, અભાગિયો, ચૌદશિયો, શ્રી-હ્રી-ધૃતિ-કીર્તિએ ત્યજી દીધેલો છે કે જે સુખપૂર્વક સુતેલા મને પગે ઘસાય છે?'

ત્યારે શૈલક અનગારનાં આવાં વચનો સાંભળી ભયભીત, ત્રસ્ત અને ખિન્ન થઈને, બન્ને હાથ મસ્તક સમીપે લઈ જઈ અંજલિ રચી પંથક અનગારે આ પ્રમાણે કહ્યું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે ભગવન્! હું પંથક છું, કાયોત્સર્ગ-પૂર્વક દૈવસિક પ્રતિક્રમણ કર્યા પછી ચાતુર્માસિક પ્રતિક્રમણ કરી, ચાતુર્માસિક ક્ષમાપન માટે આપ દેવાનુપ્રિયને વંદન કરતી વેળા મારું મસ્તક આપના ચરણને અડકયું, તો હે દેવાનુપ્રિય! આપ ક્ષમા કરો. દેવાનુપ્રિય! મારો અપરાધ માફ કરો. દેવાનુપ્રિય! આપ ક્ષમા કરવા સમર્થ છો. ફરી આવું નહીં બને.' આમ કહી શૈલક અનગારને આ રીતે વિનય-પૂર્વક વારંવાર ખમાવ્યા.

શૈલકનો પુનઃ અભ્યુદ્યત વિહાર—

૨૦૬. ત્યારે પંથક વડે આમ કહેવાતાં શૈલક રાજર્ષિને આ આવા પ્રકારનો અધ્યવસાય, વિચાર, મનોવિકલ્પ, સંકલ્પ મનમાં આવ્યો—

'હું રાજ્ય છોડીને યાવત્ પ્રવ્રજિત થયો હતો પરંતુ અવસન્ન (આળસુ), અવસન્ન-વિહારી, પાર્શ્વસ્થ, પાર્શ્વસ્થવિહારી, કુશીલ, કુશીલવિહારી, પ્રમત્ત, પ્રમત્તવિહારી, સંસક્ત અને સંસક્તવિહારી બનીને વિચરી રહ્યો છું. ખરેખર તો શ્રમણ નિર્ગ્રંથે અવસન્ન, પાર્શ્વસ્થ, કુશીલ, પ્રમત્ત અને સંસક્ત ન બનવું જોઈએ અને શેષકાળમાં પીઠ-ફલક-શૈયા-સંસ્તારક ગ્રહણ કરી પ્રમાદી બનવું ન જોઈએ—એ શ્રમણ આચાર નથી.

એટલે કાલે મંડુક રાજાની અનુમતિ લઈને, પ્રાતિહારિક પીઠ-ફલક-શૈયા-સંસ્તારક પાછા સોંપી દઈને, પંથક અનગારની સાથે અભ્યુદ્યમપૂર્વક બાહ્ય જનપદ વિહાર કરતાં વિચરવું જ મારા માટે શ્રેયસ્કર છે.' આવા પ્રકારનો વિચાર તેમણે કર્યો, વિચાર કરીને બીજા દિવસે મંડુક રાજાની અનુમતિ લઈને પ્રાતિહારિક પીઠ-ફલક-શૈયા-સંસ્તારક પાછાં સોંપીને, પંથક અનગારની સાથે બાહ્ય જનપદમાં ઉગ્ર વિહાર કરવા માંડયો.

શૈલકકથોપસંહાર દ્વારા ઉપદેશ –

૨૦૭. હે આયુષ્યમાન શ્રમણો! આ રીતે જે સાધુ યા સાધ્વી અવસન્ન, અવસન્નવિહારી, પાર્શ્વસ્થ, પાર્શ્વસ્થવિહારી, કુશીલ, કુશીલવિહારી, પ્રમત્ત, પ્રમત્તવિહારી, સંસક્ત, સંસકતવિહારી બનીને તથા શેષકાળમાં પણ પીઠ-ફલક-શૈયા-સંસ્તારક-કમાં મોહિત થઈને વિચરણ કરે છે તે આ જ લોકમાં અનેક સાધુઓ, અનેક સાધ્વીઓ અનેક શ્રાવકો અને અનેક શ્રાવિકાઓ નરકથી હીલના, નિંદા, ગર્હા, તિરસ્કારને પાત્ર બને છે અને પરલોકમાં પણ ઘણાં દુઃખો ભોગવે છે તથા અનાદિ, અનંત, વિશાળ ચતુર્ગતિરૂપ સંસાર અરણ્યમાં વારંવાર ભટકયા કરે છે.

શૈલક સમીપે શિષ્યોનું પુનરાગમન —

૨૦૮. ત્યાર બાદ પંથક સિવાયના પેલા પાંચસો અણગારોએ આ સમાચાર મેળવ્યા કે તરત જ એકબીજાને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું –

'હે દેવાનુપ્રિયો! શૈલક રાજર્ષિ પંથક અણગાર સાથે અભ્યુદ્યતપણે બાહ્ય જન-પદમાં વિહાર કરતા વિચરી રહ્યા છે. આથી હે દેવાનુપ્રિયો! શૈલક રાજર્ષિ પાસે જઈને તેમની સાથે વિચરણ કરવું આપણા માટે શ્રેયસ્કર છે. એમણે આ પ્રકારનો વિચાર કર્યો, વિચાર કરીને શૈલક રાજર્ષિ સમીપે જઈ તેમની સાથે વિચરવા લાગ્યા.

પુંડરીક પર્વત પર શૈલક આદિ સર્વનું નિર્વાણ —

૨૦૯, ત્યાર પછી શૈલક રાજર્ષિ અને પંથક આદિ પાંચસો અણગારો ઘણાં વર્ષો સુધી શ્રમણ-પર્યાય પાળી, એક વખત જ્યાં પુંડરીક પર્વત હતો ત્યાં આવ્યા, આવીને ધીરે ધીરે પુંડરીક પર્વત પર ચડયા, ચડીને સઘન મેઘ સમાન શ્યામ અને જ્યાં દેવો આવીને ઊતરતા એવા પૃથ્વી શિલાપટ્ટની તેઓએ પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને યાવત્ સંલેખના વડે આત્માને કર્મમુક્ત કરીને આત્મરમણ કરતાં પાદોપગમન અનશન ધારણ કર્યું.

ત્યાર પછી તે શૈલક રાજર્ષિ અને પંથક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ પાંચસો અનગારો ઘણાં વર્ષો સુધી શ્રમણ-પર્યાય પાળીને એક માસની સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કરીને, અનશન દ્વારા સાઠ ભક્તનો ત્યાગ કરીને અર્થાત્ એક માસ સુધી અનશન તપ કરીને યાવત્ સર્વશ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરીને પછી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અન્તકૃત, પરિનિવૃત્ત અને સર્વ દુઃખોનો નિઃશેષ ક્ષય કરનાર બની ગયા.

એ રીતે હે આયુષ્મન્ શ્રમણો ! જે સાધુ અથવા સાધ્વી અભ્યુદ્યત (સાવધાન, અપ્રમત્ત) બની જનપદોમાં વિહરે તે આ લોકમાં અનેક સાધુઓ, અનેક સાધ્વીઓ, અનેક શ્રાવકો અને અનેક શ્રાવિકાઓ વડે અર્ચના, વંદના, નમસ્કાર, પૂજા, સત્કાર અને સન્માનને પાત્ર બને છે. તથા કલ્યાણરૂપ, મંગળરૂપ, દેવરૂપ, ચૈત્યરૂપ મનાઈ વિનયપૂર્વકની સેવા-ઉપાસનાનાં અધિકારી બને છે.

પરલોકમાં પણ તેમને હસ્તછેદન, કર્ણછેદન, નાસિકાછેદન, હૃદયને આઘાત પહોંચાડે તેવાં મર્મઘાતક દુઃખો કે (રાજા દ્વારા ફાંસીએ) લટકવું આદિ પીડા ભોગવવી પડતી નથી, અનાદિ-અનંત વિશાળ ચતુર્ગતિરૂપ ભવાટવી તેઓ પાર કરી જાય છે.

વૃત્તિકાર દ્વારા ઉદ્ધૃત નિગમન-ગાથા —

૨૧૦. સંયમ-સાધનામાં શિથિલ થઈને ફરી પાછો સંવેગ થતાં જો કોઈ ફરી સંયમમાં ઉદ્યમ કરે તો શૈલક ઋષિની જેમ તે આરાધક બને છે.

* * *

૧૨. રથનેમિ-શ્રમણનો રાજીમતી દ્વારા સમુદ્ધાર

૨૧૧. પૂર્વે શૌર્યપુર (સોરીપુર) નામના નગરમાં રાજલક્ષણોથી યુક્ત અને મહાન ઋદ્ધિમાન એવો વસુદેવ નામનો રાજા થઈ ગયો હતો. (૧)

તેને દેવકી અને રોહિણી નામની બે ભાર્યાઓ હતી અને તે પૈકી રોહિણીને રામ બલરામ અને દેવકીને કેશવ (કૃષ્ણ) એવા બે મનોહર કુમારો હતા. (૨)

તે જ શૌર્યપુર નગરમાં બીજો પણ એક મહાન ઋદ્ધિમાન અને રાજલક્ષણોથી યુક્ત એવો સમુદ્રવિજય નામે રાજા હતો. (૩)

તેને શિવા નામે ભાર્યા હતી, અને તેની કૂખેથી જન્મેલો એક મહાયશસ્વી સમગ્ર લોકનો નાથ અને ઇંદ્રિયોને દમન કરનારાઓમાં શ્રેષ્ઠ એવો અરિષ્ટનેમિ નામનો ભાગ્યવંત પુત્ર હતો. (૪)

તે અરિષ્ટનેમિ શૌર્ય, ગાંભીર્ય આદિ ગુણોથી તેમજ સુસ્વરથી યુક્ત અને (સ્વસ્તિક, શંખ, ચક્ર, પદ્મ વગેરે) એક હજારને આઠ ઉત્તમ લક્ષણોથી સહિત હતો. તેનું ગોત્ર ગૌતમ હતું અને શરીરનો વર્ણ શ્યામ હતો. (૫)

તે વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાન (ચારે બાજુથી જે શરીરની આકૃતિ સમાન હોય તે)વાળો હતો. તેનું પેટ મચ્છ સમાન રમણીય હતું. તેની સાથે પરણાવવા માટે કેશવે (શ્રી કૃષ્ણે) રાજીમતી નામની કન્યાનું માગું કર્યું. (૬)

તે રાજીમતી કન્યા પણ ઉત્તમ કુળના રાજવી (ઉગ્રસેન)ની પુત્રી હતી. તે સુશીલા, સુનયના અને સ્ત્રીઓનાં સર્વોત્તમ લક્ષણોથી સંપન્ન હતી. તેની કાન્તિ, સૌદામિની વિદ્યુત જેવી તેજસ્વી હતી. (૭)

[જ્યારે કૃષ્ણ મહારાજાએ તેની માગણી કરી ત્યારે] તેના પિતાએ વિપુલ સમૃદ્ધિવાળા વાસુદેવને કહેવરાવ્યું કે, 'તે કુમાર અહીં પધારે એટલે હું કન્યા તેને પરણાવીશ.' (૮)

અરિષ્ટનેમિને ઉચિત દિવસે ઉત્તમ પ્રકારની ઔષધિઓથી સ્નાન કરાવ્યું અને કૌતુક મંગળ વિધિ કરવામાં આવ્યો, ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો પહેરાવ્યાં અને ઉત્તમ પ્રકારના અલંકારોથી વિભૂષિત કર્યો. (૯)

વાસુદેવ રાજાના સૌથી મોટા મદોન્મત્ત ગંધહસ્તી પર તે આરૂઢ થયો, અને જેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મસ્તક પર ચૂડામણિ શોભે તેમ શોભવા લાગ્યો. (૧૦)

તેના ઉપર ઉત્તમ છત્ર અને ચામરો ઢોળાઈ રહ્યાં હતાં અને તે દશ દશાર્હ વગેરે સર્વ યાદવોના પરિવારથી ચારે બાજુ વીંટળાઈ રહ્યો હતો. (૧૧)

તેની સાથે હસ્તી, ઘોડા, રથ અને પાયદલ એમ ચાર પ્રકારની સુવ્યવસ્થિત ચતુરંગિણી સેના હતી, અને તે સમયે ભિન્ન ભિન્ન વાજિંત્રોના દિવ્ય અને ગગનસ્પર્શી અવાજે આકાશ ગજવી મૂકયું હતું. (૧૨)

૨૧૨. આવી સર્વોત્તમ સમૃદ્ધિ અને શરીરની ઉત્તમ કાન્તિથી દીપતો તે યાદવકુળનો ભૂષણ પોતાના ભુવનથી નીકળ્યો. (૧૩)

[લગ્નમંડપમાં પહોંચે તે પહેલાં જ રસ્તામાં] જતાં જતાં વાડામાં અને પાંજરામાં પુરાયેલાં, દુઃખિત અને મરણના ભયથી ત્રાસ પામેલાં પ્રાણીઓને તેણે જોયાં. (૧૪)

માંસભક્ષણ કરવા માટે રોકેલાં અને તેથી મૃત્યુની સમીપ પહોંચેલાં એવાં પ્રાણીઓને જોઈને તે બુદ્ધિમાન અરિષ્ટનેમિએ સારથીને સંબોધીને આ પ્રમાણે કહ્યું. (૧૫)

'સુખનાં ઇચ્છુક એવાં આ પ્રાણીઓને શા માટે વાડામાં અને આ પાંજરાઓમાં રૂંધી રાખ્યાં હશે ?' (૧૬)

આ સાંભળીને સારથીએ કહ્યું — 'એ બધાં નિર્દોષ જીવો આપના જ વિવાહકાર્યમાં આવેલા લોકોને જમાડવા માટે અહીં રાખ્યાં છે.' (૧૭)

[અરિષ્ટનેમિએ કહ્યું]—
'ઘણા જીવોનો વિનાશ કરવાનો છે', આવું તેનું વચન સાંભળીને સર્વ જીવો પર અનુકંપા ધરાવનારા પ્રજ્ઞાવંત અરિષ્ટનેમિ ખૂબ જ વિચારમાં પડી ગયા. (૧૮)

'જો મારા જ કારણથી આવા અસંખ્ય નિર્દોષ જીવો હણાઈ જતા હોય તો તે વસ્તુ મારે માટે પરલોકમાં લેશ માત્ર કલ્યાણકારી નથી'. (૧૯)

તુરત જ તે યશસ્વીએ પોતાના કાનનાં બન્ને કુંડલ, લગ્નનાં ચિહ્નભૂત સૂત્ર તથા બધાં આભરણો સારથીને અર્પણ કર્યાં [અને ત્યાંથી જ પાછા વળી ગયા]. (૨૦)

[અરિષ્ટનેમિએ ઘેર આવી જેવું ચારિત્ર ગ્રહણ કરવાનું] મન કર્યું કે તે જ વખતે [તેમના પૂર્વ-પ્રભાવથી પ્રેરાઈ] દિવ્યઋદ્ધિ અને પરિષદ્ સાથે ઘણા [લોકાંતિક] દેવો ત્યાં ભગવાનનું નિષ્ક્રમણ કરાવવા માટે મનુષ્યલોકમાં ઊતર્યા. (૨૧)

આવી રીતે અનેક દેવો અને અનેક મનુષ્યોના પરિવારથી વીંટાયેલા તે અરિષ્ટનેમિ શ્રેષ્ઠ પાલખી પર આરૂઢ થયા, અને દ્વારિકા નગરીથી નીકળી રૈવતક [ગિરનાર પર્વત] પર આવેલા ઉદ્યાનમાં જઈ રહ્યા. (૨૨)

ઉદ્યાને પહોંચ્યા પછી તરત જ દેવે બનાવેલી ઉત્તમ પાલખીમાંથી નીચે ઊતર્યા અને એક હજાર સાધકોની સાથે તેમણે ચિત્રા-નક્ષત્રમાં પ્રવ્રજ્યા લીધી. (૨૩)

પ્રવ્રજ્યા લેતી વખતે શીઘ્ર તેમણે સુગન્ધમય, સુકોમળ અને વાંકડિયા કેશનો પોતાને હાથે જ પાંચ મુષ્ટિઓથી લોચ કર્યો અને સમાધિપૂર્વક સ્વયં પ્રવ્રજ્યા લીધી. (૨૪)

જિતેન્દ્રિય અને મુંડિત થયેલા તેને (અરિષ્ટનેમિને) વાસુદેવે કહ્યું—'હે મુનીશ્વર ! આપના ઇચ્છિત શ્રેય(મુક્તિ)ને શીઘ્ર પામો. (૨૫)

અને જ્ઞાન, દર્શન તથા ચારિત્ર વડે તેમ જ ક્ષમા તથા નિર્લોભતાના ગુણો વડે આગળ અને આગળ વધો.'

આ પ્રમાણે બળદેવ, કૃષ્ણ વાસુદેવ, યાદવો અને ઇતર અનેક નગરજનો અરિષ્ટનેમિને વંદન કરીને ત્યાંથી પાછા દ્વારિકા નગરીમાં આવ્યા. (૨૭)

૨૧૩. આ તરફ તે રાજકન્યા રાજીમતી અરિષ્ટનેમિએ એકાએક દીક્ષા લીધી તે વાત સાંભળીને હાસ્ય અને આનંદથી રહિત થઈ અને શોકના ભારથી મૂર્છિત થઈ જમીન પર ઢળી પડી.(૨૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[સ્વસ્થ થયા પછી] રાજીમતી ચિંતવવા લાગી કે 'તેણે મને ત્યજી દીધી છે. મારા જીવનને ધિક્કાર છે! મારે દીક્ષા લેવી એ જ કલ્યાણકારી છે.' (૨૯)

ત્યાર બાદ ધીર તથા કૃત-સંકલ્પ એવી તે રાજીમતીએ ભ્રમર જેવા કાળા અને નરમ દાંતિયાથી ઓળેલા વાળનો પોતાની મેળે જ લોચ કર્યો [અને યોગિની બની ગઈ]. (૩૦)

કૃષ્ણ વાસુદેવે મુંડિત અને જિતેન્દ્રિય તે રાજીમતીને કહ્યું કે—'હે પુત્રી! આ ભયંકર એવા સંસાર-સાગરને જલદી જલદી તરી જજે.' (૩૧)

તે શીલવતી અને વિદુષી રાજીમતી દીક્ષિત થઈ અને પોતાની સાથે ઘણી સાહેલીઓને અને સેવિકાઓને પ્રવ્રજ્યા ગ્રહણ કરાવી.(૩૨)

૨૧૪. એકદા ગિરનાર પર્વત પર જતાં જતાં માર્ગમાં અત્યંત વૃષ્ટિ થવાથી રાજીમતીનાં વસ્ત્રો ભીંજાયાં. વર્ષાના અંતે એક પાસેની અંધકાર-ભરી ગુફામાં જઈને ઊભી રહી. (૩૩)

[ગુફામાં કોઈ નથી તેમ માની.] રાજીમતી યથાજાત (નગ્ન) થઈ પોતાનાં ભીંજાયેલાં ચીવરો સુકવવા લાગ્યાં. આ દશ્યથી [ત્યાં રહેલા] રથનેમિ ભગ્નચિત્ત (વિષયાકુળ) થઈ ગયા. પાછળથી રાજીમતીએ પણ તેમને દીઠા. (૩૪)

[રથનેમિને જોતાં વાર જ] એકાંતમાં તે સંયમીને જોઈને રાજીમતી ભયભીત બની ગઈ. [અજાણતાં મુનિ સમક્ષ નગ્ન બની જવાયું એ] ભયથી કંપવા લાગી. અને પોતાના બન્ને હાથથી શરીર-સંગોપન કરી બેસી ગઈ. (૩૫)

તે વખતે સમુદ્રવિજયના અંગજાત રાજ-પુત્ર રથનેમિ રાજીમતીને ભયભીત થયેલી જોઈને આ પ્રમાણે બોલ્યા : (૩૬)

'હે ભદ્રે! હું રથનેમિ છું. હે સુંદરિ! હે મંજુલભાષિણિ! મારાથી લેશ માત્ર તમને દુઃખ નહિ થાય. હે કોમલાંગી! મને સ્વીકારો. (૩૭)

આ મનુષ્યભવ દુર્લભ છે. માટે ચાલો, આપણે ભોગો ભોગવીએ. તેમાંથી તૃપ્તિ મેળવ્યા પછી ભુક્ત-ભોગી થઈ આપણે બન્ને જિનમાર્ગને આચરીશું.' (૩૮)

રાજીમતી—

આવી રીતે [સંયમમાં] કાયર અને [વિકાર જીતવાના ઉદ્યોગમાં] સાવ પરાભવ પામેલા તે રથનેમિને જોઈને રાજીમતી સ્વસ્થ થયાં, અને ફરી પોતાના વસ્ત્રોથી શરીર આચ્છાદિત કર્યું. (૩૯)

પોતાની પ્રતિજ્ઞા અને વ્રતમાં દૃઢ અને પોતાની જાતિ, કુળ અને શીલનું રક્ષણ કરતાં તે શ્રેષ્ઠ રાજકન્યાએ રથનેમિને ઉદ્દેશી આ પ્રમાણે કહ્યું; (૪૦)

'કદાચ તું રૂપમાં સાક્ષાત્ કામદેવ હો, લીલામાં સાક્ષાત્ નળકૂબર હો કે પ્રત્યક્ષ શક્રેન્દ્ર હો, તો પણ હું તને ન ઇચ્છું. (૪૧)

અગંધન કુળમાં ઉત્પન્ન થયેલા સર્પો ઝળહળતા અગ્નિમાં બળી મરવું પસંદ કરે છે, પણ વમેલું વિષ ફરીથી પીવાનું ઇચ્છતા નથી. (૪૨)

હે અપયશના અભિલાષી! તને ધિક્કાર હો! કે જે તું વાસનામય જીવન માટે વમેલા ભોગોને ફરી ભોગવવા ઇચ્છે છે. એવા પતિત જીવન કરતાં તારું મૃત્યુ વધારે ઉત્તમ છે. (૪૩)

હું ભોજની પૌત્રી અને ઉગ્રસેનની પુત્રી છું. અને તું અંધક વૃષ્ણિનો પૌત્ર, અને સમુદ્રવિજયનો પુત્ર છે. રખે આપણે ગંધન-કુળના સર્પ જેવા થઈએ! હે મુનિ! નિશ્ચલ થઈ સંયમમાં સ્થિર થા. (૪૪)

હે મુનિ! જે જે સ્ત્રીઓને જોઈશ અને તે સ્ત્રીઓને જોયા પછી જો આમ કામભોગની વાંછના રાખ્યા કરીશ તો પવનથી ઊખડી જાય તેવા હડ નામના છોડની જેમ તારો આત્મા ઉચ્ચ ભૂમિકાથી પતિત થશે. (૪૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ ગોવાળ [ગાયોને હાંકવા છતાં] ગાયોનો ધણી નથી અને ભંડારી દ્રવ્યનો ધણી નથી તેમ તું પણ જો વિષયાભિલાષી રહીશ તો મુનિ હોવા છતાં તું ચારિત્રનો ધણી નહિ પણ વેષનો જ માત્ર ધણી રહીશ. (૪૫)

માટે હે રથનેમિ! ક્રોધ, માન, માયા અને લોભને દબાવી નારી પાંચે ઇંદ્રિયોને વશ કરીને તારા આત્માને કામભોગોમાંથી પાછો વાળ'. રથનેમિ—

બ્રહ્મચારિણી અને સાધ્વીનાં [આવાં મર્મસ્પર્શી] સુવચનોને સાંભળી જેમ અંકુશ વડે હાથી વશ થાય તેમ રથનેમિ શીઘ્ર વશ થયા અને સંયમધર્મમાં બરાબર સ્થિર થયા. (૪૬)

તે મન, વચન અને કાયાથી સુસંયમી અને સર્વોત્કૃષ્ટ જિતેન્દ્રિય બની ગયા, તથા જીવન પર્યંત પોતાના વ્રતમાં દઢ રહ્યા અને ચારિત્ર પાળ્યું. (૪૭)

[એ પ્રમાણે આખરે] ઉગ્ર તપશ્ચર્યા કરીને એ બન્ને (રાજીમતી અને રથનેમિ) કેવળી (કેવળજ્ઞાનધારી) થયાં અને સર્વ કર્મોનાં બંધનો દૂર કરી ઉત્તમ એવી સિદ્ધિ–ગતિને પામ્યાં. (૪૮)

જેમ તે પુરુષશ્રેષ્ઠ રથનેમિએ વિષયભોગથી મનને શીઘ્ર હટાવી લીધું તેમ વિચક્ષણ, જ્ઞાની અને પંડિત પુરુષો પણ વિષય ભોગોથી નિવૃત્ત થઈ પરમ પુરુષાર્થ કરે છે. (૪૯)

—એમ હું કહું છું.

* * *

૧૩. પાર્શ્વતીર્થમાં અંગતિ, સુપ્રતિષ્ઠ અને પૂર્ણભદ્ર આદિ

ગાથાર્થ—

૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. શુક્ર, ૪. બહુપુત્રિક, ૫. પૂર્ણ, ૬. મણિભદ્ર, ૭. દત્ત, ૮. શિવ, ૯, વલેપક અને ૧૦. અનાહત – આ દશના [દશ અધ્યયન] જાણવાં.

૨૧૫. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. તેમાં ગુણશિલક નામે ચૈત્ય હતું. શ્રેણિક ત્યાં રાજા હતો. તે કાળે તે સમયે સ્વામી મહાવીર ભગવંતે ત્યાં પદાર્પણ કર્યું, ધર્મકથા સાંભળવા પરિષદ એકઠી થઈ.

જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર દ્વારા વર્ધમાન-સમવસરણમાં નાટ્યવિધિ—

૨૧૬. તે કાળે તે સમયે જ્યોતિષ્ક દેવોનો ઇન્દ્ર, જ્યોતિષ્ક દેવોનો રાજા ચન્દ્ર ચન્દ્રાવતંસક વિમાનમાં, સુધર્મા સભામાં, ચન્દ્ર સિંહાસન પર બેસી ચાર હજાર સામાનિક દેવો સાથે– યાવત્ વિચરતો હતો. તે શ્રેષ્ઠ નિર્મળ અવધિજ્ઞાન વડે આ સંપૂર્ણ જંબૂદ્વીપ નામક દ્વીપનું અવલોકન કરી રહ્યો હતો, અવલોકન કરતાં શ્રમણ ભગવાન મહાવીરને જોયા, જોઈને સૂર્યાભદેવની જેમ આભિયોગિક દેવોને બોલાવ્યા, બોલાવીને યાવત્– સુરેન્દ્રના અભિગમનને યોગ્ય એવી તૈયારી કરી તેની આજ્ઞા પૂરી કરી સુસ્વરા ઘંટાની વિકુર્વણા કરી. વિશેષમાં—એનું યાન વિમાન એક હજાર યોજન વિસ્તીર્ણ, સાડા તેરસઠ યોજન ઊંચું તથા મહેન્દ્રધ્વજ પચ્ચીસ યોજન ઊંચો હતો, શેષ વર્ણન સૂર્યાભદેવ સમાન યાવત્ આવ્યો. નાટ્યવિધિ કરી અને પાછો ફર્યો.

'હે ભગવંત!' એમ ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને સંબોધીને [ચંદ્ર વિશે] પૃચ્છા કરી. 'હે ગૌતમ! કૂટાકારશાળામાં પ્રવેશ કરવાની રીતે તે શરીરમાં પ્રવિષ્ટ થયો અર્થાત્ આ સમસ્ત નાટ્યવિધિ દર્શાવવાની રચના કરી અને નાટક દર્શાવી ફરી પોતાના દેવશરીરમાં પ્રવેશ્યો' [એમ ભગવાન મહાવીરે ઉત્તર આપ્યો અને તેના પૂર્વભવની પૃચ્છા કરી તો જવાબમાં કહ્યું–] 'હે ગૌતમ! —

જ્યોતિષ્કેન્દ્ર ચન્દ્રના પૂર્વભવવર્ણનમાં અંગતિકથા —

૨૧૭. તે કાળે તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી. ત્યાં કોષ્ટક નામે ચૈત્ય હતું. તે શ્રાવસ્તી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગરીમાં અંગતિ નામે ગાથાપતિ હતો—જે ધન-વૈભવ આદિથી સંપન્ન યાવત્ કોઈથીય પરાભવ પામે નહીં તેવો હતો. તે અંગતિ ગાથાપતિ વાણિજ્ય ગ્રામના આનંદ ગાથાપતિની જેમ અનેક નગરવાસીઓ, વ્યાપારીઓ, આદિ માટે આધારભૂત હતો.

તે કાળે તે સમયે ભગવાન મહાવીરની સમાન ધર્મના આદિકર, અર્હત્ પુરુષાદાનીય પાર્શ્વનાથ, જે નવ હાથ ઊંચા હતા, તે સોળ હજાર શ્રમણો અને આડત્રીસ હજાર શ્રમણીઓના સમૂહ સાથે–યાવત્ કોષ્ટક ચૈત્યમાં પધાર્યા. [તેમનો ઉપદેશ સાંભળવા] પરિષદ એકત્ર થઈ.

ત્યારે તે અંગતિ ગૃહપતિ આ ઇષ્ટ સમાચાર સાંભળીને તરત જ હૃષ્ટ-તુષ્ટ થઈ કાર્તિક શ્રેષ્ઠીની જેમ નીકળ્યો–યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો. ધર્મ શ્રવણ અને અવધારણ કરીને, વિશેષમાં 'હે દેવાનુપ્રિય ! જ્યેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપીને પછી આપ દેવાનુપ્રિયની પાસે–યાવત્ પ્રવજ્યા લઈશ.' એમ કહી ગંગદત્તની જેમ પ્રવજ્યા ગ્રહણ કરી યાવત્ ગુપ્ત બ્રહ્મચારી બન્યો.

ત્યાર પછી તે અંગતિ અણગારે પાર્શ્વ અર્હતના તથારૂપ–ગીતાર્થ સ્થવિરો પાસે સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અધ્યયન કરી અનેક ચતુર્થ ભક્ત યાવત્ ભાવના કરતા કરતા ઘણાં વર્ષોનો શ્રમણ–પર્યાય પાળ્યો, પાળીને અર્ધમાસિક સંલેખના અને અનશન દ્વારા ત્રીસ ભક્તનો ત્યાગ કરીને, પરંતુ શ્રામણ્યની વિરાધના કરનાર હોઈને કાળમાસે કાળ કરી ચન્દ્રાવતંસક વિમાનમાં ઉપપાતસભામાં દેવદૂષ્ય આચ્છાદિત દેવશય્યામાં જ્યોતિષ્કેન્દ્ર ચંદ્રના રૂપે ઉત્પન્ન થયા.

ત્યાર પછી તે જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્કરાજ ચન્દ્રે ઉત્પન્ન થઈને તરત જ પાંચ પ્રકારની પર્યાપ્તિઓ મેળવી જેવી કે ૧. આહાર પર્યાપ્તિ, ૨. શરીર પર્યાપ્તિ, ૩. ઇન્દ્રિય પર્યાપ્તિ, ૪. શ્વાચ્છોશ્વાસ પર્યાપ્તિ અને ૫. ભાષા-મનઃપર્યાપ્તિ.

ચન્દ્રની સ્થિતિ તથા મહાવિદેહમાં સિદ્ધિ—

૨૧૮. 'હે ભગવન્ ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્કરાજ ચન્દ્રની કેટલા કાળની સ્થિતિ નિરૂપાઈ છે ?'

'હે ગૌતમ ! એક લાખ વર્ષ અધિક પલ્યોપમની તેની સ્થિતિ છે.'

'એ જ રીતે હે ગૌતમ ! જ્યોતિષ્કરાજ ચન્દ્રને આવી દિવ્ય ઋદ્ધિ પ્રાપ્ત થઈ છે.'

'હે ભદંત ! જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્કરાજ ચંદ્ર આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થતાં તે દેવલોકથી ચ્યવિત થઈ ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?'

'હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સિદ્ધિ પ્રાપ્ત કરશે–યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.'

પાર્શ્વતીર્થમાં સુપ્રતિષ્ઠિત અનગાર વર્ધમાન–સમવસરણમાં સૂર્ય દ્વારા નાટ્યવિધિ-

૨૧૯. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ત્યાં ગુણશિલક નામે ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો. ભગવાનનું સમવસરણ થયું. જેમ ચંદ્ર તેવી જ રીતે સૂર્યનું આગમન યાવત્ નાટ્યવિધિ દર્શાવી પાછા ફરવું.

સૂર્યના પૂર્વભવ—

૨૨૦ પૂર્વભવ માટે ગૌતમની પૃચ્છા. શ્રાવસ્તી નગરી. સુપ્રતિષ્ઠ નામે ગૃહપતિ, જે અંગતિની જેમ જ ધનાઢ્ય યાવત્ અપરાભૂત હતો. પાર્શ્વ ભગવંતનું સમવસરણ. અંગતિની જેમ જ પ્રવ્રજ્યા-ગ્રહણ, તે જ રીતે શ્રામણ્યની વિરાધના–યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ થશે યાવત્–સર્વ દુઃખોનો અંત કરશે.

પૂર્ણભદ્ર અનગાર

પૂર્ણભદ્ર દેવ દ્વારા વર્ધમાન–પરિષદમા નાટ્યવિધિ—

૨૨૧. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીર સ્વામી ભગવંત પધાર્યા. ધર્મશ્રવણ માટે સભા થઈ. (સમવસરણ રચાયું.)

તે કાળે તે સમયે સૌધર્મકલ્પના પૂર્ણભદ્ર વિમાનમાં સુધર્મા સભામાં ચાર હજાર સામાનિક દેવો સાથે પૂર્ણભદ્ર સિંહાસન પર બેઠેલ પૂર્ણભદ્ર દેવ સૂર્યાભદેવની જેમ જ યાવત્-બત્રીસ પ્રકારની નાટ્યવિધિ દર્શાવીને જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં પાછો ગયો. કૂટાગાર શાળા [અર્થાત્ ગૌતમ ભગવંત દ્વારા તે દેવની ઋદ્ધિ આદિ વિશે પૃચ્છા કરાતાં શ્રમણ ભગવાન મહાવીરે કૂટાગારશાળાના દૃષ્ટાંતથી એને પ્રતિબોધ આપ્યો.]

પૂર્ણભદ્ર દેવના પૂર્વભવ—

૨૨૨. ગૌતમે પૂર્ણભદ્ર દેવના પૂર્વભવ વિશે પૂછ્યું એટલે ભગવાન મહાવીરનું કથન—'હે ગૌતમ! તે આ પ્રમાણે છે— તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં મણિપદિકા નામે નગરી હતી—જે ઋદ્ધિ વૈભવથી યુક્ત, ધનધાન્યથી સમૃદ્ધ યાવત્ વર્ણન.

ત્યાંના રાજાનું નામ ચંદ્ર હતું. ત્યાં તારાકીર્ણ નામે ચૈત્ય હતું. તે મણિપદિકા નગરીમાં પૂર્ણભદ્ર નામે ગાથાપતિ રહેતો હતો, જે ધનાઢ્ય યાવત્ પરાભવ ન પામનારો હતો. તે કાળે તે સમયે જાતિ-સંપન્ન યાવત્ જીવનેચ્છા અને મરણમયથી રહિત, બહુશ્રુત, બહુ શિષ્યસમુદાય વાળા એક સ્થવિર ભગવંત પૂર્વાનુપૂર્વી (પરંપરાથી) વિહરતા યાવત્ પધાર્યા. ધર્મશ્રવણ માટે પરિષદ એકત્ર થઈ. ત્યાર બાદ તે પૂર્ણભદ્ર ગાથાપતિએ આ વૃત્તાન્ત સાંભળ્યો, સાંભળી હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર)માં આવતા ગંગદત્તની જેમ તે પણ નીકળ્યો— યાવત્ દીક્ષિત થયો યાવત્ ગુપ્તિયુક્ત બ્રહ્મચારી બન્યો.

ત્યાર બાદ તે પૂર્ણભદ્ર અનગારે સ્થવિર ભગવંતો પાસે સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અધ્યયન કરી અનેક ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ ભક્ત યાવત્ ભાવિત કરતાં ઘણાં વર્ષો સુધી શ્રમણ-પર્યાય પાળ્યો, પાળીને પછી માસિક સંલેખના અને અનશન દ્વારા સાઠ ભક્તનો ત્યાગ કરીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિ પ્રાપ્ત કરીને કાળમાસે કાળ કરી, સૌધર્મકલ્પ, પૂર્ણભદ્ર વિમાનમાં ઉપપાત સભામાં દેવશય્યામાં યાવત્ ભાષા-મનઃપર્યાપ્તિ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

૨૨૩. એ રીતે હે ગૌતમ! 'પૂર્ણભદ્ર દેવે તે દિવ્ય ઋદ્ધિ યાવત્ પ્રાપ્ત કરી છે'

'હે ભગવન્! પૂર્ણભદ્રદેવની સ્થિતિ (દેવાયુષ્ય) કેટલા કાળની કહેવાઈ છે?'

'હે ગૌતમ! બે સાગરોપમની સ્થિતિ કહેવાઈ છે.'

'હે ભગવંત! તે પૂર્ણભદ્રદેવ તે દેવલોકમાંથી યાવત્ ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે?'

'હે ગૌતમ! મહાવિદેહ વર્ષમાં ઉત્પન્ન થઈ સિદ્ધિ પ્રાપ્ત કરશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.'

મણિભદ્ર શ્રમણ

મણિભદ્ર દેવ દ્વારા વર્ધમાન-સમવસરણમાં નાટ્યવિધિ—

૨૨૪. તે કાળે તે સમયે રાજગૃહ નગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો. મહાવીર સ્વામી ભગવાન પધાર્યા. પરિષદ એકત્ર થઈ.

તે કાળે તે સમયે મણિભદ્રદેવ સુધર્મા સભામાં મણિભદ્ર સિંહાસન પર ચાર હજાર સામાનિક દેવોથી વીંટળાઈને બેઠો હતો. પૂર્ણભદ્રની જેમ જ આ મણિભદ્ર દેવનું મહાવીર-સમવસરણમાં અગમન, નાટ્યવિધિ અને પાછા જવું.

મણિભદ્ર દેવનો પૂર્વભવ—

૨૨૫. ભગવાન ગૌતમે આ મણિભદ્ર દેવના પૂર્વભવ વિષયમાં શ્રમણ ભગવાન મહાવીરને પૃચ્છા કરી. [ભગવાન મહાવીરે ઉત્તરમાં જણાવ્યું] —મણિપદિકા નગરી, મણિભદ્ર ગાથાપતિ, સ્થવિર પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી, અગિયાર અંગોનું અધ્યયન, અનેક વર્ષોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણ પર્યાય પાળી માસિક સંલેખના દ્વારા સાઠ ભક્તનો ત્યાગ કરી મણિભદ્ર વિમાનમાં ઉત્પત્તિ. બે સાગરોપમની સ્થિતિ. મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ થશે યાવત્—સર્વ દુઃખોનો અંત કરશે.

દત્ત આદિ અન્ય અનગારો

૨૨૬. આવી જ રીતે ૭. દત્ત, ૮. શિવ, ૯. બલ અને ૧૦. અનાધૃત—આ બધા દેવોનું વર્ણન પણ પૂર્ણભદ્રની જેમ જ સમજવું. બધાની બે બે સાગરોપમની સ્થિતિ. આ દેવોનાં નામ પ્રમાણે જ એમનાં વિમાનોનાં નામ છે. પોતાના પૂર્વભવમાં દત્તની ચંદના નામે નગરી હતી, શિવની મિથિલા, બલની હસ્તિનાપુર અને અનાધૃત કાંકદી નગરીનો નિવાસી હતો. ચૈત્યોના નામ સંગ્રહણી ગાથા અનુસાર જાણવા.

* * *

૧૪. જિતશત્રુ-સુબુદ્ધિ કથાનક

ચંપા નગરીમાં જિતશત્રુ રાજા અને સુબુદ્ધિ અમાત્ય—

૨૨૭. તે કાળે તે સમયે ચંપા નામે નગરી હતી. પૂર્ણભદ્ર નામે ચૈત્ય હતું. તે ચંપા નગરીમાં જિતશત્રુ નામે રાજા હતો, તેની ધારિણી નામની રાણી હતી, અદીનશત્રુ નામે યુવરાજ કુમાર હતો અને સુબુદ્ધિ નામે અમાત્ય હતો, જે યાવત્ રાજ્યધુરાનું વહન કરતો હતો અને શ્રમણોપાસક હતો.

પરિખોદક (ખાઈના પાણીનું) વર્ણન—

૨૨૮. તે ચંપા નગરીની બહાર ઉત્તરપૂર્વ (ઈશાન) દિશામાં એક ખાઈ હતી જેનું પાણી, ચરબી, રુધિર, માંસ, ચામડાં, પરૂથી યુક્ત હતું, મડદાંઓથી યુક્ત હતું. તે વર્ણથી અમનોજ્ઞ (મનને અણગમતું), ગંધથી અમનોજ્ઞ, રૂપથી અમનોજ્ઞ, સ્પર્શથી અમનોજ્ઞ હતું, તે એવા પ્રકારનું હતું જેવું કે—કોઈ મૃતસર્પનું શરીર હોય, અથવા મૃતગાયનું શરીર હોય,—યાવત્ મરેલા, સડેલા, ગળેલા, કીડાઓથી વ્યાપ્ત અને જનાવરો દ્વારા ખવાયેલા કોઈ મૃત કલેવરની જેવું દુર્ગંધમય હતું, કીડાઓના સમૂહથી પરિપૂર્ણ હતું, સૂક્ષ્મ જીવોથી ભરેલું હતું, અશુચિ, વિકૃત અને બીભત્સ દેખાવનું હતું. શું તે એવા સ્વરૂપનું હતું ?

એટલું વર્ણન પણ પર્યાપ્ત નથી—તે જળ એનાથીય અધિક અનિષ્ટ, અસુંદર, અમનોજ્ઞ, અમનહર, અપ્રિય ગંધવાળું હતું, અર્થાત્ ખાઈનું તે પાણી અધિકાધિકતર અનિષ્ટ રૂપ-ગંધ-રસ-વર્ણવાળું હતું.

જિતશત્રુ દ્વારા પાન-ભોજન પ્રશંસા—

૨૨૯. ત્યાર પછી તે જિતશત્રુ રાજા કોઈ એક વખત સ્નાન કરી, બલિકર્મ કરીને યાવત્ અલ્પ પરંતુ બહુમૂલ્ય આભરણોથી શરીરને અલંકૃત કરી અનેક રાજાઓ, સામંતો, યાવત્ સાર્થવાહો આદિની સાથે ભોજનમંડપમાં ભોજન સમયે સુખદ આસન પર બેસી વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજનનો આસ્વાદ લેતો, વિશેષ આસ્વાદ લેતો, બીજાઓને આગ્રહ કરતો અને બીજાઓના આગ્રહથી ખાતો આનંદ લઈ રહ્યો હતો. ભોજન કર્યા પછી હાથ-મોં ધોઈ, કોગળા કરી, ચોખ્ખાઈ કરી તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમના વિષયમાં વિસ્મિત બનીને તે અનેક રાજા, સામંત યાવત્ સાર્થવાહ આદિને આમ કહેવા લાગ્યો—

'અહો દેવાનુપ્રિયો ! આ મનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી યુક્ત છે અર્થાત્ એનું રૂપ વગેરે શ્રેષ્ઠ, ઉત્તમ છે, જેથી તે આસ્વાદન કરવા યોગ્ય છે, વિશેષ રૂપે આસ્વાદન કરવા યોગ્ય છે, પુષ્ટિકારક છે, દીપન છે, મદજનક છે, બળવર્ધક છે તથા શરીરને વિશિષ્ટ આહ્લાદ આપનાર છે.'

ત્યારે તે અનેક રાજા, સામંત યાવત્ સાર્થવાહો વગેરેએ જિતશત્રુ રાજાને આ પ્રમાણે કહ્યું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે સ્વામિ ! જેમ તમે કહો છો તેમ જ છે—અહો ! આ મનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન અવર્ણનીય છે, યાવત્—સર્વ ઇન્દ્રિયો અને શરીરને આહ્લાદ આપનાર છે.'

સુબુદ્ધિ દ્વારા પુદ્ગલના શુભાશુભ પરિણમન અંગે કથન—

૨૩૦. ત્યાર પછી જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્યને કહ્યું—

'અરે દેવાનુપ્રિય સુબુદ્ધિ ! આ મનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન સમસ્ત ઇન્દ્રિયો અને શરીરને કેટલું આહ્લાદજનક છે !'

ત્યારે સુબુદ્ધિ અમાત્યે જિતશત્રુ રાજાની આ વાતનો ન આદર કર્યો, ન તેમાં ધ્યાન આપ્યું—તે મૌન રહ્યો.

ત્યાર પછી જિતશત્રુ રાજાએ બીજી વાર અને ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું.—

'હે દેવાનુપ્રિય ! આ મનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન સમસ્ત ઇન્દ્રિયો અને શરીરને કેટલું બધું આહ્લાકજનક છે !'

ત્યાર બાદ તે સુબુદ્ધિ અમાત્ય જિતશત્રુ રાજાએ બીજી વાર અને ત્રીજી વાર આ વાત કહેતાં જિતશત્રુ રાજાને સંબોધીને આમ બોલ્યો—

'હે સ્વામિ ! મને આ મનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજનના વિષયમાં કંઈ આશ્ચર્ય જણાતું નથી.

કેમ કે, હે સ્વામિ ! શુભ શબ્દના પુદ્ગલો પણ અશુભ શબ્દ પુદ્ગલોમાં પરિવર્તન પામે છે અને અશુભ શબ્દ પુદ્ગલો પણ શુભ શબ્દરૂપે પરિણત થાય છે; સુંદર રૂપ પુદ્ગલો પણ અસુંદર રૂપ પુદ્ગલો રૂપે પરિણામ પામે છે અને અસુંદર રૂપ પુદ્ગલો પણ ઉત્તમ રૂપમાં પરિણત બની જાય છે; સારા રસવાળા પુદ્ગલો પણ ખરાબ રસવાળા પુદ્ગલોમાં ફેરવાઈ જાય છે અને ખરાબ રસવાળા પુદ્ગલો સારા રસવાળા પુદ્ગલોમાં પરિવર્તન પામે છે; સુસ્પર્શ પુદ્ગલો દુઃસ્પર્શવાળા પુદ્ગલો બની જાય છે અને દુઃખદ સ્પર્શવાળા પુદ્ગલો પણ સુખદ સ્પર્શવાળા પુદ્ગલો બની જાય છે. હે સ્વામિ ! સઘળા પુદ્ગલોમાં પ્રયોગ (જીવ દ્વાર પ્રયત્ન)થી અને વિસ્રસા (સ્વાભાવિકપણે) પરિણમન થતું જ રહે છે.'

ત્યારે જિતશત્રુ રાજાએ આવું કહેનાર, બોલનાર, કથન કરનાર, પ્રરૂપણ કરનાર સુબુદ્ધિ અમાત્યના કથનનો આદર ન કર્યો, તે પર ધ્યાન ન આપ્યું, સ્વીકાર ન કર્યો અને મૌન રહ્યો.

જિતશત્રુ દ્વારા ખાઈના પાણીની નિંદા

૨૩૧. ત્યાર બાદ એક વાર કોઈ વખતે જિતશત્રુ રાજા સ્નાન કરીને ઉત્તમ અશ્વ પર સવાર થઈને અનેક ભટો, સુભટોથી વીંટળાઈને અશ્વક્રીડા માટે નીકળ્યો હતો. ત્યારે તે ખાઈના પાણી પાસે પહોંચ્યો.

ત્યારે તે જિતશત્રુ રાજાએ તે ખાઈના પાણીની અશુભ ગંધથી ગભરાઈને પોતાના ઉત્તરીય વસ્ત્રથી મોં ઢાંકી દીધું, મોં ઢાંકી દૂર એકાંતમાં ચાલ્યો ગયો, જઈને સાથે આવેલ રાજાઓ, સામંતો યાવત્ સાર્થવાહો આદિને આ પ્રમાણે કહેવા લાગ્યો—

'અહો દેવાનુપ્રિયો ! આ ખાઈનું પાણી અમનોજ્ઞ વર્ણવાળું યાવત્ અમનોજ્ઞ સ્પર્શવાળું છે, તે એવું છે કે જાણે કોઈ મૃતસર્પનું કલેવર યાવત્ એથીય અધિક અમનોજ્ઞ છે.'

ત્યારે તે અનેક રાજાઓ, સામંતો યાવત્ સાર્થવાહો આદિ આ પ્રમાણે બોલ્યા—

'હે સ્વામિ ! આપ જે આ કહો છો તે તેમ જ છે—સાચું જ છે કે, અહો ! આ ખાઈનું પાણી વર્ણથી અમનોજ્ઞ છે—યાવત્ સ્પર્શમાં અમનોજ્ઞ છે, તે એવું છે કે જેવું કોઈ મૃત સાપનું કલેવર યાવત્ તેનાથીય અધિક અતીવ અમનોજ્ઞ ગંધવાળું છે.'

ત્યાર પછી તે જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્યને આ પ્રમાણે કહ્યું—'અરે સુબુદ્ધિ !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ખાઈનું પાણી અમનોજ્ઞ વર્ણવાળું—યાવત્ અમનોજ્ઞ સ્પર્શવાળું છે, જેવું કોઈ મૃત સર્પનું કલેવર હોય યાવત્ એથીય અધિક અમનોજ્ઞ ગંધવાળું છે.'

સુબુદ્ધિ દ્વારા પુનઃ પુદ્ગલ-સ્વભાવ વર્ણન—

૨૩૨. ત્યારે તે સુબુદ્ધિ અમાત્યે જિતશત્રુ રાજાની આ વાત આદરપૂર્વક ન સાંભળી, ન તેનું અનુમોદન કર્યું પરંતુ તે મૌન રહ્યો.

ત્યાર પછી જિતશત્રુ રાજાએ બીજી વાર અને ત્રીજી વાર પણ સુબુદ્ધિ અમાત્યને આ પ્રમાણે કહ્યું—

'અહો સુબુદ્ધિ! આ ખાઈનું પાણી અમનોજ્ઞ વર્ણવાળું યાવત્ અમનોજ્ઞ સ્પર્શવાળું છે. જેવી રીતે કોઈ મૃત સર્પનું શરીર હોય યાવત્ તેના કરતાં પણ અધિક અતીવ અમનોજ્ઞ ગંધવાળું છે.'

ત્યારે તે સુબુદ્ધિ અમાત્ય બીજી વાર અને ત્રીજી વાર પણ જિતશત્રુ રાજાની આવી વાત સાંભળી આ પ્રમાણે બોલ્યો—'હે સ્વામિ! મને તો આ ખાઈના પાણીમાં કંઈ આશ્ચર્યજનક લાગતું નથી. કારણ કે સ્વામિ! શુભ શબ્દવાળા પુદ્ગલો પણ અશુભ શબ્દવાળા પુદ્ગલોમાં રૂપાંતર થઈ જાય છે—યાવત્ દુઃખદ સ્પર્શવાળા પુદ્ગલો પણ સુખદ સ્પર્શવાળા પુદ્ગલોમાં પરિવર્તન પામે છે. હે સ્વામિ! પ્રયોગ અને વિસ્રસાથી પુદ્ગલોનું પરિવર્તન થયાં જ કરતું હોય છે. અર્થાત્ પ્રયત્ન દ્વારા અને સ્વાભાવિકપણે પણ પુદ્ગલોનું પરિણમન થાય છે જ.'

જિતશત્રુ દ્વારા વિરોધ—

૨૩૩. ત્યાર પછી જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્યને આ પ્રમાણે કહ્યું—

'દેવાનુપ્રિય! તું પોતાને કે બીજાઓને કે સ્વ-પર બન્નેને અસત્ વસ્તુધર્મની ઉદ્ભાવના કરીને મિથ્યા અભિનિવેશ—દુરાગ્રહ દ્વારા ભ્રમમાં ન પાડ, છેતર નહીં.'

સુબુદ્ધિ દ્વારા જળશોધન—

૨૩૪. ત્યાર બાદ સુબુદ્ધિને આવા પ્રકારનો અધ્યવસાય—યાવત્—સંકલ્પ, વિચાર થયો—અહો! શિતશત્રુ રાજા સત્(વિદ્યમાન) તત્ત્વરૂપ, તથ્ય, અવિતથ અને અદ્ભુત એવા જિનપ્રરૂપિત ભાવોને જાણતો નથી. આથી મારા માટે એ શ્રેયસ્કર છે કે હું જિતશત્રુ રાજાને સત્ તત્ત્વરૂપ, તથ્ય, અવિતથ, સદ્ભૂત જિનપ્રરૂપિત ભાવો સારી રીતે સમજાવું અને એ વાત સ્વીકરાવું.' આવો વિચાર કરીને વિશ્વાસુ સેવકો દ્વારા તેણે બજારમાંથી નવા ઘડા અને કપડાં મંગાવ્યાં, મંગાવીને મનુષ્યોનો સંચાર ઓછો થયો હતો એવા સંધ્યાકાળ સમયે—રાત્રિ સમયે જ્યાં ખાઈનું પાણી હતું ત્યાં તે આવ્યો.

ત્યાં આવીને તેણે ખાઈનું પાણી લેવરાવ્યું, લેવરાવીને નવા ઘડાઓમાં ગળાવીને ભરાવ્યું, ભરાવીને તેમાં સાજીખાર નખાવ્યો, સાજીખાર નખાવીને પછી તે ઘડાઓને મુદ્રાંકિત કરાવ્યા અર્થાત્ ઘડાઓનાં મુખ બંધ કરાવી તે પર મુદ્રાંકન કરાવ્યું, મુદ્રાંકિત કરાવીને સાત દિવસ તેમ જ રહેવા દીધા. સાત દિવસ—રાત તેમજ રહેવા દીધા બાદ ફરી તે ઘડાઓમાંથી પાણી બીજા નવા ઘડાઓમાં નખાવ્યું, નખાવીને તેમાં સાજીખાર નખાવ્યો, સાજીખાર નખાવીને મુદ્રાંકિત કરાવ્યા, મુદ્રાંકિત કરાવી ફરી સાત રાત્રિ-દિવસ એમ જ રહેવા દીધા, સાત દિવસ-રાત રાખીને પછી ત્રીજી વાર પણ તેમાંનું પાણી ગળાવીને બીજા નવા ઘડાઓમાં ભરાવ્યું, ભરાવીને સાજીખાર નખાવ્યો, નખાવીને મુદ્રાંકિત કરાવીને સાત દિવસ રાત તેમ જ રહેવા દીધા.

આવી રીતના ઉપાયપૂર્વક વચ્ચે વચ્ચે પાણી ગળાવ્યું, વચ્ચે વચ્ચે નવા ઘડાઓમાં ફેરવાવ્યું અને વચ્ચે વચ્ચે સાત દિવસ-રાત એમને એમ રહેવા દીધું. એ રીતે સાત સપ્તાહ કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ તે ખાઈનું પાણી સાત સપ્તાહને અંતે પરિવર્તિત થઈને ઉદકરત્ન (શ્રેષ્ઠ પાણી) બની ગયું—તે સ્વચ્છ, પથ્ય, જાત્ય, હળવું, સ્ફટિક સમાન નિર્મળ, મનોજ્ઞ વર્ણવાળું, મનોજ્ઞ ગંધવાળું, મનોજ્ઞ રસવાળું, મનોજ્ઞ સ્પર્શવાળું, આસ્વાદન યોગ્ય, વિશેષ આસ્વાદન યોગ્ય, પુષ્ટિદાયક, દીપ્તિકારક, દર્પકારક, મદજનક, બળવર્ધક તથા સર્વ ઇન્દ્રિયો અને શરીરને વિશિષ્ટ આહ્લાદ આપનાર બની ગયું.

સુબુદ્ધિ દ્વારા જલ-પ્રેષણ—

૨૩૫. ત્યાર બાદ જ્યાં તે ઉદકરત્ન હતું ત્યાં સુબુદ્ધિ આવ્યો, આવીને હથેળીમાં લઈ તેણે તે ચાખ્યું, ચાખીને જાણ્યું કે તે ઉત્તમ જળ મનોજ્ઞ વર્ણવાળું, મનોજ્ઞ ગંધવાળું, મનોજ્ઞ રસવાળું, મનોજ્ઞ સ્પર્શવાળું, આસ્વાદન યોગ્ય, વિશેષ આસ્વાદન યોગ્ય, પુષ્ટિદાયક, દીપ્તિજનક, દર્પજનક, બળવર્ધક તથા બધી ઇંદ્રિયો અને શરીરમાં વિશિષ્ટ આહ્લાદ ઉત્પન્ન કરનાર બની ગયું હતું. તે જાણીને તે હૃષ્ટ-તુષ્ટ થયો. પછી તે જળને વધુ સ્વાદિષ્ટ બનાવવા તેમાં બીજાં અનેક દ્રવ્યો તેણે નખાવ્યાં અને સુગંધી બનાવ્યું. પછી તેણે રાજા જિતશત્રુના જળગૃહના અધિકારીને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! આ ઉદકરત્ન લે, લઈને ભોજન સમયે જિતશત્રુ રાજાને આપજે.'

જિતશત્રુ દ્વારા ઉદકરત્ન-પ્રશંસા—

૨૩૬. ત્યાર બાદ જળગૃહના તે અધિકારીએ સુબુદ્ધિની આ વાત સ્વીકારી, સ્વીકારીને તે ઉદકરત્ન લઈ લીધું, લઈ જઈને ભોજન સમયે જિતશત્રુ રાજાની સામે હાજર કર્યું (પીરસ્યું).

ત્યારે જિતશત્રુ રાજા તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમનું આસ્વાદન કરતો, વિશેષ આસ્વાદન કરતો બીજાઓને તે વહેંચતો—પીરસતો અને પોતે ભોજન કરતો હતો. ભોજન કર્યા પછી સારી રીતે હાથ-મોં સ્વચ્છ કરી તેણે જળરત્નનું પાન કર્યું, ત્યારે તેનાથી વિસ્મિત થઈને તે અનેક રાજાઓ, સામંતો યાવત્ સાર્થવાહોને કહેવા લાગ્યો—અહો-દેવાનુપ્રિયો! આ ઉદકરત્ન સ્વચ્છ યાવત્ સર્વ ઇન્દ્રિયો અને ગાત્રોને આહ્લાદકર છે.'

ત્યારે તે અનેક રાજાઓ, સામંતો યાવત્ સાર્થવાહો આદિએ આ પ્રમાણે કહ્યું— 'હે સ્વામિ! જેમ આપ કહો છો તે તેમ જ છે. આ ઉદકરત્ન સ્વચ્છ યાવત્ સમસ્ત ઇન્દ્રિયો અને શરીરને આહ્લાદજનક છે.'

જિતશત્રુ દ્વારા ઉદક-આનયન વિશે પૃચ્છા—

૨૩૭. ત્યાર બાદ જિતશત્રુ રાજાએ જળગૃહના અધિકારીને બોલાવ્યો અને બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'દેવાનુપ્રિય! તેં આ ઉદકરત્ન કયાંથી પ્રાપ્ત કર્યું?'

ત્યારે તે જલગૃહના અધિકારીએ જિતશત્રુ રાજાને આ પ્રમાણે કહ્યું—હે સ્વામિ! આ ઉદકરત્ન મેં સુબુદ્ધિ અમાત્ય પાસેથી મેળવ્યું છે.'

ત્યાર બાદ જિતશત્રુએ સુબુદ્ધિ અમાત્યને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'અરે સુબુદ્ધિ! કયા કારણે હું તને અનિષ્ટ યાવત્ અણગમતો લાગું છું કે જેથી તું મારા માટે રોજ ભોજનવેળાએ આવું ઉદકરત્ન મોકલાવતો નથી? દેવાનુપ્રિય! આ ઉદકરત્ન તેં કયાંથી મેળવ્યું છે?

સુબુદ્ધિનો ઉત્તર-

૨૩૮. ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને આ પ્રમાણે કહ્યું— 'હે સ્વામિ! આ તો તે જ ખાઈનું પાણી છે.'

ત્યારે જિતશત્રુએ સુબુદ્ધિને આ પ્રમાણે કહ્યું— 'હે સુબુદ્ધિ! આ તે જ ખાઈનું પાણી છે તેમ તું કઈ રીતે કહે છે?'

ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ! તે સમયે મેં આ રીતે કહ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાવત્ પ્રરૂપણ કર્યું ત્યારે તે વાત પર આપને વિશ્વાસ ન પડ્યો. ત્યારે જ મારા મનમાં આ પ્રકારનો અધ્યવસાય યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે —"અહો જિતશત્રુ રાજા સત્ તત્ત્વરૂપ, તથ્ય, અવિતથ, સદ્ભૂત જિન ભગવાન દ્વારા ભાષિત ભાવો પર શ્રદ્ધા નથી કરતો, વિશ્વાસ નથી રાખતો, સદ્ભાવ નથી રાખતો. તો મારા માટે હવે એ શ્રેયસ્કર છે કે હું જિતશત્રુ રાજાને સત્ તત્ત્વરૂપ, તથ્ય, અવિતથ, સદ્ભુત જિનપ્રણીત ભાવો સમજાવીને પુદ્ગલોના પરિવર્તનનો નિયમ મનાવરાવું, સ્વીકારાવું." આમ વિચાર્યું, વિચારીને [પૂર્વવર્ણન મુજબ] યાવત્ જળગૃહના અધિકારીને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—"હે દેવાનુપ્રિય ! ભોજન સમયે તું આ ઉદકરત્ન જિતશત્રુ રાજાની પાસે લઈ જજે." આ રીતે હે સ્વામિ ! આ તે જ ખાઈનું પાણી છે.'

જિતશત્રુ દ્વારા જલશોધન—

૨૩૯. ત્યાર બાદ જિતશત્રુ રાજાને સુબુદ્ધિના આ કથન પર શ્રદ્ધા ન બેઠી, વિશ્વાસ ન બેઠો, પ્રતીતિ ન થઈ. આ વાતમાં શ્રદ્ધા, વિશ્વાસ, પ્રતીતિ કે રુચિ ન કરતાં તેણે પોતાના અંતરંગ-મંડળના પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને બજારમાંથી નવા ઘડા અને કપડું લઈ આવો યાવત્—જળશુદ્ધિકારક દ્રવ્યોથી તેને શુદ્ધ કરી ભરી દો.' તેમણે રાજાની આજ્ઞા પ્રમાણે પૂર્વોક્ત વિધિ પ્રમાણે પાણીની શુદ્ધિ કરી ઘડા ભર્યા અને ભરીને રાજાની પાસે હાજર કર્યા.

જિતશત્રુની પૃચ્છા—

૨૪૦. ત્યાર પછી જિતશત્રુ રાજાએ તે ઉદકરત્ન હાથમાં લઈ ચાખ્યું, ચાખીને તેને આસ્વાદનીય યાવત્ સર્વ ઇન્દ્રિયો અને શરીરને આહ્લાદજનક જાણીને સુબુદ્ધિ અમાત્યને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે સુબુદ્ધિ ! તેં આ સત્, તત્ત્વરૂપ, તથ્ય, અવિતથ, સદ્ભુત ભાવો કયાંથી (કોની પાસેથી) જાણ્યા ?'

સુબુદ્ધિનો ઉત્તર—

૨૪૧. ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ ! મેં સત્' તત્ત્વરૂપ, તથ્ય, અવિતથ, સદ્ભુત ભાવો જિન ભગવંતનાં વચનોથી જાણ્યા છે.'

ત્યાર પછી જિતશત્રુએ સુબુદ્ધિને આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિય ! હું તારી પાસેથી જિનવચન સાંભળવા ઇચ્છું છું.'

જિતશત્રુનું શ્રમણોપાસક થવું—

૨૪૨. ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુને કેવલિ-પ્રણીત ચાતુર્યામ રૂપ અદ્ભુત ધર્મ કહ્યો, જે કારણે જીવ કર્મબંધનમાં બંધાય છે અને મુક્ત થાય છે તે બધાં તત્ત્વ સમજાવ્યાં યાવત્—પાંચ અણુવ્રતોનું સ્વરૂપ દર્શાવ્યું.

ત્યાર પછી સુબુદ્ધિ પાસેથી ધર્મ શ્રવણ કરી અને હૃદયમાં અવધારણ કરી હૃષ્ટ-તુષ્ટ થઈને જિતશત્રુ રાજાએ સુબુદ્ધિ અમાત્યને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા ધરાવું છું યાવત્ જેમ તું કહે છે તે તેમ જ છે. આથી હું તારી પાસેથી પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતો ગ્રહણ કરીને પાળવા માગું છું.'

'દેવાનુપ્રિય ! આપને સુખ થાય તેમ કરો, વિલંબ ન કરો.' [સુબુદ્ધિએ જવાબ આપ્યો.]

ત્યાર બાદ જિતશત્રુએ સુબુદ્ધિ પાસેથી પાંચ અણુવ્રત યાવત્ બાર પ્રકારનો (બાર વ્રતવાળો) શ્રાવક ધર્મ સ્વીકાર્યો.

ત્યાર પછી જિતશત્રુ શ્રમણોપાસક—શ્રાવક બન્યો —જીવઅજીવ તત્ત્વોનો જ્ઞાતા બન્યો યાવત્ શ્રમણ-શ્રમણીઓને આહાર આદિથી પ્રતિલાભ દેતો રહેવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિતશત્રુ-સુબુદ્ધિની પ્રવ્રજ્યા—

૨૪૩. તે કાળે તે સમયે ત્યાં સ્થવિરોનું આગમન થયું. જિતશત્રુ રાજા અને સુબુદ્ધિ અમાત્ય વંદન કરવા ગયા. સુબુદ્ધિએ ધર્મ શ્રવણ કરી અને હૃદયમાં ધારણ કરી આ પ્રમાણે કહ્યું— આટલું વિશેષ કે—જિતશત્રુને પૂછીને પછી હું મુંડિત બની ગૃહત્યાગ કરી આનગારિક પ્રવ્રજ્યા સ્વીકારીશ.'

'હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઊપજે તેમ કર.' [મુનિવરે કહ્યું.]

ત્યાર બાદ સુબુદ્ધિ અમાત્ય જિતશત્રુ પાસે આવ્યો, આવીને આ પ્રમાણે કહ્યું—

'હે સ્વામિ ! મેં સ્થવિર મુનિ પાસે ધર્મ શ્રવણ કર્યો છે. હું તે ધર્મની ઇચ્છા કરું છું, પુનઃ પુનઃ ઇચ્છા કરું છું. તે પ્રત્યે મારી અભિરુચિ છે. આથી હે સ્વામિ ! સંસારના ભયથી ઉદ્વિગ્ન અને જન્મ-જરા-મરણના ભયથી ડરેલ હું આપની આજ્ઞા મેળવીને સ્થવિર મુનિ પાસે મુંડિત બની ગૃહવાસ ત્યાગી અનગાર દીક્ષા સ્વીકારવા ઇચ્છું છું.'

ત્યાર જિતશત્રુ રાજાએ સુબુદ્ધિને આ પ્રમાણે કહ્યું— 'હે દેવાનુપ્રિય ! હજુ થોડા વર્ષ સુધી વિપુલ માનુષી ભોગોપભોગો ભોગવતો રોકાઈ જા. તે પછી આપણે બન્ને સાથે સાથે સ્થવિર મુનિ પાસે મુંડિત થઈને, ગૃહત્યાગ કરીને અનગાર-પ્રવ્રજ્યા અંગીકાર કરીશું.'

ત્યાર બાદ સુબુદ્ધિએ જિતશત્રુ રાજાની આ વાત સ્વીકારી લીધી.

ત્યાર બાદ જિતશત્રુ રાજાને સુબુદ્ધિ અમાત્ય સાથે વિપુલ માનુષી ભોગો ભોગવતાં ભોગવતાં બાર વર્ષ વીતી ગયાં.

૨૪૪. તે કાળે તે સમયે સ્થવિર મુનિનું આગમન થયું. જિતશત્રુ રાજા ધર્મોપદેશ સાંભળી, હૃદયમાં અવધારણ કરી આ પ્રમાણે બોલ્યો— (અહીં વિશેષ આટલું)—'દેવાનુપ્રિય ! સુબુદ્ધિ અમાત્યને આમંત્રણ આપી, અને જ્યેષ્ઠપુત્રને રાજ્યાસન પર સ્થાપિત કરી ત્યાર પછી આપની પાસે મુંડિત બની, ગૃહવાસ ત્યાગી આનગારિક દીક્ષા અંગીકાર કરીશ.'

[ત્યારે મુનિએ કહ્યું—] 'દેવાનુપ્રિય ! જેમ તને સુખ થાય તેમ કર.'

ત્યાર પછી જિતશત્રુ રાજા જ્યાં પોતાનું નિવાસગૃહ હતું ત્યાં આવ્યા, આવીને સુબુદ્ધિ અમાત્યને તેણે બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કર્યું—'મેં સ્થવિર મુનિ પાસે ધર્મ-શ્રવણ કર્યો છે યાવત્ પ્રવ્રજ્યા અંગીકાર કરીશ. તારી શું ઇચ્છા છે ?'

ત્યારે સુબુદ્ધિએ જિતશત્રુ રાજાને કહ્યું— 'દેવાનુપ્રિય ! આપ જો સંસારભયથી ઉદ્વિગ્ન થયા છો યાવત્ દીક્ષિત થશો તો હે દેવાનુપ્રિય ! આપના સિવાય મારો કોણ બીજો આધાર છે, અવલંબન છે ? આથી હે દેવાનુપ્રિય ! હું પણ સંસારભયથી ઉદ્વિગ્ન છું યાવત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ.'

ત્યારે જિતશત્રુ રાજાએ કહ્યું—'દેવાનુપ્રિય ! જો એમ છે યાવત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઇચ્છે છે તો તું જા અને તારા જ્યેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપી દે, કુટુંબનો ભાર સોંપી દઈ એક હજાર પુરુષો દ્વારા ઉપકાતી શિબિકા પર સવાર થઈ મારી પાસે પાછો આવ.' ત્યારે સુબુદ્ધિ અમાત્ય તે પ્રમાણે કરી શિબિકારૂઢ થઈ પાછો ફર્યો.

ત્યાર બાદ જિતશત્રુ રાજાએ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'દેવાનુપ્રિયો ! તમે જાઓ અને અદીનશત્રુ-કુમારના રાજ્યાભિષેક માટે સામગ્રી તૈયાર કરી લાવો.' કૌટુંબિક સેવકોએ જઈ તે પ્રમાણે કર્યું યાવત્-અભિષેક કર્યો—યાવત્ [જિતશત્રુ-સુબુદ્ધિએ] પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

૨૪૫. પ્રવ્રજ્યા અંગીકાર કર્યા પછી જિતશત્રુ રાજર્ષિએ અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અધ્યયન કરી અનેક વર્ષોનો શ્રામણ્ય-પર્યાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાળી, એક માસની સંલેખના દ્વારા આત્માની શુદ્ધિ કરી યાવત્ સર્વ દુઃખોનો ક્ષય કર્યો.

ત્યારે સુબુદ્ધિએ પણ અગિયાર અંગોનું અધ્યયન કરી, ઘણા વર્ષોનો શ્રમણ-પર્યાય પાળી, માસિક સંલેખના દ્વારા આત્મશુદ્ધિ કરી સર્વ દુઃખોનો અંત કર્યો.

વૃત્તિકાર દ્વારા ઉદ્ધૃત નિગમન-ગાથા–

૨૪૬. જેનું મન મિથ્યાત્વમાં મોહિત છે અર્થાત્ જે મિથ્યાદૃષ્ટિ છે, જે પાપમાં આસક્ત છે અને ગુણહીન છે તેઓ પણ ઉત્તમ ગુરુની કૃપાથી ખાઈના જળની માફક ગુણવાન બની જાય છે.

૦ ૦ ૦

૧૫. નમિ રાજર્ષિ

મિથિલાનો રાજા નમિ અને તેનું અભિનિષ્ક્રમણ—

૨૪૭. દેવલોકમાંથી ચવીને મનુષ્યલોકમાં ઉત્પન્ન થયેલા નમિ રાજાને મોહનીય કર્મ શાન્ત થવાથી પૂર્વજન્મનું સ્મરણ થયું. (૧)

પૂર્વજન્મનું સ્મરણ કરીને તે ભગવાન નમિ રાજા ઉત્તમ ધર્મને વિશે સ્વયંસંબુદ્ધ થયા. અને પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને તેમણે અભિનિષ્ક્રમણ કર્યું— પ્રવ્રજ્યા લીધી. (૨)

શ્રેષ્ઠ અંતઃપુરમાં રહીને, દેવલોક સમાન ઉત્તમ ભોગો ભોગવીને પછી બુદ્ધ બનેલા નમિ રાજાએ ભોગોનો ત્યાગ કર્યો. (૩)

નગરો અને જનપદો સહિત મિથિલા નગરી, સેના, અંતઃપુર અને સર્વ પરિજનોનો ત્યાગ કરીને તે ભગવંતે અભિનિષ્ક્રમણ કર્યું, અને એકાન્તમાં જઈને વાસ કર્યો. (૪)

જ્યારે રાજર્ષિ નમિએ પ્રવ્રજ્યા લઈને અભિનિષ્ક્રમણ કર્યું ત્યારે મિથિલામાં કોલાહલ થઈ રહ્યો. (૫)

શક્ર અને નમિ રાજર્ષિનો સંવાદ—

૨૪૮. ઉત્તમ પ્રવ્રજ્યા સ્થાન માટે ઉદ્યત રાજર્ષિને બ્રાહ્મણવેશધારી ઇન્દ્રે આ વચન કહ્યું : (૬)

(૧) 'હે આર્ય ! આજે મિથિલા શા કારણે કોલાહલથી ભરેલી છે, અને પ્રાસાદોમાં તથા ગૃહોમાં દારુણ શબ્દો શાથી સંભળાય છે ?' (૭)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું : (૮)

'મિથિલામાં શીતળ છાયાવાળું, મનોહર, પત્ર-પુષ્પ અને ફળથી યુક્ત તથા બહુજનોને સદાકાળ બહુગુણ કરનારું ચૈત્ય વૃક્ષ હતું. (૯)

હે ભાઇ ! એ મનોરમ ચૈત્યવૃક્ષ વાયુ વડે હરાઈ જતું હોવાથી દુઃખી, અશરણ અને આર્ત પક્ષીઓ આ આક્રન્દ કરી રહ્યાં છે.' (૧૦)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઇન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું : (૧૧)

(૨) 'આ અગ્નિ અને વાયુ છે; તમારું ભવન બળી રહ્યું છે. હે ભગવાન ! તમે અંતઃપુરની સામે કેમ જોતા નથી ?' (૧૨)

આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું : (૧૩)

'જેનું કંઈ જ નથી એવા અમે સુખેથી વસીએ છીએ અને જીવીએ છીએ. મિથિલા બળતી હોવા છતાં એમાં મારું કંઈ બળતું નથી. (૧૪)

સ્ત્રી-પુત્રથી મુક્ત થયેલા અને નિર્વ્યાપાર ભિક્ષુને સંસારમાં કશું પ્રિય નથી કે કશું અપ્રિય નથી. (૧૫)

ગૃહત્યાગી, સર્વ બંધનોથી મુક્ત અને 'હું એકલો છું, મારું કોઈ નથી'–એવી એકત્વ-ભાવના ભાવતા ભિક્ષુને ખરેખર સર્વત્ર સુખ જ સુખ છે." (૧૬)

આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે રાજર્ષિ નમિને આ પ્રમાણે કહ્યું : (૧૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) 'કિલ્લો, દરવાજાઓ, કોઠા, ખાઈ અને શતઘ્નીઓ (સેંકડો માણસોને મારે એવાં, કિલ્લા ઉપર રાખેલા તોપ જેવાં યંત્રો) કરાવીને પછી હે ક્ષત્રિય! તું જજે.' (૧૮)

આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું : (૧૯)

'તપ અને સંવરરૂપી ભોગળવાળું, ક્ષમારૂપી સુંદર કિલ્લાવાળું અને ત્રણ (મન, વચન અને કાયાનો) ગુપ્તિ (રૂપી કોઠા, ખાઈ અને શતઘ્ની) વડે દુર્જય એવું શ્રદ્ધારૂપી નગર બનાવીને, પરાક્રમરૂપી ધનુષ્ય અને ઈર્યા (વિવેકપૂર્વક ગમનાગમન) રૂપી પણછ કરીને, ધૃતિરૂપી મૂઠ કરીને સત્ય વડે એ ધનુષ્ય બાંધવું. તપરૂપી બાણ વડે કર્મરૂપી બખ્તરને ભેદીને, જેના સંગ્રામનો અંત આવ્યો છે એવો વિજયી મુનિ સંસારથી મુક્ત થાય છે.' (૨૦-૨૨)

આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે રાજર્ષિ નમિને આ પ્રમાણે કહ્યું—(૨૩)

(૪) 'પ્રાસાદો, વર્ધમાનગૃહો અને બાલાગ્રપોતિકાઓ કરાવીને પછી હે ક્ષત્રિય! તું જજે.' (૨૪)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું—(૨૫)

'જે રસ્તામાં ઘર બનાવે છે તે ખરેખર સંશય કરે છે (અર્થાત્ સંકટ વધારે છે.) આથી જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં જ પોતાનું શાશ્વત નિવાસસ્થાન બનાવવું જોઈએ.' (૨૬)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું-(૨૭)

(૫) 'ધાડપાડુ, લૂંટારા, ગાંઠો કાપનારા-(ખિસ્સાકાતરુઓ) અને ચોરોનું નિવારણ કરીને નગરને કુશળ બનાવ્યા પછી હે ક્ષત્રિય! તું જજે.' (૨૮)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું-(૨૯)

'ઘણી વાર મનુષ્યો મિથ્યા દંડનો પ્રયોગ કરે છે, એમાં અપરાધ ન કરનારાઓ (નિર્દોષો) બંધાય છે અને કરનારાઓ છૂટી જાય છે.' (૩૦)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું-(૩૧)

(૬) 'જે રાજાઓ તને નમતા ન હોય તેમને નમાવીને (વશ કરીને) પછી હે ક્ષત્રિય! તું જજે.' (૩૨)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલ રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું-(૩૩)

'દશ લાખ યોદ્ધાઓને દુર્જય સંગ્રામમાં કોઈ જીતે, એના કરતાં પોતાની જાતને જીતે એ ઉત્તમ જય છે. (૩૪)

તારી જાતની સાથે જ યુદ્ધ કર; બહારના શત્રુ સાથે લડીને શું કામ છે? જાતે જ પોતાની જાત ઉપર વિજય મેળવનાર મનુષ્ય સાચું સુખ પામે છે. (૩૫)

પાંચ ઇન્દ્રિયો, ક્રોધ, માન, માયા તેમજ લોભ તથા દુર્જય એવી પોતાની જાત એ સર્વ, આત્માને જીતતાં જિતાઈ ગયું જાણવું.' (૩૬)

આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું—(૩૭)

(૭) 'હે ક્ષત્રિય! મોટા યજ્ઞો કરીને, શ્રમણ-બ્રાહ્મણોને જમાડીને, દાન આપીને, ભોગ ભોગવીને તથા યજન કરીને પછી તું જજે.' (૩૮)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું–(૩૯)

'પ્રતિમાસે કોઈ દશ લાખ ગાયોનું દાન આપે તેના કરતાં પણ કશું નહિ આપનારનો માત્ર સંયમ કલ્યાણકર્તા છે.' (૪૦)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજાને આ પ્રમાણે કહ્યું–(૪૧)

(૮) 'કઠિન ગૃહસ્થાશ્રમ છોડીને તું બીજા આશ્રમની ઇચ્છા કરે છે; હે મનુજાધિપ! તું અહીં (ગૃહસ્થાશ્રમમાં) જ પૌષધરત થા (અર્થાત્ ગૃહસ્થની જેમ પર્વતિથિઓએ પૌષધ કર).' (૪૨)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું–(૪૩)

'કોઈ મૂર્ખ જન માસે માસે માત્ર દર્ભના અગ્રભાગ જેટલું ભોજન કરે, તે પણ સાચા ધર્મની સોળમી કળાને પાત્ર નથી.' (૪૪)

આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું : (૪૫)

(૯) 'ચાંદી, સોનું, હીરા, મોતી, કાંસાનાં વાસણો, ઉત્તમ વસ્ત્રો અને વાહન તથા કોશમાં વૃદ્ધિ કરીને પછી હે ક્ષત્રિય! તું જજે.' (૪૬)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું–(૪૭)

'સોના અને રૂપાના કૈલાસ જેવડા મોટા અસંખ્ય પર્વતો હોય તો પણ તે લોભી પુરુષ માટે કંઈ જ નથી. ઇચ્છા તો આકાશની જેમ અનંત છે. (૪૮)

ચોખા, જવ, સુવર્ણ અને પશુઓ સહિત પૃથ્વી એ બધું એક મનુષ્યને સંતોષવા માટે પૂરતું નથી એમ સમજીને તપશ્ચર્યા કરવી [એ જ શ્રેષ્ઠ છે.]' (૪૯)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું–(૫૦)

(૧૦) 'હે રાજા! આ (વિદ્યમાન) અદ્‌ભુત ભોગોનો તું ત્યાગ કરે છે, અને જે નથી એવા કામોની–સુખોની ઇચ્છા કરે છે, તારા પોતાના જ સંકલ્પથી તું છેતરાય છે.' (૫૧)

એ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા રાજર્ષિ નમિએ દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું–(૫૨)

'કામભોગો શલ્ય છે, કામભોગો વિષ છે, અને કામભોગો ઝેરી નાગ જેવા છે. કામ-ભોગોની પ્રાર્થના કરતા જીવો, તેમને પામ્યા વિના જ દુર્ગતિમાં જાય છે. (૫૩)

ક્રોધથી જીવ અધોગતિમાં જાય છે. માનથી પણ અધમ ગતિ થાય છે, માયાથી સદ્‌ગતિમાં વિઘ્ન થાય છે, અને લોભથી બન્ને રીતે (આ લોકમાં અને પરલોકમાં) ભય થાય છે.' (૫૪)

૨૪૯. પછી બ્રાહ્મણનું રૂપ છોડી દઈને પોતાનું ઇન્દ્રરૂપ ધારણ કરી ઇન્દ્ર આ પ્રમાણે મધુર વચનોથી સ્તુતિ કરતો (નમિને) વન્દન કરવા લાગ્યો–(૫૫)

'અહો! તમે ક્રોધને જીત્યો છે! અહો! તમો માનનો પરાજય કર્યો છે! અહો! તમે માયાને દૂર કરી છે! અહો! તમે લોભને વશ કર્યો છે! (૫૬)

અહો! તમારું ઉત્તમ આર્જવ! અહો! તમારું ઉત્તમ માર્દવ! અહો! તમારી ઉત્તમ ક્ષમા! અહો! તમારી ઉત્તમ મુક્તિ! (૫૭)

હે ભદંત! તમે આ લોકમાં ઉત્તમ છો, અને પછી પણ ઉત્તમ થશો. (કર્મ)–રજ વિનાના બનીને લોકમાં ઉત્તમ એવા ઉત્તમ સ્થાનરૂપ સિદ્ધિને તમે અવશ્ય પામશો.' (૫૮)

એ પ્રમાણે ઉત્તમ શ્રદ્ધાથી રાજર્ષિની સ્તુતિ કરતો તથા તેમની પ્રદક્ષિણા કરતો ઇન્દ્ર તેમને ફરી ફરી વન્દન કરવા લાગ્યો. (૫૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી ચક્ર અને અંકુશથી અંકિત થયેલાં મુનીશ્વરનાં ચરણોમાં વંદન કરીને દોલાયમાન લલિત કુંડલ તથા મુકુટને ધારણ કરનાર ઇન્દ્ર આકાશમાર્ગે પાછો ફર્યો. (૬૦)

સાક્ષાત્ શક્ર વડે પ્રેરાયેલા નમિએ પોતાની જાતને વધુ નમાવી. વિદેહીએ (વિદેહના રાજાએ) ઘરનો ત્યાગ કરીને શ્રમણપણું સ્વીકાર્યું. (૬૧)

જ્ઞાની, પંડિત અને વિચક્ષણ પુરુષો આ પ્રમાણે કરે છે—એ નમિ રાજર્ષિની જેમ તેઓ કામભોગોથી નિવૃત્ત થાય છે. (૬૨)

—એ પ્રમાણે હું કહું છું.

* *

૧૬. મહાવીર-તીર્થમાં ઋષભદત્ત-દેવાનંદાનું ચરિત્ર

બ્રાહ્મણકુંડ ગ્રામમાં ઋષભદત્ત બ્રાહ્મણ—

૨૫૦. તે કાળે, તે સમયે બ્રાહ્મણકુંડગ્રામ નામે નગર હતું—વર્ણન. બહુશાલક નામે ચૈત્ય હતું—વર્ણન. તે બ્રાહ્મણકુંડગ્રામ નામે નગરમાં ઋષભદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો. તે આઢ્ય—ધનિક, તેજસ્વી, પ્રસિદ્ધ અને યાવત્ અપરિભૂત—કોઈથી પરાભવ ન પામે તેવો હતો. વળી તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદમાં નિપુણ અને સ્કંદક તાપસની પેઠે યાવત્ બ્રાહ્મણોના બીજા ઘણા નયોમાં કુશળ હતો. તે શ્રમણોનો ઉપાસક, જીવાજીવ તત્ત્વને જાણનાર, પુણ્ય—પાપને ઓળખનાર અને યાવત્—તપોકર્મ દ્વારા આત્માને ભાવિત કરતો વિહરતો હતો.

ઋષભદત્તની ભાર્યા દેવાનન્દા—

તે ઋષભદત્ત બ્રાહ્મણને દેવાનંદા નામે બ્રાહ્મણી ભાર્યા હતી. તેના હાથપગ સુકુમાર હતા, યાવત્ તેનું દર્શન પ્રિય હતું અને તેનું રૂપ સુન્દર હતું. વળી શ્રમણોની ઉપાસિકા તે [દેવાનંદા] જીવાજીવ અને પુણ્યપાપને જાણતી હતી. તથા યથાયોગ્ય તપકર્મને ગ્રહણ કરીને આત્માને ભાવિત કરતી વિહરતી હતી.

ઋષભદત્ત-દેવાનન્દાને મહાવીર-દર્શનની અભિલાષા—

તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા. સભા એકત્ર થઈ—યાવત્ પર્યુપાસના કરવા લાગી.

ત્યાર પછી તે ઋષભદત્ત બ્રાહ્મણ શ્રમણ ભગવાન મહાવીરના આગમનની આ વાત જાણીને ખુશ થયો—યાવત્ હૃષ્ટ, તુષ્ટ, ઉલ્લસિત હૃદયવાળો થયો, અને જ્યાં દેવાનંદા બ્રાહ્મણી હતી ત્યાં આવ્યો, ત્યાં આવીને તેણે દેવાનંદા બ્રાહ્મણીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે! એ પ્રમાણે અહીં તીર્થની આદિ કરનાર યાવત્ સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રમણ ભગવાન મહાવીર આકાશમાં રહેલા ચક્રવડે યાવત્ સુખપૂર્વક વિહાર કરતા બહુશાલક નામે ચૈત્યમાં યોગ્ય અવગ્રહને ગ્રહણ કરીને યાવત્ વિહરે છે—પધાર્યા છે.

હે દેવાનુપ્રિયે! યાવત્ તેવા પ્રકારના અર્હત્ ભગવંતના નામ—ગોત્રના પણ શ્રવણથી મોટું ફળ પ્રાપ્ત થાય છે. તો વળી તેઓના અભિગમન (સામા જવું), વંદન, નમન, પ્રતિપૃચ્છા (કુશળપૃચ્છા) અને પર્યુપાસના કરવાથી ફળ મળે તેમાં શું કહેવું? તથા એક પણ આર્ય અને ધાર્મિક સુવચનના શ્રવણથી મોટું ફળ થાય છે, તો વળી વિપુલ અર્થને ગ્રહણ કરવા વડે મહાફળ થાય તેમાં શું કહેવું?

માટે હે દેવાનુપ્રિયે! આપણે જઈએ અને શ્રમણ ભગવંત મહાવીરને વન્દન—નમન કરીએ, યાવત્ તેમની પર્યુપાસના કરીએ. તે આપણને આ ભવમાં તથા પરભવમાં હિત, સુખ, ક્ષમા, નિઃશ્રેયસ અને શુભ અનુબંધ આપનાર થશે.'

૨૫૧. જ્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણે દેવાનંદા બ્રાહ્મણીને એ પ્રમાણે કહ્યું ત્યારે તે હૃષ્ટ-તુષ્ટ થઈ, અને યાવત્ ઉલ્લસિત હૃદયવાળી થઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના કરતલને યાવત્ મસ્તકે અંજલિરૂપે કરી તેણે ઋષભદત્ત બ્રાહ્મણના એ કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

ત્યાર બાદ તે ઋષભદત્ત બ્રાહ્મણે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. બોલાવીને તેઓને તેણે આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! જલદી ચાલવાવાળા, પ્રશસ્ત અને સમાન રૂપવાળા, સમાન ખરી અને પુચ્છવાળા, સમાન ઉગેલા શિંગડાવાળા સોનાના કલાપ-આભરણોથી યુક્ત, ચાલવામાં ઉત્તમ, રૂપાની ઘંટડીઓથી યુક્ત, સુવર્ણમય સુતરની નાથવડે બાંધેલા, નીલ કમળના શિરપેચવાળા એવા બે ઉત્તમ યુવાન બળદોથી યુક્ત, અનેક પ્રકારની મણિમય ઘંટડીઓના સમૂહથી વ્યાપ્ત, ઉત્તમ કાષ્ટમય ધોંસરુ અને જોતરની બે દોરીઓ ઉત્તમ રીતે જેમાં ગોઠવેલી છે એવા, પ્રવરલક્ષણયુક્ત, ધાર્મિક, શ્રેષ્ઠ યાન-રથને તૈયાર કરી હાજર કરો અને આ મારી આજ્ઞા પાછી આપો.'

જ્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણે તે કૌટુંબિક પુરુષોને એમ કહ્યું ત્યારે તેઓએ ખુશ થઈ યાવત્ આનંદિત હૃદયવાળા થઈ, મસ્તકે કરતલને જોડી એમ કહ્યું કે—'હે સ્વામિન્! આપની આજ્ઞા માન્ય છે.' એમ કહી વિનયપૂર્વક વચનને સ્વીકારી જલદી ચાલવાવાળા બે બળદોથી જોડેલા, યાવત્ ધાર્મિક અને પ્રવર યાનને (રથને) શીઘ્ર હાજર કરીને યાવત્ આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યાર બાદ તે ઋષભદત્ત બ્રાહ્મણ સ્નાન કરી યાવત્ અલ્પ અને મહામૂલ્યવાળાં આભરણોથી પોતાના શરીરને અલંકૃત કરી પોતાના ઘરથી બહાર નીકળ્યા. બહાર નીકળીને જે ઠેકાણે બહારની ઉપસ્થાનશાળા હતી અને જ્યાં ધાર્મિક ઉત્તમ રથ હતો ત્યાં આવીને તે રથ ઉપર ચડ્યા.

ત્યાર બાદ તે દેવાનંદા બ્રાહ્મણીએ અંદર અંતઃપુરમાં સ્નાન કર્યું. યાવત્—અલ્પ પરંતુ મહામૂલ્યવાન આભૂષણોથી પોતાના શરીરને શૃંગારિત કરી, ઘણી કુબ્જાદાસીઓ, ચિલાત-દેશની દાસીઓ—યાવત્—ચેટિકાઓ, ચક્રવાલ, વર્ષધર, વૃદ્ધ કંચુકિયો અને અંતઃપુર-રક્ષકોના સમૂહની સાથે નીકળીને જ્યાં બહારની ઉપસ્થાન શાળા હતી અને જ્યાં ધાર્મિક શ્રેષ્ઠ રથ ઊભો હતો ત્યાં આવી. આવીને યાવત્ તે તે ધાર્મિક ઉત્તમ રથ ઉપર સવાર થઈ.

ઋષભદત્ત-દેવાનન્દાનું દર્શનાર્થ આગમન—

૨૫૨. ત્યાર બાદ તે ઋષભદત્ત બ્રાહ્મણ દેવાનંદા બ્રાહ્મણીની સાથે ધાર્મિક અને શ્રેષ્ઠ યાન (રથ) ઉપર ચઢીને પોતાના પરિવારની સાથે બ્રાહ્મણકુંડગ્રામ નામે નગરના મધ્યભાગમાંથી નીકળ્યો, નીકળીને જે સ્થળે બહુશાલક ચૈત્ય હતું ત્યાં આવ્યો, ત્યાં આવી તીર્થંકરના છત્રાદિક અતિશયોને જોયાં, જોઈને ધાર્મિક શ્રેષ્ઠ રથને ઊભો રાખ્યો, ઊભો રાખી તેના ઉપરથી નીચે ઊતર્યો, ઊતરીને શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ પ્રકારના અભિગમ વડે ગયો. એ અભિગમ આ પ્રમાણે છે—

સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરવો—યાવત્—ત્રણ પ્રકારની ઉપાસના દ્વારા પર્યુપાસના કરવા લાગ્યો.

મહાવીર-દર્શન અને પૂર્વપુત્ર-સ્નેહ-રાગથી દેવાનન્દાને સ્તનધારા ઉત્પન્ન થવી—

૨૫૩. તે દેવાનંદા બ્રાહ્મણી પણ ધાર્મિક યાનપ્રવરથી નીચે ઊતરી, ઊતરીને ઘણી કુબ્જા દાસીઓ—યાવત્—ચેટિકાઓ, ચક્રવાલ, વર્ષધર, વૃદ્ધ કંચુકિયો, અન્તપુર-રક્ષકોના સમૂહથી પરિવૃત્ત થઈને શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ પ્રકારના અભિગમ વડે ગઈ.

(પાંચ અભિગમ)—૧. સચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવો. ૨. અચિત્ત દ્રવ્ય(વસ્ત્રાદિક)ને સમેટવા—સંભાળવા ૩. વિનયથી શરીરને અવનત કરવું—નમાવવું. ૪. ભગવંતને ચક્ષુથી જોતાં અંજલિ કરવી અને ૫. ભગવંત પ્રતિ મનની એકાગ્રતા કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પછી) જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવી, ત્યાં આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, કરીને વંદન-નમન કર્યા, વંદન નમન કરીને ઋષભદત્ત બ્રાહ્મણને આગળ કરી પોતાના પરિવારસહિત ઊભાં રહીને શુશ્રૂષા કરતી, નમતી, અભિમુખ રહીને વિનય વડે હાથ જોડી યાવત્ ઉપાસના કરવા લાગી.

ત્યાર બાદ તે દેવાનન્દા બ્રાહ્મણીના સ્તનમાંથી દૂધની ધારા છૂટી, તેનાં લોચનો આનંદાશ્રુથી ભીનાં થયાં, તેની હર્ષથી એકદમ ફૂલતી ભુજાઓને તેનાં કડાંઓએ રોકી, હર્ષથી શરીર પ્રફુલ્લિત થતાં નેનો કંચુક વિસ્તીર્ણ થયો, મેઘની ધારાથી વિકસિત થયેલા કંદબપુષ્પની પેઠે તેના રોમકૂપ ઊભા થયા, અને તે શ્રમણ ભગવંત મહાવીરને અનિમિષ દૃષ્ટિથી જોતી જોતી ઊભી રહી.

દેવાનન્દાના આ રૂપને જોઈને ગૌતમનો પ્રશ્ન અને ભગવાન મહાવીર દ્વારા સમાધાન—

૨૫૪. 'હે ભગવન્!' એમ કહી ભગવાન ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમન કર્યું, વંદીને—નમીને તેણે આ પ્રમાણે કહ્યું—'હે ભગવન્! આ દેવાનન્દા બ્રાહ્મણીને સ્તનમાંથી દૂધની ધારા કેમ છૂટી? તેનાં લોચનો આનંદાશ્રુથી કેમ ભરાઈ આવ્યાં? હર્ષાતિરેકથી ફૂલતી તેની ભુજા કડાંઓ દ્વારા કેમ રોકાઈ ગઈ? કંચુક વિસ્તીર્ણ કેમ થઈ ગયો? કદંબપુષ્પની પેઠે તેને રોમાંચ કેમ થયો? અને દેવાનુપ્રિય તરફ અનિમિષ નજરે જોતી જોતી કેમ ઊભી છે?'

'હે ગૌતમ!' એમ કહી શ્રમણ ભગવાન મહાવીરે ભગવંત ગૌતમને આ પ્રમાણે કહ્યું—

'હે ગૌતમ! આ દેવાનન્દા બ્રાહ્મણી મારી માતા છે, હું દેવાનન્દા બ્રાહ્મણીનો પુત્ર છું. માટે તે દેવાનન્દા બ્રાહ્મણીને પૂર્વના પુત્ર-સ્નેહાનુરાગથી સ્તનમાંથી દૂધની ધારા છૂટી પડી—યાવત્ રોમાંચિત થઈને મારી સામું અનિમિષ નજરથી જોતી ઊભી છે.'

ભગવાન મહાવીર દ્વારા ધર્મ-કથન—

૨૫૫. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે ઋષભદત્ત બ્રાહ્મણ, દેવાનન્દા બ્રાહ્મણી અને તે અત્યંત વિશાળ ઋષિ-પર્ષદને યાવત્—મોજન પર્યન્ત વ્યાપ્ત થયેલા સ્વરથી અર્ધમાગધી ભાષામાં પ્રવચન કર્યું—ધર્મ કહ્યો—યાવત્ પર્ષદ પાછી ગઈ.

ઋષભદત્તની પ્રવ્રજ્યાભિલાષા—

૨૫૬. ત્યાર પછી તે ઋષભદત્ત બ્રાહ્મણ શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મને સાંભળી, હૃદયમાં ધારણ કરી હૃષ્ટ થયો, તુષ્ટ થયો, અને તેણે ઊભા થઈને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, યાવત્ નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! તે એ પ્રમાણે છે—યાવત્—આપ જે કહો છો તે જ પ્રમાણે છે.' એમ કહી તે [ઋષભદત્ત બ્રાહ્મણ] ઈશાન દિશા તરફ ગયો, ત્યાં જઈને પોતાની મેળે આભરણ, માલા અને અલંકારને ઉતાર્યા, ઉતારીને પોતાની મેળે પંચમુષ્ટિક લોચ કર્યો, લોચ કરીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી—યાવત્ નમી તેણે આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! જરા અને મરણથી આ લોક ચોતરફ પ્રજ્વલિત થયેલ છે, હે ભગવન્! આ લોક અત્યન્ત પ્રજ્વલિત થયેલો છે, હે ભગવન્! લોક ચોતરફ અને અત્યન્ત પ્રજ્વલિત થયેલો છે.' એ પ્રમાણે એ ક્રમથી સ્કંદક તાપસની પેઠે તેણે પ્રવજ્યા લીધી.

ભગવાન મહાવીર દ્વારા ઋષભદત્તને પ્રવાચના—

૨૫૭. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે સ્વયં ઋષભદત્ત બ્રાહ્મણને પ્રવ્રાજિત કર્યા, સ્વયં મુંડિત કર્યા, સ્વયં શિક્ષણ આપ્યું, સ્વયં પ્રશિક્ષણ આપ્યું, સ્વયમેવ આચાર, ગોચર, વિનય, સંયમ, આસન, પ્રવૃત્તિ આદિ ધર્માચરણ શીખવ્યું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે દેવાનુપ્રિય ! આ રીતે ચાલવું જોઈએ, આ રીતે ઊભા રહેવું જોઈએ, આ રીતે બેસવું જોઈએ, આ રીતે ફરવું જોઈએ, આ રીતે આહાર કરવો જોઈએ, આ રીતે બોલવું જોઈએ, આ રીતે સંયમમાં ઉદ્યમી બનીને અર્થાત્ યતનાપૂર્વક પ્રાણીઓ, ભૂતો, જીવો, સત્ત્વો પ્રતિ સંયમ રાખવો જોઈએ, એવું કોઈ પણ કાર્ય ન કરવું જોઈએ કે જેમાં પ્રમાદ હોય અથવા તો સંયમમાં સહેજે પ્રમાદ ન કરવો જોઈએ.'

ઋષભદત્તની સિદ્ધિ—

૨૫૮. ત્યાર બાદ તે ઋષભદત્ત બ્રાહ્મણે શ્રમણ ભગવાન મહાવીરના આ ધર્મોપદેશને સમ્યક્ પ્રકારથી ગ્રહણ કર્યો—યાવત્ સામાયિકાદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અધ્યયન કરીને ઘણા ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ અને દશમ યાવત્ વિવિધ તપકર્મ વડે આત્માને ભાવિત કરતાં તેણે ઘણાં વરસ સુધી સાધુપણાના પર્યાયને પાળ્યો, પાળીને માસિક સંલેખના વડે આત્માને વાસિત કરીને, સાઠ ભક્તોનો અનશન કરવા વડે છેદ કરીને, જેને માટે નગ્નભાવ-નિર્ગ્રન્થપણાનો સ્વીકાર કર્યો હતો, યાવત્ તે નિર્વાણરૂપ અર્થની આરાધના કરી, તે અર્થને આરાધી ત્યારબાદ યાવત્ સર્વદુઃખથી મુક્ત થયો.

દેવાનન્દાની પણ પ્રવ્રજ્યા અને સિદ્ધિ—

૨૫૯. ત્યાર પછી તે દેવાનન્દા બ્રાહ્મણી શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મને સાંભળી, હૃદયમાં અવધારી આનન્દિત અને સંતુષ્ટ થઈ, અને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવત્ નમસ્કાર કરી આ પ્રમાણે બોલી—

'હે ભગવન્ ! તે એમ જ છે, હે ભગવન્ ! તે એમ જ છે.'—એ પ્રમાણે ઋષભદત્તની જેમ યાવત્ તેણે ભગવંત કથિત ધર્મ કહ્યો.

ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે પોતે જ તે દેવાનંદા બ્રાહ્મણીને દીક્ષા આપી, દીક્ષા આપીને પોતે આર્યા ચંદના નામે આર્યાને શિષ્યાપણે સોંપી.

ત્યાર બાદ તે આર્યા ચંદનાએ પોતે જ તે દેવાનંદા બ્રાહ્મણીને દીક્ષા આપી, સ્વયમેવ મુંડિત કરી, સ્વયમેવ શિક્ષા આપી.

એ પ્રમાણે દેવાનંદાએ ઋષભદત્ત બ્રાહ્મણની પેઠે આર્યા ચંદનાના આ આવા પ્રકારના ધાર્મિક ઉપદેશને સમ્યક્ પ્રકારે સ્વીકાર કર્યો અને તેની આજ્ઞા પ્રમાણે વર્તી—યાવત્-સંયમ આરાધના કરવા લાગી.

ત્યારબાદ તે દેવાનંદા આર્યાએ ચંદના આર્યા પાસેથી સામાયિકાદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અધ્યયન કરીને ચતુર્થભક્ત, ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ ભક્ત, માસિક, અર્ધમાસિક તપશ્ચર્યા આદિ વિવિધ તપકર્મ વડે આત્માને ભાવિત કરતાં કરતાં અનેક વર્ષ સુધી શ્રમણ-પર્યાયનું પાલન કર્યું, પાલન કરીને માસિક સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કર્યો, શુદ્ધ કરીને અનશન દ્વારા સાઠ ભક્તોનો ત્યાગ કર્યો અને કર્મનો છેદ કરી અંતિમ ઉચ્છ્વાસ-નિઃશ્વાસમાં સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત્ત બની, સર્વ દુઃખોથી મુક્ત બની.

□ □ □

૧૭. બાલતપસ્વી મૌર્યપુત્ર તામલી અનગાર

ભગવાન મહાવીરના સમવસરણમાં ઈશાન દેવેન્દ્ર દ્વારા નાટ્ય-વિધિ—

૨૬૦. ત્યાર પછી કોઈ એક દિવસે શ્રમણ ભગવંત મહાવીર મોકા નગરીના નંદ નામના ચૈત્યથી બહાર નીકળી જનપદોમાં વિહરતા હતા.

તે કાળે તે સમયે રાજગૃહ નામનું નગર હતું, વર્ણન—યાવત્—લોકો પર્યુપાસના કરવા લાગી.

તે સમયે તે કાળે દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્ર ઈશાનકલ્પમાં ઈશાનાવતંસક વિમાનમાં—રાયપસેણીય—રાજપ્રશ્નીય—ઉપાંગમાં કહ્યા મુજબ યાવત્-દિવ્ય દેવઋદ્ધિને અનુભવતો યાવત્—બત્રીસ પ્રકારની નાટ્યવિધિ દર્શાવીને જે દિશામાંથી પ્રકટ્યો હતો, તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવદ્યુતિ અનુપ્રવેશન-વિષયક પ્રશ્ન અને સમાધાન—

૨૬૧. 'હે ભગવન્!' એમ કહી ભગવાન ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરને વંદે છે-નમસ્કાર કરે છે. વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા—

'હે ભગવન્! અહો!! દેવેન્દ્ર દેવરાજ ઈશાન મોટી ઋદ્ધિવાળા—યાવત્—મહા પ્રભાવશાળી છે. હે ભગવાન્! ઈશાનેન્દ્રની તે દિવ્ય દેવ ઋદ્ધિ, દેવદ્યુતિ, દિવ્ય દૈવિક પ્રભાવ કયાં ગયા? કયાં પ્રવેશી ગયા?'

'હે ગૌતમ! શરીરમાં ચાલ્યા ગયા અને શરીરમાં પ્રવેશી ગયા.'

'હે ભગવન્! શરીરમાં ચાલ્યા ગયા અને શરીરમાં પ્રવેશી ગયા એમ કહેવાનો શું અર્થ છે?'

'હે ગૌતમ! જેમ કોઈ એક કૂટાકાર—શિખરના આકારનું ઘર હોય, અને તે બન્ને બાજુથી લીંપેલું હોય, ગુપ્ત હોય, ગુપ્ત બારણાવાળું હોય, પવન વિનાનું હોય, જેમાં પવન ન પેસે એવું ઊંડું હોય, તે કૂટાકાર ઘરની ન અતિ દૂર અને ન અતિ નિકટ, એક વિશાલ જનસમૂહ, એક બહુજ મોટી મેઘઘટાને, વરસતી મેઘઘટાને અને પ્રચંડ વાયુ-આંધીને જુએ છે, જોઈને તે કૂટાકાર ઘરની અંદર પ્રવેશીને ઊભો રહે છે. એટલા માટે હે ગૌતમ! શરીરમાં ચાલ્યા ગયા—શરીરમાં પ્રવેશી ગયા—એમ કહું છું.'

ઈશાન દેવેન્દ્રનો પૂર્વભવ—

૨૬૨. 'હે ભગવાન! દેવેન્દ્ર, દેવરાજ ઈશાને તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવપ્રભાવ કેવી રીતે લબ્ધ કર્યો, કેવી રીતે પ્રાપ્ત કર્યો, કેવી રીતે મેળવ્યો? તથા તે (ઈશાનેન્દ્ર) પૂર્વ-ભવમાં કોણ હતો? તેનું નામ અને ગોત્ર શું હતું? અને તે કયા ગામમાં, કયા નગરમાં તથા યાવત્—કયા સંનિવેશમાં રહેતો હતો? તથા તેણે શું સાંભળ્યું હતું, શું દીધું હતું, શું ખાધું હતું, શું કર્યું હતું, શું આચર્યું હતું અને તથાપ્રકારના કયા શ્રમણ યા બ્રાહ્મણની પાસે એવું એક પણ કયું આર્ય અને ધાર્મિક વચન સાંભળી અવધાર્યું હતું કે જેને લઈને દેવેન્દ્ર દેવરાજ ઈશાને તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્—મેળવી?

મૌર્યપુત્ર તામલી ગૃહપતિ અને તેની પ્રાણામા-પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની અભિલાષા—

૨૬૩. હે ગૌતમ! તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારત વર્ષમાં તામ્રલિપ્તી નામની નગરી હતી—વર્ણન. તે તામ્રલિપ્તી નગરીમાં તામલી મૌર્યપુત્ર નામનો ગૃહપતિ રહેતો હતો. જે આઢ્ય—ધનિક, ધનાઢ્ય—યાવત્ અપરિભૂત—બીજાથી પરાભવ પામે તેવો ન હતો.

ત્યાર બાદ એક દિવસે તે મૌર્યપુત્ર તામલી ગૃહપતિને રાત્રીના આગળના અને પાછળના ભાગમાં—મધરાતે—જાગતા જાગતા, કુટુંબની ચિંતા કરતાં, એવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો કે—પૂર્વે કરેલાં, જૂનાં સારી રીતે આચરેલા, સુપરાક્રમયુક્ત શુભ અને કલ્યાણરૂપ મારા કર્મોનો કલ્યાણફળરૂપ પ્રભાવ હજુ સુધી જાગતો છે કે જેથી મારે ઘરે હિરણ્ય વધે છે, રોકડ નાણું વધે છે, ધાન્યો વધે છે, પુત્રો વધે છે, પશુઓ વધે છે, અને પુષ્કળ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, ચંદ્રકાંત વગેરે મણિ, પ્રવાળ તથા માણેકરૂપ સારવાળું ધન મારે ઘણું ઘણું વધે છે. તો શું હું પૂર્વે કરેલાં, સારી રીતે આચરેલાં શુભ, કલ્યાણકારી સુ-પુરુષાર્થવાળાં પૂર્વકર્મોનો તદ્દન નાશ થતો જોઈ રહું—તે નાશની ઉપેક્ષા કરતો રહું, અર્થાત્ મને આટલું સુખ વગેરે છે એટલે બસ છે એમ માની ભવિષ્યત્—ભાવિ લાભ તરફ ઉદાસીન રહું?

પરંતુ હું જ્યાં સુધી હિરણ્યથી વધુ છું અને યાવત્—મારે ઘરે ઘણું ઘણું વધે છે, તથા જ્યાં સુધી મારા મિત્રો, મારી જાતિ-કુટુંબીઓ, સ્વજન સંબંધી અને કર્મચારી મારો આદર કરે છે, મને સ્વામી તરીકે જાણે છે, મારો સત્કાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે, મારું સન્માન કરે છે અને મને કલ્યાણ-રૂપ, મંગલરૂપ અને દેવરૂપ જાણી ચૈત્યની પેઠે વિનયપૂર્વક મારી સેવા કરે છે ત્યાં સુધી મારે મારું કલ્યાણ કરી લેવાની જરૂર છે; એટલે આવતી કાલે રાત્રી પ્રકાશવાળી થયા પછી—પ્રભાત થયા પછી—યાવત્ સૂર્ય ઊગ્યા પછી મારે મારી પોતાની જ મેળે લાકડાનું પાત્ર બનાવી, પુષ્કળ અશન, પાન, ખાદિમ, સ્વા-દિમ, ભોજન અને વસ્ત્ર, માળા અને ઘરેણાં વડે મિત્રો, સ્વજનો, સંબંધીઓ, પરિજનો બધાનો સત્કાર કરીને, તેઓનું સન્માન કરીને તથા તે જ મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને જ્યેષ્ઠ પુત્રને પૂછીને, આજ્ઞા લઈને મારી પોતાની મેળે જ કાષ્ઠપાત્ર લઈને, મુંડિત થઈને 'પ્રાણામા' નામની દીક્ષા વડે દીક્ષિત થાઉં.

વળી હું દીક્ષિત થતાંની સાથે જ આ અભિગ્રહ ધારણ કરીશ કે,—'હું જીવું છું ત્યાં સુધી નિરંતર છટ્ઠ છટ્ઠ—બે બે ઉપવાસ—કરીશ, તથા સૂર્યની સામે ઊંચા હાથ રાખી તડકો સહન કરતો રહીશ—આતાપના લઈશ, વળી છટ્ઠના પારણાને દિવસે તે આતાપના લેવાની જગ્યાથી નીચે ઊતરી પોતાની મેળે જ લાકડાનું પાત્ર લઈ તામ્રલિપ્તી નગરીમાં ઊંચ, નીચ અને મધ્યમ કુળોમાંથી ભિક્ષા લેવાની વિધિ-પૂર્વક શુદ્ધ ઓદન—દાળ, શાક વગેરે વિનાના એકલા ભાત લાવી તેને પાણી વડે એકવીસ વાર ધોઈ ત્યાર પછી તેને ખાઈશ.' એવો અભિગ્રહ કરીને તેણે બીજા દિવસે પ્રાતઃકાળ થયા પછી યાવત્—સૂર્ય ઝળહળતો થયા પછી પોતાની મેળે જ લાકડાનું પાત્ર કરાવ્યું, પાત્ર બનાવીને વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વા-દિમ ભોજન તૈયાર કરાવ્યું, તૈયાર કરાવીને પછી સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક મંગલ અને પ્રાયશ્ચિત કરી, શુદ્ધ અને પહેરવા યોગ્ય માંગલિક ઉત્તમ વસ્ત્રોને સારી રીતે પહેરી, અલ્પ પણ મહામૂલ્યવાન ઘરેણાંઓથી શરીરને શણગારી, ભોજનના સમયે ભોજન મંડપમાં આવી, સારા આસન ઉપર સારી રીતે બેસી મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનોની સાથે તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજનને ચાખતો, સ્વાદ લેતો, બીજાને પીરસતો અને જમતો વિહરવા લાગ્યો.

તામલી દ્વારા પ્રાણામા પ્રવ્રજ્યા-ગ્રહણ—

૨૬૪. તે તામલી ગૃહપતિ જમ્યો અને જમ્યા પછી તરત જ તેણે કોગળા કર્યા, હાથ-મોં સ્વચ્છ કર્યાં, અને તે પરમ શુદ્ધ થયો. ત્યાર બાદ તેણે તે મિત્રો, જ્ઞાતિ-બંધુઓ, પારિવારિક જનો, સ્વજનો, સંબંધીઓ, પરિજનોનું વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન અને વસ્ત્ર, અત્તર વગેરે સુગંધી દ્રવ્ય, માળા અને ઘરેણાંઓથી સત્કાર સન્માન કર્યું તથા તે મિત્રો, જ્ઞાતિજનો, કુટુંબીઓ, સંબંધીઓ અને પરિજનોની સમક્ષ પોતાના મોટા પુત્રને કુટુંબમાં સ્થાપ્યો અને તે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનો અને મોટા પુત્રને પૂછી તે તામલી ગૃહપતિ મુંડિત થઈ 'પ્રાણામા' નામની દીક્ષા વડે દીક્ષિત થયો. દીક્ષા લેવાની સાથે જ તેણે આવા પ્રકારનો અભિગ્રહ કર્યો કે—હું જ્યાં સુધી જીવું ત્યાં સુધી છટ્ઠ છટ્ઠનું તપ કરીશઅને યાવત્—પૂર્વ પ્રમાણેનો આહાર કરીશ.' એ પ્રમાણે અભિગ્રહ કરી યાવજ્જીવ નિરંતર છટ્ઠ છટ્ઠના તપકર્મપૂર્વક ઊંચે હાથ રાખી સૂર્યની સામે ઊભા રહી આતાપના ભૂમિમાં આતાપના લેતો વિહાર કરવા લાગ્યો, છટ્ઠના પારણાને દિવસે આતાપના—ભૂમિથી નીચે ઊતરી, પોતાની મેળે જ તે લાકડાનું પાત્ર લઈ તામ્ર-લિપ્તી નગરીમાં ઊંચ, નીચ અને મધ્યમ વર્ગના કુળોમાંથી ભિક્ષા લેવાની વિધિપૂર્વક ભિક્ષા માટે ફરી તે, એકલા ભાત લાવતો અને તે ભાતને એકવીસ વાર ધોઈ પછી તેનો આહાર કરતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાણામા પ્રવ્રજ્યા વિવરણ—

૨૬૫. 'હે ભગવાન ! આ પ્રવ્રજ્યા 'પ્રાણામા' કહેવાય છે તેનું શું કારણ ?'

'હે ગૌતમ ! જેણે 'પ્રાણામા' પ્રવ્રજ્યા લીધી હોય તે જેને જ્યાં જુએ તેને અર્થાત્ ઈન્દ્રને સ્કંદને, રુદ્રને, શિવને, વૈશ્રમણને-કુબેરને, આર્યાને, પાર્વતીને, કોટ્ટને-મહિષાસૂરને કૂટતી ચંડિકાને, રાજાને, સામંતને, તલવરને-કોટવાળને, માડંબિકને, કૌટુંબિકને, ઇભ્યને, શેઠને, સેનાપતિને, સાર્થવાહને, કાગડાને, કૂતરાને, તથા ચાંડાલને પ્રણામ કરે છે—ઊંચાને જોઈને ઊંચી રીતે પ્રણામ કરે છે, નીચાને જોઈને નીચી રીતે પ્રણામ કરે છે—જેને જેવી રીતે જુએ છે તેને તેવી રીતે પ્રણામ કરે છે. તે કારણથી તે પ્રવ્રજ્યાનું નામ 'પ્રાણામા' પ્રવ્રજ્યા છે.'

તામલી દ્વારા પાદોપગમન સંલેખના ગ્રહણ—

૨૬૬. ત્યાર પછી તે મૌર્યપુત્ર તામલી તે ઉદાર, વિપુલ, પ્રદત્ત અને પ્રગૃહીત બાલતપકર્મવડે સુકાઇ ગયો, દુર્બળ થયો, યાવત્-તેની બધી નાડીઓ બહાર તરી આવી એવો તે દુર્બળ થયો. ત્યાર પછી કોઈ એક દિવસે મધરાને જાગતા જાગતા અનિત્યતા સંબંધે વિચાર કરતાં તે તામલી બાલતપસ્વીને આ એવા પ્રકારનો યાવત્-વિકલ્પ ઉત્પન્ન થયો કે 'હું આ ઉદાર, વિપુલ, યાવત્-ઉદગ્ર, ઉદાત્ત, ઉત્તમ અને મહાપ્રભાવશાળી તપકર્મવડે સુકાઈ ગયો છું, રુક્ષ થયો છું. અને યાવત્-મારી બધી નસો શરીર ઉપર દેખાઈ આવી છે. માટે જ્યાં સુધી મને ઉત્થાન છે, કર્મ છે, બળ છે, વીર્ય છે અને પુરુષકારપરાક્રમ છે ત્યાં સુધી મારું શ્રેય એમાં છે કે, હું કાલે યાવત્-જવલંત સૂર્યનો ઉદય થયા પછી તામ્રલિપ્તી નગરીમાં જઈ, મેં દેખીને બોલાવેલા પુરુષોને, પાખંડસ્થોને, ગૃહસ્થોને, મારા પહેલાંના ઓળખીતાઓને, તપસ્વી થયા પછીના મારા જાણીતાઓને, મારી જેટલા દીક્ષાપર્યાયવાળાઓને પૂછીને તામ્રલિપ્તી નગરીની વચ્ચોવચ નીકળીને, ચાખડી, કુંડી વગેરે ઉપકરણોને અને લાકડાના પાતરાને એકાંતે મૂકી તામ્રલિપ્તી નગરીના ઉત્તરપૂર્વના દિગ્ભાગમાં-ઈશાન ખૂણામાં, નિર્વર્તનિક મંડળને આલેખી, સંલેખના તપવડે આત્માને શુદ્ધ કરી, ખાવા પીવાનો ત્યાગ કરી, વૃક્ષની પેઠે સ્થિર રહી, કાળની અવકાંક્ષા સિવાય વિહરવું એ ઉચિત છે.' એમ વિચાર કર્યો, વિચાર કરીને રાત્રિ વ્યતીત થતાંની સાથે બીજા દિવસે પ્રાતઃકાળે યાવત્-જવલંત સૂર્યનો ઉદય થયા પછી તામ્રલિપ્તી નગરીમાં જઈને પોતે દેખીને બોલાવેલા પુરુષોની, પાખંડસ્થોની, ગૃહસ્થોની, પોતાના પૂર્વકાળના ઓળખીતાઓની, તપસ્વી થયા પછીના પરિચિતોની અનુમતિ લીધી, અનુમતિ લઈને તામ્રલિપ્તી નગરીની વચ્ચોવચ્ચ નીકળીને, ચાખડી, કુંડી વગેરે ઉપકરણોને અને લાકડાના પાતરાને એકાંતે મૂકી, તામ્રલિપ્તી નગરીના ઉત્તરપૂર્વના દિગ્ભાગમાં-ઈશાન ખૂણામાં, નિર્વર્તનિક મંડળનું આલેખન કર્યું, આલેખીને સંલેખના તપ વડે આત્માને સેવી, આહાર-પાણીનો ત્યાગ કરી અને પાદપોગમન નામનું અનશન અંગીકાર કર્યું.

બલિચંચા રાજધાની વાસી અસુરકુમાર દેવો દ્વારા ઇન્દ્રાર્થ પ્રાર્થના અને તામલી દ્વારા અનિદાનકરણ—

૨૬૭. તે કાળે, તે સમયે બલિચંચા રાજધાની ઈંદ્ર અને પુરોહિત રહિત હતી.

ત્યારે તે બલિચંચા રાજધાનીમાં વસનારા ઘણા અસુરકુમાર દેવોએ અને દેવીઓએ તે તામલી બાલતપસ્વીને અવધિ વડે જોયો, જોયા પછી તેઓએ એકબીજાને બોલાવી આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! અત્યારે બલિચંચા રાજધાની ઈંદ્ર અને પુરોહિત વિનાની છે. તથા હે દેવાનુપ્રિયો ! આપણે બધા ઈંદ્રને આશ્રયે રહેનારા તથા અધિષ્ઠિત છીએ. આપણું બધું કાર્ય ઇંદ્રને આશ્રયે છે અને હે દેવાનુપ્રિયો ! આ તામલી બાલતપસ્વી તામ્રલિપ્તી નગરીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહાર ઈશાન ખૂણામાં નિર્વર્તનિક મંડળ આલેખી, સંલેખના વડે આત્માને શુદ્ધ કરી, ખાવાપીવાનો ત્યાગ કરી અને પાદપોગમન અનશનને ધારણ કરી રહ્યો છે. તો હે દેવાનુપ્રિયો ! એ આપણે પણ શ્રેયરૂપ છે કે તે તામલી બાલતપસ્વીને બલિચંચા રાજધાનીમાં ઈંદ્ર તરીકે આવવાનો સંકલ્પ કરાવીએ.' એમ કરીને–(વિચારીને) પરસ્પર એકબીજાની પાસે એ વાતને મનાવીને તે બધા અસુરકુમારો બલિચંચા રાજધાનીની વચ્ચોવચ થઈ નીકળ્યા, નીકળીને જે તરફ રુચકેંદ્ર ઉત્પાતપર્વત છે ને તરફ આવ્યા, આવીને વૈક્રિયસમુદ્‌ઘાત વડે વિક્રિયા કરીને યાવત્–ઉત્તરવૈક્રિય રૂપોને વિકુર્વી ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપલ, ચંડ, જયવતી, નિપુણ, સિંહ જેવી શીઘ્ર, ઉદ્‌ધુત અને દિવ્ય દેવગતિ વડે તિરછા અસંખ્યાત દ્વીપ–સમુદ્રોની વચ્ચોવચ પસાર થઈને જે તરફ જંબૂદ્વીપ નામે દ્વીપ છે, જે તરફ ભારત વર્ષ છે, જે તરફ તામ્રલિપ્તી નગરી છે અને જે તરફ મૌર્યપુત્ર તામલી બાલતપસ્વી છે ને તરફ આવ્યા, આવી તામલી બાલતપસ્વીની ઉપર, સમક્ષ અને સપ્રતિદેશે અર્થાત્ તામલી બાલતપસ્વીની બરાબર સામે ઊભા રહી દિવ્ય દેવઋદ્ધિને, દિવ્ય દેવકાંતિને, દિવ્ય દેવપ્રભાવને અને બત્રીસ જાતિના દિવ્ય નાટકવિધિ દેખાડી, દેખાડીને તામલી બાલતપસ્વીને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વાંદી અને નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા કે—

'હે દેવાનુપ્રિય ! અમે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને ઘણી અસુરકુમારદેવીઓ આપને વાંદીએ છીએ, નમીએ છીએ, સત્કાર અને સન્માન કરીએ છીએ તથા આપને કલ્યાણરૂપ, મંગલરૂપ અને ચૈત્યરૂપ માનીને આપની પર્યુપાસના કરીએ છીએ. હે દેવાનુપ્રિય ! હાલ અમારી બલિચંચા રાજધાની ઈંદ્ર અને પુરોહિત વિનાની છે અને હે દેવાનુપ્રિય ! અમે બધા ઈંદ્રને તાબે રહેનારા ઈંદ્ર દ્વારા અધિષ્ઠિત છીએ અને અમારું બધું કાર્ય પણ ઈંદ્રને આશ્રમે છે. તો હે દેવાનુપ્રિય ! તમે બલિચંચા રાજધાનીનો આદર કરો. તેનું સ્વામીપણું સ્વીકારો, તેને મનમાં લાવો, તે સંબંધે નિશ્ચય કરી, નિદાન (નિયાણું) કરો અને બલિચંચા રાજધાનીમાં સ્વામી થવાનો સંકલ્પ કરો જેથી તમે કાળમાસે કાળ કરી બલિચંચા રાજધાનીમાં ઉત્પન્ન થશો, ત્યાં ઉત્પન્ન થયા પછી તમે અમારા ઈંદ્ર થશો, તથા અમારી સાથે દિવ્ય ભોગ્ય ભોગને ભોગવતા આનંદ અનુભવશો.'

જ્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓએ તે તામલી બાલતપસ્વીને પૂર્વ પ્રમાણે કહ્યું ત્યારે તે વાતનો તે બાલતપસ્વીએ આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો, પરંતુ મૌન ધારણ કર્યું.

ત્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓએ તે તામલી મૌર્યપુત્રને બીજી વાર અને ત્રીજી વાર પણ ત્રણ પ્રદક્ષિણા કરી–યાવત્–'હે દેવાનુપ્રિય ! અમારી બલિચંચા રાજધાની ઈન્દ્ર અને પુરોહિત વિનાની છે. હે દેવાનુપ્રિય ! અમે બધા ઈન્દ્રને આધીન છીએ, ઈન્દ્રાધિષ્ઠિત છીએ અને અમારું કાર્ય પણ ઈંદ્રને તાબે છે. એટલા માટે હે દેવાનુપ્રિય ! તમે બલિચંચા રાજધાનીનો આદર કરો, તેનું ઈન્દ્રત્વ-સ્વામીપણું સ્વીકારો, તેને મનમાં લાવો, તે સંબંધે નિશ્ચય કરો, નિદાન (નિયાણું) કરો અને બલિચંચા રાજધાનીના સ્વામી થવાનો સંકલ્પ કરો'–યાવત્–બે વાર અને ત્રણ વાર યાવત્–કહ્યું તો પણ તે તામલી મૌર્યપુત્રે કાંઈ પણ જવાબ ન દીધો અને મૌન ધારણ કર્યું.

૨૬૮. ત્યાર બાદ જ્યારે તે તામલી બાલતપસ્વીએ કંઈ પણ જવાબ ન આપ્યો ત્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવોનો અને દેવીઓનો અનાદર કર્યો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓનું કથન માન્યું નહીં ત્યારે તે દેવો જે દિશામાંથી પ્રકટયા હતા તેજ દિશામાં પાછા ચાલ્યા ગયા.

તામલીનો ઈશાનેન્દ્રના રૂપમાં ઉપપાત—

૨૬૯. તે કાળે તે સમયે ઈશાન કલ્પ ઈન્દ્ર અને પુરોહિત રહિત હતો, તે કાળે તે સમયે તે તામલી બાલતપસ્વીએ પૂરેપૂરાં સાઠ હજાર વર્ષ સુધી સાધુ-પર્યાયને પાળીને, બે માસ સુધીની સંલેખના વડે આત્માને સેવીને, એકસો ને વીસ ટંક અનશન પાળીને, કાળમાસે કાળ કરી ઈશાન કલ્પમાં, ઈશાનાવતંસક વિમાનમાં, ઉપપાત સભામાં, દેવશય્યામાં, દેવવસ્ત્રથી ઢંકાએલ અને આંગળીના અસંખ્યાત ભાગ જેટલી અવગાહનામાં ઈશાન કલ્પમાં દેવેન્દ્રની ગેરહાજરીમાં ઈશાન દેવેન્દ્રપણે જન્મ ધારણ કર્યો.

૨૭૦. હવે તે તાજો ઉત્પન્ન થએલ દેવેન્દ્ર, દેવરાજ ઈશાન પાંચ પ્રકારની પર્યાપ્તિ વડે પર્યાપ્તિપણાને પામ્યો અર્થાત્ આહાર પર્યાપ્તિ વડે અને યાવત્-ભાષા-મનઃપર્યાપ્તિ વડે તે દેવેન્દ્ર દેવરાજ ઈશાન પર્યાપ્તપણાને પામ્યો.

ઈશાનેન્દ્રત્વને જાણીને અસુરકુમાર દેવોનો રોષ અને તામલીના શરીરની હીલના—

૨૭૧. ત્યારે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓએ એમ જાણ્યું કે, તામલી બાલતપસ્વી કાળધર્મને પામ્યો, અને તે, ઈશાન કલ્પમાં દેવેન્દ્રપણે ઉત્પન્ન થયો. તેથી તેઓએ ઘણો ક્રોધ કર્યો, કોપ કર્યો, ભયંકર આકાર ધારણ કર્યો અને તેઓ બહુ ગુસ્સે ભરાણા. પછી તેઓ બધા બલિચંચા રાજધાનીની વચ્ચોવચ્ચ નીકળ્યા અને તે યાવત્-ઉત્કૃષ્ટ ગતિ વડે જે તરફ ભારતવર્ષ છે, જે તરફ તામ્રલિપ્તી નગરી છે અને જે તરફ તામલી બાલતપસ્વીનું શરીર છે ત્યાં આવી તે દેવોએ તામલી મૌર્યપુત્રના મૃતદેહને ડાબે પગે દોરડી બાંધી, પછી તેના મોં પર ત્રણ વાર થૂંકયા અને તામ્રલિપ્તી નગરીમાં શૃંગાટક (સિંગોડાના ઘાટવાળા માર્ગ)માં, ત્રિક (ત્રણ શેરી ભેગી થાય તેવા માર્ગમાં), ચોકમાં, ચતુર્મુખ માર્ગમાં, માર્ગમાં અને મહામાર્ગમાં અર્થાત્ તામ્રલિપ્તી નગરીના બધી જાતના માર્ગો ઉપર તે મૃતદેહને ઢસડતા ઢસડતા અને મોટા અવાજે ઉદ્ઘોષણા કરતા તે દેવો આ પ્રમાણે બોલ્યા—

'અરે હે ! પોતાની મેળે તપસ્વીનો વેષ પહેરનાર અને 'પ્રાણામા' નામની દીક્ષાથી દીક્ષિત થનાર તે તામલી બાલતપસ્વી કોણ છે? ઈશાન કલ્પમાં ઈશાન દેવેન્દ્ર દેવરાજ વળી કોણ છે ?' એમ કરીને તામલી બાલતપસ્વીના શરીરની હીલના કરે છે, નિંદા કરે છે, ખિંસા કરે છે, ગર્હા કરે છે, અપમાન કરે છે, તર્જના કરે છે, માર મારે છે, કદર્થના કરે છે, તેને હેરાન કરે છે અને આડુંઅવળું જેમ ફાવે તેમ ઢસડે છે તથા તેમ કરીને તેના શરીરને એકાંતે નાખી જે દિશામાંથી તે દેવો પ્રકટયા હતા તે દિશામાં પાછા તે દેવો ચાલ્યા ગયા.

તામલીના શરીરની હીલનાને જાણીને ઈશાનેન્દ્ર દ્વારા બલિચંચા રાજધાનીનું દહન

૨૭૨. હવે તે ઈશાન કલ્પમાં રહેનારા ઘણા વૈમાનિક દેવો અને દેવીઓએ આ પ્રમાણે જોયું કે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓ બાલતપસ્વી તામલીના શરીરને તીરસ્કારે છે, નિંદે છે, ખિંસે છે, ગર્હા કરે છે, અપમાન કરે છે, તર્જના કરે છે, માર મારે છે, કદર્થના કરે છે, હેરાન કરે છે અને આડુંઅવળું ઢસડે છે ત્યારે તે વૈમાનિક દેવો અતિશય ગુસ્સે ભરાણા અને યાવત્ ક્રોધથી દાંતને કચકચાવતા તે દેવોએ દેવેન્દ્ર, દેવરાજ ઈશાનની પાસે જઈને બન્ને હાથ જોડવાપૂર્વક દશે નખને ભેગા કરી—શિરસાવર્ત કરી માથે અંજલિ કરી ને ઈંદ્રને જય અને વિજયથી વધાવ્યો, વધાવીને આ પ્રમાણે કહ્યું —

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે દેવાનુપ્રિય ! બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓ આપ દેવાનુપ્રિયને કાળને પ્રાપ્ત થયેલા જાણી, તથા ઈશાન કલ્પમાં ઇંદ્રપણે ઉત્પન્ન થયેલા જોઈને ઘણા ગુસ્સે ભરાણા અને યાવત્ તેઓએ આપના મૃતક શરીરને ઢસડીને એકાંતમાં મૂકયું, પછી તેઓ જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ચાલ્યા ગયા છે.'

જ્યારે દેવેન્દ્ર દેવરાજ ઈશાને તે ઈશાનકલ્પમાં રહેનારા બહુ વૈમાનિક દેવો અને દેવીઓ દ્વારા એ વાતને સાંભળી અને અવધારી, ત્યારે તે ઘણો ગુસ્સે થયો અને યાવત્—ક્રોધથી દાંતને કચકચાવતો ત્યાં જ દેવશય્યામાં સારી રીતે રહેલા તે ઈશાન ઇંદ્રે કપાળમાં ત્રણ આડ પડે તેમ ભૃકુટિ ચડાવી, તે બલિચંચા રાજધાનીની બરાબર સામે–નીચે–સાપક્ષે અને સપ્રતિદિશે અર્થાત્ સામે જોયું.

તે સમયે દેવેન્દ્ર, દેવરાજ ઈશાને પૂર્વ પ્રમાણે બલિચંચા રાજધાનીની બરાબર સામે –નીચે–સપક્ષે અને સપ્રતિદિશે જોયું તે જ સમયે તેના દિવ્ય પ્રભાવ વડે બલિચંચા રાજધાની અંગારા જેવી થઈ ગઈ, આગના કણ જેવી થઈ ગઈ, રાખ જેવી થઈ ગઈ, તપેલી રેતીના કણો જેવી થઈ ગઈ અને ખૂબ તપેલી જ્વાળા જેવી થઈ ગઈ.

અસુરકુમાર દેવો દ્વારા ઈશાનેન્દ્રને પ્રાર્થના અને ક્ષમાપન–

૨૭૩. હવે જ્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓએ તે બલિચંચા રાજધાનીને અંગારા થયેલી અને યાવત્ ખૂબ તપેલી જ્વાળા જેવી થએલી જોઈ, તેવી જોઈને અસુરકુમારો ભય પામ્યા, ત્રાસ પામ્યા, વધારે ત્રાસ પામ્યા, ઉદ્વેગવાળા થયા અને ભયથી અક્રાન્ત બની ગયા તથા તેઓ બધા ચારે બાજુ દોડવા લાગ્યા, ભાગવા લાગ્યા, અને એકબીજાની બાજુમાં ભરાવા લાગ્યા.

જ્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા અસુરકુમાર દેવો અને દેવીઓએ દેવેન્દ્ર દેવરાજ ઈશાન કોપિત થયો છે એમ જાણ્યું ત્યારે તેઓ– (તે બધા અસુરકુમારો) દેવેન્દ્ર દેવરાજ ઈશાનની તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ, દિવ્ય દેવ પ્રભાવ અને દિવ્ય તેજોલેશ્યાને નહીં સહતા બરાબર દેવેન્દ્ર, દેવરાજ ઈશાનની સામે, ઉપર, સપક્ષે અને સપ્રતિદિશે બેસી, દશે નખ ભેગા થાય તેમ બન્ને હાથ જોડવાપૂર્વક શિરસાવર્તયુક્ત માથે અંજલિ કરી તે ઈશાન ઇંદ્રને જય અને વિજય વડે વધામણી આપી આ પ્રમાણે બોલ્યા— 'અહો ! આપ દેવાનુપ્રિયે દિવ્ય દેવઋષિ, દિવ્ય દેવકાંતિ, દિવ્ય દેવપ્રભાવ પ્રાપ્ત કરેલ છે અને આપ દેવાનુપ્રિયે ઉપલબ્ધ કરેલ, પ્રાપ્ત કરેલ અને સામે આણેલી એવી દિવ્ય દેવઋદ્ધિ અમે જોઈ. હે દેવાનુપ્રિય ! અમે આપની ક્ષમા માગીએ છીએ. હે દેવાનુપ્રિય ! આપ અમને ક્ષમા આપો, હે દેવાનુપ્રિય ! તમે ક્ષમા કરવાને યોગ્ય છો, ફરી વાર અમે એ પ્રમાણે નહીં કરીએ.' એમ કહી એ અપરાધ બદલ તેની પાસે વિનયપૂર્વક સારી રીતે ક્ષમા માગવા લાગ્યા.

તદનન્તર અસુરકુમારો ઈશાનેન્દ્રની આજ્ઞામાં સ્થિર થાય છે—

૨૭૪. હવે જ્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓએ પોતાના અપરાધ બદલ તે દેવેન્દ્ર, દેવરાજ ઈશાનની પાસે વિનયપૂર્વક સારી રીતે ક્ષમા માગી ત્યારે તે ઈશાન ઇન્દ્રે તે દિવ્ય દેવઋદ્ધિને અને યાવત્ મૂકેલી તેજોલેશ્યાને પાછી ખેંચી લીધી. અને હે ગૌતમ ! ત્યારથી જ માંડીને તે બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક અસુરકુમાર દેવો અને દેવીઓ તે દેવેન્દ્ર, દેવરાજ ઈશાનનો આદર કરે છે યાવત્ તેની સેવા કરે છે તથા ત્યારથી જ દેવેન્દ્ર દેવરાજ ઈશાનની આજ્ઞામાં, સેવામાં, આદેશમાં અને નિર્દેશમાં તે અસુરકુમાર દેવો તથા દેવીઓ રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાને તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ, દિવ્ય દેવપ્રભાવને આ પ્રમાણે લબ્ધ, પ્રાપ્ત, પૂર્ણ રૂપથી મેળવેલ છે.

ઈશાનેન્દ્રની સ્થિતિ અને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ—

૨૭૫. 'હે ભગવન્ ! દેવેન્દ્ર, દેવરાજ ઈશાનની સ્થિતિ કેટલા કાળ સુધી કહી છે ?

'હે ગૌતમ ! તેની સ્થિતિ બે સાગરોપમ કરતાં કાંઈક અધિક કહી છે.'

હે ભગવન્ ! દેવેન્દ્ર, દેવરાજ ઈશાન પોતાના આયુષ્યનો ભવક્ષય, સ્થિતિ ક્ષય થયા પછી તે દેવલોકથી ચ્યવીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?'

'હે ગૌતમ ! તે મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.'

* * *

૧૮. આર્દ્રકનો અન્ય તીર્થિકો સાથે વાદ

મહાવીર-ચર્યાને અનુલક્ષીને ગોશાલકનો આક્ષેપ—

૨૭૬. 'હે આર્દ્રક ! શ્રમણ મહાવીરનો પૂર્વવૃત્તાંત આવો છે. સાંભળ, તે પહેલાં એકલવિહારી હતા, પરંતુ હવે તો અનેક ભિક્ષુઓને સાથે લઈને આડંબરપૂર્વક ધર્મોપદેશ કરે છે. (૧)

તે ચંચલ ચિત્તવાળા મહાવીરે હવે આ આજીવિકા ઊભી કરી છે કે સભામાં જઈને અનેક ભિક્ષુઓ સાથે રહીને લોકહિત માટે ધર્મનો ઉપદેશ કરે છે. આ વ્યવહાર તેમના પહેલાંના વ્યવહાર સાથે મેળ ખાતો નથી. (૨)

આ રીતે કાં તો તેમનો પહેલાંનો એકાન્તવાસ સારો હોઈ શકે, અથવા આ સમયનું અનેક લોકો વચ્ચે રહેવું સારું હોઈ શકે. પરંતુ બન્ને વસ્તુ સારી હોઈ શકે નહીં, કારણ બન્ને વાતમાં પરસ્પર સંગતિ નથી.'

[પ્રત્યુત્તરમાં આર્દ્રક કહે છે—]

'પહેલાં, અત્યારે અને ભવિષ્યમાં શ્રમણ ભગવાન મહાવીર તો સર્વદા એકાંતનો અનુભવ કરે છે. (૩) [કઈ રીતે ? તે સમજાવે છે—]

આર્દ્રકનો ઉત્તર

શ્રમણ ભગવાન મહાવીર તો ત્રસ અને સ્થાવર જીવોનાં કલ્યાણ માટે હજારો જીવોની મધ્યે ધર્મકથન કરવા છતાં એકાંતનો અનુભવ કરે છે, કારણ કે તેમની ચિત્તવૃત્તિ તદનુરૂપ જ રહે છે. (૪)

ધર્મનો ઉપદેશ કરતાં તેમને દોષ નથી લાગતો કારણ કે તેઓ સમસ્ત પરીષહોને સહન કરનાર, મનને વશ કરનાર, અને જિતેન્દ્રિય છે. આથી ભાષાના દોષોથી રહિત છે, અને ભાષાનું સેવન એ તેમને માટે ગુણ બની જાય છે. (૫)

કર્મોથી અલિપ્ત તેઓ પાંચ મહાવ્રતો અને પાંચ અણુવ્રતો તથા પાંચ આસ્રવ અને પાંચ સંવરનો ઉપદેશ આપે છે. અને પૂર્ણ સાધુપણામાં વિરતિની શિક્ષા તેઓ આપે છે — એમ હું કહું છું. (૬)

શીતોદકાદિ સેવન કર્તાને પાપ નથી — ગોશાલકનો મત —

૨૭૭. કાચું પાણી, બીજ કાય (સચિત્ત કાચી વનસ્પતિ), આધાકર્મ તથા સ્ત્રીસેવન કરતાં છતાં કોઈ એકાંતવિહારી રહે તો તેવા તપસ્વીને અમારા ધર્મ મુજબ પાપ નથી લાગતું. (૭)

આર્દ્રકનો ઉત્તર

કાચું પાણી, બીજકાય, આધાકર્મ અને સ્ત્રીઓનું સેવન કરનાર ગૃહસ્થ ગણાય, શ્રમણ નહીં. (૮)

જો બીજકાય, કાચું પાણી, આધાકર્મ અને સ્ત્રીઓનું સેવન કરનારને પણ શ્રમણ માનવામાં આવે તો ગૃહસ્થને પણ શ્રમણ કેમ ન માની શકાય ? કેમ કે તે પણ પૂર્વોક્ત વસ્તુઓનું સેવન કરે છે. (૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ભિક્ષુ થઈને પણ સચિત્ત વનસ્પતિ, કાચું પાણી, આધાકર્મ આદિનું સેવન કરે અને જીવન રક્ષણ માટે ભિક્ષાવૃત્તિ કરે છે, તે પોતાની જ્ઞાતિને છોડે છે પણ કર્મનો નાશ નથી કરી શકતો.' (૧૦)

પ્રાવાદુકોની પરસ્પર નિંદાનો ગોશાલકનો આક્ષેપ—

૨૭૮. 'હે આર્દ્રક! તું આવા પ્રકારનાં વચનો બોલીને સઘળા પ્રાવાદુકોની નિંદા કરે છે. પ્રાવાદુકગણ અલગ અલગ પોતાના સિદ્ધાંતો દર્શાવિના પોતાના દર્શનને શ્રેષ્ઠ કહે છે.' (૧૧)

આર્દ્રકનો ઉત્તર—

તે શ્રમણો અને બ્રાહ્મણો અન્યોન્ય એકબીજાની નિંદા કરે છે અને પોતપોતાના દર્શનની પ્રશંસા કરે છે, તેઓ પોતાના દર્શનમાં બતાવેલી ક્રિયાના અનુષ્ઠાનથી પુણ્યપ્રાપ્તિ અને પરદર્શનમાં કહેલી ક્રિયાનું અનુષ્ઠાન કરવાથી પુણ્યપ્રાપ્તિ નથી થતી એમ દર્શાવે છે. આથી હું તેમની તે એકાંત દૃષ્ટિની નિંદા કરું છું, બીજી કોઈ નિંદા નથી કરતો. (૧૨)

અમે કોઈના રૂપ કે વેશની નિંદા નથી કરતા, પરંતુ સ્વદર્શનના માર્ગનો પ્રકાશ પાડીએ છીએ. એ માર્ગ સરળ અને સર્વોત્તમ છે અને આર્ય સત્પુરુષો દ્વારા તેને અનુત્તર કહેવામાં આવ્યો છે. (૧૩)

ઊર્ધ્વ, અધો અને તિર્યક્ દિશાઓમાં રહેનારા જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે, તે પ્રાણીઓની હિંસા પ્રત્યે ઘૃણા કરનારા સંયમી પુરુષો આ લોકમાં કોઈનીય નિંદા નથી કરતા. (૧૪)

મેધાવી પુરુષોના પ્રશ્નોના ભયથી મહાવીર આરામગૃહમાં નથી ઊતરતા—એવો ગોશાલકનો આક્ષેપ—

૨૭૯. તમારા શ્રમણ મહાવીર બીકના માર્યા જ્યાં અનેક આગંતુક લોકો ઊતરે છે એવી ધર્મશાળા કે આરામગૃહમાં ઊતરતા નથી. કારણકે તે એમ વિચારે છે કે એવાં સ્થાનોમાં કોઈ ન્યૂન તો કોઈ અધિક વક્તા કે મૌની એવા મનુષ્યો આવી રહેલા હોય છે. (૧૫)

કોઈ મેધાવી, કોઈ શિક્ષિત, કોઈ બુદ્ધિમંત તો કોઈ સૂત્ર અને અર્થમાં નિપુણ એવા મનુષ્યો ત્યાં આવતા જ હોય છે અને રખેને કોઈ પ્રશ્ન પૂછી બેસે એ બીકે શ્રમણ મહાવીર ત્યાં નથી જતા. (૧૬)

આર્દ્રકનો ઉત્તર—

તેઓ-શ્રમણ ભગવાન મહાવીર પ્રયોજન વિના કોઈ કાર્ય કરતા નથી અને બાળકની જેમ વિના વિચાર્યે કોઈ કાર્ય કરતા નથી. વળી રાજભયથી પણ તેઓ ધર્મોપદેશ નથી કરતા તો પછી બીજા ભયની તો વાત જ શું? ભગવાન પ્રશ્નનો ઉત્તર આપે છે અને નથી પણ આપતા-તેઓ તો તીર્થંકરના કર્મને કારણે આર્યપુરુષોને ધર્મોપદેશ આપે છે. (૧૭)

તેઓ સર્વજ્ઞ ભગવાન સાંભળનાર પાસે જઈને અથવા ન જઈને સમાનભાવે જ ધર્મોપદેશ આપે છે, પરંતુ અનાર્ય લોકો દર્શનભ્રષ્ટ હોય છે. આ આશંકાને કારણે ભગવાન તેમની પાસે જતા નથી. (૧૮)

મહાવીર વણિક સમાન છે એવો ગોશાલકનો આક્ષેપ—

જેમ લાભાર્થી વણિક-વ્યાપારી મહાજનોનો સંગ લાભ માટે કરે છે, એ જ ઉપમા જ્ઞાતપુત્ર શ્રમણ મહાવીરને લાગુ પડે છે-એમ મારી મતિ કહે છે. (૧૯)

આર્દ્રકનો ઉત્તર—

શ્રમણ ભગવાન મહાવીર નવાં કર્મો કરતા નથી, પરંતુ જૂનાં કર્મોનો ક્ષય કરે છે, કેમકે તેઓ પોતે જ કહે છે કે પ્રાણી કુમતિને ત્યજીને જ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આ પ્રકારનું મોક્ષવ્રત કહેવાયું છે અને ભગવાન તે જ મોક્ષના લાભાર્થી છે-તેમ હું કહું છું. (૨૦)

વણિક તો પ્રાણીહિંસા કરે છે, પરિગ્રહ પર પણ મમત્વ રાખે છે અને જ્ઞાતિજનોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધ છોડયા વિના લાભાર્થે જ બીજાઓનો સંગ કરે છે. (૨૧)

વણિક તો ધનની શોધ કરનારા અને મૈથુનમાં ગાઢ આસક્ત હોય છે. ભોજન માટે અહીંતહીં તે ઘૂમે છે. આથી અમે તો વણિકને કામાસક્ત, પ્રેમરસગૃદ્ધ અનાર્યો જ કહીએ છીએ. (૨૨)

વણિકો આરંભ-પરિગ્રહને છોડતા નથી, પરંતુ તેમાં અત્યંત ડૂબ્યા રહે છે અને આત્માને દંડ દેનારા હોય છે. તેમનો ઉદય, જેને તમે ઉદય કહો છો તે વસ્તુતઃ ઉદય નહીં પરંતુ ચતુર્ગતિરૂપ સંસાર અને દુઃખનું કારણ છે અને તેનો કદી અંત થતો નથી. (૨૩)

વણિકને જે ઉદય થાય છે તે એકાંત અને આત્યંતિક નથી હોતો. એમ વિદ્વાનો કહે છે. અને એ ઉદયમાં કોઈ ગુણ નથી. પરંતુ ભગવાનને જે ઉદય પ્રાપ્ત થયો છે તે આદિ અનંત છે. તેઓ બીજાઓને પણ આ ઉદય પ્રાપ્ત થાય તે માટેનો ઉપદેશ આપનારા ત્રાતા અને જ્ઞાની છે. (૨૪)

ભગવાન અહિંસક છે, સર્વ પ્રાણીઓ પ્રતિ અનુકંપાવાળા છે. તેઓ સદૈવ ધર્મમાં સ્થિત છે અને કર્મના વિવેકના કારણ છે. એવા તે ભગવાનને તારા જેવા આત્માને દંડનાર જ વણિક સમાન કહે. એમ કહેવું તારા અજ્ઞાનને અનુરૂપ જ છે. (૨૫)

બુદ્ધ ભિક્ષુઓના હિંસા-અહિંસાવિષયક મતનું નિવેદન-

૨૮૦. 'કોઈ પુરુષ ખોળના પિંડાને પણ 'આ પુરુષ છે' એમ માની શૂળથી વીંધીને પકાવે અથવા તુંબડાને પણ 'આ બાળક છે' એમ માની પકાવે તો અમારા મતે તે પ્રાણીવધ કરવાના પાપથી લેપાય છે. (૨૬)

અથવા તે મ્લેચ્છ પુરુષ જો મનુષ્યને ખોળ સમજીને શૂળીથી વીંધીને પકાવે અથવા બાળકને તુંબડું સમજીને પકાવે તો તે પ્રાણીવધના પાપથી લેપાતો નથી તેવો અમારો મત છે. (૨૭)

કોઈ પુરુષ મનુષ્યને અથવા બાળકને ખોળનો પિંડ સમજીને તેને શૂળમાં વીંધી આગમાં પકાવે તો તે પવિત્ર છે તથા બુદ્ધના પારણાને યોગ્ય છે. (૨૮)

જે પુરુષ બે હજાર સ્નાનક ભિક્ષુઓને પ્રતિદિન ભોજન કરાવે છે, તે 'મહાન પુણ્ય પ્રાપ્ત કરી મહાપરાક્રમી આરોપ્ય નામે દેવ બને છે.' (૨૯)

આર્દ્રકનો ઉત્તર-

આ શાક્ય (બૌદ્ધ) મત સંયમી સાધુ પુરુષોને યોગ્ય નથી. કેમકે પ્રાણીઓનો ઘાત કરીને તેને પાપનો અભાવ છે એમ જે કહે છે અને જે સાંભળે છે તે બન્ને માટે અજ્ઞાનવર્ધક છે અને ખરાબ છે. (૩૦)

ઉપર, નીચે અને તિરછી દિશાઓમાં ત્રસ અને સ્થાવર પ્રાણીઓના અસ્તિત્વનાં ચિહ્નો જાણીને જીવહિંસાની આશંકાથી વિવેકી પુરુષ હિંસાની ઘૃણા કરતો, વિચારપૂર્વક બોલે અને કાર્ય કરે તો તેને દોષ કેવી રીતે લાગે? (૩૧)

ખોળના પિંડમાં પુરુષબુદ્ધિ મૂર્ખને પણ નથી, તો જે પુરુષ ખોળના પિંડમાં પુરુષબુદ્ધિ અથવા પુરુષમાં ખોળનો પિંડ હોવાની બુદ્ધિ કરે તે અનાર્ય છે. ખોળના પિંડમાં પુરુષબુદ્ધિ હોવાનું સંભવિત નથી, આથી એવું વાક્ય બોલવું તે પણ અસત્ય છે. (૩૨)

જે વચન બોલવાથી જીવને પાપ લાગે છે તે વચન વિવેકી પુરુષે ક્યારેય ન બોલવું જોઈએ. તમારાં પૂર્વોક્ત વચનો ગુણવાળાં વચનો નથી. આથી દીક્ષા ધારણ કરનાર પુરુષે આવાં સારહીન વચનો ન બોલવાં જોઈએ.

અહો બૌદ્ધો! લાગે છે કે તમે જ પદાર્થોનું જ્ઞાન મેળવ્યું છે, તમે જ જીવોના કર્મફળનો વિચાર કર્યો છે, તમારો જ યશ પૂર્વસમુદ્રથી લઈને પશ્ચિમ-સમુદ્ર સુધી પ્રસર્યો છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમે જ જગતને હસ્તામલકવત્ જોઈ લીધું છે! (૩૪)

નિર્ગ્રંથ મતાનુયાયી તો જીવોની પીડાને સારી રીતે સમજીને શુદ્ધ અન્નનો જ આહાર કરે છે અને કપટથી આજીવિકા મેળવવા માટે માયાવી વચનો બોલતા નથી. આ તો સંયમી પુરુષોનો જ ધર્મ છે. (૩૫)

જે પુરુષ બે હજાર સ્નાતક ભિક્ષુઓને પ્રતિદિન ભોજન કરાવે છે તે અસંયમી અને રુધિરરંગ્યા હાથવાળો પુરુષ આ જ લોકમાં નિંદા પામે છે. (૩૬)

આ બૌદ્ધ મતને માનનારા પુરુષ મોટા બકરાને મારીને તેના માંસને બૌદ્ધ ભિક્ષુઓના ભોજન માટે તેલ, મીઠું, મસાલા આદિથી વધારી સુસ્વાદુ ભોજન બનાવે છે. (૩૭)

અનાર્યોનું કાર્ય કરનાર, અજ્ઞાની રસલુબ્ધ એવા બૌદ્ધ ભિક્ષુઓ એમ કહે છે કે ઘણું માંસ ખાવા છતાં પણ અમે પાપથી ખરડાતા નથી. (૩૮)

પરંતુ જે લોકો પૂર્વોક્ત પ્રકારે નિષ્પન્ન માંસનું ભક્ષણ કરે છે તે અજ્ઞાનીઓ પાપનું સેવન કરે છે. આથી જે કુશળ (જ્ઞાની) પુરુષ છે તે માંસ ખાવાની ઇચ્છા પણ નથી કરતા તથા માંસ ભક્ષણમાં દોષ નથી તેવું કથન પણ મિથ્યા છે. (૩૯)

બધાં પ્રાણીઓ પર દયા કરવા તથા સાવદ્ય દોષનો ત્યાગ કરનારા અને સાવદ્યની આશંકા કરનાર ભગવાન મહાવીરના શિષ્ય ઋષિઓ ઉદ્દિષ્ટ ભોજનનો ત્યાગ કરે છે. (૪૦)

પ્રાણીઓની હિંસાની આશંકાથી સાવદ્ય અનુષ્ઠાનથી દૂર રહેનારા સાધુ પુરુષો પ્રાણીઓને દંડ આપવાનું ત્યજી સદોષ આહાર લેતા નથી. જિનશાસનમાં સાધુઓનો આવો ધર્મ છે. (૪૧)

આ નિર્ગ્રંથ ધર્મમાં સ્થિત પુરુષે પૂર્વોક્ત સમાધિ પ્રાપ્ત કરીને તથા તેમાં સારી રીતે સ્થિર થઈને માયારહિત બની સંયમનું અનુષ્ઠાન કરવું જોઈએ. આવા ધર્માચરણના પ્રભાવે પદાર્થોના જ્ઞાનને પ્રાપ્ત કરનાર ત્રિકાળવેદી તથા શીલ-ગુણયુક્ત પુરુષ પ્રશંસા પ્રાપ્ત કરે છે. (૪૨)

સ્નાન-ભોજન દ્વારા પુણ્યાર્જનનો વેદવાદીઓનો મત—

૨૮૧. જે પુરુષ બે હજાર સ્નાતક બ્રાહ્મણોને પ્રતિદિન ભોજન કરાવે છે, તે મહાન પુણ્યપુંજ ઉપાર્જિત કરીને દેવ બને છે—એવું વેદનું વચન છે. (૪૩).

આર્દ્રકનો ઉત્તર—

ક્ષત્રિય આદિ કુળોમાં ભોજન માટે ઘૂમનારા બે હજાર સ્નાતક બ્રાહ્મણોને જે પ્રતિદિન ભોજન કરાવે છે, તે પુરુષ માંસલોલુપ પક્ષીઓથી પરિપૂર્ણ નરકમાં જાય છે અને ત્યાં ભયંકર પરિતાપ સહન કરતો તે નિવાસ કરે છે. (૪૪)

દયા પ્રધાન ધર્મની નિંદા અને હિંસા-પ્રધાન ધર્મની પ્રશંસા કરનાર જે રાજા એક પણ શીલરહિત બ્રાહ્મણને ભોજન કરાવે છે તે અંતકાળે અંધકારયુક્ત નરકમાં જાય છે. (૪૫)

સાંખ્ય પરિવ્રાજકોનો અવ્યક્તરૂપ પુરુષ-વિષયક મત—

૨૮૨. અમે અને તમે બન્ને ધર્મમાં પ્રવૃત્ત છીએ, આપણે ત્રણે કાળ ધર્મમાં સ્થિત છીએ. આપણા બન્નેના મતમાં આચારશીલ પુરુષને જ્ઞાની કહેવામાં આવે છે. અને આપણા બન્નેના મતમાં સંસારના સ્વરૂપ વિષયે પણ કોઈ ભેદ નથી. (૪૬)

આ પુરુષ [જીવાત્મા] અવ્યક્ત, વ્યાપક, સનાતન, અક્ષય, અવ્યય છે અને બધાં ભૂતો—પ્રાણીઓમાં સંપૂર્ણપણે રહે છે જેવી રીતે ચંદ્ર સંપૂર્ણ તારાઓ સાથે સંપૂર્ણરૂપી છે. (૪૭)

આર્દ્રકનો ઉત્તર—

હે સાંખ્યો! આ રીતે તમારા અને અમારા મતની એકતા ન થઈ શકે. કેમકે તમારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મત અનુસાર સુભગ-દુર્ભગ આદિ ભેદ નથી થઈ શકતા તથા જીવનું પોતાના કર્મથી પ્રેરિત થઈને વિવિધ ગતિઓમાં આવાગમન પણ સિદ્ધ નથી થતું, અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રરૂપ ભેદ પણ સિદ્ધ નથી થતો. એ જ રીતે કીટ, પતંગ, સરીસૃપ આદિ ગતિઓ પણ સિદ્ધ નથી થતી અને મનુષ્ય તથા દેવતા આદિ ગતિઓનો ભેદ પણ સિદ્ધ નથી થતો. (૪૮)

આ લોકને કેવળજ્ઞાન દ્વારા જાણ્યા વિના જે અજ્ઞાની ધર્મનો ઉપદેશ કરે છે તે પોતાની જાતે નષ્ટ થઈ બીજાઓને પણ અપાર ભયંકર સંસારમાં નષ્ટ કરે છે. (૪૯)

પરંતુ જે સમાધિયુક્ત પુરુષો પૂર્ણ કેવળજ્ઞાન દ્વારા આલોકને સમ્યક્ રીતે જાણે છે અને સાચા ધર્મનો ઉપદેશ કરે છે તેવા પાપરહિત થયેલા પુરુષો પોતાને અને બીજાઓને પણ સંસાર સાગર પાર કરાવે છે. (૫૦)

આ લોકમાં જે પુરુષો નિંદનીય આચરણ કરે છે અને જે પુરુષો ઉત્તમ આચરણ કરે છે તે બન્નેનાં અનુષ્ઠાનોને અજ્ઞ માણસો ઇચ્છાપૂર્વક સમાન બતાવે છે. અથવા શુભ અનુષ્ઠાન કરનારને અશુભ આચરણ કરનારા તરીકે અને અશુભ અનુષ્ઠાન કરનારને શુભ આચરણ કરનાર તરીકે—એવી રીતે વિપરીત નિરૂપણ કરે છે. (૫૧)

હસ્તિતાપસો દ્વારા સ્વમત-કથન—

૨૮૩. અમે શેષ જીવોની દયાને ખાતર વર્ષ ભરમાં માત્ર એક જ વાર બાણ દ્વારા એક જ હાથીને મારીને તેના માંસથી વર્ષ સુધી નિર્વાહ કરીએ છીએ. (૫૨)

આર્દ્રકનું ઉત્તર વચન—

વર્ષભરમાં એક જ પ્રાણીને મારનાર પુરુષ પણ દોષરહિત નથી. કેમ કે, તો પછી બાકીના જીવોનો ઘાત કરનાર એવા ગૃહસ્થોને પણ દોષરહિત કેમ ન માનવા? (૫૩)

જે પુરુષ શ્રમણોના વ્રતમાં સ્થિર થઈને વર્ષભરમાં પણ એક એક પ્રાણીને મારે તે અનાર્ય જ કહેવાય. એવા પુરુષને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. (૫૪)

તત્ત્વદર્શી ભગવાનની આજ્ઞાથી આવા શાંતિમય ધર્મને અંગીકાર કરીને એમાં સમ્યક્ રીતે સ્થિર થઈને બન્ને કારણો દ્વારા મિથ્યાત્વની નિંદા કરતો પુરુષ સ્વપરની રક્ષા કરે છે. મહાદુસ્તર સમુદ્રની જેવા સંસાર સાગરને પાર કરવા માટે વિવેકશીલ પુરુષોએ ધર્મનું આચરણ કરવું જોઈએ. (૫૫)

—એમ હું કહું છું.

* * *

૧૯. મહાવીર તીર્થમાં અતિમુક્તક કુમાર શ્રમણ

પોલાસપુરના રાજાનો કુમાર અતિમુક્તક—

૨૮૪. તે કાળે તે સમયે પોલાસપુર નામનું નગર હતું. તેમાં શ્રીવન નામનું ઉદ્યાન હતું. તે પોલાસપુર નગરમાં વિજય નામનો રાજા રહેતો હતો. તે વિજય રાજાની શ્રીદેવી નામની રાણી હતી.—વર્ણન. તે વિજય રાજાનો પુત્ર અને શ્રીદેવીનો આત્મજ અતિમુક્તક નામનો કુમાર હતો—જેના હાથ-પગ આદિ અંગોપાંગ સુકોમળ હતાં.

ગૌતમની ભિક્ષાચર્યા—

૨૮૫. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર યાવત્ શ્રીવન ઉદ્યાનમાં પદાર્પણ કર્યું અને યથાયોગ્ય અવગ્રહને ધારણ કરી સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અન્તેવાસી ઇન્દ્રભૂતિ અનગાર—યાવત્—પોલાસપુર નગરમાં ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહ-સામુદાયિક ભિક્ષાચર્યા માટે ફરવા લાગ્યા.

ગૌતમ—અતિમુક્તક કુમાર—સંવાદ—

૨૮૬ તે સમયે કુમાર અતિમુક્તક સ્નાન કરી-યાવત્—સર્વ અલંકારોને ધારણ કરી ઘણા છોકરા—છોકરીઓ અને બાલક—બાલિકાઓ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુમાર-કુમારિકાઓની સાથે પોતાના ઘરેથી નીકળ્યા, નીકળીને જ્યાં ઇન્દ્રસ્થાન (બાળકોને રમવા માટેનું સ્થાન) હતું ત્યાં આવ્યા અને તે બધા બાળકોથી વીંટળાઈને રમવા લાગ્યા. તે જ સમયે ભગવાન ગૌતમ પોલાસપુર નગરના ઉચ્ચ-નીચ-મધ્યમકુળોમાં ગૃહ સામુદાયિક ભિક્ષાચર્યાને માટે ફરતા ફરતા ઇન્દ્રસ્થાનની પાસેથી પસાર થયા.

ત્યારે તે અતિમુક્તક કુમારે ભગવાન ગૌતમને પાસે જ ફરતા જોયા, જોઈને જ્યાં ભગવાન ગૌતમ હતા ત્યાં તેની પાસે આવ્યા અને ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું—'હે ભદન્ત! આપ કોણ છો અને કયા હેતુથી ફરી રહ્યા છો?

ત્યાર પછી ભગવાન ગૌતમે અતિમુક્તક કુમારને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! અમે શ્રમણ નિર્ગ્રન્થ છીએ. ઈર્યા સમિતિ આદિ સમિતિઓથી યુક્ત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી છીએ અને ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહ-સામુદાયિક ભિક્ષાચર્યા માટે પરિભ્રમણ કરીએ છીએ.'

ત્યારે અતિમુક્તક કુમારે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું—'હે ભદન્ત! આપ મારી સાથે ચાલો, હું આપને ભિક્ષા આપીશ.' એમ કહી ભગવાન ગૌતમની આંગળી પકડી જ્યાં પોતાનું ઘર હતું ત્યાં લઈને આવ્યા.

ત્યારે શ્રીદેવી ભગવાન ગૌતમને આવતા જોઈને હૃષ્ટ તુષ્ટ થતી આસનથી ઊઠી. ઊઠીને જ્યાં ભગવાન ગૌતમ હતા ત્યાં આવી, ભગવાન ગૌતમની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને વિપુલ અશન, પાન, ખાદ્ય-સ્વાદ્ય પદાર્થો આપ્યા-વહોરાવ્યા, વહોરાવીને વિદાય કર્યા.

ત્યાર બાદ તે અતિમુક્તક કુમાર ભગવાન ગૌતમને આ પ્રમાણે બોલ્યા-'હે ભદન્ત! આપ કયાં રહો છો?'

ત્યારે તે ભગવાન ગૌતમે અતિમુક્તક કુમારને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, ધર્મની આદિ કરવા વાળા-યાવત્ સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત કરવાની અભિલાષા-વાળા શ્રમણ ભગવાન મહાવીર અહીં પોલાસપુર નગરની બહાર શ્રીવન ઉદ્યાનમાં યથાકલ્પ અવગ્રહ ધારણ કરી સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરે છે. ત્યાંજ અમે રહીએ છીએ.'

અતિમુક્તકકુમારની પ્રવ્રજ્યા—

૨૮૭. ત્યાર બાદ અતિમુક્તક કુમારે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! હું પણ આપની સાથે શ્રમણ ભગવાન મહાવીરને પાય-વંદન કરવા ઇચ્છું છું.'

'હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કર, પરંતુ પ્રતિબન્ધ-પ્રમાદ ન કર.'

ત્યાર બાદ તે અતિમુક્ત કુમાર ભગવાન ગૌતમની સાથે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજી રહ્યા હતા ત્યાં ગયા, ત્યાં જઈ શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી. પ્રદક્ષિણા કરીને વંદન કર્યા યાવત્-પર્યુપાસના કરવા લાગ્યા.

ત્યાર બાદ ભગવાન ગૌતમ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં આવ્યા, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીર પાસે ગમનાગમન સંબંધી પ્રતિક્રમણ કર્યું, પ્રતિક્રમણ કરી એષણા-અનેષણાની આલોચના કરી, આલોચના કરી આહાર પાણી દેખાડ્યા, દેખાડીને સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે તે વિશાળ પરિષદની વચ્ચે **અતિમુક્તક કુમારને** યોગ્ય વિચિત્ર ધર્મનું કથન કર્યું.

ત્યારે તે અતિમુક્તકકુમાર શ્રમણ ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીર પાસેથી ધર્મ સાંભળી સમજીને હર્ષિત અને સંતુષ્ટ થઈ આ પ્રમાણે બોલ્યા—

'હે ભદન્ત ! હું નિર્ગ્રન્થ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું'— યાવત્ એટલું વિશેષ છે કે 'હું આપ દેવાનુપ્રિયની પાસે યાવત્ પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

'હે દેવાનુપ્રિય ! જેમ તને સુખ થાય તેમ કર પરંતુ પ્રમાદ ન કર.'

ત્યાર બાદ તે અતિમુક્તક કુમાર જ્યાં માતા-પિતા હતા, ત્યાં આવ્યા-યાવત્—'હે માતા-પિતા હું આપની અનુમતિ મેળવીને શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત થઈ ગૃહ ત્યાગ કરી અનગારિક પ્રવ્રજ્યા લેવાનો ઇચ્છા રાખું છું.'

ત્યારે તે અતિમુક્તક કુમારને માતા-પિતાએ આ પ્રમાણે કહ્યું—

'હે પુત્ર ! હજુ તું બાળક છે. તત્ત્વનો જાણકાર નથી. શું તુ ધર્મને જાણે છે ?'

ત્યાર બાદ અતિમુક્તક કુમારે માતા-પિતાને કહ્યું—

'હે માતા-પિતા ! જે હું જાણું છું, તેને નથી જાણતો, અને જેને હું નથી જાણતો, તેને હું જાણું છું.'

ત્યારે તે માતા-પિતાએ અતિમુક્તક કુમારને આ પ્રમાણે કહ્યું.—

'હે પુત્ર ! આ તું શું કહે છે ? કે જે જાણું છું તેને નથી જાણતો અને જે નથી જાણતો તેને હું જાણું છું ?'

ત્યાર બાદ તે અતિમુક્તક કુમાર માતા-પિતાને આ પ્રમાણે બોલ્યા—

'હે માતા-પિતા ! હું એટલું જાણું છું કે જેણે જન્મ લીધો છે, તે અવશ્ય મરશે. પરંતુ હે માતા-પિતા ! તે નથી જાણતો કે તે ક્યારે, કેવી રીતે અને કેટલા સમય પછી મરશે ? હે માતા-પિતા ! તે નથી જાણતો કે કેવાં કર્મોથી જીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવયોનિમાં ઉત્પન્ન થાય છે. પરંતુ હે માતા-પિતા ! હું તે જાણું છું કે જીવ પોતેજ કરેલા કર્માનુસાર નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવયોનિમાં ઉત્પન્ન થાય છે. એટલા માટે જ હે માતા-પિતા ! મેં કહ્યું કે જે નથી જાણતો તે જાણું છું અને જે જાણું છું તે નથી જાણતો. એટલા માટે હે માતા-પિતા ! આપની આજ્ઞા પ્રાપ્ત કરી-લઈ-યાવત્-પ્રવ્રજિત થવા ઇચ્છું છું.'

ત્યાર બાદ જ્યારે માતા-પિતા અતિમુક્તક કુમારને સામાન્ય યુક્તિથી, વિશેષ યુક્તિઓથી અને સંજ્ઞાપના, વિજ્ઞાપના-વાણી દ્વારા સમજાવવા, બોધ આપવા, સુધારવા અને મનાવવા સમર્થ ન થયા ત્યારે અનિચ્છાપૂર્વક ઉદાસીન મનથી અતિમુક્તક કુમારને આ પ્રમાણે બોલ્યા—

'હે પુત્ર ! અમે એક દિવસ તો એક દિવસ માટે પણ તારો રાજ્ય વૈભવ જોવા ઇચ્છીએ છીએ.'

ત્યારે તે અતિમુક્તક કુમાર માતા-પિતાની ઇચ્છાને માન આપી મૌન રહ્યા. ત્યારે માતા-પિતાએ તેનો રાજ્યાભિષેક મહાબલની જેમ જ કર્યો. અભિનિષ્ક્રમણ-યાવત્-સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું.

શ્રમણ અતિમુક્તક કુમારનું ક્રીડન—

૨૮૮. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના શિષ્ય અતિમુક્તક નામના કુમાર શ્રમણ, સ્વભાવે ભદ્ર, સ્વભાવથી જ શાંત, સ્વભાવથી જ અલ્પક્રોધી, માન, માયા અને લોભરહિત, સુકોમળ ભાવવાળા, આજ્ઞા અનુસાર પ્રવૃત્તિ કરનાર અને વિનયશીલ હતા.

તે અતિમુક્તક કુમાર શ્રમણ અન્ય કોઈ દિવસે ભારે વરસાદ વરસતો હતો ત્યારે પોતાની બગલમાં રજોહરણ દબાવીને તથા હાથમાં પાત્ર લઈને બહાર શૌચ નિવારણ માટે નિકળ્યા હતા.

ત્યાર પછી બહાર જતાં તે અતિમુક્તક કુમાર શ્રમણે વહેતા પાણીનું એક નાનું ખાબોચિયું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોયું—તેને જોયા પછી તે ખાબોચિયા ફરતી એક માટીની પાળ બાંધી અને 'આ મારી નાવ છે, આ મારી નાવ છે' એ પ્રમાણે નાવિકની પેઠે પોતાના પાત્રને નાવરૂપ કરી—પાણીમાં નાખી તે કુમાર શ્રમણ પાણીમાં તરાવવા લાગ્યા. એ રીતે તે, રમત રમે છે. એ પ્રવૃત્તિને સ્થવિરોએ જોઈ, અને જોયા પછી તેઓએ જે તરફ શ્રી મહાવીર સ્વામી છે તે તરફ આવીને આ પ્રમાણે કહ્યું કે—

'હે દેવાનુપ્રિય ભગવન્ ! આપનો અતિમુક્તક નામનો કુમાર શ્રમણ આપનો શિષ્ય છે. તો હે ભગવન્ ! તે અતિમુક્તક કુમાર શ્રમણ કેટલા ભવો કર્યા પછી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે, પરિનિર્વાણ પ્રાપ્ત કરશે, સર્વ દુઃખોનો નાશ કરશે ?'

૨૮૯. 'હે આર્યો !' આ પ્રમાણે સંબોધ કરીને શ્રમણ ભગવાન મહાવીરે સ્થવિરોને આ પ્રમાણે કહ્યું—

'હે આર્યો ! સ્વભાવે ભદ્ર—યાવત્—વિનયી એવો મારો શિષ્ય અતિમુક્તક નામનો કુમાર શ્રમણ આ ભવ પૂરો કરીને જ સિદ્ધ થશે યાવત્—સર્વ દુઃખોનો નાશ કરશે. માટે હે આર્યો ! તમે તે અતિમુક્તક કુમાર શ્રમણની ઉપેક્ષા ન કરો, નિંદા ન કરો, રોષ ન કરો, ગર્હા-ઉપેક્ષા ન કરો. અપમાન ન કરો. પરંતુ હે દેવાનુપ્રિયો ! તમે ગ્લાનિ રાખ્યા સિવાય, તે કુમાર શ્રમણને સાચવો, તેને સહાય કરો અને તેની સેવા કરો. આહાર, પાણી આદિથી વૈયાવૃત્ય કરો કારણ કે તે અતિમુક્તક કુમારશ્રમણ સર્વ દુઃખોનો નાશ કરનાર છે અને આ છેલ્લા શરીરવાળો છે—આ શરીર છોડ્યા પછી તેને બીજી વાર શરીરધારી થવાનું નથી.'

ત્યાર બાદ તે સ્થવિરોએ શ્રમણ ભગવાન મહાવીરનું આ કથન સાંભળી શ્રમણ ભગવાન મહાવીરને વંદન કર્યું અને નમન કર્યું અને પછી તે સ્થવિરોએ ભગવાન મહાવીરની આજ્ઞા પ્રમાણે તે અતિમુક્તક કુમાર શ્રમણને વિના ગ્લાનિએ સાચવ્યા. તેને સહયોગ આપ્યો અને આહાર-પાણી આદિથી તેની વૈયાવૃત્ય—સેવા કરી.

તેમણે બહુ જ વર્ષો સુધી શ્રામણ્ય-પર્યાયનું પાલન કર્યું, ગુણરત્ન તપ કર્મ—યાવત્—વિપુલાચલ પર સિદ્ધ થયા.

* * *

૨૦. મહાવીર તીર્થમાં અલક્ષ્ય રાજા

અલક્ષ્યરાજની પ્રવ્રજ્યા—

૨૯૦. તે કાળે તે સમયે વારાણસી નગરી હતી, તે નગરીમાં કામમહાવન નામે ચૈત્ય હતું.

તે વારાણસી નગરીમાં અલક્ષ્ય નામે રાજા હતો.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર-યાવત્ વિચરતા હતા. પરિષદ દર્શનાર્થ નીકળી.

ત્યારે અલક્ષ્ય રાજા તે વૃત્તાંત જાણી હૃષ્ટતુષ્ટ થયો અને કુણિકની જેમ યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો. ભગવાને ધર્મકથા કહી.

ત્યાર બાદ તે અલક્ષ્ય રાજા ભગવાન મહાવીર સમીપે આવ્યો—જેવી રીતે ઉદાયન રાજા આવ્યો હતો—અને પ્રવ્રજિત બન્યો, અહીં વિશેષતા એટલી છે કે જ્યેષ્ઠ પુત્રનો રાજ્યાભિષેક કર્યો. અગિયાર અંગોનું અધ્યયન કર્યું. અનેક વર્ષોનો શ્રમણ-પર્યાય પાળી યાવત્ વિપુલપર્વત પર સિદ્ધ થયા.

* * *

૨૧. મહાવીર-તીર્થમાં મેઘકુમાર શ્રમણ

રાજગૃહમાં શ્રેણિક રાજા—

૨૯૧. તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપમાં, ભારત વર્ષમાં દક્ષિણાર્ધ ભરતમાં રાજગૃહ નામે નગર હતું—વર્ણન. ત્યાં ગુણશીલ નામે ચૈત્ય હતું—વર્ણન. તે રાજગૃહમાં મહાહિમવંત, મહામલય પર્વત અને મહા મેરુ સમાન તથા મહાન ઇન્દ્ર જેવો શ્રેણિક નામે રાજા હતો—વર્ણન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે શ્રેણિક રાજાની નંદા નામે રાણી હતી, જે સુકોમળ હાથપગવાળી હતી–વર્ણન.

તે શ્રેણિક રાજાનો પુત્ર અને નંદાદેવીનો આત્મજ અભય નામે કુમાર હતો–તે અવિકલ પરિપૂર્ણ પાંચ ઇન્દ્રિયો અને શરીરવાળો હતો યાવત્–શ્રેણિક રાજાના રાજ્ય, રાષ્ટ્ર, કોષ, કોષ્ઠાગાર (અન્નભંડાર), સૈન્ય, વાહનો, નગર અને અંતઃપુરની સ્વયં દેખભાળ કરતો હતો.

શ્રેણિકની ધારિણી રાણી—

૨૯૨. તે શ્રેણિક રાજાની ધારિણી નામે રાણી હતી–યાવત્ સુકોમળ હાથપગવાળી હતી.

ધારિણીનું સ્વપ્ન-દર્શન—

૨૯૩. તે ધારિણી રાણી કોઈ એક સમયે તથાવિધ તેવા પ્રકારના શયનગૃહમાં સૂઈ રહી હતી–જેના મનહર, સુંવાળા, શિલ્પકામવાળા ઊંચા સ્થંભો પર ઉત્તમોત્તમ શાલભંજિકાઓ શોભી રહી હતી. જેનાં છજાં મણિમય, કનક, રત્ન ખચિત થાંભલીઓવાળા અર્ધચંદ્રાકાર ગવાક્ષ તોરણોથી શોભતાં હતાં, જેના દ્વાર-ભાગોની વચ્ચે કનકમય અટારીઓ શોભતી હતી, જેને સ્વચ્છ ગેરુઆ રંગે રંગવામાં આવ્યું હતું, જેનો બાહ્ય ભાગ કલાઈથી લીંપવામાં આવ્યો હતો અને અંદરના ભાગમાં પ્રશસ્ત સુંદર આકૃતિઓ આલેખવામાં આવી હતી, વિવિધ વર્ણનાં પચરંગી મણિરત્નો જેના ભોંયતળ પર જડવામાં આવ્યા હતા, જેમાં પદ્મલતા, પુષ્પવલ્લિઓ, ઉત્તમ પુષ્પોના ચિત્રણવાળા ચંદરવા બાંધ્યા હતા, જેના દરવાજા ચંદનચર્ચિત મંગળ સુવર્ણ કળશોની સ્થાપનાથી અને સરસ પદ્મપત્રોથી શોભતા હતા, જેના બારણે સુવર્ણપત્ર અને મણિ-મુક્તા-માળાઓ લટકતી હતી, ઉત્તમ સુગંધમય પુષ્પો જેવી મૃદુ અને સુગંધી શૈયા જેમાં બીછાવેલી છે, મન અને હૃદયને આનંદદાયક કપૂર, લવિંગ, મલયચંદન, કૃષ્ણાગરુ, કુન્દુરુ, તુરુષ્ક (લોબાન) જેવા અનેક સુગંધી દ્રવ્યોના સંયોગથી બનેલ ધૂપના દહનથી ઉત્પન્ન થતી મઘમઘતી સુગંધથી મનહર બનેલ હતું, ઉત્તમ સુગંધથી જાણે કે ગંધવર્તી (ધૂપસળી) સમાન જે બન્યું હતું અને જેમાં મણિ કિરણો પ્રસરવાથી અંધકારનો નાશ થયો હતો તેવા ભવનમાં–વધુ શું કહેવું, પોતાની કાંતિથી જે ઉત્તમ દેવવિમાનને શરમાવતું હતું–તેવા શયન-ગૃહમાં તે મધ્યરાત્રિ સમયે અર્ધજાગ્રત અવસ્થામાં સુતી હતી, ત્યારે—

એક મહાન, સાત હાથ ઊંચા, રજતકૂટ (ચાંદીના શિખર) સમાન શ્વેત, સૌમ્ય અને સૌમ્યાકૃતિવાળા, લીલા કરતા (રમત કરતા) હાથીને આકાશમાંથી પોતાના મુખમાં ઉતરતો તેણે જોયો, જોઈને તે જાગી ગઈ.

શ્રેણિકને સ્વપ્ન નિવેદન—

૨૯૪. ત્યાર પછી આવા આ પ્રકારના ઉદાર (શુભ) મહાસ્વપ્નને જોઈને જાગી ગયેલી તે ધારિણી દેવી હૃષ્ટ, તુષ્ટ અને આનંદિત થતી યાવત્ અવિલંબપણે રાજહંસી જેવી ગતિથી ચાલતી જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવી, ત્યાં આવીને તેણે શ્રેણિકને મધુર યાવત્ વાણીથી જગાડ્યો, જગાડીને શ્રેણિક રાજાની અનુમતિ લઈ તે વિવિધ પ્રકારના મણિ-રત્ન-જડિત સુવર્ણમય ભદ્રાસન પર બેઠી, બેસીને સ્વસ્થ બની, ક્ષોભ-રહિત બની, બે હાથ જોડી મસ્તક પાસે અંજલિ રચી, શ્રેણિક રાજાને આ પ્રમાણે કહેવા લાગી—

'હે દેવાનુપ્રિય! આજ હું તથાપ્રકારની (પૂર્વોકત વર્ણન અનુસારની) શૈયામાં અર્ધ-જાગ્રતાવસ્થામાં હતી ત્યારે યાવત્ મારા મુખમાં પ્રવેશ કરતા હાથીને સ્વપ્નમાં જોઈને જાગી ગઈ. તો હે દેવાનુપ્રિય! આ ઉદાર સ્વપ્નનું કેવું શુભ ફળ મળશે?'

શ્રેણિક દ્વારા સ્વપ્ન-મહિમા-નિદર્શન—

૨૯૫. ત્યાર બાદ તે શ્રેણિક રાજા ધારિણી દેવીની આ વાત સાંભળી અને હૃદયમાં અવધારી હર્ષિત થયો, સંતુષ્ટ થયો, આનંદિત બન્યો, તેના મનમાં પ્રીતિ ઉત્પન્ન થઈ, પ્રસન્નતા થઈ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ પ્રસન્નતા થઈ, હર્ષાતિરેકથી તેનું હૃદય વિકસિત બન્યું, મેઘધારાઓથી આહત કદંબ વૃક્ષના સુગંધિત પુષ્પની જેમ તેની રોમરાજી આનંદથી ઊભી થઈ ગઈ, તેણે સ્વપ્નનું અવગ્રહણ કર્યું અર્થાત્ સામાન્યપણે વિચાર કર્યો, અવગ્રહણ કરી ઈહા અર્થાત્ વિશેષ વિચાર કર્યો, ઈહા પછી સ્વાભાવિક મતિપૂર્વક બુદ્ધિ-વિજ્ઞાન દ્વારા સ્વપ્નફળનો નિશ્ચય કર્યો, નિશ્ચય કરી પ્રિય યાવત્ વાણી દ્વારા વારંવાર પ્રશંસા કરતાં ધારિણી દેવીને તેણે આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે ! તેં ઉદાર (શુભ) સ્વપ્ન જોયું છે—યાવત્ હે દેવાનુપ્રિયે ! તે સ્વપ્ન જોવાથી તને અર્થલાભ થશે, હે દેવાનુપ્રિયે ! રાજ્યલાભ થશે, હે દેવાનુપ્રિયે ! તને ભોગ અને સુખલાભ થશે.

નિશ્ચય હે દેવાનુપ્રિયે ! તું પૂરા નવ માસ અને સાડા સાત દિવસ-રાત્રિ પૂરાં થતાં આપણા કુળના ધ્વજ સમાન યાવત્ રૂપવાન બાળક પુત્રને જન્મ આપીશ. તે બાળક બાલ્યાવસ્થા પાર કરી જ્ઞાન, વિજ્ઞાન અને વિનયમાં પરિપક્વ થઈને યુવાન બની શૂરવીર અને પરાક્રમી બનશે અને વિસ્તીર્ણ, વિપુલ સેના તથા વાહનોનો સ્વામી બનશે, રાજ્યનો અધિપતિ રાજા થશે.

હે દેવાનુપ્રિયે ! તેં ઉદાર સ્વપ્ન જોયું છે—યાવત્ હે દેવી ! તેં આરોગ્યકારી, તુષ્ટિકારી, દીર્ઘાયુષ્યકારી અને કલ્યાણકારી સ્વપ્ન જોયું છે.' આમ કહી તે વારંવાર પ્રશંસા કરવા લાગ્યો.

ધારિણીની સ્વપ્ન-જાગરિકા (જાગરણ)—

૨૯૬. ત્યાર બાદ હર્ષાતિરેકથી જેનું હૃદય વિકસિત બન્યું છે એવી તે ધારિણી દેવી શ્રેણિક રાજાનાં આવાં વચન સાંભળીને હૃષ્ટ, તુષ્ટ અને આનંદિત મનવાળી બની બન્ને હાથ જોડી મસ્તક પાસે લઈ જઈ અંજલિ રચી આ પ્રમાણે બોલી—

'હે દેવાનુપ્રિય ! આપે જે કહ્યું તે તેમ જ છે...યાવત્ આપે જે કહ્યું તે તદ્દન સત્ય છે.' એમ કહી સ્વપ્નનો સારી રીતે સ્વીકાર કરી (સમજીને ગ્રહણ કરી), શ્રેણિક રાજાની અનુમતિ મેળવી વિવિધ મણિરત્નખચિત સુવર્ણમય ભદ્રાસન પરથી ઊઠી, ઊઠીને જ્યાં શયનગૃહ હતું ત્યાં આવી, આવીને, પોતાની શૈયા પર બેસી આમ વિચારવા લાગી—

'મારું આ ઉત્તમ, પ્રધાન અને મંગળકારી સ્વપ્ન બીજાં અશુભ સ્વપ્નો દ્વારા નષ્ટ ન થઈ જાઓ.' એમ વિચારી દેવ-ગુરુ-સંબંધી પ્રશસ્ત ધર્મકથાઓનું ચિંતન કરતી સ્વપ્ન જાગરણ (સ્વપ્નના રક્ષણ માટે જાગરણ) કરવા લાગી.

સ્વપ્નપાઠકને નિમંત્રણ—

૨૯૭. ત્યાર પછી પ્રભાતકાળે તે શ્રેણિક રાજાએ પોતાના કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તરત જ તમે બાહ્ય ઉપસ્થાનશાળાને (રાજસભાને) સવિશેષ પરમ-રમ્ય...સુગંધસળી જેવી બનાવી દો અને એમ કરી મારી આજ્ઞા પૂર્ણ કર્યાની જાણ કરો.'

ત્યાર બાદ તે કૌટુંબિક સેવકોએ રાજાના આવા કથનથી હૃષ્ટ-તુષ્ટ આનંદિત ચિત્તવાળા બની યાવત્ આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યાર બાદ તે શ્રેણિક રાજા યાવત્ જ્યાં વ્યાયામશાળા હતી ત્યાં આવ્યો, આવીને વ્યાયામશાળામાં પ્રવેશ્યો.

અનેક પ્રકારના વ્યાયામ—યોગ્ય (વજન ઊંચકવું), વલ્ગન (કૂદવું), વ્યામર્દન (શરીર વાળવું), મલ્લયુદ્ધ (કુસ્તી) તથા કરણ (આસનાદિ) દ્વારા શ્રમ, વિશેષ શ્રમ કરી પછી શતપાક, સહસ્રપાક આદિ શ્રેષ્ઠ સુગંધિત તેલ દ્વારા યાવત્ ઉબટણ દ્વારા અભ્યંગન કરાવી પછી... પરિશ્રમ દૂર થતાં વ્યાયામશાળામાંથી તે બહાર નીકળ્યો, નીકળીને જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં ગયો, જઈને સ્નાનગૃહમાં પ્રવેશ્યો, પ્રવેશીને જાળીઓથી સુશોભિત, ચિત્રવિચિત્ર મણિઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને રત્નોથી જેનો ભૂમિભાગ જડિત છે તેવા રમણીય સ્નાનમંડપમાં વિવિધ મણિરત્નથી વિભૂષિત સ્નાનપીઠ પર સુખપૂર્વક બેસીને શુભ જળથી, સુગંધિત જળથી, પુષ્પમિશ્રિત જળથી અને શુદ્ધ જળથી વારંવાર કલ્યાણકારી અને ઉત્તમ સ્નાનવિધિથી તેણે સ્નાન કર્યું, પછી અનેક પ્રકારના સેંકડો કૌતુક (ટુચકા) કરવામાં આવ્યા, પછી પક્ષીઓની પાંખ જેવા સુકોમળ, સુગંધી અને કષાય રંગે રંગેલા વસ્ત્રથી શરીરને લૂછ્યું, પછી બહુમૂલ્ય શ્રેષ્ઠ વસ્ત્રો પહેર્યાં. પહેરીને ચન્દ્ર સમાન પ્રિયદર્શી નરપતિ શ્રેણિક સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો, નીકળીને જ્યાં રાજસભા હતી ત્યાં આવ્યો, આવીને પૂર્વ દિશામાં મુખ રાખી શ્રેષ્ઠ સિંહાસન પર બેઠો.

ત્યાર પછી તે શ્રેણિક રાજાએ પોતાનાથી અતિ દૂર નહીં કે અતિ નિકટ નહીં એમ ઉત્તર પૂર્વ દિશામાં (ઈશાનકોણમાં) શ્વેત વસ્ત્રથી આચ્છાદિત અને સરસવથી જેમાં માંગલિક ઉપચાર અને શાંતિકર્મ કરવામાં આવેલ છે એવાં આઠ ભદ્રાસનો રખાવ્યાં, રખાવીને વિવિધ મણિ-રત્નોથી સુશોભિત... મધ્યે ધારિણીદેવી માટે અતિશય સુકોમળ ભદ્રાસન મુકાવ્યું, મુકાવીને કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! અષ્ટાંગ મહાનિમિત્ત-(જ્યોતિષ)ના સૂત્ર અને અર્થ જાણનાર તથા વિવિધ શાસ્ત્રોમાં કુશળ એવા સ્વપ્નપાઠકોને તરત જ બોલાવો, બોલાવીને આ આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો.'

ત્યાર બાદ તે કૌટુંબિક પુરુષો શ્રેણિક રાજાની આ આજ્ઞા સાંભળી હૃષ્ટ, તુષ્ટ આનંદિત હૃદયવાળા યાવત્ હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળા બન્યા અને બન્ને હાથ જોડી, દસે નખ એકઠા કરી, મસ્તક પાસે લઈ જઈ અંજલિ કરી 'હે દેવ! જેવી આપની આજ્ઞા' એમ કહી વિનયપૂર્વક આજ્ઞાનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરી શ્રેણિક રાજા પાસેથી નીકળ્યા, નીકળીને રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં સ્વપ્ન-પાઠકોનાં ઘર હતાં ત્યાં પહોંચ્યા, જઈને, સ્વપ્નપાઠકોને બોલાવ્યા.

શ્રેણિક દ્વારા સ્વપ્નફળ-પૃચ્છા—

૨૯૮. ત્યાર પછી શ્રેણિક રાજાના કૌટુંબિક પુરુષો દ્વારા બોલાવવામાં આવ્યા એટલે તે સ્વપ્નપાઠકો હૃષ્ટ-તુષ્ટ આનંદિત હૃદયવાળા યાવત્ હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળા બન્યા, તેમણે સ્નાન કર્યું, બલિકર્મ પૂર્ણ કર્યું...પોત-પોતાના ઘરેથી નીકળ્યા, નીકળીને રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં શ્રેણિક રાજાના મુખ્ય ભવનનાં દ્વાર હતાં ત્યાં આવ્યા, ત્યાં આવી બધા એકત્ર થયા, એકત્ર થઈ શ્રેણિક રાજાના શ્રેષ્ઠ ભવનના દ્વારમાંથી અંદર પ્રવેશ્યા, પ્રવેશીને જ્યાં રાજસભા હતી, જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવ્યા, આવીને જયવિજય શબ્દોથી શ્રેણિક રાજાને વધાવ્યો, શ્રેણિક રાજાએ તેમનું અર્ચન, વંદન, પૂજા, માન, સત્કાર, સન્માન કરી બધાને પહેલાં મુકાવેલાં આસનો પર બેસાડ્યા.

ત્યાર બાદ તે શ્રેણિક રાજાએ પડદાની અંદર ધારિણી દેવીને બેસાડી, બેસાડીને પછી હાથમાં ફૂલ ફળ લઈ અત્યંત વિનયપૂર્વક તે સ્વપ્ન-પાઠકોને આ પ્રમાણે પૂછ્યું—

'હે દેવાનુપ્રિયો! આજે આવા પ્રકારની શૈયામાં સુતેલી ધારિણી દેવી—યાવત્ મહા-સ્વપ્ન જોઈને જાગી છે. તો હે દેવાનુપ્રિયો! આ ઉદાર યાવત્ સશ્રીક (શ્રીયુક્ત) મહાસ્વપ્નનું શું કલ્યાણકારી ફળ મળશે?'

સ્વપ્નફળ કથન—

૨૯૯. ત્યારબાદ તે સ્વપ્નપાઠકો શ્રેણિક રાજાની આ વાત સાંભળીને અને અવધારીને હૃષ્ટ, તુષ્ટ આનંદિત ચિત્તવાળા યાવત્ હર્ષાતિરેકથી વિક-સિત હૃદયવાળા બન્યા અને તે સ્વપ્નનું સમ્યક્‌પણે અવગ્રહણ કર્યું, અવગ્રહણ કરી ઈહા (વિચારણા) કરી. ઈહા કર્યા પછી પરસ્પર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારવિમર્શ કર્યો, વિચારવિમર્શ કરીને તે સ્વપ્નનો પોતાની રીતે અર્થ કર્યો, અન્યોન્યને અર્થ પૂછ્યો, એક બીજાનો અભિપ્રાય લીધો, બીજાના અભિપ્રાય પર વિશેષ વિચાર કર્યો, અને અર્થનો નિશ્ચય કર્યો, ત્યાર બાદ શ્રેણિક રાજા સમક્ષ સ્વપ્નશાસ્ત્રનો વારંવાર ઉચ્ચાર કરતાં કરતાં આ પ્રમાણે કહેવા લાગ્યા —

'હે સ્વામિ ! ધારિણી દેવીએ આવા મહા-સ્વપ્નોમાંથી એક મહાસ્વપ્ન જોયું છે. સ્વામિ ! ધારિણી દેવીએ ઉદાર સ્વપ્ન જોયું છે — યાવત્ – સ્વામિ ! ધારિણી દેવીએ આરોગ્ય, તુષ્ટિ, દીર્ઘાયુ, કલ્યાણ અને મંગળ-દાયક સ્વપ્ન જોયું છે. એનાથી આપને અર્થલાભ થશે, હે સ્વામિ ! પુત્રલાભ થશે. સ્વામિ ! રાજ્યલાભ થશે, સ્વામિ ! ભોગલાભ થશે, સ્વામિ ! સુખલાભ થશે, સ્વામિ ! આ પ્રકારે ધારિણી દેવી નવ મહિના પૂરા થયે યાવત્ પુત્રને જન્મ આપશે. તે પુત્ર પણ બાલભાવ છોડી પરિપક્વ બુદ્ધિવાળો યુવાન બની શૂરવીર અને પરાક્રમી બનશે તથા વિસ્તીર્ણ અને વિપુલ સેના–વાહન આદિનો સ્વામી થશે, રાજ્યાધિપતિ રાજા બનશે અથવા પોતાના આત્માને ભાવિત કરનાર અનગાર થશે.

આથી હે સ્વામિ ! ધારિણી દેવીએ ઉદાર સ્વપ્ન જોયું છે યાવત્ હે સ્વામિ ! ધારિણી દેવીએ આરોગ્યકારક, તુષ્ટિકારક, દીર્ઘાયુકારક, કલ્યાણકારક અને મંગળકારક સ્વપ્ન જોયું છે.' આમ કહી તે સ્વપ્નપાઠકો વારંવાર તે સ્વપ્નની પ્રશંસા કરવા લાગ્યા.

સ્વપ્ન પાઠકોને વિદાય –

૩૦૦. ત્યાર બાદ તે શ્રેણિક રાજા તે સ્વપ્નપાઠકોની પાસેથી આવી વાત સાંભળી અને હૃદયમાં ધારણ કરી હૃષ્ટ, તુષ્ટ, આનંદિત ચિત્તવાળો યાવત્ હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળો બન્યો અને બે હાથ જોડી મસ્તકે અંજલિ રચી આ પ્રમાણે બોલ્યો —

'હે દેવાનુપ્રિયો ! જે તમે કહો છો તે તેમ જ છે.' આમ કહી તેણે તેમના સ્વપ્નફળ-કથનનો સમ્યક્ સ્વીકાર કર્યો, સ્વીકાર કરી તે સ્વપ્નપાઠકોનો વિપુલ અશન, પાન, ખાદ્ય સ્વાદ્ય અને વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારો વડે સત્કાર કર્યો, સત્કાર સન્માન કરી જીવિકા માટે યોગ્ય વિપુલ પ્રીતિદાન આપ્યું અને પ્રીતિદાન આપી તેમને વિદાય આપી.

શ્રેણિક દ્વારા સ્વપ્ન-પ્રશંસા —

૩૦૧. ત્યાર બાદ તે શ્રેણિક રાજા સિંહાસનથી ઊઠ્યો, ઊઠીને જ્યાં ધારિણી દેવી હતી ત્યાં આવ્યો, આવીને ધારિણી દેવીને આમ કહેવા લાગ્યો– 'હે દેવાનુપ્રિયે !...તેં આરોગ્યદાયક, તુષ્ટિદાયક, દીર્ઘાયુદાયક, કલ્યાણકારી અને મંગળકારી સ્વપ્ન જોયું છે.' આમ કહી વારંવાર તેની અનુમોદના કરવા લાગ્યો.

ધારિણીના દોહદ —

૩૦૨. ત્યાર બાદ શ્રેણિક રાજાની આવી વાત સાંભળી અને અવધારી ધારિણી દેવી હૃષ્ટ, તુષ્ટ, આનંદિત મનવાળી યાવત્ હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળી બની અને તે સ્વપ્નને સારી રીતે સ્વીકારી જ્યાં પોતાનું નિવાસગૃહ હતું ત્યાં આવી, આવીને સ્નાન કર્યું, બલિકર્મ અને પૂજન કર્યું, કૌતુક મંગળક્રિયા કરી પછી વિપુલ ભોગો ભોગવતી રહેવા લાગી.

ત્યાર બાદ બે માસ વીતી ગયા અને જ્યારે ત્રીજો મહિનો ચાલી રહ્યો હતો ત્યારે ધારિણીદેવીના તે ગર્ભના દોહદકાળમાં આ આવા પ્રકારનો અકાળમેઘનો દોહદ ઉત્પન્ન થયો—

તે માતાઓ ધન્ય છે, તે માતાઓ પુણ્ય-શાળી છે, તે માતાઓ કૃતાર્થ છે, તે માતા-ઓએ પુણ્યોપાર્જન કર્યું છે, તે માતાઓ કૃતલક્ષણ છે, તે માતાઓ સફળ વૈભવવાળી છે, તે માતાઓનો મનુષ્ય જન્મ અને જીવન સફળ છે કે જે માતાઓ અગ્નિમાં તપાવેલી અને શુદ્ધ કરેલી ચાંદીની પાટ જેવા, અંક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(રત્નવિશેષ) જેવા, શંખ, ચન્દ્ર, કુંદપુષ્પ, ચોખાના લોટના ઢગલા જેવા શ્વેતવર્ણના, ચિકુર (પીળા રંગનું દ્રવ્યવિશેષ) હરતાલના ટુકડા, ચંપાનાં ફૂલ, શણનાં ફૂલ, કોરંટ પુષ્પ, સરસવનાં ફૂલ, પદ્મરજ જેવા પીળા વર્ણના; લાખનો રસ, સરસ રક્ત, કેસૂડાનાં ફૂલ, જાસુદનાં ફૂલ, બંધુજીવ પુષ્પ, ઉત્તમ જાતિનો હિંગળોક, સરસ કંકુ, બકરા અને સસલાનું રક્ત અને ઇન્દ્રગોપ સમાન લાલ વર્ણના; મયૂર, નીલમણિ, ગુલિકા, પોપટની પાંખ, ચાસ પક્ષીનાં પીંછા, ભ્રમરનાં પાંખ, સાસક વૃક્ષ, નીલકમળ સમૂહ, નવ શિરીષપુષ્પ, રિષ્ટ્ર રત્ન, ભ્રમરસમૂહ, ભેંસના સીંગની અંદરનો ભાગ અને કાજળનાં જેવા કાળા વર્ણના વાદળો આકાશમાં ચારે બાજુ પ્રસરી રહ્યા હોય, ચાલી રહ્યા હોય, ઊંચા ચડી રહ્યા હોય, ગર્જી રહ્યા હોય, વીજળી ચમકાવી રહ્યા હોય, ઝરમર વરસી રહ્યા હોય, ગડગડાટ કરી રહ્યા હોય, વાયુના કારણે ચંચળ વાદળો વિપુલ આકાશમાં આમતેમ ઘૂમી રહ્યા હોય, પ્રચંડ વાયુવેગથી અથડાઈને અને સ્ખલિત થઈ નિરંતર નિર્મળ શ્રેષ્ઠ જળધારાઓ વરસાવતા હોય, નિરંતર જળધારાથી ભૂમિતળ ભીંજાઈને શીતળ બન્યું હોય, પૃથ્વીએ લીલા ઘાસનો કંચુક ધારણ કર્યો હોય, વૃક્ષાવલિ નવપલ્લવોથી શોભિત બની ગઈ હોય, વેલીઓનો સમૂહ વિસ્તરી રહ્યો હોય, ઉન્નત પર્વતો અને નદો સૌભાગ્ય પામ્યા હોય (વનસ્પતિ અને જળથી સમૃદ્ધ બન્યા હોય), વૈભારગિરિના પ્રપાતો અને ઝરણો તટ છોડીને ઉન્મુક્તપણે વહેતાં હોય, વેગથી દોડતી ગિરિનદીઓમાં ફીણથી યુક્ત મલિનજળ વહેતું હોય, ઉપવનોમાં સર્જ, અર્જુન, નીમ, કુટજ, કંદલ અને શિલિંધ્ર ખીલ્યા હોય, મેઘોનાં ગર્જનથી હૃષ્ટ, તુષ્ટ બની હર્ષવશાત્ મયૂરો મુક્તકંઠે કેકારવ કરતા હોય, ઋતુના કારણે ઉત્પન્ન થયેલા મદથી તરુણ મયૂરીઓ નાચી રહી હોય, ઉપવનો શિલિંધ્ર, કુટજ,કંદલ, કદંબની નવસુરભિ ફેલાવી રહ્યા હોય, ઉદ્યાનો કોયલોના મધુર અવાજથી વ્યાપ્ત બન્યા હોય અને રક્ત ઇન્દ્રગોપ નામક જંતુઓના સહજ કરુણ વિલાપોથી તથા દેડકાઓના પ્રલંબ અવાજથી ભરાઈ ગયા હોય.

પુષ્પરસલુબ્ધ મદોન્મત્ત ભ્રમર ભ્રમરીઓના સમૂહો ગુંજારવ કરતાં ઉપવન પ્રદેશોમાં એકત્રિત થઈ રહ્યા હોય, ચંદ્ર, સૂર્ય અને તારાગણ મેઘોથી ઘેરાઈ જવાને કારણે આકાશ શ્યામ વર્ણનું બની ગયું હોય, તેમાં ઇન્દ્રધ્વજ રૂપી ધ્વજપટ ફરકી રહ્યો હોય અને ઊડતા બગલાઓની હારોથી મેઘવૃંદની શોભા વધી રહી હોય, કારંડક, ચક્રવાક અને રાજહંસો [જેમાં માનસરોવર જવા] ઉત્સુક બન્યા હોય એવી વર્ષાઋતુમાં – સ્નાન કરીને, બલિકર્મ કરીને, કૌતુક મંગળ કરીને, પગમાં ઉત્તમ નૂપુર ધારણ કરે છે, કમરમાં કટિમેખલા પહેરે છે, વક્ષ:સ્થળ પર હાર, હાથોમાં કડાં, આંગળીઓમાં અંગૂઠીઓ પહેરે છે, પોતાના બાહુઓને ચિત્રવિચિત્ર ઉત્તમ વલયોથી સ્તંભિત કરે છે, કાનનાં કુંડળોથી તેમનાં મુખ ચમકી ઊઠે છે, શરીર શોભા રત્નોથી દીપી ઊઠે છે, તેમણે નાસિકાના નિશ્વાસથી ઊડી જાય તેવા, નયનાકર્ષક, ઉત્તમ રંગ અને સ્પર્શવાળા, ઘોડાની લાળના તારથીય કોમળ અને હલકા, જેની કિનાર સુવર્ણતાર (ઝરી)થી ભરેલી હોય એવા, આકાશ અને સ્ફટિક જેવા પારદર્શક ચમકતા એવા ઉત્તમ સુકોમળ ઉત્તરીય વસ્ત્રો પહેરીને, સર્વ ઋતુનાં પુષ્પોની શ્રેષ્ઠ સુગંધિત માળાઓ કંઠમાં ધારણ કરીને, કાલાગરુના ધૂપથી સુગંધિત અને શ્રી સમાન વેશ ધારણ કરીને, સેચનક ગંધહસ્તી–રત્ન પર સવાર થઈને, કોરેંટ પુષ્પની માળાઓવાળું છત્ર ધારણ કરીને, ચંદ્ર જેવી પ્રભાવાળા વજ્ર અને વૈદૂર્યરત્નના નિર્મળ દંડવાળા તથા શંખ, કુન્દપુષ્પ, ઝાકળ અને અમૃતમંથનમાંથી નીકળેલ ફીણના સમૂહ જેવા ચાર ઉજ્જ્વળ ચામરો જેને વીંઝવામાં આવી રહ્યા છે તેવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે શ્રેણિક રાજાનાં સાથે હસ્તીરત્ન પર આરૂઢ હોય અને પાછળ પાછળ ચતુરંગિણી સેના—વિશાળ અશ્વસેના, ગજસેના, રથસેના અને પદાતિસેના—ચાલી રહી હોય, સઘળી ઋદ્ધિ, સઘળી દ્યુતિ, સઘળી કાંતિ સાથે, સમસ્ત સેના સાથે, સમસ્ત વૈભવ સાથે, સમસ્ત માન સાથે, સમસ્ત વિભૂષા સાથે, સમસ્ત સન્માન સાથે, સર્વ પ્રકારનાં પુષ્પ, ગંધ, માળા, અલંકારો સહિત, સઘળા વાદ્યોના અવાજ સાથે, મહાન ઋદ્ધિપૂર્વક, મહાન દ્યુતિપૂર્વક, મહાન સૈન્ય-શક્તિસહ, મહાન સમુદયપૂર્વક, ઉત્તમ નગારાં, શંખ, પણવ, પટહ, ભેરિ, ઝાલર, ખરમુખી, હુડુક્કી, મુરજ, મૃદંગ, દુંદુભિ આદિ વાદ્યોના નિર્ઘોષ સાથે, રાજગૃહ નગરના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો રાજમાર્ગો સામાન્ય માર્ગોમાં એક વાર જળ-છંટકાવ કર્યો હોય, અનેક વાર જળ-છંટકાવ કર્યો હોય, સ્વચ્છ કરેલ હોય, વાળ્યા હોય, લીંપ્યા હોય, પંચરંગી સરસ સુગંધી ફૂલોથી શણગાર કર્યો હોય, કાલાગરુ, ઉત્તમ કુન્દુરુક, તુરુષ્કના ધૂપથી સુવાસિત મઘમઘતા કર્યા હોય, એવો રીતે ચોપાસ મનહર સુગંધ ફેલાવાને કારણે ગંધસળી જેવા બનેલા રાજગૃહ નગરને નીરખતી, નગરજનોના અભિનંદન મેળવતી, ગુચ્છ, લતા, વૃક્ષ, ઝાડીઓ અને વેલાસમૂહોથી રમ્ય બનેલ વૈભારગિરિની તળેટીમાં ચોપાસ ભ્રમણ કરતી કરતી જે પોતાના દોહદ પૂરા કરે છે — તે માતાઓ ધન્ય છે.

તો હું પણ આવા પ્રકારના મેઘસમૂહના આગમનકાળે યાવત્ દોહદ પૂર્ણ કરું.'

ધારિણીની ચિંતા—

૩૦૩. ત્યાર બાદ તે ધારિણી દેવી આવા દોહદની ઉપેક્ષા થવાથી, દોહદ પૂર્ણ ન થવાથી, દોહદ સંપન્ન ન થવાથી, દોહદ સન્માનિત ન થવાથી શુષ્ક, ભોજનની અરુચિવાળી, માંસહીન હાડકાના માળા જેવી, અતિ દુર્બળ, જીર્ણ શરીરવાળી બની ગઈ, એનાં વદન અને નયનકમળ ઝાંખાં પડી ગયાં, તેનું મુખ પીળું પડી ગયું, તે હથેળીઓની મસળેલી ચંપક-માળાની જેવી નિસ્તેજ અને દીન વિવર્ણ વદનવાળી બની ગઈ, યથોચિત પુષ્પ, ગંધ, માળા, અલંકાર અને હારની ઇચ્છા ન કરતી, રમતગમતને તિરસ્કારતી, દીન, દુર્મના, આર્તધ્યાનમાં અને જમીન તરફ નજર કરતી, માનસિક સંકલ્પમાં નિર્બળ બનેલી, બે હાથની હથેળીઓમાં મોં રાખી આર્તધ્યાનમાં ડૂબેલી રહેવા લાગી.

પરિચારિકાઓ દ્વારા ચિંતાકારણ-પૃચ્છા—

૩૦૪. ત્યાર બાદ તે ધારિણીદેવીની અંગપરિચારિકાઓ અને અંગત દાસચેટીઓએ ધારિણીદેવીને જીર્ણ આર્તધ્યાનમાં ડૂબેલી જોઈ, જોઈને આ પ્રમાણે કહ્યું —

'હે દેવાનુપ્રિયે! તું ક્ષીણશરીરવાળી કેમ જણાય છે—યાવત્ આર્તધ્યાનમાં કેમ ડૂબી છે?'

ત્યારે તે ધારિણીદેવીએ અંગત પરિચારિકાઓ અને દાસીઓની આ વાત સાંભળીને પણ તેના તરફ ધ્યાન ન આપ્યું, ન તે વાતનો આદર કર્યો, ન સમજી અને મૌન જ રહી.

ત્યાર બાદ તે અંગત પરિચારિકાઓ અને દાસીઓએ બીજી વાર અને ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું – 'હે દેવાનુપ્રિયે! તું કેમ ક્ષીણ અને ક્ષીણ શરીરવાળી જણાય છે યાવત્ આર્તધ્યાન કરી રહી છે?'

તે અંગત પરિચારિકાઓ અને દાસીઓ દ્વારા બીજી વાર અને ત્રીજી વાર પણ આ પ્રમાણે પુછાયા છતાં તે ધારિણીદેવીએ તેમના કથનનો ન આદર કર્યો, ન ધ્યાન આપ્યું, ન સમજી અને મૌન જ રહી.

પરિચારિકાઓ દ્વારા શ્રેણિકને નિવેદન —

૩૦૫. ત્યાર બાદ ધારિણીદેવીએ તે અંગત પરિચારિકાઓની વાત પર ધ્યાન આપ્યું નહીં, તેમની ઉપેક્ષા કરી. આથી વ્યાકુળ બની ધારિણી દેવી પાસેથી તેઓ નીકળી, નીકળીને જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવી, આવીને બે હાથ જોડી દશે નખ મસ્તક પાસે એકત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી અંજલિ રચી જયવિજય શબ્દોથી રાજાને વધાવ્યો, વધાવીને આ પ્રમાણે કહેવા લાગી —

'હે સ્વામિ ! આજ ધારિણીદેવી કંઈક ક્ષીણ અને ક્ષીણ શરીરવાળી યાવત્ આર્તધ્યાનમાં ડૂબેલી જણાય છે.'

શ્રેણિક દ્વારા ચિંતાકારણ-પૃચ્છા —

૩૦૬. ત્યાર પછી તે શ્રેણિક રાજા તે અંગત પરિચારિકાઓની આવી વાત સાંભળી અને હૃદયમાં અવધારી વ્યાકુળ બન્યો અને તરત જ ઝડપથી શીઘ્ર ગતિથી જ્યાં ધારિણીદેવી હતી ત્યાં આવ્યો, આવીને ધારિણીદેવીને જીર્ણ, ક્ષીણ શરીરવાળી યાવત્ આર્તધ્યાનગ્રસ્ત જોઈ, જોઈને આ પ્રમાણે બોલ્યો —

'હે દેવાનુપ્રિયે ! તું જીર્ણ, જીર્ણ શરીરવાળી યાવત્ આર્તધ્યાનમાં ડૂબેલી કેમ જણાય છે ?'

ત્યાર તે ધારિણી દેવીએ શ્રેણિક રાજાની આ વાત સાંભળીને પણ તે તરફ ધ્યાન આપ્યું નહીં, ન તેનો સત્કાર કર્યો પણ મૌન જ રહી.

ત્યારે શ્રેણિક રાજાએ બીજી વાર અને ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું — 'હે દેવાનુપ્રિયે ! તું કેમ જીર્ણ, જીર્ણ શરીરવાળી યાવત્ આર્તધ્યાનમાં ડૂબેલી જણાય છે ?'

ત્યારે તે ધારિણી દેવીએ શ્રેણિક રાજાની વાત બીજી વાર અને ત્રીજી વાર સાંભળવા છતાં તે તરફ ન ધ્યાન આપ્યું, ન તે સમજી અને મૌન જ રહી.

ત્યાર બાદ તે શ્રેણિક રાજાએ ધારિણીદેવીને સોગંદ આપ્યા અને સોગંદ આપી આ પ્રમાણે કહ્યું —

'હે દેવાનુપ્રિયે ! શું હું તારા મનની વાત સાંભળવા માટે યોગ્ય નથી, કે જેથી તું તારા આવા માનસિક દુઃખને છુપાવી રહી છે ?'

ધારિણીનું ચિંતાકારણ અંગે નિવેદન —

૩૦૭. ત્યારે તે ધારિણીદેવી શ્રેણિક રાજાએ સોગંદ આપ્યા એટલે તરત જ આ પ્રમાણે બોલી —

'હે સ્વામિ ! મારા તે ઉદાર યાવત્ મહાસ્વપ્નને ત્રણ માસ પૂરા થતાં મને આવા પ્રકારનો અકાળમેઘ સંબંધી દોહદ થયો છે—

તે માતાઓ ધન્ય છે, કૃતાર્થ છે યાવત્ વૈભારગિરિની તળેટીમાં ચારે બાજુ પરિભ્રમણ કરતી કરતી દોહદ પરિપૂર્ણ કરે છે. તો હું પણ એ રીતે મેઘોનું આગમન થતાં યાવત્ દોહદ પૂર્ણ કરું.

આ કારણે હે સ્વામિ ! આવો અકાળ દોહદ પૂર્ણ ન થવાથી હું ક્ષીણ અને યાવત્ આર્તધ્યાનમાં ડૂબી છું. આ જ કારણે હું ક્ષીણ યાવત્ આર્તધ્યાનમાં રહેલી-ચિંતાગ્રસ્ત છું'.

શ્રેણિકનું આશ્વાસન —

૩૦૮. ત્યાર પછી શ્રેણિક રાજાએ ધારિણીદેવીનો આ વાત સાંભળીને અને અવધારીને ધારિણીદેવીને આ પ્રમાણે કહ્યું —

'હે દેવાનુપ્રિયે ! તું ક્ષીણ યાવત્ આર્તધ્યાનગ્રસ્ત થઈ ચિંતા ન કર. હું એવું કરીશ કે જેથી તારો આ આવા પ્રકારનો અકાળ દોહદનો મનોરથ સફળ થશે. આમ કહી ધારિણીદેવીને પ્રિય ઇષ્ટ વચનોથી આશ્વાસન આપી તે જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા (રાજસભા) હતી ત્યાં આવ્યો, આવીને શ્રેષ્ઠ સિંહાસન પર પૂર્વાભિમુખ બનીને બેઠો અને ધારિણીદેવીના અકાળ દોહદને પૂર્ણ કરવા માટે અનેક દૃષ્ટિકોણથી, ઉપાયોથી અને ઔત્પત્તિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી એમ ચારે પ્રકારની બુદ્ધિઓથી વારંવાર વિચાર કરવા લાગ્યો, તો પણ તે દોહદના આગમનને, ઉપાયને, ઉત્પત્તિને કે સ્થિતિને સમજી ન શકવાથી માનસિક સંકલ્પમાં ઢીલો પડી યાવત્ ચિંતા કરવા લાગ્યો.

અભયકુમાર દ્વારા શ્રેણિકને ચિંતાકરણ પૃચ્છા

૩૦૯. તે દરમિયાન સ્નાન, બલિકર્મ કૌતુકમંગળ ક્રિયા કરીને અને સર્વ અલંકારોથી વિભૂષિત થઈને અભયકુમાર [પિતાના] પાયવંદન માટે નીકળ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે અભયકુમાર જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવ્યો, આવીને રાજા શ્રેણિકને તેણે હતસંકલ્પ યાવત્ ચિંતાગ્રસ્ત જોયો, જોઈને તેના મનમાં આવો વિચાર, મનોવિકલ્પ પેદા થયો – 'કયારેય પણ શ્રેણિક રાજા મને આવતો જુએ છે ત્યારે આદર કરે છે, બોલાવે છે, માન દે છે, ઈષ્ટ વચનોથી વાર્તાલાપ કરે છે, પોતાના આસને બેસવા નિમંત્રે છે, મસ્તક સૂંઘે છે–જ્યારે આજ તો શ્રેણિક રાજા નથી મને બોલાવતા, નથી સત્કાર કરતા, નથી વાર્તાલાપ કરતા, નથી અર્ધઆસને બેસવાનું નિમંત્રણ આપતા, નથી મારું મસ્તક સૂંઘી પ્રેમ દર્શાવતા. પરંતુ સંકલ્પ વિકલ્પમાં પડેલા યાવત્ ચિંતાગ્રસ્ત જણાય છે. તો જરૂર કંઈ કારણ હોવું જોઈએ. તો મારા માટે એ શ્રેયસ્કર છે કે શ્રેણિક રાજાને એ વાત પૂછું.' આમ તેણે વિચાર કર્યો, વિચાર કરીને જ્યાં શ્રેણિક રાજા બેઠા હતા ત્યાં ગયો, જઈને બે હાથ જોડી મસ્તક સમીપે અંજલિ રચી જય વિજય શબ્દોથી તેમને વધાવ્યા, વધાવીને આ પ્રમાણે કહ્યું–

'હે તાત ! કોઈ પણ સમયે આપ મને આવતો જોઈ મને બોલાવો છો, મારો આદર કરો છો, વાર્તાલાપ કરો છો, અર્ધ-આસને બેસવા કહો છો, મસ્તક સૂંઘો છો. પરંતુ હે તાત ! આજ આપ મને નથી બોલાવતા યાવત્ નથી મસ્તક સૂંઘતા કે નથી આસનનું કહેતા. કંઈક હતસંકલ્પ યાવત્ ચિંતાગ્રસ્ત આપ જણાઓ છો. તો હે તાત ! જરૂર એમાં કંઈ કારણ હોવું જોઈએ. તો એ કારણ મારાથી છુપાવ્યા વિના, શંકા રાખ્યા વિના, જુદી રીતે દર્શાવ્યા વિના, દબાવ્યા વિના, જેમ હોય તેમ જ સ્પષ્ટ સાચેસાચું મને કહો. તો હે તાત ! હું તે કારણ દૂર કરવા પ્રયત્ન કરું.'

શ્રેણિક રાજાનું ચિંતાકારણ-નિવેદન —

૩૧૦. ત્યાર પછી અભયકુમારના આમ કહેવાથી શ્રેણિક રાજાએ અભયકુમારને આ પ્રમાણે કહ્યું –

'વાત એમ છે હે પુત્ર ! કે તારી નાની માતા ધારિણીદેવીને સગર્ભાવસ્થાના બે માસ વીત્યા પછી ત્રીજો માસ ચાલે છે તેમાં દોહદકાળમાં તેને આવા પ્રકારનો દોહદ ઉત્પન્ન થયો કે – "તે માતાઓ ધન્ય છે આદિ પૂર્વોકત કથન યાવત્ વૈભારગિરિની તળેટીમાં ચારે બાજુ ભ્રમણ કરતી કરતી પોતાના દોહદ પૂર્ણ કરે છે. હું પણ એવા પ્રકારના મેઘોના આગમનકાળે યાવત્ દોહદ પૂર્ણ કરું."

તો હે પુત્ર ! હું ધારિણી દેવીના આવા અકાળદોહદના કારણ, ઉપાય યાવત્ પૂર્તિના ઉપાયને ન જાણી શકવાથી સંકલ્પ-વિકલ્પમાં યાવત્ આર્તધ્યાનમાં ડૂબ્યો છું. આથી હે પુત્ર મેં તને આવેલો જાણ્યો નહીં. તો હે પુત્ર ! હું આ કારણથી હતસંકલ્પ યાવત્ ચિંતાગ્રસ્ત છું.'

અભય દ્વારા આશ્વાસન –

૩૧૧. ત્યાર બાદ તે અભયકુમાર શ્રેણિક રાજાની આ વાત સાંભળીને અને સમજીને હૃષ્ટ, તુષ્ટ અને આનંદિત મનવાળો યાવત્ હર્ષવશ વિકસિત હૃદયવાળો બન્યો અને શ્રેણિક રાજાને આમ કહેવા લાગ્યો—

'હે તાત ! આપ હતસંકલ્પ યાવત્ ચિંતામગ્ન ન થાઓ. હું એવો ઉપાય કરીશ કે જેથી મારી નાની માતા ધારિણીદેવીનો આ પ્રકારનો અકાળદોહદનો મનારથ પરિપૂર્ણ થશે.' આ રીતે કહી શ્રેણિક રાજાને ઈષ્ટ...પ્રિય વચનોથી આશ્વાસન આપ્યું.

ત્યાર પછી તે શ્રેણિક રાજા અભયકુમારના આવા વચનથી હૃષ્ટ, તુષ્ટ અને આનંદિત મનવાળો યાવત્ હર્ષાતિરેકથી વિકસિત હૃદયવાળો બન્યો અને તેણે અભયકુમારનો આદરસત્કાર કર્યો, સત્કાર-સન્માન કરી વિદાય આપી.

અભય દ્વારા દેવારાધન—

૩૧૨. ત્યાર બાદ સત્કાર અને સન્માન મેળવીને શ્રેણિક રાજા પાસેથી નીકળી તે અભયકુમાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં પોતાનું નિવાસસ્થાન હતું ત્યાં આવ્યો, આવીને સિંહાસન પર બેઠો.

ત્યાર બાદ તે અભયકુમારને આવો આ પ્રકારનો માનસિક વિચાર યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો–'દિવ્ય અર્થાત્ દૈવી સહાયથી કરેલા ઉપાય સિવાય કોઈ માનવીય ઉપાયથી મારી નાની માતા ધારિણીદેવીના અકાળ-દોહદના મનોરથની સિદ્ધિ થવા શક્ય નથી. સૌધર્મકલ્પમાં રહેનાર એક દેવ મારો પૂર્વનો મિત્ર છે, જે મહાન ઋદ્ધિવાળો યાવત્ મહાસુખ ભોગવનાર છે. આથી મારા માટે એ શ્રેયસ્કર છે કે હું પૌષધશાળામાં [પૌષધ ગ્રહણ કરી, બ્રહ્મચર્ય ધારણ કરી, મણિ-સુવર્ણમય અલંકારોનો ત્યાગ કરી, માળા અને વિલેપનનો ત્યાગ કરી, મુશળ આદિ શસ્ત્રોનો ત્યાગ કરી, એકાકી–બીજા કોઈને સાથે રાખ્યા વિના, દર્ભના આસન પર બેસીને] અષ્ટમ ભક્ત તપ ગ્રહણ કરી પૂર્વના મિત્ર એવા દેવનું મનમાં સ્મરણ કરું. તો તે પૂર્વનો મિત્ર દેવ મારી નાની માતા ધારિણીદેવીના દોહદને પૂર્ણ કરશે.' એમ તેણે વિચાર્યું, વિચારીને જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, આવીને પૌષધશાળાની સફાઈ કરી, ઉચ્ચારપ્રસ્રવણ-ભૂમિની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને દર્ભના સંથારાની પ્રતિલેખના કરી, પછી દર્ભના સંથારા પર બેઠો, બેસીને અષ્ટમ ભક્ત તપ અંગીકાર કર્યું, તપ ગ્રહણ કરીને પૌષધશાળામાં પૌષધવ્રતી બની બ્રહ્મચારી બની યાવત્ પૂર્વના મિત્ર દેવનું મનોમન સ્મરણ કરવા લાગ્યો.

દેવાગમન—

૩૧૩. ત્યાર બાદ તે અભયકુમારનું અષ્ટમ ભક્તતપ પૂર્ણ થતાં જ પૂર્વભવના તેના મિત્ર દેવનું આસન ચલાયમાન થયું.

ત્યારે તે સૌધર્મ કલ્પવાસી પૂર્વભવનો મિત્ર દેવ પોતાનું આસન ચલાયમાન થતું જુએ છે, જોઈને અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે.

ત્યારે તે પૂર્વજન્મના મિત્ર દેવને મનમાં આવો વિકલ્પ યાવત્ સંકલ્પ પેદા થયો–'આ ખરેખર મારો પૂર્વનો મિત્ર અભયકુમાર જંબૂદ્વીપ નામે દ્વીપમાં, ભારત વર્ષમાં, દક્ષિણાર્ધ ભરતમાં, રાજગૃહ નગરમાં, પૌષધ-શાળામાં, પૌષધવ્રતી બની અષ્ટમ ભક્ત તપ ગ્રહણ કરી મનમાં વારંવાર મારું સ્મરણ કરી રહ્યો જણાય છે. તો મારા માટે એ યોગ્ય છે કે હું અભયકુમાર સમીપે પ્રગટ થાઉ.'–આમ તેણે વિચાર કર્યો, વિચાર કરી ઉત્તરપૂર્વ દિશા–ઈશાન કોણમાં તે ગયો, જઈને વૈક્રિય સમુદ્ઘાત નામે સમુદ્ઘાત ક્રિયા કરી, સમુદ્ઘાત કરીને સંખ્યાત યોજનનો દંડ કાઢ્યો, જે આવા પ્રકારનો છે–

૧. કર્કેતનરત્ન, ૨. વજ્રરત્ન, ૩. વૈદૂર્યરત્ન, ૪. લોહિતાક્ષરત્ન, ૫. મસારગલ્લરત્ન, ૬. હંસગર્ભરત્ન, ૭. પુલકરત્ન, ૮. સૌગંધિકરત્ન, ૯. જ્યોતિરસરત્ન, ૧૦. અંકરત્ન, ૧૧. અંજનરત્ન, ૧૨. રજતરત્ન, ૧૩. જાતરૂપરત્ન, ૧૪. અંજનપુલકરત્ન, ૧૫. સ્ફટિકરત્ન, ૧૬. રિષ્ટરત્ન–આ બધાં રત્નોના યથાબાદર-અસાર પુદ્ગલોનો પરિત્યાગ કર્યો, પરિત્યાગ કરીને યથાસૂક્ષ્મ–સારભૂત પુદ્ગલોને ગ્રહણ કર્યા, ગ્રહણ કરીને (ઉત્તર વૈક્રિય શરીર બનાવીને) પછી અભયકુમાર પર અનુકંપા કરતો, પૂર્વ-ભવજનિત સ્નેહ, પ્રીતિ અને બહુમાનને કારણે તેના વિશે શોક કરતો અને તે કારણે પોતાના ઉત્તમ વિમાનમાંથી નીકળી પૃથ્વી પર જવા માટે તે ત્વરિત ગતિવાળો બન્યો.

તે સમયે ચલાયમાન થતા નિર્મળ સુવર્ણના પતરા જેવા તેના કર્ણપૂરકો અને ઉત્કૃષ્ટ શોભાવાળા મુકુટથી તે દર્શનીય લાગતો હતો. અનેક મણિ, રત્ન અને સુવર્ણમય વિચિત્ર રચનાવાળાં આભૂષણોથી જનમનમાં હર્ષ જન્માવતો, લટકતા ઉત્તમ રમ્ય કુંડળોથી પ્રકાશમાન વદનથી સૌમ્યરૂપવાળો જણાતો, કાર્તિક પૂર્ણિમાની રાત્રિએ શનિ અને મંગળની વચ્ચે રહેલા શરદના ચંદ્ર જેવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયનને આનંદ આપનારો, દિવ્ય ઔષધિ-ઓની પ્રભાથી ઉજ્જ્વળ અને દર્શનાભિરામ, ઋતુલક્ષ્મીના કારણે જેની સમસ્ત શોભા પ્રગટ થઈ છે તેવો, પ્રકૃષ્ટ ગંધના પ્રસારથી મનોહર પર્વત શ્રેષ્ઠ મેરુ પર્વત સમાન તે સુંદર દેખાતો હતો. વિચિત્ર વેશભૂષાનો એણે વિકુર્વણા કરી અને અસંખ્ય વિવિધ પરિમાણ અને વિવિધ નામના દ્વીપો અને સમુદ્રો વચ્ચે થઈને પસાર થતા તેણે પોતાનાં વિમળ પ્રભાથી જગતને અને રાજગૃહને પ્રકાશિત કર્યું અને દિવ્ય રૂપધારી તે દેવ અભયકુમાર પાસે આવી પહોંચ્યો.

ત્યાર બાદ પંચરંગી અને ઘુઘરીઓવાળાં ઉત્તમ વસ્ત્ર ધારણ કરેલ તે દેવે આકાશમાં અધ્ધર ઊભા રહી અભયકુમારને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! હું તારો પૂર્વજન્મનો મિત્ર સૌધર્મકલ્પવિમાનમાં રહેનારો મહાન ઋદ્ધિશાળી દેવ છું, જેનું તું પૌષધશાળામાં અષ્ટમ ભક્ત તપ સ્વીકારીને વારંવાર મનમાં રટણ કરી રહ્યો છે. તો હે દેવાનુપ્રિય! તે માટે હું તરત અહીં આવી પહોંચ્યો છું. હે દેવાનુપ્રિય! કહે કે હું તારું કયું ઇષ્ટ કાર્ય કરું? તને શું આપું? શું પ્રદાન કરું? તારી હૃદયની કઈ ઇચ્છા પૂરી કરું?'

ત્યાર પછી તે અભયકુમારે આકાશમાં અધ્ધર રહેલા પોતાના પૂર્વજન્મના મિત્ર એવા દેવને જોયો, જોઈને તે હૃષ્ટ, તુષ્ટ બન્યો અને પૌષધ પૂર્ણ કર્યો, પૌષધ પૂરો કરી બે હાથ જોડી મસ્તક પાસે લઈ જઈ અંજલિ રચી આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! વાત એમ છે કે મારી નાની માતા ધારિણીદેવીને આ આવા પ્રકારનો અકાળ દોહદ થયો છે કે—"તે માતાઓ ધન્ય છે—ઇત્યાદિ પૂર્વ વર્ણન મુજબ સઘળું કથન યાવત્ વૈભારગિરિની તળેટીમાં ચારે બાજુ પરિભ્રમણ કરતાં કરતાં પોતાનો દોહદ પૂર્ણ કરે છે. તો હું પણ મેઘોના આગમન સાથે યાવત્ મારો દોહદ પૂર્ણ કરું."—તો હે દેવાનુપ્રિય! તમે મારી નાની માતાના આ આવા પ્રકારના અકાળદોહદને પૂર્ણ કરો.'

દેવ વડે અકાળમેઘ-વિકુર્વણા

૩૧૪. ત્યાર બાદ તે દેવે અભયકુમારનાં આવાં વચન સાંભળી તરત હૃષ્ટ તુષ્ટ થઈ અભયકુમારને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! તું નિશ્ચિંત રહે અને વિશ્વાસ રાખ, હું તારી નાની માતા ધારિણી-દેવીનો આ આવા પ્રકારનો અકાળદોહદ પૂરો કરું છું'—એમ કહી તે અભયકુમાર પાસેથી નીકળ્યો, નીકળીને ઉત્તરપૂર્વ દિશા (ઈશાન કોણ)માં વૈભારગિરિ પર જઈ તેણે ઉત્તર વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો, સમુદ્‌ઘાત કરી સંખ્યાત યોજનનો દંડ કાઢ્યો—યાવત્ બીજી વાર વૈક્રિય સમુદ્‌ઘાત કર્યો, સમુદ્‌ઘાત કરીને શીઘ્ર ગર્જનાયુક્ત, વિદ્યુતયુક્ત, જળધારાયુક્ત પાંચ રંગના વાદળોની ગર્જનાથી શોભતી દિવ્ય વર્ષા ઋતુની વિક્રિયા કરી, વિક્રિયા કરીને જ્યાં અભયકુમાર હતો ત્યાં આવ્યો, આવીને અભયકુમારને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! આ રીતે મેં તારા પરના પ્રેમના કારણે ગર્જનાયુક્ત, જળબિંદુયુક્ત, વિદ્યુત્યુક્ત, દિવ્ય વર્ષા લક્ષ્મીની વિકુર્વણા કરી છે. માટે હે દેવાનુપ્રિય! તારી નાની માતા ધારિણીદેવીના એ પ્રકારના અકાળદોહદની પૂર્તિ કરાવ.'

ધારિણીના દોહદ પૂર્ણ થવા—

૩૧૫. ત્યાર પછી તે અભયકુમાર તે પૂર્વભવના મિત્ર સૌધર્મકલ્પવાસી દેવની વાત સાંભળી અને સમજી હૃષ્ટ, તુષ્ટ થતો પોતાના ભવનમાંથી નીકળ્યો, નીકળીને જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવ્યો, આવીને બે હાથ જોડી મસ્તક પર અંજલિ રચી આ પ્રમાણે બોલ્યો—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે તાત! વાત એમ છે કે મારા પૂર્વ ભવના મિત્ર સૌધર્મકલ્પવાસી દેવે અત્યારે જ ગર્જનાયુક્ત, વીજળીયુક્ત, પાંચ રંગના મેઘોની ગર્જનાથી શોભતી દિવ્ય વર્ષાલક્ષ્મીની વિક્રિયા કરી છે. તો મારી નાની માના ધારિણી-દેવીના અકાળદોહદની પૂર્તિ કરાવો.'

ત્યાર બાદ શ્રેણિક રાજાએ અભયકુમારની આ વાત સાંભળી અને અવધારીને હર્ષિત અને સંતુષ્ટ થઈ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે તરત જ રાજગૃહ નગરના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચતુર્મુખો, મહાપથો અને સામાન્ય પથોને પાણી છાંટી, સ્વચ્છ કરી, લીંપી યાવત્ ઉત્તમ સુગંધિત દ્રવ્યોથી સુગંધિત કરી ગંધવર્તી (ધૂપસળી) જેવા કરી દો, બીજાઓ પાસે કરાવો અને એમ કરી કરાવી મારી આજ્ઞા પાછી આપો—અર્થાત્ આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો.'

ત્યાર બાદ તે કૌટુંબિક સેવકો શ્રેણિક રાજાની આ આજ્ઞા સાંભળી હૃષ્ટ, તુષ્ટ આનંદિત ચિત્તવાળા, પ્રીતિવાળા, પરમ સદ્ભાવવાળા અને હર્ષવશ વિકસિત હૃદય-વાળા બન્યા તથા આજ્ઞા પૂરી કરીને તેમણે રાજાને તેની જાણ કરી. પછી તે શ્રેણિક રાજાએ બીજી વાર કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તરત જ ઉત્તમ અશ્વ, ગજ, રથ અને સુભટોવાળી ચતુરંગિણી સેના તૈયાર કરો અને સેચનક ગંધહસ્તીને સજ્જ કરો.' તેઓએ પણ તે પ્રમાણે કરી આજ્ઞાપૂર્તિની જાણ કરી.

ત્યાર બાદ તે શ્રેણિક રાજા જ્યાં ધારિણી-દેવી હતી ત્યાં આવ્યો, આવીને ધારિણીદેવીને આ પ્રમાણે કહેવા લાગ્યો—

'હે દેવાનુપ્રિયે! વાત એમ છે કે ગર્જના-વાળા, વીજળીસહિતના, જળકણો ભરેલાં વાદળોયુક્ત દિવ્ય વર્ષાઋતુ પ્રાદુર્ભૂત થઈ છે—પ્રગટ થઈ છે. તો હે દેવાનુપ્રિયે! તું તારા દોહદનો મનોરથ પૂર્ણ કર.'

૩૧૬. ત્યાર પછી તે ધારિણીદેવી શ્રેણિક રાજાની આવી વાત સાંભળી હૃષ્ટ તુષ્ટ થઈ અને જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં ગઈ, ત્યાં જઈને સ્નાન-ગૃહમાં પ્રવેશી, પ્રવેશીને અંત:પુરની અંદર સ્નાન કરી, બલિકર્મ પૂજન કર્યું, કૌતુક મંગલક્રિયા કરી. પછી શું કર્યું? પછી પગમાં ઉત્તર નૂપુર પહેર્યાં, કમરમાં કટિમેખલા પહેરી, ગળામાં હાર પહેર્યો, હાથમાં કડાં, આંગળી-ઓમાં વીંટીઓ પહેરી, વિચિત્ર-વિચિત્ર શ્રેષ્ઠ બંગડીઓ બન્ને હાથોમાં પહેરી યાવત્ આકાશ અને સ્ફટિકમણિ જેવાં પારદર્શક ઉજ્જ્વળ વસ્ત્રો પહેર્યાં, વસ્ત્રો પહેરી તેણે સેચનક ગંધહસ્તી પર આરૂઢ થઈને પ્રસ્થાન કર્યું, તેની ચોપાસ અમૃતમંથનમાંથી નીકળેલા ફીણના સમૂહ જેવા શ્વેત ચામરો વીંઝાવા લાગ્યા.

ત્યારે શ્રેણિક રાજાએ પણ સ્નાન, બલિકર્મ કર્યું યાવત્ સુશોભિત થઈ કોરંટપુષ્પની માળાઓનું છત્ર જેને ધરવામાં આવ્યું હતું અને ચારે બાજુ ચાર ચામરો વીંઝવામાં આવતાં હતાં એવો તે શ્રેષ્ઠ હાથી પર બેસી ધારિણીદેવીની પાછળ પાછળ ચાલ્યો.

ત્યાર પછી જેની પાછળ પાછળ શ્રેષ્ઠ હાથી પર આરૂઢ થયેલ શ્રેણિક રાજા જઈ રહ્યો હતો તેવી ધારિણીદેવી અશ્વદળ, હસ્તીદળ, રથદળ અને પાયદળયુક્ત ચતુરંગિણી સેનાથી વીંટળાઈને, ચારે તરફ મહાન સુભટોના સમૂહથી ઘેરાઈને, સમસ્ત સમૃદ્ધિ, સમસ્ત ઘુતિ યાવત્ દુંદુભિનાદ સાથે રાજગૃહ નગરના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો, મહામાર્ગો અને સામાન્ય માર્ગોમાં નાગરિકો દ્વારા પુન: પુન: અભિનંદન મેળવતી, જ્યાં વૈભારગિરિની તળેટી હતી ત્યાં આવીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તળેટીમાં આરામોમાં, ઉદ્યાનોમાં, કાનનોમાં, વનોમાં, વનખંડોમાં ફરતી વૃક્ષો, ગુચ્છો, ગુલ્મો, લતાઓ, વેલીઓ, કન્દરાઓ, ગુફાઓ, તળાવો, ઘરાઓ, કચ્છો, નદીઓ, નદીસંગમો અને જળાશયોને નીરખતી નીરખતી તથા સ્નાન કરતી, પત્રો, પુષ્પો, ફળો ગ્રહણ કરતી અને સ્પર્શ દ્વારા એમને જાણતી, લઈને સુંઘતી, ફળો ખાતી અને બીજાઓને વહેંચતી – આમ વૈભારગિરિની તળેટીમાં પોતાનો દોહદ પૂર્ણ કરતી ચોપાસ પરિભ્રમણ કરવા લાગી.

ત્યાર બાદ તે ધારિણીદેવીનો દોહદ આમ પૂર્ણ થયો, સિદ્ધ થયો, સંપન્ન થયો.

ત્યાર પછી શ્રેષ્ઠ હાથી પર આરૂઢ શ્રેણિક રાજા જેનું અનુગમન કરી રહ્યો હતો એવી ધારિણીદેવી સેચનક ગંધહસ્તી પર બેસીને, અશ્વદળ, ગજદળ, રથદળ અને પાયદળ યુક્ત ચતુરંગિણી સેના સમેત યાવત્ જ્યાં રાજગૃહ નગર હતું ત્યાં આવી, આવીને રાજગૃહ નગરની મધ્યમાં થઈ જ્યાં પોતાનું નિવાસ-ભવન હતું ત્યાં આવી, આવીને વિપુલ માનુષી ભોગો ભોગવતી રહેવા લાગી.

અભય દ્વારા દેવનું પ્રતિવિસર્જન—

૩૧૭. ત્યાર બાદ તે અભયકુમાર જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, આવીને પૂર્વભવના મિત્ર-દેવનું સન્માન કર્યું, સત્કાર-સન્માન કરી તેને વિદાય આપી.

ત્યાર બાદ તે દેવે ગર્જનાયુક્ત, વિદ્યુત્ યુક્ત, પાંચ વર્ણવાળા મેઘોથી સુશોભિત દિવ્ય વર્ષાલક્ષ્મીનું પ્રતિસંહરણ કર્યું અર્થાત્ વર્ષાલક્ષ્મીની રચના પાછી સમેટી લીધી, પ્રતિસંહરણ કરી જે દિશામાંથી તે પ્રગટ થયો હતો તે દિશામાં ચાલ્યો ગયો.

ધારિણીની ગર્ભચર્યા—

૩૧૮. ત્યાર પછી તે ધારિણીદેવી તે અકાળદોહદ પરિપૂર્ણ થતાં, તે દોહદની સિદ્ધિ થતાં પોતાના ગર્ભનાં અનુકંપાથી પ્રેરાઈ યાવત્ ગર્ભને સુખપૂર્વક વહન કરવા લાગી.

મેઘના જન્મની વધાઈ—

૩૧૯. ત્યાર પછી તે ધારિણીદેવીએ નવ માસ અને સાડા-સાત રાત્રિ-દિવસ પરિપૂર્ણ થયાં ત્યારે અર્ધરાત્રિ સમયે સુકોમળ હાથપગવાળા યાવત્ સર્વાંગસુંદર શરીરવાળા બાળકને જન્મ આપ્યો.

૩૨૦. ત્યારે ધારિણીદેવીની અંગત પરિચારિકાઓએ ધારિણીદેવીએ નવ માસ પૂરા થતાં—યાવત્ સર્વાંગસુંદર પુત્રને જન્મ આપ્યો તે જોયું, જોઈને શીઘ્રતાપૂર્વક, ત્વરાપૂર્વક, વેગપૂર્વક જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં તે આવી, આવીને શ્રેણિક રાજાને જયવિજય શબ્દોથી વધાવ્યો, વધાવીને બે હાથ જોડી મસ્તક પર અંજલિ રચી આ પ્રમાણે બોલી—

'હે દેવાનુપ્રિય! ધારિણીદેવીને નવ માસ પૂરા થતાં યાવત્ સર્વાંગસુંદર પુત્રને જન્મ આપ્યો છે. તેથી અમે દેવાનુપ્રિયને આ પ્રિય સમાચાર આપીએ છીએ, આપને આ સમાચાર પ્રિય થાઓ.'

ત્યારે તે અંગત પરિચારિકાઓ પાસેથી આ સમાચાર સાંભળીને અને સમજીને તે શ્રેણિક રાજા હૃષ્ટ તુષ્ટ થયો અને તે અંગત પરિચારિકાઓનો મધુર વચનોથી સત્કાર કર્યો, તેમનું સન્માન કર્યું અને વિપુલ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારોથી બહુમાન કર્યું. તેમનું મસ્તકપ્રક્ષાલન કર્યું અર્થાત્ દાસપણામાંથી મુક્તિ આપી, પુત્ર-પૌત્રાદિ સુધી ચાલે તેટલી વિપુલ આજીવિકા આપી અને વિદાય આપી.

મેઘનો જન્મોત્સવ—

૩૨૧. ત્યાર પછી તે શ્રેણિક રાજાએ પ્રભાતકાળે કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તરત જ રાજગૃહ નગરમાં સુગંધિત જળનો છંટકાવ કરો, સાફસૂફી કરો, સુગંધિત દ્રવ્યોથી સુવાસિત ગંધવર્તી—ધૂપ-સળી જેવું બનાવી દો. નટો, નર્તકો, જલ્લો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(દોરડા પર ખેલ કરનારા), મલ્લો, મુષ્ટિમલ્લો, વિડંબકો (વિદૂષકો), કથાકથકો, પ્લવકો (કૂદનારાઓ), લાસકો (મશ્કરાઓ), આખ્યાયકો, લંખો (વાંસની રમત કરનારાઓ), મંખો (ચિત્રફલક દેખાડનારાઓ), તૂણઇલ્લો (તૂણા-વાદ્ય વગાડનારા), તુંબવીણિકો (વીણાવાદકો), અને અનેક તાલ કરનારાઓને પોતપોતાના તમાશા બતાવવા માટે ગોઠવી દો. જેલનાં બારણાં ખોલી દો (કેદીઓને છોડી દો), તોલ-માપમાં વૃદ્ધિ કરો (ભાવ ઘટાડો કરી લોકોને લાભ આપો),—આ પ્રમાણે [ઉત્સવની] તૈયારી કરીને મારી આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો.'

ત્યાર બાદ તે કૌટુંબિક સેવકો શ્રેણિક રાજાની આ આજ્ઞા સાંભળી ખૂબ જ રાજી થયા, આનંદિત થયા, પ્રીતિવાળા થયા, પરમ સદ્‌ભાવ અને હર્ષથી વિકસિત હૃદયવાળા થઈને આજ્ઞા પૂરી કરી અને આજ્ઞાપૂર્તિની જાણ કરી.

ત્યાર પછી શ્રેણિક રાજાએ અઢાર શ્રેણીઓ અને પ્રશ્રેણીઓને બોલાવી, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! તમે લોકો જાઓ અને રાજગૃહ નગરને અંદર અને બહાર ઉન્શુલ્ક (જકાતમુક્ત), ઉત્કર (કરમુક્ત), અભટ પ્રવેશ (જમિમુક્ત), અદંડિમ (દંડ-સજામુક્ત), કુદંડિમ (કુદંડરહિત), અધરિમ (ઋણમુક્ત), અધારણીય (દેવાદારને પકડવા નહીં તેવા નિયમવાળું) જાહેર કરો. સર્વત્ર મૃદંગ વાગતાં હોય તેવું અને ઉત્તમ ગણિકાઓ દ્વારા નાટકો થતાં હોય તેવું કરો. અનેક તમાશબીનોના ખેલો દ્વારા આનંદ-પ્રમોદ કરાવો, પ્રસંગાનુરૂપ દશ દિવસની સ્થિતિપતિકા (મહોત્સવ) જાહેર કરો અને ઉજવાવો. આ મારી આજ્ઞા પૂરી કરી, પૂરી કર્યાની જાણ કરો.'

તેઓએ પણ તે પ્રમાણે કરી આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી, [અર્થાત્ રાજાજ્ઞાનુસાર નગરમાં મહોત્સવનું આયોજન કર્યું.]

ત્યાર બાદ તે શ્રેણિક રાજા બાહ્ય ઉપસ્થાન-શાળામાં પૂર્વદિશા તરફ મુખ રાખી શ્રેષ્ઠ સિંહાસન પર બેસી સેંકડો, હજારો અને લાખોના દ્રવ્યનું યાચકોને દાન દેતો દેતો અને (નગરજનોની) ભેટ સ્વીકારતો વિહરવા લાગ્યો.

મેઘના નામાદિ સંસ્કારો—

૩૨૨. ત્યાર પછી તે બાળકના માતાપિતાએ પ્રથમ દિવસે જાતકર્મ (નાળ કાપવા વગેરે) સંસ્કાર કર્યા, બીજા દિવસે જાગરિકા (રાત્રિ-જાગરણ) કર્યું, ત્રીજા દિવસે ચંદ્ર-સૂર્યદર્શનવિધિ (બાળકને ચંદ્ર—સૂર્યનાં દર્શન કરાવવાં) કરાવ્યો, એવી રીતે અશુચિ જાતકર્મની બધી ક્રિયા પૂરી થતાં બારમા દિવસે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભોજન તૈયાર કરાવ્યાં. તૈયાર કરાવીને મિત્રો, જ્ઞાતિજનો, પોતાના સ્વજનો, સંબંધીઓ, પરિજનો તથા સેના અને ગણનાયકો, દંડનાયકો, સામંતો, તલવરો, માડંબિકો, કૌટુંબિકો, મંત્રીઓ, મહા-મંત્રીઓ, ગણકો, દ્વારપાળો, અમાત્યો, ચેટો, પીઠમર્દકો, નગરનિગમાધિકારીઓ, શ્રેષ્ઠીઓ, સેનાપતિ, સાર્થવાહ, દૂતો, સંધિવિગ્રહકો આદિને આમંત્ર્યા. પછી સ્નાન કરી, બલિ-કર્મ કરી, કૌતુક મંગળ પ્રાયશ્ચિત્ત વિધિ કરી અને સર્વ અલંકારોથી વિભૂષિત બની, વિશાળ ભોજનમંડપમાં તે વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય પદાર્થો મિત્રો, જ્ઞાતિજનો, પોતાના સ્વજનો, સંબંધીઓ, પરિજનો, સેના અને અનેક ગણનાયકો, દંડનાયકો, સામંત રાજાઓ, તલવરો, માડંબિકો, કૌટુંબિકો, મંત્રીઓ, મહામંત્રીઓ, ગણકો, દ્વારપાળો, અમાત્યો, ચેટો, પીઠમર્દકો, નગર-નિગમ શ્રેષ્ઠીઓ, સેનાપતિઓ, સાર્થવાહો, દૂતો તથા સંધિપાલો સાથે આસ્વાદવા લાગ્યો, વિશેષ આસ્વાદ લેવા લાગ્યો, પીરસવા લાગ્યો અને ભોગવવા લાગ્યો.

એવી રીતે ભોજન કર્યા પછી હાથ-મોં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધોઈ સ્વચ્છ બન્યા, પરમ સ્વચ્છ બન્યા પછી તે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ, પરિજનો, સેના અને ગણનાયકો યાવત્ સંધિપાલો આદિને તેણે વિપુલ પુષ્પ, ગંધ, માળાઓ, અલંકારો વડે સત્કાર્યા, સન્માન કર્યું, સત્કાર-સન્માન કરી પછી આ પ્રમાણે કહ્યું—

'જ્યારે અમારો આ પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારે (તેની માતાને) અકાળ મેઘ સંબંધી દોહદ પેદા થયો હતો, આથી આ બાળકનું નામ મેઘ એવું રાખીએ' આ રીતે તે બાળકના માતા-પિતાએ તેનું ગુણનિષ્પન્ન એવું 'મેઘ' નામ પાડ્યું.

મેઘનું લાલન-પાલન—

૩૨૩. ત્યાર પછી તે મેઘકુમારને પાંચ ધાવમાતાઓએ સંભાળી લીધો. તે પાંચ ધાવમાતા આ પ્રમાણે-ક્ષીરધાત્રી (દૂધ પીવડાવનાર ધાવ), મંડનધાત્રી (આભૂષણ-શોભા કરાવનાર ધાત્રી), મજ્જન ધાત્રી (સ્નાન કરાવનાર ધાત્રી), ક્રીડાવન ધાત્રી (રમાડનાર ધાત્રી) અને અંકધાત્રી (સુવડાવનાર ધાત્રી)-આ બધી ધાત્રીઓ મેઘકુમારનું લાલનપાલન કરવા લાગી. એમના સિવાય બીજી પણ અનેક કુબ્જા, ચિલાતી, વામન, વડભી, બર્બરી, બકુશી, યવની, પલ્હવિકા, ઈસનિકા, પારુકિની, લાસિકા, લકુશી, દ્રવિડી, સિંહલી અરબી, પુલિંદી, પક્કણી, બહલી, મુરુંડી, શાબરી, પારસી વગેરે વિવિધ દેશની, વિદેશની તથા ઇંગિત (મુખાદિની ચેષ્ટા), ચિંતિત (મનોવ્યાપાર), પ્રાર્થિત (અભિલષિત) પદાર્થોને જાણનારી, પોતપોતાના દેશનો વેશ ધારણ કરનારી, નિપુણ, કાર્યકુશળ, વિનયી દાસીઓના સમૂહ તથા વર્ષધર, કંચુકિ, મહત્તરક, આદિના સમૂહ વચ્ચે એક હાથમાંથી બીજા હાથમાં ઉપાડાતો, એક ખોળામાંથી બીજા ખોળામાં બેસાડાતો, ગીતોથી ખુશ કરાતો, આંગળી પકડી ચલાવાતો, લાડ કરાતો અને રમણીય મણિમય ભૂમિતળ પર ઢીંચણભર ચાલતો તે જેવી રીતે પવનરહિત અને બાધારહિત ગિરિકંદરામાં રહેલું ચંપકનું વૃક્ષ વધે તેમ સુખપૂર્વક ઊછરવા લાગ્યો.

૩૨૪. ત્યાર પછી તે મેઘકુમારના માતાપિતાએ અનુક્રમે નામકરણ, જમણ, ચંક્રમણ (પગે ચલાવવું), ચૂલોપનયન (શિખા રાખવી) આદિ સંસ્કારો ખૂબ જ ધામધૂમપૂર્વક કર્યા.

મેઘનું કળાગ્રહણ—

૩૨૫. ત્યાર પછી આઠથી કંઈક અધિક વર્ષનો થયો એટલે મેઘકુમારને તેના માતાપિતાએ શુભ તિથિ, કરણ, મુહુર્ત જોઈને કલાચાર્ય પાસે [કળા શીખવા] મોકલ્યો.

ત્યારે તે કલાચાર્યે મેઘકુમારને લેખન અને ગણિતથી લઈને શકુનરુત સુધીની બોંતેર કળાઓ સૂત્ર, અર્થ અને કરણ (પ્રયોગ) સાથે સિદ્ધ કરાવી, શીખવી. તે કળાઓ આ પ્રમાણે છે—

૧. લેખન, ૨. ગણિત, ૩. રૂપ (માટી, ધાતુઓ, વસ્ત્રો વ.માં રૂપ-આકૃતિનું નિર્માણ), ૪. નાટ્ય (અભિનય સાથે અને અભિનય વિનાનું નૃત્ય), ૫. ગીત, ૬. વાદિત્ર, ૭. સ્વરગત (સંગીતના સ્વરોનું જ્ઞાન), ૮. પુષ્કરગત (પુષ્કર અર્થાત્ મૃદંગ આદિનું જ્ઞાન ?), ૯. સમતાલ (ગીત આદિના તાલોનું જ્ઞાન), ૧૦. દ્યૂત, ૧૧. જનવાદ (એક પ્રકારનું દ્યૂત), ૧૨. પાશક (પાસાની રમત), ૧૩. અષ્ટાપદ (ચોપાટ), ૧૪. પુરઃકાવ્ય (શીઘ્રકવિત્વ), ૧૫. દકમૃત્તિકા (મિશ્રિત દ્રવ્યોના પૃથક્કરણની વિદ્યા), ૧૬. અન્નવિધિ (પાકવિદ્યા), ૧૭. પાનવિધિ (મદ્ય વગેરે પીણા અંગેની વિદ્યા), ૧૮. વસ્ત્રવિધિ (વસ્ત્રો અંગેનું જ્ઞાન), ૧૯. વિલેપનવિધિ, ૨૦. શયનવિધિ (શયન-કેમ સૂવું તે અંગેનું જ્ઞાન), ૨૧. આર્યા (આર્યા છંદના ભેદોનું જ્ઞાન), ૨૨. પ્રહેલિકા (ઊખાણા રચવા અને ઉકેલવાનું જ્ઞાન), ૨૩. માગધિકા (માગધિકા છંદ કે માગધો-ચારણો આદિ દ્વારા રચાતાં સ્તુતિકાવ્યોનું જ્ઞાન), ૨૪. ગાથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(–છંદવિશેષનું જ્ઞાન), ૨૫. ગીતિ (–છંદ-વિશેષનું જ્ઞાન), ૨૬. શ્લોક (સંસ્કૃત છંદોનું જ્ઞાન), ૨૭. હિરણ્યયુક્તિ (રૂપાનાં ઘરેણાંનું જ્ઞાન), ૨૮. સુવર્ણયુક્તિ (સોનાનાં ઘરેણાંનું જ્ઞાન), ૨૯. ચૂર્ણયુક્તિ (સ્નાન, મંજન વગેરેનાં ચૂર્ણો બનાવવાની વિદ્યા), ૩૦. આભ-રણવિધિ, ૩૧. તરુણી પ્રતિકર્મ (યુવતીની સજાવટનું જ્ઞાન), ૩૨. સ્ત્રી–, ૩૩. પુરુષ–, ૩૪. હય–, ૩૫. ગજ–, ૩૬. ગાય–, ૩૭. કુક્કુટ, ૩૮. છત્ર–, ૩૯. દંડ–, ૪૦. અસિ–, ૪૧. મણિ–, ૪૨. કાકણીરત્ન–[એ બધાનાં લક્ષણોનું શાસ્ત્રીય જ્ઞાન], ૪૩. વાસ્તુવિદ્યા, ૪૪. સ્કંધાવાર-માન (સૈન્યની છાવણી નાંખવાનું જ્ઞાન), ૪૫. નગરમાન (નગરરચનાનું જ્ઞાન), ૪૬. વ્યૂહ (સૈન્યની વ્યૂહરચનાનું જ્ઞાન), ૪૭. પ્રતિવ્યૂહ (શત્રુના વ્યૂહનું જ્ઞાન), ૪૮. ચાર (જાસૂસકળા), ૪૯. પ્રતિચાર (પ્રતિજાસૂસા), ૫૦. ચક્રવ્યૂહ, ૫૧. ગરુડવ્યૂહ, ૫૨. શકટવ્યૂહ–(વગેરે યુદ્ધ-વ્યૂહોનું જ્ઞાન), ૫૩. યુદ્ધ, ૫૪. નિયુદ્ધ (બાહુ-યુદ્ધ), ૫૫. યુદ્ધાનિયુદ્ધ (મોટું યુદ્ધ), ૫૬. દૃષ્ટિયુદ્ધ, ૫૭. મુષ્ટિયુદ્ધ, ૫૮. બાહુયુદ્ધ ૫૯. લતાયુદ્ધ (લતાની માફક વીંટળાઈને કરાતું યુદ્ધ) ૬૦. ઈષ્વસ્ત્ર (બાણો અને અસ્ત્રોનું જ્ઞાન) ૬૧. ત્સરુપ્રવાદ (તલવાર વિદ્યા) ૬૨. ધનુર્વેદ, ૬૩. હિરણ્યપાક (રૂપું બનાવવાની યુક્તિ), ૬૪. સુવર્ણપાક (સોનું બનાવવાની યુક્તિ), ૬૫. સૂત્રખેલ (દોરીઓના ખેલ–કઠપૂતળીના ખેલ ?), ૬૬. વસ્ત્રખેલ (વસ્ત્રની રમતો ?), ૬૭. નાલિકાખેલ (નળીઓની રમત ?), ૬૮. પત્રચ્છેદ્ય (પાંદડાને કોરી વિવિધ આકૃતિઓ બનાવવાની કળા), ૬૯. કટચ્છેદ્ય (વસ્તુઓના કુશળતાપૂર્વક છેદનની વિદ્યા), ૭૦. સજીવ (મરેલી ધાતુઓને સહજરૂપમાં લાવવાની વિદ્યા), ૭૧. નિર્જીવ (ધાતુઓને મારવાનું જ્ઞાન) અને ૭૨. શકુનરુત (પક્ષી-ઓની ભાષા સમજવી).

ત્યારે તે કળાચાર્યે મેઘકુમારને ગણિત પ્રધાન લેખન આદિથી લઈ શકુનરુત સુધીની બોંતેર કળાઓ સૂત્ર, અર્થ અને કરણ સાથે સિદ્ધ કરાવી, શીખવી, અને પછી તેના માતા-પિતાની પાસે લઈ આવ્યો.

૩૨૬. ત્યારે મેઘકુમારનાં માતા–પિતાએ કળાચાર્યનું મધુર વચનોથી અને વિપુલ વસ્ત્ર, ગંધ, માળા, અને અલંકારો વડે સત્કાર-સન્માન કર્યું, સન્માન કરી જીવિકાને યોગ્ય વિપુલ પ્રીતિદાન આપી વિદાય આપી.

ત્યારે તે મેઘકુમાર બોંતેર કળાઓમાં નિપુણ થઈ ગયો, એનાં નવે અંગ–(બે કાન, બે આંખ, બે નાસિકા, જિહ્વા, ત્વચા અને મન, જે બાલ્યાવસ્થાના કારણે) સુપ્ત અર્થાત્ અપરિપક્વ હતાં તે જાગ્રત થઈ ગયાં. તે અઢારે દેશીભાષાઓમાં વિશારદ થઈ ગયો, ગીતરસિક, ગીત–નૃત્યમાં કુશળ બની ગયો, અશ્વયુદ્ધ, ગજયુદ્ધ, અને બાહુયુદ્ધમાં નિષ્ણાત બની ગયો, પોતાની ભુજાઓથી શત્રુનું મર્દન કરવામાં સમર્થ થઈ ગયો, ભોગ ભોગવવા માટે સમર્થ, સાહસિક અને વિકાળચારી અર્થાત્ ગમે તે સમયે ગમે ત્યાં જવા શક્તિમાન થઈ ગયો.

મેઘનું પાણિગ્રહણ–

૩૨૭. ત્યાર પછી તે મેઘકુમારનાં માતાપિતાએ તેને જ્યારે બોંતેર કળાઓમાં પંડિત થયેલો યાવત્ વિકાલચારી બનેલો જોયો ત્યારે આઠ શ્રેષ્ઠ પ્રાસાદો તેના માટે નિર્માણ કરાવ્યા–જે અત્યંત ઊંચા હતા, ઉજ્જ્વળ હતા, મણિ-રત્ન અને સુવર્ણની વિવિધ રચનાવાળા હતા, વાયુથી લહેરાની અને વિજયની સૂચક એવી વૈજયંતી ધ્વજાઓ યુક્ત હતા, છત્રાતિછત્ર-યુક્ત હતા, પોતાનાં શિખરોથી જાણે કે આકાશને ઓળંગતા હોય એટલા ઊંચા હતા, એની જાળીઓની વચ્ચેના રત્નોના પંજર જાણે કે એમનાં નેત્રો હોય એવાં હતાં, એમાં મણિ–સુવર્ણની બનેલી થાંભલીઓ હતી, એમાં ચિત્રિત કરેલા શતપત્ર અને પુંડરીકો જાણે કે સાક્ષાત્ વિકસતાં કમળો હતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે તિલક રત્નોથી રચિત અર્ધચન્દ્રકાર સોપાનોથી યુક્ત હતા, અથવા એની દીવાલો ચંદન આદિના થાપાથી ચર્ચિત હતી, તે અનેક પ્રકારની મણિમય માળાઓથી અલંકૃત હતા, એમનાં આંગણોમાં તપેલા સોનાના કણો જેવી વેળુ (રેતી) પાથરેલી હતી, જેનો સ્પર્શ સુખદ હતો, તે બધા મનને આનંદ આપનાર, સુંદર આકારના યાવત્ મનોભિરામ હતા.

તે ઉપરાંત એક મહાન ભવનનું પણ નિર્માણ કરાવ્યું. તે ભવન સેંકડો સ્તંભોવાળું, લીલા કરતી શાલભંજિકાઓ યુક્ત, ઊંચી અને સુનિર્મિત વજ્રરત્નની વેદિકાઓ અને તોરણ યુક્ત હતું, મનોહર પુતળીઓવાળા ઉત્તમ, મોટા અને પ્રશસ્ત વૈદૂર્યરત્નના સ્તંભો તેમાં હતા, તે અનેક પ્રકારના મણિઓ, સુવર્ણ અને રત્નોથી ઉજ્જવળ હતું, તેનું ભૂમિતળ તદ્દન સમતળ, વિશાળ, પાકું અને રમણીય હતું, તે ભવનમાં ઈહા-મૃગ, વૃષભ, તુરગ, મનુષ્ય, મકર, પક્ષીઓ, વ્યાળ, કિન્નર, રુરુ, શરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતા, આદિની આકૃતિઓ ચિત્રિત હતી, સ્તંભો પર વજ્રરત્નની બનેલી વેદિકાઓના લીધે તે રમણીય લાગતું હતું, તેમાં વિદ્યાધરોનાં યુગલો યંત્રથી ચાલતાં જણાય એવી રચના હતી, હજારો કિરણોથી પ્રકાશિત અને હજારો આકૃતિઓથી તે ભવન દીપ્યમાન, અતિ દેદીપ્યમાન હતું, દર્શકો માટે નયનાકર્ષક હતું, તેનો સ્પર્શ સુખદ હતો, તેનું રૂપ શોભાસંપન્ન હતું, તેમાં સુવર્ણ, મણિ અને રત્નોની બનેલી થાંભલીઓ હતી, વિવિધ પ્રકારની ઘંટડીયુક્ત પંચરંગી પતાકાઓથી જેનું શિખર શોભતું હતું, તે ચોતરફ ધવલ પ્રકાશ કિરણો પ્રસરાવતું હતું, તે લીંપેલું અને ચંદરવાથી સજાવેલું હતું. યાવત્ ગંધવર્તિકા (ધૂપસળી) જેવું સુગંધિત, પ્રાસાદિક યાવત્ મનોભિરામ હતું.

ત્યાર બાદ મેઘકુમારનાં માતા-પિતાએ શુભ-તિથિ, કરણ, નક્ષત્ર, મુહૂર્તમાં, શરીર-પરિમાણમાં સમાન વયની, સમાન ત્વચા (વર્ણની), સમાન લાવણ્ય, રૂપ, યૌવન અને ગુણવાળી તથા પોતાના સમાન રાજકુળોમાંથી પસંદ કરેલી આઠ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે મેઘકુમારનું એક જ દિવસમાં પાણિગ્રહણ કરાવ્યું. ત્યારે અલંકાર ધારણ કરેલી સૌભાગ્યવતી સ્ત્રીઓએ મંગળગીતો ગાયાં અને મંગળવિધિ કર્યો.

પ્રીતિદાન—

૩૨૮. ત્યાર બાદ તે મેઘકુમારનાં માતા-પિતાએ આ આવા પ્રકારનું પ્રીતિદાન આપ્યું—આઠ કરોડ હિરણ્ય (ચાંદીની મહોરો), આઠ કરોડ સુવર્ણ મહોરો, આદિ ગાથાઓ અનુસાર કહેવું—યાવત્ દાસીઓ અને બીજું પણ વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, પ્રવાળ, માણેક આદિ સારરૂપ દ્રવ્ય આપ્યું જે સાત પેઢી સુધી દાન દેતાં, ભોગવતાં કે વાપરતાં અને વહેંચતાં ખૂટે નહીં તેટલું હતું.

ત્યાર બાદ તે મેઘકુમારે પ્રત્યેક ભાર્યાને એક એક હિરણ્યકોટિ આપી યાવત્—એક એક દાસી તથા બીજું પણ વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, પ્રવાળ, માણેક આદિ સારરૂપ દ્રવ્ય આપ્યું કે જે સાત પેઢી સુધી ઇચ્છાપ્રમાણે આપતાં, ભોગવતાં અને વહેંચતાં પણ ખૂટે નહીં તેટલું હતું.

ત્યાર બાદ તે મેઘકુમાર શ્રેષ્ઠ પ્રાસાદના ઉપરના ભાગે રહી મૃદંગોના ધ્વનિ સાથે ગુંજતા યાવત્ મનુષ્ય સંબંધી કામભોગો ભોગવતો સુખપૂર્વક રહેવા લાગ્યો.

મહાવીર-સમવસરણ—

૩૨૯. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમે વિહાર કરતા કરતા, ગામોગામ ફરતા ફરતા, સુખપૂર્વક વિચરતા જ્યાં રાજગૃહ નગર હતું, જ્યાં ગુણશિલક ચૈત્ય હતું, ત્યાં આવ્યા, આવીને યથાયોગ્ય અભિગ્રહ ધારણ કરીને સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા બીરાજતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેઘની પૃચ્છા—

૩૩૦. ત્યાર બાદ રાજગૃહ નગરનાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ અને સામાન્ય માર્ગોમાં અનેક લોકોનો કોલાહલ થવા લાગ્યો યાવત્ અનેક ઉગ્ર, ભોગ આદિ કુળના લોકો યાવત્ રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને એક જ દિશામાં, એક જ સ્થળે જવા લાગ્યા. તે સમયે તે મેઘકુમાર શ્રેષ્ઠ પ્રાસાદના ઉપરના મજલે રહી મૃદંગોના ધ્વનિ સાથે યાવત્ મનુષ્યસંબંધી કામભોગો ભોગવતો રહેતો હતો, તેણે રાજમાર્ગનું અવલોકન કર્યું.

ત્યારે તે મેઘકુમારે અનેક ઉગ્રવંશીઓ, ભોગવંશીઓને યાવત્ એક જ દિશામાં જતા જોયા, જોઈને કંચુકિન બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું— 'હે દેવાનુપ્રિય ! શું આજે રાજગૃહ નગરમાં ઇન્દ્રમહ અથવા અન્ય કોઈ મહોત્સવ છે ? યાવત્ એક જ દિશામાં, એક જ તરફ જઈ રહ્યા છે ?"

કંચુકિ પુરુષ દ્વારા નિવેદન—

૩૩૧. ત્યાર પછી તે કંચુકિ પુરુષે શ્રમણ ભગવાન મહાવીરના આગમનનો વૃત્તાન્ત જાણીને મેઘકુમારને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય ! આજે રાજગૃહ નગરમાં ઇન્દ્રમહ યાવત્ ગિરિયાત્રા આદિ કંઈ નથી કે જેના કારણે આ ઉગ્રવંશી, ભોગવંશી જનો યાવત્ એક દિશામાં એક સ્થાન તરફ જઈ રહ્યા છે. પરંતુ હે દેવાનુપ્રિય ! ધર્મતીર્થની આદિ કરનારા, તીર્થની સ્થાપના કરનારા શ્રમણ ભગવાન મહાવીર અહીં આવ્યા છે, અહીં પધાર્યા છે, અહીં તેમનું સમોસરણ રચાયું છે અને અહીં રાજગૃહ નગરમાં જ ગુણશીલ ચૈત્યમાં યથાયોગ્ય અભિગ્રહ ધારણ કરીને તપ-સંયમ દ્વારા આત્માને ભાવિત કરતા તેઓ બીરાજી રહ્યા છે.'

મેઘનું ભગવાન પાસે જવું—

૩૩૨. ત્યાર પછી મેઘકુમારે કંચુકિ પુરુષની આ વાત સાંભળી અને અવધારી કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તરત જ ચાર ઘંટાવાળો અશ્વરથ સજ્જ કરીને લાવો.'

'જેવી આજ્ઞા' કહી તેઓએ તે પ્રમાણે કર્યું.

ત્યાર બાદ મેઘકુમારે સ્નાન કર્યું યાવત્ સર્વ અલંકારોથી વિભૂષિત થઈ ચાર ઘંટાવાળા અશ્વરથ પર આરૂઢ થઈ, કોરંટ પુષ્પની માળા જોવાળું છત્ર મસ્તક પર ધારણ કરી, અનેક સુભટો અને પરિજનોના સમૂહથી ઘેરાઈને, રાજગૃહ નગરની વચ્ચેથી પસાર થયો, પસાર થઈ જ્યાં ગુણશીલ ચૈત્ય હતું ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરના છત્રાતિછત્ર અને પતાકાતિપતાકા આદિ અતિશયો તથા વિદ્યાધરો, ચારણ મુનિઓ અને જૃંભક દેવોને આકાશમાંથી ઊતરતા અને આકાશમાં પાછા ચઢતા જોઈને ચાર ઘંટાવાળા અશ્વરથમાંથી તે નીચે ઊતર્યો, ઊતરીને પાંચ પ્રકારના અભિગમપૂર્વક શ્રમણ ભગવાન મહાવીરની પાસે ચાલ્યો, ચાલીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી શ્રમણ ભગવાન મહાવીરથી અતિ દૂર કે અતિ નિકટ નહીં તેવા ઉચિત સ્થળે બેસી સુશ્રુષા કરતો, નમસ્કાર કરતો, અંજલિ રચી, સન્મુખ રહી વિનયપૂર્વક પર્યુપાસના કરવા લાગ્યો.

ધર્મદેશના—

૩૩૩. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે મેઘકુમારને તથા તે મહાસભાને સુંદર પ્રકારે ધર્મોપદેશ કર્યો—કેવી રીતે જીવો કર્મોથી બંધાય છે, કેવી રીતે મુક્ત થાય છે અને કેવી રીતે સંક્લેશ પામે છે ઇત્યાદિ ધર્મકથા અહીં કહેવી યાવત્ તે ધર્મસભા વિસર્જિત થઈ.

મેઘનો પ્રવ્રજ્યા-સંકલ્પ—

૩૩૪. ત્યારબાદ તે મેઘકુમારે શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મ શ્રવણ કરી, અવધારણ કરી, હૃષ્ટ-તુષ્ટ થઈ શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન નમન કરી આ પ્રમાણે બોલ્યો–

'હે ભદંત ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું યાવત્ હે દેવાનુપ્રિય ! હું માતા-પિતાની આજ્ઞા લઉં, તે પછી મુંડિત બનીને, ગૃહવાસ ત્યજીને આનગારિક પ્રવ્રજ્યા લઈશ.'

'દેવાનુપ્રિય ! જેનાથી તને સુખ થાય તેમ કર, પરંતુ તેમાં વિલંબ કરીશ નહીં.' [ભગવાને ઉત્તર આપ્યો.]

માતા-પિતા પાસે મેઘનું નિવેદન—

૩૩૫. ત્યાર પછી તે મેઘકુમારે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી જ્યાં ચાર ઘંટાવાળો અશ્વરથ હતો ત્યાં આવ્યો, ત્યાં આવી રથ પર સવાર થઈ અનેક સુભટો અને પરિજનોના સમૂહ સાથે રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં પોતાનું ભવન હતું ત્યાં આવ્યો, આવીને ચાર ઘંટાવાળા અશ્વરથ પરથી નીચે ઊતર્યો, ઊતરીને જ્યાં તેના માતા-પિતા હતાં ત્યાં આવ્યો, આવીને માતા-પિતાને પ્રણામ કર્યા, પ્રણામ કરીને આ પ્રમાણે બોલ્યો—

'હે માતા-પિતા ! મેં શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મ સાંભળ્યો છે, અને એ ધર્મ પાળવાની મારી ઇચ્છા છે, વિશેષ ઇચ્છા છે, એ જ ધર્મમાં મારી અભિરુચિ છે.'

ત્યારે તે મેઘકુમારનાં માતા-પિતા આ પ્રમાણે બોલ્યાં–

'હે પુત્ર ! તું ધન્ય છે. હે પુત્ર ! તું પુણ્યશાળી છે. હે પુત્ર ! તુ કૃતાર્થ છે. હે પુત્ર ! તું કૃતલક્ષણ છે, કે તેં શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મનું શ્રવણ કર્યું છે અને તે ધર્મ તને ગમ્યો છે, તેમાં તારી અભિરુચિ છે.'

ત્યારે તે મેઘકુમારે બીજી વાર પણ માતા-પિતાને આ પ્રમાણે કહ્યું—

'હે માતા-પિતા ! મેં શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મ સાંભળ્યો છે, તે ધર્મની મારી ઇચ્છા છે, વિશેષ ઇચ્છા છે, તેમાં મારી અભિરુચિ છે. આથી હે માતા-પિતા ! તમારી આજ્ઞા મેળવીને હું શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત બનો, ગૃહત્યાગ કરી આનગારિક પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું.'

ધારિણીની શોકાકુળ દશા—

૩૩૬. ત્યાર પછી આવા અનિષ્ટ, અપ્રિય અપ્રશસ્ત, અમનોજ્ઞ, અમનામ (મનને અરુચિકર), અશ્રુતપૂર્વ, કઠોર વચનો સાંભળીને અને અવધારીને મનોમન આ પ્રકારના આવા મહાન પુત્ર-વિયોગના દુઃખથી પીડિત તે ધારિણી દેવીના રોમરોમમાં પરસેવો વળવા લાગ્યો, તેનું સમગ્ર શરીર શોકથી કંપવા લાગ્યું, તે નિસ્તેજ થઈ ગઈ, દીન અને શૂન્યમનસ્ક બની ગઈ, હથેળીથી મસળી નાખેલી કમળની માળા જેવી બની ગઈ, તે જ ક્ષણે તે ક્ષીણ, દુર્બળ શરીરવાળી બની ગઈ, લાવણ્યહીન, કાંતિહીન, શ્રીહીન બની ગઈ, તેણે પહેરેલાં આભૂષણો ઢીલાં થઈ ગયાં, હાથમાં પહેરેલાં ઉત્તમ વલયો સરકીને ભૂમિ પર પડી ટુકડેટુકડા થઈ ગયા, તેનું ઉત્તરીય વસ્ત્ર સરીને નીચે પડ્યું, સુકોમળ કેશપાશ વીંખાઈ ગયો, મૂર્ચ્છાથી તેની ચેતના નષ્ટ થઈ ગઈ, શરીર ભારે બની ગયું, કુહાડીથી કાપેલી ચંપકલતા જેવી તે થઈ ગઈ, મહોત્સવ પૂરો થતાં જેમ ઇન્દ્રદંડ શ્રીહીન-શોભારહિત બની જાય તેમ તે શ્રીહીન બની ગઈ, તેના શરીરના સાંધે-સાંધા ઢીલા થઈ ગયા અને તે ધબ દઈને નીચે જમીન પર ફસડાઈ પડી.

ધારિણી અને મેઘનો પરિસંવાદ—

૩૩૭. ત્યાર બાદ તે ધારિણી દેવીને તરત જ લાવવામાં આવેલ સુવર્ણ ઝારીના મુખમાંથી નીકળતી શીતળ અને નિર્મળ જળધારાથી સિંચન કરવામાં આવતાં તેનું શરીર શીતળ થયું અને અંતઃપુરના પરિજનો વડે ઉત્ક્ષેપક, તાલવૃન્ત અને વીંઝણા દ્વારા પેદા થતા જળકણ મિશ્રિત વાયુથી સચેત કરવામાં આવતાં મોતીઓની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાર જેવા નેત્રોમાંથી વરસતી અશ્રુધારથી તે પોતાના વક્ષઃસ્થળને ભીંજવવા લાગી, તે દયનીય, વિમનસ્ક અને દીન બની ગઈ, રોતી અને આક્રંદ કરતી, પરસેવાથી નીતરતી, મોંમાંથી લાળ પાડતી, શોક કરતી, વિલાપ કરતી તે મેઘકુમારને આમ કહેવા લાગી—

'હે પુત્ર! તું અમારો એકનો એક દિકરો છે, તું અમારો કાંત, ઈષ્ટ, પ્રિય, મનોજ્ઞ, મનગમતો છે, અમારા ધૈર્ય અને વિશ્વાસનું સ્થાન છે, કાર્ય કરવા માટે તું માન્ય છે, બહુમાન્ય છે, કાર્ય કર્યા પછી પણ અનુમત છે, તું અમારો આભૂષણોના કરંડિયારૂપ છે, રત્નોનાય રત્ન જેવો છે, જીવનના શ્વાસ જેવો છે, હૃદયનો આનંદ છે, ઉંબરના ફૂલની પેઠે જેનું નામ સાંભળવું ય બીજાને દુર્લભ છે તો પછી દર્શનની તો વાત જ શું? હે પુત્ર! અમે ક્ષણમાત્ર પણ તારો વિયોગ સહન કરી શકીશું નહીં, એટલે હે પુત્ર! જ્યાં સુધી અમે જીવતાં છીએ ત્યાં સુધી વિપુલ માનુષી કામભોગો ભોગવ અને અમારા મૃત્યુ પછી જ્યારે તું પ્રૌઢાવસ્થામાં આવ, કુળવંશરૂપ તંતુની વૃદ્ધિ થઈ ગઈ હોય અને વ્યવહારકાર્યો પૂરાં થઈ ગયાં હોય ત્યારે તું શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત બનીને ગૃહવાસ ત્યજીને આનગારિક દીક્ષા ગ્રહણ કરજે.'

ત્યારે માતા-પિતાની આવી વાત સાંભળી મેઘકુમારે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું—

'હે માતા-પિતા! આપે મને આ જે કહ્યું કે—હે પુત્ર! તું અમારો એકનો એક પુત્ર છે યાવત્ દીક્ષા ગ્રહણ કરજે—તે તેમ જ છે, બરાબર છે. પરંતુ હે માતા-પિતા! આ મનુષ્યજીવન અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, વિનશ્વર અને આપત્તિઓથી ભરપૂર છે, વીજળીની જેવું ચંચળ, પાણીના પરપોટા જેવું અને દર્ભની અણી પર રહેલા જળબિંદુ જેવું અનિત્ય છે, સંધ્યા સમયના આકાશના રંગ જેવું અને સ્વપ્નદર્શન જેવું છે, સડવું, પડવું અને નષ્ટ થવું એ એના ગુણધર્મો છે, પહેલાં કે પછી તે ત્યજવા યોગ્ય જ છે. હે માતા-પિતા! એ કોણ જાણે છે કે પહેલાં કોણ જશે અને પછી કોણ જશે? આથી હે માતા-પિતા! આપ આજ્ઞા આપો તો હું શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત બની, ગૃહત્યાગ કરી અનગાર-પ્રવ્રજ્યા અંગીકાર કરું.'

ત્યાર બાદ માતા-પિતાએ મેઘકુમારને આ પ્રમાણે કહ્યું—

'હે પુત્ર! આ તારી ભાર્યાઓ સમાન શરીરવાળી, સમાન વર્ણવાળી, સમાન વયવાળી, સમાન લાવણ્ય, રૂપ, યૌવન અને ગુણોવાળી છે તથા સમાન રાજકુળોમાંથી આણેલી છે. તો હે પુત્ર! એમની સાથે વિપુલ માનુષી કામભોગો ભોગવ અને ભુક્તભોગી બન્યા પછી શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત બની, ગૃહત્યાગ કરી આનગારિક પ્રવ્રજ્યા લેજે.'

ત્યાર બાદ તે મેઘકુમારે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું—

'હે માતા-પિતા! આપ મને જે આમ કહો છો કે—હે પુત્ર! તારી આ ભાર્યાઓ સમાન શરીરવાળી છે ઇત્યાદિ, આથી હે પુત્ર! એમની સાથે વિપુલ માનુષી કામભોગો ભોગવ. ભોગો ભોગવી પછી શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત બની ગૃહત્યાગ કરી અનગાર-પ્રવ્રજ્યા ગ્રહણ કરજે.—તે ઠીક છે.'

પરંતુ હે માતા-પિતા! ખરેખર મનુષ્યના કામભોગો અશુચિ છે—અપવિત્ર છે, અશાશ્વત છે, તેમાં વમનનો સ્રાવ હોય છે, પિત્તનો સ્રાવ હોય છે, કફનો સ્રાવ હોય છે, શુક્રનો સ્રાવ હોય છે, શોણિતનો સ્રાવ હોય છે, દુર્ગંધી ઉચ્છ્વાસ નિઃશ્વાસ હોય છે. ખરાબ મૂત્ર, મળ, પરુથી પરિપૂર્ણ હોય છે, મળ, મૂત્ર, કફ, નાસિકામળ, વમન, પિત્ત, શુક્ર અને શોણિતથી તે ઉત્પન્ન થનારા છે, અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, સડણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પતન અને વિધ્વંસન ધર્મવાળાં છે, અને પછી કે પહેલાં અવશ્ય ત્યજવા યોગ્ય જ છે.

હે માતા-પિતા ! પહેલાં કોણ જશે (કોણ મરશે) અને પછી કોણ જશે–મરશે એ કોણ જાણે છે ? એટલા માટે હે માતા-પિતા ! આપની અનુમતિ મેળવીને હું શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત બની ગૃહત્યાગ કરી અનગાર-દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છું છું.'

ત્યાર બાદ માતા-પિતાએ મેઘકુમારને આ પ્રમાણે કહ્યું—

'હે પુત્ર ! પિતામહ, પિતાના પિતામહ અને પિતાના પ્રપિતામહ અર્થાત્ સાત પેઢીઓથી ઊતરી આવેલ આ અપાર ચાંદી, સોનું, કાંસુ, વસ્ત્રો, મણિ, મોતી, શંખ, પરવાળા, માણેક આદિ સારભૂત દ્રવ્ય આપણી પાસે છે, જે સાત પેઢી સુધી યથેચ્છ દાન દેવાથી, ભોગવવાથી કે વહેંચવાથી પણ ખૂટે તેમ નથી. આથી હે પુત્ર ! આ વિપુલ માનુષી સમૃદ્ધિ-સન્માન ભોગવીને પછી, કલ્યાણભોગી બનીને બાદમાં શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત થઈને ગૃહત્યાગ કરીને અનગાર ધર્મ સ્વીકારજે.'

ત્યારે તે મેઘકુમારે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું—

'હે માતા-પિતા ! આપ જે કંઈ કહો છો તે બરાબર છે કે—"હે પુત્ર ! તારા પિતામહ, પિતાના પિતામહ અને પિતાના પ્રતિતામહના સમયથી આવેલ–યાવત્ પછી કલ્યાણભોગી બનીને શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત બની ગૃહવાસ ત્યજીને અનગાર દીક્ષા સ્વીકારજે."

પરંતુ હે માતા-પિતા ! આ ચાંદી આદિ ધન અગ્નિસાધ્ય, ચોરસાધ્ય, રાજ્યસાધ્ય, દાયસાધ્ય, મૃત્યુસાધ્ય છે અર્થાત્ આ ધનને અગ્નિ બાળી શકે તેવું છે, ચોર ચોરી શકે તેમ છે, રાજા હરી શકે છે, કુટુંબીજનો વહેંચી લઈ જઈ શકે છે, મૃત્યુના કારણે છોડવું પડે તેવું છે તથા તે અગ્નિ-સામાન્ય યાવત્ મૃત્યુ-સામાન્ય એવું છે, સડન, પતન અને વિધ્વંસન સ્વભાવવાળું છે, પાછળથી કે પહેલાં અવશ્ય ત્યજવા-લાયક જ છે. તો હે માતા-પિતા ! કોણ એ જાણે છે કે પહેલાં કોણ જશે અને પછી કોણ જશે ? આથી હે માતા-પિતા ! આપ અનુમતિ આપો તો હું શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત બની, ગૃહવાસ ત્યજી અનગાર દીક્ષા ગ્રહણ કરું.'

૩૩૮. ત્યાર પછી જ્યારે માતાપિતાએ મેઘકુમારને આખ્યાપના (સામાન્ય વાણી), પ્રજ્ઞાપના (વિશેષ વાણી), સંજ્ઞાપના (સંબોધ કરતી વાણી) અને વિજ્ઞાપના (વિનંતિ કરતી વાણી)થી સમજાવવા, બોધ આપવા, મનાવવા અને વિનવવા છતાં પણ વિષયાભિમુખ કરવા સફળ ન થયા ત્યારે વિષયોથી પ્રતિકૂળ તથા સંયમ પ્રતિ ભય અને ઉદ્વેગ કરાવનાર પ્રજ્ઞાપનાથી સમજાવતાં કહ્યું—

'હે પુત્ર ! આ નિર્ગ્રંથપ્રવચન સત્ય, અનુત્તર, અદ્વિતીય, પરિપૂર્ણ, મોક્ષના નિશ્ચિત માર્ગરૂપ છે યાવત્ સંશુદ્ધ, શલ્યનાશક, મોક્ષમાર્ગરૂપ, સિદ્ધિમાર્ગરૂપ, નિર્જરામાર્ગરૂપ, નિર્વાણમાર્ગરૂપ, સર્વ દુઃખોના નાશના માર્ગરૂપ છે, સર્પની જેમ લક્ષ્ય પ્રતિ નિશ્ચળ દૃષ્ટિવાળું છે, છરીની જેમ એક ધારવાળું છે, લોઢાના ચણા ચાવવા જેવું છે, રેતીના કોળિયા જેવું નીરસ છે, ગંગા મહાનદીના સામા પ્રવાહમાં તરવા જેવું છે, ભુજાઓ વડે મહાસમુદ્ર પાર કરવા જેવું છે, તીક્ષ્ણ ધાર સામે ઘસી જવા જેવું છે, ગળામાં વજન લટકાવવા જેવું છે, અસિધારાવ્રત આચરવા જેવું છે. તદુપરાંત હે પુત્ર ! નિર્ગ્રંથ શ્રમણોને આધાકર્મી અથવા ઔદ્દેશિક અથવા ક્રીતકૃત અથવા સ્થાપિત અથવા રચિત અથવા દુર્ભિક્ષભક્ત અથવા કાંતારભક્ત અથવા વર્દલિકાભક્ત અથવા ગ્લાનભક્ત આદિ વિવિધ દોષવાળો આહાર લઈ શકાતો નથી. એ જ રીતે મૂળ, કંદ, ફળ, બીજ, અને લીલી વનસ્પતિનો આહાર પણ લઈ શકાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે તું તો હે પુત્ર! સુખભોગી છે, દુઃખ સહન કરવા સમર્થ નથી. તું શીત, ઉષ્ણ, ભૂખ, તરસ પણ સહન કરવા સમર્થ નથી, અને વાત, પિત્ત, કફ અને સન્નિપાતથી ઉત્પન્ન થનાર વિવિધ વિકારો, રોગો અને રોગાતંકો તથા ઉચ્ચ-નીચ ઇન્દ્રિય-પ્રતિકૂળ ઉપસર્ગો, બાવીસ પ્રકારના પરીષહો આદિને સારી રીતે સહન કરવા તું સમર્થ નથી. આથી હે પુત્ર! તું માનુષી કામભોગો ભોગવ. ભુક્ત-ભોગી થયા પછી શ્રમણ ભગવાન મહાવીર પાસે જઈ મુંડિત બની, ગૃહવાસ ત્યજી અનગારજીવન સ્વીકારજે.'

ત્યારે તે મેઘકુમારે માતા પિતાની આવી વાત સાંભળી માતા-પિતાને આ પ્રમાણે કહ્યું–

હે, માતા–પિતા! આપ જે કહો છો તે ઠીક જ છે કે, "હે પુત્ર! આ નિર્ગ્રંથ પ્રવચન સત્ય છે"–ઇત્યાદિ પૂર્વોક્ત કથન યાવત્ "અનગાર પ્રવ્રજ્યા સ્વીકારજે." પરંતુ હે માતા–પિતા! આ નિર્ગ્રંથ પ્રવચન નપુંસકોને, કાયરોને, કાપુરુષોને, આ લોક સંબંધી સુખની આસક્તિવાળાઓને કે પરલોકમાંના સુખની ઇચ્છા કરનારા સામાન્ય જનોને માટે દુષ્કર છે, પરંતુ ધીર અને દૃઢસંકલ્પવાળા પુરુષોને એનું આચરણ કરવામાં શું કઠિન છે?

આથી હે માતા–પિતા! આપની અનુમતિ લઈ હું શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત થઈને, ગૃહત્યાગ કરીને આનગારિક પ્રવ્રજ્યા લેવા ચાહું છું.'

મેઘનું એક દિવસનું રાજ્ય—

૩૩૯. ત્યાર બાદ જ્યારે માતાપિતા મેઘકુમારને વિષયોને અનુકૂળ અને વિષયોને પ્રતિકૂળ અનેક પ્રકારની આખ્યાપના, પ્રજ્ઞાપના, સંજ્ઞાપના અને વિજ્ઞાપના વાણી દ્વારા સમજાવવા, બોધ આપવા, મનાવવા કે વિનવવામાં શક્તિમાન બન્યા નહીં ત્યારે અનિચ્છાપૂર્વક, ઉદાસીન બની, મેઘકુમારને આમ કહેવા લાગ્યા–

'હે પુત્ર! અમે તારી એક દિવસની રાજ્યશ્રી જોવા ઇચ્છીએ છીએ–અર્થાત્ અમારી ઇચ્છા છે કે તું એક દિવસ રાજા બનીને રાજ્યશાસન કર તે અમે જોઈએ.'

ત્યારે તે મેઘકુમારે માતા–પિતાની ઇચ્છાનું માન રાખવા મૌન ધારણ કર્યું–અર્થાત્ મૌન રહી સંમતિ આપી.

ત્યાર બાદ તે શ્રેણિક રાજાએ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું–'હે દેવાનુપ્રિયો! તરત જ જઈને મેઘકુમારના રાજ્યાભિષેક માટે મહાર્થ, મહર્ઘ મહામૂલ્યવાન સામગ્રી એકઠી કરી લાવો.'

ત્યારે તે કૌટુંબિક સેવકોએ મેઘકુમારના રાજ્યાભિષેક માટે મહાર્થ, મહર્ઘ, મહામૂલ્યવાન સામગ્રી તૈયાર કરી.

ત્યાર પછી શ્રેણિક રાજાએ અનેક ગણનાયકો અને યાવત્ સંધિપાલો અને યાવત્ પરિવૃત્ત થઈ મેઘકુમારને એકસો આઠ સુવર્ણ કળશો, એ જ રીતે રજત કળશો, સુવર્ણરજત કળશો, સુવર્ણમણિમય કળશો, રજતમણિમય કળશો, સુવર્ણ–રજત–મણિમય કળશો તથા મૃત્તિકા કળશોમાં ભરેલા સર્વ પ્રકારના જળથી, સર્વ પ્રકારની માટીથી, સર્વ પ્રકારના પુષ્પોથી, સર્વ પ્રકારના સુગંધી પદાર્થોથી, સર્વ પ્રકારની માળાઓથી, સર્વ પ્રકારની ઔષધીઓથી, સરસવથી, સમસ્ત સમૃદ્ધિ દ્યુતિ સાથે અને સકળ સૈન્ય યાવત્ દુંદુભિઘોષના પ્રતિધ્વનિ શબ્દો સાથે મહામહિમાપૂર્વક રાજ્યાસન પર અભિષેક કર્યો, અભિષેક કરી બન્ને હાથ જોડી, દશે આંગળીઓ મસ્તક પર ઘુમાવી અંજલિ રચી આ પ્રમાણે કહ્યું–

'હે નંદન! તારો જય હો, જય હો. હે ભદ્ર! તારો જય હો, જય હો. હે આનંદકર! તારો જય હો, જય હો, તારું કલ્યાણ હો, તું ન જીતેલું જીતી લે, જીતેલાનું પાલન કર. જિત મધ્યે તારો વાસ હો, ન જીતાયેલા શત્રુઓને જીતી લે, અને જિતેલા મિત્રપક્ષનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાલન કર. દેવોમાં ઇન્દ્ર સમાન, અસુરોમાં ચમર સમાન, નાગોમાં ધરણેન્દ્ર સમાન, તારા-ગ્રહગણમાં ચન્દ્ર સમાન, મનુષ્યોમાં ભરત સમાન બની રાજગૃહ નગર અને બીજા પણ અનેક ગ્રામ, આકર, નગર, ખેટક, કર્બટ, દ્રોણમુખ, મડંબ, પત્તન, આશ્રમ, નિગમ, સંવાહ, સન્નિવેશ આદિનું આધિપત્ય કરતાં કરતાં, પ્રધાનત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞાકારકત્વ, ઈશ્વરત્વ અને સેનાપતિત્વ કરતાં કરતાં, પાલન કરતાં કરતાં, જોરશોરપૂર્વક વાગતા વાજિંત્રો-તંત્રી, તલ, તાલ, ત્રુટિત, ઘન, મૃદંગ, પટહ આદિના અને ગીત-નૃત્યના અવાજ સાથે વિપુલ ભોગો ભોગવતાં ભોગવતાં તું વિચર'-એ પ્રમાણે તેનો જયજયકાર કર્યો.

ત્યાર બાદ તે મેઘ રાજા બન્યો-મહા હિમવંતની જેમ, પૃથ્વી પરના ઇન્દ્રની જેમ, મંદરાચલની જેમ શોભતો તે રાજ્યશાસન કરવા લાગ્યો.

ત્યાર પછી માતા-પિતાએ રાજા મેઘને આ પ્રમાણે કહ્યું-'હે જાયા! અમે તને શું આપીએ? શું ભેટ કરીએ? અથવા તારી કઈ ઇચ્છા પૂરી કરીએ?'

મેઘના નિષ્ક્રમણ-યોગ્ય ઉપકરણો—

૩૪૦. ત્યાર પછી મેઘરાજાએ માતા-પિતાને આ પ્રમાણે કહ્યું-'હે માતા-પિતા! હું ઇચ્છું છું કે તમે કુત્રિકાપણ (જ્યાં સઘળી વસ્તુઓ મળે તેવી દુકાન)માંથી મારા માટે રજોહરણ અને પાત્ર (ભિક્ષાપાત્ર) મંગાવી દો અને એક કાશ્યપ (હજામ)ને બોલાવી દો.'

ત્યાર પછી શ્રેણિક રાજાએ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—
'હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને શ્રીગૃહ (રાજકોષ)માંથી ત્રણ લાખ સુવર્ણમુદ્રાઓ લો અને બે લાખ મુદ્રાઓ આપીને કુત્રિકાપણ-માંથી રજોહરણ અને પાત્ર લઈ આવો તથા એક લાખ મુદ્રા આપી કાશ્યપને લઈ આવો.'

ત્યારે તે કૌટુંબિક સેવકો શ્રેણિક રાજાનાં આ વચનો સાંભળી હૃષ્ટતુષ્ટ થઈને શ્રી-ગૃહમાંથી ત્રણ લાખ મહોરો લઈ, બે લાખ મહોરો આપી કુત્રિકાપણમાંથી રજોહરણ અને પાત્ર લઈ આવ્યા અને એક લાખ મહોરો આપી કાશ્યપને બોલાવી લાવ્યા.

કાશ્યપ દ્વારા મેઘના અગ્રકેશનું કર્તન—

૩૪૧. ત્યાર પછી કૌટુંબિક સેવકોએ બોલાવી લાવેલા તે કાશ્યપને જોઈને મેઘે હૃષ્ટતુષ્ટ આનંદિત ચિત્તે યાવત્ હર્ષવશ વિકસિત હૃદયપૂર્વક સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, કૌતુક-મંગળ વિધિ અને પ્રાયશ્ચિત કર્મ કર્યું, અને પછી શુદ્ધ પવિત્ર ઉત્તમ વસ્ત્રો પહેર્યાં, અલ્પ છતાં મૂલ્યવાન આભૂષણોથી શરીર અલંકૃત કરી, જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવ્યો, આવીને હાથ જોડી મસ્તક પર અંજલિ રચી શ્રેણિક રાજાને વંદન કરી આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! જે મારે કરવા યોગ્ય છે તે કરવાની આજ્ઞા આપો.' ત્યારે તે શ્રેણિક રાજાએ કાશ્યપને આ પ્રમાણે કહ્યું—'દેવાનુપ્રિય! તું જઈને સુગંધિત પાણીથી તારા હાથપગ ધોઈ લે અને પછી ચાર પડવાળા શ્વેત વસ્ત્રથી મુખ બાંધીને મેઘકુમારના અગ્રકેશ દીક્ષાને અનુરૂપ ચાર આંગળનો ભાગ છોડીને બાકીના ભાગમાં કાપી દે.'

ત્યારે તે કાશ્યપે શ્રેણિક રાજાનાં આ આજ્ઞા સાંભળી, હૃષ્ટતુષ્ટ અને આનંદિત ચિત્તવાળા બની યાવત્ હર્ષાતિરેકવશાત્ વિકસિત હૃદય-વાળા બની, બે હાથ જોડી મસ્તક સમીપે અંજલિ રચી 'હે સ્વામિ! જેવી આજ્ઞા' એ પ્રમાણે વિનયપૂર્વક આજ્ઞા સ્વીકારી, આજ્ઞા સ્વીકારીને પછી સુગંધી પાણીથી પોતાના હાથ-પગ ધોયા, ધોઈને શુદ્ધ વસ્ત્ર મુખ પર બાંધ્યું, બાંધીને યતનાપૂર્વક દીક્ષાને યોગ્ય ચાર આંગળ છોડી મેઘકુમારના બાકી અગ્રકેશનું કર્તન કર્યું.

૩૪૨. ત્યાર બાદ મેઘકુમારની માતાએ બહુ મૂલ્યવાન, હંસ જેવા શ્વેત ઉજ્જવળ વસ્ત્રમાં તે કેશ ગ્રહણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા, ગ્રહણ કરી સુગંધિત જળથી ધોયા, ધોઈને તે પર સરસ ગોશીર્ષ ચન્દનનાં છાંટણાં કર્યાં, છાંટણાં કરી શ્વેત વસ્ત્રમાં તેને બાંધ્યા, બાંધીને રત્નની દાબડીમાં ભર્યા, ભરીને તે ડબીને મોટી પેટીમાં મૂકી, પછી આંખોમાંથી જળધારા, નિર્ગુંડીના પુષ્પોની વૃષ્ટિ કે મોતીના હારની જેમ આંસુ વહાવતી, આક્રંદ કરતી, વિલાપ કરતી આ પ્રમાણે કહેવા લાગી—

'મેઘકુમારના આ કેશનું અમે રાજ્યપ્રાપ્તિ આદિ અભ્યુદયના અવસરે, ઉત્સવ વખતે, પર્વો વેળાએ, તિથિઓએ, ઇન્દ્રમહ આદિ પ્રસંગોએ, નાગપૂજા વગેરે પ્રસંગે, યજ્ઞ પ્રસંગે, પર્વણીઓમાં દર્શન કરીશું અર્થાત્ ઉત્તમ પ્રસંગોએ આ કેશ અમને મેઘકુમારનું સ્મરણ કરાવશે.' આમ કહી તે પેટી તેણે પોતાના ઓશીકા તળે રાખી.

મેઘનાં અલંકારો—

૩૪૩. ત્યાર પછી મેઘકુમારના માતાપિતાએ ઉત્તરાભિમુખ સિંહાસન રખાવ્યું, પછી મેઘકુમારને બે ચાર, ત્રણ વાર શ્વેત અને પીત (ચાંદી અને સોનાના) કળશોથી સ્નાન કરાવ્યું, સ્નાન કરાવી અત્યંત સુંવાળા ફૂંફાદાર કષાય ગંધવસ્ત્રથી તેમાં અંગો લૂછીને સરસ ગોશીર્ષ ચંદનનો લેપ કરાવ્યો, લેપ કરાવી નાસિકાના નિઃશ્વાસથી પણ ઊડી જાય તેવું બારીક, શ્રેષ્ઠ નગરોમાંથી મેળવેલું, કુશળ મનુષ્યોએ વખાણેલું, ઘોડાના મુખમાંથી નીકળતી લાળ કરતાં પણ ઝીણા તાંતણાવાળું, નિપુણ પુરુષોએ ઝરીથી ભરેલું, હંસલક્ષણ શ્વેત વસ્ત્ર પહેરાવ્યું. પછી હાર અને અર્ધહાર પહેરાવ્યા.

પછી એકાવલી (એક સેરના હાર), મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, પ્રાલંબ (કંઠી), પાદપ્રલંબ (પગ સુધી લાંબી કંઠી) કડાં, તોડા, કેયૂર (બાજુબંધ), અંગદ, દશે આંગળીઓમાં વીંટીઓ, કંદોરો, કુંડળ, ચૂડામણિ અને રત્નજડિત મુકુટ પહેરાવ્યાં, પહેરાવીને દિવ્ય ફૂલોની માળા પહેરાવી, પછી મલય-ચંદનની સુગંધ શરીર પર લગાવી, પછી તે મેઘકુમારને ગૂંથેલી, વીંટેલી, પૂરેલી અને જોડેલી એવી ચાર પ્રકારની માળાઓ દ્વારા કલ્પવૃક્ષની પેઠે અલંકૃત વિભૂષિત કર્યો.

મેઘનો અભિનિષ્ક્રમણ-મહોત્સવ—

૩૪૪. ત્યાર બાદ તે શ્રેણિક રાજાએ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તમે તરત જ જઈને અનેક સેંકડો સ્તંભોવાળી, જેમાં ક્રીડા કરતી શાલભંજિકાઓ કોતરેલી હોય તેવી, જેમાં ઈહામૃગ, વૃષભ, તુરગ, નર, મગર, વિહગ, સર્પ, કિન્નર, રુરુ, શરભ (અષ્ટાપદ), ચમરી ગાય, કુંજર, વનલતા, પદ્મલતા આદિની આકૃતિઓ ચિત્રિત હોય તેવી, જેની ઘંટાવલીમાંથી મધુર, મનહર અવાજ નીકળતો હોય તેવી, જે શુભ, કાંત, દર્શનીય હોય તેવી, કુશળ કારીગરો દ્વારા બનાવેલી, દેદીપ્યમાન મણિ-રત્નોની ઘંટડીઓ-ઝુમ્મરીઓના સમૂહથી યુક્ત, વજ્રરત્નોની બનેલી વેદિકાથી યુક્ત હોવાથી જે મનોહર દેખાતી હોય તેવી, જેમાં બનેલાં યાંત્રિક વિદ્યાધર યુગલો ચાલતાં દેખાતાં હોય તેવી, સહસ્રરશ્મિ સૂર્યનાં કિરણોની જેવી શોભાયમાન, હજારો રૂપવાળી, દીપ્યમાન, દેદીપ્યમાન, આંખોને આકર્ષનારી, સ્પર્શમાં સુખદાયક, શ્રીયુક્ત તથા શીઘ્ર, ત્વરિત, ચપળ અતિશય ચપળ અર્થાત્ જેને ઝડપથી લઈ જઈ શકાય તેવી અને એક હજાર પુરુષો દ્વારા વહન કરાય તેવી શિબિકા તૈયાર કરો.'

ત્યાર પછી તે કૌટુંબિક પુરુષોએ હૃષ્ટતુષ્ટ બની અનેક સેંકડો સ્તંભોયુક્ત યાવત્ શિબિકા તૈયાર કરી ઉપસ્થિત કરી.

ત્યાર પછી મેઘકુમાર તે શિબિકા પર આરૂઢ થયો અને આરૂઢ થઈને શ્રેષ્ઠ સિંહાસન પર પૂર્વાભિમુખ થઈને બેઠો.

ત્યાર પછી તે મેઘકુમારની માતા સ્નાન, બલિકર્મ આદિ કરીને યાવત્ અલ્પ છતાં મૂલ્યવાન આભરણોથી શરીરને અલંકૃત કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિબિકા પર સવાર થઈ, સવાર થઈને મેઘકુમારની જમણી બાજુ ભદ્રાસન પર બેઠી.

૩૪૫. ત્યાર પછી તે મેઘકુમારની ધાવમાતા રજોહરણ અને પાત્ર લઈને શિબિકા પર સવાર થઈ, સવાર થઈને મેઘકુમારની ડાબી બાજુએ ભદ્રાસન પર બેઠી.

ત્યાર બાદ તે મેઘકુમારની પાછળ શૃંગારના આગાર જેવી, મનોહર વેશભૂષાવાળી, સુંદર હાસ્ય, ગતિ, બોલી, ચેષ્ટા, વિલાસ, સંલાપ, ઉલ્લાપવાળી તથા નિપુણ ઉપચાર કરવામાં કુશળ એવી, અન્યોન્ય સ્પર્શીને રહેલા યુગલરૂપ, ગોળ, ઊંચા, પુષ્ટ, સુસંસ્થિત સ્તનવાળી, એક ઉત્તમ તરુણી હિમ, ચાંદી, કુંદ પુષ્પ અને ચન્દ્ર જેવા ધવલ, કોરેંટ પુષ્પોની માળાઓવાળા, છત્રને હાથમાં ધારણ કરી લીલાપૂર્વક ઊભી રહી.

ત્યાર બાદ શૃંગારના આગાર જેવી, ચારુ વેષવાળી, સુંદર ગતિ, હાસ્ય, વાણી, ચેષ્ટા, વિલાસ, સંલાપ, ઉલ્લાપવાળી, યોગ્ય ઉપચાર કરવામાં કુશળ એવી, બે તરુણ યુવતીઓ શિબિકા પર સવાર થઈ, સવાર થઈને મેઘકુમારની બન્ને બાજુએ વિવિધ પ્રકારના મણિ, રત્ન, સુવર્ણ તથા મહર્ઘ તપનીય (લાલ સુવર્ણ)ના ઉજ્જ્વળ વિચિત્ર દંડવાળા, ચમકતા, પાતળા, સૂક્ષ્મ, ઉત્તમ વાળવાળા, શંખ, કુંદપુષ્પ, જલકણ, મંથન કરતાં નીકળેલા અમૃતના ફીણના ઢગલા જેવા ચામરો હાથમાં ધારણ કરી, લીલાપૂર્વક વીંઝવા લાગી.

ત્યાર બાદ શૃંગારના ભંડાર જેવી, ચારુ વેષધારિણી, સુંદર ગતિ, હાસ્ય, વચન, ચેષ્ટા, વિલાસ, સંલાપ, ઉલ્લાપવાળી અને નિપુણ ઉપચારમાં કુશળ, એક તરુણી શિબિકા પર આરૂઢ થઈ, આરૂઢ થઈને મેઘકુમારની સામે પૂર્વ દિશામાં રહી, ચંદ્રકાંત મણિ, વજ્રરત્ન અને વૈદૂર્યરત્નની બનેલ નિર્મળ દાંડીવાળો પંખો વીંઝવા લાગી.

ત્યાર બાદ શૃંગારના આગાર સમી, ચારુ વેષવાળી, સુંદર ગતિ, હાસ્ય, વચન, ચેષ્ટા, વિલાસ, સંલાપ, ઉલ્લાપવાળી, ઉચિત ઉપચારમાં નિપુણ, એક શ્રેષ્ઠ તરુણી શિબિકા પર આરૂઢ થઈ, આરૂઢ થઈને મેઘકુમારની પૂર્વદક્ષિણ(અગ્નિ કોણ)માં રહી, શ્વેત રજતમય વિમળ જળ ભરેલી, મત્ત ગજેન્દ્રની મુખાકૃતિવાળી ઝારી લઈને ઊભી રહી.

૩૪૬. ત્યાર બાદ મેઘકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને એમને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! તરત જ એક સરખા, એક રંગરૂપવાળા, એક વયના, એકસરખી વેશભૂષાથી સજ્જ એવા એક હજાર ઉત્તમ તરુણ કૌટુંબિક સેવકોને બોલાવો.'

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ એક સરખા, એક સરખી વયના અને એક સરખા રંગના, એક સમાન વેષવાળા એક હજાર ઉત્તમ તરુણ કૌટુંબિક સેવકોને બોલાવ્યા.

ત્યાર બાદ શ્રેણિક રાજાએ તે કૌટુંબિક પુરુષો દ્વારા બોલાવાયેલા ઉત્તમ તરુણ કૌટુંબિક સેવકો હૃષ્ટતુષ્ટ થયા, તેમણે સ્નાન કર્યું યાવત્ એક સમાન આભૂષણ અને પોશાક પહેરી જ્યાં શ્રેણિક રાજા હતો ત્યાં આવ્યા, આવીને શ્રેણિક રાજાને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! અમારા માટે જે કરવા યોગ્ય હોય તેની આજ્ઞા આપો.'

ત્યારે શ્રેણિક રાજાએ તે હજાર ઉત્તમ તરુણ કૌટુંબિક સેવકોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને મેઘકુમારની પુરુષસહસ્રવાહિની શિબિકા ઊંચકો.'

ત્યારે તે એક હજાર ઉત્તમ તરુણ કૌટુંબિક સેવકો શ્રેણિક રાજાના આવા કથનથી હૃષ્ટતુષ્ટ થઈને સહસ્રપુરુષવાહિની એવી મેઘકુમારની શિબિકાનું વહન કરવા લાગ્યા. ત્યાર પછી સહસ્રપુરુષવાહિની શિબિકા પર આરૂઢ થયેલ મેઘકુમાર ચાલ્યો ત્યારે આઠ મંગળ દ્રવ્યો અનુક્રમે તેની આગળ આગળ ચાલવા લાગ્યા, તે જેમ કે—સ્વસ્તિક, શ્રીવત્સ, નંદ્યા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્યયુગલ અને દર્પણ યાવત્ અનેક ઘણા ધનાર્થી (ધન ઇચ્છનારા) યાવત્ કામાર્થી, ભોગાર્થી, લાભાર્થી, કિલ્વિષિક, કારોટિક, કારવાહિક, શંખવાદક, ચક્રધર, હળધર, મંગળપાઠક, વધામણી આપનારા, ચારણ, ખંડિયાઓના સમૂહો તેનું ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનોરમ, મનોભિરામ, હૃદયંગમ વાણીથી જયવિજયરૂપ મંગળ શબ્દોથી સતત સ્તુતિ અને અભિવાદન કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે નંદ! તમારો જય હો, વિજય હો. હે ભદ્ર! તમારો જય હો. હે નંદ! તમારું કલ્યાણ થાઓ. ન જીતેલ ઇન્દ્રિયોને તમે જીતો, જીતેલ (મેળવેલ) શ્રમણધર્મનું તમે પાલન કરો. હે દેવ! વિઘ્નોને જીતીને સિદ્ધિ મધ્યે તમે નિવાસ કરો. રાગદ્વેષ રૂપી મલ્લોને તમે અત્યંત ધૈર્યરૂપી કચ્છ બાંધીને તપથી હણી નાખો, તમે ઉત્તમ શુકલ ધ્યાનમાં અપ્રમત્ત રહી આઠ કર્મરૂપી શત્રુઓનું મર્દન કરો. અજ્ઞાનરૂપી અંધકારરહિત અનુત્તર કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરો. પરીષહરૂપી સેનાને હણીને અને ઉપસર્ગોથી ડર્યા વિના તમે શાશ્વત, અચલ, પરમપદરૂપી મોક્ષને મેળવો. તમારી ધર્મસાધના નિર્વિઘ્ન હો.'—આ પ્રમાણે કહેતાં વારંવાર તેઓ ફરી ફરી મંગળમય જયવિજય શબ્દોથી તેમને વધાવવા લાગ્યા.

ત્યાર બાદ તે મેઘકુમાર રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યો, નીકળીને જ્યાં ગુણશિલક ચૈત્ય હતું ત્યાં આવ્યો, આવીને સહસ્રપુરુષવાહિની શિબિકામાંથી નીચે ઊતર્યો.

શિષ્ય ભિક્ષાદાન—

૩૪૭. ત્યાર બાદ તે મેઘકુમારને આગળ રાખીને મેઘકુમારનાં માતાપિતા જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરની આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને આ પ્રમાણે બોલ્યા—'હે દેવાનુપ્રિય! આ મેઘકુમાર અમારો લાડકવાયો પુત્ર છે. તે અમને ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનહર, ધૈર્ય અને વિશ્વાસના સ્થાનરૂપ, સંમત, બહુમાન્ય, અનુમાન્ય છે, અમારે માટે રત્નકરંડક સમાન છે, રત્નસમાન, રત્નરૂપ છે, જીવનના શ્વાસ સમાન છે, હૃદયના આનંદરૂપ છે, ઉંબરના પુષ્પ જેવો સાંભળવામાંય દુર્લભ છે તો પછી દર્શનની તો વાત જ શું કરવી?

જેવી રીતે કોઈ નીલકમળ, પદ્મકમળ અથવા કુમુદ કાદવમાં પેદા થાય છે, કાદવમાં પોષણ પામે છે છતાં કાદવની રજથી ખરડાતું નથી, પાણીની રજથી લેપાતું નથી, તેવી રીતે આ મેઘકુમાર કામોમાં ઉત્પન્ન થયો છે, ભોગોની વચ્ચે ઊછર્યો છે છતાં પણ કામરજથી લિપ્ત થયો નથી, ભોગરજથી લિપ્ત થયો નથી. હે દેવાનુપ્રિય! આ મેઘકુમાર સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છે, જન્મ-જરા-મરણથી ભયભીત બન્યો છે, આપ દેવાનુપ્રિય પાસે મુંડિત થઈ તે ગૃહત્યાગ કરી આનગારિક પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ચાહે છે. આથી અમે આપ દેવાનુપ્રિયને તેને શિષ્યરૂપે ભિક્ષાદાનમાં આપીએ છીએ. હે દેવાનુપ્રિય! આપ આ શિષ્ય ભિક્ષાદાન સ્વીકારો.'

ત્યાર પછી મેઘકુમારનાં માતા-પિતાનાં આવાં વચનને સાંભળીને શ્રમણ ભગવાન મહાવીરે એ વાતનો સમજીને સ્વીકાર કર્યો.

૩૪૮. ત્યાર પછી મેઘકુમાર શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ઉત્તરપૂર્વ દિશામાં—ઈશાનકોણમાં ગયો, જઈને પોતાની જાતે જ આભરણો, માળા અને અલંકારો ઉતાર્યા. ત્યારે મેઘકુમારની માતાએ હંસ જેવા શ્વેત કોમળ વસ્ત્રમાં તે આભરણો, માળા અને અલંકારો લીધા, લઈને પછી હાર, જળધારા, નિર્ગુંડીનાં પુષ્પ અને તૂટેલી મોતીની માળાની જેમ આંસુ વહાવતી વહાવતી, રોતી રોતી, વિલાપ કરતી કરતી આ પ્રમાણે બોલી—

'હે લાલ! ચારિત્રયોગમાં યત્ન કરજે, પરાક્રમ કરજે. અને એના માટે પ્રમાદ કરીશ નહીં. અમારો પણ એ જ માર્ગ હો.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ કહી મેઘકુમારના માતાપિતાએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં જ તેઓ પાછા ફર્યા.

મેઘનું પ્રવ્રજ્યા-ગ્રહણ—

૩૪૯. ત્યાર બાદ તે મેઘકુમારે પોતાની જાતે જ પંચમુષ્ટિક લોચ કર્યો, લોચ કરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! આ સંસાર આદીપ્ત છે, હે ભગવન્! આ સંસાર પ્રદીપ્ત છે. હે ભગવન્! આ સંસાર જરા-મરણથી આદીપ્ત-પ્રદીપ્ત છે.

જેમ કોઈ ગૃહપતિ (ગૃહસ્થ) ઘરમાં આગ લાગે ત્યારે તે ઘરમાંથી જે ઓછા વજનની પરંતુ બહુમૂલ્ય વસ્તુ હોય છે તે લઈને પોતે એકાંતમાં દૂર ચાલ્યો જાય છે અને વિચારે છે કે અગ્નિમાં બળવાથી બચાવેલ આ દ્રવ્ય મારા માટે પછીથી અને ક્ષમણાં હિતકારક, સુખદાયક, ક્ષમા (શાંતિ) દાયક, કલ્યાણકારી અને ભવિષ્યમાં પૂરેપૂરું ઉપયોગી થશે; એવી જ રીતે મારી પણ આત્મારૂપી વસ્તુ છે, જે મને ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનભાવતી છે. તેને સુરક્ષિત રાખી લેવાથી તે મારા સંસારનો ઉચ્છેદ કરાવનાર બનશે. આથી હું ચાહું છું કે આપ દેવાનુપ્રિય પોતે જ મને પ્રવ્રજિત કરો, પોતે જ મને મુંડિત કરો, પોતે જ પ્રતિલેખન આદિ શીખવો, પોતે જ સૂત્ર અને અર્થનું જ્ઞાન આપો, પોતે જ આચાર-ગોચર, વિનય-વૈનયિક, ચરણકરણ, સંયમયાત્રા અને ભોજનમાત્રા આદિરૂપ ધર્મની વ્યાખ્યા કરો.'

૩૫૦. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે પોતે જ મેઘકુમારને પ્રવ્રજ્યા આપી-યાવત્-ધર્મ-શિક્ષણ આપ્યું—

'હે દેવાનુપ્રિય! આ રીતે ચાલવું જોઈએ, આ રીતે બેસવું જોઈએ, આ રીતે વર્તવું જોઈએ, આ રીતે ભોજન કરવું જોઈએ, આ રીતે બોલવું જોઈએ, આ રીતે અપ્રમત્ત બની પ્રાણો યાવત્ સત્ત્વોની રક્ષા કરતાં સંયમપાલન કરવું જોઈએ, આ વિષયમાં સહેજ પણ પ્રમાદ ન કરવો જોઈએ.'

ત્યારે મેઘકુમારે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આ પ્રકારે ધર્મોપદેશ સાંભળી, સમ્યક્ રીતે ગ્રહણ કર્યો અને ભગવાનની આજ્ઞા અનુસાર જ તે ચાલતો, આજ્ઞા અનુસાર જ બેસતો-યાવત્-અપ્રમત્તપણે પ્રાણો-યાવત્-સત્ત્વોની યતના કરતો તે સંયમની આરાધના કરવા લાગ્યો.

મેઘનો મનઃસંક્લેશ—

૩૫૧. જે દિવસે મેઘકુમાર મુંડિત બની ગૃહત્યાગ કરી પ્રવ્રજ્યા લઈ અનગાર બન્યો તે દિવસે જ સંધ્યાકાળે શ્રમણ નિર્ગ્રંથોને યથારાત્રિક અર્થાત્ દીક્ષા-પર્યાય અનુસાર શૈયા-સંસ્તારકનું વિભાજન કરતી વેળાએ મેઘકુમારની શૈયા દરવાજા સમીપ આવી.

ત્યારે શ્રમણ નિર્ગ્રંથો રાત્રિના પહેલા પ્રહરથી અંતિમ પ્રહર સુધી, વાચના માટે યાવત્ ધર્મચિંતન માટે અથવા ઉચ્ચાર (ગુરુશંકા) માટે કે પ્રસ્રવણ (લઘુશંકા) માટે જતાં અને પાછા ફરતા, કોઈકનો હાથ મેઘકુમારને વાગી જતો યાવત્ કોઈ એને કુદીને પસાર થતા, તો કોઈ બે ત્રણ વાર કુદીને જતા, કોઈના પગની ધૂળ તેના પર ઊડતી-આ રીતે તે લાંબી રાતમાં મેઘકુમાર ક્ષણભર માટે આંખો મીંચી શક્યો નહીં અર્થાત્ ઊંઘી શક્યો નહીં.

ત્યારે તે મેઘકુમારના મનમાં આવો આ પ્રકારનો અધ્યવસાય યાવત્ સંકલ્પ થયો—'હું શ્રેણિક રાજાનો પુત્ર અને ધારિણીદેવીનો આત્મજ મેઘ છું, જે એમના માટે ઈષ્ટ, કાંત, યાવત્ ઉંબરના પુષ્પ જેમ શ્રવણ માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ દુર્લભ છું. જ્યારે હું ગૃહવાસમાં હતો ત્યારે આ બધા શ્રમણ નિર્ગ્રંથો મારો આદર કરતા હતા, માન રાખતા હતા, બહુમાન કરતા હતા, જીવાદિ પદાર્થો, તેમને સિદ્ધ કરનાર હેતુઓ, પ્રશ્નો, કારણો અને વ્યાકરણો સમજાવતા હતા, ઇષ્ટ, મનોહર યાવત્ વાણીથી આલાપ-સંલાપ કરતા હતા. પરંતુ હવે જ્યારે હું મુંડિત બની, ગૃહત્યાગ કરી અનગાર-ધર્મમાં પ્રવ્રજિત થયો છું ત્યારે આ બધા શ્રમણ નિર્ગ્રંથો ન તો મારો આદર કરે છે યાવત્ ન મનોહર વચનો વડે વાર્તાલાપ કરે છે. અને વળી રાત્રિએ પહેલા પ્રહરથી છેલ્લા પ્રહર સુધી વાચના માટે યાવત્ આટલી લાંબી રાત્રિમાં હું એક ક્ષણ પણ આંખ મીંચી શક્યો નથી. આથી મારા માટે એ શ્રેયસ્કર છે કે કાલ પ્રભાત થતાં જ યાવત્ પ્રકાશથી ઝળહળતો સહસ્રરશ્મિ સૂર્ય ઊગે કે તરત શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા લઈ પાછો ગૃહવાસમાં ચાલ્યો જાઉં"—તેણે આવો વિચાર કર્યો, વિચાર કરીને આર્ત-ધ્યાનના કારણે દુઃખી અને સંકલ્પ-વિકલ્પથી દોલાયમાન ચિત્તે તે રાત્રિ તેણે નરકમાંની રાત્રિની જેમ પસાર કરી. રાત્રિ વ્યતીત થતાં બીજે દિવસે વિમળ પ્રભાતે યાવત્ પ્રકાશથી ઝળહળતા સહસ્રરશ્મિ દિનકર સૂર્યનો ઉદય થતાં તે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.

મેઘનો સંબોધ—

૩૫૨. ત્યાર પછી 'હે મેઘ!' એમ મેઘકુમારને સંબોધીને શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું—

'હે મેઘ! તું રાત્રિના પ્રથમ પ્રહરથી અંતિમ પ્રહર સુધી શ્રમણ નિર્ગ્રંથો વડે વાચના યાવત્ આટલી લાંબી રાત્રિમાં ક્ષણ-માત્ર પણ આંખ પણ મીંચી શક્યો નથી.

ત્યારે હે મેઘ! તારા મનમાં આ આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે "જ્યારે હું ગૃહવાસમાં હતો ત્યારે આ શ્રમણ નિર્ગ્રંથો મારો આદર કરતા હતા, ઇષ્ટ.....વચનોથી વાર્તાલાપ કરતા હતા. પરંતુ જ્યારે હું મુંડિત બની, ગૃહવાસ છોડી અન-ગાર રૂપે પ્રવ્રજિત થયો છું તો આ શ્રમણ નિર્ગ્રંથો ન તો મારો આદર કરે છે યાવત્ —ન ઇષ્ટ વાણીથી વાર્તાલાપ કરે છે. એથી વધુ તો રાતના પ્રથમ પ્રહરથી અંતિમ પ્રહર સુધી યાવત્ કોઈ ધૂળથી ભરી દે છે. આથી મારા માટે એ શ્રેયસ્કર છે કે કાલ પ્રભાત થતાં યાવત્ પ્રકાશમાન તેજ સાથે સહસ્રરશ્મિ દિનકર સૂર્યનો ઉદય થતાં જ હું શ્રમણ ભગવાન મહાવીરને પૂછીને, આજ્ઞા લઈને પુનઃ ગૃહવાસમાં પાછો ફરું."—આવો તેં વિચાર કર્યો, અને વિચાર કરીને અતિ દુર્ધર્ષ આર્તધ્યાનના કારણે દુઃખથી પીડિત થઈને અને સંકલ્પ-વિકલ્પમાં દોલાયમાન ચિત્ત-વાળા થઈને નરકની વેદના જેવી વેદનાવાળી રાત્રિ તેં પસાર કરી, રાત્રિ વ્યતીત થતાં જ તરત તું મારી પાસે આવ્યો છે. હે મેઘ! મારું આ કથન સત્ય છે?'

'જી હા, આ કથન તદ્દન સત્ય છે.' [મેઘકુમારે કહ્યું.]

ભગવાન દ્વારા મેઘના પૂર્વભવ-સુમેરુપ્રભ-ભવનું નિરૂપણ—

૩૫૩. 'હે મેઘ! આ જન્મથી પહેલાંના ત્રીજા ભવમાં તું વૈતાઢ્યગિરિની તળેટીમાં શંખ સમાન ઉજ્જ્વળ, વિમળ, નિર્મળ, જમાવેલ દહીં, ગાયના દૂધનું ફીણ અને ચંદ્રના જેવા શ્વેત વર્ણનો, સાત હાથ ઊંચો અને નવ હાથ લાંબો, દશ હાથના પરિમાણવાળો, સાતે અંગો (ચાર પગ, સૂંઢ, પૂંછડી અને લિંગ)માં પ્રતિષ્ઠિત, સૌમ્ય, પ્રમાણસરના અંગોવાળો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદર આકૃતિવાળો, આગળના ભાગથી ઊંચો અને ઊંચા ઊઠેલા મસ્તકવાળો, સુખદાયક સ્કંધરૂપી આસનવાળો, વરાહની જેમ પૃષ્ઠ ભાગમાં નમેલો, ખાડા વિનાની અને લાંબી નહીં એવી બકરીની કૂંખ જેવી કૂંખવાળો, લાંબા પેટ, લાંબી પૂંછડી અને લાંબા હોઠવાળો, ખેંચેલ ધનુષ્ય જેવી પીઠની આકૃતિવાળો, સુયુક્ત, પ્રમાણસર, ગોળાકાર, પુષ્ટ ગાત્રોવાળો, પ્રમાણસર અને સુયુક્ત પૂંછડીવાળો, કાચબાના આકારના સુંદર અને પરિપૂર્ણ પગવાળો, શ્વેત, નિર્મળ, સ્નિગ્ધ, નિરુપહત વીશ નખવાળો અને છ દાંતવાળો સુમેરુપ્રભ નામે ગજરાજ હતો.

હે મેઘ ! એ જન્મમાં તું અનેક હાથીઓ, હાથણીઓ, લોટ્ટકો (નરુણ હાથીઓ), લોટ્ટિકાઓ, કલભો (બાળ હાથીઓ) અને કલભિકાઓથી વીંટાઈને રહેનારો, હજાર હાથીઓનો નાયક, માર્ગદર્શક, અગ્રણી, પ્રસ્થાપક, યૂથપતિ અને યૂથની વૃદ્ધિ કરનારો હતો તથા એ સિવાયના પણ અનેક એકલા પડી ગયેલા હાથીઓના બાળકોનું આધિપત્ય કરતો તું રહેતો હતો.

૩૫૪. હે મેઘ ! તે સમયે તું નિરંતર અપ્રમાદી, સદા ક્રીડાપરાયણ, રતિક્રીડામાં પ્રીતિવાળો, મોહનશીલ, કામભોગતૃષિત હતો અને અનેક હાથીઓ યાવત્ ઘેરાઈને વૈતાઢ્યગિરિની તળેટીમાં, પર્વતોમાં, કંદરાઓમાં, કુહરોમાં, પ્રપાતોમાં, ઝરણાંઓમાં, નહેરોમાં, ખાડાઓમાં તળાવડીઓમાં, કીચડવાળી તળાવડીઓમાં, કટકોમાં (પર્વતતટોમાં), કટપલ્લવોમાં (પર્વત નજીકની તળાવડીઓમાં), તટોમાં, અટવીમાં, ઢંકોમાં (વિશેષ પ્રકારના પર્વતોમાં), કૂટો પર, શિખરો પર, પ્રાગ્ભારો (નમેલાં શિખરો) પર, મંચો પર, બગીચાઓમાં, કાનનોમાં, વનોમાં, વનખંડોમાં, નદીઓમાં, નદીકક્ષો (નદી નજીકના વનો)માં, વૃક્ષસમૂહોમાં, નદીસંગમોમાં, વાવોમાં, પુષ્કરણીઓમાં, દીર્ઘિકાઓ (લાંબી વાવો)માં, ગુંજાલિકા (વક્ર વાવો)માં, સરોવરોમાં, સરોવરપંક્તિઓમાં, બે સરોવરોને જોડતી પંક્તિ–નહેરો–માં, વનચરો દ્વારા વિચરણ કરવાની છૂટ મળી હોય તેવો તું અનેક હાથીઓ યાવત્ કલભિકાઓથી ઘેરાઈને, વિવિધ પ્રકારના તરુપલ્લવો, પાણી અને ઘાસનો ઉપભોગ કરતો, નિર્ભયપણે, નિરુદ્વિગ્નપણે, સુખપૂર્વક વિચરી રહ્યો હતો.

૩૫૫. ત્યારે હે મેઘ ! કોઈ એક વાર પ્રાવૃષ, વર્ષા, શરદ, હેમંત અને વસંત ક્રમશઃ એ પાંચે ઋતુઓ વ્યતીત થઈ અને ગ્રીષ્મ ઋતુનો સમય આવ્યો, ત્યારે જ્યેષ્ઠ માસમાં વૃક્ષોના પરસ્પર ઘર્ષણથી ઉત્પન્ન થયેલ અને સૂકાં ઘાસ, પાંદડાં તથા કચરાથી અને વાયુના વેગથી પ્રદીપ્ત થયેલ અગ્નિમાંથી દાવાનળ પેદા થયો, તે અગ્નિની જ્વાળાઓથી વનનો મધ્ય ભાગ સળગી ઊઠ્યો, એનાથી દિશાઓ ધુમાડાથી ભરાઈ ગઈ અને પ્રચંડ વાયુના વેગથી અગ્નિની જ્વાળાઓ ચારે દિશામાં ફેલાવા લાગી. પોલાં વૃક્ષો અંદર ને અંદર જ સળગવા લાગ્યાં, વન પ્રદેશોના નદીનાળાનાં પાણી પ્રાણીઓના મૃત કલેવરોના લીધે સડવા લાગ્યાં, ખરાબ બની ગયાં, કીચડવાળાં થઈ ગયાં, કિનારાનાં પાણી સુકાઈ ગયાં, ભૃંગારક પક્ષીઓ દીનતાપૂર્વક આક્રંદ કરવા લાગ્યાં, ઉત્તમ વૃક્ષો પર બેઠેલા કાગડાઓ અત્યંત કઠોર અને અનિષ્ટ રવ કરવા લાગ્યા, વૃક્ષોનાં થડો અગ્નિકણોનાં કારણે પરવાળા જેવાં રાતાંચોળ બની ગયાં, તરસથી પીડાયેલાં પક્ષીઓના સમૂહો પાંખો ફેલાવી, જીભ અને તાળવાં પહોળાં કરી, મોં ફાડી શ્વાસ લેવા લાગ્યાં, ગ્રીષ્મકાળની ઉષ્ણતા, સૂર્યનો તાપ, અત્યંત કઠોર પ્રચંડ વાયુ અને સૂકાં પાંદડાં, ઘાસ અને કચરાની આંધીના કારણે ભાગંભાગ કરતા ભયભીત સિંહ આદિ શ્વાપદોના કારણે શ્રેષ્ઠ પર્વત આકુળવ્યાકુળ બની ગયો હોય એવો જણાતો હતો, જાણે કે તે પર્વતો પર મૃગતૃષ્ણારૂપી પટ્ટબંધ–પટ્ટો બાંધ્યો હોય, ત્રાસિત મૃગો, પશુઓ અને સરીસૃપો અહીં તહીં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તડફડવા લાગ્યાં. આવા ભયાનક અવસરે તે સુમેરુપ્રભ નામે હાથીનું મોં ફાટી ગયું, જીભ બહાર નીકળી ગઈ, મોટા મોટા બન્ને કાન ભયથી સ્તબ્ધ બન્યા, વ્યાકુળતાને કારણે સૂંઢ સંકુચિત બની ગઈ, પૂંછડી ઊંચી થઈ ગઈ, ગર્વથી વિરસ રુદનશબ્દથી આકાશ તળને જાણે ફોડતો, પગના આઘાતથી પૃથ્વીતળને કંપિત કરતો, ચિત્કાર કરતો, ચારે તરફ વેલીઓના સમૂહને ખૂંદતો, હજારો વૃક્ષોને ઉખાડતો, રાજ્યભ્રષ્ટ રાજાની જેમ, પવનથી આમતેમ ડોલતા વહાણની જેમ, ચક્રવાત (વંટોળિયા)ની જેમ પરિભ્રમણ કરતો, વારંવાર લાદ કરતો, અનેક હાથીઓ યાવત્ કલભિકાઓ સાથે દિશાઓ અને વિદિશાઓમાં આમતેમ દોડ-ભાગ કરવા લાગ્યો.

હે મેઘ ! તું ત્યાં જીર્ણ, જરાથી જર્જરિત દેહવાળો, વ્યાકુળ, ભૂખ્યો, તરસ્યો, દુર્બળ, થાકેલો, બહેરો અને દિગ્મૂઢ થઈને પોતાના સમૂહથી છૂટો પડી ગયો, વનના દાવાનળની જ્વાળાઓથી પરાભૂત થયેલો, ગરમી, ભૂખ અને તરસથી પીડિત થઈને ભયભીત બનેલો, ત્રસ્ત થયેલો, ઉદ્વિગ્ન થયેલો, તું પૂરોપૂરો ભયવ્યાકુળ બની ગયો, ચારે બાજુ આમતેમ દોડવા લાગ્યો, દોડતાં દોડતાં એક ઓછા પાણી અને અધિક કીચડવાળું તળાવ તેં જોયું, જેમાં પાણી પીવા તું ઘાટ ન હોવા છતાં ઊતરી પડ્યો.

હે મેઘ ! ત્યાં તું કિનારાથી ખૂબ ઊંડે સુધી ચાલ્યો ગયો પરંતુ પાણી સુધી ન પહોંચી શક્યો અને વચમાં જ કીચડમાં ફસાઈ ગયો.

હે મેઘ ! ત્યાં તેં 'પાણી પીઉં' એમ વિચારી તારી સૂંઢ ફેલાવી, પણ તારી સૂંઢમાં પાણી ન આવ્યું. ત્યારે હે મેઘ ! તેં ફરી 'શરીર બહાર કાઢી લઉં' એમ વિચારી જોર કર્યું તો વધુ ઊંડા કળણમાં તું ખૂંચી ગયો.

ત્યાર પછી હે મેઘ ! કોઈ એક વાર તેં કોઈ નવયુવાન હાથીને પોતાની સૂંઢ, પગ અને દાંતરૂપી મૂશળો વડે પ્રહાર કરીને માર્યો હતો અને પોતાના યૂથમાંથી ઘણા સમય પહેલાં બહાર હાંકી કાઢ્યો હતો, તે યુવાન હાથી પાણી પીવા તે જ મહાદ્રહમાં તે જ વખતે આવ્યો અને એણે તને જોયો, જોઈને પૂર્વના વેરનું તેને સ્મરણ થયું, સ્મરણ થતાં ક્રોધાભિભૂત થઈને યાવત્ દાંત કચકચાવીને તે જ્યાં તું હતો ત્યાં આવ્યો, આવીને પોતાના તીક્ષ્ણ દાંતરૂપી મૂશળોથી ત્રણ વાર તારી પીઠને તેણે વીંધી નાંખી, વીંધીને પૂર્વવેરનો બદલો લીધો, બદલો લઈને હૃષ્ટ તુષ્ટ થઈ તેણે પાણી પીધું, પાણી પીને જે દિશામાંથી તે આવ્યો હતો ત્યાં પાછો ચાલ્યો ગયો.

ત્યાર બાદ હે મેઘ ! તારા શરીરમાં દાહભરી યાવત્ અસહ્ય વેદના ઉત્પન્ન થઈ. તે વેદનાના કારણે પિત્તજ્વરથી તારું શરીર વ્યાપ્ત થયું અને તેમાં અત્યંત દાહ પેદા થયો.

ભગવાન દ્વારા મેરુપ્રભ-ભવનિરૂપણ—

૩૫૬. તત્પશ્ચાત્ હે મેઘ ! તું તે કાળઝાળ યાવત્ અસહ્ય વેદના સાત દિવસ-રાત સુધી ભોગવી, એકસો વીશ વર્ષનું આયુષ્ય ભોગવી, દુર્ધ્યર્ષ આર્તધ્યાન કરતાં કરતાં અને દુઃખથી પીડિત અવસ્થામાં, મૃત્યકાળે મૃત્યુ પામી આ જ જંબૂદ્વીપના ભારત વર્ષના દક્ષિણાર્ધ ભારતમાં ગંગા નામક મહાનદીના દક્ષિણ તટે વિંધ્યગિરિની તળેટીમાં, એક મદોન્મત્ત શ્રેષ્ઠ ગંધહસ્તી દ્વારા શ્રેષ્ઠ હસ્તિનીની કૂખે હાથીના ગર્ભ રૂપે ઉત્પન્ન થયો.

ત્યાર પછી તે હાથણીએ નવ મહિના પૂરા થતાં વસંત માસમાં તને જન્મ આપ્યો.

ત્યાર પછી હે મેઘ ! તું ગર્ભાવાસમાંથી મુક્ત થઈ ગજકલભ (બાળ હાથી) બની ગયો—લાલ કમળ જેવો લાલ અને સુકોમળ, જાસુદ અને રક્ત પારિજાત જેવો, લાખના રસ, સરસ કુમકુમ અને સંધ્યાકાલીન વાદળોના રંગ જેવો તું રક્તવર્ણ થયો, યૂથપતિને તું પ્રિય બન્યો, ગણિકાઓ જેવી યુવાન હાથણીઓના ઉદરપ્રદેશમાં પોતાની સૂંઢ ભરાવતો તું ક્રીડામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્પર રહેવા લાગ્યો અને એ રીતે સેંકડો હાથણીઓથી વીંટળાઈને પર્વતના રમણીય કાનનોમાં સુખપૂર્વક વિચરણ કરવા લાગ્યો.

ત્યાર પછી હે મેઘ ! તું બાલ્યાવસ્થા વીતાવીને યુવાવસ્થામાં આવ્યો, અને તારા યૂથનો અધિપતિ કાળધર્મ પામ્યો ત્યારે તું પોતે જ યૂથનું વહન કરવા લાગ્યો અર્થાત્ યૂથપતિ બની ગયો.

ત્યારે હે મેઘ ! તું સાત હાથ ઊંચો યાવત્ શ્વેત, નિર્મળ, સ્નિગ્ધ અને નિરુપહત વીશ નખો અને ચાર દાંતવાળો તું મેરુપ્રભ નામે હસ્તિરત્ન હતો. હે મેઘ ! ત્યારે તુ સાત અંગો દ્વારા ભૂમિને સ્પર્શ કરનારો યાવત્ સુંદર રૂપવાળો હતો.

હે મેઘ ! ત્યારે તું સાતસો હાથીઓના યૂથનું આધિપત્ય યાવત્ કરતો, પાલન કરતો અભિચરણ કરવા લાગ્યો.

૩૫૭. ત્યાર બાદ કોઈ એક વખત ગ્રીષ્મકાળના અવસરે જ્યેષ્ઠ માસમાં વૃક્ષોના પરસ્પર અથડાવાથી ઉત્પન્ન થયેલ અને સૂકાં પાંદડાં, ઘાસ અને કચરા તથા વાયુના સંયોગથી પ્રજ્વળી ઊઠેલ મહા ભયંકર અગ્નિનો દાવાનળ પેદા થયો, તેની જ્વાળાઓથી વનનો મધ્યભાગ સળગી ઊઠ્યો, દિશાઓ ધુમાડાથી ભરાઈ ગઈ, યાવત્—આંધીની જેમ આમતેમ ભ્રમણ કરતા, ભયભીત યાવત્ અત્યંત ભય ઉત્પન્ન થવાથી અનેક હાથીઓથી ઘેરાઈને યાવત્ વીંટળાઈને દિશાઓ અને વિદિશાઓમાં દોડવા લાગ્યો.

હે મેઘ ! ત્યારે તે વન-દાવાનળને જોઈને તને આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ સંકલ્પ પેદા થયો—"લાગે છે કે આવા પ્રકારના અગ્નિની ઉત્પત્તિ મેં પહેલાં પણ કયારેક અનુભવી છે."

ત્યાર પછી હે મેઘ ! વિશુદ્ધ લેશ્યાઓ, શુભ અધ્યવસાયો, શુભ ભાવપરિણામો અને તદાવરણીય કર્મોના ક્ષયોપશમ થવાના કારણે ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરતાં તને સંજ્ઞી જીવોને પ્રાપ્ત થનું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

ત્યાર પછી હે મેઘ ! તેં એ વાત સમ્યક્ પણે જાણી કે—"ખરેખર હું ભૂતકાળમાં બીજા પૂર્વ ભવમાં આ જ જંબૂદ્વીપના ભારતવર્ષમાં વૈતાઢ્યગિરિની તળેટીમાં યાવત્ સુમેરુપ્રભ નામે હસ્તિરાજ હતો. તે સમયે મેં આવા પ્રકારના અગ્નિસંભ્રમનો—અગ્નિભયનો અનુભવ કરેલ છે."

ત્યાર પછી હે મેઘ ! તું તે દિવસે અંતિમ પ્રહર સુધી પોતાના યૂથ સાથે રહીને વિચરણ કરતો રહ્યો.

હે મેઘ ! ત્યાર બાદ સાત હાથ ઊંચો યાવત્ જાતિસ્મરણજ્ઞાન યુક્ત મેરુપ્રભ નામે ચતુર્દંત હાથી બન્યો.

મેરુપ્રભ દ્વારા મંડળ-નિર્માણ—

૩૫૮. ત્યાર પછી હે મેઘ ! તારા મનમાં આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ સંકલ્પ થયો—"મારા માટે એ શ્રેયસ્કર છે કે આ વખતે હું ગંગા મહાનદીના દક્ષિણ તટ પર વિંધ્યપર્વતની તળેટીમાં દાવાગ્નિથી બચવા માટે મારા જૂથ સાથે મળી એક મોટું મંડળ બનાવું."—" આમ વિચારી તું સુખપૂર્વક વિચરવા લાગ્યો.

ત્યાર પછી હે મેઘ ! કોઈ વાર પ્રથમ વર્ષાકાળે ખૂબ વર્ષા થયા પછી ગંગામહાનદી નજીક અનેક હાથીઓ યાવત્ કલભિકાઓ આદિ સાતસો હાથીઓ સાથે મળીને એક મોજનના ઘેરાવાવાળું, અત્યંત વિશાળ મંડળ બનાવ્યું—તે મંડળમાં જે કંઈ પણ ઘાસ, પાંદડાં, કાષ્ઠ, કાંટા, વેલી, વેલા, ઠૂંઠાં, વૃક્ષ કે છોડ આદિ હતા તે બધાને ત્રણ વાર હલાવી હલાવીને પાયામાંથી ઉખાડ્યા, સૂંઢથી પકડ્યા અને દૂર લઈ જઈને ફેંકી દીધાં.

ત્યાર પછી હે મેઘ ! તું તે મંડળની નજીકના ગંગા મહાનદીના કિનારે કિનારે વિંધ્યાચળની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તળેટીના પ્રદેશમાં પર્વતો–યાવત્ પૂર્વોક્ત સ્થાનોમાં સુખપૂર્વક વિચરવા લાગ્યો.

ત્યાર પછી હું હે મેઘ! કોઈ બીજા સમયે વર્ષા ઋતુના મધ્યભાગે ખૂબ વર્ષા થઈ ત્યારે જ્યાં તે મંડળ હતું ત્યાં આવ્યો, આવીને બીજી વાર તે મંડળને સારી રીતે સાફ કર્યું. એ રીતે વર્ષા ઋતુના અંતિમ ભાગે ઘોર વૃષ્ટિ થઈ ત્યારે ફરી તે મંડળના સ્થાને તું આવ્યો અને આવીને ત્રીજીવાર પણ તે મંડળને સારી રીતે સાફ કર્યું યાવત્ સુખપૂર્વક વિચરવા લાગ્યો.

દવાગ્નિ-ભીત પ્રાણીઓ અને મેરુપ્રભનો મંડળ-પ્રવેશ—

૩૫૯. તે પછી હે મેઘ! જ્યારે તું તે ગજેન્દ્રપર્યાયમાં (હાથીના જીવનમાં) હતો, અનુક્રમે ત્યારે જ કમલિનીઓના વનનો વિનાશ કરનાર, કુંદ અને લોધ્ર પુષ્પોની સમૃદ્ધિથી સંપન્ન તથા અત્યંત હિમવાળી હેમંતઋતુ વીતી ગઈ અને અભિનવ ગ્રીષ્મકાળ આવી પહોંચ્યો ત્યારે વનમાં ક્રીડા કરતી વેળાએ વનની હાથણીઓ તારા પર વિવિધ પ્રકારનાં કમળો અને પુષ્પોનો પ્રહાર કરતી હતી, તું તે ઋતુમાં ઊગેલા પુષ્પોમાંથી બનાવેલા ચામર આકારના કર્ણપૂરો (કાનનાં લટકણિયાં)થી શોભિત બની મનહર દેખાતો હતો, મદથી વિકસિત ગંડસ્થળોને ભીંજાવનારા ઝરતા સુગંધિત મદજળથી તું સુગંધમય બની ગયો હતો, હાથણીઓથી ઘેરાયેલો અને સમસ્ત ઋતુને શોભાવતો હતો. તે ગ્રીષ્મ કાળમાં સૂર્યનાં પ્રખર કિરણોથી તરુવરોનાં શિખરો સુકાઈને ભીષણ દેખાઈ રહ્યાં હતાં, ભૃંગારક પક્ષીઓ ભયાનક અવાજ કરી રહ્યાં હતાં, પાંદડાં, કાષ્ઠ, ઘાસ અને કચરાને ઉડાડનાર પ્રતિકૂળ પવનથી સમગ્ર ભૂમંડળ વ્યાપ્ત બની ગયું હતું અને આંધીથી નભસ્થળ ભરાઈ ગયું હતું, તરસના કારણે ઉત્પન્ન થયેલ વેદના આદિ દોષોથી દૂષિત અને આમતેમ ભટકતાં હિંસક પશુઓથી સમગ્ર પ્રદેશ ભયાનક લાગતો હતો, એવો ભયાનક ગ્રીષ્મકાળ દાવાનળ ઉત્પન્ન થવાથી વધુ દારુણ બની ગયો. તે દાવાનળ વાયુના લીધે વધુ ફેલાયો અને વિકસિત થયો, એમાં ભયંકર અવાજો થઈ રહ્યા, વૃક્ષોમાંથી ઝરતા રસથી સિંચિત થવાથી તે દાવાનળ અધિક વૃદ્ધિંગત થયો, ભભૂકવા લાગ્યો. તે અત્યંત ઝળહળતો, ચિનગારીઓથી યુક્ત ધૂમ્રપંક્તિઓથી વ્યાપ્ત હતો, તે સેંકડો શ્વાપદોના પ્રાણોનો અંત કરનાર હતો. આવા પ્રકારના તીવ્ર દાવાનળના કારણે તે ગ્રીષ્મઋતુ અતિ ભયંકર લાગતી હતી. ત્યારે હે મેઘ! તું તે દાવાનળની જ્વાળાઓથી ઘેરાઈ ગયો, જ્યાં હતો ત્યાં અટકી ગયો, ધુમાડાથી પેદા થયેલા અંધકારના કારણે ભયભીત બની ગયો, અગ્નિના તાપને જોઈને જ તારા બન્ને કાન મોટા તુંબડાની જેમ સ્તબ્ધ બની ગયા, તારી મોટી અને લાંબી સૂંઢ સંકોચાઈ ગઈ, તારાં ચમકતાં નેત્રો ભયના કારણે આમતેમ ચકળવકળ થવા લાગ્યાં, પ્રચંડ પવનથી ફૂંગોળાતો મોટા શરીરવાળો તું મહામેઘ જેવો દેખાતો હતો, પૂર્વજન્મના દાવાનળના ભયથી ભીત હૃદયવાળા તેં આ દાવાનળથી પોતાની રક્ષા કરવા માટે જે દિશામાં તૃણ, વૃક્ષો આદિ દૂર કરીને સાફ જગ્યા કરી હતી, જ્યાં તેં મંડળ બનાવ્યું હતું ત્યાં જ જવાનો નિર્ણય કર્યો.—આ એક ગમ છે [અર્થાત્ અમુક આચાર્યો આવો પાઠ આપે છે, જ્યારે બીજા કેટલાક નીચે પ્રમાણે જુદો પાઠ આપે છે.]

'ત્યાર પછી હે મેઘ! કોઈ એક વખત ક્રમે પાંચ ઋતુઓ વીતી ગઈ પછી ગ્રીષ્મ કાળના અવસરે જ્યેષ્ઠ માસમાં વૃક્ષોના પરસ્પર અથડાવાથી ઉત્પન્ન થયેલ દાવાનળ યાવત્ અગ્નિ ફેલાયો અને મૃગ, પશુ, પક્ષી તથા સરીસૃપ આદિ દિશા–વિદિશાઓમાં ભાગવા લાગ્યાં, ત્યારે તુ અનેક હાથીઓ યાવત્ કલભિકાઓ સાથે જ્યાં તે મંડળ હતું ત્યાં જવા દોડ્યો.

તે મંડળમાં બીજા પણ અનેક સિંહ, વાઘ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વરુ, દીપડા, રીંછ, તરક્ષ, પરાશર, શિયાળ, બીલાડા, શ્વાન, શૂકર, સસ, ચિત્રા અને ચીત્તા આદિ પશુઓ અગ્નિના ભયથી પરાભૂત થઈને પહેલાં જ આવી ભરાયાં હતાં અને એક સાથે બિલધર્મ અનુસાર—અર્થાત્ જેમ એક દરમાં સેંકડો કીડી-મકોડા સંપપૂર્વક રહે છે તેમ—રહ્યા હતા.

ત્યાર પછી હે મેઘ! જ્યાં તે મંડળ હતું ત્યાં તું આવ્યો, આવીને તે અનેક સિંહ યાવત્ ચિલ્લલ આદિની સાથે મળીને બિલધર્મને અનુસરી ઊભો રહ્યો.

મેરુપ્રભનો પાદોત્ક્ષેપ—

૩૬૦. ત્યાર પછી હે મેઘ! 'પગથી શરીરને ખજવાળું' એમ વિચારી તેં એક પગ ઊંચો કર્યો, તે વખતે ખાલી પડેલી જગ્યામાં બીજા બળવાન પ્રાણીઓ દ્વારા ભગાડાયેલ, ધક્કે ચડાવેલ એક સસલું પેસી ગયું.

ત્યાર બાદ હે મેઘ! 'શરીરને ખજવાળીને ફરી પગ નીચે મૂકું' એમ તેં વિચાર્યું તો તે સસલાને પેસી ગયેલું જોયું, જોઈને જીવાનુકંપા—યાવત્ ભૂતાનુકંપાથી પ્રેરાઈને તે પગ તેં અધ્ધર જ રાખ્યો, નીચે ન મૂક્યો.

૩૬૧. હે મેઘ! ત્યારે તે જીવાનુકંપા—યાવત્—ભૂતાનુકંપાને લીધે તેં સંસાર ઓછો કર્યો અને મનુષ્ય—આયુષ્યનો બંધ કર્યો.

ત્યાર પછી તે દાવાનળ અઢી દિવસ-રાત સુધી તે વનને સળગાવતો રહ્યો, સળગાવીને પછી પૂરો થઈ ગયો, શાંત થઈ ગયો, બુઝાઈ ગયો.

ત્યાર પછી તે અનેક સિંહો—યાવત્—ચિલ્લલ આદિ પ્રાણીઓએ તે દાવાનળને પૂરો થયેલો, શાંત થયેલો, ઉપશાંત થયેલો, બુઝાઈ ગયેલો જોયો, જોઈને તેઓ અગ્નિના ભયથી મુક્ત બન્યા પણ ભૂખ અને તરસથી પીડાયેલા તેઓ તરત તે મંડળમાંથી બહાર નીકળ્યા, નીકળીને ચારે તરફ ફેલાઈ ગયા.

ત્યારે તે અનેક હાથી યાવત્ કલભિકાઓ આદિએ તે વનદવને સમાપ્ત, શાંત, ઉપશાંત અને બુઝાયેલો જોયો, જોઈને અગ્નિભયથી મુક્ત બન્યા અને ભૂખ-તરસથી વ્યાકુળ થયેલા તેઓ તરત તે મંડળમાંથી બહાર નીકળીને ચારે દિશામાં ફેલાઈ ગયા.

હે મેઘ! તે સમયે તું વૃદ્ધ, જરાજર્જરિત શરીરવાળો, શિથિલ અને લબડી ગયેલ ચામડીવાળો, દુર્બળ, થાકેલો, ભૂખ્યો, તરસ્યો, શારીરિક શક્તિરહિત, નિર્બળ, સામર્થ્યહીન, ચાલવા-ફરવાની શક્તિ વગરનો અને ઠૂંઠાની જેમ અક્કડ જેવો થઈ ગયો હતો. 'હું વેગથી ચાલું" એમ વિચારી ચાલવા માટે જેવો તેં પગ લાંબો કર્યો કે તરત જ વીજળીના કડાકાથી તૂટી પડેલ રજતગિરિના શિખરની જેમ તું સર્વાંગ ધરતી પણ ઢળી પડ્યો.

ત્યાર પછી હે મેઘ! તારા શરીરમાં વેદના ઉત્પન્ન થઈ જે દાહક યાવત્ અસહ્ય હતી. પિત્તજ્વર પ્રસરી જતાં તારા શરીરમાં દાહજ્વર પણ પેદા થયો.

મેઘભવ અને તેમાં તિતિક્ષાનો ઉપદેશ—

૩૬૨. હે મેઘ! ત્યાર પછી તું તે ઉત્કટ—યાવત્—અસહ્ય વેદના ત્રણ રાતદિન સહન કરતો રહ્યો અને અંતે એકસો વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને મૃત્યુ પામી, આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં રાજગૃહ નગરમાં શ્રેણિકરાજાની ધારિણી રાણીની કુક્ષિમાં કુમારરૂપે અવતર્યો.

ત્યાર પછી હે મેઘ! તું અનુક્રમે ગર્ભાવસ્થામાંથી નીકળી, બાલ્યાવસ્થા વટાવી, યુવાવસ્થામાં આવ્યો અને મારી પાસે મુંડિત બની, ગૃહત્યાગ કરી આનગારિક પ્રવ્રજ્યા લઈ મુનિ બન્યો.

તો હે મેઘ! જ્યારે તું તિર્યંચ યોનિરૂપ પર્યાયમાં હતો અને જ્યારે તને સમ્યક્ત્વ-રત્નનો લાભ પણ પ્રાપ્ત નહીં થયેલો તે સમયે પણ જીવાનુકંપા યાવત્ ભૂતાનુકંપાથી પ્રેરિત થઈને પગ અધ્ધર જ રાખ્યો, નીચો ન કર્યો. તો પછી હે મેઘ! આ જન્મમાં તો તું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશાળ કુળમાં જન્મ્યો છે, તને ઉપઘાત વિનાનું શરીર મળ્યું છે, પૂર્ણ પાંચે ઇન્દ્રિયો મળી છે જેનું તેં દમન કર્યું છે અને ઉત્થાન, બળ, વીર્ય, પુરુષકાર અને પરાક્રમથી યુક્ત તું મારી પાસે મુંડિત બની, ગૃહસ્થમાંથી અનગાર-મુનિ બન્યો છે, ત્યારે શ્રમણ નિર્ગ્રંથો દ્વારા રાત્રિના પહેલા અને છેલ્લા પ્રહરમાં વાચના-ધર્માનુયોગ ચિંતનને માટે કે ઉચ્ચાર-પ્રસ્રવણને માટે જતાં-આવતાં તને એમના હાથનો સ્પર્શ થયો-યાવત્-ધૂળરજથી તારું શરીર ભરાઈ ગયું એ તું સારી રીતે સહન ન કરી શક્યો, ક્ષોભ વિના સહન ન કરી શક્યો, તિતિક્ષાભાવ ન રાખી શક્યો અને શરીરને નિશ્ચળ રાખીને એટલું સહન ન કરી શક્યો?'

મેઘને જાતિસ્મરણજ્ઞાન થયું—

૩૬૩. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આ વાત સાંભળી, અવધારી, શુભ પરિણામો-યાવત્-પ્રશસ્ત અધ્યવસાયો, વિશુદ્ધ થતી લેશ્યાઓ અને તદાવરણીય કર્મોનાં ક્ષયોપશમના કારણે ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરતા કરતા તે મેઘ શ્રમણને સંજ્ઞી જીવોને પ્રાપ્ત થતું જાતિસ્મરણ જ્ઞાન થયું, જેથી તેણે પોતાનું વૃત્તાન્ત સારી રીતે જાણી લીધું.

મેઘની પુનઃ પ્રવ્રજ્યા—

૩૬૪. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે પૂર્વ જન્મનું સ્મરણ કરાવતાં તે મેઘકુમારનો સંવેગ બમણો થઈ ગયો, તેનું મુખ આનંદાશ્રુઓથી ભરાઈ ગયું, તેનું હૃદય હર્ષથી વિકસિત થઈ ગયું, મેઘરાજાથી સિંચિત કદંબપુષ્પની જેમ તેનાં રોમેરોમ ખીલી ઊઠ્યાં, તેણે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભદંત! બે નયનોને છોડીને આજથી મારું બાકીનું સમસ્ત શરીર શ્રમણ નિર્ગ્રંથોને માટે સમર્પિત છે.'—આમ કહી મેઘકુમારે ફરી શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! મારી ઇચ્છા છે કે આપ પોતે જ ફરી બીજી વાર પ્રવ્રજ્યા આપો-યાવત્-પોતે જ આચાર, ગોચર, સંયમયાત્રા અને માત્રા-પ્રમાણયુક્ત આહાર વિધિ આદિ રૂપી શ્રમણ ધર્મનો ઉપદેશ આપો.'

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે મેઘકુમારને પોતે જ પ્રવ્રજ્યા આપી યાવત્ યાત્રા-માત્રારૂપ ધર્મનો ઉપદેશ આપ્યો કે—'હે દેવાનુપ્રિય! આ રીતે ચાલવું જોઈએ, આવી રીતે નિર્દોષ આહાર લેવો જોઈએ, આવી રીતે બોલવું જોઈએ, આવી રીતે સાવધાનીપૂર્વક યાવત્ જીવોના રક્ષણપૂર્વક સંયમની પ્રવૃત્તિ કરવી જોઈએ.'

ત્યાર પછી તે મેઘ અનગારે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આ ધાર્મિક ઉપદેશ સમ્યક્ રીતે સ્વીકાર્યો, સ્વીકારીને તે પ્રમાણે પ્રવૃત્તિ યાવત્ સંયમની આરાધના કરવા લાગ્યા.

મેઘની નિર્ગ્રંથચર્યા—

૩૬૫. ત્યાર પછી તે મેઘ અનગાર બન્યા-યાવત્-ઈર્યાસમિતિથી યુક્ત-યાવત્-એ જ પ્રમાણે નિર્ગ્રંથ પ્રવચનને સામે રાખીને વિચરવા લાગ્યા.

ત્યાર બાદ તે મેઘ મુનિએ શ્રમણ ભગવાન મહાવીરના તથારૂપ અર્થાત્ ગીતાર્થ સ્થવિરો પાસે સામાયિકથી શરૂ કરીને અગિયાર અંગોનું અધ્યયન કર્યું, અધ્યયન કરી અનેકવિધ છટ્ઠ, અટ્ઠમ, દશમ, દ્વાદશભક્ત તથા માસ, અર્ધ-માસ ક્ષમણ આદિ તપસ્યાઓથી પોતાના આત્માને ભાવિત કરતા તે વિચરવા લાગ્યા.

મહાવીરનો રાજગૃહથી બાહ્ય જનપદોમાં વિહાર—

૩૬૬. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યમાંથી નીકળ્યા, નીકળીને બહારના જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેઘની ભિક્ષુપ્રતિમા—

૩૬૭. ત્યાર પછી તે મેઘ અનગારે કોઈ એક વાર શ્રમણ ભગવાન મહાવીર પાસે આવી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! આપની આજ્ઞા લઈને હું એક માસની મર્યાદાવાળી ભિક્ષુપ્રતિમા અંગીકાર કરી વિચરવા ઇચ્છું છું.'

'દેવાનુપ્રિય! તને જેમ સુખ થાય તેમ કર, વિલંબ કરીશ નહીં'-[ભિગવાને ઉત્તર આપ્યો.]

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર દ્વારા આજ્ઞા મળતાં જ મેઘ અનગાર એક માસની ભિક્ષુપ્રતિમા અંગીકાર કરીને વિચરવા લાગ્યા.

યથાસૂત્ર, યથાકલ્પ અને યથામાર્ગ માસિક ભિક્ષુપ્રતિમા સમ્યક્ પ્રકારે કાયાથી ગ્રહણ કરી યાવત્ આરાધના કરી, આ રીતે કાયાથી સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી યાવત્ આરાધના કરી ફરી શ્રમણ ભગવાન મહાવીર પાસે આવી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી તેમણે આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! આપની આજ્ઞા લઈને હવે હું બીજી દ્વિમાસિક ભિક્ષુપ્રતિમા અંગીકાર કરવા ચાહું છું.'

[ભગવાને કહ્યું-] 'હે દેવાનુપ્રિય! જેમ સુખ ઊપજે તેમ કર, વિલંબ કરીશ નહીં.'

જેવી રીતે પહેલી પ્રતિમામાં આલાપક કહેવાયો છે, તે જ રીતે બીજી બે માસની, ત્રીજી ત્રણ માસની, ચોથી ચાર માસની, પાંચમી પાંચ માસની, છઠ્ઠી છ માસની, સાતમી સાત માસની, ફરી પહેલી અર્થાત્ આઠમી સાત અહોરાત્રિની, બીજી અર્થાત્ નવમી સાત અહોરાત્રિની, ત્રીજી અર્થાત્ દશમી સાત અહોરાત્રિની અને અગિયારમી તથા બારમી એક એક અહોરાત્રિની પ્રતિમા કહેવાય છે.

મેઘનું ગુણરત્નસંવત્સર તપ—

૩૬૮. ત્યાર પછી તે મેઘ અનગારે બારે ભિક્ષુપ્રતિમા કાયા દ્વારા સમ્યક્ રીતે અંગીકાર કરીને યાવત્ આરાધના કરીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—'હે ભગવંત! આપની આજ્ઞા લઈને હવે હું ગુણરત્ન સંવત્સર તપ અંગીકાર કરીને વિચરણ કરવા ઇચ્છું છું.'

(ભગવાને કહ્યું-) 'હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કર, તેમાં વિલંબ કરીશ નહીં.'

ત્યાર પછી તે મેઘ અનગારે ગુણરત્ન સંવત્સર નામે તપકર્મ યથાસૂત્ર, યથાકલ્પ અને યથામાર્ગ સમ્યક્ રીતે કાયા દ્વારા અંગીકાર કર્યું યાવત્ આરાધના કરી, આ રીતે સૂત્ર, કલ્પ અને માર્ગ અનુસાર સમ્યક્ રીતે કાયા દ્વારા ગ્રહણ કરી યાવત્ આરાધના કરીને પછી શ્રમણ ભગવાન મહાવીર પાસે આવી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી અનેકવિધ ષષ્ઠ ભક્ત, અષ્ટમ ભક્ત, દશમ ભક્ત, દ્વાદશ ભક્ત તથા અર્ધમાસ અને માસક્ષમણ આદિ તપસ્યાઓથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

મેઘની શરીરદશા—

૩૬૯. ત્યાર પછી તે મેઘ અનગાર આવા ઉદાર, વિપુલ, સશ્રીક, શોભાસંપન્ન, પ્રદત્ત, પ્રગ્રહીત અર્થાત્ માનપૂર્વક ગ્રહણ કરેલ, કલ્યાણકારી, શિવ, ધન્ય, મંગળ, ઉદગ્ર, તીવ્ર, વિશાળ, ઉત્તમ, મહાન પ્રભાવક તપઃકર્મની આરાધનાથી શુષ્ક, રુક્ષ, માંસરહિત, લોહીરહિત, હાડકાના માળા જેવા, હાડકા પર ચામડી ચોંટી હોય તેવા શરીરવાળા, કૃશ અને ઊપસેલી નસોવાળા શરીરવાળા બની ગયા. વળી તેઓ એટલા કમજોર બની ગયા કે પોતાની આત્મશક્તિ (ઇચ્છાશક્તિ)થી જ ઊઠી શકતા કે ચાલી શકતા હતા, બોલતાં બોલતાં થાકી જતા હતા, બોલીને થાકી જતા હતા, બોલીશ એવું વિચારતાં જ થાકી જતા હતા. જેમ તડકામાં નાખીને સુકાવેલા કોલસાની ગાડી ભરી હોય, લાકડાની ગાડી ભરી હોય, પાંદડાંની ગાડી ભરી હોય, તલની શીંગોની ગાડી ભરી હોય અથવા એરંડાના ડાળાની ગાડી ભરી હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તે ગાડી જેમ ખડખડાટ અવાજ કરતી ચાલે ને અવાજ કરતી ઊભી રહે તેમ મેઘ અનગાર પણ ચાલતા ત્યારે તેમનાં હાડકાં ખખડતાં અને ઊભાં થતાં તોપણ તેમનાં હાડકાં અવાજ કરતાં. તપમાં તો તેઓ ઉપચિત અર્થાત્ વૃદ્ધિ પામેલા–પુષ્ટ હતા, પરંતુ માંસ-રુધિરમાં અપચિત અર્થાત્ હ્રાસ પામેલા હતા. રાખના ઢગલાથી ઢાંકેલા અગ્નિની જેમ તપસ્યાના તેજથી તેઓ પ્રકાશિત હતા, તપતેજ–શ્રીથી તેઓ અતીવ અતીવ શોભી રહ્યા હતા.

વિપુલ પર્વત પર મેઘનું અનશન—

૩૭૦. તે કાળે તે સમયે ધર્મના આદિકર, તીર્થના સ્થાપક શ્રમણ ભગવાન મહાવીર યાવત્ અનુક્રમથી પરિભ્રમણ કરતા કરતા, એક ગામથી બીજે ગામ ફરતા, સુખપૂર્વક વિહાર કરતા કરતા, જ્યાં રાજગૃહ નગર હતું, જ્યાં ગુણશિલક ચૈત્ય હતું ત્યાં આવ્યા, આવીને યથાયોગ્ય અવગ્રહ ધારણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યારે તે મેઘ અનગારને પૂર્વ અને ઉત્તર રાત્રિના સંધિકાળમાં અર્થાત્ મધ્યરાત્રિએ ધર્મજાગૃતિમાં જાગરણ કરતાં આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ વિચાર આવ્યો—'આવા રીતે હું ઉદાર યાવત્ તપઃકર્મના કારણે શુષ્ક, રુક્ષ, માંસહીન, ખખડી ગયેલ હાડમાંસવાળો, કૃશ અને નસોના જાળા જેવો માત્ર બની ગયો છું, માત્ર આત્મશક્તિના બળે ચાલું છું યાવત્ 'બોલીશ' એમ વિચારતાં માત્ર થાકી જાઉં છું. તો હજી જ્યાં સુધી મારામાં ઊઠવાની શક્તિ છે, બળ, વીર્ય, પુરુષકાર, પરાક્રમ, શ્રદ્ધા, ધૃતિ અને સંવેગ છે–યાવત્–મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર જિનેશ્વર ગંધહસ્તી સમાન વિચરી રહ્યા છે ત્યાં સુધી કાલ રાત્રિ પ્રભાત બને અર્થાત્ કાલ પ્રભાતે યાવત્ જાજ્વલ્યમાન તેજ સાથે સહસ્રરશ્મિ દિનકર સૂર્યનો ઉદય થાય ત્યારે હું શ્રમણ ભગવાન મહાવીર પાસે જઈ વંદન નમસ્કાર કરી, શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા લઈ, સ્વયં પાંચ મહાવ્રતો પુનઃ અંગીકાર કરી, ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રંથો અને શ્રમણીઓ પાસે ક્ષમાયાચના કરી, તથારૂપ અર્થાત્ ગીતાર્થ સ્થવિરો કે જેમણે યોગવહન આદિ ક્રિયાઓ કરી છે તેમની સાથે ધીરે ધીરે વિપુલાચલ પર્વત પર આરોહણ કરી, સ્વયં સઘન મેઘ જેવા વર્ણના પૃથ્વી શિલાપટ્ટનું પ્રતિલેખન કરી, પ્રીતિપૂર્વક સંલેખનાનો સ્વીકાર કરીને, આહારપાણીનો ત્યાગ કરીને, પાદોપગમન અનશન ધારણ કરી, મૃત્યુની આકાંક્ષા કર્યા વિના વિચરણ કરું એ મારા માટે શ્રેયસ્કર છે.'–આવો વિચાર તેમણે કર્યો, વિચાર કરીને બીજા દિવસે પ્રભાત થતાં યાવત્ જાજ્વલ્યમાન પ્રકાશ સાથે સહસ્ર-રશ્મિ દિનકર સૂર્યનો ઉદય થતાં, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં તે આવ્યા, આવીને ત્રણ વાર શ્રમણ ભગવાન મહાવીરની આદક્ષિણા–પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમન કરી, ન અતિ નજીક કે ન અતિ દૂર એવા ઉચિત સ્થાને રહી પર્યુપાસના કરતાં કરતાં, નમસ્કાર કરતાં કરતાં, વિનયપૂર્વક અંજલિ રચીને બેઠા.

૩૭૧. 'હે મેઘ!' એમ મેઘ અનગારને સંબોધીને શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું–

'સાચે જ હે મેઘ! પૂર્વ અને ઉત્તર રાત્રિના સંધિકાળે મધ્યરાત્રિએ ધર્મજાગરિકામાં જાગરણ કરતાં તને આવો આ પ્રકારનો અધ્યવસાય યાવત્ વિચાર થયો–"આ પ્રમાણે હું ઉદાર તપ કરવાથી શુષ્ક" યાવત્ સંકલ્પ થયો અને જ્યાં હું હતો ત્યાં તું તરત જ આવ્યો. સાચે જ મેઘ! આ વાત સાચી છે?'

'હા ભગવંત! સાચી છે.' [–મેઘકુમાર અનગારે કહ્યું.]

'હે દેવાનુપ્રિય! યથાસુખ અર્થાત્ તને સુખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊપજે તે રીતે કર, તેમાં વિલંબ કરીશ નહીં.' [—ભગવાન મહાવીરે કહ્યું.]

૩૭૨. ત્યાર પછી તે મેઘ અનગાર શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા મળતાં જ હૃષ્ટ, તુષ્ટ અને આનંદિત ચિત્તવાળા યાવત્ હર્ષવશ વિકસિત હૃદયવાળા બન્યા અને ઊભા થયા, ઊભા થઈને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને પોતાની મેળે જ પાંચ મહાવ્રતોનું ઉચ્ચારણ કર્યું, ઉચ્ચારણ કરીને ગૌતમ આદિ શ્રમણ નિર્ગ્રંથો અને શ્રમણીઓની પાસે ક્ષમાયાચના કરી, ક્ષમાયાચના કરીને ચારિત્રસંપન્ન અને યોગવહન કરેલ હોય તેવા સ્થવિરોની સાથે ધીરે ધીરે વિપુલ પર્વત પર ચઢ્યા, ચઢીને પોતાની મેળે જ સઘન મેઘના વર્ણની પૃથ્વી શિલાપાટની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને ઉચ્ચાર-પ્રસ્રવણ (મળમૂત્ર ત્યાગની) ભૂમિકાની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને દર્ભનો સંથારો કર્યો, સંથારો કરીને તે પર બેઠા, બેસીને પૂર્વ દિશામાં મુખ રાખીને, પદ્માસન કરી, બે હાથ જોડી, મસ્તક પાસે અંજલિ રચી આ પ્રમાણે બોલ્યા—

'અરહંતોને નમસ્કાર યાવત્ સિદ્ધિગતિમાં ગયેલા સિદ્ધોને નમસ્કાર હો. શ્રમણોને યાવત્ સિદ્ધગતિની પ્રાપ્તિના આકાંક્ષી મારા ધર્માચાર્યને નમસ્કાર. ત્યાં રહેલા ભગવંતને અહીં રહેલો હું વંદું છું, ત્યાં રહેલા ભગવંત અહીં રહેલ મને જુઓ.' એમ કરીને વંદન કર્યા, નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું— 'પહેલાં પણ મેં શ્રમણ ભગવાન મહાવીર પાસે સમસ્ત પ્રાણાતિપાતનો ત્યાગ કરેલ છે—યાવત્—મિથ્યાદર્શન શલ્યનું પ્રત્યાખ્યાન કરેલ છે. અત્યારે પણ હું તેમની નિશ્રામાં સર્વ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું—યાવત્—મિથ્યાદર્શન શલ્યનું પ્રત્યાખ્યાન કરું છું તથા સર્વ પ્રકારના અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યરૂપ ચારે પ્રકારના આહારનું યાવજ્જીવન પ્રત્યાખ્યાન કરું છું અને આ શરીર જે ઇષ્ટ યાવત્—વિવિધ રોગો અને આતંકો, પરીષહો, ઉપસર્ગોથી ઘેરાયેલ રહે છે તેનો પણ હું અંતિમ શ્વાસોચ્છ્વાસ સુધી ત્યાગ કરું છું.' આમ કહી સંલેખનાપૂર્વક ધ્યાન કરીને, ભક્તપાનનો ત્યાગ કરીને, પાદોપગમન સમાધિપૂર્વક, મૃત્યુની કામના ન કરતા વિચરવા લાગ્યા.

ત્યારે તે સ્થવિર ભગવંતોએ ગ્લાનિરહિત બની ભાવપૂર્વક મેઘ અનગારની સેવા કરી.

મેઘનું સમાધિમરણ—

૩૭૩. ત્યાર પછી તે મેઘ અનગાર શ્રમણ ભગવાન મહાવીરના તથારૂપ સ્થવિરોના સાન્નિધ્યમાં સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કરીને લગભગ બાર વર્ષનો શ્રમણ-પર્યાય પાળીને, એક માસની સંલેખના દ્વારા આત્માનું ધ્યાન કરીને, સાઠ ભક્તોનો છેદ કરીને અર્થાત્ ત્રીસ દિવસના ઉપવાસ કરીને આલોચના અને પ્રતિક્રમણ કરીને, શલ્યોનો ઉચ્છેદ કરીને, અનુક્રમે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

સ્થવિરો દ્વારા મેઘના ઉપકરણોનું સમર્પણ —

૩૭૪. ત્યાર પછી સાથે ગયેલા સ્થવિર ભગવંતોએ મેઘ અનગારને કાળધર્મ પામેલા જોયા, જોઈને તેમના પરિનિર્વાણ-નિમિત્તે કાયોત્સર્ગ કર્યો, કાયોત્સર્ગ કરીને મેઘ અનગારના આચારોપયોગી ઉપકરણો ગ્રહણ કર્યા, ગ્રહણ કરીને વિપુલ પર્વત પરથી ધીરે ધીરે નીચે ઊતર્યા, ઊતરીને જ્યાં ગુણશીલ ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદના-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે બોલ્યા —

'આપ દેવાનુપ્રિયના અંતેવાસી મેઘ અનગાર, જે પ્રકૃતિથી ભદ્ર યાવત્ વિનીત હતા તે, આપ દેવાનુપ્રિયની આજ્ઞા પ્રાપ્ત કરીને, ગૌતમ આદિ નિર્ગ્રંથો અને નિર્ગ્રંથિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીઓની ક્ષમાયાચના કરીને, અમારી સાથે ધીરે ધીરે વિપુલ પર્વત પર ચઢ્યા, ચઢીને પોતે જ સઘન મેઘ સમાન વર્ણવાળી પૃથ્વી શિલારૂપી પાટની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરી ભક્તપાનનું પ્રત્યાખ્યાન કર્યું, પ્રત્યાખ્યાન કરી અનુક્રમે કાળધર્મ પામ્યા.

હે દેવાનુપ્રિય ! આ મેઘ અનગારના આચાર ઉપકરણો છે.'

ગૌતમની પૃચ્છા-ભગવાનનો ઉત્તર—

૩૭૫. 'ભંતે !' એમ શ્રમણ ભગવાન મહાવીરને સંબોધીને ભગવંત ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયના અન્તેવાસી જે મેઘ અનગાર હતા, તે મેઘ અનગાર કાળમાસે અર્થાત્ મૃત્યુકાળે મૃત્યુ પામીને કઈ ગતિમાં ગયા છે ? કયાં ઉત્પન્ન થયા છે ?' 'હે ગૌતમ' એમ ગૌતમને સંબોધન કરીને ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું—

'અરે ગૌતમ ! મારા અન્તેવાસી મેઘ નામક અનગાર જે પ્રકૃતિથી ભદ્ર યાવત્ વિનીત હતા, તેણે તથારૂપ સ્થવિરો પાસે સામાયિકથી શરૂ કરી અગિયાર અંગો સુધી અધ્યયન કર્યું, પછી બાર ભિક્ષુપ્રતિમાઓ અને ગુણરત્ન સંવત્સર તપકર્મ અંગીકાર કરી યાવત્ આરાધના કરી, મારી આજ્ઞા લઈ ગૌતમ આદિ સ્થવિરોને ખમાવ્યા, ખમાવીને ગૌતમ આદિ સ્થવિરોની સાથે ધીરે ધીરે વિપુલાચલ પર ચડ્યા, ચડીને દર્ભનો સંથારો કરી, તે પર બેસી પાંચ મહાવ્રતો ઉચ્ચાર્યા, પછી બાર વર્ષનો કુલ શ્રમણપર્યાય પાળી, એક માસની સંલેખના દ્વારા આત્મામાં રમમાણ બનીને, અનશન દ્વારા સાઠ ભક્તોનો છેદ કરીને, આલોચના પ્રતિક્રમણ કરીને, શલ્યોનો ઉચ્છેદ કરીને, સમાધિપૂર્વક કાળમાસે કાળ પામીને ઉપર ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારારૂપ જ્યોતિષ ચક્રથી અનેક યોજન, અનેક સેંકડો યોજન, અનેક હજારો યોજન, લાખો યોજન, કોટિ યોજન, કોટાકોટિ યોજન વટાવીને તથા તેથીય ઉપર જઈને સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, આરણ અને અચ્યુત દેવલોક તથા ત્રણસો ગ્રૈવેયક વિમાનવાસોને વટાવીને વિજય મહાવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે.

તે વિજય નામક મહાવિમાનમાં કેટલાક દેવોની તેત્રીસ સાગરોપમની સ્થિતિ કહેવાઈ છે. તેમાં મેઘનામક તે દેવની પણ તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે.'

'ભગવન્ ! તે મેઘ દેવ તે દેવલોકમાંથી આયુક્ષય, સ્થિતિક્ષય અને ભવક્ષય થતાં ત્યાર બાદ ચ્યુત થઈને કઈ ગતિમાં જશે ? કયાં ઉત્પન્ન થશે ?'

'હે ગૌતમ ! તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખોનો ક્ષય કરશે."

— આમ હું કહું છું.

વૃત્તિકાર દ્વારા ઉદ્ધૃત નિર્ગમનગાથા—

૩૭૬. જો કોઈ પ્રસંગે શિષ્ય ધર્મમાંથી સ્ખલિત થાય તો આચાર્ય તેને મધુર અને કુશળ વચનોથી પ્રેરિત કરે, ધર્મમાં સ્થિર કરે, જેવી રીતે ભગવાન મહાવીરે મેઘ મુનિને સંયમમાં સ્થિર કર્યા હતા.

* * *

૨૨. મહાવીર-તીર્થમાં મકાઈ આદિ શ્રમણો

સંગ્રહણી ગાથા—

૩૭૭. ૧. મકાઈ, ૨. કિંકિમ, ૩. મુદ્ગરપાણિ ૪. કાશ્યપ ૫. ક્ષેપક, ૬. ધૃતિધર, ૭. કૈલાશ, ૮. હરિચંદન, ૯. વારત, ૧૦. સુદર્શન, ૧૧. પૂર્ણભદ્ર, ૧૨. સુમનોભદ્ર ૧૩. સુપ્રતિષ્ઠ, ૧૪. મેઘ, ૧૫. અતિમુક્ત, ૧૬. અલક્ષ—આ સોળનાં અધ્યયનો છે.

મકાઈ શ્રમણ અને કિંકિમ—

૩૭૮. તે કાળે તે સમયે રાજગૃહ નગર હતું, ગુણશીલ ચૈત્ય હતું, શ્રેણિક રાજા હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે નગરમાં મકાઈ નામે ગૃહપતિ રહેતો હતો—જે અત્યંત ધનાઢ્ય અને બીજાઓ વડે પરાભૂત ન કરી શકાય તેવો હતો.

તે કાળે તે સમયે ધર્મની આદિ કરનાર શ્રમણ ભગવાન મહાવીર ગુણશીલ ચૈત્યમાં પધાર્યા યાવત્ તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. તે સમયે ધર્મસભા ભરાઈ.

ત્યાર પછી મકાઈ ગૃહપતિ આ વાત સાંભળી પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર)માં આવતા ગંગદત્તના વર્ણન પ્રમાણે જ્યેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપી પુરુષસહસ્રવાહિની શિબિકામાં બેસી નીકળ્યો યાવત્ ઈર્યાસમિતિ આદિ યુક્ત અનગાર બન્યો.

ત્યાર પછી મકાઈ અનગારે શ્રમણ ભગવાન મહાવીરના તથારૂપ ગીતાર્થ સ્થવિરો પાસે સામાયિકથી લઈને અગિયાર અંગો સુધીનું અધ્યયન કર્યું. શેષ સ્કંદકની જેમ જ સમજવું, ગુણરત્ન તપઃકર્મની આરાધના કરી અને અંતમાં સ્કંદકની જેમ વિપુલાચલ પર્વત પર સિદ્ધિ.

૩૭૯. એ જ પ્રમાણે કિંકિમ પણ પ્રવ્રજિત થયા —યાવત્—વિપુલાચલ પર સિદ્ધ થયા.

* * *

૨૩. મહાવીર—તીર્થમાં અર્જુન માલાકાર

રાજગૃહમાં મુદ્ગરપાણિ—યક્ષાયતન—

૩૮૦. તે કાળે તે સમયે રાજગૃહ નગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો. ચેલ્લણા રાણી હતી.

તે રાજગૃહ નગરમાં અર્જુન નામે માલાકાર (માળી) રહેતો હતો—જે ધનાઢ્ય—યાવત્ કોઈ વડે પરાભવ પમાડી ન શકાય તેવો હતો.

તે અર્જુન માલાકારની બંધુમતી નામે ભાર્યા હતી—જે સુકોમળ હાથપગ(ગાત્રો)-વાળી હતી.

તે અર્જુન માલાકારનો રાજગૃહ નગરની બહાર એક વિશાળ પુષ્પારામ (બગીચો) હતો—જે શ્યામ વર્ણનો યાવત્ સઘન વૃક્ષોથી આચ્છાદિત હોવાથી મેઘસમૂહ જેવો દેખાતો હતો, તેમાં પંચરંગી પુષ્પો ખીલ્યાં હતાં અને તેથી તે પ્રસન્નતાદાયક યાવત્ અતિ-સુંદર હતો.

તે પુષ્પારામની નજીકમાં જ આ અર્જુન માલાકારના પિતામહ, પ્રપિતામહ અને પિતાના પિતામહની કુળપરંપરાથી ચાલ્યું આવતું મુદ્ગરપાણિ નામના યક્ષનું મંદિર-યક્ષાયતન હતું—જે પ્રાચીન દેવી પ્રભાવવાળું હતું જેવી રીતે પૂર્ણભદ્ર ચૈત્ય.

તેમાં એક હજાર પલના વજનવાળા મોટા લોખંડના મુદ્ગરને હાથમાં ધારણ કરતી મુદ્ગરપાણિ યક્ષની પ્રતિમા હતી.

અર્જુનની યક્ષ-પર્યુપાસના—

૩૮૧. ત્યાર પછી તે અર્જુન માલાકાર બાળપણથી જ મુદ્ગરપાણિ યક્ષનો ભક્ત બની ગયો હતો. તે પ્રતિદિન વાંસનો છાબડો લેતો. લઈને રાજગૃહ નગરથી બહાર નીકળતો, નીકળીને જ્યાં પુષ્પારામ હતો ત્યાં આવતો, આવીને પુષ્પચયન કરતો, પુષ્પચયન કરીને તેમાંથી ઉત્તમ, શ્રેષ્ઠ પુષ્પો લઈને જ્યાં મુદ્ગરપાણિ યક્ષનું યક્ષાયતન હતું ત્યાં આવતો, આવીને મુદ્ગરપાણિ યક્ષની મહામૂલ્ય શ્રેષ્ઠ પુષ્પોથી પૂજા કરતો, પૂજા કરીને પંચાંગ પ્રણિપાત કરતો, ત્યાર બાદ રાજમાર્ગ પર આજીવિકા માટે વિચરતો.

ગોષ્ઠિકો દ્વારા અર્જુન માલાકારનું બંધન અને બંધુમતી પર અત્યાચાર—

૩૮૨. તે રાજગૃહ નગરમાં લલિતા નામની ગોષ્ઠી (મિત્રમંડળી) હતી—જે ધનસંપન્ન યાવત્ કોઈથી પરાભવ ન પામે તેવી અને સ્વચ્છંદાચારી હતી.

ત્યારે કોઈ એક વાર રાજગૃહમાં પ્રમોદ ઉત્સવની ઘોષણા થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે અર્જુન માલાકારે વિચાર્યું કે, કાલ ઘણા અધિક ફૂલોની જરૂર રહેશે–આમ વિચારી બીજા દિવસે પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં જ બંધુમતી ભાર્યા સાથે તેણે વાંસની ટોપલીઓ લીધી, લઈને પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને ચાલ્યો, ચાલીને જ્યાં પુષ્પારામ હતો ત્યાં આવ્યો, આવીને ભાર્યા બંધુમતી સાથે મળીને પુષ્પચયન કરવા લાગ્યો.

ત્યારે પેલી લલિતા ગોષ્ઠીના છ ગોષ્ઠ પુરુષો જ્યાં મુદ્ગરપાણિ યક્ષનું યક્ષાયતન હતું, ત્યાં આવ્યા, આવીને આનંદ–ગમ્મત કરતા ત્યાં મજા કરવા લાગ્યા.

ત્યાર પછી ભાર્યા બંધુમતી સાથે તે અર્જુન માલાકારે પુષ્પચયન કર્યું, ફૂલોના કરંડિયા ભર્યા, ભરીને શ્રેષ્ઠ પુષ્પો લઈને જ્યાં મુદ્ગરપાણિ યક્ષનું યક્ષાયતન હતું ત્યાં આવ્યો.

ત્યારે તે છ ગોષ્ઠિક પુરુષોએ બંધુમતી ભાર્યા સાથે આવી રહેલા અર્જુન માલાકારને જોયો, જોઈને આપસમાં આ પ્રમાણે વાત કરી–'હે દેવાનુપ્રિયો! આ અર્જુન માલાકાર તેની ભાર્યા બંધુમતી સાથે અહીં હાલ આવી રહ્યો છે. તો હે દેવાનુપ્રિયો! આપણે માટે એ ઠીક થશે કે અર્જુન માલાકારને મુશ્કેટાટ બાંધીને તેની ભાર્યા બંધુમતી સાથે વિપુલ ભોગો ભોગવી મજા કરીએ.'–આમ વિચારી, એકબીજાની આ વાત સ્વીકારી, સ્વીકારીને આરણાં પાછળ સંતાઈ ગયા, સંતાઈને નંદન નિશ્ચલ, હલનચલન રહિતપણે, ચુપચાપ લપાઈ રહ્યા.

ત્યાર પછી તે અર્જુન માલાકાર ભાર્યા બંધુમતી સાથે જ્યાં મુદ્ગરપાણિ યક્ષનું યક્ષાયતન હતું ત્યાં આવ્યો, આવીને પ્રતિમાને પ્રણામ કર્યા, બહુમૂલ્ય પુષ્પોથી અર્ચના કરી અને ઘૂંટણોએ પડી પ્રણામ કર્યા.

ત્યારે તે છયે ગોષ્ઠિક પુરુષો ઝડપથી કમાડ પાછળથી નીકળ્યા, નીકળીને અર્જુન માલાકારને પકડી લીધો, પકડીને મુશ્કેટાટ બાંધી દીધો, પછી બંધુમતી માલણ સાથે અનેક પ્રકારના ભોગો ભોગવવા લાગ્યા.

અર્જુનની ચિંતા અને તેના શરીરમાં મુદ્ગરપાણિનો પ્રવેશ–

૩૮૩. તે સમયે તે અર્જુન માલાકારના મનમાં આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ સંકલ્પ થયો– બાળપણથી જ હું ભગવાન મુદ્ગરપાણિની પ્રતિદિન પૂજા યાવત્ પુષ્પ-પૂજા કરું છું, પગે પડીને પ્રણામ કરું છું અને ત્યાર પછી રાજમાર્ગ પર જઈ આજીવિકા માટે ધંધો કરું છું. આથી જો મુદ્ગરપાણિ યક્ષ અહીં સાક્ષાત્ હાજર હોય તો શું તે મને આવી આપત્તિમાં પડેલો જોઈ રહે? ચોક્કસ અહીં મુદ્ગરપાણિ યક્ષ સન્નિહિત–હાજરાહજૂર નથી. નક્કી આ તો માત્ર લાકડાનું ઠૂંઠું છે.'

ત્યાર પછી તે મુદ્ગરપાણિ યક્ષ અર્જુન માલાકારના આ પ્રકારના મનોભાવને યાવત્ જાણીને અર્જુન માલાકારના શરીરમાં પ્રવેશ્યો, પ્રવેશીને તડ તડ અવાજ સાથે તેનાં બંધનો તોડી નાખ્યાં, બંધનો તોડીને એક હજાર પલભાર લોખંડનો મુદ્ગર લીધો, લઈને સાતમી સ્ત્રી સાથેના પેલા છએ પુરુષોને મારી નાખ્યા.

ત્યાર પછી તે અર્જુન માલાકાર મુદ્ગરપાણિ યક્ષથી આવિષ્ટ થઈને રાજગૃહ નગરની ચારે બાજુ પ્રતિદિન એક સ્ત્રી અને છ પુરુષોને હણવા લાગ્યો.

રાજગૃહમાં આતંક—

૩૮૪. ત્યારે રાજગૃહ નગરમાં શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો, રાજમાર્ગો અને નાનામાર્ગો વગેરે સ્થળોએ અનેક લોકો અન્યોન્ય–એકબીજાને આ રીતે કહેવા યાવત્ પ્રરૂપણા કરવા લાગ્યા—'હે દેવાનુપ્રિયો! અર્જુન માલાકાર મુદ્ગરપાણિ યક્ષથી આવિષ્ટ થઈને રાજગૃહ નગરની બહાર ચોપાસ એક સ્ત્રી અને છ પુરુષોને રોજ મારી નાખે છે.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી શ્રેણિક રાજાએ આ વૃત્તાન્ત જાણીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! અર્જુન માલાકાર—યાવત્—મારનો મારતો ફરે છે. એટલે તમારામાંથી કોઈ કાષ્ઠ માટે, ઘાસ માટે, પાણી માટે અથવા ફળ-ફૂલાદિ માટે એક વાર પણ બહાર નીકળશો નહીં. નહીંતર તમારા શરીરનો ઘાત થશે. આવી રીતે કહીને, બીજી વાર અને ત્રીજી વાર પણ ઘોષણા કરો. અને ઘોષણા કરી તરત જ મને જાણ કરો.'

ત્યારે તે કૌટુંબિક પુરુષોએ—યાવત્—જાણ કરી.

ભગવાનનું પદાર્પણ—

૩૮૫. તે રાજગૃહ નગરમાં સુદર્શન નામે શેઠ હતો. તે ધનધાન્ય સંપન્ન યાવત્ કોઈથી ય પરાભવ ન પામે તેવો સમર્થ હતો.

તે સુદર્શન શ્રમણોપાસક (શ્રાવક) પણ હતો—તે જીવાજીવ તત્ત્વોનો જાણકાર હતો—યાવત્—રહેતો હતો.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમે વિહાર કરતા કરતા ગ્રામાનુગ્રામ ફરતા ફરતા, સુખપૂર્વક વિહાર કરતા કરતા જ્યાં રાજગૃહ નગર હતું, જ્યાં ગુણશિલક ચૈત્ય હતું ત્યાં પધાર્યા, પધારીને યથાયોગ્ય અવગ્રહ લઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યારે રાજગૃહ નગરના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો, રાજમાર્ગો અને સામાન્ય માર્ગોમાં અનેક લોકો અન્યોન્યને આ પ્રમાણે કહેવા લાગ્યા—યાવત્—'તેમના દર્શન અને તેમના પ્રરૂપણ કરેલા ધર્મના વિશાળ અર્થને મેળવવાની તો વાત જ શું કરવી ?'

સુદર્શનનું વંદનાર્થે ગમન—

૩૮૬. ત્યારે બહુજન પાસેથી આ સમાચાર સાંભળી અને જાણીને તે સુદર્શનના મનમાં આવો અધ્યવસાય, વિચાર, મનોરથ, સંકલ્પ ઉત્પન્ન થયો—'આ રીતે શ્રમણ ભગવાન મહાવીર—યાવત્—વિચરી રહ્યા છે. તો હું જઈને શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરું'—આમ વિચાર કર્યો, વિચાર કરીને જ્યાં પોતાનાં માતા-પિતા હતાં ત્યાં આવ્યો, આવીને બે હાથ જોડી મસ્તક સમીપે અંજલિ રચી આ પ્રમાણે બોલ્યો—

'હે માતા-પિતા ! શ્રમણ ભગવાન મહાવીર—યાવત્—વિચરી રહ્યા છે. એટલે હું જાઉં અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરું, નમન કરું, તેમનું સન્માન-બહુમાન કરું અને કલ્યાણરૂપ, મંગળકારી દેવ અને ચૈત્યરૂપ એવા તેઓની પર્યુપાસના કરું. આવી મારી ઇચ્છા છે.'

ત્યારે માતા-પિતાએ સુદર્શન શેઠને આ પ્રમાણે કહ્યું—'હે પુત્ર ! મુદ્ગરપાણિ યક્ષ જેના શરીરમાં પ્રવેશ્યો છે તેવો અર્જુન માલાકાર રાજગૃહ નગરની બહાર ચારે બાજુ રોજ એક સ્ત્રી સહિત સાત જણને મારતો ફરી રહ્યો છે. એટલા માટે હે પુત્ર ! શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરવા તું નગર બહાર ન જા, નહીં તો તારા શરીરની હાનિ કદાચ થશે. આથી તું અહીં જ રહીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરી લે.'

ત્યારે તે સુદર્શન શેઠે માતા-પિતાને આ પ્રમાણે કહ્યું—'હે માતા-પિતા ! જ્યારે શ્રમણ ભગવાન મહાવીર અહીં પધાર્યા છે—યાવત્—અહીં રહીને કેવી રીતે વંદન કરું ? એટલે હે માતા-પિતા ! આપની આજ્ઞા લઈને હું શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરવા જવા ઇચ્છું છું.'

ત્યાર પછી માતા-પિતા જ્યારે તે સુદર્શનને અનેક રીતે આજ્ઞાપના, પ્રજ્ઞાપના, સંજ્ઞાપના કે વિજ્ઞાપના વડે, વાત કરવામાં, પ્રતિપાદન કરવામાં, સમજાવવામાં કે વિનવવા-મનાવવામાં સફળ ન થયા ત્યારે આ પ્રમાણે બોલ્યા—'હે દેવાનુપ્રિય ! જેમ તને સુખ થાય તેમ કર. સત્કાર્યમાં વિલંબ કરીશ નહીં.'

ત્યાર પછી માતા-પિતાની આજ્ઞા લઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુદર્શન શેઠે સ્નાન કર્યું, શુદ્ધ અને પવિત્ર ઉત્તમ વસ્ત્રો પહેર્યાં, અને અલ્પ છતાં મૂલ્યવાન આભૂષણોથી શરીરને અલંકૃત કર્યું, પછી પોતાના ઘરથી નીકળ્યો, નીકળીને પગે ચાલતો રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને નીકળ્યો, નીકળીને જ્યાં ગુણશિલક ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજી રહ્યા હતા ત્યાં જવા ઉદ્યત તે મુદ્ગરપાણિ યક્ષના યક્ષાયતન પાસેથી પસાર થયો.

સુદર્શનને અર્જુને કરેલ ઉપસર્ગ–

૩૮૭. ત્યાર પછી તે મુદ્ગરપાણિ યક્ષે સુદર્શન શ્રમણોપાસકને નજીકથી જ જતો જોયો, જોઈને ક્રોધાભિભૂત બની–યાવત્–ગુસ્સાથી લાલપીળો થઈને પેલા એક હજાર પલભારવાળા મુદ્ગરને ઘુમાવતો ઘુમાવતો તે જ્યાં સુદર્શન શ્રમણોપાસક હતો ત્યાં જવા ઉદ્યત થયો–ધસી ગયો.

ત્યારે સુદર્શન શ્રમણોપાસકે મુદ્ગરપાણિ યક્ષને આવતો જોયો, જોઈને નિર્ભયતાપૂર્વક, ત્રાસ, ઉદ્વેગ કે ક્ષોભ પામ્યા સિવાય, ચંચળતા કે ગભરાટ સિવાય તેણે ભૂમિનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરી બન્ને હાથ જોડી, નતમસ્તકે અંજલિપૂર્વક આ પ્રમાણે તે બોલ્યો—

'અરહંત ભગવંતોને નમસ્કાર હો–યાવત્–સિદ્ધિગતિ નામક સ્થાને પહોંચેલા સિદ્ધ ભગવંતોને નમસ્કાર.'

'શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર યાવત્–સિદ્ધિગતિ નામક સ્થાનને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા ભગવંતને નમસ્કાર.'

'પહેલાં પણ મેં શ્રમણ ભગવાન મહાવીર પાસે સ્થૂળ પ્રાણાતિપાતનું યાવજ્જીવન પ્રત્યાખ્યાન કર્યું છે, સ્થૂળ મૃષાવાદનું યાવજ્જીવ પ્રત્યાખ્યાન કર્યું છે, સ્થૂળ અદત્તાદાનનું યાવજ્જીવ પ્રત્યાખ્યાન કર્યું છે, યાવજ્જીવન સ્વદાર-સંતોષ વ્રત લીધું છે, યાવજ્જીવન ઇચ્છાપરિમાણવ્રત ગ્રહણ કર્યું છે. અત્યારે અહીં પણ તેમને આશ્રીને યાવજ્જીવન સંપૂર્ણ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું, યાવજ્જીવન મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનું સંપૂર્ણ પ્રત્યાખ્યાન કરું છું. સર્વથા ક્રોધ–યાવત્–મિથ્યાદર્શન શલ્યનું યાવજ્જીવન પ્રત્યાખ્યાન કરું છું. જીવન પર્યંત હું સર્વ પ્રકારના અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય ચારે પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરું છું. જો હું આ ઉપસર્ગમાંથી મુક્ત થઈશ તો હું પારણાં કરીશ, જો હું આ ઉપસર્ગમાંથી મુક્ત ન થાઉં તો મને આ બધાનું પ્રત્યાખ્યાન હો.' —આવો સંકલ્પ કરી તેણે સાગાર પ્રતિમા (અનશન) ધારણ કરી.

ત્યાર પછી તે મુદ્ગરપાણિ યક્ષ પેલા હજાર પલભારવાળા લોહમુદ્ગરને ઘુમાવતો ઘુમાવતો જ્યાં સુદર્શન શ્રમણોપાસક હતો ત્યાં આવી પહોંચ્યો, તો પણ તે સુદર્શન શ્રમણોપાસકને પોતાના તેજથી કોઈ પણ રીતે વિચલિત કરવામાં સમર્થ ન થયો.

ઉપસર્ગ–નિવારણ–

૩૮૮. ત્યાર પછી તે મુદ્ગરપાણિ યક્ષ સુદર્શન શ્રમણોપાસકની ચારે બાજુ ઘૂમવા છતાં પણ જ્યારે સુદર્શન શ્રમણોપાસકને પોતાના તેજથી પરાજિત કરી શક્યો નહીં ત્યારે તે સુદર્શન શ્રમણોપાસકની આગળ સામો ઊભો રહીને સુદર્શન શ્રમણોપાસકને અનિમેષ દૃષ્ટિથી લાંબા સમય સુધી જોઈ રહ્યો, જોતાં જોતાં જ અર્જુન માલાકારનું શરીર તેણે છોડી દીધું, છોડીને પેલા હજાર પલભારના લોખંડના મુદ્ગર સાથે જ્યાંથી આવ્યો હતો તે દિશામાં ચાલી ગયો.

ત્યાર પછી તે અર્જુન માલાકાર મુદ્ગરપાણિ યક્ષથી મુક્ત થતાં જ ધડામ દઈને જમીન પર ઢળી પડ્યો.

ત્યારે તે સુદર્શન શ્રમણોપાસકે પોતાને ઉપસર્ગરહિત થયો જાણીને પોતાની પ્રતિમા પારી.

સુદર્શન અને અર્જુન દ્વારા ભગવાનની પર્યુપાસના—

૩૮૯. ત્યાર પછી તે અર્જુન માલાકાર મુહૂર્ત પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વસ્થ થઈને ઊઠ્યો, ઊઠીને સુદર્શન શ્રમણોપાસકને સંબોધી આ પ્રમાણે બોલ્યો—

'હે દેવાનુપ્રિય ! આપ કોણ છો અને કયાં જઈ રહ્યા છો ?'

ત્યારે સુદર્શન શ્રમણોપાસકે અર્જુન માલાકારને આ પ્રમાણે કહ્યું—"હે દેવાનુપ્રિય ! હું જીવાજીવાદિ તત્ત્વોનો જાણકાર સુદર્શન નામે શ્રમણોપાસક છું. ગુણશિલક ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરવા હું જઈ રહ્યો છું."

ત્યારે અર્જુન માલાકારે સુદર્શન શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું— 'હે દેવાનુપ્રિય ! હું પણ તમારી સાથે શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરવા—યાવત્—પર્યુપાસના કરવા આવવા ઇચ્છું છું.'

[સુદર્શને કહ્યું—] 'હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કર, તેમાં વિલંબ કરીશ નહીં.'

ત્યાર બાદ તે સુદર્શન શ્રમણોપાસક અર્જુન માલાકારને સાથે લઈને જ્યાં ગુણશિલક ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા, ત્યાં આવ્યો, આવીને અર્જુન માલાકારની સાથે શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કર્યા યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે સુદર્શન શ્રમણોપાસક, અર્જુન માલાકાર તથા ત્યાં એકત્ર થયેલ મહાવિશાળ સભાને સંબોધી સુંદર ધર્મોપદેશ આપ્યો. સુદર્શન તે પછી પાછો ફર્યો.

અર્જુનની પ્રવ્રજ્યા—

૩૯૦. ત્યાર પછી તે અર્જુન માલાકારે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળી અને અવધારીને હૃષ્ટ, તુષ્ટ થઈ શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્ ! હું નિર્ગ્રંથ-પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, હે ભગવન્ ! હું નિર્ગ્રંથ-પ્રવચનમાં વિશ્વાસ કરું છું, હે ભગવન્ ! નિર્ગ્રંથ પ્રવચનમાં મારી રુચિ થઈ છે. હે ભગવન્ ! હું નિર્ગ્રંથ-પ્રવચન માટે ઉદ્યત થયો છું. (વ્રત લેવા ઉત્સુક છું").

'હે દેવાનુપ્રિય ! જેમ તને સુખ થાય તેમ કર, વિલંબ કરીશ નહીં.'

ત્યાર પછી તે અર્જુન માલાકાર ઉત્તર-પૂર્વ દિશામાં (ઈશાન કોણમાં) ગયો, જઈને પોતાની જાતે જ પંચમુષ્ટિક લોચ કર્યો, લોચ કરીને યાવત્ અનગાર બની ગયો, વાંસલાથી છોલનારને પણ સુગંધ આપનાર ચંદનની સમાન, તૃણ કે મણિ અને માટીનું ઢેકું કે સુવર્ણ બન્નેમાં સમાન ભાવ રાખનાર, સુખદુઃખમાં તટસ્થ, આલોક અને પરલોકની આસક્તિરહિત, જીવન અને મરણમાં નિઃસ્પૃહ, સંસારપારગામી અને કર્મનાશમાં ઉદ્યમી બની વિચરવા લાગ્યો.

અર્જુન અનગારની તિતિક્ષા—

૩૯૧. ત્યાર પછી તે અર્જુન અનગારે જે દિવસે મુંડિત બની ગૃહત્યાગ કરી અનગાર-પ્રવજ્યા અંગીકાર કરી, તે જ દિવસે શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આવા પ્રકારનો અભિગ્રહ સ્વીકાર્યો—'આજથી હું જીવનપર્યંત નિરંતર છઠ્ઠું છઠ્ઠની તપસ્યા કરતો આત્માને ભાવિત કરતો વિચરણ કરીશ એવો સંકલ્પ કરું છું.' આમ મનોમન અભિગ્રહ લીધો (સંકલ્પ કર્યો), અભિગ્રહ લઈ જીવન-પર્યંત નિરંતર છઠ્ઠું છઠ્ઠની તપસ્યા કરતા આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી તે અર્જુન અનગાર છઠ્ઠું તપના પારણા નિમત્તે પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરતા, બીજા પ્રહરમાં ધ્યાન કરતા, ત્રીજા પ્રહરમાં ગૌતમ સ્વામીની જેમ યાવત્ રાજગૃહ નગરના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષા માટે ભ્રમણ કરતા વિચરવા લાગ્યા.

ત્યારે તે અર્જુન અનગારને રાજગૃહનગરના ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યા કરતા જોઈને અનેક સ્ત્રીઓ, પુરુષો, બાળકો, વૃદ્ધો, મોટેરાઓ અને યુવકો આ પ્રમાણે બોલવા લાગ્યા—'આણે મારા પિતાને માર્યા છે.' 'આણે મારી માતાને મારી છે, આણે મારી પત્ની, બહેન, પુત્ર, પુત્રી, પુત્રવધૂને મારેલ છે. આણે મારા બીજા સ્વજન—સંબંધીઓને, પરિજનોને માર્યાં છે.' આમ કહી કોઈ ક્રોધ કરતું, કોઈ ગાળો આપતું, કોઈ તેમની નિંદા કરતું, કોઈ ખીજાતું, કોઈ તીરસ્કાર કરતું તો કોઈ તેમને મારતું.

ત્યારે તે અર્જુન અનગાર તે અનેક સ્ત્રીઓ, પુરુષો, બાળકો, મોટાઓ, વૃદ્ધો, અને યુવકો વડે તિરસ્કૃત યાવત્ મારવામાં આવતાં છતાં તેમના પર મનમાં ક્રોધ ન કરતાં સમ્યક્‌પણે તે બધું સહન કરતાં, બધાને ક્ષમા આપતા, સહિષ્ણુતા રાખતા અને આ રીતે સમભાવ રાખતા, સમભાવપૂર્વક સહન કરતા, ક્ષમા કરતા, તિતિક્ષા કરતા રાજગૃહ નગરના ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં ભ્રમણ કરતા. તેમને કયારેક કયાંક ભોજન મળતું તો પાણી ન મળતું, કયાંક પાણી મળતું તો ભોજન ન મળતું.

ત્યારે તે અર્જુન અનગાર અદીન, ખિન્ન થયા વિના, વ્યાકુળ બન્યા વિના, મનને કલુષિત કર્યા વિના, વિષાદરહિતપણે, નિસ્પૃહ યોગીની માફક ભ્રમણ કરતા કરતા, રાજગૃહ નગરમાંથી નીકળતા, નીકળીને જ્યાં ગુણશિલક ચૈત્ય હતું જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવતા, આવીને શ્રમણ ભગવાન મહાવીરથી સહેજ દૂર રહી ગમનાગમનનું પ્રતિક્રમણ કરતા, પ્રતિક્રમણ કરીને એષણા-અનેષણા સંબંધી આલોચના કરતા, આલોચના કરીને આહાર-પાણી દેખાડતા, દેખાડીને શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા લઈને, મૂર્ચ્છારહિતપણે, ગૃદ્ધિરહિતપણે આસક્તિરહિતપણે અને ઉદાસીન થઈને, જેમ દરમાં સર્પ સીધો દાખલ થઈ જાય એવી રીતે અર્થાત્ સ્વાદરહિતપણે તે આહાર લેતા.

૩૯૨. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીર કોઈ વાર રાજગૃહ નગરથી નીકળ્યા અને નીકળીને બાહ્ય જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

અર્જુન અનગારની સિદ્ધિ—

૩૯૩. ત્યાર પછી અર્જુન અનગારે તે ઉદાર, શ્રેષ્ઠ, પ્રયત્નપૂર્વક ગ્રહણ કરેલ શ્રેષ્ઠ સામર્થ્યસંપન્ન તપોકર્મથી આત્માને ભાવિત કરતાં કરતાં, શુદ્ધ કરતાં કરતાં, છ માસથી કંઈક વધુ શ્રમણપર્યાય પાળ્યો, પાળીને અર્ધા માસની સંલેખના વડે આત્મારાધના કરી, આરાધના કરી ત્રીસ ભક્તનો ઉચ્છેદ કરીને—અનશન કરીને, જે હેતુ માટે નગ્નભાવ ગ્રહણ કર્યો હતો તે હેતુ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરી.

* * *

૨૪. મહાવીર તીર્થમાં કાશ્યપ આદિ શ્રમણો

૩૯૪. તે કાળે તે સમયે રાજગૃહનગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતા. કાશ્યપ નામનો ગાથાપતિ રહેતો હતો, જેવી રીતે મકાઈ. સોળ વર્ષનો દીક્ષા—પર્યાય. વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

એજ પ્રમાણે—ક્ષેમક ગાથાપતિ, વિશેષ-કાકંદી નગરી. સોળ વર્ષનો દીક્ષા-પર્યાય, વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

એ જ પ્રમાણે ધૃતિધર ગાથાપતિ પણ, કાકંદી નગરીના રહેવાસી. સોળ વર્ષ સુધીનો દીક્ષા-પર્યાય. વિપુલાચલ પર્વતપર સિદ્ધ થયા.

એ જ પ્રમાણે—કૈલાશ ગાથાપતિ પણ. વિશેષ—સાકેત નગરવાસી. બાર વર્ષનો શ્રમણપર્યાય. વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ પ્રમાણે–હરિચંદન ગાથાપતિ પણ. સાકેતનગર-વાસી. બાર વર્ષનો દીક્ષાપર્યાય. વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

એ જ પ્રમાણે–વારત્ત ગાથાપતિ પણ. વિશેષ–રાજગૃહ-નગરવાસી. બાર વર્ષ સુધીનો શ્રમણ પર્યાય. વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

એ જ પ્રમાણે–સુદર્શન ગાથાપતિ. વિશેષ–વાણિજ્યગ્રામવાસી. દ્યુતિપલાશ ચૈત્ય. પાંચ વર્ષનો શ્રામણ્યપર્યાય. વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

એ જ પ્રમાણે–પૂર્ણભદ્ર ગાથાપતિ પણ. વાણિજ્યગ્રામ નગરવાસી. પાંચ વર્ષનો દીક્ષા-પર્યાય. વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

એ જ પ્રમાણે–સુમનભદ્ર ગાથાપતિ પણ. શ્રાવસ્તી નગરી. ઘણાં વર્ષોનો દીક્ષા-પર્યાય. વિપુલગિરિ પર સિદ્ધ થયા.

એ જ પ્રમાણે–સુપ્રતિષ્ઠ ગાથાપતિ પણ. શ્રાવસ્તી નગરીના નિવાસી. સત્તાવીસ વર્ષનો દીક્ષા–પર્યાય. વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

એ જ પ્રમાણે–મેઘ ગાથાપતિ પણ. રાજ-ગૃહનગર નિવાસી. ઘણા વર્ષનો શ્રામણ્યપર્યાય. વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

* * *

૨૫. મહાવીર-તીર્થમાં શ્રેણિકપુત્ર જાલિ આદિ શ્રમણો

સંગ્રહણી ગાથા—

૩૯૫. ૧. જાલિ, ૨. મયાલિ, ૩. ઉપજાલિ, ૪. પુરુષ-સેન, ૫. વારિસેન, ૬. દીર્ઘદન્ત, ૭. લષ્ટદંત, ૮. વેહલ્લ, ૯. વેહાયસ અને ૧૦. અભય. આ પ્રમાણે કુમારોનાં નામ હતાં.

જાલિ અનગાર—

૩૯૬. તે કાળે અને તે સમયે રાજગૃહ નગર હતું–જે ઋદ્ધિ-સંપન્ન, ભય રહિત અને ધન–ધાન્યથી ભરપૂર હતું. ગુણશિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો. ધારિણી રાણી હતી. સ્વપ્નમાં સિંહને જોવો. જાલિકુમારનો જન્મ થયો. જેવી રીતે મેઘકુમારનું વર્ણન હતું. આઠ આઠ દામજા આવ્યા.

ત્યાર બાદ તે જાલિકુમાર ઉત્તમ મહેલની ઉપર રહી મૃદંગ વગેરેના ઝણકારપૂર્વક–યાવત્–મનુષ્ય-સંબંધી કામભોગોને ભોગવતો –અનુભવ કરતો વિહરતો હતો.

સ્વામી (શ્રમણ ભગવાન મહાવીર) પધાર્યા. શ્રેણિક વંદન માટે નીકળ્યો. જેવી રીતે મેઘ-કુમાર વંદન માટે ગયા હતા, એ જ રીતે જાલિ પણ ગયો. એ જ પ્રમાણે નીકળ્યો–અર્થાત્ દીક્ષિત થયો–જેવી રીતે મેઘકુમાર દીક્ષિત થયા હતા. અગિયાર અંગોનું અધ્યયન કર્યું. ગુણરત્ન તપકર્મની સાધના કરી, જેવી રીતે સ્કન્દક મુનિએ કરી હતી. એ રીતે જે કંઈ વર્ણન સ્કન્દક મુનિની કથામાં હતું તે અહીં પણ જાણવું. એવી જ રીતનું ચિન્તન–ધર્મ–ચિન્તન અને ભગવાન પાસેથી અનશન વ્રત ધારણ કરવાની આજ્ઞા મેળવવી તે પણ જાણી લેવું. એ જ રીતે સ્થવિરોની સાથે વિપુલગિરિ ચડ્યા, વિશેષ એ કે સોળ વર્ષ સુધીનો શ્રમણ પર્યાય પાળ્યો, પાલન કરી કાળમાસમાં–મૃત્યુને સમયે કાળ કરીને ઊંચે ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારા રૂપ જ્યોતિષ્ક દેવો તથા સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુતકલ્પ અને નવ ગ્રૈવેયક વિમાન પ્રસ્તરોની ઉપર દૂર ગમન કરીને વિજય વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

આ પછી તે સ્થવિર ભગવંતો જાલિ અન-ગારને સ્વર્ગસ્થ થયા જાણી પરિનિર્વાણ નિમિત્તે કાયોત્સર્ગ કરે છે, કરીને પાત્ર અને વસ્ત્ર ગ્રહણ કરે છે. આ પ્રમાણે ઊતરે છે–યાવત્–'આ તેનાં વસ્ત્ર-પાત્ર છે' તેમ બોલ્યા.

૩૯૭. 'હે ભદન્ત!' આ પ્રમાણે કહીને ભગવાન ગૌતમ શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કરે છે, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'આપ દેવાનુપ્રિયના અન્તેવાસી જાલિ નામના અનગાર પ્રકૃતિથી ભદ્ર–યાવત્ વિનયી હતા. તે જાલિ અનગાર કાળને પ્રાપ્ત કરી (કાળ પામી) કયાં ગયા છે ? કયાં ઉત્પન્ન થયા છે ?'

'હે ગૌતમ ! આ પ્રમાણે નિશ્ચયથી મારા અન્તેવાસી એ જ પ્રમાણે જેમ સ્કન્દકની વક્તવ્યતા છે–યાવત્–કાળ કરીને ઊંચે ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપ જ્યોતિષ્ક દેવો યાવત્–વિજય-વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે.'

'હે ભદન્ત ! જાલિદેવની કેટલા કાળની સ્થિતિ પ્રતિપાદિત કરી છે ? (કહેવામાં આવી છે ?)'

'હે ગૌતમ ! બત્રીસ સાગરોપમની સ્થિતિ પ્રતિપાદિત કરી છે.'

'હે ભગવન્ ! તે જાલિદેવ આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી તે દેવલોકમાંથી કયાં જશે ? કયાં ઉત્પન્ન થશે ?'

'હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્–સર્વ દુઃખોથી મુક્ત થશે.'

મયાલિ આદિ શ્રમણો—

૩૯૮. આ પ્રમાણે (ઉપર પ્રમાણે) બાકીના નવે કુમારોનું વર્ણન પણ જાણવું. વિશેષ એ કે–સાત ધારિણી રાણીના પુત્ર હતા અને વેહલ્લ-વેહાયસ, ચેલના તથા અભયનન્દાના પુત્ર હતા. સર્વના પિતા શ્રેણિક હતા. પહેલાં પાંચે સોળ વર્ષ શ્રામણ્ય–પર્યાયનું પાલન કર્યું. ત્રણે બાર વર્ષનું અને બે એ પાંચ વર્ષનાં શ્રામણ્ય-પર્યાયનું પાલન કર્યું. પહેલાના પાંચ અનુક્રમે વિજય, વૈજયન્ત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. દીર્ઘદન્ત સર્વાર્થસિદ્ધમાં, બાકીના કુમારો ઉત્ક્રમમાં (પછીના ક્રમે આવતાં વિમાનમાં) ઉત્પન્ન થયા. અભય વિજય-વિમાનમાં ઉત્પન્ન થયા. શેષ વર્ણન જેમ પૂર્વમાં જાલિ શ્રમણનું કર્યું તે પ્રમાણે જાણવું.

દીર્ઘસેનાદિ શ્રમણ (સંગ્રહણી ગાથા)—

૩૯૯. ૧. દીર્ઘસેન, ૨. મહાસેન, ૩. લષ્ઠદન્ત, ૪. ગૂઢદન્ત, ૫. શુદ્ધદંત, ૬. હલ્લ, ૭. દ્રુમ, ૮. દ્રુમસેન, ૯. મહાદ્રુમસેનનું (કથન કરવામાં આવ્યું છે.) (૧)

૧૦. સિંહ, ૧૧. સિંહસેન અને ૧૨. મહાસિંહસેન અને ૧૩. પુણ્યસેન—આ પ્રમાણે તેર અધ્યયન થાય છે. (૨)

૪૦૦. તે કાળે તે સમયે રાજગૃહ નગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતા. ધારિણી રાણી હતી. સ્વપ્નમાં સિંહદર્શન. જેમ જાલિકુમારના વર્ણનમાં કહેવામાં આવ્યું છે, તે જ પ્રમાણે જન્મ, બાળપણ, કળાઓ શીખવી. વિશેષ એ કે જેમ જાલિકુમારની વક્તવ્યતા છે, તે જ રીતે દીર્ઘસેનકુમારની પણ જાણવી–યાવત્–અંત કર્યો.

આજ પ્રમાણે તેરે કુમારોના વિષયમાં જાણવું જોઈએ કે તે રાજગૃહ નગરમાં ઉત્પન્ન થયા. શ્રેણિક પિતા હતા. માતાનું નામ ધારિણી. તેરેનો સોળ વર્ષનો શ્રમણ-પર્યાય. અનુક્રમે બે વિજયમાં, બે વૈજયન્તમાં, બે જયંતમાં, બે અપરાજિતમાં અને શેષ મહાદ્રુમસેન આદિ પાંચ સર્વાર્થસિદ્ધ-વિમાનમાં ઉત્પન્ન થયા.

* * *

૨૬. મહાવીર-તીર્થમાં સાર્થવાહપુત્ર ધન્ય અનગાર

[સંગ્રહણી ગાથાઓ]—

૪૦૧. ૧. ધન્ય, ૨. સુનક્ષત્ર, ૩. ઋષિદાસ, ૪. પેલ્લક, ૫. રામપુત્ર, ૬. ચંદ્રિમ, ૭. પૃષ્ટિમ, ૮. પેઢાલપુત્ર અનગાર, ૯. પોટ્ટિલ અને ૧૦. વેહલ્લ–આ દશના નામનાં દશ અધ્યયનો છે.

ધન્યનો ગૃહવાસ—

૪૦૨. તે કાળે તે સમયે કાકંદી નામે નગરી હતી–જે ઋદ્ધિયુક્ત, ધનધાન્યસંપન્ન હતી. ત્યાં સર્વ ઋતુઓનાં પુષ્પો અને ફળોવાળું સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું. ત્યાં જિતશત્રુ રાજા હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે કાકંદી નગરીમાં ભદ્રા નામની સાર્થવાહિની (શેઠાણી) વસતી હતી—જે ધનાઢ્ય યાવત્ કોઈનાથીય પરાજિત ન કરી શકાય તેવી હતી. તે ભદ્રા સાર્થવાહિનીને ધન્ય નામે બાળક પુત્ર હતો—જે અહીન (સર્વાંગસંપૂર્ણ) પંચેન્દ્રિય શરીરવાળો યાવત્ સુરૂપ હતો. તેનું પાંચ ધાવ માતાઓ વડે પાલન થતું હતું, જેવી રીતે મહાબલકુમારનું—યાવત્—તેણે બોંતેર કળાઓનો અભ્યાસ કર્યો—યાવત્—બધી રીતે ભોગો ભોગવવા સમર્થ યુવાન બન્યો.

ત્યાર પછી તે ભદ્રા સાર્થવાહિનીએ ધન્ય બાળકને બાળપણ છોડી યુવાન બનેલ યાવત્ ભોગો ભોગવવા સમર્થ થયેલ જાણી બહુ ઊંચા અને વિશાળ એવા બત્રીસ શ્રેષ્ઠ પ્રાસાદો બનાવ્યા, તે પ્રાસાદોમાં અનેક સેંકડો સ્તંભોથી યુક્ત યાવત્ સુંદર એક વિશાળ ભવન બનાવ્યું.

ત્યાર બાદ તે ભદ્રા સાર્થવાહિનીએ તે ધન્યકુમારને બત્રીસ શ્રેષ્ઠ ઈભ્ય-કન્યાઓ સાથે એક જ દિવસે પાણિગ્રહણ કરાવ્યું. બત્રીસ દાયજા મળ્યા.

ત્યાર બાદ તે ધન્યકુમાર જોરશોરથી વાગતા મૃદંગ આદિ વાદ્યોના નાદથી યુક્ત તે શ્રેષ્ઠ પ્રાસાદોમાં ઉપરના માળે રહી યાવત્ વિપુલ માનુષી કામભોગો ભોગવતો રહેવા લાગ્યો.

ધન્યની પ્રવ્રજ્યા—

૪૦૩. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. પરિષદા નીકળી, રાજા જિતશત્રુ પણ કોણિક રાજાની જેમ વંદનાર્થે નીકળ્યો.

ત્યારે તે બાળક ધન્યને આ મહાન લોક-કોલાહલ યાવત્ લોકસમુદાયને સાંભળીને અને જોઈને મનમાં આવો અધ્યવસાય યાવત્ સંકલ્પ પેદા થયો—'શું આજે કાકંદી નગરીમાં ઇન્દ્રમહ છે? અથવા યાવત્ સ્તૂપમહ છે? અથવા યજ્ઞ છે કે જેમાં અનેક ઉગ્રકુળના, ભોગકુળના લોકો યાવત્ જઈ રહ્યા છે?'—આમ વિચાર કર્યો, વિચાર કરીને કંચુકિ પુરુષને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! શું આજ કાકંદી નગરીમાં ઇન્દ્રમહ અથવા—યાવત્—જઈ રહ્યા છે?'

ત્યારે તે કંચુકિ પુરુષે શ્રમણ ભગવાન મહાવીરના આગમનની વાત જાણી અને ખાતરી કરી પછી ધન્ય બાળકને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિય! આજ શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા છે અને કાકંદી નગરીની બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં યથાયોગ્ય અભિગ્રહ ધારણ કરીને, સંયમ તથા તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા છે. એટલે આ બધા ઉગ્ર ભોગ આદિ યાવત્ જઈ રહ્યા છે.'

ત્યારે તે બાળક ધન્ય કંચુકિ પુરુષની પાસેથી આ વાત સાંભળી અને અવધારીને હૃષ્ટ તુષ્ટ થયો યાવત્ પગે ચાલતાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજી રહ્યા હતા ત્યાં ગયો, જઈને શ્રમણ ભગવાન મહાવીરની તેણે ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન નમન કરી ત્રિવિધ પ્રકારે પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે ધન્ય-કુમાર તથા તે વિશાળ પરિષદને યાવત્ ધર્મોપદેશ કર્યો.

૪૦૪. ત્યાર પછી તે બાળક ધન્યકુમારે શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મ સાંભળી અને સમજીને હૃષ્ટ તુષ્ટ થઈ શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું—યાવત્—માતા ભદ્રા સાર્થવાહિની પાસે આજ્ઞા લઈને પછી આપ દેવાનુપ્રિય પાસે મુંડિત બની ગૃહત્યાગ કરી અનગાર-પ્રવજ્યા લઈશ.'

'હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કર.' [ભગવાને કહ્યું].

પછી જેવી રીતે જમાલીએ, તેવી જ રીતે માતાને તેણે પૂછ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે તે ભદ્રા સાર્થવાહિની આવા અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞ, અમનહર, અશ્રુતપૂર્વ અને કઠોર વચન સાંભળી અને સમજી ધડામ કરતી જમીન પર ઢળી પડી. મૂર્ચ્છામાંથી સ્વસ્થ થતાં જ ધન્ય સાથે ઉત્તર-પ્રત્યુત્તર—જેવી રીતે મહાબલ અને તેની માતા વચ્ચે થયેલ તેવી જ રીતે.

ત્યાર બાદ તે બાળક ધન્યને સમજાવવામાં ભદ્રા સાર્થવાહિની શક્તિમાન ન બની યાવત્ જિતશત્રુ રાજાની પાસે જઈ કહ્યું— 'હે દેવાનુપ્રિય ! બાળક ધન્યના નિષ્ક્રમણ—ઉત્સવ માટે છત્ર, મુકુટ, ચામર, આદિ આપની પાસે માગું છું.'

ત્યારે જિતશત્રુ રાજાએ ભદ્રા સાર્થવાહિનીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયે ! તું શીઘ્ર શોકમુક્ત અને સ્વસ્થ થા. હું પોતે જ બાળક ધન્યનો નિષ્ક્રમણ—સત્કાર કરીશ.'

જિતશત્રુ રાજાએ પોતે જ ધન્યનો નિષ્ક્રમણ સમારંભ કર્યો, જેવી રીતે કૃષ્ણે થાવચ્ચાપુત્રનો.

ત્યારે તે બાળક ધન્યકુમારે પોતાની જાતે જ પંચમુષ્ટિક લોચ કર્યો—યાવત્—પ્રવ્રજ્યા લીધી.

ત્યારે તે બાળક ધન્ય અનગાર બન્યો—ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભાંડ નિક્ષેપસમિતિ, ઉચ્ચારણ—પ્રસ્રવણ—ખેલ—સિંઘાણ—જલ્લ—પરિષ્ઠાપનિકાસમિતિ, મનઃસમિતિ, વચનસમિતિ, કાયસમિતિ એ બધી સમિતિઓ યુક્ત તથા મનોગુપ્તિ, કાયગુપ્તિ, વચનગુપ્તિથી ગુપ્ત એવો ગુપ્તેન્દ્રિય અને ગુપ્ત બ્રહ્મચારી બન્યો.

ધન્યની તપશ્ચર્યા—

૪૦૫. ત્યાર પછી તે ધન્ય અનગાર જે દિવસે મુંડિત બની ગૃહત્યાગ કરી અનગાર—દીક્ષા લઈ પ્રવ્રજિત થયા, તે જ દિવસે શ્રમણ ભગવાન મહાવીરને વંદન—નમસ્કાર કર્યા, વંદન—નમન કરી આ પ્રમાણે બોલ્યા—

'હે ભગવન્ ! આપની આજ્ઞા લઈને તરત હું આજીવન નિરંતર છટ્ઠ છટ્ઠ તપપૂર્વક આયંબિલ-તપ અંગીકાર કરી આત્માને ભાવિત કરતાં વિચરવા ઇચ્છું છું. અને છટ્ઠતપના પારણામાં પણ આચામ્લ શુદ્ધ ભોજન જ મને કલ્પે, અનાચામ્લ નહીં. તે પણ સંસૃષ્ટ (વિલિપ્ત) હાથો વડે લેવાનું કલ્પશે, અસંસૃષ્ટ હાથ વડે નહીં, તે પણ ઉજ્ઝિત—પરિત્યાગરૂપ ધર્મવાળું કલ્પે, અનુજ્ઝિત ધર્મવાળું નહીં. તે પણ એવું કલ્પે કે જે લેવા બીજા બહુ શ્રમણો, બ્રાહ્મણો, અતિથિઓ, કૃપણો કે યાચકો ઇચ્છે નહીં.'

[ભગવાને કહ્યું—] 'હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કર. વિલંબ કરીશ નહીં.'

ત્યાર પછી તે ધન્ય અનગાર શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા મેળવીને હૃષ્ટ તુષ્ટ થયા અને જીવન પર્યંત નિરંતર ષષ્ઠ ષષ્ઠ આચામ્લ તપ ગ્રહણ કરીને આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

૪૦૬. ત્યાર પછી તે ધન્ય અનગારે પ્રથમ છટ્ઠ-ખમણના પારણા સમયે પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કર્યો, પછી ગૌતમ સ્વામીની જેમ જ ભગવાનની આજ્ઞા લીધી—યાવત્—જ્યાં કાકંદી નગરી હતી ત્યાં આવ્યા, આવીને કાકંદી નગરીના ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યા માટે ફર્યા—આચામ્લ આહાર લીધો, અનાચામ્લ ગ્રહણ ન કર્યો, તેમાં પણ સંસૃષ્ટ ગ્રહણ કર્યો, અસંસૃષ્ટ નહીં. તેમાં પણ ઉજ્ઝિત ધર્મવાળો સ્વીકાર્યો, અનુજ્ઝિત ધર્મવાળા આહારનો અસ્વીકાર કર્યો. તેમાં પણ એવો આહાર ભિક્ષા તરીકે સ્વીકાર્યો કે જે બીજા અનેક શ્રમણો, બ્રાહ્મણો, અતિથિઓ, કૃપણો, યાચકોએ સ્વીકાર્યો ન હોય.

ત્યારે તે ધન્ય અનગાર ઉદ્યમપૂર્વક, પ્રયત્નપૂર્વક, આજ્ઞાપૂર્વક અને ઉત્સાહપૂર્વક એષણા-સમિતિથી આહારની ગવેષણા કરતા કરતા વિચરતા ત્યારે કયારેક તેમને આહાર મળતો તો પાણી ન મળતું, કયારેક પાણી મળતું તો ભોજન ન મળતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી અદીનપણે, પ્રસન્નચિત્તે, કલેશ-રહિતપણે, વિષાદરહિતપણે, નિરંતર સમાધિ-યુક્ત અને યોગ તથા ચરિત્રમાં યતના અને ઉદ્યમવાળા થઈને તે અનગાર યથાપર્યાપ્ત ભિક્ષા ગ્રહણ કરતા, ગ્રહણ કરીને કાકંદી નગરીની બહાર નીકળતા, નીકળીને જેમ ગૌતમસ્વામી તેમ યાવત્ દેખાડતા.

ત્યાર બાદ તે ધન્ય અનગાર શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા મેળવીને મૂર્છારહિત, ગૃદ્ધિરહિત, લિપ્સારહિત અને આસક્તિરહિત થઈને, જેમ દરમાં સર્પ સીધો જ પ્રવેશી જાય એવી વૃત્તિથી (અર્થાત્ સ્વાદરહિતપણે માત્ર શરીરને ટકાવવા) આહાર લેતા અને આહાર લઈને તપ-સંયમ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરતા.

૪૦૭. ત્યાર પછી કોઈ એક વાર શ્રમણ ભગવાન મહાવીર કાકંદી નગરીમાંથી, સહસ્રામવનમાંથી નીકળ્યા, નીકળીને બહારના જનપદમાં વિહાર કરવા લાગ્યા.

૪૦૮. ત્યારે તે ધન્ય અનગારે શ્રમણ ભગવાન મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે સામાયિક આદિથી અગિયાર અંગો સુધીનું અધ્યયન કર્યું, અધ્યયન કરીને સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી તે ધન્ય અનગાર તેવા શ્રેષ્ઠ, વિપુલ, મહાન પ્રયત્નપૂર્વક ગ્રહણ કરેલ, કલ્યાણકારી, શિવ, ધન્ય, મંગળ, સશ્રીક, ઉદગ્ર, ઉત્તમ, ઉદાર, મહાસૌભાગ્યદાયક તપોકર્મ કરવાને કારણે શરીરથી શુષ્ક, રુક્ષ, ચર્માચ્છાદિત અસ્થિમય, હાડકાનામાળા જેવા, કૃશ નસોના જાળા જેવા બની ગયા. તેઓ આત્મશક્તિથી જ ચાલી શકતા અને આત્મશક્તિથી જ ઊભા રહી શકતા હતા. તેઓ બોલ્યા પછી થાકી જતા હતા, બોલતા બોલતા થાકી જતા હતા અને બોલવાના વિચારમાત્રથી થાકી જતા હતા.

જેવી રીતે કોઈ લાકડાથી ભરેલી ગાડી, પાંદડાથી ભરેલી ગાડી અથવા પાંદડા અને તલ ને વાસણો ભરેલીગાડી અથવા એરંડાના લાકડા ભરેલી ગાડી અથવા કોલસા ભરેલી ગાડી—જો તડકામાં સુકવીને ભરેલા કોલસા હોય તો—અવાજ કરતી ચાલે છે, અવાજ કરતી ઊભી રહે છે, તે જ રીતે ધન્ય અનગાર ચાલતા ત્યારે પણ અવાજ થતો, ઊભા રહેતા ત્યારે પણ અવાજ થતો. તેઓ તપ વડે ઉપચિત અર્થાત્ પુષ્ટ બન્યા હતા પણ માંસ-રુધિરથી અવચિત અર્થાત્ હીન બન્યા હતા. રાખથી ઢાંકેલ અગ્નિની સમાન, તપ અને તેજથી તેઓ અત્યંત શોભતા હતા.

ધન્યનું તપજનિત શરીરલાવણ્ય—

૪૦૯. ધન્ય અનગારના પગોનું આવું આવા પ્રકારનું તપજનિત લાવણ્ય હતું—

જેમ કોઈ સૂકા વૃક્ષની છાલ હોય, લાકડાની ચાખડી હોય અથવા જૂના જોડા હોય, એમ ધન્ય અનગારના પગ સૂકા, રુક્ષ, નિર્માંસ અને હાડકા, ચામડી તથા નસોના કારણે જ ઓળખી શકાય તેવા હતા, નહીં કે માંસ-રુધિરથી ઓળખી શકાય તેવા.

ધન્ય અનગારના પગની આંગળીઓનું આવા પ્રકારનું તપજનિત લાવણ્ય હતું—

જેમ કોઈ વટાણાની સિંગો હોય, મગની સિંગો હોય, અડદની સિંગો હોય તે કૂણી સિંગોને તોડીને તાપમાં સૂકવવામાં આવે તો કરમાઈ જાય, તેવી રીતે ધન્ય અનગારના પગની આંગળીઓ સૂકી, રૂખી, માંસહીન અને હાડકા, ચામડી અને નસોથી જ જાણી શકાય તેવી હતી, માંસ કે લોહીથી નહીં.

ધન્ય અનગારની જંઘાઓનું તપજનિત લાવણ્ય આવા પ્રકારનું બની ગયું હતું—

જેવી રીતે કાકજંઘા હોય, અથવા ઢેણિકાલિક (બગલા ?)ની જંઘા હોય, તેવી ધન્ય અનગારની જંઘાઓ પણ શુષ્ક, રુક્ષ, માંસહીન તથા અસ્થિ, ચર્મ અને નસોથી જ ઓળ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાય તેવી–માંસ અને રુધિરથી ન ઓળખાય તેવી– હતી.

ધન્ય અનગારના જાનુઓ(ઘૂંટણો)નું આવા પ્રકારનું તપજનિત લાવણ્ય હતું–

જેવી કોઈ કાલી(વનસ્પતિ-વિશેષ)ની ગાંઠ (સંધિસ્થાન) હોય, મોરની સંધિગાંઠ હોય અથવા ઢેણિકની (પક્ષી-વિશેષની સંધિગાંઠ) હોય––તેવી ધન્ય અનગારની જાનુઓ શુષ્ક, રુક્ષ, માંસરહિત તથા હાડકાં, ચામડી અને નસો માત્રથી ઓળખાય તેવી હતી, માંસ કે રુધિરથી ઓળખાય તેવી ન હતી.

ધન્ય અનગારના ઊરુઓનું આવા પ્રકારનું તપજનિત લાવણ્ય બન્યું હતું—

જેમ કોઈ પ્રિયંગુવૃક્ષની કુંપળો, બોરડીની કુંપળો કે સલ્લકી વૃક્ષની કુંપળો અથવા શાલ્મલિવૃક્ષની કુંપળો તોડીને સૂર્યના તાપમાં સૂકવવામાં આવે તો તે કરમાઈ જાય તેવી ધન્ય અનગારની ઊરુઓ શુષ્ક, રુક્ષ અને માંસહીન તથા અસ્થિ, ચર્મ અને સ્નાયુઓ માત્રથી ઓળખાય તેવી રહી હતી, માંસ-રુધિરથી ઓળખાય તેવી ન રહી હતી.

ધન્ય અનગારના કટિપ્રદેશનું તપજનિત લાવણ્ય આવા પ્રકારનું બન્યું હતું—

જેમ ઊંટનો પગ હોય, ઘરડા બળદનો પગ હોય અથવા ઘરડા પાડાનો પગ હોય તેવો ધન્ય અનગારનો કટિપ્રદેશ શુષ્ક, રુક્ષ, માંસહીન તથા અસ્થિ, ચર્મ અને શિરાઓ વડે ઓળખી શકાય તેવો બની ગયો હતો, માંસ અને રુધિરથી જાણી શકાય નહીં તેવો બની ગયો હતો.

૪૧૦. ધન્ય અનગારનાં પેટનું તપજનિત લાવણ્ય આવા પ્રકારનું બન્યું હતું–

જેવી કોઈ સુકાઈ ગયેલી મશક હોય અથવા ચણા ભૂંજવાનું પાત્ર હોય અથવા તો કાષ્ઠનું કોલંબ (પાત્ર-વિશેષ) હોય તેવું ધન્ય અનગારનું ઉદર શુષ્ક, રુક્ષ અને માંસરહિત તથા ચામડી અને સ્નાયુઓથી જ ઓળખાય તેવું બની ગયું હતું, માંસ અને રુધિરથી નહીં.

ધન્ય અનગારની પાંસળીઓનું તપજનિત લાવણ્ય આવા પ્રકારનું બન્યું હતું–

જેવી કોઈ દર્પણની પંક્તિ હોય અથવા પાનપાત્રની પંક્તિ હોય અથવા કોઈ ઝાડનાં ઠૂંઠાંઓની હાર હોય–એવી ધન્ય અનગારની પાંસળીઓ શુષ્ક, રુક્ષ, માંસહીન તથા અસ્થિ, ચર્મ અને શિરાઓથી માત્ર ઓળખાય તેવી બની ગઈ હતી. માંસ અને રુધિરથી નહીં.

ધન્ય અનગારની પીઠનું આવા પ્રકારનું તપજનિત લાવણ્ય બન્યું હતું–

જેવી કોઈ કર્ણાવલી (કાનના આભૂષણોની હાર) હોય અથવા ગોળાઓની હાર હોય અથવા ગોળ વાટકાઓની હાર હોય–એવી ધન્ય અનગારની પીઠ શુષ્ક, રુક્ષ અને માંસરહિત તથા અસ્થિ-ચર્મ-શિરાઓ વડે ઓળખાય તેવી બની હતી, માંસ-શોણિતથી ઓળખાય તેવી ન હતી.

ધન્ય અનગારના વક્ષઃસ્થળનું તપજનિત લાવણ્ય આવા પ્રકારનું થયું હતું—

જેવો કોઈ કુંડાનો તળિયાનો ભાગ હોય, અથવા વાંસનો પંખો હોય અથવા તાડપત્રનો પંખો હોય એવું ધન્ય અનગારનું વક્ષઃસ્થળ શુષ્ક, રુક્ષ, માંસહીન તથા અસ્થિ, ચર્મ અને શિરાઓથી જાણી શકાય તેવું બન્યું હતું, માંસ-રુધિરથી જાણી શકાય નહીં તેવું બની ગયું હતું.

ધન્ય અનગારની ભુજાઓનું તપજનિત સૌન્દર્ય આવા પ્રકારનું લાગતું હતું–

જેવી કોઈ શમીવૃક્ષની સિંગ હોય અથવા વાહાયાવૃક્ષની સિંગ હોય અથવા તો અગસ્તિક વૃક્ષની સિંગ હોય એવી ધન્ય અનગારની ભુજાઓ શુષ્ક, રુક્ષ, માંસહીન તથા અસ્થિ, ચર્મ અને શિરાઓથી ઓળખાય તેવી બની હતી, માંસ-રુધિરથી ઓળખાય તેવી ન રહી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન્ય અનગારના હાથના પંજાઓનું તપજનિત લાવણ્ય આવા પ્રકારનું બન્યું હતું–

જેવી રીતે કોઈ સુકાઈ ગયેલ છાણું હોય અથવા સૂકું વડનું પાન હોય અથવા સૂકું ખાખરાનું પાન હોય તેવા ધન્ય અનગારના હાથના પંજા શુષ્ક, રુક્ષ, માંસહીન તથા અસ્થિ, ચર્મ અને નસોથી જ ઓળખાય તેવા બન્યા હતા, માંસ અને રુધિરથી ન ઓળખી શકાય તેવા બની ગયા હતા.

ધન્ય અનગારની હાથની આંગળીઓનું તપજનિત લાવણ્ય આવા પ્રકારનું બન્યું હતું–

જેવી કોઈ વટાણાની સિંગો હોય અથવા મગની સિંગો હોય અથવા અડદની સિંગો હોય અને તે કોમળ સિંગોને સૂર્યતાપમાં સૂકવવામાં આવે તો જેવી થઈ જાય તેવી ધન્ય અનગારના હાથની આંગળીઓ શુષ્ક, રુક્ષ અને માંસહીન બની હતી તથા અસ્થિ, ચર્મ અને સ્નાયુઓ માત્રથી ઓળખાય તેવી રહી હતી.

૪૧૧. ધન્ય અનગારની ગ્રીવા–ગરદનનું તપજનિત લાવણ્ય આવા પ્રકારનું બન્યું હતું–

જેવી કોઈ કરક(માટીનો નાનો ઘડો)ની ગરદન હોય અથવા કુંડિકા (પાત્ર-વિશેષ)ની ગરદન હોય અથવા ઉચ્ચ સ્થાપનક(ઊંચા મોઢાવાળા પાત્ર)ની ગરદન હોય તેવી ધન્ય અનગારની ગરદન શુષ્ક, રુક્ષ, માંસહીન તથા અસ્થિ, ચર્મ અને શિરાઓ માત્રથી જાણી શકાય તેવી બની હતી, માંસ-રુધિર વડે નહીં.

ધન્ય અનગારની હનુ-દાઢીની આવા પ્રકારની તપજનિત સુંદરતા બની હતી—

જેમ કોઈ તૂંબફળ અથવા હકુવ (ફળ-વિશેષ) અથવા કેરીની ગોટલી સૂર્યના તાપમાં સુકાયાથી કરમાઈ જાય એવી ધન્ય અનગારની દાઢી શુષ્ક, રુક્ષ, નિર્માંસ તથા અસ્થિ, ચર્મ અને શિરાઓ માત્રથી જાણી શકાય તેવી બની હતી, માંસ–રુધિરથી નહીં.

ધન્ય અનગારના હોઠોનું તપજનિત લાવણ્ય આવા પ્રકારનું બન્યું હતું—

જેવી કોઈ સુકાયેલી જલોકા હોય અથવા શ્લેષ્મની ગુટિકા હોય અથવા અળતાની ગુટિકા હોય તેવા ધન્ય અનગારના હોઠ શુષ્ક, રુક્ષ અને માંસરહિત બન્યા હતા તથા ચર્મ અને શિરાઓથી ઓળખાતા હતા, માંસ–રુધિરથી નહીં.

ધન્ય અનગારની જીભનું આવા પ્રકારનું તપજનિત લાવણ્ય બન્યું હતું—

જેવું કોઈ વડનું પાન અથવા પલાશ-(ખાખરા)નું પાન અથવા સાગનું પાન હોય એવી ધન્ય અનગારની જીભ શુષ્ક, રુક્ષ અને માંસરહિત તથા ચામડી અને શિરા-ઓથી જાણી શકાય તેવી બની હતી, માંસ-રુધિરથી ઓળખી ન શકાય તેવી બની રહી હતી.

ધન્ય અનગારની નાસિકાનું તપજનિત સૌન્દર્ય આવા પ્રકારનું બન્યું હતું—

જેવી કોઈ કેરીની ચીર હોય અથવા આમળાની ચીર હોય અથવા બીજોરાની ચીર હોય અને તે કૂણી ચીરને કાપીને સૂર્યના તડકામાં સૂકવવામાં આવી હોય તો જેમ ચીમળાઈ જાય, કરમાઈ જાય તેવી ધન્ય અન-ગારની નાસિકા શુષ્ક, રુક્ષ, માંસરહિત તથા અસ્થિ–ચર્મ–શિરા માત્રથી જાણી શકાય તેવી બની હતી, પણ માંસ–રુધિરથી જાણી શકાય નહીં તેવી બની ગઈ હતી.

ધન્ય અનગારની આંખોનું તપજનિત સૌન્દર્ય આવું બની ગયું હતું--

જેવું કોઈ વીણાનું છિદ્ર હોય અથવા વદ્ધીસક વાદ્યનું છિદ્ર હોય અથવા પ્રભાતની તારિકા હોય એવી ધન્ય અનગારની આંખો શુષ્ક, રુક્ષ અને માંસરહિત તથા અસ્થિ, ચર્મ શિરાઓ માત્રથી ઓળખી શકાય તેવી બની ગઈ. લોહી-માંસથી ઓળખી શકાય તેવી ન રહી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન્ય અનગારના કાનનું તપજનિત લાવણ્ય આવા પ્રકારનું બન્યું હતું—

જેમ કોઈ મૂળાની છાલ હોય અથવા તરબૂચની છાલ હોય અથવા કારેલાની છાલ હોય તેવા ધન્ય અનગારના કાન શુષ્ક, રુક્ષ માંસરહિત તથા ચર્મ અને શિરા વડે ઓળખાય તેવા બની ગયા હતા, માંસ અને રક્તથી ઓળખી શકાય તેવા ન હતા.

ધન્ય અનગારના મસ્તકની આવા પ્રકારની તપજનિત સુંદરતા બની હતી—

જેમ કોમળ તુંબડું અથવા કોમળ આલુ અથવા કોમળ સિસ્તાલક (ફળવિશેષ) તોડીને સૂર્યના તાપમાં સૂકવવામાં આવે તો કરમાઈ જાય તેવું ધન્ય અનગારનું મસ્તક શુષ્ક, રુક્ષ માંસરહિત તથા અસ્થિ, ચર્મ અને શિરાઓથી જાણી શકાય તેવું બની ગયું હતું. પરંતુ માંસ અને રક્તસંપન્નતાથી નહીં.

૪૧૨. ખરેખર ધન્ય અનગાર ભૂખ્યા રહેવાને કારણે જેના પગ, જાંઘ અને કૂલા સુકાઈ જવાથી શુષ્ક બની ગયા હતા તેવા, માંસ ક્ષીણ થવાથી પાંસળીઓનાં અસ્થિ દેખાતાં હતાં તેવાં, પેટ અને કમર એક થઈ ગયાં હતાં એવા, પીઠના કરોડના મણકા બહાર દેખાતા હોઈ રુદ્રાક્ષમાળાના મણકાની જેમ ગણી શકાતા હતા તેવા, ગંગાના તરંગ જેવા બની ગયેલા વક્ષઃસ્થળવાળા, સૂકાઈ ગયેલા સર્પ જેવી ભુજાઓવાળા, શિથિલ લગામની જેમ ધ્રૂજતા હાથવાળા, કંપન—વાયુના રોગવાળા પુરુષની જેમ કંપાયમાન મસ્તકરૂપ ઘડાવાળા, જેમના નેત્રકોશ અંદર પેસી ગયા છે એવા તે ધન્ય અનગાર માત્ર આત્મશક્તિથી જ ચાલતા હતા. આત્મશક્તિથી ઊઠતા હતા, બોલીને થાકી જતા હતા, બોલવાનો વિચાર કરતાં થાકી જતા હતા.

જેવી રીતે કોઈ કોલસાથી ભરેલ ગાડી, અથવા તલના ફોફા(ખાલી સિંગો) ભરેલ ગાડી અથવા પાંદડાંથી ભરેલ ગાડી અથવા એરંડાનાં લાકડાં ભરેલ ગાડી તાપમાં તપાવેલી હોય ત્યારે અવાજ કરતી ચાલે છે, અને અવાજ કરતી ઊભી રહે છે—તેવી રીતે ધન્ય અનગાર ચાલતા ત્યારે અવાજ થતો અને ઊભા રહેતા ત્યારે અવાજ થતો. તેઓ તપથી ઉપચિત અર્થાત્ પુષ્ટ બન્યા હતા પરંતુ માંસ—લોહીથી અપચિત અર્થાત્ હીન બન્યા હતા. રાખના ઢગલાથી ઢાંકેલ અગ્નિની જેમ તપ અને તેજની શ્રીથી તેઓ અધિકાધિક શોભતા હતા.

શ્રેણિક દ્વારા મહાદુષ્કરકારક—પૃચ્છા અને ભગવાનનું સમાધાન—

૪૧૩. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. પરિષદા નીકળી. શ્રેણિક નીકળ્યો. ધર્મકથા થઈ. પરિષદા પાછી ફરી.

ત્યારે શ્રેણિક રાજાએ શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મોપદેશ સાંભળી અને અવધારણ કરી શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! આ ઇન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં કયો અણગાર અતિ દુષ્કર ક્રિયા કરનાર અને કર્મોની મહાનિર્જરા કરનાર છે?'

'હે શ્રેણિક! આ ઇન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં ખરેખર ધન્ય અનગાર અતિ દુષ્કર ક્રિયાકારક અને મહાનિર્જરા કરનાર છે.'

'હે ભગવન્! શા કારણે આપ એમ કહો છો કે આ ઇન્દ્રભૂતિ—પ્રમુખ ચૌદ હજાર અનગારોમાં ધન્ય અનગાર અતિ દુષ્કર ક્રિયા કરનાર અને કર્મોની મહાનિર્જરા કરનાર છે?'

ભગવાનનો ઉત્તર—

૪૧૪. 'હે શ્રેણિક! તે કાળે તે સમયે કાકંદી નામે નગરી હતી. ત્યાં ધન્ય બાળક શ્રેષ્ઠ પ્રાસાદમાં ઉપરના ભાગે વિચરી રહ્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારે એક વખત હું અનુક્રમે વિહાર કરતો કરતો, એક ગામથી બીજે ગામ ફરતો ફરતો, જ્યાં કાકંદી નગરી હતી, જ્યાં સહસ્રામવન ઉદ્યાન હતું ત્યાં આવ્યો અને યથા-યોગ્ય અવગ્રહ ધારણ કરીને સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતો વિચરી રહ્યો હતો. ત્યારે પરિષદા મળી. પૂર્વવર્ણન પ્રમાણે યાવત્ ધન્ય દીક્ષિત થયો—યાવત્—દરમાં જેમ સર્પ સડસડાટ ચાલ્યો જાય એવી રીતે આત્મ-ભાવનાથી આહાર લેતો. ધન્ય અનગારના શરીરનું સમગ્ર વર્ણન યાવત્ તપ અને તેજની શ્રીથી તે ધન્ય અનગાર અધિકાધિક શોભી રહ્યા છે.

આ કારણે હે શ્રેણિક ! હું એમ કહું છું કે ઇન્દ્રભૂતિ-પ્રમુખ ચૌદ હજાર અનગારોમાં ધન્ય અનગાર મહાદુષ્કરકારક અને મહાનિર્જરા-કારક છે.'

શ્રેણિક દ્વારા ધન્યની સ્તુતિ—

૪૧૫. ત્યાર પછી શ્રેણિક રાજાએ શ્રમણ ભગવાન મહાવીરની આ વાત સાંભળીને અને અવધા-રીને હૃષ્ટ તુષ્ટ થઈને શ્રમણ ભગવાન મહા-વીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને પછી જ્યાં ધન્ય અનગાર હતા ત્યાં આવ્યો, આવીને ધન્ય અનગારની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને આ પ્રમાણે કહેવા લાગ્યો—

'હે દેવાનુપ્રિય ! તમે ધન્ય છો. હે દેવાનુપ્રિય તમે પુન્યશાળી છો. હે દેવાનુપ્રિય ! તમે કૃતાર્થ થયા છો. હે દેવાનુપ્રિય ! તમે કૃતલક્ષણ થયા છો. હે દેવાનુપ્રિય ! તમે જન્મ અને જીવિતને સફળ કર્યા છે.' આમ કહી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, આદક્ષિણા-પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને પછી પોતે જે દિશામાંથી આવ્યો હતો ત્યાં પાછો ફર્યો.

ધન્યનું સર્વાર્થસિદ્ધ ગમન અને મહાવિદેહમા સિદ્ધિ—

૪૧૬. ત્યાર પછી તે ધન્ય અનગારને કોઈ એક વખત મધ્યરાત્રિ સમયે ધર્મજાગરણ કરતાં આવા પ્રકારનો અધ્યવસાય યાવત્ સંકલ્પ થયો કે— 'હું આવા ઉદાર તપોકર્મના કારણે ધમણ જેવો બની ગયો છું'...સ્કંદકને જેવો વિચાર થયેલો તેવો જ વિચાર અર્થાત્ અનશનનો વિચાર ધન્ય અનગારને પણ થયો. ભગવાનની આજ્ઞા. સ્થવિરો સાથે વિપુલ પર્વત પર આરોહણ. માસિક સંલેખના. નવ માસનો શ્રમણ-પર્યાય પાળી—યાવત્—કાળમાસે કાળ પામી ઊર્ધ્વ લોકમાં ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારાઓને વટાવીને—યાવત્—વળી નવ ગ્રૈવેયક વિમાનોના પ્રસ્તરોને વટાવીને અતિ ઊંચે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. સ્થવિરો ઊતરીને પાછા ફર્યા—યાવત્—આ તેમના આચારનાં ઉપકરણો છે.

'હે ભગવન્ !' એમ ભગવાનને સંબોધી ગૌતમસ્વામીએ જેમ સ્કંદક વિશે તેવી જ રીતે ધન્ય વિશે પ્રશ્ન કર્યો, ભગવાને સમજૂતિ આપી—યાવત્—સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા છે.

'હે ભદંત ! ધન્ય દેવની કેટલા કાળની સ્થિતિ (દેવ—આયુ) કહેવામાં આવી છે ?'

'હે ગૌતમ ! તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહેવામાં આવી છે.'

'હે ભગવંત ! તે ધન્ય દેવ તે દેવલોકમાંથી ચ્યુત થઈને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?'

'હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો અંત કરશે.'

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭. મહાવીર તીર્થમાં સુનક્ષત્રાદિ શ્રમણ

૪૧૭. તે કાળે તે સમયે કાકંદી નગરી હતી. જિતશત્રુ રાજા હતો.

તે કાકંદી નગરીમાં ભદ્રા નામની શેઠાણી નિવાસ કરતી હતી—જે ઋદ્ધિસંપન્ન—યાવત્—અપરિભૂત—કોઈનાથીય પરાભવ પમાડી ન શકાય તેવી હતી.

તે ભદ્રા શેઠાણીનો સુનક્ષત્ર નામનો બાળક પુત્ર હતો—જે પાંચ ઇન્દ્રિયોથી અહીન અને પરિપૂર્ણ હતો—યાવત્—સુરૂપ હતો. ધન્ય કુમારની જેમ પાંચ ધાવ દ્વારા તેનું લાલનપાલન કરવામાં આવ્યું હતું. બત્રીસ દહેજ આવ્યા—યાવત્—ઉપર શ્રેષ્ઠ પ્રાસાદમાં વિહરતો હતો.

તે કાળે તે સમયે સ્વામી—શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા—યાવત્—સમોસર્યા. ધર્મ પરિષદ નીકળી. જે પ્રમાણે ધન્યકુમાર નીકળ્યા હતા તે પ્રમાણે સુનક્ષત્ર પણ નીકળ્યા. જે પ્રમાણે થાવચ્ચાપુત્રનો થયો હતો તે પ્રમાણે સુનક્ષત્રનો નિષ્ક્રમણ—મહોત્સવ થયો—યાવત્—અનગાર થઈ ગયા—ઈર્યાસમિતિવાળા—યાવત્—ગુપ્ત બ્રહ્મચારી થઈ ગયા.

ત્યાર બાદ તે સુનક્ષત્રે જે દિવસે શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત થઈ ગૃહત્યાગ કરી અનગાર દીક્ષા અંગીકાર કરી તે જ દિવસે અભિગ્રહ ધારણ કર્યો. તે પ્રમાણે—યાવત્—જે પ્રમાણે સર્પ વિનાપ્રયાસે દરમાં ઘૂસી જાય છે તે પ્રમાણે કોઈ પણ જાતની લાલસા કે સ્વાદ-વિના આહાર કરતા હતા, આહાર કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

૪૧૮. સ્વામી—શ્રમણ ભગવાન મહાવીર બહાર જનપદ વિહારમાં વિચરણ કરતા હતા.

અગિયાર અંગોનું અધ્યયન કર્યું અને સંયમ તથા તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

ત્યાર બાદ તે સુનક્ષત્ર અનગાર તે ઉદાર તપકર્મથી જેમ સ્કન્દક તે જ પ્રમાણે અત્યંત શોભાયમાન થતા બિરાજતા હતા.

તે કાળે તે સમયે રાજગૃહ નગર હતું. ગુણશિલક ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો. સ્વામી પધાર્યા. ધર્મ સાંભળવા માટે પરિષદ નીકળી. રાજા પણ નીકળ્યો. ધર્મકથા થઈ. રાજા પાછો ફર્યો. પરિષદ પાછી ફરી.

૪૧૯. ત્યાર બાદ તે સુનક્ષત્ર અનગારને અન્યદા કોઈ એક સમયે મધ્યરાત્રિએ ધર્મ જાગરણ કરતાં આ પ્રકારનો અધ્યવસાય—યાવત્—સંકલ્પ થયો, જેમ સ્કન્દક માટે બનાવ્યું છે. અનેક વર્ષો સુધી શ્રમણ-પર્યાયનું પાલન કર્યું. ગોતમસ્વામીએ પૂછ્યું. ભગવાને આ પ્રમાણે કથન કર્યું—'સર્વાર્થસિદ્ધ દેવવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. તેત્રીસ સાગરોપમની સ્થિતિ થઈ. મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે—યાવત્—સર્વ દુઃખોનો અંત કરશે.'

ઋષિદાસાદિ કથાનક નિર્દેશ—

૪૨૦. આ પ્રમાણે સુનક્ષત્રના ગમ—આખ્યાન સમાન શેષ આઠ અધ્યયન પણ કહેવાં જોઈએ, વિશેષના એ કે અનુક્રમથી બે રાજ-ગૃહમાં, બે સાકેતપુરમાં, બે વાણિજયગ્રામમાં, નવમા હસ્તિનાપુરમાં, દસમા રાજગૃહનગરમાં ઉત્પન્ન થયા. નવે માતાઓનું નામ ભદ્રા હતું. નવેને બત્રીસ દહેજ આવ્યા. નવેનાં નિષ્ક્રમણ થાવચ્ચાપુત્રની જેમ જ થયાં. વેહલ્લનો નિષ્ક્રમણ મહોત્સવ પિતાએ કર્યો. વેહલ્લ અનગારે છ માસ શ્રમણ પર્યાયનું પાલન કર્યું. ધન્ય અનગારે નવ માસ શ્રમણ પર્યાયનું પાલન કર્યું. બાકીના આઠેનો શ્રમણ—પર્યાય અનેક વર્ષોનો હતો. સર્વે એક માસની સંલેખના કરી, સર્વાર્થસિદ્ધ વિમાનમાં બધા ઉત્પન્ન થયા. દરેક મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધગતિ પ્રાપ્ત કરશે—યાવત્—સર્વ દુઃખોનો અંત કરશે.

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૮. મહાવીર–તીર્થમાં સુબાહુકુમાર શ્રમણ

૪૨૧. સુબાહુ, ભદ્રનંદી, સુજાત, સુવાસવ, જિનદાસ, ધનપતિ, મહાબલ, ભદ્રનંદી, મહચ્ચંદ્ર અને વરદત્ત–આ દશના નામનાં દશ અધ્યયનો છે.

સુબાહુકુમારનો જન્મ–પરિણયાદિ—

૪૨૨. તે કાળે તે સમયે હસ્તિશીર્ષ નામે નગર હતું–જે ઋદ્ધિસંપન્ન, નિર્ભય અને ધન-ધાન્યસમૃદ્ધ હતું. વર્ણન.

તે હસ્તિશીર્ષ નગરની બહાર ઉત્તર પૂર્વ દિશા (ઇશાન કોણ)માં પુષ્પકરંડક નામે ઉદ્યાન હતો–તે સર્વ ઋતુઓના પુષ્પો અને ફળોથી સમૃદ્ધ હતો. વર્ણન.

ત્યાં કૃતવનમાલપ્રિય નામે યક્ષનું યક્ષાયતન હતું–જે દિવ્ય અને દર્શનીય હતું.

તે હસ્તિશીર્ષ નગરમાં મહાન હિમવંત, મલય, મંદરાચલ સમાન અને મહેન્દ્ર સમાન શ્રેષ્ઠ અદીનશત્રુ નામક રાજા હતો–વર્ણન.

તે અદીનશત્રુ રાજાનો ધારિણી પ્રમુખ એક હજાર રાણીઓનો બનેલ રાણીવાસ હતો.

ત્યારે તે ધારિણી દેવી કોઈ એક વખત યથાયોગ્ય શયનકક્ષમાં સૂતી હતી ત્યારે સ્વપ્નમાં સિંહને જોયો. અહીં જેમ મેઘના જન્મોત્સવનું વર્ણન છે તેવું (સુબાહુકુમારના જન્મનું) સમગ્ર વર્ણન.

ત્યાર પછી તે સુબાહુકુમાર બોંતેર કળાઓમાં પારંગત થયો–યાવત્–સર્વ પ્રકારના ભોગો ભોગવવા સમર્થ યુવાન બન્યો.

૪૨૩. ત્યાર પછી માતા-પિતાએ સુબાહુકુમારને બોંતેર કળાઓમાં પારંગત યાવત્ સર્વ પ્રકારના ભોગો ભોગવવા સમર્થ થયેલ–યુવાન થયેલ જાણ્યો, જાણીને માતા–પિતાએ પાંચ સર્વોત્કૃષ્ટ પ્રાસાદોનું નિર્માણ કરાવ્યું–જે ઊંચાઈમાં મોટા પર્વતોને પણ પરાજિત કરે તેવા હતા. અને એક વિશાળ ભવન બનાવ્યું–જેવી રીતે મહાબળ કુમાર માટે તેના માતા-પિતાએ કરાવ્યું હતું. અહીં વિશેષતા એ છે કે પુષ્પચૂલા પ્રમુખ પાંચ શ્રેષ્ઠ રાજકન્યાઓનું સુબાહુકુમાર સાથે એક દિવસમાં પાણિગ્રહણ કરાવ્યું, તે જ રીતે પાંચ દાયજા મળ્યા–યાવત્–મૃદંગના અવાજ સાથે તે શ્રેષ્ઠ પ્રાસાદોના ઉપરના ભાગે—યાવત્—માનુષી કામભોગો ભોગવતો રહેવા લાગ્યો.

સુબાહુકુમાર દ્વારા ગૃહિધર્મ (શ્રાવક ધર્મ) અંગીકરણ—

૪૨૪. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. પરિષદા નીકળી. જેવી રીતે કોણિક રાજા ભગવાનને વંદન કરવા નીકળ્યો હતો તેવી રીતે અદીનશત્રુ નીકળ્યો. જેવી રીતે જમાલી રથારૂઢ થઈને નીકળ્યો હતો તેવી રીતે સુબાહુ નીકળ્યો–યાવત્–ધર્મોપદેશ. રાજા અને પરિષદા પાછાં ફર્યાં.

ત્યારે તે સુબાહુકુમાર શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળીને અને અવધારીને હૃષ્ટ, તુષ્ટ, થયો, પોતાના સ્થાનેથી ઊભો થયો–યાવત્–આ પ્રમાણે બોલ્યો—

'હે ભગવન્! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું. આપ દેવાનુપ્રિય પાસે જેવી રીતે અનેક રાજેશ્વરો, તલવરો, માડંબિકો, કૌટુંબિકો, ઇભ્યો, શ્રેષ્ઠીઓ, સેનાપતિઓ અને સાર્થવાહ વગેરે મુંડિત બનીને ગૃહવાસ ત્યજીને અનગારરૂપે પ્રવ્રજિત થયા છે તેવી રીતે પ્રવ્રજિત થવાનું તો મારું સામર્થ્ય નથી. પરંતુ હું આપ દેવાનુપ્રિયની પાસે પાંચ અણુવ્રત, અને સાત શિક્ષાવ્રતરૂપ બાર વ્રતનો બનેલો ગૃહિધર્મ (શ્રાવક ધર્મ) સ્વીકારવા ઇચ્છું છું.'

[ત્યારે ભગવાને કહ્યું–] 'હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કર. પરંતુ તેમાં વિલંબ કરીશ નહીં.'

ત્યાર પછી સુબાહુકુમારે શ્રમણ ભગવાન મહાવીર પાસે પાંચ અણુવ્રત, અને સાત શિક્ષાવ્રતરૂપ બાર વ્રતનો બનેલો શ્રાવક ધર્મ સ્વીકાર્યો, સ્વીકારીને પોતાના તે જ ચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘંટાવાળા અશ્વરથ પર આરૂઢ થયો, આરૂઢ થઈને જે દિશામાંથી તે આવ્યો હતો તે જ દિશામાં પાછો ફર્યો.

સુબાહુના પૂર્વભવ અંગે પૃચ્છા—

૪૨૫. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ઈન્દ્રભૂતિ–યાવત્–આ પ્રમાણે બોલ્યા–

'હે ભગવંત ! આ સુબાહુકુમાર ઈષ્ટ, ઈષ્ટરૂપ, કાંત, કાંતરૂપ, પ્રિય, પ્રિયરૂપ, મનોજ્ઞ, મનોજ્ઞરૂપ, મનામ, મનામરૂપ, સૌમ્ય, સૌમ્યરૂપ, સુભગ અને સુભગરૂપ છે. અહો ! પ્રિયદર્શન અને સુરૂપ છે !

હે ભગવન્ ! આ સુબાહુકુમાર અનેક મનુષ્યોનો ઈષ્ટ, ઈષ્ટરૂપ–યાવત્ સુરૂપ છે.

હે ભગવન્ ! આ સુબાહુકુમાર સાધુજનો–સજ્જનોનો પણ ઈષ્ટ, ઈષ્ટરૂપ–યાવત્ સુરૂપ છે.

હે ભગવન્ ! અહીં (આ જગતમાં) સુબાહુકુમારને આવા પ્રકારની ઉદાર, માનુષી ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થઈ ? યાવત્ કેવી રીતે ઉપલબ્ધ થઈ ? વળી એ પૂર્વજન્મમાં કોણ હતો ?'

સુબાહુના સુમુખભવની કથા—

૪૨૬. 'હે ગૌતમ !' એમ શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમ સ્વામીને સંબોધીને આ પ્રમાણે કહ્યું–

'હે ગૌતમ ! તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું–જે ઋદ્ધિસંપન્ન, નિર્ભય અને ધનધાન્યથી સમૃદ્ધ હતું–વર્ણન.

તે હસ્તિનાપુર નગરમાં સુમુખ નામે ગાથાપતિ નિવાસ કરતો હતો–જે ધનાઢ્ય યાવત્ કોઈથીય પરાભવ ન પામે તેવો હતો.

તે કાળે તે સમયે ધર્મઘોષ નામે સ્થવિર જાતિસંપન્ન–યાવત્–પાંચસો શ્રમણોના પરિવાર સાથે અનુક્રમે ફરતાં ફરતાં, એક ગામથી બીજા ગામે વિહરતાં વિહરતાં જ્યાં હસ્તિનાપુર નગર હતું, જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું ત્યાં આવ્યા, આવીને યથાયોગ્ય અવગ્રહ ધારણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

તે કાળે તે સમયે ધર્મઘોષ સ્થવિરના અંતેવાસી ઉદાર, ઘોર, ઘોરગુણ, ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચારી, શરીરત્યાગી (શરીરના મમત્વનો ત્યાગ કરનાર, શરીરધર્મ પ્રત્યે ઉદાસ), સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યાધારક એવા સુદત્ત નામે અનગાર નિરંતર માસક્ષમણની તપશ્ચર્યા કરતા કરતા વિચરતા હતા.

ત્યારે તે સુદત્ત અનગારે માસક્ષમણના પારણાના દિવસે પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કર્યો, પછી જેમ ગૌતમ સ્વામી તેવી જ રીતે ધર્મઘોષ સ્થવિરની આજ્ઞા લઈને–યાવત્–ભિક્ષાચર્યા માટે ફરતા ફરતા સુમુખ ગાથાપતિના ગૃહમાં પ્રવેશ્યા, ત્યારે તે સુમુખ ગાથાપતિએ સુદત્ત અનગારને આવતા જોયા, જોઈને હૃષ્ટ તુષ્ટ થઈ આસનેથી ઊભો થયો, ઊભો થઈ પાદપીઠથી નીચે ઊતર્યો, ઊતરીને પગમાંથી પાદુકાઓ ઉતારી, ઉતારીને એકશાટિક ઉત્તરાસંગ કર્યો (ઉત્તરીય વસ્ત્ર ખેસની જેમ ખભા પર નાખ્યું), પછી સુદત્ત અનગારના સત્કાર માટે સાત આઠ ડગલાં સામે આવ્યો, સામે આવીને ત્રણ વાર તેમની આદક્ષિણા–પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમન કરીને જ્યાં રસોઈ ઘર હતું ત્યાં ગયો, જઈને પોતાના હાથે જ વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહાર વહોરાવતાં પ્રસન્ન બન્યો અને વહોરાવીને પણ પ્રસન્ન થયો.

અનગાર–ભિક્ષાવેળાએ પંચદિવ્ય–પ્રાદુર્ભાવ—

૪૨૭. ત્યારે તે દ્રવ્યશુદ્ધ, ગ્રાહકશુદ્ધ અને દાયકશુદ્ધ અર્થાત્ જેમાં ભિક્ષાની વસ્તુ શુદ્ધ હોય, ગ્રહણ કરનાર પાત્ર શુદ્ધ હોય અને ભિક્ષા આપનાર દાતાનો ભાવ શુદ્ધ હોય–તેવી ત્રણ પ્રકારની શુદ્ધિથી અને ત્રિકરણ શુદ્ધિથી સુદત્ત અનગારને પ્રતિલાભિત કરવામાં આવ્યા. એનાથી સુમુખ ગાથાપતિએ સંસાર અલ્પ કર્યો, મનુષ્યાયુનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધ કર્યો અને તેના ઘરમાં આ પાંચ દિવ્યો પ્રગટ થયા—સુવર્ણની વૃષ્ટિ થઈ, પંચરંગી પુષ્પોની વૃષ્ટિ થઈ, વસ્ત્રોનો ઉત્ક્ષેપ થયો, દેવ-દુંદુભિઓ વાગી અને આકાશમાં 'અહો દાન,' 'અહો દાન' એવી ઘોષણાઓ થઈ. ત્યારે હસ્તિનાપુર નગરના શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો ચત્વરો, ચતુર્મુખો, રાજમાર્ગો અને સામાન્ય માર્ગોમાં ઘણા લોકો અન્યોન્ય આ પ્રમાણે કહેવા લાગ્યા, બોલવા લાગ્યા, પ્રતિપાદિત કરવા લાગ્યા—

'હે દેવાનુપ્રિય ! સુમુખ ગાથાપતિ ધન્ય છે. હે દેવાનુપ્રિય ! સુમુખ ગાથાપતિ પુન્યશાળી છે, કૃતાર્થ છે, કૃતલક્ષણ છે. સુમુખ ગાથા-પતિએ પોતાના મનુષ્યજન્મ અને જીવિતને સફળ કર્યું છે કે જેણે આ આવા પ્રકારની ઉદાર માનવીય ઋદ્ધિ મેળવી છે, પ્રાપ્ત કરી છે અધિગત કરી છે.'

સુમુખનો સુબાહુભવ—

૪૨૮. ત્યાર પછી તે સુમુખ ગાથાપતિએ અનેક સેંકડો વર્ષોનું આયુષ્ય ભોગવ્યું, ભોગવીને કાળ સમયે કાળ પામી આજ હસ્તિશીર્ષ નગરમાં અદીનશત્રુ રાજાની ધારિણી રાણીની કુક્ષિમાં (ગર્ભમાં) પુત્રરૂપે આવ્યો.

ત્યારે તે ધારિણી રાણી શૈયા પર કંઈક સૂતી કંઈક જાગતી એમ સહેજ નિદ્રામાં હતી ત્યારે સ્વપ્નમાં તેણે સિંહને જોયો—શેષ વર્ણન પૂર્વવત્—યાવત્—પ્રાસાદના ઉપરિભાગે વિચરી રહ્યો છે.

એ રીતે હે ગૌતમ ! સુબાહુકુમારે આ આવા પ્રકારની ઉદાર માનુષી સમૃદ્ધિ ઉપલબ્ધ, પ્રાપ્ત અને અધિગત કરી છે.'

'હે ભગવન્ ! સુબાહુકુમાર આપ દેવાનુ-પ્રિય પાસે મુંડિત થઈ, ગૃહત્યાગ કરી અનગાર ધર્મમાં પ્રવ્રજિત થવા સમર્થ છે ?'

'હા, સમર્થ છે.'

ત્યાર પછી ભગવાન ગૌતમે ભગવાન મહાવીરને વંદન—નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર કોઈ સમયે હસ્તિશીર્ષ નગરના પુષ્પકરંડક ઉદ્યાનમાં આવેલા કૃતવનમાલપ્રિય—યક્ષાયતનમાંથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદમાં વિહાર કરવા લાગ્યા.

ત્યાર બાદ તે સુબાહુકુમાર શ્રમણોપાસક બની ગયો—જીવાજીવાદિ તત્ત્વોનો મર્મજ્ઞ બનીને—યાવત્—શ્રમણો આદિને પ્રતિલાભ કરતો વિચરવા લાગ્યો.

ત્યારે તે સુબાહુકુમાર અન્ય કોઈ સમયે ચતુર્દશી, અષ્ટમી, અમાવસ્યા અને પૂર્ણિમા—આ તિથિઓમાંની કોઈ એક તિથિએ જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, આવીને પૌષધ-શાળાનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરી ઉચ્ચાર-પ્રસ્રવણભૂમિની પ્રતિલેખના કરી, પ્રતિલેખના કરીને દર્ભનું આસન પાથર્યું, પાથરીને તે પર બેઠો, બેસીને અષ્ટમ ભક્ત અંગીકાર કર્યું, અષ્ટમભક્ત ગ્રહણ કરીને પૌષધશાળામાં પૌષધવ્રતનું પાલન કરતો વિચરવા લાગ્યો.

સુબાહુકુમારની પ્રવ્રજ્યા—

૪૨૯. ત્યાર પછી તે સુબાહુકુમારને મધ્યરાત્રિ-સમયે ધર્મજાગરણ જાગતાં આ આવા પ્રકારનો અધ્યવસાય—યાવત્—સંકલ્પ ઉત્પન્ન થયો—'તે ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેટક, કર્બટ, દ્રોણમુખ, મડંબ, પટ્ટન, આશ્રમ, સંવાહ અને સન્નિવેશ ધન્ય છે કે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિચરે છે.

તે રાજા, સામંત, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શેઠ, સેનાપતિ, સાર્થવાહ આદિ ધન્ય છે કે જે શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત બની ગૃહવાસ ત્યજી અનગાર-દીક્ષા ગ્રહણ કરે છે.

તે રાજા, સામંત, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શેઠ, સેનાપતિ, સાર્થવાહ આદિ ધન્ય છે કે જે શ્રમણ ભગવાન મહાવીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસેથી પાંચ અણુવ્રતને સાત શિક્ષાવ્રત એમ બારવ્રતનો શ્રાવક-ધર્મ સ્વીકારે છે.

તે રાજા, સામંત, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શેઠ, સેનાપતિ, સાર્થવાહ આદિ ધન્ય છે જે શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મશ્રવણ કરે છે.

એટલા માટે જો શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમે ગમન કરતા કરતા, ગામોગામ વિહાર કરતા કરતા અહીં પધારે, અહીં હસ્તિશીર્ષ નગરની બહાર પુષ્પકરંડક ઉદ્યાનના કૃતવનમાલપ્રિય યક્ષાયતનમાં રહી યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે તો હું શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત બનીને ગૃહત્યાગ કરીને અનગાર દીક્ષા લઉં.'

૪૩૦. ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સુબાહુકુમારનો આ આવા પ્રકારનો માનસિક સંકલ્પ યાવત્ જાણી લઈને પૂર્વાનુપૂર્વી-ક્રમથી ગમન કરતા કરતા, ગામોગામ વિહાર કરતા કરતા જ્યાં હસ્તિશીર્ષ નગર હતું, જ્યાં પુષ્પકરંડક ઉદ્યાન હતો, જ્યાં કૃતવનમાલપ્રિય-યક્ષાયતન હતું ત્યાં પધાર્યા, પધારીને યથાનુરૂપ અભિગ્રહ ધારણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. પરિષદા એકત્ર થઈ, રાજા વંદનાર્થ નીકળ્યો.

તદનન્તર એ મહાન જનકોલાહલ અને યાવત્ જનસમુદાયને સાંભળીને અને જોઈને તે સુબાહુકુમારને આ આવા પ્રકારનો અધ્યવસાય, વિચાર, વિકલ્પ, મનોરથ, મનોગત સંકલ્પ પેદા થયો...અને જેવી રીતે જમાલિ તેવી રીતે તે નીકળ્યો. ભગવાન મહાવીરનો ધર્મોપદેશ, પરિષદ અને રાજાનું પાછા ફરવું.

ત્યાર પછી તે સુબાહુકુમારે શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મ શ્રવણ કરી અને અવધારણ કરી હૃષ્ટ, તુષ્ટ થઈને જેવી રીતે મેઘકુમાર તેવી જ રીતે માતાપિતાની અનુજ્ઞા લીધી. તે જ રીતે નિષ્ક્રમણ-અભિષેક કરવામાં આવ્યો -યાવત્-અનગાર બન્યો, ઈર્યાસમિતિ આદિનો પાલક યાવત્ ગુપ્તિધારી બ્રહ્મચારી બની ગયો.

સુબાહુકુમારના આગામી ભવ અને મહાવિદેહમાં સિદ્ધિ—

૪૩૧. ત્યાર પછી તે સુબાહુ અનગારે શ્રમણ ભગવાન મહાવીરના ગીતાર્થ સ્થવિરો પાસે સામાયિક આદિથી લઈ અગિયાર અંગો સુધીનું અધ્યયન કર્યું, અધ્યયન કરીને અનેકવિધ ચતુર્થ, ષષ્ઠ, અષ્ટ ભક્ત આદિ ઘણી તપશ્ચર્યા વડે આત્માને ભાવિત કરતા અનેક વર્ષોનો શ્રમણ-પર્યાય પાળીને, એક માસની સંલેખના વડે આત્માની આરાધના કરીને, સાઠ ભક્તનો અનશન વડે છેદ કરીને, આલોચના અને પ્રતિક્રમણ કરી સમાધિ પ્રાપ્ત કરીને કાળ માસે કાળ પામી તે સૌધર્મ-કલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

ત્યાર પછી તે આયુક્ષય, ભવક્ષય, અને સ્થિતિક્ષય થયે તે દેવલોકમાંથી દેવશરીરને છોડીને મનુષ્ય-શરીર પ્રાપ્ત કરશે અને કેવળ-બોધિ-સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે તથા તથારૂપ સ્થવિરો પાસે મુંડિત થઈ, ગૃહત્યાગ કરી, અનગાર ધર્મમાં પ્રવ્રજિત થશે.

ત્યાં તે ઘણાં વર્ષો સુધી શ્રામણ્યનું પાલન કરશે, પછી આલોચના અને પ્રતિક્રમણ કરી સમાધિ પ્રાપ્ત કરી, કાળ પામી સનત્કુમાર કલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી ચવીને તે મનુષ્યભવ પ્રાપ્ત કરશે, પ્રવ્રજિત થશે અને કાળપામી બ્રહ્મલોકમાં ઉત્પન્ન થશે. ફરી મનુષ્યજન્મ પામશે, અને મહાશુક્ર કલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થશે. વળી મનુષ્યભવ અને ત્યાંથી આનત દેવલોકમાં દેવ, પુનઃ ત્યાંથી મનુષ્યભવમાં અને પછી આરણ કલ્પમાં દેવરૂપે. વળી મનુષ્ય જન્મ અને ત્યાંથી સર્વાર્થ-સિદ્ધ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થશે.

૪૩૨. ત્યાંથી ચવીને તે બાદમાં મહાવિદેહ ક્ષેત્રમાં જાતિસંપન્ન, કુળસંપન્ન અને ધનાઢ્ય રૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મ લઈ દૃઢપ્રતિજ્ઞની જેમ સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

* * *

૨૯. મહાવીરતીર્થમાં ભદ્રનન્દી આદિ શ્રમણ-કથાનક

ભદ્રનન્દી—

૪૩૩. તે કાળે તે સમયે ઋષભપુર નામનું નગર હતું. સ્તુપકરંડ ઉદ્યાન હતું. ધન્ય નામનો યક્ષ હતો. ધનાવહ રાજા હતો. સરસ્વતી રાણી હતી.

સ્વપ્નદર્શન, કથન—પતિને કહ્યું. જન્મ, બાલ્યત્વ-બાલ્યાવસ્થા અને કળાઓનું શીખવું. યૌવન, પાણિગ્રહણ, પ્રીતિ-દાન—દહેજ, પ્રાસાદ અને ભોગો ભોગવવા.

સુબાહુકુમારના વર્ણનની જેમ સઘળું જાણવું. વિશેષ એ કે—ભદ્રનન્દીકુમાર નામ કહેવું. શ્રીદેવી પ્રમુખ પાંચ સો શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ. સ્વામી—શ્રમણ ભગવાન મહાવીર સમોસર્યા—પદાર્પણ કર્યું. શ્રાવક ધર્મને ગ્રહણ કરવો. પૂર્વભવની પૃચ્છા. મહાવિદેહ વર્ષ—ક્ષેત્રમાં પુંડરીકિણી નગરી. વિજય નામનો કુમાર હતો. યુગબાહુ તીર્થંકરને પ્રતિલાભ્યા. મનુષ્ય આયુષ્ય બાંધ્યું. અહીં ઉત્પન્ન થયા. બાકી જેમ સુબાહુકુમારનું વર્ણન છે તેમ જાણવું—યાવત્—મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરશે—યાવત્—સર્વ દુઃખોનો અંત કરશે.

સુજાત—

૪૩૪. વીરપુર નગર હતું. મનોરમ ઉદ્યાન હતું. વીરકૃષ્ણમિત્ર રાજા હતો. શ્રી રાણી હતી. સુજાત નામનો કુમાર હતો. બલશ્રી વગેરે પાંચ સો રાજકન્યાઓ સાથે વિવાહ કર્યો. મહાવીર સ્વામીએ પદાર્પણ કર્યું. પૂર્વભવની પૃચ્છા. ઈષુકાર નગર. ઋષભદત્ત ગાથાપતિ હતો. પુષ્પદંત અનગારને પ્રતિલાભ્યા. મનુષ્ય આયુષ્ય બાંધ્યું. અહીં ઉત્પન્ન થયા-યાવત્—મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે-યાવત્-સર્વ દુઃખોનો અંત કરશે.

સુવાસવ—

૪૩૫. વિજયપુર નામનું નગર હતું. નન્દનવન ઉદ્યાન હતું. અશોક નામનો યક્ષ હતો. વાસવદત્ત રાજા હતો. કૃષ્ણા રાણી હતી. સુવાસવ નામનો કુમાર હતો. ભદ્રા વિગેરે પાંચ સો શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે વિવાહ કર્યો—યાવત્—પૂર્વભવની પૃચ્છા કરે છે. કૌશંબી નગરી. ધનપાલ રાજા. વૈશ્રમણભદ્ર અનગારને પ્રતિલાભ્યા. અહીં ઉત્પન્ન થયા—યાવત્—મહાવિદેહ વર્ષમાં—યાવત્—સિદ્ધ થયા.

જિનદાસ—

૪૩૬. સૌગન્ધિકા નગરી. નીલાશોક નામનું ઉદ્યાન હતું. સુકાલ યક્ષ હતો. અપ્રતિહત રાજા હતો. સુકૃષ્ણા રાણી હતી. મહાચંદ્ર નામનો કુમાર હતો. તેની પત્નીનું નામ અરહદત્તા હતું. જિનદાસ નામનો પુત્ર હતો. તીર્થંકરનું આગમન થયું. જિનદાસ પૂર્વભવ વિશે પૃચ્છા કરે છે. માધ્યમિકા નગરી હતી. મેઘરથ રાજા હતો. સુધર્મ અનગારને પ્રતિલાભ્યા—યાવત્ સિદ્ધ થયા.

ધનપતિ—

૪૩૭. કનકપુર નગર હતું. શ્વેતાશોક ઉદ્યાન હતું. વીરભદ્ર નામના યક્ષનું મંદિર હતું. પ્રિયચન્દ્ર નામનો રાજા હતો. સુભદ્રા રાણી હતી. વૈશ્રમણકુમાર નામનો યુવરાજ હતો. શ્રીદેવી પ્રમુખ પાંચ સો કન્યાઓની સાથે પાણિગ્રહણ કર્યું. તીર્થંકર ભગવાનનું આગમન થયું. યુવરાજ પુત્ર—યાવત્—પૂર્વભવની પૃચ્છા કરે છે. મણિવપિકા નગરી હતી. ત્યાં મિત્ર નામનો રાજા હતો. સંભૂતિવિજય અનગારને પ્રતિલાભ્યા—યાવત્—સિદ્ધ થયા.

મહાબલ—

૪૩૮. મહાપુર નામનું નગર હતું. ત્યાં રક્તાશોક નામનું ઉદ્યાન હતું. તેમાં રક્તપાદ નામના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યક્ષનું મંદિર હતું. બલ રાજા હતો. સુભદ્રા રાણી હતી. મહાબલ કુમાર હતો. રક્તાવતી વગેરે પાંચ સો કન્યાઓની સાથે પાણિગ્રહણ કર્યું. તીર્થંકર ભગવાન સમોસર્યા–યાવત્–પૂર્વભવની પૃચ્છા કરી. મણિપુર નગર હતું. નાગદત્ત ગાથાપતિ હતો. ઇન્દ્રપુત્ર અનગારને પ્રતિલાભ્યા–યાવત્–સિદ્ધ થયા.

ભદ્રનન્દી—

૪૩૯. સુઘોષ નગર હતું. તેમાં દેવરમણ નામનું ઉદ્યાન હતું. વીરસેન યક્ષનું યક્ષાયતન હતું. રાજાનું નામ અર્જુન હતું. તત્ત્વવતી રાણી હતી. ભદ્રનન્દી કુમાર હતો. શ્રીદેવી વગેરે પાંચ સૌ કન્યાઓની સાથે પાણિગ્રહણ કર્યું–યાવત્–પૂર્વભવ વિશે પૃચ્છા કરે છે. મહાઘોષ નગર હતું. ત્યાં ધર્મઘોષ નામે ગૃહપતિ રહેતો હતો. ધર્મસિંહ અનગારને પ્રતિલાભ્યા–યાવત્–સિદ્ધ થયા.

મહાચંદ્ર—

૪૪૦. ચંપા નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર ઉદ્યાન હતું. જેમાં પૂર્ણભદ્ર યક્ષનું મંદિર હતું. દત્ત નામે રાજા હતો. રાણીનું નામ રક્તાવતી હતું. મહાચન્દ્ર કુમાર યુવરાજ હતો. શ્રીકાન્તા વિગેરે પાંચ સો કન્યાઓની સાથે પાણિગ્રહણ કર્યું–યાવત્–પૂર્વભવ વિશે પૃચ્છા કરે છે. તિગિંછી નગરી હતી. ત્યાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. ધર્મવીર્ય અનગારને પ્રતિલાભ્યા–યાવત્–સિદ્ધ થયા.

વરદત્ત—

૪૪૧. તે કાળે તે સમયે સાકેત નામે નગર હતું. ત્યાં ઉત્તરકુરુ નામનું ઉદ્યાન હતું. તેમાં પાર્શ્વમૃગ યક્ષનું મંદિર હતું. રાજાનું નામ મિત્રનન્દી હતું. રાણીનું નામ શ્રીકાન્તા હતું. વરદત્ત કુમાર હતો. વરસેના વગેરે પાંચ સો સ્ત્રીઓ હતી. તીર્થંકર ભગવાનનું આગમન થયું. શ્રાવક ધર્મ ગ્રહણ કર્યો. પૂર્વભવની પૃચ્છા કરી. શતદ્વાર નગર હતું. ત્યાં વિમલવાહન રાજા હતો. ધર્મરુચિ અનગારને આહારપાણીથી પ્રતિલાભ્યા. મનુષ્ય આયુષ્ય બાંધ્યું. અહીં ઉત્પન્ન થયા. બાકીનું વર્ણન સુબાહુકુમારની જેમ જાણવું. વિચાર કર્યો–યાવત્–પ્રવ્રજ્યા અંગીકાર કરી. જુદા જુદા કલ્પોમાં ઉત્પન્ન થયા પછી–યાવત્–સર્વાર્થસિદ્ધમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. દૃઢપ્રતિજ્ઞ જેમ–યાવત્–સિદ્ધ થશે–યાવત્–સર્વ દુઃખોનો અંત કરશે.

* * *

૩૦. મહાવીરતીર્થમાં શ્રેણિકપૌત્ર પદ્મ આદિ શ્રમણો

૪૪૨. (ગાથા).....પદ્મ, મહાપદ્મ, ભદ્ર, સુભદ્ર, પદ્મભદ્ર, પદ્મસેન, પદ્મગુલ્મ, નલિનીગુલ્મ, આનંદ અને નંદન (એ દસ અધ્યયન છે.)

પદ્મ–જન્મ—

૪૪૩. તે કાળે તે સમયે ચંપા નામની નગરી હતી. પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું. રાજાનું નામ કોણિક હતું. પદ્માવતી રાણી હતી. શ્રેણિક રાજાની પત્ની અને રાજા કોણિકની લઘુ માતા–અપર માતા કાલી નામની રાણી હતી, જે સુકોમળ હાથપગ(શરીર)વાળી–યાવત્–સુરૂપ–સુંદર હતી. તે કાલી નામની રાણીનો પુત્ર કાલ નામનો કુમાર હતો. તે સુકોમળ–યાવત્ અતિ સૌંદર્યસંપન્ન હતો. તે કાલકુમારની પદ્માવતી નામની ભાર્યા હતી જે સુકોમળ–યાવત્ સુંદર રૂપ વાળી હતી.–યાવત્–વિચરતી હતી.

ત્યાર બાદ જેની દીવાલ પર ચિત્રકામ કરવામાં આવ્યું હતું તેવા તે ઉત્તમ શયનગૃહમાં કોઈ એક સમયે તે પદ્માવતી રાણી સૂઈ રહી હતી–યાવત્–સ્વપ્નમાં સિંહને જોઈને જાગી–જાગી ગઈ. જન્મથી માંડી નામકરણ સુધીનું બધું જ વર્ણન મહાબલની જેમ જાણવું જોઈએ—'કેમ કે અમારો તે બાળક કાલકુમારનો પુત્ર અને પદ્માવતીનો આત્મજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, એટલા માટે અમારા આ બાળકનું નામ પદ્મ–પદ્મ થાઓ.' આ પછીનું બાકીનું વૃત્તાન્ત મહાબલની જેમ જ જાણવું. આઠ પ્રીતિદાન–દાયજા મળ્યા–યાવત્–ઉત્તમ મહેલમાં રહી વિહરતો હતો.

પદ્મની પ્રવ્રજ્યા—

સ્વામી—શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. સભા નીકળી. કોણિક પણ નીકળ્યો. પદ્મ પણ મહાબલની જેમ ધર્મોપદેશ સાંભળવા નીકળ્યો. એ જ પ્રમાણે માતા–પિતાને પૂછ્યું–યાવત્–પ્રવ્રજિત થયો, અગારવાસ છોડી અનગાર બની ગયો, ઈર્યા સમિતિનું પાલન–યાવત્–ગુપ્ત બ્રહ્મચારી થઈ ગયો.

ત્યાર બાદ તે પદ્મ અનગારે શ્રમણ ભગવાન મહાવીરના તથારૂપ (ગીતાર્થ) સ્થવિરો પાસે સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. અધ્યયન કરી અનેકવિધ ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ ભક્ત તપ દ્વારા આત્માને ભાવિત કરતા—યાવત્–વિહરવા લાગ્યા.

ત્યાર બાદ તે પદ્મ અનગારે તે ઉદાર તપકર્મથી મેઘની જેમ, એ જ પ્રમાણે ધર્મ જાગરણ, ચિંતન અને જે રીતે મેઘ અનગારે શ્રમણ ભગવાન મહાવીરને પૂછ્યું તે રીતે પૂછીને વિપુલ—યાવત્—પાદપોપગમન કરીને તથારૂપ (ગીતાર્થ) સ્થવિરોની પાસે સામાયિક આદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું, પૂરાં પાંચ વર્ષ શ્રમણ–પર્યાયનું પાલન કર્યું. એક માસની સંલેખના દ્વારા આત્માની આરાધના કરની અને અનશન દ્વારા સાઠ ભક્તોનું છેદન કરી અનુક્રમે કાળધર્મ પામ્યા. સ્થવિરો ઊતર્યા. ભગવાન ગૌતમે પૂછ્યું. સ્વામીએ કહ્યું–યાવત્—અનશન દ્વારા સાઠ ભક્તોનું છેદન કરી, આલોચના પ્રતિક્રમણ કરીને ચન્દ્ર આદિની ઉપર સૌધર્મ કલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાં તેમની બે સાગરોપમની આયુષ્યસ્થિતિ થઈ.

ગૌતમે પૂછ્યું, 'હે ભગવાન તે પદ્મ દેવ આયુષ્યનો ક્ષય કરી દેવલોકથી અવીને ક્યાં જશે ?'

[ભગવાને કહ્યું]—'હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં, દૃઢપ્રતિજ્ઞની સમાન–યાવત્—અંત કરશે.'

મહાવીર તીર્થમાં શ્રેણિક-પૌત્ર મહાપદ્મ આદિ શ્રમણ—

૪૪૪. તે કાળે તે સમયે ચંપા નામની નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું. કોણિક રાજા હતો. પદ્માવતી રાણી હતી. તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાની પત્ની, કોણિક રાજાની અપરમાતા સુકાલી નામની રાણી હતી. તે સુકાલીનો સુકાલકુમાર નામનો પુત્ર હતો. તે સુકાલકુમારની મહાપદ્મા નામની ભાર્યા હતી–જે સુકોમળ શરીરવાળી અને સુન્દર હતી.

ત્યાર બાદ તે મહાપદ્મા રાણી કોઈ એક વખત પોતાને લાયક શય્યામાં સૂતી હતી... અને બાકીનું સઘળું વર્ણન પૂર્વવત્ જાણવું. બાળકનું નામકરણ મહાપદ્મ રાખ્યું–યાવત્–સર્વ દુઃખોનો અંત કરશે. વિશેષના એ કે ઈશાનકલ્પમાં ઉત્કૃષ્ટ સ્થિતિ સહિત ઉત્પન્ન થશે.

૪૪૫. આ પ્રમાણે બાકીના આઠે માટે જાણવું જોઈએ. માતાઓનું નામ સમાન છે—માતાઓ સમાન નામવાળી છે.

કાળક્રમે દસે પુત્રોનો અનુક્રમથી શ્રમણપર્યાય આ પ્રમાણે છે— શ્રેણિકના પૌત્રોમાંથી બે એ પાંચ વર્ષ, ત્રણે ચાર વર્ષ, ત્રણે ત્રણ વર્ષ, અને બે એ બે વર્ષ શ્રમણપર્યાયનું પાલન કર્યું.

અનુક્રમથી આ પ્રમાણે ઉત્પન્ન થયા—પ્રથમ સૌધર્મ કલ્પમાં, બીજો ઈશાનકલ્પમાં, ત્રીજો સનત્કુમાર કલ્પમાં, ચોથો માહેન્દ્ર કલ્પમાં, પાંચમો બ્રહ્મલોક કલ્પમાં, છઠ્ઠો લાન્તકકલ્પમાં, સાતમો મહાશુક્ર કલ્પમાં, આઠમો સહસ્રારકલ્પમાં, નવમો પ્રાણતમાં, દશમો અચ્યુતમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરેકની ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવી જોઈએ. મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે.

* * *

૩૧. મહાવીર-તીર્થમાં હરિકેશબલ શ્રમણ યજ્ઞવાડમાં ભિક્ષાર્થે ગમન—

૪૪૬. ચાંડાલ કુળમાં ઉત્પન્ન થયેલા છતાં ઉત્તમ ગુણોને ધારણ કરનાર મુનિ હરિકેશબલ નામે જિતેન્દ્રિય ભિક્ષુ હતા. (૧)

ઈર્યા, એષણા, ભાષા, ઉચ્ચાર તથા આદાન-નિક્ષેપ એ સમિતિઓમાં સંયમી અને ઉત્તમ સમાધિવાળા તથા મન વચન અને કાયાની ગુપ્તિવાળા તથા જિતેન્દ્રિય એવા તે મુનિ ભિક્ષા માટે બ્રહ્મયજ્ઞમાં યજ્ઞવાડે આવી ઊભા રહ્યા. (૨–૩)

તપથી સુકાયેલા તથા જીર્ણ ઉપધિ અને ઉપકરણવાળા તેઓને આવતા જોઈને અનાર્યો હસવા લાગ્યા. (૪)

જાતિમદથી ગર્વિષ્ઠ થયેલા, હિંસક, અજિતેન્દ્રિય અને અબ્રહ્મચારી અજ્ઞાનીઓ આ પ્રમાણે વચન બોલ્યા. (૫)

હરિકેશને જોઈને બ્રાહ્મણોનો રોષ—

૪૪૭ 'બીભત્સ રૂપવાળો, કાળો, વિકરાળ, કદરૂપા નાકવાળો, મેલાં-ફાટેલાં વસ્ત્રવાળો, રજોટીને કારણે પિશાચ જેવો દેખાતો, ગળા ઉપર ગંદું વસ્ત્ર વીંટાળીને આ કોણ આવે છે ? (૬)

અરે, અદર્શનીય ! તું કોણ છે ? કઈ આશાથી અહીં આવ્યો છે ? મેલા વસ્ત્રવાળા અને રજોટીથી પિશાચરૂપ થયેલા તું જા, નીકળ ! કેમ અહીં ઊભો છે ? ' (૭)

યક્ષ દ્વારા હરિકેશની પ્રશંસા—

૪૪૮ એ પ્રસંગે એ મહામુનિ પ્રત્યે અનુકંપા ધરાવનાર તિન્દુક-વૃક્ષવાસી યક્ષ પોતાનું શરીર ગુપ્ત રાખીને આ વચન બોલ્યો. (૮)

' હું શ્રમણ છું, હું સંયમી છું. હું બ્રહ્મચારી છું. ધન, રસોઈની ક્રિયા અને પરિગ્રહથી વિરક્ત થયેલો છું. બીજા માટે રંધાયેલા આ અન્નને અર્થે ભિક્ષા સમયે હું આવ્યો છું. (૯)

તમારું આ અન્ન ઘણું અપાય છે, ખવાય છે અને ભોગવાય છે. મને તમે ભિક્ષાજીવી જાણો. માટે વધ્યું ઘટ્યું હોય તે આ તપસ્વીને ભલે મળે.' (૧૦)

યક્ષનો બ્રાહ્મણો સાથે સંવાદ—

બ્રાહ્મણ—

'બ્રાહ્મણો માટે આ ભોજન તૈયાર કરવામાં આવેલું છે. માત્ર અમારા પોતાના માટે જ તે રંધેલું હોઈ અમારે એકલાઓને જ ને વાપરવાનું છે. આવું અન્નપાણી અમે તને આપવાના નથી. શા માટે અહીં ઊભો છે ?' (૧૧)

યક્ષ—

'ઊંચાં સ્થળો તેમ જ નીચાં સ્થાનોમાં કૃષિકારો આશાથી બીજ વાવે છે. એ શ્રદ્ધાથી મને આપો. આ [મુનિ] પણ પુણ્યક્ષેત્ર છે; એની પણ આરાધના કરો.' (૧૨)

બ્રાહ્મણ—

'જ્યાં (દાનરૂપી બીજ) વેરવાથી પુણ્યરૂપે ઊગી નીકળે છે એવાં ક્ષેત્રો આ લોકમાં અમે જાણીએ છીએ. જાતિ અને વિદ્યાથી યુક્ત બ્રાહ્મણો જ એવાં સુન્દર ક્ષેત્રો છે.' (૧૩)

યક્ષ–

'ક્રોધ, માન, હિંસા, અસત્ય, અદત્ત-ગ્રહણ અને પરિગ્રહ જેમનામાં છે એવા બ્રાહ્મણો જાતિ અને વિદ્યાથી રહિત હોઈ પાપને વધારનારા ક્ષેત્રો છે. (૧૪)

"અરે બ્રાહ્મણો ! તમે માત્ર વાણીનો ભાર ધારણ કરનારા છો, કેમ કે વેદ ભણ્યા છતાં તેના અર્થને તમે જાણતા નથી. જે મુનિઓ ઊંચાં તેમ જ નીચાં ઘરોમાં ભિક્ષાર્થે જાય છે, તેઓ જ સુન્દર ક્ષેત્રો છે." (૧૫)

બ્રાહ્મણ—

'અધ્યાપકોની વિરુદ્ધ બોલનાર તું અમારી સમક્ષ આ શું બોલે છે ? હે નિર્ગ્રન્થ ! આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્નપાણી ભલે નાશ પામી જાય, પણ અમે તે તને તો નહિ જ આપીએ.' (૧૬)

યક્ષ—

'સમિતિઓથી સમાધિસ્થ, ગુપ્તિઓથી ગુપ્ત અને જિતેન્દ્રિય એવા મને આવું એષણીય-શુદ્ધ [અન્નાદિ] નહિ આપો તો આ યજ્ઞોથી તમે શો લાભ મેળવશો ?' (૧૭)

બ્રાહ્મણ—

'અહીં કોઈ ક્ષત્રિયો, અગ્નિહોત્રીઓ અથવા છાત્રો સહિત અધ્યાપકો છે કે નહિ, જેઓ દંડ અથવા લાકડા વડે આને મારીને, ગળું પકડીને બહાર કાઢી મૂકે ?' (૧૮)

૪૫૦ અધ્યાપકોનું વચન સાંભળીને ઘણા કુમારો ત્યાં દોડી આવ્યા તથા દંડાથી, નેતરની સોટીઓથી અને ચાબૂકોથી તે ઋષિને મારવા લાગ્યા. (૧૯)

ભદ્રા દ્વારા નિવારણ અને પ્રશંસા—

૪૫૧ ત્યાં કૌશલિક રાજાની અનિન્દિત અંગોવાળી ભદ્રા નામે પુત્રી એ સાધુને પ્રહાર પામતા જોઈને, ક્રોધાયમાન થયેલા કુમારોને શાન્ત પાડવા લાગી. (૨૦)

'દેવના અભિયોગથી પ્રેરાયેલા પિતાએ જેને મારું દાન કર્યું હતું, પણ જેણે મનથી પણ મારું ચિન્તન કર્યું નહોતું અને મારો ત્યાગ કરી દીધો હતો તે જ, નરેન્દ્રો અને દેવેન્દ્રોથી વંદાયેલા આ ઋષિ છે. (૨૧)

આ તે જ ઉગ્ર તપશ્ચર્યાવાળા, જિતેન્દ્રિય, સંયત, બ્રહ્મચારી મહાત્મા છે, જે મારા પિતા સ્વયં કૌશલિક રાજા મારું દાન કરતા હતા તો પણ મને ઇચ્છતા નહોતા. (૨૨)

આ મહાનુભાવ મહાયશસ્વી, ઉગ્રવ્રતવાળા અને ઉગ્ર પરાક્રમી છે. અતિરસ્કારણીય એવા તેમનો તમે તિરસ્કાર ન કરશો. રખે, પોતાના તેજથી તેઓ તમને સર્વને બાળી નાખે.' (૨૩)

યક્ષ દ્વારા નિવારણ અને કુમારોનું તાડન—

૪૫૨ આ પ્રમાણે પત્ની ભદ્રાનાં આ સુન્દર વચનો સાંભળીને ઋષિની સેવાર્થે રહેલા યક્ષોએ કુમારોને અટકાવ્યા. (૨૪)

ઘોર રૂપવાળા તે અસુરો આકાશમાં રહીને ત્યાંથી એ લોકોને મારવા લાગ્યા. જેમના દેહ ભાંગી ગયા છે એવા તથા રુધિર ઓકતા તેમને જોઈને ભદ્રા ફરી વાર આ પ્રમાણે બોલી (૨૫)

ભદ્રા દ્વારા પુનઃ પ્રશંસા—

૪૫૩ 'તમે આ ભિક્ષુની અવજ્ઞા કરો છો તે નખથી પર્વત ખોદવા જેવું, દાંતથી લોઢું ચાવવા જેવું અને પગથી અગ્નિને મારવા જેવું છે. (૨૬)

ઉગ્ર તપશ્ચર્યાવાળા તથા ઉગ્ર વ્રત અને ઉગ્ર પરાક્રમવાળા આ મહર્ષિનો ક્રોધ સર્પ જેવો ભયંકર છે. ભિક્ષુને ભિક્ષાકાળે તમે મારો છો તેથી અગ્નિ ઉપર કૂદી પડતા પતંગિયાંના ટોળાની જેમ તમે નાશ પામશો. (૨૭)

જો ધન અને જીવિત ઇચ્છતા હો તો સર્વ જનો સહિત મસ્તક નમાવીને તેમને શરણે જાઓ. નહીં તો કુપિત થયેલા તેઓ આખા લોકને પણ બાળી નાખશે.' (૨૮)

બ્રાહ્મણો દ્વારા ક્ષમા-યાચના—

૪૫૪ પછી વાંકા વળી ગયેલા પીઠ અને મસ્તકવાળા, પહોળા થઈ ગયેલા બાહુવાળા, કર્મ અને ચેષ્ટા વિનાના, જેમની આંખોમાંથી પાણી ઝરતું હતું એવા, રુધિર ઓકતા, ઊંચા થઈ ગયેલાં મુખવાળા, જેમનાં જીભ અને નેત્ર બહાર નીકળી ગયાં હતાં એવા તથા કાષ્ઠ જેવા થઈ ગયેલા એ શિષ્યોને જોઈને તે બ્રાહ્મણ ખિન્ન અને ઉદાસ થઈ ગયો, અને પોતાની પત્નો સાથે ઋષિને પ્રસન્ન કરવા લાગ્યો કે "હે ભદન્ત! તિરસ્કાર અને નિન્દા માટે ક્ષમા કરો. હે ભદન્ત ! મૂઢ અને અજ્ઞાની બાળકોએ આપનો જે તિરસ્કાર કર્યો તેની ક્ષમા કરો. ઋષિઓ મહાકૃપાળુ હોય છે. ખરેખર મુનિઓ ક્રોધશીલ હોતા નથી." (૨૯–૩૧)

મુનિ—

'પૂર્વકાળે, હમણાં કે ભવિષ્યમાં મારા મનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ પ્રકારનો દ્વેષ નથી. યક્ષો મારી સેવા કરે છે અને તેઓએ જ આ કુમારોને માર્યા છે.' (૩૨)

બ્રાહ્મણો—

'અર્થ અને ધર્મને જાણનારા તથા દયામય બુદ્ધિવાળા તમે કદી કોપાયમાન થતા નથી. સર્વજનોની સાથે અમે તમારા ચરણોના શરણમાં આવીએ છીએ. (૩૩)

હે મહાભાગ ! અમે તમારી પૂજા કરીએ છીએ. તમારું એવું કંઈ પણ નથી, જેની અમે પૂજા ન કરીએ. વિવિધ વ્યંજન-મસાલાથી યુક્ત આ ઉત્તમ ભાત આપ જમો. (૩૪)

આ મારું પુષ્કળ ભોજન છે. મારા ઉપર અનુગ્રહ કરવા માટે તે જમો." તે મહાત્માએ 'ભલે' એમ કહીને માસખમણના પારણામાં એ ભોજન સ્વીકાર્યું. (૩૫)

એ સમયે ગંધોદક અને પુષ્પની વર્ષા થઈ તથા દિવ્ય વસુધારા (દ્રવ્યની વૃષ્ટિ) થઈ. દેવોએ દુંદુભિઓ વગાડી અને આકાશમાં 'અહો ! દાન !' એવી ઘોષણા કરી. (૩૬)

આ તપની વિશેષતા સાક્ષાત્ દેખાય છે; જાતિની વિશેષતા કોઈ દેખાતી નથી. ચાંડાલના પુત્ર હરિકેશ સાધુને જુઓ કે જેમની આવી માહાત્મ્યયુક્ત ઋદ્ધિ છે. (૩૭)

મુનિ—

૪૫૫. "હે બ્રાહ્મણો ! અગ્નિનો આરંભ કરીને પછી જળ વડે બાહ્ય શુદ્ધિ શા માટે શોધી રહ્યા છો ? આજે તમે બાહ્ય શુદ્ધિ શોધી રહ્યા છો તેને કુશલ પુરુષો ડહાપણ ગણતા નથી. (૩૮)

હે મંદ જનો ! દર્ભ, યૂપ-યજ્ઞસ્તંભ, તૃણ, કાષ્ઠ અને અગ્નિનો ઉપયોગ કરીને તથા સવારે અને સાંજે પાણીનો સ્પર્શ કરીને પ્રાણો અને ભૂતોને દુઃખ આપતા તમે વારંવાર પાપ કરી રહ્યા છો." (૩૯)

બ્રાહ્મણ—

'હે ભિક્ષુ ! અમે કેવી રીતે યજ્ઞ કરીએ ? પાપકર્મોને કેવી રીતે દૂર કરીએ ? હે યક્ષપૂજિત સંયમી ! કુશલ પુરુષો કેવા યજ્ઞને સારો યજ્ઞ કહે છે તે અમને કહો.' (૪૦)

મુનિ—

'છ જીવકાયની હિંસા નહિ કરનારા, અસત્ય અને અદત્તનું સેવન નહિ કરનારા, દાન્ત પુરુષો પરિગ્રહ, સ્ત્રીઓ, માન અને માયાને એના સ્વરૂપથી જાણીને વિહરે છે. (૪૧)

પાંચ સંવર-મહાવ્રતો વડે સંવૃત-સુરક્ષિત, આ જીવનની પણ આકાંક્ષા નહિ રાખનારા, કાયોત્સર્ગ કરનારા, શુચિ તથા કાયાની આસક્તિથી રહિત પુરુષો મહાવિજયી શ્રેષ્ઠ યજ્ઞ કરે છે.' (૪૨)

બ્રાહ્મણ—

'તમારો અગ્નિ કયો છે ? અગ્નિસ્થાન કયું છે? કડછીઓ કઈ છે ? છાણાં કયાં છે ? ઈંધણાં કયાં છે ? શાંતિપાઠ કયો છે ? એ અગ્નિમાં તમે કયો હોમ કરો છો ?' (૪૩)

મુનિ—

'તપ એ [અમારો] અગ્નિ છે. જીવાત્મા અગ્નિસ્થાન છે (મન, વચન, અને કાયાનો) યોગ એ કડછીઓ છે, શરીર એ (તપરૂપી) અગ્નિ સળગાવવા માટેનું સાધન છે. કર્મરૂપી ઈંધણાં છે. સંયમપ્રવૃત્તિ એ શાંતિપાઠ છે. એ પ્રમાણે ઋષિઓએ વખાણેલો હોમ હું કરું છું.' (૪૪)

બ્રાહ્મણ—

તમારો (સ્નાન કરવા માટેનો) હ્રદ-ધરો (સ્નાન માટેનું સરોવર) કયો છે ? તમારું શાન્તિતીર્થ-પુણ્યક્ષેત્ર કયું છે ? કયાં સ્નાન કરીને તમે કર્મરજનો ત્યાગ કરો છો ? હે યક્ષ-પૂજિત સંયમી ! આ વસ્તુઓ અમને કહો. તમારી પાસેથી અમે તે જાણવા ઇચ્છીએ છીએ.' (૪૫)

મુનિ—

ધર્મ એ મારો હ્રદ છે, મલરહિત તથા જે વડે આત્માની લેશ્યા શુદ્ધ થાય છે એવું મારું શાન્તિતીર્થ એ બ્રહ્મચર્ય છે, જેમાં સ્નાન કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિમલ, વિશુદ્ધ અને શીતલ થયેલો હું દોષનો ત્યાગ કરું છું. (૪૬)

આ સ્નાન કુશળ પુરુષોએ કહેલું છે. આ મહાસ્નાનને ઋષિઓએ પ્રશસ્ત ગણેલું છે, જેમાં સ્નાન કરીને વિમલ અને વિશુદ્ધ થયેલા મહર્ષિઓ ઉત્તમ સ્થાને પહોંચ્યા છે. (૪૭)

—એ પ્રમાણે હું કહું છું.

* * *

૩૨. મહાવીરતીર્થમાં મુનિ જયઘોષ-વિજયઘોષ

વારાણસીના ઉદ્યાનમાં જયઘોષ મુનિનું આગમન—

૪૫૬. [પૂર્વે વારાણસી નગરીમાં] બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલા છતાં પાંચ મહાવ્રતરૂપ ભાવ-યજ્ઞના કરનાર એક મહાયશસ્વી જયઘોષ નામના મુનિ થઈ ગયા હતા. (૧)

પાંચે ઇંદ્રિયોના સર્વ વિષયોમાં નિગ્રહ કરનાર અને ધર્મરૂપી માર્ગમાં જ ચાલનાર તે મહામુનિ ગામોગામ વિચરતા વિચરતા ફરી એકવાર તે જ વારાણસી નગરીમાં આવી પહોંચ્યા. (૨)

અને તે વારાણસી નગરીની બહાર મનોરમ નામના ઉદ્યાનમાં પ્રાસુક (નિર્દોષ) સ્થાન, શય્યાદિ યાચી તેમણે નિવાસ કર્યો. (૩)

તે કાળમાં તે જ [વારાણસી] નગરીમાં ચાર વેદનો જાણકાર વિજયઘોષ નામનો બ્રાહ્મણ યજ્ઞ કરી રહ્યો હતો. (૪)

તે જયઘોષ મુનિ માસખમણની મહા-તપશ્ચર્યાને પારણે તે વિજયઘોષ બ્રાહ્મણના યજ્ઞમંડપમાં ભિક્ષાર્થે આવીને ઊભા રહ્યા.(૫)

ભિક્ષાદાનનો નિષેધ—

૪૫૭. મુનિશ્રીને ત્યાં આવતા જોઈને તે યાજકે દૂરથી જ અટકાવ્યા અને કહેવા લાગ્યો કે, 'હે ભિક્ષુ! તને હું ભિક્ષા નહિ આપી શકું. કોઈ બીજે સ્થળેથી યાચના કરી લે. (૬)

હે મુનિ! જે બ્રાહ્મણો ધર્મશાસ્ત્રના તથા ચારવેદના જ્ઞાતા, યજ્ઞાર્થી તથા જ્યોતિષશાસ્ત્ર સુધ્ધાં છ અંગને જાણનાર અને જે જિતેંદ્રિય હોય, (૭)

તથા પોતાના આત્માનો તથા પરના આત્માનો ઉદ્ધાર કરવા સમર્થ હોય તેને જ ષડ્રસ-યુક્ત અને મનોવાંછિત આ ભોજન આપવાનું છે.' (૮)

ઉત્તમ અર્થની ગવેષણા કરનાર તે મહામુનિ આ પ્રમાણે ત્યાં નિષેધ કરાયા છતાં ન પ્રસન્ન થયા કે ન નારાજ થયા. (૯)

અન્ન, પાન, વસ્ત્ર કે તેવા કોઈપણ સ્વાર્થને માટે નહિ, માત્ર વિજયઘોષની મુક્તિને માટે તે મુનિએ આ વચન કહ્યાં—(૧૦)

વેદ તથા યજ્ઞમુખ આદિ વિષયમાં જયઘોષ મુનિનું વક્તવ્ય—

જયઘોષ મુનિ—

૪૫૮. '[હે વિપ્ર!] વેદના મુખને, યજ્ઞોના મુખને અને નક્ષત્રો તથા ધર્મોના મુખને તું જાણતો જ નથી. (૧૧)

જે પોતાના અને પરના આત્માનો ઉદ્ધાર કરવાને સમર્થ છે તેને પણ જાણતો નથી. જો જાણતો હો તો કહે.' (૧૨)

તેમના (મુનિના) પ્રશ્નનો ઉત્તર આપવાને માટે અસમર્થ થયેલો બ્રાહ્મણ તથા ત્યાં રહેલી આખી સભા બે હાથ જોડીને તે મહામુનિને પૂછવા લાગ્યાં—(૧૩)

વિજયઘોષ બ્રાહ્મણ—

'હે મુનિ! આપ જ વેદોનું, યજ્ઞોનું, નક્ષત્રોનું અને ધર્મોનું મુખ કહો. (૧૪)

પોતાનો તથા પરનો ઉદ્ધાર કરવા જે સમર્થ છે તે કોણ? આ બધા અમને સંશયો છે. માટે અમારા પ્રશ્નોના આપ જ સારી રીતે જવાબ આપો.' (૧૫)

જયઘોષ મુનિ—

'વેદોનું મુખ અગ્નિહોત્ર છે (અર્થાત્ અગ્નિહોત્ર યજ્ઞ જે વેદમાં મુખ્ય છે તે જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેદ–મુખ છે), યજ્ઞોનું મુખ યજ્ઞાર્થી (સંયમ-રૂપી યજ્ઞ કરનાર સાધુ), નક્ષત્રોનું મુખ ચંદ્ર છે અને ધર્મનું મુખ કાશ્યપ (ભગવાન ઋષભદેવ–અર્થાત્ તેમણે બતાવેલો ધર્મ) છે. (૧૬)

જેમ ચંદ્ર આગળ ગ્રહ, નક્ષત્ર, તારાઓ વગેરે હાથ જોડી ઊભા રહે છે અને મનોહર રીતે સ્તુતિપૂર્વક વંદન કરે છે તેમ તે ઉત્તમ કાશ્યપને (ભગવાન ઋષભને) ઇંદ્રાદિ નમસ્કાર કરે છે. (૧૭)

સાચું જ્ઞાન અને બ્રાહ્મણની સાચી પ્રતિ-જ્ઞાને નહિ જાણનાર મૂઢ પુરુષો કેવળ યજ્ઞ યજ્ઞ કર્યા કરે છે, પણ યજ્ઞનું રહસ્ય જાણી શકતા નથી. અને જે કેવળ વેદનું અધ્યયન અને શુષ્ક તપશ્ચર્યા કરતા હોય છે તે બધા બ્રાહ્મણ નથી પરંતુ રાખથી ઢંકાયેલા અગ્નિ જેવા છે. (૧૮)

શ્રમણ–બ્રાહ્મણ–તપસ્વીના સ્વરૂપ વિષે ચર્ચા—

આ લોકમાં જે શુદ્ધ અગ્નિની માફક પાપથી રહિત થઈ પૂજાયેલો છે તેને જ કુશળ પુરુષો બ્રાહ્મણ માને છે. અને અમે પણ તેને જ બ્રાહ્મણ કહીએ છીએ. (૧૯)

૪૫૯. જે સ્વજનાદિના આગમનમાં આસક્ત થતો નથી, કે વિયોગથી શોક કરતો નથી અને મહાપુરુષોનાં વચનામૃતોમાં આનંદ પામે છે તેને જ અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૨૦)

જેમ શુદ્ધ થયેલું સોનું મલરહિત હોય છે તેમ જે પાપ-રહિત અને રાગ, દ્વેષ અને ભયથી પર હોય છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૨૧)

જે સદાચારી, તપસ્વી, દમિતેન્દ્રિય હોય અને જેણે તપશ્ચર્યા દ્વારા માંસ અને લોહી શોષવી નાંખ્યાં હોય, જે કૃશ શરીરવાળો અને કષાય જવાથી શાંતિને પામેલો હોય છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૨૨)

જે ત્રસ જીવોને અને સ્થાવર (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ) જીવોને પણ મનથી, વચનથી કે કાયાથી હણતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૨૩)

જે ક્રોધથી, હાસ્યથી, લોભથી કે ભયથી ખોટું બોલતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૨૪)

જે સચિત્ત (ચેતનવાળા જીવો ઇત્યાદિ) કે અચિત્ત (સુવર્ણ ઇત્યાદિ) થોડું કે બહુ, અણદીધેલું કે અણહકનું લેતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૨૫)

જે દેવ મનુષ્ય કે તિર્યંચ સંબંધી મન, વચન, અને કાયાએ કરીને મૈથુન સેવતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૨૬)

જેમ કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં પાણીથી લેપાતું નથી, તેમ કામભોગોથી જે અલિપ્ત થાય તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૨૭)

જે રસલોલુપ ન હોય, માત્ર નિર્દોષ ભિક્ષાજીવી હોય અને ગૃહસ્થોમાં આસક્ત ન હોય તેવા અકિંચન ત્યાગીને જ અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૨૮)

જે પૂર્વસંયોગ (માતા, પિતા, ભાઈ વગેરેના સંબંધ), જ્ઞાતિજનોના સંગ અને બંધુવર્ગને છોડીને પછીથી તેના રાગમાં કે ભોગોમાં જે આસક્ત થતો નથી તેને જ અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૨૯)

જે વેદો પશુવધને નિરૂપનારા છે તે અને પાપ કર્મો કરી હોમાયેલી આહૂતિઓ તે યજ્ઞ કરનાર દુરાચારીને રક્ષણ આપનાર થતા નથી, કારણ કે આ સંસારમાં કર્મો ફળ આપવામાં બળવાન છે. (૩૦)

માત્ર મસ્તક મુંડન કરવાથી શ્રમણ થવાતું નથી, ૐ કારના ઉચ્ચારણથી બ્રાહ્મણ થવાતું નથી, તેમ અરણ્યવાસથી મુનિ કે ભગવાં વસ્ત્ર પહેરવાથી તાપસ થવાતું નથી. (૩૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમભાવથી શ્રમણ થવાય છે. બ્રહ્મચર્ય-પાલનથી બ્રાહ્મણ થવાય છે. અને જ્ઞાનથી મુનિ તથા તપથી જ તાપસ થવાય છે.(૩૨)

કર્મ-પ્રધાનતાનું નિરૂપણ—

૪૬૦. કર્મથી જ બ્રાહ્મણ થવાય છે, કર્મથી જ ક્ષત્રિય થવાય છે, કર્મથી જ વૈશ્ય અને કર્મથી જ શૂદ્ર થવાય છે. (૩૩)

આ વસ્તુઓને સર્વજ્ઞ ભગવન્તે ખુલ્લી રીતે કહી બતાવી છે. સ્નાતક (ઉચ્ચ સાધક) પણ તેવા જ ગુણોથી થઈ શકાય છે. માટે જ બધાં કર્મોથી મુક્ત હોય તેને જ અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૩૪)

ઉપરના ગુણોથી યુક્ત જે ઉત્તમ બ્રાહ્મણો હોય છે તેઓ જ પોતાનો અને પરનો ઉદ્ધાર કરવાને માટે સમર્થ છે.' (૩૫)

આ પ્રકારે સંશયનું સમાધાન થયા પછી તે વિજયઘોષ બ્રાહ્મણે તે પવિત્ર વચનોને હૃદયમાં ઉતારીને પછી તેનો સ્વીકાર કર્યો.(૩૬)

વિજયઘોષ બ્રાહ્મણ—

સંતુષ્ટ થયેલો તે વિજયઘોષ હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યો—'હે ભગવન્ ! આપે યથાર્થ બ્રાહ્મણપણું મને સમજાવ્યું.(૩૭)

જયઘોષ મુનિની સ્તુતિ—

૪૬૧. ખરેખર વાસ્તવમાં આપ જ યજ્ઞોના યષ્ટા (કર્તા) છો. આપ જ વેદોના જાણકાર છો. આપ જ જ્યોતિષશાસ્ત્રાદિ અંગેના જાણકાર વિદ્વાન છો અને આપ જ ધર્મોના પારગામી છો. (૩૮)

આપ પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવાને સમર્થ છો. માટે હે ભિક્ષુશ્રેષ્ઠ ! ભિક્ષા ગ્રહણ કરવાની અમારા પર કૃપા કરો.' (૩૯)

જયઘોષ મુનિ—

'હે દ્વિજ ! મને તારી ભિક્ષાથી કશું પ્રયોજન નથી. જલદી સંયમમાર્ગની આરાધના કર. જેથી અનેક ભયોરૂપી આવર્તથી ઘેરાયેલા આ સંસાર સાગરમાં તારે પરિભ્રમણ ન કરવું પડે. (૪૦)

ભોગ-નિવૃત્તિ માટે ઉપદેશ—

૪૬૨. કામભોગોથી કર્મબંધન થઈ જીવાત્મા મલિન થાય છે. ભોગરહિત જીવાત્મા શુદ્ધ થઈ કર્મથી લેપાતો નથી. ભોગી સંસારમાં ભમે છે. ભોગમુક્ત સંસારથી મુક્ત થાય છે. (૪૧)

સૂકો અને ભીનો એવા બે માટીના ગોળાઓ ભીંતમાં અથડાવા છતાં જે ભીનો હોય છે તે જ ચોંટે છે, સૂકો ચોંટતો નથી. (૪૨)

એ જ પ્રમાણે કામભોગોમાં આસક્ત, દુષ્ટ બુદ્ધિવાળા પાપકર્મ કરી સંસારમાં ચોંટે છે. જે વિરક્ત પુરુષો હોય છે તે સૂકા ગોળાની માફક સંસારમાં ચોંટતા નથી.' (૪૩)

ઉપસંહાર—

૪૬૩. આ પ્રમાણે તે વિજયઘોષ બ્રાહ્મણ જયઘોષ મુનિવર પાસે શ્રેષ્ઠ ધર્મ સાંભળીને સંસારની આસક્તિથી રહિત થઈ પ્રવ્રજિત થયો. (૪૪)

એ પ્રકારે સંયમ તથા તપશ્ચર્યા દ્વારા પોતાનાં સકળ પૂર્વકર્મોનો ક્ષય કરી જયઘોષ અને વિજયઘોષ એ બન્ને સર્વશ્રેષ્ઠ સિદ્ધિને પામ્યા. (૪૫)

—એમ હું કહું છું.

* * *

૩૩. મહાવીર-તીર્થમાં અનાથી મહાનિર્ગ્રન્થ

શ્રેણિક દ્વારા મુનિ-દર્શન—

૪૬૪. સિદ્ધો, અને સંયમી પુરુષોને ભાવથી નમસ્કાર કરીને પરમાર્થ (મોક્ષ) દાતા ધર્મનાં યથાર્થ શિક્ષાને કહીશ, ધ્યાનપૂર્વક તે સાંભળો. (૧)

અપાર રત્નોનો સ્વામી અને મગધદેશનો અધિપતિ રાજા શ્રેણિક મંડિકુક્ષિ નામના ચૈત્ય તરફ વિહારયાત્રા માટે નીકળ્યો. (૨)

ભિન્નભિન્ન પ્રકારના વૃક્ષો અને લતાઓથી વ્યાપ્ત વિવિધ ફળ અને પુષ્પોથી છવાયેલું અને વિવિધ પક્ષીઓથી સેવાયેલું તે ઉદ્યાન નંદનવન સરખું હતું. (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં તેણે એક વૃક્ષનાં મૂળ પાસે બેઠેલા, સુખને યોગ્ય, સુકોમળ, સમાધિસ્થ અને સંયમી સાધુને જોયા. (૪)

રાજા તે યોગીશ્વરનું રૂપ જોઈને તે સંયમીને વિષે અત્યંત આશ્ચર્ય પામ્યો. (૫)

અહો! કેવી કાંતિ! અહો! કેવું રૂપ! અહો! આર્યની કેવી સૌમ્યતા, ક્ષમા, નિર્લોભતા અને ભોગ પ્રત્યે અનાસક્તિ છે! (૬)

તે મુનિનાં ચરણોમાં નમીને, પ્રદક્ષિણા કરીને, અતિ દૂર નહિ કે અતિ પાસે નહિ તેમ યોગ્ય સ્થળે ઊભો રહી હાથ જોડીને પૂછવા લાગ્યો. (૭)

શ્રેણિકનો મુનિ સાથે સંવાદ—

શ્રેણિક—

હે આર્ય! આવી તરુણાવસ્થામાં ભોગ ભોગવવાને વખતે પ્રવ્રજિત કેમ થયા? આવા ઉગ્ર ચારિત્રમાં આપે શી પ્રેરણાએ અભિનિષ્ક્રમણ કર્યું? એ વાત હું સાંભળવા ઇચ્છું છું (૮)

મુનિ—

હે મહારાજ! હું અનાથ છું. મારો નાથ (રક્ષક) કોઈ નથી. તેમ હજુ સુધી તેવા કોઈ કૃપાળુ મિત્રને હું પામી શક્યો નથી. (૯)

શ્રેણિક—

આ સાંભળીને મગધદેશના અધિપતિ શ્રેણિક રાજા હસી પડ્યા—'શું આવા પ્રભાવશાળી અને સમૃદ્ધિવાળા આપને હજુ સુધી કોઈ સ્વામી ન મળ્યો? (૧૦)

હે સંયમિ! આપનો કોઈ નાથ (સહાયક) ન હોય તો હું થવા તૈયાર છું. મનુષ્યભવ ખરેખર દુર્લભ છે. મિત્ર અને સ્વજનોથી ઘેરાયેલા આપ સુખપૂર્વક મારી પાસે રહો અને ભોગોને ભોગવો. (૧૧)

મુનિ—

'હે મગધેશ્વર શ્રેણિક! તું પોતે જ અનાથ છે. જે પોતે જ અનાથ હોય તે બીજાનો નાથ શી રીતે થઈ શકે?' (૧૨)

શ્રેણિક—

મુનિનાં વચન સાંભળી તે નરેંદ્ર વિસ્મિત થયો. આવું વચન તેણે કદી કોઈની પાસેથી સાંભળ્યું ન હતું. તેથી તે વ્યાકુળ અને સંશયી બન્યો. (૧૩)

'મારે ઘોડા છે, હાથી છે અને મનુષ્યો છે, નગર અને અંતઃપુર છે. હું મનુષ્ય સંબંધી ઉત્તમ કામભોગોને ભોગવું છું. મારી આજ્ઞા અને ઐશ્વર્ય અજોડ છે. (૧૪)

આવી મનવાંછિત સંપત્તિ હોવા છતાં હું અનાથ શી રીતે? હે ભગવન્! આપ આવું અસત્ય ન બોલો.'

મુનિ દ્વારા પોતાની અનાથતાનું નિરૂપણ—

૪૬૫. 'હે પાર્થિવ! તું અનાથ કે સનાથના પરમાર્થને જાણી શક્યો નથી. હે નરાધિપ! અનાથ અને સનાથના ભાવને જરા પણ સમજી શક્યો નથી.' (૧૬)

'હે મહારાજા! અનાથ કોને કહેવાય, મને અનાથતાનું ભાન કયાં અને કેવી રીતે થયું અને કેમ પ્રવ્રજ્યા લીધી—તે બધું ચિત્ત સ્વસ્થ રાખી સાંભળ. (૧૭)

પ્રાચીન શહેરોમાં સર્વોત્તમ એવી કૌશાંબી નામની નગરી હતી. અને ત્યાં પ્રચુર સમૃદ્ધિવાળા મારા પિતા રહેતા હતા. (૧૮)

એકદા, હે મહારાજ! તરુણવયમાં મને એકાએક આંખની અતુલ (અસાધારણ) પીડા ઉત્પન્ન થઈ; અને તે પીડાથી આખા શરીરમાં દાહજ્વર શરૂ થયો. (૧૯)

જેમ કોપેલો શત્રુ શરીરના મર્મ ભાગમાં અતિ તીક્ષ્ણ શસ્ત્રથી ઘોર પીડા ઉપજાવે તેવી ભયંકર તે આંખની વેદના હતી. (૨૦)

અને ઇંદ્રના વજ્રની પેઠે દાહજ્વરની દારુણ વેદના કમર, મસ્તક અને હૃદયને પીડવા લાગી. (૨૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે વખતે વૈદ્યકશાસ્ત્રમાં નિપુણ અને ઔષધી તથા મંત્રવિદ્યામાં પારંગત, શાસ્ત્રમાં કુશળ અને ઔષધ કરવામાં અદ્વિતીય એવા ઘણા વૈદ્યાચાર્યો મારે માટે આવ્યા. (૨૨)

ચાર વસ્તુઓથી યુક્ત—વૈદ્ય, રોગી, ઔષધ અને પરિચારકરૂપ એવી હિતકારી ચિકિત્સા તેમણે મારે માટે કરી. પરંતુ તે સમર્થ વૈદ્ય મને તે દુઃખથી છોડાવી ન શક્યા—એ જ મારી અનાથતા. (૨૩)

મારે માટે પિતા સર્વ સંપત્તિ આપવા તૈયાર થયા. પરંતુ તે પણ દુઃખથી છોડાવવાને અસમર્થ નીવડ્યા — એ જ મારી **અનાથતા.** (૨૪)

મારી માતા પણ વહાલા પુત્રના દુઃખથી ખૂબ શોકાતુર થઈ જતી હતી. પરંતુ તેથી મારું દુઃખ છૂટ્યું નહિ—એ જ મારી અનાથતા.(૨૫)

મારા નાના અને મોટા સગા ભાઈઓ પણ મને દુઃખથી છોડાવી ન શક્યા—એ જ મારી અનાથતા. (૨૬)

હે મહારાજ ! નાની અને મોટી મારી સગી બેનો પણ આ દુઃખથી મને બચાવી ન શકી—એ જ મારી અનાથતા. (૨૭)

હે મહારાજ ! તે વખતે મારા પર અત્યંત સ્નેહવાળી અને પતિવ્રતા પત્ની આંસુભર્યા નયને મારું વક્ષઃસ્થળ ભીંજવી રહી હતી. (૨૮)

મારું દુઃખ જોઈ તે નવયૌવના મારાથી જાણે કે અજાણે અન્ન, પાન, સ્નાન, સુગંધિત પુષ્પમાળા કે વિલેપન સુદ્ધાં ભોગવતી ન હતી. (૨૯)

અને હે મહારાજ ! એક ક્ષણ પણ તે મારાથી અળગી થતી નહોતી. તે પણ મારી આ વેદનાને હઠાવી ન શકી – તે જ મારી અનાથતા. (૩૦)

અનાથ જાણીને પ્રવ્રજ્યા-સંકલ્પ અને તેનાથી વેદના-ક્ષય—

૪૬૬. આવી અસહાયતા અનુભવવાથી મેં વિચાર્યું કે અનંત એવા આ સંસારમાં આવી વેદનાઓ વારંવાર ભોગવવી પડે તે બહુ અસહ્ય છે. (૩૧)

માટે આ વિપુલ વેદનાથી જો એક જ વાર હું મુક્ત થાઉં તો ક્ષાન્ત, દાન્ત અને નિરારંભી અનગાર બની તરત જ સંયમ ગ્રહણ કરીશ. (૩૨)

હે નરપતિ ! એમ ચિંતવીને હું સૂઈ ગયો. અને રાત્રિ જેમ જેમ જતી ગઈ તેમ તેમ મારી તે વિપુલ વેદના ક્ષીણ થતી ગઈ. (૩૩)

પ્રવ્રજ્યા-ગ્રહણથી સનાથત્વ—

૪૬૭. ત્યાર બાદ પ્રભાતે તો સાવ નીરોગી થઈ ગયો અને એ બધાં સંબંધીઓની આજ્ઞા લઈને ક્ષાન્ત (સહિષ્ણુ), દાન્ત (દમિતેન્દ્રિય) અને નિરારંભી (પાપક્રિયાથી રહિત) થઈ અનગાર રૂપે પ્રવ્રજિત બન્યો. (૩૪)

ત્યાર પછી હું મારો પોતાનો અને સર્વ ત્રસ (હાલતા ચાલતા) જીવો તથા સ્થાવર (સ્થિર) જીવો—એ બધાનો પણ નાથ (રક્ષક) થઈ શક્યો. (૩૫)

હે રાજન્ ! કારણ કે આ આત્મા પોતે જ વૈતરણી નદી છે અને આત્મા જ કૂટશાલ્મલી વૃક્ષ [જેવો દુઃખદાયી] છે તથા આત્મા જ કામદુઘા ગાય અને નંદનવન [સમાન સુખદાયી] છે. (૩૬)

આ આત્મા પોતે જ સુખ અને દુઃખોનો કર્તા અને ભોક્તા છે. અને આ આત્મા પોતે જ સુમાર્ગે રહે તો પોતાનો મિત્ર અને કુમાર્ગે રહે તો પોતે જ પોતાનો શત્રુ છે. (૩૭)

દુરાચરણના નિરૂપણથી સંયમપાલનનો ઉપદેશ—

૪૬૮. હે રાજન્ ! કેટલાક કાયર મનુષ્યો નિર્ગ્રંથ ધર્મને અંગીકાર તો કરી લે છે પણ પાળી શકતા નથી. તે બીજા પ્રકારની અનાથતા છે. હે નૃપ ! તું તે વસ્તુને બરાબર એકાગ્ર ચિત્તે સાંભળ. (૩૮)

જે પાંચ મહાવ્રતોને ગ્રહણ કરી પછી અસાવધાનતાથી સારી રીતે પાળી શકતો નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પોતાના આત્માનો નિગ્રહ (સંયમ) ન કરી રસાદિમાં લુબ્ધ થાય છે તે રાગ અને દ્વેષરૂપ સંસારના બંધનને મૂળથી છેદી શકતો નથી. (૩૯)

ઈર્યા (ઉપયોગપૂર્વક ગમનાગમન), ભાષા, એષણા (ભોજન વસ્ત્ર વગેરે ગ્રહણ કરવાની વૃત્તિ), આદાન-નિક્ષેપ (ભોજન, પાત્ર, કંબલ, વસ્ત્રાદિનું મૂકવું તથા લેવું) અને પરિષ્ઠાપન (વધેલી અનાવશ્યક વસ્તુનો યોગ્ય સ્થળે ત્યાગ કરવો)—આ પાંચ સમિતિઓમાં જે ઉપયોગ રાખતા નથી તે વીરપુરુષે આચરેલા (જિન) માર્ગમાં જઈ શકતા નથી. (૪૦)

જે લાંબા કાળ સુધી મુંડિત બનીને (સાધુની ઉપરચોટિયા ક્રિયા કરીને) પણ અહિંસાદિ મૂળભૂત વ્રતનિયમોમાં અસ્થિર થઈ જાય છે, અને તપશ્ચર્યાદિ અનુષ્ઠાનથી ભ્રષ્ટ થાય છે, તેવો સાધુ ઘણાં વર્ષો સુધી [ત્યાગ, સંયમ, કેશલુંચન અને બીજાં કષ્ટોથી] પોતાના દેહને દુઃખ આપવા છતાં સંસારની પાર જઈ શકતો નથી. (૪૧)

તે પોલી મૂઠી અને છાપ વિનાના ખોટા સિક્કાની માફક સાર (મૂલ્ય) રહિત બને છે અને કાચનો કટકો જેમ વૈદૂર્યમણિ પાસે નિરર્થક હોય છે તેમ જ્ઞાનીજનો પાસે તે નિર્મૂલ્ય થઈ જાય છે. (૪૨)

આ મનુષ્યજન્મમાં ઋષિધ્વજ (રજોહરણાદિ મુનિનાં ચિહ્નો) રાખે અને માત્ર આજીવિકા ખાતર વેશધારી સાધુ બને તે ત્યાગી ન હોવા છતાં પોતાને ત્યાગી કહેવડાવતો ફરે છે. આવો તે (કુસાધુ) પાછળથી બહુ કાળ સુધી પીડા પામે છે. (૪૩)

જેમ તાલપુટ (હાથમાં લેવાથી તાળવું ફાટી જાય તેવું) વિષ ખાવાથી, અવ્યવસ્થિત (સમજ્યા વિના—આવડત વિના) શસ્ત્ર ગ્રહણ કરવાથી અને અવિધિથી મંત્રજાપ કરવાથી જેમ તે [પ્રયોગ કરનારને જ] મારી નાખે છે તે જ રીતે વિષયભોગની આસક્તિથી યુક્ત હોય તો તે ચારિત્રધર્મ પણ તે ગ્રહણ કરનારને મારી નાખે છે. (૪૪)

લક્ષણવિદ્યા, સ્વપ્નવિદ્યા, જ્યોતિષ અને વિવિધ કુતૂહલ (મેલી) વિદ્યાઓમાં રક્ત થયેલા અને મેળવેલી હલકી વિદ્યાનાં પાપોથી પેટ ભરનારા તેવા કુસાધુને તે કુવિદ્યાઓ શરણભૂત થતી નથી. (૪૫)

તે કુશીલ સાધુ પોતાના અજ્ઞાનરૂપ અંધકારથી સદા દુઃખો થાય છે. મુનિ-ધર્મની વિરાધના કરી અહીં પણ દુઃખ પામે છે, અને પછી પણ નરક કે પશુયોનિમાં ગમન કરે છે. (૪૬)

જે સાધુ અગ્નિની માફક સર્વભક્ષી બનીને ઔદ્દેશિક (પોતાને માટે કરેલી), ક્રીતકૃત (મૂલ્યથી લીધેલી), કે નિત્યપિંડ (એક ઘેરથી જ મેળવેલી) સદોષ ભિક્ષા પણ લીધા કરે છે, તે કુસાધુ પાપ કરીને મરી ગયા બાદ દુર્ગતિમાં ચાલ્યો જાય છે. (૪૭)

મસ્તકને છેદનાર શત્રુ જે અનર્થ ન કરી શકે તે અનર્થ પોતાનો જીવાત્માજ જો કુમાર્ગે જાય તો કરે છે. પરંતુ જે સમયે તે કુમાર્ગે જતો હોય છે ત્યારે તેને વિચાર નથી આવતો. જ્યારે મૃત્યુના મુખમાં જવું પડે છે ત્યારે જ તે જાણી શકે છે અને પછી ખૂબ પસ્તાય છે. (૪૮)

એવા કુસાધુનો ત્યાગ પણ નિષ્ફળ નીવડે છે અને તેનો પુરુષાર્થ પણ વિપરીત થઈ જાય છે. ભ્રષ્ટાચારીને ઉભયલોક (આ લોક કે પરલોક)માં જરા પણ શાંતિ થતી નથી. તે (આંતરિક અને બાહ્ય) બન્ને પ્રકારના દુઃખનો ભોગ બની જાય છે. (૪૯)

જેમ ભોગરસની લોલુપ પંખિણી બીજા હિંસક પક્ષી વડે સપડાઈને પછી ખૂબ પરિતાપ કરે છે તે જ પ્રકારે દુરાચારી અને સ્વચ્છંદી સાધુ જિનેશ્વર દેવોના આ સન્માર્ગને વિરાધીને પછી મરણાન્તે બહુ બહુ પરિતાપ પામે છે.(૫૦)

આ જ્ઞાન અને ગુણથી યુક્ત એવું મધુર સુભાષિત સાંભળીને ડાહ્યા અને બુદ્ધિમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધકે દુરાચારીઓના માર્ગને સર્વથા છોડીને મહા નિર્ગ્રંથ મુનીશ્વરોના માર્ગે જવું. (૫૧)

એ પ્રમાણે જ્ઞાન અને ચારિત્રના ગુણોથી યુક્ત એવો સાધક શ્રેષ્ઠ સંયમને પાળીને તથા આસ્રવ રહિત બની પૂર્વકર્મને હટાવીને આખરે સર્વોત્તમ અને સ્થિર એવા [મોક્ષ] સ્થાનને પામી શકે છે. (૫૨)

આ પ્રમાણે [કર્મશત્રુ પ્રત્યે] ઉગ્ર, દમિતેન્દ્રિય, મહાતપોધન, વિપુલ યશસ્વી અને દૃઢવ્રતવાળા મહામુનીશ્વરે (અનાથી મુનીશ્વરે) મહાન નિર્ગ્રંથમુનિનું મહાશ્રુત [અધ્યયન] અતિ વિસ્તારપૂર્વક [શ્રેણિક મહારાજાને] કહી સંભળાવ્યું. (૫૩)

શ્રેણિકની તુષ્ટિ અને ક્ષમાયાચના—

૪૬૯. સનાથતાના સાચા ભાવને સાંભળી સંતુષ્ટ થયેલા શ્રેણિક મહારાજાએ બે હાથ જોડી કહ્યું કે—'હે ભગવન્! આપે મને સાચું અનાથપણું સુંદર રીતે સમજાવી દીધું. (૫૪)

હે મહર્ષિ! તમારું મનુષ્ય-જીવન સફળ છે, તમારી ઉપલબ્ધિઓ સફળ છે. જિનેશ્વરના સત્ય માર્ગમાં સ્થિત આપ જ ખરેખર સનાથ અને સબાંધવ છો. (૫૫)

હે સંયમિ! અનાથ જીવોના તમે જ નાથ છો. સર્વ પ્રાણીઓના આપ જ રક્ષક છો. હે ભાગ્યવંત મહાપુરુષ! હું આપની ક્ષમા યાચું છું અને સાથે સાથે આપની શિખામણ વાંછું છું. (૫૬)

હે સંયમિ! આપને મેં [પૂર્વાશ્રમની વિગત જાણવા માટે વારંવાર] પ્રશ્નો પૂછી આપના ધ્યાનમાં ભંગ પાડ્યો છે. અને ભોગો ભોગવો એમ [અજુગતું] આમંત્રણ દીધું છે તે બધું આપ માફ કરો.' (૫૭).

રાજમંડલમાં સિંહસમા શ્રેણિક રાજાએ એ પ્રમાણે પરમભક્તિથી તે શ્રમણસિંહની સ્તુતિ કરી અને ત્યારથી તે વિશુદ્ધ ચિત્તપૂર્વક અંતઃપુર, સ્વજન, અને સકલ કુટુંબ સહિત જૈનધર્મનો અનુયાયી બન્યો. (૫૮)

[મુનીશ્વરના સંત સમાગમથી] તેનાં રોમેરોમ ઉલ્લસિત બન્યાં. આખરે તે પ્રદક્ષિણા પૂર્વક શિરસાવંદન કરી પોતાને સ્થાને પાછો ફર્યો. (૫૯)

ત્રણ ગુપ્તિથી ગુપ્ત તથા ત્રણ દંડો (મનદંડ, વચનદંડ, અને કાયદંડ)થી વિરક્ત અને ગુણની ખાણ સમા અનાથીમુનિ પણ અનાસક્તરૂપે પંખીની પેઠે અપ્રતિબંધ વિહારપૂર્વક આ વસુંધરામાં સુખસમાધિથી વિચરવા લાગ્યા. (૬૦)

—એમ હું કહું છું.

* * *

૭૪. મહાવીર-તીર્થમાં સમુદ્રપાલીય કથાનક

૪૭૦. ચંપા નગરીમાં 'પાલિત' નામે એક સાર્થવાહ શ્રાવક રહેતો હતો. મહાત્મા ભગવાન મહાવીરનો તે શિષ્ય હતો. (૧)

તે શ્રાવક નિર્ગ્રંથ પ્રવચનનો (શાસ્ત્રોનો) બહુકુશલ પંડિત હતો. એકદા તે વહાણ-રસ્તે પિહુંડ નામના નગરમાં વ્યાપાર માટે આવ્યો. (૨)

પિહુંડ નગરમાં વ્યાપારી તરીકે રહેતા તેની સાથે કોઈ બીજા વણિકે પોતાની પુત્રી પરણાવી. વખત જતાં તે ગર્ભવતી થઈ. એ ગર્ભવતી પત્નીને સાથે લઈ તે પોતાના દેશ તરફ આવવા નીકળ્યો. (૩)

સમુદ્રમાં જન્મ અને પરિણય વિગેરે—

૪૭૧. પાલિતની પત્નીએ સમુદ્રમાં જ પુત્રને જન્મ આપ્યો. તે બાળક સમુદ્રમાં જન્મવાથી તેનું નામ સમુદ્રપાલ રાખવામાં આવ્યું. (૪)

તે વણિક શ્રાવક કુશળતાથી ચંપાનગરમાં પોતાને ઘેર પહોંચ્યો. તેને ઘેર તે બાળક સુખપૂર્વક ઊછરવા લાગ્યો. (૫)

જોનારને વહાલો લાગે તેવો અને સુરૂપ એવો તે બુદ્ધિમાન બાળક બોંતેર કળાઓમાં અને નીતિશાસ્ત્રમાં પંડિત થયો, અને અનુક્રમે યૌવનને પણ પ્રાપ્ત થયો. (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના પિતાએ રૂપિણી નામની રૂપવતી કન્યા સાથે તેને પરણાવ્યો. તે સમુદ્રપાલ રમણીય મહેલમાં દોગુન્દક (વિલાસી) દેવની પેઠે ભોગ વૈભવ માણવા લાગ્યો. (૭)

વધ્યના દર્શનથી વૈરાગ્ય અને પ્રવ્રજ્યા—

૪૭૨. [આવી રીતે ભોગજન્ય સુખો ભોગવતાં ભોગવતાં કેટલાક કાળ પછી] એકદા તે મહેલના ગોખમાં બેસી નગરચર્યા જોવામાં લીન થયો હતો તેવામાં વધ્યજનનાં ચિહ્ન સહિત વધ્યભૂમિ પર લઈ જવાતા એક વધ્યને તેણે જોયો. (૮)

તે જોઈને વૈરાગ્ય ભાવે તે મનમાં જ કહેવા લાગ્યો કે–'અહો ! અશુભ કર્મોનાં કડવાં ફળો આ પ્રત્યક્ષ જણાય છે.' (૯)

અને તે જ વખતે તેને ચિંતનના પરિણામે જાતિસ્મરણ જ્ઞાન થયું, તે ભગવાન–મહાત્માને પરમ સંવેગ જાગ્યો. માતાપિતાની આજ્ઞા લઈ તેમણે આનગારિક પ્રવ્રજ્યા સ્વીકારી (૧૦)

મહા કલેશ, મહા ભય, મહા મોહ અને મહા આસક્તિના મૂળરૂપ [લક્ષ્મી તથા સ્વજનોના] સંગને છોડી ત્યાગધર્મને રુચિપૂર્વક સ્વીકાર્યો અને વ્રત તથા શીલને આરાધવા લાગ્યા, તેમ જ પરીષહને જીતવા લાગ્યા. (૧૧)

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચે મહાવ્રતોને અંગીકાર કરીને તે જ્ઞાની મુનીશ્વર જિનેશ્વરોએ ઉપદેશેલા ધર્મનું આચરણ કરવા લાગ્યા. (૧૨)

ભિક્ષુએ સમસ્ત જીવો પર દયાનુકંપી થવું, ભિક્ષુજીવનમાં આવેલું બધું કષ્ટ ક્ષમા રાખી સહેવું, સદા પૂર્ણ બ્રહ્મચારી અને સંયમી રહેવું તથા ઇન્દ્રિયોને વશ કરી, સાવદ્ય યોગ (પાપ-વ્યાપાર)ને સર્વથા તજી દઈ ભિક્ષુધર્મનું પાલન કરવું. (૧૩)

જે સમયે જે ક્રિયા કરવાની હોય તે જ કરવી, દેશપ્રદેશમાં વિચરતા રહેવું, કોઈ પણ કાર્ય કરતાં પહેલાં પોતાની શક્તિ–અશક્તિનું માપ કાઢી લેવું, કોઈ કઠોર કે અસભ્ય શબ્દો કહે તો પણ સિંહની માફક ડરવું નહિ, કે સામે થઈ અસભ્ય પણ બોલવું નહિ. (૧૪)

પરીષહ-સહન અને સિદ્ધિ—

૪૭૩. સંયમીએ પ્રિય કે અપ્રિય જે કંઈ થાય તે તરફ તટસ્થ રહેવું, કષ્ટ આવે તો તેની ઉપેક્ષા કરી બધું સંકટ સહન કરી લેવું, સર્વત્ર સર્વની અભિલાષા ન કરવી, અને નિન્દા કે પ્રશંસા સંબંધમાં લક્ષ્ય આપવું નહિ (૧૫)

અહીં (જગતમાં) મનુષ્યોના અનેક પ્રકારના અભિપ્રાયો હોય છે. ભિક્ષુએ તેનું જ્ઞાનપૂર્વક સમાધાન કરવું અને મનુષ્ય, પશુ કે દેવોએ કરેલા ભયંકર ઉપસર્ગો પણ સહન કરવા. (૧૬)

જ્યારે અસહ્ય પરીષહો આવે છે ત્યારે ઘણા કાયર સાધકો નાહિંમત બની જાય છે. પરંતુ યુદ્ધના મોરચે અગ્રભાગે રહેલા ગજરાજ પેઠે ભિક્ષુએ જરા પણ ખેદ પામવો ન જોઈએ. (૧૭)

સંયમી ઠંડી, તાપ, ડાંસ–મચ્છરના સ્પર્શો કે વિવિધ રોગો જ્યારે શરીરને સ્પર્શે ત્યારે ખેદ કર્યા વિના સહન કરે અને તે બધું પૂર્વે કરેલાં કર્મોનું જ પરિણામ જાણી કષ્ટો સહી કર્મોને ખપાવે. (૧૮)

વિચક્ષણ ભિક્ષુ સતત રાગ, દ્વેષ અને મોહને છોડીને જેમ વાયુથી મેરુ કંપતો નથી તેમ પરીષહોથી કંપે નહિ પણ પોતાના મનને વશ રાખી તે બધું સમભાવે સહન કરે. (૧૯)

ભિક્ષુએ ન ગર્વિષ્ટ થવું કે ન કાયર થવું, ન પૂજન ઇચ્છવું કે ન નિન્દા ઇચ્છવી. પરંતુ સરલ ભાવ સ્વીકારીને નિર્વાણ માર્ગની ઉપાસના કરવી. (૨૦)

સાધુએ સંયમને વિષે અણગમો કે અસંયમમાં રાગ ઊપજે તો નિવારવો, સંગથી દૂર રહેવું, આત્મહિતચિંતક થવું, તેમ જ શોક, મમતા અને પરિગ્રહની તૃષ્ણા છેદી, સમાધિવંત થઈ પરમાર્થપદમાં સ્થિર થવું. (૨૧)

આત્મરક્ષક અને પ્રાણીરક્ષક બની ઉપલેપ વિનાનાં અને પોતાને ઉદ્દેશીને નહિ બનાવેલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવાં જ એકાંતસ્થાનોમાં વિચરવું અને વિપુલ યશસ્વી મહર્ષિઓએ જે જે આચરણો આચર્યાં હોય તે આચરવાં તેમ જ આવી પડેલાં અનેક પરીષહો સહન કરવાં. (૨૨)

યશસ્વી અને જ્ઞાની એવા મહર્ષિ નિરંતર જ્ઞાનમાં આગળ વધી અને ઉત્તમ ધર્મ-(સંયમધર્મ)ને આચરીને આખરે કેવળ (સંપૂર્ણ) જ્ઞાન પ્રાપ્ત કરી અને જેમ આકાશમાં સૂર્ય શોભે તેમ મહીમંડલમાં પ્રકાશે છે. (૨૩)

સમુદ્રપાલ મુનિ પુણ્ય અને પાપ એમ બંને પ્રકારનાં કર્મોને ખપાવીને, સંયમમાં નિશ્ચળ બન્યા (શૈલેશી અવસ્થા પામ્યા) અને આ સંસારસમુદ્રના પાર જઈને એ અપુનરાગમન અર્થાત્ સિદ્ધગતિને પામ્યા. (૨૪)

—એમ હું કહું છું.

* * *

૩૫. મહાવીરતીર્થમાં મૃગાપુત્ર બલશ્રી શ્રમણ

૪૭૪. કાનન અને ઉદ્યાનોથી સુશોભિત અને રમણીય એવા સુગ્રીવ નામના નગરમાં બળભદ્ર નામે રાજા રહેતો હતો અને તે રાજાને મૃગાવતી નામની પટરાણી હતી. (૧)

માતાપિતાનો વલ્લભ અને યુવરાજ એવો બલશ્રી નામનો તેને એક કુમાર હતો કે જે (ઈન્દ્રમોરૂપી) શત્રુઓને દમવામાં શ્રેષ્ઠ હતો અને મૃગાપુત્ર નામે પ્રસિદ્ધ થયો હતો. (૨)

તે દોગુન્દક (ત્રાયસ્ત્રિંશક) દેવની માફક મનોહર રમણીઓ સાથે હંમેશાં નંદન નામના પ્રાસાદમાં આનંદપૂર્વક ક્રીડા કરતો હતો. (૩)

મણિ અને રત્નોથી જેનું ભોંયતળિયું જડેલું છે, તેવા પ્રાસાદના ગોખે બેસીને એકદા તે નગરના ત્રણ રસ્તા, ચાર રસ્તા અને મોટાં ચોગાનોને નીરખી રહ્યો હતો. (૪)

શ્રમણને જોઈને જાતિ-સ્મરણ—

૪૭૫. તેવામાં તે મૃગાપુત્રે તપશ્ચર્યા, સંયમ અને નિયમોને ધારણ કરનાર, અપૂર્વ શીલવાન અને ગુણની ખાણરૂપ એક શ્રમણને ત્યાંથી પસાર થતા જોયા. (૫)

મૃગાપુત્ર અનિમિષ દૃષ્ટિથી તે યોગીશ્વરને જોઈ રહ્યો. જોતાં જોતાં તેને વિચાર આવ્યો કે—આવું સ્વરૂપ (વેશ) પહેલાં મેં અવશ્ય કયાંક જોયું છે. (૬)

સાધુનાં દર્શન થયા પછી આ પ્રમાણે ચિંતવતાં શુભ અધ્યવસાય જાગ્રત થયા અને મોહ ઉપશાન્ત થવાથી તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. (૭)

સંજ્ઞી જ્ઞાન (મનવાળા પ્રાણીને જ ઉત્પન્ન થાય તેવું જ્ઞાન) ઉત્પન્ન થવાથી પ્રથમ તેણે ગત જન્મ જોયો અને જાણ્યું કે—દેવલોકમાંથી ચ્યવીને હું મનુષ્યભવ પામ્યો છું. (૮)

મહાન ઋદ્ધિમાન મૃગાપુત્રને પૂર્વજન્મ સાંભર્યો. પૂર્વ જન્મને સંભારતાં સંભારતાં પૂર્વભવે આદરેલું સાધુપણું પણ યાદ આવ્યું. (૯)

મૃગાપુત્રનો પ્રવજ્યા-સંકલ્પ અને માતાપિતા સમક્ષ નિવેદન—

૪૭૬. [સાધુપણું યાદ આવ્યા પછી] તેને ચારિત્રને વિષે ખૂબ પ્રીતિ ઉદ્ભવી અને વિષયને વિષે તેટલી જ વિરક્તિ ઉત્પન્ન થઈ, આથી માતાપિતા સમીપે આવી આ વચન કહ્યું- (૧૦)

'હે માતાપિતા ! [પૂર્વકાળમાં] મેં પાંચ મહાવ્રતરૂપ સંયમ ધર્મ સાંભળ્યો છે [તેનું સ્મરણ થયું છે] અને તેથી નરક, તિર્યંચ ઇત્યાદિ અનેક ગતિના દુઃખથી ભરેલા સંસાર સમુદ્રથી નિવૃત્ત થવાને ઇચ્છું છું. માટે મને આજ્ઞા આપો, હું પ્રવ્રજ્યા અંગીકાર કરીશ. (૧૧)

'હે માતાપિતા ! વિષ(કિંપાક)ફળની પેઠે પાછળથી કડવાં ફળ દેનાર અને દુઃખની પરંપરાથી ભરેલા એવા ભોગો મેં ભોગવી લીધા છે. (૧૨)

આ શરીર અશુચિથી ઉત્પન્ન થયેલું હોઈ અપવિત્ર અને અનિત્ય છે. દુઃખ અને કલે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોનું જ સ્થાન છે, તેમ જ અશાશ્વત દશાવાળું છે. (૧૩)

પાણીના પરપોટા જેવા ક્ષણિક શરીરમાં આસક્તિ શી ? તે પહેલાં કે પછી જરૂર છોડવાનું છે. આથી એમાં મને આનંદ મળતો નથી. (૧૪)

પીડા અને રોગનું ઘર અને જરા તથા મરણથી ઘેરાયેલ આ અસાર અને ક્ષણભંગુર મનુષ્યદેહમાં હવે એક ક્ષણ પણ હું આનંદ પામી શકતો નથી. (૧૫)

જન્મ દુઃખમય છે, જરા દુઃખમય છે, રોગો અને મરણ દુઃખમય છે. અહો ! આ સમગ્ર સંસાર જ દુઃખમય છે, જ્યાં જીવો કલેશ પામે છે. (૧૬)

આ બધાં ખેતર, ઘર, સુવર્ણ, પુત્ર, સ્ત્રી, બંધુઓ અને આ શરીરને છોડીને (મારે વહેલું કે મોડું) અવશ્ય જવાનું છે. (૧૭)

જેમ કિંપાક–ફળનું પરિણામ સુંદર નથી તેમ ભોગવેલા ભોગોનું પણ પરિણામ સુંદર નથી. (૧૮)

જે મુસાફર લાંબા માર્ગમાં ભાતું લીધા વિના પ્રયાણ કરે છે તે રસ્તે જતાં ક્ષુધા અને તૃષાથી ખૂબ પીડાય છે અને દુઃખી થાય છે. (૧૯)

તે જ પ્રમાણે જે ધર્મ પાળ્યા વિના પરભવમાં જાય છે, તે ત્યાં જઈ અનેક પ્રકારના રોગો અને ઉપાધિઓથી પીડાય છે. (૨૦)

જે મુસાફર લાંબા માર્ગમાં ભાતું લઈને પ્રયાણ કરે છે તે ક્ષુધા અને તૃષાથી રહિત થઈને સુખી થાય છે. (૨૧)

તે પ્રમાણે જે ધર્મનું પાલન કરીને પરભવમાં જાય છે ને ત્યાં અલ્પકર્મા અને અરોગી થઈ સુખી થાય છે. (૨૨)

જેમ કે ઘર બળતું હોય ત્યારે તે ઘરનો સ્વામી અસાર વસ્તુઓને છોડી પહેલાં બહુ મૂલ્યવાળી વસ્તુઓ જ કાઢી લે છે. (૨૩)

એ પ્રમાણે આપની અનુમતિ પ્રાપ્ત કરી જરા અને મરણથી સળગી રહેલા આ લોકમાંથી સારભૂત એવા મારા આત્માને જ ઉગારી લઈશ.' (૨૪)

'શ્રામણ્ય દુષ્કર છે'—માતાપિતા દ્વારા પ્રવ્રજ્યાવારણ—

૪૭૭. માતાપિતાએ કહ્યું–'હે પુત્ર ! શ્રામણ્ય–સાધુપણું અત્યંત કઠણ છે. ભિક્ષુએ હજારો ગુણોને ધારણ કરવા પડે છે. (૨૫)

(૧) ભિક્ષુને જીવનપર્યંત જગતના જીવમાત્ર પર સમભાવ રાખવો પડે છે. શત્રુ અને મિત્ર બન્નેને સમાન દૃષ્ટિથી જોવાના હોય છે. અને જીવનપર્યંત પ્રાણાતિપાત (સૂક્ષ્મ જીવહિંસાથી) પણ વિરમવું પડે છે. તે ખરેખર દુષ્કર છે. (૨૬)

(૨) સાધુને જીવન પર્યંત અસત્ય બોલવાનું હોતું નથી. સતત અપ્રમત્ત (સાવધાન) રહીને હિતકારી છતાં સત્ય બોલવું એ બહુ કઠણ છે. (૨૭)

(૩) દંતશોધન–દાંત સાફ કરવાની વસ્તુ પણ કોઈએ દીધા વગર લઈ શકે નહિ, તેવી રીતે દોષ-રહિન ભિક્ષા મેળવવાની એ પણ અતિ કઠિન છે. (૨૮)

(૪) કામ-ભોગોના રસને જાણનારાએ અબ્રહ્મચર્ય (મૈથુન)થી સાવ વિરકત રહેવું અને ઘોર (અખંડ) બ્રહ્મચર્યવ્રત પાળવું અતિ કઠિન છે. (૨૯)

(૫) ધન, ધાન્ય, પ્રેષ્યવર્ગ–દાસીદાસ આદિ પરિગ્રહનો ત્યાગ કરવો, તેમ જ સંસારની હિંસાદિ સર્વ ક્રિયાઓનો ત્યાગ કરવો અને કોઈ વસ્તુ પર મમતા પણ ન રાખવી તે અતિ દુષ્કર છે. (૩૦)

(૬) અન્ન, પાણી, મેવા કે મુખવાસ એ ચારે પ્રકારમાંના કોઈ પણ આહારનો રાત્રે ઉપયોગ કરી શકે નહિ તેમજ કોઈ પણ વસ્તુનો કાળમર્યાદાથી વધુ સમય માટે સંગ્રહ પણ ન રાખી શકવો તે અત્યંત દુષ્કર છે. (૩૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ, ડાંસ અને મચ્છરનું દુઃખ, કઠોર વચનો, દુઃખ શૈયા–દુઃખદ સ્થળ, તૃણસ્પર્શ અને મેલનું દુઃખ. (૩૨)

તેમ જ તાડન (માર), તર્જન (ઠપકો), વધ અને બંધનનાં કષ્ટો પણ સહેવાં સહેલાં નથી. સદા ભિક્ષાચર્યા કરવી, યાચીને લેવું અને યાચના કરતાં પણ અપ્રાપ્તિ થાય એ બધું દુષ્કર છે. (૩૩)

આ કાપોતી વૃત્તિ અર્થાત્ કબૂતરની જેમ કાંટાને તજી પરિમિત કણ જ ખાવાની વૃત્તિ–સંયમી જીવન, દારુણ કેશલોચ અને દુષ્કર બ્રહ્મચર્ય પાલન કરવું અમહાન–સામાન્ય આત્માને માટે અતિ દુષ્કર છે. (૩૪)

હે પુત્ર! તું ભોગસુખને યોગ્ય છે, સુકોમળ છે, સુમજિજત છે–સાફ સ્વચ્છ રહેવાવાળો છે, આથી સાધુપણું પાળવા માટે ખરેખર તું સમર્થ નથી. (૩૫)

હે પુત્ર! સાધુપણામાં જીવન પર્યન્ત કંઈ જ વિશ્રામ નથી. ભારે લોખંડના ભારની જેમ જીવનપર્યંત અવિશ્રાંતપણે સંયમીના ઉચિત ગુણોનો ભાર વહન કરવો દુષ્કર છે. (૩૬)

આકાશમાંથી પડતી ગંગા નદીના સામે-પૂરે જવું અને બે હાથથી સાગર તરવો જેટલો કઠણ છે તેવી જ રીતે ગુણોદધિ–સંયમીના ગુણોને તરી જવું દુષ્કર છે. (૩૭)

વેળુનો કોળિયો જેટલો નીરસ છે, તેટલો જ સંયમ પણ નીરસ છે. તલવારની ધાર પર જવું જેટલું કઠણ છે તેટલું જ તપ કરવું કઠણ છે. (૩૮)

સર્પની માફક એકાંત આત્મદૃષ્ટિથી ચારિત્રમાર્ગમાં ચાલવું દુષ્કર છે. લોખંડના જવ ચાવવા જેટલા દુષ્કર છે તેટલું જ સંયમ-પાલન પણ દુષ્કર છે. (૩૯)

જેમ પ્રજ્વલિત અગ્નિશિખા–બળતી અગ્નિની ઝાળ પીવી દુષ્કર છે, તેમ તરુણ વયમાં સાધુપણું પાળવું દુષ્કર છે. (૪૦)

જેમ વાયુનો કોથળો ભરવો જેટલો મુશ્કેલ કે અશક્ય છે તેટલું જ કાયરને સાધુપણું પાળવું મુશ્કેલ છે. (૪૧)

જેમ ત્રાજવાથી મેરુ પર્વત તોળવો દુષ્કર છે, તેમ શંકા રહિત અને નિશ્ચળ ભાવથી સંયમ પાળવો દુષ્કર છે. (૪૨)

જેમ બે હાથથી સમુદ્ર તરી જવો અશક્ય છે તેમ અનુપશાંત (અશક્ત) જીવ વડે દમ-(સંયમ)નો સાગર તરવો દુષ્કર છે. (૪૩)

હે પુત્ર! પહેલાં તું મનુષ્ય-સંબંધી શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચે વિષયોના ભોગોને ભોગવ, અને પછી ભુક્ત-ભોગી થઈને ચારિત્ર ધર્મને સ્વીકારજે.' (૪૪)

મૃગાપુત્ર દ્વારા નરક-દુઃખનું વર્ણન અને શ્રામણ્ય-દુષ્કરત્વ-નિવારણ—

૪૭૮. આ પ્રમાણે માતાપિતાનાં વચન સાંભળીને મૃગાપુત્રે કહ્યું—'હે માતાપિતા! આપે કહ્યું તે સત્ય છે. પરંતુ નિઃસ્પૃહી (પિપાસારહિત)ને આ જગતમાં કશુંએ અશક્ય હોતું જ નથી. (૪૫)

વળી આ સંસાર-ચક્રમાં દુઃખ અને ભય ઉપજાવનારી શારીરિક અને માનસિક વેદનાઓ હું અનંતવાર સહન કરી ચૂક્યો છું. (૪૬)

જરા અને મરણથી ઘેરાયેલા અને ચાર ગતિરૂપ ભયથી ભરેલા આ સંસારમાં મેં જન્મ, મરણ અને ભયંકર વેદનાઓ ઘણીવાર સહન કરી છે. (૪૭)

અહીંનો અગ્નિ જેટલો ઉષ્ણ હોય છે તેના કરતાં અનંત ગણી નારકયોનિમાં ઉષ્ણ વેદના હોય છે. નારકયોનિઓમાં આવી ઉષ્ણ વેદનાઓ મેં સહન કરી છે. (૪૮)

અહીંની ઠંડી કરતાં નારકયોનિમાં અનંત ગણી ઠંડી હોય છે. મેં નારકગતિઓમાં તેવી સખ્ત ઠંડીની વેદનાઓ વેઠી છે. (૪૯)

નરકની કંદુ કુંભીઓ—લોઢાના પાત્રમાં આક્રંદ કરતાં ઊંચા પગે અને નીચા મસ્તકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેલો હું બળતા અગ્નિમાં પૂર્વે ઘણી વાર પકાવાયો છું. (૫૦)

પૂર્વ કાળે મહા દાવાગ્નિ જેવી મરુ ભૂમિની વજ્જ જેવી વેળુવાળી કદમ્બ-વાલુકા નદીમાં હું અનંતવાર બળ્યો હતો. (૫૧)

કન્દુ કુંભીઓમાં ઊંચે બંધાયેલો અસહાય હું કરવત અને ક્રકચ (આરા) વગેરે શસ્ત્રોથી પૂર્વે ઘણી વાર આક્રંદ કરતો છેદાયો છું. (૫૨)

અતિ તિક્ષ્ણ કાંટાઓથી વ્યાપ્ત એવા મોટા સિંબલિ વૃક્ષની સાથે પાશથી બંધાયેલા મને આઘો-પાછો ઉલટો-સુલટો ખેંચીને [પરમાધાર્મિકોએ] આપેલી વેદના મેં સહન કરી છે. (૫૩)

પાપકર્મી હું પૂર્વકાળે પોતાના જ કર્મથી મોટા યંત્રોમાં શેરડીની માફક અતિ ભયંકર આક્રંદ કરતો કરતો ખૂબ પીલાયો છું. (૫૪)

કાબરચિતરા શૂકરો અને શ્વાનોએ (તે રૂપમાં રહેલા પરમાધાર્મિક દેવોએ) અનેક વાર ભૂમિ પર તરફડતો મને પાડ્યો, છેદી નાખ્યો અને બચાવવાની બૂમો પાડવા છતાં ફાડી ખાધો હતો. (૫૫)

પાપકર્મથી નરકસ્થાનમાં ગયેલા મને અળસીના ફૂલ જેવાં નીલરંગી તલવાર, ખડ્ગ અને ભાલાએ કરીને કાપી નખાયો, ફાડી નખાયો અને ટુકડે ટુકડા કરી નખાયો હતો. (૫૬)

સળગતા સાંબેલા અને ધૂંસરીવાળા તપેલા લોખંડના રથમાં પરવશપણે યોજાએલા મને જોતરના બંધને બાંધી રોઝને જેમ લાકડીના પ્રહારે મારે તેમ પાડીને ખૂબ માર્યો હતો. (૫૭)

ચિતાઓમાં પાડાઓને જેમ બાળે છે તેમ પાપકર્મોથી ઘેરાયેલા મને પરાધીનપણે જાજ્વલ્યમાન અગ્નિમાં શેકચો હતો અને પકાવીને ભસ્મ કર્યો હતો. (૫૮)

[પરમાધાર્મિકોએ] ઢંક અને ગીધ પંખી-રૂપ બની લોઢાની સાણસી જેવી મજબૂત ચાંચે કરી વિલાપ કરતા એવા મને અનંતવાર કાપી નાંખી દુઃખ દીધું હતું. (૫૯)

[એ નરકગતિમાં] તૃષાથી ખૂબ પીડાતાં દોડતાં દોડતાં વૈતરણી નદીને જોઈ પાણી પીવાની આશાએ ત્યાં પહોંચ્યો પરંતુ તેની છરી જેવી જળ-ધારાઓથી ખૂબ હણાયો હતો. (૬૦)

તાપથી પીડાતાં અસિપત્ર નામના વનમાં ગયો ત્યાં ઉપરથી તલવારની ધાર જેવાં તીક્ષ્ણ પત્રો પડવાથી અનંત વાર છેદાયો હતો. (૬૧)

મુદ્ગળો અને મુસંઢી નામનાં શસ્ત્રો, શૂળો તથા સાંબેલા વડે મારાં ગાત્રો ભાંગી ગયાં હતાં અને તેવું દુઃખ મેં અનંતવાર ભોગવ્યું હતું. (૬૨)

છૂરીની તીક્ષ્ણ ધાર વડે ખાલ ઉતારીને હણાયો હતો અને કાતર વડે અનેક વખત કપાયો અને છેદાયો હતો. (૬૩)

ત્યાં પાશબદ્ધ કપટજાળોમાં જકડાઈ મૃગની પેઠે પરવશપણે ઘણી વખત હું વહન કરાયો, બંધાયો અને મરાયો હતો. (૬૪)

મોટી જાળ જેવાં નાનાં માછલાંને ગળી જનાર મોટા મોટા મગરમચ્છો આગળ નાના મચ્છની માફક પરવશપણે હું ઘણી વાર [તેવા પરમાધાર્મિકોથી] પકડાયો, ખેંચાયો, ફડાયો અને મરાયો હતો. (૬૫)

બાજ પક્ષીઓ, જાળો અને લેપવાળી જાળો વડે પક્ષી જેમ પકડાઈ જાય તેમ [પરમાધાર્મિકોથી] હું ઘણીવાર પકડાયો, લેપાયો, બંધાયો અને મરાયો હતો. (૬૬)

સુતારો જેમ વૃક્ષને છેદે તેમ કુહાડી કે ફરસી વડે [પરમાધાર્મિકોએ] મને છેદ્યો, ફાડ્યો, કૂટ્યો અને છોલ્યો હતો. (૬૭)

જેમ લુહારો ચપેટા અને ઘણ વડે લોઢાને કૂટે તેમ [પરમાધર્મી અસુરકુમારો દ્વારા] થપાટ અને મુક્કા આદિથી હું અનંત વાર મરાયો, કૂટાયો, ટુકડે ટુકડા થયો અને ચૂર્ણ કરી નખાયો હતો. (૬૯)

ખૂબ ભયંકર રુદન કરવા છતાં તાંબું, લોઢું, સીસું વગેરે ધાતુઓ ખૂબ કળકળતી તપાવીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મને પરાણે પીવડાવવામાં આવી હતી. (૬૯)

'તને ટુકડા-ટુકડા કરેલું અને સળિયામાં પરોવીને પકાવેલું માંસ પ્રિય હતું'—એ યાદ અપાવીને મારા શરીરમાંથી માંસ તોડી તોડી તેના કટકા કરી, અગ્નિ જેવાં લાલ ભડથાં બનાવી બનાવીને મને ઘણી વાર ખવડાવવામાં આવ્યા હતા. (૭૦)

વળી 'તને ગોળ તથા મદ્યડાં વગેરેનો બનેલ દારૂ બહુ જ પ્રિય હતો.' એમ સંભારીને મારા જ શરીરનું ગરમ ગરમ રુધિર અને ચરબી મને પીવડાવવામાં આવ્યાં હતાં (૭૧)

મેં [આ પ્રમાણે પૂર્વ જન્મમાં] હંમેશાં ભયભીત, સંત્રસ્ત, દુઃખી અને વ્યથિત થઈ અત્યંત દુઃખથી ભરેલી આવી વેદનાનો અનુભવ કર્યો હતો. (૭૨)

નરકયોનિમાં મેં તીવ્ર, ભયંકર, અસહ્ય, મહાભયકારક, ઘોર અને પ્રચંડ વેદનાઓ ઘણી વાર સહન કરી છે. (૭૩)

હે તાત ! મનુષ્યલોકમાં જેવી ભિન્ન ભિન્ન પ્રકારની વેદનાઓ અનુભવાય છે તે કરતાં નરકગતિઓમાં અનંતગણી વેદના છે. (૭૪)

ભવોમાં મેં દુઃખ રૂપ વેદના જ અનુભવી છે, કયાંય પળભર પણ સુખની સંવેદના અનુભવી નથી.' (૭૫)

માતા-પિતા દ્વારા 'શ્રામણ્યમાં નિષ્પ્રતિકર્મણ' કથન—

૪૭૯. માતા-પિતાએ કહ્યું—'હે પુત્ર ! ભલે તારી ઇચ્છા હોય તો દીક્ષિત થા પરંતુ ચારિત્રધર્મમાં નિષ્પ્રતિકર્મતા—રોગ થવા છતાં ચિકિત્સા કરાવી શકાતી નથી—તે દુઃખદાયક છે.' (૭૬)

મૃગાપુત્રનો ઉત્તર—

૪૮૦. તે બોલ્યો—'હે માતાપિતા ! આપ કહો છો તે સત્ય છે, પરંતુ હું આપને પૂછું છું કે જંગલમાં પશુ-પક્ષીઓ વિચરતાં હોય છે તેની પરિસેવા કોણ કરે છે ? (૭૭)

જેમ જંગલમાં મૃગ એકલો વિહાર કરે છે તેમ સંયમ અને તપશ્ચર્યા વડે હું એકાકી ચારિત્રધર્મમાં વિચરીશ. (૭૮)

મોટા અરણ્યમાં રહેલ મૃગના શરીરમાં આતંક (પ્રાણઘાતક રોગ) ઉત્પન્ન થાય છે ત્યારે વૃક્ષની નીચે બેઠેલા તે મૃગની ચિકિત્સા કોણ કરે છે ? (૭૯)

ત્યાં જઈ કોણ તેને ઔષધ આપે છે ? તેના સુખદુઃખની ચિંતા કોણ કરે છે ? કોણ તેને ભોજનપાણી લાવીને ખવડાવે છે ? (૮૦)

જ્યારે તે નીરોગી થાય છે ત્યારે પોતાની મેળે જ ભોજન-પાન માટે વનમાં જઈ વેલીઓ અને સરોવરો શોધી લે છે. (૮૧)

ઘાસ ખાઈને સરોવરમાં પાણી પીને તથા મૃગચર્યા કરતાં કરતાં તે મૃગ પછી પોતાના નિવાસસ્થાને પહોંચે છે. (૮૨)

એ પ્રમાણે રૂપાદિમાં અપ્રતિબદ્ધ, સંયમને માટે ઉદ્યમવંત સાધુ સ્વતંત્ર વિહાર કરતાં, મૃગચર્યાની જેમ આચરણ કરતાં, ઊર્ધ્વદિશા-મોક્ષની દિશામાં ગમન કરે છે. (૮૩)

જેમ એકલો મૃગ અનેક ભિન્ન ભિન્ન સ્થળોમાં વિહરે છે, અનેક સ્થાનોમાં રહે છે અને પોતાની જાતે જ આહાર-પાણી મેળવી જીવન-નિર્વાહ કરે છે તે જ રીતે ગોચરી માટે નીકળેલ સાધુ કોઈની નિન્દા અને અવજ્ઞા કરતો નથી. (૮૪)

મૃગાપુત્રની પ્રવ્રજ્યા—

૪૮૧. હું મૃગચર્યાનું આચરણ કરીશ.'

'હે પુત્ર ! જેમ તને સુખ થાય તેમ કર.' આ પ્રમાણે માતા-પિતાની આજ્ઞા મળ્યા પછી તેણે આભરણાદિ સર્વ પ્રકારનો પરિગ્રહ છોડી દીધો. (૮૫)

'હે માતા ! હું તમારી અનુજ્ઞા મેળવીને બધાં દુઃખોનો નાશ કરનાર એવી મૃગચર્યા કરીશ.'

'હે પુત્ર ! જેમ તને સુખ થાય તેમ કર.' (૮૬)

આ પ્રમાણે તેણે અનેક રીતે માતા-પિતાને અનુમતિ માટે સમજાવીને મમત્વનો ત્યાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યો, જેવી રીતે મહાન સર્પ કાંચળી ઉતારે છે તેમ. (૮૭)

સમૃદ્ધિ, ધન, મિત્રો, સ્ત્રી, પુત્રો અને સ્વજનોને વસ્ત્ર પર લાગેલી ધૂળને ખંખેરી નાખે તેમ બધાને તજીને સંયમયાત્રા માટે નીકળી પડ્યો. (૮૮)

પાંચ મહાવ્રતોથી યુક્ત, પાંચ સમિતિઓથી સમિત, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, આભ્યંતર અને બાહ્ય તપશ્ચર્યામાં ઉદ્યમવંત—(૮૯)

મમતારહિત, અહંકારરહિત, સંગરહિત અને ગર્વને છોડી ત્રસ તેમજ સ્થાવર જીવો પર સમદૃષ્ટિ—(૯૦)

વળી લાભમાં કે અલાભમાં, સુખમાં કે દુઃખમાં, જીવનમાં કે મરણમાં, નિંદામાં કે પ્રશંસામાં અને માનમાં કે અપમાનમાં સમત્વના સાધક—(૯૧)

ગર્વ, કષાય, દંડ, શલ્ય, ભય, હાસ્ય અને શોકથી નિવૃત્ત, નિદાન અને બંધનથી મુક્ત—(૯૨)

આ લોકમાં અનાસક્ત અને પરલોકમાં અનાસક્ત, વાંસલાથી શરીરને કાપે કે ચંદન લગાડે તથા આહાર મળે કે ન મળે તે તરફ પણ સમભાવવાળા—(૯૩)

અને અપ્રશસ્ત એવાં પાપોના આસ્રવથી (આગમનથી) તે સર્વ પ્રકારે રહિત થયા, તેમ જ આધ્યાત્મિક ધ્યાનમાં યોગો વડે કષાયોનો નાશ કરીને પ્રશસ્ત સંયમના શાસનમાં સ્થિર થયા. (૯૪)

એ પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વિશુદ્ધ ભાવનાઓથી પોતાના આત્માને વિશુદ્ધ બનાવીને, (૯૫)

ઘણાં વર્ષો સુધી ચારિત્ર (સાધુપણું) પાળીને, એક માસનું અનશન કરી શ્રેષ્ઠ સિદ્ધગતિને પામ્યાં. (૯૬)

જેમ મૃગાપુત્ર રાજર્ષિ ભોગોથી તરુણ વયમાં નિવૃત્ત થયા તેમ તત્ત્વને જાણનારા પંડિત પુરુષો એમ જ કરે છે અર્થાત્ ભોગોથી સહસા નિવૃત્ત થાય છે. (૯૭)

મહાન પ્રભાવશાળી, મહાન યશસ્વી મૃગાપુત્રનું આ સૌમ્ય ચરિત્ર સાંભળી, ઉત્તમ પ્રકારની તપશ્ચર્યા અને સંયમને આરાધી તથા ત્રણ લોકમાં પ્રસિદ્ધ એવી ઉત્તમ મોક્ષગતિને લક્ષમાં રાખીને—(૯૮)

તેમજ દુઃખવર્ધક, ભયના મહાન નિમિત્તરૂપ અને આસક્તિ વધારનાર એવા ધનને ઓળખ્યા પછી તજી દઈને સાચા સુખને લાવનાર, મુક્તિયોગ્ય ગુણ પ્રકટાવનાર અને સર્વશ્રેષ્ઠ એવી ધર્મરૂપ ધુરા ધારણ કરો. (૯૯)

—એમ હું કહું છું.

* * *

૩૬. મહાવીર-તીર્થમાં ગર્દભાલિ અને સંજય રાજા

સંજયરાજાનો મુનિની સમીપમાં મૃગવધ—

૪૮૨. કાંપિલ્યનગરમાં સૈન્ય અને વાહનોથી સુસંપન્ન સંજય નામે રાજા હતો. એક દિવસે તે મૃગયા—શિકાર કરવાને માટે નીકળ્યો. (૧)

તે રાજા મોટા હયસૈન્ય, ગજસૈન્ય, રથસૈન્ય તેમ જ પાયદળ વડે ચારે બાજુથી વીંટળાયેલો હતો. (૨)

રાજા ઘોડા ઉપર આરૂઢ હતો. રસમાં મૂર્ચ્છિત એવા તેણે કાંપિલ્યનગરના કેશર ઉદ્યાનમાં મૃગોને ક્ષુભિત કર્યા અને પછી ત્યાં ભયભીત અને થાકેલા મૃગોનો તેણે વધ કર્યો. (૩)

હવે, તે કેશર ઉદ્યાનમાં એક તપસ્વી અનગાર ધર્મધ્યાનમાં અને સ્વાધ્યાયમાં લીન થયેલા હતા. (૪)

આસ્રવનો ક્ષય કરવામાં ઉદ્યત એવા તે અનગાર આસ્ફોટલતાના મંડપમાં ધ્યાન ધરતા હતા. તેમની પાસે આવી પહોંચેલા એક મૃગનો પણ રાજાએ વધ કર્યો. (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘોડા ઉપર બેઠેલ રાજા શીઘ્રતાથી ત્યાં આવ્યો, જ્યાં મુનિ ધ્યાનમાં લીન હતા. મરેલા મૃગને જોતાં તેણે ત્યાં અનગારને પણ જોયા. (૬)

સંજય દ્વારા ક્ષમાયાચના—

૪૮૩. મુનિને જોઈને રાજા એકદમ ભયભીત થઈ ગયો. તેણે વિચાર્યું—'હું કેટલો મન્દપુણ્ય-ભાગ્યહીન, રસલોલુપ અને ઘાતકી છું કે વ્યર્થ જ મેં મુનિને આઘાત પહોંચાડયો.' (૭)

ઘોડા ઉપરથી ઊતરીને તે રાજાએ વિનય-પૂર્વક અણગારના ચરણમાં વન્દન કર્યું અને કહ્યું કે 'હે ભગવન્! મારા આ અપરાધની ક્ષમા કરો.' (૮)

તે અણગાર ભગવાન મૌનપૂર્વક ધ્યાનમાં લીન હતા, તેથી તેમણે રાજાને પ્રત્યુત્તર આપ્યો નહિ. આથી રાજા વધુ ભયભીત થયો. (૯)

'હે ભગવન્! હું સંજય છું. મને પ્રત્યુત્તર તો આપો. [હું જાણું છું કે] ક્રોધાયમાન થયેલા અણગાર પોતાના તેજથી કરોડો મનુષ્યોને પણ બાળી નાખે.' (૧૦)

ગર્દભાલિ મુનિ દ્વારા ઉપદેશ—

૪૮૪. "હે રાજા! તને અભય છે. તું પણ અભય-દાતા બન. આ અનિત્ય જીવલોકમાં તું શા માટે હિંસામાં આસક્ત થાય છે? (૧૧)

અનિત્ય જીવલોકમાંની બધી વસ્તુઓનો ત્યાગ કરીને જો તારે અવશપણે જવાનું છે તો પછી રાજ્યમાં શા માટે આસક્ત થાય છે? (૧૨)

હે રાજન્! જેમાં તું મોહ પામે છે એ જીવન અને રૂપ તો વીજળીના ચમકાર જેવાં ચંચળ છે; તો પરલોકનું હિત કેમ સમજતો નથી? (૧૩)

સ્ત્રીઓ અને પુત્રો તેમ જ મિત્રો અને બાન્ધવો જીવનાને આધારે જીવે છે, કોઈ પણ મરેલ વ્યક્તિની પાછળ નથી જતું—અર્થાત્ મરણ સમયે કોઈ સાથે નથી આવતું. (૧૪)

પરમ દુઃખ પામેલા પુત્રો મરણ પામેલા પિતાને ઘરેથી બહાર (સ્મશાનમાં) લઈ જાય છે. એ જ પ્રમાણે પુત્રને પિતા અને બંધુઓ બંધુને લઈ જાય છે. માટે હે રાજન! તપનું આચરણ કર. (૧૫)

મૃત્યુ બાદ મૃત વ્યક્તિ દ્વારા ઉપાર્જિત કરેલ દ્રવ્ય અને રક્ષેલી સ્ત્રીઓને હૃષ્ટ, તુષ્ટ અને અલંકૃત થયેલા બીજાઓ ભોગવે છે. (૧૬)

તેણે પોતે જે કંઈ શુભ અથવા અશુભ કર્મ કર્યું હોય એ કર્મની સાથે જ તે બીજા ભવમાં જાય છે." (૧૭)

મુનિની પાસે રાજાની પ્રવ્રજ્યા—

૪૮૫. તે અણગારની પાસે ધર્મ સાંભળી રાજા મોક્ષનો અભિલાષી અને સંસારથી વિમુખ થઈ ગયો. (૧૮)

સંજયે રાજ્યનો ત્યાગ કરીને ભગવાન ગર્દભાલિ અણગારની પાસે જિનશાસનની દીક્ષા લીધી. (૧૯)

ક્ષત્રિય મુનિના પ્રશ્નો—

૪૮૬. રાષ્ટ્ર—રાજ્યનો ત્યાગ કરીને જેણે દીક્ષા લીધી હતી એવા ક્ષત્રિય મુનિએ એક દિવસ સંજય મુનિને કહ્યું: "તમારું આ રૂપ—બાહ્ય રૂપ જેટલું પ્રસન્ન-નિર્વિકાર છે તેટલું જ તમારું આંતરમન પણ પ્રસન્ન છે. (૨૦)

તમારું નામ શું? તમારું ગોત્ર કયું છે? તમે શા માટે બ્રાહ્મણ થયા છો? તમે બુદ્ધોની કેવી રીતે સેવા કરો છો? તમે વિનીત શી રીતે કહેવાઓ છો?" (૨૧)

સંજય મુનિ દ્વારા આત્મકથા નિવેદન—

૪૮૭. 'મારું નામ સંજય છે, તથા ગોત્ર ગૌતમ છે. વિદ્યા અને આચારના પારગામી ગર્દભાલિ મારા આચાર્ય છે. (૨૨)

ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદ એ ચાર સ્થાનો વિશે પરિમિત જ્ઞાનવાળો માણસ શું કહી શકે? (૨૩)

તત્ત્વવેત્તા, મોક્ષને પામેલા, વિદ્યા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચારથી સંપન્ન, સત્ય તથા સત્યપરાક્રમ-વાળા જ્ઞાનવંશીય ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું છે. (૨૪)

જે પુરુષો પાપ કરે છે તે ઘોર નરકમાં જાય છે અને જે આર્યધર્મ આચરે છે તે દિવ્ય ગતિમાં જાય છે. (૨૫)

એકાન્તવાદીઓનાં સર્વ કથન માયાવચન છે, જૂઠ છે, નિરર્થક છે. હું સંયમ પાળતો રહું છું અને યતનાપૂર્વક રહું છું, ચાલું છું. (૨૬)

જે બધી અનાર્ય મિથ્યા દૃષ્ટિઓ છે એ હું જાણું છું. પરલોક છે એ જાણું છું અને મારા આત્માને બરાબર જાણું છું. (૨૭)

ક્ષત્રિય મુનિ દ્વારા પોતાના પૂર્વભવનું કથન—

૪૮૮. 'મહાપ્રાણ દેવવિમાનમાં હું સો વર્ષના (અર્થાત્ પૂર્ણ) આયુષ્યવાળો કાન્તિમાન દેવ હતો. જેમ અહીં સો વર્ષનું પૂર્ણ આયુષ્ય છે તેમ ત્યાં દિવ્ય પાલી (પલ્યોપમ) અને મહાપાલી (સાગરોપમ) આયુષ્ય હોય છે. (૨૮)

એ બ્રહ્મલોકમાંથી ચ્યવીને હું માનવ ભવમાં આવ્યો છું. હું મારું તેમ જ બીજાનું આયુષ્ય બરાબર જાણું છું. (૨૯)

અનેક પ્રકારની રુચિનો તેમજ તરંગનો તથા અનર્થકારી વ્યાપારોનો સંયમીએ સર્વત્ર ત્યાગ કરવો. એ પ્રમાણે વિદ્યાના (જ્ઞાનના) માર્ગમાં સંચરવું. (૩૦)

શુભાશુભસૂચક પ્રશ્નો અથવા ગૃહસ્થોનાં કાર્યની મંત્રણાથી હું દૂર રહું અને ધર્મ-કાર્યમાં અહોનિશ ઉદ્યત રહું છું એમ સમજીને તપશ્ચર્યા કરવી. (૩૧)

સાચા અને શુદ્ધ અંતઃકરણથી જે તમે હમણાં પૂછ્યું તે બુદ્ધ-જ્ઞાનીએ પ્રકટ કર્યું છે. જિનશાસનમાં તે જ જ્ઞાન છે. (૩૨)

ધીર પુરુષે ક્રિયાવાદ (સંયમ-ચારિત્ર) ઉપર રુચિ કરવી અને અક્રિયાવાદનો ત્યાગ કરવો. સમ્યક્ દૃષ્ટિ વડે દૃષ્ટિસંપન્ન થઈને દુશ્ચર ધર્મનું આચરણ કરવું.' (૩૩)

ક્ષત્રિય મુનિ દ્વારા પૂર્વ પ્રવ્રજિત ભરતાદિનું નિરૂપણ—

૪૮૯. અર્થ અને ધર્મ વડે યુક્ત આ પવિત્ર ઉપદેશ સાંભળીને (ચક્રવર્તી) ભરતે પણ ભારતવર્ષનો અને કામભોગોનો ત્યાગ કરીને દીક્ષા લીધી હતી. (૩૪)

[ચક્રવર્તી] સગર રાજા પણ સાગર પર્યંત ભારતવર્ષનો અને પરિપૂર્ણ ઐશ્વર્યનો ત્યાગ કરીને કરુણાની સાધનાથી નિર્વાણ પામ્યો હતો. (૩૫)

મઘવન્ નામે મહર્દ્ધિક અને મહાયશસ્વી ચક્રવર્તીએ ભારતવર્ષની ઋદ્ધિને છોડીને પ્રવજ્યા સ્વીકારી હતી. (૩૬)

મહર્દ્ધિક ચક્રવર્તી મનુષ્યેન્દ્ર રાજા સનત્કુમારે પણ પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને પછી તપશ્ચર્યા કરી હતી. (૩૭)

મહર્દ્ધિક ચક્રવર્તી તથા લોકને શાંતિ આપનાર શાન્તિનાથ ભારતવર્ષનો ત્યાગ કરીને અનુત્તર ગતિ પામ્યા હતા. (૩૮)

ઇક્ષ્વાકુકુળના રાજાઓમાં વૃષભ સમાન ઉત્તમ, ભગવાન કુન્થુ નામે વિખ્યાતકીર્તિ નરેશ્વર અનુત્તર ગતિ પામ્યા હતા. (૩૯)

સાગરપર્યંત ભારતનો ત્યાગ કરીને, કર્મ-રજથી મુક્ત થઈને નરેશ્વરોમાં શ્રેષ્ઠ અર અનુત્તર ગતિ પામ્યા હતા. (૪૦)

વિપુલ ભારતવર્ષનું રાજ્ય, સૈન્ય-વાહન અને ઉત્તમ ભોગોનો ત્યાગ કરીને મહાપદ્મ ચક્રવર્તીએ તપશ્ચર્યા કરી હતી. (૪૧)

પૃથ્વી ઉપર એકછત્રે રાજ્ય કરીને [શત્રુ રાજાઓનાં માન] મર્દન કરનાર માનવેન્દ્ર હરિષેણ [ચક્રવર્તી] અનુત્તર ગતિ પામ્યો હતો. (૪૨)

સુખરિત્યાગી જય નામે [ચક્રવર્તી રાજાએ] બીજા હજાર રાજાઓની સાથે જિનભાષિત તપ-શ્ચર્યા કરી અને તે અનુત્તર ગતિ પામ્યો હતો. (૪૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાક્ષાત્ ઇન્દ્ર વડે પ્રેરાયેલા દશાર્ણભદ્રે દશાર્ણ દેશનું પ્રમુદિત રાજ્ય છોડી દઈને દીક્ષા લીધી અને મુનિવ્રત ધારણ કર્યું હતું. (૪૪)

સાક્ષાત્ ઇન્દ્રે પ્રેરેલા વિદેહરાજ નમિ પોતાની જાતને નમાવી, ગૃહવાસ ત્યજીને શ્રામણ્યમાં સ્થિર થયા હતા. (૪૫)

કલિંગમાં કરકંડૂ, પાંચાલમાં દુર્મુખ, વિદેહમાં નમિરાજા અને ગાંધારમાં નગ્ગઈ—(૪૬)

રાજાઓ વૃષભ જેવા (ઉત્તમ), એમણે જિનશાસનમાં નિષ્ક્રમણ કર્યું હતું, પુત્રોને રાજ્ય ઉપર સ્થાપીને તેમણે શ્રામણ્ય સ્વીકાર્યું હતું. (૪૭)

સિંધુ-સૌવીરના રાજા, રાજાઓમાં વૃષભ સમાન ઉદાયને રાજ્યનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા લઈને મુનિવ્રત ધારણ કર્યું અને તે અનુત્તર ગતિ પામ્યો હતો. (૪૮)

એ જ પ્રમાણે શ્રેયસ્ અને સત્યને વિશે પુરુષાર્થ કરનાર કાશીરાજે કામભોગોનો ત્યાગ કરીને કર્મરૂપી મહાવનને કાપી નાખ્યું હતું. (૪૯)

એ જ પ્રમાણે જેમની કીર્તિ અબાધિત છે એવા મહાયશસ્વી વિજય રાજાએ ગુણસમૃદ્ધ રાજ્યનો ત્યાગ કરીને દીક્ષા લીધી હતી. (૫૦)

એ જ પ્રમાણે અવ્યાક્ષિપ્ત ચિત્તથી ઉગ્ર તપ કરીને રાજર્ષિ મહાબલે માથાના બદલે માથું પ્રાપ્ત કરીને અર્થાત્ અહંકારનો નાશ કરી સિદ્ધિ રૂપ ઉચ્ચ પદ પ્રાપ્ત કર્યું હતું. (૫૧)

આ શૂર અને દૃઢ પરાક્રમી પુરુષો આ રીતે વિશેષતા પ્રાપ્ત કરીને (નિર્વાણ પામ્યા) તો પછી ધીર પુરુષ શા માટે ઉન્મત્તની જેમ નિષ્પ્રયોજન પૃથ્વી ઉપર રઝળે? (૫૨)

નિદાનમાં અત્યંત સમર્થ એવી અર્થાત્ યુક્તિસંગત સત્ય વાણી મેં કહી છે તેનો સ્વીકાર કરીને અતીતમાં અનેક જીવો સંસાર-સમુદ્ર પાર કરી ગયા છે, વર્તમાનમાં કરી રહ્યા છે, અને ભવિષ્યમાં પાર કરશે. (૫૩)

ધીર પુરુષ શા માટે નિષ્પ્રયોજન પોતાના આત્માને પરિતાપ આપે? સર્વ સંગથી વિનિર્મુક્ત અને કર્મરજથી મુક્ત થઈને તે સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે. (૫૪)

—એ પ્રમાણે હું કહું છું.

\+ × ×

૩૭. મહાવીર-તીર્થમાં ઇષુકાર રાજા આદિ ૭ શ્રમણો

ઇષુકાર નગરમાં પુરોહિત-પુત્રાદિ—

૪૯૦. પૂર્વભવમાં એક વિમાનવાસી દેવ થઈને પછી ચવેલા કેટલાક (૬) જીવો પુરાણા, પ્રખ્યાત, સમૃદ્ધ અને સુરલોક જેવા રમ્ય ઇષુકાર નામે નગરમાં જન્મ્યા. (૧)

શેષ રહેલાં પૂર્વકૃત કર્મોને કારણે, ઉચ્ચ કુળમાં જન્મ્યા અને નિર્વેદ પામીને તથા સંસારના ભયને કારણે ભોગોનો ત્યાગ કરીને તેમણે જિનેન્દ્ર-માર્ગનું શરણ સ્વીકાર્યું. (૨)

(આ છ જીવ નીચે પ્રમાણે અવતર્યા-) બે કુમારો (પુરોહિતપુત્રો), પુરોહિત (ભૃગુ) અને તેની પત્ની યશા, વિશાલકીર્તિ રાજા ઇષુકાર અને તેની રાણી કમલાવતી. (૩)

જાતિસ્મરણ થવાથી પુરોહિત-પુત્રોને થયેલ વિરક્તિ તથા પ્રવ્રજ્યાનો સંકલ્પ—

૪૯૧. જન્મ, જરા અને મૃત્યુના ભયથી ત્રાસેલા, એની બહાર અર્થાત્ મોક્ષમાં જવાની ચિત્તવૃત્તિવાળા તેઓ કામભોગોના ગુણદોષ જોયા પછી સંસાર-ચક્રમાંથી મુક્ત થવા માટે એથી વિરકત થયા. (૪)

પોતાના કર્મ(યજ્ઞયાગાદિ)માં પરાયણ બ્રાહ્મણ પુરોહિતના બન્ને પુત્રોને પોતાના પૂર્વજન્મનું તથા પૂર્વજન્મમાં આચરેલાં તપ અને સંયમનું સ્મરણ થયું. (૫)

માનુષી તેમ જ દિવ્ય કામભોગોમાં આસક્તિ વિનાના, મોક્ષાભિલાષી તથા જેમને શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે એવા તે બે જણાએ પિતા પાસે જઈને આ પ્રમાણે કહ્યું.— (૬)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'અનેક વિઘ્નોવાળો (મનુષ્ય-જીવનરૂપી) આ વિહાર—સંસાર-પ્રવાસ તથા અલ્પ આયુષ્ય જોઈને અમે ગૃહજીવનમાં આનંદ પામતા નથી. માટે અમે અનુજ્ઞા માગીએ છીએ, અમે મુનિવ્રત ધારણ કરીશું.' (૭)

પુરોહિત દ્વારા વારણ—

૪૯૨. પછી પિતાએ (ભાવી) મુનિઓને તેમના તપમાં વિઘ્ન કરનારી આવી વાત કહી—'વેદવિદ્ પુરુષો આ વચન કહે છે કે—"અપુત્ર મનુષ્યને (ઉત્તમ) લોકની પ્રાપ્તિ થતી નથી."

માટે હે પુત્રો ! પહેલાં વેદોનું અધ્યયન કરીને, બ્રાહ્મણોને ભોજન આપીને, સ્ત્રીઓ સાથે ભોગો ભોગવીને, પછી પુત્રોને ઘરની વ્યવસ્થા સોંપીને તમે અરણ્યવાસી પ્રશસ્ત મુનિઓ થજો.' (૯)

પુરોહિતના પુત્રો—

પોતાના રાગાદિ ગુણરૂપી ઈંધણોથી સળગતા અને મોહરૂપી પવનથી અધિક પ્રજ્વળતા શોકાગ્નિ વડે સંતપ્ત અને પરિતપ્ત, અનેક પ્રકારે દીન વચનો બોલતા, સમજાવતા, તથા ધન અને ક્રમે પ્રાપ્ત થતા કામભોગો ભોગવવા લલચાવતા પુરોહિતને જોઈને કુમારોએ વિચારીને નીચે પ્રમાણે કહ્યું. (૧૦–૧૧)

વેદોનું (માત્ર) અધ્યયન કંઈ રક્ષણરૂપ થતું નથી, જેમને જમાડવામાં આવે છે તે બ્રાહ્મણો અંધકારમાંથી વધુ અંધકારમાં લઈ જાય છે, જન્મેલા પુત્રો પણ રક્ષણરૂપ થતા નથી. આથી તમારી વાત કોણ સ્વીકારશે ? (૧૨)

કામભોગો તો ક્ષણવાર સુખ અને બહુકાળ દુઃખ આપનારા, અધિક દુઃખપૂર્ણ અને અલ્પ સુખદાયી છે. સંસારમાંથી મુક્ત થવામાં વિઘ્નરૂપ અને અનર્થોની ખાણ છે. (૧૩)

કામભોગોથી નિવૃત્ત નહિ થયેલો પુરુષ દિવસ અને રાત ભટકતો, પરિતાપ પામતો, બીજાઓને માટે પ્રમત્ત થતો અને ધનની શોધ કરતો જરા અને મૃત્યુને પામે છે. (૧૪)

આ મારી પાસે છે અને આ મારી પાસે નથી, આ મારે કરવાનું છે અને આ નથી કરવાનું—એ પ્રમાણે પ્રાપ્ત કરતાં તેને હરણ કરનાર (મૃત્યુ) હરી જાય છે. પછી પ્રમાદ શી રીતે થઈ શકે ? (૧૫)

પુરોહિત—

જેને મેળવવા માટે લોકો ચાહે છે તે સ્ત્રીઓ સહિત પુષ્કળ ધન, સ્વજનો અને ઉત્તમ ભોગવિલાસો સઘળું જ તમારે સ્વાધીન છે. (પછી પરલોક માટે ભિક્ષુ બનવાની શી જરૂર ?) (૧૬)

પુરોહિત-પુત્રો—

ધર્માચરણના વિષયમાં ધન શા કામનું ? સ્વજનો અને કામભોગો શા કામના ? અમે તો ગુણસમૂહના ધારક અપ્રતિબદ્ધવિહારી અને ભિક્ષાચરણ કરનાર શ્રમણો થઈશું. (૧૭)

પુરોહિત—

'હે પુત્રો ! જેમ અરણિમાં અગ્નિ, દૂધમાં ઘી અને તલમાં તેલ અવિદ્યમાન હોવા છતાં પેદા થાય છે, તેમ જીવો શરીરમાં પેદા થાય છે અને નાશ પામે છે અને શરીરનાશ પછી કંઈ બાકી રહેતું નથી.' (૧૮)

પુરોહિત-પુત્રો—

આત્મા અમૂર્ત છે, ઇન્દ્રિયગ્રાહ્ય નથી. અમૂર્ત હોવાને કારણે તે નિત્ય છે. પોતાના બંધનનો હેતુ આત્મામાં (રાગાદિરૂપે) રહેલો છે, અને એ બંધનને સંસારનો હેતુ કહેવામાં આવે છે. (૧૯)

ધર્મને નહિ જાણનારા અમે પૂર્વકાળમાં મોહથી પાપકર્મ કર્યું, અમને રોકવામાં આવ્યા અને અટકી ગયા. પણ હવે ફરી એવું આચરણ નહિ કરીએ. (૨૦)

'ચારે બાજુથી ઘેરાયેલા આ લોક ઉપર અમોઘા(અંધકાર)ના પ્રહાર પડતા હોય એવી સ્થિતિમાં અમે ગૃહવાસમાં સુખ પામતા નથી.' (૨૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરોહિત—

'લોક ઉપર કોણ પ્રહાર કરે છે અને તે કોનાથી ઘેરાયેલો છે ? અમોઘા કોને કહે છે ? હે પુત્રો ! આ જાણવાને હું આતુર છું.' (૨૨)

પુરોહિત-પુત્રો—

'લોક ઉપર મૃત્યુ પ્રહાર કરે છે. અને તે જરાથી ઘેરાયેલો છે. અમોઘા રાત્રિને કહી છે, હે પિતા ! આ પ્રમાણે તમે જાણો. (૨૩)

જે જે રાત્રિ જાય છે તે પાછી આવતી નથી. અધર્મ કરનારની રાત્રિઓ અફળ જાય છે. (૨૪)

જે રાત્રિ જાય છે તે પાછી આવતી નથી. ધર્મ કરનારની રાત્રિઓ સફળ જાય છે.' (૨૫)

પુરોહિત—

'હે પુત્રો ! થોડોક સમય એક સાથે રહીને પછી આપણે બધાં (માતાપિતા અને પુત્રો) સમ્યક્ત્વયુક્ત થઈને ઘેર ઘેર ભિક્ષાટન કરીશું." (૨૬)

પુરોહિત-પુત્રો—

'જેને મૃત્યુ સાથે મિત્રતા હોય અથવા જે મૃત્યુથી છૂટી શકતો હોય અથવા જે જાણતો હોય કે પોતે મરવાનો નથી તે જ એમ કહે કે આ આવતી કાલે થશે. (૨૭)

અમે આજે જ ધર્મમાર્ગને અંગીકાર કરીશું, જ્યાં પહોંચ્યા પછી પુનર્જન્મ રહેતો નથી. અમારે માટે કશું અનાગત નથી (અર્થાત્ અમે ભૂતકાળમાં બધું જ ભોગવ્યું છે) શ્રદ્ધા વડે અમે આસક્તિને દૂર કરી શકીશું.' (૨૮)

યશા ભાર્યાને પુરોહિતનું સંબોધન—

૪૯૩ [આ સાંભળીને પુરોહિતે પોતાની પત્નીને કહ્યું] 'પુત્ર-હીન ગૃહવાસ નકામો છે. માટે હે વાશિષ્ઠિ ! હવે મારે માટે આ ભિક્ષાચર્યાનો કાળ આવી પહોંચ્યો છે. વૃક્ષ શાખાઓથી સમાધિ (શોભા) પામે છે. શાખાઓ વિનાનું વૃક્ષ ઠુંઠું જ કહેવાય છે. (૨૯)

પાંખો વિનાનો જેવો પક્ષી, રણમાં સેવકો વિનાનો જેવો રાજા, દ્રવ્ય વિનાનો જેવો વહાણ ઉપર વાણિયો, તેવો પુત્રો વિનાનો હું પણ છું. (૩૦)

યશા—

'આ તમારા સુસંભૃત, એકત્રિત, અતિમધુર પુષ્કળ કામભોગો છે, ને હમણાં ખૂબ ભોગવી લઈએ, એ પછી પ્રધાન માર્ગ (મુક્તિમાર્ગરૂપ પ્રવ્રજ્યા)નો સ્વીકાર કરીશું.' (૩૧)

પુરોહિત—

'હે ભવતિ ! રસો આપણે ભોગવી લીધા છે. આપણી વય ચાલી જાય છે. જીવિત માટે હું કંઈ આ ભોગોનો ત્યાગ કરતો નથી. લાભ અને અલાભ, સુખ અને દુઃખને સમત્વથી જોતો હું મુનિધર્મ આચરીશ.' (૩૨)

યશા—

'સામા પૂરમાં તરતા ઘરડા હંસની જેમ રખે તમે [પાછળથી] બંધુઓને સંભારો ! મારી સાથે ભોગ ભોગવો. ભિક્ષાચર્યાની વાટ ખરેખર દુઃખદ છે.' (૩૩)

પુરોહિત—

'હે ભવતિ ! સર્પ જેમ પોતાના શરીરની કાંચળી ત્યાગીને મુક્તપણે ચાલ્યો જાય છે તેમ આ પુત્રો ભોગનો ત્યાગ કરે છે. [પાછળ રહેતો] હું એકલો તેમને કેમ ન અનુસરું ? (૩૪)

રોહિત મત્સ્યો નબળી જાળ તોડી નાખીને બહાર નીકળે છે તેમ પ્રબળ શીલવાળા તથા મહાનપરસ્વી એવા ધીર પુરુષો ભિક્ષાચર્યા આચરે છે. (૩૫)

યશા—

'ક્રૌંચ પક્ષીઓ અને હંસો [પારધીઓએ] પાથરેલી જાળ તોડી નાખીને જેમ આકાશમાં ઊડી જાય તેમ મારા પુત્રો અને પતિ જાય છે, તો [પાછળ રહેતી] હું એકલી તેમને કેમ ન અનુસરું ? (૩૬)

કમલાવતીના રાજાને ઉપદેશ—

૪૯૪. પુત્રો અને પત્ની સહિત પુરોહિતે ભોગવિલાસો તથા વિપુલ અને ઉત્તમ કુટુંબસમૃદ્ધિ ત્યાગીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિનિષ્ક્રમણ કર્યું છે તે સાંભળીને [કમલાવતી] રાણી (ઇષુકાર) રાજાને વારંવાર આ પ્રમાણે કહેવા લાગી—(૩૭)

'હે રાજન્! વમન કરેલું ખાનાર પુરુષ પ્રશંસાપાત્ર ગણાતો નથી. પણ તમે તો બ્રાહ્મણે ત્યજી દીધેલું ધન લેવા ઇચ્છો છો. (૩૮)

તમને આખું જગત અથવા બધું જ ધન મળે તો પણ એ સર્વથી તમને સંતોષ થશે નહિ તેમ જ એ તમારું રક્ષણ પણ કરી શકશે નહિ. (૩૯)

હે રાજન્! જ્યારે આ મનોરમ કામભોગો છોડીને તમે મરણ પામશો ત્યારે, હે નરદેવ! એકમાત્ર ધર્મ જ તમારું રક્ષણ કરશે. એ સિવાય બીજી કોઈ વસ્તુ અહીં રક્ષણ કરી શકશે નહિ. (૪૦)

જેમ પંખિણી પાંજરામાં આનંદ પામતી નથી તેમ હું [આ સંસારમાં] આનંદ પામતી નથી. સંતતિ છોડીને, અકિંચન, સરળ આચરણવાળી, આસક્તિ રહિત તથા પરિગ્રહ અને આરંભના દોષોથી નિવૃત્ત થઈને હું મુનિધર્મ આચરીશ. (૪૧)

અરણ્યમાં જ્યારે દાવાનળથી પ્રાણીઓ બળે છે ત્યારે બીજાં પ્રાણીઓ રાગદ્વેષને વશ થઈ આનંદ પામે છે. (૪૨)

તેમ કામભોગમાં લુબ્ધ થયેલાં આપણે મૂઢ જનો રાગદ્વેષના અગ્નિથી જગત બળી રહ્યું છે એ જાણતાં નથી (૪૩)

ભોગો ભોગવીને પછી જેઓએ તેમનો ત્યાગ કરી દીધેલો છે તેઓ હળવા બની વિહાર કરતા, યથેચ્છ આનંદ કરતાં પક્ષીઓની જેમ, આનંદથી વિચરે છે. (૪૪)

આ (પક્ષીઓ) જ્યારે બંધાય છે અને મારા હાથમાં આવે છે ત્યારે તેઓ તરફડે છે. આપણે પણ જો કામભોગમાં આસક્ત થઈશું તો તેમના જેવા બનીશું. (૪૫)

જેની પાસે આમિષ-માંસ હોય તે ગીધ પર બીજાં ગીધો ઝાપટ મારે છે અને માંસ વિનાના પર નહિ એ જોઈને સર્વ આમિષ-વિષયોનો ત્યાગ કરી નિરામિષ થઈને વિહરીશું. (૪૬)

આ ગીધના ઉદાહરણ ઉપરથી કામભોગને સંસાર વધારનારા સમજીને, સાપ ગરુડથી ડરીને ચાલે તેમ, તેમનાથી સંકોચાઈને ચાલવું. (૪૭)

બંધન તોડીને હાથી જેમ પોતાના નિવાસસ્થાનમાં જાય તેમ પછી [તમે પણ તમારા સાચા નિવાસસ્થાનમાં જાઓ] હે મહારાજ ઇષુકારી! આ હિતકારી વાત મેં સાંભળેલી છે.' (૪૮)

રાજા આદિની પ્રવ્રજ્યા—

૪૯૫. વિપુલ રાજ્ય અને દુસ્ત્યજ કામભોગોનો ત્યાગ કરીને, નિર્વિષય, નિરામિષ, નિઃસ્નેહ અને નિષ્પરિગ્રહ થઈને, ધર્મને સારી રીતે જાણીને, આકર્ષક ભોગવિલાસો છોડી દઈને તથા કહ્યા પ્રમાણેની કઠિન તપશ્ચર્યા સ્વીકારીને તે અસામાન્ય પરાક્રમવાળા બન્યા (૪૯-૫૦)

જન્મ અને મૃત્યુના ભયથી ઉદ્વિગ્ન થયેલા તથા દુઃખના અંતની શોધ કરનારા તે સર્વે ધર્મપરાયણ આત્માઓ ક્રમપૂર્વક બુદ્ધ થયા. (૫૧)

પૂર્વ ભાવેલી ભાવનાઓને કારણે વીતરાગ-(તીર્થંકરો)ના શાસનમાં તેઓ થોડા સમયમાં જ દુઃખના અંતને પામ્યા (મુક્ત થયા.) (૫૨)

રાણી સહિત રાજા, બ્રાહ્મણ પુરોહિત, બ્રાહ્મણી તથા તેમના પુત્રો એ સર્વે પરિનિર્વાણ પામ્યા. (૫૩)

—એ પ્રમાણે હું કહું છું.

* * *

૩૮. મહાવીર-તીર્થમાં સ્કન્દક પરિવ્રાજક

કૃતંગલામાં મહાવીર સમવસરણ—

૪૯૬. તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહ નગરની પાસે આવેલા ગુણશીલક ચૈત્યથી નીકળ્યા, નીકળીને બહાર જનપદમાં વિહાર કરવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે કાળે તે સમયે કૃતંગલા નામની નગરી હતી—વર્ણન.

તે કૃતંગલા નગરીની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં (ઈશાનકોણમાં) છત્રપલાશક નામનું ચૈત્ય હતું—વર્ણન.

તે સમયે ઉત્પન્ન થયેલ જ્ઞાન અને દર્શનના ધારણ કરનાર શ્રમણ ભગવંત મહાવીર—યાવત્—સમવરણ થયું. પરિષદ નીકળી.

શ્રાવસ્તીમાં સ્કન્દક પરિવ્રાજક—

૪૯૭. તે કૃતંગલા નગરીની નજીક શ્રાવસ્તી નામની નગરી હતી—વર્ણન.

તે શ્રાવસ્તી નગરીમાં કાત્યાયનગોત્રીય, ગર્દભાલનો શિષ્ય, સ્કન્દક નામનો પરિવ્રાજક રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદોનો, પાંચમા ઇતિહાસનો તથા છટ્ઠા નિઘંટુ નામના કોશનો સાંગોપાંગ અને રહસ્ય સહિત યાદ કરનાર, ધારણ કરનાર, પારંગત હતો. તે છ વેદાંગનો જાણકાર હતો, ષષ્ટિતંત્રમાં વિશારદ હતો, ગણિતશાસ્ત્ર, શિક્ષાશાસ્ત્ર, આચારશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, છંદશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર તથા બીજા અનેક બ્રાહ્મણ તથા પરિવ્રાજક સંબંધી નીતિ અને દર્શનશાસ્ત્રોમાં પણ અત્યંત નિપુણ હતો.

પિંગલ દ્વારા લોકાદિના વિષયમાં પ્રશ્ન—

૪૯૮. તે શ્રાવસ્તી નગરીમાં વૈશાલિક (મહાવીર)નો શ્રાવક પિંગલ નામનો નિર્ગ્રંથ રહેતો હતો.

ત્યાર બાદ વૈશાલિકનો શ્રાવક તે પિંગલ નામનો નિર્ગ્રંથ કોઈ એક સમયે જ્યાં કાત્યાયનગોત્રીય સ્કંદક રહેતો હતો ત્યાં આવ્યો, આવીને કાત્યાયનગોત્રીય સ્કંદકને આક્ષેપપૂર્વક આ પ્રમાણે પૂછ્યું—

"હે માગધ! (૧) શું લોક અંતવાળો છે કે અંતરહિત—અનંત છે? (૨) જીવ અંતવાળો કે અનંત છે? (૩) સિદ્ધિ અંતવાળી છે કે અંત વિનાની છે? (૪) સિદ્ધો અંતવાળા છે કે અંત વિનાના છે? (૫) કયા મરણ વડે મરતો જીવ વધે અથવા ઘટે અર્થાત્ જીવ કેવી રીતે મરે જેનાથી તેનો સંસાર વધે કે ઘટે છે? તું આટલા પ્રશ્નોનો તો ઉત્તર આપ."

સ્કન્દકની ઉત્તર દેવામાં અસમર્થતા—

૪૯૯. ત્યાર બાદ જ્યારે વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથે તે કાત્યાયનગોત્રીય સ્કંદકને આ આક્ષેપો—પ્રશ્નો પૂછ્યા ત્યારે તે તે પ્રશ્નોનો શું આ ઉત્તર હશે કે બીજો, આ પ્રમાણે શંકાવાળો થયો. 'આ પ્રશ્નોનો જવાબ કેવી રીતે આપું" એમ કાંક્ષાવાળો થયો. હું જે જવાબ આપીશ તેનાથી પૂછનારને સંતોષ થશે કે નહીં તે પ્રમાણે આત્મવિશ્વાસહીન થયો. તેની બુદ્ધિ કુંઠિત થઈ ગઈ અને તે કલેશયુક્ત થયો. પરંતુ (તે તાપસ) વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથને કોઈ પણ ઉત્તર આપી શક્યો નહીં અને મૌન ધારણ કરી લીધું.

ત્યારે વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથે કાત્યાયનગોત્રીય સ્કન્દકને ફરી બીજી વાર અને ત્રીજી વાર પણ તે જ પ્રશ્નો પૂછ્યા—

'માગધ! શું લોક અંતવાળો છે અથવા અનંત છે? યાવત્ (૫) જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અથવા ઘટે? તું મારા આ પ્રશ્નોનો ઉત્તર આપ.'

ત્યાર બાદ જ્યારે તે વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથે કાત્યાયનગોત્રીય સ્કંદકને ફરીથી બીજી વાર અને ત્રીજી વાર પણ તેના તે જ પ્રશ્નો પૂછ્યા ત્યારે તે શંકાશીલ, કાંક્ષાવાળો અને આત્મવિશ્વાસહીન થયો, બુદ્ધિભંગ અને કલેશનો ભોગ થયો અને વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રંથને કંઈ પણ ઉત્તર આપ્યા વિના મૌન ધારણ કરીને બેઠો રહ્યો.

જનસમૂહનું કૃતંગલા તરફ ગમન—

૫૦૦. ત્યાર બાદ શ્રાવસ્તી નગરીનાં શૃંગાટક—યાવત્—રાજમાર્ગથી બહુ મોટી ભીડ અથવા જનસમૂહ અર્થાત્ સભા મળી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્કન્દકનું મહાવીર-દર્શનાર્થ કૃતંગલા-ગમન—

૫૦૧. ત્યાર બાદ અનેક મનુષ્યોના મુખથી શ્રી મહાવીર આવ્યાની વાત સાંભળી અને અવધારી તે કાત્યાયનગૌત્રીય સ્કન્દકના મનમાં આવા પ્રકારનો આ આધ્યાત્મિક, ચિન્તિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ-વિચાર ઉત્પન્ન થયો કે—'શ્રમણ ભગવાન મહાવીર કૃતંગલા નગરીની બહાર છત્રપલાશક નામના ચૈત્યમાં સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિહરી રહ્યા છે. માટે હું તેમની પાસે જાઉં અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરું અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી, તેમનો સત્કાર સન્માન કરી અને કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ અને ચૈત્યરૂપ મહાવીર સ્વામીની પર્યુપાસના કરીને આ પ્રકારના આ અર્થોને, હેતુઓને, પ્રશ્નોને, કારણો અને વ્યાકરણોને પૂછું તો તે મારે માટે શ્રેયસ્કર થશે.'—આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને જ્યાં પરિવ્રાજકોનો મઠ હતો ત્યાં આવ્યો, આવીને ત્રિદંડ, કૂંડી, રુદ્રાક્ષની માળા, કરોટિકા (માટીનું વાસણ), વૃષિક (એક પ્રકારનું આસન), કેસરિકા—કપડાનો કટકો, છન્નાલય (ઉપકરણવિશેષ), અંકુશ, પવિત્રી, ગણેત્રિકા (હાથનું કડું), છત્ર, ઉપાનહ (પગરખાં), પાવડી અને ગેરુથી રંગેલાં વસ્ત્રો લીધાં, લઈને પરિવ્રાજક મઠથી નીકળ્યો, નીકળીને ત્રિદંડ, કૂંડી, રુદ્રાક્ષની માળા, કરોટિકા, વૃષિક, કેસરિકા, છન્નાલય, અંકુશ, પવિત્રી, ગણેત્રિકા—બધી વસ્તુઓને હાથમાં રાખી, છત્ર માથે ધારણ કરી, પગરખાં પહેરી, ગેરુથી રંગેલાં વસ્ત્રો શરીર પર ધારણ કરી, શ્રાવસ્તી નગરીની વચ્ચોવચથી નીકળ્યો, નીકળીને જ્યાં કૃતંગલા નગરી હતી, જ્યાં છત્રપલાશક ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા તે તરફ ચાલવા ઉદ્યમી બન્યો—ચાલવા લાગ્યો.

મહાવીર દ્વારા ગૌતમને સ્કન્દક-આગમન-નિર્દેશ—

૫૦૨. 'હે ગૌતમ!' એ પ્રમાણે સંબોધિત કરી શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમને આ પ્રમાણે કહ્યું—'હે ગૌતમ! તું આજ તારા પૂર્વના સંબંધીને જોઈશ.'

'હે ભગવન્! હું કોને જોઈશ?'

'સ્કન્દક નામના પરિવ્રાજકને'—મહાવીરે ઉત્તર આપ્યો.

ગૌતમે પૂછ્યું—'હે ભગવન્! હું તેને ક્યારે, કેવી રીતે અને કેટલા સમયે જોઈશ?'

'હે ગૌતમ! તે કાળે તે સમયે શ્રાવસ્તી નામની નગરી હતી—વર્ણન.

તે શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલનો શિષ્ય કાત્યાયનગોત્રીય સ્કન્દક નામનો પરિવ્રાજક રહે છે. એ સંબંધી બધી હકીકત આગળ કહ્યા પ્રમાણે જ જાણવી—યાવત્—તે સ્કંદક પરિવ્રાજકે જે તરફ હું છું તે તરફ—મારી પાસે—આવવાનો સંકલ્પ કર્યો છે. તે સ્કંદક પરિવ્રાજક લગભગ પાસે પહોંચવા આવ્યો છે, તેણે ઘણો માર્ગ ઓળંગી લીધો છે, અર્ધો માર્ગ છે અને હે ગૌતમ! તું તેને આજ જ જોઈશ.' (ભગવાન મહાવીરે ઉત્તર દીધો.)

'હે ભગવાન!' એ પ્રમાણે કહીને ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્! તે કાત્યાયનગોત્રીય સ્કન્દક આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત થઈ, ગૃહત્યાગ કરી, આનગારિકત્વ અંગીકાર કરવા શક્તિમાન છે?'

મહાવીરે ઉત્તર દીધો—'હા, ગૌતમ! યોગ્ય છે.'

જ્યારે શ્રમણ ભગવાન મહાવીર ગૌતમને આ પ્રમાણે કહી રહ્યા હતા તેવામાં જ તે કાત્યાયનગોત્રીય સ્કંદક તે સ્થાને—ભગવાન મહાવીર જ્યાં બિરાજમાન હતા ત્યાં—આવી પહોંચ્યો.

ગૌતમે કરેલું સ્કન્દકનું સુસ્વાગત અને આગમન-કારણ-કથન—

૫૦૩. ત્યાર બાદ ભગવાન ગૌતમ કાત્યાયનગોત્રીય સ્કન્દક પરિવ્રાજકને નજીક આવેલો જાણીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરત જ પોતાના આસન ઉપરથી ઊભા થઈ ગયા, ઊભા થઈ તુરત જ સ્કન્દકની સામે ગયા અને જ્યાં કાત્યાયનગોત્રીય સ્કન્દક પરિવ્રાજક હતો ત્યાં આવ્યા, ત્યાં આવીને કાત્યાયનગોત્રીય સ્કન્દકને સાંભોધી આ પ્રમાણે બોલ્યા—

'હે સ્કન્દક! તમારું સ્વાગત છે, હે સ્કન્દક! તમારું સુસ્વાગત છે. હે સ્કન્દક! તમારું અન્વાગત છે. હે સ્કન્દક! તમારું સ્વાગત અને અન્વાગત છે. હે સ્કન્દક! શ્રાવસ્તી નગરીમાં વૈશાલિક શ્રાવક પિંગલક નામના નિર્ગ્રન્થે તમને આ રીતે આક્ષેપપૂર્વક પૂછ્યું હતું— 'હે માગધ! શું લોક અંતવાળો છે અથવા અનંત છે?' આ પ્રમાણે પૂર્વે કરેલા વર્ણન અનુસાર કહેવું જોઈએ— યાવત્ 'તેનાથી શંકિત થઈને (મૂંઝાઈને) તમે શીઘ્ર અહીં આવ્યા છો. હે સ્કન્દક! શું આ વાત સાચી છે?'

સ્કન્દકે કહ્યું — 'હા, એ વાત સાચી છે.'

મહાવીરના જ્ઞાન વિષયમાં સ્કન્દકને આશ્ચર્ય—

૫૦૪. ત્યાર બાદ કાત્યાયનગોત્રીય સ્કન્દકે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું—

'હે ગૌતમ! તેવા પ્રકારના જ્ઞાની અને તપસ્વી પુરુષ કોણ છે, કે જેઓએ આ મારી ગુપ્ત વાત તમને શીઘ્ર કહી દીધી? જેથી તમે મારી વાતને જાણો છો?'

ત્યારે ભગવાન ગૌતમે કાત્યાયનગોત્રીય સ્કન્દકને આ પ્રમાણે કહ્યું—'હે સ્કન્દક! મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ ભગવાન મહાવીર ઉત્પન્ન જ્ઞાન અને દર્શનના ધરનાર છે, અર્હંત છે, જિન છે, કેવળી છે, ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળના જાણકાર છે, સર્વજ્ઞ, સર્વદર્શી છે, જેણે મને તમારી ગુપ્ત વાત તત્કાળ કહી દીધી છે અને હે સ્કન્દક! જેથી હું તે વાતને જાણું છું.'

ત્યાર બાદ કાત્યાયનગોત્રીય સ્કન્દક પરિવ્રાજકે ગૌતમ ભગવાનને આ પ્રમાણે કહ્યું— 'હે ગૌતમ! ચાલો અને તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરીએ, નમન કરીએ, તેઓનો સત્કાર કરીએ, સન્માન કરીએ અને કલ્યાણરૂપ, મંગલરૂપ, અને ચૈત્યરૂપ એવા તેમની પર્યુપાસના—સેવા કરીએ.'

'હે દેવાનુપ્રિય! જેમ તમને યોગ્ય લાગે તેમ કરો, પરંતુ વિલંબ ન કરો.' ગૌતમે ઉત્તર દીધો.

ત્યાર બાદ ભગવાન ગૌતમ કાત્યાયનગોત્રીય સ્કન્દકની સાથે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજ્યા હતા તે તરફ જવા ઉદ્યત થયા.

સ્કન્દકની મહાવીર પર્યુપાસના—

૫૦૫. તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર વ્યાવૃતભોજી (હંમેશાં જમનાર) હતા.

તે વ્યાવૃતભોજી શ્રમણ ભગવંત મહાવીરનું ઉદાર, શણગારેલા જેવું, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય, મંગલરૂપ, અલંકારો વિના પણ શોભતું, ઉત્તમ લક્ષણો, વ્યંજનો અને ગુણોથી યુક્ત એવું શરીર કાંતિ વડે અત્યંત શોભતું હતું.

ત્યાર બાદ તે કાત્યાયનગોત્રીય સ્કન્દકે વ્યાવૃતભોજી શ્રમણ ભગવાન મહાવીરનું ઉદાર શરીર યાવત્—શોભા દ્વારા અત્યન્ત શોભાયમાન શરીરને જોયું, જોઈને હર્ષિત, સંતુષ્ટ, અને આનંદિત ચિત્તવાળો થયો અને આનંદના અતિરેકથી વિકસિત હૃદયવાળો થઈ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં નજીક આવ્યો, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણા—પ્રદક્ષિણા કરી—યાવત્—તેમની પર્યુપાસના કરવા લાગ્યો.

મહાવીર દ્વારા સ્કન્દકના મનોગતનું કથન—

૫૦૬. 'સ્કન્દક!' એમ કહીને શ્રમણ ભગવાન મહાવીરે કાત્યાયનગોત્રીય સ્કન્દકને આ પ્રમાણે કહ્યું—

'હે સ્કન્દક! શ્રાવસ્તી નગરીમાં રહેતા વૈશાલિક શ્રાવક પિંગલક નિર્ગ્રન્થે તમને આ પ્રમાણે આક્ષેપપૂર્વક પૂછ્યું હતું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હે માગધ! શું લોક અંતવાળો છે કે અંત વિનાનો છે?"– એ બધુ પૂર્વવત્ જાણવું જોઈએ–યાવત્—'જેને કારણે તું મારી પાસે શીઘ્ર આવ્યો છે.

હે સ્કન્દક! આ અર્થ બરાબર છે? (અર્થાત્–આ વાત સાચી છે?)' સ્કન્દકે ઉત્તર દીધો— 'હા એ વાત સાચી છે.'

મહાવીર દ્વારા ચાર પ્રકારના લોકનું પ્રરૂપણ—

૫૦૭. 'હે સ્કન્દક! તારા મનમાં જે આ પ્રકારનો આવો મનોભાવ, વિચાર, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે–શું લોક અંતવાળો છે કે અનંત છે?–તેનો પણ આ અર્થ છે–હે સ્કન્દક! મેં લોક ચાર પ્રકારનો દર્શાવ્યો છે. તે આ પ્રમાણે–દ્રવ્યથી (દ્રવ્યલોક), ક્ષેત્રથી (ક્ષેત્રલોક), કાળથી (–કાળલોક), અને ભાવથી (–ભાવલોક).

દ્રવ્યથી જે લોક છે, તે એક છે અને અંતવાળો છે.

ક્ષેત્રથી જે લોક છે તે અસંખ્ય કોટાકોટિ યોજન સુધી આયામ વિષ્કમ્ભવાળો (–લંબાઈ અને પહોળાઈવાળો) છે અને તેનો પરિધ અસંખ્ય કોટાકોટિ યોજન કહ્યો છે, તથા તેનો અંત છે.

કાળથી જે લોક છે તે કોઈ સમય ન હતો એમ નથી, કોઈ સમય નથી એમ નથી અને કોઈ સમય નહીં હશે તેમ પણ નથી— તે હંમેશાં હતો, હંમેશાં હોય છે અને હંમેશાં રહેશે—તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી તેનો અંત નથી.

ભાવથી જે લોક છે તે અનંત વર્ણપર્યવરૂપ છે, અનંત ગંધપર્યાયરૂપ છે. અનંત રસપર્યાયરૂપ છે. અનંત સ્પર્શપર્યાયરૂપ છે, અનંત સંસ્થાન (આકાર) પર્યાયરૂપ, અનંત ગુરુલઘુ પર્યાયરૂપ તથા અનંત અગુરુલઘુ પર્યાયરૂપ છે તથા તેનો અંત નથી.

આ પ્રમાણે હે સ્કન્દક! દ્રવ્યલોક અંતવાળો છે, ક્ષેત્રલોક અંતવાળો છે, કાળલોક અનંત છે અને ભાવલોક અનંત છે.

ચતુર્વિધ જીવપ્રરૂપણા—

૫૦૮. 'હે સ્કન્દક! તારા મનમાં જે આ પ્રકારનો આવો મનોભાવ, વિચાર, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે—

શું જીવ અંતવાળો છે કે અંત વિનાનો છે?

તેનો પણ આ અર્થ છે—હે સ્કન્દક! મેં જીવ ચાર પ્રકારનો બતાવ્યો છે, જેમકે–દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી.

દ્રવ્યથી જીવ એક છે, અને અંતવાળો છે.

ક્ષેત્રથી જીવ અસંખ્ય પ્રદેશવાળો છે અને અસંખ્ય પ્રદેશમાં અવગાઢ છે, તથા તેનો પણ અંત છે.

કાળથી જીવ કોઈ સમય ન હતો એમ નથી, કોઈ સમય નથી એમ નથી, કોઈ સમય નહીં હશે એમ પણ નથી—તે હમેશાં હતો, હમેશાં છે અને હમેશાં રહેશે—તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત, નિત્ય છે, એટલે કે તેનો અંત નથી.

ભાવથી જીવ અનંત જ્ઞાનપર્યાયરૂપ, અનંત દર્શનપર્યાયરૂપ, અનંત ચારિત્રપર્યાયરૂપ, અનંત ગુરુલઘુપર્યાયરૂપ અને અનંત અગુરુલઘુ પર્યાયરૂપ છે તથા તેનો અંત નથી.

આ પ્રમાણે હે સ્કન્દક! દ્રવ્યજીવ અંતવાળો છે, ક્ષેત્રજીવ અંતવાળો છે, કાળજીવ અંત વિનાનો છે તથા ભાવજીવ અંત વિનાનો છે.

ચાર પ્રકારની સિદ્ધિની પ્રરૂપણા—

૫૦૯. હે સ્કન્દક! તને જે આ પ્રકારનો આવો મનોભાવ, વિચાર, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે—

શું સિદ્ધિ અંતવાળી છે કે અંત વિનાની છે?

તેનો પણ આ ઉત્તર છે કે સ્કન્દક! મેં સિદ્ધિ ચાર પ્રકારની કહી છે.

તે આ પ્રમાણે છે–દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, તથા ભાવથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યથી સિદ્ધિ એક છે અનેઅંતવાળી છે.

ક્ષેત્રથી સિદ્ધિ પીસ્તાલીશ લાખ યોજન લંબાઈ તથા પહોળાઈવાળી છે, અને તેનો પરિધ એક કરોડ, બેતાલીશ લાખ, ત્રીંશ હજાર, બસો ઓગણપચાસ યોજન કરતાં કાંઈક વિશેષાધિક છે, અને તેનો અંત અને છેડો પણ છે.

કાળથી કોઈ દિવસ ન હતી એમ નથી, કોઈ દિવસ નથી એમ નથી અને કોઈ દિવસ તે નહીં હશે એવું પણ નથી; પરંતુ તે હતી, છે, અને રહેશે—તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત, નિત્ય છે અને તેનો અંત નથી.

ભાવથી સિદ્ધિ ભાવ લોકની જેમ અનંત વર્ણપર્યાય, અનંત ગંધપર્યાય, અનંત રસ-પર્યાય, અનંત સ્પર્શપર્યાય, અનંત સંસ્થાન પર્યાય, અનંત ગુરુલઘુપર્યાય, અનંત અગુરુ-લઘુ—પર્યાયરૂપ છે તથા તેનો અંત નથી.

એટલા માટે હે સ્કન્દક! દ્રવ્યથી સિદ્ધિ અંતવાળી છે, ક્ષેત્રથી સિદ્ધિ અંતવાળી છે, કાળથી સિદ્ધિ અનંત છે, ભાવથી સિદ્ધિ અનંત છે.

ચાર પ્રકારના સિદ્ધોનું પ્રરૂપણ—

હે સ્કન્દક! તને જે આ અને આવા પ્રકારનો મનોભાવ, ચિંતન, પ્રાર્થિત અને મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે સિદ્ધો અંતવાળા છે અથવા અંત વિનાના છે? તેનો પણ ઉત્તર છે—હે સ્કન્દક! મેં ચાર પ્રકારે સિદ્ધોની પ્રરૂપણા કહી છે.

તે આ પ્રમાણે છે—દ્રવ્યની અપેક્ષાથી, ક્ષેત્રની અપેક્ષાથી, કાળની અપેક્ષાથી અને ભાવની અપેક્ષાથી.

દ્રવ્યાપેક્ષાએ સિદ્ધ એક છે અને અસંખ્ય પ્રદેશવાળો છે અને અસંખ્ય પ્રદેશમાં અવગાઢ છે અને તેનો અંત પણ છે.

કાળથી સિદ્ધ આદિવાળા છે, પરંતુ અપર્ય-વસિત છે અર્થાત્ અંત વિનાના છે અને તેનો અંત નથી.

ભાવથી સિદ્ધ અનંત જ્ઞાનપર્યાયરૂપ છે, અનંત દર્શનપર્યાયરૂપ છે—યાવત્ અનંત અગરુલઘુપર્યાયરૂપ છે અને તેનો અંત નથી.

એટલા માટે હે સ્કન્દક! દ્રવ્યથી સિદ્ધ અંતવાળા છે, ક્ષેત્રથી સિદ્ધ અંતવાળા છે, કાળથી સિદ્ધ અનંત છે અને ભાવથી સિદ્ધ અંત વિનાના છે.

મરણ-પ્રરૂપણ—

૫૧૦. હે સ્કન્દક! તને જે આ અને આવા પ્રકારનો મનોભાવ, ચિંતિત, પ્રાર્થિત અને મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અથવા ઘટે?

તેનો ઉત્તર પણ આ પ્રમાણે છે—હે સ્કન્દક! મેં મરણના બે પ્રકાર જણાવ્યા છે. તે આ પ્રમાણે છે—

બાલમરણ અને પંડિતમરણ.

તેમાંથી બાલમરણ શું છે?

બાલમરણના બાર ભેદ કહ્યા છે. તે આ પ્રમાણે છે—

૧. વલયમરણ (તરફડતા તરફડતા મરવું), ૨. વશાર્તમરણ (પરાધીનતાપૂર્વક રીબાઈને મરવું), (૩) અંતઃશલ્યમરણ (શરીરમાં કાંઈ પણ શસ્ત્રાદિક પેસી જવાથી મરવું અથવા સન્માર્ગથી ભ્રષ્ટ થઈને મરવું), ૪. તદ્ભવ મરણ (જે તે ગતિમાંથી મરીને ફરીને પાછું તે જ ગતિમાં આવવું), ૫. ગિરિપતન (પહાડથી પડીને મરવું), ૬. તરુપતન ૭. જલપ્રવેશ (પાણીમાં ડૂબીને મરવું), ૮. અગ્નિ-પ્રવેશ (અગ્નિમાં પેસીને મરવું), ૯. વિષભક્ષણ (ઝેર ખાઈને મરવું), ૧૦. શસ્ત્રઘાત (શસ્ત્ર વડે મરવું), ૧૧. ફાંસી (ગળે ફાંસો ખાઈને મરવું), ૧૨. ગૃદ્ધપૃષ્ઠ (ગીધ વગેરે જંગલી જનાવરો ઠોલે તેથી મરવું)

હે સ્કન્દક! આ બાર પ્રકારનાં બાલ-મરણોથી મરતો જીવ પોતે અનંતવાર નૈરયિક-ભવોને પામે છે, અનંત તિર્યંચભવોના ગ્રહણથી પોતાના આત્માને સંયોજિત કરે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતવાર મનુષ્યભવને પ્રાપ્ત કરે છે અને અનેકવાર દેવભવને ધારણ કરે છે અને અનાદિ, અનંત તથા ચારગતિવાળા સંસાર-રૂપ વનમાં તે જીવ રખડે છે, ભટકે છે.

આ પ્રમાણે બાલમરણથી મરતો જીવ પોતાના સંસારને વધારે છે અથવા એ પ્રમાણે બાર જાતના મરણ વડે મરતો તે જીવ પોતાના સંસારને વધારે છે.

તો તે પંડિતમરણ શું છે ?

પંડિતમરણ બે પ્રકારનું કહ્યું છે, આ પ્રમાણે—પાદોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન.

પાદોપગમન શુ છે ?

પાદોપગમન બે પ્રકારનું છે, આ પ્રમાણે-નિર્હારિમ અને અનિર્હારિમ. [જે મરનારનું શબ બહાર કાઢી સંસ્કારવામાં આવે તે મરનારનું મરણ નિર્હારિમ મરણ અને તેનાથી ઉલટા મરણને અનિર્હારિમ મરણ કહે છે]. એ બંને જાતનું પાદપોપગમન મરણ પ્રતિકર્મ વિનાનું જ છે. આ પ્રમાણે પાદપોપગમન મરણનું સ્વરૂપ છે.

ભક્ત-પ્રત્યાખ્યાન એ શું છે ?

ભક્ત-પ્રત્યાખ્યાન મરણ પણ બે પ્રકારનું કહ્યું છે, તે આ પ્રમાણે–નિર્હારિમ અને અનિર્હારિમ. એ બન્ને જાતનું ભક્તપ્રત્યાખ્યાન મરણ પ્રતિકર્મવાળું જ છે. આ ભક્ત પ્રત્યાખ્યાન મરણનું સ્વરૂપ છે.

હે સ્કન્દક ! એ બંને જાતના પંડિતમરણવડે મરતો જીવ પોતે નૈરયિકના અનંત ભવને પામતો નથી, અનંત તિર્યંચભવોને પામતો નથી, અનંત મનુષ્યભવોને નથી પામતો, અનંત દેવભવોને પામતો નથી, પરંતુ અનાદિ, અનંત, વિશાલ, ચાતુર્ગતિક સંસારવનને પાર કરી જાય છે.

આ પ્રકારના મરણથી મરતા જીવનો સંસાર ઘટે છે.

આ પ્રમાણે પંડિતમરણનું સ્વરૂપ છે.

હે સ્કન્દક ! પૂર્વોક્ત બે પ્રકારના મરણથી મરતા જીવનો સંસાર વધે છે અને ઘટે પણ છે.

સ્કન્દકનું ધર્મશ્રવણ—

૫૧૧. આ વાતને સાંભળીને તે કાત્યાયનગોત્રીય સ્કન્દક પરિવ્રાજકે બોધ પામી શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યો—'હે ભગવન્ ! તમારા મુખથી કેવળીએ કહેલ ધર્મને સાંભળવાને ઇચ્છું છું.'

'હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કર. તેમાં વિલંબ ન કર !'.

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે કાત્યાયનગોત્રીય સ્કન્દક પરિવ્રાજક તથા ત્યાં મળેલી વિશાળ સભાને ધર્મ કહ્યો–અહીં ધર્મ-કથા કહેવી.

સ્કન્દકની પ્રવ્રજ્યા—

૫૧૨. ત્યાર પછી તે કાત્યાયનગોત્રીય સ્કન્દક પરિવ્રાજક શ્રમણ ભગવાન મહાવીરના મુખથી ધર્મ સાંભળી, અવધારી, હૃષ્ટ, તુષ્ટ, આનંદિત ચિત્તવાળો, નંદિન, પ્રીતિવાળો, પરમ સૌમનસ અને હર્ષવશ વિકસિત હૃદયવાળો થયો અને આસન પરથી ઊઠીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા–પ્રદક્ષિણા કરી. પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યો—

'હે ભગવન્ ! નિર્ગ્રંથ–પ્રવચનમાં હું શ્રદ્ધા રાખું છું. યાવત્–તે આપ વર્ણવો છો તેવું જ છે.' એમ કહીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને ઉત્તર-પૂર્વ દિશામાં–ઈશાનકોણમાં ગયો, ત્યાં જઈને ત્રિદંડને, કુંડિકાને,–યાવત્–ગેરુથી રંગેલા વસ્ત્રોને એકાન્તમાં મૂક્યાં, મૂકીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજ્યા હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણવાર આદક્ષિણા–પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યો–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે ભગવન્ ! ઘડપણ અને મૃત્યુના દુઃખથી આ લોક–આ સંસાર યુક્ત છે, હે ભગવન્ ! પ્રદીપ્ત છે અને હે ભગવન્ ! આલિપ્ત–પ્રદીપ્ત છે. જેમ કોઈ એક ગૃહસ્થ અગ્નિથી સળગતા ઘરમાંથી અલ્પભારવાળો અને બહુમૂલ્યવાળો સામાન હોય છે તેને લઈને એકાંતમાં જાય છે કારણ કે તે ગૃહસ્થ એમ વિચારે છે કે જો થોડો પણ સામાન બચે તો મને તે આગળપાછળ હિતરૂપ, સુખરૂપ, કુશળરૂપ અને અનુક્રમથી અંતમાં નિશ્રેયસ–કલ્યાણરૂપ થશે.

આ પ્રમાણે હે દેવાનુપ્રિય ! મારો આત્મા પણ એક પ્રકારની બહુમૂલ્ય વસ્તુ જેવો છે જે મને ઇષ્ટ, કાન્ત, પ્રિય, સુંદર, મનગમતો, સ્થિરતા આપનાર અને વિશ્વાસપાત્ર, સંમત, બહુમત, અનુમત, અને આભૂષણની પેટી જેવો છે, એટલા માટે તેને ટાઢ, તડકો, ભૂખ, તરસ, ચોર, વાઘ, ડાંસ, મચ્છર, વાત, પિત્ત, શ્લેષ્મ (–સળેખમ) અને સન્નિપાત વગેરે વિવિધ પ્રકારના રોગો અને જીવલેણ દરદો તથા પરીષહ અને ઉપસર્ગો નુકસાન ન કરે, સ્પર્શ ન કરે અને તેને પૂર્વોક્ત વિઘ્નોથી બચાવી લઉં તો તે મારો આત્મા મને પરલોકમાં હિતરૂપ, સુખરૂપ, કુશળરૂપ અને પરંપરાએ કલ્યાણરૂપ થશે.

માટે હે દેવાનુપ્રિય ! હું ઇચ્છું છું કે આપની પાસે હું પ્રવ્રજિત થાઉં, મુંડિત થાઉં, આપની પાસે જ પ્રતિલેખનાદિ ક્રિયાઓ શીખું, તમે જ પોતે મને ભણાવો અને તમે પોતે જ આચાર, વિનય, ગોચર, વિનયના ફળને, ચારિત્રને, પિંડવિશુદ્ધ્યાદિક કરણને, સંયમયાત્રાને અને સંયમના નિર્વાહક આહારના નિરૂપણને અર્થાત્ એવા પ્રકારના ધર્મને કહો.

ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે પોતે જ તે કાત્યાયન-ગોત્રીય સ્કંદક પરિવ્રાજકને પ્રવ્રજિત કર્યો–યાવત્–ધર્મ કહ્યો–

'હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે જવું, આ પ્રમાણે રહેવું, આ પ્રમાણે બેસવું, આ પ્રમાણે સૂવું, આ પ્રમાણે ખાવું, આ પ્રમાણે બોલવું, અને આ પ્રમાણે ઊઠીને પ્રાણ, ભૂત, જીવ તથા સત્ત્વો વિષે સંયમપૂર્વક વર્તવું તથા આ બાબતમાં જરા પણ આળસ ન રાખવી.'

ત્યાર બાદ તે કાત્યાયન-ગોત્રીય સ્કન્દક મુનિએ શ્રમણ ભગવાન મહાવીરનો આ આવા પ્રકારનો ધર્મોપદેશ સમ્યક્ પ્રકારથી સ્વીકાર્યો અને જે પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા હતી તે પ્રમાણે તે ચાલે છે, રહે છે, બેસે છે, સૂવે છે, ખાય છે, બોલે છે અને ઊઠીને પ્રાણ, ભૂત, જીવ તથા સત્ત્વો વિષે સંયમપૂર્વક પ્રવૃત્તિ કરે છે તથા આ બાબતમાં જરા પણ આળસ નથી રાખતો.

ત્યારે તે કાત્યાયન-ગોત્રીય સ્કન્દક અનગાર થયા તથા ઈર્યાસમિતિ–યાવત્–ગુપ્ત બ્રહ્મચારી, ત્યાગી, સરલ, ધન્ય, ક્ષમાથી સહન કરનારા, જિતેન્દ્રિય, શોધક, આકાંક્ષારહિત, સંભ્રમ રહિત, ઉત્સુકતા રહિત, સંયમ સિવાય અન્યત્ર મનને નહીં રાખવાવાળા, સુશ્રામણ્યમાં લીન થઈને, ઇન્દ્રિયદમન કરીને, નિર્ગ્રંથ પ્રવચનને નજર સામે રાખીને વિચરણ કરવા લાગ્યા.

મહાવીરનો જનપદ વિહાર—

૫૧૩. ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર કૃતંગલા નગરી અને છત્રપલાશક ચૈત્યમાંથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદમાં વિહાર કરવા લાગ્યા.

સ્કન્દક દ્વારા ભિક્ષુ-પ્રતિમા ગ્રહણ—

૫૧૪ ત્યાર બાદ તે સ્કન્દક અનગારે શ્રમણ ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે સામાયિક વગેરે અગિયાર અંગોનું અધ્યયન કર્યું. અધ્યયન કરીને જ્યાં શ્રમણ ભગવાન વિરાજ્યા હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન કર્યાં, નમસ્કાર કર્યાં, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્ ! આપની આજ્ઞા મેળવીને હું માસિક ભિક્ષુપ્રતિમાને ધારણ કરી વિચરવા ઇચ્છું છું.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કર, પરંતુ વિલંબ ન કર.' [ભગવાને કહ્યું.]

પછી શ્રમણ ભગવંત મહાવીરની અનુમતિ મેળવી ને સ્કન્દક અનગાર હર્ષવાળા થયા—યાવત્—નમસ્કાર કરીને એક માસની ભિક્ષુ પ્રતિમાને ધારણ કરીને વિહરવા લાગ્યા.

ત્યાર બાદ તે સ્કંદક અનગાર માસિક ભિક્ષુ-પ્રતિમાને સૂત્ર અનુસાર, આચાર અનુસાર, માર્ગ અનુસાર, સત્યતાપૂર્વક અને સારી રીતે કાય વડે સ્પર્શે છે, પાલન કરે છે, શોભાવે છે, સમાપ્ત કરે છે, પૂર્ણ કરે છે, કીર્તન કરીને અને અનુપાલન કરીને, આજ્ઞાપૂર્વક આરાધના કરે છે તથા સમ્યક્ રીતે કાય દ્વારા સ્પર્શ કરીને, પાલન કરીને, શોભિત કરીને, સમાપ્ત કરીને, પૂર્ણ કરીને, કીર્તન કરીને અને અનુપાલન કરીને, આજ્ઞાપૂર્વક આરાધના કરીને પછી જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજ્યા હતા ત્યાં આવ્યા, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા—

'હે ભગવાન! આપની આજ્ઞા મેળવી હું દ્વિમાસિક ભિક્ષુપ્રતિમાને ધારણ કરીને વિહરવા ઇચ્છું છું.'

[ભગવાને કહ્યું—] 'હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કર, પરંતુ વિલંબ ન કર.'—એ પ્રમાણે ત્રિમાસિક, ચાતુર્માસિક, પંચમાસિક, છમાસિક, સપ્તમાસિક, પ્રથમ સાત રાત્રી-દિવસની, બીજી સાત રાત્રી-દિવસની, ત્રીજી સાત રાત્રી-દિવસની, ચોથી રાત્રી-દિવસની અને પાંચમી એક રાત્રીની પ્રતિમા આરાધી.

ત્યાર બાદ તે સ્કન્દક અનગાર એક રાત્રીની ભિક્ષુ-પ્રતિમાને સૂત્ર અનુસાર યાવત્ આરાધના કરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજ્યા હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન—નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા—

સ્કન્દક દ્વારા ગુણરત્ન સંવત્સર તપોપસંપદા (ધારણ)—

૫૧૫. 'હે ભગવન્! જો આપની આજ્ઞા હોય તો હું ગુણરત્ન સંવત્સર નામનું તપકર્મ ધારણ કરીને વિહરવા ઇચ્છું છું.'

[મહાવીર બોલ્યા] — 'હે દેવાનુપ્રિય! જેમ સુખ થાય તેમ કર, વિલંબ ન કર.'

ત્યાર બાદ તે સ્કન્દક અનગાર શ્રમણ ભગવાન મહાવીરની અનુમતિ મળવાથી હૃષ્ટ-તુષ્ટ થયા, યાવત્—નમસ્કાર કરીને ગુણરત્ન સંવત્સર તપને ધારણ કરીને વિહરવા લાગ્યા.

ત્યાર બાદ તે સ્કન્દક અનગાર ગુણરત્ન સંવત્સર તપને સૂત્ર અનુસાર, આચાર-અનુસાર યાવત્—આરાધના કરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજી રહ્યા હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન કર્યા, નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને અનેક ચતુર્થ, ષષ્ઠ, અષ્ટમ, દશમ, દ્વાદશ ભક્ત, માસક્ષમણ, અર્ધ માસક્ષમણ, વગેરે વિચિત્ર તપકર્મ વડે આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

ત્યાર બાદ તે સ્કન્દક અનગાર પૂર્વોકત પ્રકારના ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહીત કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્યરૂપ, મંગલરૂપ, શોભાયુક્ત, ઉત્તમ, ઉદાત્ત-ઉજ્જ્વલ, સુંદર, ઉદાર અને મહા પ્રભાવવાળા તપકર્મથી શુષ્ક, રુક્ષ, માંસરહિત થયા, માત્ર હાડકા અને ચામડાથી જ અવનદ્ધ (ઢંકાએલા) બની રહ્યા, ચાલવાથી હાડકા ખડખડે તેવા થઈ ગયા, દુબળા અને શરીર ઉપર બધી નાડીઓ તરી આવે તેવા થઈ ગયા. હવે તે માત્ર પોતાના આત્મબળથી જ ગતિ અને સ્થિતિ કરતા હતા તથા એવા દુર્બલ થઈ ગયા હતા કે બોલી રહ્યા પછી ગ્લાનિ અનુભવી રહેતા હતા, બોલતાં બોલતાં અને બોલવાના વિચાર માત્રથી તેમને ગ્લાનિ થતી હતી—થાકી જતા હતા. જેમ કોઈ એક લાકડાથી ભરેલી ગાડી હોય, પાંદડાથી ભરેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાડી હોય અથવા પાંદડા, તલ અને બીજ કોઈ સુકા સામાનથી ભરેલી ગાડી હોય અથવા એરંડાના લાકડાથી ભરેલી ગાડી હોય કે કોલસાથી ભરેલી ગાડી હોય તો જ્યારે તે બધી ગાડીઓને તડકે સુકાવ્યા પછી ચલાવવામાં આવે ત્યારે તે ગાડીઓ અવાજ કરતી કરતી ગતિ કરે છે અને અવાજ કરતી કરતી ઉભી રહે છે—

એ જ પ્રમાણે સ્કન્દક અનગાર પણ જ્યારે ચાલતા તથા ઊભા રહેતા ત્યારે ખડખડ શબ્દ થતો હતો. તે તપથી પુષ્ટ થયા હતા પરંતુ માંસ અને રુધિરથી ક્ષીણ થયા હતા અને રાખના ઢગલામાં ભારેલ અગ્નિની પેઠે તપ વડે, તેજ વડે તથા તપ અને તેજની શોભા વડે બહુ બહુ શોભાયમાન લાગતા હતા.

રાજગૃહમાં મહાવીર—સમવસરણ અને સ્કન્દકનો સમાધિમરણ—સંકલ્પ—

૫૧૬. તે કાળે તે સમયે રાજગૃહ નગરમાં—યાવત્—સમવસરણ થયું—યાવત્ સભા પાછી ફરી.

હવે કોઈ એક દિવસ રાત્રીને પાછલે પહોરે જાગતાં જાગતાં ધર્મ વિષે વિચાર કરતા તે સ્કન્દક અનગારના મનમાં આ પ્રમાણે સંકલ્પ ઉત્પન્ન થયો—

હું આ અને આવા પ્રકારના ઉદાર [તપકર્મવડે] —યાવત્—દુબળો થઈ ગયો છું. મારી બધી નાડીઓ બહાર તરી આવી છે, માત્ર આત્મબળથી જ ગતિ અને સ્થિતિ કરું છું યાવત્—આ પ્રમાણે હું પણ અવાજ કરતો ચાલું છું અને અવાજ કરતો બેસું છું.

આવી સ્થિતિમાં પણ મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, અને પુરુષાર્થ પરાક્રમ છે—યાવત્ મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, અને શુભાર્થી શ્રમણ ભગવંત મહાવીર વિહરે છે ત્યાં સુધી મારે માટે એ શ્રેયસ્કર છે કે આવતી કાલે રાત્રી પ્રકાશવાળી થયા પછી, કોમળ કમળ ખીલ્યા પછી, નિર્મળ પ્રભાત થયા પછી, રાતા અશોક વૃક્ષ જેવા પ્રકાશવાળા પલાશ પુષ્પ, પોપટની ચાંચ અને ચણોઠીના અર્ધભાગ જેવા લાલ કમળના સમૂહવાળા વનખંડને વિકસિત કરનાર સહસ્રરશ્મિ, પ્રકાશથી જાજ્વલ્યમાન દિનકર સૂર્યનો ઉદય થાય એટલે શ્રમણ ભગવંત મહાવીરને વંદન કરીને, નમસ્કાર કરીને, અતિ નજીક નહીં તેમ અતિ દૂર નહિ તેવા રીતે સામે રહીને વિનયપૂર્વક અંજલિ રચીને પર્યુપાસના કરી તથા શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા લઈને પોતાની જાતે જ પાંચ મહાવ્રતો ધારણ કરીને, શ્રમણ અને શ્રમણીઓને ખમાવીને, તથારૂપ (ગીતાર્થ) સ્થવિરોની સાથે વિપુલ પર્વત પર ધીરે ધીરે આરોહણ કરીને, મેઘસમૂહ જેવી શ્યામવર્ણની અને દેવોના વાસસ્થાન જેવી પૃથ્વી—શિલારૂપી પાટનું પ્રતિલેખન કરીને, દર્ભનો સંથારો પાથરીને અને તેના પર બેસીને, સંલેખના દ્વારા આત્મશુદ્ધિ કરતાં કરતાં, ભક્તપાનનો ત્યાગ કરીને, પાદોપગમન પૂર્વક સ્થિર થઈને, કાળ(મરણ)ની આંકાક્ષા ન કરતાં વિચરણ કરું "—એમ વિચાર કર્યો, વિચાર કરીને બીજા દિવસની રાત્રી પ્રભાત થતાં—યાવત્ સહસ્રરશ્મિ તેજથી જાજ્વલ્યમાન દિનકર સૂર્યનો ઉદય થતાં જ્યાં શ્રમણ ભગવંત મહાવીર વિરાજી રહ્યા હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા—પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કર્યા, વંદન—નમસ્કાર કરી, અતિ દૂર નહિ તેમ અતિ નજીક નહીં તેવા સ્થાને રહી શુશ્રૂષા કરતાં કરતાં, નમસ્કાર કરતાં કરતાં, વિનયપૂર્વક સામે બેસી પર્યુપાસના કરવા લાગ્યા.

' હે સ્કન્દક ! ' એમ કહી શ્રમણ ભગવાન મહાવીરે સ્કન્દક અનગારને આ પ્રમાણે કહ્યું—' હે સ્કન્દક ! મધ્યરાત્રિએ જાગતાં જાગતાં ધર્મ વિષે ચિંતન કરતાં તને આ પ્રમાણે સંકલ્પ યાવત્—ઉત્પન્ન થયો હતો કે પૂર્વ પ્રકારના ઉદાર, વિપુલ તપ દ્વારા—યાવત્—કાળની અવકાંક્ષા ન કરતાં વિહરવું એ ઉચિત છે. અને એ પ્રમાણે વિચાર કર્યો અને વિચાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરીને બીજા દિવસની રાત્રી પ્રભાત-યાવત્-સહસ્રકિરણવાળા તેજથી જાજ્વલ્યમાન દિનકર સૂર્યનો ઉદય થતાં જ્યાં હું છું ત્યાં તું તરત જ આવી પહોંચ્યો છે ને ?

હે સ્કન્દક ! આ વાત સાચી છે ? '

[સ્કન્દકે ઉત્તર આપ્યો] 'હા, આ વાત સાચી છે. '

'તો હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કર. વિલંબ ન કર ' [ભગવાને કહ્યું.]

સ્કન્દકની સંલેખના—

૫૧૭. ત્યાર બાદ તે સ્કન્દક અનગાર શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા પ્રાપ્ત થવાથી હૃષ્ટ, તુષ્ટ, આનંદિત ચિત્તવાળા, નંદિત, પ્રીતિમના, પરમ સોમનસવાળા, હર્ષવશ વિકસિત હૃદયવાળા થયા અને સ્થાન પરથી ઊઠ્યા, ઊઠીને ત્રણ વાર ભગવાનની આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને પોતાની મેળે જ પાંચ મહાવ્રતોનું આરોપણ કરીને સાધુ અને સાધ્વીઓને ખમાવ્યા, ખમાવીને તથારૂપ (ગીતાર્થ) યોગ્ય સ્થવિરોની સાથે ધીરે-ધીરે વિપુલાચલ પર ચડ્યા, ચડીને મેઘ-સમૂહ જેવી શ્યામવર્ણની અને દેવોના વાસસ્થાન જેવી પૃથ્વી-શિલા-પાટનું પ્રતિલેખન કરીને, ઉચ્ચાર-પ્રસ્રવણ ભૂમિ(લઘુશંકા અને વડીશંકાના સ્થાન)નું પ્રતિલેખના કરી, પ્રતિલેખન કરીને દર્ભનો સંથારો પાથરીને અને પૂર્વ દિશાની તરફ મુખ રાખીને પર્યંકાસને બેસી, દશે નખ સહિત બંને હાથને જોડી મસ્તકને સ્પર્શ કરી અંજલિ રચી આ પ્રમાણે બોલ્યા—

'અરિહંત ભગવંતને-યાવત્-અચળ સ્વરૂપને પ્રાપ્ત થયેલાઓને નમસ્કાર થાઓ. તથા અચલ સ્થાનને પામવાની ઇચ્છાવાળા શ્રમણ ભગવંત મહાવીરને નમસ્કાર થાઓ. ત્યાં રહેલા શ્રમણ ભગવંત મહાવીરને અહીં રહેલો હું વાંદુ છું. ત્યાં રહેલા શ્રમણ ભગવંત મહાવીર અહીં રહેલા મને જુઓ'. એમ કહીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું— 'પહેલાં પણ મેં શ્રમણ ભગવંત મહાવીરની પાસે કોઈ પણ જીવનો વિનાશ ન કરવો—કોઈ પણ પ્રકારે કોઈને દુઃખ ન દેવું' એવો નિયમ જીવન પર્યન્ત લીધો હતો. આ સમયે પણ શ્રમણ ભગવાન મહાવીર પાસે જીવન પર્યન્ત સર્વ પ્રાણાતિપાત-યાવત્ મિથ્યાદર્શન શલ્યનું પ્રત્યાખ્યાન કરું છું, એ જ રીતે જીવન પર્યન્ત અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય એમ ચારે જાતના આહારનો ત્યાગ કરીશ. વળી મારું આ ઈષ્ટ, કાન્ત, પ્રિય શરીર છે-યાવત્-વાત, પિત્ત, સળેખમ, સન્નિપાત વગેરે વિવિધ રોગો અને આતંકો સ્પર્શ ન કરે, એવા આ શરીરનો પણ મારા છેલ્લા શ્વાસોચ્છ્વાસ પર્યન્ત-મરણની છેલ્લી ઘડીએ ત્યાગ કરું છું'. એ પ્રમાણે સંકલ્પ કરીને સંલેખનાને પ્રીતિપૂર્વક ધારણ કરી, ભક્ત-પાનનો ત્યાગ કરી, વૃક્ષની પેઠે સ્થિર રહી, મરણની અવકાંક્ષા ન કરતાં વિચરવા લાગ્યા.

ત્યાર બાદ તે સ્કન્દક અનગાર શ્રમણ ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરોની પાસે સામાયિક વગેરે અગિયાર અંગોનું અધ્યયન કરી, બાર વર્ષ સુધી પૂર્ણરૂપ શ્રમણપર્યાયનું પાલન કરી, માસિક સંલેખના વડે આત્માને-સંયોજી, સાઠ ટંક ભક્ત-પાનનો ત્યાગ કરી (અનશન દ્વારા) આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત કરી ક્રમપૂર્વક કાળધર્મને-મરણને પામ્યા.

સ્કન્દકનાં વસ્ત્ર-પાત્રોનું સમાનયન—

૫૧૮. ત્યાર બાદ સ્કન્દક અનગારને કાળ પામેલ જાણી, તેના પરિનિર્વાણ નિમિત્તે તે સ્થવિર ભગવંતોએ કાઉસગ્ગ-કાયોત્સર્ગ-એક પ્રકારનું ધ્યાન-કર્યું, ધ્યાન કરીને પાત્રો અને વસ્ત્રો લીધા, લઈને વિપુલ પર્વત ઉપરથી ધીમે ધીમે ઉતરી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર વિરાજ્યા હતા ત્યાં આવી, શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું—આપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવાનુપ્રિયના શિષ્ય સ્કન્દક નામના અનગાર જે પ્રકૃતિએ–સ્વભાવથી ભદ્ર, સ્વભાવથી જ અત્યન્ત અલ્પ ક્રોધ, માન, માયા અને લોભવાળા, અત્યંત નિરભિમાની, આર્જવ–સંપન્ન, ગુરુની આજ્ઞામાં રહેનાર અર્થાત્ ગુરુની આજ્ઞાનું પૂર્ણપણે પાલન કરનાર તથા ભદ્ર અને વિનીત હતા, તથા જે આપ દેવાનુપ્રિયની અનુમતિ મેળવી પોતાની મેળે જ પાંચ મહાવ્રતોને આરોપી, સાધુ અને સાધ્વીઓને ખમાવી, અમારી સાથે ધીમે ધીમે વિપુલ પર્વત પર ચડયા હતા–યાવત્–માસિક સંલેખના દ્વારા આત્માને નિર્મળ કરી, સાઠ ટંક ભોજનનો અનશન દ્વારા ત્યાગ કરી, આલોચના–પ્રતિક્રમણ કરતાં, સમાધિ પ્રાપ્ત કરી ક્રમપૂર્વક કાળધર્મ પામ્યા છે. આ તેમનાં ઉપકરણો છે.'

સ્કન્દકનો અચ્યુતકલ્પમાં ઉપપાદ અને મહાવિદેહમાં સિદ્ધિ—

૫૧૯ 'હે ભગવન્!' એમ કહીને ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમન કર્યાં અને વંદન–નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું–

'આપ દેવાનુપ્રિયના શિષ્ય સ્કન્દક નામના અનગાર કાળમાસે કાળ કરી કયાં ગયા છે? કયાં ઉત્પન્ન થયા છે?'

'હે ગૌતમ!' એ પ્રમાણે સંબોધન કરી શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમને આ પ્રમાણે ઉત્તર આપ્યો–'હે ગૌતમ! મારો શિષ્ય સ્કન્દક અનગાર જે પ્રકૃતિથી ભદ્ર, પ્રકૃતિથી શાંત, સ્વભાવથીજ અત્યંત અલ્પ ક્રોધ, માન, માયા અને લોભવાળો, માર્દવ–આર્જવ–સમ્પન્ન, આજ્ઞાકારી, વિનયી હતો, તેણે મારી અનુમતિ મેળવી પોતાની જાતે જ પાંચ મહાવ્રતોનું આરોપણ કરી–યાવત્–માસિક સંલેખના દ્વારા આત્માને શુદ્ધ કરીને સાઠ ભક્ત–પાનનો અનશન દ્વારા છેદ કરીને, આલોચના, પ્રતિક્રમણ કરીને, સમાધિ પ્રાપ્ત કરી કાળ માસે કાળ કર્યો. તે અચ્યુતકલ્પમાં દેવરૂપે ઉત્પન્ન થયો છે.

તે કલ્પમાં કેટલાક દેવોનું બાવીશ સાગરોપમનું આયુષ્ય હોય છે. ત્યાં સ્કન્દક દેવનું પણ બાવીશ સાગરોપમનું આયુષ્ય છે.'

'હે ભગવન્! તે સ્કન્દકદેવ આયુષ્યનો ક્ષય થયા પછી, ભવક્ષય થયા પછી, સ્થિતિનો ક્ષય થયા પછી તે દેવલોકથી ચ્યવીને તુરત જ કયાં જશે? કયાં ઉત્પન્ન થશે?'

'હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે–યાવત્–સર્વ દુઃખોનો અંત કરશે.'

* * *

૩૯. મહાવીર-તીર્થમાં મુદ્ગલ પરિવ્રાજક

આલભિકામાં મુદ્ગલ પરિવ્રાજક—

૫૨૦ તે કાળે, તે સમયે આલભિકા નામે નગરી હતી, વર્ણન. ત્યાં શંખવન નામે ચૈત્ય હતું, વર્ણન. તે શંખવન નામે ચૈત્યથી થોડે દૂર મુદ્ગલ નામે પરિવ્રાજક રહેતો હતો–જે ઋગ્વેદ, યજુર્વેદ–યાવત્–બ્રાહ્મણ સંબંધી અને પરિવ્રાજક સંબંધી નયોમાં કુશળ હતો અને નિરંતર છટ્ઠ છટ્ઠ તપ કરતો, ઊંચે હાથ રાખી સૂર્યની તરફ મોઢું રાખી આતાપનાભૂમિ પર આતાપના લેતો વિહરતો હતો.

મુદ્ગલને વિભંગજ્ઞાન—

૫૨૧ ત્યાર બાદ તે મુદ્ગલ પરિવ્રાજકને નિરંતર છટ્ઠ છટ્ઠ તપ કરવાથી, ઊંચે હાથ રાખીને સૂર્યની તરફ મોઢું રાખી આતાપના ભૂમિ પર આતાપના લેવાથી તથા પ્રકૃતિથી ભદ્ર, પ્રકૃતિથી શાંત, પ્રકૃતિથી અતિ–અલ્પ ક્રોધ, માન, માયા અને લોભવાળો હોવાથી, મૃદુતા અને માર્દવસંપન્ન હોવાથી, આજ્ઞાનુરૂપ વૃત્તિવાળો હોવાથી, વિનીત હોવાથી, કોઈ એક દિવસે તદાવરણ કર્મોનો ક્ષયોપશમ થઈ જવાથી અને ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરવાને કારણે વિભંગ નામે જ્ઞાન ઉત્પન્ન થયું. અને તે ઉત્પન્ન થયેલા વિભંગ જ્ઞાન વડે બ્રહ્મલોક કલ્પમાં રહેલા દેવોની સ્થિતિ તે જાણવા લાગ્યો અને જોવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવસ્થિતિના વિષયમાં મુદ્ગલનું વિભંગજ્ઞાન—

૫૨૨. ત્યારબાદ તે મુદ્ગલને આવા પ્રકારનો–અધ્યવસાય–યાવત્–સંકલ્પ ઉત્પન્ન થયો–'મને અતિશયવાળું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે. દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે અને ત્યાર પછી એક સમય અધિક, બે સમય અધિક–યાવત્–અસંખ્ય સમય અધિક કરતાં કરતાં ઉત્કૃષ્ટ દસ સાગરોપમની સ્થિતિ કહી છે. ત્યાર પછી દેવો અને દેવલોકો વ્યુચ્છિન્ન થાય છે'–એમ તે વિચાર કરે છે, વિચાર કરીને આતાપના ભૂમિથી ઉઠે છે, ઉઠીને ત્રિદંડ, કુંડિકા–યાવત્–ભગવા વસ્ત્રો ને ગ્રહણ કરી જ્યાં આલભિકા નગરી છે, અને જ્યાં તાપસોના આશ્રમો હતા ત્યાં આવે છે, આવીને પોતાના ઉપકરણો મૂકી આલભિકા નગરીમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર ચતુર્મુખ, મહાપથ અને સામાન્યપથમાં જઈને એક પછી એક ઘણા માણસોને આ પ્રમાણે કહે છે–યાવત્–પ્રરૂપે છે કે–

'હે દેવાનુપ્રિયો ! મને અતિશયવાળું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે અને દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે અને તેની ઉપર એક સમય અધિક, બે સમય અધિક, યાવત્–અસંખ્ય સમય અધિક કરતાં ઉત્કૃષ્ટપણે દસ સાગરોપમની સ્થિતિ કહી છે, ત્યાર બાદ દેવો અને દેવલોક વ્યુચ્છિન્ન થાય છે.'

ત્યારબાદ મુદ્ગલ પરિવ્રાજકની આવી વાત સાંભળીને અને અવધારીને આલભિકા નગરીમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ અને જનપથમાં અનેક માણસો એક બીજાને આ પ્રમાણે કહે છે–યાવત્–પ્રરૂપણા કરે છે કે–'હે દેવાનુપ્રિયો ! મુદ્ગલ પરિવ્રાજક આ પ્રમાણે કહે છે–યાવત્ પ્રરૂપણા કરે છે કે–હે દેવાનુપ્રિયો ! મને અતિશયવાળું જ્ઞાન–દર્શન ઉત્પન્ન થયું છે, દેવલોકમાં દેવોની દસ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ કહી છે અને તેની ઉપર એક સમય અધિક, બે સમય અધિક–યાવત્–અસંખ્ય સમય અધિક કરતાં કરતાં ઉત્કૃષ્ટપણે દસ સાગરોપમની સ્થિતિ કહી છે. ત્યારબાદ દેવો અને દેવલોકોનો અંત થઈ જાય છે. આ કેવી રીતે માનવામાં આવે ?'

મહાવીર–સમવસરણ અને દેવસ્થિતિવિષયક યથાર્થ કથન—

૫૨૩. મહાવીર સ્વામી સમવસર્યા અને પર્ષદા નિકળી. ધર્મ સંભળાવ્યો, પરિષદ્ વિસર્જિત થઈ. ભગવાન ગૌતમ તે જ પ્રમાણે ભિક્ષાચર્યા માટે નીકળ્યા અને તેઓએ ઘણા માણસોની આવી વાત સાંભળી, સાંભળીને—આ પ્રમાણે બધું કહેવું જોઈએ–યાવત્–'હે ગૌતમ ! હું આમ કહું છું, બોલું છું–યાવત્–પ્રરૂપણા કરું છું–દેવલોકમાં દેવોની જઘન્યસ્થિતિ દસ હજાર વર્ષની છે અને ત્યારબાદ એક સમય અધિક, બે સમય અધિક–યાવત્–અસંખ્ય સમય અધિક, ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે, ત્યારબાદ દેવો અને દેવલોકો વ્યુચ્છિન્ન થાય છે.'

'હે ભગવન્ ! સૌધર્મકલ્પમાં વર્ણસહિત અને વર્ણરહિત, ગંધસહિત અને ગંધરહિત, રસસહિત અને રસરહિત, સ્પર્શસહિત અને સ્પર્શરહિત, અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ, અન્યોન્ય બદ્ધસ્પૃષ્ટ દ્રવ્ય છે અને અન્યોન્યને આશ્રીને રહેલ છે ?'

'હે ગૌતમ ! હા, તેમ છે.'–[ભગવાને ઉત્તર આપ્યો] આ પ્રમાણે ઈશાન દેવલોકમાં પણ જાણવું. તે જ પ્રમાણે–યાવત્–અચ્યુતમાં, એ જ પ્રમાણે ગ્રૈવેયકવિમાનોમાં, અનુત્તરવિમાનોમાં અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીમાં પણ–સિદ્ધશિલામાં પણ વર્ણસહિત અને વર્ણરહિત ઇત્યાદિ દ્રવ્ય છે ?' 'હા ગૌતમ ! છે.'

ત્યારબાદ તે વિશાળ પરિષદ્–યાવત્ જે દિશામાંથી આવી હતી તે જ દિશામાં પાછી ફરી ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી આલભિકા નગરીમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, રાજમાર્ગ અને સામાન્ય માર્ગમાં ઘણા માણસો એક બીજાને એમ કહેવા યાવત્-પ્રરૂપણા કરવા લાગ્યા-'હે દેવાનુપ્રિયો ! આ મુદ્ગલ પરિવ્રાજક આ પ્રમાણે કહે છે-યાવત્-પ્રરૂપણા કરે છે-હે દેવાનુપ્રિયો ! મને અતિશયવાળું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે અને દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે, અને પછી એક સમય અધિક, બે સમય અધિક-યાવત્-અસંખ્ય સમય કરતાં ઉત્કૃષ્ટથી દસ સાગરોપમની સ્થિતિ કહી છે. ત્યારબાદ દેવો અને દેવલોકોનો વિચ્છેદ થઈ જાય છે. તેમનું આ કથન યથાર્થ નથી. શ્રમણ ભગવાન મહાવીર તો આ પ્રમાણે કહે છે-યાવત્-દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે. અને પછી એક સમય અધિક, બે સમય અધિક-યાવત્-અસંખ્ય સમય અધિક કરતાં ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે. ત્યારબાદ દેવો અને દેવલોકનો અંત આવી જાય છે.'

મુદ્ગલનું વિભંગજ્ઞાન પતન અને મહાવીરની પાસે ગમન—

૫૨૪. ત્યારબાદ તે મુદ્ગલ પરિવ્રાજક અનેક માણસો પાસેથી આ વાત સાંભળીને અને સમજીને શંકાવાળો, કાંક્ષાવાળો, સંદેહવાળો, અનિશ્ચિત અને કલુષિત ભાવવાળો થયો. જ્યારે તે શંકિત, આકાંક્ષાવાળો, સંદિગ્ધ, અનિશ્ચિત અને કલુષિત ભાવવાળો થયો. તે જ સમયે તત્કાલ તે મુદ્ગલ પરિવ્રાજકનું વિભંગજ્ઞાન નષ્ટ થયું.

ત્યારબાદ તે મુદ્ગલ પરિવ્રાજકને આ પ્રકારનો અધ્યવસાય-યાવત્-વિચાર ઉત્પન્ન થયો-આ પ્રમાણે ધર્મની આદિ કરવાવાળા તીર્થંકર-સર્વજ્ઞ સર્વદર્શી શ્રમણ ભગવાન મહાવીર આકાશમાં ચાલતું ધર્મચક્ર-યાવત્ શંખવન ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહને ધારણ કરતા, સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતાં વિચરી રહ્યા છે. જ્યારે આ પ્રકારના અરિહંત ભગવંતોના નામગોત્રના શ્રવણથી પણ મહાફળ મળતું હોય છે તો તેમની સામે જવું, વંદન નમસ્કાર, કુશળપૃચ્છા અને પર્યુપાસના વગેરે માટે તો કહેવું જ શું ? જ્યારે એક આર્ય ધાર્મિક સુવાક્ય સાંભળવું મહાફળદાયી હોય છે ત્યારે તેમના વિપુલ અર્થને ગ્રહણ કરવા માટે તો શું કહેવું ? માટે જ હું તરત જ શ્રમણ ભગવાન મહાવીર પાસે જાઉં અને વંદન કરું—યાવત્-પર્યુપાસના કરું, તે મને આ ભવમાં અને પરભવમાં હિતરૂપ, શાંતિરૂપ અને અનુક્રમથી નિઃશ્રેયસરૂપ થશે.'—આ પ્રમાણે તેણે વિચાર કર્યો, વિચાર કરી જ્યાં પરિવ્રાજક મઠ હતો, ત્યાં તે આવ્યો, આવીને પરિવ્રાજક મઠમાં પ્રવેશ કર્યો, પ્રવેશ કરીને ત્રિદંડ, કુંડિકા-યાવત્ ગેરુથી રંગેલાં વસ્ત્રો લીધાં, લઈને પરિવ્રાજક મઠથી નીકળ્યો, વિભંગજ્ઞાનથી રહિત થયેલો તે આલભિકા નગરીની વચ્ચે થઈને નીકળ્યો, નીકળીને જ્યાં શંખવન ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજી રહેલ હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમન કર્યાં, વંદન અને નમસ્કાર કરી, ન અતિ પાસે કે ન અતિ દૂર યથાયોગ્ય સ્થાન પર બેસી સુશ્રુષા કરતો, નમસ્કાર કરતો, વિનયપૂર્વક અંજલિ રચીને પર્યુપાસના કરવા લાગ્યો.

મુદ્ગલની પ્રવ્રજ્યા—

૫૨૫. ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીરે મુદ્ગલ પરિવ્રાજક અને તે વિશાળ સભાને ધર્મ સંભળાવ્યો-યાવત્-આજ્ઞાનો આરાધક બન્યો.

ત્યારબાદ તે મુદ્ગલ પરિવ્રાજક શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મ શ્રવણ કરી, સમજીને સ્કન્દકના પ્રકરણમાં કહેવામાં આવ્યું છે તે અનુસાર તે ઉત્તરપૂર્વ દિશાના ભાગમાં ગયો, જઈને ત્રિદંડ અને કુંડિકા યાવત્—ગેરુથી રંગેલાં વસ્ત્રોને એકાન્ત સ્થાનમાં રાખ્યાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂકીને પોતાના જ હાથોથી પંચમુષ્ટિ લોચ કરીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને ઋષભદત્તની જેમ પ્રવ્રજિત થયો. એ જ પ્રમાણે અગિયાર અંગોનું અધ્યયન કર્યું, એ જ પ્રમાણે—યાવત્—સર્વ દુઃખોથી મુક્ત થયા.

ગૌતમનો સિદ્ધ્યમાનના સંહનન આદિ વિશે પ્રશ્ન—

૫૨૬. 'હે ભગવન્!' આ પ્રમાણે કહી ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે પૂછ્યું —'હે ભગવાન! સિદ્ધ થવાવાળા જીવો કેવા સંહનનમાં (શરીર-આકૃતિમાં) સિદ્ધ થાય છે?'

'હે ગૌતમ! વજ્રઋષભનારાચ સંહનનમાં (શરીર-આકૃતિમાં) સિદ્ધ થાય છે-ઇત્યાદિ ઔપપાતિકસૂત્રમાં જેમ કહેવામાં આવ્યું છે તે જ પ્રમાણે સંહનન, સંસ્થાન, ઊંચાઈ, આયુષ્ય, પરિવસના આદિ એ પ્રમાણે સંપૂર્ણ સિદ્ધિગંડિકા કહેવી જોઈએ—યાવત્—સિદ્ધો અવ્યાબાધ શાશ્વત સુખનો અનુભવ કરે છે.

'હે ભગવન્! તે આ જ પ્રમાણે છે. હે ભગવન્! તે આ જ પ્રમાણે છે.'

* * *

૪૯. મહાવીરતીર્થમાં શિવ રાજર્ષિ

હસ્તિનાપુરમાં શિવ રાજા—

૫૨૭. તે કાળે તે સમયે હસ્તિનાપુર નામે નગર હતું, વર્ણન. તે હસ્તિનાપુર નગરની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું, જે સર્વ ઋતુનાં પુષ્પ અને ફળોથી સમૃદ્ધ, રમ્ય, નંદનવન સમાન શોભાવાળું, સુખકારક અને શીતળ છાયાવાળું, મનોહર, સ્વાદિષ્ટ ફળોથી યુક્ત, કંટકરહિત, પ્રસન્નતા આપનાર યાવત્-પ્રતિરૂપ—સુંદર હતું.

તે હસ્તિનાપુર નગરમાં શિવ નામે રાજા હતો, તે મહાન હિમાચલ પર્વત, મહાન મલય-મન્દર પર્વતની સમાન સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ હતો—વર્ણન. તે શિવ રાજાને ધારિણી નામે પટરાણી હતી—તેના હાથપગ સુકોમલ હતાં—વર્ણન. તે શિવ રાજાનો પુત્ર, ધારિણી દેવીનો આત્મજ શિવભદ્ર નામે કુમાર હતો—તેના હાથપગ સુકોમળ હતા ઇત્યાદિ સૂર્યકાંત રાજકુમારની પેઠે વર્ણન કહેવું—યાવત્—તે કુમાર રાજ્ય, રાષ્ટ્ર, સેના, વાહન, રાજ્યકોષ, કોષ્ઠાગાર, પુર, અન્તઃપુરની દેખભાળ કરતો કરતો રહેતો હતો.

શિવનો દિશાપ્રોક્ષક-તાપસ પ્રવ્રજ્યા સંકલ્પ—

૫૨૮. ત્યારબાદ કોઈ એક દિવસે શિવરાજાને પૂર્વ-રાત્રિના પાછલા ભાગમાં રાજ્યકારભારનો વિચાર કરતાં આ આવા પ્રકારનો અધ્યવસાય-સંકલ્પ ઉત્પન્ન થયો કે મારા પૂર્વે કરેલા સારા આચરણ, સુપરાક્રમ, શુભ કલ્યાણરૂપ કરેલા કર્મોના કલ્યાણદાયક ફળરૂપ પ્રભાવથી હું હિરણ્યથી, સુવર્ણથી, ધનથી, ધાન્યથી, પુત્રોથી, પશુઓથી, રાજ્યથી અને રાષ્ટ્રથી, બળથી, વાહનથી, કોષથી, કોષ્ઠાગારથી, પુર અને અન્તઃપુરવડે વૃદ્ધિ પામું છું તથા, પુષ્કળ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, શિલાપ્રવાલ, માણેકરત્ન આદિ સારભૂત દ્રવ્યવડે અતિશય અત્યંત વૃદ્ધિ પામું છું. તો શું હવે મારા પૂર્વનાં સારા આચરણના સુખનાક્રમથી પ્રાપ્ત કરેલા શુભ, કલ્યાણરૂપ પુણ્યકર્મોના ફળરૂપ એકાન્ત સુખને ભોગવતો જ વિહરું?

માટે જ્યાં સુધી હું હિરણ્યથી વૃદ્ધિ પામું છું—યાવત્—અતિશય વૃદ્ધિ પામું છું—યાવત્—જ્યાં સુધી સામંત રાજાઓ મારે તાબે છે, ત્યાં સુધી મારે કાલે પ્રાતઃકાળે—યાવત્ તેજથી દેદીપ્યમાન સહસ્રરશ્મિ દિનકર સૂર્યનો ઉદય થવાની સાથે ઘણી લોઢીઓ—લોહનાં કડાયાં, કડછા અને ત્રાંબાનાં તાપસનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપકરણો બનાવરાવીને જે આ ગંગાને કાંઠે વાનપ્રસ્થ તાપસો રહે છે, તે આ પ્રકારે– અગ્નિહોત્રી, પાતિક–વસ્ત્રધારણ કરનારા, કૌતિક ઇત્યાદિ ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે– યાવત્ આતાપના દ્વારા, પંચાગ્નિ તપ દ્વારા અંગારાઓથી શરીરને તપાવતા, કાંઠિકાથી શરીરને તાપતા, કાષ્ઠથી શરીરને તપાવતા એવા વિવિધ પ્રકારના તાપસો રહે છે– તે તાપસોમાં જે તાપસો દિશાપ્રોક્ષક (પાણી વડે દિશાને પૂંજી ફળ–પુષ્પાદિ ગ્રહણ કરનારા) છે તેઓની પાસે મારે મુંડિત થઈને દિશા-પ્રોક્ષક તાપસરૂપે પ્રવ્રજ્યા અંગીકાર કરવી શ્રેયસ્કર છે. પ્રવ્રજ્યા ગ્રહણ કરીને હું આ આવા પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કરીશ કે યાવજ્જીવ નિરંતર છટ્ઠ છટ્ઠ કરવા સાથે દિક્‌ચક્રવાલ તપકર્મ વડે ઊંચા હાથ રાખીને સૂર્યની તરફ મુખ રાખીને આતાપના ભૂમિમાં આતાપના લેતો વિહરું, એવો મારો સંકલ્પ છે'–

એ પ્રમાણે તેણે વિચાર્યું, વિચારીને આવતી કાલે (બીજે દિવસે) પ્રાતઃકાળે–યાવત્–તેજથી દેદીપ્યમાન સહસ્રરશ્મિ દિનકર સૂર્યનો ઉદય થવાની સાથે ઘણી લોઢીઓ, લોઢાનાં કડાયાં, કડછા અને ત્રાંબાનાં તાપસનાં ઉપકરણો બનાવડાવીને પોતાના કૌટુંબિક પુરુષોને સેવકોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તરત જ હસ્તિનાપુર નગરની બહાર અને અંદર જળ છંટાવી સાફ કરાવો, સ્વચ્છ કરાવો અને લીંપાવો યાવત્– ઉત્તમ સુગંધિત દ્રવ્યોની સુગંધથી સુગન્ધવર્તિકાની જેવી નગરી બનાવો અને એમ કરીને અને કરાવીને આજ્ઞા અનુસાર કાર્ય પૂર્ણ કરીને મને જાણ કરો.'

તેઓએ પણ તેમ કરીને આજ્ઞા પાછી આપી અર્થાત્ કાર્ય પૂર્ણ થયાની જાણ કરી.

શિવભદ્રકુમારનો રાજ્યાભિષેક—

૫૨૯. ત્યાર પછી તે શિવરાજાએ ફરીને પણ તે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! તરત જ શિવભદ્ર કુમારના રાજ્યાભિષેક માટે મહાઅર્થવાળી, મહા-મૂલ્યવાન, મહાપુરુષોને યોગ્ય, અનુરૂપ સામગ્રી તૈયાર કરો.' ત્યારે તે કૌટુંબિક પુરુષોએ તે પ્રમાણે તૈયારી કરી–સામગ્રી ઉપસ્થિત કરી.

ત્યાર બાદ તે શિવરાજાએ અનેક ગણનાયક, દંડનાયક, રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલોથી વીંટળાઈ, શિવભદ્રકુમારને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વ દિશા સન્મુખ બેસાડ્યો, બેસાડીને એકસો આઠ સોનાના કળશો વડે–યાવત્–એકસો આઠ માટીના કળશો વડે, સર્વ ઋદ્ધિથી–યાવત્–વાજિંત્રા-દિકના શબ્દો વડે મહાન રાજ્યાભિષેકથી અભિષેક કર્યો, અભિષેક કરીને પાંપણ જેવા સુકુમાલ અને સુગંધિ ગંધ વસ્ત્ર વડે તેનાં શરીરને સાફ કર્યું, સાફ કરીને સરસ ગોશીર્ષ-ચંદન વડે લેપ કરી–યાવત્–જમાલિનું વર્ણન હતું તે પ્રમાણે–યાવત્–કલ્પવૃક્ષની પેઠે તેને અલંકૃત–વિભૂષિત કર્યો, વિભૂષિત કરીને દસ નખને એકત્રિત કરીને બંને હાથ જોડીને મસ્તકને સ્પર્શ કરી અંજલિ રચીને શિવભદ્ર-કુમારને જય-વિજય શબ્દોથી વધાવ્યો, વધાવીને ઇષ્ટ–યાવત્–વાણી વડે સેંકડો આશીર્વાદસૂચક મંગલ વચનોથી વારંવાર અભિનંદન આપતાં, સ્તુતિ કરતાં આ પ્રમાણે કહ્યું—

'હે નન્દ ! તારો જય થાઓ, જય થાઓ. હે ભદ્ર ! તારો જયજયકાર થાઓ. અવિ-જિતોને તું જીત અને વિજિતોનું પાલન કર તથા જીતેલાની વચ્ચે તારો વાસ હો. તું દેવોમાં ઇન્દ્ર સમાન, અસુરોમાં ચમરેન્દ્ર સમાન, નાગોમાં ધરણેન્દ્ર સમાન, તારાઓમાં ચન્દ્ર સમાન, અને મનુષ્યોમાં ભરત ચક્રવર્તી સમાન બની અનેક વર્ષો સુધી, ઘણાં સેંકડો વર્ષો સુધી, અનેક હજાર વર્ષો સુધી, અનેક લાખો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષો સુધી કોઈ પણ વિઘ્ન કે બાધા વિના હૃષ્ટ તુષ્ટ થઈ, દીર્ઘાયુ બની ભોગ ભોગવ અને ઇષ્ટ જનોના પરિવારથી યુક્ત થઈ હસ્તિનાપુર નગર અને બીજા અનેક ગ્રામ, આકર, નગર, ખેડ, કર્બટ, દ્રોણમુખ, મડંબ, પટ્ટણ, આશ્રમ, નિગમ, સંવાહ, સન્નિવેશોનું આધિપત્ય, પ્રમુખત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞાકારકત્વ, ઈશ્વરત્વ અને સેનાપતિત્વ કરતાં, પાળતાં, મહાન નૃત્ય, ગીત, વાદ્ય, તંત્રી, તલ-તાલ, ત્રુટિત, ઘન, મૃદંગ, પટહ આદિના ધ્વનિ સાથે વિપુલ ભોગોપભોગોને ભોગવતો વિહર.' ઇત્યાદિ કહીને તેઓએ જયજયકાર કર્યો.

ત્યાર બાદ તે શિવભદ્રકુમાર રાજા થયો-મહાન હિમવંત, મલયાચલ અને મંદરાચલ સમાન તથા મહેન્દ્ર સમાન સમસ્ત રાજાઓમાં મુખ્ય બન્યો-વર્ણન-યાવત્-રાજ્યનું શાસન કરતો વિચરવા લાગ્યો.

શિવની દિશાપ્રોક્ષક તાપસ પ્રવ્રજ્યા—

૫૩૦. ત્યાર પછી તે શિવરાજાએ અન્ય કોઈ દિવસે પ્રશસ્ત તિથિ, કરણ, દિવસ, મુહૂર્ત, નક્ષત્રના યોગમાં વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વસ્તુઓ તૈયાર કરાવી, તૈયાર કરાવીને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ, પરિજનો, રાજાઓ અને ક્ષત્રિયોને આમંત્રણ આપ્યું, આમન્ત્રણ આપી બોલાવીને સ્નાન કરી ત્યાર બાદ, બલિકર્મ કરી અને કૌતુક-મંગલ પ્રાયશ્ચિત કરી, ઉત્તમ માંગલિક વસ્ત્રો પહેરી અને અલ્પ કિન્તુ મહામૂલ્યવાન અલંકારોથી શરીરને અલંકૃત કરી, ભોજનવેળાએ ભોજન-મંડપમાં ઉત્તમ સુખાસન ઉપર બેસી, પોતાનાં મિત્રો, જ્ઞાતિ-જનો, સ્વજનો, સંબંધીઓ, પરિજનો સાથે તથા રાજાઓ અને ક્ષત્રિયો સાથે વિપુલ અશન, પાન, ખાદ્ય-સ્વાદ્યનો આસ્વાદ કર્યો, વિશેષ રૂપમાં સ્વાદ લીધો અને એકબીજાને પીરસીને ખવડાવ્યું.

ભોજન કરી હાથમોઢું ધોઈ પરમ પવિત્ર થયા પછી તે મિત્રો, જ્ઞાતિજનો, પરિવાર, સ્વજનો, સમ્બંધીઓ, પરિજનો આદિનું વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ, વસ્ત્ર, ગન્ધમાલા અલંકાર વગેરેથી સત્કાર સન્માન કર્યું, સત્કાર સન્માન કરી તેણે મિત્રો, જ્ઞાતિ, સ્વજનો, સંબંધીઓ પરિજનો, રાજાઓ, ક્ષત્રિયો અને શિવભદ્ર રાજાની રજા માંગી, રજા લઈને અનેક પ્રકારના લોઢી, લોઢાનાં કડાયા, કડછા અને ત્રાંબાના બનાવેલ તાપસના ઉચિત ઉપકરણો લઈને ગંગાને કાંઠે જે આ વાનપ્રસ્થ તાપસો રહે છે, ઇત્યાદિ સર્વ પૂર્વવત્ જાણવું-યાવત્-તેણે દિશાપ્રોક્ષક તાપસોની પાસે દીક્ષિત થઈ દિશાપ્રોક્ષક તાપસરૂપે પ્રવ્રજ્યા ગ્રહણ કરી, પ્રવ્રજિત થઈને તેણે આ પ્રકારનો અભિગ્રહ ધારણ કર્યો કે—મારે યાવજ્જીવ નિરંતર છઠ્ઠ છઠ્ઠનો તપ કરવો કલ્પે'—આ પ્રકારનો અભિગ્રહ કરીને પ્રથમ છઠ્ઠ તપનો સ્વીકાર કરી તે વિહરવા લાગ્યા.

૫૩૧. ત્યાર બાદ પ્રથમ છઠ્ઠ તપના પારણાના દિવસે તે શિવ રાજર્ષિ આતાપના ભૂમિથી નીચે આવ્યા, નીચે આવીને વલ્કલ વસ્ત્ર પહેરી જ્યાં પોતાની ઝૂંપડી હતી ત્યાં આવ્યા, ત્યાં આવીને કિડિન (વાંસનું પાત્ર) અને કાવડને ગ્રહણ કર્યાં, ગ્રહણ કરીને પૂર્વ દિશાને પ્રોક્ષિત કરી 'પૂર્વ દિશાના સોમ મહારાજા ધર્મસાધનમાં પ્રવૃત્ત થએલા શિવ રાજર્ષિનું રક્ષણ કરો, અને તે દિશામાં રહેલા કંદ, મૂળ, છાલ, પાંદડાં, પુષ્પ, ફળ-બીજ અને હરિત-લીલી વનસ્પતિ લેવાની અનુજ્ઞા આપો'-એમ કહીને પૂર્વ દિશા તરફ ગયા, જઈને ત્યાં રહેલા કંદ-યાવત્-હરિત વનસ્પતિને લઈને કિડિણ અને કાવડમાં ભર્યા, ભરીને દર્ભ, કુશ, સમિધ કાષ્ઠ અને ઝાડની શાખાને વાળી પાંદડાં લીધાં, લઈને જ્યાં પોતાની ઝૂંપડી છે ત્યાં આવ્યા, આવીને કિડિણ કાવડ નીચે મૂકે છે, મૂકીને વેદિકા બનાવે છે, પછી વેદિકાને [છાણ પાણી વડે] લીંપી શુદ્ધ કરે છે, શુદ્ધ કરીને દર્ભ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુક્ત કલશને હાથમાં લઈ જ્યાં ગંગા મહાનદી છે, ત્યાં આવીને ગંગા મહાનદીમાં પ્રવેશ કરે છે, પ્રવેશ કરી ડૂબકી મારે છે, ડુબકી મારી જળક્રીડા કરે છે, ક્રીડા કરીને સ્નાન કરે છે, પછી આચમન કરી ચોખ્ખા થઈ–પરમ પવિત્ર થઈ દેવતા અને પિતૃકાર્ય કરી, દર્ભ અને પાણીનો કળશ હાથમાં લઈ ગંગા મહાનદીથી બહાર નીકળીને જ્યાં પોતાની ઝૂંપડી છે ત્યાં આવે છે, આવીને ડાભ, કુશ અને રેતી વડે વેદી બનાવે છે, બનાવીને મથનકાષ્ઠ વડે અરણિને ઘસે છે, ઘસીને અગ્નિ પાડે છે, પાડીને અગ્નિને સળગાવે છે, સળગાવીને સમિધના કાષ્ઠોને નાંખે છે, નાંખીને અગ્નિને પ્રજ્વલિત કરે છે, પ્રજ્વલિત કરીને અગ્નિની દક્ષિણ બાજુએ આ સાત વસ્તુઓ મૂકે છે તે આ પ્રમાણે છે–

સકથા (ઉપકરણવિશેષ), વલ્કલ, દીપ, શૈયાના ઉપકરણ, કમંડલુ, દંડ અને આત્મા (પોતે) એ સર્વને એકઠા કરે છે.

ત્યાર બાદ મધ, ઘી અને ચોખા (ધાન્ય) વડે અગ્નિમાં હોમ કરે છે, હોમ કરીને ચરુ–પૂજા સામગ્રી તૈયાર કરે છે, તૈયાર કરીને તે પૂજા-સામગ્રીથી વૈશ્રવદેવની પૂજા કરે છે, પૂજા કરીને અતિથિની પૂજા કરે છે, ત્યાર બાદ તે પોતે આહાર–ભોજન કરે છે.

ત્યાર બાદ તે શિવરાજર્ષિ ફરી વાર છટ્ઠ તપ કરીને વિહરે છે.

ત્યાર બાદ તે શિવરાજર્ષિ ફરી છઠ્ઠું તપના પારણા સમયે આતાપનાભૂમિથી નીચે ઊતરે છે, ઊતરીને વલ્કલ વસ્ત્ર પહેરીને જ્યાં પોતાની ઝૂંપડી છે ત્યાં આવે છે, કિડિન, કાવડ ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને દક્ષિણ દિશાને પ્રોક્ષિત કરે છે. તેમ કરીને કહે છે કે 'દક્ષિણ દિશાના (લોકપાલ) યમ મહારાજા પ્રસ્થાન(પરલોક-સાધન)માં પ્રવૃત્ત થએલા શિવરાજર્ષિનું રક્ષણ કરો.' ત્યાર બાદ બાકીનું બધું જ વર્ણન પૂર્વ દિશાના વર્ણનની જેમ જાણવું–યાવત્–ત્યાર બાદ તે પોતે આહાર કરે છે.

ત્યારબાદ તે શિવરાજર્ષિ ત્રીજી વાર છઠ્ઠું તપ કરીને વિહરે છે.

ત્યાર બાદ તે શિવરાજર્ષિ ત્રીજી વાર પારણાના સમયે આતાપનાભૂમિથી નીચે ઊતરે છે, ઊતરીને વલ્કલ વસ્ત્ર ધારણ કરીને જ્યાં પોતાની ઝૂંપડી છે ત્યાં આવે છે, આવીને કિડિન, કાવડ, ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને પશ્ચિમ દિશાને પ્રોક્ષિત કરે છે તેમ કરીને કહે છે કે 'પશ્ચિમ દિશાના (લોકપાલ) વરુણ મહારાજા પ્રસ્થાન–પરલોક સાધનમાં પ્રવૃત્ત થયેલા શિવ રાજર્ષિનું રક્ષણ કરો.' ત્યારબાદ બાકીનું બધું જ વર્ણન પૂર્વ દિશાના વર્ણન-ની જેમ જાણવું–યાવત્–ત્યાર બાદ તે પોતે આહાર કરે છે.

ત્યાર બાદ તે શિવરાજર્ષિ ચોથીવાર છટ્ઠ તપ કરીને વિહરે છે.

ત્યાર બાદ તે શિવરાજર્ષિ ચોથી વાર પારણાના સમયે આતાપના ભૂમિથી નીચે ઊતરે છે, ઊતરીને વલ્કલ વસ્ત્ર ધારણ કરીને જ્યાં પોતાની ઝૂંપડી છે ત્યાં આવે છે, આવીને કિડિન, કાવડ ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને ઉત્તર દિશાને પ્રોક્ષિત કરે છે. તેમ કરીને કહે છે કે 'ઉત્તર દિશાના (લોકપાલ) વૈશ્રમણ મહારાજા ધર્મસાધનમાં પ્રવૃત્ત થયેલા શિવ-રાજર્ષિનું રક્ષણ કરો.' ત્યાર બાદ બાકીનું વર્ણન પૂર્વ દિશાના વર્ણનની જેમ જાણવું–યાવત્–ત્યાર બાદ તે પોતે આહાર કરે છે.

શિવને સપ્તદ્વીપવિષયક વિભંગજ્ઞાન—

૫૩૨. એ પ્રમાણે નિરંતર છટ્ઠ છટ્ઠનાં તપ કરવાથી, દિશાચક્રવાલ તપકર્મથી અને ઉપરની તરફ હાથ ઊંચા રાખી સૂર્યની તરફ મોઢું રાખી આતાપનાભૂમિમાં આતાપના લેવાથી અને પકૃતિથી ભદ્ર, પ્રકૃતિથી શાંત, અતિ અલ્પ ક્રોધ, માન, માયા અને લોભવાળા હોવાથી, મૃદુ, માર્દવ-સંપન્ન હોવાથી, આજ્ઞાનુરૂપ વૃત્તિવાળા હોવાથી, વિનીત હોવાથી, તે શિવ રાજર્ષિને કોઈ એક દિવસે તદાવરણ કર્મોનો ક્ષયોપશમ થઈ જવાથી અને ઈહા, અપોહ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માર્ગણા અને ગવેષણા કરવાને કારણે વિભંગ નામે જ્ઞાન ઉત્પન્ન થયું. તે ઉત્પન્ન થયેલા વિભંગ જ્ઞાન વડે તે લોકમાં રહેલા સાત દ્વીપ અને સાત સમુદ્રને જોઈ શકતા હતા. ત્યાર બાદ આગળ જાણતા નથી કે જોતા નથી.

ત્યાર બાદ તે શિવરાજર્ષિને આ આવા પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો કે, 'મને અતિશયવાળું જ્ઞાન, દર્શન ઉત્પન્ન થયું છે એ પ્રમાણે આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્રો છે અને ત્યાર પછી દ્વીપો અને સમુદ્રો નથી, આ પ્રમાણે વિચારે છે, વિચારીને આતાપનાભૂમિથી નીચે ઊતરે છે, અને વલ્કલનાં વસ્ત્રો પહેરે છે, પહેરીને જ્યાં પોતાની ઝૂંપડીછે ત્યાં આવે છે, ત્યાં આવીને અનેક પ્રકારનાં લોઢી, લોઢાનાં કડાયાં, કડછા, ત્રાંબાના બનાવેલ તાપસોનાં ઉપકરણ, કિડિણ, કાવડને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને જ્યાં હસ્તિનાપુર નગર છે અને જ્યાં તાપસોનો આશ્રમ છે ત્યાં આવે છે, આવીને ઉપકરણોને નીચે મૂકે છે, મૂકીને હસ્તિનાપુર નગરમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ અને સામાન્યપથમાં અનેક લોકોને આ પ્રમાણે કહે છે—યાવત્—પ્રરૂપે છે— 'હે દેવાનુપ્રિયો! મને અતિશયવાળું જ્ઞાનદર્શન ઉત્પન્ન થયું છે, અને આ લોકમાં સાત દ્વીપો અને સાત સમુદ્રો છે, ત્યાર બાદ દ્વીપ અને સમુદ્રોનો અંત થઈ જાય છે.'

૫૩૩. ત્યાર બાદ તે શિવરાજર્ષિ પાસેથી આ પ્રકારનું વચન સાંભળી, અવધારી હસ્તિનાપુર, નગરમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, રાજમાર્ગ અને માર્ગમાં અનેક માણસો પરસ્પર એમ કહે છે—યાવત્—પ્રરૂપે છે કે 'હે દેવાનુપ્રિયો! શિવરાજર્ષિ આ પ્રમાણે કહે છે—યાવત્—પ્રરૂપે છે કે, હે દેવાનુપ્રિયો! મને અતિશયવાળું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે, એ પ્રમાણે આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્રો છે, ત્યાર બાદ દ્વીપ અને સમુદ્ર નથી. તે એમ કેવી રીતે હોય?'

મહાવીર-સમવસરણમાં શિવના વિભંગજ્ઞાન-વિષયક પ્રશ્નોત્તરમાં અસંખ્ય દ્વીપ સમુદ્રોની પ્રરૂપણા—

૫૩૪. તે કાળે તે સમયે મહાવીર સ્વામી સમોસર્યા, સભા નીકળી, ધર્મ કહ્યો, પરિષદ્ વિસર્જિત થઈ.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના મોટા શિષ્ય ઈંદ્રભૂતિ નામે અનગાર [ભગવતી સૂત્રના] બીજા શતકના નિર્ગ્રન્થોદ્દેશકમાં વર્ણવ્યા પ્રમાણે યાવત્—ગૃહસામુદાનિક ભિક્ષાચર્યા માટે પરિભ્રમણ કરતાં અનેક લોકના મોઢેથી સાંભળે છે કે અનેક મનુષ્ય પરસ્પર આ પ્રમાણે કહે છે—યાવત્—પ્રરૂપે છે કે 'હે દેવાનુપ્રિયો! શિવરાજર્ષિ એ પ્રમાણે કહે છે હે દેવાનુપ્રિયો! મને અતિશયવાળું જ્ઞાન, દર્શન ઉત્પન્ન થયું છે, અને આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્ર છે, ત્યારબાદ દ્વીપ અને સમુદ્રોનો વિચ્છેદ થઈ જાય છે. તો આ પ્રમાણે કેમ હોય?'

ત્યાર બાદ ભગવાન્ ગૌતમે ઘણા માણસો પાસે આ વાત સાંભળી અને અવધારી, શ્રદ્ધાવાળા થઈ—યાવત્—શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન—નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું—

'હે ભગવાન! મેં આપની આજ્ઞા અનુસાર હસ્તિનાપુર નગરના ઉચ્ચ, નીચ, મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષા માટે પરિભ્રમણ કરતાં અનેક માણસો પાસેથી આ પ્રમાણે સાંભળ્યું કે હે દેવાનુપ્રિયો! શિવરાજર્ષિ આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપણા કરે છે કે હે દેવાનુપ્રિયો! મને અતિશયવાળું જ્ઞાન—દર્શન ઉત્પન્ન થયું છે, અને આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્ર છે, ત્યાર બાદ દ્વીપ અને સમુદ્રોનો વિચ્છેદ થઈ જાય છે.

તો હે ભદન્ત! એ પ્રમાણે કેમ હોઈ શકે?'

'હે ગૌતમ!' એ પ્રમાણે સંબોધન કરી શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમને આ પ્રમાણે કહ્યું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે ગૌતમ ! અનેક માણસો જે પરસ્પરને આ પ્રમાણે કહે છે તેનું કારણ એ છે કે નિરંતર છટ્ઠ છટ્ઠ તપ કરવાથી, દિશાચક્રવાલ તપકર્મથી, ઊંચે હાથ રાખીને સૂર્યની તરફ મુખ રાખી આતાપનાભૂમિ પર આતાપના લેતા તે શિવ રાજર્ષિ પ્રકૃતિથી ભદ્ર, શાંત અને અત્યંત અલ્પમાત્રામાં ક્રોધ, માન, માયા અને લોભવાળા હોવાથી, માર્દવ-સંપન્ન હોવાથી, આજ્ઞા અનુસાર વૃત્તિવાળા હોવાથી અને વિનીત હોવાથી, કોઈ એક દિવસે તદાવરણ કર્મોનો ક્ષયોપક્ષપ થવાથી અને ઈહા, અપોહ, માર્ગણા, ગવેષણા કરતાં તેને વિભંગ નામે જ્ઞાન ઉત્પન્ન થયું છે.' પૂર્વવત્ અહીં બધું વર્ણન કરવું જોઈએ—યાવત્—ઉપકરણોને નીચે રાખે છે, નીચે રાખીને હસ્તિનાપુર નગરના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, રાજમાર્ગ અને માર્ગમાં અનેક લોકોને આ પ્રમાણે કહે છે—યાવત્—આ પ્રમાણે પ્રરૂપણા કરે છે કે—હે દેવાનુપ્રિયો ! મને અતિશયવાળું જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું છે અને આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્ર છે, તેની પછી દ્વીપ અને સમુદ્રોનો વિચ્છેદ થઈ જાય છે અર્થાત્ આગળ દ્વીપ કે સમુદ્ર કંઈ નથી.

૫૩૫. ત્યાર બાદ શિવરાજર્ષિ પાસેથી આ વાત સાંભળી હસ્તિનાપુર નગરના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચતુર્મુખ, ચત્વર, રાજમાર્ગ અને માર્ગમાં અનેક લોકો જે આ પ્રમાણે કહે છે—યાવત્—પ્રરૂપણા કરે છે કે હે દેવાનુપ્રિયો ! શિવ રાજર્ષિ આ પ્રમાણે કહે છે—યાવત્ પ્રરૂપે છે કે—હે દેવાનુપ્રિયો ! મને અતિશયવાળું જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું છે અને આ લોક સાત દ્વીપ અને સાત સમુદ્ર પર્યન્તજ છે અને ત્યાર બાદ દ્વીપ અને સમુદ્ર કંઈ નથી—તે મિથ્યા (અસત્ય) છે. હે ગૌતમ ! હું એ પ્રમાણે કહું છું—યાવત્—પ્રરૂપણા કરું છું કે આ પ્રમાણે જંબુદ્વીપાદિ દ્વીપો અને લવણાદિ સમુદ્ર બધા [વૃત્તાકારે હોવાથી] આકારે એકસરખા છે. પણ વિશાળતામાં દ્વિગુણ દ્વિગુણ વિસ્તારવાળા હોવાથી અનેક પ્રકારના છે'—ઇત્યાદિ સર્વ 'જીવાભિગમ સૂત્ર'માં કહ્યા પ્રમાણે જાણવું—યાવત્—હે આયુષ્મન્ શ્રમણો ! આ તિર્યગ્ લોકમાં સ્વયંભૂરમણ સમુદ્રપર્યન્ત અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો કહ્યા છે'.

'હે ભગવન્ ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં વર્ણવાળાં, વર્ણરહિત, ગંધવાળાં, ગંધરહિત, રસવાળાં, રસરહિત, સ્પર્શવાળાં અને સ્પર્શરહિત દ્રવ્યો અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ યાવત્ અન્યોન્ય સંબદ્ધ છે ?' [ગૌતમે પૂછ્યું]

'હે ગૌતમ ! તેમ છે' [ભગવાને ઉત્તર આપ્યો]

'હે ભગવન્ ! લવણ સમુદ્રમાં વર્ણવાળાં, વર્ણવિનાનાં, ગંધવાળાં, ગંધ વિનાનાં, રસવાળાં, રસવિનાનાં, સ્પર્શવાળાં ને સ્પર્શરહિત, દ્રવ્યો અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ યાવત્ અન્યોન્ય સંબદ્ધ છે ? [ગૌતમે પૂછ્યું.]

'હા ગૌતમ ! છે'.

'હે ભગવન્ ! ધાતકિખંડ નામના દ્વીપમાં વર્ણવાળા, વર્ણવિનાનાં, ગંધવાળાં, ગંધ વિનાનાં, રસવાળા, રસવિનાનાં, સ્પર્શવાળા ને સ્પર્શ રહિત દ્રવ્યો અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ યાવત્ અન્યોન્ય સંબદ્ધ છે ?'

'હે ગૌતમ ! તેમ છે'.

એ જ પ્રમાણે—યાવત્—'હે ભગવન્ ! સ્વયંભૂરમણ સમુદ્રમાં સવર્ણ અને અવર્ણ, સગંધ અને અગંધ, સરસ અને અરસ, સસ્પર્શ અને અસ્પર્શ દ્રવ્ય અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ યાવત્ અન્યોન્ય સંબદ્ધ છે ?'

'હા ગૌતમ ! છે'.

ત્યાર બાદ તે અત્યન્ત મોટી અને મહત્ત્વયુક્ત પરિષદે શ્રમણ ભગવાન્ મહાવીર પાસેથી એ અર્થ સાંભળી અને અવધારી હૃષ્ટ-તુષ્ટ થઈ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન—નમસ્કાર કરી જે દિશામાંથી આવી હતી તે દિશામાં પાછી ફરી.

૫૩૬. ત્યાર બાદ હસ્તિનાગપુર નગરમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, રાજપથ અને સામાન્ય માર્ગમાં અનેક વ્યક્તિઓ પરસ્પર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક-બીજાને આ પ્રમાણે કહે છે-યાવત્-પ્રરૂપિત કરે છે કે 'હે દેવાનુપ્રિયો ! શિવ રાજર્ષિ જે કહે છે-યાવત્ પ્રરૂપણા કરે છે કે હે દેવાનુપ્રિયો ! મને અતિશયવાળું જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું છે અને આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્ર છે અને ત્યાર બાદ દ્વીપ કે સમુદ્ર નથી—તે તેનું કથન યથાર્થ નથી.

શ્રમણ ભગવાન મહાવીર તો આ પ્રમાણે કહે છે-યાવત્ પ્રરૂપિત કરે છે કે-છટ્ઠ છટ્ઠ તપને નિરંતર કરવાથી શિવરાજર્ષિને પૂર્વે કહ્યા પ્રમાણે-યાવત્-ઉપકરણોને નીચે મૂકે છે, નીચે મૂકીને હસ્તિનાગપુર નગરમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, રાજપથ અને સામાન્ય માર્ગમાં અનેક લોકોને આ પ્રમાણે કહે છે-યાવત્-પ્રરૂપણા કરે છે કે હે દેવાનુપ્રિયો ! મને અતિશયવાળું જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું છે અને આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્ર છે. ત્યાર બાદ દ્વીપ કે સમુદ્ર કંઈ નથી. ત્યારબાદ તે શિવરાજર્ષિની પાસે આ વાત સાંભળીને અવધારીને-યાવત્-ત્યાર બાદ દ્વીપ અને સમુદ્ર વ્યુચ્છિન્ન થઈ જાય છે—તે મિથ્યા છે. શ્રમણ ભગવાન મહાવીર તો આ પ્રમાણે કહે છે કે આયુષ્યમન્ શ્રમણો ! જંબૂદ્વીપાદિ દ્વીપો અને લવણાદિ સમુદ્ર એક સરખા આકારે છે-ઇત્યાદિ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું-યાવત્-અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો કહ્યા છે.

શિવને પોતાના જ્ઞાનમાં શંકા અને મહાવીર-પર્યુપાસના—

૫૩૭. ત્યાર બાદ તે શિવ રાજર્ષિ ઘણા માણસો પાસેથી આ વાત સાંભળીને અને અવધારીને શંકિત, કાંક્ષિત, સંદિગ્ધ, અનિશ્ચિત અને કલુષિત ભાવવાળા થયા. પછી તે શંકિત, કાંક્ષિત, સંદિગ્ધ, અનિશ્ચિત અને કલુષિત ભાવવાળા થયેલા શિવ રાજર્ષિનું તે વિભંગ નામે જ્ઞાન તત્કાળ નષ્ટ થયું.

ત્યાર બાદ તે શિવ રાજર્ષિને આવા પ્રકારનો અધ્યવસાય-સંકલ્પ ઉત્પન્ન થયો, 'આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર તીર્થંકર, ધર્મની આદિ કરનાર-યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી છે, અને તેઓ આકાશમાં ચાલતા ધર્મચક્ર વડે યાવત્-સહસ્રામ્રવન નામે ઉદ્યાનમાં યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરી સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિહરે છે, તો તેવા પ્રકારના અરિહંત ભગવંતોના નામગોત્રનું શ્રવણ કરવું તે પણ મહાફળવાળું છે તો તેમની સામે જવું, વંદન-નમસ્કાર કરવા, કુશળપૃચ્છા અને પર્યુપાસના વિગેરે માટે તો શું કહેવું ? જ્યારે એક આર્ય ધાર્મિક સુવાકય સાંભળવું પણ મહાફળદાયી હોય છે ત્યારે તેના વિપુલ અર્થને ગ્રહણ કરવા માટે તો શું કહેવું ? માટે જ હું તુરત જ શ્રમણ ભગવાન મહાવીર પાસે જાઉં અને વંદન કરું-યાવત્ પર્યુપાસના કરું, આમ કરવું તે મારે માટે આ ભવમાં અને પરભવમાં હિતરૂપ, સુખરૂપ, શાંતિરૂપ, અને અનુક્રમથી નિઃશ્રેયસ્ રૂપ અને કલ્યાણકારી થશે.' આ પ્રમાણે તેણે વિચાર કર્યો, વિચાર કરીને જ્યાં તાપસોનો મઠ હતો ત્યાં આવ્યા, આવીને તાપસોના મઠમાં પ્રવેશ કર્યો, પ્રવેશ કરીને ઘણી લોઢી, લોઢાના કડછા અને તાંબાનાં ઉપકરણો, કિડિન, કાવડ લીધાં, લઈને તાપસોના આશ્રમથી નીકળ્યા, નીકળીને વિભંગજ્ઞાન રહિત તે હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને ન અતિ પાસે કે ન અતિ દૂર યથાયોગ્ય સ્થાન પર ઊભા રહી શુશ્રુષા કરતાં કરતાં, વિનય પૂર્વક અંજલિ રચીને પર્યુપાસના કરવા લાગ્યા. ત્યાર બાદ તે શિવ રાજર્ષિ અને તે વિશાળ સભાને શ્રમણ ભગવાન મહાવીરે ધર્મકથા સંભળાવી-યાવત્ તે આજ્ઞાના આરાધક થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિવની પ્રવ્રજ્યા અને નિર્વાણગમન—

૫૩૮. પછી તે શિવરાજર્ષિ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મને સાંભળી અને અવધારી, સ્કંદક-ના પ્રકરણમાં કહ્યા પ્રમાણે—યાવત્—ઉત્તરપૂર્વ દિશાભાગ—ઈશાનકોણ તરફ ગયા. ત્યાં જઈને તેમણે ઘણી લોઢી, લોઢાના કડાયા, કડછા, તાંબાનાં તાપસોનાં ઉપકરણો, કિડિન અને કાવડ વગેરે એકાંત સ્થાનમાં મૂકયાં, મૂકીને પોતાની જાતે જ પંચમુષ્ટિ લોચ કર્યો, લોચ કરીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા—પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન—નમસ્કાર કર્યા, વંદન નમન કરીને ઋષભદત્તની પેઠે પ્રવજ્યાનો સ્વીકાર કર્યો અને તે પ્રમાણે અગિયાર અંગોનું અધ્યયન કર્યું તથા એ જ પ્રમાણે સર્વ વર્ણન કરવું જોઈએ—યાવત્—સર્વ દુઃખથી મુક્ત થયા.

* * *

૪૧. મહાવીર—તીર્થમાં ઉદાયનરાજ કથાનક

ચંપામાં મહાવીર સમવસરણ—

૫૩૯. તે કાળે તે સમયે ચંપા નામની નગરી હતી—વર્ણન. પૂર્ણભદ્ર ચૈત્ય હતું—વર્ણન. ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે અનુક્રમે ગમન કરતા, ગામો-ગામ ફરતા ફરતા, સુખપૂર્વક વિહાર કરતા જ્યાં ચંપા નગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં પધાર્યા, પધારીને યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કર્યો, અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

વીતિભયમાં ઉદાયન રાજા—

૫૪૦. તે કાળે તે સમયે સિંધુસૌવીર દેશમાં વીતિભય નામે નગર હતું—વર્ણન. તે વીતિભય નગરની બહાર ઉત્તરપૂર્વ દિશામાં મૃગવન નામનું ઉદ્યાન હતું—જે સર્વ ઋતુનાં પુષ્પો અને ફળોથી સમૃદ્ધ હતું—વર્ણન. તે વીતિભય નગરમાં ઉદાયન નામે રાજા હતો—જે મહાહિમવાન અને પૃથ્વી પર શિરોમણીરૂપ મલય અને મંદરાચલની સમાન સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ હતો—વર્ણન.

તે ઉદાયન રાજાને પ્રભાવતી નામની રાણી હતી—જે સુકોમળ હાથપગવાળી ઇત્યાદિ વર્ણન જાણવું.

તે ઉદાયન રાજાનો પુત્ર અને પ્રભાવતી રાણીનો આત્મજ અભિચિ નામે કુમાર હતો, જે સુકુમાર હાથપગવાળો, સર્વ અંગોથી પૂર્ણ, પરિપૂર્ણ પાંચ ઇન્દ્રિયોવાળો, શરીરના શુભ લક્ષણ—વ્યંજન અને ગુણોથી યુક્ત હતો, સામુદ્રિકશાસ્ત્રને અનુરૂપ પ્રમાણસર અંગ-પ્રત્યંગવાળો, સુઘટિત, સર્વાંગસુંદર, ચન્દ્ર-ની સમાન સૌમ્ય આકૃતિવાળો, કાંત, પ્રિય દર્શનવાળો અને રૂપ સૌંદર્યથી પરિપૂર્ણ હતો. તે અભિચિકુમાર યુવરાજ પણ હતો, ઉદાયન રાજાના રાજ્ય, રાષ્ટ્ર, બલ (સેના), વાહન, કોષ, કોષ્ઠાગાર, પુર અને અંતઃપુરની વ્યવસ્થા—દેખભાળ કરતો વિહરતો હતો.

તે ઉદાયન રાજાને કેશીકુમાર નામનો ભાણેજ હતો, જે સુકુમાર હાથપગવાળો—યાવત્—સુરૂપ હતો.

તે ઉદાયન રાજા સિંધુ સૌવીર પ્રમુખ સોળ દેશ, વીતિભય પ્રમુખ ત્રણસો ને ત્રેસઠ નગરો અને આકરનું તથા જેને છત્ર ચામર અને વિંજણો આપેલા છે એવા મહાસેન પ્રમુખ દશ મુકુટબદ્ધ રાજાઓ, અને એવા બીજા ઘણા રાજા, સામંતો, તલવર, માડંબિક, કૌટુમ્બિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ પ્રમુખનું અધિપતિપણું કરતો, પ્રમુખપણું ભોગવતો, સ્વામિત્વ, ભર્તૃત્વ, આજ્ઞાકર્તૃત્વ, ઐશ્વર્યત્વ, સેનાપતિત્વ કરતો, પાલન કરતો હતો. તે જીવાજીવ તત્ત્વોનો જાણકાર, શ્રમણોપાસક હતો—યાવત્—યથાવિધિ તપકર્મને ગ્રહણ કરીને આત્માને ભાવિત કરતો વિહરતો હતો.

ત્યાર બાદ તે ઉદાયન રાજા અન્ય કોઈ દિવસે જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યો, આવીને શંખ શ્રમણોપાસકની જેમ—યાવત્—પૌષધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધારણ કરી બ્રહ્મચારીવત્ બની મણિ–સુવર્ણ આદિનો ત્યાગ કરી, માળા–શૃંગાર–પ્રસાધનો અને વિલેપનોને છોડીને, શસ્ત્ર મૂશળ વગેરેને બાજુ પર મૂકીને, સંકલ્પ–વિકલ્પ રહિત બની, દર્ભના આસન પર બેસી પાક્ષિક પૌષધમાં રહી, જાગરણ કરતો વિચરવા લાગ્યો.

ઉદાયનની મહાવીરને વંદનાર્થની અભિલાષા—

૫૪૧. ત્યારબાદ તે ઉદાયન રાજાને મધ્યરાત્રિને સમયે ધર્મ–જાગરણ કરતાં આવા પ્રકારનો સંકલ્પ–યાવત્–વિચાર ઉત્પન્ન થયો કે તે ગ્રામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પત્તન, આશ્રમ, સંવાહ, સન્નિવેશ ધન્ય છે, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિહરે છે. તે રાજા, સામંત, તલવર, માડંબિક, કૌટુમ્બિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ ધન્ય છે, જેઓ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરે છે–યાવત્–પર્યુપાસના સેવા કરે છે.

જો શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમે વિહરતા, એક ગામથી બીજા ગામે જતા અને સુખપૂર્વક વિહાર કરતા, અહીં આવે, અહીં સમોસરે અને આ વીતિભય નગરની બહાર મૃગવન નામે ઉદ્યાનમાં યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી, સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિચરે તો હું શ્રમણ ભગવંત મહાવીરને વંદન કરું, નમસ્કાર કરું–યાવત્–તેમનો પર્યુપાસના કરું.

મહાવીર દ્વારા અભિલાષા જાણવી—

૫૪૨. ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીર ઉદાયન રાજાના આ પ્રકારના ઉત્પન્ન થયેલા અધ્યવસાય–યાવત્–સંકલ્પને જાણીને ચંપાનગરીથી અને પૂર્ણભદ્ર ચૈત્યથી બહાર નીકળ્યા, નીકળીને અનુક્રમે ગમન કરતા, એક ગામથી બીજે ગામ ભ્રમણ કરતાં, સુખપૂર્વક વિહાર કરતાં, જ્યાં સિંધુ સૌવીર દેશ છે, જ્યાં વીતિભય નગર છે અને જ્યાં મૃગવન ઉદ્યાન છે ત્યાં આવ્યા, આવીને યાવત્–સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતા વિહરવા લાગ્યા.

વીતિભયમાં સમવસરણ—

૫૪૩. ત્યાર બાદ વીતિભયમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, રાજમાર્ગ અને બીજા–માર્ગમાં–યાવત્–પરિષદ્ પર્યુપાસના કરે છે.

ત્યાર બાદ ભગવાન મહાવીર પધાર્યાની આ વાત સાંભળી તે ઉદાયન રાજાએ હર્ષિત અને સંતુષ્ટ થઈ કૌટુમ્બિક પુરુષોને બોલાવી તેમને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! શીઘ્ર વીતિભય નગરની અંદર અને બહાર જળ છંટકાવ કરો'–યાવત્–જેમ ઔપપાતિકસૂત્રમાં કૂણિકનું વર્ણન છે તેમ જાણવું–યાવત્–પર્યુપાસના કરે છે.

પ્રભાવતીપ્રમુખ રાણીઓ પણ તે જ પ્રમાણે–યાવત્–પર્યુપાસના કરે છે.

ધર્મકથા કહી.

ઉદાયનનો પ્રવ્રજ્યાસંકલ્પ—

૫૪૪ ત્યાર બાદ તે ઉદાયન રાજા શ્રમણ ભગવાન મહાવીર પાસેથી ધર્મ શ્રવણ કરી અને અવધારી હર્ષિત અને સંતુષ્ટ થઈ સ્થાન પરથી ઊઠ્યો, ઊઠીને શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર પ્રદક્ષિણ કરી–યાવત્–નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યો–

'હે ભગવન્ ! તે એ પ્રમાણે જ છે. હે ભગવન ! એ સત્ય છે; યાવત્–જે પ્રમાણે તમે કહો છો તેમ જ છે–પરંતુ એટલું વિશેષ છે કે—હે દેવાનુપ્રિય ! અભિચિકુમારને રાજ્ય–શાસન માટે નિયુક્ત કરું, ત્યારબાદ હું દેવાનુપ્રિય એવા આપની પાસે મુંડિત થઈને ગૃહવાસનો ત્યાગ કરીને આનગારિક પ્રવ્રજ્યાનો સ્વીકાર કરીશ.'

'હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કરો, વિલંબ ન કરો'— [ભગવાને કહ્યું.]

ત્યાર બાદ તે ઉદાયન રાજા શ્રમણ ભગવાન મહાવીરની આવી વાત સાંભળીને હૃષ્ટ–તુષ્ટ થયો અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમન કરી અભિષેક–હસ્તી પર આરૂઢ થયો, આરૂઢ થઈને શ્રમણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીર પાસેથી નીકળ્યો, નીકળીને જ્યાં વીતિભય નગર હતું તે તરફ જવા પ્રયાણ કર્યું.

નિજપુત્ર અભિચિકુમારને બદલે કેશીકુમારનો રાજ્યાભિષેક—

૫૪૫. ત્યારબાદ તે ઉદાયન રાજાને આવા પ્રકારનો અધ્યવસાય—યાવત્—વિચાર ઉત્પન્ન થયો—'ખરેખર અભિચિકુમાર મારો એકમાત્ર પુત્ર છે જે મને ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનગમતો છે, સ્થિરતા અને વિશ્રાંતિના સ્થાન જેવો, સમ્મત, બહુમત, અનુમત છે, આભૂષણની પેટી જેવો, રત્નોમાં પણ રત્ન સમાન, જીવના શ્વાસ-નિઃશ્વાસ સમાન, હૃદયને આનંદ આપનાર, ઉંબરાના ફૂલની જેમ જેનું નામ સાંભળવું પણ દુર્લભ છે તો તેના દર્શનની તો વાત જ શું કરવી? તે માટે જો હું અભિચિકુમારને રાજ્યશાસન માટે સ્થાપિત કરી, શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત થઈ, ગૃહનો ત્યાગ કરી અનગારત્વ સ્વીકાર કરું તો અભીચિકુમાર રાજ્ય, રાષ્ટ્ર, બલ (સેના), વાહન, કોષ, કોષ્ઠાગાર, પુર, અંતઃપુર, જનપદ અને મનુષ્ય સંબંધી કામભોગોમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને તલ્લીન થઈ અનાદિ-અનંત અને દીર્ઘમાર્ગવાળા વિસ્તૃત ચાતુર્ગતિક સંસાર રૂપ અટવીમાં પરિભ્રમણ કરતો રહેશે. તે માટે અભિચિકુમારને રાજ્યશાસન માટે સ્થાપિત કરીને શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહવાસ ત્યાગ કરી અનગાર દીક્ષા લેવી શ્રેયસ્કર નથી.

પરંતુ મારે મારા ભાણેજ કેશીકુમારને રાજ્યશાસન માટે સ્થાપિત કરીને શ્રમણ ભગવંત મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરીને આનગારિક પ્રવ્રજ્યા ગ્રહણ કરવી શ્રેયરૂપ છે'— આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને જ્યાં વીતિભય નગર છે ત્યાં આવ્યો, ત્યાં આવી વીતિભય નગરની વચ્ચોવચ્ચ થઈ જ્યાં પોતાનું ભવન હતું, જ્યાં બાહ્ય ઉપસ્થાનશાલા (સભામંડપ) હતી ત્યાં આવ્યો, આવીને અભિષેકહસ્તીને ઊભો રાખ્યો, ઊભો રાખીને અભિષેકહસ્તીથી નીચે ઊતર્યો, ઊતરીને જ્યાં સિંહાસન હતું, ત્યાં આવ્યો, આવીને શ્રેષ્ઠ સિંહાસન પર પૂર્વ તરફ મુખ રાખીને બેઠો, બેસીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! શીઘ્ર વીતિભય નગરમાં અંદર અને બહાર જળ છંટકાવ કરી, સાફ કરી અને નગરને લીંપીને—યાવત્—શ્રેષ્ઠ સુગંધિત દ્રવ્યોની ગંધથી ધૂપસળી સમાન કરો અને કરાવો. એ પ્રમાણે કરી અને કરાવીને આ આજ્ઞાને પાછી આપો.' એમણે પણ તે પ્રમાણે કરી આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યારબાદ તે ઉદાયન રાજાએ બીજીવાર કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો! શીઘ્ર કેશીકુમારનો મહાન અર્થવાળો, મહામૂલ્યવાન, મહાન પુરુષોને યોગ્ય, વિપુલ એવો રાજ્યાભિષેક કરો—એ પ્રમાણે જેમ શિવભદ્રનો (ભ. સ. ૧૧. ઉ. ૯) વર્ણવવામાં આવ્યો છે તે પ્રમાણે કહેવો જોઈએ. યાવત્—દીર્ઘાયુ સુધી ભોગોને ભોગવ, ઇષ્ટજનથી પરિવૃત્ત થઈ સિંધુસૌવીર પ્રમુખ સોળ દેશો, વીતિભય પ્રમુખ ત્રણસો ને ત્રેસઠ નગરો અને આકરોનું તથા મહાસેન પ્રમુખ દશ રાજાઓ અને બીજા અનેક રાજાઓ, સામંતો, તલવરો, માડંબિકો, કૌટુંબિકો, ઇભ્યો, શ્રેષ્ઠીઓ, સેનાપતિ, સાર્થવાહપ્રમુખનું અધિપતિપણું કરતો, પ્રમુખપણું ભોગવતો, સ્વામિત્વ, ભર્તૃત્વ, આજ્ઞાકારકત્વ, ઐશ્વર્યત્વ, સેનાપતિત્વ કરતો, પાલન કરતો વિહર'—એમ કહી જય જયકાર કર્યો.

ત્યારબાદ તે કેશીકુમાર રાજા થયો—જે મહા હિમવાન્ મલય અને મંદરાચલ પર્વત સમાન, સર્વ રાજાઓમાં શ્રેષ્ઠ રાજાની જેમ યાવત્—રાજ્ય પર શાસન કરતો વિહરવા લાગ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદાયનની પ્રવ્રજ્યા—

૫૪૬. ત્યાર બાદ તે ઉદાયન રાજાએ કેશીરાજા પાસે આજ્ઞા માગી.

ત્યાર બાદ તે કેશી રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા—ઇત્યાદિ જેમ જમાલિ સંબંધે કહ્યું છે તેમ—નગરને બહારથી અને અંદરથી સાફ કરાવો ઇત્યાદિ—યાવત્—નિષ્ક્રમણાભિષેકની તૈયારી કરી.

ત્યાર બાદ તે કેશીરાજાએ અનેક ગણનાયક, દંડનાયક, રાજા, સામંત, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલથી પરિવૃત્ત થઈ ઉદાયન રાજાને ઉત્તમ સિંહાસન પર પૂર્વની તરફ મુખ રાખી બેસાડ્યો, બેસાડીને એકસો આઠ સુવર્ણ કલશો વડે અભિષેક કર્યો—ઇત્યાદિ જમાલિના અભિષેકની જેમ—યાવત્—મહાન નિષ્ક્રમણાભિષેક કર્યો, અભિષેક કરી દસે નખ સહિત બંને હાથ જોડી મસ્તકને સ્પર્શ કરી, અંજલિ રચી, જય વિજય શબ્દોથી વધાવ્યો, વધાવીને આ પ્રમાણે કહ્યું—'હે સ્વામિ! અમે આપને શું આપીએ, શું અર્પિત કરીએ અથવા આપની શું ઇચ્છા છે— આપનું શું પ્રયોજન છે?'

ત્યારે તે ઉદાયન રાજાએ કેશીરાજાને આ કહ્યું—'હે દેવાનુપ્રિય! હું કુત્રિકાપણ (બધી જ વસ્તુ મળી શકે તેવી દુકાન)થી રજોહરણ અને પાત્ર મંગાવવા ઇચ્છું છું અને કાશ્યપ (હજામ)ને બોલાવવા માગું છું'—ઇત્યાદિ જેમ જમાલિના સંબંધમાં વર્ણન કર્યું છે તે પ્રમાણે અહીં પણ જાણવું જોઈએ, પરંતુ એટલું વિશેષ છે કે જેને પ્રિયનો વિયોગ દુઃસહ હતો તેવી દુઃખિત પદ્માવતીએ અગ્રકેશોને ગ્રહણ કર્યા.

ત્યાર બાદ કેશી રાજાએ બીજી વાર પણ ઉત્તર દિશામાં સિંહાસન રખાવ્યું, રખાવીને ઉદાયન રાજાને શ્વેત અને પીત (સોના—રૂપાના) કલશોથી સ્નાન કરાવ્યું, સ્નાન કરાવીને શેષ જમાલિના વર્ણન જેમ યાવત્—ચારે પ્રકારના અલંકારોથી અલંકૃત થઈને, પરિપૂર્ણ રૂપથી અલંકૃત થઈ, સિંહાસન પરથી ઊઠ્યો, ઊઠીને શિબિકાની પ્રદક્ષિણા કરીને શિબિકા પર ચડ્યો, ચડીને શ્રેષ્ઠ સિંહાસન પર પૂર્વની તરફ મુખ રાખી બેઠો. તે પ્રમાણે ધાવમાતા સંબંધમાં પણ જાણવું, પરંતુ એટલું વિશેષ છે કે અહીં પદ્માવતી હંસના ચિહ્નવાળા શ્વેત વસ્ત્રને લઈને શિબિકાની અનુપ્રદક્ષિણા કરીને શિબિકા પર આરૂઢ થઈ, આરૂઢ થઈને ઉદાયન રાજાની ડાબી બાજુમાં રાખેલ ભદ્રાસન પર બેઠી, બાકીનું પૂર્વવત્ જાણવું—યાવત્—છત્ર આદિ તીર્થંકરના અતિશયોને જોયા, જોઈને સહસ્ર પુરુષોથી ઉચકાતી શિબિકાને ઊભી રખાવી તે પુરુષસહસ્રવાહિની શિબિકાથી નીચે ઊતર્યો, ઊતરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર છે ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને ઉત્તર—પૂર્વ—દિશામાં ગયો, જઈને પોતાની જાતે જ આભરણ, માળા, અલંકારો ત્યજી દીધા.

ત્યારે તે પદ્માવતી દેવીએ હંસના ચિહ્નવાળા વસ્ત્રમાં આભરણ, માળા, અલંકારોને ગ્રહણ કર્યા, ગ્રહણ કરીને તૂટેલા હાર, જલધારા, સિન્દુવાર પુષ્પની માળા અને મોતીની માળાની જેમ આંખોમાંથી આંસુ વહાવતી વહાવતી ઉદાયન રાજાને આ પ્રમાણે કહેવા લાગી.

'હે સ્વામિ! સંયમને વિષે પ્રયત્ન કરજો. હે સ્વામિ! તત્પર રહેજો. હે સ્વામિ! પરાક્રમ કરજો, આ વિષયમાં પ્રમાદ નહીં કરશો.' એમ કહી કેશીરાજાએ અને પદ્માવતીએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. વંદન—નમસ્કાર કરી જે તરફથી આવ્યા હતા તે તરફ પાછા ફર્યા.

ત્યાર બાદ તે ઉદાયન રાજાએ સ્વયમેવ પંચમુષ્ટિ લોચ કર્યો ઇત્યાદિ શેષ વર્ણન ઋષભ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દત્તની જેમ જાણવું—યાવત્—સર્વ દુઃખોથી મુક્ત થયા.

અભિચિકુમારની ઉદાયન પ્રતિ વેરભાવના અને કૂણિક પાસે ગમન—

૫૪૭. ત્યારપછી અન્ય કોઈ દિવસે અભિચિકુમારને મધ્યરાત્રિને સમયે કુટુંબ-સમૂહ-જાગરણમાં જાગરણ કરતા આવા પ્રકારનો અધ્યવસાય યાવત્-વિચાર ઉત્પન્ન થયો કે યથાર્થ રૂપમાં હું ઉદાયન રાજાનો પુત્ર અને પ્રભાવતી દેવી (રાણી)નો આત્મજ છું. તો પણ તે ઉદાયન રાજાએ મને છોડી પોતાના ભાણેજ કેશીકુમારને રાજ્યાશાસન પર સ્થાપિત કરી, શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહત્યાગ કરી આનગારિક પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે.'—આ પ્રકારના મોટા અપ્રીતિરૂપ માનસિક દુઃખથી પીડિત થએલો તે અભિચિકુમાર પોતાના અંતઃપુર-પરિવારસહિત પોતાની માલમિલકત વગેરે સામગ્રી લઈને વીતિભય નગરથી નીકળ્યો, નીકળીને ક્રમે ક્રમે ચાલતો, એક ગામથી બીજે ગામ જતો, જ્યાં ચંપાનગરી હતી, જ્યાં કૂણિક રાજા હતો ત્યાં આવ્યો, આવીને કૂણિક રાજાનો આશ્રય લઈ વિહરવા લાગ્યો. ત્યાં પણ તેને વિપુલ ભોગઉપભોગની સામગ્રી પ્રાપ્ત થઈ. ત્યારબાદ તે અભિચિકુમાર શ્રમણોપાસક પણ થયો, જીવાજીવ તત્ત્વોનો જ્ઞાતા—યાવત્—વિધિપૂર્વક તપ-કર્મની આરાધના દ્વારા આત્માને ભાવિત કરતો વિહરતો હતો તો પણ ઉદાયન રાજર્ષિ પ્રતિ વેરના અનુબન્ધથી યુક્ત હતો.

અભિચિકુમારની અસુરદેવોમાં ઉત્પત્તિ—

૫૪૮. તે કાળે તે સમયે આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોની પાસે ચોસઠ લાખ અસુરકુમારોના આવાસ કહ્યા છે.

ત્યાર બાદ અનેક વર્ષો સુધી શ્રમણોપાસક-પર્યાયનું પાલન કરી તે અભિચિકુમાર અર્ધમાસિક સંલેખનાથી ત્રીશ ભક્તનો અનશન વડે ત્યાગ કરી, તે પાપ—સ્થાનકની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના મરણસમયે કાળધર્મ પામી આ રત્નપ્રભા પૃથ્વીના નરકવાસોની પાસે ચોસઠ લાખ આતાપ-પ્રકાશરૂપ અસુરકુમાર આવાસમાં, આતાપરૂપ અસુરકુમાર-દેવરૂપે ઉત્પન્ન થયો.

ત્યાં અનેક આતાપરૂપ અસુરકુમાર દેવોની એક પલ્યોપમ સ્થિતિ કહી છે. તે અભિચિદેવ પણ ત્યાં એક પલ્યોપમની સ્થિતિવાળો થયો.

'હે ભગવન્! તે અભિચિદેવ પણ આયુક્ષય થયા પછી, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી આ દેવલોકથી નીકળીને ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે?'

'હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે—યાવત્—સર્વ દુઃખોનો અન્ત કરશે.'

'હે ભગવન્! તે એમ જ છે, હે ભગવન્! તે એમ જ છે.'—એ પ્રમાણે સ્વીકાર કરી ગૌતમ ભગવાન વિહરવા લાગ્યા.

* * *

૪૧. મહાવીર-તીર્થમાં જિનપાલિત-જિનરક્ષિત જ્ઞાત

ચંપામાં માકંદી સાર્થવાહના પુત્રો—

૫૪૯. તે કાળે તે સમયે ચંપા નામે નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું.

ત્યાં માકંદી નામે સાર્થવાહ રહેતો હતો, જે ધનાઢ્ય યાવત્ કોઈથીય પરાભવ ન પામે તેવો હતો. તેની ભદ્રા નામે ભાર્યા હતી. તે ભદ્રા ભાર્યાના આત્મજ બે સાર્થવાહ-પુત્રો હતા, એમનાં નામ હતાં—જિનપાલિત અને જિનરક્ષિત.

જિનપાલિત-જિનરક્ષિતની સમુદ્રયાત્રા—

૫૫૦. ત્યાર પછી કોઈ એક સમયે તે બન્ને માકંદી-પુત્રો સાથે મળી વાતો કરતા હતા ત્યારે આવી વાત થઈ—'આપણે વહાણો દ્વારા અગિયાર વાર લવણસમુદ્રની સફર કરી. દરેક વખતે આપણે ધન-પ્રાપ્તિ કરી અને કામ પૂરું કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્વિઘ્ન તરત આપણે ઘેર પાછા ફર્યા છીએ. તો હે દેવાનુપ્રિય ! આપણા માટે એ શ્રેયસ્કર થશે કે આપણે બારમી વાર પણ વહાણ દ્વારા લવણસમુદ્રની સફર કરીએ.'—આવો વિચાર કરી એમણે પરસ્પર તે વાત સ્વીકારી, સ્વીકારીને પછી જ્યાં માત-પિતા હતા ત્યાં આવ્યા, આવીને આ પ્રમાણે બોલ્યા—

'હે માતા-પિતા ! અમે અગિયાર વાર વહાણો દ્વારા લવણસમુદ્રની સફર કરી છે. દરેક વાર ધન-પ્રાપ્તિ કરી છે, કામ પૂરું કરીને તરત નિર્વિઘ્ન આપણા ઘેર અમે પાછા ફર્યા છીએ. તો હે માતા-પિતા ! આપની આજ્ઞા લઈને બારમી વાર અમે વહાણ દ્વારા લવણ-સમુદ્રની સફર ખેડવા ઇચ્છીએ છીએ.'

ત્યારે માતા-પિતાએ તે માકંદીપુત્રોને આ પ્રમાણે કહ્યું—

'હે પુત્રો ! આ તમારા પિતામહ, પ્રપિતામહ અને પિતાના પ્રપિતામહના વારાનું ચાલી આવતું પ્રચુર હિરણ્ય, સુવર્ણ, કાંસ્ય, વસ્ત્ર, મણિ, મોકિતક, શંખ, પ્રવાળ, માણિક, આદિરૂપ સર્વોત્તમ ધન છે—જે સાત પેઢી સુધી ઇચ્છા મુજબ દાન દેવા માટે, ભોગવવા માટે અને વહેંચવા માટે પર્યાપ્ત છે. આથી હે પુત્રો ! વિપુલ માનુષી ઋદ્ધિ-સત્કારવાળા ભોગો ભોગવો. વિઘ્ન-બાધાઓથી યુક્ત અને જેમાં કોઈ આલંબન નથી તેવા લવણસમુદ્રમાં ઊતરવાની શી જરૂર છે ? હે પુત્રો ! બારમી વારની યાત્રા કદાચ વિઘ્નકારી પણ હોઈ શકે. માટે હે પુત્રો ! તમે બન્ને બારમી વાર લવણ-સમુદ્રની વહાણની સફર ન ખેડો, (જેથી) તમારાં શરીરને કોઈ આપત્તિ ન આવે.'

ત્યાર પછી માકંદી પુત્રોએ બીજીવાર અને ત્રીજીવાર પણ માતા-પિતાને સંબોધીને આ પ્રમાણે કહ્યું—'હે માતા-પિતા ! અમે અગિયાર વાર તો વહાણ દ્વારા લવણસમુદ્ર ખેડ્યો છે અને દરેક વખતે અર્થપ્રાપ્તિ કરી છે, કરવા યોગ્ય કાર્ય કર્યાં છે અને વિઘ્ન-બાધા વિના તરત પોતાને ઘેર પાછા ફર્યા છીએ. તો હે માતાપિતા ! બારમી વાર પણ લવણસમુદ્રની વહાણની સફર કરવી અમારા માટે જરૂર શ્રેયસ્કર થશે.'

ત્યાર પછી માતા-પિતા જ્યારે તે માકંદી-પુત્રોને સામાન્ય કથન દ્વારા, વિશેષ કથન દ્વારા, સામાન્ય કે વિશેષપણે સમજાવવામાં સફળ ન થયા ત્યારે અનિચ્છાપૂર્વક તેમણે એ વાતની (સમુદ્રયાત્રાની) અનુમતિ આપી.

ત્યાર પછી માતા-પિતાની અનુમતિ મેળવીને તે માકંદીપુત્રો ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય—એ ચારે પ્રકારનો માલ વહાણમાં ભરીને, અર્હન્નકની જેમ, યાવત્ લવણ-સમુદ્રમાં અનેક સેંકડો યોજન સુધી ગયા.

નૌકા-ભંગ—

૫૫૧. ત્યાર પછી તે માકંદીપુત્રો લવણસમુદ્રમાં અનેક સેકંડો યોજન સુધી ગયા ત્યારે અનેક સેંકડો ઉપદ્રવો પેદા થયા, જેમ કે—અકાળે મેઘગર્જના થવા લાગી, અકાળે વીજળી ચમકવા લાગી, અકાળે સ્તનિત શબ્દ (ઘોર મેઘઘટાઓનો ધ્વનિ—ગડગડાટ) થવા લાગ્યો, પ્રતિકૂળ જોરદાર પવન ફૂંકાવા લાગ્યો.

ત્યાર પછી તેમની નૌકા તે પ્રતિકૂળ તોફાની પવનથી વારંવાર ડગમગવા લાગી, વારંવાર કંપવા અને ચલાયમાન થવા લાગી, વારંવાર સંક્ષુબ્ધ થવા લાગી, પાણીના તીવ્ર વેગથી વારંવાર પછડાવા લાગી અને જેમ હાથ વડે ભૂમિતળ પર નાખેલ દડો ઊછળે તેમ ઊંચી-નીચી ઊછળવા લાગી.

જેને વિદ્યા સિદ્ધ થઈ છે એવી વિદ્યાધર-કન્યાની જેમ તે (નૌકા) પૃથ્વીતળથી ઊંચે ઊછળતી હતી અને જેની વિદ્યા નાશ પામી છે એવી વિદ્યાધર-કન્યાની જેમ ગગનતળથી તે નીચે પટકાતી હતી.

મહાન ગરુડના વેગથી ત્રાસેલી ઉત્તમ નાગ-કન્યાની જેમ તે નૌકા પણ આમતેમ (આડી-અવળી) ભાગવા લાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનસમૂહના કોલાહલ-શબ્દથી ભયભીત થયેલી અશ્વકિશોરી (વછેરી)ની માફક તે નૌકા [આડીઅવળી] દોડવા લાગી.

ગુરુજનો (માતાપિતા આદિ વડીલો) પાસે, જેનો અપરાધ છતો થઈ ગયો છે તેવી સજ્જન કુલ-કન્યાની જેમ તે નૌકા નીચી નમવા લાગી.

મોજાંઓના સેંકડો પ્રહારોની થાપટો ખાઈને તે ઘૂમવા લાગી અને જેમ કોઈ આધાર વિનાની વસ્તુ આકાશમાંથી નીચે પડે તેમ પડવા લાગી.

નવવિવાહિતા વધૂ જેમ પતિના મૃત્યુ પામવાથી અશ્રુપાત કરે તેમ તે નૌકા પણ ભીંજાયેલ સઢ આદિની ટપકતી જળધારાથી અશ્રુપાત કરતી લાગતી હતી.

શત્રુ રાજા વડે ઘેરાયેલ હોવાથી મહા ભયથી પીડિત કોઈ શ્રેષ્ઠ મહાનગરીની જેમ તે નૌકા પણ વિલપતી લાગતી હતી.

માયાવી વેષધારી યોગ-પરિવ્રાજિકા (યોગિની) જેમ કપટ ધ્યાનમાં ઘડીક સ્થિર થઈ જાય તેમ તે નૌકા કયારેક ઘડીભર સ્થિર થઈ જતી.

મહાવનમાંથી બહાર નીકળીને થાકી ગયેલી વયસ્ક માતા જેમ હાંફવા લાગે તેમ તે નૌકા પણ હાંફતી જણાતી હતી.

તપશ્ચર્યાનું ફળ પૂર્ણ થવાથી ભોગો નષ્ટ થશે એ જાણીને અવનકાળે શોક કરતી ઉત્તમ દેવવધૂ (દેવી)ની જેમ તે નૌકા જાણે શોક કરવા લાગી.

તેનાં તૂતક અને સુકાન ટુકડે ટુકડા થઈ ગયા, તેનો મધ્યભાગ ભાંગી પડ્યો, કૂવાથંભ વાંકો વળી ગયો, ખડકના શિખર પર ચડી જવાને કારણે તે જાણે કે શૂળી પર ચડી હોય તેવી જણાતી હતી. તેના પાટિયાઓમાં તડ તડ અવાજ થવા લાગ્યો, તેનાં સાંધા તૂટવા લાગ્યા, લોઢાની ખીલીઓ નીકળી જવા લાગી, એનાં અંગે અંગ જુદાં પડી ગયાં, તેનાં પાટિયાઓ સાથે બાંધેલ દોરડાં ગળી સડીને તૂટી ગયાં, જેથી તેના ટુકડાઓ છૂટા પડી ગયા, તે કાચા શકોરા જેવી બની ગઈ અર્થાત્ પાણીમાં વિલીન થઈ ગઈ. અભાગી મનુષ્યોના મનોરથની જેમ તે અત્યંત ચિંતનીય બની ગઈ. તેના પર સવાર કર્ણધાર, ખારવા, વેપારીઓ અને નોકર-ચાકરો હાહાકાર કરતા વિલાપ કરવા લાગ્યા. વિવિધ પ્રકારનાં રત્નો અને બીજવસ્તુઓ તથા સહન કરતા અનેક પુરુષો સાથે યાવત્ વિલાપ કરતા મનુષ્યો સાથેની તે નૌકા સમુદ્રની અંદર (પાણીમાં અદશ્યમાન) રહેલા એક મોટા પર્વતશિખર સાથે ટકરાતાં તેનાં તૂતક અને સુકાન તૂટી જવાથી અને કૂવાથંભ વાંકો વળી જવાથી તે કડકડ અવાજ કરતી સેંકડો ટુકડા થઈને તે જ સ્થળે નાશ પામી અર્થાત્ સમુદ્ર-તળિયે ડૂબી ગઈ.

ત્યાર પછી તે નૌકા ભાંગી ગઈ અને ડૂબી ગઈ તે સાથે તે અનેક લોકો, વિપુલ રત્નો, માલ-સામગ્રી બધું પાણીમાં ડૂબી ગયું.

માકંદીપુત્રોનું પાટિયાના આધારે રત્નદ્વીપમાં પહોંચવું—

૫૫૨ ત્યારે તે ચતુર, દક્ષ, પ્રતિપન્નબુદ્ધિ, કુશળ, મેધાવી, શિલ્પવિદ્યા-યંત્રવિદ્યામાં નિપુણ, વહાણવટાના ક્ષેત્રમાં અનુભવી, કૃતકાર્ય, વિજયી, મૂઢતા વિનાના અને ચપળ જેવા માકંદીપુત્રોએ એક મોટું પાટિયું પકડી લીધું.

જે પ્રદેશમાં તેમનું વહાણ નાશ પામ્યું હતું તેની નજીકમાં જ રત્નદ્વીપ નામે એક મોટો દ્વીપ હતો, જે અનેક યોજન લાંબો-પહોળો અને અનેક યોજનના વિસ્તારવાળો હતો. અનેક પ્રકારના વૃક્ષોનાં વનોથી તે શોભતો હતો, સશ્રીક, પ્રાસાદિક યાવત્ પ્રતિરૂપ (સુંદર) હતો.

તે દ્વીપની બરાબર વચ્ચેના ભાગમાં એક વિશાળ ઉત્તમ પ્રાસાદ હતો-યાવત્ ઊંચાઈમાં પર્વતશિખરોને હસતો હોય તેવો અર્થાત્ ઉત્તુંગ-યાવત્-સશ્રીક પ્રાસાદિક યાવત્ પ્રતિરૂપ હતો. તે ઉત્તમ પ્રાસાદમાં રત્નદ્વીપદેવતા નામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવી રહેતી હતી—જે પાપિણી, ચંડ, રુદ્ર, ભયંકર, ક્ષુદ્ર સ્વભાવની અને સાહસી હતી.

તે શ્રેષ્ઠ પ્રાસાદની ચારે દિશામાં ચાર વનખંડ હતાં—જે શ્યામ વર્ણના અને શ્યામ કાંતિવાળા હતા.

ત્યારે તે બન્ને માકંદીપુત્રો તે પાટિયાના આધારે તરતા તરતા રત્નદ્વીપ સમીપે આવી પહોંચ્યા.

ત્યારે તે માકંદીપુત્રોને થાહ મળી (જમીન-તળ મળી ગયું),થાહ મળી એટલે એમણે ઘડી ભર વિશ્રામ કર્યો, વિશ્રામ કરીને પાટિયું છોડી દીધું, પાટિયું છોડી દઈને રત્નદ્વીપ પર ઊતર્યા, ઊતરીને ફળોની શોધખોળ કરી, ફળો શોધ્યાં, શોધીને ફળો ખાધાં, ખાઈને નાળિયેરની શોધ-ખોળ કરી, શોધીને નાળિયેર ફોડ્યાં, ફોડીને તેના તેલથી બન્નેએ એકબીજાના શરીરને માલિશ કરી, માલિશ કરીને પુષ્કરિણી (નળાવડી)-માં પડ્યા, પડીને સ્નાન કર્યું, સ્નાન કરીને પુષ્કરિણીમાંથી બહાર નીકળ્યા, બહાર નીકળીને પૃથ્વીશિલારૂપી પાટ પર બેઠા, બેસીને શાંત, સ્વસ્થ થયા અને સુખપૂર્વક-આરામપૂર્વક બેસીને ચંપાનગરી, માતા-પિતાની આજ્ઞા માગવી, લવણસમુદ્રમાં સફર, પ્રચંડ તોફાની વાયુનું આગમન, વહાણનું ભાંગવું, લાકડાનું પાટિયું મળવું અને રત્નદ્વીપમાં આવી ચડવું એ બધાનો વિચાર કરતા કરતા, મનોબળ ઢીલું પડતાં, બે હથેળીમાં મુખ રાખી દુર્ધ્યાનમાં પડી ગયા.

રત્નદ્વીપદેવતા સાથે ભોગો ભોગવવા—

૫૫૩. ત્યાર બાદ તે રત્નદ્વીપદેવતાએ અવધિજ્ઞાન વડે માકંદીપુત્રોને જોયા એટલે તે તલવાર અને ઢાલ હાથમાં લઈ શરીર-વિકુર્વણા કરી સાત-આઠ તાડ જેટલી આકાશમાં ઊંચી થઈ પોતાની ઉત્કૃષ્ટ-યાવત્-દેવગતિથી ચાલતી ચાલતી જ્યાં માકંદીપુત્રો હતા ત્યાં આવ્યો, આવીને કોપપૂર્વક રુક્ષ, કઠોર અને નિષ્ઠુર વચનો વડે બોલવા લાગી—

'અરે માકંદીપુત્રો ! અપ્રાર્થિત (ન ઇચ્છવા-યોગ્ય અર્થાત્ મૃત્યુ)ની ઇચ્છા કરનારાઓ ! જો તમે મારી સાથે વિપુલ કામભોગો ભોગવતા અહીં રહેશો તો તમારું જીવન છે-તમે જીવતા રહેશો. જો મારી સાથે વિપુલ કામભોગો ભોગ-વતા નહીં રહો તો આ નીલ કમળ, પાડાના શિંગડાં કે અળસીના પુષ્પ જેવી કાંતિવાળી અને છરીની ધાર જેવી તેજ ધારવાળી તલવારથી લાલ લાલ ગાલવાળા અને તમારી માતાઓએ શણગારેલાં તમારાં મસ્તકો તાડ-ફળની જેમ કાપીને એકાંતમાં ફેંકી દઈશ.'

ત્યારે તે માકંદીપુત્રો રત્નદ્વીપદેવીની આવી વાત સાંભળી અને સમજીને ભયભીત બની ગયા અને બે હાથ જોડી મસ્તક સમીપે અંજલિ રચી આ પ્રમાણે બોલ્યા—

'દેવાનુપ્રિયા ! જેમ તમે કહો તેમ. અમે તમારી આજ્ઞા, આદેશ અને નિર્દેશ મુજબ વર્તીશું.'

ત્યાર પછી તે રત્નદ્વીપદેવતાએ માકંદી-પુત્રોને પકડ્યા, પકડીને જ્યાં પોતાનો ઉત્તમ પ્રાસાદ હતો ત્યાં આવી, આવીને અશુભ પુદ્ગલો દૂર કર્યા અને શુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કર્યો, પછી તેઓની સાથે વિપુલ કામભોગો ભોગવતી વિહરવા લાગી, પ્રતિદિન તેમના માટે અમૃત જેવાં ફળો લાવવા લાગી.

રત્નદ્વીપદેવીનું લવણસમુદ્ર-સ્વચ્છીકરણાર્થે ગમન અને વનખંડમાં રમણ માટે આદેશ—

૫૫૪. ત્યાર પછી શક્રેન્દ્રના વચન-આદેશથી સુસ્થિત નામક લવણસમુદ્રના અધિપતિ દેવે તે રત્ન-દ્વીપની દેવીને કહ્યું-તારે એકવીશ વખત લવણસમુદ્રનું પર્યટન કરવાનું છે અને ત્યાં જે કંઈ તૃણ, પત્રો, કાષ્ઠ, કચરો કે ગંદા પદાર્થો, સડેલાં ગળેલા પદાર્થો કે દુર્ગંધી પદાર્થો હોય તે બધા એકઠા કરી કરીને, કાઢીને એક તરફ ફેંકી દેવાના છે.' આમ તેની [સમુદ્રની સ્વચ્છતા માટે] નિયુક્તિ કરી. ત્યારે રત્નદ્વીપદેવતાએ તે માકંદીપુત્રોને આ પ્રમાણે કહ્યું—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે દેવાનુપ્રિયો ! મને શક્રેન્દ્રના વચનાદેશથી સુસ્થિત નામે લવણસમુદ્રાધિપતિ દેવે પૂર્વોક્ત પ્રકારે યાવત્ નિયુક્ત કરી છે. તો હે દેવાનુપ્રિયો ! જ્યાં સુધી હું લવણ સમુદ્રનું એકવીશ વાર પર્યટન કરી, ત્યાં જે કંઈ તૃણ, પત્ર, કાષ્ઠ, કચરો, ગંદા પદાર્થ, સડેલા-ગળેલા પદાર્થ કે દુર્ગંધી વસ્તુઓ હોય તે એકવીશ વાર એકત્ર કરી કરી એકાંતમાં ફેંકી દઈશ. ત્યાં સુધી તમે આ શ્રેષ્ઠ પ્રાસાદમાં મોજમજા કરો. જો તે દરમિયાન કંટાળી જાઓ અથવા કુતૂહલ થાય કે કોઈ ઉપદ્રવ થાય તો તમે પૂર્વ દિશાના વનખંડમાં ચાલ્યા જજો. ત્યાં બે ઋતુઓ સદા સ્વાધીન છે અર્થાત્ સદાકાળ રહે છે.તે જેમ કે-પ્રાવૃષ (અષાઢ અને શ્રાવણ, વર્ષાનો પૂર્વાધ) અને વર્ષારાત્ર (ભાદ્રપદ અને આશ્વિન-વર્ષાનો ઉત્તરાર્ધ)

[ગાથાર્થ—]

ત્યાં-પ્રાવૃષ ઋતુરૂપી સ્વાધીન હાથી છે, નવીન લતાઓ અને શિલિંધ્ર લતાઓ તે પ્રાવૃષહસ્તીના દાંત છે, નિકુરવૃક્ષના ઉત્તમ પુષ્પો તેની જાડી સૂંઢ છે, કુટજ, અર્જુન અને નીપ વૃક્ષોનાં પુષ્પો તેનાં મદજળ રૂપ છે. (૧)

વળી ત્યાં-વર્ષાઋતુરૂપી પર્વત પણ સદા સ્વાધીન છે. તે ઈન્દ્રગોપરૂપી પદ્મરાગ મણિઓથી વિચિત્ર વર્ણવાળો, દેડકાઓના સમૂહના શબ્દરૂપી ઝરણાઓના નાદવાળો અને મયૂરોના વૃંદોથી ઘેરાયેલા શિખરવાળો છે. (૨)

હે દેવાનુપ્રિયો ! તે પૂર્વદિશાના ઉદ્યાનમાં આવેલી અનેક વાવો યાવત્ સરોવર પંક્તિઓમાં, અનેક લતામંડપોમાં, અનેક સુશોભન ગૃહોમાં, યાવત્ પુષ્પગૃહોમાં તમે સુખપૂર્વક રમણ કરતાં કરતાં વિહરજો. જો તમે ત્યાં પણ કંટાળી જાઓ, થાકી જાઓ, કે ત્યાં તમને કોઈ ઉપદ્રવ નડે તો તમે ઉત્તર દિશા તરફના વનખંડમાં ચાલ્યા જજો. ત્યાં સદા બે ઋતુઓ વિદ્યમાન રહે છે, તે આ-શરદ અને હેમંત. [ગાથાર્થ]—

ત્યાં-શરદઋતુરૂપી ગોપતિ-વૃષભ સદા સ્વાધીન છે. તે શણ અને સપ્તચ્છદ પુષ્પોરૂપી કાંધવાળો, નીલોત્પલ પદ્મ અને નલિનરૂપ શિંગડાં વાળો છે. સારસ અને ચક્રવાક પક્ષીઓનું કૂજન તે એ વૃષભનું ગર્જન છે. (૩)

વળી ત્યાં—

હેમંત ઋતુરૂપી ચન્દ્ર સદા સ્વાધીન છે, શ્વેત કુન્દ પુષ્પો તેની ધવલ જ્યોત્સ્ના છે, પુષ્પિત લોધ્ર વનખંડ તેનું મંડળ (બિંબ) છે અને ઝાકળના જળબિંદુઓની ધારાઓ તેનાં સઘન કિરણો છે. (૪)

હે દેવાનુપ્રિયો ! ત્યાં તમે અનેક વાવો યાવત્ સરોવર-પંક્તિઓમાં, અનેક લતાગૃહોમાં, સુશોભનગૃહોમાં યાવત્ પુષ્પગૃહોમાં સુખપૂર્વક રમણ કરતા કરતા વિહાર કરજો. જો કદી તમે ત્યાં પણ કંટાળી જાઓ, થાક અનુભવો કે તમને કોઈ વિઘ્ન નડે તો તમે પશ્ચિમ દિશાના વનખંડમાં ચાલ્યા જજો. તે વનખંડમાં પણ બે ઋતુઓ સદા સ્વાધીન—સદાકાળ વિદ્યમાન છે, જેમ કે—વસંત અને ગ્રીષ્મ.

[ગાથાર્થ]—

ત્યાં—

વસંતઋતુરૂપી નરપતિ સદા સ્વાધીન છે, ચારુ આમ્રમંજરીરૂપ તેનો મનોહર હાર છે, પલાશ, કર્ણિકાર અને અશોક પુષ્પો તેના મુકુટ સમાન છે, અને ઊંચા ઊંચા તિલક અને બકુલ તેનાં છત્રો છે.(૫)

વળી ત્યાં—

ગ્રીષ્મઋતુરૂપી સાગર સદા વિદ્યમાન છે, જે પાટલ અને શિરીષપુષ્પો રૂપી જળથી પરિપૂર્ણ છે, મલ્લિકા અને વાસંતી લતાઓનાં પુષ્પોનો પથરાટ તેના કિનારા છે અને શીતળ સુરભિત પવનરૂપી મગરો જેમાં વિહરે છે.(૬)

તે વનખંડમાં અનેક વાવો અને યાવત્ સરોવરપંક્તિઓમાં તથા અનેક લતાગૃહો, સુશોભનગૃહો યાવત્ પુષ્પગૃહોમાં સુખપૂર્વક રમણ કરતા કરતા વિહાર કરજો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રત્નદ્વીપદેવતા વડે માકંદીપુત્રોને દૃષ્ટિવિષ સર્પ સમીપે જવાની મનાઈ—

૫૫૫. હે દેવાનુપ્રિયો ! કદાચ તમે ત્યાં પણ કંટાળી જાઓ અથવા થાકી જાઓ કે તમને કોઈ ઉપદ્રવ નડે તો તમે જ્યાં મારો શ્રેષ્ઠ પ્રાસાદ છે ત્યાં પાછા ફરજો અને મારી રાહ જોતાં ત્યાં જ રહેજો, પરંતુ દક્ષિણ દિશાના વનખંડ તરફ ન જશો. ત્યાં તો એક વિશાળકાય, ઉગ્રવિષ, ચંડવિષ, ઘોરવિષ, મહાવિષ, અતિકાય, મહાકાય તથા તેજનિસર્ગ-વર્ણન (ગોશાલકના પ્રકરણમાં આવતા પ્રચંડ સર્પના વર્ણન)માં કહેવામેલ છે તેવા કાજળ, મહિષ (પાડો) અને કસોટીના પથ્થર સમાન કાળો, તથા જેનાં નેત્રો વિષ અને રોષથી પરિપૂર્ણ છે તેવો, જેની શરીરકાંતિ કાજળના ઢગલા જેવી કાળી છે તેવો, જેની આંખો રાતી અને બે જીભો લપલપી રહી છે તેવો, પૃથ્વીરૂપી સ્ત્રીની વેણી (ચોટલા) સમાન, ઉત્કટ, સ્ફુટ, કુટિલ, જટિલ, કર્કશ અને વિસ્તારવાળી ફેણનો ફટાટોપ કરવામાં દક્ષ, લુહારની ધમણ જેમ ધમધમ અવાજ કરનાર, પ્રચંડ, તીવ્ર અને અપરિમિત રોષ કરનાર, કૂતરાના મોંની જેમ શીઘ્રતાપૂર્વક લપલપાટ કરતો એવો દૃષ્ટિવિષ સર્પ રહે છે. આથી કદાચ એવું ન બને તમે ત્યાં ચાલ્યા જાઓ અને તમારા શરીરનો વિનાશ થઈ જાય.

—આ વાત તેણે બે વાર, ત્રણ વાર માકંદીપુત્રોને કરી, કરીને તેણે વૈક્રિય સમુદ્‌ઘાતપૂર્વક વિક્રિયા કરી, વિક્રિયા કરીને ઉત્કૃષ્ટ દેવગતિપૂર્વક લવણસમુદ્રના એકવીશ ફેરા કરવામાં તે પ્રવૃત્ત થઈ.

માકંદીપુત્રોનું વનખંડ-ગમન—

૫૫૬. ત્યાર પછી તે માકંદીપુત્રો તેના ગયા પછી થોડીવારમાં જ તે શ્રેષ્ઠ પ્રાસાદમાં સુખદ સ્મૃતિ, રતિ અને ધૃતિ ન પામતાં અન્યોન્ય આ પ્રમાણે કહેવા લાગ્યા—

'દેવાનુપ્રિય ! રત્નદ્વીપદેવતાએ આપણને આમ કહ્યું હતું—

"શક્રેન્દ્રના વચનાદેશથી લવણસમુદ્રાધિપતિ સુસ્થિત દેવે મને નિયુક્ત કરી છે—યાવત્—તો જો જો તમારા શરીરને કોઈ હાનિ ન થાય." તો હે દેવાનુપ્રિય ! આપણે પૂર્વ દિશાના વનખંડમાં જવું જોઈએ.'—એક બીજાની આવી વાત સ્વીકારી, સ્વીકારીને જ્યાં પૂર્વદિશાનો વનખંડ હતો ત્યાં ગયા, જઈને ત્યાંની વાવોમાં—યાવત્—લતાગૃહોમાં—યાવત્ સુખપૂર્વક રમણ કરતા વિહરવા લાગ્યા.

ત્યાર પછી તે માકંદીપુત્રોને જ્યારે ત્યાં પણ સુખાનુભૂતિ, રતિ કે શાંતિ પ્રાપ્ત ન થઈ ત્યારે જ્યાં ઉત્તર દિશાનો વનખંડ હતો ત્યાં પહોંચ્યા, પહોંચીને ત્યાં પણ વાવોમાં યાવત્—લતાકુંજોમાં યાવત્ સુખપૂર્વક રમણ કરતા કરતા વિહરવા લાગ્યા.

ત્યાર પછી તે માકંદીપુત્રોને ત્યાં પણ સુખ, શાંતિ કે ધૃતિ ન મળ્યાં ત્યારે જ્યાં પશ્ચિમ દિશાનો વનખંડ હતો તે તરફ ચાલ્યા, જઈને ત્યાં પણ વાવોમાં યાવત્ લતાઘરોમાં સુખપૂર્વક ક્રીડા કરતા ફરવા લાગ્યા.

દેવી દ્વારા નિષિદ્ધસ્થાનમાં માકંદીપુત્રોનું ગમન—

૫૫૭. ત્યાર પછી તે માકંદીપુત્રો ત્યાં પણ સુખાનુભવ, કે શાંતિ ન પામ્યા ત્યારે અન્યોન્ય આ પ્રમાણે કહેવા લાગ્યા—'હે દેવાનુપ્રિય ! રત્નદ્વીપદેવતાએ આપણને આ પ્રમાણે કહ્યું હતું કે—

"હે દેવાનુપ્રિયો ! શક્રના વચન-સંદેશથી લવણાધિપતિ સુસ્થિતે મને નિયુક્ત કરી છે—યાવત્—જો જો તમારા શરીરને હાનિ ન થાય."

તો જરૂર એમાં કંઈક કારણ (રહસ્ય) હોવું જોઈએ. આથી આપણે દક્ષિણ દિશાના વનખંડમાં પણ જવું જોઈએ.'—આમ કરી (વિચારી) એમણે એક બીજાની આ વાત સ્વીકારી, સ્વીકારીને જે તરફ દક્ષિણ દિશાનો વનખંડ હતો ત્યાં જવા આગળ વધ્યા. ત્યાંથી એવી દુર્ગંધ આવવા લાગી, જેવી કે—કોઈ સર્પના મૃત-શરીરની હોય અથવા—યાવત્—અધિક અનિષ્ટકર હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વનખંડમાં દેવીએ શૂળી પર ચઢાવેલા પુરુષનાં દર્શન—

૫૫૮. ત્યારે તે માકંદીપુત્રોએ તે અશુભ ગંધથી ગભરાઈને પોતપોતાના ઉત્તરીય વસ્ત્રથી મોં ઢાંકી દીધાં, મોં ઢાંકીને જ્યાં દક્ષિણ દિશાનો વનખંડ હતો ત્યાં પહોંચ્યા, ત્યાં તેમણે એક મોટું વધસ્થાન જોયું જ્યાં સેંકડો હાડપિંજરો અને હાડકાંના ઢગલા હતા અને જે દેખાવમાં અતિ ભયંકર લાગતું હતું. ત્યાં તેમણે શૂળી પર ચડાવેલા એક પુરુષને જોયો જે કરુણ, કષ્ટમય અને દારુણ સ્વરે કરાંજતો હતો. તેને જોઈને તેઓ ડરી ગયા, ત્રસ્ત, સંત્રસ્ત બન્યા, ઉદ્વિગ્ન અને ભયભીત બન્યા. જ્યાં પેલો પુરુષ શૂળી પર હતો ત્યાં તેઓ પહોંચ્યા, પહોંચીને તે શૂળી પર ચઢાવેલા પુરુષને આ પ્રમાણે કહેવા લાગ્યા—

'હે દેવાનુપ્રિય ! આ કોનું વધસ્થાન છે ? તું કોણ છે ? શા માટે અહીં આવ્યો હતો ? કોણે તને આવી આપત્તિમાં ધકેલ્યો છે ?

ત્યારે શૂળીથી વિંધાઈ રહેલા તે પુરુષે માકંદીપુત્રોને આમ કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! આ રત્નદ્વીપદેવતાનું વધસ્થાન છે. હે દેવાનુપ્રિયો ! હું જંબૂદ્વીપ-દ્વીપના ભારત વર્ષમાં આવેલ કાકંદી નગરીનો વાસી અશ્વ-વ્યાપારી છું. અનેક અશ્વો અને સાધન-સામગ્રી વહાણમાં લઈને લવણસમુદ્રની સફરે નીકળ્યો હતો. ત્યારે મારું વહાણ નાશ પામવાથી અને સાધનસામગ્રી ડૂબી જવાથી એકમાત્ર પાટિયું મળી જતાં તેના આધારે તરતો તરતો રત્નદ્વીપ નજીક આવી પહોંચ્યો. ત્યારે તે રત્નદેવતાએ અવધિજ્ઞાન વડે મને જોયો, જોઈને મને પકડ્યો, પકડીને લઈ જઈ તે મારી સાથે વિપુલ કામભોગો ભોગવતી રહેવા લાગી. ત્યાર પછી એક વખત એક નાનકડા અપરાધના કારણે તે રત્નદ્વીપદેવતા મારા પર કુપિત થઈ અને કુપિત થઈને તેણે મને આવી આપત્તિમાં ધકેલી દીધો. હે દેવાનુપ્રિયો ! ખબર નથી કે તમારા આ શરીરને પણ કઈ આપત્તિ આવી પડશે.'

માકંદીપુત્રો વડે નિસ્તાર (બચવાનો ઉપાય)-પૃચ્છા—

૫૫૯. ત્યાર પછી તે માકંદીપુત્રો શૂળી પર ચઢાવાયેલા તે પુરુષનો વૃત્તાંત સાંભળી અને અવધારીને અત્યધિક ભયભીત થઈ ગયા, ત્રસ્ત, ઉદ્વિગ્ન, ભયગ્રસ્ત થઈને તેમણે તે શૂળી પરના પુરુષને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય ! અમે રત્નદ્વીપદેવતાના હાથમાંથી પોતાની મેળે કેવી રીતે છૂટી શકીએ ?'

ત્યારે શૂળી પર ચઢાવાયેલા તે પુરુષે તે માકંદીપુત્રોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! આ પૂર્વદિશાના વન-ખંડમાં શૈલક યક્ષનું યક્ષાયતન છે, તેમાં અશ્વરૂપધારી શૈલક નામે એક યક્ષ રહે છે. તે શૈલક યક્ષ ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે પોતાના નક્કી કરેલા સમયે જોર જોરથી આ પ્રમાણે બોલે છે—"કોને તારું? કોને પાળું ?" તો હે દેવાનુપ્રિયો ! તમે પૂર્વ-દિશાના વનખંડમાં જાઓ અને મહાજનોને યોગ્ય પુષ્પોપચાર આદિથી શૈલક યક્ષની અર્ચના કરીને, તેના પગે પડીને, હાથ જોડીને વિનયપૂર્વક પર્યુપાસના કરજો. જ્યારે નિયત સમયે તે શૈલક યક્ષ આવીને કહે—"કોને તારું ? કોને પાળું ?" ત્યારે તમે કહેજો—"અમને તારો. અમનો પાળો." આમ કરવાથી શૈલક યક્ષ તમને રત્નદ્વીપદેવીના હાથમાંથી પોતાની મેળે જ છોડાવશે. નહીં તો હું નથી જાણતો કે તમારાં આ શરીરોની કઈ દશા થશે.'

માકંદીપુત્રોએ કરેલી શૈલક યક્ષની પર્યુપાસના—

૫૬૦. ત્યાર પછી તે માકંદીપુત્રો તે શૂળી પર ચઢાવાયેલા પુરુષનો આ વૃત્તાંત સાંભળી, મનમાં અવધારીને શીઘ્રપણે, ત્વરાથી, ચપળતાપૂર્વક, પ્રચંડ વેગથી જ્યાં પૂર્વ દિશાનો વનખંડ હતો, તેમાં જ્યાં પુષ્કરિણી હતી ત્યાં આવ્યા, આવીને પુષ્કરિણીમાં પ્રવેશ્યા, પ્રવેશીને સ્નાન કર્યું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્નાન કરીને પછી જ્યાં કમળ આદિ હતાં-યાવત્-ને ગ્રહણ કર્યાં, ગ્રહણ કરીને જ્યાં શૈલક યક્ષનું યક્ષાયતન હતું ત્યાં આવ્યા, આવીને યક્ષ પર દૃષ્ટિ પડતાં જ પ્રણામ કર્યા, પ્રણામ કરીને મહાન પુરુષોને યોગ્ય પુષ્પ-અર્ચન કર્યું, અર્ચન કરીને ઘૂંટણીએ પડી, નમન કરી પર્યુપાસના કરવા લાગ્યા.

ત્યાર પછી નિયત સમયે તે શૈલક યક્ષ આ પ્રમાણે બોલ્યો-કોને તારું ? કોને પાળું ?

ત્યારે તે માકંદીપુત્રો ઊભા થયા, ઊભા થઈને બે હાથ જોડી અંજલિ રચી શિરસાવર્ત કરી આ પ્રમાણે બોલ્યા-'અમને તારો. અમને પાળો.'

શૈલક યક્ષ દ્વારા રક્ષણોપાય-કથન—

૫૬૧. ત્યારે તે શૈલક યક્ષે તે માકંદીપુત્રોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! મારી સાથે લવણસમુદ્રની વચ્ચોવચ્ચ પસાર થતાં તમને તે પાપિણી, ચંડા, રુદ્રા, ક્ષુદ્રા અને સાહસી રત્નદ્વીપની દેવી અનેક કઠોર અને કોમળ, અનુકૂળ અને પ્રતિકૂળ, શૃંગારમય અને કરુણ ઉપસર્ગો વડે વિઘ્ન કરશે. આથી હે દેવાનુપ્રિયો ! જો તમે તે રત્નદ્વીપદેવતાની એવી કોઈ વાતનો આદર કરશો, સ્વીકાર કરશો કે અપેક્ષા કરશો તો હું તમને મારી પીઠ પરથી નીચે પાડી દઈશ. અને જો તમે રત્નદ્વીપની દેવીની એવી વાતનો આદર નહીં કરો, સ્વીકાર નહીં કરો, તે પર ધ્યાન નહીં આપો તો હું પોતાની જાતે જ રત્નદ્વીપદેવીના હાથમાંથી તમારો છૂટકારો કરાવીશ.'

ત્યારે તે માકંદીપુત્રોએ શૈલક યક્ષને આ પ્રમાણે કહ્યું—'આપ દેવાનુપ્રિય જેમ કહેશો તે પ્રમાણે આપની આજ્ઞા, આદેશ, વચન-નિર્દેશનું પાલન કરીશું.'

ત્યાર પછી તે શૈલક યક્ષ ઉત્તર પૂર્વ દિશા (ઈશાન કોણ)માં ગયો, ત્યાં જઈને તેણે વૈક્રિય સમુદ્ઘાત કર્યો, સમુદ્ઘાત કરીને સંખ્યાત યોજનનો દંડ કાઢ્યો, બીજી અને ત્રીજી વાર પણ વૈક્રિય સમુદ્ઘાત કરીને એક મોટા અશ્વ-રૂપની વિકુર્વણા કરી, વિકુર્વણા કરીને માકંદીપુત્રોને આ પ્રમાણે કહ્યું-'હે માકંદીપુત્રો ! હે દેવાનુપ્રિયો ! મારી પીઠ પર ચડી જાઓ.'

માકંદીપુત્રોનું શૈલકપૃષ્ઠારોહણ—

૫૬૨. ત્યારે તે માકંદીપુત્રો હૃષ્ટ તુષ્ટ થઈને શૈલક યક્ષને પ્રણામ કરી તેની પીઠ પર સવાર થઈ ગયા.

ત્યાર પછી તે શૈલક યક્ષ માકંદીપુત્રોને પીઠ પર સવાર થયેલા જાણીને પછી સાત આઠ તાડ જેટલો આકાશમાં ઊંચો થયો, ઊંચો થઈને પોતાની ઉત્કૃષ્ટ ગતિથી, ત્વરિત, ચપળતાપૂર્વક, પ્રચંડ વેગથી, દિવ્ય દેવગતિપૂર્વક લવણ સમુદ્રની વચ્ચોવચ્ચ થઈને જ્યાં જંબૂદ્વીપ હતો, જ્યાં ભારત ક્ષેત્ર હતું, જ્યાં ચંપાનગરી હતી ત્યાં જવા ઉદ્યત થયો.

રત્નદ્વીપ-દેવતા કૃત પ્રતિકૂળ ઉપસર્ગ—

૫૬૩. ત્યાર પછી પેલી રત્નદ્વીપની દેવીએ લવણ-સમુદ્રનું એકવીશ વાર પર્યટન કર્યું, અને એમાં તૃણ અથવા-યાવત્-એકાંતમાં ફેંકી દીધું, પછી તે જ્યાં પોતાનો શ્રેષ્ઠ પ્રાસાદ હતો ત્યાં પાછી આવી, આવીને તેણે શ્રેષ્ઠ પ્રાસાદમાં તે માકંદીપુત્રોને ન જોયા તેથી જ્યાં પૂર્વ દિશાનો વનખંડ હતો ત્યાં ગઈ-યાવત્-ચારે બાજુ શોધખોળ કરી, શોધ કરવા છતાં તે માકંદી-પુત્રોની કચાંય પણ શ્રુતિ અથવા ક્ષુતિ (છીંકનો અવાજ) અથવા પ્રવૃત્તિ (હિલ-ચાલ) ન જણાતાં જ્યાં ઉત્તર દિશાનો અને એ જ રીતે પશ્ચિમ દિશાનો વનખંડ-જોતાં-યાવત્-તેમને ન જોતાં અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. અવધિજ્ઞાનથી તેણે તે માકંદીપુત્રોને શૈલકની સાથે લવણસમુદ્રની વચ્ચોવચ્ચ થઈને જતા જોયા, જોઈને ક્રોધાયમાન થઈ, ઢાલ-તલવાર લીધાં, લઈને સાત આઠ તાડ જેટલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાશમાં ઊંચી થઈ, ઊંચી થઈને ઉત્કૃષ્ટ દેવગતિથી જ્યાં માકંદીપુત્રો હતા ત્યાં આવી, આવીને આ પ્રમાણે બોલી—

'અરે માકંદીપુત્રો ! અરે અપ્રાર્થિત-(મૃત્યુ)ના અભિલાષીઓ ! શું તમે મને નથી જાણતા કે મને છોડીને શૈલક યક્ષની સાથે લવણસમુદ્રની વચ્ચોવચ્ચ થઈને તમે નીકળી જશો ? તો આટલું થવા છતાં જો તમે મારી અપેક્ષા રાખશો તો જીવતા રહી શકશો. જો મારી અપેક્ષા નહીં રાખો તો નીલકમળ, પાડાના સિંગ અને અળસીના પુષ્પ જેવી ચમકતી અને છરીની ધાર જેવી તિક્ષ્ણ તલવારથી લાલ લાલગાલ વાળા અને મૂંઝેવાળા, તમારી માતાએ શણગારેલાં મસ્તકોને તાડફળની જેમ કાપીને એક તરફ ફેંકી દઈશ.'

ત્યારે તે માકંદીપુત્રો રત્નદ્વીપની દેવીની આ વાત સાંભળીને અને સમજીને પણ ભયભીત ન થયા, ત્રસ્ત ન થયા, ઉદ્વિગ્ન ન થયા, ક્ષુબ્ધ ન થયા, સંભ્રાન્ત ન થયા અને તેમણે રત્નદ્વીપની દેવીની એ વાતનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો કે ધ્યાન આપ્યું નહીં અને આદર ન કરતાં, સ્વીકાર ન કરતાં, ધ્યાન ન આપતાં શૈલક યક્ષની સાથે લવણસમુદ્રનો વચ્ચોવચ્ચ પસાર થવા લાગ્યા.

રત્નદ્વીપ-દેવતા કૃત અનુકૂળ ઉપસર્ગ—

૫૬૪. ત્યાર બાદ તે રત્નદ્વીપ-દેવીએ તે માકંદીપુત્રોને અનેક પ્રતિકૂળ ઉપસર્ગો વડે ચલિત કરવા, લોભાવવા, ક્ષુબ્ધ કરવા કે તેમના વિચાર બદલવા સમર્થ ન થતાં પછી મધુર, શૃંગારમય અને કરુણ ઉપસર્ગોથી તેમને વિઘ્ન કરવાનું શરૂ કર્યું—

'હે માકંદીપુત્રો ! હે દેવાનુપ્રિયો ! તમે મારી સાથે હાસ્ય ગમ્મત કર્યા છે, લીલા કરી છે, ક્રીડા કરી છે, હિંડોળે હિંચ્યા છો, મનોરંજન કર્યું છે... અને હવે તે કંઈ ગણ્યા વિના મને ત્યજીને શૈલક યક્ષ સાથે લવણસમુદ્રની વચ્ચોવચ્ચ થઈને જઈ રહ્યા છો ?'

ત્યાર પછી તે રત્નદ્વીપદેવતાએ અવધિજ્ઞાનથી જિનરક્ષિતના મનને જોયું, જોઈને આ પ્રમાણે કહેવા લાગી—

'હું સદૈવ જિનપાલિત માટે તો અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અમનામ હતી. જિનપાલિત પણ મારા માટે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અમનામ હતો. હું તો સદૈવ જિનરક્ષિતની ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ અને મનામ હતી. જિનરક્ષિત પણ મારા માટે સદૈવ ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ અને મનામ હતો. આથી જિનપાલિત તો મને રોતી, આક્રંદ કરતાં, શોક કરતી, અનુતાપ કરતી અને વિલાપ કરતી જોઈને ધ્યાન ન આપે, પરંતુ હે જિનરક્ષિત ! તું પણ શું મને રોતી, આક્રંદ કરતી, શોક કરતી, અનુતાપ કરતી અને વિલાપ કરતી જોઈને મારી અવજ્ઞા કરીશ ?'

ત્યાર પછી શ્રેષ્ઠ રત્નદ્વીપની તે દેવીએ અવધિજ્ઞાનથી જિનરક્ષિતનો મનોભાવ જાણીને તેને મારવા માટે બન્ને માકંદીપુત્રો પ્રતિ દ્વેષયુક્ત કપટલીલા રચીને, વિવિધ પ્રકારનાં સુગંધી ચૂર્ણોથી મિશ્રિત દિવ્ય અને નાક તથા મનને તૃપ્તિદાયક, સર્વ ઋતુઓના સુગંધી પુષ્પોની વૃષ્ટિ કરી, વિવિધ પ્રકારના મણિ, કનક અને રત્નોની ઘંટડીઓ, ઘૂઘરીઓ, નૂપુર અને કટિમેખલાના અવાજથી દિશાઓ અને વિદિશાઓ ભરી દીધી અને આવાં કરુણ વચનો બોલવા લાગી—

હોલ ! વસુલ ! ગોલ ! નાથ ! સ્વામિ ! પ્રિય ! રમણ ! કાંત ! અભિલષિત ! નિર્ઘૃણ (નિર્દય) ! નિત્યક્ક (અવસરને ન જાણનાર) ! નિષ્ક્રિય ! અકૃતજ્ઞ ! શિથિલભાવ ! નિર્લજ્જ ! રુક્ષ ! અકરુણ ! જિનરક્ષિત ! મારા હૃદયના રક્ષક ! મને એકલી, અનાથ, બાંધવહીનને, તારા ચરણની સેવિકા એવી મને અધન્યને છોડીને ચાલ્યા જવું તને શોભતું નથી.

હે ગુણભંડાર ! હું તારા વિના એક ક્ષણ પણ જીવવા સમર્થ નથી. અનેક સેંકડો મત્સ્ય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મગર અને વિવિધ ક્ષુદ્ર જળચર પ્રાણીઓના નિવાસસ્થાનરૂપ આ સમુદ્રની વચ્ચે હું તારી નજર સામે જ આત્મહત્યા કરું છું.

આવ, પાછો વળ. તું કોપાયમાન થયો હોય તો પણ મારો એક અપરાધ માફ કર.

શરદ ઋતુના મેઘરહિત વિમળ ચન્દ્ર સમાન, સદ્ય વિકસિત કમળ, કુમુદ અને કુવલયના વિમલસમૂહની સમાન તારાં નયન અને વદનના દર્શનની પિપાસાથી હું અહીં આવી છું. તારું મુખ જોવા હું અધીર છું. એટલે હે નાથ! આ તરફ, મારા તરફ જો જેથી હે નાથ! હું તારું વદનકમળ જોઈ શકું.'

આ પ્રકારનાં પ્રેમપૂર્ણ, સરળ, મધુર અને કરુણ વચનો વારંવાર બોલતી તે પાપિણી તેમની પાછળ પાછળ ચાલવા લાગી.

જિનરક્ષિતનો વિનાશ—

૫૬૫. ત્યાર પછી આવા પ્રકારના કાનને સુખદાયક અને મનને હરનારા આભૂષણોના રવથી તથા પ્રણયસભર સરળ મધુર વચનોથી જિનરક્ષિતનું મન ચળી ગયું, તેનો રાગ બમણો વધી ગયો, રત્નદ્વીપ દેવતાના સુંદર સ્તન, જઘન, મુખ, હાથ, પગ અને નયનોના લાવણ્યને, શરીર સૌન્દર્ય અને યૌવનલક્ષ્મીને તથા સહસા કરેલ દિવ્ય આલિંગનો, કામચેષ્ટાઓ, હાસ્યગર્ભિત, સકટાક્ષ દૃષ્ટિપાતો, કામક્રીડાજનિત નિઃશ્વાસો, મર્દન, ઉપલલિત, સ્થિતિ, ગમન, પ્રણયકોપ અને પ્રસાદ (રીસામણાં-મનામણાં)ને યાદ કરીને જિનરક્ષિતની મતિ રાગથી મૂઢ બની ગઈ, તે વિવશ થઈ ગયો અને કર્મવશાત્ પાછળ મોં ફેરવી લજ્જાપૂર્વક જોવા લાગ્યો.

ત્યારે જિનરક્ષિતને રત્નદ્વીપદેવતા પર અનુરાગ થયો કે મૃત્યુરૂપી રાક્ષસે તેના ગળામાં હાથ નાખી તેની મતિ પલટી નાખી, તેણે દેવી તરફ જોયું કે તરત જ એ જાણીને શૈલક યક્ષે ધીરેથી તેને પોતાની પીઠ પરથી ફેંકી દીધો.

ત્યારે તે નિર્દય પાપિણી રત્નદ્વીપદેવતાએ જિનરક્ષિતને કરુણપણે શૈલક યક્ષની પીઠ પરથી પડતો જોયો અને 'રે દાસ! મર્યો.' એમ બોલીને સમુદ્રના જળ સુધી પહોંચે તે પહેલાં જ કકળાટ કરતા તેને પકડ્યો અને આકાશમાં અધ્ધર કર્યો અને પછી નીચે પડતા તેને તરવારની ધાર પર ઝીલી લઈને નીલકમળ, પાડાના સિંગ અને અળસીના પુષ્પ જેવી શ્યામ આભાવાળી શ્રેષ્ઠ તરવારથી તેના ટુકડે ટુકડા કર્યા, ટુકડા કરીને રુધિરયુક્ત તેના અંગોપાંગો લઈને હર્ષપૂર્વક ચારે દિશામાં બલિરૂપે ફેંક્યા.

એવી રીતે હે આયુષ્મન શ્રમણો! જે અમારા નિર્ગ્રંથ યા નિર્ગ્રંથિની આચાર્ય કે ઉપાધ્યાય સમીપે પ્રવ્રજિત થઈને અનગાર બને છે અને ફરી માનુષી કામભોગોની આસક્તિ કરે છે, યાચના કરે છે, સ્પૃહા કરે છે, અભિલાષા કરે છે—તે આ જ ભવમાં અનેક શ્રમણો, અનેક શ્રમણીઓ, અનેક શ્રાવકો અને અનેક શ્રાવિકાઓ વડે નિંદાય છે યાવત્ ચતુર્ગતિમય સંસારરૂપી કાંતારમાં વારંવાર પરિભ્રમણ કરે છે—જેમ કે તે જિનરક્ષિત.

ગાથાર્થ—

પાછળ જોનારો જિનરક્ષિત ઠગાયો અને ન જોનારો જિનપાલિત નિર્વિઘ્ન પોતાના સ્થાને પહોંચી ગયો.—આથી પ્રવચનસાર અર્થાત્ ચારિત્રમાં આસક્તિ-રહિત બનવું જોઈએ. (૧)

ભોગોના અભિલાષા ઘોર સંસારમાં પડે છે અને ભોગોથી અનાસક્ત રહેનાર સંસારરૂપી કાંતાર (મહાવન)ને પાર કરી જાય છે. (૨)

જિનપાલિતનું ચંપાગમન—

૫૬૬. ત્યાર પછી તે રત્નદ્વીપદેવતા જ્યાં જિનપાલિત હતો, ત્યાં આવી, આવીને અનેક અનુકૂળ અને પ્રતિકૂળ, કઠોર અને મધુર, શૃંગારમય અને કરુણાજનક ઉપસર્ગો વડે જ્યારે તેને ચળાવવા, ક્ષુબ્ધ કરવામાં કે તેના મનોભાવને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદલાવવામાં સફળ ન થઈ ત્યારે શ્રાંત, ખિન્ન, ક્લાન્ત અને નિર્વિણ્ણ થઈને જે દિશામાંથી આવી હતી તે દિશામાં પાછી ચાલી ગઈ.

ત્યાર પછી તે શૈલક યક્ષ જિનપાલિત સાથે લવણસમુદ્રની વચ્ચોવચ્ચ થઈને પસાર થયો, પસાર થઈને જ્યાં ચંપાનગરી હતી ત્યાં આવ્યો, આવીને ચંપાનગરીના મુખ્ય ઉદ્યાનમાં જિનપાલિતને પીઠ પરથી ઉતાર્યો, ઉતારીને આ પ્રમાણે બોલ્યો—'હે દેવાનુપ્રિય ! આ ચંપાનગરી દેખાય છે.' આમ કહીને જિનપાલિતની આજ્ઞા લીધી, આજ્ઞા લઈને જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં પાછો ફર્યો.

ત્યાર પછી તે જિનપાલિતે ચંપાનગરીમાં પ્રવેશ કર્યો, પ્રવેશ કરીને જ્યાં પોતાનું ઘર હતું, જ્યાં માતા-પિતા હતા ત્યાં આવ્યો, આવીને તેણે રોતાં રોતાં, આક્રંદ કરતાં કરતાં, શોક કરતાં કરતાં, પરિતાપ કરતાં કરતાં, વિલાપ કરતાં કરતાં, માતાપિતાને જિનરક્ષિતના ઘાતની વાત કરી.

ત્યાર પછી જિનપાલિત તથા તેનાં માતા-પિતાએ મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનો સાથે મળી રોતાં રોતાં, આક્રન્દ કરતાં કરતાં, શોક કરતાં કરતાં, પરિતાપ કરતાં કરતાં, અને વિલાપ કરતાં કરતાં બધી લૌકિક મરણોત્તર ક્રિયાઓ કરી અને કાળક્રમે શોક છોડ્યો.

ત્યાર પછી કોઈ એક વાર સુખાસને બેઠેલા જિનપાલિતને તેના માતાપિતાએ આ પ્રમાણે કહ્યું—'હે પુત્ર ! જિનરક્ષિત કેવી રીતે મૃત્યુ પામ્યો ?'

ત્યારે જિનપાલિતે માતાપિતાને લવણ સમુદ્રમાં પ્રવેશ, તોફાની પવનનું આવવું, વહાણ ભાંગવું, લાકડાનું પાટિયું મળવું, રત્નદ્વીપમાં પહોંચવું, રત્નદ્વીપની દેવી દ્વારા પકડાવું, ભોગ ભોગવવા, રત્નદ્વીપદેવતાનું વધસ્થાન અને શૂળી પર ચડાવેલા પુરુષનું દર્શન, શૈલક યક્ષની પીઠ પર બેસી ભાગવું, રત્નદ્વીપ દેવતા વડે ઉપસર્ગ અને જિનરક્ષિતનો ઘાત, પોતાનું લવણસમુદ્ર પાર ઊતરવું, ચંપામાં આવવું અને શૈલક યક્ષનું આજ્ઞા સાથે પાછા ફરવું — આદિ જે કંઈ બન્યું હતું તે જેવી રીતે બન્યું હતું તેમ જ અસંદિગ્ધપણે કહ્યું.

ત્યાર પછી તે જિનપાલિત શોકરહિત યાવત્ વિપુલ ભોગો ભોગવતો રહેવા લાગ્યો.

જિનપાલિતની પ્રવ્રજ્યા—

૫૬૭. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. જિનપાલિતે ધર્મ શ્રવણ કરી પ્રવ્રજ્યા લીધી. અગિયાર અંગોનું જ્ઞાન મેળવ્યું. માસિક સંલેખના દ્વારા આત્મશુદ્ધિ કરી, સાઠ ભક્તનું અનશન કરી, કાળસમયે કાળધર્મ પામી સૌધર્મકલ્પમાં દેવ રૂપે ઉત્પન્ન થયો. ત્યાં બે સાગરોપમની તેની સ્થિતિ થઈ. મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામી સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.

એ રીતે હે આયુષ્મન શ્રમણો ! જે આપણા નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથિની આચાર્ય કે ઉપાધ્યાય પાસે મુંડિત થઈને, ગૃહત્યાગ કરીને આનગારિક પ્રવ્રજ્યા અંગીકાર કરી, ફરી મનુષ્ય સંબંધી કામભોગોની આકાંક્ષા નથી કરતા, યાચના નથી કરતા, સ્પૃહા નથી કરતા તે આ જ ભવમાં અનેક શ્રમણો, અનેક શ્રમણીઓ, અનેક શ્રાવકો અને અનેક શ્રાવિકાઓ વડે પૂજાને પાત્ર બને છે-યાવત્-ચાર ગતિ રૂપી સંસાર-કાંતારને પાર કરે છે—જેમ કે તે જિનપાલિત.

* * *

૪૩. મહાવીર-તીર્થમાં કાલાસ્યવેષિ-પુત્ર

૫૬૮. તે કાળે (ભગવાન પાર્શ્વનાથના નિર્વાણથી લગભગ ૨૫૦ વર્ષ પછી)તે સમયે (ભગવાન મહાવીરના શાસનકાળે) પાર્શ્વાપત્ય (પાર્શ્વનાથની પરમ્પરાના શિષ્યાનુશિષ્ય) કાલાસ્યવેષિપુત્ર નામના અનગાર (જ્યાં ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરના) સ્થવિરો (શ્રુતવૃદ્ધ શિષ્યો) વિરાજયા હતા, ત્યાં ગયા, તેમની પાસે આવી સ્થવિર ભગવન્તોને તેમણે આ પ્રમાણે કહ્યું—

'સ્થવિરો ! તમે સામાયિક જાણતા નથી, સામાયિકનો અર્થ જાણતા નથી, તમે પચ્ચક્ખાણ જાણતા નથી, પચ્ચક્ખાણનો અર્થ નથી જાણતા, તમે સંયમને નથી જાણતા અને સંયમના અર્થને નથી જાણતા; તમે સંવર જાણતા નથી, સંવરના અર્થને નથી જાણતા; હે સ્થવિરો ! તમે વિવેકને નથી જાણતા અને વિવેકના અર્થને નથી જાણતા, તથા તમે વ્યુત્સર્ગને નથી જાણતા અને વ્યુત્સર્ગના અર્થને નથી જાણતા.'

ત્યારે તે સ્થવિર ભગવંતોએ કાલાસ્યવેષિ-પુત્ર નામના અનગારને આ પ્રમાણે કહ્યું—

'હે આર્ય ! અમે સામાયિકને જાણીએ છીએ, સામાયિકના અર્થને પણ જાણીએ છીએ—યાવત્ અમે વ્યુત્સર્ગને જાણીએ છીએ અને વ્યુત્સર્ગના અર્થને પણ જાણીએ છીએ.'

ત્યારે તે કાલાસ્યવેષિપુત્ર અનગારે તે સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહ્યું—

'હે આર્યો ! જો તમે સામાયિકને અને સામાયિકના અર્થને જાણો છો, યાવત્—વ્યુત્સર્ગ અને વ્યુત્સર્ગના અર્થને જાણો છો, તો બતાવો કે (આપના મત અનુસાર) સામાયિક શું છે અને સામાયિકનો અર્થ શું છે ? યાવત્.....વ્યુત્સર્ગ શું છે અને વ્યુત્સર્ગનો અર્થ શું છે ?'

ત્યારે તે સ્થવિર ભગવન્તોએ આ પ્રમાણે કહ્યું કે—

'હે આર્ય ! અમારો આત્મા એ જ સામાયિક છે, અમારો આત્મા એ જ સામાયિકનો અર્થ છે; યાવત્ અમારો આત્મા જ વ્યુત્સર્ગ છે અને અમારો આત્મા એ જ વ્યુત્સર્ગનો અર્થ છે.'

ત્યાર પછી તે કાલાસ્યવેષિપુત્ર અનગારે તે સ્થવિર ભગવંતોને આ પ્રમાણે પૂછ્યું—

'હે આર્યો ! જો આત્મા જ સામાયિક છે, આત્મા જ સામાયિકનો અર્થ છે, અને તે જ પ્રમાણે યાવત્ આત્મા જ વ્યુત્સર્ગ છે તથા આત્મા જ વ્યુત્સર્ગનો અર્થ છે, તો તમે ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરી શા માટે તે ક્રોધ વગેરેની ગર્હા—નિંદા કરો છો ?'

'હે કાલાસ્યવેષિપુત્ર ! અમે સંયમને માટે ક્રોધ વગેરેની નિંદા કરીએ છીએ.'

'તો હે ભગવંતો ! શું ગર્હા-નિંદા (કરવી) સંયમ છે કે અગર્હા (કરવી) સંયમ છે ?'

'હે કાલાસ્યવેષિપુત્ર ! ગર્હા (પાપોની નિંદા) સંયમ છે પરંતુ અગર્હા સંયમ નથી. ગર્હા બધા દોષોને દૂર કરે છે—આત્મા સર્વમિથ્યાત્વને જાણીને ગર્હા દ્વારા બધા દોષોનો નાશ કરે છે. આ પ્રમાણે અમારો આત્મા સંયમમાં પુષ્ટ છે, અને આ પ્રમાણે અમારો આત્મા સંયમમાં ઉપસ્થિત છે.'

[સ્થવિર ભગવંતોનો ઉત્તર સાંભળી] તે કાલાસ્યવેષિપુત્ર અનગાર સંબુદ્ધ થયા અને તેણે સ્થવિર ભગવંતોને વંદન કર્યા, નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—

'હે ભગવંતો ! આ (પૂર્વોક્ત) પદોને નહીં જાણવાથી, પહેલાં સાંભળેલ નહીં હોવાથી, અબોધિપણું હોવાથી, અભિગમ—જ્ઞાન ન હોવાથી, જોએલાં ન હોવાથી, ચિંતવેલાં (વિચારેલાં) ન હોવાથી, સાંભળેલ નહીં હોવાથી, વિશેષરૂપે નહીં જાણવાથી, કહેલાં નહીં જાણવાથી, અનિર્ણીત હોવાથી, ઉદ્ધરેલાં ન હોવાથી, અને આ પદ અવધારણ નહીં કર્યાં હોવાથી, આ અર્થમાં મેં શ્રદ્ધા કરી ન હતી, પ્રતીતિ કરી ન હતી, રુચિ કરી ન હતી; પરંતુ હે ભગવંતો ! હમણાં આ(પદો)ને જાણ્યાં હોવાથી, સાંભળી લેવાથી, બોધ થવાથી, અભિગમ થવાથી, જોએલાં હોવાથી, ચિંતવેલાં હોવાથી, સાંભળેલ હોવાથી, વિશેષ જાણ્યાં હોવાથી (આપની દ્વારા) કહેલાં હોવાથી, નિર્ણીત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી, ઉદ્ધરેલાં હોવાથી અને એ પદો અવધારિત હોવાથી એ અર્થમાં હું શ્રદ્ધા કરું છું, પ્રીતિ કરું છું, રુચિ કરું છું. હે ભગવંતો ! તમે જે આ કહો છો, તે યથાર્થ છે, તે એ જ પ્રમાણે છે.'

કાલાસ્યવેષિનું ચાતુર્યામ-ધર્મથી પંચમહાવ્રત-ધર્મમાં આવવું—

૫૬૯. ત્યાર બાદ તે સ્થવિર ભગવંતોએ કાલાસ્યવેષિપુત્ર અનગારને આ પ્રમાણે કહ્યું—' હે આર્ય! જેમ અમે આ કહીએ છીએ તેમાં તું શ્રદ્ધા રાખ, પ્રીતિ રાખ અને રુચિ રાખ.'

ત્યારે તે કાલાસ્યવેષિપુત્ર અનગારે સ્થવિર ભગવંતોને વંદન-નમસ્કાર કર્યાં, વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા- 'હે ભગવંતો ! તમારી પાસે ચાતુર્યામ ધર્મ—ચાર મહાવ્રતવાળો ધર્મ-છોડી પ્રતિક્રમણ સહિત પાંચ મહાવ્રતવાળો ધર્મ પ્રાપ્ત કરી વિહરવા ઇચ્છું છું'.

'હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કર, વિલંબ ન કર' [સ્થવિરોએ કહ્યું.)

૫૭૦. ત્યારબાદ તે કાલાસ્યવેષિપુત્ર અનગારે ભગવંતોને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરી ચાતુર્યામ ધર્મને છોડી, પ્રતિક્રમણ સહિત પાંચ મહાવ્રતવાળા ધર્મનો સ્વીકાર કરી વિહરવા લાગ્યા.

ત્યાર પછી તે કાલાસ્યવેષિપુત્ર અનગારે અનેક વર્ષો સુધી શ્રમણપર્યાયનું પાલન કર્યું, પાલન કરી જે પ્રયોજન સારુ નગ્નપણું, મુંડિતપણું, સ્નાન ન કરવું, દાતણ ન કરવું, છત્ર ન રાખવું, જોડાં ન પહેરવાં, ભોંય પર બેસવું, પાટિયા પર સૂવું, લાકડા ઉપર સૂવું, કેશનો લોચ કરવો, બ્રહ્મચર્યપૂર્વક રહેવું, (ભિક્ષા માટે) બીજાને ઘરે જવું, કયાંય મળે ક કયાંય ન મળે અથવા ઓછું મળે તથા અનુકૂળ-પ્રતિકૂળ થાય, ઈન્દ્રિયોને માટે કાંટા જેવા બાવીશ પરિષહો-ઉપસર્ગો-ને સહ્યા, તેના અર્થની આરાધના કરી, એ બધું તે કાલાસ્યવેષિપુત્ર અનગારે આરાધ્યું અને તે અનગાર છેલ્લા ઉચ્છ્વાસ નિઃશ્વાસ વડે સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા, પરિનિવૃત્ત થયા અને સર્વે દુઃખોથી હીન થયા.

* * *

૪૪. મહાવીર-તીર્થમાં ઉદક પેઢાલપુત્ર

નાલંદામાં લેપ શ્રમણોપાસક—

૫૭૧. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું—તે સમૃદ્ધ, નિર્ભય, ધનધાન્ય સંપન્ન-યાવત્-વર્ણન...સુંદર હતું.

તે રાજગૃહ નગરની બહાર ઉત્તરપૂર્વ દિશામાં (ઈશાનકોણમાં) નાલંદા નામે એક ઉપનગર (પરું) હતું-જે સેંકડો ભવનોથી સુશોભિત, દર્શનીય, યાવત્-પ્રતિરૂપ હતું.

તે નાલંદા ઉપનગરમાં લેપ નામે ગાથાપતિ (ગૃહસ્થ) હતો-જે ધનાઢ્ય યાવત્ કોઈથી પરાભવ ન પામે તેવો હતો.

તે લેપ નામે ગાથાપતિ શ્રમણોપાસક હતો અને વળી જીવાજીવ તત્ત્વોનો જ્ઞાતા-યાવત્-નિર્ગ્રંથ પ્રવચનમાં પૂર્ણ શ્રદ્ધાવાળો અને અન્ય દર્શનોની ઇચ્છા રહિત, ગુણીજનોની નિંદા ન કરનાર, પરમાર્થનો જાણકાર, પરમાર્થનો સ્વીકાર કરનાર, પરમાર્થમાં નિશ્ચય બુદ્ધિવાળો, અભિગતાર્થ, અસ્થિ અને મજ્જામાં પણ ધર્મના રાગવાળો અર્થાત્ ધર્માનુરાગમાં ગળાડૂબ એવો અને 'આયુષ્મન્ ! આ નિર્ગ્રંથ પ્રવચનજ સત્ય છે અને એ જ પરમાર્થ છે બાકીનાં બધાં અનર્થછે'.-[આમ માનતો અને કહેતો] હતો. તેનો નિર્મળ યશ જગતમાં પ્રસર્યો હતો; તેનાં દ્વાર બધા માટે ખુલ્લાં હતાં; અંતઃપુર કે બીજાના ઘરમાં પણ તેનો પ્રવેશ સરળ હતો (અર્થાત્ સૌનો વિશ્વાસપાત્ર અને આદરણીય હતો.) તે ચતુર્દશી, અષ્ટમી, અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે પરિપૂર્ણ પૌષધવ્રતનું પાલન કરતો, શ્રમણ નિર્ગ્રંથોને પ્રાસુક, એષણીય અશન, પાન, ખાદ્ય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાદ્ય તથા વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, ઔષધ, ભેષજ, પીઠફલક, શૈયા–સંસ્તારક આદિનું દાન કરતો અને અનેકવિધ શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધ તથા ઉપવાસ આદિ યથાયોગ્ય તપોકર્મ દ્વારા આત્માનું ચિંતન કરતો કરતો રહેતો હતો.

લેપની ઉદકશાળા સમીપે ગૌતમનો વિહાર—

૫૭૨. તે લેપ નામે ગાથાપતિની નાલંદાની બહારના ભાગમાં ઉત્તર પૂર્વ દિશામાં (ઈશાનકોણમાં) શેષદ્રવ્યા નામે જળશાળા હતી—જે અનેક પ્રકારના સેંકડો સ્તંભોથી યુક્ત, મનને પ્રસન્ન કરનાર યાવત્ પ્રતિરૂપ હતી.

તે શેષદ્રવ્યા ઉદકશાળાની ઉત્તર પૂર્વ દિશામાં હસ્તિયાગ નામે એક વનખંડ હતો જે કૃષ્ણ વર્ણ.....વનખંડનું વર્ણન અહીં કરવું. તે વનખંડના ગૃહપ્રદેશમાં ભગવાન ગૌતમ સ્વામી વિહરતા હતા ત્યારે નીચેના ઉદ્યાનમાં વિરાજતા હતા.

ઉદક પેઢાલપુત્રનું પ્રશ્નાર્થે ગૌતમ સમીપે આગમન—

૫૭૩. આ અવસરે ભગવાન પાર્શ્વનાથની પરંપરાના મેતાર્યગોત્રીય નિર્ગ્રંથ ઉદક પેઢાલપુત્ર જ્યાં ભગવાન ગૌતમ વિરાજતા હતા ત્યાં આવ્યા, આવીને ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું— 'હે આયુષ્મન્ ગૌતમ! મારે આપને કેટલાંક સ્થાનો (પ્રશ્નો) પૂછવા છે. તો હે આયુષ્મન્! તે અંગે આપે જે સાંભળ્યું હોય, જે નિશ્ચય કર્યો હોય તેની વ્યાખ્યા કરી સમજાવો'

ભગવાન ગૌતમ સ્વામીએ ઉદક પેઢાલપુત્રને આ પ્રમાણે કહ્યું— 'હે આયુષ્મન્! આપના પ્રશ્નો સાંભળીને અને સમજીને હું જાણી શકીશ (જાણતો હોઉં તો ઉત્તર આપીશ.)'

ઉદક પેઢાલપુત્રનો શ્રમણોપાસક-પ્રત્યાખ્યાન વિષયક પ્રશ્ન—

૫૭૪. વાદ સહિત ઉદક પેઢાલપુત્રે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું—

'હે આયુષ્મન્ ગૌતમ! કર્માદિપુત્ર નામે એક શ્રમણ નિર્ગ્રંથ છે જે તમારા પ્રવચનની પ્રરૂપણા કરતાં, એમની પાસે આવેલા ગૃહસ્થ શ્રમણોપાસકને આ પ્રકારે પ્રત્યાખ્યાન કરાવે છે— "રાજા આદિના અભિગમો સિવાય અન્યત્ર ગાથાપતિ–ચોર ગ્રહણ વિમોક્ષણ ન્યાયથી ત્રસ પ્રાણીઓને પ્રાણીદંડ દેવાનું પ્રત્યાખ્યાન છે."

પરંતુ એમનું આ પ્રકારનું પ્રત્યાખ્યાન કરવું દુષ્પ્રત્યાખ્યાન છે. આવી રીતે જે પ્રત્યાખ્યાન કરે છે તે દુષ્પ્રત્યાખ્યાન કરે છે, આવી રીતે પ્રત્યાખ્યાન કરાવનાર પુરુષ સ્વયં પોતાની પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરે છે.

તેનું શું કારણ છે?

કેમ કે સંસારી પ્રાણી પરિવર્તનશીલ છે. આથી સ્થાવર પ્રાણી પણ ત્રસરૂપે પેદા થાય છે અને ત્રસ પ્રાણી પણ સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે. તેઓ સ્થાવરકાયને છોડીને ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે, ત્રસકાયને છોડીને સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે. તે પ્રાણી જ્યારે સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે ત્યારે તે પેલા ત્રસકાયને દંડ ન દેનાર વડે ઘાત કરવા પાત્ર હોય છે.

પરંતુ જે લોકો આવું પ્રત્યાખ્યાન કરે છે તેમનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન બને છે.

આ પ્રકારનું જે પ્રત્યાખ્યાન કરાવે છે એમનું પ્રત્યાખ્યાન કરાવવું સુપ્રત્યાખ્યાન કરાવવું કહેવાય છે.

આ રીતે જે બીજાને પ્રત્યાખ્યાન કરાવે છે તે શું પોતાની પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન નથી? 'રાજાના અભિયોગને છોડીને, ગાથાપતિ–ચોર–ગ્રહણ-વિમોક્ષણ ન્યાયથી વર્તમાનમાં ત્રસ રૂપે પરિણત પ્રાણીને દંડ દેવાનો ત્યાગ છે.' આમ થતાં ભાષામાં શક્તિવિશેષ વિદ્યમાન ન હોવાથી તેઓ ક્રોધ યા લોભવશ બીજાને પ્રત્યાખ્યાન કરાવે છે. શું અમારો આ ઉપદેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન્યાય-સંગત નથી ? હે આયુષ્મન્ ગૌતમ ! અમારું આ કથન શું તમને પણ ગમે છે ?

ભગવાન ગૌતમનો ઉત્તર—

૫૭૫. ભગવાન ગૌતમે ઉદક પેઢાલપુત્રને વાદસહિત આ પ્રમાણે કહ્યું—

'હે આયુષ્મન્ ઉદક ! આ પ્રમાણે પ્રત્યાખ્યાન કરાવવું અમને ગમતું નથી—જે શ્રમણ કે બ્રાહ્મણ તમારા કહેવા પ્રમાણે પ્રરૂપણા કરે છે તે શ્રમણ અને નિર્ગ્રંથ યથાર્થ ભાષાનો પ્રયોગ કરતા નથી, તેઓ અનુતાપ ઉત્પન્ન કરનારી ભાષાનો પ્રયોગ કરે છે. તેઓ શ્રમણ અને શ્રમણોપાસકોનું અભ્યાખ્યાન કરે છે—તેમને વ્યર્થ કલંક દે છે. જે અન્ય પ્રાણીઓ—યાવત્—સત્ત્વોના વિષયમાં સંયમ ગ્રહણ કરે છે તેમના પર પણ તેઓ કલંક લગાડે છે.

એનું કારણ શું છે ?

બધાં પ્રાણીઓ સંસારી છે—પરિવર્તનશીલ છે. ત્રસ પ્રાણી પણ સ્થાવરરૂપ પ્રાપ્ત કરે છે અને સ્થાવર પ્રાણી પણ ત્રસરૂપે ઉત્પન્ન થાય છે.

ત્રસકાયને છોડીને તેઓ સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે અને સ્થાવરકાયને છોડીને ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે. જ્યારે તેઓ ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે ત્યારે તેઓ હણવા યોગ્ય હોતા નથી.'

ઉદક પેઢાલપુત્રનો પ્રતિપ્રશ્ન—

૫૭૬. ઉદક પેઢાલપુત્રે વાદસહિત ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું—

'હે આયુષ્મન્ ગૌતમ ! તે પ્રાણીઓ કયાં છે જેને તમે ત્રસ કહો છો ? તમે ત્રસ પ્રાણીને ત્રસ કહો છો કે બીજાને ?'

'ત્રસભૂત પ્રાણી ત્રસ, ત્રસ પ્રાણી ત્રસ એકાર્થક છે' : ગૌતમનું કથન—

૫૭૭. ભગવાન ગૌતમે ઉદક પેઢાલપુત્રને વાદ સહિત આ પ્રમાણે કહ્યું—

'હે આયુષ્મન્ ઉદક ! જે પ્રાણીઓને તમે ત્રસભૂત પ્રાણી—ત્રસભૂત પ્રાણી કહો છો એને જ અમે ત્રસ પ્રાણી ત્રસ પ્રાણી કહીએ છીએ. અને અમે જેને ત્રસ પ્રાણી ત્રસ પ્રાણી કહીએ છીએ એને જ તમે ત્રસભૂત પ્રાણી—ત્રસભૂત પ્રાણી કહો છો. એ બન્ને સ્થાન સમાન છે, એકાર્થક છે. આમ હે આયુષ્મન્ ! ત્રસભૂત પ્રાણી—ત્રસ ભૂત પ્રાણી કહેવાનું તમે શુદ્ધ માનો છો અને ત્રસ પ્રાણી—ત્રસ પ્રાણી કહેવાનું દુષ્પ્રણીત સમજો છો ? જેથી હે આયુષ્મન્ ! એકની નિન્દા અને બીજાની પ્રશંસા તમે કરો છો ? આથી તમારો આ પૂર્વોક્ત ભેદ ન્યાયસંગત નથી.'

ભગવાન ગૌતમે ફરી કહ્યું—'એવા પણ કેટલાય મનુષ્યો છે જેમનું આવું પૂર્વકથન હોય છે કે "અમે મુંડિત થઈને ગૃહત્યાગ કરીને આનગારિક પ્રવ્રજ્યા લેવા શક્તિમાન નથી, પરંતુ અમે ક્રમશઃ સાધુપણું સ્વીકારીશું." તેઓ પોતાના મનમાં આવો જ વિચાર કરે છે—તેઓ મનમાં આવો વિચાર પાકો કરે છે અને પછી તે પર ઉપસ્થિત—પ્રસ્તુત થાય છે—"રાજા આદિના અભિયોગ સિવાય ગાથાપતિ-ચોર-ગ્રહણ-વિમોક્ષણ ન્યાયથી ત્રસ પ્રાણીઓની હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરાવે છે" તે પણ તેમના માટે કુશળ—કલ્યાણકારી જ બને છે. ત્રસજીવ પણ ત્રસનામ કર્મના ફળનો અનુભવ કરવાને કારણે ત્રસ કહેવાય છે અને તેઓ ઉક્ત કર્મના ફળનો ભોગ કરવાના કારણે જ ત્રસનામ ધારણ કરે છે. જ્યારે એમનું ત્રસ આયુ ક્ષીણ થઈ જાય છે અને ત્રસકાયમાં એમની સ્થિતિના હેતુરૂપ કર્મ પણ ક્ષીણ થઈ જાય છે, ત્યારે તેઓ તે આયુને છોડી દે છે અને તે છોડીને તેઓ સ્થાવર ભાવ પ્રાપ્ત કરે છે. સ્થાવર પ્રાણીઓ પણ સ્થાવર નામકર્મના ફળનો અનુભવ કરતી વખતે સ્થાવર કહેવાય છે અને એ જ કારણે તેઓ સ્થાવર નામ પણ ધારણ કરે છે. જ્યારે એમનું સ્થાવર આયુષ્ય ક્ષીણ થઈ જાય છે અને સ્થાવર કાયમાંની એમની સ્થિતિનો કાળ પૂરો થઈ જાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, ત્યારે તેઓ તે આયુને છોડી દે છે અને તે આયુને છોડીને ફરી પરલોકભાવ પ્રાપ્ત કરે છે. તેઓ પ્રાણી (પ્રાણવાળા) પણ કહેવાય છે, ત્રસ પણ કહેવાય છે, તેઓ મહાકાય અને ચિરકાળ સ્થિતિવાળા પણ હોય છે.'

ઉદક પેઢાલપુત્રની સ્વપક્ષ-સ્થાપના—

૫૭૮. ઉદક પેઢાલપુત્રે વાદસહ ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું– 'હે આયુષ્મનૂ ગૌતમ ! એવો કોઈ પર્યાય નથી કે જેમાં શ્રમણોપાસક એક પ્રાણીના પ્રાણાતિપાત વિરતિ રૂપ ત્યાગને પણ સફળ કરી શકે. એનું કારણ શું ?

પ્રાણી સંસરણશીલ-પરિવર્તનશીલ છે–

આથી કયારેક સ્થાવર પ્રાણી પણ ત્રસ થઈ જાય છે, ત્રસ પ્રાણી પણ સ્થાવરરૂપે ઉત્પન્ન થઈ જાય છે.

તે બધા સ્થાવરકાયને છોડીને ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે. સર્વે ત્રસકાયને છોડીને સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે. જ્યારે તે બધા સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે ત્યારે તે ઘાતને યોગ્ય બને છે.'

ભગવાન ગૌતમનો પ્રત્યુત્તર—

૫૭૯. ભગવાન ગૌતમે વાદસહિત ઉદક પેઢાલપુત્રને આ પ્રમાણે કહ્યું–'હે આયુષ્મનૂ! અમારા વક્તવ્ય અનુસાર જ નહીં પરંતુ તમારા વક્તવ્ય અનુસાર પણ તે પર્યાય છે જેમાં શ્રમણોપાસક સર્વ પ્રાણીઓ–યાવત્–સમસ્ત સત્ત્વોના ઘાતનો ત્યાગ કરી શકે છે.

એનું શું કારણ છે ?

પ્રાણી સંસરણશીલ છે–

આથી ત્રસ પ્રાણી પણ સ્થાવર રૂપે ઉત્પન્ન થાય છે અને સ્થાવર પણ ત્રસરૂપે ઉત્પન્ન થાય છે. તે બધા ત્રસકાય છોડીને સ્થાવરકાયમાં ઉત્પન્ન થાય છે અને વળી બધા સ્થાવરકાયને છોડીને ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે. એટલા માટે જ્યારે તે બધા ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે ત્યારે તે સ્થાન ઘાતને યોગ્ય નથી.

તે પ્રાણીઓ પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, તે મહાકાય અને ચિરસ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ ઘણા છે જેનાથી શ્રમણોપાસકનું સુપ્રત્યાખ્યાન થાય છે. તે પ્રાણીઓ અલ્પ છે, જેનાથી શ્રમણોપાસકનું અપ્રત્યાખ્યાન થાય છે. આ રીતે તે મહાન ત્રસકાયના ઘાતથી શાંત અને વિરત થાય છે. આથી તમે અથવા અન્ય વ્યક્તિ જે આ કહો છો કે "એવો એક પણ પર્યાય નથી જેના માટે શ્રમણોપાસકથી એક પ્રાણીના ઘાતનો પણ ત્યાગ થઈ શકે." તે તમારું કથન ન્યાય-સંગત નથી.'

શ્રમણ દૃષ્ટાન્ત—

૫૮૦. ભગવાને કહ્યું કે, નિર્ગ્રંથોને આમ પૂછવામાં આવે છે– હે આયુષ્મન્ નિર્ગ્રંથો ! આ લોકમાં કોઈ મનુષ્ય એવા હોય છે જે આવી પ્રતિજ્ઞા કરે છે કે આ જે મુંડિત થઈને, ગૃહ ત્યાગીને આનગારિક પ્રવ્રજ્યા અંગીકાર કરી ચૂકયા છે તેમને મરણપર્યંત દંડ દેવાનો ત્યાગ નથી કરતો.

તે શ્રમણોમાંથી કોઈ શ્રમણ ચાર, પાંચ, છ અથવા દશ વર્ષ સુધી થોડા કે ઘણા દેશોમાં વિચરણ કરીને શું ફરી ગૃહવાસ સ્વીકારે છે ?

હા, તે ગૃહવાસ સ્વીકારે છે.

તે ગૃહસ્થોને મારનાર પેલા પ્રત્યાખ્યાનધારી પુરુષના તે પ્રત્યાખ્યાનનો શું ભંગ થાય છે ?

ના. એ કથન યુક્તિસંગત નથી.

એવી રીતે શ્રમણોપાસકે પણ ત્રસ પ્રાણીને દંડ દેવાનો (ત્રસ પાણીની હિંસાનો) ત્યાગ કર્યો છે, સ્થાવર પ્રાણીને દંડ દેવાનો ત્યાગ નથી કર્યો. એટલે સ્થાવર પ્રાણીઓનો ઘાત કરવાથી પણ એના પ્રત્યાખ્યાનનો ભંગ નથી થતો. હે નિર્ગ્રંથો ! આ રીતે સમજો. આ રીતે જ સમજવું જોઈએ.

૫૮૧. ભગવાન ગૌતમ સ્વામીએ કહ્યું – 'હું નિર્ગ્રંથોને પૂછું છું કે હે આયુષ્મન્ નિર્ગ્રંથો !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લોકમાં ગાથાપતિનો પુત્ર તેવા પ્રકારના કુળમાં જન્મ લઈને ધર્મશ્રવણ માટે શું આવી શકે ?

હા, આવી શકે છે.

તેવા પ્રકારના તે ઉત્તમ કુળમાં ઉત્પન્ન પુરુષોને શું ધર્મોપદેશ આપવો જોઈએ ?

હા, એમને ધર્મનો ઉપદેશ આપવો જોઈએ.

શું તે આવા પ્રકારનો ધર્મોપદેશ સાંભળી અને સમજીને આમ કહી શકશે કે—આ નિર્ગ્રંથ પ્રવચન જ સત્ય છે, સર્વશ્રેષ્ઠ છે, કેવળજ્ઞાન આપનાર છે, પરિપૂર્ણ છે, ન્યાય-યુક્ત છે, સંશુદ્ધ છે, શલ્યનાશક છે, સિદ્ધિ-માર્ગરૂપ છે. નિર્યાણમાર્ગરૂપ છે, નિર્વાણ-માર્ગરૂપ છે, અવિતથ, અસંદિગ્ધ અને સમસ્ત દુઃખોના નાશનો માર્ગ છે. આ ધર્મમાં સ્થિત જીવ સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પ્રાપ્ત કરે છે અને સંપૂર્ણ દુઃખોનો અંત કરે છે.

આથી અમે આ માર્ગની આજ્ઞા મુજબ ચાલીશું, ઊઠીશું, બેસીશું, શયન કરીશું, ભોજન કરીશું, ઊભા થઈશું અને ઊભા થઈને પ્રાણીઓ—યાવત્—સત્ત્વોની સંયમપૂર્વક રક્ષા કરીશું. શું આમ તેઓ કહી શકે છે ?

હા, તેઓ આમ કહી શકે છે.

શું આ પ્રકારના વિચારવાળા તેઓ પ્રવ્રજ્યાને પાત્ર છે ?

હા, તેઓ યોગ્ય છે.

શું આવા વિચારવાળા તેઓ મુંડિત બનવા યોગ્ય છે ?

હા, યોગ્ય છે.

શું આ પ્રકારના વિચારવાળા તેઓ શિક્ષણ આપવા માટે યોગ્ય છે ?

હા, યોગ્ય છે.

શું આવા વિચારવાળા તે પ્રવ્રજ્યામાં ઉપસ્થિત કરવા યોગ્ય છે ?

હા, યોગ્ય છે.

તો શું આવા વિચારવાળા પુરુષોએ સમસ્ત પ્રાણીઓ-યાવત્-સમસ્ત સત્ત્વોને દંડ આપવો (ઘાત કરવો) છોડી દીધો છે ?

હા, છોડી દીધો છે.

તો શું આવી રીતે વિહાર દ્વારા વિચરણ કરનાર—યાવત્—ચાર, પાંચ, છ કે દશ વર્ષ સુધી થોડા કે ઘણા દેશોમાં પરિભ્રમણ કરીને ફરી ગૃહસ્થાવાસમાં જઈ શકે ?

હા, જઈ શકે છે.

ત્યારે શું તેઓ બધાં પ્રાણીઓ, બધાં સત્ત્વોને દંડ આપવાનું છોડી દે છે ? આ અર્થ સમર્થ નથી (અર્થાત્ આ વાત યુક્તિ-સંગત નથી). તે જીવ તે જ છે જેણે પૂર્વમાં બધાં પ્રાણીઓ યાવત્ બધાં સત્ત્વોને દંડ દેવાનો ત્યાગ કર્યો ન હતો. તે જીવ તે જ છે, જેણે પહેલાં બધાં જીવોને યાવત્ બધાં સત્ત્વોને દંડ દેવાનું છોડ્યું ન હતું. તે જીવ તે જ છે જેણે અત્યારે બધાં જીવો યાવત્ બધાં સત્ત્વોને દંડ દેવાનો ત્યાગ કરવાનો નથી. પૂર્વમાં તે અસંયમી હતો, વચ્ચે સંયમી છે અને ફરી અત્યારે અસંયમી થયો. અસંયમી જીવને બધાં પ્રાણીઓ યાવત્ બધાં સત્ત્વોને દંડ દેવાનો ત્યાગ નથી હોતો. હે નિર્ગ્રંથો ! આમ જાણો. આમ જ જાણવું જોઈએ.

૫૮૨. ભગવાને કહ્યું કે હું નિર્ગ્રંથોને પૂછું છું—હે આયુષ્મન્ નિર્ગ્રંથો ! આ લોકમાં પરિવ્રાજક અથવા પરિવ્રાજિકાઓ કોઈ બીજા તીર્થ-સ્થાનમાં રહીને ધર્મ સાંભળવા માટે શું સાધુની નજીક આવી શકે છે ? હા, આવી શકે છે.

શું આ આવા પ્રકારની વ્યક્તિઓને ધર્મ સંભળાવવો જોઈએ ?

હા, સંભળાવવો જોઈએ.

શું તેઓ આવી રીતે આવા પ્રકારનો ધર્મ સાંભળીને અને અવધારીને આ પ્રમાણે કહેશે—આ નિર્ગ્રંથ-પ્રવચન જ સત્ય છે, અનુત્તર છે, કેવળજ્ઞાનદાયક છે, પરિપૂર્ણ છે, ન્યાયયુક્ત છે, સંશુદ્ધ છે, શલ્યનાશક છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધિનો માર્ગ છે, મુક્તિનો માર્ગ છે, નિર્યાણમાર્ગ છે, નિર્વાણમાર્ગ છે, અવિતથ, અસંદિગ્ધ અને સમસ્ત દુઃખોના નાશનો માર્ગ છે. આ ધર્મમાં સ્થિત જીવ સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પામે છે અને સમસ્ત દુઃખોનો નાશ કરે છે. આથી અમે તેની આજ્ઞા પ્રમાણે–તેના વિધાન પ્રમાણે ચાલીશું, ઊઠીશું, બેસીશું, સૂઈશું, ભોજન કરીશું, બોલીશું, ઊભા થઈશું અને ઊભા થઈને બધાં પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વોની રક્ષા માટે સંયમ ધારણ કરીશું–શું આ રીતે તેઓ કહી શકશે ?

હા, તેઓ એવું કહી શકે છે.

શું આવા, આવા પ્રકારના વિચારવાળા જીવો પ્રવ્રજ્યાને પાત્ર છે ?

હા, તેઓ પાત્ર છે.

શું આવા, આવા વિચારના પુરુષો મુંડિત બનાવવા યોગ્ય છે ?

હા, તેઓ યોગ્ય છે.

શું એવા વિચારવાળા પુરુષોને શિક્ષણ (શાસ્ત્રાભ્યાસ) આપવું યોગ્ય છે ?

હા, યોગ્ય છે.

શું એવા વિચારવાળા પુરુષોને પ્રવ્રજ્યામાં ઉપસ્થિત કરવા યોગ્ય છે ?

હા, યોગ્ય છે.

શું એવા વિચારવાળા પુરુષો સાથે બેસી ભોજન લઈ શકાય ?

હા, લઈ શકાય.

તો શું તે આ રીતે વિહાર કરતા યાવત્ ચાર, પાંચ, છ કે દશ વર્ષ સુધી થોડા કે ઘણા દેશોમાં ભ્રમણ કરીને ફરી ગૃહસ્થવાસમાં આવી શકે છે ? હા, આવી શકે છે.

હવે તે ગૃહવાસમાં આવેલાઓ સાથે સાધુઓએ ભોજન લેવું યોગ્ય છે ? ના, એ વાત યોગ્ય નથી.

તે જીવ તો તે જ છે જેની સાથે પૂર્વકાળે સહભોગ (સહભોજન) ઘટતું ન હતું. તે એ જ જીવ છે જેની સાથે વચ્ચે સહભોગ કલ્પે છે. તે જીવ એ જ છે જેની સાથે હવે સાધુને સહભોગ ખપતો નથી.

પૂર્વમાં તે જીવ અશ્રમણ હતો, વચ્ચે શ્રમણ છે અને અત્યારે અશ્રમણ છે. અશ્રમણની સાથે શ્રમણનિર્ગ્રંથોને સહભોગ ન ખપે (અર્થાત્ ન લઈ શકાય). હે નિર્ગ્રંથો ! આવી રીતે જાણો અને આવી રીતે જ જાણવું જોઈએ.

પ્રત્યાખ્યાનનું વિષય-ઉપદર્શન—

૫૮૩. ભગવાને ફરી કહ્યું–નિર્ગ્રંથોને હું પૂછું છું–હે આયુષ્મન્ નિર્ગ્રંથો ! આ લોકમાં કેટલાક શ્રમણોપાસકો ખૂબ શાંત હોય છે. તેઓ આમ કહે છે–અમે પ્રવ્રજ્યા લઈને ગૃહવાસ ત્યજીને અનગાર બનવા શક્તિમાન નથી. આથી અમે ચતુર્દશી, અષ્ટમી, અને પૂર્ણિમાના દિવસે પરિપૂર્ણ પૌષધવ્રતનું સમ્યક્‌રૂપણે પાલન કરીશું અને સ્થૂળ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરીશું–યાવત્–સ્થૂળ પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરીશું, અમે બે કરણ અને ત્રણ યોગપૂર્વક અમારી ઇચ્છાનું પરિમાણ કરીશું. અમારે માટે કંઈ ન કરો, કંઈ ન કરાવો એવું પણ અમે પ્રત્યાખ્યાન કરીશું.–આવા શ્રાવકો ખાધા પીધા વિના અને સ્નાન કર્યા વિના આસનેથી ઊતરતાં કાળ પામે તો તેમના કાળ વિશે શું કહેવાશે અર્થાત્ તેમણે કેવી રીતે કાળ કર્યો કહેવાશે ?

તેઓ સારી રીતે કાળ પામ્યા એમ જ કહેવાશે.

તે પ્રાણી પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, તે મહાકાય અને ચિરકાળની સ્થિતિવાળા હોય છે. તે પ્રાણી અધિક છે જેનાથી શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન બને છે. તે પ્રાણીઓ અલ્પ છે, જેમના વિષયમાં શ્રમણોપાસકનું અપ્રત્યાખ્યાન હોય છે. આથી તે શ્રમણોપાસક મહા ત્રસકાયની વિરાધનાથી ઉપશાંત, ઉપરત, મુમુક્ષુ, પ્રતિવિરત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવા છતાં પણ તમે અને બીજાઓ જે આમ કહો છો–"એવો કોઈ પર્યાય નથી, જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન થઈ શકે."–આપનું તે કથન ન્યાયસંગત નથી.

૫૮૪. વળી ભગવાન ગૌતમે કહ્યું–'હું નિર્ગ્રંથોને પૂછું છું, હે આયુષ્મન્ નિર્ગ્રંથો! આ લોકમાં કેટલાક શ્રમણોપાસકો ઘણા શાંત હોય છે. તેઓ આ પ્રમાણે કહે છે–અમે મુંડિત થઈને ગૃહત્યાગ કરીને અનગાર બનવા શક્તિમાન નથી. વળી ચતુર્દશી, અષ્ટમી અને પૂર્ણિમા તિથિઓમાં પરિપૂર્ણ પૌષધવ્રતનું પાલન કરી શકવા પણ સમર્થ નથી. અમે તો અંત-કાળે મૃત્યુસમયે સંલેખના કરી ભક્તપાનનો ત્યાગ કરી કાળની ઇચ્છા ન રાખતા એવા વિચરીશું. એ સમયે અમે ત્રણ કરણ અને ત્રણે યોગથી સમસ્ત પ્રાણાતિપાતનું પ્રત્યા-ખ્યાન કરીશું, એ જ રીતે સમસ્ત મૃષાવાદ, સમસ્ત અદત્તાદાન, સમસ્ત મૈથુન અને સમસ્ત પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરીશું. અને મારા માટે કંઈ કરશો નહીં, કરાવશો નહીં અને કરનારની અનુમોદના ન કરશો એનું પણ પ્રત્યાખ્યાન કરીશું.–આ શ્રમણોપાસકો ખાધા, પીધા અને સ્નાન કર્યા વિના આસનથી ઊતરીને જો કાળ પામે તો તેમના વિષયમાં શું કહેવાશે? અર્થાત્ તેઓ કેવી રીતે કાળ પામ્યા કહેવાશે?

તેઓ સારી રીતે કાળ પામ્યા એમ જ કહેવાશે.

તે પ્રાણીઓ કહેવાય છે, તે ત્રસ પણ કહેવાય છે, તે મહાકાય અને ચિરકાળની સ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ ઘણાં છે, જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યા-ખ્યાન બને છે. તે પ્રાણીઓ અલ્પતર છે જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન નથી હોતું. આથી તે મહાન ત્રસકાયની હિંસાથી ઉપરત, વ્રતમાં સ્થિત અને પ્રતિવિરત શ્રાવક માટે તમે કે બીજા જે આમ કહો છો–'એના માટે એવો કોઈ પર્યાય નથી જેમાં શ્રમણોપાસકને માટે એક પ્રાણીની હિંસાનું પણ પ્રત્યાખ્યાન થઈ શકે.' એ વિધાન ન્યાયસંગત નથી.

૫૮૫. ભગવાને કહ્યું–આ સંસારમાં કેટલાક મનુષ્યો એવા હોય છે, જેવા કે મહા ઇચ્છાવાળા, મહા-આરંભવાળા, મહાપરિગ્રહવાળા, અધાર્મિક યાવત્ અધર્મથી જ જીવિકા પ્રાપ્ત કરનારા તથા હનન, છેદન, ભેદન અને જીવોને કાપવા, વધ કરવો વગેરેથી જેમના હાથ રક્તરંજિત થયા છે તેવા, ચંડ, રુદ્ર, ક્ષુદ્ર, સાહસિક, વંચક, માયાવી, કપટી, કૂડકપટમાં રત, ઉત્તમ વસ્તુમાં હલકી વસ્તુની ભેળસેળ કરનારા, દુઃશીલ, વ્રતહીન અને મુશ્કેલીથી પ્રસન્ન કરી શકાય તેવા અસાધુ–દુર્જન હોય છે. તેઓ જીવનપર્યંત સમસ્ત પ્રાણાતિપાતથી નિવૃત્ત થતા નથી–યાવત્–યાવજ્જીવ સમસ્ત પરિ-ગ્રહોનો પણ ત્યાગ કરતા નથી. આવા પ્રાણીઓના ઘાતક શ્રમણોપાસક વ્રતગ્રહણના સમયથી મરણ સુધી ત્યાગ કરે છે, તે પુરુષો કાળ સમયે પોતાનું આયુષ્ય છોડીને પાપકર્મને સાથે લઈને દુર્ગતિમાં જાય છે.

તે પ્રાણીઓ પણ કહેવાય છે, ત્રસ પણ કહેવાય છે, તે મોટી કાયાવાળાં અને લાંબી આયુષ્યસ્થિતિવાળાં હોય છે. તે પ્રાણીઓ અધિક હોય છે જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે અને તે પ્રાણીઓ અલ્પતર હોય છે જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન નથી હોતું. આથી તે મહા-ત્રસકાયની હિંસાથી ઉપરત, વ્રતમાં સ્થિત અને પ્રતિવિરત શ્રમણોપાસક વિષયમાં તમે અને બીજા જે આમ કહો છો કે–તેના માટે કોઈ એવો પર્યાય નથી જેમાં તે શ્રમણો-પાસકને એક પ્રાણીની પણ હિંસાનું પ્રત્યા-ખ્યાન થઈ શકે.–તે વાત પણ ન્યાયસંગત નથી.

૫૮૬. ભગવાને કહ્યું–સંસારમાં કેટલાક મનુષ્યો એવા હોય છે, જે આરંભ નથી કરતા, પરિગ્રહ નથી રાખતા, ધાર્મિક યાવત્ ધર્મપૂર્વક આજીવિકાનું ઉપાર્જન કરતા હોય છે, સુશીલ, સુવ્રતધારી, સરળતાથી પ્રસન્ન કરી શકાય તેવા અને સુસાધુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સજ્જન હોય છે. તેઓ જીવન પર્યંત સંપૂર્ણ પ્રાણાતિપાતથી વિરત હોય છે–યાવત્ જીવન-પર્યંત પરિગ્રહથી વિરત હોય છે. શ્રમણોપાસક વ્રત ગ્રહણ કરવાના સમયથી મૃત્યુપર્યંત પ્રાણીહિંસાનો ત્યાગ કરે છે. આવા પુરુષો કાળ સમયે પોતાનું આયુષ્ય છોડી દે છે, છોડીને પોતાના શુભ કર્મના સંગાથથી સુગતિમાં જાય છે.

તે પ્રાણી પણ કહેવાય છે, ત્રસ પણ કહેવાય છે, તે મોટી કાયા અને લાંબી આયુસ્થિતિવાળા હોય છે. આવાં પ્રાણીઓ ઘણાં છે જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન બને છે, અને તે પ્રાણીઓ અલ્પસંખ્યક છે જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન નથી હોતું. આથી તે મહાત્રસકાયની હિંસાથી વિરત, વ્રતોમાં સ્થિર અને પ્રતિવિરત એવા શ્રમણોપાસક માટે તમે કે બીજા જે આમ કહો છો કે–તેના માટે કોઈ એવો પર્યાય નથી, જેમાં શ્રમણોપાસક એક પ્રાણીની હિંસાથી પણ દૂર રહી શકે.–આ કથન સર્વથા ન્યાયસંગત નથી.

૫૮૭. ભગવાને કહ્યું–સંસારમાં કેટલાંક મનુષ્યો એવાં હોય છે, જેવાં કે–અલ્પ ઇચ્છાવાળા, અલ્પ આરંભવાળા, અલ્પ પરિગ્રહવાળા, ધાર્મિક–યાવત્–ધર્મપૂર્વક આજીવિકાનું ઉપાર્જન કરનારા, શીલસંપન્ન, સુવ્રતધારી, સરળતાથી પ્રસન્ન કરી શકાય તેવા સુસાધુ–સજ્જન હોય છે. તેઓ જીવનપર્યંત કોઈ પ્રાણાતિપાતથી વિરત અને કોઈક પ્રાણાતિપાતથી અવિરત–યાવત્–જીવનપર્યંત કોઈ એક પરિગ્રહથી વિરત અને કોઈ એકથી અવિરત હોય છે. શ્રમણોપાસક વ્રતગ્રહણ સમયથી લઈને મૃત્યુપર્યંત આ પ્રાણીઓના ઘાતનો ત્યાગ કરે છે, તેઓ પોતાના આયુષ્યનો ત્યાગ કરે છે અને ત્યાગ કરીને ફરી પોતાનાં શુભ કર્મોના સંગથી સુગતિ પ્રાપ્ત કરે છે.

તેઓ પ્રાણી પણ કહેવાય છે, ત્રસ પણ કહેવાય છે, તેઓ મહાકાયવાળા અને ચિરસ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ ઘણાં હોય છે જેનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે અને તે પ્રાણીઓ અલ્પતર છે જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન નથી હોતું. આથી તે મહાત્રસકાયની હિંસાથી ઉપરત, વ્રતમાં સ્થિત અને પ્રતિવિરતને માટે તમે અથવા બીજા જે આમ કહો છો કે–તેના માટે કોઈ એવો પર્યાય નથી જેમાં શ્રમણોપાસક એક પ્રાણીની હિંસાનો પણ ત્યાગ કરી શકે.–એ કથન ન્યાયયુક્ત નથી.

૫૮૮. ભગવાને કહ્યું–આ જગતમાં કોઈ એવા પણ માણસો હોય છે જે જંગલમાં નિવાસ કરે છે, મઠમાં રહે છે, ગામને સીમાડે રહે છે, કોઈ રહસ્યના જાણકાર હોય છે–તેમને શ્રમણોપાસક વ્રત ગ્રહણ કરવાના દિવસથી મૃત્યુપર્યંત દંડ દેવાનો ત્યાગ હોય છે–તેઓ સંયમી નથી, તેઓ સર્વ સાવદ્ય કર્મોથી નિવૃત્ત નથી, સમસ્ત પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોમાં પોતાના મનથી સાચીજૂઠી વાત આ રીતે કહે છે–મને ન મારવો જોઈએ, બીજાને મારવા જોઈએ, મને આજ્ઞા ન દેવી જોઈએ, બીજાને આજ્ઞા આપવી જોઈએ; મને ન પકડવો જોઈએ, બીજાઓને પકડવા જોઈએ; મને પરિતાપ ન દેવો જોઈએ, બીજાઓને પરિતાપ આપવો જોઈએ, મને ઉદ્વેગ ન કરવો જોઈએ,બીજાઓને ઉદ્વેગ પમાડવો જોઈએ.

આવી રીતે સ્ત્રીભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, આસક્ત, અત્યંત આસક્ત-યાવત્-ચાર, પાંચ છ કે દશ વર્ષ સુધી, થોડા કે ઝાઝા ભોગોપભોગો ભોગવીને કાળસમયે કાળ કરી અન્યતર અસુર યોનિમાં અથવા કિલ્વિષયોનિમાં ઉત્પન્ન થાય છે, તેઓ ત્યાંથી ચ્યવીને ફરી બકરાની માફક મૂક અને તામસવૃત્તિવાળા બને છે.

તે પ્રાણીઓ કહેવાય છે, અને ત્રસ પણ કહેવાય છે, તેઓ મહાકાય અને ચિરસ્થિતિવાળા હોય છે, તે પ્રાણીઓ બહુસંખ્યક હોય છે જેમનામાં શ્રમણોપાસકનું સુપ્રત્યાખ્યાન હોય છે. તે પ્રાણીઓ અલ્પસંખ્યક હોય છે, જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન હોતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આથી તે મહાત્રસકાયાવાળાની હિંસાથી ઉપશાંત, વ્રતમાં સ્થિર થયેલ અને પ્રતિવિરત એવા પુરુષને વિશે તમે અથવા બીજા જે આમ કહો છો કે–તેના માટે એવો કોઈ પર્યાય નથી જેનાથી શ્રમણોપાસકને એક પ્રાણીની હિંસાનો પણ ત્યાગ સંભવે.–તમારું આ કથન ન્યાયસંગત નથી.

૫૮૯. ભગવાને વળી કહ્યું–આ જગતમાં અનેક પ્રાણીઓ દીર્ઘાયુ હોય છે, જેમને શ્રમણોપાસક વ્રતગ્રહણ કરવાના સમયથી લઈને મૃત્યુપર્યંત દંડ દેવાનો ત્યાગ કરે છે. તે પ્રાણીઓ પહેલાં જ કાળ પામે છે અને પરલોકમાં જાય છે.

તે પ્રાણીઓ કહેવાય છે, તે ત્રસ પણ કહેવાય છે, તે મહાન કાયાવાળા અને ચિરકાળની સ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ ઘણી સંખ્યાવાળાં છે, જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે અને તે પ્રાણી અલ્પ-સંખ્યાવાળાં છે કે જેનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન હોતું નથી. આથી તે મહાત્રસકાયની હિંસાથી ઉપશાંત, સંયમમાં સ્થિર થયેલ, પ્રતિવિરતને માટે તમે અથવા બીજા જે આમ કહો છો કે—તેના માટે એવો કોઈ પર્યાય નથી જેમાં શ્રમણોપાસકને એક પ્રાણીની પણ હિંસાનો ત્યાગ હોય.–આ ઉપદેશ પણ ન્યાયસંગત નથી.

૫૯૦. ભગવાને ફરી કહ્યું–આ જગતમાં કોઈ કોઈ પ્રાણીઓ સરખા આયુષ્યવાળા હોય છે, જેમને શ્રમણોપાસક વ્રતગ્રહણ કરવાના સમયથી મરણપર્યંત દંડ આપવાનું ત્યજે છે. તેઓ સમકાળે કાળ પામે છે, કાળ પામી પરલોકમાં જાય છે.

તેઓ પ્રાણી પણ કહેવાય છે,અને ત્રસ પણ કહેવાય છે, તેઓ મોટી કાયાવાળા અને લાંબી આયુસ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ અધિક હોય છે જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે અને તે પ્રાણીઓ અલ્પતર હોય છે જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન નથી હોતું. તે મહાત્રસકાયની હિંસાથી ઉપરત, મુમુક્ષુ અને પ્રતિવિરત માટે તમે અથવા અન્ય લોકો જે આમ કહો છો કે–તેના માટે એવો કોઈ પર્યાય નથી કે જેનામાં શ્રમણોપાસક એક પણ પ્રાણીની હિંસાનો ત્યાગ કરી શકે.–આ કથન યુક્તિયુક્ત નથી.

૫૯૧. વળી ભગવાને કહ્યું–આ જગતમાં કેટલાંક પ્રાણીઓ અલ્પાયુ હોય છે, તેમને શ્રમણોપાસક વ્રતગ્રહણના સમયથી જીવનપર્યંત દંડ દેવાનો ત્યાગ કરે છે. તેઓ પહેલાં જ કાળ કરે છે, કાળ કરીને પરલોકમાં જાય છે.

તે પ્રાણી પણ કહેવાય છે, તે ત્રસ પણ કહેવાય છે, તે મહાકાયવાળા હોય છે અને અલ્પાયુ હોય છે. તે પ્રાણીઓ અધિકતર હોય છે જેમાં શ્રમણોપાસકનું સુપ્રત્યાખ્યાન હોય છે. તે પ્રાણીઓ અલ્પતર હોય છે જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન હોતું નથી. તે મહાત્રસકાયની હિંસાથી ઉપશાંત, વિરક્ત, પ્રતિવિરક્ત માટે તમે અથવા બીજાઓ જે આમ કહો છો કે–'તેના માટે કોઈ એવો પર્યાય નથી કે જેમાં શ્રમણોપાસકને એક પ્રાણીની હિંસાનો પણ ત્યાગ હોય.'–તમારું આ કથન પણ યુક્તિયુક્ત નથી.

નવ ભંગો વડે પ્રત્યાખ્યાનનું વિષય-ઉપદર્શન—

૫૯૨. ભગવાને કહ્યું–આ જગતમાં કોઈ શ્રમણોપાસકો એવા હોય છે, જે આમ કહે છે–અમે મુંડિત બની ગૃહત્યાગ કરી અનગાર બનવા માટે શક્તિમાન નથી તથા ચતુર્દશી, અષ્ટમી અને પૂર્ણિમાના દિવસોએ પરિપૂર્ણ પૌષધ પાળવા પણ સમર્થ નથી.

અમે અંત સમયે મારણાંતિક સંલેખનાનું સેવન કરીને, ભક્તપાનનો ત્યાગ કરીને કાળની ઇચ્છા ન રાખતાં આત્મધ્યાન કરવા પણ સમર્થ નથી. આથી અમે સામાયિક, દેશાવકાશિક વ્રત–પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં દેશની મર્યાદા નક્કી કરીને તેની બહારના સર્વ પ્રાણીઓ–યાવત્–સર્વ સત્ત્વોની હિંસાનો ત્યાગ કરીને પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોનું ક્ષેમ કરનારા બનીશું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. તે પૂર્વે જે ત્રસ પ્રાણીઓ છે, જેને શ્રમણોપાસકે વ્રત ગ્રહણ કરવાના સમયથી લઈને મરણપર્યંત દંડ દેવાનો ત્યાગ કર્યો છે, તેઓ પોતાનું આયુષ્ય છોડે છે, છોડીને તે મર્યાદાની બહારના ક્ષેત્રમાં ત્રસરૂપે ઉત્પન્ન થાય છે—જેને શ્રમણોપાસકે વ્રતગ્રહણના સમયથી લઈને મરણપર્યંત દંડ દેવાનો ત્યાગ કર્યો છે તેમાં ઉત્પન્ન થાય છે. તેથી શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન બને છે.

તે પ્રાણીઓ પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, તે મહાશરીરવાળા અને ચિરકાળની સ્થિતિવાળા હોય છે. તે પ્રાણીનો અધિકતર હોય છે જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે. તે પ્રાણીઓ અલ્પતર હોય છે, જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન હોતું નથી. તેવા મહાન ત્રસકાયની હિંસાથી ઉપરત, વિરક્ત, પ્રતિવિરક્તને માટે તમે અથવા બીજાઓ જે આમ કહો છો કે—તેના માટે એવો કોઈ પર્યાય નથી જેમાં શ્રમણોપાસકને એક પ્રાણીની હિંસાનો પણ ત્યાગ હોય.—આ તમારું કથન ન્યાયસંગત નથી.

૨. ત્યાં સમીપ દેશમાં રહેનારાં જે ત્રસ પ્રાણી છે, જેનામાં શ્રમણોપાસકે વ્રતગ્રહણ—સમયથી લઈને મરણપર્યંત હિંસાનો ત્યાગ કર્યો છે, તે તે આયુષ્ય છોડી દે છે, છોડીને ત્યાં સમીપ દેશમાં જે સ્થાવર જીવો છે, જેનામાં શ્રમણોપાસકે અનર્થદંડનો ત્યાગ કર્યો છે પરંતુ અર્થદંડનો ત્યાગ નથી કર્યો તેમાં ઉત્પન્ન થાય છે. તેનામાં શ્રમણોપાસકે અનર્થદંડનો ત્યાગ નથી કર્યો.

તે પ્રાણીઓ કહેવાય છે, અને ત્રસ પણ કહેવાય છે. તેઓ મહાન શરીરવાળા અને ચિરસ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ અધિક હોય છે જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે, અને તે પ્રાણીઓ અલ્પતર હોય છે જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન હોતું નથી. આવા મહાત્રસકાયની હિંસાથી ઉપશાંત, મુમુક્ષુ અને વિરત બનેલા માટે તમે અથવા બીજા જે આમ કહો છો કે 'એવો કોઈ એક 'પણ પર્યાય નથી જેનામાં શ્રમણોપાસકનો એક પણ પ્રાણીના દંડનો ત્યાગ થઈ શકે.'—તો આ કથન પણ ન્યાયસંગત નથી.

૩. ત્યાં સમીપ દેશમાં રહેનારાં જે ત્રસ પ્રાણીઓ છે, જેમને શ્રમણોપાસકે વ્રતગ્રહણ સમયથી માંડી મરણપર્યંત દંડ દેવાનો ત્યાગ કર્યો છે, તે તેમનું આયુષ્ય પૂરું કરે છે, પૂરું કરીને ત્યાંથી દૂર દેશમાં જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે—જેમને શ્રમણોપાસકે વ્રતગ્રહણ-સમયથી લઈને મરણપર્યંત દંડ દેવાનું ત્યજ્યું હોય છે—તેમાં ઉત્પન્ન થાય છે. તેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે.

તે પ્રાણીઓ પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, તે મોટા શરીરવાળાં અને લાંબી આયુસ્થિતિવાળાં હોય છે. તે પ્રાણીઓ ઘણાં હોય છે—જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે. અને તે પ્રાણીઓ અલ્પ હોય છે—જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન હોતું નથી. આવા મોટા ત્રસકાયની હિંસાથી ઉપરત, વિરક્ત અને પ્રતિવિરત માટે તમે અથવા બીજાઓ જે આમ કહો છો કે—એવો કોઈ પર્યાય નથી કે જેમાં શ્રમણોપાસક એક પણ પ્રાણીના દંડનો ત્યાગ કરી શકે—આ તમારું કથન ન્યાયસંગત નથી.

૪. ત્યાં સમીપ દેશમાં જે સ્થાવર પ્રાણીઓ છે—જેમને શ્રમણોપાસકે અનર્થદંડ દેવાનો ત્યાગ કર્યો છે, પરંતુ અર્થદંડ દેવાનો ત્યાગ નથી કર્યો—તે તેમનું આયુષ્ય પૂરું કરે છે, પૂરું કરી ત્યાં સમીપ દેશમાં જે ત્રસ પ્રાણી છે—જેમને શ્રમણોપાસકે વ્રતગ્રહણના સમયથી લઈને જીવનપર્યંત દંડ દેવાનો ત્યાગ કર્યો છે—તેમાં ઉત્પન્ન થાય છે. તેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન બને છે,

તે પ્રાણી પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, તે મહાકાય અને ચિરસ્થિતિવાળાં હોય છે. તે પ્રાણી ઘણાં હોય છે—જેનામાં શ્રમણો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે, અને તે પ્રાણી થોડાં હોય છે જેમાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન હોતું નથી. આથી તે મહાત્રસકાયની હિંસાથી ઉપશાંત, સંયમમાં સ્થિર અને પ્રતિવિરતને માટે તમે અથવા બીજા જે આમ કહો છો કે-'એવો કોઈ પર્યાય નથી કે જેમાં શ્રમણોપાસક એક પ્રાણીના દંડનો પણ ત્યાગ કરી શકે.'-આ તમારો ઉપદેશ ન્યાયસંગત નથી.

૫. ત્યાં સમીપ દેશમાં જે સ્થાવર પ્રાણી છે, જેને શ્રમણોપાસકે પ્રયોજનવશાત્ દંડ દેવાનો ત્યાગ કર્યો નથી. પરંતુ વિનાપ્રયોજન દંડ દેવાનો ત્યાગ કર્યો છે, તે પોતાનું આયુ પૂરું કરે છે, કરીને ત્યાં જ સમીપવર્તી દેશમાં જે સ્થાવર પ્રાણીઓ છે-જેમને શ્રમણોપાસકે પ્રયોજનવશ દંડ દેવાનો ત્યાગ નથી કર્યો, પરંતુ નિષ્પ્રયોજન દંડ દેવાનો ત્યાગ કર્યો છે તેમાં ઉત્પન્ન થાય છે. તેમને શ્રમણોપાસક પ્રયોજનવશાત્ દંડ દે છે, પરંતુ નિષ્પ્રયોજન દંડનો ત્યાગ કરે છે.

તે પ્રાણી કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, તેઓ મહાકાય અને ચિરસ્થિતિવાળા હોય છે તે પ્રાણીઓ ઘણાં હોય છે-જેમને શ્રમણોપાસકનું સુપ્રત્યાખ્યાન હોય છે અને તે પ્રાણી અલ્પ હોય છે જેમાં શ્રમણોપાસકનું અપ્રત્યાખ્યાન હોય છે. આથી તે મહાત્રસકાયની હિંસાથી ઉપરત, વિરકત અને પ્રતિવિરતના માટે તમે અથવા બીજા જે આમ કહો છો કે-એવો કોઈ પર્યાય નથી કે જેનામાં શ્રમણોપાસકનું એક પણ પ્રાણનાં દંડનું પ્રત્યાખ્યાન હોઈ શકે.-આ કથન પણ ન્યાયયુક્ત નથી.

૬. ત્યાં અન્ય દેશમાં ઉત્પન્ન જે સ્થાવર પ્રાણીઓ છે, જેમને શ્રમણોપાસકે પ્રયોજનવશાત્ દંડ દેવાનું તો ત્યજ્યું નથી પણ નિષ્પ્રયોજન દંડ દેવાનું ત્યજેલ છે, તે પોતાનું આયુ છોડે છે, છોડીને ત્યાં જ જે અન્ય દેશવર્તી ત્રસ-સ્થાવર પ્રાણીઓ છે, જેમને શ્રમણોપાસકે વ્રતગહણના સમયથી લઈને મૃત્યુપર્યંત દંડ દેવાનો ત્યાગ કર્યો છે-તેમાં ઉત્પન્ન થાય છે. તેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે.

તે પ્રાણીઓ પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, તે મહાકાયવાળા અને ચિર સ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ ઘણાં છે-જેનામાં શ્રમણોપાસકનું સુપ્રત્યાખ્યાન હોય છે, અને તે પ્રાણીઓ ઓછાં છે-જેનામાં શ્રમણોપાસકનું અપ્રત્યાખ્યાન હોય છે. આવા મહાત્રસકાયની હિંસાથી ઉપરત, વિરક્ત અને પ્રતિવિરતને માટે તમે અથવા બીજા જે એમ કહો છો કે-એવો કોઈ પર્યાય નથી, જેનામાં શ્રમણોપાસક એક પ્રાણીને દંડ દેવાનો પણ ત્યાગ કરી શકે.-આ તમારું કથન ન્યાયસંગત નથી.

૭. ત્યાં અન્ય દેશમાં ઉત્પન્ન થયેલા જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે, જેમને શ્રમણોપાસકે વ્રતગ્રહણ સમયથી લઈને મરણપર્યંત દંડ દેવાનું ત્યજી દીધું છે. તે તેમનું આયુ છોડી દે છે, છોડીને શ્રમણોપાસકે ગ્રહણ કરેલ દેશ-પરિમાણમાં રહેનારાં જે ત્રસ પ્રાણીઓ છે-જેને શ્રમણોપાસકે વ્રતારંભથી મરણપર્યંત દંડ દેવાનું ત્યજી દીધું છે-તેમાં ઉત્પન્ન થાય છે. તેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે.

તે પ્રાણીઓ પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, તે મહાકાય અને ચિર આયુસ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ અધિક હોય છે, જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે, અને તે પ્રાણીઓ અલ્પ હોય છે જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન હોતું નથી. આવા મહા ત્રસકાયની હિંસાથી ઉપરત, સંયમમાં સ્થિત અને પ્રતિવિરત માટે તમે અથવા બીજાઓ જે આ પ્રમાણે કહો છો કે—તેના માટે એવો કોઈ પર્યાય નથી કે જેમાં શ્રમણોપાસક એક પણ પ્રાણીના દંડનો ત્યાગ કરી શકે. આ પ્રતિપાદન ન્યાયસંગત નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. ત્યાં અન્ય દેશમાં જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે, જેમનામાં શ્રમણોપાસકે વ્રત-ગ્રહણના સમયથી મૃત્યુ સુધી દંડનો ત્યાગ કર્યો છે, તેઓ તે આયુ છોડી દે છે, છોડીને શ્રમણોપાસકે સ્વીકારેલા દેશ-પરિમાણની મર્યાદામાં રહેનારાં જે સ્થાવર પ્રાણીઓ છે—જેમને શ્રમણોપાસકે પ્રયોજનવશાત્ દંડ દેવાનો ત્યાગ કર્યો નથી પરંતુ નિષ્પ્રયોજન દંડ દેવાનો ત્યાગ કર્યો છે—તેમનામાં ઉત્પન્ન થાય છે. તેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે.

તે પ્રાણીઓ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, તે મોટા શરીર અને લાંબી આયુ-સ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ અધિક છે જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુ-પ્રત્યાખ્યાન હોય છે અને તે પ્રાણીઓ અલ્પ છે જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન હોતું નથી. તે મોટા ત્રસકાય પ્રાણીઓની હિંસાથી ઉપશાંત,વ્રતોમાં સ્થિત અને પ્રતિવિરત શ્રમણોપાસક માટે તમે અથવા બીજાઓ જે આમ કહો છો કે—તેને કોઈ એવો પર્યાય નથી જેનામાં શ્રમણોપાસકને એક પ્રાણીના પણ દંડનો ત્યાગ સંભવે. આ તમારો સિદ્ધાંત ન્યાય સંગત નથી.

૯. ત્યાં અન્ય દેશમાં ઉત્પન્ન જે ત્રસ-સ્થાવર પ્રાણીઓ છે, જેમનામાં શ્રમણોપાસકે વ્રતગ્રહણ સમયથી મરણ સુધી દંડનો ત્યાગ કર્યો છે—તેઓ તે આયુ છોડી દે છે, છોડીને તે શ્રમણોપાસકે સ્વીકારેલા દેશ-પરિમાણથી બહાર અન્ય દેશવર્તી જે ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે—જેમનામાં શ્રમણોપાસકે વ્રત-ગ્રહણ સમયથી મૃત્યુ પર્યંત દંડનો ત્યાગ કર્યો છે—તેમનામાં ઉત્પન્ન થાય છે. તેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે.

તે પ્રાણીઓ પણ કહેવાય છે અને ત્રસ પણ કહેવાય છે, તે મહા કાયવાળા અને ચિર સ્થિતિવાળા હોય છે. તે પ્રાણીઓ અધિક હોય છે જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન હોય છે અને તે પ્રાણીઓ અલ્પ છે જેમનામાં શ્રમણોપાસકનું પ્રત્યાખ્યાન હોતું નથી. આવા મહા ત્રસકાયની હિંસાથી ઉપરત, સંયમમાં સ્થિત અને પ્રતિવિરત શ્રમણોપાસક માટે તમે અથવા બીજા જે આમ કહો છો કે—તેને એવો કોઈ પર્યાય નથી, જેનામાં શ્રમણોપાસકને એક પણ પ્રાણીના દંડનો ત્યાગ હોય—તમારો આ મત ન્યાય-સંગત નથી.

ત્રસ-સ્થાવર પ્રાણીઓની અવ્યુચ્છિત્તિ—

૫૯૩. ભગવાને કહ્યું—પૂર્વકાળમાં એમ નથી બન્યું, અનાગત ભાવિ અનંતકાળમાં પણ એમ નહીં બને અને વર્તમાનમાં પણ એમ નથી બનતું કે—ત્રસ પ્રાણીઓ સર્વથા ઉચ્છિન્ન થઈ જાય અને બધા જ સ્થાવર બની જાય, કે સ્થાવર પ્રાણીઓ સર્વથા વ્યુચ્છિન્ન—નષ્ટ થઈ જાય અને બધા જ ત્રસ બની જાય. ત્રસ અને સ્થાવર પ્રાણીઓ સર્વથા વ્યુચ્છિન્ન થતાં ન હોવા છતાં તમે અથવા બીજાઓ જે આમ કહો છો કે—તેવો કોઈ પર્યાય નથી જેમાં શ્રમણોપાસકને એક પણ પ્રાણીના દંડનો ત્યાગ સંભવે—તમારો આ સિદ્ધાંત ન્યાય-સંગત નથી.

ઉપસંહાર—

૫૯૪. ભગવાને કહ્યું—'હે આયુષ્મન્ ઉદક ! જે વ્યક્તિ શ્રમણ કે માહણ પ્રતિ મૈત્રીભાવ રાખવા છતાં પણ એમની નિંદા કરે છે તે જ્ઞાન પ્રાપ્ત કરીને, દર્શન પ્રાપ્ત કરીને, ચારિત્ર પ્રાપ્ત કરીને અને પાપ કર્મોનો વિનાશ કરવા તત્પર થઈને પણ પરલોકનો વિઘાત કરે છે.

જે શ્રમણ અથવા માહણની નિંદા નથી કરતો પરંતુ મૈત્રીભાવ રાખે છે તે જ્ઞાન પ્રાપ્ત કરીને, દર્શન પ્રાપ્ત કરીને અને ચારિત્ર પ્રાપ્ત કરીને, પાપ કર્મોનો વિઘાત કરવા ઉદ્યત છે તે નક્કી પરલોકની વિશુદ્ધિ માટે સમર્થ બને છે.'

ત્યાર પછી તે ઉદક પેઢાલપુત્ર ભગવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમનો આદર કર્યા વિના જ જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં જવા તત્પર થયો.

તે જોઈને ભગવાને કહ્યું—હે આયુષ્મન્ ઉદક! જે તથારૂપ (આપ્ત પુરુષ) એવા શ્રમણ કે માહણ પાસેથી એક પણ આર્ય, ધાર્મિક સુવચન સાંભળે છે, સમજે છે તે પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી આમ વિચારીને કે તેમણે શ્રેષ્ઠ યોગક્ષેમનો માર્ગ દર્શાવ્યો છે—તેમને આદર આપે છે, ઉપકાર માને છે, વંદન—નમસ્કાર કરે છે, સત્કાર-સન્માન કરે છે, કલ્યાણ અને મંગળ રૂપ માને છે અને દેવતા તથા ચૈત્યની જેમ તેમની પર્યુપાસના કરે છે.'

૫૯૫. ત્યાર પછી તે ઉદક પેઢાલપુત્રે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું—"હે ભદન્ત! મેં આવાં વચનો પહેલાં કદી જાણ્યાં નથી, સુણ્યાં નથી, સમજ્યાં નથી, હૃદયગત કર્યાં નથી, જેથી મારા માટે આ વચનો અદૃષ્ટપૂર્વ, અશ્રુતપૂર્વ, અજ્ઞાતપૂર્વ છે, ગુરુમુખથી અપ્રાપ્ય, અપ્રગટ છે. મને તેનું સંશયરહિત જ્ઞાન થયું ન હતું એનો અર્થ સમજાયો ન હતો, એનો નિશ્ચય થયો ન હતો. આથી આ પદોમાં મેં શ્રદ્ધા કરી ન હતી, વિશ્વાસ કર્યો ન હતો, મારી અભિરુચિ થઈ ન હતી. હે ભદંત! આ વચનો મેં અત્યારે જાણ્યાં, અત્યારે સાંભળ્યાં, અત્યારે અવધાર્યાં, જોયાં, સાંભળ્યા, જાણ્યા. આ પદોનું મને અત્યારે જ વિશેષ જ્ઞાન થયું, અર્થનિશ્ચય થયો. આ પદોનું અત્યારે જ પ્રગટીકરણ થયું છે, સંશયરહિત જ્ઞાન થયું છે, સમ્યગ્ જ્ઞાન થયું છે, વ્યાખ્યા થઈ છે, નિર્ણય થયો છે. આથી હવે હું આ વચનોમાં શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું, રુચિ કરું છું. 'બધું તેમ જ છે જેમ આપ કહો છો.'"

ત્યાર પછી ભગવાન ગૌતમે ઉદક પેઢાલપુત્રને આમ કહ્યું—'હે આર્ય! જેમ હું કહું છું તેમ કર, તેમાં શ્રદ્ધા કર. હે આર્ય! વિશ્વાસ કર. હે આર્ય! રુચિ કર.'

ઉદકનું ચાતુર્યામધર્મમાંથી નીકળી પાંચ મહાવ્રતગ્રહણ—

૫૯૬. ત્યાર પછી તે ઉદક પેઢાલપુત્રે ભગવાન ગૌતમને આમ કહ્યું—'હે ભદંત! હું ચાર યામનો ધર્મ છોડી, આપની પાસે પંચ મહાવ્રત યુક્ત ધર્મ પ્રતિક્રમણપૂર્વક સ્વીકારીને વિચરવા ઇચ્છું છું.'

ત્યારે ભગવાન ગૌતમ ઉદક પેઢાલપુત્રને લઈને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજ્યા હતા ત્યાં આવ્યા.

ત્યાર પછી ઉદક પેઢાલપુત્રે શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ વાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વંદન—નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે ભગવંત! હું આપની સમીપે ચાર યામનો ધર્મ છોડી પાંચ મહાવ્રત ધર્મ પ્રતિક્રમણપૂર્વક સ્વીકારીને વિચરવા ઇચ્છું છું.'

[શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું—] 'હે દેવાનુપ્રિય! તને સુખ થાય તેમ કર. પ્રતિબંધ-પ્રમાદ કરીશ નહીં.'

ત્યાર પછી તે ઉદક પેઢાલપુત્રે શ્રમણ ભગવાન મહાવીર પાસે ચાતુર્યામ ધર્મનો ત્યાગ કરીને, પ્રતિક્રમણ સાથે પંચ મહાવ્રત ધર્મ અંગીકાર કર્યો અને વિચરવા લાગ્યા.

* * *

૪૫. મહાવીર-તીર્થમાં નંદીફલ જ્ઞાત (દૃષ્ટાંત)

ચંપામાં ધન્ય સાર્થવાહ—

૫૯૭. તે કાળે તે સમયે ચંપા નામે નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતું. જિતશત્રુ રાજા હતો.

તે ચંપા નગરીમાં ધન્ય નામે સાર્થવાહ હતો—જે ધનાઢ્ય—યાવત્—કોઈથી પરાભૂત કરી ન શકાય તેવો હતો.

તે ચંપા નગરીની ઉત્તર-પૂર્વ દિશા (ઈશાન કોણ)માં અહિચ્છત્રા નામે નગરી હતી—જે ઋદ્ધિ—સમૃદ્ધિ, ધનધાન્યથી સભર હતી-વર્ણન.

તે અહિચ્છત્રા નગરીમાં કનકકેતુ નામે રાજા હતો—મહા હિમવંત સમાન....આદિ વર્ણન.

ધન્યની અહિચ્છત્રા-ગમન ઘોષણા—

૫૯૮. તે પછી કોઈ એક વાર તે ધન્ય સાર્થવાહના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનમાં મધ્યરાત્રિ-સમયે આવા પ્રકારનો અધ્યવસાય યાવત્—મનોસંકલ્પ થયો—'વેચાણ કરવા યોગ્ય વસ્તુઓ લઈને મારે અહિચ્છત્રા નગરમાં વ્યાપાર માટે જવું શ્રેયસ્કર છે.'—તેણે આવો વિચાર કર્યો, વિચાર કરીને ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય એમ ચારે પ્રકારના પદાર્થો લીધા, લઈને ગાડી-ગાડાં તૈયાર કર્યાં, તૈયાર કરીને ગાડી-ગાડાં ભર્યાં, ભરીને કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

"હે દેવાનુપ્રિયો ! જાઓ અને ચંપાનગરીના શૃંગાટક—યાવત્—રાજમાર્ગો અને સામાન્ય માર્ગોમાં ઉદ્‌ઘોષણાપૂર્વક આ પ્રમાણે કહો—'હે દેવાનુપ્રિયો ! ધન્ય સાર્થવાહ વિપુલ વિક્રેય સામગ્રી લઈને વ્યાપાર અર્થે અહિચ્છત્રા નગરીમાં જવા ઇચ્છે છે. એટલે હે દેવાનુપ્રિયો ! જે કોઈ પણ ચરક કે ચીરિક, ચર્મખંડિક કે ભિક્ષુંડ, પાંડુરંગ કે ગૌતમ કે ગૌવ્રતિક અથવા ગૃહધર્મી કે ધર્મચિંતક, અથવા અવિરુદ્ધ, વિરુદ્ધ, વૃદ્ધ, શ્રાવક, રક્તપટ, નિર્ગ્રંથ આદિ સાધુ કે ગૃહસ્થ—જે કોઈ પણ ધન્ય સાર્થવાહ સાથે અહિચ્છત્રા નગરીમાં જવા ઇચ્છતા હોય તેને ધન્ય સાર્થવાહ પોતાની સાથે લઈ જવા તૈયાર છે. અને જેની પાસે છત્રી નહીં હોય તેને તે છત્રી આપશે, જોડાં નહીં હોય તેને જોડાં આપશે, જેની પાસે કમંડલુ નહીં હોય તેને કમંડલુ આપશે, જેની પાસે ભાથું નહીં હોય તેને ભાથું અને વાટખર્ચી નહીં હોય તેને વાટખર્ચી પણ આપશે. કોઈ માર્ગમાં પડી જશે કે કોઈનું કંઈ ભાંગશે કે કોઈ માંદુ પડશે તો તેને સહાય કરશે—સારસંભાળ લેશે અને સુખરૂપ અહિચ્છત્રા નગરી સુધી પહોંચાડશે.' આ જ રીતે બીજી વાર અને ત્રીજી વાર પણ ઘોષણા કરો અને પછી મારી આજ્ઞા પૂરી કર્યાની મને જાણ કરો."

ત્યાર પછી તે કૌટુંબિક સેવકોએ ધન્ય સાર્થવાહની આવી આજ્ઞા સાંભળી, હૃષ્ટ અને તુષ્ટ બની, ચંપાનગરીના શૃંગાટક—યાવત્—રાજમાર્ગો અને સામાન્ય માર્ગોમાં જઈને આવી ઘોષણા કરી—'હે ચંપાનગરીના નિવાસી ભગવંતો ! સાધુસંતો ! ચરકો યાવત્ ગૃહસ્થો ! જે ધન્ય સાર્થવાહ સાથે અહિચ્છત્રા નગરી જવા ઇચ્છતા હોય તેમને ધન્ય સાર્થવાહ પોતાની સાથે લઈ જશે. જેની પાસે છત્રી નહીં હોય તેને છત્રી અપાવશે—યાવત્—સુખપૂર્વક અહિચ્છત્રા નગરી સુધી પહોંચાડશે.' આમ ઘોષણા કરી, ફરી બીજી અને ત્રીજી વાર પણ ઘોષણા કરી અને પછી તે આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યાર પછી તે કૌટુંબિક સેવકોની આ વાત સાંભળી ચંપા નગરીના અનેક ચરકસાધુઓ—યાવત્—ગૃહસ્થો જ્યાં ધન્ય સાર્થવાહ હતો ત્યાં આવ્યા.

ત્યાર પછી તે ચરક—યાવત્—ગૃહસ્થોમાંથી જેમની પાસે છત્રી ન હતી તેમને ધન્ય સાર્થવાહે છત્રી અપાવી—યાવત્—ભાતું ન હતું તેમને ભાતું અપાવ્યું, આપીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને ચંપાનગરીની બહાર મુખ્ય ઉદ્યાનમાં મારી પ્રતીક્ષા કરતા થોભો.'

ત્યાર પછી તે ચરક અને યાવત્ ગૃહસ્થો ધન્ય સાર્થવાહનું આ કથન સાંભળી ચંપાનગરીની બહાર મુખ્ય ઉદ્યાનમાં ગયા અને ધન્ય સાર્થવાહની પ્રતીક્ષા કરવા લાગ્યા.

ધન્યે કરેલ નંદીફળના ઉપભોગનો નિષેધ—

૫૬૯. ત્યાર પછી ધન્ય સાર્થવાહે શુભ તિથિ, કરણ અને નક્ષત્રમાં વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય ભોજન તૈયાર કરાવ્યું, કરાવીને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનોને આમંત્રણ આપ્યું, આમંત્રિત કરીને, તેમને ભોજન કરાવ્યું, ભોજન કરાવીને તેમની રજા લીધી, રજા લઈને ગાડી—ગાડાં જોડાવ્યાં, જોડાવીને ચંપાનગરીની બહાર નીકળ્યા, નીકળીને અતિ દૂર દૂર નહીં તેવી રીતે પડાવ કરતા કરતા, સુખપૂર્વક આરામ અને સવારનો નાસ્તો કરતા કરતા, અંગ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશની વચ્ચોવચ્ચ થઈને દેશની સીમા પર જઈ પહોંચ્યા, ત્યાં પહોંચીને ગાડી-ગાડાં છોડ્યાં, છોડીને પડાવ નાખ્યો, પડાવ નાખીને કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

"હે દેવાનુપ્રિયો ! તમે મારા સાર્થ-નિવાસમાં ઊંચા અવાજે વારંવાર ઘોષણા કરીને આમ બોલો—'હે દેવાનુપ્રિયો ! આ આગળ આવનારી અટવીમાં મનુષ્યોની અવરજવર થતી નથી અને તે બહુ જ લાંબા રસ્તાઓવાળી છે. તેમાં વચ્ચે નંદીફળ નામનાં વૃક્ષો છે—જે શ્યામ વર્ણના—યાવત્—પત્ર, પુષ્પ, ફળવાળા તથા હરિત પ્રકાશમાન અને સૌન્દર્યથી અત્યંત શોભી રહ્યા છે, તેમના રૂપરંગ મનોજ્ઞ છે, ગંધ મનોજ્ઞ છે, રસ મનોજ્ઞ છે, સ્પર્શ મનોજ્ઞ છે અને છાયા મનોજ્ઞ છે.

પરંતુ હે દેવાનુપ્રિયો ! જે કોઈ મનુષ્ય તે નંદીફળ વૃક્ષનાં મૂળ, કંદ, છાલ, પત્ર, પુષ્પ, ફળ, બીજ કે લીલો ભાગ ખાશે અથવા તેની છાયામાં વિશ્રામ કરશે તેને ક્ષણભર તો સારું લાગશે પરંતુ ત્યારબાદ તેનું પરિણામ આવતાં અકાળે જ તે મૃત્યુ પામશે. આથી હે દેવાનુપ્રિયો ! તમારામાંથી કોઈ તે નંદીફળ વૃક્ષનાં મૂળ અથવા—યાવત્—લીલાભાગનું સેવન ન કરતા, એની છાયામાં વિશ્રામ ન કરતા, જેથી અકાળે જીવનનો નાશ ન થાય. હે દેવાનુપ્રિયો ! તમે બીજાં વૃક્ષોનાં મૂળ—યાવત્—ખાજો અને તેમની છાયામાં વિશ્રામ કરજો." આવા પ્રકારની ઘોષણા કરો, ઘોષણા કરીને મારી આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો." તેઓએ પણ તે પ્રમાણે ઘોષણા કરી આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

ત્યાર પછી ધન્ય સાર્થવાહે ગાડી-ગાડાં જોડાવ્યાં, જોડાવીને જ્યાં નંદીફળ નામે વૃક્ષો હતાં ત્યાં આવ્યો, આવીને તે નંદીફળ વૃક્ષોથી અતિ દૂર નહીં કે અતિ સમીપ નહીં તેમ પડાવ નાખ્યો, પડાવ નાખીને ફરી બીજી વાર અને ત્રીજી વાર પણ કૌટુંબિક સેવકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—

"હે દેવાનુપ્રિયો ! તમે મારા સાર્થનિવાસ-પડાવમાં-જાઓ અને ઊંચાઊંચા અવાજે ફરીફરી ઘોષણા કરી આમ કહો—'હે દેવાનુપ્રિયો ! પેલાં નંદીફળ વૃક્ષો છે જે શ્યામ વર્ણનાં-યાવત્-મનોજ્ઞ છાયાવાળાં છે. આથી હે દેવાનુપ્રિયો ! જે તે નંદીફળ વૃક્ષનાં મૂળ, કંદ, પત્ર, પુષ્પ, ફળ, બીજ કે લીલા ભાગનું સેવન કરશે-યાવત્-તે અકાળે જીવનનો નાશ કરશે. એટલે તમે તે નંદીફળ વૃક્ષોના મૂળ યા યાવત્-ભક્ષણ ન કરશો, કે છાયામાં વિશ્રામ ન કરશો, જેથી તે અકાળે જ તમારા જીવનનો નાશ ન કરી શકે. તમે બીજા વૃક્ષોના મૂળ અને યાવત્-ભક્ષણ કરજો, તેમની છાયામાં વિશ્રામ કરજો.' આવી રીતની ઘોષણા કરો, ઘોષણા કરીને મારી આજ્ઞા પૂરી કર્યાની જાણ કરો." તેઓએ પણ તેમ ઘોષણા કરી આજ્ઞા પૂરી કર્યાની જાણ કરી.

નિષેધપાલનનું ફળ—

૬૦૦. ત્યાં તેમાંના કોઈ કોઈ પુરુષોએ ધન્ય સાર્થવાહની આ વાતમાં શ્રદ્ધા રાખી, વિશ્વાસ રાખ્યો, રુચિ દર્શાવી. આ વાત પર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ દાખવતાં તેઓ તે નંદીફળ વૃક્ષોને દૂરથી જ ત્યજીને બીજાં વૃક્ષોના મૂળ આદિનું સેવન કરતા હતા, બીજા વૃક્ષોની છાયામાં વિશ્રામ કરતા હતા. તેમને તત્કાળ તો સારું ન લાગ્યું પણ જેમ જેમ પરિણમન થતું ગયું તેમ તેમ ફરી ફરી શુભ ગંધ, શુભ વર્ણ, શુભ રસ, શુભ સ્પર્શ અને શુભ છાયાનો તેમને અનુભવ થતો ગયો.

તે જ રીતે હે આયુષ્મન્ શ્રમણો ! આપણા જે નિર્ગ્રંથો કે નિર્ગ્રંથિનીઓ અનગારપણું સ્વીકારીને પાંચ ઇન્દ્રિયોના ભોગોમાં આસક્ત નથી થતા, અનુરક્ત નથી થતા, ગૃદ્ધ નથી થતા, મૂર્ચ્છિત નથી થતા, અત્યંત આસક્ત નથી થતા—તે આ જ ભવમાં ઘણા શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓના પૂજનીય બને છે અને પરલોકમાં અનેક વાર હસ્તછેદન, કર્ણછેદન, નાસિકાછેદન અને વળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હૃદયવિદારણ, વૃષણ-ઉત્પાદન, ફાંસી આદિ દુઃખો પામતા નથી અને અનાદિ, અનંત, દીર્ઘમાર્ગી, ચતુર્ગતિરૂપ સંસારકાન્તારને પાર કરી જાય છે—જેવી રીતે પેલા [સાર્થના] પુરુષો.

નિષેધ ન પાળવાથી વિપત્તિ—

૬૦૧. પણ તેમાંના કેટલાક પુરુષોએ ધન્ય સાર્થવાહની આ વાતમાં શ્રદ્ધા ન રાખી, વિશ્વાસ ન કર્યો, રુચિ ન દર્શાવી. ધન્ય સાર્થવાહની વાતમાં શ્રદ્ધા ન કરીને, વિશ્વાસ ન કરીને, રુચિ ન દાખવીને તેઓ જ્યાં નંદીફળ વૃક્ષો હતા ત્યાં આવ્યા, આવીને તેમણે તે નંદીફળ વૃક્ષનાં મૂળ-યાવત્-ભક્ષણ કર્યું, તેમની છાયામાં વિશ્રામ કર્યો, તેમને તત્કાળ તો સુખ મળ્યું પરંતુ પછી પરિણમન થતાં (વૃક્ષના વિષનો પ્રભાવ પ્રગટ થતાં) તેમનાં જીવનનો અકાળે જ નાશ થયો.

૬૦૨. એ જ રીતે હે આયુષ્મન્ શ્રમણો ! આપણા જે નિર્ગ્રંથો કે નિર્ગ્રંથિનીઓ આચાર્ય-ઉપાધ્યાયની સમીપે મુંડિત બની, ગૃહવાસ ત્યજી, અનગાર-પ્રવ્રજ્યા અંગીકાર કરીને પાંચ ઇન્દ્રિયોના ભોગોમાં આસક્ત બને છે, અનુરક્ત બને છે, ગૃદ્ધ થાય છે, મૂર્ચ્છિત થાય છે, અત્યંત આસક્ત થાય છે તેઓ આ ભવમાં-યાવત્-અનાદિ, અનંત, દીર્ઘપથવાળી સંસાર અટવીમાં વારંવાર પરિભ્રમણ કરતા રહે છે—જેમ કે પેલા [નિષેધ ન માનનાર સાર્થમાંના] પુરુષો.

ધન્યનું અહિચ્છત્રા-ગમન—

૬૦૩. ત્યાર પછી તે ધન્ય સાર્થવાહે ગાડી-ગાડાં જોડાવ્યાં, જોડાવીને જ્યાં અહિચ્છત્રા નગરી હતી ત્યાં પહોંચ્યો, પહોંચીને અહિચ્છત્રા નગરીની બહાર મુખ્ય ઉદ્યાનમાં પડાવ નાખ્યો, પડાવ નાખીને ગાડી-ગાડાં છોડ્યાં. ત્યાર પછી તે ધન્ય સાર્થવાહે મહર્ઘ, મહામૂલ્યવાન, મહાપુરુષોને યોગ્ય, રાજાને યોગ્ય ઉપહાર લીધો, લઈને ઘણા પુરુષો સાથે, તેમના વડે ઘેરાઈને અહિચ્છત્રા નગરીની વચ્ચે થઈને નીકળ્યો, જઈને જ્યાં કનકકેતુ રાજા હતો ત્યાં પહોંચ્યો, ત્યાં જઈને બન્ને હાથ જોડી મસ્તક સમીપે અંજલિ રચી જય વિજય શબ્દોથી રાજાને વધાવ્યો, વધાવીને તે મહર્ઘ, મહામૂલ્યવાન, મહાપુરુષયોગ્ય, રાજયોગ્ય ભેટ રાજા સામે ધરી, ત્યારે રાજા કનકકેતુએ હર્ષિત અને સંતુષ્ટ થઈને ધન્ય સાર્થવાહની તે મહર્ઘ, મહામૂલ્યવાન, મહાપુરુષને યોગ્ય, રાજાને યોગ્ય ભેટ સ્વીકારી, સ્વીકારીને ધન્ય સાર્થવાહનું સન્માન-બહુમાન કર્યું, આદર-સન્માન કરીને તેનો રાજ્યકર માફ કર્યો, કર માફ કરીને વિદાય આપી. પછી ધન્ય સાર્થવાહે પોતાના માલ-સામાનનો વિનિમય કર્યો, વિનિમય કરીને બદલામાં બીજો માલ-સામાન લીધો, લઈને સુખપૂર્વક જ્યાં ચંપાનગરી હતી ત્યાં આવ્યો, આવીને પોતાના મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ અને પરિજનો સાથે વિપુલ માનુષી ભોગો ભોગવતો રહેવા લાગ્યો.

ધન્યની પ્રવ્રજ્યા—

૬૦૪. તે કાળે તે સમયે સ્થવિર ભગવંતોનું આગમન થયું.

ધન્ય સાર્થવાહે ધર્મ શ્રવણ કરી પોતાના જ્યેષ્ઠ પુત્રને કુટુંબનો વડો બનાવ્યો, કુટુંબનો ભાર તેને સોંપીને પોતે દીક્ષિત થયો અને સામાયિકથી શરૂ કરી અગિયાર અંગનું અધ્યયન કરી તથા ઘણાં વર્ષોનો શ્રમણ પર્યાય પાળીને, એક માસની સંલેખના દ્વારા આત્માને નિર્મળ કરીને, કોઈ એક દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયો. તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

* *

૪૬. મહાવીર-તીર્થમાં ધન્ય સાર્થવાહ કથાનક

રાજગૃહમાં ધન્ય સાર્થવાહની પુત્રી સુંસુમા—

૬૦૫. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું—વર્ણન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાં ધન્ય નામે સાર્થવાહ રહેતો હતો. તેની ભાર્યાનું નામ ભદ્રા હતું.

તે ધન્ય સાર્થવાહને ભદ્રાની કુક્ષિએ જન્મેલા પાંચ પુત્રો હતા, તે આ પ્રમાણે–ધન, ધનપાલ, ધનદેવ, ધનગોપ અને ધનરક્ષિત.

તે ધન્ય સાર્થવાહને ભદ્રાની કુક્ષિએ જન્મેલા પાંચ પુત્રો પછી જન્મેલી સુંસુમા નામે પુત્રી હતી–જે સુકોમળ હાથ-પગવાળી હતી.

ચિલાત દાસચેટ વડે કુમાર-કુમારિકાઓની ક્રીડા વખતે પજવણી—

૬૦૬. તે ધન્ય સાર્થવાહનો ચિલાત નામે દાસચેટ (બાળ નોકર) હતો—જે પાંચે ઇન્દ્રિય અને શરીરથી પરિપૂર્ણ અને માંસથી પુષ્ટ (માંસલ) હતો તથા બાળકોને રમાડવામાં કુશળ એવો હતો.

ત્યારે તે દાસચેટને બાલિકા સુંસુમાને સંભાળવાનું કામ સોંપવામાં આવ્યું. તે સુંસુમા બાલિકાને કેડે બેસાડતો, બેસાડીને ઘણા બાલક–બાલિકાઓ, છોકરા–છોકરીઓ, કુમાર–કુમારિકાઓની સાથે રમતો રમતો વિચરતો હતો.

ત્યારે તે ચિલાત દાસચેટક તે ઘણાં બાળક-બાળિકાઓ, છોકરા-છોકરીઓ, કુમાર–કુમારિકાઓમાંથી કોઈની કોડીઓ છીનવી લેતો તો કોઈની ગોળીઓ પડાવી લેતો, કોઈનો દડો ઉઠાવી લેતો તો કોઈની ગીલ્લી લઈ લેતો, કોઈનાં કપડાં સંતાડી દેતો તો કોઈનો દુપટ્ટો હરી લેતો, કોઈનાં આભૂષણ, માળા, અલંકાર ચોરી લેતો, કોઈ કોઈ પર ખીજાતો, કોઈ કોઈને ખીજવતો, કોઈને ઠગી લેતો, કોઈનું અપમાન કરતો અને કોઈને મારતો પીટતો હતો.

૬૦૭. ત્યારે તે અનેક બાલક-બાલિકાઓ, છોકરા-છોકરીઓ અને કુમાર-કુમારિકાઓ રોતા રોતા, ચિલ્લાતા, વિલાપ કરતા, ડરતા ગભરાતા જઈને પોતપોતાનાં મા-બાપને ફરિયાદ કરતા.

ચિલાતનું ઘરમાંથી નિષ્કાસન—

૬૦૮. ત્યારે તે અનેક બાલક-બાલિકાઓ, છોકરા–છોકરીઓ અને કુમાર-કુમારિકાઓના માબાપો ધન્ય સાર્થવાહ પાસે આવ્યાં, આવીને ખેદજનક વચનો વડે ખેદ પ્રગટ કર્યો, કડવાં વચનો બોલ્યા અને ઠપકો આપ્યો, કડવાં વચનો અને ઠપકા સાથે તેમણે ધન્ય સાર્થવાહને આ વાત જણાવી.

ત્યાર પછી ધન્ય સાર્થવાહે ચિલાત દાસચેટને આવું કરવા અંગે વારંવાર મનાઈ કરી, પરંતુ ચિલાત દાસચેટ માન્યો નહીં–અટકયો નહીં.

ત્યાર પછી પણ તે ચિલાત દાસચેટ તે અનેક બાલક-બાલિકાઓ, છોકરા-છોકરીઓ અને કુમાર-કુમારિકાઓમાંથી કોઈની કોડીઓ છીનવી લેતો, કોઈની ગોળીઓ પડાવી લેતો, કોઈનો દડો ઉઠાવી લેતો તો કોઈની ગીલ્લી લઈ લેતો, કોઈનાં કપડાં છુપાવી દેતો તો કોઈનો દુપટ્ટો હરી લેતો, કોઈનાં આભૂષણ, માળા, અલંકાર ચોરી લેતો, કોઈ કોઈ પર ખીજાતો, કોઈ કોઈને ખીજવતો, કોઈને ઠગી લેતો, કોઈનું અપમાન કરતો અને કોઈને મારતો–પીટતો હતો.

ત્યારે તે અનેક બાલક-બાલિકાઓ, છોકરા-છોકરીઓ અને કુમાર-કુમારિકાઓ એ રોતાં રોતાં, ચીસો પાડતા, આક્રંદ કરતાં અને વિલાપ કરતાં કરતાં પોતાનાં માતા–પિતાને ફરિયાદ કરી.

ત્યારે તે ક્રોધાયમાન, રુષ્ટ, કુપિત અને ક્રોધથી લાલપીળા થઈને ધન્ય સાર્થવાહ પાસે આવવા લાગ્યા, આવીને ખેદજનક વચનો વડે, અનાદરસૂચક વચનો વડે, ઠપકાભર્યાં વચનો વડે ખેદ પ્રગટ કરવા લાગ્યા, ઠપકો આપવા લાગ્યા અને ધન્ય સાર્થવાહને તે વાત જણાવવા લાગ્યા.

ત્યારે તે ધન્ય સાર્થવાહે તે અનેક બાલક-બાલિકાઓ, છોકરા-છોકરીઓ, કુમાર-કુમારિકાઓના માતા–પિતા પાસેથી આવી વાત સાંભળી, કોપાયમાન થઈ, રુષ્ટ થઈ, ચંડરૂપ ધારણ કરી, ગુસ્સાથી દાંત કચકચાવી તે ચિલાત દાસચેટકને નાનાંમોટાં ક્રોધવચનોથી ઠપકો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીધો, તેનું અપમાન કર્યું, તેને ધમકાવ્યો, સખત શબ્દોથી તેની ઝાટકણી કાઢી અને પછી પોતાના ઘરમાંથી બહાર કાઢી મૂક્યો.

ચિલાતની દુર્વ્યસન-પ્રવૃત્તિ—

૬૦૯. ધન્ય સાર્થવાહે તે દાસચેટ ચિલાતને પોતાના ઘરમાંથી કાઢી મૂક્યો એટલે તે રાજગૃહ નગરનાં શૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો, રાજમાર્ગો, દેવાલયો, સભાગૃહો, પરબો, જુગારના અડ્ડાઓ, વેશ્યાલયો અને મદ્યપાનગૃહોમાં મોજથી ભટકવા લાગ્યો.

ત્યાર પછી તે ચિલાત દાસચેટને કોઈ હાથ પકડીને રોકનાર કે ઠપકો આપી રોકનાર ન રહ્યું આથી તે સ્વચ્છંદમતિ, સ્વૈરાચારી, મદિરાપાનરત, ચોરી અને જુગારમાં રત, વેશ્યાઓમાં અને પરસ્ત્રીઓમાં આસક્ત રહેવા લાગ્યો.

રાજગૃહ સમીપે ચોરપલ્લી અને તેમાં રહેતો વિજય ચોર સેનાપતિ—

૬૧૦. ત્યારે રાજગૃહ નગરથી બહુ દૂર નહીં તેમ જ બહુ નિકટ નહીં એવા પ્રદેશમાં દક્ષિણ પૂર્વ દિશા(અગ્નિ કોણ)માં સિંહગુફા નામે એક ચોરપલ્લી (ચોરોનું ગામ) હતી–તે વિષમ ગિરિતળેટીના અંત ભાગમાં વસેલી હતી, વાંસની ઝાડીઓરૂપી કિલ્લાથી ઘેરાયેલી હતી, છિન્નભિન્ન થયેલા વિષમ પર્વતોમાં પડતા પ્રપાતોની ખાઈઓથી યુક્ત હતી, આવવા-જવા માટે તેમાં એક જ રસ્તો હતો, અનેક નાના નાના ખંડોમાં તે વહેંચાયેલી હતી, જાણકાર જ તેમાં અંદર જઈ શકતા અને બહાર નીકળી શકતા, તેની અંદર પાણી મળે તેમ હતું પરંતુ તેની બહાર ચોપાસ પાણી મળવું અત્યંત દુર્લભ હતું, ચોરાયેલા ધનની તપાસમાં આવેલ સેના પણ તે પલ્લીનું કંઈ બગાડી શકે તેમ ન હતી.

૬૧૧. તે સિંહગુફા નામે ચોરપલ્લીમાં વિજય નામે ચોર સેનાપતિ રહેતો હતો–જે અધાર્મિક, અધર્મમાં સ્થિત, પાપીઓનો પ્રિય, પ્રસિદ્ધ પાપી, પાપનો ઉપદેશ આપનાર, અધર્મના બીજ જેવો, અધર્મ જ જોનારો, કુધર્મ અને કુશીલનું જ આચરણ કરનાર, તથા પાપકાર્યોમાં પ્રવૃત્ત હતો. હણવું, છેદવું, ભેદવું, એમાં પ્રવૃત્ત હોવાથી તેના હાથ લોહીથી રંગાયેલા રહેતા, તે અતિ ક્રોધી, રુદ્ર, દુષ્ટ, દુઃસાહસી, ધૂર્ત, ઠગ, કપટી, છળકપટ અને ભેળસેળ કરવામાં ચતુર, શીલવ્રત અને ગુણોથી રહિત, પૌષધોપવાસનું પ્રત્યાખ્યાન ન કરનાર, અનેક મનુષ્યો, પશુઓ, પક્ષીઓ, સાથીઓનો ઘાત કરનારો, વધ કરનારો, નાશ કરનારો, અધર્મની ધજા જેવો હતો. દૂર દૂરનાં નગરો સુધી એની કુખ્યાતિ ફેલાયેલી હતી. તે શૂર, દૃઢપ્રહારી, સાહસી અને શબ્દવેધી હતો.

તેવો તે સિંહગુફા ચોરપલ્લીમાં પાંચસો ચોરોનું આધિપત્ય, અગ્રેસરત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞાકારકત્વ, ઈશ્વરત્વ અને સેનાપતિત્વ કરતો તથા તે બધાનું પાલન કરતો રહેતો હતો.

૬૧૨. તે તસ્કરો અને ચોરોનો સેનાપતિ વિજય અનેક ચોરો, પરદારાગામીઓ, ખિસ્સાકાતરુઓ, ઘરફોડુઓ, ખાતર પાડનારાઓ, રાજદ્રોહીઓ, દેવાદારો, બાળઘાતકો, વિશ્વાસઘાતીઓ, જુગારીઓ, ખંડરક્ષકો (ભાગેડુઓ) તથા બીજા અનેક ભાંગફોડિયા અને અપરાધીઓ માટે આશ્રયસ્થાન સમાન હતો.

ત્યારે તે વિજય તસ્કર–ચોર–સેનાપતિ રાજગૃહ નગરની દક્ષિણપૂર્વ દિશા(અગ્નિ કોણ)માં રહેલા જનપદના ગામો ભાંગીને, નગરો લૂંટીને, ગાયો હરી જઈને, માણસોને પકડીને, મુસાફરોને મારીઝૂડીને, ખાતર પાડીને વારંવાર હેરાન કરતો, વિધ્વંસ કરતો, લોકોને સ્થાનહીન અને ધનહીન બનાવતો વિચરતો હતો.

ચિલાતનું ચોરપલ્લી-ગમન અને ચોરસેનાપતિ વિજય દ્વારા ચૌર્યવિદ્યા-શિક્ષણ—

૬૧૩. ત્યારે તે ચિલાત દાસચેટ રાજગૃહ નગરમાં ઘણા અર્થાભિશંકી (એણે અમારું ધન લઈ લીધું છે એવી શંકાવાળા), ચૌરાભિશંકી (ચોરી કરી છે એવી શંકાવાળા), દારાભિશંકી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પોતાની સ્ત્રી સાથે દુરાચરણ કર્યું છે એવી શંકાવાળા) ધનિકો અને જુગારીઓ વડે પરાભવ પામીને અને માર ખાઈને રાજગૃહ નગરની બહાર નીકળ્યો, નીકળીને જ્યાં સિંહગુફા ચોરપલ્લી હતી ત્યાં આવ્યો, આવીને ચોરસેનાપતિ વિજયનું શરણ સ્વીકારીને રહેવા લાગ્યો.

ત્યાર પછી તે ચિલાત દાસચેટ ચોર-સેનાપતિ વિજયનો મુખ્ય ખડ્ગધારી અને દંડધારી બની ગયો. આથી જ્યારે પણ તે વિજય ચોર-સેનાપતિ કોઈ ગામ ભાંગવા, નગર લૂંટવા, ગાયો હરવા, મનુષ્યોને બાન પકડવા કે મુસાફરોને લૂંટવા જતો ત્યારે તે દાસચેટ ચિલાત ગમે તેવા ચંડ સેનાને પણ હરાવીને, ઉત્તમ વીરોને મારીને, ધજા-પતાકાઓ નષ્ટ કરીને, જીવ બચાવીને ભાગતા તેઓને દૂર દૂર સુધી નગડી મૂકતો અને પછી કામ પતાવીને અજાણ્યા માર્ગે સિંહગુફા ચોરપલ્લીમાં સકુશળ પાછો ચાલ્યો આવતો.

ત્યાર પછી તે વિજય ચોર સેનાપતિએ ચિલાત તસ્કરને અનેક ચોરવિદ્યાઓ, ચોરમંત્ર, ચોરમાયાજાળ અને ચોરનિકૃતિઓ (છળ-કપટ) શીખવી.

ચોર-સેનાપતિ વિજયનું મૃત્યુ—

૬૧૪. ત્યાર પછી તે વિજય ચોરસેનાપતિ કોઈ કાળે કાળધર્મમાં જોડાયો અર્થાત્ મરણને શરણ થયો.

ત્યારે તે પાંચસો ચોરોએ વિજય ચોર-સેનાપતિની સ્મશાનયાત્રા ધામધૂમપૂર્વક કાઢી, પછી મરણોત્તર લૌકિક ક્રિયાઓ કરી અને પછી સમય જતાં તેનો શોક છોડી દીધો.

ચિલાતને ચોર-સેનાપતિ બનાવવો—

૬૧૫. ત્યાર પછી પાંચસો ચોરોએ એકબીજાને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! આપણો વિજય ચોર સેનાપતિ કાળવશ થયો છે. વિજય ચોર સેનાપતિએ આ ચિલાત તસ્કરને ઘણી ચોરવિદ્યાઓ, ચોરમંત્ર, ચોર માયાઓ અને ચોરનિકૃતિઓ શીખવી છે. આથી હે દેવાનુપ્રિયો ! આપણા માટે એ શ્રેયસ્કર થશે કે ચિલાત તસ્કરનો સિંહગુફા ચોરપલ્લીના સેનાપતિપદે અભિષેક કરીએ.' આમ કહી તેમણે એકબીજાની તે વાત સ્વીકારી, સ્વીકારીને ચિલાતનો સિંહગુફા ચોરપલ્લીના ચોર સેનાપતિપદે અભિષેક કર્યો.

ત્યારથી તે ચિલાત ચોરસેનાપતિ બની ગયો—જે અધાર્મિક, પાપીઓનો પ્રિય, પાપકાર્યોમાં પ્રવૃત્ત, પાપનો ઉપદેશ કરનાર, અધર્મના બીજ જેવો, અધર્મદર્શક, અધર્મમાં અનુરાગી, કુધર્મ અને કુશીલનો આચરનાર હતો—અને તે પાપકાર્યોમાં પ્રવૃત્ત થઈને વિચરણ કરવા લાગ્યો.

ત્યાર પછી તે ચોરસેનાપતિ ચિલાત કેટલાય ચોરો, જારો, રાજદ્રોહીઓ, કરજદારો, બાલ-ઘાતકો, વિશ્વાસઘાતકો, જુગારીઓ, ખંડરક્ષકો (ભાગેડુઓ), માણસોના હાથપગ કાપી નાખનારાઓ આદિ અનેક ગુનેગારોનો આશ્રયદાતા બની ગયો.

તે તેની સિંહગુફા ચોરપલ્લીમાં પાંચસો ચોરોનું આધિપત્ય, પ્રમુખત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞાકારકત્વ, સેનાપતિત્વ કરતો કરતો અને પાલન કરતો વિચરવા લાગ્યો.

તે સમયે તે ચિલાત ચોર સેનાપતિ રાજગૃહ નગરના દક્ષિણપૂર્વ દિશાભાગ(અગ્નિકોણ)-માં આવેલ જનપદનાં અનેક ગામો ભાંગીને, નગરો લૂંટીને, ગાયો હરી જઈને, મનુષ્યોને બંદી બનાવીને, મુસાફરોને મારી-લૂંટીને, ખાતર પાડીને, વારંવાર પજવતો, વિનાશ કરતો, સ્થાનવિહીન કરતો અને નિર્ધન કરતો વિચરવા લાગ્યો.

ચિલાતે કરેલ ધન્ય સાર્થવાહના ઘરની લૂંટ અને સુંસુમાનું અપહરણ—

૬૧૬. ત્યાર પછી તે ચિલાત ચોર સેનાપતિએ કોઈ એક વાર વિપુલ અશન, પાન, ખાદિમ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાદિમ પદાર્થો તૈયાર કરાવીને તે પાંચસો ચોરોને ભોજન માટે આમંત્રણ આપ્યું. ત્યાર પછી સ્નાન કરીને, બલિકર્મ કરીને ભોજન મંડપમાં તે પાંચસો ચોરો સાથે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તથા સુરા, મદ્ય, માંસ, સીધુ (મદ્યવિશેષ) અને પ્રસન્ના-(મદ્યવિશેષ)નો આસ્વાદ કરતો, ચાખતો, પીરસતો અને સાથે ભોજન કરતો વિચરવા લાગ્યો. ભોજન કર્યા પછી તે પાંચસો ચોરોનું વિપુલ ધૂપ, પુષ્પ, ગંધ, માળા અને અલંકારોથી તેણે સન્માન-બહુમાન કર્યું, સન્માન-બહુમાન કરીને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! રાજગૃહ નગરમાં ધન્ય નામે એક ધનાઢ્ય સાર્થવાહ છે. તેની ભાર્યા ભદ્રાની કુક્ષિએ પાંચ પુત્રો પછી જન્મેલી સુંસુમા નામની પુત્રી છે—જે સર્વાંગસંપૂર્ણ શરીરવાળી યાવત્—સુરૂપ છે. તો હે દેવાનુપ્રિયો ! આપણે જઈએ અને ધન્ય સાર્થવાહના ઘરને લૂંટીએ. તે લૂંટમાં મળનારું વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, પ્રવાળ આદિ બધું તમારું અને સુંસુમા યુવતી મારી થશે.'

ત્યારે તે પાંચસો ચોરોએ ચિલાતની તે વાત સ્વીકારી.

૬૧૭. ત્યાર પછી તે ચિલાત ચોરસેનાપતિ તે પાંચસો ચોરો સાથે આર્દ્ર ચર્મ પર બેઠો, બેસીને દિવસના અંતિમ પ્રહરમાં પાંચસો ચોરો સાથે કવચ ધારણ કરી તૈયાર થયો, ધનુષબાણનો પટ્ટો તેણે કસીને બાંધ્યો, ગળાના રક્ષણ માટે ગ્રૈવેયક (ગળાનું કવચ) બાંધ્યું, પોતાની ઓળખાણ માટેનો શ્રેષ્ઠ વિમલ પ્રતીકપટ્ટ ધારણ કર્યો, આયુધો અને પ્રહરણો લીધાં, ગોમુખાકૃતિ ફલક (ઢાલ) લીધી, મ્યાનમાંથી તરવારો કાઢી, ખભા પર તીરનાં ભાથા બાંધ્યાં, જાંઘ ઉપર ઘંટડીઓ લટકાવી, ધનુષની દોરી તાણીને બાંધી, બાણો તૈયાર કર્યાં. બરછી-ભાલા ઉછળવા લાગ્યા, કૂચનાં વાજાં વાગવા લાગ્યાં, ચોરો વડે જોરજોરથી કરાતા સિંહનાદો અને કોલાહલથી સમુદ્રના ખળભળાટ જેવો અવાજ થઈ રહ્યો. આવી રીતે તે સિંહ ગુફા ચોરપલ્લીમાંથી નીકળ્યો, નીકળીને જ્યાં રાજગૃહ નગર હતું ત્યાં આવ્યો, આવીને રાજગૃહથી અતિ દૂર નહીં તેમ અતિ નિકટ નહીં તેવી એક સઘન ઝાડીમાં છુપાઈ ગયો અને છુપાઈને સૂર્યાસ્ત થવાની પ્રતીક્ષા કરવા લાગ્યો.

ત્યાર પછી તે ચોર સેનાપતિ ચિલાત અડધી રાત સમયે જ્યારે ચારે તરફ શાંતિ અને સુમસામ વાતાવરણ થઈ ગયું ત્યારે પાંચસો ચોરો સાથે ગોમુખાકાર ઢાલ બાંધીને—યાવત્—જાંઘ પર ઘંટડીઓ બાંધી અને જ્યાં રાજગૃહ નગરનું પૂર્વ દિશાનું દ્વાર હતું ત્યાં પહોંચ્યો, પહોંચીને પાણીની મશક કાઢીને તેમાંથી ખોબામાં પાણી લઈ આચમન કરી ચોખ્ખો, શુદ્ધ, પવિત્ર બન્યો, પછી તાલોદ્ઘાટિની (તાળા ખોલવાની) વિદ્યાનું આહ્વાન કર્યું, આહ્વાન કરી રાજગૃહના દરવાજાના બારણા પર પાણી છાંટ્યું, છાંટીને બારણાં ખોલી નાંખ્યાં, બારણાં ખોલીને રાજગૃહમાં પેઠો, પેસીને મોટા મોટા અવાજે ઘોષણા કરતો આમ બોલ્યો—'હે દેવાનુપ્રિયો ! હું ચિલાત નામે ચોર સેનાપતિ પાંચસો ચોરો સાથે સિંહગુફા પલ્લીમાંથી ધન્ય સાર્થવાહનું ઘર લૂંટવા અહીં આવ્યો છું. એટલે જે નવી માતાનું દૂધ પીવા ઇચ્છતો હોય તે મારી સામે આવે.'—આમ બોલી જ્યાં ધન્ય સાર્થવાહનું ઘર હતું ત્યાં આવ્યો, આવીને ધન્ય સાર્થવાહના ઘરનું દ્વાર ખોલી નાખ્યું.

૬૧૮. ત્યાર પછી ધન્યે પાંચસો ચોર સાથે આવેલા ચિલાત ચોર સેનાપતિને પોતાનું ઘર લૂંટતો જોયો, જોઈને તે ભયભીત, ત્રસ્ત, સંત્રસ્ત, ઉદ્વિગ્ન થયો અને ભયનો માર્યો પાંચે પુત્રો સાથે એકાંત સ્થાનમાં જઈને છુપાઈ ગયો.

ત્યાર પછી ચિલાત ચોરસેનાપતિએ ધન્ય સાર્થવાહનું ઘર લૂંટીને કેટલુંય ધન તથા સોનું, રત્ન, મણિ, મોતી, શંખ, શિલાપ્રવાળ, માણેક આદિ સારભૂત સંપત્તિ અને સાર્થવાહ પુત્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંસુમાને ઉપાડી, ઉપાડીને રાજગૃહ નગરની બહાર નીકળ્યો, નીકળીને જ્યાં સિંહગુફા હતી ત્યાં જવા રવાના થયો.

નગરરક્ષકો વડે ચોરનિગ્રહ—

૬૧૯. ત્યાર પછી ધન્ય સાર્થવાહ જ્યાં પોતાનું ઘર હતું ત્યાં પાછો આવ્યો, આવીને પોતાનું કેટલુંય ધન, સોનું અને પુત્રી સુંસુમાને હરાઈ ગયાનું જાણ્યું, જાણીને મહાર્ઘ, મૂલ્યવાન, મહાપુરુષયોગ્ય ભેટ લઈને તે નગરરક્ષકો પાસે પહોંચ્યો, પહોંચીને તે બહુમૂલ્ય, મહાર્ઘ, ઉચ્ચ પુરુષોને આપવા લાયક ભેટ તેમની સામે ધરી અને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! ચિલાત ચોર સેનાપતિ સિંહગુફા ચોરપલ્લીમાંથી અહીં પાંચસો ચોરો સાથે આવીને મારા ઘરને લૂંટીને કેટલુંય ધન, સોનું અને મારી પુત્રી સુંસુમાને ઉપાડી ગયો છે. તે પાછો સિંહગુફામાં ગયો છે. તો હે દેવાનુપ્રિયો ! આપણે સુંસુમા કન્યાને પાછી લાવવા જવું છે. હે દેવાનુપ્રિયો ! તે વિપુલ ધન, સોનું પાછું મળે તે બધું તમારું, મને મારી પુત્રી સુંસુમા જોઈએ.'

ત્યારે તે નગરરક્ષકોએ ધન્યની તે વાત સ્વીકારી, સ્વીકારીને કવચ બાંધી તે સજ્જ થયા યાવત્—આયુધો અને પ્રહરણો લઈને જોર જોર પૂર્વક કરાતા ઉત્કૃષ્ટ સિંહનાદના અવાજથી જાણે સમુદ્ર ખળભળી ઊઠ્યો હોય તેમ ગગનમંડળ ભરી દેતા રાજગૃહમાંથી નીકળ્યા, નીકળીને જ્યાં ચિલાત ચોરસેનાપતિ હતો ત્યાં પહોંચ્યા, ત્યાં પહોંચીને ચિલાત ચોરસેનાપતિ સાથે યુદ્ધ કરવા લાગ્યા.

ત્યાર પછી તે નગરરક્ષકોએ ચિલાત ચોરસેનાપતિના મોટા મોટા યોદ્ધાઓને મહાત, હત અને ઘાયલ કર્યા, તેમની ધ્વજા-પતાકાઓનો નાશ કર્યો અને પરાણે જીવ બચાવીને ભાગતા તેઓને ચારે દિશામાં ભગાડી દીધા.

ત્યારે તે પાંચસો ચોરો નગરરક્ષકો દ્વારા હત, મહાત કરાયા, તેમાંના મોટા મોટા યોદ્ધાઓ ઘાયલ થયા અને જીવ બચાવવા તે બધા ચારે દિશામાં ભાગી છૂટ્યા અને તેમણે લૂંટેલું વિપુલ ધન, સુવર્ણ વગેરે ત્યાં જ પડ્યું રહ્યું.

ત્યાર પછી તે નગરરક્ષકોએ તે વિપુલ ધન, સુવર્ણ વગેરે લઈ લીધું, લઈને જે તરફ રાજગૃહ નગર હતું ત્યાં પાછા ચાલ્યા.

ચિલાતનું સુંસુમા સાથે ચોરપલ્લીથી ભાગવું અને સુંસુમાની હત્યા—

૬૨૦. ત્યાર પછી તે ચિલાત નગરરક્ષકો વડે ચોરસેનાને હત, મહાત થયેલ જોઈને તથા ઉત્તમ વીરોને ઘાયલ કરાયેલા જોઈને, ધ્વજાપતાકાઓ નષ્ટ કરાયેલ જોઈને અને જીવ બચાવવા ચોરોને ચારે દિશામાં ભાગી છૂટેલા જોઈને ભયભીત થયો, ત્રસ્ત થયો અને સુંસુમા કન્યાને લઈને એક મોટી દુર્લંઘ્ય દુસ્તર અટવીમાં ઘૂસી ગયો.

તે સમયે તે ધન્ય સાર્થવાહે ચિલાતને સુંસુમા કન્યાને લઈને અટવીમાં પ્રવેશતો જોયો, જોઈને પાંચ પુત્રો સાથે છઠ્ઠો તે પોતે કવચબદ્ધ થઈને શસ્ત્રો સાથે તે ચિલાતના પગલે પગલે ગર્જના કરતો, પડકારતો, હોંકારતો અને ડરાવતો તેની પાછળ પાછળ ચાલ્યો.

૬૨૧. ત્યારે તે ચિલાતે ધન્ય સાર્થવાહને પાંચ પુત્રો સાથે છઠ્ઠો સ્વયં શસ્ત્રસજ્જ થઈને પીછો કરતો આવતો જોયો, જોઈને તે હતાશ, નિર્બળ, વીર્યહીન અને પરાક્રમરહિત બની ગયો અને જ્યારે સુંસુમા કન્યાને ઉપાડીને લઈ જવાની તેનામાં શક્તિ ન રહી ત્યારે થાકેલા, હારેલા, ખિન્ન થયેલા તેણે નીલકમળ, પાડાનાં શીંગડાં, અને અળસીના ફૂલ જેવી કાળી ચમકતી તીક્ષ્ણ ધારવાળી તલવાર ખેંચી, તલવાર લઈને તેણે સુંસુમા કન્યાનું ઉત્તમાંગ—મસ્તક કાપી નાંખ્યું, કાપીને તે મસ્તક લઈને અગોચર અટવીમાં તે પેસી ગયો.

૬૨૨. ત્યાર પછી તે ચિલાત તે અગોચર અટવીમાં ભુખ્તરસથી પીડાઈને માર્ગ ભૂલી જતાં સિંહગુફા ચોરપલ્લી સુધી પહોંચી ન શક્યો અને વચ્ચે જ મરી ગયો.

નિગમન પદ—

૬૨૩. આ જ રીતે હે આયુષ્માન શ્રમણો ! આપણા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંના જે સાધુ, નિર્ગ્રંથ કે નિર્ગ્રંથિની આચાર્ય કે ઉપાધ્યાય પાસે મુંડિત બનીને, ગૃહવાસ ત્યજીને અનગાર-દીક્ષા સ્વીકારે અને પછી વમન વહાવનાર, પિત્ત વહાવનાર, કફ વહાવનાર, શુક્ર વહાવનાર, રક્ત વહાવનાર, અસહ્ય ઉચ્છ્વાસ-નિશ્વાસવાળા, દુર્ગન્ધયુક્ત મૂત્ર, મળ, પૂયથી ભરેલ, વિષ્ટા, મૂત્ર, શ્લેષ્મ, નાકનો મેલ, વમન, પિત્ત, શુક્ર, શોણિતથી ઉત્પન્ન થનાર, અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, સડન-ગલન-વિધ્વંસન ધર્મવાળું, પહેલાં કે પછી નાશ અવશ્ય પામનાર એવા આ ઔદારિક શરીરના વર્ણ, રૂપ, બળ અને વિષયની પ્રાપ્તિ માટે આહાર લે, તેઓ આ જ લોકમાં અનેક શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓની અવહેલનાના પાત્ર બને છે-યાવત્-ચતુર્ગતિરૂપ સંસારકાંતારમાં પરિ-ભ્રમણ કરે છે, ભટકે છે—જેમકે તે ચિલાત તસ્કર.

ધન્યનું સુંસુમા માટે આક્રંદ—

૬૨૪. ત્યાર પછી ધન્ય સાર્થવાહ પાંચ પુત્રો સાથે છટ્ઠો પોતે તે અગોચર અટવીમાં ચિલાતની પાછળ પાછળ આમ તેમ ભટકી આથડીને ભુખ અને તરસથી શ્રાન્ત, કલાન્ત અને અત્યંત શ્રાન્ત થઈ ગયો, છતાં પણ તે ચિલાત ચોર સેનાપતિને પોતાના હાથે પકડવામાં સફળ ન થયો, ત્યારે તે ત્યાંથી પાછો વળ્યો અને પાછા ફરતાં જ્યાં સુંસુમા કન્યાના પ્રાણ ચિલાતે લીધા હતા તે સ્થળે આવી પહોંચ્યો, ત્યાં આવીને ચિલાતે મારી નાખેલી સુંસુમા દારિકાને તેણે જોઈ, જોઈને કુહાડીથી કાપ-વામાં આવેલ ચંપકનું વૃક્ષ જેમ જમીન પર ઢળી પડે તેમ, સાંધામાંથી છૂટો પડેલો ઈન્દ્રધ્વજ જેમ જમીન પર ઢળી પડે તેમ, તે પછાડ ખાઈને ભૂમિ પર પડી ગયો.

ત્યારે પાંચે પુત્ર સાથે છટ્ઠો તે ધન્ય સાર્થ-વાહ જ્યારે મૂર્છા વળી ત્યારે ચીત્કાર કરતો, આક્રન્દ કરતો, વિલાપ કરતો અને જોર જોરથી ડુસકા ભરી ઘણી વાર સુધી રડતો અને આંસુ વહાવતો રહ્યો.

અટવીમાં ક્ષુધાભિભૂત ધન્યાદિ દ્વારા સુંસુમાના માંસ-શોણિતનો આહાર—

૬૨૫. ત્યાર પછી તે અગોચર અટવીમાં ચિલાત ચોરનો પીછો કરતાં આમતેમ ભટકવાને લીધે ભૂખ અને તરસથી વ્યાકુળ બનેલા પાંચ પુત્રો સહિત છટ્ઠા ધન્ય સાર્થવાહે તે અગોચર અટવીમાં ચારે બાજુ પાણીની શોધખોળ કરી પણ ક્યાંય તેમને પાણી ન મળતાં તે શ્રાન્ત બન્યો, ખિન્ન બન્યો, અત્યન્ત કલાન્ત થઈ ગયો અને હતાશ થઈ ગયો. ખૂબ શોધવા છતાં ક્યાંય તેમને પાણી ન મળ્યું ત્યારે તે જ્યાં સુંસુમા નિષ્પ્રાણ થઈ પડી હતી ત્યાં આવ્યો, આવીને જ્યેષ્ઠ પુત્રને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું—હે પુત્ર ! પુત્રી સુંસુમા માટે ચિલાત ચોરની પાછળ ભટકતા ભૂખ-તરસથી પીડાઈને આપણે આ અગોચર અટવીમાં પાણીની તપાસ ચારે બાજુ કરી, તપાસ કરવા છતાં પાણી ન મળ્યું, પાણી વિના આપણે રાજગૃહ પહોંચવા શક્તિમાન નથી. એટલે હે દેવાનુપ્રિય ! તું મને જીવનરહિત કર (મારી નાખ), પછી મારા માંસ અને રુધિરનો આહાર કરી તમે આ અગોચર અટવીમાંથી બહાર નીકળો અને રાજગૃહ પહોંચો, મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો અને સંબંધીઓને મળો તથા અર્થ, ધર્મ અને પુણ્યના ભાગી બનો.'

૬૨૬. ત્યારે તે જ્યેષ્ઠ પુત્રે ધન્ય સાર્થવાહની આવી વાત સાંભળી તરત ધન્ય સાર્થવાહને કહ્યું—'હે તાત ! તમે અમારા પિતા છો, ગુરુ છો, જનક છો, દેવતારૂપ છો, સ્થાપક છો, પ્રતિ-સ્થાપક છો, સંગોપક છો. આથી હે તાત ! અમે તમને કેવી રીતે મારી શકીએ ? કેવી રીતે તમારા માંસ-શોણિતનો આહાર કરી શકીએ ? હે તાત ! તમે મને જીવનહીન કરી દો અને મારા માંસ-રુધિરનો આહાર કરી તમે બધા આ અગોચર અટવી પાર કરી રાજગૃહ પહોંચો, પહોંચીને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધીઓ અને પરિજનોને જઈ મળો તથા અર્થ, ધર્મ અને પુણ્યના ભાગી બનો.'

ત્યાર પછી બીજા પુત્રે ધન્ય સાર્થવાહને કહ્યું—હે તાત ! ગુરુ અને દેવસમાન જ્યેષ્ઠ ભ્રાતાને જીવનરહિત ન કરશો, તેનું માંસ-શોણિત ખાવાની વાત ન કરશો. હે તાત ! મને જીવનરહિત કરી દો અને મારાં માંસરુધિરનો આહાર કરો, આ અગોચર અટવીને પાર કરો, રાજગૃહ પહોંચો અને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો સંબંધીઓ અને પરિજનોને જઈ મળો તથા અર્થ, ધર્મ અને પુણ્યના ભાગી બનો.' આવી રીતે—યાવત્—પાંચમા પુત્રે કહ્યું.

૬૨૭. ત્યાર પછી ધન્ય સાર્થવાહે પાંચે પુત્રોની હૃદયેચ્છા જાણીને તે પાંચે પુત્રોને આ પ્રમાણે કહ્યું—'હે પુત્રો ! આપણામાંથી કોઈએ જીવનરહિત નથી થવું. આ પુત્રી સુંસુમાનું નિષ્પ્રાણ નિશ્ચેષ્ટ, જીવરહિત શરીર છે, માટે હે પુત્રો ! પુત્રી સુંસુમાના માંસરુધિરનો આહાર કરીએ જેથી આપણે તે આહારમાંથી શક્તિ મેળવી રાજગૃહ પહોંચી જઈશું.'

ત્યારે ધન્ય સાર્થવાહની આ વાત સાંભળી પાંચે પુત્રોએ તે સ્વીકારી.

૬૨૮ ત્યાર પછી પાંચે પુત્રો સાથે મળી ધન્ય સાર્થવાહે અરણિકાષ્ઠ મેળવ્યું, મેળવીને ચકમક બનાવ્યું, ચકમક બનાવીને અરણિકાષ્ઠ સાથે ઘસ્યું, ઘસીને અગ્નિનો તણખો પાડ્યો, તણખો પાડી આગ ચેતાવી, ચેતાવીને તેમાં લાકડાં નાખ્યાં, બરાબર આગ પ્રજ્વળી એટલે તેમાં સુંસુમા કન્યાનું માંસ પકાવી તેના માંસ અને રુધિરનો આહાર કર્યો, તે આહારથી શક્તિ મેળવી રાજગૃહ પહોંચ્યા, જઈને પોતાના મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓને મળ્યા અને પછી વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, શિલાપ્રવાળ, માણેક આદિ સંસારની સારભૂત સંપત્તિ અને પુણ્યના ભાગી બન્યા.

૬૨૯. ત્યાર બાદ ધન્ય સાર્થવાહે પુત્રી સુંસુમાની પાછળ અનેક લૌકિક ક્રિયાઓ, પુણ્યદાન વગેરે કર્યાં, કરીને સમય જતાં તેના શોકને વિસારે પાડ્યો.

ધન્યની પ્રવ્રજ્યા—

૬૩૦. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહ નગરના ગુણશિલક ચૈત્યમાં પધાર્યા.

તે સમયે પુત્રો સહિત ધન્ય સાર્થવાહ ધર્મ શ્રવણ કરીને પ્રવ્રજિત થયો, અગિયાર અંગોનો જ્ઞાતા થયો, અંતિમ સમય આવતાં એક માસની સંલેખના કરીને કાળધર્મ પામી સૌધર્મકલ્પમાં દેવ બન્યો. ત્યાંથી ચ્યવન કરી ને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે.

નિગમન—

'હે જંબૂ ! જેવી રીતે તે ધન્ય સાર્થવાહે વર્ણ માટે, રૂપ માટે, બળ માટે કે વિષય માટે સુંસુમા દારિકાનું માંસ—રુધિર ખાધું ન હતું, પરંતુ માત્ર રાજગૃહ નગરમાં પહોંચવા માટે જ ખાધું હતું.

એ જ રીતે હે આયુષ્માન શ્રમણો ! આપણામાંના જે નિર્ગ્રંથ કે નિર્ગ્રંથિની આચાર્ય કે ઉપાધ્યાય પાસે મુંડિત બની, ગૃહત્યાગ કરી, અનગાર—દીક્ષા લઈને પછી વમન ભરેલા, પિત્તનું વહન કરનારા, કફનું વહન કરનારા, શુક્રનું વહન કરનારા, શોણિતનું વહન કરનારા, દુર્ગંધયુક્ત શ્વાસોચ્છ્વાસવાળા, દુર્ગંધયુક્ત મળ—મૂત્ર—શ્લેષ્મ, નાસિકામળ, વમન, પિત્ત, શુક્ર, શોણિતથી ઉત્પન્ન અને અધ્રુવ, અનિત્ય, અશાશ્વત, સડવા—પડવા અને ગળવાના ધર્મવાળા, પહેલાં કે પછી અવશ્ય નાશ પામનાર એવા આ ઔદારિક શરીરના વર્ણ માટે, રૂપ માટે, બળ માટે અથવા વિષય માટે આહાર નથી કરતા પરંતુ માત્ર સિદ્ધગતિમાં પહોંચવા માટે આહાર કરે છે, તેઓ આ જ ભવમાં અનેક શ્રમણો, અનેક શ્રમણીઓ, અનેક શ્રાવકો અને અનેક શ્રાવિકાઓનાં પૂજનીય બને છે—યાવત્—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્ગતિરૂપ સંસારકાંતારને પાર કરી જાય છે—જેવી રીતે પુત્રો સહિત તે ધન્ય સાર્થવાહ.

હે જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરથી—યાવત્—પ્રાપ્ત થયેલ અઢારમા જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહેવાયો છે.

—એમ હું કહું છું.

૬૩૧. અંગવંશના સત્તોનેર રાજાઓ મુંડિત—યાવત્—પ્રવ્રજિત થયા.

* * *

૪૭. મહાવીર-તીર્થમાં કાલોદાયી કથાનક

રાજગૃહસ્થિત કાલોદાયી આદિનો અસ્તિકાય-વિષયક સંદેહ—

૬૩૨. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું, વર્ણન. ગુણશિલક ચૈત્ય હતું—વર્ણન—યાવત્—પૃથ્વી શિલાપટ્ટ હતો—વર્ણન.

તે ગુણશિલક ચૈત્યની પાસે થોડે દૂર ઘણા અન્યતીર્થિકો રહેતા હતા યથા—કાલોદાયી, શૈલોદાયી, સેવાલોદાયી, ઉદય, નામોદય, નર્મોદય, અન્યપાલક, શૈલપાલક, શંખપાલક અને સુહસ્તી ગાથાપતિ (ગૃહપતિ).

૬૩૩. ત્યારબાદ અન્ય કોઈ એક સમયે એકત્ર થયેલા-બેઠેલા, સુખપૂર્વક બેઠેલા તે અન્યતીર્થિકોમાં આવા પ્રકારનો આ વાર્તાલાપ થયો—'શ્રમણ જ્ઞાતપુત્ર (મહાવીર) પાંચ અસ્તિકાયોનો પ્રરૂપણા કરે છે જેમ કે—ધર્માસ્તિકાય યાવત્—આકાશાસ્તિકાય. જેમાં શ્રમણ જ્ઞાતપુત્ર ચાર અસ્તિકાય અજીવકાય છે, એમ બતાવે છે, તે આ પ્રમાણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય. એક જીવાસ્તિકાયને શ્રમણ જ્ઞાતપુત્ર અરૂપી જીવકાય જણાવે છે. તેમાંથી શ્રમણ જ્ઞાતપુત્ર ચાર અસ્તિકાયને અરૂપી કાય પ્રરૂપિત કરે છે જેમ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય, એક પુદ્ગલાસ્તિકાયને રૂપીકાય અને અજીવકાય પ્રરૂપિત કરે છે. એ પ્રમાણે એ કેમ માની શકાય ?'

કાલોદાયી આદિનું ગૌતમ પાસે અસ્તિકાય-શંકા-નિરૂપણ—

૬૩૪. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર—યાવત્—ગુણશિલક ચૈત્યમાં સમોસર્યા—યાવત્—પરિષદ પાછી ફરી. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ગૌતમગોત્રીય ઇન્દ્રભૂતિ નામે અનગાર, બીજા શતકના નિર્ગ્રંથ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે—યાવત્—ભિક્ષાચર્યા માટે ભમતા યથાપર્યાપ્ત ભક્તપાનને ગ્રહણ કરીને રાજગૃહ નગરથી—યાવત્—ત્વરા-રહિત, અસમ્ભ્રાન્ત રૂપે—યાવત્—ઈર્યાસમિતિને વારંવાર શોધતા તે અન્યતીર્થિકોથી થોડે દૂર જઈ રહ્યા હતા.

ત્યારે તે અન્યતીર્થિકો ભગવાન ગૌતમને થોડે દૂર જતાં જુએ છે, જોઈને એકબીજાને બોલાવે છે, એકબીજાને બોલાવીને તેઓએ આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો ! આપણને આ કથા [પંચાસ્તિકાયની વાત] અપ્રકટ—અજ્ઞાત છે; અને આ ગૌતમ આપણાથી થોડે દૂર જઈ રહ્યા છે, એટલા માટે હે દેવાનુપ્રિયો ! આપણે આ અર્થ ગૌતમને પૂછવો શ્રેયસ્કર છે.' એમ કહીને તેઓ એકબીજાની વાતનો સ્વીકાર કરે છે, સ્વીકાર કરીને જ્યાં ભગવાન ગૌતમ હતા ત્યાં આવે છે, ત્યાં આવી તેઓએ ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું—

'હે ગૌતમ ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્ર પાંચ અસ્તિકાયનું નિરૂપણ કરે છે જેમકે—ધર્માસ્તિકાય—યાવત્—આકાશાસ્તિકાય. તેને જ યાવત—રૂપીકાય, અજીવકાય બતાવે છે. તો હે ગૌતમ ! એ પ્રમાણે શી રીતે હોઈ શકે ?'

ગૌતમકૃત કાલોદાયી આદિની શંકાનું સમાધાન—

૬૩૫. ત્યારબાદ ભગવાન ગૌતમે અન્યતીર્થિકોને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિયો ! અમે અસ્તિભાવને નાસ્તિ (અવિદ્યમાન) એમ નથી કહેતા અને તે જ પ્રમાણે નાસ્તિભાવને અસ્તિ (વિદ્યમાન)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ પણ નથી કહેતા. હે દેવાનુપ્રિયો ! અમે સમસ્ત અસ્તિભાવને અસ્તિ કહીએ છીએ, અને સમસ્ત નાસ્તિભાવને નાસ્તિ કહીએ છીએ. માટે હે દેવાનુપ્રિયો ! જ્ઞાન વડે તમે સ્વયમેવ આ અર્થનો વિચાર કરો.' આ પ્રમાણે કહીને જ્યાં ગુણશિલક ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા, ત્યાં આવી તેઓ નિર્ગ્રંથ ઉદ્દેશકના વર્ણનને અનુરૂપ–યાવત્–ભક્ત-પાનને દેખાડે છે, ભક્ત-પાનને દેખાડીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને ન અતિ પાસે–યાવત્–પર્યુપાસના કરવા લાગ્યા.

કાલોદાયી-કૃત પંચાસ્તિકાય સમ્બન્ધી વિવિધ પ્રશ્નોનું જ્ઞાતપુત્ર-કૃત સમાધાન—

૬૩૬. તે કાળે તે સમયે શ્રમણ ભગવાન મહાવીર મહાકથા-પ્રતિપન્ન (ધર્મોપદેશ કરવામાં પ્રવૃત્ત) હતા, તે સ્થાન પર કાલોદાયી શીઘ્ર આવ્યો. શ્રમણ ભગવાન મહાવીરે કાલોદાયીને કહ્યું—

'હે કાલોદાયી ! અન્યદા કોઈ એક સમયે એકત્રિત થયેલા, આવેલા, બેઠેલા એવા તમને,' પૂર્વે કહ્યા પ્રમાણે–યાવત્–'એ વાત એ પ્રમાણે કેમ માની શકાય ?—

હે કાલોદાયી ! ખરેખર શું આ વાત યથાર્થ છે ?'

'હા ! યથાર્થ છે.'

'હે કાલોદાયી ! એ વાત સત્ય છે કે હું પાંચ અસ્તિકાયની પ્રરૂપણા કરું છું. જેમ કે ધર્માસ્તિકાય–યાવત્–પુદ્ગલાસ્તિકાય. તેમાં ચાર અસ્તિકાય અજીવાસ્તિકાયને અજીવ રૂપે કહું છું.' પૂર્વે કહ્યા પ્રમાણે–યાવત્–'એક પુદ્ગલાસ્તિકાયને રૂપી કાય કહું છું.'

૬૩૭. ત્યારે તે કાલોદાયીએ શ્રમણ ભગવાન મહાવીરને આ પ્રમાણે કહ્યું— 'હે ભદન્ત ! આ અરૂપી અજીવકાય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયમાં બેસવા, સુવા, ઊભા રહેવા, નીચે બેસવા, આળોટવા કોઈ પણ શક્તિમાન છે ?—

'આ અર્થ યોગ્ય નથી.'

'હે કાલોદાયી ! એક રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયમાં બેસવા, સુવા-યાવત્-આળોટવા કોઈ પણ શક્તિમાન છે.'

'હે ભગવન્ ! આ રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયમાં જીવોને પાપ ફલ વિપાકસહિત પાપકર્મો લાગે છે ?'

'હે કાલોદાયી ! આ અર્થ યોગ્ય નથી.'

૬૩૮. 'શું એ અરૂપીકાય જીવાસ્તિકાયમાં જીવોને પાપ–અશુભ ફળ—વિપાકસહિત પાપકર્મો લાગે છે ?'

'હા, લાગે છે.'

કાલોદાયી દ્વારા નિર્ગ્રંથ–પ્રવ્રજ્યા-ગ્રહણ અને વિહરણ—

૬૩૯. અહીં તે કાલોદાયી બોધ પામ્યો અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્ ! હું આપની પાસે ધર્મ સાંભળવા ઇચ્છું છું—હું આપની પાસે ધર્મ શ્રવણ કરવા ઉત્સુક છું.' એ પ્રમાણે સ્કંદકની જેમ તેણે પ્રવ્રજ્યા અંગીકાર કરી અને તેની જેમ અગિયાર અંગોનું અધ્યયન–યાવત્–વિહરવા લાગ્યો.

ભગવાન મહાવીરનો જનપદ-વિહાર—

૬૪૦. ત્યાર બાદ અન્ય કોઈ એક દિવસે શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહ નગર અને ગુણશીલક ચૈત્યથી બહાર નીકળ્યા, નીકળીને બહાર જનપદમાં વિહરવા લાગ્યા.

કાલોદાયીકૃત પાપકર્મ–કલ્યાણ કર્મ– ફળ–વિપાકના પ્રશ્નોનું ભગવાન દ્વારા સમાધાન—

૬૪૧. તે કાળે તે સમયે રાજગૃહ નામના નગરમાં ગુણશીલક ચૈત્ય હતું. ત્યાં અન્ય કોઈ એક દિવસે શ્રમણ ભગવાન મહાવીર–યાવત્–પધાર્યા. પરિષદ પાછી ફરી.

૬૪૨. ત્યારબાદ તે કાલોદાયી અનગાર અન્ય કોઈ એક દિવસે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતા ત્યાં આવ્યો, આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન-નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું—

'હે ભગવન્ ! જીવોનાં પાપકર્મ પાપ-અશુભફલ-વિપાક સહિત હોય છે ?'

'હા, હોય છે.'

'હે ભગવન્ ! જીવોનાં પાપકર્મ પાપફલ-વિપાક સહિત કેમ હોય છે ?'

'હે કાલોદાયી ! જેમ કોઈ એક પુરુષ સુંદર સ્થાલી (થાળી-પકાવવાનું વાસણ)માં રાંધવાથી શુદ્ધ અઢાર પ્રકારનાં વ્યંજનોથી યુક્ત વિષ-મિશ્રિત ભોજન કરે, તે ભોજન ખાતી વખતે ભદ્ર-સુખકર લાગે છે, પરંતુ ત્યાર બાદ તે પરિણામ પામતા ખરાબરૂપે, દુર્ગંધપણે 'મહાસ્રવ' ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે વારંવાર પરિણામ પામે છે. એ જ પ્રમાણે હે કાલોદાયી ! જીવોને પ્રાણાતિપાત-યાવત્-મિથ્યાદર્શન શલ્ય શરૂઆતમાં સારું લાગે છે, ત્યાર બાદ પરિણામ પામતા ઘૃણિત રૂપે-યાવત્-પરિણામ પામે છે, આ પ્રમાણે હે કાલોદાયી ! જીવોનાં પાપકર્મ પાપફલ વિપાક સહિત હોય છે.'

કલ્યાણકર્મ વિષયમાં પ્રશ્નોત્તર—

૬૪૩. 'હે ભગવન્ ! જીવોનાં કલ્યાણ (શુભ) કર્મો કલ્યાણ ફલ વિપાક સહિત હોય છે ?'

'હા, હોય છે.'

'હે ભગવન્ ! જીવોનાં કલ્યાણ કર્મ કલ્યાણ-ફલ વિપાક સહિત કેમ હોય છે ?'

'હે કાલોદાયી ! જેમ કોઈ એક પુરુષ સુંદર સ્થાલીમાં રાંધવાથી શુદ્ધ અઢાર પ્રકારના વ્યંજનોથી યુક્ત ઔષધિ મિશ્રિત ભોજન કરે, તે ભોજન ખાવા સમયે પ્રારંભમાં ભદ્ર-રુચિકર, સારું ન લાગે, પરંતુ ત્યારબાદ જ્યારે તે અત્યંત પરિણામ પામે ત્યારે પચે છે ત્યારે-તે સુરૂપપણે, સુવર્ણપણે-યાવત્-સુખપણે પરિણમે છે, દુઃખપણે પરિણામ પામતું નથી. એ પ્રમાણે હે કાલોદાયી ! જીવોને પ્રાણાતિપાતવિરમણ-યાવત્-પરિગ્રહ વિરમણ, ક્રોધનો ત્યાગ-યાવત્ મિથ્યાદર્શનશલ્યનો ત્યાગ પ્રારંભમાં સારો લાગતો નથી, પરંતુ ત્યારબાદ જ્યારે તે પરિણામ પ્રાપ્ત કરે છે ત્યારે તે વારંવાર સુખપણે પરિણમે છે-યાવત્-દુઃખપણે પરિણામ પામતું નથી. તે પ્રમાણે હે કાલોદાયી ! જીવોનાં કલ્યાણ કર્મ કલ્યાણ ફળવિપાક સહિત હોય છે.'

કાલોદાયીકૃત અગ્નિકાય સમારંભ-નિર્વાપન સંબંધી કર્મબંધના પ્રશ્નનું ભગવાન દ્વારા સમાધાન—

૬૪૪. 'હે ભદન્ત ! સરખા બે પુરુષ-યાવત્-સમાન ભાંડ-પાત્રાદિ ઉપકરણવાળા હોય, તેઓ પરસ્પર સાથે અગ્નિકાયનો સમારંભ—હિંસા કરે છે, તેમાં એક પુરુષ અગ્નિકાયને પ્રકટ કરે છે અને એક પુરુષ તેને બુઝાવે છે. હે ભગવન્ ! આ બે પુરુષોમાં કયો પુરુષ મહાકર્મવાળો-મહાક્રિયાવાળો, મહાઆસ્રવવાળો અને મહાવેદનાવાળો હોય છે અને કયો પુરુષ અલ્પ કર્મવાળો-યાવત્- અલ્પ વેદનાવાળો હોય છે અથવા જે પુરુષ અગ્નિકાયને પ્રગટ કરે છે તે કે જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે તે ?'

'હે કાલોદાયી ! તે બંને પુરુષોમાં જે અગ્નિકાયને પ્રજ્વલિત કરે છે, તે પુરુષ મહાકર્મવાળો-યાવત્-મહાવેદનાવાળો હોય છે અને જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે તે પુરુષ અલ્પકર્મવાળો - યાવત્ - અલ્પવેદનાવાળો હોય છે.'

'હે ભગવન્ ! આ પ્રમાણે આપ કેમ-શા માટે કહો છો—તેમાં જે પુરુષ-યાવત્-અલ્પવેદનાવાળો હોય છે ?'

'હે કાલોદાયી ! તે બંનેમાં જે પુરુષ અગ્નિકાયને પ્રદીપ્ત કરે છે તે પુરુષ પૃથ્વીકાયના જીવોનો પ્રચુર પરિમાણમાં સમારંભ કરે છે, જલકાયનો પ્રચુર માત્રામાં સમારંભ કરે છે. અલ્પ અગ્નિકાયનો સમારંભ કરે છે, વાયુકાયનો અધિક સમારંભ કરે છે, ઘણા વનસ્પતિકાયનો સમારંભ કરે છે, અધિક ત્રસકાયનો સમારંભ કરે છે; અને તેમાં જે પુરુષ અગ્નિકાયને બુઝાવે છે તે પુરુષ અલ્પપૃથ્વીકાયનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમારંભ કરે છે, અલ્પજલકાયનો સમારંભ કરે છે. અધિક અગ્નિકાયનો સમારંભ કરે છે, અલ્પવાયુકાયનો સમારંભ કરે છે, અલ્પ-વનસ્પતિકાયનો સમારંભ કરે છે, અલ્પ ત્રસકાયનો સમારંભ કરે છે. એ કારણથી હે કાલોદાયી ! યાવત્—અલ્પવેદનાવાળો હોય છે.'

કાલોદાયીકૃત અચિત્ત પુદ્ગલાવભાસન-ઉદ્યોત સંબંધી પ્રશ્નનું ભગવાન દ્વારા સમાધાન—

૬૪૫. 'હે ભગવન્! શું અચિત્ત પુદ્ગલ પણ અવ-ભાસ કરે છે ? ઉદ્યોત કરે છે, તપે છે, પ્રકાશ કરે છે ?'

'હા, કરે છે.'

'હે ભગવન્! અચિત્ત હોવા છતાં કયા પુદ્ગલ અવભાસ કરે છે? યાવત્ પ્રકાશ કરે છે ?'

'હે કાલોદાયી ! ક્રોધિત અનગારની તેજો-લેશ્યા નીકળીને દૂર જઈને દૂર પડે છે, દેશમાં જઈને તે દેશમાં—સ્થાનમાં પડે છે. જ્યાં જ્યાં પડે છે ત્યાં ત્યાં તે અચિત્ત પુદ્ગલ અવભાસ કરે છે—યાવત્— પ્રકાશ કરે છે, તે જ કારણથી તે અચિત્ત પુદ્ગલ પણ અવભાસ કરે છે—યાવત્ —પ્રકાશ કરે છે.'

કાલોદાયીનું નિર્વાણગમન—

૬૪૬. ત્યાર બાદ તે કાલોદાયી અનગાર શ્રમણ ભગવાન મહાવીરને વંદન—નમસ્કાર કરે છે, વંદન નમસ્કાર કરીને ઘણા ચતુર્થ, ષષ્ઠ અષ્ટમ—યાવત્—આત્માને ભાવિત કરતા તે પ્રથમ શતકમાંના કાલાસવેસિયપુત્રની જેમ—યાવત્—સર્વદુઃખોથી રહિત થયા.

હે ભગવન ! તે એ જ પ્રમાણે છે. હે ભગવન્ ! તે એજ પ્રમાણે છે.

* * *

૪૮. પુંડરીક—કંડરીક કથાનક

મહાવિદેહમાં પુંડરીકિણી નગરીના રાજપુત્રો પુંડરીક—કંડરીક—

૬૪૭. તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપ નામે દ્વીપમાં, મહાવિદેહમાં, સીતા મહાનદીના ઉત્તર કિનારે, નીલવંત નામે વર્ષધર પર્વતની દક્ષિણમાં, ઉત્તરમાં આવેલ સીતામુખ નામક વનખંડની પશ્ચિમે અને એકશૈલક નામે વક્ષકાર પર્વતનાં પૂર્વમાં પુષ્કલાવતી નામે વિજય છે.

તેની પુંડરીકિણી નામે રાજધાની છે— જે નવ યોજન પહોળી, બાર યોજન લાંબી—યાવત્—સાક્ષાત્ દેવલોક સમાન મનોહર, દર્શ-નીય, સુંદર રૂપવાળી અને પ્રતિરૂપ છે.

તે પુંડરીકિણી નગરીના ઉત્તર—પૂર્વ દિશા ભાગ(ઈશાનકોણ)માં નલિનીવન નામે ઉદ્યાન છે.

તે પુંડરીકિણી રાજધાનીમાં મહાપદ્મ નામે રાજા હતો.

તેની પદ્માવતી નામે રાણી હતી.

તે મહાપદ્મ રાજાના પુત્ર, પદ્માવતી દેવીના આત્મજ બે રાજકુમાર હતા, યથા—પુંડરીક અને કંડરીક, જેમનાં હાથપગ આદિ અંગો-પાંગ સુકોમળ હતાં. પુંડરીક યુવરાજ હતો.

મહાપદ્મ રાજાની પ્રવ્રજ્યા અને પુંડરીકનો અભિષેક—

૬૪૮. તે કાળે તે સમયે સ્થવિર મુનિઓનું આગ-મન થયું. મહાપદ્મ રાજા [વંદન માટે] નીકળ્યો. ધર્મશ્રવણ કરીને પુંડરીકને રાજ્યાસને બેસાડી તેણે પ્રવ્રજ્યા અંગીકાર કરી. પુંડરીક રાજા બન્યો, કંડરીક યુવરાજ. મહાપદ્મ અન-ગારે ચૌદ પૂર્વોનો અભ્યાસ કર્યો. ત્યાર પછી તે સ્થવિર મુનિ બહારનાં જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

ત્યાર પછી તે મહાપદ્મે અનેક વર્ષોનો શ્રમણ-પર્યાય પાળી—યાવત્—સિદ્ધિ પ્રાપ્ત કરી.

ત્યાર પછી ફરી એક વખત કોઈ સ્થવિરો પુંડરીકિણી રાજધાનીના નલિનીવન ઉદ્યાનમાં પધાર્યા. પુંડરીક રાજા વંદન કરવા નીકળ્યો. કંડરીક પણ મોટા જનકોલાહલથી સ્થવિરોના આગમનના સમાચાર જાણી મહાબલની જેમ વંદનાર્થ નીકળ્યો—યાવત્ પર્યુપાસના કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગ્યો. સ્થવિરોએ ધર્મોપદેશ આપ્યો. ધર્મ-શ્રવણ કરી પુંડરીક શ્રમણોપાસક બન્યો—યાવત્—પાછો ફર્યો.

ત્યાર પછી મુનિવરો પાસેથી ધર્મોપદેશ સાંભળીને અને સમજીને કંડરીક હર્ષિત અને સંતુષ્ટ થઈ પોતાના સ્થાનથી ઊભો થયો, ઊભો થઈને મુનિવરોની ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે બોલ્યો—

'હે ભદંત ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું—યાવત્—આપે જે કહ્યું તે યથાર્થ છે.' (વળી વિશેષમાં—) 'હું પુંડરીક રાજાની આજ્ઞા લઈશ અને પછી ગૃહવાસ ત્યાગી અનગાર-પ્રવ્રજ્યા અંગીકાર કરીશ.'

'હે દેવાનુપ્રિય ! તમને જેમ સુખ થાય તે પ્રમાણે કરો.'

ત્યાર પછી તે કંડરીકે સ્થવિરોને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમસ્કાર કરીને સ્થવિરો પાસેથી તે નીકળ્યો, નીકળીને ચાર ઘંટાવાળા અશ્વરથ પર આરૂઢ થયો અને મોટા મોટા ભટ સુભટોના સમૂહ સાથે પુંડરીકિણી નગરીની વચ્ચોવચ્ચ થઈને જ્યાં પોતાનું ભવન હતું ત્યાં પહોંચ્યાં, પહોંચીને ચાર ઘંટાવાળા અશ્વ-રથમાંથી નીચે ઊતર્યો, ઊતરીને જ્યાં પુંડરીક રાજા હતો ત્યાં આવ્યો, આવીને બે હાથ જોડી નતમસ્તકે અંજલિ રચી આ પ્રમાણે બોલ્યો—

'હે દેવાનુપ્રિય ! મેં સ્થવિર મુનિઓ પાસે ધર્મ-ઉપદેશ શ્રવણ કર્યો છે, હું તે ધર્મની ઇચ્છા કરું છું, વિશેષ ઇચ્છા કરું છું, તેમાં મારી રુચિ થઇ છે. આથી હે દેવાનુપ્રિય ! આપ અનુજ્ઞા આપો તો હું સ્થવિરો પાસે મુંડિત બની, ગૃહત્યાગ કરી અનગાર પ્રવ્રજ્યા ગ્રહણ કરું.'

કંડરીકની પ્રવ્રજ્યા—

૬૪૯. ત્યારે પુંડરીક રાજાએ કંડરીકને આ પ્રમાણે કહ્યું—

'હે ભાઈ ! તું અત્યારે મુંડિત બની, ગૃહ-વાસ છોડી—અનગાર પ્રવ્રજ્યા ગ્રહણ ન કર. હું તારો મહાન અભિષેકઉત્સવ કરવા માંગું છું.'

ત્યારે કંડરીકે પુંડરીક રાજાના આ કથનનો આદર કર્યો નહીં, કે સ્વીકાર કર્યો નહીં, પરંતુ તે મૌન રહ્યો.

ત્યાર પછી જ્યારે પુંડરીકે કંડરીકકુમારને અનેક પ્રકારે સમજાવવા, મનાવવા પ્રયત્ન કરવા છતાં તે સફળ ન થયો યાવત્ ત્યારે તેણે અનિચ્છાપૂર્વક તેની વાત સ્વીકારી યાવત્ નિષ્ક્રમણાભિષેક કર્યો યાવત્ સ્થવિરોને તેનું શિષ્યરૂપે દાન કર્યું. આમ કંડરીક પ્રવ્રજિત થયો, અનગાર બન્યો. પછી અગિયાર અંગોનો જ્ઞાતા બન્યો.

ત્યારે પછી કોઈ સમયે સ્થવિર ભગવંત પુંડરીકિણી નગરીના નલિનીવન ઉદ્યાનમાંથી નીકળ્યા અને નીકળીને બાહ્ય જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

કંડરીકને વેદના—

૬૫૦. ત્યાર પછી કંડરીક અનગાર રુખા-સૂકા આહા-રના કારણે યાવત્ સેલક મુનિની જેમ દાહજ્વરથી પીડાતા વિહાર કરવા લાગ્યા.

ત્યાર પછી એક વાર સ્થવિર ભગવંત પુંડ-રીકિણી નગરીમાં પધાર્યા, પધારીને નલિનીવન ઉદ્યાનમાં વિરાજતા હતા. પુંડરીક રાજા દર્શન-વંદન માટે ગયો. તેણે ધર્મોપદેશ સાંભળ્યો.

કંડરીકની ચિકિત્સા—

૬૫૧. ત્યાર પછી પુંડરીક રાજા ધર્મશ્રવણ પછી જ્યાં કંડરીક અનગાર હતા ત્યાં આવ્યો, આવીને કંડરીક અનગારને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરીને જોયું તો કંડરીક અનગારના દેહને પીડિત અને રોગવાળો જાણ્યો. તે જોઈને તે સ્થવિર ભગવંત પાસે આવ્યો, આવીને સ્થ-વિર ભગવંતને વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે બોલ્યો—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'હે ભગવન્! હું કંડરીક અનગારની યથા-પ્રવૃત્ત (સાધુઓના આચારને બાધ ન આવે તેવી રીતે) ઔષધ, ભૈષજય, ભોજન અને પાન વડે ચિકિત્સા કરાવવા ઇચ્છું છું. તો હે ભદંત! આપ મારી યાનશાળામાં પધારો.'

ત્યારે સ્થવિર ભગવંતે પુંડરીકની એ વાતનો સ્વીકાર કર્યો, સ્વીકાર કરીને જ્યાં પુંડરીક રાજાની યાનશાળા હતી ત્યાં પધાર્યા અને પ્રાસુક, એષણીય પીઠ, ફલક, શૈયા, સંસ્તારક લઈને વિચરવા લાગ્યા.

તે પછી પુંડરીક રાજાએ ચિકિત્સકોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું— 'હે દેવાનુપ્રિયો! તમે કંડરીક અનગારની પ્રાસુક અને એષણીય, ઔષધ, ભૈષજ, ભોજન, પાન વડે ચિકિત્સા કરો.'

ત્યારે પુંડરીક રાજાની આ આજ્ઞા સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થઈને તે ચિકિત્સકો કંડરીક અનગારની યથાપ્રવૃત્ત ઔષધ, ભૈષજ, આહાર-પાણી વડે ચિકિત્સા કરવા લાગ્યા અને તેમણે કંડરીકને મદ્યપાન કરવાની સલાહ પણ આપી.

ત્યાર પછી યથાપ્રવૃત્ત ઔષધ, ભૈષજ, આહાર અને પાન તથા મદ્યપાનની ચિકિત્સાથી કંડરીકનો રોગઆતંક ઉપશાંત થઈ ગયો અને તે હૃષ્ટ પુષ્ટ બળવાન શરીરવાળા નીરોગી બની ગયા.

કંડરીકનો પ્રમત્ત-વિહાર—

૬૫૨. ત્યાર પછી સ્થવિર ભગવંતે પુંડરીક રાજાની રજા લીધી, રજા લઈને તેઓ બાહ્ય જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

ત્યારે તે કંડરીક પોતાના રોગ-આતંકમાંથી મુક્ત થઈ ગયા છતાં પેલાં મનોજ્ઞ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહારમાં મોહિત, ગૃદ્ધ, આસક્ત અને તલ્લીન થઈ જવાને લીધે પુંડરીક રાજાની રજા લઈને બાહ્ય જનપદમાં વિહાર કરવા ઉદ્યત ન થયા પરંતુ શિથિલાચારી બની ત્યાં જ રહેવા લાગ્યા.

પુંડરીક દ્વારા પ્રતિબોધ—

૬૫૩. ત્યાર પછી પુંડરીકને આ વાતની જાણ થતાં જ તે સ્નાન કરી, અંતઃપુર અને પરિવાર સહ જ્યાં કંડરીક અનગાર હતા ત્યાં આવ્યો, આવીને કંડરીકની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! તમે ધન્ય છો, કૃતાર્થ છો, કૃતપુણ્ય છો, કૃતલક્ષણ છો. હે દેવાનુપ્રિય! તમે મનુષ્ય-જન્મ અને જીવનનું સુંદર ફળ મેળવ્યું છે કે જેથી તમે રાજ્ય, રાષ્ટ્ર, કોષ, કોષ્ઠાગાર, બલ, વાહન, પુર અને અંતઃપુરનો ત્યાગ કરીને પ્રવ્રજિત થયા છો. જ્યારે હું અધન્ય છું, અકૃતપુણ્ય છું, રાજ્ય યાવત્ અંતઃપુર અને મનુષ્યસંબંધી કામભોગોમાં મૂર્છિત છું યાવત્ વિષયાસક્ત છું જેથી દીક્ષા લેવા શક્તિમાન નથી. આથી હે દેવાનુપ્રિય! તમે ધન્ય છો, કૃતાર્થ છો, કૃતપુણ્ય છો, કૃતલક્ષણ છો, હે દેવાનુપ્રિય! તમને મનુષ્ય-જન્મ અને જીવનનું સુંદર ફળ પ્રાપ્ત થયું છે.'

ત્યારે કંડરીક અનગારે પુંડરીકનાં આવાં વચનોનો આદર ન કર્યો, ન સ્વીકાર કર્યો અને મૌન રહ્યા.

ત્યાર પછી પુંડરીકે બીજી વાર અને ત્રીજી વાર પણ આ જ વાત કહેતાં તે સાંભળીને કંડરીક અનગાર અનિચ્છાપૂર્વક, લજ્જાવશ અને અભિમાનને કારણે પુંડરીકની રજા લઈને સ્થવિરો સાથે બાહ્ય જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

કંડરીકનો પ્રવ્રજ્યા-ત્યાગ—

૬૫૪. ત્યાર પછી કેટલોક સમય સ્થવિરો સાથે ઉગ્ર વિહાર કર્યા પછી કંડરીક અનગાર શ્રમણત્વથી થાકી ગયા, શ્રમણત્વથી કંટાળી ગયા અને શ્રમણત્વની ઘૃણા કરવા લાગ્યા, શ્રમણના ગુણો તેમણે છોડી દીધા અને ધીરે ધીરે શ્રમણો પાસેથી દૂર હટવા લાગ્યા, દૂર થઈને જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુંડરીકિણી નગરી હતી, જ્યાં પુંડરીકનું ભવન હતું ત્યાં આવ્યા, આવીને અશોક-વાટિકામાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ નીચે પૃથ્વીશિલાની બનેલ પાટ પર બેઠા, બેસીને બે હથેળીમાં મુખ રાખી ભગ્ન મનોરથ બની આર્તધ્યાન કરતા ચિંતામાં ડૂબી ગયા.

ત્યારે પુંડરીકની ધાવમાતા જ્યાં અશોક-વાટિકા હતી ત્યાં ગઈ તો ત્યાં તેણે અશોક વૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટ પર મનોરથભગ્ન યાવત્ ચિંતામાં ડૂબેલા કંડરીક અણગારને બેઠેલા જોયા, જોઈને તે પુંડરીક રાજા પાસે ગઈ. જઈને તેણે પુંડરીક રાજાને આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! આપના પ્રિય ભાઈ કંડરીક અણગાર અશોકવાટિકામાં શ્રેષ્ઠ અશોક વૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટ પર મનોરથભગ્ન યાવત્ ચિંતાગ્રસ્ત બનીને બેઠા છે.'

ત્યારે તે પુંડરીક રાજા ધાવમાતાની આ વાત સાંભળી અને સમજીને તરત સંભ્રાન્ત બની આસનેથી ઊઠ્યો, ઊઠીને અંત:પુર પરિવાર સહ જ્યાં અશોકવાટિકા હતી ત્યાં આવ્યો, આવીને કંડરીક અણગારની ત્રણવાર આદક્ષિણા-પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા, વંદન-નમન કરી આ પ્રમાણે કહ્યું—

'હે દેવાનુપ્રિય! તમે ધન્ય છો, કૃતાર્થ છો, કૃતલક્ષણ છો. હે દેવાનુપ્રિય! તમે માનવજન્મ અને જીવનનું સુફળ મેળવ્યું છે—યાવત્—ગૃહ-ત્યાગ કરીને અનગાર—પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. હું તો અધન્ય છું, અકૃતાર્થ છું, અકૃત-પુણ્ય છું, અકૃતલક્ષણ છું યાવત્ દીક્ષા લેવા સમર્થ નથી થયો. હે દેવાનુપ્રિય! તમે ધન્ય છો—યાવત્—તમે માનવજન્મ અને જીવન સફળ કર્યાં છે.'

ત્યારે પુંડરીક દ્વારા આ પ્રમાણે કહેવાયાં છતાં કંડરીક મૌન જ રહ્યા. બીજી વાર અને ત્રીજી વાર પણ પુંડરીકે આ પ્રમાણે કહ્યું છતાં તે મૌન ધરી બેઠા રહ્યા.

ત્યાર પછી પુંડરીકે કંડરીકને આ પ્રમાણે કહ્યું—'હે ભદંત! શું ભોગની ઇચ્છા છે?'

'હા, ઇચ્છા છે.' [કંડરીકે ઉત્તર આપ્યો.]

ત્યારે પુંડરીક રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું—'હે દેવાનુપ્રિયો! તરત જ કંડરીકને માટે મહાન અભિષેકની તૈયારી કરો' યાવત્ તેણે કંડરીકનો રાજ્યાભિષેક કર્યો.

પુંડરીકની પ્રવ્રજ્યા—

૬૫૫. ત્યાર પછી પુંડરીકે પોતાના હાથે જ પંચમુષ્ટિક કેશલોચ કર્યો, પોતાની મેળે જ ચાતુર્યામ ધર્મ અંગીકાર કરી કંડરીકનાં શ્રમણાચારનાં પાત્રો-ઉપકરણો ગ્રહણ કર્યાં, ગ્રહણ કરીને આ પ્રકારે અભિગ્રહ ગ્રહણ કર્યો—

'સ્થવિર ભગવંતને વંદન—નમસ્કાર કરીને અને ચાતુર્યામ ધર્મ અંગીકાર કરીને જ હું આહાર લઈશ.'—આવો અભિગ્રહ ધારણ કરીને તે પુંડરીકિણી નગરીમાંથી નીકળ્યો, નીકળીને એક ગામથી બીજે ગામ ફરતો ફરતો તે જ્યાં સ્થવિર ભગવંત હતા તે સ્થળે જવા ઉદ્યત થયો.

કંડરીકનું મૃત્યુ—

૬૫૬. ત્યાર પછી રાજા બનેલ કંડરીકે પ્રણીત (પૌષ્ટિક) ભોજનપાનનો આહાર લેવા માંડ્યો અને અતિ ભોજન તથા અતિ જાગરણથી તેને તે ભોજનનું અજીર્ણ થયું—આહાર પચ્યો નહીં.

ત્યાર પછી આહાર—પાચન ન થવાથી કંડરીક રાજાને મધ્યરાત્રિકાળે શરીરમાં અત્યંત તીવ્ર, વિપુલ, કર્કશ, પ્રગાઢ, પ્રચંડ, દુ:ખદાયક અને અસહ્ય વેદના પેદા થઈ. તેનું શરીર પિત્તજ્વરયુક્ત બન્યું અને તેમાં દાહની પીડા ઊપડી.

ત્યાર પછી તે કંડરીક રાજા રાજ્યમાં, રાષ્ટ્રમાં, અન્ત:પુરમાં અને મનુષ્ય-સંબંધી કામભોગોમાં મૂર્છિત, ગૃદ્ધ, નિમગ્ન, અતીવ આસક્ત બનેલો અને આર્તધ્યાનને વશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનેલો એવો, ઇચ્છા ન હોવા છતાં પરાધીનપણે કાળસમયે (મરણ આવતાં) મૃત્યુ પામ્યો અને નીચેની સાતમી પૃથ્વી(નરક)માં સર્વોત્કૃષ્ટ સ્થિતિવાળા નારકરૂપે ઉત્પન્ન થયો.

નિગમન—

૬૫૭. આ રીતે હે આયુષ્માન શ્રમણો! આપણામાંથી જે નિર્ગ્રંથ અથવા નિર્ગ્રંથિની આચાર્ય કે ઉપાધ્યાય પાસે મુંડિત બનીને, ગૃહત્યાગ કરીને, અનગાર પ્રવ્રજ્યા લઈને પછી ફરી માનુષી કામભોગોની ઇચ્છા કરે છે, આકાંક્ષા કરે છે, અભિલાષા કરે છે તે આ જ ભવમાં અનેક શ્રમણો, અનેક શ્રમણીઓ, અનેક શ્રાવકો અને અનેક શ્રાવિકાઓની અવજ્ઞા, નિંદા, અવર્ણવાદ, તિરસ્કાર અને પરાભવને પાત્ર બને છે તથા પરલોકમાં પણ અનેક પ્રકારના દંડ, મુંડન, તર્જના અને તાડનને પાત્ર બને છે–યાવત્–ચતુર્ગતિરૂપ કાંતારમાં વારંવાર પરિભ્રમણ કરતા રહે છે–જેવી રીતે તે કંડરીક રાજા.

પુંડરીકની આરાધના—

૬૫૮. ત્યાર પછી તે પુંડરીક અનગાર જ્યાં સ્થવિર ભગવંત બિરાજતા હતા ત્યાં આવ્યા, આવીને સ્થવિર ભગવંતને વંદન–નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને સ્થવિર પાસેથી પુનઃ ચાતુર્યામ ધર્મ અંગીકાર કર્યો, પછી ષષ્ઠ ભક્તના પારણાના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કર્યો, સ્વાધ્યાય કરીને દ્વિતીય પ્રહરમાં ધ્યાન કર્યું, ત્રીજા પ્રહરમાં–યાવત્–ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં ગૃહ–સામુદાનિક ભિક્ષાચર્યા માટે અટન કરી શીત, રુક્ષ ભોજન–પાન ગ્રહણ કર્યું, ગ્રહણ કરીને 'આ મારા માટે પર્યાપ્ત છે' એમ વિચારી પાછા ફર્યા અને જ્યાં સ્થવિર ભગવંત હતા ત્યાં આવ્યા, આવીને લાવેલ ભોજન-પાન તેમને દેખાડ્યાં, દેખાડીને સ્થવવિર ભગવંતની આજ્ઞાપૂર્વક મૂર્ચ્છા રહિતપણે–યાવત્–દરમાં જેમ સર્પ સીધો પેસી જાય એ પ્રમાણે તે પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ પદાર્થોને શરીરરૂપી કોઠામાં નાખ્યાં.

ત્યાર પછી સમય વીત્યા પછીનો, રસહીન, વિરસ, ઠંડો અને રુક્ષ આહાર કરતા તથા મધ્ય રાત્રિ સમયે ધર્મજાગરણમાં તત્પર રહેતા તે પુંડરીક અણગારને તે આહાર સમ્યક્ રીતે પચ્યો નહીં.

તે સમયે તે પુંડરીક અનગારના શરીરમાં વેદના ઉત્પન્ન થઈ–જે અત્યંત તીવ્ર, વિપુલ, કર્કશ, પ્રગાઢ, પ્રચંડ, દુઃખપ્રદ અને અસહ્ય હતી. તેમના શરીરમાં પિત્તજ્વર વ્યાપ્યો ગયો અને દાહથી પીડાતા તેઓ વિચરવા લાગ્યા.

ત્યાર પછી પુંડરીક અણગાર નિસ્તેજ, નિર્બળ, વીર્યહીન અને પુરુષાર્થ–પરાક્રમરહિત બની ગયા, તેમણે બે હાથ જોડી અંજલિ રચી શિરસાવર્ત વંદનપૂર્વક આ પ્રમાણે કહ્યું—

'સિદ્ધગતિ નામક સ્થાનને પ્રાપ્ત કરેલ અરહંત ભગવંતોને નમસ્કાર હો. મારા ધર્માચાર્ય ધર્મોપદેષ્ટા સ્થવિર ભગવંતને નમસ્કાર હો. પૂર્વે પણ મેં સ્થવિર સમીપે સમસ્ત પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરી લીધેલ છે યાવત્ મૈથુન પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરી લીધેલ છે. અત્યારે પણ ફરી હું તેમની પાસે સમસ્ત પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું. યાવત્ મૈથુનપરિગ્રહનું પ્રત્યાખ્યાન કરું છું, સમસ્ત અશન, પાન, ખાદિમ, સ્વાદિમનું પ્રત્યાખ્યાન કરું છું,–યાવજ્જીવન ચારે પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરું છું. જો કે આ શરીર ઇષ્ટ અને કાંત છે તો પણ અંતિમ ઉચ્છ્વાસ–નિઃશ્વાસ સુધી તેનો ત્યાગ કરું છું'—ઇત્યાદિ કહીને આલોચના પ્રતિક્રમણ કરીને, કાળમાસે કાળ પામી તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવન કરીને પછી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો ક્ષય કરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિગમન—

૬૫૯. આ રીતે હે આયુષ્મન્ શ્રમણો ! આપણા જે નિર્ગ્રંથ કે નિર્ગ્રંથિની, આચાર્ય કે ઉપાધ્યાય પાસે મુંડિત બનીને, ગૃહત્યાગ કરીને, અનગાર-દીક્ષા અંગીકાર કરીને માનુષી કામભોગોમાં આસક્ત થતા નથી, અનુરક્ત થતા નથી, ગૃદ્ધ થતા નથી, મૂર્છિત થતા નથી અત્યંત આસક્ત, લિપ્ત થતા નથી, તે આ જ ભવમાં અનેક શ્રમણો,શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓના અર્ચનીય, વંદનીય, સ્મરણીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ-રૂપ, મંગળરૂપ, દેવરૂપ, અને ચૈત્યરૂપ ગણાઈને વિનયપૂર્વક પર્યુપાસનાને પાત્ર બને છે.

પરલોકમાં પણ તે વિવિધ દંડ, નિગ્રહ, તર્જન, અને તાડનના પાત્ર બનતા નથી—યાવત્—ચતુર્ગતિરૂપ સંસારકાંતારને પાર કરી જાય છે—જેવી રીતે તે પુંડરીક અણગાર.

* * *

૪૯. મહાવીરતીર્થમાં સ્થવિરાવલી

૬૬૦. શ્રમણ ભગવાન મહાવીરના એ અગિયારે ગણધરો દ્વાદશાંગીના જ્ઞાતા, ચૌદપૂર્વના વેત્તા અને સમગ્ર ગણિપિટકના ધારક હતા, તેઓ રાજગૃહ નગરમાં એક માસના નિર્જળ અનશન કરીને કાળધર્મ પામ્યા, —યાવત્—સર્વ-દુઃખોથી વિમુક્ત બન્યા. ભગવાન મહાવીર સિદ્ધગતિ પામ્યા પછી સ્થવિર ઇન્દ્રભૂતિ અને સ્થવિર આર્ય સુધર્મા પરિનિર્વાણ પામ્યા.

શ્રમણ નિર્ગ્રંથોની સુધર્માની અપત્યપરંપરા-

૬૬૧. આજ જે શ્રમણ નિર્ગ્રન્થો વિહરે છે—વિદ્યમાન છે તે બધા આર્ય સુધર્મા અનગારના અપત્ય-સ્થાનીય—શિષ્યપરંપરાના છે.—શેષ બધા ગણધરોની શિષ્ય-પરંપરા વિચ્છિન્ન થઈ ગઈ.

આર્યસુધર્માથી આરંભ કરી આર્ય યશોભદ્ર પર્યન્ત સ્થવિરાવલી—

૬૬૨. શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપગોત્રીય હતા. કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરના અન્તેવાસી અગ્નિવૈશ્યાયનગોત્રીય આર્ય સુધર્મા સ્થવિર હતા.

અગ્નિવૈશ્યાયન-ગોત્રીય સ્થવિર આર્ય સુધર્માના કાશ્યપગોત્રીય સ્થવિર આર્ય જમ્બૂ નામના અન્તેવાસી હતા.

કાશ્યપગોત્રીય સ્થવિર આર્ય જમ્બૂના કાત્યાયન-ગોત્રીય સ્થવિર આર્ય પ્રભવ નામના અન્તેવાસી હતા.

કાત્યાયન-ગોત્રીય સ્થવિર આર્ય પ્રભવના વાત્સ્ય-ગોત્રીય અને મનકના પિતા સ્થવિર આર્ય શય્યંભવ નામના અન્તેવાસી હતા.

વાત્સ્ય-ગોત્રીય અને મનકના પિતા સ્થવિર આર્ય શય્યંભવના તુંગિયાયન-ગોત્રીય સ્થવિર આર્ય યશોભદ્ર નામના અન્તેવાસી હતા.

આર્ય યશોભદ્રથી લઈને સંક્ષિપ્ત સ્થવિરા-વલી—

૬૬૩. આર્ય યશોભદ્રની આગળની સ્થવિરાવલી સંક્ષિપ્ત વાચના અનુસાર આ પ્રમાણે કહેવામાં આવી છે. તે આ પ્રમાણે છે—

તુંગિયાયન-ગોત્રીય આર્ય યશોભદ્ર સ્થવિરના બે સ્થવિર અન્તેવાસી હતા :

૧ માઢર-ગોત્રીય સ્થવિર સંભૂતવિજય અને ૨. પ્રાચીન-ગોત્રીય સ્થવિર આર્ય ભદ્રબાહુ.

માઢર-ગોત્રીય સ્થવિર આર્ય સંભૂતવિજયના ગૌતમ-ગોત્રીય આર્ય સ્થૂલભદ્ર અન્તેવાસી હતા.

ગૌતમ-ગોત્રીય સ્થવિર આર્ય સ્થૂલભદ્રના બે સ્થવિર અન્તેવાસી હતા—એલાવચ્ચ-ગોત્રીય સ્થવિર આર્ય મહાગિરિ અને વાશિષ્ઠ-ગોત્રીય આર્ય સુહસ્તી.

વાશિષ્ઠ-ગોત્રીય સ્થવિર સુહસ્તીના બે સ્થવિર અન્તેવાસી હતા—સુસ્થિત અને સુપ્રતિબદ્ધ. એ બંને કૌડિય કાકંદક કહેવાતા હતા અને વ્યાઘ્રાપત્ય-ગોત્રીય હતા.

કૌડિય કાકંદકના રૂપમાં પ્રસિદ્ધ અને વ્યાઘ્રા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પત્ય-ગોત્રીય સ્થવિર સુસ્થિત અને સુપ્રતિબદ્ધના કૌશિક-ગોત્રીય આર્ય ઇન્દ્રદિન્ન અન્તેવાસી હતા.

કૌશિક-ગોત્રીય આર્ય ઇન્દ્રદિન્ન સ્થવિરના ગૌતમ-ગોત્રીય સ્થવિર આર્ય દિન્ન અન્તેવાસી હતા.

ગૌતમ-ગોત્રીય સ્થવિર આર્ય ઇન્દ્રદિન્નના, જેમને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું એવા, કૌશિક-ગોત્રીય સ્થવિર આર્ય સિંહગિરિ અન્તેવાસી હતા.

જેમને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું એવા કૌશિક-ગોત્રીય સ્થવિર આર્ય સિંહગિરિના ગૌતમ-ગોત્રીય આર્ય વજ્ર નામના સ્થવિર અન્તેવાસી હતા.

ગૌતમ-ગોત્રીય સ્થવિર આર્ય વજ્રના ચાર સ્થવિર અન્તેવાસીઓ હતા— ૧. સ્થવિર આર્યનાઈલ, ૨. સ્થવિર આર્યપોગિલ, ૩. સ્થવિર આર્યજયંત, અને ૪. સ્થવિર આર્ય તાપસ.

સ્થવિર આર્યનાઈલથી આર્યનાઈલા શાખા નીકળી,

સ્થવિર આર્યપોગિલથી આર્ય પોગિલા શાખા નીકળી,

સ્થવિર આર્યજયંતથી આર્યજયન્તી શાખા નીકળી. અને

સ્થવિર આર્ય તાપસથી આર્ય તાપસી શાખા નિકળી.

આર્ય યશોભદ્રથી પ્રારમ્ભ કરી વિસ્તૃત સ્થવિરાવલી—

૬૬૪. આર્ય યશોભદ્રથી આગળની સ્થવિરાવલી વિસ્તૃત વાચનાપૂર્વક આ પ્રમાણે દૃષ્ટિગત થાય છે, તે આ પ્રમાણે છે—

સ્થવિર આર્ય યશોભદ્રના પુત્ર સમાન બે વિદ્વાન પ્રખ્યાત સ્થવિરો અન્તેવાસી હતા તે આ પ્રમાણે—પ્રાચીનગોત્રીય સ્થવિર આર્ય ભદ્રબાહુ અને માઢર-ગોત્રીય આર્ય સંભૂતવિજય સ્થવિર.

પ્રાચીન-ગોત્રીય સ્થવિર આર્ય ભદ્રબાહુના પુત્રસ્થાનીય, પ્રખ્યાત આ ચાર સ્થવિરો અન્તેવાસી હતા, આ પ્રમાણે—

સ્થવિર ગોદાસ, સ્થવિર અગ્નિદત્ત, સ્થવિર યજ્ઞદત્ત અને સ્થવિર સોમદત્ત. એ ચારે કાશ્યપ-ગોત્રીય હતા.

કાશ્યપ-ગોત્રીય સ્થવિર ગોદાસથી ગોદાસગણ નામનો ગણ નીકળ્યો—પ્રારમ્ભ થયો. એ ગણની પણ ચાર શાખા છે તે આ પ્રમાણે કહેવાય છે, જેમકે—તામલિત્તિયા [તામ્રલિપ્તિકા], કોડીવરિસિયા [કોટિવર્ષીયા] પોંડવદ્ધણિયા [પૌણ્ડ્રવર્ધનિકા], દાસીખવ્વડિયા [દાસી કર્પટિકા].

માઢર-ગોત્રીય આર્ય સંભૂતવિજય સ્થવિરના પુત્ર સમાન અને વિદ્વાન એવા બાર સ્થવિર અન્તેવાસી હતા, જેમ કે—

ગાથાર્થ—

૧. નન્દનભદ્ર, ૨. ઉપનન્દનભદ્ર, ૩. તિષ્યભદ્ર, ૪. યશોભદ્ર, ૫. સ્થવિર સુમનભદ્ર, (સ્વપ્નભદ્ર), ૬. મણિભદ્ર, ૭. પુણ્યભદ્ર, ૮. સ્થવિર સ્થૂલભદ્ર, ૯. ઋજુમતિ, ૧૦. જમ્બૂ, ૧૧. સ્થવિર દીર્ઘભદ્ર, અને ૧૨. પાંડુભદ્ર.

માઢર-ગોત્રીય સ્થવિર આર્ય સંભૂતવિજયની પુત્રીની સમાન તથા વિદુષી પ્રવીણ આ સાત અન્તેવાસિનીઓ શિષ્યાઓ હતી, જેમ કે—

ગાથાર્થ—

૧. યક્ષા, ૨. યક્ષદત્તા, ૩. ભૂતા, ૪. ભૂતદત્તા, ૫. સેણા, ૬. વેણા અને ૭. રેણા—એ સાતે સ્થૂલભદ્રની બહેનો હતી.

ગૌતમ-ગોત્રીય સ્થવિર આર્ય સ્થૂલભદ્રના પુત્ર સમાન અને પ્રવીણ બે સ્થવિર અન્તેવાસી હતા, તેમનાં નામ આ પ્રમાણે છે—

એલાવચ્ચ(એલાવત્સ)-ગોત્રીય સ્થવિર આર્ય મહાગિરિ અને વશિષ્ઠ-ગોત્રીય સ્થવિર આર્ય સુહસ્તી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એલાવચ્ચ-ગોત્રીય આર્ય મહાગિરિ સ્થવિરના અપત્યસ્થાનીય પ્રખ્યાત આઠ સ્થવિર અન્તેવાસી હતા, જેમ કે—

૧. સ્થવિર ઉત્તર, ૨. સ્થવિર બલિસ્સહ, ૩. સ્થવિર ધણડ્ઢ (ધનાઢ્ય), ૪. સ્થવિર સિરિડ્ઢ (શ્રીઆઢ્ય), ૫. સ્થવિર કૌડિન્ય, ૬. સ્થવિર નાગ, ૭. સ્થવિર નાગમિત્ર અને ૮. ષડુલૂક કૌશિક-ગોત્રીય સ્થવિર રોહગુપ્ત. એ આઠે સ્થવિર કૌશિક-ગોત્રીય હતા.

કૌશિક–ગોત્રીય સ્થવિર ષડુલૂક રોહગુપ્તથી ત્રૈરાશિક સંપ્રદાય નીકળ્યો. સ્થવિર ઉત્તર અને બલિસ્સહથી ઉત્તરબલિસ્સહ ગણ નામનો ગણ નીકળ્યો તેની ચાર શાખાઓ આ પ્રમાણે કહેવામાં આવે છે, જેમ કે—

૧. કોસંબિયા (કૌશામ્બિકા), ૨. સોતિત્તિયા (સૌત્રિત્રિકા), ૩. કોડવાણી અને ૪. ચંદ્રનાગરી.

વાશિષ્ઠ-ગોત્રીય સ્થવિર આર્ય સુહસ્તીના પુત્રની સમાન અને પ્રવીણ એવા બાર સ્થવિર અન્તેવાસી હતા, જેમ કે—

ગાથાર્થ—

સ્થવિર આર્યરોહણ, યશોભદ્ર, મેઘગણિ, કામડ્ઢી (કામર્દ્ધિ), સુસ્થિત, સુપ્રતિબદ્ધ, રક્ષિત, રોહગુપ્ત, ઋષિગુપ્ત, શ્રીગુપ્ત, બ્રહ્મણિ, સોમગણિ. બાર ગણધર સમાન એ આર્ય સુહસ્તીના શિષ્યો હતા.

કાશ્યપગોત્રીય સ્થવિર આર્ય રોહણથી ઉદ્દેહગણ નામનો ગણ નીકળ્યો. તેની ચાર શાખાઓથી નીકળેલ છ કુળ આ પ્રમાણે કહેવાય છે—

તે શાખાઓ કઈ છે ?

તે શાખાઓ આ પ્રમાણે કહેવામાં આવે છે— ૧. ઉદુમ્બરિજિજ્જયા (ઉદુમ્બરીયા), ૨. માસપૂરિયા, ૩. મતિપત્તિયા, અને ૪. સુવન્નપત્તિયા, આ તે શાખાઓ છે.

તે કુળ કયાં છે ? તે કુળ આ પ્રમાણે કહેવાય છે, જેમ કે—

ગાથાઓ—

૧. નાગભૂત, ૨. સોમભૂતિક, ૩. ઉલ્લગચ્છ, ૪. હત્થિલિજ્જ, ૫. નન્દિજ્જ, ૬. પારિહાસિય. ઉદ્દેહગણનાં એ છ કુળ જાણવાં.

હારિય-ગોત્રીય સ્થવિર શ્રીગુપ્તથી અહીં ચારણગણ નામનો ગણ નીકળ્યો, તેની ચાર શાખાઓ અને સાત કુળ આ પ્રમાણે કહ્યાં છે—

તે શાખાઓ કઈ છે ?

તે શાખાઓ આ પ્રમાણે છે, જેમ કે—

૧. હરિયમાલા–ગિરિ, ૨. સંકાસિયા, ૩. ગવેધૂયા, ૪. વજ્જનાગરી. આ ચાર શાખા છે.

તે કુળો કયાં છે ?

તે કુળો આ પ્રમાણે છે, જેમ કે—

ગાથાઓ—

એક—વત્સલીય, બે—વીચિવમ્મક, ત્રણ—હાલિજ્જ, ચાર—પૂસમિત્તેજ્જ, પાંચ—માલિજ્જ, છ—અજ્જવેડય, સાત—કણ્હસહ. ચારણ ગણનાં એ સાત કુળો છે.

ભારદ્વાજ-ગોત્રીય સ્થવિર યશોભદ્રથી અહીં ઉડુવાડિયગણ નામનો ગણ નીકળ્યો.

તેની આ ચાર શાખાઓ અને ત્રણ કુળો કહેવાય છે—

તે શાખાઓ કઈ કઈ છે ? શાખાઓ આ પ્રમાણે છે જેમ કે—

૧. ચંપિજ્જિયા, ૨. ભદ્દિજ્જિયા, ૩. કાકંદીયા, ૪. મેહલિજ્જિયા. તે આ શાખાઓ છે.

તે કુળો કયાં છે ?

તે કુળો આ પ્રમાણે છે—

ગાથા—

ઉડુવાડિયગણનાં આ ત્રણ કુળ છે— ૧. ભદ્દજસિય, ૨. ભદ્દગુત્તિય અને ૩. જયભદ્દ.

કુણ્ડિલ-ગોત્રીય કામિડ્ઢી (કામર્દ્ધિ) સ્થવિરથી અહીં વેસવાડિયગણ નામનો ગણ નીકળ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની આ ચાર શાખાઓ અને ચાર કુળો આ પ્રમાણે કહેવાય છે.

તે શાખાઓ કઈ કઈ છે ?

શાખાઓ આ પ્રમાણે છે—

સાવત્થિયા, રજ્જપાલિયા, આન્તરિજ્જિયા અને ખેમલિજ્જિયા આ તેની શાખાઓ છે.

તે કુળો કયાં છે ?

તે કુળ આ પ્રમાણે છે.

ગાથા—

વેસવાડિયગણના આ ચાર કુળો છે—૧ ગણિય, ૨ મેહિય, ૩ કામડ્ઢિય અને ઈંદપુરગ

વાશિષ્ઠ-ગોત્રીય કાકંદક સ્થવિર ઇસિગુપ્ત (ઋષિગુપ્ત)થી આ માણવગણ નામનો ગણ નીકળ્યો.

તેની ચાર શાખાઓ અને ત્રણ કુળો આ પ્રમાણે કહ્યાં છે.

તેની શાખાઓ કઈ કઈ છે ?

શાખાઓ આ પ્રમાણે છે—૧ કાસવિજ્જિયા ૨ ગોયમિજ્જયા, ૩ વાસિટ્ઠિયા, ૪ સોરઠ્ઠિયા. એ ચાર શાખાઓ છે.

તે કુળો કયાં છે ?

તે કુળો આ પ્રમાણે છે, જેમ કે—

ગાથા—

એક—ઇસિગોત્તિય, બે—ઇસિદત્તિય અને ત્રણ—અભિજસંત. માણવગણનાં આ ત્રણ કુળો છે.

વગ્ઘાવચ્ચ—ગોત્રીય કોડિય કાકંદક સ્થવિર સુસ્થિત અને સુપ્રતિબુદ્ધથી આ કોડિયગણ નામનો ગણ નીકળ્યો, તેની ચાર શાખાઓ અને ચાર કુળ આ પ્રમાણે છે—

તે શાખાઓ કઈ કઈ છે ?

તે શાખાઓ આ પ્રમાણે છે—

ગાથા—

૧. ઉચ્ચાનાગરી, ૨. વિજ્જાહરી (વિદ્યાધરી) ૩. વઈરી (વજ્ર) અને ૪. મજ્ઝિમિલ્લા. કોડિયગણની આ ચાર શાખાઓ છે.

તે કુળો કયાં છે ?

તે કુળો આ પ્રમાણે છે—

ગાથા—

એક—બંભલિજ્જકુળ, બે—વચ્છલિજ્જકુળ, ત્રણ—વાણિજ્જકુળ અને ચાર—પન્નવાહણકુળ.

વ્યાઘ્રાપત્ય—ગોત્રીય કોડિય કાકંદક સ્થવિર સુસ્થિત અને સુપ્રતિબદ્ધના પુત્ર સમાન પ્રવીણ એવા પાંચ સ્થવિરો અન્તેવાસી હતા, જેમનાં નામ આ પ્રમાણે છે—સ્થવિર આર્ય ઇન્દ્રદિન્ન, સ્થવિર પ્રિયગ્રન્થ, સ્થવિર વિદ્યાધર ગોપાલ, કાશ્યપગોત્રીય સ્થવિર ઋષિદત્ત, સ્થવિર અરહદત્ત. સ્થવિર પ્રિયગ્રન્થથી અહીં મધ્યમ શાખા નીકળી. સ્થવિર વિદ્યાધર ગોપાલથી અહીં વિદ્યાધરી શાખાનો પ્રારંભ થયો.

કાશ્યપ—ગોત્રીય આર્ય ઇન્દ્રદિન્નના ગૌતમ-ગૌત્રીય સ્થવિર આર્યદિન્ન અન્તેવાસી હતા. ગૌતમ-ગોત્રીય સ્થવિર આર્યદિન્નના પુત્ર સમાન પ્રખ્યાત બે સ્થવિર અન્તેવાસી હતા, તે આ પ્રમાણે—

માઢર-ગોત્રીય આર્ય શાંતિશ્રેણિક સ્થવિર અને કૌશિક-ગોત્રીય જાતિસ્મરણ-જ્ઞાન-સંપન્ન સ્થવિર આર્ય સિંહગિરિ.

માઢર—ગોત્રીય સ્થવિર શાંતિશ્રેણિકથી અહીં ઉચ્ચાનાગરી શાખા નીકળી.

માઢર-ગોત્રીય સ્થવિર આર્ય શાંતિશ્રેણિકના પુત્ર સમાન પ્રવીણ એવા ચાર સ્થવિર અન્તેવાસી હતા, તે આ પ્રમાણે—

૧. સ્થવિર આર્યશ્રેણિક, ૨. સ્થવિર આર્યતાપસ, ૩. સ્થવિર આર્ય કુબેર, ૪. સ્થવિર આર્ય ઇસિપાલિત.

સ્થવિર આર્ય શ્રેણિકથી અહીં આર્ય શ્રેણિક શાખા નીકળી.

સ્થવિર આર્ય તાપસથી અહીં આર્ય તાપસી શાખા નીકળી.

સ્થવિર આર્યકુબેરથી અહીં આર્ય કુબેરા શાખાનો પ્રારંભ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થવિર આર્ય ઋષિપાલિતથી અહીં આર્ય ઋષિપાલિતા શાખા નીકળી.

જાતિસ્મરણજ્ઞાનવાળા કૌશિક-ગોત્રીય સ્થવિર આર્યસિંહગિરિના પુત્રવત્ પ્રખ્યાત એવા ચાર સ્થવિર અન્તેવાસી હતા જેમકે—

સ્થવિર ધનગિરિ, સ્થવિર આર્યવજ્ર, સ્થવિર આર્ય સમિત અને સ્થવિર અરહદત્ત (અરહદિન્ન).

સ્થવિર આર્ય સમિતથી અહીં બ્રહ્મદેવીયા શાખા નીકળી.

ગૌતમ-ગોત્રીય સ્થવિર આર્યવજ્રથી અહીં આર્યવજ્રા શાખા નીકળી.

ગૌતમ-ગોત્રીય સ્થવિર આર્યવજ્રના પુત્ર સમાન અને પ્રવીણ એવા ત્રણ સ્થવિર અન્તેવાસી હતા, જેમ કે—

સ્થવિર આર્યવજ્રસેન (આર્યવજ્રશ્રેણિક), સ્થવિર આર્ય પદ્મ, અને સ્થવિર આર્ય રથ.

સ્થવિર આર્યવજ્રશ્રેણિકથી અહીં આર્ય નાઇલી શાખા (આર્યનાગિલી) શાખા નીકળી.

સ્થવિર આર્ય પદ્મથી અહીં આર્યપદ્મા શાખા નીકળી.

સ્થવિર આર્ય રથથી અહીં આર્ય જયન્તી શાખાનો પ્રારંભ થયો.

વાત્સ્ય-ગોત્રીય સ્થવિર આર્યરથના કૌશિક-ગોત્રીય સ્થવિર આર્ય પુષ્યગિરિ અન્તેવાસી હતા.

કૌશિક-ગોત્રીય સ્થવિર આર્ય પુષ્યગિરિના ગૌતમ-ગોત્રીય આર્ય ફગ્ગુમિત્ત (ફલ્ગુમિત્ર) સ્થવિર અન્તેવાસી હતા.

ગાથાર્થ—

ગૌતમ—ગોત્રીય ફગ્ગુમિત્તને વાશિષ્ઠ-ગોત્રીય ધનગિરિને, કૌત્સ્ય-ગોત્રીય શિવભૂતિને અને કૌશિકગોત્રીય દોજ્જંત કટકને વંદન કરું છું.

તે સર્વને મસ્તક નમાવી વંદન કરી, કાશ્યપ-ગોત્રીય ચિત્તને વંદન કરું છું. કાશ્યપ-ગોત્રીય નક્ષત્રને અને કાશ્યપ-ગોત્રીય રક્ષ ને પણ વંદન કરું છું. (૨)

ગૌતમ-ગોત્રીય આર્યનાગને અને વાશિષ્ઠ-ગોત્રીય જેહિલને તથા માઢર-ગોત્રીય વિષ્ણુને અને ગૌતમ-ગોત્રીય કાલકને પણ વંદન કરું છું. (૩)

ગૌતમ-ગોત્રીય મભારને, સમ્પલયને તથા ભદ્રકને વંદન કરું છું. કાશ્યપ-ગોત્રીય સ્થવિર સંઘવાલિક (સંઘપાલિત)ને પ્રણામ કરું છું.(૪)

ક્ષમાના સાગર અને ધીર ગંભીર એવા કાશ્યપ-ગોત્રીય આર્ય હસ્તીને હું વંદન કરું છું, તેઓ ગ્રીષ્મ ઋતુના પ્રથમ માસ ચૈત્રના શુકલ પક્ષમાં કાળધર્મ પામ્યા હતા. (૫)

આર્ય ધર્મને વંદન કરું છું કે જે સુવ્રતો અને શિષ્યોની લબ્ધિથી સંપન્ન હતા અને જેમના નિષ્ક્રમણમાં અર્થાત્ દીક્ષા-સમયે દેવોએ ઉત્તમ છત્ર ધર્યું હતું. (૬)

કાશ્યપ-ગોત્રીય હસ્ત અને કલ્યાણકારી ધર્મને નમસ્કાર કરું છું. કાશ્યપ-ગોત્રીય સિંહ અને કાશ્યપ-ગોત્રીય ધર્મને પણ હું વંદન કરું છું. (૭)

સૂત્રરૂપ અને તેના અર્થરૂપ રત્નોથી સમૃદ્ધ, ક્ષમા, દમ અને માર્દવ ગુણોથી સંપન્ન એવા કાશ્યપ-ગોત્રીય દેવર્ધિ ક્ષમાશ્રમણને હું પ્રણામ કરું છું. (૮)

નંદીસૂત્રગત સ્થવિરાવલી—

૬૬૫. અગ્નિવેશ્યાયન-ગોત્રીય શ્રી સુધર્મા સ્વામીના, કાશ્યપ-ગોત્રીય જમ્બૂસ્વામીને, કાત્યાયન-ગોત્રીય પ્રભવ સ્વામીને અને વત્સગોત્રીય શ્રી શયંભવસ્વામીને વંદન કરું છું. (૨૫)

તુંગિક-ગોત્રીય યશોભદ્રને, માઢર-ગોત્રીય સંભૂતવિજયને, પ્રાચીન-ગોત્રીય ભદ્રબાહુ સ્વામીને તથા ગૌતમ-ગોત્રીય સ્થૂલભદ્રને તથા (૨૬)

એલાપત્ય-ગોત્રીય મહાગિરિ અને સુહસ્તીને વંદન કરું છું. ત્યાર બાદ કૌશિક-ગોત્રીય બહુલની સમાન વયવાળા(બલિસ્સહ)ને વંદન કરું છું. (૨૭)

હરીત-ગોત્રીય સ્વાતિને અને હારીત-ગોત્રીય શ્યામ આર્યને વંદના કરું છું. જીતકલ્પધર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૌશિક-ગોત્રીય આર્ય શાણ્ડિલ્યને વંદન કરું છું. (૨૮)

ત્રણ સમુદ્ર પર્યન્ત પ્રખ્યાત કીર્તિવાળા, વિવિધ દ્વીપ અને સમુદ્રમાં પ્રસિદ્ધ, ક્ષોભરહિત સમુદ્ર જેવા ગંભીર આર્ય સમુદ્રને હું વંદન કરું છું. (૨૯)

ભાષક (કાલિક સૂત્રોનું અધ્યયન કરવાવાળા), કારક (સૂત્રાનુસાર ક્રિયા કરવાવાળા), ધર્મધ્યાતા, જ્ઞાન-દર્શન ગુણોનો પ્રકાશ કરનાર, શ્રુતસાગરના પારગામી અને ધૈર્યગુણસંપન્ન આર્ય મંગુને વંદન કરું છું. (૩૦)

આર્ય ધર્મને અને પછી ભદ્રગુપ્તને વંદન કરું છું. અને ત્યાર બાદ તપ-નિયમ વગેરે ગુણોમાં વજ્ર સમાન આર્ય વજ્ર સ્વામીને વંદન કરું છું (૩૧)

જેમણે સર્વ સંયમીઓના ચારિત્રરૂપી સર્વસ્વ(ધન)ની રક્ષા કરી તથા જેમણે રત્નોની પેટી સમાન અનુયોગની રક્ષા કરી તે આર્યરક્ષિત ક્ષપણને વંદન કરું છું. (૩૨)

જ્ઞાન, દર્શન, તપ અને વિનયમાં નિત્ય ઉદ્યત, પ્રસન્નચિત્ત આર્ય નંદિલ શ્રમણને હું મસ્તક નમાવીને વંદન કરું છું. (૩૩)

(પ્રશ્ન) વ્યાકરણ અને કરણ-સપ્તતિ આદિ ભંગના જ્ઞાતા, કર્મપ્રકૃતિઓનું પ્રરૂપણ કરવામાં પ્રધાન એવા આર્ય નાગહસ્તીના વાચકવંશની યશ-પરંપરા વધતી રહો. (૩૪)

ઉત્તમ અંજન ધાતુની સમાન પ્રભાવાળા તથા કુવલય સમાન પ્રભાવાળા રેવતીનક્ષત્ર નામના આચાર્યનો વાચકવંશ વૃદ્ધિ પામો. (૩૫)

અચલપુરમાં જે દીક્ષિત થયા હતા, કાલિક સૂત્રોના વ્યાખ્યાતા અને ઉત્તમ વાચક પદધારી, બ્રહ્મદીપિક શાખામાં સિંહ સમાન ધીર એવા સિંહવાચકને [વંદન કરું છું]. (૩૬)

જેનો અનુયોગ આ જ પણ અર્ધ ભરતક્ષેત્રમાં પ્રચલિત છે, અને અનેક નગરોમાં જેમનો યશ પ્રસરેલો છે તેવા સ્કંદિલાચાર્યને હું વંદન કરું છું. (૩૭)

ત્યાર પછી હિમાચલની જેમ મહાન પરાક્રમી, અનંત ધૈર્ય અને પુરુષાર્થવાળા, અનંત સ્વાધ્યાયના ધારક એવા હિમવંત આચાર્યને હું મસ્તક નમાવી વંદન કરું છું. (૩૮)

કાલિકસૂત્ર સંબંધી અનુયોગના ધારક અને પૂર્વોના ધારક એવા હિમવંત ક્ષમાશ્રમણ આર્ય નાગાર્જુનને હું નમસ્કાર કરું છું (૩૯)

માર્દવગુણસંપન્ન, ક્રમે વાચકપદને વરેલા, ઓઘશ્રુતનું સમાચરણ કરનારા, વાચક નાગાર્જુનને હું વંદન કરું છું. (૪૦)

અનુયોગ સંબંધી વિપુલ ધારણા કરનારાઓમાં ઇંદ્રસમાન, અને નિત્ય ક્ષમા, દયા, આદિ ગુણોની પ્રરૂપણા કરવામાં દુર્લભ તેવા ગોવિંદાચાર્યને પણ મારા નમસ્કાર હો. (૪૧)

અને પછી તપ અને સંયમમાં સદા ખેદરહિત, પંડિતજનોમાં સન્માનનીય તથા સંયમના વિશેષજ્ઞ આચાર્ય ભૂતદિન્નને હું વંદન કરું છું. (૪૨)

તપ્ત ઉત્તમ સુવર્ણ તથા સુવર્ણચંપક પુષ્પ અથવા વિકસિત ઉત્તમ કમળના ગર્ભ જેવા વર્ણવાળા, ભવ્ય જનોના હૃદયવલ્લભ, જનોમાં દયાભાવના ઉત્પન્ન કરવામાં નિપુણ, ધૈર્ય ગુણવાળા, અર્ધ ભરત ક્ષેત્રમાં યુગપ્રધાન, બહુવિધ સ્વાધ્યાયના શ્રેષ્ઠ જ્ઞાતા, અનેક શ્રેષ્ઠ મુનીવરોને સ્વાધ્યાય આદિમાં પ્રવૃત્ત કરાવનાર, નાઇલ કુળ તથા વંશને આનંદિત કરનારા, પ્રાણીમાત્રને હિતોપદેશ કરવામાં સમર્થ, સંસારભયનો નાશ કરનારા અને આચાર્ય નાગાર્જુન ઋષિના શિષ્ય ભૂતદિન્ન આચાર્યને હું વંદન કરું છું. (૪૩-૪૫)

નિત્યાનિત્ય રૂપ વસ્તુતત્ત્વને સમગ્ર રીતે જાણનારા, સૂત્ર અને તેના અર્થને સમ્યક્ રીતે ધારણ કરનારા, યથાવસ્થિત ભાવોનું સમ્યક્ રૂપે પ્રરૂપણ કરનાર લોહિત્ય નામના આર્યને હું વંદન કરું છું. (૪૬)

શાસ્ત્રોના અર્થ-મહાર્થની ખાણ જેવા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુશ્રમણોને આગમોની વ્યાખ્યા તથા વિષયોનું કથન કરવામાં શાંતિનો અનુભવ કરનારા અને પ્રકૃતિથી મધુર વાણી બોલનારા દુષ્ય ગણીને પ્રણામ કરું છું. (૪૭)

તપ, નિયમ, સંયમ, વિનય, આર્જવ, ક્ષાંતિ, માર્દવ આદિ ગુણોમાં સંલગ્ન, શીલગુણોમાં ખ્યાતિપ્રાપ્ત અને અનુયોગની વ્યાખ્યા કરવામાં યુગપ્રધાન, સેંકડો શિષ્યો દ્વારા જેમને પ્રણામ કરવામાં આવ્યા છે તેવા [દુષ્ય ગણીના] પ્રશસ્ત લક્ષણોથી યુકત, સુકુમાર સુંદર નળિયાવાળા ચરણોને હું પ્રણામ કરું છું. (૪૮–૪૯)

તદુપરાંત જે બીજા કાલિક સૂત્ર તથા અનુયોગધર, ધીર, સૂત્રધારક ભગવંતો છે તેમને મસ્તક નમાવી પ્રણામ કરી જ્ઞાનની પ્રરૂપણા કરીશ–કરું છું. (૫૦)

* * * * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☐ ધર્મકથાનુયોગ–એવા વિશિષ્ટ પુરુષોની જીવન-કથા, ચરિત્ર અને સાધનાનું વર્ણનાત્મક સંકલન છે, જેમનાં જીવનમાં ધર્મ સાકારરૂપે પ્રતિષ્ઠિત થયો હતો. તપ, ત્યાગ, ધ્યાન, તિતિક્ષા, સેવા, સમતા, કરુણા અને નિઃસ્પૃહતા આદિ ઉત્તમ ગુણો જેમનાં ચરિત્રમાં પ્રતિબિંબિત થયા હતા.

☐ જૈન આગમોમાં યત્ર-તત્ર વિકીર્ણરૂપમાં આવાં સેંકડો ચરિત્રો અંકિત થયેલાં છે, જેમનું અધ્યયન-અનુશીલન કરવા માટે વાચકને અનેક આગમોનું અનુશીલન કરવું પડે, જે અત્યંત પ્રયત્નસાધ્ય અને અશક્યવત્ કાર્ય છે.

☐ આગમ-ગત આવાં સમસ્ત ચરિત્રોનું વર્ગીકરણ કરી એકત્ર પુસ્તકાકારે પ્રકાશિત કરવાની આ યોજના–ધર્મકથાનુયોગ નામે વાચકોના હાથમાં પ્રસ્તુત છે.

☐ આગમ અનુયોગનું આ દુરૂહ, અત્યધિક શ્રમસાધ્ય, માનસિક એકાગ્રતા અને બૌદ્ધિક પરિશ્રમનું કાર્ય કરવા માટે સંકલ્પશીલ છે–જ્ઞાનયોગી મુનિ શ્રી કન્હૈયાલાલજી મ. સા. 'કમલ'.

☐ મુનિ શ્રી જૈન આગમ, ટીકા, ચૂર્ણિ, ભાષ્ય આદિના ગહન અભ્યાસી, શોધન અને વિવેચનમાં અત્યંત સુદક્ષ છે. સમ્યગ્ જ્ઞાનારાધના જ તેઓશ્રીના જીવનનું એક વિશિષ્ટ લક્ષ્ય છે. આગમોની પ્રાચીન અનુયોગ શૈલીને વર્તમાનમાં સર્વસુલભ કરવાના હેતુથી તેઓશ્રી ધર્મકથાનુયોગ (પ્રકાશિત), ગણિતાનુયોગ (પ્રકાશિત), દ્રવ્યાનુયોગ (કાર્યાધીન) અને ચરણાનુયોગ (કાર્યાધીન)માં ક્રમશઃ સમસ્ત આગમ સાહિત્ય નવીન શૈલીમાં પ્રસ્તુત કરવા માટે અહર્નિશ કાર્યશીલ છે.

☐ આ મહાન કાર્યમાં સહયોગી છે–સુપ્રસિદ્ધ મનીષી, ભારતીય તત્ત્વવિદ્યાના ગહન અભ્યાસી શ્રી દલસુખભાઈ માલવણિયા, જેમની વિદ્વત્તા, તટસ્થ દૃષ્ટિ તથા મૌલિક સૂઝ દેશ-વિદેશમાં સુવિખ્યાત છે.

☐ આગમ અનુયોગ ટ્રસ્ટ, અમદાવાદ (રજિ.) – આ મહાન જ્ઞાનરાશિને મુદ્રિત-પ્રકાશિત કરી અલ્પ મૂલ્યમાં જિજ્ઞાસુજનોને સુલભ કરી આપવા પ્રયત્નશીલ છે.

☐ જો વાચક એક એક સ્વતંત્ર ગ્રંથ ખરીદે તો સંભવતઃ આ પૂરો સેટ ૧૨૦૦, રૂપિયા કે ૧૫૦૦, રૂપિયાથી પણ વધુ કિંમતનો થાય, પરંતુ આગમ અનુયોગ ટ્રસ્ટે તેવા જિજ્ઞાસુઓ માટે પૂર્વપ્રકાશન સભ્ય યોજના બનાવી છે– રૂ. ૫૦૦, આપીને જે વ્યક્તિ સભ્ય બનશે તેને ક્રમશઃ પ્રકાશિત થનાર બધા આગમ ગ્રંથો વિનામૂલ્ય મળશે. હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી–ત્રણે ભાષાઓમાં અલગ અલગ અનુવાદ સાથે પ્રકાશિત થનાર સેટમાંથી કોઈ પણ એક ભાષાનો સેટ, આપ પોતાની રુચિ અનુસાર નોંધાવી શકો છો.

સંપર્ક કરો–આગમ અનુયોગ ટ્રસ્ટ,
૧૫, સ્થાનકવાસી સોસાયટી, નારણપુરા ક્રોસિંગ, અમદાવાદ–૩૮૦૦૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org